ॐ

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

# શ્રી નિયમસાર

ઉપર

## પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### श्रीपद्मप्रभमलधारिदेवविरचिततात्पर्यवृत्तिः।

## ૧. જીવ અધિકાર

**ભાદરવા સુદ ૧૪, શુક્રવાર, ૧૪-૯-૫૧.**

આજે ઉત્તમ અનંતચતુર્દશીનો દિવસ છે ને આ નિયમસારનું વાંચન શરૂ થાય છે.

પ્રથમ ગ્રંથના આદિમાં શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વિરચિત પ્રાકૃતગાથાબદ્ધ આ 'નિયમસાર' નામના શાસ્ત્રની 'તાત્પર્યવૃત્તિ'નામની સંસ્કૃત ટીકા રચનાર મુનિ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોકો દ્વારા મંગળાચરણ વગેરે કરે છે.

**શ્લોક ૧**

(मालिनी)

त्वयि सति परमात्मन्माद्दशान्मोहमुग्धान्
कथमतनुवशत्वान्बुद्धकेशान्यजेऽहम्।
सुगतमगधरं वा वागधीशं शिवं वा
जितभवमभिवन्दे भासुरं श्रीजिनं वा॥ १॥



**શ્લોકાર્થ :-** હે પરમાત્મા ! તું હોતાં હું મારા જેવા (સંસારીઓ જેવા) મોહમુગ્ધ અને કામવશ બુદ્ધને તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું ? (ન જ પૂજું.) જેણે ભવોને જીત્યા છે તેને હું વંદું છું - તેને પ્રકાશમાન એવા શ્રી જિન કહો, સુગત કહો, ગિરિધર કહો, વાગીશ્વર કહો કે શિવ કહો. ॥ ૧ ॥

આ નિયમસારમાં કેટલુંક વર્ણન તો સમયસાર કરતાં પણ ચડી જાય તેવું છે. ટીકામાં પદ્મપ્રભમલધારિદેવે કારણશુદ્ધપર્યાય વગેરેનું અલૌકિક અપૂર્વ વર્ણન કર્યું છે.

ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય નથી, પણ મુનિ છે. છતાં ટીકામાં અલૌકિક રહસ્ય ખોલ્યા છે. અંતરમાં આત્મપદાર્થને સ્પર્શીને આ અલૌકિક વાત નીકળી છે, જે પાત્ર હોય તેને તે સમજાય તેવી છે.

મંગલાચરણમાં કહે છે કે હે પરમાત્મા ! હે સર્વજ્ઞ જિન ! આપ આ જગતમાં હોતાં હું મારા જેવા મોહમુગ્ધ અને કામવશ બુદ્ધને તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું ?

''મારા જેવા'' એટલે સંસારી જેવા; સર્વ પ્રકારે કાંઈ પોતાના જેવા નથી, કેમ કે પોતે તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિ છે, ને જેની વાત કરવી છે તે તો મિથ્યાદ્રષ્ટિ છે. જેઓ આત્મસ્વરૂપને વશ નથી, તેઓ કામને વશ વર્તે છે, ભલે બહારમાં સ્ત્રી આદિ છોડી હોય તો પણ જે આત્માને વશ નથી, તે કામને જ વશ છે. મોહમુગ્ધ અને કામવશ - એમાં મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાચારિત્રની વાત કરી છે. જે રાગને કે નિમિત્તને સારા કહે છે, ચૈતન્યની પૂર્ણતાની પ્રતીત કરતા નથી તે બધા ભલે દેવ નામ ધરાવે તો પણ તે મોહમુગ્ધ અને કામને વશ છે, તે પૂજ્ય નથી.

અંતરમાં પરમાત્મ સ્વભાવનું જેને ભાન નથી ને જે મોહમુગ્ધ છે એવા લૌકિક બ્રહ્મા-વિષ્ણુ કે મહેશને હું કેમ પૂજું ? હે નાથ ! આપે જ ભવોને જીત્યા છે, અંતરમાં ચૈતન્યના પરમાત્મ સ્વભાવનું ભાન કરીને જેણે ભવોને જીતી લીધા તેવા પરમાત્મા જ પૂજ્ય છે.

હે નાથ ! ભવ તો એક સમય પૂરતો વિકૃત ભાવ હતો, ને ધ્રુવ સ્વભાવનું ભાન કરીને આપે તે ભવના બીજનો નાશ કર્યો ને ભવના અભાવનો ભાવ પ્રગટ કર્યો, તેથી આપ જ અમારા પૂજ્ય છો. મોક્ષ થયા પછી પણ ફરીથી જગતનો ઉદ્ધાર કરવા અવતરવું પડે એમ જે માને તેણે ખરેખર ભવોને જીત્યા જ નથી. મારા પૂર્ણ સ્વભાવની પ્રતીત અને આદર કરનારો એવો જે હું તે જેને પૂર્ણ પરમાત્મદશા પ્રગટી છે તેને જ આદરું છું. ભવરહિત જે નિરપેક્ષ આત્મસ્વભાવ છે, તેની જેને ખબર નથી તેવાને હું વંદતો નથી. હું ભવને જીતવાના માર્ગે ચાલનારો છું, ભવના અભાવરૂપ સ્વભાવનું મને ભાન થયું છે, અમારે હવે વિશેષ ભવ રહ્યા નથી, એકાદ ભવ હોય તે ટાળવા માટે છે; -તેથી જેણે ભવોને જીત્યા છે તેને જ હું નમું છું.

જેને એક પણ શુભ રાગનો આદર છે તેને અનંતા ભવનો આદર છે. જેને સ્વભાવનું બહુમાન છે તેને ભવનો કે રાગનો આદર નથી. અહો ! જેના સ્વભાવમાંથી ભવ ગયો તે ગયો, પછી ફરીને અવતાર થતો નથી, એવા જિન ભગવાનને હું નમું છું. નમસ્કારનૂં જે વિકલ્પ છે તેનો આદર નથી પણ પરમાત્મદશાનો આદર છે, ભવના અભાવનો પડકાર કર્યો છે.

ભવના અભાવસ્વભાવને પામેલા પરમાત્માની વાણીનો અમે પરીક્ષાથી નિર્ણય કર્યો છે. એવા પરમાત્માને જ નમીએ છીએ. તે પરમાત્માને પ્રકાશમાન એવા શ્રી જિન કહો, સુગત કહો, ગિરિધર કહો, વાગીશ્વર કહો કે શિવ કહો.

બુદ્ધને સુગત કહેવામાં આવે છે. સુગત એટલે (૧) શોભનીકતાને પ્રાપ્ત અથવા (૨) સંપૂર્ણતાને પ્રાપ્ત. શ્રી જિનભગવાન (૧) મોહ-રાગ-દ્વેષના અભાવને લીધે શોભનીકતાને પ્રાપ્ત છે, અને (૨) કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે સંપૂર્ણતાને પ્રાપ્ત છે, તેથી તેમને અહીં સુગત કહ્યા છે.

હે નાથ ! જેને મોહ અને રાગ-દ્વેષ છે તે શોભનીક નથી, આપ જ મોહ-રાગ-દ્વેષ રહિત હોવાથી શોભનીક છો. ને આપ જ કેવળજ્ઞાનને પામ્યા હોવાથી આપ જ સુગત છો. આપના સિવાય બીજો કોઈ વંદનીક નથી; આપને મોહાદિનો અભાવ છે ને કેવળજ્ઞાનાદિ પ્રગટ્યા છે - એમ કહીને અસ્તિ-નાસ્તિથી વર્ણન કર્યું છે. હે ભગવાન ! આપે ભવને ટાળ્યા છે, ને જ્ઞાનમૂર્તિ આત્મા રહ્યો છે. આપ જ જિન છો, ને આપ જ પૂજ્ય છો, આપના સિવાય બીજા રાગી-દ્વેષી-મોહી જીવોને અમે માનતા નથી.

કૃષ્ણને ગિરિધર (અર્થાત્ પર્વતને ધરી રાખનાર) કહેવામાં આવે છે. શ્રી જિનભગવાન અનંત વીર્યવાન હોવાથી તેમને અહીં ગિરિધર કહ્યા છે.

સ્વરૂપરચનાના સામર્થ્યરૂપ વીર્યથી જેમણે અખંડ આત્માને ધારી રાખ્યો છે તે જ સાચા ગિરિધર છે, અનંતગુણના પહાડરૂપ આખા આત્માને આપે ધારી રાખ્યો છે, તેથી આપ જ ગિરિધર છો.

બ્રહ્માને અથવા બૃહસ્પતિને વાગીશ્વર (અર્થાત્ વાણીના અધિપતિ) કહેવામાં આવે છે. શ્રી જિનભગવાન દિવ્ય વાણીના પ્રકાશક હોવાથી તેમને અહીં વાગીશ્વર કહ્યા છે. વાક્ ઈશ્વર એટલે વાણીના ઈશ્વર, કેવળજ્ઞાન થતાં ભગવાનને દિવ્યધ્વનિ હોય છે, તેવી વાણી બીજાને હોતી નથી. તેથી તેમને વાણીના ઈશ્વર કહેવાય છે.

બુદ્ધ, વિષ્ણુ, બ્રહ્મ અને મહેશ એ ચારેની સામે ભગવાનને સુગત, ગિરિધર, વાગીશ્વર અને શિવની ઉપમા આપી છે.

મહેશને (શંકરને) શિવ કહેવામાં આવે છે. શ્રી જિન ભગવાન કલ્યાણસ્વરૂપ હોવાથી તેમને અહીં શિવ કહેવામાં આવ્યા છે.



હે કલ્યાણસ્વરૂપ ભગવાન ! આપનો આત્મા ભવરહિત થઈ ગયો છે તેથી આપ જ શિવ છો.

હે નાથ ! આપ પૂરા ! ને આપની જ વાણીમાં પરિપૂર્ણ કહેવાની તાકાત છે. હે નાથ ! આપના સિવાય જગતના જે બુદ્ધ કે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ છે તે તો મોહમુગ્ધ અને કામવશ છે, તે પૂજ્ય નથી. હે નાથ ! આપ સર્વજ્ઞ પરમાત્મપદને પામેલા અને ભવને જીતનારા છો, તેથી આપ જ પૂજ્ય છો.

આવા પરમાત્માને અમે સ્વીકારીએ છીએ એટલે અમારા આત્માનો આવો સ્વભાવ જ અમે આદરીએ છીએ, બીજા રાગાદિને આદરતા નથી - એમ કહીને માંગળિક કર્યું, તેમાં સર્વજ્ઞદેવને નમસ્કાર કર્યા.

હવે બીજા શ્લોકમાં જિનવાણીને નમસ્કાર કરે છે :-

**શ્લોક ૨**

(अनुष्टुभ्)

**वाचं वाचंयमीन्द्राणां वक्त्रवारिजवाहनम्।**
**वन्दे नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम्॥ २॥**

**શ્લોકાર્થ :-** વાચંયમીંદ્રોનું (-જિનદેવોનું) મુખકમળ જેનું વાહન છે અને બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે તે વાણીને (-જિન ભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદું છું. ॥ ૨ ॥

વાચંયમીંદ્રો = મુનિઓમાં પ્રધાન અર્થાત્ જિનદેવો; મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ અર્થાત્ જિનદેવો; વાક્સંયમીઓમાં ઈંદ્ર સમાન અર્થાત્ જિનદેવો. (વાચંયમી = મુનિ; મૌન સેવનારા; વાણીના સંયમી.)

જે મુનિઓએ સ્વરૂપમાં ઠરીને વાણીના વિકલ્પને પણ છોડી દીધો છે, તેનું નામ વાણીના જીતનાર છે. ને તેમાં સર્વજ્ઞદેવ ઈન્દ્ર એટલે કે શ્રેષ્ઠ છે. વાણીનો હું કર્તા એમ માને તે તો મિથ્યાદષ્ટિ છે. પણ વાણીનો હું કર્તા નહિ એવા ભાનપૂર્વક ચૈતન્યમાં ઠરીને જેણે વાણીને જીતી લીધી છે એવા સર્વજ્ઞ ભગવાનની વાણી શ્રેષ્ઠ નીકળે છે. સ્યાદ્વાદરૂપી વાણીને નીકળવાનું વાહન શું ? કે સર્વજ્ઞદેવનું મુખકમળ તે વાણીનું વાહન છે. તે વાણી બે નયોના આશ્રયે સર્વસ્વ કહેનારી છે.

આત્મા ત્રિકાળ શુદ્ધ છે, અને તેની પર્યાયમાં ક્ષણિક અશુદ્ધતા પણ છે, -એમ બન્ને નયોથી કહે છે, પણ તેમાં આદરણીય બન્ને નથી. ત્રિકાળ તે નિશ્ચય અને વર્તમાન તે વ્યવહાર; તે બન્નેને ક્યારે જાણ્યા કહેવાય ? કે ત્રિકાળને જાણતા જ્ઞાનનું જોર તે ત્રિકાળ તરફ વળી જ જાય, વર્તમાન તો માત્ર જાણવા પૂરતું રહે છે એનું નામ બે નયોનું જ્ઞાન છે. પરંતુ નિશ્ચયનય પણ આદરણીય ને વ્યવહાર પણ આદરણીય એમ માને તો બે નયોનું યથાર્થ જ્ઞાન નથી. બે નયોના આશ્રયે બધું કહેનારી

જિનવાણી છે, પણ તે બે નયોમાં આદરણીય નિશ્ચય છે, ને વ્યવહાર તે માત્ર જ્ઞેય છે. ત્રિકાળી સ્વભાવનો આદર કરીને તે તરફ ઢળતું જ્ઞાન નિશ્ચય છે, ને વર્તમાન વિષયને જાણતું જ્ઞાન તે વ્યવહાર છે. આમ બે નયોના આશ્રયે સર્વસ્વ કહેનારી જિનવાણીને હું નમસ્કાર કરું છું.

સ્વભાવનો આદર કરતાં વચ્ચે વિકલ્પ ઊઠતાં દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન કરે છે, તે આસક્તિનો રાગ છે, તે રાગ પરને કારણે નથી. એટલે સ્વભાવના આશ્રયે તે વિકલ્પને તોડી નાંખશે. સ્વભાવમાં રાગ નથી, ને પરને કારણે પણ રાગ નથી. જો પરને કારણે રાગ માને તો, અનંતા પરદ્રવ્યો જગતમાં ત્રિકાળ રહેવાના છે, તેથી તેનો રાગ પણ ત્રિકાળ થઈ ગયો, તે મિથ્યાદષ્ટિનો રાગ છે.

હે નાથ ! આપ વચનના સંયમીઓમાં શ્રેષ્ઠ; અને આપની વાણી પણ શ્રેષ્ઠ ! આપની વાણી બે નયોના આશ્રયે પૂરું કહેનારી છે, તે વાણીને હું વંદું છું. મને વિકલ્પ ઊઠ્યો છે માટે હું વંદું છું પણ તેમાં પરમાત્મા અને તેમની વાણી સિવાય બીજા ઉપર લક્ષ જતું નથી. આમ ભગવાનને અને ભગવાનની વાણીને વંદન કરીને માંગળિક કર્યું છે.

**ક્ષમાવાણી દિન - ભાદરવા વદ ૧, રવિવાર.**

ભગવાન કુંદકુંદાચાર્યદેવે રચેલું નિયમસાર વંચાય છે. તેની ટીકા પદ્મપ્રભમલધારિદેવે કરી છે, તેઓ જંગલમાં વસનારા આત્માનંદમાં ઝૂલનારા ભાવલિંગી સંત હતા.

મંગલાચરણમાં પ્રથમ જિનેન્દ્રદેવને નમસ્કાર કર્યા ને પછી જિનવાણીને નમસ્કાર કર્યા. હવે ત્રીજા શ્લોકમાં ગુરુને નમસ્કાર કરે છે.

**શ્લોક ૩**

(शालिनी)

**सिद्धान्तोद्धश्रीधवं सिद्धसेनं**
**तर्काब्जार्कं भट्टपूर्वाकलंकम्।**
**शब्दाब्धीन्दुं पूज्यपादं च वंन्दे**
**तद्विद्याढ्यं वीरनिंन्द व्रतीन्द्रम्॥ ३॥**

**શ્લોકાર્થ :-** ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનીન્દ્રને, તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંક મુનીન્દ્રને, શબ્દસિંધુના ચંદ્ર પૂજ્યપાદ મુનીન્દ્રને અને તદ્‌વિદ્યાથી (-સિદ્ધાંતાદિ ત્રણેના જ્ઞાનથી) સમૃદ્ધવીરનંદી મુનીન્દ્રને હું વંદું છું. ॥ ૩ ॥

ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનીન્દ્રને હું નમસ્કાર કરું છું. આ મુનિ મહા નિર્ગ્રંથ દિગંબર સંત હતા; સિદ્ધસેન દિવાકર કહેવાય છે તે આ નથી. આ સિદ્ધસેન મુનીન્દ્ર તો ભાવલિંગી



સંત હતા, મહાન સ્વરૂપલક્ષ્મીના સ્વામી હતા, તેમને અહીં નમસ્કાર કર્યા છે.

તર્કરૂપી કમળને ખીલવનારા સૂર્યસમાન અકલંક મુનીન્દ્રને હું નમસ્કાર કરું છું. આ પણ ભાવલિંગી સંત હતા, આત્માના આનંદમાં ઝૂલતા હતા. તેમણે તત્ત્વાર્થસૂત્રની તત્ત્વાર્થ રાજવાર્તિક ટીકા, વગેરે ન્યાયના ગ્રંથો બનાવ્યા છે.

શબ્દસિંધુને ઉછાળનારા ચંદ્ર સમાન પૂજ્યપાદ મુનીન્દ્રને નમસ્કાર કરું છું. આ મહા ભાવલિંગી સંત હતા, તેમણે તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિનામની ટીકા રચી છે.

તે સિદ્ધાંત વગેરે ત્રણેના જ્ઞાની સમૃદ્ધ એવા શ્રી વીરનંદી સિદ્ધાંત ચક્રવર્તીને નમસ્કાર હો. આ વીરનંદી તે પોતાના ગુરુ છે; ભગવાન કુંદકુંદાચાર્યદેવના આ ગ્રંથની ટીકાની શરૂઆત કરતાં પહેલાં સંતોનું સ્મરણ કરીને તેમના ચરણકમળમાં નમસ્કાર કર્યા છે.

આ રીતે દેવ-શાસ્ત્ર અને ગુરુને નમસ્કાર કર્યા.

હવે આ ટીકા હું શા માટે કરું છું ? તે જણાવે છે :-

**શ્લોક ૪**

(अनुष्टुम)

**अपवर्गाय भव्यानां शुद्धये स्वात्मनः पुनः।**
**वक्ष्ये नियमसारस्य वृत्तिं तात्पर्यसंज्ञिकाम्॥ ४॥**

**શ્લોકાર્થ :-** ભવ્યોના મોક્ષને માટે તેમ જ નિજઆત્માની શુદ્ધિને અર્થે નિયમસારની 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકા હું કહીશ. ॥ ૪ ॥

પુણ્ય બંધાય ને સ્વર્ગ મળે તે આ ટીકાનો આશય નથી, પણ ભવ્ય જીવો આત્માને સમજીને મોક્ષ પામે તે માટે હું આ ટીકા બનાવું છું.

પંચમકાળમાં મોક્ષ નથી એ વાતને યાદ કરી નથી, પણ જે જીવ ભવ્ય છે ને જે આત્માને સમજીને મોક્ષનો કામી છે તે જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો આરાધક થઈને મોક્ષ પામવાનો જ છે. મંગલાચરણમાં જેવા દેવ-ગુરુ-શાસ્ત્રને નમસ્કાર કર્યા છે, તે સિવાય બીજા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા તો છૂટી ગઈ છે, તેવો જીવ આ વાત સાંભળવા ઊભો છે; તેવા ભવ્ય જીવોના મોક્ષને માટે હું આ ટીકા કહીશ. જે જીવ લાયક છે - મોક્ષને માટેની જેની તૈયારી થઈ ગઈ છે - એવા શ્રોતાજનોના મોક્ષને માટે હું આ ટીકા કહું છું. એટલે શ્રોતા પણ તેવા જ હોવા જોઈએ કે જેને મોક્ષ સિવાય સ્વર્ગાદિની ઈચ્છા ન હોય.

નિમિત્ત તરીકે ભવ્ય જીવોના મોક્ષને માટે હું ટીકા કરું છું ને ઉપાદાન તરીકે હું મારા આત્માની

શુદ્ધતાને અર્થે આ ટીકા કહું છું. આ ટીકા દ્વારા શુદ્ધ ચૈતન્ય પરમ પારિણામિક સ્વભાવનું ઘોલન કરતાં વિકલ્પ તૂટી જશે ને શુદ્ધતા વધી જશે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે સમયસારના મંગલાચરણમાં પણ એમ જ કહ્યું છે.

આ ટીકા ભવ્ય જીવોના મોક્ષને માટે કરવામાં આવી છે, એટલે તેમાંથી રાગનો કે સંસારનો આશય કાઢે તો તે ટીકાને સમજ્યો નથી. મારે પોતાને અંતરમાં દ્રવ્ય તરફનો ઝૂકાવ છે, મારું વલણ ટીકાના શબ્દો ઉપર કે વિકલ્પ ઉપર નથી, પણ ચૈતન્ય સ્વભાવનું ઘૂંટણ ચાલે છે, તેના જોરે મારો વિકલ્પ તૂટીને શુદ્ધતા વધી જશે. ભવ્ય જીવોનો મોક્ષ થાય અને મારા આત્માની શુદ્ધિ થાય તે આ ટીકાનું ફળ છે. 'મોક્ષમાર્ગને માટે' એમ ન કહ્યું પણ ''મોક્ષને માટે'' જ એમ કહ્યું, જ્યાં સ્વભાવની દૃષ્ટિ કરી ત્યાં દૃષ્ટિમાં તો મોક્ષ થઈ જ ગયો, ને તે જીવ અલ્પકાળે મોક્ષ પામી જશે. એટલે કહ્યું કે ભવ્ય હું જીવોના મોક્ષને માટે અને મારા આત્માની શુદ્ધતા માટે આ નિયમસારની ટીકા કહીશ.

એ રીતે ટીકા કરવાની પ્રતિજ્ઞા તો કરી, પણ હવે પોતાની નિર્માનતા જાહેર કરતાં વિનયપૂર્વક કહે છે કે :-

**શ્લોક ૫**

(आर्या)

**गुणधरगणधररचितं श्रुतधरसन्तानतस्तु सुव्यक्तम् ।**
**परमागमार्थसार्थं वक्तुममुं के वयं मन्दाः ॥ ५ ॥**

**શ્લોકાર્થ :-** ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ ? ॥ ૫ ॥

તીર્થંકર ભગવાનના શ્રીમુખેથી જે ધ્વનિ નીકળ્યો તે ગણધરદેવે ઝીલ્યો, તે ગુણના ધરનારા ગણધરદેવથી રચાયેલું અને ત્યાર પછી શ્રુતજ્ઞાનને ધરનારા સંતોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબંદ્ધિ તે કોણ ? સંતોની પરંપરામાં કુંદકુંદાચાર્યદેવ વગેરે આવી જાય છે, વચ્ચે સંતોની પરંપરામાં ફાંટો પડીને જે વિપરીતતા થઈ તેની આમાં વાત નથી. આમાં તો ઠેઠ ગણધરની પરંપરાથી જે તત્ત્વ આવ્યું, ને ભગવાન કુંદકુંદાચાર્યદેવે જે વ્યક્ત કર્યું તેનું જ કથન છે. તે તત્ત્વનું કથન કરવામાં હું મંદબુદ્ધિ તે કોણ ? અહો ! પોતે મહા સમર્થ સંત હોવા છતાં મહાસંતોની પાસે કેટલી નિર્માનતા બતાવે છે !! તેમણે ટીકામાં એવા અલૌકિક રહસ્ય ખુલ્લા કર્યા છે કે બીજા કોઈ ગ્રંથમાં તેવું ખુલ્લું રહસ્ય નથી. અંતરમાં ચૈતન્યને સ્પર્શીને શુદ્ધકારણપર્યાય, સ્વરૂપપ્રત્યક્ષઉપયોગ વગેરેનું અપૂર્વ અલૌકિક રહસ્ય ખુલ્લું કર્યું છે. છતાં કહે છે કે અરે ! ગણધરાદિક મહાસંતોની પાસે અમે મંદબુદ્ધિ તે કોણ?



**શ્લોક ૬**

(अनुष्टुभ्)

**अस्माकं मानसान्युच्चैः प्रेरितानि पुनः पुनः ।**
**परमागमसारस्य रुच्या मांसलयाऽधुना ॥ ६ ॥**

શ્લોકાર્થ :- હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરીત થાય છે. (એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકા રચાય છે.) ॥ ૬ ॥

રાગને લંબાવવાની ભાવના નથી તેથી કહ્યું કે 'હમણાં' અમને મનમાં આ શાસ્ત્રની ટીકાનો વિકલ્પ ઊઠ્યો છે. પહેલાં વિકલ્પ ન હતો, પછી નહિ રહે, પણ 'હમણાં' એટલે કે વર્તમાન પૂરતો વિકલ્પ ઊઠ્યો છે કે આવા મહાન પરમાગમની ટીકા હોય તો ઠીક ! પરમાગમનો જે સાર છે તેની પુષ્ટ રુચિથી અમારું મન ટીકા કરવાને માટે હમણાં પ્રેરિત થાય છે, ફરી ફરીને વિકલ્પ તે બાજુ જાય છે કે આ પરમાગમના સારને ટીકામાં ખુલ્લો કરું.

આ પરમાગમમાં અલૌકિક રહસ્ય ભર્યા છે, તેની પુષ્ટ રુચિથી હમણાં ફરી ફરીને તેની ટીકા કરવા માટે અમારું મન પ્રેરિત થાય છે. ઘડીકમાં વિકલ્પ તૂટીને આનંદનો અનુભવ કરીએ છીએ ને વળી પાછો આ ટીકાનો વિકલ્પ ઊઠે છે. એટલે હમણાં આ ટીકા તરફ મનનો વિકલ્પ જાય છે તેથી આ ટીકા રચાય છે.

જુઓ, ''અમારું મન પ્રેરિત થાય છે'' એમ કહ્યું છે, વિકલ્પ ઊઠ્યો છે તેમાં મન નિમિત્ત છે. તે વિકલ્પ કોઈ પરના કારણે ઊઠ્યો નથી, પોતાની તેટલી નબળાઈને કારણે તે વિકલ્પ ઊઠ્યો છે. પણ તે વિકલ્પ વર્તમાન પૂરતો છે, તે વિકલ્પની ભાવના નથી. માટે કહ્યું કે ''હમણાં'' પ્રેરિત થાય છે. કાયમ આ વિકલ્પ રહ્યા કરો એવી ભાવના નથી, ભાવના તો આત્માની શુદ્ધિની જ છે.

આ તો મહા સંતો, ભાવલિંગી મુનિ, આત્માની રમણતામાં ઝૂલનારા હતા; તેમના એકેક શબ્દ પાછળ ગૂઢ રહસ્ય ભર્યા હોય છે. અત્યારે આવી સત્ય વાત સાંભળવી પણ કઠણ છે, સમજવું તે તો અપૂર્વ છે, પણ આ વાતનું શ્રવણ પણ મહાભાગ્ય હોય તેને મળે છે.

આચાર્યદેવ કહે છે કે ટીકાના શબ્દોના કર્તા અમે નથી, વિકલ્પ ઊઠ્યો છે તેના પણ ખરેખર અમે કર્તા નથી, અમે તો જ્ઞાતા છીએ. વિકલપ ઊઠ્યો છે તેના પણ જ્ઞાતા છીએ, એવા ભાનપૂર્વક ટીકાનો વિકલ્પ ઊઠ્યો છે, ને ટીકા રચાય છે.

આ નિયમસારમાં શું કથન આવશે તે કહે છે :-

**શ્લોક ૭**

(अनुष्टुभ)

**पंचास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवार्थकाः ।**
**प्रोक्ताः सूत्रकृता पूर्वं प्रत्याख्यानादिसत्क्रियाः ॥ ७॥**

**શ્લોકાર્થ :-** સૂત્રકારે પૂર્વે પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ અથવા નવ પદાર્થ તેમજ પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે. (અર્થાત્ ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રમાં પ્રથમ પાંચ અસ્તિકાય વગેરે અને પછી પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે.) ॥ ૭ ॥

સૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ભગવાન છે. તેઓ લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાં થઈ ગયા છે ને ટીકાકાર પદ્મપ્રભમલધારિ મુનિરાજ લગભગ તેરમા સૈકામાં થઈ ગયા છે.

નિર્વિકલ્પ આત્માની જ્ઞાનક્રિયા તે સત્ ક્રિયા છે, ને વચ્ચે શુભ રાગની વૃત્તિ ઊઠે તે સત્ક્રિયા નથી, પણ વિકારક્રિયા છે. ચૈતન્યસ્વભાવ ધ્રુવ પરમપારિણામિક તત્ત્વ છે તેના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયા થાય તેનું નામ સત્ક્રિયા છે. પ્રત્યાખ્યાન કોને કહેવું ને ભક્તિ કોને કહેવી? ચૈતન્યમાં લીનતા થાય તે જ પ્રત્યાખ્યાન અને ભક્તિ વગેરે સત્ક્રિયા છે. જે રાગ થાય તે અસત્ક્રિયા છે, ને શરીરાદિની ક્રિયાઓ તો જડની ક્રિયા છે.

સત્ક્રિયા કહો કે ધર્મની ક્રિયા કહો, વચ્ચે રાગનું વર્ણન આવે તે ફક્ત જ્ઞાન કરાવવા માટે જ આવશે પણ રાગની ક્રિયાને અમે સત્ક્રિયા કહેતાં નથી. વીતરાગના પંથની ક્રિયા તે સત્ક્રિયા છે. જેટલો રાગ ઊઠે તે વીતરાગના પંથની સત્ક્રિયા નથી પણ અસત્ક્રિયા છે.

લોકો કાંઈક ક્રિયા માંગે છે, તો અહીં આચાર્યદેવ કહે છે કે અમે આ શાસ્ત્રમાં પ્રત્યાખ્યાન, ભક્તિ વગેરે સત્ક્રિયાનું વર્ણન કર્યું છે. આવી સત્ક્રિયા જીવે કદી કરી નથી.

**યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.**
**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;**
**જપ ભેદ જપે તપ ત્યૌહિં તપે, ઉરસેંહિ ઉદાસિ લહી સબપેં;**
**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**
**અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછું ઔર રહા ઉન સાધનસેં ?**
**બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ?** (શ્રીમદ્)



આત્માના ભાન વિના આ બધું કર્યું પણ તેને ભગવાન સત્ક્રિયા કહેતાં નથી. અંતરમાં ચૈતન્યસ્વભાવ પડ્યો છે તેના આશ્રયે થતી ક્રિયા તે જ સત્ક્રિયા છે. શાસ્ત્ર જાણ્યાં અને ત્યાગી થઈને વનમાં વાસ કર્યો, તેનાથી પુણ્ય બાંધીને સ્વર્ગમાં ગયો, ને સ્વર્ગમાંથી નીકળી પાછો ચાર ગતિમાં પડ્યો. માટે તે સત્ક્રિયા નથી. આ શાસ્ત્રમાં કહેલી સત્ક્રિયા કરે તો મોક્ષ થયા વિના રહે નહિ.

છ ઢાળામાં પણ કહ્યું છે કે :-

**मुनि व्रत धार अनंतवार ग्रीवक उपजायो ।**
**पै निज आतमज्ञान बिना सुख लेश न पायो ॥**

બધા સંતો એ જ વાત કરે છે.

અહીં ટીકાકાર મુનિરાજ આ નિયમસાર પરમાગમનો ઉપોદ્‌ઘાત કરતાં કહે છે કે સૂત્રકાર ભગવાને આ શાસ્ત્રમાં સત્ક્રિયાઓનું વર્ણન કર્યું છે. સત્ક્રિયા કોને કહેવી ? જેનાથી મોક્ષ મળે તેવી ક્રિયા કોને કહેવી તેનું આમાં વર્ણન છે. જે સત્ક્રિયા જીવે અનંતકાળમાં કરી નથી તે સત્ક્રિયા આચાર્યદેવે આ શાસ્ત્રમાં બતાવી છે.

કુંદકુંદભગવાને આ મહાન શાસ્ત્ર રચ્યું છે. તેઓ મહાવિદેહમાં સીમંધર પરમાત્મા પાસે ગયા હતા, ને ત્યાં આઠ દિવસ રહીને પાછા આ ભરતક્ષેત્રમાં પધાર્યા હતા. તેમણે આ નિયમસાર - સમયસાર વગેરે મહાન શાસ્ત્રોની રચના કરી છે. તેમાંથી આ નિયમસારની ટીકા ભાવલિંગી સંત છઠ્ઠી-સાતમી ભૂમિકાએ આનંદમાં ઝૂલતા મુનિ પદ્મપ્રભમલધારિદેવે કરી છે. તેઓ કહે છે કે આ નિયમસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે સત્ક્રિયાઓ કહી છે. બહારની ક્રિયાની વાત નથી, પણ અંતરમાં જ્ઞાનાનંદ સ્વરૂપમાં રમણતા થતાં રાગ તૂટી જાય તેનું નામ પ્રત્યાખ્યાનની સત્ક્રિયા છે.

પહેલાં ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે પણ સત્ક્રિયા છે. સમ્યગ્દર્શન પછી નિશ્ચય પ્રત્યાખ્યાન-ભક્તિ વગેરેની સત્ક્રિયા કેવી હોય છે તે આમાં બતાવ્યું છે. જેને સ્વભાવનું ભાન નથી તે નામથી જૈન છે. ચૈતન્યનો જેવો સ્વભાવ છે તેને ઓળખીને મોહને જીતે તે જ સાચો જૈન છે.

આચાર્યદેવે પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વો ને નવ પદાર્થોનું વર્ણન કર્યું છે; તેને જે ન જાણે તેને સમ્યગ્દર્શન થાય નહિ. જીવને જીવ માને, અજીવને અજીવ માને, પુણ્યને પુણ્ય માને, પાપને પાપ માને ને સંવરને સંવર માને. એમ નવે તત્ત્વોને ભિન્ન ભિન્ન ન માને અને અજીવની ક્રિયા જીવ કરે એમ માને, પુણ્યથી ધર્મ થાય એમ માને, તો તેણે નવ તત્ત્વોને ખરેખર માન્યા નથી, ને તેને પ્રત્યાખ્યાનાદિ ધર્મક્રિયા હોતી નથી.

નવે તત્ત્વોને ઓળખે, ચૈતન્યસ્વભાવને ઓળખે, પછી અંદરમાં એકાગ્રતા કરતાં રાગ ટળી જાય

તેનું નામ પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા છે, તેનું વર્ણન આચાર્યદેવે આ શાસ્ત્રમાં કર્યું છે. શરીરની ક્રિયા તે જડની ક્રિયા છે, પુણ્યની ક્રિયા તે અસત્ક્રિયા છે, ને ચિદાનંદસ્વભાવી આત્માની શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતારૂપ ક્રિયા તે જ સત્ક્રિયા છે, તેનું વર્ણન આ શાસ્ત્રમાં આવશે.



**ભાદરવા વદ ૨, સોમવાર ૧૭-૯-૫૧.**

પ્રથમ સાત શ્લોકમાં ટીકાકારે મંગલાચરણ કર્યું. આ પરમ અધ્યાત્મ શાસ્ત્ર છે, તેમાં અનંતકાળે નહિ જાણેલી ચૈતન્યની અંતરની વાત સમજાવી છે. મંગલાચરણના છેલ્લા શ્લોકમાં એમ કહ્યું કે આ શાસ્ત્રમાં પાંચ અસ્તિકાય, છ દ્રવ્યો, સાત તત્ત્વો, નવ પદાર્થો અને પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયાઓનું વર્ણન છે. શુદ્ધ આત્માની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતારૂપ જે ક્રિયા છે તે સત્ક્રિયા છે. શરીરની ક્રિયા કે પુણ્ય-પાપની ક્રિયા તે આત્માનું સ્વરૂપ નથી; અંતરમાં શુદ્ધ આત્માના આશ્રયે જે વીતરાગી ક્રિયા થાય તે જ સત્ક્રિયા છે, તે સિવાય બીજું કોઈ મોક્ષનું કારણ નથી.

એ પ્રમાણે મંગલાચરણ કર્યું. અતિ વિસ્તારથી બસ થાઓ. આ સાક્ષાત્ વિવરણ જયવંત વર્તો. આ ટીકાના જે ભાવો છે તે જગતમાં જયવંત વર્તો.

હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ વિરચિત) ગાથા સૂત્રનું અવતરણ કરવામાં આવે છે.

**ગાથા ૧**

**णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं।**
**वोच्छामि णियमसारं केवलिसुदकेवली भणिदं॥ १॥**

**નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને;**
**કહું નિયમસાર હું કેવળી શ્રુતકેવળી પરિકથિતને. ૧.**

**અન્વયાર્થ** :- અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાન-દર્શન જેમનો સ્વભાવ છે એવા (-કેવળજ્ઞાની અને કેવળદર્શની) જિન વીરને નમીને કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું નિયમસાર હું કહીશ.

શ્રી વર્દ્ધમાન જિનેન્દ્રને નમસ્કાર કરીને કુંદકુંદાચાર્યદેવે આ પ્રથમ સૂત્રમાં અસાધારણ મંગલાચરણ કર્યું છે. આચાર્યદેવ કહે છે કે જે શ્રી કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું છે એવા શ્રી નિયમસારને હું કહીશ.

સર્વજ્ઞ કેવા હોય તેને ઓળખીને નમસ્કાર કરે છે. અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાન-દર્શન જેમનો સ્વભાવ છે એવા સર્વજ્ઞ છે. સર્વજ્ઞે જે પ્રમાણે વિશ્વને જાણ્યું તે જ પ્રમાણે જગતમાં થાય છે, તેમાં ફેરફાર પડતો નથી. સર્વજ્ઞનું જ્ઞાન તો અનંત અને ઉત્કૃષ્ટ છે. બીજા મતિ-શ્રુતજ્ઞાનમાં અનંતતા કહેવાય, પણ તે ઉત્કૃષ્ટ નથી, ઉત્કૃષ્ટ જ્ઞાન તો કેવળજ્ઞાન છે. એવા કેવળજ્ઞાની જિન વીરને નમસ્કાર કરીને હું આ નિયમસારને કહીશ.

હું સર્વજ્ઞને નમસ્કાર કરું છું એટલે કે મારામાં અલ્પજ્ઞતા છે તેનો હું આદર નથી કરતો પણ

મારામાં સર્વજ્ઞતા પ્રગટ થવાની જે શક્તિ છે તેનો જ હું આદર કરું છું. વિકલ્પ ઊઠ્યો છે એટલે નિમિત્ત તરીકે સર્વજ્ઞ ભગવાનને નમસ્કાર કર્યા છે. એમ નમસ્કાર કરીને કેવળી-શ્રુતકેવળીઓએ કહેલાં નિયમસારને એટલે શુદ્ધ આત્માને અને મોક્ષમાર્ગને હું કહીશ.

આચાર્યદેવ પોતે સીમંધર પરમાત્મા પાસે ગયા હતા ને ત્યાં કેવળી-શ્રુતકેવળીઓ પાસેથી સીધું સાંભળ્યું હતું, તેથી કહે છે કે કેવળી-શ્રુતકેવળી ભગવંતોએ કહેલું નિયમસાર હું કહીશ.

શ્રી સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યદેહે તીર્થંકરપણે સમવશરણમાં બિરાજે છે, ત્યાં શ્રી કુંદકુંદાચાર્યદેવ સદેહે ગયા હતા ને ત્યાં આઠ દિવસ રહ્યા હતા. જે સીમંધર ભગવાન પાસે કુંદકુંદાચાર્યદેવ ૨૦૦૦ વર્ષ પહેલાં (લગભગ સં. ૪૯માં) ગયા હતા તે જ સીમંધર ભગવાન અત્યારે બિરાજી રહ્યા છે. કુંદકુંદ ભગવાન મહાન સંત હતા, અધ્યાત્મમાં મસ્ત હતા, અંતર અનુભવમાં ઝૂલતા હતા, તે મહાવિદેહમાં ગયા હતા, એ વાત પરમ સત્ય છે. મહાવિદેહ નામનું એક ક્ષેત્ર છે, તે આ ભરતક્ષેત્રથી ઘણું દૂર છે. જેમ ઋષભદેવથી માંડીને મહાવીર ભગવાન સુધીના ૨૪ તીર્થંકરો આ ભરતક્ષેત્રે થઈ ગયા, તેમ મહાવિદેહમાં સીમંધર ભગવાન વગેરે વીસ તીર્થંકરો અત્યારે મોજુદ બિરાજે છે. ત્યાં સમવસરણ છે, કેવળીઓ છે, ગણધરો છે, સંતો-મુનિઓ છે, ચક્રવર્તી છે, ઈન્દ્રો આવે છે ને મહાન ધર્મકાળ વર્તી રહ્યો છે. સીમંધર પરમાત્મા મુનિસુવ્રત ભગવાનના વખતમાં થયા છે ને હજી લાખો-કરોડો વર્ષ રહેશે, ને આવતી ચોવીસીના સાતમા તીર્થંકરના વખતમાં મોક્ષ પધારશે. એવા ભગવાન પાસે જઈને કુંદકુંદાચાર્યદેવે દિવ્યધ્વનિનું આઠ દિવસ શ્રવણ કર્યું હતું. આ કલ્પના નથી પણ અસલી વાત છે.

લોકોને ધર્મની ખબર નથી. ધર્મ એવી અપૂર્વ ચીજ છે કે જો એક સેકંડ પણ ધર્મ કરે તો અનંત સંસારનો નાશ થઈ જાય. સર્વજ્ઞ ભગવાન પાસેથી સીધું સાંભળેલું ને પોતે અંતરમાં અનુભવેલું ચૈતન્યનું સ્વરૂપ આચાર્યદેવ આ નિયમસારમાં કહે છે.

મંગલાચરણમાં આચાર્યદેવ કહે છે કે હું સર્વજ્ઞને નમું છું. જેમણે ચૈતન્ય સ્વભાવનું ભાન કરીને રાગ-દ્વેષ-મોહને જીતી લીધા છે તેવા જિન વીરને હું નમસ્કાર કરું છું; જે રાગને આદરે તેવા જીવોને હું નમતો નથી.

**ટીકા** : ''અહીં **'जिनं नत्वा'** એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે''. ટીકાકાર મુનિરાજ ગાથાના દરેક પદનું તાત્પર્ય કહે છે.

પહેલાં 'જિન'નો અર્થ કરે છે.

''અનેક જન્મરૂપ અટવીને પ્રાપ્ત કરાવવાના હેતુભૂત સમસ્ત મોહ-રાગ-દ્વેષાદિકને જે જીતે છે તે 'જિન' છે.''



રાગ મારા કલ્યાણને માટે અકિંચિત્કર છે ને નિમિત્ત તો મારામાં તદ્દન અકિંચિત્કર છે, એવું ભાન કરીને ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતાના જોરે જેણે રાગ-દ્વેષ-મોહને જીતી લીધા છે તે જિન છે. અનેક જન્મરૂપી અટવીમાં રખડવાનું કારણ રાગ-દ્વેષ-મોહ છે, ચૈતન્યના ભાન વડે તેને જે જીતે તે 'જિન' છે. એવા 'જિન' જ સાચા દેવ છે, કલ્યાણમાં નિમિત્ત તરીકે એવા જ દેવ હોય. આવા સર્વજ્ઞદેવ સિવાય જે કુદેવ-કુગુરૂને કલ્યાણમાં નિમિત્ત માને તે મિથ્યાદષ્ટિ છે. કુદેવ તો રાગથી લાભ મનાવે છે, એટલે કુદેવને માનનારે રાગ-દ્વેષ-મોહને આદરણીય માન્યા, તે અનંત જન્મ-મરણમાં રખડવાનું મૂળ છે.

જે જિનને નમસ્કાર કરે છે તે જીવ રાગ-દ્વેષ-મોહને આદરે નહિ. જેણે ચૈતન્યનું ભાન કરીને સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વમોહને જીતી લીધો છે એવી આઠ વર્ષની બાલિકા પણ શ્રદ્ધા અપેક્ષાએ 'જિન' છે, ને મોટો ત્યાગી દ્રવ્યલિંગી થઈને પણ રાગથી લાભ માનતો હોય તો તે જિન નથી પણ મોહી છે - મિથ્યાદષ્ટિ છે. શ્રદ્ધા અપેક્ષાએ ચોથા ગુણસ્થાનથી જિનપણું શરૂ થાય છે, સમ્યગ્દષ્ટિ ચકલાને પણ જિન કહેવાય છે. અહીં તો જેણે પૂર્ણ રાગ-દ્વેષ-મોહને જીત્યા છે એવા પૂર્ણ જિનની વાત છે. જ્યાં આત્મભાન થયું ત્યાં ચૈતન્યની હૂંડી સ્વીકારાઈ ગઈ, હવે ચૈતન્યમાં ઠરતાં અલ્પકાળ લાગશે. સાધકદશામાં પૂજા-ભક્તિ-સ્વાધ્યાય વગેરેનો રાગ હોય પણ તે કલ્યાણનું કારણ નથી - એમ ધર્મી જાણે છે. 'જિને' સમસ્ત રાગ-દ્વેષને જીતી લીધા છે ને તેને નમસ્કાર કરનાર જીવ પણ રાગ-દ્વેષ-મોહને જીતવાના માર્ગે છે. રાગ-દ્વેષ-મોહને જે આદરવા જેવા માને તેણે જિનને નમસ્કાર કર્યા નથી. બધા તીર્થંકરો જિન અને વીર છે, પણ અહીં વર્તમાન શાસનના નાયક તરીકે શ્રી વર્દ્ધમાન ભગવાનને નમસ્કાર કર્યા છે.

'' 'વીર' એટલે વિક્રાંત (-પરાક્રમી); વીરતા ફોરવે, શૌર્ય ફોરવે, વિક્રમ (પરાક્રમ) ફોરવે, કર્મશત્રુઓ પર વિજય મેળવે, તે 'વીર' છે.''

પોતાનો ધ્રુવ ચૈતન્ય સ્વભાવ તે પરમ તત્ત્વ છે, તેની પ્રતીતિ કરીને ઠરવું તે જ સાચું પરાક્રમ છે. સ્વભાવની અસ્તિની પ્રતીતિ ને વિકારની નાસ્તિની પ્રતીતિ તે પ્રથમ સમ્યગ્દર્શનરૂપ પરાક્રમ છે. સમ્યગ્દર્શનનું એવું પરાક્રમ છે કે કોઈ પણ નિમિત્તને, રાગને કે અધૂરાશને પોતામાં અસ્તિપણે માનતું નથી, ધ્રુવ પરિપૂર્ણ ચૈતન્યતત્ત્વને જ તે પ્રતીતમાં લ્યે છે. ચૈતન્યસ્વભાવમાં વીર્યને - પરાક્રમને ફોરવે તે જ સાચો વીર છે. રાગમાં ધર્મ માને તે વીર નથી, તેને ચૈતન્યનું પરાક્રમ પ્રગટ્યું નથી. ચૈતન્યના પરાક્રમ વડે કર્મશત્રુઓ ઉપર વિજય મેળવે તે વીર છે. ખરેખર જડ કર્મને જીતવા નથી, ને રાગને પણ જીતવો નથી, અંતરમાં ચૈતન્યનું પરાક્રમ વાળીને એકાગ્ર થયો ત્યાં રાગ ઉત્પન્ન થતો નથી ને કર્મો ટળી જાય છે, એટલે કર્મ ઉપર વિજય મેળવ્યો એમ નિમિત્તથી કહેવાય છે. ખરેખર તો નિમિત્તમાં જીવનું પરાક્રમ નથી, કેમ કે નિમિત્ત તો જીવને અડ્યું જ નથી. નિમિત્ત પર છે, પોતામાં

પરનો અત્યંત અભાવ છે. ને રાગનો પણ આત્માના મૂળ સ્વભાવમાં અત્યંત અભાવ છે. રાગને અને આત્માના સ્વભાવને અનંતો અભાવ છે, તો પછી નિમિત્ત તો ક્યાંય રહ્યું ? નિમિત્તો આત્માને કાંઈ કરે એમ માને તે જીવ વીતરાગની પરંપરાથી બહાર છે.

શ્રી મહાવીર પરમાત્મા સમસ્ત રાગ-દ્વેષ-મોહને જીતનાર એવા જિન છે, અને ચૈતન્યના પરાક્રમ વડે કર્મના વિજેતા એવા વીર છે, તેઓ શ્રી વર્દ્ધમાન, શ્રી સન્મતિનાથ, શ્રી અતિવીર અને શ્રી મહાવીર એ નામોથી યુક્ત છે.

તે મહાવીર ભગવાન જ પરમેશ્વર છે. પરમ ઐશ્વર્ય એટલે કેવળજ્ઞાનાદિને પામેલા છે તેથી જ તે પરમેશ્વર છે. એ સિવાય જગતનો કર્તા-હર્તા કોઈ ઈશ્વર નથી. આ મહાવીર પરમાત્મા જ દેવાધિદેવ છે, ઈન્દ્ર વગેરે અને ગણધરદેવો તેમના પણ દેવ મહાવીર ભગવાન છે, તેથી તેઓ દેવાધિદેવ છે.

આવા સર્વજ્ઞ મહાવીર પરમાત્મા છેલ્લા તીર્થનાથ છે. તીર્થ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જે પોતાના આત્માનું ભાન કરીને તરવાનો ઉપાય પોતામાં પ્રગટ કરે તે તીર્થ છે, ને તેના 'નાથ' મહાવીર ભગવાન છે. પોતે પોતામાં તરવાનો ઉપાય પ્રગટ કરે તો નિમિત્ત તરીકે ભગવાનને તીર્થનાથ કહેવાય છે.

ને ભગવાન સકળ નિર્મળ એવા કેવળજ્ઞાન-દર્શનથી સંયુક્ત છે. કેવળજ્ઞાન-દર્શન કેવા છે ? - કે જે ત્રણ ભુવનના, સચરાચર, દ્રવ્ય-ગુણ-પર્યાયથી કહેવામાં આવતાં સમસ્ત દ્રવ્યોને જાણવા-દેખવામાં સમર્થ છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયથી સમસ્ત પદાર્થોનું કથન થાય છે. ધર્મ શું છે ? દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય છે ? તેનું પણ ભાન ન હોય અને કહે કે અમે ધર્મ કરીએ છીએ ! ધર્મ તો કોણ જાણે ક્યાં રહેતો હશે ? શરીરમાં રહેતો હશે કે આત્મામાં ? ધર્મ તે નવો થાય છે એટલે તે દ્રવ્ય કે ગુણ નથી પણ પર્યાય છે. જેની જે પર્યાય હોય તેનાથી જ તે પર્યાય થાય છે, કોઈની પર્યાય પરને લીધે થતી નથી. ધર્મ તે આત્માની નિર્દોષ શુદ્ધ પર્યાય છે, તે આત્માના આધારે થાય છે. દ્રવ્ય ત્રિકાળ છે, ગુણો ત્રિકાળ છે ને પર્યાય ક્ષણ પૂરતી છે, તે પર્યાય નવી થાય છે. ધર્મ તે પણ પર્યાય છે. જગતમાં છ પ્રકારના દ્રવ્યો છે, તેમાં જીવ અને પુદ્‌ગલ સિવાયના ચાર દ્રવ્યો તો અચર છે એટલે કે સ્થિર છે, ને જીવ-પુદ્‌ગલ એ બે દ્રવ્યો સચરાચર છે; તેમાં જીવનો સ્વભાવ તો સ્થિર રહેવાનો છે, પણ હલન-ચલનની તેની પર્યાયની યોગ્યતા છે. આવા છએ દ્રવ્યો પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત છે.

આ શરીરના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે ને આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે. આત્મા પોતાના જ્ઞાનની પર્યાયથી જાણે છે, આંખથી જાણતો નથી. શરીરમાં કાંઈ ક્યાંય કાણાં નથી કે તે કાણાંમાંથી આત્મા જુએ ! જેમ વજ્રની આખી ભીંત હોય તેવું આ શરીર છિદ્ર વગરનું છે, તેમાં



ક્યાંય છિદ્ર નથી, અંદર ચૈતન્યપિંડ ભિન્ન છે, તે ચૈતન્યપિંડ પોતે જાણવાના સ્વભાવથી જાણે છે. ધ્રુવ ચૈતન્યપિંડ છે તેની પર્યાયથી જાણવાનું કાર્ય થાય છે, પણ અજ્ઞાનીને ભ્રમ છે કે જાણે આંખથી દેખાતું હોય ! જેમ મકાનમાંથી બારી દ્વારા બહાર જોવાય, તેમ કાંઈ આ શરીરમાં આંખની બારી નથી. શરીરમાં આંખના કાણાંમાંથી આત્મા જોવાનું કામ કરે છે - એમ નથી. શરીરની રચના તો છિદ્ર રહિત છે; ચૈતન્ય પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી સ્વતંત્ર છે. તેના ધ્રુવ પિંડમાં જ્ઞાનના ક્ષયોપશમરૂપી છિદ્ર પડ્યું; તે છિદ્ર દ્વારા આત્મા જાણે છે. છિદ્ર એટલે પર્યાય. છ એ પદાર્થો દ્રવ્ય-ગુણ-પર્યાયવાળા છે. સર્વજ્ઞ ભગવાન જગતના બધા પદાર્થોને જાણવા-દેખવામાં સમર્થ છે, પણ કાંઈ ફેરફાર કરવા સમર્થ નથી. તેમ બધાય આત્માઓનો સ્વભાવ જગતને જાણવા-દેખવાનો છે, પણ ક્યાંય ફેરફાર કરી દ્યે એવી કોઈ આત્માની તાકાત નથી. કોઈ જીવને મોક્ષ પમાડી દ્યે એવી તાકાત ભગવાનની નથી. ભગવાન તો જેમ હોય તેમ જાણે કે '' આ જીવ આ ભવે મુક્તિ પામશે, આ જીવ એક ભવે મોક્ષ પામશે'' -એમ ભગવાન જાણે, પણ કોઈનો કાળ આઘોપાછો કરીને મોક્ષમાં લઈ જાય એવા ભગવાન નથી. ભગવાન તો નિમિત્ત છે, નિમિત્ત શું કરે ! ગુરુ ઉપદેશ આપે પણ સમજે તેને નિમિત્ત કહેવાય ને ? પોતે ન સમજે તો ગુરુ શું કરે ? પોતે સમજ્યા પછી ચૈતન્યનો મહિમા રાખીને વિકલ્પ ઊઠતાં દેવ-ગુરુના બહુમાનનો અને વિનયનો ભાવ આવે, પણ તે પરને કારણે આવ્યો નથી; ને નિમિત્ત મારું કલ્યાણ કરી દેશે એવી માન્યતા પણ નથી.

આમ દરેક પદાર્થ સ્વતંત્ર છે - એમ કેવળજ્ઞાનથી ભગવાન જાણે છે. આવા સર્વજ્ઞને ઓળખીને તેને નમસ્કાર કરે તેને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થાય. અહીં આચાર્યદેવ કહે છે કે આવ સર્વજ્ઞ પરમાત્મા વર્દ્ધમાન જિનેન્દ્રને પ્રણમીને હું નિયમસાર કહીશ.

**ભાદરવા વદ ૩, મંગળવાર, ૧૮-૯-૫૧.**

કુંદકુંદ આચાર્યદેવ કહે છે કે ' હું ભગવાનને નમસ્કાર કરીને કહું છું....' શું કહું છું ? નિયમસાર કહુ છું.

'નિયમસાર'નો અર્થ શું ? 'નિયમ' શબ્દ પ્રથમ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માટે છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે જ મોક્ષમાર્ગરૂપ નિયમ છે. જેને મોક્ષમાં જવું હોય તેણે આવો નિયમ લેવો. લોકો કહે છે કે કાંઈક નિયમ બતાવો ! અહીં 'નિયમ' બતાવ્યો છે કે શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે જ નિયમ છે. આમાં ભગવાનના દર્શન કરવાનો નિયમ આવી જાય છે. - ક્યા ભગવાન? પોતાના ચૈતન્ય પરમેશ્વર ભગવાનના દર્શન કરવા તે સમ્યગ્દર્શન છે. -ચૈતન્ય સ્વભાવનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્‌ચારિત્ર જેણે કર્યું તેણે 'નિયમ' લીધો. બહારમાં ભગવાનના દર્શનનો ભાવ તે શુભભાવ છે, તે ખરેખર મોક્ષમાર્ગનો નિયમ નથી. આ તો અંતરનો નિયમ છે કે ''સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ''. આત્માનો નિયમ લેવો જોઈએ કે મારે મારા આત્માને વિકારવાળો

ન માનવો, મારે વિકાર ન ખપે, ને જ્ઞાન-આનંદમય આત્મા ખપે. -આવો નિયમ તે મોક્ષનો માર્ગ છે. નિયમ એટલે રત્નત્રય. આત્મા જ્ઞાન-આનંદમય છે તેના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં રમણતા કરવી તેનું નામ નિયમ છે, તે 'નિયમ'થી મુક્તિ થયા વિના રહે નહિ.

નિયમ એટલે રત્નત્રય અને 'નિયમ' સાથે 'સાર' શબ્દ કહીને 'શુદ્ધ રત્નત્રય'નું સ્વરૂપ કહ્યું છે. શુદ્ધ રત્નત્રય એટલે રાગરહિત નિર્વિકલ્પ રત્નત્રય; દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન કે પંચમહાવ્રતના શુભભાવ તે અશુદ્ધ રત્નત્રય છે. શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, તેનું જ્ઞાન ને તેમાં રમણતા થવી તે શુદ્ધ રત્નત્રય છે. શુદ્ધ રત્નત્રય કહો કે નિશ્ચય રત્નત્રય કહો; વચ્ચે જે વ્યવહાર રત્નત્રય આવે તે મલિન રાગભાવ છે, અશુદ્ધ રત્નત્રય છે. શુભ રાગ છે તે ખરેખર રત્નત્રય નથી પણ ઉપચારથી તેને રત્નત્રય કહેવાય છે. તે ખરેખર મોક્ષમાર્ગ નથી. 'શુદ્ધ રત્નત્રય' એમ કહીને અહીં નિશ્ચય રત્નત્રય બતાવ્યા છે. તે જ ખરો મોક્ષમાર્ગ છે. શુભ રાગને વ્યવહાર રત્નત્રય કહ્યા, પણ તે ખરેખર રત્નત્રય નથી, તે મોક્ષનું કારણ નથી. જેમ નરકનું નામ 'રત્નપ્રભા' આપ્યું, તેમ વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને રત્નત્રય કહ્યા, પણ તે તો અભવ્ય પણ કરે છે, તે કાંઈ ખરા રત્નત્રય નથી. 'નિયમસાર' એટલે શુદ્ધ રત્નત્રય; તે સિવાય શુભ રાગ તે નિયમનો સાર નથી. વચ્ચે શુભ રાગનું વર્ણન આવે તે જાણવા પૂરતું છે, પણ આદરણીય તો શુદ્ધ રત્નત્રય જ છે. એ રીતે 'નિયમસાર'નો અર્થ કર્યો છે.

આ નિયમસાર કેવું છે ?

-કે કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું છે. ઠેઠ સર્વજ્ઞ કેવળી ભગવાન સાથે સંધિ કરીને કહ્યું કે કેવળી ભગવાને અને શ્રુતકેવળી ભગવાને કહેલું નિયમસાર હું કહીશ. કેવળીઓ તો સકલ પ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા છે, એવા કેવળીએ આ શુદ્ધ રત્નત્રયને મોક્ષમાર્ગ કહ્યો છે.

શ્રુતકેવળીઓ તો સકલ દ્રવ્યશ્રુતના ધરાનારા છે, તેવા કેવળી અને શ્રુતકેવળીઓએ જે કહ્યું ને પોતે જે અનુભવ્યું તે જ આચાર્યદેવે કહ્યું છે.

વળી આ નિયમસાર કેવું છે ?

-કે સકલ ભવ્ય જીવોના સમૂહને હિતકારી છે. જે પાત્ર જીવો છે તે બધાયને આ નિયમસાર હિતકારી છે. આ નિયમસાર એટલે કે શુદ્ધ રત્નત્રય તે જ સર્વ જીવોને હિતકારી છે, વ્યવહાર રત્નત્રય તે ખરેખર જીવને હિતકર નથી. રાગ તો બંધનું કારણ છે, તે હિતકર નથી. નિયમસાર કહેલું શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ જ સર્વે ભવ્ય જીવોને હિતકારી છે; આવું નિયમસાર પરમાગમ છે, ઠેઠ ભગવાનની વાણીની પરંપરાથી પ્રવર્તી રહ્યું છે; ભાવલિંગી નિર્ગ્રંથ સંતોએ પરંપરાએ ઝીલેલું છે. આવું નિયમસાર હું કહું છું.

આમ વિશિષ્ટ ઈષ્ટદેવતા શ્રી સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર કરીને શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ નિયમસાર કહેવાની પ્રતિજ્ઞા કરી.



આ પ્રમાણે પહેલી ગાથાના સર્વ પદોનું તાત્પર્ય કહ્યું. મૂળ સૂત્રના પદોમાં જે રહસ્ય હતું તે ટીકામાં ખૂલ્લું કર્યું.

હવે પહેલી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છેઃ

**શ્લોક ૮**

(मालिनी)

**जयति जगति वीरः शुद्धभावास्तमारः**
**त्रिभुवनजनपूज्यः पूर्णबोधैकराज्यः।**
**नतदिविजसमाजः प्रास्तजन्मद्रुबीजः**
**समवसृतिनिवासः केवलश्रीनिवासः॥ ८॥**

**શ્લોકાર્થ** :- શુદ્ધભાવ વડે મારનો (કામનો) જેણે નાશ કર્યો છે, ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે, પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે, દેવોનો સમાજ જેને નમે છે, જન્મવૃક્ષનું બીજ જેણે નષ્ટ કર્યું છે, સમવસરણમાં જેનો નિવાસ છે અને કેવળશ્રી (-કેવળજ્ઞાન-દર્શનરૂપી લક્ષ્મી) જેનામાં વસે છે, તે વીર જગતમાં જયવંત વર્તે છે. ॥ ૮ ॥

સર્વજ્ઞ પરમાત્મા જગતમાં જયવંત વર્તે છે. કેવા છે તે સર્વજ્ઞ પરમાત્મા ? જેમણે આત્માના શુદ્ધભાવ વડે મારનો નાશ કર્યો છે. માર એટલે કામદેવ, હિંસા અથવા મરણ, તે ત્રણેનો સર્વજ્ઞદેવે આત્માની પવિત્રતા વડે નાશ કર્યો છે.

વળી તે ભગવાન મહાવીર સર્વજ્ઞ પરમાત્મા ત્રણ ભુવનને પૂજ્ય છે. અજ્ઞાનીઓ ન માને તેની ગણતરી નથી. ત્રણ ભુવનમાં જે મોટા ઈન્દ્રો-ચક્રવર્તીઓ વગેરે છે તે બધાય સર્વજ્ઞદેવને માને છે. હે નાથ ! આપને જે ઓળખે તેને જ આપ પૂજ્ય છો. જે આપને ન ઓળખે તેની અહીં ગણતરી નથી, પોતાને પૂજ્ય છે, માટે ત્રણ લોકને પૂજ્ય છે એમ કહે છે.

વળી સર્વજ્ઞદેવને ત્રણ લોકનું રાજ્ય છે. તેમના જ્ઞાનસામ્રાજ્યમાં ત્રણ લોક આવી જાય છે. પૂર્ણ જ્ઞાનમાં શું ન જણાય ? લોકાલોક જણાય છે.

ને સર્વજ્ઞ ભગવાનને સ્વર્ગના દેવોના ટોળેટોળાં નમે છે. મનુષ્યો તો નમે, તેમાં શું આશ્ચર્ય? પણ સ્વર્ગના દેવો અને ઈન્દ્રો પણ ભગવાનના ચરણે નમે છે. પોતાને સ્વર્ગની ઋદ્ધિ મળી છતાં તેનો આદર ન કરતાં ભગવાનનો આદર કરે છે કે હે નાથ ! સાચી કેવળજ્ઞાનની ઋદ્ધિ તો આપ પામ્યા છો. આ પુણ્યની ઋદ્ધિ અમારે આદરણીય નથી, આદરણીય તો આ કેવળજ્ઞાનની ઋદ્ધિ છે. હે પ્રભો ! આપની કેવળજ્ઞાનની ઋદ્ધિ ઉપર અમે ફીદા છીએ. આ બહારની સ્વર્ગાદિની ઋદ્ધિ

તો જડ છે, તેના સ્વામી અમે નથી, અમે તો ચૈતન્યની ઋદ્ધિના સ્વામી છીએ; જે ઋદ્ધિ આપને પ્રગટી તે ઋદ્ધિ અમને હો - એવી ભાવનાથી હે નાથ ! આપને દેવો નમસ્કાર કરે છે.

મહાવીર ભગવાને જન્મવૃક્ષના બીજનો નાશ કર્યો છે ને સમવસરણમાં બિરાજે છે. આ ટીકા લખાઈ છે ત્યારે મહાવીર ભગવાન મોક્ષમાં પધાર્યા છે, છતાં જાણે કે પોતાની સમક્ષ જ મહાવીર પરમાત્મા બિરાજી રહ્યા હોય એમ લક્ષમાં લઈને કહે છે કે ભગવાન સમવસરણમાં બિરાજે છે ને ઈન્દ્રો આવીને નમે છે. ભગવાનની દિવ્યધ્વનિનો ધોધ નીકળ્યો તેમાં જે કહેવાયું તેમાંથી હું કહીશ. સર્વજ્ઞની વાણીની પરંપરા અમારી પાસે આવી ને અમને તેનો ભાવ સમજાયો, તેથી ''ભગવાન અત્યારે પણ જાણે સમવસરણમાં બિરાજતાં હોય ને દિવ્યધ્વનિ છૂટતી હોય'' એમ આચાર્યદેવ કહે છે. જેમ જન્મદિવસે કહે છે કે '' આજે મારો જન્મદિવસ છે'' એમ કહીને તે જન્મપ્રસંગને તાજો બનાવે છે, તેમ અહીં પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞને તાજા કરીને આચાર્યદેવ કહે છે કે હે નાથ! આપ સમવસરણમાં અમારી સમીપે જ બિરાજી રહ્યા છો, આપના દિવ્યધ્વનિની પરંપરા અમને મળી માટે આપ જ અમારી સમક્ષ બિરાજતાં હો એવું અમને લાગે છે. એમ કહીને આચાર્યદેવે ભગવાનને પોતાના ભાવમાં ઉતાર્યા છે.

ભગવાન સર્વજ્ઞદેવના આત્મામાં કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી લક્ષ્મીનો વાસ છે. આવી લક્ષ્મી જ અમારે આદરણીય છે. આત્મામાં જડની લક્ષ્મી વસતી નથી. ભગવાન સમવરસણમાં વસે છે, ને ભગવાનમાં કેવળજ્ઞાનલક્ષ્મી વસે છે.જગતની જડ લક્ષ્મીની પ્રીતિ છોડાવીને જ્ઞાનલક્ષ્મીની પ્રીતિ કરાવવા માટે કેવળજ્ઞાનને લક્ષ્મીની ઉપમા આપી, આવા ભગવાન મહાવીર જગતમાં જયવંત વર્તે છે. અમારું જ્ઞાન જયવંત વર્તે છે. માટે ભગવાન પણ જયવંત વર્તે છે એમ કહ્યું. ભગવાનના શાસ્ત્ર છે તેનો ભાવ પોતામાં જયવંત વર્તે છે તેથી જાણે ભગવાન જ અમારી સામે સમવરસણમાં બિરાજતા જયવંત વર્તે છે એવો આનંદ થાય છે.

એ રીતે ''ભગવાન જયવંત વર્તે છે'' એમ કહીને માંગળિક કર્યું.



હવે બીજી ગાથામાં મોક્ષમાર્ગ અને તેના ફળનું કથન કરે છે.

**ગાથા ૨**

**मग्गो मग्गफलंति य दुविहं जिणसासणे समक्खादं।**
**मग्गो मोक्खउवाओ तस्स फलं होइ णिव्वाणं॥ २॥**

**છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;**
**ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે.　૨.**

**અર્થ** : માર્ગ અને માર્ગફળ એમ બે પ્રકારનું જિનશાસનમાં કથન કરવામાં આવ્યું છે; માર્ગ મોક્ષોપાય છે અને તેનું ફળ નિર્વાણ છે.

માર્ગ એટલે મોક્ષનો પંથ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે. માર્ગ તે આત્માની નિર્મળ વીતરાગી સાધકદશા છે. ને પૂર્ણ નિર્મળ મોક્ષપદની પ્રાપ્તિ તે માર્ગનું ફળ છે. સ્વર્ગ મળે તે મોક્ષમાર્ગનું ખરું ફળ નથી, તે તો રાગનું ફળ છે. જેમ કોઈ નગરમાં જવાની સડક હોય તેમ મોક્ષનગરની સડક કઈ ? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે માર્ગ છે તે મોક્ષનગરની સડક છે. ને મોક્ષદશા પ્રગટે તે માર્ગનું ફળ છે. એ બન્નેનું કથન જિનશાસનમાં કરવામાં આવ્યું છે. જિનશાસન સિવાય બીજે ક્યાંય માર્ગનું કે માર્ગના ફળનું યથાર્થ કથન ન હોય.

મોક્ષનો ઉપાય તે માર્ગ; ને નિર્વાણ-સિદ્ધપદ તે માર્ગનું ફળ છે. પહેલાં માર્ગ શું તે નક્કી કરવું જોઈએ. માર્ગનું સ્વરૂપ સર્વજ્ઞના શાસન સિવાય બીજે યથાર્થ હોય નહિ.

'' આ મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપ નિરૂપણની સૂચના (-તે બન્નેના સ્વરૂપના નિરૂપણની પ્રસ્તાવના) છે.'' તે હવે કહેવાશે -

**ભાદરવા વદ ૪, બુધવાર, ૧૯-૯-૫૧.**

પહેલી ગાથામાં આચાર્યદેવે નિયમસાર કહેવાની પ્રતિજ્ઞા કરી હતી. નિયમ એટલે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ અને સાર એટલે શુદ્ધતા; શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તે નિયમસાર છે. મોક્ષમાર્ગ શું અને તેનું ફળ શું તેનું આ બીજી ગાથામાં વર્ણન છે.

**'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'** શુદ્ધ આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે મોક્ષમાર્ગ છે. મોક્ષનગરમાં જવા માટેની સડક શુદ્ધ રત્નત્રય છે. અનંત શક્તિનો પિંડ આત્મા છે તેના આશ્રયે થયેલી રાગરહિત પ્રતીતિ, જ્ઞાન અને રમણતા તે જ મોક્ષમાર્ગ છે. વચ્ચે વ્યવહાર રત્નત્રયનો શુભ વિકલ્પ આવે તે ખરેખર મોક્ષમાર્ગ નથી પણ બંધમાર્ગ છે. મોક્ષનો માર્ગ તો નિરપેક્ષ છે, રાગમાં પરનું અવલંબન છે, તે મોક્ષમાર્ગ નથી.

આત્માની પૂર્ણ સહજાનંદદશા પ્રગટ કરવાને માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ માર્ગ છે. રત્નત્રય વગર મોક્ષફળ મળે નહિ, માટે શુદ્ધ રત્નત્રય તે જ મોક્ષનો માર્ગ છે. અને મુક્તિરૂપી સ્ત્રીના વિશાળ કપાળમાં શોભા અલંકારરૂપ તિલકપણું તે મોક્ષમાર્ગનું ફળ છે. મોક્ષરૂપી સ્ત્રીને વરવું તે માર્ગફળ છે. મોક્ષમાર્ગને રત્નની ઉપમા છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે રત્નત્રય છે. ને મોક્ષને સ્ત્રીની ઉપમા આપી છે. મોક્ષમાર્ગ પણ રાગરહિત છે. ને તેનું ફળ તે પૂર્ણ આનંદમય મોક્ષદશા છે. આ પ્રમાણે માર્ગ અને માર્ગફળ - એમ બે પ્રકારનું કથન વીતરાગ સર્વજ્ઞદેવના શાસનમાં છે. સર્વજ્ઞ ભગવાને તો આવા મોક્ષમાર્ગ વડે મોક્ષદશા પ્રાપ્ત કરી છે. ચૈતન્યસ્વભાવના આશ્રયે થયેલાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે માર્ગ છે, ને પૂર્ણ મોક્ષદશા તે માર્ગફળ છે.

સમ્યગ્જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાનીનું જ નિમિત્ત હોય, બીજું મિથ્યા નિમિત્ત ન હોય, છતાં તે નિમિત્ત તરફના વલણનો શુભ રાગ તે મોક્ષમાર્ગ નથી. નિમિત્ત તરફના વલણને છોડીને સ્વભાવના આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે તે જ મોક્ષમાર્ગ છે. આવી ગુરુઓની આજ્ઞા છે. એટલે આવા વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા તે જ ગુરુની આજ્ઞાનું આરાધન છે. રાગમાં મોક્ષમાર્ગ માને તો તેણે વીતરાગની આજ્ઞા માની નથી.

વીતરાગ શાસનની આજ્ઞા તો એવી છે કે આત્માના આશ્રયે જે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર થાય તે જ મોક્ષનો માર્ગ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો શુભ રાગ થાય તે મોક્ષનો માર્ગ નથી. છતાં સમ્યગ્જ્ઞાન પામવામાં નિમિત્ત તરીકે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ હોય. અજ્ઞાનીની વાણીથી સમ્યગ્જ્ઞાન થઈ જાય એમ બને નહિ. ને જ્ઞાની ગુરુ મળ્યા વિના એકલા શાસ્ત્રથી પણ સમ્યગ્જ્ઞાન પામી જાય એમ ન બને, જ્ઞાનીની જ દેશના નિમિત્ત તરીકે મળવી જોઈએ. પણ તે તો વ્યવહારમાં જાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વલણમાં ખરેખર મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો નિજ પરમાત્મતત્ત્વની નિરપેક્ષ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે જ છે. આવો માર્ગ પ્રગટ કરવો તે વીતરાગની આજ્ઞા છે. ચાર જ્ઞાનના ધરનારા ગણધરાદિ સંતોએ તો આવા માર્ગ અને માર્ગફળ બતાવ્યા છે. રાગને મોક્ષમાર્ગ કહ્યો નથી.

‘‘નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધ રત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે અને તે શુદ્ધ રત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ (-નિજ શુદ્ધ આત્માની પ્રાપ્તિ) છે.’’

નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે. બીજા પરમાત્માની શ્રદ્ધા તે વ્યવહાર શ્રદ્ધા છે, રાગ છે. પોતાના પરમાત્મતત્ત્વની સમ્યક્શ્રદ્ધા તે પરમ નિરપેક્ષ છે, તે જ સમ્યગ્દર્શન છે. પરમ ઉત્કૃષ્ટ જ્ઞાયક સ્વભાવ પરમાનંદની મૂર્તિ એવા પોતાના આત્માની સમ્યક્શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે વ્યવહાર છે, અહીં પરમાર્થ કથનમાં તે વ્યવહારની વાત ગૌણ છે.



નિજ પરમાત્મતત્વનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહારજ્ઞાન છે; ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન થયું તે જ સમ્યગ્જ્ઞાન છે. શબ્દમાં કાંઈ જ્ઞાન નથી. અને શબ્દ તરફનું જ્ઞાન તે પણ વ્યવહારમાં જાય છે. નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. નિજ પરમાત્મતત્ત્વમાં જ જ્ઞાનની પૂર્ણ શક્તિ ભરી છે. તેના જ આશ્રયે જ્ઞાન પ્રગટે છે. તે જ્ઞાન નિમિત્તમાંથી, રાગમાંથી કે પર્યાયમાંથી આવતું નથી પણ ધ્રુવ પરમાત્મતત્ત્વમાંથી જ તે જ્ઞાન પ્રગટે છે. એવું જ્ઞાન તે મોક્ષમાર્ગ છે

ધ્રુવ પરમાત્મતત્ત્વ કદી ઢંકાયેલું છે જ નહિ, ધ્રુવ પરમાત્મતત્ત્વ તો સદા પ્રગટ જ છે. તેની સન્મુખ થતાં પર્યાયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. કોઈ જડ વસ્તુએ જ્ઞાનને રોક્યું નથી. કોઈ પ્રશ્ન કરે કે : આઠ વર્ષ પહેલાં કેવળજ્ઞાન કેમ નથી થતું ? -શું કોઈ આવરણ નડે છે ? -તો કહે છે કે ના. -કોઈ કોઈને નડતું નથી, પણ તે આત્માના જ્ઞાનની પર્યાયમાં જ તેની લાયકાત છે. અંતરના જ્ઞાનમાં એકાગ્રતા નથી માટે જ્ઞાનનો વિકાસ અટક્યો છે, કોઈ આવરણને કારણે જ્ઞાન અટક્યું નથી. ધ્રુવ સ્વભાવ ત્રિકાળ છે તેનું આલંબન લ્યે તેટલો જ્ઞાનનો વિકાસ થાય છે. આવા ધ્રુવ તત્ત્વના અવલંબને જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા તે મોક્ષમાર્ગ છે, તે જ નિયમસાર છે.

અંતરમાં મોક્ષમાર્ગની જે રીત છે તે રીત ખ્યાલમાં ન આવે ને બહાર ભમ્યા કરે તો તેથી કાંઈ કાર્યસિદ્ધિ થાય નહિ. મોક્ષમાર્ગ પોતાના પરમાત્મતત્ત્વના આશ્રયે છે. નિજ પરમાત્મતત્ત્વ કોને કહેવું ? બીજા પરમાત્મા થયા તેની વાત જ નથી, કેમ કે તેમના લક્ષે તો રાગ થાય છે, પોતાની પર્યાય ઉઘડી તે પર્યાય પણ પરમાત્મતત્ત્વ નથી. પણ જે ત્રિકાળી સ્વભાવ છે તે જ પરમાત્મતત્ત્વ છે તેનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.

અને નિજ પરમાત્મતત્ત્વનું અનુષ્ઠાન તે સમ્યક્ચારિત્ર છે. બહારમાં વ્રતાદિનું અનુષ્ઠાન તે શુભ રાગ છે, તે ખરું ચારિત્ર નથી. પણ પુણ્ય-પાપની લાગણી વિનાની જે નિજ પરમાત્મતત્ત્વમાં એકાગ્રતારૂપ દશા તે જ સાચું અનુષ્ઠાન છે, ને તે જ સમ્યક્ચારિત્ર છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે ત્રણેમાં નિજ પરમાત્મતત્ત્વનું જ અવલંબન છે. બહારમાં કોઈ પરનું અવલંબન નથી. નિજ પરમાત્મતત્ત્વ સિવાય કોઈ પણ પરનું અવલંબન શુદ્ધ રત્નત્રયમાં નથી, તેથી તે રત્નત્રય પરમ નિરપેક્ષ છે; આવા રત્નત્રયને વીતરાગ શાસનમાં ચાર જ્ઞાનના ધારક આચાર્ય વગેરે સંતોએ મોક્ષમાર્ગ કહ્યો છે.

આ મોક્ષમાર્ગ પરમ નિરપેક્ષ છે. ધ્રુવ પરમાત્મતત્ત્વની જ અપેક્ષા છે, એ સિવાય કોઈ નિમિત્તની, વિકલ્પની કે વ્યવહારની અપેક્ષા શુદ્ધ રત્નત્રયને નથી. અહો ! રત્નત્રય પરમ નિરપેક્ષ છે ! આવા નિરપેક્ષ રત્નત્રય જ મોક્ષનો માર્ગ છે. નિમિત્તથી થાય કે રાગથી થાય -એવી અપેક્ષા મોક્ષમાર્ગને નથી. મોક્ષમાર્ગને પરની અપેક્ષા માને તો તેને અંતરતત્ત્વમાં વલણ થાય નહિ. અંતરસ્વભાવનો આશ્રય

લીધો તેમાં કોઈ પરની, રાગની કે ભેદની અપેક્ષા નથી. આવો નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. નિમિત્ત કે રાગ હોય તે જ્ઞાન કરવા માટે છે, પણ તેની અપેક્ષાથી દર્શન-જ્ઞાન-ચારિત્ર ખીલશે - એવી અપેક્ષા મોક્ષમાર્ગને નથી.

શુદ્ધ રત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યક્જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ પરની તેમ જ ભેદોની લેશ પણ અપેક્ષા રહિત હોવાથી તે શુદ્ધ રત્નત્રય મોક્ષનો ઉપાય છે; તે શુદ્ધ રત્નત્રયનું ફળ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ અર્થાત્ મોક્ષ છે.

જેને સ્વની અપેક્ષા છે ને પરની અપેક્ષા નથી, એવો મોક્ષમાર્ગ છે. રાગની સાપેક્ષતાથી મોક્ષમાર્ગ વર્તતો નથી પણ રાગના અભાવથી ને ધ્રુવ ચૈતન્ય પરમાત્મતત્ત્વના આશ્રયથી જ મોક્ષમાર્ગ વર્તે છે.

શુદ્ધ રત્નત્રયને અશુદ્ધતાની અપેક્ષા નથી; વ્યવહાર રત્નત્રય છે માટે નિશ્ચય રત્નત્રય છે એવી વ્યવહારની અપેક્ષા મોક્ષમાર્ગને નથી. નિરપેક્ષ મોક્ષમાર્ગમાં પરની કે ભેદની અપેક્ષા નથી. પહેલાં ભેદ કે રાગ આવે પણ તે મોક્ષમાર્ગનું કારણ નથી. મોક્ષમાર્ગ તો રાગની અપેક્ષાથી રહિત છે.

નિરાલંબી મુક્તિમાર્ગ છે, એકલા સ્વભાવના અવલંબને મોક્ષમાર્ગ છે. પરમ નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. કોઈ કહે : શું મોક્ષમાર્ગમાં વ્યવહાર નથી ? તો કહે છે કે : વ્યવહારમાં વ્યવહાર છે, પણ નિરપેક્ષ મોક્ષમાર્ગમાં તે વ્યવહાર નથી. પરમાત્મતત્ત્વના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યાં તેમાં વ્યવહારની અપેક્ષા નથી. શુભ રાગ હોય ભલે પણ મોક્ષમાર્ગ તેના આશ્રયે નથી. જ્ઞાની ગુરુ નિમિત્ત હોય પણ તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન થતું નથી, સમ્યગજ્ઞાન તો નિજ પરમાત્મતત્ત્વના આશ્રયે જ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોઈ પરના આશ્રયે પ્રગટે એવું તેનું સ્વરૂપ જ નથી. નિરપેક્ષ મોક્ષમાર્ગ એકલા સ્વભાવના જ આશ્રયે છે. જ્ઞાની ગુરુ પણ એમ બતાવે છે કે તું તારા સ્વભાવની સન્મુખ થા તો તને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટશે, નિમિત્તની સામે જોતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નહિ થાય. આમ નિરપેક્ષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિરપેક્ષ છે એમ સમજીને નિજ પરમાત્મતત્ત્વના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે ત્યારે ગુરુના નિમિત્તની અપેક્ષા વ્યવહારે લાગુ પડે છે. પણ મોક્ષમાર્ગ તો નિરપેક્ષ વીતરાગી છે. અંતરમાં અભેદતા થાય તે મોક્ષમાર્ગ છે. ભેદ પાડીને વિકલ્પ થાય તે મોક્ષમાર્ગ નથી. શુદ્ધ રત્નત્રયાત્મક માર્ગ ''પરમ નિરપેક્ષ''છે - આવો સંતોનો ઉપદેશ છે. સમ્યગ્દર્શન પણ પરમ નિરપેક્ષ છે, સમ્યગ્જ્ઞાન પણ પરમ નિરપેક્ષ છે, ને સમ્યક્ચારિત્ર પણ પરમ નિરપેક્ષ છે. આવા પરમ નિરપેક્ષ રત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે એવો ધર્મવજીર ગણધરોનો ઉપદેશ છે. મારા આત્માને માટે બધાંય પરદ્રવ્યો અભાવ સ્વરૂપ છે, તેમનું અવલંબન મારે નથી. મારો ધ્રુવ પરમાત્મસ્વભાવ જ મારા રત્નત્રયનો આશ્રય છે; ક્યાંય પણ પરના આશ્રયે લાભની જેની માન્યતા છે તેણે મોક્ષમાર્ગને નિરપેક્ષ માન્યો નથી. પંચમહાવ્રતાદિની વૃત્તિ ઊઠી તેના અવલંબને મારું ચારિત્ર ખીલશે -એવી જેની માન્યતા છે તેને ધ્રુવ પરમાત્મતત્ત્વના અવલંબને મારો મોક્ષમાર્ગ



છે એવી પ્રતીતિ નથી.

સમ્યગ્દર્શનમાં પણ પરની કે વિકલ્પની અપેક્ષા નથી. સમ્યગ્જ્ઞાનમાં પણ પરની કે વિકલ્પની અપેક્ષા નથી ને સમ્યક્ચારિત્રમાં પણ પરની કે પંચમહાવ્રતના વિકલ્પની અપેક્ષા નથી. આવા નિરપેક્ષ રત્નત્રય તે મોક્ષમાર્ગ છે. ભવ્ય સમૂહ આવા મોક્ષમાર્ગને જાણીને મોક્ષ પામે તે માટે આ શાસ્ત્ર રચ્યું છે. પોતાનો આત્મા પરિપૂર્ણ અનંત શક્તિનો પિંડ છે, તેમાં બીજા કોઈની અપેક્ષા નથી. અભેદ ચૈતન્યની અપેક્ષા છે ને ભેદની અપેક્ષા નથી - સ્વની અપેક્ષા છે અને પરની અપેક્ષા નથી - આવો પરમ નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. વીતરાગી સંતોએ તો આવો વીતરાગી માર્ગ કહ્યો છે. સ્વયંસિદ્ધ ચિદાનંદ પરમતત્ત્વ છે, તેના અવલંબન સિવાય બીજા કોઈની અપેક્ષા મોક્ષમાર્ગને નથી. આવો નિરપેક્ષ વીતરાગી શુદ્ધ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ છે.

''અને તે શુદ્ધ રત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ(-નિજ શુદ્ધ આત્માની પ્રાપ્તિ)છે. પોતાના આત્માની પૂર્ણ શુદ્ધ મુક્તદશા પ્રગટે તેનું નામ શુદ્ધ આત્માની પ્રાપ્તિ છે. વચ્ચે દેવપદ મળે તે રાગનું ફળ છે, તે કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ નિરપેક્ષ પોતામાં છે ને તેનું ફળ પણ પોતામાં છે. પોતાનો આત્મા જ ભગવાન થાય તે મોક્ષમાર્ગનું ફળ છે.

જુઓ ! વીતરાગી સંતોએ કેવો નિરપેક્ષ મોક્ષમાર્ગ બતાવ્યો છે ! આવા નિરપેક્ષ મોક્ષમાર્ગને પોતે સાધી રહ્યા છે, ને તે સાધતાં સાધતાં આ રચના થઈ ગઈ છે. સંતોને વહાલામાં વહાલી મુક્તિદશા છે તે જ તેમને પ્રિય છે. તેથી તેને સ્ત્રીની ઉપમા આપી છે. જગતને પ્રિય સ્ત્રી છે, તો સંતોને પ્રિય મુક્તિરૂપી સ્ત્રી છે. આવા મહામુનિઓને જે જીવો આરોપ આપે તે તો સ્વચ્છંદી છે. કોઈ કહે કે મુનિ થઈને મોક્ષને સ્ત્રીની ઉપમા કેમ આપી ? તો કહે છે કે સંસારના જીવોને સ્ત્રીની પ્રીતિ છે તે છોડાવીને મોક્ષની પ્રીતિ કરાવવા તેને સ્ત્રીની ઉપમા આપી છે. સંસારની પ્રીતિને મોક્ષ તરફ વાળી દીધી છે. સંતો તો નિરપેક્ષ છે.

હવે બીજી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૯**

(પૃથ્વી)

**क्वचिद् व्रजति कामिनीरतिसमुत्थसौख्यं जनः**
**क्वचिद् द्रविणरक्षणे मतिमिमां च चक्रे पुनः ।**
**क्वचिज्जिनवरस्य मार्गमुपलभ्य यः पंडितो**
**निजात्मनि रतो भवेद् व्रजति मुक्तिमेतां हि सः ।। ९ ।।**

**શ્લોકાર્થ :-** મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતાં સુખ તરફ ગતિ કરે છે અને વળી

ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે. જે પંડિત ક્યારેક જિનવરનો માર્ગ પામીને નિજ આત્મામાં રત થાય છે, તે ખરેખર આ મુક્તિને પામે છે. ॥ ૯ ॥

મુનિરાજ કહે છે કે સ્ત્રીઆદિના વિષયોમાં તો જગતના જીવો અનાદિથી રત થઈ રહ્યા છે, તે તો સંસારનું કારણ છે; પણ જિનવરના માર્ગને પામીને જે પોતાના આત્મામાં રત થાય તે ખરા પંડિત છે, ને તે જ મોક્ષને પામે છે.

પંડિત તેને કહેવાય કે જે જીવ જિનવરના નિરપેક્ષ માર્ગને સમજીને પોતાના આત્મામાં રત થાય છે, ને તે જ ખરખર આ મુક્તિને પામે છે. આત્મામાં રત થવાનું કહ્યું તે માર્ગ કહ્યો; ને તેનું ફળ મોક્ષ પામે છે - એમ કહ્યું. એ રીતે મૂળ સૂત્રમાં કહેલાં માર્ગ અને માર્ગફળ એ બન્નેની વાત કળશમાં સમાવી દીધી છે.



**ભાદરવા વદ ૫, ગુરુવાર, ૨૦-૯-૫૧.**

**ગાથા ૩**

હવે ત્રીજી ગાથામાં નિયમ સાથે સાર શબ્દ કેમ લગાડ્યો છે તે બતાવે છે.

**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।**
**विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं ॥ ३ ॥**

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
**વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.**

**અન્વયાર્થ :-** નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવા યોગ્ય હોય તે અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્ર - વિપરીતના પરિહાર અર્થે (-જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે) ખરેખર 'સાર' એવું વચન કહ્યું છે.

**ટીકા** : ''અહીં (આ ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.''

નિયમ એટલે મોક્ષમાર્ગ; કાર્ય છે; ને તેનું કારણ જે ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વભાવ છે તે કારણનિયમ છે. તે કારણનિયમ ત્રિકાળ શુદ્ધ છે, તેના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે નિયમસાર છે.

સ્વભાવરત્નત્રય બે પ્રકારના છે : (૧) ત્રિકાળ (૨) વર્તમાન. મૂળસૂત્રમાં કાર્યનિયમની વાત કરી, તેમાંથી ટીકામાં કારણનિયમની વાત પદ્મપ્રભમલધારિદેવે કાઢી છે. જે ત્રિકાળ સ્વભાવરત્નત્રય છે તે કારણરૂપ નિયમ છે; ને જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે કાર્યનિયમ છે. આ અપૂર્વ વાત કેટલાકે તો જિંદગીમાં સાંભળી પણ નહિ હોય !

નિયમ એટલે ચોક્કસપણે કરવા જેવું કાર્ય; તે રત્નત્રય છે. તેથી રત્નત્રય તે નિયમ છે. તે મોક્ષમાર્ગરૂપ નિયમ છે. અને તેના કારણરૂપ જે ત્રિકાળી સ્વભાવ છે તે કારણરૂપ નિયમ છે. શરીરાદિના કાર્ય તો આત્માના નથી, તેનાથી આત્માને ધર્મ થતો નથી, ને જે રાગ-દ્વેષાદિ ભાવો થાય તે પણ આત્માનું ખરું કાર્ય નથી, સહજ સ્વભાવના આશ્રયે જે નિર્મળ રત્નત્રય પ્રગટે તે જ આત્માનું નિશ્ચયકાર્ય છે, ને તે જ નિયમ અથવા મોક્ષમાર્ગ છે. તે કાર્ય પ્રગટવાની ભૂમિકા કઈ ? કે સહજ અનંત ચતુષ્ટયમય જે શુદ્ધ જ્ઞાનચેતના તે રત્નત્રયનું કારણ છે એટલે તે કારણનિયમ છે. આ કારણનિયમ આત્મામાં ત્રિકાળ છે, તેની દૃષ્ટિ કરીને એકાગ્ર થતાં કાર્યનિયમ પ્રગટે છે.

શુદ્ધ જ્ઞાનમય જે ત્રિકાળ સ્વભાવ છે, તેની સાથે સહજ શુદ્ધ ચેતનાપરિણામ પણ ત્રિકાળ છે. અહીં જે શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ કહ્યા છે તે ત્રિકાળ છે, ત્રણ પ્રકારની ચેતનામાં જે અંતરના આશ્રયે જ્ઞાનચેતના પ્રગટે છે તે તો કાર્ય છે, ને આ શુદ્ધ જ્ઞાનચેતના પરિણામસ્વભાવ અનંતચતુષ્ટયાત્મક ત્રિકાળ છે, કારણરૂપ છે, તેના આશ્રયે કાર્ય પ્રગટે છે.

મોક્ષનું કારણ રત્નત્રય; તે રત્નત્રય નિયમથી કરવા યોગ્ય કાર્ય છે, ને તે રત્નત્રયરૂપી કાર્યનું કારણ સ્વભાવચતુષ્ટયમય સહજચેતના છે, તે કારણનિયમ છે.

‘‘જે સહજ પરમ પારિણામિકભાવે સ્થિત, સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધ જ્ઞાનચેતનાપરિણામ તે નિયમ (-કારણનિયમ) છે.’’

આ પરમ પારિણામિકભાવમાં ‘પારિણામિક’ શબ્દ હોવા છતાં તે ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિકનયનો વિષય નથી; આ પરમ પારિણામિકભાવ તો ઉત્પાદ-વ્યય નિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

ભરતક્ષેત્રને વિષે આ નિયમસારની જે ટીકા પદ્મપ્રભમલધારિદેવે કરી છે તેવી ટીકા બીજે ક્યાંય નથી. જંગલમાં વસતા, આત્માના અનુભવમાં બોળી બોળીને આ ટીકા કાઢી છે, તેઓ અપૂર્વ વારસો મૂકી ગયા છે.

નિયમથી કરવા યોગ્ય રત્નત્રય તે કાર્ય છે - એમ મૂળ સૂત્રમાં કુંદકુંદાચાર્યદેવે કહ્યું તેમાંથી ટીકામાં તેના કારણની વાત કરી. રત્નત્રયરૂપી કાર્યનું કારણ કોણ ? કે સહજ પરમ પારિણામિકભાવે સ્થિત એવો સહજ અનંતચતુષ્ટયાત્મક શુદ્ધ ચેતનાપરિણામ તે કારણનિયમ છે. આ દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

**પ્ર.** : અહીં જે સહજ પરમ પારિણામિકભાવમાં સ્થિત શુદ્ધ ચેતનાપરિણામ કહ્યા છે તે સામાન્ય ધ્રુવ છે ? કે વિશેષ ધ્રુવ છે ?

**ઉ.** : જેમ સામાન્ય ધ્રુવ ત્રિકાળ છે તેમ તેના સહજ પરિણામ પણ ધ્રુવ છે, ઉત્પાદ-વ્યય વિનાના છે. ત્રિકાળ ધ્રુવ અને તેનું શુદ્ધ વર્તમાન પણ ધ્રુવ; આ બન્ને દ્રવ્યાર્થિકનયનો જ વિષય છે. ‘પરિણામ’ કહેવા છતાં તેમાં ઉત્પાદ-વ્યય નથી, જેમ સહજ પરમ પારિણામિકભાવ ત્રિકાળ ધ્રુવ છે તેમ તેમાં સ્થિત આ સ્વભાવચતુષ્ટયમય શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ પણ ધ્રુવ છે, તે કારણરૂપ છે, અનંત આત્માઓમાં ત્રિકાળ રહેલ છે. સંસારપર્યાય કે મોક્ષપર્યાય તો એક સમયની ઉત્પાદ-વ્યયવાળી છે, તેમાં તો ફેરફાર છે. પણ ત્રિકાળ ધ્રુવ સામાન્ય સ્વભાવ અને તેનો જે ધ્રુવ પરિણામ - તે તો બધા જીવોને ત્રિકાળ એકરૂપ છે.

આ શુદ્ધ જ્ઞાનચેતનાપરિણામમાં ‘પરિણામ’ શબ્દ હોવા છતાં તે ઉત્પા-વ્યયરૂપ પરિણામને સૂચવવા



માટે નથી અને પર્યાયાર્થિકનયનો વિષય નથી; આ શુદ્ધ જ્ઞાનચેતનાપરિણામ તો ઉત્પાદ-વ્યય નિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

આ શુદ્ધ જ્ઞાનચેતનાપરિણામ તે મોક્ષમાર્ગ નથી, આ તો ત્રિકાળ છે ને આના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે. જે મોક્ષમાર્ગ પ્રગટે તે કાર્ય છે, ને ધ્રુવ શુદ્ધ ચેતનાપરિણામ તે તેનું કારણ છે. તથા મોક્ષમાર્ગ પ્રગટ્યો તે કારણ અને મોક્ષદશા તે કાર્ય છે. એમ બે રીતે કારણ-કાર્ય છે. મોક્ષ અને મોક્ષમાર્ગ એ તો બન્ને ઉત્પાદ-વ્યયવાળા છે, એ તો પર્યાયાર્થિકનયનો વિષય છે, ને દ્રવ્યાર્થિકનયનો વિષય સહજ જ્ઞાનચેતનાપરિણામ છે, તેને કારણનિયમ કહેવાય છે. ત્રિકાળ સદશ એકરૂપ ધ્રુવ પરિણામ છે. તેનું અવલંબન લેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ પ્રગટે છે તે કાર્ય છે.

ત્રિકાળ સામાન્યધ્રુવ અને તેના સદશરૂપ વર્તમાન પરિણામ-તે બન્ને કારણરૂપ નિયમમાં સમાય છે.

નિયમ સાથે સાર શબ્દ કહ્યો, તેમાંથી ત્રિકાળી કારણની વાત કાઢી. કોઈ બીજા બહારના કારણને માને કે વ્યવહારને કે રાગને કારણ માને તો તે વાતને ઉડાડવા અહીં ત્રિકાળી કારણ સિદ્ધ કર્યું છે. મોક્ષમાર્ગ જેના આશ્રયે પ્રગટે એવું ત્રિકાળી કારણ શું તે ટીકામાં ખૂલ્લું કર્યું છે, એટલે તેના આશ્રયે જ મોક્ષમાર્ગ છે. ‘કરવા યોગ્ય કાર્ય’ તે નિયમ છે એમ કહ્યું. તો તે કાર્યનું કારણ શું ? કે ત્રિકાળ પરમ સહજ પારિણામિક સ્વભાવ અને તેમાં સ્થિત સહજ ચેતનાપરિણામ તે જ કાર્યનિયમનું કારણ છે. આવો કારણરૂપ સ્વભાવ દરેક આત્મામાં ત્રિકાળ છે. તેનો આશ્રય કરતાં જ કાર્યનિયમરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. આ ત્રિકાળ પરમ પારિણામિકભાવ છે તે જ તારા મોક્ષમાર્ગનું કારણ છે. તે કારણ તારી પાસે સતતપણે -નિરંતર વહી રહ્યું છે. આ સિવાય વ્યવહારકારણના આશ્રયે તારો મોક્ષમાર્ગ નથી.

જુઓ તો ખરા ! ટીકાકારે કેવી ટીકા કાઢી છે ? પોતે આચાર્ય નથી પણ મુનિ છે, જંગલમાં સિદ્ધ સાથે વાતો કરી છે. હે ભગવાન સિદ્ધ ! તમે કેવા કારણથી સિદ્ધ થયા ? -કે આવા પરમ પારિણામિક સ્વભાવમાં સ્થિત સહજ ચેતનાપરિણામ ત્રિકાળ છે તે જ કારણ છે, તેના જ આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ કરીને સિદ્ધો મુક્તિ પામ્યા છે.

અંદરમાં કારણરૂપ શક્તિ ત્રિકાળ પડી છે, તેના સેવનથી મોક્ષમાર્ગ પ્રગટે છે. જેમ મોરના ઈંડામાં મોર થવાની શક્તિ પડી છે, તેથી તેમાંથી મોર થાય છે. તેમ ચૈતન્યની શક્તિમાં પરમાત્મદશાનું સામર્થ્ય ભર્યું છે, તેમાંથી પરમાત્મદશા પ્રગટ થાય છે. અહીં તો સામાન્ય-વિશેષ બન્ને ધ્રુવ બતાવે છે. ત્રિકાળ સામાન્ય ધ્રુવપારિણામિક સ્વભાવ અને તેના સહજ ચેતનારૂપ વર્તમાન ધ્રુવ પરિણામ, તે કારણનિયમ છે, તે કારણનિયમમાં અનંત મોક્ષપર્યાયનું સામર્થ્ય ભર્યું છે. પહેલાં પોતાની આવી શક્તિનો મહિમા અને વિશ્વાસ આવવો જોઈએ કે પરમાત્મશક્તિ મારામાં ત્રિકાળ ભરી છે; ક્યાંય બહારથી તે કાર્ય પ્રગટવાનું નથી.

પરમ ઉત્કૃષ્ટ સ્વભાવથી ભરેલો પારિણામિકભાવ છે, અને તેમાં સ્થિત એવો સ્વભાવ અનંત

ચતુષ્ટયસ્વરૂપ સહજ ચેતનાપરિણામ છે તે કારણનિયમ છે. આને કારણનિયમ કહીને મુનિરાજે રાગ અને વ્યવહારકારણનો અભાવ બતાવ્યો છે. વ્યવહાર તેખરેખર કારણ નથી, કથનમાત્ર છે. અંદરમાં જે સહજ પારિણામિક ત્રિકાળભાવ અને તેના શુદ્ધ ચેતનાપરિણામ છે તે નિશ્ચયકારણ છે, તે જ કારણના આશ્રયે મોક્ષમાર્ગરૂપ કાર્ય પ્રગટે છે.

જેમ ત્રિકાળ સામાન્યધ્રુવ છે તેમ તેનું વર્તમાન...વર્તમાન...પણ ધ્રુવ છે. જો ત્રિકાળ ધ્રુવનું વર્તમાન ધ્રુવ ન હોય તો વર્તમાનમાં મોક્ષમાર્ગ પ્રગટવાનું સામર્થ્ય ક્યાંથી આવશે ?

કાર્યનિયમની સાથે કારણનિયમની વાત કરીને અદ્ભૂત ટીકા કરે છે. આવો કારણનિયમ સ્વભાવ દરેક આત્મામાં છે, તેના તરફ વળીને તેનો આશ્રય કરતાં કાર્યનિયમરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. મોક્ષમાર્ગનું કારણ કોઈ વ્યવહાર શુભરાગ નથી, પણ અંતર્મુખ સ્વભાવ તે જ કારણ છે.

**પ્ર.** : એક અભેદ ધ્રુવના બે ભેદ કેમ પાડ્યા ?

**ઉ.** : જેવું સામાન્યધ્રુવ છે તેવું વિશેષધ્રુવ છે એમ કહીને તેની પૂર્ણતા બતાવી છે. સામાન્ય અને વિશેષ બે કાંઈ જુદા નથી પડતા. જેવું સામાન્ય તેવું જ તેનું વિશેષ ધ્રુવ છે. ત્રિકાળ તો અભેદનું જોર છે, ને વર્તમાનમાં પણ અભેદનું જોર એવું ને એવું જ છે; એમ કહીને ત્રિકાળ અને વર્તમાન એકાકાર અભેદ સ્વભાવ બતાવ્યો છે. દ્રવ્યદષ્ટિના વિષયમાં સામાન્યધ્રુવ અને વિશેષધ્રુવ બન્ને આવી જાય છે.

નીચે જમીન સારી હોય પણ ઉપર ક્ષારવાળી હોય તો ત્યાં ઝાડ ન ઊગે. પણ જે જમીનનું અંદરનું દળ સારું હોય ને ઉપરનો થર પણ સારો હોય તેમાં ઝાડ ઊગે.

આત્મામાં ત્રિકાળ ધ્રુવ સ્વભાવ તો શુદ્ધ છે ને તેનું વર્તમાન...વર્તમાન...પણ એવું જ શુદ્ધ છે - એમાંથી મોક્ષમાર્ગ પ્રગટે છે. જેવું સામાન્ય ધ્રુવ ત્રિકાળ છે તેવું જ તેનું વિશેષ વર્તમાનધ્રુવ છે. વિશેષનો અર્થ અહીં ઉત્પાદ-વ્યયવાળી પર્યાય ન લેવી, પણ વર્તમાન વર્તતું ધ્રુવ સમજવું. ત્રિકાળ શક્તિ છે તે વર્તમાન એકરૂપ ધ્રુવ છે, તેના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે. આમ કહીને અંદરનો આશ્રય બતાવ્યો છે, બહારમાં કોઈ મોક્ષમાર્ગનું કારણ નથી.

ચૈતન્ય ભગવાન, ધ્રુવ જ્ઞાયકસ્વભાવથી ભરેલો, પરમ પારિણામિકભાવ છે, તેમાં સહજ ચેતના-પરિણામ પણ વર્તમાન...વર્તમાન ધ્રુવ છે. અહો ! જ્યારે જો ત્યારે કારણ તારી પાસે વર્તમાનમાં જ પડ્યું છે, તે કારણને નવું ઉત્પન્ન કરવું પડતું નથી, તેના આશ્રયે કાર્ય પ્રગટી જાય છે. કારણ ક્યાંય શોધવા જવું પડે તેમ નથી, એવું ને એવું ધ્રુવ જ્યારે જો ત્યારે વર્તમાનમાં તારી પાસે જ પડ્યું છે, તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા કરતાં મોક્ષમાર્ગની પર્યાય પ્રગટી જાય છે. ધ્રુવકારણ તો ત્રિકાળ પડ્યું છે, ને તેને ઓળખતાં મોક્ષમાર્ગ નવો પ્રગટે છે. મોક્ષમાર્ગ તે કાર્યનિયમ છે ને ધ્રુવસ્વભાવ



તે કારણનિયમ છે. કારણનિયમને કરવો નથી પડતો, તે તો ત્રિકાળ છે, જ્યારે જુઓ ત્યારે અંતરમાં વર્તમાનમાં જ પડ્યો છે, તેમાં અંતર્મુખ થતાં કાર્યનિયમ પ્રગટે છે.

સ્વભાવરત્નત્રય બે પ્રકારના છે; એક ત્રિકાળ કારણરૂપ છે બીજું કાર્યરૂપ છે. તેમાં કાર્યરૂપ રત્નત્રય તે મોક્ષમાર્ગ છે.

જુઓ, ટીકામાં ગૂંચવણ નથી કરી, પણ ગૂઢ ભાવો સ્પષ્ટ કરીને હીરા-માણેક પાથરી દીધા છે. અજ્ઞાની ન સમજે એટલે એમ કહે છે કે ટીકા કરીને તો ઊલટું સમજવું મુશ્કેલ કરી દીધું છે ! પણ કેટલા ગૂઢ ભાવો સ્પષ્ટ બતાવ્યા છે, તેની તેને ખબર નથી. અંતરની આંખ ઊઘડે તો ખબર પડે ને ? તારા અંતરમાં ભંડાર ભર્યા છે તે ટીકાકારે ખૂલ્લા કરીને બતાવ્યા છે. આંખ ઊઘાડીને જો તો ખરો !

પહેલાં ત્રિકાળી કારણનિયમ છે તે ઓળખાવ્યો. તેના આશ્રયે જે મોક્ષમાર્ગ પ્રગટે છે તે કાર્યનિયમ છે. તે કાર્યનિયમનું વર્ણન હવે કરે છે.

કાર્યનિયમ એટલે નિશ્ચયથી જે કરવા યોગ્ય હોય, પ્રયોજન સ્વરૂપ હોય તે; એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે કાર્યનિયમ છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્ય ત્રણે એક સાથે નથી પ્રગટતા પણ તેમાં ક્રમ પડે છે. એટલે તેના વર્ણનમાં પણ ભેદથી જુદું જુદું વર્ણન કર્યું છે. જે કારણનિયમરૂપ સ્વભાવરત્નત્રય છે તે તો ત્રિકાળ એક સાથે જ છે. આ તારી ત્રિકાળી ઋદ્ધિ અત્યારે તારી પાસે વર્તમાન મોજુદ પડી છે, આંખ ઊંચી કરીને અંતરમાં જો તો ખરો. પોતાની શક્તિનો ભરોસો નથી ને બહારના કારણને શોધે છે, તેને કહે છે કે તારા કાર્યનું કારણ સ્વભાવરત્નત્રય ત્રિકાળ તારી પાસે છે, તેના આશ્રયે તારું મોક્ષમાર્ગરૂપ કાર્ય પ્રગટે છે.

**ભાદરવા વદ ૬, શુક્રવાર, ૨૧-૯-૫૧.**

આત્મામાં કાર્યમોક્ષનું કારણ એવો મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગ કાર્યનિયમ છે ને તેનું કારણ ધ્રુવ સ્વભાવ છે, તે કારણનિયમ છે. તેમાં કાર્યનિયમ તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. તે ત્રણેનું સ્વરૂપ હવે વર્ણવે છે.

૧) મોક્ષમાર્ગરૂપ સમ્યગ્જ્ઞાન કોને કહેવું ? તે કહે છે. પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય (-ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવા યોગ્ય) એવું જે નિજ પરમાત્મતત્ત્વનું પરિજ્ઞાન (જાણવું) તે જ્ઞાન છે.

શરીર-મન-વાણી કે દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે કોઈ પણ પરદ્રવ્યને અવલંબ્યા વિના અંતર્મુખ જે નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. પર સન્મુખ ભાવ ટળીને નિઃશેષપણે ચૈતન્ય ભગવાન આત્મામાં જ અંતર્મુખ થઈને ઉપાદેય એવું જે પોતાના પરમ આત્મતત્ત્વનું જાણવું તે સમ્યગ્જ્ઞાન

છે. રાગાદિના અવલંબને સમ્યગ્જ્ઞાન થતું નથી. પર તરફનું જ્ઞાન તે મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો અંતર્મુખ ઉપયોગ વડે સીધું આત્માનું જ્ઞાન કરવું તે જ છે. કોઈ પણ પરનું અવલંબન લઈને જે જ્ઞાન થાય તે તો પરનું જાણપણું છે. પરના અવલંબને નિરપેક્ષ આત્મતત્ત્વ જણાય નહિ.

શાસ્ત્રને અવલંબીને જે જ્ઞાન થાય તે મોક્ષમાર્ગ નથી, પણ જેમાં કોઈ પણ પરદ્રવ્યનું અવલંબન નથી એવું અંતર્મુખ નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન તે જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે - એમ ઘણા કહે, પણ તેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર કહેવા કોને? તે અહીં બતાવે છે.

ચૈતન્યના આશ્રયે જ મારું જ્ઞાન થાય છે, ને પરના અવલંબને મારું જ્ઞાન થતું નથી, એમ જાણીને ઉપાદેયરૂપ નિજ પરમાત્મસ્વભાવમાં ઉપયોગ વાળીને જે જાણવું થાય તેનું નામ સમ્યગ્જ્ઞાનરૂપી નિયમ છે. ધ્રુવસ્વભાવ છે તેમાં ઉપયોગ વાળ્યો ત્યાં નિજ પરમાત્મતત્ત્વ જ ઉપાદેય થયું; એવા ઉપાદેયરૂપ નિજ પરમાત્મતત્ત્વનું પરિજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે; બહારમાં બીજા પરમાત્માનું જ્ઞાન કરવું તે તો શુભ રાગમાં જાય છે. અંદરમાં સ્વસન્મુખ ઉપયોગ વાળીને પોતાના ધ્રુવ પરમાત્મતત્ત્વનું જ્ઞાન થયું તે જ સમ્યગ્જ્ઞાન છે, તે નિયમથી મોક્ષમાર્ગ છે. એકલો ધ્રુવ ચૈતન્યસ્વભાવ છે, તેમાં ઉપયોગને વાળીને જે આત્માનું જ્ઞાન થયું તે જ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનમાં ઉપાદેયપણે નિજ પરમ શુદ્ધ આત્મા જ છે. જ્ઞાન અંતરમાં વળ્યું ત્યાં તેમાં એકલું પરમાત્મદ્રવ્ય જ ઉપાદેય રહ્યું; નિમિત્ત, વિકલ્પ કે વ્યવહાર ઉપાદેય ન રહ્યા. શાસ્ત્રો આવા આત્મસ્વભાવને ઉપાદેય બતાવે છે, તેવા આત્માને અંતર્મુખ થઈને જાણે તો તેનું શાસ્ત્રનું ભણતર સાચું કહેવાય. પણ નિજ પરમાત્મતત્ત્વ સિવાય કોઈ રાગને, નિમિત્તને કે વ્યવહારને ઉપાદેય માનીને અટકે તો તેને શઆસ્ત્રનું ભણતર પણ સાચું નથી. અંતર્મુખ ઉપયોગને વાળીને નિરપેક્ષ નિરાલંબી પરમ ચૈતન્યતત્ત્વને જાણે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય, ને તેને શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહારજ્ઞાન કહેવાય. આવું નિજ પરમાત્મતત્ત્વનું અંતર્મુખ સમ્યગ્જ્ઞાન તે જ મોક્ષમાર્ગ છે. અહીં નિયમરૂપ મોક્ષમાર્ગ બતાવવો છે તેથી વ્યવહારની વાત લીધી નથી, કેમ કે વ્યવહાર તે ખરેખર મોક્ષમાર્ગ નથી.

હવે સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહે છે :

૨) ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઊપજતું જે પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે પણ વ્યવહારશ્રદ્ધા છે, તો પછી કુદેવ-કુગુરુને માને તેની તો વાત ક્યાં રહી ? જેમ સમ્યગ્જ્ઞાનમાં એકલા નિજ પરમાત્માનું અવલંબન છે, તેમ સમ્યગ્દર્શનમાં પણ એકલા આત્માનું જ અવલંબન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે પરમ નિરપેક્ષ છે એ વાત પહેલાં બહુ સારી આવી ગઈ છે. સમ્યગ્દર્શન શુદ્ધ જીવાસ્તિકાયના આશ્રયે જ ઊપજે છે.



સમ્યગ્દર્શન કોને થાય ? જે જીવ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી છે એટલે જેને ચાર ગતિની અભિલાષા નથી, સ્વર્ગના ઈન્દ્રપદના સુખની અભિલાષા નથી, એટલે કે સ્વર્ગમાં પોતાનું સુખ છે જ નહિ, સુખ તો મારા પરમાત્મસ્વભાવમાં જ છે. મારા ચૈતન્ય સિવાય બીજા કોઈ પદાર્થમાં મારું સુખ નથી. એમ જેને પોતાના ભગવાન પરમાત્માના સુખની અભિલાષા છે - એવા જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનુ જન્મસ્થાન પોતાનું શુદ્ધ જીવાસ્તિકાય છે, તેની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય છે. અંતરમાં મારો આત્મા સહજાનંદ મૂર્તિ છે, તે જ મારા સુખની ઉત્પત્તિનું જન્મભૂમિસ્થાન છે. ચૈતન્યની મોજ અને આનંદ અનુભવવાનું સ્થાન શું ? કે પોતાનું શુદ્ધ જીવતત્ત્વ તે જ આનંદની ઉત્પત્તિનું સ્થાન છે. મારો આનંદ કોઈ વિષયોમાં, નિમિત્તોમાં કે રાગમાં નથી, દેવપદમાં મારો આનંદ નથી, મારો આનંદ તો શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં જ છે. તે જ મારા આનંદનું જન્મસ્થાન છે. આવા શુદ્ધ જીવાસ્તિકાયનું જે પરમ શ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે, ને એવું સમ્યગ્દર્શન તે નિયમ છે. મોક્ષના અભિલાષી જીવે આવા શુદ્ધ જીવનું પરમ શ્રદ્ધાન નિયમથી કર્તવ્ય છે, તેથી તે સમ્યગ્દર્શન નિયમ છે. આવું સમ્યગ્દર્શન એકલા ચૈતન્યકંદ સહજાનંદની મૂર્તિ નિરપેક્ષ આત્માના જ આશ્રયે ઊપજે છે. કોઈ વ્યવહારના અવલંબને, નિમિત્તના અવલંબને કે રાગના અવલંબને તે સમ્યગ્દર્શન ઊપજતું નથી, અહીં તો પોતાના આત્માને જ ભગવાન પરમાત્મા કહ્યો છે. એવા ભગવાન પરમાત્માના આશ્રયે થતી જે પરમ પ્રતીતિ તે જ સમ્યગ્દર્શન છે. આવા સમ્યગ્દર્શન પછી જ ચારિત્ર અને મુનિદશા હોય. આવા સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગ હોય નહિ.

સમ્યગ્જ્ઞાન પણ એકલા અંતઃતત્ત્વના આશ્રયે છે, ને સમ્યગ્દર્શન પણ એકલા શુદ્ધ જીવતત્ત્વના આશ્રયે જ ઊપજે છે. ક્યાંય કોઈ પરનું અવલંબન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને છે જ નહિ. રત્નત્રય પરથી તો પરમ નિરપેક્ષ છે. તેને એકલા ચૈતન્યનું જ અવલંબન છે; આવા રત્નત્રય તે જ નિયમ છે.

શુદ્ધ અંતઃતત્ત્વનો વિલાસ ક્યાંથી પ્રગટે છે ? કે નિજ શુદ્ધ જીવતત્ત્વ તે જ શુદ્ધ અંતઃતત્ત્વના આનંદનું જન્મભૂમિસ્થાન છે. સમ્યગ્દર્શનરૂપી પ્રજાની ઉત્પત્તિ અંતરમાં શુદ્ધ ચૈતન્યતત્ત્વથી થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્યાંય બહારથી ઉત્પન્ન થતાં નથી, અંતરમાં ભગવાન પરમાત્મા શુદ્ધ જીવતત્ત્વ છે તેના જ આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઊપજે છે. આવા પોતાના પરમતત્ત્વનું શ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે.

હવે સમ્યક્ચારિત્રનું સ્વરૂપ કહે છે :

૩) નિશ્ચય જ્ઞાનદર્શનાત્મક કારણપરમાત્મામાં અવિચળ સ્થિતિ (-નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.

ત્રિકાળ ચૈતન્ય જ્ઞાયકજ્યોત તે કારણપરમાત્મા છે. જેવો ધ્રુવ આત્મા ત્રિકાળ છે તેવાં જ તેના દર્શન-જ્ઞાન પણ ધ્રુવ ત્રિકાળ છે. આવો જે પોતાનો કારણપરમાત્મા છે તેની શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક તેમાં

અવિચળ સ્થિતિ તે જ ચારિત્ર છે. દેહની ક્રિયામાં કે પંચમહાવ્રતના વિકલ્પમાં ચારિત્ર નથી. તેમાં જો ધર્મ માને તો તેને સમ્યગ્દર્શન પણ નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક નિજ કારણપરમાત્મામાં અડગપણે લીનતા થાય તેનું નામ ચારિત્ર છે. ત્યાં બહારમાં સહજ દિગંબરદશા હોય, પણ અહીં તો અંદરના નિશ્ચયચારિત્રની વાત છે. ચારિત્ર તો અંતરની લીનતામાં છે. આવી અંતરની લીનતા વિના પંચમહાવ્રત પાળે ને તેને ચારિત્ર માને તો તે મિથ્યાદષ્ટિ છે. મોક્ષમાર્ગનું ચારિત્ર તો ધ્રુવ કારણપરમાત્મામાં લીનતા કરવી તે જ છે. નિશ્ચય સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રને 'નિયમસાર' કહીને વ્યવહાર જ્ઞાન-દર્શન-ચારિત્રનો અભાવ બતાવ્યો છે. તે હો ભલે, પણ મોક્ષમાર્ગ તો આવા નિશ્ચય જ્ઞાન-દર્શન-ચારિત્ર જ છે. વ્યવહાર રત્નત્રય તે મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન સહિતના જે પંચમહાવ્રત વગેરે વ્યવહારચારિત્ર તે પણ ખરેખર મોક્ષમાર્ગ નથી. અંતરમાં લીનતારૂપ નિશ્ચયચારિત્ર તે જ સમ્યક્ચારિત્ર છે, ને તે જ નિયમ છે.

આ પ્રમાણે અંતરમાં નિજ પરમાત્મદ્રવ્યના આશ્રયે જે જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ નિયમ છે તે જ નિર્વાણનું કારણ છે. નિર્વાણ એટલે સાદિ અનંતકાળ સુધી સ્વરૂપમાં સ્થિતિ થઈ જવી તે; તે પણ ચૈતન્યસ્વરૂપના આશ્રયે જ છે. વ્યવહાર તો પોતે જ અસ્થિર છે, તેનાથી સ્વરૂપમાં સ્થિતિરૂપ નિર્વાણ થતો નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે નિયમરૂપ કાર્ય છે, તે અંતરમાં કારણપરમાત્માના આશ્રયે થાય છે. તે રત્નત્રયનું વર્ણન કર્યું.

નિયમ એટલે રત્નત્રય; તેની શુદ્ધતા બતાવવા માટે ''સાર'' શબ્દ લગાડ્યો છે. એટલે કે નિશ્ચય રત્નત્રયથી વિપરીત એવા વ્યવહાર રત્નત્રયનો પરિહાર કરવા માટે નિયમ સાથે ''સાર'' શબ્દ જોડ્યો છે. એ રીતે નિર્વિકલ્પ રત્નત્રય તે 'નિયમસાર' છે, તે જ નિર્વાણનું કારણ છે.

જુઓ ! આ જંગલમાં આત્માનંદમાં ઝૂલતા સંતે ટીકા કરી છે ! પોતે મુનિ છે, ધર્મના થાંભલા છે. અંદર વિકલ્પ ઊઠ્યો છે ને આ ટીકા રચાય છે, પણ તે વિકલ્પનો આદર નથી, આદર તો શુદ્ધ સ્વભાવનો જ છે. તેના આશ્રયે શુદ્ધતા વધતી જાય છે. આવી દશામાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં ઝૂલતાં આવી અલૌકિક ટીકા રચાઈ ગઈ છે.

ત્રીજી ગાથામાં નિયમસારની વ્યાખ્યા કરી છે.

હવે ત્રીજી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે :-

**શ્લોક ૧૦**

(आर्या)

**इति विपरीतविमुक्तं रत्नत्रयमनुत्तमं प्रपद्याहम् ।**
**अपुनर्भवभामिन्यां समुद्भवमनंगशं यामि ॥ १० ॥**



**શ્લોકાર્થ :-** એ રીતે હું વિપરીત વિનાના (-વિકલ્પરહિત) અનુત્તમ રત્નત્રયનો આશ્રય કરીને મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્ભવતા અનંગ (-અશરીરી, અતીન્દ્રિય, આત્મિક) સુખને પ્રાપ્ત કરું છું. ।।૧૦।।

સ્વભાવના અવલંબને નિરપેક્ષ મોક્ષમાર્ગ સિદ્ધ કર્યો; તેના ઉપર ટીકાકારે કળશ ચડાવ્યો છે.

અનંગ સુખ એટલે અતીન્દ્રિય સુખ; આત્માના સ્વભાવથી ઊપજતું સુખ તે અનંગ સુખ છે. અંગ તે શરીર છે, તેનાથી પાર એવા આત્માના અનુભવનું સુખ તે અનંગસુખ છે. તેવા સુખને હું પ્રાપ્ત કરું છું. કઈ રીતે ? કે પરમ શુદ્ધ ઉત્તમ રત્નત્રયનો આશ્રય કરીને મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્ભવતા સુખને પ્રાપ્ત કરું છું. હજી મુક્તિ થઈ નથી. પણ અંતરમાં અનુભવના બળે મુક્તિના સુખને વર્તમાન જ પ્રાપ્ત કરું છું. મુક્તિ થશે ને મુક્તિનું સુખ મળશે -એવી વાત નથી લીધી, પણ દ્રવ્યના આશ્રયે પર્યાય અભેદ થતાં અમારી વર્તમાન જ મુક્તિ છે. ભેદને જોતા નથી, અભેદ દ્રવ્યમાં લીન થયો ત્યાં વર્તમાનમાં જ મુક્તિ છે. માટે કહ્યું કે હું મુક્તિસુખને પ્રાપ્ત કરું છું. અત્યારે મુનિદશામાં મુક્ત જેવો આનંદ અનુભવું છું. મુક્તિનો આધાર તો ભગવાન આત્મા છે તે આખો વર્તમાન વર્તે છે, તેના આશ્રયે હું વર્તમાન મુક્તિના સુખને પ્રાપ્ત કરું છું.

કોઈ કહે કે : પંચમકાળમાં આ ટીકા લખાય છે, ને પંચમકાળમાં તો મુક્તિ નથી ને ?

તો કહે છે કે : જ્યાં પર્યાય અંતરમાં વળીને અભેદ થઈ, ત્યાં પૂરા સ્વભાવના આશ્રયે લીનતાથી તૃપ્તિ છે, ધ્રુવ સ્વભાવના આશ્રયે પર્યાય કૃતકૃત્ય થઈને વર્તે છે, માટે અધૂરી પર્યાય અને પૂરી પર્યાય એવા ભેદને હું જોતો નથી, પણ દ્રવ્યમાં લીનતાથી વર્તમાનમાં મુક્તિનું સુખ અનુભવું છું. અધૂરી પર્યાય અને પૂરી પર્યાય એવા પર્યાયના ભેદ ઉપર જોર નથી, પણ અભેદ સ્વભાવ વર્તમાન પરિપૂર્ણ છે તેના જ ઉપર જોર છે, તેમાં એકાગ્રતાથી વર્તમાનમાં જ મુક્તિ જેવા સુખને હું અનુભવું છું - એમ ટીકાકાર મુનિરાજ કહે છે.

**ભાદરવા વદ ૭, શનિવાર, ૨૨-૯-૫૧.**

ત્રણ ગાથા પૂરી થઈ છે. હવે ચોથી ગાથામાં રત્નત્રયના ભેદ અને લક્ષણ વિષે કહે છે :-

**ગાથા ૪**

**णियमं मोक्खउवाओ तस्स फलं हवदि परमणिव्वाणं।**
**एदेसिं तिण्हं पि य पत्तेयपरूवणा होइ॥ ४॥**

**છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;**
**વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.**

**અન્વયાર્થ :-** (રત્નત્રયરૂપ) નિયમ મોક્ષનો ઉપાય છે; તેનું ફળ પરમ નિર્વાણ છે. વળી (ભેદકથન દ્વારા અભેદ સમજાવવા અર્થે) આ ત્રણનું ભેદ પાડીને જુદું જુદું નિરૂપણ હોય છે.

રત્નત્રયસ્વરૂપ નિયમ તે મોક્ષનો ઉપાય છે. આનંદકંદ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા તે મોક્ષનો ઉપાય છે. તેનું નામ નિયમ છે. શુદ્ધ આત્મા સિવાય બીજાને મારે શ્રદ્ધામાં માનવો નહિ; એવો નિયમ લેવો તે સમ્યગ્દર્શન છે. હું પરિપૂર્ણ પરમાત્મા છું, તે સિવાય અધૂરો કે વિકારી ન માનવો એવો પ્રથમ સમ્યગ્દર્શનનો નિયમ છે. શુદ્ધ ચૈતન્ય સિવાય પુણ્ય-પાપને કે દેહની ક્રિયાને પોતાની માનવાની બાધા લેવી, તે મોક્ષમાર્ગનો મૂળ નિયમ છે. બહારમાં આ ખપે ને આ ન ખપે - એ તો રાગ છે, તે મારું સ્વરૂપ નથી, પણ સ્વભાવ સન્મુખ થઈને ચિદાનંદ આત્માનું સ્વરૂપ જાણવું-માનવું ને તેમાં ઠરવું તે નિયમ છે, ને તે જ મોક્ષનો ઉપાય છે.

આવા નિયમનું ફળ શું ? -કે પરમ નિર્વાણ તે તેનું ફળ છે. વળી રત્નત્રયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેનું જુદું જુદું નિરૂપણ પણ હોય છે. આત્મામાં તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે અભેદ છે, પણ ભેદ દ્વારા તે અભેદ સમજાવવા માટે દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પાડીને પણ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના જુદા લક્ષણ કહેશે, પણ આત્માથી ત્રણે જુદા નથી.

**ટીકા** : રત્નત્રયના ભેદ પાડવા વિષે અને તેમના લક્ષણ વિષે આ કથન છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ ત્રણે રત્નો છે, તેનાથી મોક્ષ મળે છે. મોક્ષ એટલે શું ? ''સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે''. જુઓ ! આ ચૈતન્ય વસ્તુ સમજવાની અંદર ગરજ હોવી જોઈએ. તે સાંભળવા માટે અંદર હોંશ અને ઉત્સાહ જોઈએ. આત્મા શું છે ? તે કદી સાંભળ્યું નથી. સમયસારની ચોથી ગાથામાં આચાર્યદેવ કહે છે કે : શુદ્ધ આત્માની વાત કદી જીવે સાંભળી નથી, અંદર રુચિ પ્રગટ કરીને કદી સાંભળ્યું નથી. જેને આત્માની રુચિ જાગી હોય તેને તેના શ્રવણ-મનનની કેટલી દરકાર હોય ?



સમસ્ત કર્મના નાશથી જે સાક્ષાત્ મહા આનંદની પ્રાપ્તિ થાય છે તેનું નામ મોક્ષ છે. શુભભાવ તે પણ કર્મનું કારણ છે. શુભ અને અશુભ બધા ભાવોથી રહિત એવું મોક્ષપદ છે, તે જેને રુચે તેણે શુભ-અશુભની રુચિ છોડવી જોઈએ. દયાદિ ભાવો તે પણ કર્મના બંધનું કારણ છે, તેનો અભાવ થઈને મોક્ષ થાય છે. સમસ્ત કર્મના અભાવથી જે સાક્ષાત્ મહા આનંદનો લાભ થાય તે મોક્ષ છે. પૈસાનો લાભ કે સ્વર્ગનો લાભ કે તીર્થંકર પદનો લાભ તેમાં આત્માને આનંદનો લાભ થતો નથી. આનંદ તો પુણ્ય-પાપના અભાવથી આત્મામાં પ્રગટે છે. કર્મના કારણની રુચિ છોડીને એટલે કે પુણ્ય-પાપની રુચિ છોડીને, શુદ્ધ ચૈતન્યની પ્રથમ રુચિ કરે ત્યાં સાધકને અમુક આનંદ તો પ્રગટ્યો હતો, પણ પછી પુણ્ય-પાપનો સર્વથા અભાવ કરીને સાક્ષાત્ મહા આનંદ પ્રગટે છે. જેને કોઈ પણ કર્મ રુચે છે તેને આત્માનો મોક્ષ રુચતો નથી. જેને આત્માની રુચિ છે તેને કર્મના કારણરૂપ કોઈ પણ ભાવોની રુચિ નથી.

સમસ્ત કર્મોના નાશથી સાક્ષાત્ મહા આનંદનો લાભ નવો મેળવાય છે, એટલે કે મોક્ષપર્યાય નવી પ્રગટ થાય છે, સંસારપર્યાયનો નાશ કરીને મોક્ષપર્યાય પ્રગટે છે, તે શેમાંથી પ્રગટે છે ? કે સ્વભાવમાં તે શક્તિ ત્રિકાળ છે તેમાંથી તે મોક્ષપર્યાય પ્રગટે છે. તે મોક્ષપર્યાયમાં મહા આનંદનો લાભ છે, સાધકને સમ્યગ્દર્શન થતાં અપૂર્વ આનંદ તો પ્રગટે છે, પણ મોક્ષપદમાં તો મહા આનંદ છે.

તે મહા આનંદનો ઉપાય શું ?

''તે મહા આનંદનો ઉપાય પૂર્વોક્ત નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે.''

પુણ્ય-પાપ રહિત, ચિદાનંદ કારણપરમાત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાનું નામ નિરુપચાર રત્નત્રય છે.

શ્રીમદ્ કહે છે કે : ''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.''

અહીં કહ્યું કે : ''મોક્ષ કહ્યો મહા આનંદ.''

એવા મહા આનંદરૂપ મોક્ષદશા શુદ્ધ રત્નત્રયથી પ્રગટે છે. શુદ્ધ રત્નત્રય તે નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે. વચ્ચે વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો જે શુભરાગ છે તે ખરેખર રત્નત્રય નથી, તે તો ઉપચાર રત્નત્રય છે. ત્રિકાળ નિજ પરમાત્માની શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ જે પરિણતિ છે તે નિરુપચાર રત્નત્રય પરિણતિ છે. તે નિરુપચાર રત્નત્રય પરિણતિ છે ને તે જ મોક્ષનો ઉપાય છે.

અનંતકાળમાં આવા રત્નત્રય જ પ્રગટ કર્યા નથી, અનંતવાર રાજા થયો ને દેવ થયો, પંચ મહાવ્રતધારી દ્રવ્યલિંગી સાધુ થયો, પણ આત્માનો સ્વભાવ શું તેનું ભાન કર્યા વિના રખડ્યો. આત્માના સ્વભાવના આશ્રયે રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની જે નિરુપચાર પરિણતિ છે તે જ મોક્ષનો ઉપાય છે. સંસાર

અને મોક્ષ એ બન્ને પર્યાય છે. તેમાં મોક્ષ તે મહા આનંદરૂપ શુદ્ધ પર્યાય છે, ને તેનો ઉપાય શુદ્ધ રાગરહિત રત્નત્રય પરિણતિ છે. પરિણતિ એટલે પર્યાય; નિરુપચાર રત્નત્રય એટલે કે વીતરાગી રત્નત્રય તે મોક્ષમાર્ગ છે. તે નિરુપચાર રત્નત્રય પરિણતિમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. તે નિરુપચાર રત્નત્રય પરિણતિના ભેદ પાડીને કહીએ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એમ ત્રણેનું જુદું કથન હોય છે.

દેવાધિદેવ પરમેશ્વર સર્વજ્ઞદેવે જે વસ્તુસ્વરૂપ કહ્યું છે તે કદી જાણ્યું નથી. જેમને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે એવા સર્વજ્ઞ પરમાત્માને તે પરમાત્મદશા ક્યાંથી પ્રગટી ? પોતાના આત્મામાં શક્તિ હતી તેમાંથી તે પરમાત્મદશા પ્રગટી છે, તેવી શક્તિ બધા આત્મામાં ભરી છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા કરવી તેને ભગવાને મોક્ષનો ઉપાય કહ્યો છે, વચ્ચે વ્યવહાર રત્નત્રય અને શુભ રાગ આવે છે તે નિરુપચાર રત્નત્રય નથી, નિરુપચાર રત્નત્રય તો રાગરહિત છે. ચૈતન્યની શુદ્ધ પરિણતિ પ્રગટી તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. સમ્યગ્દર્શન તે ગુણ નથી પણ પરિણતિ છે, પરિણતિ એટલે પર્યાય, હાલત, દશા, અંશ; ગુણ તો ત્રિકાળ છે, તે નવો પ્રગટતો નથી, નવી તો પર્યાય પ્રગટે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેને અભેદ કરીને રત્નત્રય પરિણતિ કહી. અને તેના ભેદ પાડીને કહેતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનું જુદું જુદું કથન હોય છે. તે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેના લક્ષણ પણ જુદાં જુદાં છે તે આગળ કહેવાશે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આત્મામાં અભેદપણે વર્તે છે, પણ સમજાવવા તે ત્રણેનું ભેદ પાડીને વર્ણન કરશે. જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા નથી તેને તો વ્યવહાર સમ્યગ્દર્શન પણ નથી; સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે ને તેનાથી વિરુદ્ધ બીજાને ન માને ત્યારે તો હજી વ્યવહારશ્રદ્ધા થઈ કહેવાય. તે વ્યવહારશ્રદ્ધા પણ પુણ્યનું કારણ છે. મોક્ષનું કારણ તો ચૈતન્યસ્વભાવના રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા જ છે. તે દરેકનું સ્વરૂપ હવેની ગાથાઓમાં કહેવાશે.

હવે ચોથી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે :-

**શ્લોક ૧૧**

(मंदाक्रान्ता)

**मोक्षोपायो भवति यमिनां शुद्धरत्नत्रयात्मा**
**ह्यात्मा ज्ञानं न पुनरपरं दृष्टिरन्याऽपि नैव ।**
**शीलं तावन्न भवति परं मोक्षुभिः प्रोक्तमेतद्**
**बुद्ध्वा जन्तुर्न पुनरुदरं याति मातुः स भव्यः ॥ ११ ॥**

**શ્લોકાર્થ :-** મુનિઓને મોક્ષનો ઉપાય શુદ્ધ રત્નત્રયાત્મક (શુદ્ધ રત્નત્રય પરિણતિએ પરિણમેલો) આત્મા છે. જ્ઞાન આનાથી કોઈ બીજું નથી, દર્શન પણ આનાથી બીજું નથી જ અને શીલ (ચારિત્ર) પણ બીજું નથી. -આ મોક્ષને પામનારાઓએ (અર્હંત ભગવંતોએ) કહ્યું છે. આ જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી, તે ભવ્ય છે. ॥ ૧૧ ॥



મુનિ કેવા હોય ? નિર્ગ્રંથ હોય - એકલી બહારની જ નિર્ગ્રંથતા નહિ, પણ અંતરમાં મિથ્યાત્વ તેમ જ રાગ-દ્વેષના પરિગ્રહ રહિત અભ્યંતર નિર્ગ્રંથપણા સહિત હોય ને બહારમાં વસ્ત્રાદિ પરિગ્રહ રહિત નિર્ગ્રંથદશા હોય તેવી મુનિદશા છે. તેવા મુનિવરોને રત્નત્રયાત્મક શુદ્ધ આત્મા તે મોક્ષનો ઉપાય છે.

૯૫માં પાને કહે છે કે ''ક્ષેત્ર-મકાન, ચાંદી-સોનું, ધન-ધાન્ય, દાસ-દાસી, કપડાં-વાસણ એમ દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ છે; એક મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાય એમ ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ છે.'' -આવા બાહ્ય તેમજ અંતરના પરિગ્રહ રહિત નિર્ગ્રંથ મુનિદશા હોય છે. અંદર ઊંધી શ્રદ્ધા પડી હોય તેને તો મિથ્યાત્વનો મોટો પરિગ્રહ પડ્યો છે, તેને મુનિદશા હોય નહિ. જેની પ્રરૂપણા ઊંધી આવતી હોય, પુણ્યથી ધર્મ મનાવતાં હોય, નિમિત્તના આશ્રયે લાભ મનાવતાં હોય તેને તો અંદર મિથ્યાત્વનો પરિગ્રહ પણ છૂટ્યો નથી એટલે સમ્યગ્દર્શન પણ નથી, તેને નિર્ગ્રંથ કહેવાય નહિ.

અંતરમાં ચૈતન્યસ્વભાવના આશ્રયે જ ધર્મ છે, એવા ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા વડે જેણે મિથ્યાત્વનો પરિગ્રહ છોડ્યો છે ને તેમાં લીનતા વડે જેણે રાગાદિ પરિગ્રહ પણ છોડ્યો છે તથા બાહ્યમાં વસ્ત્રાદિ પરિગ્રહ સહેજે છૂટી ગયો છે, એવા મુનિને નિર્ગ્રંથ કહેવાય છે. આવા નિર્ગ્રંથ સંત મુનિઓ અત્યારે મહાવિદેહમાં હજારો બિરાજે છે. કુંદકુંદ ભગવાન ત્યાં ગયા હતા, તેમને પણ આવી નિર્ગ્રંથ મુનિદશા હતી. એવા મુનિઓને મોક્ષનું કારણ શું ? -કે રત્નત્રયપણે પરિણમી ગયેલો પાતાનો અભેદ આત્મા તે જ મોક્ષનો ઉપાય છે. અભેદ રત્નત્રયપણે પરિણમેલો આત્મા જ મોક્ષમાર્ગ છે, ને ભેદ પાડીને કહેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. પણ વ્યવહાર રત્નત્રય તો શુભ રાગ છે, તે મોક્ષમાર્ગ નથી. ચૈતન્યબિંબ જ્ઞાનાનંદ સૂર્ય ભગવાન આત્મા છે. તેની પ્રતીત, જ્ઞાન ને રમણતારૂપે પરિણમેલો આત્મા જ મોક્ષનો ઉપાય છે. રત્નત્રયરૂપે પરિણમેલો આત્મા જ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જ્ઞાન આત્માથી જુદું નથી. જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું તે આત્માથી જુદું નથી. આત્મા પોતે તે રૂપે પરિણમી ગયેલો છે. સમ્યગ્દર્શન પણ આત્માથી જુદું નથી, સમ્યગ્દર્શન આત્મામાં અભેદ છે અને શીલ એટલે સમ્યક્ચારિત્ર તે પણ આ આત્માથી જુદું નથી. એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આત્મામાં અભેદ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર આ આત્માથી જુદા નથી. રત્નત્રય સ્વરૂપે જે આત્મા પરિણમ્યો તે આત્મા જ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. પોતાના આત્મા તરફ ઝૂકાવ કરીને જે પ્રતીતિ, જ્ઞાન ને રમણતા થયા તે જ મોક્ષમાર્ગ છે.

મોક્ષને પામ્યા એવા ભગવાન અર્હંત પરમાત્માએ તો આવો મોક્ષમાર્ગ કહ્યો છે. આ વાત સમજીને

અંતરમાં પરિણમાવવાની છે. અંદર પહેલાં વિશ્વાસ આવવો જોઈએ. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા સર્વજ્ઞો છે, એની પણ જેને પ્રતીતિ ન હોય તેને તો આવા આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા થાય નહિ. અહીં તો ટીકાકાર કહે છે કે જે સર્વજ્ઞ ભગવંતો મોક્ષ પામ્યા છે તેમણે આ વાત કરી છે. તેઓ આવા મોક્ષમાર્ગથી મોક્ષને પામ્યા છે, ને તેમણે આવો મોક્ષનો ઉપાય કહ્યો છે. રાગ તો પરમાર્થે આત્માથી જુદી ચીજ છે, તેને ભગવાને મોક્ષમાર્ગ કહ્યો નથી. અંદરમાં ચૈતન્ય સ્વભાવના રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે રત્નત્રય છે, એવા રત્નત્રયરૂપે પરિણમેલો આત્મા મોક્ષનું કારણ છે. જે સિદ્ધ થયા તેમને તો વાણી ન હોય, પણ જેઓ કેવળજ્ઞાન પ્રગટ કરીને મહા આનંદરૂપ ભાવમોક્ષ પામ્યા છે એવા શ્રી તીર્થંકર ભગવંતોએ આવો મોક્ષનો ઉપાય કહ્યો છે.

હવે વીતરાગે કહેલો આવો મોક્ષનો ઉપાય જાણીને જીવે શું કરવું ? તો કહે છે કે ''આ જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી તે ભવ્ય છે.''

મુનિને પોતાની મોક્ષદશા એકદમ નિકટ વર્તે છે, એકાદ ભવ વચ્ચે રહ્યો છે તેનો નકાર કરતાં જાય છે કે આવો ભગવાને કહેલો મોક્ષનો ઉપાય જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી તે ભવ્ય છે. અમે તો આવો મોક્ષમાર્ગ જાણ્યો છે ને અમે ફરીને માતાના ઉદરમાં આવવાના નથી, હવે અમને વિશેષ ભવ નથી. જે આવા મોક્ષમાર્ગનો નિર્ણય કરે તેને પણ વિશેષ ભવ હોતાં નથી. જુઓ તો ખરા ! અંદરના પડકાર કર્યા છે. અહીં તો કહે છે કે જે જીવ આવું સમજીને ફરીને નવી માતાના પેટે અવતાર ધારણ કરતો નથી તેને અમે ભવ્ય કહીએ છીએ. અહીં સાધારણ ભવ્યની વાત નથી લીધી, પણ જેણે અંદરમાં ચૈતન્યનો નિર્ણય કરીને અવતારનો નાશ કર્યો છે, જે જીવ અલ્પકાળે મોક્ષ પામી જવાનો છે એને અમે ભવ્ય કહીએ છીએ. ભગવાને જે શુદ્ધ મોક્ષમાર્ગ કહ્યો તેવા મોક્ષમાર્ગને જાણો તો ખરા ! અંદર ચૈતન્યસ્વભાવી કારણપરમાત્મા બિરાજી રહ્યો છે તેના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા જ મોક્ષનો ઉપાય છે. -એમ પહેલાં નિર્ણય તો કરો. આવો નિર્ણય કરશે તે પણ અલ્પકાળે મોક્ષ પામી જશે.

આત્માનો ભરોસો કરો. આત્મા સિવાય પરના ભરોસે ભૂલી રહ્યો છે; ભગવાન ! શાંત થા. મનુષ્યપણું મળ્યું ને વીતરાગના વાડામાં આવ્યો, તો વીતરાગ સર્વજ્ઞદેવ મોક્ષનો શું ઉપાય કહે છે તે સાંભળ ! ને અંદર સમજ. જે જીવ આવો મોક્ષમાર્ગ જાણે છે તે જીવ ફરીને બીજી માતાને ધારણ નથી કરતો. કેમ કે જે વસ્તુના સ્વભાવમાં ભવ નથી એવી વસ્તુનો ભરોસો કરે ને ભવની શંકા રહે એમ બને નહિ. વસ્તુમાં ભવ નથી, તે વસ્તુના શ્રદ્ધા-જ્ઞાન કરે તેને વિશેષ ભવ રહે જ નહિ. માટે કહ્યું કે જે જીવ ભગવાનનો આ ઉપદેશ જાણે છે તે નવી માતાના ઉદરમાં આવતો નથી. વીતરાગની આવી અનેકાન્ત નીતિ છે કે ચૈતન્યસ્વભાવમાં વિકાર નહિ, ને વિકારમાં સ્વભાવ નહિ. આવી અનેકાન્ત નીતિને જાણીને ચૈતન્યના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા પ્રગટ કરીને ભવ્ય જીવ નવી માતાના પેટે અવતરતા નથી.



હવે, પાંચમી ગાથામાં વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. વ્યવહાર સમ્યગ્દર્શન પણ જેને નથી તેને તો પરમાર્થ સમ્યગ્દર્શન હોય જ નહિ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને જે ઓળખે નહિ ને બધા દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા એમ જે માને તે જીવને તો વ્યવહારસમ્યક્ત્વ પણ નથી, તે તો વિનય મિથ્યાદષ્ટિ છે. માટે અહીં વ્યવહારસમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે.

### ગાથા ૫

**अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं।**
**ववगयअसेसदोसो सयलगुणप्पा हवे अत्तो ॥ ५ ॥**

**રે ! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;**
**નિઃશેષદોષવિહીન જે ગુણ સકળમય તે આપ્ત છે. ૫**

**અન્વયાર્થ** :- આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધાથી સમ્યક્ત્વ હોય છે, જેના અશેષ (સમસ્ત) દોષો દૂર થયા છે એવો જે સકળ ગુણમય પુરુષ તે આપ્ત છે.

સાચા દેવ કેવા હોય ? તેમણે કહેલાં શાસ્ત્ર કેવા હોય ને તેમાં કહેલાં તત્ત્વો કેવા હોય તેનું જેને શ્રદ્ધાન છે ને તે સિવાય બીજા કોઈને માનતો નથી, તે જીવને વ્યવહારસમ્યક્ત્વ છે. આ વ્યવહારસમ્યક્ત્વ તે રાગ છે - પુણ્ય છે. પરમાર્થ સમ્યક્ત્વ તો અંદરના ચૈતન્યસ્વભાવની શ્રદ્ધામાં છે. વ્યવહારસમ્યક્ત્વ તો કોથળા જેવું છે. માલ લેવા જાય ત્યાં કોથળો ભેગો હોય ખરો, પણ કોથળો જુદો છે ને માલ જુદો છે. તેમ વ્યવહારસમ્યક્ત્વમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ને નવ તત્ત્વોની શ્રદ્ધા હોય છે, તે તો શુભ રાગ છે, ને પરમાર્થ સ્વભાવની શ્રદ્ધા તે રાગરહિત છે, તે નિશ્ચયસમ્યગ્દર્શન છે.

### ભાદરવા વદ ૮, રવીવાર, ૨૩-૯-૫૧.

આજે સવારે અષ્ટમી હોવાથી પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનસાર પરિશિષ્ટમાં વર્ણિત નય ૩૦, ૩૧, ૩૨ ઉપરના પ્રવચનનું રેકોર્ડીંગ રીલ સંભળાવવામાં આવ્યું હતું.

### ભાદરવા વદ ૯, સોમવાર ૨૪-૯-૫૧.

આ વ્યવહારસમ્યક્ત્વના સ્વરૂપનું કથન છે. જ્યાં આત્માના સ્વભાવની શ્રદ્ધારૂપ નિશ્ચયસમ્યક્ત્વ હોય ને વીતરાગતા થઈ ન હોય ત્યાં આવું વ્યવહારસમ્યક્ત્વ હોય છે. વ્યવહારસમ્યક્ત્વ એટલે આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધા; તેમાં અરિહંત ભગવાન તે આપ્ત છે, તેમને સમસ્ત દોષોનો નાશ થયો છે. અરિહંત ભગવાનને હજી યોગનું કંપન વગેરે હોવા છતાં તેમને સકલ દોષ રહિત કહ્યા છે. ઘાતિકર્મના નિમિત્તે થતા બધા દોષો ટળીને કેવળજ્ઞાનાદિ પ્રગટી ગયા છે તે અપેક્ષાએ તેમને સકલદોષ રહિત કહ્યા ને 'સકળ ગુણમય' કહ્યા. આવા આપ્ત અરિહંતદેવની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ છે. સર્વજ્ઞ

પરમાત્મા 'સકળ ગુણસહિત' ને 'સમસ્ત દોષરહિત' છે એટલે ગુણની અસ્તિ ને દોષની નાસ્તિ એમ અસ્તિ-નાસ્તિથી કહ્યું છે.

આપ્ત એટલે શંકારહિત; અહીં શંકામાં અઢારે દોષને સમાવી દીધા છે. અહીં શંકા એટલે દર્શનમોહ એકલો ન ગણવો. પણ રાગાદિ બધા ભાવોને અહીં શંકામાં ગણ્યા છે. કેમ કે રાગાદિ ભાવો છે ત્યાં સ્થિરતા નથી, સ્થિરતાના અભાવને અહીં શંકા ગણી છે. એવી શંકાનો જેને તદ્દન અભાવ છે એટલે જે મોહ અને રાગ-દ્વેષાદિ દોષો રહિત છે તે આપ્ત છે.

પોતાના શુદ્ધ ચૈતન્યની પ્રતીતમાં તો રાગ કે વિકલ્પ નથી, પણ નીચલી દશામાં શુભ રાગ અને વિકલ્પ થતાં આપ્ત, આગમ ને તત્ત્વોની વ્યવહારશ્રદ્ધા હોય છે. તે શ્રદ્ધામાં આપ્ત, આગમ ને તત્ત્વો આવાં જ હોય, આથી વિપરીતને માને તો વ્યવહારશ્રદ્ધા પણ નથી.

આગમ એટલે શું ? કે ''આપ્ત એવા અર્હંતદેવના મુખકમળથી નીકળેલી સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ એવી ચતુર વચનરચના''; જુઓ ! આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું કથન છે. ખરેખર આપ્ત તો આત્મા છે, આત્માને મોઢું ન હોય, ને મોઢું તો ઔદારિક શરીર છે, તેમાંથી ભાષાવર્ગણા ન નીકળે. પણ નિમિત્ત તરીકે ઓળખાવવા કહ્યું કે ભગવાનની વાણી તે આગમ છે. સર્વજ્ઞના દિવ્યધ્વનિમાં ચતુર વચનરચના છે, અને તે સમસ્ત વસ્તુના વિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ છે.

''જે પદ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો.''... એ વાત અહીં ન લીધી. અહીં તો કહ્યું કે બધા પદાર્થોને સમજાવવામાં નિમિત્ત થવાનું સામર્થ્ય સર્વજ્ઞની વાણીમાં છે. સર્વજ્ઞનું જ્ઞાન પૂરું જાણે છે ને વાણી પૂરું કહે છે. તે વાણીને આગમ કહે છે. તેની શ્રદ્ધા તે વ્યવહારસમ્યક્ત્વ છે.

સર્વજ્ઞની વાણીમાં કેવા તત્ત્વો કહ્યાં ? કે ૧) બહિઃતત્ત્વ અને ૨) અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ- એમ બે પ્રકારના તત્ત્વો છે. અંતઃતત્ત્વ તો નિજકારણપરમાત્મા ચિદાનંદ ભગવાન છે, ને પુણ્ય-પાપ વગેરે બધા બહિઃતત્ત્વ છે. આવા બે ભેદ પાડીને તત્ત્વની શ્રદ્ધા કરવી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે.

**પ્ર.** :- અંતઃતત્ત્વમાં તો કારણપરમાત્માની પ્રતીત પણ આવી ગઈ, છતાં તેને વ્યવહાર કેમ કહ્યો ?

**ઉ.** :- અહીં બે ભેદના લક્ષે પ્રતીત કરવી તેને વ્યવહાર સમકિત કહ્યું છે. અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વ એવા બે ભેદના લક્ષે પ્રતીત થઈ તે વ્યવહારસમ્યક્ત્વ છે. પણ આને વ્યવહાર ક્યારે કહેવાય ? કે તે વ્યવહારનો નિષેધ કરીને અભેદ સ્વભાવની શ્રદ્ધા કરે. તો ભેદની શ્રદ્ધાને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે.



અહીં અંતઃતત્ત્વ એટલે અંતરાત્માની વાત નથી. અંતરાત્મા તો પર્યાય છે. અભેદ દ્રવ્યસ્વભાવ તે જ અંતઃતત્ત્વ છે, ને સિદ્ધો અને કેવળીઓ તે પણ પોતાથી બહિઃતત્ત્વ છે. પર્યાયના ભેદ પડે તે બધાય બહિઃતત્ત્વ છે; આવા બે ભેદની શ્રદ્ધાને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં નવ તત્ત્વની શ્રદ્ધાને નિશ્ચય સમ્યક્ત્વ કહ્યું છે ને અહીં તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે. અંતઃતત્ત્વ ને બર્હિતત્ત્વ એવા બે ભેદવાળી શ્રદ્ધાને પણ વ્યવહારસમ્યક્ત્વ કહ્યું છે. અહીં તો અભેદ દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે ને ત્યાં જ્ઞાનપ્રધાનથી કથન છે. જ્ઞાનમાં વિકલ્પ તૂટીને બધું જણાઈ ગયું છે તે અપેક્ષાએ ત્યાં નવ તત્ત્વની શ્રદ્ધાને પણ નિશ્ચયસમ્યક્ત્વ કહ્યું છે. પરંતુ ત્યાં પણ આવી અભેદ સ્વભાવની શ્રદ્ધાપૂર્વકના નવ તત્ત્વના જ્ઞાનની વાત છે. અભેદની શ્રદ્ધા વગરના એકલા ભેદના જ્ઞાનને સમ્યક્ત્વ કહ્યું નથી.

અહીં કહે છે કે એકલા અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વની દૃષ્ટિ તે પરમાર્થશ્રદ્ધા છે અને ''આ અંતઃતત્ત્વ અને આ બહિઃતત્ત્વ'' એવી બે ભેદના લક્ષવાળી શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે કેમ કે તેમાં રાગ છે. તે રાગથી લાભ ન માને ને અંતરસ્વભાવની રાગ રહિત શ્રદ્ધાથી જ લાભ માને તો તે રાગવાળી શ્રદ્ધાને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે. જો રાગથી લાભ માને તો તો તેને વ્યવહારશ્રદ્ધા પણ નથી.

અનંતા કેવળીઓ, સિદ્ધો આ આત્માથી પર હોવાથી તે બધા બહિઃતત્ત્વ છે, ને પોતામાં મોક્ષપર્યાયનો ભેદ પાડવો તે પણ બહિઃતત્ત્વ છે. એકલું નિરપેક્ષ કારણપરમાત્મતત્ત્વ તે જ અંતઃતત્ત્વ છે. એ સિવાય ભેદ કે વિકલ્પ ઊઠે તે બધાય બહિઃતત્ત્વ છે. સર્વજ્ઞે આવા બે પ્રકારના તત્ત્વો કહ્યા છે.

જેના લક્ષે વિકલ્પ ને રાગ થાય તે બધાય બહિઃતત્ત્વમાં જાય છે. પર્યાયનો ભેદ પાડવો તે પણ બહિઃતત્ત્વ છે. કેમ કે પર્યાયમાંથી પર્યાય આવતી નથી, પર્યાયના લક્ષે રાગ થાય છે. કેવળી ભગવાન પણ બહિઃતત્ત્વ છે, તેનાથી લાભ માને તો મિથ્યાત્વ છે. કેવળી ભગવાન સિવાય બીજા કોઈને માને તો તેને તો વ્યવહાર સમ્યક્ત્વ પણ નથી. આવા સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં તત્ત્વો સિવાય બીજા તત્ત્વોને માને તો તેને આવા આગમ અને તત્ત્વોની શ્રદ્ધા નથી.

સિદ્ધદશા છે નિર્મળ, પરંતુ તે પણ પૂરું તત્ત્વ નથી, તે તો એક સમય પૂરતી દશા છે; ત્રિકાળ પરમાત્મસ્વભાવ તે જ અંતઃતત્ત્વ છે. તે એકલા અંતઃતત્ત્વની પ્રતીત તો નિશ્ચય સમ્યક્ત્વ છે. પણ ''આ પરમાત્મતત્ત્વ ને આ બહિરતત્ત્વ'' એમ ભેદના વિકલ્પ દ્વારા નક્કી કર્યું છે, તેનું નામ વ્યવહારસમ્યક્ત્વ છે. નિશ્ચયસમ્યક્ત્વમાં ભેદ ન આવે, તેમાં તો એકલો અભેદ કારણસ્વભાવભાવ જ છે; ને વ્યવહાર સમ્યક્ત્વમાં ભેદ પડે છે. અંતરમાં અભેદની શ્રદ્ધા છે માટે ભેદની શ્રદ્ધા છે એમ નથી, ને ભેદની વ્યવહારશ્રદ્ધા છે માટે નિશ્ચય શ્રદ્ધા છે એમ પણ નથી. અભેદની પરમાર્થશ્રદ્ધા હોવા છતાં હજી રાગ છે તેથી તે રાગને લીધે ભેદવાળી શ્રદ્ધા છે.

પહેલાં તત્ત્વના અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વ એવા બે ભેદ પાડ્યા; હવે વિશેષપણે તેના સાત

પ્રકાર કહે છે : જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એવા સાત તત્ત્વો છે. તેની શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે.

''હું જીવ છું'', પરિપૂર્ણ સ્વભાવી છું એવી વિકલ્પવાળી પ્રતીત તે જીવતત્ત્વની વ્યવહારશ્રદ્ધા છે. બીજા જીવો તે આ જીવથી ભિન્ન છે. છ તત્ત્વોને જુદાં રાખે ને જીવતત્ત્વ જુદું જાણે તો જીવ તત્ત્વને માન્યું કહેવાય. જીવતત્ત્વને પુણ્ય-પાપવાળું માને તો તો જીવતત્ત્વ જુદું રહેતું નથી. જીવને કર્મવાળો માને તો જીવતત્ત્વ અને અજીવતત્ત્વ જુદાં ન રહ્યાં, એટલે તેને તો સાત તત્ત્વોની વ્યવહારશ્રદ્ધા પણ ન થઈ. જીવ તે મૂર્ત પણ છે અને અમૂર્ત પણ છે એમ માને તો તેને જીવતત્ત્વની શ્રદ્ધા નથી. શુદ્ધ ચિદાનંદ આત્મા છું, પરમાણુથી ભિન્ન પરમાત્મા છું, -એવા સ્વભાવની રાગરહિત શ્રદ્ધા તે નિશ્ચય સમ્યક્ત્વ છે, તે ધર્મ છે, ને તેવી શ્રદ્ધાની સાથે શુભ રાગ વખતે વ્યવહારશ્રદ્ધા હોય છે. પણ નિશ્ચયને કારણે તે વ્યવહાર નથી, ને વ્યવહારને કારણે તે નિશ્ચય નથી. નિશ્ચય રહી જાય ને વ્યવહારનો વિકલ્પ તૂટી જાય છે.

જેવા સિદ્ધ પરમાત્મા થયા તેવો મારો આત્મા છે. એવા આત્માની વિકલ્પવાળી શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે.

પહેલાં વ્યવહાર ને પછી નિશ્ચય એમ પહેલાં પછી નથી. કોઈ વાર પહેલાં વ્યવહારશ્રદ્ધા કરવાનું કહે, પણ ખરેખર અખંડ સ્વભાવની પ્રતીત કરીને નિશ્ચયશ્રદ્ધા કરે તો જ રાગને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે. નિશ્ચયશ્રદ્ધા કરે તો પૂર્વની રાગવાળી શ્રદ્ધાને વ્યવહારનો ઉપચાર આવે છે. કોઈ વાર એમ કહે કે ''પહેલાં વ્યવહાર હોય છે'' પણ ત્યાં તે વ્યવહાર તે નિશ્ચયનું કારણ છે -એમ કહેવાનો આશય નથી. આ નિયમસારમાં જ (પૃ. ૧૦૯માં) કહેશે કે : ''જે પરમ જિન યોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે'' નિર્વિકલ્પ વીતરાગદશા ન હોય ત્યાં પહેલાં આવો શુભ રાગ હોય છે તેનું જ્ઞાન કરાવવા માટેની આ વાત છે. મુનિને છઠ્ઠા ગુણસ્થાને કેવી દશા હોય છે તે બતાવ્યું છે. પહેલાં વ્યવહાર કહ્યો તેનો અર્થ એમ નથી કે પહેલો વ્યવહાર પ્રગટે અને પછી નિશ્ચય પ્રગટે; સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પદશામાં સ્થિર ન રહી શકે ત્યારે છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ દશામાં પહેલાં આવો શુભભાવ હોય છે -એમ ત્યાં બતાવ્યું છે. પણ તે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટશે, -રાગ કરતાં કરતાં વીતરાગતા થશે એમ કહ્યું નથી.

પરને જાણવું તે દોષ નથી. પણ પર તરફ ઝુકાવ કરીને રાગની વૃત્તિ થાય તે દોષ છે. જ્ઞાન તે દોષ નથી. જ્ઞાનનો સ્વભાવ તો બધું જાણવાનો છે. મારી પર્યાયમાં સંવર-નિર્જરા થાય તે અંશ છે, તેટલો જ હું નથી. ને સંવર-નિર્જરાના ભેદ તરફ લક્ષ જાય તે પણ હું નથી. 'અંતરમાં અખંડ પરમાત્મતત્ત્વ છું' એવી જે વિકલ્પની વૃત્તિ ઊઠે તેને અહીં વ્યવહારશ્રદ્ધા ગણી છે. વિકલ્પવાળી



શ્રદ્ધામાં પણ ''હું શુદ્ધ જીવ છું, પુણ્ય-પાપ વગરનો છું'' એવી રાગરહિત શ્રદ્ધા છે, જો વ્યવહાર શ્રદ્ધામાં રાગ રહિત શુદ્ધ જીવ ન લ્યો તો સાત તત્ત્વો જુદા સિદ્ધ થતાં નથી. ને તેમાં જો વિકલ્પ તૂટી જાય તો તે વ્યવહારશ્રદ્ધા ન રહે પણ નિશ્ચયશ્રદ્ધા થઈ જાય. એટલે વિકલ્પ સહિત જે શુદ્ધ જીવતત્ત્વનો નિર્ણય કર્યો તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે. વ્યવહારથી-રાગથી લાભ થાય એવી શ્રદ્ધા કરે તો તો તેને વ્યવહાર અને નિશ્ચયમાં ભેદ ન રહ્યો.

ટૂંકામાં કહો તો બે તત્ત્વ છે : અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વ અને તેને વિસ્તારથી કહો તો સાત તત્ત્વો છે : જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ; તેમાં જે અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ કહ્યું તે શુદ્ધ જીવતત્ત્વ છે, ને જે બાકીના છ તત્ત્વો છે તે છ એ બહિઃતત્ત્વો છે. આ બધાની રાગવાળી શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે.

(૧) હું જીવતત્ત્વ છું. જીવતત્ત્વ અજીવતત્ત્વ વિનાનું છે. પુણ્ય-પાપ-આસ્રવ-બંધ વિનાનું છે. ને સંવર-નિર્જરા કે મોક્ષના અંશ જેટલું પણ નથી. તે તો એક સમયનો અંશ છે, ને જીવતત્ત્વ તો ત્રિકાળ છે. એવા ત્રિકાળી જીવતત્ત્વનો વિકલ્પથી નિર્ણય કરવો તે તો હજી વ્યવહારસમ્યક્ત્વ છે.

(૨) શરીર અજીવ છે, તેની ગતિ જીવથી થતી નથી. મારે લીધે શરીરની ગતિ થાય એમ માને તેને જીવ-અજીવતત્ત્વની શ્રદ્ધા નથી. શરીરાદિ અજીવની પર્યાય છે. હું જીવ છું, અજીવથી જીવ જુદો છે; તેને બદલે જીવથી અજીવની ક્રિયા થાય એમ માને, કે અજીવની ક્રિયાથી જીવને ધર્મ થાય એમ માને, તો તેને જીવ-અજીવની વ્યવહારશ્રદ્ધા પણ નથી. વ્યવહારશ્રદ્ધામાં સાત તત્ત્વો જેમ છે તેમ ઓળખવાં જોઈએ. તેમાં વિકલ્પ છે માટે તેને વ્યવહાર કહ્યો.

'સાત તત્ત્વો' કહેતાં જ જીવ અને આસ્રવ ભિન્ન ભિન્ન છે એમ આવી જાય છે. સાત તત્ત્વના જ્ઞાનને વિકલ્પસહિત કહેવું તે વ્યવહાર શ્રદ્ધા છે, ને રાગ તૂટીને નિર્વિકલ્પ શ્રધ્ધાપૂર્વક જે સ્વભાવના આશ્રયવાળું જ્ઞાન છે-રાગરહિત જ્ઞાન છે, તે તો નિશ્ચય છે.

રોટલી અજીવ છે. મેં રોટલીના ટુકડા કર્યા - એમ જે માને તેને અજીવતત્ત્વની પણ શ્રદ્ધા નથી, ને જીવતત્ત્વની પણ શ્રદ્ધા નથી. રાગવાળી વ્યવહારશ્રદ્ધાનો નિષેધ કરીને અંતરસ્વભાવની શ્રદ્ધામાં જાય તો તેના વ્યવહારને આંગણું કહેવાય. ખરેખર અંતરસ્વભાવની રાગરહિત પ્રતીત તે જ ધર્મનું પહેલું પગલું છે.

બધેય સર્વવ્યાપક એક જીવ જ છે, ને અજીવ વગેરે કાંઈ છે જ નહિ - એમ જે માને તેને તો વ્યવહારે પણ સાત તત્ત્વોને ન માન્યા, એટલે તેને તો વ્યવહારશ્રદ્ધા પણ નથી.

(૩) આસ્રવ : પુણ્ય-પાપ બન્ને ભાવો આસ્રવમાં સમાય છે. આસ્રવ તે જીવ નથી, આસ્રવ તે સંવર-નિર્જરા પણ નથી. એમ જુદા જુદા તત્વોને માને તો વ્યવહાર શ્રદ્ધા છે, પણ પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે એમ માને તો તેણે સાત તત્ત્વને જાણ્યાં નથી.

(૪) <u>સંવર</u> : નિશ્ચયથી સંવર તો સ્વભાવના આશ્રયે છે. રાગરહિત-પુણ્યરહિત નિર્મળ પર્યાય તે સંવર છે; તેને ઓળખે ત્યારે વ્યવહારશ્રદ્ધા છે. સંવર પ્રગટે ક્યારે ? કે સ્વભાવનો આશ્રય કરે ત્યારે. પણ એવો સંવર પ્રગટ્યા પહેલાં તેની રાગસહિત પ્રતીત કરવી તે વ્યવહારશ્રદ્ધા છે.

(૫) <u>નિર્જરા</u> : નિર્જરા તે આત્માની નિર્મળ પર્યાય છે. તે નિર્જરા અજીવને લીધે થતી નથી, પુણ્યને લીધે થતી નથી. રોટલા ન ખાધા માટે નિર્જરા થઈ એમ માને કે શુભ રાગ થયો એનાથી નિર્જરા થઈ એમ માને તો તેની નિશ્ચય કે વ્યવહાર એકેય શ્રદ્ધા સાચી નથી. નિર્જરા એટલે વિશેષપણે અશુદ્ધતાનું ઝરી જવું અથવા શુદ્ધતાની વૃદ્ધિ થવી તે; તે એક સમય પૂરતો ભાવ છે, તેમાં શુદ્ધતાની વૃદ્ધિ તે ઉત્પાદ છે ને અશુદ્ધતાનું ઝરવું તે વ્યય છે.

(૬) <u>બંધતત્ત્વ</u> : બંધનું કારણ ત્રિકાળ શુદ્ધ જીવતત્ત્વ નથી. તેમજ અજીવના કારણે પણ બંધ નથી. બંધ તો એક સમયનો વિકારીભાવ છે. સ્વભાવનો વિકાસ ન થતાં અશુદ્ધતામાં અટકી જવું તેનું નામ બંધ છે.

(૭) <u>મોક્ષતત્ત્વ</u> : જેને ફરીને અવતાર નથી ને આત્માની પૂરી શુદ્ધતા પ્રગટી ગઈ છે તેનું નામ મોક્ષતત્ત્વ છે. મોક્ષ પામેલા પરમાત્માને ફરી અવતાર ન હોય. સાધક દશામાં પણ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થઈ તે પણ અશુદ્ધતાને કબૂલતો નથી, ને શુદ્ધતામાં સ્થિર થયો તે ફરીને અસ્થિરતામાં આવતો નથી, તો પછી પૂર્ણ પરમાત્મદશા પ્રગટ્યા પછી ફરીને અશુદ્ધતા થાય કે અવતાર ધારણ કરે એમ બને જ નહિ. મોક્ષતત્ત્વમાં અજીવ નથી, આસ્રવ-બંધ કે સંવર-નિર્જરા પણ નથી, તેમ જ મોક્ષતત્ત્વમાં આખું જીવતત્ત્વ આવી જતું નથી. મોક્ષતત્ત્વ એક સમયની પર્યાય છે. ને જીવતત્ત્વ તો ત્રિકાળ છે, બન્ને તત્ત્વો ભિન્ન ભિન્ન છે.

જીવાદિ સાત તત્ત્વો સિદ્ધ ક્યારે થાય ? કે સાતેનું સ્વરૂપ જુદું જુદું જાણે તો સાત તત્ત્વો સિદ્ધ થાય. છતાં સાત તત્ત્વના ભેદ સામે જોઈને શ્રદ્ધા કરવી તે વ્યવહારશ્રદ્ધા છે. ને અભેદ સ્વભાવ સન્મુખ થઈને રાગરહિત પ્રતીત કરવી તે પરમાર્થશ્રદ્ધા છે. વ્યવહાર સમકિત કહ્યું તે તો જ્ઞાનનો તે પ્રકારનો ક્ષયોપશમ અને રાગ છે, ખરેખર વ્યવહારશ્રદ્ધા તે ખરું સમકિત નથી. સમકિત તો એક જ પ્રકારનું છે, શુદ્ધ કારણપરમાત્માની નિર્વિકલ્પ શ્રદ્ધા તે જ સાચું સમ્યક્ત્વ છે, બીજો બધો આરોપ છે.

સાત તત્ત્વો તો ભેદથી છે; એટલે સાતે તત્ત્વો ભિન્ન ભિન્ન છે. એવાં સાત તત્ત્વોનું સર્વજ્ઞ ભગવાનની વાણીમાં કથન છે. સર્વજ્ઞ એટલે સંપૂર્ણ દોષો રહિત. તેમની સમસ્ત પદાર્થોને કહેનારી વાણી અને તેમાં કહેલાં અંતઃતત્ત્વ તથા બહિઃતત્ત્વ અથવા જીવાદિ સાત તત્ત્વો, તેમનું સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારશ્રદ્ધા છે. આ પણ હજી રાગવાળી શ્રદ્ધા છે, તે ધર્મ નથી. ધર્મ તો અખંડ ચૈતન્યસ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા કરવી તે છે.



હવે આ ગાથા ઉપર શ્લોક કહેશે :-

**ભાદરવા વદ ૧૦, મંગળવાર, ૨૫-૯-૫૧.**

પાંચમી ગાથામાં એમ કહ્યું કે અર્હંત ભગવાનને માનવા તે વ્યવહારસમ્યક્ત્વ છે; તે પુણ્ય છે. ધર્મ તો આત્મસ્વભાવની ઓળખાણથી છે. આત્માના સ્વભાવને ઓળખે તેણે સર્વજ્ઞને ઓળખવા જોઈએ. એ જ પ્રમાણે સર્વજ્ઞે કહેલાં તત્ત્વોને અને આગમને પણ ઓળખવા જોઈએ.

હવે પાંચમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે.

**શ્લોક ૧૨**

(आर्या)

**भवभयभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न समस्ति।**
**तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवसि॥ १२॥**

**શ્લોકાર્થ :-** ભવના ભયને છેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી ? તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલાં મગરના મુખમાં છે. ॥ ૧૨ ॥

ભગવાન કેવા છે ? કે ભવના ભયને ભેદનારા છે. તેમણે પોતે પોતાના ભવોને તો ભેદી નાખ્યા છે, ને નિમિત્ત તરીકે બીજાના ભવને છેદનારા છે. ભગવાને કહ્યું તે ઓળખીને શ્રદ્ધા-જ્ઞાન વડે જેણે પોતાના ભવને ભેદ્યા તેને ભવભય ભેદવામાં ભગવાન નિમિત્ત છે. એવા શ્રી તીર્થંકર સર્વજ્ઞ પરમાત્માને ઓળખીને તેમના પ્રત્યે જો તને ભક્તિ નથી, તો હે જીવ ! તું ભવસમુદ્રની મધ્યમાં રહેલાં મગરના મુખમાં છો. ચોરાશીના અવતારરૂપી મગરમચ્છ તને ગળી જશે. એટલે કે તારા અવતાર મટશે નહિ. એક તરફ ભવભય રહિત થવાની વાત કરી ને તેની સામે ભવસમુદ્રની વાત કરી. જો સર્વજ્ઞ ભગવાનને ઓળખીને તેમના પ્રત્યે ભક્તિથી સર્વજ્ઞે શું કહ્યું તે જે ઓળખે તેને ભવનો ભય છેદાઈ જાય છે. ભગવાન કાંઈ કોઈ ઉપર પ્રસન્ન થઈને કોઈના ભવને ભેદતા નથી. પણ પોતે પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરીને પોતાના આત્માની પ્રસન્નતા પ્રગટ કરી તે આરોપથી કહે છે કે ભગવાન મારા ઉપર પ્રસન્ન થયા. ભગવાને કહ્યું તે તત્ત્વને જે ઓળખતો નથી તેને ચોરાશીના અવતારનો આરો નહિ આવે; પુણ્ય-પાપથી પાર ચૈતન્ય સ્વભાવને ઓળખવો તે ભગવાનની પરમાર્થભક્તિ છે, ને તેવી ભક્તિ કરે તો ભવનો નાશ થઈ જાય છે.

હવે અઢાર દોષ કયા છે તે કહે છે :

**ગાથા ૬**

**छुहतण्हभीरुरोसो रागो मोहो चिंता जरा रुजा मिच्चू।**
**सेदं खेदं मदो रइ विम्हियणिद्दा जणुव्वेगो ॥ ६ ॥**

**ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને**
**રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.**

**અન્વયાર્થ** :- ક્ષુધા, તૃષા, ભય, રોષ(ક્રોધ), રાગ, મોહ, ચિંતા, જરા, રોગ, મૃત્યુ, સ્વેદ (પરસેવો), ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા, જન્મ અને ઉદ્વેગ - (આ અઢાર દોષ છે.)

-આ અઢાર દોષ ભગવાન સર્વજ્ઞદેવને હોતાં નથી.

(૧) ક્ષુધા : અર્હંત પરમાત્માને ક્ષુધા ન હોય ને આહાર પણ ન હોય. આઠ વર્ષની વયે સર્વજ્ઞદશા પ્રગટે ને પછી કરોડો વર્ષો દેહ રહે છતાં ક્ષુધા ન લાગે. જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાનું સામર્થ્ય પ્રગટ્યું તેને ક્ષુધા ન હોય, તેમનો દેહ આહાર વિના જ પરમ ઔદારિક સ્ફટિક જેવો ટકી રહે છે.

(૨) તૃષા : અર્હંત પરમાત્માને પાણી પીવાની ઇચ્છા ન થાય; તૃષા પણ ન હોય ને પાણી પણ ન પીએ. મહાવીર પરમાત્મા અત્યારે સિદ્ધ થઈ ગયા. પણ અઢી હજાર વર્ષ પહેલાં અહીં અર્હંતપણે હતા, અને અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા અર્હંતપણે બિરાજી રહ્યા છે. લાખો વર્ષ પહેલાં તેમને કેવળજ્ઞાન થયું છે. પણ ક્ષુધા કે તૃષા તેમને હોતી નથી. ખોરાક કે પાણી વિના તેમનો દેહ લાખો-કરોડો વર્ષો સુધી એવો ને એવો ટકી રહે છે.

(૩) ભય : સર્વજ્ઞ ભગવાનને ત્રણકાળ ત્રણલોક જાણાઈ ગયા છે, તેથી તેમને ભય શેનો હોય ?

(૪) રોષ : એટલે કે ક્રોધ પણ તેમને હોતો જ નથી.

(૫) રાગ : ભગવાનને રાગ ન હોય. ભગવાનને ઉપદેશ કરવાની ઇચ્છા નથી હોતી. સહજપણે વાણી ખરે છે, પણ ઇચ્છા નથી. વિહાર પણ સહજપણે થાય છે, વિહાર કરું - એવી રાગરૂપી ઇચ્છા નથી. રાગ તો ૧૨મા ગુણસ્થાનથી જ ટળી ગયો છે.

(૬) મોહ : ભગવાનને મોહ હોતો નથી, મોહ ટળ્યા પછી તો સર્વજ્ઞ દશા પ્રગટી છે.

(૭) ચિંતા : ભગવાનને ચિંતા હોતી નથી. જ્યાં મોહ સર્વથા ટળી ગયો ને ત્રણકાળ ત્રણલોક જ્ઞાનમાં જાણાઈ ગયા ત્યાં ચિંતા શાની હોય ?



(૮) જરા : કેવળજ્ઞાન થયા પછી લાખો-કરોડો વર્ષ સુધી દેહ ટકી રહે છતાં તેમાં વૃદ્ધાવસ્થા લાગુ પડતી નથી, કરચલી પડતી નથી.

(૯) રોગ : ભગવાનને શરીરમાં રોગ ન થાય ને દવા પણ ન હોય. ભગવાનનો આત્મા તો રાગરહિત છે ને શરીર પણ રોગ રહિત છે.

(૧૦) મૃત્યુ : ભગવાનને દેહ છૂટતા મોક્ષ થાય છે પણ ફરીને નવો દેહ ધારણ કરવો પડતો નથી એટલે ભગવાનને મૃત્યુ નથી.

(૧૧) સ્વેદ : = પરસેવો -ભગવાન ઇચ્છારહિત વિહાર કરે પણ તેમને થાક ન લાગે, શરીરમાં પરસેવો ન થાય. આત્મામાં અનંતવીર્ય પ્રગટી ગયું ત્યાં નિમિત્ત તરીકે દેહમાં પણ થાક કે પરસેવો હોય નહિ. ભગવાન જમીન ઉપર વિહાર ન કરે પણ આકાશમાં વિહાર કરે.

(૧૨) ખેદ : ભગવાનને ખેદ - અણગમો ન હોય.

(૧૩) મદ : અભિમાન ભગવાનને હોતું નથી.

(૧૪) રતિ : એટલે રાગ, પ્રીતિ, ભગવાનને કોઈ ઉપર રતિ હોતી નથી.

(૧૫) વિસ્મય : આશ્ચર્ય : જ્યાં પુરું જાણાઈ ગયું છે એટલે ભગવાનના જ્ઞાનમાં કાંઈ નવીન છે જ નહિ તો આશ્ચર્ય કોનું થાય ? નવીનતા લાગે તો આશ્ચર્ય થાય ને ? પણ સર્વજ્ઞપણે બધું પહેલેથી જ જાણાઈ ગયું છે ત્યાં આશ્ચર્ય હોતું નથી.

(૧૬) નિદ્રા : ત્રણકાળ ત્રણલોકને જાણનાર ચૈતન્યસૂર્ય ઊગ્યો, એટલે ચૈતન્ય અખંડ જાગતું થઈ ગયું, પછી તેમને નિદ્રા ન હોય. સાતમા ગુણસ્થાનથી જ નિદ્રાનો અભાવ છે. સ્વરૂપની જાગૃતિનો ભાવ પ્રગટ્યો ત્યાં પ્રમાદરૂપ નિદ્રા હોતી નથી.

(૧૭) જન્મ : ભગવાન ફરીને અવતાર ધારણ કરતા નથી. મોક્ષ પામ્યા પછી જગતના જીવોને માટે અવતાર ધારણ કરે -એવા ભગવાન ન હોય.

(૧૮) ઉદ્વેગ : ભગવાનને ઉદ્વેગ હોતો નથી.

-આવા અઢાર દોષ ભગવાનને હોતા નથી. ભગવાનના ગુણો આગળની ગાથામાં કહેશે.

હવે ટીકામાં અઢાર દોષોનું વર્ણન કરે છે :

(૧) અશાતાવેદનીય સંબંધી તીવ્ર અથવા મંદ કલેશની કરનારી તે ક્ષુધા છે (અર્થાત્ વિશિષ્ટ - ખાસ પ્રકારના-અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે ખાવાની ઇચ્છારૂપ દુઃખ તે ક્ષુધા છે.)

આત્માના આનંદમાં લીનતા છે, ત્યાં ક્ષુધા ઉત્પન્ન જ થતી નથી. ક્ષુધામાં નિમિત્ત થાય એવા પ્રકારનું અશાતાકર્મ ભગવાનને નથી. અહીં શરીરની પર્યાયને ક્ષુધા નથી કહી, પણ ખાવાની ઈચ્છારૂપ દુઃખ થાય તેને ક્ષુધા કહી છે. ઈચ્છારૂપ દુઃખ થાય તો જ શરીરની ક્ષુધાને નિમિત્ત કહેવાય. ભગવાનને ભૂખ લાગે ને ભગવાન આહાર ખાય -એમ માને તેણે તો ભગવાનને સાધારણ માણસ જેવા માની લીધા છે. ખાવાની ઈચ્છા થાય તેમાં મોહનીય કર્મ નિમિત્ત છે. ભગવાનના શરીરમાં એવા પ્રકારની દશા થતી નથી કે ક્ષુધા લાગે અને ખાવાની ઈચ્છા થાય. તેમને તેવી તીવ્ર અશાતા પણ નથી ને ખોરાકની ઈચ્છા પણ નથી. તથા બહારમાં આહાર પણ હોતો નથી.

(૨) અશાતાવેદનીય સંબંધી તીવ્ર, તીવ્રતર (-વધારે તીવ્ર), મંદ અથવા મંદતર પીડાથી ઊપજતી તે તૃષા છે (-અર્થાત્ વિશિષ્ટ અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે પીવાની ઈચ્છારૂપ દુઃખ તે તૃષા છે).

સાધારણ અશાતાવેદનીય હોય છે. પણ એવી અશાતા નથી હોતી કે જેથી તૃષા લાગે; પાણી પીવારૂપ ઈચ્છા થાય તે તો મોહ છે. ભગવાનને મોહ હોતો નથી ને તૃષા હોતી નથી. ચૈતન્યના આનંદની તૃપ્તિ વર્તે છે તેમાં પાણીની તૃષા ક્યાંથી હોય ?

(૩) ભય : ભગવાનને ભય નથી. ભગવાન કોઈની માળા જપે નહિ કે હથિયાર રાખે નહિ. જેને કોઈકનો ભય હોય તે જાપ જપે કે હથિયાર રાખે. આ લોકનો ભય, પરલોકનો ભય, અરક્ષાભય, અગુપ્તિભય, મરણભય, વેદનાભય અને અકસ્માતભય એમ ભય સાત પ્રકારે છે.

આવા ભગવાનને ઓળખ્યા વિના બધાને સાચા માને તે તો મૂઢતા છે. સર્વજ્ઞ પરમાત્મા કેવા હોય ને તેમણે કહેલો માર્ગ કેવો હોય તે અહીં કુંદકુંદાચાર્યદેવ ઓળખાવે છે. આવા ભગવાનને ઓળખો ને તેમણે કહેલાં આત્માના ધર્મને જાણો.

(૪) રોષ : ક્રોધી પુરુષનો તીવ્ર પરિણામ તે રોષ છે.

ભગવાનને રોષ ન હોય. ભગવાન તો ચૈતન્ય અરીસો થઈ ગયા છે, બધાને જ્ઞાતાપણે જાણે છે, કોઈ જીવો ન માને તો તેના ઉપર રોષ થતો નથી. ક્રોધના પરિણામનો જ ભગવાનને તદ્દન અભાવ છે. દુશ્મન પર ક્રોધ કરે તે ભગવાન ન કહેવાય.

(૫) રાગ પ્રશસ્ત અને અપ્રશસ્ત હોય છે. દાન, શીલ, ઉપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ય વગેરેમાં ઉત્પન્ન થતો તે પ્રશસ્ત રાગ છે અને સ્ત્રી સંબંધી, રાજા સંબંધી, ચોર સંબંધી તથા ભોજન સંબંધી વિકથા કહેવાના ને સાંભળવાના કૌતૂહલપરિણામ તે અપ્રશસ્ત રાગ છે.

ભગવાન દાન ન આપે. દાનનો ભાવ તે પાપ નથી, પણ પુણ્યભાવ છે, તે પ્રશસ્ત રાગ છે. એટલે કે શુભભાવ છે. જડની લેવા-દેવાની ક્રિયા તો પર છે, તે વખતે ઉત્પન્ન થતો જે શુભ રાગ



તે પુણ્ય છે. તેવો રાગ ભગવાનને હોતો નથી. પર જીવોને જ્ઞાનદાન દઉં -એવો રાગ ભગવાનને હોતો નથી. આમાં એ વાત પણ આવી ગઈ કે દાનનો ભાવ તે રાગ છે, તે ધર્મ નથી, ધર્મ તો તેનાથી જુદી ચીજ છે. રાગરહિત આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે ધર્મ છે. ધર્મ અને પુણ્ય બન્ને જુદી ચીજ છે. દાન, શીલ, તપ વગેરેનો શુભભાવ અનંતવાર કર્યો, પણ તે મોક્ષનું કારણ નથી. તેનો અભાવ થાય ત્યારે મોક્ષનું કારણ છે. ભગવાનને તે દાન વગેરેના ભાવનો અભાવ છે. ધર્મ, પુણ્ય અને પાપ એ ત્રણે જુદી ચીજ છે. હિંસાદિભાવ તે પાપ છે, દયા-દાનનો ભાવ તે પુણ્ય છે ને ધર્મ તો અંતરના શ્રદ્ધા-જ્ઞાન કરીને એકાગ્રતા કરવી તે છે. કેવળીને દાન વગેરેનો ભાવ હોતો નથી, તેવા કેવળી ભગવાનને જે માને તે જીવ દાન વગેરેના શુભભાવમાં ધર્મ માને નહિ. દાનાદિના શુભ રાગમાં ધર્મ માને તો તેણે સર્વજ્ઞ ભગવાનને માન્યા નથી.

એ જ પ્રમાણે શીલ એટલે બ્રહ્મચર્ય વગેરેનો શુભભાવ - તે પણ ભગવાનને હોતો નથી. અબ્રહ્મનો ભાવ તે પાપ છે, ને બ્રહ્મચર્યનો શુભભાવ તે પુણ્ય છે, ભગવાનને તે બન્ને હોતા નથી.

ઉપવાસનો જે શુભભાવ તે ભગવાનને હોતો નથી. જુઓ, ઉપવાસનો શુભ રાગ થાય તે ધર્મ નથી, હું તપ કરું એવી વૃત્તિ ભગવાન અર્હંતપરમાત્માને હોતી નથી. ભગવાન તો વીતરાગ છે, જ્ઞાનાનંદમાં પૂર્ણ મસ્ત થઈ ગયા છે. પ્રશસ્ત રાગમાં દાન, શીલ, તપ અને વૈયાવૃત્ય -એ ચારેને મુખ્ય બતાવીને 'વગેરે' એમ કહી દીધું છે. લોકો દાન, શીલ, વગેરે શુભભાવમાં ધર્મ માની બેઠા છે, પણ અહીં કહ્યું કે ભગવાનને તેવા ભાવો હોતા જ નથી, ભગવાનને જે ભાવ ન હોય તે ભાવ તારો ધર્મ નથી. ચૈતન્ય શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા છે તેનું ભાન કર્યા વિના ધર્મ થાય નહિ.

ગુરુજનોની વૈયાવૃત્યનો ભાવ ભગવાનને હોતો નથી. ચાર સંઘને ભગવાન નમસ્કાર કરે નહિ. સિદ્ધ ભગવાનને નમસ્કાર કરવાની વૃત્તિ પણ ભગવાનને હોતી નથી. ''નમો તીથ્થસ્સ'' એમ ભગવાન ન બોલે. છદ્મસ્થ ગુરુ હોય તેનો વિનય ભગવાન ન કરે. વિનયનો કે વંદનનો વિકલ્પ છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય છે, પછી વંદ્ય-વંદકભાવનો વિકલ્પ હોતો નથી, તો ભગવાનને તો તે ભાવ ક્યાંથી હોય ? ન જ હોય. પોતે પૂર્ણ પરમાત્મદશા પામી ગયા છે પછી કોને વંદન કરવાનું હોય ? મુનિઓ, કેવળી ભગવંતો પ્રત્યેનો વિનય-બહુમાનનો ભાવ તે પ્રશસ્ત રાગ છે, તે રાગ ભગવાનને હોતો નથી. રાગ ટાળ્યો ત્યારે તો કેવળજ્ઞાન થયું છે. ભગવાનને શુભ રાગ હોતો નથી -એ વાત પહેલાં કરી. હવે અપ્રશસ્ત રાગ પણ હોતો નથી એમ કહે છે. ભગવાનની વાણીમાં સ્ત્રીની કથા આવે પણ ભગવાન તો વીતરાગ છે. સ્ત્રી, રાજા, ચોર અને ભોજન સંબંધી વાત કરવામાં કે સાંભળવામાં કુતૂહલ પરિણામ થાય તે ભૂંડા પરિણામ છે, તેવા પરિણામ ભગવાનને હોતા નથી.

(૬) ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ તે પ્રશસ્ત છે અને તે સિવાયનો મોહ અપ્રશસ્ત જ છે.

શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે. (૧) ઋષિ (૨) મુનિ (૩) યતિ અને (૪) અણગાર. ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે; અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે; ઉપશમક અથવા ક્ષપક શ્રેણીમાં આરૂઢ શ્રમણ તે યતિ છે; અને સામાન્ય સાધુ તે અણગાર છે. આ પ્રમાણે ચાર પ્રકારનો શ્રમણસંઘ છે.

તે ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્યનો ભાવ જાગે, ભક્તિનો ભાવ જાગે, તે પ્રશસ્ત મોહ છે. તે મોહભાવ ભગવાનને નથી.

સમ્યગ્દર્શનના આઠ અંગ કહ્યા છે તેમાં વાત્સલ્ય આવે છે. પણ તે તો વ્યવહારની વાત છે. ભગવાનને તેવું વાત્સલ્ય હોતું નથી. કેવળીને બીજા કેવળી પ્રત્યે વાત્સલ્ય એટલે કે પ્રેમ(સ્નેહ) હોતો નથી. વાત્સલ્ય તે પર તરફની લાગણી છે, મોહ છે, તે આત્માનું સ્વરૂપ નથી. સંસારના કુંટુંબ વગેરે ઉપરનો પ્રેમભાવ તે અપ્રશસ્ત મોહ છે, તેવો મોહ ભગવાનને હોતો નથી.

ચાર તીર્થ સ્થાપવાનો મોહ ભગવાનને નથી. દિવ્યધ્વનિ સહજપણે છૂટ્યો ને સાંભળનારાએ પોતાના ભાવે સમજીને મુનિદશા વગેરે પ્રગટ કરી. એટલે પોતે પોતાની લાયકાતથી જ ચારે તીર્થો થયા ત્યાં નિમિત્ત તરીકે ભગવાનને તીર્થના કરનાર કહેવાય છે.

ચારે પ્રકારના શ્રમણો તે વીતરાગી સાધુ છે, આત્માના ભાન સહિત ચારિત્રદશામાં ઝૂલનારા સંતો છે. ચાર તીર્થ ઉપર ભગવાનને મોહ નથી. અર્હંત ભગવાનને પણ કેવળજ્ઞાન અપેક્ષાએ મુનિ કહેવાય છે.

(૭) ધર્મરૂપ તથા શુક્લરૂપ ચિંતન (-ચિંતા, વિચાર) પ્રશસ્ત છે અને તે સિવાયનું (આર્તરૂપ તથા રૌદ્રરૂપ ચિંતન) અપ્રશસ્ત જ છે.

અહીં 'શુક્લધ્યાન' કહેતાં તેનો શુભ વિકલ્પ લેવો; ભગવાનને શુક્લધ્યાનની શુભ લાગણી હોતી નથી. પરમ આનંદમાં લીનતારૂપ શુક્લધ્યાન તો હોય છે, પણ તેની ચિંતા એટલે કે વિકલ્પ હોતો નથી.

(૮) તિર્યંચો તથા મનુષ્યોને વયકૃત દેહવિકાર (-વયને લીધે થતી શરીરની જીર્ણ અવસ્થા) તે જ જરા છે.

ભગવાનનો દેહ પણ કરચલી વિનાનો, વૃદ્ધાવસ્થા વિનાનો હોય છે. સાધારણ જીવોને તો ભગવાનના દેહને પણ ઓળખવો કઠણ પડે તેમ છે. ભગવાનનો દેહ પણ આવો હોય છે તો પછી ભગવાનના આત્માની તો શી વાત ! આત્માની પરમાત્મદશા પ્રગટી ત્યાં નિમિત્ત તરીકે દેહ પણ આવો હોય છે કે તેમાં વૃદ્ધાવસ્થા લાગુ પડતી નથી. લાખો-કરોડો વર્ષ રહે તો પણ, તેમને દેહમાં કરચલી વગેરે ન હોય, દેહ એવો ને એવો છેવટ સુધી રહે છે.



(૯) વાત, પિત્ત અને કફની વિષમતાથી ઉત્પન્ન થતી કલેવર (-શરીર) સંબંધી પીડા તે જ રોગ છે.

ભગવાનને ઝાડો થાય નહિ, તીર્થંકર ભગવાનને તો જન્મથી ઝાડો-પેશાબ હોતા નથી. ત્રણે કાળે ભગવાન આવા જ હોય છે. અત્યારે સીમંધર પરમાત્મા આવી દશામાં મહાવિદેહમાં બિરાજી રહ્યા છે, ને આવો ધોખમાર્ગ પ્રરૂપી રહ્યા છે, વાણી છૂટે છે પણ ઈચ્છા નથી.

ઈન્દ્રને રોગ ન થાય, તો તે ઈન્દ્રો જેને પૂજે એવા ભગવાન સર્વજ્ઞ પરમાત્માને રોગ થાય એમ બનતું જ નથી. ભગવાનને રોગ થાય ને ભગવાન દવા -લ્યે એ તો બધી તુચ્છ વાતો છે, તેવું ભગવાનનું સ્વરૂપ નથી. જ્યાં આત્માની પૂર્ણ પવિત્રતા થઈ ગઈ ત્યાં તેની સાથેના પુણ્યનું નિમિત્ત પણ એવું જ હોય કે રોગાદિ ન થાય.

(૧૦) સાદિ-સનિધન, મૂર્ત ઈન્દ્રિયોવાળા, વિજાતીય નર-નારકાદિ વિભાવ વ્યંજનપર્યાયનો જે વિનાશ તેને જ મૃત્યુ કહેવામાં આવ્યું છે.

આત્મા અનાદિ અનંત છે, ને આ દેહ તો આદિ અને અંતવાળો છે. આત્મા અમૂર્ત અતીન્દ્રિય છે, દેહ તો મૂર્ત ઈન્દ્રિયવાળો છે. આત્મા ચૈતન્યસ્વભાવ છે. આ દેહ તેનાથી વિજાતીય છે. આવી વિભાવ વ્યંજનપર્યાયનો જે વિનાશ તેને મરણ કહેવાય છે. એક દેહ છોડીને બીજો દેહ ધારણ કરે છે, ત્યાં દેહનો વિનાશ થાય તેને મૃત્યુ કહે છે. પણ ભગવાન તો દેહ છૂટતાં મુક્ત સિદ્ધ પરમાત્મા થાય છે, એટલે તેમને મૃત્યુ કહેવાતું નથી. લોકોને તો દેહ છૂટે તેને મૃત્યુ કહેવાય, ને સર્વજ્ઞ પરમાત્માને દેહ છૂટે તેને મુક્તિ કહેવાય. ભગવાનને મૃત્યુ હોતું નથી.

આવા દોષરહિત ભગવાનને ઓળખવા જોઈએ. આવા ભગવાનની શ્રદ્ધા તે તો વ્યવહારસમ્યક્ત્વ છે. ને ભગવાને કહ્યો તેવા પોતાના ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા તે પરમાર્થસમ્યક્ત્વ છે.

**ભાદરવા વદ ૧૧, બુધવાર, ૨૬-૯-૫૧.**

અહીં અર્હંત ભગવાનની ઓળખાણ આપે છે. અર્હંત ભગવાનને ૧૮ દોષ હોતા નથી. તે અર્હંત ભગવાનનું દ્રવ્ય, તેમના ગુણો અને તેમને પ્રગટેલી સર્વજ્ઞ પરમાત્મદશા, તેને જો ઓળખે તો આત્માનું સ્વરૂપ ઓળખાય છે. અર્હંતને જેવા દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેવું જ આત્માનું પરમાર્થ સ્વરૂપ છે. બીજા જે રાગાદિ ભાવો તેમનામાં નથી તે આત્માનું સ્વરૂપ નથી. આમ અર્હંત જેવા પોતાના આત્માની ઓળખાણ થતાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે.

(૧૦) અર્હંત ભગવાનને મૃત્યુ નથી. તેમને દેહનો વિયોગ પછી બીજો અવતાર નથી, એટલે દેહનો વિયોગ થતાં તો તેમને મોક્ષ થાય છે, તેને મૃત્યુ ન કહેવાય.

(૧૧) અશુભ કર્મના વિપાકથી જનિત, શારીરિક શ્રમથી ઉત્પન્ન થતો, જે દુર્ગંધના સંબંધને લીધે ખરાબ વાસવાળા જળબિંદુઓનો સમૂહ તે સ્વેદ છે.

ભગવાનને ચાર ઘાતિકર્મો તો નાશ થઈ ગયા છે, અનંતવીર્ય પ્રગટી ગયું છે, એટલે થાક કે ખેદ નથી. તેમને એવા પ્રકારના અશુભકર્મનો સંયોગ જ નથી કે જેથી પરસેવો થાય.

(૧૨) અનિષ્ટની પ્રાપ્તિ (અર્થાત્ કોઈ વસ્તુ અનિષ્ટ લાગવી) તે ખેદ છે.

જ્ઞાનીને કોઈ પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિ નથી. ને ભગવાનને તો કોઈ પદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ નથી. તેમને તો અસ્થિરતાથી પણ ખેદની લાગણી થતી નથી.

અર્હંત ભગવાન કેવા છે તે ઓળખ્યા વિના **'णमो अरिहंताणं'** એમ કહે કે **'णमो वस्त्राणं'** એમ કહે તેમાં શું ફેર છે ? અર્હંતદેવ જ મારા ભગવાન ને બીજા કોઈ નહિ - એનું શું કારણ? લક્ષણ વડે ઓળખ્યા વિના અર્હંતનું નામ લ્યે કે ખુદાનું નામ લ્યે ! તેને પોતાને તો કાંઈ ઓળખાણ નથી, તો તેને લાભ થાય નહિ.

અર્હંતદશા કેવી હોય ? ને ત્યાં શરીર કેવું હોય ? એ કાંઈ ઓળખ્યા વિના ભગવાનને નમ્યો કહેવાય નહિ. જેને નમસ્કાર કરવા છે તેને ઓળખ્યા વિના સાચા નમસ્કાર કઈ રીતે કરે ? માટે પ્રથમ અર્હંત ભગવાનની ઓળખાણ કરવી જોઈએ.

(૧૩) સર્વ જનતાના (-જનસમાજના) કર્ણમાં અમૃત રેડતાં સહજ ચતુર કવિત્વને લીધે, સહજ (સુંદર) શરીરને લીધે. સહજ (ઉત્તમ) કુળને લીધે, સહજ બળને લીધે તથા સહજ ઐશ્વર્યને લીધે આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ છે તે મદ છે.

કવિપણું કેવું લીધું ? કે સહજ હોય. ઉત્તમ કવિપણું વગેરે હોય તેનો અજ્ઞાનીને અહંકાર થાય છે, તેનું નામ મદ છે. ભગવાનને તેવો મદ ન હોય. ભગવાનનું રૂપ સહજ સુંદર હોય છે, ઈન્દ્ર હજાર આંખો કરીને જુએ છે તો પણ તૃપ્તિ થતી નથી, એવું સુંદર રૂપ હોય, પણ સર્વજ્ઞ ભગવાનને તેનો મદ હોતો નથી. શરીરનું રૂપ તો જડની આકૃતિ છે; ચૌદ બ્રહ્માંડમાં જે સુંદર રજકણો હતાં તે બધાય ભગવાનના શરીરપણે ગોઠવાઈ ગયા છે. પણ ભગવાનને અભિમાન નથી. ઉત્તમ કુળ હોય, પણ જ્ઞાનીને તેનું અભિમાન ન હોય. ને વીતરાગ ભગવાનને તો અભિમાન હોય જ નહિ. ભગવાનનો અવતાર મહા ઉત્તમ એવા ક્ષત્રિય કુળમાં જ થાય, પણ તેવા ઉત્તમ કુળનો મદ ભગવાનને ન હોય.

ભગવાનનું શરીરબળ અતુલ હોય છે. સહજપણે તેવું બળ હોય છે. વળી ભગવાનને સહજ ઐશ્વર્ય હોય, સમવસરણાદિ વિભૂતિ હોય, પણ ભગવાનને તેનો મદ ન હોય. મદ તે વિકાર છે, તે દોષ છે, તે આત્માનું સ્વરૂપ નથી.

(૧૪) મનોજ્ઞ (મનપસંદ) વસ્તુઓમાં પરમ પ્રીતિ તે જ રતિ છે. એવી રતિ ભગવાનને હોતી નથી.



(૧૫) પરમ સમરસીભાવની ભાવના રહિત જીવોને (પરમ સમતાભાવના અનુભવ રહિત જીવોને) ક્યારેક પૂર્વે નહિ જોયેલું હોવાને લીધે થતો ભાવ તે વિસ્મય છે.

ભગવાનને વિસ્મય નથી. આત્માના પરમ આનંદ રસમાં લીન છે, ને ત્રણકાળ ત્રણલોક જ્ઞાનમાં આવી ગયા છે, ત્યાં વિસ્મય થતું નથી, કુતૂહલનો ભાવ જ ટળી ગયો છે. જેને ચૈતન્યના પરમ સમરસીભાવની ભાવના નથી, તેને બહારમાં ક્યાંક નવા પદાર્થ દેખતાં વિસ્મય થાય છે. પણ ભગવાને નહિ જોયેલો એવો કોઈ પદાર્થ જ જગતમાં નથી, તેથી તેમને વિસ્મય નથી.

(૧૬) કેવળ શુભકર્મથી દેવપર્યાયમાં જ ઉત્પત્તિ, કેવળ અશુભ કર્મથી નારકપર્યાયમાં જે ઉત્પત્તિ, માયાથી તિર્યંચપર્યાયમાં જે ઉત્પત્તિ અને શુભાશુભ મિશ્ર કર્મથી મનુષ્યપર્યાયમાં જે ઉત્પત્તિ, તે જન્મ છે.

દરરોજ અબજોના દાન કરે, અહિંસા પાળે, સત્ય બોલે, બ્રહ્મચર્ય પાળે -એવા અનેક પ્રકારે શુભભાવ કરે, તો તેનાથી શું થાય ? -કે દેવપર્યાયનો જન્મ પ્રાપ્ત થાય, પણ જેનાથી જન્મનો નાશ થાય એવો ધર્મ ન થાય. ભગવાન દેવલોકમાં જન્મ ધારણ કરતાં નથી કેમ કે ભગવાનને તેવા શુભભાવ હોતા જ નથી.

જીવ અનાદિથી છે, તેણે અનંત અનંત અવતાર આત્માના ભાન વિના કર્યા; તેમાં શુભભાવ કરીને અનંતવાર સ્વર્ગમાં ગયો છે. જુઓ, અજ્ઞાનીઓ કહે છે કે શુભકર્મથી ધર્મ થાય, પણ તે વાત જૂઠી છે, કેવળ શુભકર્મથી સ્વર્ગમાં અવતાર થાય છે. ભગવાનને એવો અવતાર હોતો નથી.

મોટી હિંસા, ચોરી વગેરે મહા અધર્મના પાપભાવ સેવે, શિકાર કરે, માંસ ખાય, વગેરે પ્રકારના પરિણામવાળા જીવો નરકમાં જન્મે છે.

જે તીવ્ર કપટ-કુટિલતા-માયાના પરિણામ સેવે તે તિર્યંચમાં જન્મે છે. આડોડાઈ કરી તેથી તેમનું શરીર પણ આડું હોય છે. કેવા પરિણામથી કેવી ગતિમાં અવતાર થાય તે પણ ઓળખાવ્યું છે.

શુભ અને અશુભ એવા મિશ્ર પરિણામથી જીવને મનુષ્યપર્યાયમાં અવતાર થાય છે.

આ ચારે પ્રકારની ગતિમાં ઊપજવું તે સંસાર છે, તે જન્મ છે. તેવી ચારે ગતિમાં ભગવાનને જન્મ હોતો નથી. ભગવાન તો સિદ્ધગતિને પામે છે.

ધર્મી જીવ આત્માના ભાન સહિત એકાદ ભવ સ્વર્ગનો કરે, તો પણ તે આત્માના સ્વભાવને સાધીને અલ્પકાળમાં મુક્તિપદ પામે છે, તેને ફરીને અવતાર રહેતો નથી. સિદ્ધપદ પામ્યા પછી અનંતકાળે પણ ફરીને અવતાર થતો નથી.

(૧૭) દર્શનાવરણીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ જાય છે તે જ નિદ્રા છે.

નિદ્રા વખતે કાંઈ ખ્યાલ રહેતો નથી, તે વખતે જ્ઞાનની જાગૃતિ રોકાઈ જાય છે. ભગવાનને

તો કેવળજ્ઞાનજ્યોત પ્રગટી ગઈ છે, તેમને નિદ્રા હોતી નથી.

(૧૮) ઈષ્ટના વિયોગમાં વિક્લવભાવ (ગભરાટ) તે જ ઉદ્વેગ છે.

ભગવાનને ગભરાટ હોતો જ નથી. જ્ઞાનીને પણ ભાન છે કે મારા આત્માને કોઈ પર ચીજ વહાલી કે દવલી -એટલે કે પ્રિય કે અપ્રિય નથી. એવા ભાનસહિત ચૈતન્યમાં ઠરીને વીતરાગ સર્વજ્ઞતા પ્રગટી ત્યાં ભગવાનને ઉદ્વેગ હોતો નથી.

આ જે અઢાર મહા દોષો કહ્યા, તે દોષો સર્વજ્ઞ ભગવાન અર્હંતદેવને હોતા નથી. ક્ષુધા, તૃષા, આહાર તે બધા દોષો છે. આ દોષોથી ત્રણ લોક વ્યાપ્ત છે, પણ ભગવાન તો તે દોષોથી રહિત છે.

આવા સર્વજ્ઞ ભગવાનને ઓળખવા તે વ્યવહારશ્રદ્ધા છે.

એ રીતે ટીકા પૂરી થઈ. હવે કૌંસમાં થોડો ખુલાસો કરે છે -

વીતરાગ સર્વજ્ઞને દ્રવ્ય-ભાવ ઘાતિકર્મોનો અભાવ હોવાથી તેમને ભય, રોષ, રાગ, મોહ, શુભાશુભ ચિંતા, ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા તથા ઉદ્વેગ ક્યાંથી હોય ?

વળી તેમને સમુદ્ર જેટલા શાતાવેદનીય કર્મોદય મધ્યે બિંદુ જેટલો અશાતાવેદનીયકર્મોદય વર્તે છે, તે મોહનીય કર્મના તદ્દન અભાવમાં, લેશમાત્ર પણ ક્ષુધા કે તૃષાનું નિમિત્ત ક્યાંથી થાય ? ન જ થાય; કારણ કે ગમે તેટલું અશાતાવેદનીયકર્મ હોય તો પણ મોહનીયકર્મના અભાવમાં દુઃખની લાગણી હોઈ શકે નહિ. તો પછી અહીં તો જ્યાં અનંતગુણા શાતાવેદનીયકર્મ મધ્યે અલ્પમાત્ર (-અવિદ્યમાન જેવું) અશાતાવેદનીય કર્મ વર્તે છે. ત્યાં ક્ષુધા, તૃષાની લાગણી ક્યાંથી હોય ? ક્ષુધા-તૃષાના સદ્ભાવમાં અનંત સુખ, અનંત વીર્ય વગેરે ક્યાંથી સંભવે ? આમ વીતરાગ સર્વજ્ઞને ક્ષુધા (તથા તૃષા)નહિ હોવાથી તેમને કવલાહાર પણ હોતો નથી. કવલાહાર વિના પણ તેમને (અન્ય મનુષ્યોને અસંભવિત એવા) સુગંધિત, સુરસવાળા, સપ્તધાતુરહિત, પરમૌદારિક શરીરરૂપ નોકર્માહારને યોગ્ય, સૂક્ષ્મ પુદ્ગલો પ્રતિક્ષણ આવે છે અને તેથી શરીરસ્થિતિ રહે છે.

ભૂખ લાગે ને કોળિયાથી આહાર કરે એને ભગવાન કહેવાય નહિ. ભગવાનને ક્ષણે ક્ષણે પુણ્યના ઉદયથી અમુક પ્રકારના એવા રજકણો આવે છે કે જેથી શરીર એવું ને એવું રહે છે. ઈન્દ્રને રોગ ન થાય, ઈન્દ્રને હજારો વર્ષે આહારની વૃત્તિ થાય, તો ઈન્દ્ર દ્વારા પૂજ્ય એવા સર્વજ્ઞ ભગવાનને રોગ કે આહાર હોય એ કેમ બને ? ભગવાનને ક્ષુધા કે આહાર કે રોગ વગેરે કોઈ દોષ હોય જ નહિ. તેમને વેદનીય કર્મ છે, પણ મોહ નથી. એટલે તે વેદનીયકર્મ તો બળી ગયેલી સીંદરી જેવું છે, તે ક્ષુધા, તૃષા ઉપજાવવા સમર્થ નથી.



જુઓ, શ્રીમદ્ પણ કહે છે કે :-

**વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,**

**બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો.**

ભગવાનને ચાર અઘાતિકર્મો પડ્યા છે, પણ જેમ બળેલી સીંદરી બાંધવાનું કાર્ય ન કરી શકે, તેમ તે વેદનીય કર્મ મોહના અભાવમાં ક્ષુધા-તૃષાનું નિમિત્ત થતું નથી. નીચલી દશાના જીવોને પણ મોહ તે જ દુઃખનું કારણ છે, પૂર્ણ દશા થતાં મોહનો અભાવ થયો ત્યાં ક્ષુધા-તૃષાનું દુઃખ હોતું નથી, ને આહાર પાણી હોતા નથી. ભગવાનને નિહાર તો જન્મથી જ હોતો નથી, ને ભગવાનના માતા-પિતાને પણ નિહાર હોતો નથી.

વળી પવિત્રતાને અને પુણ્યને એવો સંબંધ હોય છે અર્થાત્ ઘાતિકર્મોના અભાવને અને બાકી રહેલાં અઘાતિકર્મોને ફળરૂપ પરમૌદારિક શરીરમાં જરા, રોગ અને પરસેવો હોતાં નથી.

વળી કેવળી ભગવાનને ભવાંતરમાં ઉત્પત્તિના નિમિત્તભૂત શુભાશુભ ભાવો નહિ હોવાથી તેમને જન્મ હોતો નથી; અને જે દેહવિયોગ પછી ભવાંતરપ્રાપ્તિરૂપ જન્મ થતો નથી તે દેહવિયોગને મરણ કહેવાતું નથી.

આ રીતે વીતરાગ સર્વજ્ઞ અઢાર દોષ રહિત છે.

એ જ રીતે અન્ય શાસ્ત્રમાં ગાથા દ્વારા કહ્યું છે કે :-

**सो धम्मो जत्थ दया सो वि तवो विसयणिग्गहो जत्थ।**

**दसअट्ठदोसरहिओ सो देवो णत्थि संदेहो॥**

**ગાથાર્થ :-** તે ધર્મ છે જ્યાં દયા છે, તે તપ છે. જ્યાં વિષયોનો નિગ્રહ છે, તે દેવ છે, જે અઢાર દોષ રહિત છે; આ બાબતમાં સંશય નથી.

રાગ-દ્વેષ-મોહભાવની ઉત્પત્તિ થાય તેટલી આત્માની હિંસા છે, ને ચૈતન્યસ્વભાવનું ભાન કરીને રાગ-દ્વેષ-મોહની ઉત્પત્તિ જ ન થવા દેવી તેનું નામ દયા છે. પોતાના આત્માને હિંસા ભાવોથી બચાવવો તેનું નામ દયા છે. પરને તો કોઈ મારી કે બચાવી શકતો નથી. પોતાના શુદ્ધ ચૈતન્યની કષાયભાવ વડે હિંસા ન થવા દેવી તે જ દયા ધર્મ છે.

ચૈતન્યના ભાનમાં એકાગ્ર થતાં જ્યાં વિષયનો નિગ્રહ થઈ જાય છે તેનું નામ તપ છે. જે ક્ષુધાદિક અઢાર દોષથી રહિત હોય તે જ દેવ છે. આ બાબતમાં સંશય નથી. આવા અઢાર દોષ રહિત નિર્દોષ પરમાત્માને ઓળખીને તેમની શ્રદ્ધા કરવા જેવી છે.

વળી શ્રી વિદ્યાનંદિ સ્વામીએ શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(मालिनी)

**अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः**
**स च भवति सुशास्त्रात्तस्य चोत्पत्तिराप्तात्।**
**इति भवति स पूजेयस्तत्प्रसादात्प्रबुद्धैः**
**न हि कृतमुपकारं साधवो विस्मरन्ति॥**

**શ્લોકાર્થ :-** ઈષ્ટફળની સિદ્ધિનો ઉપાય સુબંધ છે. (અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે.) સુબોધ સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે; માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવા યોગ્ય છે (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે), કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.

જુઓ, આ બહુ સરસ શ્લોક છે.

આ વિદ્યાનંદિ સ્વામી મહા નિર્ગ્રંથ સંત હતા, આત્માના આનંદમાં છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા હતા, તેમણે આ શ્લોક રચ્યો છે. તેમાં કહે છે કે ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે.

ઈષ્ટ ફળ એટલે મોક્ષ. આત્માને ઈષ્ટ તો પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપ મુક્તદશા જ છે. પૈસા મળે કે પુત્ર મળે તે ખરેખર આત્માનું ઈષ્ટ નથી, તેમાં આત્માનું સુખ નથી. જેમાં ચૈતન્યના પરમ આનંદની પ્રાપ્તિ થાય તેવી મુક્તદશા જ અમને તો ઈષ્ટ છે. પુણ્ય બંધાય ને સ્વર્ગનું ઈન્દ્રપદ મળે તેને ધર્મી પોતાનું ઈષ્ટ ફળ માનતા નથી. જેને આત્મા વહાલો છે તેને તો મુક્તદશા જ ઈષ્ટફળ છે. મુક્તિ સિવાય જેને કોઈ પણ પર ચીજ ઈષ્ટ લાગે - વહાલી લાગે તેને મોક્ષ ઈષ્ટ નથી પણ સંસાર ઈષ્ટ છે, એટલે તે મિથ્યાદષ્ટિ છે. અમારું વહાલામાં વહાલું ઈષ્ટ ફળ તો મોક્ષપદ છે. ને તે મોક્ષફળની પ્રાપ્તિનો ઉપાય તો સુબોધ છે. ચૈતન્ય સ્વભાવનું સમ્યગ્જ્ઞાન કર્યા સિવાય લાખ ઉપાયે પણ મુક્તિ થતી નથી. દુઃખ શું છે ? કે ચૈતન્યનો વિકૃતભાવ તે દુઃખ છે. ચૈતન્યના ભાન વડે તે વિકૃતિ ટાળી દેતાં સહજ આનંદ રહી જાય છે, તેનું નામ મુક્તિ છે. એવી પરમાનંદમય મુક્તદશાનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. લૌકિક ડહાપણ કે બુદ્ધિનો ઉઘાડ તેને ખરેખર સુવિદ્યા કહેતા જ નથી, એકલા શાસ્ત્રના ભણતરને પણ સુવિદ્યા કહેતા નથી, સુવિદ્યા તો તેને કહેવાય કે સર્વજ્ઞ ભગવાને કહેલો આત્માનો સ્વભાવ શું ને પરભાવ શું ? તે સમજે. એવો સુબોધ જ મુક્તિનું કારણ છે. આત્મસિદ્ધિમાં શ્રીમદ્ પણ કહે છે કે :

**''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.''**

સમજણ એટલે કે સુબોધ એ જ મુક્તિનો ઉપાય છે. આત્માની ચિરસ્થાયી શાંતિનો ઉપાય સમ્યગ્જ્ઞાન



છે, તે સમ્યગ્જ્ઞાન કેમ થાય ? તો કહે છે કે સુબોધ સુશાસ્ત્રથી થાય છે. સર્વજ્ઞ પરમાત્માની ધ્વનિમાં કહેલું તત્ત્વ બતાવે તે સુશાસ્ત્ર છે, તે જ સમ્યગ્જ્ઞાનનું કારણ છે. એ સિવાય કુશાસ્ત્રથી સમ્યગ્જ્ઞાન થાય નહિ. સુશાસ્ત્ર જ સુબોધનું નિમિત્ત થાય છે. જે સમજે તેને તે નિમિત્ત થાય છે.

સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્ત એવા સર્વજ્ઞદેવથી થાય છે. સર્વજ્ઞને સામાન્ય ભાષા ન હોય પણ ૐ એવો સહજ ધ્વનિ હોય. તે સાંભળનારા સૌ પોતપોતાની ભાષામાં લાયકાત પ્રમાણે સમજી જાય છે. એવા સર્વજ્ઞની વાણી તે સુશાસ્ત્ર છે. તે જ સમ્યગ્જ્ઞાનનો ઉપાય છે. એ રીતે મુક્તિ માટે સર્વજ્ઞનો નિર્ણય કરવો જોઈએ. તેમણે કહેલાં તત્ત્વનો નિર્ણય કરીને સમ્યગ્જ્ઞાન કરવું જોઈએ. સર્વજ્ઞે કહેલું જિનેન્દ્રશાસન તે વસ્તુનો સ્વભાવ છે. સર્વજ્ઞની વાણીની પરંપરા ઝીલીને સંતોએ જે વાત કરી તે પણ ભગવાનની જ વાણી કહેવાય છે.

સર્વજ્ઞની સત્તાનો નિર્ણય કરવો જોઈએ. જેને સર્વજ્ઞનો નિર્ણય નથી, તેને શાસ્ત્રનો નિર્ણય નથી, શાસ્ત્રના નિર્ણય વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ ને સમ્યગ્જ્ઞાન વિના મોક્ષ ન થાય.

આ રીતે સર્વજ્ઞના પ્રસાદથી જ સુશાસ્ત્રની ઉત્પત્તિ અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે તેઓ જ પૂજ્ય છે. પોતે પોતાની લાયકાતથી સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું ત્યાં નિમિત્તમાં આરોપ કરીને કહે છે કે હે નાથ ! આપના જ પ્રસાદથી હું સમ્યગ્જ્ઞાન પામ્યો. આપે જ અમને સમ્યગ્જ્ઞાન આપ્યું.

આત્મસિદ્ધિમાં કહે છે : **તે તો પ્રભુએ આપિયો.....''**

શું આનો આત્મા ગુરુ પાસે હતો ? શું આત્મા કોઈ કોઈને અપાતો હશે ? પણ પહેલાં પોતાને પોતાનું ભાન ન હતું અને હવે ગુરુના ઉપદેશથી તે ભાન થયું, તેથી વિનયપૂર્વક કહે છે કે હે નાથ! આપે તો પરમ કૃપા કરીને મને આત્મા આપ્યો. આવું નિમિત્તનું કથન છે.

અહીં તો કહ્યું કે પરમ ઈષ્ટ એવી મુક્તિ તે સર્વજ્ઞદેવની કૃપાનું જ ફળ છે. કેમ કે સર્વજ્ઞદેવથી જ શાસ્ત્રની ઉત્પત્તિ થાય છે, ને શાસ્ત્રથી જ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તે સમ્યગ્જ્ઞાન જ મોક્ષનું કારણ છે. એ રીતે મોક્ષનું બીજ સર્વજ્ઞ ભગવાન છે. માટે તે સર્વજ્ઞદેવ જ બુધ પુરુષો વડે પૂજવા યોગ્ય છે, કેમ કે કરેલા ઉપકારને સજ્જનો ભૂલતા નથી. પોતાને રાગ છે ત્યાં સુધી ઉપકારી પ્રત્યે બહુમાનનો ભાવ આવ્યા વગર રહેતો નથી.

**ભાદરવા વદ ૧૨, ગુરુવાર, ૨૭-૯-૫૧.**

સર્વજ્ઞદેવ અઢાર મહાદોષથી રહિત છે. તે અઢાર દોષોનું વર્ણન કર્યું. વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય ત્રણ લોક તે દોષોથી વ્યાપ્ત છે, વીતરાગ સર્વજ્ઞદેવ તે દોષોથી રહિત છે - એમ છઠ્ઠી ગાથામાં કહ્યું.

હવે છઠ્ઠી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા સર્વજ્ઞ

ભગવાન શ્રી નેમિનાથની સ્તુતિ કરે છે :

**શ્લોક ૧૩**

(मालिनी)

**शतमखशतपूज्यः प्राज्यसद्बोधराज्यः**
**स्मरतिरसुरनाथः प्रास्तदुष्टाघयूथः ।**
**पदनतवनमाली भव्यपद्मांशुमाली**
**दिशतु शमनिशं नो नेमिरानन्द भूमिः ॥ १३ ॥**

**શ્લોકાર્થ :-** જે સો ઈન્દ્રોથી પૂજ્ય છે, જેમનું સદ્બોધરૂપી (સમ્યગ્જ્ઞાનરૂપી) રાજ્ય વિશાળ છે, કામવિજયી (લૌકાંતિક) દેવોના જે નાથ છે, દુષ્ટ પાપોના સમૂહનો જેમણે નાશ કર્યો છે, શ્રીકૃષ્ણ જેમના ચરણોમાં નમ્યા છે, ભવ્યકમળના જે સૂર્ય છે (અર્થાત્ ભવ્યોરૂપી કમળોને વિકસાવવામાં જે સૂર્ય સમાન છે), તે આનંદભૂમિ નેમિનાથ (-આનંદના સ્થાનરૂપ નેમિનાથ ભગવાન) અમને શાશ્વત સુખ આપો. ॥ ૧૩ ॥

જુઓ, આ ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ પોતે મહા બ્રહ્મચારી છે, ને સર્વજ્ઞની સ્તુતિ કરતાં પણ તેમણે બ્રહ્મચારી એવા શ્રી નેમિનાથ પ્રભુની સ્તુતિ કરી છે. સર્વજ્ઞપદ પામ્યા તે તો બધાય સરખા જ છે, તેમાં કાંઈ ગુણની હીનાધિકતા નથી. ભગવાન અર્હંતદેવને શરીર હોય પણ આહાર કે તૃષા વગેરે ન હોય. આવા સર્વજ્ઞ પુરુષ જ આપ્ત છે, ને તે જ આત્માના હિતને માટે માનવા યોગ્ય છે. મોક્ષનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. ને સુશાસ્ત્રની ઉત્પત્તિ સર્વજ્ઞદેવના શ્રીમુખથી થાય છે. માટે મોક્ષના કામી જીવે એવા સર્વજ્ઞદેવને ઓળખીને પૂજવા યોગ્ય છે.

તેવા સર્વજ્ઞમાં અહીં નેમિનાથ પ્રભુની સ્તુતિ કરતાં મુનિરાજ કહે છે કે ભગવાન સો ઈન્દ્રોથી પૂજ્ય છે. ભગવાનને સદ્બોધરૂપી રાજ્ય છે. વિશાળ જ્ઞાનની આજ્ઞામાં જે પ્રમાણે જણાયું છે તે જ પ્રમાણે થાય છે, જ્ઞાનની આજ્ઞાને કોઈ ઉલ્લંઘતું નથી. જ્ઞાનનો પૂરો વિકાસ થઈ ગયો ને આખા જગતનું જ્ઞાન થઈ ગયું તે જ સાચું રાજ્ય છે, તે જ્ઞાનનું રાજ્ય વિશાળ છે. આ નેમિનાથ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે ભગવાન કામવિજયી એવા લૌકાંતિક દેવોના નાથ છે. લૌકાંતિક દેવો પાંચમા સ્વર્ગમાં વસે છે, તેઓ બ્રહ્મચારી જ હોય છે, ને એકાવતારી હોય છે. તેમને બ્રહ્મર્ષિ કહેવાય છે. તે બ્રહ્મચારી દેવોના જે નાથ છે એવા નેમિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. લૌકાંતિક દેવો પણ તેમના ચરણને વંદે છે, માટે નિમિત્ત તરીકે ભગવાનને નાથ કહ્યા છે. તે દેવો આત્માની સર્વજ્ઞશક્તિને માનનારા સમ્યગ્દૃષ્ટિ છે, એટલે આત્માના શ્રદ્ધા-જ્ઞાન પ્રાપ્ત કર્યા છે, તે ટકાવી રાખે છે ને નહિ મળેલી એવી સર્વજ્ઞદશાની પ્રાપ્તિ કરે છે તેમાં ભગવાન નિમિત્ત છે, માટે ભગવાનને નાથ કહેવાય



છે. નાથ એટલે જોગ-ક્ષેમના કરનારા; જે મેળવ્યું તેનું રક્ષણ કરે અને જે ન મળ્યું હોય તેને મેળવી આપે તેને નાથ કહેવાય છે.

ભગવાનને લૌકાંતિક દેવોના નાથ કહ્યા. તેમાંથી એમ નીકળે છે કે તે લૌકાંતિક દેવો સમ્યગ્દૃષ્ટિ છે, તેમણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું તેના ભગવાન રક્ષક છે, ને નહિ મળેલી એવી સર્વજ્ઞતાને મેળવી આપવામાં ભગવાન નિમિત્ત છે. ભગવાન જેના નાથ હોય તે જીવને સ્વભાવના ભાનથી સમ્યગ્દર્શન તો પ્રાપ્ત હોય જ; તે સમ્યગ્દર્શનને તો હવે જવા દે નહિ, ને નહિ મળેલી એવી પરમાત્મદશાને પમાડે - એ રીતે ભગવાન નાથ છે. ભગવાન સમ્યગ્દૃષ્ટિઓના જ નાથ છે.

વળી ભગવાને સમસ્ત દુષ્ટ પાપોનો નાશ કર્યો છે. ને શ્રીકૃષ્ણ તેમના ચરણકમળમાં નમ્યા છે. શ્રીકૃષ્ણ સમ્યગ્દૃષ્ટિ હતા. તે નેમિનાથ ભગવાનના વખતમાં થયા હતા, ને નેમિનાથ ભગવાનના ચરણમાં નમ્યા હતા. ભગવાન અર્હંતપદે હતા તે વખતની આ સ્તુતિ છે.

ભવ્ય જીવોરૂપી કમળને વિકસાવવા માટે ભગવાન સૂર્ય સમાન છે. જેમ કળીમાં ખીલવાની તાકાત છે, લાકડું ખીલતું નથી, તેમ ભવ્ય જીવ ચૈતન્યસ્વભાવની શક્તિનું ભાન કરીને તેમાં એકાગ્રતાથી વિકાસ પામે છે, તેમાં નિમિત્ત તરીકે ભગવાન છે. જે જીવમાં ખીલવાની લાયકાત નથી તેને માટે ભગવાન નિમિત્ત પણ નથી. ત્રિકાળ સત્ છે, ને તેની સમય સમયની પર્યાય પણ સ્વતંત્ર છે, તેમાં નિમિત્તને લીધે કાંઈ થતું નથી. જેનામાં ખીલવાની તાકાત છે એવા ભવ્ય જીવોને જ ભગવાન નિમિત્ત છે.

વળી તે સર્વજ્ઞ ભગવાન આનંદની ભૂમિ છે, જેની ચૈતન્યભૂમિમાં આનંદના જ કણસલાં પાકે છે. અસંખ્ય પ્રદેશી આત્મા તો આનંદનું જ ક્ષેત્ર છે, દુઃખ તેના મૂળ સ્વભાવમાં નથી. નેમિનાથ ભગવાન આનંદનું જ સ્થાન છે. આવા શ્રી નેમિનાથ ભગવાન અમને શાશ્વત સુખ આપો. આ નિમિત્તથી કથન છે, તેમાં પોતાને પૂર્ણ આનંદ પ્રગટ કરવાનો ઉત્સાહ છે તે બતાવ્યો છે. હે નાથ! જેમ આપ આનંદભૂમિ છો તેમ અમારો આત્મા પણ આનંદની ભૂમિ છે, તેના શ્રદ્ધા-જ્ઞાન કર્યા છે, તેમાં લીન થઈને અમે પૂર્ણાનંદ પ્રગટ કરશું. તે આનંદ શાશ્વતપણે ટકી રહેશે. પૂર્ણાનંદને પામેલો આત્મા પાછો સંસારમાં આવે નહિ. જ્યાં સુધી આત્મા રહે ત્યાં સુધી તેનો આનંદ પણ શાશ્વત રહે. આત્માનો આનંદ આત્માથી કદી જુદો પડે નહિ. ''ભગવાન અમને શાશ્વત સુખ આપો'' એમ કહ્યું છે, ભક્તિમાં તો નિમિત્તથી કથન હોય, પણ ભાવના તો પોતાની છે ને ?

સર્વજ્ઞ ભગવાન અઢાર દોષ રહિત છે તે કહ્યું. હવે ભગવાન સકળ ગુણમય હોય છે એ વાત પણ સાથે કરે છે.

## ગાથા ૭

**णिस्सेसदोसरहिओ केवलणाणाइपरमविभवजुदो।**
**सो परमप्पा उच्चइ तव्विवरीओ ण परमप्पा॥ ७॥**

**સૌ દોષ રહિત, અનંત જ્ઞાનદગાદિ વૈભવયુક્ત જે,**
**પરમાત્મ તે કહેવાય, તદ્‌વિપરીત નહિ પરમાત્મ છે. ૭.**

**અન્વયાર્થ** : (એવા) નિઃશેષ દોષથી જે રહિત છે અને કેવળજ્ઞાનાદિ પરમ વૈભવથી જે સંયુક્ત છે, તે પરમાત્મા કહેવાય છે; તેનાથી વિપરીત તે પરમાત્મા નથી.

પૂર્વે જે અઢાર દોષ કહ્યા તે દોષોથી તથા મોહજનિત સમસ્ત દોષોથી ભગવાન રહિત છે. સર્વજ્ઞપણું ને પૂર્ણાનંદ પ્રગટેલ છે તે અપેક્ષાએ બધા દોષનો નાશ કર્યો છે. યોગનું કંપન વગેરે વિકાર છે તેને અહીં ન ગણવા કેમ કે આ અર્હંતદશાનુ વર્ણન છે.

પરમાત્મા કેવા હોય ? કે સમસ્ત દોષ રહિત અને કેવળજ્ઞાનાદિ ગુણો સહિત હોય છે; આવા જ પરમાત્મા છે, ને આથી વિપરીત હોય તે પરમાત્મા નથી. એમ અસ્તિ-નાસ્તિથી કથન કર્યું છે.

**ટીકા** : આ ગાથામાં તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે. સિદ્ધદશા પામેલા પરમાત્માની વાત નથી, પણ અર્હંતદશામાં વર્તતા તીર્થંકર ભગવાનની વાત છે.

આત્માના ગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મો-જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, અંતરાય કર્મ અને મોહનીય કર્મ છે.

આ કથન નિમિત્તથી છે. એક તત્ત્વનો બીજા તત્ત્વમાં તદ્દન અભાવ, ત્યાં કોણ કોનો ઘાત કરે? વળી 'ગુણોનો ઘાત' એમ કહ્યું. ત્યાં ગુણનો તો ઘાત કદી થાય ૦નહિ પણ ગુણની પર્યાયનો ઘાત થાય છે, તે ઘાત થવાની યોગ્યતા પોતાની પર્યાયની જ છે. ત્યારે નિમિત્ત તરીકે ઘાતિકર્મોને ઘાત કરનારાં કહ્યાં છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય એ ચાર પ્રકારના ઘાતિકર્મો છે. તે ચારે ઘાતિકર્મોનો સંપૂર્ણ નાશ ભગવાને કર્યો છે. ભગવાનને કેવળજ્ઞાન પ્રગટતાં ઘાતિકર્મોનો એક અંશ પણ રહેતો નથી, માટે નિમિત્તથી કહ્યું કે ભગવાને તે ઘાતિકર્મોનો નાશ કર્યો. કર્મો આત્માના ગુણને ઘાતે તે પણ નિમિત્તથી કથન છે, અને આત્મા કર્મનો નાશ કરે તે પણ નિમિત્તનું કથન છે. ખરેખર કોઈ કોઈના કર્તા નથી. પણ જ્યારે આત્માની લાયકાતથી પોતાની પર્યાયમાં જ્ઞાનાદિનો વિકાસ અટક્યો ત્યારે નિમિત્ત તરીકે કર્મને ઘાત કરનારા કહ્યાં અને જ્યારે આત્માને કેવળજ્ઞાન પ્રગટ્યું ત્યારે નિમિત્તરૂપ કર્મો સ્વયં ટળી ગયા, ત્યાં આત્માએ કર્મોનો નાશ કર્યો એમ નિમિત્તથી કહ્યું. એવા ઘાતિકર્મોનો નાશ કર્યો હોવાથી ભગવાન સમસ્ત દોષ રહિત છે, અથવા પૂર્વે કહેલાં અઢાર મહાદોષોથી રહિત



હોવાથી ભગવાન દોષ રહિત છે.

વળી ભગવાન કેવળજ્ઞાન વગેરે ગુણોથી સમૃદ્ધ છે. આવા કેવળીને ક્યારે માન્યા કહેવાય ? કે આત્માની શક્તિમાંથી કેવળજ્ઞાન પ્રગટ્યું છે તેવી શક્તિ દરેક આત્મામાં છે -એવી શક્તિની પ્રતીત કરે તો ખરેખર કેવળીને માન્યા કહેવાય. ભગવાનને કેવળજ્ઞાન છે એમ કહે, પણ તે કેવળજ્ઞાન પ્રગટ્યું ક્યાંથી ? આત્માની શક્તિમાંથી; તે શક્તિની પ્રતીત વગર ખરેખર કેવળજ્ઞાનની પ્રતીત થાય નહિ. ભગવાનનું કેવળજ્ઞાન તેમની શક્તિમાંથી પ્રગટ્યું છે, તેમ મારું કેવળજ્ઞાન પણ કોઈ નિમિત્તમાંથી કે રાગમાંથી પ્રગટવાનું નથી, શક્તિમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે. એવી શક્તિની પ્રતીત કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન થઈને કેવળજ્ઞાન થાય. એ રીતે, આ એકલા કેવળીની વાત નથી, પણ જેવી કેવળીની શક્તિ છે તેવી પોતાની શક્તિ છે તેની પ્રતીત સહિતની આ વાત છે.

જુઓ, જીવોને પૂર્વ ભવના કેટલાક સંસ્કાર રહી જાય છે, પણ તે જો ચૈતન્યના લક્ષે નિત્યના આશ્રયે જ્ઞાન પ્રગટ કરે તો તે જ્ઞાનના સંસ્કાર આત્મા સાથે નિત્ય રહે. આત્મા ત્રિકાળ છે, તેના આશ્રયે જ ભગવાનને સકળવિમળ એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ્યું છે.

વળી ભગવાનને પરમ વીતરાગી આનંદ પ્રગટ્યો છે. આવો ભગવાનનો વૈભવ છે. પૈસા કે મકાન તે કાંઈ આત્માનો વૈભવ નથી, પણ કેવળજ્ઞાન-દર્શન અને પરમ વીતરાગસ્વરૂપ આનંદ તે જ ભગવાનનો વૈભવ છે. તેવા વૈભવથી અર્હંત ભગવાન સમૃદ્ધ છે. આવી સમૃદ્ધિવાળા ભગવાન તે જ સાચા દેવ છે. ભગવાનનો આનંદ વીતરાગી છે; ભગવાન લોકાલોકના નાટક જુએ છે માટે તેમને આનંદ છે -એમ નથી, સંસારી જીવો રાગથી આનંદ માને છે, તે આનંદ નથી. ભગવાનનો આનંદ પરમ વીતરાગી છે. આવા પરમાત્મા છે.

તે પરમાત્મદશા કેવી રીતે થઈ ?

''ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ નિજ કારણપરમાત્માની ભાવનાથી ઉત્પન્ન કાર્યપરમાત્મા, તે જ ભગવાન અર્હંત પરમેશ્વર છે.''

અહો ! અહીં તો કાર્યપરમાત્માની સાથે કારણપરમાત્માને પણ ભેગોને ભેગો જ રાખ્યો છે, ધ્રુવ અને વર્તમાન એ બન્નેની સંધિ રાખી છે, ધ્રુવ તે કારણ ને વર્તમાન તે કાર્ય - એમ કારણ-કાર્યને ભેગાં જ રાખ્યા છે.

ધ્રુવ-અચળ-જ્ઞાયક એકરૂપ નિત્ય સ્વભાવ છે, તે કારણપરમાત્મા છે, ત્રિકાળી આત્મદ્રવ્ય નિત્ય આનંદરૂપ છે, તે જ કારણપરમાત્મા છે, તેના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરવા તેનું નામ કારણપરમાત્માની ભાવના છે. તેવી ભાવનાથી જ ભગવાન કાર્યપરમાત્મા થયા છે. કારણપરમાત્મા ત્રિકાળ છે, ને તેના આશ્રયે કાર્યપરમાત્મારૂપ નવી દશા પ્રગટે છે.

સંસાર કે મોક્ષ તે બન્ને એક સમયની પર્યાય છે, તે એક સમય પૂરતી આખી વસ્તુ નથી. વસ્તુ

તો ત્રિકાળ આનંદરૂપ-એકરૂપ-ધ્રુવ છે. તે ધ્રુવ વસ્તુ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે, તે જ કારણપરમાત્મા છે, તેની ભાવનાથી કાર્યપરમાત્મા થવાય છે. પૂર્ણ આનંદ ભગવાનને ક્યાંથી પ્રગટ્યો ? પહેલાં તો પ્રગટ ન હતો, રાગમાંથી આનંદ ન આવે, તેનો તો અભાવ થઈ જાય છે. પણ ત્રિકાળ આનંદસ્વરૂપ કારણપરમાત્મા છે, તે ત્રિકાળ આનંદશક્તિથી ભરપૂર છે. તેના શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતારૂપ ભાવના વડે તે આનંદ પર્યાયમાં પૂર્ણ વ્યક્ત થાય છે. તેનું નામ કાર્યપરમાત્મા છે. આવા કાર્યપરમાત્મા તે જ અર્હંત પરમેશ્વર છે.

નિત્યાનંદ-એકસ્વરૂપ = નિત્ય આનંદ જ જેનું એક સ્વરૂપ છે એવા. (કારણપરમાત્મા ત્રાણે કાળે આવરણ રહિત છે) અને નિત્ય આનંદ જ તેનું એક સ્વરૂપ છે. દરેક આત્મા શક્તિ અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય જ છે તેથી દરેક આત્મા કારણપરમાત્મા છે; જે કારણપરમાત્માને ભાવે છે - તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય થાય છે અર્થાત્ કાર્યપરમાત્મા થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે. આમ હોવાથી શક્તિરૂપ પરમાત્માને કારણપરમાત્મા કહેવાય છે અને વ્યક્ત પરમાત્માને કાર્યપરમાત્મા કહેવાય છે.

કારણપરમાત્મા એટલે કોણ ? ''બધા આત્માનું કોઈ એક અધિષ્ઠાન છે તે કારણપરમાત્મા છે'' - એમ નથી, પણ દરેક આત્મા પોતે સ્વતંત્ર ત્રિકાળ કારણપરમાત્મા છે. દરેક આત્માની જે ત્રિકાળ ધ્રુવ શક્તિ છે તે જ નિજ કારણપરમાત્મા છે, ને તેના જ આશ્રયે કાર્યપરમાત્મદશા પ્રગટે છે. અર્હંતને ઓળખાવ્યા અને તેનું કારણ પણ ઓળખાવ્યું. અર્હંત તે કાર્યપરમાત્મા છે, તેની સામે કારણપરમાત્માનું વર્ણન કર્યું. કાર્ય સાથે કારણ બતાવ્યું. એવી ટીકાકારની શૈલી છે. પહેલાં કાર્યનિયમની સાથે કારણનિયમ ત્રિકાળ એકરૂપ બતાવ્યો હતો. અહીં કારણપરમાત્માનું વર્ણન છે, તો તેની સામે ગૂલાંટ મારીને ત્રિકાળી કારણપરમાત્માનું સ્વરૂપ પણ બતાવ્યું. આવા કારણપરમાત્મામાંથી કાર્યપરમાત્મા થવાય છે.

કારણપરમાત્મા એટલે શક્તિ અને કાર્યપરમાત્મા એટલે વ્યક્તિ. શક્તિમાંથી વ્યક્તિ થાય છે, શક્તિ તે કારણપરમાત્મા, ને તેમાંથી વ્યક્તિ તે કાર્યપરમાત્મા છે. શક્તિરૂપે બધા આત્મામાં ત્રાણે કાળે પરમાત્મપણું છે, તે કારણપરમાત્મા છે, તેમાંથી જ કાર્યપરમાત્મદશા પ્રગટે છે. કોઈ પુણ્ય, વિકલ્પ કે નિમિત્તમાંથી તો તે કાર્યપરમાત્મદશા નથી આવતી, વ્યવહારરત્નત્રય પણ તેનું કારણ નથી, ને નિશ્ચયરત્નત્રયની જે પર્યાય તેમાંથી પણ પરમાત્મદશા પ્રગટતી નથી, માટે નિશ્ચયરત્નત્રયની પર્યાય પણ પરમાર્થે કારણ નથી. જે કાર્ય પ્રગટ્યું તેની સાથે કારણપરમાત્મપણું પણ સદા ઊભું જ છે. જો નિશ્ચયરત્નત્રય પર્યાયમાંથી તે કાર્ય પ્રગટ્યું હોય તો તે પર્યાય ટળતાં કાર્ય રહી ન શકે. કાર્યપરમાત્મદશા પ્રગટી તે સાદિઅનંત રહ્યા કરે છે, ને તેની સાથે સમયે સમયે તેનું કારણ પણ રહ્યા જ કરે છે. કાર્ય થયું તે સમયે સમયે ચાલુ જ રહ્યા કરે છે, તો તેની સાથે તેનું કારણ પણ ચાલુ જ રહે છે.



માટે નિશ્ચયથી કારણપરમાત્મા તે જ કાર્યપરમાત્માનું કારણ છે. સમયે સમયે જો કારણ ન વર્તતું હોય તો પરમાત્મદશારૂપી કાર્ય પણ ટકી ન શકે. કારણ ને કાર્ય બન્ને સાથે ને સાથે જ રાખીને અપૂર્વ વાત કરી છે. કારણપરમાત્મા ત્રિકાળ શુદ્ધ છે ને તેને જાણીને, તેની જ ભાવના કરવી તે જ પરમાત્મદશાનું કારણ છે.

કોઈ કહે કે : શુદ્ધ આત્માને તો જાણ્યો, પણ હવે કરવું શું ? તો તેમ પૂછનારે શુદ્ધ આત્માને જાણ્યો જ નથી. શુદ્ધ કારણપરમાત્માને જાણે, તેની પ્રતીત કરે, તેને ''શું કરવું ?'' એવો પ્રશ્ન જ ન રહે. તે કારણપરમાત્માનો આશ્રય અને ભાવના કરવી તે જ કર્તવ્ય છે. કારણપરમાત્મા તો ત્રિકાળ છે, પણ તે કારણને કારણ તરીકે શ્રદ્ધામાં લીધું ત્યારે કાર્ય પ્રગટ્યું. જેને કારણપરમાત્માની પ્રતીત નથી તેને માટે તો કારણપરમાત્મા ક્યાં છે ? તેને તો તેનું અસ્તિત્વ ભાસ્યું નથી. જ્યાં અંતરમાં વળીને તે સ્વભાવને કબૂલ્યો ત્યાં તે કારણના આશ્રયે કાર્ય પ્રગટ્યું. કારણપરમાત્માની ભાવનાથી કાર્યપરમાત્મદશા પ્રગટે છે. પોતે જાગ્યો અને સ્વભાવની શ્રદ્ધા કરી ત્યારે કહ્યું કે અહો ! હું તો ત્રિકાળ આવો કારણપરમાત્મા જ છું. તેના શ્રદ્ધા-જ્ઞાન કરીને જેટલી એકાગ્રતા કરી તેટલું કાર્ય પ્રગટે છે. અજ્ઞાની કહે છે કે બહારની સામગ્રી હોય તો કાર્ય પ્રગટે. અહીં કહે છે કે અંતરના ધ્રુવ કારણપરમાત્મામાંથી કાર્ય પ્રગટે છે, બીજું કોઈ કારણ છે જ નહિ. કાર્યને જાણતાં તેના આવા કારણની પ્રતીત પણ ભેગી હોવી જોઈએ. જે આવા કારણને ન જાણે ને બહારના કારણથી કેવળજ્ઞાનરૂપી કાર્ય થવાનું માને તેણે તો કાર્યને પણ જાણ્યું નથી ને કારણને પણ જાણ્યું નથી. કાર્યને ઓળખતાં તેના કારણની ઓળખાણ પણ સાથે જ છે. આવા કારણપરમાત્માની પ્રતીત સહિત કેવળી ભગવાનને માને તો જ કેવળી ભગવાનને ખરેખર ઓળખ્યા કહેવાય.

### ભાદરવા વદ ૧૩, શુક્રવાર, ૨૮-૯-૫૧.

અરિહંત ભગવાનનું સ્વરૂપ ઓળખાવે છે. અરિહંતદેવને ઓળખ્યા વિના **''णमो अरिहंताणं''** કહે તેથી કાંઈ ધર્મનો લાભ ન થાય. જેને અરિહંતના ગુણોની ઓળખાણ નથી, તેને પોતાનો આત્મા કેવો હોય તેનું પણ ભાન નથી, ભાન વગર સ્મરણ કરે તો શુભભાવથી પુણ્ય થાય, પણ ધર્મ ન થાય.

જે અરિહંત પરમાત્મા છે તે પણ પહેલાં સંસારમાં હતા, પણ પછી આત્માનું ભાન કરીને અરિહંત થયા, આત્માનો સ્વભાવ ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ એક સ્વરૂપ કારણપરમાત્મા છે. એવા પોતાના આત્માની જ ભાવનાથી અરિહંતદશા પ્રગટે છે, તેનું નામ કાર્યપરમાત્મા છે.

એકેક આત્મા ત્રિકાળ નિરાવરણ કારણપરમાત્મા છે. જેવો અરિહંતનો આત્મા છે તેવો જ મારો આત્મા શક્તિપણે છે, એવા પોતાના આત્માને ઓળખીને તેની ભાવના કરવી તે પરમાત્મદશા પ્રગટવાનો ઉપાય છે.

સર્વજ્ઞના જ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાય છે. જગતમાં તેનો કોઈ કર્તા નથી, બધા પદાર્થો અનાદિઅનંત સ્વયંસિદ્ધ છે. આત્માની પર્યાયમાં ક્ષણિક વિકાર છે તે મૂળ સ્વભાવ નથી. તે રહિત ત્રિકાળ એકરૂપ ધ્રુવશક્તિનો ચૈતન્યપિંડ આત્મા છે તે કારણપરમાત્મા છે, તેના શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા કરતાં પૂર્ણ પરમાત્મદશા પ્રગટી જાય છે; એવી દશા જેને પ્રગટી તે જ ભગવાન અર્હંત પરમાત્મા છે.

એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની સર્વજ્ઞદશા પ્રગટી તે ક્યાંથી પ્રગટી ? પર નિમિત્તમાંથી કે વિકારમાંથી તે દશા પ્રગટી નથી, અલ્પદશાનો અભાવ થયો તેમાંથી પણ સર્વજ્ઞદશા પ્રગટતી નથી. અંદરમાં પૂર્ણ શક્તિ ધ્રુવપણે પડી છે તેમાંથી જ સર્વજ્ઞદશા પ્રગટે છે. જેમ ચોસઠ પહોરી તીખાશ લીંડીપીપરમાં જ ભરી છે. તેમાંથી તે પ્રગટે છે, બહારના કોઈ કારણે તે પ્રગટતી નથી. તેમ ચૈતન્યમાં સર્વજ્ઞદશા પ્રગટે છે તે ક્યાંથી પ્રગટે છે ? અંદર દરેક આત્મા ધ્રુવસ્વભાવી નિરપેક્ષ આનંદકંદ શક્તિથી ભરેલો છે, તે શક્તિની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં પરમાત્મદશા પ્રગટે છે. પરમાત્મદશા તે કાર્ય છે, ને તેનું કારણ આત્માનો નિત્યાનંદ સ્વભાવ છે. તેને કારણપરમાત્મા કહેવાય છે. અરિહંતદશા પ્રગટી તે કાર્ય છે. તે કાર્યને ઓળખાવતાં તેનું કારણ પણ સાથે સાથે ઓળખાવ્યું છે. આ સિવાય બહારનું કારણ માને તો તેણે પરમાત્મદશાને ઓળખી ન કહેવાય.

જુઓ, આ જૈનદર્શન ! જૈનદર્શન એ વસ્તુસ્વભાવનું દર્શન છે. જેવો વસ્તુસ્વભાવ છે તેવો સર્વજ્ઞે જાણ્યો, ને તેવો વાણીમાં કહેવાયો. જૈન સંપ્રદાય કોઈ સંપ્રદાય, વાડો કે કલ્પના નથી. આ તો સર્વજ્ઞનો માર્ગ છે. જેને ઈન્દ્રો માને છે, ગણધરો આદરે છે, ચક્રવર્તીઓ સેવે છે, સંતો અનુભવે છે. અનાદિ અનંત આ માર્ગ છે. જે અનંત તીર્થંકરો થયા ને થશે તે બધાનો આ માર્ગ છે. અત્યારે પણ મહાવિદેહમાં ભગવાન શ્રી સીમંધર આદિ તીર્થંકરો બિરાજે છે. તેઓ પણ આવા જ કારણપરમાત્માના આશ્રયે અર્હંતદશા પામ્યા છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે, ૫૦૦ ધનુષનો દેહ છે, કેવળજ્ઞાન સહિત સમવસરણમાં બિરાજે છે, વાણીનો યોગ છે. તે ભગવાન કઈ રીતે કેવળજ્ઞાન પામ્યા તેની આ વાત છે. તે વાત ભગવાનને પૂછવા જવી પડે તેમ નથી, પણ અહીં પોતાના આત્મસ્વભાવને ઓળખતાં તેનો નિર્ણય થઈ જાય છે. નિજ કારણપરમાત્માને ઓળખીને તેની ભાવના કરવી તે જ કાર્યપરમાત્મા થવાનો ઉપાય છે.

વિકાર અને શરીરમાં સુખ કલ્પીને તેની ભાવના કરે છે તે સંસારનું કારણ છે. ને વિકાર તથા દેહાદિથી રહિત નિરપેક્ષ ધ્રુવપરમાત્માની ભાવના કરવી તે કેવળજ્ઞાનનું કારણ છે. ચૈતન્ય સ્વભાવની ''ભાવના'' તે મોક્ષમાર્ગ છે. 'ભાવના' એટલે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે.

કાર્યપરમાત્મા તે અરિહંત ભગવાન છે. તેના કારણને ઓળખવું જોઈએ. કારણને ન ઓળખે તો કાર્યની ઓળખાણ પણ સાચી ન થાય. રાગને કારણે કેવળજ્ઞાન માને તો તેણે કેવળજ્ઞાનને ઓળખ્યું



નથી. સર્વજ્ઞ ભગવાન પોતે નિજ કારણપરમાત્માની ભાવનાથી પરમાત્મા થયા અને જગતને પણ એમ જાહેર કર્યું કે તમે પણ શક્તિપણે કારણપરમાત્મા છો, તેના શ્રદ્ધા, જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થાવ. કોઈ બહારના આશ્રયે તમારી પરમાત્મદશા નથી, પણ અંદર સ્વભાવના આશ્રયે જ પરમાત્મદશા ખીલે છે. જ્યાં શક્તિ પડી હોય ત્યાંથી પ્રગટે, બહારથી પ્રગટે નહિ. આ જ વિધિથી ભગવાન પરમાત્મા થયા ને બીજાને પણ તે જ વિધિ બતાવી. જેને પરમાત્મા થવું હોય તેઓ પોતાના આત્માને ઓળખીને તેમાં એકાગ્ર થાવ. એ સિવાય જન્મ-મરણ ટળશે નહિ. ભગવાનને ઓળખતાં ભગવાન થવાની વિધિ શું તે પણ ઓળખાઈ જાય છે. જેઓ આવા કારણપરમાત્માની ભાવનારૂપ વિધિથી ભગવાન થયા તે જ ભગવાન અર્હંતદેવ છે, તેમને આહારાદિ હોતાં નથી. આવા ભગવાન અર્હંતદેવના જે ગુણો છે તેવા ગુણો જેનામાં ન હોય, ને તેનાથી જે વિપરીત હોય તે બધા દેવાભાસ છે, કુદેવ છે. તેઓ ભલે દેવપણાના અભિમાનથી બળતા હોય તો પણ તેઓ ખરેખર દેવ નથી, પણ સંસારી જ છે. તે કોઈએ કહેલો માર્ગ તે મોક્ષમાર્ગ નથી પણ ઉન્માર્ગ છે.

એક ક્ષણમાં આખો ચૈતન્યમૂર્તિ કારણપરમાત્મા છે તેને જે માનતા નથી, ને કાર્ય પ્રગટવા માટે બહારનું કાંઈ પણ કારણ માને છે તે કોઈ દેવ નથી, તેમણે કહેલો માર્ગ તે મોક્ષમાર્ગ નથી પણ ઉન્માર્ગ છે; બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે બુદ્ધ વગેરે પોતાને દેવ તરીકે ભલે મનાવે અને દેવપણાના અભિમાનથી દગ્ધ હોય તો પણ તે બધા દેવ નથી, દેવાભાસ છે, સંસારી જ છે. એવા કુદેવાદિને માનવાથી તો મિથ્યાત્વ છે. અહીં સર્વજ્ઞ ભગવાને કહ્યા તેવા ભગવાનને જે ન ઓળખે તેને વ્યવહારશ્રદ્ધા પણ સાચી નથી.

એવી જ રીતે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે પ્રવચનસારની ગાથામાં કહ્યું છે કે :-

**तेजो दिट्ठी णाणं इड्ढी सोक्खं तहेव ईसरियं।**
**तिहुवणपहाणदइयं माहप्पं जस्स सो अरिहो॥**

**ગાથાર્થ** :- તેજ(ભામંડળ), દર્શન(કેવળદર્શન), જ્ઞાન(કેવળજ્ઞાન), ઋદ્ધિ(સમવસરણાદિ વિભૂતિ), સૌખ્ય(અનંત અતીન્દ્રિય સુખ), (ઈન્દ્રાદિક પણ દાસપણે વર્તે એવું)ઐશ્વર્ય અને (ત્રણ લોકના અધિપતિઓના વલ્લભ હોવારૂપ) ત્રિભુવનપ્રધાન-વલ્લભપણું - આવું જેમનું મહાત્મ્ય છે, તે અર્હંત છે.

આ ગાથા જયસેનાચાર્યદેવની ટીકામાં છે, તેમાં અર્હંતદેવ કેવા હોય તે ઓળખાવે છે. પોતે ભલે હજી પરમાત્મા ન થયા હોય પણ પરમાત્મા કેવા હોય તેની ઓળખાણ તો થાય ને ? જેમ નિર્ધન માણસ હોય તો પણ રાજાની પરીક્ષા કરીને તેને ઓળખી તો શકે ને ? તેમ પરમાત્મા થયા પહેલાં અલ્પજ્ઞ પ્રાણી પણ સર્વજ્ઞ પરમાત્માની પરીક્ષા કરીને ઓળખાણ કરી શકે છે. માટે પરીક્ષા કરીને ઓળખવું જોઈએ કે સર્વજ્ઞદશા પામેલા પરમાત્મા કેવા હોય, ને તેનાથી વિરુદ્ધ કોણ છે ? ભગવાન

સર્વજ્ઞદેવે છ દ્રવ્યો જાણ્યાં અને કહ્યાં, તેમાં આત્માની પરમાત્મદશાનું કારણ કોણ? તો કહ્યું કે પોતાનો જે પરમ ચૈતન્ય સ્વભાવ ધ્રુવ કારણપરમાત્મા છે તેની ભાવના જ પરમાત્મદશાનું કારણ છે.

પરમાત્મદશા પ્રગટી હોય તે શરીર એકદમ સુંદર-રૂપાળું, સ્ફટિક જેવું હોય છે, તેમને ભામંડળ એટલે તેજ હોય છે. આ તો પુણ્યનું ફળ છે.

વળી તે અર્હંત પરમાત્માને કેવળદર્શન અને કેવળજ્ઞાન છે. સમવસરણાદિ ઋદ્ધિ હોય છે. ભગવાન પોતે તો વીતરાગ છે, પણ ઈન્દ્રો અને દેવો આવીને સમવસરણની અદ્ભૂત રચના કરે છે, જેમાં રત્નના ગઢ હોય છે, સોનાના મોટા માનસ્થંભ હોય છે. ધર્મસભામાં દેવો-મનુષ્યો, સર્પો, સિંહ-વાઘ ને દેડકાં વગેરે લાખો-કરોડો જીવો સાંભળવા આવે છે. ભગવાન એવા સમવસરણમાં બિરાજે છે. ભગવાન કોઈના ઘરમાં ન ઊતરે. પરમાત્મદશા થઈ ત્યાં બહારમાં પણ આવો યોગ તીર્થંકરને હોય છે. વળી ભગવાનને આત્માના સ્વભાવની ભાવનાથી ઉત્પન્ન થયેલું અતીન્દ્રિય પરમ સુખ હોય છે.

ઈન્દ્ર વગેરે પણ ભગવાનના દાસપણે વર્તે છે. ભગવાનની પ્રભુતા પાસે ઈન્દ્ર પણ નમ્ર થઈને ઝૂકી પડે છે. હે નાથ ! અમે તો તારા કિંકર છીએ, તારા દાસ છીએ. આવું ભગવાનનું ઐશ્વર્ય છે. ત્રણલોકના અધિપતિઓના ભગવાન વલ્લભ છે. આવા મહિમાવાળા અર્હંત પરમાત્મા છે. આવા અર્હંતને ઓળખતાં ને તેમણે કહેલાં આત્માનું ભાન કરતાં પાપનો નાશ થઈ જાય છે. પણ ભગવાન કાંઈ કોઈના પાપને હરતા નથી.

ત્રણલોકના જે નાથ છે એવા ઈન્દ્રો-ચક્રવર્તી વગેરેને પણ આવા સર્વજ્ઞ ભગવાન વહાલા છે, અર્ધલોકના સ્વામી એવા ઈન્દ્ર પણ ભગવાનને ભક્તિપૂર્વક ચાહે છે. હે નાથ ! તારી પ્રભુતા પાસે અમે તો પામર છીએ. આવી ભગવાનની પ્રભુતા છે. આવા ભગવાનને ઓળખે નહિ ને જેને તેને માનીને માથા ઝૂકાવે તો કાંઈ કલ્યાણ થાય તેમ નથી. સમ્યગ્દ્રષ્ટિ જૈન આવા સર્વજ્ઞપરમાત્મા સિવાય બીજા કોઈને પગે ન લાગે. જેને આવી સર્વજ્ઞદશા નથી ને જે દોષસહિત છે તે તો બધા દેવાભાસ છે. એવા દેવાભાસને માને તે તો વ્યવહારે પણ જૈન નથી.

વળી એ જ રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ આત્મખ્યાતિના ૨૪મા શ્લોકમાં-કળશમાં કહ્યું છે કે :-

(शार्दूलविक्रीडित)

**कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये**
**धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।**
**दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं**
**वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः॥**



**શ્લોકાર્થ :-** જેઓ કાંતિથી દશે દિશાઓને ધૂએ છે-નિર્મળ કરે છે, જેઓ તેજ વડે અત્યંત તેજસ્વી સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે, જેઓ રૂપથી જનોના મન હરી લે છે, જેઓ દિવ્યધ્વનિ વડે (ભવ્યોના) કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય એવું સુખ ઉત્પન્ન કરે છે અને જેઓ એક હજાર અને આઠ લક્ષણોને ધારણ કરે છે, તે તીર્થંકરસૂરિઓ વંદ્ય છે.

ભગવાન અર્હંત પરમાત્માનો દેહ એવો તેજસ્વી હોય કે દશે દિશાઓ ઉજ્જવળ હોય. હજારો ચંદ્ર-સૂર્ય જેવો પ્રકાશ પડતો હોય. મધ્ય રાત્રે પણ દેહમાંથી સૂર્ય-ચંદ્ર જેવો પ્રકાશ છૂટતો હોય, એટલે ત્યાં અંધારૂ ન હોય. અંદર જ્યાં કેવળજ્ઞાનનો દિવ્યપ્રકાશ પ્રગટ્યો ત્યાં દેહ પણ અત્યંત તેજસ્વી થઈ જાય છે. તે દેહમાં જોનાર પોતાના આગલા-પાછલા સાત ભવોને ભાળે છે. ભગવાનના દેહનું તેજ સૂર્ય-ચંદ્રથી અધિક છે. તેના ચૈતન્યની તો વાત શું કરવી ? પણ તેમના દેહનું રૂપ પણ જનોના મનને હરી લે છે. ઊંચા હીરાની ડાબલી પણ ઊંચી હોય; તેમ ભગવાનનો દેહ જન્મે ત્યારથી જ એવો રૂપવાળો હોય કે ઈન્દ્રને પણ તેને નીરખતાં તૃપ્તિ ન થાય. ને કેવળજ્ઞાન થતાં તો તે દેહ પરમ ઔદારિક - સ્ફટિક જેવો થઈ જાય છે. જે જોતાં જ જનોના મન હરાઈ જાય છે. વળી ભગવાનને એવો દિવ્યધ્વનિ છૂટે છે કે સાંભળનારને કાનમાં જાણે અમૃત રેડાતું હોય તેવું સુખ ઉત્પન્ન કરે છે. ભગવાનના સમવસરણમાં ભવ્ય જીવો જ હોય છે, અભવ્ય જીવો આત્માથી તો દૂર પણ ભગવાનની વાણીથીયે તે દૂર છે. અભવ્યને ભગવાનની વાણી સાંભળવાનો યોગ હોય નહિ. ભગવાનની વાણી સાંભળતા તેની મીઠાસમાં ભવ્ય જીવો એવા લીન થઈ જાય છે કે ઉંદર અને બિલાડી એકબીજાનું વેર ભૂલી જાય છે, સિંહ અને હરણ સાથે બેસીને સાંભળે, છતાં કોઈને કોઈનો ભય હોતો નથી, એવી તે જીવોની લાયકાત છે, ને ભગવાનનો તેવો દિવ્યધ્વનિ હોય છે. વળી ભગવાનના દેહમાં એક હજાર ને આઠ સુંદર લક્ષણો હોય છે. આવા તીર્થંકરસૂરિઓ વંદ્ય છે.

હવે સાતમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા શ્રી નેમિનાથ તીર્થંકરની સ્તુતિ કરે છે :-

**શ્લોક ૧૪**

(मालिनी)

**जगदिदमजगच्च ज्ञाननीरेरुहान्त-**
**र्भ्रमरवदवभाति प्रस्फुटं यस्य नित्यम्।**
**तमपि किल यजेऽहं नेमितीर्थंकरेशं**
**जलनिधिमपि दोर्भ्यामुत्तराम्यूर्ध्ववीचिम्॥ १४॥**

**શ્લોકાર્થ :-** જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે તેમ જેમના જ્ઞાનકમળમાં આ જગત

તેમ જ અજગત (-લોક તેમ જ અલોક) સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે-જણાય છે, તે નેમિનાથ તીર્થંકર ભગવાનને હું ખરેખર પૂજું છું કે જેથી ઊંચા તરંગોવાળા સમુદ્રને પણ (-દુષ્તર સંસારસમુદ્રને પણ) બે ભૂજાઓથી તરી જાઉં. ॥ ૧૪ ॥

ટીકાકાર મુનિ પોતે મહાબ્રહ્મચારી છે ને બાળ બ્રહ્મચારી નેમિનાથ ભગવાનની સ્તુતિ કરે છેઃ

ભગવાનને અંતર સ્વભાવની શક્તિમાંથી જ્યાં જ્ઞાન વિકસ્યું, તેમાં લોકાલોક જણાઈ જાય છે, જેમ ભમરો કમળમાં સમાઈ જાય છે. એટલે કમળ મોટું ને ભમરો નાનો; તેમ જ્ઞાનકમળમાં લોકાલોક પ્રત્યક્ષપણે સમાઈ જાય છે એટલે કે જ્ઞાનસામર્થ્ય મોટું ને લોકાલોક નાના છે. આવું ભગવાનનું કેવળજ્ઞાન છે, તે ક્યાંથી આવ્યું ? આત્માની શક્તિમાંથી જ આવ્યું છે. તેવી જ પોતાના આત્માની શક્તિ છે. તેનો વિશ્વાસ કરીને એકાગ્ર થાય તો પરમાત્મદશા પ્રગટે.

અહો ! જેમણે જ્ઞાનકમળમાં લોકાલોકને પ્રત્યક્ષ જાણી લીધા તેવા શ્રી નેમિનાથ ભગવાનને હું નમુ છું કે જેથી ઊંચા તરંગોવાળા આ સમુદ્રને પણ મારી બે ભુજાઓથી હું તરી જાઉં. ગમે તેવા વિકલ્પોના તરંગો ઊઠે તેને મારા સ્વભાવની શ્રદ્ધા અને એકાગ્રતાના બળે હું તરી જાઉં ને પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરું.

આ રીતે અરિહંત ભગવાનને ઓળખાવીને તેમને નમસ્કાર કર્યા.



**ભાદરવા વદ ૧૪, શનિવાર, ૨૯-૯-૫૧.**

અરિહંત ભગવાનનું સ્વરૂપ કહ્યું. હવે તેમની વાણીનું સ્વરૂપ કહે છે. અર્હંતની વાણી તે આગમ છે. જેને અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થાય તેને આત્માનું જ્ઞાન થયા વિના રહે નહિ. અર્હંતદેવ કેવળજ્ઞાનાદિ ગુણ સહિત છે, ને ક્ષુધાદિ દોષ રહિત છે, કારણપરમાત્માની ભાવનાથી તેમને કાર્યપરમાત્મદશા પ્રગટી છે. એવા અર્હંત પરમાત્મા છે. તેમના મુખેથી નીકળેલ વાણી તે પરમાગમ છે. તેનું સ્વરૂપ હવે કહે છે.

**ગાથ ૮**

**तस्स मुहुग्गदवयणं पुव्वावरदोसविरहियं सुद्धं ।**
**आगममिदि परिकहियं तेण दु कहिया हवंति तच्चत्था ॥ ८ ॥**

**પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,**
**તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.**

**અન્વયાર્થ :-** તેમના મુખમાંથી નીકળેલી વાણી કે જે પૂર્વાપર દોષ રહિત (-આગળ પછાળ વિરોધ રહિત) અને શુદ્ધ છે, તેને આગમ કહેલ છે; અને તેણે તત્ત્વાર્થો કહ્યા છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવના મુખકમળમાંથી નીકળેલી વાણી તે આગમ છે; તે વાણી પૂર્વાપર દોષ રહિત હોય છે. પહેલાં પુણ્યને બંધનું કારણ કહે, ને વળી તેને મોક્ષનું પણ કારણ કહે - એવો પહેલાં-પછીના કથનમાં વિરોધ ન હોય. ચારે અનુયોગનું કથન પૂર્વાપર વિરોધ વગરનું છે.

કોઈ વાર દયાને પુણ્ય કહે ને કોઈ વાર દયાથી ધર્મ કહે - એવી ભગવાનની વાણી હોતી નથી. ભગવાનની વાણી પૂર્વાપર વિરોધ રહિત જ છે. જેમાં પૂર્વાપર વિરોધ હોય તે વાણી સર્વજ્ઞની નથી. પર્યાયને અંતર્મુખ કરીને જેમણે વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટ કરી, તેમની વાણીમાં પરસ્પર વિરૂદ્ધતાવાળું કથન ન હોય. આ સર્વજ્ઞની વાણીનું પ્રથમ લક્ષણ છે. જગતના દ્રવ્ય-ગુણ-પર્યાય બધાં સ્વતંત્ર છે એમ પણ કહે ને પછી એમ પણ કહે કે બીજાને લીધે પર્યાય થાય તો તેમાં પૂર્વાપર દોષ છે; તે વાણી વીતરાગની ન હોય. ચૈતન્ય સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય, ને રાગને લીધે પણ થાય એવું પરસ્પર વિરૂદ્ધ કથન વીતરાગની વાણીમાં હોય નહિ.

દ્રવ્યાનુયોગમાં કહ્યું કે કોઈ કોઈનું કાંઈ કરી શકે નહિ. દેહની ક્રિયાને આત્મા કરી શકે નહિ અને ચરણાનુયોગમાં એમ કહ્યું કે 'જોઈને ચાલવું' - ત્યાં તેનો અર્થ શરીરને ચલાવવાની ક્રિયા આત્મા કરે છે એમ બતાવવું નથી, પણ પ્રમાદના અશુભ પરિણામ ન થઈ જાય તે માટે તે કથન છે. એ

રીતે બન્ને કથનમાં વિરૂદ્ધતા નથી પણ મેળ છે.

સર્વજ્ઞદેવની વાણીમાં ગમે તેટલી અપેક્ષાના કથનો આવે પણ ક્યાંય વિરૂદ્ધતા ન હોય. એટલે તે વાણી દોષ રહિત છે અને શુદ્ધ છે. **શુદ્ધ ચૈતન્ય આત્માનું અવલંબન બતાવતી હોવાથી તે વાણી પણ શુદ્ધ છે.** રાગ, નિમિત્ત વગેરેનું અવલંબન છોડ ને તારા શુદ્ધ ચિદાનંદ કારણપરમાત્માનું અવલંબન કર ! એમ વીતરાગની વાણી સ્વભાવનું જ અવલંબન લેવડાવે છે, માટે તે વાણી શુદ્ધ છે. આવી નિર્દોષ અને શુદ્ધ વાણીને આગમ કહેવાય છે. આવા લક્ષણથી શાસ્ત્રને પરખવો જોઈએ. જે પરાશ્રયે લાભ બતાવે, રાગથી ધર્મ મનાવે, પર્યાયની પરાધીનતા મનાવે - તે વાણી નિર્દોષ નથી ને શુદ્ધ નથી, તે વાણી આગમ કહેવાય નહિ.

સર્વજ્ઞદેવે કહેલી વાણી જ નિર્દોષ અને શુદ્ધ છે. અને તે વાણીએ તત્ત્વાર્થો કહ્યા છે. સાત તત્ત્વો, દ્રવ્ય-ગુણ-પર્યાય ઈત્યાદિ તત્ત્વાર્થને વીતરાગની વાણીએ જ બતાવ્યા છે. સાત તત્ત્વો કે દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થ સ્વરૂપ બીજે ક્યાંય પણ યથાર્થ હોતું નથી. આવા આગમને ઓળખ્યા વગર ગમે તેના લખેલા કુશાસ્ત્રને માને તો તેને આગમની વ્યવહારશ્રદ્ધા પણ નથી. સર્વજ્ઞદેવે જે પરમાગમ કહ્યાં અને જે સંતોની પરંપરામાં ચાલ્યા આવે છે તે જ સાચા પરમાગમ છે. એવા પરમાગમ જ તત્ત્વાર્થનું સ્વરૂપ બતાવનારા છે.

**ટીકા** :- આ પરમાગમના સ્વરૂપનું કથન છે.

''તે (પૂર્વોક્ત) પરમેશ્વરના મુખકમળમાંથી નીકળેલ ચતુર વચનરચનાનો વિસ્તાર કે જે 'પૂર્વાપર દોષ રહિત' છે અને તે ભગવાનને રાગનો અભાવ હોવાથી પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી 'શુદ્ધ' છે તે -પરમાગમ- કહેવામાં આવેલ છે.''

ધર્મીની વાણી અનેક ભાવથી ભરેલી ગંભીર હોય છે. સર્વજ્ઞતા ખીલી ત્યાં વાણીની રચના પણ ચતુર હોય છે. વાણીનો કર્તા આત્મા નથી, પણ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે જ્યાં આત્માની પવિત્રતા પ્રગટી ત્યાં વચન પણ ઘણા ભાવો ભરેલા ચતુર નીકળે છે. સર્વજ્ઞની વાણીમાં ગમે તેટલો વિસ્તાર હોય પણ ક્યાંય પૂર્વાપર વિરોધ ન હોય.

ભગવાન રાગના અભાવવાળા છે, ને તેમની વાણી પણ હિંસાદિ પાપક્રિયાથી રહિત છે. રાગ પણ ખરેખર પાપ જ છે. સર્વજ્ઞની વાણી વીતરાગતા બતાવનારી છે, તે રાગરહિત છે. રાગનું જ્ઞાન કરાવે, પણ રાગથી લાભ ન મનાવે. અન્ય કુશાસ્ત્રો છે તે તો પાપસૂત્ર છે, ને તે તો રાગથી ધર્મ મનાવતા હોવાથી હિંસાદિ પાપક્રિયા સહિત છે. સર્વજ્ઞની વાણી ચિદાનંદ સ્વભાવના આશ્રયે જ કલ્યાણ બતાવનારી છે, રાગના આશ્રયે કલ્યાણ કહેનારી નથી. તે વાણી હિંસાદિ પાપક્રિયાઓથી રહિત છે, તેથી શુદ્ધ છે. વ્યવહારના આશ્રયથી ખરેખર લાભ મનાવે તે પણ પાપક્રિયામાં જાય છે. સર્વજ્ઞની વાણી રાગનું જ્ઞાન કરાવે છે પણ તેનાથી લાભ નથી બતાવતી, રાગનું પોષણ થાય તેવો



વીતરાગની વાણીનો ઉપદેશ નથી, તેથી તે વાણી શુદ્ધ છે. ભગવાનને પોતાને રાગનો અભાવ છે, ને તેમની વાણીમાં પણ રાગનું પોષણ કરાવે તેવો ઉપદેશ નથી, તેથી તે વાણી શુદ્ધ છે.

હવે તે વાણી કેવી છે તે વિશેષપણે કહે છે : ''ભગવાનની વાણી ભવ્ય જીવોએ કર્ણરૂપી અંજલીથી (ખોબાથી) પીવા યોગ્ય અમૃત છે.''

વાણી છે તો તેના શ્રોતા પણ છે, એમ વાણીના સામે શ્રોતા કાઢ્યા. જેમ હાથના ખોબામાં ભરી ભરીને પાણી પીએ તેમ ભવ્ય જીવોએ કાનરૂપી ખોબા ભરી ભરીને પીવા જેવી ભગવાનની વાણી અમૃત છે. ભગવાનની વાણીને ઝીલનારા શ્રોતાજનો ન હોય એમ ન બને. ભગવાન વક્તા છે ને ભવ્ય જીવો તેમની વાણીનું શ્રવણ કરીને ઝીલે છે - એમ કહ્યું.

પરમાગમ મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે. એટલે જે જીવ આગમનું જ્ઞાન કરે તેને મુક્તિસુંદરીનું મોઢું દેખાય છે. ભગવાનના મુખથી નીકળેલી વાણી મુક્તિનું મુખકમળ દેખાડનાર દર્પણ છે. ભગવાનના મુખથી વાણી નીકળી, તેની સામે મુક્તિના મુખની વાત કરી. ભગવાનની વાણીને ઓળખે તેને પોતાની મુક્તિની નિઃશંકતા થઈ જાય, માટે તે વાણી મુક્તિનું મુખ દેખાડનાર દર્પણ છે. વીતરાગવાણી સિવાય ક્યાંય મુક્તિ કે મુક્તિનો માર્ગ નથી.

''વળી તે પરમાગમ સંસારસમુદ્રના મહા વમળમાં નિમગ્ન સમસ્ત ભવ્યજનોને હસ્તાવલંબન (હાથનો ટેકો) આપે છે.''

સંસારસમુદ્રમાં પડેલા જીવોને આત્માનું સ્વરૂપ બતાવે છે તેથી મોક્ષમાર્ગમાં લઈ જવા માટે તે વાણી ટેકારૂપ છે. પણ જે પોતે ઓળખે તેને ટેકો કહેવાય. ચોરાશીના અવતારરૂપી દરિયામાં ડૂબેલા ભવ્ય જીવોને સંસારથી તરવા માટે જિનવાણી હસ્તાવલંબન સમાન છે.

વળી તે પરમાગમ કેવા છે ? ''સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ છે.''

શિખામણિ = ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન. પરમાગમ સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે, કારણ કે પરમાગમનું તાત્પર્ય સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.

પરમાગમ કોઈ પરદ્રવ્યમાં પ્રેમ કરાવતાં નથી, પણ સમસ્ત પરપદાર્થો પ્રત્યે સહજ વૈરાગ્ય કરાવે છે; ચૈતન્યના અંતરના પરિણમનમાં સહજપણે રાગનો અભાવ થઈ જાય છે, સ્વભાવમાં એકાગ્રતા થતાં રાગના અભાવરૂપ વૈરાગ્ય સહજપણે પરિણમી જાય છે. આવા સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિરૂપ પરમાગમ છે. એકલો વીતરાગભાવ જ પરમાગમમાં ભર્યો છે. પરમાગમ સ્વભાવની પૂર્ણતા તો વર્ણવે જ છે, અને પર પ્રત્યેના રાગના અભાવરૂપ અપાર વીતરાગતા પણ વર્ણવે છે. વિષયોમાં સુખ મનાવે કે રાગ થાય તો વાંધો નહિ -એમ કહે તે વીતરાગના વચન નથી. ક્યાંય રાગના અંશને પણ વીતરાગની વાણી પોષતી નથી. વીતરાગની વાણી સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતાને

પોષે છે. જ્ઞાનીના ભોગને નિર્જરાનો હેતુ કહ્યો ત્યાં રાગ પોષવાનો હેતુ નથી, પણ સ્વભાવદૃષ્ટિનું જોર બતાવવાનો હેતુ છે, એટલે તે વચન પણ વૈરાગ્યને જ પોષનારા છે.

ચૈતન્યસ્વભાવનું ભાન કરાવીને તેમાં એકાગ્ર કરાવે છે. ને અનંતા પરનો પોતામાં અભાવ બતાવીને તેનાથી વૈરાગ્ય કરાવે છે. વીતરાગની વાણી તીર્થંકરો અને કેવળી ભગવંતોથી પણ ઉદાસીનતા કરાવીને સ્વભાવમાં વળવાનું કહે છે. વીતરાગની વાણી પ્રત્યે પણ પરમાગમ વૈરાગ્ય કરાવે છે. આ રીતે પરમાગમ સહજ વૈરાગ્ય કરાવનારા છે, તેથી તે સહજ વૈરાગ્યરૂપ મહેલની ટોચ ઉપરનું રત્ન છે.

વળી તે પરમાગમ કદી નહિ જોયેલા એવા મોક્ષમહેલનું પ્રથમ પગથિયું છે.

જીવે મોક્ષ કદી જોયો નથી, તે મોક્ષમહેલનું પ્રથમ પગથિયું આગમ છે. પગથિયે આવે તેને મોક્ષ થયા વિના રહે નહિ, વીતરાગની વાણી વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ. માટે તેને મોક્ષનું પહેલું પગથિયું કહ્યું છે.

વળી તે પરમાગમ કામભોગથી ઉત્પન્ન થતાં અપ્રશસ્ત રાગરૂપ અંગારાઓ વડે શેકાતા સમસ્ત દીનજનોના મહા કલેશનો નાશ કરવામાં સમર્થ સજળ મેઘ (-પાણી ભરેલું વાદળ) છે.

કોઈ પણ પરપદાર્થના કર્તા-ભોક્તાપણાનો ભાવ તે અંગારો છે, તેમાં અજ્ઞાની દીનજનો અનાદિથી શેકાઈ રહ્યા છે. વિષયભોગમાં સુખ નથી, પણ તે તો અંગારા છે. તેમાં મહા કલેશ છે. પરની ઈચ્છા કે પરને ભોગવવાની ઈચ્છા કરીને અજ્ઞાનીજનો દીનપણે અપ્રશસ્ત રાગરૂપ અંગારામાં શેકાય છે. જેમ સકરકંદ અગ્નિમાં બફાઈ જાય તેમ અજ્ઞાનીજનો કામ-વાસનામાં દીનપણે શેકાઈ રહ્યા છે. જેને ચૈતન્યનું ભાન નથી તેઓ રાગરૂપી અંગારામાં શેકાય છે. તેવા જીવોના મહા કલેશનો નાશ કરવા માટે વીતરાગની વાણી સજળ મેઘસમાન છે. અરે જીવ ! શાંત થા ! શાંત થા !! પરથી ઉદાસીન થઈને ચૈતન્યમાં વળ ! -એમ બતાવીને વીતરાગની વાણી મહા કલેશનો નાશ કરવા માટે સજળ મેઘસમાન છે. જગતના કલેશનો નાશ કરવામાં વીતરાગની વાણી પાછી ફરે નહિ. જે જીવ તે વાણીને ઝીલે તેના સમસ્ત કલેશનો નાશ થઈ જાય છે, - એમ અહીં ઉપાદાન-નિમિત્તની સંધિ બતાવી છે.

જેમ આગ લાગે અને પાણીના બંબાથી ઓલવે તેમ દીનજનોના મહાકલેશને વીતરાગની વાણી નાશ કરી નાખે છે; મોટા રાજા-મહારાજા પણ ચૈતન્યના ભાન વિના કામ-ભોગના અપ્રશસ્ત રાગરૂપ અંગારામાં દીનપણે સળગી રહ્યા છે. પણ જે જીવો વીતરાગની વાણીનો આશ્રય કરે છે તે જીવના મહા કલેશનો તે વાણી નાશ કરી નાખે છે. એ રીતે કલેશનો નાશ કરવામાં ભગવાનની વાણી પાણીથી ભરેલા મેઘ સમાન છે.

એવી ભગવાનની વાણી તે પરમાગમ છે, તે પરમાગમે ખરેખર સાત તત્ત્વો તથા નવ પદાર્થો કહ્યા છે. જુઓ ! જગતમાં સાત તત્ત્વો છે, તે સિવાય એક જ તત્ત્વને માને કે ૨૫ તત્ત્વો માને તે યથાર્થ નથી. સાત તત્ત્વોમાં અથવા નવ પદાર્થોમાં આખું જગત આવી જાય છે. સર્વજ્ઞની વાણી



સાત તત્ત્વોને કહેનારી છે; આવા સર્વજ્ઞને, તેમની વાણીને અને તેણે કહેલાં તત્ત્વોને ઓળખવા જોઈએ, તેની ઓળખાણ વિના ધર્મ થાય નહિ.

એવી જ રીતે આચાર્યદેવ શ્રી સમંતભદ્ર સ્વામીએ રત્નકરંડ શ્રાવકાચારમાં ૪૨મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(आर्या)

**अन्यूनमनतिरिक्त याथातथ्यं विना च विपरीतात्।**
**निःसन्देह वेद यदाहुस्तज्ज्ञानमागमिनः॥**

**શ્લોકાર્થ :-** જે ન્યૂનતા વિના, અધિકતા વિના, વિપરીતતા વિના યથાતથ વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે છે તેને આગમીઓ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) કહે છે.

જેવું વસ્તુસ્વરૂપ હોય તેમાંથી કાંઈ ઓછું ન કહે, અધિક ન કહે કે વિપરીત પણ ન કહે; એવી તો વીતરાગની વાણી છે, ને તે આગમના જાણનાર વસ્તુસ્વરૂપને હીનતા રહિત, અધિકતા રહિત ને વિપરીતતા રહિત જાણે છે, તેને જ આગમવંતો જ્ઞાન કહે છે. આગમ અને જ્ઞાન - એ બન્ને હીનતા, અધિકતા તથા વિપરીતતા રહિત છે. સમ્યગ્જ્ઞાનનું માપ બહારની સભા ઉપરથી નથી. લાખો માણસોની સભામાં બુલંદ અવાજે બોલે માટે તે જ્ઞાની છે - એમ જ્ઞાનીનું માપ નથી. પણ વસ્તુસ્વરૂપ જેવું વીતરાગવાણીમાં આવ્યું તેવું જ જે જ્ઞાન જાણે છે તેને જ આગમીઓ સમ્યગ્જ્ઞાન કહે છે. સેંકડો કે હજારો અવધાન કરે, તે પણ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ નથી. ચૈતન્યસ્વભાવ અને બીજા તત્ત્વો જે રીતે આગમમાં સર્વજ્ઞે કહ્યા છે તે જ રીતે હીનાધિકતા રહિત ને વિપરીતતા રહિત જે જાણે છે તેને જ જ્ઞાનીઓ સમ્યગ્જ્ઞાન કહે છે.

આગમને ઓળખાવ્યા અને તે આગમથી થતું જ્ઞાન કેવું હોય તે પણ ઓળખાવ્યું. વળી વસ્તુસ્વરૂપમાં સંદેહ ન હોય, નિઃસંદેહપણે વસ્તુસ્વરૂપને જાણે તે જ સમ્યગ્જ્ઞાન છે.

## ભાદરવા વદ ૧૫, રવિવાર, ૩૦-૯-૫૧.

આજે સવારે, અમાસ હોવાથી, રેકોર્ડીંગ રીલ સંભળાવવામાં આવ્યું હતું.

## આસો સુદ ૧, સોમવાર, તા. ૧-૧૦-૫૧.

આ નિયમસાર છે. નિયમ એટલે મોક્ષમાર્ગ, તેને 'સાર' શબ્દ લગાડ્યો એટલે શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તે નિયમસાર છે. તેમાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનની સાથે જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો શુભ રાગ હોય તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે.

અરિહંતદેવ, પરમાગમ અને તત્ત્વોની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ છે તેનું આ વર્ણન ચાલે છે.

તેમાં અર્હંતદેવ અઢાર દોષ રહિત ને કેવળજ્ઞાનાદિ સહિત છે તેનું વર્ણન કર્યું. તેમની વાણી તે આગમ છે. ને તેમાં જીવાદિ તત્ત્વો કહ્યા છે. આવા આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધા તે શુભરાગ છે, વ્યવહાર સમ્યક્ત્વ છે. પહેલાં આવા પ્રકારનો શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. કુદેવાદિને માનવામાં તીવ્ર કષાય છે. તેને તો આત્માની શ્રદ્ધાની પાત્રતા પણ નથી.

વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય બીજા કોઈ દેવ સાચા નથી; આવા આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર સમ્યક્ત્વ ક્યારે કહેવાય ? કે તે રાગરહિત ચૈતન્યસ્વભાવનું અવલંબન લઈને તેની શ્રદ્ધા કરે ત્યારે સર્વજ્ઞની શ્રદ્ધાને વ્યવહારશ્રદ્ધા કહેવાય. નિશ્ચય શ્રદ્ધામાં તો એકલા ચૈતન્યનું જ અવલંબન છે, પણ તે ભૂમિકામાં નીચલી દશામાં સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો શુભ રાગ પણ હોય છે. તે વ્યવહારશ્રદ્ધા છે.

સર્વજ્ઞ પરમાત્મા કેવા હોય તેની પરીક્ષા કરવી જોઈએ. સર્વજ્ઞ સિવાય બીજા કોઈ દેવ સાચા ન હોય, તે સિવાય બીજાની કોઈની વાણી સાચી ન હોય ને તેણે કહેલાં તત્ત્વો પણ સાચા ન હોય. એકેક આત્મા સ્વતંત્ર છે, પરિપૂર્ણ છે, ચૈતન્યસૂર્ય છે, તેનામાં સર્વજ્ઞતા પ્રગટવાની તાકાત ભરી છે. આવું કહેનારા સર્વજ્ઞ જ હોય, બીજું કોઈ આમ ન કહે.

વીતરાગદેવની શ્રદ્ધા કરવી તેમાં જે રાગ છે તે વ્યવહાર છે. તે 'નિયમસાર' નથી. નિયમસાર તો ચૈતન્ય કારણપરમાત્માના નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધા પણ ખરેખર નિયમસાર નથી, તો પછી કુદેવાદિની શ્રદ્ધા તો ક્યાંય રહી ?

દેવ-ગુરુ-શાસ્ત્રના રાગથી જુદો સ્વભાવ જાણીને તેના શ્રદ્ધા-જ્ઞાન કરે તો તે રાગને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે. પણ જો તે શુભ રાગથી ધર્મ માને તો તે વ્યવહાર પણ નથી. એક સમયમાં પરિપૂર્ણ ચૈતન્ય ભગવાન પોતે છે તેનો સ્વીકારપૂર્વક વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આવ્યો પણ તેને ધર્મ ન માને તો તેને વ્યવહાર કહેવાય છે. જો રાગથી ધર્મ ન માને તો જ રાગને વ્યવહાર કહેવાય - આ શરત છે. મોક્ષમાર્ગ તો ચૈતન્ય સ્વભાવના અવલંબને છે. **'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ'**; વચ્ચે વ્યવહાર આવે છે તે પરમાર્થે મોક્ષમાર્ગ નથી. 'નિયમસાર' કહીને શુદ્ધ રત્નત્રય બતાવ્યા છે, ને વ્યવહાર રત્નત્રય તે ખરેખર મોક્ષમાર્ગ નથી - એમ બતાવ્યું છે.

પહેલાં સર્વજ્ઞદેવ કેવા હોય તે બતાવ્યું, અને પછી તે સર્વજ્ઞદેવની વાણીરૂપ પરમાગમ કેવા હોય તે બતાવ્યું. હવે શ્લોક દ્વારા તે જિનાગમને નમસ્કાર કરે છે.



## શ્લોક ૧૫

(हरिणी)

**ललितललितं शुद्धं निर्वाणकारणकारणं**
**निखिलभविनामेतत्कर्णामृतं जिनसद्वचः।**
**भवपरिभवारण्यज्वालित्विषां प्रशमे जलं**
**प्रतिदिनमहं वन्दे वन्द्यं सदा जिनयोगिभिः॥ १५॥**

**શ્લોકાર્થ :-** જે (જિનવચન) લલિતમાં લલિત છે, જે શુદ્ધ છે, જે નિર્વાણના કારણનું કારણ છે, જે સર્વ જીવોના કર્ણોને અમૃત છે, જે ભવભવરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે, તે આ જિનભગવાનના સદ્‌વચનને (સમ્યક્ જિનાગમને) હું પ્રતિદિન વંદું છું. ॥ ૧૫ ॥

સર્વજ્ઞ પરમાત્મદશા પ્રગટ્યા પછી હોઠ કે જીભ હલ્યા વગર દિવ્યધ્વનિ છૂટે છે. તેમને ક્રમવાળી વાણી ન હોય. તે વાણી સહજ અને અતિશય પ્રસન્નતા ઉપજાવનારી મનોહર છે, સૌ જીવો પોતપોતાની ભાષામાં સમજી જાય છે. ને તે વાણી શુદ્ધ છે એટલે રાગરહિત નિરપેક્ષ સ્વભાવના આશ્રયે જ કલ્યાણ બતાવનારી છે. પણ રાગથી કલ્યાણ બતાવતી નથી. ભગવાન શુદ્ધ છે ને તેમની વાણી પણ શુદ્ધ છે, રાગને પોષે તે વાણી શુદ્ધ ન કહેવાય.

તે વાણી નિર્વાણના કારણનું કારણ છે. નિર્વાણ એટલે મહા આનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ; તે મોક્ષનું કારણ નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે, અને તે મોક્ષમાર્ગનું કારણ સર્વજ્ઞદેવની વાણી છે. ભગવાને દિવ્યધ્વનિમાં કહ્યું તે સંતોએ અનુભવ્યું અને તેવું જ શાસ્ત્રોમાં રચાઈ ગયું છે, તે શાસ્ત્રો મોક્ષમાર્ગનું કારણ છે.

તે વાણી સર્વ ભવ્ય જીવોના કાનને અમૃત છે. અભવ્ય જીવ વીતરાગની વાણી સાંભળવા માટે નાલાયક છે. ભવ્ય કરતાં અભવ્ય જીવો અનંતમાં ભાગે છે; તે અભવ્ય જીવોની અહીં વાત નથી. અહીં તો ભવ્ય જીવોની જ વાત છે. ભવ્ય જીવોને ભગવાનની વાણી કહે છે કે :- હે જીવ ! તું પરમાનંદમૂર્તિ ભગવાન છો, ક્ષણિક વિકારનું શરણ છોડ ને સ્વભાવનું શરણ લે, તો તારા સ્વભાવના શરણે તું ભગવાન થઈશ - એમ ભગવાનની વાણી ભવ્ય જીવોના કાનમાં અમૃત રેડે છે. સાંભળનારા જીવોને ચૈતન્યની વાત અમૃત જેવી લાગે છે, માટે વીતરાગની વાણી પણ અમૃત છે. મારાથી તારું કલ્યાણ થાય એમ ભગવાન નથી કહેતા, પણ તારા સ્વભાવથી તારું કલ્યાણ થાય - એમ ભગવાન સ્વાશ્રય બતાવીને અમૃતનો ધોધ ભવ્ય જીવોના કાનમાં રેડે છે. અમૃત એટલે મરણ વગરનો ચૈતન્ય આત્મા, તેને ભગવાનની વાણી બતાવે છે, તેથી તે વાણી અમૃત છે.

જે જીવે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તેને ભગવાનની વાણી કારણ કહેવાય છે. કાર્ય હોય તેનું કારણ કહેવાય ને ? મોક્ષમાર્ગ પ્રગટ કરે તેને ભગવાનની વાણી નિમિત્ત કહેવાય છે. આત્માને સમજે તેના કાનમાં ભગવાનની વાણીએ અમૃત રેડ્યું એમ કહેવાય છે.

અજ્ઞાનભાવથી ભવભવરૂપી ભઠ્ઠીમાં જીવ સળગી રહ્યો છે, તેને શમાવવા માટે ભગવાનની વાણી જળ સમાન છે. અરે જીવ ! તું શાંત થા ! તારા ચૈતન્યનું શરણું લે, તને તારા ચૈતન્યના શરણે જ શાંતિ છે. એમ ચૈતન્યનું શરણ કરાવીને ભગવાનની વાણી ભવભવના દાવાનળને શાંત કરે છે, એટલે કે ભવનો નાશ કરાવે છે. અરે જીવ ! ભવનો ભાવ તારું સ્વરૂપ નથી, ભવરહિત તારો સ્વભાવભાવ છે, એમ ચૈતન્ય સ્વભાવ બતાવીને વીતરાગની વાણી ભવભવના ઉગ્ર દાવાનળનો નાશ કરનારી છે.

વળી વીતરાગવાણી જૈન યોગીઓ વડે વંદ્ય છે. સ્વભાવનો આશ્રય કરીને રાગને જેણે જીત્યો છે, ને સ્વભાવમાં જોડાણરૂપ રાગ કર્યો છે - એવા જીવને જૈનયોગી કહેવાય છે. એવા જૈનયોગીઓ વડે જિનવાણી સદા વંદ્ય છે.

પરિપૂર્ણ અખંડાનંદી આત્મા છે, તેમાં અનંત ગુણો છે, તેની પર્યાયમાં ક્ષણિક વિકાર છે, તે સ્વભાવના આશ્રયે ટાળીને પરમાત્મદશા પ્રગટ થાય છે - આવું બતાવનારી જિનવાણી સદા જૈનયોગીઓ વડે વંદ્ય છે.

ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે : તે જિનભગવાનના સમ્યક્ વચનોને હું પ્રતિદિન વંદું છું - એ પ્રમાણે સર્વજ્ઞદેવની વાણીરૂપ આગમનું સ્વરૂપ બતાવીને તેને નમસ્કાર કર્યા.

આમ, આગમ ને તત્ત્વોની શ્રદ્ધાને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું હતું, તેમાંથી આપ્ત અને આગમનું વાર્ણન પુરું થયું.



હવે સર્વજ્ઞદેવની વાણીમાં કહેલાં છ દ્રવ્યોનું વર્ણન આ ગાથામાં કરે છે.

**સૂત્ર ૯**

**जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।**
**तच्चत्था इदि भणिदा णाणागुणपज्जएहिं संजुत्ता ॥ ९ ॥**

**જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ, - એ**
**ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.**

**અન્વયાર્થ :-** જીવો, પુદ્ગલકાયો, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ - એ તત્ત્વાર્થો કહ્યા છે, કે જેઓ વિવિધ ગુણ-પર્યાયોથી સંયુક્ત છે.

સર્વજ્ઞ સિવાય આવા છ દ્રવ્યો ભિન્ન ભિન્ન કોઈ જાણી શકે નહિ. છ દ્રવ્યો અને તેમના ગુણ-પર્યાયોની વ્યાખ્યા સર્વજ્ઞની વાણી સિવાય બીજે હોય નહિ. છએ દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયો સહિત છે, કોઈના ગુણ-પર્યાયો કોઈના લીધે નથી.

(૧) જગતમાં જીવો અનંતા છે. સિદ્ધ ભગવંતો અનંત છે ને બટાટાની એકેક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર ને એકેક શરીરમાં સિદ્ધો કરતાં અનંતગુણા જીવો છે. આ વાત તો જીવતત્ત્વની વ્યવહારશ્રદ્ધામાં આવી જાય છે.

(૨) જીવો કરતાં પુદ્ગલકાયો અનંતગુણા છે. જગતમાં વસ્તુઓ સત્ છે. 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' - એમ નથી.

(૩) જીવ - પુદ્ગલ સિવાય ધર્માસ્તિકાય નામનું એક દ્રવ્ય છે. તે આખા લોકમાં વ્યાપક છે; તે જીવ - પુદ્ગલ ગતિ કરે ત્યારે તેને નિમિત્ત થાય છે.

(૪) અધર્માસ્તિકાય પણ લોકમાં વ્યાપક એક દ્રવ્ય છે, ગતિ કરતાં જીવ - પુદ્ગલ સ્થિર થાય ત્યારે તેને આ દ્રવ્ય નિમિત્ત થાય છે.

(૫) કાળ નામના અસંખ્ય દ્રવ્યો લોકમાં છે. તે દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત છે.

(૬) ને આકાશદ્રવ્ય તે સર્વ વ્યાપક છે.

આ છયે દ્રવ્યો તે તત્ત્વાર્થ છે અને તેઓ પોતપોતાના વિવિધ ગુણ-પર્યાયો સહિત છે. દરેક દ્રવ્ય પોતે ત્રિકાળી શક્તિવાળું અને સમય સમયની વિવિધ પર્યાયવાળું છે. કોઈ બીજાને લીધે તેની પર્યાય કે તેના ગુણ નથી. આંગળી ચાલે તે પુદ્ગલની પર્યાય છે, પુદ્ગલો સ્વયં તેની વિવિધ પર્યાયવાળા છે, કોઈને લીધે તેની પર્યાય થતી નથી.

આ ગાથામાં મતિજ્ઞાનાદિને વિભાવગુણ કહેશે. ગુણમાં શુદ્ધગુણ અને વિભાવગુણ એમ બે પ્રકાર લેશે. મૂળ સૂત્રમાં 'વિવિધ ગુણ-પર્યાય સહિત' એમ આચાર્યદેવે કહ્યું છે તેમાંથી 'કારણશુદ્ધ જીવ' ને 'કાર્યશુદ્ધ જીવ' વગેરેનું અદ્દ્ભૂત વર્ણન ટીકામાં કાઢશે.

**ટીકા** : અહીં આ ગાથામાં છ દ્રવ્યોના પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યા છે.

(૧) સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન, વચન, કાય, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ નામના દસ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે 'જીવ' છે.

જે જીવો સ્વભાવનું ભાન નહિ કરે તેને દસ પ્રાણનો સંયોગ ભવિષ્યમાં પણ રહ્યા કરશે. સ્વભાવનું ભાન કરીને સિદ્ધ થાય તેને દસ પ્રાણ છૂટી જાય છે. સંગ્રહનય અપેક્ષાએ દસ પ્રાણથી જીવે તેને જીવ કહ્યો. પણ દસ પ્રાણ તે જીવનો સ્વભાવ નથી.

(૨) નિશ્ચયથી તો ભાવપ્રાણ ધારણ કરવાને લીધે જીવ છે. આ ભાવપ્રાણ તે ત્રિકાળ છે. તેનાથી જીવે છે માટે જીવ છે.

(૩) વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે જીવ છે. વ્યવહારપ્રાણના સંયોગ વખતે નિશ્ચય ચૈતન્યપ્રાણનો અભાવ થઈ જતો નથી.

''શુદ્ધ સદ્દ્ભૂતવ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે.

કાર્યશુદ્ધ જીવ એટલે શું ? કે શુદ્ધ સદ્દ્ભૂતવ્યવહારથી જે જીવ કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનો આધાર છે, એટલે કે કારણશુદ્ધ જીવમાંથી જેમણે કેવળજ્ઞાનાદિ શુદ્ધકાર્ય પ્રગટ કર્યું છે તેમને અહીં કાર્યશુદ્ધ જીવ કહ્યા છે. અહીં પર્યાયની વાત છે, ત્રિકાળની વાત નથી. કેમ કે આ શુદ્ધ સદ્દ્ભૂતવ્યવહારનો વિષય છે. કેવળજ્ઞાનાદિ પર્યાયને અહીં શુદ્ધગુણ કહેલ છે.

કેવળજ્ઞાનપર્યાય પણ વ્યવહાર છે, તે પણ નવી પ્રગટે છે, ત્રિકાળ નથી. શુદ્ધ ચિદાનંદ અખંડ પરિપૂર્ણ ભગવાન આત્મા તે નિશ્ચય છે, ને તેના અવલંબને જે કેવળજ્ઞાનાદિ પ્રગટ્યાં તે શુદ્ધ સદ્દ્ભૂત વ્યવહાર છે. કેવળજ્ઞાનાદિ શુદ્ધ પર્યાય છે માટે 'શુદ્ધ' છે, પોતાની પર્યાય છે માટે 'સદ્દ્ભૂત' અને ભેદ પાડ્યો માટે 'વ્યવહાર'. એ રીતે કેવળજ્ઞાનને 'શુદ્ધ સદ્દ્ભૂત વ્યવહાર' કહેવાય છે. એવું કેવળજ્ઞાન જેને પ્રઘટ્યું તે જીવ 'કાર્યશુદ્ધ જીવ' છે. આ ઉત્પાદ છે, નવી પર્યાય પ્રગટે છે. કેવળજ્ઞાન પર્યાયને શુદ્ધગુણ કહેવાય છે, તેવા શુદ્ધ ગુણનો જે આધાર છે તે જીવને અહીં 'કાર્યશુદ્ધ જીવ' કહેવાય છે.

અશુદ્ધતા તે સંસાર પર્યાય છે, અલ્પ શુદ્ધતા તે મોક્ષમાર્ગ પર્યાય છે, ને પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ પર્યાય છે. એ રીતે આ ત્રણેય વ્યવહાર છે.

જીવનું વર્ણન કરતાં ત્રણ પ્રકાર બતાવ્યાં.



(૧) દસ પ્રાણોથી જીવે તે જીવ; એ વ્યવહાર છે.

(૨) ભાવપ્રાણ એટલે ચૈતન્યપ્રાણથી જીવે તે જીવ; આ નિશ્ચય છે.

(૩) કેવળજ્ઞાનાદિ પ્રગટ્યા તેનો આધાર જીવ છે, તેને 'કાર્યશુદ્ધ જીવ' કહે છે. આ શુદ્ધ સદ્દ્ભૂતવ્યવહાર છે.

ત્રિકાળ એકરૂપ આનંદકંદ શક્તિનો પિંડ તે કારણશુદ્ધ જીવ છે, તેની વાત આગળ આવશે.

દરેક જીવ શક્તિ અપેક્ષાએ શુદ્ધ છે અર્થાત્ સહજ જ્ઞાનાદિક સહિત છે તેથી દરેક જીવ 'કારણશુદ્ધ જીવ' છે; જે કારણશુદ્ધ જીવને ભાવે છે - તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ અપેક્ષાએ શુદ્ધ (-કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે અર્થાત્ 'કાર્યશુદ્ધ જીવ' થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે. આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ જીવ કહેવાય છે અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે. (કારણશુદ્ધ એટલે કારણ અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ શક્તિ અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ અપેક્ષાએ શુદ્ધ.)

જે ત્રિકાળ ચિદાનંદ કારણશુદ્ધ જીવની ભાવના કરે છે - તેમાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરે છે - તે જીવને કેવળજ્ઞાનાદિ શુદ્ધકાર્ય પ્રગટે છે. એટલે કે તે કાર્યશુદ્ધ જીવ થાય છે.

અંતરમાં અનાદિઅનંત એકરૂપ સદશ સ્વભાવ છે, તે કારણપરમાત્મા છે. ને તેના આશ્રયથી પૂર્ણ દશા પ્રગટે તેનું નામ કાર્યપરમાત્મા છે. કેવળજ્ઞાનાદિ શુદ્ધ પર્યાયવાળા જીવો તે કાર્યશુદ્ધ જીવ છે. આવા જીવો હોય છે -એમ પ્રતીત કરવી તે તો હજી વ્યવહારશ્રદ્ધા છે. કેવળજ્ઞાન પ્રગટ્યું તે નવી દશા છે - વ્યવહાર છે. ને તેના કારણરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જે ત્રિકાળ ધ્રુવ છે તે કારણશુદ્ધ જીવ છે. જુઓ, આ અમૃત છે. ભવ્ય જીવોના કાનમાં અમૃત રેડનારી આ વાત છે.

સિદ્ધ ભગવાન તથા અરિહંત ભગવાન તે કાર્યપરમાત્મા છે, તેને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે, ને તેના કારણરૂપ જે ત્રિકાળી સ્વભાવ એકરૂપ છે, તે કારણપરમાત્મા છે. અહીં તેને કારણશુદ્ધ જીવ કહેવાય છે. પરમાત્માનું વર્ણન હતું ત્યાં પરમાત્મામાં કારણ અને કાર્ય ઉતાર્યા હતાં. અને અહીં જીવનું વર્ણન છે તેથી જીવમાં શુદ્ધ કારણ અને શુદ્ધ કાર્ય ઉતાર્યા છે. આ અલૌકિક વાત છે, અપૂર્વ વાત છે.

છ દ્રવ્યમાંથી જીવદ્રવ્યનું વર્ણન ચાલે છે. તેના કેટલા પ્રકાર કહ્યા :

૧) દ્રવ્યપ્રાણથી જીવ્યો, જીવે ને જીવશે તે જીવ. - એમ પહેલાં સામાન્ય વાત કરી.

૨) ભાવપ્રાણથી જીવે છે તે નિશ્ચય છે, - દ્રવ્યપ્રાણથી જીવે છે તે વ્યવહાર છે.

૩) કાર્યશુદ્ધ જીવ : એટલે જેમને અંતરના કારણશુદ્ધ જીવનું અવલંબન લઈને કેવળજ્ઞાનાદિ શુદ્ધ કાર્ય પ્રગટ્યું છે - તેવા કાર્યશુદ્ધ જીવો જગતમાં અનંત છે. અનાદિકાળથી જગતમાં આવા અનંત જીવો છે ને તે કાર્યશુદ્ધ જીવનું કારણ જે ધ્રુવસ્વભાવ છે તે કારણશુદ્ધ જીવ છે. તેના જ આશ્રયે મોક્ષમાર્ગ અને કેવળજ્ઞાનાદિ પ્રગટે છે.

આવા પ્રકારોની શ્રદ્ધા કરે ત્યારે તો હજી જીવતત્ત્વની શ્રદ્ધા થઈ કહેવાય. ત્રિકાળી શક્તિ તે કારણ છે. તે કારણમાંથી કાર્ય પ્રગટે છે. માટે તેને કારણશુદ્ધ જીવ કહેવાય છે. ને તેના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે તે કાર્યશુદ્ધ જીવ છે.

અહીં નિશ્ચય મોક્ષમાર્ગને પણ પરમાત્મદશાનું કારણ ન કહ્યું, કેમ કે તે અધૂરી દશા છે, તેના આશ્રયે પરમાત્મદશા પ્રગટતી નથી. કારણશુદ્ધ જીવ તે શક્તિરૂપ છે, તેમાંથી વ્યક્તિ થઈ તે કાર્યશુદ્ધ જીવ છે. કારણ એટલે શક્તિ અને કાર્ય એટલે વ્યક્તિ.

આગમમાં આવા જીવતત્ત્વનું વર્ણન કર્યું છે. કેવળજ્ઞાન-દર્શન વગેરે ચતુષ્ટ્ય જેમને પ્રગટી ગયા છે તે કાર્યશુદ્ધ જીવ છે. પૂર્ણદશા પામેલા આત્માને પણ 'જીવ' કહેવાય છે. અધૂરાને જીવ કહેવાય અને પૂરાને આત્મા કહેવાય એવા ભેદ નથી. પૂરાને જીવ પણ કહેવાય ને અધૂરાને આત્મા પણ કહેવાય. જીવ અને આત્મા કાંઈ જુદી જુદી ચીજ નથી. પૂર્ણદશા પ્રગટી તેને અહીં કાર્યશુદ્ધ જીવ કહ્યા છે. હવે મતિજ્ઞાનાદિ વિભાવગુણનો આધાર તે 'અશુદ્ધ જીવ' છે ને શુદ્ધનિશ્ચયથી સહજ જ્ઞાનાદિ પરમ સ્વભાવગુણોનો આધાર હોવાથી 'કારણશુદ્ધ' જીવ છે - એ વાત કહેવાશે.

## આસો સુદ ૨, મંગળવાર, ૨-૧૦-૫૧.

આમ, આગમ અને તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ છે. તેમાંથી આ તત્ત્વોનું વર્ણન ચાલે છે. વ્યવહાર સમ્યક્ત્વના વર્ણનમાં ભેગું નિશ્ચય સમ્યગ્દર્શનનું સ્વરૂપ પણ આવી જાય છે. સર્વજ્ઞ ભગવાન અઢાર દોષ રહિત છે, તેમની વાણી વીતરાગી છે, તે વાણીમાં જીવાદિ તત્ત્વો કહ્યા છે. તેમાં આ જીવનું વર્ણન ચાલે છે.

જીવ કેવો છે ?

(૧) સંગ્રહનયથી બધા સંસારીને લઈને એમ કહ્યું કે દસ પ્રાણોથી જે જીવે છે, જીવ્યો છે ને જીવશે તે જીવ છે. આમાં સિદ્ધ ન આવે. સંસારદશામાં આત્માને ઈન્દ્રિય-મન-શરીરાદિનો સંયોગ હોય છે, તેનાથી આત્મા જીવે છે એમ સંગ્રહનયનું કથન છે. દસ પ્રાણો તો જડ છે, પણ જીવ તેના સંયોગમાં રહેલો છે. તેથી દસ પ્રાણો વડે જીવે તે જીવ એમ ઉપચારથી કહેવાય છે. આ સંસારી જીવો છે.

(૨) નિશ્ચયથી ભાવપ્રાણને ધારણ કરવાને લીધે જીવ છે. આ વાત બધા જીવોને લાગુ પડે



છે. ખરેખર આત્મા જડપ્રાણોને ધારણ કરતો નથી. આત્મા તો અમૂર્તિક ચૈતન્ય છે, ને શરીરાદિ જડ મૂર્તિક છે, તેનાથી આત્મા ભિન્ન છે. આત્મા તો પોતાની ભાવેંદ્રિયોને ધારણ કરે છે, આત્મા અરૂપી ચૈતન્યસત્તાને ધારણ કરીને જીવે છે તેથી જીવ છે. પહેલાં આવા જીવનું જ્ઞાન કરવું જોઈએ.

ધર્મ એટલે શું ? કે પર્યાયમાં અધર્મભાવ છે તે ટાળીને નિર્મળદશા પ્રગટ કરવી તેનું નામ ધર્મ છે. તે ધર્મ કેમ થાય ? કે શરીરાદિ તે હું એમ માન્યું છે તે અધર્મ છે, ને તે દેહાદિથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ ભાવપ્રાણવાળો આત્મા છે એમ ઓળખવું તે પ્રથમ ધર્મ છે.

નિશ્ચયથી જ્ઞાનદર્શનમય ભાવ તે જ આત્માના પ્રાણ છે. આત્મા પોતાના ભાવથી ટકે, કાંઈ પરના ભાવથી ખરેખર ન ટકે. ઈન્દ્રિય વગેરે તો સંયોગી ચીજ છે, તેનો વિયોગ થઈ જાય છે. પણ આત્માના ચૈતન્યપ્રાણનો વિયોગ કદી થતો નથી. -આમ જાણ્યા વિના વિપરીત માન્યતા ટળે નહિ અને સમ્યગ્જ્ઞાન થાય નહિ - એટલે ધર્મ થાય નહિ.

વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવા સ્વરૂપમાં જ્ઞાનને લઈ જવું તેનું નામ ન્યાય એટલે કે સમ્યગ્જ્ઞાન છે. સર્વજ્ઞદેવે જગતમાં છ દ્રવ્યો જોયા છે, તેમાંથી આ જીવદ્રવ્યનું વર્ણન ચાલે છે.

(૧) જીવ દસ પ્રાણ વડે જીવે છે એમ કહેવું તે સંગ્રહનય છે.

(૨) નિશ્ચયથી ચૈતન્યરૂપ ભાવપ્રાણથી જીવે છે.

(૩) વ્યવહારથી દ્રવ્યપ્રાણો વડે જીવે છે. દ્રવ્ય પ્રાણો તો જડ છે. તેનાથી આત્મા જીવે છે એમ કહેવું તે ઉપચાર છે.

(૪) શુદ્ધ સદ્ભૂત વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે.

જેને કેવળજ્ઞાનાદિ શુદ્ધ કાર્ય પ્રગટી ગયું છે તેને કાર્યશુદ્ધ જીવ કહે છે. અશરીરી પરમાનંદમય દશા જેમણે પ્રગટ કરી એવા સિદ્ધ ભગવંતો કાર્યશુદ્ધ જીવ છે. અશરીરી સિદ્ધપણું તે અનાદિ-અનંત ચીજ નથી, પણ નવું પ્રગટે છે, એટલે કે કાર્ય છે. આત્મા અનાદિ અનંત છે, પણ તેની સિદ્ધદશા તો નવી પ્રગટે છે, તેથી તે વ્યવહાર છે. પહેલાં તે દશા ન હતી ને નવી પ્રગટી એવા ભેદ પડે છે માટે તે વ્યવહાર છે, તે શુદ્ધ દશા છે, માટે તેને શુદ્ધ કહી. ને તે પોતાની પર્યાયનો ભાવ છે માટે તેને સદ્ભૂત કહ્યો. એ રીતે શુદ્ધ સદ્ભૂતવ્યવહાર છે; તે શુદ્ધ સદ્ભૂતવ્યવહારથી સિદ્ધ ભગવાનનો જીવ 'કાર્યશુદ્ધ જીવ' છે. 'કાર્યશુદ્ધ જીવ' અનાદિઅનંત નથી પણ નવી દશા પ્રગટી છે. તેથી તે શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે.

અહીં કાર્યશુદ્ધ જીવને શુદ્ધ સદ્ભૂતવ્યવહાર કેમ કહ્યો ? કેમ કે તે સાદિઅનંત પર્યાય છે, તે ત્રિકાળ નથી, માટે તેને વ્યવહાર કહ્યો છે. પણ 'કારણશુદ્ધ જીવ' અને 'કાર્યશુદ્ધ જીવ' એવા બે ભેદ પાડ્યા

તેથી તેને વ્યવહાર કહ્યો છે -એમ અહીં ન સમજવું. 'કારણશુદ્ધ જીવ' તો નિશ્ચયનયનો જ વિષય છે ને જે કાર્ય પ્રગટ્યું તે નવું પ્રગટ્યું છે માટે કાર્યશુદ્ધ જીવને વ્યવહાર કહ્યો છે.

કાર્યશુદ્ધ જીવ એટલે સિદ્ધ ભગવાન. એ કાર્ય પહેલાં ન હતું ને નવું પ્રગટ્યું છે. તે કાર્ય આત્માના શુદ્ધ સ્વભાવના અવલંબને પ્રગટ્યું છે. આવા જીવને ઓળખ્યા વગર અનાદિથી શરીરાદિને પોતાનું માનીને જીવ સંસારમાં રખડ્યા કરે છે; તેથી તે શરીરાદિ દસ પ્રાણોથી જીવે છે એમ ઉપચારથી કહેવાય છે.

અહીં કેવળજ્ઞાનાદિને શુદ્ધગુણ કહ્યા છે, ખરેખર તો કેવળજ્ઞાન તે પર્યાય છે પણ તે નિર્મળ પર્યાય થઈને ગુણમાં અભેદ થઈ છે તેથી તેને શુદ્ધ ગુણ કહ્યા છે. આવા શુદ્ધ ગુણ જેને પ્રગટ્યા છે તે જીવને કાર્યશુદ્ધ જીવ કહે છે.

આ તો સાધ્યદશાવાળા જીવની વાત કરી.

હવે સાધકદશાવાળા જીવની વાત કરે છે.

''અશુદ્ધ સદ્‌ભૂતવ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધ જીવ' છે.''

જેને આત્માનું ભાન થયું છે પણ હજી કેવળજ્ઞાન થયું નથી ને મતિ-શ્રુતજ્ઞાન વર્તે છે, તેના મતિ-શ્રુતજ્ઞાનને પણ અહીં વિભાવગુણ કહ્યા છે. અહીં અર્થપર્યાયને ગુણ કહેવામાં આવે છે. સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન પણ હજી પૂરાં નથી તે અપેક્ષાએ તેને અશુદ્ધ કહ્યા છે, ને તે પોતાની પર્યાયનો ભાવ છે માટે સદ્‌ભૂત છે, ભેદ છે માટે વ્યવહાર છે. એ રીતે અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનયથી આત્મા મતિજ્ઞાનાદિ વિભાવગુણનો આધાર હોવાથી તે અશુદ્ધ જીવ છે. આત્માના ભાનસહિત અવધિ-મનઃપર્યયજ્ઞાન પ્રગટે તે પણ વિભાવગુણ છે; એવા વિભાવગુણને જે ધારણ કરે છે તે જીવને અશુદ્ધ જીવ કહ્યો છે. આ સાધક જીવની વાત છે. અહીં સાધક જીવને 'અશુદ્ધ જીવ' કહ્યો છે. અશુદ્ધ તો ખરેખર પર્યાય છે, પણ તે પર્યાય જીવની છે, માટે જીવને પણ 'અશુદ્ધ જીવ' કહ્યો છે. અજ્ઞાની જીવ પણ 'અશુદ્ધ જીવ'માં આવી જાય છે.

શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન છે, તેના આશ્રયે જેટલી શુદ્ધતા પ્રગટી છે તેટલો જ મોક્ષમાર્ગ છે. જેટલો વિભાવ છે તે મોક્ષમાર્ગ નથી. હજી જ્ઞાનાદિ અધૂરા છે તે વિભાવ છે; એવા વિભાવજ્ઞાન જેને વર્તે છે, પણ હજી શુદ્ધ કાર્ય પ્રગટ્યું નથી તેવા જીવને અહીં અશુદ્ધ જીવ કહે છે. જેને પુરું કાર્ય પ્રગટી ગયું તે કાર્યશુદ્ધ જીવ છે. અવસ્થામાં વિભાવ છે, પણ ધર્મીને ત્રિકાળ સ્વભાવના ભાન સહિત વિભાવદશાનું જ્ઞાન છે, તેવા સાધકને પણ અહીં અશુદ્ધ જીવ કહેલ છે.



''શુદ્ધ નિશ્ચયથી સહજ જ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે 'કારણશુદ્ધ જીવ' છે.''

પહેલાં એકલો ''નિશ્ચય'' કહ્યો હતો. અહીં શુદ્ધ નિશ્ચય કહ્યો છે.

શરીરાદિ જડ છે, પુણ્ય-પાપ વિકાર છે, એક સમયની અવસ્થા પણ ક્ષણિક છે. તે બધાથી પાર જે ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધ સ્વભાવ છે તેને અહીં કારણશુદ્ધ જીવ કહે છે. આવા જીવની શ્રદ્ધા કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. કારણશુદ્ધ જીવ તે જ કેવળજ્ઞાન વગેરે કાર્ય પ્રગટવાનો આધાર છે. આ કારણશુદ્ધ જીવ તો અનાદિઅનંત એકરૂપ છે. તે શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ, તેમ જ મોક્ષદશા તે કોના આધારે પ્રગટે છે ? કે પરમસ્વભાવ ગુણોનો આધાર એવો જે શુદ્ધકારણ જીવ છે તેના જ આધારે સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનાદિ પ્રગટે છે.

જેમ ભડકો થવાની તાકાત દીવાસળીના લાકડામાં નથી પણ ટોપકામાં છે, તેમ કેવળજ્ઞાનજ્યોત પ્રગટવાની તાકાત શરીરાદિમાં કે પુણ્ય-પાપમાં નથી, પણ ધ્રુવ ચૈતન્યબિંબ કારણપરમાત્મા શુદ્ધ જીવ છે તેમાં જ અનંત કેવળજ્ઞાન પર્યાયો પ્રગટવાની શક્તિ છે. તેની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. આત્મામાં શુદ્ધ કાર્ય પ્રગટવાનું કારણ ધ્રુવ ચિદાનંદ શક્તિ છે, તે કારણશુદ્ધ જીવ છે. તેની પ્રતીત વિના કદી ધર્મ થતો નથી. પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે, એટલે કે શક્તિમાં તાકાત ભરી છે તેમાંથી પ્રગટે છે. શક્તિરૂપે ત્રિકાળ પૂર્ણ સ્વભાવ છે તે કારણશુદ્ધ જીવ છે, તેના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતાના બળે જેને કેવળજ્ઞાનાદિ પ્રગટે તે કાર્યશુદ્ધ જીવ છે, ને તે કારણશુદ્ધ જીવના શ્રદ્ધા-જ્ઞાન કરીને જેને હજી સાધકદશા વર્તે છે, પણ હજી પૂરી દશા થઈ નથી તેને અશુદ્ધ જીવ કહ્યો છે. જડ પ્રાણોથી જીવે તે જીવ એમ કહેવું તે તો ઉપચાર છે.

શુદ્ધ નિશ્ચયથી આત્મા ત્રિકાળ એકરૂપ સહજ સ્વાભાવિક ગુણોનો આધાર છે, એવો આત્મા તે કારણશુદ્ધ જીવ છે. અધૂરીદશા ને પૂરીદશા એવા ભેદ કારણશુદ્ધ જીવમાં નથી, તે તો ત્રિકાળ એકરૂપ છે.

અહીં કેવળજ્ઞાનાદિ પર્યાયને શુદ્ધ ગુણ કહ્યા તેમ જ મતિજ્ઞાનાદિ પર્યાયને વિભાવગુણ કહ્યા; તે જ રીતે અહીં 'પરમસ્વભાવગુણ' એમ કહ્યું તે પણ સહજ પર્યાયને માટે કહ્યું હોય એવો ધ્વનિ લાગે છે.

કારણશુદ્ધ જીવ ત્રિકાળ છે, તેના આધારે જે કેવળજ્ઞાનદશા પ્રગટી તે કાર્યશુદ્ધ જીવ છે, અને જેને હજી તેવી પૂરી દશા નથી પ્રગટી, કારણશુદ્ધ જીવની પ્રતીત કરી છે પણ હજી મતિજ્ઞાનાદિ વિભાવદશા વર્તે છે તેને અશુદ્ધ જીવ કહેવાય છે. આ ત્રણ પ્રકારમાં જે કારણશુદ્ધ જીવ છે તેની પ્રતીત કરવી તે નિશ્ચયસમ્યગ્દર્શન છે.

સિદ્ધપર્યાય પ્રગટી તે કાર્ય છે, તે કાર્ય ક્યાંથી પ્રગટ્યું ? તે દરેક આત્મા સહજ સ્વભાવશક્તિનો ભંડાર 'કારણશુદ્ધ જીવ' છે, તે જ અનંતી સિદ્ધપર્યાયો પ્રગટવાનું કારણ છે, ને તેના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે મોક્ષમાર્ગ છે.

દરેક દ્રવ્ય વિવિધ ગુણ-પર્યાયો સહિત છે -એમ મૂળ સૂત્રમાં કહ્યું છે, તેમાંથી મુનિરાજે અદ્‌ભૂત ટીકા કરી છે.

જીવને છ બોલથી ઓળખાવ્યો છે :-

૧) સંયોગી દસ પ્રાણોથી ટક્યો છે તે જીવ -એમ કહેવું તે ઉપચાર છે;

૨) નિશ્ચયથી પરથી ટક્યો નથી પણ પોતાના ચૈતન્યપ્રાણથી ટક્યો છે તેથી જીવ છે.

૩) દ્રવ્યપ્રાણોથી ટક્યો છે તે જીવ છે - એ સંયોગનું કથન છે માટે વ્યવહાર છે.

૪) કેવળજ્ઞાનરૂપ વર્તમાન શુદ્ધકાર્ય પ્રગટ્યું તેનો આધાર જીવ છે માટે કાર્યશુદ્ધ જીવ છે.

૫) કારણશુદ્ધ જીવ ત્રિકાળ શક્તિરૂપ છે તેના શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા છે ને હજી સાધકદશા વર્તે છે તેવા જીવને અહીં અશુદ્ધ જીવ કહ્યો છે. શુદ્ધકારણ જીવની પ્રતીત થઈ છે પણ હજી તેવી પૂર્ણ શુદ્ધદશા પ્રગટી નથી પણ અધૂરી દશા છે; આ અધૂરી પર્યાય ઉપાદેય નથી, માટે તેને અશુદ્ધ જીવમાં ગણેલ છે.

૬) તે કાર્ય પ્રગટવાનું કારણ જે ત્રિકાળ શુદ્ધ સહજ જ્ઞાનાદિ પરમ સ્વભાવગુણોનો આધાર છે તે 'કારણશુદ્ધ જીવ' છે.

-એમ છ પ્રકારે જીવનું વર્ણન કર્યું.

આ જીવ તે ચેતન છે, તેના ગુણો ચેતન છે. અહીં ગુણો કહેતાં અપૂર્ણ કે પૂર્ણ અર્થપર્યાયો લેવા.

આ જીવ અમૂર્ત છે ને તેના ગુણો અમૂર્ત છે. શરીર તો જડ અને મૂર્ત છે, તે અમૂર્ત આત્માથી ભિન્ન છે. આત્માની કોઈ પર્યાયમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ છે જ નહિ. તે રૂપ વગેરે ગુણો તો મૂર્ત છે, જડ છે. આત્મા ચેતન છે ને અમૂર્ત છે. આત્માના જ્ઞાનાદિ પર્યાયો અમૂર્ત છે. માટે કહ્યું કે આત્માના અમૂર્ત ગુણો છે. ને પર્યાયો પણ તેવા જ છે એટલે કે વ્યજંનપર્યાય પણ અમૂર્ત છે.

''આ શુદ્ધ છે, આના શુદ્ધ ગુણો છે.''

કાર્યશુદ્ધ જીવ અને કારણશુદ્ધ જીવ તે 'શુદ્ધ' છે ને તેના શુદ્ધ ગુણો છે.

અહીં 'ગુણ' એટલે અર્થપર્યાય -એમ સમજવું. આત્માની પર્યાયમાં બે પ્રકાર છે : અર્થપર્યાય



એટલે કે જ્ઞાનાદિગુણની પર્યાય; અને વ્યંજનપર્યાય એટલે પ્રદેશત્વગુણની પર્યાય; તેમાંથી જ્ઞાનાદિગુણની પર્યાયને અહીં ગુણ તરીકે કહેલ છે.

કાર્યશુદ્ધ જીવ અને કારણશુદ્ધ જીવની અર્થપર્યાયો શુદ્ધ છે, તેથી તેના શુદ્ધ ગુણો છે એમ કહ્યું છે. તે આત્મા શુદ્ધ છે, ને તેના ગુણો (અર્થપર્યાયો) પણ શુદ્ધ છે.

''આ અશુદ્ધ છે, આના ગુણો અશુદ્ધ છે.'' અહીં સાધક જીવની વાત કહી છે. સાધક જીવને હજી અશુદ્ધતા છે, ને તેના જ્ઞાનાદિની પર્યાય હજી વિભાવરૂપ છે, માટે તેના અશુદ્ધ ગુણો છે, અર્થાત્ તેની અર્થપર્યાયો અશુદ્ધ છે.

અજ્ઞાની જીવ પણ અશુદ્ધ જીવ છે ને તેના અર્થપર્યાયો પણ અશુદ્ધ છે.

<u>''પર્યાય પણ એ પ્રમાણે છે''</u> - એટલે શું ?

શુદ્ધ જીવની પર્યાય શુદ્ધ ને અશુદ્ધ જીવની પર્યાય અશુદ્ધ છે. હવે કેવળજ્ઞાન અને મતિજ્ઞાનાદિ અર્થપર્યાય તો પહેલાં શુદ્ધગુણ અને અશુદ્ધગુણમાં આવી ગયા છે, એટલે <u>અહીં પર્યાય કહેતાં વ્યંજનપર્યાયો લેવા.</u>

જે ત્રિકાળ કારણશુદ્ધ જીવ છે તેની પર્યાય પણ ત્રિકાળ શુદ્ધ છે. અને જે કાર્યશુદ્ધ જીવ છે તેની વ્યંજનપર્યાય શુદ્ધ છે. તેના અર્થપર્યાયને તો શુદ્ધ ગુણમાં લીધા છે.

સાધક જીવની વ્યંજનપર્યાય પણ અશુદ્ધ છે. અર્થપર્યાય અશુદ્ધ છે તે વાત તો અશુદ્ધગુણમાં આવી ગઈ; એટલે અહીં પર્યાય અશુદ્ધ છે તેમાં એકલી વ્યંજનપર્યાય જ લેવાની છે.

શુદ્ધ જીવના પર્યાયો શુદ્ધ છે; તેમાં જે કારણશુદ્ધ જીવ છે તેને તો અર્થ અને વ્યંજન બન્ને પર્યાય ત્રિકાળ શુદ્ધ છે. કાર્યશુદ્ધ જીવને પણ વ્યંજનપર્યાય શુદ્ધ છે. અશુદ્ધ જીવની અશુદ્ધ પર્યાય છે, એમ કહ્યું છે તેમાં સંસારદશાની વિભાવ વ્યંજનપર્યાય છે, તે લેવી; કારણશુદ્ધ જીવને જે ત્રિકાળ એકરૂપ પર્યાય છે તે શુદ્ધ છે. ને પ્રદેશત્વની પર્યાય પણ ત્રિકાળ શુદ્ધ છે, સંસારી જીવની આકૃતિમાં જે પરનિમિત્તથી વિભાવ છે, તેની અપેક્ષા તેમાં ન લેવી. કારણશુદ્ધ જીવની તો વ્યંજનપર્યાય પણ ત્રિકાળ શુદ્ધ છે.

કાર્યશુદ્ધ જીવને કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણો છે, એમ કહ્યું, તેમાં અર્થપર્યાય આવી ગઈ, ને પછી ''શુદ્ધ પર્યાય છે'' એમ કહ્યું તેમાં વ્યંજનપર્યાય આવી ગઈ.

અને જેને મતિજ્ઞાનાદિ વિભાવ ગુણો છે તેને અશુદ્ધ ગુણ કહ્યા, તેમાં અર્થપર્યાય આવી ગઈ, ને તેની ''પર્યાય અશુદ્ધ છે'' એમ કહ્યું તેમાં વ્યંજનપર્યાયની વાત આવી ગઈ. એ રીતે જીવના વિવિધ ગુણપર્યાયો બતાવીને જીવને ઓળખાવ્યો છે.

જીવના ભેદો જણાવ્યા, અભેદના આશ્રયપૂર્વક આવા ભેદોથી જીવને જાણે તે વ્યવહાર સમ્યગ્દર્શન છે, ને અભેદના આશ્રયે શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

**જીવ**

શુદ્ધ જીવ અશુદ્ધ જીવ

કારણશુદ્ધ કાર્યશુદ્ધ

શુદ્ધગુણ શુદ્ધપર્યાય શુદ્ધગુણ શુદ્ધપર્યાય અશુદ્ધ ગુણ અશુદ્ધપર્યાય

(સહજ જ્ઞાનાદિ પરમસ્વભાવ) (એકરૂપ નિરપેક્ષ વ્યંજનપર્યાય)(કેવળજ્ઞાનાદિ અર્થપર્યાય)(વ્યંજનપર્યાય)(મતિજ્ઞાનાદિ વિભાવ અર્થપર્યાય)(વિભાવ વ્યંજનપર્યાય)

ચાર્ટ બનાવ્યો નથી કારણ કે ટ્રેસીંગ પહેલાં નીકળી ગયા છે ફક્ત સેટીંગ કરેલ છે.

## આસો સુદ ૩, બુધવાર, ૩-૧૦-૫૧.

ભગવાનની વાણીમાં કહેલાં છ દ્રવ્યોનું વાર્ણન ચાલે છે, તેમાં જીવદ્રવ્યનું વાર્ણન કહ્યું, તેમાં છ પ્રકારે વાર્ણન કર્યું.

(૨) ''વળી, જે ગલન-પૂરણસ્વભાવ સહિત છે (અર્થાત્ છૂટા પડવાના અને ભેગાં થવાના સ્વભાવવાળું છે) તે પુદ્ગલ છે. આ (પુદ્ગલ) શ્વેતાદિ વાર્ણોના આધારભૂત મૂર્ત છે; આના મૂર્ત ગુણો છે. આ અચેતન છે. આના અચેતન ગુણો છે.''

છૂટા પડવું કે ભેગાં થવું તે પુદ્ગલનો સ્વભાવ છે, તે જીવને કારણે નથી; તે પુદ્ગલમાં શ્વેત રંગ વગેરે છે; શ્વેતપણું તે વાર્ણ ગુણની પર્યાય છે; તે વાર્ણ-ગંધ-રસ વગેરે પુદ્ગલના ગુણો છે. પુદ્ગલના આધારે સફેદ વગેરે રંગની અવસ્થા થાય છે, બીજો કોઈ તેનો કર્તા નથી. પુદ્ એટલે ભેગાં થવું, ને ગલ એટલે છૂટા પડવું - એવો પુદ્ગલનો સ્વભાવ છે. અહીં રંગ વગેરેની વાત ન કરતાં તેની શ્વેત વગેરે પર્યાયથી વાત કરી છે. એ રીતે પર્યાયને ગુણ કહેવાની શૈલી છે. પુદ્ગલમાં રંગ વગેરે ગુણની જે શ્વેત વગેરે પર્યાયો થાય છે તેનો તે આધાર છે, તેથી તે પુદ્ગલ મૂર્ત છે. પુદ્ગલદ્રવ્ય મૂર્ત છે ને અચેતન છે, તથા તેના ગુણો પણ મૂર્ત અને અચેતન છે. તેના પર્યાયોની વિશેષ વ્યાખ્યા અજીવ અધિકારમાં કહેશે.

છ દ્રવ્યો જગતના સ્વયંસિદ્ધ સત્ પદાર્થો છે, કોઈએ તેમને કર્યા નથી, તેમ કોઈ કોઈના આધારે રહ્યા નથી.

(૩)''સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે.''



જીવ અને પુદ્ગલો ગતિપણે પોતે પોતાના સ્વભાવથી કે વિભાવથી પરિણમે છે તેમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે.

ચૌદમા ગુણસ્થાનના અંતે જીવ ઊર્ધ્વગમનસ્વભાવથી લોકાંતે જાય તે જીવની સ્વભાવગતિક્રિયા છે અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે તે જીવની વિભાવગતિક્રિયા છે. એક છૂટો પરમાણુ ગતિ કરે તે પુદ્ગલની સ્વભાવગતિક્રિયા છે. અને પુગલસ્કંધ ગમન કરે તે પુદ્ગલની (-સ્કંધમાંના દરેક પરમાણુની) વિભાવગતિક્રિયા છે. આ સ્વાભાવિક તેમજ વૈભાવિક ગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.

લાકડી ચાલે ત્યાં તેનો દરેક પરમાણુ પોતાની વિભાવગતિથી ચાલે છે, હાથના લીધે નહિ, ઇચ્છાને લીધે પણ નહિ; તેની ગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે. સ્વભાવગતિ હો કે વિભાવગતિ હો, તે પોતાથી જ છે, ને તેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે. આ દ્રવ્ય અમૂર્ત છે અને અચેતન છે.

(૪) સ્વભાવસ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્થિતિનું (-સ્વભાવસ્થિતિનું અને વિભાવસ્થિતિનું) નિમિત્ત તે અધર્મ છે.

સ્થિર થવું તે પણ એક પ્રકારની ક્રિયા છે. સિદ્ધ ભગવાન લોકાગ્રે સ્થિર રહે છે તે તેમની સ્વભાવિક ક્રિયા છે. તેમાં અધર્મદ્રવ્ય નિમિત્ત છે.

સિદ્ધદશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સંસારદશામાં સ્થિર રહે તે જીવની વૈભાવિક સ્થિતિક્રિયા છે. એકલો પરમાણુ સ્થિર રહે તે પુદ્ગલની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સ્કંધ સ્થિર રહે તે પુદ્ગલની (-સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે. આ જીવ પુદ્ગલની સ્વાભાવિક તેમજ વૈભાવિક સ્થિતિક્રિયામાં અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.

ઘોડી ઉપર પુસ્તક રહ્યું છે, તેમાં તે પુસ્તકનો દરેક પરમાણુ પોતપોતાની વૈભાવિક સ્થિતિક્રિયાથી રહેલો છે, તેમાં અધર્મદ્રવ્ય નિમિત્ત છે. ઉપાદાન તે દરેક પરમાણુનું પોતાનું છે, ને તેમાં નિમિત્ત અધર્મદ્રવ્ય છે એવો અધર્મદ્રવ્યનો સ્વભાવ છે.

આ અધર્મદ્રવ્ય પણ અમૂર્ત અને અચેતન છે. ધર્મ-અધર્મદ્રવ્ય આખા લોકમાં રહેલાં છે.

(૫) પાંચ દ્રવ્યોને અવકાશદાન (-અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ છે. આ પદાર્થ લોકાલોક વ્યાપક છે. પોતે તો ક્ષેત્રસ્વરૂપ જ છે, ને બાકીના પાંચ દ્રવ્યોને તે અવકાશ આપે છે.

(૬) પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ છે.

કાળ પોતે પોતાને નિમિત્ત ન કહેવાય. બાકીના પાંચ દ્રવ્યો સ્વયં પરિણમી રહ્યા છે, તેમાં કાળ નામનું દ્રવ્ય નિમિત્ત છે.

-આવા છ દ્રવ્યો સર્વજ્ઞ ભગવાને અનાદિઅનંત સ્વતંત્ર જોયા છે.

ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચારે અમૂર્ત અજીવ દ્રવ્યો છે, તે ચારે દ્રવ્યોના ગુણો શુદ્ધ છે, ને પર્યાયો પણ શુદ્ધ છે. તેનું રૂપાંતર થાય તે શુદ્ધ છે, ને આકૃતિ પણ શુદ્ધ જ છે. અર્થ અને વ્યંજનપર્યાય બન્ને તેમને શુદ્ધ છે.

જુઓ ! આ ચારે દ્રવ્યો એકલા પરમ પારિણામિક સ્વભાવે છે, તેની ઉપમા આગળ આત્મામાં આપીને આત્માનો પરમ પારિણામિક સ્વભાવ અને કારણશુદ્ધ પર્યાય સમજાવશે.

આ છ દ્રવ્યની ઓળખાણ કરવી તે વ્યવહારશ્રદ્ધા છે. આત્માના ભાન સહિત સાધકદશામાં આવી છ દ્રવ્યની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે તેને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે.

એ પ્રમાણે છ દ્રવ્યનું વર્ણન કર્યું.

હવે નવમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા છ દ્રવ્યની શ્રદ્ધાનું ફળ વર્ણવે છે.

**શ્લોક ૧૬**

(मालिनी)

**इति जिनपतिमार्गाम्भोधिमध्यस्थरत्नं**
**द्युतिपटलजटालं तद्धि षड्द्रव्यजातम्।**
**हृदि सुनिशितबुद्धिर्भूषणार्थं विधत्ते**
**स भवति परमश्रीकामिनीकामरूपः॥ १६॥**

**શ્લોકાર્થ :-** એ રીતે તે ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્નને કે જે (રત્ન)તેજના અંબારને લીધે કિરણોવાળું છે અને જે જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં રહેલું છે- તેને જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં ભૂષણાર્થે (શોભા માટે) ધારણ કરે છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ જે પુરુષ અંતરંગમાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરે છે, તે મુક્તિલક્ષ્મીને વરે છે). ।।૧૬।।

છ યે દ્રવ્યોને રત્નની ઉપમા આપી છે. તે છ યે દ્રવ્યો પોતપોતાની પર્યાય વડે શોભી રહ્યા છે; જિનેન્દ્રદેવના માર્ગ સિવાય આ છ દ્રવ્યો બીજે ક્યાંય હોતાં નથી, તેથી જિનમાર્ગરૂપી જે સમુદ્ર તેની મધ્યમાં આ છ દ્રવ્યના સમૂહરૂપી રત્ન રહેલું છે. જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ પોતાના જ્ઞાનમાં આ છ દ્રવ્યોને જાણે છે તે પુરુષ મુક્તિલક્ષ્મીને પામે છે. આ છ દ્રવ્યનું યથાર્થ જ્ઞાન તે આત્માની શોભાનું કારણ છે; છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરનાર મુક્તિ પામે છે.

જ્ઞાનનો સ્વભાવ આવા છ દ્રવ્યોને જ્ઞેય કરવાનો છે. એવા જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી તેમાં છ



યે દ્રવ્યોની પ્રતીત સમાઈ ગઈ, તેથી જે દેડકાના આત્માને જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા છે તેને પણ છ દ્રવ્યની શ્રદ્ધાની સૂક્ષ્મબુદ્ધિ છે. જ્ઞાનના તેજમાં છ એ દ્રવ્યો જણાય છે. છ એ દ્રવ્યોમાં જ્ઞાનનું જ્ઞેય થવાની તાકાત છે. આવા છ દ્રવ્યોને જે જીવ પોતાના આત્માની શોભા માટે જાણીને શ્રદ્ધા કરે છે તે પુરુષ મોક્ષને પામે છે.

સર્વજ્ઞે કહેલાં છ દ્રવ્યોનું કથન કર્યું પણ અહીં જીવનો અધિકાર છે તેથી જીવનું વર્ણન કહે છે :-

**ગાથા ૧૦**

**जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ ।**
**णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति ॥ १० ॥**

**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.**

**અન્વયાર્થ** : જીવ ઉપયોગમય છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે; સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન.

જીવ ઉપયોગમય છે. ઉપયોગ કહેતાં અહીં પરિણામ છે.

''અહીં આ ગાથામાં ઉપયોગનું લક્ષણ કહ્યું છે.'' જીવ ઉપયોગમય છે તે ઉપયોગનું લક્ષણ અહીં કહ્યું છે.

''આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે.''

ચૈતન્યને અનુસરનારો પરિણામ તે ઉપયોગ છે. આત્મા ચેતન છે, ને ચૈતન્ય તેનો સ્વભાવ છે. તે ચૈતન્યને અનુસરીને વર્તનારા પરિણામને ઉપયોગ કહે છે. જુઓ ! આ ઉપયોગની વ્યાખ્યા! ઉપયોગની આ વ્યાખ્યા બધા પ્રકારના ઉપયોગમાં લાગુ પડશે. ઉપયોગ કોઈ પરને કે ઈન્દ્રિયાદિને અવલંબતો નથી, પણ ચૈતન્યને જ અનુસરીને થાય છે.

ઉપયોગ તે ધર્મ છે અને જીવ ધર્મી છે. ઉપયોગ તે સ્વભાવની પર્યાય છે, માટે તે ધર્મ છે. ને જીવ તે પર્યાયનો ધરનાર છે, તેથી તે ધર્મી છે. જેટલા ઉપયોગના પ્રકાર પડે તે કોઈ બીજાથી નથી પણ જીવનો જ ધર્મ છે. મતિજ્ઞાનોપયોગ ઉપયોગ હો કે ત્રિકાળ શુદ્ધ ઉપયોગ હો, તે બધાય ઉપયોગ જીવના ધર્મ છે, ને જીવ ધર્મી છે. ઉપયોગના ત્રિકાળ એકરૂપ પરિણામ અને બાર પ્રકારના પરિણામ તે બધા ઉપયોગનું આમાં વર્ણન છે.

ચૈતન્યને અનુસરીને વર્તનારા પરિણામના કુલ ચૌદ પ્રકાર પડશે. બે ત્રિકાળરૂપ ઉપયોગ, ૮ જ્ઞાનના તથા ૪ દર્શનના - એમ બધા મળી ચૌદ પ્રકાર પડશે.

ચૈતન્યને અનુસરનારો પરિણામ તે ઉપયોગ છે. અહીં પર્યાયની વ્યાખ્યા છે. ગુણ ને દ્રવ્યનું આ વર્ણન નથી. આ ઉપયોગ તે ધર્મ છે, ને જીવ તેને ધરનારો ધર્મી છે. ઈન્દ્રિય કે મનને લીધે મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ થાય છે એમ નથી, તે ઉપયોગ પણ જીવનો ધર્મ છે.



આ ઉપયોગ ધર્મ છે અને જીવ ધર્મી છે, તેમને દીપક અને પ્રકાશ જેવો સંબંધ છે. જેમ દીવો તે ધર્મી અને પ્રકાશ તેનો ધર્મ; તે દીપકનો પ્રકાશ પરને લીધે નથી, તેમ આત્મા ચૈતન્યદીપક છે, ને ઉપયોગ તેનો પ્રકાશ છે. આત્મા ધર્મી ને ઉપયોગ તેનો ધર્મ છે.

તે ઉપયોગ જ્ઞાન અને દર્શન એવા બે પ્રકારનો છે. તે જ્ઞાનઉપયોગ પણ સ્વભાવજ્ઞાનઉપયોગ અને વિભાવજ્ઞાનઉપયોગ એવા બે પ્રકારનો છે.

સ્વભાવજ્ઞાનઉપયોગ અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે. આમાં કારણ અને કાર્ય બન્ને પ્રકારના સ્વભાવજ્ઞાન આવી જાય છે. ભગવાન આત્મા ઉપયોગ સ્વરૂપ છે, તે ઉપયોગનો સ્વભાવજ્ઞાનઉપયોગ નામનો પ્રકાર છે તે અમૂર્ત છે, અવ્યાબાધ છે, અતીન્દ્રિય છે અને અવિનાશી છે. કેવળજ્ઞાન તે કાર્યસ્વભાવ જ્ઞાનઉપયોગ છે, ને તે પ્રગટ્યા પછી અવિનાશી - એવો ને એવો રહે છે.

હજી અહીં પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદ નહિ લ્યે; પહેલાં ભેદો બતાવીને પછી તેમાં પ્રત્યક્ષ અને પરોક્ષની વાત કરશે.

૧૧-૧૨મી ગાથામાં જે સ્વરૂપપ્રત્યક્ષનું વર્ણન આવશે તે જ અહીં છે. સ્વભાવ જ્ઞાન ઉપયોગ છે તે વાત કરી, તેમાંથી પ્રત્યક્ષ અને પરોક્ષની વાત ૧૧-૧૨માં લેશે. **'असहाय'** એવો શબ્દ ૧૧મી ગાથામાં છે. તે ઉપરથી ટીકામાં પ્રત્યક્ષ અને પરોક્ષની વાત કાઢશે.

જે સ્વભાવજ્ઞાનઉપયોગ છે તેના બે ભેદ છે. એક કારણરૂપ સ્વભાવજ્ઞાનઉપયોગ ને બીજો કાર્યરૂપ સ્વભાવજ્ઞાનઉપયોગ. તેમાં અહીં જે કારણરૂપ સ્વભાવજ્ઞાનઉપયોગ છે તેને જ હવે પછીની ગાથામાં સ્વરૂપ પ્રત્યક્ષ ઉપયોગ કહેશે; તે બન્ને જુદા નથી. ''કારણશુદ્ધ પર્યાય'' માં ધા ગુણોની પર્યાય આવી જાય છે ને અહીં તો ઉપયોગની જ વાત છે. આ ગાથામાં તો માત્ર ઉપયોગના ભેદો બતાવવા છે, પ્રત્યક્ષ-પરોક્ષની વાત આ ગાથામાં નહિ લ્યે.

આત્મા ઉપયોગમય છે, તે ઉપયોગને અહીં ઓળખાવે છે.

ઉપયોગના દર્શન-જ્ઞાન બે ભેદ પાડ્યા. તેમાં જ્ઞાનઉપયોગના સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન એવા બે પ્રકાર છે. સ્વભાવજ્ઞાન પણ કારણ અને કાર્ય એવા બે પ્રકારનું છે. કેવળજ્ઞાનઉપયોગ તે કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ છે, ને તેના કારણરૂપ ઉપયોગ તે કારણસ્વભાવજ્ઞાનઉપયોગ છે. આ બન્ને પર્યાયો છે. છતાં પર્યાયમાંથી પર્યાય આવે એવી વાત નથી. આ તો અપૂર્વ અલૌકિક વાત છે. ટીકાકાર મુનિ નિર્ગ્રંથ ભાવલિંગી દિગંબર સંત હતા, તેમણે અપૂર્વ અમૃત રેડ્યા છે.

આપ્ત, આગમ અને તત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું. તેમાં જીવતત્ત્વના વર્ણનમાં આ બધું સમાઈ જાય છે.

જીવ કેવો છે ? -જીવ ઉપયોગમય છે. ઉપયોગ એટલે શું ? -આત્માનો ચૈતન્ય અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે. તે ઉપયોગ ધર્મ અને જીવ ધર્મી છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન બે પ્રકારનો છે. તેમાંથી અત્યારે જ્ઞાનઉપયોગના પ્રકારોનું વર્ણન છે.

જ્ઞાનઉપયોગના બે ભેદ : સ્વભાવજ્ઞાનઉપયોગ ને વિભાવજ્ઞાનઉપયોગ. તેમાં સ્વભાવજ્ઞાનઉપયોગના બે ભેદ છે; એક કારણસ્વભાવ જ્ઞાનઉપયોગ, તે બધા જીવોને અનાદિ અનંત છે, ને બીજો કાર્યસ્વભાવ જ્ઞાનઉપયોગ તે સાદિ અનંત છે. વિભાવજ્ઞાનના સાત પ્રકાર છે, તેની વાત આગળ આવશે.

જેને કાર્યસ્વભાવજ્ઞાન પ્રગટે છે તેને વિભાવજ્ઞાન હોતું નથી. વિભાવજ્ઞાનવાળાને પણ કારણસ્વભાવજ્ઞાન તો ત્રિકાળ હોય છે, પણ અજ્ઞાનીને તેનું ભાન નથી. જ્ઞાનીને સાધકદશામાં કારણસ્વભાવજ્ઞાનનું ભાન છે, છતાં હજી વિભાવજ્ઞાન પણ છે. વિભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન બન્ને એક સાથે હોય પણ વિભાવજ્ઞાન અને કાર્યસ્વભાવજ્ઞાન - એ બન્ને ઉપયોગ એક સાથે ન હોય.

કારણસ્વભાવ જ્ઞાનઉપયોગ તો બધા જીવોને ત્રણે કાળે વર્તમાન વર્તી રહ્યો છે, તે ધ્રુવ છે; એક આત્માને ઉપયોગના બધાય ભેદો એક સાથે નથી હોતા.

સ્વભાવ તરફનું યથાર્થ જ્ઞાન કરે તો આ ભેદોના જ્ઞાનને વ્યવહારજ્ઞાન કહેવાય છે.

સકળ વિમળ કેવળજ્ઞાનઉપયોગ પ્રગટ્યો તે કાર્યસ્વભાવ જ્ઞાનઉપયોગ છે. કેવળજ્ઞાન પણ એક અવસ્થા છે, ચૈતન્યને અનુસરીને થનારા પરિણામ છે. આ પરિણામ પૂર્વના ચાર જ્ઞાનને અનુસરીને થયેલ નથી, પણ ચૈતન્યને જ અનુસરીને થનારા છે. તેને કેવળજ્ઞાનાવરણીયે રોક્યું હતું, ને ટળ્યું માટે કેવળજ્ઞાનઉપયોગ પ્રગટ્યો - એમ નથી. આત્માનો ચૈતન્ય અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે - એ વ્યાખ્યા બધાય પ્રકારના ઉપયોગમાં લાગુ પડે છે.

સ્વભાવજ્ઞાનઉપયોગ કહ્યો તે ગુણ નથી પણ પરિણામ છે. તેમાં કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ તે કેવળજ્ઞાન છે, તે કેવળજ્ઞાનઉપયોગ કોઈ નિમિત્તને કે પૂર્વ પર્યાયને અનુસરીને થતો નથી, પણ ચૈતન્યને અનુસરીને જ થાય છે. આ કાર્યસ્વભાવ જ્ઞાનઉપયોગ અમૂર્તિક છે, ઇન્દ્રિયના અવલંબન વગરનો છે, પ્રગટ્યા પછી એવો ને એવો રહે છે તેથી અવિનાશી છે, ને અવ્યાબાધ છે. આ કાર્યસ્વભાવ જ્ઞાનઉપયોગ કેવળી ભગવાનને હોય છે.

જીવતત્ત્વમાં આટલી ગંભીરતા છે, આવા ભાવો જીવતત્ત્વમાં ભર્યા છે. જો આટલી બધીય વ્યાખ્યા લાગુ ન પડે તો જીવતત્ત્વ પૂરું થતું નથી.

જે કાર્યસ્વભાવ જ્ઞાનઉપયોગ કહ્યો તે નવો પ્રગટે છે; તે કાર્યસ્વભાવ જ્ઞાનઉપયોગનું કારણ કોણ છે ? પરમ પારિણામિકભાવે રહેલું જ ત્રિકાળ નિરુપાધિક સહજજ્ઞાન છે તે કારણસ્વભાવ જ્ઞાનઉપયોગ છે. આ ઉપયોગને જ 'સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાનઉપયોગ' કહેશે.



ચૈતન્ય સ્વભાવને અનુસરીને જ્ઞાનના પરિણામ ત્રિકાળ ધ્રુવરૂપે રહેલાં છે, તે કેવળજ્ઞાન પ્રગટવાનું કારણ છે, પરમપારિણામિક ભાવમાં રહેલું છે, ત્રિકાળ નિરુપાધિક છે ને સહજ છે. આવો જ્ઞાનઉપયોગ તે કારણસ્વભાવ જ્ઞાનઉપયોગ છે. આ જ કેવળજ્ઞાનનું કારણ છે, બીજું કોઈ કારણ નથી - એ વાત ભેગી આવી જાય છે.

કેવળજ્ઞાન તે કાર્યસ્વભાવ જ્ઞાનઉપયોગ છે, ને આ કારણસ્વભાવ જ્ઞાનઉપયોગ પરમ પારિણામિકભાવે સ્થિત ત્રિકાળ નિરુપાધિક સહજ જ્ઞાન છે. અહીં સહજજ્ઞાન કહ્યું તે ગુણ નથી પણ પરિણામ છે. આ બન્ને સ્વભાવજ્ઞાનઉપયોગ છે. એ રીતે સ્વભાવજ્ઞાનઉપયોગની વાત કરી.

**આસો સુદ ૪, ગુરુવાર, ૪-૧૦-૫૧.**

નવમી ગાથામાં જીવાદિ દ્રવ્યો બતાવ્યા, તેમાં જીવને છ બોલથી વર્ણવ્યો :

૧) અનાદિથી સંસારી જીવો દસ પ્રાણોથી જીવે છે, તેથી સંગ્રહનયથી દસ પ્રાણથી જીવે તે જીવ એમ કહ્યું.

૨) વ્યવહારનયથી દ્રવ્યપ્રાણથી જીવે છે.

૩) નિશ્ચયનયથી તે જીવ જડપ્રાણથી રહિત, પોતાના ચૈતન્યપ્રાણથી જ જીવી રહ્યો છે.

૪) શુદ્ધ સદ્ભૂતવ્યવહારથી આત્મા કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનો આધાર હોવાથી તેને 'કાર્યશુદ્ધ જીવ' કહ્યો.

૫) જેને મતિજ્ઞાનાદિ વિભાવગુણો વર્તે છે, હજી કેવળજ્ઞાન પ્રગટ્યું નથી, એવા સાધકને 'અશુદ્ધ જીવ' કહ્યો છે. અશુદ્ધ સદ્ભૂતવ્યવહારથી આત્મા મતિજ્ઞાનાદિનો આધાર છે તેથી તે અશુદ્ધ જીવ છે. એમ કહીને સાધક જીવોને લીધા.

જીવના વર્ણનમાં અનાદિના અજ્ઞાની, સાધક અને પૂર્ણ થઈ ગયેલા - એ બધા જીવો આવી જવા જોઈએ. તેથી અહીં તેનું વર્ણન કર્યું છે.

૬) શુદ્ધ નિશ્ચયનયથી કેવળજ્ઞાનાદિ કાર્ય પ્રગટવાના કારણરૂપ જે ત્રિકાળ શક્તિસ્વભાવ છે તે 'કારણશુદ્ધ જીવ' છે.

-એમ છ બોલથી જીવને ઓળખાવીને પછી બીજા પાંચ દ્રવ્યોને સંક્ષેપથી ઓળખાવ્યા.

હવે આ દસમી ગાથામાં જીવના ઉપયોગનું લક્ષણ કહ્યું છે. જીવ ઉપયોગમય છે; તે ઉપયોગનું આ વર્ણન ચાલે છે. ગઈ કાલે આ ગાથા વંચાઈ ગઈ છે, છતાં આજે ફરીથી વંચાય છે.

જીવ ઉપયોગમય છે, તેનો ઉપયોગ જ્ઞાન અને દર્શન એવા બે પ્રકારનો છે. તેમાંથી જ્ઞાન ઉપયોગના પ્રકારો અહીં વર્ણવે છે.

૧ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ

૧ કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ

૪ જ્ઞાનઉપયોગ )

૩ અજ્ઞાનઉપયોગ ) (આ સાતેય વિભાવજ્ઞાનઉપયોગ છે)

૧ કારણસ્વભાવદર્શનઉપયોગ

૧ કાર્યસ્વભાવદર્શનઉપયોગ

૩ વિભાવદર્શનઉપયોગ

-આમ ઉપયોગના એકંદર ચૌદ પ્રકાર વર્ણવશે, તે બધાયમાં ઉપયોગનું લક્ષણ લાગુ પડે છે. ઉપયોગ એટલે ચૈતન્ય અનુવર્તી પરિણામ.

આ ગાથામાં પ્રત્યક્ષ-પરોક્ષની વાત નહિ કરે, ઉપયોગમાં પ્રત્યક્ષ કોને કહેવો ને પરોક્ષ કોને કહેવો તે વાત ૧૧-૧૨મી ગાથામાં કરશે. અહીં સહજ જ્ઞાનઉપયોગ કહ્યો છે તેને જ ૧૧-૧૨મી ગાથામાં સ્વરૂપપ્રત્યક્ષ કહેશે.

ચૌદ પ્રકારના ઉપયોગ કહ્યા તે બધાય ચૈતન્યને અનુસરીને વર્તતા પરિણામ છે. આત્માનો જે ધ્રુવ સ્વભાવ ચૈતન્યસ્વભાવ છે તેને અનુસરીને વર્તનારા પરિણામ તે ઉપયોગ છે. ત્રિકાળી પરમસ્વભાવમાં રહેલો આત્માનો જે સહજ જ્ઞાનપર્યાય છે તે પણ ચૈતન્યને અનુસરીને વર્તનારો પર્યાય છે, ને કારણસ્વભાવ દર્શનઉપયોગ પણ ધ્રુવ ચૈતન્યને અનુસરીને વર્તનારો ઉપયોગ છે. આ બન્ને ત્રિકાળ એકરૂપ નિરુપાધિક છે, તેમાં ઉત્પાદ-વ્યય નથી. એ સિવાયના બાર ઉપયોગ છે, તે ઉત્પાદ-વ્યયરૂપ છે, તે પણ ચૈતન્યને અનુસરીને વર્તનારા પરિણામ છે.

આ ઉપયોગ તે જીવનો ધર્મ છે. જીવ તે ધર્મી છે ને ઉપયોગ તેનો ધર્મ છે. અહીં 'ધર્મ' એટલે સ્વભાવ; અહીં ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ ન સમજવો પણ જીવે પોતાના ઉપયોગને પોતામાં ધારી રાખ્યો છે તેથી ઉપયોગ તે જીવનો ધર્મ છે. જેમ દીપક પ્રકાશને ધારી રાખે છે તેમ આત્મા પોતાના ઉપયોગને ધારી રાખે છે. આત્મા ઉપયોગ વિનાનો હોય નહિ. ચૌદે પ્રકારના ઉપયોગ એક જીવને એક સાથે ન હોય. તેમાંથી જે કારણસ્વભાવજ્ઞાનઉપયોગ અને કારણસ્વભાવદર્શનઉપયોગ છે તે તો બધા જીવોને ત્રિકાળ છે. બાકીના બાર પ્રકારમાંથી કાર્યસ્વભાવ-જ્ઞાનઉપયોગ અને દર્શનઉપયોગ તો કેવળી ભગવાનને જ હોય છે. બાકીના છદ્મસ્થને હોય છે.

જ્ઞાનઉપયોગમાં સ્વભાવ અને વિભાવ એવા બે ભેદ પડે છે. તેમાંથી સ્વભાવજ્ઞાનઉપયોગના બે પ્રકાર :



૧) કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ

૨) કારણસ્વભાવજ્ઞાનઉપયોગ

આ ત્રિકાળી દ્રવ્ય-ગુણની વાત નથી. પણ ચૈતન્યના ઉપયોગરૂપ પરિણમનની વાત છે. આ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ અને કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ બન્ને અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે. જીવના સ્વરૂપની આ વાત બીજે ક્યાંય પણ હોતી નથી. સર્વજ્ઞે કહેલી આ વાત જાણ્યા વિના સાચી શ્રદ્ધા થાય નહિ. આવો જીવ જાણ્યા વિના જીવનું જ્ઞાન પૂરું થતું નથી. અહીં તો તત્ત્વોની શ્રદ્ધા માટે આ વર્ણન છે. સર્વજ્ઞ ભગવાન, તેમની વાણી અને તેમાં કહેલાં તત્ત્વોની શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે. તે તત્ત્વોનું વર્ણન ચાલે છે.

જીવના આ ઉપયોગનું જે વર્ણન ચાલે છે તે બધા ઉપયોગ પણ જીવનું તત્ત્વ છે, -જીવના ભાવ છે.

૧) જીવ ઉપયોગમય છે.

૨) તે ઉપયોગ ચૈતન્યને અનુસરીને થતાં પરિણામ છે.

૩) તે ઉપયોગના જ્ઞાન અને દર્શન એવા બે પ્રકાર છે.

૪) જ્ઞાનઉપયોગના સ્વભાવ અને વિભાવ એવા બે પ્રકાર છે.

૫) સ્વભાવજ્ઞાનઉપયોગ કારણ અને કાર્ય એવા બે પ્રકારના છે.

કારણસ્વભાવજ્ઞાનઉપયોગ તે ત્રિકાળ એકરૂપ સહજ જ્ઞાન છે. અહીં જ્ઞાનના ઉપયોગની વાત છે. આગળ ''કારણશુદ્ધપર્યાય''નું વર્ણન આવશે તેમાં બધાય ગુણોની ધ્રુવ પર્યાય લઈ લેશે.

કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ એટલે કેવળજ્ઞાન; તે જ્ઞાનઉપયોગ એકેક સમયનો છે, તે ચૈતન્ય સ્વભાવને અનુસરીને વર્તે છે. કોઈ નિમિત્તને, રાગને કે પૂર્વની પર્યાયને અનુસરીને તે વર્તતો નથી. કેવળજ્ઞાનનો ઉપયોગ કેવળજ્ઞાનપર્યાયને પણ અનુસરતો નથી, પણ ત્રિકાળ જ્ઞાનસ્વભાવ અને તેનો ત્રિકાળ સહજ કારણજ્ઞાનઉપયોગ છે તેને જ અનુસરીને કેવળજ્ઞાન સાદિ-અનંત, એકેક સમયે, વર્તી રહ્યું છે.

જે કાર્યઉપયોગ છે તે કારણઉપયોગને અનુસરીને વર્તનારો છે. ત્રિકાળી ચૈતન્ય સ્વભાવ અને તેનો ધ્રુવરૂપ કારણ ઉપયોગ. તેને અનુસરીને કેવળજ્ઞાનરૂપી કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ પ્રગટ્યો છે. કાર્ય વર્તમાન છે અને તેનું કારણ પણ વર્તમાન વર્તતું ધ્રુવ છે. એક સામાન્ય ધ્રુવ ઉપયોગ અને તેનો ધ્રુવ વર્તમાન કારણ ઉપયોગ તે વિશેષ ઉપયોગ; એ બન્નેને અનુસરીને કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ પ્રગટે છે, ને સાદિ અનંત તેના જ આધારે ટકે છે.

જીવતત્ત્વ છે, ચૈતન્યગુણ તે તેનું તત્ત્વ છે, તેનો ધ્રુવકારણ જ્ઞાનઉપયોગ તે પણ તેનું તત્ત્વ છે,

તેમાંથી પ્રગટેલો કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ તે પણ તેનું તત્ત્વ છે. આવું કબૂલે તેણે આત્માને કબૂલ્યો કહેવાય.

અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને આ રીતે જે જાણે છે તે પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળ્યા વિના રહે નહિ.

ચૈતન્યનું જ્ઞાન અને તે જ્ઞાનનો સહજરૂપ ઉપયોગ તે બન્ને ત્રિકાળ છે. તેને અનુસરીને કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે.

કાર્ય પ્રગટે તેનું કારણ કોણ ? -કે તેનું કારણ ત્રિકાળી નિરુપાધિક પરમ પારિણામિકભાવે રહેલું એવું સહજજ્ઞાન છે. કારણસ્વભાવજ્ઞાનઉપયોગને કોઈ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક ભાવની અપેક્ષા નથી, તે તો ત્રિકાળ પરમ પારિણામિકભાવે સ્થિત છે. એવું એકરૂપ સહજજ્ઞાન તે કારણસ્વભાવ જ્ઞાનઉપયોગ છે, ને તે કેવળજ્ઞાનનું કારણ છે.

જુઓ, પદ્મપ્રભમુનિરાજે તો ટીકામાં સ્પષ્ટ કરીને વર્ણવ્યું છે. પોતાને ન સમજાય માટે મુનિરાજ ઉપર આરોપ દેવો કે ''મુનિએ ટીકામાં કઠણ કરી નાંખ્યું છે'' તે તો અપાત્રતા છે. કારણ-કાર્યને સાથે ને સાથે રાખીને અદ્‌ભૂત વર્ણન કર્યું છે.

ત્રિકાળ પરમ પારિણામિકભાવમાં સ્થિત એવો કારણસ્વભાવજ્ઞાનઉપયોગ છે, તે જ કેવળજ્ઞાનનું કારણ છે. આવા કારણની પ્રતીત કરે તેને કેવળજ્ઞાનની શંકા ન રહે. કેવળજ્ઞાનપર્યાય કાળને લીધે વર્તતી નથી, પણ કારણસ્વભાવજ્ઞાનઉપયોગના આશ્રયે જ વર્તે છે. પરદ્રવ્યની તો વાત નથી, પણ તેની પૂર્વ પર્યાયને આશ્રયે પણ નવી પર્યાય થતી નથી. વર્તમાન વર્તતો ધ્રુવ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ છે તેના જ આશ્રયે આ કાર્યસ્વભાવજ્ઞાન પ્રગટે છે.

કારણસ્વભાવજ્ઞાનઉપયોગ એક સમયનો પર્યાય છે, પણ તે એવો ને એવો ત્રિકાળ નિરુપાધિક છે, નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવમાં તે ઉપયોગ કર્મની અપેક્ષા વગર એકરૂપ એવો ને એવો જ છે. જીવતત્ત્વનો આવો સ્વભાવ છે. આવા જીવને જાણ્યા વિના બીજા અજીવ વગેરે તત્ત્વો બરાબર જાણી શકાય નહિ.

એક સમયમાં પ્રત્યક્ષપણે ત્રણકાળ ત્રણલોકને જાણે એવું જે કાર્યસ્વભાવજ્ઞાન છે, તેના કારણરૂપ ઉપયોગ તે સહજજ્ઞાન અથવા કારણસ્વભાવજ્ઞાનઉપયોગ છે. તેને જ હવે પછીની ગાથામાં ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ ઉપયોગ કહેશે. તેનામાં સ્વરૂપને ત્રિકાળ પ્રત્યક્ષ કરવાની તાકાત છે, તેમાં કદી પરોક્ષપણું નથી; અધૂરું જાણે કે પૂરું જાણે એવી અપેક્ષા તેનામાં નથી. એક સમયમાં ધ્રુવ કારણરૂપ સ્વરૂપપ્રત્યક્ષ ઉપયોગ છે; મતિજ્ઞાન વગેરે તો પરની અપેક્ષાવાળી હીનાધિક પર્યાયો છે. એકરૂપ વર્તમાન ધ્રુવ ઉપયોગ વગર જ્ઞાનગુણ આખો સાબિત થાય નહિ, ને તે વિના આત્મા સાબિત ન થાય.



અહો ! જંગલમાં આત્માના આનંદમાં મશગુલ રહેનારા પદ્મપ્રભમલધારિ મુનિને આ ટીકાનો વિકલ્પ ઉઠતાં આ ટીકા રચાઈ ગઈ છે. જુઓ તો ખરા ! સ્વભાવકારણઉપયોગ ને તેના આધારે સ્વભાવકાર્યઉપયોગ ! આ વાત સમજવામાં ઘણો પુરુષાર્થ જોઈએ.

કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ અને કારણસ્વભાવજ્ઞાનઉપયોગનું વર્ણન કર્યું. એ રીતે સ્વભાવ-જ્ઞાનઉપયોગનું વર્ણન કર્યું.

હવે વિભાવજ્ઞાનઉપયોગમાં કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે: કુમતિ, કુશ્રુત ને વિભંગ; આ ત્રણે અજ્ઞાનીને હોય છે. તેનો ઉપયોગ પણ થાય છે તો ચૈતન્યને જ અનુસરીને, પણ તેની પ્રતીત ન કરતાં પરને લઈને તે ઉપયોગ થવાનું તે માને છે, માટે તેનો ઉપયોગ એકલો વિભાવરૂપ છે, તેના ત્રણ પ્રકાર છે : કુમતિ, કુશ્રુત ને કુઅવધિ. ત્રિકાળ સ્વભાવનું અવલંબન તે લતો નથી, ને પરના અવલંબનમાં ઉપયોગને જોડે છે તેના જ્ઞાનને કુજ્ઞાન કહે છે. અજ્ઞાની દ્રવ્યલિંગી દિગંબર જૈન સાધુ થાય, ને અગિયાર અંગ ભણે પણ મારું જ્ઞાન પરના આશ્રયે કે વિકલ્પના આશ્રયે છે એમ માને છે તેનું બધું જ્ઞાન કુજ્ઞાન છે, ને ભલે અહીં બેઠા સ્વર્ગ-નરકને જાણે તેવું જ્ઞાન તેને હોય તો પણ તે કુઅવધિજ્ઞાન છે, મિથ્યાજ્ઞાન છે.

આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો હવે કહેવામાં આવતાં બે સૂત્રો (ગાથા ૧૧ ને ૧૨)દ્વારા જાણવા. ઉપયોગના બે ભેદમાંથી જ્ઞાનઉપયોગના ભેદોનું આ વર્ણન ચાલે છે. જ્ઞાનઉપયોગના કુલ નવ ભેદ છે તેમાંથી આ ગાથામાં પાંચ પ્રકાર આવ્યા.

૧ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ

૧ કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ

૩ કુમતિ, કુશ્રુત ને કુઅવધિ એ ત્રણ સર્વથા વિભાવરૂપ ઉપયોગ.

---
૫

બાકીના સમ્યક્ મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યય એ ચાર પ્રકારનું વર્ણન હવેની ગાથામાં આવશે.

(આ ગાથાનો ભાવાર્થ પ્રવચનમાં ખૂબ વિસ્તારથી આવી ગયો છે; જેમણે ભાવાર્થ વાંચવો હોય તેમણે મૂળ નિયમસાર પૃ. ૨૯માંથી વાંચી લેવો.)

હવે દસમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

### શ્લોક ૧૭

(માલિની)

अथ सकलजिनोक्तज्ञानभेदं प्रबुद्ध्वा
परिहृतपरभावः स्वस्वरूपे स्थितो यः।
सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं
स भवति परमश्रीकामिनीकामरूपः॥ १७॥

**શ્લોકાર્થ :-** જિનેન્દ્ર કથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે-ઊંડો ઉતરી જાય છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે). ॥૧૭॥

ભગવાન પરમેશ્વર નિજ જ્ઞાનાનંદથી ભરપૂર છે, એવા આત્મામાં પર્યાયને અંતર્મુખ કરીને જે એકાગ્ર કરે છે તે જીવ મુક્તિ પામે છે. ઉપયોગ બહારમાં ભમતો તેને બદલે શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર આત્મામાં અંતર્મુખ થઈને સ્વભાવમાં ડૂબકી મારે છે તે જીવ મુક્તિ પામે છે. એ રીતે ઉપયોગના પ્રકારો વર્ણવીને તેનું ફળ પણ બતાવ્યું. આ ઉપયોગના ભેદ જાણીને શું કરવું ? કે પરભાવોને છોડીને નિજ ચૈતન્યચમત્કાર સ્વભાવમાં શીઘ્ર પ્રવેશ કરવો. અહીં પરભાવોને છોડવાનું કહ્યું તે વ્યવહારથી છે. ખરેખર ચૈતન્યમાં સ્થિત થયો ત્યાં પરભાવ છૂટી જાય છે. આ જાણીને ચૈતન્યચમત્કાર સ્વભાવમાં ઊંડો ઊતરીને તેના શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કરે છે તે મુક્તિ પામે છે.



### આસો સુદ ૫, શુક્રવાર, ૫-૧૦-૫૧.

હવે જ્ઞાનઉપયોગના ભેદો કહે છે :-

### ગાથા ૧૧ - ૧૨

**केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।**
**सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं॥ ११॥**

**सण्णाणंचउभेयं मदिसुदओही तहेव मणपज्जं।**
**अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव॥ १२॥**

**અસહાય, ઇંદ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન – એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય – ભેદ છે સુજ્ઞાનના;**
**કુમતિ, કુઅવધિ, કુશ્રુત – એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.**

**અન્વયાર્થ** : જે (જ્ઞાન) કેવળ, ઇન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવજ્ઞાન છે; સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતાં, વિભાવજ્ઞાન બે પ્રકારનું છે.

સમ્યગ્જ્ઞાન ચાર ભેદવાળું છે. મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય; અને અજ્ઞાન (-મિથ્યાજ્ઞાન) મતિ આદિના ભેદથી ત્રણ ભેદવાળું છે.

આત્મા ઉપયોગસ્વરૂપી છે, તેના જ્ઞાન અને દર્શન એ બે ભેદ છે. તેમાંથી જ્ઞાનઉપયોગના ભેદોનું આ વર્ણન ચાલે છે. અહીં પ્રત્યક્ષ અને પરોક્ષ એવા પ્રકારો બતાવે છે. જે જ્ઞાનમાં નિમિત્તરૂપ પરદ્રવ્ય નથી તે જ્ઞાન પ્રત્યક્ષ અને સ્વભાવજ્ઞાનરૂપ છે. જેમાં નિમિત્તરૂપ પરદ્રવ્યનું અવલંબન છે તે વિભાવજ્ઞાન છે.

**ટીકા** : ''અહીં આ ગાથાઓમાં જ્ઞાનના ભેદ કહ્યા છે.''

અસહાય કાર્યસ્વભાવજ્ઞાન તે કેવળજ્ઞાન, તે જ્ઞાન કેવું છે ?

''જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી કેવળ છે, આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી ક્રમ, ઇન્દ્રિય અને (દેશ-કાળાદિ) વ્યવધાન રહિત છે, એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી (-સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી) અસહાય છે, તે કાર્યસ્વભાવજ્ઞાન છે.''

કેવળજ્ઞાન એકલું છે, તેમાં કોઈ નિમિત્તની ભેળસેળ કે અશુદ્ધતા નથી; વળી તે જ્ઞાન આવરણ વગરનું હોવાથી ક્રમ વગર જાણનારું છે. ઈન્દ્રિયનું નિમિત્ત તેમાં નથી, તથા દેશ-કાળનો અંતરાય તેનામાં નથી. ઘણું દૂર ક્ષેત્ર કે ઘણો લાંબો કાળ જાણવામાં પણ તેને વિઘ્ન નથી. આવું આત્માનું જ્ઞાનસામર્થ્ય છે, તેમાં જે હીનતા હોય તે આદરણીય નથી. કેવળજ્ઞાન સમસ્ત જ્ઞેયોને એક સાથે જાણનારું છે, એકેક વસ્તુને ક્રમથી નથી જાણતું તેથી તે અસહાય છે; આવું કાર્યસ્વભાવજ્ઞાન છે. પર્યાયમાં આવું જ્ઞાન પ્રગટી ગયું તેનું નામ કાર્યસ્વભાવજ્ઞાન છે.

અને કારણજ્ઞાન પણ તેવું જ છે. ત્રિકાળી જ્ઞાનઉપયોગરૂપ પરિણતિ તે સ્વરૂપપ્રત્યક્ષ છે, તે કારણસ્વભાવજ્ઞાન છે. જેવું કાર્યજ્ઞાન કહ્યું, તેવું જ કારણજ્ઞાન છે. શાથી ? -નિજ પરમાત્મામાં રહેલાં સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શકિતરૂપ નિજ કારણ સમયસારના સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે.

જુઓ, અહીં ત્રિકાળી કારણજ્ઞાનમાં પણ નિજ કારણસમયસારને જાણવાનું સામર્થ્ય કહ્યું, કાંઈ તે કાર્યરૂપ નથી, પણ તેનામાં તેવું સામર્થ્ય છે. આ તો ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ છે, તેમાં કોઈ ભેદ નથી પડતાં.

એકરૂપ સહજચિત્શક્તિરૂપ ત્રિકાળ જ્ઞાનઉપયોગ છે. તેનામાં નિજપરમાત્મામાં રહેલાં સહજ-દર્શન-ચારિત્ર-સુખ અને સહજપરમચિત્શક્તિરૂપ નિજ કારણપરમાત્માના સ્વરૂપોને યુગપદ્ જાણવાનું સામર્થ્ય છે - એવું કારણસ્વભાવજ્ઞાન છે. આ જ્ઞાન શક્તિરૂપ છે, સ્વભાવરૂપ છે; કાર્યરૂપ નથી.

કોઈ એમ કહે કે કેવળજ્ઞાનને તો કર્મના ક્ષયની અપેક્ષાએ ક્ષાયિકજ્ઞાન કહ્યું. ને તે જ જ્ઞાનને એકલા આત્માના પારિણામિક સ્વભાવની અપેક્ષાએ સહજ પારિણામિકભાવે કહ્યું - એમ તો નથી ને ?

તો કહે છે કે : ના; આ તો ત્રિકાળી ઉપયોગની વાત છે. કેવળજ્ઞાન નવું પ્રગટે છે તેની આ વાત નથી. અહીં સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું તે ત્રિકાળ શક્તિરૂપ સ્વભાવની વાત છે. આ જે પરમસ્વભાવરૂપ કારણજ્ઞાન છે, તે દ્રવ્યનું વિશેષરૂપ વર્તમાન છે, ત્રિકાળ એકરૂપ છે; જ્ઞાનનો જે ત્રિકાળ સ્વરૂપ પ્રત્યક્ષરૂપ ભાવ છે તેને અહીં સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું છે. કેવળજ્ઞાનપર્યાય પ્રગટે તેને સ્વરૂપ પ્રત્યક્ષ નથી કહ્યું, તેને તો સકલપ્રત્યક્ષ કહ્યું છે.

અહીં કેવળજ્ઞાનને કાર્યસ્વભાવજ્ઞાન કહ્યું; અને કારણસ્વભાવજ્ઞાન પણ તેવું જ છે એમ કહ્યું, તે શક્તિરૂપ સમજવું. નિજ કારણપરમાત્મા કેવો છે ? કે સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિરૂપ છે. તેને યુગપદ્ જાણવાનું સામર્થ્ય કારણસ્વભાવજ્ઞાનમાં છે.

સ્વાભાવિક જ્ઞાનનું આ વર્ણન છે. તેમાં કાર્ય અને કારણના બે ભેદ છે. કાર્યસ્વભાવજ્ઞાન તો અસહાય, શુદ્ધ ને સમસ્ત પદાર્થોને એક સાથે જાણનારું છે. ને કારણસ્વભાવજ્ઞાનમાં પણ તેવું સામર્થ્ય



છે. આ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ તો બધા જીવોને વર્તમાન વર્તી રહ્યો છે.

સહજપરમચિત્શક્તિ, સહજદર્શન-ચારિત્ર ને સુખ - એ બધા ત્રિકાળ સ્વભાવ છે; કારણજ્ઞાન તેને યુગપદ્ જાણવાના સામર્થ્યવાળું છે. કેવળજ્ઞાન તો બધાને પ્રત્યક્ષ જાણે છે, ને કારણસ્વભાવજ્ઞાનમાં પણ બધાને જાણવાનું સામર્થ્ય છે તેથી તે પણ તેવું જ છે. સહજદર્શન વગેરેરૂપ નિજ કારણસમયસારને જાણવાની તાકાત છે એમ કહીને ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાનનું સામર્થ્ય બતાવ્યું છે. તે કાંઈ ઉત્પાદ-વ્યયરૂપ પરિણમીને જાણતું નથી, પણ તેનામાં ત્રિકાળી તેવું સામર્થ્ય છે, તેથી તે સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન છે.

આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન એ બન્ને શુદ્ધ છે. સહજદર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદ સ્વરૂપ જે પોતાનો કારણપરમાત્મા છે, તેને જાણવાનું સામર્થ્ય આ કારણસ્વભાવજ્ઞાનઉપયોગમાં છે.

આ ક્યા આત્માની વાત છે ? સિદ્ધ થયા તેની વાત નથી, પણ બધાય જીવોને આવો ઉપયોગ ત્રિકાળ વર્તી રહ્યો છે, તેની આ વાત છે. તેની પ્રતીત કરીને તેનું અવલંબન લ્યે તો કાર્યસ્વભાવજ્ઞાન પ્રગટી જાય છે.

કેવળજ્ઞાન એક સાથે ત્રણકાળ ત્રણલોક ને જાણે એ વાત બેસવી પણ લોકોને કઠણ પડે છે. જો કેવળજ્ઞાનમાં બધું ય જણાઈ ગયું અને તેમ જ થાય, તો તો પછી ફેરફાર કરવાનો પુરુષાર્થ રહ્યો જ નહિ - માટે તેમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ? એમ અજ્ઞાનીને લાગે છે. પણ ભાઈ ! એવા જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી ત્યાં જ પુરુષાર્થ આવી ગયો. એ સિવાય પરમાં કાંઈ ફેરફાર કરવાનું રહેતું નથી.

કાર્યસ્વભાવજ્ઞાન તો કેવળજ્ઞાન છે, અને તે સિવાય અહીં તો કારણસ્વભાવજ્ઞાનઉપયોગનું વર્ણન કર્યું છે. આગળ આ ઉપદેશને ''બ્રહ્મઉપદેશ'' કહેશે. ૩૦મા પાને કહેશે કે :

**''આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.''**

જુઓ, અલૌકિક વાત કરી છે.

કેવળજ્ઞાન કેમ પ્રગટે ? કે નિજ કારણસમયસારને જાણનારો જે ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ છે, તેના આશ્રયે કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટી જાય છે.

સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજચિત્શક્તિરૂપ નિજ કારણસમયસાર છે તેને યુગપદ્ જાણવાનું સામર્થ્ય કારણસ્વભાવજ્ઞાનમાં છે. આ બન્ને થઈને પરમ પારિણામિકભાવ પૂરો થાય છે. તે શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે, ને જે કેવળજ્ઞાનાદિ પર્યાયો પ્રગટે છે તે વ્યવહારનયનો વિષય છે. બન્ને થઈને પ્રમાણ છે.

ત્રિકાળ કારણસ્વભાવરૂપ જ્ઞાનની પ્રતીત કરતાં સાધકદશારૂપ કાર્ય પ્રગટી જાય છે, પૂરું કાર્ય તો કેવળજ્ઞાન છે. આ સિવાય બીજુ કોઈ કારણ નથી. ત્રિકાળ વર્તતું કારણસ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન છે તે જ

કેવળજ્ઞાનનું કારણ છે, તે સદાય એવું ને એવું બ્રહ્મસ્વરૂપ છે. માટે આ ઉપદેશને બ્રહ્મઉપદેશ કહ્યો છે. વેદાંતવાળા જે બ્રહ્મ કહે છે તેની આ વાત નથી, તેને તો સામાન્ય-વિશેષની ખબર જ નથી, અહીં તો ત્રિકાળ શક્તિરૂપ જે કારણસ્વભાવજ્ઞાન છે તેના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે છે, તે લોકાલોકને જાણે છે.

કેવળજ્ઞાનને સ્વની અપેક્ષાએ પારિણામિકભાવની પર્યાય કહેવાય છે, ને નિમિત્તની અપેક્ષાએ ક્ષાયિકભાવ કહેવાય છે. તેમ જ ક્રોધને નિમિત્તની અપેક્ષાએ ઉદયભાવ કહેવાય ને તેને જ પારિણામિકભાવની અપેક્ષાએ પારિણામિકભાવની પર્યાય કહેવાય છે, ને પોતાનું પરિણમન હોવાથી તેને સ્વભાવ પણ કહેવાય છે. તે ક્ષાયોપશમિક જ્ઞાનને નિમિત્તની અપેક્ષાએ ક્ષયોપશમભાવ કહેવાય ને સ્વની અપેક્ષાએ તેને જ પારિણામિકભાવની પર્યાય કહેવાય.

પણ અહીં એ વાત નથી. અહીં તો બધા જીવોને જે ત્રિકાળ સામર્થ્યરૂપ એક સ્વભાવજ્ઞાનઉપયોગ વર્તે છે તેની વાત છે.

આગળ ૪૭મી ગાથામાં બધા જીવોને સિદ્ધ જેવા કહેશે. ત્યાં કહે છે કે : ''જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે, જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે.''

ત્યાં સંસારી જીવોને ભવમાં લીન કહ્યા ને વળી સિદ્ધ જેવા આઠ ગુણોથી અલંકૃત પણ કહ્યા, ત્યાં તો વર્તમાન પર્યાયને લક્ષમાં ન લેતાં તેને સિદ્ધ જેવા કહ્યા. પણ ત્યાં કાંઈ તેને સિદ્ધ જેવા આઠ ગુણો પ્રગટ નથી.

અત્યારે અહીં જે કારણસ્વભાવજ્ઞાનઉપયોગ કહેવામાં આવે છે તે તો બધાય જીવોને વર્તમાન વર્તે છે. કારણસ્વભાવ જ્ઞાન બધા જીવોને ત્રિકાળ છે, ને તેના આશ્રયે કાર્યસ્વભાવ જ્ઞાન નવું પ્રગટે છે. આ બન્ને જ્ઞાનો શુદ્ધ છે.

એ રીતે શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

હવે આ (નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે.

સાધક ધર્મી જીવને આત્માના ભાન સહિત જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું, તેમાં ચાર પ્રકાર હોય છેઃ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય.

(૧) ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગથી તથા અવગ્રહાદિ ભેદથી અથવા બહુ-બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે.

મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે : ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણ શક્તિ (-પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબ્ધિ છે; જાણેલાં પદાર્થ પ્રત્યે ફરીફરીને ચિંતન તે ભાવના છે; 'આ કાળું છે', 'આ પીળું છે' ઈત્યાદિરૂપે અર્થગ્રહણ વ્યાપાર (-પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે.



મતિજ્ઞાન ચાર ભેદવાળું છે. અવગ્રહ, ઈહા (-વિચારણા), અવાય (-નિર્ણય) અને ધારણા. (વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.)

મતિજ્ઞાન બાર ભેદવાળું છે. બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિઃસૃત, નિઃસૃત, અનુક્ત, ઉક્ત, ધ્રુવ અને અધ્રુવ. (વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.)

(૨) લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.

શ્રુતજ્ઞાનના 'ઉપયોગ'ને અહીં ભાવનામાં સમાવી દીધો છે.

(૩) દેશ, સર્વ અને પરમના ભેદથી (અર્થાત્ દેશાવધિ, સર્વાવધિ અને પરમાવધિ એવા ત્રણ ભેદોના લીધે) અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે.

અંદરમાં ઉપયોગ મૂકતાં સ્વર્ગ-નરક વગેરે જાણાય તેવું આ જ્ઞાનનું સામર્થ્ય છે.

(૪) ઋજુમતિ અને વિપુલમતિ ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.

આ જ્ઞાન મુનિને જ હોય છે. બધા મુનિને મનઃપર્યયજ્ઞાન હોતું નથી પણ કોઈ કોઈ મુનિને હોય છે.

સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. મનઃપર્યયજ્ઞાન કોઈ કોઈ મુનિવરોને -વિશિષ્ટ સંયમધરોને- હોય છે.

પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે.

જુઓ, અહીં એમ બતાવ્યું કે ભલે અવધિ કે મનઃપર્યયજ્ઞાન હો, કે ચોથું-પાંચમું-છઠ્ઠું ગમે તે ગુણસ્થાન હો, પણ તેમાં જો પરમભાવમાં સ્થિત હોય તો જ તે ધર્મી છે ને તેને જ આવા સમ્યગ્જ્ઞાન હોય છે. પરમભાવ એટલે શું ? શરીરાદિ તો પર છે, પુણ્ય-પાપ વિકાર છે, ને પર્યાય તે પણ ક્ષણિકભાવ છે, તે કોઈ પરમભાવ નથી. ત્રિકાળ એકરૂપ પરમ પારિણામિકસ્વભાવવાળો જે આત્મા તેને અહીં પરમભાવ કહ્યો છે. સમ્યગ્દષ્ટિ જીવો તેની ભાવનામાં જ સ્થિત હોય છે. કોઈ નિમિત્તની, સંયોગની કે વિકારની ભાવના કરે તે સમ્યગ્દષ્ટિ નથી, તેને સમ્યગ્જ્ઞાન હોતું નથી. સમ્યગ્જ્ઞાન કેમ થાય ? કે જે પોતાનો કારણસમયસાર સ્વભાવ છે તેની ભાવના કરવાથી જ સમ્યગ્જ્ઞાન થાય છે. ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાન સહિતનો જે આખો આત્મા તે પરમભાવ છે, તેની ભાવનામાં જે સ્થિત છે તેને જ સમ્યગ્જ્ઞાન હોય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા ભાવલિંગી સંત હો કે ચક્રવર્તી રાજમાં

રહેલો સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ હો, તે બન્નેને આવા પરમભાવની જ ભાવના હોય છે. બહારના ક્રિયાકાંડ ઉપરથી ગુણસ્થાનનું માપ નથી. પણ પરમભાવમાં જેટલે અંશે સ્થિત થાય તે અનુસાર ગુણસ્થાન હોય છે. જેને આવા પરમભાવનું ભાન નથી તેવા મિથ્યાદષ્ટિઓના જ્ઞાનને કુમતિ, કુશ્રુત ને વિભંગ કહેવાય છે.

જ્ઞાનઉપયોગના ભેદ બતાવ્યા, તેમાં કયા પ્રત્યક્ષ છે અને કયા પરોક્ષ છે તે કહે છે :

‘‘અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)સહજ જ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.’’

આત્માનો જે ત્રિકાળ પરમ સ્વભાવભાવ તે શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ છે, તેમાં કારણસ્વભાવજ્ઞાન વ્યાપક છે, તેથી તે જ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે. કારણસ્વભાવજ્ઞાન તે સહજજ્ઞાન છે ને તેને જ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે.

સ્વરૂપપ્રત્યક્ષ = સ્વરૂપે પ્રત્યક્ષ; સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ; સ્વભાવે પ્રત્યક્ષ.

સહજ જ્ઞાન-સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન ત્રિકાળ છે. તે જ્ઞાન ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં રહેલું નથી, પણ જે ત્રિકાળ શુદ્ધ પરમ પારિણામિકભાવરૂપ પરમ તત્ત્વ છે તેમાં તે જ્ઞાન વ્યાપેલું છે, તેથી તે આત્મા સાથે ત્રિકાળ વર્તી રહ્યું છે.

આ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાનનો કદી વિરહ નથી, ત્રણે કાળે તે પ્રત્યક્ષ જ છે, તેથી તે સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન છે. તે ત્રિકાળ છે. તેનામાં આખા આત્માને યુગપદ જાણવાનું સામર્થ્ય ત્રણે કાળે છે. કેવળજ્ઞાન તો નવું થાય છે, અત્યારે તેનો વિરહ છે, તેથી તે સ્વરૂપપ્રત્યક્ષ નથી, તે પ્રગટ્યા પછી સંપૂર્ણ પ્રત્યક્ષ છે, પણ તે સ્વરૂપપ્રત્યક્ષ નથી, ને આ સહજજ્ઞાન તો ત્રિકાળ છે, સ્વરૂપપ્રત્યક્ષ છે, ત્રણે કાળે તેનામાં પૂરું જાણવાનું સામર્થ્ય પડ્યું જ છે. આવો સ્વભાવ તે સમ્યગ્દર્શનનો વિષય છે.

જ્ઞાન-દર્શન ગુણ તો ત્રિકાળ છે, તે ગુણની આ વાત નથી. પણ જેવો ગુણ છે તેવું જ તેનું સદાય વિશેષ વિશેષ વર્તમાન વર્ત્યા જ કરે છે. જો તેનું એકરૂપ વિશેષ ન હોય તો જ્ઞાન-દર્શનનો પરમ પારિણામિકભાવ સાબિત ન થાય. જેવો ધર્માસ્તિકાય વગેરેનો પર્યાય એકરૂપ ત્રિકાળ છે, તેમ આત્માના જ્ઞાન-દર્શનમાં એકરૂપ કારણસ્વભાવ જ્ઞાનઉપયોગ ત્રિકાળ વર્તે છે, અહીં ઉપયોગની વાત હોવાથી જ્ઞાન અને દર્શન એ બે ગુણના ત્રિકાળી કારણસ્વભાવ જ્ઞાનઉપયોગની વાત લીધી છે. આગળ આખા દ્રવ્યની કારણશુદ્ધપર્યાયની વાત આવશે, તેમાં તો બધાય ગુણોની એકરૂપ કારણશુદ્ધપર્યાયની વાત આવશે. આવો સામાન્ય-વિશેષથી પરિપૂર્ણ આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે.

### આસો સુદ ૬, શનિવાર, તા. ૬-૧૦-૫૧.

આત્માના ઉપયોગનું આ વર્ણન ચાલે છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામને ઉપયોગ કહે છે. તેના



પ્રકારોનું વર્ણન ચાલે છે.

૧ કારણસ્વભાવજ્ઞાન

૧ કાર્યસ્વભાવજ્ઞાન.

૪ સમ્યક્‌મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યય એ ચાર જ્ઞાન.

૩ કુમતિ, કુશ્રુત અને વિભંગ -એ ત્રણ અજ્ઞાન.

એમ નવ પ્રકાર છે, તેમાં પ્રત્યક્ષ-પરોક્ષના પ્રકારો બતાવે છે.

કારણસ્વભાવજ્ઞાનઉપયોગ તે સહજપ્રત્યક્ષ છે, ત્રિકાળ શક્તિરૂપ સ્વરૂપપ્રત્યક્ષ છે; ને કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.

‘**रुपिष्ववधेः** (અવધિજ્ઞાનનો વિષય - સંબંધ રૂપી દ્રવ્યોમાં છે.)’ એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ (એકદેશપ્રત્યક્ષ) છે. તેના અનંતમાં ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (-જાણનારું) હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.

અહીં પરવિષયની અપેક્ષાએ મતિ-શ્રુતને પરોક્ષ ગણ્યા છે. પણ સ્વવિષય અપેક્ષાએ તો તે પણ પ્રત્યક્ષ છે. ને પરવિષયને ઇન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ જાણે છે તે અપેક્ષાએ તેને વ્યવહારપ્રત્યક્ષ કહેવાય છે.

અહીં ઉપર કહેલાં જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજ પરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજ જ્ઞાન જ છે; એ સિવાય બીજું મોક્ષનું પરમાર્થ કારણ નથી. મતિ-શ્રુત વગેરેને પરંપરા મોક્ષનું કારણ કહેવાય છે. જે ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાન છે, તે મોક્ષનું મૂળ છે. આ સહજજ્ઞાન ત્રિકાળ છે. ચાર જ્ઞાનને મોક્ષનું કારણ ન કહ્યું, ને કેવળજ્ઞાન તો મોક્ષસ્વરૂપ જ છે, તેનું કારણ ત્રિકાળી સહજજ્ઞાન છે.

તે સહજજ્ઞાન પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે ભવ્ય જીવોને પરમસ્વભાવ છે. અભવ્યને પણ તેવું સહજજ્ઞાન ત્રિકાળ છે પણ તેને તેનું ભાન નથી માટે તેનો પરમસ્વભાવ ગણ્યો નથી. ભવ્ય જીવનો પરમસ્વભાવ આ ત્રિકાળી સહજ એકરૂપ જ્ઞાન છે, તે જ આદરણીય છે. તેના જ આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે છે. ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાનના આધારે જ સમ્યક્ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય કે કેવળજ્ઞાન થાય છે. કોઈ પરના આશ્રયે જ્ઞાન ખીલતું નથી. આવા સહજજ્ઞાનને ઉપાદેય કરવું તે જ મોક્ષનું કારણ છે.

હવે આ સહજ ચિદ્‌વિલાસરૂપે અભેદ આત્માને ભાવવો એમ કહે છે :-

આત્મા કેવો છે ?

૧) સદા સહજ પરમ વીતરાગ-સુખામૃત છે. આ પર્યાયની વાત નથી પણ ત્રિકાળ શક્તિની વાત છે.

૨) અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ છે. જેને કોઈ વિઘ્ન નથી એવું ત્રિકાળ નિરાવરણ જ્ઞાન છે.

૩) સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર અને

૪) ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક) હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા;

આ શ્રદ્ધા પણ ત્રિકાળી છે.

આ રીતે ત્રિકાળી સહજ સુખ, જ્ઞાન, ચારિત્ર અને શ્રદ્ધા એ સ્વભાવઅનંતચતુષ્ટ્ય છે તેનાથી આત્મા સનાથ છે. અહીં ચાર બોલ કહ્યા તે પર્યાય પ્રગટે તેની વાત નથી, પણ ત્રિકાળી સહજ શક્તિની વાત છે. શ્રદ્ધા કેવી છે ? ત્રણે કાળે અવિચ્છિન્ન હોવાથી જે આત્માને સદાય નિકટ છે, એવી ચૈતન્યરૂપની ત્રિકાળી શ્રદ્ધા છે. ત્રિકાળી ચાર સ્વભાવ કહ્યા તેનું રક્ષણ કરનારો આત્મા છે ને તે મુક્તિસુંદરીનો નાથ છે - એવા આત્માને સહજ ચિદ્‌વિલાસરૂપે સદાય ભાવવો.

આત્મા અનાથ છે એટલે કે જેનો કોઈ બીજો નાથ નથી, ને જે પોતે મુક્તિસુંદરીનો નાથ છે - એ રીતે આત્મા અનાથ, મુક્તિસુંદરીનો નાથ છે. આવા આત્માની ભાવના કરવી તે મુક્તિનો ઉપાય છે.

સહજ ચિદ્‌વિલાસરૂપે સ્વભાવ અનંત ચતુષ્ટયયુક્ત આત્માને અનુભવવો તે આત્માની મુક્તિનું કારણ છે.

જુઓ તો ખરા ! મુનિરાજને આત્મસ્વભાવનું વર્ણન કરતાં વિશેષણો પણ ઓછાં પડે છે. આત્માના ત્રિકાળી ચતુષ્ટયની વાત ચાલે છે. ત્રિકાળી શ્રદ્ધા, ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી સહજ સુખ ને ત્રિકાળી ચારિત્ર - એવા સ્વભાવચતુષ્ટય સહિત આત્માની ભાવના કરવાની આ વાત છે.

આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડાંરૂપ આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.

આ બાર ગાથાઓમાં સંસારના મૂળ ઊખેડી નાંખે તેવો બ્રહ્મોપદેશ કર્યો. જેમ સમયસારમાં બાર ગાથા મૂળભૂત છે, તેમ અહીં બાર ગાથામાં બ્રહ્મઉપદેશ કર્યો. જેવો આત્મા કહ્યો તેવા આત્માની જે ભાવના કરે તેને સંસારનું મૂળ છેદાઈને મુક્તિ થાય છે.

હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોકો કહે છે :-



**શ્લોક ૧૮**

(मालिनी)

**इति निगदितभेदज्ञानमासाद्य भव्यः**
**परिहरतु समस्तं घोरसंसारमूलम्।**
**सुकृतमसुकृतं वा दुःखमुच्चैः सुखं वा**
**तत उपरि समग्रं शाश्वतं शं प्रयाति॥ १८॥**

**શ્લોકાર્થ** :- એ રીતે કહેવામાં આવેલા ભેદજ્ઞાનને પામીને ભવ્ય જીવ ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત કે દુષ્કૃતને, સુખ કે દુઃખને અત્યંત પરિહરો. તેનાથી ઉપર (અર્થાત્ તેને ઓળંગી જતાં), જીવ સમગ્ર (પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે. ॥ ૧૮ ॥

ઉપયોગમય જીવ છે, તે ઉપયોગનું વર્ણન કરીને જીવને ઓળખાવ્યો. આ રીતે ભેદજ્ઞાન પામીને ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત પુણ્ય-પાપને ભવ્ય જીવો પરિહરો, ને ત્રિકાળી શુદ્ધચૈતન્યનું જ અવલંબન કરો. શુભ વ્યવહાર તે ધર્મનું કારણ નથી. પણ ઘોર સંસારનું કારણ છે. વ્યવહાર રત્નત્રયરૂપ જે સુકૃત એટલે કે શુભરાગ, તેને પણ ઘોર સંસારના મૂળમાં ગણ્યો છે. તેને અત્યંત પરિહરો, ને ત્રિકાળી કારણપરમાત્મા જ્ઞાનમૂર્તિ બતાવ્યો તેની ભાવના કરો, તે જ સંપૂર્ણ શાશ્વત સુખનો ઉપાય છે. શુભ અને અશુભ બન્નેને ઓળંગી જતાં, નિજ પરમાત્માની ભાવનાથી જ શાશ્વત સુખ પમાય છે. એ સિવાય બીજો ઉપાય નથી. અખંડ ચૈતન્ય તરફનું વલણ તે જ શરૂઆતનો ઉપાય છે, ને આગળ પણ તે જ મોક્ષનું કારણ છે. મોક્ષનું મૂળ કોણ ?

શુદ્ધ ઉપયોગનો પિંડ પરિપૂર્ણ અખંડ આત્મા તે મોક્ષનું મૂળ છે.

તે સિવાયના શુભ કે અશુભ તે તો સંસારનું મૂળ છે.

**શ્લોક ૧૯**

(अनुष्टुभ्)

**परिग्रहाग्रहं मुक्त्वा कृत्वोपेक्षां च विग्रहे।**
**निर्व्यग्रप्रायचिन्मात्रविग्रहं भावयेद् बुधः॥ १९॥**

**શ્લોકાર્થ** :- પરિગ્રહનું ગ્રહણ છોડીને તેમ જ શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને બુધપુરુષે અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય માત્ર જેનું શરીર છે તેને (-આત્માને) ભાવવો. ॥ ૧૯ ॥

ઉપયોગમય આત્મા કહ્યો તેની પક્કડ કરતાં પરની પક્કડ છૂટી જાય છે. માટે ચૈતન્ય સિવાય સમસ્ત પરદ્રવ્યનું ગ્રહણ છોડીને તેમ જ શરીર પ્રત્યે પણ ઉપેક્ષા કરીને -એટલે કે તેનું પણ લક્ષ

છોડીને- જ્ઞાનીઓએ અવ્યગ્રતાથી ભરપૂર ચૈતન્યમાત્ર ભાવવો.

બહારમાં શરીરાદિનું શું થશે ? પુસ્તકનું શું થશે ? એવી વ્યગ્રતા કરવી તે આત્માનું સ્વરૂપ નથી. આ શરીર આત્માનું નથી. આત્માને તો ચિન્માત્ર વિગ્રહ એટલે કે ચૈતન્યમાત્ર શરીર છે, એવા આત્માની ભાવના કરવી. શરીરનું કાલે શું થશે - એવી ચિંતા તે વ્યગ્રતા છે. વ્યગ્રતા કરવી તે ચૈતન્યનું સ્વરૂપ નથી, તેમ જ વ્યગ્રતા કરવાથી પરમાં કાંઈ ફેરફાર થતો નથી. માટે તે વ્યગ્રતાથી રહિત જે ચિદાનંદથી ભરેલો ભગવાન છે તેની જ ભાવના કરવા જેવી છે.

મુખ્યપણે આ મુનિની વાત છે. એટલે કહ્યું કે બાહ્યમાં પરિગ્રહ છોડીને, ને દેહની પણ ઉપેક્ષા કરીને શુદ્ધ જ્ઞાનશરીરી ચૈતન્ય આત્માને ભાવવો. આ ભાવનામાં જ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે.

ભેદજ્ઞાન વડે ચૈતન્યની ભાવના કરતાં શું ફળ થાય છે તે બતાવીને તેનો મહિમા અને મંગળ કરે છે :-

**શ્લોક ૨૦**

(शार्दूलविक्रीडित)

**शस्ताशस्तसमस्तरागविलयान्मोहस्य निर्मूलनाद्**
**द्वेषाम्भःपरिपूर्णमानसघटप्रध्वंसनात् पावनम्।**
**ज्ञानज्योतिरनुत्तमं निरुपधि प्रव्यक्ति नित्योदितं**
**भेदज्ञानमहीजसत्फलमिदं वन्द्यं जगन्मंगलम्॥ २०॥**

**શ્લોકાર્થ :-** મોહને નિર્મૂળ કરવાથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી અને દ્વેષરૂપી જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી, પવિત્ર, અનુત્તમ, નિરુપાધિ અને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે, જગતને મંગળરૂપ છે. ॥ ૨૦ ॥

ચૈતન્યની ભાવના વડે મોહનો નાશ થઈ જાય છે તેમ જ શુભાશુભ સમસ્ત રાગનો નાશ થઈ જાય છે. સ્વભાવ તરફનો અણગમો વર્તે તેને દ્વેષરૂપી જળથી ભરેલો ઘડો કહ્યો છે તેનો પણ ચૈતન્યની ભાવના વડે નાશ થઈ જાય છે. એ રીતે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવની ભાવના કરવાથી, મોહ અને રાગ-દ્વેષને નાશ કરવાથી પવિત્ર, અનુત્તમ, ઉપાધિ રહિત અને નિત્ય પ્રકાશમાન એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે.

આવી જ્ઞાનજ્યોતિ પ્રગટી તે ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું સુંદર ફળ છે. ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ



વંદ્ય છે અને જગતને મંગળરૂપ છે. જુઓ, અખંડ જ્ઞાનજ્યોતિ પ્રગટવાનું કારણ પરથી જુદાપણાની ભાવના છે. પરથી જુદા આત્માનું ભેદજ્ઞાન કર્યું ત્યાં મોક્ષનું બીજડું રોપાયું. તેમાંથી વૃક્ષ ફાલતાં કેવળજ્ઞાનરૂપી ફળ પ્રગટે છે. તે સત્ફળ જગતને વંદ્ય છે અને તે જગતને મંગળરૂપ છે; તે જ સંપદાને આપનાર ને આપદાને ટાળનાર એવું મંગળ છે.

**શ્લોક ૨૧**

(मंदाक्रान्ता)

**मोक्षे मोक्षे जयति सहजज्ञानमानन्दतानं**
**निर्व्याबाधं स्फुटितसहजावस्थमन्तर्मुखं च।**
**लीनं स्वस्मिन्सहजविलसच्चिच्चमत्कारमात्रे**
**स्वस्य ज्योतिःप्रतिहततमोवृत्ति नित्याभिरामम्॥ २१॥**

**શ્લોકાર્થ :-** આનંદમાં જેનો ફેલાવ છે, જે અવ્યાબાધ (બાધા રહિત)છે, જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે, જે અંતર્મુખ છે, જે પોતામાં સહજ વિલસતા (ખેલતા-પરિણમતા) ચિત્યમત્કારમાત્રમાં લીન છે, જેણે નિજ જ્યોતિથી તમોવૃત્તિને (-અંધકારદશાને, અંધકારપરિણતિને) નષ્ટ કરી છે અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે, એવું સહજજ્ઞાન સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે. ॥ ૨૧ ॥

ટીકાકાર કહે છે કે સહજજ્ઞાનની પ્રગટ થયેલી સ્વાભાવિકદશા મોક્ષમાં જયવંત વર્તે છે.

કેવું છે તે સહજજ્ઞાન ?

આનંદમાં તેનો ફેલાવ છે. સંપૂર્ણ રાગ-દ્વેષ-મોહ ટળીને સંપૂર્ણ આનંદ પ્રગટી ગયો છે. જે અવ્યાબાધ છે, જેને હવે કોઈ બાધા નથી, જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે, શક્તિપણે ત્રિકાળ કારણસ્વભાવજ્ઞાન હતું તેમાંથી સહજ અવસ્થા ખીલી નીકળી છે. એટલે કે કેવળજ્ઞાન થઈ ગયું છે. વળી તે અંતર્મુખ છે, પોતાના સહજ વિલસતા (પરિણમતા) ચૈતન્યચમત્કારમાં લીન છે, અને પોતાની જ્યોતિ પ્રગટી તે વડે અજ્ઞાન અંધકારનો નાશ કર્યો છે, અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે. એવું સહજજ્ઞાન પોતાની પ્રગટેલી અવસ્થા સહિત મોક્ષમાં જયવંત વર્તે છે.

ત્રિકાળી સહજજ્ઞાન હતું તેની પૂર્ણ અવસ્થા મોક્ષમાં ખીલી નીકળી છે, એવું જ્ઞાન મોક્ષમાં જયવંત વર્તે છે. આવા સહજ જ્ઞાનસ્વભાવની ભાવના કરવા જેવી છે. તેની ભાવનાથી કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રગટી જાય છે.

### શ્લોક ૨૨

(अनुष्टुभ्)

**सहजज्ञानसाम्राज्यसर्वस्वं शुद्धचिन्मयम् ।**
**ममात्मानमयं ज्ञात्वा निर्विकल्पो भवाम्यहम् ।। २२ ।।**

**શ્લોકાર્થ :-** સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવો શુદ્ધ ચૈતન્યમય મારા આત્માને જાણીને, હું આ નિર્વિકલ્પ થાઉં. ।। ૨૨ ।।

નિર્વિકલ્પ કેમ થવાય ? કે સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જ જેનું સર્વસ્વ છે, એવા શુદ્ધ ચૈતન્યમય પોતાના આત્માને જાણીને તેમાં લીનતા થતાં નિર્વિકલ્પતા થાય છે. એ રીતે સહજજ્ઞાનમય શુદ્ધાત્માને જાણવાથી નિર્વિકલ્પતા થાય છે, એમ કહ્યું.



હવે દર્શનઉપયોગનું સ્વરૂપ કહે છે :-

### ગાથા ૧૩

**तह दंसणउवओगो ससहावेदरवियप्पदो दुविहो।**
**केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं ।। १३ ।।**

**ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;**
**અસહાય, ઇન્દ્રિયવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.**

**અન્વયાર્થ** : તેવી રીતે દર્શનોપયોગ સ્વભાવ અને વિભાવના ભેદથી બે પ્રકારનો છે. જે કેવળ, ઇન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવદર્શનોપયોગ કહ્યો છે.

ચૈતન્ય અનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે. તેમાં જ્ઞાનઉપયોગનું વર્ણન કર્યું. હવે દર્શનઉપયોગનું વર્ણન કરે છે.

જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે, તેમ દર્શનોપયોગ પણ તેવો જ છે. (ત્યાં પ્રથમ તેના બે ભેદ છે.) સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે : કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.

કારણસ્વભાવદર્શન તો ત્રિકાળ છે, ને કાર્યસ્વભાવદર્શન નવું પ્રગટે છે.

દૃષ્ટિ = દર્શન. (દર્શન અથવા દૃષ્ટિના બે અર્થ છે :(૧) સામાન્ય પ્રતિભાસ, અને (૨) શ્રદ્ધા. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. બન્ને અર્થો ગર્ભિત હોય ત્યાં બન્ને સમજવા.)

દૃષ્ટિ અને દર્શન ઉપયોગ બન્ને નિર્વિકલ્પ હોવાથી અહીં ટીકાકાર તે બન્નેને ગર્ભિતપણે લઈ લ્યે છે. કારણદૃષ્ટિ અને કારણદર્શનોપયોગ એ બન્નેને અહીં સાથે લેવા.

તે કારણદૃષ્ટિ કેવી છે ? તે કહે છે.

‘‘ત્યાં કારણદૃષ્ટિ તો, સદા પાવનરૂપ અને ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર એવો સહજ પરમ પારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે, જે કારણસમયસાર સ્વરૂપ છે, નિરાવરણ જેનો સ્વભાવ છે, જે નિજ સ્વભાવ સત્તામાત્ર છે, જે પરમ ચૈતન્ય સામાન્યસ્વરૂપ છે, જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળ સ્થિતિમય શુદ્ધ ચારિત્રસ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ-જ્ઞાનનિરંજનસ્વરૂપ છે અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે એવા આત્માના ખરેખર સ્વરૂપ શ્રદ્ધાનમાત્ર જ છે (અર્થાત્ કારણદૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે).’’

અહીં પરમ પારિણામિકસ્વભાવને ચાર ભાવોથી અગોચર કહ્યો તે તો તે પારિણામિકસ્વભાવનું જ અવલબંન બતાવવા માટે કહ્યો છે. ખરેખર તો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવોથી તો તે પારિણામિકભાવ ગોચર થાય છે. પણ તે ભાવો ક્ષણિક પર્યાયરૂપ છે, તેના અવલંબને વિકલ્પ ઊઠે છે; ક્ષાયિકભાવના લક્ષે પણ વિકલ્પ થાય છે માટે તેને વિભાવ કહ્યો.

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી તેમને વિભાવસ્વભાવ પરભાવો કહ્યા છે. એક સહજ પરમ પારિણામિકભાવને જ સદા પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે. ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમ પારિણામિકભાવનો આશ્રય થતો નથી. પરમ પારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની દશાઓ પ્રાપ્ત થાય છે.

જેમાં ક્ષાયિકભાવની પણ અપેક્ષા નથી એવો ત્રિકાળ નિરપેક્ષ એકરૂપ પરમ પારિણામિકભાવ છે તેના જ આશ્રયે ધર્મ થાય છે. ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ તે તો ધર્મ છે પણ તેના આશ્રયે ધર્મ નથી, ધર્મ તો પારિણામિકભાવના આશ્રયે જ થાય છે, માટે તે પારિણામિકભાવનો આશ્રય કરાવવા માટે ચાર વિભાવભાવોથી તેને અગમ્ય કહ્યો છે.

ઉત્પાદ-વ્યય વિનાની ત્રિકાળી શ્રદ્ધાને પણ અહીં સ્વરૂપશ્રદ્ધા કહી છે. આ ધ્રુવરૂપ છે. તેને ત્રિકાળદર્શન પણ કહેવાય છે, તે ત્રિકાળી સ્વરૂપશ્રદ્ધા પણ કહેવાય છે.

**આસો સુદ ૭, રવિવાર, ૭-૧૦-૫૧.**

આત્માના દર્શનઉપયોગના સ્વરૂપનું કથન છે. તેમાં કારણસ્વભાવદર્શનઉપયોગમાં ત્રિકાળી શ્રદ્ધાને પણ લીધી છે.

દર્શનઉપયોગના બે ભેદ છે : સ્વભાવરૂપ અને વિભાવરૂપ. તેમાં સ્વભાવરૂપ દર્શનઉપયોગ કારણ અને કાર્ય એવા બે પ્રકારનો છે, તેનું સ્વરૂપ કહે છે. કારણસ્વભાવદર્શનઉપયોગ અર્થાત્ કાર્યદૃષ્ટિ તે કેવી છે ?

કારણદૃષ્ટિ તો શુદ્ધ આત્માના સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે. કેવો છે આત્મા ?

સદા પાવનરૂપ છે, ત્રણે કાળે વિકારરહિત શુદ્ધ સ્વભાવરૂપ છે, જે ઔદયિકાદિ ચારે વિભાવ ભાવોથી અગોચર એવા સહજ પરમ પારિણામિકભાવરૂપ છે, કારણ સમયસાર છે, ત્રણે કાળે નિરાવરણ તેનો સ્વભાવ છે. વળી નિજ સ્વભાવ સત્તામાત્ર છે, અને પરમ ચૈતન્ય સામાન્યસ્વરૂપ છે. પોતાના અકૃત્રિમ પરમ સ્વસ્વરૂપમાં ત્રણે કાળે અવિચળ સ્થિતિમય શુદ્ધ ચારિત્રસ્વરૂપ છે. અને નિત્ય શુદ્ધ નિરંજન જ્ઞાનસ્વરૂપ છે. આવા આત્માની ત્રિકાળી શ્રદ્ધારૂપ કારણદૃષ્ટિ છે.

વળી તે આત્મા સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે. પોતાની



પર્યાયમાં વિભાવ છે તે જ દુશ્મન છે. રાગ, દ્વેષ અને મોહ તે દુશ્મનની સેના છે. શુદ્ધ આત્માની ભાવના કરતાં તેનો નાશ થઈ જાય છે.

આવા આત્માના સ્વરૂપ શ્રદ્ધાનમાત્ર કારણસ્વભાવ દૃષ્ટિ છે. આ ત્રિકાળ છે. આત્મામાં ત્રિકાળ વર્તતો જે દર્શનનો ઉપયોગ તેને કારણસ્વભાવદર્શનઉપયોગ કહે છે.

હવે કાર્યસ્વભાવદર્શનઉપયોગ કહે છે, અને તેની સાથે પરમ અવગાઢ ક્ષાયિક સમ્યક્ત્વરૂપ જે કાર્યસ્વભાવદૃષ્ટિ પ્રગટે છે તે પણ સમાડી દીધી છે. તે કાર્યસ્વભાવદૃષ્ટિ કેવી છે ?

તે ત્રિકાળ નથી, પણ દર્શનાવરણીય અને જ્ઞાનાવરણીયના ક્ષયથી ઉત્પન્ન થાય છે. કાર્યદર્શનઉપયોગ કે કાર્યદૃષ્ટિ ક્ષાયિક જીવને એટલે કે અર્હંત ભગવાનને હોય છે. ક્ષાયિક જીવ કેવો છે ?

૧) જેણે સકળ વિમળ કેવળજ્ઞાન વડે ત્રણ લોકને જાણ્યા છે;

૨) પોતાના આત્માથી ઉત્પન્ન થતાં પરમ વીતરાગ સુખામૃતનો સમુદ્ર છે; આ કાર્યદૃષ્ટિ સંપન્ન એવા સર્વજ્ઞ તીર્થંકરદેવને પ્રગટેલી પર્યાયની વાત છે.

૩) યથાખ્યાત નામના કાર્યશુદ્ધ ચારિત્રસ્વરૂપ છે.

એ રીતે જ્ઞાન, સુખ અને ચારિત્ર ત્રણેની વાત લીધી. આવા સર્વજ્ઞ ભગવાનને કાર્યસ્વભાવદૃષ્ટિ અને કાર્યસ્વભાવ દર્શનઉપયોગ હોય છે.

વળી તે ભગવાન સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય સ્વરૂપ છે.

તીર્થંકર પરમદેવ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય સ્વરૂપ છે, કે જે શુદ્ધ સદ્ભૂત વ્યવહારનય સાદિ-અનંત, અમૂર્તિક અને અતીન્દ્રિય સ્વભાવવાળો છે.

ભગવાનને પોતાને તો નય હોતો નથી, પણ સાધક જીવ કેવળીભગવાનના સ્વરૂપને વિચારે ત્યારે તેને આવો નય હોય છે. આવા તીર્થંકર ભગવાન ભવ્ય જીવોને પ્રત્યક્ષ વંદનીક છે. સિદ્ધ ભગવાન વંદનીક છે પણ તે પરોક્ષ છે. ને તીર્થંકર ભગવાન પ્રત્યક્ષ છે. એવા ભગવાનને કેવળજ્ઞાનની માફક આ કાર્યદૃષ્ટિ પણ યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.

કેવળીને પોતાને નય ન હોય, તેઓ તો પૂર્ણ થઈ ગયા છે, નયાતીત થઈ ગયા છે, તેમને શ્રુતજ્ઞાન નથી પણ કેવળજ્ઞાન છે. નય તો શ્રુતજ્ઞાનીને જ હોય છે. પણ કેવળીનો વિચાર કરતાં સાધક જીવને શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય હોય છે. તેથી ભગવાનને પણ તે નયસ્વરૂપ કહી દીધા છે. એટલે કે તે કેવળજ્ઞાનાદિ દશા પણ ત્રિકાળ નથી પણ નવી પ્રગટેલી છે, તેથી તે આશ્રય કરવા યોગ્ય નથી, આશ્રય કરવા યોગ્ય તો ત્રિકાળ એકરૂપ સ્વભાવ છે. ને ત્રિકાળી સ્વરૂપ શ્રદ્ધાન છે તે તો નિશ્ચય

છે, ને જે કાર્યસ્વભાવદષ્ટિ પ્રગટી તે તો વ્યવહાર છે. કાર્યદષ્ટિ તે શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. અને આત્મામાં ત્રિકાળ કારણસ્વભાવ દર્શનઉપયોગ છે તે તો શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. એ વાત તેમાં આવી જાય છે. તે ત્રિકાળીનો આશ્રય કરવા જેવો છે. તેના આશ્રયથી નિર્મળ કાર્ય પ્રગટે છે.

જુઓ, આત્મા ઉપયોગ સ્વરૂપ છે. તેમાં -

૧) ત્રિકાળ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ

૨) ત્રિકાળ કારણસ્વભાવદર્શનઉપયોગ અથવા ત્રિકાળ સહજ સ્વરૂપશ્રદ્ધાન - આ બન્ને નિશ્ચયનયનો વિષય છે.

૩) કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ

૪) કાર્યસ્વભાવદર્શનઉપયોગ - આ બન્ને વ્યવહારનયનો વિષય છે.

તેમાં શુદ્ધ નિશ્ચયનયના વિષયનું અવલંબન કરવું તે જ મોક્ષનું કારણ છે. એ ચાર પ્રકાર કહ્યા તે સ્વભાવરૂપ છે.

આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવદર્શનોપયોગ કહ્યો. વિભાવદર્શનોપયોગ હવે પછીના સૂત્રમાં (૧૪મી ગાથામાં) હોવાથી ત્યાં જ દર્શાવવામાં આવશે.

સ્વભાવદર્શનઉપયોગની સાથે સ્વરૂપશ્રદ્ધાને પણ સમાવી દીધી છે, જો કે શ્રદ્ધા અને દર્શનઉપયોગનું લક્ષણ જુદું છે, પણ બન્ને સામાન્યરૂપ છે, માટે અહીં દર્શનઉપયોગમાં શ્રદ્ધાને પણ સમાવી દીધી છે. જીવનો આવો સ્વભાવ છે.

''જીવ ઉપયોગમય છે'' તેનું આ વર્ણન ચાલે છે. આત્મા ત્રિકાળી દ્રવ્ય છે, ચેતના ત્રિકાળ ગુણ છે, ને કારણઉપયોગ તે ત્રિકાળી પર્યાય છે. કાર્યઉપયોગ તે પરિણમનરૂપ પર્યાય છે.

હવે ૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :-

**શ્લોક ૨૩**

(इन्द्रवज्रा)

**दृग्ज्ञप्तिवृत्त्यात्मकमेकमेव**
**चैतन्यसामान्यनिजात्मतत्त्वम्।**
**मुक्तिस्पृहाणामयनं तदुच्चै-**
**रेतेन मार्गेण विना न मोक्षः ।। २३ ।।**



શ્લોકાર્થ :- દશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ (દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્ય સામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે; આ માર્ગ વિના મોક્ષ નથી. ।। ૨૩ ।।

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાયવાળો અભેદ આત્મા તે જ મોક્ષનો માર્ગ છે. અથવા દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ જે ત્રિકાળી એકરૂપ ચૈતન્યસામાન્ય આત્મતત્ત્વ તે જ મોક્ષનો માર્ગ છે. જે ત્રિકાળ દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા છે અને જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાય પ્રગટી છે - એવો જે ચૈતન્યસામાન્ય આત્મા તે મોક્ષાર્થીઓને મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. મુમુક્ષુઓને આ માર્ગ પ્રસિદ્ધ છે. આ સિવાય બીજા માર્ગે મોક્ષ નથી.

હવે, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ અને અશુદ્ધ પર્યાયની સૂચનારૂપ સૂત્ર કહે છે :-

**ગાથા ૧૪**

**चक्खु अचक्खू ओही तिण्णि वि भणिदं विहावदिट्ठि त्ति।**
**पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो ॥१४॥**
**ચક્ષુ, અચક્ષુ, અવધિ–ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;**
**નિરપેક્ષ, સ્વપરાપેક્ષ – એ બે ભેદ છે પર્યાયના. ૧૪.**

**અન્વયાર્થ :-** ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણે વિભાવદર્શન કહેવામાં આવ્યા છે. પર્યાય દ્વિવિધ છે : સ્વપરાપેક્ષ (સ્વ ને પરની અપેક્ષાયુક્ત) અને નિરપેક્ષ.

''આ, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ અને અશુદ્ધ પર્યાયની સૂચના છે.''

''જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને જાણે છે, તેમ ચક્ષુ-દર્શનાવરણાનીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને દેખે છે.''

મતિજ્ઞાનથી અંતરના સ્વસંવેદન ભણી આત્મા વળે તે વાત અહીં ગૌણ છે; પણ અહીં તો પરને જાણવાની અપેક્ષાએ વાત છે. સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન તો આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષ કરે છે.

૧) સ્વરૂપને સ્વસંવેદન પ્રત્યક્ષ કરે અને

૨) મૂર્ત-અમૂર્ત બન્નેને પણ જાણે એવું સમ્યક્ મતિજ્ઞાન છે, પણ અહીં દર્શન ઉપયોગનું સ્વરૂપ સમજાવવું છે. તેથી મતિજ્ઞાનને પણ મૂર્તને જ જાણનારું કહ્યું છે. તેની જેમ ચક્ષુ દર્શનઉપયોગથી જીવ મૂર્ત પદાર્થને દેખે છે.

''જેમ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલાં મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે, તેમ અચક્ષુ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સ્પર્શન, રસના, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને તેને યોગ્ય વિષયોને દેખે છે.''

અહીં ઇન્દ્રિયોના વિષયની વાત લીધી છે. મનથી પણ અચક્ષુદર્શનઉપયોગ થાય છે, પણ અહીં તો ત્રિકાળી કારણસ્વભાવનો મહિમા બતાવવા માટે ચક્ષુ-અચક્ષુદર્શનને બહુ સ્થૂળ વર્ણવ્યા છે.

''જેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી(જીવ) શુદ્ધ પુદ્ગલ પર્યંત(-પરમાણુ સુધીના)મૂર્ત દ્રવ્યને જાણે છે, તેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે.'' અવધિજ્ઞાન ઉદય અને ક્ષયોપશમભાવને પણ જાણે છે, પણ અહીં પરમાણુને જાણે છે તેટલી વાત લીધી છે.



ભગવાનને કેવળજ્ઞાન સાથે વર્તતો જે કેવળદર્શનઉપયોગ છે તે સ્વભાવ છે, ને ચક્ષુ-અચક્ષુ-અવધિદર્શન તે વિભાવ છે.

ઉપર પ્રમાણે ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે.

**परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः** અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.

શુદ્ધ કારણપર્યાયને પણ આ વ્યાખ્યા લાગુ પડશે. તેને પર્યાય કહેવા છતાં તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. ત્રિકાળી સામાન્યમાં વર્તમાન વિશેષરૂપ ભેદ પડ્યો માટે તે પણ પર્યાય છે.

પર્યાયનું ગ્રહણ કહ્યું તેમાં સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે, અર્થપર્યાય પણ છે, વાણી અને મનને અગોચર છે, અતિ સૂક્ષ્મ છે, આગમપ્રમાણથી સ્વીકારવા યોગ્ય તેમ જ છ હાનિ-વૃદ્ધિના ભેદો સહિત છે અર્થાત્ અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણ વૃદ્ધિ સહિત હોય છે. અને એવી રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.

આ નિરપેક્ષ સ્વભાવઅર્થપર્યાય છે. તે છ એ દ્રવ્યોમાં છે. સૂક્ષ્મ આગમપ્રમાણરૂપ છે.

અશુદ્ધ પર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે. આમાં સ્વની અને પરની અપેક્ષા આવે છે તેથી તે નિરપેક્ષ પર્યાય નથી, પણ 'સ્વપરાપેક્ષ' વિભાવવ્યંજનપર્યાય છે. વ્યંજનપર્યાયમાં શુદ્ધ પર્યાય લેવામાં નથી આવતી, એવી આ ટીકાની શૈલી છે.

હવે ૧૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ ત્રણ શ્લોકો કહે છે :-

**શ્લોક ૨૪**

(मालिनी)

**अथ सति परभावे शुद्धमात्मानमेकं**
**सहजगुणमणीनामाकरं पूर्णबोधम्।**
**भजति निशितबुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः**
**स भवति परमश्रीकामिनीकामरूपः॥ २४॥**

**શ્લોકાર્થ -:** પરભાવ હોવા છતાં સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણ જ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણ બુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે. ॥ ૨૪ ॥

કેવા આત્માને ભજવો તેની ભલામણ કરે છે કે અહો ! આત્માની પર્યાયમાં રાગાદિ અશુદ્ધ પરભાવો હોવા છતાં જે સ્વાભાવિક ગુણમણિની ત્રિકાળ ખાણ છે, ને જે ત્રિકાળી પૂર્ણ જ્ઞાનવાળો

છે એવા ભગવાન શુદ્ધાત્માને એકને જ તીક્ષ્ણ બુદ્ધિવાળા શુદ્ધદૃષ્ટિ પુરુષો ભજે છે. તીક્ષ્ણબુદ્ધિ તેને કહેવાય કે જ્ઞાનને અંતર્મુખ કરીને ત્રિકાળ ચિદાનંદ શુદ્ધ આત્મામાં એકાગ્ર થઈને તેને ભજે એવો પુરુષ મોક્ષદશાને પામે છે. શુદ્ધ સ્વભાવરૂપી મુક્તિપરિણતિને સ્ત્રીની ઉપમા આપી છે, અરે આત્મા ! ચામડાંની સ્ત્રીનો વલ્લભ થવા કરતાં ચૈતન્યની ભાવના કરીને આ મુક્તિરૂપી સુંદર સ્ત્રીનો વલ્લભ થા. તો તે મુક્તિનો સાદિ અનંતકાળ સુધી વિયોગ ન થાય. તીક્ષ્ણ બુદ્ધિથી ત્રિકાળ ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં જે મોક્ષપર્યાય પ્રગટે તેનો કદી વિરહ થતો નથી. ઇન્દ્ર ને ઇન્દ્રાણીનો વિરહ પડે, પણ આત્માને મુક્તિસુંદરીનો વિરહ કદી ન પડે.

જે સમયમાં આ ટીકા રચાઈ છે તે વખતે અનેક રાજાઓ સ્ત્રીના કારણે પરસ્પર લડાઈ લડી લડીને મરતા હતા, તેથી અહીં ટીકાકારે સહજપણે મુક્તિસુંદરીને સ્ત્રીની ઉપમા આપીને વર્ણન કર્યું છે. અરે જીવ ! બહારની સ્ત્રીને ખાતર મરે છે, તો અંદરમાં તારા ચૈતન્યનો આશ્રય કરીને મુક્તિરૂપી સુંદરીનો વલ્લભ થા, તો સાદિ અનંત તેના સુખનો ભોગવટો રહ્યા કરે, ને કદી તેનો વિરહ ન પડે; જગતની સ્ત્રીઓનો તો વિયોગ થાય ને ફરી અનંતકાળે પણ પાછો સંયોગ ન થાય, ને આ મોક્ષરૂપી સ્ત્રી એવી છે કે સાદિ અનંતકાળે પણ તેનો વિરહ કદી ન થાય.

જગતની સ્ત્રીમાં સુખ નથી, માટે તેની રુચિ છોડ ને આ મુક્તિરૂપી સ્ત્રીનો વલ્લભ થા. જે જીવ ત્રિકાળી ચિદાનંદ સ્વભાવની ભાવના કરે છે તે જીવ મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે. માટે તે જ ભાવના કરવા જેવી છે.

**શ્લોક ૨૫**

(मालिनी)

**इति परगुणपर्यायेषु सत्सूत्तमानां**
**हृदयसरसिजाते राजते कारणात्मा।**
**सपदि समयसारं तं परं ब्रह्मरूपं**
**भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम्॥ २५॥**

**શ્લોકાર્થ :-** એ રીતે પર ગુણપર્યાયો હોવા છતાં, ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં કારણ-આત્મા વિરાજે છે. પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને-કે જેને તું ભજી રહ્યો છે તેને-, હે ભવ્યશાર્દૂલ (ભવ્યોત્તમ), તું શીઘ્ર ભજ; તું તે છે.

મતિજ્ઞાનાદિ વિભાવગુણ, ચક્ષુદર્શનાદિ વિભાવગુણ અને રાગાદિ પરભાવ એવા પર ગુણ-પર્યાયો હોવા છતાં સાધક ઉત્તમ પુરુષોની દૃષ્ટિમાં તો ભગવાન કારણપરમાત્મા બિરાજે છે. સાધક છે એટલે બન્ને વાત મૂકી છે.



૧) ત્રિકાળ કારણઆત્મા ઉપર જ દૃષ્ટિ પડી છે, એટલે તેમના હૃદયકમળમાં કારણઆત્મા જ બિરાજે છે, અને

૨) પર્યાયમાં પરભાવો પણ છે, પણ તેના ઉપર દૃષ્ટિ નથી;

એ રીતે અહીં સાધકની વાત છે. જેની દૃષ્ટિમાં કારણ આત્મા બિરાજે છે તે જ ખરેખર ઉત્તમ પુરુષ છે.

''પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મસ્વરૂપ સમયસારને -કે જેને તું ભજી રહ્યો છે તેને-, હે ભવ્ય શાર્દૂલ (ઉત્તમોત્તમ), તું શીઘ્ર ભજ; તું તે છે.''

પોતાથી ઉત્તમ એનો અર્થ એમ છે કે પોતાથી જ ત્રિકાળ છે, કોઈએ તેને બનાવ્યો નથી. પોતે પરમ બ્રહ્મસ્વરૂપ સમયસાર છે, તેને તું ભજી તો રહ્યો છે, પણ હવે તું તેને શીઘ્ર ભજ ! ઉગ્રપણે ભજ ! સાધકદશા તો છે પણ ઉગ્રપણે કારણપરમાત્મામાં લીન થા ! તું પોતે જ તે કારણસમયસાર છે. તેને જ તું શીઘ્ર ભજ. આમાં પોતે પોતાના આત્માને પણ સંબોધન કર્યું કે હે આત્મા ! તું પોતાના જે કારણસમયસારને ભજે છે તેને શીઘ્ર ઉગ્રપણે ભજ ! જે જીવ કારણ-સમયસારને ભજે છે, તેના શ્રદ્ધા-જ્ઞાન કરે છે તેને અહીં ભવ્યશાર્દૂલ કહ્યો છે.

**શ્લોક ૨૬**

(पृथ्वी)

**क्वचिल्लसति सद्गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः**
**क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकैः।**
**सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं**
**नमामि परिभावयामि सकलार्थसिद्ध्यै सदा॥२६॥**

**શ્લોકાર્થ :-** જીવતત્ત્વ કવચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે - દેખાય છે, કવચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે, કવચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે. અને કવચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે. આ બધાથી સહિત હોવા છતાં પણ જે એ બધાથી રહિત છે એવા આ જીવ તત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિની માટે સદા નમું છું, ભાવું છું.

આવા ગુણ-પર્યાયોથી હોવા છતાં -એટલે પર્યાયમાં શુદ્ધ-અશુદ્ધ પર્યાયના પ્રકારોથી સહિત હોવા છતાં જે તે બધાથી રહિત છે એવા ત્રિકાળી એકરૂપ નિરપેક્ષ જીવતત્ત્વને જ હું સદા નમું છું, તેને જ ભાવું છું. શુદ્ધ અને અશુદ્ધ પર્યાય ઉપર લક્ષ નથી માટે કહ્યું કે તેનાથી ત્રિકાળી આત્મતત્ત્વ રહિત છે. પર્યાયમાં શુદ્ધતા-અશુદ્ધતા હોવા છતાં દ્રવ્યદૃષ્ટિથી તો જીવતત્ત્વ તેનાથી રહિત છે. એવા શુદ્ધ જીવતત્ત્વને જ હું મારી મુક્તિને માટે સદા નમું છું-ભાવું છું. આવા આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતારૂપ ભાવના તે જ મુક્તિનું કારણ થાય છે.

## પૂજનીય સ્વરૂપપરિણતિ
## કારણશુદ્ધપર્યાયનું સ્વરૂપ

**આસો સુદ ૯, મંગળવાર, ૯-૧૦-૫૧.**

નિયમસારની પંદરમી ગાથા છે. આ ગાથામાં સ્વભાવપર્યાય અને વિભાવપર્યાયનું સ્વરૂપ બતાવે છે :-

**ગાથા ૧૫**

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा॥ १५॥**

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા,**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**

**અન્વયાર્થ** : મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવ પર્યાયો કહેવામાં આવ્યા છે; કર્મોપાધિ રહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે.

જુઓ, આ ગાથામાં સૂક્ષ્મ અને અલૌકિક વાત આવશે. ધ્યાન રાખજો ! અહીં પર્યાયની વાત છે. તેમાં કારણશુદ્ધપર્યાયની વાત પણ લેશે.

આત્માના પર્યાયોમાં સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય એવા બે પ્રકાર છે. તેમાં સ્વભાવપર્યાયના બે પ્રકાર છે.

(૧) કારણશુદ્ધપર્યાય		(૨) કાર્યશુદ્ધપર્યાય.

આ ગુણની વાત નથી પણ પર્યાયની વાત છે. આત્મામાં કારણશુદ્ધપર્યાય ત્રિકાળ છે, ને કાર્યશુદ્ધપર્યાય નવી પ્રગટ થાય છે.

કારણશુદ્ધપર્યાય કોને કહેવી ? દ્રવ્યમાં નિરપેક્ષ કારણરૂપ શુદ્ધ દશા ત્રિકાળ છે. પદ્મપ્રભમુનિરાજે એવી વાત કરી છે કે જેમ ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચારે દ્રવ્યો ત્રિકાળ શુદ્ધ છે અને પર્યાયમાં પણ એકધારાપણે અખંડ એકરૂપ વર્તે છે, તેમની પર્યાયમાં વિષમતા નથી; તેમ આત્મામાં પણ તેવી એકરૂપ પર્યાય બતાવવી છે. સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એવી પર્યાયોમાં તો અનેકરૂપતા-વિષમતા આવે છે, આત્મા ત્રિકાળ શુદ્ધ છે. તે સ્વભાવની સાથે ત્રિકાળ ધ્રુવરૂપ રહેનારી, અવ્યક્તરૂપે વર્તમાન વર્તતી, વ્યક્તરૂપ ઉત્પાદ-વ્યય વગરની એવી અખંડ કારણશુદ્ધપર્યાય છે, તે અનાદિઅનંત છે.



ધર્માસ્તિ વગેરેમાં જે પર્યાય છે તેમાં તો ઉત્પાદ-વ્યય છે, પણ તે એકરૂપ પરમ પારિણામિક ધારાએ છે; પુદ્ગલમાં ખંડખંડ ને ભંગભંગરૂપ પર્યાય છે, તેને તો એક પરમાણુ છૂટો હોય તેમાં પણ વિષમ પર્યાયો થાય છે, એવો તેનો સ્વભાવ છે. પણ જીવમાં તો ધર્માસ્તિ વગેરેની માફક એક ત્રિકાળ પરમ પારિણામિકભાવરૂપ પર્યાય છે, તે અહીં બતાવવી છે. આત્માનો જે ત્રિકાળ સ્વભાવ છે તેવી જ તેની પરિણતિ ત્રિકાળ એકરૂપ છે. ચૈતન્ય આત્માની સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષપર્યાય તો વિષમ છે, એકધારારૂપ નથી, પણ તે દરેક પર્યાય વખતે, નિગોદ વખતે કે સિદ્ધ પર્યાય વખતે-અવ્યક્તરૂપ પારિણામિક ધારાએ અનાદિઅનંત એક પરિણતિ છે, તે શુદ્ધ નિશ્ચયનયના વિષયમાં આવે છે. સંસાર-મોક્ષ તે તો વ્યવહારનયનો વિષય છે, ને ત્રિકાળ ધ્રુવસ્વભાવ અને તેની સાથે વર્તતી એકરૂપ ધ્રુવપરિણતિ તે નિશ્ચયનો વિષય છે. તેનું આ વર્ણન ચાલે છે.

અનાદિઅનંત સ્વભાવચતુષ્ટયની સાથે વર્તતી સહજ પરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે એમ કહે છે, તેમાં પ્રથમ સ્વભાવચતુષ્ટય કેવા છે તે કહે છે.

અનાદિઅનંત, અમૂર્ત, અતીન્દ્રિય સ્વભાવવાળા અને શુદ્ધ એવા સહજ જ્ઞાન-સહજ દર્શન-સહજ ચારિત્ર-સહજ પરમ વીતરાગ સુખાત્મક શુદ્ધ અંતઃતત્ત્વરૂપ સ્વભાવ અનંતચતુષ્ટય છે; આ ત્રિકાળ છે. સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષપર્યાયને ગૌણ કરીને જે ત્રિકાળ એકરૂપ સહજ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને આનંદરૂપ સ્વભાવ અનંતચતુષ્ટય છે તે આત્માનું સ્વરૂપ છે. તે ત્રિકાળી સ્વભાવ ચતુષ્ટયની સાથે રહેલી જે પૂજિત પંચમભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે. આત્મા તે દ્રવ્ય, સ્વભાવ, અનંત ચતુષ્ટય કહ્યાં તે ગુણો અને તેની સાથે રહેલી પરમ પારિણામિકભાવે વર્તતી પરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે. આ કારણશુદ્ધ પર્યાય સહજ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. બધાય આત્મામાં આ કારણશુદ્ધપર્યાય એકધારાએ અનાદિઅનંત વર્તી રહી છે, તેમાં કાંઈ ભેદ નથી.

ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં જે રાગ-દ્વેષ, મોક્ષમાર્ગ કે મોક્ષ થાય છે તે તો વિષમરૂપ છે, એકધારાએ નથી, તેમાં તો કર્મની ઉપાધિ છે, ને આ સહજ શુદ્ધકારણ પર્યાય તો કર્મની ઉપાધિથી વિવર્જિત છે. મૂળ સૂત્રમાં ''**कम्मोपाधिविवज्जियपज्जाया**'' એમ કહ્યું છે. તેમાંથી પદ્મપ્રભમુનિરાજે આ કારણશુદ્ધપર્યાય કાઢી છે. કાર્યશુદ્ધપર્યાયમાં તો કર્મના અભાવની પણ અપેક્ષા છે, ને આ કારણશુદ્ધપર્યાય તો દ્રવ્ય સાથે જ એકરૂપ અભેદ છે, તેમાં કર્મના અભાવની પણ અપેક્ષા નથી, ત્રિકાળ નિરપેક્ષ છે.

જેવો સામાન્યશક્તિરૂપ ત્રિકાળ સ્વભાવ છે, તેવો જ તેનો પરિણતિરૂપ સ્વભાવ પણ વર્તમાન વર્તમાન એકધારાએ શુદ્ધ વર્તે છે. તેમાં એકાગ્રતા કરતાં મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે; તે તો કાર્ય છે.

સહજ જ્ઞાનાદિ સ્વભાવ અનંત ચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયયુક્ત

કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમ પારિણામિકભાવ પરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.

આ શુદ્ધકારણપર્યાયમાં ઉત્પાદ-વ્યય નથી. તે વર્તમાનરૂપ છે પણ તેનો અનુભવ નથી. જો તેનો અનુભવ હોય તો તો સંસાર-મોક્ષ, દેવ-ગુરુ-શાસ્ત્ર કે નવ તત્ત્વો એવું કાંઈ રહેતું નથી. જો આ એકધારારૂપ કારણશુદ્ધપર્યાય આત્મા સાથે ત્રિકાળ ન હોય તો, સ્વભાવની ત્રિકાળશક્તિ અને તેનું એકરૂપ પૂરું વર્તમાન તે બન્નેના અભેદરૂપ એક પરમ પારિણામિકભાવ સાબિત થતો નથી. અને જો આ પર્યાયનો અનુભવ હોય તો તો બંધ-મોક્ષ વગેરે વ્યવહાર જ ન રહે. આના આશ્રયે મોક્ષ પ્રગટે છે. તે મોક્ષ કાર્ય છે, ને આ પર્યાય તો ત્રિકાળ કારણપણે વર્તે છે. આ પરમ પારિણામિકભાવની પર્યાય પૂજિત છે, આશ્રય કરવા જેવી છે. અહો ! અહીં મુનિરાજે વસ્તુના સ્વભાવને પ્રગટ કરીને બહાર મૂક્યો છે. આવી સ્પષ્ટ વાત બીજે ક્યાંય નીકળતી નથી.

વસ્તુની સાથે આ કારણશુદ્ધપર્યાય અનાદિઅનંત એકરૂપ ધારાએ વર્તે છે, તે ગુણ નથી, સામાન્ય દ્રવ્ય નથી, પણ સામાન્યની સાથે વર્તતું એકરૂપ ધ્રુવ વિશેષ છે, તે કારણશુદ્ધપર્યાય છે, તેનો વ્યક્ત અનુભવ કોઈને હોતો નથી. જો તેનો વ્યક્ત અનુભવ થઈ જાય તો તે કારણ ન રહ્યું. તેમાં ઉત્પાદ-વ્યય ન હોવા છતાં તે પરિણતિ છે, પર્યાય છે. દ્રવ્યની સાથે અખંડ પારિણામિક ભાવે વર્તમાન વર્તે છે. અહો ! એકધારાએ પરમ પારિણામિકભાવની પરિણતિથી શોભિત ચૈતન્ય ભગવાન બિરાજી રહ્યો છે. દ્રવ્યે-ગુણે તો પૂરો છે, પણ પર્યાયમાં પણ પરિપૂર્ણ ભગવાન અનાદિઅનંત એકધારાએ જ્યારે જુઓ ત્યારે વર્તમાનપણે બિરાજી રહ્યો છે - શોભી રહ્યો છે.

આ કારણશુદ્ધપર્યાય એકરૂપ સત્ છે. ઉત્પાદ-વ્યય પણ સત્ તો છે, પરંતુ આ તો ત્રણે કાળે એકરૂપ ભાવરૂપ સત્ છે, તેમાં 'અભાવ'પણું કદી આવતું નથી. તેમાં ઉત્પાદ-વ્યય નથી. સમયે સમયે ઉત્પાદ-વ્યય થાય તે સત્ છે, પણ તેમાં ઉત્પાદ અને વ્યય એવી વિવિધતા છે. આ કારણશુદ્ધપર્યાયમાં તેવી વિવિધતા નથી. ઉત્પાદ-વ્યય સત્ છે, તેને બતાવનારી વાણી પણ સત્ છે, ને તેનું જ્ઞાન પણ સત્ છે. તેમ આ કારણશુદ્ધપર્યાય સહજ શુદ્ધ નિશ્ચયથી બધા જીવોમાં સત્ છે, તેને કહેનારી આ વાણી સત્ છે, ને તેનું જ્ઞાન પણ સત્ છે.

સ્વભાવચતુષ્ટયમાં જે ''સહજ પરમ વીતરાગ સુખ'' કહ્યું તેમાં 'વીતરાગ' કહેતાં પહેલાં રાગ હતો ને પછીથી ટળ્યો -એમ ન સમજવું, પણ ત્રણે કાળે તે સહજ રાગ રહિત જ છે. અહો! ચૈતન્ય ભગવાન પોતાના સ્વભાવ અનંતચતુષ્ટયની સહજ પરિણતિ સાથે જ ત્રણે કાળે બિરાજી રહ્યો છે - એક સમય પણ તે પરિણતિનો તેને વિરહ નથી. આવી તેની સ્વરૂપપરિણતિ સહિત તે પૂજનીક છે.

જેવો ત્રિકાળ સ્વભાવ તેવું જ તેનું વર્તમાન, જેવું ત્રિકાળ સામાન્ય તેવું જ તેનું વર્તમાન વિશેષ.



-એ રીતે અભેદ પરમ પારિણામિકસ્વભાવ ત્રિકાળ વર્તી રહ્યો છે. એકલા સ્વભાવની જ અપેક્ષાવાળી એકરૂપ ધારાવાહી પર્યાય છે, જેવો ધ્રુવ સામાન્યશક્તિરૂપ સ્વભાવ છે, તેવી જ તેની સહજ પરિણતિ તેની સાથે બિરાજી રહી છે. તે મહા પૂજિત છે. ત્રિલોકનાથ અર્હંત અને સિદ્ધ ભગવાન કરતાં પણ આ પરમ પારિણામિકભાવની પરિણતિ મહા પૂજિત છે, કેમ કે તે જ કેવળજ્ઞાન અને મોક્ષનું કારણ છે.

ચૈતન્યની જે વર્તમાન શુદ્ધકારણપર્યાય તે પૂજિત છે, આદરણીય છે, તેમાં એકાગ્રતા કરવા જેવી છે, તેમાં એકાગ્રતાથી મોક્ષમાર્ગ અને મોક્ષ થઈ જાય છે. માટે મોક્ષ અને મોક્ષમાર્ગની પર્યાય કરતાં પણ આ પરમ પારિણામિકભાવરૂપ કારણશુદ્ધપર્યાય તે પૂજિત છે.

જેમ દરિયો, દરિયાના પાણીનું દળ અને તેની એકરૂપ પાણીની સપાટી, તે ત્રિકાળ એકરૂપ છે, ને તેમાં મોજાં ઊછળે છે, તેમ આત્મામાં ત્રિકાળ એકરૂપ દ્રવ્ય, તેના ગુણો ને તેની એકરૂપ ધ્રુવ પારિણામિકભાવે વર્તતી પર્યાય છે, તેમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ તે તો ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે, આત્મામાં નિવડ એકરૂપ ધારાએ આ કારણશુદ્ધપર્યાય વર્તી રહી છે.

જુઓ ! આ વેદાંત જેવું નથી; સામાન્ય કૂટસ્થ છે તેમ તેની ધ્રુવ પરિણતિ પણ કૂટસ્થ છે, પરંતુ તેને જાણે છે કોણ ? જાણનાર તો ઉત્પાદ-વ્યયવાળી મોક્ષમાર્ગની પર્યાય છે. આ કારણશુદ્ધપર્યાય છે તે પર્યાયદૃષ્ટિનો વિષય નથી, પણ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે, શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. સામાન્ય અને વિશેષથી પરિપૂર્ણ આવો સ્વભાવ જો ન હોય તો ચૈતન્યની પૂર્ણતા સિદ્ધ થતી નથી, દૃષ્ટિનો વિષય પૂરો થતો નથી, ચૈતન્યનો મહિમા પૂરો થતો નથી.

ધર્માસ્તિ આદિ ચાર તો અમૂર્ત અને જડ પદાર્થ છે, છતાં તેમાં ત્રિકાળ એકરૂપભાવે પર્યાય વર્તે છે, તો તેને જાણનારો સર્વોત્તમ મહિમાવાળો તો ભગવાન આત્મા છે, તેમાં પણ ત્રિકાળ એકરૂપ ધારાપણે કારણશુદ્ધપરિણતિ વર્તી રહી છે. ઓછી ને વધતી એવું વિષમપણું તેમાં નથી. તેમાં એકાગ્રતાથી મોક્ષમાર્ગ અને મોક્ષ થઈ જાય છે.

ધર્માસ્તિ આદિમાં તો એકલું પ્રમેયત્વ જ છે, તેઓ પોતે પોતાને પણ જાણતા નથી; તેને પ્રગટ કરનાર તો આત્માનું જ્ઞાન છે, એટલે આત્મા જ મહિમાવાળો છે. તે આત્માના ત્રિકાળ એકરૂપ સ્વભાવ ચતુષ્ટયની સાથે જે સહજ પંચમભાવરૂપ પરિણતિ વર્તી રહી છે, તેનું નામ કારણશુદ્ધપર્યાય છે. **परिणामे भवः पारिणामिकः** દ્રવ્યના એકરૂપ પરિણામપણે વર્તે છે તે પારિણામિક-ભાવની પરિણતિ છે. તે પરિણતિ વ્યવહારનયનો વિષય નથી. શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે, આ ત્રિકાળ છે, કારણરૂપ છે, ગુણ નથી પણ પર્યાય છે, પ્રગટ વેદનરૂપ નથી પણ શક્તિરૂપ છે.

કાર્યસ્વભાવપર્યાયનું વર્ણન તો પછી આવશે. આ તો ચૈતન્ય ભગવાન સાથે બિરાજતી તેની પરિણતિ સમયે સમયે છે, તેની વાત છે.

અહો ! સમયે સમયે તારામાં પરિપૂર્ણતા વર્તી રહી છે, પૂર્ણ કારણ જ્યારે જો ત્યારે તારામાં જ હાજર પડ્યું છે, બહારમાં કારણ શોધવા જવું પડે તેમ નથી. સંસાર અવસ્થાને વિષે પણ આ કારણપર્યાય ત્રિકાળ વર્તે છે.

પંડિત બનારસીદાસજીએ પરમાર્થવચનિકામાં આગમપદ્ધતિ અને અધ્યાત્મપદ્ધતિનું વિવેચન કર્યું છે તેમાં આ વાત મૂકી દીધી છે. તેમાં સંસાર અવસ્થાને વિષે ત્રિકાળવર્તી ચાર બોલ બતાવ્યા છે.

આગમરૂપ કર્મપદ્ધતિ છે તેના બે પ્રકાર : દ્રવ્યરૂપ અને ભાવરૂપ.

૧) દ્રવ્યરૂપ આગમપદ્ધતિ તે પુદ્‌ગલકર્મની પર્યાય,

૨) ભાવરૂપ આગમપદ્ધતિ તે જીવનો વિકારી ભાવ.

અધ્યાત્મ પદ્ધતિ એટલે શુદ્ધ ચેતનાપદ્ધતિ, તેમાં પણ બે બોલ : દ્રવ્યરૂપ અને ભાવરૂપ.

૩) દ્રવ્યરૂપ તો જીવત્વ પરિણામ છે. તે જીવત્વરૂપ શુદ્ધચેતનાપરિણામ ત્રિકાળ છે.

૪) ભાવરૂપ જ્ઞાન-દર્શનાદિ અનંતગુણ પરિણામ છે. તે જ્ઞાનદર્શનાદિ ભાવરૂપ શુદ્ધચેતના પરિણામ છે. તે પણ ત્રિકાળ વર્તે છે. તેને જાણવા અને માનવા તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

ઉપર કહ્યા તે ચારે પર્યાયો સંસારમાં ત્રિકાળ વર્તે છે; પહેલાં બે બોલ સંસારમાં છે, પણ મોક્ષમાં નથી. ઉપર જે દ્રવ્યરૂપ અને ભાવરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ કહી છે, તે આ વાતમાં સમાઈ જાય છે.

દ્રવ્યની સમય સમયની અખંડ પરિણતિ ત્રિકાળ વર્તે છે. ભગવાન ચૈતન્ય પોતાની કારણશુદ્ધપરિણતિમાં ત્રિકાળ બિરાજી રહ્યો છે, આવો પરિપૂર્ણ ભગવાન છે. તેની પરિણતિમાં કદી અધૂરાશ નથી. આવી પૂર્ણતાને માને તે પૂરો થઈ જાય. અધૂરો માનશે તે અધૂરો રહેશે. સિદ્ધપર્યાય પ્રગટે ત્યારે પણ શુદ્ધકારણપરિણતિ તો એવી ને એવી પૂરી રહે છે. આવી કારણશુદ્ધપર્યાય છે.

ચૈતન્ય ભગવાન સાથે તેની, -તૈયાર સજેલાં હથિયાર જેવી, -કારણશુદ્ધપર્યાય ત્રિકાળ પૂર્ણ પડી છે, તેની સામે જુએ તો સંસારનો નાશ થઈને મોક્ષપર્યાય પ્રગટે.

આવું પૂર્ણ વસ્તુસ્વરૂપ છે. આવી વસ્તુના જ ગાણાં ગાવા જેવા છે. એકરૂપ ધારાવાહી સપાટીપણે ચૈતન્ય દરિયો બિરાજી રહ્યો છે, એ જ નિશ્ચયથી પૂજનિક છે, તેના આધારે કેવળજ્ઞાન પ્રગટે છે. તે ફળરૂપ કાર્યપર્યાય છે. આ કારણશુદ્ધપર્યાય તે ફળરૂપ નથી, તેના આશ્રયે કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે તે ફળરૂપ છે. તેનું હવે વર્ણન કરે છે :-

''સાદિ અનંત, અમૂર્ત, અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સદ્‌ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ-કેવળશક્તિયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની (-અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.''

૧) કારણશુદ્ધપર્યાય અનાદિઅનંત છે, ને આ કાર્યશુદ્ધપર્યાય સાદિઅનંત છે,



૨) કારણશુદ્ધપર્યાય અમૂર્ત છે, તેમ આ કાર્યશુદ્ધપર્યાય પણ અમૂર્ત છે,

૩) કારણશુદ્ધપર્યાય અતીન્દ્રિય છે, ને આ કાર્યશુદ્ધપર્યાય પણ અતીન્દ્રિય છે,

૪) કારણશુદ્ધપર્યાયને ત્રિકાળ કાર્યની ઉપાધિ નથી, ને આ કાર્યશુદ્ધપર્યાયને પ્રગટ્યા પછી કર્મની ઉપાધિ નથી.

૫) કારણશુદ્ધપર્યાય સહજ શુદ્ધ નિશ્ચયનો વિષય છે, ને આ કાર્યશુદ્ધપર્યાય શુદ્ધ સદ્‌ભૂતવ્યવહારનો વિષય છે.

૬) કારણશુદ્ધપર્યાય ત્રિકાળ સહજ જ્ઞાન, દર્શન, ચારિત્ર ને સુખ એવા સ્વભાવચતુષ્ટયની સાથે વર્તે છે, ને આ કાર્યશુદ્ધપર્યાય કેવળજ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય એવાં ચતુષ્ટયની સાથે અભેદ વર્તતી ક્ષાયિકભાવરૂપ ઉત્કૃષ્ટ પરિણતિ છે; (અહીં કાર્યચતુષ્ટયમાં વીર્ય લીધું છે, ને કારણચતુષ્ટયમાં આનંદ લીધો હતો.)

અહો ! જંગલમાં બેઠા બેઠા મુનિએ સિદ્ધ એવો જે પોતાનો આત્મા તેની સાથે ગમ્મત કરતાં - રમત કરતાં કરતાં તેને બહાર પ્રગટ કર્યો છે. ત્રિકાળ શુદ્ધ સ્વભાવરૂપ ચૈતન્ય ભગવાન રાજા અને તેની કારણશુદ્ધપરિણતિરૂપ રાણી એ બન્ને ત્રિકાળ સાથે ને સાથે જ બિરાજી રહ્યા છે. પ્રવચનસારના ચરણાનુયોગમાં શુદ્ધપરિણતિરૂપી સ્ત્રી કહી તે તો નિર્મળ પર્યાય પ્રગટેલી છે, પણ આ કારણશુદ્ધપરિણતિરૂપી સ્ત્રી તો ત્રિકાળ ચૈતન્યની સાથે ને સાથે જ છે, તેમાંથી કેવળજ્ઞાનાદિ કાર્ય પ્રગટે છે.

જે સ્વભાવઅનંતચતુષ્ટય પ્રગટ્યાં તેની સાથે બધા ગુણની પરિણતિઓ ક્ષાયિકભાવે અભેદપણે લઈને તેને શુદ્ધકાર્યપર્યાય કહી છે. જે ત્રિકાળી અનંતસ્વભાવચતુષ્ટય કહ્યાં, તેમાં પણ તે દરેક ગુણની સહજ પર્યાય તો સાથે જ છે, પણ કારણશુદ્ધપર્યાયમાં તો બધી અભેદ થઈ જાય છે. કારણશુદ્ધપર્યાય કહી તેમાં બધાય ગુણોની ત્રિકાળીશુદ્ધપરિણતિ આવી જાય છે.

સ્વભાવપર્યાયમાં કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય એવા બે ભેદ કહ્યા હતા તેની વ્યાખ્યા પૂરી થઈ.

હવે અર્થપર્યાયરૂપ સ્વભાવપર્યાયનું વર્ણન કરે છે; તેમાં કારણ અને કાર્ય એવા ભેદ લાગુ પડતાં નથી.

પૂર્વ સૂત્રમાં કહેલાં સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા.

૧) પહેલાં સહજ શુદ્ધનિશ્ચયનયથી કારણશુદ્ધપર્યાય કહ્યો,

૨) પછી શુદ્ધ સદ્‌ભૂતવ્યવહારનયથી કાર્યશુદ્ધપર્યાય કહ્યો, અને

૩) આ ત્રીજામાં સૂક્ષ્મ ૠજુસૂત્રનયની વાત લીધી.

આ સ્વભાવ અર્થપર્યાય છ એ દ્રવ્યોમાં છે, ત્રિકાળ છે. છ દ્રવ્યને સાધારણ સ્વભાવઅર્થપર્યાય તરીકે આ પર્યાય વર્ણવ્યા છે. ને જીવને માટે ખાસ સ્વભાવપર્યાય તો કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય કહ્યા તે છે. જીવનો અધિકાર છે તેથી પહેલાં તેના કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય એવા સ્વભાવપર્યાયો બતાવ્યા, ને પછી છ એ દ્રવ્યોને સાધારણ સ્વભાવપર્યાયની વાત કરી.

એ રીતે શુદ્ધ સ્વભાવપર્યાયોનું વર્ણન થયું.

**આસો સુદ ૧૦, બુધવાર, ૧૦-૧૦-૫૧.**

અહીં કહે છે કે ''શુદ્ધ પર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા'' એટલે વિસ્તારથી પણ તેનું કથન થઈ શકે છે.

પહેલાં ઉપયોગના ભેદ વર્ણવ્યા તેમાં જ્ઞાન-દર્શન ગુણની અપેક્ષાએ પર્યાયો લીધી હતી. અહીં જે કારણશુદ્ધપર્યાય કહી તે આખા દ્રવ્યની ભેગી પર્યાય છે તેમાં જ્ઞાન-દર્શનના ત્રિકાળી એકરૂપ શુદ્ધ પર્યાયો પણ સમાઈ જાય છે. ભિન્ન ભિન્ન ગુણની પર્યાયો જુદી ન પડતાં આખા દ્રવ્યની કારણશુદ્ધપર્યાય કહી છે. અને પછી કાર્યશુદ્ધપર્યાયની વાત કરી.

હવે અર્થપર્યાયો કહે છે :-

''પૂર્વ સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ૠજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા (અર્થાત્ તે અર્થપર્યાયો જ શુદ્ધ પર્યાયો છે.)''

આ અર્થપર્યાયો કહ્યા તે ક્ષણક્ષણના ઉત્પાદ-વ્યયરૂપ છે. તેથી તેને સૂક્ષ્મ ૠજુસૂત્રનય લાગુ પાડ્યો છે. જે કારણશુદ્ધપર્યાય છે તેમાં ષટ્‌ગુણહાનિ-વૃદ્ધિ નથી, તે તો ધ્રુવ એકરૂપ ધારાએ છે. તેને નૈગમ, સંગ્રહ કે વ્યવહાર કોઈ નય લાગુ પડતા નથી, તે ત્રિકાળ સહજ શુદ્ધ નિશ્ચયનયે છે. આ અર્થપર્યાયો ષટ્‌ગુણહાનિવૃદ્ધિ સહિત છે ને સમયે સમયે ઉત્પાદ-વ્યય પામે છે. તેનો સૂક્ષ્મ સ્વભાવ તો આગમગમ્ય છે. તે અર્થપર્યાયો સિદ્ધમાં પણ છે ને નિગોદમાં પણ છે, પરમાણુમાં પણ છે ને સ્કંધમાં પણ છે. બધાં દ્રવ્યોમાં છે.

શુદ્ધ પર્યાય સંક્ષેપથી કહ્યા. તેનો વિસ્તાર શું ? -કે કારણશુદ્ધપર્યાય કહ્યા તેમાં બધા ગુણોની પર્યાય આવી ગઈ, ને તેનો વિસ્તાર કરીએ તો દરેકે દરેક ગુણમાં તે તે ગુણની કારણશુદ્ધપર્યાય ત્રિકાળ વર્તે છે. બીજા કાર્યશુદ્ધપર્યાયો છે. ત્રીજા અર્થપર્યાયો કહ્યા અને એ સિવાય ક્ષણેક્ષણે રાગ-દ્વેષ-અજ્ઞાન વગેરે અશુદ્ધપર્યાયો થાય છે તે અહીં નથી લીધા. અહીં અશુદ્ધપર્યાય તરીકે વિભાવવ્યંજન પર્યાયો



જ લેશે.

**પ્રશ્ન** : કારણશુદ્ધપર્યાય સાધકને શું ઉપયોગી ?

**ઉત્તર** : તે વર્તમાન કારણરૂપ છે ને વર્તમાન કાર્ય પ્રગટ કરવું છે તેથી તે કારણનો આશ્રય કરતાં કાર્ય પ્રગટી જાય છે. દ્રવ્યથી તે કારણશુદ્ધપર્યાય કાંઈ જુદી નથી. દ્રવ્ય ત્રિકાળ એવું ને એવું પૂરેપૂરું વર્તમાનમાં વર્તી રહ્યું છે. અરે જીવ ! તું જ્યારે જો ત્યારે વર્તમાન કારણપણે પૂરું દ્રવ્ય છે, તારી નયનની આળસે તેં જોયું નથી. તે કારણનો સ્વીકાર કરીને આશ્રય કરતાં નિર્મળ કાર્ય પ્રગટી જાય છે.

દ્રવ્યની સ્વ-આકારે વર્તતી ત્રિકાળ પરિણતિને અહીં કારણશુદ્ધપર્યાય કહેલ છે. તે જ ભૂતાર્થ છે; સંસાર, મોક્ષમાર્ગ ને મોક્ષ તે વ્યવહાર છે - અભૂતાર્થ છે; ત્રિકાળ છતો પદાર્થ તો દ્રવ્ય-ગુણ ને તેની કારણરૂપ ધ્રુવપરિણતિ અભેદ -એવો આત્મા જ છે. તેના આશ્રયે મોક્ષમાર્ગ અને મોક્ષ થઈ જાય છે.

અહો ! આ અલૌકિક અચિંત્ય પદાર્થ છે. દ્રવ્યના અને ગુણના સ્વ-આકારે વર્તતી કારણશુદ્ધપર્યાય છે. આવા દ્રવ્ય-ગુણ ને કારણશુદ્ધપર્યાય થઈને આત્મા જ ભૂતાર્થ છે. તેને મુખ્ય કરીને તેનો આશ્રય કરાવવા માટે સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષ પર્યાયોને ગૌણ કરીને વ્યવહાર કહ્યો, અભૂતાર્થ કહ્યો ને, ત્રિકાળમાં તેનો અભાવ કહ્યો.

હવે વ્યંજનપર્યાયો કહેવામાં આવે છે.

''જેનાથી વ્યક્ત થાય-પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે. શા કારણે ? પટાદિની(વસ્ત્ર વગેરેની) માફક ચક્ષુગોચર હોવાથી (પ્રગટ થાય છે); અથવા સાદિ-સાંત મૂર્ત વિજાતીય વિભાવ સ્વભાવવાળો હોવાથી, દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી''.

પહેલાં આત્માના આકારની વાત કરી છે ને પછી જડ દેહના આકારની વાત કરી છે.

વ્યંજનપર્યાયના ચાર પ્રકાર બતાવશે.

''પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે.''

ત્રિકાળી આત્મા તે પર્યાયી છે, પર્યાયી એટલે દ્રવ્ય; તેના ભાન વિનાનો જીવ શરીરાદિને અને રાગાદિ પર્યાયને જ પોતાનું સ્વરૂપ માને છે. તેથી તે અજ્ઞાની પર્યાયસ્વભાવવાળો હોય છે. પર્યાયને જ પોતાનું સ્વરૂપ માને તેનું નામ પર્યાયસ્વભાવી છે, તે શરીરાદિના સંયોગવાળી પર્યાયને પોતાનો સ્વભાવ માને છે તેથી તે ચાર ગતિમાં નવા નવા શરીર ધારણ કરીને રખડે છે. ''એકેક સમયની ક્ષણિક અલ્પ પર્યાય જેટલો છું, શરીરના આકારે થયેલી તે જ હું છું'' એમ અજ્ઞાની માને છે, તેથી

તેને જ ચાર ગતિમાં ભ્રમણ થાય છે. મનુષ્યપણું, દેવપણું, નારકપણું અને તિર્યંચપણું - તે પર્યાયો જ્ઞાનીને થતી જ નથી. કેમ કે તે વસ્તુસ્વભાવની દૃષ્ટિવાળો છે. અજ્ઞાની પર્યાયમૂઢ જીવ જ ચાર ગતિમાં મનુષ્યાદિ પર્યાયરૂપે થાય છે.

અજ્ઞાની પર્યાયમૂઢ છે, તેથી શુભ-અશુભ મિશ્ર પરિણામથી તે વ્યવહારે મનુષ્ય થાય છે. નિશ્ચયથી તો જીવ છે તે જ છે. વ્યવહારદૃષ્ટિવાળો જ વ્યવહારે મનુષ્ય થાય છે, પણ તે તો તેને જ નિશ્ચય માની બેઠો છે કે ''આ પર્યાય તે જ હું''. નિશ્ચયદૃષ્ટિવાળો જ્ઞાની મનુષ્ય વગેરેરૂપે થતો નથી, નિશ્ચયથી આત્મા તો ત્રિકાળ પોતાના ગુણ-પર્યાયોથી એકાકાર છે. મનુષ્ય આકાર વગેરે પર્યાયો તો ક્ષણિક છે. તે આત્માનો સ્વભાવ નથી. માટે કહ્યું કે અજ્ઞાની શુભાશુભ મિશ્ર પરિણામથી વ્યવહારે મનુષ્ય થાય છે, તેનો મનુષ્ય આકારે પર્યાય તે મનુષ્યપર્યાય છે. તે અશુદ્ધ વ્યંજનપર્યાય છે.

એ જ પ્રમાણે વ્યવહારદૃષ્ટિવાળો જીવ કેવળ અશુભ પરિણામથી વ્યવહારે નારક થાય છે, તેનો નરક આકાર પર્યાય તે નારકપર્યાય છે. નિશ્ચયથી તો આત્મા વિભાવ વ્યંજનપર્યાયરૂપે થતો જ નથી.

''કિંચિત્ શુભમિશ્રિત માયાપરિણામથી આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે. તેનો આકાર તે તિર્યંચપર્યાય છે.''

નિગોદથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીના બધા જીવો તે તિર્યંચ છે. આત્માના પ્રદેશોની આકૃતિ તિર્યંચના શરીર પ્રમાણે થાય તે તિર્યંચપર્યાય છે, તે વિભાવ વ્યંજનપર્યાય છે.

જેમ લોટાના આકાર પ્રમાણે તેમાં રહેલા પાણીનો આકાર થાય છે, તેમ દેહ પ્રમાણે આત્માનો આકાર થાય છે, ત્યાં અજ્ઞાની તે દેહને અને વિભાવ પર્યાયને જ પોતાનું સ્વરૂપ માને છે, તેથી તેને જ વિભાવ વ્યંજનપર્યાય ગણ્યા છે.

''કેવળ શુભ કર્મથી વ્યવહારે આત્મા દેવ થાય છે, તેનો આકાર તે દેવપર્યાય છે.''

આ ચારે પ્રકારના વ્યંજન પર્યાય છે. તે અશુદ્ધ પર્યાયો છે. આ પર્યાયોનો વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.

જે જે શરીર મળે તેવા આકારે જ અજ્ઞાની પોતાને માની લ્યે છે, ને ત્રિકાળ સ્વભાવને જાણતો નથી. તેથી તેના વિભાવ પર્યાયોને જ અશુદ્ધ પર્યાયોમાં લીધા. રાગાદિની વાત અશુદ્ધ પર્યાયમાં અહીં લીધી નથી. પણ જે જીવ વિભાવ પર્યાયને પોતાનું સ્વરૂપ માને તેને તે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પર્યાયો થાય, અને જે ત્રિકાળ સ્વભાવને જાણે તેને સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયો થાય - એમ બન્ને વાત તેમાં ગર્ભિતપણે સમાડી દીધી છે.

હવે ૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-



## શ્લોક ૨૭

(માલિની)

**अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः**
**सहजपरमतत्त्वाभ्यासनिष्णातबुद्धिः।**
**सपदि समयसारन्नान्यदस्तीति मत्त्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः॥ २७॥**

**શ્લોકાર્થ :-** બહુ વિભાવ હોવા છતાં પણ, સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે એવો આ શુદ્ધ દૃષ્ટિવાળો પુરુષ, 'સમયસારથી અન્ય કાંઈ નથી' એમ માનીને, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે. ॥ ૨૭ ॥

૨૪ મા શ્લોકમાં એમ કહ્યું હતું કે : પરભાવ હોવા છતાં...... જે શુદ્ધ આત્માને એકને ભજે છે એવો તીક્ષ્ણ દૃષ્ટિવાળો શુદ્ધ પુરુષ મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે.

૨૫ મા શ્લોકમાં પણ એમ કહ્યું કે : હે ભવ્યશાર્દૂલ ! પરગુણ પર્યાયો હોવા છતાં........ પરબ્રહ્મરૂપ..... સમયસારને તું ભજ !

૨૬ મા શ્લોકમાં એમ કહ્યું કે ''જીવતત્ત્વ કવચિત્..... સહજ પર્યાયો સહિત અને કવચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે. આ બધાથી સહિત હોવા છતાં પણ એ બધાથી રહિત એવા જીવતત્ત્વને હું સકલ અર્થની સિદ્ધિ માટે ભાવું છું.

અને અહીં ૨૭ મા શ્લોકમાં પણ એમ કહે છે કે : અહો ! પર્યાયમાં બહુ વિભાવ હોવા છતાં પણ, સહજ સ્વાભાવિક પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે તે શુદ્ધ દૃષ્ટિવાળો પુરુષ શીઘ્ર મુક્તિ પામે છે.

''પરમાત્મતત્ત્વને અભ્યાસ'' કહીને ચારિત્ર બતાવ્યું,

''પ્રવીણ બુદ્ધિ'' કહીને સમ્યગ્જ્ઞાન બતાવ્યું, ને

''શુદ્ધ દૃષ્ટિ'' કહીને સમ્યગ્દર્શન બતાવ્યું.

એવો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો પુરુષ શીઘ્ર મુક્તિ પામે છે. પ્રવીણ કોણ ? કે જેની બુદ્ધિ પોતાના સહજ પરમ તત્ત્વમાં લાગેલી છે. શુદ્ધ દૃષ્ટિવાળો તે પુરુષ એમ માને છે કે ''આ સમયસારથી બીજું કાંઈ નથી'' મારા એકાકાર સહજ સ્વભાવ સિવાય જગતમાં બીજાને હું ભાળતો જ નથી, કેમ કે મારામાં તે બધાનો અભાવ છે. ક્ષણિક વિભાવોનો પણ મારામાં અભાવ છે. હું તો શુદ્ધ કારણપરમાત્મા સમયસાર છું.

અહો ! 'જિન' અને 'જીવ' એકાકાર છે. બધા આત્માઓ સિદ્ધની વેલડીના કંદ છે, એકેક આત્મા અમૃતની વેલડીના ફળ છે. અજ્ઞાની ભલે પોતાને પર્યાય જેટલો જ માને પણ જ્ઞાની તો કહે છે કે તે વ્યવહારથી જ મનુષ્ય વગેરે પર્યાયરૂપે થયો છે, નિશ્ચયથી તો તે સિદ્ધ જેવો જ છે.

જે જીવ વિભાવની દૃષ્ટિ છોડીને પોતાના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન કરીને તેની ભાવનામાં એકાગ્ર થાય છે, તે જીવ શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે.

જગતમાં સુંદરમાં સુંદર હોય તો તે આત્માની આનંદમય મુક્તદશા જ છે. તેવી દશા પ્રગટ્યા પછી તે કદી જુદી પડે નહિ.

આ રીતે પંદરમી ગાથા પૂરી થઈ. આ ગાથા ઘણી અલૌકિક હતી, ને હવે તે પ્રસિદ્ધ થઈ ગઈ છે.



ત્રિકાળી દ્રવ્ય, ગુણ અને કારણશુદ્ધપર્યાયનું વર્ણન કર્યું. એવા જીવને જે માને તે મુક્તિને પામે છે. ને તેને ન જાણતા રાગાદિ પર્યાયોને જ જે પોતાનું સ્વરૂપ માને તે જીવ ચાર ગતિમાં રખડે છે, તેની વાત હવે કરે છે :-

**ગાથા ૧૬-૧૭**

**माणुस्सा दुवियप्पा कम्ममहीभोगभूमिसंजादा।**
**सत्तविहा णेरइया णादव्वा पुढविभेदेण ॥ १६ ॥**

**चउदहभेदा भणिदा तेरिच्छा सुरगणा चउब्भेदा।**
**एदेसिं वित्थारं लोयविभागेसु णादव्वं ॥ १७ ॥**

**છે કર્મભૂમિજ ભોગભૂમિજ – ભેદ બે મનુજો તણા,**
**ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા; ૧૬.**

**તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;**
**આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.**

**અન્વયાર્થ** : મનુષ્યોના બે ભેદ છે : કર્મભૂમિમાં જન્મેલા અને ભોગભૂમિમાં જન્મેલા; પૃથ્વીના ભેદથી નારકો સાત પ્રકારના જાણવા; તિર્યંચોના ચૌદ ભેદ કહ્યા છે, દેવ સમૂહોના ચાર ભેદ છે. આમનો વિસ્તાર લોકવિભાગમાંથી જાણી લેવો.

**ટીકા** : આ, ચાર ગતિના સ્વરૂપનિરૂપણ કથન છે.

મનુના સંતાન તે મનુષ્યો છે. (ભોગભૂમના અંતમાં અને કર્મભૂમિના આદિમાં થતાં કુલકરો મનુષ્યોને આજીવિકાના સાધન શીખવીને લાલિત-પાલિત કરે છે, તેથી તેઓ મનુષ્યોના પિતા સમાન છે. કુલકરને મનુ કહેવામાં આવે છે.) તેઓ બે પ્રકારના છે : કર્મભૂમિજ અને ભોગભૂમિજ. તેમાં કર્મભૂમિજ મનુષ્યો પણ બે પ્રકારના છે : આર્ય અને મ્લેચ્છ. પુણ્યક્ષેત્રમાં રહેનારા તે આર્ય છે અને પાપક્ષેત્રમાં રહેનારા તે મ્લેચ્છ છે. ભોગભૂમિજ મનુષ્યો આર્ય નામને ધારણ કરે છે. જઘન્ય, મધ્યમ અથવા ઉત્તમ ક્ષેત્રમાં રહેનારા છે અને એક પલ્યોપમ, બે પલ્યોપમ અથવા ત્રણ પલ્યોપમના આયુષવાળા છે.

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા તમઃપ્રભા અને મહાતમઃપ્રભા નામની સાત પૃથ્વીના ભેદને લીધે નારક જીવો સાત પ્રકારે છે. પહેલી નરકના નારકો એક સાગરોપમ, બીજી નરકના નારકો ત્રણ સાગરોપમ, ત્રીજી નરકના નારકો સાત સાગરોપમ, ચોથી નરકના નારકો દસ

સાગરોપમ, પાંચમી નરકના સત્તર સાગરોપમ, છઠ્ઠી નરકના નારકો બાવીસ સાગરોપમ અને સાતમી નરકના નારકો તેત્રીસ સાગરોપમના આયુષવાળા છે.

હવે વિસ્તારના ભયને લીધે સંક્ષેપથી કહેતાં, તિર્યંચોના ચૌદ ભેદ છે : (૧-૨) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૩-૪) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૫-૬) દ્વીંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૭-૮) ત્રીંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૯-૧૦) ચતુરિંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત (૧૧-૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૩-૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત.

દેવોના ચાર નિકાય (સમૂહ) છે : (૧) ભવનવાસી (૨) વ્યંતર (૩) જ્યોતિષ્ક અને (૪) કલ્પવાસી.

આત્માના ભાન વિના જીવે આવી ચારે ગતિના ભવો અનંતવાર કર્યા છે. સહજ ચૈતન્ય પરમતત્ત્વ છે, તેના અભ્યાસ વિના જીવે અનાદિથી નરકાદિ ગતિના ભયંકર દુઃખો અનંતવાર ભોગવ્યા છે. જેને આવી ચાર ગતિના ભવો ધારણ ન કરવા હોય તેણે પોતાના સહજ પરમ ચૈતન્યતત્ત્વને ઓળખીને તેનો અભ્યાસ કરવો.

આ ચાર ગતિના જીવોના ભેદોના ભેદ લોકવિભાગ નામના પરમાગમમાં જોઈ લેવા. અહીં (આ પરમાગમમાં) આત્મસ્વરૂપના નિરૂપણમાં અંતરાયનો હેતુ થાય તેથી સૂત્રકર્તા પૂર્વાચાર્યમહારાજે (તે વિશેષ ભેદો) કહ્યા નથી.

આ અધ્યાત્મ ગ્રંથ છે. તેથી વચ્ચે વ્યવહારના ભંગભેદનો વિસ્તાર વર્ણવ્યો નથી. સહજ શુદ્ધ આત્મ તત્ત્વનું વર્ણન કરવામાં અંતરાય ન પડે તે માટે અહીં ભેદોનું વિશેષ વર્ણન નથી કર્યું, એટલે કે તમે પરમાર્થતત્ત્વને સમજો - એમ અધ્યાત્મદૃષ્ટિનું જોર બતાવ્યું છે.

**આસો સુદ ૧૧, ગુરુવાર, ૧૧-૧૦-૫૧.**

૧૬-૧૭મી ગાથા પૂરી થઈ તેના પર બે શ્લોકો કહે છે :-

**શ્લોક ૨૮**

(मन्दाक्रान्ता)

**स्वर्गे वाऽस्मिन्मनुजभुवने खेचरेन्द्रस्य दैवा-**
**ज्ज्योतिर्लोके फणपतिपुरे नारकाणां निवासे।**
**अन्यस्मिन् वा जिनपतिभवने कर्मणां नोऽस्तु सूतिः**
**भूयो भूयो भवतु भवतः पादपङ्केजभक्तिः ॥ २८॥**

**શ્લોકાર્થ :-** (હે જિનેન્દ્ર !) દૈવયોગે હું સ્વર્ગમાં હોઉં, આ મનુષ્યલોકમાં હોઉં, વિદ્યાધરના



સ્થાનમાં હોઉં, જ્યોતિષ્ક દેવોના લોકમાં હોઉં, નાગેન્દ્રના નગરમાં હોઉં, નારકોના નિવાસમાં હોઉં, જિનપતિના ભવનમાં હોઉં કે અન્ય ગમે તે સ્થળે હોઉં, (પરંતુ) મને કર્મનો ઉદ્ભવ ન હો, ફરી ફરીને આપના પાદપંકજની ભક્તિ હો ! ॥ ૨૮ ॥

૧૬-૧૭ ગાથામાં ચારગતિનું કથન કર્યું. ત્યાં મુનિરાજ કહે છે કે હે પ્રભો ! હું મારા સ્વભાવની જ ભાવનામાં છું. મારા ચૈતન્ય યોગમાં જ હું એકાગ્ર છું, પણ વચ્ચે રાગને કારણે કદાચિત્ દૈવયોગથી સ્વર્ગાદિમાં હોઉં તો ત્યાં પણ ફરી ફરીને આપના ચરણ કમળની ભક્તિ જ હો, કર્મનો ઉદ્ભવ ન હો. ચૈતન્યની દૃષ્ટિથી ચારે ગતિનો નકાર કહે છે. ચાર ગતિમાં ગમે તે સ્થાને હોઉં પણ મારી દૃષ્ટિ તો ચૈતન્યમાં જ હો, મને કર્મનો ઉદ્ભવ જ ન હો. ચૈતન્યમાં દૃષ્ટિથી કર્મ ઉત્પન્ન ન થાવ. કર્મ છે ત્યાંથી આગળ હવે કર્મ ઉત્પન્ન ન થાવ પણ ચૈતન્યની દૃષ્ટિપૂર્વક હે નાથ ! આપના પાદકમળની જ ભક્તિ હો. ચાર ગતિમાં ઉત્પન્ન થવાની ભાવના નથી, પણ ચૈતન્યની જ ભાવના છે. કર્મનો ઉદ્ભવ ન હો, ને આત્માનો જ ઉદ્ભવ હો. શુદ્ધાત્મામાં ન ઠરી શકું ત્યારે આપના ચરણકમળની સેવાનો શુભભાવ હો. અંદર નિશ્ચય ભક્તિપૂર્વક વ્યવહારભક્તિની વાત કરી છે; તેમાં ભાવના તો સ્વરૂપની જ છે.

**શ્લોક ૨૯**

(शार्दूलविक्रीडित)

**नानानूननराधिनाथविभवानाकर्ण्य चालोक्य च**
**त्वं क्लिश्नासि मुधात्र किं जडमते पुण्यार्जितास्ते ननु।**
**तच्छक्तिर्जिननाथपादकमलद्वन्द्वार्चनायामियं**
**भक्तिस्तै यदि विद्यते बहुविधा भोगाः स्युरेते त्वयि॥ २९॥**

**શ્લોકાર્થ :-** નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને તથા દેખીને, હે જડમતિ, તું અહીં ફોગટ કલેશ કેમ પામે છે ! તે વૈભવો ખરેખર પુણ્યથી પ્રાપ્ત થાય છે. તે (પુણ્યોપાર્જનની) શક્તિ જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે; જો તને એ જિનપાદપદ્મની ભક્તિ હોય, તો તે બહુવિધ ભોગો તને (આપોઆપ) હશે. ॥ ૨૯ ॥

વિશેષ વૈરાગ્યપૂર્વક પોતાને ઉદ્દેશીને વાત કરે છે કે : અરે જીવ ! બહારના વૈભવો તરફનું વલણ જ દુઃખદાયક છે, ચૈતન્યની પરમાનંદ સંપદાની ભાવના જ સુખદાયક છે. પદ્મપ્રભમલધારિદેવ પોતાના સ્વભાવની ભાવના કરે છે, ને વૈભવની ભાવના કરવા જેવી નથી એમ સમજાવે છે. પોતે મહા સંત મુનિ હોવા છતાં પોતાની લઘુતા વર્ણવતા કહે છે કે ''હે જડમતિ ! વૈભવોને સાંભળીને તું અહીં ફોગટ કલેશ કેમ પામે છે ?'' અંદર અસ્થિરતા થતાં વૈભવ તરફ લક્ષ ગયું ને રાગની જરા

વૃત્તિ ઊઠી તો તે વૃત્તિ જ જડમતિ છે, તે અપેક્ષાએ અહીં કહ્યું છે.

પૈસા વગેરેનો વૈભવ તારા વર્તમાન પુરુષાર્થથી આવતો નથી, તે તો પૂર્વના પુણ્યથી જ આવે છે. માટે તે વૈભવની ભાવનારૂપ કલેશને છોડ. તે વૈભવ તો ખરેખર પુણ્યથી મળે છે, ને તેવા પુણ્યની પ્રાપ્તિ તો જિનેન્દ્રદેવના ચરણકમળની પૂજામાં છે, સાધકપણામાં ચૈતન્યના ભાનપૂર્વક વચ્ચે ભગવાનની ભક્તિનો શુભ રાગ આવી જાય છે. હે નાથ ! હું તો તારા બન્ને ચરણ કમળની પૂજા કરનારો છું. રાગની ભક્તિ કરનારો નથી, પુણ્યની કે વૈભવની ભાવના કરનારો નથી. હે જીવ! જો તને ભગવાનની ભક્તિ હશે તો પુણ્યથી સહેજે વૈભવ તો આવી પડશે. તારે તે માગવા નહિ પડે. સાધકને વચ્ચે શુભ રાગથી આવો વૈભવ આપોઆપ આવી જાય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. વૈભવની લાલચ નથી કરાવી. તીર્થંકર-ચક્રવર્તી-બળદેવ વગેરે પદવીના વૈભવ સમ્યગ્દષ્ટિને જ હોય છે. સમ્યગ્દષ્ટિ સિવાય બીજાને તેવી પદવીના પુણ્ય હોતાં નથી. માટે હે મૂઢમતિ ! તું તારા ચૈતન્યની ભાવનામાં જ રહે, બહારના વૈભવની ભાવના ન કર. પોતે પંચમ આરાના મુનિ છે, હજી સ્વર્ગમાં ભવ થશે ને ત્યાંથી રાજકુમારપણે અવતાર થશે, એનું જ્ઞાન કરાવ્યું છે. રાગ મારું સ્વરૂપ નથી એવું ભાન છે. રાગનો આદર નથી, આદર તો ચૈતન્ય સ્વભાવનો જ છે.

મુનિને સ્વર્ગ સિવાય બીજે અવતાર ન હોય. ધર્માત્માને હલકી ગતિ કે હલકો ભવ હોય જ નહિ. સમ્યગ્દર્શન પછી વૈમાનિકદેવપણે જ ઊપજે, ને ત્યાંથી પણ મહા ઉચ્ચ કુળમાં જ અવતરે. હલકી ગતિમાં ને નીચભવમાં સમ્યગ્દષ્ટિ અવતરે નહિ. માટે અહીં એમ કહ્યું કે તું બહારના વૈભવની વાત સાંભળીને તેની ભાવનાથી ફોગટ કલેશ ન પામ. ચૈતન્યની જ ભાવના કર. તેમાં વચ્ચે પુણ્ય બંધાતા બહારનો વૈભવ તો સહેજે હશે.



## ગાથા૧૮

**कत्ता भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारा।**
**कम्मजभावेणादा कत्ता भोत्ता दु णिच्छयदो॥ १८॥**

**આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી;**
**ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.**

**અન્વયાર્થ** : આત્મા પુદ્‌ગલકર્મનો કર્તા-ભોક્તા વ્યવહારથી છે અને આત્મા કર્મજનિત ભાવનો કર્તા-ભોક્તા (અશુદ્ધ) નિશ્ચયથી છે.

અહીં જ્ઞાન કરાવવા માટે નયોથી વર્ણન કર્યું છે.

(૧) ''આત્મા નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા અને તેના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા છે.''

કર્મો આત્મા સાથે એકક્ષેત્રે છે માટે તે નિકટવર્તી છે. નજીકમાં છે તેટલો સંબંધ છે તેથી અનુપચરિત છે. પણ આત્માના સ્વભાવથી તે કર્મ જુદી ચીજ છે માટે તે અસદ્‌ભૂત છે, ને તેની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે અપેક્ષાએ વ્યવહાર છે. એ રીતે નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્માને દ્રવ્યકર્મનો કર્તા કહ્યો છે. આત્મા રાગ-દ્વેષ કરે ત્યારે તેનું નિમિત્ત પામીને કર્મો બંધાય છે, માટે આત્માએ તે કર્મોને કર્યા એમ નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂતવ્યવહારનયથી કહ્યું છે. ખરેખર કાંઈ આત્મા તેનો કર્તા નથી. પણ કર્મની અવસ્થા થઈ ત્યારે તેમાં નિમિત્તરૂપે જીવનો વિકાર હતો, આટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા માટે આ વ્યવહાર કહ્યો છે. કર્મ બંધાય છે તો તે વખતે જીવમાં પણ તેટલો વિકાર છે - એમ અહીં જ્ઞાન કરાવ્યું છે. સાધક જીવને વચ્ચે રાગ પણ છે, તેથી તેને આવો નય લાગુ પડે છે. જો રાગ સર્વથા ટળી ગયો હોય તો તેને આ નય લાગુ ન પડે. સમ્યગ્દષ્ટિ પોતાના રાગને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેનું જ્ઞાન કરે છે તેથી તેને આવો નય હોય છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે પોતે મૂળસૂત્રમાં આત્માને પુદ્‌ગલકર્મનો વ્યવહારથી કર્તા કહ્યો છે. કેમ કે આત્માની પર્યાયમાં કર્મ સાથે તેટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેથી કહ્યું કે આત્મા નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કર્મનો કર્તા છે. અને તેના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા છે. અહીં સુખદુઃખરૂપ અંદરના પરિણામની વાત નથી પણ જડ કર્મના વિપાકની વાત છે. પોતે હર્ષ-શોકના પરિણામ કરે તેનો ભોગવટો તો અશુદ્ધ નિશ્ચયનયથી છે, ને તેમાં જે જડકર્મનો ઉદય નિમિત્ત છે તેનો ભોગવટો કહેવો તે નિકટવર્તી અનુપચરિત વ્યવહારથી છે.

બહારના સંયોગનો કર્તા-ભોક્તા કહેવો તેની વાત આ નિકટવર્તીમાં ન લેવી; તેની વાત તો ઉપચરિત અસદ્ભૂત વ્યવહારમાં આવશે. અહીં તો નિકટવર્તી એટલે કે એકક્ષેત્રે રહેલાં કર્મનો કર્તા-ભોક્તા આત્મા અસદ્ભૂત અનુપચરિત વ્યવહારથી છે, કર્મે આત્માને ફળ દીધું - એમ કહેવું તે વ્યવહાર છે. દૂરની સામગ્રી આ નયમાં ન લેવી.

(૨) ''અશુદ્ધ નિશ્ચયનયથી સમસ્ત મોહ-રાગ-દ્વેષાદિ ભાવકર્મનો કર્તા અને ભોક્તા છે.''

પોતાની પર્યાયમાં જે રાગ-દ્વેષ, હર્ષ-શોક વગેરે વિકારી ભાવો થાય તે પોતાની જ પર્યાય છે માટે તે નિશ્ચય, ને તે વિકારી ભાવ છે માટે અશુદ્ધ; તેથી અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા પોતાના રાગાદિ વિકારી પરિણામનો કર્તા અને હર્ષ-શોકનો ભોક્તા છે. દૃષ્ટિના વિષયમાં તો આત્મા રાગાદિનો કર્તા કે ભોક્તા છે જ નહિ - એમ કહે છે. પણ અહીં પોતાની અશુદ્ધ પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. અશુદ્ધતા પોતાની પર્યાયમાં જીવ પોતે કરે છે. કોઈ બીજું તેને તે અશુદ્ધતા કરાવતું નથી. માટે નિશ્ચયથી જીવ તેનો કર્તા અને ભોક્તા છે, પણ તે ભાવો અશુદ્ધ છે માટે તેને અશુદ્ધ નિશ્ચયનય કહ્યો.

રાગાદિ ભાવો વિકારી છે માટે અશુદ્ધ અને પોતાના છે માટે નિશ્ચય; એ રીતે અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા પોતાના રાગાદિ વિકાર પરિણામનો કર્તા અને ભોક્તા છે.

(૩)''અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી (દેહાદિ) નોકર્મનો કર્તા છે.''

કર્મનો કર્તા-ભોક્તા કહ્યો તેમાં 'નિકટવર્તી' શબ્દ વાપર્યો હતો. અહીં તે શબ્દ નથી લીધો. દેહાદિની ક્રિયા તો તેના જ કારણે સ્વતંત્રપણે થાય છે, આત્મા તેનો કર્તા ખરેખર નથી, પણ નિમિત્તપણે ઈચ્છા હોય ને શરીર ચાલે ત્યાં અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી જીવને શરીરનો કર્તા કહ્યો. આત્માની ઈચ્છાને લીધે કાંઈ શરીર ચાલતું નથી. આત્મામાં શરીરાદિ અસદ્ભૂત છે. પણ શરીરની ક્રિયા વખતે જીવના નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા પૂરતો આ વ્યવહાર છે. વ્યવહારથી આત્મા કર્તા છે એટલે નિશ્ચયથી તો શરીરાદિની ક્રિયા તેના પોતાના કાળે થાય છે, એટલે નિશ્ચયથી તો તે પોતે જ (અર્થાત્ શરીર જ) કર્તા છે, આત્માને કર્તા કહેવો તે વ્યવહાર છે. નિશ્ચયથી તો તે પોતે કર્તા છે ત્યારે બીજાને કર્તા કહેવાનો વ્યવહાર થયો.

આ વાત બધા બોલમાં લાગુ પાડવી.

(૧) પહેલાં કર્મનો કર્તા-ભોક્તા વ્યવહારથી કહ્યો. તેમાં નિશ્ચયથી કર્તા તો જડકર્મ પોતે જ છે, ને વ્યવહારથી જીવને કર્તા કહ્યો છે.

તે જ પ્રમાણે કર્મનું ફળ નિશ્ચયથી તો કર્મમાં જ આવે છે, આત્મા તેનો ભોક્તા નથી પણ વ્યવહારથી આત્મા તેનો ભોક્તા છે.

નિશ્ચય રાખીને વ્યવહાર હોય ને ? નિશ્ચયથી તો કર્મનો કર્તા ને ભોક્તા તે કર્મ પોતે જ છે,



તે તેના પરિણામનો સ્વકાળ જ છે, ત્યારે નિમિત્ત તરીકે જીવને કર્તા-ભોક્તા કહેવો તે વ્યવહાર છે. નિશ્ચયને લક્ષમાં રાખીને આ વ્યવહાર કહેવામાં આવે છે.

(૨) અશુદ્ધ નિશ્ચયનયથી આત્માને રાગદ્વેષાદિનો કર્તા-ભોક્તા કહ્યો, તેમાં વ્યવહારથી આત્માને કર્મનો કર્તા-ભોક્તા કહ્યો. આમ બન્ને બોલમાં પરસ્પર નિશ્ચય-વ્યવહાર થઈ ગયા.

નિશ્ચયથી પુદ્ગલ પોતે પોતાનો કર્તા-ભોક્તા છે; ને

વ્યવહારથી જીવ તેનો કર્તા-ભોક્તા છે.

નિશ્ચયથી જીવ પોતે પોતાના રાગ-દ્વેષનો કર્તા-ભોક્તા છે;

ત્યાં વ્યવહારથી કર્મને કર્તા-ભોક્તા કહેવાય છે.

(૩) દેહ-વાણી વગેરેનો કર્તા આત્માને કહેવો તે અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર છે. તો નિશ્ચય શું ? કે દેહ-વાણી વગેરેની ક્રિયા તેને પોતાને કારણે સ્વયં થાય છે તે નિશ્ચય છે ત્યારે રાગી જીવ તેમાં નિમિત્ત છે માટે તેને દેહાદિ નોકર્મનો કર્તા વ્યવહારે કહેવાય છે. આ નયો સાધકને હોય છે.

(૪) ''ઉપચરિત અસદ્ભૂતવ્યવહારથી ઘટ-પટ-શકટાદિનો (ઘડો, વસ્ત્ર, ગાડું ઈત્યાદિનો) કર્તા છે.''

ક્ષેત્રથી દૂરના પદાર્થો છે માટે ઉપચરિત વ્યવહાર કહ્યો છે. ઘડો, મકાન, વસ્ત્ર વગેરે તો તેના પોતાના સ્વતંત્ર પરિણમનથી થાય છે, તે વખતે રાગી જીવ નિમિત્તરૂપે છે. તેનું જ્ઞાન કરાવવા માટે તે જીવને ઉપચારથી અસદ્ભૂત વ્યવહારનયે તેનો કર્તા કહેવાય છે.

સ્વભાવની દૃષ્ટિ અપેક્ષાએ તો આત્મા ઘટ-પટાદિનો નિમિત્તકર્તા પણ નથી. એ વાત સમયસારની ૧૦૦મી ગાથામાં છે. અહીં તે વાત નથી. અહીં તો પર્યાયની વાત છે. સમયસારમાં તો અભેદ દ્રવ્યદૃષ્ટિની વાત છે. જો દ્રવ્ય પોતે જ નિમિત્ત હોય તો તો જ્યાં જ્યાં ઘડો વગેરે થાય ત્યાં ત્યાં તે નિમિત્ત થયા જ કરે. એટલે કે તેની મુક્તિ કદી થાય જ નહિ. અહીં તો પર્યાયમાં ક્ષણ પૂરતો રાગ છે તેનું જ્ઞાન કરાવવા ઉપચારથી પરનો કર્તા કહેવાય છે. પરની ક્રિયા થાય છે તો તેના કારણે, તે નિશ્ચય છે. તેમાં કાંઈ જીવનો અધિકાર નથી. ને તે વખતે રાગી જીવ નિમિત્તપણે હતો તે ઓળખાવવા તેને ઉપચારથી ઘટપટાદિનો કર્તા વ્યવહારે કહે છે.

આ અશુદ્ધ જીવનું વર્ણન છે એટલે કે જેને હજી રાગાદિ વિકલ્પ થાય છે એવા જીવને આ નયો લાગુ પડે છે. સિદ્ધને આ નય લાગુ ન પડે. આ ગાથામાં કુલ ચાર નય કહ્યા.

૧) નિકટવર્તી અનુપચરિત વ્યવહારથી કર્મનો કર્તા ને તેના ફળનો ભોક્તા છે. પણ નિશ્ચયથી તો કર્મનો કર્તા ને ભોક્તા કર્મ પોતે જ છે.

૨) અશુદ્ધ નિશ્ચયથી આત્મા પોતાના વિકારી ભાવનો કર્તા ને ભોક્તા છે.

૩) અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી શરીરાદિનો કર્તા છે. ત્યાં શરીરાદિની ક્રિયા નિશ્ચયથી તો તેના કારણે જ થાય છે. નિમિત્ત તરીકે રાગી જીવ હોય તેને વ્યવહારથી કર્તા કહેવાય છે.

૪) મકાન-વસ્ત્ર વગેરેનો કર્તા જીવને કહેવો તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર છે. નિશ્ચયથી મકાન વગેરેરૂપે પુદ્ગલ સ્કંધો જ સ્વયં પરિણમે છે. કડિયાએ મકાન કર્યું એમ કહેવું તે તો ઉપચાર છે, યથાર્થ નથી.

ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં તો આત્મા કોઈનો નિમિત્ત પણ નથી. એમ ત્રિકાળી દૃષ્ટિમાં તો તે નિમિત્તકર્તાપણું પણ ઉડાડી દીધું. પછી આ વર્તમાન પૂરતી પર્યાયનું જ્ઞાન કરવા માટેની વાત છે. સમ્યગ્દૃષ્ટિ સ્વભાવદૃષ્ટિમાં ક્યાંય પરનો નિમિત્તપણે પણ કર્તા નથી. પર્યાયમાં અશુદ્ધતા થતાં વર્તમાન પૂરતો પરની સાથે નિમિત્ત સંબંધ છે તેનું જ્ઞાન કરાવવા પૂરતો આ વ્યવહારનય છે. એ રીતે અશુદ્ધ જીવની વાત કરી.

સુખદુઃખના ત્રણ પ્રકાર આવે છે :-

૧) સુખદુઃખરૂપ જીવના પરિણામ : તે અશુદ્ધ નિશ્ચયમાં આવે છે.

૨) સુખદુઃખરૂપ કર્મનો ઉદય : તે નિકટવર્તી અનુપચરિત અસદ્ભૂતવ્યવહારમાં આવે છે. અને

૩) સુખદુઃખરૂપ બાહ્ય સામગ્રી : તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહારમાં આવે છે.

-એમ ત્રણે પ્રકારના સુખદુઃખ કહેવાય છે.

**આસો સુદ ૧૨, શુક્રવાર, ૧૨-૧૦-૫૧.**

અઢાર ગાથા પૂરી થઈ. હવે ટીકાકાર મુનિરાજ છ શ્લોકો કહે છે :-

(मालिनी)

**अपि च सकलरागद्वेषमोहात्मको यः**
**परमगुरुपदाब्जद्वन्द्वसेवाप्रसादात्।**
**सहजसमयसारं निर्विकल्पं हि बुद्ध्वा**
**स भवति परमश्रीकामिनीकान्तकान्तः ॥ ३० ॥**

**શ્લોકાર્થ :-** સકળ મોહ-રાગ-દ્વેષવાળો જે કોઈ પુરુષ પરમ ગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી નિર્વિકલ્પ સહજ સમયસારને જાણે છે તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરીનો પ્રિય કાન્ત થાય છે. ॥ ૩૦ ॥

૧૮મી ગાથામાં એમ કહ્યું હતું કે આત્મા પોતાના રાગાદિ પરિણામનો અશુદ્ધ નિશ્ચયનયથી કર્તા



છે. કર્મ તેને ખરેખર વિકાર કરાવતું નથી. પરને લીધે મને વિકાર થાય એમ માને તે તો તીવ્ર મોહ છે. કર્મના ઉદય પ્રમાણે મારે વિકાર કરવો પડે એ માન્યતા પણ તીવ્ર મોહ છે.

દેહાદિના કર્તાપણાની વાત વ્યવહારે કરી હતી, તે બધું અહીં કાઢી નાખ્યું. અહીં તો આત્માના પોતાના પરિણમનમાં જે રાગ-દ્વેષ-મોહ છે તેની જ વાત રાખી, અને જે રાગ-દ્વેષ-મોહનો પોતે કર્તા છે તે કેમ ટળે તે અહીં બતાવે છે.

ચૈતન્યને ચૂકીને કોઈ પણ પરાશ્રય ભાવથી લાભ માન્યો તે રાગ-દ્વેષ-મોહ છે. જેને નિશ્ચય શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન નથી ને અનાદિથી રાગ-દ્વેષ-મોહમાં અટકેલો છે એવો પુરુષ પણ પરમગુરુના ચરણકમળની સેવાના પ્રસાદથી શુદ્ધ આત્માને જાણે છે. પહેલાં તો સાચા ગુરુની દેશના મળવી જોઈએ અને તે પરમ ગુરુએ કહ્યું તે પ્રમાણે પોતે શ્રદ્ધા-જ્ઞાન કરવા તેનું નામ શ્રીગુરુના ચરણની સેવા છે. શ્રીગુરુએ શું કહ્યું ? - કે ચૈતન્યભગવાન પુણ્ય-પાપ રહિત નિર્વિકલ્પ છે -એમ શ્રી ગુરુએ કહ્યું અને શિષ્યે જાણ્યું.

અનાદિથી પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ છે તે તો પહેલું બતાવ્યું અને તેનો કર્તા અશુદ્ધ નિશ્ચયથી કહ્યો. તે કેમ ટળે તેની આ વાત છે.

અનાદિથી નિર્વિકલ્પ સહજ સમયસારને જાણ્યો ન હતો, ને સવિકલ્પ એવા વ્યવહારથી-રાગાદિથી આત્માને લાભ માનતો હતો તેથી તે રાગી-દ્વેષી-મોહી હતો, તેનું જ્ઞાન કરાવ્યું. પણ શ્રીગુરુના ઉપદેશથી શુદ્ધ આત્માને જાણતાં તે રાગ-દ્વેષ-મોહ ટળી જાય છે. એટલે શ્રીગુરુએ પણ તેવો જ ઉપદેશ આપ્યો કે તારો આત્મા વ્યવહારના વિકલ્પ વિનાનો છે. તારો આત્મા તો નિર્વિકલ્પ સહજ સમયસાર છે, તેના શ્રદ્ધા-જ્ઞાન કર, તો તારું કલ્યાણ થાય ! -આવું સમજ્યો તેના ઉપર શ્રીગુરુની કૃપા થઈ.

કર્મને લીધે વિકાર થાય અથવા ઉદય પ્રમાણે વિકાર કરવો પડે એમ માને તેને તો કાંઈ પ્રયત્ન કરવાનો જ રહેતો નથી. પુરુષાર્થ તો ઉદયમાં જોડાઈ ગયેલો છે, એટલે અશુભ પલટીને ગુરુની વાણીના શ્રવણનો શુભભાવ કરવાનો અવકાશ પણ તેને રહેતો નથી. તે તો તીવ્ર મિથ્યાત્વમાં પડેલો છે.

અહીં તો શ્રી ગુરુ મળ્યા તેની પાસેથી શું સાંભળ્યું ? કે ચિદાનંદ નિર્વિકલ્પ આત્માની વાત સાંભળી. સાંભળતી વખતે તો શુભ વિકલ્પ હતો, પણ સંભળાવનારે એમ સંભળાવ્યું છે આ વિકલ્પ તે તારું સ્વરૂપ નથી, માટે તું સહજ સ્વરૂપનો આશ્રય કર.

-આવું જાણીને જેણે નિર્વિકલ્પ સહજ સમયસારનો આશ્રય કર્યો તેણે શ્રીગુરુના ચરણની સેવાના પ્રસાદથી શુદ્ધ આત્માને જાણ્યો. ગુરુ કેવા હોય ને તેની વાણી સાંભળનાર કેવા હોય તે વાત આમાં બતાવી. વચ્ચે વિકલ્પનો આશ્રય કરવાનું બતાવે, કે રાગથી લાભ મનાવે તો તે ગુરુ નથી, ને તેની વાણી પણ યથાર્થ નથી. એ પ્રમાણે કુગુરુને છોડીને સાચા ગુરુ પાસે સાંભળવા આવ્યો છે, તેવા

શિષ્યને શ્રીગુરુએ શું કહ્યું ?

શ્રીગુરુ એમ કહે છે કે તારો આત્મા નિર્વિકલ્પ સહજ શુદ્ધ તત્ત્વ છે, તારા તત્ત્વને મારાથી કે વિકલ્પથી લાભ નથી. જેવું શિષ્ય સમજ્યો તેવું શ્રીગુરુએ કહ્યું. જેમ કોઈ કહે કે ''હું સાકર લાવ્યો''. તો તેમાં એ વાત પણ આવી ગઈ કે ''વેપારીએ સાકર આપી''. તેમ શ્રીગુરુના સેવાના પ્રસાદથી શિષ્ય નિર્વિકલ્પ સહજ શુદ્ધ આત્માને સમજ્યો, તેમાં એ પણ આવી ગયું કે શ્રીગુરુએ પણ તેને તે જ વાત સંભળાવી છે. તારું સ્વરૂપ નિર્વિકલ્પ સહજ સમયસાર છે, તેમાં કોઈ વ્યવહારથી-રાગથી-વિકલ્પથી લાભ થતો નથી. આવી શુદ્ધાત્માની વાત સાંભળવા માટે જે શ્રીગુરુ પાસે આવ્યો તેને રાગ મંદ પડ્યો છે, કુદેવની માન્યતા છૂટીને મિથ્યાત્વ મંદ તો પડ્યું છે, શ્રીગુરુ કહે છે તેવું માનવાનો શુભ રાગ છે. તે રાગથી પણ લાભ નથી એમ શ્રીગુરુ બતાવે છે. તારા આત્માને તારા સહજ શુદ્ધ તત્ત્વના આશ્રયથી લાભ થાય છે. જેણે રાગથી-વ્યવહારથી આત્માને લાભ મનાવ્યો તેણે તો આત્માને રાગવાળો મનાવ્યો, તેથી તે તો કુગુરુ છે. એવા કુગુરુની સેવા જેણે છોડી દીધી છે, ને સાચા ગુરુ પાસે સાંભળવા આવ્યો છે. સાચા ગુરુ એમ કહે છે કે તારો આત્મા નિર્વિકલ્પ ચિદાનંદ સ્વરૂપ છે. તને કુગુરુઓએ રાગવાળો ભિખારી મનાવ્યો છે તે યથાર્થ નથી. અમે તો કહીએ છીએ કે તું ભિખારી નથી પણ ચક્રવર્તી છો. તારું સ્વરૂપ સહજ શુદ્ધ ચિદાનંદ છે.

આવો પોતાનો સ્વભાવ શ્રીગુરુ પાસેથી સાંભળીને, તેની હા પાડીને જે સ્વભાવ સન્મુખ વળ્યો તે જીવે નિર્વિકલ્પ સમયસારને જાણ્યો. આવો શ્રીગુરુની સેવાનો પ્રસાદ છે. જ્યારે પોતે શુદ્ધ સ્વભાવને જાણ્યો ત્યારે શ્રીગુરુ પણ તેવું જ બતાવનારા છે.

અફીણની દુકાન છોડીને મિઠાઈની દુકાને ગયો તો સમજવું કે તે માણસને મિષ્ટાન લેવું છે, તેમ જે જીવ રાગથી લાભ મનાવનારા કુગુરુને છોડીને શુદ્ધ આત્મા બતાવનારા શ્રીગુરુની વાણી સાંભળવા આવ્યો તે જીવ શુદ્ધાત્માને સમજવા આવ્યો છે. એટલે તેમાં તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે એમ પણ આવી જાય છે.

શ્રીગુરુના ચરણની સેવાના પ્રસાદથી શું મળ્યું ? કે હે જીવ ! તું તારા ચિદાનંદ તત્ત્વનું જ અવલંબન લે, તેનાથી જ તને લાભ છે. સાંભળવાનો ભાવ તે વ્યવહાર છે, પણ તેનાથી લાભ થાય એ વાત છોડી દે, ને તારા નિર્વિકલ્પ ચિદાનંદ સ્વભાવથી લાભ થાય છે એમ સમજી અનુભવ કર. આવું જે જાણે તેણે શ્રીગુરુનો ઉપદેશ સાંભળ્યો કહેવાય.

સર્વજ્ઞનો હુકમ આવો હોય. શ્રીગુરુ પણ આવું બતાવનારા હોય ને તેમની વાણી પણ આવી જ હોય. આવા નિર્વિકલ્પ શુદ્ધ આત્માને માને તેણે દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા છે. નિર્વિકલ્પ આત્માની વાત સાંભળવા ઊભો છે, ત્યાં જે સાંભળવાનો રાગ છે તેની રુચિ છોડ ને શુદ્ધ આત્માની રુચિ કર, તો તું તારા આત્માને જાણીશ. જેવું શિષ્યે જાણ્યું છે તેવું જ શ્રીગુરુએ કહ્યું છે. શ્રીગુરુએ શુદ્ધ



આત્મા બતાવ્યો ને તેવો જ શિષ્યે જાણ્યો. આવું જાણનારો પુરુષ પરમશ્રીરૂપી મુક્તિનો પામે છે, આત્માની મુક્તિરૂપ પર્યાય તે પરમ સુંદર છે, એવી પરમ સુંદરીનો સ્વામી તે જીવ થાય છે. સાદિ અનંત એક સમયનો પણ વિરહ ન રહે એવી મુક્તિપરિણતિને તે જીવ પામી જાય છે.

અજ્ઞાની જીવને સત્ય વાત સંભળાવનારા શ્રીગુરુ કેવું કહેનારા હોય ? શિષ્ય કેવું સમજે ? એ વાત મૂકી દીધી. સ્વભાવના આશ્રયે કેવળજ્ઞાન થાય એ વાત બતાવી છે.

નિર્વિકલ્પ શુદ્ધ આત્માને જાણવામાં આવું કહેનારા શ્રીગુરુ જ નિમિત્ત હોય; ને એવા ગુરુના સેવાના પ્રસાદથી જે જીવ શુદ્ધ આત્માને જાણે છે તે જ જીવ મુક્તિ પામે છે.

### શ્લોક ૩૧

(अनुष्टुभ्)

**भावकर्मनिरोधेन द्रव्यकर्मनिरोधनम् ।**
**द्रव्यकर्मनिरोधेन संसारस्य निरोधनम् ॥ ३१ ॥**

**શ્લોકાર્થ** :- ભાવકર્મના નિરોધથી દ્રવ્યકર્મનો નિરોધ થાય છે, દ્રવ્યકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે. ॥ ૩૧ ॥

શ્રી પદ્મપ્રભમલધારિદેવ મહાન સંત મુનિ હતા. તેઓ કહે છે કે ભાવકર્મના નિરોધથી દ્રવ્યકર્મનો નિરોધ થાય છે. જુઓ ! જો દ્રવ્યકર્મના ઉદયને લીધે વિકાર થતો હોય તો આત્મા ભાવકર્મનો નિરોધ ન કરી શકે. અહીં તો કહ્યું કે જ્યાં ચૈતન્ય તરફ વળ્યો ત્યાં ભાવકર્મનો નિરોધ થઈ જાય છે, ને તેનો નિરોધ થતાં દ્રવ્યકર્મનો પણ નિરોધ થઈ જાય છે.

ખરેખર પોતાના ઊંધા પુરુષાર્થથી જે ભાવકર્મ ઉત્પન્ન થયું તેનો કાંઈ નિરોધ થતો નથી, કેમ કે તેનો તો ઉત્પાદ થઈ ગયો છે, ઉત્પાદનો તે જ સમયે તો વ્યય થતો જ નથી. અહીં તો એમ કહે છે કે ચૈતન્યમાં એકાગ્ર થયો ત્યાં ભાવકર્મની ઉત્પત્તિ જ ન થઈ, તેથી આત્માએ ભાવકર્મનો નિરોધ કર્યો - એમ વ્યવહારે કહેવાય છે.

હું શુદ્ધ ચિદાનંદ ચૈતન્ય છું - એવા ભાનપૂર્વક જે સમયે તેમાં એકાગ્ર થયો તે સમયે રાગાદિ ભાવકર્મ ઉત્પન્ન જ ન થયું, તે અપેક્ષા આત્માએ ભાવકર્મનો નિરોધ કર્યો એમ કહેવાય છે. અને જ્યાં ભાવકર્મ ન થયું ત્યાં દ્રવ્યકર્મ પણ ન આવ્યું. દ્રવ્યકર્મ આવવાના હતા અને અટકી ગયા - એમ નથી; પણ તે સમયે તે આવવાના જ ન હતાં, તેથી તેનો નિરોધ કહ્યો છે. અને જડકર્મના અભાવથી સંસારનો નિરોધ થઈ જાય છે.

શાસ્ત્રમાં કહે છે કે : 'વિકારને રોકો' એનો અર્થ એવો છે કે 'નિર્વિકલ્પ સ્વભાવમાં ઠરો'.

**શ્લોક ૩૨**

(वसन्ततिलका)

**संज्ञानभावपरिमुक्तविमुग्धजीवः**
**कुर्वन् शुभाशुभमनेकविधं स कर्म।**
**निर्मुक्तिमार्गमणुमप्यभिवाञ्छितुं नो**
**जानाति तस्य शरणं न समस्ति लोके॥ ३२॥**

**શ્લોકાર્થ** :- જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત વિમુગ્ધ (મોહી, ભ્રાન્ત) છે, તે જીવ શુભાશુભ અનેકવિધ કર્મને કરતો થકો મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી; તેને લોકમાં(કોઈ) શરણ નથી. ॥ ૩૨ ॥

શ્રીગુરુની સેવાના પ્રસાદથી જે શુદ્ધાત્માને જાણે છે તે તો મુક્તિને પામે છે - એમ પહેલાં કહ્યું. હવે અહીં એમ કહે છે કે જે જીવ શુદ્ધ આત્માને જાણતો નથી તેને તો સંસારમાં કાંઈ શરણ નથી.

''હું રાગરહિત ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા છું'' એમ જે જાણતો નથી, ને રાગથી જ લાભ માને છે તે તો નિમિત્તને અને વ્યવહારને જ વાંછે છે, પણ ચૈતન્યના આશ્રયરૂપ મોક્ષમાર્ગને તે વાંછતો નથી. ચૈતન્યનું ભાન નથી ને શુભાશુભ રાગમાં જ જે જીવ વિમુગ્ધ થઈ ગયો છે, તેને સમ્યગ્જ્ઞાનનો ભાવ જ નથી, તે તો શુભ અને અશુભમાં જ લીન છે; જે શુભથી લાભ માને છે તેને તે શુભની સાથે મિથ્યાત્વનો અશુભભાવ પણ સાથે જ છે. એવો જીવ રાગથી લાભ માનીને રાગને જ વાંછે છે, પણ મોક્ષમાર્ગની વાંછનાને પણ જાણતો નથી, તેને તો આ લોકમાં કાંઈ શરણ નથી.

સમ્યગ્જ્ઞાન શું છે તે તરફનું જેને વલણ જ નથી ને વ્યવહારના આદરથી જ લાભ માને છે, તેને મોક્ષમાર્ગની વાંછા પણ નથી, તેનું વલણ જ રાગમાં પડ્યું છે. જેને રાગની વાંછા છે તેને નિશ્ચય કે વ્યવહાર એકેયનું ભાન નથી. જેને રાગરહિત ચૈતન્યનું ભાન છે, વ્યવહારના આશ્રયથી લાભ નથી એવું ભાન છે, તેને જ નિશ્ચય અને વ્યવહારનું ભાન છે. એવા જીવને તો ચૈતન્ય સ્વભાવનું શરણ છે, તે ચૈતન્યના શરણે મુક્તિ પામે છે, ને અજ્ઞાની વ્યવહારમાં મૂઢ છે, તેને આ લોકમાં કોઈ શરણ નથી. શરણભૂત ચૈતન્યનું તો તેને ભાન નથી, માટે તેને જગતમાં કાંઈ શરણ નથી. જેને આત્માનું સમ્યગ્જ્ઞાન તો નથી પણ સમ્યગ્જ્ઞાન કેમ થાય તેની ભાવના પણ નથી, ગરજ પણ નથી, ને બહારના ક્રિયાકાંડથી કે રાગથી લાભ માનીને તેની જ વાંછા કરી રહ્યો છે, તે જીવ શુભાશુભ કર્મને કરે છે પણ મોક્ષમાર્ગની વાંછા કરતો નથી. અજ્ઞાનીને એક સમયમાં શુભ-અશુભ બન્ને બતાવ્યા. દયાદિ શુભભાવ વખતે પણ મિથ્યાત્વરૂપ અશુભ તો તેને સાથે જ છે. એવા અજ્ઞાનીને ચૈતન્યના આશ્રયે થતાં મોક્ષમાર્ગની ભાવના નથી, તેને આ જગતમાં કાંઈ શરણ નથી.



અહો ! ટીકાકારે કેવા સરસ શ્લોકો કર્યા છે ! !

**શ્લોક ૩૩**

(वसन्ततिलका)

**यः कर्मशर्मनिकरं परिहृत्य सर्वं**
**निष्कर्मशर्मनिकरामृतवारिपूरे।**
**मज्जन्तमत्यधिकचिन्मयमेकरूपं**
**स्वं भावमद्वयममुं समुपैति भव्यः॥ ३३॥**

**શ્લોકાર્થ** :- જે સમસ્ત કર્મજનિત સુખસમૂહને પરિહરે છે, તે ભવ્ય પુરુષ નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં મગ્ન થતા એવા આ અતિશયચૈતન્યમય, એકરૂપ, અદ્વિતીય નિજ ભાવને પામે છે. ॥ ૩૩ ॥

પ્રતિકૂળતાની તો વાત ન લીધી, પણ પૈસા, સ્ત્રી, વગેરેમાં સુખની કલ્પનાને પણ જે પરિહરે છે, વ્યવહાર રત્નત્રયનો શુભ વિકલ્પ પણ કર્મ તરફના વલણવાળો ભાવ છે, તેમાં પણ સુખની કલ્પનાને જે છોડે છે તે ભવ્ય જીવ નિષ્કર્મ સુખના સમૂહરૂપી અમૃતસરોવરમાં મગ્ન થતાં એવા પોતાના ભાવને પામે છે. કર્મજનિત સુખની સામે - નિષ્કર્મ સુખની વાત કરી છે. વ્યવહારના પુણ્ય પરિણામમાં જે જીવ સંતોષાઈ જાય છે તે જીવ કર્મજનિત સુખને છોડતો નથી. એટલે કે પરમાં સુખની કલ્પનાને છોડતો નથી. એટલે તે ચૈતન્યની આનંદદશાને પામતો નથી; અને જે જીવ તે પરભાવમાં સુખની કલ્પનાને છોડે છે તે ભવ્ય પુરુષ નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃત સરોવરમાં મગ્ન થતાં એવા અતિશય ચૈતન્યમય એકરૂપ અદ્વિતીય નિજ ભાવને પામે છે.

**આસો સુદ ૧૪, શનિવાર, ૧૩-૧૦-૫૧.**

આ કળશમાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની ઢબ છે.

**શ્લોક ૩૪**

(मालिनी)

**असति सति विभावे तस्य चिन्तास्ति नो नः**
**सततमनुभवामः शुद्धमात्मानमेकम्।**
**हृदयकमलसंस्थं सर्वकर्मप्रमुक्तं**
**न खलु न खलु मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात्॥ ३४॥**

**શ્લોકાર્થ** :- (અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી; અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ, કારણ

કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી જ, નથી જ. ॥ ૩૪ ॥

અમને શરીરાદિની તો ચિંતા નથી, તે તો જડના કારણે પરિણમે છે. ને અમારા શુદ્ધ સ્વભાવમાં વિભાવ પણ અસત્ છે, તેથી તેની પણ અમને ચિંતા નથી. અમારી શુદ્ધ દૃષ્ટિમાં ત્રિકાળ શુદ્ધ સ્વભાવની અસ્તિ છે, તેમાં વિભાવની નાસ્તિ છે, એક સમયનો સંસાર પર્યાયદૃષ્ટિએ છે, તે સ્વભાવદૃષ્ટિએ નથી, એવું અનેકાન્ત સ્વરૂપ છે. આત્માના સ્વભાવમાં શરીરાદિ તો નથી પણ અમારા આત્મસ્વભાવમાં વિભાવ પણ નથી, માટે અમને તેની પણ ચિંતા નથી. અમે તો શુદ્ધ સ્વભાવ છીએ, વિભાવ તે અમે નથી. અમારા સ્વભાવમાં વિભાવ જ નથી, માટે સ્વભાવની એકાગ્રતામાં અમને તે વિભાવ ટાળવાની ચિંતા નથી.

શરીર, પૈસા વગેરેની તો ચિંતા નથી, પણ વિકાર પણ સ્વભાવમાં નથી માટે તેની ચિંતા નથી. 'વિકાર છે અને તેને ટાળું' એવો વિકલ્પ તે પણ ચિંતા છે, પણ અમારા શુદ્ધ સ્વભાવમાં વિકાર નથી, માટે અમને તેની પણ ચિંતા નથી. આવા સ્વભાવને જે કબૂલે તેને સમ્યગ્દર્શન થાય. એ રીતે પહેલો - શરૂઆતનો ધર્મ કરવાની આ વાત છે.

ત્રિકાળી સ્વભાવમાં વિકાર નથી - એમ શ્રદ્ધા કરી તેમાં પર્યાયબુદ્ધિનો ત્યાગ કર્યો, તેનું નામ મિથ્યાત્વનો ત્યાગ છે. અહીં તો મુનિ કહે છે કે અહો ! અમારા ચિદાનંદ સ્વભાવની અસ્તિમાં વિભાવ છે જ નહિ, તેથી અમને તેની ચિંતા નથી. જુઓ ! આવા સ્વભાવની દૃષ્ટિના જોરે જેણે વિભાવને અસત્ કબૂલ્યો તેને તીવ્ર વિભાવ થાય જ નહિ. ગમે તેવા તીવ્ર વિભાવ કરે અને કહે કે અમારા સ્વભાવમાં વિભાવ નથી - તેવી આ વાત નથી. અહીં તો સ્વભાવની દૃષ્ટિના જોરે વિકાર ભાસતો જ નથી, આવી દૃષ્ટિવાળાને પર્યાયમાં વિકાર અલ્પકાળે ટળી જ જાય. સ્વભાવની ભાવનામાં એકાગ્રતા છે ત્યાં વિભાવની સામે જોતો જ નથી, તેથી વિભાવ છે એવી તો ચિંતા નથી, અને વિભાવને ટાળું એવી ચિંતા પણ નથી. સ્વભાવની જ ભાવના છે. બહારમાં શરીરાદિનું શું થશે ? સંઘનું અને શિષ્યોનું શું થશે - એવી ચિંતા તો નથી, પણ વિભાવની પણ ચિંતા નથી, ચૈતન્યની જ ભાવના છે.

અહો ! સ્વભાવમાં વિભાવનો અભાવ છે. સ્વભાવની દૃષ્ટિમાં પર્યાયદૃષ્ટિ જ નથી. સ્વભાવની દૃષ્ટિમાં વિભાવ અસત્ છે, માટે સ્વભાવદૃષ્ટિવાળાને તેની ચિંતા નથી. 'વિભાવની ચિંતા નથી' એમ નાસ્તિથી કહ્યું. ને વિભાવરહિત શુદ્ધ આત્માનો સતત અનુભવ છે એમ અસ્તિથી કહે છે. અમારા હૃદયકમળમાં સર્વ મળથી વિમુક્ત એક શુદ્ધાત્મા બિરાજી રહ્યો છે, તેને જ અમે સદાય અનુભવીએ છીએ, તે જ મુક્તિનો ઉપાય છે, તે સિવાય બીજો કોઈ મુક્તિનો ઉપાય નથી. જે ભવ્ય જીવ ધર્મ કરવા માંગતો હોય તે પણ પોતાના આત્માને આવો જ શુદ્ધ અનુભવો.

અજ્ઞાની પરની ચિંતા કરે તો પણ પરમાં કાંઈ ફેરફાર કરવા સમર્થ નથી, વિકારની ચિંતા કરે



તો રાગની ઉત્પત્તિ થાય છે, તેમાં મુક્તિ થતી નથી. હૃદયકમળમાં સ્થિત એવા શુદ્ધ આત્માને એકને જ અમે સતત અનુભવીએ છીએ.

શરીરાદિનો તો આત્મામાં અભાવ છે, રાગાદિ પણ નથી, ને નિર્મળ પર્યાયની અનેકતાના ભેદને પણ અનુભવતો નથી, પર્યાયો તો સ્વભાવના એકપણાને જ અભિનંદે છે, માટે અમે એક શુદ્ધ આત્માને સતત અનુભવીએ છીએ. આવા ચૈતન્યસ્વભાવના અનુભવ સિવાય બીજા કોઈ પ્રકારે મુક્તિ નથી...નથી.

અનુકૂળ નિમિત્તને શોધવાથી કે પ્રતિકૂળ નિમિત્તથી ભાગવાથી મુક્તિ નથી, વિકાર સામે જોવાથી મુક્તિ નથી. નિર્મળ પર્યાયના ભેદ સામે જોવાથી પણ મુક્તિ નથી, એકરૂપ શુદ્ધ ચૈતન્ય આત્માના અનુભવથી જ મુક્તિ છે, માટે અમે તે આત્માને એકને જ સતતપણે અનુભવીએ છીએ.

### શ્લોક ૩૫

(मालिनी)

**भविनि भवगुणाः स्युः सिद्धजीवेऽपि नित्यं**
**निजपरमगुणाः स्युः सिद्धिसिद्धाः समस्ताः।**
**व्यवहरणनयोऽयं निश्चयान्नैव सिद्धि-**
**र्न च भवति भवो वा निर्णयोऽयं बुधानाम्॥ ३५ ॥**

**શ્લોકાર્થ** :- સંસારીમાં સાંસારિક ગુણો હોય છે અને સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા) નિજ પરમગુણો હોય છે. -આ પ્રમાણે વ્યવહારનય છે. નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ. આ બુધ પુરુષોનો નિર્ણય છે. ॥૩૫॥

સાંસારિક ગુણો એટલે વિકારી પર્યાયો;

નિજ પરમ ગુણો એટલે જ્ઞાનાનંદ વગેરે પર્યાયોની પૂર્ણતા;

વિકારને અહીં સંસારીનો ગુણ કહ્યો છે.

જેમ અફીણનો ગુણ શું છે ? કે કડવાશ; તેમ સંસારીનો ગુણ શું ? કે એક સમય પૂરતો વિકાર; અને સિદ્ધ જીવોને કેવળજ્ઞાનાદિ પર્યાય તે તેમના પરમ ગુણો છે. -આ પ્રમાણે પર્યાયો છે, તે વ્યવહાર છે. સાંસારિક ગુણોનો કાળ એક સમયનો છે. ને આત્મા ચૈતન્યમૂર્તિ ત્રિકાળ છે. એક સમયના વિકારને સંસારીનો ગુણ કહ્યો ને નિર્મળદશાને મુક્ત જીવનો ગુણ કહ્યો, પણ આવા પર્યાયના ભેદને જાણવા તે વ્યવહારનય છે. નિશ્ચયથી તો ભગવાનદ્રવ્યસ્વભાવમાં મુક્તિ પણ નથી ને સંસાર પણ નથી. ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ એક સમયની પર્યાય અભૂતાર્થ છે; માટે ત્રિકાળ સ્વભાવની નિશ્ચયદૃષ્ટિથી

આત્માને સંસાર કે મુક્તિ નથી; તે તો એકરૂપ ધ્રુવ આનંદકંદ છે - આવો બુધ પુરુષોનો નિર્ણય છે. જુઓ ! અહીં સ્વભાવ-દૃષ્ટિવાળાને બુધપુરુષ કહ્યા છે.

મુક્તપર્યાય પણ એક સમયની છે, ને સંસારપર્યાય પણ એક સમયની છે. એ બન્ને પર્યાયો વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનયના વિષયમાં તો એકરૂપ ચૈતન્ય ધ્રુવ આનંદકંદ આત્મા જ છે, તેમાં સંસાર ને મોક્ષ એવા ભેદ નથી - આ જ્ઞાની, મુનિ, કેવળી ભગવંતોનો નિર્ણય છે, જે આવો નિર્ણય કરે તે જ બુધ પુરુષ છે, ને આવો નિર્ણય ન કરે તે અબુધ છે.



હવે ૧૯મી ગાથામાં બે નયોનું સફળપણું બતાવે છે.

**ગાથા ૧૯**

**दव्वत्थिएण जीवा वदिरित्ता पुव्वभणिदपज्जाया ।**
**पज्जयणएण जीवा संजुत्ता होंति दुविहेहिं ॥ १९ ॥**

**પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;**
**ને ઉક્ત પર્યાયોથી છે સંયુક્ત પર્યાયાર્થિકે. ૧૯.**

**અન્વયાર્થ** :- દ્રવ્યાર્થિકનયે જીવો પૂર્વકથિત પર્યાયથી વ્યતિરિક્ત છે; પર્યાયનયે જીવો તે પર્યાયથી સંયુક્ત છે. આ રીતે જીવો બન્ને નયોથી સંયુક્ત છે.

પૂર્વે તો કારણશુદ્ધપર્યાય ને કાર્યશુદ્ધપર્યાય વગેરે કહ્યા હતા, પણ અહીં વિભાવ પર્યાયોની જ અપેક્ષા લેવી. ૧૫મી ગાથાના પહેલાં પદમાં કહેલા વિભાવ પર્યાયો લેવા, પણ બીજા પદમાં **'कम्मोपाधिविवज्जियपज्जाया'** કહ્યું છે તે પર્યાયો ન લેવા.

જે વિભાવવ્યંજનપર્યાયો કહ્યા હતા તે પર્યાયોથી જીવ દ્રવ્યાર્થિકનયે જુદો છે. કારણશુદ્ધપર્યાય સિવાય બીજા બધા પર્યાયો પર્યાયાર્થિકનયનો વિષય છે, પણ અહીં પર્યાયાર્થિકનયના વિષયમાં માત્ર વિકારી વ્યંજનપર્યાયો જ લેવાના છે. પર્યાયનયે જીવને તે વિકારી વ્યંજનપર્યાયો છે, ને દ્રવ્યનયે જીવ તે પર્યાયોથી રહિત છે.

દરેક જીવને આ બે નયો લાગુ પડે છે. ભગવાન સર્વજ્ઞના માર્ગમાં વસ્તુનું નિરૂપણ બે નયોથી છે. તે બન્ને નયોને અહીં સિદ્ધ કર્યા છે. તેમાં ત્રિકાળનો આદર અને વર્તમાનનું જ્ઞાન - એમ સમજે તો જ બન્ને નયને જાણ્યા કહેવાય.

ત્રિકાળ અને વર્તમાન બન્નેને જાણનારું જ્ઞાન ત્રિકાળ તરફ વળ્યા વગર રહેતું જ નથી. વર્તમાન પૂરતા વ્યવહારનું જ્ઞાન તો જાણવા પુરતું જ થાય, પણ ત્રિકાળીનું જ્ઞાન જાણવા પૂરતું ન થાય. તેના તરફ વળીને તેનો આદર કરે તો જ તેનું જ્ઞાન થાય. ત્રિકાળીનો આદર વિના તેનું જ્ઞાન થાય જ નહિ. ત્રિકાળીને જાણ્યું ત્યાં જ્ઞાન તેમાં વળી જ જાય. કેમ કે વર્તમાન કરતાં ત્રિકાળીનું સામર્થ્ય અનંતું છે; તેથી તેને જાણતાં જ્ઞાનનું અનંતું વીર્ય સ્વભાવ તરફ વળી જ જાય છે. આ જ રીતે બે નયોનું સફળપણું છે.

વર્તમાન પૂરતા વ્યવહારને જાણવામાં તેના આદરની જરૂર નથી, પણ ત્રિકાળી નિશ્ચયને જાણવામાં તેનો આદર પણ ભેગો આવી જ જાય છે. ત્રિકાળીને જાણે અને તેનો આદર ન થાય એમ બને જ નહિ. નિશ્ચય અને વ્યવહાર બન્નેને જાણનારું જ્ઞાન નિશ્ચય તરફ જ ઢળી જાય છે, -ત્યારે જ

જ્ઞાનમાં બન્ને નયોનું સફળપણું થાય છે. નિશ્ચય અને વ્યવહાર બન્નેને સરખા જાણે તે જ્ઞાને નિશ્ચયનો મહિમા જાણ્યો જ નથી, તે જ્ઞાન જ સાચું નથી. ધ્રુવનું જ્ઞાન ધ્રુવ તરફ વળે ત્યારે જ થાય છે, ને ત્યારે જ વ્યવહારને સમય પૂરતો જાણે છે.

ભગવાન અર્હંત પરમેશ્વર છે, તેમણે બે નયો કહ્યા છે, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.

એકરૂપ ધ્રુવ ટકતું દ્રવ્ય જ જેનો વિષય છે તે દ્રવ્યાર્થિકનય છે. ધ્રુવદ્રવ્યની સામે જોનારું જ્ઞાન તે દ્રવ્યાર્થિકનય છે. જે જ્ઞાનનો હેતુ-પ્રયોજન-લક્ષ્ય-ધ્યેય દ્રવ્ય જ છે તે દ્રવ્યાર્થિકનય છે. જે નય દ્રવ્યનો અર્થી છે - દ્રવ્યના જ્ઞાનનું જેને પ્રયોજન છે તેને દ્રવ્યાર્થિકનય કહે છે.

અહીં દ્રવ્ય કહેતાં પ્રમાણના વિષયરૂપ દ્રવ્ય નથી. પણ વર્તમાન પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી ધ્રુવદ્રવ્ય તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

પર્યાયાર્થિકનયનો વિષય પર્યાય છે.

દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્ય અને પર્યાયાર્થિકનયનો વિષય પર્યાય છે, આ રીતે બન્ને નયો સફળ છે. પણ દ્રવ્યાર્થિકનયે દ્રવ્યને ધ્યેય કર્યું ત્યાં જ્ઞાન તે દ્રવ્ય તરફ વળી ગયું છે, એટલે કે તે જ્ઞાનમાં દ્રવ્યનો જ આદર થયો છે. દ્રવ્યાર્થિકનય દ્રવ્યનો જ અર્થી છે. શા માટે તે જ્ઞાન ઉઘડ્યું ? કે દ્રવ્યને જાણવા અર્થે; ત્રિકાળ શુદ્ધને જાણવાનું જ તેનું પ્રયોજન છે.

પર્યાયને જ જે જુએ છે તે પર્યાયાર્થિકનય છે. જે જ્ઞાને પર્યાય અને દ્રવ્ય બન્નેને જાણ્યાં તે જ્ઞાનનું જોર દ્રવ્ય ઉપર જાય છે.

પ્રયોજન તો બન્ને નયોનું છે; પણ એકનું પ્રયોજન ધ્રુવ દ્રવ્ય છે, ને બીજાનું પ્રયોજન તો વર્તમાન પર્યાય છે. જેમ બે માણસો આવે; તેમાં એક કહે કે ચોખાની ગુણો લેવા આવ્યો છું, બીજો કહે કે ખાલી બારદાન લેવા આવ્યો છું.

તેમ અહીં દ્રવ્યાર્થિકનય કહે છે કે હું તો અખંડ ધ્રુવદ્રવ્યને જોવા આવ્યો છું, ને પર્યાયાર્થિકનય કહે છે કે હું તો પર્યાયને જોવા આવ્યો છું. બન્ને નયોને જાણનારું જ્ઞાન ત્રિકાળ ઉપર જોર આપીને તેનો આદર કરે છે. પર્યાયને જાણે છે તેના આશ્રયે કલ્યાણ માનતું નથી.

અહીં પર્યાયાર્થિકનયના વિષય તરીકે ફક્ત વિકારી વ્યંજનપર્યાયો જ લીધા છે.

આ બન્ને નયોથી વસ્તુને જાણવી જોઈએ. આત્માની આકૃતિ ન માને, કે ત્રિકાળી ધ્રુવતત્ત્વને ન માને તો તે જ્ઞાન મિથ્યા છે. ત્રિકાળી ધ્રુવ અને તેની વર્તમાન પર્યાય એ બન્નેને જાણનારું જ્ઞાન જ પ્રમાણ છે. એકાંત એક નયને અવલંબતો ઉપદેશ મિથ્યા છે માટે તે ગ્રહવા યોગ્ય નથી. બન્ને નયોનો ઉપદેશ ગ્રહવા યોગ્ય છે.



ત્રિકાળ શુદ્ધ આત્મા છે ને પર્યાયમાં વિકાર પણ છે. સિદ્ધ જીવોને પણ પૂર્વે સંસારદશામાં વિકારી પર્યાય હતો. એમ બન્ને નયને જાણવા જોઈએ.

'સત્તાગ્રાહક ( -દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા) શુદ્ધ દ્રવ્યાર્થિકનયના બળે પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી મુક્ત તેમ જ અમુક્ત (-સિદ્ધ તેમ જ સંસારી) સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે.' શુદ્ધ દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનાર એવા શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ તો સિદ્ધ કે સંસારી સમસ્ત જીવો વિકારી વ્યંજનપર્યાયોથી રહિત જ છે.

આત્માના પ્રદેશત્વગુણની જે પર્યાયમાં કર્મનું નિમિત્ત છે તેને વિભાવવ્યંજનપર્યાય કહેવાય છે. આ પર્યાય સંસારદશામાં છે; તે પર્યાયદૃષ્ટિએ છે, પણ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિએ તો કોઈ જીવને તે પર્યાય નથી. પર્યાયના બે ભેદ : અર્થપર્યાય અને વ્યંજનપર્યાય. પ્રદેશત્વગુણની પર્યાય તે વ્યંજનપર્યાય છે. તે પર્યાયોના પણ બે બે પ્રકાર છે : સ્વભાવઅર્થપર્યાય અને વિભાવઅર્થપર્યાય; સ્વભાવવ્યંજનપર્યાય અને વિભાવવ્યંજનપર્યાય; તેમાંથી અહીં વિભાવવ્યંજનપર્યાયની વાત છે.

અરિહંતને અસંખ્ય પ્રદેશોનો આકાર સમયે સમયે પલટે છે, છતાં સર્વજ્ઞદશા પણ ટકે; આ વાત સર્વજ્ઞ સિવાય બીજા શાસનમાં હોય નહિ. આત્માનો આકાર અને તેના પણ બે પ્રકાર : આત્માના અસંખ્ય પ્રદેશો છે, તેના આકારમાં સ્વભાવ અને વિભાવ એવા બે પ્રકાર છે, અને તેમાં સમયે સમયે ઉત્પાદ-વ્યયરૂપ પરિણામ છે. આ વાત સર્વજ્ઞ સિવાય બીજા જાણી શકે નહિ.

**'सव्वे सुद्धा हु सुद्धणया'** (શુદ્ધ નયે સર્વ જીવ ખરેખર શુદ્ધ છે), એવું શાસ્ત્રનું વચન હોવાથી દરેક જીવ શુદ્ધ છે. શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી વિભાવવ્યંજનપર્યાય રહિત છે.

''વિભાવવ્યંજનપર્યાયાર્થિકનયના બળે તે સર્વ જીવો (પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી) સંયુક્ત છે'' તેમાં અપવાદ એટલો છે કે ''સિદ્ધ જીવોને અર્થપર્યાય સહિત પરિણતિ છે, પરંતુ વ્યંજનપર્યાયોથી સહિત પરિણતિ નથી.'' સિદ્ધ જીવોને વ્યંજનપર્યાયો ગણ્યા જ નથી. સ્વભાવવ્યંજનપર્યાયો તો છે, પણ તેમને સ્વભાવઅર્થપર્યાયો જ ગણ્યા છે, કેમ કે અહીં વિભાવવ્યંજનપર્યાયોની જ વાત લેવી છે, તેથી સિદ્ધને વ્યંજનપર્યાયોનો અભાવ કહ્યો છે.

### આસો સુદ ૧૫, રવિવાર, ૧૪-૧૦-૫૧.

સર્વજ્ઞનો બે નયોવાળો ઉપદેશ છે. બે નયો એટલે શું ?

(૧) ત્રિકાળ શુદ્ધ ધ્રુવ આત્માને જોનારો નય તે દ્રવ્યાર્થિકનય છે. અને

(૨) ક્ષણિક વિકારી વ્યંજનપર્યાયને જોનારો પર્યાયાર્થિકનય છે.

આત્માના અસંખ્ય પ્રદેશ છે, તે અસંખ્ય પ્રદેશની આકૃતિ હોય છે, તેમાં ક્ષણે ક્ષણે વિભાવ

વ્યંજનપર્યાય થાય છે, તે પર્યાયનયનો વિષય છે. વસ્તુસ્વરૂપની દૃષ્ટિથી જોતાં આત્મામાં વિકારી વ્યંજનપર્યાય નથી. જે વર્તમાન વિકારી આકૃતિ જેટલો જ માને અને ત્રિકાળ શુદ્ધ ચૈતન્યને ન માને તો તે એકાંત વ્યવહારમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. તેમ જ ત્રિકાળ શુદ્ધ આત્મા છે એમ કહે, પણ વર્તમાન વિકારી આકૃતિ છે તેને ન માને તો તે પણ એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ છે.

ચૈતન્યની પર્યાયમાં જડની પર્યાયનો તો અત્યંત અભાવ છે. આત્માની પર્યાયમાં વિકાર થાય છે તે પણ એક સમયનો વિકારી અંશ છે, તે પણ પર્યાયનયનો વિષય છે, પણ અહીં માત્ર વિભાવવ્યંજનપર્યાયની વાત લીધી છે.

વિકારી વ્યંજનપર્યાય સિદ્ધને નથી; તેમને તો અસંખ્યપ્રદેશી અનંતગુણના પિંડની નિર્વિકારી પરિણતિ જ થઈ રહી છે, તેઓ સદા નિરંજન છે, માટે તેમને વિકારી વ્યંજનપર્યાય ગણવામાં આવી નથી. સ્વભાવવ્યંજનપર્યાય તો છે, સાદિ અનંત સદૃશ આકૃતિરૂપ પરિણમન તો છે, પણ વિભાવવ્યંજનપર્યાય નથી.

સૂત્રમાં તો એમ કહ્યું છે કે બધા જીવોને બે નયો છે એટલે વિભાવવ્યંજનપર્યાય પણ બધાને છે. એ ઉપરથી હવે પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન** : ''જો સિદ્ધ જીવો સદા નિરંજન છે તો બધા જીવો દ્રવ્યાર્થિક તેમજ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત છે ( અર્થાત્ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે) એવો સૂત્રાર્થ (ગાથાનો અર્થ) વ્યર્થ ઠરે છે.'' પર્યાયનયનો વિષય વિભાવવ્યંજનપર્યાય કહ્યો, તે પર્યાય તો સિદ્ધને નથી, તો સિદ્ધ ભગવાનને બે નયો કઈ રીતે લાગુ પડે છે ? જો બન્ને નયો સિદ્ધને લાગુ ન પડે તો તો સૂત્રનો અર્થ વ્યર્થ ઠરે છે !

**ઉત્તર** : વ્યર્થ નથી ઠરતો કારણ કે નિગમ એટલે વિકલ્પ; તેમાં હોય તે નૈગમ જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે(અથવા કહે), ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે (અથવા કહે) અથવા કંઈક નિષ્પન્નતાયુક્ત અને કંઈક અનિષ્પન્નતાયુક્ત વર્તમાન પર્યાયને સર્વનિષ્પન્નવત્ સંકલ્પિત કરે(અથવા કહે), તે જ્ઞાનને(અથવા વચનને) નૈગમનય કહે છે.

સિદ્ધ ભગવાનને તો અર્થપર્યાય તેમજ વ્યંજનપર્યાય બન્ને સ્વાભાવિક છે, વર્તમાનમાં તેમને વિભાવ પર્યાય નથી, પણ તે સિદ્ધના આત્માને પણ પૂર્વે વિભાવવ્યંજનપર્યાય હતી માટે ભૂત નૈગમનયથી સિદ્ધને પણ પર્યાયાર્થિકનય લાગુ પડે છે. પૂર્વના વિભાવવ્યંજનપર્યાયનો આરોપ કરીને સિદ્ધને વર્તમાનમાં વિભાવવ્યંજનપર્યાયનો આરોપ કરવામાં આવે છે. વર્તમાનમાં તો બધી રીતે નિર્મળ જ છે; પણ પૂર્વે તેમને અશુદ્ધતા હતી, વિકાર તે મારું કર્તવ્ય એમ પૂર્વે અજ્ઞાનદશા વખતે તે માનતા હતા, પછી આત્માનું ભાન કરી, તેમાં એકાગ્ર થઈને શુદ્ધ સિદ્ધદશા પ્રગટી; તેમને વર્તમાનમાં વિભાવ નથી, પણ પૂર્વની અશુદ્ધતા અને વિકારી વ્યંજનપર્યાયના ભૂત નૈગમનયથી કર્તા કહેવાય છે. એ



રીતે સિદ્ધને પણ વ્યવહાર લાગુ પડે છે. પૂર્વ કાળે તે ભગવંતો સંસારી હતા -અશુદ્ધ હતા- ઉદયભાવવાળા હતા; માટે ભૂત નૈગમનય વડે તેમને અશુદ્ધ કહેવાય છે.

આત્માની અશુદ્ધતા તે જ સંસાર છે, આત્માનો સંસાર બહારમાં નથી; પુણ્ય-પાપથી મને લાભ થાય, દેહની ક્રિયા હું કરું, એવી ઊંધી માન્યતા તે મિથ્યાત્વરૂપ સંસાર છે, ને તે ઊંધી માન્યતા ટળીને ચૈતન્યનું ભાન થયું ત્યાં મિથ્યાત્વનો સંસાર ટળ્યો. પછી જે અલ્પ રાગ-દ્વેષ રહે તે અસ્થિરતાનો અલ્પ સંસાર છે. તેનો પણ સ્વરૂપમાં લીનતા વડે નાશ કરીને સિદ્ધ ભગવંતો શુદ્ધ થયા; તેમને પણ પૂર્વની અશુદ્ધતાનો આરોપ કરીને પર્યાયનયે અશુદ્ધ કહેવાય છે. આ રીતે દ્રવ્યાર્થિકનયે બધા જીવો શુદ્ધ છે, ને પર્યાયાર્થિકનયે અશુદ્ધ છે - એમ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે. બે નયોના બળે સર્વે જીવો શુદ્ધ તેમજ અશુદ્ધ છે.

પહેલાં એકલી વિભાવવ્યજંનપર્યાયને પર્યાયનયમાં ગણી હતી, ને અહીં અશુદ્ધતાને પણ સાથે લઈ લીધી.

જેમ સિદ્ધ ભગવાનને વર્તમાન શુદ્ધતા હોવા છતાં ભૂત નૈગમનયે અશુદ્ધ પણ કહેવાય છે. તેમ નિગોદનો જે જીવ ત્યાંથી નીકળીને, આત્મભાન કરીને મુક્ત થવાનો હોય, તે જીવ ભવિષ્યમાં શુદ્ધ થવાનો છે, તેનો આરોપ કરીને વર્તમાન પણ તેને શુદ્ધ કહી શકાય છે. વર્તમાન વિકાર હોવા છતાં ભવિષ્યની શુદ્ધતાનો વર્તમાનમાં આરોપ કરીને તેને પણ શુદ્ધ કહી શકાય છે.

સ્વભાવદૃષ્ટિએ તો બધાય જીવો શુદ્ધ જ છે ને એવી દૃષ્ટિથી પોતાની અશુદ્ધ પર્યાય ટળીને અંશે શુદ્ધ દશા પ્રગટી, ને પૂર્ણ શુદ્ધ ઊઘડવાની છે. ત્યાં વર્તમાન અલ્પ વિકાર છે. તેનો ભાવિ નૈગમનયના બળે નિષેધ કરીને કહે છે કે હું શુદ્ધ છું અને પોતાની દૃષ્ટિના બળે કહે છે કે નિગોદના જે જીવો ભવિષ્યમાં શુદ્ધ થવાના છે તે ભાવિ નૈગમનયે વર્તમાનમાં પણ શુદ્ધ છે એમ કહેવાય છે, વર્તમાનમાં વિકારભાવનું પરિણમન હોવા છતાં તે જીવો ભાવિ નૈગમનયે અત્યારે શુદ્ધ છે.

અને સિદ્ધ ભગવંતોને વર્તમાનમાં વિકારનું પરિણમન ન હોવા છતાં, ભૂત નૈગમનયના બળથી તેમને વર્તમાન અશુદ્ધતા પણ કહેવાય છે.

**પ્રશ્ન** : સિદ્ધના આત્માને પૂર્વની અશુદ્ધ પર્યાયપણે જોવાનું ફળ શું ?

**ઉત્તર** : સિદ્ધને પૂર્વે નિગોદ પર્યાય હતી -એમ જેણે જોયું તેણે ત્રિકાળી દ્રવ્યને જોયું. સિદ્ધ અને નિગોદ બધી પર્યાયને લક્ષમાં લેતાં દ્રવ્યદૃષ્ટિ થઈ જાય છે, તે જ તેનું ફળ છે.

વિકાર એક સમયનો છે તે સ્વભાવમાં નથી, એમ બન્નેને જાણવું તેનું તાત્પર્ય તો દ્રવ્યદૃષ્ટિ છે. ત્રિકાળી સ્વભાવ અને ક્ષણિક વિકાર એ બન્નેને જાણ્યા ત્યાં સ્વભાવ તરફ વલણ થયા વિના રહે જ નહિ.

પર્યાયાર્થિકનય વિકારને પણ જાણે છે; પણ દ્રવ્યદૃષ્ટિમાં વિકાર છે જ નહિ. એક શુદ્ધ ચિદાનંદ આત્મા જ છે. જેણે આવા ભાનથી પોતાની પર્યાયમાં શ્રદ્ધા-જ્ઞાનની શુદ્ધતા તો કરી છે, ને ભવિષ્યમાં પૂર્ણ શુદ્ધતા કરવાનો છે, તે કહે છે કે હું શુદ્ધ છું, દ્રવ્યે તો શુદ્ધ ને પર્યાયે પણ શુદ્ધ -એમ ભાવિ નૈગમનયથી તે કહે છે. અને નિગોદનો જે આત્મા ભવિષ્યમાં મુક્તિ પામવાનો છે તે અત્યારે મુક્ત છે એમ કહીને ત્રિકાળી દ્રવ્યને જુએ છે. તે જ પ્રમાણે સિદ્ધનો આત્મા પૂર્વે સંસારપર્યાયમાં હતો - એમ તે આત્માને પણ ત્રિકાળીપણે લક્ષમાં લ્યે છે. આ રીતે બે નયોથી બધાને જોવાનું કહ્યું છે. આ નયોના ફળમાં વીતરાગતા આવે છે.

નય કોને હોય ? સમ્યગ્જ્ઞાન થયું હોય તેને જ નય હોય. નય સમ્યક્શ્રુતજ્ઞાનમાં જ હોય છે. જેણે ત્રિકાળી દ્રવ્ય અને પર્યાય બન્નેનું જ્ઞાન કર્યું હોય તેને જ નય હોય છે. એ નયોને જાણવાનું ફળ વીતરાગતા છે. ત્રિકાળ શુદ્ધનો આદર કરીને ક્ષણિક વિકાર પ્રત્યે ઉદાસીન થવું તે બે નયોનું ફળ છે.

એવી રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ચોથા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(માલિની)

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव ॥**

**શ્લોકાર્થ** :-બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા, સ્યાત્પદથી અંકિત જિનવચનમાં જે પુરુષો રમે છે, તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને, અનૂતન(-અનાદિ) અને કુનયના પક્ષથી નહિ ખંડિત થતી એવી ઉત્તમ પરમજ્યોતિને -સમયસારને- શીઘ્ર દેખે છે જ.

નિશ્ચયનય કહે છે કે હું ત્રિકાળ શુદ્ધ છું, વ્યવહારનય કહે છે કે વર્તમાનમાં વિકાર પણ છે. વિકારપણે વિકાર છે, ને ત્રિકાળી સ્વભાવપણે વિકાર નથી, ત્રિકાળી સ્વભાવપણે સ્વભાવ છે, ને વિકારપણે સ્વભાવ નથી - આ રીતે અનેકાંત છે. નિશ્ચય કહે છે કે અશુદ્ધતા નથી, વ્યવહાર કહે છે કે અશુદ્ધતા છે, પણ જિનવચનો તેનો વિરોધ નાશ કરી દે છે કે નિશ્ચયનયથી સ્વભાવમાં ત્રિકાળ શુદ્ધતા છે, ને પર્યાયનયથી એક સમયની અશુદ્ધતા પણ છે, પણ તે અશુદ્ધતા મારા સ્વભાવમાં નથી.

નિમિત્ત છે, વ્યવહાર છે, પણ તેના આશ્રયે મારું જ્ઞાન નથી. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય



એમ માને તો તે એકાંત છે. જે જીવ શુદ્ધ સ્વભાવ અને વિકાર - બન્નેને જાણીને સ્વભાવ તરફ વળે છે તે જિનવચનમાં રમે છે એમ કહેવાય છે. અને તે જીવ સ્વયમેવ મોહને વમી નાખે છે, તેને મોહનો ઉત્પાદ જ થતો નથી, માટે તેણે મોહને વમી નાખ્યો એમ કહેવાય છે.

નિશ્ચયના આશ્રયે પણ ધર્મ થાય અને વ્યવહારના આશ્રયે પણ ધર્મ થાય -એમ માને તો તેણે બે નયોને માન્યા નથી. તેને તો એકાંત થઈ જાય છે. પુણ્યને પુણ્ય તરીકે રાખે, પણ પુણ્યથી ધર્મ ન મનાવે તો તેને બન્ને નયો રહે છે.

ત્રિકાળ સ્વભાવ શુદ્ધ છે અને ક્ષણિક પર્યાયમાં વિકાર છે -એમ બે નયોથી જાણીને જે શુદ્ધ ચૈતન્યસ્વભાવ તરફ ઢળે છે તે અંદરમાં અનૂતન એટલે કે અનાદિ અને કુનયના પક્ષથી ખંડિત નહિ થતી એવી ઉત્તમ પરમજ્યોતિને શીઘ્ર દેખે છે જ.

વળી આ જીવ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :-

**શ્લોક ૩૬**

(માલિની)

**अथ नवयुगयुक्तिं लंघयन्तो न सन्तः**
**परमजिनपदाब्जद्वन्द्वमत्तद्विरेफाः।**
**सपदि समयसारं ते ध्रुवं प्राप्नुवन्ति**
**क्षितिषु परमतोक्तेः किं फलं सज्जनानाम्॥ ३६॥**

**શ્લોકાર્થ** :- જેઓ બે નયોના સંબંધને નહિ ઉલ્લંઘતા થકા પરમ જિનના પાદપંકજયુગલમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે એવા જે સત્પુરુષો તેઓ શીઘ્ર સમયસારને અવશ્ય પામે છે. પૃથ્વી ઉપર પર મતના કથનથી સજ્જનોને શું ફળ છે (અર્થાત્ જગતના જૈનેત્તર દર્શનોના મિથ્યા કથનોથી સજ્જનોને શો લાભ છે )? ॥ ૩૬ ॥

વિભાવવ્યંજનપર્યાયની જે વાત લીધી હતી તે વાત સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય હોય નહિ. આત્માના અસંખ્યપ્રદેશો અને તેની વિભાવ આકૃતિ - એવી વાત વીતરાગશાસન સિવાય બીજે ક્યાંય હોતી નથી. માટે ટીકાકાર કહે છે કે અહો ! સર્વજ્ઞના શાસનમાં બધી પૂર્ણતા છે, તે પછી પૃથ્વી ઉપર બીજા પર મતના કથનોથી સજ્જનોને શું ફળ છે ?

એકેક સમયની વિભાવપર્યાય પણ સ્વતંત્ર છે, તેને બદલે જે તેને પરાધીન મનાવે તે પણ આત્માની સ્વાધીનતાને લૂંટનારા છે. શરીરને કારણે આત્માનો તેવો આકાર થઈ જાય છે - એમ નથી, પણ

આત્માના પોતાના વિભાવવ્યંજનપર્યાયની તેવી લાયકાત છે. પોતાની પર્યાય પરને લીધે માને તો તેને પર્યાયાર્થિકનય પણ રહેતો નથી.

વીતરાગના અનુયાયીઓ બે નયોના સંબંધને તોડતા નથી. એટલે કે વ્યવહારને વ્યવહારપણે જાણે છે ને નિશ્ચયને નિશ્ચયપણે જાણે છે. જો વ્યવહારથી નિશ્ચય થાય એમ માને તો તેણે બે નયોને જ ન માન્યા; જિનમતના અનુયાયી બે નયોને ઉલ્લંઘતા નથી. અને જિનેન્દ્રદેવના ચરણકમળમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે; એટલે કે વીતરાગદેવે શું કહ્યું તેનો પરાગ ચૂસવામાં જેઓ લીન છે તેવા સત્પુરુષો શીઘ્ર શુદ્ધ આત્માને પામી જાય છે. જેઓ વીતરાગમાર્ગને ઉલ્લંઘે છે તેઓ સંસારને ઉલ્લંઘી શકતા નથી. જિનેન્દ્રદેવે કહેલા બે નયોને જાણીને સત્પુરુષો શીઘ્ર શુદ્ધ આત્માને જરૂર પામે છે. તો પછી આવા સર્વજ્ઞદેવના શાસન સિવાય પૃથ્વી ઉપરના બીજા મિથ્યામતોના કથનથી સજ્જનોને શું ફળ છે ? -અર્થાત્ તેનાથી તો કાંઈ જ લાભ નથી. જગતમાં અનેક અભિપ્રાયો ચાલે છે તે કોઈથી ટાળ્યા ટળે તેમ નથી, પોતે તેનાથી ઉદાસ થઈને પોતાના સ્વરૂપની સંભાળ કરે તો પોતે શુદ્ધ આત્માને પામી જાય. વીતરાગે કહ્યા તેવા બે નયોનું કથન જગતમાં બીજે ક્યાંય નથી. માટે બીજા કોઈની સાથે જૈનશાસનને જરાય મેળ ખાય તેમ નથી.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) જીવ અધિકાર નામનો પહેલો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❖❖❖



## ૨. અજીવ અધિકાર

**ચૈત્ર વદ ૩, રવિવાર, ૧૩-૪-૫૨.**

(નોંધ :- આ અજીવ અધિકાર પહેલાં વંચાયો નથી તેથી આ નિયમસાર પૂરું થતા પહેલા આ અધિકાર શરૂ કર્યો છે. શુદ્ધ ઉપયોગની છેલ્લી પાંચ ગાથા બાકી રહી છે તે પછી વંચાશે.)

આ લોકમાં પાંચ અજીવ દ્રવ્ય છે. તેનો જાણનાર આત્મા છે. અજીવ તત્ત્વોને એની પોતાની ખબર નથી. જીવનું જ્ઞાન થયા વિના અજીવનું યથાર્થ જ્ઞાન થતું નથી. આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. અજીવ પદાર્થ છે માટે તે જાણે છે એમ નથી અને તે વિકારથી જાણે છે એમ પણ નથી. પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે માટે સ્વનું જ્ઞાન થતાં એમાં પર જણાય છે. જ્ઞાન પરથી જાણે તો તેમો જાણવાનો સ્વભાવ રહેતો નથી. પણ જ્ઞાન જ્ઞાનથી જાણે એવો સ્વસંવેદન એનો સ્વભાવ છે. જ્ઞાનનો એવો સ્વભાવ છે કે તે સ્વથી જાણે અને સ્વ-પરને જાણે. જ્ઞાનનો સ્વતંત્ર જાણવાનો સ્વભાવ છે.

પરમાણુ તે અતીન્દ્રિય છે, તેનું જ્ઞાન અતીન્દ્રિય આત્માનું જ્ઞાન થયા વગર થાય નહિ અને પરમાણુનું જ્ઞાન થયા વિના સ્કંધનું પણ સાચું જ્ઞાન થતું નથી. અતીન્દ્રિય આત્માને જાણતાં અતીન્દ્રિય પરમાણુનું જ્ઞાન થાય છે તે વ્યવહાર છે. કેમ કે પરમાણુમાં તન્મય થયા વગર પરમાણુને જાણે છે. સ્કંધનું જ્ઞાન પણ આત્માનું જ્ઞાન કરે તો યથાર્થ થાય છે. લોકો કહે છે કે અમે સ્કંધને બરાબર જાણીએ છીએ પણ અજ્ઞાનીને ખબર નથી કે તે મૂળ ચીજ નથી, મૂળ ચીજ તો અતીન્દ્રિય પરમાણુ છે. તેને જાણ્યા વિના સ્કંધનું જ્ઞાન યથાર્થ નથી. કોઈ સ્કંધ અન્ય સ્કંધથી પણ થતો નથી તો પછી આત્માથી સ્કંધ થાય એમ તો બને જ નહિ.

અજીવને જાણનાર અજીવ નથી પણ જીવ છે, તે જીવ અજીવને લઈને જાણતો નથી અને રાગ થાય છે એનાથી પણ જાણતો નથી. જ્ઞાન અતીન્દ્રિય છે તેને જાણવાથી પુદ્‌ગલ અજીવ પદાર્થ જણાય છે.

### ગાથા ૨૦

**अणुखंधवियप्पेण दु पोग्गलदव्वं हवेइ दुवियप्पं।**
**खंधा हु छप्पयारा परमाणू चेव दुवियप्पो ।। २० ।।**

**પરમાણુ તેમ જ સ્કંધ એ બે ભેદ પુદ્‌ગલદ્રવ્યના;**
**છ વિકલ્પ છે સ્કંધો તણા ને ભેદ બે પરમાણુના. ૨૦.**

**અન્વયાર્થ** : પરમાણુ અને સ્કંધ એવા બે ભેદથી પુદ્ગલદ્રવ્ય બે ભેદવાળું છે; સ્કંધો ખરેખર છ પ્રકારના છે અને પરમાણુના બે ભેદ છે.

પુદ્ગલ અજીવના બે ભેદ પાડ્યા છે એમાં આખા જગતના પુદ્ગલોનો સમાવેશ થાય છે.

**ટીકા** :- આ પુદ્ગલદ્રવ્યના ભેદોનું કથન છે.

પ્રથમ તો પુદ્ગલદ્રવ્યના બે ભેદ છે. સ્વભાવપુદ્ગલ અને વિભાવપુદ્ગલ. તેમાં પરમાણુ તે સ્વભાવપુદ્ગલ છે અને સ્કંધ તે વિભાવપુદ્ગલ છે. કેમ કે તે મૂળ ચીજ નથી. પુદ્ગલમાં વિભાવ થાય છે માટે એને દુઃખ થાય છે એમ નથી. આત્મામાં વિભાવપર્યાય થાય છે તે દુઃખદાયક છે. પુદ્ગલોમાં વિભાવપર્યાય થાય તો તે દુઃખી છે અને એકલો પરમાણુ સુખી છે એમ નથી. જીવને વિભાવમાં દુઃખ અને સ્વભાવમાં સુખ છે.

સ્વભાવપુદ્ગલ કાર્યપરમાણુ અને કારણપરમાણુ એમ બે પ્રકારે છે. મૂળ પાઠમાં સ્વભાવપુદ્ગલના બે ભેદ પાડ્યા નથી પણ અહીં ટીકાકાર બે ભેદ પાડીને સમજાવે છે. વળી સ્કંધોના છ પ્રકાર છે. (૧) પૃથ્વી (૨) જળ (૩) છાયા (૪) ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિયોના વિષયભૂત સ્કંધો (૫) કર્મ યોગ્ય સ્કંધો અને (૬) કર્મને અયોગ્ય સ્કંધો - આવા છ ભેદો છે. સ્કંધોના ભેદ હવે કહેવામાં આવતાં સૂત્રોમાં (હવેની ચાર ગાથાઓમાં) વિસ્તારથી કહેવાશે.

ગાથા ૨૦ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૩૭**

(अनुष्टुभ्)

**गलनादणुरित्युक्तः पूरणात्स्कन्धनामभाक्।**
**विनानेन पदार्थेन लोकयात्रा न वर्तते ॥ ३७॥**

**શ્લોકાર્થ** :- (પુદ્ગલપદાર્થ) ગલન દ્વારા (અર્થાત્ ભિન્ન પડવાથી) 'પરમાણુ' કહેવાય છે અને પૂરણ દ્વારા (અર્થાત્ સંયુક્ત થવાથી) 'સ્કંધ' નામને પામે છે. આ પદાર્થ વિના લોકયાત્રા હોઈ શકે નહિ. ॥ ૩૭ ॥

સ્કંધમાંથી છેલ્લો રજકણ પડે તેને પુદ્ગલ પરમાણુ કહે છે. એ પરમાણુને કોઈ આત્મા છૂટો પાડતો નથી પણ એ છૂટો પડવાની લાયકાતવાળો થાય છે ત્યારે તે છૂટો પડે છે -એમ અતીન્દ્રિય જ્ઞાન જાણે છે. પુદ્ગલના ગલનને પરમાણુ કહેલ છે અને પુદ્ગલના પૂરણને સ્કંધ કહેલ છે. એમ અજીવ પુદ્ગલદ્રવ્યની બે ભેદથી વ્યાખ્યા કરી છે.

એ પુદ્ગલ પદાર્થ વિના લોકયાત્રા હોઈ શકે નહિ. એટલે ચાર ગતિરૂપ સંસારમાં જીવ રખડે



છે તેમાં પુદ્ગલ કારણ છે. આત્મા તો ચિદાનંદ ધ્રુવ જ્ઞાતા છે. તેનો સ્વભાવ રખડવાનો નથી, પર્યાયમાં યોગ્યતા છે તેને ગૌણ કરીને તે ભાવને પુદ્ગલ તરફ નાખીને પુદ્ગલને લઈને પરિભ્રમણ છે એમ કહેલ છે. દ્રવ્યદષ્ટિ કરાવવા અને પર્યાયબુદ્ધિ છોડાવવા એમ કહેલ છે, પર્યાયદષ્ટિથી ચાર ગતિમાં જીવ પોતે રખડે છે, એમાં પુદ્ગલ નિમિત્ત છે. તે નિમિત્તાધીન ભાવ હોવાથી નિમિત્તના કારણે ગમન છે એમ કહેવામાં આવેલ છે. શાસ્ત્રના લખાણની અપેક્ષા બરાબર સમજવી જોઈએ.

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.**

આગળ શ્લોકમાં આવશે કે પુદ્ગલ જ નાચે છે. એક સમયનો વિકાર છે તેને ગૌણ કરી, સમ્યગ્દર્શનનો વિષય ચિદાનંદ આત્મા છે. માટે કર્મના નિમિત્તે થતો વિકાર કર્મનો છે એમ કહેલ છે. તેથી તું સ્વભાવદષ્ટિ કર એમ આચાર્ય ભગવાન કહે છે. જેમ કોઈ આર્ય માણસ હોય અને અનાર્યના સંગે ચડી ગયો હોય તો દારૂ, માંસ, ઈંડા આદિ ખાય તો તેને એનો બાપ કહે કે આ તારો વાંક નથી, તને હલકા માણસના સંગે આમ થયેલ છે, આ તારું કામ નથી, પણ સંગનું કામ છે. તેવી રીતે આત્મા ચાર ગતિમાં પોતાના કારણે રખડે છે છતાં નિમિત્તાધીન ભાવ થયો છે, તે આત્માનો સ્વભાવ નથી. તે કર્મના સંગે થયેલો ભાવ છે. માટે કર્મનો છે, એમ આરોપ આપે છે. ચિદાનંદ ધ્રુવ જ્ઞાતા છે, તે જાણનાર-દેખનાર છે, ધાલમેલ કરીને પરનું કરનાર આત્મા નથી, માટે પર્યાયમાં ધાલમેલ ન કર.

હવેની ગાથામાં પુદ્‌ગલના સ્કંધોનું વિસ્તારથી કહે છે.

**ગાથા ૨૧-૨૪**

**अइथूलथूल थूलं थूलसुहुमं च सुहुमथूलं च।**
**सुहुमं अइसुहुमं इदि धरादियं होदि छब्भेयं॥ २१॥**

**भूपव्वदमादीया भणिदा अइथूलथूलमिदि खंधा।**
**थूला इदि विण्णेया सप्पीजलतेल्लमादीया॥ २२॥**

**छायातवमादीया थूलेदरखंधमिदि वियाणाहि।**
**सुहुमथूलेदि भणिया खंधा चउरक्खविसया य॥ २३॥**

**सुहुमा हवंति खंधा पाओग्गा कम्मवग्गणस्स पुणो।**
**तव्विवरीया खंधा अइसुहुमा इदि परूवेंति॥ २४॥**

**અતિસ્થૂલસ્થૂલ, સ્થૂલ, સ્થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મસ્થૂલ, વળી સૂક્ષ્મ ને**
**અતિસૂક્ષ્મ – એમ ધરાદિ પુદ્‌ગલસ્કંધના છ વિકલ્પ છે. ૨૧.**

**ભૂપર્વતાદિક સ્કંધને અતિસ્થૂલસ્થૂલ જિને કહ્યા,**
**ઘી-તેલ-જળ ઇત્યાદિને વળી સ્થૂલ સ્કંધો જાણવા. ૨૨.**

**આતપ અને છાયાદિને સ્થૂલસૂક્ષ્મ સ્કંધો જાણજે,**
**ચતુરિંદ્રિના જે વિષય તેને સૂક્ષ્મસ્થૂલ કહ્યા જિને; ૨૩.**

**વળી કર્મવર્ગણયોગ્ય સ્કંધો, સૂક્ષ્મ સ્કંધો જાણવા,**
**તેનાથી વિપરીત સ્કંધને અતિસૂક્ષ્મ સ્કંધો વર્ણવ્યા. ૨૪.**

**અન્વયાર્થ** :- અતિસ્થૂલસ્થૂલ, સ્થૂલ, સ્થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મસ્થૂલ, સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ એમ પૃથ્વી વગેરે સ્કંધોના છ ભેદ છે.

ભૂમિ, પર્વત વગેરે અતિસ્થૂલસ્થૂલ સ્કંધો કહેવામાં આવ્યા છે; ઘી, જળ, તેલ વગેરે સ્થૂલ સ્કંધો જાણવા.

છાયા, આતપ (તડકો), વગેરે સ્થૂલસૂક્ષ્મ સ્કંધો જાણ અને ચાર ઇન્દ્રિયોના વિષયભૂત સ્કંધોને સૂક્ષ્મસ્થૂલ કહેવામાં આવ્યા છે.



વળી કર્મવર્ગણાને યોગ્ય સ્કંધો સૂક્ષ્મ છે; તેમનાથી વિપરીત (અર્થાત્ કર્મવર્ગણાને અયોગ્ય) સ્કંધો અતિસૂક્ષ્મ કહેવામાં આવે છે.

**ટીકા** :- આ વિભાવપુદ્‌ગલના સ્વરૂપનું કથન છે. પરમાણુનું કથન નથી, સ્કંધોનું કથન છે. તે છ પ્રકારથી છે તે કહે છે.

૧) <u>અતિસ્થૂલસ્થૂલ</u> : સુમેરૂ, પૃથ્વી વગેરે ઘન પદાર્થો અતિસ્થૂલસ્થૂલ પુદ્‌ગલો છે. કેમ કે તેના કટકા થયા પછી ભેગા થતા નથી. તે કટકા થાય છે તે તેનાથી થાય છે, આત્મા તેને કરતો નથી.

૨) <u>સ્થૂલ</u> : ઘી, તેલ, છાસ, દૂધ, જળ વગેરે સમસ્ત પ્રવાહી પદાર્થો સ્થૂલ પુદ્‌ગલો છે.

૩) <u>સ્થૂલસૂક્ષ્મ</u> : છાયા, આતપ, અંધકાર વગેરે સ્થૂલસૂક્ષ્મ પુદ્‌ગલો છે કેમ કે આંખે દેખાય છે પણ હાથથી પકડાતા નથી. આંખના વિષયની અપેક્ષાએ સ્થૂલ છે અને પકડીને મૂકાતા નથી માટે સૂક્ષ્મ એમ સ્થૂલસૂક્ષ્મ છે.

૪) <u>સૂક્ષ્મસ્થૂલ</u> : સ્પર્શનેંદ્રિય. રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયના વિષયો સ્પર્શ, રસ, ગંધ અને શબ્દ સૂક્ષ્મસ્થૂલ પુદ્‌ગલો છે. આંખથી દેખાતા નથી માટે સૂક્ષ્મ અને બીજી ચાર ઇન્દ્રિયનો વિષય છે માટે સ્થૂલ કહ્યા છે.

૫) <u>સૂક્ષ્મ</u> : શુભાશુભ પરિણામ દ્વારા આવતા એવા શુભાશુભ કર્મોને યોગ્ય સ્કંધો તે સૂક્ષ્મ પુદ્‌ગલો છે. આત્મા જેવા ભાવ કરે એવા જ કર્મો એની મેળાએ આવે છે, તે કર્મોને સૂક્ષ્મ પુદ્‌ગલો કહે છે.

૬) <u>સૂક્ષ્મસૂક્ષ્મ</u> : આમનાથી વિપરીત અર્થાત્ કર્મોને અયોગ્ય સ્કંધો તે સૂક્ષ્મસૂક્ષ્મ પુદ્‌ગલો છે.

આમ આ ગાથાઓનો અર્થ છે. આ સ્કંધો છે તેને બીજા સ્કંધો કરતા નથી, તો એને આત્મા કરે એમ તો બને જ નહિ.

**ભાવાર્થ** : સ્કંધો છ પ્રકારના છે. (૧) કાષ્ઠ, પાષાણાદિક જે સ્કંધો છેદવામાં આવતાં સ્વયં સંધાઈ શકતા નથી તે સ્કંધો અતિ સ્થૂલસ્થૂલ છે. (૨) દૂધ, જળ આદિ જે સ્કંધો છેદવામાં આવતાં ફરીને સ્વયમેવ જોડાઈ જાય છે તે સ્કંધો સ્થૂલ છે. (૩) તડકો, છાયો, ચાંદની, અંધકાર ઈત્યાદિ જે સ્કંધો સ્થૂલ જણાતા હોવા છતાં ભેદી શકાતા નથી કે હસ્તાદિકથી ગ્રહી શકાતા નથી તે સ્કંધો સ્થૂલસૂક્ષ્મ છે. (૪) આંખથી નહિ દેખાતા એવા જે ચાર ઈન્દ્રિયોના વિષયભૂત સ્કંધો સૂક્ષ્મ હોવા છતાં સ્થૂલ જણાય છે. સ્પર્શનેન્દ્રિયથી સ્પર્શી શકાય છે, જીભથી આસ્વાદી શકાય છે, નાકથી સૂંઘી શકાય છે અથવા કાનથી સાંભળી શકાય છે તે સ્કંધો સૂક્ષ્મસ્થૂલ છે. (૫) ઈન્દ્રિયજ્ઞાનને અગોચર એવા જે કર્મવર્ગણારૂપ સ્કંધો તે સૂક્ષ્મ છે. (૬) કર્મવર્ગણાથી નીચેના-કર્મવર્ગણાતીત જે અત્યંત સૂક્ષ્મ દ્વિ-અણુક પર્યંત સ્કંધો તે સૂક્ષ્મસૂક્ષ્મ છે.

એવી જ રીતે શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત પંચાસ્તિકાય પૃષ્ઠ ૧૩૦માં ગાથા દ્વારા કહેલ છે કે :

**पुढवी जलं च छाया चउरिंदियविसयकम्मपाओग्गा।**
**कम्मातीदा एवं छब्भेया पोग्गला होंति ॥**

**શ્લોકાર્થ** : પૃથ્વી, જળ, છાયા, ચાર ઈન્દ્રિયોના વિષયભૂત, કર્મને યોગ્ય અને કર્માતીત-એમ પુદ્ગલો (સ્કંધો) છ પ્રકારના છે.

વળી માર્ગપ્રકાશમાં શ્લોક દ્વારા કહ્યું છે કે :

(अनुष्टुभ्)

**स्थूलस्थूलास्ततः स्थूलाः स्थूलसूक्ष्मास्ततः परे।**
**सूक्ष्मस्थूलास्ततः सूक्ष्माः सूक्ष्मसूक्ष्मास्ततः परे॥**

**શ્લોકાર્થ** : સ્થૂલસ્થૂલ, પછી સ્થૂલ, ત્યાર પછી સ્થૂલસૂક્ષ્મ, પછી સૂક્ષ્મસ્થૂલ, પછી સૂક્ષ્મ અને ત્યાર પછી સૂક્ષ્મસૂક્ષ્મ (-આમ સ્કંધોના છ પ્રકાર) છે.

એવી રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ શ્રી સમયસાર આત્મખ્યાતિ નામની ટીકામાં ૪૪મા શ્લોક દ્વારા કહ્યું છે કે :

(वसंततिलका)

**अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये**
**वर्णादिमान् नटति पुद्गल एव नान्यः।**
**रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-**
**चैतन्यधातुमयमूर्तिरयं च जीवः॥**

**શ્લોકાર્થ** : આ અનાદિકાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમાં વર્ણાદિમાન્ પુદ્ગલ જ નાચે છે, અન્ય કોઈ નહિ; (અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે, જીવ તો અનેક પ્રકારનો છે નહિ;) અને આ જીવ તો રાગાદિક પુદ્ગલવિકારોથી વિલક્ષણ, શુદ્ધ ચૈતન્ય-ધાતુમય મૂર્તિ છે.

અહો ! ભગવાન આત્મા ચૈતન્યમય વસ્તુ છે, તે એની ધાતુ છે. વિકારને ધારી રાખવો તે ચૈતન્યનો સ્વભાવ નથી. માટે વિકારને પુદ્ગલજન્ય કહેવામાં આવે છે. આત્મા જાણનાર દેખનાર છે એનું ભાન નથી. તે જીવ કર્મથી રખડે છે એમ આરોપથી કથન છે. આત્મા પરથી જુદો છે એનો વિવેક નથી, તેને પુદ્ગલ જ નાચે છે એમ કહેલ છે. પુદ્ગલની પર્યાય આત્માને લઈને થતી નથી. છતાં શરીરની અવસ્થા મારે લઈને થઈ એમ જે માને છે તે અવિવેકી છે. તે અવિવેક નિમિત્તના આશ્રયે



થતો હોવાથી નિમિત્તનો છે એમ આરોપ આપવામાં આવે છે. આત્મા તો જાણનાર-દેખનાર છે એમ કહીને સ્વભાવદૃષ્ટિ કરાવે છે.

આ અજીવનો અધિકાર છે. એમાં કહે છે કે આત્મા ચૈતન્યમય ધાતુ છે. એમાં રાગ થવો કે જડના કાર્યમાં સાવધાની રાખવી એમ નથી. તે બધું અજીવ-જડનું કાર્ય છે. ક્ષણિકનું માહાત્મ્ય નહિ કરતાં કાયમી ચીજ ચૈતન્યમૂર્તિ આત્મા છે તેનું માહાત્મ્ય કરાવે છે. જડ તે હું નહિ, વિકાર તે હું નહિ એમ પ્રતીત કર અને પરને પોતાનું માનવારૂપ માન્યતાનું ગાડું ઉલાળી મૂક ! કે એ બધું પુદ્ગલ નાચે છે, આત્મા નહિ એમ એક સામટું ગાડું ઉલાળી મૂક.

સ્વભાવદૃષ્ટિ કરતાં આત્મામાં અનેક પ્રકાર દેખાતા નથી. પુદ્ગલમાં જ આ બધા પ્રકારો દેખાય છે. કેમ કે નિમિત્તના લક્ષે થતી પર્યાય અનેકતાને પામે છે. પણ તે આત્માનો સ્વભાવ નથી. માટે સંસાર બધો ય પુદ્ગલ જ છે. એનો અર્થ એવો નથી કે પરનો વાંક કાઢી પર્યાયમાં દોષ થતો જ નથી એમ કહેવું નથી. પણ પોતાના અપરાધથી પર્યાયમાં દોષ થાય છે તે ક્ષણિક છે અને સ્વભાવમાં દોષ નથી એમ જાણી કાઢી નાખવા માટે દોષ પરનો છે એમ કહે છે.

આ આત્મા તો રાગાદિથી ભિન્ન શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. તીર્થંકર નામકર્મ પણ પુદ્ગલનો વિકાર છે, તે આત્મા નથી. જે પર્યાય પરમાં અટકીને થાય છે, તે વિકાર છે, એનાથી વિરૂદ્ધ આત્માનું લક્ષણ છે. રાગ તે આત્માનું લક્ષણ નથી. અજીવનો અધિકાર હોવા છતાં ચૈતન્યની વાત કરે છે કે જડને જાણનાર તો ચૈતન્યસ્વરૂપી આત્મા છે. આત્મા શુદ્ધ ચૈતન્યમય છે. એ અભેદથી વાત કરેલ છે. જેમ સોનુ સોનાને ધારી રાખે છે પણ તાંબાને ધારી રાખતું નથી. તેમ આત્મા ચૈતન્ય ધાતુ છે તે ચૈતન્યને ધારી રાખે છે, રાગને ધારી રાખતો નથી અને રાગનો નાશ પણ કરતો નથી કેમ કે રાગનો નાશ કરવાનો પણ આત્માનો સ્વભાવ નથી. સ્વભાવની રુચિ, જ્ઞાન અને એકાગ્રતા થતાં રાગનો નાશ થઈ જાય છે, રાગનો નાશ કરવો પડતો નથી.

હવે આ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે. તેમાં વિવિધ પ્રકારના પુદ્ગલોમાં રતિ નહિ કરતાં ચૈતન્યચમત્કારમાત્રમાં રતિ કરવાનું કહે છે :

**શ્લોક ૩૮**

(मालिनी)

**इति विविधविकल्पे पुद्गले दृश्यमाने**
**न च कुरु रतिभावं भव्यशार्दूल तस्मिन्।**
**कुरु रतिमतुलां त्वं चिच्चमत्कारमात्रे**
**भवसि हि परमश्रीकामिनीकामरूपः॥ ३८॥**

**શ્લોકાર્થ :-** આ રીતે વિવિધ ભેદોવાળું પુદ્‌ગલ જોવામાં આવતાં, હે ભવ્યશાર્દૂલ ! (ભવ્યોત્તમ!) તું તેમાં રતિભાવ ન કર. ચૈતન્યચમત્કારમાત્રમાં (અર્થાત્ ચૈતન્યચમત્કારમાત્ર આત્મામાં) તું અતુલ રતિ કર કે જેથી તું પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થઈશ. ॥ ૩૮ ॥

જેમ વનનો સિંહ હોય તે એકલો હરણાદિ જાનવરોને તોડી-ફોડી નાખે છે તેમ ભવ્યશાર્દૂલ વિકારને તોડી-ફોડી નાખે છે. વળી ઢોરોના ટોળામાં જે તાકાતવાળું ઢોર દેખાય એના ઉપર સિંહ પ્રથમ પંજો મારે છે તેમ ભવ્યોત્તમ આત્મા મોહ ઉપર છાપો મારે છે અને એનો નાશ કરે છે. તો તે મુક્તિરૂપી સ્ત્રીનો નાથ થાય છે. તે સ્ત્રી પછી કદી છોડશે નહિ અર્થાત્ તે શુદ્ધ પરિણતિનો કદી વિરહ પડશે નહિ.



**ચૈત્ર વદ ૪, સોમવાર, ૧૪-૪-૫૨.**

આ અજીવ અધિકાર છે. ધર્મ કરવો હોય તેણે જીવદ્રવ્યથી જુદા એવા અજીવદ્રવ્યનું જ્ઞાન કરવું જોઈએ. જીવનો અભાવ તે અજીવ અને અજીવનો અભાવ તે જીવ છે. અજીવને ઓળખાવતા એમ કહે છે કે તું તો જીવ છો, માટે અજીવની રુચિ છોડીને અંતરચૈતન્યની રુચિ કર.

શરીરના રજકણો સ્વતંત્ર છે એમ અજ્ઞાની માનતો નથી. પણ આત્માના કારણે શરીર ચાલે છે એમ તે માને છે. તેથી તે ખરેખર અજીવને માનતો નથી. અજીવ છે એમ બરાબર માને તો તે મારાથી નથી અને એનાથી હું નથી એમ તેણે માનવું જોઈએ. કેમ કે શરીર, કર્મ આદિ અજીવનો આત્મામાં અભાવ છે. આત્મા તો ચૈતન્યમૂર્તિ છે, તે શરીરાદિથી ભિન્ન છે એમ આત્માને જાણ્યા વિના અજીવ પણ જાણાય નહિ. શરીર, કુંટુંબ આદિ અજીવ છે. તેનો આધાર આત્મા નથી પણ પરમાણુ છે. તે પરમાણુની હવે વ્યાખ્યા કરે છે.

**धाउचउक्कस्स पुणो जं हेऊ कारणं ति तं णेयो।**
**खंधाणं अवसाणं णादव्वो कज्जपरमाणू॥ २५॥**

**જે હેતુ ધાતુચતુષ્કનો તે કારણાણુ જાણવો;**
**સ્કંધો તણા અવસાનને વળી કાર્યપરમાણુ કહ્યો. ૨૫.**

**અન્વયાર્થ :-** વળી જે (પૃથ્વી, પાણી, તેજ ને વાયુ -એ) ચાર ધાતુઓનો હેતુ છે, તે કારણપરમાણુ જાણવો; સ્કંધોના અવસાનને (-છૂટા પડેલા અવિભાગી અંતિમ અંશને) કાર્યપરમાણુ જાણવો.

અહીં પરમાણુની વ્યાખ્યા કરે છે. કારણપરમાણુ અને કાર્યપરમાણુ શું છે તે કહે છે. જડનું કાર્ય પરમાણુના કારણે થાય છે, આત્માને લઈને થતું નથી. પરમાણુ સ્કંધનું કારણ છે એ પણ ઉપચાર છે. ખરેખર તો દરેકે દરેક પરમાણુ પોતાનું કાર્ય કરે છે. ભાષાવર્ગણા, શરીર, કર્મ વગેરેનું કારણ પરમાણુ છે માટે કારણપરમાણુ છે. અન્ય મતમાં પૃથ્વી, પાણી, તેજ ને વાયુ એમ ચાર ધાતુ કહેલ છે એનું નિરાકરણ કર્યું છે કે એ ચાર ધાતુનું કારણ તો પરમાણુ છે અને આકાશ તે અરૂપી છે, તે પરમાણુ નથી.

જુઓ, પુદ્‌ગલના પિંડ થવાના કારણરૂપ પરમાણુને કારણપરમાણુ કહેલ છે. અને પિંડમાંથી છૂટા થતાં પરમાણુને કાર્યપરમાણુ કહેલ છે.

**ટીકા :** આ કારણપરમાણુદ્રવ્ય અને કાર્યપરમાણુદ્રવ્યના સ્વરૂપનું કથન છે. હવે પરમાણુને ચાર ભેદથી ઓળખાવે છે.

(૧) પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ ચાર ધાતુઓનો હેતુ છે તે કારણપરમાણુ છે. પૃથ્વી

આદિ ચાર ધાતુ છે તે પરમાણુથી ટકેલી છે. તે આત્માથી જુદી ચીજો છે માટે આત્માથી ટકી રહી નથી. જેના કારણે સ્કંધો થાય છે તે પરમાણુને અહીં કારણપરમાણુ કહેલ છે.

(૨) એક ગુણ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ જઘન્ય પરમાણુ છે. તે જ પરમાણુ એક ગુણ સ્નિગ્ધતા કે રૂક્ષતા હોતાં સમ કે વિષમ બંધને અયોગ્ય એવો જઘન્ય પરમાણુ છે એમ અર્થ છે. જડ-મૂર્ત-રૂપી પરમાણુ એક ગુણ ચીકાશ કે લૂખાશવાળો બંધને યોગ્ય નથી. તો પછી આત્મા બંધને યોગ્ય હોય એમ છે જ નહિ. આત્મા કર્મનો બંધ કરતો નથી, તેની એક સમયની પર્યાયમાં ભાવબંધ થાય છે. પણ તે આત્માનો સ્વભાવ નથી.

(૩) એક ગુણથી વધારે ચીકાશ-લૂખાશવાળો પરમાણુ બંધને યોગ્ય છે તે ઉત્કૃષ્ટ પરમાણુ છે. એક ગુણ સ્નિગ્ધતા કે રૂક્ષતાની ઉપર બે ગુણવાળાનો અને ચાર ગુણવાળાનો સમબંધ થાય છે તથા ત્રણ ગુણવાળાનો અને પાંચ ગુણવાળાનો વિષમબંધ થાય છે તે આ ઉત્કૃષ્ટ પરમાણુ છે. સમબંધ એટલે બેકી ગુણવાળા પરમાણુઓનો બંધ અને વિષમબંધ એટલે એકી ગુણવાળા પરમાણુનો બંધ. અહીં ટીકામાં સમબંધનું અને વિષમબંધનું એકેક ઉદાહરણ આપ્યું છે તે પ્રમાણે બધાય સમબંધો અને વિષમબંધો સમજી લેવા. આ બંધની જડને ખબર નથી પણ આત્મા તેનું જ્ઞાન કરે તો સૂક્ષ્મબુદ્ધિ થયા વિના રહે નહિ.

(૪) સ્કંધો ખંડિત થતાં થતાં જે નાનામાં નાનો અવિભાગ અંશ રહે તે કાર્યપરમાણુ છે. ગળતાં અર્થાત્ છૂટા પડતાં પુદ્ગલદ્રવ્યોના અંતમાં-અવસાનમાં-અંતિમ દશામાં સ્થિત તે કાર્યપરમાણુ છે. પથ્થરનો ભૂકો થતાં થતાં છેલ્લો ભાગ રહે તે સ્કંધનો છેડો છે. તેને કાર્યપરમાણુ કહેવાય છે. ડુંગરા તૂટે છે તો એના કારણે પણ તેનો છેલ્લો ભાગ રહે તે કાર્યપરમાણુ છે. આ રીતે અણુઓના ચાર ભેદ છે, તે અતીન્દ્રિય છે, તેને અતીન્દ્રિય જ્ઞાન જાણે છે. પરમાણુ ઇન્દ્રિય દ્વારા જણાય નહિ તો આત્મા અરૂપી છે તે ઇન્દ્રિયથી જણાય એમ નથી. અતીન્દ્રિય આત્માનું જ્ઞાન કરે તે નિશ્ચય છે અને એનું જ્ઞાન કરે તો પરમાણુનું જ્ઞાન થાય તે વ્યવહાર છે.

(૧) કાર્ય (૨) કારણ (૩) જઘન્ય (૪) ઉત્કૃષ્ટ - આ ચાર ભેદ પરમાણુના છે. તે પરમાણુદ્રવ્ય સ્વરૂપમાં સ્થિત હોવાથી તેને વિભાવનો અભાવ છે. માટે તેને પરમ સ્વભાવ છે. અહીં તો કહે છે કે જડ પણ પરમ સ્વભાવી છે. તેને જાણનાર-દેખનાર એવો આત્મા તો પરમ સ્વભાવી છે જ. ચૈતન્યમૂર્તિ આત્મા જુઓ તો એકલો જ્ઞાનમય છે, પરમ સ્વભાવી છે. અને પરમાણુ પણ એક પ્રકારે જુઓ તો પરમ સ્વભાવી છે. એમ જ્ઞાનમૂર્તિ પરમ સ્વભાવ છે એને ઓળખી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવી તે ધર્મ છે.

એ જ રીતે શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત પ્રવચનસાર ગાથા ૧૬૫-૧૬૬માં કહ્યું છે કે પરમાણુ - પરિણામો સ્નિગ્ધ હો કે રૂક્ષ હો, બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો - જો સમાન કરતાં



બે અધિક અંશવાળા હોય તો બંધાય છે. જઘન્ય અંશવાળો બંધાતો નથી. શ્વેતાંબર આમ્નાયમાં કહે છે કે એક પરમાણુ ૨૫ અંશવાળો હોય ને બીજો ૫૦ અંશવાળો હોય તો પણ બંધ થાય. પણ અહીં તો કહે છે કે બે અંશ અધિક હોય તો જ બંધ થાય છે, નહિતર થાય નહિ. સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ ચાર અંશવાળા સ્નિગ્ધ અથવા રૂક્ષ પરમાણુ સાથે બંધ અનુભવે છે. અથવા રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ પાંચ અંશવાળા સાથે જોડાયો થકો બંધાય છે. આ રીતે પરમાણુ સ્વતંત્રપણે બંધાય છે અને છૂટો થાય છે. તું કોનું કરીશ ? એટલે કે કોઈનું કરી શકતો નથી.

વળી ગાથા ૨૫ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.

**શ્લોક ૩૯**

(अनुष्टुभ्)

**स्कन्धैस्तैः षट्प्रकारैः किं चतुर्भिरणुभिर्मम।**
**आत्मानमक्षयं शुद्धं भावयामि मुहुर्मुहुः ॥ ३९ ॥**

**શ્લોકાર્થ :-** તે છ પ્રકારના સ્કંધો કે ચાર પ્રકારના અણુઓ સાથે મારે શું છે ? હું તો અક્ષય શુદ્ધ આત્માને ફરી ફરી ભાવું છું. ॥ ૩૯ ॥

અહો ! મારે એ સ્કંધો કે પરમાણુ સાથે કાંઈ સંબંધ નથી. કર્મ, શરીરાદિ સ્કંધોનું મારે શું કામ છે ? શબ્દો, પુસ્તક આદિ સાથે મારે શું કામ છે ? હું તો શુદ્ધ અને નાશ ન પામે એવા આત્માને ભાવું છું. હે આત્મા ! તારાથી જે જુદી ચીજ છે એનાથી તારે શું પ્રયોજન છે ? અને આત્માની પર્યાયમાં વિકાર થાય એની સાથે પણ તારે શું કામ છે ? તું તો શુદ્ધ અવિનાશી છો, એની ભાવના કર, પરની સાથે તારે સંબંધ નથી.

તૈજસ, કાર્મણ, ઔદારિક આદિ બધી વર્ગણાઓ રૂપાંતર પામે છે, એને ક્ષય લાગુ પડ્યો છે માટે તે શરીરાદિ એકરૂપ રહેતા નથી, કોઈ અક્ષય હોય તો હું છું. કર્મ પલટીને આંગળી થાય, આંગળી પલટીને રાખ થાય, હીરો પલટીને કોલસો થાય અને કોલસો પલટીને હીરો થાય. આત્મા સિવાય બધા પરમાણુ પલટી જાય છે. રૂપિયો પલટીને વિષ્ટા થાય અને વિષ્ટા પલટીને રૂપિયો થાય, પણ આત્મા તો શુદ્ધ એકરૂપ રહે છે. માટે રાગાદિ રહિત આત્માને હું ફરી ફરી ભાવું છું, તે ધર્મ છે.

આ સિદ્ધની વાત નથી પણ જ્ઞાનીની વાત છે. અહીં તો મુનિ કહે છે કે બધા પુદ્ગલો ફરી ફરીને બીજું રૂપ ધારણ કરે છે પણ હું તો ફરી ફરીને આત્માને ધ્યાવું છું. આવી સમજણ કર્યા વગર કોઈ ધ્યાનમાં ઊતરી જાય છે. વળી કેટલાક ક્રિયાકાંડમાં ઊતરી ગયા છે. પણ આ સમજ્યા વગર કલ્યાણ થાય એમ નથી. માટે પાત્રતા પ્રગટ કરીને ગુરુગમે સમજવું જોઈએ. આત્મા જ્ઞાનનો વિષય છે, રાગ-દ્વેષ જ્ઞાનનો વિષય નથી. કેમ કે જ્ઞાનનું લક્ષણ રાગ નથી અને રાગ લક્ષ્ય પણ નથી. માટે

જ્ઞાનનું ધ્યેય તે આત્મા છે તે શુદ્ધ આત્માને જ્ઞાની ફરી ફરી ધ્યાવે છે. પણ વિકલ્પની ભાવના કરતો નથી.



હવે ગાથા ૨૬માં પરમાણુ કેવો છે તે કહે છે. દ્રવ્યની વાત છે.

**ગાથા ૨૬**

**अत्तादि अत्तमज्झं अत्तंतं णेव इंदियग्गेज्झं।**
**अविभागी जं दव्वं परमाणू तं वियाणाहि ।। २६ ।।**

**જે આદિ-મધ્યે અંતમાં પોતે જ છે, અવિભાગી છે,**
**જે ઈંદ્રિથી નહિ ગ્રાહ્ય છે, પરમાણુ જાણો તેહને. ૨૬.**

**અન્વયાર્થ** :- પોતે જ જેનો આદિ છે, પોતે જ જેનું મધ્ય છે અને પોતે જ જેનો અંત છે (અર્થાત્ જેના આદિમાં, મધ્યમાં અને અંતમાં પરમાણુનું નિજ સ્વરૂપ જ છે), જે ઇન્દ્રિયોથી ગ્રાહ્ય (જાણવાયોગ્ય) નથી અને જે અવિભાગી છે, તે પરમાણુદ્રવ્ય જાણ.

જેમ એક છોકરાના વર્ગમાં એ છોકરો આદિ, મધ્ય અને અંતમાં એકલો હોય છે તેમ પરમાણુ એનો એ હોય છે. પરમાણુના બે ભાગ થતા નથી તેમ આત્મા પણ પરમાણુની જેમ અછેદ્ય, અભેદ્ય અને અવિનાશી છે.

**ટીકા** :- આ, પરમાણુનું વિશેષ કથન છે. જેમ સહજ પરમ પારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા સહજ નિશ્ચયનયની અપેક્ષાએ નિત્ય અને અનિત્ય નિગોદથી માંડીને સિદ્ધક્ષેત્ર પર્યંત રહેલા જીવોનું નિજ સ્વરૂપથી અચ્યુતપણું કહેવામાં આવ્યું છે તેમ પરમાણુદ્રવ્યનું પણ નિજ સ્વરૂપથી અચ્યુતપણું છે.

**ચૈત્ર વદ ૬, મંગળવાર, ૧૫-૪-૫૨.**

આ અજીવ અધિકાર છે. એમાં પરમાણુનું કથન ચાલે છે. ભગવાન તીર્થંકરે છ દ્રવ્યો જોયા છે, તે બધા અતીન્દ્રિય છે. એકેય પદાર્થ ઇન્દ્રિયગ્રાહ્ય નથી. આ સ્થૂલ દેખાય છે તે મૂળ દ્રવ્ય નથી. તે તો પુદ્‌ગલની વૈભાવિક અવસ્થા છે. મૂળ વસ્તુ તો પરમાણુ છે ને તે અતીન્દ્રિય જ્ઞાનનો વિષય છે. અતીન્દ્રિય એવા આત્માનું જ્ઞાન થતાં અન્ય અતીન્દ્રિય પદાર્થનું યથાર્થ જ્ઞાન થાય છે.

વળી પરમાણુ છે તે અતીન્દ્રિય છે, તે ઉગ્ર અવધિજ્ઞાનનો વિષય છે અને એ જ્ઞાન તો સમ્યગ્દષ્ટિને જ હોય છે અને સમ્યગ્દષ્ટિને અતીન્દ્રિય આત્માનું જ્ઞાન હોય છે. વિભંગજ્ઞાની પરમાણુને જાણે નહિ. તેથી નક્કી થયું કે એક પરમાણુનું જ્ઞાન અવધિજ્ઞાન વિના ન હોય અને અવધિજ્ઞાન સમ્યગ્જ્ઞાન વિના ન હોય અને સમ્યગ્જ્ઞાન અતીન્દ્રિય આત્માના જ્ઞાન વિના હોય નહિ. માટે અતીન્દ્રિય આત્માનું જ્ઞાન કરવું જોઈએ. અજીવના અધિકારમાં અજીવનું જ્ઞાન કરાવતા આત્માની જ વાત કરે છે. સમ્યક્ મતિ શ્રુતજ્ઞાન એક પરમાણુને જાણે નહિ પણ અવધિજ્ઞાન પરમાણુને જાણે છે.

**ટીકા** :- અહીં પરમાણુદ્રવ્યની વાત છે, પર્યાયની વાત નથી. પરમાણુના સ્વભાવનું કથન કરતાં આત્માના સ્વભાવની સાથે એને મેળવે છે. નિગોદથી માંડીને સિદ્ધ પર્યંત જેટલા આત્મા છે તે બધા નિશ્ચયદૃષ્ટિથી જુઓ તો તે બધા વસ્તુસ્વભાવથી કદી ચ્યુત થયા નથી. પર્યાયને ગૌણ કરો તો તે જીવોને સંસાર-મોક્ષ નથી.

સહજ પરમ પારિણામિકભાવની વિવક્ષાથી નિશ્ચય ધ્રુવ એકરૂપ સ્વભાવ આત્માનો છે. વિકારી દશા, અપૂર્ણ દશા કે પૂર્ણ અવિકારી દશા પર્યાયમાં છે, એને ગૌણ કરીને જુઓ તો ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ નિત્ય નિગોદ કે અનિત્ય નિગોદથી માંડીને સિદ્ધક્ષેત્ર પર્યંત રહેલા જીવો પોતાના સ્વરૂપથી કદી ખસ્યા નથી.

બધા આત્માઓ સ્વભાવદૃષ્ટિએ પરમ પારિણામિકભાવનો આશ્રય કરનારા છે. પર્યાયની અપેક્ષાએ પરનો આશ્રય કરનાર કહેવાય છે પણ અહીં તો એકરૂપ રહેવાવાળા ભાવની અપેક્ષાએ નિગોદ કે અભવી કોઈ જીવ પોતાના ત્રિકાળ સ્વભાવથી કદી ખસ્યા જ નથી. નિશ્ચયનયની અપેક્ષાએ પોતાના સ્વરૂપથી અચ્યુત છે, ચ્યુત થવું કે મુક્તિ થવી તે તો પર્યાય અપેક્ષાએ છે. ને તે વ્યવહારનયનો વિષય છે.

જેમ સોનુ તો એકરૂપ છે, કુંડળ, કડું આદિ અવસ્થા છે તેને ગૌણ કરીએ તો સોનુ તે સોનુ જ છે. સોનુ પોતાના સ્વભાવથી ખસ્યું નથી તેમ વર્તમાન પર્યાયને ગૌણ કરો તો આત્મા પોતાના સ્વભાવથી ખસ્યો નથી. અભવી પણ સિદ્ધસ્વરૂપે ત્રિકાળ છે. બધા જીવો ભગવાન પરમાત્મા છે, પર્યાયને ગૌણ કરો તો અનાદિ અનંત ચિદાનંદ પ્રભુ છે. આ સમ્યગ્દર્શનનો વિષય છે. આવો વસ્તુનો સ્વભાવ છે તેને સમજ્યા વિના ક્રિયાકાંડ કર્યા કરે તો તેને ધર્મનો કોઈ લાભ થતો નથી. કોઈ માણસ નિર્ધનમાંથી સધન થાય અને સધનમાંથી નિર્ધન થાય તો પણ માણસ ફીટીને ઢોર થતો નથી. તેમ આત્મા સંસારદશારૂપે થાય કે મોક્ષરૂપે થાય પણ જીવ બદલી જતો નથી. જેમ માણસ મનુષ્યપણાથી ચ્યુત થયો નથી તેમ આત્મા નિગોદમાં હોય કે સિદ્ધમાં પણ એવો ને એવો જ છે, સ્વભાવથી ચ્યુત થયો નથી. સ્વરૂપથી ચ્યુત થાય તો વસ્તુનો અભાવ થાય.

અહીં ટીકાકાર મુનિરાજ પરમાણુને આત્મા સાથે મેળવીને કહે છે કે પંચમભાવની અપેક્ષાએ પરમાણુદ્રવ્યનો પરમ સ્વભાવ હોવાથી પરમાણુ પોતે જ પોતાની પરિણતિનો આદિ છે, પોતે જ પોતાની પરિણતિનું મધ્ય છે અને પોતે જ પોતાનો અંત પણ છે. એટલે આદિમાં પણ પોતે જ, મધ્યમાં પણ પોતે જ અને અંતમાં પણ પરમાણુ પોતે જ છે. ક્યારેય નિજ સ્વરૂપથી ચ્યુત નથી. વસ્તુ પોતે આદિ, મધ્ય અને અંતમાં રહે છે. પરિણતિ એટલે અહીં પર્યાયનું વર્ણન નથી પણ આદિ, મધ્ય અને અંત એવા ત્રણ પ્રકાર બતાવવા પરિણતિ કહેલ છે. પણ દ્રવ્યની વાત છે.



પરમાણુ આવો હોવાથી, તે ઇન્દ્રિયજ્ઞાન ગોચર નથી. વળી તે પવન, અગ્નિ ઈત્યાદિ વડે નાશ પામતો નથી અને અવિભાગી છે તેને હે શિષ્ય ! તું પરમાણુ જાણ. રાગથી કે પરથી જ્ઞાન થતું નથી પણ સ્વસંવેદન જ્ઞાન છે તેનાથી પરમાણુ આવો છે એમ તું જાણ. પરમાણુ દ્રવ્યે, ગુણે અને પર્યાયે આવા સ્વભાવવાળો છે. છ યે દ્રવ્યો પરમ સ્વભાવી છે એમ સ્વભાવનું વર્ણન કરીને આત્મા જાણનાર-દેખનાર છે એમ કહે છે.

હવે ગાથા ૨૬ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

### શ્લોક ૪૦

(अनुष्टुभ्)

**अप्यात्मनि स्थितिं बुद्‌ध्वा पुद्गलस्य जडात्मनः।**
**सिद्धास्ते किं न तिष्ठंति स्वस्वरूपे चिदात्मनि ॥ ४० ॥**

**શ્લોકાર્થ** :- જડાત્મક પુદ્‌ગલની સ્થિતિ પોતામાં (-પુદ્‌ગલમાં જ) જાણીને (અર્થાત્ જડસ્વરૂપ પુદ્‌ગલો પુદ્‌ગલના નિજ સ્વરૂપમાં જ રહે છે એમ જાણીને), તે સિદ્ધભગવંતો પોતાના ચૈતન્યાત્મક સ્વરૂપમાં કેમ ન રહે ? (જરૂર રહે.) ॥ ૪૦ ॥

જડ જડમાં છે, આત્મામાં જડ નથી. તું તો આત્મા ચિદાનંદ છો, તારામાં કર્મ નથી અને કર્મમાં તું નથી. કર્મથી તું રખડ્યો નથી પણ પોતાની ભૂલથી રખડ્યો છે અને તે ભૂલ એક સમયની છે, એને ગૌણ કરીને ત્રિકાળ સ્વભાવ જુઓ તો આત્મા કદી રખડ્યો જ નથી એમ જાણીને સિદ્ધ ભગવંતો પોતાના સ્વરૂપમાં જ રહે છે.

જડનો ગુણ-પર્યાય આત્મામાં આવતો નથી. કર્મ કર્મની પર્યાયમાં રહે છે તો આત્મા પોતાની જ્ઞાનની પર્યાય પોતા તરફ વાળીને કેમ ન રહે ? પોતાની પર્યાય પોતા તરફ વાળીને જ રહે. પુદ્‌ગલ પુદ્‌ગલમાં છે એમ જાણી પુદ્‌ગલનું લક્ષ નથી કરતો તે પોતાનામાં જ રહે છે અને સિદ્ધ ભગવંતો તો પૂર્ણ થઈ ગયા છે તેથી તે પણ પોતાના સ્વરૂપમાં જ રહે છે.

આ આત્મા સિદ્ધ સ્વરૂપ પ્રગટ કરીને પોતાનામાં જ કેમ ન રહે ? જડ જડમાં છે તો પછી મારે એની સાથે શું કામ છે ? જડ જડમાં છે અને એ મને નડતા નથી તો પછી મને નડે છે એમ માનવું મને કેમ પાલવે ? એટલે એનું લક્ષ કરવું મને પાલવતું નથી. એમ કહીને મુનિ પોતાના સ્વભાવનો મહિમા કરે છે અને કહે છે કે અમે અમારામાં વિચરશું, પરની સાથે અમારે સંબંધ નથી. અહો ! જ્યારે જડ જડમાં રહે છે તો પછી મારા જ્ઞાનાનંદ સ્વભાવમાં હું રહું તો એમાં નવાઈ નથી. હું ચૈતન્યચમત્કારની ક્રિયા વડે મારામાં રહીને સિદ્ધ થઈશ.

હવે પુદ્ગલનું વિશેષ કથન કરે છે.

**ગાથા ૨૭**

**एयरसरूवगंधं दोफासं तं हवे सहावगुणं।**
**विहावगुणमिदि भणिदं जिणसमये सव्वपयडत्तं॥ २७॥**

**બે સ્પર્શ, રસ-રૂપ-ગંધ એક, સ્વભાવગુણમય તેહ છે;**
**જિનસમયમાંહી વિભાવગુણ સર્વાક્ષપ્રગટ કહેલ છે. ૨૭.**

**અન્વયાર્થ :-** જે એક રસવાળું. એક વર્ણવાળું, એક ગંધવાળું અને બે સ્પર્શવાળું હોય, તે સ્વભાવગુણવાળું છે; વિભાવગુણવાળાને જિનસમયમાં સર્વ પ્રગટ (સર્વ ઇન્દ્રિયોથી ગ્રાહ્ય) કહેલ છે.

**ટીકા :-** આ સ્વભાવપુદ્ગલના સ્વરૂપનું કથન છે.

તીખો, કડવો, કષાયેલો, ખાટો અને મીઠો એ પાંચ રસોમાંનો એક રસ; ધોળો, પીળો, લીલો, રાતો અને કાળો એ (પાંચ) વર્ણોમાંનો એક વર્ણ; સુગંધ અને દુર્ગંધમાંની એક ગંધ; કઠોર, કોમળ, ભારે, હળવો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ(ચીકણો) અને રૂક્ષ(લૂખો) એ આઠ સ્પર્શોમાંથી છેલ્લા ચાર સ્પર્શોમાંના અવિરૂદ્ધ બે સ્પર્શ; આ, જિનોના મતમાં, પરમાણુના સ્વભાવગુણો છે. વિભાવપુદ્ગલ વિભાવગુણાત્મક હોય છે. આ દ્વિ-આણુકાદિસ્કંધરૂપ વિભાવપુદ્ગલના વિભાવગુણો સકળ ઇન્દ્રિય-સમૂહ વડે ગ્રાહ્ય(જાણવા યોગ્ય) છે. આમ(આ ગાથાનો) અર્થ છે.

શ્રી પંચાસ્તિકાયમાં શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવે ગાથા ૮૧માં કહેલ છે :-

**एयरसवण्णगंधं दोफासं सद्दकारणमसद्दं।**
**खंधंतरिदं दव्वं परमाणु तं वियाणाहि॥**

**ગાથાર્થ :-** એક રસવાળો, એક વર્ણવાળો, એક ગંધવાળો અને બે સ્પર્શવાળો તે પરમાણુ શબ્દનું કારણ છે, અશબ્દ છે અને સ્કંધની અંદર હોય તો પણ દ્રવ્ય છે(અર્થાત્ સદાય સર્વથી ભિન્ન શુદ્ધ એક દ્રવ્ય છે).

વળી માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(अनुष्टुभ)

**वसुधान्त्यचतुःस्पर्शेषु चिन्त्यं स्पर्शनद्वयम्।**
**वर्णो गन्धो रसश्चैकः परमाणोः न चेतरे॥**



**શ્લોકાર્થ :-** પરમાણુને આઠ પ્રકારના સ્પર્શોમાંથી છેલ્લા ચાર સ્પર્શોમાંના બે સ્પર્શ, એક વર્ણ, એક ગંધ અને એક રસ સમજવાં, અન્ય નહિ.

હવે ગાથા ૨૭ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે અને ભવ્યજનોને શુદ્ધ આત્માની ભાવનાનો ઉપદેશ કરે છે.

**શ્લોક ૪૧**

(मालिनी)

**अथ सति परमाणोरेकवर्णादिभास्व-**
**न्निजगुणनिचयेऽस्मिन् नास्ति मे कार्यसिद्धिः।**
**इति निजहृदि मत्त्वा शुद्धमात्मानमेकम्**
**परमसुखपदार्थी भावयेद्भव्यलोकः॥ ४१॥**

**શ્લોકાર્થ :-** ભવ્ય જીવ કે જે આત્માનો અર્થી છે તે સમજે છે કે જો પરમાણુ એક વર્ણાદિરૂપ જાણાતા નિજગુણસમૂહમાં છે, તો તેમાં મારી (કાંઈ) કાર્યસિદ્ધિ નથી. (અર્થાત્ પરમાણુ તો એક વર્ણ, એક ગંધ વગેરે પોતાના ગુણોમાં જ છે, તો પછી તેમાં મારું કાંઈ કાર્ય સિદ્ધ થતું નથી); -આમ નિજ હૃદયમાં માનીને પરમ સુખપદનો અર્થી ભવ્યસમૂહ શુદ્ધ આત્માને એકને ભાવે. ॥૪૧॥

અહો ! ધર્મી જીવ માને છે કે જ્ઞાનાનંદ તે જ મારું સ્વરૂપ છે. પરમાણુ પોતાના ગુણ કાર્યમાં રહે છે તેથી એમાં મારી કાર્યસિદ્ધિ નથી. જડ જડની શક્તિવાળું છે, તે તેના સ્વભાવમાં રહે છે, તો હું મારા સ્વભાવમાં રહું. આવી ધર્મીની દૃષ્ટિ હોય છે. ભવ્ય જીવ પોતાના આત્માને ધ્યાવે છે. આમ નિજ હૃદયમાં માનીને પરમ સુખપદનો અર્થી ભવ્ય સમૂહ શુદ્ધ આત્માને એકને ભાવે. અહીં તો ભવ્યના ટોળાં આ શુદ્ધ આત્માને ભાવે છે એમ કહેલ છે.

મારું સુખ પરમાં નથી, દયાદાનાદિ શુભભાવમાં પણ મારું સુખ નથી. મારું સુખ તો ત્રિકાળ ધ્રુવ ચિદાનંદમાં છે. એવા સુખનો અર્થી જ્ઞાનાનંદ એકની જ ભાવના ભાવે છે તે મોક્ષનો માર્ગ છે. વ્યવહાર તો આસ્રવ છે એની ભાવના નથી, નિમિત્તની ભાવના નથી. વિકલ્પ ઊઠે પણ એનો જાણનાર રહે છે. જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય તે મોક્ષમાર્ગ છે. આમ જે કહે તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. આથી વિરૂદ્ધ કહે તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી. વ્યવહારથી કે નિમિત્તની ભાવનાથી મોક્ષમાર્ગ કહે તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નથી એમ જાણીને ભવ્ય જીવો પોતાના શુદ્ધ સ્વભાવને ભાવે છે.

**ચૈત્ર વદ ૭, બુધવાર, ૧૬-૪-૫૨.**

અહીં પુદ્ગલ પરમાણુની વ્યાખ્યા છે. આ શરીર છે તેનો છેલ્લો અંશ તે પરમાણુ છે તે અજીવ છે. અને જીવ તેનાથી ભિન્ન છે. તે બન્નેનું પરિણમન એકબીજાની અપેક્ષા રાખ્યા વિના થાય છે. તેથી પોતાનો સ્વભાવ નિરપેક્ષ પર્યાયપણે થવાનો છે એમ સિદ્ધ થાય છે. તે હવે ગાથામાં કહે છે.

**ગાથા ૨૮**

**अण्णणिरावेक्खो जो परिणामो सो सहावपज्जाओ।**
**खंधसरूवेण पुणो परिणामो सो विहावपज्जाओ॥ २८॥**

**પરિણામ પરનિરપેક્ષ તેહ સ્વભાવપર્યય જાણવો;**
**પરિણામ સ્કંધસ્વરૂપ તેહ વિભાવપર્યય જાણવો. ૨૮**

**અન્વયાર્થ** : અન્યનિરપેક્ષ (અન્યની અપેક્ષા વિનાનો) જે પરિણામ તે સ્વભાવપર્યાય છે. અને સ્કંધરૂપે પરિણામ તે વિભાવપર્યાય છે.

અહીં એમ કહે છે કે જડને પરિણામ હોય છે, જડને પણ ભાવ હોય છે. જીવને જ ભાવ હોય એમ નથી. પરિણામ, ભાવ એટલે વર્તમાન અવસ્થા છે. બીજાની અપેક્ષા વિનાના પરિણામને ભગવાન સ્વભાવપરિણામ કહે છે. ઘણા પરમાણુનો જથ્થો તે પુદ્ગલના વિભાવપરિણામ છે. આ પુદ્ગલના પરિણામનો જાણનાર-દેખનાર આત્મા છે પણ તેનો કર્તા નથી. હું તો મારી સ્વભાવપર્યાયનો ધરનાર છું એમ જ્ઞાન કરવું તે ધર્મ છે.

**ટીકા** :- આ પુદ્ગલપર્યાયના સ્વરૂપનું કથન છે.

પરમાણુપર્યાય પુદ્ગલનો શુદ્ધ પર્યાય છે કે જે પરમ પારિણામિકભાવસ્વરૂપ છે. એક રજકણની અવસ્થાને શુદ્ધ પર્યાય કહે છે. તે તેનો સ્વભાવભાવ છે. અને તે પર્યાય વસ્તુમાં થતી છ પ્રકારની હાનિવૃદ્ધિરૂપ છે, અતિ સૂક્ષ્મ છે અને અર્થપર્યાયાત્મક છે. વળી તે સાદિ-સાંત હોવા છતાં પરદ્રવ્યથી નિરપેક્ષ હોવાને લીધે શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયાત્મક છે અથવા એક સમયમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક હોવાથી સૂક્ષ્મ ૠજુસૂત્રનયાત્મક છે.

પુદ્ગલની શુદ્ધ પર્યાયમાં પણ પરની અપેક્ષા નથી. તો પછી આત્મા ચિદાનંદ છે એની શુદ્ધ પર્યાયને પરની અપેક્ષા હોય તેમ માનવું તે અજ્ઞાન છે. જડની અવસ્થા માટે પરની અપેક્ષા નથી, તો પછી આત્માની અવસ્થા માટે પણ પરની અપેક્ષા હોતી નથી. પરનો આશ્રય કે પરનું અવલંબન ચિદાનંદને નથી. એક પરમાણુની પર્યાય હોવાથી શુદ્ધ છે, પોતાનો પર્યાય છે માટે સદ્ભૂત અને



પર્યાયનો ભેદ પડ્યો માટે વ્યવહાર છે - એ રીતે શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયથી શુદ્ધ પર્યાય છે.

તે જ શુદ્ધ પર્યાય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ ૠજુસૂત્રનયની અપેક્ષાએ છે. પરમાણુની પર્યાયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એવા ત્રણ ભેદ પડે છે એની એ પરમાણુને ખબર નથી. આત્મા એનો જાણનાર છે અને તે જાણે છે કે પુદ્ગલનો અંશ પોતાથી ટકી રહ્યો છે. તે એક સમયની પર્યાય છે માટે સૂક્ષ્મ છે અને વર્તમાન છે માટે ૠજુ છે. તેથી સૂક્ષ્મ ૠજુસૂત્રનયથી ત્રણ ભેદ પડે છે.

સ્કંધપર્યાય સ્વજાતીય બંધરૂપ લક્ષણથી લક્ષિત હોવાને લીધે અશુદ્ધ છે, ઘણા પરમાણુના જથ્થાની પર્યાયને અહીં મલિન અવસ્થા કહે છે. પૈસા, શરીર, કર્મ, મકાન વગેરે સ્કંધોની પર્યાય મલિન છે. કેમ કે તે વિભાવપર્યાય છે. બે પરમાણુથી માંડીને જેટલા પરમાણુના સ્કંધો છે તે બધા અશુદ્ધ છે, નિર્દોષ આહાર પણ સ્કંધ હોવાને લીધે અશુદ્ધ છે.

હવે ટીકાકાર મુનિરાજ ગાથા ૨૮ની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહે છે :-

**શ્લોક ૪૨**

(मालिनी)

**परपरिणतिदूरे शुद्धपर्यायरूपे**
**सति न च परमाणोः स्कन्धपर्यायशब्दः।**
**भगवति जिननाथे पंचबाणस्य वार्ता**
**न च भवति यथेयं सोऽपि नित्यं तथैव॥ ४२॥**

**શ્લોકાર્થ :-** (પરમાણુ) પરપરિણતિથી દૂર શુદ્ધપર્યાયરૂપ હોવાથી પરમાણુને સ્કંધપર્યાયરૂપ શબ્દ હોતો નથી; જેમ ભગવાન જિનનાથમાં કામદેવની વાર્તા હોતી નથી, તેમ પરમાણુ પણ સદા અશબ્દ જ હોય છે (અર્થાત્ પરમાણુને પણ કદી શબ્દ હોતો નથી). ॥ ૪૨ ॥

એક પરમાણુમાં શબ્દ હોતો નથી કેમ કે શબ્દ તો ઘણા પરમાણુનો પિંડ છે. શબ્દ તે આત્મા નથી કેમ કે આત્મા તો ચિદાનંદ છે. એનાથી શબ્દ ભિન્ન છે માટે આત્મા શબ્દનો કર્તા નથી.

ભગવાન સર્વજ્ઞ વીતરાગને પાંચ ઇન્દ્રિયોનો રાગ કે વિષય નથી. જેને પરમાત્મપદ પ્રાપ્ત થયું છે એવા જિનેશ્વરને કામદેવની વિષયવાસના હોતી નથી. એવી રીતે પરમાણુને શબ્દ હોતો નથી. જેમ પરમ વીતરાગદેવને કામદેવની ભાવના નથી તેમ એક પરમાણુમાં શબ્દનો ભાવ નથી.

### ગાથા ૨૯

**पोग्गलदव्वं उच्चइ परमाणू णिच्छएण इदरेण ।**
**पोग्गलदव्वो त्ति पुणो ववदेसो होदि खंधस्स ।। २९ ।।**

**પરમાણુને 'પુદ્‌ગલદરવ' વ્યપદેશ છે નિશ્ચય થકી;**
**ને સ્કંધને 'પુદ્‌ગલદરવ' વ્યપદેશ છે વ્યવહારથી. ૨૯.**

**અન્વયાર્થ :-** નિશ્ચયથી પરમાણુને 'પુદ્‌ગલદ્રવ્ય' કહેવાય છે અને વ્યવહારથી સ્કંધને 'પુદ્‌ગલદ્રવ્ય' એવું નામ હોય છે.

આ અધિકાર પૂર્ણ કરતાં ન્યાય આપે છે કે એક પરમાણુ છે તે ખરેખર પુદ્‌ગલદ્રવ્ય છે અને શરીર, કર્મ આદિ તે વ્યવહારપુદ્‌ગલ છે. સાચો પુદ્‌ગલ પરમાણુ છે અને સ્કંધ થાય અને વિખરાઈ જાય તે વ્યવહાર છે, તે મૂળ પુદ્‌ગલ નથી.

**ટીકા :-** આ પુદ્‌ગલદ્રવ્યના કથનનો ઉપસંહાર છે.

શુદ્ધ નિશ્ચયનયથી સ્વભાવશુદ્ધપર્યાયાત્મક પરમાણુને જ પુદ્‌ગલદ્રવ્ય એવું નામ હોય છે. અન્ય એવા વ્યવહારનયથી વિભાવપર્યાયાત્મક સ્કંધપુદ્‌ગલોને પુદ્‌ગલપણું ઉપચાર દ્વારા સિદ્ધ થાય છે. જેમ એક પરમાણુને જ ખરેખર પુદ્‌ગલ કહેવાય છે તેમ આત્મા ખરેખર પુણ્ય-પાપાદિ રહિત, નવ તત્ત્વોના વિકલ્પો રહિત, પરથી જુદો, જ્ઞાતા ચિદાનંદ એકસ્વરૂપ છે તેને જ જીવ કહે છે.

એક પરમાણુ નિશ્ચયપદાર્થ છે તેમ ધ્રુવ અંતઃતત્ત્વ છે તે જીવ છે. સંવર, નિર્જરા, પુણ્ય-પાપ આદિ તત્ત્વ ઔપચારિક આત્મતત્ત્વ છે. કેવળજ્ઞાનની પર્યાય તે પણ ઔપચારિક આત્મતત્ત્વ છે. નિશ્ચયનયથી ત્રિકાળ ધ્રુવ છે તે જ જીવતત્ત્વ છે. ત્રિકાળ ધ્રુવના આશ્રયે પ્રગટ થતી પરમાત્મદશા તે પણ વ્યવહારનો વિષય છે. રાગાદિક ઔદયિકભાવોને સ્વતત્ત્વ કહેલ છે. પણ તે ત્રિકાળ તત્ત્વની અપેક્ષાએ વ્યવહારથી જીવતત્ત્વ છે.

### શ્લોક ૪૩

(मालिनी)

**इति जिनपतिमार्गाद् बुद्धतत्त्वार्थजातः**
**त्यजतु परमशेषं चेतनाचेतनं च ।**
**भजतु परमतत्त्वं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तर्निर्विकल्पे समाधौ ।। ४३ ।।**



**શ્લોકાર્થ :-** એ રીતે જિનપતિના માર્ગ દ્વારા તત્ત્વાર્થસમૂહને જાણીને પર એવા સમસ્ત ચેતન અને અચેતનને ત્યાગો, અંતરંગમાં નિર્વિકલ્પ સમાધિને વિષે પરવિરહિત (પરથી રહિત) ચિત્ચમત્કારમાત્ર પરમતત્ત્વને ભજો. ।। ૪૩ ।।

જુઓ, અહીં એમ કહે છે કે ત્રિલોકનાથ વીતરાગ સિવાય બીજો કોઈ યથાર્થ મોક્ષમાર્ગનું સ્વરૂપ કહી શકે નહિ. એટલે ભગવાનના યથાર્થ માર્ગને ઓળખે તે એમ માને કે હું તો ચિદાનંદ છું, મારા માટે પરમાત્મા પણ પર છે એટલે દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ પણ છોડવા જેવું છે. તીર્થંકરના માર્ગમાં તત્ત્વનું યથાર્થ જ્ઞાન કરીને આત્માથી પર એવા ચેતન અને અચેતન પદાર્થો તરફનું લક્ષ છોડો એમ કહે છે. પરનું લક્ષ છોડો એ તો નાસ્તિનું કથન છે. ખરેખર તો પોતાના ચૈતન્યચમત્કારને ભજો તે અસ્તિ છે.

વીતરાગ માર્ગમાં રાગ કે પુણ્ય નથી. માટે વીતરાગને જાણવા માગતો હોય તેને રાગનો આદર હોવો જોઈએ નહિ. કેવળજ્ઞાની તીર્થંકર ભગવાનનો રાગ પણ મને હિતકર નથી કેમ કે તે મારે માટે અદ્રવ્ય છે. મને તો મારું દ્રવ્ય હિતકર છે. પ્રથમ તો આત્મા સિવાય બીજા બધા જડ-ચેતન પદાર્થોને દૃષ્ટિમાંથી છોડો. કોઈ ચેતન અચેતન પદાર્થથી મને લાભ કે નુકસાન નથી. આ આત્મા મારો ચૈતન્યપ્રભુ છે, તે કોઈ બીજાની પ્રભુતાથી ખીલે એવો નથી. પરના આશ્રયે તો રાગ થાય છે, સ્વના આશ્રયે રાગ થતો નથી માટે પરનું લક્ષ છોડવું અને સ્વનું લક્ષ કરવું.

આત્મા જ્ઞાનની મૂર્તિ છે, તે ચિત્ચમત્કાર છે. રાગ થાય છે તે ચમત્કાર નથી. માટે આત્મા સિવાય પરને પ્રથમ શ્રદ્ધામાં છોડો. શુભભાવ હોય ત્યારે પ્રતિમા તરફનું લક્ષ જાય છે પણ તે અચેતન તેમજ ચેતનથી આત્માને લાભ થતો નથી એમ પ્રથમ શ્રદ્ધા કરો. પ્રતિમા આદિનો શુભભાવ થાય છે એને જાણે જ નહિ અને નિષેધ કરે તો તે મૂઢતા છે. તત્ત્વાર્થને જાણતાં દરેકને પૃથક છે તેમ જાણે. અજીવ આદિ પરનો વિકલ્પ છોડી આત્માનો આશ્રય કરવો. મારું સ્વરૂપ તો અપ્રમાદી છે, રાગાદિ તો પ્રમાદદશા છે. માટે તેનું લક્ષ છોડી એકલા જીવતત્ત્વનું અવલંબન કરવું.

### શ્લોક ૪૪

(अनुष्टुभ्)

**पुद्गलोऽचेतनो जीवश्चेतनश्चेति कल्पना ।**
**साऽपि प्राथमिकानां स्यान्न स्यान्निष्पन्नयोगिनाम् ।। ४४ ।।**

**શ્લોકાર્થ :-** પુદ્‌ગલ અચેતન છે અને જીવ ચેતન છે એવી જે કલ્પના તે પણ પ્રાથમિકોને (પ્રથમ ભૂમિકાવાળાઓને) હોય છે, નિષ્પન્ન યોગીઓને હોતી નથી (અર્થાત્ જેમને યોગ પરિપક્વ થયો છે તેમને તે કલ્પના હોતી નથી). ।। ૪૪ ।।

શરીર, કર્મ વગેરે અચેતન છે અને આત્મા ચેતન છે એવો વિકલ્પ શરૂઆતવાળાને હોય છે. સ્વરૂપસ્થિતને એવી કલ્પના હોતી નથી. સમ્યગ્દષ્ટિઓને આત્માનું ભાન હોય છે પણ હજુ પૂર્ણ ઠર્યા નથી તેથી તેને ચેતન-અચેતનાદિનો રાગ હોય છે પણ જે સ્વરૂપમાં એકાગ્ર થાય છે એને એવો રાગ હોતો નથી. છઠ્ઠા ગુણસ્થાન સુધી વિકલ્પો હોય છે, સાતમા ગુણસ્થાને સ્વરૂપમાં લીન મુનિને એવી કલ્પના હોતી નથી.

### શ્લોક ૪૫

(उपेन्द्रवज्रा)

**अचेतने पुद्गलकायकेऽस्मिन्**
**सचेतने वा परमात्मतत्त्वे।**
**न रोषभावो न च रागभावो**
**भवेदियं शुद्धदशा यतीनाम्॥ ४५॥**

**શ્લોકાર્થ :-** (શુદ્ધ દશાવાળા યતિઓને) આ અચેતન પુદ્ગલકાયમાં દ્વેષભાવ હોતો નથી કે સચેતન પરમાત્મતત્ત્વમાં રાગભાવ હોતો નથી; -આવી શુદ્ધ દશા યતિઓની હોય છે. ॥ ૪૫ ॥

મુનિઓ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હોય છે. તેઓ જંગલમાં વસનારા વીતરાગમાર્ગમાં રહેલા છે, તેમને શુદ્ધ દશા સાતમા ગુણસ્થાને હોય છે, ને બહારમાં નગ્નપણું હોય છે. તે મુનિને શરીરાદિ પરપદાર્થો ઉપર દ્વેષભાવ નથી. શરીર તે હું નહિ -એવો ભાવ તે દ્વેષભાવ છે એ ભાવ પણ સાતમે ગુણસ્થાને મુનિને નથી અને પરમાત્મા પ્રત્યેનો શુભ રાગ પણ સાતમે ગુણસ્થાને નથી. રાગ અને દ્વેષ અસ્થિરતાને કારણે છઠ્ઠે ગુણસ્થાને હોય છે. આત્મા છે તેનો પ્રેમ કરવા જેવો છે અને જડ છે તે છોડવા જેવો છે એ રાગદ્વેષ છે. એવો વિકલ્પ સાતમે ગુણસ્થાને હોતો નથી. અજીવનું જ્ઞાન કરીન અજીવને છોડું અને આત્મામાં ઠરું એવા પ્રકારનો રાગદ્વેષ પણ હોતા નથી ત્યારે વીતરાગી શુદ્ધ દશા થાય છે.



**ચૈત્ર વદ ૯, શુક્રવાર, ૧૮-૪-૫૨.**

આ અજીવ અધિકારમાં પુદ્ગલદ્રવ્યની વ્યાખ્યા થઈ ગઈ. હવે ગાથા ૩૦માં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયની વાત કરે છે. એ ત્રણે દ્રવ્યો સ્વતંત્ર છે અને તેનું કાર્ય સ્વતંત્રપણે વ્યવસ્થિત રીતે થાય છે, પણ એ દ્રવ્યોને તેની ખબર નથી. તે બીજા દ્રવ્યોને નિમિત્તે થાય છે એવો એનો સ્વભાવ છે તેની પણ તેને ખબર નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે બધાને જાણવાનું કામ કરે છે.

આત્મા જાણનાર-દેખનાર છે, તે કોઈ પણ પરમાણુને આઘોપાછો કરે એવો તેનો સ્વભાવ નથી. જેને સ્વજ્ઞાનથી ખબર પડી કે પુદ્ગલાદિનો આવો સ્વભાવ છે તેને પોતાના સ્વભાવની ખબર પડ્યા વિના રહે નહિ. તે જાણે છે કે મારો સ્વભાવ જાણવા-દેખવાનો છે. રાગ અને પર તે હું નહિ, જ્ઞાનને જ્ઞાનમાં રહીને રાગ અને ધર્માદિ દ્રવ્યોને જાણે છે તે જ ધર્મનું કાર્ય છે. આમ જ્ઞાતા-દૃષ્ટાપણે ન રહે તે વસ્તુની સ્થિતિને જાણતો નથી.

### ગાથા ૩૦

**गमणणिमित्तं धम्ममधम्मं ठिदि जीवपोग्गलाणं च।**
**अवगहणं आयासं जीवादीसव्वदव्वाणं॥ ३०॥**

**જીવ-પુદ્ગલોને ગમન-સ્થાન નિમિત્ત ધર્મ-અધર્મ છે;**
**જીવાદિ સર્વ પદાર્થને અવગાહહેતુ આભ છે. ૩૦.**

**અન્વયાર્થ :-** ધર્મ જીવ-પુદ્ગલોને ગમનનું નિમિત્ત છે અને અધર્મ (તેમને) સ્થિતિનું નિમિત્ત છે. આકાશ જીવાદિ સર્વ દ્રવ્યોને અવગાહનનું નિમિત્ત છે.

અહીં ધર્મને જીવ-પુદ્ગલના ગમનમાં નિમિત્ત કહેલ છે. એટલે જે ગમન કરે તેને તે નિમિત્ત છે, પંચાસ્તિકાયમાં પુદ્ગલના સક્રિયપણામાં કાળને નિમિત્ત કહેલ છે કેમ કે પુદ્ગલને સદા સક્રિયપણું છે. જો કે ઘણા પુદ્ગલો અક્રિય પણ હોય છે પરંતુ પાછા સક્રિય થાય છે તેથી સર્વથા અક્રિયપણું પુદ્ગલને હોતું નથી એ બતાવવા સદા સક્રિયપણું પુદ્ગલને કહેલ છે. જો સદા સક્રિયપણું હોય તો ધર્મ અને અધર્મનું નિમિત્ત પણ કહેવાય નહિ. હવે પુદ્ગલના સક્રિયપણામાં કાળ નિમિત્ત છે તે વિશેષતા છે. સામાન્યપણે તો કાળ છ યે દ્રવ્યોમાં નિમિત્ત છે પણ આ પુદ્ગલદ્રવ્યને કાળ નિમિત્ત થાય છે તે વિશેષતા છે. પુદ્ગલનો સક્રિય સ્વભાવ છે એમ સાબિત થાય છે ને તેમાં કાળ નિમિત્ત છે. અહીં તો જીવ અને પુદ્ગલ બન્નેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે એમ કહે છે.

એ પ્રમાણે અધર્મદ્રવ્ય ગતિપૂર્વક સ્થિતિ કરતા જીવ અને પુદ્ગલોને નિમિત્ત છે. અને આકાશ

બધા દ્રવ્યોને અવગાહન આપવામાં નિમિત્ત છે. ધર્મ અને અધર્મ માત્ર જીવ-પુદ્‌ગલોને ગતિ-સ્થિતિમાં નિમિત્ત છે, બીજા દ્રવ્યને તે નિમિત્ત નથી. આ રીતે દરેક પદાર્થનો જુદો જુદો સ્વભાવ છે તે કહે છે. જીવનો જાણવાનો, પુદ્‌ગલનો સ્પર્શ-રસ-ગંધ-રંગનો, ધર્મનો ગતિહેતુત્વ, અધર્મનો સ્થિતિહેતુત્વ અને આકાશનો અવગાહનત્વનો સ્વભાવ છે.

**ટીકા** :- આ ધર્મ, અધર્મ, આકાશનું સંક્ષિપ્ત કથન છે.

આ ધર્માસ્તિકાય વાવના પાણીની માફક પોતે ગતિક્રિયા રહિત છે. દ્રષ્ટાંતમાં નદીના પાણીની માફક લીધું નથી કેમ કે નદીનું પાણી ચાલતું હોય છે અને વાવનું પાણી સ્થિર હોય છે તેમ ધર્માસ્તિકાય સ્થિર હોય છે, તે માછલાં ચાલે એને નિમિત્ત થાય છે. તેમ અહીં ચૌદમા ગુણસ્થાનવાળાને ઊર્ધ્વ ગતિમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે તે વાત કરે છે. તે સિદ્ધ ભગવાન કેવા છે?તેની વ્યાખ્યા કરે છે.

માત્ર (અ, ઇ, ઉ, ઋ, લૃ - એવા) પાંચ હ્રસ્વ એટલે ટૂંકા અક્ષરોના ઉચ્ચારણ જેટલી તેમની સ્થિતિ છે. આ ચૌદમા ગુણસ્થાનની વાત છે. જે સિદ્ધના સીમાડે રહેલો આત્મા છે તેને સ્વભાવગતિક્રિયા છે, એમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે. આત્માનું ભાન કરી અંતરલીનતાથી કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે એવા ચૌદમા ગુણસ્થાનવાળા જેઓ ''સિદ્ધ'' નામને યોગ્ય છે, જેઓ છ કાયના ક્રમથી વિમુક્ત છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એ છ કાયમાં અવતરવાનો ક્રમ સિદ્ધને નથી, તેમને સ્વભાવગતિક્રિયા છે.

વળી સિદ્ધ કેવા છે ? જેઓ મુક્તિરૂપી સુલોચનાના લોચનનો વિષય છે. અર્થાત્ જેમને મુક્તિરૂપી સુંદરી પ્રેમથી નિહાળે છે. આત્માના સ્વભાવની શક્તિમાંથી પૂર્ણ કેવળજ્ઞાનરૂપી પર્યાય પ્રગટી તે પરિણતિરૂપ સ્ત્રીનો વિરહ એક સમય પણ પડતો નથી. ત્રિકાળના અવલંબને જે પર્યાય પ્રગટી તે સિદ્ધને પ્રેમથી નિહાળે છે, અનાકુળતાનો પિંડ, સુખનો કંદ ને કુંડ તેને વારંવાર તે પર્યાય નિહાળે છે.

સિદ્ધ ત્રિલોકરૂપી શિખરીના શિખર છે. તે અયોગીકેવળી ત્રણ લોકરૂપ ડુંગરના શિખર છે. વળી એમણે સમસ્ત કલેશના ઘરરૂપ પંચવિધ સંસારને દૂર કર્યો છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવના પરાવર્તનરૂપ પાંચ પ્રકારનો સંસાર છે, તે ભગવાનને છૂટી ગયો છે. જડ પુદ્‌ગલાદિનો સંયોગ છે તે કલેશનું નિમિત્ત છે, તે ભગવાનને છૂટી ગયો છે.

સિદ્ધ ભગવાનને હવે કોઈ ક્ષેત્રમાં રખડવાનું રહ્યું નથી. નર, નરકાદિ ચાર ગતિના ભવથી ભગવાન દૂર થયા છે કેમ કે એ બધા કલેશના નિમિત્તો છે. શુભાશુભ પરિણતિ પણ કલેશનું કારણ છે. માટે તે કલેશ ભગવાને દૂર કર્યો છે. ચિદાનંદ છું એના અવલંબને પંચ પ્રકારના કલેશો છૂટી ગયા છે. ઈન્દ્રનો ભવ, પરમ ઔદારિક શરીર, સર્વાર્થસિદ્ધિનો ભવ તે બધા કલેશના નિમિત્તો છે. અહીં તો



કહે છે કે તીર્થંકરનો અવતાર પણ કલેશનું નિમિત્ત છે. કલેશરૂપ સંસારના ઘરને સિદ્ધોએ દૂર કરેલ છે એટલે કે સ્વભાવનું અવલંબન લેતાં કલેશો દૂર થયા છે. પંચ પરાવર્તનનો ભાવ મારો સ્વભાવ નથી એવો નિર્ણય કરી, સ્વભાવમાં લીન થયા તેથી કલેશો દૂર થયા છે -એમ કહે છે.

શાસ્ત્રમાં લખાણ અનેક પ્રકારે આવે પણ એનો અર્થ સમજવો જોઈએ. અહીં લખાણ છે કે કલેશોને દૂર કર્યા છે. ખરેખર તો આત્મા તેને દૂર કરતો નથી પણ સ્વભાવની લીનતા થતાં કલેશોની ઉત્પત્તિ થતી નથી એવો તેનો અર્થ છે. લખાણના ભાવ ન સમજે તો ''ભાના કાગળ'' જેવું થાય. છોકરો ઘણા વર્ષ થયા પરદેશમાં ગયો હતો, તેના બાપે કાગળ લખ્યો કે ''તારી સ્ત્રી ધણી-ધોરી વગરની થઈ છે, એકલી રહે છે, માટે તું જલ્દી આવજે''. આ લખાણના અર્થને તે સમજ્યો નહિ અને મારી સ્ત્રી ધણી વગરની થઈ ગઈ એટલે કે તે રાંડી છે -એવો તેણે અર્થ કર્યો. પણ હું બેઠા મારી સ્ત્રી રાંડે નહિ એમ સમજવું જોઈએ. એવી રીતે શાસ્ત્રમાં લખાણ આવે કે જ્ઞાનાવરણીયકર્મથી જ્ઞાન રોકાય, તો એનો અર્થ એવો છે કે આત્મા બેઠો છે અને એની પર્યાય બીજો કોઈ રોકે એમ બને નહિ. પરના કારણે રોકાય એમ માને તે પોતે બેઠા છતાં પોતાની સ્ત્રી રાંડે એના જેવી વાત છે. એમ અહીં કલેશ દૂર કર્યો છે એનો અર્થ સ્વભાવના અવલંબને કલેશ દૂર થઈ જાય છે -એવો સમજવો. આત્મા પરને દૂર કરે એમ બનતું નથી. જો પરના ગ્રહણ-ત્યાગ આત્મા કરે તો ગ્રહણ-ત્યાગ ચાલુ રહે, કોઈ દિવસ તે ગ્રહણ-ત્યાગ વિના રહે નહિ. પણ પરના ગ્રહણ-ત્યાગ હું કરી શકું છું એવી માન્યતા હતી તે સ્વભાવના અવલંબને છૂટી જાય છે ત્યારે કલેશ દૂર થાય છે, સિદ્ધને સમસ્ત કલેશો દૂર થયા છે.

વળી અયોગી કેવળી પંચમગતિના સીમાડે છે. એમને સ્વભાવગતિક્રિયારૂપે પરિણમતા સ્વભાવ-ગતિક્રિયાનો હેતુ ધર્મદ્રવ્ય છે. સ્વભાવગતિક્રિયા પહેલે સમયે થાય છે એમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે. હવે વિભાવગતિક્રિયામાં પણ ધર્મદ્રવ્ય નિમિત્ત છે તે કહે છે.

છ કાયના ક્રમથી યુક્ત એવા સંસારીઓને તે ધર્મ વિભાવગતિક્રિયાનો હેતુ છે. પહેલાં જીવની સ્વભાવગતિક્રિયામાં હેતુ ધર્મ છે એમ કહ્યું. વળી વિભાવગતિક્રિયામાં પણ ધર્મદ્રવ્ય નિમિત્ત છે પણ એની ધર્મદ્રવ્યને ખબર નથી. એની ખબર કરનારો આત્મા છે. તે આત્માનું ચિદાનંદ સ્વરૂપ છે એને ઓળખ્યા વિના ગમન કરવામાં અને સ્થિર થવામાં પરનું કારણ માની અજ્ઞાની પરાધીનતા શોધ્યા કરે છે. પણ આત્માનો જાણવા-દેખવાનો સ્વભાવ સ્વતંત્ર છે એને જાણતો નથી. તે ધર્મ અમૂર્ત, આઠ સ્પર્શો રહિત, તેમ જ પાંચ વર્ણ, પાંચ રસ અને બે ગંધ વિનાનો, અગુરુલઘુત્વાદિ ગુણોના આધારભૂત, લોકમાત્ર આકારવાળો અખંડ એક પદાર્થ છે. ''સહભાવી ગુણો છે અને ક્રમવર્તી પર્યાયો છે'' એવું શાસ્ત્રનું વચન હોવાથી ગતિના હેતુભૂત આ ધર્મદ્રવ્યને શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયો હોય છે.

હવે અધર્મદ્રવ્યની વાત કરે છે. અધર્મદ્રવ્યનો વિશેષગુણ સ્થિતિહેતુત્વ છે. આ અધર્મદ્રવ્યના બાકીના ગુણ-પર્યાયો તે ધર્માસ્તિકાયના બાકીના સર્વ ગુણ-પર્યાયો જેવા હોય છે. જુઓ, ધર્માસ્તિકાયના બીજા ગુણો જેવા આના ગુણો છે એમ ન કહેતાં અધર્માસ્તિકાયના ગુણો જેવા ધર્માસ્તિકાયના બીજા ગુણો છે એમ કહેલ છે. એનું કારણ એ છે કે સ્થિતિહેતુત્વ વિશેષગુણ છે, એ દ્વારા જુદાપણું ખ્યાલમાં આવે છે પણ બીજા ગુણોથી જુદાપણું જણાશે નહિ.

આકાશનો અવકાશદાનરૂપ લક્ષણ જ વિશેષગુણ છે. ધર્મ અને અધર્મના બાકીના ગુણો આકાશના બાકીના ગુણો જેવા પણ છે. આકાશના એક અવકાશદાન ગુણ સિવાય બીજા ગુણોમાં ફેર નથી, એ બતાવવા આ કથન કરવામાં આવ્યું છે કે આ ગુણ સિવાય બીજા ગુણો જેવા ધર્મ-અધર્મના ગુણો છે, એમાં ફેર નથી. માટે અવકાશગુણથી આકાશદ્રવ્ય બીજા દ્રવ્યથી જુદું પડે છે, એ સિવાય બીજાથી જુદું પડતું નથી. આ પ્રમાણે આ ગાથાનો અર્થ છે.

અહીં એમ ખ્યાલમાં રાખવું કે લોકાકાશ, ધર્મ અને અધર્મ સરખા પ્રમાણવાળા હોવાથી કાંઈ અલોકાકાશને ટૂંકાપણું - નાનાપણું નથી. અલોકાકાશ તો અનંત છે. ધર્મ અને અધર્મદ્રવ્ય અખંડ છે એના અસંખ્ય પ્રદેશો છે. એટલા લોકાકાશના પ્રદેશો છે તેથી આખું અખંડ અનંતપ્રદેશી આકાશદ્રવ્ય છે તે નાનું થઈ જતું નથી પણ આકાશનું અનંતપણું છે. વિશેષ ગુણ દ્વારા દ્રવ્ય જુદું પડી શકે છે. સામાન્ય ગુણો તો બધા સરખા છે. બીજા ગુણોની વિશેષતા નથી એમ સમજી આત્માની રુચિ કરી તેનું અવલંબન કર.

**શ્લોક ૪૬**

(मालिनी)

**इह गमननिमित्तं यत्स्थितेः कारणं वा**
**यदपरमखिलानां स्थानदानप्रवीणम्।**
**तदखिलमवलोक्य द्रव्यरूपेण सम्यक्**
**प्रविशतु निजतत्त्वं सर्वदा भव्यलोकः ॥ ४६ ॥**

**શ્લોકાર્થ :-** અહીં એમ આશય છે કે -જે (દ્રવ્ય) ગમનનું નિમિત્ત છે, જે (દ્રવ્ય) સ્થિતિનું કારણ છે, વળી બીજું જે (દ્રવ્ય) સર્વને સ્થાન દેવામાં પ્રવીણ છે, તે બધાને સમ્યક્ દ્રવ્યરૂપે અવલોકીને (-યથાર્થપણે સ્વતંત્ર દ્રવ્યો તરીકે સમજીને) ભવ્યસમૂહ સર્વદા નિજ તત્ત્વમાં પ્રવેશો. ॥ ૪૬ ॥

જીવ તથા પુદ્ગલો પોતે પોતાને કારણ ગમન કરે છે, એમાં નિમિત્તકારણ ધર્મદ્રવ્ય છે. અધર્મદ્રવ્ય તેમને સ્થિતિમાં નિમિત્તકારણ છે અને આકાશદ્રવ્ય જગ્યા આપવામાં પ્રવીણ છે. બધા દ્રવ્યો રહે છે તે પોતાનું મૂળકારણ છે એમાં નિમિત્ત આકાશદ્રવ્ય છે. આકાશદ્રવ્ય પ્રવીણ છે એમ આત્મા પોતે



જ્ઞાતા-દૃષ્ટા છે એમ સમજે તો તે પ્રવીણ છે. આ રીતે ઉપાદાન દ્રવ્ય પોતે છે તો નિમિત્ત બીજી ચીજ સ્વતંત્ર છે એમ સિદ્ધ થાય છે. નિશ્ચય આ છે તો વ્યવહાર બીજું છે એમ સિદ્ધ થાય છે એમ સમજીને પોતાનામાં સર્વદા રહો ! ધર્માસ્તિઆદિ દ્રવ્યો છે તે હું નહિ, એ જગતના પદાર્થો છે. તે સ્વતંત્ર છે એવું જ્ઞાન કર અને અચિંત્ય જ્ઞાનાનંદ સ્વભાવની શ્રદ્ધા કરી સ્વમાં પ્રવેશો. આ જ મોક્ષમાર્ગ છે.

**ચૈત્ર વદ ૧૦, શનિવાર, ૧૯-૪-૫૨.**

આ ગાથામાં કાળદ્રવ્યની વાત કરે છે. આ જગતમાં ભગવાને છ દ્રવ્યો જોયા છે, એમાંથી એક દ્રવ્ય પણ ઓછું માને તો તે મિથ્યાત્વ છે. છ પદાર્થો છે, તે દ્રવ્ય-ગુણ-પર્યાયવાળા છે, તેની શાસ્ત્રપદ્ધતિથી અને અનુમાનથી પ્રતીતિ થઈ શકે એમ છે. કોઈ કહે કે ધર્માદિ દ્રવ્ય તો ગણિતનો વિષય છે માટે તે સમજવાની જરૂર નથી એમ માને તો તે ખોટું છે. આ છ પદાર્થો છે તે જ્ઞાનનું જ્ઞેય છે. જેટલા પ્રમાણમાં જ્ઞેય છે એટલા પ્રમાણમાં જ્ઞાન જાણે નહિ અને કબૂલ કરે નહિ તો તેને તત્ત્વની પ્રતીતિ નથી.

હવે આ ગાથામાં કાળદ્રવ્યને સિદ્ધ કરીને એના ઉપરથી સિદ્ધાંતો પણ સિદ્ધ કરે છે. કાળદ્રવ્ય ઔપચારિક નથી, તે કાળદ્રવ્ય અનંતા નથી પણ અસંખ્ય કાળાણુ છે તે કહે છે.

**ગાથા ૩૧**

**समयावलिभेदेण दु दुवियप्पं अहव होइ तिवियप्पं।**
**तीदो संखेज्जावलिहदसंठाणप्पमाणं तु ॥ ३१ ॥**

**આવલિ-સમયના ભેદથી બે ભેદ વા ત્રણ ભેદ છે;**
**સંસ્થાનથી સંખ્યાતગુણ આવલિપ્રમાણ અતીત છે. ૩૧.**

**અન્વયાર્થ** :- સમય અને આવલિના ભેદથી વ્યવહારકાળના બે ભેદ છે અથવા (ભૂત, વર્તમાન, અને ભવિષ્યના ભેદથી) ત્રણ ભેદ છે. અતીત કાળ (અતીત) સંસ્થાનોના અને સંખ્યાત આવલિના ગુણાકાર જેટલો છે.

**ટીકા** :- આ વ્યવહારકાળના સ્વરૂપનું અને તેના વિવિધ ભેદોનું કથન છે. એક આકાશ પ્રદેશે જે પરમાણુ રહેલો હોય તેને બીજો પરમાણુ મંદગતિથી ઓળંગે તેટલો કાળ તે સમયરૂપ વ્યવહારકાળ છે.

જુઓ, અહીં સિદ્ધાંત મૂક્યો છે, એમાં રહસ્ય છે. પરમાણુ એક પ્રદેશથી ખસીને બીજો પરમાણુ છે તે પ્રદેશે મંદગતિએ જાય તે સમય છે. પરમાણુ બીજા પરમાણુને ઓળંગે એનો આવો અર્થ છે. પરમાણુ ઓળંગે એનો અર્થ ઉપર થઈને જાય એમ નથી પણ પહેલાં આકાશના પ્રદેશને છોડે અને બીજા પ્રદેશે મંદગતિએ આવે તેટલા કાળને સમય કહે છે, તે કાળદ્રવ્યની પર્યાય છે. એક પરમાણુની પર્યાય છદ્મસ્થના જ્ઞાનમાં પકડાતી નથી. તેમ બીજા જીવાદિની એક સમયની પર્યાય પણ પ્રત્યક્ષ જણાતી નથી. કાળનું નાનામાં નાનું માપ તે સમય પર્યાય છે. જેટલામાં કાળની પર્યાય છે તેટલામાં પર્યાયવાન એવું કાળદ્રવ્ય છે. આ રીતે કાળદ્રવ્યની સિદ્ધિ થાય છે.



નાનામાં નાના કાળમાં પર્યાયનું માપ આવી જાય છે. પર્યાય જેટલા ક્ષેત્રમાં છે તેટલા ક્ષેત્રમાં તેનું દ્રવ્ય છે. પર્યાય જેટલી પહોળી છે એટલું દ્રવ્ય પહોળું છે. પરમાણુ પરમાણુને ઓળંગે કે એક પ્રદેશથી બીજા પ્રદેશે પરમાણુ જાય એ વાત એક જ છે. એક પ્રદેશમાં કાળનું માપ આવે છે, તે વ્યવહારકાળ છે. અને જ્યાં વ્યવહારકાળ છે ત્યાં નિશ્ચયકાળ છે. જેમ આ પેન્સીલની લાલાશ છે એ પર્યાય છે તેની પહોળાઈ પેન્સીલ જેટલી છે અને આત્મામાં સાતા-અસાતામાં સુખદુઃખની જે કલ્પના થાય છે તે પર્યાય છે, એનું ક્ષેત્ર પણ આખા આત્મા જેટલું છે. વ્યવહાર રત્નત્રયના પરિણામ થાય છે તે પર્યાય છે, એ પર્યાય જેટલી પહોળી છે એટલું એનું દ્રવ્ય પણ છે. કાળ સિવાયના પાંચ દ્રવ્યોની એક સમયની પર્યાય પકડાતી નથી અને કાળની પર્યાયનું માપ તો એક સમયમાં પકડાય છે. તે પર્યાયને પકડતાં પર્યાયવાન એવું દ્રવ્ય પકડાય છે. પરમાણુએ મંદ ગતિ કરી એટલે કાળનું માપ નિમિત્તરૂપે આવ્યું. કાળની પર્યાય તે ઉપાદાન છે, તેનું માપ પણ આવી ગયું. પર્યાય ઉપરથી પર્યાયવાન એવું કાળદ્રવ્ય સાબિત થાય છે. કેટલાક કાળદ્રવ્યને ઔપચારિક દ્રવ્ય કહે છે અને કોઈ કાળદ્રવ્ય અનંત છે એમ કહે છે. તે બન્ને વાત ખોટી છે એમ સિદ્ધ થાય છે.

એક પરમાણુ બીજા પરમાણુના પ્રદેશે મંદગતિએ જાય ત્યાં કાળની હદનું જ્ઞાન આવી જાય છે. એક સમયનું કાળનું માપ આવે છે એટલું કાળદ્રવ્ય છે, એમ નક્કી કરનારને ઉપાદાનરૂપે હું આત્માનો પુરુષાર્થ કરું તો તેમાં કાળ નિમિત્ત છે એ પણ નક્કી થાય છે. બધું થઈને એક છે એમ નથી અને કાળદ્રવ્ય નથી એમ પણ નથી. આત્મામાં રાગ-દ્વેષાદિની પર્યાય થાય છે તે ક્ષણિક અને એક સમય રહેનારી હોવા છતાં આખા આત્મામાં પથરાયેલી છે. સંસાર એક સમયનો છે પણ તેનું ક્ષેત્ર તો આત્મા પ્રમાણે છે. એ આકુળતા વડે આત્મા નક્કી ન થાય પણ જ્ઞાનનો પર્યાય જ્ઞાનમાં વળીને નિર્ણય કરે તો આત્માનો નિર્ણય થાય છે. જેમ સાકરની પૂતળી હોય, તેની મીઠાસ અને સફેદાઈની પર્યાય પૂતળીના આકાર પ્રમાણે આખી પૂતળીમાં હોય છે તેમ આત્મા જેટલો પહોળો છે એટલો એનો વિકાર પણ છે.

કાળદ્રવ્ય છે એની એને ખબર નથી, પણ તેનો જાણનાર તો આત્મા છે. પર્યાયવાન છે એના કારણે પર્યાય છે. અભેદના કારણે ભેદ છે. જ્ઞાની એમ નક્કી કરે છે કે અહો ! કાળ નામનો પદાર્થ છે, તેને હું જ્ઞાનથી જાણું છું. એક પ્રદેશે કાળનું માપ પૂરું થાય છે તો કાળને કોઈ બે પ્રદેશી કહે તો તેની વાત ખોટી છે કેમ કે જેટલા પ્રમાણમાં પર્યાય છે એટલા પ્રમાણમાં પર્યાયવાન દ્રવ્ય છે. મારી પર્યાય મારા આત્માના ક્ષેત્ર પ્રમાણે છે. તે જ્ઞાનની પર્યાય આત્માના ત્રિકાળી સામાન્ય સ્વભાવ તરફ ઢળે ત્યારે તેને ખબર પડે કે આ નવો પુરુષાર્થ છે, બહારની વાત નથી. બહારની ચીજ તો આત્મામાં કાંઈ કરી શકતી નથી. જ્ઞાન કાળને પ્રમાણથી નક્કી કરે છે. તે પ્રમાણજ્ઞાનનો સમય એક છે. પણ પ્રમાણજ્ઞાનની પહોળાઈ આત્મા પ્રમાણે છે. એમ નક્કી થતાં આ પર્યાય દ્રવ્યની છે એમ પરથી ભેદ થયો અને સ્વથી એકત્વ થયું તે ધર્મ છે.

અખંડ અનંતગુણનો પિંડ તે આત્મા છે. એમ એક એક સમયની પર્યાયમાં નિર્ણય થયો તે પર્યાય આત્મા જેટલો પહોળો છે, તે આત્માના આધારે થયો છે એમ નક્કી થતાં નિમિત્તથી કે રાગથી તે પર્યાય થાય એ વાત ઊડી જાય છે. માટે એક સમયનો પર્યાય છે તે પર્યાયવાનનો છે એમ નક્કી કરવું જોઈએ.

આ દ્રવ્યાનુયોગનો અધિકાર છે. આ નિયમસારમાં મોક્ષમાર્ગ કેમ થાય છે તે કહે છે. 'નિયમ' એટલે મોક્ષમાર્ગ અને 'સાર' એટલે વ્યવહારાદિથી રહિતપણું -એમ નિયમસાર બતાવે છે. નિર્વિકલ્પ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. અહીં કાળદ્રવ્યનું નક્કી થતાં આત્મા તેને જાણનાર છે એમ નક્કી થાય છે એટલે એને પર સામે જોવાનું રહેતું નથી. પર્યાયનું નક્કી થતાં પર્યાયવાન સામે જોવાનું રહે છે પણ પર્યાય સામે જોવાનું રહેતું નથી. માટે પર્યાયવાનને જાણે તો મોક્ષમાર્ગ અને નિયમસાર છે. સર્વજ્ઞની કોઈ પણ વાત હોય તો તે આખું સર્વજ્ઞપણું સિદ્ધ કરે છે. સર્વજ્ઞપણું હથેળીમાં બતાવે છે. જેમ પર્યાય પર્યાયવાન જેટલો છે એમ ગુણ પણ ગુણી જેટલો છે. એમ નક્કી કરે તો પર્યાયને દ્રવ્ય તરફ વાળે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-શુક્લધ્યાન થાય અને સર્વજ્ઞપણાને પામે.

આ આત્મા સ્વ-પરને નક્કી કરે છે. આત્મા સિવાય કાળાદિ દ્રવ્યો પોતાને કે આત્માને જાણતાં નથી. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય લોકપ્રમાણે છે અને આકાશ લોકાલોક વ્યાપક છે. આકાશનો પર્યાય પણ લોકાલોક વ્યાપક છે. કાળનો પર્યાય કાળદ્રવ્ય પ્રમાણે છે. પરમાણુનો પર્યાય પરમાણુ પ્રમાણે છે. આ પાંચે દ્રવ્યનું જ્ઞાન આત્મા કરે છે ને જ્ઞાનનો પર્યાય આત્મા પ્રમાણે છે. એમ પર્યાય સિદ્ધ થતાં પર્યાયવાન એવું દ્રવ્ય સિદ્ધ થાય છે. દ્રવ્યને સિદ્ધ કરે તે દ્રવ્યાનુયોગ છે માટે આ કાળાદિનો અધિકાર છે તે તત્ત્વનો વિષય છે, માત્ર ગણિતનો વિષય છે એમ નથી. અજીવતત્ત્વ હેય છે પણ તે જ્ઞેય કરીને હેય છે. પણ જ્ઞાન કર્યા વિના યથાર્થપણે હેય થઈ શકે નહિ. માટે કાળદ્રવ્યને જાણવું હોય તો એનો પર્યાય હોય ત્યાં તે જાણવા મળે છે. અને આત્માને શોધવો હોય તો જ્યાં આકુળતા છે ત્યાં પણ આખો આત્મા છે એમ નક્કી કર, આનાથી વિરૂદ્ધ કોઈ કહેતું હોય તો વિરૂદ્ધ કહેનારા સાચા છે કે આ સાચું છે એની પરીક્ષા કરીને નિર્ણય કરવો જોઈએ. બન્ને સાચા હોય એમ બને નહિ.

અહીં તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા સંતમુનિ છે, એમને વિકલ્પ ઊઠ્યો છે એમાં આ શાસ્ત્રો લખાયા છે. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ હોય છે. સાતમામાં વિકલ્પ હોતો નથી. એમાં સિદ્ધ કરે છે કે જ્યાં પર્યાય છે ત્યાં પર્યાયવાન છે માટે કાળની પર્યાય ઉપરથી કાળદ્રવ્ય સાબિત થાય છે અને આકુળતાની પર્યાય છે ત્યાં પણ આત્મા છે એમ સિદ્ધ થાય છે.

જુઓ, અહીં એક સમયને વ્યવહારકાળ કહ્યો છે. અને એવા અસંખ્ય સમયોનો નિમેષ થાય છે. અથવા આંખ વિંચાય એટલો કાળ તે નિમેષ છે, આઠ નિમેષની એક કાષ્ઠા થાય છે, સોળ કાષ્ઠાની



કળા, બત્રીસ કળાની ઘડી, સાઠ ઘડીનું અહોરાત્ર, ત્રીસ અહોરાત્રનો માસ, બે માસની ઋતુ, ત્રણ ઋતુનું અયન અને બે અયનનું વર્ષ થાય છે. આમ આવલિ આદિ વ્યવહારકાળનો ક્રમ છે. આ પ્રમાણે વ્યવહારકાળ સમય અને આવલિના ભેદથી બે પ્રકારે છે. અથવા અતીત, અનાગત અને વર્તમાનના ભેદથી ત્રણ પ્રકારે છે.

આ નીચે પ્રમાણે અતીત કાળનો વિસ્તાર કહેવામાં આવે છે.

અતીત સિદ્ધોને સિદ્ધપર્યાયના પ્રગટ થવાના સમયથી પહેલાં વીતેલો જે આવલિ આદિ વ્યવહારકાળ તે, તેમને સંસાર અવસ્થામાં જેટલા સંસ્થાનો વીતી ગયા તેમના જેટલો હોવાથી અનંત છે. સિદ્ધ ભગવાનને અનંત શરીરો વીતી ગયા, તે શરીરો કરતાં સંખ્યાતગુણી આવલિઓ વીતી ગઈ. માટે અતીત શરીરો પણ અનંત છે અને અતીત કાળ પણ અનંત છે. અતીત શરીરો કરતાં અતીત આવલિઓ સંખ્યાતગુણી હોવા છતાં બન્ને અનંત હોવાથી બન્નેને અનંતપણાની અપેક્ષાએ સરખા કહ્યા છે.

અનાગત સિદ્ધોને મુક્તિ થતાં સુધીનો અનાગતકાળ પણ અનાગત સિદ્ધોના જે મુક્તિ પર્યંત અનાગત શરીરો તેમના જેટલો છે. ભવિષ્યનો અંત આવતો નથી પણ એટલા કાળનું જ્ઞાન જ્ઞાનમાં આવી જાય છે. અનંતકાળ વીત્યો અને અનંતકાળ વીતશે તે જ્ઞાનમાં આવી જાય છે. ત્રણ કાળનું જ્ઞાન ત્રણ કાળમાં નક્કી થતું નથી પણ અલ્પ જ્ઞાનવાળો ત્રણ કાળના જ્ઞાનને નક્કી કરે છે. ત્રણ કાળનું નક્કી કરવા માટે ત્રણ કાળનું જ્ઞાન હોય તો જ થાય તો પછી ત્રણ કાળનું કદી નક્કી થઈ શકે જ નહિ. પણ અલ્પજ્ઞાનમાં નક્કી કરે છે કે આત્માનો સ્વભાવ ત્રણ કાળને જાણવાનો છે. અને એનો નિર્ણય કરનાર પર્યાય પર્યાયવાનને છે તે આત્માથી થાય છે.

## ચૈત્ર વદ ૧૧, રવિવાર, ૨૦-૪-૫૨.

આ અજીવ અધિકાર ચાલે છે. તેમાં કાળ નામનું એક દ્રવ્ય છે તે સિદ્ધ કરે છે. કાળદ્રવ્ય સર્વજ્ઞે જોયું છે, મુનિએ કહ્યું છે અને શાસ્ત્રમાં તેને યુક્તિથી સિદ્ધ કરેલ છે. એવા વ્યવહારકાળની વાત કરે છે.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવે શ્રી પંચાસ્તિકાય ગાથા ૨૫મી દ્વારા કહેલ છે કે :-

**समओ णिमिसो कट्ठा कला य णाली तदो दिवारत्ती।**
**मासोदुअयणसंवच्छरो त्ति कालो परायत्तो॥**

**ગાથાર્થ :-** સમય, નિમેષ, કાષ્ઠા, કળા, ઘડી, દિનરાત, માસ, ઋતુ, અયન અને વર્ષ -એ રીતે પરાશ્રિત કાળ(-જેમાં પરની અપેક્ષા આવે છે તે વ્યવહારકાળ) છે.

આ વ્યવહારકાળની વાત કરતાં એમ કહે છે કે ''આ જીવ અનંતકાળથી પોતાના ચૈતન્ય સ્વભાવને ભૂલીને પર્યાયમાં સંકોચ પામી રહ્યો છે. આત્મા છે તે જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણોનો પિંડ છે, એની

વર્તમાન પર્યાયમાં પરને પોતાનું માનીને હીણી અવસ્થારૂપે તે પરિણમી રહ્યો છે. જેમ હજાર પાંખડીનું કમળ હોય તેની કળી સંકોચાઈ ગઈ હોય પણ પછી તે ખીલે છે તેમ આત્મા પર્યાયમાં સંકોચ પામ્યો છે તે પોતાના ત્રિકાળ સ્વભાવના અવલંબને પર્યાયમાં કેવળજ્ઞાનપણે ખીલી નીકળે છે. પહેલાં જ્ઞાની પ્રતીત કરે છે કે મારો સ્વભાવ કેવળજ્ઞાનથી પરિપૂર્ણ છે, તો ખીલે છે. જેટલા સિદ્ધ થયા છે તે આત્મામાંથી થયા છે, બહારથી થયા નથી. એમ પ્રથમ પ્રતીતિ કરે તો કેવળજ્ઞાનપણે ખીલે છે.

ગાથા ૩૧ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૪૭**

(मालिनी)

**समयनिमिषकाष्ठा सत्कलानाडिकाद्याद्**
**दिवसरजनिभेदाज्जायते काल एषः।**
**न च भवति फलं मे तेन कालेन किंचिद्**
**निजनिरुपमतत्त्वं शुद्धमेकं विहाय॥ ४७॥**

**શ્લોકાર્થ :-** સમય, નિમેષ, કાષ્ઠા, કળા, ઘડી, દિનરાત વગેરે ભેદોથી આ કાળ(વ્યવહારકાળ) ઉત્પન્ન થાય છે; પરંતુ શુદ્ધ એક નિજ નિરૂપમ તત્ત્વને છોડીને, તે કાળથી મને કાંઈ ફળ નથી. ॥ ૪૭ ॥

આત્માના જ્ઞાન વિના અજ્ઞાની અનાદિ કાળથી રખડે છે. હું ચિદાનંદ છું, દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે, પરની સાથે મારે કાંઈ સંબંધ નથી, તે ખરેખર પ્રયોજનભૂત છે.

પાણીનો મૂળ સ્વભાવ તો શીતળ છે, તે અગ્નિના નિમિત્તે પોતાની લાયકાતથી ઉષ્ણ થાય છે. તેમ આત્મા પણ સ્વભાવથી તો શુદ્ધ એક નિજ નિરૂપમ તત્ત્વ છે, પુણ્ય-પાપ આદિ આકુળતાનો ભાવ તે ઉષ્ણતા છે, આત્મા તો શીતળભૂત ત્રિકાળ ધ્રુવ એકરૂપ છે. પરનો કર્તા-ભોક્તા નથી, પણ જ્ઞાતા-દૃષ્ટા છે. જેમ ભગવાન જાણનાર-દેખનાર છે તેમ મારો આત્મા પણ જાણનાર-દેખનાર છે. આત્માના ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં પરનું કર્તાપણું અને વિકાર તો નથી પણ નિર્મળ પર્યાય અનેકતાવાળી થાય તેના ઉપર પણ જ્ઞાનીની દૃષ્ટિ નથી. પણ હું તો જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છું એવા સ્વરૂપને તે યથાર્થ જાણે છે. માટે તે ખરો જૈન છે. આત્મા શુદ્ધ છે, તેમાં રાગ-દ્વેષની અશુદ્ધતા નથી.

ચાર પ્રકારથી આત્માનું સ્વરૂપ કહે છે.

(૧) આ આત્મા શુદ્ધ છે. એટલે પુણ્ય-પાપની અશુદ્ધતાથી રહિત નિર્મળાનંદ-ધ્રુવ છે.

(૨) એક છે. એમાં પર્યાયની અનેકતા નથી, અનેક પ્રકારની તારતમ્યતા પર્યાયમાં છે પણ ધ્રુવ



ત્રિકાળી તત્ત્વમાં અનેકતા નથી.

(૩) આત્મા નિજતત્ત્વ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર નિજતત્ત્વ નથી. તેથી સર્વજ્ઞાદિ આત્માને તારી દેતા નથી. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાનમાં સાક્ષાત્ તીર્થંકરો બિરાજે છે પણ કોઈને ભગવાન તારતા નથી. આત્મા પોતે પુરુષાર્થ કરીને સંસારથી તરે તો તેને ભગવાને તાર્યા એમ કહેવાય છે.

(૪) આત્મા નિરૂપમ તત્ત્વ છે, એટલે કે તે કોઈ પરદ્રવ્યની ઉપમા રહિત છે. મારે તો મારાથી પ્રયોજન છે, કાળથી કાંઈ પ્રયોજન નથી -એમ કહેલ છે.

અહીં કાળની વ્યાખ્યા ચાલે છે. તેમાં આ વાત નાખી કે કાળથી મારે શું પ્રયોજન છે ? ગયા કાળમાં આ સંયોગો ન હતા અને ભવિષ્યકાળમાં આ રહેશે નહિ અને ગયા કાળના સંયોગો વર્તમાનમાં નથી કેમ કે સંયોગો તો પર ચીજ છે. આત્મા અનાદિઅનંત છે, તે ત્રણે કાળે પરથી રહિત છે. આત્મા તો એક છે. જે આત્માથી છૂટું પડે તે આત્માનું નહિ. પૂર્વ ભવમાં ભગવાન મળ્યા હોય તો તે રહ્યા નહિ, માટે તે ભગવાન પણ તારા નહિ. સંયોગી કોઈ ચીજો તારી નથી, પુણ્ય-પાપના ભાવ પણ છૂટી જાય છે. તેથી તે પણ તારા નથી. આત્મા તો ત્રિકાળ ધ્રુવ ચિદાનંદ છે, એના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવાં તે ધર્મ છે.

આત્મા જન્મતો નથી અને મરતો નથી. સૂર્ય-ચંદ્ર જેમ મરતા નથી તેમ આત્માનો પણ નાશ થતો નથી. સૂર્ય-ચંદ્ર ઊગે અને આથમે છે એમ કહેવું એ તો આપણી નજર પડે અને નજર ન પડે એ અપેક્ષાએ કહેવાય છે. સૂર્ય જમીનથી આઠસો જોજન ઊંચો કાયમ રહે છે. તેમ આત્મા આઠ કર્મથી જુદો કાયમ રહે છે. જેમ સૂર્ય સવારે કે સાંજે જમીનથી આઠસો જોજન ઊંચો રહે છે અને જમીનને અડતો નથી તેમ આત્મા જ્ઞાન-દર્શનનો પિંડ છે, તે કર્મથી વેગળો છે -છૂટો પડ્યો છે, તે કર્મને અડતો નથી.

અનંત કાળ ગયો છતાં એના પ્રવાહમાં મારો નાશ થયો નથી એમ ધર્મી સમજે છે. મારું ત્રિકાળી સ્વરૂપ તો પવિત્ર અને નિરૂપમ છે. એને મૂકીને મારે કાળની સાથે કાંઈ કામ નથી. જેવું આત્માનું સ્વરૂપ છે એવું સમજીને અનંત કાળમાં અનંત જીવો મુક્તિને પામ્યા છે. કાળની સાથે આત્માને કાંઈ સંબંધ નથી.

શાસ્ત્રમાં કાળલબ્ધિની વાત આવે છે. શાસ્ત્રને કાંઈ ખબર નથી. આત્મા શાસ્ત્રનો જાણનાર છે. કાળલબ્ધિ તો સ્વપુરુષાર્થની પ્રાપ્તિને કહે છે. આત્મા સ્વનું ભાન કરે તેને સ્વકાળલબ્ધિ કહે છે. ચૂલે ભાત મૂક્યા હોય તો ક્યારે પાકશે એમ કહેવાય પણ હજુ કાંઈ ઠેકાણું જ ન હોય તો ક્યારે પાકશે એ વાત જ રહેતી નથી. તેમ આત્મા કોણ છે ? એના ભાન વિના કેટલા કાળે મુક્તિ થશે એ વાત રહેતી નથી. સ્વભાવનું ભાન થયું હોય તેની ક્યારે મુક્તિ થશે ? એમ પ્રશ્ન થાય. તો કહે છે કે સ્વભાવની

સ્થિરતા કરે એટલી વાર છે. આત્મા કોણ ? પર કોણ ? વિકાર કોણ? નિર્વિકાર કોણ ? વગેરેને જાણ્યા વિના કેટલા કાળે મુક્તિ થશે એ વાત એના માટે નથી પણ હું તો જ્ઞાયક છું, વિકાર મને શરણભૂત નથી, પંચપરમેષ્ઠી પણ મને શરણભૂત નથી, હું નિરૂપમ તત્ત્વ છું, એની પ્રતીતિ કરી તેને ચારિત્રની લીનતા કરવાને કેટલો કાળ છે ? એમ પ્રશ્ન થાય તો કહે છે કે અલ્પકાળમાં મુક્તિ થશે. જ્ઞાની સમજે છે કે કાળ મને ફળ આપતો નથી, કાળને લઈને મને લાભ-નુકસાન નથી.

આ આત્મા અનાદિથી કાળલબ્ધિનો આશરો લઈને પર્યાયમાં મંદીનો વેપાર કરી રહ્યો છે તેથી આત્માને લાભ થયો નથી. પણ આત્મા નિરૂપમ તત્ત્વ છે, તેને કાળથી કાંઈ ફળ નથી એમ માને તે તેજીનો-લાભનો વેપાર છે, એના ફળમાં મુક્તિની પ્રાપ્તિ થાય.



હવે ગાથા ૩૨માં કાળની વિશેષ વાત કરે છે.

### ગાથા ૩૨

**जीवादु पोग्गलादो णंतगुणा चावि संपदा समया।**
**लोयायासे संति य परमट्ठो सो हवे कालो ॥ ३२ ॥**

**જીવોથી ને પુદ્‌ગલથી પણ સમયો અનંતગુણા કહ્યા;**
**તે કાળ છે પરમાર્થ, જે છે સ્થિત લોકાકાશમાં. ૩૨.**

**અન્વયાર્થ** :- હવે, જીવથી તેમ જ પુદ્‌ગલથી પણ અનંતગુણા સમયો છે; અને જે (કાલાણુઓ) લોકાકાશમાં છે, તે પરમાર્થ કાળ છે.

**ટીકા** :- આ, મુખ્ય કાળના સ્વરૂપનું કથન છે.

જીવરાશિથી અને પુદ્‌ગલરાશિથી અનંતગુણા સમયો છે. અનંતા જીવોનો ઢગલો છે. એક બટેટાની કણીમાં અસંખ્ય ઔદારિક શરીરો છે અને એક એક શરીરમાં અનંત જીવો છે. તે બધા જીવો સ્વભાવશક્તિએ સિદ્ધ ભગવાન જેવા છે. એવા અનંત જીવો છે. એના કરતાં પુદ્‌ગલો અનંતગુણા છે. જીવ કરતાં પુદ્‌ગલ પરમાણુ અનંતગુણા છે અને પુદ્‌ગલો કરતાં સમયો અનંતગુણા છે. જીવરાશિથી અનંતગુણા સમયો કહ્યા છે એટલે કાળ ખૂટે એમ નથી. એક જીવ, એના અનંત ગુણો, તેમાં એક ગુણની પણ અનંતી પર્યાય છે. અને જેટલી પર્યાય છે એટલા સમયો છે. માટે જીવ-પુદ્‌ગલથી અનંતગુણા સમયો છે. ભૂત-ભવિષ્યના સમયોનો આંકડો મૂકો તો સમયો અનંતા છે એવું જેણે નક્કી કર્યું તેનું વલણ વર્તમાનમાંથી ખસીને ત્રિકાળમાં જાય છે. તે ત્રિકાળી દ્રવ્યમાંથી અનંતી પર્યાયો આવે છે. તે દ્રવ્યની પ્રતીત થતાં દ્રવ્યમાં રાગ નથી એમ જ્ઞાન થાય છે ને તેથી રાગનો અભાવ થયા વિના રહે નહિ.

દરેક દ્રવ્યની અવસ્થા અનંતી છે, એટલા સમયો છે અને જેટલા સમયો છે એના કરતાં આત્માના અનંત ગુણોની અનંતી પર્યાયો એક સમયે ગણીએ તો તે વધારે છે. એવા અનંત ગુણ-પર્યાયોનો પિંડ તે આત્મા છે. તેની પ્રતીત કરે તો ધર્મ થાય અને આત્માની પ્રતીત કરે તો સર્વજ્ઞની પ્રતીત પણ સાચી કહેવાય. સમયો અનંતા છે તેની ખબર કાળને નથી પણ એનો જાણનાર તો આત્મા છે. વળી કાળાણુઓ લોકાકાશના પ્રદેશોમાં પૃથક પૃથક રહેલાં છે. તે કાળ પરમાર્થ છે. લોકાકાશના એક એક પ્રદેશે એક કાળાણુ છે. જેટલા લોકના પ્રદેશ છે એટલા કાળાણુઓ છે. તે ખરેખર કાળ છે.

શ્રી પ્રવચનસારમાં ગાથા ૧૩૮માં પણ કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે :-

**समओ दु अप्पदेसो पदेसमेत्तस्स दव्वजादस्स।**
**वदिवददो सो वट्टदि पदेसमागासदव्वस्स॥**

**ગાથાર્થ :-** કાળ તો અપ્રદેશી છે. પ્રદેશમાત્ર પુદ્ગલ-પરમાણુ આકાશદ્રવ્યના પ્રદેશને મંદગતિથી ઓળંગતો હોય ત્યારે તે વર્તે છે અર્થાત્ નિમિત્તભૂતપણે પરિણમે છે.

નાનામાં નાનો પુદ્ગલ કે જે પરમાણુ છે તે એક પ્રદેશથી બીજા પ્રદેશે મંદગતિથી જાય ત્યારે કાળના એક સમયનું માપ આવે છે. આ ગાથામાં ''સમય'' શબ્દથી મુખ્ય કાલાણુનું સ્વરૂપ કહ્યું છે.

વળી બૃહદ્દ્રવ્યસંગ્રહમાં ગાથા ૨૨માં શ્રી નેમીચંદ્રાચાર્યે કહ્યું છે કે :-

**लोयायासपदेसे एक्केक्के जे ट्ठिया हु एक्केक्का।**
**रयणाणं रासी इव ते कालाणू असंखदव्वाणि॥**

**ગાથાર્થ :-** લોકાકાશના એક એક પ્રદેશે જે એક એક કાલાણુ રત્નોના રાશિની માફક ખરેખર સ્થિત છે, તે કાલાણુઓ અસંખ્ય દ્રવ્યો છે.

વળી માર્ગપ્રકાશમાં પણ કહ્યું છે કે :-

**कालाभावे न भावानां परिणामस्तदंतरात्।**
**न द्रव्यं नापि पर्यायः सव्राभावः प्रसज्यते॥**

**શ્લોકાર્થ :-** કાળના અભાવમાં, પદાર્થોનું પરિણમન ન હોય; અને પરિણમન ન હોય તો દ્રવ્ય પણ ન હોય તથા પર્યાય પણ ન હોય; એ રીતે સર્વના અભાવ(શૂન્ય)નો પ્રસંગ આવે.

કાળદ્રવ્ય નિમિત્ત છે તે એમ સિદ્ધ કરે છે કે સામે ઉપાદાન છે અને તે સ્વતંત્ર છે. પરિણમનમાં કાળદ્રવ્ય નિમિત્ત નથી એમ કોઈ કહે તો નૈમિત્તિક નથી એમ સિદ્ધ થાય, પણ એમ નથી. કાળદ્રવ્યને સિદ્ધ કરવાની આ રીત છે. કાળ નિમિત્ત ન હોય તો દ્રવ્યનું પરિણમન જ ન હોય અને પરિણામ વગર કોઈ વસ્તુ જ હોય નહિ. માટે તારા પરિણમનમાં કાળદ્રવ્ય નિમિત્ત છે એને માને નહિ તો તું વસ્તુને જ માનતો નથી.

### શ્લોક ૪૮

(अनुष्टुभ्)

**वर्तनाहेतुरेषः स्यात् कुम्भकृच्चक्रमेव तत् ।**
**पंचानामस्तिकायानां नान्यथा वर्तना भवेत्॥४८॥**

**શ્લોકાર્થ :-** કુંભારના ચક્રની માફક (અર્થાત્ જેમ ઘડો થવામાં કુંભારનો ચાકડો નિમિત્ત છે તેમ), આ પરમાર્થકાળ (પાંચ અસ્તિકાયોની) વર્તનાનું નિમિત્ત છે. એના વિના, પાંચ અસ્તિકાયોને વર્તના (-પરિણમન) હોઈ શકે નહિ. ॥ ૪૮ ॥



કાળદ્રવ્ય પાંચ અસ્તિકાયને પરિણમનમાં નિમિત્ત છે. એના વિના પાંચ અસ્તિકાયોને વર્તના હોઈ શકે નહિ. કાળદ્રવ્ય લોકાકાશમાં છે, અલોકાકાશમાં નથી. પણ જેમ ચાકડો ફરવામાં ખીલી નિમિત્ત છે તેમ તે કાળદ્રવ્ય અલોકાકાશના પરિણમનમાં પણ નિમિત્ત છે, જેમ ઘડો માટીથી થાય છે પણ એમાં ચાકડો નિમિત્ત છે એમ કાળદ્રવ્ય નિમિત્ત છે. અહીં કાળદ્રવ્યને સાબિત કરવું છે એટલે એના નિમિત્ત વિના પરિણમન સાબિત થતું નથી -એમ કથન કરેલ છે. પણ ખરેખર તો દરેક પદાર્થ પોતાના કારણે પરિણમન કરે છે એમાં કાળ નિમિત્ત છે.

### ચૈત્ર વદ ૧૨, સોમવાર, ૨૧-૪-૫૨.

આ અજીવનો અધિકાર છે. ભગવાન સર્વજ્ઞદેવે છ પદાર્થ જોયા છે. તે અનાદિ અનંત છે, અને દરેકને ગુણ-પર્યાય પણ હોય છે. એમાં કાળદ્રવ્યને અહીં કહે છે.

### શ્લોક ૪૯

(अनुष्टुभ्)

**प्रतीतिगोचराः सर्वे जीवपुद्गलराशयः।**
**धर्माधर्मनभःकालाः सिद्धाः सिद्धान्तपद्धतेः॥४९॥**

**શ્લોકાર્થ :-** સિદ્ધાંતપદ્ધતિથી (શાસ્ત્રપરંપરાથી) સિદ્ધ એવા જીવરાશિ, પુદ્ગલરાશિ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ બધાય પ્રતીતિગોચર છે (અર્થાત્ છયે દ્રવ્યોની પ્રતીતિ થઈ શકે છે). ॥ ૪૯ ॥

શાસ્ત્રની પરંપરાથી છ દ્રવ્યોની સિદ્ધિ ચાલી આવે છે. છ દ્રવ્યોમાંથી એક પણ દ્રવ્ય ઓછું માને તે શાસ્ત્રપરંપરાની વાત નથી. એટલે એ સિદ્ધ થયું કે છ દ્રવ્યની પરંપરા જે શાસ્ત્રમાં ચાલી આવતી હોય તે જ સાચા શાસ્ત્ર છે. આ રીતે શાસ્ત્રની પરંપરા અનાદિની ચાલી આવે છે અને જીવ પુદ્ગલાદિ છ દ્રવ્યો છે એની પ્રતીતિ પણ થઈ શકે છે.

હવે ગાથા ૩૩માં કાળદ્રવ્ય પાંચ દ્રવ્યોના પરિણમનમાં નિમિત્ત છે એમ મૂળ પાઠમાં કુંદકુંદાચાર્યદેવ કહે છે. દિગંબર સંપ્રદાય સિવાય છ દ્રવ્યની વાત બીજે નથી. માટે કુંદકુંદાચાર્ય જે કહે છે તેનાથી વિરૂદ્ધ માને તે આચાર્યદેવને માનતો નથી અને એમને માને તે બીજાને માનતો નથી.

## ગાથા ૩૩

**जीवादीदव्वाणं परिवट्टणकारणं हवे कालो।**
**धम्मादिचउण्हं णं सहावगुणपज्जया होंति ॥ ३३ ॥**

**જીવપુદ્ગલાદિ પદાર્થને પરિણમનકારણ કાળ છે;**
**ધર્માદિ ચાર સ્વભાવગુણપર્યાયવંત પદાર્થ છે. ૩૩.**

**અન્વયાર્થ** :- જીવાદિ દ્રવ્યોને પરિવર્તનનું કારણ (વર્તનાનું નિમિત્ત) કાળ છે. ધર્માદિ ચાર દ્રવ્યોને સ્વભાવગુણપર્યાયો હોય છે.

આ કાળદ્રવ્યની વાત કુંદકુંદાચાર્યદેવે શ્રી પ્રવચનસાર તથા શ્રી પંચાસ્તિકાયમાં પણ નાંખી છે.

**ટીકા** :- આ કાળાદિ શુદ્ધ, અમૂર્ત, અચેતન દ્રવ્યોના નિજ સ્વભાવ ગુણ-પર્યાયોનું કથન છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળને વિભાવ પર્યાયો હોતી નથી તે કહે છે.

મુખ્ય કાળદ્રવ્ય જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ અસ્તિકાયોની પર્યાય પરિણતિનો હેતુ હોવાથી તેનું લિંગ પરિવર્તન છે અર્થાત્ કાળદ્રવ્યનું લક્ષણ વર્તનાહેતુત્વ છે એમ અહીં કહ્યું છે. કાળ નામનો પદાર્થ છે અને તે અસંખ્ય છે. જીવાદિ પાંચ દ્રવ્યોના પરિણમનમાં તે નિમિત્ત છે તેથી કાળદ્રવ્યનું લક્ષણ વર્તનાહેતુત્વ છે. આનાથી વિરૂદ્ધ એક પણ વાત હોય તેની અપ્રયોજનભૂત વાત પણ સાચી મનાય નહિ. કાળદ્રવ્ય જે માનતા નથી તેના દેવ-ગુરુ-શાસ્ત્ર અને દ્રવ્ય-ગુણ-પર્યાય આદિમાં ઘણો ફેર છે. તેથી આચાર્યદેવ કાળદ્રવ્યને અહીં સિદ્ધ કરે છે.

હવે બીજી વાત એ છે કે ધર્મ, અધર્મ, આકાશ અને કાળને સ્વજાતીય કે વિજાતીય બંધનો સંબંધ નહિ હોવાથી તેમને વિભાવગુણ-પર્યાયો હોતા નથી પરંતુ સ્વભાવગુણ-પર્યાયો હોય છે -એમ અર્થ છે. તે સ્વભાવગુણ-પર્યાયોનું પૂર્વે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેથી જ અહીં સંક્ષેપથી સૂચન કરવામાં આવે છે.

હવે ગાથા ૩૩ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-



## શ્લોક ૫૦

(मालिनी)

**इति विरचितमुच्चैर्द्रव्यषट्कस्य भास्वद्**
**विवरणमतिरम्यं भव्यकर्णामृतं यत्।**
**तदिह जिनमुनीनां दत्तचित्तप्रमोदं**
**भवतु भवविमुक्त्यै सर्वदा भव्यजन्तोः॥ ५०॥**

**શ્લોકાર્થ** :- એ રીતે ભવ્યોના કર્ણોને અમૃત એવું જે છ દ્રવ્યોનું અતિ રમ્ય દેદીપ્યમાન (સ્પષ્ટ) વિવરણ વિસ્તારથી કરવામાં આવ્યું, તે જિનમુનિઓના ચિત્તને પ્રમોદ દેનારું ષટ્દ્રવ્યવિવરણ ભવ્ય જીવને સર્વદા ભવવિમુક્તિનું કારણ હો. ॥ ૫૦ ॥

ત્રિલોકનાથ તીર્થંકર દેવાધિદેવે છ દ્રવ્યો જોયા અને તે દરેક જુદેજુદું છે તથા સ્વતંત્ર છે એમ વિસ્તારથી વિવરણ કર્યું. તે ભવ્ય જીવોના કાનને અમૃતતુલ્ય લાગ્યું. જેને શંકા, શંકા અને શંકાઓ જ ભરી છે એની વાત નથી પણ લાયક જીવ છે તેને અમૃતતુલ્ય લાગે છે. મહા રમણીય લાગે છે, તે મારા જ્ઞાનનો વૈભવ છે એમ તે જાણે છે. વળી તે ચિત્તને પ્રમોદ આપનાર છે અને લાયક જીવને મુક્તિનું કારણ થાય છે. અહીં મુનિઓની મુખ્ય વાત કરી છે પણ શ્રાવક, સમ્યગ્દષ્ટિની વાત ગૌણતામાં આવી જાય છે. જે ભવ્ય જીવ આ છ દ્રવ્યોને યથાર્થ જાણે છે તેને સદા મુક્તિનું કારણ થાય છે.

તીર્થંકરદેવને ધર્મસભામાં દિવ્યધ્વનિ છૂટે છે અને છ દ્રવ્યોનું વિવરણ કરે છે. તે ભવ્યોને અમૃતતુલ્ય લાગે છે. તે સમવસરણમાં ચાર બાજુ ચાર માનસ્તંભ હોય છે અને સ્વર્ગમાં શાશ્વત જિનમંદિરો છે ત્યાં પણ પ્રતિમાજીની આગળ માનસ્તંભ હોય છે. એ માનસ્તંભનું શાસ્ત્રમાં વર્ણન આવે છે. તેને ધર્મનો વૈભવ પણ કહેવાય છે. એમ આત્મા જ્ઞાનવૈભવવાળો છે, તે ભાવ માનસ્તંભ છે. તે છ દ્રવ્યનું જ્ઞાન કરે છે એવા લાયક જીવોને મુક્તિનું કારણ થાય છે -એમ અહીં મુનિ આશીર્વાદ આપે છે. જ્યાં જ્યાં ભવ્ય જીવો પાકશે અને આત્મા સહિત છ દ્રવ્યનું જ્ઞાન અને પ્રતીત કરશે તે સંસારથી મુક્ત થશે.

## ગાથા ૩૪

**एदे छद्दव्वाणि य कालं मोत्तूणं अत्थिकाय त्ति।**
**णिद्दिट्ठा जिणसमये काया हु बहुप्पदेसत्तं॥ ३४॥**

**જિન સમયમાંહી કાળ છોડી શેષ પાંચ પદાર્થ જે;**
**તે અસ્તિકાય કહ્યા; અનેકપ્રદેશયુત તે કાય છે. ૩૪.**

**અન્વયાર્થ** :- કાળ છોડીને આ છ દ્રવ્યોને (અર્થાત્ બાકીના પાંચ દ્રવ્યોને) જિનસમયમાં (જિનદર્શનમાં) 'અસ્તિકાય' કહેવામાં આવ્યાં છે. બહુપ્રદેશીપણું તે કાયત્વ છે.

**ટીકા** :- આ ગાથામાં કાળદ્રવ્ય સિવાય પૂર્વોક્ત દ્રવ્યો જ પંચાસ્તિકાય છે એમ કહ્યું છે.

અહીં આ વિશ્વમાં કાળ દ્વિતીયાદિ પ્રદેશરહિત છે. એટલે કે કાળ એક કરતાં વધારે પ્રદેશો વિનાનો છે, કારણ કે '**समओ अप्पदेसो** કાળ અપ્રદેશી છે' એવું શાસ્ત્રનું વચન છે. કાળને દ્રવ્યપણું જ છે, બાકીના પાંચને કાયપણું છે જ એટલે બાકીના પાંચને દ્રવ્યપણું તથા કાયપણું બન્ને છે.

બહુપ્રદેશોના સમૂહવાળું તે 'કાય' છે. 'કાય' કાય જેવા (શરીર જેવા અર્થાત્ બહુપ્રદેશવાળા) હોય છે. તે અસ્તિકાયો પાંચ છે.

બહુપ્રદેશીને કાય કહે છે. આ શરીર ઘણા પરમાણુનો પિંડ છે. એમ જે દ્રવ્ય એક પ્રદેશથી વધારે પ્રદેશવાળું હોય તેને કાય કહે છે. આત્મા અસંખ્ય પ્રદેશોવાળો છે માટે કાય છે. ધર્મ, અધર્મને પણ અસંખ્ય પ્રદેશો છે અને આકાશને અનંત પ્રદેશો છે. પુદ્‌ગલ સંખ્ય, અસંખ્ય અને અનંતપ્રદેશી હોય છે. એ રીતે પાંચ દ્રવ્યોને કાય છે, એક કાળદ્રવ્યને એક પ્રદેશથી વધારે નથી માટે એને કાયા નથી.

હવે અસ્તિ એટલે સત્તા. તે સત્તા કેવી છે ? મહાસત્તા અને અવાંતરસત્તા -એમ સપ્રતિપક્ષ છે. જુઓ, આ ધર્મની વાત કરે છે. એમાં પ્રથમ તત્ત્વ શું છે તે જાણવું પડે છે માટે તત્ત્વનું જ્ઞાન કરાવે છે. એમાં સત્તા બે પ્રકારે છે. તે મહાસત્તા અને અવાંતરસત્તા પરસ્પર વિરોધી છે.

ત્યાં સમસ્ત વસ્તુવિસ્તારમાં વ્યાપનારી તે મહાસત્તા છે, મહા હોવાપણું, એમાં કાંઈ બાકી રહેતું નથી. ''બધું છે'' એનું નામ મહાસત્તા છે. અને પ્રતિનિયત વસ્તુમાં વ્યાપનારી તે અવાંતરસત્તા છે. એક એક વસ્તુને જુદી પાડો તે તેની અવાંતરસત્તા છે. વળી એક વસ્તુમાં એના ગુણ-પર્યાય જુદા પાડો તો તે પણ અવાંતરસત્તા છે.

મહાસત્તા વીતરાગીપણું બતાવે છે. નિગોદના જીવો છે, અભવી જીવો છે, સિદ્ધો છે, સમ્યગ્દષ્ટિ છે, મિથ્યાદષ્ટિ પણ છે. છે, છે ને છે. એમાં આ આમ કેમ ? એમ રહેતું નથી. શુભાશુભ પર્યાય



કેમ એ પ્રશ્ન પણ રહેતો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય છે એ બધું મહાસત્તામાં આવી જાય છે. તેમાં કોઈને લઈને કોઈ નથી. આ નથી એમ પણ નથી અને આ આમ કેમ ? -એમ પણ નથી. આ વાત પંચાસ્તિકાયની આઠમી ગાથામાં વિસ્તારથી આવી ગઈ છે કે મહાસત્તા વીતરાગતા બતાવે છે. એક પદાર્થ બીજા પદાર્થને કારણે હોય તો મહાસત્તા રહેતી નથી. આત્મા છે, પર્યાયમાં રાગ છે, નિમિત્ત છે, ગુણ પણ છે, પરપદાર્થો છે, એ બધું છે. એ કોઈ બીજાને કારણે માનવામાં આવે તો છે એમ રહેતું નથી. બધાનું અસ્તિપણું છે એમ નક્કી કરતાં ધર્મ થાય છે. કેમ કે મહાસત્તાનું જ્ઞાન થતાં સાધકપણું થઈ જાય છે. ''છે'' એટલે કોઈને લઈને કોઈ નથી એમ ભેદજ્ઞાન થાય છે. સિદ્ધ છે એમ તું પણ છો. અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ છે, તે બધું છે. એ સ્વતંત્ર અને પૃથક પૃથક છે એમાં વીતરાગતા અને ભેદજ્ઞાન થાય છે કેમ કે ''છે'' એમાંથી નથી એમ ન આવે અને ''છે'' માંથી એકને લઈને બીજું છે એમ પણ ન આવે.

સિદ્ધ હોય કે નિગોદ હોય અને એક પરમાણુ છૂટો હોય કે મહા સ્કંધ હોય તો તે બધું ''છે''માં આવી જાય છે. આ ન હોય એમ નહિ. કોઈ વિકારવાળા હોય કે કોઈ અવિકારવાળા હોય તો તે પોતાના હોવાપણાથી છે એટલે એમાં પરાધીનતા ઊડી ગઈ અને સ્વતંત્રતા થઈ. એ જ સમ્યગ્દર્શનરૂપ પ્રથમ ધર્મ થયો. કેમ કે મહાસત્તાને સ્વીકારતા વીતરાગદષ્ટિ થઈ જાય છે.

જે ક્ષેત્રે જે ચીજ છે તે એના પોતાના કારણે છે. જેમ કે આ લાકડું છે તે આંગળીને લઈને નહિ અને આ શરીર ઊંચું રહેલું છે તે પાટને લઈને નહિ કેમ કે એકબીજાને લઈને માનવામાં આવે તો મહાસત્તા રહેતી નથી. મહાસત્તામાં આ નથી એમ નથી. પણ તે ''છે''પણું બતાવે છે. વિદ્યમાનપણામાં અવિદ્યમાનપણું ન હોય અને બીજાને કારણે ન હોય. આ લોઢાની કેંચીના કારણે છાપરું છે એમ માનવામાં આવે તો મહાસત્તા રહેતી નથી અને દિવાલને કારણે પણ છાપરું નથી કેમ કે અસ્તિપણું છે તે કોઈ પરને લઈને નથી, એ મહાસત્તા છે. 'છે' પણામાં અભાવની વાત નથી. મહાસત્તાનું જ્ઞાન વીતરાગદષ્ટિથી જુએ છે. જ્યાં છે ત્યાં છે એમ કહીને મહાસિદ્ધાંત નક્કી કર્યો છે. સર્વમાં વ્યાપનારી મહાસત્તા છે. મહાસત્તાને જાણનારું જ્ઞાન છે તે મોક્ષમાર્ગ છે.

પ્રતિનિયત વસ્તુમાં વ્યાપનારી તે અવાંતરસત્તા છે. આત્મા છે, પુદ્‌ગલ છે, અભવી છે, ભવી છે, છૂટો પરમાણુ છે, સ્કંધ છે એમ પેટાભેદ છે તે અવાંતરસત્તા છે અને આત્મામાં દ્રવ્ય-ગુણ-પર્યાયના પેટાભેદ પાડો તો તે પણ એકબીજાના કારણે નથી માટે અવાંતરસત્તામાં પણ વીતરાગતા જ છે. મહાસત્તા લ્યો કે અવાંતરસત્તા લ્યો તો એ પણ કોઈ કોઈને કારણે નથી એમ બતાવે છે. પરના કારણે માને તો અવાંતરસત્તા કે મહાસત્તા રહેતી નથી.

સમસ્ત વ્યાપકરૂપમાં વ્યાપનારી તે મહાસત્તા છે, પ્રતિનિયત એકરૂપમાં વ્યાપનારી તે અવાંતરસત્તા છે; અનંત પર્યાયોમાં વ્યાપનારી તે મહાસત્તા છે અને પ્રતિનિયત એક પર્યાયમાં વ્યાપનારી તે અવાંતરસત્તા

છે. પદાર્થનો **'अस्ति'** એવો ભાવ તે અસ્તિત્વ છે. આમ મહાસત્તા અને અવાંતરસત્તાના સ્વરૂપને સમજે તો વીતરાગતા થાય જ અને એ જ આ નિયમસારનું ફળ છે.

**ચૈત્ર વદ ૧૩, મંગળવાર, ૨૨-૪-૫૨.**

આ અજીવ અધિકાર ચાલે છે. ભગવાને છ દ્રવ્યો જોયા છે. તે અસ્તિરૂપ છે એટલે તે દ્રવ્યો પોતાના કારણે ટકી રહ્યા છે.

આ છ દ્રવ્યોમાં અસ્તિત્વથી અને કાયત્વથી સહિત પાંચ અસ્તિકાયો છે. કાળદ્રવ્યને અસ્તિત્વ છે, કાયત્વ નથી કારણ કે કાયની માફક તેને બહુપ્રદેશોનો અભાવ છે. જગતમાં જે ચીજો છે એની વ્યાખ્યા થાય, ન હોય એની વ્યાખ્યા હોય નહિ. અને વસ્તુ છે તો એને ગુણ-પર્યાય પણ છે. હોવાપણામાં છ દ્રવ્યો આવી જાય છે અને કાયત્વમાં પાંચ દ્રવ્યો આવે છે. જેમ શરીર ઘણા રજકણોનો પિંડ છે તે કાય છે એમ ઘણા પ્રદેશોનો સદ્ભાવ છે. કાળમાં પ્રદેશોનો અભાવ છે કેમ કે તે એકપ્રદેશી છે. આ રીતે અસ્તિકાયનું વર્ણન કર્યું.

હવે ગાથા ૩૪ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૫૧**

(आर्या)

**इति जिनमार्गाम्भोधेरुद्धता पूर्वसूरिभिः प्रीत्या।**
**षड्द्रव्यरत्नमाला कंठाभरणाय भव्यानाम्॥५१॥**

**શ્લોકાર્થ :-** એ રીતે જિનમાર્ગરૂપી રત્નાકરમાંથી પૂર્વાચાર્યોએ પ્રીતિપૂર્વક ષટ્દ્રવ્યરૂપી રત્નોની માળા ભવ્યોના કંઠના આભરણને અર્થે બહાર કાઢી છે. ॥ ૫૧ ॥

જુઓ, અહીં છ દ્રવ્યોનું વર્ણન કર્યું એનો સરવાળો કહે છે. વીતરાગી જ્ઞાનમાં છ દ્રવ્યો જણાયા. વીતરાગમાર્ગ સિવાય બીજે છ દ્રવ્યોનું વર્ણન નથી. એ વીતરાગી જિનમાર્ગરૂપી દરિયામાંથી છ દ્રવ્યોરૂપ રત્નોની માળા ભવ્ય જીવોના કંઠના આભરણ માટે સંતમુનિએ બહાર કાઢી છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યથી ટકતું નથી, કોઈ દ્રવ્ય પરને લાભ-નુકસાન કરતું નથી એમ છ દ્રવ્યનું વર્ણન કરીને સ્વતંત્રતા બતાવી છે. અભવ્યને માટે એ છ દ્રવ્યરૂપ રત્નની માળા આભરણ નથી એટલે કે છ દ્રવ્યને ન માને તે જીવો અભવ્ય છે એમ નક્કી થાય છે.

આત્મા ચૈતન્યજ્યોત ભગવાન છે. તે વાણી દ્વારા જેવો છે તેવો જિનમાર્ગમાં જાહેર કર્યો છે. એનો કોઈ કર્તા ન હોય અને બીજાની સહાય એને ન હોય, એમ છ યે દ્રવ્યો સ્વતંત્ર છે. આત્મા શરીરનું કરે તો શરીર સ્વતંત્ર રહેતું નથી. આત્મા પોતાની પર્યાયમાં વિકારી કે અવિકારી ભાવ કરે



છે પણ પરનું કાંઈ કરે નહિ. છ યે દ્રવ્યો સ્વતંત્ર છે એમ ભવ્ય જીવો સમજે છે, જે ન સમજે તે અભવ્ય છે.

ગાથા ૩૫-૩૬

संखेज्जासंखेज्जाणंतपदेसा हवंति मुत्तस्स ।
धम्माधम्मस्स पुणो जीवस्स असंखदेसा हु ॥ ३५ ॥
लोयायासे तावं इदरस्सस अणंतयं हवे देसा ।
कालस्स ण कायत्तं एयपदेसो हवे जम्हा ॥ ३६ ॥

અણસંખ્ય, સંખ્ય, અનંત હોય પ્રદેશ મૂર્તિક દ્રવ્યને,
અણસંખ્ય જાણ પ્રદેશ ધર્મ, અધર્મ તેમ જ જીવને; ૩૫.
અણસંખ્ય લોકાકાશમાંહી, અનંત જાણ અલોકને,
છે કાળ એકપ્રદેશી, તેથી ન કાળને કાયત્વ છે. ૩૬.

**અન્વયાર્થ** :- મૂર્ત દ્રવ્યને સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશો હોય છે; ધર્મ, અધર્મ તેમ જ જીવને ખરેખર અસંખ્યાત પ્રદેશો છે.

લોકાકાશને વિષે ધર્મ, અધર્મ તેમ જ જીવની માફક (અસંખ્યાત પ્રદેશો) છે; બાકીનું જે અલોકાકાશ તેને અનંત પ્રદેશો છે. કાળને કાયપણું નથી કારણ કે તે એકપ્રદેશી છે.

આ છ દ્રવ્યો જ્યાં છે તે લોક છે. લોકની બહાર જે ખાલી જગ્યા છે તે અલોકાકાશ છે. એનો અંત આવતો નથી. તેને કેવળી પ્રત્યક્ષ જાણી શકે છે. અંત આવતો નથી માટે જ્ઞાનમાં ન જણાય એમ નથી. ખાલી ભાગ અનંત અનંત છે એમ જ્ઞાન જાણે છે. ખાલી આકાશ અપાર છે તેને કેવળી ન જાણે તો તે અપ્રમેય થઈ જાય, -એમ બનતું નથી. કેમ કે આકાશદ્રવ્યમાં પણ પ્રમેયત્વ નામનો ગુણ ત્રિકાળ છે, તે ગુણના કારણે તે જણાયા વગર રહે નહિ. દરેક દ્રવ્યમાં સામાન્ય છ ગુણો છે, એમાં એક પ્રમેયત્વ નામનો ગુણ છે. તેથી તે કોઈ ને કોઈ જ્ઞાનનો વિષય થયા વિના રહે નહિ.

વસ્તુ છે તો એમાં અસ્તિત્વ નામનો ગુણ છે. તેવી રીતે પ્રમેયત્વ નામનો ગુણ પણ ત્રિકાળ છે. તે ગુણના કારણે પદાર્થમાત્ર કેવળજ્ઞાનનો જ નહિ પણ કોઈ ને કોઈ જ્ઞાનનો વિષય થયા વિના રહેતો નથી. કોઈ નાસ્તિક હશે તો તે પણ શું કહેશે ? આ જગત છે. અને પછી શું છે? ખાલી છે. તો જે ખાલી છે તે આકાશ છે એમ નાસ્તિકે પણ કબૂલ કરવું પડશે. ''નથી'' એમ તે કહી શકશે નહિ. કાંઈ ને કાંઈ ખાલી ખાલી પણ કહેવું પડશે તે અપાર આકાશ છે. તે અપારને અપાર તરીકે જ્ઞાન જાણે છે. વળી આકાશદ્રવ્યમાં પ્રમેયત્વ નામનો ગુણ ત્રિકાળ વ્યાપેલો છે. તેથી તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો પણ વિષય થાય છે. આમ સર્વજ્ઞથી નક્કી થયેલ તત્ત્વોનો નિર્ણય કરે તો નિવેડો



આવે એમ છે. માટે છ યે દ્રવ્યો મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનમાં પરોક્ષ અને કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે એમ નિર્ણય કરવો.

**ટીકા** :- આમાં છ દ્રવ્યોના પ્રદેશનું લક્ષણ અને તેના સંભવનો પ્રકાર કહેલ છે અર્થાત્ આ ગાથામાં પ્રદેશનું લક્ષણ તેમ જ છ દ્રવ્યોને કેટલા કેટલા પ્રદેશ હોય છે તે કહ્યું છે.

શુદ્ધ પુદ્ગલ પરમાણુ વડે રોકાયેલું આકાશ સ્થળ જ પ્રદેશ છે. અર્થાત્ શુદ્ધ પુદ્ગલ પરમાણુ આકાશના જેટલા ભાગને રોકે તેટલો ભાગ તે આકાશનો પ્રદેશ છે. એ વસ્તુને માપવાનો ગજ છે. તે જગતથી જુદા પ્રકારનો છે. શુદ્ધ પરમાણુ છે એને પણ જાણી શકાય છે કેમ કે એમાં પણ પ્રમેયત્વ ગુણ છે તેથી તે પણ પ્રમાણજ્ઞાનનો વિષય છે.

પુદ્ગલદ્રવ્યને એવા પ્રદેશો સંખ્યાત, અસંખ્યાત અને અનંત હોય છે. આકાશના પ્રદેશની માફક, કોઈ પણ દ્રવ્યનો એક પરમાણુ વડે વ્યપાવા યોગ્ય જે અંશ તેને તે દ્રવ્યનો પ્રદેશ કહેવામાં આવે છે. દ્રવ્યે પુદ્ગલ એકપ્રદેશી હોવા છતાં પર્યાયે સ્કંધપણાની અપેક્ષાએ પુદ્ગલને બે પ્રદેશોથી માંડીને અનંત પ્રદેશો પણ સંભવે છે.

લોકાકાશને, ધર્મને, અધર્મને તથા એક જીવને અસંખ્યાત પ્રદેશો છે. બાકીનું જે આલોકાકાશ છે તેને અનંત પ્રદેશો છે. કાળને એક પ્રદેશ છે, તે કારણથી તેને કાયપણું નથી પણ દ્રવ્યપણું છે જ. સંસારમાં તો કોઈ મકાન ખરીદ કરે તો તેની ચારે દિશાઓનું માપ નક્કી કરે, આકાશથી પાતાળ સુધીના હક્ક લખે છે અને વંશ પરંપરાની માલિકી લખે છે પણ એ તો મફતનો મૂઢ એકત્વબુદ્ધિ કરે છે. એ એકેય ચીજ આત્માની નથી, શરીર પણ આત્માનું નથી. અજ્ઞાની આત્માનું માપ કાઢતો નથી, વળી તે આત્મામાં એકત્વ કરતો નથી, પણ પરમાં એકત્વ કરી મૂઢતાથી રખડે છે.

હવે આ બે ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

શ્લોક ૫૨

(उपेन्द्रवज्रा)

पदार्थरत्नाभरणं मुमुक्षोः
कृतं मया कंठविभूषणार्थम् ।
अनेन धीमान् व्यवहारमार्गं
बुद्ध्वा पुनर्बोधित शुद्धमार्गम् ॥ ५२ ॥

**શ્લોકાર્થ** :- પદાર્થોરૂપી (છ દ્રવ્યોરૂપી) રત્નોનું આભરણ મેં મુમુક્ષુના કંઠની શોભા અર્થે બનાવ્યું છે; એના વડે ધીમાન પુરુષ વ્યવહારમાર્ગને જાણીને, શુદ્ધમાર્ગને પણ જાણે છે. ॥ ૫૨ ॥

જેમ કોઈ દાગીનાની પેટીમાં હાર, વીંટી આભૂષણો મૂકે છે તેમ અહીં આ જગતરૂપી ડાબલામાં છ દ્રવ્યો આભૂષણ છે, તે સ્વતંત્ર કામ કરી રહ્યા છે, તેનું યથાર્થ જ્ઞાન કરવું તે મુમુક્ષુઓની શોભા છે. દરેક દ્રવ્ય પૃથક પૃથક છે. બાપને લઈને દીકરો નહિ અને દીકરાને લઈને બાપ નહિ. સ્ત્રીને લઈને ધણી નહિ અને ધણીને લઈને સ્ત્રી નહિ -એમ બધા દ્રવ્યોને પૃથક પૃથક જાણવા એ જ શોભા છે. આ રીતે બુદ્ધિમાન પુરુષો છ દ્રવ્યને આભૂષણ બનાવે છે.

આઠ વર્ષની છોકરી શાકમાં મીઠું, મસાલો, હળદર વગેરે નાખે છે તો તે બધી ચીજને પૃથક પૃથક જાણે છે, મીઠાને બદલે હળદર નાખે નહિ. વળી માખી પણ ફટકડી તથા સાકરને એના ગુણોથી પૃથક પૃથક જાણે છે એમ છ દ્રવ્યોને એના પૃથક પૃથક ગુણો દ્વારા પૃથક પૃથક જાણવા જોઈએ. જેમ સાકર ધોળી અને મીઠું પણ ધોળું છે છતાં બન્નેના ગુણોમાં ફેર છે. તે ગુણોથી તેને પૃથક પૃથક જાણવા એ સમ્યગ્દર્શનનું કારણ છે.

અજ્ઞાની છ દ્રવ્યના સ્વરૂપને જેમ છે તેમ જાણે નહિ અને દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિ શુભભાવમાં ધર્મ માને છે તેને ધર્મ થતો નથી. પણ બુદ્ધિમાન પુરુષો છ દ્રવ્યને જાણીને પોતાના સ્વરૂપને જેમ છે તેમ જાણે છે.

જ્ઞાની વ્યવહારે પણ છ દ્રવ્યોને જુદા જુદા જાણે છે. હું તો જ્ઞાયક છું, બધા દ્રવ્યોને જાણનાર છું, મારી મજા મારી પાસે છે, કોઈ પરને લઈને નથી. જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ આદિ મારે લઈને છે -એમ બુદ્ધિમાન પુરુષ જાણે છે. તે વ્યવહારમાર્ગને જાણે છે ખરો પણ પરમાર્થ મોક્ષમાર્ગને આદરે છે. વ્યવહારમાં રોકાઈ જવાથી પુણ્ય થાય છે પણ આત્માનું કલ્યાણ થતું નથી, તેમાં આત્માની શાંતિ નથી.



હવે આ અજીવ અધિકારની છેલ્લી ગાથા કહે છે :-

**ગાથા ૩૭**

**पोग्गलदव्वं मुत्तं मुत्तिविरहिया हवंति सेसाणि।**
**चेदणभावो जीवो चेदणगुणवज्जिया सेसा ।। ३७ ।।**

**છે મૂર્ત પુદ્‌ગલદ્રવ્ય, શેષ પદાર્થ મૂર્તિવિહીન છે;**
**ચૈતન્યયુત છે જીવ ને ચૈતન્યવર્જિત શેષ છે. ૩૭.**

**અનવયાર્થ :-** પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત છે, બાકીના દ્રવ્યો મૂર્તત્વ રહિત છે; જીવ ચૈતન્યભાવવાળો છે, બાકીના દ્રવ્યો ચૈતન્યગુણ રહિત છે.

છ દ્રવ્યોમાં એક મૂર્ત છે અને પાંચ અમૂર્ત છે અને એક ચેતન છે ને પાંચ અચેતન છે. અજીવને કાંઈ ખબર નથી પણ જીવ ચૈતન્યસ્વભાવવાળો છે, તે બધાને જાણે છે. જેમ હીરાનો અજાણ હીરાની દુકાને બેસી શકે નહિ તેમ છ દ્રવ્યોના ગુણોને જાણ્યા વિના જીવ આત્માનો ધંધો કરી શકે નહિ. ધર્મ કરનારે આત્માને યથાર્થ જાણવો જોઈએ.

**ચૈત્ર વદ ૧૪, બુધવાર, ૨૩-૪-૫૨.**

આ અજીવ અધિકારની છેલ્લી ગાથા છે.

**ટીકા** :- આ અજીવ દ્રવ્ય સંબંધી કથનનો ઉપસંહાર છે.

તે પૂર્વોક્ત મૂળ પદાર્થોમાં પુદ્‌ગલ મૂર્ત છે. બાકીના પાંચ અમૂર્ત છે. જીવ ચેતન છે અને બાકીના પાંચ અચેતન છે. અહીં જાણવા-દેખવાવાળો છે તે જીવ છે પણ રાગવાળો તે જીવ છે એમ કહેલ નથી.

હવે સ્વજાતીય અને વિજાતીય બંધનની અપેક્ષાથી જીવ તથા પુદ્‌ગલને બંધ અવસ્થામાં અશુદ્ધપણું હોય છે. ધર્માદિ ચાર પદાર્થોને વિશેષ ગુણની અપેક્ષાથી સદા શુદ્ધપણું જ છે.

પરમાણુ પરમાણુ ભેગાં થાય એ સ્વજાતીય પુદ્‌ગલનું અશુદ્ધપણું છે અને જીવ તથા પુદ્‌ગલનું ભેગું થવું તે વિજાતીય અશુદ્ધપણું છે. પુદ્‌ગલને સ્વજાતીય અશુદ્ધપણું હોય કે વિજાતીય અશુદ્ધપણું હોય પણ તે પરમાણુ પોતે અશુદ્ધપણે પરિણમે તો અશુદ્ધપણું થાય છે. આત્મા ને આત્મા ભેગાં થતા નથી એટલે તેમાં સ્વજાતીય અશુદ્ધપણું નથી. પણ જીવ અને પુદ્‌ગલ ભેગાં થાય છે એમાં

વિજાતીય અશુદ્ધપણું જીવને લાગુ પડે છે. જીવને સંસારદશામાં ચૌદમા ગુણસ્થાન સુધી અશુદ્ધપણું હોય છે, તે વિજાતીય અશુદ્ધપણું છે પણ તેથી કરીને કોઈ કર્મના કારણે એ અશુદ્ધપણું નથી.

આ રીતે જીવ અને પુદ્ગલને બંધ અવસ્થામાં અશુદ્ધપણું હોય છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચારે દ્રવ્યોને અશુદ્ધપણું હોતું નથી. છ યે દ્રવ્યોના અમુક સામાન્ય ગુણો તો શુદ્ધ જ છે પણ વિશેષ ગુણમાં અશુદ્ધતા હોય છે તે જીવ અને પુદ્ગલને જ હોય છે પણ ધર્માદિ ચાર પદાર્થોને વિશેષ ગુણમાં પણ અશુદ્ધતા નથી, તે સદા શુદ્ધ જ હોય છે.

૧) જીવને સજાતીય અશુદ્ધપણું નથી.

૨) જીવને વિજાતીય અશુદ્ધપણું હોય છે.

૩) પુદ્ગલને સ્વજાતીય અને વિજાતીય બન્ને અપેક્ષાથી અશુદ્ધપણું છે.

૪) ધર્માદિ ચાર દ્રવ્યોમાં કદી અશુદ્ધપણું નથી.

૫) વિશેષ ગુણોમાં અશુદ્ધપણું હોય છે.

૬) સામાન્ય ગુણોમાં અશુદ્ધપણું હોતું નથી.

જુઓ, અહીં તો આત્મામાં પણ અશુદ્ધપણું હોય છે એમ કહેલ છે. છતાં અજ્ઞાનીઓ એમ કહે છે કે અધ્યાત્મવાદીઓ અશુદ્ધપણું માનતા નથી. કેમ કે તેઓ એમ માને છે કે અશુદ્ધપણું ત્યારે માન્યું કહેવાય કે બહારમાં દયા, દાન, ભક્તિ, વ્રત ઉપવાસ આદિની ક્રિયા કરે અને એનાથી અશુદ્ધતાનો નાશ થાય છે એમ માને તો અશુદ્ધપણાને માન્યું કહેવાય. તો અહીં કહે છે કે આત્મા તો સ્વભાવથી ત્રણે કાળે શુદ્ધ છે અને તેના સામાન્ય ગુણો પણ શુદ્ધ જ છે. વિશેષ ગુણોની પર્યાયમાં અશુદ્ધતા થાય છે. આત્મા ચિદાનંદ છે એનું અવલંબન લ્યે તો તે અશુદ્ધતા ઉત્પન્ન જ થતી નથી, એને અશુદ્ધતા ટાળી એમ કહેવાય છે. ક્રિયાકાંડથી અશુદ્ધતા ટળતી નથી.

કુગુરુ પાસે સાંભળવા કે ચર્ચા કરવા જવું એમાં શું લેવા કે શું દેવા જવું છે ? એમ નક્કી કર્યા વગર ત્યાં જઈને એકલું મિથ્યાત્વનું જ પોષણ કરે છે. નિયમસારમાં પાછળ આવી ગયું છે કે અનેક પ્રકારના જીવો છે, અનેક પ્રકારની લબ્ધિ છે અને અનેક પ્રકારના કર્મો છે, કોઈ કોઈને સમજાવી શકતો નથી, પોતાના ક્ષયોપશમ પ્રમાણે સૌ સમજે છે. માટે સમજીને સમાઈ જવું જોઈએ. ખાલી



ચર્ચાથી કે કુદેવના સંગથી યથાર્થ માર્ગ મળે એમ નથી એમ નક્કી કરવું.

આ અધિકારની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.

**શ્લોક ૫૩**

(मालिनी)

**इति ललितपदानामावलिर्भाति नित्यं**
**वदनसरसिजाते यस्य भव्योत्तमस्य।**
**सपदि समयसारस्तस्य हृत्पुण्डरीके**
**लसति निशितबुद्धेः किं पुनश्चित्रमेतत्॥ ५३॥**

**શ્લોકાર્થ :-** એ રીતે લલિત પદોની પંક્તિ જે ભવ્યોત્તમના વદનારવિંદમાં સદા શોભે છે તે તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષના હૃદયકમળમાં શીઘ્ર સમયસાર (-શુદ્ધ આત્મા) પ્રકાશે છે, અને એમાં શું આશ્ચર્ય છે ? ॥ ૫૩ ॥

અજીવના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન ત્યારે થયું કહેવાય કે અજીવ પદાર્થો તારાથી ભિન્ન છે અને તેનાથી તને કાંઈ લાભ-નુકસાન નથી, વળી જીવ અજીવનું કાંઈ કરી શકતો નથી એમ જ્ઞાનમાં આવ્યું તેને અજીવ પદાર્થ પણ યથાર્થ સમજાણો છે, ભવ્યોત્તમના મુખમાં અજીવ અને જીવની વાત શોભે છે. આ અજીવ છે, હું જીવ છું, જ્ઞાનસ્વરૂપ છું, અજીવ પર છે, મારે અને તેને કાંઈ સંબંધ નથી એવું જેને જ્ઞાન છે તે ભવ્ય જીવોના મુખમાં વાણી શોભે છે. મારે અને પરને કાંઈ સંબંધ નથી, વિકલ્પ ઊઠે તેની સાથે પણ સંબંધ નથી. આત્માના એક નિજ ભાવમાં જે વારંવાર રમણ કરે છે તે એકલો ચૈતન્ય પરમાત્મા થઈ જાય છે. જીવ અને અજીવનું તો એકપણું કરે નહિ પણ આ જીવ અને પર જીવ સાથે પણ એકપણું જ્ઞાની કરે નહિ, કેમ કે પર જીવ આ જીવની અપેક્ષાએ અજીવ છે. એમ ભેદજ્ઞાન કરે તે એકલો પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કરે છે, તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

આ રીતે અજીવ અધિકાર નામનો બીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❖❖❖

## ૩. શુદ્ધભાવ અધિકાર

**આસો વદ ૨, મંગળવાર, ૧૬-૧૦-૫૧.**

નિયમસારનો પહેલો જીવ અધિકાર આસો સુદ ૧૫ ના રોજ પૂર્ણ થયો હતો. ત્યાર પછી બીજો અજીવ અધિકાર છે તે પાછળથી વંચાશે. ત્રીજો શુદ્ધભાવ અધિકાર છે તે આજથી શરૂ થાય છે.

**ગાથા ૩૮**

**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो॥ ३८॥**

**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**-જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

**અન્વયાર્થ :-** જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત આત્મા આત્માને ઉપાદેય છે.

**ટીકા :-** આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. છોડવા જેવું શું છે અને ગ્રહણ કરવા જેવું શું છે તે આ ગાથામાં બતાવે છે.

**જીવાદિ સાત તત્ત્વોનો રાગ સહિત વિચાર પરદ્રવ્ય છે. રાગથી સમ્યગ્દર્શન થતું નથી માટે સાતે તત્ત્વો ઉપાદેય નથી.**

''જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.''

આત્મા અનંત ગુણોની પિંડસ્વરૂપ વસ્તુ છે તે જીવ છે. કર્મ અજીવ છે, પર્યાયમાં રાગ-દ્વેષાદિના પરિણામ થવા તે આસ્રવ છે, જીવ તે પરિણામમાં અટકે છે તે બંધ છે, આત્માના લક્ષે નિર્મળતા થવી તે સંવર, વિશેષ નિર્મળતા થવી તે નિર્જરા છે, પરિપૂર્ણ નિર્મળતા તે મોક્ષ છે. આ સાત તત્ત્વોને અહિંયા પરદ્રવ્ય કહ્યા છે.

જીવ : હું જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંત ગુણોનો પિંડ શુદ્ધ જીવ છું. કર્મ, શરીર વગેરે અજીવ છે. હું તે રૂપે નથી, સંસારદશામાં રાગ-દ્વેષાદિના પરિણામ થાય છે પણ તે હું નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું. સંવર, નિર્જરા અને મોક્ષ પણ પર્યાય છે, એટલો હું નથી. હું તો અનાદિઅનંત, એકરૂપ, શુદ્ધ કારણપરમાત્મા છું. મારા શુદ્ધ કારણપરમાત્માના આધારે સંવર, નિર્જરા તથા કેવળજ્ઞાનાદિની કાર્યશુદ્ધદશા પ્રગટ થાય છે, એવો હું ચૈતન્યસ્વરૂપ છું, કારણપરમાત્મા છું. એમ મનના સંબંધે રાગ



સહિત પોતાના જીવનો વિચાર કરવો -તે રાગ સહિત જીવતત્ત્વને હેય કહેલ છે. ચૈતન્યસ્વભાવીનો આશ્રય નહિ લેતાં રાગમિશ્રિત વિચારથી રાગમાં રોકાય છે માટે તે જીવતત્ત્વને આદરણીય કહેલ નથી.

સાત તત્ત્વો જુદે જુદાં છે એમ જ્ઞાન કરવા માટે પ્રથમ રાગની વૃત્તિ ઊઠે પણ સમ્યગ્દર્શનનો ધ્યેય અથવા વિષય રાગ નથી, રાગથી પુણ્યબંધ થાય છે, સમ્યગ્દર્શન થતું નથી માટે તેને હેય ગણેલ છે.

કારણશુદ્ધપરમાત્મા જે મોક્ષનો આધાર છે, જે સ્વભાવભાવ છે તેના રાગમિશ્રિત વિચારને પણ હેય ગણ્યો છે, આદરવા જેવો કહ્યો નથી. તો પછી દયા, દાન, વ્રતાદિના પરિણામ તો હેય જ છે - આદરણીય નથી, એ વાત તેમાં આવી જાય છે.

અન્ય મતવાળા જીવનું સ્વરૂપ અન્યથા કહે છે. બધા થઈને એક જીવ કહે તેવા જીવની તો વાત નથી. તીર્થંકર ભગવાને કહેલા જીવનું સ્વરૂપ યથાર્થ માને છે તેની વાત કરે છે. દયા-દાનાદિના પરિણામ પુણ્ય છે, હિંસા, જૂઠું, ચોરી આદિના પરિણામ પાપ છે - બન્ને આસ્રવ છે, તેમાં અટકે તે બંધ છે, તેનાથી રહિત ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વભાવ એકરૂપ પરમપારિણામિકસ્વભાવભાવ - તેનું દ્રવ્ય શુદ્ધ, ગુણો શુદ્ધ ને તેની વર્તમાન પર્યાય-કારણપર્યાય પણ શુદ્ધ એવા પરમપારિણામિક-સ્વભાવભાવે વર્તતા શુદ્ધ જીવતત્ત્વને જે માને છે તેની વાત છે. અજીવ આદિ છ તત્ત્વોથી જુદો છું, મોક્ષપર્યાય કોઈ નિમિત્તને લીધે, પુણ્યને લીધે પ્રગટતી નથી પણ ત્રિકાળ શુદ્ધ પરમપારિણામિક-ભાવના આધારે પ્રગટે છે એવું શુદ્ધ જીવતત્ત્વ છે. વળી તે અસંખ્ય પ્રદેશી છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વાદિ અનંત ગુણો છે. દરેક ગુણની સમયે સમયે પર્યાય થાય છે. એવી અનંતી પર્યાય સહિત આખો આત્મા છે. જેમાંથી મોક્ષરૂપી કાર્ય પ્રગટે છે તે કારણશુદ્ધપરમાત્મા તે શુદ્ધ જીવતત્ત્વ છે. આવા શુદ્ધ જીવતત્ત્વના રાગમિશ્રિત વિચારમાં અટકવું તે પુણ્યબંધનું કારણ છે, ધર્મનું કારણ નથી. રાગ પરદ્રવ્ય છે ને તેમાં કર્મનો નિમિત્તરૂપ સંબંધ આવે છે. તેથી રાગસહિતના જીવને પરદ્રવ્ય ગણી હેય કહેલ છે. બીજા જીવની વાત નથી. પોતાના જીવની રાગ સહિત વિચારણા કરવી તે ઉપાદેય નથી. કારણ કે રાગના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી તો પછી દયા-દાનાદિથી કે શરીરની ક્રિયાથી ધર્મ થાય તે વાત તો ઘણી દૂર છે. સમ્યગ્દર્શનનો વિષય રાગ રહિત શુદ્ધ જીવ છે, રાગ રહિત શુદ્ધ જીવનું અવલંબન કરવા જેવું છે. ગમે તેવો શુભ રાગ પણ હેય છે -એમ કહેવું છે. કેવળી ભગવંતો તથા ગુરુ વગેરે પર જીવો છે, તેમના સંબંધી વિચારની વાત નથી કારણ કે તે જીવો આ રાગથી તદ્દન જુદા છે. કેવળી અને ગુરુથી જુદો હું જીવ છું એવા સ્વ જીવના વિકલ્પ પણ હેય છે. આ અપેક્ષાએ જીવતત્ત્વને હેય કહ્યું છે.

અજીવ : શરીર, કર્મ, શાસ્ત્ર વગેરે અજીવ છે - જડ છે. તે દ્રવ્ય અજીવ છે, તેના ગુણો અને

પર્યાયો પણ અજીવ છે. અજીવની પર્યાય જીવ કરે ને જીવની પર્યાય અજીવ કરે એવી માન્યતાવાળાને જીવ-અજીવની વ્યવહારશ્રદ્ધાના પણ ઠેકાણાં નથી. કર્મ, શરીર, વાણી, શાસ્ત્ર, રોટલા, દાળ, ભાત વગેરે બધા અજીવ પદાર્થોની પર્યાય અજીવના કારણે થાય છે, જીવની ઈચ્છાને લીધે તે થતી નથી. આત્મા છે તો ભાષા બોલાય છે, શરીર ચાલે છે તેને અજીવતત્ત્વની વ્યવહારશ્રદ્ધા પણ સાચી નથી. તેને રાગ સહિત સાત તત્ત્વો હેય છે ને એકલો જીવતત્ત્વ ઉપાદેય છે એવી શ્રદ્ધા થશે નહિ. અહીં તો અજીવથી જીવને લાભ માને નહિ, વાણીથી જ્ઞાન થાય તેમ માને નહિ, અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે એમ જે અજીવને રાગસહિત સ્વીકારે છે તે પણ હેય છે - ઉપાદેય નથી. કારણ કે અજીવ આવું છે એમ અજીવના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે, સમ્યગ્દર્શન થતું નથી. માટે રાગસહિત અજીવદ્રવ્યનો વિચાર કરવો તે ઉપાદેય નથી.

**આસ્રવ** : જીવની પર્યાયમાં થતા દયાદાનાદિના પરિણામ પુણ્ય છે. હિંસા, જૂઠ, ચોરીના ભાવ પાપ છે - બન્ને આસ્રવ છે. એકલા પાપને આસ્રવ માને અને પુણ્યને આસ્રવ ન માને, પુણ્યથી સંવર માને તેની તો વ્યવહારશ્રદ્ધા પણ સાચી નથી. આસ્રવથી જીવને લાભ ન માને, આસ્રવથી સંવર-નિર્જરા ન માને, જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે પણ આસ્રવ છે, આસ્રવ તે વિકાર છે, તે આત્માનું ખરું સ્વરૂપ નથી. તે જીવમાંથી ટળી જાય છે માટે તે પરદ્રવ્ય છે. તેથી હેય છે-છોડવા યોગ્ય છે. જે પુણ્યથી ધર્મ માને તેની તો વાત છે જ નહિ પણ પુણ્યથી ધર્મ નથી, તે બંધનું કારણ છે એમ રાગથી વિચાર કરે છે તે પરદ્રવ્ય છે, ચૈતન્યદ્રવ્ય નથી. ચૈતન્યદ્રવ્ય તો અનાદિઅનંત એકરૂપ રહે તે છે. તેમાં જેટલો વિકાર થાય તેને પરદ્રવ્ય ગણી હેય કહેલ છે.

**બંધ** : જીવ પોતાની પર્યાયમાં થતાં દયા દાનાદિમાં અટકે છે તે ભાવબંધ છે. તેનું નિમિત્ત પામીને કર્મનો બંધ પડે છે તે દ્રવ્યબંધ છે. બન્ને પરદ્રવ્ય છે, આત્મદ્રવ્ય નથી તેથી તેને હેય કહેલ છે.

**સંવર-નિર્જરા** : સંવર-નિર્જરા આત્માના આશ્રયે પ્રગટતી નિર્મળ પર્યાયો છે. તે પર્યાયોના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટતી નથી, વધતી નથી. પર્યાયનો આશ્રય લેવા જતાં રાગની ઉત્પત્તિ થાય છે. ધર્મની પર્યાય ધર્મની પર્યાયના આધારે પ્રગટતી નથી પણ ધર્મી એવા શુદ્ધ દ્રવ્યના આધારે પ્રગટે છે.

છઠ્ઠે ગુણસ્થાને મુનિને ચારિત્રદશા પ્રગટી છે. તે ચારિત્રની પ્રગટેલી પર્યાયના આધારે ચારિત્ર પ્રગટતું નથી, વધતું નથી. એકરૂપ શુદ્ધ સ્વભાવના આધારે તે પ્રગટે છે ને વધે છે. સંવર-નિર્જરારૂપ પર્યાયના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે તેથી તેને પરદ્રવ્ય ગણી હેય કહેલ છે.

**મોક્ષ** : મોક્ષ આત્માના આશ્રયે પ્રગટ થતી પૂરી નિર્મળ પર્યાય છે. સાધક જીવને વર્તમાનમાં તે પ્રગટ નથી. જે પર્યાય પ્રગટ નથી તેનો વિચાર કરવા જતાં રાગની ઉત્પત્તિ થાય છે. આ અપેક્ષાએ તેને પરદ્રવ્ય કહેલ છે. સંવર, નિર્જરા, મોક્ષ તે પર્યાય છે. પર્યાય અંશ છે, અંશ અંશીમાંથી આવે



છે પણ અંશ અંશમાંથી આવતો નથી. પર્યાયનો આશ્રય લેવા જતાં વિકલ્પ ઊઠે છે તેથી તેને પરદ્રવ્ય ગણી હેય કહેલ છે.

આ પ્રમાણે સાતે તત્ત્વોનો રાગ મિશ્રિત વિચાર કરવો તે આદરણીય નથી, હેય છે. સિદ્ધો, કેવળીઓ આ જીવ માટે પર જીવ છે. હું જીવ છું એવો વિકલ્પ પણ આદરણીય નથી. સમ્યગ્દર્શનનો ધ્યેય કરાવવા માટે આદરણીય નથી. આ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. જે જીવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તથા સાતે તત્ત્વોને વ્યવહારે પણ માનતા નથી તેની તો વાત છે જ નહિ. અહીં તો સાચા દેવ, નિર્ગ્રંથ ગુરુ ને સર્વજ્ઞની વાણીની પરંપરાથી રચાયેલા શાસ્ત્રોને વ્યવહારે માને છે તેવો જીવ સાત તત્ત્વોનો રાગ સહિત વિચાર કરે તો તે પણ આદરણીય નથી પણ હેય છે - છોડવા જેવો છે. ધર્મી જીવને શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટેલી વીતરાગી પર્યાય - શુદ્ધ રત્નત્રય પણ પર્યાય છે - તેના આશ્રયે પણ વિકલ્પ ઊઠે છે. માટે તેને પણ પરદ્રવ્ય ગણી ઉપાદેય નથી એમ કહ્યું છે. શુદ્ધ આત્મા જ એક ધર્મનું કારણ છે, તેને જ ઉપાદેય કહેશે.

**વૈરાગ્યવંત તીક્ષ્ણ બુદ્ધિવાળા નિર્ગ્રંથમુનિને ‘આત્મા’ ખરેખર ઉપાદેય છે. કેવા છે તે મુનિઓ ?**

‘‘સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણી છે, પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઈન્દ્રિયોનો ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમ જિન યોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે -એવા આત્માને ‘આત્મા’ ખરેખર ઉપાદેય છે.’’

પ્રથમ સાત તત્ત્વો પરદ્રવ્ય હોવાથી ઉપાદેય નથી એમ કહ્યું હતું. હવે આત્મા ખરેખર ઉપાદેય છે એમ કહે છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે. હવે પછી તેની વ્યાખ્યા કરશે. આત્મા ઉપાદેય છે એમ વાત મુખ્યપણે મુનિને લક્ષમાં રાખીને કરેલ છે. કારણ કે કુંદકુંદાચાર્ય-ભગવાન ને પદ્મપ્રભમલધારિદેવ બન્ને ભાવલિંગી સમર્થ મુનિ હતા. તે મુનિ કેવા છે ?

૧) <u>મુનિઓ સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણી છે.</u>

આત્માના ભાન સહિત મુનિઓ પોતાના સ્વરૂપની અંતરરમણતામાં હજારો વાર ઝૂલે છે. આનંદકંદમાં ઝૂલતા, અમૃતરસનો અનુભવ લ્યે છે. સહજ સ્વાભાવિક વૈરાગ્યવાળા છે, હઠપૂર્વક વૈરાગ્યવાળા નથી. અથવા મોહગર્ભિત વૈરાગ્ય નથી, સ્વાભાવિક વૈરાગ્યવાળા છે. પરનિમિત્તોથી, શુભભાવથી, પાંચ મહાવ્રતાદિના પરિણામથી, ઉદાસ છે, શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે. અજ્ઞાની જીવો કહે છે કે ‘બૈરા-છોકરાં સંસારનું કારણ છે માટે તેના પ્રત્યે તીવ્ર દ્વેષ કરી હેય બુદ્ધિ કરવી કે જેથી તેને સુખનું કારણ માનવાનું છૂટી જાય ને વૈરાગ્ય થાય’ આમ માનનાર જીવ અનંતાનુબંધીના તીવ્ર દ્વેષ સહિત મિથ્યાદૃષ્ટિ છે. મુનિઓને પરદ્રવ્ય તો જ્ઞેય છે. તેઓ કોઈ પણ દ્રવ્યને લાભ-નુકસાનકારક માનતા નથી. સહજ સ્વભાવમાં લીનતા વધતાં સ્વાભાવિક વૈરાગ્ય વર્તે છે, ને બાહ્ય-અભ્યંતર પરિગ્રહ

રહિત નિર્ગ્રંથદશામાં વર્તે છે. તેવા મુનિ વૈરાગ્યરૂપી મહેલના શિખરના ચૂડામણિ સમાન છે. એટલે કે તેમને ઘણી વૈરાગ્યદશા વર્તે છે.

૨) પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે.

હું આત્મા પરિપૂર્ણ છું એવા જીવના રાગસહિત વિકલ્પ, અજીવની ક્રિયા અજીવથી થાય, હું શુદ્ધ કારણપરમાત્મા છું, મારા કારણે અજીવમાં કાંઈ પણ ન થાય, મારા કારણે તો નિર્મળ પર્યાય પ્રગટે એવા સાત તત્ત્વોના જુદા જુદા વિકલ્પોરૂપી પરદ્રવ્યથી મુનિઓ ઉદાસ છે. તે વિકલ્પો પ્રત્યે તેઓને સન્મુખતા નથી એવા ભાવલિંગી મુનિઓ વિકલ્પથી પણ ઉદાસ છે. તો પછી બાહ્ય પદાર્થો પ્રત્યે અત્યંત ઉદાસ જ છે. તેમને વસ્ત્રનો પરિગ્રહ હોતો નથી. વસ્ત્રસહિત મુનિપણું માને તે મિથ્યાદૃષ્ટિ છે. મુનિને બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથદશા વર્તે છે. આવો ત્રણે કાળે અબાધિત નિયમ છે.

૩) પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે.

પોતાની ભાવ-ઇન્દ્રિયો પરપદાર્થોનો વિષય કરી ખંડખંડ થતી નથી, સ્વભાવ પ્રત્યે મુખ્યપણે ઢળેલ છે. પર તરફ જતાં જ્ઞાન સંકોચ પામતું હતું તે હવે સ્વભાવ તરફ વળી વિકાસ પામે છે. જેમને દેહમાત્ર પરિગ્રહ છે - મોરપીંછ, કમંડળ તો જ્યારે તેના ઉપર લક્ષ જાય છે ત્યારે હોય છે. તેથી તેને અપવાદિક પરિગ્રહમાં ગણેલ છે. દેહ પણ અપવાદિક છે, પણ આયુષ્ય સુધી કાયમ સાથે રહે છે, છોડ્યું જાય તેવું નથી. તેથી શરીર એકને પરિગ્રહમાં ગણેલ છે. આવા મુનિઓને શરીર ઉપરનો રાગ ઘણો છૂટી ગયો છે. તેથી શરીરને ટાઢ-તડકાથી બચાવવા વસ્ત્ર લઉં કે મૂકું તેવો વિકલ્પ સહજ જ ઊઠતો નથી, તેથી બાહ્ય નગ્ન દિગંબરદશા વર્તે છે.

૪) જે પરમ જિનયોગીશ્વર છે.

મુનિઓ આત્માના સ્વભાવમાં ઉત્કૃષ્ટપણે લીનતા કરી સ્વરૂપને સાધી રહ્યા છે. ચોથા ગુણસ્થાને આત્માનું ભાન થયું. એટલે સમ્યગ્દૃષ્ટિ પણ યોગી છે પરંતુ સ્વરૂપમાં વિશેષ લીનતા નથી. મુનિઓ તો આત્માના સ્વરૂપમાં વારંવાર લીન છે તેથી તેમને યોગીશ્વર કહ્યા. અન્ય મતવાળા વૈરાગી જીવો અમુક પ્રકારનું ધ્યાન કરે છે માટે યોગી કહેવડાવે છે, તે ખરેખર યોગી નથી પણ યોગાભાસી છે. એટલા માટે અહીં જિનયોગીશ્વર કહેલ છે. જેને આત્માનું ભાન નથી તેને યોગ હોય નહિ. આ જગતમાં બધા થઈને એક જીવ નથી, અનંતા જીવો છે, દરેક જુદે જુદા છે. દરેક જીવમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ વગેરે અનંતા ગુણો છે, તેનું ભાન ચૂકે છે માટે સંસારમાં વિકારદશા પર્યાયમાં એક સમય પૂરતી પોતાના કારણે થાય છે, પરને લીધે નહિ. એવી દર સમયે અનંતી પર્યાયો થાય છે. તેમાં કર્મ નિમિત્ત છે. કર્મરૂપે પરિણમવાને લાયક સ્કંધો છે તેના દ્રવ્ય-ગુણ-પર્યાય સમજવા જોઈએ વગેરે અનેક પ્રકારે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. વ્યવહારે પણ વસ્તુનું સ્વરૂપ



માન્યા વિના યોગ નામ કહે પણ તે યોગાભાસ છે. અહીં તો આત્માના ભાન સહિત પોતામાં અંતરપર્યાયને ઉત્કૃષ્ટપણે જોડાણ કરે છે તે યોગીશ્વર છે.

૫) સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે.

હું શુદ્ધ જીવતત્ત્વ છું, કર્મ ને શરીર અજીવ છે વગેરે સાત તત્ત્વોનો વિકલ્પ તે પરદ્રવ્ય છે. રાગ તરફની વૃત્તિ તૂટી છે, અજીવ (કર્મ) નિમિત્તનું કે પુણ્ય-પાપનું અવલંબન નથી, પણ સ્વદ્રવ્યનું અવલંબન વર્તે છે. એકલા સ્વદ્રવ્યમાં જ્ઞાનને ઉગ્ર કરી અંતર ગુમ થઈ ગયા છે ને છઠ્ઠે ગુણસ્થાને કોઈ વાર ભિક્ષાનો કે ઉપદેશનો વિકલ્પ ઊઠે પણ તે વિકલ્પથી અત્યંત પરાઙ્મુખ છે. વિકલ્પરૂપી પરદ્રવ્યથી અભાવરૂપે ને પોતાના જ્ઞાનસ્વભાવરૂપે સમયે સમયે પરિણમી રહ્યા છે. છઠ્ઠે સાતમે ગુણસ્થાને હજારો વાર ઝૂલે છે. છઠ્ઠે વિકલ્પ ઊઠે છે પણ તેનાથી અત્યંત પરાઙ્મુખ છે. કોઈ વાર સાત તત્ત્વનો વિકલ્પ હોય છતાં તેનાથી અત્યંત પરાઙ્મુખ છે. ત્રિકાળી જ્ઞાનસ્વભાવની અસ્તિરૂપ પરિણમન ને સાત તત્ત્વોના વિકલ્પના અભાવરૂપ પરિણમન થઈ રહ્યું છે. પરદ્રવ્યોથી પરાઙ્મુખ કહી નાસ્તિથી કથન કરેલ છે. અહીં સ્વભાવમાં તીક્ષ્ણબુદ્ધિ છે એમ કહી અસ્તિથી કથન કરેલ છે. અસ્તિ-નાસ્તિ બન્ને એક સમયમાં છે.

**તત્ત્વાર્થસૂત્રમાં સાત તત્ત્વોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું ને અહીં સાતે તત્ત્વોને હેય કેમ કહ્યા?**

ઉમાસ્વામી મહારાજે તત્ત્વાર્થસૂત્રમાં તેમ જ પંડિત ટોડરમલ્લજીએ સાત તત્ત્વો અથવા નવ પદાર્થોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે તે વ્યવહારસમ્યગ્દર્શનની વ્યાખ્યા નથી પણ નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. તો અહીં કોઈ પ્રશ્ન કરે કે : અહીં તો સાત તત્ત્વોને પરદ્રવ્ય ગણી હેય કહ્યા છે તો એ બે કથનને મેળ કેવી રીતે છે ? તેનું સમાધાન-

અહીં નિયમસારમાં સાત તત્ત્વોને પરદ્રવ્ય ગણી હેય કહ્યા તે રાગ સહિતની શ્રદ્ધાને કહેલ છે. કારણ કે તેમાં વિકલ્પ ઊઠે છે ને વિકલ્પથી સમ્યગ્દર્શન થતું નથી તેથી હેય કહ્યા, જ્યારે તત્ત્વાર્થસૂત્રમાં કહેલ છે તે રાગરહિત નવ તત્ત્વની શ્રદ્ધા કહી છે. ધર્મી જીવ પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરી સ્વ અસ્તિરૂપે પરિણમે છે ત્યારે સાત તત્ત્વોના વિકલ્પનું પરિણમન નાસ્તિરૂપે થઈ રહ્યું છે. એટલે તેમાં સાતેનું નિર્વિકલ્પ જ્ઞાન આવી જાય છે. સાત તત્ત્વની સામે જુદું જુદું જોતાં આત્માનું કે સાતનું યથાર્થ જ્ઞાન થતું નથી પણ સ્વની અસ્તિમાં પરિણમન થતાં તે સાતેના વિકલ્પના અભાવરૂપે પરિણમન થતાં સ્વનું યથાર્થ જ્ઞાન થતાં સ્વ-પરપ્રકાશક સ્વભાવને લીધે સાતેનું જ્ઞાન આવી જાય છે. આ અપેક્ષાએ સાત અથવા નવ તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે તે બરાબર છે.

આ પ્રમાણે જે મુનિ વૈરાગ્યવાળા ઉપશમરસમાં ઝૂલે છે, સ્વભાવમાં તરબોળ થઈ ગયા છે. જેમ પૂરણપોળી ઘીમાં ઝબોળવાથી તરબોળ થઈ જાય છે તેમ મુનિ આત્મરસમાં-અકષાયરસમાં તરબોળ

છે. અમૃતના ઝરણાં-શાંતિના ઝરણાં ફૂટે છે તેવા શાંત રસવાળા મુનિને સાત તત્ત્વના વિકલ્પ વિનાનો આત્મા ખરેખર ઉપાદેય છે. પ્રથમ સાત તત્ત્વ રાગ સહિત હોવાથી ઉપાદેય નથી એમ કહ્યું હતું. અહીં આત્મા ઉપાદેય છે એમ બતાવી અસ્તિ-નાસ્તિ કહેલ છે. આમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા, વૈરાગ્યની વ્યાખ્યા, પરિગ્રહની વ્યાખ્યા, ઇન્દ્રિયો કેવી વર્તે છે, ત્રિકાળી સ્વભાવ તથા સાત તત્ત્વ વગેરે ઘણી વાત ટૂંકામાં કહી દીધી છે. આ પ્રમાણે મુનિઓને 'આત્મા' ખરેખર ઉપાદેય છે તે આત્મા - કારણપરમાત્મા કેવો છે તે હવે પછી કહેશે.

## આસો વદ ૩, બુધવાર, ૧૭-૧૦-૫૧.

## શુદ્ધ કારણપરમાત્મા ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિકભાવથી અગોચર છે.

કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે ને મુનિઓને તથા ધર્મી જીવને આત્મા જ ઉપાદેય છે. સાત તત્ત્વોનો રાગ સહિત વિચાર કરવો તે ખરેખર ઉપાદેય નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય તો કારણપરમાત્મા -શુદ્ધ આત્મા છે. તે જ મુનિને ઉપાદેય છે. તેમાં મુનિ કેવા હોય તે વાત પણ આવી ગઈ. હવે આત્મા કોને કહેવો તે વાત કહે છે.

''ઔદયિકાદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી જે કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે''.

આત્મામાં ધર્મદશા કયા ભાવના આશ્રયે થાય છે તે વાત બતાવે છે. ચિદાનંદ એકરૂપ શુદ્ધ પરમપારિણામિકસ્વભાવભાવવાળો આત્મા છે. ઔદયિકાદિ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય છે. માટે તે ચાર ભાવોને ભાવાંતર કહ્યા છે ને આ ચાર ભાવો તે પરમપારિણામિકભાવ નથી એટલે પરમપારિણામિકભાવ આ ચારની અપેક્ષા એ ભાવાંતર કહેવાય છે એમ અરસપરસ સમજવું.

૧) **ઔદયિકભાવ** : દયા-દાનાદિના ભાવ, હિંસા, જૂઠ, ચોરી આદિના ભાવ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની ભક્તિના ભાવ, પાંચ મહાવ્રત કે બાર વ્રતના વિકલ્પો, શાસ્ત્રસ્વાધ્યાય, પૂજા ભક્તિના ભાવો - એ આદિ ઔદયિકભાવો છે. તે ભાવોથી વિકારનો અનુભવ થાય છે પણ તેનાથી આત્માનો અનુભવ થતો નથી. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય કે સ્વર્ગાદિના ભવો મળે તે બધા શુભભાવ છે, ઔદયિકભાવ છે. શુભના પરિણામમાં બંધ પડે છે, ધર્મ થતો નથી. માટે ઔદયિકભાવથી આત્મા અગોચર છે.

૨) **ઔપશમિકભાવ** : ઔપશમિકભાવ આત્માની નિર્મળ પર્યાય છે. તે કર્મના ઉપશમની અપેક્ષા રાખે છે. પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન થાય છે, તે શુદ્ધ સ્વભાવના લક્ષે થાય છે. તે ઉપશમ સમ્યગ્દર્શન થાય પછી પણ ઉપશમ સમકિતના આધારે સમકિત વધતું નથી તેમ જ ચારિત્ર થતું નથી. ઉપશમભાવ વીતરાગી પરિણામ હોવા છતાં પર્યાય છે. પર્યાયના લક્ષે રાગ ઉત્પન્ન થાય છે. તેના વડે અભેદ થઈ આગળ વધાતું નથી, નિર્મળ પર્યાયમાંથી નિર્મળ પર્યાય આવતી નથી. ઉપશમ સમકિતના આધારે



ઉપશમ ચારિત્ર અથવા બીજું ચારિત્ર પ્રગટતું નથી. ઉપશમ સમકિત કે ઉપશમ ચારિત્રનો આધાર તો પરમપારિણામિકભાવ છે. ઉપશમભાવ પર્યાય હોવાથી તેના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે. તે અપેક્ષાએ ઉપશમભાવથી આત્મા અગોચર કહ્યો છે.

૩) **ક્ષાયોપશમિકભાવ** : ધર્મીનો ક્ષયોપશમભાવરૂપ આત્માની નિર્મળ પર્યાય છે, પણ તેમાં નિર્મળતા ઓછી છે, કાંઈક મલિન ભાવ છે. તેનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન થતું નથી, વધતું નથી, તેમજ ચારિત્ર થતું નથી કારણ કે તે અવસ્થા છે. અવસ્થામાંથી અવસ્થા થતી નથી, શુદ્ધ ભાવના આધારે જ સમ્યગ્દર્શન ને ચારિત્ર થાય છે. ક્ષયોપશમભાવના લક્ષે વિકલ્પ ઊઠે છે, ધર્મ થતો નથી. તેથી ક્ષયોપશમભાવથી આત્મા અગોચર કહ્યો છે.

૪) **ક્ષાયિકભાવ** : ક્ષાયિકસમકિત, ક્ષાયિકચારિત્ર, ક્ષાયિકજ્ઞાન, ક્ષાયિકવીર્ય વગેરે ક્ષાયિકભાવ છે. ક્ષાયિકભાવથી આત્મા અગોચર છે. ચોથે ગુણસ્થાને કેટલાક સમકિત જીવને ક્ષાયિકસમકિત હોય છે પણ ક્ષાયિકસમકિતના આધારે ચારિત્ર પ્રગટતું નથી કારણ કે તે પર્યાય છે. પર્યાયના લક્ષે રાગ ઉત્પન્ન થાય છે, અભેદમાં ઠરાતું નથી. બારમા ગુણસ્થાને ક્ષાયિકચારિત્ર છે પણ ક્ષાયિક-ચારિત્રની પર્યાયના આશ્રયે આગળ વધાતું નથી. તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન (ક્ષાયિકજ્ઞાન) છે. સાધક જીવને વર્તમાનમાં કેવળજ્ઞાન પ્રગટ નથી, ને જે પ્રગટ નથી તેનો વિચાર કરતાં રાગ થાય છે, અભેદ સ્વભાવમાં લીન થવાતું નથી. વળી કેવળજ્ઞાન થયા પછી પણ કેવળજ્ઞાનની પર્યાયમાંથી કેવળજ્ઞાન પર્યાય પ્રગટતી નથી કારણ કે કેવળજ્ઞાન અંશ છે. અંશમાંથી અંશ આવતો નથી પણ અંશી એવો શુદ્ધ સ્વભાવ જ બધી નિર્મળ પર્યાયનો આધાર છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, અનંતઆનંદ એ અનંતચતુષ્ટય સાદિ અનંતકાળ સુધી રહે છે. તેનો આધાર શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે. ક્ષાયિકભાવની પર્યાય તેનો આધાર નથી. ક્ષાયિકભાવ વીતરાગી પર્યાય છે છતાં પર્યાયમાંથી પર્યાય આવતી નથી. તેમ જ ક્ષાયિકભાવ વર્તમાન પ્રગટ નહિ હોવાથી તેનો વિચાર કરતાં વિકલ્પ ઊઠે છે. આ અપેક્ષાએ ક્ષાયિકભાવથી આત્મા અગોચર છે એમ કહ્યું છે.

## ઔદાયિકાદિ ચાર ભાવોના આશ્રયે ધર્મ થતો નથી.

દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તથી, શરીરથી કે કર્મના મંદ ઉદયથી તો ધર્મ થતો નથી, દયા-દાનાદિના શુભભાવ-ઔદયિકભાવથી પણ ધર્મ નથી; ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવ જે વીતરાગી પર્યાયો છે તેના આધારે પણ ધર્મ થતો નથી. કારણ કે તે પર્યાયો છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી. ત્રિકાળી પરમપારિણામિકસ્વભાવભાવના આશ્રયે ધર્મ થાય છે. ચાર ભાવોના આશ્રયે ધર્મ થતો નથી. ત્રિકાળની અપેક્ષાએ એક સમયની પર્યાયને અનેરી કહી છે. સામાન્યની અપેક્ષાએ વિશેષભાવ અનેરો છે, વિશેષભાવની અપેક્ષાએ સામાન્યભાવ પણ અનેરો છે. પરમપારિણામિકભાવની અપેક્ષાએ ચાર ભાવો અનેરા છે. ને ચાર ભાવોની અપેક્ષાએ પરમપારિણામિકભાવ અનેરો છે. માટે અનેરા ભાવોના આશ્રયે

ધર્મ ન થાય પણ એકરૂપ પારિણામિકભાવના આશ્રયે ધર્મ થાય છે.

**દૃષ્ટિ ક્ષાયિકભાવને પણ સ્વીકારતી નથી, એકલા પરમપારિણામિકભાવને જ સ્વીકારે છે.**

કેટલાક અજ્ઞાની જીવો નિમિત્તથી, સંહનનથી ને પુણ્યથી ધર્મ માને છે. મનુષ્યભવ હોય તો કેવળજ્ઞાન થાય, કોઈ કહે છે કે વ્યવહારનું પાલન કરીને પણ જીવો મોક્ષે જાય છે. પણ એ માન્યતા અજ્ઞાનભાવ છે.

અહીં મુનિરાજે ઘણી સ્પષ્ટ વાત કરી છે. શરીર-મન-વાણી તો પર છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર છે, ઔદયિકાદિભાવો પણ પર્યાયો હોવાથી પરદ્રવ્ય છે. વીતરાગતાની ખાણ નિમિત્ત નથી, વીતરાગતાની ખાણ શુભભાવ નથી, વીતરાગતાની ખાણ એક સમયની પર્યાય નથી, વીતરાગતાની ખાણ પરમપારિણામિકસ્વભાવભાવ જે એકરૂપ છે તે જ છે. તેના આશ્રયે સમકિત, ચારિત્ર, શુક્લધ્યાન, કેવળજ્ઞાન, વીતરાગી આનંદ, પરમ સુખ, અનંત વીર્યાદિ પ્રગટે છે. અહીં દૃષ્ટિનો વિષય બતાવ્યો છે. દૃષ્ટિ નિમિત્ત, પુણ્ય તેમજ એક સમયના પર્યાયને સ્વીકારતી નથી. દૃષ્ટિ ક્ષાયિકભાવ કે જે પરિપૂર્ણ શુદ્ધ પર્યાય છે તેને પણ સ્વીકારતી નથી. દૃષ્ટિ એક પારિણામિકભાવને જ સ્વીકારે છે. અહો ! મુનિરાજે ચારે ભાવોથી આત્મા અગોચર કહીને વાત ઘણી જ અદ્‌ભૂત કહી છે. અનાદિઅનંત આ એક જ મોક્ષનો માર્ગ છે. ''**એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ**''. ત્રણે કાળે મોક્ષની રીત એક જ છે. આ જ રસ્તે અનંતા મોક્ષે ગયા, અત્યારે જાય છે ને ભવિષ્યમાં જશે.

**અજ્ઞાની જીવ નિશ્ચય અને વ્યવહાર બન્નેને ઉથાપે છે; જ્ઞાની બન્નેને યથાર્થ સ્થાપે છે.**

શાસ્ત્રમાં કથન આવે કે ક્ષાયિક સમકિત તીર્થંકર કે શ્રુતકેવળીની સમીપે થાય. અજ્ઞાની માની લ્યે કે તેનાથી સમકિત થાય છે, પણ એમ નથી. તેનાથી સમકિત થતું હોય તો તેમની સમીપે બેઠેલા બધાને થવું જોઈએ. પાત્ર જીવ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ કરે છે ત્યારે શ્રુતકેવળી અથવા કેવળીની હાજરી હોય છે.

વળી ઉપશમ સમકિત પ્રગટ કરે તે જીવ પર્યાપ્તિવાળો હોય, સંજ્ઞી પંચેન્દ્રિય હોય વગેરે પ્રકારે શાસ્ત્રમાં લખાણ આવે છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. બધા સંજ્ઞીને થતું નથી પણ જે જીવ પ્રગટ કરે છે તે સંજ્ઞી વગેરે પ્રકારે હોય છે તે નિમિત્તનું જ્ઞાન કરાવે છે. જે જીવ વ્યવહારને જ પરમાર્થ માની લ્યે તે વ્યવહાર તથા પરમાર્થ બન્નેને ઉડાડે છે, જ્યારે જ્ઞાની બન્નેને જેમ છે તેમ સ્થાપે છે. પોતાના સ્વભાવના આશ્રયે સમકિત પ્રગટ થાય તે નિશ્ચય છે ને ત્યારે સાચા દેવ, ગુરુ નિમિત્ત છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

**જેના આધારે કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે તે કારણપરમાત્મા કેવો છે ?**

ચાર ભાવોથી આત્મા અગોચર છે એમ કહ્યું. હવે તે આત્મા કેવો છે ? કારણપરમાત્મા કે જેમાંથી



કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે તે કેવો છે તે બતાવે છે.

'(કારણપરમાત્મા) દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપી ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાય વિનાનો છે. તથા અનાદિઅનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો શુદ્ધ સહજ પરમ પારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે'.

કારણપરમાત્મામાં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મનો અત્યંત અભાવ છે. તે દયા-દાનના પરિણામથી રહિત છે, તેમાં અશુદ્ધતા કે મલિનતા નથી. શરીર-મન-વાણી વગેરે નોકર્મથી તે રહિત છે. વળી તે વિભાવગુણપર્યાય વિનાનો છે. વળી તે કેવો છે ? તેને આદિ નથી તેમ જ અંત નથી. અનાદિઅનંત એકરૂપ નિત્ય સ્વભાવ છે. તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી તેમજ ઇન્દ્રિયોથી જણાય તેવો તે નથી. વળી તેનો સ્વભાવ કેવો છે ? પવિત્ર છે, નિત્ય સાથે રહેલો છે. એકરૂપ સદૃશ શક્તિ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા છે. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય પણ શુદ્ધ છે. એવો શુદ્ધ પરમપારિણામિકભાવ તેનો સ્વભાવ છે. જેમ ગોળ સ્વભાવવાન છે ને ગળપણ તેનો સ્વભાવ છે. તેવી રીતે કારણપરમાત્મા સ્વભાવવાન છે અને પરમપારિણામિકભાવ તેનો સ્વભાવ છે. આવો પરમપારિણામિકભાવવાળો કારણપરમાત્મા છે. કારણપરમાત્મા કહો, શુદ્ધ ચૈતન્યસ્વભાવ કહો, ચિદાનંદ ભગવાન કહો, નિરૂપાધિ સ્વભાવભાવ કહો તે એક જ છે. સમ્યગ્દર્શનનો વિષય, દ્રવ્યદૃષ્ટિનો વિષય કારણપરમાત્મા છે ને તે ખરેખર આત્મા છે, ને તે જ ઉપાદેય છે એટલે કે તેનો આશ્રય કરવા જેવો છે.

**ત્રિકાળી 'શુદ્ધભાવ'વાળા કારણપરમાત્માના આધારે 'નિયમસાર' એટલે મોક્ષમાર્ગ પ્રગટે છે.**

અહીં કારણપરમાત્માને જ ખરેખર આત્મા કહ્યો છે. પુણ્ય-પાપના ભાવને તો આત્મા કહ્યો નથી. ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવોને પણ આત્મા કહ્યો નથી. કારણ કે તે એક સમયની પર્યાય છે. તે ભાવો વ્યવહારનયનો વિષય છે ને તે પર્યાયોથી રહિત અનાદિઅનંત એકરૂપ, સદૃશ શક્તિવાળો શુદ્ધ સ્વભાવ-કારણપરમાત્મા-તે નિશ્ચયનયનો વિષય છે. તેવા આત્માને શ્રદ્ધવો ને અનુભવવો યોગ્ય છે. ચૈતન્ય શક્તિ સ્વરૂપ કારણપરમાત્માના આધારે નિયમસાર એટલે મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. આ શુદ્ધભાવ અધિકાર છે. ત્રિકાળી શુદ્ધભાવના આધારે સમ્યગ્દર્શન પ્રગટ થઈ, મોક્ષમાર્ગ પ્રગટી, મોક્ષદશા થાય છે.

**નિકટ મુક્તગામી જીવને ત્રિકાળી શુદ્ધસ્વભાવ એક જ ઉપાદેય છે, બીજું કાંઈ ઉપાદેય નથી.**

'અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.'

શુદ્ધ પરમપારિણામિકસ્વભાવભાવ સ્વરૂપ કારણપરમાત્મા અથવા શુદ્ધ ચૈતન્યસ્વભાવ અથવા

પોતાના પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. નિમિત્ત ને પુણ્ય તો અંગીકાર કરવા જેવા નથી પણ ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવો એક સમયની પર્યાયો છે તે પણ આદરણીય નથી, ધ્રુવસ્વભાવ એક જ શ્રદ્ધામાં લેવા જેવો છે. નિમિત્તો, શુભ રાગની પર્યાય, નિર્મળ પર્યાય વગેરે જ્ઞાન કરવા માટે છે પણ આદરણીય નથી. શેરડીનો ઉપલો અને નીચલો ભાગ કાઢતા વચલો ભાગ રસકસવાળો હોય છે. તેમ જેને મોક્ષની રુચિ છે, જેની મુક્તિ નજીક છે તેવા મોક્ષાર્થી જીવોને રાગરહિત પોતાનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ એક જ શ્રદ્ધા કરવા યોગ્ય છે, પોતાના આત્માનો બીજો કોઈ અધિષ્ઠાતા નથી માટે નિજ પરમાત્મા કહેલ છે.

હવે ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :-

**શ્લોક ૫૪**

(मालिनी)

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः॥५४॥**

**શ્લોકાર્થ :-** સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવા યોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે અને જે કલેશોદધિનો કિનારો છે, તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે. ॥ ૫૪ ॥

**જે શુદ્ધ આત્માના આશ્રયે સુખ પ્રગટ થઈ સમસ્ત કલેશનો અંત આવે છે તે શુદ્ધ આત્મા કેવો છે?**

આ શ્લોકમાં શુદ્ધ આત્મા જયવંત વર્તે છે એમ કહે છે, કેવો છે શુદ્ધ આત્મા ?

૧) સાત તત્ત્વોમાં શુદ્ધ જીવતત્ત્વ એક જ સાર છે, બીજું કોઈ સાર નથી. સંવર, નિર્જરા, મોક્ષ સારરૂપ નથી કારણ કે તે એક સમયની પર્યાય છે. તેના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે માટે તે સાર નથી. પરમપારિણામિકભાવવાળું જીવતત્ત્વ એક જ સાર છે.

૨) વળી તે શુદ્ધ આત્મા સમસ્ત નાશ પામવા યોગ્ય ભાવોથી દૂર છે. ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એ બધા નાશ પામવા યોગ્ય ભાવો છે. તેનાથી શુદ્ધ આત્મા દૂર છે. ઔદયિક, ઉપશમ ને ક્ષયોપશમભાવો તો નાશ પામે છે પણ ક્ષાયિકભાવને નાશ પામવા યોગ્ય કહેવાનું કારણ એ છે



કે કેવળજ્ઞાન અથવા સિદ્ધદશાની પર્યાયો ભલે પ્રવાહરૂપે સાદિઅનંત કાળ રહે છે તો પણ એક પર્યાયનો કાળ એક સમયનો છે. એક સમયે એક, બીજે સમયે બીજી એમ સમયે સમયે પલટી જાય છે તેથી નાશ પામવા યોગ્ય છે એમ કહ્યું છે. પરમપારિણામિકભાવ એકરૂપ અનાદિઅનંત રહે છે માટે ક્ષાયિક વગેરે ચાર ભાવોથી શુદ્ધ આત્મા દૂર છે એમ કહ્યું છે.

૩) કામ = પરપદાર્થની ઈચ્છા. ત્રિકાળી શુદ્ધ આત્માનો આશ્રય લેતાં પર તરફના વલણનો નાશ થાય છે. ધ્રુવ સ્વભાવના આશ્રયે કાર્ય થાય છે એમ કહી શુદ્ધ ધ્રુવ સ્વભાવનો મહિમા બતાવે છે.

૪) જેમ કુહાડો મૂળમાંથી વૃક્ષને છેદે છે તેમ શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય લેવાથી મિથ્યાત્વાદિરૂપ પાપ મૂળમાંથી છેદાય છે, જે ફરી ઊગતું નથી. વૃક્ષના માત્ર પાંદડા તોડે તો તે ફરી ઊગે પણ મૂળમાંથી છેદે તો તે ફરી ઊગતું નથી તેમ અહીં શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય કરવાથી સંસાર મૂળમાંથી નાશ પામે છે કે જેથી શુભ તથા અશુભભાવરૂપી પાંદડા ફરી ઊગતા નથી.

૫) શુદ્ધ સ્વભાવના આશ્રયે નવું યથાર્થ જ્ઞાન પ્રગટે છે. જાણે કે ચૈતન્યનો પિંડ આત્મા નવો જન્મ્યો હોય એમ કહી ચૈતન્ય ત્રિકાળી સ્વભાવને જ શુદ્ધ જ્ઞાનનો અવતાર કહ્યો છે.

૬) પરમપારિણામિકભાવવાળા નિજ કારણપરમાત્માની દૃષ્ટિ કરવાથી અવિનાશી સુખ પ્રગટ થાય છે. નિમિત્તની, વિકારની, અધૂરી પર્યાયની રુચિ છોડો ને અંતર સહજાનંદ સ્વભાવ છે તેની રુચિ કરી એકાગ્રતા કરો -એમ કહેવાનો ભાવ છે. જેમ બહુ વરસાદ આવવાથી નદીઓમાં પૂર વહે છે અથવા દરિયામાં પાણીના લોઢ ઊછળે છે તેમ અહીં ચૈતન્યસ્વભાવમાં દરિયાની જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ વગેરે અનંતા ગુણો ઊછળી રહ્યા છે, તેમાં એકાગ્રતા કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.

૭) દયા, દાન, કામ, ક્રોધ આદિ ભાવો કલેશ છે. શરીરમાં સુખ છે, પુણ્યથી ધર્મ થાય, નિમિત્તથી લાભ થાય વગેરે ઘણા પ્રકારે અજ્ઞાનીને પર્યાયબુદ્ધિ ફાટી રહી છે તે બધો કલેશનો દરિયો છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય લેતાં પર્યાયબુદ્ધિરૂપી કલેશનો અંત આવી જાય છે.

શુદ્ધ આત્માને ઘણા વિશેષણ વડે ઓળખાવ્યો ને કહે છે કે શુદ્ધ આત્મા જયવંત વર્તે છે. જેને ભાન થયું છે, જેને અનુભવમાં વર્તી રહ્યો છે તે મુનિરાજ કહે છે કે શુદ્ધ આત્મા જયવંત વર્તે છે. કહેવાનો સાર એ છે કે નિમિત્તની, શુભ રાગની, એક સમયની નિર્મળ પર્યાયની પર્યાયબુદ્ધિ છોડ ને ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ કરી સ્વભાવબુદ્ધિ કર.

અજ્ઞાની જીવો પૈસામાં, મોટરમાં, લાડવામાં વગેરે અનેક પ્રકારે સુખ માની રહ્યા છે. તે પ્રત્યક્ષ રાગ છે ને તેમાં આકુળતા છે. સ્વભાવનું લક્ષ ચૂકી પરમાં સુખ છે એવી માન્યતા કરવાથી પર્યાયમાં આકુળતા થાય છે. તે આત્માની એક સમયની વિકૃતદશા છે. આકુળતા તે અનાકુળ સ્વભાવનું વિકૃત

રૂપ છે. આત્મા તે વિકૃતદશાથી રહિત છે. પુણ્ય-પાપમાં જીવ ગુંચવાઈ ગયો છે તેથી શુદ્ધ સ્વભાવ દેખાતો નથી. આત્મા પુણ્ય-પાપની પર્યાયથી રહિત, શુદ્ધ અનાકુળ સ્વભાવી સુખસાગર એવો ને એવો બિરાજી રહ્યો છે. ચૈતન્ય દરિયો જ્ઞાન, દર્શન, સુખ વગેરે અનંતા ગુણોથી ઊછળી રહ્યો છે. તેમાં સુખના પૂર વહી રહ્યા છે માટે સંયોગોની ને નિમિત્તની રુચિ છોડ, પુણ્ય-પાપની રુચિ છોડ, એક સમયની પર્યાયની રુચિ છોડ ને સંયોગોથી રહિત, પુણ્ય-પાપથી રહિત, એક સમયની પર્યાય જેટલો નહિ પણ અનાદિઅનંત શુદ્ધ એકરૂપ પરમપારિણામિકસ્વભાવભાવવાળો કારણ-પરમાત્મા બિરાજી રહ્યો છે તેની દૃષ્ટિ કર, તેની શ્રદ્ધા કર, તેનો આશ્રય કર તો સમ્યગ્દર્શન પ્રગટ થઈ સુખદશાને પામીશ -એમ કહેવાનો આશય છે. એવો શુદ્ધ આત્મા જયવંત વર્તે છે.



**આસો વદ ૪, ગુરૂવાર, ૧૮-૧૦-૫૧.**

**ગાથા ૩૯**

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा ॥ ३९ ॥**

**જીવને ન સ્થાન સ્વભાવના, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષના, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.**

**અન્વયાર્થ** :- જીવને ખરેખર સ્વભાવ સ્થાનો (-વિભાવસ્વભાવના સ્થાનો) નથી, માનાપમાન-ભાવના સ્થાનો નથી, હર્ષભાવના સ્થાનો નથી કે અહર્ષના સ્થાનો નથી.

**૧) દ્રવ્યદૃષ્ટિથી નિરુપાધિરૂપ શુદ્ધ જીવમાં વિભાવસ્થાનો નથી.**

**ટીકા** :- આ અભેદ નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે. ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવ સ્વભાવસ્થાનો નથી (વિભાવરૂપ સ્વભાવના સ્થાનો નથી).

શુદ્ધ જીવનું સ્વરૂપ કેવું હોય તે બતાવે છે. શુદ્ધ જીવ કહો, નિરુપાધિસ્વભાવ કહો, પરમ-પારિણામિકભાવ કહો, કારણપરમાત્મા કહો, દ્રવ્યસ્વભાવ કહો, શુદ્ધ ચૈતન્ય ધ્રુવસ્વભાવ કહો - એ બધા એક જ અર્થના વાચક છે. જીવના શુદ્ધ સ્વરૂપમાં રાગ-દ્વેષાદિની ઉપાધિ નથી, તે ત્રણે કાળ નિરુપાધિ સ્વભાવવાળો છે. વળી જીવાસ્તિકાય કહેતાં જીવ અસંખ્યપ્રદેશી કાયવાન પદાર્થ છે. આવા અસંખ્ય પ્રદેશી જીવ અનંતા છે. નિગોદથી સિદ્ધ સુધીના દરેક જીવ એકરૂપ શુદ્ધ છે. તે શુદ્ધ જીવને ખરેખર વિભાવ નથી. આત્માનું લક્ષ ચૂકીને પર્યાયમાં વિભાવ થાય છે ખરો. 'વિભાવ પર્યાયમાં બિલકુલ નથી અથવા કર્મને લીધે વિભાવ છે' એમ કોઈ માને તો તે વાત ખોટી છે. જીવ પોતાના અપરાધથી પોતાની પર્યાયમાં વિભાવ કરે છે. અહીં વિભાવને સ્વભાવ કહેવાનું કારણ એ છે કે જીવ સ્વતંત્રપણે પર્યાયમાં વિભાવ કરે છે. તે વખતની પર્યાયનો તે સ્વભાવ છે એમ બતાવવા કહ્યું છે. પણ શુદ્ધ સ્વભાવદૃષ્ટિથી જોવામાં આવે તો શુદ્ધ સ્વભાવમાં વિભાવનો અભાવ છે. શુદ્ધ સ્વભાવમાં વિભાવ પેઠો હોય તો ત્રિકાળી સ્વભાવ વિભાવરૂપ થઈ જાય ને શુદ્ધ થવાનો કદી અવસર રહે નહિ. સ્વભાવદૃષ્ટિ કરાવવા વિકાર ઉપરનું લક્ષ છોડાવવા કહ્યું છે. વિભાવ વ્યવહાર છે. તેને ગૌણ કરી અભૂતાર્થ કહી સ્વભાવમાં તેનો અભાવ બતાવી સ્વભાવનો આદર કરવા કહ્યું છે.

**વસ્તુસ્વભાવના નિયમો ફરતા નથી, તારી દૃષ્ટિ ફેરવ. પર્યાયબુદ્ધિ છોડી સ્વભાવબુદ્ધિ કર.**

અજ્ઞાની જીવ નિમિત્તોને, સંયોગોને તથા રાગને ફેરવવા માંગે છે. કોને ફેરવવું છે ? કોઈના

પ્રવાહને રોકી શકવાની તારી તાકાત નથી. જે વખતે જે નિમિત્ત આવવાનું તે નિમિત્ત તેના સ્વકાળે આવવાનું. પુણ્યના કાળે પુણ્યનો ભાવ, પાપના કાળે પાપનો ભાવ, પર્યાયના કાળે પર્યાય -એમ પ્રવાહક્રમ ચાલ્યા કરે છે. તેમાં કોઈ જીવ ફેરફાર કરી શકતો નથી. નિમિત્ત વગેરે પર છે ને રાગ જે ઉત્પન્ન થયો તેનો તે સમયે વ્યય કરી શકાતો નથી. માટે તેને ફેરવવાની જે તારી દૃષ્ટિ છે તે અજ્ઞાનભાવ છે. તારી દૃષ્ટિ ફેરવ. વસ્તુસ્વભાવના નિયમને તું ફેરવી શકતો નથી. નિમિત્ત, સંયોગ, કર્મ, વિકાર અથવા ક્ષયોપશમિક પર્યાય ઉપરની રુચિ છોડ ને એકરૂપ અભેદ શુદ્ધ સ્વભાવની રુચિ કર. એ એક જ આદરણીય છે. સંસારદશામાં વિભાવ થાય છે તેને વ્યવહારનય જાણે છે પણ તે આદરણીય નથી. શુદ્ધ સ્વભાવ વિભાવરહિત છે એમ નિશ્ચયનય જાણે છે. આમ પોતાના શુદ્ધ સ્વભાવને યથાર્થ જાણે તો વ્યવહારનું જ્ઞાન સાચું કર્યું કહેવાય. નહિતર વ્યવહારનું જ્ઞાન પણ સાચું નથી. બન્ને નયનું જ્ઞાન છે. નિશ્ચયનય આદરણીય છે, વ્યવહારનય જાણવા જેવો છે. વર્તમાન પર્યાયમાં વિભાવ છે એમ જ્ઞાન કરી શુદ્ધ સ્વભાવમાં વિભાવ નથી એમ નક્કી કરી રાગનું વલણ છોડી સ્વભાવ તરફ ઝૂકાવ કરવો તે સમ્યગ્દર્શનનું કારણ છે.

**૨) શુદ્ધ જીવમાં પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ છે.**

''શુદ્ધ જીવાસ્તિકાયને પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન-અપમાનના હેતુભૂત કર્મોદયના સ્થાનો નથી.''

ચૈતન્યસ્વભાવ એકરૂપ શુદ્ધ છે. તેમાં ભલા-ભૂંડા રાગદ્વેષનો અભાવ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે મોહ તથા રાગ તે પ્રશસ્ત છે ને દેવ-ગુરુ પ્રત્યે કોઈ વિરોધભાવ કરતો હોય તેના પ્રત્યે દ્વેષ થાય તે પ્રશસ્ત દ્વેષ છે. સ્ત્રી, કુટુંબ, દુકાન પ્રત્યે મોહ તથા રાગ અપ્રશસ્ત છે ને સ્ત્રી-કુટુંબથી પ્રતિકૂળ જીવો પ્રત્યે દ્વેષ તે અપ્રશસ્ત દ્વેષ છે. સંસારી જીવની પર્યાયમાં એક સમય પૂરતા મોહ-રાગ-દ્વેષના પરિણામ છે. પણ સ્વભાવદૃષ્ટિથી જોવામાં આવે તો શુદ્ધ સ્વભાવમાં તેનો અભાવ છે. જે ભાવે તીર્થંકર પુણ્યપ્રકૃતિ બંધાય તે ભાવનો શુદ્ધ સ્વભાવમાં અભાવ છે. સ્વભાવમાં મોહ-રાગ-દ્વેષનો અભાવ છે તેથી માન-અપમાનના હેતુભૂત કર્મોદયના સ્થાનો નથી. જે સમયે માન-અપમાનની પર્યાય છે તે જ સમયે ત્રિકાળી શુદ્ધ સ્વભાવ માન-અપમાન રહિત પડેલો છે. માટે અંતર્મુખ રુચિ કર. તારા શુદ્ધ આત્માની દૃઢતા એવી કર કે જેથી બીજી ચીજનું તને અભિમાન ન થાય. પુણ્ય-પાપનું અભિમાન છોડી સ્વભાવની રુચિ કરાવે છે.

**ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન કરે તો પર્યાયનું જ્ઞાન સાચું છે ને તો જ જ્ઞાન પ્રમાણ થાય છે.**

જ્ઞાન જેમ છે તેમ જાણે. મિથ્યાજ્ઞાનમાં શાંતિ નથી. કર્મ કર્મમાં છે, નિમિત્ત નિમિત્તમાં છે. ચારિત્રની પર્યાયમાં દોષ એક સમય પૂરતો છે. પણ ત્રિકાળી સ્વભાવમાં દોષ નથી. ત્રિકાળી સ્વભાવ સામાન્ય છે અને પર્યાય વિશેષ છે. સામાન્ય સ્વભાવ રાગ-દ્વેષ રહિત છે એમ જ્ઞાન કરે તો વિશેષનું એટલે



પર્યાયનું જ્ઞાન સાચું છે. ને તો જ જ્ઞાન પ્રમાણ થાય છે. ત્રિકાળી સ્વભાવના જ્ઞાન વિના એકલી પર્યાયનું જ્ઞાન સાચું નથી એટલે કે તેનું એકે જ્ઞાન સાચું નથી. સમયે સમયે રુચિનું પરિણમન થઈ રહ્યું છે તે રુચિને સાચી બનાવવી હોય તો ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ કર. ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ ને જ્ઞાન કરતાં પર્યાયનું જ્ઞાન સાચું થાય છે.

**૩) શુદ્ધ જીવમાં શુભ પરિણતિ, શુભ કર્મ ને હરખના સ્થાનોનો અભાવ છે.**

''શુદ્ધ જીવાસ્તિકાયને શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ નથી, શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી, સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી.''

દયા, દાન, ભક્તિ, પૂજા, સ્વાધ્યાય, પાંચ મહાવ્રતાદિના ભાવ તે શુભ પરિણતિ છે. જીવની એક સમયની પર્યાયમાં તે થાય છે. પણ સ્વભાવદૃષ્ટિથી તે જોવામાં આવે તો શુદ્ધ જીવને શુભ પરિણતિનો અભાવ છે. શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મનો પણ જીવમાં અભાવ છે. જીવમાં તીર્થંકર પુણ્યપ્રકૃતિનો અભાવ છે કારણ કે જે પરિણતિથી તે કર્મ બંધાય છે તે પરિણતિનો જીવમાં અભાવ છે. ભક્તિ ને ભક્તિમાં નિમિત્ત, જે ભગવાન, તેનો તો જીવમાં અભાવ છે. પૂર્વે શુભભાવ કરેલાં, તેના ફળમાં પુણ્ય બંધાયા તેથી સામગ્રી મળી ને તેથી જીવ હરખની કલ્પના કરે છે એમ કોઈ કહે તો તે પર્યાયના પરિણામ છે. તે પરિણામ સાથે કર્મ ને સામગ્રી નિમિત્તરૂપે સંબંધ ધરાવે છે ને હરખની કલ્પના પણ પર્યાયમાં કરે છે. પરંતુ શુદ્ધ જીવમાં શુભ પરિણતિ નથી, કર્મ પણ નથી, સંસારસુખ નથી તેમ જ હરખની કલ્પના પણ નથી. શુદ્ધ સ્વભાવ તે બધાથી રહિત છે.

**ધર્મી જીવને અનુકૂળ સંયોગો ને હરખના પરિણામ હોવા છતાં રુચિ શુદ્ધ સ્વભાવ ઉપર છે.**

ધર્મી જીવને ત્યાં મકાનનું વાસ્તુ હોય, દીકરાના લગ્ન હોય અથવા કમાણી થઈ રહી હોય ત્યારે પણ હરખના અભાવ સ્વરૂપ સ્વભાવને તે સાધી રહ્યો છે. કોઈ પૂછે કે પચાસ લાખ રૂપિયા માટે હરખ થયો ? પૂર્વે કર્મ બાંધ્યા હતા માટે છોકરાનો જન્મ થયો ને ? ભાઈ, હરખના પરિણામ એક સમય પૂરતી અવસ્થામાં છે તે પરને લીધે નથી, પોતાના કારણે છે પણ તે પરિણામનો ત્રિકાળ સ્વભાવમાં અભાવ વર્તે છે. ધર્મી જીવને હરખના પરિણામ હોવા છતાં ક્ષણે-પળે શુદ્ધ સ્વભાવને તે સાધી રહ્યો છે. હરખની પર્યાયબુદ્ધિ ધર્મી જીવને હોતી નથી. દુકાનનું મુહૂર્ત કર્યું હોય ને ઘેર લાપસી રાંધી હોય છતાં દૃષ્ટિ જડ પદાર્થો ઉપર તેમ જ હરખના ભાવ ઉપર નથી. શુદ્ધ સ્વભાવ ઉપર રુચિ છે તે જ ધર્મ છે

**મિથ્યાદૃષ્ટિ જીવને પરની તથા હરખાદિ વિકારની રુચિ હોવાથી 'સ્વધર્મત્યાગ' વર્તે છે.**

અજ્ઞાની જીવ તો પરપદાર્થને પોતાના માની હરખાઈ જાય છે ને હરખ જેટલો જ આત્મા માની મિથ્યાત્વને સેવે છે. અજ્ઞાની જીવ સામાયિકમાં હોય **'तावकायं ठाणेणं'** વગેરે સામાયિકના પાઠના

શબ્દો બોલતો દેખાય, દુકાનેથી નિવૃત્તિ લીધી દેખાતી હોય પણ આ શબ્દો હું બોલી શકું છું, શરીરને સ્થિર રાખી શકું છું, વળી શબ્દો બોલાયા, શરીર સ્થિર રહ્યું ને જરા કષાય મંદ થયો માટે ધર્મ થયો ને સામાયિક થઈ એવી પર્યાયબુદ્ધિ કરતો હોવાથી તેને શુદ્ધ સ્વભાવની રુચિ નથી. તેથી મિથ્યાત્વને સેવે છે તેને ધર્મ થતો નથી. શુદ્ધ સ્વભાવની રુચિ નથી તેથી સ્વભાવનો અનાદર વર્તે છે ને પુણ્ય-પાપ, હરખ-શોકનો આદર વર્તે છે, તેથી તેને સ્વધર્મત્યાગ છે એટલે કે સ્વભાવનો ત્યાગ વર્તે છે.

**ધર્મી જીવને શુદ્ધ સ્વભાવની રુચિ હોવાથી મિથ્યાત્વાદિ અધર્મનો ત્યાગ વર્તે છે.**

અહીં પર્યાયબુદ્ધિ છોડાવી સ્વભાવબુદ્ધિ કરાવવી છે. બહારના પદાર્થો જેમ છે તેમ છે. તેને કાંઈ ફેરવવા નથી, રુચિ કઈ બાજુ કામ કરે છે તે ઉપર ધર્મ કે અધર્મનો આધાર છે. રુચિ પર તરફ ને રાગ તરફ તે અધર્મનું કારણ છે. તે તરફની રુચિ પલટે કે હું પરનું, નિમિત્તનું, સંયોગનું કાંઈ કરી શકતો નથી, એક સમયના હરખના પરિણામ થાય છે તે મારા ત્રિકાળી સ્વભાવમાં નથી. હું તો જ્ઞાનસ્વભાવી શુદ્ધ જીવ છું એમ ધર્મી જીવને શુદ્ધ સ્વભાવનો આદર વર્તે છે. તેથી તેને મિથ્યાત્વ અને પુણ્ય-પાપના અધર્મનો ત્યાગ વર્તે છે.

**શુદ્ધ જીવને જાણનાર જીવ જ પરપદાર્થો તથા નવ તત્ત્વોને યથાર્થ જાણે છે. અજ્ઞાની પરને પણ યથાર્થ જાણતો નથી.**

અજ્ઞાની જીવ કહે કે 'હું, આ પરને તથા હરખના પરિણામ વગેરેને જાણું છું પણ આત્માને જાણતો નથી' તો તે પરને પણ યથાર્થ જાણતો નથી. તે બફમમાં બોલે છે. પોતાને જાણ્યા વિના પરને તથા પોતાના પરિણામને યથાર્થ જાણી શકે નહિ. પોતે જાણનાર છે એમ નક્કી કર્યા વિના હું દયા પાળનારો છું ને શુભભાવ કરનારો છું એવા પરિણામનું જ્ઞાન પણ ખોટું છે. પરપદાર્થો પરમાં છે, હરખ-શોકના પરિણામ પર્યાયમાં છે છતાં તે મારું સ્વરૂપ નથી તેમ જ પરને લીધે તથા હરખને લીધે મારું જ્ઞાન નથી, મારો જ્ઞાનસ્વભાવ જ સ્વ-પરપ્રકાશક સ્વતંત્ર છે. દયા-દાનાદિ કે હરખ-શોકના જેટલો હું નથી, હું તો જાણનાર-દેખનાર છું એમ સ્વભાવનો નિર્ણય કરી સ્વ તરફ વળતાં જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે તેમાં સ્વને જાણતાં પર જણાઈ જાય છે. પર્યાયમાં હરખ-શોકના પરિણામ થાય છે તેને પણ જાણી લ્યે છે. આમ ધર્મી જીવને શુદ્ધ જીવતત્ત્વનું યથાર્થ જ્ઞાન હોવાથી બાકીના આઠે તત્ત્વોને તે યથાર્થ જાણી લ્યે છે.

**અનેક પ્રકારના વ્યવહારના કથનો શાસ્ત્રમાં આવે પણ સ્વઆત્માના શ્રદ્ધા-જ્ઞાન કરતાં બધા વ્યવહારધર્મનું જ્ઞાન થઈ જાય છે.**

અજ્ઞાની જીવ દલીલ કરે છે કે શાસ્ત્રમાં અનેક પ્રકારે વ્યવહારધર્મના લખાણ આવે, તો અમારે કયા ધર્મને સ્વીકારવો ? બ્રહ્મચર્યની વાત આવે ત્યારે બ્રહ્મચર્ય જેવો કોઈ ધર્મ નથી એમ આવે, દયાના



પરિણામની વાત આવે ત્યારે દયા એ જ ધર્મ છે એમ કહે, તપની વાત આવે ત્યારે તપના ખૂબ વખાણ આવે, તપશ્ચર્યા એ જ ધર્મ છે માટે ઉપવાસ, આયંબિલ, ઉપધાન વગેરે કરવા એમ કથન આવે. સ્વાધ્યાયની વાત આવે ત્યારે સ્વાધ્યાય પરમ તપ છે માટે સ્વાધ્યાય કરવો, વિનયની વાત આવે ત્યારે વિનય જેવો બીજો કોઈ માર્ગ નથી માટે વિનય કરવો. ભક્તિ, જાત્રા વગેરેની વાત આવે ત્યારે ભક્તિ, જાત્રા કરવી એમ આવે. આટલા બધા ધર્મોમાં અમારે કયા ધર્મને અંગીકાર કરવો ? એક ધર્મ કહો તો અમે તેને કરીએ ! એક વાત કરો ને ! આમ અજ્ઞાની જીવ વ્યવહારના કથનોને નહિ સમજતો દલીલ કરે છે. તેને કહે છે કે ભાઈ, એ બધા વ્યવહારના કથનો છે. તે અનેક પ્રકારના શુભભાવનું જ્ઞાન કરાવવા માટે છે. શુભભાવથી રહિત શુદ્ધ ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કર. તેના ખીલે તારી પર્યાયને બાંધ તો ધર્મની દશા પ્રગટ થશે. બાકી શાસ્ત્રમાં શુભ-વ્યવહારધર્મના અનેક પ્રકારે લખાણ આવે તે જ્ઞાન કરવા માટે છે. શુભભાવ કે વ્યવહાર આદરવા માટે નથી. નિશ્ચય શુદ્ધ સ્વભાવ એક જ આદરવા યોગ્ય છે.

**૪) શુદ્ધ સ્વભાવમાં અશુભ પરિણતિ, અશુભ કર્મ અને અહર્ષસ્થાનોનો અભાવ છે.**

"વળી (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી અશુભ કર્મ નથી, અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી, દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી."

જીવ પોતાનો સ્વભાવ ચૂકીને કામ, ક્રોધ, શોક આદિના ભાવ પર્યાયમાં કરે છે પણ શુદ્ધ આત્મામાં તેનો અભાવ છે, ને તેથી અશુભ કર્મનો અભાવ છે. અશુભ કર્મ નહિ હોવાથી તેના તરફની દિલગીરીનો ભાવ નથી. પર્યાયમાં દિલગીરીના ભાવ થાય તે જ વખતે શુદ્ધ સ્વભાવમાં દિલગીરીના સ્થાનો નથી. દિલગીરી પર્યાયમાં કર્મને લીધે નથી પણ પોતાના અપરાધને લીધે છે એમ નક્કી કર્યા પછી તે બધા ભાવો શુદ્ધ સ્વભાવમાં નથી એમ કહી પર્યાયદૃષ્ટિ છોડાવી છે ને દ્રવ્યદૃષ્ટિ કરાવી છે.

હવે ૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૫૫**

(शार्दूलविक्रीडित)

**प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-**
**निर्भेदोदितशर्मनिर्मितवियद्बिंबाकृतावात्मनि।**
**चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे**
**बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः ॥ ५५॥**

**શ્લોકાર્થ** :- જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે, જે નિઃશેષપણે અંતર્મુખ અને નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે, જે નભમંડળ સમાન આકૃતિવાળો (અર્થાત્ નિરાકાર-અરૂપી)

છે, ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે, જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે - એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે ? ॥ ૫૫ ॥

**શુદ્ધ આત્મા શાશ્વત છે, સર્વથા અંતર્મુખ છે, પ્રગટ પ્રકાશમાન છે, ચૈતન્યામૃતથી ભરેલો છે.**

જેને આત્મામાં ધર્મ પ્રગટ કરવો હોય તેણે આત્મા કેવો છે તે જાણવો જોઈએ.

૧) આત્મા પ્રીતિ-અપ્રીતિ રહિત કાયમ રહેનારો શુદ્ધ પદાર્થ છે.

૨) વળી આત્મા સર્વથા અંતર્મુખ છે એટલે કોઈ પુણ્ય-પાપના ભાવોથી કે પર્યાયના આશ્રયે જાણાય તેવો નથી. ચૈતન્ય શુદ્ધભાવ આખો રુચિમાં લેવાથી તે જાણાય તેવો છે. વળી 'સર્વથા અંતર્મુખ' કહ્યું એનો અર્થ એ છે કે પર્યાયમાં પુણ્ય-પાપ હોવા છતાં તેનાથી તે જાણાય તેવો નથી પણ સ્વભાવ તરફ વળવાથી જાણાય તેવો છે -એમ અનેકાંત છે. વળી પ્રગટ પ્રકાશમાન એવા આનંદથી ભરેલો છે. 'પ્રગટ' શબ્દ ને 'બનેલો' શબ્દ વાપર્યા છે એટલે નવો ભાવ પ્રગટ થાય તેની વાત ન સમજવી પણ ત્રિકાળી શુદ્ધ સ્વભાવ એવો ને એવો પ્રકાશમાન છે તેમ સમજવું.

કોઈ પ્રશ્ન કરે કે સાધક જીવને સર્વથા અંતર્મુખ કેમ કહ્યો ? સર્વથા અંતર્મુખ તો કેવળજ્ઞાન પ્રગટે ત્યારે થાય છે.

**સમાધાન** : સાધક જીવને અનેકાંતનું જ્ઞાન વર્તે છે. પર્યાયમાં રાગ-દ્વેષનું બાધકપણું વર્તે છે, નિમિત્તરૂપે કર્મ છે. તેમ જ અંશે શુદ્ધતા પણ છે. અંશે બહિર્મુખ ચારિત્ર અપેક્ષાએ હોવા છતાં દૃષ્ટિ અપેક્ષાએ બહિર્મુખ કિંચિત્ પણ નથી. અલ્પ રાગ વખતે પણ સર્વથા અંતર્મુખના નગારાં વાગે છે, તેના જ ગાણાં ગાય છે, અલ્પ બહિર્મુખતા ગૌણ થઈ જાય છે. સર્વથા અંતર્મુખ શુદ્ધ સ્વભાવના ગાણાં સાંભળીને જે હા પાડશે તે મુક્તિની નજીક આવશે. શ્રી સર્વજ્ઞના મુખેથી નીકળતી વાણીમાં, ગણધરો બાર અંગ ને ચૌદ પૂર્વની રચના કરે છે તેમાં તથા મુનિઓ શાસ્ત્ર લખે છે તેમાં આ જ ભણકાર છે, બીજું કાંઈ નથી.

૩) વળી શુદ્ધ આત્મા કેવો છે ? જેમ આકાશને કોઈએ બનાવ્યું નથી, તેમ આત્માને કોઈએ બનાવ્યો નથી. આત્મા અંતર્મુખ પ્રગટ અતીન્દ્રિય સુખનો પિંડ છે, સ્વયંસિદ્ધ શાશ્વત છે. આકાશ ક્ષેત્ર અપેક્ષાએ વ્યાપક છે ને આત્મા જ્ઞાનભાવની અપેક્ષાએ વ્યાપક છે. પોતાના આખા ચૈતન્યમાં વ્યાપેલો છે તેમાં રહીને સર્વ પદાર્થોને તે જાણે છે. વળી અનાદિનો છે માટે જૂનો થઈ ગયો એમ નથી, એવો ને એવો તાજો છે. નવો નથી તેમ જૂનો થતો નથી.

૪) વળી આત્મામાં ચૈતન્ય અમૃત ભરેલું પડ્યું છે. બહારનું શરીર તેનું શરીર નથી, પુણ્ય-પાપના ભાવ તેનું શરીર નથી, વળી એક સમયની પર્યાય જેટલો નથી પણ ત્રિકાળ ચૈતન્યપૂરથી ભરેલો છે. એવું એનું સ્વરૂપ એટલે જ્ઞાનશરીર છે. ગમે તેટલી જ્ઞાનપર્યાયો પ્રગટ થાય તો પણ તે ખૂટે તેવો



નથી.

૫) જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે. ગમે તે કાળે, ગમે તે ક્ષેત્રે હો, તો પણ શુદ્ધ સ્વભાવ એવો ને એવો પડ્યો છે માટે શરણ લેવા જેવો છે. પુણ્ય-પાપ કે અધૂરી પર્યાય શરણ લેવા જેવા નથી. માટે જે વિચાર કરે છે ને શુદ્ધ સ્વભાવ આવો છે એવો નિર્ણય કરે છે તેવા સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ સ્વભાવ જાણાય તેવો છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શુદ્ધ સ્વભાવ કેવળજ્ઞાનથી પણ જાણાય તેવો નથી એમ આગળ કહેલું છે ને અહીં સમ્યગ્દૃષ્ટિને ગોચર છે એમ કેમ કહ્યું ?

**સમાધાન** : બન્નેમાં વિવક્ષા ફેર છે. આગળ અગોચર કહેલ ત્યાં કહેવાનો આશય એ હતો કે ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવો પર્યાયો છે, તે સમયે સમયે પલટે છે. પર્યાયના આશ્રયે આત્માનો અનુભવ થઈ આગળ વધાતું નથી, પર્યાયમાંથી પર્યાય આવતી નથી. પણ પરમપારિણામિકભાવના આશ્રયે આગળ વધાય છે ને નિર્મળતા પ્રગટે છે. તેથી પર્યાય ઉપરનું લક્ષ છોડાવવા ને શુદ્ધ સ્વભાવનું લક્ષ કરાવવા તે ભાવો પર્યાયો હોવાથી તેનાથી અગમ્ય-અગોચર કહ્યો હતો. અહીં વિચારવંત ડાહ્યા પુરુષોએ પરમપારિણામિકભાવનો આશ્રય લીધો છે ને ભેદનો આશ્રય છોડ્યો છે. માટે અભેદનો જે આશ્રય લ્યે છે તેને આત્માનો અનુભવ થાય છે. એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ આત્મા ગોચર છે એમ કહ્યું છે.

**મુનિરાજ કરુણા કરી કહે છે કે શુદ્ધ સ્વભાવની રુચિ કર ને પર્યાયબુદ્ધિ છોડ.**

''એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે ?''

અહીં મુનિરાજ કરુણા કરી કહે છે કે આવો અનાદિઅનંત એકરૂપ શુદ્ધ આત્મા પડ્યો છે તેની રુચિ કેમ કરતો નથી અને પુણ્યથી ધર્મ થાય, નિમિત્તથી કાર્ય થાય એવી પર્યાયબુદ્ધિને કેમ ઇચ્છે છે ? વ્યવહાર રત્નત્રયના પરિણામ પણ દુષ્કૃતરૂપ સંસાર છે. માટે કોઈ પણ શુભભાવને તું કેમ ઇચ્છે છે ? એટલે કે નિમિત્તની, વિકારની, પર્યાયની રુચિ છોડ ને ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ કર એમ મુનિરાજ કરુણાબુદ્ધિથી કહે છે.

**શુદ્ધ સ્વભાવની વાત બહાર પ્રગટ આવવા છતાં તેની રુચિ જે કરતો નથી પણ ક્રિયાકાંડની રુચિ કરે છે તેનો જૂનાગઢના રા'ની જેમ દિ' ફર્યો છે.**

જૂનાગઢનો રાજા રા' હતો. તેને એક જુવાન ચારણ બાઈ ચાંલ્લો કરવા આવે છે. ત્યારે રા' તે ચારણ બાઈના રૂપમાં મોહી પડે છે. ચારણ બાઈ કહે છે કે અમે ભલે તમારી નોકરી કરીએ પણ પતિવ્રતા છીએ, અમે રાજાને પણ ઇચ્છીએ નહિ. ચારણ બાઈ વિચારે છે કે 'રાજા પોતાની રાણી મૂકીને મારામાં મોહી પડ્યો છે ને ચાંલ્લો કરતાં મોઢું ફેરવી નાંખે છે. જરૂર રા'નો દિ' ફર્યો

લાગે છે.' તેમ શુદ્ધ ચૈતન્યસ્વભાવના ગાણાં પ્રગટ બહાર આવ્યા. આચાર્ય ભગવંતો કહે છે કે તારા શુદ્ધ સ્વભાવની રુચિ કર, નિમિત્તની, પુણ્યની રુચિ છોડ, વાત ઘણે પડખેથી બહાર આવી ને પોતાના ચૈતન્યની સ્વરાજ્યમાં સિદ્ધપદને નિહાળવાના-બેસાડવાના ટાણાં આવ્યા ત્યારે અજ્ઞાનીઓ સિદ્ધપદરૂપી સ્વલક્ષ્મીનો નકાર કરે છે ને ખૂબ વિરોધ કરે છે કે આવો તે ધર્મ હોય, આવું માનવાથી જડવાદનો પ્રચાર થઈ જાય છે, વ્યવહાર ઉથાપાય છે, નિમિત્તને ઉથાપે છે, ક્રિયાકાંડને ઉથાપે છે - આમ ચારે કોરથી વિરોધ કરી પોતાના શુદ્ધ સ્વભાવનો નકાર કરે છે તેવા જીવોનો ''જૂનાગઢના રા'ની જેમ દિ' ફર્યા છે'' ને તેથી તેમનો સંસાર ચાલુ રહે છે.

મુનિરાજ કરુણાથી કહે છે કે ભાઈ, આવા શુદ્ધ સ્વભાવની રુચિ કર તો ધર્મદશા પ્રગટ થઈ, કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને તું વરીશ.



**આસો વદ ૫, શુક્રવાર, ૧૯-૧૦-૫૧.**

**ગાથા ૪૦**

**णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।**
**णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा।। ४०।।**

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશના સ્થાનો નહીં,**
**અનુભાગના નહિ સ્થાન જીવને, ઉદયના સ્થાનો નહીં. ૪૦.**

**અન્વયાર્થ** : જીવને સ્થિતિબંધસ્થાનો નથી, પ્રકૃતિસ્થાનો નથી, પ્રદેશસ્થાનો નથી, અનુભાગ-સ્થાનો નથી કે ઉદયસ્થાનો નથી.

**વિકાર રહિત, ત્રિકાળી એકરૂપ શુદ્ધ જીવને અહીં જીવ કહ્યો છે.**

શુદ્ધ જીવ કેવો છે ? એક સમયનો વિકાર, કર્મ, ઉઘાડ કે નિમિત્ત ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં નથી. જીવનો શુદ્ધભાવ ત્રિકાળી એકરૂપ છે એવા જીવની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

અહીં જીવ કહ્યો છે તે જીવ આખો દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જે પ્રમાણનો વિષય થાય છે તે ન લેવો તેમ જ વિકારી પર્યાયવાળો કે નિમિત્તના સંબંધવાળો જીવ પણ ન લેવો પણ વિકાર વિનાનો એકરૂપ ત્રિકાળી શુદ્ધભાવવાળો જીવ લેવો. આવા શુદ્ધ જીવના યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન કરી પોતાના ત્રિકાળી સ્વભાવ તરફ વળે તો તે જીવને વિકારનું અથવા પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે. ને આમ બન્ને પડખાનું જ્ઞાન થતાં આખા જીવનું જ્ઞાન યથાર્થ થાય છે ને તે પ્રમાણ જ્ઞાન છે.

આ ગાથામાં શુદ્ધ જીવ કેવો છે તેની વાત કહે છે.

**ટીકા** : આ ગાથામાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધના સ્થાનોનો તથા ઉદયના સ્થાનોનો સમૂહ જીવને નથી એમ કહ્યું છે.

**પોતાના શુદ્ધ સ્વભાવમાં મલિનતા કે અધૂરાશ નથી તથા કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી.**

''સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન(નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને'' શુદ્ધ જીવ અથવા નિજ પરમાત્મતત્ત્વ કેવું છે તે કહે છે. શુદ્ધ જીવતત્ત્વ મલિનતા વિનાનું છે કોઈ પદાર્થમાં અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ વિકારીભાવ તેને ઉપરાગ કહે છે. શુદ્ધ જીવમાં તેવા ઉપરાગ નથી. જેવી રીતે સ્ફટિક પાસે રાતું ફૂલ હોય તો સ્ફટિકમાં રાતી ઝાંઈ પડે ને કાળું કપડું હોય તો કાળી ઝાંઇ પડે. રાતા વખતે કાળી ઝાંઈ ન પડે ને કાળા વખતે રાતી ઝાંઈ

ન પડે, કાળી રાતી ઝાંઈ ઉપાધિને અનુરૂપ છે ને ઉપાધિ નિમિત્ત છે પણ રાતા ફૂલને લીધે રાતી ઝાંઈ પડી નથી. સ્ફટિકની યોગ્યતાને કારણે રાતી ઝાંઈ પડે છે છતાં રાતા ફૂલ વખતે કાળી ઝાંઈ પડે એમ બને નહિ. તેવી રીતે આત્મામાં દર્શનમોહનીય કર્મનો ઉદય હોય ત્યારે જ્ઞાન રોકાય એમ બને નહિ. પણ શ્રદ્ધા વિપરીત હોય છે છતાં કર્મને લીધે ખોટી શ્રદ્ધા થઈ નથી. એક સમયે આઠે કર્મો ઉદયમાં છે. જ્ઞાનની હીણી દશાને જ્ઞાનાવરણીયકર્મનો ઉદય અનુકૂળ નિમિત્ત છે પણ જ્ઞાનાવરણીયનો ઉદય રાગને અનુકૂળ નથી.

આ પ્રમાણે જ્ઞાન, દર્શન તથા વીર્યની હીણી દશા, દર્શનની વિપરીત દશા, ચારિત્રની વિપરીત દશા વગેરેને ઉપરાગ-ઔપાધિકભાવ કહે છે. ને તે તે તે કર્મોને અનુરૂપ છે છતાં કર્મોને લીધે મલિનતા નથી પણ મલિનતા તથા કર્મોને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ને સંબંધ એક સમયની પર્યાયમાં છે, પણ ત્રિકાળી શુદ્ધ જીવમાં તે મલિનતા નથી તેમ જ કર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી. જ્ઞાન, દર્શન તથા વીર્યની હીણી અવસ્થાને, શ્રદ્ધાને તથા ચારિત્રની વિપરીત અવસ્થાને તથા નામ, ગોત્ર, આયુ, વેદનીય તરફના વલણવાળા ભાવને શુદ્ધ જીવ કહેતાં નથી. કારણ કે પર્યાયમાં રહેલાં રાગ-દ્વેષ તથા અધૂરાશ નીકળી જાય છે માટે તે જીવનું સ્વરૂપ નથી. રાગ-દ્વેષ તથા હીણપ પર્યાયમાં હોવા છતાં તેને વ્યવહાર કહી, ગૌણ કરી જીવમાં તે નથી એમ કહી દ્રવ્યદૃષ્ટિ કરાવી છે. તેથી શુદ્ધ જીવ નિર્દોષ છે. વળી નિજ કહેતાં પોતાના જીવની વાત છે.

**દ્રવ્યકર્મોના સ્થિતિબંધસ્થાનો તેમ જ તે પ્રકારની જીવની પર્યાયની યોગ્યતા શુદ્ધ જીવમાં નથી.**

''નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાનો નથી.''

જીવ પોતાના સ્વભાવને ચૂકીને રાગદ્વેષાદિ કરે છે ત્યારે થોડી સ્થિતિના, મધ્યમ સ્થિતિના ને ઉત્કૃષ્ટ સ્થિતિના પુદ્ગલ કર્મો બંધાય છે, તે જડ કર્મોની સ્થિતિ છે. તે કર્મોનો સંબંધ પર્યાય સાથે છે. શુદ્ધ જીવમાં એવા સ્થિતિબંધસ્થાનો નથી. વળી જેટલી સ્થિતિનું કર્મ બંધાય છે તે પ્રકારની યોગ્યતા જીવની વિકારી પર્યાયમાં રહેલી છે પણ તે યોગ્યતા તેમ જ કર્મની સ્થિતિ શુદ્ધ જીવમાં નથી. જેટલા પ્રમાણમાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ તથા અનુભાગબંધ જડ કર્મમાં પડે છે તેટલા પ્રમાણમાં યોગ્યતા આત્માની એક સમયની પર્યાયમાં રહેલી છે. ચાર પ્રકારની યોગ્યતા આત્માની આત્માના કારણે છે ને પુદ્ગલકર્મની યોગ્યતા પુદ્ગલકર્મને કારણે છે. કોઈ કોઈના કારણે નથી પણ પોતે પોતાના કારણે છે.

અહીં સ્થિતિબંધની વાત ચાલે છે. જેમ રાયણનું ઝાડ અમુક વર્ષે પાકે, આંબો અમુક વર્ષે પાકે - બીજની ફળરૂપ થવાની એટલી સ્થિતિ છે. તેમ આત્માની પર્યાયમાં થતાં પરિણામ અનુસાર અમુક સ્થિતિના કર્મો બંધાય છે, તે સ્થિતિબંધ છે. પણ તે કર્મનો સંબંધ પર્યાયમાં છે. એક સમયનો પર્યાય અભૂતાર્થ છે તેથી શુદ્ધ જીવમાં તેનો અભાવ ગણ્યો છે. શુદ્ધ ત્રિકાળી સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરતાં



તે સમ્યગ્દર્શનનું કારણ છે.

**દ્રવ્યકર્મોના પ્રકૃતિબંધસ્થાનો તેમજ તે પ્રકારની જીવની પર્યાયની યોગ્યતા શુદ્ધ જીવમાં નથી.**

''જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મોને યોગ્ય એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે, તેના સ્થાનો (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.''

જીવ જેવા ભાવ કરે તે પ્રકારે કર્મની પ્રકૃતિનો બંધ થાય છે. જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાનને રોકે, દર્શનાવરણીયકર્મ દર્શનને રોકે -એમ જીવને સંસારમાં જુદી જુદી કર્મની પ્રકૃતિનો બંધ નિમિત્તરૂપ હોય છે. ને તે પ્રમાણે જીવની એક સમયની પર્યાયમાં યોગ્યતા છે. તે યોગ્યતાને તથા કર્મની પ્રકૃતિને બંધાવાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ તે યોગ્યતા ને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ત્રિકાળી સ્વભાવમાં નથી. ત્રિકાળી સ્વભાવ તો એકરૂપ શુદ્ધ છે. કોઈ માણસ કોઈ વાર ચોરી કરે તેથી કાયમ ચોરી કરશે એવું તેનું સ્વરૂપ નથી. ચોરી ક્ષણિક અપરાધ છે, ત્રિકાળમાં તે અપરાધ નથી. ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં રાગદ્વેષ તથા હીનતાની યોગ્યતાવાળી પર્યાય નથી તેમ જ પ્રકૃતિબંધ નથી. આવા ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા કરે તો પર્યાયમાં જે કર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે ક્રમે ક્રમે તૂટી વીતરાગદશાની પ્રાપ્તિ થાય.

**દ્રવ્યકર્મોનો પ્રદેશબંધસ્થાનો તેમ જ તે પ્રકારની જીવની પર્યાયની યોગ્યતા શુદ્ધ જીવમાં નથી.**

''અશુદ્ધ અંતઃતત્ત્વના (અશુદ્ધ આત્માના) અને કર્મપુદ્ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે પ્રદેશબંધ છે. આ બંધના સ્થાનો પણ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.''

વિકારી પર્યાયને અશુદ્ધ અંતઃતત્ત્વ કહે છે, કારણ કે તે પોતાની એક સમયની પર્યાય છે. કર્મને બાહ્યતત્ત્વ કહે છે ને ત્રિકાળી શુદ્ધ સ્વભાવને શુદ્ધ અંતઃતત્ત્વ કહે છે. જીવ પોતાનો સ્વભાવ ચૂકીને પર્યાયમાં જ્ઞાનની હીનતા, દર્શનની હીનતા તથા રાગદ્વેષ વગેરે ભાવો કરે છે તે મલિનતા છે, ને તે મલિનતાને યોગ્ય કર્મનો બંધ પડે છે. તે જડ કર્મો આત્માના એકક્ષેત્રે આવીને રહે છે એવો મલિન પર્યાયને તથા જડ કર્મોને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેને પ્રદેશબંધ કહે છે પણ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો મલિનતા તેમ જ જડ કર્મનો પ્રદેશબંધ શુદ્ધ સ્વભાવમાં છે જ નહિ. જો સ્વભાવમાં મલિનતા ને તે સંબંધ હોય તો સ્વભાવ તે રહિત કદી થઈ શકે નહિ. તે પ્રકારની યોગ્યતા પર્યાયમાં પોતાના કારણે છે, કોઈ કર્મના કારણે તે મલિનતા નથી. તે યોગ્યતા એક સમય પૂરતી છે, શુદ્ધ સ્વભાવમાં તો યોગ્યતા નથી. શેરડીની ઉપરની કાળી અથવા લાલ પાતળી છાલ તે શેરડીનું ખરું સ્વરૂપ નથી. તે છાલ કાઢી નાખવાથી અંદર શેરડી સફેદ મીઠી રસકસવાળી છે તેમ વિકારી ભાવ શેરડીની ઉપલી છાલ જેવા છે. અશુદ્ધ તત્ત્વ છે તે વિનાનો ત્રિકાળી સ્વભાવ નિજ પરમાત્મતત્ત્વ અંદર સફેદ ને મીઠી શેરડીની જેમ મીઠો મહેરામણ, આનંદકંદ, જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે શક્તિનો ભરેલો પડ્યો છે. પર્યાયબુદ્ધિનો તથા એક સમયના પ્રદેશબંધનો નિષેધ કરી શુદ્ધ સ્વભાવની

દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શનનું કારણ છે.

**કર્મના અનુભાગબંધસ્થાનો તથા જીવની પર્યાયની તે પ્રકારની યોગ્યતા શુદ્ધ જીવમાં નથી.**

''શુભાશુભ કર્મની નિર્જરાના સમયે સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિવાળો તે અનુભાગબંધ છે; આના સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી.''

જીવ પોતાનો શુદ્ધ સ્વભાવ ચૂકે છે ત્યારે પર્યાયમાં રાગદ્વેષ થાય છે. ને જેવા રસવાળા તીવ્ર કે મંદ પરિણામ કરે તેવા રસવાળા-અનુભાગવાળા કર્મોનો બંધ પડે છે. કર્મમાં રસ હોય છે, તેના નિમિત્તે સુખદુઃખરૂપ ફળ આપે છે, પણ કર્મનો અનુભાગ કર્મમાં હોય છે. તે આત્માને અનુભાગ આપતો નથી ને આત્માની પર્યાયનો અનુભાગ આત્માની પર્યાયમાં હોય છે-બન્ને સ્વતંત્ર છે. છતાં પર્યાયમાં એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે પર્યાયની યોગ્યતા તેમજ કર્મના અનુભાગબંધસ્થાનો શુદ્ધ જીવમાં નથી. જ્ઞાન-દર્શનની હીણી અવસ્થા, રાગ-દ્વેષાદિની અવસ્થા વગેરે અસંખ્ય પ્રકારે પર્યાયમાં હોય છે. પણ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય એકાકાર સ્વભાવમાં તેનો અભાવ છે. માટે શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરવા તે ધર્મનું કારણ છે.

**દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો ઉદય શુદ્ધ જીવમાં નથી.**

''વળી દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયના સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી.''

દ્રવ્યકર્મનો ઉદય એટલે જ્ઞાનાવરણીયાદિ જડ કર્મનો ઉદય ને તે તરફના વલણથી પર્યાયમાં થતી હીનતા તથા રાગ-દ્વેષ તેને ભાવકર્મનો ઉદય કહે છે. જ્ઞાન, દર્શન, વીર્યની હીનતા, શ્રદ્ધા તથા ચારિત્રની વિપરીતતા વગેરે પ્રકારની યોગ્યતા પર્યાયમાં છે પણ તે એક સમયની અવસ્થા છે. એક સમયની હીનતા અથવા વિપરીતતાનો તેમ જ જડ કર્મના ઉદયનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં અભાવ છે. અશુદ્ધતા કદી પણ સ્વભાવમાં પેઠી નથી. માટે એવા ત્રિકાળી શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરવાથી ધર્મ થાય તેમ છે. કર્મના, વિકારના કે પર્યાયના આશ્રયે ધર્મ થતો નથી. તેથી અહીં ગાથામાં કહ્યું છે કે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ ને પ્રદેશબંધ તથા જડ કર્મના ઉદય ઉપરનું તેમ જ તે પ્રકારની એક સમયની પર્યાયની યોગ્યતા ઉપરનું લક્ષ છોડી શુદ્ધ જીવતત્ત્વનું લક્ષ કર તો ધર્મદશા પ્રગટ થશે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-



(मालिनी)

**न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**
**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्॥**

**શ્લોકાર્થ :-** જગત મોહરહિત થઈને સર્વ તરફથી પ્રકાશમાન એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવો કે જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં ખરેખર સ્થિતિ પામતાં નથી.

**ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં વિકારી ભાવો કદી પેઠા નથી એવા સમ્યક્ શુદ્ધ સ્વભાવને અનુભવો.**

જગત કહેતાં જગતના જીવો. અહો જગતના જીવો ! નિમિત્ત, વિકાર ને પર્યાયની રુચિ છોડીને સર્વ તરફથી પ્રકાશમાન એવા શુદ્ધ સ્વભાવને જ અનુભવો. ચૈતન્ય સમસ્વભાવી સૂર્ય એક સમયમાં આખો પડ્યો છે તેને યાદ કરો ને વિકાર અભૂતાર્થ છે તેને ભૂલી જાઓ. અહીં મુનિરાજ આખા જગતને સાગમટે નોતરું આપે છે. શુભાશુભ પરિણામનો શુદ્ધ આત્મામાં પ્રવેશ નથી. જેમ પાણીમાં તેલ ઉપર તરે છે તેમ રાગ-દ્વેષ ઉપર ને ઉપર તરે છે. આત્મા કર્મથી બંધાયેલો છે ને કર્મો આત્માની સાથે એકક્ષેત્રે રહેલા છે તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમયની વિકારી પર્યાય સાથે છે, શુદ્ધ સ્વભાવમાં તે વિકાર પેસતો નથી. જેમ મકાન બંધ હોય તો તેમાં બહારનો માણસ પેસી ન શકે તેમ એક સમયનો સંસાર ત્રિકાળી સ્વભાવમાં પેસતો નથી. જ્ઞાન-દર્શનની હીણી અવસ્થા, રાગ-દ્વેષની વિકારી અવસ્થા તે એક સમયની પર્યાયમાં છે. વસ્તુસ્વભાવ એકરૂપ સદૃશ અનાદિઅનંત છે. માટે ધ્રુવ પદાર્થની શ્રદ્ધા કરો. તેની શ્રદ્ધા કરવાથી આઠે કર્મોનો ને રાગદ્વેષનો સર્વથા દૃષ્ટિ અપેક્ષાએ નાશ થાય છે ને વીતરાગતા પૂરી થતાં રાગદ્વેષનો સર્વથા નાશ થઈ આઠે કર્મોનો નાશ થશે. ત્રિકાળશક્તિ જે ભરી છે તેમાંથી કેવળજ્ઞાન પ્રગટ થશે માટે એવા શુદ્ધ સ્વભાવને અનુભવો.

વળી ૪૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :

**શ્લોક ૫૬**

(अनुष्टुभ्)

**नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम्।**
**विपदामिदमेवोच्चैरपदं चेतये पदम्॥५६॥**

**શ્લોકાર્થ :-** જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે અને જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે (અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ નથી) એવા આ જ પદને હું અનુભવું છું. ૫૬.

**શુદ્ધ આત્મપદ જ્ઞાન ને આનંદનો ભંડાર છે ને વિભાવના અત્યંત અભાવરૂપે છે.**

શુદ્ધ આત્મપદ જ્ઞાન ને આનંદરૂપી સંપદાની ખાણ છે. તેના શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા કરવાથી જ્ઞાન અને આનંદની પર્યાયો વહ્યા કરે છતાં પણ ખૂટે નહિ. વળી તેમાં કોઈ પણ જાતની વિપદા નથી. માટે શુદ્ધપદ એક જ શરણ છે. પૈસા, મકાન, બૈરાં, છોકરાં કોઈ શરણ નથી. મરણ વખતે તે કોઈ મદદગાર થતા નથી પણ શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કર્યા હોય તો તે શરણરૂપ છે. શુદ્ધ સ્વભાવમાં વિકારનો અભાવ છે. સંસાર અથવા વિકાર એક સમયની પર્યાયમાં છે પણ ત્રિકાળ સ્વભાવમાં તે નથી. મુનિરાજ છઠ્ઠી-સાતમી ભૂમિકાએ ઝૂલતા હતા, તેઓ કહે છે કે હું આ શુદ્ધપદને જ અનુભવું છું.

આ પ્રમાણે શુદ્ધપદના શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા કરવા તે ધર્મ છે.

**આસો વદ ૫ (દ્વિતીય), શનિવાર, ૨૦-૧૦-૫૧.**

**શ્લોક ૫૭**

(वसन्ततिलका)

**यः सर्वकर्मविषभूरुहसंभवानि**
**मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।**
**भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं**
**प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः ॥ ५७॥**

**શ્લોકાર્થ** :- (અશુભ તેમજ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ એવા ફળોને છોડીને જે જીવ હમણાં સહજ ચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે, તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે -એમાં શો સંશય છે ? ॥ ૫૭ ॥

**આત્મા જ્ઞાન-દર્શનાદિની શક્તિ અપેક્ષાએ નિત્ય છે ને સમય સમયના પરિણામની અપેક્ષાએ અનિત્ય છે.**

જેને આત્મશાંતિ જોઈતી હોય અથવા ધર્મ જોઈતો હોય તેણે શું કરવું ? તેણે શુદ્ધ આત્મતત્ત્વનો અનુભવ કરવો. શરીર, મન, વાણી તો જડ છે તેનાથી આત્મા જુદો છે તેની વાત અહીં નથી પણ આત્માના બે પડખાં પડે છે. આત્મા પોતે નિત્ય રહીને અવસ્થામાં ક્ષણે ક્ષણે પલટાય છે. આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર અસ્તિત્વાદિ અનંત ગુણોનો ભંડાર છે. તે ગુણો નિત્ય સદશ રહે છે તે અપેક્ષાએ આત્મા નિત્ય છે ને વર્તમાન અવસ્થામાં શુભાશુભભાવરૂપે પલટન પામે છે. જો વર્તમાન અવસ્થામાં શુભાશુભભાવોરૂપી વિકાર ન જ હોય તો વર્તમાનમાં આનંદદશા વ્યક્ત હોવી જોઈએ પણ એ નથી.



પરંતુ વર્તમાનમાં દુઃખ અને આકુળતા છે તેને જીવ અનુભવે છે ને તે ટાળવા માગે છે. માટે વર્તમાન પર્યાયમાં શુભાશુભભાવોરૂપી વિકાર પ્રગટ છે ને મૂળ સ્વભાવ આનંદ સ્વરૂપ નિત્ય ન હોય તો દુઃખ ટાળી સુખ પ્રગટ કરવાનો પ્રસંગ રહેતો નથી ને અજ્ઞાન ટાળી જ્ઞાન કરવાનું બની શકે નહિ. નિત્યના આધાર વિના શાંતિ કોના આધારે પ્રગટે ? માટે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રનો પિંડ શક્તિરૂપે નિત્ય છે ને અવસ્થામાં અનિત્ય છે-પલટન પામે છે, ને સંસારમાં શુભાશુભ-ભાવોરૂપે પરિણમે છે.

**અજ્ઞાની પોતાનો જ્ઞાન સ્વભાવ ચૂકે છે ત્યારે કર્મના લક્ષે સ્વભાવથી વિપરીત લક્ષણવાળા શુભાશુભ ભાવો કરે છે.**

''(અશુભ તેમજ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં નિજરૂપથી વિલક્ષણ''નો અર્થ -જીવ પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકે છે ત્યારે પરપદાર્થો ઉપર ને અવ્યક્તપણે જડ કર્મો ઉપર તેનું લક્ષ જાય છે ને તેથી વિકાર થાય છે- થાય છે. શુભાશુભ ભાવ બન્ને વિકાર છે ને તેને કારણે પુણ્ય-પાપરૂપી કર્મો બંધાય છે તે કર્મોને વિષવૃક્ષો કહે છે. પોતે ચિદાનંદ સ્વરૂપ આત્મા છે, પોતાનું સુખ પોતામાં છે એ ચૂકી જાય છે ત્યારે કર્મરૂપી વિષવૃક્ષ ઉપર લક્ષ જાય છે. ને તેના ફળમાં વિકાર થાય છે ને નવું જોર ઉત્પન્ન થાય છે. અનાદિથી જીવ પોતાનો ચૈતન્યસ્વભાવ ચૂકેલો છે. હું ચૈતન્ય છું, શરીર, મન, વાણી પર છે, પુણ્ય-પાપ ઝેર છે-વિકાર છે તેવું સાચું જ્ઞાન કર્યું નથી તેથી નિત્યાનંદ સ્વભાવ છોડી પોતાના સ્વભાવથી વિલક્ષણ એટલે આકુળતાવાળી શુભાશુભ લાગણીઓ ઊભી કરે છે. અનાદિકાળથી જીવ પુણ્ય-પાપમાં રોકાઈ ગયો છે. પોતે જાણનાર દેખનાર છે એમ જ્ઞાન કરે તો જ્ઞાનનો વિકાસ થાય ને વિકાર ન થાય. પણ પોતે જાણનાર દેખનાર રહેતો નથી તેથી જ્ઞાનનો વિકાસ થતો નથી ને વિકાર થાય છે. પુણ્ય-પાપની આકુળતા વિનાનું જ્ઞાનસ્વરૂપ તે નિજરૂપ છે તેનાથી વિપરીત લક્ષણવાળા આકુળતાવાળા પરિણામ અજ્ઞાની કરે છે.

**''શુભાશુભ ભાવોની રુચિ છોડી, શુદ્ધ સ્વભાવની રુચિ કરે છે તેને ધર્મદશા પ્રગટે છે.**

''નિજરૂપથી વિલક્ષણ એવા ફળોને છોડીને જે જીવ હમણાં સહજ ચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે એમાં શો સંશય છે ?''

હવે જેને શાંતિ જોઈતી હોય તેણે પોતાના સ્વભાવથી વિપરીત લક્ષણવાળા, આકુળતાવાળા શુભાશુભ ભાવોની રુચિ છોડવી જોઈએ. પોતે શુદ્ધ ચૈતન્યમય આત્મા છે, જ્ઞાન-દર્શનાદિનો પિંડ છે તેનું લક્ષ ચૂકે છે ને કર્મરૂપી ઝેર ઝાડનો આશ્રય લે છે તો સ્વભાવથી વિપરીત ફળ ઉત્પન્ન થાય છે. ને તેને લીધે અજ્ઞાની પ્રત્યક્ષ આકુળતાને ભોગવે છે, મમતા રોકડી દેખાય છે. તેની રુચિ છોડી સહજ આનંદ સ્વરૂપ આત્માનો આશ્રય લે તો સહજ શાંતિને ભોગવે છે. ધર્મદશાનું ફળ નિરાકુળતા છે તે પણ રોકડી દેખાય છે. ધર્મ આજે કરે અને શાંતિ કાલે મળે અથવા પછીના ભવે મળે એમ

નથી પણ તરત શાંતિ મળે તેમ છે.

**અજ્ઞાની મિથ્યા કલ્પનાથી આકુળતાને પ્રત્યક્ષ ભોગવે છે. જ્ઞાની સાચા જ્ઞાનને કારણે શાંતિને પ્રત્યક્ષ ભોગવે છે.**

આ દિવાળીના દિવસો આવે છે. માણસો હરવા-ફરવા અને ખાવા-પીવામાં આનંદ માને છે. ભાઈ ! તેમાં તો પ્રત્યક્ષ આકુળતા છે. પોતાના જ્ઞાનસ્વભાવને ચૂકીને પરમાં સુખ છે એવી કલ્પના ઊભી કરે છે તે પોતાના સુખામૃતને લૂંટનારી છે. તે કલ્પના છોડી પોતાના જ્ઞાનસ્વભાવની રુચિ કરે તો અંતરશાંતિ થશે ને તે તરત અનુભવમાં આવે એમ છે. અને તો જ પોતાનો દિ' પોતાના તરફ વાળ્યો કહેવાય, એ સાચી દિવાળી છે. વળી અજ્ઞાની જીવ પરમાં ને શુભાશુભ ભાવોમાં ધર્મ માની રહ્યો છે. શુભાશુભ પરિણામ તો પ્રત્યક્ષ ઝેર છે. તેની રુચિવાળો જીવ આકુળતા ભોગવે છે. માટે તેની રુચિ છોડી નિજ જ્ઞાનાનંદ સ્વરૂપી આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરે તો શાંતિનો અનુભવ થતાં વાર લાગશે નહિ. **अधुना** શબ્દ કહેલ છે. તે જીવ હમણાં નિજ આત્માનો આશ્રય લે તો તેને શાંતિ મળે ને પ્રત્યક્ષ શાંતિને ભોગવે છે.

**શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન થતાં શ્રદ્ધા અપેક્ષાએ મુક્તિ છે ને સ્થિરતા કરતાં સર્વથા મુક્તદશા ને આનંદદશા છે.**

આ ઉપરથી એમ નક્કી થયું કે સંસારદશામાં શુભાશુભ ભાવો પર્યાયમાં થાય છે પણ તે આકુળતાવાળા છે ને તે પરલક્ષે થાય છે તેથી દુઃખનો ભોગવટો થાય છે. ને સ્વભાવનું લક્ષ કરે તો સહજ સ્વાભાવિક આનંદને ભોગવે છે. આત્મા કાયમ રહીને પલટન પામે છે. દૃષ્ટિ ફરતાં શાંતિને અનુભવે છે એ ધર્મની શરૂઆત છે ને ચારિત્ર દોષને લીધે અલ્પ રાગ બાકી છે તે પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા કરતાં રાગનો નાશ થઈ, વીતરાગદશા થઈ, કેવલદશા પ્રાપ્ત કરી મુક્તિને પામે છે. તેને પછી સંસારમાં અવતાર લેવો પડતો નથી. અહીં જગતના જીવોને સાગમટે નોતરું આપે છે કે હે જીવો ! શુભ તેમજ અશુભ ભાવોની રુચિ તે ઝેર છે. તેમાં આકુળતા છે માટે તેની રુચિ છોડી પોતાના શુદ્ધ ચૈતન્યની રુચિ કરો તો ધર્મદશા પ્રગટ થશે. વિશેષ સ્થિરતા થતાં ક્રમે ક્રમે આગળ વધતા મોક્ષદશાને પામશો. આ સિવાય બીજે રસ્તે મુક્તિ નથી. પુણ્ય-પાપમાં આનંદ નથી. અંતરતત્ત્વમાં આનંદ ભર્યો છે. તેમાંથી પરમાનંદદશા પ્રગટ થાય છે તેમાં શો સંશય છે ? એટલે કે સંશયરહિત વાત છે.



**ગાથા ૪૧**

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा ॥ ४१ ॥**

**સ્થાનો ન ક્ષાયિકભાવના, ક્ષાયોપશમિક તણાં નહિ;**
**સ્થાનો ન ઉપશમભાવના, કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

**અન્વયાર્થ** :- જીવને ક્ષાયિકભાવના સ્થાનો નથી, ક્ષયોપશમસ્વભાવના સ્થાનો નથી, ઔદયિક-ભાવના સ્થાનો નથી કે ઉપશમસ્વભાવના સ્થાનો નથી.

**ટીકા** : ચાર વિભાવ સ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.

**૧) અવસ્થામાં રહેલી વિપરીતતા તથા અધૂરાશનો નાશ થઈ સ્વભાવ જેવી જ પૂર્ણદશા પર્યાયમાં પ્રગટ થવી તેને ક્ષાયિકભાવ કહે છે.**

'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.'

આત્મા વસ્તુ ત્રિકાળ સ્વભાવે શુદ્ધ છે, તેની પર્યાયમાં પુણ્ય-પાપના વિકારી ભાવો થાય છે. તે ભાવ અંતર્‌સ્વભાવમાં નથી પણ પરલક્ષે નવો ભાવ થાય છે. તેને ઉદયભાવ કહે છે ને તેના પરિણામમાં દ્રવ્યકર્મ બંધાય છે. વિકાર જે ઉદયભાવ છે એ આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવા શ્રદ્ધા-જ્ઞાન કરી આનંદકંદ સ્વભાવમાં પૂર્ણ એકાગ્રતા કરી વિકાર ને અપૂર્ણતા ન રહે અને નિમિત્તરૂપે કર્મ ન રહે તેને ક્ષાયિકભાવ કહે છે. અપૂર્ણજ્ઞાનનો વ્યય થઈ પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે, અપૂર્ણ દર્શનનો વ્યય થઈ પૂર્ણ કેવળદર્શન પ્રગટે, અપૂર્ણ વીર્યનો વ્યય થઈ પૂર્ણ અનંતવીર્ય પ્રગટે, વિપરીત શ્રદ્ધા ને વિપરીત આચરણનો નાશ થઈ પૂર્ણ પ્રતીતિ ને પૂર્ણ આચરણ પ્રગટે તેને ક્ષાયિકભાવ કહે છે ને નિમિત્તરૂપે તે તે કર્મોનો ક્ષય થયો હોય છે.

**સાધક જીવને ક્ષાયિકભાવ પ્રગટ નથી. પ્રગટ નથી તેનો વિચાર કરતાં રાગ થાય છે પણ ધર્મ થતો નથી.**

કેવળજ્ઞાનાદિની જે પર્યાયો પ્રગટે છે તે નવી પ્રગટે છે. ક્ષાયિકભાવ પણ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. અધૂરાશ ને વિપરીતતાનો ક્ષય કરી તેમ જ નિમિત્તરૂપે કર્મોનો ક્ષય કરીને નવો ઉત્પન્ન થયેલો ભાવ તે ક્ષાયિકભાવ છે. નીચલી દશાવાળાને તે ભાવ પ્રગટ નથી ને જે ભાવ પ્રગટ નથી તેનો વિચાર કરે તો રાગની ઉત્પત્તિ થાય છે. માટે ક્ષાયિકભાવના આશ્રયે ધર્મ થતો નથી. કેવળી ભગવાન જેને ક્ષાયિકભાવ પ્રગટ થઈ ગયો છે તેને હવે કાંઈ કરવાનું બાકી નથી પણ જેને પ્રગટ થયો નથી તેણે ધર્મ કરવા માટે કોનો આશ્રય લેવો ? દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયની તો વાત નથી, તેના આશ્રયે

તો ધર્મ નથી. પોતામાં થતાં દયા-દાનાદિ ભાવો ઔદયિકભાવ તે વિકાર છે. વિકારના આધારે અવિકારી દશા થાય નહિ. પણ ઔદયિકભાવનો નાશ થતાં પ્રગટ થયેલા ક્ષાયિકભાવનું પણ અવલંબન કરવા જેવું નથી. કારણ કે તે એક સમયની પર્યાય છે. વળી તે નવી પ્રગટે છે, કર્મના ક્ષયની અપેક્ષા રાખે છે. તેના લક્ષે રાગ થાય છે પણ ધર્મ થતો નથી. કેવળજ્ઞાન પ્રગટ થયા પછી પણ કેવળજ્ઞાનમાંથી કેવળજ્ઞાન પ્રગટતું નથી. પણ કેવળજ્ઞાન ધ્રુવ સ્વભાવમાંથી સમયે સમયે પ્રગટે છે. માટે શુદ્ધ સ્વભાવ પરમપારિણામિકભાવ આલંબન કરવા જેવો છે. ક્ષાયિકભાવનું અવલંબન કરવા જેવું નથી. પર્યાયદૃષ્ટિ છોડાવવા ને દ્રવ્યદૃષ્ટિ કરાવવા જીવને ક્ષાયિકભાવના સ્થાન નથી એમ કહ્યું છે.

આ વાત ઘણી સૂક્ષ્મ છે. જીવ લૌકિક અભ્યાસમાં વખત ગાળે છે તેમ આને માટે વખત લેવો જોઈએ. આત્મા વસ્તુ છે, જ્ઞાન દર્શનનો પિંડ છે. વર્તમાનમાં આકુળતા છે. આકુળતા ન હોય તો પ્રગટ આનંદ હોવો જોઈએ. તે આકુળતા ટાળી પરમાનંદદશા પ્રગટ કેમ કરવી તેની રીત બતાવે છે. ભાઈ ! તું સ્વભાવને ચૂકે છે તો રાગદ્વેષ થાય છે ને નિમિત્તરૂપે કર્મ બંધાય છે. સાચા શ્રદ્ધા-જ્ઞાન કરતાં તે ભૂલ ટળી જાય છે ને વીતરાગતા અને કેવળજ્ઞાન થાય છે ને કર્મો પણ ટળી જાય છે. તે નવી પૂર્ણ અવસ્થાને ક્ષાયિકભાવ કહે છે પણ તેનું અવલંબન કરવા જેવું નથી. પૂર્ણ શુદ્ધ સ્વભાવપરમપારિણાકિભાવનું અવલંબન કરવાથી ધર્મદશાની શરૂઆત થઈ પૂર્ણ દશા ક્ષાયિકભાવ પ્રગટે છે.

**૨) ક્ષાયોપશમિક ભાવ આત્મામાંથી ટળી જાય છે તેથી તે જીવનું ખરું સ્વરૂપ નથી, તેના લક્ષે ધર્મ થતો નથી.**

'કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે.'

જીવે અમુક કર્મોનો નાશ કર્યો છે ને અમુક કર્મો હજી નાશ કરવાના બાકી છે. એવા કર્મોના ક્ષયોપશમના નિમિત્તે જીવને પર્યાયમાં ક્ષયોપશમભાવ હોય છે. આત્માનું ભાન થયા પછી પણ સમ્યક્જ્ઞાન અંશે પ્રગટ્યું છે ને અમુક બાકી છે, આવરણવાળું છે. ક્ષયોપશમભાવ આત્માની પર્યાય છે. તે આત્મામાંથી ટળી જાય છે માટે તે આત્માનું ખરું સ્વરૂપ નથી. તેના અવલંબનથી રાગની ઉત્પત્તિ થાય છે ને પર્યાયમાંથી પર્યાય પ્રગટે નહિ માટે તેનું શરણ લેવા જેવું નથી. પરમ-પારિણામિકભાવનું અવલંબન કરવાથી ધર્મદશા પ્રગટે છે. ક્ષયોપશમભાવ જીવની પર્યાય હોવા છતાં તે જીવનું ખરું સ્વરૂપ નથી તેથી દ્રવ્યદૃષ્ટિ કરાવવા કહ્યું છે કે જીવને ક્ષયોપશમ સ્વભાવના સ્થાનો નથી.

**૩) ઔદયિકભાવ વિકારી ભાવ છે. તેના લક્ષે ધર્મ થતો નથી.**

'કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે.'

પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકીને કર્મના ઉદયે કર્મનું લક્ષ કરી જે શુભ કે અશુભભાવો થાય છે તે ઔદયિકભાવ છે. તે વિકારી ભાવ છે. ગમે તેવો શુભભાવ હોય તો પણ તે ઔદયિકભાવ છે,



વિકાર છે તે પોતાની પર્યાયમાં હોવા છતાં આત્માનું ખરું સ્વરૂપ નથી. માટે વિકારના લક્ષે ધર્મ થતો નથી તેથી જીવને ઔદયિકભાવના સ્થાનો નથી એમ કહી વિકારનું લક્ષ છોડાવી શુદ્ધ જીવનું લક્ષ કરવા કહ્યું છે.

**૪) ઔપશમિકભાવ અધૂરી નિર્મળ પર્યાય છે, તેના લક્ષે ધર્મ થતો નથી.**

'કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે.'

પાણીમાં નીચે મેલ હોય પણ ઉપર પાણી ઠરીને ચોખ્ખું હોય તેમ કર્મ સત્તામાં છે ઉદયમાં નથી તે દબાણું છે. તેના નિમિત્તે આત્માની અવસ્થામાં મલિનતાને દાબી દેવાથી ઉત્પન્ન થતો નિર્મળ ભાવ તે ઉપશમભાવ છે. સત્તામાં કર્મ પડેલા છે. ઉપશમભાવ આત્માની નિર્મળ પર્યાય હોવા છતાં આત્મામાંથી તે ટળી જાય છે. તે આત્માનું ખરું સ્વરૂપ નથી. પર્યાયના લક્ષે રાગ ઉત્પન્ન થાય છે. વળી અધૂરી નિર્મળ પર્યાયમાંથી નિર્મળ પર્યાય પ્રગટતી નથી. નિર્મળતા પ્રગટવાનું કારણ પરમ-પારિણામિકભાવ છે. તેથી શુદ્ધ જીવનું લક્ષ કરાવવા 'જીવને ઉપશમ સ્વભાવભાવના સ્થાનો નથી' એમ કહ્યું છે.

**૫) પરમપારિણામિકભાવ અનાદિ અનંત એકરૂપ શુદ્ધ છે, તેના આશ્રયે ધર્મ થાય છે.**

'સકળ કર્મોપાધિથી વિમુક્ત પરિણમે એવો જે ભાવ હોય તે પારિણામિકભાવ છે.'

અહીં સકળ કર્મોપાધિથી વિમુક્તનો અર્થ કર્મથી છૂટો થયેલો એમ ન લેવો પણ જે ભાવમાં કર્મોની અપેક્ષા નથી તેને વિમુક્ત કહેવો. જેવો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ છે તેવો જે પરિણમે તેને પારિણામિકભાવ કહે છે. ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ ને પર્યાય પણ શુદ્ધ તે સહિત જે છે તેને કારણપરમાત્મા કહે છે. સ્વભાવ ગુણપર્યાયોથી સંયુક્ત ને ત્રિકાળ નિરાવરણ નિરંજન પરમાત્મા છે તેવા પરમાત્માના એકરૂપ રહેતાં શુદ્ધભાવને પરમપારિણામિકભાવ કહે છે.

ઔદયિકાદિભાવ પર્યાયના છે, ત્રિકાળી સ્વભાવના તે ભાવો નથી. પરમપારિણામિકભાવ આ ચાર ભાવોથી રહિત છે. જે દ્રવ્યનો ભાવ છે, ત્રિકાળ એકરૂપ શુદ્ધ ભાવ છે તે બતાવવાનો હેતુ એ છે કે ચારે ભાવો અનિત્ય છે. તે અનિત્યનું લક્ષ છોડાવી નિત્ય પરમપારિણામિકભાવનું લક્ષ કરાવેલ છે.

ચારે ભાવ ઉપરની પર્યાયબુદ્ધિ છોડાવી પરમપારિણામિકભાવ ત્રિકાળી એકરૂપની દ્રવ્યબુદ્ધિ-સ્વભાવબુદ્ધિ કરાવી છે.

વસ્તુ ધ્રુવ છે, તેમાં થતી અવસ્થા ક્ષણિક છે. અવસ્થાના લક્ષે રાગ થાય છે. તેથી ધ્રુવ ચૈતન્ય સ્વભાવમાં આ ચાર ભાવો નથી એમ કહી શુદ્ધ સ્વભાવ પરમપારિણામિકભાવની શ્રદ્ધા કરાવી છે ને તેના શ્રદ્ધા-જ્ઞાનથી ધર્મ થાય છે.

## આસો વદ ૬, રવિવાર, ૨૧-૧૦-૫૧.

આત્માનો શુદ્ધ સ્વભાવ - પરમપારિણામિકભાવ અનાદિઅનંત એકરૂપ છે. તેના આશ્રયે ધર્મ થાય છે. ઔદયિકભાવ વિકાર છે, વિકારના આશ્રયે ધર્મ થતો નથી. ઉપશમભાવ વખતે સત્તામાં કર્મ પડ્યા છે તે ભાવ નિર્મળ હોવા છતાં પર્યાય છે, પર્યાયના લક્ષે રાગ થાય છે, ધર્મ થતો નથી. તેથી દ્રવ્યદૃષ્ટિ કરાવવા એમ કહ્યું કે જીવને ચાર ભાવો નથી. શુદ્ધ જીવ પરમપારિણામિકભાવે છે. તેના આશ્રયથી ધર્મ થાય છે.

### ૧) ઔપશમિકભાવ અધૂરી નિર્મળ પર્યાય છે, અધૂરી પર્યાય ધર્મનું કારણ નથી.

આ પાંચ ભાવોમાં ઔપશમિકભાવના બે ભેદ છે, ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.

હવે ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે. અનાદિ મિથ્યાદૃષ્ટિને આત્માનું સાચું ભાન થાય ત્યારે પ્રથમ ઉપશમભાવ પ્રગટે છે. માટે તેને પહેલો લીધો છે. તેના બે ભેદ છે.

(૧) ઉપશમસમકિત (૨) ઉપશમચારિત્ર.

૧) <u>ઉપશમસમકિત</u> : ઉપશમસમકિત જીવદ્રવ્યના શ્રદ્ધા ગુણની નિર્મળ પર્યાય છે. આત્મા પરપદાર્થથી જુદો છે, વિકારથી રહિત છે, એવા શુદ્ધ જીવના શ્રદ્ધા-જ્ઞાન કરતાં જીવને પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન પ્રગટે છે. સત્તામાં કર્મ પડેલાં છે એટલે દબાયેલા છે, તેથી તેને ઉપશમ કહે છે. તેનો કાળ અંતર્મુહૂર્તનો છે, ઉપશમસમકિત અધૂરી નિર્મળ પર્યાય છે. અધૂરી નિર્મળ પર્યાયમાંથી પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટતી નથી. માટે ઉપશમસમકિત મોક્ષનું કારણ નથી. શુદ્ધ સ્વભાવ એ જ મોક્ષનું કારણ છે.

૨) <u>ઉપશમચારિત્ર</u> : શુદ્ધ આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન સહિત અંતરરમણતા કરવી તે ચારિત્ર છે. પણ સત્તામાં કર્મ પડ્યા છે, તેથી તે ઉપશમચારિત્ર છે, તેનો કાળ અંતર્મુહૂર્ત છે, તેનો કાળ સાદિ સાંત છે. તેના લક્ષે મોક્ષદશા થતી નથી. પર્યાયમાંથી પર્યાય પ્રગટે નહિ. પરમપારિણામિકસ્વભાવભાવ અનાદિઅનંત છે, તેના આશ્રયે ધર્મ થાય છે. સોનામાં થોડો મેલ હોય તો તે મેલમાંથી સોનાના દાગીના થતાં નથી. તેમ ઔદયિકભાવ વિકાર છે, તેમાંથી અવિકારી દશા થતી નથી. વળી સોનાના કુંડળમાંથી નવો દાગીનો કડારૂપનો થતો નથી, પણ કુંડળનો અભાવ થઈ કડું થાય છે. એટલે સોનામાંથી નવા દાગીના થાય છે. તેમ ઉપશમભાવ પર્યાય છે. પર્યાયમાંથી મોક્ષની પર્યાય પ્રગટતી નથી. ઉપશમ-સમકિત અથવા ઉપશમચારિત્ર રાખીને મોક્ષદશા થતી નથી પણ ચૈતન્ય શુદ્ધ સ્વભાવ અનાદિઅનંત પારિણામિકભાવે છે, તે મોક્ષનું કારણ છે, પણ ઉપશમચારિત્ર મોક્ષનું કારણ નથી. આ પ્રમાણે ઉપશમભાવ પર્યાય છે. પર્યાયમાંથી પર્યાય થતી નથી. માટે ઉપશમભાવ મોક્ષનું કારણ નથી.



### ૨) ક્ષાયિકભાવ પૂર્ણ નિર્મળ દશા હોવા છતાં પર્યાય હોવાથી ધર્મ માટે આદરણીય નથી.

ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છે. ક્ષાયિકસમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર, કેવળજ્ઞાન ને કેવળદર્શન તથા અંતરાયકર્મના ક્ષયજનિત દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય.

૧) <u>ક્ષાયિકસમ્યક્ત્વ</u> : આત્મા પરપદાર્થથી જુદો છે. તેમજ વિકાર તથા પર્યાય જેટલો આત્મા નથી. આત્મા પરિપૂર્ણ શુદ્ધ છે એવી પ્રતીતિ થવી તે સમ્યક્ત્વ છે. પરિપૂર્ણ સમ્યક્ત્વ પ્રગટ થવું કે જેમાં નિમિત્તરૂપે દર્શનમોહનીયકર્મનો સર્વથા ક્ષય થયો હોય તે ક્ષાયિકસમ્યક્ત્વ છે. તે ચોથે ગુણસ્થાનથી હોય છે, ને સાદિ અનંતકાળ રહે છે પણ તે પર્યાય છે. ક્ષાયિકસમ્યક્ત્વની પર્યાયના આશ્રયથી કેવળજ્ઞાન પમાતું નથી, શુદ્ધ સ્વભાવના જ આધારે કેવળજ્ઞાન પમાય છે. માટે ક્ષાયિક-સમ્યક્ત્વ ધર્મ અથવા મોક્ષનું કારણ નથી.

૨) <u>ક્ષાયિકયથાખ્યાતચારિત્ર</u> : આત્માના ભાન પછી આત્માની પરિપૂર્ણ લીનતા વડે મોહનીયકર્મનો ક્ષય થતાં પ્રગટ થતી અવસ્થાને યથાખ્યાતચારિત્ર કહે છે, તે બારમે ગુણસ્થાને પ્રગટે છે. પણ તે એક સમયની અવસ્થા છે, તે પર્યાયમાંથી મોક્ષની પર્યાય પ્રગટતી નથી, મોક્ષનો આધાર ધ્રુવ સ્વભાવ છે, યથાખ્યાતચારિત્ર મોક્ષનું કારણ નથી. આવી વીતરાગી દશા જે સાદિ અનંતકાળ પ્રવાહરૂપે રહે તે પણ મોક્ષનું કારણ નથી, તો પછી રોટલા ન ખાધા ને ઉપવાસ કર્યા એ મોક્ષનું કારણ ક્યાંથી હોય ? ન જ હોય.

૩) <u>કેવળજ્ઞાન</u> : યથાખ્યાતચારિત્ર થયા પછી આત્મામાં કેવળજ્ઞાનદશા તેરમે ગુણસ્થાને પ્રગટે છે. તે વડે સ્વ-પર બધા પદાર્થોને યુગપદ્ જાણી લ્યે છે. તેમાં જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થયો હોય છે. કેવળજ્ઞાન સાદિઅનંત કાળ સુધી રહે છે. પણ તે એક સમયની અવસ્થા છે, કેવળજ્ઞાનમાંથી કેવળજ્ઞાનની અવસ્થા પ્રગટતી નથી. કેવળજ્ઞાન પર્યાય પ્રગટવાનું કારણ ધ્રુવ સ્વભાવ છે. વળી નીચલી દશાવાળાને કેવળજ્ઞાન પ્રગટ નથી, પ્રગટ નથી તેનો વિચાર કરતાં રાગ થાય છે, ધર્મ થતો નથી. માટે કેવળજ્ઞાન પર્યાય હોવાથી ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ શુદ્ધ સ્વભાવ જ છે.

૪) <u>કેવળદર્શન</u> : આત્મામાં પરિપૂર્ણ દૃષ્ટાશક્તિ વ્યક્ત થઈ જવી ને નિમિત્તરૂપે દર્શનાવરણીયકર્મનો સર્વથા ક્ષય થવો તેને કેવળદર્શન કહે છે, તે સાદિ અનંતકાળ રહે છે પણ તે પર્યાય છે. પર્યાયના લક્ષે વિચાર કરવાથી રાગ થાય છે. માટે કેવળદર્શન ધર્મનું કારણ નથી.

૫) <u>ક્ષાયિકદાન</u> : શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટ થતી નિર્મળ પર્યાયોનું આત્મા પોતે પોતાને દાન આપે તે ક્ષાયિકદાન છે. દાનાંતરાયકર્મનો ક્ષય કરી ઉત્પન્ન થયેલ પર્યાય છે. પોતાના પરમ સ્વભાવના અવલંબને તે પ્રગટ થાય છે, સાદિ અનંતકાળ રહે છે પણ તે પર્યાય છે, માટે આદરણીય નથી, ધર્મનું કારણ નથી.

૬) <u>ક્ષાયિકલાભ</u> : શુદ્ધ આત્માના આશ્રયે આત્મામાં આનંદ વગેરે પ્રગટ થાય છે. તે વીતરાગી દશાનો પોતે પોતાને લાભ આપે છે તે ક્ષાયિકલાભ છે. તે લાભાંતરાયકર્મના નાશથી ઉત્પન્ન થયેલ છે. સાદિ અનંતકાળ રહે છે, પણ તે પર્યાય છે તેથી ધર્મ માટે આદરણીય નથી.

૭) <u>ક્ષાયિકભોગ</u> : શુદ્ધ આત્માના આશ્રયે આનંદદશા પ્રગટ થાય છે તે આનંદ વગેરેને પોતે ભોગવે છે. તે ક્ષાયિકભોગ ભોગાંતરાયકર્મના નાશથી ઉત્પન્ન થાય છે, સાદિ અનંતકાળ રહે છે પણ તે પર્યાય છે માટે ધર્મ માટે આદરણીય નથી.

૮) <u>ક્ષાયિકઉપભોગ</u> : શુદ્ધ આત્માના આશ્રયે વીતરાગી સુખ વગેરે જે પ્રગટ થાય છે તેને આત્મા વારંવાર ભોગવે છે. તે ક્ષાયિકઉપભોગ ઉપભોગાંતરાય કર્મના નાશથી ઉત્પન્ન થાય છે. સાદિ અનંતકાળ રહે છે પણ તે પર્યાય છે માટે ધર્મ માટે આદરણીય નથી.

૯) <u>ક્ષાયિકવીર્ય</u> : શુદ્ધ આત્માના આશ્રયે પરિપૂર્ણ વીર્યદશા આત્મબળ પ્રગટવું ને નિમિત્તરૂપે વીર્યાંતરાયકર્મનો નાશ થાય છે તેને ક્ષાયિકવીર્ય કહે છે. તે પર્યાય છે તેથી ધર્મ માટે આદરણીય નથી.

આ પ્રમાણે ક્ષાયિકભાવોના ભેદો બતાવ્યા પણ તે પર્યાય છે. સાધક જીવને પ્રગટ નથી તેથી તેનો વિચાર કરવા જતાં રાગ થાય છે માટે તે ધર્મનું કારણ નથી.

**૩) ક્ષાયોપશમિકભાવ અધૂરી પર્યાય છે, તેથી તેના આશ્રયે ધર્મ થતો નથી.**

ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે.

૧) <u>મતિજ્ઞાન</u> : મતિજ્ઞાન કાંઈક નિર્મળ જ્ઞાન છે, ને કાંઈક આવરણવાળું છે. તે જ્ઞાનની સ્થિતિ સાદિસાંત છે. નવું પ્રગટે છે ને કેવળજ્ઞાન થતાં નાશ પામે છે. માટે મતિજ્ઞાનની પર્યાય ધર્મ માટે આદરણીય નથી.

૨) <u>શ્રુતજ્ઞાન</u> : શ્રુતજ્ઞાન પણ સાદિસાંત છે ને કેવળજ્ઞાન થતાં નાશ પામે છે. શ્રુતજ્ઞાનમાંથી કેવળજ્ઞાન અથવા મોક્ષ થતો નથી. શ્રુતજ્ઞાનનો અભાવ થઈ કેવળજ્ઞાન થાય છે. અભાવમાંથી ભાવ આવે નહિ. કેવળજ્ઞાન અથવા મોક્ષનું કારણ પરમ શુદ્ધ સ્વભાવ છે. શ્રુતજ્ઞાનની પર્યાય ધર્મ માટે આદરણીય નથી.

૩) <u>અવધિજ્ઞાન</u> : કોઈ સમ્યગ્દષ્ટિને અવધિજ્ઞાન પ્રગટે છે. તે રૂપી પદાર્થને જાણે છે. તેની સ્થિતિ સાદિસાંત છે. તે પર્યાય કેવળજ્ઞાન થતાં નાશ પામે છે. માટે અવધિજ્ઞાન મોક્ષનું કારણ નથી તેથી આદરણીય નથી.

૪) <u>મનઃપર્યયજ્ઞાન</u> : કોઈ ભાવલિંગી મુનિને મનઃપર્યયજ્ઞાન પ્રગટે છે તેથી સામેના જીવના રૂપી પદાર્થ સંબંધીના વિચારો જાણી શકે છે. પણ તેનો નાશ થઈ કેવળજ્ઞાન પ્રગટે છે. મનઃપર્યયજ્ઞાન



જ્ઞાનપર્યાય છે, મોક્ષનું કારણ નથી માટે આદરણીય નથી.

૫) <u>કુમતિજ્ઞાન</u> : પુણ્યથી ધર્મ માને, ત્રિકાળથી લાભ ન માને તેવા મિથ્યાદષ્ટિને કુમતિજ્ઞાન છે. તે જ્ઞાન ધર્મ માટે આદરણીય નથી.

૬) <u>કુશ્રુતજ્ઞાન</u> : મિથ્યાદષ્ટિના વિશેષ ઉત્તર તર્કણારૂપી જ્ઞાનને કુશ્રુતજ્ઞાન કહે છે. ધર્મદશા પ્રગટ કરે તેના માટે અનાદિસાંત છે. તે જ્ઞાન કુજ્ઞાન છે. ધર્મ માટે આદરણીય નથી, ધર્મનું કારણ નથી.

૭) <u>વિભંગજ્ઞાન</u> : મિથ્યાદષ્ટિનું રૂપી પદાર્થને જાણતું વિભંગજ્ઞાન ધર્મનું કારણ નથી.

૮) ૯) ૧૦) : <u>ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શન</u> : સામાન્ય અવલોકન શક્તિની અધૂરી પર્યાયો છે તે ધર્મનું કારણ નથી.

હવે અહિંયા લબ્ધિમાં પાંચ ભેદો ઉતાર્યા છે, એટલી વિશિષ્ટતા છે. તત્ત્વાર્થસૂત્રમાં દાન-લાભના પાંચ ભેદો કહેલા છે.

૧૧) <u>કાળલબ્ધિ</u> : આને ક્ષયોપશમલબ્ધિ કહે છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થયેલો જ્ઞાનનો ઉઘાડ તે કાળલબ્ધિ છે, પણ તે પર્યાય છે તેથી ધર્મનું કારણ નથી.

૧૨) <u>કરણલબ્ધિ</u> : સમ્યગ્દર્શન થતી વખતે અથવા ચારિત્રદશા થતી વખતે આત્મામાં અલ્પકાલીન શુદ્ધ પરિણામ થાય છે તેને કરણલબ્ધિ કહે છે. તે ધર્મનું કારણ નથી. જીવ પોતાના શુદ્ધ ચૈતન્યના આશ્રયે સમકિત અથવા ચારિત્ર પ્રગટ કરે છે તો કરણલબ્ધિથી થયું એમ કથન કરવામાં આવે છે.

૧૩) <u>ઉપદેશલબ્ધિ</u> : આને દેશનાલબ્ધિ પણ કહે છે. જ્ઞાની પુરુષો પાસેથી દેશના સાંભળી વિચાર કરવાની શક્તિને દેશનાલબ્ધિ કહે છે. પણ તે પર્યાય છે, ધર્મનું કારણ નથી.

૧૪) <u>ઉપશમલબ્ધિ</u> : આને વિશુદ્ધિલબ્ધિ પણ કહે છે. કષાયની મંદતાના પરિણામ થવા તેને ઉપશમલબ્ધિ કહે છે. તે ધર્મનું કારણ નથી.

૧૫) <u>પ્રાયોગ્યલબ્ધિ</u> : કર્મની સ્થિતિ અંતઃકોડાકોડીની થવી તેવી આત્માની યોગ્યતાને પ્રાયોગ્ય-લબ્ધિ કહે છે. તેના આધારે ધર્મ થતો નથી.

૧૬) <u>વેદકસમ્યક્ત્વ</u> : આને ક્ષયોપશમસમ્યક્ત્વ પણ કહે છે. તે કાંઈક નિર્મળ છે અને કાંઈક વિઘ્નસહિત છે, તે મોક્ષનું કારણ નથી.

૧૭) <u>વેદકચારિત્ર</u> : આ ચારિત્રમાં કાંઈક નિર્મળતા છે અને કાંઈક મલિનતા છે. તે મોક્ષનું કારણ નથી.

૧૮) <u>સંયમાસંયમપરિણતિ</u> : અંતર્ભાન થયા પછી અમુક રાગ ટળ્યો છે ને અમુક રાગ બાકી છે તે સંયમાસંયમ દશા-શ્રાવકદશા કહેવાય છે, પણ તે મોક્ષનું કારણ નથી. આ પ્રમાણે ક્ષયોપશમ-

ભાવના અઢાર ભેદ કહ્યા. તેમાં અંશે નિર્મળતા છે, અંશે આવરણવાળી પર્યાયો છે. તે પર્યાયોના આધારે ધર્મદશા અથવા મોક્ષદશા પ્રગટતી નથી.

**૪) ઔદયિકભાવ વિકાર છે, વિકારના લક્ષે ધર્મ થતો નથી.**

ઔદયિકભાવના એકવીસ ભેદ આ પ્રમાણે છે.

૧) નારકગતિ : જે જીવ તીવ્ર પાપ કરે તે નરકગતિમાં જાય છે. તે ધર્મનું કારણ નથી. કેટલાક જીવો કહે છે કે ખૂબ દુઃખ વેઠીયે તો સમકિત થાય. નરકના જીવો ઘણું કષ્ટ વેઠે છે તો તેને ધર્મ થવો જોઈએ પણ એમ બનતું નથી, ત્યાં અધર્મ કરે છે. ત્યાં કોઈ ધર્મી જીવ પૂર્વના સંસ્કાર લાવે ને પુરુષાર્થ કરે તો ધર્મ પામે છે. તે ધ્રુવ ચૈતન્યના આશ્રયે ધર્મ થાય છે. નરકગતિ ધર્મનું કારણ નથી.

૨) તિર્યંચગતિ : ઢોરગતિ ધર્મનું કારણ નથી.

૩) મનુષ્યગતિ : મનુષ્યગતિ ધર્મનું કારણ નથી. જો તે ધર્મનું કારણ હોય તો બધા મનુષ્યોને ધર્મ થવો જોઈએ. જે મનુષ્ય ધ્રુવ સ્વભાવનું અવલંબન લ્યે છે તે ધર્મ પામે છે. મનુષ્યગતિ અથવા તીર્થંકર પુણ્યપ્રકૃતિ ધર્મનું કારણ નથી.

૪) દેવગતિ : દેવગતિ ધર્મનું કારણ નથી. દેવઋદ્ધિ દેખીને કોઈને સમકિત થાય છે. તે નિમિત્તનું કથન છે. પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના અવલંબને ધર્મ થાય છે. તેમાં કોઈ જીવને દેવઋદ્ધિનું દેખવું નિમિત્ત થાય છે. દેવગતિ ધર્મનું કારણ નથી.

૫-૮) ક્રોધ, માન, માયા અને લોભ : કષાયના પરિણામો છે તે અધર્મનું કારણ છે.

૯) સ્ત્રીલિંગ : પુરુષ સાથે રમવાનો ભાવ તે સ્ત્રીવેદનો ઉદય છે, તે ધર્મનું કારણ નથી.

૧૦) પુરુષલિંગ : સ્ત્રી સાથે રમવાનો ભાવ તે પુરુષવેદનો ઉદય છે, તે ધર્મનું કારણ નથી.

૧૧) નપુંસકલિંગ : સ્ત્રી-પુરુષ સાથે રમવાનો ભાવ તે નપુંસકવેદનો ઉદય છે, તે ધર્મનું કારણ નથી.

આ વિકારી ભાવો છે તેનો અભાવ કરી શુદ્ધ ચૈતન્યનું અવલંબન લ્યે તો ધર્મ થાય છે.

૧૨) મિથ્યાદર્શન : આત્માના સ્વરૂપની વિપરીત માન્યતા તે મિથ્યાદર્શન છે. સામાન્યપણે એક છે, તેના પેટા ભેદ અસંખ્ય છે તેનાથી ધર્મ થતો નથી.

૧૩) અજ્ઞાન : અલ્પજ્ઞાન - ઓછું જ્ઞાન હોવું તેને અજ્ઞાન કહે છે, તેને લીધે ધર્મ થતો નથી.

૧૪) અસંયમ : સંયમ ન હોવો તે ઔદયિકભાવ છે, તે ધર્મનું કારણ નથી.

૧૫) અસિદ્ધત્વ : જીવની અશુદ્ધતા જેને લીધે સિદ્ધદશા પામી ન શકે તે ચૌદમા ગુણસ્થાન સુધી ઉદયમાં છે. અસિદ્ધત્વ ધર્મનું કારણ નથી.



હવે લેશ્યાના છ ભેદ કહે છે. આત્માના જે પરિણામથી કર્મનું ચોટવું થાય તેને લેશ્યા કહે છે. દૃષ્ટાંતપૂર્વક જુદી જુદી લેશ્યા સમજાવેલ છે. છ જણને કેરી ખાવી છે પણ છ યે ના પરિણામમાં ફેર છે.

૧૬) શુક્લલેશ્યા : પવન વાવાથી કેરીઓ જે કુદરતી રીતે નીચે પડે તે ખાવી એવા પ્રકારના ભાવ તે શુક્લલેશ્યાનું દૃષ્ટાંત છે.

૧૭) પદ્મલેશ્યા : આંબા ઉપર ચડી કેરીને તોડીને ખાવાના ભાવ તે પદ્મલેશ્યાનું દૃષ્ટાંત છે.

૧૮) પીતલેશ્યા : આંબા ઉપર ચડીને ઝૂમખાં કાપીને કેરી ખાવાના ભાવ તે પીતલેશ્યાનું દૃષ્ટાંત છે.

૧૯) કાપોતલેશ્યા : આંબા ઉપર ચડી નાની ડાળ કાપીને કેરી ખાવાના ભાવ તે કાપોતલેશ્યાનું દૃષ્ટાંત છે.

૨૦) નીલલેશ્યા : આંબાની મોટી ડાળ કાપીને કેરી ખાવાના ભાવ તે નીલલેશ્યાનું દૃષ્ટાંત છે.

૨૧) કૃષ્ણલેશ્યા : આખો આંબો કાપીને ખાવાના ભાવ તે કૃષ્ણલેશ્યાનું દૃષ્ટાંત છે.

તેમાં શુક્લ, પદ્મ, પીત ત્રણે શુભ છે ને કાપોત, નીલ અને કૃષ્ણ તે અશુભ છે. છ લેશ્યા અધર્મનું કારણ છે, શુક્લલેશ્યા પણ ધર્મનું કારણ નથી.

આ પ્રમાણે ઔદયિકભાવના એકવીસ ભેદ બતાવ્યા તેમાંના કોઈ પણ ભાવે ધર્મ થતો નથી. તેના ઉપરથી લક્ષ છોડી શુદ્ધ ચૈતન્યસ્વભાવનું લક્ષ કરવું તે ધર્મનું કારણ છે.

**૫) પારિણામિકભાવના ત્રણ ભેદ.**

પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે.

૧) જીવત્વપારિણામિક : ત્રિકાળ જીવપણું રહેવું તેને જીવત્વપારિણામિકભાવ કહે છે. કોઈ દિવસ જીવ જડ ન થાય. કીડી થાય, કાગડો થાય પણ જીવત્વ કાયમ રહે. ભવ્યો તેમજ અભવ્યોને આ સમાન હોય છે.

૨) ભવ્યત્વપારિણામિક : આ ભાવ ભવ્ય જીવોને હોય છે. જે મુક્તિને લાયક હોય છે તેને ભવી કહેવામાં આવે છે. પુણ્ય કર્યા એટલે ભવી એવો અર્થ નથી પણ ભવીપણાનો સ્વભાવ છે.

૩) અભવ્યત્વપારિણામિક : આ ભાવ અભવી જીવોને હોય છે, કોરડું મગ લાખ પાણીએ પણ ચડતા નથી. તેમ અભવી જીવ કદી પણ મોક્ષ જતાં નથી. પાપ કર્યા માટે અભવી થયા છે એમ નથી પણ એવું જ એનું ત્રણે કાળ મોક્ષ માટે નાલાયકપણું છે. અભવી કરતાં ભવી જીવો અનંતગુણા છે.

આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.

**ક્ષાયિકભાવ સિદ્ધોને તથા કેવળીઓને હોય છે; ને ઔદાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ભાવો સંસારીને હોય છે.**

પાંચ ભાવો મધ્યે ક્ષાયકિભાવ કાર્યસમયસારરૂપ છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. તેમાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરી અંતર્શક્તિ હતી તે વ્યક્ત થઈ તે પૂર્ણ નિર્મળ વ્યક્તદશાને (કાર્યસમયસાર) કહે છે. તીર્થંકરના જન્મ કલ્યાણક આદિ પ્રસંગે ત્રણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે. એવા તીર્થંકર ભગવાન, સામાન્ય કેવળી તથા સિદ્ધ ભગવંતોને ક્ષાયિકભાવ હોય છે.

કર્મોના ઉદયથી થતો ઔદયિકભાવ, કર્મોના ઉપશમથી થતો ઔપશમિકભાવ અને કર્મોના ક્ષયોપશમથી થતો ક્ષાયોપશમિકભાવ સંસારીઓને જ હોય છે. સિદ્ધના જીવોને તે ત્રણ ભાવ હોતા નથી.

**ઔદયિકાદિ ચાર ભાવો આવરણ સંયુક્ત છે માટે તેનો આશ્રય કરવા જેવો નથી, ક્ષાયિકભાવને આવરણ સંયુક્ત કેમ કહ્યો ?**

પૂર્વોક્ત ચાર ભાવો આવરણ સંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી. ઔદયિકભાવમાં કર્મોનો ઉદય છે, ઉપશમભાવમાં કર્મોનો ઉપશમ છે, ક્ષયોપશમભાવમાં કર્મોનો ક્ષયોપશમ છે તે તો આવરણ સંયુક્ત છે પણ ક્ષાયિકભાવ તો કર્મોનો ક્ષય કરી ઉત્પન્ન થયેલો છે. છતાં તેને અહીં આવરણ સંયુક્ત કહેવાનો ભાવ એ છે કે ક્ષાયિકભાવમાં કર્મના અભાવની અપેક્ષા આવે છે. વળી નીચલી દશાવાળાઓને ક્ષાયિકભાવ પ્રગટ નથી ને તેને વિચાર કરવા જતાં આત્માને આવરણ થાય છે. માટે તેનું લક્ષ કરવા જેવું નથી તેથી તેને આવરણ સંયુક્ત કહીને તે ઉપરનું લક્ષ છોડાવ્યું છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમભાવો ક્ષણિક પર્યાયો છે, તેના આલંબને ધર્મ નથી. ને ક્ષાયિકના લક્ષે પણ રાગની ઉત્પત્તિ થાય છે. માટે તે ઉપરનું લક્ષ પણ છોડવા જેવું છે. માટે ચારેમાં કોઈનું પણ અવલંબન કરવા જેવું નથી.

**પરમપારિણામિકભાવ અનાદિઅનંત એકરૂપ શુદ્ધ છે તેના આશ્રયે ધર્મદશા પ્રગટે છે.**

પરમપારિણામિકભાવ ત્રણે કાળે ઉપાધિથી તથા કર્મની અપેક્ષાથી રહિત છે. એકરૂપ શુદ્ધભાવ છે, ત્રિકાળી શુદ્ધ છે. તેની ભાવનાથી મુક્તિ પમાય છે. ઔદયિકાદિ ચાર ભાવોથી મુક્તિ પમાતી નથી. મુમુક્ષુ એટલે પંચમભાવની ભાવનાવાળો જીવ કે જે શુદ્ધ ચિદાનંદસ્વરૂપને ભાવે છે, તે વર્તમાનકાળે મહાવિદેહક્ષેત્રમાંથી મોક્ષે જાય છે, ભવિષ્યમાં જશે અને ભૂતકાળમાં જતાં હતા. જેમ લીંડી પીંપરમાં તીખાશ ભરેલી છે, તે વ્યક્ત થાય છે. તે તીખાશ પથ્થરમાંથી અથવા પૂર્વ પર્યાયમાંથી આવતી નથી. અંદર શક્તિ ભરી છે તે વ્યક્ત થાય છે. તેમ આત્મામાં શક્તિ ભરી છે તેમાંથી વ્યક્તદશા થાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. ઔદયિકાદિ ભાવો જીવનું ખરૂં સ્વરૂપ નથી. ઔદયિકાદિ ભાવને જીવ કહ્યો જ નથી. પરમપારિણામિકભાવવાળા જીવને જીવ કહ્યો છે અથવા



કારણપરમાત્મા કહ્યો છે. તેના આધારે મોક્ષદશા થાય છે. "એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ" ત્રણે કાળમાં પરમાર્થનો પંથ એક જ છે, બીજો માર્ગ નથી.

**પ્રશ્ન** : અજ્ઞાની જીવને પરમપારિણામિકભાવરૂપ કારણપરમાત્મા છે છતાં તેને કાર્ય કેમ પ્રગટતું નથી ?

**સમાધાન** : અજ્ઞાની જીવ કારણપરમાત્માને કબૂલતો નથી તેથી શુદ્ધ કાર્ય પ્રગટતું નથી. જે જીવ પરમપારિણામિકભાવરૂપ કારણને કબૂલે છે તેને શુદ્ધ દશા કાર્યરૂપ પ્રગટ થાય છે. જેને કારણ-પરમાત્માનું ભાન નથી તેવા મિથ્યાદષ્ટિને કારણસ્વભાવ વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન જેવો છે. ત્રિકાળી સ્વભાવ અથવા કારણસ્વભાવનું મનન કરે તો કાર્ય આવે છે, મનન ન કરે તો કાર્ય પ્રગટે નહિ. ચિદાનંદ ધ્રુવ સ્વભાવ શ્રદ્ધા-જ્ઞાનમાં ખ્યાલમાં આવ્યો ત્યારે કારણરૂપની યથાર્થતા ખ્યાલમાં આવી કહેવાય. કારણનું અવલંબન લ્યે તો કાર્ય પ્રગટે છે, અજ્ઞાનીને કારણ કાર્યરૂપે પ્રગટતું નથી. તેને તો કારણસ્વભાવનું ભાન નથી. જ્ઞાનીઓ કહે છે કે તેને ભાન નહિ હોવા છતાં તેનો સ્વભાવ શુદ્ધ કારણરૂપ પડેલો છે, પણ તેને ભાન નથી તેથી કાર્ય પ્રગટતું નથી. માટે શુદ્ધ સ્વભાવ પરમ-પારિણામિકભાવના આશ્રયે મુક્તિ થાય છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરવા.

**આસો વદ ૭, સોમવાર, ૨૨-૧૦-૫૧.**

હવે ૪૧ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે.

**શ્લોક ૫૮**

(आर्या)

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।**

**संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः॥५८॥**

**શ્લોકાર્થ** : (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત એવા વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે. ॥ ૫૮ ॥

**કોનું સ્મરણ-ભજન કરવાથી મુક્તિ થાય ?**

અહીં મુનિની પ્રધાનતાથી વાત છે. આત્મા શુદ્ધ આનંદકંદ છે. તેના જ્ઞાન, પ્રતીતિ, રમણતા, વિશેષ શુદ્ધતા અને વીર્યરૂપ પાંચ આચારો મુનિઓને હોય છે. વળી તે મુનિઓને બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથદશા વર્તે છે. એવા મુનિઓ પૂજનીય સિદ્ધગતિને પ્રાપ્ત કરવા માટે પરમપારિણામિકભાવ ધ્રુવ સ્વભાવનું સ્મરણ કરે છે એટલે કે તેમાં લીન થાય છે. જુઓ ! અહીં બતાવ્યું કે કોનું સ્મરણ કરવાથી મોક્ષ થાય ?

૧) દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્મરણ કરે તો મોક્ષ થાય ? ના, કેમ કે તે પર છે. તેનું સ્મરણ કરતાં રાગની ઉત્પત્તિ થાય છે.

૨) પુણ્ય-પાપના ઔદયિકભાવ વિકાર છે, વિકારનું સ્મરણ કરતાં વિકાર થાય છે.

૩) વિકારને સમ્યક્ પ્રકારે શાંત કરે તે ઉપશમભાવ. ઉપશમસમકિત અથવા ચારિત્ર તે અંતર્મુહૂર્ત રહે છે. તે પર્યાય છે તેથી તેનું સ્મરણ કરવાથી રાગ થાય છે.

૪) અપૂર્ણ જ્ઞાનદશા-ક્ષયોપશમભાવ તે પણ પર્યાય છે, તેનું સ્મરણ કરવાથી રાગ થાય છે.

૫) ક્ષાયિકભાવ પૂર્ણ પ્રગટ ભાવ છે. સાધકને તે પ્રગટ નથી. અપ્રગટનો વિચાર કરવાથી રાગ ઉત્પન્ન થાય છે માટે ક્ષાયિકભાવનું સ્મરણ પણ નહિ.

૬) પણ ત્રિકાળી એકરૂપ શુદ્ધ સ્વરૂપનું સ્મરણ કરવાથી મુક્તિ થાય છે.

**જે શુદ્ધભાવનું ભજન કરે છે તે વિદ્વાન છે, તેમાં શ્રાવક અને મુનિ બન્ને આવી જાય છે.**

**પ્રશ્ન** : આ સ્મરણ અથવા ભજનની કોને માટેની વાત ચાલે છે ?

**સમાધાન** : આ શ્લોકમાં મુનિની પ્રધાનતાથી વાત લીધી છે, ગૌણમાં શ્રાવક આવી જાય છે. શ્રાવક અને સાધુ બન્ને માટે આ વાત છે. નિયમસાર પાનું ૨૬૮ ગાથા ૧૩૪માં લખેલ છે કે (અન્વયાર્થ) 'જે શ્રાવક અથવા શ્રમણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ભક્તિ કરે છે તેને નિવૃત્તિભક્તિ (નિર્વાણની ભક્તિ) છે એમ જિનોએ કહ્યું છે.'

શ્રાવકના અગીયાર પદ છે. તેમાં પ્રથમ પદ દર્શન પ્રતિમાવાળા શ્રાવકની વાત છે. આત્માનું ભાન હોવા ઉપરાંત ચોથા કરતાં વિશેષ રમણતા હોય છે તે પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક દર્શન પ્રતિમાવાળો છે. તે કોની ભક્તિ કરે છે ? પાનું ૨૬૯ પહેલી બે લીટી. 'નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, અવબોધ આચરણસ્વરૂપ શુદ્ધ રત્નત્રય પરિણામોનું જે ભજન તે ભક્તિ છે; આરાધના એવો એનો અર્થ છે.' ત્રિકાળ એકરૂપ શુદ્ધ પરમપારિણામિકભાવની આરાધના કરવાથી પોતાના આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને અંશે રમણતા પ્રગટ થાય છે. તેને શ્રાવક કહે છે. માટે સંપ્રદાયમાં જન્મ્યા માટે શ્રાવક કહેવાતા નથી. જૈનદર્શન વાડો નથી તે વસ્તુસ્વરૂપ બતાવે છે. આમ જે રત્નત્રયની સેવા કરે છે તેને ફળમાં અપુનર્ભવરૂપી સ્ત્રીની સેવા વર્તે છે એટલે કે ભવના અભાવસ્વભાવરૂપી ભક્તિ વર્તે છે. પરમપારિણામિકસ્વભાવ, ત્રિકાળી શુદ્ધ સ્વભાવ, નિત્ય સ્વભાવનું જેને ભાન છે, તે સ્વભાવના આશ્રયે મોક્ષદશા પ્રગટે છે એવું જેને ભાન છે ને જે મોક્ષગતિ માટે શુદ્ધ સ્વભાવને ભજે છે તેને વિદ્વાન કહે છે.



**શ્લોક ૫૯**

(मालिनी)

**सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं**
**त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।**
**उभयसमयसारं सारतत्त्वस्वरूपं**
**भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः ॥ ५९॥**

**શ્લોકાર્થ** : સઘળું ય સુકૃત (શુભ કાર્ય) ભોગીઓના ભોગનું મૂળ છે; પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો અને સારતત્ત્વસ્વરૂપ એવા ઉભય સમયસારને ભજો. એમાં શો દોષ છે ? ॥ ૫૯ ॥

**શુભભાવ સંસારનું મૂળ છે માટે હે મુનિ ! અસ્થિરતાના શુભાશુભભાવ છોડી ત્રિકાળી શુદ્ધ સ્વભાવને ભજો.**

દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ, સ્વાધ્યાય વગેરેનું ફળ અનુકૂળ સંયોગો મળવા તે છે, તે સંસાર છે. ભોગીઓના ભોગનું મૂળ છે. તે શુભભાવ આત્માના ધર્મનું કારણ નથી તેથી આચાર્ય ભગવાન કહે છે કે ધર્મી જીવને સંયોગોની તેમ જ સંયોગોના કારણભૂત શુભભાવની રૂચિ હોવી ન જોઈએ. અધૂરી દશામાં શુભ રાગ આવે છે પણ તે ધર્મનું કારણ નથી. હે ધર્મી મુનિઓ ! આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવા અંતઃતત્ત્વના અભ્યાસમાં નિપુણ જ્ઞાનવાળા મુનિઓ ! (ગૌણમાં શ્રાવકો આવી જાય છે) નિર્મળ પરિણતિવાળા મુનિઓ ! સ્વર્ગાદિના ભવથી વિમુક્ત થવા માટે શુભભાવ તરફનું લક્ષ છોડો. મુનિઓને શુભભાવનો આદર તો નથી જ. તેનો તો નિષેધ વર્તે છે પણ અસ્થિરતાના શુભભાવને પણ છોડો એમ કહે છે. શુદ્ધ સ્વભાવ અને તેનાથી પ્રગટેલી શુદ્ધ પર્યાય -એમ બન્ને સમયસારને ભજો. ત્રિકાળ સ્વભાવની સેવા કરતાં બન્નેની સેવા આવી જાય છે. બન્નેને અવિનાભાવી સંબંધ છે. સમજાવવાની શૈલી છે કે શુભ વ્યવહારને છોડો ને શુદ્ધ સ્વભાવ જે નિશ્ચય છે તેને ભજો. શુદ્ધ સ્વભાવનું ગ્રહણ કરતાં નિર્મળ પર્યાય પ્રગટે છે ને શુભભાવ છૂટી જાય છે.

કોઈ જીવને પૂછવામાં આવેલ કે પ્રતિક્રમણનો સમય હોય ને તે વખતે શુક્લધ્યાન આવે તો શુક્લધ્યાનમાં લીન થવું કે પ્રતિક્રમણ કરવું ? તેણે જવાબ આપ્યો કે પ્રતિક્રમણ કરવું. આમ જેને શુદ્ધભાવનો આદર નથી ને શુભનો આદર છે તે મિથ્યાદષ્ટિ છે. તેને પ્રતિક્રમણ હોતું નથી. અહીં તો શુદ્ધ સ્વભાવ અમૃતનું ભાન છે તેને પ્રતિક્રમણના શુભભાવમાં આવવું તે ઝેર છે. તેથી અહીં કહે છે કે વ્યવહાર પ્રતિક્રમણ ઊડી જાય, પાંચ સમિતિ વગેરેના પાલનનો શુભભાવ ઊડી જાય ને મુનિ શુદ્ધ સ્વભાવમાં ઠરે તો શો વાંધો છે ? વાંધો કાંઈ નથી. નિર્દોષતા વધી મોક્ષદશાને પામે છે.

### ગાથા ૪૨

**चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य ।**
**कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति ॥ ४२ ॥**

**ચઉગતિભ્રમણ નહિ, જાતિ મરણ ન, રોગ શોક જરા નહીં,**
**કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.**

**અન્વયાર્થ** : જીવને ચાર ગતિના ભવોમાં પરિભ્રમણ, જાતિ, જરા, મરણ, રોગ, શોક, કુળ, યોનિ, જીવસ્થાનો અને માર્ગણાસ્થાનો નથી.

અહીં ત્રિકાળી શુદ્ધભાવને જીવ કહ્યો છે. વર્તમાન પર્યાયને જીવ કહેવો નથી. પરિભ્રમણની એક સમયની પર્યાય શુદ્ધ જીવમાં નથી. શુદ્ધ જીવનો આશ્રય લેતાં ચાર ગતિ ભ્રમણ, રોગ, જન્મ-મરણ બધું ટળી જાય છે. તેથી જીવને ચાર ગતિનું ભ્રમણ નથી, જાતિ નથી, મરણ, રોગ, શોક નથી, કુળયોનિ નથી, જીવસ્થાન કે માર્ગણાસ્થાન નથી. તે બધી એક સમયની પર્યાયની યોગ્યતા છે ખરી પણ તે વ્યવહારનયનો વિષય છે, તે બધા ભેદો છે. અભેદ સ્વભાવમાં શુદ્ધ નિશ્ચયનયના વિષયમાં તે ભેદો નથી એમ કહેવું છે.

**ટીકા** : ત્રિકાળી સ્વભાવ જોનારી દૃષ્ટિથી એકરૂપ શુદ્ધ સ્વભાવને જોનારા જ્ઞાનના પડખાંથી જોવામાં આવે તો જીવ ત્રિકાળ શુદ્ધ છે ને સમસ્ત સંસાર વિકારોનો સમુદાય નથી -એમ આ ગાથામાં કહ્યું છે.

**ચાર ગતિરૂપ પરિભ્રમણ એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ જીવમાં તે નથી.**

ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ જ્ઞાનાવરણીય આદિ આઠ પુદ્ગલ કર્મોને તથા રાગદ્વેષાદિ ભાવકર્મોને સ્વીકારતી નથી. પુણ્ય-પાપાદિ ક્ષણિક ભાવોનો જે જીવ સ્વીકાર કરે છે તેને શુદ્ધ સ્વભાવનો સ્વીકાર નથી. તે નવા કર્મો બાંધે છે અને ચાર ગતિમાં રખડે છે. ધર્મી જીવને પુણ્ય-પાપનો તથા કર્મનો સ્વીકાર નથી, શુદ્ધ ચૈતન્યસ્વભાવનો સ્વીકાર છે. તેને પર્યાયબુદ્ધિ નથી સ્વભાવબુદ્ધિ છે. નબળાઈથી રાગદ્વેષ થાય છે પણ તે ગૌણ છે, તેનો સ્વીકાર નથી. તેથી તેના ફળરૂપે ગતિનો પણ સ્વીકાર નથી. શ્રેણિક રાજા વર્તમાનમાં નરકમાં હોવા છતાં તેમને પુણ્ય-પાપનો કે નરકગતિનો સ્વીકાર નથી, શુદ્ધ ચૈતન્યસ્વભાવનો સ્વીકાર છે. ઢોરમાં પણ કોઈ લાયક જીવો ધર્મ પામે છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ શ્રાવકો છે. તેઓ તિર્યંચગતિને કે અલ્પ રાગદ્વેષને સ્વીકારતા નથી, શુદ્ધ સ્વભાવને જ સ્વીકારે છે. ધર્મી મનુષ્ય હોય તેને કર્મનો, રાગનો તેમ જ મનુષ્યગતિનો સ્વીકાર નથી, શુદ્ધ સ્વભાવનો સ્વીકાર છે. ધર્મી દેવ હોય તેને કર્મનો, રાગદ્વેષનો કે દેવગતિનો સ્વીકાર નથી, શુદ્ધ



આત્માનો આદર છે. આ રીતે ચારે ગતિના ધર્મી જીવોને સ્વભાવની એકાગ્રતા છે માટે પરિભ્રમણ નથી. પર્યાયમાં ગતિ, રાગદ્વેષ અથવા દ્રવ્યકર્મ હોય છે પણ ચાર ગતિનું ભ્રમણ ત્રિકાળી સ્વભાવમાં નથી એમ બતાવી પર્યાયબુદ્ધિ છોડાવી સ્વભાવદૃષ્ટિ કરાવી છે. ગતિ ઉપરનું લક્ષ છોડ ને ગતિરહિત પંચમભાવ-શુદ્ધભાવને ગ્રહણ કર એમ કહેવાનો આશય છે.

**જાતિ, જરા, મરણ, રોગ, શોક - પર્યાય સાથે સંબંધ ધરાવે છે, શુદ્ધ જીવમાં તેવા ભેદો નથી.**

નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ગ્રહણને યોગ્ય વિભાવ પરિણતિનો અભાવ હોવાથી જાતિ, જરા, મરણ, રોગ ને શોક નથી.

કારણપરમાત્મા ત્રિકાળ શુદ્ધ છે ને તેનું રૂપ જ્ઞાન ને આનંદમય છે. દયાદાનાદિરૂપ વિકારભાવ તેનું રૂપ નથી. શક્તિસ્વભાવ પરમાત્મામાંથી અથવા તેમાં એકાગ્ર થવાથી મોક્ષરૂપી કાર્ય પ્રગટે છે માટે તેને કારણપરમાત્મા કહે છે.

કોઈ પ્રશ્ન કરે કે કારણપરમાત્મા તો દેખાતો નથી ?

જેને ભાન નથી તેને દેખાતો નથી. વર્તમાન શ્રવણ કરતાં અમુક પ્રકારનો ખ્યાલ આવ્યો તે ખ્યાલની પર્યાય ક્યાંથી આવે છે ? અજ્ઞાની માને છે કે તે ખ્યાલની પર્યાય નિમિત્તમાંથી ને રાગમાંથી આવે છે પણ તે ભ્રાંતિ છે. પરવસ્તુમાંથી આત્માની પર્યાય ન આવે ને આત્માની એક પર્યાયમાંથી બીજી પર્યાય ન આવે. પણ પર્યાયવાન આત્મા શક્તિસ્વભાવે ભરેલો છે તેમાંથી પર્યાયો વહે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. ત્રિકાળ કારણપરમાત્મા શક્તિ સ્વરૂપ છે તેમાંથી મોક્ષની પર્યાય પ્રગટે છે. આવું ભાન નથી તેને કારણપરમાત્મા હોવા છતાં દેખાતો નથી. તે સંસારમાં રખડે છે ને જેને ભાન છે તે સંસારથી તરી જાય છે.

<u>જાતિ</u> : અહીં કહે છે કે શુદ્ધ પરમાત્માની જેને રુચિ છે તેને દયાદાનાદિ ભાવકર્મ તથા જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ મારા જ છે એવી રુચિનો અભાવ છે. પોતાનો શુદ્ધ સ્વભાવ એ જ પોતાની જાતિ છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિયાદિ પોતાની જાતિ નથી.

<u>જરા</u> : શરીરની વૃદ્ધાવસ્થાને જરા કહે છે. ત્રિકાળી સ્વભાવની રુચિ હોવાથી જરાની રુચિ નથી. જરા શરીરને લાગુ પડે છે, ચૈતન્યને તે લાગુ પડતી નથી. આવા ભાનવાળાને જરાના અભાવરૂપ પરિણમન ક્ષણે ક્ષણે થયા કરે છે.

<u>મરણ</u> : શુદ્ધ કારણજીવને મરણ નથી એવી દૃષ્ટિવાળાને ખરેખર મરણ થતું નથી.

<u>શોક</u> : શુદ્ધ કારણપરમાત્મામાં શોક નથી તેવી દૃષ્ટિવાળા જ્ઞાનીને શોકનું ગ્રહણ નથી. અલ્પ શોક ગૌણ કરી ગણેલ નથી. કારણ કે જ્ઞાનીની રુચિ પલટી ગઈ છે તેથી તેને શોકના અભાવરૂપ પરિણતિ ક્ષણે ક્ષણે થાય છે.

**શરીરના આકારોના ભેદોની યોગ્યતા જીવની પર્યાયમાં છે પણ શુદ્ધ જીવમાં તેવા કુળના ભેદો નથી.**

ચાર ગતિના જીવોના કુળ એટલે શરીરના આકારો તથા યોનિ એટલે ઉપજવાના સ્થાનોના ભેદ શુદ્ધ જીવમાં નથી. છાણમાં જીવ જન્મે તેમાં જુદી જુદી જાતના આકારો તે કુળ છે ને છાણ યોનિ છે. ઘી બગડતાં અનેક આકારના જીવ થાય તે કુળ છે ને ઘી યોનિ છે. તેમાં પ્રથમ કુળની સ્પષ્ટતા કરે છે.

**પૃથ્વીકાયિક કુળ** : મીઠું, ખારો વગેરેમાં જીવો છે ને તેના બાવીસ લાખ કરોડ શરીરની આકૃતિના ભેદો છે. એક સમય પૂરતી અવસ્થામાં ભેદ છે પણ શુદ્ધ સ્વભાવમાં ભેદો નથી. માટી ખોદતાં જીવતી માટી નીકળી એમ લોકો કહે છે તે સચેત છે. પથ્થર તાજા કાઢે તેમાં પણ જીવો છે પછી મરી જાય છે. શુદ્ધ જીવમાં તે ભેદો નથી.

**અપકાયિક** : પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવો છે. તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણના ફેરે શરીરના ફેરે ફેર પડે તે કુળ છે. પાણીના જીવોના સાત લાખ કરોડ કુળ છે. એક સમય પૂરતો વ્યવહાર છે પણ શુદ્ધ જીવમાં તે ભેદો નથી.

**તેજકાયિક** : ચુલાની અગ્નિમાં, દિવાસળીના ભડકામાં અસંખ્યાત અગ્નિકાયિક જીવો છે તેના ત્રણ લાખ કરોડ કુળ છે. આવા ભેદ પર્યાયમાં પડે છે, શુદ્ધ જીવમાં ભેદ નથી.

**વાયુકાયિક** : વાયરાના જીવો છે. તેના સાત લાખ કરોડ કુળ છે. એવા ભેદો પર્યાયમાં પડે છે પણ શુદ્ધ જીવમાં એવા ભેદ નથી.

**વનસ્પતિકાયિક** : પીપળા, જાંબુડા વગેરેના ઝાડના એક પાંદડામાં અસંખ્ય જીવો છે. બટેટાની એક કટકીમાં તથા સુરણ-લસણમાં અનંતા જીવો છે. તેવા જીવોના શરીરના આકારોના ભેદો અઠાવીસ લાખ કરોડ છે પણ તે પર્યાય છે, શુદ્ધ જીવમાં તેવા ભેદો નથી. આવા આકારના ભેદો શુદ્ધ જીવમાં નથી. જે જીવ શુદ્ધ જીવની ઓળખાણ ન કરે તેને આવા આકારરૂપે અવતરવું પડે છે. માટે શુદ્ધ જીવની ઓળખાણ કર એમ કહે છે.

એક શરીરમાં એક જીવ હોય તેને પ્રત્યેક વનસ્પતિકાય કહે છે ને એક શરીરમાં અનંતા આત્મા હોય તેને સાધારણ વનસ્પતિકાય કહે છે. બટેટામાં ઉપર દેખાય છે તે તો તેનું શરીર છે અંદર અનંતા આત્મા છે, કેવળજ્ઞાનીએ પ્રત્યક્ષ જોયા છે.

**બેઇન્દ્રિય** : ઇયળ, કંથવા વગેરે બેઇન્દ્રિય જીવો છે તેના શરીરના આકારોના ભેદ સાત લાખ કરોડ છે. પર્યાયમાં તેવા ભેદો પડે છે, શુદ્ધ જીવમાં તેવા ભેદો નથી.



**ત્રિઇન્દ્રિય** : કીડી, મંકોડા ત્રિઇન્દ્રિય જીવો છે. તેના શરીરના આકારોના ભેદ આઠ લાખ કરોડ છે. પર્યાયમાં તે ભેદો પડે છે, શુદ્ધ જીવમાં તે ભેદ નથી.

**ચતુરિન્દ્રિય** : માખી, ભમરા વગેરે જીવોના આકારના ભેદ નવ લાખ કરોડ છે. પર્યાયમાં તે ભેદો પડે છે, શુદ્ધ જીવમાં તે ભેદો નથી.

**પંચેન્દ્રિય** : પંચેન્દ્રિય જળમાં રહેવાવાળા માછલાં, મગરમચ્છ, દેડકાં વગેરે અસંખ્ય જીવો છે. તેના શરીરના આકારના ભેદો સાડા બાર લાખ કરોડ છે. શુદ્ધ જીવમાં આવા ભેદો નથી.

**ખેચર જીવો** : ઉડતાં પંખીઓ અસંખ્યાતા છે. તેના શરીરના આકારોના ભેદો બાર લાખ કરોડ છે. તે પર્યાયમાં ભેદો પડે છે, શુદ્ધ જીવમાં તે ભેદો નથી.

**ચાર પગવાળાં** : ગાય, ભેંસ, રીંછ અસંખ્યાતા છે. તેના શરીરના આકારોના ભેદો દસ લાખ કરોડ છે. તે ભેદો પર્યાયમાં છે, શુદ્ધ જીવમાં ભેદો નથી.

**પેટે ચાલનારા જીવો** : સર્પ, નોળ, કોળ વગેરે જીવોના શરીરના આકારના ભેદો નવ લાખ કરોડ છે. તે ભેદો પર્યાયમાં પડે છે, શુદ્ધ જીવમાં એવા ભેદો નથી.

**નારક** : નીચે સાત નરક છે. તેમાં અસંખ્ય નારકીના જીવો છે. તેના શરીરના આકારના ભેદો પચીસ લાખ કરોડ છે. તે ભેદો પર્યાયમાં છે પણ તે ભેદો શુદ્ધ જીવમાં નથી.

**મનુષ્ય** : મનુષ્યના આકારના ભેદો બાર લાખ કરોડ છે. તે ભેદો પર્યાયમાં છે પણ તે ભેદો શુદ્ધ જીવમાં નથી.

**દેવ** : દેવના આકારના ભેદો છવીસ લાખ કરોડ છે. તે ભેદો પર્યાયમાં છે, શુદ્ધ જીવમાં એવા ભેદો નથી.

આમ બધા થઈને એકસો સાડી સત્તાણુ લાખ કરોડ કુળ છે. (૧૯૭,૫૦,૦૦૦,૦૦,૦૦,૦૦૦)

આવા શરીરના આકારોના ભેદો-કુળના ભેદોરૂપ વ્યવહારની વાત પણ સર્વજ્ઞ સિવાય બીજે હોઈ શકે નહિ. એક સમયની પર્યાયમાં જુદા જુદા જીવોના શરીરના આકારોની અપેક્ષાએ આવા ભેદ પડે છે ખરા પણ શુદ્ધ જીવની દૃષ્ટિથી જોવામાં આવે તો ત્રિકાળ શુદ્ધ કારણપરમાત્મામાં એવા કુળના ભેદ નથી. માટે આવા ભેદરૂપ અવતરવું ન હોય તો અભેદ શુદ્ધ કારણપરમાત્માના શ્રદ્ધા, જ્ઞાન કરવાં ને તે કરવાથી પર્યાયમાં પણ કુળરહિત દશાને પ્રાપ્ત કરે છે.

**આસો વદ ૮, મંગળવાર, ૨૪-૧૦-૫૧.**

આજે સવારે શ્રી નિયમસારજીના હરીગીતની સ્વાધ્યાય થઈ હતી.

**આસો વદ ૯, બુધવાર, ૨૪-૧૦-૫૧.**

આ શુદ્ધભાવનો અધિકાર છે. શુભાશુભ ભાવો આત્માની પર્યાયમાં થાય છે તે તો નહિ પણ શુદ્ધ સ્વભાવના આશ્રયે જે શુદ્ધભાવ નવો પ્રગટ થાય તેની પણ અહીં વાત નથી. પરંતુ ચૈતન્યસ્વભાવ-એકરૂપ શુદ્ધ સ્વભાવ જે શુદ્ધતા પ્રગટ થવાનું કારણ છે એવા અનાદિઅનંત એકરૂપ કારણશુદ્ધભાવનો અધિકાર છે. કારણશુદ્ધભાવ કહો, કારણપરમાત્મા કહો, એકરૂપ સદશસ્વભાવ કહો, ચૈતન્યસ્વભાવ કહો, પરમપારિણામિકભાવ કહો- એ બધા એકાર્થવાચક છે. એવા શુદ્ધ સ્વભાવના આશ્રયે ધર્મદશા પ્રગટ થાય છે.

**યોનિના ભેદો જીવની પર્યાય સાથે સંબંધ ધરાવે છે, ત્રિકાળી શુદ્ધભાવમાં તે ભેદો નથી.**

જુદા જુદા આકારરૂપે થવું તે પર્યાયમાં થાય છે, પણ તે આકારો અથવા કુળ જીવના શુદ્ધભાવમાં નથી. હવે યોનિ એટલે ઊપજવાના સ્થાનોની વાત કરે છે.

પૃથ્વીકાયના જીવોને ઊપજવાના સ્થાનના ભેદો સાત લાખ યોનિમુખ છે. અપકાયના જીવોને ઉપજવાના સ્થાનના ભેદો સાત લાખ યોનિમુખ છે, અગ્નિકાયના જીવોને ઊપજવાના સ્થાનના ભેદો સાત લાખ યોનિમુખ છે. વાયુકાયના જીવોને ઊપજવાના સ્થાનના ભેદો સાત લાખ યોનિમુખ છે. આ બધા ભેદો પર્યાયમાં છે, પણ શુદ્ધ સ્વભાવમાં તેવા ભેદો નથી.

નિત્ય નિગોદી જીવોના સાત લાખ યોનિમુખ છે, નિત્ય નિગોદમાંથી નીકળી પાછા નિગોદમાં ગયેલા એવા ઇતર નિગોદના જીવોના સાત લાખ યોનિમુખ છે. વનસ્પતિકાયના જીવોના દસ લાખ યોનિમુખ છે, દ્વિઇન્દ્રિય જીવોના બે લાખ યોનિમુખ છે, ત્રિઇન્દ્રિય જીવોના બે લાખ યોનિમુખ છે, ચતુરિન્દ્રિય જીવોના બે લાખ યોનિમુખ છે, દેવોના ચાર લાખ યોનિમુખ છે, નારકીના ચાર લાખ યોનિમુખ છે, તિર્યંચ જીવોના ચાર લાખ યોનિમુખ છે. મનુષ્યોના ચૌદ લાખ યોનિમુખ છે, બધા થઈને ૮૪,૦૦,૦૦૦ યોનિમુખ છે. આ બધા યોનિના ભેદો એક સમયની પર્યાયમાં લાગુ પડે છે, ત્રિકાળ શુદ્ધભાવમાં તે નથી.

**ચૌદ જીવસ્થાનોના ભેદ પર્યાયમાં છે, જીવના શુદ્ધભાવમાં તેવા ભેદ નથી.**

સૂક્ષ્મ (નજરે ન દેખાય તેવા) એકેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત (એટલે જેની પર્યાપ્તિ પૂરી ન થઈ હોય તેવા) સ્થૂલ એકેન્દ્રિય - પૃથ્વી, પાણી વગેરે પર્યાપ્ત ને અપર્યાપ્ત, દ્વિઇન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ત્રિઇન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત,



સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત - એવા ભેદોવાળા ચૌદ જીવસ્થાનો છે. જીવની પર્યાયમાં આવા જુદા જુદા ભેદો જોવામાં આવે છે, પણ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ આત્મામાં તેવા ભેદ નથી.

**ચૌદ માર્ગણાસ્થાનોના ભેદ પર્યાયમાં પડે છે, જીવના શુદ્ધભાવમાં એવા ભેદ નથી.**

<u>ગતિ</u> : મનુષ્ય, દેવ, નારકી અને તિર્યંચ એવી ચાર ગતિ છે. ગતિ પર્યાયમાં છે, શુદ્ધભાવમાં ગતિ નથી.

<u>ઇન્દ્રિય</u> : એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ભેદો પર્યાયમાં છે, શુદ્ધભાવમાં તે નથી.

<u>કાય</u> : પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય ને ત્રસકાય એ છ'કાય છે, શુદ્ધભાવ કાય રહિત છે.

<u>યોગ</u> : મન, વચન, કાયાનો યોગ - કંપન તે એક સમયની પર્યાયમાં છે, શુદ્ધભાવમાં યોગનું કંપન નથી.

<u>વેદ</u> : ત્રણ પ્રકારના વેદ -સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ- એક સમયની પર્યાયમાં છે, શુદ્ધભાવ વેદ રહિત છે. એક સમયની પર્યાયદૃષ્ટિ છોડાવવા ને સ્વભાવદૃષ્ટિ કરવા એમ કહ્યું છે. શુદ્ધભાવવાળો આત્મા એ જ સમ્યગ્દર્શનનું લક્ષ્ય છે.

<u>કષાય</u> : ક્રોધ, માન, માયા, લોભના પરિણામ એક સમયની પર્યાયમાં હોય છે. બધા પરિણામ એક પર્યાયમાં એક સાથે હોય છે એમ કહેવું નથી પણ જે વખતે જે પરિણામ હોય તે પર્યાયમાં છે પણ તે શુદ્ધભાવમાં નથી.

<u>જ્ઞાન</u> : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન એમ પાંચ જ્ઞાનના ભેદો ને કુમતિ, કુશ્રુત ને કુઅવધિ-ત્રણ અજ્ઞાનના -એમ આઠ ભેદો પર્યાયમાં હોય છે. જે વખતે જે જ્ઞાન હોય તે સમજવું. સુજ્ઞાન વખતે કુજ્ઞાન હોતું નથી. વળી કેવળજ્ઞાન વખતે ચાર જ્ઞાન હોતાં નથી. આવા ભેદો શરણભૂત નથી. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે. એક સમયનો પર્યાય ત્રિકાળી સ્વભાવમાં નથી એમ બતાવી શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરાવવી છે. પણ કોઈ એમ માની લ્યે કે પર્યાયમાં પણ એવા ભેદો જ નથી, તો તે વાત ખોટી છે. ભેદો ભેદોમાં છે, પર્યાય પર્યાયમાં છે, પર્યાય પર્યાયમાં બિલકુલ નથી એમ માને તો ખોટું છે. પર્યાય પર્યાયમાં છે પણ ત્રિકાળી દ્રવ્યમાં નથી એમ વર્તમાન ને ત્રિકાળીનું જ્ઞાન કરી ત્રિકાળી સ્વભાવ તરફ ઢળી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તો દ્રવ્ય તથા પર્યાયનું જ્ઞાન સાચું કર્યું કહેવાય. પર્યાયદૃષ્ટિએ ભેદો છે પણ સ્વભાવદૃષ્ટિએ તેને અભૂતાર્થ કહી અભાવ કહ્યો છે.

<u>સંયમ</u> : સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સાંપરાય, યથાખ્યાત, અસંયમ ને

સંયમાસંયમ એ સંયમના ભેદો પર્યાયમાં હોય છે, ત્રિકાળી સ્વભાવમાં તે ભેદો નથી. અહીં સ્વભાવદષ્ટિ કરાવવી છે. સંયમની પર્યાય સંયમનું કારણ નથી, સંયમનું કારણ શુદ્ધભાવ છે. વીતરાગ ભગવાને બે નયો કહ્યા છે. તેમાં વ્યવહારનય પર્યાયને તથા ભેદને જાણે છે પણ તે આદરણીય નથી. નિશ્ચયનય ત્રિકાળી સ્વભાવને જાણે છે માટે તે આદરણીય છે. ભેદમાં ભેદ છે પણ અભેદમાં ભેદ નથી એમ દ્રવ્યદષ્ટિ કરાવવા કહ્યું છે.

દર્શન : ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન -એ ચાર દર્શનના ભેદો પર્યાયમાં હોય છે. જે વખતે જે ભેદ હોય તે સમજવો. શુદ્ધ સ્વભાવમાં એવા ભેદો નથી. કેવળદર્શન પણ એક સમયની પર્યાય છે. ત્રિકાળ સ્વભાવમાં એવા ભેદ નથી.

લેશ્યા : કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ, શુક્લ - છ લેશ્યામાં પ્રથમ ત્રણ અશુભ ને બાકીની ત્રણ શુભ લેશ્યા છે, એક સમયની પર્યાયમાં એવા ભેદો પડે છે. જે વખતે જે લેશ્યા હોય તે તે સમજવી. તેવા ભેદ શુદ્ધભાવમાં નથી.

ભવ્યત્વ : મોક્ષને લાયક એવું ભવીપણું ને મોક્ષને નાલાયક એવું અભવીપણું એવો વિકલ્પ ઉઠાવવો તે એક સમયની પર્યાયમાં છે, શુદ્ધભાવમાં એવા ભેદ છે જ નહિ.

સમ્યક્ત્વ : ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, મિથ્યાત્વ, સાસાદન ને મિશ્ર એમ છ ભેદો પર્યાયમાં પડે છે. જે વખતે જે પર્યાય હોય તે સમજવી પણ તે એક સમયની પર્યાય છે. ત્રિકાળી શુદ્ધભાવમાં એવા ભેદ નથી. સમકિતની પર્યાય સમકિતની પર્યાયને સ્વીકારતી નથી પણ ત્રિકાળી એકરૂપ શુદ્ધભાવને સ્વીકારે છે. ભગવાન પાસે જાય તો ક્ષાયિકસમકિત થાય છે તે લખાણ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. સમકિત પર્યાયમાંથી સમકિતની બીજા સમયની પર્યાય પ્રગટતી નથી. પર્યાય પ્રગટવાનું કારણ ત્રિકાળ શુદ્ધભાવ છે. તેથી ત્રિકાળની દષ્ટિ કરાવવા એમ કહ્યું કે ત્રિકાળમાં એવા ભેદો નથી.

સંજ્ઞિત્વ : સંજ્ઞીપણું અને અસંજ્ઞીપણું એવા ભેદ પર્યાયમાં હોય છે. શુદ્ધભાવમાં એવા ભેદ નથી. માટે ત્રિકાળી શુદ્ધભાવની દષ્ટિ કરવી.

આહાર : આહારકપણું અને અનાહારકપણું એવા ભેદ પર્યાયમાં છે, શુદ્ધભાવમાં એવા ભેદ નથી.

આવા ચૌદ માર્ગણાસ્થાનના ભેદો પર્યાયમાં પડે છે. શુદ્ધભાવની દષ્ટિથી જોવામાં આવે તો આત્મા અભેદ, એકાકાર, શુદ્ધ છે તેમાં એવા ભેદ નથી.

**આત્મા એકાંતે કૂટસ્થ નથી, વ્યવહારનયથી પર્યાયમાં ભેદો પડે છે પણ નિશ્ચયનયથી આત્મા અભેદ એકરૂપ શુદ્ધ છે. ત્રિકાળી સ્વભાવમાં એવા ભેદો નથી.**

આ બધા એટલે ચાર ગતિભ્રમણ, જાતિ, મરણ, રોગ, શોક, કુળ, યોનિ, જીવસ્થાન, માર્ગણા-સ્થાન વગેરે ભેદો ભગવાન પરમાત્માને અથવા શુદ્ધ સ્વભાવભાવમાં શુદ્ધ નિશ્ચયનયના બળથી નથી



એમ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો અભિપ્રાય છે. અહીં સિદ્ધ પરમાત્માની વાત નથી પણ શુદ્ધભાવરૂપી કારણપરમાત્મા દરેક જીવ છે તેની વાત છે.

આવા લખાણ વાંચી કોઈ સ્વચ્છંદી જીવ એવો અર્થ લઈ લ્યે કે આત્મા એકાંતે શુદ્ધ છે ને પર્યાયમાં પણ અશુદ્ધ નથી તેમ જ ભેદ પણ નથી, પણ એકલો અભેદ અને કૂટસ્થ જ છે એમ માને તો ખોટું છે. આત્મા વસ્તુ ધ્રુવ હોવા છતાં પર્યાય અપેક્ષાએ સમયે સમયે પલટન પામે છે. સિદ્ધમાં પણ પરિણમન છે. સમયે સમયે અવસ્થા સંસારમાં અથવા સિદ્ધમાં થયા કરે છે. પરિણામ વિના કોઈ સમય હોઈ શકે નહિ. સંસારમાં અશુદ્ધરૂપે ને સિદ્ધમાં શુદ્ધરૂપે પરિણમન છે. તે ભેદો પર્યાયમાં પર્યાયદષ્ટિએ સત્ છે, અવસ્તુ નથી. ભગવાને છ દ્રવ્યો ને નવ પદાર્થો જોયા છે ને એમ વસ્તુનું સ્વરૂપ છે. જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એમ છ દ્રવ્યો કાયમ રહીને અવસ્થામાં પલટે છે. ને જીવમાં સંસારદશામાં પર્યાયોમાં પણ અનેક પ્રકારના ભેદો પડે છે. જે અહીં બધા કહેવામાં આવ્યા છે, તે પ્રમાણે તે ભેદો ભેદદષ્ટિએ વ્યવહારનયથી બરાબર છે. કોઈ જીવ બધા થઈને એક જ વસ્તુ માને ને છ દ્રવ્યોને ન માને તો તે ખોટો છે. ને વસ્તુ એકાંત કૂટસ્થ માને ને પર્યાય ન માને તો પણ ખોટો છે. પર્યાયમાં અશુદ્ધતાના ભેદો પડે છે એમ પર્યાયને કબૂલે ને ત્રિકાળ સ્વભાવમાં એવા ભેદો નથી એમ નિશ્ચયથી કબૂલે તો વ્યવહાર પ્રમાણજ્ઞાન થાય છે. પણ યથાર્થ જ્ઞાન ક્યારે કહેવાય ? ત્રિકાળમાં એવા ભેદ નથી એમ નક્કી કરી સ્વભાવના નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન કરતાં સ્વ-પરપ્રકાશક સ્વભાવ ખીલતાં પર્યાયમાં આવા ભેદો છે એમ યથાર્થ જાણી લ્યે તો.

૧) એકલા ભેદોને માને ને અભેદ ત્રિકાળી સ્વભાવ તરફ ન ઢળે તો પણ તેનું જ્ઞાન ખોટું છે.

૨) અભેદ સ્વભાવને શુદ્ધ માનીને પર્યાયની અશુદ્ધતા અથવા પર્યાયને જ ન સ્વીકારે તો પણ ખોટું છે.

પર્યાયનું જ્ઞાન કરી ત્રિકાળ સ્વભાવમાં એવા ભેદ નથી એમ અહીં કહેવું છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી પણ ત્રિકાળ શક્તિમાંથી પર્યાય પ્રગટે છે. તેથી અંશબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ છોડાવવા ને અભેદબુદ્ધિ, સ્વભાવબુદ્ધિ કરાવવા જીવમાં માર્ગણાસ્થાનાદિના ભેદો નથી એમ કહ્યું છે. એવો અભેદ શુદ્ધભાવવાળો આત્મા સમ્યગ્દર્શનનું કારણ છે.

**શુભાશુભ ભાવો ઉપરની પર્યાયબુદ્ધિ છોડી શુદ્ધ સ્વભાવની બુદ્ધિ કરી શુદ્ધ સ્વભાવને પોતા વડે અનુભવો.**

એવી રીતે શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫-૩૬ બે શ્લોકો દ્વારા કહ્યું છે કે :

(માલિની)

**सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।**
**इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्॥**

**શ્લોકાર્થ** : ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું અતિ સ્ફૂટપણે અવગાહન કરીને, આત્મા સમસ્ત વિશ્વના ઉપર સુંદર રીતે પ્રવર્તતા એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો.

જ્ઞાનભાવ સિવાય અન્ય બધા શુભાશુભ ભાવોને મૂળથી છોડવા. દયા, દાન, વ્રત, ભક્તિ વગેરેના શુભભાવો ઉપરની દૃષ્ટિ-પર્યાયદૃષ્ટિ છોડો ને આત્મા એકલો જ્ઞાયકસ્વભાવ છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં અવગાહન કરો. જેમ દરિયામાં મોતી લેવા માટે ડૂબકી મારે છે તેમ નિશ્ચયનયથી શુદ્ધ સ્વભાવનું અવલંબન કરી તેમાં એકાગ્રતા કરો ને સમસ્ત વિશ્વ ઉપર તરતા કેવળ અખંડ અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો. દયા, દાન, ભક્તિ એક સમયના પરિણામ છે. તેનાથી ધર્મ થતો નથી. તો બધા ભાવોથી આત્મા જુદો તરવરે છે. વિકાર શુદ્ધ આત્મામાં કદી પેઠો જ નથી. પાણીમાં સ્નાન કરે તેમ શુદ્ધ આત્મામાં ડૂબકી મારો એટલે કે તેના શ્રદ્ધા-જ્ઞાન કરી એકાગ્ર થાઓ, એ જ મોક્ષનું કારણ ને મોક્ષમાર્ગ છે. આ પ્રમાણે શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થતાં અન્ય સકળ ભાવો છૂટી જાય છે. વળી શુદ્ધ આત્માનો અનુભવ કોઈ પર પદાર્થથી તો નથી પણ વિકારથી પણ તેનો અનુભવ થતો નથી. શુદ્ધ અનુભવ પોતાથી થાય છે. શુદ્ધ આત્માને આત્મા વડે અનુભવો એમ આચાર્ય ભગવાન કહે છે.

**જ્ઞાનશક્તિથી ભરેલો આત્મા એક જ સાર છે, વિકારી ભાવો પૌદ્‌ગલિક છે, સારરૂપ નથી.**

(अनुष्टुभ्)

**चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।**
**अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी॥**

**શ્લોકાર્થ** : ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પૌદ્‌ગલિક છે.

હું અખંડ જ્ઞાયકસ્વભાવી છું, ચૈતન્યશક્તિથી પ્રસરેલો છું, દયા-દાનાદિના તથા વ્રતાદિના પરિણામમાં આત્મા પ્રસરેલો નથી, તે ભાવો અંતર આત્મામાં કદી પેઠા નથી. જે પુણ્ય-પાપમાં વ્યાપે છે તે અનાત્મા છે, આત્મા જ નથી. ત્રિકાળી કારણપરમાત્મા ભગવાન છે તેમાંથી ભગવાન



પ્રગટે છે, બહારથી પ્રગટતો નથી. જાણનાર-દેખનાર સ્વભાવ જ એક સારરૂપ છે ને આ જીવ એટલો જ માત્ર છે ને જે જાણવા-દેખવાના સ્વભાવથી શૂન્ય વિકારી ભાવો છે તે સારરૂપ નથી. તે બધાય પૌદ્‌ગલિક છે. પુણ્ય-પાપના ભાવોને અહીં પૌદ્‌ગલિક કહ્યા એટલે તે સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા છે એમ કહેવાનો ભાવ નથી. તે વિકાર પર્યાય જીવમાં થાય છે, જડમાં થતો નથી. બીજા શાસ્ત્રોમાં પર્યાય અપેક્ષાએ વિકારને સ્વતત્ત્વ કહેલ છે. પણ વિકાર પુદ્‌ગલના લક્ષે થાય છે ને શુદ્ધ સ્વભાવમાં તે નથી પણ આત્મામાંથી ટળી જાય એવો ભાવ છે તેથી પૌદ્‌ગલિક કહેલ છે. માટે ચૈતન્યશક્તિ જેનો સાર છે એવા શુદ્ધ આત્માને તું ભજ એમ કહેવાનો સાર છે.

વળી ૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :

**શ્લોક ૬૦.**

(मालिनी)

**अनवरतमखण्डज्ञानसद्भावनात्मा**
**व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम्।**
**अतुलमनघमात्मा निर्विकल्पः समाधिः**
**परपरिणतिदूरं याति चिन्मात्रमेषः॥ ६०॥**

**જે જીવ શુદ્ધ ચૈતન્યની ભાવના નિરંતર ભાવે છે તે નિર્વિકલ્પ શાંતિને પામી શુદ્ધદશાને પામે છે.**

**શ્લોકાર્થ** : સતતપણે અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો આત્મા (અર્થાત્ 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે તે આત્મા) સંસારના ઘોર વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર, અનુપમ, અનઘ ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે. ॥ ૬૦ ॥

હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, પુણ્ય-પાપ મારું સ્વરૂપ નથી, આત્મા શુદ્ધ છે એવી જે ભાવના ભાવે છે તે સંસારના ઘોર વિકલ્પને પામતો નથી એટલે કે તેને વ્યવહાર રત્નત્રયના વિકલ્પની પણ રુચિ રહેતી નથી. આત્માની ભાવના પોતે તો પર્યાય છે પણ તે પર્યાયનું ધ્યેય ત્રિકાળી શુદ્ધ સ્વભાવ ઉપર છે. આમ જે જીવ પુણ્ય-પાપઆદિ વ્યવહારની રુચિ છોડી, શુદ્ધ સ્વભાવની રુચિ કરે છે તે નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરે છે ને પુણ્ય-પાપની પરિણતિથી દૂર, જેને ઉપમા ન આપી શકાય એવો અને પુણ્ય-પાપના દોષ રહિત શુદ્ધ ચૈતન્યમાત્રને પામે છે. આમ જે જીવ ત્રિકાળી અખંડ જ્ઞાયકસ્વભાવની ભાવના ભાવે છે તે જીવ શાંતિને પામે છે એટલે કે મોક્ષદશાને પામે છે.

## આસો વદ ૧૦, ગુરુવાર, ૨૫-૧૦-૫૧.

### શ્લોક ૬૧

(स्रग्धरा)

**इत्थं बुद्ध्वोपदेसं जननमृतिहरं यं जरानाशहेतुं**
**भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांघ्रेः ।**
**वीरात्तीर्थाधिनाथाद्दुरितमलकुलध्वांतविध्वंसदक्षं**
**एते संतो भवाब्धेरपरतटममी यांति सच्छीलपोताः ।। ६१ ।।**

**શ્લોકાર્થ :** ભક્તિથી નમેલા દેવેન્દ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમના ચરણોને પ્રગટ રીતે પૂજે છે એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક અને દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને, સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે. ।। ૬૧ ।।

**દેવોના પૂજ્ય ભગવાનનો ઉપદેશ ધારીને સંતો સત્‌શીલરૂપી નૌકાથી સંસારનો પાર પામે છે.**

સંત પુરુષો ભગવાનનો કહેલો ઉપદેશ સમજીને સંસારનો પાર પામે છે. હવે પ્રથમ ઉપદેશ દેનાર ભગવાન કેવા હોય છે તે કહે છે. દેવોના ઈન્દ્રો પણ ભગવાનને નમે છે. તેઓ તેમના મુગટોના સુંદર રત્નમાળા વડે ભગવાનના ચરણોને પૂજે છે. એવા ચાર તીર્થના સ્વામી તીર્થંકરનો ઉપદેશ કેવો છે ? જન્મ, જરા, મૃત્યુનો નાશ કરવામાં ને મિથ્યાત્વરૂપી પાપનો નાશ કરવામાં તે ઉપદેશ અસરકારક છે. તે ઉપદેશમાં એમ આવ્યું કે પર્યાયમાં થતો વિકાર એક સમય પૂરતો છે, શુદ્ધ સ્વભાવમાં વિકાર નથી. એવો ભગવાનનો ઉપદેશ પોતામાં યથાર્થ ધારીને સંતો શુદ્ધ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટાવે છે. ને તે નૌકા વડે ભવરૂપી દરિયાને ઓળંગી મોક્ષદશાને પ્રાપ્ત કરે છે.



## ગાથા ૪૩

**णिद्दंडो णिद्दंद्दो णिम्ममो णिक्कलो णरालंबो ।**
**णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा ।। ४३ ।।**

**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર નિઃરાગ છે,**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે.　　૪૩.**

**અન્વયાર્થ :** આત્મા નિર્દંડ, નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નિરાલંબ, નીરાગ, નિર્દોષ, નિર્મૂઢ અને નિર્ભય છે.

મન, વચન, કાયાને નિમિત્તે થતો વિકાર તે દંડ છે, તે ત્રિકાળી સ્વભાવમાં નથી. રાગદ્વેષનું બેપણું શુદ્ધ સ્વભાવમાં નથી. શુદ્ધ આત્મામાં મમતા નથી, શરીર નથી, પરનું આલંબન નથી, રાગ નથી, દ્વેષ નથી, મૂઢતા નથી, ભય નથી. પર્યાયમાં થતા દોષો શુદ્ધ સ્વભાવમાં નથી એમ બતાવી સ્વભાવદૃષ્ટિ કરાવવી છે.

**૧) મન, વચન, કાયાના દંડ પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવ દંડરહિત ને કર્મરહિત છે.**

'મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી આત્મા નિર્દંડ છે.'

આત્માની એક સમયની પર્યાયમાં મન, વચન ને કાયાને લક્ષે થતા શુભાશુભ ભાવો તે દંડ છે ને તે એક સમય પૂરતી અવસ્થામાં છે. ભક્તિનો ભાવ, ઉપવાસનો વિકલ્પ, મહાવ્રતનો વિકલ્પ બધો દંડ છે. હિંસા, જૂઠું, ચોરી પાપરાગ છે; દયા, દાન, પૂજા વગેરે શુભ રાગ છે. બન્ને દંડ છે. તે દંડને યોગ્ય દ્રવ્યકર્મ ને ભાવકર્મનો એક સમયની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

અહીં ત્રણ પ્રકારના દંડ કહ્યા એટલે બધા એક સમયે હોય છે એમ સમજવું નહિ. મનોયોગ હોય ત્યારે વચનયોગ ન હોય એ પ્રકારે સમજવું. ને શુભ ઉપયોગ હોય ત્યારે અશુભ ન હોય. વળી શુભ-અશુભના પણ અસંખ્ય પ્રકાર છે. એક સમયે એક ભેદ હોય પણ અહીં સમુચ્ચય વાત કરી કે મન-વચન-કાયાના દંડના પરિણામ પર્યાયમાં હોય છે પણ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરવામાં આવે તો દંડના પરિણામ તથા તેને યોગ્ય દ્રવ્યકર્મોનો શુદ્ધ સ્વભાવમાં અભાવ છે. તેથી આત્મા નિર્દંડ છે. પણ તેથી કરીને પર્યાયમાં પણ આત્મા નિર્દંડ છે એમ કોઈ સમજી લ્યે તો તે પણ બરાબર નથી. પર્યાયમાં પણ આત્મા નિર્દંડ હોય તો તેને કાંઈ કરવાનું રહેતું નથી ને પર્યાયમાં પ્રગટ આનંદ હોવો જોઈએ, પણ એમ નથી. અહીં તો પર્યાયબુદ્ધિ છોડાવવા ને સ્વભાવબુદ્ધિ કરાવવા દંડનો શુદ્ધભાવમાં અભાવ બતાવ્યો છે. આ શુદ્ધભાવ અધિકાર છે. જીવને શુદ્ધભાવની દૃષ્ટિ થતાં પર્યાયબુદ્ધિ ટળે છે

ને અસ્થિરતા ટળતા ને સ્થિરતા થતાં કેવળજ્ઞાન તથા મુક્તિને પામે છે.

આત્માની પર્યાયમાં મન, વચન, કાયાને લક્ષે થતા શુભાશુભ ભાવો બધા દંડ છે પણ તેટલો જ આત્મા નથી. આત્મા ત્રિકાળ શુદ્ધ છે. માટે દંડની રુચિ છોડી ત્રિકાળ સ્વભાવની રુચિ કરે તો ધર્મદશા પ્રગટ થાય તેમ છે.

**પ્રશ્ન** : આવી નિર્દંડ દશા કોણ ક્યારે પ્રગટ કરી શકે ?

**સમાધાન** : દરેક લાયક જીવ તે પ્રગટ કરી શકે છે. વેપારી સમજે કે વેપાર-ધંધાની ક્રિયા જડ છે ને વેપાર-ધંધાના અશુભ રાગનો દંડ પર્યાયમાં હોવા છતાં તે વિકાર આત્માનું સ્વરૂપ નથી. આત્મા શુદ્ધ સ્વરૂપી છે એવી દૃષ્ટિ રાખવી તે નિર્દંડપણું છે. પર્યાયમાં દંડ હોવા છતાં સાચી દૃષ્ટિ ચોવીસે કલાક રાખી શકે છે. પર્યાયમાં દંડ ન હોય તો વીતરાગતા હોવી જોઈએ પણ ધર્મી સમજે છે કે વિકાર એક સમય પૂરતો છે, ત્રિકાળમાં તે નથી. આમ ત્રિકાળી શુદ્ધભાવની રુચિ થતાં પર્યાયની રુચિ રહેતી નથી એ જ ધર્મ છે.

**૨) જીવાદિ નવ પદાર્થો જગતમાં છે પણ પોતાના ધ્રુવ શુદ્ધ આત્મામાં બીજા જીવોનો તથા અજીવાદિ સમસ્ત પદાર્થોનો અભાવ છે માટે આત્મા બેપણા રહિત - નિર્દ્વંદ્વ છે.**

'નિશ્ચયથી પરમ પદાર્થ સિવાયના સમસ્ત પદાર્થ સમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ છે.''

આત્મા શુદ્ધ ચૈતન્ય એકરૂપ છે. તેમાં બાહ્ય બીજા ચેતન ને જડ પદાર્થોનો તો અભાવ જ છે પણ દયાદાનાદિ વિકલ્પોનો પણ અભાવ છે. બીજા જીવો, અજીવ પદાર્થો, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એ તત્ત્વો પણ શુદ્ધ ધ્રુવ સ્વભાવમાં નથી. આત્માની સાથે ઉપર કહ્યા તેવા કાંઈ પણ તત્ત્વો માનવામાં આવે તો દ્વૈતપણું ઉત્પન્ન થાય છે. મોક્ષ પણ એક સમયની પર્યાય છે. પરમ શુદ્ધભાવમાં મોક્ષની પર્યાયનો અભાવ છે. આવા શુદ્ધભાવનું અવલંબન લેતાં અનેકપણું અથવા દ્વૈતપણું ઉત્પન્ન થતું નથી ને આત્માનો અનુભવ થાય છે. જીવ, અજીવ વગેરે સાત તત્ત્વો કહ્યા તેના લક્ષે વિકલ્પો ઊઠે છે ખરા ને પર્યાયમાં દ્વૈતપણું અથવા અનેકપણું છે ખરું. કોઈ કહે કે આત્મા સર્વથા અદ્વૈત જ છે ને બીજી વસ્તુઓ જ નથી ને પર્યાય પણ નથી તો તે વાત સર્વથા ખોટી છે. બીજા જીવો ને અજીવ પદાર્થો છે ને પોતામાં વિકલ્પો ઊઠતાં રાગવાળી આસ્રવ-બંધવાળી પર્યાય થાય છે ને શુદ્ધતા થતાં સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય થાય છે એમ પર્યાય પણ છે પણ તે વ્યવહારનયનો વિષય છે. આત્મા ને પર્યાય એવા બેપણાના લક્ષે પર્યાયબુદ્ધિ ઉત્પન્ન થાય છે ને ધર્મ થતો નથી. તેથી દ્રવ્યદૃષ્ટિ કરાવવા અભેદ અદ્વૈત આત્માની શ્રદ્ધા કરાવવા એમ કહ્યું કે શુદ્ધ આત્મામાં બીજા પદાર્થો તથા મોક્ષની પર્યાયનો પણ અભાવ છે. આત્મા બેપણા રહિત છે એટલે કે આત્મા નિર્દ્વંદ્વ છે. આવો નિર્દ્વંદ્વ આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે તેને લક્ષમાં લઈ સ્થિર થવાથી



બેપણાનો અભાવ થાય છે. તે આત્મા એકરૂપ પોતાનો અનુભવ કરે છે.

**૩) પ્રશસ્ત-અપ્રશસ્ત મોહ-રાગ-દ્વેષ એક સમય પૂરતી અવસ્થામાં છે પણ શુદ્ધ ધ્રુવ સ્વભાવમાં તેનો અભાવ છે માટે આત્મા નિર્મમ છે.**

''પ્રશસ્ત અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી આત્મા નિર્મમ છે (મમતા રહિત) છે. ''

દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે લાગણી થાય છે તે પ્રશસ્ત મોહ અને રાગ છે. ભગવાન પ્રત્યે, સમ્મેદશિખર, શત્રુંજય, સોનગઢ વગેરે જાત્રના સ્થળો પ્રત્યે રાગ થાય તે પ્રશસ્ત રાગ છે. ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની વિરૂદ્ધ કોઈ બોલતો હોય તેના પ્રત્યે અલ્પ દ્વેષ થઈ આવે તે પ્રશસ્ત દ્વેષ છે. પ્રશસ્ત મોહ-રાગ-દ્વેષ પરને લીધે થતાં નથી, પોતાના કારણે એક સમયની પર્યાયમાં થાય છે. ને તે પુણ્યબંધનું કારણ છે પણ ધર્મનું કારણ નથી.

બૈરાં-છોકરાં-કુટુંબ પ્રત્યે લાગણી તે અપ્રશસ્ત મોહ ને રાગ છે ને પોતાના કુટુંબથી વિરૂદ્ધ હોય તેના પ્રત્યે દ્વેષ થવો તે અપ્રશસ્ત દ્વેષ છે. તે મોહ, રાગ ને દ્વેષ પર જીવોના કારણે થતો નથી પણ પોતાના કારણે એક સમયની પર્યાયમાં થાય છે.

વળી મોહ ને દ્વેષ સાથે હોય અથવા મોહ ને રાગ સાથે હોય પણ ત્રણે એક સાથે ન હોય. વળી પ્રશસ્ત વખતે અપ્રશસ્ત ન હોય ને અપ્રશસ્ત વખતે પ્રશસ્ત ન હોય. જ્યારે જે પ્રકાર વર્તતો હોય તેની રુચિ છોડાવવા એમ કહ્યું કે શુદ્ધ આત્મામાં પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ છે. દેવ-ગુરુ-શાસ્ત્રને લીધે રાગ થાય અથવા કુટુંબના કારણે રાગ થાય એવું વસ્તુસ્વરૂપ તો છે જ નહિ પણ પોતાના કારણે થતા મમતાના પરિણામ એક સમય પૂરતા છે પણ શુદ્ધ સ્વભાવ મમતા રહિત છે.

**નિર્મમ આત્માના આશ્રયે પ્રગટતી સ્વ-પરપ્રકાશક જ્ઞાનની નિર્મળ પર્યાય તે જૈન શાસન છે.**

કોઈ જીવ એમ કહે કે પર્યાયમાં પણ મમતા નથી અથવા મમતા પરને લીધે છે તો તે ખોટા જ છે. પરને લીધે મમતા હોય તો કદી ટળે નહિ. ને મમતા ન જ હોય તો પ્રગટ આનંદ હોવો જોઈએ ને મમતા જેટલો જ આત્મા હોય તો મમતા પોતાનું કાયમી સ્વરૂપ થઈ જાય પણ એમ નથી. મોહ-રાગ-દ્વેષ એક સમય પૂરતી અવસ્થામાં છે તેની રુચિ તે સંસાર છે. તેના જેટલો આત્મા માનવો તે જૈનદર્શન નથી. પણ મોહ-રાગ-દ્વેષ આત્મામાં નથી, આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્મમ છે એમ શુદ્ધ ચૈતન્યનું અવલંબન લેવું તે ધર્મ છે ને તે જૈનદર્શન છે. આમ ત્રિકાળી નિર્મમ સ્વભાવનો આશ્રય લેતાં સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલે છે ને તેમાં ત્રિકાળી સ્વાત્માને જાણતા વર્તમાન પર્યાયમાં બાકી રહેલા રાગ-દ્વેષને પણ જાણી લ્યે છે. આમ સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળી પ્રગટતી નિર્મળ

પર્યાયને જૈનશાસન કહે છે ને એ નિયમસાર છે.

**૪) શરીરના નિમિત્તપણાની યોગ્યતા પર્યાયમાં છે, પણ શુદ્ધ સ્વભાવમાં એવી યોગ્યતા નથી માટે આત્મા નિઃશરીર છે.**

'નિશ્ચયથી ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ નામના પાંચ શરીરોના સમૂહનો અભાવ હોવાથી આત્મા નિઃશરીર છે.'

મનુષ્ય તથા તિર્યંચને ઔદારિક શરીર હોય છે, નારકી તથા દેવોને વૈક્રિયિક શરીર હોય છે. કોઈ ભાવલિંગી લબ્ધિવાળા મુનિને તત્ત્વમાં કાંઈ આશંકા થાય ને ભગવાન પાસે જવા ઈચ્છા કરે ને લબ્ધિ ફોરવે તો માથામાંથી સફેદ પૂતળું નીકળે છે જે ભગવાન પાસે જઈને શંકા સમાધાન કરે છે તે શરીરને આહારક શરીર કહે છે. શરીર ઘસવાથી ઉષ્ણતા માલુમ પડે છે તે તૈજસ શરીરની છે ને આઠ કર્મોનો સમૂહ તે કાર્મણ શરીર છે. તૈજસ, કાર્મણ શરીર બધા સંસારીને હોય છે. આવા શરીરનો સંબંધ જીવની એક સમયની પર્યાય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ધરાવે છે. સંસારદશામાં શરીર નિમિત્તરૂપ હોય છે. પાંચે શરીર એક સાથે ન હોય પણ જે વખતે જે જે શરીરો હોય તે તે સમજી લેવા. પણ એવો સંબંધ પર્યાય સાથે છે. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો આત્માને શરીર સાથે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી. આત્મા નિઃશરીર છે. તેવા નિઃશરીર આત્માને લક્ષે ધર્મ થાય છે. મુનિને આહારક શરીરની લબ્ધિ મળે તે પણ એક સમયની પર્યાય છે. શુદ્ધ આત્મામાં તે પર્યાય નથી ને તેમને લબ્ધિ ઉપર દૃષ્ટિ નથી. ને કોઈ વાર વિકલ્પ આવે ને લબ્ધિ ફોરવે તો પણ ત્રિકાળી શુદ્ધ આત્માનો આશ્રય એક સમય પણ છૂટતો નથી. વિગ્રહગતિમાં માત્ર તૈજસ અને કાર્મણ શરીર હોય છે. જ્ઞાની જીવોને વિગ્રહગતિમાં પણ બે શરીરનો આશ્રય નથી પણ શુદ્ધ આત્માનો આશ્રય વર્તે છે.

આમ પોતાનો શુદ્ધ આત્મા શરીરના નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહિત છે. એવા ત્રિકાળી સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરતાં પર્યાયમાં આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એનું યથાર્થ જ્ઞાન થાય છે. પર્યાયની યોગ્યતાના જ્ઞાનને લીધે ત્રિકાળી આત્માનું જ્ઞાન થતું નથી પણ ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન થતાં પર્યાયનું જ્ઞાન યથાર્થ થઈ જાય છે. આમ નિઃશરીરી ત્રિકાળી શુદ્ધભાવવાળા આત્માનો આશ્રય કરતાં રાગદ્વેષ ટળે છે ને પર્યાયમાં શરીરના નિમિત્તની યોગ્યતા પણ રહેતી નથી. માટે શરીર ઉપરનું લક્ષ છોડી શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરવા તે ધર્મ છે.

**૫) કારણપરમાત્માને પરપદાર્થો તથા શુભાશુભ ભાવોનું અવલંબન નથી માટે આત્મા નિરાલંબ છે.**

''નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે.''



આત્માને દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન તો નથી પણ દયા-દાનાદિના ભાવનું પણ અવલંબન નથી. આત્માને પોતાના શુદ્ધ સ્વભાવનું અવલંબન છે પણ પરનું અવલંબન નથી માટે તે નિરાલંબ છે. વ્યવહારના શાસ્ત્રોમાં કોઈ વાર કથન આવે કે સમ્યગ્દષ્ટિને શુભ રાગનું તથા ભગવાનનું અવલંબન છે પણ તે કથન નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. આત્મા પરપદાર્થથી ને વિકારથી રહિત છે એમ શ્રદ્ધા-જ્ઞાન કર્યા પછી પરિપૂર્ણ વીતરાગ દશા ન થાય ત્યાં સુધી અધૂરી દશામાં રાગ થઈ આવે છે ને ત્યારે જે જે પ્રકારના રાગના નિમિત્તો હોય તેના ઉપર લક્ષ જાય છે. તેથી વ્યવહારથી તેનું આલંબન લીધું એમ કથન કરવામાં આવે છે. તે જ વખતે ધર્મી જીવને રાગ કે ભગવાનનું આલંબન નથી પણ શુદ્ધ સ્વભાવનું જ અવલંબન વર્તે છે. છતાં પણ જાણે છે કે નબળાઈને લીધે રાગ થયો છે ને નિમિત્ત ઉપર લક્ષ જાય છે. કોઈ જીવ એમ માને કે અધૂરી દશામાં રાગ ને નિમિત્તો હોતાં જ નથી તો પણ ખોટો છે ને રાગ ને નિમિત્તો છે માટે ધર્મ થયો એમ માને તો પણ ખોટો છે. તે જીવો નિશ્ચય-વ્યવહાર એકેયને સમજતાં નથી.

**ધર્મી જીવ ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન કરતાં અધૂરી દશામાં રહેલા રાગ ને નિમિત્તોનું જ્ઞાન વ્યવહારે કરે છે.**

ઈન્દ્રો પણ ભક્તિ વખતે નાચે છે, દેહની ક્રિયા દેહના કારણે થાય છે. નબળાઈનો રાગ જ્ઞાનનું જ્ઞેય છે, રાગને પોતાનું સ્વરૂપ માનતા નથી. વ્રત, તપ, પૂજા, ભક્તિના ભાવ એ રાગ છે. જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે પણ રાગ છે તેનો આશ્રય કરવા જેવો નથી. પોતાનો શુદ્ધ આત્મા એક જ આલંબન કરવા જેવો છે. એવું ભાન છે તેને ધર્મદશા પ્રગટ થાય છે. તત્ત્વાર્થસૂત્રમાં વિકારને સ્વતત્ત્વ કહેલ છે તેનું કારણ એ છે કે તે પરને લીધે નથી પણ પોતે કરે છે એમ તેમાં પર્યાય સત્ બતાવવી છે. અહીં તે વિકારનું આલંબન ધર્મી જીવને નથી એમ બતાવી શુદ્ધ સ્વભાવને નિરાલંબ બતાવવો છે. આમ ધર્મી જીવને શુદ્ધ સ્વભાવની જ રુચિ વર્તે છે. શુદ્ધ સ્વભાવ તે નિત્ય છે ને સમય સમયનો વિકાર અનિત્ય છે તેનો નિષેધ વર્તે છે. આમ ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન કરતાં પર્યાયમાં રહેલા અનિત્ય રાગ દ્વેષાદિનું જ્ઞાન થઈ જાય છે. ત્રિકાળીનું જ્ઞાન કરવું તે નિશ્ચયનયથી છે ને રાગ દ્વેષાદિનું જ્ઞાન થઈ જાય તે વ્યવહારનયથી છે. આમ જ્ઞાન પ્રમાણ થાય છે. જે વ્યવહારથી લાભ માને તેનો નિશ્ચય કે વ્યવહાર એકે સાચો નથી ને રાગ ને નિમિત્તો સાધક દશામાં બિલકુલ નથી એમ કહે તો પણ તેનું જ્ઞાન ખોટું છે. ત્રિકાળ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન હોવા છતાં અધૂરી દશામાં જે રાગ ને નિમિત્તો હોય છે તેનું ધર્મી જીવ વ્યવહારે જ્ઞાન કરે છે છતાં રાગ વખતે પણ શુદ્ધ સ્વભાવનું જ અવલંબન વર્તે છે.

**૬) ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવમાં તેનો અભાવ છે માટે આત્મા નીરાગ છે.**

''મિથ્યાત્વ, વેદ, રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા,

લોભ નામના ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે.''

શુદ્ધ આત્મામાં ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ નથી. એક સમય પૂરતી અવસ્થા છે પણ ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં તે નથી.

<u>મિથ્યાત્વ</u> : પરપદાર્થની, નિમિત્તની, પુણ્ય-પાપની રુચિ કરવી ને સ્વભાવની રુચિ છોડવી તે મિથ્યાત્વ છે. નિમિત્ત હોય તો લાભ થાય, પુણ્યથી ધર્મ થાય, એક સમયની પર્યાય જેટલો આત્મા માનવો તે મિથ્યાત્વનો મોટો રોગ છે, તેને પરિગ્રહ ગણી શુદ્ધ આત્મામાં તે નથી એમ કહ્યું છે. શુદ્ધ આત્માનું અવલંબન લેતાં મિથ્યાત્વ ટળી જાય છે.

<u>વેદ</u> : પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ એક સમયનો વિકાર છે, શુદ્ધ સ્વભાવમાં તે નથી. જ્ઞાનીને અધૂરી દશામાં અલ્પ વેદના પરિણામ છે પણ તેને પોતાની ચીજ માનતો નથી. વેદની પકડ નથી, જ્ઞાનને તે પોતાની ચીજ માને છે.

<u>રાગ</u> : શુભાશુભ રાગ જીવની પર્યાયમાં છે, તે ત્રિકાળી સ્વભાવમાં નથી.

<u>દ્વેષ</u> : અણગમાની લાગણી એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવમાં દ્વેષ નથી.

<u>હાસ્ય</u> : હાસ્ય અથવા કુતૂહલતાના પરિણામ એક સમય પૂરતા છે, ત્રિકાળ સ્વભાવમાં તે નથી. ધર્મી જીવને મિથ્યાત્વના પરિણામ નથી પણ અસ્થિરતાના, રાગ-દ્વેષાદિના, હાસ્ય વગેરેના પરિણામ છે. જો પર્યાયમાં બિલકુલ વિકાર ન હોય તો વીતરાગ હોવો જોઈએ પણ પર્યાયમાં થતાં ભાવો સ્વભાવમાં નથી એમ કહી અભાવ કહ્યો છે. દ્રવ્યદૃષ્ટિ કરાવવા એ કથન છે.

જે જીવને પોતાના શુદ્ધ આત્માને છોડીને બીજી ચીજોને દેખીને વિસ્મયતા લાગે ને હાસ્ય આવે તે મિથ્યાત્વનું હાસ્ય છે. ધર્મી જીવને પોતાની નબળાઈના કારણે અલ્પ હાસ્યના પરિણામ આવે તેને પોતાનું સ્વરૂપ માનતો નથી કારણ કે એવા પરિણામ શુદ્ધ સ્વભાવમાં નથી.

<u>રતિ</u> : અનુકૂળ પદાર્થો પ્રત્યે રાજીપો - નવા મકાન કે દાગીનાની પ્રાપ્તિ થાય, દીકરાના જન્મ વખતે રાજીપાના પરિણામ થાય તેને રતિ કહે છે. તે પરિણામ પર્યાયમાં છે, પણ શુદ્ધ સ્વભાવમાં નથી. ધર્મી જીવને રતિ હોવા છતાં રતિનું અવલંબન નથી પણ શુદ્ધ સ્વભાવનું જ અવલંબન વર્તે છે.

<u>અરતિ</u> : પરીક્ષામાં નાપાસ થવાથી દિલગીરીના પરિણામ થવા અથવા એવા કોઈ પ્રસંગે શોક થઈ આવવો તે અરતિ છે. એક સમયની પર્યાયમાં એવા પરિણામ છે, શુદ્ધ સ્વભાવમાં તેનો અભાવ છે. શુદ્ધ સ્વભાવનો આશ્રય લેતાં અરતિ વગેરે ટળી જાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરે તે જીવ પાસ છે બાકી બધા નાપાસ છે.



અહીં આ બધા પરિણામો પર્યાયમાં થાય છે પણ શુદ્ધ સ્વભાવમાં નથી એમ કહી પર્યાયબુદ્ધિ છોડાવી છે ને શુદ્ધભાવની સ્વભાવબુદ્ધિ કરાવી છે અને એ જ ધર્મનું કારણ છે.

**આસો વદ ૧૧, શુક્રવાર, ૨૬-૧૦-૫૧.**

ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ આત્માની એક સમયની પર્યાયમાં છે. શુદ્ધ સ્વભાવ તે બધા પરિગ્રહથી રહિત છે. તેમાં અરતિના પરિણામ શુદ્ધ આત્મામાં નથી એ વાત આવી ગઈ છે.

<u>શોક</u> : શોક એક સમયની પર્યાયમાં છે પણ શુદ્ધ સ્વભાવમાં શોક નથી. ધર્મી જીવને શોકના પરિણામ હોવા છતાં શોકનો દૃષ્ટિ અપેક્ષાએ પરિગ્રહ નથી. સ્વભાવનું ભાન થયું છે તેથી શોકનું જ્ઞાન થાય છે.

<u>ભય</u> : એક સમયની પર્યાયમાં ભયના પરિણામ થાય છે પણ સ્વભાવની દૃષ્ટિથી આત્મા ભય વિનાનો છે. અર્થાત્ નિર્ભય છે. પોતે નિર્ભય જ્ઞાનસ્વભાવી આત્મા છે એવું જ્ઞાન થતાં ભયનું જ્ઞાન થઈ જાય છે. ભયનું જ્ઞાન પણ ભયથી થતું નથી. જ્ઞાન ભયનું નથી, જ્ઞાન આત્માનું છે. અજ્ઞાની જીવને પર્યાયબુદ્ધિ છે તેથી ભય લાગે છે. સ્વભાવદૃષ્ટિવંતને પર્યાયબુદ્ધિનો અભાવ છે તેથી તે નિર્ભય છે.

<u>જુગુપ્સા</u> : ગ્લાનિના પરિણામ એક સમયની પર્યાયમાં છે, આત્મામાં તે પરિણામ નથી. ગ્લાનિનું જ્ઞાન ગ્લાનિથી થતું નથી પણ ગ્લાનિ રહિત શુદ્ધ ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન થતાં પર્યાયમાં થતી ગ્લાનિનું જ્ઞાન થઈ જાય છે ને તે પોતાના સ્વભાવમાં નાસ્તિરૂપે છે એમ જ્ઞાની જાણે છે.

<u>ક્રોધ, માન, માયા, લોભ</u> : કષાયના પરિણામ એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ આત્મામાં તેનો અભાવ છે. મારો આત્મા શુદ્ધ છે એવું જ્ઞાન કરતાં કષાય મારામાં નથી એમ જ્ઞાન થઈ જાય છે.

આ રીતે ચૌદે પરિગ્રહનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે.

**ધર્મી જીવને લડાઈના પરિણામ હોવા છતાં શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિના કારણે મુખ્યપણે નિર્જરા છે. મિથ્યાદૃષ્ટિ મુનિને દયાના પરિણામ હોવા છતાં પર્યાયબુદ્ધિને કારણે તે બંધ દશાને પામે છે.**

કોઈ પૂછે કે આમાં ધર્મ શું આવ્યો ? ચૌદ પરિગ્રહ પર્યાયમાં છે. શુદ્ધ સ્વભાવ પરિગ્રહ રહિત છે એવું યથાર્થ જ્ઞાન થતાં ધર્મદશા પ્રગટ થાય છે. આમાં દયા પાળવાનો કે એવો બીજો કાંઈ ધર્મ ન આવ્યો -એમ કોઈ કહે તો તેને કહેવામાં આવે છે કે પરની દયા તો તું પાળી શકતો નથી ને ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં પરિગ્રહની પકડનો અભાવ છે. આત્મા નીરાગ છે એવી દૃષ્ટિ થઈ તે સ્વદયા છે ને તે જ ધર્મ છે, શુદ્ધ સ્વભાવની રુચિ કરવી તે જ પ્રથમ ધર્મ છે. સમ્યગ્દૃષ્ટિ જીવને લડાઈના પરિણામ હોવા છતાં ને અસ્થિરતાના ક્રોધ-માનનો અલ્પ બંધ હોવા છતાં અલ્પ ક્રોધ-માન જેટલો

હું નથી, હું તો શુદ્ધ સ્વરૂપી નીરાગ આત્મા છું એવું ભાન છે, બાહ્ય ક્રિયા હાથી ઉપર બેસવાની હોય, બાણથી બીજાને મારતો દેખાતો હોય છતાં પણ ક્રોધ એક સમયનો પર્યાય છે, તેની મારા નીરાગ સ્વભાવમાં નાસ્તિ છે એમ જ્ઞાનનું અસ્તિત્વપણું ને વિકારનું નાસ્તિત્વપણું વર્તે છે. ધર્મીને શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ હોવાથી મુખ્યપણે નિર્જરા વર્તે છે. શ્રદ્ધા-જ્ઞાન અપેક્ષાએ તેને અહિંસા વર્તે છે, ને મિથ્યાદૃષ્ટિ મુનિ જે વ્રતાદિના પરિણામને પોતાના માને છે ને એટલો જ આત્મા માને છે તેને નીરાગ આત્માનું ભાન નથી, પરિગ્રહની પકડ વર્તે છે. તે જીવ બાહ્યમાં દયા પાળતો દેખાતો હોય છતાં પણ પોતાના ચૈતન્ય સ્વભાવનો અનાદર હોવાથી તે પોતાની સ્વહિંસા કરી રહ્યો છે ને બંધ દશાને પામી રહ્યો છે. આમ સાચી દૃષ્ટિ એ મોક્ષમાર્ગ છે ને વિપરીત દૃષ્ટિ એ સંસારમાર્ગ છે.

**સંયોગી ભાવોને પોતાના માનવા તે સંસાર છે ને સંયોગી ભાવોથી રહિત નીરાગ આત્માને માનવો તે ધર્મ છે.**

પરપદાર્થોના સંયોગોને પોતાના માની લેવા તે તો સ્થૂલ ભૂલ છે. પણ દયા-દાનાદિ તથા હિંસા, જૂઠ, ચોરી આદિ સંયોગી ભાવમાં જ આત્માને આખો માની લેવો તે સંસાર છે. પરપદાર્થોનો આત્મામાં સદાય અભાવ છે અને પર્યાયમાં થતાં સંયોગી ભાવોનો શુદ્ધ આત્મામાં અભાવ છે - એવા શ્રદ્ધા-જ્ઞાન થતાં પર્યાયમાં પણ સંસારના અભાવનું પરિણમન થતું જાય છે ને શુદ્ધદશાની પ્રાપ્તિ થાય છે. ભરત-બાહુબલીને લડાઈના પરિણામ હોવા છતાં તથા બાહુબલીને મુનિ અવસ્થામાં માનના પરિણામ હોવા છતાં સ્વભાવની દૃષ્ટિ હતી, અલ્પ માનાદિ પર્યાયનો સ્વીકાર ન હતો પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો સ્વીકાર હતો તેથી સમયે સમયે નિર્જરા થતી હતી. ત્રિકાળી શુદ્ધ સ્વભાવની અસ્તિ ને એક સમયના વિકારની સ્વભાવમાં નાસ્તિ તે ધર્મ છે ને એક સમયના વિકારની અસ્તિ ને ત્રિકાળી સ્વભાવની નાસ્તિ - આવી કબૂલાત તે અધર્મ છે. ચૌદ પરિગ્રહથી રહિત આત્મા નીરાગ છે એવી દૃષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે.

**૭) જ્ઞાનશરીરવાળો પવિત્ર આત્મા રાગ-દ્વેષરૂપી કચરાને ધોઈ નાંખે છે માટે આત્મા નિર્દોષ છે.**

''નિશ્ચયથી સમસ્ત પાપમળ કલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ, સહજ પરમ વીતરાગ સુખસમુદ્રમાં મગ્ન (ડૂબેલી, લીન) પ્રગટ સહજાવસ્થારૂપ જે સહજ જ્ઞાનશરીર તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે.''

કેવો છે આત્મા ? ત્રિકાળ નિર્દોષ છે. અહીં પાપ એટલે વિકાર સમજવો. દયા, દાન, વ્રત, કામ, ક્રોધ વગેરે પુણ્ય-પાપના ભાવો વિકાર છે-પાપ છે-કલંક છે. તેવા સમસ્ત પાપમળ કલંકરૂપી કાદવને ધોવાને આત્મા સમર્થ છે. આત્મા સહજ પરમ વીતરાગ સુખ સમુદ્ર છે. તેમાં સ્વાભાવિક



જ્ઞાન અવસ્થા ડૂબેલી છે. અહીં ત્રિકાળી સ્વભાવ શુદ્ધ તથા તેની કારણપર્યાય પણ શુદ્ધ એમ બે થઈને આખું દ્રવ્ય તે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. એવા ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં ડૂબેલી કારણશુદ્ધપર્યાયરૂપ જે સહજ જ્ઞાનશરીર છે તેના વડે આત્મા પવિત્ર છે. ત્રિકાળી જ્ઞાનશરીર સ્વભાવમાં વીતરાગી અવસ્થા ડૂબેલી છે તે સહિત આખો આત્મા રાગદ્વેષરૂપી સંસારના મેલને ધોઈ નાંખવામાં સમર્થ છે. દયા દાનાદિની વૃત્તિ ઊઠે છે તે કાદવ છે તેની સામે **જ્ઞાનગાત્ર** એટલે જ્ઞાનશરીર છે કે જે કાદવને ધોઈ નાંખે છે. એટલે આવા જ્ઞાનસ્વભાવ તરફની અંતર્દૃષ્ટિ કરતાં પાપમળ ધોવાઈ જાય છે.

આત્માનું સ્વરૂપ નિર્દોષ છે. ઔદારિક શરીર તો માતા-પિતાના નિમિત્તે મળેલું છે પણ આત્માનું જ્ઞાનશરીર કોઈના નિમિત્તે ઉત્પન્ન થયું નથી માટે સહજ કહ્યું છે. વર્તમાન શુદ્ધ પર્યાય સહિત ત્રિકાળી દ્રવ્ય તે સમ્યગ્દર્શનનો વિષય છે. પુણ્ય આદિના વ્યવહારથી શુદ્ધ આત્માનો સ્વભાવ પમાતો નથી તેમ જ વ્યવહારથી વ્યવહારનું જ્ઞાન પણ થતું નથી પણ આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે એવું જ્ઞાન થતાં વિકલ્પ ને નિમિત્તનું જ્ઞાન થઈ જાય છે. આમ આત્મા નિર્દોષ સ્વરૂપ છે જે સમસ્ત પાપને ધોવામાં સમર્થ છે.

**(૮ અ) જ્ઞાનાદિ અનેક ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને આત્મા જાણે છે માટે આત્મા નિર્મૂઢ છે.**

''સહજ નિશ્ચયનયથી સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર, સહજ પરમ વીતરાગ સુખ વગેરે અનેક પરમ ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ હોવાથી આત્મા નિર્મૂઢ (મૂઢતા રહિત) છે.''

આત્મામાં અનેક ધર્મો છે. તેમાં સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર, સહજ પરમ વીતરાગ-સુખ વગેરે છે. વીર્ય વગેરે ગુણો તેમાં આવી જાય છે. નિશ્ચયનયથી તે અનંતા ધર્મોનો આધાર નિજ પરમતત્ત્વ છે. ધર્મો અનેક છે ને ધર્મી એક છે. અહીં આત્મા એટલે ત્રિકાળી શુદ્ધભાવ. ત્રિકાળી શુદ્ધભાવ અનંતા ગુણોના અભેદ નિજ પરમતત્ત્વને જાણવાને સમર્થ છે તેથા આત્મા મૂઢતા રહિત છે. અહીં વર્તમાન પર્યાયની વાત નથી. ત્રિકાળ ચૈતન્યસ્વભાવની વાત છે. ત્રિકાળ પોતાને જાણવાના સ્વભાવવાળો છે. અહીં એકલા સ્વને જાણવામાં સમર્થ છે, એકલી સ્વની વાત લેવી છે. ધ્રુવ પર્યાય સહિત આત્મા ને શુદ્ધભાવ જાણે તે નિશ્ચય છે ને તેથી આત્મા મૂઢતા રહિત છે ને જે પર્યાય આવો આત્મા કબૂલે તે પર્યાય વ્યવહારનયમાં જશે તે હવે કહેશે.

**(૮ બ) કેવળજ્ઞાન ત્રણ લોકના પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયમાં જાણે છે. આવા નિર્મળ કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે.**

''અથવા સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયથી ત્રણ કાળના

અને ત્રણ લોકના સ્થાવર-જંગમ સ્વરૂપ સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવામાં સમર્થ સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે.''

નિર્મૂઢતાનો બીજો બોલ છે. તેમાં કેવળજ્ઞાનની વાત કરે છે. આત્માનું ભાન સાધકદશામાં છે. પણ તે અધૂરા પર્યાયની વાત ન કરી પણ પૂર્ણ કેવળજ્ઞાન પર્યાયની વાત લીધી છે. શુદ્ધ કારણ-પરમાત્માના આશ્રયે પ્રગટ થતી કાર્યરૂપ કેવળજ્ઞાન પર્યાય કેવી છે ? તે નવી પ્રગટ થઈ છે ને અનંતકાળ સુધી ટકે છે માટે સાદિઅનંત છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાની છે માટે અમૂર્ત છે, ઇન્દ્રિયોના નિમિત્ત વિના આત્માથી સીધી પ્રગટેલી છે માટે અતીન્દ્રિય સ્વભાવવાળી એમ કહ્યું. કેવળજ્ઞાન સમસ્ત પદાર્થોને શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયથી જાણે છે. કેવળજ્ઞાનમાં કાંઈ પણ અશુદ્ધિ નથી માટે શુદ્ધ, પોતાની પર્યાય છે માટે સદ્ભૂત ને આત્મા અને કેવળજ્ઞાનની પર્યાય એવો ભેદ પડે છે માટે વ્યવહાર - આમ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય કહ્યો છે. તે કેવળજ્ઞાન ત્રણ લોકના ને ત્રણે કાળના જડ ને ચેતન સ્થિર તેમજ ગમન કરતાં હોય તેવા બધા પદાર્થોને જાણે છે. બધા પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયમાં જાણવાને સમર્થ છે. તે કેવળજ્ઞાન સર્વથા નિર્મળ છે તેમ જ પ્રગટ થયા પછી ખસતું નથી માટે અવસ્થિત છે. આમ કેવળજ્ઞાન સાદિ અનંતકાળ ટકી રહે છે ને બધાને જાણે છે માટે આત્મા નિર્મૂઢ છે. કેવળજ્ઞાન સ્વ અને પર બન્નેને જાણે છે.

પ્રથમ નિર્મૂઢના બોલમાં નિશ્ચયથી સહજ જ્ઞાનસ્વરૂપ સહિત દ્રવ્ય એવું જે નિજ પરમતત્ત્વ તેને આત્મા જાણે છે તે નિશ્ચયનયનો વિષય છે. ને તે સમ્યગ્દર્શનનો ધ્યેય છે ને તે આદરણીય છે. અહીં નિર્મૂઢના બીજા બોલમાં સ્વ-પર જાણતું તે કેવળજ્ઞાન તે વ્યવહારનયનો વિષય છે, તે આદર કરવા જેવો નથી. કારણ કે નીચલી દશામાં કેવળજ્ઞાન પર્યાય નથી ને તેનો વિચાર કરવાથી રાગ થાય છે માટે તે સમ્યગ્દર્શનનું કારણ નથી. તે જ્ઞાન કરવાનો વિષય છે. આમ કેવળજ્ઞાન અપેક્ષાએ પણ આત્માને નિર્મૂઢ કહ્યો.

કોઈ કહે કે આવી વાત સાંભળતા માથું ફરી જાય છે. પણ ભાઈ ! તને રસ નથી એટલે એમ લાગે છે. પચાસ લાખ રૂપિયાની મૂડીવાળા ગૃહસ્થને ત્યાં પચાસ વર્ષે પહેલવહેલો દીકરો જન્મે તો તેની મા તેના ગાણાં ગાય તેમાં ખામી રાખે નહિ. તેમ પદ્મપ્રભમલધારિદેવ મુનિરાજે શુદ્ધભાવ, પરમભાવ વગેરેથી આત્માના ગાણાં ગાવામાં ખામી રાખી નથી, એકલા શુદ્ધભાવના જ ગાણાં ગાયા છે.

**૯) ત્રિકાળી શુદ્ધ અંતઃતત્ત્વમાં રાગદ્વેષરૂપી શત્રુ પ્રવેશી શકતા નથી માટે આત્મા નિર્ભય છે.**

''સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા દુર્ગમાં (કિલ્લામાં) વસતો હોવાથી આત્મા નિર્ભય છે. આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે.''



અહીં પાપનો અર્થ વિકાર લેવો, તેમાં શુભ તથા અશુભ બન્ને આવી જાય છે. શુભાશુભ ભાવોના અસંખ્ય ભેદ છે. તે સમસ્ત વિકાર આત્માની શુદ્ધતાને રોકે છે, માટે શત્રુ કહ્યા. ને જ્યાં સુધી આત્માની નબળાઈ છે ત્યાં સુધી વિકારનું જોર હોય પણ શુદ્ધ અંતઃતત્ત્વરૂપી એવો મજબૂત કિલ્લો છે કે એમાં વિકારની શૂરવીર સેના પ્રવેશ પામી શકતી નથી. જગતમાં રાજાઓ પણ એવા અભેદ કિલ્લો બનાવે છે કે તેમાં શત્રુ પેસી ન શકે, તથા શત્રુની ગોળી લાગી ન શકે. તેમ કારણપરમાત્મામાં અથવા એકરૂપ શુદ્ધ સ્વભાવમાં પુણ્ય-પાપરૂપી ઉદયભાવનો કદી પણ પ્રવેશ નથી. જેમ કિલ્લામાં રાજા બેઠો હોય છે તેમ અહીં ચૈતન્ય ભગવાન રાજા અંતઃતત્ત્વમાં - શુદ્ધ સ્વભાવમાં બિરાજે છે. તેમાં સંસારની - વિકારની સેના પ્રવેશી શકતી નથી. અહીં અંતઃતત્ત્વનો અર્થ અંતરાત્મા ન લેવો. અંતરાત્મા તો નવી પ્રગટતી નિર્મળ પર્યાય છે. અહીં અંતઃતત્ત્વ એટલે અનાદિઅનંત એકરૂપ રહેતો શુદ્ધભાવવાળો કારણપરમાત્મા લેવો, જેના દ્રવ્ય-ગુણ-પર્યાય એકરૂપ શુદ્ધ છે. આમ અંતઃતત્ત્વરૂપ કિલ્લામાં વસતો હોવાથી આત્મા નિર્ભય છે. અહીં તો જીવો નાની નાની વાતમાં પણ ડરે. પણ ભાઈ ! નિર્ભય આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કર તો ભય ઉત્પન્ન જ થશે નહિ.

આ પ્રમાણે આત્મા નિર્દંડ, નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ, નિરાલંબ, નિર્દોષ, નિર્મૂઢ ને નિર્ભય છે. આવો આત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં લેવા જેવો છે, કેમ કે તેના લક્ષે ધર્મદશા પ્રગટે છે.

**આસો વદ ૧૨, શનિવાર, ૨૭-૧૦-૫૧.**

ગાથા ૪૩માં આત્મા નિર્મૂઢ આદિ નવ બોલથી શુદ્ધ બતાવ્યો છે તેવો આત્મા ખરેખર ઉપાદેય છે એમ કહ્યું.

એવી રીતે શ્રી યોગીન્દ્રદેવકૃત અમૃતાશીતિમાં ૫૭માં શ્લોક દ્વારા કહ્યું છે કે :

(માલિની)

**स्वरनिकरविसर्गव्यंजनाद्यक्षरैर्यद्**
**रहितमहितहीनं शाश्वतं मुक्तसंख्यम्।**
**अरसतिमिररूपस्पर्शगंधाम्बुवायु-**
**क्षितिपवनसखाणुस्थूलदिक्चक्रवालम्॥**

**શ્લોકાર્થ** : આત્મતત્ત્વ સ્વરસમૂહ, વિસર્ગ ને વ્યંજનાદિ અક્ષરો રહિત તથા સંખ્યા રહિત છે (અર્થાત્ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી), અહિત વિનાનું છે, શાશ્વત છે, અંધકાર તેમ જ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ વિનાનું છે, પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે તથા સ્થૂલ દિક્ચક્ર (દિશાઓના સમૂહ) રહિત છે.

**અક્ષર ને અંક પુદ્ગલની પર્યાય છે, આત્મા તેનો કર્તા નથી.**

કેવું છે આત્મતત્ત્વ ? ત્રિકાળી શુદ્ધ સ્વભાવરૂપ કે જેમાંથી અનંત નિર્મળ પર્યાય પ્રગટે છે, તે કહે છે. અ, આ આદિ સ્વર, વિસર્ગ અને ક, ખ આદિ વ્યંજન આત્મામાં નથી, તે બધી ભાષાની અવસ્થા છે. આત્મા બોલી શકતો નથી. 'આત્મા' શબ્દ બોલાયો તેમાં 'આ' અનંત પુદ્ગલ પરમાણુ (ભાષા)ના સ્કંધરૂપ અવસ્થા છે. આત્મામાં જ્ઞાન ભરેલું છે. આત્મામાં પુદ્ગલ ભર્યા નથી કે તે બોલી શકે. જ્ઞાનને અને ભાષાને અત્યંત અભાવ છે. વળી એક, બે, ત્રણ, હજાર, લાખ વગેરે સંખ્યા બોલાય તે પણ ભાષાનું પરિણમન છે, આત્મા સંખ્યા રહિત છે. સ્વરસમૂહ ને વ્યંજનને અક્ષર કહ્યા ને સંખ્યાને અંક કહ્યો છે. અક્ષર ને અંકનો આત્મામાં પ્રવેશ નથી.

**પ્રશ્ન** : આત્મા હોય ત્યારે બોલાય છે ને ?

**સમાધાન** : ભાઈ ! શબ્દ તો ભાષાની પર્યાય છે, તે સ્વતંત્ર છે. પણ તેમાં આત્માનો ભાવ નિમિત્ત છે એનું જ્ઞાન કરાવે છે. જો આત્મા બોલતો હોય તો જ્યારે જ્યારે ઈચ્છા થાય ત્યારે ત્યારે બોલાવું જોઈએ પણ એમ બનતું નથી. ભાષાનું પરિણમન થાય ત્યારે આત્માનો જે ભાવ છે તેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. પુદ્ગલ પરમાણુઓ દ્રવ્ય અપેક્ષાએ સરખાં છે પણ ભાષાની પર્યાયો જુદી જુદી પોતાની વર્તમાન યોગ્યતાને કારણે થાય છે.

જે જીવ દ્રવ્યને સર્વથા વિષમ જ માને તે દ્રવ્યને સમજતો નથી.

જે જીવ પર્યાયને એક જ સરખી માને તે પર્યાયને સમજતો નથી.

પુદ્ગલ પરમાણુઓ દ્રવ્ય અપેક્ષાએ સમાન છે ને ભાષારૂપ પર્યાયમાં જુદું જુદું પરિણમન થાય છે. આત્મા તેનો કર્તા-હર્તા નથી માટે આત્મા અક્ષર ને અંક વિનાનો છે.

**આત્મા અહિત વિનાનો શાશ્વત પ્રકાશમાન પદાર્થ છે, તે પુદ્ગલ પરમાણુ તથા તેના ગુણોથી રહિત છે.**

આત્મા ત્રિકાળ શાશ્વત પદાર્થ છે, તેમાં ત્રિકાળ અહિતપણું છે. હિત-અહિતપણું એવા ભેદો પર્યાયમાં પડે છે. શુદ્ધ સ્વભાવમાં એવા ભેદ નથી. જેમાં અહિત નથી એવા સ્વભાવના આશ્રયે હિત થાય છે ને અહિત સર્વથા ટળી જાય છે. આત્મા અંધકાર વિનાનો છે, પ્રકાશનો પિંડ છે, આત્મા સ્પર્શ, રસ, ગંધ, રૂપ વિનાનો છે. વળી આત્મા પૃથ્વી નથી, પાણીના પરમાણુરૂપ નથી, અગ્નિ અને વાયુઓના અણુ રહિત છે. વાયુ, શ્વાસ વગેરે આત્મામાં નથી. કોઈ જીવ પંચ મહાભૂતમાંથી આત્મા બન્યો કહે છે તે વાત ખોટી છે. અગ્નિ વગેરેનો આત્મામાં અભાવ છે. પૂર્વ, પશ્ચિમ આદિ દિશાના સમૂહથી રહિત છે. એવા આત્માને શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન છે.



વળી ૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.

**શ્લોક ૬૨**

(માલિની)

**दुरघवनकुठारः प्राप्तदुष्कर्मपारः**
**परपरिणतिदूरः प्रास्तरागाब्धिपूरः।**
**हतविविधविकारः सत्यशर्माब्धिनीरः**
**सपदि समयसारः पातु मामस्तमारः ॥ ६२ ॥**

**શ્લોકાર્થ** : જે (સમયસાર) દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે, જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે), જે પરપરિણતિથી દૂર છે, જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે, જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે, જે સાચા સુખસાગરનું નીર છે અને જેણે કામને અસ્ત કર્યો છે, તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો. ॥ ૬૨ ॥

**મુનિરાજ કહે છે કે શુદ્ધ આત્મા મારું રક્ષણ કરો. કેવો છે શુદ્ધ આત્મા ?**

ત્રિકાળી સ્વભાવની વાત કરે છે. નિમિત્તાદિ પરપદાર્થો તથા પુણ્ય-પાપ ત્રિકાળ સ્વભાવમાં નથી તેની બુદ્ધિ છોડાવવા કહે છે - કેવો છે શુદ્ધ આત્મા ?

૧) અહીં પાપનો અર્થ વિકાર લેવો. શુભ અને અશુભ બન્ને વિકાર-પાપ છે. શુદ્ધ આત્મા તેને છેદવાનો કુહાડો છે.

૨) શુદ્ધ આત્મામાં કર્મ નથી. દ્રવ્યકર્મને વિકારની પર્યાય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તે જ્ઞાન કરાવવા માટે છે. પણ આદરણીય નથી, શુદ્ધભાવ જ આદરણીય છે. વિકાર પર્યાયમાં છે પણ ત્રિકાળ સ્વભાવમાં નથી એમ અનેકાન્તદૃષ્ટિ કરે તે સમ્યગ્જ્ઞાની છે. વિકારની રુચિ કરતાં ત્રિકાળી શુદ્ધભાવનો અનાદર થઈ જાય છે અને ત્રિકાળી શુદ્ધભાવનો આદર કરતાં વિકારનો નાશ થાય છે.

૩) શુદ્ધ આત્મા પરપરિણતિથી દૂર છે. પરલક્ષે થતી પરિણતિ બધી પરપરિણતિ છે, શુદ્ધ આત્મામાં તેનો અભાવ છે.

૪) દરિયામાં પાણીના લોઢ ઊછળે છે તેમ પર્યાયબુદ્ધિમાં રાગરૂપી સમુદ્રના પૂર ઊછળે છે પણ શુદ્ધ સ્વભાવમાં વિકાર નથી. એવું ભાન કરતાં રાગરૂપી સમુદ્રનો નાશ થાય છે.

૫) સામાન્ય વિકારની વાત કરી હતી. હવે અનેક પ્રકાર બતાવે છે. અસંખ્ય શુભ ને અશુભ વિકારના પ્રકારો શુદ્ધ આત્મામાં નથી એવું ભાન થતાં દૃષ્ટિથી વિકાર હણાઈ ગયો ને સંપૂર્ણ સ્થિરતા થતાં સર્વથા પ્રકારે હણાઈ જાય છે.

૬) વળી કેવો છે સમયસાર (શુદ્ધ આત્મા)? જેમ દરિયો પાણીથી ભરેલો છે તેમ શુદ્ધ આત્મા જ્ઞાન ને આનંદથી ભરેલો છે. જુઓ, અહીં સાચું સુખ બતાવે છે. લગ્ન વખતે બૈરાંઓ ગાણાં ગાય છે ને કહે છે કે અમારે ઘેર હાથી ઝૂલે છે, મોતીથી ભરેલા થાળ વગેરે કહીને મજા માણે છે. ઘરમાં કાંઈ ઠેકાણું ન હોય છતાં તે પ્રકારની હોંશ કરે છે પણ તે બધી હોંશ ખોટી છે. ધનતેરસના લાપસી કરશે ને રંગોળી પૂરશે, પણ એમાં કાંઈ માલ નથી. તારા ચૈતન્ય આત્માના દરવાજે કેવળજ્ઞાનરૂપી દીવા પ્રગટે તેમ છે તેને જો. આત્મા સુખસાગરનું નીર છે તે પાણી કાઢીને વિકાર ઉપર છાંટ તો વિકાર નષ્ટ થઈ જશે. લૌકિકના સુખ ફટકિયા મોતી જેવા છે. સુખ બહારમાં નથી. આત્મા સુખસાગરનું નીર છે એવી દૃષ્ટિ જીવ કરે તો સુખ અંશે પ્રગટ થાય. ને પછી વધીને પૂર્ણ સુખી થાય.

૭) આત્માના શુદ્ધ સ્વભાવમાં વિષયવાસના નથી એવા શુદ્ધ આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કરતાં પર્યાયમાં રહેલી વિષયવાસના નષ્ટ થાય છે.

હવે ટીકાકાર મુનિરાજ કહે છે કે આવો શુદ્ધ આત્મા શીઘ્ર મારું રક્ષણ કરો એટલે કે હું એકદમ પરિપૂર્ણ પરમાત્મદશાને પામી જાઉં એવી ભાવના ભાવે છે. ટીકાકાર મુનિરાજે શુદ્ધ આત્માને બહુ હોંશથી, લોકની શરમ વિનાનો ગાયો છે. ત્રિકાળ સમયસાર અથવા કારણપરમાત્મા એ જ રક્ષણનું કારણ છે. રાજ્ય, કુટુંબ, પૈસા, દવા, કિલ્લાઓ રક્ષણ કરે તેમ નથી. ત્રિકાળ જ્ઞાયકભાવ રક્ષણ કરે તેમ છે, આમ શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મ છે.

**શ્લોક ૬૩**

(માલિની)

**जयति परमतत्त्वं तत्त्वनिष्णातपद्म-**
**प्रभमुनिहृदयाब्जे संस्थितं निर्विकारम्।**
**हतविविधविकल्पं कल्पनामात्ररम्याद्**
**भवभवसुखदुःखान्मुक्तमुक्तं बुधैर्यत्॥ ६३॥**

**શ્લોકાર્થ** : જે તત્ત્વનિષ્ણાત (વસ્તુસ્વરૂપમાં નિપુણ) પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે, જે નિર્વિકાર છે, જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે અને જેને બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય એવા ભવભવના સુખોથી તેમ જ દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે, તે પરમતત્ત્વ જયવંત છે. ॥ ૬૩ ॥

**જે પરમતત્ત્વ સુખ-દુઃખની કલ્પના રહિત છે તે પરમતત્ત્વ જયવંત છે.**

આ ટીકા કરનાર મુનિરાજ પદ્મપ્રભમુનિ છે. તે તત્ત્વમાં નિષ્ણાત છે, વસ્તુસ્વરૂપમાં નિપુણ છે. પરમતત્ત્વ મુનિના હૃદયકમળમાં સ્થિત છે. કેવું છે પરમતત્ત્વ ? પરમતત્ત્વમાં વિકાર નથી. પરમ-



તત્ત્વમાં વિવિધ વિકલ્પો નથી, એવા તત્ત્વના આશ્રયે પર્યાયમાં થતો વિકાર હણાઈ જાય છે. જેમ રાજા મરી જતાં તેનું લશ્કર મરી જાય છે-હણાઈ જાય છે તેમ હું જ્ઞાનસ્વભાવી ચૈતન્ય રાજા છું - એવી દૃષ્ટિ થતાં વિકારનું લશ્કર મરી ગયેલું થઈ જાય છે. વળી પરમતત્ત્વ કલ્પનામાત્ર રમ્ય લૌકિક સુખ-દુઃખથી રહિત છે. લોકો પૈસા, દાગીના વગેરેમાં સુખ માને છે, તે કલ્પનામાત્ર છે. ચક્રવર્તી તથા દેવના સુખ કલ્પનામાત્ર રમ્ય છે. અજ્ઞાની લોકો તેમાં સુખ માને છે. જડનો માલિક જડ હોય, જડનો માલિક આત્મા નથી. આત્માએ મકાન, દાગીના, પૈસા ભેગાં કર્યા નથી. પર ચીજો આત્મામાં એક સમયમાત્ર પણ નથી. આ દિવાળીના દિવસો આવે છે. શરીર સારું હોય, લાડવા ખાતો હોય, રેશમી નરમ કપડાં પહેરતો હોય ત્યારે જીવ માને કે અમે સુખી છીએ. પણ ભાઈ! તેં તે બધું ગણ્યું પણ તારા આત્માને જોયો નહિ. માત્ર એક સમયની કલ્પનામાં સુખ માને છે પણ તેમાં વાસ્તવિક સુખ નથી. ને સાતમી નરકમાં અસહ્ય વેદના હોય છતાં તે કલ્પનામાત્ર દુઃખ છે. સુખ-દુઃખ સંયોગોમાં નથી પણ જીવ સુખ-દુઃખની કલ્પના કરે છે. એવી કલ્પના રહિત ત્રિકાળી તત્ત્વ એમ ને એમ પડ્યું છે. પરમતત્ત્વ ઓછું-વત્તુ થયું નથી. ગમે તેટલા પુણ્ય-પાપ કર્યા હોય તો પણ એવું ને એવું છે, માટે તેની પ્રતીતિ કર.

અહીં પરમતત્ત્વનો કરિયાવર બતાવે છે. લોકમાં બેસતા વર્ષે કહે છે કે અવળું બોલશો નહિ, કજીયા કરશો નહિ; તેમ અહીં આચાર્ય ભગવાન કહે છે કે આત્માને હીણો કલ્પીશ નહિ, પુણ્ય-પાપવાળો કે નિમિત્તવાળો કલ્પીશ નહિ. સાદિ અનંતકાળ સ્થિર થવાનું ટાણું આવ્યું, જે પ્રગટ થવાથી સંસારનો કલેશ ફરી ઉત્પન્ન થશે નહિ એવું પરમતત્ત્વ જયવંત વર્તે છે.

**શ્લોક ૬૪**

(માલિની)

**अनिशमतुलबोधाधीनमात्मानमात्मा**
**सहजगुणमणीनामाकरं तत्त्वसारम्।**
**निजपरिणतिशर्माम्भोधिमज्जन्तमेनं**
**भजतु भवविमुक्त्यै भव्यताप्रेरितो यः॥ ६४॥**

**શ્લોકાર્થ** : જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય, તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો - કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે, જે સહજગુણમણિની ખાણ છે, જે (સર્વ) તત્ત્વોમાં સાર છે અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે. ॥૬૪॥

**લાયક જીવો સંસારથી પાર થવા માટે નિરંતર શુદ્ધ આત્માને ભજો.**

જે જીવો મોક્ષને લાયક છે તેમ જ પોતાની યોગ્યતાથી જેમને પ્રેરણા થઈ છે તે જીવો ભવથી છૂટવા માટે આ આત્માને ભજો. મારો મોક્ષ થશે કે નહિ તેમ ભગવાનને પૂછવા જવું ન પડે. અહો

! મારો ચૈતન્ય આત્મા અલ્પકાળમાં મુક્તિ પામશે. બોધિબીજ કહો કે સમ્યગ્જ્ઞાન કહો - તે ચૈતન્યમાંથી આવે છે. તે બોધિબીજમાંથી કેવળજ્ઞાન પ્રગટશે એવી પ્રેરણા લાયક જીવને પોતાના અંતરમાંથી મળી છે, કોઈ બીજાથી પ્રેરણા મળી નથી. પોતાને મુક્તિના ભણકારા વાગતા હોય તેવા જીવો સંસારથી પાર થવા માટે શુદ્ધ આત્માને નિરંતર ભજો. ધર્મીને નિર્વિકલ્પદશા વખતે પોતાના આત્મભગવાનમાં સ્થિરતા હોય છે ને રાગ હોય ત્યારે ભગવાન ઉપર લક્ષ જાય છે પણ ભગવાનથી કલ્યાણ થશે એવી દૃષ્ટિ એક સમય પણ હોતી નથી. પુણ્ય, પાપ કે નિમિત્તની મુખ્યતા કદી પણ ન કરો પણ શુદ્ધ સ્વભાવની મુખ્યતા કરો; જાગતા હો, ઉંઘતા હો, ખાતા હો, પીતા હો, આ ક્ષેત્રે હો કે બીજે ક્ષેત્રે હો - ગમે તે ક્ષેત્રે હો. પોતાના શુદ્ધ સ્વભાવની રુચિ ને એકાગ્રતા કરો. તેની મુખ્યતા કદી પણ જવા દેશો નહિ.

**પ્રશ્ન** : તે પછી અમારે વ્રત, તપ, ઉપવાસ વગેરે ક્યારે કરવા ?

**સમાધાન** : તે બધું તેમાં આવી જાય છે. શુદ્ધ સ્વભાવની એકાગ્રતા કરતાં રાગનો અભાવ થઈ જાય છે. તેમાં કયા કયા પ્રકારના શુભ રાગનો અભાવ કરી શુદ્ધતા પ્રગટ થઈ તેના ભેદ બતાવે છે. વ્રત, તપ, ઉપવાસ, બાર ભાવના, બાવીસ પરિષહ, નિર્દોષ આહારનો વિકલ્પ, જાત્રા, વિનય, પાંચ સમિતિ વગેરે શુભ રાગ અનેક પ્રકારના આવે છે, તે જાણવા માટે છે, લાભદાયક નથી. શુદ્ધ સ્વભાવમાં લીનતા થતાં ભેદોનો અભાવ થઈ જાય છે, માટે એકાગ્રતા એ જ ધર્મ છે.

**શુદ્ધાત્મા જ્ઞાન-દર્શનાદિ સહજગુણમણિની ખાણ છે, તેમાં રત્નત્રય પાકે છે.**

કેવો છે શુદ્ધ આત્મા ? જેને ઉપમા ન આપી શકાય એવા ત્રિકાળી જ્ઞાનને આધીન છે. કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રને આધીન નથી, પુણ્ય-પાપને આધીન નથી, જે સહજ અનંતા ગુણોની ખાણ છે. કોલસા બદલતાં હીરા થાય એમ મણિ વગેરે નવી બન્નેની અવસ્થા છે, જ્યારે આત્માના ગુણોની ખાણ નવી નથી, સ્વાભાવિક જ્ઞાન-દર્શનરૂપ ગુણમણિની ખાણ છે, તેનું ભાન કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણ રત્નો પ્રગટ થાય છે. તે ક્યાંથી પાકે છે ? સહજગુણમણિની ખાણમાંથી પાકે છે.

**શુદ્ધ આત્મા બધા તત્ત્વોમાં સાર છે ને તે નિજ પરિણતિના સુખસાગરમાં લીન થાય છે.**

વળી કેવો છે શુદ્ધ આત્મા ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ - નવ તત્ત્વોમાં શુદ્ધ જીવતત્ત્વ સારરૂપ છે. સંવર-નિર્જરા અધૂરી પર્યાય છે ને મોક્ષ પૂર્ણ પ્રગટ પર્યાય છે પણ તે બધી પર્યાય પ્રગટવાનો આધાર કારણપરમાત્મા છે. તેમાંથી આ પર્યાયો પ્રગટે છે. વળી ત્રિકાળી ભગવાન આત્મા પોતાની પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે. ક્ષીરસાગર છે. તેનું પાણી દૂધના રંગ જેવું છે ને તે રૂપે દેખાય છે. તેમ આત્મસાગર પોતાના સુખ-આનંદમાં લીન થાય છે.



આવા આત્માને ભજવાનું કહે છે. ત્રિકાળી આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તે આત્માનું ભજન છે.

**શ્લોક ૬૫**

(द्रुतविलंबित)

**भवभोगपराङ्मुख हे यते**
**पदमिदं भवहेतुविनाशनम्।**
**भज निजात्मनिमग्नमते पुन-**
**स्तव किमध्रुववस्तुनि चिन्तया ॥ ६५ ॥**

**શ્લોકાર્થ** : નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી ને ભોગથી પરાઙ્મુખ થયેલા હે યતિ ! તું ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ; અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે ? ॥ ૬૫ ॥

અહીં મુનિને ઉદ્દેશીને વાત કરે છે. કેવા છે તે સાધુ ? પોતાના શુદ્ધ આત્મામાં સ્થિર રહેવાની ઈચ્છાવાળા છે, ચાર ગતિના ભવો મારામાં છે જ નહિ એવી શ્રદ્ધાપૂર્વક સ્વભાવસન્મુખ થયેલા છે. એવા મુનિને કહે છે કે હે મુનિ ! મિથ્યાત્વ, રાગ ને દ્વેષ ભવના હેતુ છે. આનંદકંદ શુદ્ધ આત્મપદને સેવવાથી મિથ્યાત્વ ને રાગદ્વેષનો વિનાશ થાય છે માટે તેની સેવના કર. તેથી ભવનો નાશ થશે. દેવ-ગુરુ-શાસ્ત્રનું સેવન, રાગપર્યાયનું કે અધૂરી નિર્મળ પર્યાયનું સેવન નહિ પણ સ્વભાવનું સેવન કર. તારા સ્વભાવથી જેટલી વસ્તુ બહાર છે તે બધી અધ્રુવ છે, પુણ્ય, વ્યવહાર, વિકલ્પ અનિત્ય છે - અધ્રુવ છે. તેનાથી શું પ્રયોજન છે ? તારા આત્માને તેનું પ્રયોજન નથી માટે ધ્રુવ શુદ્ધ આત્માને તું ભજ.

**આસો વદ ૧૩, રવિવાર, ૨૮-૧૧-૫૧.**

આજે ધનતેરશનો દિવસ છે. ગાય વગેરે દૂધ આપે, તેના વાછડાં ખેતીમાં કામ આવે વગેરે કારણસર લૌકિકમાં ગાયને પૂજવાનો આજે દિવસ ગણાય છે. પણ તે તો બધો સંસાર છે. તેમાં માલ નથી. તેવી પૂજાથી કે બહારના ધનથી કાંઈ વળે તેવું નથી. આત્મામાં એવું ધન ભર્યું છે કે જેની પૂજા કરવાથી પોતાની પર્યાયનું પ્રતિપાલન થાય છે, તેનું રાગ-દ્વેષથી રક્ષણ થાય છે. એટલા માટે આ શ્લોક ૬૬માં નિજાત્મતત્ત્વ કેવું છે તે કહે છે.

**શ્લોક ૬૬**

(द्रुतविलंबित)

**समयसारमनाकुलमच्युतं**
**जननमृत्युरुजादिविवर्जितम्।**
**सहजनिर्मलशर्मसुधामयं**
**समरसेन सदा परिपूजये॥ ६६॥**

**શ્લોકાર્થ :** જે અનાકુળ છે, અચ્યુત છે, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે, સહજ નિર્મળ સુખામૃતમય છે, તે સમયસારને હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું. ॥ ૬૬ ॥

**જેમ લૌકિકમાં કહેવાય છે કે ધ્રુવ તારો પોતાનું સ્થાન છોડતો નથી તેમ ધ્રુવ સ્વભાવ પોતાનો શુદ્ધ સ્વભાવ કદી છોડતો નથી.**

કેવું છે તત્ત્વ ? એક સમયની પર્યાયના રાગ વિનાનું આનંદમય છે - અનાકુળ છે. વર્તમાન પર્યાયમાં રાગદ્વેષ છે તે ક્ષમાની વિકૃતિ બતાવે છે. વિકૃતિ પાછળ ક્ષમાસાગર કાયમી અનાકુળ શાંતસ્વરૂપે રહેલું છે. આકુળતા કાયમી સ્વભાવ હોઈ શકે નહિ. આત્માનો કાયમી સ્વભાવ શાંત ને અનાકુળ છે.

વળી તે શુદ્ધતત્ત્વ અચ્યુત છે. વિકાર ખસી જાય છે પણ શુદ્ધ સ્વભાવ કદી ખસતો નથી. વળી શુદ્ધ સ્વભાવ કદી જન્મતો નથી, મરતો નથી તેમ જ તેને રોગાદિ હોતા નથી. રોગ, શોક, ઉપાધિ મૂળ સ્વભાવમાં નથી.

સંસારના લોલૂપી જીવો કહે છે કે 'કામકાજ આડે અમે મરવા પણ નવરા નથી' -આવા જીવોને તીવ્ર કષાયનો ભાવ વર્તે છે. તેવા જીવને ધંધાની પેઢી સારી ચાલતી દેખાતી હોય તો પણ તે જીવ કષાયની ધીકતી પેઢી ચલાવી રહ્યો છે. ક્રોધ, માન, માયા, લોભના પરિણામ કરીને રખડવાનો લાભ મળે છે. પર્યાયબુદ્ધિમાં જીવ રોકાયો તેને ધ્રુવ બુદ્ધિ થતી નથી. જીવના શુદ્ધ સ્વભાવમાં હરખ શોકની ઉપાધિ નથી. લૌકિકમાં જેમ કહેવત છે કે ધ્રુવ તારો પોતાનું નિશ્ચિત સ્થાન છોડતો નથી તેમ આત્માનો ધ્રુવ સ્વભાવ પોતાની શુદ્ધતાનું સ્થાન કદી છોડતો નથી. રાગદ્વેષ આવા થશે અથવા રાગ કેવો કરવો તેનું તારે શું પ્રયોજન છે ? કાંઈ નથી. માટે આત્મા અનાકુળ છે, રોગાદિથી રહિત છે તેની દૃષ્ટિ કર.

વળી આત્મા સ્વાભાવિક નિર્મળ સુખ અમૃતમય છે. જેમાં જરા પણ દુઃખ નથી એવો સુખનો ભરેલો શુદ્ધ આત્મા છે. વર્તમાન પર્યાયને ગૌણ કરી ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ કરાવે છે.



**જે જીવ શુદ્ધ આત્મારૂપી લક્ષ્મીને ઉપશમરસ વડે ભજે છે એ જ ખરી ધનતેરશ ઉજવે છે.**

મુનિ કહે છે કે આવા શુદ્ધ આત્માને હું સમરસભાવથી પૂજું છું. સમયસાર શાસ્ત્રની વાત નથી પણ સમયસાર કહેતાં શુદ્ધ આત્માને પૂજું છું. દેવ-ગુરુને નહિ, પુણ્યને નહિ, એક સમયની પર્યાયને પણ નહિ, પણ એકલા શુદ્ધ આત્માને પૂજું છું. ધનતેરશમાં અજ્ઞાની જીવો ધનની પૂજા કરે છે ને દૂધ, દહીં, ખાંડ વગેરે રસ ખાય છે પણ તેમાં કાંઈ માલ નથી, તે તો બધી આકુળતા છે. આત્મા ત્રિકાળ શુદ્ધ છે તેને પુણ્ય-પાપ વિનાના ઉપશમરસ વડે પૂજું છું, આત્મા તરફ વળું છું. આ શમરસથી પૂજા છે. જેમ ભગવાન ઉપર અભિષેક કરે છે તેમ ત્રિકાળ સ્વભાવ ભગવાન ઉપર શમરસ વડે અભિષેક કર તે ભગવાનની ખરી પૂજા છે. આ સ્વરૂપ લક્ષ્મીરૂપી ધનની પૂજા છે તેણે ધનતેરસ ઉજવી કહેવાય.

**શ્લોક ૬૭**

(इंद्रवज्रा)

**इत्थं निजज्ञेन निजात्मतत्त्व-**
**मुक्तं पुरा सूत्रकृता विशुद्धम्।**
**बुद्ध्वा च यन्मुक्तिमुपैति भव्य-**
**स्तद्भावयाम्युत्तमशर्मणेऽहम् ॥६७॥**

**શ્લોકાર્થ :** એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે (આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવે) જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું અને જેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે, તે નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું. ॥ ૬૭ ॥

**ટીકાકાર મુનિરાજ સિદ્ધપદની પ્રાપ્તિ અર્થે શુદ્ધ આત્મતત્ત્વને ભાવે છે.**

આ રીતે આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવે વિશુદ્ધ નિજ આત્મતત્ત્વનું વર્ણન કર્યું, તેને જાણીને લાયક જીવો મુક્તદશાને પામે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અથવા પરપદાર્થને જાણીને તે મુક્તિ પામે છે એમ કહ્યું નથી પણ પોતાને જાણીને મુક્તિ પામે છે એમ વાત કરી છે. પરથી ન જણાય તેવો ને સ્વથી જણાય તેવો જે શુદ્ધ આત્મા તેને હું ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે ભાવું છું.

સિદ્ધના પરમ સુખની વાત કરે છે, લોકમાં સુખ નથી. મુનિરાજ કહે છે કે મારે બીજું કાંઈ કામ નથી, અંતર એકાગ્રતા કરી સિદ્ધપદ પામું એવી ભાવના છે. ભવિષ્યમાં ભગવાન મળે એવી અથવા શુભભાવ કરું એવી ભાવના મુનિ કરતાં નથી. ભક્તિમાં કથન આવે કે ''હે પ્રભુ ! ભવોભવ તમારા ચરણકમળની સેવા હજો.'' તે કથન નિમિત્તથી છે. ત્યાં પણ શુદ્ધ સ્વભાવની એકાગ્રતાની માગણી છે. પણ રાગ છે એટલે પ્રભુ ઉપર આરોપ કરે છે. અહીં ટીકાકાર મુનિરાજ સિદ્ધપદની

પ્રાપ્તિ અર્થે શુદ્ધાત્માની ભાવના ભાવે છે.

### શ્લોક ૬૮

(वसन्ततिलका)

आद्यन्तमुक्तमनघं परमात्मतत्त्वं
निर्द्वन्द्वमक्षयविशालवरप्रबोधम्।
तद्भावनापरिणतो भुवि भव्यलोकः
सिद्धिं प्रयाति भवसंभवदुःखदूराम्॥ ६८॥

**શ્લોકાર્થ** : પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે, દોષ રહિત છે, નિર્દ્વંદ્વ છે અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. જગતમાં જે ભવ્યજનો તેની ભાવનારૂપે પરિણમે છે, તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે. ॥ ૬૮ ॥

**પરમ આત્મતત્ત્વ અનાદિઅનંત છે, નિર્દોષ છે ને ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.**

પુણ્ય, પાપ, સંવર, નિર્જરા વગેરે તત્ત્વો વિનાનું પરમાત્મતત્ત્વ છે. પુણ્ય, પાપ, સંવર, નિર્જરાનો અંત આવી જાય છે. વળી મોક્ષનો અંત આવતો નથી પણ તેની આદિ છે. શુદ્ધ સ્વાભાવિક તત્ત્વ આદિ ને અંત વિનાનું છે. પરમ આત્મતત્ત્વમાં દોષ નથી. વિકાર અગર દોષ એક સમયની પર્યાયમાં થાય છે, ત્રિકાળ તત્ત્વમાં દોષ નથી. વળી નિર્દ્વંદ્વ છે. આત્મા દ્રવ્યે શુદ્ધ છે ને પર્યાયે અશુદ્ધ છે એવા બે ભેદો - બે પાણું પરમતત્ત્વમાં નથી. વળી તે કદી પણ નાશ ન થાય તેવું અક્ષય, વિશાળ, ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. તેનું અવલંબન લેવું તે સારરૂપ છે.

**ભવ્ય જીવો શુદ્ધ પરમતત્ત્વની ભાવના ભાવીને મોક્ષદશાને પામે છે.**

નિમિત્તો તથા પર્યાયોને પલટાવવાની બુદ્ધિ, આવો રાગ કરું, આવું નિમિત્ત મેળવું તે બધી પર્યાયબુદ્ધિ છે ને સંસારનું કારણ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, કોઈનો ફેરફાર કરનાર નથી એવી સ્વભાવબુદ્ધિ થવી તે ધર્મનું કારણ છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કહો કે સ્વભાવબુદ્ધિ કહો એક જ છે. જે લાયક જીવો પોતાના શુદ્ધ આત્મામાં એકાગ્રતાને પામે છે તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધદશાને પામે છે. દેવ, શેઠ, રાજા વગેરે જન્મ-જરાથી દુઃખી છે. સર્વાર્થસિદ્ધિના દેવનો ભવ મળવો તે દુઃખ છે. કારણ કે એટલો રાગ છે તો રાગના ફળમાં ભવ મળે છે માટે જે લાયક જીવો શુદ્ધ આત્માને ભજે છે તે દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે.



### ગાથા ૪૪

**णिग्गंथो णीरागो णिस्सल्लो सयलदोसणिम्मुक्को।**
**णिक्कामो णिक्कोहो णिम्माणो णिम्मदो अप्पा॥ ४४॥**
**નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે;**
**નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.**

**અન્વયાર્થ** :- આત્મા નિર્ગ્રંથ, નીરાગ, નિઃશલ્ય, સર્વદોષવિમુક્ત, નિષ્કામ, નિઃક્રોધ, નિર્માન અને નિર્મદ છે.

**ટીકા** : અહીં આ ગાથામાં પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.

**૧) શુદ્ધ જીવ બાહ્ય-અભ્યંતર ચોવીસ પરિગ્રહોથી રહિત છે માટે નિર્ગ્રંથ છે.**

''શુદ્ધ જીવાસ્તિકાય બાહ્ય-અભ્યંતર ચોવીસ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ છે.''

અહીં જીવને શુદ્ધ જીવાસ્તિકાય કહ્યો છે. અસંખ્ય પ્રદેશાત્મક શુદ્ધ જીવ કહો, કારણપરમાત્મા કહો, ધ્રુવસ્વભાવ કહો - બધું એક જ છે. જે ક્ષેત્રમાંથી અથવા જેની એકાગ્રતાથી સમ્યગ્દર્શન પર્યાય પ્રગટે છે તે અસંખ્ય પ્રદેશી જીવ છે. તેમાં પરિગ્રહ નથી. બાહ્ય-અભ્યંતર ચોવીસ પરિગ્રહ હતા ને પછી છોડ્યા એવો અહીં અર્થ નથી. પરિગ્રહનો ત્યાગ કરવો તે પર્યાયમાં જાય છે. અહીં પર્યાયને ગૌણ કરી શુદ્ધ જીવની વાત ચાલે છે. ધન-ધાન્ય, દાસ-દાસી, કપડાં વગેરે દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ શુદ્ધ આત્મામાં નથી. રાગ-દ્વેષવાળી પર્યાયમાં તે નિમિત્તરૂપે હોય છે પણ અહીં શુદ્ધ સ્વભાવની વાત છે. શુદ્ધ સ્વભાવમાં બાહ્ય પરિગ્રહના નિમિત્તપણાનો અભાવ છે. વળી મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ ને હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય વગેરે નવ નોકષાય મળી ૧૪ અભ્યંતર પરિગ્રહ સંસારદશા વિષે એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવમાં તે અભ્યંતર પરિગ્રહ નથી. આવા પરિગ્રહ રહિત હોવાથી શુદ્ધ જીવ નિર્ગ્રંથ છે. અહીં નિર્ગ્રંથ એટલે મુનિદશા એવો અર્થ નથી પણ શુદ્ધ જીવ ત્રિકાળ નિર્ગ્રંથ સ્વરૂપ છે તેની વાત છે. જેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ થઈ પર્યાયમાં નિર્ગ્રંથતા પામે ને શરીરમાં પણ નિર્ગ્રંથતા-નગ્નદશા શરીરના કારણે થઈ જાય.

**૨) આત્મામાં સકળ મોહ-રાગ-દ્વેષનો અભાવ છે માટે આત્મા નીરાગ છે.**

''સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે.''

આત્માની સંસારદશામાં મોહ-રાગ-દ્વેષના પરિણામ પર્યાયમાં થાય છે. તેને ચેતનકર્મ કહ્યું છે. કારણ કે આત્મા તેવા પરિણામ પોતે કરે છે, કોઈ પરપદાર્થ કે નિમિત્ત કરાવતું નથી. જો જીવ રાગ-દ્વેષ કરે તો કર્મ, શરીર વગેરેને નિમિત્ત કહેવાય છે. પણ ત્રિકાળમાં તેવો સંબંધ નથી. અહીં તો શુદ્ધ

સ્વભાવમાં મિથ્યાત્વ, રાગ-દ્વેષ નથી માટે નીરાગ છે. એવા આત્માને શ્રદ્ધવો તે ધર્મનું કારણ છે.

**૩) શુદ્ધ આત્મા ત્રણ શલ્યોથી રહિત છે માટે નિઃશલ્ય છે.**

''નિદાન, માયા અને મિથ્યાત્વ -એ ત્રણ શલ્યોના અભાવને લીધે નિઃશલ્ય છે.''

કાંઈ પણ પુણ્યભાવ કરી દેવગતિ કે શેઠાઈ વગેરે પદવી માંગવી તે નિદાનશલ્ય છે. પોતાના સ્વરૂપમાં આડ મારવી તે - દંભ કરવો તે માયાશલ્ય છે. આત્માના શુદ્ધ સ્વભાવથી વિપરીત માન્યતા તે મિથ્યાત્વશલ્ય છે. આવા શલ્યો આત્માની એક સમયની પર્યાયમાં હોય છે. પણ શુદ્ધ સ્વભાવમાં નથી માટે આત્મા નિઃશલ્ય છે. એવા આત્માને ભજવો તે ધર્મનું કારણ છે.

**૪) શુદ્ધ આત્મામાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો અભાવ છે માટે તે સર્વદોષવિમુક્ત છે.**

''શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ જીવાસ્તિકાયને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો અભાવ હોવાને લીધે તે સર્વદોષવિમુકત છે.''

જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મો છે તે જડ છે. શરીર, મન, વાણી આદિ નોકર્મ છે, રાગદ્વેષના પરિણામ તે ભાવકર્મ છે. સંસારદશા વિષે પર્યાયમાં ભાવકર્મને દ્રવ્યકર્મ તથા નોકર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વ્યવહારનય એક સમયની પર્યાયનું જ્ઞાન કરાવે છે. તે જાણવા માટે છે પણ આદરણીય નથી. સાચી દૃષ્ટિથી એટલે ત્રિકાળ દૃષ્ટિથી જોવામાં આવે તો શુદ્ધ આત્મામાં દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મનો અભાવ છે તેથી આત્મા સર્વદોષવિમુક્ત છે. પર્યાયમાં દોષ છે ને સ્વભાવમાં નથી એમ અસ્તિ-નાસ્તિનું યથાર્થ જ્ઞાન થઈ જાય છે ને આવા સ્વભાવનો આશ્રય લેતાં પર્યાયનો દોષ ટળી જાય છે.

**૫) હું શુદ્ધ કારણપરમાત્મા છું એવી વાંછા પણ શુદ્ધ સ્વભાવમાં નથી માટે આત્મા નિષ્કામ છે.**

''શુદ્ધ નિશ્ચયનયથી નિજ પરમતત્ત્વની પણ વાંછા નહિ હોવાથી નિષ્કામ છે.''

પરપદાર્થોની વાંછા કરવી, નિમિત્તની, દેવ-ગુરુ-શાસ્ત્રની, વ્યવહારરત્નત્રયની ઈચ્છા પણ રાગ છે. તે પર્યાયમાં છે પણ શુદ્ધ સ્વભાવમાં નથી. વળી ત્રિકાળ સ્વભાવના આશ્રયે નિર્મળ રત્નત્રય પ્રગટે તેવી વાંછા પણ સ્વભાવમાં નથી પણ અહીં તો એથી આગળ કહેવું છે કે હું શુદ્ધ કારણપરમાત્મા છું, મારા આશ્રયે ધર્મદશા પ્રગટ થાય છે તેવી પરમતત્ત્વની વાંછા પણ રાગ છે. તે પર્યાયમાં હોય છે. પણ શુદ્ધ દૃષ્ટિથી જોવામાં આવે તો પરમતત્ત્વની વાંછા પરમતત્ત્વમાં નથી. જો સ્વરૂપમાં તેવી ઈચ્છા હોય તો સ્વરૂપ તેવી ઈચ્છાથી રહિત થઈ શકે નહિ. નિજતત્ત્વને ગ્રહણ કરું એ પણ રાગ છે. પરવસ્તુની તેમ જ દેવ-ગુરુની તો વાત નથી પણ પોતાના તત્ત્વને અંગીકાર કરું એ પણ રાગ છે, તેના વડે આત્મા પ્રાપ્ત થાય તેવો નથી. અહો ! કેટલી સરસ વાત કરી છે. જગતના જીવોને પ્રશસ્ત રાગ ગળે વળગ્યો છે. અહીં તો ઘણી સૂક્ષ્મ વાત કરી છે. પરવસ્તુને છોડવાની તો વાત



નથી પણ પોતે શુદ્ધ આત્મા છે એવો વિકલ્પ પણ શુદ્ધ આત્મામાં નથી. પરવસ્તુના ગ્રહણ-ત્યાગ તો આત્મામાં છે જ નહિ પણ શુદ્ધ સ્વભાવમાં રાગના ગ્રહણ-ત્યાગ પણ નથી. શુદ્ધ સ્વભાવ વાંછા રહિત છે. છતાં જે જીવ એમ માને છે કે હું રાગને ગ્રહું છું ને છોડું છું તેની દૃષ્ટિ પર્યાય ઉપર છે. કયા શુભ રાગને છોડવો ? વર્તમાન જે રાગ થયો તેને કેવી રીતે છોડવો ? ને ભવિષ્યનો રાગ તો પર્યાયમાં પણ નથી ને દ્રવ્યમાં પણ નથી, તેને શું છોડવો ? આ પ્રમાણે રાગને ગ્રહું કે છોડું એવું કારણપરમાત્મામાં નથી. કારણપરમાત્માના અસ્તિ સ્વભાવનું અવલંબન લેતાં રાગનો, વિકલ્પનો અથવા વાંછાનો અભાવ થઈ જાય છે માટે આત્મા નિષ્કામ છે.

**૬) સમસ્ત રાગ પરિણતિનો શુદ્ધ સ્વભાવમાં અભાવ છે માટે આત્મા નિઃક્રોધ છે.**

''નિશ્ચયનયથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્ય પરિણતિનો અભાવ હોવાને લીધે નિઃક્રોધ છે.''

દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગ તે પ્રશસ્ત છે ને સંસારનો રાગ અપ્રશસ્ત છે. આવા વિકારની પરિણતિ છોડવી તે દ્વેષ છે. આવો દ્વેષ એક સમયની પર્યાયમાં છે પણ દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો આવો દ્વેષ શુદ્ધ સ્વભાવમાં નથી. શુદ્ધ સ્વભાવમાં સમસ્ત પરદ્રવ્ય પરિણતિનો અભાવ વર્તે છે. પરવસ્તુના ત્યાગની તો વાત જ નથી પણ રાગને છોડું એવું પણ વસ્તુમાં નથી. વસ્તુસ્વભાવનું વલણ થતાં વિકાર ઉત્પન્ન થતો નથી તેને રાગ છોડ્યો એમ કહેવામાં આવે છે. પરમ શુદ્ધ તત્ત્વને ગ્રહણ કરું એવો રાગ સ્વભાવમાં નથી તે વાત નિષ્કામમાં આવી હતી ને રાગની વૃત્તિને છોડું એવો દ્વેષ સ્વભાવમાં નથી તે વાત નિઃક્રોધમાં આવે છે.

**શુદ્ધ સ્વભાવ નિશ્ચયનયનો વિષય છે ને તેના આશ્રયે વિકારનો અભાવ થઈ એકાગ્રતા પ્રગટે તે વ્યવહારનયનો વિષય છે.**

અજ્ઞાની જીવો ચિત્ત નિરોધ બાહ્યથી કરવા માંગે છે. બાહ્ય વસ્તુથી કે શરીરની ક્રિયાથી ચિત્તનો નિરોધ થતો નથી. મન તો જડ છે ને તેના લક્ષે થતો રાગ તે વિકાર છે, તે બન્નેનો આત્મામાં અભાવ છે. આત્મસ્વભાવ રાગદ્વેષ રહિત છે એમ તેની અસ્તિના જોરે રાગનો અભાવ થતાં ચિત્તનો નિરોધ થઈ જાય છે. પોતાનો શુદ્ધ આત્મા તે નિશ્ચયનયનો વિષય છે ને તેના આશ્રયે જે એકાગ્રતાની પર્યાય પ્રગટે તે વ્યવહારનયનો વિષય છે. અજ્ઞાની જે વ્યવહાર માને છે તેવો વ્યવહાર નથી. પર્યાયમાં રાગદ્વેષનો અભાવ થઈ એકાગ્રતાની પર્યાય પ્રગટે તેનું જ્ઞાન કરવું તે વ્યવહારનયનો વિષય છે.

**૭) શુદ્ધ આત્મામાં અપૂર્ણતા નથી તેથી તે પરનું અભિમાન કરતો નથી માટે આત્મા નિર્મમ છે.**

''નિશ્ચયનયથી સદા પરમ સમરસી ભાવસ્વરૂપ હોવાને લીધે નિર્માન છે.''

આત્મા ત્રિકાળ ઉપશાંત વીતરાગ સ્વરૂપ છે. આવો સમરસીભાવવાળો કોનું અભિમાન કરે? નિમિત્તનું, શુભ રાગનું કે ઊઘડેલી પર્યાયનું અભિમાન તો છે જ નહિ પણ હું આત્મા સમરસીભાવસ્વરૂપ

છું એવું પણ માન શુદ્ધ આત્મા વિષે નથી માટે આત્મા નિર્માન છે. જેમ લગ્ન વખતે વરરાજાને ગાદી ઉપર બેસાડે છે અને તેના વડીલો નીચે બેસે છે તેમ અહીં ચૈતન્ય ભગવાન ઊંચે પાટલે બેઠો છે, વીતરાગ ભગવાન પરપદાર્થોથી જુદો છે, પોતાની પર્યાયથી પણ ઊંચો છે. ભગવાન આત્મા કઈ રીત અધૂરો છે કે તે અભિમાન કરે ? ન જ કરે. માટે આત્મા નિર્માન છે.

**૮) શુદ્ધ આત્મા અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે. શુદ્ધ આત્મા એક જ ઉપાદેય છે.**

''નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાન લીધે નિર્મદ છે. ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું) વિરુદ્ધ સહજ સિદ્ધ નિત્ય નિરાવરણ નિજ કારણસમયસારનું સ્વરૂપ ઉપાદેય છે.''

શુદ્ધ આત્મા સદાય અંતર્મુખ વળેલો જ છે, કદી બહાર આવતો નથી. શુદ્ધ આત્માનું ભાન થઈ, અંતરાત્મા અંદર વળે છે તેની વાત નથી, પણ ત્રિકાળી ધ્રુવ સ્વભાવ સદાય અંતર વળેલો છે માટે નિર્મદ છે.

આ પ્રમાણે ઉપર કહ્યો તેવો વિશુદ્ધ, સહજ સિદ્ધ, નિત્ય, કોઈ પણ આવરણ વિનાનો, પોતાનો કારણશુદ્ધ આત્મા એક જ અંગીકાર કરવા જેવો છે, પુણ્ય-પાપ આદરવા જેવા નથી, શુદ્ધ સ્વરૂપ એક જ ઉપાદેય છે. આમ પોતાના શુદ્ધ પરમાત્માનો આશ્રય કરે તો ધર્મરૂપી કાર્ય પ્રગટે છે. માટે તે એક જ ઉપાદેય છે.

**આસો વદ ૧૪, સોમવાર, ૧૯-૧૦-૫૧.**

એવી રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ શ્રી પ્રવચનસારની ટીકામાં ૮મા શ્લોક દ્વારા કહ્યું છે કે :

(मन्दाक्रान्ता)

**इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-**
**भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः ।**
**सञ्चिन्मात्रे महसि विशदे मूर्छितश्चेतनोऽयं**
**स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव ॥**

**શ્લોકાર્થ** : એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા) તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે - એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો, પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.



**<u>શુદ્ધ આત્મા વિકારનો કર્તા નથી પણ વીતરાગી પરિણામનો કર્તા, કર્મ આદિ છ કારકોના ભેદો પણ શુદ્ધ આત્મામાં નથી.</u>**

આ સારરૂપ શ્લોક છે. આત્માનું કલ્યાણ કરવું હોય તેણે શું કરવું ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપી ચૈતન્યઘન છે. તેની અવસ્થામાં દયા, દાન, કામ, ક્રોધાદિના પરિણામ થાય છે તે ખરેખર આત્મા નથી. આત્મા તો શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવા ભાન ને સ્થિરતા દ્વારા પરપરિણતિ ઉત્પન્ન થતી નથી તેને પરપરિણતિનો ઉચ્છેદ કર્યો કહેવાય છે.

આત્મા જડ પદાર્થનો તેમ જ પર ચૈતન્યની અવસ્થાનો તો કર્તા નથી કારણ કે તે પરપદાર્થો છે. તે સ્વયં તેની અવસ્થારૂપ સમયે સમયે પરિણમન કરે છે. વળી આત્માની પર્યાયમાં જે શુભાશુભ પરિણામ થાય છે તેનો આત્મા કર્તા ને વિકાર આત્માનું કાર્ય એમ કર્તા-કર્મપણું પણ શુદ્ધ સ્વભાવમાં નથી. અહીં તો તેથી પણ સૂક્ષ્મ વાત છે.

આત્મા ત્રિકાળ શુદ્ધ છે એવા ભાન દ્વારા જે વીતરાગી પર્યાય પ્રગટે છે તેનો કર્તા આત્મા છે, વીતરાગી પરિણામ કર્મ છે, આત્મા વડે તે વીતરાગી પરિણામ કરાય છે માટે આત્મા કરણ છે, પોતે પોતાને ધર્મદશા આપે છે માટે આત્મા સંપ્રદાન છે, પોતામાંથી નિર્મળતા ઉત્પન્ન થાય છે માટે પોતે અપાદાન છે, ને પોતાના આધારે નિર્મળતા થાય છે માટે પોતે અધિકરણ છે. આમ છ કારકોના ભેદના લક્ષે ધર્મ થશે તેમ માનવું તે મિથ્યાશલ્ય છે. અહો ! ઘણી સૂક્ષ્મ વાત કરી છે. શરીર-મન-વાણી, દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે તો ધર્મ નથી, પુણ્ય પરિણામથી પણ ધર્મ નથી. પરંતુ પોતાના આધારે વીતરાગી પરિણામ પ્રગટશે એવા છ કારકોના ભેદ પાડી વિચાર કરવાથી રાગ થાય છે પણ ધર્મ થતો નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ અભેદ છે છતાં તેને ભેદવાળો માનવો ને તેના આધારે ધર્મ માનવો તે ભ્રાંતિ છે.

**જે જીવ છ કારકોની ભેદબુદ્ધિ ટાળી શુદ્ધ ચૈતન્યતત્ત્વને પ્રાપ્ત કરે છે, તે તેમાં લીન રહેતાં મુક્તદશાને પામશે.**

જે જીવ શુદ્ધ ચૈતન્યસ્વભાવનું અવલંબન લ્યે છે તેને ભેદ ઊઠતા નથી ને પરપરિણતિ ઉત્પન્ન થતી નથી. એટલે તેણે પરપરિણતિનો નાશ કર્યો ને કર્તા-કરણના ભેદોની-ભ્રાંતિનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. તે જીવે શુદ્ધ આત્મતત્ત્વને પ્રાપ્ત કર્યું છે.

લૌકિકમાં પૈસા પુણ્યને લીધે મળે છે, ડહાપણને લીધે મળતા નથી ને ડહાપણ હોય પણ પાપનો ઉદય હોય તો પૈસા ક્યાં ચાલ્યા ગયા એ ખબર પડતી નથી. પણ અહીં ધર્મમાં તો એક સમયમાત્ર પણ ડહાપણ વિના ચાલે તેમ નથી. એમ સાચા ડહાપણ વડે જે જીવ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે ને જાણવા-દેખવાના સ્વભાવમાં લીન રહે છે તે પોતાના સ્વાભાવિક મહિમાના પ્રકાશપણે સર્વદા

મુક્ત રહેશે. પરાશ્રયબુદ્ધિ-રાગબુદ્ધિ ટાળીને જે જીવ સ્વભાવબુદ્ધિ કરે છે તે પોતાના સ્વભાવમાં ત્રિકાળ લીન રહેતો થકો અનંતકાળ શુદ્ધ રહેશે તેને મુક્તદશા કહે છે.

વળી ૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૬૯**

(मन्दाक्रान्ता)

**ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तसंघातकात्मा**
**नित्यानन्दाद्यतुलमहिमा सर्वदा मूर्तिमुक्तः।**
**स्वस्मिन्नुच्चैरविचलतया जातशीलस्य मूलं**
**यस्तं वन्दे भवभयहरं मोक्षलक्ष्मीशमीशम्॥ ६९॥**

**શ્લોકાર્થ** : જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે, જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે, જે સર્વદા અમૂર્ત છે, જે પોતામાં અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે, તે ભવભયને હરનારા મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું. ॥૬૯॥

**ત્રિકાળ જ્ઞાનજ્યોતિરૂપ શુદ્ધભાવના આધારે મોક્ષ પ્રગટે છે માટે હું તો ઐશ્વર્યવાન સ્વામીને વંદું છું.**

આ શ્લોકમાં મોક્ષલક્ષ્મીના સ્વામી શુદ્ધ સ્વભાવને ટીકાકાર મુનિરાજ વંદન કરે છે. કેવો છે શુદ્ધ સ્વભાવ અથવા કારણપરમાત્મા ?

(૧) જેવી રીતે સૂર્ય ઊગતાં અંધકારનો નાશ થાય છે તેમ શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા થતાં પુણ્ય-પાપરૂપી વિકાર ઉત્પન્ન થતો નથી. શુદ્ધ ભાવ કેવો છે ? જ્ઞાનજ્યોતિ છે, જ્ઞાનરૂપ છે, તેમાં વિકારનો અનાદિથી અભાવ છે ને આવું ભાન થતાં પર્યાયમાં વિકાર ઉત્પન્ન થતો નથી એને પાપરૂપી અંધકારનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. મારો આત્મા જ્ઞાન-જ્યોતિ સ્વરૂપ છે એમ અસ્તિનું જ્ઞાન થતાં તેમાં અંધકારની નાસ્તિનું જ્ઞાન થઈ જાય છે. અસ્તિનું જ્ઞાન થવું તે નિશ્ચય છે અને નાસ્તિનું જ્ઞાન થવું તે વ્યવહાર છે.

(૨) જેનાથી મોક્ષકાર્ય પ્રગટે તે કારણપરમાત્મા કેવો છે ? નિત્ય, આનંદ, સુખ, જ્ઞાન, ચારિત્ર વગેરે અનંત શક્તિનો ધરનાર છે ને તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે.

(૩) શુદ્ધ આત્મા સ્પર્શાદિ વિનાનો છે એટલે કે સદાય અમૂર્ત છે.

(૪) વળી શુદ્ધ આત્મા પોતામાં સદાય એકરૂપ રહે છે, એકરૂપ શુદ્ધ છે તેથી ઉત્તમ શીલનું મૂળ છે.



(૫) આવા શુદ્ધ આત્મામાં ભવભય નથી. તેની શ્રદ્ધા કરવાથી ભવરહિત દશાની પ્રાપ્તિ થાય છે. આવા મોક્ષલક્ષ્મીના સ્વામી ત્રિકાળી શુદ્ધ દ્રવ્યને હું નમસ્કાર કરું છું.

નિમિત્તથી કે પુણ્ય-પાપના વિકારથી તો ધર્મ થતો નથી, એક સમયની શુદ્ધ પર્યાયમાંથી પણ ધર્મ થતો નથી. શુદ્ધોપયોગ ધર્મ છે ને તે ધર્મ પર્યાયમાં છે પણ શુદ્ધોપયોગરૂપ ધર્મની પર્યાય શુદ્ધોપયોગરૂપ પર્યાયમાંથી આવતી નથી પણ ત્રિકાળ શુદ્ધભાવ કે જે એકરૂપ છે તેના અવલંબને તે પ્રગટ થાય છે.

### ગાથા ૪૫-૪૬

**वण्णरसगंधफासा थीपुंसणउंसयादिपज्जाया।**
**संठाणा संहणणा सव्वे जीवस्स णो संति॥ ४५॥**

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं॥ ४६॥**

**સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને**
**સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.**

**જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.**

**અન્વયાર્થ** :- વર્ણ-રસ-ગંધ-સ્પર્શ, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ પર્યાયો, સંસ્થાનો અને સંહનનો - એ બધા જીવને નથી.

જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતનાગુણવાળો, અશબ્દ, અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ.

સમ્યગ્દર્શનનું ધ્યેય શુદ્ધ સ્વભાવ છે. આત્માના શુદ્ધ સ્વભાવમાં વર્ણ-રસ-ગંધ-સ્પર્શ નથી, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ અવસ્થાઓ, જુદા જુદા સંસ્થાન એટલે આકારો અને સંહનન એટલે શરીરની મજબૂતાઈ વગેરે શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં નથી.

જીવમાં રસ નથી, રૂપ નથી, ગંધ નથી, સ્પર્શાદિ ગુણવાળો નથી પણ જ્ઞાનસ્વરૂપ છે. શુદ્ધ આત્મામાં શબ્દ નથી. વળી તે કોઈ બાહ્ય ચિહ્ન, શરીરની નગ્ન અવસ્થા વગેરેથી પકડાય તેવો નથી અને તેને કોઈ સંસ્થાન નથી એવો શુદ્ધ આત્મા તું જાણ.

આ નિયમસારની ગાથા ૪૬, પ્રવચનસાર ગાથા ૧૭૨, સમયસાર ગાથા ૪૯, પંચાસ્તિકાય ગાથા ૧૨૭, ધવલ ભાગ ૩. પા.૨, ભાવપાહુડ ગાથા ૬૪ બધી એક જ છે. પ્રવચનસાર તથા સમયસારમાં આ ગાથાના અર્થો વિસ્તારથી થઈ ગયા છે તેથી અહીં વિસ્તાર કર્યો નથી.

**વિકાર કે અધૂરી પર્યાય મોક્ષનું કારણ નથી. શુદ્ધ સ્વભાવ કારણપરમાત્મા એક જ મોક્ષનું કારણ છે.**

**ટીકા** : અહીં (બે ગાથામાં) પરમ સ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્‌ગલિક વિકાર સમૂહ નથી એમ કહ્યું છે.



એક સમયના વિકાર વિનાના શુદ્ધભાવને કારણપરમાત્મા કહેલ છે. મોક્ષમાર્ગ ને મોક્ષ-એ પરમ સ્વભાવભૂત નથી, સંવર-નિર્જરા ને મોક્ષને પરદ્રવ્ય કહ્યા છે કારણ કે તેના લક્ષે રાગ થાય છે, ધર્મ થતો નથી. સંવર, નિર્જરા ને મોક્ષ પ્રગટવાનું કારણ નિત્ય ધ્રુવ સ્વભાવ છે. તે પરમ સ્વભાવભૂત છે. તેમાં સમસ્ત વિકારનો અભાવ છે. તે પુણ્ય-પાપના ભાવથી જાણાય તેવો નથી. કેવળી અથવા સિદ્ધ પરમાત્માની આ વાત નથી પણ જેના આધારે કેવળી અથવા સિદ્ધ કાર્યપરમાત્મા પ્રગટે એવો જે કારણપરમાત્મા-નિજ આત્મા છે તેની વાત ચાલે છે.

આ સ્વભાવ ત્રિકાળ અંતર્મુખ છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે. પુણ્ય-પાપ અશુદ્ધભાવ છે. સ્વભાવના આશ્રયે અશુદ્ધભાવનો નાશ થઈ શુદ્ધભાવ પ્રગટે તેની પણ અહીં વાત નથી પણ એકરૂપ અનાદિઅનંત શુદ્ધભાવનો આ અધિકાર છે. વિકારની બુદ્ધિ, પર્યાયની બુદ્ધિ, સંવર-નિર્જરા-મોક્ષની બુદ્ધિ તે બધી પર્યાયબુદ્ધિ છે, તે આત્માને લાભદાયક નથી, સ્વભાવ એકરૂપ ત્રિકાળ છે તેની બુદ્ધિ કરવી તે કલ્યાણનું કાર્ય છે.

**સ્પર્શ-રસ-ગંધ-વર્ણ, શરીરના આકારો, સંસ્થાન તથા સંહનન પુદ્‌ગલના ભેદો છે; શુદ્ધ જીવમાં તે નથી.**

ખરેખર ત્રિકાળી આત્મામાં લાલ, પીળા આદિ વર્ણો નથી. કોઈ અજ્ઞાની લોક કહે છે કે ધ્યાનમાં પીળું દેખાય છે તે આત્માનો સાક્ષાત્કાર છે. પણ તે ભૂલ છે. પીળું દેખાય તે તો રંગ છે, પુદ્‌ગલ છે; આત્મામાં તેનો અભાવ છે. આત્મામાં ખાટો, મીઠો આદિ રસ નથી. કેટલાક જીવો સુધારસને આત્માનો રસ કહે છે પણ ભાઈ, તે તો જડનો રસ છે, ચૈતન્યસ્વભાવમાં તે રસ નથી. શુદ્ધ આત્મામાં સુગંધ કે દુર્ગંધ નથી, સ્ત્રી, પુરુષ, નપુંસક વગેરે શરીરના આકારો આત્મામાં નથી. સમચતુરસ્ત્ર આદિ સંસ્થાનો આત્મામાં નથી, વજ્રવૃષભનારાચાદિ સંહનનો-મજબૂત હાડકાંવાળા શરીરો આત્મામાં નથી. તે બધા પુદ્‌ગલોને જ છે.

**એકેન્દ્રિય જીવોને મુખ્યપણે કર્મફળચેતના છે, એકલા દુઃખનો અનુભવ કરી રહ્યા છે.**

'સંસાર અવસ્થામાં સ્થાવર નામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે.'

મૂળ ગાથામાં **चेदणागुणम्** શબ્દ છે. તેમાંથી એકેન્દ્રિય જીવને કર્મફળચેતના છે. ત્રસ જીવને કાર્યસહિત કર્મફળચેતના છે ને કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના છે. -એમ ત્રણ પ્રકારે ટીકાકારે અર્થ કાઢ્યો છે.

એકેન્દ્રિય સ્થાવર જીવને કર્મફળચેતના છે. ચેતના = પરિણામમાં ચેતાઈ જવું. બટેટાના જીવો તથા ઝાડના જીવો પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન ચૂકેલ છે, તેથી શુદ્ધ સ્વભાવને અનુભવતા નથી પણ એકલા વિકારી ફળને અનુભવે છે. નિગોદનો જીવ શરીરને તો અનુભવતો નથી પણ પરને

હું ભોગવું છું એવી મિથ્યા માન્યતાને તથા વિકારને અનુભવે છે. એકેન્દ્રિય જીવને વિકાર હું કરું છું એવો ભાવ ગૌણ છે, તેઓ મુખ્યપણે દુઃખનો અનુભવ અથવા ભોગવટો કરી રહ્યા છે.

**ત્રસ જીવો વિકારી પરિણામના કાર્યસહિત હરખ-શોકને ફળરૂપે અનુભવે છે.**

'ત્રસ નામકર્મયુક્ત સંસારી જીવને કાર્ય સહિત કર્મફળચેતના હોય છે.'

બેઈન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવો ત્રસ છે. તેમાં કીડી, ઈયળ, માંકડ, ઢોર, નારકી, દેવ, મનુષ્ય આવી જાય છે. તે જીવો વિકારી પરિણામના કાર્યસહિત હરખ-શોકને અનુભવે છે. અજ્ઞાની જીવ માને છે કે ખાવાપીવાના પદાર્થોને તથા પૈસાને અમે ભોગવીએ છીએ. પણ એમ બનતું નથી. કોઈ જીવ પરપદાર્થને ભોગવતો નથી. પણ પરપદાર્થથી મને સુખ છે અથવા દુઃખ છે એવા વિકારી પરિણામને કરે છે ને હરખ-શોકને ભોગવે છે. કાર્યસહિત કર્મફળચેતનાને ભોગવે છે. દયા કરું, દાન કરું અથવા અશુભભાવ કરું એવા પરિણામમાં ચેતાઈ જાય છે ને હરખ-શોકના ફળનો અનુભવ કરે છે.

આ પ્રમાણે કર્મફળચેતના અને કાર્યસહિત કર્મફળચેતના-બન્ને અધર્મફળ છે ને સંસાર છે.

**સિદ્ધ તથા કેવળી ભગવંતોને કેવળજ્ઞાનરૂપી પૂર્ણ કાર્યશુદ્ધચેતના પ્રગટી છે.**

'કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે.'

આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવા કારણપરમાત્માનો આશ્રય કરી, તેમાં વિશેષ સ્થિરતા કરી પોતામાં કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ દશા પ્રગટ કરી તેને કાર્યપરમાત્મા કહે છે. તે કાર્યપરમાત્મા કેવળી અને સિદ્ધ છે. ઉપર મિથ્યાદષ્ટિ જીવની વાત કર્યા પછી આત્માનું ભાન કરી, જેઓ કાર્યને હજી સાધી રહ્યા છે તેવા સાધકોની વાત ન લીધી. સાધકને જ્ઞાનચેતના હોય છે, પણ અંશે વિકાર અને અધૂરાશ છે તેથી પરિપૂર્ણ શુદ્ધજ્ઞાનચેતના હોતી નથી. તેથી સાધકની વાત ગૌણ કરી. અહીં પૂર્ણ કાર્યરૂપ જ્ઞાનચેતના પ્રગટ કરી છે તેવા કેવળી તથા સિદ્ધ ભગવાનની વાત લીધી છે. કેવળી તથા સિદ્ધ ભગવંતોને કારણશક્તિરૂપ જ્ઞાનચેતના હતી તેમાંથી કાર્ય પ્રગટી ગયું છે. તેમને એકલા જ્ઞાનનો અનુભવ છે.

**અભવી તથા નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોને કારણશુદ્ધ જ્ઞાનચેતના હોય છે.**

હવે કારણપરમાત્માને પણ શુદ્ધ જ્ઞાનચેતના હોય છે તેની સ્પષ્ટતા. કારણપરમાત્મા એટલે શક્તિરૂપ શુદ્ધ સ્વભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના જીવોમાં તે એકરૂપ પડ્યો છે. ત્રિકાળ એકરૂપ ભગવાનને કર્મચેતના નથી, કર્મફળચેતના નથી તેમ જ અધૂરી શુદ્ધજ્ઞાનચેતના નથી. પણ શુદ્ધજ્ઞાનચેતના ઉત્પાદ-વ્યય વિનાની એકરૂપ બધા જીવોને હોય છે. તારે ધર્મ અને આનંદ પ્રગટ કરવો હોય તો આત્મામાં જ્ઞાન અને આનંદ એકરૂપ પડ્યો છે તેનું અવલંબન લે. જે પદાર્થ હોય તે કોઈને લીધે હોય ? ને



હોય તો એક સમય પૂરતો હોય ? ના, આત્મપદાર્થ કોઈને લીધે નથી, તેમ જ આદિ અંત વિનાનો છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં શુદ્ધજ્ઞાનચેતના છે, ગુણ તો ત્રિકાળ છે. અહીં ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવ એકરૂપ પર્યાય -શુદ્ધજ્ઞાનચેતના જે ત્રિકાળ પડી છે તેની વાત કરે છે. તેના આધારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા અથવા કાર્યશુદ્ધજ્ઞાનચેતના પ્રગટે છે. નિગોદના જીવો, મિથ્યાદષ્ટિ જીવો, તેમ જ અભવી જીવોમાં પણ કારણશુદ્ધજ્ઞાનચેતના સદાય પડી છે. તેમાં ફેરફાર નથી. જે કારણ સેવવાથી કાર્ય પ્રગટે તે કારણપર્યાયશુદ્ધજ્ઞાનચેતના. ત્રિકાળ એકરૂપ પર્યાય કે જે ઉત્પાદ-વ્યય વિનાની છે તેની વાત ચાલે છે. મિથ્યાદષ્ટિ જીવોને આનું ભાન નથી ને કારણનો આશ્રય કરતાં નથી તેથી તેમને કાર્યરૂપ ફળ આવતું નથી.

**સિદ્ધ તથા કેવળી ભગવંતોને શુદ્ધજ્ઞાનચેતના હોવાથી તેઓ ફળરૂપ પરમ આનંદને ભોગવી રહ્યા છે.**

'તેથી જ કાર્યસમયસારને કે કારણસમયસારને સહજ ફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.'

કાર્યસમયસાર = કેવળી તથા સિદ્ધ ભગવંતોને પરિપૂર્ણ જ્ઞાનચેતના પ્રગટી છે તેથી તેના ફળરૂપે તેઓ નિરાકુળ આનંદને ભોગવે છે. સંસારદશામાં નિગોદનો જીવ વિકારના ફળમાં, હરખ-શોકના અનુભવમાં રોકાયો છે. ત્રસજીવ કર્મસહિત હરખ-શોકને ફળરૂપે ભોગવે છે. સિદ્ધ તથા કેવળી ભગવંતો પૂર્ણ નિરાકુળ આનંદ ભોગવે છે. કેવળી ભગવંતોને શુદ્ધજ્ઞાનચેતના છે તેથી જ સહજ ફળરૂપ એટલે આનંદદશા હોય છે. જ્ઞાન ને આનંદનો અવિનાભાવી સંબંધ બતાવ્યો (સાધકની વાત ગૌણ કરી છે). કેવળી તથા સિદ્ધ ભગવંતો જ્ઞાનચેતનાના કાર્ય સહિત આનંદના ફળને અનુભવે છે.

**નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોને ત્રિકાળી કારણશુદ્ધચેતના છે તેથી તેમાં સહજ ફળ આનંદ અનાદિ-અનંત રહેલો છે.**

હવે કારણસમયસારને પણ સહજ ફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. ત્રિકાળ કારણપરમાત્મા જે નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવો છે તે બધાને સહજ ફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. જે ફળ પ્રગટે - ઉત્પાદવાળું તે તો કાર્યસમયસારને હોય છે તે કહેવાઈ ગયું પણ ત્રિકાળ ફળ, ત્રિકાળ આનંદ એકરૂપ અનાદિઅનંત ઉત્પાદ-વ્યય વિનાનો બધા આત્મામાં રહેલો છે તે બતાવે છે. કારણપરમાત્માને શુદ્ધ જ્ઞાનચેતના અનાદિઅનંત એકરૂપ છે તેથી જ તેના ફળરૂપે આનંદદશા પણ ત્રિકાળ એકરૂપ છે. કોઈને પ્રશ્ન થાય કે ફળ તો ઉત્પાદ પર્યાયમાં હોય, આ ત્રિકાળી પર્યાયમાં ફળ કેવી રીતે ?

તો તેનું સમાધાન :- ભાઈ ! જેવી શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળી એકરૂપ છે તેમ આનંદ પણ ત્રિકાળી એકરૂપ છે. અહીં કારણપર્યાયની વાત ચાલે છે, ગુણની વાત નથી. કાર્યસમયસારને જે સહજ ફળ કહ્યું તે સાદિ અનંત છે ને અહીં કારણસમયસારને જે સહજ ફળ કહેવાય છે તે અનાદિઅનંત છે.

અહીં દ્રવ્યદષ્ટિનો વિષય બતાવે છે. તારે મોક્ષરૂપી કાર્ય પ્રગટ કરીને આનંદ જોઈતો હોય તો ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતના ને તેના ત્રિકાળ ફળ આનંદ સહિત કારણપર્યાય - ત્રિકાળ એકરૂપ રહેતી પર્યાય સહિતનો કારણપરમાત્મા અંતર ભર્યો પડ્યો છે તેના શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કર, તો મોક્ષમાર્ગ પ્રગટી મોક્ષદશા થશે.

## શ્રી મહાવીર નિર્વાણકલ્યાણક દિન

**આસો વદ ૧૫, મંગળવાર, ૩૦-૧૦-૫૧.**

**જે જીવ શુદ્ધ આત્માનું ભાન કરી તેમાં લીનતા કરી અંતર્મહોત્સવ ઉજવે છે તેણે ભગવાનનો નિર્વાણ મહોત્સવ ઉજવ્યો કહેવાય.**

આજે ભગવાન મહાવીરનો નિર્વાણકલ્યાણક દિન છે. આત્મા અનાદિનો છે ત્રિકાળ શુદ્ધ પરમ પારિણામિકભાવ કારણપરમાત્માનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરીને કેવળજ્ઞાન પ્રગટે છે. અંતર્શક્તિ સ્વભાવ ભર્યો છે, તે એકરૂપ ત્રિકાળ છે. તેના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે છે. મહાવીર ભગવાનને કેવળજ્ઞાન પહેલાં થયેલું હતું. આજે મોક્ષદશા પ્રગટ થઈ તેનો દિન છે. મોક્ષ એટલે પરિપૂર્ણ વ્યક્ત નિર્મળદશા. તે દિવસે નિર્વાણ મહોત્સવ ઈન્દ્રો વગેરે જીવોએ ઉજવ્યો હતો. ખરી રીતે જ્ઞાની જીવ પોતાના અંતર્મહોત્સવ ઉજવે છે, પરના મહોત્સવ ઉજવે છે તે નિમિત્તનું કથન છે. અહો આત્મા ! મહાવીર ભગવાન પૂર્ણાનંદદશા પામતાં જે સંસાર અનાદિનો હતો તે સાંત થઈ ગયો ને સાદિઅનંત મોક્ષદશા પ્રગટી તેમ હું પણ પર્યાયમાં પરિપૂર્ણ દશાને પામું એવી ભાવના આત્માના ભાન સહિત ભાવે છે. આમ અંતર્મહોત્સવ અંતરના ભાન સહિત ઉજવે છે. તેમાં બાહ્ય મહોત્સવ નિમિત્ત છે. મહાવીર ભગવાન અંતર્શક્તિ પ્રગટ કરી મુક્તિ પામ્યા એમ પોતે પોતામાં એકાગ્ર થાય તો તેણે નિર્વાણ મહોત્સવ ઉજવ્યો કહેવાય. તે જીવ મુક્તિ પામતાં ત્યાં અનંતકાળ સુધી રહેશે. તેને પછી અવતાર હોતો નથી.

વળી આજના દિવસે ગણધર ભગવાન ગૌતમસ્વામી જેઓ ચાર જ્ઞાનના ધણી હતા તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું છે તેનો પણ આજે દિવસ છે.

અહીં પણ આજે શુદ્ધજ્ઞાનચેતનાનો અધિકાર ચાલે છે.

પર્યાયદષ્ટિએ આત્માના ત્રણ પ્રકારો છે. (૧) કર્મફળચેતનાવાળા. (૨) કાર્ય સહિત કર્મફળ-ચેતનાવાળા. (૩) કાર્યશુદ્ધજ્ઞાનચેતનાવાળા.

આ ગાથામાં ત્રણ પ્રકારના આત્મા કહ્યા છે.

(૧) શુદ્ધ સ્વભાવથી જોવામાં આવે તો કારણપરમાત્મામાં શુદ્ધજ્ઞાનચેતના તથા જ્ઞાનનો આનંદ



પોતાના સ્વભાવ સાથે અનાદિઅનંત છે. આવો જ્ઞાન અને આનંદ તો બધા જીવોમાં છે. પણ આવું જેને ભાન નથી તેવા એકેન્દ્રિય જીવે પોતાની જ્ઞાનચેતનાની પર્યાયને વિકારના ફળમાં રોકી છે. તેથી તેને કર્મફળચેતના છે.

(૨) દ્વીઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો કે જેને શુદ્ધ સ્વભાવનું ભાન નથી તે પરના કે વિકારના કરવારૂપી કાર્ય સહિત હરખ-શોકના વેદનમાં રોકાણો છે, તેને કાર્યસહિત કર્મફળચેતના છે.

(૩) કેવળી તથા સિદ્ધ ભગવાન જે કાર્યસમયસાર છે (સાધકની વાત ગૌણ રાખી છે) તેમણે પોતાના શુદ્ધ આત્માના અવલંબને પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટ કરી હોવાથી તેમને શુદ્ધજ્ઞાનચેતના છે. તેમને કર્મચેતના કે કર્મફળચેતના હોતી નથી. આ ચેતના પ્રગટરૂપ શુદ્ધ અવસ્થા છે. આ પ્રકારે ત્રણ પ્રકારના આત્મા પર્યાયદષ્ટિએ કહેલ છે. વળી એક જ આત્મામાં પણ તે ત્રણ પ્રકાર ઉતરી શકે છે. જ્યારે જીવ એકેન્દ્રિય હતો ત્યારે હરખ-શોકના અનુભવમાં રોકાણો હતો. જ્યારે તે જ જીવ ત્રસ થયો ત્યારે કાર્ય સહિત હરખ-શોકનો ભોગવટો કરે છે ને તે જ જીવ પોતાના આત્માના શ્રદ્ધા, જ્ઞાન, લીનતા કરી કેવળજ્ઞાન પ્રગટ કરે ત્યારે એકલું જ્ઞાન રહી ગયું ત્યાં શુદ્ધજ્ઞાનચેતના પ્રગટરૂપે થઈ.

**કર્મચેતના, કર્મફળચેતના ને પ્રગટરૂપ શુદ્ધજ્ઞાનચેતના ત્રણે વ્યવહારનયના વિષયો છે. અનાદિઅનંત (કારણ) જ્ઞાનશુદ્ધચેતના નિશ્ચયનયનો વિષય છે.**

આ પ્રમાણે ત્રણ ભેદો પાડ્યા. બે વિકારી હરખ-શોકરૂપી કાર્યના તેમ જ જ્ઞાનકાર્યના -એમ ત્રણ ભેદો પ્રગટરૂપ છે ને તે વ્યવહારનયનો વિષય છે. કેવળી ભગવાનને તથા સિદ્ધ ભગવાનને શુદ્ધજ્ઞાનચેતના પ્રગટ થઈ જે સાદિ અનંતકાળ રહે છે. તે પણ વ્યવહારનયનો વિષય છે. તેનો વિષય જાણવા જેવો છે પણ અવલંબન કરવા જેવો નથી. કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના છે ને આનંદફળરૂપ ચેતના છે. તે બન્ને પ્રકારની ચેતના અનાદિઅનંત છે. આ જ્ઞાનચેતના અને આનંદચેતના નિગોદથી માંડીને બધા જીવોમાં હોય છે. ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવ સામાન્ય સાથે વિશેષ પર્યાય અનાદિઅનંત એકરૂપ રહે છે. આત્મા જ્ઞાન, આનંદ વગેરે ધ્રુવ શક્તિથી ભરેલો છે. તેની સાથે તેનું વિશેષ જે જ્ઞાનચેતના અને જ્ઞાનના ફળરૂપ આનંદચેતના છે તે અનાદિઅનંત છે. એમ સામાન્ય અને વિશેષ થઈને આખો કારણપરમાત્મા પૂરો થાય છે ને તે નિશ્ચયનયનો વિષય છે. તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને કેવળજ્ઞાન પ્રગટવાનું કારણ છે.

**સિદ્ધો તથા કેવળીઓને શુદ્ધજ્ઞાનચેતના સાદિ-અનંત છે. ને બધા જીવોને (કારણ-પરમાત્માને) શુદ્ધજ્ઞાનચેતના અનાદિ-અનંત છે.**

કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. સિદ્ધ તથા કેવળી ભગવાન

કાર્યપરમાત્મા છે. તેમને કેવળજ્ઞાનાદિ પર્યાયો પ્રગટ થઈ છે. તે સાદિ અનંતકાળ રહે છે. ભગવાન મોક્ષ પધાર્યા ને ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ્યું તે કાર્ય કહેવાય તે કાર્યપરમાત્મા છે. સાધકને અંશે શુદ્ધજ્ઞાનચેતના પ્રગટી છે પણ તેને ગૌણ રાખી છે, ને પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટી તેવા કાર્ય-પરમાત્માની વાત લીધી છે.

નિગોદથી સિદ્ધ સુધીના બધા જીવો કારણપરમાત્મા છે. તેમને શુદ્ધજ્ઞાનચેતના અનાદિઅનંત છે. તેમાં કર્મની, નિમિત્તની કે અશુદ્ધતાની અપેક્ષા નથી. તેના અવલંબને સમ્યગ્દર્શન, ચારિત્ર, શુક્લધ્યાન ને કેવળજ્ઞાન પ્રગટે છે. આજે દિવાળીનો દિવસ છે. દિ = વર્તમાનકાળ-સ્વકાળ. વર્તમાન પર્યાયને સ્વભાવ સન્મુખ વાળે તેણે દિવાળી ઉજવી કહેવાય. પુણ્ય, પાપ, વિભાવ નહિ, પર્યાય પણ નહિ. પણ કારણપરમાત્મા ત્રિકાળ એકરૂપ છે તેના આધારે ધર્મદશા થાય છે ને કેવળજ્ઞાન પમાય છે.

"સિદ્ધો તથા કેવળીઓને જ્ઞાન પરિપૂર્ણ પ્રગટ્યું છે તેથી તેના ફળરૂપે પરિપૂર્ણ આનંદ પ્રગટી ગયો છે." તેથી જ કાર્યસમયસારને તથા કારણસમયસારને સહજ ફળરૂપ જ્ઞાનચેતના હોય છે.

અહીં 'તેથી જ ' શબ્દ ઉપર ખાસ વજન છે. કાર્યપરમાત્માને તથા કારણપરમાત્માને શુદ્ધ જ્ઞાનચેતના હોય છે. તેથી જ તેમને સહજ ફળરૂપ શુદ્ધ જ્ઞાનચેતના હોય છે. એકેન્દ્રિય તથા ત્રસ જીવને હર્ષ શોકનું વેદન છે તેથી તેને આનંદચેતના રૂપી ફળ નથી. ત્રસ જીવોને દયા, દાન આદિની વૃત્તિ ઊઠે છે. તે તેને વિકારની એકાગ્રતાનું વેદન છે. તેથી તેને શુદ્ધજ્ઞાનચેતના કાર્યરૂપે નથી અને ફળ રૂપે આનંદનું વેદન નથી.

જે આત્મા પોતાની ત્રિકાળી શક્તિના અવલંબને શુદ્ધ ચેતનાને કાર્યરૂપે પ્રગટ કરે છે તેને આનંદનું ફળ હોય છે. કેવળી તથા સિદ્ધોને આનંદચેતના પ્રગટી છે, તેનો અનુભવ છે. ચેતવું એટલે એકાગ્ર થવું - અનુભવવું. પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થઈ તેઓ નિરાકુળ આનંદને અનુભવે છે. તેને કાર્યસમયસાર કહો, કાર્યશુદ્ધજીવ કહો, વ્યક્ત શુદ્ધપર્યાય કહો, ભગવાન આત્મા પૂર્ણ થયા કહો તે બધું એક જ છે. તે કાર્યસમયસારને શુદ્ધ જ્ઞાન તથા આનંદરૂપ ચેતના સાદિ અનંતકાળ સુધી રહે છે.

**બધા જીવોને કારણરૂપ શુદ્ધજ્ઞાનચેતના છે તેથી આનંદચેતના પણ છે, બન્ને અનાદિઅનંત છે.**

હવે કારણસમયસાર એટલે ત્રિકાળી શક્તિરૂપ શુદ્ધ આત્મા નિગોદથી માંડી બધા જીવોમાં હોય છે. તેને પણ શુદ્ધચેતના છે માટે સહજ ફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના એટલે આનંદ પણ છે. અહીં પ્રગટ આનંદની વાત નથી પણ અનાદિઅનંત સહજ એકરૂપ રહેલાં આનંદની વાત છે. આજે ભગવાનના મોક્ષના દિવસે લાડવા પીરસાય છે. દરેક આત્મા ભરચક જ્ઞાન-આનંદથી ભરેલા છે. સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ ત્રણે ભેદ છે. તે વ્યવહારનયનો વિષય છે. અનાદિઅનંત એકરૂપ પૂર્ણ જ્ઞાન-આનંદ સ્વભાવમાં ત્રણ ભેદો નથી. એક સમયની પર્યાયને ગૌણ કરી ત્રિકાળ અખંડ જ્ઞાનચેતના સહજઆનંદ ફળરૂપ



જ્ઞાનચેતના છે. તેના આધારે ભગવાન મહાવીર મોક્ષદશાને પામ્યા છે.

**ત્રિકાળી સામાન્યદ્રવ્ય તથા કારણપર્યાય સહિત આખો કારણપરમાત્મા દૃષ્ટિમાં લેવો તે ધર્મનું કારણ છે.**

આ નિયમસારનો બ્રહ્મઉપદેશ છે, અલૌકિક વાત છે. સમજતાં વાર લાગે તો પણ આ એક જ માર્ગ છે. કારણપરમાત્મા દરેક જીવ છે. અને તેમાં સદાય જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભરચક પડ્યા છે. તેના આશ્રયે-તેના શ્રદ્ધા-જ્ઞાનથી ધર્મ થાય છે. વેદાંતે પર્યાયને ઉડાડી દીધી છે ને બધા થઈને એક આત્મા કહે છે એવું વસ્તુસ્વરૂપ નથી. સંસારદશા એક સમયની પર્યાય છે. વ્યવહારનયે તે સત્ છે પણ દ્રવ્યદૃષ્ટિ કરાવવા તેને ગૌણ કરેલ છે, અભાવ કર્યો નથી. સંસાર, મોક્ષમાર્ગ, મોક્ષ એ વ્યવહારનયનો વિષય છે. તેને ગૌણ કરી પરમપારિણામિકભાવ અને તેનું વર્તમાન ધ્રુવ કારણપર્યાય તે સહિત આખો ધ્રુવ ભગવાન આત્મા શુદ્ધ પડ્યો છે. ઉત્પાદ-વ્યય વિનાની એકરૂપ રહેતી કારણપર્યાય તે વિશેષ અને ત્રિકાળી પરમપારિણામિકભાવ તે સામાન્યધ્રુવ. એ બેઉ થઈને આખો કારણપરમાત્મા દ્રવ્યાર્થિકનયનો વિષય છે. તેને દૃષ્ટિમાં લેવાથી ધર્મદશા પ્રગટે છે. અહીં શુદ્ધજ્ઞાનચેતના અને આનંદ-ચેતનાની પ્રધાનતાથી વાત છે. ઉત્પાદ-વ્યય વિનાની ત્રિકાળી ધ્રુવ કારણશુદ્ધચેતના તથા તેના ફળરૂપે સહજ આનંદચેતના દરેક જીવને હોય છે. અહો ! ટીકાકાર મુનિરાજે અધ્યાત્મની મસ્તીમાં ઘણી સૂક્ષ્મ ને અદ્ભૂત વાત નિયમસારમાં કહી છે. આવું કારણપરમાત્માનું ઝીણવટથી સ્પષ્ટ સ્વરૂપ બીજા કોઈ ગ્રંથમાં નથી. (બીજે ગૌણપણે છે.) મૂળ ગાથામાં ચેતનાગુણ શબ્દ છે તેમાંથી ટીકાકારે અદ્ભૂત ટીકા કરી છે.

**કયા કારણના આધારે જ્ઞાન અને આનંદરૂપી કાર્ય પ્રગટે છે ?**

તારે કાર્ય કરવું છે ને ? પર જીવો તથા પરપદાર્થોનું કરવું છે ? તો તે તારા અધિકાર બહારની વાત છે, તારે રાગનું કરવું છે ? તે તો અનાદિકાળથી કરતો આવ્યો છો, તેથી તો સંસાર ઊભો છે. ખરું કાર્ય તો જાણવાનું છે. તે તું કરી શકે છે. તો તે કાર્ય શેમાંથી આવશે ? કયા કારણને આધારે તે કાર્ય પ્રગટે તેમ છે ?

(૧) નિમિત્તો - પરપદાર્થોની તાકાત નથી કે તને જ્ઞાન-આનંદ આપે.

(૨) રાગ-વ્યવહારની તાકાત નથી કે તને જ્ઞાન-આનંદ આપે.

(૩) ઉઘડેલ અંશ-પર્યાયની તાકાત નથી કે તને જ્ઞાન-આનંદ આપે.

(૪) શુદ્ધજ્ઞાનચેતના ને ફળરૂપ આનંદચેતના અનાદિઅનંત કારણપરમાત્મામાં પડી છે. તેના શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતાથી કાર્યરૂપે શુદ્ધ જ્ઞાન-આનંદચેતના પ્રગટે છે. ભગવાનના દિવ્યધ્વનિમાં આ જ ઉપદેશ આવ્યો છે કે આ કારણપરમાત્માના આધારે સમ્યગ્દર્શન, ચારિત્ર, શુક્લધ્યાન, મોક્ષદશા

તથા આનંદદશા પ્રગટે છે.

આવી રીતે જ્યારે જીવ પોતામાં કાર્ય પ્રગટ કરે ત્યારે નિમિત્તથી કાર્ય થયું અથવા વ્યવહારથી નિશ્ચય થયો એમ ઉપચાર કથન કરવામાં આવે છે. અથવા મોક્ષમાર્ગથી મોક્ષ થયો એમ વ્યવહારે બોલાય છે. પણ નિશ્ચય વગર વ્યવહાર હોઈ શકે નહિ. મોક્ષરૂપી કાર્યનું ખરું કારણ તો ત્રિકાળી શુદ્ધસ્વભાવ છે. તે કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના તથા સહજ ફળરૂપ આનંદચેતના હોય છે. આ એક જ કારણ છે બીજું કોઈ કારણ નથી. માત્ર ઉપચારથી બીજાને કારણ કહેવાય છે.

**શુદ્ધ કારણપરમાત્મા સંસારમાં કે મોક્ષમાં સદાય એકરૂપ છે માટે તે શ્રદ્ધામાં લેવા જેવો છે.**

આથી સહજ શુદ્ધજ્ઞાનચેતનાસ્વરૂપ નિજ કારણપરમાત્મા સંસાર અવસ્થામાં કે મુક્ત અવસ્થામાં સર્વથા એકરૂપ હોવાથી ઉપાદેય છે એમ હે શિષ્ય તું જાણ ! આ ગાથાનો હવે છેવટ સાર બતાવે છે. શું ઉપાદેય છે ? કોની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે તેમ છે ? સ્વાભાવિક સહજ શુદ્ધ જ્ઞાયકસ્વભાવ જેની સાથે આનંદ રહેલો છે તે નિજ કારણપરમાત્મા જે સંસાર અવસ્થામાં કે મુક્ત અવસ્થામાં સર્વથા એકરૂપ છે તે જ ઉપાદેય છે, તે જ અંગીકાર કરવા જેવો છે. સંસાર અવસ્થા પહેલાં ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધી છે, તે અનાદિસાંત છે ને મોક્ષ અવસ્થા સાદિઅનંત છે. બન્ને અવસ્થામાં શુદ્ધ ચેતનાસ્વભાવ એકરૂપ છે. સિદ્ધદશા પ્રગટે ત્યારથી શુદ્ધજ્ઞાનચેતના નવી પ્રગટે છે. તે અનાદિઅનંત નથી. તે વ્યવહારનયનો વિષય છે તેથી જાણવા જેવો છે પણ આદરણીય નથી.

ચેતનામાં બાર પ્રકારના ઉપયોગ છે તે આદરણીય નથી. અજ્ઞાન અનાદિસાંત છે ને કેવળજ્ઞાન સાદિઅનંત છે, પણ આદરણીય નથી. દૃષ્ટિને દૃષ્ટિ આદરણીય નથી, દૃષ્ટિને શુક્લધ્યાન, કેવળજ્ઞાન કે સિદ્ધપદ આદરણીય નથી. દૃષ્ટિને તો સહજ કારણપરમાત્મા જે એકરૂપ છે તે જ આદરણીય છે.

**નિર્મળ પર્યાય પણ અસ્થિર છે. તેની સાથે નાતો રાખીશ નહિ. કારણપરમાત્મા જે એકરૂપ છે તેની સાથે નાતો રાખજે. શુદ્ધ સ્વભાવ જ ધર્મનું કારણ છે એમ તું જાણ.**

અહીં મુનિરાજ કહે છે કે હે શિષ્ય તું આમ જાણ ! સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી હોય, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય તો એકરૂપ કારણપરમાત્મા ઉપાદેય છે એમ તું જાણ ! કુંદકુંદાચાર્ય ભગવાનના વચનો નીકળ્યાં કે હે શિષ્ય તું જાણ ! જાણ ! તે ઉપરથી એમ નક્કી થાય છે કે શિષ્ય જાણી શકે તેવી તાકાતવાળો છે. વળી તું જાણ એમ કહ્યું છે. કેવળીઓ, મુનિઓ કે સંતો તને જ્ઞાન કરાવવા સમર્થ નથી. તેથી આચાર્ય ભગવાન આદેશ આપે છે કે તું જાણ ! ચૌદ પૂર્વનો સાર - ચાર અનુયોગનો સાર આમાં આવી જાય છે. લૌકિક પણ કહેવાય છે કે અસ્થિર વિચારના માણસ સાથે વેપાર, ધંધો



અથવા નાતો કરીશ નહિ, સ્થિર માણસ સાથે કરજે. તેમ અહીં કહે છે કે પર્યાય મલિન હો કે નિર્મળ હો પણ અસ્થિર છે. તેની સાથે નાતો રાખીશ નહિ. પણ સ્થિર એવો કારણપરમાત્મા અનાદિઅનંત એકરૂપ છે તેની સાથે નાતો રાખજે ને તે ધર્મનું કારણ છે એમ તું જાણ.

એવી રીતે એકત્વસપ્તતીમાં (શ્રી પદ્મનંદિ આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતી નામના અધિકારમાં ૭૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :

(मन्दाक्रान्ता)

**आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या**
**प्रत्यासत्तेर्भवति विकृतिः साऽपि भिन्ना तथैव।**
**कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे**
**भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत्॥**

**શ્લોકાર્થ** : મારું એમ મંતવ્ય છે કે -આત્મા જુદો છે ને તેની પાછળ જનારું કર્મ જુદું છે; આત્મા અને કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે; વળી કાળક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે. નિજ નિજ ગુણકળાથી અલંકૃત આ બધું યે જુદે જુદું છે (અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદા છે).

**જેમ કર્મ અને આત્મા જુદા છે તેમ વિકાર ને કારણપરમાત્મા જુદા છે માટે સ્વભાવદૃષ્ટિ કર.**

શ્રી પદ્મનંદી આચાર્ય કહે છે કે મારું એમ મંતવ્ય છે કે આત્મા જુદો છે ને કર્મ કે જે તેની પાછળ પાછળ પોતાના કારણે જાય છે, તેની સાથે કાંઈ સંબંધ નથી. આત્મા અને કર્મ એકક્ષેત્રે છે, અતિ નિકટ છે. અજ્ઞાની જીવ કર્મ ઉપર દૃષ્ટિ કરીને મિથ્યાત્વ, અજ્ઞાન, રાગદ્વેષ કરે છે. તે એક સમય પૂરતી અવસ્થા છે પણ શુદ્ધ સ્વભાવમાં તે નથી. જેવી રીતે આત્મા ને કર્મ જુદે જાદા છે, તેવી રીતે આત્મા ને વિકાર જુદે જુદા છે. એમ કહીને વિકાર ઉપરની દૃષ્ટિ ઉડાડી છે ને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરાવી છે. વિકાર, કર્મ ને નિમિત્તની રુચિ ન કર પણ ત્રિકાળી સ્વભાવની રુચિ કર એમ કહેવાનો આશય છે.

**આત્મા પરદ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જુદો છે. માટે સ્વ આત્મા સામે જો.**

વળી કાળ, એટલે દિવસ-રાત્રીથી તેમ જ બીજા દ્રવ્યોના ગુણો તથા પર્યાયોથી આત્મા જુદો છે. આત્મા બીજાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિરૂપે છે. દરેક દ્રવ્ય પોતપોતાના ગુણકળાથી શોભાયમાન છે. ને દરેક જુદે જુદું છે. માટે કોઈ દ્રવ્ય કોઈને મદદ કરતું નથી. ચાલવામાં ધર્મદ્રવ્ય મદદ કરે, સ્થિર રહેવામાં અધર્મદ્રવ્ય મદદ કરે તેમ બનતું નથી. દરેક દ્રવ્ય અસહાય છે. માટે પરદ્રવ્ય ઉપરની દૃષ્ટિ ઉઠાવ ને તું તારું સંભાળ. તારા કર્મ જુદા ને તારો વિકાર પણ તારા કારણપરમાત્માથી

જુદા છે. માટે શુદ્ધ દ્રવ્યની શ્રદ્ધા કર તો સુખી થઈશ.

વળી આ બે ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે.

**શ્લોક ૭૦**

(मालिनी)

**असति च सति बन्धे शुद्धजीवस्य रूपाद्**
**रहितमखिलमूर्तद्रव्यजालं विचित्रम्।**
**इति जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां**
**भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम्॥ ७०॥**

**શ્લોકાર્થ :** ''બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં), સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે.'' એમ જિનદેવનું શુદ્ધ વચન બુદ્ધપુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (-આ જગતપ્રસિદ્ધ સત્યને), હે જીવ તું સદા જાણ ! ॥ ૭૦ ॥

**બંધ હો કે ન હો આત્મા કર્મથી ત્રણે કાળે જુદો છે.**

સંસારદશા વખતે બંધનું નિમિત્ત પુદ્ગલ કર્મ હો કે મોક્ષદશા વખતે કર્મનો અભાવ હો પણ સમસ્ત વિચિત્ર મૂર્ત કર્મોનો સમૂહ શુદ્ધ જીવના રૂપથી જુદો છે. કર્મ ભલે એકક્ષેત્રે હો પણ આત્મા તેનાથી ત્રિકાળ જુદો છે. કર્મથી બંધાયેલો છું, આટલી સ્થિતિના, આટલા રસના, આ પ્રકૃતિના કર્મો બાંધ્યા તે વાત જવા દે. તારામાં કર્મોનો અત્યંત અભાવ છે. માટે મૂંઝાઈશ નહિ. એમ દેવાધિદેવનું શુદ્ધ વચન છે. ડાહ્યા પુરુષોને કહે છે. ભગવાન શુદ્ધ છે તેમનું વચન પણ શુદ્ધ છે. વ્યવહારના વચન ભલે હો - ગોમ્મટસારમાં ઘણી પ્રકારે કથન હોય પણ નિશ્ચયનયનું વચન શુદ્ધ છે. ને કહે છે કે આત્મા કર્મોથી ત્રણે કાળે જુદો છે માટે મૂંઝાઈશ નહિ. આખો કારણશુદ્ધપરમાત્મા તારે પડખે પડ્યો છે. મુનિરાજે કારણપરમાત્માના ગાણાં ગાઈને આ શ્લોક મુક્યો છે. જુઓ, આ દિવાળીના અમૃતના પીરસણાં પીરસાય છે.

**હે ભવ્ય ! તારો શુદ્ધ આત્મા કર્મથી ને વિકારથી જુદો છે એમ તું જાણ.**

આ જગપ્રસિદ્ધ વાત છે. અજ્ઞાની કે જેઓ આમ જાણતાં નથી તેને જગતમાં ગણ્યાં નથી. અહીં તો ડાહ્યા પુરુષો કહે છે કે હે લાયક જીવ ! તારો આત્મા કર્મથી અને વિકારથી સદાય જુદો છે એમ તું જાણ ! પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય એમ પહેલાં પછીની વાત જવા દે. તારે શાંતિ જોઈતી હોય, ધર્મ કરવો હોય તો કર્મથી ને વિકારથી આત્મા જુદો છે એમ તું જાણ ! નિશ્ચય સ્વભાવનું જ્ઞાન થતાં રાગનું, ઓછી પર્યાયનું, નિમિત્તનું વગેરે વ્યવહારનું જ્ઞાન થઈ જશે. જેને નિશ્ચયનું જ્ઞાન



નથી તેને વ્યવહાર હોતો નથી. ભગવાન મોક્ષ પધાર્યા તે પણ શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતાથી ગયા છે. અત્યારે આ જ વિધિથી જઈ રહ્યા છે ને ભવિષ્યમાં એ જ વિધિથી જશે. માટે તારો શુદ્ધ આત્મા કર્મથી ને વિકારથી જુદો છે એમ તું જાણ !

**કારતક સુદ ૧, બુધવાર, ૩૧-૧૦-૫૧.**

**એક સમયની વિકારી પર્યાયને ગૌણ કરે તો બધા સંસારી જીવો સિદ્ધ સમાન છે.**

આજે બેસતા વર્ષનો પ્રથમ દિન છે. સુપ્રભાત દિન છે. પોતાના શુદ્ધ આત્માનું ભાન કરી અંતર્શક્તિ પડી છે તે વ્યક્ત કરી કેવળજ્ઞાન પ્રગટ થાય તેને સુપ્રભાત કહે છે.

સંસારમાં રહેલા બધા આત્માઓ સિદ્ધ સમાન છે. લીંડી પીપરમાં ૬૪ પહોરી તીખાશ પ્રગટે તેવો સ્વભાવ શક્તિમાં ભરેલો છે. વર્તમાન એક સમયની ઓછી તીખાશ છે તેને ખ્યાલમાં ન લેતાં લીંડી પીપર શક્તિરૂપે ચોસઠ પહોરી છે. તલમાં તેલની શક્તિ ભરેલી છે. જેમ ગાડવામાં ભરેલું તેલ છુટું છે તેમ જ તલમાં રહેલા ખોળને ન જોતાં તલમાં તેલ શક્તિરૂપે ભરેલું માલુમ પડે છે. તેમ સિદ્ધ ભગવંતો પરમાત્મદશાને પામેલા અશરીરી શુદ્ધ પર્યાયને પામેલા ગાડવાના તેલની જેમ છે ને આ સંસારમાં રહેલાં આત્મામાં એક સમય પૂરતો જે વિકાર ભાગ છે તેને ગૌણ કરો તો બધા આત્મા અશરીરી સિદ્ધ જેવા શુદ્ધ જ છે. તલમાં તેલ ભર્યું છે તેમ સંસારી આત્મા શક્તિરૂપે પૂર્ણ જ છે.

**પોતાના આત્માના શ્રધ્ધા, જ્ઞાન ને એકાગ્રતાથી કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત ઊગે છે જે કદી અસ્ત પામતું નથી.**

આ બહુ ઊંચી વાત નથી, પ્રથમ ધર્મની વાત છે. લૌકિકમાં પ્રથમ નક્કી કરે છે કે તલમાં તેલ છે તો તલને પીલવાનો ભાવ કરે છે ને તેલ નીકળે તો તળવાના કામમાં આવે છે. રેતી પીલતા નથી કારણ કે રેતીમાં તેલ નથી. તેમ આત્મામાં આનંદ શક્તિ ભરી છે તે પ્રથમ નક્કી કરે, એક સમયના વિકારને ગૌણ કરે, તો જ્ઞાન-આનંદ વગેરેથી આત્મા ભરચક પડેલો છે એમ પ્રતીતિ કર્યા પછી તેમાં એકાગ્રતા કરે તો શક્તિમાંથી આનંદ વગેરે પર્યાયો વહે ને તેનો અનુભવ કરે. માટે આત્મા પરપદાર્થથી જુદો છે. કોઈનો કર્તા-હર્તા નથી. તેમ જ રાગદ્વેષ પણ મારું સ્વરૂપ નથી પણ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય એ જ મારું સ્વરૂપ છે. મારો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. જગતના પદાર્થોને તેમ જ મારામાં રહેલી અધૂરાશને તથા રાગને જાણવાનો તેનો સ્વભાવ છે એમ પ્રથમ નિર્ણય કરે તો સમ્યગ્દર્શન પ્રગટ થાય ને એકાગ્રતા કરે તો ચારિત્ર પ્રગટ કરીને કેવળજ્ઞાન થાય. જે સુપ્રભાત ઊગ્યું તે ફરીને આથમે નહિ. બેસતા વર્ષે માણસો સબરસ લ્યે છે પણ ખરો સબરસ - આત્મરસ આ છે. બેસતા વર્ષનો આ સબરસ છે.

## ગાથા ૪૭

**जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।**
**जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण।। ४७।।**
**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.**

**અન્વયાર્થ :-** જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે, જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે.

જેવા પરમાનંદ સ્વભાવને પામેલા સિદ્ધ ભગવાન છે તેવા સંસારી જીવો શક્તિરૂપે છે. અશરીરી સિદ્ધદશા પ્રગટ કરવાની તાકાત દરેક જીવમાં છે. આ ગાથામાં એક સમયની પર્યાયબુદ્ધિ છોડાવી છે. વસ્તુદૃષ્ટિથી જોવામાં આવે તો સંસારી જીવો પણ જન્મ, જરા, મરણથી રહિત છે. તેમજ આઠ ગુણોથી અલંકૃત ભર્યો પડ્યો છે. તેની પ્રતીતિ કરો તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થઈ સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે.

**શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી સંસારી ને મુક્ત જીવોમાં કાંઈ તફાવત નથી.**

**ટીકા :** શુદ્ધ દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.

શુદ્ધ જ્ઞાનસ્વભાવ જે જ્ઞાનનું પ્રયોજન છે અથવા જે જ્ઞાનનો અંશ એમ નક્કી કરે છે કે હું ત્રિકાળ શુદ્ધ છું તે જ્ઞાનના અંશને શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહે છે. તે નયથી એમ નક્કી થાય છે કે દરેક જીવ સિદ્ધ સમાન છે. વિકારનું અને અલ્પજ્ઞતાનું લક્ષ છોડી આત્મદ્રવ્યની અંદર જોવામાં આવે તો દરેક સંસારી આત્મા પણ સિદ્ધ જેવા છે. આ નયથી સિદ્ધ અને સંસારીમાં ફેર નથી. આવી પ્રતીતિ કરવી તે પ્રથમ ધર્મ છે આવી પ્રતીતિ કરી પછી સ્થિરતા કરી જીવો સિદ્ધદશાને પામ્યા છે. કારણપરમાત્માના શ્રદ્ધા-જ્ઞાન કરી કાર્યપરમાત્મા થાય છે એમ તીર્થંકરદેવના મુખેથી વાણી નીકળી છે.

**જે ભવ્ય જીવે વિકારભાવ સાથેની એકત્વબુદ્ધિથી થાકી સ્વભાવબુદ્ધિ પ્રગટ કરી છે.....**

‘‘જે કોઈ અતિ આસન્નભવ્ય જીવો થયા તેઓ પૂર્વે સંસાર અવસ્થામાં સંસાર કલેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા’’ જે જીવો સિદ્ધ થયા તે કેવી રીતે સિદ્ધ થયા તે ક્રમથી બતાવે છે.

જે જીવમાં મોક્ષની લાયકાત છે ને જેને બેઠું કે મારી મુક્તિ અલ્પકાળમાં છે - હું પુણ્ય-પાપને



લાયક નથી, મારું સ્વરૂપ અલ્પજ્ઞતા ને વિકારને લાયક નથી. હું પરમાત્મા થવાને લાયક છું એમ જેને બેઠું તે અતિ આસન્નભવ્ય જીવો છે. ભવ્ય જીવોમાં પણ અતિ નિકટ લાયકાતવાળા જીવો લીધા. તે જીવો પરમાત્મદશા પામ્યા પહેલાં વિકારીદશામાં હતા. પરપદાર્થમાં સુખ છે એવી બુદ્ધિ તે સંસાર છે. એવી સંસાર અવસ્થાથી થાકેલા જીવોની વાત લીધી છે. સંસારમાં સુખ લાગે છે તે તો પર્યાયબુદ્ધિવાળા જીવો છે તેની વાત નથી. દયા-દાનાદિના ભાવો પણ કલેશજનક છે. મારો શુદ્ધ સ્વભાવ એક જ વિશ્રામ લેવા યોગ્ય છે. એમ ત્રિકાળી સ્વભાવની રુચિ કરી પુણ્ય-પાપથી થાક્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર મને મુક્તિ આપશે એવી નિમિત્તની રુચિ છોડી ને પોતાના સ્વભાવનો જેણે આશ્રય લીધો છે તેવા જીવને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન થાય છે.

**જે સમ્યગ્જ્ઞાન થયા પછી વિશેષ સહજ વૈરાગ્ય લાવી બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ મુનિદશા પ્રગટ કરે છે .....**

સહજ વૈરાગ્યપરાયણ થવાથી દ્રવ્યભાવલિંગને ધારણ કરીને વળી સમ્યગ્જ્ઞાન પામ્યા પછી સહજ વૈરાગ્ય ઉત્પન્ન થયો છે. પ્રતિકૂળતા આવે ત્યારે અથવા નરકના દુઃખો સાંભળી સ્વર્ગની પ્રાપ્તિ માટે વૈરાગ્ય કરે તેવા મોહગર્ભિત વૈરાગ્યની વાત નથી. પોતાના આત્માના ભાન સહિત સહજ વૈરાગ્ય જેને વર્તે છે, પર તરફની ઉદાસીન વૃત્તિ વર્તે છે તે જીવ જાગૃત થયો છે. પુણ્ય-પાપના અસ્થિરતાના ભાવો થાય છે તે મારું સ્વરૂપ નથી. મારા સ્વભાવમાં ઠરી જવું એ જ મારું કર્તવ્ય છે એમ સહજ વૈરાગ્યપરાયણ થવાથી દ્રવ્યભાવલિંગ ધારણ કર્યું છે. સમ્યગ્જ્ઞાન તો હતું, વિશેષ સ્વભાવનું અવલંબન લઈ ભાવલિંગ પ્રગટ કર્યું ત્યારે બાહ્યથી પણ શરીરની નગ્નદશા હોય છે. વસ્ત્રને છોડું, બહારના પરિગ્રહને છોડું એવો આગ્રહ હોતો નથી. મુનિની સહજ આનંદદશાની વીતરાગી ભૂમિકા પ્રગટ કરી એટલે દ્રવ્યભાવલિંગ ધારણ કર્યું એમ કહેવાય છે.

**તે જીવો સ્વભાવમાં લીનતારૂપ અભ્યાસથી અવ્યાબાધ જ્ઞાન-દર્શનાદિયુક્ત સિદ્ધદશાને પામે છે.**

પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને અવ્યાબાધ (એટલે બાધારહિત) સકળ વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે, કાર્યશુદ્ધ છે.

મુનિપણા પછી શું કર્યું ? વ્રત-તપ કર્યા ? ને તેનાથી મોક્ષે ગયા ? ના ! પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામ્યા. પરમ આગમ = દિવ્યધ્વનિનો અભ્યાસ. પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતાનો અભ્યાસ કર્યો ત્યારે પરમાગમના અભ્યાસ વડે પામ્યા એમ નિમિત્તથી કથન કરેલ છે. પરમ ગુરુ તથા ભગવાનની વાણીએ એમ કહ્યું હતું કે તારી પર્યાયને શુદ્ધ સ્વભાવ તરફ વાળ તો સ્થિરતા થતાં શુક્લધ્યાન પ્રગટ થઈ કેવળજ્ઞાન પ્રગટ થશે. એમ ગુરુનો તથા

વાણીનો કહેવાનો આશય પોતે સમજી લીધો ને પોતાની શ્રુતજ્ઞાનની પર્યાયને સ્વભાવમાં વાળી એકાકાર થયો. ૨૮ મૂળ ગુણનું પાલન કરતાં કરતાં મોક્ષે ગયા એમ કહ્યું નથી. ચૈતન્ય વીતરાગી સ્વભાવની એકાગ્રતાનો અભ્યાસ કરતાં કરતાં મોક્ષ પામ્યા. આ રીતથી અનંતા જીવો સિદ્ધદશાને પામ્યા છે, અત્યારે પામે છે અને ભવિષ્યમાં પામશે. વળી 'ગુરુના પ્રસાદથી' એ પણ નિમિત્તથી કથન છે. શિષ્યમાં એવી લાયકાત હતી કે તે ગુરુનો તથા વાણીનો આશય સમજી ગયો, તેવા લાયક જીવને જ્ઞાની જીવ નિમિત્ત હોય, અજ્ઞાની ન હોય. છતાં ગુરુના લીધે પામ્યો એમ નથી. પણ ગુરુના કહેવાનો આશય સમજી સિદ્ધદશાને પામ્યો એટલે ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે પામ્યો એમ કથન કરવામાં આવે છે. કેવા છે તે સિદ્ધાત્માઓ ? બાધા રહિત-અંતરાય રહિત સર્વથા નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ, કેવળવીર્ય સહિત છે. આવી રીતે જે કોઈ અતિ આસન્નભવ્ય જીવો થયા તેઓ પૂર્વે સંસારદશામાં હતા, પછી સાચી સમજણ કરી સહજ વૈરાગ્યદશા લાવી મુનિપણું અંગીકાર કરી સિદ્ધદશાને પામ્યા કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે, કાર્યશુદ્ધ છે.

**સંસારી આત્માની અને સિદ્ધની નાત-જાત એક જ છે.**

સિદ્ધ આત્માને કાર્યશુદ્ધ કેમ કહ્યા ? ત્રિકાળી કારણપરમાત્મા જે શક્તિરૂપે છે તેનું અવલંબન લઈ પોતામાં પરિપૂર્ણ શુદ્ધદશા પર્યાયમાં પ્રગટ કરી, કાર્ય પ્રગટ થયું માટે કાર્યશુદ્ધ કહે છે. અજ્ઞાની જીવ પરના ને જડના કાર્ય કરી શકું છું એવી માન્યતામાં અટકે છે. જ્ઞાની સ્વ-પરને જાણે છે-દેખે છે. વર્તમાન પર્યાયને ગૌણ કરવામાં આવે તો સંસારી આત્મા સિદ્ધ જેવા જ શક્તિશાળી છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કરે તો પરમાત્મદશાને પામી શકે છે. દશા શ્રીમાળીની આખી નાતને નોતરું આપે તેમાં પાંચ કરોડની મૂડીવાળો પણ જમવા આવે ને સામાન્ય માણસ પણ જમવા આવે. જમવામાં નાતની અપેક્ષાએ ફેર નથી તેમ સંસારી જીવનો આત્મા સિદ્ધની નાતનો છે. પર્યાયમાં જરા ગરીબાઈ છે, હીણપ છે પણ નાત તો એક જ છે. આવા પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરી લીનતા કરે તો સાક્ષાત પરમાત્મદશા પર્યાયમાં પણ પ્રગટ થાય.

શ્રી આનંદઘનજી કહે છે :

**ધર્મ જિનેસર ગાઉં રંગશું ભંગ મ પડશો હો પ્રીત જિનેસર !**
**બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુળવટ રીત જિનેસર. ...ધર્મ.**

હે જિનેશ્વર ભગવાન ! સ્વભાવ તરફની પ્રીતિમાં ભંગ ન પડશો. પુણ્ય-પાપથી, નિમિત્તથી કે પર્યાયથી લાભ થાય એવી માન્યતા મનમાં લાવવા નહિ દઉં. જે તીર્થંકરો ને સિદ્ધ ભગવંતો થયા એવા જ અમો છીએ. જે ભગવંતો થયા તે પણ આત્મા હતા. તેમણે પણ કારણશુદ્ધ પરમાત્માનો આશ્રય કરીને કાર્યશુદ્ધ પરમાત્મપદ પ્રગટ કર્યું. અમો પણ એ જ જાતના છીએ એ અમારા કુળની રીત છે. અમો પણ સિદ્ધદશા પ્રગટ કરીશું.



**જ્ઞાની જીવ ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્માને મોટપ આપે છે, અજ્ઞાની જીવ વિકારને અને વ્યવહારને મોટપ આપે છે.**

''જેવા તે શુદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધ નિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે.''

સંસારની વિકારી પર્યાય તથા સિદ્ધને પ્રગટ થયેલી મોક્ષની પર્યાય એમ પર્યાયને ગૌણ કરીને જોવામાં આવે તો સંસારી જીવો સિદ્ધ જેવા જ છે. શુદ્ધ નિશ્ચયનયથી તેમાં ફેર નથી. સોનામાં એક વાલ તાંબાનો ભાગ આવવાથી સોનું ૧૫ વલું કહેવાય છે પણ તાંબાના ભાગનો ખ્યાલ ન કરો તો સોનું તો સોળ વલું સોનું જ છે. બજારમાં સોનું લેવા જાય તો તાંબાના પૈસા કોઈ આપતું નથી પણ સોનાના પૈસા આપે છે. તાંબાના પૈસા આપે તે મુર્ખ ગણાય. તેમ સંસારદશામાં તથા દયા, દાનાદિ, કામ, ક્રોધ વગેરેના ભાવ તાંબા સમાન જ છે, તેની કિંમત આપે ને તેનાથી મોટપ માને તે મુર્ખ છે. અજ્ઞાની જીવ વ્યવહારની, નિમિત્તની, પુણ્ય-પાપની કિંમત આપે છે તે પોતાના આત્માને માનતો નથી, દેવ-ગુરુ-શાસ્ત્રને પણ માનતો નથી. જ્ઞાની જીવ સમજે છે કે પોતાનો ચૈતન્ય સ્વભાવ મોટો છે. તેની મોટપ આગળ બીજું કોઈ મોટું નથી. આમ પોતાના જ્ઞાયકસ્વભાવને સિદ્ધ સમાન સમજે છે તે ધર્મદશાને પામે છે.

**શુદ્ધ નિશ્ચયનયથી સંસારી જીવો જન્મ-જરા-મરણથી રહિત છે ને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે.**

જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે તે કારણે તે સંસારી જીવો જન્મ-જરા-મરણથી રહિત અને સમ્યક્ત્વ આદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે. (સમ્યક્ત્વ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, સુક્ષ્મત્વ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે.)

શુદ્ધ નિશ્ચયનયથી વિકારને ગૌણ કરી સંસારી જીવને સિદ્ધ સમાન કહ્યો હતો તે જ દૃષ્ટિથી જોવામાં આવે તો સંસારી જીવ જન્મતો નથી, તેને જરા નથી તેમજ મરણ પણ નથી. ને તે જ દૃષ્ટિથી સંસારી જીવ સમ્યક્ત્વાદિ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે. પરવસ્તુનો આત્મામાં ત્રણે કાળે અભાવ છે. એક સમય પૂરતો વિકાર ને અધૂરાશવાળી પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહી. ત્રિકાળ ભૂતાર્થ શુદ્ધ સ્વભાવમાં તેનો અભાવ બતાવ્યો છે, દ્રવ્યદૃષ્ટિ કરાવી છે. આ બધા આત્માની વાત ચાલે છે. સ્વ-પર જ્ઞાયકસ્વભાવ એકરૂપ પડ્યો છે. ભૂલ વખતે શુદ્ધ સ્વભાવ એનો એ જ છે ને ભૂલ ટાળી સિદ્ધ થાય તો પણ શુદ્ધ જ્ઞાયકસ્વભાવ તો એનો એ જ છે. શુદ્ધ દૃષ્ટિ થતાં વિકાર ઉપર ને હીણી પર્યાય ઉપર દૃષ્ટિ રહેતી નથી એ જ ધર્મનું કારણ છે.

મારું રૂપ ચેતન છે, તે ઉપચાર વગરનું છે. વળી મારું પદ સદાય સિદ્ધ સમાન છે -આવી દૃષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે.

**વિકારની છતી પર્યાયને અછતી કરી, અછતા પર્યાયને છતો કરવો (પ્રગટ કરવો) તે ધર્મ છે.**

સંસારદશામાં રહેતો વિકાર તે પર્યાયમાં છતો હોવા છતાં તેને અછતો કરવો ને ત્રિકાળી શુદ્ધ સ્વભાવ જે અછતો છે તેને શ્રદ્ધામાં લઈ છતો કરવો તે ધર્મનું કારણ છે. જે પુણ્ય-પાપને છતો રહેવા દે છે ને સ્વભાવને ઢાંકેલો રાખે છે-ગોપવે છે તે સંસાર છે. માટે જેને ધર્મ કરવો હોય તેણે વિકારને ગોપવી સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો જોઈએ. જે પરમાત્મા થયા છે તે આત્મામાંથી થયા છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. પરમશક્તિ ક્યાંથી પ્રગટ થઈ ? જે હોય તેમાંથી આવે, છતા ભાવમાંથી આવે, અછતા અથવા અભાવમાંથી આવે નહિ. માટે જે શક્તિ ભરી પડી છે તેના શ્રદ્ધા-જ્ઞાન કરવાથી સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે ને તેમાં લીનતા કરવાથી ચારિત્રદશા પ્રગટ થઈ શુક્લધ્યાન પ્રગટ થઈ કેવળજ્ઞાન ને સિદ્ધદશા પ્રગટે છે.

**શુદ્ધ કારણપરમાત્માના શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાથી મિથ્યાત્વ ને વિકારરૂપ અહંકાર નાશ પામે છે ને મોક્ષરૂપી પવિત્રતા પમાય છે માટે એ જ મહા માંગલિક છે.**

આ બેસતા વર્ષનું માંગલિક છે. જે મિથ્યાત્વ તથા પુણ્ય-પાપરૂપી અભિમાનને ગાળીને પોતાના આત્મામાં પવિત્રતા પમાડે તે જ ખરેખર માંગલિક છે. નિમિત્તથી ને પુણ્ય-પાપથી લાભ છે એવા અહંકારને ગાળી નાંખે છે ને સમ્યગ્દર્શનથી શરૂ કરી કેવળજ્ઞાનરૂપી પવિત્રતાને પમાડે છે. માટે નિજ કારણપરમાત્માનો આશ્રય કરવો એ જ ખરેખર માંગલિક છે. મારામાં ને સિદ્ધમાં કાંઈ ફેર નથી એવા શુદ્ધ સ્વભાવની અસ્તિની કબૂલાતમાં વિકારની નાસ્તિ થઈ જાય છે.

**કારતક સુદ ૨, ગુરુવાર, ૧-૧૧-૫૧.**

જેવા સિદ્ધ ભગવંતો છે તેવા જ સંસારી જીવો શક્તિએ છે. સંસારદશામાં થતો વિકાર એક સમયનો છે. બે સમયનો વિકાર કોઈને પણ ભેગો થતો નથી. જો જીવ વિકારને મુખ્ય કરે તો સ્વભાવનો અનાદર થઈ જાય છે ને એક સમયના વિકારને ગૌણ કરી ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરે તો ધર્મદશા પ્રગટે છે.

આ શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ એકરૂપ અનાદિઅનંત છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કરે તો ધર્મદશા પ્રગટ થાય તેમ છે. ત્રિકાળી શુદ્ધભાવ સંસારી અને સિદ્ધમાં સમાન છે, કાંઈ ફેર નથી. એ વાત ગાથા ૪૭માં બતાવેલ છે.

હવે ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :



**શ્લોક ૭૧**

(अनुष्टुभ)

**प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि ।**
**नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम् ॥ ७१ ॥**

**શ્લોકાર્થ** : જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ?(તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.) ॥ ૭૧ ॥

**સુબુદ્ધિ ને કુબુદ્ધિના પર્યાયમાં ફેર છે; તેમનો ત્રિકાળી સ્વભાવ તો એકરૂપ શુદ્ધ છે, તે શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ કર !**

સુબુદ્ધિ એટલે સમ્યગ્દષ્ટિ. જે જીવ વસ્તુનું સ્વરૂપ યથાર્થ સમજે છે અર્થાત્ શરીરાદિ પર છે, એક સમયનો વિકાર છે તે પર્યાયમાં થાય છે તે મારું સ્વરૂપ નથી, વિકારને કારણે દ્રવ્યકર્મ બંધાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવમાં એવો સંબંધ નથી, હું તો ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ છું -એવું ભાન થયું તેને સુબુદ્ધિ કહે છે; તેને સાચી બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. તેનો મૂળ સ્વભાવ-શુદ્ધભાવ તો એવો ને એવો જ શુદ્ધ છે, તે નવો શુદ્ધ થયો નથી.

કુબુદ્ધિ એટલે મિથ્યાદષ્ટિ. જે જીવ વસ્તુનું સ્વરૂપ સમજતો નથી ને પરથી તથા એક સમયના વિકારથી લાભ માને છે તથા ત્રિકાળી સ્વભાવને સમજતો નથી તે કુબુદ્ધિ છે. તેનો કાયમી સ્વભાવ તો એવો ને એવો શુદ્ધ પડ્યો છે.

સુબુદ્ધિના એક સમયના પર્યાયને તથા કુબુદ્ધિના એક સમયના મિથ્યાત્વ પર્યાયને ગૌણ કરી જોવામાં આવે તો બન્નેના સ્વભાવમાં કાંઈ ભેદ નથી; એકરૂપ શુદ્ધભાવ પડ્યો છે. સોનામાં તાંબાનો મેલ હોય ત્યારે પણ સોનુ તો સોનુ જ છે ને તાંબુ નીકળી ગયું ત્યારે પણ સોનુ તો સોનુ જ છે; તેમ સમ્યગ્દષ્ટિ હોય કે મિથ્યાદષ્ટિ હોય - બન્નેના સ્વભાવ તો શુદ્ધ જ છે, તેમના સ્વભાવમાં કાંઈ ખરેખર તફાવત નથી.

અહીં દ્રવ્યદષ્ટિ કરાવે છે. ધર્મ પ્રગટવાનું કારણ કોણ છે ? ધર્મ અને આનંદ વિકારમાં કે પર્યાયમાંથી આવતો નથી પણ વસ્તુસ્વભાવ અસ્તિરૂપે છે તેમાંથી આવે છે, માટે પર્યાય ઉપરનું લક્ષ છોડ. અનંતકાળથી અજ્ઞાન સેવ્યું હોય ને સત્‌નો વિરોધ કર્યો હોય તો તે પણ પર્યાયમાં છે ને કોઈ સિદ્ધ થયો હોય તો તે પણ પર્યાયમાં છે. માટે બન્નેના પર્યાય ઉપરનું લક્ષ છોડી નિગોદ ને સિદ્ધમાં એકરૂપ શુદ્ધભાવ પડ્યો છે તેના પર દૃષ્ટિ કર. શુદ્ધ કારણસ્વભાવભાવ જ ધર્મનું કારણ છે.

## ગાથા ૪૮

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धप्पा।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया ॥ ४८ ॥**

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ અતીંદ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

**અન્વયાર્થ :-** જેમ લોકાગ્રે સિદ્ધ ભગવંતો અશરીરી, અવિનાશી, અતીન્દ્રિય, નિર્મળ અને વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે તેમ સંસારમાં (સર્વ) જીવો જાણવાં.

**એક સમયના પર્યાયને ગૌણ કરીને જોવામાં આવે તો કાર્યસમયસાર ને કારણસમયસારમાં ભેદ નથી.**

**ટીકા :** વળી કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.

પ્રગટ પર્યાય અપેક્ષાએ સિદ્ધ તથા સંસારીમાં ઘણો ફેર છે -એવા શાસ્ત્રમાં ઘણા લખાણ આવે અને અહીં તફાવત નથી એમ કેમ કહ્યું ? ભાઈ ! એ બધું વર્ણન પર્યાયનું છે અને અહીં એક સમયની પર્યાયને ગૌણ કરી નાંખો તો કાંઈ ફેર નથી એમ બતાવવું છે.

કાર્યસમયસાર = જેણે પોતાનું કાર્ય એટલે પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટ કરી છે તેવા સિદ્ધ ભગવંતોને કાર્યસમયસાર કહે છે. સિદ્ધ, કાર્યસમયસાર, કાર્યશુદ્ધજીવ, કાર્યભગવાન ઈત્યાદી એકાર્થ છે.

કારણસમયસાર = કારણશુદ્ધઆત્મા. જે શુદ્ધ આત્માના આશ્રયે મોક્ષરૂપી કાર્ય પ્રગટે છે તેને કારણસમયસાર કહે છે. કારણસમયસાર, કારણશુદ્ધઆત્મા, કારણશુદ્ધજીવ, કારણશુદ્ધભાવ, કારણપરમાત્મા, ત્રિકાળશુદ્ધસ્વભાવ, દ્રવ્યદષ્ટિનો વિષય, ધ્રુવ, નિત્ય, એકરૂપ અભેદ સ્વભાવ, કારણભગવાન - એ બધા એકાર્થ છે.

આ શુદ્ધ આત્મામાં લીનતા કરવાથી મોક્ષરૂપી કાર્ય પ્રગટે છે તેથી તેને કારણ કહેલ છે. પર્યાયને ગૌણ કરીને જોતાં કારણસમયસાર ને કાર્યસમયસારમાં કોઈ ફેર નથી.

**૧) દ્રવ્યાર્થિકનયથી સિદ્ધ સમાન સંસારી જીવો પણ અશરીરી જ છે.**

સિદ્ધ ભગવાન જે લોકના અગ્રે બિરાજે છે તે બાહ્યક્ષેત્રની અપેક્ષાએ છે, વાસ્તવમાં તેઓ પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ બિરાજે છે. તેમને પરિપૂર્ણ શુદ્ધદશા પ્રગટી ગઈ છે અને તેઓ ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ-એ પાંચ શરીર રહિત છે. સંસારદશામાં રાગ તથા શરીરનો એક સમય પૂરતો સંબંધ હતો તે સિદ્ધ ભગવાનને હવે નથી તેથી તેઓ અશરીરી છે.



તેવી રીતે સમસ્ત સંસારી જીવોને શુદ્ધ નયથી જોવામાં આવે તો તેઓ પણ અશરીરી જ છે. સંસારદશામાં સંસારી જીવોને રાગ સાથે તથા જેને જેટલાં શરીર હોય તેટલાં સાથે એક સમય પૂરતો સંબંધ છે, બે સમયના પર્યાયો ભેગાં થતા નથી તેથી એક સમયનો જ સંબંધ કહ્યો છે. તે એક સમયના પર્યાયને ગૌણ કરીને જોવામાં આવે તો સંસારી પણ અશરીરી જ છે. શરીરના સંબંધને મુખ્ય કરતાં ચૈતન્ય ગૌણ થઈ જાય છે ને તે જ સંસાર છે તથા શરીરના સંબંધને ગૌણ કરતાં નથી તેમને ધર્મ થતો નથી; ચૈતન્યને મુખ્ય કરીને શરીર સંબંધને ગૌણ કરવો તે જ ધર્મ છે. કર્મ સાથે એક સમય પૂરતો સંબંધ છે તેને ગૌણ કરતાં આત્માને કાર્મણ શરીરનો પણ સંબંધ નથી.

**પ્રશ્ન :** કર્મનો ઉદય આવે ત્યારે વિકાર થાય છે ને ઉદય ટળે ત્યારે વિકાર ટળે છે ને ?

**સમાધાન :** ના; સંસારદશામાં પણ એવો સંબંધ છે જ નહિ. જીવ વિકાર કરી એક સમય પૂરતો પર્યાયમાં ભાવબંધ કરે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. અભવ્ય જીવને પણ કર્મને કારણે વિકાર થતો નથી પણ પોતાના અપરાધના કારણે છે. અભવ્ય જીવો અનાદિથી સંસારમાં છે ને અનંતકાળ રહેશે; તેમના ભૂતકાળના સંસાર કરતાં ભવિષ્યનો સંસારનો કાળ અનંતગણો છે. દ્રવ્યસ્વભાવથી જુઓ તો તેમનો આત્મા પણ અશરીરી જ છે. એક સમયના શરીર સંબંધને ગૌણ કરી, વ્યવહાર કહી અભૂતાર્થ કહ્યો છે અને ભૂતાર્થ એવા શુદ્ધ આત્માની દષ્ટિ કરાવી છે. જે જીવ સ્વભાવની રુચિ કરે તેને સંસારનો અભાવ થાય છે ને પર્યાયમાં પણ અશરીરીદશાને તે પ્રાપ્ત કરે છે.

**૨) જેમ સિદ્ધને નર, નારકાદિ પર્યાયો નથી માટે તેઓ અવિનાશી છે તેમ શુદ્ધ દ્રવ્યાર્થિક-નયથી સંસારી જીવને પણ ભવપર્યાયના ગ્રહણ-ત્યાગ નથી માટે અવિનાશી છે.**

નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગ-ગ્રહણના અભાવોના લીધે અવિનાશી છે.

સિદ્ધ ભગવંતો અશરીરીદશા - મોક્ષદશા પામ્યા છે તેથી નર-નારકાદિ ભવરૂપ પર્યાયોના ત્યાગ-ગ્રહણ તેમને હોતાં નથી. સંસારમાં એક ભવ પછી બીજો ભવ એમ વિનાશરૂપ અવસ્થા પર્યાયમાં હોય છે. સિદ્ધમાં એવું વિનાશપણું પર્યાયમાં હોતું નથી. તેમને શરીરનું આવવું જવું હોતું નથી માટે અવિનાશી છે.

તેવી રીતે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો સંસારી જીવો પણ અવિનાશી છે એમ અત્રે બતાવવું છે.

સંસારદશામાં જુદા જુદા શરીરોના સંબંધો થાય છે. એક શરીર છોડે ને બીજું શરીર ધારણ કરે છે. ને કોઈ જીવ વધુ સ્થિતિવાળું એક જ શરીર ધારણ કરે તો પણ તે શરીરના ત્યાગ-ગ્રહણનો સંબંધ એક જ સમયનો છે. કોઈ કહે એક સમય પૂરતો પણ સંબંધ નથી જ ને પર્યાયમાં પણ સંસારી જીવ અવિનાશી છે તો તે વાત ખોટી છે. એક શરીરનું જવું બીજા શરીરનું (દેવથી મનુષ્ય વગેરે

પ્રકારે) ગ્રહણ કરવું સંસારદશામાં થાય છે. તેથી તે સંબંધ વિનાશી છે. તે સંબંધ છે ખરો પણ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે સંબંધ નથી. સિદ્ધ પર્યાયમાં પણ અવિનાશીપણું રહે છે એટલે સિદ્ધપદ સાદિ અનંતકાળ રહે છે. સંસારીના એક સમયની પર્યાયના શરીરના સંબંધને ગૌણ ગણી વ્યવહાર અભૂતાર્થ ગણી ત્રિકાળી સ્વભાવ અવિનાશી છે એવી દૃષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે.

**વ્યવહારનય અભૂતાર્થ છે. ભૂતાર્થ શુદ્ધનયના આશ્રયે બોધિબીજ વાવવાથી કેવળજ્ઞાન પ્રગટે છે.**

સમયસાર ગાથા ૧૧માં કહ્યું છે કે વ્યવહારનય અભૂતાર્થ છે ને શુદ્ધનય ભૂતાર્થ છે. એક સમયની પર્યાય રાગદ્વેષ, અજ્ઞાન, સંસાર અભૂતાર્થ કહ્યો એટલે સર્વથા અભાવ છે એમ ન સમજવું. સર્વથા અભાવ હોય તો સંસાર જ ન હોય પણ તે એક સમય પૂરતો છે. તેને જ જોર આપે તો સંસાર ચાલુ રહે છે. સંસાર પર્યાય ગૌણ કરી, છતી પર્યાયને અછતી કરી, વ્યવહાર ગણી અભૂતાર્થ કહેલ છે. કારણ કે ત્રિકાળ સ્વભાવમાં તે નથી. ત્રિકાળ જ્ઞાનસ્વભાવ શક્તિરૂપ ભંડાર છે. તેનો સ્વીકાર કરવો તે ધર્મનું કારણ છે ને તે ભૂતાર્થ છે. આમ ભૂતાર્થ શુદ્ધનયના આશ્રયે એટલે કે સ્વભાવના લક્ષે પોતામાં બોધિબીજ વાવે તો કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. બીજ ઊગે છે ને પૂર્ણિમા થાય છે. તેમ પરિપૂર્ણના લક્ષે જે સમ્યગ્જ્ઞાનરૂપી બીજ વાવે છે તે પરિપૂર્ણ થાય છે. આ બીજ વાવવાની કળા બતાવે છે.

**૩) જેમ સિદ્ધ ભગવંતો સહજ કેવળજ્ઞાન વડે યુગપદ જાણે છે માટે અતીન્દ્રિય છે તેમ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી સંસારી જીવ પણ અતીન્દ્રિય છે.**

‘‘પરમતત્ત્વમાં સ્થિત સહજ દર્શનાદિરૂપ કારણશુદ્ધ સ્વરૂપને યુગપદ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે અતીન્દ્રિય છે.’’

ધ્રુવ સામાન્ય સ્વભાવ અથવા શુદ્ધ કારણપરમાત્માને પરમતત્ત્વ કહેલ છે. તે શુદ્ધ કારણ-પરમાત્મામાં સહજજ્ઞાન-દર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને સિદ્ધ ભગવંતો તથા કેવળી ભગવંતો કેવળજ્ઞાન વડે બધું જાણે છે. તેમાં કોઈ જાતનો સંશય રહ્યો નથી. આવા સ્વરૂપવાળા હોવાથી સિદ્ધ ભગવંતો અતીન્દ્રિય છે. તેમ સંસારી જીવોને પણ અહીં અતીન્દ્રિય કહેવા છે. એક સમય પૂરતો ઇન્દ્રિયોને જ્ઞાન સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેમ જ એક સમય પૂરતું મિથ્યાજ્ઞાન અથવા અધૂરૂં જ્ઞાન છે પણ તે પર્યાયને ગૌણ કરીએ તો આખો ત્રિકાળી સ્વભાવ અનાદિઅનંત જ્ઞાન-દર્શનથી ભરેલો પડ્યો છે. ભવિષ્યમાં પ્રગટ થશે તેની વાત નથી પણ ત્રિકાળીને જાણવામાં વર્તમાન સમર્થ છે. એટલે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો સંસારી જીવ પણ અતીન્દ્રિય છે. મને યાદ રહેતું નથી, મને ઓછું યાદ રહે છે ને ઉઘાડ ઓછો કે વધારે થશે એવી અલ્પતાને ભૂલી જા ! તેવો ભેદ વ્યવહારમાં



જાય છે. અલ્પજ્ઞતાની એક સમયની પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહી અભૂતાર્થ કહેલ છે. અનંતજ્ઞાન-દર્શનથી ભરેલા સ્વભાવને ભૂતાર્થ કહીને સંસારી આત્માને પણ શુદ્ધ નિશ્ચયનયથી અતીન્દ્રિય કહ્યો છે.

**અલ્પજ્ઞતા સાથે એકત્વ બુદ્ધિ તે સંસારનું કારણ છે. અતીન્દ્રિય સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા કેવળજ્ઞાનનું કારણ છે.**

અહો ! આચાર્ય ભગવંતે શુદ્ધ સ્વભાવને બહુ ગાયો છે. આવા શુદ્ધ સ્વભાવના ગાણાં નિયમસારમાં અદ્‌ભૂત રીતે ગાયા છે. વસ્તુની મર્યાદા બે પ્રકારની છે. કાં તો ભેદ અથવા અલ્પજ્ઞતા સાથે એકત્વ બુદ્ધિ કરી સંસારમાં રખડે અથવા તો ભેદ ને વિકારને ગૌણ કરી ત્રિકાળ સાથે સંબંધ રાખે તો ધર્મ પામે. આ બોલમાં એમ કહે છે કે મારું જ્ઞાન ઓછું છે ને ઉઘાડવું છે-એવી ભેદ ઉપરની દૃષ્ટિ છોડ ! તે બધું અભૂતાર્થમાં જાય છે. દરેક જીવનો જ્ઞાનસ્વભાવ અતીન્દ્રિય છે. તેના સામે જો. તેનામાં ત્રણે કાળ ત્રણે લોક જાણવાની તાકાત છે. આમ અતીન્દ્રિય સ્વભાવ સામે જુએ તો સમ્યગ્જ્ઞાન પ્રગટ કરી ક્રમે કરીને કેવળજ્ઞાન પ્રગટ કરે છે.

**૪) સિદ્ધ ભગવંતોને વિભાવ ભાવોનો અભાવ છે તેથી નિર્મળ છે, તેમ શુદ્ધ દ્રવ્યાર્થિક-નયથી સંસારી જીવો સ્વભાવે નિર્મળ છે.**

‘‘મળજનક ક્ષયોપશમિકાદિ વિભાવ સ્વભાવોના અભાવને લીધે નિર્મળ છે.’’

સિદ્ધ ભગવંતોને ક્ષાયોપશમિકભાવ, ઔદયિકભાવ તથા ઉપશમભાવનો અભાવ છે. સિદ્ધ ભગવંતોને ક્ષાયિકભાવ પ્રગટ થઈ ગયો છે તેથી સિદ્ધ ભગવંતો નિર્મળ છે.

તેવી રીતે શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો સંસારી પણ નિર્મળ છે. તેનો સ્વભાવ તો મેલ વગરનો એકરૂપ છે. તેથી સંસારી જીવને વર્તમાન જે ઉદયાદિ ભાવો હોય તેના ઉપરનું લક્ષ છોડાવવા તેનો ત્રિકાળમાં અભાવ છે એમ કહે છે.

ચારે ભાવો ઉપરનું લક્ષ છોડવાનું કારણ એ છે કે :

૧) ઔદયિકભાવ વિકાર છે માટે તે ધર્મનું કારણ નથી.

૨) ક્ષાયોપશમિકભાવ છે તે ખરેખર મળજનક નથી પણ તે જ્ઞાનનો અંશ છે, તે એક સમય પૂરતો છે. તેનો આશ્રય કરવાથી રાગની ઉત્પત્તિ થાય છે. માટે તેના ઉપરનું લક્ષ છોડાવેલ છે. ક્ષાયોપશમિક સમકિત કોઈને પ્રવાહરૂપે ૬૬ સાગર સુધી ટકે તે જુદી વાત છે પણ તે એક સમયની પર્યાય છે. તેના લક્ષે રાગ થાય છે. માટે તે ભાવને મળજનક કહ્યો છે.

૩) ઉપશમસમકિત અથવા ચારિત્ર છે તે ખરેખર મળજનક નથી તે નિર્મળ પર્યાય છે પણ તેનો આશ્રય લેવા જતાં રાગ થાય છે તે સ્થિરતાનું કારણ થતું નથી. ઉપશમભાવ પ્રવાહરૂપે અંતર્મુહૂર્ત

ટકે છે પણ તે એક સમયની પર્યાય છે તેના આશ્રયે રાગ થાય છે. તેથી તેને મળજનક કહી તેનો આશ્રય છોડાવે છે.

૪) ક્ષાયિકભાવ-કેવળજ્ઞાન પ્રગટ નથી. જે પ્રગટ નથી તેનો વિચાર કરવાથી રાગ થાય છે ને કોઈને ક્ષાયિકસમકિત હોય તો પણ તે એક સમયની પર્યાય છે. પર્યાયનું લક્ષ કરવા જતાં રાગ થાય છે, આગળ વધાતું નથી. માટે પર્યાયનો આશ્રય છોડાવવા ક્ષાયિકભાવને પણ મળજનક કહે છે.

આ પ્રમાણે ચારે ભાવનું લક્ષ છોડાવવાની અપેક્ષાથી મળજનક કહીને શુદ્ધ પારિણામિકભાવ જે નિર્મળ છે તેનું લક્ષ કરાવેલ છે.

સિદ્ધ ભગવંતોને ઉદય, ઉપશમ કે ક્ષયોપશમભાવ એ ત્રણ મળજનક ભાવોનો અભાવ છે પણ ક્ષાયિકભાવનો અભાવ નથી પણ સદ્ભાવ છે. સિદ્ધને ક્ષાયિકભાવની પરિપૂર્ણદશા પ્રગટ થઈ ગઈ છે, તેમને કાંઈ પ્રગટ કરવું બાકી નથી. સંસારીને ક્ષાયિકભાવ પ્રગટ નથી ને જે પ્રગટ નથી તેનો વિચાર કરતાં રાગ થાય છે તેથી સંસારીને માટે ક્ષાયિકભાવ પણ મળજનક છે એમ કહ્યું છે. સિદ્ધમાં ક્ષાયોપશમિકાદિ ત્રણ ભાવોનો તથા સંસારી જીવમાં દૃષ્ટિ અપેક્ષાએ ચારે ભાવોને ગૌણ ગણીને તેમનો અભાવ કહ્યો છે; તેથી સંસારી જીવને દ્રવ્યદૃષ્ટિથી નિર્મળ કહ્યા છે. આમ ચારે ભાવો ઉપરનું લક્ષ છોડી પોતાના શુદ્ધભાવને લક્ષમાં લ્યે તો પર્યાયમાં નિર્મળતા પ્રગટે.

## ૫) સિદ્ધની જેમ દ્રવ્યદૃષ્ટિથી સંસારી જીવો વિશુદ્ધાત્મા છે.

''દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે સિદ્ધ વિશુદ્ધાત્મા છે તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે (કોઈ નયથી) શુદ્ધ છે.''

સિદ્ધ જીવોને સમસ્ત વિકાર તથા સમસ્ત જડકર્મોનો અભાવ છે તેથી તેઓ વિશુદ્ધાત્મા છે. તેવી રીતે સંસારી જીવને એક સમય પૂરતો વિકાર છે, તેનું નિમિત્ત દ્રવ્યકર્મ છે, બાહ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે ને પર્યાયમાં ક્ષયોપશમભાવ છે. પણ તે કોઈથી આત્માને લાભ નથી. તેથી તે બધાને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહ્યા છે. કારણ કે ત્રિકાળી શુદ્ધ આત્માને તે બધાનો અભાવ છે. તેથી શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સંસારી જીવો પણ વિશુદ્ધાત્મા જ છે - આમ સ્વીકારતાં પર્યાયમાં ધર્મદશા પ્રગટે છે.

### કારતક સુદ ૩, શુક્રવાર, ૨-૧૧-૫૧.

શુદ્ધ દૃષ્ટિથી જોવામાં આવે તો સિદ્ધ અને સંસારીમાં કાંઈ ફેર નથી. એ ૪૮મી ગાથામાં કહ્યું, હવે ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :



### શ્લોક ૭૨

(શાર્દૂલવિક્રીડિત)

**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**
**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम् ।**
**इत्थं यः परमागमार्थयुगलं जानाति सद्दृक् स्वयं**
**सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्॥ ७२॥**

**શ્લોકાર્થ** : શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે; સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ. ॥ ૭૨ ॥

## મિથ્યાદૃષ્ટિ જીવને પોતાના સ્વરૂપ વિષે હંમેશા શંકા હોય છે.

મિથ્યાદૃષ્ટિ જીવને પોતાના આત્માના સ્વરૂપ વિષે શંકા રહે છે. આત્મા ત્રિકાળ જે શુદ્ધ કહ્યો છે તે શુદ્ધ હશે કે અશુદ્ધ હશે ? એમ શંકા રહે છે. શરીર ને કર્મ જડ પદાર્થો પર છે ને વિકાર એક સમય પૂરતો છે, બે સમયનો કદી ભેગો થયો નથી. વિકાર વિનાનો ત્રિકાળી આત્મા અંતર શુદ્ધ પડ્યો છે એની શંકા રહે છે. શાસ્ત્રમાં અશરીરી, અતીન્દ્રિય, અવિનાશી, દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો આત્મા છે તેવો તેને બેસતો નથી. વર્તમાન વિકારને અજ્ઞાની ભાવી રહ્યો છે. જેમ તલને પીલવાથી તેલ નીકળે છે, કાંકરા પીલવાથી તેલ નીકળતું નથી, જેમ લીંડીપીપર કાચી ખાવાથી ૬૪ પહોરી તીખાશની ખબર પડતી નથી; જેમ મોરના ઈંડામાં મોર થવાની તાકાત છે તે ઈંડાને ખખડાવવાથી ખબર પડતી નથી પણ તેની શક્તિમાંથી સાડા ત્રણ હાથનો મોર થાય છે. તે મોર બહારના ફોતરામાંથી કે ઢેલના સેવવાથી થતો નથી, તેમ ભગવાન આત્મા વિકાર રહિત છે. તેની શક્તિમાંથી સ્વભાવ ફાટીને સિદ્ધ થાય છે, પુણ્ય-પાપના ભાવમાંથી સિદ્ધ થતો નથી પણ અજ્ઞાનીને તે વાત બેસતી નથી. નિમિત્ત હોય, શુભભાવ હોય તો સિદ્ધદશા થાય એમ મિથ્યા માન્યતા તે કરી રહ્યો છે તેથી તેનો સંસાર ચાલુ છે.

## સમ્યગ્દૃષ્ટિ જીવ કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્નેને શુદ્ધ માને છે.

ધર્મી જીવને એવી પ્રતીતિ છે કે પરમાત્મા કે જેમણે કાર્ય પ્રગટ કર્યું તેમાં અને કારણપરમાત્મા જે અનાદિ અનંત મારામાં પડ્યો છે તેમાં કાંઈ ફેર નથી, બન્ને શુદ્ધ છે. પર્યાયમાં શુભાશુભ ભાવ હોવા છતાં સ્વભાવ કદી વિકારી થયો નથી, સ્વભાવ તો સદા શુદ્ધ જ છે. મિથ્યાશ્રદ્ધા છોડી સમ્યક્શ્રદ્ધા કરું, મિથ્યાજ્ઞાન છોડી સમ્યગ્જ્ઞાન કરું એવો ભેદ કારણપરમાત્મામાં નથી. કારણતત્ત્વ એક સ્વરૂપે

બિરાજે છે તે સદાય શુદ્ધ છે ને કાર્યતત્ત્વ જે સિદ્ધને પ્રગટ થયું છે તે પણ શુદ્ધ છે. કારણતત્ત્વ ને કાર્યતત્ત્વમાં ફેર નથી, બન્ને શુદ્ધ છે એમ સમ્યગ્દષ્ટિ માને છે.

**પરમાગમના રહસ્ય જાણવાવાળા, સુંદર બુદ્ધિવાળા ભાવલિંગી મુનિને નમસ્કાર!**

આ રીતે ભગવાનની વાણીથી રચાયેલા પરમ આગમોના ગંભીર અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દષ્ટિ મુનિઓ સ્વયં જાણે છે તેને અમે વંદન કરીએ છીએ. પરમાગમોએ શું કહ્યું ? દયા, દાનાદિ, વિકાર અસાર છે ને ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ સ્વરૂપ એક જ સાર છે. મુનિઓને સારાસારની વિવેક બુદ્ધિ છે ને માને છે કે હું તો ત્રિકાળી શુદ્ધ છું, સમ્યગ્દષ્ટિપણું કે મિથ્યાદષ્ટિપણું, ત્યાગપણું કે અત્યાગપણું એ બધું પર્યાયમાં છે. સમ્યગ્દર્શનના ધ્યેયમાં એવો ભેદ નથી, સમ્યગ્દર્શનનું ધ્યેય અખંડ શુદ્ધ એક આત્મા છે. પુણ્ય-પાપ આદિ ભાવ આવે છે તેને વ્યવહારે જાણે છે પણ તે વડે સમ્યગ્દર્શન ટકે છે અથવા ચારિત્ર વધે છે એમ માનતા નથી. પણ શુદ્ધ સ્વભાવના અવલંબને તે ટકે છે ને વધે છે. ને તે એક જ મોક્ષનું સાધન છે એમ જાણે છે.

વળી આ વાતને મુનિ સ્વયં જાણે છે, કોઈ શાસ્ત્રથી અથવા ગુરુથી જાણે છે એમ કહ્યું નથી પણ પોતાથી સ્વયં જાણે છે એટલે મોક્ષ માટે સાધન હું છું બીજું કોઈ સાધન નથી. ટીકાકાર મુનિરાજ કહે છે કે એવા ધર્માત્મા ભાવલિંગી મુનિઓ જે સુંદર બુદ્ધિવાળા છે ને જે સારરૂપ તત્ત્વ સ્વયં જાણે છે તેમને અમો વંદન કરીએ છીએ, એ ટીકાકાર મુનિરાજની નિર્માનતા બતાવે છે.



**ગાથા ૪૯**

**एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु।**
**सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा ॥ ४९ ॥**

**આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;**
**સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.**

**અન્વયાર્થ :-** આ (પૂર્વોક્ત) બધા ભાવો ખરેખર વ્યવહારનયનો આશ્રય કરીને (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે; શુદ્ધનયથી સંસારમાં રહેલા સર્વ જીવો સિદ્ધ સ્વભાવી છે.

**જે જીવ પોતાની પર્યાયમાં રહેલાં રાગ-દ્વેષ ને અધૂરાશનું યથાર્થ જ્ઞાન કરતો નથી, તેને શુદ્ધાત્મદ્રવ્યનું જ્ઞાન પણ સાચું હોઈ શકે નહિ.**

**ટીકા :** આ નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન(કથન) છે. પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મ દ્રવ્યનું તેમજ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્જ્ઞાન હોવું જોઈએ. પોતાને કથંચિત્ વિભાવ પર્યાયો વિદ્યમાન છે એવો સ્વીકાર જ જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ. આત્મા દ્રવ્યદષ્ટિએ શુદ્ધ છે તે વાત બરાબર છે પણ તેથી કરીને એક સમયનો રાગ પર્યાયમાં બિલકુલ નથી જ ને પર્યાયમાં પણ પૂર્ણતા વર્તે છે એમ માને તો પર્યાયનું સાચું જ્ઞાન નથી, ને તેથી આખા દ્રવ્યનું પ્રમાણ જ્ઞાન થતું નથી. સ્વભાવદષ્ટિથી કહેવાય કે વસ્તુસ્વભાવમાં ત્યાગ-અત્યાગ છે જ નહિ તેથી કરીને પર્યાયમાં પણ મુનિપણું કે વીતરાગીપણું છે એમ સમજે તો તે ખોટો છે. બનારસીદાસજીને તથા તેમના મિત્રોને પણ એમ થયું હતું ને તેથી વસ્ત્ર કાઢી મુનિ થઈ ગયાનું માન્યું હતું.

**કરની કો રસ મિટ ગયો, ભયો ન આતમ સ્વાદ;**
**ભઈ બનારસિકી દશા, જ્યાં ઊંટકો પાદ.**

પોતાની ભૂમિકા અનુસાર પર્યાયને સમજ્યા વગર અજ્ઞાની ભ્રાંતિ સેવે છે. પોતાની જે જે ભૂમિકા હોય ત્યાં ત્યાં વર્તતી પર્યાયનું જ્ઞાન કરવું જોઈએ. પર્યાયનો વિવેક હોવો જોઈએ, પર્યાયમાં કેવો કેવો રાગ વર્તે છે તેનું જ્ઞાન હોવું જોઈએ, તેને વ્યવહારનય કહે છે. જે જીવ પર્યાયનું યથાર્થ જ્ઞાન કરતો નથી તેનું આત્માનું જ્ઞાન પણ સાચું નથી. માટે વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે એવી વિવક્ષાથી અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે.

**પણ જે જીવ રાગ-દ્વેષનું જ્ઞાન કરી, તેનો આશ્રય છોડી શુદ્ધ દ્રવ્યનો આશ્રય કરે છે તેનું જ્ઞાન પ્રમાણ છે.**

પણ વ્યવહારનયનો વિષય રાગ, પુણ્ય, પર્યાયની અધૂરાશ છે તેનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે એવી વિવક્ષાથી વ્યવહારનયને ઉપાદેય કહ્યો નથી. વિકાર, હીણીદશા, ઉઘાડ વગેરેનું જ્ઞાન કરવું પણ તેથી કરીને તેનાથી આગળ વધાશે એમ નથી, લાભ થશે એમ છે જ નહિ. વ્યવહારનયના વિષયનો આશ્રય છોડવા યોગ્ય જ છે એમ સમજાવવા માટે ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે.

જે જીવને અભિપ્રાયમાં પોતાના શુદ્ધ આત્માનો આશ્રય વર્તે છે ને નિમિત્તોનો, પુણ્ય-પાપનો તથા અધૂરી પર્યાયોનો આશ્રય વર્તતો નથી (જ્ઞાન વર્તે છે) તે જ જીવને દ્રવ્યનું તથા પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહિ. જેણે પુણ્ય-પાપ, વિકાર, અધૂરી પર્યાયને હેય માની શુદ્ધ કારણપરમાત્માને ઉપાદેય માન્યો છે તેનું જ્ઞાન સમ્યક્ પ્રમાણ છે.

**સંસારી જીવો વ્યવહારનયથી શરીરના સંબંધવાળા છે, વિનાશી છે, અશુદ્ધ છે ને ઈન્દ્રિય ને કર્મ સંબંધવાળા છે.**

**ટીકા** : પૂર્વે જે વિભાવ પર્યાયો 'વિદ્યમાન નથી' એમ પ્રતિપાદન કરવામાં આવ્યા છે તે બધા વિભાવ પર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે. ગાથા ૪૮માં સંસારી જીવને સિદ્ધ સમાન કહ્યા હતા ને વિભાવપર્યાયો વિદ્યમાન નથી એમ કહ્યું હતું. તે બધા વિભાવપર્યાયો વ્યવહારનયથી એક સમય પૂરતા છે. તેનો તદ્દન અભાવ નથી. ત્યાં તો દ્રવ્યદૃષ્ટિથી સ્વરૂપ બતાવ્યું હતું. તેથી કરીને એક સમય પૂરતો પણ વિકાર નથી એમ કોઈ માની બેસે તો વસ્તુનો વિરોધ થાય. વસ્તુદૃષ્ટિથી જેનો નિષેધ કરવામાં આવ્યો હતો તે વ્યવહારથી એક સમય પૂરતા છે.

(૧) ત્રિકાળી દૃષ્ટિથી સંસારી જીવને અશરીરી કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી શરીરના સંબંધવાળો છે.

(૨) ત્રિકાળી દૃષ્ટિથી સંસારી જીવને અવિનાશી કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી વિનાશી છે. નર-નારકાદિ પર્યાયોના ગ્રહણ-ત્યાગ તેને હોય છે.

(૩) સ્વભાવ દૃષ્ટિથી સંસારી જીવને અતીન્દ્રિય કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી સંશય જ્ઞાનવાળો છે ને જ્ઞાનમાં ઈન્દ્રિયો સાથેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળો છે.

(૪) સ્વભાવ દૃષ્ટિથી સંસારી જીવને નિર્મળ કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી ક્ષયોપશમાદિ વિભાવભાવને લીધે મેલવાળો છે.

(૫) સ્વભાવ દૃષ્ટિથી સંસારી જીવને વિશુદ્ધાત્મા કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી અશુદ્ધ છે. રાગદ્વેષરૂપી ભાવકર્મોના નિમિત્તરૂપે દ્રવ્યકર્મોના સંબંધવાળો છે.

એક સમય પૂરતો પર્યાયમાં વિકાર છે, ઊણપ છે ને કર્મ તથા શરીરની સાથે નિમિત્ત-નૈમિત્તિક



સંબંધવાળો છે. વ્યવહારથી પણ શુદ્ધ અને અતીન્દ્રિય માની લ્યે તો વસ્તુવિરોધ થઈ જાય. માટે એક સમય પૂરતો વ્યવહારે આવા વિકારને કર્મ સાથે સંબંધ છે એમ જ્ઞાન કરવું જોઈએ. જે પર્યાયમાં વિકાર છે તેનો દ્રવ્ય અપેક્ષાએ નિષેધ છે, વિકારનો તદ્દન જ અભાવ હોય તો નિષેધ કરવાનું રહેતું નથી. માટે વ્યવહારજ્ઞાન કરવા જેવો છે, આદરવા જેવો નથી.

વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણ-પર્યાયો વડે સિદ્ધ ભગવંતો સમાન છે. (અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવવાળા હોવાથી સંસારી છે તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદૃશ છે.)

**વ્યવહારનયથી સંસારી જીવો પર્યાયમાં વિભાવ ભાવવાળા છે.**

સંસારી જીવો વ્યવહારનયથી ચાર વિભાવ ભાવોથી પરિણત છે તેથી સંસારમાં રહ્યા છે. મિથ્યાદૃષ્ટિ જીવને ઉપશમભાવ, ક્ષાયિકભાવ પ્રગટ નથી, રાગ-દ્વેષાદિ ઉદયભાવ કે ક્ષયોપશમભાવ-જ્ઞાનનું હીણાપણું છે, એટલે તે ભાવો તો પર્યાયમાં વર્તે છે ને ઉપશમ ને ક્ષાયિકભાવોનો વિચાર કરે કે ઉપશમભાવ આવો છે ને કેવળજ્ઞાન આવું છે એમ વિકલ્પ ઉઠાવે ને તેવા વિકલ્પથી લાભ માને છે તેથી ચારે ભાવોથી પરિણત કહેલ છે. ક્ષાયિક આદિ ભાવો નિર્મળ હોવા છતાં પર્યાય છે ને પર્યાયના લક્ષે રાગ થાય છે, ધર્મ થતો નથી; તેથી ક્ષાયિકભાવને વિભાવભાવ ગણેલ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેમાં ઠરું તો લાભ થાય તે વાત બેસતી નથી પણ કાંઈક કરું તો લાભ થાય, વ્યવહારથી ને પુણ્યથી લાભ થાય તેવી પક્કડ તે મૂકતો નથી. વિકલ્પથી આત્માને લાભ થશે તેમ તે માની રહ્યો છે તેથી તે વ્યવહારનયથી સંસારી છે.

**શુદ્ધ નિશ્ચયનયથી સંસારી જીવો સિદ્ધ સમાન શક્તિએ પરિપૂર્ણ ને શુદ્ધ છે.**

તે બધા વિકારના ભેદો પર્યાયમાં પડે છે. શુદ્ધ દૃષ્ટિથી જોવામાં આવે તો અભવી સહિત બધા જીવો સિદ્ધ સમાન શુદ્ધ જ છે. સમ્યગ્દર્શનનું ધ્યેય ત્રિકાળી અખંડ શુદ્ધ આત્મા છે. શુદ્ધ આત્માને ગ્રહણ કરું ને રાગ-દ્વેષને છોડું એવો અવકાશ સ્વભાવમાં નથી. સંસાર હતો ને સંસાર છૂટ્યો, રાગ ગયો ને વીતરાગતા પ્રગટ થઈ, એ બધા ભેદો પર્યાયના છે, તે વ્યવહારનયનો વિષય છે. જીવની પર્યાયમાં મિથ્યાદર્શન હોય, ભેદથી લાભ માનતો હોય, તો પણ તેનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ તો સિદ્ધ સમાન છે. પહેલા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીના ભેદો વ્યવહારનયના વિષય છે. કેવળજ્ઞાન પર્યાય ૧૩મું ગુણસ્થાન શુદ્ધ સ્વભાવમાં નથી. સિદ્ધપર્યાય ગ્રહણ કરું એવું વસ્તુસ્વભાવમાં નથી. સંસારી જીવની એક સમયની વિકારી પર્યાયને ગૌણ કરો તો બધા જીવો સિદ્ધ સદૃશ છે. નાતની અંદર લાણી કરે તો ગરીબ હોય કે તવંગર હોય પણ દરેકને સરખી લાણી કરવામાં આવે છે. નાત અપેક્ષાએ બન્ને સરખા છે. તેમ નિગોદ ને એકેન્દ્રિય જીવ હો કે સંસારી પંચેન્દ્રિય હો તો

પણ એક સમયની પર્યાયને ગૌણ કરીને જોવામાં આવે તો શુદ્ધ દૃષ્ટિથી તે જીવ સિદ્ધ સમાન છે. આવી દૃષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે.

**વ્યવહારનયનું જ્ઞાન કરી શુદ્ધ નિશ્ચય સ્વભાવનો આશ્રય કરવો તે ધર્મનું કારણ છે.**

આ ગાથામાં પર્યાયનું જ્ઞાન કરાવ્યું કે પર્યાયમાં વિભાવભાવો છે છતાં પર્યાયને ગૌણ કરો તો સ્વભાવમાં વિભાવભાવો નથી -એમ યથાર્થ જ્ઞાન કરે તો જ્ઞાન પ્રમાણ થાય છે. જેમ તલમાં તેલ શક્તિરૂપે છે એમ ભાન ન કરો તો તલ પીસવાનો ભાવ ન કરે ને તલમાં તેલ શક્તિથી છે એમ કહ્યું તેથી પર્યાયમાં પણ તેલ છે એમ માની પૂરી તળવા માંડે તો કામ આવે નહિ. તેમ આત્મા સ્વભાવે શુદ્ધ છે એમ ખ્યાલ ન કરે તો શુદ્ધના લક્ષ વગર અશુદ્ધતા ટળે નહિ ને શક્તિએ શુદ્ધ કહ્યો તેથી પર્યાયમાં પણ શુદ્ધતા છે એમ માને તો પણ ખોટો છે. પર્યાયમાં વિકાર છે, કર્મનું નિમિત્ત છે, શુભભાવ કરે તેમાં દેવ-ગુરુનું નિમિત્ત છે વગેરે પર્યાયનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. છતાં તે અધૂરીદશા મારું ખરું સ્વરૂપ નથી, હું તો આનંદકંદ શક્તિવાન છું, મારામાં કારણશક્તિ છે તે પ્રગટ થઈને કાર્યરૂપદશા પ્રગટ થશે એમ માનવું જોઈએ. બધા જીવો સ્વભાવે જિનવર સમાન છે એમ લખાણ આવે ત્યાં પર્યાયમાં જિનવરપણું છે એમ માનવું ન જોઈએ. માટે પર્યાયનું જેમ છે તેમ જ્ઞાન કરી તે વિકાર મારા સ્વભાવમાં નથી એમ શુદ્ધ સ્વભાવનો આશ્રય લેવો જોઈએ તો જ જ્ઞાન પ્રમાણ થાય છે. વ્યવહારનું જ્ઞાન કરવા જેવું છે પણ વ્યવહારનો આશ્રય કરવા જેવો નથી પણ નિશ્ચય સ્વભાવનો આશ્રય કરવા જેવો છે. આ ગાથામાં વ્યવહારનયથી જ્ઞાન કરાવી પછી કહ્યું કે તે બધા વિભાવો વિદ્યમાન હોવા છતાં શુદ્ધ દૃષ્ટિથી બધા જીવો સિદ્ધ સદશ છે. આમ યથાર્થ જ્ઞાન કરી નિશ્ચય સ્વભાવનો આશ્રય કરવો તે ધર્મનું કારણ છે.

**કારતક સુદ ૪, શનિવાર, ૩-૧૧-૫૧.**

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા કહ્યું છે કે :

(मालिनी)

**व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हंत हस्तावलम्बः।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किंचित्॥**

**શ્લોકાર્થ** : જો કે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે એવા જીવોને, અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય, તો પણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત એવા પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે તેમને એ વ્યવહારનય કાંઈ નથી.



**ધર્મી જીવને વિકલ્પવાળી દશામાં વ્યવહારનયનું અવલંબન ઉપચારથી કહેવાય છે પણ તેનું ફળ સંસાર છે.**

આ સમયસારની બારમી ગાથા પછીનો શ્લોક છે. પ્રથમ ભૂમિકા એટલે કે જીવ નિર્વિકલ્પ-દશામાં ઠરે નહિ ત્યાં સુધી જીવને વિકલ્પ ઊઠે છે ને વ્યવહારનયનો વિષય ખ્યાલમાં આવે છે. મુનિને પણ છઠ્ઠે ગુણસ્થાને ઉપદેશ આદિનો વિકલ્પ આવે છે ને તે વિકલ્પનું મુનિ જ્ઞાન કરે છે. દૃષ્ટિમાં તો તે વિકલ્પનો અને ભેદનો નકાર છે. દૃષ્ટિમાં અભેદ સ્વભાવ જ છે. છતાં પોતે પોતાના સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી અસ્થિરતા રહે છે. તેવા ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવોને વ્યવહારનય હસ્તાવલંબરૂપ કહ્યો છે તો પણ તેનું ફળ સંસાર છે. સમયસાર ગાથા ૧૧ના ભાવાર્થમાં લખ્યું છે કે ''વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધ નયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે -ક્યાંક ક્યાંક છે''. સમયસારમાં પણ સ્પષ્ટ લખ્યું છે કે વ્યવહારનયના આશ્રયનું ફળ સંસાર છે. મિથ્યાદૃષ્ટિને વ્યવહારનય હોતો નથી. જ્ઞાનીને નય હોય છે. જ્ઞાની જ્યારે આત્માનું સ્વરૂપ અજ્ઞાનીને ગુણ-ગુણી ભેદથી સમજાવે ત્યારે વિકલ્પ વર્તે છે. દૃષ્ટિમાં અખંડ સ્વભાવ આદરણીય છે. રાગ અને ભેદથી કલ્યાણ માનતા નથી. ઉપદેશની વૃત્તિ ઊઠે છે તેનો પણ ખેદ કરે છે. ''અરેરે! અમે અમારા સ્વભાવમાં ઠરી શકતા નથી તેથી આ વિકલ્પ આવે છે.'' પણ તેનાથી લાભ માનતા નથી. મિથ્યાદૃષ્ટિ જીવ કહે છે કે પ્રથમ વ્યવહાર હોય છે ને તેનાથી પછી નિશ્ચય પ્રગટે છે. પણ એમ વસ્તુસ્વરૂપ નથી. જેને નિશ્ચય પ્રગટ્યો હોય તેને જ વ્યવહાર સાચો હોય છે. તે જીવને વિકલ્પ હોય ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ જાય. તે પર્યાયનું જ્ઞાન ને ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન એમ બન્ને થઈને જ્ઞાન પ્રમાણ છે. પણ પર્યાયનો આશ્રય કરવા જેવો નથી.

''પરમ અધ્યાત્મ તરંગિણી''માં પંડિત ગજાધરલાલજી પણ કહે છે :

**''तथा - भट्टारक शुभचंद्रजीने 'हंत इति वाक्यालंकारे' ऐसा कहकर हंत अव्ययका प्रयोग वाक्यकी सुंदरताके लिये बतलाया है परंतु पं. जयचंद्रजीने हंत अव्ययका अर्थ खेद किया है। हम पंडित जयचंद्रजीके अर्थसे सहमत हैं क्योंकि व्यवहारनयको हेय माना है इसलिये हंत शब्दसे ग्रंथकारने यहां खेद प्रगट किया है कि शुद्धस्वरूपकी प्राप्ति के पहिले उसकी प्राप्तिके लिये हमैं जबरन व्यवहारनयका अवलंबन करना पडता है। यदि हमारा वश चलता अर्थात् बिना व्यवहारके अवलंबन किये ही शुद्ध चिद्रूपकी प्राप्ति हो जाती तो हम व्यवहारनयकी ओर झांक कर भी न देखते।''**

અહીં હસ્તાવલંબરૂપ કહ્યો છે એટલે ટેકારૂપ કહ્યો છે. એનો અર્થ એ છે કે ચાલનાર પોતે છે, બીજો જીવ ચલાવતો નથી. ઉદયાદિ ચાર ભાવોના આશ્રયે પણ લાભ નથી પરંતુ પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે જ લાભ છે એમ પોતાના ટેકે જે ચાલે છે તેને અધૂરીદશામાં રાગ જાણવા જેવો છે તે

કથનને હસ્તાવલંબરૂપ કહ્યો છે. ભૂતાર્થ સ્વભાવ રાખીને પર્યાયનું જ્ઞાન કરવા જેવું છે.

**જે જીવો પોતાના શુદ્ધ સ્વભાવમાં ઠરી ગયા છે તેને વિકારને જાણવાનો પણ વ્યવહાર હોતો નથી.**

વિકલ્પવાળી દશામાં વ્યવહારનું જ્ઞાન કરાવ્યું ને શાસ્ત્રે ત્યાં ભલે હસ્તાવલંબરૂપ કહ્યો તો પણ જે જીવો રાગ ને વિકાર ટાળી પોતાના સ્વભાવમાં ઠરી જાય છે ને પોતાના શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્રને દેખે છે તેમને વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી. તેવા જીવને કાંઈ વિકલ્પ હોતો નથી. ક્ષાયિકભાવ આવો પ્રગટશે એવો વિકલ્પ પણ ત્યાં નથી. પોતાની શુદ્ધતામાં ઠર્યો એટલે વિકલ્પ તૂટી ગયો ને તેતી વિકલ્પને જાણવારૂપ વ્યવહાર પણ રહેતો નથી તેથી વ્યવહારનય કાંઈ નથી એમ કહ્યું છે.

વળી આ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૭૩**

(स्वागता)

**शुद्धनिश्चयनयेन विमुक्तौ**
**संसृतावपि च नास्ति विशेषः।**
**एवमेव खलु तत्त्वविचारे**
**शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति॥७३॥**

**શ્લોકાર્થ** : 'શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી'; આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરુપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. ॥ ૭૩ ॥

**શુદ્ધ નિશ્ચયનયથી સંસારી ને સિદ્ધમાં કાંઈ તફાવત નથી, બન્ને સમાન છે.**

સંસારી જીવોની એક સમયની પર્યાયને તથા સિદ્ધની મુક્તિની પર્યાયને ગૌણ કરી જુઓ તો શુદ્ધ નિશ્ચયનયથી સંસારી ને સિદ્ધમાં કાંઈ ફેર નથી. કોઈ એમ માને કે એક સમયનો પર્યાય બિલકુલ નથી ને આત્મા સર્વથા કૂટસ્થ છે તો તે ખોટો છે. પર્યાયમાં ભેદ પડે છે. જુદા જુદા ભાવો જીવ કરે છે, નિમિત્ત ઉપર લક્ષ પણ જાય છે. તે ભેદ પર્યાયમાં છે ખરા પણ તે ભેદોથી સ્વભાવને લાભ નથી. તેથી સ્વભાવદૃષ્ટિ કરાવવા કહ્યું કે વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં સંસારી ને સિદ્ધમાં કાંઈ ફેર નથી એમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો કહે છે.

(૧) શુદ્ધ સ્વભાવ એકરૂપ છે, તેમાં ભેદ નથી એમ માની કોઈ અજ્ઞાની જીવ કહે કે વ્યવહારમાં પણ ભેદ નથી તો તેનો એક પણ નય સાચો નથી. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જીવને વિકલ્પવાળી



દશામાં રાગ હોય છે ને નિમિત્ત ઉપર લક્ષ જાય છે તે જ્ઞાન કરવા માટે છે.

(૨) વળી કોઈ જીવ એમ માને કે વ્યવહારમાં રાગદ્વેષાદિના ભેદ છે માટે નિશ્ચય સ્વભાવમાં પણ ભેદ પડે છે ને નિશ્ચયનયના અભેદ વિષયમાં પણ ભેદ પડે છે તો તે પણ ખોટો છે. તેને પણ એકે ય નય હોતો નથી. વ્યવહારે પર્યાયમાં ભેદ હોવા છતાં નિશ્ચયમાં ભેદ નથી એમ અનેકાન્ત છે. સંસારી જીવો સિદ્ધ સમાન છે. અહીં દ્રવ્યદૃષ્ટિ બતાવી પર્યાયદૃષ્ટિ ઉડાવવી છે કારણ કે વિકારી પર્યાયમાંથી કે અધૂરી પર્યાયમાંથી ધર્મપર્યાય પ્રગટતી નથી પણ શુદ્ધ સ્વભાવવાનના આધારે ધર્મપર્યાય પ્રગટે છે.

### ગાથા ૫૦

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा॥ ५०॥**
**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

**અન્વયાર્થ :-** પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય -આત્મા- ઉપાદેય છે.

**ટીકા** : આ હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.

''જે કોઈ વિભાવ ગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધ નિશ્ચયનયના બળે (શુદ્ધ નિશ્ચયનયે) તેઓ હેય છે. શા કારણથી ? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.''

ઉદયભાવ એક સમયનો વિકારીભાવ છે. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવો એક સમયની નિર્મળ પર્યાયો છે. ચારે ભાવોનું જ્ઞાન કરવું જોઈએ એ અપેક્ષાએ વ્યવહારથી તેને ઉપાદેય કહ્યા હતા, પરંતુ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ચારે ભાવો તરફનું લક્ષ છોડવા જેવું છે કારણ કે ઉદયભાવ વિકાર છે તે વિકારથી ધર્મ થતો નથી. ઉપશમભાવ, ક્ષયોપશમભાવ નિર્મળ પર્યાય હોવા છતાં પર્યાયના લક્ષે રાગ થાય છે, ધર્મ થતો નથી ને ક્ષાયિકભાવ વર્તમાન પ્રગટ નથી, ને પ્રગટ નથી તેનો વિચાર કરતાં રાગ થાય છે તેથી તેના તરફનો વિકલ્પ પણ છોડવા જેવો છે. એ અપેક્ષાએ તે ચારે ભાવોને પરદ્રવ્ય કહ્યા છે. કેવળી ભગવાનને સમજવાનું કાંઈ બાકી નથી. તેમને નય નથી. જેને સમજવાનું બાકી છે તે સાધકને નય પડે છે. તેને પર્યાય ઉપર લક્ષ કરતાં રાગ થાય છે તેથી તે ભાવો ઉપરનું લક્ષ છોડાવ્યું છે.

સમયસાર ગાથા ૧૧માં કહ્યું છે કે વ્યવહારનય અભૂતાર્થ છે ને ભૂતાર્થ શુદ્ધનયના આશ્રય કરનારા સમ્યગ્દૃષ્ટિ છે. અહીં પણ એ જ કહેવું છે કે ત્રિકાળી ધ્રુવ સ્વભાવ તે સામાન્ય છે ને ઉદયાદિ ચાર ભાવો વિશેષ છે. વિશેષના અવલંબને લાભ નથી તેથી વિશેષને પરદ્રવ્ય ગણી સામાન્ય એકરૂપ સ્વભાવના આશ્રયે લાભ છે એમ કહેલ છે. જે જીવ વ્યવહારમાં હોંશ કરે છે તેને કહે છે કે તેના આશ્રયે લાભ નથી, શુદ્ધના આશ્રયે લાભ છે. ને કોઈ કહે કે લાભ છે જ નહિ તો તેને પર્યાયનું જ્ઞાન કરાવે છે. પણ તેના આશ્રયે લાભ થાય એમ બની શકે નહિ.

આ વાતને અન્ય મત સાથે મેળ ખાય તેમ નથી. પૈસા, કુટુંબ પરદ્રવ્ય જ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરદ્રવ્ય છે ને પોતાની એક સમયની પર્યાયને પણ પરદ્રવ્ય કહેલ છે. કારણ કે તેનો આશ્રય લેવા જતાં મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. એક ચૈતન્ય સ્વભાવ અંતઃતત્ત્વ સ્વદ્રવ્ય છે. કોઈની ભક્તિથી કે કૃપાથી ધર્મ થાય તેમ જ રાગ ને પુણ્યના આશ્રયે ધર્મ થાય તેમ તો નથી પણ તારી પર્યાયની કૃપાથી કે તેના આશ્રયથી પણ ધર્મ થાય એમ નથી. પર્યાયવાન દ્રવ્યસ્વભાવની કૃપાથી-એની એકની જ કૃપાથી ધર્મ થાય છે તેમ છે.



ગાથા ૩૮ની ટીકામાં કહેલ છે કે ''જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'' હું શુદ્ધ જીવ છું એવો વિકલ્પ પણ પરદ્રવ્ય છે. ગાથા ૧૦૩ની ટીકામાં ''નવ પદાર્થરૂપ પરદ્રવ્યના...'' એમ કહીને નવ પદાર્થને પરદ્રવ્ય કહ્યા છે. એક શુદ્ધ અંતઃતત્ત્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે. સર્વે વિભાવભાવો - ઔદયિકભાવોથી રહિત શુદ્ધ કારણપરમાત્મા ઉપાદેય છે. અહીં અતઃતત્ત્વ એટલે અંતરાત્મા અર્થ ન લેવો. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા - ત્રણે પર્યાય છે, તેની વાત નથી. ત્રણે વિનાનો એકલો શુદ્ધ સ્વભાવ, ઉત્પાદ-વ્યય વિનાનો કારણપરમાત્મા ઉપાદેય છે. કારણ કે તેના આશ્રયે લાભ થાય છે માટે તેને સ્વદ્રવ્ય કહ્યું છે. વ્યવહાર રત્નત્રય, પાંચ મહાવ્રતના વિકલ્પ કે ઉપશમાદિ ચાર ભાવોના આશ્રયે લાભ નથી, રાગ થાય છે, ધર્મ થતો નથી માટે પરદ્રવ્ય કહેલ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ક્ષાયિક આદિ ભાવને પરદ્રવ્ય કેમ કહ્યા ?

**સમાધાન** : ભાઈ, સાંભળ ! તે ભાવોના વિચાર કરતાં રાગ ઊઠે છે. તેથી પર્યાયબુદ્ધિ છોડાવવા તેને વ્યવહાર કહી, ગૌણ કરી, અભૂતાર્થ કહી, પરદ્રવ્ય કહી હેય કહ્યા છે ને ભૂતાર્થ શુદ્ધ દ્રવ્યને સ્વદ્રવ્ય કહી ઉપાદેય કહ્યું છે કારણ કે તેના આશ્રયે ધર્મ થાય છે.

#### સહજજ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખરૂપ અંતઃતત્ત્વનો આધાર શુદ્ધ કારણપરમાત્મા છે.

હવે તે અંતઃતત્ત્વ કેવું છે ? ''ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજ પરમ વીતરાગ સુખાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર સહજ પરમ પારિણામિકભાવલક્ષણ (સહજ પરમપારિણામિકભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.''

ત્રિકાળી સહજજ્ઞાન, ત્રિકાળી સહજદર્શન, ત્રિકાળી સહજચારિત્ર, ત્રિકાળી સહજ પરમ વીતરાગી સુખરૂપ શુદ્ધ અંતઃતત્ત્વ છે. શુદ્ધભાવ શુદ્ધ સ્વભાવભાવ છે ને તેનો આધાર પરમ પારિણામિક ભાવવાળો કારણસમયસાર છે. સહજ જ્ઞાન-દર્શન કહીને જુદા જુદા ગુણોનો ભેદ સમજાવ્યો હતો, તેનો આધાર કારણપરમાત્મા કહી અભેદ કહી દીધો. સ્વદ્રવ્યમાં જ્ઞાન-દર્શન આદિ ચાર ભેદથી સમજાવેલ છે. ને તેને અભેદ કરી કારણસમયસાર કહ્યો. એ જ સમ્યગ્દર્શન માટે ઉપાદેય છે ને તે જ ધર્મનું કારણ છે.

**કારતક સુદ ૫, રવિવાર, ૫-૧૧-૫૧.**

**ટીકા** : ખરેખર શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ કારણપરમાત્મા ઉપાદેય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય અથવા મોક્ષની પર્યાય પણ આદરણીય નથી. કારણ કે તે કાર્ય છે. કાર્યમાંથી કાર્ય ન પ્રગટે અથવા પર્યાયમાંથી પર્યાય ન આવે. માટે સ્વભાવ શુદ્ધ ત્રિકાળ એકરૂપ છે તે કારણ છે, તેમાંથી કાર્ય આવે છે. કાર્ય ઉપાદેય નથી પણ કારણપરમાત્મા ઉપાદેય છે. પર્યાય ઉપરનું લક્ષ છોડાવવા તે પર્યાયોને પરદ્રવ્ય ગણી એકલા શુદ્ધ સ્વભાવને સ્વદ્રવ્ય ગણી આદરણીય કહેલ છે.

એવી રીતે (આચાર્ય દેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :

(शार्दूलविक्रीडित)

**सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम् ।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-**
**स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ।।**

**શ્લોકાર્થ** : જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે 'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.'

**મોક્ષાર્થી જીવોએ એકરૂપ શુદ્ધ સ્વભાવનું સદાય સેવન કરવું.**

જે જીવોના જ્ઞાનનો અભિપ્રાય ઉજ્જવળ છે, ઉદાર છે, તે જીવોએ શું કરવું ? તેવા મોક્ષાર્થી જીવો આ સિદ્ધાંતનું સેવન કરો કે હું તો શુદ્ધ જ્ઞાનમય છું ને તેમ માનનાર ઉદાર છે. જે જીવ નિમિત્તથી, વ્યવહારથી, પુણ્યથી ધર્મ માને તેનો અભિપ્રાય ઉદાર નથી. તેથી વ્યવહારથી ધર્મ ન માનો પણ હું ત્રિકાળ એકરૂપ શુદ્ધ આત્મા છું, કારણપરમાત્મા છું, મારા આધારે ધર્મદશા પ્રગટી મોક્ષ થાય છે. આ એક જ સિદ્ધાંત અંગીકાર કરવા જેવો છે. જેવી રીતે અગ્નિ ખરાબ વસ્તુને બાળી મૂકે છે તેમ પરમ જ્યોતિરૂપ જ્ઞાનઅગ્નિ હીણી અવસ્થાને તથા વિકારને બાળી મૂકવા સમર્થ છે. સંસારી ને સિદ્ધ બધા ભેદ વ્યવહારનયના વિષયમાં જાય છે. શુદ્ધ નિશ્ચયનયથી મારામાં ને સિદ્ધમાં કાંઈ ભેદ નથી. હું તો જ્ઞાયકસ્વભાવી છું. આવી વાણી જ્ઞાનીના મુખેથી નીકળે તે વાણી સમ્યગ્દર્શનમાં નિમિત્ત થાય છે. ને જે પોતામાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેને જ્ઞાની તથા વાણી નિમિત્ત કહેવાય છે.



**પર્યાયમાં થતા શુદ્ધ-અશુદ્ધભાવો અનેકતા ઉત્પન્ન કરે છે માટે તે પરદ્રવ્ય છે, તેથી તેનું લક્ષ છોડો.**

અને જે જુદા જુદા લક્ષવાળા દયા, દાન, હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ થાય છે તે હું નથી તેમ જ નવી નિર્મળ પર્યાય પ્રગટ થાય તે પણ હું નથી. કારણ કે તે બધા પરદ્રવ્ય છે, નિર્મળતારૂપી કાર્ય પર્યાયમાં થાય છે પણ પર્યાય વડે પર્યાય પ્રગટતી નથી. માટે પર્યાયને પરદ્રવ્ય કહેલ છે. જ્યારે પર્યાય સ્વદ્રવ્ય તરફ વળે છે ત્યારે ધર્મદશા પ્રગટે છે. તેથી ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહેલ છે. એટલે અહીં બતાવ્યું કે જેને દાની થવું હોય એટલે પોતાની નિર્મળ પર્યાયનું દાન પોતાને આપવું હોય તેણે એવા અભિપ્રાયને સેવવો કે એક સમયનો વિકાર જાણવા જેવો છે પણ આદરવા જેવો નથી. વ્યવહારરત્નત્રયના પુણ્ય પરિણામ પણ ઉદાર નથી ને એક સમયની પર્યાય પણ ઉદાર નથી. ત્રિકાળી સ્વભાવ એક જ ઉદાર છે, તે આદરણીય છે. પર્યાયો એક પછી એક પ્રગટે, તેના લક્ષે અનેકતા થાય છે. તેથી તે બધા પરદ્રવ્ય છે. માટે અનેકનું લક્ષ છોડી એકરૂપ દ્રવ્યના શ્રદ્ધા-જ્ઞાન કરો એ જ ધર્મનું કારણ છે.

વળી આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૭૪**

(शालिनी)

**न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-**
**दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः ।**
**इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी**
**सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम् ।। ७४ ।।**

**શ્લોકાર્થ** : ''શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી'' - આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે. ।। ૭૪ ।।

**જે તત્ત્વવેદી શુદ્ધ જીવને પોતાનો માને ને બાકીના ભાવોને પર માને તે મોક્ષદશાને પામે છે.**

અહીં શુદ્ધ જીવાસ્તિકાય શબ્દ વાપરેલ છે. દરેક જીવ શુદ્ધ છે ને અસંખ્ય પ્રદેશી છે એમ બતાવવા કહ્યું છે. શુદ્ધ જીવાસ્તિકાય કહો, કારણસમયસાર કહો, ત્રિકાળ ધ્રુવસ્વભાવ કહો, નિત્ય કહો, ત્રિકાળ કારણશુદ્ધજીવ કહો તે બધા એકાર્થ વાચક છે. શુદ્ધ જીવ સિવાય પર્યાયમાં થતાં દયા-દાનાદિ ભાવો, તે ખરેખર અમારા નથી, વિકાર તથા જ્ઞાનનું ઓછાપણું વગેરે પણ અમારું સ્વરૂપ જ નથી, તે બધા પુદ્ગલના લક્ષે થયેલા ભાવો છે તેથી તે પુદ્ગલદ્રવ્યના ભાવો છે. શુદ્ધ જીવના ભાવો નથી.

આમ જે તત્ત્વનો જાણનાર સ્પષ્ટપણે કહે છે એટલે કે માને છે તે પૂર્વે નહિ પ્રગટ થયેલી એવી મુક્તિદશાને પામે છે. 'કહે છે' શબ્દમાં વાણીનું જોર દેવું નથી પણ વાણી પાછળ વાચ્યનું જોર બતાવવું છે. પોતે શુદ્ધ ચૈતન્યસ્વભાવને જ આદરણીય માને છે તે તત્ત્વવેદી ચોખ્ખી વાત જગતને કહે છે કે તારા જીવના આશ્રય સિવાય ત્રણ કાળમાં મુક્તિ નથી. વળી ફળરૂપે સાધારણ સિદ્ધિ એટલે સમ્યગ્દર્શનની વાત નથી પણ તે જીવ પૂર્ણ પરમ મુક્તદશાને પામે છે.



### ગાથા ૫૧-૫૫

**विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं ।**
**संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं ॥ ५१ ॥**

**चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं ।**
**अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं ॥ ५२ ॥**

**सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा ।**
**अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी ॥ ५३ ॥**

**सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं ।**
**ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि ॥ ५४ ॥**

**ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं ।**
**णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो ॥ ५५ ॥**

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.

ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે,
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.

સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.

વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

**અન્વયાર્થ (ગા. ૫૧) :** વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે; સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે સમ્યગ્જ્ઞાન છે.

**અન્વયાર્થ (ગા. ૫૨)** : ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે; હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે સમ્યક્(જ્ઞાન) છે.

**અન્વયાર્થ (ગા. ૫૩)** : સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે; જિનસૂત્રના જાણનારા પુરુષોને (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.

**નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરનાર જીવને જિનસૂત્ર બહિરંગ નિમિત્ત છે.**

જે જીવ નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેને કોણ નિમિત્ત હોય છે તેની ઓળખાણ આ ગાથામાં આપી છે. સમ્યગ્દર્શનમાં નિમિત્ત ભગવાનની વાણી અથવા વાણીમાંથી રચાયેલા જિનસૂત્રો છે. વીતરાગની વાણી એમ કહે છે કે કારણપરમાત્મા ધર્મ માટે ઉપાદેય છે. પુણ્ય-પાપને હેય બતાવે ને ત્રિકાળી સ્વભાવના આશ્રયે ધર્મ થાય એમ બતાવે. વીતરાગની વાણીનું તાત્પર્ય એમ છે કે જ્ઞાયકસ્વભાવના લક્ષે શ્રદ્ધા, જ્ઞાન ને વીતરાગતા પ્રગટે છે પણ કોઈ નિમિત્તથી કે પુણ્યથી ધર્મદશા પ્રગટતી નથી -એમ જે યથાર્થ સ્વરૂપ બતાવે તે જિનસૂત્ર છે. ને જે જીવ નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરે તેને જિનસૂત્ર બાહ્ય નિમિત્ત કહેવાય છે.

**નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરનાર જીવને જ્ઞાની ધર્માત્મા અંતરંગ નિમિત્ત છે.**

હવે સમ્યગ્દર્શન પ્રગટ થવામાં અંતરંગ નિમિત્ત બતાવે છે. જિનસૂત્રને જાણનારા પુરુષો અંતરંગ નિમિત્ત છે. જિનસૂત્રોના એકલા શબ્દો નિમિત્ત થતા નથી પણ જિનસૂત્રના રહસ્યને જાણીને અંતરંગ પરિણમન પામેલા એવા જ્ઞાની પુરુષો કે જેમને સમ્યગ્દર્શન પ્રગટેલ છે તે બીજાને સમ્યગ્દર્શનના અંતરંગ નિમિત્ત છે. જ્ઞાની પુરુષો તેમજ વાણી બન્ને પર છે, અંતરંગ નથી; પણ વાણી અને જ્ઞાની પુરુષો બન્નેના નિમિત્તમાં ભેદ બતાવવા વાણીને બાહ્ય નિમિત્ત કહેલ છે ને જ્ઞાની પુરુષોને અંતરંગ નિમિત્ત કહેલ છે. જ્ઞાની પુરુષો પર હોવા છતાં તેમને આમ કહેવું છે એમ તેમના આત્માનો અભિપ્રાય સામો ધર્મ પામનાર જીવ પકડી લ્યે છે, ને અભિપ્રાય પકડીને સમ્યગ્દર્શન પામે તો જ્ઞાની પુરુષને અંતરંગ હેતુ અથવા નિમિત્ત કહેવામાં આવે છે.

**સમ્યગ્દર્શનમાં જ્ઞાની ધર્માત્માઓને અંતરંગ નિમિત્ત કેમ કહ્યા ?**

આ ઉપરથી નક્કી થાય છે કે કોઈ અજ્ઞાની જીવ ધર્મ પામવામાં નિમિત્ત ન થાય તેમ જ એકલા શાસ્ત્ર પણ નિમિત્ત થતાં નથી. સમ્યગ્દર્શન પામનારને એકવાર ચૈતન્યજ્ઞાનીના નિમિત્તનો યોગ જરૂર હોવો જોઈએ. સત્‌ને સત્ જ નિમિત્ત હોય પણ અજ્ઞાની નિમિત્ત ન હોય તેમજ એકલા શાસ્ત્ર પણ નિમિત્ત ન હોય. અહીં પરાધીનતાની વાત નથી પણ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં સ્વ-પરપ્રકાશક સ્વભાવ ખીલતા સ્વને જાણતા પરપ્રકાશક જ્ઞાનમાં આવા નિમિત્તો હોય તેમ જાણી લ્યે છે. કેસર લેવા જતી વખતે ડબો બારદાન તરીકે હોય પણ કોથળો બારદાન તરીકે ન



હોય. ડબાથી કેસર આવે છે એમ તો નથી જ પણ કેસર લેવા જતી વખતે બારદાન ડબાનું હોય છે એમ ધર્મદશા પ્રગટતી વખતે ધર્મી ચૈતન્યઆત્મા નિમિત્ત હોય છતાં તેનાથી ધર્મ પામે છે એમ બતાવવું નથી પણ નિમિત્તની ઓળખાણ કરાવવી છે. જ્ઞાની પુરુષોને અંતરંગ હેતુ કહેવાનું કારણ એ છે કે જ્ઞાની પુરુષોને દર્શનમોહનો ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમ હોય છે. આત્માનું અવલંબન લઈને સમ્યગ્દર્શનની પાત્રતા થઈ હોય તેવા જીવને વીતરાગી વાણી તથા તેનું રહસ્ય સમજીને સમ્યગ્દર્શન પામેલા જ્ઞાની પુરુષો અંતરંગ નિમિત્ત હોય છે. જ્ઞાની પુરુષોના કહેવાનો આશય સામો ધર્મ પામનાર જીવ પકડે છે માટે જ્ઞાનીને અંતરંગ નિમિત્ત કહ્યા છે.

**અન્વયાર્થ (ગા. ૫૪)** : સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે, સમ્યગ્જ્ઞાન હોય છે, ચારિત્ર (પણ) હોય છે; તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ.

આ ગાથામાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વાત કરે છે. પ્રથમ બે ગાથામાં દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની વિકલ્પવાળી શ્રદ્ધા વગેરે વ્યવહારસમકિતની વાત કરી હતી. ત્રીજીમાં નિમિત્તનું જ્ઞાન કરાવી આ ગાથામાં નિશ્ચયસમકિતની વાત કરે છે. જ્ઞાનસ્વભાવી આત્માની શ્રદ્ધા કરવી તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. આત્માનું જ્ઞાન તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે ને આત્મામાં સ્થિરતા તે નિશ્ચયચારિત્ર છે ને આવું જેને નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ થયું હોય છે તેને વ્યવહારસમકિત હોય છે ને જેને આવી પાત્રતા હોય છે તેને જ્ઞાની નિમિત્ત મળ્યા વિના રહેતા નથી. હવે, વ્યવહાર અને નિશ્ચય ચારિત્રની વાત કરે છે.

**અન્વયાર્થ (ગા. ૫૫)** : વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે; નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપશ્ચરણ હોય છે.

મુનિને છઠ્ઠે ગુણસ્થાને પાંચ મહાવ્રતાદિના વિકલ્પવાળા ભાવ વર્તે છે. સમ્યગ્દર્શન છે, તેમ જ ચારિત્રદશા પણ પ્રગટી છે પણ સાતમી ભૂમિકાની નિર્વિકલ્પદશા આવી નથી પણ શુભ રાગ છે તેને વ્યવહારનયનું તપશ્ચરણ કહે છે. ને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી નિર્વિકલ્પદશામાં ઠરે છે તે નિશ્ચયતપશ્ચરણ છે.

**પંચ પરમેષ્ઠી પ્રત્યે ભક્તિ તથા વિપરીતતા રહિત પદાર્થોની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે.**

**ટીકા** : આ રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

અહીં પ્રથમ વ્યવહારની વાત કરે છે પણ તેથી કરીને વ્યવહાર પહેલો ને નિશ્ચય પછી એમ કહેવાનો ભાવ નથી. સાધક જીવને નિશ્ચયનું ભાન છે, અખંડ જ્ઞાન-સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન છે પણ પોતાના સ્વભાવમાં ઠરી શકતા નથી ત્યારે વિકલ્પવાળો શુભ રાગ કેવો હોય છે તે વ્યવહાર-રત્નત્રયનું સ્વરૂપ બતાવે છે. નિશ્ચય સમકિત પ્રગટ થયેલા જીવને વ્યવહારશ્રદ્ધા કેવી હોય છે તે બતાવે છે. ભગવાન સર્વજ્ઞ વીતરાગ સિવાય બીજા કોઈ કુદેવાદિમાં તેને શ્રદ્ધા હોતી નથી. પંચ પરમેષ્ઠી પ્રત્યે

વિપરીત અભિપ્રાય રહિત સાચી શ્રદ્ધા હોય છે. તે શ્રદ્ધા મોક્ષની સિદ્ધિનો પરંપરા હેતુ છે. જીવને પોતાના કારણપરમાત્માની શ્રદ્ધા છે ને તેના આશ્રયે મોક્ષ પામશે તેથી પંચ પરમેષ્ઠીની શ્રદ્ધાના રાગને વ્યવહારથી પરંપરા કહેલ છે. વળી ભગવાને કહેલા સ્વરૂપ વિષેની શ્રદ્ધામાં તેને કાંઈ પણ દોષ હોતો નથી. ભગવાને સ્વરૂપ કહ્યું તેમ હશે કે આમ હશે એવી ચંચળતા, મલિનતા અથવા અગાઢતા રહિત શ્રદ્ધાન વર્તે છે.

વિષ્ણુ, બ્રહ્મા આદિ રાગી દેવોએ બતાવેલું સ્વરૂપ વિપરીત છે -એવા વિપરીત અભિપ્રાયનો તેને અભાવ છે. અન્યમતે કહેલું સાચું હશે કે ભગવાને કહ્યું તે સાચું હશે એમ જે ડામાડોળ છે તેને વ્યવહારના પણ ઠેકાણાં નથી. ભગવાને કહેલા સ્વરૂપની જેને અડગ શ્રદ્ધા છે તેમાં કાંઈ પણ દોષ નથી, એવો જીવ નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરે તો તેની રાગવાળી શ્રદ્ધાને વ્યવહારસમકિત કહે છે.

**સંશય, વિપરીતતા અને અજાણપણાના દોષ રહિત પદાર્થોનું જ્ઞાન તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે.**

વ્યવહારસમ્યગ્જ્ઞાનની વાત કરે છે. તે પણ ત્રણ દોષ રહિત હોવું જોઈએ. વીતરાગ તે સાચા દેવ હશે કે અન્યમતમાં કહેલાં દેવ સાચા હશે એવી માન્યતા તે શંકા દોષ છે. ભગવાને કહેલાં અનેકાન્ત સ્વરૂપથી વિપરીત જ્ઞાન કરવું ને એકાંત ક્ષણિક વગેરે કહેનાર બુદ્ધાદિના કહેલા પદાર્થોનું જ્ઞાન કરવું ને તેને સમ્યગ્જ્ઞાન જાણવું તે વિમોહ દોષ છે. ને વસ્તુસ્વરૂપથી અજાણપણું તે વિભ્રમ દોષ છે. જે જીવ નિશ્ચયઆત્મજ્ઞાન પ્રગટ કરે છે તેનું ત્રાણે દોષ રહિતનું જ્ઞાન વ્યવહારસમ્યગ્જ્ઞાન કહેવાય છે.

**હિંસાદિથી નિવૃત્તિના પરિણામ ને અઠાવીસ મૂળ ગુણનું પાલન તે વ્યવહારચારિત્ર છે.**

હવે વ્યવહારચારિત્રની વાત કરે છે. જે મુનિને આત્માનું ભાન છે ને સ્વરૂપની અંદર લીનતા વર્તે છે તેવા જીવને વિકલ્પવાળી દશામાં હિંસાથી નિવૃત્તિના પરિણામ હોય ને ૨૮ મૂળ ગુણનું પાલન હોય છે. પાંચ મહાવ્રતાદિના પાલનને વ્યવહારચારિત્ર કહે છે.

આવી રીતે ભેદોપચાર રત્નત્રય પરિણતિ હોય છે.

આ વ્યવહારનો અધિકાર અહીં શુદ્ધભાવમાં કેમ નાંખો છો ? એમ કોઈ પ્રશ્ન કરે તો તેને કહે છે કે તે યથાસ્થાને નાખેલ છે. જે જીવ અનાદિ અનંત શુદ્ધભાવના આધારે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે છે તેને વિકલ્પવાળી દશામાં કયા વિકલ્પ હોય ને વિકલ્પમાં કેવા નિમિત્ત હોય તે બતાવે છે. રાગ વખતે શ્રદ્ધા પંચ પરમેષ્ઠીની જ હોય, જ્ઞાનીની વીતરાગી વાણી જ સાંભળતો હોય, અજ્ઞાની નિમિત્ત ન હોય, તેનું શાસ્ત્રજ્ઞાન પણ દોષ રહિત હોય. આમ નિશ્ચય સાથે વ્યવહારને નિમિત્તનો મેળ કેવો હોય તે બરાબર બતાવવામાં આવ્યો છે. માટે યથાસ્થાને છે.



**કારતક સુદ ૭, સોમવાર, ૫-૧૧-૫૧.**

**સમસ્ત વસ્તુને યથાર્થ બતાવનાર ભગવાનની વાણી તથા શાસ્ત્રો સમ્યગ્દર્શનમાં બાહ્ય નિમિત્ત છે.**

“આમ ભેદોપચાર રત્નત્રયપરિણતિ છે. તેમાં જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ સર્વજ્ઞના મુખકમળથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.”

પંચ પરમેષ્ઠીની શ્રદ્ધા તે વ્યવહારસમ્યગ્દર્શન છે. શુદ્ધ જીવતત્ત્વ ઉપાદેય છે ને પુણ્ય-પાપ હેય છે. એમ હેય-ઉપાદેય તત્ત્વનું જ્ઞાન તે વ્યવહારજ્ઞાન છે. ને પાંચ મહાવ્રતાદિના પરિણામ તે વ્યવહારચારિત્ર છે. આ પ્રમાણે ભેદોપચાર રત્નત્રયપરિણતિ છે.

હવે જીવ પોતાના અખંડ સ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરે તો નિમિત્ત કેવું હોય તે બતાવે છે. પોતે જ્ઞાયકશક્તિથી ભરેલો છે એવી અંતર રાગરહિત પ્રતીતિ તે સમ્યગ્દર્શનના પરિણામ છે ને તે મોક્ષનો માર્ગ છે. તે સમ્યક્ત્વના પરિણામનું બાહ્ય સહકારી કારણ ભગવાને કહેલાં વસ્તુસ્વરૂપને કહેવામાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે. ભગવાનની વાણીથી સમ્યગ્દર્શન થાય છે એમ કહેવું નથી પણ આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય છે તે વિકાર છે તે વિનાનો આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એવી પ્રતીતિ કરવામાં કોની વાણી નિમિત્ત છે ? ભગવાન વીતરાગ સર્વજ્ઞદેવની વાણી અથવા શાસ્ત્રો જે અવિરોધપણે વસ્તુસ્વરૂપ બતાવે છે તે નિમિત્ત હોય છે, અજ્ઞાનીની વાણી નિમિત્ત નથી.

**જ્ઞાની ધર્માત્માઓ સમ્યગ્દર્શનમાં અંતરંગ નિમિત્ત છે.**

“જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીય કર્મના ક્ષયાદિક છે.”

જે સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેને વાણી બાહ્ય નિમિત્ત કહી. હવે ધર્માત્મા જ્ઞાની પુરુષો અંતરંગ નિમિત્ત છે એમ બતાવે છે. અહીં મુમુક્ષુમાં કેવળીને લેવા નથી પણ ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને વર્તતા ધર્માત્માની વાત લેવી છે. જે આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશાને પામેલો છે, જેણે મોહનો ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમ કરેલો છે તેવો જીવ બીજા જીવને અંતરંગ હેતુ થાય છે. ધર્માત્મા જીવ પણ પર છે છતાં વાણીના નિમિત્તપણા કરતાં જ્ઞાનીના નિમિત્તપણાનો ભેદ બતાવવા માટે તેને અંતરંગ હેતુ કહેલ છે. શાસ્ત્ર કાંઈ બોલતું નથી. શાસ્ત્રનું રહસ્ય તો જ્ઞાની પુરુષો બતાવે છે. તે જ્ઞાની પુરુષોનો અભિપ્રાય સામેના જીવને તેના શુદ્ધ સ્વભાવ તરફ વાળવાનો છે એવો અભિપ્રાય સામેનો જીવ પકડે છે માટે જ્ઞાનીને અંતરંગહેતુ કહ્યા છે.

ચૈતન્યમૂર્તિ આત્મા કારણપરમાત્મા છે. વિકાર, રાગદ્વેષ, ઊણપ તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા આનંદકંદ છે, પુણ્ય-પાપ કે નિમિત્તમાંથી ધર્મદશા થતી નથી, ધર્મનું કારણ શુદ્ધ પરમાત્મા છે એવા દ્રવ્યસ્વભાવની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. તેમાં પંચ પરમેષ્ઠીની શ્રદ્ધારૂપી વ્યવહારસમકિત નિશ્ચયસમ્યગ્દર્શનને નિમિત્ત છે. પોતાના કારણપરમાત્માના આશ્રયે પ્રગટતું જ્ઞાન તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે. તેમાં વિપરીત દોષ રહિત પદાર્થોનું હેય-ઉપાદેય તત્ત્વો સહિતનું વ્યવહારજ્ઞાન નિમિત્ત છે ને પોતાના કારણપરમાત્માના આશ્રયે પ્રગટતી વીતરાગીદશા તે ચારિત્ર છે. તેમાં પાંચ મહાવ્રતાદિના પરિણામરૂપ વ્યવહારચારિત્ર નિમિત્ત છે. તે બતાવીને ભગવાનની વાણી તથા શાસ્ત્રને બાહ્ય નિમિત્ત કહેવા છે તથા ધર્માત્માને અંતરંગ નિમિત્ત કહેવા છે. શાસ્ત્ર અને ધર્માત્મા નિમિત્ત થાય છે કોને? જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે છે તેને. હવે નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે.

''અભેદ-અનુપચાર-રત્નત્રય પરિણતિવાળા જીવને ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે, તદ્જ્ઞાનમાત્ર (-તે નિજ પરમતત્ત્વના જ્ઞાનમાત્ર સ્વરૂપ) એવા અંતર્મુખ પરમ બોધ વડે અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમતત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.''

**નિજ શુદ્ધ પરમતત્ત્વની શ્રદ્ધા તે નિશ્ચયસમ્યગ્દર્શન છે.**

જીવનો પોતાનો એકરૂપ જ્ઞાયકમૂર્તિ ટંકોત્કીર્ણ સ્વભાવ છે. જે ભેદ વિનાનો, વિવિધતા વિનાનો, સામાન્ય ધ્રુવ અભેદ સ્વભાવ છે તે ઉપચાર વિનાનો છે. જેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણતિ પામેલો જે જીવ છે તે જીવ અપૂર્વ સિદ્ધદશાને પામે છે. તે કયા સાધન વડે પામે છે તે બતાવે છે. પોતાના એકરૂપ નિજ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા વડે પામે છે. વ્યવહારસમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું હતું પણ તેને મોક્ષનું કારણ કહ્યું ન હતું. અખંડ આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર તે મોક્ષનું કારણ છે. આત્માની પર્યાયમાં થતાં વિકારના પરિણામ તે આત્માનું સ્વરૂપ નથી. મોક્ષમાર્ગ ને મોક્ષ પણ પર્યાય છે-ભેદ છે. તેના આશ્રયે ધર્મ નથી પણ વિકાર અને ભેદ રહિત ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો સ્વભાવ છે એવા નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે મુક્તિ થાય છે. પંચ પરમેષ્ઠીની વ્યવહાર શ્રદ્ધાના રાગથી મુક્તિ થતી નથી, હેય-ઉપાદેય તત્ત્વના વ્યવહારજ્ઞાનથી મુક્તિ થતી નથી, પાંચ મહાવ્રતના રાગથી મુક્તિ થતી નથી. વાણી તથા જ્ઞાની પુરુષોના નિમિત્તથી મુક્તિ થતી નથી. શ્રદ્ધાનો રાગ વગેરે બંધનું કારણ છે. મોક્ષદશાનું કારણ નિજ પરમતત્ત્વની શ્રદ્ધા છે. દયાદાનાદિ ભાવ પુણ્યતત્ત્વ છે; હિંસા, જૂઠું પાપતત્ત્વ છે. ક્ષયોપશમ-ઉઘાડ પણ એક સમયની પર્યાય છે, તે પરમતત્ત્વ નથી પણ નિજ પરમાત્મા-કારણપરમાત્મા એક પરમતત્ત્વ છે. તેની શ્રદ્ધાથી મુક્તિ થાય છે માટે તેને અભેદ નિશ્ચયસમ્યગ્દર્શનરત્ન કહ્યું છે.

**નિજ પરમતત્ત્વનું જ્ઞાનમાત્ર સ્વરૂપ તે સમ્યગ્જ્ઞાન છે.**

હવે સમ્યગ્જ્ઞાનની વાત કરે છે. પોતાના નિજ પરમતત્ત્વના જ્ઞાનમાત્ર સ્વરૂપ એવા અંતર્મુખ



પરમ બોધ વડે મુક્તિ પામે છે. શાસ્ત્રનું રાગ સહિત જ્ઞાન તે પરલક્ષી જ્ઞાન છે. તે મોક્ષનું કારણ નથી. શાસ્ત્ર પર છે, શાસ્ત્રમાંથી જ્ઞાન આવતું નથી. આત્મા જ્ઞાયક છે તેના અવલંબને બોધ પ્રગટે છે તેને સમ્યગ્જ્ઞાન કહે છે. જેમ માલ લેવા જે જાય તે શું માલ લેવો છે, તે કેવી રીતે મળે છે તેનો નિર્ણય કરે છે. તેમ મુક્તિરૂપી માલ જોઈતો હોય તેણે ત્રણે રત્નો મેળવવા જોઈએ. તે રત્નો ક્યાંથી મળે ? દેહ-મન-વાણી નહિ, વિકાર નહિ, એક સમયના ઉઘાડની પર્યાય પણ નહિ પણ જ્ઞાનસ્વભાવી આત્માના જ્ઞાનથી સમ્યગ્જ્ઞાન થાય છે ને તે વડે જ મોક્ષદશા પમાય છે, તે સિવાય બીજો કોઈ ઉપાય નથી.

**પોતાના પરમતત્ત્વમાં અવિચળપણે સ્થિતિ તે સમ્યક્ચારિત્ર છે.**

હવે સમ્યક્ચારિત્રની વાત કરે છે. પાંચ મહાવ્રતના વિકલ્પ વિનાના ને એક સમયના ઉઘાડ વિનાના આખા જ્ઞાયક ધ્રુવસ્વભાવમાં અવિચળપણે સ્થિતિ તે ચારિત્ર છે ને તે મુક્તિનું કારણ છે. પાંચ મહાવ્રતના પરિણામથી ચારિત્ર થતું નથી પણ શુદ્ધ દ્રવ્યના આશ્રયે ચારિત્રદશા-વીતરાગી પરિણામ થાય છે. આ પ્રમાણે જે અભેદ રત્નત્રય પરિણતિવાળો જીવ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલો જીવ છે તે જ જીવ પોતાના આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર વડે પૂર્વે નહિ પ્રાપ્ત કરેલી એવી અપૂર્વ સુખ અને આનંદદશા-મુક્તદશાને પામે છે. સિદ્ધદશા દ્રવ્ય કે ગુણ નથી પણ પર્યાય છે. તે નવી પ્રગટ થાય છે. સંસાર પણ પર્યાય છે. પુણ્ય, પાપનો આશ્રય તે મિથ્યાત્વ, રાગ ને સંસાર છે. તે એક સમયનો છે. બે સમયનો સંસાર ભેગો થતો નથી. તેમ જ સંસારનો નાશ કરવો પડતો નથી પણ નિજ પરમતત્ત્વનું અવલંબન લેતાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થઈને પૂર્ણ સિદ્ધદશા પ્રગટ થાય છે ને સંસારનો નાશ થઈ જાય છે. અહીં પ્રથમ વ્યવહારરત્નત્રય બતાવ્યાં માટે તેનાથી નિશ્ચયરત્નત્રય થાય છે -એમ નથી. વ્યવહારથી નિશ્ચય થતો નથી. પોતાના સ્વભાવના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે ત્યારે વ્યવહાર કેવો હોય છે તેનું જ્ઞાન કરાવેલ છે.

**ભાવલિંગી મુનિને વિકલ્પવાળી દશા વખતે ૨૮ મૂળ ગુણનું પાલન હોય છે ને તેને વ્યવહારનય હોય છે.**

''જે પરમ જિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.''

પોતાના આત્માનો સ્વભાવ શુદ્ધ છે, વિકારથી રહિત છે. એવા શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન સહિત એકાગ્રતા કરે તેને યોગી કહે છે. યથાર્થ સ્વરૂપના ભાન વિના યોગના સાધના કરે છે તે યોગી નથી. અનંતા આત્મા, અનંતા પુદ્ગલાદિ દ્રવ્યો છે. દરેક આત્મામાં અનંતી ગુણો, અનંતી પર્યાયો છે. પર્યાયમાં વિકાર છે પણ સ્વરૂપમાં નથી એમ શ્રદ્ધા હોવી જોઈએ. એમ પોતાના આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા કરે તે યોગી છે. વળી લીનતામાં જે ઉત્કૃષ્ટ છે તેને પરમયોગી જિનેશ્વર

કહે છે. તેવા જિનયોગીશ્વર જ્યારે સ્વરૂપમાં લીન હોતાં નથી ત્યારે છઠ્ઠે ગુણસ્થાને પ્રમત્તદશામાં અશુભભાવથી નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રતાદિનું પાલન હોય છે, તેને વ્યવહારચારિત્ર કહે છે. સ્વરૂપની અંતર્લીનતા આવતી નથી ત્યારે શુભ રાગ ઊઠે છે, ૨૮ મૂળ ગુણનું પાલન હોય છે, બાહ્યથી નગ્ન દિગંબરદશા હોય છે, તેને વ્યવહારચારિત્ર કહે છે. ને જેને ખરેખર વ્યવહારનયથી વ્યવહારચારિત્ર છે તેને વ્યવહારનય હોય છે.

**પરમ શુદ્ધ આત્મસ્વભાવમાં પ્રતપન એ નિશ્ચયતપ છે.**

''સહજ નિશ્ચયનયાત્મક પરમ સ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે; નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.''

હવે નિશ્ચયતપની વાત કરે છે. આત્મા આનંદકંદ છે તેમાંથી સિદ્ધના આનંદ જેવા ઝરણાં વહે તેવા છે. એવા પરમ સ્વભાવરૂપ આત્મામાં લીન થવું, શોભાયમાન થવું, વીતરાગીદશાની ઉજ્જ્વળતા થવી તેને નિશ્ચયતપ કહે છે. અત્યારે તો અજ્ઞાની જીવ બહારની ક્રિયામાં-રોટલા ન ખાવામાં તપ માને છે. આહાર ન લીધો માટે તપ થયો એમ માનનાર જીવ રોટલા-જડ પદાર્થના ગ્રહણ-ત્યાગનો સ્વામી થાય છે. તે મિથ્યાદૃષ્ટિ છે. આહાર ન આવવાથી જીવને લાભ થાય તો આહારપર્યાય આત્માના પરિણામનો સ્વામી થઈ જાય છે. માટે આહાર આવવાથી અશુભભાવ નથી ને આહાર ન આવવાથી શુભભાવ થતો નથી. અશુભભાવ, શુભભાવ જીવ સ્વતંત્ર કરે છે, જડની ક્રિયા સાથે તેને સંબંધ નથી. વળી શુભ રાગ થયો તે પણ તપ નથી. જો તપ પરને લીધે થતો હોય તો પર આત્માનો સ્વામી થઈ ગયો. આત્મા સ્વતંત્ર રહેતો નથી. પરપદાર્થથી રહિત, વિકારીભાવથી રહિત, એકરૂપ શુદ્ધ પરમાત્માસ્વરૂપ પોતાનો આત્મા છે. એવા આત્મામાં લીન થવું - એકાગ્ર થવું તેને ભગવાન તપશ્ચર્યા કહે છે. ને તે તપશ્ચર્યાથી નિર્જરા થાય છે. બાકીના તપને અજ્ઞાનતપ ને અજ્ઞાનવ્રત કહે છે.

**નિશ્ચયતપ વડે પોતામાં અવિચળ સ્થિતિરૂપ સહજચારિત્ર થાય છે ને સિદ્ધદશાને પામે છે.**

આવી લીનતાપૂર્વક પ્રતપનથી અથવા નિશ્ચયતપથી નિશ્ચયચારિત્ર પ્રગટે છે. આવા નિશ્ચયતપથી પોતાના સ્વભાવમાં અવિચળપણે સ્થિતિ થાય છે તેને નિશ્ચયચારિત્ર કહે છે. શરીરની નગ્નદશાથી અથવા પાંચ મહાવ્રતના પરિણામથી નિશ્ચયચારિત્ર પ્રગટતું નથી પણ જ્ઞાનસ્વભાવમાં લીનતારૂપ તપથી ચારિત્ર પ્રગટે છે. પ્રથમ વ્યવહારની વાત કરી તે જાણવા માટે છે પણ આદરણીય નથી. શુદ્ધ ચૈતન્યસ્વભાવ એક જ આદરણીય છે. આત્માની અંદર ઉદયભાવ, ક્ષયોપશમભાવ, ઉપશમભાવ છે તે એક સમયની પર્યાય છે, પર્યાયમાંથી પર્યાય થતી નથી. પૂર્વ પર્યાય તો વ્યયરૂપ છે પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે તેના અવલંબને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, તપની પર્યાય પ્રગટે છે. માટે અંશબુદ્ધિ, પર્યાયબુદ્ધિ છોડી ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે. આમ જે પોતાના



સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરી લીનતા કરે છે તેને અભૂતપૂર્વ સિદ્ધદશા પ્રગટ થાય છે. તેનું કારણ નિજ કારણપરમાત્મા છે.

**કારતક સુદ ૯, બુધવાર, ૭-૧૧-૫૧.**

૫૧-૫૫ ગાથામાં રત્નત્રયનું સ્વરૂપ વર્ણવ્યું છે.

એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી આચાર્યદેવ કૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(अनुष्टुभ्)

**दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते।**
**स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः॥**

**શ્લોકાર્થ** : આત્માનો નિશ્ચય તે દર્શન છે, આત્માનો બોધ તે જ્ઞાન છે, આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે; -આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા) શિવપદનું કારણ છે.

શુદ્ધ અખંડ ધ્રુવ આત્મા છે, તેવા દ્રવ્યસ્વભાવની નિર્વિકલ્પ અંતરંગ પ્રતીત તે સમ્યગ્દર્શન છે. એક સમયનો વિકાર કે પર્યાય જેટલો આત્મા નથી. શરીર-મન-વાણી કે પંચમહાવ્રતાદિના શુભ પરિણામ તે આત્મા નથી, તેમ જ જ્ઞાન વગેરેની એક સમયની પર્યાય તે પણ આત્મા નથી. કેમ કે પર્યાય જેટલો આખો આત્મા નથી. નિશ્ચયનયના વિષયભૂત આત્માની અહીં વાત છે. તેના ભાન સહિત વ્યવહારનું સાચું જ્ઞાન થાય છે.

આત્મા શુદ્ધ કારણપરમાત્મા ભગવાન છે, તે પોતે વિકાર કરતો પણ નથી અને ટાળતો પણ નથી. એવો આત્મા તે જ સમ્યગ્દર્શનમાં આદરણીય છે. ક્ષણિક પર્યાય તે સમ્યગ્દર્શનમાં આદરણીય નથી. ધ્રુવ સામાન્ય જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે.

આત્માનું અંતર્મુખ સમ્યગ્જ્ઞાન થાય તે જ જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહાર છે. પણ અંતરમાં શુદ્ધ આત્માના જ્ઞાન વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ.

શુદ્ધ આત્મામાં નિશ્ચળપણે લીનતા થવી તે સમ્યક્ચારિત્ર છે. વચ્ચે વિકલ્પ આવે તે વ્યવહાર છે. પણ નિશ્ચયથી તો શુદ્ધ ધ્રુવ આત્મામાં લીનતા તે જ ચારિત્ર છે. એવું નિશ્ચયચારિત્ર હોય ત્યાં વિકલ્પને વ્યવહારચારિત્ર કહેવાય.

આ રીતે શુદ્ધ આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા એ ત્રણેનો યોગ તે શિવપદનું કારણ છે - સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેની એકતા તે મોક્ષનું કારણ છે અને તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું મૂળિયું તો ત્રિકાળી કારણપરમાત્મા છે, તેના જ આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટી જાય છે.

ટીકાકાર પોતે પદ્મપ્રભ મુનિરાજ છે અને ટીકામાં પદ્મનંદી આચાર્યના શ્લોકનો આધાર આપ્યો છે. આત્માનો સ્વભાવ ત્રિકાળ ધ્રુવ એકરૂપ છે. તેના શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા તે જ મોક્ષનો માર્ગ છે, બીજો મોક્ષમાર્ગ નથી.

વળી આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :-

**શ્લોક ૭૫**

(मालिनी)

**जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा**
**चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम्।**
**अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः**
**सहजपरमतत्त्वे संस्थिता चेतना च॥ ७५॥**

**શ્લોકાર્થ** : સહજજ્ઞાન સદા જયવંત છે, તેવી (-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે, તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે; પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજ પરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે. ॥ ૭૫ ॥

સહજજ્ઞાન સદા જયવંત છે. કયું સહજજ્ઞાન ? આત્માનું ધ્રુવ ત્રિકાળ એકરૂપ સહજજ્ઞાન છે તે ત્રિકાળ જયવંત છે. નિજ કારણપરમાત્માનું સહજજ્ઞાન ત્રિકાળ જયવંત છે. તેવા ત્રિકાળ જ્ઞાનનું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે.

વળી જ્ઞાનની જેમ ત્રિકાળી સહજદૃષ્ટિ પણ સદા જયવંત વર્તે છે. આત્મામાં સમ્યગ્દર્શન પર્યાય તો નવી પ્રગટે છે, પણ આ સહજદૃષ્ટિ ત્રિકાળ જયવંત વર્તે છે, તેની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

તેવું જ સહજવિશુદ્ધચારિત્ર પણ વસ્તુસ્વરૂપમાં સદા જયવંત વર્તે છે. મોક્ષનું કારણ જે સમ્યક્-ચારિત્ર નવું પ્રગટે છે તેની આ વાત નથી, પણ આ તો આત્માના સ્વરૂપમાં અનાદિઅનંત સહજચારિત્ર જયવંત વર્તે છે. તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરવી તે મોક્ષનું કારણ છે.

આવાં નિશ્ચયરત્નત્રય હોય ત્યાં વચ્ચે વિકલ્પ ઊઠે તેને વ્યવહારચારિત્ર કહેવાય છે.

‘‘પાપસમૂહરૂપી મળની થવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજ પરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે.’’

પુણ્ય અને પાપ બન્ને સંસારનું કારણ છે. તેથી તે બન્ને પાપ છે; આત્મા ત્રિકાળ તેનાથી રહિત



સહજ પરમતત્ત્વ છે; ચૈતન્યસ્વરૂપથી વિરુદ્ધ વૃત્તિ થાય તે બધું પાપ છે, કાદવ છે; તે ચૈતન્યના નિર્મળ સ્વરૂપમાં નથી. એવા ત્રિકાળી સહજ પરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે. આત્મા ત્રિકાળ ચૈતન્યમૂર્તિ વિકારના અભાવ સ્વરૂપ જ છે. વિકાર ટાળવો ને મુક્તિ થવી તે મૂળ ત્રિકાળી સ્વરૂપ નથી, તે તો નવી દશા છે. ત્રિકાળી સ્વરૂપ તો અનાદિઅનંત એકરૂપ છે. વિકાર કરવો અને ટાળવો એવા બે પ્રકાર પણ તેનામાં નથી એવા એકરૂપ ચિદાનંદ તત્ત્વની દૃષ્ટિ તે જ સમ્યગ્દર્શન છે.

લોકોને આવી અંતર્તત્ત્વની વાત દુર્લભ થઈ ગઈ છે. પ્રથમ તો અધ્યાત્મ ગ્રંથોનું શ્રવણ મળવું બહુ દુર્લભ છે, ને શ્રવણ મળે તો તેનું યથાર્થ જ્ઞાન થવું તે દુર્લભ છે. સારા જ્ઞાની ધર્માત્મા મળે અને તેના સમાગમે અધ્યાત્મગ્રંથ શું કહે છે તેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. તે સિવાય સાચું જ્ઞાન થતું નથી.

ભગવાન કારણપરમાત્મા તે જ મુખ્ય વસ્તુ છે. મોક્ષ પ્રગટે તે પણ મુખ્ય વસ્તુ નથી. રાગરૂપ કર્મચેતના કે હર્ષ-શોકને ભોગવું એવી કર્મફળચેતના તો આત્માનું સ્વરૂપ નથી, પણ નિર્મળજ્ઞાન પ્રગટે તે પણ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. આત્મા તો ત્રિકાળ સહજ ચેતનામય છે, ચૈતન્ય પરમતત્ત્વમાં સંસ્થિત સહજચેતના ત્રિકાળ જયવંત વર્તે છે. સમયે સમયે સ્વરૂપના આનંદનો ધ્રુવ અનુભવ કરનારી સહજચેતના ત્રિકાળ જયવંત વર્તે છે. આવો આત્મા જ પરમતત્ત્વ છે. સંવર, નિર્જરા, મોક્ષ પણ પરમતત્ત્વ નથી; ત્રિકાળી પરમતત્ત્વમાં સ્થિત ચેતના જયવંત વર્તે છે - એમ માંગળિક વચન કહીને શુદ્ધભાવ અધિકાર પૂરો કરે છે.

ત્રિકાળ એવો ને એવો ભગવાન બિરાજે છે, તે જ આદરણીય છે. સંસાર અને મોક્ષ તે બન્ને વ્યવહારનયનો વિષય છે, તે એક સમય પૂરતા છે ખરા, પણ આદરણીય નથી. ત્રિકાળ આનંદકંદ સહજાનંદ ધ્રુવ પરમતત્ત્વમાં હર્ષ-શોકનો ભોગવટો નથી, પણ સહજચેતના ત્રિકાળ જયવંત વર્તે છે.

આવા તત્ત્વની શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ નિશ્ચયરત્નત્રય તો મોક્ષમાર્ગ છે. એવી મુનિદશા પ્રગટ્યા પછી ત્યાં વિકલ્પ ઊઠતાં વ્યવહારચારિત્ર કેવું હોય તે હવેના અધિકારમાં કહેશે.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **શુદ્ધભાવ અધિકાર** નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❖❖❖

# ૪. વ્યવહારચારિત્ર અધિકાર

જેને શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન થયા છે અને તેના આશ્રયે નિશ્ચયચારિત્રદશા પ્રગટી છે તેને વિકલ્પ ઊઠે તે વખતે વ્યવહારચારિત્રનો વિકલ્પ કેવો હોય તે બતાવે છે. જે વ્યવહારની લાગણી ઊઠે તેની જ્ઞાનીને ભાવના નથી, તે પરમાર્થે તો જ્ઞાનનું જ્ઞેય છે; તે રાગની લાગણી ધર્મનું કિંચિત કારણ નથી, તે તો બંધનું જ કારણ છે. પણ મુનિને છઠ્ઠા ગુણસ્થાને સ્વભાવનો આશ્રય પૂર્ણ નથી, ઓછો આશ્રય છે એટલે ત્યાં રાગનો વિકલ્પ ઊઠી જાય છે. તેનું હવે વ્યવહારચારિત્ર અધિકારમાં વર્ણન કરે છે. પણ વ્યવહારચારિત્ર તે બંધનું કારણ છે અને નિશ્ચયચારિત્ર તે મોક્ષનું કારણ છે - એ વાત પછી કહેશે.

વ્યવહારચારિત્રના વર્ણનમાં પ્રથમ અહિંસા મહાવ્રતનું વર્ણન કરે છે :

**ગાથા ૫૬**

**कुलजोणिजीवमग्गणठाणाइसु जाणिऊण जीवाणं।**
**तस्सारंभणियत्तणपरिणामो होइ पढमवदं ॥ ५६ ॥**
**જીવસ્થાન, માર્ગણસ્થાન, યોનિ, કુલાદિ જીવના જાણીને,**
**આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.**

**અન્વયાર્થ** : જીવોના કુળ, યોનિ, જીવસ્થાન, માર્ગણાસ્થાન વગેરે જાણીને તેમના આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે પહેલું વ્રત છે.

પૃષ્ઠ ૧૪૯માં ખુલાસો કરશે કે ''હવે સકળ વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું જે શુદ્ધ નિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે.''

વ્યવહારચારિત્ર તો બંધનું કારણ છે, ને નિશ્ચયચારિત્ર તેનાથી પ્રતિપક્ષ છે એટલે કે તે મોક્ષનું કારણ છે. વ્યવહારચારિત્ર રાગવાળું છે, ને નિશ્ચયચારિત્ર વીતરાગી છે. પણ છઠ્ઠી ભૂમિકામાં વ્યવહારચારિત્ર હોય છે. કોઈ કહે કે મુનિને છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ હોય જ નહિ, તો તે મુનિની દશાને જાણતો નથી.

મુનિને સહજ સ્વભાવના અવલંબનની જ ભાવના છે. પણ સ્વભાવના આશ્રયની કચાશમાં અહિંસા વગેરે વ્રતનો વિકલ્પ ઊઠે છે તેને અહીં વ્યવહારચારિત્ર તરીકે ઓળખાવે છે.



**ટીકા** : ''કુળભેદ, યોનિભેદ, જીવસ્થાનના ભેદ અને માર્ગણાસ્થાનના ભેદ પહેલાં જ (૪૨મી ગાથાની ટીકામાં જ) પ્રતિપાદિત કરવામાં આવ્યા છે; અહીં પુનરુક્તિદોષના ભયથી પ્રતિપાદિત કર્યા નથી.''

શુદ્ધભાવ અધિકારમાં એકલા અભેદ પરમ સ્વભાવનો જ આશ્રય બતાવ્યો. અહીં પર્યાયનું જ્ઞાન કરાવે છે. પર જીવની રક્ષા કે હિંસા તો આત્મા કરી શકતો નથી પણ મુનિને અહિંસાનો શુભ વિકલ્પ ઊઠે તેને અહીં વ્યવહારે અહિંસાવ્રત કહ્યું છે.

વ્યવહારના અનેક પ્રકાર આવે છે. ત્યાં અજ્ઞાની તેના આશ્રયથી લાભ માની લ્યે છે પણ તે વ્યવહારનું રૂપ તો સંસાર છે. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે પણ તેનો આશ્રય કરવાનું નથી કહ્યું. તેના આશ્રયનું ફળ તો સંસાર જ છે.

સમયસારમાં કહે છે કે :-

પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબન જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વીરલ છે - ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે - ''શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાન-શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.''

અહીં વ્યવહારચારિત્રનો વિકલ્પ મુનિને કેવો હોય તે ઓળખાવે છે.

મુનિને (મુનિત્વોચિત) શુદ્ધ પરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) દેહ-ચેષ્ટાદિક સંબંધી શુભોપયોગ તે વ્યવહાર-પ્રયત્ન છે. (શુદ્ધ પરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠસહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહાર-પ્રયત્ન પણ કહેવાતો નથી.)

ત્રિકાળી સ્વભાવનું અવલંબન તે નિશ્ચય-પ્રયત્ન છે. ત્યાં વચ્ચે શુભ વિકલ્પ આવ્યો તે વ્યવહાર-પ્રયત્ન છે; પણ શુદ્ધ સ્વભાવના આશ્રય વિનાનો એકલો શુભોપયોગ તે હઠરૂપ છે, તે કાંઈ વ્યવહારચારિત્ર નથી.

પર જીવ મરે કે ન મરે તે તો તેની પર્યાય છે. તે કાંઈ આ આત્મા કરતો નથી, પણ અહિંસાના શુભભાવના પ્રયત્નરૂપ પરિણામ વિના સાવદ્યપરિહાર થતો નથી. પરમાં પ્રયત્નની વાત નથી, પણ પોતામાં શુભ પરિણામના પ્રયત્નની આ વાત છે. તેવા શુભ વિના અશુભભાવરૂપ સાવદ્યનો પરિહાર થતો નથી. આથી જ, પ્રયત્નપરાયણને હિંસા પરિણતિનો અભાવ હોવાથી અહિંસાવ્રત હોય છે.

નિશ્ચયથી તો શુભ તે પણ સ્વરૂપની હિંસા છે, પણ વ્યવહારમાં પાપના અભાવને અહિંસા કહે છે. મુનિને નિશ્ચયથી તો સ્વભાવના આશ્રયનો જ પ્રયત્ન છે પણ તેમાં લીન ન રહી શકે ત્યારે આવો વ્યવહારઅહિંસાનો વિકલ્પ હોય છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી સમંતભદ્રસ્વામીએ (બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં શ્રી નમિનાથ ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :

(शिखरिणी)

**अहिंसा भूतानां जगति विदितं ब्रह्म परमं**
**न सा तत्रारम्भोऽस्त्यणुरपि च यत्राश्रमविधौ।**
**ततस्तत्सिद्ध्यर्थं परमकरुणो ग्रन्थमुभयं**
**भवानेवात्याक्षीन्न च विकृतवेषोपधिरतः॥**

**શ્લોકાર્થ** : જગતમાં વિદિત છે કે જીવોના અહિંસા પરમ બ્રહ્મ છે. જે આશ્રમની વિધિમાં લેશ પણ આરંભ છે ત્યાં (-તે આશ્રમમાં અર્થાત્ સગ્રંથપણામાં) તે અહિંસા હોતી નથી. માટે તેની સિદ્ધિને અર્થે, (હે નમિનાથ પ્રભુ !) પરમ કરુણાવંત એવા આપશ્રીએ બન્ને ગ્રંથને છોડ્યા (-દ્રવ્ય તેમ જ ભાવ બન્ને પ્રકારના પરિગ્રહને તજી નિર્ગ્રંથપણું અંગીકૃત કર્યું), વિકૃતવેશ તથા પરિગ્રહમાં રત ન થયા.

અહો ! જીવોની અહિંસા તે પરમ બ્રહ્મ છે. એ વાત જગતમાં પ્રસિદ્ધ છે. પોતે પણ જીવ છે, પુણ્ય-પાપ વડે પોતાના સ્વભાવની હિંસા થવા ન દેવી એટલે કે સ્વભાવના અવલંબને તે ભાવ ઉત્પન્ન થવા ન દેવા તેવી અહિંસા તે પરમ બ્રહ્મ છે. છઠ્ઠા ગુણસ્થાને મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ હોય છે, તેમાં પરની હિંસા ટળી છે, તેમ જ સ્વભાવનો આશ્રય પ્રગટ્યો છે એટલે પોતાના આત્માની પણ અહિંસા પ્રગટી છે. એવા મુનિને જેવી પરમ બ્રહ્મરૂપ અહિંસા હોય છે તેવી અહિંસા ગૃહસ્થને હોતી નથી. જ્યાં લેશ પણ આરંભ છે એવા ગૃહસ્થાશ્રમમાં અહિંસા હોતી નથી. માટે તે અહિંસાની સિદ્ધિને માટે હે નમિનાથ ભગવાન ! પરમ કરુણાવંત એવા આપશ્રીએ બન્ને ગ્રંથોને (દ્રવ્ય તેમજ ભાવ બન્ને પરિગ્રહોને) છોડ્યા અને ભાવલિંગી નિર્ગ્રંથ મુનિ થયા.

ભગવાનને કોઈ ઉપર કરુણાની વૃત્તિ ન હોય. પણ ભગવાને જેવું સ્વરૂપ કહ્યું તેવું પોતાના જ્ઞાનમાં ભાસ્યું એટલે ''ભગવાનની કરુણા થઈ'' એમ કહેવાય છે. પોતે પોતાના આત્માની કરુણા કરી ત્યાં ઉપચારથી કહે છે કે ''હે ભગવાન ! આપની મહાન કરુણા થઈ !'' શ્રીમદ્દે પણ કહ્યું છે કે ''કરુણા હમ પાવત હૈ તુમકી'' ત્યાં પણ એવો જ આશય છે.

અહીં કહે છે કે હે પરમ કરુણાવંત ભગવાન ! આપે બન્ને પ્રકારના પરિગ્રહોને છોડ્યા - તે



નિમિત્તનું કથન છે. નિશ્ચયથી પરના ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. મુનિને વિકૃતવેશ ન હોય, સહજદશા હોય. શરીર પણ જન્મ્યા પ્રમાણે સહજ નગ્ન હોય; વસ્ત્રાદિ રાખવાં તે વિકૃતવેશ છે. એક પણ વસ્ત્રનો તાણો રાખવો તે મુનિપણાને સૂચવતો નથી, વસ્ત્ર સહિત મુનિદશા હોય નહિ. મુનિદશામાં અંતરમાં સહજ વીતરાગતા છે ને બહારમાં પણ સહજ નિર્ગ્રંથતા છે. વસ્ત્રવાળા સાધુ તે ખરા સાધુ નથી. છઠ્ઠા ગુણસ્થાનની વીતરાગતા પ્રગટે અને વસ્ત્રાદિ રહે તેમ બનતું નથી, એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

વસ્ત્રાદિ સહિત હોય ત્યાં સમ્યગ્દષ્ટિ સાધક-બ્રહ્મચારીપણું કે પાંચમું ગુણસ્થાન હોઈ શકે પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનરૂપ મુનિદશા ન હોય. માટે અહીં સમંતભદ્રાચાર્યે કહ્યું કે વસ્ત્રાદિ પરિગ્રહ ધારણ કરવો તે વિકૃતવેશ છે. હે ભગવાન ! અહિંસાની સિદ્ધિ અર્થે આપે તેવા વિકૃતવેશને છોડ્યો, આપ પરિગ્રહમાં રત ન થયા. એકેન્દ્રિયાદિ જીવોને મારવાનો ભાવ તે કષાયભાવ છે, મુનિદશામાં તેવો ભાવ હોતો નથી. ઉપદેશ-સ્વાધ્યાય વગેરેની વૃત્તિ છઠ્ઠે ગુણસ્થાને મુનિને ઊઠે છે અને વળી ક્ષણમાં તે તોડીને નિર્વિકલ્પ થઈ જાય છે. એમ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને મુનિ વારંવાર ઝૂલે છે. એવી જ મુનિદશા છે. એવી દશા સિવાય બાહ્યમાં વસ્ત્રાદિ છૂટ્યા તે તો દ્રવ્યલિંગ છે. અને જે વસ્ત્રાદિ સહિત હોય, જેને વ્યવહારશ્રદ્ધા પણ સાચી ન હોય તે તો દ્રવ્યલિંગી પણ ન કહેવાય. વીતરાગી પરિણતિ સહિતની વ્યવહારની વૃત્તિ ઊઠે તેની આ વાત છે. સ્વભાવનું ભાન અને સ્થિરતાવાળા મુનિને શુભ રાગ આવે તેને વ્યવહારે અહિંસાવ્રત કહેવાય છે, નિશ્ચયથી તો અંતરમાં સ્વભાવના આશ્રયે જે વીતરાગતા છે તે જ અહિંસા છે, અને તે જ ધર્મ છે.

**કારતક સુદ ૧૦, ગુરુવાર, ૮-૧૧-૫૧.**

૫૬મી ગાથામાં અહિંસાવ્રતનું સ્વરૂપ કહ્યું, હવે ટીકાકાર તે ગાથા ઉપર શ્લોક કહે છે :

**શ્લોક ૭૬**

(मालिनी)

**त्रसहतिपरिणामध्वांतविध्वंसहेतुः**
**सकलभुवनजीवग्रामसौख्यप्रदो यः।**
**स जयतु जिनधर्मः स्थावरैकेन्द्रियाणां**
**विविधवधविदूरश्चारुशर्माब्धिपूरः॥७६॥**

**શ્લોકાર્થ** : ત્રસઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે, સકળ લોકના જીવસમૂહને જે સુખપદ છે, સ્થાવર એકેન્દ્રિય જીવોના વિવિધ વધથી જે બહુ દૂર છે અને સુંદર સુખસાગરનું જે પૂર છે, તે જિનધર્મ જયવંત વર્તે છે. ॥ ૭૬ ॥

મુનિરાજ કહે છે કે જિનધર્મ જયવંત વર્તે છે, આત્માના સ્વભાવના અવલંબને જે વીતરાગદશા પ્રગટ થઈ તેને જૈનધર્મ કહે છે, એ સિવાય બહારમાં જૈનધર્મ નથી. આત્માના સ્વભાવના આશ્રયે પ્રગટેલા વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર તે જૈનધર્મ છે. એવો જૈનધર્મ જેને પ્રગટ્યો છે એવા મુનિઓને ત્રસઘાતના પરિણામરૂપ અંધકારનો નાશ થઈ ગયો છે. સ્વભાવના અવલંબને મુનિની દશા જ એવી હોય છે કે તેમને ત્રસ જીવોના ઘાતના પરિણામ જ થતા નથી. માટે આત્માના વીતરાગભાવરૂપ જૈનધર્મ છે તે ત્રસઘાતના પરિણામના નાશનો હેતુ છે.

આત્માના વીતરાગ સ્વભાવના અવલંબને વીતરાગદશા પ્રગટી ત્યાં ત્રસઘાતના પરિણામ હોતાં નથી. માટે જૈનધર્મ ત્રસઘાતના પરિણામના નાશનું કારણ છે. સ્વભાવના આશ્રયે વીતરાગભાવ પ્રગટ્યો ત્યાં છઠ્ઠા ગુણસ્થાને મુનિને ત્રસઘાતના પરિણામની ઉત્પત્તિ જ હોતી નથી, માટે જૈનધર્મ ત્રસઘાતના નાશનો હેતુ છે.

વળી જૈનધર્મ સકળ લોકસમૂહને સુખપ્રદ છે. આત્માની વીતરાગી નિર્મળ પર્યાય પ્રગટી તે સુખરૂપ છે. અને તે જેના આશ્રયે પ્રગટે એવો દ્રવ્યસ્વભાવ પણ ત્રિકાળ સુખરૂપ છે. એ દ્રવ્યના આશ્રયે વીતરાગતા અને સુખ પ્રગટે છે. એટલે જૈનધર્મ જીવોને સુખપ્રદ છે.

જ્ઞાયકમૂર્તિ આત્માના આશ્રયે પ્રગટતો વીતરાગભાવ સર્વ જીવોને સુખનો દેનાર છે.

જેટલે અંશે વીતરાગતા પ્રગટી તે જૈનધર્મ છે. જૈનધર્મ સ્થાવર એકેન્દ્રિય જીવના વધથી પણ બહુ દૂર છે. મુનિને વીતરાગદશા પ્રગટી ત્યાં એકેન્દ્રિય જીવના હિંસાના પરિણામની ઉત્પત્તિ જ હોતી નથી માટે એકેન્દ્રિયની હિંસાથી જૈનધર્મ બહુ દૂર છે. સ્વભાવના અવલંબને જેટલી વીતરાગતા પ્રગટી તેટલી તો નિશ્ચયઅહિંસા છે. ને છઠ્ઠે શુભ રાગની વૃત્તિ ઊઠતા ત્રસ કે સ્થાવરની હિંસાના પરિણામ ન થાય તે વ્યવહારે અહિંસા છે. સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાને હજી સ્વભાવનું અવલંબન ઓછું છે તેથી ત્યાં એકેન્દ્રિયની હિંસાના પરિણામ પણ હોય છે. કારણપરમાત્મસ્વભાવનું જેટલું અવલંબન લીધું તેટલી તો વીતરાગતા પ્રગટી; અને એવા સ્વભાવના અવલંબનથી જ્યાં મુનિદશા પ્રગટી ત્યાં વિકલ્પ ઊઠે તો તેમાં કોઈ જીવની હિંસાની વૃત્તિ હોતી નથી.

પર જીવને બચાવી શકે કે મારી શકે એ વાત તો વસ્તુના સ્વભાવમાં નથી. જૈનધર્મ તો અંતરંગ કારણપરમાત્માના અવલંબને જેટલી વીતરાગીદશા પ્રગટે તે જ છે. તે પરમાર્થે અહિંસા છે. અને વચ્ચે શુભ વિકલ્પ આવે તેને વ્યવહારઅહિંસા કહેવાય છે. પણ જ્ઞાની તે રાગથી ધર્મ નથી માનતો, પરમાર્થે તો તે તેનો જ્ઞાતા જ છે. નિશ્ચયધર્મ તો સ્વાશ્રયે પ્રગટેલી વીતરાગતા જ છે અને શુભ વખતે અશુભ ન થવા દીધો તે અપેક્ષાએ તેને વ્યવહારધર્મ કહેવાય છે. આવો જૈનધર્મ એકેન્દ્રિય જીવોના વધથી બહુ દૂર છે.



વળી જૈનધર્મ સુખસાગરનું પૂર છે. દ્રવ્યસ્વભાવમાં અતીન્દ્રિય આનંદનો સમુદ્ર ભર્યો છે. તે દ્રવ્ય સ્વભાવનું અવલંબન લેતાં પર્યાયમાં આનંદનું પર ચડી આવે છે.

આવો વીતરાગી જૈનધર્મ જયવંત વર્તે છે. ત્રિકાળ સ્વભાવના અવલંબને પ્રગટેલી વીતરાગદશા જયવંત વર્તે છે.

હવે બીજું સત્ય મહાવ્રત કહે છે.

### ગાથા ૫૭

**रागेण व दोसेण व मोहेण व मोसभासपरिणामं ।**
**जो पजहदि साहु सया बिदियवदं होइ तस्सेव ।। ५७ ।।**
**વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને**
**જે છોડતા મુનિરાજ, તેને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭.**

**અન્વયાર્થ** : રાગથી, દ્વેષથી અથવા મોહથી થતાં મૃષા ભાષાના પરિણામને જે સાધુ છોડે છે, તેને જ સદા બીજું વ્રત છે.

અસત્યના પરિણામ થતા જ નથી, તે અપેક્ષાએ તેને છોડ્યા એમ કહેવાય છે. પણ તે અસત્યના પરિણામ થાય છે અને તેને છોડે છે એવી વાત નથી. સ્વભાવના આશ્રયે વીતરાગતા થતાં, અસત્યનો વિકલ્પ જ ન ઊઠે તેને અસત્યનો ત્યાગ છે. મુનિને છઠ્ઠા ગુણસ્થાને અસત્યના અશુભ પરિણામ થતાં જ નથી. મુનિને છઠ્ઠે ગુણસ્થાને પણ સ્વભાવના અવલંબને જ વીતરાગતા છે. સમ્યગ્દર્શન થયું ત્યારથી જ નિર્વિકલ્પ આનંદઘન દ્રવ્યસ્વભાવનું જ અવલંબન હોય છે. ચોથા ગુણસ્થાનથી માંડીને ઠેઠ સુધી કારણપરમાત્મા ત્રિકાળ જ્ઞાયકમૂર્તિનું જ અવલંબન હોય છે. તેના અવલંબન વિના સમ્યગ્દર્શન હોતું નથી. તે દ્રવ્યસ્વભાવનું વિશેષ અવલંબન લેતાં મુનિદશા પ્રગટે છે. તે ભૂમિકામાં સ્વભાવનું એવું તીવ્ર અવલંબન વર્તે છે કે અસત્યના પરિણામ થાય તેવો તીવ્ર રાગ થતો નથી.

‘‘અહીં (એમ કહ્યું છે કે), સત્યનો પ્રતિપક્ષ (અર્થાત્ સત્યથી વિરુદ્ધ પરિણામ) તે મૃષા પરિણામ છે; તે (અસત્ય બોલવાના પરિણામ) રાગથી, દ્વેષથી અથવા મોહથી થાય છે; જે સાધુ -આસન્ન ભવ્ય જીવ- તે પરિણામને પરિત્યજે છે (-સમસ્ત પ્રકારે છોડે છે), તેને બીજું વ્રત હોય છે.’’

અજ્ઞાનીને સ્વરૂપ ચૂકીને તદ્દન મિથ્યા પરિણામ થાય છે અથવા તો રાગદ્વેષને લીધે અસત્યના પરિણામ થાય છે. પણ મુનિને તો સ્વભાવના આશ્રયે રાગ-દ્વેષ-મોહનો અભાવ હોવાથી અસત્યના પરિણામ થતા જ નથી. તેથી તેમણે અસત્ય પરિણામ છોડ્યા એમ કહેવાય છે. એવા મુનિને બીજું સત્યવ્રત હોય છે. મુનિને સ્વભાવના અવલંબને પર્યાયની પણ એવી હદ છે કે તેમાં તીવ્ર રાગ થતો જ નથી.

હવે ૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :



### શ્લોક ૭૭

(शालिनी)

**वक्ति व्यक्तं सत्यमुच्चैर्जनो यः**
**स्वर्गस्त्रीणां भूरिभोगैकभाक् स्यात् ।**
**अस्मिन् पूज्यः सर्वदा सर्वसद्भिः**
**सत्यात्सत्यं चान्यदस्ति व्रतं किम् ।। ७७ ।।**

**શ્લોકાર્થ** : જે પુરુષ અતિ સ્પષ્ટપણે સત્ય બોલે છે, તે સ્વર્ગની સ્ત્રીઓના પુષ્કળ ભોગોનો એક ભાગી થાય છે. (અર્થાત્ પરલોકમાં અનન્યપણે દેવાંગનાઓના બહુ ભોગોને પામે છે.) અને આ લોકમાં સર્વદા સર્વ સત્પુરુષોનો પૂજ્ય બને છે. ખરેખર સત્યથી શું બીજું કોઈ (ચડિયાતું) વ્રત છે ? ।। ૭૭ ।।

સ્વભાવના અવલંબનપૂર્વક વીતરાગભાવ એવો છે કે અસત્યના ભાવ જ થવા દેતો નથી. શુભ રાગ વખતે સત્યના પરિણામ થાય તે પણ પુણ્યબંધનું કારણ છે, તે ધર્મ નથી. તેથી તે પુણ્યના ફળમાં સ્વર્ગના ભોગો મળશે. વ્યવહાર સત્યવ્રતના પરિણામથી સ્વર્ગના ભોગો મળશે, પણ તેનાથી સ્વભાવ નહિ મળે. સ્વભાવના અવલંબને જેટલી વીતરાગતા પ્રગટી તે જ ધર્મ છે.

વ્યવહાર સત્યવ્રત કોને હોય ?

પરમાર્થે તો સ્વભાવ ત્રિકાળ ધ્રુવ, રાગ-દ્વેષ રહિત છે તે જ પરમ સત્ છે -એવા સ્વભાવને આશ્રયે જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરમાર્થ સત્ય પ્રગટ્યું છે તેના શુભ રાગને વ્યવહાર સત્યવ્રત કહેવાય છે.

હવે ત્રીજા અચૌર્ય મહાવ્રતનું સ્વરૂપ કહે છે :

**ગાથા ૫૮**

**गामे वा णयरे वाऽरण्णे वा पेच्छिऊण परमत्थं।**
**जो मुयदि गहणभावं तिदियवदं होदि तस्सेव ॥ ५८ ॥**
**નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને,**
**છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮.**

**અન્વયાર્થ** : ગ્રામમાં, નગરમાં કે વનમાં પારકી વસ્તુને દેખીને જે (સાધુ) તેને ગ્રહવાના ભાવને છોડે છે, તેને જ ત્રીજું વ્રત છે.

અહીં બહારના પદાર્થની ક્રિયાની વાત નથી. પણ પરિણામની વાત છે. મુનિને પારકી વસ્તુ દેખીને તે ગ્રહણ કરવાના પરિણામ જ થતા નથી. સ્વભાવના આશ્રયે શુદ્ધપરિણતિ પ્રગટી છે ને કાંઈક શુભ રાગ થાય છે ત્યાં પણ પરવસ્તુને ગ્રહવાના પરિણામ થતા નથી - આવી મુનિદશા હોય છે.

''જેના ફરતી વાડ હોય તે ગ્રામ(ગામડું) છે; જે ચાર દરવાજાથી સુશોભિત હોય તે નગર છે; જે મનુષ્યના સંચાર વિનાનું, વનસ્પતિસમૂહ, વેલીઓ અને ઝાડના ઝૂંડ વગેરેથી ગીચોગીચ ભરેલું હોય તે અરણ્ય છે. આવા ગ્રામ, નગર કે અરણ્યમાં બીજાથી તજાયેલી, મુકાયેલી, પડી ગયેલી અથવા ભુલાઈ ગયેલી પરવસ્તુને દેખીને તેના સ્વીકાર-પરિણામને (અર્થાત્ તેને પોતાની કરવાના-ગ્રહવાના પરિણામને) જે પરિત્યજે છે, તેને ખરેખર ત્રીજું વ્રત હોય છે.''

વસ્તુ દેખીને તેને લેવાના પરિણામ થયા અને પછી છોડ્યા -એવી વાત નથી. જો લેવાના પરિણામ થાય તો તો તે અચૌર્યવ્રત ન રહ્યું. મુનિને તો તેવા પરિણામ જ થતા નથી, તેનું નામ અચૌર્યવ્રત છે.

હવે ૫૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૭૮**

(आर्या)

**आकर्षति रत्नानां संचयमुच्चैरचौर्य्यमेतदिह।**
**स्वर्गस्त्रीसुखमूलं क्रमेण मुक्त्यंगनायाश्च ॥ ७८ ॥**



**શ્લોકાર્થ** : આ ઉગ્ર અચૌર્ય આ લોકમાં રત્નોના સંચયને આકર્ષે છે અને (પરલોકમાં) સ્વર્ગની સ્ત્રીઓના સુખનું કારણ છે તેમ જ ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે. ॥ ૭૮ ॥

સ્વભાવનું અવલંબન છે અને અશુભ પરિણામ આવવા દીધા નથી, ત્યાં શુભભાવથી પુણ્ય બંધાઈને બહારના રત્નોના ઢગલા મળે છે, પણ તે શુભથી કાંઈ અંતરના ચૈતન્યરત્નની પ્રાપ્તિ થતી નથી. ચૈતન્યરત્નની પ્રાપ્તિ તો સ્વભાવના જ અવલંબને થાય છે. વ્યવહારવ્રત તે શુભ રાગ છે- સંયોગીભાવ છે, તેના ફળમાં બાહ્ય સંયોગ મળે છે. વ્યવહારવ્રતને ક્રમે કરીને મુક્તિનું કારણ કહ્યું ત્યાં વ્યવહારવ્રતમાં જે શુભ રાગ છે તેનું ફળ તો સ્વર્ગ જ છે પણ તે સમયે સાથે સ્વભાવના અવલંબને જે વીતરાગી ભાવ પ્રગટ્યો છે તે ક્રમે કરીને મુક્તિનું કારણ થાય છે, તેથી તેની સાથેના શુભ રાગને પણ ઉપચારથી મુક્તિનું પરંપરા કારણ કહ્યું છે. નિશ્ચયના અવલંબનની દૃષ્ટિ પડી છે તેથી વ્યવહારને ઉપચારથી કારણ કહેવાય છે. નિશ્ચય સ્વભાવનો આશ્રય લીધો તેટલી નિશ્ચય આજ્ઞા છે, તે મુક્તિનું કારણ છે અને શુભ રાગ રહ્યો તે વ્યવહાર છે, તે વ્યવહાર બંધનનું કારણ છે. સ્વભાવના અવલંબને રાગને તોડશે ત્યારે મુક્તિ થશે.

હવે ચોથા બ્રહ્મચર્ય મહાવ્રતનું સ્વરૂપ કહે છે :

**ગાથા ૫૯**

**दट्ठूण इत्थिरूवं वांछाभावं णियत्तदे तासु।**
**मेहुणसण्णविवज्जियपरिणामो अहव तुरियवदं ।। ५९ ।।**
**સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,**
**વા મિથુનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯.**

**અન્વયાર્થ** : સ્ત્રીઓનું રૂપ દેખીને તેમના પ્રત્યે વાંછાભાવની નિવૃત્તિ તે અથવા મૈથુનસંજ્ઞારહિત જે પરિણામ તે ચોથું વ્રત છે.

મુનિઓ તો અંતરમાં ચૈતન્યનું રૂપ દેખનારા છે. સમ્યગ્દૃષ્ટિ પણ અંતરમાં ચૈતન્યનું રૂપ દેખે જ છે. મુનિને વિશેષપણે સ્વભાવનું અવલંબન છે. એટલે તેમને સ્ત્રીઆદિને દેખવામાં આસક્તિના પરિણામ પણ હોતાં નથી. ચૈતન્યને અવલંબીને વીતરાગી અકષાય દશા પડી છે, એટલે સ્ત્રીઆદિના રૂપને દેખતા તેમને વાંછા કે કુતૂહલના પરિણામ થતા નથી એનું નામ બ્રહ્મચર્ય મહાવ્રત છે.

‘‘સુંદર કામિનીઓનાં મનોહર અંગના નિરીક્ષણ દ્વારા ઊપજતી કુતૂહલતાના-ચિત્તવાંછાના-પરિત્યાગથી, અથવા પુરુષવેદોદય નામનો જે નોકષાયનો તીવ્ર ઉદય તેને લીધે ઊપજતી મૈથુનસંજ્ઞાના પરિત્યાગસ્વરૂપ શુભ પરિણામથી, બ્રહ્મચર્ય મહાવ્રત હોય છે.’’

એક સમય પણ અંતર્સ્વભાવનું અવલંબન ખસતું નથી. ત્યાં છઠ્ઠે ગુણસ્થાને શુભ રાગ થતાં વ્યવહારબ્રહ્મચર્યની વૃત્તિ ઊઠે છે. નિશ્ચયથી સ્વભાવના આશ્રયે રાગરહિત વીતરાગભાવ પ્રગટ્યો છે તે જ બ્રહ્મચર્યધર્મ છે. શુભ રાગરૂપ બ્રહ્મચર્ય તે વ્યવહારવ્રત છે.

હવે ૫૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૭૯**

(मालिनी)

भवति तनुविभूतिः कामिनानां विभूतिं
स्मरसि मनसि कामिंस्त्वं तदा मद्वचः किम्।
सहजपरमतत्त्वं स्वस्वरूपं विहाय
व्रजसि विपुलमोहं हेतुना केन चित्रम्।। ७९।।



**શ્લોકાર્થ** : કામિનીઓના જે શરીર વિભૂતિ તે વિભૂતિને હે કામી પુરુષ : જો તું મનમાં સ્મરે છે, તો મારા વચનથી તને શો લાભ થશે ? અહો ! આશ્ચર્ય થાય છે કે સહજ પરમતત્ત્વને-નિજસ્વરૂપને છોડીને તું શા કારણે વિપુલ મોહને પામે છે ! ।। ૭૯ ।।

અહો ! વીતરાગી ચૈતન્યમૂર્તિ આત્માને છોડીને તને આ બહારમાં સ્ત્રીના રૂપનો મોહ કેમ થાય છે ? અંતરમાં નિજકારણ ભગવાન, જ્ઞાયકપરમાત્મા બિરાજે છે તેને છોડીને તું બહારના રૂપમાં કેમ વિપુલ મોહને પામે છે ? અંતરની ચૈતન્યવિભૂતિ છે તેના આનંદને છોડીને તને બહારની સ્ત્રીના શરીરની વિભૂતિ દેખીને મોહ કેમ થાય છે ? એ આશ્ચર્ય છે.

મુનિને આવી વૃત્તિ હોતી નથી, છતાં જાગૃતિ માટે ઉપદેશ છે.

હવે પાંચમું મહાવ્રત કહે છે :

**ગાથા ૬૦**

**सव्वेसिं गंथाणं चागो णिरवेक्खभावणापुव्वं ।**
**पंचमवदमिदि भणिदं चारित्तभरं वहंतस्स ।। ६० ।।**
**નિરપેક્ષ ભાવન સહિત સર્વ પરિગ્રહોનો ત્યાગ જે,**
**તે જાણવું વ્રત પાંચમું ચારિત્રભર વહનારને. ૬૦.**

**અન્વયાર્થ :** નિરપેક્ષ ભાવનાપૂર્વક (અર્થાત્ જે ભાવનામાં પરની અપેક્ષા નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત) સર્વ પરિગ્રહોનો ત્યાગ (સર્વપરિત્યાગ સંબંધી શુભભાવ)તે, ચારિત્રભર વહનારને પાંચમું મહાવ્રત કહ્યું છે.

જુઓ, આચાર્ય ભગવાને પોતે કહ્યું કે **णिरवेखभावणापुव्वं** નિરપેક્ષ ભાવના સહિત આ વ્રત હોય છે.

મુનિને મુનિત્વોચિત નિરપેક્ષ શુદ્ધ પરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) સર્વપરિગ્રહત્યાગ સંબંધી શુભોપયોગ તે વ્યવહાર અપરિગ્રહવ્રત કહેવાય છે. શુદ્ધ પરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહારવ્રત પણ કહેવાતો નથી. (આ પાંચમા વ્રતની માફક અન્ય વ્રતોનું પણ સમજી લેવું.)

સમ્યગ્દર્શન વગરના શુભ પરિણામ હોય તે તો વ્યવહારવ્રત પણ નથી. નિશ્ચયવ્રત પ્રગટ્યું હોય ત્યાં વ્યવહાર હોય. જેને હજી આત્માનું ભાન નથી તેને તો શ્રાવક કે મુનિદશા જ હોતી નથી. એટલે તેને તો વ્રત-તપ કાંઈ હોતું નથી.

સમ્યગ્દર્શન વગર શુભ રાગ કરે તે બાળવ્રત અને બળતપ છે; બાળવ્રત એટલે અજ્ઞાનીના વ્રત; એટલે કે ખરેખર વ્રત નહિ. શુભ રાગને જે ધર્મ માને છે તેને તો નિપરેક્ષ આત્માની ભાવના હોતી નથી. જેને રાગ રહિત શુદ્ધ કારણપરમાત્માનું ભાન હોય તેને જ નિરપેક્ષ ભાવના હોય છે, અને તેને જ નિશ્ચયવ્યવહાર વ્રત હોય છે.

મારાથી પરનું થશે કે નિમિત્તથી મારું થશે, રાગથી મને લાભ થશે એવી જેની માન્યતા છે તેને નિરપેક્ષ ભાવ હોતો નથી. નિરપેક્ષ ભાવના જ્ઞાયકસ્વભાવના આશ્રયે જ હોય છે. તેવો આશ્રય પ્રગટ્યો તે જૈનધર્મ છે. તે આશ્રયમાં કચાશ હોય ત્યાં શુભ રાગ રહી જાય તેને વ્યવહારવ્રત કહેવાય છે. સમ્યગ્દર્શન શું છે તેનું પણ જીવોને ભાન નથી. અંતરમાં જ્ઞાયકમૂર્તિ આત્માના અવલંબને જ સમ્યગ્દર્શન છે;



તેના અવલંબને જ ધર્મ છે.

નિરપેક્ષ ભાવના એટલે દ્રવ્યસ્વભાવનો આશ્રય ચોથા ગુણસ્થાને દ્રવ્યદૃષ્ટિ થતાં નિરપેક્ષ દૃષ્ટિ પ્રગટી છે, પણ હજી સ્વભાવનું વિશેષ અવલંબન નથી. વિશેષ અવલંબન લેતાં મુનિદશા પ્રગટી ત્યાં નિરપેક્ષ ભાવનાપૂર્વક પરિગ્રહત્યાગનો જે શુભ રાગ છે તે વ્યવહાર અપરિગ્રહ વ્રત છે.

**કારતક સુદ ૧૧, શુક્રવાર, ૯-૧૧-૫૧.**

પાંચમું અપરિગ્રહ મહાવ્રત છે તેની વાત છે. તે મહાવ્રત કોને હોય ? કે જેને છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતી મુનિદશા પ્રગટી છે; પરમાણુમાત્રનો પણ આત્મા કર્તા નથી, રાગનો કણિયો પણ મારું સ્વરૂપ નથી એવું જેને ભાન છે તેને જ નિરપેક્ષ ભાવના હોય; અને ત્યાં જ મહાવ્રત હોય. નિરપેક્ષ દૃષ્ટિ તો ચોથા ગુણસ્થાને જ સમ્યગ્દૃષ્ટિને થઈ જાય છે. પણ મુનિ યોગ્ય શુદ્ધ પરિણતિ તેને નથી. મુનિને તો મુનિપણાને યોગ્ય શુદ્ધ પરિણતિ પ્રગટી ગઈ છે, પણ છઠ્ઠા ગુણસ્થાને શુદ્ધોપયોગ નથી. ત્યાગ સંબંધી અલ્પ શુભ વિકલ્પ છે. તેની પાછળ જેટલી વીતરાગી પરિણતિ છે તેટલી શુદ્ધ પરિણતિ છે પણ શુદ્ધ ઉપયોગ નથી. શુદ્ધ ઉપયોગ તો નિર્વિકલ્પદશામાં હોય, છઠ્ઠે ગુણસ્થાને શુભ રાગ છે.

શુદ્ધ પરિણતિ તો ચોથા ગુણસ્થાનથી જ સમ્યગ્દૃષ્ટિને શરૂ થઈ ગઈ છે. અખંડ કારણપરમાત્મા શુદ્ધ ચિદાનંદ આત્માને અવલંબીને જે શ્રદ્ધા-જ્ઞાનની નિર્મળદશા પ્રગટી તે શુદ્ધ પરિણતિ છે. ને મુનિને તો શુદ્ધ પરિણતિ ઘાણી વધી ગઈ છે. ચોથા કરતાં પાંચમે, છઠ્ઠે વીતરાગી પરિણતિ વધતી જાય છે. મુનિને તો ઘાણી નિરપેક્ષ પરિણતિ પ્રગટી ગઈ છે, ત્યાં સહજપણે-હઠ વગર જે પરિગ્રહ-ત્યાગનો શુભોપયોગ છે તે વ્યવહારથી અપરિગ્રહ છે. મિથ્યાદૃષ્ટિનો શુભભાવ તે વ્યવહારે પણ વ્રત નથી. શુદ્ધ પરિણતિ વગરનો શુભભાવ તો હઠવાળો છે, કારણપરમાત્માનું ભાન કરે તો કલ્યાણ છે, બાકી બધા એકડાં વિનાના મીંડા છે. જેને કારણપરમાત્માનું ભાન છે અને તેમાં લીનતાથી ઘાણી નિરપેક્ષતા પ્રગટી છે તેમને આત્માના અવલંબને જેટલી વીતરાગતા છે તેટલું નિશ્ચયચારિત્ર છે અને જેટલો શુભ રાગ છે તે વ્યવહારચારિત્ર છે.

શુદ્ધ પરિણતિ જુદી ચીજ છે ને શુદ્ધ ઉપયોગ જુદી ચીજ છે. શુદ્ધ પરિણતિ તો ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ જાય છે. શુદ્ધ ઉપયોગ મુખ્યપણે મુનિદશામાં સાતમે ગુણસ્થાનથી હોય છે. માટે શુદ્ધ ઉપયોગને સાતમેથી ગણ્યો છે. ચોથા-પાંચમા ગુણસ્થાને પણ જ્યારે જ્ઞાની આત્માના અનુભવમાં એકાગ્ર હોય ત્યારે તેને પણ શુદ્ધોપયોગ હોય છે. પણ તે બહુ અલ્પ છે. ચોથા ગુણસ્થાનથી શુદ્ધ પરિણતિની શરૂઆત થઈ જાય છે. શ્રાવકને પાંચમા ગુણસ્થાને સ્વભાવના આશ્રયે જેટલી વીતરાગી પરિણતિ થઈ છે તેટલું નિશ્ચયવ્રત છે અને ત્યાગ વગેરેનો શુભભાવ તે વ્યવહારવ્રત છે. એ જ પ્રમાણે મુનિના મહાવ્રતમાં પણ સમજવું.

**ટીકા** : સકળ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં અવસ્થિત (સ્થિર રહેલાં) પરમસંયમીઓને -પરમ જિન યોગીશ્વરોને- સદાય નિશ્ચય-વ્યવહારાત્મક સુંદર ચારિત્રભર વહનારાઓને, બાહ્ય-અભ્યંતર ચોવીશ પ્રકારના પરિગ્રહનો પરિત્યાગ જ પરંપરાએ પંચમગતિના હેતુભૂત એવું પાંચમું વ્રત છે.

નિજ કારણપરમાત્મા તો ત્રિકાળ પરિગ્રહના ત્યાગસ્વરૂપ જ છે. ત્રિકાળ કારણશુદ્ધજીવ તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કારણ છે. કારણશુદ્ધજીવ - નિજ કારણપરમાત્મા- સામાન્ય શક્તિરૂપ સ્વભાવ- તો ત્રિકાળ સમસ્ત પરિગ્રહના ત્યાગસ્વરૂપ જ છે. તેની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં સ્થિર થયેલાં પરમસંયમી મુનિવરોને જ આ મહાવ્રત હોય છે.

આત્મસ્વભાવના અવલંબને રાગરહિત પરિણતિ પ્રગટી તે નિશ્ચયવ્રત અને જે મહાવ્રતનો શુભ વિકલ્પ તે વ્યવહારે વ્રત છે. મુનિને શરીરની દશા સહજ નગ્ન થઈ જાય છે. શરીરની દશાનો કર્તા આત્મા નથી. આત્મા પરવસ્તુના પરિગ્રહને છોડે કે ગ્રહે એમ માને તે તો મિથ્યાદૃષ્ટિ છે, તેને વ્રત હોતાં નથી. આત્મા તો ત્રિકાળ પરવસ્તુના પરિગ્રહથી રહિત જ છે. એવા આત્માની દૃષ્ટિ અને એકાગ્રતાપૂર્વક જ નિશ્ચય-વ્યવહારવ્રત હોય છે.

ત્રિકાળી કારણપરમાત્મા તો સદાય પરિગ્રહ વગરનો જ છે. એટલે ''પરિગ્રહ છોડું'' એ વાત પણ તેમાં નથી. ત્રણ કાળમાં પુણ્ય-પાપ કે શરીરાદિનો પરિગ્રહ જ ભગવાન આત્મામાં નથી, ભગવાન આત્મા તો ત્રિકાળ તેના ત્યાગસ્વરૂપ જ છે. આવો આત્મા તે કારણપરમાત્મા છે. ચારિત્રનું કારણ કોણ ? કે ત્રિકાળ પરિગ્રહના ત્યાગસ્વરૂપ આ કારણપરમાત્મા તે જ દર્શન-જ્ઞાન-ચારિત્રનું કારણ છે, તેના જ આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે.

કારણશુદ્ધપરમાત્મા તો ત્રિકાળ છે, ને તેમાં અવસ્થિતદશા નવી પ્રગટે છે. જેમને એવા કારણ-પરમાત્મામાં સ્થિરતા પ્રગટી છે તેઓ પરમસંયમી મુનિ છે, તે પરમ જિનયોગીશ્વરોને નિશ્ચય-વ્યવહારચારિત્ર હોય છે. સ્વભાવના અવલંબને વીતરાગતા થઈ તેટલું નિશ્ચયચારિત્ર છે, તેની સાથે ૨૮ મૂળગુણ વગેરેનો વિકલ્પ વર્તે તે વ્યવહારચારિત્ર છે. તેમને બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહનો ત્યાગ હોય તેનું નામ અપરિગ્રહવ્રત છે.

મુનિને શરીરની નગ્નદશા સહજ હોય છે. પણ અંતરમાં સ્વભાવના અવલંબને નિશ્ચયચારિત્ર પ્રગટ્યું હોય તો નગ્ન શરીરને ચારિત્રનું નિમિત્ત કહેવાય છે. અંદર શુદ્ધ ચારિત્ર પ્રગટ્યા વિના નગ્ન શરીર હોય તે તો ચારિત્રનું નિમિત્ત પણ નથી. બાહ્યમાં વસ્ત્ર, પૈસા, વાસણ વગેરે પરિગ્રહનો ત્યાગ હોય એવા મુનિને જ પાંચમું અપરિગ્રહ મહાવ્રત હોય છે, તે પંચમગતિનું કારણ છે. ચોવીસ પ્રકારના પરિગ્રહના ત્યાગનો શુભ વિકલ્પ તે વ્યવહારવ્રત છે. તેની સાથે શુદ્ધ પરિણતિ છે તેથી તે વ્યવહારવ્રતને ઉપચારથી મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે.



શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે અને શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે એમ ગણીને અહીં ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરા હેતુ કહેલ છે. ખરેખર તો શુભોપયોગી મુનિને મુનિયોગ્ય શુદ્ધ પરિણતિ જ (શુદ્ધાત્મદ્રવ્યને અવલંબતી હોવાથી) વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે અને તે શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ થાય છે. આ રીતે આ શુદ્ધ પરિણતિમાં રહેલાં મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ તેની સાથે રહેલાં શુભોપયોગમાં કરીને વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરા હેતુ કહેવામાં આવે છે. જ્યાં શુદ્ધ પરિણતિ જ ન હોય ત્યાં વર્તતા શુભોપયોગમાં મોક્ષના પરંપરા હેતુપણાનો આરોપ પણ કરી શકાતો નથી, કેમ કે જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરા હેતુ પ્રગટ્યો જ નથી-વિદ્યમાન જ નથી ત્યાં શુભોપયોગમાં આરોપ કોનો કરવો ?

શુદ્ધોપયોગ અહીં સાતમે ગુણસ્થાને ગણ્યો છે. એવી શુદ્ધોપયોગદશામાં વર્તતા મુનિને વસ્ત્ર-પાત્ર ન હોય, વસ્ત્ર રાખે અને મુનિપણું માને તો તે નિગોદમાં જનારા છે -એમ ભગવાન કુંદકુંદાચાર્યદેવ કહે છે. કેમ કે વસ્ત્ર રાખીને મુનિપણું માનનાર વીતરાગતાની વિરાધના કરે છે.

શુદ્ધોપયોગ તે મોક્ષનો હેતુ છે. ને છઠ્ઠે ગુણસ્થાને શુભ ઉપયોગ છે તેને શુદ્ધોપયોગનો હેતુ કહેવાય છે. પરમાર્થે તો ત્રિકાળી કારણપરમાત્માના અવલંબને જ મોક્ષદશા પ્રગટે છે. છઠ્ઠા ગુણસ્થાને સ્વભાવના અવલંબને વીતરાગ પરિણતિ તો વર્તે છે, પણ ત્યાં શુભઉપયોગ વર્તે છે તેને પરંપરા મોક્ષનું કારણ કહેવાય છે. ખરેખર તો છઠ્ઠા ગુણસ્થાને જે શુદ્ધપરિણતિ થઈ છે તે જ વિશેષ શુદ્ધિનું કારણ થાય છે, તેથી તે જ મોક્ષનો હેતુ થાય છે, રાગ કાંઈ શુદ્ધતાનું કારણ નથી. પણ છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધ પરિણતિની સાથે રાગ વર્તે છે તેથી તેને પણ આરોપથી મોક્ષનું પરંપરાકારણ કહેવાય છે.

ખરેખર શુદ્ધનિશ્ચયથી તો અખંડ કારણપરમાત્મા તે જ શુદ્ધ ઉપયોગનું કારણ છે અને પર્યાયમાં કારણ કહેવું હોય તો છઠ્ઠા ગુણસ્થાને સ્વભાવના આશ્રયે જે શુદ્ધતા છે તે મોક્ષનું કારણ છે, ને તેની સાથેનો શુભ રાગ તે નિમિત્તકારણ છે, નિમિત્તકારણ એટલે વ્યવહારકારણ; શુભોપયોગી મુનિને પણ ખરેખર તો શુદ્ધાત્મદ્રવ્યને અવલંબતી પરિણતિ તે જ વિશેષ શુદ્ધતાનું કારણ છે. પણ આ વ્યવહારચારિત્રનો અધિકાર છે તેથી તે મુનિના શુભોપયોગને પણ શુદ્ધોપયોગનું નિમિત્ત ગણીને ઉપચારથી પરંપરા મોક્ષનું કારણ કહ્યું. અને શુદ્ધ નિશ્ચયદૃષ્ટિથી તો કારણપરમાત્મા તે જ મોક્ષનું શુદ્ધ ઉપાદાન છે અને વીતરાગીદશા તે નિમિત્તકારણ છે. પર્યાય અપેક્ષાએ વીતરાગી પરિણતિ તે મોક્ષનું નિશ્ચયકારણ છે એમ કહેવાય ત્યારે શુભોપયોગ નિમિત્તકારણ છે. છઠ્ઠા ગુણસ્થાને શુભોપયોગ છે, પણ સ્વભાવના અવલંબને તે શુભ તોડીને શુદ્ધોપયોગ થવાનો છે, તેથી છઠ્ઠા ગુણસ્થાનના શુભોપયોગને સાતમા ગુણસ્થાનના શુદ્ધોપયોગનું નિમિત્ત કહ્યું છે.

નિમિત્તમાંથી, પુણ્યમાંથી કે પર્યાયમાંથી પર્યાય આવતી નથી. ત્રિકાળી ધ્રુવ કારણપરમાત્મામાંથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે પર્યાયો પ્રગટે છે. માટે નિશ્ચયથી તે કારણપરમાત્મા જ બધાનું

કારણ છે. તે કારણપરમાત્માના આશ્રયે જ શુદ્ધોપયોગ પ્રગટે છે. તે શુદ્ધોપયોગને મોક્ષનું કારણ કહો ત્યારે શુભને વ્યવહારકારણ કહેવાય; પણ તે વ્યવહાર ક્યારે થયો ? -કે એ જ વખતે સાથે ધ્રુવ કારણપરમાત્માનો આશ્રય ઊભો છે, તેના આશ્રયે નિશ્ચયકારણ પ્રગટ્યું છે, તો શુભ રાગને વ્યવહારકારણ કહેવાય છે. વ્યવહારવ્રત ખરેખર મોક્ષનું કારણ નથી, પણ તેની સાથેની શુદ્ધ પરિણતિનો આરોપ કરીને જ તેને મોક્ષનું પરંપરાકારણ કહ્યું છે. પણ તે પરંપરાકારણ કોને ? કે જેણે દ્રવ્યનો આશ્રય લીધો છે તેને. પરંતુ જેણે દ્રવ્યનો આશ્રય લીધો નથી, રાગથી અને નિમિત્તના આશ્રયથી કલ્યાણ માને છે તેને તો શુભ રાગમાં વ્યવહારકારણનો પણ આરોપ આવતો નથી. શુદ્ધ પરિણતિ વગર આરોપ કોનો ? નિશ્ચયકારણ હોય ત્યાં શુભમાં આરોપ કરીને વ્યવહારકારણ કહેવાય. પણ નિશ્ચયકારણ પ્રગટ્યા વગર શુભમાં આરોપ કોનો કરવો ? શુદ્ધ કારણપરમાત્માના આશ્રયે જે નિશ્ચયકારણરૂપ શુદ્ધ પરિણતિ પ્રગટી હોય ત્યાં જ સાથેના શુભમાં તેનો આરોપ કરીને તેને વ્યવહારકારણ કહેવાય છે. વીતરાગી પરિણતિ તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે અને તે વીતરાગી પરિણતિનું મૂળકારણ તો ત્રિકાળી દ્રવ્ય કારણશુદ્ધપરમાત્મા છે.

ત્રિકાળી કારણશુદ્ધપરમાત્મા તે વીતરાગી પરિણતિનું કારણ છે. તે વીતરાગી પરિણતિ મોક્ષનું કારણ છે. એટલે શુદ્ધ પરિણતિનું, શુદ્ધોપયોગનું કે મોક્ષનું સાક્ષાત્ મૂળ કારણ તો ભગવાન કારણ-પરમાત્મા જ છે. એ સિવાય બીજા બધા કારણો તે વ્યવહાર અને નિમિત્ત છે.

અપિરગ્રહવ્રતના વર્ણનમાં નિરપેક્ષ ભાવનાની વાત મૂકી છે એટલે જેને વસ્ત્રાદિ પરિગ્રહની અપેક્ષા હોય તેને નિરપેક્ષ ભાવના હોતી નથી ને તેને અપરિગ્રહવ્રત હોતું નથી.

શુદ્ધ પરિણતિ અને શુદ્ધોપયોગમાં એટલો ભેદ છે કે છઠ્ઠે શુદ્ધ પરિણતિ હોવા છતાં શુદ્ધોપયોગ ન હોય, શુદ્ધોપયોગ હોય ત્યાં તો શુદ્ધ પરિણતિ હોય જ છે. પરંતુ છઠ્ઠે શુદ્ધોપયોગ ન હોય ત્યારે જો શુદ્ધ પરિણતિ પણ ન હોય તો છઠ્ઠું ગુણસ્થાન જ ન ટકી શકે. છઠ્ઠા ગુણસ્થાનમાં સ્વભાવના અવલંબને જેટલો અકષાયભાવ છે તેટલી તો શુદ્ધ પરિણતિ છે, ને રાગ છે તેટલી અશુદ્ધતા છે. ત્યાં ૨૮ મૂળગુણના વિકલ્પ ઊઠે તેના વ્યવહારે તે કર્તા છે. નિશ્ચયથી તો તે વિકલ્પના પણ કર્તા નથી. અને બહારની આહારાદિ વસ્તુના કર્તા તો વ્યવહારે પણ નથી, કેમ કે તે તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યની ક્રિયાનું કર્તાપણું માને તે તો ઈશ્વરને જગત્કર્તા માનનારા વિષ્ણુ જેવો મિથ્યાદૃષ્ટિ છે. તેને તો શુદ્ધ પરિણતિ હોતી જ નથી. એટલે તેના શુભ રાગને વ્યવહારે પણ વ્રત કહેવાતા નથી.

જૈનદર્શન એટલે વસ્તુદર્શન. આત્મા પરને લ્યે કે છોડે એ વાત વસ્તુસ્વભાવમાં છે જ નહિ. મુનિને અંતર્સ્વભાવમાં એકાગ્રતા થતાં સમસ્ત પર પ્રત્યે નિરપેક્ષ ભાવના થઈ ગઈ છે, તે નિરપેક્ષ ભાવના સહિત જે પરિગ્રહત્યાગનો વિકલ્પ તે વ્યવહારે મહાવ્રત છે. અંતરંગમાં નિરપેક્ષ ભાવના વગર એકલા બહારના ત્યાગમાં કોઈ વ્યવહારવ્રત માની લ્યે તો તેને વ્યવહારવ્રત પણ નથી.



છઠ્ઠા ગુણસ્થાનની એક પર્યાયમાં બે ભાગ છે. જેટલી ચૈતન્યના આશ્રયે વીતરાગતા છે તેટલો શુદ્ધભાવ છે, ને વચ્ચે જે શુભ રાગ છે તેટલો અશુદ્ધભાવ છે. જો શુદ્ધતા ન હોય તો મુનિદશા ન હોઈ શકે. અને જો અશુદ્ધતારૂપ રાગનો અંશ ન હોય તો વીતરાગતા થઈ જાય. મુનિને છઠ્ઠે ગુણસ્થાને એક પર્યાયમાં બે પ્રકાર એક સાથે વર્તે છે. શુદ્ધતા છે તેટલું મોક્ષનું કારણ છે ને અશુદ્ધ છે તેટલો બંધભાવ છે. શુદ્ધતા સાથે શુભ વિકલ્પ હોય તેને જ વ્યવહારે વ્રત કહેવાય છે.

**કારતક સુદ ૧૨, શનિવાર, ૧૦-૧૧-૫૧.**

એવી રીતે (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત) શ્રી સમયસારમાં (૨૦૮મી ગાથા દ્વારા) કહ્યું છે કે :

**मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।**
**णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ॥**

**શ્લોકાર્થ :** જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું. હું તો જ્ઞાતા જ છું તેથી (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ મારો નથી.

અપરિગ્રહવ્રતનું વર્ણન કર્યું. નિર્ગ્રંથ વીતરાગી મુનિ એમ ભાવના કરે છે કે કોઈ પણ પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી. જો પરદ્રવ્ય મારો પરિગ્રહ હોય એટલે શરીરાદિ પરદ્રવ્યની ક્રિયા મારાથી થાય છે - એમ જો હોય તો હું જડ થઈ જાઉં. કેમ કે જડનો સ્વામી જડ હોય. હું બોલું કે મૌન રહું એમ જે માને છે તે જડ વાણીના પરિગ્રહને પોતાનો માને છે તેથી તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે.

ધર્મી તો જાણે છે કે હું તો જ્ઞાતા-દૃષ્ટા જ છું. પરદ્રવ્યની ક્રિયા મારા હાથની નથી. અને એવા ભાનપૂર્વક અહીં તો મુનિના મહાવ્રતની વાત છે. જેને આવું ભાન નથી તેને તો મહાવ્રત હોતું નથી. શરીર ચાલે ત્યાં એમ બુદ્ધિ થાય કે આ હું ચાલું છું, ભાષા બોલાય ત્યાં એમ થાય કે આ હું બોલું છું તો તે મિથ્યાદૃષ્ટિ છે, તે જડ પરિગ્રહનો સ્વામી થાય છે. પણ ધર્મી કહે છે કે જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય તો હું અજીવ થઈ જાઉં. હું તો જ્ઞાતા જ છું, તેથી કોઈ પણ પરદ્રવ્યનો પરિગ્રહ મારો નથી.

વળી ૬૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

## શ્લોક ૮૦

(हरिणी)

त्यजतु भवभीरुत्वाद्भव्यः परिग्रहविग्रहं
निरुपमसुखावासप्राप्त्यै करोतु निजात्मनि ।
स्थितिमविचलां शर्माकारां जगज्जनदुर्लभां
न च भवति महच्चित्रं चित्रं सतामसतामिदम् ॥ ८० ॥

**શ્લોકાર્થ** : ભવ્ય જીવ ભવભીરુપણાને લીધે પરિગ્રહવિસ્તારને છોડો અને નિરુપમ સુખના આવાસની પ્રાપ્તિ અર્થે નિજ આત્મામાં અવિચળ, સુખાકાર (સુખમયી) તથા જગતજનોને દુર્લભ એવી સ્થિતિ (સ્થિરતા) કરો. અને આ (નિજાત્મામાં અચળ સુખાત્મક સ્થિતિ કરવાનું કાર્ય) સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી, અસત્પુરુષોને આશ્ચર્યની વાત છે. ॥ ૮૦ ॥

જેને ચૈતન્યમાં ઠરવાની ભાવના હોય અને ભવભીરુપણું હોય તે પરિગ્રહના વિસ્તારને છોડો. મુનિની મુખ્ય વાત છે. મુનિઓ ચૈતન્યમાં ઠરવાના કામી છે, ને ભવથી ભીરુ છે. છઠ્ઠે ગુણસ્થાને અલ્પ રાગ છે, પણ મુનિને પરિગ્રહની મમતા હોતી નથી ને બહારમાં પરિગ્રહ હોતો નથી. તેને અહીં કહે છે કે અહો મુનિઓ ! છઠ્ઠા ગુણસ્થાને રાગનો વિકલ્પ છે તે પણ છોડીને અપ્રમત્ત થાવ...અપ્રમત્ત થાવ ! ચૈતન્યની લીનતામાં ઠરો. નિજ આત્મામાં અવિચળ સ્થિરતા તે જ નિરુપમ સુખની પ્રાપ્તિનો ઉપાય છે. માટે હે મુનિઓ ! નિરુપમ સુખનો આવાસ -એવા આત્માની પ્રાપ્તિના અર્થે શુદ્ધ આત્મામાં અવિચળપણે સુખાકાર સ્થિતિ કરો. આત્મામાં અવિચળ સ્થિતિ જગતને દુર્લભ છે, એવી અવિચળ સ્થિતિ તમે કરો. આવી નિજાત્મામાં અવિચળ સ્થિતિ મુનિવરોને સહજ છે, તે કાંઈ સત્પુરુષોને આશ્ચર્યની વાત નથી. અસત્પુરુષોને -જેને આત્માનું ભાન નથી- તેવા જીવોને તે આશ્ચર્યની વાત છે. અહીં મુનિને છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ છોડીને સાતમા ગુણસ્થાનની સ્થિરતા કરવાનું કહ્યું છે.

એ રીતે પાંચ મહાવ્રતનું વર્ણન કર્યું.



હવે પાંચ સમિતિનું વર્ણન કરે છે. પ્રથમ ઈર્યાસમિતિ કહે છે.

## ગાથા ૬૧.

**पासुगमग्गेण दिवा अवलोगंतो जुगप्पमाणं हि ।**
**गच्छइ पुरदो समणो इरियासमिदी हवे तस्स ॥ ६१ ॥**
**અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે,**
**દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.**

**અન્વયાર્થ** : જે શ્રમણ પ્રાસુક માર્ગે દિવસે ધુરાપ્રમાણ આગળ જોઈને ચાલે છે, તેને ઈર્યાસમિતિ હોય છે.

મુનિને છઠ્ઠા ગુણસ્થાને શુદ્ધ પરિણતિ હોવા છતાં ત્યાં શુભ વિકલ્પ પણ વર્તે છે. તેમાં જોઈને ચાલવું એવો વિકલ્પ ઊઠ્યો તેને વ્યવહાર ઈર્યાસમિતિ કહેવાય છે. પણ સાથે શુદ્ધ પરિણતિ વર્તે છે તેથી તેને વ્યવહાર કહેવાય છે. તીર્થંકરને પણ છઠ્ઠા ગુણસ્થાને આવો શુભ વિકલ્પ ઊઠે છે. તેમાં હઠ નથી, બહારની ક્રિયાને હું કરું કે બહારની ક્રિયાને હું અટકાવું -એવી ધર્મીની બુદ્ધિ નથી. અજ્ઞાનીને શુદ્ધ પરિણતિ વગરનો શુભોપયોગ હોય છે, તેને તો વ્યવહારસમિતિ પણ કહેવાતી નથી.

પરમસંયમી મુનિને (અર્થાત્ મુનિ યોગ્ય શુદ્ધપરિણતિવાળા મુનિને) શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) ઈર્યા સંબંધી (-ગમન સંબંધી, ચાલવા સંબંધી) શુભોપયોગ તે વ્યવહાર ઈર્યાસમિતિ છે. શુદ્ધ પરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહારસમિતિ પણ કહેવાતો નથી. (આ ઈર્યાસમિતિની માફક અન્ય સમિતિઓનું પણ સમજી લેવું.)

વ્યવહાર સમિતિ કાંઈ દેહની ક્રિયામાં નથી, પણ આત્માનો શુભભાવ છે. જેને આત્માનું ભાન છે, વીતરાગી શુદ્ધ પરિણતિ ઘણી વર્તે છે, એવા પરમસંયમી મુનિને છઠ્ઠા ગુણસ્થાને ગુરુયાત્રા, દેવયાત્રા, તીર્થયાત્રા ઈત્યાદિનો શુભ વિકલ્પ થતાં માર્ગે જોઈને ચાલવાનો શુભ વિકલ્પ આવે તે ઈર્યાસમિતિ છે. એવો શુભ વિકલ્પ આવે તે છઠ્ઠા ગુણસ્થાનનો કાળ છે. ત્યાં તેની સ્થિતિને જાણી લ્યે છે કે અત્યારે આ પ્રકારના વિકલ્પનો કાળ છે, મુનિને તેનો હઠ હોતો નથી. વિકલ્પના કાળે વિકલ્પ આવી ગયો, દેહની ક્રિયા તેના કાળે થઈ ગઈ, ત્યાં મુનિની શુદ્ધપરિણતિ ટકી રહી છે, તેથી વિકલ્પને આરોપથી વ્યવહારસમિતિ કહેવાય છે. પણ જો હું દેહની ક્રિયા કરું એમ માને તો તો તે જડના પરિગ્રહનો સ્વામી થઈ જાય છે, તે મૂઢ છે, તેને વ્યવહારે પણ વ્રત કે સમિતિ હોતાં નથી.

ગુરુ પાસે જવાનો વિકલ્પ ઊઠ્યો તે ગુરુયાત્રા છે. ત્યાં છઠ્ઠે ગુણસ્થાને એવો વિકલ્પ આવી જાય

છે તે સહજ છે. તેને મુનિ જાણે છે પણ એવો હઠ નથી કરતાં કે આ વિકલ્પ આવવા જ ન દઉં. હઠ કરીને શુભ કરવા માંગતા નથી, તેમ જ હઠ કરીને શુભને ફેરવવા પણ માંગતા નથી. દેહની ક્રિયાનો પણ આગ્રહ નથી.

ભાવલિંગી સંત મુનિને પણ ગિરનાર - સમ્મેદશીખર આદિ તીર્થોની યાત્રાનો ભાવ છઠ્ઠા ગુણસ્થાને હોય છે. ભગવાન સમવસરણમાં બિરાજતા હોય ત્યાં દર્શન કરવા જવાનો ભાવ થાય તે દેવયાત્રાનો ભાવ છે. ગુરુ બિરાજતા હોય તેમની પાસે શ્રવણ વગેરે કરવા માટે જવાનો વિકલ્પ ઊઠે તે ગુરુ યાત્રા છે. એવા પ્રયોજનના ઉદ્દેશથી મુનિ ગમન કરે ત્યારે ધોંસરાપ્રમાણ માર્ગ જોઈને જીવની રક્ષા કરતાં ચાલે છે, દિવસે જ ચાલે છે, તેમને ઈર્યાસમિતિ હોય છે.

દેવયાત્રા, ગુરુયાત્રા, તીર્થયાત્રા, આહાર, બીજા મુનિની વૈયાવચ્ચ વગેરે પ્રસંગે છઠ્ઠા ગુણસ્થાન-વાળા મુનિને શુભ વિકલ્પ ઊઠે છે. પુષ્પદંત અને ભૂતબલિ મુનિરાજ વિહાર કરીને ગિરનારમાં આવ્યા હતાં. શ્રી ધરસેનાચાર્યદેવે શ્રુતરક્ષાના હેતુથી તેમને બોલાવ્યા હતા. ત્યાં તેમને સ્વપ્ન આવ્યું કે શ્રુતનો ભાર વહન કરી શકે એવા, ધોરી બળદ જેવા બે મહાસંતો આવીને પોતાના ચરણે નમે છે. એટલે તેમનો એવા ઉદ્‌ગાર નીકળ્યો કે ''જય હો શ્રુતદેવતાનો''. તે મુનિઓ વિહાર કરીને ધરસેનાચાર્ય પાસે આવ્યા. અને ધરસેનાચાર્યદેવે તેમને ષટ્‌ખંડાગમનું જ્ઞાન આપ્યું. પછી તે બે મુનિઓએ સૂત્રરૂપે ષટ્‌ખંડાગમની રચના કરી અને જેઠ સુદ પાંચમે શ્રુતજ્ઞાનનો મોટો મહોત્સવ કર્યો કે અહો! ભગવાનની દિવ્યધ્વનિનો અંશ આમાં રહી ગયો છે.

મુનિને પણ શાસ્ત્રના બહુમાનનો અને મહોત્સવનો વિકલ્પ આવે. છઠ્ઠા ગુણસ્થાને તેવો શુભભાવ હોય છે. જ્ઞાતા-દૃષ્ટાપણું રહીને શુભ રાગ આવ્યો છે તેને જાણે છે. એ પ્રકારનો રાગ કેમ આવ્યો? -એમ માને તો તેને છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિની જ ખબર નથી. અને જો તે રાગથી લાભ માને તો તે પણ અજ્ઞાની છે. મુનિને રાગની ભાવના નથી તેમ જ તેને ટાળવાનો હઠ પણ નથી. જડની ક્રિયા તેના કાળે થવાની હોય તો થઈ જાય. મુનિને ''શાસ્ત્ર રચું'' એવો વિકલ્પ ઊઠે પણ ત્યાં શાસ્ત્રરચનાની ક્રિયાના સ્વામી થતાં નથી.

શ્રી પ્રવચનસારમાં ટીકા પૂરી થતાં છેલ્લે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે :

''(ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેને પરિણમાવી શકતો નથી, તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી-સમજાવી શકતા નથી માટે) 'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવા યોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે' એમ મોહથી જનો ન નાચો (-ન ફુલાઓ). (પરંતુ) સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (પરમાનંદ પરિણામે પરિણમો).''



વિકલ્પ હતો એટલે એમ બોલાય કે આ આત્માએ આ શાસ્ત્ર રચ્યું. પણ તે બોલવામાત્ર છે. આત્મા જડ શાસ્ત્રને કરે એમ માને તે તો મૂઢ છે. જે જીવ શરીરાદિની ક્રિયાને પોતાની માને તેને સમિતિ વગેરે હોતું નથી. મુનિને અંતરમાં આત્માનું ભાન તો છે, અને છઠ્ઠા ગુણસ્થાને દેવયાત્રા વગેરે કારણે ગમનનો વિકલ્પ ઊઠ્યો છે તે કાળે માર્ગ જોઈને ચાલે છે, તે કાળે તેવું જાણવાનો જ્ઞાનનો કાળ છે; પણ અંતરમાં આત્માના ભાનપૂર્વકની વાત છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું છે, શુદ્ધ પરિણતિ પ્રગટી છે, ત્યાં મુનિને રસ્તો જોઈને ચાલવાનો વિકલ્પ તે વ્યવહારસમિતિ છે.

છઠ્ઠા ગુણસ્થાને નિશ્ચયપૂર્વક એવી વ્યવહારસમિતિ હોય છે.

હવે નિશ્ચયસમિતિનું સ્વરૂપ કહે છે :-

''અભેદ-અનુપચાર-રત્નત્રયરૂપી માર્ગે પરધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યે સમ્યક્ 'ઇતિ' (-ગતિ) અર્થાત્ પરિણતિ તે સમિતિ છે; અથવા નિજ પરમતત્ત્વમાં લીન સહજ પરમ જ્ઞાનાદિક પરમ ધર્મોની સંહતિ(-મિલન, સંગઠન) તે સમિતિ છે.''

વ્યવહારસમિતિમાં બહારનો રસ્તો જોઈને ચાલવાની વાત હતી. અને અહીં નિશ્ચયમાં સમ્યક્ રત્નત્રયના માર્ગે પરમ ધર્મી એવા પોતાના આત્મા પ્રત્યે સમ્યક્ પરિણતિ તે સમિતિ છે. અથવા આત્મામાં સહજ પરમ જ્ઞાનાદિ પરમધર્મો પ્રગટ્યા છે તેની સંહતિ તે નિશ્ચયસમિતિ છે. જે સહજ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રદશા પ્રગટી છે તેની આત્મામાં લીનતા તે નિશ્ચયસમિતિ છે. ચોથા ગુણસ્થાને પણ અંશે શુદ્ધભાવ પ્રગટ્યો છે તે વીતરાગભાવ છે. જેટલો વીતરાગભાવ તે મુક્તિનું કારણ છે ને જેટલો રાગ તે બંધનું કારણ છે. રાગ રહિત દશા પ્રગટી તે નિશ્ચય છે, ત્યાં રાગ રહ્યો તે વ્યવહાર છે.

''આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારરૂપ સમિતિ ભેદો જાણીને તેમાં (-તે બેમાંથી) પરમ નિશ્ચયસમિતિને ભવ્ય જીવ પ્રાપ્ત કરો.''

નિશ્ચય અને વ્યવહાર બન્નેનું જ્ઞાન કરાવ્યું પણ તે બેમાંથી આદરવા જેવી તો પરમનિશ્ચય વીતરાગી સમિતિ જ છે, તેને ભવ્ય જીવો પ્રાપ્ત કરો. સ્વરૂપની વીતરાગ પરિણતિમાં ઠરો અને રાગ થાય તો તેના જ્ઞાતા રહો.

મુનિને છઠ્ઠા ગુણસ્થાને શુભ રાગ થાય છે અને નીચલી દશાવાળો કોઈ એમ માને કે ''આપણે ભક્તિ વગેરેનો રાગ થવા દેવો નથી કેમ કે તે બંધનું કારણ છે'' તો તેને વસ્તુનું ભાન નથી, વિવેક નથી. ધર્મી સમ્યગ્દૃષ્ટિને ચોથા-પાંચમા ગુણસ્થાને ભક્તિ વગેરેનો શુભ રાગ આવે છે, ત્યાં હઠ નથી કે આ રાગ ન જ થવા દઉં, તે કાળે તે ભક્તિના રાગનો કાળ છે એમ જાણે છે, સ્વભાવદૃષ્ટિમાં તે રાગના કર્તા થતાં નથી. અહીં તો આત્માના ભાન સહિત તેમાં વિશેષ સ્થિરતાની વાત છે. છઠ્ઠા-

સાતમા ગુણસ્થાનવાળા મુનિને શુદ્ધ પરિણતિ તે નિશ્ચયસમિતિ છે ને છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ ઊઠ્યો તે વ્યવહારસમિતિ છે. તેમાંથી પરમ વીતરાગી નિશ્ચયસમિતિને પ્રાપ્ત કરો એવો ઉપદેશ છે.

**કારતક સુદ ૧૩, રવિવાર, ૧૧-૧૧-૫૧.**

**શ્લોક ૮૧**

(मन्दाक्रान्ता)

**इत्थं बुद्ध्वा परमसमितिं मुक्तिकान्तासखीं यो**
**मुक्त्वा संगं भवभयकरं हेमरामात्मकं च।**
**स्थित्वाऽपूर्वे सहजविलसच्चिच्चमत्कारमात्रे**
**भेदाभावे समयति च यः सर्वदा मुक्त एव॥८१॥**

**શ્લોકાર્થ** : આ રીતે મુક્તિકાન્તાની (મુક્તિસુંદરીની) સખી પરમ સમિતિને જાણીને જે જીવ ભવભયના કરનારા કંચનકામિનીના સંગને છોડીને, અપૂર્વ, સહજ વિલસતા (સ્વભાવથી પ્રકાશતા), અભેદ ચૈતન્યચમત્કારમાં સ્થિત રહી (તેમાં) સમ્યક્ 'ઇતિ' (-ગતિ) કરે છે અર્થાત્ સમ્યક્પણે પરિણમે છે, તે સર્વદા મુક્ત જ છે. ॥ ૮૧ ॥

અહીં આ ઈર્યાસમિતિની વાત છે. જ્ઞાનાનંદ સ્વરૂપ પોતાના આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને સ્વરૂપ રમણતારૂપી સ્થિરતામાં-વીતરાગીમાર્ગમાં ઝૂલતા મુનિની સહજદશાની આ વાત છે.

## સમિતિનું સ્વરૂપ

ધોંસરાપ્રમાણ જોઈને ચાલવું તે વ્યવહારથી કથન છે. ખરેખર આત્મા શરીરની ક્રિયા કરી શકતો નથી, પણ આત્માનું સાચું જ્ઞાન અને અંતર્રમણતા ઘણી પ્રગટી હોય-મુનિદશા પ્રગટી હોય ત્યાં કેવો શુભ રાગ-વિકલ્પ સહજ હોય છે અને શરીરની ક્રિયા શરીરને કારણે કેવી હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. ખરેખર તો આત્માના સ્વભાવમાં જોઈને ચાલવું અર્થાત્ આત્માનું સાચું જ્ઞાન કરી અંતઃસ્વરૂપમાં ચાલવું-પરિણમવું તે ખરી સમિતિ છે. બહાર જોઈને ચાલવાનો ભાવ તે વ્યવહાર છે, શુભ રાગ છે.

## સમિતિ અને ગુપ્તિ

**પ્રશ્ન** : અંતઃસ્વરૂપમાં પરિણમવું તેને સમિતિ કહી, તો સમિતિ અને ગુપ્તિમાં ફેર શો ?

**ઉત્તર** : બન્ને એકની એક જ વાત છે. આત્માના શુદ્ધ વીતરાગી સ્વરૂપમાં પ્રવર્તન તે સમિતિ છે; અને શુભાશુભ વિકાર પરિણતિથી રહિત થવું તે ગુપ્તિ છે. એક પ્રવૃત્તિથી એટલે કે અસ્તિથી અને બીજી નિવૃત્તિથી એટલે કે નાસ્તિથી છે, બન્ને છે તો આત્માનો શુદ્ધ વીતરાગી ભાવ જ.



## પરમ સમિતિવંત જીવ સદા મુક્ત જ છે.

તે સમિતિ કેવી છે ? તે શુદ્ધભાવરૂપ સમિતિ મુક્તિસુંદરીની સખી છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, પરથી જુદો તેમ જ વિકારથી જુદો છે, તેનું ભાન કરી સ્વરૂપમાં પ્રવર્તન કરવું-અંતર્વીતરાગી રમણતા-અંતર્એકાગ્રતા કરવી તેને નિશ્ચયસમિતિ કહી છે. આ નિશ્ચય પરમસમિતિને જાણીને જે જીવ ભવભયના કરનારા કંચનકામિનીના સંગને છોડીને, અપૂર્વ સહજ વિલસતા અભેદ ચૈતન્ય-ચમત્કારમાં સ્થિત રહી તેમાં સમ્યક્ 'ઇતિ' (-ગતિ) કરે છે એટલે કે સમ્યક્પણે પરિણમે છે તે સર્વદા મુક્ત જ છે.

કંચન અને કામિનીનો સંગ ભવભયનો કરનારો કહ્યો. તે નિમિત્તનું કથન છે. પોતે તેના પ્રેમમાં મૂંઝાય છે તેથી રખડવું થાય છે.

અખંડ જ્ઞાનાનંદસ્વરૂપ સહજ વિલસતા ચૈતન્યચમત્કારમાં -કે જે ચૈતન્યચમત્કાર શુભાશુભ વિકારથી રહિત છે તેમાં -સમ્યક્ 'ઇતિ' -ગમન-પરિણમન-રમણતા કરવી તે સમિતિ છે.

જે જીવ અભેદ ચૈતન્યમાં સ્થિર થઈ પરિણમન કરે છે તેને મુક્તિદશાનું કારણ કહી સર્વદા મુક્ત જ કહે છે.

**શ્લોક ૮૨**

(मालिनी)

**जयति समितिरेषा शीलमूलं मूनीनां**
**त्रसहतिपरिदूरा स्थावराणां हतेर्वा।**
**भवदवपरितापक्लेशजीमूतमाला**
**सकलसुकृतसीत्यानीकसन्तोषदायी॥८२॥**

**શ્લોકાર્થ** : જે (સમિતિ) મુનિઓને શીલનું (-ચારિત્રનું) મૂળ છે, જે ત્રસ જીવોના ઘાતથી તેમજ સ્થાવર જીવોના ઘાતથી સમસ્ત પ્રકારે દૂર છે, જે ભવદાવાનળના પરિતાપરૂપી કલેશને શાંત કરનારી તથા સમસ્ત સુકૃતરૂપી ધાન્યના રાશિને (પોષણ આપીને) સંતોષ દેનારી મેઘમાળા છે, તે આ સમિતિ જયવંત છે. ॥ ૮૨ ॥

શીલ એટલે ચારિત્ર. મુનિઓને અરાગી, અકષાયી ચારિત્ર પ્રગટ્યું છે તેનું આ સમિતિ મૂળ છે. મુનિઓને, જેમાં ત્રસ તેમજ સ્થાવર જીવોને હણવાનો વિકલ્પ ઉત્પન્ન થતો નથી એવા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં રમણતા પ્રગટી છે તેમને આ સ્વભાવમાં રમણતારૂપ નિશ્ચયસમિતિ હોવાને લીધે ત્રસાદિના ઘાતનો વિકલ્પ ઊઠતો નથી, તેથી તે સમિતિ ત્રસાદિના ઘાતથી એટલે કે એવા વિકલ્પથી સમસ્ત પ્રકારે દૂર છે એમ કહ્યું છે. વળી, જ્ઞાનાનંદ આત્મામાં વીતરાગ પરિણામ થતાં - અંતર્સ્વરૂપમાં રમતાં ભવદાવાનળ - રાગ-દ્વેષાદિ કલેશ ઉત્પન્ન થતા નથી, તેથી આ સમિતિને ભવદાવાનળના

પરિતાપરૂપી કલેશને શાંત કરનારી કહી છે. વળી આ સમિતિ વીતરાગી સ્વભાવના આચરણ સ્વરૂપ જે સુકૃતરૂપી ધાન્ય તેને પોષણ આપનારી મેઘમાળા છે.

મન, વાણી, દેહથી રહિત થતાં શુભાશુભ રાગથી રહિત અંતર્‌સ્વરૂપમાં - વીતરાગી સ્વભાવમાં - રમણતા કરવી તે સમિતિ છે, તે આ સમિતિ જયવંત છે.

### શ્રાવકને પણ અંશે સમિતિ આદિ

આવી સમિતિ અંશે શ્રાવકદશામાં પણ વર્ણવી છે. મુનિને સમિતિ આદિ જેટલા પ્રકાર કહ્યા છે તે બધા શ્રાવકોને અંશે હોય છે એમ પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહ્યું છે. શ્રાવકને પણ વિકલ્પ તોડી સ્વરૂપરમણતાની અંશે પ્રગટતા હોય છે, તેને જેટલો રાગ છે, પુણ્યનો વિકલ્પ છે તે બંધનનું કારણ છે.

### સ્વભાવ-ઈર્યાસમિતિ

તે સમિતિ મારા આત્મામાં જયવંત વર્તે છે. મુનિને શાસ્ત્ર લખતાં વિકલ્પ-રાગ છે. બંધનનું કારણ છે છતાં તેને તો અંતર્‌સ્વભાવમાં રમણતા-સમિતિ વર્તે છે તે જ જયવંત છે. મુનિ લખવા વખતે ચાલતા નથી-બાહ્ય ઈર્યાસમિતિમાં નથી છતાં પોતાના સ્વભાવમાર્ગમાં ચાલવારૂપ ઈર્યાસમિતિ તેમને જયવંત વર્તે છે.

### શ્લોક ૮૩

(मालिनी)

**नियतमिह जनानां जन्म जन्मार्णवेऽस्मिन्**
**समितिविरहितानां कामरोगातुराणाम्।**
**मुनिप कुरु ततस्त्वं त्वन्मनोगेहमध्ये**
**ह्यपवरकममुष्याश्चारुयोषित्सुमुक्तेः॥ ८३॥**

**શ્લોકાર્થ** : અહીં વિશ્વમાં એ નક્કી છે કે આ જન્માર્ણવમાં (ભવસાગરમાં) સમિતિરહિત કામરોગાતુર (-ઈચ્છારૂપી રોગથી પીડિત) જનોનો જન્મ થાય છે. તેથી હે મુનિ ! તું તારા મનરૂપી ઘરમાં આ સુમુક્તિરૂપી સુંદર સ્ત્રી માટે નિવાસગૃહ (ઓરડો) રાખ (અર્થાત્ તું મુક્તિનું ચિંતવન કર). ॥ ૮૩ ॥

### સમિતિમાં -અંતર્‌સ્વરૂપ-રમણતામાં પ્રવર્તવાનો ઉપદેશ

જન્માર્ણવ = જન્મનો દરિયો. જે જીવ અંતર્‌ચૈતન્યસ્વભાવના ભાનસહિત સ્વરૂપરમણતામાં પ્રવર્તતો નથી તે ઈચ્છારૂપી રોગથી પીડિત છે. તે વીતરાગમાર્ગને આદરતો નથી. તેને અવતાર કરવા



પડે છે. તેથી હે મુનિ ! તું તારા ચૈતન્યરૂપી ઘરમાં-અંદરમાં સુમુક્તિરૂપી સુંદર રમણી માટે ઓરડો રાખ ! એટલે કે આવી વીતરાગી રૂડી સમિતિ-રમણતા માટે તારા અંતરમાં અવકાશ રાખ. અંદર એકાગ્રતા કરવા માટે નિવૃત્તિ રાખ, પ્રવૃત્તિ છોડ. હું વીતરાગી જ્ઞાતા-દ્રષ્ટા છું એવા સ્વભાવમાં રમણતા કરવી તેનું નામ સાચી સમિતિ છે. જોઈને ચાલવું એવા વિકલ્પની તો અહીં વાતે ય નથી. આ મુખ્યત્વે મુનિની વાત છે. જેમને આત્માનો અનુભવ થયો છે એવા પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકને પણ આ સમિતિ અંશે હોય છે. છઠ્ઠે ગુણસ્થાને વધારે ઉગ્રપણે અંતર્‌રમણતા હોય છે. વધારે ઉગ્રતા માટે અહીં ભાવનાની વાત કહી છે.

### શ્લોક ૮૪

(आर्या)

**निश्चयरुपां समितिं सूते यदि मुक्तिभाग्भवेन्मोक्षः।**
**बत न च लभतेऽपायात् संसारमहार्णवे भ्रमति ॥ ८४ ॥**

**શ્લોકાર્થ** : જો જીવ નિશ્ચયરૂપ સમિતિને ઉત્પન્ન કરે, તો તે મુક્તિને પામે છે-મોક્ષરૂપ થાય છે. પરંતુ સમિતિના નાશથી (-અભાવથી), અરેરે ! તે મોક્ષ પામતો નથી, પણ સંસારરૂપી મહાસાગરમાં ભમે છે. ॥ ૮૪ ॥

### કોણ મુક્તિ પામે અને કોણ નહિ ?

અંદર એકાગ્રતા-શાંતિ ઉત્પન્ન કરે, અંદર સ્વરૂપરમણતાને પ્રગટ કરે તો તે જીવ નિશ્ચયથી મુક્તિ પામે છે. પણ અરેરે ! તે, સ્વભાવના ભાન વિના મોક્ષ પામતો નથી; પછી ભલે ગમે તેટલી જડની ક્રિયા કે શુભરાગ થતો હોય, તો પણ તે મુક્તિ પામતો નથી, સંસારમાં રખડે છે-ચૈતન્ય-સ્વભાવના ભાન વિના ચોરાશીના અવતારમાં રખડે છે.

## ગાથા ૬૨

**पेसुण्णहासकक्कसपरणिंदप्पप्पसंसियं वयणं।**
**परिचत्ता सपरहिदं भासासमिदी वदंतस्स ॥ ६२ ॥**
**નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને**
**છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨.**

**અન્વયાર્થ** : પૈશૂન્ય (ચાડી), હાસ્ય, કર્કશ ભાષા, પરનિંદા અને આત્મપ્રશંસારૂપ વચનો પરિત્યાગીને જે સ્વપરહિતરૂપ વચનો બોલે છે, તેને ભાષાસમિતિ હોય છે.

ખરેખર આત્મા ભાષા બોલી શકતો નથી. પણ ભાષા થતી હોય તે વખતે શુભ રાગ કેવો હોય છે તથા અંદર સ્વરૂપરમણતા કેવી હોય છે તેને અહીં ઓળખાવે છે. મુનિ વચન બોલે છે તે વ્યવહારનું કથન છે. બોલવાની ક્રિયા જડની છે. ખરેખર આત્મા બોલી શકતો નથી.

**પ્રશ્ન** : દ્રવ્યાનુયોગની અપેક્ષાએ તો આત્મા ન બોલી શકે પણ ચરણાનુયોગની અપેક્ષાએ તો બોલી શકે ને ?

**ઉત્તર** : એ વાત ક્યાંથી કાઢી ? અહીં તો ભાષા નીકળતી હોય તે વખતે રાગ કેવો હોય છે તે જણાવે છે, પણ વ્યવહારે બોલી શકાય અને નિશ્ચયથી ન બોલી શકાય એ છે જ નહિ. બોલવું તે આત્માનો સ્વભાવ છે જ નહિ.

**ટીકા** : અહીં ભાષાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.

<u>પૈશૂન્ય</u> : ચાડીખોર માણસ રાજાને, કોઈ એક પુરુષ, કોઈ એક કુટુંબ કે કોઈ એક ગામને મહાવિપત્તિના કારણભૂત વચનો કહે તે પૈશૂન્ય છે. ધર્માત્મા જીવ એવી વાત ગોપવી દે કેમ કે અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવોના અનેક પ્રકારના પરિણામ હોય છે, તે માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. ધર્માત્મા એવા જીવને દોષના પ્રસંગમાં જતું કરી શાંતિ આપે.

<u>હાસ્ય</u> : હોળી આદિ અનેક પ્રસંગોમાં કોઈનું વિકૃત રૂપ અવલોકી અથવા સાંભળીને હાસ્ય નામના નોકષાયથી ઉત્પન્ન થતું, જરાક શુભ સાથે મિશ્રિત હોવા છતાં અશુભકર્મનું કારણ, પુરુષના મુખના વિકાર -મુખનું મલક મલક થવું તે- સાથે સંબંધવાળું તે હાસ્યકર્મ છે. મુનિને છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ થયો છે, વીતરાગી પરિણિતિ પ્રગટી છે, તેને આવા હાસ્યાદિના અશુભભાવ હોતાં નથી. તે એવા હાસ્ય વચનો કહેવાનો વિકલ્પ કરતો નથી, એવો શુભભાવ તે વ્યવહાર છે અને પાછળ અકષાય વીતરાગભાવરૂપ પરિણતિ પ્રગટી છે તે નિશ્ચયભાષાસમિતિ છે. આવા મુનિ ઠઠ્ઠા-મશ્કરી કે મજાક કરતાં નથી.



<u>કર્કશવચન</u> : કાનમાં શ્રવણ થતાં જ અતિ અપ્રિય લાગે તે કર્કશવચન છે. સ્ત્રીઓ તકરાર કરે ત્યારે વીંછીના ડંખ જેવા ટોણાં મારે તે સજ્જનતા ન કહેવાય. મુનિ બીજાને અપ્રીતિ ઉપજાવે એવા વચન બોલતા નથી - એવો ભાવ કરતાં નથી.

<u>પરનિંદા</u> : બીજાના છતા દોષો મુનિ પ્રગટ કરતાં નથી. અછતા દોષોની તો વાત જ નથી. મુનિ ભાષા દ્વારા કોઈના દોષ પ્રગટ કરતા નથી, એવો શુભ રાગ તેમને હોય છે, પણ અશુભ રાગ હોતો નથી.

<u>આત્મપ્રશંસા</u> : પોતામાં અવિદ્યમાન ગુણોની તો વાત જ નથી, પણ પોતામાં વિદ્યમાન ગુણોની મુનિ પ્રશંસા કરતાં નથી

### જ્ઞાનીના વચનો શુદ્ધ પરિણતિનું નિમિત્ત

મુનિ જડ શબ્દો બોલે તે નિમિત્તથી કથન છે, ખરેખર તો મુનિ એવો ભાવ કરતાં નથી એમ અહીં કહેવું છે. ઉપર કહ્યા તે બધા અપ્રશસ્ત વચનો પરિત્યાગીને સ્વ તેમ જ સામા જીવને શુભ તેમજ શુદ્ધ પરિણતિના નિમિત્તભૂત વચનો તે ભાષાસમિતિ છે.

સામા જીવને પુણ્ય-પાપરહિત ધ્રુવ સ્વભાવ પ્રગટે એવા વચનો મુનિ પ્રકાશે. <u>**ભાષાસમિતિને શુદ્ધનું નિમિત્ત કહ્યું જો તે સામો જીવ શુદ્ધભાવ પ્રગટ કરે તો !**</u> જો સામો જીવ શુભભાવ કરે તો તે વચનો શુભનું નિમિત્ત કહેવાય. આને ભગવાને વ્યવહારભાષાસમિતિ કહી છે.

ગુણભદ્ર આચાર્યદેવ કૃત આતમાનુશાસનમાં પણ ૨૨૬મા શ્લોકમાં ભાષાસમિતિનું સ્વરૂપ કહ્યું છે :

(मालिनी)

**समधिगतसमस्ताः सर्वसावद्यदूराः**
**स्वहितनिहितचित्ताः शांतसर्वप्रचाराः।**
**स्वपरसफलजल्पाः सर्वसंकल्पमुक्ताः**
**कथमिह न विमुक्तेर्भाजनं ते विमुक्ताः॥**

**શ્લોકાર્થ** : જેમણે બધું (વસ્તુસ્વરૂપ) જાણી લીધું છે, જેઓ સર્વ સાવદ્યથી દૂર છે, જેમણે સ્વહિતમાં ચિત્તને સ્થાપ્યું છે, જેમને સર્વ પ્રચાર શાંત થયો છે, જેમની ભાષા સ્વ-પરને સફળ (હિતરૂપ) છે, જેઓ સર્વ સંકલ્પ રહિત છે, તે વિમુક્ત પુરુષો આ લોકમાં વિમુક્તિનું ભાજન કેમ ન હોય ? (અર્થાત્ આવા મુનિજનો અવશ્ય મોક્ષના પાત્ર છે.)

ધર્માત્મા જીવે વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ જાણી લીધું છે, દ્રવ્ય-ગુણ-પર્યાય, રાગ, વિકાર, સ્વભાવ-

વિભાવ જેમ છે તેમ પૃથક્ પૃથક્ બધું જાણી લીધું છે. તે પોતાના જ્ઞાનથી સ્વહિતમાં એકાગ્ર થયો છે. તે ધર્માત્મા મુનિ કોઈનું કામ માથે લે નહિ - કષાયની બાહ્ય પ્રવૃત્તિ માથે લે નહિ. 'આટલાં પુસ્તકો લખજો કે ફલાણાં મકાનના ઉદ્‌ઘાટનમાં હાજરી આપજો' એવાં કામ છઠ્ઠે-સાતમે હજારો વાર ઝૂલતા મુનિ માથે શેના લે ! અંતર્મુહૂર્તમાં હજારો વાર ચૈતન્યબિંબ છૂટું પડી જાય, છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઊઠે કે શાસ્ત્ર લખું, વળી ક્ષણમાં સાતમું આવતાં સ્વરૂપમાં ઠરી જાય. આવા મુનિ કોઈ કામ માથે ન લે. વળી કેવા છે મુનિ ? જેમની વાણી સફળ છે. સામા જીવનું કલ્યાણ થાય એવો જ વાણીનો યોગ હોય. મુનિ આડાઅવળા વચનો ન ફેંકે. આવા વિમુક્ત જીવો મોક્ષનું ભાજન કેમ ન હોય ? - જરૂર હોય.

### શ્લોક ૮૫

(अनुष्टुभ)

**परब्रह्मण्यनुष्ठाननिरतानां मनीषिणाम्।**
**अन्तरैरप्यलं जल्पैः बहिर्जल्पैश्च किं पुनः ॥ ८५ ॥**

**શ્લોકાર્થ :** પરબ્રહ્મના અનુષ્ઠાનમાં નિરત (અર્થાત્ પરમાત્માના આચરણમાં લીન) એવા ડાહ્યા પુરુષોને -મુનિજનોને અંતર્જલ્પથી (-વિકલ્પરૂપ અંતરંગ ઉત્થાનથી) પણ બસ થાઓ, બહિર્જલ્પની (-ભાષા બોલવાની) તો વાત જ શી ? ॥ ૮૫ ॥

પરબ્રહ્મ એટલે કે કારણપરમાત્મામાં લીન થયો છે તે મુનિને અંદરમાં શુભ વિકલ્પરૂપ ઉત્થાન ઊઠે તેનાથી પણ બસ થાઓ. બહાર ભાષા બોલવાની તો વાત જ શી ? આ રીતે ભાષાસમિતિનું સ્વરૂપ કહ્યું.



### ગાથા ૬૩

**कदकारिदाणुमोदणरहिदं तह पासुगं पसत्थं च।**
**दिण्णं परेण भत्तं समभुत्ती एसणासमिदी ॥ ६३ ॥**

**અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને**
**-પરદત્તને મુનિ જે ગ્રહે, એષણસમિતિ તેહને. ૬૩.**

**અન્વયાર્થ :** પર વડે દેવામાં આવેલું, કૃત-કારિત-અનુમોદન રહિત, પ્રાસુક અને પ્રશસ્ત ભોજન કરવારૂપ જે સમ્યક્ આહારગ્રહણ તે એષણાસમિતિ છે.

નિર્દોષ આહાર-પાણી લેવાની વૃત્તિ તે એષણાસમિતિ છે. મુનિને પોતાને માટે કરેલાં આહાર-પાણી ખપતાં નથી. મન-વચન-કાયા તથા કૃત-કારિત-અનુમોદન -એ નવ કોટિએ અશુદ્ધ આહારાદિ મુનિને ખપે નહિ. વળી પ્રાસુક એટલે કે અચેત, જીવ વિનાનું; પાણી પણ ઊનું ખપે. પ્રશસ્ત એટલે સારું, શાસ્ત્રમાં પ્રશંસેલું, વ્યવહારે જે પ્રમાદાદિનું કે રોગનું નિમિત્ત ન હોય એવું ભોજન ગ્રહણ કરવાની શુભ લાગણી તે વ્યવહારએષણાસમિતિ છે. મુનિને અંદર નિશ્ચય સ્વભાવનું ભાન છે, સહજદશાએ રમતાં જે આહાર મળે તે વખતે ખાવાની ક્રિયા તેને કારણે થાય છે, ત્યાં જે અંદર વિકલ્પ છે તેની અહીં વાત છે.

**ટીકા :** મન-વચન-કાયા પ્રત્યેકને કૃત-કારિત-અનુમોદના સહિત ગણીને તેના નવ ભેદ થાય છે. તેમનાથી સંયુક્ત અન્ન નવ કોટિએ વિશુદ્ધ નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે; અતિ પ્રશસ્ત એટલે મનોહર અન્ન; લીલોતરી આદિનો કણિયો હોય તો મુનિ આહાર ન લે. તેવી તેમની સહજદશા છે, તીવ્ર રાગ તૂટી ગયો છે. માટે સચેત લેવાની વૃત્તિ હોય નહિ. મુનિ આહાર માટે મૌનપણે નીકળે. ગૃહસ્થો પ્રતિગ્રહ કરે કે ''ઊભા રહો, ઊભા રહો, ઊભા રહો, આહાર-પાણી શુદ્ધ છે.'' એમ કહીને આહારગ્રહણની વિનંતી કરે, મુનિ કૃપા કરે તો આહાર દેનારો શ્રાવક પોતાના ઘરમાં લઈ જઈ ઉચ્ચસ્થાને બિરાજમાન કરી, પગ ધોઈને પૂજન કરે છે અને પ્રણામ કરે છે; પછી મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક શુદ્ધ ભિક્ષા દે છે. **શ્રદ્ધાદિ સાત ગુણોનો ધારક દાતા** પ્રતિગ્રહ આદિ **નવધા ભક્તિપૂર્વક** આહાર દે છે. મુનિ આહાર માટે નીકળે ત્યારે કલાક, બે કલાક થાય, ત્યાં પણ **હજારો વાર છઠ્ઠું-સાતમું ગુણસ્થાન** આવી જાય છે. આનું નામ **ભાવલિંગી મુનિ છે.** શ્રાવક શ્રદ્ધાદિ સાત ગુણોવાળો હોય છે કેમ કે તેને બહુમાન છે કે નહિ, આહારદાનની શક્તિ છે કે નહિ, તે લોભી છે કે નહિ, તેને ભક્તિ છે કે નહિ, તે નિઃસ્પૃહી છે કે નહિ વગેરે તથા તેને સાચું જ્ઞાન છે કે નહિ એ બધું જાણવું જોઈએ. તે બધા ગુણો જેનામાં હોય તેને ત્યાં મુનિ ભિક્ષા લે. છઠ્ઠે ગુણસ્થાને વર્તતા મુનિને રાગ ઉપર દૃષ્ટિ નથી, પણ સ્વભાવ ઉપર દૃષ્ટિ છે. તે ઉપર કહ્યો તેવો શ્રાવક હોય તો તેને ત્યાં

આહાર લે. વળી તે શ્રાવકમાં દયા હોય, ક્રોધી ન હોય, શુદ્ધ-યોગ્ય આચારવાળો હોય, મુખ્યપણે ભાનવાળો હોય છે, બાકી તો વ્યવહાર આચારવાળો તો હોય જ. આવી દશા દાતાર તેમ જ લેનારની સહજ હોય છે.

મુનિની સહજદશા છે. મુનિ આહાર માટે નીકળે ત્યાં શેરીમાં ક્યાંય રુદન સાંભળે કે ક્યાંય આગ લાગી જુએ તો તે અંતર્વિચારમાં ઊતરી જાય કે ''અરે ! હું તો વીતરાગ માર્ગે ચાલનારો છું - શાંતિના શેરડે નિત્ય સ્વભાવમાં રહેનારો છું, ત્યાં વળી આ રુદન અને અનિત્યતા શું ?'' એમ ફડાક દઈને આહાર સંબંધીનો વિકલ્પ તોડી સ્વરૂપમાં ઠરી જાય છે. આ સહજ સ્વભાવ છે, તેમાં હઠ હોય નહિ. મુનિ એ રીતે નિર્દોષ ભોજન લે છે; તે ભોજનસમિતિ છે. એ રીતે વ્યવહારસમિતિનો ક્રમ છે.

નિશ્ચયથી તો એમ છે કે જીવને પરમાર્થે આહાર નથી. પરમ તપોધન અનાકુળ રસના ઘૂંટડા પીએ છે. તેને ખરેખર અશન નથી. છ પ્રકારનું અશન વ્યવહારથી સંસારીઓને જ હોય છે

પ્રવચનસારની અવતરણ ગાથા લઈને કહ્યું છે કે : નોકર્મ આહાર વગેરે છ પ્રકારના આહાર છે -તે અશુદ્ધ જીવોના વિભાવ ધર્મ વિષે વ્યવહારનયનું ઉદાહરણ છે.

મુનિને વિકલ્પ ઊઠે તેનું તેઓ જ્ઞાન કરે છે, આહાર જીવ લેતો નથી. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઊઠ્યો છે તે વિભાવ છે. એષણાસમિતિનો શુભ રાગ છે, તે પુણ્ય છે, વિકાર છે - તે વિભાવધર્મ છે, સ્વભાવધર્મ નથી. સ્વભાવધર્મ અંદર શાંતિ પ્રગટી તે છે, પણ તે ભૂમિકામાં વિકલ્પ આવ્યા વિના રહેતો નથી છતાં મુનિ તેને બંધનું કારણ જાણે છે.

**કારતક સુદ ૧૪, સોમવાર, ૧૨-૧૧-૫૧.**

પ્રવચનસારની ૨૨૭મી ગાથા દ્વારા અહીં નિશ્ચય એષણાનું ઉદાહરણ - સ્વરૂપ કહ્યું છે. મુનિને નિર્દોષ આહાર લેવાનો ભાવ થાય તે વિકલ્પ છે-રાગ છે-પુણ્ય છે, તે ધર્મ નથી, ધર્મમાં મદદ કરનાર નથી.

આ પ્રવચનસારની મૂળ ગાથા છે. જેનો આત્મા એષણા રહિત છે એટલે કે જે અનશન સ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઈચ્છા રહિત છે તેને તે પણ તપ છે. ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને આત્મસ્વરૂપમાં ઝૂલતા મુનિએ પહેલેથી નક્કી કર્યું છે કે આહાર લેવાનો ભાવ જ મારા સ્વરૂપમાં નથી. આહારનો એક રજકણ પણ આત્મા લઈ શકતો કે મૂકી શકતો નથી તથા આહાર લેવાની વૃત્તિ પણ આત્માના સ્વભાવમાં નથી એમ પ્રથમથી જ -આત્માનું સાચું ભાન થતાં જ- મુનિએ નિર્ણય કર્યો છે. વળી આહાર આવવો તે જડનો પર્યાય છે, નિર્દોષ આહાર લેવાની વૃત્તિ શુભ રાગ છે. આહાર આવવારૂપ જડના પર્યાય વખતે શુભ વૃત્તિ હોય, અશુભ વૃત્તિ ન હોય, તેને વ્યવહારએષણા કહે છે, તે ધર્મનું કારણ નથી.



ધર્મનું કારણ એવી એષણાનું સ્વરૂપ હવે કહે છે : આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેમાં આ જડ આહાર તો નથી, પણ આહાર સંબંધી ઈચ્છાનો પણ તેમાં ત્રિકાળ અભાવ છે, એષણા એટલે કે નિર્દોષ આહારની ઈચ્છા-લાગણી મારા સ્વરૂપમાં નથી. એ લાગણી વિનાનો મારો સ્વભાવ છે એમ નિર્ણય કરવો તે પ્રથમ ધર્મ છે.

આત્મા અખંડ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે એવું પ્રથમ ભાન થયા પછી વિશેષ અંતર્સ્થિરતા વધે તેને મુનિદશા કહે છે. 'હું જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ આત્મા છું, મારો આત્મા આહાર તેમ જ આહારની ઈચ્છા વિનાનો ત્રિકાળ છે'. આહાર, પુણ્ય-પાપ કે વ્યવહારરત્નત્રય વિનાનો આત્માનો ત્રિકાળ સ્વભાવ જ છે - આવું અનશનસ્વભાવી આત્માનું જેને ભાન થયું છે એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયા છે તેને ચિદાનંદ આત્મા એષણા વિનાનો છે, આવું ભાન વર્તે છે તેને તે જ તપ છે. વળી જેનો આત્મા અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવાનો કામી છે એવા સહજદશામાં ઝૂલતા નિર્ગ્રંથ મુનિઓને સ્વરૂપથી જુદી એવી ભિક્ષા એષણા દોષ રહિત હોય છે. તેથી ભગવાન તે મુનિઓને અણાહારી કહે છે.

આ ગાથામાં ત્રણ વાત કરી :

૧) 'આહાર-પાણી જડ છે, તેનું લેવું-મૂકવું મારા સ્વરૂપમાં નથી; આહાર-પાણી વિનાનો જ મારો સ્વભાવ ત્રિકાળ છે' -આવા અનશનસ્વભાવી આત્માનું જેને ભાન છે તેને તે જ તપ છે.

૨) મુનિ જ્ઞાનાનંદ આત્માને - આહાર તથા ઈચ્છા, વિકલ્પ, પુણ્યાદિની લાગણી રહિત આત્માને - પૂર્ણ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરી રહ્યા છે.

૩) મુનિઓની અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય - એ ત્રણ કષાય રહિત સહજદશા હોય છે. તે દશામાં આહારનો વિકલ્પ ઊઠે છે તે આત્માનું સ્વરૂપ નથી. આહારની લાગણી સ્વરૂપથી જુદી છે એવી શ્રદ્ધા, જ્ઞાન અને અંતર્સ્વરૂપ લીનતા પ્રગટી છે. છતાં વિકલ્પ ઊઠ્યો છે તે તોડીને સ્વભાવમાં ઠરે છે, તેથી તે મુનિને એષણા રહિત કહે છે. આવી ભૂમિકા વર્તે તેને અણાહારી કહેવાય છે.

એવી રીતે (આચાર્યવર)ગુણભદ્રાચાર્યે આત્માનુશાસનમાં ૨૨૫મા શ્લોક દ્વારા કહ્યું છે કે :

(માલિની)

**यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा**
**परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी।**
**विहितहितमिताशी क्लेशजालं समूलं**
**दहति निहतनिद्रो निश्रिताध्यात्मसारः॥**

**શ્લોકાર્થ** : જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે, જે અત્યંત યમનિયમ સહિત છે, જેનો આત્મા બહારથી અને અંદરથી શાંત થયો છે, જેને સમાધિ પરિણમી છે, જેને સર્વ જીવો પ્રત્યે અનુકંપા છે, જે વિહિત (-શાસ્ત્રાજ્ઞા મુજબનું)હિત-મિત ભોજન કરનાર છે, જેણે નિદ્રાનો નાશ કર્યો છે, તે (મુનિ) ક્લેશજાળને સમૂળગી બાળી નાંખે છે.

જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે, અધ્યાત્મનો સાર એટલે ''હું જ્ઞાન-દર્શનસ્વભાવી, પરમાનંદની મૂર્તિ, શુભાશુભ રાગરહિત, ત્રિકાળી આત્મા છું, શરીર, વાણી આદિ પરપદાર્થની ક્રિયા આત્મા કરી શકતો નથી, આહારના ગ્રહણ-ત્યાગ મારા સ્વભાવમાં છે જ નહિ''. એ રીતે બધા પડખેથી પહેલાં આત્માનો નિર્ણય કર્યો છે તે જીવ સમ્યગ્દષ્ટિ છે. પ્રથમ આવા આત્માનો નિર્ણય કર્યા પછી સ્વરૂપમાં વિશેષ રમણતા જેણે પ્રગટ કરી છે તે જીવ અત્યંત યમ-નિયમ સહિત છે. યમ-નિયમ એટલે સ્વરૂપરમણતારૂપ ચારિત્ર.

વળી જે બહારથી અને અંદરથી શાંત થયો છે, જેને સમાધિ પરિણમી છે, જેને સર્વ જીવો પ્રત્યે અનુકંપા છે, જે શાસ્ત્રની આજ્ઞા મુજબ હિત-મિત ભોજન કરનાર છે, જેણે નિદ્રાનો નાશ કર્યો છે, તે આત્મમસ્ત ભાવલિંગી મુનિ ક્લેશજાળને સમૂળગી બાળી નાંખે છે.

આત્મા ચિદાનંદ મૂર્તિ છે, પુણ્ય-પાપ વિકારથી રહિત તેનો સ્વભાવ છે, એવા ભાન સહિત જે મુનિ સ્વરૂપમાં વિશેષ ઠરી ગયો છે તેને બહારથી કલુષિતતા કે ઉદ્ધતાઈ હોતી નથી, તથા અંતરમાં અનંતાનુબંધી આદિ ત્રણ કષાયોને તેઓએ ટાળી નાંખ્યા છે. ઘણી શાંતિ, ઘણો આનંદ, ઘણો અનાકુળ સ્વભાવ પ્રગટ્યો છે. માટે તે મુનિ બહારથી તેમ અંદરથી શાંત થયા છે એમ કહ્યું છે.

વળી છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિને મન-વાણી-દેહથી પાર તથા પુણ્ય-પાપ રહિત અંતરંગ શાંતદશા-વીતરાગી સ્વરૂપલીનતા-પ્રગટી છે, તેથી તેને સમાધિ પરિણમી છે એમ કહ્યું.

તે વીતરાગી મુનિ છઠ્ઠે ગુણસ્થાને આવે ત્યારે વિકલ્પ ઊઠે કે આહાર લઉં. આહાર પણ ભગવાન વીતરાગની આજ્ઞા પ્રમાણે-શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે હિત-મિત જ લે છે.

છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હજારો વાર ઝૂલતા મુનિને છઠ્ઠે ગુણસ્થાને અલ્પ નિદ્રા હોય છે. છઠ્ઠી ભૂમિકામાં નિદ્રા જરી આવે પછી તરત જ અંતર્મુહૂર્તમાં સાતમી ભૂમિકામાં આવે છે. મુનિ કલાક બે કલાક ઊંઘે એમ હોય નહિ, કારણ કે તે છઠ્ઠે ગુણસ્થાને થોડો કાળ રહે છે પછી તરત જ સાતમે આવી જાય છે. આ રીતે સ્વરૂપમાં ઉગ્ર લીનતા દ્વારા જેણે ઘણી નિદ્રાનો નાશ કર્યો છે એવા તે મુનિરાજ ક્લેશજાળને સમૂળગી બાળી, વીતરાગ થઈ પરમ શાંતદશાને પામે છે.

પાંચમી ભૂમિકાવાળાને પણ અંશે ઉપરોક્ત પ્રમાણે લેવું. તેણે પણ 'હું અખંડ જ્ઞાયકદ્રવ્ય છું, શરીરની ક્રિયા તથા આહારની ક્રિયાથી મને લાભ-નુકસાન નથી' -એમ અધ્યાત્મના સારનો -પોતાના



શુદ્ધ આત્માનો-યથાર્થ નિશ્ચય કર્યો છે. તે પણ પોતાની ભૂમિકા પ્રમાણે - બે કષાયનો નાશ કર્યો છે- તેટલા યમનિયમ સહિત છે. જાવજીવ સુધીના નિયમને યમ કહે છે. મહાવ્રત કે અણુવ્રત જાવજીવ સુધીના હોય છે. તેથી તેને યમ કહે છે. થોડા કાળ સુધી ધારણ કરેલાને નિયમ કહે છે. મુનિ આહાર લેવા નીકળતી વખતે અભિગ્રહ કરે તે થોડા કાળ સુધીનો હોવાથી તેને નિયમ કહે છે. આત્મામાં જાવજીવનો રાગ છૂટ્યો તે યમ; અને થોડો કાળ જે રાગ તૂટ્યો તેને નિયમ કહે છે. યથાર્થ વસ્તુસ્થિતિના ભાન-આત્મજ્ઞાન થયા પછીની આ વાત છે. આત્માનું ભાન થયા પહેલાં તે યમ-નિયમ આદિ સાચા હોતાં નથી.

### શ્લોક ૮૬

(शालिनी)

**भुक्त्वा भक्तं भक्तहस्ताग्रदत्तं**
**ध्यात्वात्मानं पूर्णबोधप्रकाशम्।**
**तप्त्वा चैवं सत्तपः सत्तपस्वी**
**प्राप्नोतीद्धां मुक्तिवारांगनां सः ॥ ८६ ॥**

**શ્લોકાર્થ** : ભક્તના હસ્તાગ્રહથી (-હાથની આંગળીઓથી) દેવામાં આવેલું ભોજન લઈને, પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધ્યાન કરીને, એ રીતે સત્ તપને (સમ્યક્ તપને) તપીને, તે સત્ તપસ્વી(-સાચો તપસ્વી) દેદીપ્યમાન મુક્તિવારાંગનાને (-મુક્તિરૂપી સ્ત્રીને) પ્રાપ્ત કરે છે. ॥૮૬॥

આત્મજ્ઞાની મુનિને સ્વભાવની ઘણી લીનતાના પુરુષાર્થથી ઘણી સમાધિ-શાંતિ પ્રગટી છે. સહજસ્વરૂપની રમણતામાં લીન થયેલા મુનિ જ્યારે સાતમી ભૂમિકામાં વિશેષ રહી શકતા નથી ત્યારે જરી વિકલ્પ ઊઠે છે અને આહાર આદિ લેવા પ્રત્યે જરી લક્ષ જાય છે. શ્રદ્ધાળુ ભક્તના હાથની આંગળીઓથી દેવામાં આવેલું ભોજન લઈને, પૂર્ણ જ્ઞાન-પ્રકાશવાળા આત્માનું ધ્યાન કરીને, એ રીતે સાચા તપને તપીને, સાચો તપસ્વી (-ભાવલિંગી મુનિ) દેદીપ્યમાન-શોભાયમાન મુક્ત વારાંગનાને-મુક્તિરૂપી આત્માની પૂર્ણ શુદ્ધ પરિણતિને પ્રાપ્ત કરે છે.

૧) શ્રદ્ધા, ૨) શક્તિ, ૩) અલુબ્ધતા, ૪) ભક્તિ, ૫) જ્ઞાન, ૬) દયા અને ૭) ક્ષમા - દાતાના સાત ગુણો સહિત યોગ્ય આચારવાળા ભક્તના હસ્તાગ્રથી-હાથની આંગળીઓથી -ભક્તિપૂર્વક દેવામાં આવેલો આહાર મુનિ લે છે. ભક્ત, ઉપર કહેલા ગુણવાળો હોવો જોઈએ; અણગમો, અભક્તિ આદિ બતાવે તેના હાથે મુનિ આહાર ન લે. ભક્તિપૂર્વક દેવામાં આવેલું ભોજન લઈને, આહાર સંબંધી વિકલ્પ તોડી, 'આ મારો આત્મા પૂર્ણ જ્ઞાનનો સૂર્ય છે, મારા સ્વભાવમાં દયા, દાન કે આહારનો વિકલ્પ નથી' એમ પૂર્ણ જ્ઞાનસ્વભાવી આત્મામાં એકાગ્ર થઈને, પૂર્ણ જ્ઞાનપ્રકાશમાં લીન થઈને,

એ રીતે જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતારૂપ સાચો તપ તપીને તે સાચો મુનિ મુક્તિરૂપી સ્ત્રીને પ્રાપ્ત કરે છે.

પદ્મપ્રભમલધારિદેવ સ્વરૂપમાં અતિશય મસ્ત ભાવલિંગી નિર્ગ્રંથ મુનિ હતા. તે આત્મમસ્ત મહા મુનિવરે પોતાના બ્રહ્મચર્યના અતિશય જોરમાં-મસ્ત દશામાં મુક્તિપરિણતિને સ્ત્રીની ઉપમા આપી દીધી છે.

અહીં 'પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધ્યાન કરીને' કહ્યું તે કેવળજ્ઞાનની વાત નથી, આ તો ત્રિકાળી પૂર્ણ જ્ઞાનસ્વભાવ ભરેલો છે તેની વાત છે, તેનું ધ્યાન-એકાગ્રતા કરીને મુક્તિને પ્રાપ્ત કરે છે.

સમ્યક્ તપ તપીને એટલે આત્માનું સાચું જ્ઞાન-ઓળખાણ-કરી અનશન આદિના શુભ વિકલ્પ રહિત સ્વરૂપમાં ઠરી જવું-સ્વરૂપમાં પ્રતપન-દેદીપ્યમાન થવું-તે. બાકી આત્માના ભાન વિના અનશન આદિનું ફળ આત્માના લાભ માટે કાંઈ નથી, કેવળ શરીરનું સુકાવું જ છે. માટે હે સ્વવશ મુનિ! ચિદાનંદ અનુભવ સ્વરૂપ આત્મા છે તેમાં એકાર્ગતા કર તો લાભ છે, બાકી અનશનાદિથી-બાહ્ય શરીર સુકાવાથી-લાભ છે નહિ.

વીતરાગી આત્મસ્વભાવમાં એકાગ્ર થાય તેને સમ્યક્ તપસ્વી કહે છે. તે દેદીપ્યમાન મુક્તિસ્ત્રીને પામે છે. દેદીપ્યમાન એટલે રૂપાળી. લોકો રૂપાળી સ્ત્રીના કામી હોય છે. મુનિરાજ કહે છે ખરી રૂપાળી એટલે કે દેદીપ્યમાન-શોભાયમાન તો મુક્તિસ્ત્રી જ છે-મુક્તદશા છે. સાચો તપસ્વી મુક્તિરૂપી શાશ્વત સ્ત્રીને પામે છે, બાકી બીજા બધા તો સ્વર્ગ-નરકમાં રખડી મરે છે.

**પ્રશ્ન** : અનશનમાં આહાર તો છોડે ને ?

**ઉત્તર** : ભાઈ ! આહારને-પર જડ પદાર્થને છોડે-મૂકે કોણ ? ખરેખર આત્મા રાગ પણ છોડતો નથી. રાગને છોડવા જતાં રાગ છૂટતો નથી, પરંતુ રાગરહિત જ્ઞાનાનંદ વીતરાગી આત્મસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં રાગ સહેજે છૂટી જાય છે. સ્વભાવમાં લીન થતાં રાગ ટળી જાય છે, રાગને છોડવો પડતો નથી. વીતરાગ માર્ગ વિના બીજે ક્યાંય આવો માર્ગ-મોક્ષનો માર્ગ હોતો નથી.



હવે, ચોથી આદાનનિક્ષેપણ સમિતિ છે, તેનું સ્વરૂપ કહે છે. એક સંપ્રદાય ''આયાણભંડમત્તનિખે-વણીયા સમિતિ'' કહે છે તે વસ્તુ સાચી નથી. નિર્ગ્રંથ મુનિને વસ્ત્ર-પાત્ર હોઈ શકે જ નહિ તો તેને જાળવીને-સાવચેતીથી લેવા-મૂકવાની વાત જ ક્યાંથી હોય ?

### ગાથા ૬૪

**पोत्थइकमंडलाइं गहणविसग्गेसु पयतपरिणामो।**
**आदावणणिक्खेवणसमिदी होदि त्ति णिद्दिट्ठा ॥ ६४ ॥**

**શાસ્ત્રાદિ ગ્રહતાં-મૂકતાં મુનિના પ્રયત પરિણામને,**
**આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.**

**અન્વયાર્થ** : પુસ્તક, કમંડળ વગેરે લેવા-મૂકવા સંબંધી પ્રયત્નપરિણામ તે આદાનનિક્ષેપણસમિતિ છે એમ કહ્યું છે.

મુનિને ઉપકરણ તરીકે ફક્ત શાસ્ત્ર, કમંડળ અને મોરપીંછી એ ત્રણ જ હોય છે. એથી વિશેષ હોતાં નથી. મુનિ જ્યારે વિશેષ ઠરીને સાતમી ભૂમિકામાં વિશેષ ન રહી શકે ત્યારે પુરુષાર્થની મંદતાને લીધે છઠ્ઠી ભૂમિકામાં આ ઉપકરણોને જાળવીને લેવા-મૂકવા સંબંધી તેમને વિકલ્પ ઊઠે છે. તેમને અંદર આત્માનું યથાર્થ ભાન છે, તે જાણે છે કે આત્મા શાસ્ત્ર આદિ જડ પદાર્થને લઈ-મૂકી શકતો નથી; પણ હજુ અધૂરાશ હોવાથી આ ભૂમિકામાં આવા વિકલ્પો ઊઠે છે. અંદર સ્વભાવના ભાનપૂર્વક વીતરાગી રમણતા ઘણી વધી ગઈ છે અને અધૂરાશ છે તેથી વિકલ્પ પણ ઊઠે છે. તે વિકલ્પ પુણ્ય છે. તે ધર્મ કે ધર્મનું કારણ નથી. આ વ્યવહાર સમિતિ છે.

**ટીકા** : <u>અપહૃત સંયમી</u> : અપવાદ સંયમવાળા મુનિ. અંદર ભાન સહિત રમણતા તો પ્રગટી છે, પણ પુરુષાર્થની નબળાઈને લીધે વિકલ્પ ઊઠે છે-સાતમી ભૂમિકામાં ઠર્યો નથી. તે વિકલ્પવાળા મુનિને અપહૃત સંયમી કહે છે. અપવાદ, વ્યવહારનય, એકદેશપરિત્યાગ, હીણો-ઓછપવાળો સંયમ, સરાગ ચારિત્ર અને શુભોપયોગ - એ બધાનો એક અર્થ છે. અંતર્સ્વભાવ પ્રગટ્યો છે તે નિશ્ચય છે અને વિકલ્પ-રાગ ઊઠે છે તે વ્યવહાર છે. શ્રદ્ધા-જ્ઞાનનો નિશ્ચય તો ચોથા ગુણસ્થાને જ પ્રગટી ગયો છે, પણ ચારિત્ર અપેક્ષાએ નિર્વિકલ્પ સ્વરૂપરમણતારૂપ તદ્દન નિશ્ચય સાતમે ગુણસ્થાને હોય છે. શુભોપયોગી મુનિને-છઠ્ઠી ભૂમિકાએ વર્તતા મુનિને સંયમ, જ્ઞાન તથા શૌચના ઉપકરણો -પીંછી, શાસ્ત્ર અને કમંડળ- લેતી મૂકતી વખતે ઊઠતા વિકલ્પનો પ્રકાર અહીં કહ્યો છે.

સાતમી ભૂમિકામાં સ્થિર થઈ ગયા હોય તેમને તે ઉપકરણો હોતાં નથી એટલે કે તે સંબંધી તેમને વિકલ્પ ઊઠતો નથી-ઉપેક્ષા વર્તે છે. તેમને ઉપેક્ષા સંયમી કહ્યા છે.

<u>ઉપેક્ષા સંયમી</u> : ઉપેક્ષા સંયમવાળા મુનિ. ઉત્સર્ગ, નિશ્ચયનય, સર્વપરિત્યાગ, ઉપેક્ષાસંયમ, વીતરાગ ચારિત્ર અને શુદ્ધોપયોગ એ બધાનો એક અર્થ છે.

ઉપેક્ષા સંયમવાળા મુનિ તદ્દન નિસ્પૃહ હોય છે. તે મુનિ ચાલતા હોય ત્યારે પણ સાતમી ભૂમિકા વારંવાર આવી જાય છે, તે વખતે તેમને વિકલ્પ હોતો નથી. દેહની ક્રિયા દેહને કારણે ચાલવારૂપ થતી હોય છે. અભ્યંતર ઉપકરણભૂત નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વ સિવાય બીજું કાંઈ પણ તેમને ઉપાદેય નથી -એમ સાતમી ભૂમિકામાં ઠરી ગયા છે. છઠ્ઠા ગુણસ્થાનવાળાને પણ સહજ એક અખંડ જ્ઞાનસ્વભાવ સિવાય બીજું કાંઈ પણ ઉપાદેય નથી, પણ પર્યાયમાં જરી વિકલ્પ ઊઠે છે. સાતમે તદ્દન ઠરી ગયા હોય છે.

આત્મા જાણનાર-દેખનાર સ્વભાવવાળો ત્રિકાળી પદાર્થ છે. પરને લેવા-મૂકવાની ક્રિયાથી તથા રાગથી સ્વરૂપ તેનું ભિન્ન છે. -આવું સ્વરૂપનું ભાન તો છઠ્ઠાવાળાને છે, પણ તેને નબળાઈના રાગને લીધે ઉપકરણ સંબંધી વિકલ્પ ઊઠે છે. સાતમામાં જે ઠરી ગયો છે તેને કાંઈ ઉપકરણ છે નહિ. છઠ્ઠાવાળાને ઉપાદેય બુદ્ધિ તો સહજજ્ઞાનની છે, પણ વિકલ્પ ઊઠે છે. તેથી તેને પરમાગમ - ભગવાનના ધ્વનિમાંથી નીકળેલો સાર -ષટ્ખંડાગમ્ - સમયસાર, પ્રવચનસાર આદિ શાસ્ત્રો - કે જે ફરી ફરીને પદાર્થના સ્વરૂપનું પ્રત્યભિજ્ઞાન થવામાં નિમિત્તભૂત છે તે -જ્ઞાનનું ઉપકરણ છે. મળ ઉત્સર્ગ (-ઝાડે, પેશાબ) કરતી વખતે શૌચનું ઉપકરણ કમંડળ છે. મુનિ દિવસમાં એક વખત જ આહાર કરે છે. આહાર માટે જાય ત્યાં શ્રાવકો પ્રાસુક-અચેત-ઊનું પાણી કમંડળમાં ભરી દે. કમંડળનું પાણી માત્ર શૌચ અર્થે હોય છે, તૃષાઆદિથી પ્રાણ જાય તો પણ કમંડળમાંનું પાણી પીવાનો ભાવ મુનિને થાય નહિ. સંયમનું ઉપકરણ મોરપીંછી છે. આ બધું મુનિને રાખવું પડે ને ? અરે ! રાખે કોણ ! જડની ક્રિયા હું કરી શકું છું એમ મુનિ માનતા નથી. રાગ ઊઠે છે ત્યાં સહજ આવું હોય છે તેનું જ્ઞાન કરાવે છે.

મુનિને આ ત્રણ ઉપકરણો સંબંધી વિકલ્પ હોય છે, તે પણ છઠ્ઠે હોય ત્યારે, સાતમે ઠરી જાય ત્યારે તેની પણ ઉપેક્ષા હોય છે.

આ પક્ષપાતની વાત નથી. વસ્તુનું સ્વરૂપ જ -મુનિદશાનું સ્વરૂપ જ- આવું છે. આ જ સનાતન વીતરાગમાર્ગ છે. મહાવિદેહક્ષેત્રમાં પણ આ જ અનાદિ ધોખમાર્ગ છે. અહીં ભરતક્ષેત્રમાં પણ આ જ અનાદિ-સનાતન માર્ગ છે. તેમાં કોઈ આડું અવળું કરે તે ચાલી શકે નહિ. ભગવાન કુંદકુંદાચાર્યદેવે પણ આમ જ કહ્યું છે.

આ ઉપકરણોને લેતી-મૂકતી વખતે ઊઠતી પ્રયત્નપરિણામરૂપ વિશુદ્ધિ-શુભ રાગ તે જ આદાન-નિક્ષેપણસમિતિ છે. આ વ્યવહાર છે. નિશ્ચયથી સહજ પરમતત્ત્વના ભાન સહિત અંતર્‌સ્થિરતારૂપ નિરુપાધિક પરિણતિ પ્રગટી તે જ સમિતિ છે. અહીં છઠ્ઠાની વ્યવહારસમિતિ કહી છે. ચોથાવાળાને



ચોથા પ્રમાણે હોય છે. તેને જેટલો રાગ છે તે પ્રમાણે શુભાશુભ વિકલ્પો હોય છે. તે ભૂમિકા નબળી છે, તેથી ભરત આદિને લડાઈનો રાગ હતો. અહીં છઠ્ઠા ગુણસ્થાનના શુભ રાગનું વર્ણન છે. સર્વથા રાગ બારમે ગુણસ્થાને ટળી જાય છે.

**શ્લોક ૮૭**

(मालिनी)

**समितिषु समितीयं राजते सोत्तमानां**
**परमजिनमुनीनां संहतौ क्षांतिमैत्री।**
**त्वमपि कुरु मनःपंकेरुहे भव्य नित्यं**
**भवसि हि परमश्रीकामिनीकांतकांतः ॥ ८७॥**

**શ્લોકાર્થ** : ઉત્તમ પરમજિનમુનિઓની આ સમિતિ સમિતિઓમાં શોભે છે. તેના સંગમાં ક્ષાંતિ અને મૈત્રી હોય છે (અર્થાત્ આ સમિતિયુક્ત મુનિને ધીરજ-સહનશીલતા-ક્ષમા અને મૈત્રીભાવ હોય છે). હે ભવ્ય ! તું પણ મન-કમળમાં સદા તે સમિતિ ધારણ કર, કે જેથી તું પરમશ્રીરૂપી કામિનીનો પ્રિય કાન્ત થઈશ (અર્થાત્ મુક્તિલક્ષ્મીને વરીશ). ॥ ૮૭ ॥

છઠ્ઠા ગુણસ્થાનની વાત છે. મુનિને ઉત્તમ પરમજિનમુનિ કહ્યા, કેમ કે વીતરાગમાર્ગ સિવાય બીજે ક્યાંય આ વાત હોતી નથી. વેદાંત આદિ બધા પોતાની કલ્પનાથી વાત કરે છે. તેમાં આવું વીતરાગી મુનિનું સ્વરૂપ હોઈ શકે નહિ. ઉત્તમ અને પરમ વિશેષણ કહીને અહીં ભાવલિંગ બતાવવું છે. આવી સમિતિયુક્ત મુનિને ઘણી ધીરજ, ઘણી સહનશીલતા પ્રગટી હોય છે. ઘોર તાપમાં કે ઘોર ઠંડીમાં હોય છતાં મુનિ પોતાના ચૈતન્યના અવલંબને પરમ શાંત-અવ્યાકુળદશામાં પડ્યા છે. તેને સર્વ પ્રત્યે મૈત્રીભાવ હોય છે. કોઈ નિંદા-પ્રશંસા કરે તેના પ્રત્યે વેરબુદ્ધિ હોતી નથી, કેમ કે તે જાણે છે કે કોઈ કોઈને લાભ-નુકસાન કરતું નથી. આમ અંતરંગ શાંતિ મુનિને હોય છે. માટે હે ભવ્ય ! તું પણ તે સમિતિને ધારણ કર ! તેથી પરમ કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીનો પ્રિયકાંત થઈશ - તારી પૂર્ણ શુદ્ધ પરિણતિરૂપી સ્ત્રી સદા તારી સાથે રહેશે. અને તું ભવમાં રખડીશ નહિ-અવતાર કરીશ નહિ.

### ગાથા ૯૫

**पासुगभूमिपदेसे गूढे रहिए परोपरोहेण।**
**उच्चारादिच्चागो पइट्ठासमिदी हवे तस्स ॥ ६५ ॥**
**જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,**
**મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫.**

**અન્વયાર્થ** : જેને પરના ઉપરોધ વિનાના (-બીજાથી રોકવામાં ન આવે એવા), ગૂઢ અને પ્રાસુક ભૂમિપ્રદેશમાં મળાદિનો ત્યાગ હોય, તેને પ્રતિષ્ઠાપનસમિતિ હોય છે.

આ પાંચમી સમિતિ છે. મુનિઓને કાયમળાદિના ત્યાગના સ્થાનની શુદ્ધિનું આમાં કથન છે. આત્માના ભાન સહિત મુનિદશામાં ઊઠતા શુભ વિકલ્પની આ વાત છે. આ વ્યવહારસમિતિ છે.

છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા મુનિ, જ્યાં કોઈની રોકટોક ન હોય, જે ગુપ્ત હોય અને જ્યાં ત્રસાદિ ઝીણા જંતુઓનો સંચાર ન હોય એવા પ્રાસુક ભૂમિપ્રદેશમાં મળાદિનો ત્યાગ કરે છે. તેને પ્રતિષ્ઠાપનસમિતિ કહે છે.

**ટીકા** : શુદ્ધ નિશ્ચયથી જીવને દેહનો અભાવ હોવાથી આહારગ્રહણરૂપ પરિણતિ નથી. ખરેખર આત્માને દેહ નથી. તેથી અન્ન ગ્રહણ કરું એવો વિકલ્પ પણ આત્મામાં નથી. આહાર લેવાની - જડની ક્રિયામાં સાવધાન તો રહેવું ને ? ભાઈ ! જડની ક્રિયામાં આત્મા શું કરી શકે છે કે તેમાં સાવધાન રહે ! આત્મા પરનું કાંઈ કરી શકતો નથી. એ વાત પહેલી શ્રદ્ધામાં હોવી જોઈએ. શ્રદ્ધા-જ્ઞાન થયા પછી મુનિદશામાં કેવો રાગ હોય છે એનું અહીં જ્ઞાન કરાવે છે.

આહાર ગ્રહણ કરું એવો રાગ જ મારા સ્વરૂપમાં નથી એવું ભાન પ્રથમથી જ મુનિને હોય છે. આ સમિતિ વગેરે મુનિને સર્વાંશે હોય છે. આત્મજ્ઞાની શ્રાવકને પણ તે અંશે હોય છે એમ સમજી લેવું.

મુનિને સ્વભાવદૃષ્ટિ ઊઘડી છે, સ્વરૂપરમણતા ઘણી પ્રગટે છે, જરી રાગ છે તેથી વિકલ્પ ઊઠે છે, -કાય આદિના મળત્યાગની વૃત્તિ ઊઠે છે. જંતુ રહિત અને પરના ઉપરોધ રહિત સ્થાનમાં મુનિને મળના ત્યાગનો વિકલ્પ હોય છે તે વ્યવહારપ્રતિષ્ઠાપનસમિતિ છે.

મુનિ છદ્મસ્થ છે, એટલે તેમને આહાર અને નિહાર હોય છે. અહીં સામાન્ય મુનિની વાત સમજવી. છદ્મસ્થ તીર્થંકર ભગવાનને આહાર હોય પણ નિહાર જન્મથી જ ન હોય. કેવળજ્ઞાન પ્રગટ્યા પછી સામાન્ય કેવળીને કે તીર્થંકર ભગવાનને-કોઈને આહાર તથા નિહાર ન હોય.

મુનિને જરી રાગ છે, તેથી દેહ તરફ વિકલ્પ ઊઠે છે અને તેથી તેને આહારગ્રહણ હોય છે,



તથા મળત્યાગ પણ હોય છે. મળત્યાગની વાત જેને હોય તેને લેવી, બધા માટે નહિ. મહાવીર આદિ તીર્થંકર મુનિઓને જન્મથી જ નિહાર હોતો નથી. કેટલાક મહા ઋદ્ધિધારી મુનિઓ હોય છે, તેમને ઋદ્ધિના નિમિત્તે આહાર સંપૂર્ણ લોહી આદિરૂપે પરિણમી જાય છે, માટે તેમને પણ નિહાર હોતો નથી. માટે આ કથન એકાંત બધા મુનિઓ માટે ન સમજવું. જેને લાગુ પડતું હોય તેને માટે સમજવું.

જંતુ રહિત તથા પરના રોકટોક વિનાના સ્થાનમાં શરીરધર્મ-મળત્યાગની ક્રિયા- કરીને પછી પરમ સંયમી મુનિ તે સ્થાનથી ઉત્તર દિશામાં કેટલાંક પગલાં જઈને ઉત્તરમુખે ઊભા રહીને, મન, વચન તથા દેહની ક્રિયાઓનું લક્ષ છોડી, પ્રતિષ્ઠાપનસમિતિના શુભ વિકલ્પને પણ છોડી નિજ આત્માને અવ્યગ્ર થઈ-એકાગ્ર થઈ ધ્યાવે છે. પ્રતિષ્ઠાપનસમિતિનો જે વિકલ્પ છે તે વ્યવહારસમિતિ છે અને વિકલ્પ તોડી સ્વરૂપમાં એકાગ્ર થયો તે નિશ્ચયસમિતિ છે.

**કારતક સુદ ૧૫, મંગળવાર, ૧૩-૧૧-૫૧.**

આજે આત્મજ્ઞ સત્પુરુષ શ્રીમદ્ રાજચંદ્રની જન્મજયંતિ હોવાથી સવારનું પ્રવચન બંધ હતું, તેને બદલે શ્રી આત્મસિદ્ધિની સ્વાધ્યાય કરવામાં આવી હતી.

**કારતક વદ ૧, બુધવાર, ૧૪-૧૧-૫૧.**

મુનિની પાંચમી સમિતિની-પ્રતિષ્ઠાપનસમિતિની વાત ચાલે છે. મુનિ ત્રણે કાળે નગ્ન દિગંબર જ હોય છે. તે સિવાય બીજો કોઈ મુનિ હોઈ શકે નહિ. આત્મજ્ઞાની ભાવલિંગી મુનિ જંગલ જાય, પછી તે શું કરે તેની આ વાત છે.

જેને આત્માનું યથાર્થ ભાન થઈ ઘણી વીતરાગદશા પ્રગટી હોય, જેને આસક્તિ ઘટીને ઘણી સ્વરૂપ સ્થિરતા પ્રગટી હોય તે વીતરાગમાર્ગમાં ચાલનારા મુનિ છે. આવું મુનિપણું તે વીતરાગ માર્ગ છે. બાકી વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું મનાવનારા તથા પુણ્યાદિમાં ધર્મ મનાવનારા બધા વીતરાગમાર્ગના વિરોધી માર્ગ છે, સંસારમાં પરિભ્રમણના કારણ છે; તેનાથી ધર્મ કે આત્માની શાંતિ પ્રગટતી નથી.

જેને શરીરમાં નગ્નદશા છે, અંતર્આત્મભાન સહિત છઠ્ઠા ગુણસ્થાનની વીતરાગીદશા પ્રગટી છે, તેને મળત્યાગનો વિકલ્પ ઊઠે અને મળત્યાગ પછી ઉત્તર દિશામાં કેટલાક પગલાં જઈ, ઉત્તરમુખે ઊભા રહીને, સંસારના કારણભૂત પુણ્ય-પાપના પરિણામનું લક્ષ છોડી દે છે, ચૈતન્ય આનંદકંદ સ્વરૂપમાં ઠરી જાય છે; -આનું નામ નિશ્ચયસમિતિ છે. સંસારના નિમિત્તભૂત મનનું -વિચારના નિમિત્તનું લક્ષ છોડી એકલો ચૈતન્ય ગોળો છૂટો પડી તેનો અનુભવ રહે તે કાયોત્સર્ગ છે. કાયોત્સર્ગમાં સંસારના કારણભૂત કાયાની ક્રિયા ઉપર લક્ષ નથી; સંસારના કારણભૂત વચન બોલવાનું લક્ષ નથી, તથા દયા-દાન, પુણ્ય-પાપના વિકલ્પરૂપ મનના પરિણામ કે જે સંસારનું કારણ છે તેનું લક્ષ હોતું નથી. જે

મન-વાણી-દેહ ઉપરનું લક્ષ છોડી આત્મામાં અવ્યગ્રપણે એકાગ્ર થઈ નિજાનંદ ચૈતન્ય સ્વભાવને ધ્યાવે છે તે મુનિને કાયોત્સર્ગ છે. આમ આત્માનું જ્ઞાન કરી દેહ-વાણી-મનનું લક્ષ છોડી, મળત્યાગાદિના વિકલ્પને છોડી, ભગવાન ચૈતન્યમાં-વીતરાગી સ્વભાવમાં ઠરી જવું તે વ્યુત્સર્ગસમિતિ - પ્રતિષ્ઠાપનસમિતિ છે.

અથવા ફરી ફરીને શરીરનું અશુચિપણું સર્વ તરફથી ભાવવું, તેને પ્રતિષ્ઠાપનસમિતિ કહે છે. આ શરીર વિષ્ટાનો સંચો છે. દાળ-ભાતની વિષ્ટા બીજા કોઈ સંચાથી ન થાય, આ શરીર જ એવું છે કે તેમાં મહા દુર્ગંધમય વિષ્ટા, પરુ આદિ થાય છે, તે ચારે તરફથી - બાહ્ય અને અભ્યંતર અશુચિમય જ છે. એમ શરીરનું અશુચિપણું વિચારવું-ભાવવું તે મુનિની ખરેખર પ્રતિષ્ઠાપનસમિતિ -પાંચમી સમિતિ- છે. આ સમિતિ નિર્ગ્રંથ આત્મજ્ઞાની ભાવલિંગી મુનિને જ હોય છે, બીજા સ્વચ્છંદ વૃત્તિવાળા યતિ નામધારીઓને કોઈ સમિતિ હોતી નથી. વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું મનાવે તે મિથ્યાદ્રષ્ટિ સ્વચ્છંદી છે અથવા આત્માના ભાનરહિત એકલો નગ્ન યતિનામધારી હોય તેને પણ આ સમિતિ હોતી નથી.

ભગવાન પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે આવી દશા જેને પ્રગટી છે તેને યથાર્થ મુનિપણું હોય છે, બાકી બીજાને મુનિપણું ભગવાને સ્વીકાર્યું નથી. આમ માનતા જે શાસ્ત્રમાં વસ્ત્ર-પાત્રવાળાને સાધુ માન્યા હોય તે ખોટાં માનવા પડે. અત્યારે ઘણો ફેરફાર થઈ ગયો છે, તે વસ્તુનું સ્વરૂપ નથી- સાચું મુનિપણું નથી.

**શ્લોક ૮૮**

(मालिनी)

**समितिरिह यतीनां मुक्तिसाम्राज्यमूलं**
**जिनमतकुशलानां स्वात्मचिंतापराणाम्।**
**मधुसखनिशितास्त्रव्रातसंभिन्नचेतः-**
**सहितमुनिगणानां नैव सा गोचरा स्यात्॥ ८८॥**

**શ્લોકાર્થ** : જિનમતમાં કુશળ અને સ્વાત્મચિંતનમાં પરાયણ એવા યતિઓને આ સમિતિ મુક્તિસામ્રાજ્યનું મૂળ છે. કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી ભેદાયેલા હૃદયવાળા મુનિગણોને તે (સમિતિ) ગોચર નથી જ હોતી. ॥ ૮૮ ॥

કેવા મુનિને આ પાંચમી સમિતિ હોય છે ? જે મુનિ જિનમતમાં કુશળ છે એટલે કે વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તથા દેવ-ગુરુ-શાસ્ત્ર, ઉપાદન-નિમિત્ત વગેરેમાં જે કુશળ છે, તથા વીતરાગના શાસ્ત્ર કોને કહેવા અને કોને નહિ એ બધામાં નિપુણ છે; વળી જે સ્વાત્મચિંતનમાં પરાયણ છે-સ્વાત્માનુભવમાં ઘણાં લીન છે એવા મુનિને આ સમિતિ



હોય છે. તે મુનિને આ સમિતિ હોય છે. તે મુનિને આ સમિતિ મુક્તિસામ્રાજ્યનું મૂળ છે.

સાધુ નામ ધરાવીને જેના કાળજાં સ્ત્રીની આંખના કટાક્ષથી ભેદાયેલા છે એવા મિથ્યાદ્રષ્ટિ નામધારી સાધુને -આ સમિતિ હોતી નથી. કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી ભેદાયેલા હૃદયવાળા મુનિઓને તે સમિતિ ગોચર નથી જ હોતી. વીતરાગી આત્મધ્યાનમાં મસ્ત છે તેને આ સમિતિ હોય છે.

જેને સારા ઊંચા ખોરાકની ગૃદ્ધિ છે, સ્ત્રીના પ્રેમની ગૃદ્ધિ છે અને 'અમે સ્ત્રીઓને ધર્મનો ઉપદેશ આપી છીએ' -એમ ઉપદેશના બહાને એકાંતમાં વિષયની વાસનાને પોષે છે, જેના કાળજામાં વિષયની વાસના ઉશ્કેરાય છે, જેના કાળજામાં વિષયના ઘા લાગ્યા છે, જેના કાળજામાં વિષયવાસનામાં છિદ્ર-કાણાં પડ્યા છે, જેના હૃદય વિષયવાસનાથી ઘવાયેલાં હોવાથી સ્ત્રીઓનો પરિચય કરીને જે ખોટાં કામ-કુકર્મ-કરે છે તે મુનિને આ સમિતિ ગમ્ય નથી. સમિતિ કોને કહેવી તેનું ભાન તેને થતું નથી. આ નગ્ન મુનિની વાત છે. બીજા તો મુનિ જ નથી. નગ્ન થવા છતાં વિષયનો પ્રેમ જેને વર્તે છે તેને આ વીતરાગી સમિતિની -અંતર્પરમશાંતદશાની- ખબર પડતી નથી.

આત્માનું ભાન થઈ ઘણી સ્વરૂપસ્થિરતા થાય ત્યાં આ પાંચમી સમિતિ હોય છે, બીજાને હોતી નથી.

પદ્મપ્રભમલધારિદેવ આત્મમસ્ત નિર્ગ્રંથ મહા બ્રહ્મચારી મુનિ હતા. જેનું હૃદય વિષયવાસનાથી ઘવાયું છે એવા મુનિને આ સમિતિનું ભાન હોતું નથી, ઈત્યાદિ કથન દ્વારા પોતાના બ્રહ્મચર્યનું અતિશય જોર બતાવે છે. તેમણે બેધડકપણે -વિના સંકોચે- દીક્ષા, મુક્તિ આદિ આત્મપરિણતિને સ્ત્રીની ઉપમા આપી છે તે તેમની અધ્યાત્મમસ્તદશા બતાવે છે.

મહા મુનિ જંગલમાં રહે છે તેમને વીતરાગીદશા- અંતર્સ્વરૂપલીનતા ઘણી પ્રગટી હોય છે. આવા મુનિને જે આ સાચી સમિતિ છે, તે મુક્તિરાજ્યનું મૂળ છે, પરિપૂર્ણ જ્ઞાનાનંદદશાનું-મુક્તિદશાનું કારણ છે. વિષયવાસનાથી ઘવાયેલા અજ્ઞાનીને આ સમિતિનું ભાન હોતું નથી. મળત્યાગ વખતે શુભ રાગ છે તે વ્યવહારસમિતિ છે; તેનું લક્ષ છોડી અંદરમાં સ્થિર થાય તે નિશ્ચયસમિતિ છે. તે મુક્તિરાજ્યનું મૂળ છે.

**શ્લોક ૮૯**

(हरिणी)

**समितिसमितिं बुद्ध्वा मुक्त्यङ्गनाभिमतामिमां**
**भवभवभयध्वान्तप्रध्वंसपूर्णशशिप्रभाम्।**
**मुनिप तव सद्दीक्षाकान्तासखीमधुना मुदा**
**जिनमततपःसिद्धं यायाः फलं किमपि ध्रुवम्॥ ८९॥**

**શ્લોકાર્થ** : હે મુનિ ! સમિતિઓમાંની આ સમિતિને - કે જે મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે, જે ભવભવના ભયરૂપી અંધકારને નષ્ટ કરવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે તથા તારી સત્ દીક્ષારૂપી કાન્તાની (-સાચી દીક્ષારૂપી પ્રિય સ્ત્રીની) સખી છે તેને-હવે પ્રમોદથી જાણીને, જિનમતકથિત તપથી સિદ્ધ થતાં એવા કોઈ (અનુપમ) ધ્રુવ ફળને તું પામીશ. ॥ ૮૯ ॥

હે મુનિ ! સમિતિઓમાંની આ સમિતિને હવે પ્રમોદથી જાણીને, જિનમતકથિત તપથી સિદ્ધ થતાં એવા કોઈ અનુપમ ધ્રુવ ફળને તું પામીશ. કેવી છે તે સમિતિ ? જે મુક્તિરૂપી સ્ત્રી-મુક્તિરૂપી આત્માની શુદ્ધ પરમાનંદદશા તેને વહાલી છે. આ પાંચમી સમિતિ એટલે કે આત્માના જ્ઞાન-ધ્યાન સહિત રમણતા ભવભવના ભયરૂપી અંધકારને નાશ કરવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે. જેમ ચંદ્ર નીકળતાં અંધકારનો નાશ થઈ જાય છે, તેમ આ સમિતિરૂપી ચંદ્ર પ્રગટ થતાં રાગદ્વેષરૂપી અંધકારનો નાશ થઈ જાય છે.

જેઓ નગ્નપણા વિના, વસ્ત્ર સહિત દીક્ષા લે છે, તે સાચી દીક્ષા નથી. આત્માના ભાન સહિત અને શુભાશુભ વિકલ્પ રહિત સ્વભાવમાં ટકવું તે જ ખરું કર્તવ્ય છે અને તે જ સાચી દીક્ષા છે. આ સાચી દીક્ષારૂપી વહાલી સ્ત્રીની -દીક્ષારૂપી શુદ્ધ પરિણતિની- આ સમિતિ સખી છે. મુનિપણાનું આવું સ્વરૂપ છે. આત્માના સાચા ભાન વિના કેવળ ચરણાનુયોગ પ્રમાણે મુનિપણું માને -અંતર્શુદ્ધદશા પરિણમ્યા વિના શુભ રાગ અને બાહ્ય ક્રિયાથી મુનિપણું માને-તે ખરું મુનિપણું નથી. પરંતુ અંદર ભાન સહિત અને વીતરાગી રમણતા સહિત છે તે સાચું મુનિપણું છે. આ દીક્ષારૂપી સ્ત્રીની આ સમિતિ સખી છે.

સ્વભાવમાં રહેવું તે પ્રમોદ છે. આ સમિતિને પ્રમોદથી જાણીને હે મુનિ ! તું આત્માના જ્ઞાન-ધ્યાન વડે અનુપમ ધ્રુવ ફળને પામીશ-પરિપૂર્ણ મુક્તદશાને પામીશ. વીતરાગમાર્ગ સિવાય બીજા કોઈ માર્ગમાં મુક્તિ છે નહિ. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિપણાને અહીં તપ કહે છે. વીતરાગ મત કથિત મુનિપણું જે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા જંગલમાં વિચરતા હોય તેને હોય છે. આ સિવાય બીજી રીતે મુનિપણું માને તે વીતરાગનો -તીર્થંકર ભગવાનનો- અનંત જ્ઞાનીઓનો વિરોધી છે. વીતરાગ ભગવાને કહેલા મુનિમાર્ગને અમે તપ કહીએ છીએ. આવા મુનિપણાવાળો જીવ અનુપમ ફળ પામે છે, બીજો કોઈ નહિ. બીજા કોઈને સાચું મુનિપણું હોઈ શકે નહિ.



**શ્લોક ૯૦**

(द्रुतविलंबित)

**समितिसंहतितः फलमुत्तमं**
**सपदि याति मुनिः परमार्थतः ।**
**न च मनोवचसामपि गोचरं**
**किमपि केवलसौख्यसुधामयम् ॥ ९० ॥**

**શ્લોકાર્થ** : સમિતિની સંગતિ દ્વારા ખરેખર મુનિ મન-વાણીને પણ અગોચર (-મનથી અચિંત્ય અને વાણીથી અકથ્ય) એવું કોઈ કેવળસુખામૃતમય ઉત્તમ ફળ શીઘ્ર પામે છે. ॥ ૯૦ ॥

સમિતિની સંગતિ દ્વારા ખરેખર મુનિ મનથી અચિંત્ય અને વાણીથી અકથ્ય એવું કોઈ કેવળ-સુખામૃતમય ઉત્તમ ફળ શીઘ્ર પામે છે. અંતર્આત્મસ્વભાવના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-ચારિત્ર સહિત આ સમિતિના સંગ દ્વારા મુનિ ખરેખર મન-વાણીને પણ અગોચર એવું કેવળ સુખામૃતમય ઉત્તમ ફળ શીઘ્ર પામે છે. તે મુનિ અલ્પકાળમાં મુક્તિ પામે છે. આવા દિગંબર ભાવલિંગી મુનિ ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પદ્મપ્રભમલધારિદેવ વગેરે અનેક ધર્મના થાંભલા સમાન મહા સમર્થ નિર્ગ્રંથ મુનિવર થઈ ગયા; તેઓ આ સમિતિના સંગ દ્વારા ઉત્તમ ફળને - મોક્ષદશાને પામશે, બીજા નહિ.

સમિતિનું કથન પુરુ થયું, હવે ગુપ્તિનું કથન કરે છે. ત્યાં પ્રથમ મનોગુપ્તિનું સ્વરૂપ બતાવે છે.

**ગાથા ૬૬**

**कालुस्समोहसण्णारागद्दोसाइअसुहभावाणं।**
**परिहारो मणुगुत्ती ववहारणयेण परिकहियं ॥ ६६ ॥**

**કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના**
**પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬.**

**અન્વયાર્થ** : કલુષતા, મોહ, સંજ્ઞા, રાગ, દ્વેષ વગેરે અશુભભાવોના પરિહારને વ્યવહારનયથી મનોગુપ્તિ કહેલ છે.

જેના પરિણામમાં કલુષિતતા ન હોય, મોહ એટલે કે આત્મસ્વરૂપ વિષે અસાવધાની ન હોય, ચૈતન્યસ્વભાવની સાવધાની હોય, આહાર-ભય-મૈથુન-પરિગ્રહ સંજ્ઞા ન હોય તે મુનિને વ્યવહારનયથી મનોગુપ્તિ કહેલ છે. આ વ્યવહારમનોગુપ્તિ શુભભાવ છે.

**ટીકા** : મુનિને મુનિપણાયોગ્ય શુદ્ધ પરિણતિની સાથે વર્તતો જે હઠ વગરનો મન-આશ્રિત, વચન-આશ્રિત કે કાય-આશ્રિત શુભોપયોગ છે તેને વ્યવહારગુપ્તિ કહેવામાં આવે છે, કારણ કે શુભોપયોગમાં મન, વચન કે કાય સાથે અશુભોપયોગરૂપ જોડાણ નથી. શુદ્ધ પરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે, તે શુભોપયોગ તો વ્યવહારગુપ્તિ પણ કહેવાતો નથી.

છઠ્ઠા ગુણસ્થાનવર્તી નગ્ન દિગંબર મુનિને આકાશ જ એક વસ્ત્ર છે. તેમને આત્માના ભાન અને રમણતા સહિત શુદ્ધ વીતરાગ પરિણતિ વર્તે છે. તે વીતરાગી શુદ્ધ પરિણતિ સાથે મન-વચન-કાય આશ્રિત હઠ વગર સહજ શુભ વિકલ્પ હોય છે તેને વ્યવહારનયથી ગુપ્તિ કહે છે. ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા આત્માના ભાન વિના એકલો શુભભાવ હોય તેને વ્યવહારથી પણ ગુપ્તિ કહેવાતી નથી; કેમ કે જ્યાં આત્મભાન સહિત શુદ્ધ પરિણતિ નથી ત્યાં તો શુભભાવ હઠ સહિત છે, સહજ નથી. શુભભાવ કહો વિભાવ કહો કે વ્યવહારગુપ્તિ કહો તે બધું એક જ છે. અંતર્‌શુદ્ધ પરિણમન હોય તો તે વિકલ્પને વ્યવહાર કહેવાય, નહિતર તેને વ્યવહાર પણ કહેવાતો નથી.

શુભભાવ અશુભભાવને તો રોકે ને ? ભાઈ ! શું અશુભભાવ આવવાનો હતો અને તેને રોક્યો છે ? ખરેખર તો મુનિદશાની ભૂમિકામાં શુભભાવ થતાં તેટલે અંશે અશુભભાવ ઉત્પન્ન જ થતો નથી. માટે વ્યવહારથી અશુભને રોક્યો એમ કહેવાય છે.

ક્રોધ, માન, માયા અને લોભ નામના ચાર કષાયોથી ક્ષુબ્ધ થયેલું ચિત્ત તે કલુષતા છે. તે કલુષતા મુનિને હોતી નથી. ઉપશમરસના સડકા લે છે એવા મુનિને તીવ્ર ક્રોધ આદિ કલુષતા હોતી નથી.



મુનિને મોહ એટલે મિથ્યાત્વ-આત્મા આદિ તત્ત્વનું અભાન-હોતું નથી. ચાર સંજ્ઞા -આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, વિષયસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા- મુનિને હોતી નથી. શુભ રાગ અને અશુભ રાગ -એમ રાગ બે પ્રકારના છે. વિષયકષાયના ભાવ અશુભ રાગ છે અને વ્યવહાર સમિતિ-ગુપ્તિ, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ તે શુભ રાગ છે. એક અપ્રશસ્ત અને બીજો પ્રશસ્ત. બન્ને આસ્રવ છે. તે બેમાંથી અશુભ પરિણામનો-રાગનો પરિહાર તે વ્યવહારગુપ્તિ છે. શુભ રાગનો પણ પરિહાર એટલે કે નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થવું તે નિશ્ચયગુપ્તિ છે.

અસહ્યજનો પ્રત્યે અથવા અસહ્ય પદાર્થસમૂહો પ્રત્યે વેરનો પરિણામ તે દ્વેષ છે. મુનિને વિરોધી જનો કડક શબ્દ કહે, કાનમાં કીડા ખરે એવી ગાળો દે, મોટાં આળ નાખે છતાં મુનિને ખેદ કે વેરનો ભાવ ન થાય. મુનિ સમજે છે કે તેને ગોઠે એવા તે ભાવ કરે, એ મને-મારા આત્માને-કાંઈ નુકસાન કરી શકતો નથી, હું તો ચિદાનંદમૂર્તિ જ્ઞાનસ્વભાવ છું, મારામાં તે ગાળ કે આળ પેસતાં નથી-મને નુકસાન કરતાં નથી. અસહ્યજનોમાં જીવ લીધા છે. અસહ્ય પદાર્થોમાં અજીવ પદાર્થો લીધા છે. મુનિના શરીરમાં તીક્ષ્ણ ભાલાં જેવા કાંટા વાગે તો પણ તે પ્રત્યે તેમને દ્વેષભાવ ન થાય. મુનિ તો અકષાય શાંતભાવમાં ઝૂલતાં હોય છે. વિરોધીજનો અગ્નિ કે બરફની શિલા ઉપર સૂવાડે છતાં દ્વેષનો ભાવ ન કરે. મુનિને અંદર સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન સહિત સ્થિરતા વડે અમૃતનો ફૂવારો ફૂટ્યો છે. અંદર ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન પર્યાય વચ્ચે મિથ્યાત્વરૂપી તાળું હતું તે સ્વભાવના ભાન વડે ખૂલતાં અંદરથી શાંતિનો ફુવારો ઊછળ્યો છે. અંદર ચૈતન્ય પટારો અમૃતરૂપી લાડવાથી ભર્યો પડ્યો છે, તે પટારો રાગ-પુણ્યની સાથે એકત્વબુદ્ધિને લીધે બંધ હતો; તેને વીતરાગી મુનિઓએ રાગ-પુણ્યથી ભિન્ન આત્માને જાણીને ખુલ્લો કરી દીધો છે.

મિથ્યાત્વને શાસ્ત્રમાં અશુભભાવ કહ્યો છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી ખરેખર બીજા અશુભભાવ છૂટે નહિ. દર્શનમોહના અભાવ વિના વ્યવહારસમિતિ કે ગુપ્તિ હોઈ શકે નહિ. તેથી વ્યવહારગુપ્તિની પહેલી ગાથામાં મુનિને મોહનો પરિહાર લીધો છે.

સંસારના કારણોથી આત્માનું ગોપન કરવું તે ગુપ્તિ છે. અશુભભાવ તથા દયા, દાન, વ્રત; વ્યવહાર સમિતિ-ગુપ્તિ, ઈત્યાદિ શુભભાવ આસ્રવ છે, ધર્મ નથી. આત્માના ભાન સહિત અંદર વીતરાગી એકાગ્રતા પ્રગટ કરવી તે ધર્મ છે.

અશુભનો ત્યાગ અને વર્તમાન પરિણામમાં જે શુભભાવ વર્તે તે વ્યવહારગુપ્તિ છે. બાકી તો ભાવપાપ અને ભાવપુણ્ય બન્ને આસ્રવ જ છે. સ્વભાવના ભાનની ભૂમિકામાં અશુભ છૂટી, જે મન-વચન-કાયા તરફના પરિણામના ગોપનનો શુભ વિકલ્પ તેને વ્યવહારગુપ્તિ કહે છે. આ ગુપ્તિનો અંશ, પોતાની ભૂમિકા પ્રમાણે પાંચમા ગુણસ્થાનવાળાને પણ ગણ્યો છે.

### શ્લોક ૯૧

(वसंततिलका)

गुप्तिर्भविष्यति सदा परमागमार्थ-
चिंतासनाथमनसो विजितेन्द्रियस्य।
बाह्यान्तरङ्गपरिषङ्गविवर्जितस्य
श्रीमज्जिनेन्द्रचरणस्मरणान्वितस्य॥ ९१॥

**શ્લોકાર્થ** : જેનું મન પરમાગમના અર્થોના ચિંતનયુક્ત છે, જે વિજિતેંદ્રિય છે (અર્થાત્ જેણે ઇન્દ્રિયોને વિશેષપણે જીતી છે), જે બાહ્ય તેમ જ અભ્યંતર સંગ રહિત છે અને જે શ્રીજિનેંદ્રચરણના સ્મરણથી સંયુક્ત છે, તેને સદા ગુપ્તિ હોય છે. ॥ ૯૧ ॥

સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર, ષટ્ખંડાગમ ઇત્યાદિ શાસ્ત્રો કે જે મહા સમર્થ દિગંબર મુનિઓએ રચેલાં છે, તેને પરમાગમ કહે છે. જે મુનિનું મન આ પરમાગમના ચિંતનથી યુક્ત છે, એટલે કે તે કુશાસ્ત્રમાં રોકાતો નથી. દિગંબર શાસ્ત્રો સિવાય બીજાને પરમાગમ કહેતાં નથી. અહીં ચરણાનુયોગ આદિના બધાં શાસ્ત્રો કે જે પરમાત્મતત્ત્વના ભાનવાળા દિગંબર સંતો વડે રચાયેલા છે તેમને પરમાગમમાં સમજી લેવા.

વળી જે મુનિ વિજિતેન્દ્રિય છે, જેણે વિશેષપણે ઇન્દ્રિયોને જીતી છે, જે બાહ્ય સંગ એટલે કે વસ્ત્ર-પાત્ર આદિ તથા અભ્યંતર સંગ એટલે મિથ્યાત્વ આદિ ચૌદ અભ્યંતર પરિગ્રહ-એમ બાહ્ય-અભ્યંતર પરિગ્રહ રહિત છે; અને જે શ્રી જિનેન્દ્રદેવના ચરણના સ્મરણથી સંયુક્ત છે એટલે કે ભગવાન જિનેન્દ્રદેવ વસ્તુનું સ્વરૂપ આમ કહેવા માંગે છે, ભગવાનની આજ્ઞા આમ છે; ભગવાને કહેલા નિશ્ચયનું સ્વરૂપ આમ છે, વ્યવહારનું સ્વરૂપ આમ છે -આ રીતે જેનું મન સદા જિનચરણયુક્ત છે, તેને સદા ગુપ્તિ હોય છે. આત્માના ભાન વિના બીજા જે નગ્ન ફરે છે તે સાધુ નથી. અહીં જે વીતરાગના ચરણ સ્મરણયુક્ત એટલે કે જે વીતરાગની આજ્ઞાના વિચારયુક્ત છે તેને, જે વીતરાગ પરિણતિ પ્રગટી છે તે નિશ્ચય છે અને જે વિકલ્પ છે તે વ્યવહાર છે.



### ગાથા ૬૭

थीराजचोरभत्तकहादिवयणस्स पावहेउस्स।
परिहारो वयगुत्ती अलियादिणियत्तिवयणं वा॥ ६७॥

સ્ત્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની,
તસુ ત્યાગ વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭.

**અન્વયાર્થ** : પાપના હેતુભૂત એવા સ્ત્રીકથા, રાજકથા, ચોરકથા, ભક્તકથા ઇત્યાદિરૂપ વચનોનો પરિહાર અથવા અસત્યાદિકની નિવૃત્તિવાળા વચનો તે વચનગુપ્તિ છે.

પેલી સ્ત્રી આવી છે, તેનું રૂપ આવું સુંદર છે વગેરે પાપકથા છે -તે સ્ત્રીકથા છે,

ફલાણો રાજા જીતશે-ફલાણો રાજા હારશે ઇત્યાદિ પાપકથા -તે રાજકથા છે,

અમુક મિષ્ટાન ઘણું સરસ છે એમ ભોજનની પ્રશંસા તે ભક્તકથા છે -તે પાપ કથા છે.

અમુક ચોર ચોરી કરવામાં ઘણો કુશળ છે ઇત્યાદિ પાપકથા -તે ચોરકથા છે.

મુનિ આવી કથા કરે નહિ તથા અસત્યાદિ વચનો અથવા તે ઉપરાંત બીજાં અપ્રશસ્ત વચનો બોલે નહિ, એટલે કે એવું બોલવાનો તેને ભાવ થાય નહિ. મુનિની આ વ્યવહારવચનગુપ્તિ છે.

**ટીકા** : જેમને વિષયની વાસના અતિ વૃદ્ધિ પામી હોય એવા કામી જનો વડે કરવામાં આવતી સ્ત્રીઓની સંયોગ-વિયોગ સંબંધી કથા તથા રાજાની યુદ્ધના કારણભૂત રાજકથા - ઇત્યાદિ પાપકથામાં મુનિ પડે નહિ. મુનિ આત્માની કથા કહે કે આવી પાપકથા માંડે ? આત્માનો વિચાર ન કરતાં હિટલર આદિની કથા કરે તે પાપભાવ છે. મુનિ એવી કથા કરે નહિ.

ગૃહસ્થને પણ અંશે આ વચનગુપ્તિ લેવી. અતિ વૃદ્ધિ પામેલી ભોજનની ગૃદ્ધિ વડે મેંદાની પુરી, દહીં-ખાંડ ઇત્યાદિ ભોજન સંબંધી કથા તે ભોજનકથા છે. મુનિ આવી કથા તથા ભોજન આદિની પ્રશંસા કરે નહિ. આ પાપકથાનો ત્યાગ, અસત્ય વચનનો ત્યાગ તથા તે ઉપરાંત બીજાં અશુભ વચનોનો ત્યાગ, તે નિશ્ચયના ભાન સહિત-દર્શન મોહ આદિ રહિત- મુનિની વ્યવહારગુપ્તિ છે. ગુપ્તિના વિકલ્પ રહિત અંદર જ્ઞાનાનંદ સ્વભાવમાં ઠરી જાય તે મુનિની નિશ્ચયગુપ્તિ છે.

**કારતક વદ ૨, ગુરુવાર, ૧૫-૧૧-૫૧.**

આચાર્યવર શ્રી પૂજ્યપાદસ્વામીએ સમાધિતંત્રમાં ૧૭મા શ્લોક દ્વારા કહ્યું છે કે :

(अनुष्टुभ)

**एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषचः।**
**एष योगः समासेन प्रदीपः परमात्मनः॥**

**શ્લોકાર્થ** : એ રીતે બહિર્વચનોને ત્યાગીને અંતર્વચનોને અશેષતઃ (-સંપૂર્ણપણે) ત્યાગવા. આ સંક્ષેપથી યોગ અર્થાત્ સમાધિ છે કે જે યોગ પરમાત્માનો પ્રદીપ છે. (અર્થાત્ પરમાત્માને પ્રકાશનાર દીવો છે.)

અહીં મુનિની વચનગુપ્તિની વ્યાખ્યા ચાલે છે. આત્મા જ્ઞાનસ્વભાવી ત્રિકાળી વસ્તુ છે, તેમાં વાણી તથા પુણ્ય-પાપના ભાવોનું લક્ષ છોડી એકાગ્ર થવું તેને વચનગુપ્તિ કહે છે. બાહ્યવચનને ત્યાગીને એટલે કે બાહ્યવચન તરફનું લક્ષ છોડીને, અંતર્વચન જે પુણ્ય-પાપના ઉત્થાન-વિકલ્પ તેને સંપૂર્ણપણે છોડીને આત્માને ધ્યાવવો તેનું નામ સાચી વચનગુપ્તિ છે. આ સંક્ષેપથી યોગ છે કે જે પરમાત્માને-નિજ શુદ્ધ આત્માને પ્રકાશનાર દીવો છે. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવ છે, તેમાં એકાગ્ર થવું તે યોગ છે-તે ધર્મ છે; બાકી દયા-દાન આદિ પુણ્યના વિકલ્પ થાય તે ધર્મ નથી. કેટલાક અન્યમતી ''**ચિત્તવૃત્તિનિરોધો યોગઃ**'' કહે છે. તે એકલા નાસ્તિથી કહે છે. અસ્તિ વગર નાસ્તિ કરશે શેમાં ? ત્રિકાળી ચૈતન્યસ્વભાવરૂપ અસ્તિમાં એકાગ્રતા વડે પુણ્ય-પાપ આદિ વિકારની નાસ્તિ થઈ જાય છે - સ્વરૂપમાં એકાગ્ર થતાં પુણ્ય-પાપ આદિ અન્ય ચિંતા-વિકલ્પનો નિરોધ થઈ જાય તે સાચો યોગ છે અને તે સાચો ધર્મ છે. આ યોગ પરમાત્મા એટલે કે ચૈતન્યસ્વભાવી જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માને પ્રકાશ કરવા માટે દીવો છે. આવા પરમાત્મસ્વરૂપના ભાન વિના બીજા કોઈ પણ પ્રકારથી મન-વચન-કાયાની ક્રિયા કે પુણ્યના વિકલ્પ કરે તે યોગ નથી.

અહીં 'બહિર્વચનોને ત્યાગીને' એમ કહ્યું, ત્યાં બહિર્વચન તો જડ છે -પુદ્ગલની અવસ્થા છે. તેને આત્મા કરતો પણ નથી અને ત્યાગતો પણ નથી; પણ બહિર્વચનો તરફથી લક્ષ છોડ્યું છે એટલે બહિર્વચનો છોડ્યા એમ વ્યવહારથી કહેવાય છે. વળી અંતર્વચનો-શુભાશુભ ઉત્થાનો-વિકલ્પો-રાગ ત્યાગવાં; આ પણ એક કથનની રીત છે. ખરેખર તો સ્વભાવમાં એકાગ્ર થયો એટલે શુભાશુભ ઉત્થાનો-વિકલ્પો થતાં જ નથી.

**શ્લોક ૯૨**

(मंदाक्रान्ता)

**त्यक्त्वा वाचं भवभयकरीं भव्यजीवः समस्तां**
**ध्यात्वा शुद्धं सहजविलसच्चिच्चमत्कारमेकम्।**
**पश्चान्मुक्तिं सहजमहिमानंदसौख्याकरीं तां**
**प्राप्नोत्युच्चैः प्रहतदुरितध्वांतसंघातरूपः॥ ९२॥**



**શ્લોકાર્થ** : ભવ્યજીવ ભવભયની કરનારી સમસ્ત વાણીને છોડી શુદ્ધ સહજ વિલસતા ચૈતન્ય-ચમત્કારનું એકનું ધ્યાન કરીને, પછી પાપરૂપી તિમિરસમૂહને નષ્ટ કરીને સહજ મહિમાવંત આનંદ-સૌખ્યની ખાણરૂપ એવી તે મુક્તિને અતિશયપણે પ્રાપ્ત કરે છે. ॥ ૯૨ ॥

ખરેખર વાણી ભવભયની કરનારી નથી. પણ વાણી તરફનો ભાવ-ઈચ્છા-રાગ ભવભયનો કરનારો છે. વાણી બોલવાનો ભાવ -શુભ કે અશુભ બન્ને- રાગ છે અને બંધનું કારણ છે. સત્ય બોલવાનો ભાવ પુણ્ય છે અને જૂઠું બોલવાનો ભાવ પાપ છે. બે ય ભાવ વિકાર છે, બંધનું કારણ છે અને ભવભયનું કારણ છે. તે બેમાંથી એકેય આત્માના ધર્મનું કારણ નથી. જેમ વાણી બોલવાનો ભાવ વિકાર છે તેમ સાંભળવાનો ભાવ પણ વિકાર છે. પરંતુ અશુભ રાગ ન હોય ત્યાં વચ્ચે ધર્મશ્રવણનો શુભ રાગ આવે છે પણ ધર્મી જીવ તેનાથી ધર્મ ન માને.

ધર્મી જીવ વાણી તરફનો ભાવ છોડી 'સહજ અનાકુળ પ્રગટ થતાં ચૈતન્યચમત્કારમાત્ર જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપ હું આત્મા છું' એમ આત્માનું એકનું ધ્યાન કરીને, પછી પાપરૂપી તિમિરસમૂહને નષ્ટ કરી, આત્મામાં એકાગ્રતારૂપ ધ્યાન કરીને સહજ મહિમાવાળા આનંદ સૌખ્યની ખાણરૂપ મુક્તિને અતિશયપણે પામે છે. ધર્માત્મા જીવ આ ઉપાયથી મુક્તિ પામે છે. બીજી કોઈ રીતે મુક્તિનો ઉપાય નથી. અહીં અધ્યાત્મશાસ્ત્રમાં પુણ્ય અને પાપ બન્ને પાપરૂપી તિમિર છે એમ સમજવું.

અહીં મુનિને ઉદ્દેશીને વાત છે, પણ સમ્યક્દૃષ્ટિ શ્રાવકને આ ગુપ્તિ આદિનો એક અંશ હોય છે. મુનિને તે સર્વદેશ હોય છે અને જ્ઞાની શ્રાવકને તે એકદેશ હોય છે. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી વસ્તુ છે, તે પરની ક્રિયાને કરતો નથી, પુણ્ય-પાપ વિકાર તેના સ્વરૂપમાં છે નહિ - એમ આત્માના યથાર્થ ભાન સહિત બે કષાયનો નાશ કરીને તેમાં એકાગ્ર થવું તે ગૃહસ્થનો-શ્રાવકનો ધર્મ છે.

**પ્રશ્ન** : આપ તો બધે ઠેકાણે આત્માનું ભાન કરવું અને તેમાં એકાગ્ર થવું તેને ધર્મ કહો છો, પણ અણુવ્રત, મહાવ્રત, મન-વચન-કાયની ક્રિયા ગોપવવી વગેરે છે તેનું શું ?

**ઉત્તર** : ભાઈ ! અણુવ્રત પાંચમે ગુણસ્થાને હોય છે, ચોથા વિના પાંચમું ક્યાંથી હોય ? નિર્વિકલ્પ-રાગરહિત આત્માનું ભાન કરવું તે અવિરતિ-ચોથું ગુણસ્થાન છે. હજી જે અણુવ્રતધારી અને મહાવ્રતધારીનું નામ ધરાવે, પણ પુણ્યથી ધર્મ થાય, ભગવાનની પ્રતિમાને કારણે આત્માને શુભભાવ થાય એમ માને તેને તો સમ્યગ્દર્શન પણ નથી તો વ્રતાદિક હોય જ શેનાં ? ભગવાનની પ્રતિમાને કારણે શુભભાવ થાય છે એમ નથી; જો એમ હોય તો બધાને શુભભાવ થવો જોઈએ, પણ એમ બનતું નથી. પોતે શુભભાવ કરે તો ભગવાનની પ્રતિમાને નિમિત્ત કહેવાય છે. પરંતુ તે શુભભાવથી જે ધર્મ કે ધર્મનું સાધન માને છે તેને સમ્યગ્દર્શન પણ નથી, તો પછી અણુવ્રત કે મહાવ્રત હોય જ શેના ? ન જ હોય.

## ગાથા ૬૮

**बंधणछेदणमारणआकुंचण तह पसारणादीया।**
**कायकिरियाणियत्ती णिद्दिट्ठा कायगुत्ति त्ति॥ ६८॥**
**વધ, બંધ ને છેદનમયી, વિસ્તરણ-સંકોચનમયી**
**ઇત્યાદિ કાયક્રિયા તણી નિવૃત્તિ તનગુપ્તિ કહી. ૬૮.**

**અન્વયાર્થ** : બંધન, છેદન, મારણ (-મારી નાખવું), આકુંચન (-સંકોચવું) તથા પ્રસારણ (-વિસ્તારવું) ઈત્યાદિ કાયક્રિયાઓની નિવૃત્તિને કાયગુપ્તિ કહી છે.

કાયાને ગોપવવી તે આત્મા કરતો નથી. તે સંબંધીનો મુનિદશામાં સહજ વિકલ્પ ઊઠે તે વ્યવહાર-કાયગુપ્તિ છે. વિકલ્પ તોડી સ્વભાવમાં ઠરવું તે નિશ્ચયકાયગુપ્તિ છે. કોઈને બાંધવું, મારી નાંખવું, સંકોચવું તથા વિસ્તારવું ઈત્યાદિ શરીરની પ્રવૃત્તિના રાગને છોડવો તે વ્યવહારકાયગુપ્તિ છે.

પદ્માસન, ખડ્ગાસન વગેરે શરીરની અવસ્થાનો કર્તા આત્મા નથી. શરીરની અવસ્થા તે સમયે તેમ થવી તે આત્માને આધીન નથી. પદ્માસન આદિરૂપે જડની અવસ્થા જડથી થાય છે; જો તેને જીવ કરે તો જડે શું કર્યું ? આત્મા આત્માની અવસ્થા કરે છે. આત્મા સ્વભાવ તરફ ઢળતાં, તે વખતે શરીર તરફનો રાગ ઘટતાં, દેહની ક્રિયા પદ્માસને આદિરૂપે દેહને કારણે થાય છે.

**ટીકા** : અહીં કાયગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે. કોઈ પુરુષને બંધનનું અંતરંગ નિમિત્ત કર્મ છે. કોઈને સાંકળે બાંધે, તેને બંધાવામાં અંતરંગ નિમિત્ત તેનું અશાતાવેદનીય કર્મ છે અને બાહ્ય નિમિત્ત કોઈ માણસનો કાયવ્યાપાર છે. પરને બંધન થાય છે તેનું શું કારણ છે ? તે આચાર્યદેવ અહીં બતાવે છે. બંધનમાં તેનું કર્મ અંતરંગ નિમિત્ત છે.

ઘણે ઠેકાણે કર્મને અંતરંગ નિમિત્ત કહ્યું છે. પરંતુ આ નિયમસારની ૫૩મી ગાથામાં સમ્યગ્દર્શન પામનાર જીવને સમ્યગ્દષ્ટિ-જ્ઞાની અંતરંગ હેતુ-અંતરંગ નિમિત્ત કહ્યા છે, કારણ કે ત્યાં (૫૩મી ગાથામાં) ધર્મની વાત છે. અહીં કર્મની વાત છે. ૫૩મી ગાથા શુદ્ધભાવ અધિકારમાં છે. ત્યાં જેને શુદ્ધભાવ એટલે સમ્યગ્દર્શન પ્રગટ થાય તેમાં ઉપચારથી અંતરંગ નિમિત્ત સામા શુદ્ધભાવવાળાને એટલે કે શુદ્ધભાવપરિણત જ્ઞાનીને કહેલ છે.

આ નિયમસારની ૫૩મી ગાથામાં આચાર્યદેવે તથા ટીકાકાર મુનિમહારાજે સ્પષ્ટ કરી નાંખ્યું છે કે સમ્યગ્દર્શન પામનાર જીવને પ્રથમ એકવાર તો જ્ઞાનીનું જ નિમિત્તપણું હોય છે, મિથ્યાદષ્ટિનો ઉપદેશ કે કેવળ પોતાની મેળે શાસ્ત્રવાંચન સમ્યગ્દર્શનનું નિમિત્ત ન જ બને. ગ્રંથોમાં સાધારણ પ્રચલિત છે કે કર્મ અંતરંગ નિમિત્ત છે.



બંધનનું અંતરંગ કારણ તેનું અશાતાવેદનીય કર્મ છે. તે બંધનનો ભાવ છોડી દેવો અને અંદર સ્વભાવમાં એકાગ્ર થવું તે કાયગુપ્તિ છે. બંધનમાં બાહ્ય નિમિત્ત કોઈ પુરુષનો કાયવ્યાપાર છે. બંધન તો શરીરની-પુદ્ગલની અવસ્થા તે પ્રકારની તે કાળે થવાની હતી તેથી તેને કારણે - શરીરને કારણે - થઈ છે, પણ તેના અંતરંગ તથા બાહ્ય નિમિત્ત કોણ છે તે બતાવે છે. શરીર પોતાના પર્યાયના કાળે બંધાયું છે, પણ અહીં નિમિત્તોનું જ્ઞાન કરાવ્યું છે. શરીર બંધાતા જીવ એવો ભાવ કરે કે આ મને બંધન કરે છે; તે દ્વેષભાવ પોતાના અપરાધથી કરે છે, તેમાં કર્મ આદિ બીજા કોઈનું કારણ નથી. પોતે રાગભાવ કે દ્વેષભાવ કરે તે પોતાનો-જીવનો અપરાધ છે. પોતે અપરાધ કર્યો તો મોહનીય કર્મ નિમિત્ત કહેવાયું. મોહ-રાગ-દ્વેષભાવ પોતાના અપરાધથી થાય છે, કર્મથી નહિ; કર્મ અપરાધ કરાવતું નથી.

અહીં કાયગુપ્તિની વાત ચાલે છે. કાયાની ક્રિયાઓ તરફનું લક્ષ છોડવું અને સ્વભાવમાં એકાગ્ર થવું તે કાયગુપ્તિ છે.

છેદનનું પણ અંતરંગ કારણ કર્મોદય છે, બહિરંગ કારણ પ્રમત્ત જીવની કાયક્રિયા છે. ગજસુકુમારના મસ્તક પર સગડી મુકાઈ તે તો તેના કારણે મુકાવાની હતી તેથી મુકાઈ છે. ત્યાં અંતરંગ નિમિત્ત ગજસુકુમારનું અશાતાવેદનીય કર્મ છે અને બાહ્ય નિમિત્ત સોમિલ છે.

સુકૌશલ મુનિના શરીરને સિંહણ ફાડી ખાય છે, ત્યાં સિંહણનું મોઢું બાહ્ય નિમિત્ત છે, અંતરંગ નિમિત્ત અશાતાવેદનીય કર્મનો ઉદય છે. સિંહણના નિમિત્તે ફાડી ખવાવારૂપ શરીરની ક્રિયા તો થવાની જ હતી, શરીરની છેદવારૂપ-ફાડી ખવાવારૂપ-ક્રિયાનું લક્ષ છોડી, ચિદાનંદ આત્મસ્વરૂપમાં લીન થવું-શરીર પ્રત્યેનો વિકલ્પ તોડી સ્વરૂપમાં એકાગ્ર થવું તે સાચી કાયગુપ્તિ છે.

બીજે બધે ઠેકાણે કર્મને અંતરંગ નિમિત્ત કહે છે પણ ૫૩મી ગાથામાં સમ્યક્ત્વ પરિણામમાં બીજા સમ્યગ્જ્ઞાની જીવને ઉપચારથી અંતરંગહેતુ કહ્યો છે; કારણ કે આ નિયમસાર શાસ્ત્ર છે. તેમાં નિયમ એટલે નિશ્ચયમોક્ષમાર્ગની પ્રધાનતાથી નિરૂપણ છે. મોક્ષમાર્ગ આત્માનો શુદ્ધ પર્યાય છે. તેથી નિશ્ચયમોક્ષમાર્ગનું અંગ જે નિશ્ચયસમ્યગ્દર્શનરૂપ શુદ્ધ પર્યાય, તેમાં અંતરંગ નિમિત્ત કોણ હોય તે બતાવ્યું છે. વિકલ્પ રહિત નિર્મળ વીતરાગી પર્યાયમાં ઉપચારથી અભ્યંતર નિમિત્ત દર્શનમોહના ક્ષય-ક્ષયોપશમ આદિવાળા સમ્યગ્જ્ઞાનીને કહેલ છે. સમ્યગ્જ્ઞાનીમાં જ એ રીતે નિમિત્ત થવાની યોગ્યતા છે, બીજામાં-મિથ્યાદષ્ટિઓમાં નિમિત્ત થવાની યોગ્યતા નથી.

છેદનનું બહિરંગ કારણ પ્રમાદી જીવની કાયક્રિયા કહી છે, અપ્રમાદી જીવની કાયક્રિયા કહી નથી, કારણ કે જ્ઞાનાનંદ સ્વભાવમાં ઝૂલતા મુનિને પ્રમાદભાવ નથી. મુનિ ધ્યાનમાં બેઠા હોય, ઉપરથી લીમડાંનો કોર પડે અને મુનિના શરીરના નિમિત્તે કોરના જીવો મરી જાય તો પણ મુનિ છેદનમાં નિમિત્ત કહેવાતા નથી, કેમ કે પ્રમાદભાવ નથી. જેને પ્રમાદભાવ છે તેની કાયક્રિયાને છેદનમાં નિમિત્ત કહેવાય છે.

મારણનો પણ અંતરંગ હેતુ આંતરિક (નિકટ) સંબંધનો (આયુષ્યનો) ક્ષય છે, બહિરંગ કારણ કોઈની કાયવિકૃતિ છે. કીડી, મકોડા આદિ ત્રસ જીવનું કે વનસ્પતિ આદિ સ્થાવર જીવનું મરણ થાય છે તે તેનું આયુષ્ય પૂરું થવાના કારણે થાય છે, બીજા કોઈમાં તેને મારી નાંખવાની તાકાત નથી. અહીં આંતરિક સંબંધનો અર્થ વર્તમાન જે આયુષ્ય ઉદયમાં છે તે સમજવું. ભવિષ્યનું આયુષ્ય બાંધ્યું હોય તે ન સમજવું. વર્તમાન ગતિનું આયુષ્ય ઉદયરૂપ હોવાથી તેની સાથે નિકટનો સંબંધ કહ્યો. ભવિષ્યનું આયુષ્ય સત્તામાં પડ્યું છે તેની અહીં વાત નથી. વર્તમાન ઉદયરૂપ આયુષ્યનો ક્ષય તે મરણનું અંતરંગ નિમિત્ત છે, બહિરંગ નિમિત્ત કોઈની કાયવિકૃતિ છે.

મુનિ અપ્રમત્ત સંયમમાં ઝૂલતા હોય છે. તેમને સ્વભાવના આશ્રયે રાગ ઘટીને ઘણો વીતરાગ ભાવ પ્રગટ્યો છે. માટે મુનિ કોઈને મારણનું નિમિત્ત નથી. લીલોતરી - દુધી, તુરિયા વગેરેનું મરણ થાય, તેમાં તે જીવના આયુષ્યનો ક્ષય અંતરંગ કારણ છે, કાપનાર જીવની કાયવિકૃતિ તે બાહ્ય નિમિત્ત છે.

કોઈ જીવ કોઈને મારી શકતો નથી, પણ સામાનો આયુષ્ય પૂરો થવાનો કાળ હોય તે વખતે તે પ્રકારની કાયવિકૃતિવાળાને નિમિત્તપણાનો આરોપ આવે છે. એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો એવો અર્થ નથી કે એક પદાર્થ બીજાને કાંઈ પણ કરી દે. દરેકે દરેક પદાર્થ પોતામાં દરેક સમયે પરિણમન સ્વભાવવાળો છે. નિમિત્ત-પદાર્થ નૈમિત્તિકમાં કાંઈ કરતો નથી. અને નૈમિત્તિક પદાર્થ નિમિત્તમાંથી કાંઈ લેતો નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દરેક પદાર્થની પૃથકતા બતાવે છે.

આકુંચન, પ્રસારણ વગેરેનો હેતુ સંકોચવિસ્તારાદિકના હેતુભૂત સમુદ્ઘાત છે. સમુદ્ઘાતનું અંતરંગ કારણ સમુદ્ઘાતનું નિમિત્ત એવું તે પ્રકારનું કર્મ છે. આ કાયક્રિયાઓની નિવૃત્તિ તે કાયગુપ્તિ છે. ખરેખર કાયક્રિયાની નિવૃત્તિ આત્મા કરી શકતો નથી, પણ તે તરફનું લક્ષ છોડવું અને સ્વભાવમાં વળવું તેને કાયક્રિયાની નિવૃત્તિ કરી એમ કહે છે.

**શ્લોક ૯૩**

(अनुष्टुभ्)

**मुक्त्वा कायविकारं यः शुद्धात्मानं मुहुर्मुहुः ।**
**संभावयति तस्यैव सफलं जन्म संसृतौ ॥ ९३ ॥**

**શ્લોકાર્થ :** કાયવિકારને છોડીને જે ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે, તેનો જ જન્મ સંસારમાં સફળ છે. ॥ ૯૩ ॥

બાકી પૈસા કમાય, આબરૂ મેળવે કે પુણ્ય ઉપાર્જન કરે તેનો જન્મ સફળ નથી. આત્મા શુદ્ધ



ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ પદાર્થ છે. તે પરની-જડની ક્રિયા રહિત છે. તથા શુભ-અશુભ વિકારી ભાવોથી રહિત છે; તે ભાવો આત્માનું સ્વરૂપ નથી એમ સમ્યક્ ભાવના કરવી. તે ભાવના કેમ થાય ? આત્મસ્વભાવની સાચી રૂચિ કરવાથી. રુચિ અનુયાયી વીર્ય, સ્વભાવની સાચી રુચિ કરે તો સ્વભાવની સાચી ભાવના પ્રગટે. અહીં ભાવનાનો અર્થ વિકલ્પ નથી, પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં એકાગ્રતા છે. જે જીવ સ્વભાવમાં એકાગ્રતારૂપ ભાવના વારંવાર કરે છે તેનો જન્મ સફળ છે, બીજાનો નહિ.

## ગાથા ૬૯

**जा रायादिणियत्ती मणस्स जाणीहि तं मणोगुत्ती।**
**अलियादिणियत्तिं वा मोणं वा होइ वइगुत्ती॥ ६९ ॥**
**મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તે મનગુપ્તિ છે;**
**અલીકાદિની નિવૃત્તિ અથવા મૌન વાચાગુપ્તિ છે. ૬૯.**

**અન્વયાર્થ** : મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તેને મનોગુપ્તિ જાણ. અસત્યાદિની નિવૃત્તિ અથવા મૌન તે વચનગુપ્તિ છે.

ભગવાન કુંદકુંદ આચાર્યદેવ કહે છે કે હે શિષ્ય ! મનમાંથી રાગાદિની નિવૃત્તિ તેને અમે મનોગુપ્તિ કહીએ છીએ, તેને તું જાણ. અસત્ય વચનની નિવૃત્તિ અથવા મૌન તેને પણ વચનગુપ્તિ કહે છે.

**ટીકા** : આ, નિશ્ચયનયથી એટલે કે સાચી દૃષ્ટિથી મનોગુપ્તિ અને વચનગુપ્તિનું કથન છે.

સકળ મોહ-રાગ-દ્વેષના અભાવને લીધે અખંડ અદ્વૈત પરમ ચૈતન્યના સ્વરૂપમાં સમ્યક્‌પણે અવસ્થિત રહેવું તે જ નિશ્ચયમનોગુપ્તિ છે. હે શિષ્ય ! તું તેને ખરેખર અચલિત મનોગુપ્તિ જાણ. હું અખંડ અદ્વૈત પરમ જ્ઞાનમૂર્તિ આત્મા છું, ગુણ-ગુણીનો ભેદ પણ મારામાં નથી, પુણ્ય આદિનો વિકલ્પ પણ મારામાં નથી. આવા પરમ જ્ઞાનસ્વરૂપમાં સમ્યક્‌પણે અવસ્થિત રહેવું તે જ ખરી એટલે કે નિશ્ચયમનોગુપ્તિ છે. અહીં અખંડ અદ્વૈત પરમ ચૈતન્ય તે ત્રિકાળી દ્રવ્ય છે અને તેમાં સમ્યક્‌પણે અવસ્થિત રહેવું તે પર્યાય છે. આનું નામ નિશ્ચયમનોગુપ્તિ છે. અચલિત જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં સ્થિર રહેવું તે નિશ્ચયમનોગુપ્તિ છે. હે શિષ્ય ! તેને તું જાણ !

સમસ્ત અસત્યભાષાનો પરિહાર અથવા મૌન તે વચનગુપ્તિ છે. જૂઠું બોલવાના નિમિત્તનું - અસત્યભાષાનું- લક્ષ છોડવું, અસત્ય બોલવાના રાગનું લક્ષ છોડવું અને જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર થવું તો મૌન છે. મુનિ આહાર લેતી વખતે મૌન હોય છે તે વાણીથી મૌન છે-શુભ વિકલ્પ છે. અંદર શુભ વિકલ્પનો પણ અભાવ કરી શુદ્ધ સ્વરૂપમાં ઠરવું તે આભ્યંતર મૌન છે. વાણી તરફનું લક્ષ છોડી સ્વભાવમાં એકાગ્ર થવું તે નિશ્ચયવચનગુપ્તિ છે.

મૂર્ત દ્રવ્યને ચેતનાનો અભાવ હોવાને લીધે અને અમૂર્ત દ્રવ્ય ઇન્દ્રિયજ્ઞાનથી અગોચર હોવાને લીધે બન્ને પ્રત્યે વચનપ્રવૃત્તિ થતી નથી.

મુનિ વિચારે છે કે જડમાં ચેતના નથી તો પછી કોની સાથે વાત કરું-એટલે કે વાત કરવાનો વિકલ્પ કરું. અને સામો આત્મા અરૂપી છે, તે તો દેખાતો નથી, તેથી કોની સાથે વાત કરું. જાણનારો સામો જીવ દેખાતો નથી અને જડ પુદ્‌ગલ જે દેખાય છે તે કાંઈ જાણતું નથી. એ રીતે બન્ને પ્રત્યે



વચનપ્રવૃત્તિ બની શકતી નથી. આ એક આવો વિકલ્પ છે તેની વાત કરે છે. આત્માના ભાન સહિત જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં, વચન તરફનું લક્ષ છોડી, લીન થવું તે નિશ્ચયગુપ્તિ છે. મૌન એટલે કે ભાષારહિત તો એકેન્દ્રિય પણ છે. પણ તેને આત્માનું ભાન નથી. અહીં તો આત્માના ભાન સહિત, સ્વરૂપમાં ઠરતાં વિકલ્પ ન ઊઠે તેને મૌન કહે છે. આ રીતે નિશ્ચયવચનગુપ્તિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.

## શ્લોક ૯૪

(शार्दूलविक्रीडित)

**शस्ताशस्तमनोवचस्समुदयं त्यक्त्वात्मनिष्ठापरः**
**शुद्धाशुद्धनयातिरिक्तमनघं चिन्मात्रचिन्तामणिम्।**
**प्राप्यानंतचतुष्टयात्मकतया सार्धं स्थितां सर्वदा**
**जीवन्मुक्तिमुपैति योगितिलकः पापाटवीपावकः॥ ९४॥**

**શ્લોકાર્થ** : પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવો યોગિતિલક (મુનિશિરોમણી) પ્રશસ્ત-અપ્રશસ્ત મન-વાણીના સમુદાયને છોડીને આત્મનિષ્ઠામાં પરાયણ રહેતો થકો, શુદ્ધનય અને અશુદ્ધનયથી રહિત એવા અનઘ (-નિર્દોષ) ચૈતન્યમાત્ર ચિંતામણીને પ્રાપ્ત કરીને, અનંતચતુષ્ટયાત્મકપણા સાથે સર્વદા સ્થિત એવી જીવનમુક્તિને પામે છે. ॥ ૯૪ ॥

અહીં પુણ્ય અને પાપ બે ય પાપરૂપી અટવી છે એમ સમજવું. પુણ્ય-પાપરૂપી અરણ્યને બાળવામાં અગ્નિ સમાન મુનિશિરોમણી, શુભ અશુભ બે યને છોડી દઈને, જ્ઞાનાનંદ સ્વભાવમાં તત્પર રહે છે. જેને આત્મા, દ્રવ્યથી ત્રિકાળ શુદ્ધ છે અને પર્યાયમાં અશુદ્ધ છે, એવા શુદ્ધ અને અશુદ્ધનયના વિકલ્પ ઊઠતા નથી; તે મુનિ શુદ્ધ અને અશુદ્ધનયના વિકલ્પથી રહિત નિર્દોષ ચૈતન્યમાત્ર ચિંતામણીને પ્રાપ્ત કરીને અનંતચતુષ્ટયાત્મક -અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યાત્મક સ્વરૂપ સાથે સદા સર્વદા સ્થિત જીવનમુક્તિને પામે છે. ચૈતન્યમાત્ર ચિંતામણીમાં એકાગ્ર થાય એટલે નવી નવી શુદ્ધ અવસ્થા થાય એવો આત્મા છે. આવા આત્માના જ્ઞાન સહિત મુનિ સ્વરૂપમાં લીનતા વડે અનંતચતુષ્ટયાત્મકપણા સાથે સર્વદા સ્થિત જીવનમુક્તિને પામે છે. દેહ સહિત છે એટલે જીવનમુક્ત છે, દેહમુક્ત થતાં વિદેહમુક્ત થશે. અનંતજ્ઞાન આદિ અનંતચતુષ્ટય સાથે ચૈતન્ય જીવનજ્યોત અનંતકાળ સુધી ટકી રહે છે. આવા મુનિને નિશ્ચયમનોગુપ્તિ હોય છે, બીજાઓને -મિથ્યાદૃષ્ટિઓને- આ ગુપ્તિ હોતી નથી.

**કારતક વદ ૩, શુક્રવાર, ૧૬-૧૧-૫૧.**

**ગાથા ૭૦**

**कायकिरियाणियत्ती काउस्सग्गो सरीरगे गुत्ती।**
**हिंसाइणियत्ती वा सरीरगुत्ति त्ति णिद्दिट्ठा॥ ७०॥**
**જે કાયકર્મનિવૃત્તિ કાયોત્સર્ગ તે તનગુપ્તિ છે;**
**હિંસાદિની નિવૃત્તિને વળી કાયગુપ્તિ કહેલ છે. ૭૦.**

**અન્વયાર્થ** : કાયક્રિયાઓની નિવૃત્તિરૂપ કાયોત્સર્ગ શરીરસંબંધી ગુપ્તિ છે; અથવા હિંસાદિની નિવૃત્તિને શરીરગુપ્તિ કહી છે.

આ કાયોત્સર્ગનો અધિકાર છે. શરીર, વાણી જડ છે, તેની અવસ્થા થાય તેનું લક્ષ છોડવું અને જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા છે તેનું ભાન કરીને તેમાં એકાગ્ર થવું તે નિશ્ચયકાયગુપ્તિ છે. કાયા ઉપરથી લક્ષ છોડી 'હું ચૈતન્ય જ્ઞાનાનંદસ્વરૂપ છું' એમ આત્માની સાચી સમજણ કરીને તેમાં લીન થવું-એકાગ્ર થવું તેનું નામ કાયોત્સર્ગ છે. કાયા-મન-વાણી જડ છે, આત્માથી પર છે. આ શરીર કાયા આત્માની નથી. આત્મા જ્ઞાનસ્વભાવી ત્રિકાળી વસ્તુ છે. ચૈતન્ય એટલે કે જાણવું-દેખવું તે તેનું શરીર છે. આ હાડ-માંસનું શરીર પુદ્‌ગલ છે, જડ છે. બીજું એક સૂક્ષ્મ કાર્માણ શરીર છે તે પણ જડ છે અને કાર્માણ શરીરના આશ્રયે થતો જે શુભ-અશુભભાવ તે આત્માનો અપરાધ છે, તે પણ આત્માનું સ્વરૂપ નથી. એ રીતે શરીર, કાર્માણ શરીર અને તેના આશ્રયે થતાં શુભાશુભ વિકારીભાવ એ ત્રાણેનું લક્ષ છોડી આત્મામાં એકાગ્ર થવું તે કાયોત્સર્ગ છે.

લોકો કહે છે કે કાઉસગ્ગ કરો-ધ્યાન કરો, પણ આત્માના ભાન વિના શેનું ધ્યાન કરે ? દયા-દાન આદિ પુણ્યના ભાવ કે હિંસાદિ પાપના ભાવ થાય તે બધા કાર્માણ શરીર તરફના ભાવ છે, કર્મ તરફનો વિકાર છે. તેનું લક્ષ છોડી 'હું ચૈતન્ય જ્ઞાતાદ્રવ્ય છું' એમ આત્મભાન સહિત સ્વરૂપમાં લીન થઈને કાયાનું લક્ષ છૂટી જવું તે કાયોત્સર્ગ છે -તે ધર્મ છે. વચ્ચે વિકલ્પ ઊઠે તે પુણ્ય છે, તે ધર્મ કે ધર્મનું સાધન નથી.

પુણ્ય-પાપ તથા રાગાદિ પરિણામરૂપ હિંસાથી નિવૃત્ત થઈ સ્વરૂપ ઠરવું તેને કાયોત્સર્ગ-નિશ્ચય શરીરગુપ્તિ કહે છે. અહીં નિશ્ચયગુપ્તિની વાત છે. સ્વભાવનું ભાન કરી સ્વરૂપમાં ઠરતાં વચ્ચે શુભ રાગ રહે તે પુણ્ય છે-વ્યવહારગુપ્તિ છે. રાગ રહિત સ્વરૂપમાં લીન થવું તે નિશ્ચયગુપ્તિ છે. આ અપૂર્વ કાયોત્સર્ગ છે. પુણ્ય-પાપની લાગણી છોડી સ્વરૂપમાં લીન થવું તેને ધર્મ કહે છે.

કોઈ કહે કે શરીર-વાણી-મનને કાબુમાં રાખવા તે ગુપ્તિ છે, તો તે બરાબર નથી. શરીર આદિ



જડ છે, તેને કાબુમાં રાખી શકાય નહિ કેમ કે પરદ્રવ્ય ઉપર આત્માનો અધિકાર નથી. અહીં તો શરીર આદિ તરફનું લક્ષ છોડી, પુણ્ય-પાપના ભાવનું પણ લક્ષ છોડી આત્મામાં એકાગ્ર થવું તે ગુપ્તિ છે-ધર્મ છે.

**ટીકા** : આ નિશ્ચયશરીરગુપ્તિના સ્વરૂપનું કથન છે.

દેહની-જડની-નિમિત્તની ક્રિયા આત્મા અટકાવી શકતો નથી. આત્મસ્વરૂપમાં લીન થતાં દેહ-વાણી આદિની ક્રિયા એની મેળે અટકી જાય છે. દેહ આદિ તરફનો આશ્રય છોડી, ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવનો આશ્રય લેવો તેને કાયોત્સર્ગ કહે છે. વીતરાગ સર્વજ્ઞ ભગવાન તેને નિશ્ચયકાયગુપ્તિ કહે છે.

અથવા સ્થાવર અને ત્રસ જીવોની હિંસાનિવૃત્તિ તે કાયગુપ્તિ છે. સ્થાવર અને ત્રસની હિંસાના ભાવ થવા ન દેવા અને સ્વભાવમાં-જ્ઞાનાનંદસ્વરૂપમાં લીનતા કરવી તેને ભગવાન સર્વજ્ઞદેવ ગુપ્તિ કહે છે.

આત્માના યથાર્થ ભાન સહિત, સ્વરૂપમાં લીનતારૂપ આવી ગુપ્તિ જો એક સેકંડ પણ થઈ હોય તો તેની મુક્તિ થયા વગર રહે નહિ. પણ જીવને અનાદિકાળમાં આત્મભાન સહિત આવી ગુપ્તિ એક સેકંડ પણ પ્રગટી નથી.

ગૃહસ્થાશ્રમમાં-શ્રાવકદશામાં સ્વભાવનું ભાન કરી જેટલો લીન થાય તેટલે અંશે તેને પણ ગુપ્તિ હોય છે.

જે પરમસંયમધર પરમજિનયોગીશ્વર પોતાના ચૈતન્યરૂપ શરીરમાં પોતાના ચૈતન્યરૂપ શરીરથી પ્રવેશી ગયા, તેમની અપરિસ્પંદમૂર્તિ જ(-અકંપદશા જ) નિશ્ચયકાયગુપ્તિ છે.

ચૈતન્ય જાણનાર-દેખનાર છે. તે પોતાનું (-આત્માનું) શરીર છે. હાડકાં-લોહી-માંસનું બનેલું તે પોતાનું શરીર નથી. સ્વભાવમાં જેનું જોડાણ છે એવા જે પરમ જિનયોગીશ્વર ચૈતન્ય જ્ઞાનાનંદરૂપ શરીરમાં પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ શરીરથી પ્રવેશી ગયા, તેમની અકંપદશા જ નિશ્ચયકાયગુપ્તિ છે. અહીં અકંપપણું યોગના કંપન સંબંધી ન સમજવું, પણ દયા-દાન આદિ વૃત્તિના શુભાશુભ વિકલ્પરૂપ ચંચળતાના અભાવને લીધે અકંપપણું સમજવું. અહીં સંસ્કૃત ટીકામાં **''स्वकीयं वपुः स्वस्य वपुषा विवेश''** કહ્યું છે. તેનો અર્થ એમ છે કે જે પોતાના ધ્રુવ જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળી શરીરમાં, વર્તમાન જ્ઞાનાનંદ સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં વીતરાગી રમણતારૂપ શરીર વડે - શુદ્ધ પર્યાય વડે પ્રવેશી ગયા તે પરમ જિનયોગીશ્વરની દયા-દાન આદિ શુભાશુભ વિકારી વૃત્તિના અભાવરૂપ અકંપદશા જ નિશ્ચયકાયગુપ્તિ છે.

અહીં, ત્રિલોકીનાથ ભગવાન વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે કે તારાથી જુદું ન પડે તે તારું શરીર

કહેવાય. આ જડ શરીર તો છૂટી જાય છે માટે તે તારું શરીર નથી, જેના આશ્રયે શુભાશુભભાવ થાય છે તે કાર્માણ શરીર પણ આત્માનું ભાન કરી, સ્વરૂપમાં ઠરીને પૂર્ણદશા પ્રગટ થતાં છૂટી જાય છે, માટે તે કર્મ શરીર પણ આત્માનું શરીર નથી; તથા કર્મ શરીરના લક્ષે જે શુભાશુભ વિકારી ભાવો થાય છે તે પણ આત્માનો-ત્રિકાળી શુદ્ધ સ્વભાવનો આશ્રય કરતાં ટળી જાય છે, માટે વિકારી ભાવો પણ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું શરીર તો જાણવું-દેખવું ઇત્યાદિ છે ને તે પોતાનો સ્વભાવ હોવાથી કાયમ ટકે છે. આત્માનું આ જ્ઞાનાનંદસ્વરૂપ શરીર આત્માથી કદી છૂટતું નથી, પોતાના જ્ઞાનાનંદ શરીરમાં (દ્રવ્યમાં) જે પરમ મુનિવર પોતાના જ્ઞાનશરીર વડે (-શુદ્ધ પર્યાય વડે) પ્રવેશી ગયા-આત્મસ્વરૂપમાં લીન થયા તેને નિશ્ચયકાયગુપ્તિ છે.

લોકો કહે છે કે સામાયિક કરવાનું કહો ને ? ભાઈ, પ્રથમ સાચી સમજણ કર ! હજી સાચી સમજણ પણ નથી તેને સામાયિક ક્યાંથી થાય ? સામાયિક તો વ્રત છે, તે પાંચમે ગુણસ્થાને હોય છે. ચોથા વગર પાંચમું ક્યાંથી આવશે ? માટે અહીં પ્રથમ આત્માની સાચી સમજણ કરવાની વાત ચાલે છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ છે, તેમાં પ્રવેશ કરે તો ધર્મ થાય, બાકી પુણ્ય કરે તો દેવ થાય અને સ્વર્ગની ધૂળ મળે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવના મૂળ પાઠમાં શરીર સંબંધી ગુપ્તિની વાત છે. તેમાંથી પદ્મપ્રભમલધારિદેવે આત્મા સંબંધી ગુપ્તિ કાઢી છે.

એવી રીતે તત્ત્વાનુશાસનમાં શ્લોક દ્વારા કહ્યું છે કે :

(अनुष्टुभ्)

**उत्सृज्य कायकर्माणि भावं च भवकारणम्।**
**स्वात्मावस्थानमव्यग्रं कायोत्सर्गः स उच्यते॥**

**શ્લોકાર્થ** : કાયક્રિયાઓને તથા ભવના કારણભૂત (વિકારી) ભાવને છોડીને અવ્યગ્રપણે નિજ આત્મામાં સ્થિત રહેવું, તે કાયોત્સર્ગ કહેવાય છે.

કાયાનું જડના-પર્યાયોનું લક્ષ છોડીને આત્મામાં વળવું તેને કાયાની ક્રિયા છોડી કહેવાય. જે ભાવે ભવ મળે તે વિકાર છે. ભલે પછી તે દેવ-ગુરુ તરફનો ભાવ હોય તો પણ તે વિકાર હોવાથી ભવનું કારણ છે. ભવના કારણ એવા સમસ્ત પુણ્ય-પાપના ભાવને છોડી નિજ આત્મામાં લીન થવું તેને ભગવાન કાયોત્સાર્ગ કહે છે. આનું નામ ધર્મ છે. બાકી આત્માની સમજણ વગર ૪૦ લોગસ્સનો કાઉસગ્ગ કરે તેનાથી આત્માને કાંઈ લાભ નથી. જો તે વખતે જરી શુભ રાગ હોય તો પુણ્ય બાંધે, પણ ધર્મ થતો નથી. ધર્મી જીવને આત્માનું ભાન તો છે જ, પણ વિશેષ સ્થિરતા-નિર્વિકલ્પ રમણતા-



ન થઈ શકે, ત્યાં શુભ રાગ રહે તેને વ્યવહાર કાયોત્સર્ગ કહે છે.

### શ્લોક ૯૫

(अनुष्टुभ्)

**अपरिस्पन्दरूपस्य परिस्पन्दात्मिका तनुः।**
**व्यवहाराद्भवेन्मेऽतस्त्यजामि विकृतिं तनोः॥ ९५॥**

**શ્લોકાર્થ** : અપરિસ્પંદાત્મક એવા મને પરિસ્પંદાત્મક શરીર વ્યવહારથી છે; તેથી હું શરીરની વિકૃત્તિને તજું છું. ॥ ૯૫ ॥

આત્મા કેવો છે ? આત્મા કંપન વિનાનો, ત્રિકાળી જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ સચ્ચિદાનંદમૂર્તિ વસ્તુ છે. કંપન એટલે કે શરીર, વાણી અને મન સંબંધી કંપન તથા રાગ-દ્વેષ, શુભ-અશુભ વિકાર. તે વિનાનો આત્મા છે. આ પ્રમાણે આત્માનું ત્રિકાળી સ્વરૂપ તે નિશ્ચય છે, અને પર્યાયમાં પરિસ્પંદ-શરીર-વાણી-મન સંબંધી કંપન તથા દયા-દાન આદિ વિકારીભાવ છે તે વ્યવહાર છે. ત્રિકાળી અપરિસ્પંદસ્વરૂપ-અકંપસ્વરૂપ ચૈતન્યનું ભાન તો કર્યું છે, હવે હું અકંપસ્વરૂપ આત્મામાં લીનતા વડે પરિસ્પંદાત્મક જડ શરીર, આત્મપ્રદેશોમાં કંપનરૂપ શરીર તથા પુણ્ય-પાપના ભાવરૂપ -વિકારી ભાવરૂપ- શરીરને તજું છું. નિશ્ચયથી તે કંપન તથા વિકારીભાવ મારામાં નથી, એમ પ્રથમ નક્કી કરી, સ્વભાવમાં ઠરવું તેનું નામ કાયોત્સર્ગ છે.

કામ, ક્રોધ આદિ બધી લાગણીઓ કાર્માણ શરીરનો વિકાર છે, તે આત્માનું સ્વરૂપ નથી, તે બધું તજીને આત્મામાં લીન થવું તે કાયોત્સર્ગ-કાયગુપ્તિ છે. વિકારીભાવ વ્યવહારથી છે એટલે કે એક સમય પૂરતો પર્યાયમાં પરને લક્ષે થાય છે, પણ તે ત્રિકાળી સ્વભાવમાં નથી. માટે શરીરની વિકૃત્તિ તજું છું એટલે કે શરીર, કર્મ અને વિકાર છોડી આત્મામાં લીન થાઉં છું. આનું નામ નિશ્ચયકાયોત્સર્ગ અને નિશ્ચયકાયગુપ્તિ છે.

અહીં ગુપ્તિ સંબંધીનું કથન પુરું થયું. હવે પંચપરમેષ્ઠીનું સ્વરૂપ બતાવશે. તેમાં પ્રથમ અરિહંત ભગવાનનું સ્વરૂપ બતાવે છે. અરિહંતદેવ આપણા પોતાના આત્માથી પર છે, માટે તે વ્યવહારથી માનવા યોગ્ય છે. પોતાનો ત્રિકાળી જ્ઞાનાનંદ શુદ્ધ આત્મા પોતાને માનવા યોગ્ય છે તે નિશ્ચય છે; અને અહીં અરિહંત ભગવાન માનવા યોગ્ય છે તે વ્યવહાર છે. અરિહંત ભગવાન પ્રત્યે થતાં શુભભાવથી આત્માને લાભ નથી એમ માને તો અરિહંત ભગવાનને વ્યવહારથી માન્યા કહેવાય.

### ગાથા ૭૧

**घणघाइकम्मरहिया केवलणाणाइपरमगुणसहिया।**
**चोत्तिसअदिसयजुत्ता अरिहंता एरिसा होंति॥ ७१॥**

**ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે,**
**કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૭૧.**

**અન્વયાર્થ** : ઘનઘાતીકર્મ રહિત, કેવળજ્ઞાનાદિ પરમ ગુણો સહિત અને ચોત્રીશ અતિશય સંયુક્ત; આવા અર્હંતો હોય છે.

અર્હંત ભગવાનના આત્માએ આત્માનું ભાન કરી તથા તેમાં પરિપૂર્ણ લીનતા વડે ચાર ઘન એટલે કે ઘાટાં ઘાતીકર્મનો નાશ કર્યો છે, તથા કેવળજ્ઞાન-દર્શન આદિ પરમ ગુણોને પ્રાપ્ત કર્યા છે. આત્મા ત્રિકાળ જ્ઞાનમૂર્તિ છે તેનું ભાન કરી, તેમાં એકાગ્ર થઈ અનંતજ્ઞાન પ્રગટ કર્યું, આત્મા ત્રિકાળી દર્શનશક્તિથી ભરેલો છે, તેમાં એકાગ્ર થઈ અનંતદર્શન પ્રગટ કર્યું; આત્મા ત્રિકાળી સુખશક્તિથી ભરેલો પડ્યો છે, તેમાં એકાગ્ર થઈ અનંતસુખ પ્રગટ કર્યું અને આત્મા ત્રિકાળી વીર્યશક્તિની મૂર્તિ છે તેમાં એકાગ્ર થઈ અનંતવીર્ય પ્રગટ કર્યું. એ રીતે કેવળજ્ઞાન આદિ પરમ ગુણો સહિત શ્રી અરિહંત ભગવાન છે, તથા અરિહંત ભગવાન પુણ્ય પ્રકૃતિના ફળસ્વરૂપ ૩૪ અતિશય સહિત છે. અરિહંત ભગવાનના કથનનો આશય સમજી આત્માને સમજે તેણે વ્યવહારથી અરિહંત ભગવાનને માન્યા કહેવાય.

**ટીકા** : અરિહંત ભગવાન કેવા હોય છે ? જેઓ આત્મગુણના ઘાતક ઘાતીકર્મો છે અને જેઓ ઘન એટલે કે ઘાટાં છે એવા જે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય ને મોહનીય કર્મો તેનાથી રહિત વર્ણવવામાં આવેલા છે.

ખરેખર કર્મ આત્માના ગુણને ઘાતતા નથી, પોતે સ્વરૂપથી ચૂકે છે તો કર્મને નિમિત્તપણાનો આરોપ આવે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનો એટલે કે એક દ્રવ્યનો પર્યાય બીજા દ્રવ્યના પર્યાયનો ઘાત કરે એમ ન જ બની શકે કારણ કે ત્રિકાળી એવો સિદ્ધાંત છે કે વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી (એક પદાર્થ બીજા પદાર્થને) જરા ય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી. દરેક પદાર્થ પોતાના પર્યાયને કરે, અન્ય પદાર્થને કાંઈ ન કરે.

અજ્ઞાની જીવે ''હું આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છું, કર્મ કે રાગ આદિ વિકાર મારામાં છે નહિ'' એવો નિશ્ચય કર્યો નથી, તેથી તે જ્ઞાન-દર્શનની હીણી અવસ્થા કરવા સ્વરૂપ પોતે પોતાનો ઘાત કરે છે ત્યારે જ્ઞાન-દર્શનાવરણ કર્મને નિમિત્ત કહેવાય છે. આત્મા પોતે જ્ઞાનાનંદ સ્વભાવનો પિંડ



છે, તે પોતાના સ્વરૂપને ચૂકીને હીણી અને વિપરીત અવસ્થારૂપે પરિણમ્યો, ત્યાં નિમિત્ત કર્મ છે, તેથી કર્મે હણ્યો એમ વ્યવહારથી કહેવાય છે. ખરેખર આત્મા કર્મથી હણાતો નથી. પોતાના ઊંધા પુરુષાર્થથી પોતે પોતાના ગુણનો ઘાત કરે છે, ત્યારે કર્મને નિમિત્તપણાનો આરોપ આવે છે કે - આણે આને હણ્યો.

વળી, ઘાતીકર્મને ઘાટાં કહ્યાં. જેમ ઘાટાં વાદળ સૂર્યના પ્રકાશને રોકે છે તેમ આત્માના ગુણોને ઘાટાં ઘાતિકર્મ રોકે છે એમ કહેવાય છે પણ ખરેખર એમ નથી. ઘાટાં વાદળ સૂર્યના પ્રકાશને રોકે છે તે તો સમજવા માટે દાખલો આપ્યો છે. આત્મા જ્યાં પોતાના સામર્થ્યથી જાગતો ઊઠ્યો ત્યાં કોઈ તેને રોકવા સમર્થ નથી.

<u>જ્ઞાનાવરણ</u> = આત્મા પોતે જાણનાર-દેખનાર સ્વભાવમાં ન રહેતાં, હું પરને લાભ કરી દઉં અને પર મને લાભ કરી શકે છે એવી પરાધીન માન્યતા કરતાં, જ્ઞાન હીણું થાય છે, તે હીણતામાં નિમિત્ત જે કર્મ તેને જ્ઞાનાવરણ કહે છે.

<u>દર્શનાવરણ</u> = આત્માનો ત્રિકાળી દર્શનસ્વભાવ છે, તેમાં ન રહેતાં, દર્શન હીણું પરિણમે છે, તેમાં નિમિત્ત જે કર્મ તેને દર્શનાવરણ કર્મ કહે છે.

**<u>અંતરાય</u>** = આત્મબળને જીવ શુભ-અશુભભાવમાં રોકે છે તેથી પર્યાયમાં આત્માનું વીર્ય હણાય છે, તેમાં અંતરાય કર્મ નિમિત્ત કહેવાય છે.

**<u>મોહનીય</u>** = દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ મોહનીયના બે ભેદ છે. જીવ પોતે આત્માને ભૂલે અને પરમાં-રાગમાં પોતાપણું માને, તે ભાવ મિથ્યાત્વ છે. તેમાં દર્શનમોહનીય કર્મ નિમિત્ત છે. જીવ પોતે શુભ-અશુભ રાગ કરે છે, તે પોતાનો અપરાધ છે, તેમાં ચારિત્રમોહનીય કર્મ નિમિત્ત છે.

સર્વજ્ઞ ભગવાન શ્રી અરિહંતદેવને આ ચાર કર્મ રહિત વર્ણવવામાં આવ્યા છે. અત્યારે મહા-વિદેહક્ષેત્રમાં અરિહંતદશામાં શ્રી સીમંધર ભગવાન બિરાજે છે. તેમને ત્રણ લોક ત્રણ કાળનું જ્ઞાન વર્તે છે, ચાર અઘાતીકર્મ બાકી છે, સમવસરણમાં વાણીના કારણે ઉપદેશ થઈ રહ્યો છે. ભગવાન ઉપદેશ આપે છે તે નિમિત્તનું કથન છે.

પૂર્વે ઊંધા પુરુષાર્થથી વાવેલાં જે ચાર ઘાતીકર્મ તેના નાશથી પ્રાપ્ત થાય છે એવાં, ત્રણ લોકને પ્રક્ષોભના હેતુભૂત સર્વથા નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળશક્તિ અને કેવળસુખ સહિત અરિહંત ભગવાન છે.

ભગવાન ચૈતન્યસૂર્ય કે જેના કિરણો પુણ્ય-પાપમાં અટકતાં હતાં તેને રોકીને સંપૂર્ણપણે સ્વભાવમાં વાળતાં કેવળજ્ઞાન થાય છે, ત્યારે ત્રણે લોકમાં આનંદનો ખળભળાટ થાય છે. ઈન્દ્રના ઈન્દ્રાસન

કંપે છે. ઈન્દ્રિ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જાણે છે કે અહો - ત્રિલોકીનાથ તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ્યું છે. ઈન્દ્ર પોતાના પરિવાર સહિત ભગવાનનો કેવળજ્ઞાન કલ્યાણક ઊજવવા આવે છે. નારકીઓને પણ બે ઘડી શાતાનો અનુભવ થાય છે. કેવળજ્ઞાનમાં ત્રણ લોક ત્રણ કાળ હસ્તકમલવત્ જણાય છે. જાણવામાં કાંઈ પણ બાકી રહેતું નથી. જેમ તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થવાના પ્રસંગે ત્રણ લોકમાં આનંદમય ખળભળાટ થાય છે તેમ તેના જન્મ-દીક્ષા આદિ કલ્યાણક પ્રસંગે પણ થાય છે. એવો જગતને અને ભગવાનના પુણ્યને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે આનંદમય ખળભળાટ કોઈ કરાવે નહિ અને થયા વિના રહે પણ નહિ એવો સહજ યોગ છે. તે આનંદ ભગવાનને કારણે થાય છે એમ નથી, સૌને પોતપોતાના કારણે થાય છે ત્યારે ભગવાનનું નિમિત્ત કહેવાય છે.

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે - એમ આત્માને જ્ઞાન દ્વારા પકડી અંતર એકાગ્ર થયો એટલે કેવળજ્ઞાન પ્રગટ્યું. તેની સાથે સ્વરૂપરચનાના સામર્થ્યરૂપ જે અનંતવીર્ય-સંપૂર્ણ વીર્ય-કેવળવીર્ય તે પણ પ્રગટ્યું તથા કેવળસુખ-એકલો આનંદપિંડ-સચ્ચિદાનંદ જે શક્તિરૂપે હતો તે પણ પર્યાયમાં પ્રગટ થયો.

કોઈ પરપદાર્થની ક્રિયા અટકાવવા કોઈની તાકાત નથી; જે કોઈ વસ્તુ છે તે વર્તમાન પોતાના પલટનથી ઊભી છે. એમ પ્રથમ નિર્ણય કરી સ્વરૂપમાં ઠરે તેને કેવળજ્ઞાન પ્રગટે છે.

વળી કેવા છે અરિહંત ભગવાન ? અરિહંત ભગવાન સ્વેદ રહિત, મળ રહિત ઈત્યાદિ ચોત્રીશ અતિશય-ગુણોના રહેઠાણરૂપ છે. ભગવાનને પરસેવો કે મળ હોય નહિ. તીર્થંકર ભગવાનને તો જન્મથી જ નિહાર ન હોય. ત્યાં પરમાણુઓની એવી જ યોગ્યતા છે કે મળ હોય નહિ. ચોત્રીશ અતિશયને ગુણ કહ્યા, પણ ખરેખર તે પુણ્યનું ફળ છે. ગુણ તો અંદર કેવળજ્ઞાન વગેરે પ્રગટ્યા તે છે. જેણે ત્રણ કાળ ત્રણ લોકનો એક સમયમાં પત્તો મેળવ્યો છે એવા અરિહંત ભગવાનનું આવું સ્વરૂપ છે. આવા અરિહંત ભગવાનને ઓળખે તો પોતાના આત્માને ઓળખી શકે. આ ચોત્રીશ અતિશય પુણ્ય છે, ગુણ નથી. તીર્થંકર ભગવાનને આવા પુણ્ય હોય છે. બાકી એવું નથી કે ગુણ ઊઘડે એટલે બીજા પર પ્રભાવ પડે જ. બીજા પર પ્રભાવ પડવો તે ગુણનું ફળ નથી-પુણ્યનું ફળ છે. ગુણનું ફળ આત્મામાં આવે છે. અંતરૂશાંતિ, વીતરાગતા, આનંદ તથા કેવળજ્ઞાન વગેરે ફળ આત્મામાં આવે છે. પુણ્યનું ફળ બહારમાં આવે છે. મુનિ હોય તેમને અંદર ઘણો વીતરાગી શાંતભાવ પ્રગટ્યો હોય છતાં બહારમાં સિંહ આવીને ફાડી ખાય. જો પુણ્યનો ઉદય હોય તો સિંહ આદિ ન ખાય. વળી ભગવાનના સમવસરણમાં સિંહ-હરણ, ઉંદર-બિલાડી સાથે બેસે અને વેર ઉલ્લસે નહિ. તેમાં મૂળ કારણ તો આવનાર તે તે જીવની તેવી યોગ્યતા છે અને નિમિત્તકારણ ભગવાનનું પુણ્ય છે. આવું અરિહંત ભગવાનનું સ્વરૂપ છે. પુણ્ય-પાપના વિકાર રહિત ચૈતન્ય સ્વભાવમાં ઠરીને અરિહંત થયા છે. બીજી કોઈ રીતે અરિહંત થાય નહિ.



**શ્લોક ૯૬**

**(માલિની)**

**जयति विदितगात्रः स्मेरनीरेजनेत्रः**
**सुकृतनिलयगोत्रः पंडिताम्भोजमित्रः।**
**मुनिजनवनचैत्रः कर्मवाहिन्यमित्रः**
**सकलहितचरित्रः श्रीसुसीमासुपुत्रः॥ ९६॥**

**શ્લોકાર્થ** : પ્રખ્યાત (અર્થાત્ પરમૌદરિક) જેમનું શરીર છે, પ્રફુલ્લિત કમળ જેવા જેમના નેત્ર છે, પુણ્યના રહેઠાણ (અર્થાત્ તીર્થંકરપદ) જેમનું ગોત્ર છે, પંડિતરૂપી કમળોને (વિકસાવવા માટે) જેઓ સૂર્ય સમાન છે, મુનિજનરૂપી વનને જેઓ ચૈત્ર છે(અર્થાત્ મુનિજનરૂપી વનને ખીલવવામાં જેઓ વસંતઋતુ સમાન છે), કર્મની સેનાના જેઓ શત્રુ છે અને સર્વને હિતરૂપ જેમનું ચરિત્ર છે, તે શ્રી સુસીમા માતાના સુપુત્ર (શ્રી પદ્મપ્રભ તીર્થંકર) જયવંત છે. ॥ ૯૬ ॥

આ નિયમસાર શાસ્ત્રના ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ નિર્ગ્રંથ મુનિ હતા, છઠ્ઠા-સાતમા ગુણસ્થાને આનંદકંદ સ્વભાવમાં ઝૂલતા હતાં. તેમનું નામ પદ્મપ્રભ હતું. એટલે આ અરિહંત ભગવાનની ગાથામાં પોતાના નામે જેમનું નામ છે એવા છઠ્ઠા પદ્મપ્રભ તીર્થંકર ભગવાનની પાંચ શ્લોક દ્વારા અહીં સ્તુતિ કરી છે.

કેવા છે પદ્મપ્રભ ભગવાન ? પ્રખ્યાત અર્થાત્ પરમૌદારિક જેમનું શરીર છે. ત્રિલોકીનાથ ભગવાનના શરીરના રજકણો સ્ફટિક જેવા ઊજળા હોય છે. ભગવાનના શરીર નજીક કોઈ પાત્ર જીવ આવે તો પોતાના સાત ભવ ભાળે. કેવળજ્ઞાની તીર્થંકર ભગવાનને આહાર ન હોય, મળમૂત્ર ન હોય, રોગ ન હોય. સામાન્ય જીવના શરીરના રજકણો કરતાં ભગવાનના શરીરના રજકણો ફરી જાય છે, તેને પરમ ઔદારિક શરીર કહે છે. કેવળજ્ઞાન થતાં ભગવાનનું તે પરમૌદારિક શરીર ૫૦૦૦ ધનુષ ઊંચું આકાશમાં ચાલ્યું જાય, સામાન્ય માણસની પેઠે જમીન ઉપર ન ચાલે. વળી કેવા છે ભગવાન ? પ્રફુલ્લિત કમળ જેવાં જેમના નેત્ર છે. આ પુણ્યનું વર્ણન છે. તેનાથી આત્માને લાભ-નુકસાન છે નહિ. વળી પુણ્યનું રહેઠાણ અર્થાત્ તીર્થંકરપદ જેમનું ગોત્ર છે. આ તીર્થંકરગોત્ર ભગવાને પૂર્વે ત્રીજે ભવે ઉપાર્જન કર્યું હતું. વળી ત્રિલોકીનાથ સર્વજ્ઞ ભગવાન બીજા પંડિતરૂપી કમળોને ખીલવવા માટે સૂર્ય છે, ખીલવારૂપ લાયકાત તો સામા જીવોની છે, તેને ભગવાન નિમિત્ત છે. સૂર્ય કમળને ખીલવામાં નિમિત્ત છે, તે કમળને ખીલવતો નથી. જો તે ખીલવતો હોય તો આરસપથ્થરના કમળને ખીલવે ને ? પણ આરસપથ્થરમાં ખીલવાની યોગ્યતા નથી, કમળમાં ખીલવાની યોગ્યતા છે. પંડિત મુનિકમળને કેવળજ્ઞાનપણે ખીલવામાં ભગવાનસૂર્ય નિમિત્ત છે. જેને આત્માનું ભાન છે કે શરીર-વાણીથી હું ભિન્ન છું, શરીર મારું સ્વરૂપ નથી. એવા જ્ઞાનીને ખીલવામાં ભગવાન નિમિત્ત છે, અજ્ઞાની

કે જે પોતે ખીલતો નથી તેને ભગવાન નિમિત્ત નથી.

વળી કેવા છે ભગવાન ? નગ્ન મુનિવર કે જે આત્મધ્યાનમાં મસ્ત છે, જેને હર વખતે ચૈતન્ય ગોળો દેહથી અને વિકારથી છૂટો પડી જાય છે. એમ હજારો વાર છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિજનોરૂપી વનને ખીલવા માટે ભગવાન અરિહંતદેવ ચૈત્ર અર્થાત્ વસંતઋતુ સમાન છે. જે વૃક્ષોને ખીલવાની લાયકાત છે તેને ચૈત્ર મહિનો વસંતરૂપે નિવડે છે એટલે કે ખીલવાનું નિમિત્ત બને છે. તેમ મુનિને કે જેને અંદર સ્વભાવનો વિકાસ થયો છે તેને ભગવાન વસંતઋતુ સમાન છે. વળી ભગવાન કર્મની સેનાના શત્રુ છે. ભગવાને ચાર ઘાતીકર્મને હણી નાખ્યા છે. આ નિમિત્તનું કથન છે. ભગવાને સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન સહિત સંપૂર્ણ લીનતા વડે ભાવઘાતીકર્મને-વિકારીભાવને- હણ્યાં એટલે નિમિત્તથી દ્રવ્યઘાતીકર્મને હણ્યા એમ કહેવાયું.

આવા અરિહંતપણે સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. અહીં ભરતક્ષેત્રના વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત ભગવાનના વારામાં તેમને કેવળજ્ઞાન એટલે કે અરિહંતપદ પ્રગટ્યું છે અને આવતી ચોવીસીના છઠ્ઠા-સાતમા તીર્થંકરના વારામાં તેઓ મોક્ષ પધારશે. સીમંધર ભગવાનનું ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય છે.

વળી અરિહંત ભગવાનનું ચરિત્ર એટલે કે ભગવાનની દશા સર્વને હિતરૂપ છે. તેમના શરીરના નિમિત્તે કોઈ જીવ હણાય નહિ. આવા શ્રી સુસીમા માતાના સુપુત્ર શ્રી પદ્મપ્રભ તીર્થંકર ભગવાન જયવંત વર્તે છે. પદ્મપ્રભ ભગવાન અત્યારે મોક્ષમાં છે. પદ્મપ્રભમુનિ એ જાણે કે તેઓ વર્તમાનમાં તીર્થંકરપણે હોય એવો આરોપ કરીને અહીં સ્તુતિ કરી છે. શરીરની ક્રિયાનો કે વિકલ્પનો કર્તા હું છું નહિ, હું તો ચૈતન્ય જ્ઞાનાનંદ ભગવાન છું - એમ પોતાના ચૈતન્યને ઉછાળે છે. તેથી પૂર્વનો આરોપ આપીને ભગવાનનું વર્તમાન તીર્થંકરપણે વર્ણન કરે છે. આવા અરિહંત ભગવાન હોય છે. આવું ભગવાનનું સ્વરૂપ સમજે તો સમજનારનો અને સમજાવનાર મુનિનો મેળ થયો ગણાય.

**કારતક વદ ૪, શનિવાર, ૧૭-૧૧-૫૧.**

**શ્લોક ૯૭**

(मालिनी)

**स्मरकरिमृगराजः पुण्यकंजाह्निराजः**
**सकलगुणसमाजः सर्वकल्पावनीजः।**
**स जयति जिनराजः प्रास्तदुःकर्मबीजः**
**पदनुतसुरराजस्त्यक्तसंसारभूजः ॥९७॥**

**શ્લોકાર્થ** : જેઓ કામદેવરૂપી હાથીને (મારવા) માટે સિંહ છે, જેઓ પુણ્યરૂપી કમળને



(વિકસાવવા) માટે ભાનુ છે, જેઓ સર્વ ગુણોના સમાજ (-સમુદાય) છે, જેઓ સર્વ કલ્પિત (-ચિંતિત) દેનાર કલ્પવૃક્ષ છે, જેમણે દુષ્ટ કર્મના બીજને નષ્ટ કર્યું છે, જેમના ચરણોમાં સુરેંદ્રો નમે છે અને જેમણે સંસારરૂપી વૃક્ષનો ત્યાગ કર્યો છે, તે જિનરાજ (શ્રી પદ્મપ્રભ ભગવાન) જયવંત છે. ॥ ૯૭ ॥

ટીકાકાર મુનિમહારાજનું નામ પદ્મપ્રભ છે. તેથી તેમણે પોતાના નામે નામ એવા શ્રી પદ્મપ્રભ તીર્થંકર ભગવાનની સ્તુતિ કરી છે. ખરેખર તો અત્યારે પદ્મપ્રભ ભગવાન સિદ્ધદશામાં બિરાજે છે, પણ સ્તુતિ કરતી વખતે જાણે કે પદ્મપ્રભ ભગવાન ભરતક્ષેત્રમાં વર્તમાન તીર્થંકરપણે અરિહંતદશામાં બિરાજતા હોય એવું લક્ષ કરીને પદ્મપ્રભ મુનિરાજે સ્તુતિ કરી છે.

કેવા છે પદ્મપ્રભ તીર્થંકર ભગવાન ? પદ્મપ્રભ ભગવાન કામદેવરૂપી હાથીને મારવા માટે સિંહ છે. ભગવાનની જેમ આ આત્મા પણ વિષયવાસનારૂપી હાથીને મારી નાખવા માટે (-વિષયવાસના ટાળવા માટે) સિંહ છે. આત્મા જાણનાર-દેખનાર છે, ચિદાનંદ અમૃતનો સાગર છે એમ ભગવાને પ્રથમ ભાન કરી, સ્વરૂપમાં લીન થઈ, કામનો-વિકલ્પનો એક કણિયો પણ રહેવા ન દીધો. જે જીવ આવું ભાન કરી સ્વરૂપમાં ઠરે તે પણ કામનો-ઈચ્છાનો નાશ કરી શકે છે.

કેવા છે ભગવાન ? ભગવાન પુણ્યરૂપી કમળને વિકસાવવા માટે ભાનુ છે. જે ભવ્ય જીવો આત્માની સમજણ સહિત ભગવાનની સ્તુતિ કરે છે, તેમના પુણ્યભાવરૂપી કમળને ખીલવવા માટે ભગવાન સૂર્ય છે-નિમિત્ત છે. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ ભગવાન છે. તે પરથી, પરની ક્રિયાથી તથા પરને લક્ષે થતાં પુણ્ય-પાપરૂપ વિકારીભાવથી ભિન્ન છે. એવું આત્માનું ભાન કરી સંપૂર્ણ ભાવમુક્તિને પામેલા અરિહંત ભગવાનની જે જીવ સ્તુતિ-ભક્તિ કરે છે તે અનુક્રમે સંસારરહિત તો થાય જ છે, પણ વર્તમાન પુણ્ય પણ ઘણાં ઊંચા બાંધે છે. જેના ફળમાં તે ઈન્દ્ર, ચક્રવર્તી કે તીર્થંકર આદિ થાય. જો કે ધર્મી જીવને પુણ્યની ઈચ્છા હોતી નથી, પુણ્યનો આદર હોતો નથી, પણ નીચલી ભૂમિકામાં સહજ ભક્તિ આદિનો વિકલ્પ આવી જાય છે. તેના નિમિત્તે ઊંચા પુણ્ય બંધાય છે.

વળી, ભગવાન સર્વ ગુણોના સમાજ (-સમુદાય) છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ આદિ અનંતગુણોનો સમાજ-સમુદાય આ એક આત્મા જ છે. આત્મા માટે બીજો કોઈ સમુદાય નથી. અહીં અરિહંત ભગવાનની વ્યાખ્યા કરતાં, આત્માની વ્યાખ્યા કરે છે. હું પણ અનંતગુણનો સમાજ છું.

વળી, કેવા છે ભગવાન ? અરિહંત ભગવાન સર્વ કલ્પિત-ચિંતિત દેનાર કલ્પવૃક્ષ છે. ભગવાન ચિંતિતના દેનાર કલ્પવૃક્ષ છે, તે નિમિત્તનું કથન છે. આત્મા આત્મા પાસે ચિંતવે છે કે -**'હું જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા છું, પુણ્યનો-વિકારનો કણિયો પણ મારા સ્વરૂપમાં નથી'** તો, તેવી નિર્મળદશા આત્મા આપે; માટે ખરેખર આત્મા પોતે કલ્પવૃક્ષ છે. જેમ દશાશ્રીમાળી જ્ઞાતિમાં એક વ્યક્તિ ગરીબ હોય અને બીજી કરોડપતિ હોય, છતાં જ્ઞાતિ અપેક્ષાએ બન્ને સરખા જ છે, તેમ જાતિ અપેક્ષાએ ભગવાન

અરિહંતદેવનો આત્મા અને મારો આત્મા સરખા જ છે. અરિહંતની જાતનો જ મારો આત્મા છે, જાતમાં કાંઈ ફેર નથી. આવા અરિહંત ભગવાનનું સ્વરૂપ સમજીને અરિહંતને ચિંતવે તે પોતે અરિહંત થાય. બહારના કલ્પવૃક્ષમાં તો ઈચ્છાની ભાવના છે અને અહીં સ્વભાવની ભાવના છે.

ભગવાને દુષ્ટ કર્મના બીજને નષ્ટ કર્યું છે, કર્મ જડ છે, ખરેખર તે દુષ્ટ નથી. દુષ્ટ તો ભાવકર્મ-આત્માનો વિકારભાવ છે. તેનો આરોપ આપીને નિમિત્તપણે જે કર્મ છે તેને પણ દુષ્ટ કહ્યું છે. તે ભાવકર્મનું બીજ મિથ્યાત્વ અને રાગાદિભાવ છે. તેનો ભગવાને, આત્માની સાચી સમજણ તથા સ્વરૂપમાં લીનતા વડે નાશ કર્યો એટલે નિમિત્તથી કર્મનો નાશ કર્યો એમ કહેવાયું. આત્માની સાચી શ્રદ્ધાવાળો અરિહંતના ગુણ વ્યવહારથી ગાઈ શકે, આત્માનું ભાન ન કરે અને પુણ્યથી લાભ માને તે અરિહંતને ઓળખતો નથી.

વળી, કેવા છે ભગવાન ? ભગવાનના ચરણોમાં સુરેન્દ્રો નમે છે. ભગવાન કહે છે કે -જેને સુરેન્દ્રો નમે એવું પદ તો તારી પાસે છે. તારો આત્મા પણ જ્ઞાનાનંદ-સચ્ચિદાનંદ સ્વરૂપ તથા પુણ્યાદિ વિકાર રહિત છે. ઈન્દ્રો તારા ચરણમાં નમે એવું વીતરાગીપદ પ્રગટ કરવાની તાકાત તારામાં ભરી પડી છે.

વળી, ભગવાને સંસારરૂપી વૃક્ષનો ત્યાગ કર્યો છે. હવે ભગવાનને સંસારરૂપી -મોહ, રાગ, દ્વેષરૂપી-વૃક્ષ ઊગે તેમ નથી. ભગવાને તેનો સમૂળગો નાશ કર્યો છે. આવા શ્રીપદ્મપ્રભ ભગવાન જયવંત વર્તે છે. મારો પોતાનો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવપણે જયવંત બિરાજે છે. હું પોતે પરમાત્મા થવાનો છું. મારા માટે હું થવાનો છું, મારા માટે બીજો કોઈ થવાનો નથી. અંદર પોતાના સ્વભાવનું જયવંતપણું વર્તે છે તેથી શ્રી પદ્મપ્રભ ભગવાન જયવંત વર્તે છે એમ કહ્યું છે.

**શ્લોક ૯૮**

(मालिनी)

**जितरतिपतिचापः सर्वविद्याप्रदीपः**
**परिणतसुखरूपः पापकीनाशरूपः ।**
**हतभवपरितापः श्रीपदानम्रभूपः**
**स जयति जितकोपः प्रह्वविद्वत्कलापः ॥ ९८॥**

**શ્લોકાર્થ :** કામદેવના બાણને જેમણે જીતી લીધા છે, સર્વ વિદ્યાઓના જેઓ પ્રદીપ(-પ્રકાશક) છે, સુખરૂપે સ્વરૂપ જેમનું પરિણમ્યું છે, પાપને (મારી નાંખવા) માટે જેઓ યમરૂપ છે, ભવના પરિતાપનો જેમણે નાશ કર્યો છે, ભૂપતિઓ જેમના શ્રીપદમાં (-મહિમાયુક્ત પુનિત ચરણોમાં) નમે છે, ક્રોધને જેમણે જીત્યો છે અને વિદ્વાનોનો સમુદાય જેમની આગળ ઢળી પડે છે, તે (શ્રી પદ્મપ્રભનાથ) જયવંત છે. ॥ ૯૮ ॥



વળી, કેવા છે શ્રી પદ્મપ્રભ ભગવાન ? શ્રી પદ્મપ્રભ ભગવાને કામદેવના બાણને જીતી લીધા છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોના બાણ તેમને જીતવાને સમર્થ નથી. -તેમને રાગદ્વેષ ઉત્પન્ન કરી શકતા નથી, નિમિત્ત તરીકે નુકસાન કરી શકતા નથી.

ભગવાન સર્વ વિષયોના પ્રદીપ છે-પ્રકાશક છે. શરીર-વાણી આદિનું તથા પુણ્ય-પાપ વિકલ્પનું લક્ષ છોડી સ્વરૂપમાં જુએ તો આ આત્મા પણ તેવો જ છે. ભગવાનનું સ્વરૂપ સુખરૂપે પરિણમ્યું છે, એટલે કે ભગવાન આનંદરૂપે થઈ ગયા છે. આત્માનો આનંદ ક્યાંય બહારથી લાવવો નથી. આત્માનો વર્તમાનપર્યાય દયા-દાન આદિમાં તથા મોહ-રાગ-દ્વેષમાં અટક્યો તે દુઃખ છે, અને વિકારનું લક્ષ છોડી સ્વતંત્ર સ્વભાવના આશ્રયે પરિણમ્યો તે સુખ છે. ભગવાન પાપને (-પુણ્ય અને પાપ બન્ને પાપ છે) માટે યમરૂપ છે. ભગવાનનો આત્મા પાપને એટલે કે પુણ્ય-પાપરૂપ વિકારને મારી નાખવા માટે કાળ છે. તેમ આ ચૈતન્ય આત્મા પણ વિકારને મારી નાખવા માટે કાળ સમાન છે. વળી, ભગવાને ભવના પરિતાપનો નાશ કર્યો છે. ચોરાશી લાખ યોનિના અવતારના દુઃખનો ભગવાને નાશ કર્યો છે. જ્યાં ત્યાં જન્મવું તે કલેશ છે. સ્વર્ગમાં કે શેઠાઈમાં અવતરવું તે પણ કલેશ છે, તેમાં સુખ નથી, સુખ આત્મામાં છે. ભગવાને પોતાના આત્મામાંથી ભવ સંબંધી પરિતાપનો નાશ કર્યો છે. આ આત્મા પણ આત્માનું ભાન કરી સ્વરૂપમાં ઠરે તો તેને પણ ભવના પરિતાપનો નાશ થાય છે. વળી, ભૂપતિઓ ભગવાનના શ્રીપદમાં-મહિમાયુક્ત પુનિત ચરણોમાં નમે છે. રાજાઓ મોટા માંધાતા હોય તે પણ ભગવાનના ચરણમાં નમે છે, કેમ કે રાજપદ વંદ્ય નથી, વીતરાગપદ વંદ્ય છે. ભગવાને ક્રોધને જીત્યો છે. શાંત-શાંત આત્માનો સ્વભાવ છે, તેમાં ઠરી ભગવાને ક્રોધને જીત્યો છે. આ આત્માનો પણ એવો જ સ્વભાવ છે. વિદ્વાનોનો સમુદાય ભગવાન આગળ ઢળી પડે છે. મોટા પંડિતો કે જેઓ અનેક વિદ્યાઓમાં કુશળ હોય, તેમનો સમુદાય ત્રિલોકીનાથ ભગવાનના ચરણમાં નમી પડે છે. આત્માની સાચી ઓળખાણ અને તેની રમણતામાં બધી વિદ્યાઓ આવી જાય છે. આવા શ્રી પદ્મપ્રભ ભગવાન જયવંત વર્તે છે. જાણે કે ભગવાન અહીં ભરતક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજમાન હોય -પોતાના આત્મામાં વિકલ્પ ઊઠ્યો છે એટલે સાક્ષાત હોય- એમ પદ્મપ્રભ મુનિરાજ સ્તુતિ કરે છે.

**શ્લોક ૯૯**

(मालिनी)

**जयति विदितमोक्षः पद्मपत्रायताक्षः**
**प्रजितदुरितकक्षः प्रास्तकंदर्पपक्षः ।**
**पदयुगनतयक्षः तत्त्वविज्ञानदक्षः**
**कृतबुधजनशिक्षः प्रोक्तनिर्वाणदीक्षः ॥ ९९॥**

**શ્લોકાર્થ** : પ્રસિદ્ધ જેમનો મોક્ષ છે, પદ્મપત્ર (-કમળના પાન) જેવા દીર્ઘ જેમના નેત્ર છે, પાપકક્ષાને જેમણે જીતી લીધી છે, કામદેવના પક્ષનો જેમણે નાશ કર્યો છે, યક્ષ જેમના ચરણયુગલમાં નમે છે, તત્ત્વવિજ્ઞાનમાં જેઓ દક્ષ (ચતુર) છે, બુધજનોને જેમણે શિક્ષા આપી છે અને નિર્વાણદીક્ષા જેઓ ઉચ્ચર્યા છે, તે (શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર) જયવંત છે. ॥ ૯૯ ॥

કેવા છે પદ્મપ્રભ ભગવાન ? પદ્મપ્રભ ભગવાનનો મોક્ષ પ્રસિદ્ધ છે, એટલે કે તેમનો મોક્ષ નક્કી થઈ ગયો છે. વર્તમાન મોક્ષરૂપ પરિણમ્યા છે. અરિહંતદશા તે જ ભાવમોક્ષ છે. ભગવાનના નેત્ર કમળના પાન જેવાં દીર્ઘ છે. આ પુણ્યવંતના ચિહ્ન છે. ભગવાનના નેત્ર કમળના પાંદડાંની જેમ શરૂઆતમાં ગોળ અને છેડે સહેજ લાંબી શેડ કાઢતાં હોય છે. આવા નેત્ર પુણ્યવાન જીવને હોય છે. વર્તમાન તો વીતરાગદશા પ્રગટી છે, પણ પૂર્વે કેવા પુણ્ય બાંધ્યા હતા તે બતાવે છે, ભગવાને પાપકક્ષાને જીતી લીધી છે. આત્મામાં, ત્રિકાળી જ્ઞાનાનંદ ધ્રુવ સ્વભાવનું એક પડખું અને બીજું વર્તમાન પર્યાયમાં શુભાશુભ વિકારનું પડખું -એમ બે પડખાં છે. તેમાંથી ભગવાને ત્રિકાળી સ્વભાવના પડખાંને પ્રગટ કર્યું છે અને વર્તમાન પર્યાયમાં જે પુણ્ય-પાપરૂપી વિકારી પડખું - તેને જીતી લીધું છે. ત્રિકાળી ધ્રુવ પડખું જાગૃત કર્યું છે. અને વિકારી પડખું જીતી લીધું છે. વળી, ભગવાને કામદેવના પક્ષનો નાશ કર્યો છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોના ભોગની લાગણીના પક્ષનો નાશ કર્યો છે. વીતરાગી આનંદનો પક્ષ-સ્વભાવનો પક્ષ પ્રગટ કર્યો છે.

વળી ભગવાનના ચરણયુગલમાં યક્ષ એટલે કે દેવો નમે છે. ભગવાન તત્ત્વવિજ્ઞાનમાં દક્ષ-ચતુર છે. ભગવાન કેવળજ્ઞાનમાં દક્ષ એટલે કે ચતુર છે. એક સમય પૂરતા પર્યાયનું લક્ષ છોડે તો આ આત્મા પણ એવો જ છે. ભગવાને બુધજનોને શિક્ષા આપી છે. જે જીવો આત્માના ખપી છે, જેમને આ પોતાનો આત્મા જ બ્રહ્માનંદ-પરમાનંદ-અખંડાનંદ છે એવું ભાન છે એવા જીવોને ભગવાને શીખામણ આપી છે. જેને એક સમયના પર્યાયની-પુણ્યની પકડ છે, જે અલાયક છે તેને ભગવાને શિખામણ આપી નથી. વળી, પદ્મપ્રભ ભગવાન નિર્વાણદીક્ષા ઉચ્ચર્યા છે. દીક્ષા વખતે સામાયિક ઉચ્ચરે છે. આ ભવમાં મારે પૂર્ણાનંદદશા પ્રગટ કરવી એમ ભગવાન નિર્વાણરૂપી દીક્ષાને ઉચ્ચર્યા છે. આત્મસ્વભાવ વિકાર રહિત શુદ્ધ છે - એવું ભાન તો હતું, પછી સ્વરૂપમાં ઠર્યા. તેઓ 'મારે મોક્ષ લેવો' એમ નિર્વાણદીક્ષા ઉચ્ચર્યા. આવા શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર જયવંત વર્તે છે. પોતાના નામે નામ છે તેથી પદ્મપ્રભ મુનિરાજે પદ્મપ્રભ જિનેન્દ્રદેવને યાદ કર્યા છે. એક ભગવાનની સ્તુતિમાં બધા ભગવાન આવી ગયા.



**શ્લોક ૧૦૦**

(मालिनी)

**मदननगसुरेशः कान्तकायप्रदेशः**
**पदविनतयमीशः प्रास्तकीनाशपाशः ।**
**दुरधवनहुताशः कीर्तिसंपूरिताशः**
**जयति जगदधीशः चारुपद्मप्रभेशः ॥ १०० ॥**

**શ્લોકાર્થ** : કામદેવરૂપી પર્વતને માટે (અર્થાત્ તેને તોડી નાંખવામાં) જેઓ (વજ્રધર) ઈંદ્ર સમાન છે, કાન્ત (મનોહર) જેમનો કાયપ્રદેશ છે, મુનિવરો જેમના ચરણમાં નમે છે, યમના પાશનો જેમણે નાશ કર્યો છે, દુષ્ટ પાપરૂપી વનને (બાળવા) માટે જેઓ અગ્નિ છે, સર્વ દિશાઓમાં જેમની કિર્તી વ્યાપી ગઈ છે અને જગતના જેઓ અધીશ (નાથ) છે, તે સુંદર પદ્મપ્રભેશ જયવંત છે. ॥ ૧૦૦ ॥

કેવા છે પદ્મપ્રભ ભગવાન ? કામદેવરૂપી પર્વતને તોડી નાખવા માટે ભગવાન વજ્રધર-ઈન્દ્ર સમાન છે. દેવો વગેરે વજ્રધરથી ત્રાસ પામે. ઈન્દ્ર ડુંગરમાં વજ્રનો પ્રહાર કરે તો માખણના લોચાની જેમ તેના ભૂકા-ચૂરા થઈ જાય. તેમ અરિહંત ભગવાન કામને નાશ કરવા માટે વજ્રધર સમાન છે. કામદેવ કોઈ પુરુષ નથી પણ અંદર વિષયવાસના તે કામદેવ છે. તે વાસનાનો ચૂરો કરવા-નાશ કરવા માટે ભગવાન વજ્રધર સમાન છે. ભગવાનનો કાયપ્રદેશ કાંત-મનોહર છે. તીર્થંકર ભગવાનના શરીરના પરમાણુઓ સ્ફટિક જેવા ઊજળા હોય છે. તેમના શરીરનો પ્રકાશ હજારો સૂર્ય કરતાં વધારે હોય છે. કાયાના બધા અંશો એટલે કે અવયવો ઘણા મનોહર હોય છે. શરીરનું આવું સુંદર રૂપ પૂર્વના પુણ્યને કારણે હોય છે. ભગવાન પોતે તો વીતરાગ છે. વળી ભગવાનના ચરણમાં મુનિવરો નમે છે. અરિહંત ભગવાન સર્વજ્ઞ વીતરાગ છે અને વીતરાગમાર્ગમાં ચાલનારા-પૂર્ણ વીતરાગતાને સાધનારા મુનિવરો તેમના ચરણમાં નમે છે. ભગવાને યમના એટલે કે કાળના પાશનો નાશ કર્યો છે. ભગવાન દુષ્ટ પાપરૂપી વનને બાળવા માટે અગ્નિ છે. આત્માના પર્યાયમાં રહેલા પુણ્ય-પાપ ભાવરૂપી દુષ્ટ વનને બાળવામાં તેઓ અગ્નિ સમાન છે. વળી, સર્વ દિશાઓમાં ભગવાનની કીર્તિ ફેલાઈ ગઈ છે. ત્રિલોકનાથ ભગવાનને કેવળજ્ઞાન થાય ત્યારે ત્રણ લોકમાં બે ઘડી અજવાળું થાય, સ્વર્ગમાં ઈન્દ્રના ઈન્દ્રાસન કંપે. ભગવાનની કીર્તિ બધે ફેલાઈ ગઈ છે. વળી ભગવાન જગતના અધીશ-નાથ છે. જગતના નાથ એટલે સંપૂર્ણ જગતને જાણનારા-દેખનારા. મળેલાનું રક્ષણ કરે અને અણમળેલાને મેળવી આપે તેને જગતમાં નાથ કહે છે. જોગક્ષેમના કરનાર તે નાથ. ખરેખર આત્માનો નાથ આત્મા પોતે જ છે. કારણ કે પોતામાં પ્રગટેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિનું પોતે જ રક્ષણ કરે છે, અને અણમળેલી એટલે કે અણપ્રગટેલી જે કેવળજ્ઞાનદશા તેને ત્રિકાળી આત્મા પોતે જ મેળવી

આપે છે. વ્યવહારથી ભગવાનને નાથ કહેવાય છે. આવા સુંદર પદ્મપ્રભેશ જયવંત વર્તે છે. તે સર્વજ્ઞ ભગવાન અરિહંતદેવ શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર જયવંત વર્તે છે. અહીં અરિહંતની વ્યાખ્યામાં આત્માના ગુણ ગાયા, જેને અરિહંત થવું હોય, આત્માની સ્વતંત્રતા પ્રગટ કરવી હોય તેણે પોતાનો આત્મા પણ એવો જ છે એમ જાણવું જોઈએ; તો અરિહંત અને સિદ્ધ ભગવાન થવાય, બીજી કોઈ રીતે થવાય નહિ. અરિહંત આદિ પાંચ પદ આ આત્મા માટે વ્યવહાર છે. નિશ્ચયથી આત્મામાં જ પાંચ પદ છે. આ આત્મા માટે પંચપરમેષ્ઠી વ્યવહાર છે-નિમિત્ત છે.

અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન અરિહંતપદે બિરાજે છે. મહાવીર ભગવાન સિદ્ધ થઈ ગયા છે. અરિહંત ભગવાને ચાર ઘાતિકર્મનો નાશ કર્યો, -એમ વ્યવહારથી કહેવાય છે. ખરેખર તો પોતાનો ભાવ પરમાં-રાગમાં વિકલ્પમાં રોકાતો હતો, તે રાગ અને વિકલ્પને સ્વરૂપમાં લીનતા વડે ટાળ્યો એટલે કર્મની અવસ્થા એને કારણે પલટી ગઈ. એ રીતે ભગવાને કર્મને ટાળ્યાં - એમ કહેવાય છે. ભગવાન કહે છે કે તારો આત્મા પણ પરમ સ્વભાવથી ભરેલો છે, તારો આત્મા શક્તિએ અરિહંત-સિદ્ધ જેવો છે. તેને ઓળખ તો તું સિદ્ધ થઈ શકે તેમ છે.



### ગાથા ૭૨

**णट्ठट्ठकम्मबंधा अट्ठमहागुणसमण्णिया परमा।**
**लोयग्गठिदा णिच्चा सिद्धा ते एरिसा होंति ॥ ७२ ॥**

**છે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,**
**શાશ્વત, પરમ ને લોક-અગ્રવિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.**

**અન્વયાર્થ** : આઠ કર્મના બંધને જેમણે નષ્ટ કરેલ છે એવા, આઠ મહાગુણો સહિત, પરમ, લોકના અગ્રે સ્થિત અને નિત્ય; -આવા તે સિદ્ધો હોય છે.

અરિહંતદશા થતાં ચાર ઘાતીકર્મનો નાશ કર્યો હતો, સિદ્ધદશા પ્રગટ થતાં ચાર અઘાતીકર્મને પણ નાશ કર્યા. સિદ્ધ ભગવાન ક્ષાયિક સમ્યક્ત્વ આદિ આઠ ગુણ સહિત છે. સિદ્ધપદ પ્રાપ્ત થયા પછી હવે ફરીને અવતરતા નથી. માટે સિદ્ધ ભગવાન નિત્ય છે. તે સિદ્ધ ભગવાન વ્યવહારથી લોકના અગ્રે રહ્યા છે, નિશ્ચયથી પોતાના સ્વક્ષેત્રમાં-નિજ આત્મપ્રદેશોમાં-રહ્યા છે. આવા સિદ્ધ ભગવાન હોય છે.

**ટીકા** : આત્માની મુક્તિના -નિજાત્માની પરમાનંદદશાના- પરંપરાએ નિમિત્તભૂત એવા ભગવંત સિદ્ધ પરમેષ્ઠીઓના સ્વરૂપનું આ વર્ણન છે. સિદ્ધનો-મુક્તિનો-સાક્ષાતહેતુ પોતાનો આત્મા છે, પણ આત્માનું જ્ઞાન થતાં વિકલ્પ ઊઠે છે તેથી સિદ્ધિના આદર્શ એવા સિદ્ધ ભગવાન ઉપર લક્ષ જાય છે. સિદ્ધ ભગવાનમાંથી જે પુણ્ય આદિ નીકળી ગયું તે મારામાંથી નીકળી જવા યોગ્ય છે, અને સિદ્ધ ભગવાનમાં જે જ્ઞાન-દર્શન-સુખ આદિ સહજસ્વભાવ રહ્યો તે મારામાં રહેવા યોગ્ય છે. -એમ સિદ્ધ ભગવાનને આદર્શ તરીકે નક્કી કરીને પોતાને જાણે તેને સિદ્ધ ભગવાન પરંપરાએ મુક્તિનું કારણ છે.

ભગવંત સિદ્ધો કેવા હોય છે ? નિરવશેષપણે અંતર્મુખાકાર, ધ્યાન-ધ્યેયના વિકલ્પ રહિત નિશ્ચય-પરમ શુક્લધ્યાનના બળથી જેમણે આઠ કર્મના બંધને નષ્ટ કરેલ છે એવા સિદ્ધ ભગવંતો હોય છે. જેમને અખંડ પૂર્ણાનંદ પ્રગટ્યો છે તે સિદ્ધ ભગવંતો કઈ રીતે થયા ? તેનો ઉપાય પણ સાથે બતાવે છે. સંપૂર્ણપણે અંતર્મુખ જેનું સ્વરૂપ છે અને જે -હું ધ્યાન કરનાર છું, આ મારો આત્મા તે ધ્યેય છે અને જે આ આત્મામાં એકાગ્ર થવું તે ધ્યાન છે, ઈત્યાદિ- ધ્યાન-ધ્યેયના વિકલ્પ રહિત છે એવા નિશ્ચય પરમ શુક્લધ્યાનના બળથી જ્ઞાનાવરણ આદિ આઠ કર્મને નષ્ટ કરીને સિદ્ધ ભગવાન થયા છે. શુક્લધ્યાન એટલે ઘણી ઊજળી વીતરાગી સ્વરૂપલીનતા. તે ઊજળી સ્વરૂપ એકાગ્રતારૂપ મસ્તીથી સિદ્ધ ભગવાને આઠ કર્મને નષ્ટ કર્યા છે. અહીં અમુક ક્રિયા કરી કે અમુક પ્રકારનો વિકલ્પ કર્યો માટે આઠ કર્મ નષ્ટ થયા એમ કહ્યું નથી. અઘાતીકર્મ પણ શુક્લધ્યાન વડે નાશ થયા એમ અહીં કહ્યું છે;

એની મેળે ટળે છે એમ ન કહ્યું, પણ શુક્લધ્યાનના નિમિત્તે અઘાતીકર્મ ટળે છે એમ કહ્યું છે. વળી, સિદ્ધ ભગવાન ક્ષાયિકસમ્યક્ત્વ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ -એ આઠ ગુણોની પુષ્ટિથી સંતુષ્ટ- આનંદમય હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વાદિને ગુણ કહ્યા છે, પણ ખરેખર તે બધા શુદ્ધ પર્યાય છે. વળી, સિદ્ધ ભગવાન વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી બહિઃતત્ત્વ, અંતઃતત્ત્વ અને પરમતત્ત્વ એવાં ત્રણ તત્ત્વસ્વરૂપોમાંથી પરમતત્ત્વસ્વરૂપ છે. સિદ્ધ ભગવાન ખાસ ગુણોના આધાર હોવાથી ત્રણ તત્ત્વોમાં ઉત્કૃષ્ટ છે.

<u>બહિરાત્મા</u> = શરીર આદિ પરપદાર્થ તથા પુણ્ય-પાપ આદિ વિકારીભાવ મારા છે એવી માન્યતા તે મિથ્યાદર્શન છે. આવી માન્યતાવાળો જીવ બહિરાત્મા છે.

<u>અંતરાત્મા</u> = હું ચૈતન્ય જ્ઞાનાનંદ પરમાત્મા છું; શરીર, વાણી કે પુણ્ય આદિ વિકારીભાવ મારા નથી -એમ જેને આત્માનું સાચું ભાન થયું હોય તેને અંતઃતત્ત્વ-અંતરાત્મા કહે છે.

<u>પરમાત્મા</u> = જે આત્માનું યથાર્થ જ્ઞાન કરી, સ્વરૂપમાં લીન થઈ પૂરા થઈ ગયા -એવા સર્વજ્ઞ વીતરાગ ભગવાન તે પરમાત્મતત્ત્વ છે-પરમાત્મા છે.

વળી, કેવા છે સિદ્ધ ભગવાન ? ત્રણ લોકના શિખરથી આગળ ગતિહેતુનો અભાવ હોવાથી સિદ્ધ ભગવાન લોકના અગ્રે સ્થિત છે. સિદ્ધ ભગવાન ત્રણ લોકના શિખરથી આગળ જતા નથી. ત્યાં ગતિના નિમિત્તનો અભાવ છે માટે અટક્યા છે. આ વ્યવહારનો અધિકાર છે, માટે નિમિત્તથી કથન કર્યું છે. ખરેખર સિદ્ધ ભગવાનની પોતાની ગમનની એટલી જ લાયકાત છે માટે અટકી ગયા છે. અને નિમિત્ત ધર્માસ્તિકાય પણ તેટલું જ છે. લોકના શિરોમણિ-શિરછત્ર સિદ્ધ ભગવાન લોકાગ્રે બિરાજે છે. મારો આત્મા પણ સ્વભાવથી આવો જ છે. સિદ્ધને ન હોય તે મારે ન હોય, એને હોય તે મારે હોય.

વળી, કેવા છે સિદ્ધ ભગવાન ? વ્યવહારથી અભૂતપૂર્વ પર્યાયમાંથી-પૂર્વે કદી નહિ થયેલા એવા સિદ્ધપર્યાયમાંથી-ચ્યુત થવાનો અભાવ હોવાને લીધે સિદ્ધ ભગવાન નિત્ય છે. સિદ્ધ ભગવાને પૂર્વે નહોતી પ્રગટી એવી વીતરાગ-કેવળજ્ઞાન-પરમાનંદદશા પ્રગટી છે, તે પરમાનંદસ્વરૂપ અપૂર્વદશાથી ચ્યુત થાય નહિ માટે તે સિદ્ધ ભગવાન નિત્ય છે. આવા સિદ્ધ ભગવાન હોય છે. અરિહંતદશા અને સિદ્ધદશા આત્મામાંથી પ્રગટી છે. અંદર આત્મામાં અનંતગુણનો ભંડાર ભર્યો છે તેમાંથી તે દશા પ્રગટી છે. ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવ છે તેનું અવલંબન લઈને અભૂત પર્યાય પ્રગટ્યો છે. તે પર્યાય કદી ચ્યુત નહિ થતો હોવાથી સિદ્ધ ભગવાન નિત્ય છે.

**પ્રશ્ન** : અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનમાં શું તફાવત છે ?

**ઉત્તર** : સિદ્ધ ભગવાન પૂરા(પૂર્ણ) થઈ ગયા છે અને અરિહંત ભગવાન હજી પૂરા થયા નથી.



અરિહંત ભગવાનને હજી યોગનું કંપન વગેરે વિકાર છે. સિદ્ધ ભગવાન સમસ્ત પ્રકારે સંપૂર્ણ શુદ્ધ થઈ ગયા છે. અરિહંત ભગવાનને પહેલાં નમસ્કાર કરવાનું કારણ એ છે કે અરિહંત ભગવાન સશરીરી છે, તેમને વાણીનો યોગ છે. વાણીના ઉપકારનું નિમિત્તપણું છે માટે અરિહંત ભગવાનને પહેલો નમસ્કાર કરેલ છે.

જેવો સિદ્ધ ભગવાનનો આત્મા છે તેવો જ મારો આત્મા છે પણ તે પર્યાયમાં અટક્યો છે. તે પર્યાયનું લક્ષ છોડી, ત્રિકાળી સ્વભાવની ઓળખાણ કરી સિદ્ધપદને પ્રાપ્ત કરવું જોઈએ.

### શ્લોક ૧૦૧

(માલિની)

**व्यवहरणनयेन ज्ञानपुंजः स सिद्धः**
**त्रिभुवनशिखराग्रग्रावचूडामणिः स्यात्।**
**सहजपरमचिच्चिन्तामणौ नित्यशुद्धे**
**निवसति निजरूपे निश्चयेनैव देवः ॥ १०१ ॥**

**શ્લોકાર્થ** : વ્યવહારનયથી જ્ઞાનપુંજ એવા સિદ્ધભગવાન ત્રિભુવનશિખરની ટોચના (ચૈતન્ય-ઘનરૂપ) નક્કર ચૂડામણિ છે; નિશ્ચયથી તે દેવ સહજ પરમચૈતન્યચિંતામણિસ્વરૂપ નિત્યશુદ્ધ નિજ રૂપમાં જ વસે છે. ॥ ૧૦૧ ॥

કેવા છે સિદ્ધ ભગવાન ? વ્યવહારનયથી જ્ઞાનપુંજ એવા તે સિદ્ધ ભગવાન ત્રિભુવનશિખરની ટોચના ચૈતન્યઘનરૂપ નક્કર ચૂડામણિ છે. સિદ્ધ ભગવાન લોકના અગ્રે બિરાજમાન છે - એ વ્યવહારનું કથન છે. ખરેખર સિદ્ધ ભગવાન પોતાના આત્મામાં જ છે. જ્ઞાનપુંજ પરમાત્મા ચૈતન્યકમળ પરિપૂર્ણ ખીલી ગયું છે, કેવળજ્ઞાન-દર્શન-સુખ આદિ પ્રગટ થયા છે. તે સિદ્ધ ભગવાન વ્યવહારથી ત્રિભુવન શિખરના ટોચના નક્કર ચૂડામણિ છે. સિદ્ધ ભગવાન સાદિ-અનંતકાળ લોકાગ્રે બિરાજે છે.

નિશ્ચયથી તે સિદ્ધ ભગવાન સહજ પરમચૈતન્યચિંતામણિસ્વરૂપ નિત્ય શુદ્ધ નિજ રૂપમાં જ વસે છે. સિદ્ધ ભગવાન પોતાના સહજ જ્ઞાનાનંદ ચૈતન્યચિંતામણિસ્વરૂપમાં બિરાજે છે, તે નિશ્ચય છે. એવા સિદ્ધ ભગવાન જેવો જ આ આત્માનો સ્વભાવ છે, આ આત્માના પર્યાયમાં જે કાંઈ ઓછપ છે તે વ્યવહારનયનો વિષય છે. આવા સિદ્ધ ભગવાનને જાણીને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવી પરિપૂર્ણ આત્માને યથાર્થ જાણવો-જેમ આત્માનું સાચું સ્વરૂપ છે તેમ શ્રદ્ધવું- તે નિશ્ચયસમ્યગ્દર્શન છે.

**કારતક વદ ૫, રવિવાર, ૧૮-૧૧-૫૧.**

**શ્લોક ૧૦૨**

(स्रग्धरा)

**नीत्वास्तान् सर्वदोषान् त्रिभुवनशिखरे ये स्थिता देहमुक्ताः**
**तान् सर्वान् सिद्धिसिद्धयै निरुपमविशदज्ञानदृक्शक्तियुक्तान्।**
**सिद्धान् नष्टाष्टकर्मप्रकृतिसमुदयान् नित्यशुद्धाननन्तान्**
**अव्याबाधान्नमामि त्रिभुवनतिलकान् सिद्धिसीमन्तिनीशान्॥ १०२॥**

**શ્લોકાર્થ** : જેઓ સર્વ દોષોને નષ્ટ કરીને દેહમુક્ત થઈને ત્રિભુવનશિખરે સ્થિત છે, જેઓ નિરુપમ વિશદ(-નિર્મળ) જ્ઞાનદર્શનશક્તિથી યુક્ત છે, જેમણે આઠ કર્મની પ્રકૃતિના સમુદાયને નષ્ટ કર્યો છે, જેઓ નિત્ય શુદ્ધ છે, જેઓ અનંત છે, અવ્યાબાધ છે, ત્રણ લોકમાં પ્રધાન છે અને મુક્તિસુંદરીના સ્વામી છે, તે સર્વ સિદ્ધોને સિદ્ધિની પ્રાપ્તિ અર્થે હું નમું છું. ॥ ૧૦૨ ॥

આ સિદ્ધ ભગવાનની વ્યાખ્યા છે. શરીર, કર્મ ને પુણ્ય-પાપરૂપ વિકાર રહિત જે પરમાત્મા થયા તેમનું કેવું સ્વરૂપ છે તેની આ વાત ચાલે છે. સિદ્ધ ભગવાનને પોતાના જ્ઞાન-દર્શન આદિ સ્વભાવ પરિપૂર્ણ ઊઘડી ગયા છે, પરિપૂર્ણ પરમાનંદ પ્રગટ થયો છે, દેહ-મન-વાણી તથા જ્ઞાનાવરણ આદિ આઠ કર્મ છૂટી ગયા છે અને અજ્ઞાન, રાગ, યોગનું કંપન ઈત્યાદિ વિકારનો સર્વથા અભાવ થઈ ગયો છે. આ આત્માનું પણ સિદ્ધ ભગવાન જેવું જ સ્વરૂપ છે. એક સમયના પર્યાયનું લક્ષ છોડીને જુએ તો આ આત્મા પણ સિદ્ધ ભગવાન જેવો જ શુદ્ધ છે-પરમાનંદ સ્વરૂપ છે.

સિદ્ધ ભગવાન સર્વ દોષોને નષ્ટ કરીને, દેહમુક્ત થઈને ત્રિભુવનશિખરે સ્થિત છે. સિદ્ધ ભગવાનના આત્માને પૂર્વે પર્યાયમાં અજ્ઞાન આદિ દોષો હતા, તેને આત્માનું ભાન કરી સ્વરૂપમાં સ્થિરતા વડે ટાળ્યા એટલે પરિપૂર્ણ નિર્મળદશા પ્રગટી-સિદ્ધદશા પ્રગટી. એ રીતે સર્વ દોષોનો નાશ કરીને સિદ્ધ થવાય છે. કોઈ એક અનાદિ શુદ્ધ પરમાત્મા છે, અથવા તો કોઈ એક ઈશ્વર જગતનો કર્તા છે તે પરમાત્મા છે એમ નથી, કારણ કે દોષોને નષ્ટ કરીને સિદ્ધ થવાય છે, માટે અનાદિ શુદ્ધ પરમાત્મા હોઈ શકે નહિ. વળી જગતમાં જે કોઈ પદાર્થ છે, તેનો કર્તા કોઈ નથી, કારણ કે જે પદાર્થ સ્વયમેવ છે તેને કોઈ ઉપજાવે નહિ અને જે પદાર્થ જગતમાં નથી તેને પણ કોઈ ઉપજાવે નહિ. માટે જગતનો કર્તા એવો ઈશ્વર કોઈ છે જ નહિ-સાચા ઈશ્વર એટલે કે પરમાત્મા સિદ્ધ ભગવાન છે.

સિદ્ધ ભગવાને આત્માની અંદર લીનતા દ્વારા સમસ્ત દોષો નષ્ટ કર્યા અને દેહમુક્ત થયા. સિદ્ધ ભગવાન ત્રિભુવનશિખરે સ્થિત છે તે કથન વ્યવહારનયથી છે. ત્યાં પણ તે રહ્યા છે તો પોતાના સ્વરૂપમાં જ. સિદ્ધ ભગવાન નિરુપમ વિશદ (-નિર્મળ) જ્ઞાન-દર્શનશક્તિથી યુક્ત છે. સિદ્ધ ભગવાનને,



જેને કોઈ ઉપમા આપી શકાતી નથી એવા નિર્મળ કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ થયાં છે. અશરીરી સિદ્ધ ભગવાન તે કેવળજ્ઞાન આદિ પ્રગટ અવસ્થા સહિત છે. સિદ્ધ ભગવાને આઠ કર્મની પ્રકૃતિના સમુદાયને નષ્ટ કર્યો છે. સિદ્ધ ભગવાનને પૂર્વે, પર્યાયમાં દોષ હતા, તેથી નિમિત્તરૂપ કર્મ પણ હતાં. ત્રિકાળી આત્મસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા વડે દોષોનો નાશ થતાં કર્મનો પણ નાશ થઈ ગયો છે. જેમ ઘાતીકર્મનો નાશ કર્યો તેમ અઘાતીકર્મનો પણ નાશ કર્યો છે. એની મેળે ટળી ગયા છે એમ નથી. આ નિમિત્તનું કથન છે. આત્માએ આત્મામાં પુરુષાર્થ કર્યો છે તે અહીં બતાવવું છે. સિદ્ધ ભગવાન નિત્ય શુદ્ધ છે. એવી ને એવી દશા સદા રહે છે માટે નિત્ય શુદ્ધ કહ્યું. સિદ્ધ ભગવાન અનંત છે. સ્વભાવથી અનંત છે અને સંખ્યાથી પણ અનંત છે. સિદ્ધ ભગવાન અવ્યાબાધ છે. તેમને કોઈ બાધા-પીડા નથી. તે ત્રણ લોકમાં ઉત્કૃષ્ટ છે. તેમના જેવો બીજો કોઈ ઉત્કૃષ્ટ નથી. વળી, તે સિદ્ધ ભગવાન મુક્તિસુંદરીના સ્વામી છે-પરમાનંદદશાના ધણી છે. તે જગતના સ્વામી નથી. આવા સિદ્ધ ભગવાનને સિદ્ધિની પ્રાપ્તિને અર્થે -આત્માની પરિપૂર્ણ શાંતિ માટે- હું નમસ્કાર કરું છું. આ નમસ્કારનો ભાવ વિકલ્પ છે, તેનાથી સિદ્ધિ થાય ? વિકલ્પ છે તે રાગ છે. તેનાથી સિદ્ધિ ન થાય, પણ આત્માના ભાનની દશામાં આવો વિકલ્પ ઊઠે છે. તે નિમિત્ત તરીકે કહેવાય છે. ખરેખર તો સ્વભાવમાં લીન થવાથી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે

**શ્લોક ૧૦૩**

(अनुष्टुभ्)

**स्वस्वरूपस्थितान् शुद्धान् प्राप्ताष्टगुणसंपदः।**
**नष्टाष्टकर्मसंदोहान् सिद्धान् वंदे पुनः पुनः॥ १०३॥**

**શ્લોકાર્થ** : જેઓ નિજ સ્વરૂપમાં સ્થિત છે, જેઓ શુદ્ધ છે, જેમણે આઠ ગુણરૂપી સંપદા પ્રાપ્ત કરી છે અને જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કર્યો છે, તે સિદ્ધોને હું ફરીફરીને વંદું છું. ॥ ૧૦૩ ॥

જૈનના વાડામાં જન્મ્યા હોય, દરરોજ નમોકાર મંત્રમાં ''**णमो सिद्धाणं**'' બોલતા હોય, પણ સિદ્ધ ભગવાનનું સ્વરૂપ શું ? તેની ખબર ન હોય. સિદ્ધ ભગવાનનું સ્વરૂપ કેવું છે ? તેની અહીં વાત ચાલે છે. કેવા છે સિદ્ધ ભગવાન ? જેઓ નિજ સ્વરૂપમાં સ્થિત છે, જેઓ શુદ્ધ છે, જેમણે આઠ ગુણ રૂપી સંપદા પ્રાપ્ત કરી છે અને જેમણે આઠ કર્મોનો સમૂહ નષ્ટ કર્યો છે, તે સિદ્ધોને હું ફરી ફરીને વંદું છું. સિદ્ધ ભગવાન કોઈને કાંઈ આપતા નથી, કોઈનું કરતાં નથી, ભક્તની ભીડ ભાંગતા નથી. વીતરાગી પરમાત્મા એવું કરે નહિ, તેમણે તો પોતાના જ્ઞાતા-દૃષ્ટા પરમાનંદ સ્વભાવનું ભાન કરી, તેમાં સ્થિર થઈ પરિપૂર્ણ વીતરાગતા, પરિપૂર્ણ જ્ઞાન-દર્શન તથા પરિપૂર્ણ અનાકુળ પરમાનંદ પ્રગટ કર્યો અને સિદ્ધપદ પામ્યા. તે સિદ્ધપણે સાદિ-અનંત કાળ રહે છે. જેમણે ક્ષાયિકસમ્યક્ત્વ,

અનંતજ્ઞાન ઈત્યાદિ આઠ ગુણરૂપી સંપદા આત્માની લક્ષ્મી-આત્મામાંથી પ્રગટ કરી છે તથા જેમને આઠ કર્મનો નાશ કરી પરમાનંદદશા પ્રગટી છે તે સિદ્ધ ભગવાનને હું નમું છું. આ આત્મા પોતે પોતાને યથાર્થ સમજે ત્યારે પાંચ પદને-પંચપરમેષ્ઠી ભગવાનને નિમિત્ત કહેવાય છે.



પંચપરમેષ્ઠીમાં ત્રીજા આચાર્ય પરમેષ્ઠી છે, હવે તેમનું સ્વરૂપ કહે છે :

**ગાથા ૭૩**

**पंचाचारसमग्गा पंचिंदियदंतिदप्पणिद्दलणा।**
**धीरा गुणगंभीरा आयरिया एरिसा होंति॥ ७३॥**

**પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,**
**પંચેન્દ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.**

**અન્વયાર્થ** : પંચાચારોથી પરિપૂર્ણ, પંચેન્દ્રિયરૂપી હાથીના મદનું દલન કરનારા, ધીર અને ગુણગંભીર; - આવા, આચાર્યો હોય છે.

**ટીકા** : આત્માના ભાન સહિત ચારિત્રવંતની આ વાત છે, એકલા નગ્ન કે ક્રિયાકાંડવાળાની આ વાત નથી. ભગવંત આચાર્યો કેવા હોય છે ? આચાર્ય ભગવાન જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય નામના પાંચ આચારોથી પરિપૂર્ણ હોય છે. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે, પરની ક્રિયાથી તથા પુણ્ય-પાપના વિકારથી ભિન્ન છે - એવું જ્ઞાન પ્રગટ્યું છે તે જ્ઞાનનો આચાર છે, શુદ્ધ નિર્વિકલ્પ સ્વભાવની પ્રતીતિ પ્રગટી છે તે દર્શનનો આચાર છે, સ્વભાવના ભાન સહિત અંતર્વીતરાગી લીનતા પ્રગટી તે ચારિત્રનો આચાર છે; ઈચ્છા નિરોધરૂપ તપ અથવા તો ત્રિકાળી સ્વભાવના આશ્રયે - જ્ઞાનાનંદ પરમભાવના આશ્રયે વીતરાગીદશાનું પ્રતપન થવું તે તપ આચાર છે, અને આત્માનું બળ એટલે કે અંતર્ગુણોને વિકસાવવાનો પુરુષાર્થ તે વીર્ય આચાર છે. આ પાંચ આચારોથી આચાર્ય ભગવાન પરિપૂર્ણ હોય છે. અંતરમાં જ્ઞાનાનંદ સ્વભાવમાં ઘણાં લીન હોય છે. આવા આચાર્ય ભગવાનને બહારમાં માત્ર નગ્ન દેહ હોય, વસ્ત્ર-પાત્ર આદિ પરિગ્રહ તેમને હોતો નથી. કમંડળ, મોરપીંછ અને શાસ્ત્ર હોય છે તે અપવાદ છે.

વળી સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર નામની પાંચ ઈન્દ્રિયોરૂપી મદાંધ હાથીના મદના ચૂરેચરા કરવામાં આચાર્યદેવ નિપુણ હોય છે. જડ ઈન્દ્રિયો તો નિમિત્ત છે. ભાવ-ઈન્દ્રિયરૂપી હાથીનું મદ દલન કરવામાં એટલે કે ચૂરેચરા કરવામાં આચાર્યદેવ ડાહ્યા છે. આ આત્માના જ્ઞાન સહિતની વાત છે. આત્મજ્ઞાન રહિત એકલા બાહ્ય આચારવાળા કષાય મંદ કરીને નવમી ગ્રૈવેયક સુધી જાય છે, છતાં તે સાચા આચાર્ય કહેવાતા નથી. જે અંદર સ્વરૂપમાં મશગૂલ છે, પાંચ ઈન્દ્રિયરૂપી હાથીને - પાંચ ઈન્દ્રિયોના લક્ષે થતાં વિકારોને ચૂરેચૂરા કરવાને નિપુણ છે તે સાચા આચાર્ય છે.

વળી, આચાર્ય ભગવાન સમસ્ત ઘોર ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરતાં હોવાથી ધીર અને ગુણગંભીર છે. બહારમાં ઘોર ઉપસર્ગો આવી પડે-પ્રતિકૂળતાના પ્રસંગો આવી પડે છતાં જ્ઞાનાનંદ સ્વરૂપમાં

-પરમ શાંતરસમાં- લીન થયા હોવાથી આચાર્ય ઘણાં ધીર હોય છે. (૧) દેવકૃત (૨) મનુષ્યકૃત (૩) તિર્યંચકૃત અને (૪) અચેતનકૃત - એમ ઉપસર્ગો ચાર પ્રકારના છે. ગુણથી ગંભીર છે એટલે કે બીજા સામાન્ય જીવોને પરખવા મુશ્કેલ પડે એવા આચાર્ય ભગવંત હોય છે. આ આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને સ્વરૂપરમણતામાં ઝૂલતા ભાવલિંગી આચાર્ય સમજવા. આ વ્યવહારચારિત્રનો અધિકાર છે માટે આત્માના ભાન રહિત એકલા ચરણાનુયોગવાળા છે એમ ન સમજવું. જેને શરીર-વાણી-મન તથા પુણ્ય-પાપના વિકારથી ભિન્ન જ્ઞાનાનંદ આત્માનું યથાર્થ ભાન પ્રગટ થયું છે, જે જ્ઞાન, દર્શન આદિ પાંચ આચારોથી પરિપૂર્ણ છે, જે પંચેન્દ્રિયોને જીતવામાં નિપુણ છે અને જે ધીર તથા ગુણગંભીર છે -ઇત્યાદિ સ્વરૂપથી ઓળખાય છે તે ભગવંત આચાર્યદેવ છે.

એવી રીતે શ્રી વાદિરાજ આચાર્યદેવે કહ્યું છે કે :

(શાર્દૂલવિક્રીડિત)

**पंचाचारपरान्नकिंचनपतीन्नष्टकषायाश्रमान्**
**चंचज्ज्ञानबलप्रपंचितमहापंचास्तिकायस्थितीन्।**
**स्फाराचंचलयोगचंचुरधियः सूरीनुदंचद्गुणान्**
**अंचामो भवदुःखसंचयभिदे भक्तिक्रियाचंचवः।।**

**શ્લોકાર્થ** : જેઓ પંચાચારપરાયણ છે, જેઓ અકિંચનતાના સ્વામી છે, જેમણે કષાયસ્થાનોને નષ્ટ કર્યાં છે, પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ મહા પંચાસ્તિકાયની સ્થિતિને સમજાવે છે, વિપુલ અચંચળ યોગમાં (-વિકસિત સ્થિર સમાધિમાં) જેમની બુદ્ધિ નિપુણ છે અને જેમને ગુણો ઊછળે છે, તે આચાર્યોને ભક્તિક્રિયામાં કુશળ એવા અમે ભવદુઃખરાશિને ભેદવા માટે પૂજીએ છીએ.

કેવા છે આચાર્ય ? જેઓ પંચાચારપરાયણ છે. જેના અંતરમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય ઇત્યાદિ સ્વાભાવિકદશાઓ પ્રગટી છે અને જે સ્વરૂપલીનતામાં તત્પર છે; જેઓ અકિંચનતાના સ્વામી છે, જેની પાસે શરીર સિવાય બીજું કાંઈ હોતું નથી, તે છોડ્યું જાતું નથી. નબળાઈને લીધે અંદરમાં એક રાગનો વિકલ્પ ઊઠે તેના તે સ્વામી નથી. હું પરમાનંદ જ્ઞાતા છું, એ સિવાય બીજું જરીયે મારું નથી, એવા અકિંચનતાના સ્વામી હોય છે તેને આચાર્ય કહેવાય છે. **'णमो आयरियाणं'** નો આ અર્થ ચાલે છે.

વળી, આચાર્યે કષાયસ્થાનોને નષ્ટ કર્યાં છે. પુણ્ય-પાપના વિકારી ભાવોના ભેદોને આચાર્યે સ્વભાવના અવલંબન દ્વારા નાશ કર્યાં છે. આચાર્ય પરિણમતા જ્ઞાનના બળ વડે મહા પંચાસ્તિકાયની સ્થિતિને સમજાવે છે. જેને અંતર આત્મબળ વિકસિત થઈ જ્ઞાનસ્વભાવનું પરિણમન એટલે કે રાગરહિત નિર્વિકલ્પદશા પરિણમી રહી છે, -વીતરાગી પર્યાય જેને પરિણમી રહી છે તેને આચાર્ય કહે છે. આત્માના ભાન વિના એકલી ધારણાની આ વાત નથી કે -શાસ્ત્રમાં આમ કહ્યું છે, ભગવાને આમ



કહ્યું છે; પણ પોતાના આત્મામાં વીતરાગી પરિણતિ પ્રગટી છે, અને પરિણમતા જ્ઞાનના બળ વડે પંચાસ્તિકાયનું યથાર્થ સ્વરૂપ સમજાવે છે. અંદર સ્વભાવના આશ્રયે જ્ઞાનની નવી નવી વ્યક્તિ એટલે કે પ્રગટતા થવા વડે, અનંત જીવદ્રવ્ય છે, અનંતાનંત પુદ્ગલદ્રવ્ય છે, એક ધર્મદ્રવ્ય છે, એક અધર્મદ્રવ્ય છે, એક સર્વવ્યાપી અખંડ આકાશદ્રવ્ય છે અને અસંખ્યાત કાલાણુદ્રવ્યો છે, તેનું કથન ગૌણ છે-ઇત્યાદિ કાળ સહિત પંચાસ્તિકાયનું સ્વરૂપ બરાબર સમજાવે છે. જેવા પદાર્થ છે તેવું જ્ઞાન પોતાના કારણે પરિણમ્યું છે, જ્ઞેયના કારણે નહિ. નવું નવું જ્ઞાન અંતર્પરિણમન થઈને ઊછળે છે, તે પોતાના વર્તમાન નિર્મળ પરિણમન દ્વારા આચાર્ય સમજાવે છે, એકલી ધારણા વડે નહિ. જાતે અંદર વિકાસ પામેલા છે તે સમજાવે છે. તેને ભાવલિંગી આચાર્ય કહે છે.

વિપુલ અચંચળ યોગમાં જેમની બુદ્ધિ નિપુણ છે, એવા આચાર્ય હોય છે. વિપુલ = વિકસીત; અચંચળ = સ્થિર અને યોગ = સમાધિ. આચાર્ય વિકસિત સ્થિર સમાધિમાં -જ્ઞાનાનંદ સ્વભાવની અનાકુળ શાંતિમાં નિપુણ છે. જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણોનો દરિયો છે એવા પરમ પારિણામિકભાવમાં -ત્રિકાળી નિરપેક્ષ આત્મદ્રવ્યમાં- એકાગ્રતારૂપ યોગમાં આચાર્યની બુદ્ધિ નિપુણ છે-કુશળ છે. જેમનું ચૈતન્ય જ્ઞાયકદ્રવ્ય સ્વભાવનું ભાન કરીને અંદરથી ખીલી નીકળ્યું છે એવા સમાધિમાં નિપુણ મુનિવરને આચાર્ય કહે છે.

વળી, જેમને ગુણો ઊછળે છે - એવા આચાર્ય હોય છે. જેમ દરિયામાં ભરતી આવે અને મોજાં છોળ મારે, તેમ આચાર્યને પર્યાયમાં ગુણો ઊછળે છે. અહીં ગુણો એટલે પર્યાયો સમજવા. એક સમયમાં જ્ઞાન, દર્શન, સુખ આદિ અનંત ગુણોના પર્યાયો ઊછળે છે, સમયે સમયે પર્યાયમાં વધે છે, એમ ને એમ રહેતા નથી. આચાર્યને વીતરાગી અવસ્થા એવી પ્રગટી છે કે જાણે ફાટફાટ કેવળજ્ઞાન લઉં - છતાં જાણે છે કે પંચમ આરે જન્મ્યા છીએ, અત્યારે અમારે વીર્યની નબળાઈ છે તેથી કેવળજ્ઞાનનો પુરુષાર્થ નથી, તો પણ સ્વરૂપ-મસ્તદશા એવી છે કે જાણે કદી પણ બહાર નહિ નીકળે, અંદરમાં લીન થઈ હમણાં કેવળજ્ઞાન લેશે-એવો આચાર્યને પુરુષાર્થ હોય છે.

**પ્રશ્ન** : આચાર્યપદની શું વિશેષતા છે ?

**ઉત્તર** : આચાર્યપદમાં ગુણના પર્યાયો વધારે વિકસિત છે. જો કે બધા મુનિઓને આવું તો હોય છે, પણ આચાર્યને જ્ઞાનના ઉઘાડની વિશેષતા, વિચક્ષણતા, સંઘના નાયક થવાની કુશળતા, પંચાચાર આચરાવવામાં નિપુણ તથા દીક્ષા-શિક્ષા દેવા -આટલી તેમની વિશેષતા છે.

-આવા આચાર્યોને ભક્તિ ક્રિયામાં કુશળ એવા અમે ભવદુઃખરાશિને ભેદવા માટે પૂજીએ છીએ. અમારા ભવદુઃખના રાશિને છેદવા માટે આચાર્યદેવને પૂજીએ છીએ. શુભ વિકલ્પ ઊઠ્યો છે એટલે - જેને જાણે કે હમણાં કેવળજ્ઞાન પ્રગટશે એવી ફાટફાટદશા છે - એવા આચાર્યને વંદન કરવાનો શુભ રાગ થાય છે. તે શુભ રાગ છે તો બંધનું કારણ, છતાં ભૂમિકા નબળી છે માટે આવ્યા વિના

રહેતો નથી. મુનિરાજ સમજે છે કે તે રાગ કલ્યાણ કે કલ્યાણનું કારણ નથી. ભગવાન ચૈતન્ય જ્ઞાનાનંદમાં ઝૂલતા આચાર્ય મહારાજને ભવરાશિને છેદવા માટે અમે પૂજીએ છીએ. પોતે (વાદિરાજ-દેવ) આચાર્ય છે અને તેમણે ભવનો ભાવ ઘણો તો છેદ્યો છે. તે, આચાર્યની વિશેષ સ્તુતિ કરે છે.

**શ્લોક ૧૦૪**

(हरिणी)

**सकलकरणग्रामालंबाद्विमुक्तमनाकुलं**
**स्वहितनिरतं शुद्धं निर्वाणकारणकारणम्।**
**शमदमयमावासं मैत्रीदयादममंदिरं**
**निरुपममिदं वंद्यं श्रीचन्द्रकीर्तिमुनेर्मनः॥ १०४॥**

**શ્લોકાર્થ** : સકળ ઈંદ્રિયસમૂહના આલંબન વિનાનું, અનાકુળ, સ્વહિતમાં લીન, શુદ્ધ નિર્વાણનું કારણ (-મુક્તિના કારણભૂત શુક્લધ્યાનનું કારણ), શમ-દમ-યમનું નિવાસસ્થાન, મૈત્રી-દયા-દમનું મંદિર (ઘર) -એવું આ શ્રી ચંદ્રકીર્તિમુનિનું નિરુપમ મન(ચૈતન્યપરિણમન) વંદ્ય છે. ॥ ૧૦૪ ॥

પદ્મપ્રભમલધારિદેવ નિર્ગ્રંથ મુનિ હતા. પોતે આચાર્ય ન હતા. તે પોતાના ગુરુને-ચંદ્રકીર્તિને-વંદન કરે છે. કેવા છે ચંદ્રકીર્તિ મુનિ ? તથા કેવું છે તેમનું ચૈતન્યપરિણમન ? સકળ ઇન્દ્રિયસમૂહના અવલંબન વિનાનું તેમનું ચૈતન્યપરિણમન છે. જ્ઞાનાનંદ ત્રિકાળી પરમભાવના-સ્વભાવના- આશ્રયે જ્ઞાનપર્યાય એવો ખીલ્યો છે કે તેમને ઇન્દ્રિયોનું, બાહ્ય પદાર્થોનું કે પુણ્ય-પાપના વિકલ્પોનું આલંબન નથી. વળી, કેવું છે તે ચૈતન્યપરિણમન ? તે ચૈતન્યપરિણમનમાં એટલે કે આત્માના નિર્મળ શુદ્ધ પર્યાયમાં આકુળતા નથી તથા તે જ્ઞાનાનંદરૂપદશા સ્વહિતમાં લીન છે. પદ્મપ્રભ મુનિરાજ લગભગ ૭૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. તે વખતે કોઈ ચંદ્રકીર્તિ મુનિ હશે. તેમને ટીકાકાર મુનિરાજે વંદન કર્યું છે. તથા તે પરિણમન નિર્વાણના કારણનું કારણ-મુક્તિના કારણભૂત શુક્લધ્યાનનું કારણ-છે. નીચેની ભૂમિકામાં જે શુદ્ધતા છે તે શુક્લધ્યાનનું કારણ છે અને શુક્લધ્યાન મોક્ષનું કારણ છે. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે, શરીર-વાણી પર છે અને પુણ્ય-પાપભાવ વિકાર છે - એમ આત્માનું ભાન કરી, સ્વરૂપમાં સ્થિરતા વડે પરિણતિ નિર્મળ થઈ તે મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગરૂપ ચૈતન્યપરિણમન શુક્લધ્યાનનું કારણ છે. કોઈ પુણ્ય, રાગ કે વિકલ્પથી શુક્લધ્યાન થતું નથી, કારણ કે શાસ્ત્રે જેટલો શુભભાવરૂપ-વિકલ્પરૂપ વ્યવહાર કહ્યો છે તે બધો બંધનું કારણ છે. તે શુક્લધ્યાન કે મોક્ષનું કારણ નથી.

ઉપમા વિનાનું -નિરુપમ- એવું તે ચંદ્રકીર્તિ મુનિનું મન-ચૈતન્યપરિણમન શમ એટલે શાંતિ, ઉપશમભાવનું-રાગ-વિકલ્પ રહિત આત્માની શાંતિનું નિવાસસ્થાન છે. પંચ મહાવ્રત ઇત્યાદિ વિકલ્પો



શાંતિનું સ્થાન નથી. દમ = ઇન્દ્રિયોનું દમન. ઇન્દ્રિયો તો જડ છે, પણ આત્માના ભાન સહિત આત્મામાં લીનતા વધતાં ઇન્દ્રિયો તરફનો રાગ ટળવો-તે તરફનું લક્ષ છૂટવું તે દમ છે. તે દમનું નિવાસસ્થાન આત્માનું વીતરાગી પરિણમન છે. આત્માના વર્તમાન પર્યાયનો પુણ્ય અને રાગ તરફ ઝુકાવ ન થવા દેવો અને તેને આત્મામાં વાળવો તેને જિતેંદ્રિય કહે છે. વીતરાગીજ્ઞાન પ્રગટ્યું તે ઇન્દ્રિયોના દમનનું સ્થાન છે. બાકી, આત્માના ભાન વગર ગમે તેટલો કાળ સાત્ત્વિક ખોરાક લે, તો પણ ખરેખર ઇન્દ્રિયોનું દમન થાય-ઇન્દ્રિયો શાંત થાય એમ નથી. વળી, તે વીતરાગી ચૈતન્ય-પરિણમન યમનું એટલે કે વીતરાગી નિર્વિકલ્પ સંયમનું નિવાસસ્થાન છે. કોઈ પ્રાણી પ્રત્યે વૈરની વૃત્તિ ન થાય તે મૈત્રી છે, વીતરાગી આત્મપરિણતિ તે મૈત્રીનું મંદિર છે. દયા = આત્માની દયા. હું પરિપૂર્ણ જ્ઞાનાનંદ પરમાત્મા છું, મારામાં રાગનો કણિયો પણ નથી, શરીર-વાણી-મન વગેરે તો મારાથી ભિન્ન જ છે, -એ આત્માની સાચી સમજણરૂપ દયા આત્માની શુદ્ધદશામાં રહે છે. આવી સહજ નિર્વિકલ્પદશાવાળા શ્રી ચંદ્રકીર્તિ મુનિનું મન-ચૈતન્યપરિણમન અમને વંદ્ય છે.

હવે ઉપાધ્યાય ભગવાનનું સ્વરૂપ કહે છે :

**ગાથા ૭૪**

**रयणत्तयसंजुत्ता जिणकहियपयत्थदेसया सूरा।**
**णिक्कंखभावसहिया उवज्झाया एरिसा होंति॥ ७४॥**
**રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,**
**જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.**

**અન્વયાર્થ** : રત્નત્રયથી સંયુક્ત, જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક અને નિઃકાંક્ષભાવ સહિત; -આવા ઉપાધ્યાયો હોય છે.

**ટીકા** : ''**णमो उवज्झायाणं**'' નું સ્વરૂપ કહે છે. ઉપાધ્યાયો કેવા હોય છે ? અવિચલિત અખંડ અદ્વૈત પરમ ચિદ્રૂપના શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનરૂપ(-ચારિત્રરૂપ) શુદ્ધ નિશ્ચય-સ્વભાવ રત્નત્રયવાળા ઉપાધ્યાયો હોય છે. નિશ્ચયરત્નત્રય સંયુક્ત ન હોય તે ઉપાધ્યાય કહેવાતા નથી.

વીતરાગી જૈન શાસનમાં આત્માના જ્ઞાન-ધ્યાનમાં મસ્ત ભાવલિંગી સાધુનું સ્વરૂપ એને કહેવાય છે કે જેને ગણધરદેવનો -ભગવાનના ધર્મવજીરનો- પંચપરમેષ્ઠીને ભાવથી નમસ્કાર કરતાં ''**णमो लोए सव्वसाहूणं**'' એમ નમસ્કાર પહોંચે - તેને સાચા સાધુ કહે છે. નમસ્કારનો વિકલ્પ ઊઠે તેના ગણધરદેવ સ્વામી નથી. ગણધરદેવ બહારમાં સાધુને વંદન ન કરે, તે વ્યવહાર છે; અંદર ભાવમાં પાંચ પદને નમસ્કાર કરતાં, સાધુને નમસ્કાર આવી જાય છે. કોઈ સાધુ બે ઘડીમાં નવો ભાવલિંગી સાધુ થયો હોય, ત્રણ કષાયનો નાશ કરીને તેને આત્મરમણતા પ્રગટી હોય; તે સાધુને ગણધર કે જેમને લાખો વર્ષ પહેલાં મુનિપણું પ્રગટ્યું હોય, તે પણ ભાવથી નમસ્કાર કરે. ગણધરનો નમસ્કાર જેને પહોંચે તે જ સાધુ પરમેષ્ઠીમાં ગણાય છે. મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગીને ગણધરનો નમસ્કાર પહોંચતો નથી, માટે તે પરમેષ્ઠીમાં ગણાતો નથી.

જે નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયસમ્યગ્જ્ઞાન અને નિશ્ચયસમ્યક્ચારિત્ર સહિત હોય તેને ઉપાધ્યાય કહે છે, નહિતર ઉપાધ્યાય કહેવાતા નથી. ઉપાધ્યાય જિનકથિત પદાર્થના ઉપદેશક છે. અને આચાર્ય દીક્ષા-શિક્ષાના દેનાર છે. ઉપાધ્યાય જિનકથિત-વીતરાગે કહેલા તત્ત્વને કહેવાને શૂરા છે-વીતરાગ તત્ત્વને કહેવાની તાકાત છે, અન્યના કલ્પિત તત્ત્વને કહેવાને શૂરા નથી. વળી, ઉપાધ્યાય નિઃકાંક્ષ-ભાવનાવાળા હોય છે. પરલોકમાં શું થશે ? ઉપદેશનું ફળ જગતમાં આવશે કે નહિ ? બીજા ધર્મ પામશે કે નહિ ? આવી કાંક્ષા ઉપાધ્યાયને હોતી નથી. પોતાને વિકલ્પ ઊઠ્યો છે, અને વાણીની યોગ્યતાને કારણે ઉપદેશ આવે છે; બાકી કોઈ ધર્મ પામે કે ન પામે તેની સાથે તેમને સંબંધ નથી. આવા, વીતરાગી શાસનમાં ઉપાધ્યાયો હોય છે.



**કારતક વદ ૯, સોમવાર, ૧૯-૧૧-૫૧.**

પંચપરમેષ્ઠી ભગવાનને જીવ યથાર્થ ઓળખે તો તેને પોતાના આત્માની શ્રદ્ધા સાચી થઈ કહેવાય. જે પંચપરમેષ્ઠીને માને તે આમનાથી વિરુદ્ધને - મિથ્યાદષ્ટિઓને માને નહિ. અહીં આ ઉપાધ્યાય પરમેષ્ઠીનો અધિકાર છે. જેમની પાસે જ્ઞાન મળે-ભણાય તેને વીતરાગના શાસનમાં ઉપાધ્યાય કહે છે. નિર્ગ્રંથ મુનિઓને જે મુનિ પાસે ભણવાનો યોગ હોય છે તેને ઉપાધ્યાય કહે છે.

કેવા છે ઉપાધ્યાય ? અવિચલિત અખંડ અદ્વૈત પરમ ચિદ્રૂપના શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનરૂપ શુદ્ધ નિશ્ચય-સ્વભાવરત્નત્રયવાળા ઉપાધ્યાય હોય છે. આત્મા અખંડ એકલો જ્ઞાનરૂપ છે, તે પોતાના પરમ ચૈતન્યરૂપથી કદી ચળતો નથી. આવા આત્માની યથાર્થ શ્રદ્ધા, તેનું યથાર્થ જ્ઞાન અને તે પરમ ચૈતન્યરૂપ આત્મામાં રમણતારૂપ અનુષ્ઠાન-નિર્વિકલ્પ લીનતારૂપ ચારિત્ર ઉપાધ્યાય પરમેષ્ઠીને હોય છે. આત્માના ભાન રહિત કેવળ વાડામાં-બાહ્ય ક્રિયાકાંડ અને એકલા શુભભાવમાં પડ્યા હોય તેને ઉપાધ્યાય પરમેષ્ઠી કહેતા નથી.

શરીર-વાણી તથા પુણ્ય-પાપના ભાવ અને ગુણ-ગુણીના ભેદ રહિત ભગવાન આત્મા એકલો ચૈતન્યબિંબ ત્રિકાળ એકરૂપ છે, અવિચલિત અખંડ છે. આવા અવિચલિત અભેદ એકરૂપ પરમ ચિદ્રૂપની શ્રદ્ધા ઉપાધ્યાયને હોય છે. આવા ઉપાધ્યાયની જે શ્રદ્ધા, તેને વ્યવહાર કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે વ્યવહાર છે-પુણ્ય છે. હજુ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને ત્યાં સુધી શુભ રાગ છે અને પરમ ચિદ્રૂપ એવા પોતાના આત્માની શ્રદ્ધા કરવી તે ધર્મ છે. આત્માર્થે પંચપરમેષ્ઠીની શ્રદ્ધા કરવી તે પણ પુણ્ય છે, ધર્મ નહિ.

અવિચલિત અખંડ જ્ઞાનાનંદ કારણપરમાત્માની શ્રદ્ધાન, જ્ઞાન તથા અનુષ્ઠાનરૂપ શુદ્ધ નિશ્ચય-સ્વભાવરત્નત્રયવાળા ઉપાધ્યાય હોય છે. ત્રિકાળી કારણપરમાત્મામાં ઠરવું તેને સાચું ચારિત્ર કહે છે, બાહ્ય ક્રિયાકાંડ કે મહાવ્રત આદિના વિકલ્પ તે ખરું ચારિત્ર નથી. અનુષ્ઠાન = આચરણ; ચારિત્ર; વિધાન; અમલમાં મૂકવું તે. આવા ત્રિકાળી સ્વભાવમાં અનુષ્ઠાનવાળા જૈનના ઉપાધ્યાય પરમેશ્વર હોય છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચેયને પરમેશ્વર કહેવાય છે. આ પંચપરમેષ્ઠીના સ્વરૂપનું યથાર્થ ભાન હોવું તેને વ્યવહાર કહે છે, આવું પંચપરમેષ્ઠીનું જ્ઞાન પણ ન હોય તેને વ્યવહાર પણ કહેવાય નહિ. પંચપરમેષ્ઠી તરફનો વિકલ્પ તોડી આત્માનું ભાન કરવું તે નિશ્ચય છે. આ વ્યવહારચારિત્રનો અધિકાર છે, માટે આવી શ્રદ્ધાવાળાને વ્યવહાર હોય છે, તેનું અહીં જ્ઞાન કરાવ્યું છે.

જેને સિદ્ધદશા પ્રગટ કરવી હોય તેને આત્માના શ્રદ્ધાન, જ્ઞાન અને સ્વરૂપ-રમણતારૂપી શુદ્ધ સ્વભાવરત્નત્રય જોઈએ. એ શુદ્ધ રત્નત્રયથી મોક્ષ મળે છે. તે રત્નત્રય કેવા છે ? પરમાનંદ સ્વભાવી આત્માનું-નિત્યાનંદ પરમ સ્વભાવભાવનું શ્રદ્ધાન, જ્ઞાન અને તેમાં રમણતા કરવી તેને શુદ્ધ નિશ્ચય

રત્નત્રય કહે છે. આના વડે મોક્ષ મળે છે. એ સિવાય પુણ્યથી સ્વર્ગ મળે; તેનાથી આત્માનું કલ્યાણ થાય નહિ.

વળી, ઉપાધ્યાય ભગવાન જિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલા જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને ઉપદેશવામાં શૂરવીર હોય છે. ગણધરોના પણ ઈન્દ્ર એવા શ્રી જિનેન્દ્ર ભગવાનના મુખકમળમાંથી નીકળેલા જીવ આદિ નવ પદાર્થ, સાત તત્ત્વ અને છ દ્રવ્યને ઉપદેશવામાં ઉપાધ્યાય શૂરવીર છે. ઉપાધ્યાય વીતરાગદેવે કહેલી વાત જ પ્રરૂપવાને શૂરવીર છે. તે સિવાય અન્યની વાત તેમને બેસતી નથી. અન્યની કલ્પિત વાત તેઓ કરતા નથી. વીતરાગ સિવાય કોઈ યોગ, વેદાંત ઈત્યાદિ સત્ય કહેવાને સમર્થ નથી. ઉપાધ્યાય જ્ઞાન-દર્શન-સુખ આદિ અનંતગુણનો પિંડ એવો જે જીવપદાર્થ તેને જીવ તરીકે સમજાવે છે. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ દ્રવ્યોને અજીવ તરીકે જેમ છે તેમ સમજાવે છે. પુણ્ય તથા પાપને આસ્રવ તરીકે સમજાવે છે, આત્મામાં શુદ્ધિનું પ્રગટવું અને અશુદ્ધિનું અટકવું તેને સંવર કહે છે, શુદ્ધિનું એકદેશ વધવું અને અશુદ્ધિનું એકદેશ ઘટવું તેને નિર્જરા કહે છે. તથા આત્મામાં પરિપૂર્ણ શુદ્ધતા થવી તેને મોક્ષ કહે છે - આ રીતે ઉપાધ્યાય સર્વજ્ઞ વીતરાગે કહેલા જીવાદિ પદાર્થને ઉપદેશવામાં-સમજાવવામાં શૂરવીર હોય છે.

વળી કેવા છે ઉપાધ્યાય ? ઉપાધ્યાય સમસ્ત પરિગ્રહના પરિત્યાગ સ્વરૂપ જે નિરંજન નિજ પરમાત્મતત્ત્વ તેની ભાવનાથી ઉત્પન્ન થતાં પરમ વીતરાગ સુખામૃતના પાનમાં સન્મુખ હોવાથી જ નિઃકાંક્ષભાવના સહિત છે. ભગવાન આત્મામાં પુણ્ય-પાપનો ત્રિકાળ અભાવ છે. સંસાર તો એક સમયનો વિકાર છે, તેનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે. સ્ત્રી, પુત્ર, શરીર તો આત્મામાં નથી, પણ પુણ્ય-પાપના વિકારીભાવને, અલ્પજ્ઞાનના પર્યાયને તથા એક સમય પૂરતા ક્ષાયિક પર્યાયને પણ આત્મસ્વભાવે પકડ્યો નથી. એવા સમસ્ત પરિગ્રહના ત્યાગસ્વરૂપ પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન થતા સુખામૃતના પાનમાં સન્મુખ હોવાથી ઉપાધ્યાય નિઃકાંક્ષભાવના સહિત છે. અજ્ઞાનીએ અજ્ઞાનને લીધે ચારે તરફથી શરીર હું, સ્ત્રી હું, રાગ હું, એક સમયના વિકાર પૂરતો હું - એમ પકડ્યું છે. જ્ઞાનીએ સમસ્ત પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ આત્માના આશ્રયે સમસ્ત પકડનો પરિત્યાગ કર્યો છે. ઉપાધ્યાય ભગવાન તથા ધર્મી જીવ કેવા આત્માની ભાવના ભાવે છે તે અહીં કહે છે. પોતાનું ત્રિકાળી પરમ આત્મતત્ત્વ કે જેમાં સંવર, નિર્જરા એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ એક સમયના વીતરાગી પર્યાયનો પણ પરિત્યાગ છે. પુણ્યના શુભ વિકલ્પનો પરિત્યાગ તો છે જ, પરંતુ નિશ્ચયરત્નત્રયનો પણ પરિત્યાગ છે. દેહ-વાણી જડ છે, પુણ્ય-પાપ વિકાર છે અને વીતરાગી મોક્ષમાર્ગ એક સમયનો નિર્વિકલ્પ શુદ્ધ પર્યાય છે - આનો પકડ કરવો તે પરિગ્રહ છે. ત્રિકાળી આત્મતત્ત્વ આ સમસ્ત પકડના પરિત્યાગસ્વરૂપ છે. દયા-દાન આદિ ભાવ તો વિકાર છે, શરીર પર છે, પણ ક્ષાયિકસમ્યગ્દર્શનના પર્યાયનો કે કેવળજ્ઞાનના પર્યાયનો પકડ જેમાં નથી એવા નિરંજન પરમાત્મસ્વરૂપના સુખામૃતમાં લીન હોવાથી નિઃકાંક્ષભાવના સહિત છે. નિરંજન નિજ પરમાત્મા



તે ત્રિકાળી ધ્રુવસ્વરૂપ છે. તેની ભાવના તે પણ પર્યાય છે, એની પણ પકડ આત્મામાં નથી.

વીતરાગી સુખામૃત એટલે કે આનંદનું ઝરણું આત્મા છે. ત્રિકાળી આનંદકંદ આત્મા છે. એવા આત્માની ભાવનાથી ઉત્પન્ન થતાં વીતરાગ સુખામૃતને પીવામાં ઉપાધ્યાય સન્મુખ છે. ધર્માત્મા પોતાના ચૈતન્ય આનંદનું પાન કરવામાં તત્પર છે. -જ્ઞાનાનંદ આત્માને ચૂસવા તત્પર છે. આત્મા નિરંજન સ્વભાવ સ્વરસનો કંદ છે. તેમાંથી ઉત્પન્ન થતાં પરમ વીતરાગ સુખામૃતની સન્મુખ છે તેથી ઉપાધ્યાય નિઃકાંક્ષભાવના સહિત છે. જૈનના ઉપાધ્યાય આવા લક્ષણથી ઓળખાય છે, આત્મભાન રહિત એકલા નગ્ન ફરે, ક્રિયાકાંડ કરે તેને ઉપાધ્યાય કે સાધુ કહેતાં નથી. જૈનશાસનમાં, અવિચલિત ચૈતન્ય સ્વભાવમાં રમણતા વડે આનંદમાં તૃપ્ત તૃપ્ત પડ્યા છે તેને ઉપાધ્યાય કહે છે. આવા ઉપાધ્યાયને માને ત્યારે શુભભાવ થાય છે, પોતે પોતાના કારણપરમાત્માને માને ત્યારે ધર્મ થાય છે.

## શ્લોક ૧૦૫

(अनुष्टुभ्)

**रत्नत्रयमयान् शुद्धान् भव्यांभोजदिवाकरान्।**
**उपदेष्टॄनुपाध्यायान् नित्यं वंदे पुनः पुनः॥ १०५॥**

**શ્લોકાર્થ** : રત્નત્રયમય, શુદ્ધ, ભવ્યકમળના સૂર્ય અને (જિનકથિત પદાર્થોના) ઉપદેશક એવા ઉપાધ્યાયોને હું નિત્ય ફરી ફરીને વંદું છું. ॥ ૧૦૫ ॥

કેવા છે ઉપાધ્યાય ? ઉપાધ્યાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રવાળા છે, તેમને શુદ્ધ ગુણો અંદર ઊછાળા મારે છે-પરિણમ્યા છે. ચૈતન્યસ્વભાવી આત્માને સમજવાના તથા તેમાં સ્થિરતા કરવાના જે કામી છે એવા ભવ્ય જીવરૂપી કમળને ખીલવામાં ઉપાધ્યાય સૂર્ય સમાન છે. જેનામાં યોગ્યતા છે, જે ખીલવાની અભિલાષા સહિત છે તેને માટે નિમિત્ત છે. વળી, ઉપાધ્યાય વીતરાગે કહેલા નવ પદાર્થ, સાત તત્ત્વ, પંચાસ્તિકાય આદિ કહેવા સમર્થ છે. -આવા સંતોના ચરણોમાં હું ફરી ફરીને નમું છું.

## ગાથા ૭૫

**वावारविप्पमुक्का चउव्विहाराहणासयारत्ता।**
**णिग्गंथा णिम्मोहा साहू दे एरिसा होंति ॥ ७५ ॥**
**નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,**
**ચઉવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫**

**અન્વયાર્થ** : વ્યાપારથી વિમુક્ત (સમસ્ત વ્યાપાર રહિત), ચતુર્વિધ આરાધનામાં સદા રક્ત, નિર્ગ્રંથ અને નિર્મોહ; -આવા સાધુઓ હોય છે.

સાધુને કોઈ જાતના મન-વાણી-દેહના વ્યાપારમાં જોડાણ નથી. સાધુ, શરીર હાલે-ચાલે તથા વાણી બોલાય તેના જાણનાર છે, તેના કર્તા નથી; માટે તેમને સમસ્ત વ્યાપાર રહિત કહ્યા છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ આરાધના - એ ચાર પ્રકારની આરાધનામાં સાધુ તત્પર હોય છે. બાહ્યમાં વસ્ત્ર-પાત્ર ઈત્યાદિ તથા અંદરમાં મિથ્યાત્વ-રાગાદિ પરિગ્રહ નહિ હોવાથી સાધુ નિર્ગ્રંથ હોય છે. મિથ્યાત્વ તથા અનંતાનુબંધી આદિ ત્રણ કષાયનો નાશ કર્યો છે, માટે સાધુ નિર્મોહ હોય છે. અંતરમાં પુરુષાર્થની નબળાઈને લીધે સંજ્વલન કષાયનો અંશે રાગ હોય છે. બાકી બધા રાગનો નાશ કર્યો છે.

**ટીકા** : જ્ઞાનાનંદ સ્વભાવમાં લીનતારૂપ પરમ તપસ્યામાં નિરત એવા સર્વ સાધુઓના સ્વરૂપનું આ કથન છે. બધા સાધુ આત્માના ભાન સહિત વીતરાગ સ્વભાવમાં ઠરેલા હોય છે. કોઈ સાધુ વસ્ત્ર રાખે તેને સ્થિવરકલ્પી કહે અને નગ્ન રહે તેને જિનકલ્પી કહે છે એવા વીતરાગના શાસનમાં ભેદ નથી. સાધુ બધાય નગ્ન દિગંબર, આત્મસ્વરૂપમાં ઝૂલતા હોય છે. વીતરાગ શાસનમાં જે એકલા વિચરે તેને જિનકલ્પી તથા મુનિઓના સમુદાયમાં વિચરે તેને સ્થિવરકલ્પી કહે છે. બાકી હોય છે તો બધાય આત્મભાન તથા વીતરાગી રમણતા સહિત -નગ્ન.

સાધુઓ કેવા હોય છે ? પરમસંયમી મહાપુરુષો હોવાથી ત્રિકાળ નિરાવરણ નિરંજન પરમ પંચમભાવની ભાવનામાં પરિણમેલા હોવાને લીધે જ સાધુ સમસ્ત બાહ્ય વ્યાપારથી વિમુક્ત હોય છે. આત્માના ભાન સહિત વિશેષ સ્વરૂપ-રમણતા વડે ઈન્દ્રિયનિરોધ થઈ આનંદરૂપી અમૃતનો જેને ઓડકાર આવે છે એટલે કે જે આત્માના આનંદને અનુભવે છે એવા પરમ સંયમી-વીતરાગી સાધુ, જે ક્ષાયિક આદિ ચાર ભાવ વિનાનો છે, અને જે ત્રિકાળ નિરાવરણ છે એવા પરમ પારિણામિકભાવની ભાવનામાં પરિણમેલા હોવાને લીધે, તેમને બાહ્ય વ્યાપાર નથી. ભાવના એટલે એકાગ્રતા સમજવી, વિકલ્પ નહિ. સાધુને વીતરાગી અવસ્થા, નિર્વિકલ્પ સમાધિ પ્રગટી હોય છે, તેથી તેમને બાહ્ય વ્યાપાર હોતો નથી. વીતરાગ શાસનમાં સર્વ સાધુનું સ્વરૂપ આવું હોય છે. કોઈ અજ્ઞાની હોય, કોઈ એકલી



બાહ્ય ક્રિયા કરે તેને પણ સાધુ કહેવાય - એમ નથી. છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ ઊઠે, તેને પણ ગૌણ કરી નાખ્યો છે અને સાતમામાં વિશેષ લીન થઈ ગયા છે - એવા સાધુ હોય છે.

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવસ્વરૂપ એક સમયના પર્યાય વિનાનો ત્રિકાળી સ્વભાવ તેને પરમ પંચમભાવ એટલે કે પરમ પારિણામિકભાવ કહે છે. સાધુ પરમ પારિણામિક-ભાવની ભાવનામાં લીન હોવાથી બધા બાહ્ય વ્યાપારોથી રહિત છે.

વળી સાધુ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને પરમ તપ નામની ચતુર્વિધ આરાધનામાં સદા અનુરક્ત હોય છે. સાધુને સ્વરૂપ સાધનાની મુખ્યતા હોય છે, તેમને ઉપદેશ આદિની મુખ્યતા હોતી નથી; ઉપાધ્યાયનો ઉપદેશ તથા ભણાવવાની મુખ્યતા હોય છે; અને આચાર્યને દીક્ષા-શિક્ષાની પ્રધાનતા હોય છે. ત્રણેય છે તો આત્મમસ્ત ભાવલિંગી સાધુ, ત્રણેય પરમ પારિણામિકભાવની ભાવનામાં તત્પર હોય છે. તેઓ સદાય સ્વભાવની આરાધના કરી રહ્યા છે. આહાર-પાણી વખતે પણ અંદર સ્વભાવનો આશ્રય કરીને અંતર્શુદ્ધતાનું પ્રતપન કરે છે-શુદ્ધતાને ઓપાવે છે તે સદાય તેમને તપ છે. અને તેથી તેમને સદાય આરાધના વર્તે છે.

સાધુ બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણ રહિત હોવાને લીધે નિર્ગ્રંથ હોય છે. જૈન શાસનમાં સાધુને સંયમનું ઉપકરણ એક મોરપીંછી તથા શૌચ માટે એક કમંડળ હોય છે. એ સિવાય વસ્ત્ર-પાત્ર આદિ બીજું કાંઈ હોતું નથી. મહાવિદેહક્ષેત્રમાં અત્યારે વર્તમાનમાં આવા સાધુ છે, પૂર્વે અહીં પણ આવા ભાવલિંગી જંગલમાં વસતા સ્વરૂપમસ્ત સાધુઓ હતા અને ભવિષ્યમાં પણ આવા જ સાધુ થશે. ત્રણે કાળે સાધુનું આ જ સ્વરૂપ છે. જેને અંદરથી મિથ્યાત્વ તથા રાગ-દ્વેષની ગાંઠ છેદાઈ ગઈ છે તેને નિર્ગ્રંથ સાધુ કહે છે. દયા-દાનનો એક વિકલ્પ ઊઠે તે પણ મારું સ્વરૂપ છે એવી પકડ સાધુને હોતી નથી.

સદા નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપના સમ્યક્શ્રદ્ધાન, સમ્યક્પરિજ્ઞાન અને સમ્યક્ આચરણથી પ્રતિપક્ષ એવાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનો અભાવ હોવાને લીધે સાધુ નિર્મોહ હોય છે. ત્રિકાળી કારણસમયસાર સ્વરૂપ ભગવાન આત્માની સાચી શ્રદ્ધા, તેનું સાચું જ્ઞાન અને તેમાં રમણતારૂપ સાચું આચરણ તે મોક્ષમાર્ગ છે. તેનાથી પ્રતિપક્ષ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે. પુણ્યથી ધર્મ માને, પરનું કર્તાપણું માને તથા વ્યવહારથી-શુભરાગથી લાભ માને તે મિથ્યાદર્શન છે. આવું મિથ્યાત્વ મુનિને હોતું નથી, તથા તેમને મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રનો અભાવ હોય છે. રાગમાં અટકીને ચારિત્ર માનવું એવી દશા સાધુની હોતી નથી; અંતર્વીતરાગી રમણતાને સાધુ ચારિત્ર માને છે - આવા સાધુ હોય છે.

-આવા, પરમ નિર્વાણસુંદરીની સુંદર સેંથીના શોભારૂપ કોમળ કેસરના રજપુંજના સુવર્ણરંગી અલંકારને (કેસર-રજની કનકરંગી શોભાને) અવલોકવામાં કૌતૂહલબુદ્ધિવાળા તે બધાય સાધુઓ હોય

છે (અર્થાત્ પૂર્વોક્ત લક્ષણવાળા, મુક્તિસુંદરીની અનુપમતા અવલોકવામાં આતુર બુદ્ધિવાળા બધાય સાધુઓ હોય છે). સાધુઓ મુક્તિસુંદરીને વરવા નીકળ્યા છે. પરમ શાંતિરૂપી જે નિર્વાણસુંદરી તેના વાળનો ચીકણો જથ્થો-સુંદર વીતરાગી પર્યાયોનો ઝુંડ, તેની શોભાને અવલોકવામાં કુતૂહલ બુદ્ધિવાળા-પુરુષાર્થ ઉગ્ર કરવાના મનવાળા-હોંશવાળા તે બધાય સાધુઓ હોય છે.

સાધુ જ્ઞાનાનંદની લહેરમાં એવા પડ્યા છે કે બહારમાં શરીરમાં પ્રહાર પડતા હોય, પરિષહ કે ઉપસર્ગ હોય છતાં મુક્તિપરિણતિને -અનંત શુદ્ધ પર્યાયોના કંદને- અવલોકવાને હોંશવાળા છે. બધા સંતો અપવાદ વિના આવા જ હોય છે. સાક્ષાત્ તીર્થંકર ભગવાન વિચરતા હતા તે વખતે પણ આવા જ સાધુ હતા અને કોઈને આ વખતે આત્માના યથાર્થ ભાન સહિત સાધુપણું પ્રગટે તો પણ આવા જ હોય છે. પદ્મપ્રભ મુનિરાજ મસ્ત થઈને ખીલ્યા છે, પોતે જંગલમાં રહીને વીતરાગતાના વખાણ કર્યા છે. જેમાંથી આનંદના ફુવારા ફાટે એવા કારણસમયસારના સ્વરૂપમાં નિર્ગ્રંથ સાધુઓ મહાલી રહ્યા છે, સાધુ મુક્તિસુંદરીને -મુક્તિપરિણતિને- જોવાને તત્પર છે, પણ પુણ્યમાં કે સ્વર્ગમાં તત્પર નથી. આ કાળે પુરુષાર્થ નબળો છે તેથી મોક્ષ પામે નહિ-સ્વર્ગે જાય, છતાં કુતૂહલતા તો મોક્ષસુંદરીને જોવાની છે -સ્વર્ગ પામવાની કુતૂહલતા નથી- સાધુને વીતરાગતા તથા કેવળજ્ઞાન સહિત મુક્તદશાના અલંકારને જોવાની હોંશ છે, પણ મરીને સ્વર્ગમાં જઈશું કે રાજકુમાર થઈશું એવી હોંશ નથી. જેને મરીને સ્વર્ગમાં અવતરવાની હોંશ છે તે સાધુ નથી.

પંચમ આરામાં પણ જે ભાવલિંગી સાચા મુનિ વિચરતા હોય તે પણ મોક્ષપરિણતિને અવલોકવાની હોંશવાળા હોય છે. આ સિવાય બીજા કોઈ સાધુ નથી. ભગવાન કુંદકુંદાચાર્યદેવ તથા પદ્મપ્રભમલધારિદેવ પોતે પણ આવા જ સાધુ હતા, આવા સાધુને ઓળખીને શ્રદ્ધા કરવી તેને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે, અને તેથી આ પંચ પરમેષ્ઠીની વાત વ્યવહાર અધિકારમાં કહી છે.

**કારતક વદ ૭, મંગળવાર, ૨૦-૧૧-૫૧.**

**શ્લોક ૧૦૬**

(आर्या)

**भविनां भवसुखविमुखं त्यक्तं सर्वाभिषंगसंबंधात्।**
**मंक्षु विमंक्ष्व निजात्मनि वंद्यं नस्तन्मनः साधोः ॥ १०६ ॥**

**શ્લોકાર્થ :** ભવવાળા જીવોના ભવસુખથી જે વિમુખ છે અને સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે, એવું તે સાધુનું મન અમને વંદ્ય છે. હે સાધુ ! તે મનને શીઘ્ર નિજાત્મામાં મગ્ન કરો. ॥ ૧૦૬ ॥

નિર્ગ્રંથ સાધુ કેવા હોય છે ? નિર્ગ્રંથ સાધુ ભવસુખ એટલે કે પુણ્ય-પાપ તથા હરખ-શોકના ભાવ રહિત અતીન્દ્રિય જ્ઞાનાનંદ સ્વભાવમાં ઝૂકી ગયા છે. તેથી તે ભવસુખથી -કલ્પિત સુખથી-



રહિત થયા છે. તથા બાહ્ય અને અભ્યંતર સંગ સાધુને છૂટ્યો છે અને પરમ ભાવની લીનતા તેમને પ્રગટી છે. આવા સાધુનું મન -નિર્વિકલ્પ પરિણમન- અમને વંદ્ય છે.

સાધુ અંતર આનંદમાં પડ્યા છે અને સંસારસુખથી વિમુખ થયા છે એમ અસ્તિ-નાસ્તિથી કહ્યું. સાધુનું મન એટલે ચૈતન્યપરિણમન કે જે ત્રિકાળી ચૈતન્ય પરમ પારિણામિકભાવમાં ઢળી ગયું છે તે અમને વંદ્ય છે. મુનિદશા આવી હોય છે. પદ્મપ્રભ મુનિરાજ પોતે કહે છે કે તે મુનિનું મન એટલે કે તે મુનિનું પરિણમન અમને વંદ્ય છે. પોતે કહે છે કે હે મુનિ ! તે વીતરાગ પરિણતિને નિર્વિકલ્પ સ્વભાવમાં લીન કરી નાંખો. છઠ્ઠે ગુણસ્થાને વૃત્તિ જરા બહાર વળતી હોય તેને શીઘ્ર નિજાનંદ ચૈતન્યમાં લીન કરો. આનું નામ મુનિદશા-સાધુદશા કહે છે.

### ગાથા ૭૬

**एरिसयभावणाए ववहारणयस्स होदि चारित्तं।**
**णिच्छयणयस्स चरणं एत्तो उड्ढं पवक्खामि॥ ७६॥**
**આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;**
**આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.**

**અન્વયાર્થ** : આવી (પૂર્વોક્ત) ભાવનામાં વ્યવહારનયના અભિપ્રાયે ચારિત્ર છે; નિશ્ચયનયના અભિપ્રાયે ચારિત્ર આના પછી કહીશ.

**ટીકા** : આ વ્યવહારચારિત્ર અધિકારનું જે વ્યાખ્યાન તેના ઉપસંહારનું અને નિશ્ચયચારિત્રની સૂચનાનું કથન છે.

આત્માના યથાર્થ ભાનવાળા તથા તેમાં વીતરાગી રમણતાવાળા મુનિને પંચ મહાવ્રત પંચ સમિતિ હોય છે. ત્યાં મહાવ્રત વગેરે નિશ્ચય અને વ્યવહારના ભેદથી બે પ્રકારના છે. અહિંસા આદિનો વિકલ્પ ઊઠે તે રાગ છે-પુણ્ય આસ્રવ છે-બંધનું કારણ છે. તેને વ્યવહારચારિત્ર કહે છે; અને આત્માનો જે જ્ઞાનાનંદ સ્વભાવ તેમાં લીનતારૂપ પરિણતિ તે નિશ્ચયમહાવ્રત છે. સમિતિમાં પણ જોઈને ચાલવું, વિચારીને બોલવું એવો જે વિકલ્પ તે શુભ રાગ છે-વ્યવહાર છે; તે શુભ રાગથી પણ રહિત એકલા જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્થિર થવું તે નિશ્ચયસમિતિ છે. અશુભભાવની નિવૃત્તિ તે વ્યવહારગુપ્તિ છે; અને શુભાશુભભાવથી નિવર્તીને આત્મામાં શાંત થઈ જવું તે નિશ્ચયગુપ્તિ છે. પંચપરમેષ્ઠીને માનવા તે પુણ્ય-છે-વ્યવહાર છે, તથા મહાવ્રત આદિ ભેદનો વિચાર કરવો તે પણ શુભ રાગ છે-વ્યવહાર છે. આત્માના ભાન સહિત વીતરાગ પરિણતિ જેને પ્રગટી છે તેને આવો શુભ રાગ વર્તે છે, તેને વ્યવહાર કહેવાય છે. અજ્ઞાનીને આવો વ્યવહાર પણ હોતો નથી, મહાવ્રત, સમિતિ આદિમાં જે સ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ વીતરાગતા પ્રગટી છે તે નિશ્ચય છે અને જે શુભ વિકલ્પ ઊઠે છે તે વ્યવહાર છે, પુણ્યનું કારણ છે-બંધનું કારણ છે-મોક્ષને રોકનાર છે.

ખરેખર અભેદ વિના ભેદ શેનો ? જ્યાં અભેદ એટલે કે નિશ્ચયચારિત્ર હોય ત્યાં સાચો વ્યવહાર હોય છે. ખરેખર તો અભેદ થયો તો ભેદ-વ્યવહાર કહેવાય. ભેદથી અભેદ થાય છે એમ નથી, પણ અભેદનું જ્ઞાન હોય તેને ભેદનું જ્ઞાન યથાર્થ થાય છે. વ્યવહારથી નિશ્ચય પમાય કે બંધને આશ્રયે અબંધ થવાય એમ નથી, પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવનું જ્ઞાન થયું, ત્યારે રાગનું જે જ્ઞાન રહ્યું તેને વ્યવહાર કહેવાય છે. આ નિશ્ચય સહિતનો વ્યવહાર છે. અભેદ નિર્વિકલ્પ જ્ઞાનસ્વભાવનું જેને ભાન છે, તેને ક્રમમાં આવી પડેલા રાગનું જ્ઞાન તે વ્યવહાર છે અને શુદ્ધ સ્વભાવની એકાગ્રતાનું જ્ઞાન કરવું તે નિશ્ચય છે.



**પ્રશ્ન** : વ્યવહાર એટલે કે શુભ રાગ સહચારી છે કે સહકારી ?

**ઉત્તર** : સહકારી કહો કે નિમિત્ત કહો બન્ને એક જ છે. આત્માના ભાન સહિત અંદર સ્વરૂપ રમણતાની ભૂમિકામાં વચ્ચે પુરુષાર્થની નબળાઈને લીધે શુભ રાગ હોય છે. તેને સહકારી કહી શકાય છે, કારણ કે ધર્મી જીવની સ્વભાવ ઉપર દૃષ્ટિ છે. તે સ્વભાવ દૃષ્ટિના જોરે તે શુભ રાગનો પણ અભાવ કરી નાંખશે અને વીતરાગતા પ્રગટાવશે. તેથી પૂર્વના અભાવ થયેલા શુભભાવને નવા વીતરાગી શુદ્ધ પર્યાયનો સહકારી કહી શકાય છે. અહીં સહકારીનો અર્થ માત્ર નિમિત્ત છે, કાંઈ મદદ કરે છે એવો એનો અર્થ નથી. શુભ રાગ શુદ્ધતાને કાંઈ મદદ કરે એમ તો છે જ નહિ, કારણ કે જો તે મદદ કરે તો ખૂબ શુભ રાગ કરે તો ખૂબ શુદ્ધતા પ્રગટવી જોઈએ, પણ એમ બનતું નથી. સહચારી = સાથે હોનાર; સહકારી = નિમિત્ત, સહકારી કહો, નિમિત્ત કહો, ઉપચાર કહો કે વ્યવહાર કહો બધું એક જ છે. આત્મા અખંડ ચૈતન્યજ્ઞાયક છે, તેના ભાન પછી જે વૃત્તિ રહી તેને વ્યવહાર કહે છે. મિથ્યાદૃષ્ટિને વ્યવહાર કે નિશ્ચય એકેય હોતો નથી.

હવે કહેવામાં આવનારા પાંચમા અધિકારને વિષે, પરમ પંચમભાવમાં લીન, પંચમગતિના હેતુભૂત, શુદ્ધ નિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર દ્રષ્ટવ્ય (-દેખવા યોગ્ય) છે.

જેમાં ક્ષાયિકભાવનું પણ અવલંબન નથી, જેમાં ઔદાયિક આદિ ચાર ભાવોનો આશરો નથી એવા ત્રિકાળ નિરપેક્ષ પરમ પારિણામિકભાવનું અવલંબન લઈ તેમાં લીન થવું તેને નિશ્ચય એટલે કે સાચું ચારિત્ર કહે છે. આ નિશ્ચયચારિત્ર પંચમગતિ એટલે કે મોક્ષનું કારણ છે. ખરેખર નિશ્ચયચારિત્ર પણ મોક્ષગતિનું નિમિત્તકારણ છે. મોક્ષનું ખરું ઉપાદાનકારણ તો ત્રિકાળી પરમ પારિણામિકભાવ છે. અહીં કોઈ બહારના નિમિત્તની તો વાત નથી, પુણ્યની-શુભભાવની પણ વાત નથી; તથા ક્ષાયિક પર્યાય પણ મોક્ષનું ઉપાદનકારણ નથી, પરંતુ ત્રિકાળી પારિણામિકભાવમાં લીનતા -પંચમ- ભાવનો આશ્રય- તે મોક્ષપર્યાયનું ઉપાદાનકારણ છે. છઠ્ઠા ગુણસ્થાને શુભભાવરૂપ વ્યવહાર હોય તેને અહીં નિમિત્ત કહેવાની વાતે ય નથી, પણ મુનિપણાનું ચારિત્ર જે વીતરાગદશા તેને મોક્ષપર્યાયનું નિમિત્ત-વ્યવહારકારણ કહ્યું છે. અને તે નિર્વિકલ્પ વીતરાગદશા-નિશ્ચયચારિત્રનું ઉપાદાનકારણ પંચમ પારિણામિકભાવ છે.

બહારનું કરો, -કાંઈક ક્રિયા કરો, વ્રત-ઉપવાસ કરો તો વ્યવહારચારિત્ર થાય અને તે વ્યવહારચારિત્ર વડે નિશ્ચયચારિત્ર થાય -આવી તો અહીં વાત પણ નથી -આવું માને તે મિથ્યાદૃષ્ટિ છે. જેને નિશ્ચય પ્રગટ્યો નથી તેનો વ્યવહાર-શુભ રાગ એકલું ઝેર છે -સ્વર્ગનું કારણ છે, મોક્ષનું કારણ નથી.

એવી રીતે માર્ગપ્રકાશમાં શ્લોક દ્વારા કહ્યું છે કે :

(वंशस्थ)

**कुसूलगर्भस्थितबीजसोदरं**
**भवेद्विना येन सुदृष्टिबोधनम् ।**
**तदेव देवासुरमानवस्तुतं**
**नमामि जैनं चरणं पुनः पुनः ॥**

**શ્લોકાર્થ** : જેના વિના (જે ચારિત્ર વિના) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોઠારની અંદર પડી રહેલાં બીજ (-અનાજ) જેવાં છે. તે જ દેવ-અસુર-માનવથી સ્તવવામાં આવેલા જૈન ચરણને (-એવું જે સુર-અસુર-મનુષ્યોથી સ્તવવામાં આવેલું જિનોક્ત ચારિત્રને) હું ફરી ફરીને નમું છું.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બોધિબીજ છે. તે બીજને ઉગાડે તો વૃક્ષ -ચારિત્ર- થાય અને ત્યારે તેનું ખરું ફળ આવે છે. કોઠારમાં બીજ તો છે એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન તો પ્રગટ્યા છે, પણ ચારિત્રરૂપી ઝાડ થયું નથી-ફળ આવ્યું નથી. અહીં ચારિત્રનો મહિમા વર્ણવવો છે. તે વીતરાગી અકષાય ચારિત્રને દેવ તેમ જ અસુર સ્તવે છે-પૂજે છે. આવું અકષાય રમણતારૂપ ચારિત્ર વીતરાગ-માર્ગમાં હોય છે; વીતરાગમાર્ગ સિવાય બીજા નગ્ન ફરે, તપ કરે, ધ્યાન ધરે તો પણ તેમને સમ્યગ્દર્શન-જ્ઞાન જરીયે હોતાં નથી, તો ચારિત્ર તો ત્રણ કાળમાં તેમને હોય જ નહિ.

વીતરાગના મુખકમળમાંથી નીકળેલું આવું જે વીતરાગચારિત્ર -આત્મસ્વભાવમાં લીનતારૂપ ચારિત્ર- તેને હું ફરીફરીને નમસ્કાર કરું છું. વીતરાગ સર્વજ્ઞે કહેલા માર્ગ સિવાય કોઈ યોગ કરે તે બધાં મીંડા છે-થોથા છે-મિથ્યાદષ્ટિની કલ્પના છે, તેનાથી આત્માનું કલ્યાણ થતું નથી. વીતરાગ સર્વજ્ઞદેવે કહેલા માર્ગમાં જીવ અનંત છે, પુદ્ગલ અનંતાનંત છે, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક સર્વવ્યાપી અખંડ આકાશ અને અસંખ્ય કાલાણુ -એમ છ પ્રકારના દ્રવ્યો છે. તે દરેકમાં અનંતગુણ છે. દરેક દ્રવ્યમાં એક સમયના અનંત પર્યાયો છે, તે બધાને એક સમયમાં જાણવાની તાકાત આ આત્મામાં છે. આવો આત્માનો સ્વભાવ છે. તેને ન માને અને એકલા યોગના રવેડે ચડી જાય તો બધા જ્ઞાનનું પરિણમન હીણું થઈને અનુક્રમે વનસ્પતિ થઈ જવાના-ચતુર્ગતિમાં ભ્રમણ કરીને હેરાન થઈ જવાના.

આત્મા એકલો ચૈતન્યબિંબ છે, તેનું કોઈ કારણ છે નહિ, આત્મવસ્તુ સ્વયંસિદ્ધ છે. આવા આત્માની રુચિ કર્યા વિના જૈનમાં રહીને મહાવ્રત પાળે, ક્રિયાકાંડ કરે તો પણ કલ્યાણ છે નહિ. આ ખાવું, -આ પીવું, -આ લઉં, -આ મૂકું; ઈત્યાદિ જડની ક્રિયા છે અને પુણ્ય-પાપના ભાવ છે તે વિકલ્પ છે, વિકારીભાવ છે -તે બન્ને રહિત એવા ત્રિકાળી જ્ઞાનાનંદ આત્મસ્વભાવના ભાન વિના મહાવ્રત આદિ બધો કલેશ છે, તેનાથી આત્માનું કલ્યાણ જરાય નથી. તેથી આત્માના ભાન સહિત વીતરાગી રમણતાસ્વરૂપ અંતર્ચારિત્રને-નિશ્ચયચારિત્રને હું વારંવાર નમું છું.



## શ્લોક ૧૦૭

(आर्या)

**शीलमपवर्गयोषिदनंगसुखस्यापि मूलमाचार्याः ।**
**प्राहुर्व्यवहारात्मकवृत्तमपि तस्य परंपरा हेतुः ॥ १०७ ॥**

**શ્લોકાર્થ** : આચાર્યોએ શીલને (-નિશ્ચયચારિત્રને) મુક્તિસુંદરીના અનંગ (-અશરીરી) સુખનું મૂળ કહ્યું છે, વ્યવહારાત્મક ચારિત્ર પણ તેનું પરંપરા કારણ છે. ॥ ૧૦૭ ॥

શ્રીમદ્ ભગવત્કુંદકુંદ આદિ આચાર્યોએ જ્ઞાયકસ્વભાવના આશ્રયે પ્રગટેલા ચારિત્રને અશરીરી સુખનું-મોક્ષસુખનું મૂળ કહ્યું છે. વ્યવહારાત્મક ચારિત્ર પણ તેનું પરંપરા કારણ છે. અંતર્જ્ઞાયક-સ્વભાવી હુ આત્મા છું, વ્રતના વિકલ્પ મારા સ્વરૂપમાં છે નહિ અને શરીર-વાણીની જે ક્રિયાઓ છે તે જડ છે, મારું સ્વરૂપ નથી -આવું પરથી અને વિકારથી ભિન્ન આત્માનું ભાન કરી નિશ્ચયચારિત્ર એટલે કે વીતરાગી લીનતા તો વર્તે છે; અને અશુભ ટળીને વચ્ચે જે શુભ રાગ વર્તે છે તેને હવે પછી સ્વભાવમાં લીનતા વડે તોડી નાખશે. માટે તેને -વ્યવહારાત્મક ચારિત્રને- અનંગ સુખનું પરંપરાકારણ કહ્યું છે.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં વ્યવહારચારિત્ર અધિકાર નામનો ચોથો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❖❖❖

# ૫. પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર

હવેના અધિકારોમાં નિશ્ચય ચારિત્રના ભેદો આવશે. જ્ઞાનાનંદમૂર્તિ ચૈતન્યસ્વરૂપ આત્માની અંતર્-શ્રદ્ધા તથા તેમાં રમણતાસ્વરૂપ અંતર્ચારિત્ર મોક્ષનું કારણ છે. તેમાં પરમાર્થ-પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન આદિ બધા ભેદો સમાઈ જાય છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવ આ અધિકારના પ્રારંભમાં આવા નિશ્ચય ચારિત્રના ધરનાર માધવસેન આચાર્યદેવને નમસ્કાર કરે છે. ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવના ગુરુ શ્રી માધવસેન આચાર્ય ભાવલિંગી મુનિ હતા.

**શ્લોક ૧૦૮**

(वंशस्थ)

**नमोऽस्तु ते संयमबोधमूर्तये**
**स्मरेभकुंभस्थलभेदनाय वै।**
**विनेयपंकेजविकाशभानवे**
**विराजते माधवसेनसूरये॥ १०८॥**

**શ્લોકાર્થ** : સંયમ અને જ્ઞાનની મૂર્તિ, કામરૂપી હાથીના કુંભસ્થળને ભેદનાર અને શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન -એવા હે વિરાજમાન (શોભાયમાન) માધવસેનસૂરિ ! તમને નમસ્કાર હો ! ॥ ૧૦૮ ॥

કેવા છે માધવસેન આચાર્યદેવ ? માધવસેન આચાર્યદેવ સંયમ અને જ્ઞાનની મૂર્તિ છે, અતીન્દ્રિય આત્માના અમૃતરસમાં મસ્ત છે. ટંકોત્કીર્ણ ચૈતન્યમૂર્તિ છે. આચાર્યદેવને વિષયવાસના એક અંશ પણ ઊઠતી નહોતી. કામની વાસના ઊઠે છે અને તેને ભેદે છે, તે તો કથનની શૈલિ છે, ખરેખર તો સ્વભાવનો ઉગ્ર આશ્રય કરીને બીજે સમયે વિકારને ઉત્પન્ન જ ન થવા દેવો, તેને વિકારનો નાશ કર્યો એમ કહેવાય છે. માધવસેનસૂરિ એવા સ્વભાવના ઉગ્ર આશ્રયસ્વરૂપ વીતરાગી અમૃતદશામાં ઝૂલી રહ્યા છે.

માધવસેનસૂરિ શિષ્યરૂપી કમળને ખીલવવામાં સૂર્ય સમાન છે. કમળ હોય તેને ખીલવામાં સૂર્ય નિમિત્ત છે, લાકડાને નહિ. તેમ આત્માના ભાનવાળા-સમજનારા એવા શિષ્યને ગુરુ નિમિત્તમાત્ર છે. એવા વિરાજમાન-શોભાયમાન માધવસેનસૂરિને ઓળખીને નમસ્કાર કર્યો છે, એકલો દ્રવ્યનમસ્કાર કર્યો નથી.

હવે, સકળ વ્યવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું જે શુદ્ધનિશ્ચયનયાત્મક



પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે. ત્યાં શરૂઆતમાં પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે.

મુનિને આત્માનું સમ્યગ્દર્શન તો પ્રથમ થયું હોય છે, તથા વિશેષમાં ત્રણ કષાયનો અભાવ થઈને આત્મરમણતાસ્વરૂપ ચારિત્ર હોય છે. તે મુનિને જે શુભ વિકલ્પ ઊઠે તે વ્યવહાર ચારિત્ર છે. વ્યવહાર ચારિત્રનું ફળ બંધન છે, કેમ કે તે રાગ છે. આત્માના શુદ્ધ વીતરાગી ચારિત્રથી પંચ મહાવ્રતરૂપ વ્યવહાર ચારિત્ર વિરોધી છે. આત્માનું ચારિત્ર તો વીતરાગી શુદ્ધ પરિણતિ છે, તેનું ફળ મોક્ષ છે. પંચ મહાવ્રતનું ફળ પુણ્યબંધન છે, તેનું ફળ મુક્તિ નથી.

(૧) વ્યવહાર ચારિત્ર રાગ છે અને (૨) તેનું ફળ બંધન છે.

(૩) નિશ્ચય ચારિત્ર અરાગ છે અને (૪) તેનું ફળ મુક્તિ છે. - એમ ચાર બોલ કહ્યા.

આમ આત્માના ભાન સહિત વીતરાગી રમણતા તે જ વીતરાગનો માર્ગ છે. મહાવિદેહક્ષેત્રમાં આ માર્ગ અત્યારે પ્રવર્તી રહ્યો છે. જેને ઈન્દ્રો માને છે, ચક્રવર્તીઓ માને છે, જેને ગણધરો આરાધે છે એવો ત્રણ લોકમાં આ એક જ માર્ગ છે. બીજા અજ્ઞાનથી જેમ તેમ મોક્ષનો માર્ગ કલ્પે છે તે યથાર્થ મોક્ષમાર્ગ નથી. તેનાથી આત્માનું જરાય હિત થતું નથી, ઊલટું પરિભ્રમણ વધે છે.

જેટલો વ્યવહાર ચારિત્રનો અધિકાર કહ્યો છે તે બધોય રાગ છે-વિકલ્પ છે-બંધનું કારણ છે. વિષય-કષાયની ઘણી ઓછપ તથા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો શુભભાવ તે વ્યવહાર છે. તે પણ મારું કર્તવ્ય નથી -આવા ભાનવાળાને જે વિકલ્પ થાય છે તે વ્યવહાર કહેવાય છે.

**પ્રશ્ન** : વ્યવહારને તીર્થ કહેવાય છે ને ?

**ઉત્તર** : સ્વભાવનો આશ્રય કરીને વ્યવહારનો અભાવ કરવો તે તીર્થ છે. વ્યવહારને તીર્થ કહેવું તે નિમિત્તનું કથન છે, પણ વસ્તુસ્વરૂપ તેમ નથી.

અહીં નિમિત્ત કે શુભભાવથી લાભ માને તેની તો વાતેય નથી. પણ શુદ્ધ પર્યાયનો આશ્રય કરવાથી લાભ માને તો પણ મિથ્યાત્વ છે, કારણ કે પર્યાયમાંથી પર્યાય થતો નથી. તેથી જીવાદિ સાત તત્ત્વ પરદ્રવ્ય હોવાથી ઉપાદેય નથી એમ કહ્યું છે. તેમાં સંવર, નિર્જરા અને મોક્ષપર્યાય પણ આવી ગયા. હું પરિપૂર્ણ જ્ઞાયક છું એવો વિકલ્પ તે જીવ, શરીર આદિ અજીવ છે તથા સંવર-આસ્રવ આદિ એક સમય પૂરતા શુદ્ધ-અશુદ્ધ પર્યાય છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સિવાય કોઈ પણ પર્યાયનો આશ્રય લેતાં રાગ થાય છે, તેથી તેને અહીં પરદ્રવ્ય ગણ્યું છે, અને ત્રિકાળી જ્ઞાનાનંદસ્વરૂપ આત્મદ્રવ્યનો આશ્રય લેતાં નિર્મળ વીતરાગીપર્યાય થાય છે, માટે તેને એકને જ સ્વદ્રવ્ય કહ્યું છે. વળી, હું કારણશુદ્ધ જ્ઞાયકપરમાત્મા છું એવો જે વિકલ્પ તે ભેદ હોવાથી પરદ્રવ્ય છે. અરિહંત, સિદ્ધ આદિ પંચ પરમેષ્ઠી તો પરદ્રવ્ય છે જ. સંવર, નિર્જરા અને મોક્ષ એક સમયના પર્યાય છે અને તેના આશ્રયે રાગ થાય

છે, તેથી તે પણ પરદ્રવ્ય છે-ઉપાદેય નથી. ત્રિકાળી આત્મસ્વભાવના આશ્રયે રાગ તૂટે છે, માટે તે એક જ સ્વદ્રવ્ય છે.

**પ્રશ્ન** : આશ્રય કોણ લે છે ? દ્રવ્ય કે પર્યાય ?

**ઉત્તર** : આશ્રય લેનાર તો પર્યાય જ છે. પણ પર્યાયનો આશ્રય પર્યાય ક્યાંથી લે ? પર્યાય હંમેશા એક સમયનો હોય છે. એક સાથે બે સમયના પર્યાય હોતા નથી. પૂર્વ સમયનો પર્યાય ચાલ્યો ગયો અને હવે પછીના સમયનો પર્યાય ઉત્પન્ન થયો નથી, તો વર્તમાન પર્યાય કોનો આશ્રય લે? પર્યાય તરફ લક્ષ કરવા જાય છે ત્યાં રાગ થાય છે. પર્યાયનું જ્ઞાન રાગનું કારણ નથી; જાણવા માટે વ્યવહારનયનો તે વિષય છે; પણ પર્યાયને જાણતા, તેનું વલણ-તેનો આશ્રય થઈ જાય તો રાગ થાય છે. વ્યવહારનય અને તેનો વિષય નથી એમ નથી પણ તેના આશ્રયે રાગ થતો હોવાથી તે કલ્યાણકારી નથી.

શુદ્ધ નિશ્ચયનયાત્મક પરમ ચારિત્રનું પ્રતિપાદન કરનાર પરમાર્થ-પ્રતિક્રમણ અધિકારમાં પ્રથમ પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે.

ખરેખર રાગથી પાછો ફર્યો અને જ્ઞાતાસ્વભાવમાં લીન થયો તેને પ્રતિક્રમણ કહેવાય છે. રાગથી પાછો ફર્યો તે પણ વ્યવહારનું કથન છે. ખરેખર તો જ્ઞાયકસ્વભાવમાં લીન થયો એટલે રાગ ઉત્પન્ન જ ન થયો, તેને રાગથી પાછો ફર્યો એમ કહેવાય છે. અહીં શુદ્ધ નિશ્ચયચારિત્રના અધિકારમાં શુદ્ધ સ્વભાવનું ભાન કરી, તેમાં લીન થયો, એટલે રાગથી પાછો ફર્યો એમ કહેવાય છે -તેને પરમાર્થ-પ્રતિક્રમણ કહેવાય છે.

**કારતક વદ ૮, બુધવાર, ૨૧-૧૧-૫૧.**

હવે પાંચ રત્નોનું અવતરણ કરવામાં આવે છે.

**ગાથા ૭૭ થી ૮૧**

**णाहं णारयभावो तिरियत्थो मणुवदेवपज्जाओ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ॥ ७७ ॥**

**णाहं मग्गणठाणो णाहं गुणठाण जीवठाणो ण।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ॥ ७८ ॥**

**णाहं बालो वुड्ढो ण चेव तरुणो ण कारणं तेसिं।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं॥ ७९ ॥**



**णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ॥ ८० ॥**

**णाहं कोहो माणो ण चेव माया ण होमि लोहो हं।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ॥ ८१ ॥**

नाहं नारकभावस्तिर्यङ्मानुषदेवपर्यायः।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम् ॥ ७७ ॥
नाहं मार्गणास्थानानि नाहं गुणस्थानानि जीवस्थानानि न।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम् ॥ ७८ ॥
नाहं बालो वृद्धो न चैव तरुणो न कारणं तेषाम्।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम् ॥ ७९ ॥
नाहं रागो द्वेषो न चैव मोहो न कारणं तेषाम्।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम् ॥ ८० ॥
नाहं क्रोधो मानो न चैव माया न भवामि लोभोऽहम्।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम् ॥ ८१ ॥

નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.

હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.

હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.

હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.

હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.

**અન્વયાર્થ (ગાથા ૭૭)** : (**अहं**) હું (**नारकभावः**) નારકપર્યાય, (**तिर्यङ्मानुषदेवपर्यायः**) તિર્યંચપર્યાય, મનુષ્યપર્યાય કે દેવપર્યાય (**न**) નથી; (**कर्ता न हि कारयिता**) તેમનો (હું) કર્તા નથી, કારયિતા (-કરાવનાર) નથી, (**कर्तृणाम् अनुमंता न एव**) કર્તાનો અનુમોદક નથી.

**આત્મા કોઈ પણ શરીરનો કર્તા નથી, કરાવનાર નથી તેમ જ અનુમોદનાર નથી.**

સમ્યગ્દષ્ટિ જીવને પ્રતિક્રમણ કરતી વખતે કેવી દશા હોય છે તે વાત કરે છે. હું ચૈતન્ય જ્ઞાનસ્વભાવી આત્મા છું એવા અસ્તિ સ્વભાવના ભાનમાં નારકાદિના ભેદો હું નથી એવું વર્ણન કરવામાં આવ્યું છે. અખંડ જ્ઞાયકસ્વભાવની એકાગ્રતામાં આવા ભેદોનો અભાવ છે. ધર્મી જીવ માને છે કે હું જ્ઞાનાનંદ સ્વભાવી છું, નારકીના શરીરની દશારૂપ હું નથી. શ્રેણિકરાજા નરકમાં હોવા છતાં આત્મા ચિદાનંદ સ્વભાવી છે એવું તેમને ભાન છે. આત્માના ભાન સહિત એકાગ્રતા કરવી તે પ્રતિક્રમણ છે. કોઈ તિર્યંચ સમ્યગ્દષ્ટિ હોય તો તે પણ સમજે છે કે હું ઢોરની અવસ્થારૂપે નથી, તે શરીરને જડની પર્યાય સમજે છે. પોતાનું સ્વરૂપ માનતા નથી, તેવી રીતે ધર્મી જીવ મનુષ્ય હોય કે દેવ હોય તો તે પણ સમજે છે કે ત્રણે કાળના ભવ રહિત હું તો જ્ઞાતા ચૈતન્યસ્વરૂપ છું.

**ધર્મી જીવની દષ્ટિ એક સમયની પર્યાયની યોગ્યતાનો નિષેધ કરી શુદ્ધ ચૈતન્યસ્વભાવને સ્વીકારે છે.**

અહીં કોઈ પ્રશ્ન પૂછે કે શરીર આત્માના ભાવને લીધે ચાલતું દેખાય છે ને ?

**સમાધાન** : આત્મા અને શરીરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારથી કથન આવે છે. વ્યવહાર જ્ઞાન કરવા માટે છે પણ આદરણીય નથી, નિશ્ચયનય એક સમયની યોગ્યતાને સ્વીકારતો નથી. તો પછી શરીરનો કર્તા આત્મા હોઈ શકે નહિ, પૂર્વે પર્યાયમાં રાગ થયેલ તેનો સ્વભાવદષ્ટિએ સમ્યગ્દષ્ટિ કર્તા જ નથી. તો પછી તેને કારણે બંધાયેલ કર્મને તેના નિમિત્તે મળેલ શરીરને તે પોતાનું માનતો નથી. શરીરની ક્રિયા ઉપર આત્માનો આધાર નથી, આત્માના કારણે શરીર આવે તે તો સ્થૂળ ભૂલ છે, આત્માના કારણે તો શરીર આવતું નથી પણ શરીર શરીરના કારણે આવે છે ને એક સમયના આત્માની યોગ્યતાનો પર્યાય તેને નિમિત્ત છે એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જેટલો આખો આત્મા માનવો તે પણ મિથ્યાત્વ છે. હું તો ત્રિકાળ જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ અસ્તિ સ્વભાવને કબૂલ રાખી, વર્તમાન યોગ્યતાના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરવું એમ ત્રિકાળ ને વર્તમાન બન્નેનું જ્ઞાન કરવું તે પ્રમાણ છે. દષ્ટિમાં પર્યાયનો આદર નથી, તે તો એક સમયની પર્યાયનો નિષેધ કરે છે ને હું ચૈતન્યસ્વભાવી છું એમ સ્વીકારે છે. નિશ્ચયથી વર્તમાન યોગ્યતાને



મેં કરી નથી, કરાવી નથી, તેમ જ હું અનુમોદના આપતો નથી. અજ્ઞાની માને છે કે પુણ્ય કર્યા હોય તો સારું શરીર મળે, કાન મળે તો વાણી સંભળાય તો ધર્મ પામીયે, જ્ઞાની જીવ કહે છે કે હું કોઈ પણ શરીરની અવસ્થાનો રચનાર નથી, પ્રેરક નથી, અનુમોદક નથી, હું તો ચૈતન્યસ્વભાવને જ સંમત છું.

**ધર્મી જીવ માર્ગણાસ્થાનાદિ ભેદોનો કર્તા નથી, તેમ જ અનુમોદનાર નથી.**

**અન્વયાર્થ (ગાથા ૭૮)** : (**अहं मार्गणास्थानानि न**) હું માર્ગણાસ્થાનો નથી, (**अहं**) હું (**गुणस्थानानि न**) ગુણસ્થાનો કે (**जीवस्थानानि न**) જીવસ્થાનો નથી; (**कर्ता न हि कारयिता**) તેમનો હું કર્તા નથી, કારયિતા નથી, (**कर्तृणाम् अनुमंता न एव**) કર્તાનો અનુમોદક નથી.

સમ્યગ્દષ્ટિ જીવ સમજે છે કે હું તો અખંડ જ્ઞાયકસ્વભાવી છું, ગતિ આદિ માર્ગણાસ્થાનના ભેદો, એકથી ચૌદ ગુણસ્થાનના ભેદો, પંચેન્દ્રિય વગેરે જીવસ્થાનના ભેદો હું નથી, તે ભેદોનો હું કર્તા નથી, પ્રેરક નથી, અનુમોદનાર નથી, તે ભેદો વ્યવહારનયનો વિષય છે; નિશ્ચયદષ્ટિ તે ભેદને સ્વીકારતો નથી. આ નહિ, આ નહિ એવા ભેદમાં રોકાવાથી તો રાગની ઉત્પત્તિ થાય છે પણ અસ્તિ સ્વભાવ સન્મુખ રહીને ભેદ અભ્યાસ કરે છે તે બતાવેલ છે.

**ધર્મી જીવ બાળ-વૃદ્ધાદિ શરીરની અવસ્થાનો કર્તા નથી તેમ જ અનુમોદનાર નથી.**

**અન્વયાર્થ (ગાથા ૭૯)** : (**न अहं बालः वृद्धः**) હું બાળ નથી, વૃદ્ધ નથી, (**न च एव तरुणः**) તેમ જ તરુણ નથી; (**तेषां कारणं न**) તેમનું (હું) કારણ નથી; (**कर्ता न हि कारयिता**) તેમનો (હું) કર્તા નથી, કારયિતા નથી, (**कर्तृणाम् अनुमंता न एव**) કર્તાનો અનુમોદક નથી.

આઠ વર્ષના બાળક-બાળિકા પણ સમકિત પામી શકે છે, તે માને છે કે હું બાળ નથી. શરીર જડ છે, તેની અવસ્થા જડના કારણે થાય છે, મારા કારણે તે થતી નથી. હું તો જ્ઞાનસ્વરૂપી છું. ધર્મી જીવ માને છે શરીરની બધી અવસ્થાનો હું કરનાર, કરાવનાર કે અનુમોદનાર નથી. જુવાની હોય તો ધર્મ થાય ને વૃદ્ધાવસ્થામાં ધર્મ ન થાય એ વાતને હું સંમત નથી. મારી ધર્મદશા મારા ચૈતન્યસ્વભાવને આધારે છે.

**ઉપદેશના વાક્યો પાછળ રહેલું રહસ્ય સમજી અર્થ સમજવો જોઈએ.**

અહીં કોઈ પ્રશ્ન કરે કે શાસ્ત્રોમાં એવા લખાણ આવે છે કે ''ઇન્દ્રિયો ઢીલી ન પડે, વૃદ્ધાવસ્થા ન આવે, વ્યાધિ ન દેખાય ત્યાં સુધી ધર્મ કરી લેવો'' એનો શો અર્થ ?

**સમાધાન** : ભાઈ ! ઉપદેશના વાક્યો એમ જ આવે, તેની પાછળ મર્મ જુદો છે. તે રહસ્ય જીવ ન સમજે તો ગોટા ઊઠે છે. તે બધા નિમિત્તના કથન છે. જીવને પુરુષાર્થ ઉપાડવા તે ઉપદેશના કથન છે, ધર્મ શરીરથી થતો નથી પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે જ થાય છે. ધર્મી જીવ બહારના-

સંસારના કાર્યમાં દેખાતો હોય તો પણ શરીરની પર્યાયને કે રાગની પર્યાયને સંમતિ આપતો નથી પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવને જ સંમત હોય છે.

**ધર્મી જીવ રાગ-દ્વેષનો કર્તા નથી, કારયિતા નથી તેમ જ અનુમોદનાર નથી.**

**અન્વયાર્થ (ગાથા ૮૦)** : **(न अहं रागः द्वेषः)** હું રાગ નથી, દ્વેષ નથી, **(न च एव मोहः)** તેમ જ મોહ નથી; **(तेषां कारणं न)** તેમનું (હું) કારણ નથી; **(कर्ता न हि कारयिता)** તેમનો (હું) કર્તા નથી, કારયિતા નથી, **(कर्तृणाम् अनुमंता न एव)** કર્તાનો અનુમોદક નથી.

પાંચ મહાવ્રતાદિનો કે બાર વ્રતનો રાગ હોય કે અશુભભાવનો રાગ હોય તે એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવમાં તે નથી. સમકિતી જીવ રાગને પોતાનું સ્વરૂપ માનતો નથી. તે લડાઈમાં હોય તે વખતે દ્વેષના પરિણામ હોય છતાં દ્વેષને તે પોતાનું સ્વરૂપ માનતો નથી. પર તરફની સાવધાનીનો ભાવ તે મોહ છે તેને ધર્મી જીવ પોતાનું સ્વરૂપ માનતો નથી. કર્મના ઉદયને લીધે રાગ થાય તે તો સ્થૂળ મિથ્યાત્વ છે પણ આત્માના કારણે રાગ માને તો તે પણ ભ્રાંતિ છે. જો આત્મા રાગનું કારણ હોય તો રાગરહિત કદી થઈ શકે નહિ, ધર્મી જીવ રાગનો કર્તા નથી, કરાવનાર નથી, અનુમોદનાર નથી, શુદ્ધ દૃષ્ટિમાં અધિક નિર્મળતાને રચે છે. રાગનું પરિણમન ગૌણ છે, પુણ્ય-પાપનો ધર્મી જીવ પ્રેરક નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે સોળ કારણભાવના ભાવવાનું કહ્યું છે ને ?

**સમાધાન** : ભાઈ ! સોળ કારણભાવના ભાવવી તે આસ્રવ છે, બંધ છે, તીર્થંકર નામકર્મ બંધાય તે તો જડ છે. આત્મા જડને બાંધતો નથી, સમ્યગ્દૃષ્ટિ જીવ આસ્રવની ભાવના ભાવતો નથી, આસ્રવ આદરણીય નથી, શુદ્ધ સ્વભાવ એક જ આદરણીય છે.

**ધર્મી જીવ ક્રોધાદિ કષાયનો કરનાર નથી તેમ જ અનુમોદનાર નથી.**

**અન્વયાર્થ (ગાથા ૮૧)** : **(न अहं क्रोधः मानः )** હું ક્રોધ નથી, માન નથી, **(न च एव अहं माया)** તેમ જ હું માયા નથી, **(लोभः न भवामि)** લોભ નથી; **(कर्ता न हि कारयिता)** તેમનો (હું) કર્તા નથી, કારયિતા નથી, **(कर्तृणाम् अनुमंता न एव)** કર્તાનો અનુમોદક નથી.

ક્રોધ, માન, માયા, લોભના પરિણામ થાય તે પર્યાયમાં થાય છે, સ્વભાવમાં તે નથી, તેથી તે પરિણામનો ધર્મી જીવ કર્તા નથી, કરાવનાર નથી, અનુમોદનાર નથી. ''નથી'' એ નિષેધનું કથન છે, નિષેધ કરવા જતાં રાગ ઊઠે છે પણ સમજાવવાની શૈલીમાં નાસ્તિથી બતાવે છે, ભેદ-અભ્યાસમાં ચૈતન્ય તરફ વળે છે તે બતાવે છે. ક્રોધાદિ ચારે પ્રકારના કષાયોનો આત્મા રચનાર નથી, સ્વભાવ ઉપરની દૃષ્ટિને લીધે વિકારને ગૌણ કરી વ્યવહાર કહી અભૂતાર્થ કહી આત્મામાં તે નથી એમ કહ્યું



છે.

**પર્યાયમાં થતાં રાગ-દ્વેષાદિ પરિણામને ગૌણ કરી સ્વભાવદૃષ્ટિ કરાવવા શુદ્ધ આત્મામાં તેનો અભાવ કહ્યો છે.**

**ટીકા** : અહીં શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે. વિકારના પરિણામ એક સમયની પર્યાયમાં છે પણ ભેદ ઉપરનો આશ્રય છોડાવવા તથા રાગને ગૌણ કરી વ્યવહાર કહી અભૂતાર્થ કહ્યો છે ને શુદ્ધ સ્વભાવને ભૂતાર્થ કહ્યો છે.

સમયસારની ગાથા ૧૧માં કહ્યું છે :-

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે,**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.**

આ ગાથામાં જે કહ્યું છે તે જ અત્રે કહેવું છે. વળી વેદાંતની માન્યતાની જેમ વ્યવહાર સર્વથા તુચ્છ અભાવ નથી. ''નેતિ, નેતિ, આ નહિ, આ નહિ'' એમ વેદાંત કહે છે ને આત્માને એકાંત અદ્વૈત કહે છે. તેવું વસ્તુસ્વરૂપ નથી, એક સમયની પર્યાયમાં રાગ છે, ભેદ છે ને નિમિત્ત પણ છે. ને પર્યાયદૃષ્ટિએ આત્મા પોતાના પરિણામનો કર્તા છે પણ સ્વભાવમાં રાગ તથા ભેદ નથી. તેથી સ્વભાવદૃષ્ટિએ રાગને ગૌણ કરી, વ્યવહાર કહી, અભાવ કહ્યો છે. આ અપેક્ષાએ શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ બતાવ્યો છે.

**શુદ્ધ નિશ્ચયનયથી જીવને આરંભ-પરિગ્રહનો અભાવ હોવાથી નારકપર્યાય નથી.**

''બહુ આરંભ તથા પરિગ્રહનો અભાવ હોવાને લીધે હું નારકપર્યાય નથી. કોઈ સંસારી જીવને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી હોય છે અને તેથી જ તેને નરક-આયુના હેતુભૂત સમસ્ત મોહ-રાગ-દ્વેષ હોય છે, પરંતુ મને શુદ્ધ નિશ્ચયનયના બળે શુદ્ધ જીવાસ્તિકાયને તેઓ નથી.''

જેઓ માંસ ખાય, ગર્ભપાત કરે, ખૂન કરે, તીવ્ર લોભ તથા તીવ્ર મમતા કરે તે નરકમાં જાય છે. ત્રણ નરક સુધી પરમાધામી દેવો તેને યાદ કરાવી દુઃખ આપે છે, જે સંસારી જીવોને ઘણો કષાય હોય તેમજ વિકારની પકડ હોય તેને નરક-આયુના હેતુભૂત સમસ્ત મોહ, રાગ, દ્વેષ હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવ નરકમાં જાય છે, સમકિતીને ભવિષ્યમાં નરક-આયુ બંધાતું નથી. જે રાગ-દ્વેષ તેમને થાય છે તે એક સમયની પર્યાયમાં છે ને તેને વ્યવહાર કહે છે. પરંતુ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે રાગ-દ્વેષ છે જ નહિ, સમકિતી જીવ વ્યવહારનું જ્ઞાન કરે છે ને નિશ્ચયનો આદર કરે છે. શ્રેણિક રાજાને પૂર્વે નરક-આયુ બંધાયેલું તેથી તે નરકમાં છે પણ આત્માનું ભાન છે. વર્તમાન શરીર નારકીનું છે તેને તથા રાગ-દ્વેષને તે પોતાનું સ્વરૂપ માનતા નથી. હું તો શુદ્ધ જીવ છું એવું તેમને ભાન વર્તે છે. ''**સિદ્ધ સમાન સદા પદ મેરો**'' આમ સ્વભાવનું ભાન વર્તે છે. નારકીનું

શરીર તેમ જ આરંભ-પરિગ્રહ હું નથી, અસ્તિ સ્વભાવના જોરે 'આ હું નહિ' એમ નાસ્તિનું કથન છે.

**શુદ્ધ નિશ્ચયનયથી જીવને માયા મિશ્રિત અશુભ પરિણામનો અભાવ હોવાથી તિર્યંચપર્યાય નથી.**

''તિર્યંચપર્યાયને યોગ્ય માયા મિશ્રિત અશુભ કર્મનો અભાવ હોવાને લીધે હું સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું.''

જે જીવ કપટના પરિણામ કરે તે તિર્યંચ થાય છે, તેના શરીર પણ આડા હોય છે. જેમ કે ગાય, ભેંસ, કુતરા, ખીસકોલી વગેરે જીવો. સમકિતી વિચારે છે કે ઢોરને યોગ્ય અશુભ કર્મ હું કરતો નથી, મારામાં માયા છે જ નહિ, તેથી માયાના નિમિત્તે બંધાતા કર્મો મારું સ્વરૂપ નથી, હું સદાય તિર્યંચપર્યાયના કર્તૃત્વપણાથી રહિત છું ને તેનું હું કારણ પણ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય- સ્વભાવી છું.

**શુદ્ધ નિશ્ચયનયથી જીવને મનુષ્યને યોગ્ય ભાવકર્મનો અભાવ હોવાથી મનુષ્યપર્યાય નથી.**

''મનુષ્ય નામકર્મને યોગ્ય દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો અભાવ હોવાને લીધે મારે મનુષ્યપર્યાય શુદ્ધ નિશ્ચયનયથી નથી.''

જે પ્રકારના ભાવથી મનુષ્યગતિ મળે તે ભાવનો જ શુદ્ધ આત્મામાં અભાવ છે તેથી મારે મનુષ્યપર્યાય નથી એમ ધર્મી જીવ વિચારે છે.

અહીં કોઈ પૂછે કે મનુષ્યપર્યાયથી ધર્મ થાય છે ને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે ને ?

**સમાધાન** : ભાઈ ! ધર્મ અવસ્થા કે કેવળજ્ઞાન અવસ્થા આત્માથી થાય છે. શરીરની મજબૂતાઈથી કેવળજ્ઞાન થતું નથી. મનુષ્યશરીરનો આત્મામાં અભાવ છે. જો જીવ કેવળજ્ઞાન પ્રગટ કરે તો મનુષ્ય-શરીરને નિમિત્ત કહેવાય છે. વસ્તુસ્વભાવના લક્ષે પ્રગટ કરે તે નિશ્ચય છે ને તો મનુષ્યશરીરને નિમિત્ત તરીકે વ્યવહારથી કહેવાય છે. નિશ્ચય વિનાના એકલા વ્યવહારને પકડે તો વ્યવહાર નિશ્ચય થઈ જાય છે.

**શુદ્ધ નિશ્ચયનયથી જીવને દેવને યોગ્ય પુદ્‌ગલદ્રવ્યનો અભાવ હોવાથી દેવપર્યાય નથી.**

''દેવ એવા નામનો આધાર જે દેવપર્યાય તેને યોગ્ય સુરસ-સુગંધ સ્વભાવવાળા પુદ્‌ગલદ્રવ્યના સંબંધનો અભાવ હોવાને લીધે નિશ્ચયથી મારે દેવપર્યાય નથી.''

દેવશરીરના પરમાણુઓ સુરસ અને સુગંધવાળા હોય છે તેવા પુદ્‌ગલદ્રવ્ય સંબંધનો આત્મામાં અભાવ છે તેથી આત્માને દેવપર્યાય નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, એમ ધર્મી જીવ વિચારે છે, નિશ્ચયનું જ્ઞાન કરે તો વ્યવહારનું જ્ઞાન સાચું કહેવાય. જેમ કે કુંભારે ઘડો બનાવ્યો એમ ભાષા



બોલાણી તેનો અર્થ એમ છે કે માટી પોતે સામાન્યમાંથી ઘડાના વિશેષરૂપે પરિણમી છે. કુંભારથી ઘડો થયો નથી એમ સમજે તો બરાબર છે, કુંભારથી ઘડો થયો એમ કહેવું તે ઉપચાર છે. તેમ દેવપર્યાય શરીરના કારણે થયો છે આત્માના લીધે તે થયો નથી; તેથી ધર્મી જીવ કહે છે કે મારે દેવપર્યાય નથી.

આ પ્રકારે સમ્યગ્દષ્ટિ જીવને પ્રતિક્રમણ કરતી વખતે કેવી દશા હોય છે તે બતાવે છે. ચૈતન્ય જ્ઞાયકસ્વભાવી આત્મા છું એમ અસ્તિ સ્વભાવમાં આવા અનેક ભેદો નથી એમ નાસ્તિથી સમજાવ્યું છે. શુદ્ધ ચૈતન્યની એકાગ્રતામાં ભેદોનો અભાવ છે પણ ભેદોનો અભ્યાસ કરાવવા 'આ હું નથી' એમ કહેવામાં આવે છે.

**કારતક વદ ૮(દ્વિ.), ગુરુવાર, ૨૨-૧૧-૫૧.**

આજે સવારે શ્રી સમયસારજી હરિગીતની સ્વાધ્યાય હતી.

**કારતક વદ ૯, શુક્રવાર, ૨૩-૧૧-૫૧.**

**માર્ગણાસ્થાનો તથા ગુણસ્થાનાદિના ભેદો શુદ્ધ જીવમાં નથી.**

''ચૌદ ભેદવાળા માર્ગણાસ્થાનો તથા તેટલા (ચૌદ) ભેદવાળાં જીવસ્થાનો કે ગુણસ્થાનો શુદ્ધ-નિશ્ચયનયથી પરમભાવસ્વભાવવાળાને (-પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને) નથી.''

આ પરમાર્થ પ્રતિક્રમણનો અધિકાર છે. પ્રતિક્રમણ = પાછા ફરવું એવો તેનો અર્થ થાય છે તેથી નિષેધથી આ અધિકારમાં વાત કરી છે

ત્રિકાળી પરમભાવસ્વભાવમાં માર્ગણાસ્થાનોના ભેદ નથી. ગતિના ભેદો, જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ આદિ ભેદો, સમકિતના ઉપશમાદિ ભેદો, ભવી અભવીના ભેદો વગેરે એક સમયની પર્યાયમાં છે, ને તે વ્યવહારનયનો વિષય છે; પણ સ્વભાવદષ્ટિમાં એ ભેદો નથી. વળી ગુણસ્થાનોના ભેદો, જીવસ્થાનોના ભેદો એક સમયની પર્યાયમાં છે, પણ શુદ્ધ જીવમાં તે ભેદો નથી. નિમિત્ત, વ્યવહાર, પુણ્ય-પાપ કે એક સમયની પર્યાય આદરણીય નથી, અભેદ સ્વભાવ એક જ આદરણીય છે.

**શરીરની અવસ્થાના ભેદો શુદ્ધ આત્મામાં નથી.**

''મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયાના, વયકૃત વિકારથી (-ફેરફારથી) ઉત્પન્ન થતાં બાળ-યુવાન-સ્થવિર-વૃદ્ધાવસ્થાદિરૂપ અનેક સ્થૂલ-કૃશ વિવિધ ભેદો શુદ્ધ નિશ્ચયનયના અભિપ્રાયે મારે નથી.''

મનુષ્ય ને ઢોરના શરીરની ઉમરને લીધે બાળ-યુવાન-આધેડ ને વૃદ્ધાવસ્થાના ભેદ પડે છે. શરીર પાતળું હોય, કોઈ જાડું હોય - તે બધા ભેદો શુદ્ધ આત્મામાં નથી. શાસ્ત્રમાં કથન આવે કે શરીર જીર્ણ ન થાય, વૃદ્ધાવસ્થા ન આવે, વ્યાધિ ન આવે ત્યાં સુધી ધર્મ કરી લેવો. તે ઉપદેશના વાક્યો છે ને વૈરાગ્ય કરાવવા માટે કથન છે. ખરેખર તો વૈરાગ્ય પણ શુદ્ધ ચૈતન્યના આશ્રયે જ થાય છે,

નિમિત્ત કે વિકલ્પના આશ્રયે થતો નથી. વળી અજ્ઞાની માને છે કે શરીર મજબૂત હોય તો અહિંસા પાળી શકાય નિર્બળ શરીરવાળા શું રક્ષા કરી શકે ? એ બધી માન્યતા અજ્ઞાન ભરેલી છે. શરીર કૃશ હોય તેથી ધર્મ રોકાતો નથી ને જાડું હોય તેથી ધર્મને મદદ થતી નથી. શુદ્ધ આત્મામાં શરીરનો અભાવ છે. ધર્મ તો શુદ્ધ આત્માના આશ્રયે થાય છે.

**શુદ્ધ આત્માને સકળ મોહ-રાગ-દ્વેષ નથી.**

''સત્તા, અવબોધ, પરમચૈતન્ય અને સુખની અનુભૂતિમાં લીન એવા વિશિષ્ટ આત્મતત્ત્વને ગ્રહનારા શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે મારે સકળ મોહ-રાગ-દ્વેષ નથી.''

કેવો છે શુદ્ધ આત્મા ? ત્રિકાળ ચૈતન્યસત્તાસ્વરૂપ છે, ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે, ત્રિકાળી દર્શન-જ્ઞાનસ્વભાવવાળો છે. ત્રિકાળી સુખસ્વરૂપ છે. વળી ત્રિકાળી આનંદની અનુભૂતિમાં લીન છે. અહીં અનુભૂતિરૂપ ત્રિકાળી પર્યાયની વાત છે. પૂર્વે આનંદમાં લીન ન હતો ને હવે લીન થાઉં છું તે વ્યવહારનયનો વિષય છે તેની અહીં વાત નથી. પણ ત્રિકાળી આનંદની પર્યાય સહિતના જ્ઞાન-દર્શનસ્વરૂપ આત્મામાં હું લીન છું - આવા વિશિષ્ટ આત્મતત્ત્વને જાણનાર શુદ્ધ દ્રવ્યાર્થિકનયના બળથી આત્માને સકળ મોહ-રાગ-દ્વેષનો અભાવ છે. સંસારદશામાં મોહ-રાગ-દ્વેષ એક સમય પૂરતા છે પણ તેને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહી, અભાવ બતાવ્યો છે ને ભૂતાર્થ એવા ત્રિકાળી શુદ્ધ એવા દ્રવ્યની દૃષ્ટિ કરાવી છે.

**પ્રશ્ન** : તો પછી ભક્તિ, વૈરાગ્ય આદિ કાંઈ કરવાનું રહેતું નથી ને ?

**સમાધાન** : સ્વભાવના આશ્રયે જ સાચી ભક્તિ ને વૈરાગ્ય થાય છે. અધૂરીદશામાં ભક્તિનો વિકલ્પ ઊઠે છે તો ભગવાન પ્રત્યે લક્ષ જાય છે પણ શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી. વળી નીચલી દશામાં જે વખતે જે શુભ કે અશુભ રાગ થવાનો હોય તે જ શુભ કે અશુભ હોય, બીજો હોઈ શકે નહિ. તેનો પણ ક્રમ છે. અહીં તો એક સમયના પર્યાયને ગૌણ કરી શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરાવી છે.

ચૈતન્યસ્વભાવ એકરૂપ ત્રિકાળ આનંદમાં લીન છે, તે સ્વભાવની બહાર કદી આવ્યો નથી. અહીં અવબોધનો અર્થ સામાન્યજ્ઞાન લેવો ને પરમ ચૈતન્યમાં જ્ઞાન અને દર્શન બન્ને લેવા. વળી સંવર, નિર્જરા કે મોક્ષની પર્યાયને પણ વિશિષ્ટ આત્મતત્ત્વ કહેલ નથી પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવ ત્રિકાળી આનંદમાં લીન છે તેને વિશિષ્ટ આત્મતત્ત્વ કહેલ છે ને તેને ગ્રહનાર નિશ્ચયના બળે રાગ-દ્વેષ નથી એમ કહ્યું છે પણ નિમિત્તના બળે કે રાગના બળે કહ્યું નથી.

**સહજ જ્ઞાન-દર્શન-વીર્ય ને ચારિત્રથી ભરેલા શુદ્ધ આત્મામાં ક્રોધાદિ કષાય નથી.**

''સહજ નિશ્ચયનયથી (૧) સદા નિરાવરણસ્વરૂપ (૨) શુદ્ધ જ્ઞાનરૂપ (૩) સહજ ચિત્શક્તિમય



(૪) સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ મૂર્તિ (-જેની મૂર્તિ અર્થાત્ સ્વરૂપ સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ છે એવા) અને (૫) સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા એવા મને સમસ્ત સંસારકલેશના હેતુ ક્રોધ-માન-માયા-લોભ નથી.''

આ બધા વિશેષણો ત્રિકાળી સ્વભાવના છે. શુદ્ધ આત્મા સદાય નિરાવરણસ્વરૂપ છે, તેને કોઈ પણ આવરણ નથી. પુણ્ય-પાપના ભાવ એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવમાં તે નથી. આત્મા સદા શુદ્ધ જ્ઞાનરૂપ છે. વળી જ્ઞાનના વીર્યથી ભરેલો છે ને સહજ દૃષ્ટા સ્વભાવની સ્ફૂરણાથી ભરેલો છે. વર્તમાન સ્ફૂરણા પૂરી નથી ને સ્ફૂરણા પૂરી થશે એવું વસ્તુસ્વરૂપમાં નથી. વળી સ્વરૂપમાં કદી ન ચળે તેવી સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રસ્વરૂપ જ છે. સંસારદશા ટળી, યથાખ્યાત ચારિત્ર બારમે ગુણસ્થાને પ્રગટે છે તેની વાત નથી પણ યથાખ્યાત ચારિત્ર ત્રિકાળમાં કારણરૂપ પડેલું છે તેની વાત છે કે જેમાંથી યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે. આવા શુદ્ધ આત્માને સમસ્ત સંસારમાં કારણરૂપ ક્રોધ, માન, માયા લોભ નથી. આવા શુદ્ધ આત્માનો નિર્ણય પર્યાય કરે છે પણ તેનો વિષય ત્રિકાળ શુદ્ધ આત્મા છે. સમયસાર ગાથા ૬માં કહ્યું છે :-

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે.**

આ ગાથામાં જેને જ્ઞાયકભાવ કહ્યો છે તેને અહીં પરમ પારિણામિકભાવ કહ્યો છે, બન્ને એક જ છે. નિયમસારમાં શુદ્ધ કારણપર્યાય બતાવી વિશેષ સ્પષ્ટતા કરી છે. આત્મા દ્રવ્યે-ગુણે-પર્યાયે ત્રિકાળ શુદ્ધ છે. તે શુદ્ધ આત્મા સમ્યગ્દર્શનનું ધ્યેય છે. ટીકાકાર મુનિરાજે અધ્યાત્મનો નિચોડ કરી સ્વરૂપ બતાવી દીધું છે. અંતરદૃષ્ટિવાળાને સમજાય તેવું છે.

''હવે, આ (ઉપરોક્ત) વિવિધ વિકલ્પોથી (ભેદોથી) ભરેલા વિભાવપર્યાયોનો નિશ્ચયથી હું કર્તા નથી, કારયિતા નથી અને પુદ્ગલકર્મરૂપ કર્તાનો (-વિભાવ પર્યાયોના કર્તા જે પુદ્ગલકર્મો તેમનો) અનુમોદક નથી (એમ વર્ણવવામાં આવે છે).''

તિર્યંચ આદિ ગતિના ભેદોનો હું કર્તા નથી, મેં તે કરાવ્યા નથી તેમ જ પુદ્ગલકર્મોનો હું અનુમોદક નથી. આવા ભેદો પડે તે ઠીક એમ હું અનુમોદના આપતો નથી.

**સમ્યગ્દૃષ્ટિ જીવ નરકની પર્યાયનો કર્તા નથી, તે શુદ્ધ ચૈતન્યને ભાવે છે.**

''હું નારકપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.''

ધર્મી જીવની ભાવના કેવી હોય છે તે બતાવે છે. હું નરકના શરીરને કરતો નથી, મેં તે કરાવ્યું નથી તેમ જ શરીર મળ્યું તો ઠીક થયું એમ અનુમોદના કરતો નથી. ધર્મી જીવને પૂર્વે નરકનું આયુષ્ય બંધાયું હોય ને તે નરકમાં હોય તો સમજે છે કે હું ચિદાનંદ સ્વરૂપ આત્મા છું. મેં નારકીના શરીરને

બનાવ્યું નથી, સહજ સ્વાભાવિક વિલાસસ્વરૂપ ત્રિકાળી શુદ્ધ આત્માને ભાવું છું ને એને અનુભવું છું. પણ નારકીની પર્યાયને અનુભવતો નથી. આ કાંઈ ઊંચા દરજ્જાની વાત નથી, પણ મિથ્યાત્વના પ્રતિક્રમણની વાત છે.

**ધર્મી જીવ તિર્યંચાદિ પર્યાયને કરતો નથી, તે શુદ્ધ ચૈતન્યને ભાવે છે.**

''હું તિર્યંચપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું મનુષ્યપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું દેવપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.''

કેટલાક તિર્યંચ જીવો પણ સમકિતી હોય છે. તે માને છે કે આ શરીરને મેં કર્યું નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું. વળી ધર્મી જીવ મનુષ્ય હોય તો મનુષ્યશરીર મળ્યું તે ઠીક થયું એમ માનતો નથી. મનુષ્યશરીરને હું કરતો નથી. અહીં કોઈ પ્રશ્ન કરે કે સાચા દેવ-ગુરુ મળતાં પુણ્યરાશિ ફળ્યો એમ તો કહે છે ને ?

તો તેનું સમાધાન : પોતાના સ્વભાવનું બહુમાન કરતાં દેવ-ગુરુનું બહુમાન કરે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને નિમિત્તનો આશ્રય નથી. તેમ જ નિમિત્ત મળ્યું તો ઠીક થયું એમ તો નથી જ પણ પુણ્યનો કે એક સમયની પર્યાયનો પણ આશ્રય નથી. એક સમયે પર્યાય એક જ છે, બીજી પર્યાય તો તે સમયે વિદ્યમાન નથી. તો પછી કઈ પર્યાયનો આશ્રય લ્યે ? પર્યાયને પર્યાયનો આશ્રય નથી. પર્યાય સ્વભાવનો આશ્રય લ્યે છે તો નિમિત્ત ઉપર આરોપ કરવામાં આવે છે. ભગવાનના અચિંત્ય પુણ્ય ફળ્યા તે નિમિત્તનું કથન છે, ભગવાનનો આત્મા ફળ્યો એટલે બધું ફળી ગયું છે.

**પ્રશ્ન** : દેવો પણ મનુષ્યપર્યાયની દુર્લભતા સમજી મનુષ્યભવ ઈચ્છે છે ને ?

**સમાધાન** : તેમાં પોતાનો પુરુષાર્થ ઉપાડવાની વાત છે. સ્વભાવમાં એકાગ્રતા કરે તો મનુષ્યપર્યાય ઉપર દુર્લભતાનો આરોપ આપવામાં આવે છે, વ્યવહાર કથન સંયોગ સંબંધનું જ્ઞાન કરાવવા માટે છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ છોડી વ્યવહાર રત્નત્રયની મુખ્યતા આવી જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. તો પછી મનુષ્યપર્યાયને મુખ્યતા આપવી તે તો ઘણું દૂર છે. વળી સમકિતી જીવ દેવ હોય તો સમજે છે કે દેવશરીર મારું નથી, દેવશરીર મળ્યું તો ઠીક થયું એમ તે માનતો નથી. હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને ભાવું છું.

**ધર્મી જીવ માર્ગણાસ્થાનાદિના ભેદોને કરતો નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને ભાવે છે.**

''હું ચૌદ માર્ગણાસ્થાનોના ભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.''



મનુષ્યાદિ ચાર ગતિના ભેદોને, એકેન્દ્રિયાદિના ભેદોને, છ કાયના ભેદોને, મન-વચન-કાયાના યોગના ભેદોને, ત્રણ વેદના ભેદોને, ક્રોધ, માન, માયા, લોભના પરિણામોને, મતિશ્રુતાદિ જ્ઞાનના ભેદોને, યથાખ્યાત આદિ ચારિત્રના ભેદોને, ચક્ષુદર્શનાદિ ચાર ભેદો, છ લેશ્યાના પરિણામો, ભવ્ય-અભવ્ય-એવા ભેદો, ઉપશમ સમકિતાદિના ભેદો, સંજ્ઞી-અસંજ્ઞીના ભેદો, આહાર-અનાહાર આદિના ભેદોને હું કરતો નથી, કરાવતો નથી, અનુમોદતો નથી. વ્યવહારથી જે ભેદો પર્યાયમાં પડે છે તે જ્ઞાન કરવા માટે છે. પણ ભેદનો આશ્રય કરવા જેવો નથી. ધર્મી જીવ આવા ભેદોનો નિષેધ કરી, શુદ્ધ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવે છે.

**સમ્યગ્દૃષ્ટિ જીવ ગુણસ્થાનાદિના ભેદોને કરતો નથી, શુદ્ધ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને ભાવે છે.**

''હું મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાન ભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું એકેન્દ્રિયાદિ જીવસ્થાન ભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.''

મિથ્યાત્વાદિ ચૌદ ગુણસ્થાનોના ભેદ એક સમય પૂરતી અવસ્થામાં છે, શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં તે નથી; તેવી જ રીતે સંજ્ઞી પંચેન્દ્રિયપણું પર્યાપ્ત-અપર્યાપ્તપણું વગેરે જીવસ્થાનોના ભેદો પર્યાયમાં છે, પણ શુદ્ધ સ્વભાવમાં તે નથી. તેથી ધર્મી જીવ કહે છે કે તે ભેદોને હું કરતો નથી, હું તો ચૈતન્યસ્વભાવને ભાવું છું.

૧) માર્ગણાસ્થાન, જીવસ્થાન ને ગુણસ્થાનના થઈને બેંતાલીસ ભેદો બતાવ્યા તે એક સમય પૂરતી અવસ્થામાં છે. ભેદ બિલકુલ નથી એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે.

૨) વળી કોઈ જીવ કર્મના કારણે ભેદો માને તો તે પણ ખોટો છે. કર્મના લીધે ભેદો નથી પણ જીવની એક સમયની યોગ્યતાના કારણે છે.

૩) આવા ભેદો કબૂલીને પોતાને ભેદસ્વરૂપ જ માની લ્યે તો પણ ભ્રાંતિ છે. શુદ્ધ સ્વભાવમાં ભેદનો અત્યંત અભાવ છે, નિમિત્ત વિના, ભેદ વિના દ્રવ્ય ટકી રહ્યું છે. ભેદના આશ્રયે અથવા પર્યાયના આશ્રયે પર્યાય આવતી નથી પણ દ્રવ્યસ્વભાવમાંથી પર્યાય આવે છે.

૪) ઘણાં જીવો કહે છે કે રાગ છોડો, પણ તેની રીત શું છે તે જાણવું જોઈએ. પ્રથમ તો વ્યવહારથી અથવા રાગથી લાભ નથી પણ રાગરહિત સ્વભાવથી લાભ છે એમ શ્રદ્ધા કરી રાગને શ્રદ્ધા અપેક્ષાએ છોડવો જોઈએ, પછી સ્થિરતા કરતાં અસ્થિરતાનો રાગ પણ છૂટી જાય છે.

૫) પ્રથમ ચોથે ગુણસ્થાને વીતરાગ સ્વભાવની શ્રદ્ધા હોવા છતાં ભૂમિકા અનુસાર દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે તેનો વિકલ્પ આવે પણ તે વિકલ્પને પોતાનું સ્વરૂપ માને નહિ. જો વિકલ્પ અથવા

ભેદ બિલકુલ ન હોય તો વીતરાગ હોવો જોઈએ, માટે અધૂરી દશામાં વિકલ્પ અથવા ભેદ પડે છે ખરા.

૬) અધૂરી દશામાં વિકલ્પ અથવા ભેદ પડે છે તેથી આત્માને લાભ થશે એમ કોઈ માને તો મિથ્યાદૃષ્ટિ છે.

આ નહિ, આ નહિ એમ જે બતાવેલ છે તે સમજાવવા માટે છે. નિમિત્ત, પુણ્ય, સંવર, નિર્જરા, મોક્ષ -એ બધા બાહ્યતત્ત્વ છે. શુદ્ધ સ્વભાવ અંતઃતત્ત્વ છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ ભેદનો આશ્રય છોડી શુદ્ધ ચૈતન્યસ્વભાવને ભાવે છે.

**ધર્મી જીવ શરીરની બાલાદિ અવસ્થાના ભેદોને કરતો નથી, સહજ ચૈતન્યસ્વરૂપ આત્માને ભાવે છે.**

‘‘હું શરીર સંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.’’

અજ્ઞાની માને છે કે કાયાકલ્પ કરે તો શરીર સારું રહે, ધ્યાન રાખીએ તો શરીર સારું રહે, આહાર મર્યાદિત લ્યે, હવા-પાણી સારા હોય તો શરીર સારું રહે. પણ તે માન્યતા ભૂલભરેલી છે. શરીર શરીરના કારણે રહે છે, તે આત્માથી રહેતું નથી. વળી અજ્ઞાની કહે છે કે સારું સંહનન હોય તો મુક્તિ થાય એ બધો અજ્ઞાનભાવ છે. આત્માના પુરુષાર્થથી મુક્તિ થાય છે, પણ શરીરથી થતી નથી. શરીરને રાખી શકું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. તેથી ધર્મી જીવ કહે છે કે શરીરની બાલ, યુવાન કે વૃદ્ધ અવસ્થા હું કરતો નથી, કરાવતો નથી તેમ જ અનુમોદતો નથી. અહો ! ચૈતન્ય વિલાસસ્વરૂપ આત્મા છું, તેની જ ભાવના ભાવું છું.

**કારતક વદ ૧૦, શનિવાર, ૨૪-૧૧-૫૧.**

સવારના વ્યાખ્યાન બંધ હતું.

**કારતક વદ ૧૧, રવિવાર, ૨૫-૧૧-૫૧.**

**ધર્મી જીવ રાગાદિ ભેદોને કરતો નથી. તે શુદ્ધ ચૈતન્યને ભાવે છે.**

‘‘હું રાગાદિ ભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી. સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.’’

આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. રાગદ્વેષાદિ ભાવકર્મને કરતો નથી. ધર્મી જીવ સહજ ચૈતન્ય વિલાસસ્વરૂપને ભાવે છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ ત્રિકાળી દ્રવ્ય છે ને તેની નિર્વિકલ્પપણે ભાવના ભાવવી તે મોક્ષમાર્ગ છે, વિકારરૂપે હું થનાર નથી, અસંખ્ય પ્રકારના ભેદો પડે તે મારું કાર્ય નથી, હું સ્વભાવ



સન્મુખ એકાગ્રતાની ભાવના ભાવું છું.

**જેને પોતાના આત્માની સર્વજ્ઞશક્તિનો ભરોસો છે તે જ જીવ ભગવાનને યથાર્થ જાણે છે.**

અહીં કોઈ પ્રશ્ન કરે કે ભગવાને જોયું હોય તે દિવસે આવી ભાવના ભાવે ને ?

**ઉત્તર** : ભગવાને આમ જોયું છે, એમ ભગવાનનું અસ્તિત્વ ને તેના સર્વજ્ઞપણાનો નિર્ણય કયા સાધન વડે નક્કી કરીશ ? ભગવાન છે માટે યથાર્થ પ્રતીતિ થતી નથી. કોઈ નિમિત્ત, વિકલ્પ કે પર્યાયના આધારે ભગવાનના સર્વજ્ઞપણાનો નિર્ણય થતો નથી. અલ્પજ્ઞપર્યાયના આધારે કે અલ્પજ્ઞતાના કારણથી ‘‘સર્વજ્ઞ છે’’ એમ નક્કી થઈ શકતું નથી. અલ્પજ્ઞ બધું જાણતો નથી, સર્વજ્ઞ બધું જાણે છે એવો ભરોસો ક્યાંથી અને શેમાંથી આવશે ? નિમિત્ત કે રાગમાંથી તે ભરોસો નહિ આવે. વળી જે પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટ નથી પણ અલ્પજ્ઞતા છે તે પર્યાયના આધારે ભરોસો આવી શકશે નહિ. પણ પોતાનો આત્મા સર્વજ્ઞસ્વભાવી છે એવા શ્રદ્ધા-જ્ઞાનથી યથાર્થ ભરોસો આવે છે ને નક્કી કરે કે મારી અલ્પજ્ઞ પર્યાય રહેવી ન જોઈએ પણ જેમ ભગવાને સર્વજ્ઞપદ પ્રગટ કર્યું છે તેમ હું પણ આત્મા છું, મારા આશ્રયે મારામાંથી સર્વજ્ઞપર્યાય પ્રગટ થવી જોઈએ. આમ જેને પોતાના આત્માની સર્વજ્ઞશક્તિનો ભરોસો આવ્યો છે તેણે ભગવાનને યથાર્થ માન્યા છે. હું પર્યાયમાં સર્વજ્ઞ નથી ને સર્વજ્ઞપદ પ્રગટ કરીશ એવો ભેદ સ્વભાવમાં નથી. વર્તમાનમાં પરિપૂર્ણ છું એવા ચૈતન્યસ્વભાવી આત્માની ભાવના ભાવવી તે પ્રતિક્રમણ છે, ને તે જ ધર્મદશા ને મોક્ષમાર્ગ છે. પોતાના સર્વજ્ઞ શક્તિવાળા આત્માની પ્રતીતિ વિના ભગવાનની સાચી શ્રદ્ધા નથી. માટે ભગવાને જોયું હશે તેમ થશે એમ પર ઉપર નાખી, જે સ્વભાવની શ્રદ્ધા કરતો નથી તેને પોતાના આત્માની કે ભગવાનની પણ ખબર નથી.

**ધર્મી જીવ ક્રોધાદિ કષાયોને કરતો નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપી આત્માને ભાવે છે.**

હું ભાવકર્માત્મક - ક્રોધ, માન, માયા, લોભના કષાયને કરતો નથી, તેના ઉપર મારું લક્ષ જ નથી. હું નિમિત્ત, વિકલ્પ કે પર્યાયને ભાવતો નથી પણ સહજ ચૈતન્યસ્વરૂપ આત્માને ભાવું છું. નિમિત્ત પાસે જવું કે નિમિત્તને મેળવું તે વાત તો છે જ નહિ પણ ક્રોધાદિના ભેદને હું કરતો નથી. હું તો શુદ્ધ સ્વભાવને ભાવું છું. સમ્યગ્દૃષ્ટિ પોતાની ભૂમિકા અનુસાર ભાવે છે. વિશેષ સ્થિરતાવાળો જીવ શ્રદ્ધા ઉપરાંત અંતર્લીનતાને ભાવે છે.

અહીં ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું તેમ આત્મા ભેદોનો કરાવનાર નથી તેમ જ ભેદો પડે તો ઠીક એમ અનુમોદન કરનાર પણ નથી. કોઈ પણ ભેદને કરવો, કરાવવો કે અનુમોદવો એ વસ્તુસ્વરૂપમાં છે જ નહિ માટે ધર્મી જીવ સ્વભાવની એકાગ્રતાને ભાવે છે.

આ રીતે પાંચ રત્નોના શોભિત કથન વિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાયોના ત્યાગનું વિધાન

કહ્યું છે. આ પ્રતિક્રમણની વાત છે તેથી વિભાવના ત્યાગની વાત કરી છે, ખરી રીતે તો શુદ્ધ સ્વભાવમાં લીનતા કરતાં વિભાવ ઉત્પન્ન જ થતો નથી.

હવે પાંચ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છેઃ

**શ્લોક ૧૦૯**

(वसंततिलका)

**भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः**
**स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।**
**मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात्॥ १०९॥**

**શ્લોકાર્થ** : આ પ્રમાણે પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે અને નિજ દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે, તે ભવ્ય જીવ નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડી અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે. ॥ ૧૦૯ ॥

**જે જીવ ભેદોની ચિંતાને છોડી અભેદ શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થાય છે તે અલ્પકાળમાં મુક્તિ પામે છે.**

આ પ્રમાણે આ પાંચ ગાથાઓ દ્વારા ગાથાનો ભાવ સમજી જે જીવ સમસ્ત ભેદોને છોડે છે ને પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થાય છે તે અલ્પકાળમાં મુક્તિ પામે છે. પોતાના સ્વભાવને છોડી પુણ્ય-પાપ ભાવ થાય તે બધો ભેદ છે, તેનું લક્ષ કરવું તે વિષય છે. ધર્મી જીવ એવા વિષયોના ગ્રહણની ચિંતાને છોડે છે. દ્રવ્ય, ગુણ ને કારણશુદ્ધપર્યાય સહિત એવો જે પરમ પારિણામિક-સ્વભાવભાવ ત્રિકાળ એકરૂપ શુદ્ધ છે તેમાં એકાગ્રતા કરવી તે મોક્ષમાર્ગ છે. આમ જે ભવ્ય જીવ પોતાના શુદ્ધ સ્વભાવને ભાવે છે ને એકાગ્ર થાય છે તેને વિભાવ ઉત્પન્ન થતો નથી. તેથી વિભાવને છોડે છે એમ કહેવામાં આવ્યું છે. તે જીવ અલ્પકાળમાં સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે. સાધકદશામાં પોતાની ભૂમિકા અનુસાર અંશે નિર્મળતા હોય છે, ને અંશે રાગ હોય છે, ને રાગના નિમિત્તો પણ હોય છે. તે નિમિત્તો ઉપર લક્ષ પણ જાય છે પરંતુ તે અધૂરી નિર્મળ પર્યાય, રાગ અથવા નિમિત્તો આશ્રય કરવા જેવા નથી, તે બધો વ્યવહારનયનો વિષય છે. પોતાનો શુદ્ધ આત્મા એકરૂપ જ્ઞાયક છે તે નિશ્ચયનયનો વિષય છે ને તે જ આદરણીય છે; તેના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી મુક્તિ પમાય છે.

**પરદ્રવ્યો શરણભૂત નથી, શુદ્ધ ચૈતન્યસ્વભાવની ભાવના એક જ શરણભૂત છે.**

આ શુદ્ધ ચૈતન્યસ્વભાવ તે હું છું. હું જ્ઞાયક છું એ એક જ રટણ કરવા જેવું છે, ને તેની શ્રદ્ધા



મરણ સમયે કામ આવે છે. શરીર તો આકાશના એક ક્ષેત્રે છે, હું તો ચૈતન્યસ્વભાવી છું, મારામાં પરાધીનતા છે જ નહિ. ને માંદગી, વૃદ્ધાવસ્થા કે મરણ સમયે પરદ્રવ્યો શું કરે ? માંદગી વખતે સંભાળ કરનાર હોય તો પણ તે શું કામ આવે ? ભાઈઓ, પૈસા, દવા, દાકતરો વગેરે પરદ્રવ્યો આત્માને શરણભૂત નથી. પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન શરણરૂપ છે. હું આખો પરમાત્મા પરિપૂર્ણ છું. વર્તમાન પર્યાયમાં ઊણપ-હીનતા છે ને તેને ટાળીને પૂરો થઈશ એવો ભેદ પણ મારામાં નથી. હું તો ચૈતન્યથી પૂરો છું - આવી ભાવના મૃત્યુ સમયે કામ આવે છે. આવી મૂડીની ખબર નથી ને પરદ્રવ્યો, શરીર, સગાંવહાલાં વગેરેની જે ચિંતા કરે છે તે ઘરની મૂડી ખોઈ બેસે છે ને અશાંતિને ભોગવે છે. હું તો ચૈતન્ય વિલાસસ્વરૂપ જ છું એમ અંદરથી જેને ઉત્સાહ આવે છે તેને પરપદાર્થોના સંયોગ કે વિયોગ ઉપર દૃષ્ટિ નથી પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર દૃષ્ટિ છે. તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે.

### ગાથા ૮૨

**एरिसभेदब्भासे मज्झत्थो होदि तेण चारित्तं।**
**तं दिढकरणणिमित्तं पडिक्कमणादी पवक्खामि ॥ ८२ ॥**

**ईदृग्भेदाभ्यासे मध्यस्थो भवति तेन चारित्रम् ।**
**तद्दृढीकरणनिमित्तं प्रतिक्रमणादिं प्रवक्ष्यामि ॥ ८२ ॥**

**આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને;**
**પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદઢતા કારણે. ૮૨.**

**અન્વયાર્થ** : **(ईदृग्भेदाभ्यासे)** આવો ભેદ-અભ્યાસ થતાં **(मध्यस्थः)** જીવ મધ્યસ્થ થાય છે, **(तेन चारित्रम् भवति)** તેથી ચારિત્ર થાય છે. **(तद्दृढीकरणनिमित्तं)** તેને (ચારિત્રને) દઢ કરવા નિમિત્તે **(प्रतिक्रमणादिं प्रवक्ष्यामि)** હું પ્રતિક્રમણાદિ કહીશ.

ચૌદ જીવસ્થાનો વગેરેના ભેદરૂપ હું નથી એમ ભેદજ્ઞાન કરતાં જીવ મધ્યસ્થ થાય છે. ભેદ ઉપરનું તથા પર્યાય ઉપરનું લક્ષ છોડ્યું તેથી ચારિત્ર થાય છે. મહાવ્રતાદિના વિકલ્પથી ચારિત્ર થતું નથી.

**મુમુક્ષુ જીવો શુદ્ધ આત્મા, રાગ, નિમિત્ત વગેરે બધા પદાર્થોનું યથાર્થ જ્ઞાન કરે છે.**

**ટીકા** : અહીં ભેદવિજ્ઞાન દ્વારા સ્વભાવનું જેટલું અવલંબન લેવાય છે તેટલી સ્થિરતા તે ચારિત્ર છે.

પૂર્વે પાંચ ગાથા દ્વારા પદાર્થોનું જ્ઞાન કરાવ્યું, ગતિ આદિ માર્ગણાસ્થાન છે, જીવસ્થાન છે, ગુણસ્થાન છે, તે બધા એક સમયની પર્યાયમાં છે પણ શુદ્ધ જીવમાં તે નથી.

૧) કોઈ કહે કે 'બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા' એમ કહીને બીજી વસ્તુનો, રાગનો, નિમિત્તનો નિષેધ કરે તો તે વસ્તુસ્વરૂપ સમજતો નથી. ભેદજ્ઞાન એકમાં ન હોઈ શકે. એક કરતાં વધારે વસ્તુ હોય એટલે કે બે વચ્ચે ભેદજ્ઞાન સંભવી શકે છે. માટે ભેદ અપેક્ષાએ ભેદ છે.

૨) કોઈ જીવ એકાંત ભેદને જ માને પણ અભેદ સ્વભાવને ન માને તો તે પણ ખોટો છે. અભેદ સ્વભાવની શ્રદ્ધા થતાં જ પર્યાયમાં રાગ ને ભેદ ન પડતો હોય તો તુરત જ કેવળી થવો જોઈએ પણ એમ નથી. સ્વભાવની શ્રદ્ધા થવા છતાં સાધકને રાગાદિનો ભેદ પડે છે.

૩) સાધક જીવને અભેદ સ્વભાવનું જ્ઞાન છે ને રાગાદિ ભેદોનું પણ જ્ઞાન છે. પણ રાગનો આશ્રય કરવા જેવો નથી, અભેદ સ્વભાવનો જ આશ્રય કરવા જેવો છે.



**ભેદ અભ્યાસ દ્વારા મુમુક્ષુઓ સંસારપર્યાય ને મોક્ષપર્યાય બન્ને પ્રત્યે મધ્યસ્થ થાય છે.**

આત્મા જ્ઞાતા શુદ્ધ જીવ છે ને રાગાદિ તથા પરપદાર્થો પોતાથી પર છે એમ ભેદ અભ્યાસ કરીને પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થવું એ મોક્ષગતિનો હેતુ છે. આમ જે મોક્ષાભિલાષી જીવો આત્માના શ્રદ્ધા-જ્ઞાનમાં લીન રહે છે તેઓ ભેદ અભ્યાસથી મધ્યસ્થ થાય છે. દૃષ્ટિ તો અખંડ સ્વભાવ ઉપર જ છે પણ સ્વભાવમાં જેટલી સ્થિરતા થતી જાય છે તેટલો રાગ અને ભેદનો આશ્રય છૂટતો જાય છે. મારે રાગ ટાળવો છે ને મોક્ષ કરવો છે તેવો વિકલ્પ પણ હોતો નથી. રાગ ટાળવાની દૃષ્ટિ તે પણ પર્યાયદૃષ્ટિ છે ને મોક્ષપર્યાય જે વર્તમાન નથી તેના ઉપર લક્ષ કેવી રીતે કરે ? પણ મોક્ષનું કારણ શુદ્ધ સ્વભાવ ત્રણે કાળે મોજુદ છે તેના ઉપર દૃષ્ટિ છે અને તેમાં સ્થિરતા છે. આમ સંસારપર્યાય અને મોક્ષપર્યાય પ્રત્યે મધ્યસ્થ છે અને તે કારણથી તે પરમ સંયમી મુનિઓને વાસ્તવિક વીતરાગીદશા હોય છે. સહજ સ્થિરતા વધતાં ભેદ ઉપરનું લક્ષ છૂટી જાય છે. મુનિઓને ભેદનું કર્તૃત્વ નથી તો પછી કપડાં છોડું કે શરીરની ક્રિયા આમ કરું એમ પરદ્રવ્યના કર્તાપણાનું અભિમાન હોઈ શકે નહિ. વીતરાગીદશામાં શરીરની બાહ્ય નગ્નદશા સહેજે હોય છે.

**શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા કરવી તે ચારિત્ર છે ને તેમાં અવિચળ સ્થિતિ કરવા મુનિને પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા હોય છે.**

તે વીતરાગીદશારૂપી ચારિત્રમાં અવિચળ સ્થિતિ કરવા માટે એટલે આનંદકંદ સ્વભાવમાં ઠરી જવા માટે પ્રતિક્રમણ આદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે. આ મોક્ષ પામવા માટેની ક્રિયા કહેવામાં આવે છે. પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે વીતરાગીદશા પ્રગટ થતાં ગયા કાળના દોષથી પાછો ફર્યો તેને પ્રતિક્રમણ કહે છે. ભૂતકાળના દોષોથી પાછો ફરી શુદ્ધ સ્વભાવમાં ઠરે છે તે પ્રાયશ્ચિત્ત ને પ્રતિક્રમણ છે. વર્તમાનકાળમાં શુભાશુભ ભાવમાં નહિ જોડાતાં સ્વભાવમાં ઠરવું તે આલોચના ને સંવર છે. આદિ શબ્દથી પ્રત્યાખ્યાનાદિનો સંભવ કહેવામાં આવે છે. પોતાના શુદ્ધ સ્વભાવમાં ઠરી જતાં ભવિષ્યનો રાગ ઉત્પન્ન જ થવા ન દેવો તે પચ્ચખાણ છે. આમ વીતરાગીદશા એક જ મોક્ષનું કારણ છે ને જેટલો વિકલ્પ છે તે બંધનું કારણ છે.

આત્મા અને શરીર જુદાં છે એવી વાત બહાર પડી છે તો હવે કેટલાક જીવો મશ્કરી કરે છે અને કહે છે કે ''શરીરની ક્રિયાથી પાપ નથી તો શરીરથી ગમે તેટલા ભોગ ભોગવો તો પાપ નથી.'' પણ દેહની ક્રિયા તું કરી શકતો નથી તો પછી દેહથી ભોગવી લે એ વાત લાવ્યો ક્યાંથી? દેહની ક્રિયા દેહના કારણે છે. તું દેહ ઉપરની દૃષ્ટિ છોડીને સ્વભાવની શ્રદ્ધા કર. શરીરાદિ પરપદાર્થને ફેરવવા કોઈ સમર્થ નથી. આત્માની સાચી દૃષ્ટિ કર. સાચી દૃષ્ટિ સહિત અંતર્લીનતા વધી છે ને જેને બાહ્ય નગ્નદશા વર્તે છે તે સાચા સાધુ છે. તે નિર્દોષ આહાર લ્યે, પોતાના માટે બનાવેલ આહાર ન લ્યે, તેમને સહજ અલૌકિક વીતરાગીદશા વર્તતી હોય છે. તેમને આવું ચારિત્ર હોય છે ને પ્રતિક્રમણાદિની

નિશ્ચયક્રિયા હોય છે.

**ભેદવિજ્ઞાન મોક્ષનું કારણ છે અને ભેદવિજ્ઞાનનો અભાવ સંસારનું કારણ છે.**

હવે એવી રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની) આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૧મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(अनुष्टुभ्)

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन॥**

**શ્લોકાર્થ** : જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે; જે કોઈ બંધાયા છે તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.

જે કોઈ મોક્ષદશા પામ્યા છે તે ભેદવિજ્ઞાનથી જ પામ્યા છે. આત્મા શુદ્ધસ્વભાવી છે ને નિમિત્ત, પુણ્ય, ભેદ તે પર છે. એમ ભેદનો આશ્રય છોડી અભેદ સ્વભાવનો આશ્રય લીધો છે તે જ જીવ મુક્તિને પામ્યા છે ને નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જનારા મિથ્યાદૃષ્ટિ જીવો ભેદવિજ્ઞાનના અભાવથી સંસારમાં બંધાય છે. નિમિત્ત, પુણ્ય, પર્યાય ઉપરની દૃષ્ટિ હોવાથી તેઓ રખડે છે. પુણ્ય ને ભેદથી આત્મા જુદો છે એવું ભેદવિજ્ઞાન તેમને નથી. પર સાથેની એકત્વબુદ્ધિથી તેઓ સંસારમાં રખડે છે.

**કારતક વદ ૧૨, સોમવાર, ૨૬-૧૧-૫૧.**

વળી આ ૮૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૧૦**

(मालिनी)

**इति सति मुनिनाथस्योच्चकैर्भेदभावे**
**स्वयमयमुपयोगाद्राजते मुक्तमोहः।**
**शमजलनिधिपूरक्षालितांहःकलंकः**
**स खलु समयसारस्यास्य भेदः क एषः॥ ११०॥**

**શ્લોકાર્થ** : એ રીતે જ્યારે મુનિનાથને અત્યંત ભેદભાવ (ભેદવિજ્ઞાનપરિણામ) થાય છે, ત્યારે આ (સમયસાર) સ્વયં ઉપયોગ હોવાથી, મુક્તમોહ (મોહ રહિત) થયો થકો, શમજલનિધિના પૂરથી (ઉપશમસમુદ્રની ભરતીથી) પાપકલંકને ધોઈ નાખીને, વિરાજે (-શોભે) છે; -તે આ ખરેખર, આ સમયસારનો કેવો ભેદ છે ! ॥ ૧૧૦ ॥



**શુદ્ધાત્માના ભાનસહિત અશુદ્ધતાથી પાછા ફરવું ને વિશેષ શુદ્ધતા પ્રગટ કરવી તે પ્રતિક્રમણ છે.**

સાચું પ્રતિક્રમણ કોને હોય છે તેની વાત કહે છે. આ આત્મા જ્ઞાયકસ્વભાવી છે પણ તેની એક સમયની પર્યાયને કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તે સંબંધ હોવા છતાં જ્ઞાયકસ્વભાવ પોતે પોતાથી પરિણમે છે. જે જીવ પર્યાયબુદ્ધિ ટાળીને, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છોડીને સ્વભાવ તરફ ઢળ્યો છે તેને આત્મા અને રાગ વચ્ચે ભેદ પાડવાનો અભ્યાસ છે. આત્મા દ્રવ્ય છે, અસંખ્ય પ્રદેશી તેનું ક્ષેત્ર છે, જ્ઞાનાદિ શક્તિઓ તેના ભાવો છે. આ ત્રણને તો પર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી પણ તેના ક્ષેત્રની એક સમયની વ્યજંનપર્યાયને તથા બીજા ગુણોની પર્યાયને કર્મ તથા પરપદાર્થો સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તે સંબંધની દૃષ્ટિ છોડી સ્વભાવ સાથે સંબંધ રાખવો તે સમ્યગ્દર્શન છે. અહીં તો દૃષ્ટિ ઉપરાંત સ્વભાવમાં સ્થિરતા દ્વારા અસ્થિરતાનો સંબંધ પણ જે છોડે છે તેને પ્રતિક્રમણ હોય છે. જો અસ્થિરતાનો સંબંધ સર્વથા ન જ હોય તો સિદ્ધદશા હોવી જોઈએ ને અસ્થિરતા જેટલો જ આત્માને માને તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં સાધકદશાની વાત છે. દૃષ્ટિ ઉપરાંત મુનિ પોતામાં સ્થિરતા દ્વારા અસ્થિરતાનો નાશ કરે છે. જેમ પથ્થરની ખાણ હોય તેમાં પથ્થરની સાંધમાં સુરંગ મારે ને પછી પથરા કાઢવા સહેલા પડે છે. તેમ આત્માની પર્યાયમાં કર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ આત્મા સ્વભાવે શુદ્ધ છે એવા ભાન દ્વારા નિમિત્ત-નૈમિત્તિક સંબંધને સુરંગ મારે તો પછી સ્થિરતા કરવાનું સહેલું બને. આમ દૃષ્ટિ ઉપરાંત સ્થિરતા દ્વારા અસ્થિરતાથી પાછું હઠવું તેને પ્રતિક્રમણ કહે છે.

**જ્યારે મુનિનાથ ભેદજ્ઞાન દ્વારા સ્વયં ઉપયોગમય થાય છે ત્યારે વીતરાગી ઉપશમરસથી શોભે છે.**

આ પ્રમાણે મુનિનાથને અત્યંત ભેદવિજ્ઞાનના પરિણામ થાય છે. અહીં મુનિનાથ શબ્દ વાપરવામાં આવ્યો છે. નાથ એટલે જોગ ને ક્ષેમનો કરનાર છે. સમ્યગ્જ્ઞાનાદિ દશા જે પ્રગટી છે તેને સાચવનાર છે ને કેવળજ્ઞાનાદિ પ્રગટ નથી તેનો જોગ કરી આપે છે માટે મુનિનાથ કહે છે. જો મુનિદશા પ્રગટી જ ન હોય તો મુનિ નથી ને મેળવવાનું બાકી ન હોય તો વીતરાગ હોવો જોઈએ. તેથી જેટલું પ્રગટ્યું છે તે સાચવી રાખે છે ને સ્થિરતા દ્વારા નવું મેળવે છે. આવા મુનિનાથને ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન ઉપરાંત સ્થિરતા વધે છે. નબળાઈના શુભભાવોથી ભેદ પાડે છે ત્યારે આ શુદ્ધ આત્મા અંતર્મુખ વલણવાળો થયો હોવાથી રાગને તોડીને સ્વયં ઉપયોગસ્વરૂપ થયો છે તે પ્રતિક્રમણ છે. આ પ્રમાણે અંતરમાં એકાગ્રતા થવાથી અસ્થિરતાથી છૂટો પડે છે ને ઉપશમરસથી પાપને ધોઈ નાખે છે. જેમ સમુદ્રમાં ભરતી આવે ત્યારે તે પાણીના પૂરથી કાંઠે રહેલ મેલને ધોઈ નાખે છે તેમ શુદ્ધ ચૈતન્યમાં અંતર એકાગ્રતા કરતાં પુણ્ય-પાપરૂપી મેલ ધોવાઈ જાય છે. રાગ, પુણ્ય અથવા એક સમયની પર્યાય તે હું નહિ, હું તો આત્મા જ્ઞાયક શુદ્ધ છું એવું અંતર્ભાન થતાં જે શક્તિ અંતર હતી તે પ્રગટ થઈ.

ઉપશમરસથી ભરેલા આત્માની પર્યાયમાં શાંતિની ભરતી આવી, તેને લીધે બધું પાપકલંક ધોવાઈ ગયું. આમ આત્મા ઉપશમરસથી ભરેલો પર્યાયમાં પણ ઉપશમરસથી વિરાજે છે. અત્યંત ભેદભાવ થવો, સ્વયં ઉપયોગસ્વરૂપ થવો, મુક્તિમોહ થવો, ઉપશમતાની ભરતી થવી, પાપકલંક ધોવાયું વગેરે સમજાવવામાં ક્રમ પડે છે, પણ બધું એક જ સમયે છે. તે આ ખરેખર આ સમયસારનો કેવો ભેદ છે ! આ દશા કેવી જાતની છે ? પર્યાયમાં અનાકુળ રસ પ્રગટવો તે કેવો ભેદ છે.



**ગાથા ૮૩**

**मोत्तूण वयणरयणं रागादीभाववारणं किच्चा ।**
**अप्पाणं जो झायदि तस्स दु होदि त्ति पडिकमणं ॥ ८३ ॥**

**मुक्त्वा वचनरचनां रागादिभाववारणं कृत्वा ।**
**आत्मानं यो ध्यायति तस्य तु भवतीति प्रतिक्रमणम् ॥ ८३ ॥**

**રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩**

**અન્વયાર્થ** : (**वचनरचनां**) વચનરચનાને (**मुक्त्वा**) છોડીને, (**रागादिभाववारणं**) રાગાદિભાવોનું નિવારણ (**कृत्वा**) કરીને, (**यः**) જે (**आत्मानं**) આત્માને (**ध्यायति**) ધ્યાવે છે, (**तस्य तु**) તેને (**प्रतिक्रमणं**) પ્રતિક્રમણ (**भवति इति**) હોય છે.

વચનની રચના કોઈ કરી શકતો નથી તેમ જ તેને છોડી શકતો નથી પણ વચન ઉપરનું લક્ષ છૂટી જાય છે એટલે વચનરચના છોડી એમ કહ્યું છે.

અહીં પ્રતિક્રમણની વિધિ કહે છે. પ્રતિક્રમણ = પાછા ફરવું.

**જે મુનિ પ્રતિક્રમણના સૂત્રો તરફનું લક્ષ છોડી, શુભ રાગ છોડી પોતાના શુદ્ધ સ્વભાવને ધ્યાવે છે તેને ખરેખર પ્રતિક્રમણ હોય છે.**

**ટીકા** : દિને દિને મુમુક્ષુજનો વડે ઉચ્ચારવામાં આવતો જે વચનમય પ્રતિક્રમણ નામનો સમસ્ત અશુભના ક્ષયના હેતુભૂત સૂત્ર સમુદાય તેનું આમાં ખંડન કર્યું છે. મુનિઓ સવાર-સાંજ પ્રતિક્રમણ કરે છે. મુનિઓ પોતાના શુદ્ધ સ્વભાવમાં ઠરી ન શકે ત્યારે પ્રતિક્રમણની વિધિના પાઠો બોલે છે, તે પરિણામમાં અશુભનો નાશ થાય છે. તે શુભભાવરૂપી વ્યવહાર પ્રતિક્રમણ છે. તેનું અહીં ખંડન કરે છે. વચનરચના ને શુભભાવ ઉપરનું લક્ષ છોડવું તે પરમાર્થ પ્રતિક્રમણ છે.

જે મુનિઓ પોતાના કારણપરમાત્માને ધ્યાવે છે તેને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે. કેવા છે તે મુનિ ? પરમ મુનિદશાના કારણરૂપ જે સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર તેને ઊછાળવા માટે મુનિનો આત્મા પૂર્ણિમાના ચંદ્ર સમાન છે. જેવી રીતે પૂર્ણિમાને દિવસે દરિયો ઊછળે છે તેમ મુનિના આત્મામાં વૈરાગ્યરૂપી દરિયો ઊછળ્યો છે. એટલે કે આત્મામાં એવો એકાગ્ર થયો કે પર્યાયમાં શાંતિ આવ્યા વિના રહે નહિ.

આવા વૈરાગ્યવાળા મુનિ અશુભભાવથી છૂટેલા છે. સ્વભાવમાં પરિપૂર્ણ ઠરી ન શકે ત્યાં સુધી શુભભાવ હોય છે ને શાસ્ત્રકારે જે પ્રતિક્રમણની વિધિ કહી છે ને સૂત્રની વિવિધ વચનરચના કરી છે તેના ઉપર લક્ષ જાય છે ને તે વિનયથી ભણે છે. ને શબ્દમાં ફેર ન પડે તેવી રીતે સૂત્રો બોલે વગેરે પ્રકારે શુભ રાગ વખતે લક્ષ જાય છે, તે લક્ષ છોડીને પણ જ્યારે તે મુનિ પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થાય છે ત્યારે સંસારની મૂળ ગાંઠનો એટલે કે સમસ્ત મોહ-રાગ-દ્વેષનો નાશ કરે છે. સંસારરૂપી વેલડી-નરક-નિગોદાદિના ચોરાશીના અવતારનું કારણ-પરનું કરી શકું એવા મોહભાવ અને રાગ-દ્વેષ છે. તે મૂળ ગાંઠ છે -મુનિએ સંસારના મૂળ મોહ-રાગ-દ્વેષનું નિવારણ કર્યું છે ને પોતાના અખંડ આનંદમય નિજ કારણપરમાત્મામાં એકાગ્ર થાય છે તેને યથાર્થ પ્રતિક્રમણ હોય છે ને વીતરાગીદશા પ્રગટે છે.

**અર્હંતના સ્વરૂપની સાચી શ્રદ્ધા પોતાના સ્વભાવ સન્મુખ થનાર જીવને જ યથાર્થ હોય છે.**

પૂજ્યપાદસ્વામીએ સમાધિશતકમાં કહ્યું છે કે અર્હંતનું ધ્યાન કરતાં જીવ સિદ્ધદશાને પામે છે ને અહીં કહ્યું કે પોતાના કારણપરમાત્મામાં એકાગ્ર થાય તે વીતરાગીદશાને પામે છે. પ્રવચનસારમાં કહ્યું કે અર્હંતને જાણે છે તે પોતાને જાણે છે. તેનો અર્થ એમ છે કે અર્હંત તો નિમિત્તમાત્ર છે. સમજાવવાની જુદી જુદી શૈલી હોય છે. વીતરાગનું લક્ષ કરે કે વીતરાગ ભગવાનને કેવળજ્ઞાન વગેરેની આવડી મોટી પર્યાયો પ્રગટ થઈ તેનો ખ્યાલ પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં પોતાના સ્વભાવ સન્મુખ થયા વિના આવી શકે નહિ. અર્હંત ને સિદ્ધ જેવો જ હું શક્તિરૂપે છું એમ તેમના નિમિત્તે પોતાના સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરી એકાગ્રતા કરે છે તે સિદ્ધદશાને પામે છે. પોતાનો સ્વભાવ કારણપરમાત્મા છે. તેની રુચિ વિના અજ્ઞાની જીવ સ્વ તરફ ઢળે ક્યાંથી ? રુચિ અનુયાયી વીર્ય. જેની જેમાં રુચિ તેમાં તેનું વીર્ય રોકાય છે. બહારના પદાર્થો આત્માથી પર છે. દયા-દાન આદિ વિકાર છે, સંવર-નિર્જરા-મોક્ષ એક સમયની પર્યાય છે, તે વિનાનું અનંત શક્તિથી ભરેલું પરમ તત્ત્વ છે, તેના શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતાની સન્મુખ છે તેને નિશ્ચયપ્રતિક્રમણ છે.

**પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતા કરવી તે જ સાચું અનુષ્ઠાન છે.**

અહીં અનુષ્ઠાન શબ્દ વાપરેલ છે તેનો અર્થ પોતાના સ્વભાવમાં એકાગ્રતા કરવી તે છે. અજ્ઞાની જીવો કહે છે કે આત્માની શાંતિ માટે દયા-દાનાદિ પરિણામ કરવા તેને તદ્હેતુ અનુષ્ઠાન કહે છે. પણ એમ વસ્તુસ્થિતિ છે જ નહિ. કોનો હેતુ ? વીતરાગી પરિણામ થયા વિના હેતુ કોનો ? આત્મા અખંડ પરિપૂર્ણ શુદ્ધ છે એવી શ્રદ્ધા ને લીનતા કરી છે એવા જીવને પોતાની ભૂમિકા અનુસાર વર્તતા શુભ રાગને નિમિત્તથી તદ્હેતુ અનુષ્ઠાન કહે છે. પોતામાં નિશ્ચય પ્રગટ કરે તો શુભ રાગને વ્યવહાર કહેવાય છે. નિશ્ચય વિના શુભ રાગ વ્યવહાર પણ કહેવાતો નથી. જે જીવ વ્યવહારથી નિશ્ચય થશે એમ માને છે તે મિથ્યાદષ્ટિ છે, તેના નિશ્ચય-વ્યવહાર એકેય સાચા નથી. રાગથી વીતરાગદશા



પમાતી નથી. જેને પરમતત્ત્વના સાચા શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા વર્તે છે તેને વચન સંબંધી સર્વ વ્યાપાર વિનાનું નિશ્ચયપ્રતિક્રમણ હોય છે, એટલે કે સાચું પ્રતિક્રમણ હોય છે. તે વખતે પ્રતિક્રમણના વચનો બોલવાનો શુભ રાગ હોતો નથી પણ નિર્વિકલ્પ દશા હોય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે પંચાસ્તિકાય ગાથા ૧૭૨માં વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય છે એમ કહ્યું છે ને ?

**સમાધાન** : તે બધી સમજાવવાની શૈલી છે, પોતાનો આત્મા શુદ્ધ સ્વભાવી છે એવું અંતર્ભાન કરી વીતરાગતા પ્રગટ કરે તો શુભ રાગને સાધન ઉપચારથી કહેવામાં આવે છે. પોતાનો શુદ્ધ આત્મા જ ખરેખર સાધન છે. નિશ્ચય સાધન દ્વારા સાધ્યદશા પ્રગટ કરે તો રાગને વ્યવહાર સાધન કહેવાય છે.

**પોતાના શુદ્ધ આત્મામાં એકાગ્ર થવું એ એક જ સારભૂત છે.**

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૪૪મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(માલિની)

**अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-**
**रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः ।**
**स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-**
**न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति ।।**

**શ્લોકાર્થ** : બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ; અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમ અર્થને એકને જ નિરંતર અનુભવો; કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (-પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી (-સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી).

ઘણા પ્રકારના શબ્દોથી ને શુભભાવથી બસ થાઓ, બસ થાઓ. અહીં આચાર્ય ભગવાને શુભ રાગને પણ દુર્વિકલ્પ કહ્યો છે કારણ કે તે બંધનો હેતુ છે, તેનાથી અંતર્અનુભવ થતો નથી. અહીં એટલું જ કહેવાનું જે આ પરમ અર્થ એટલે શુદ્ધ આત્માને જ નિરંતર અનુભવો. જ્ઞાયકસ્વભાવ કહો, પરમ અર્થ કહો, કારણપરમાત્મા કહો- એકાર્થવાચક છે. તેમાં જ સ્થિર થાઓ. કારણ કે જે આત્મા પોતાના રસના (સામર્થ્યના) ફેલાવથી પૂર્ણ થઈ જ્ઞાનદશામાં સ્ફુરાયમાન થયો છે તે આત્માથી ખરેખર બીજું કાંઈ પણ સારભૂત નથી. જે આત્માએ વર્તમાન પર્યાયને પોતાના ત્રિકાળી પરમાત્મ-સ્વભાવ તરફ વાળી છે, તે એક જ સારભૂત છે. પરપદાર્થો કે પુણ્યાદિ પરિણામો સારભૂત નથી.

ૈઆ પ્રમાણે પોતાના સ્વભાવમાં એકાગ્ર થવું તે નિશ્ચય પ્રતિક્રમણ છે.

**કારતક વદ ૧૩, મંગળવાર, ૨૭-૧૧-૫૧.**

**શ્લોક ૧૧૧**

(आर्या)

**अतितीव्रमोहसंभवपूर्वार्जितं तत्प्रतिक्रम्य।**
**आत्मनि सद्बोधात्मनि नित्यं वर्तेऽहमात्मना तस्मिन्॥ १११॥**

**શ્લોકાર્થ :** અતિ તીવ્ર મોહની ઉત્પત્તિથી જે પૂર્વે ઉપાર્જેલું (કર્મ) તેને પ્રતિક્રમીને, હું સદ્‌બોધાત્મક (સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મામાં આત્માથી નિત્ય વર્તું છું. ॥ ૧૧૧ ॥

**સમ્યગ્જ્ઞાનસ્વરૂપ આત્માની શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક પૂર્વના ભૂલથી પાછા ફરી શુદ્ધતા પ્રગટાવવી તે ધાર્મિક ક્રિયા છે.**

અધર્મદશાથી પાછા ફરી શુદ્ધતા પ્રગટ કરવી તેને પરમાર્થ પ્રતિક્રમણ કહે છે. મિથ્યાત્વ અવસ્થામાં આત્માના સ્વરૂપ વિષે ભ્રમણાને તથા પુણ્ય-પાપ મારા છે એવી માન્યતાને તીવ્ર મોહ કહે છે. દયાદાનથી મારું કલ્યાણ થશે, દેહનું કરી શકું છું, પરનું ભલું-બુરું કરી શકું છું એવો મોહભાવ પૂર્વે કરેલો હતો ને તેને લીધે કર્મ બંધાયા હતા પણ હવે આત્માનું ભાન થયું કે આત્મા સમ્યગ્જ્ઞાનસ્વરૂપ છે; શરીર, કર્મ તથા બીજા જીવો પર છે ને પુણ્ય-પાપના ભાવો વિકાર છે, તે આત્માનું ખરું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનશરીરી આત્મા છું, એવા ભાનપૂર્વક આત્મામાં આત્માથી નિત્ય વર્તવું તેને પ્રતિક્રમણ કહે છે. આ ધાર્મિક ક્રિયા છે.



**ગાથા ૮૪**

**आराहणाइ वट्टइ मोत्तूण विराहणं विसेसेण।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा॥ ८४॥**

**आराधनायां वर्तते मुक्त्वा विराधनं विशेषेण।**
**स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात्॥ ८४॥**

**છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.**

**અન્વયાર્થ** : (**विराधनं**) જે (જીવ) વિરાધનને (**विशेषेण**) વિશેષતઃ (**मुक्त्वा**) છોડીને (**आराधनायां**) આરાધનામાં (**वर्तते**) વર્તે છે, (**सः**) તે (જીવ) (**प्रतिक्रमणम्**) પ્રતિક્રમણ (**उच्यते**) કહેવાય છે, (**यस्मात्**) કારણ કે તે (**प्रतिक्रमणमयः भवेत्**) પ્રતિક્રમણમય છે.

**ભેદજ્ઞાનરૂપી સાબુથી, શમરસરૂપી જલથી ધર્મી અશુદ્ધતાનો નાશ કરી શુદ્ધતા પ્રગટાવે છે.**

ધર્મી જીવ મિથ્યાત્વથી તો છૂટ્યો છે. અહીં તે ઉપરાંત સ્થિરતાની વાત છે. મુનિ અસ્થિરતાના કષાયભાવ છોડીને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં વર્તે છે તે પ્રતિક્રમણમય છે. પ્રતિક્રમણ કરનાર ને પ્રતિક્રમણની ક્રિયા એવા બે ભેદ રહેતાં નથી, અભેદ સ્વરૂપ થાય છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, રાગ રહિત તથા પરની ક્રિયા રહિત છે એવા ભાન વિના માત્ર ''મિચ્છામિ દુક્કડં'' શબ્દો બોલે તેથી કાંઈ ધર્મ થતો નથી અથવા પ્રતિક્રમણ થતું નથી

**भेदज्ञान साबू भयौ, समरस निरमल नीर;**
**धोबी अंतर आतमा, धोवै निजगुन चिर।** (સમયસાર નાટક)

આત્માની શુદ્ધિ કરનાર પોતે ધોબી સમાન છે, રાગ ને આત્મા જુદા છે એવા ભેદજ્ઞાનરૂપી સાબુથી ને અંતર્‌સ્વભાવની એકાગ્રતારૂપ નિર્મળ જળથી પુણ્ય-પાપરૂપી મેલનો નાશ કરે છે ને શુદ્ધતા વધારે છે. તે સ્વભાવની આરાધના છે ને પ્રતિક્રમણ છે.

**જે પરમતત્ત્વજ્ઞાની પોતાના સ્વભાવમાં સ્થિતિ કરી અતૂટકપણે આરાધના કરે છે તે નિરપરાધ છે.**

**ટીકા** : અહીં આત્માની આરાધનામાં વર્તતા જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે. જે પરમ-તત્ત્વજ્ઞાની જીવ નિરંતર પોતાના સ્વભાવમાં એકાગ્ર રહે છે તે નિરપરાધ છે. અહીં પરમતત્ત્વજ્ઞાની કહ્યો છે. જે આત્મસન્મુખ રહે છે ને રાગ-દ્વેષ પર છે એમ સમજી નિરંતર પોતાના સ્વભાવની

એકાગ્રતામાં રહે ને તે પરિણામની સંતતિ તૂટે નહિ, એક સમય પણ સ્વભાવની મુખ્યતા ન જાય ને પુણ્ય-પાપની મુખ્યતા ન થાય તે જીવ નિરપરાધ છે. સમ્યગ્દૃષ્ટિ જીવને પુણ્ય-પાપ પરિણામ ને સંયોગો હોવા છતાં સ્વભાવની મુખ્યતા વર્તે છે તેથી તે નિરપરાધ છે. અહીં તો દૃષ્ટિ ઉપરાંત વિશેષપણે સ્થિરતા કરીને સ્વભાવની આરાધના કરે છે તે મુનિને પ્રતિક્રમણ છે. આમ વસ્તુસ્થિતિનું જ્ઞાન કરવું જોઈએ. રાગ ને નિમિત્તનો આશ્રય છોડ ને સ્વભાવનો નિર્ણય કર. રાગ હોવા છતાં રાગ મારું સ્વરૂપ નથી, રાગથી ધર્મ નથી એમ પ્રથમ શ્રદ્ધા કરવી જોઈએ.

**સંયોગો ને રાગને ફેરવવાની બુદ્ધિ છોડી સ્વભાવની રુચિ કર. રુચિની દિશા ફરતા દશા ફરી જાય છે.**

**પ્રશ્ન** : આ સાંભળીને લોકો વ્રત, પૂજા આદિ કરવાં છોડી દેશે તો ?

**સમાધાન** : ભાઈ ! પ્રથમ વસ્તુસ્વરૂપ શું છે તેની સમજણ તો કર. વીતરાગીને રાગ હોતો નથી. રાગી જીવને શુભ અથવા અશુભ રાગ આવ્યા વિના રહેવાનો નથી. સમજ તો ખરો ! શું છોડવું છે ? શું જડની ક્રિયા કરી શકે છે કે તેને છોડવાની રહે ? તે તો જીવ કરી શકતો જ નથી, તેને છોડવી નથી ને જે શુભ-અશુભ પરિણામ છે તે તો એક સમય રહી બીજે સમયે સ્વયં ફરી જાય છે માટે તેને ફેરવવાની બુદ્ધિ છોડ. તારી રુચિ જે રાગ ઉપર છે તે રુચિ ફેરવી સ્વભાવની રુચિ કર, દિશા ફેરવ. જે અજ્ઞાની પોતાની દિશા ફેરવતો નથી તેની દશા ફરતી નથી એટલે કે તે સંસારમાં રખડે છે ને જે જીવ રાગની દિશા તરફનું વલણ ફેરવી સ્વભાવની દિશા તરફ વલણ રાખે છે તેની દશા ફરી જાય છે ને મોક્ષ પામે છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું એમાં સ્વભાવનો નિર્ણય થયો, તેમ નક્કી કર્યું તેમાં પુરુષાર્થ આવ્યો, જે સમયે તે નિર્ણય કરી સ્વભાવ તરફ વળ્યો તે સ્વકાળ છે, જે વખતે જે ભાવ થવાના હતા તે જ થયા છે તે ચોક્કસ છે, આડા અવળા થતા નથી તે નિયત છે, ને આમ નિર્ણય થતાં ને સ્વ તરફ વળતાં કર્મનો અભાવ પણ થાય છે, તે કર્મનો અભાવ છે. આમ પાંચે સમવાય એક સમયમાં હોય છે. ને તેમાં જ સમ્યગ્દર્શન અને ધર્મની સિદ્ધિ છે.

**પુણ્ય ને નિમિત્તથી ધર્મ માનતાં તત્ત્વનો નાશ થાય છે ને સાધકદશામાં શુભ રાગ બિલકુલ નથી એમ માને તો ધર્મતીર્થનો લોપ થાય છે.**

વળી કેટલાક જીવો એમ કહે છે કે દેવ-ગુરુથી લાભ માનવો છોડી દઈએ તો ધર્મતીર્થનો લોપ થાય છે.

તેનું સમાધાન : ભાઈ ! તું વસ્તુસ્વરૂપ સમજ્યો નથી. યથાર્થ વસ્તુસ્વરૂપ માનવામાં આવે તો વ્યવહાર, નિમિત્ત, દેવ-ગુરુનું જેમ છે તેમ સ્થાપન થાય છે. પણ જે નિશ્ચય-વ્યવહારનો અર્થ ન સમજે તેને પોતાની માન્યતામાં ભ્રમ રહે છે. સમયસાર પૃષ્ઠ ૨૨માં કહ્યું છે કે :-



**जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयइ।**
**एकेण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं ॥**

**અર્થ** : આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો ! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયોને ન છોડો, કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વ(વસ્તુ)નો નાશ થઈ જશે.

આત્મા જ્ઞાનસ્વરૂપી છે એવા શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા કરવી તે નિશ્ચય છે. ને સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી અધૂરી દશામાં રાગ આવે છે. જે પ્રકારનો શુભ અથવા અશુભ રાગ આવવાનો છે તે જ પોતાની ભૂમિકા અનુસાર આવે છે ને તે તે પ્રકારના નિમિત્તો ઉપર લક્ષ જાય છે. તેનું જેમ છે તેમ જ્ઞાન કરવું તે વ્યવહાર છે. આમ બન્નેનું જ્ઞાન કરવું તે પ્રમાણ છે. બન્નેના જ્ઞાનને ન છોડો. જો વ્યવહારનું યથાર્થ જ્ઞાન ન કરે તો વ્યવહારમાર્ગનો નાશ થશે. જેમ કે ચોથા ગુણસ્થાને ધર્મી જીવને રાગવાળી દશામાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગ હોય ને તે પ્રત્યે ભક્તિ પણ આવે. ઇન્દ્રો સમકિતી હોય છે તે એક ભવ પછી મોક્ષે જવાના છે એમ તેમને પણ ખબર છે છતાં ભક્તિ વખતે ભગવાન પાસે નાચી ઊઠે છે. ભાન છે કે રાગથી ધર્મ નથી છતાં શુભ રાગ તે પ્રકારનો આવે છે તેનું જ્ઞાન કરે છે. કોઈ એમ કહે કે અમોને કુદેવાદિનું નિમિત્ત હતું ને સમ્યગ્દર્શન થઈ ગયું તો તે ખોટો છે. નિમિત્ત સાચા દેવ-ગુરુ જ હોય. ને કોઈ કહે કે અધૂરી દશામાં રાગ વખતે પૂજા, ભક્તિ આદિના શુભ રાગ આવતાં જ નથી ને નિમિત્તો ઉપર લક્ષ જતું જ નથી એમ કહે તો તે પણ ખોટો છે. તેણે જેમ છે તેમ જ્ઞાન કર્યું નથી. વળી છઠ્ઠે ગુણસ્થાને મુનિ સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી પાંચ મહાવ્રતાદિનું તથા ૨૮ મૂળગુણનું પાલન હોય છે. શરીરની નગ્નદશા ન હોય ને વસ્ત્ર સહિત મુનિપણું માને તો ખોટો છે ને શુભ રાગ આવતો જ નથી એમ માને તો પણ ખોટો છે. ગણધર ભગવાન ચાર જ્ઞાનના ધણી જે એક અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે છે તે પણ ભગવાનની વાણી સાંભળે છે. આમ જે પ્રકારના રાગ તથા નિમિત્તોનું જેમ છે તેમ જ્ઞાન ન કરે તો તીર્થમાર્ગનો નાશ થાય છે.

અને જે કોઈ જીવ એમ માને કે અધૂરી દશામાં શુભ રાગ અને નિમિત્તો ઉપર લક્ષ ગયું માટે ધર્મ થશે ને આગળ વધાશે તો તે પણ નિશ્ચયને સમજતો નથી. પુણ્યથી કે નિમિત્તથી ધર્મ નથી. ધર્મ તો પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે જ છે. છતાં ભગવાનથી, પુણ્યથી કે વ્યવહારથી ધર્મ માને તો તત્ત્વનો નાશ થઈ જશે. વ્યવહાર ને નિશ્ચય બન્ને એક થઈ જતાં બન્ને નાશ પામે છે. પોતાના શુદ્ધ સ્વભાવના આધારે ધર્મ થાય તે નિશ્ચય છે ને અધૂરી દશામાં સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી રાગ આવે છે તે બંધનું કારણ છે. છતાં તે આવ્યા વિના રહેતો નથી - એમ જ્ઞાન કરવું તે વ્યવહાર છે. આમ નિશ્ચય ને વ્યવહાર બન્નેનું એક સાથે જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે, જેને પ્રમાણજ્ઞાન છે તેને જ નય હોય છે, બીજાને હોતા નથી.

અધૂરી દશામાં રાગ બિલકુલ નથી જ એમ માને તો વ્યવહારનો નાશ થાય છે ને રાગ આવ્યો માટે ધર્મ થશે એમ માને તો નિશ્ચયનો નાશ થાય છે. માટે જેમ છે તેમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

**સ્વભાવની આરાધના કરવી તે નિરપરાધ છે ને પુણ્ય ને નિમિત્તની આરાધના કરવી તે અપરાધ છે.**

આ ગાથામાં એમ કહ્યું કે :-

જે જીવ પુણ્યની રુચિ કરે છે પણ સમ્યક્ બોધસ્વરૂપ આત્માની આરાધના કરતો નથી તે જીવ અપરાધી છે. તેથી જ 'નિરવશેષપણે વિરાધન છોડીને' એમ કહ્યું છે. એટલે કે સમસ્ત પ્રકારે પુણ્યની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરે તો વિરાધન છોડ્યું કહેવાય. જે પરિણામ આરાધના રહિત છે તે વિરાધના છે. પોતાના શુદ્ધ સ્વભાવની આરાધના તે નિરપરાધ છે. પુણ્ય-પાપની આરાધના તે અપરાધ છે.

ચૈતન્યસ્વભાવની પ્રસન્નતા તે નિરપરાધ છે ને નિમિત્ત તથા પુણ્યની પ્રસન્નતા તે અપરાધ છે, ચૈતન્યસ્વભાવની કૃપા તે નિરપરાધ છે ને નિમિત્ત તથા પુણ્યની કૃપાથી કલ્યાણ માનવું તે અપરાધ છે, ચૈતન્યથી સિદ્ધિ માનવી તે નિરપરાધ છે ને પુણ્યથી સિદ્ધિ માનવી તે અપરાધ છે, જ્ઞાન સ્વભાવથી પૂર્ણતા માનવી તે નિરપરાધ છે ને પુણ્યથી કે અપૂર્ણતાથી લાભ માનવો તે અપરાધ છે. આત્માના આધારે આત્મા સિદ્ધ કરવો તે નિરપરાધ છે ને રાગથી આત્મા સિદ્ધ કરવો તે અપરાધ છે.

આ પ્રમાણે વિરાધના વિનાનો જીવ નિશ્ચય પ્રતિક્રમણમય છે. જે આત્મા પોતાના સ્વભાવમાં એકાગ્રતા કરે છે તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે, ત્યાં પ્રતિક્રમણ કરનાર ને પ્રતિક્રમણની વિધિ -એવા ભેદ રહેતા નથી, આમ વસ્તુસ્વરૂપ છે. અજ્ઞાની જીવો શાસ્ત્રનું ભણતર કરે પણ પોતાની દૃષ્ટિથી વાંચે ને કહે કે નિમિત્તો મેળવવા જોઈએ, પુણ્ય જોઈએ - એ બધી દૃષ્ટિ ખોટી છે. ઊંધી દૃષ્ટિ રાખીને શાસ્ત્રના ભણતર કર્યા હોય તેના ઉપર જીવ મીંડા મૂકે ને ગુરુગમે સ્વલક્ષે યથાર્થ સાંભળે તો કામ આવે એમ છે ને ધર્મ થાય તેમ છે.

**જે જીવ સ્વભાવની આરાધના રહિત છે તે અપરાધી છે.**

એવી રીતે (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :-

**संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।**
**अवगयराधो जो खलु चेय सो होइ अवरोधो॥**



**શ્લોકાર્થ** : સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિત અને આરાધિત - એ શબ્દો એકાર્થ છે; જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધથી રહિત છે તે આત્મા અપરાધ છે.

પોતે જ્ઞાનસ્વભાવી આત્મા છે એમ સમ્યક્ પ્રકારે સિદ્ધ કરવું તે સંસિદ્ધિ છે, પોતાના સ્વરૂપનું સેવન કરવું તે રાધ છે, પોતાના સ્વભાવનું નક્કી કરવું તે સિદ્ધિ, સ્વભાવને સાધવો તે સાધિત છે ને સ્વભાવને વિશેષ સેવવો તે આરાધિત છે. એ બધા શબ્દો એકાર્થ છે. જે આત્મા આત્માની આરાધનાથી રહિત છે તે અપરાધ છે. પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે ધર્મ નહિ માનતાં પુણ્ય ને નિમિત્તથી ધર્મ માને તો નિશ્ચયનો નાશ થાય છે તે અપરાધ છે. ને અધૂરી દશામાં ઠરી ન શકે ત્યાં સુધી ભૂમિકા અનુસાર રાગ હોય છે, તેનું જ્ઞાન જ ન કરે તો વ્યવહારનું જ્ઞાન નહિ કરતાં તે પણ અપરાધ છે. માટે જેમ છે તેમ જ્ઞાન કરવું જોઈએ.

**અપરાધી નિરંતર અશુદ્ધતાને સેવતો બંધાય છે ને નિરપરાધી જીવ શુદ્ધતાને સેવતો બંધાતો નથી.**

શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૧૮૭મા શ્લોક દ્વારા) એમ કહ્યું છે કે :-

(मालिनी)

**अनवरतमनंतैर्बध्यते सापराधः**
**स्पृशति निरपराधो बंधनं नैव जातु।**
**नियतमयमशुद्धं स्वं भजन्सापराधो**
**भवति निरपराधः साधु शुद्धात्मसेवी॥**

**શ્લોકાર્થ** : સાપરાધ આત્મા નિરંતર અનંત (પુદ્ગલપરમાણુરૂપ) કર્મોથી બંધાય છે; નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ. જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો સાપરાધ છે; નિરપરાધ આત્મા તો ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.

જે આત્મા આત્માની વિરાધના કરે છે તે અપરાધી છે. વ્યવહારથી, રાગથી ધર્મ માને છે તે અપરાધી છે. તેને નિરંતર અપરાધ છે તેથી નિરંતર કર્મનું બંધન થાય છે. જે પુણ્યથી ધર્મ માનતો નથી ને વ્યવહારને નિશ્ચય માટે અકિંચિત્કર માને છે તે નિરપરાધી છે, તે બંધનને કદાપિ સ્પર્શતો નથી જ. જે પુણ્યથી ધર્મ માને છે તે પોતાને અશુદ્ધ સેવતો થકો અપરાધી છે ને જે પોતાના શુદ્ધ આત્માથી ધર્મ માને છે તે નિરપરાધી છે ને તે નિરંતર શુદ્ધ આત્માને સેવનાર હોય છે.

**કારતક વદ ૧૫, બુધવાર, ૨૮-૧૧-૫૧.**

વળી આ ૮૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે કે :-

**શ્લોક ૧૧૨**

(मालिनी)

**अपगतपरमात्मध्यानसंभावनात्मा**
**नियतमिह भवार्तः सापराधः स्मृतः सः।**
**अनवरतमखंडाद्वैतचिद्भावयुक्तो**
**भवति निरपराधः कर्मसंन्यासदक्षः॥ ११२॥**

**શ્લોકાર્થ :** આ લોકમાં જે જીવ પરમાત્મધ્યાનની સંભાવના રહિત છે (અર્થાત્ જે જીવ પરમાત્માના ધ્યાનરૂપ પરિણમનથી રહિત છે-પરમાત્મધ્યાને પરિણમ્યો નથી) તે ભવાર્ત જીવ નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે; જે જીવ નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે તે કર્મસન્યાસદક્ષ (-કર્મત્યાગમાં નિપુણ) જીવ નિરપરાધ છે. ॥ ૧૧૨ ॥

**જે જીવ પોતાના જ્ઞાનસ્વભાવને ચૂકીને વિકારને તથા પરને પોતાના માને છે તે દુઃખી ને અપરાધી છે.**

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપી છે, તેની રુચિ છોડીને દેહાદિની રુચિ એ જ મિથ્યાત્વભાવ છે તેનું પ્રતિક્રમણ કેમ થાય તેની વાત છે.

હું પરમાનંદ જ્ઞાતાદષ્ટા સ્વરૂપ છું, ને દેહાદિ પર છે. તેનો આત્મા સાક્ષી છે એવું ભાન જેને નથી તે જીવ ચારગતિમાં રખડે છે, તે અપરાધી છે. પોતે પરમાત્મા છે એવા ધ્યાનથી રહિત છે ને અતિ પીડાયેલો છે, ભવરૂપી ઘાણીમાં પીલાયેલો છે. લોકો પ્રતિક્રમણના શબ્દો માત્ર બોલી જાય તેથી પ્રતિક્રમણ થતું નથી. હું જાણનાર-દેખનાર છું, લક્ષ્મી આદિ મારી નથી તેમ જ વિકાર પણ મારો નથી તેમ પરથી ને વિકારથી પાછો હઠી સ્વભાવ તરફ વળે છે તેને પ્રતિક્રમણ થાય છે. આવા ભાન વિના અજ્ઞાની જીવ શુભાશુભ ભાવ કરે ને તેને પોતાનું સ્વરૂપ માને તે જીવ ભવની ઘાણીમાં પીલાયેલો છે. આ ચૈતન્ય દીવો ચૌદ બ્રહ્માંડમાં દરેક આત્મામાં જુદો જુદો પ્રકાશી રહ્યો છે. પોતાના સ્વ-પરપ્રકાશક સ્વભાવને ચૂકીને શરીર, કર્મ, બૈરાં-છોકરાં, પૈસા વગેરેને પોતાના માને તથા પુણ્ય-પાપના ભાવોને પોતાના માને તો તે મૂર્ખ છે. તેને પ્રતિક્રમણ હોતું નથી.

**જે જીવ પોતાના અખંડ અદ્વૈત ચૈતન્યસ્વરૂપને ભાવે છે તે જીવ નિરપરાધ છે.**

હવે સવળી વાત કરે છે. જે જીવ કોઈ પણ સમયનો આંતરો પાડ્યા વિના અખંડ જ્ઞાનસ્વભાવમાં રહે છે તે કર્મત્યાગમાં નિપુણ જીવ નિરપરાધ છે. વળી હું ગુણ-ગુણીના ભેદ વિનાનો અખંડ, અભેદ



છું, અદ્વૈત છું, હું ને વિકાર એવું બેપણું મારામાં નથી. હું જ્ઞાનભાવથી યુક્ત છું એવી સાચી દૃષ્ટિ કરનાર જીવ મિથ્યાત્વના પ્રતિક્રમણમાં ડાહ્યો છે. તે મિથ્યાત્વથી પાછો ફરે છે ને સ્વભાવમાં સ્થિરતા કરે તો અવ્રતના પ્રતિક્રમણમાં ડાહ્યો છે એટલે કે અવ્રતના પરિણામથી પાછો ફરે છે તે જીવ નિરપરાધ છે. એક બાજુ ચૈતન્યસ્વરૂપ આત્મા વિરાજે છે ને બીજી બાજુ આખું જગત છે. ચૈતન્યસ્વરૂપને પોતાનું માને તે જીવ નિરપરાધ છે ને પરને તથા વિકારને પોતાના માને તે અપરાધી છે. ચક્રવર્તી સમકિતી હોય તેને આત્માનું ભાન છે; સ્ત્રીઓ, કુટુંબ, રાજ્ય બધું હોવા છતાં અમો તેના સ્વામી નથી, અમો તો આત્મા જાણનાર-દેખનાર છીએ એમ માને છે. અને કોઈ ધર્મી જીવ લડાઈમાં દેખાય છતાં સંયોગો ને દ્વેષ ઉપર રુચિ નથી, સ્વભાવની રુચિ વર્તે છે. તેણે રાગ ને પર્યાય સાથેની એકતાનો નાશ કર્યો છે ને સ્વભાવ સાથેની એકતા કરી છે. આનું નામ ધર્મ છે. શુભાશુભ ભાવો મારું સ્વરૂપ નથી એવી માન્યતા હોવાથી તે કર્મત્યાગમાં નિપુણ છે ને પોતાના અખંડ ચૈતન્યસ્વભાવની એકતામાં વર્તે છે, તેથી તે જીવ નિરપરાધ છે. તેને પ્રતિક્રમણ હોય છે, તેને ધર્મદશા પ્રગટે છે.

### ગાથા ૮૫

**मोत्तूण अणायारं आयारे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ॥ ८५ ॥**

**मुक्त्वानाचारमाचारे यस्तु करोति स्थिरभावम् ।**
**स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात् ॥ ८५ ॥**

**જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.**

**અન્વયાર્થ** : (यः तु) જે (જીવ) (अनाचारं) અનાચાર (मुक्त्वा) છોડીને (आचारे) આચારમાં (स्थिरभावम्) સ્થિરભાવ (करोति) કરે છે, (सः) તે (જીવ) (प्रतिक्रमणम्) પ્રતિક્રમણ (उच्यते) કહેવાય છે, (यस्मात्) કારણ કે તે (प्रतिक्रमणमयः भवेत्) પ્રતિક્રમણમય છે.

**સાક્ષાત્ ભગવાનની અપેક્ષા રાખવી કે વ્યવહાર રત્નત્રયમાં રોકાવું તે બધો અનાચાર છે.**

**ટીકા** : આ ગાથામાં નિશ્ચય ચરણાત્મક પરમોપેક્ષા સંયમના ધરનારને નિશ્ચય પ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે એમ કહ્યું છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે એવા શ્રદ્ધા-જ્ઞાન ઉપરાંત અંતર ચારિત્રદશા પ્રગટી છે તેવા સંયમધારી મુનિને નિશ્ચય પ્રતિક્રમણ હોય છે. તે મુનિઓ પરમ ઉપેક્ષાવાળા હોય છે એટલે કે સાક્ષાત્ ભગવાનની તેમ જ જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તેની પણ ઉપેક્ષા કરે છે. સમકિતી જીવને પરપદાર્થો તથા વિકારની ઉપેક્ષા જ વર્તે છે પણ અહીં વિશેષ સ્થિરતાપૂર્વકની ઉપેક્ષાની વાત છે.

નિયમથી પરમોપેક્ષા સંયમવાળા મુનિને શુદ્ધ આત્માની આરાધના સિવાય બીજું બધું અનાચાર છે. હું જાણનાર-દેખનાર છું, પવિત્ર છું તેની સન્મુખતા સિવાય શુભાશુભ ભાવ બધો અનાચાર છે. તીર્થંકર ભગવાનની અપેક્ષા રાખવી, જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય, કર્મનો બંધ પડે, ને વ્યવહાર રત્નત્રયના પરિણામ બધા અનાચાર છે. અશુભભાવથી બચવા શુભભાવ આવે તે જુદી વાત છે પણ તે અનાચાર છે. શુદ્ધ સ્વભાવમાં રમણતા કરવી એ એક જ આચાર છે.

અતિક્રમ = આત્માથી દૂર ખસવું, વ્યતિક્રમ = વિશેષ દૂર ખસવું, અતિચાર = નબળાઈનો દોષ, અસ્થિરતાનો દોષ અને અનાચાર -એમ ચાર ભેદો છે. તે બધા અનાચારના ભેદો છે. મુનિ સ્વભાવમાં ઠરી ન શકે એટલી નબળાઈ પણ અનાચારમાં જાય છે.



**ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, સંયોગો કે ભાવમાં હો પર ઉપરથી દૃષ્ટિ ખેસવી સ્વભાવની દૃષ્ટિ કર.**

આ વસ્તુસ્વરૂપ જીવોએ કદી રુચિપૂર્વક સાંભળ્યું જ નથી. પ્રથમ સાંભળે જ નહિ તો ધારીને ગ્રહણ તો ક્યાંથી કરે ? ને તે વિના સ્વભાવમાં ઢળે ક્યાંથી ? કોઈ વસ્તુ રાખવા માટે પાત્ર જોઈએ છે તેમ ધર્મ સમજવાની પાત્રતા શું ? પરવસ્તુ-લક્ષ્મી, શરીરાદિ તથા પુણ્ય-પાપની રુચિ છોડી નિર્વિકાર જ્ઞાનસ્વભાવી આત્માની રુચિ કરવી તે પાત્રતા છે. ને સ્વભાવમાં અંતર્‌અનુભવ કરવો તે કાર્ય છે. બહારના પદાર્થો અને નિમિત્તો તે હું નહિ, હું તો ચૈતન્યસ્વભાવી છું એવા વિકલ્પને પણ સ્વભાવમાં સ્થાન નથી. અંતર્‌જ્ઞાનસ્વભાવની રુચિ જામી જવી જોઈએ. સંયોગો તેના કારણે આવશે અને જશે. દિશા અથવા વલણ કઈ બાજુ છે ? ગમે તે દ્રવ્યનો સંયોગ હો, ગમે તે ક્ષેત્ર હો - મહાવિદેહ હો કે અહીં હો, ગમે તે કાળ હોય - ચોથો આરો હોય કે પાંચમો આરો હોય, ગમે તે ભાવ-શુભ હોય કે અશુભ હોય, ગમે તે સંયોગ હોય -માથે જમૈયા લઈને દુશ્મન ઊભો હોય કે સ્ત્રી ચંદન ચોપડતી હોય-તે બધા સંયોગો છે. તે સંયોગો, ક્ષેત્ર ને શુભાશુભ ભાવો ઉપરની દૃષ્ટિ ફેરવીને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કર. અજ્ઞાની માને છે કે હું પરનું કરું છું, સંયોગોને આમ ફેરવી શકું છું, રોગમાંથી નિરોગતા લાવી શકું છું-એ બધો ખદબદાટ છે. સંયોગો છે તે છે, તેને ફેરવવાની દૃષ્ટિ છોડ ને સ્વભાવની દૃષ્ટિ કર. ચૌદ પૂર્વનો સાર આ છે કે શુદ્ધ આત્માની આરાધના સિવાય બધો અનાચાર છે.

**જે જીવ શુભાશુભ ભાવ છોડી નિજ પરમાત્મતત્ત્વની ભાવનામાં સ્થિર થાય છે તેને નિશ્ચય પ્રતિક્રમણ હોય છે.**

અહીં મુનિની વાત છે. દૃષ્ટિ અપેક્ષાએ અનાચાર છોડ્યો છે. એ ઉપરાંત અસ્થિરતાનો અનાચાર એટલે પુણ્ય-પાપની અસ્થિરતાને છોડીને મુનિ પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે તેને પ્રતિક્રમણ સ્વરૂપ કહે છે. અસ્થિરતા છોડીને સ્થિર થાય છે એ બધું એક જ સમયે છે, સમયભેદ નથી. પ્રતિક્રમણનું સ્વરૂપ બતાવવા નાસ્તિથી બતાવીને હવે અસ્તિનું સ્વરૂપ કહે છે. સમજાવવામાં ક્રમ પડે છે. વસ્તુસ્વભાવમાં સ્થિરતા કરતાં અનાચાર છૂટી જાય છે. વીર્ય આત્મા તરફ વાળે છે. સાધકદશામાં વીર્યની એક પર્યાયમાં બે ભાગ છે. અંશે વીર્ય સ્વભાવમાં કામ કરે છે ને અંશે વીર્ય શુભાશુભ ભાવોમાં રોકાયું છે. સર્વથા વીર્ય સ્વભાવમાં જ હોય તો કેવળજ્ઞાની થઈ જાય. પણ સાધક હોવાથી વીર્ય અંશે અશુદ્ધતામાં રોકાયું છે ને અંશે શુદ્ધતામાં રોકાયું છે. હવે મુનિ પોતાના સ્વભાવ તરફ વીર્યને વાળે છે. પોતાના આત્માનો સ્વભાવ કેવો છે ? સહજ જ્ઞાનનો વિલાસ તેનું લક્ષણ છે. આ લક્ષણથી લક્ષિત છે. વળી જેમાં અંજન(-મેલ) નથી. પોતાનો આત્મા જ પરમતત્ત્વ છે. આવા પરમતત્ત્વની ભાવના સ્વરૂપ આચારમાં જે સહજ વૈરાગ્યભાવનારૂપે પરિણમે છે ને સ્થિર થાય છે તે પરમ તપરૂપ લક્ષ્મીનો સ્વામી (મુનિ) પોતે જ પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે. અહીં ભાવના-આચાર-વૈરાગ્યભાવના

કહેલ છે તે નવી પ્રગટ થયેલી પર્યાયની વાત છે. સહજ શબ્દ નવી પર્યાય માટે પણ વપરાય છે. સહજ એટલે હઠથી નહિ પણ સ્વાભાવિક વીતરાગ દશારૂપે પરિણમ્યો છે. આમ સ્વભાવ સન્મુખ દશા થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. આવા નિરંજન પરમાત્માની ભક્તિથી તપોધનરૂપી લક્ષ્મી મળે છે. તેવી લક્ષ્મી ઈન્દ્રો પાસે પણ નથી. લોકો જેને લક્ષ્મી કહે છે તે તો ધૂળ છે, એમાં કાંઈ માલ નથી. ખરી લક્ષ્મી તો આ છે. નિજ પરમતત્ત્વની ભાવના ભાવવી તેને જ આચાર કહે છે, બાકી બધો અનાચાર છે. આત્માના સ્વભાવમાં સહજ સ્થિર થાય છે તે જ તપોધન છે. કોઈ હઠથી શરીરને અમુક રીતે બેસાડવાનો પ્રયત્ન કરે, કોઈ શબ્દો બોલે, મિચ્છામી દુક્કડં બોલે તે પ્રતિક્રમણ નથી, શરીરની ક્રિયા, શબ્દનું બોલવું, વગેરે જડની ક્રિયા છે, આત્મા જડની ક્રિયા કરી શકતો નથી. શુભાશુભ ભાવ થાય છે તે બધો અનાચાર છે. શુદ્ધ આત્માની આરાધના કરવી તે જ આચાર ને પ્રતિક્રમણ છે ને તેની આ રીત છે. સમ્યગ્દર્શન થયા પછી પોતાના જ્ઞાનસ્વભાવમાં ઠરી જવું ને શુભાશુભ ભાવો ઉત્પન્ન જ ન થાય એટલે નિજ પરમાત્માના શ્રદ્ધા, જ્ઞાન, રમણતા કરવી તેને ભાવનાસ્વરૂપ પ્રતિક્રમણ કહે છે. કારણ કે તે પરમ સમરસી ભાવનારૂપે પરિણમ્યો છે. અહીં દૃષ્ટિ ઉપરાંત વિશેષ સ્થિરતાની વાત છે, મુનિપણાની વાત છે. પુણ્ય-પાપના ભાવો છોડીને શમરસ - શાંતસ્વરૂપમાં લીન થયો છે તે સ્વાભાવિક પ્રતિક્રમણમય છે. મુનિ પ્રતિક્રમણ કરનાર ને વીતરાગીપર્યાય તે પ્રતિક્રમણ એવો આત્માને તેની નવી પર્યાય વચ્ચે ભેદ નથી. આત્મા સાથે પર્યાય અભેદ થઈ ગયેલ છે. તેથી પ્રતિક્રમણમય કહ્યું છે. સહજ શબ્દ દ્રવ્ય-ગુણ-પર્યાય બધા સાથે વપરાય છે. અહીં નવી પર્યાય પ્રગટી તેમાં પણ સહજ વાપરેલ છે. સહજ એટલે પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટી છે. આનું નામ નિશ્ચય પ્રતિક્રમણ છે.

પ્રથમ વસ્તુસ્વરૂપ સ્વલક્ષે સત્સમાગમે સાંભળવું જોઈએ. સાંભળ્યા વિના પોતાના તરફ વલણ થાય નહિ, વલણ વિના સમ્યગ્દર્શન થાય નહિ, સમ્યગ્દર્શન વિના ચારિત્ર નહિ, ચારિત્ર વિના પ્રતિક્રમણ નહિ, પ્રતિક્રમણ વિના વીતરાગતા ને શાંતિ નહિ, વીતરાગતા વિના કેવળજ્ઞાન અને મુક્તિ થતી નથી. માટે પ્રથમ યથાર્થ વસ્તુસ્વરૂપ સમજવું જોઈએ.

**માગશર સુદ ૧, ગુરુવાર, ૨૯-૧૧-૫૧.**

**આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે તે મુદ્દાની વાતની કબૂલાત વિના જીવ મિથ્યાત્વથી પાછો હઠે નહિ.**

હવે આ ૮૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે. મિથ્યાત્વરૂપી પાપથી પાછું કેમ ફરાય તે પ્રતિક્રમણની રીત બતાવે છે. મિથ્યાત્વરૂપી પાપથી પાછા ફર્યા વિના અવ્રતથી પાછા ફરાય નહિ, મૂળ પાપ મિથ્યાત્વ છે.



**શ્લોક ૧૧૩**

(માલિની)

**अथ निजपरमानन्दैकपीयूषसान्द्रं**
**स्फुरितसहजबोधात्मानमात्मानमात्मा।**
**निजशममयवार्भिर्निर्भरानंदभक्त्या**
**स्नपयतु बहुभिः किं लौकिकालापजालैः॥ ११३॥**

**શ્લોકાર્થ :** આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલા, સ્ફુરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માને નિર્ભર (-ભરચક) આનંદ-ભક્તિપૂર્વક નિજ શમમય જળ વડે સ્નાન કરાવો; બહુ લૌકિક આલાપજાળોથી શું પ્રયોજન છે (અર્થાત્ બીજા અનેક લૌકિક કથનસમૂહોથી શું કાર્ય સરે એમ છે) ? ॥ ૧૧૩ ॥

પોતાનો આત્મા કેવો છે ? નિજ પરમ આનંદરૂપી અજોડ અમૃતથી ભરેલો છે; શરીર, કર્મ આદિ પરવસ્તુ છે, આત્મામાં તેનો અભાવ છે, પુણ્ય-પાપના ભાવો આકુળતા છે, તે રહિત આત્મા અમૃતકુંડથી ભરેલો છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખ છે ને દયાદાનથી કલ્યાણ થશે એવી માન્યતા તે મિથ્યાત્વરૂપી મોટું પાપ છે. પુણ્ય-પાપના ભાવમાં સુખ નથી, તે બધાથી રહિત આત્મા આનંદકંદ છે એવી પ્રથમ ઓળખાણ કરવી જોઈએ. આ ઓળખાણ વિના પોતાના જ્ઞાનસ્વભાવથી વિપરીત માન્યતા તે મિથ્યાત્વ છે. શિકાર, માંસ, પરસ્ત્રીગમન વગેરે સાત પ્રકારના જે વ્યસનો કહ્યા છે તેના કરતાં અનંતગણું પાપ મિથ્યાત્વમાં છે. માટે પ્રથમ જીવે તે મોટા પાપથી પ્રથમ પાછું હઠવું જોઈએ. મોટા પાપથી પાછો ન હઠે, ને બીજા પાપથી પાછો હઠે તો કાંઈ પણ કાર્યકારી થતું નથી. તે મોટું પાપ હઠાવવા પોતે જ્ઞાનસ્વભાવી આત્મા છે એ પ્રથમ સ્વીકારવું જોઈએ. પણ અજ્ઞાની જીવ તે સ્વીકારતો નથી. એક વાણીયાને ત્યાં આપો ગરાસિયો બધી ચીજો ઉધાર લાવતો, રૂપિયા પણ ઉછીના લાવતો, દિવાળીએ હિસાબ મેળવવા માંડ્યા ત્યારે પાંચ આનાની હળદર વગેરે નાની ચીજોની ગરાસિયાએ હા પાડી પણ રૂા. ૫૦૧) રોકડા ઘરકામ માટે લઈ ગયેલ તેની ના પાડી. આમ મુદ્દાની રકમની કબૂલાત ન કરી. તે ચોપડામાંથી કઈ રીતે નીકળે ? દેવારહિત કઈ રીતે થાય ? તેમ ધર્મના નામે કોઈ કહે કે ‘દયા પાળજો, આટલા રૂપિયા દાનમાં વાપરજો’ તો અજ્ઞાની જીવ કહે કે હા બરાબર છે. વળી કહે કે ‘આહારશુદ્ધિ આ પ્રમાણે રાખજો’ તો તેનો જવાબ આપે કે હા બરાબર છે. પણ કોઈ કહે કે ‘દયા-દાનના ભાવ આકુળતા છે તેથી ધર્મ નથી, તેનાથી રહિત તું શુદ્ધ ચૈતન્ય આત્મા પરિપૂર્ણ ભગવાન છો તેની શ્રદ્ધાથી ધર્મ છે’ તો કહેશે કે ‘‘અમો ભગવાન નથી, અમોને આત્માની વાતમાં ખબર ન પડે’’. આમ પોતે શુદ્ધ ચૈતન્યસ્વરૂપી છે એવી માન્યતા કરવાની મુદ્દાના રકમને ઉડાડે છે, તે કદી પણ મિથ્યાત્વ રહિત થાય નહિ.

**સહજ જ્ઞાનસ્વરૂપ આત્માને ઉપશમરસ વડે સ્નાન કરાવો કે જેથી મિથ્યાત્વ ને અવ્રત ઉત્પન્ન જ ન થાય.**

આત્મા કેવો છે તેની વાત ચાલે છે. શુભાશુભ ભાવો ક્ષણિક છે, આકુળતાવાળા છે. તેનાથી રહિત ચૈતન્ય અમૃતથી આત્મા ગાઢ ભરેલો છે. ગોળનો ભરેલો ઘડો હોય તેમાં ઘડો તે ગોળ નથી. ને તેના ઉપરના ભાગમાં જરા રજ લાગી હોય તે પણ ગોળ નથી. તેમ આ શરીર ઘડા સમાન છે, તે આત્મા નથી ને પુણ્ય-પાપરૂપી આકુળતા મેલ સમાન છે. તે રહિત આત્મા ચૈતન્ય અમૃતથી ગાઢ ભરેલો છે. આત્મા પ્રગટ સહજ જ્ઞાનસ્વરૂપ છે તેના શ્રદ્ધા-જ્ઞાન કરો. પરની રુચિ છોડો. પરના તથા પુણ્ય-પાપના વિશ્વાસે તારો આત્મા તરશે નહિ. પરથી તથા પુણ્ય-પાપથી લાભ થશે એવી માન્યતા તે મિથ્યાત્વનું ભજન છે. આત્મા જ્ઞાન ને આનંદથી ભરેલો છે એવા શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે સાચી ભક્તિ છે. આમ પુણ્ય-પાપની રુચિ છોડીને તથા શરીરનું સ્વામીપાણું છોડીને આત્મા આનંદકંદ છે એવા શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરતાં પોતાની પર્યાયમાં શાંતિ પ્રગટે છે. તે શાંતિની ભક્તિપૂર્વકના વીતરાગભાવરૂપી જળ વડે ભગવાન આત્માને સ્નાન કરાવો કે જેથી મિથ્યાત્વ ને અવ્રતના પરિણામ ઉત્પન્ન જ થાય નહિ.

**જ્ઞાન ને આનંદશક્તિ અંતર ભરી છે તેમાં એકાગ્ર થવાથી પ્રતિક્રમણ થાય છે. ભાષા કે રાગ વગેરે બહારના આલાપજાળોથી પ્રયોજન સધાતું નથી.**

જુઓ, આ ધર્મની ક્રિયા છે. સિદ્ધપદ કેમ પ્રાપ્ત થાય તે બતાવે છે. મોરના ઈંડાના ફોતરામાંથી મોર જન્મતો નથી પણ અંદરમાં રસ પડ્યો છે તેમાંથી સાડાત્રણ હાથનો મોર જન્મે છે. શરીર, મન, વાણી, પુણ્ય-પાપ વગેરે ફોતરાં સમાન છે તેમાંથી સિદ્ધપદ આવતું નથી પણ આત્માની અંતર્શક્તિ પડેલી છે તેમાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કરવાથી પર્યાયમાં ભગવાન ફાટે છે એટલે કે પ્રગટે છે. માટે અહીં કહ્યું કે શમરસ વડે આત્માને સ્નાન કરાવો. જમના, ત્રિવેણી ને શેત્રુંજી વગેરેમાં સ્નાન કરવાથી પાપ ટળે છે એમ અજ્ઞાની લોકો કહે છે, તે સત્ય નથી. સ્વભાવમાં અંતર્મુખ અવલોકન કરી સમતારસથી સ્નાન કરો, તેનાથી પ્રતિક્રમણ થાય છે. અનેક લૌકિક કથન સમૂહોથી કાર્ય સરે એમ નથી. યથાર્થ ભાનપૂર્વક પ્રતિક્રમણ કરે તો મુક્તદશા પામે એમ છે. તે વિના રાગ મંદ પાડે તો પુણ્ય થાય, ધર્મ ન થાય.

**પ્રશ્ન** : તો પછી પૂજા, ભક્તિ વગેરે કરવી કે નહિ ?

**સમાધાન** : શુભાશુભ ભાવો તે તે કાળે રાગી જીવને આવ્યા વિના રહેશે નહિ. અશુભથી બચવા શુભ આવે તે જુદી વાત છે, શુભથી કલ્યાણ માની ધર્મ માનવો તે ભૂલ છે-મિથ્યાત્વ છે. આત્મા તે બન્ને ય ભાવોથી રહિત છે. તેના આશ્રયે ધર્મ છે. આમ સાચી માન્યતા પ્રથમ કરવી જોઈએ. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે એવું ભાન થવાવાળાને કષાયમંદતા, લોભને ઘટાડો, અશુભ રાગનો ઘટાડો



થયા વિના રહે જ નહિ. છતાં શુભથી ધર્મ માને નહિ. માટે શુદ્ધ આત્માની ઓળખાણ પ્રથમ કરવી જોઈએ.

**શ્લોક ૧૧૪**

(स्रग्धरा)

**मुक्त्वानाचारमुच्चैर्जननमृतकरं सर्वदोषप्रसंगं**
**स्थित्वात्मन्यात्मनात्मा निरुपमसहजानंददृग्ज्ञप्तिशक्तौ।**
**बाह्याचारप्रमुक्तः शमजलनिधिवार्बिन्दुसंदोहपूतः**
**सोऽयं पुण्यः पुराणः क्षपितमलकलिर्भाति लोकोद्धसाक्षी ॥११४॥**

**શ્લોકાર્થ** : જે આત્મા જન્મ-મરણને કરનારા, સર્વ દોષોના પ્રસંગવાળા અનાચારને અત્યંત છોડીને, નિરુપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં આત્માથી સ્થિત થઈને, બાહ્ય આચારથી મુક્ત થયો થકો, શમરૂપી સમુદ્રના જળબિંદુઓના સમૂહથી પવિત્ર થાય છે, તે આ પવિત્ર પુરાણ (-સનાતન) આત્મા મળરૂપી કલેશનો ક્ષય કરીને લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે. ॥૧૧૪॥

આ શ્લોકમાં એમ બતાવે છે કે પુણ્ય-પાપરૂપી અનાચાર છોડીને શુદ્ધ આત્મામાં સ્થિર થાય છે તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે. પ્રતિક્રમણનો અધિકાર છે તેથી ''અનાચાર છોડીને'' એમ પ્રથમ નાસ્તિથી કથન કર્યું છે.

**પોતાના શુદ્ધ સ્વભાવ સાથે પ્રેમ છોડીને વ્યવહાર રત્નત્રયના પરિણામ સાથે પ્રેમ કરવો તે અનાચાર છે.**

જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય, જે ભાવથી દેવનો ભવ મળે, જે ભાવથી ચોરાશીના અવતાર મળે, તે ભાવો તથા વ્યવહાર રત્નત્રયના પરિણામો વગેરે જન્મ-મરણને કરનારા છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ વગેરે ભાવો જન્મ-મરણને કરનારા છે. વ્યવહાર રત્નત્રય તે રાગ છે તેને નિયમસાર પૃષ્ઠ ૧૭૩માં મિથ્યારત્નત્રય કહ્યા છે. કાચને હીરો ગણાય નહિ તેમ પાંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતના પરિણામ, ભગવાનની શ્રદ્ધાનો રાગ વગેરે પરિણામ ખોટા કાચના રત્ન જેવા છે. આ બધા પરિણામો સર્વ દોષોના પ્રસંગવાળા અનાચાર છે. આમ હોવા છતાં અજ્ઞાની જીવ શુદ્ધ ચૈતન્યમૂર્તિનું અવલંબન છોડી રાગનું અવલંબન લ્યે છે તે અનાચાર છે-વ્યભિચાર છે. લૌકિકમાં પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સિવાય બીજાને ઈચ્છે નહિ, એવી લૌકિક નીતિ છે. છતાં કોઈ બાઈ બીજાના પ્રેમમાં પડે તો તે વ્યભિચાર કહેવાય છે, તેમ આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપી છે, તેની સાથે પ્રેમ મૂકીને જે જીવ પુણ્ય-પાપનો સ્વીકાર કરે, પુણ્યથી ઈન્દ્રપદ, દેવપદ મળશે તેમ લોભાઈને પુણ્યથી લાભ માને તે વ્યભિચાર-અનાચાર છે.

**જન્મ-મરણના કારણરૂપ અનાચાર છોડીને ધર્મી જીવ અનંત ચતુષ્ટયરૂપ આત્મામાં સ્થિર છે, વીતરાગી શમરસથી પવિત્ર થાય છે.**

ધર્મી જીવ સમજે છે કે અમો વીતરાગના ભક્ત છીએ, અમારા સ્વભાવને ચૂકીને પુણ્ય-પાપ સાથે અમો મૈત્રી કરીશું નહિ, તેથી તે પોતાની શુદ્ધ દૃષ્ટિ છોડીને પુણ્ય-પાપ સાથે લાભ માનવાની બુદ્ધિ સેવતો નથી. આવા અનાચારને અત્યંત છોડીને પોતાના શુદ્ધ આત્મામાં સ્થિત થાય છે. કેવો છે ભગવાન આત્મા ? જેને કોઈની ઉપમા આપી શકાય એમ નથી-નિરુપમ છે. સ્વાભાવિક જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્યવાળો છે, અનંત ચતુષ્ટય શક્તિસ્વરૂપ છે. એવા આત્મામાં આત્માથી સ્થિર થવું. જુઓ, અહીં સાધન બતાવ્યું. કોઈ મનથી, નિમિત્તથી કે વ્યવહાર રત્નત્રયના પરિણામથી સ્થિર થવું એમ કહ્યું નથી. પણ પોતાના આત્માથી સ્થિર થવું. આમ જે પોતાના આત્માના સાધન વડે સ્થિર થાય છે તેને મન, વચન, કાયા, નિમિત્ત, રાગ વગેરે ઉપચાર સાધન કહેવાય છે. પોતાના આત્મામાં સ્થિર થતાં શુભાશુભ ભાવોરૂપ બાહ્ય આચાર છૂટી જાય છે. તેથી 'બાહ્ય આચારથી મુક્ત થયો થકો' એમ કહ્યું છે. આમ શાંતરસ અંદર ભરેલો છે, તેમાં એકાગ્ર થવાથી સમતારૂપી જલબિંદુઓ પ્રગટે છે, તેનાથી આત્મા પવિત્ર થાય છે. ચૈતન્યસ્વભાવ તે દરિયો છે ને સાધકદશા જલબિંદુ છે. આમ વીતરાગી સમતાભાવથી પવિત્ર થવાય છે. વ્યવહાર રત્નત્રયથી કે બહારના સંયોગથી પવિત્ર થવાતું નથી.

**તે ધર્મી જીવ પોતાના સ્વભાવમાં સંપૂર્ણ સ્થિર થઈ કેવળજ્ઞાન પ્રગટાવી લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે.**

આત્માના સ્વભાવનું ભાન થવું તે જ પવિત્રતા છે, ને તેને જ પુણ્ય કહે છે. સંસ્કૃતમાં **પુણ્ય** શબ્દ છે તેનો અર્થ પવિત્ર છે. અજ્ઞાની જીવો કહે છે કે પંચકલ્યાણક કરવાથી મોક્ષ થાય છે તો તે વાત ખોટી છે. તે તો શુભ રાગ છે. અધૂરી દશામાં શુભ રાગ આવે છે. ભરત મહારાજે ત્રણે ચોવીસીના બિંબ કરાવ્યા, પણ સમજે છે કે આ શુભ રાગ છે, તેનાથી રહિત હું શુદ્ધ આત્મા છું. આમ શુદ્ધ આત્માની પ્રતીતિ ને એકાગ્રતા તે નિશ્ચય ભક્તિ છે ને નિશ્ચય પ્રગટ કરે તેના શુભ રાગને વ્યવહાર ભક્તિ કહેવાય છે. શુભ રાગ વખતે રાગ રહિત જ્ઞાનાનંદ સ્વભાવી છું એવા શ્રદ્ધા-જ્ઞાન તે ધર્મ છે. અહીં તો દૃષ્ટિ ઉપરાંત સ્થિરતાની વાત છે. જે પોતાના શાંત સ્વભાવમાં લીન છે એવો પવિત્ર પુરાણ આત્મા રાગરૂપી કલેશનો ક્ષય કરીને વીતરાગતા પ્રગટ કરી કેવળજ્ઞાન પ્રગટ કરે છે, તે લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે. આત્માને પુરાણ કહ્યો છે. કોઈનો બનાવેલો નથી, અનાદિ અનંત છે. જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય, જે શુભથી ભવો મળે તથા વ્યવહાર રત્નત્રયના પરિણામ તે બધા કલેશ છે, તેનો નાશ કરી સ્વરૂપમાં સર્વથા લીન થઈ વીતરાગતા પ્રગટાવી, કેવળજ્ઞાન પ્રગટ કરે તે ઉત્કૃષ્ટ સાક્ષી છે. સમ્યગ્દૃષ્ટિ જઘન્ય સાક્ષી છે, કેવળી ભગવાન ઉત્કૃષ્ટ સાક્ષી છે. આ પ્રતિક્રમણની વિધિ છે.



## ગાથા ૮૬

**उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा॥ ८६॥**

**उन्मार्गं परित्यज्य जिनमार्गे यस्तु करोति स्थिरभावम्।**
**स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात्॥ ८६॥**

**પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.**

**અન્વયાર્થ** : (**यः तु**) જે (જીવ) (**उन्मार्गं**) ઉન્માર્ગને (**परित्यज्य**) પરિત્યાગીને (**जिनमार्गे**) જિનમાર્ગમાં (**स्थिरभावम्**) સ્થિરભાવ (**करोति**) કરે છે, (**सः**) તે (જીવ) (**प्रतिक्रमणम्**) પ્રતિક્રમણ (**उच्यते**) કહેવાય છે, (**यस्मात्**) કારણ કે તે (**प्रतिक्रमणमयः भवेत्**) પ્રતિક્રમણમય છે.

**ધર્મી જીવ શંકા, કાંક્ષા, વિચિકિત્સા તથા અન્યમતની પ્રશંસા રહિત હોય છે.**

**ટીકા** : અહીં ઉન્માર્ગનો ત્યાગ અને સર્વજ્ઞ વીતરાગમાર્ગનો સ્વીકાર વર્ણવવામાં આવેલ છે. આ જગતમાં છ દ્રવ્યો છે તે સ્વતંત્ર છે. એમ જેમ છે તેમ જે કહેતા નથી એટલે વીતરાગ સર્વજ્ઞે કહેલા માર્ગ સિવાય બધા માર્ગે ઉન્માર્ગ છે. તે ઉન્માર્ગને છોડી સર્વજ્ઞે કહેલાં આત્માના સ્વરૂપમાં ઠરે છે તે પ્રતિક્રમણસ્વરૂપ છે. ધર્મી જીવ કેવા હોય છે ?

**શંકારહિત છે** : છ દ્રવ્યો ને નવ તત્ત્વોમાં ધર્મીને શંકા પડતી નથી. અન્યમતના કોઈ વૈરાગી જીવ જોવામાં આવે તો આ વૈરાગી સાચા હશે તો ? એવી શંકા પડતી નથી.

**કાંક્ષારહિત છે** : પરમતની ઈચ્છા નથી, પરમત કોઈ સારા માની તેની ઈચ્છા હોતી નથી તેમ જ પુણ્ય અને પાપના ફળો અને દેવપદની ઈચ્છા હોતી નથી. અનંતા આત્માઓ, અનંતાનંત પુદ્ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને અસંખ્ય કાળાણુ -આ છ દ્રવ્યો સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. દરેક દ્રવ્ય શક્તિવાન પ્રભુ છે. આત્મા જ્ઞાતાદૃષ્ટા સ્વરૂપ છે. એ સ્વભાવ ઈશ્વર છે. જડમાં અનંતી શક્તિ છે તે જડ ઈશ્વર છે, કોઈ કોઈની ઈશ્વરતા લૂંટતું નથી છતાં પરને પરાધીન માનવો એમ વિભાવને માનનારો ને ચૈતન્યને નહિ માનનારો તે વિભાવ ઈશ્વર છે. આમ ત્રણ પ્રકારના ઈશ્વરનું સ્વરૂપ પંચાસ્તિકાયમાં છે. આમ જેમ છે તેમ ધર્મી માને છે ને પરમતની કાંક્ષા કરતો નથી.

**વિચિકિત્સારહિત છે** : પોતાનો સ્વભાવ કેમ જલ્દી ઊઘડતો નથી એમ ધર્મી પોતાના સ્વભાવની દુગંછા કરતો નથી ને મુનિના નગ્ન શરીરને દેખી દુગંછા કરતો નથી.

**અન્યદષ્ટિ પ્રશંસારહિત છે** : નિમિત્તથી કાર્ય થાય, વ્યવહારથી ધર્મ થાય એમ માનનાર અન્યમતી છે. ધર્મી જીવ તેની પ્રશંસા કરતો નથી. અન્યમતમાં કદાચિત લાખો માણસ હોય છતાં મિથ્યાદષ્ટિની પ્રશંસા ધર્મી જીવ કરતો નથી. આ પ્રમાણે ધર્મી જીવ શંકા વગેરે દોષોથી રહિત હોય છે.

## માગશર સુદ ૨, શુક્રવાર, ૩૦-૧૧-૫૧.

## વસ્તુસ્વરૂપથી વિપરીત માન્યતાવાળા મિથ્યાદષ્ટિ જીવની પ્રશંસા ધર્મી જીવ મનથી કે વચનથી કરતો નથી.

**ટીકા** : સમ્યગ્દર્શન સહિત સ્થિરતા કરે તે મુનિને પ્રતિક્રમણ હોય છે. મુનિપણું પ્રગટ કરતાં પહેલાં ચોથે ગુણસ્થાને નિશ્ચય સમ્યગ્દષ્ટિ કેવો હોય છે તે કહે છે.

૧) ધર્મી જીવ સંસારમાં હોવા છતાં પોતાનો સ્વભાવ જ્ઞાન ને આનંદમય છે, તેમાં તેને શંકા પડે નહિ. દેહ, મન, વાણી હું નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એમાં શંકા પડતી નથી.

૨) પોતાના શુદ્ધ સ્વભાવની રુચિ છોડીને વ્યવહાર રત્નત્રયની વાંછા ધર્મીને હોતી નથી, પરપદાર્થોની રુચિપૂર્વક ઈચ્છા હોતી નથી.

૩) નગ્ન દિગંબર મુનિઓને દેખીને ધર્મીને દુગંછા થતી નથી.

૪) ધર્મી જીવ અન્યમતીઓની પ્રશંસા કરે નહિ. પરની દયા પાળી શકાય છે. દયા કરતાં કરતાં ધર્મ થશે એમ માનનારા ને કહેનારા શ્રાવક નામ ધરાવે કે મુનિ નામ ધરાવે તો પણ મિથ્યાદષ્ટિ છે, તેની પ્રશંસા મનથી પણ કરે નહિ. તેનો વૈરાગ્ય સારો છે અથવા ભાષણ સારું છે એમ મનમાં પણ પ્રશંસા કરે નહિ.

૫) ધર્મી જીવ મિથ્યાદષ્ટિ જીવનો પરિચય પણ કરે નહિ તેમ જ તેની મહિમાના વચનો બોલે નહિ. સર્વજ્ઞદેવ કહે છે કે દરેકનો આત્મા સિદ્ધ સમાન છે. આત્મા શરીરાદિનું કરી શકે નહિ. પુણ્યથી ધર્મ થાય નહિ છતાં જે જીવો પુણ્યથી ધર્મ મનાવે, વ્યવહારથી નિશ્ચય પ્રગટે એમ માને, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એમ માને ને મનાવે તેવા જીવો મિથ્યાદષ્ટિ છે, તેની વચનથી પણ પ્રશંસા કરે નહિ. ''અહો ! ભાઈ, તમો તો બહુ વૈરાગી છો, પડિમાધારી છો, ચોખ્ખા વ્રત પાળો છો, બ્રહ્મચર્ય સારું પાળો છો'' એમ તેના ગુણગ્રામ ગાય નહિ. ઊંધી પ્રરૂપણા કરનાર બ્રહ્મચારી હોય કે મુનિ હોય કે પડિમાધારી હોય પણ તે બધા ખોટા છે. તેમની દૃષ્ટિ ખોટી હોવાથી તે મુનિ કે વ્રતધારી કહેવાતા નથી. ભગવાન વીતરાગ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી નીકળેલી વાણી ને તેમાંથી ગણધર ભગવાને મુહૂર્તમાં ચૌદ પૂર્વ ને બાર અંગની રચના કરી, તેની પરંપરાએ કુંદકુંદાદિ આચાર્યોએ શાસ્ત્રની રચના કરી ને ટીકાકાર મુનિરાજે પણ વાત સ્પષ્ટ કરી દીધી છે. જેમ ચોર તથા બહારવટિયા ગુનેગાર



છે તેમ ચૈતન્યસ્વભાવથી વિરુદ્ધ પ્રરૂપણા કરનાર જીવો ગુનેગાર છે. કારણ કે ભગવાન કહે છે તેમ તેઓ માનતા નથી. ભગવાન કહે છે કે આત્મા શરીરનું કરી શકે નહિ, તેને હલાવી-ચલાવી શકે નહિ, વાણી કાઢી શકે નહિ, છતાં અજ્ઞાની જીવો માને કે આત્મા છે તો શરીર ચાલે, વાણી નીકળે - એ બધો અજ્ઞાનભાવ છે તેથી તેઓ અન્યમતી છે. તેવાની મનથી અથવા વચનથી પ્રશંસા કરવાનો નિષેધ છે. આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ જીવ શંકા, કાંક્ષા આદિ મળકલંકથી રહિત છે. પાંચ દોષો મોટા મેલ છે. ધર્મી જીવ એ દોષોથી રહિત છે.

## સમ્યગ્દર્શન સહિત વીતરાગી મુનિ કેવા છે ? વ્યવહારે ૨૮ મૂલગુણનું પાલન કરનારા છે.

વળી તે ધર્મી જીવ કેવો છે ? બુદ્ધ, વેદાંત વગેરે વસ્તુનું સ્વરૂપ એકાંત ક્ષણિક અથવા એકાંત કૂટસ્થ કહે છે. બધા થઈને એક આત્મા કહે છે. ઈશ્વર જગતનો કર્તા છે વગેરે પ્રકારે કહે છે તે માર્ગાભાસરૂપ વિપરીત માર્ગ છે. ધર્મી જીવ તેની શ્રદ્ધા કરતો નથી. તે ધર્મી જીવની મુનિદશા કેવી હોય છે તે બતાવે છે. વ્યવહારે પાંચ મહાવ્રતનું પાલન કરે છે, તેને અહિંસા મહાવ્રત એટલે છ કાયના જીવને મારવાનો વિકલ્પ હોતો નથી, અસત્ય વચનો બોલે નહિ, ચોરી કરે નહિ, બ્રહ્મચર્યનું પાલન કરે ને પરિગ્રહમાં વસ્ત્રનો એક ટુકડો પણ રાખે નહિ. પાંચ મહાવ્રત ચોખ્ખા પાળે. પાંચ સમિતિનું પાલન કરે; જોઈને ચાલે, વિચારીને બોલે, નિર્દોષ આહાર એક વખત લ્યે, પુસ્તકાદિ લેવા-મૂકવામાં ધ્યાન રાખે, મળમૂત્રાદિ જીવરહિત સ્થાનમાં પરઠવે. મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ - ત્રણ ગુપ્તિનું પાલન કરે, સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય, શ્રોત્ર ઇન્દ્રિયના વિષયોનો નિરોધ કરે, તથા છ આવશ્યક -સામાયિક, સ્તુતિ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાનનું પાલન કરે. અઠ્યાવીસ મૂલગુણ સ્વરૂપ વીતરાગ સર્વજ્ઞદેવના માર્ગમાં પોતાના પરિણામ સ્થિર કરે છે. (અહીં ઈત્યાદિમાં સાત મૂળગુણ અસ્નાન, ઊભા ઊભા આહાર વગેરે સમજી લેવા. ત્રણ ગુપ્તિ અહીં સ્પષ્ટતા માટે લીધેલ છે. બીજા શાસ્ત્રોમાં ત્રણ ગુપ્તિને અઠ્યાવીશ મૂળગુણમાં લેવામાં આવેલ નથી.) સાચા મુનિનું સ્વરૂપ છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પવાળી દશામાં કેવું હોય છે તે બતાવે છે. સમ્યગ્દર્શન સહિતની વાત છે, ઉપરાંત સ્વરૂપની સ્થિરતા એટલી હોય છે કે શરીરને વસ્ત્રથી ઢાંકું એવો વિકલ્પ હોતો નથી. મુનિના માટે બનાવેલો આહાર મુનિ ન લ્યે. આવી મહા વીતરાગી દશા મુનિની હોય છે; ને બાહ્યથી શરીરની નગ્નદશા હોય છે. અહીં મુનિના શુભ પરિણામની એટલે કે વ્યવહાર ચારિત્રની વાત કરી. હવે સ્વરૂપની અંતર્સ્થિરતાની વાત કરે છે.

## -તથા નિશ્ચયથી જ્ઞાનસ્વરૂપમાં સ્થિર રહેનારા હોય છે તે મુનિ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ છે.

શુદ્ધ નિશ્ચયનયથી તે નિશ્ચય સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વાભાવિક જ્ઞાન, દર્શન, વીર્ય આદિ ગુણોથી સુશોભિત આત્મામાં સ્થિરતા કરે છે ત્યારે પ્રતિક્રમણ કહેવાય છે. કેવો છે આત્મા ? સામાન્ય દૃષ્ટાસ્વભાવ ને વિશેષ જ્ઞાતાસ્વભાવરૂપ છે, તેમાં સ્થિરતા કરે છે તેને નિશ્ચય ચારિત્ર હોય છે. પ્રથમ સમ્યગ્દર્શન

ઉપરાંત શુભની વાત કરી હતી. હવે શુભ રહિત શુદ્ધની વાત કરે છે. અઠ્ઠાવીશ મૂળગુણનું પાલન તે શુભ રાગ છે, તેનાથી રહિત થઈને શુદ્ધભાવમાં ઠરે છે તેને નિશ્ચયચારિત્ર હોય છે ને તેને પ્રતિક્રમણ હોય છે. સમ્યગ્દર્શન વિના સાચું પ્રતિક્રમણ ને ચારિત્ર હોતું નથી.

ધર્મી જીવને આત્માના સાચા ભાન સહિત ઊંધી માન્યતાનો ત્યાગ તે મિથ્યાત્વનું પ્રતિક્રમણ છે ને સ્વભાવમાં લીનતા કરતાં અવ્રતનો ત્યાગ તે અવ્રતનું પ્રતિક્રમણ છે. પ્રથમ વિના બીજું હોઈ શકે નહિ. આ પ્રમાણે શુદ્ધ નિશ્ચય સમ્યગ્દષ્ટિ જીવ વ્યવહારે અઠ્ઠાવીશ મૂળગુણાત્મક માર્ગમાં અને નિશ્ચયે દર્શન-જ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરભાવ કરે છે તે મુનિ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે. (છઠ્ઠે ગુણસ્થાને જેટલી વીતરાગતા છે તેટલું નિશ્ચય પ્રતિક્રમણ છે. અહીં તો વિશેષ લીનતાને પ્રતિક્રમણ કહેલ છે.) કારણ કે તેને પરમ આત્મતત્ત્વ સાથે સંબંધવાળું નિશ્ચય પ્રતિક્રમણ છે. કોઈ નિમિત્ત સાથે કે વિકલ્પ સાથે સંબંધવાળું કહ્યું નથી. નિમિત્ત, વ્યવહાર, પર્યાય વગેરેને ગૌણ કરી, ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં લીનતા કરી તે સાચુ પ્રતિક્રમણ છે. તેથી જ તે તપોધન અર્થાત્ તપરૂપી લક્ષ્મીનો સ્વામી મુનિ સદા શુદ્ધ છે. પ્રથમ વસ્તુસ્વરૂપની ઓળખાણ કરવી જોઈએ. તે બતાવનાર આપ્ત પુરુષની ઓળખાણ વિના સમ્યગ્દર્શન થાય નહિ, સમ્યગ્દર્શન વિના ચારિત્ર થાય નહિ, ચારિત્ર વિના કેવળજ્ઞાન થાય નહિ, કેવળજ્ઞાન વિના મુક્તિ પામે નહિ. માટે જેમ છે તેમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

**પુરાણ પુરુષોએ સેવેલા ચારિત્રને અંગીકાર કરી ચૈતન્યસ્વરૂપ આત્મામાં સર્વતઃ સ્થિતિ કરો.**

એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં ૧૫મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(शार्दूलविक्रीडित)

**इत्येवं चरणं पुराणपुरुषैर्जुष्टं विशिष्टादरै-**
**रुत्सर्गादपवादतश्च विचरद्बह्वीः पृथग्भूमिकाः ।**
**आक्रम्य क्रमतो निवृत्तिमतुलां कृत्वा यतिः सर्वत-**
**श्चित्सामान्यविशेषभासिनि निजद्रव्ये करोतु स्थितिम् ।।**

**શ્લોકાર્થ** : એ પ્રમાણે વિશિષ્ટ આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું, ઉત્સર્ગ અને અપવાદ દ્વારા ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે ચરણ (-ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને, ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરીને, ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં સર્વતઃ સ્થિતિ કરો.

આ પ્રમાણે પોતાના સ્વરૂપમાં સાવધાની રાખવાવાળા પુરુષોએ ઉત્સર્ગ ને અપવાદ દ્વારા ચારિત્ર



સેવ્યું છે. પોતાના શુદ્ધ સ્વભાવમાં નિર્વિકલ્પપણે ઠરી જવું તે ઉત્સર્ગ માર્ગ છે. ને તેવી રીતે ઠરી ન શકે ત્યારે ૨૮ મૂળગુણનું પાલન કરે, ઉપદેશ આપે, ઉપદેશ સાંભળે, શાસ્ત્રો રચે વગેરે અપવાદ માર્ગ છે. સ્વભાવમાં ઠરી ન શકે ત્યારે જે પ્રકારનો રાગ થવા યોગ્ય હોય તે થાય ને જાુદાં જાુદાં નિમિત્તો ઉપર લક્ષ જાય. આવા પ્રકારનું ચારિત્ર ઉત્સર્ગ ને અપવાદ દ્વારા મુનિઓ પ્રાપ્ત કરીને, ક્રમશઃ ૨૮ મૂળગુણના પાલન આદિના શુભ રાગથી અત્યંત નિવૃત્તિ કરીને ચૈતન્ય સામાન્ય ને વિશેષરૂપ પ્રકાશવાળા પોતાના આત્મામાં નિર્વિકલ્પપણે સ્થિતિ કરો-સ્વરૂપમાં એવા ઠરી જાઓ કે ૨૮ મૂળગુણનો વિકલ્પ જ ઊઠે નહિ. આમ શુભ રાગનો નિષેધ કરાવ્યો. ચારિત્ર તે સાક્ષાત્ ધર્મ છે, ચારિત્રથી મુક્તિ થાય છે. વળી નિજદ્રવ્ય કેવું છે ? પુણ્યવાળું, કર્મવાળું કે ૨૮ મૂળગુણના પાલનવાળું કહ્યું નથી પણ ચૈતન્યપ્રકાશવાળું કહ્યું છે. તેમાં સર્વતઃ સ્થિતિ કરવાથી કેવળજ્ઞાન પ્રગટે છે.

**વીતરાગી મુનિઓ શાસ્ત્ર સ્વાધ્યાયમાં ઘેલા હોય છે-અતિ આનંદિત હોય છે, લૌકિક સત્કારનો આનંદ તેની પાસે તુચ્છ છે.**

વળી આ ૮૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૧૫**

(मालिनी)

**विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः**
**तपसि निरतचित्ताः शास्त्रसंघातमत्ताः ।**
**गुणमणिगणयुक्ताः सर्वसंकल्पमुक्ताः**
**कथममृतवधूटीवल्लभा न स्युरेते ।। ११५ ।।**

**શ્લોકાર્થ** : જેઓ વિષયસુખથી વિરક્ત છે, શુદ્ધ તત્ત્વમાં અનુરક્ત છે, તપમાં લીન જેમનું ચિત્ત છે, શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે, ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે અને સર્વ સંકલ્પોથી મુક્ત છે, તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય ? (અવશ્ય થાય જ.) ।। ૧૧૫ ।।

મહાવીતરાગી ચારિત્રને ધારણ કરનારા મુનિઓ કેવા છે ? પાંચ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત છે એટલે તે વિષયોમાં સુખ તો માનતા નથી પણ આસક્તિ પણ રહી નથી. સહજાનંદ સ્વરૂપમાં અનુરક્ત છે. તેમનું ચિત્ત તપમાં લીન છે-વીતરાગીદશામાં લીન છે. શાસ્ત્રના સ્વાધ્યાયમાં તેઓ ઘેલા હોય છે. આત્માનું જ્ઞાન તો વર્તે છે પણ તે ઉપરાંત મુનિ શાસ્ત્રની પ્રવીણતામાં ઊંડા ઊતરી ગયા છે. અજ્ઞાની જીવો વેપારાદિમાં ઘેલા હોય છે તેમ મુનિઓ શાસ્ત્ર સ્વાધ્યાયમાં ઘેલા હોય છે. દ્રવ્યાનુયોગાદિ ચારે અનુયોગના મર્મ સમજે છે. નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, નય-નિક્ષેપ-પ્રમાણનું સ્વરૂપ

સમજી તેમાં અતિ ઘેલા બન્યા છે. અજ્ઞાનીને લાગે કે આખો દિવસ શાસ્ત્ર સ્વાધ્યાય? આ તે શું ? અજ્ઞાનીને તે આનંદની ખબર ન પડે. ગણધરો એક મુહૂર્તમાં બાર અંગની રચના કરે છે. કેટલું સામર્થ્ય ! કેટલા મસ્ત હશે ! ભગવાનની વાણી ઝીલે, સમજે ને રચના કરે. તેના પરિવારના મુનિઓ પણ શાસ્ત્રમાં અતિ આનંદિત છે. અન્યમતની વાત આવે છે કે બાજીરાવ પેશ્વા, જે મોટો રાજા થઈ ગયો. તેના શહેરમાં એક વખત શંકરાચાર્ય આવેલા, તેનું બહુમાન કરતાં પેશ્વાએ શંકરાચાર્યના પગ ધોયા. પેશ્વાને થયું કે મારા તાબામાં કેટલાએ રાજા છે તે બધા મારી સેવા કરે છે એવો હું શંકરાચાર્યના પગ ધોઉં છું તેથી શંકરાચાર્યને ઘણો આનંદ આવતો હશે તેથી તેમને કહ્યું કે ''હે ગુરુ ! હું આપના પગ ધોઉં છું તેથી આપને ઘણો આનંદ આવતો હશે.'' શંકરાચાર્યે જવાબ આપ્યો કે ''હે પેશ્વા ! પગ ધોવાના આનંદની તો શું વાત કરવી ? પણ શાસ્ત્રનો અભ્યાસ કરતાં કોઈ સૂક્ષ્મ વાતનું મંથન ચાલતું હોય ને તેનો ખુલાસો મળી આવે અથવા કોઈ શિષ્ય પણ આવીને ખુલાસો કરે ને સૂક્ષ્મ રહસ્યનું સમાધાન મળતાં જે પ્રમોદ ને આનંદ આવે છે તેના હિસાબે આ પગ ધોવાનો આનંદ કાંઈ નથી એટલે કે તુચ્છ છે.'' જુઓ, આ અન્યમતવાળાને પણ પોતાના માનેલા શાસ્ત્ર સ્વાધ્યાયમાં પ્રમોદ આવે છે. અહીં તો સર્વજ્ઞે કહેલાં ને ગણધરે રચેલા મહાન વીતરાગી શાસ્ત્ર સ્વાધ્યાયના આનંદની શી વાત ! એટલે કે તેમાં મુનિઓ ઘેલા હોય છે. કેવળી ભગવાને કહેલું રહસ્ય જાણી લ્યે છે ને ઘણા આનંદિત હોય છે. ને શાસ્ત્રમાં મસ્ત હોય છે ને સૂક્ષ્મ ન્યાયના સમાધાન જાણતાં તેમને પ્રમોદ આવે છે.

**જે મુનિઓ તપમાં લીન થઈ સર્વ વિકલ્પોથી મુક્ત હોય છે તે મુક્તદશાને પામે છે.**

વળી તે કેવા છે ? ગુણરૂપી મણિઓની ખાણ છે ને ૨૮ મૂળગુણના પાલનના તથા શાસ્ત્ર રચવા વગેરેના બધા વિકલ્પોથી પાર છે. તેઓ મુક્તિરૂપી સ્ત્રીના પતિ થાય છે એટલે કે મુક્તદશાને પામે છે. સંસારમાં પતિ-પત્ની હોય તેમાં તો કોઈ વહેલો મરી જાય ને વિયોગ થાય પણ અહીં તો કદી વિરહ ન થાય. જે પર્યાયે પોતાના દ્રવ્યમાં સર્વથા સ્થિરતા કરી તે પર્યાય પોતાના દ્રવ્યને છોડીને કદી જુદી પડતી નથી, તેને દ્રવ્યનો વિરહ કદી પડે નહિ. અજ્ઞાની બાઈઓ સતી થાય છે તે તો દુર્ગતિમાં જાય છે. તારે વિરહ ન જોઈતો હોય તો સત્ આત્મામાં લીન થઈ જા, કદી વિરહ પડશે નહિ. દુનિયામાં સ્ત્રીને અર્ધાંગના કહે છે તે તો કલ્પના છે, બન્નેના આત્મા જુદા છે. અહીં પર્યાય તે ત્રિકાળનો અંશ છે, જે વીતરાગીપર્યાય પ્રગટ થાય છે તે દ્રવ્યની અર્ધાંગના છે કે જે તેનાથી કદી જુદી પડતી નથી. તેથી ટીકાકાર મુનિરાજ કહે છે કે લૌકિક સુંદરીનો પ્રેમ છોડી, સ્વભાવનું ભાન કરી, મુક્તિરૂપી સુંદરીનો પ્રેમ કર. એટલે કે તારા સ્વભાવમાં લીન થવાથી તું મુક્તદશાને પામીશ.



**ગાથા ૮૭**

**मोत्तूण सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ॥ ८७ ॥**

**मुक्त्वा शल्यभावं निःशल्ये यस्तु साधुः परिणमति ।**
**स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात् ॥ ८७ ॥**

**જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૭.**

**અન્વયાર્થ** : (**यः तु साधुः**) જે સાધુ (**शल्यभावं**) શલ્યભાવ (**मुक्त्वा**) છોડીને (**निःशल्ये**) નિઃશલ્યભાવે (**परिणमति**) પરિણમે છે, (**सः**) તે (સાધુ) (**प्रतिक्रमणम्**) પ્રતિક્રમણ (**उच्यते**) કહેવાય છે, (**यस्मात्**) કારણ કે તે (**प्रतिक्रमणमयः भवेत्**) પ્રતિક્રમણમય છે.

પરનું હું કરી શકું છું, શુભ રાગથી ધર્મ થાય એવી ઊંધી માન્યતારૂપી મિથ્યાત્વશલ્ય, કરણીનું ફળ માગવું તે નિદાનશલ્ય, કપટ સેવવું તે માયાશલ્ય - એમ ત્રણ પ્રકારના શલ્યને છોડી મુનિ પોતાના સ્વભાવમાં જ્ઞાનદશારૂપ પરિણમે છે તે પ્રતિક્રમણ છે. હું પ્રતિક્રમણ કરનારો ને આ પ્રતિક્રમણની પર્યાય -એવા કર્તાકર્મના ભેદ નથી, અભેદ સ્વભાવમાં ઠરી ગયા છે તેથી પ્રતિક્રમણમય છે એમ કહ્યું છે.

**માગશર સુદ ૩, શનિવાર, ૧-૧૨-૫૧.**

સાચું પ્રતિક્રમણ કોને કહે છે તેની વાત ચાલે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. દેહની ક્રિયાનો આત્મા ધણી નથી તેમ જ પુણ્ય-પાપ આત્માનું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે અને મિથ્યાત્વ, નિદાન ને માયાશલ્યથી રહિત છે -એવા આત્માનું ભાન થવું તે મિથ્યાત્વનું પ્રતિક્રમણ છે. અહીં મુનિપણાની વાત છે તેથી એવા ભાન ઉપરાંત નિઃશલ્યભાવે પરિણત છે. એટલે અસ્થિરતાના પુણ્ય-પાપના ભાવોથી રહિત થાય છે તે મહામુનિ તપોધન છે. તે તપરૂપી લક્ષ્મીના સ્વામી છે અને તેમને જ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.

**જે જીવ લક્ષ્મી તથા પરવસ્તુનો ધણી થાય છે તે મોટો ચોર ને ગુનેગાર છે.**

સ્વભાવની એકાગ્રતાને તપ તથા ખરી લક્ષ્મી કહી છે. જડ લક્ષ્મીનો તથા પરવસ્તુનો ધણી થાય છે તે ગુનેગાર છે, અપરાધી છે કારણ કે પારકી ચીજ જડના ઘરની છે તેને પોતાની માને છે.

**પ્રશ્ન** : વ્યવહારે લક્ષ્મીનો સ્વામી ખરો ને ?

**સમાધાન** : વ્યવહારે એટલે ભાષામાં બોલવા ખાતર. જેમ ઘીનો ઘડો બોલાય છે તેમ. તે વ્યવહારે પણ સાચો ક્યારે કહેવાય ? જીવ એમ માને કે લક્ષ્મી જડ છે, આત્મા તેને ભેગી કરી શકતો નથી. તેના ઉપર લક્ષ જાય છે તે પાપભાવ છે, તેમાં તથા લક્ષ્મીમાં સુખ નથી, સુખ તો પોતામાં છે -એમ માને તો સંયોગ બતાવવા વ્યવહારથી ભાષામાં આ જીવ આટલી લક્ષ્મીનો સ્વામી છે એમ બોલાય; પણ લક્ષ્મી મારી છે ને તેથી સુખ છે ને તેથી અંતરમાં ગલગલિયા થાય તો તેને વ્યવહાર-નિશ્ચય એક થઈ જાય છે તેથી તે મોટો ચોર-અપરાધી-મિથ્યાત્વશલ્ય સહિત છે. પ્રથમ તો મિથ્યાત્વશલ્ય જવું જ જોઈએ. તો જ ધર્મદશાની શરૂઆત થાય ને મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યું કહેવાય.

પંડિત બનારસીદાસજીએ સમયસાર નાટકમાં કહ્યું છે કે :-

**જેણે પર્યાયબુદ્ધિ છોડી અંતર્‌સ્વરૂપની લક્ષ્મી પ્રગટ કરી છે ને જગતથી ઉદાસ છે તે અવિરત સમ્યગ્દષ્ટિ સદાય સુખી છે.**

**स्वारथके साचे परमारथके साचे चित्त,**
**साचे साचे बैन कहैं साचे जैनमती हैं।**
**काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि,**
**आतमगवेषी न गृहस्थ है न जती हैं॥**
**सिद्धि रिद्धि वृद्धि दीसे घटमैं प्रगट सदा,**
**अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।**
**दास भगवंतके उदास रहैं जगतसौं,**
**सुखिया सदैव ऐसे जीव समकिती हैं॥**

(સમયસાર નાટક -પૃષ્ઠ ૮)

ચોથા ગુણસ્થાનવાળો અવિરત સમ્યગ્દષ્ટિ જીવ કેવો હોય છે તે અહીં બતાવે છે. હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એમ માને છે તે પોતાનો સ્વ-અર્થ સાધવામાં સાચો છે; પૈસાને રાખવાનો સ્વાર્થી નથી. પરમાર્થ = પરમ + અર્થ એટલે શુદ્ધ આત્માને સમજવામાં સાચો છે ને સાધર્મીને સમજાવવામાં સાચો છે-સાચા સાચા વાક્યો વડે જેમ છે તેમ વસ્તુસ્વરૂપ કહે છે. લક્ષ્મીને પોતાની માને નહિ. સ્વરૂપના ભાન વિના -અંતર્‌ભાન વિના અજ્ઞાનીના કથનો બધા ખોટાં છે. ધર્મી જીવ જેમ છે તેમ કહે છે, તે સાચો જૈન છે. કોઈનો વિરોધી નથી તેમ જ પરપદાર્થો, વિકારી પર્યાય તથા અલ્પ ઉઘાડવાળી પર્યાય ઉપર પણ બુદ્ધિ નથી. તે આત્માના ગાણા-ગીત ગાનારો છે. વળી ગૃહસ્થ પણ નથી એટલે પંચમ ગુણસ્થાનવાળો નથી તેમ જ મુનિ પણ નથી પરંતુ અવિરત સમ્યગ્દષ્ટિ છે. છતાં આત્માની



રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થઈ છે તથા વૃદ્ધિ પામે છે. લોકો જડને રિદ્ધિ સિદ્ધિ કહે છે, તે તો જડ છે. ધર્મીને અંતરની લક્ષ્મી સદાય પ્રગટ થઈ છે, પરની તથા પુણ્ય-પાપની યાચના કરતો નથી, ને ચૈતન્યનો લક્ષ્મીપતિ છે. ચૈતન્યનું લક્ષ કરનાર તે લક્ષપતિ છે. ધર્મી જીવ ભગવાનનો દાસ છે ને જગતથી ઉદાસ છે. આમ જેને ચૈતન્યના શ્રદ્ધાન, જ્ઞાન વર્તે છે તે અવિરત સમ્યગ્દષ્ટિ સદાય સુખી છે. સમકિતી રાજા બાહ્ય સંયોગોમાં હોવા છતાં સુખી છે કેમ કે તેને અંતર્‌ભાન વર્તે છે. આ બનારસીદાસ પણ ગૃહસ્થાશ્રમમાં હતાં. તેણે સમકિતીની વ્યાખ્યા કરી છે.

**અજ્ઞાનદશામાં આત્માની પર્યાયમાં પોતાની યોગ્યતાને કારણે મિથ્યાત્વાદિ ત્રણ શલ્યો વર્તે છે.**

અહીં આ ગાથામાં સમ્યગ્દર્શન ઉપરાંત મુનિપણાની વાત છે.

'પ્રથમ તો નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્માને...' કેવો છે આત્મા ? ત્રણ પ્રકારના શલ્ય રહિત છે. પુણ્યથી સુખ માનવું તે મિથ્યાત્વશલ્ય, પુણ્યના ફળોની વાંછા રાખવી તે નિદાનશલ્ય અને આડોડાઈ કરી કપટ કરવા તે માયાશલ્ય -આમ ત્રણે પ્રકારના શલ્ય રહિત જ આત્મા છે. આમ હોવા છતાં જે જીવ પોતાના સ્વરૂપનું ભાન ચૂકે છે ને કર્મ તરફનું વલણ કરે છે તેને નિદાન, માયા ને મિથ્યાત્વરૂપી ત્રણે શલ્યો પર્યાયમાં વર્તે છે એમ કહેવાય છે. વ્યવહારનયે સંસારદશામાં એક સમયની પર્યાય સાથે જડ કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહ્યો છે. પોતાના સ્વભાવમાં નહિ રોકાતાં પાપમાં સુખ છે, પુણ્ય હિતકર છે એમ ફળોની વાંછા રાખવી તે નિદાનભાવ છે. પોતાનો સ્વભાવ સરળ છે છતાં પોતાની ઊંધાઈથી દંભથી વર્તી રહ્યો છે, તે માયા છે. પોતાનો સ્વભાવ જ્ઞાનસ્વભાવી છે છતાં પરનું કર્તાપણું તથા પુણ્યથી ધર્મ માનવો તે મિથ્યાત્વશલ્ય છે. આ પ્રમાણે ત્રણે શલ્યો અજ્ઞાનદશામાં વર્તી રહ્યા છે. પર્યાયમાં શલ્ય હોવા છતાં ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં એકે શલ્ય નથી તેથી આત્મામાં ત્રણ શલ્યો વર્તે છે એમ ઉપચારથી કહેવાય છે.

**ત્રણ શલ્યોને ત્યાગીને જે મુનિ પોતાના નિઃશલ્યસ્વરૂપી આત્મામાં સ્થિર રહે છે તેને પ્રતિક્રમણ હોય છે.**

આમ હોવાથી જે મુનિ ત્રણે પ્રકારના શલ્યોથી રહિત થાય છે તે પ્રતિક્રમણ છે. સમ્યગ્દષ્ટિને ભાન હોવા છતાં અસ્થિરતાને કારણે અલ્પ માયા અથવા વાંછા રહે છે. અહીં તો મુનિની વાત છે તેથી ત્રણે પ્રકારના શલ્ય રહિતની વાત કરી છે. પ્રતિક્રમણનું સ્વરૂપ બતાવવું છે તેથી નિષેધથી વાત કરી છે. શલ્યનો પરિત્યાગ કરવા જાય ત્યાં શલ્યનો પરિત્યાગ થતો નથી પણ આત્મા ચિદાનંદ ધ્રુવસ્વરૂપ છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરતાં મિથ્યાત્વશલ્ય ઉત્પન્ન થતું નથી ને અંતર્‌સ્થિરતા કરતાં અસ્થિરતાની માયા ને વાંછા ઉત્પન્ન થતી નથી તેથી તેણે ત્રણે શલ્યોનો પરિત્યાગ કર્યો એમ કથન કરવામાં આવે

છે. આવી રીતે ત્રણ શલ્યોને ત્યાગી જે પરમયોગી પરમ નિઃશલ્યસ્વરૂપ આત્મામાં ઠરે છે તેને નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે.

અજ્ઞાની લોકો અમુક શરીરની ક્રિયાને યોગ કહે છે, તે યોગ નથી. આત્માનું ભાન કરી આત્મા સાથે જોડાણ કરવું તે યોગ છે. સંસારમાં હોવા છતાં ચોથે ગુણસ્થાને મનુષ્ય કે ઢોર પણ યોગી છે. પાંચમે શ્રાવક પણ યોગી છે-ને ત્રણ શલ્ય રહિત થઈને સ્વરૂપમાં સ્થિત છે તે મુનિ પરમયોગી છે. આવા પરમયોગી મુનિને નિજ સ્વરૂપ સાથે સંબંધવાળું પ્રતિક્રમણ છે; નિમિત્ત સાથે કે પુણ્ય-પાપના વિભાવ સાથે સંબંધવાળું પ્રતિક્રમણ કહ્યું નથી પણ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવની સાથે સંબંધ કરી સ્થિરતા કરવી તે પ્રતિક્રમણ છે.

હવે આ ૮૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :-

**શ્લોક ૧૧૬**

(अनुष्टुभ्)

**शल्यत्रयं परित्यज्य निःशल्ये परमात्मनि।**
**स्थित्वा विद्वान्सदा शुद्धमात्मानं भावयेत्स्फुटम्॥ ११६॥**

**શ્લોકાર્થ :** ત્રણ શલ્યને પરિત્યાગી, નિઃશલ્ય પરમાત્મામાં સ્થિત રહી, વિદ્વાને સદા શુદ્ધ આત્માને સ્ફુટપણે ભાવવો. ॥ ૧૧૬ ॥

**ત્રણ શલ્યો છોડી પોતાના આત્મામાં સ્થિર રહી પોતાના શુદ્ધ આત્માને પ્રગટપણે ભાવવો.**

પગની અંદર કાંટો લાગ્યો હોય તે નીકળે નહિ ત્યાં સુધી ખટક રહ્યા કરે છે. તેમ નિદાન-માયા-મિથ્યાત્વશલ્ય મોટા કાંટા છે તે પર્યાયમાં ખટક્યા કરે છે, દુઃખ આપે છે. પણ અજ્ઞાનીને તે ખટક જ લાગતી નથી. સુખ માની રહ્યો છે. હરખ સન્નિપાતવાળાને વેદના ઘણી હોય, છાતીના પાટિયા ભીંસાતા હોય, મૂંઝારો હોય પણ ખડખડ હસે છે; તેને ખબર નથી. પણ તેથી કરીને તે સન્નિપાતથી રહિત છે એમ કહી શકાતું નથી. સગાવહાલાં જાણે છે કે આ છેલ્લા ચિહ્નો છે, હવે તુરતમાં મરી જશે એવી રીતે અજ્ઞાની જીવ પર ચીજને અને પુણ્ય-પાપને મારા માની સુખ માની રહ્યો છે. જ્ઞાની જાણે છે કે તે પર્યાયમાં અજ્ઞાનભાવે મરી રહ્યો છે. પર ચીજ ને લક્ષ્મીને મારાં માનવાં તે ગાંડપણ ને સન્નિપાત છે માટે આત્માની ઓળખાણ કરવી જોઈએ. શુભ અને અશુભ બન્ને ભાવો બંધ છે, તેમાં કલ્યાણ નથી. લક્ષ્મી, કુટુંબ આદિ પ્રત્યક્ષ જુદા છે. તેમાં સુખ નથી, સુખ પોતામાં છે એમ સાચી સમજણ કરતાં શલ્યનો નાશ થાય છે. મિથ્યાત્વશલ્ય, નિદાનશલ્ય, માયાશલ્ય - એ ત્રણે પ્રકારના શલ્યનો ત્યાગ કરી નિઃશલ્ય જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિરતા કરી વિદ્વાને સદા પોતાના શુદ્ધ આત્માને ભાવવો. અહીં શાસ્ત્રના ભણતરવાળાને વિદ્વાન કહ્યો નથી પણ જે જીવ પરપદાર્થો તથા



વિકારની રુચિ છોડી સ્વભાવમાં ઠરે છે તે વિદ્વાન છે.

**શ્લોક ૧૧૭**

(पृथ्वी)

**कषायकलिरंजितं त्यजतु चित्तमुच्चैर्भवान्**
**भवभ्रमणकारणं स्मरशराग्निदग्धं मुहुः।**
**स्वभावनियतं सुखं विधिवशादनासादितं**
**भज त्वमलिनं यते प्रबलसंसृतेर्भीतितः॥ ११७॥**

**શ્લોકાર્થ** : હે યતિ ! જે (ચિત્ત) ભવભ્રમણનું કારણ છે અને વારંવાર કામબાણના અગ્નિથી દગ્ધ છે-એવા કષાયક્લેશથી રંગાયેલા ચિત્તને તું અત્યંત છોડ; જે વિધિવશાત્ (-કર્મવશપણાને લીધે) અપ્રાપ્ત છે એવા નિર્મળ સ્વભાવનિયત સુખને તું પ્રબળ સંસારની ભીતિથી ડરીને ભજ. ॥૧૧૭॥

**ભવભ્રમણના કારણરૂપ પાંચ ઇન્દ્રિયોના વિષયોને તું અત્યંત છોડ.**

હે મુનિ ! પોતાના સ્વભાવને ચૂકીને પુણ્ય-પાપના ભાવો કરી દ્રવ્યમન સાથે જોડાણ કરવું તે ભવભ્રમણનું કારણ છે. સ્વભાવમાં એકાગ્ર થવાથી ધર્મ થાય છે ને મન તરફ વલણ કરવાથી શુભાશુભ ભાવો થાય છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોથી રંગાયેલા ચિત્તને એટલે કે તે તરફના વલણને તું છોડ. પાંચે ઇન્દ્રિયોના વિષયોને કામબાણ કહ્યા છે. કોઈ પ્રશંસાના વાક્યો બોલે તો અજ્ઞાની જીવ હરખાઈ જાય છે, કોઈ નિંદા કરે છે તો દ્વેષ કરે છે -આમ પ્રશંસા અને નિંદાથી ચિત્ત બળી જાય છે. ભાઈ, કોઈ કોઈની નિંદા, પ્રશંસા કરતું નથી. સુંદર રૂપ દેખે તો હરખાય ને કુરૂપ દેખે તો દ્વેષ કરે; માખણ જેવા શરીર અડે તો સારા લાગે ને ગોખરૂં-કાંટા લાગે તો દ્વેષ કરે; ખાવા-પીવાના પદાર્થો સારા મળે તો હરખાઈ જાય - આમ પાંચ ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં રાગ ને પ્રતિકૂળમાં દ્વેષ કરી ચિત્ત હણાઈ ગયું છે. પૈસાવાળા વગેરે, જેને લોકો સુખી કહે છે તે બધા અજ્ઞાનના કારણે દુઃખી થઈ રહ્યા છે, ચારે ગતિની અંદર સંયોગી બુદ્ધિથી દુઃખી થઈ રહ્યો છે. ચૈતન્યને ભૂલીને નરક નિગોદમાં દુઃખી થઈ રહ્યો છે. માટે એવા કષાયક્લેશથી રંગાયેલા ચિત્તને તું અત્યંત છોડ ને સ્વરૂપની રુચિ કર, અંતર સ્થિર થા.

**અનંતકાળથી પ્રાપ્ત નહિ કરેલા એવા નિજ સ્વભાવમાં રહેલા સુખને નિત્ય ભજ.**

તારી પોતાની કર્મ તરફની બુદ્ધિના કારણે તારો જ્ઞાનાનંદ સ્વભાવ તને પ્રાપ્ત થયો નથી. કર્મે તને વશ કર્યો નથી પણ તું કર્મને વશ થયો છે તેથી જ્ઞાનસ્વભાવ પ્રાપ્ત થયો નથી. તું તારે વશ થા તો આત્મા પ્રાપ્ત થાય તેવો છે. તેવા નિર્મળ સ્વભાવમાં નિશ્ચિત રહેલ સુખને તું પ્રબળ સંસારની ભીતિથી ડરીને ભજ. બૈરા છોકરાં સંસાર નથી પણ તે તરફનો વિકારીભાવ સંસાર છે. અહીં તો

વિશેષ વાત કહેવી છે. જે ભાવથી દેવપદ મળે, ઈન્દ્રપદ મળે, તીર્થંકર નામકર્મ બંધાય - એ બધા ભાવો સંસાર છે. માટે બધા શુભાશુભ ભાવોથી ડર. ચારે ગતિમાં દુઃખ રહેલું છે. ઈન્દ્રના ઈન્દ્રાસનમાં સુખ નથી, ત્યાં પણ રાગ છે તેટલું દુઃખ છે. આખો સંસાર દુઃખમય છે. માટે ઉદયભાવથી ડર ને અંતર્‌સ્વભાવ જેમાં નિયત સુખ રહેલું છે તેનું ભજન કર, તેના ભજનથી ભય ટળે એમ છે.



**ગાથા ૮૮**

**चत्ता अगुत्तिभावं तिगुत्तिगुत्तो हवेइ जो साहू ।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ।। ८८ ।।**

**त्यक्त्वा अगुप्तिभावं त्रिगुप्तिगुप्तो भवेद्यः साधुः ।**
**स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात् ।। ८८ ।।**

**જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૮.**

**અન્વયાર્થ** : **(यः साधुः)** જે સાધુ **(अगुप्तिभावं)** અગુપ્તિભાવ **(त्यक्त्वा)** તજીને **(त्रिगुप्तिगुप्तः भवेत्)** ત્રિગુપ્તિગુપ્ત રહે છે, **(सः)** તે (સાધુ) **(प्रतिक्रमणम्)** પ્રતિક્રમણ **(उच्यते)** કહેવાય છે, **(यस्मात्)** કારણ કે તે **(प्रतिक्रमणमयः भवेत्)** પ્રતિક્રમણમય છે.

**ટીકા** : મન-વચન-કાયાના લક્ષે થતાં શુભાશુભ ભાવો અગુપ્તભાવ છે. પાંચ મહાવ્રતના ભાવ અગુપ્તભાવ છે-અધર્મભાવ છે; તેને છોડીને શુદ્ધ ચૈતન્યમાં આવવું તે ગુપ્તિભાવ છે-ધર્મભાવ છે. સ્વભાવમાંથી બહાર નીકળવું તે સંસારભાવ છે. જે પોતાના સ્વભાવમાં ગુપ્ત રહે છે એવા પરમ તપરૂપી લક્ષ્મીના સ્વામી મુનિને નિશ્ચય ચારિત્ર હોવાનું કથન છે. સાચા ભાવલિંગી મુનિ કેવા હોય તેની વાત કહે છે. સમ્યગ્દર્શન સહિત અંતરદશામાં ઝૂલતા મુનિ ઘડીમાં અપ્રમત્ત ને ઘડીમાં પ્રમત્તદશામાં હોય છે. પોતામાં જ્ઞાનબળે પરિણમતા જ્ઞાનના બળ વડે આ શાસ્ત્ર તથા ટીકા લખાઈ ગઈ છે. મુનિઓ ધર્મના થાંભલા છે. વીતરાગી ધર્મને ટકાવી રાખવામાં વજ્ર સમાન છે. પોતાના સ્વ અનુભવના અમૃતરસમાં કલમ બોળતા બોળતા આત્માની મસ્તીમાં મહાલતાં આ શાસ્ત્રો લખાઈ ગયા છે. અક્ષર કે વિકલ્પના કર્તા નથી, વિકલ્પ કે રાગ અગુપ્તભાવ છે, અમારો સ્વભાવ નથી એમ જાણી પોતાના સ્વભાવમાં ગુપ્ત રહે છે. એવા સ્વરૂપગુપ્ત અને તપોધનરૂપી લક્ષ્મી સહિત મહામુનિઓને નિશ્ચિય ચારિત્ર હોવાનું આ કથન છે.

**માગશર સુદ ૪, રવિવાર, ૨-૧૨-૫૧.**

**શુભાશુભ ભાવોથી પાછા ફરીને શુદ્ધ આત્માને નિર્વિકલ્પપણે ધ્યાવવો તે પ્રતિક્રમણ છે.**

પરમ તપરૂપી લક્ષ્મીવાળા મુનિને નિશ્ચય પ્રતિક્રમણ હોય છે. કેવા છે મુનિ ? જેવી રીતે પ્રચંડ સૂર્ય સરોવરના કમળસમૂહને વિકસાવવામાં સમર્થ છે એટલે કે જેમ બિડાયેલા કમળ સૂર્યના નિમિત્તે ખીલી નીકળે છે તેમ મુનિ પણ સૂર્ય સમાન છે, તેમને પર્યાયમાં જે પરિણમન હીણું હતું તે ખીલી નીકળે છે. વળી, વીતરાગી મુનિના અસંખ્ય પ્રદેશે શાંતિના ઝરણાં ઝરે છે. જેમ હિમાલયમાંથી

ઠંડુ પાણી નીકળે છે, તેમ આત્મા શીતળરસથી ભરેલો છે તેમાં એકાગ્રતા કરવાથી શાંતરસ ઝરે છે. એવા મહા મુનિશ્વર કે જેની એક દેહ પછી મુક્તિ થવાની છે, તે મન-વચન-કાયાના નિમિત્તે થતાં શુભાશુભ ભાવ છોડે છે, એટલે કે મન-વચન-કાયાના લક્ષે થતાં વિકારથી પાછા ખસી રાગરહિત શાંતિ-નિર્વિકલ્પ પરમ સમાધિરૂપી લક્ષણથી લક્ષિત એવા અતિ અપૂર્વ આત્માને ધ્યાવે છે. આ આત્મા વિકારથી ઓળખાય તેવો નથી પણ નિર્વિકલ્પ સમાધિથી અનુભવાય તેવો છે. તે મહા મુનિશ્વર વીતરાગી સમાધિ સહિત પરમ સંયમી હોવાથી જ પોતે નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ જ છે. પ્રતિક્રમણના પાઠ બોલવા તેને કે શુભ રાગને પ્રતિક્રમણ માનનારા મિથ્યાત્વને સેવે છે. શબ્દો જડ છે, શુભ રાગ આસ્રવ છે; તેનાથી ભિન્ન ચૈતન્યસ્વભાવ ધ્રુવ જ્ઞાયક વસ્તુ છે, તેના શ્રદ્ધાન-જ્ઞાન કરી મિથ્યાત્વ ને શુભાશુભ રાગથી પાછા ફરી અંતર્મુખ એકાગ્ર થવું તે સમાધિસ્વરૂપ પ્રતિક્રમણ છે.

હવે ૮૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૧૮**

(हरिणी)

**अथ तनुमनोवाचां त्यक्त्वा सदा विकृतिं मुनिः**
**सहजपरमां गुप्तिं संज्ञानपुंजमयीमिमाम्।**
**भजतु परमां भव्यः शुद्धात्मभावनया समं**
**भवति विशदं शीलं तस्य त्रिगुप्तिमयस्य तत्॥ ११८॥**

**શ્લોકાર્થ :** મન-વચન-કાયની વિકૃતિને સદા તજીને, ભવ્ય મુનિ સમ્યગ્જ્ઞાનના પુંજમયી આ સહજ પરમ ગુપ્તિને શુદ્ધાત્માની ભાવના સહિત ઉત્કૃષ્ટપણે ભજો. ત્રિગુપ્તિમય એવા તે મુનિનું તે ચારિત્ર નિર્મળ છે. ॥ ૧૧૮ ॥

**જ્ઞાનપુંજ આત્માને ઉત્કૃષ્ટપણે ભજવો તે નિર્મળ ચારિત્ર છે.**

પૂર્વે માનેલી વાતથી આ વાત જુદી છે. અનંતા ભવો થયા, જો સાચું પ્રતિક્રમણ કર્યું હોય તો સંસાર રહે નહિ; સાચી સમજણ વિના સંસાર ટળે નહિ. કાયમી શાંતિ જોઈતી હોય તેણે આત્માનું સાચું પ્રતિક્રમણ કરવું જોઈએ. જે વસ્તુ હિતકર ને સુખકર ન માને તે વસ્તુથી પાછો ખસવા માગે. પુણ્યના ભાવો હિતકર નથી એમ પ્રથમ નક્કી કરવું જોઈએ, તો તેનાથી પાછો ખસીને સ્વભાવ સન્મુખ થાય. શરીર-મન-વાણી પર છે અને પુણ્ય-પાપ વિકાર હોવાથી હિતકર નથી. એક ચૈતન્યસ્વભાવ જ હિતકર છે, -એમ પોતાના સ્વભાવ સન્મુખ એકરૂપ દશા થાય તો શાંતિ પ્રગટે તેમ છે, અનંત સ્વભાવલક્ષ્મી પ્રગટે તેમ છે અને તેનાથી કલ્યાણ છે.

મન-વચન-કાયા તો જડ છે, આત્મા ચેતન છે. આત્માથી જુદાં એવા મન-વચન-કાયા તરફનું



લક્ષ છોડીને ભવ્ય મુનિઓ સમ્યક્જ્ઞાનથી ભરેલા ત્રિકાળી આત્માને ભજો. જેમ ખડી ધોળાપણાનો ગાંગડો છે, તેમ આત્મા જ્ઞાનનો પુંજ છે. વિકાર કે હીણી અવસ્થા તેનું સ્વરૂપ નથી; આત્મામાંથી રાગ ઉત્પન્ન થાય નહિ, પણ તેમાંથી વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટે. આવા આત્માને ભજો, જેથી વીતરાગતા પ્રગટે. જે મુનિ સ્વરૂપમાં ગુપ્ત થઈ ગયા છે તે મુનિનું ચારિત્ર નિર્મળ છે.

## ગાથા ૮૯

**मोत्तूण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा ।**
**सो पडिकमणं उच्चइ जिणवरणिद्दिट्ठसुत्तेसु ॥ ८९ ॥**

**मुक्त्वार्तरौद्रं ध्यानं यो ध्यायति धर्मशुक्लं वा ।**
**स प्रतिक्रमणमुच्यते जिनवरनिर्दिष्टसूत्रेषु ॥ ८९ ॥**

**તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯.**

**અન્વયાર્થ** : (यः) જે (જીવ) (**आर्तरौद्रं ध्यानं**) આર્ત અને રૌદ્ર ધ્યાન (**मुक्त्वा**) છોડીને (**धर्मशुक्लं वा**) ધર્મ અથવા શુક્લ ધ્યાનને (**ध्यायति**) ધ્યાવે છે, (सः) તે (જીવ) (**जिनवरनिर्दिष्टसूत्रेषु**) જિનવરકથિત સૂત્રોમાં (**प्रतिक्रमणम्**) પ્રતિક્રમણ (**उच्यते**) કહેવાય છે.

**ટીકા** : આ ધ્યાનના ભેદોના સ્વરૂપનું કથન છે.

### ૧) કુટુંબીજનોના વિયોગ પ્રસંગે તથા બીજા પ્રતિકૂળ પ્રસંગે થતા ચિંતાના પરિણામ આર્તધ્યાન છે.

પ્રથમ આર્તધ્યાનનું સ્વરૂપ કહે છે.

જેવી રીતે કોઈ ઘાણીમાં તલ પીલાય છે તેમ ભગવાન આત્મા વીતરાગી સામર્થ્યવાળો હોવા છતાં જો ભૂંડુ ધ્યાન કરે તો અશાંતિથી પીડાય છે. તે કેટલા કારણથી પીડાય છે તે બતાવે છે. દેશનિકાલ કરે ત્યારે ચિંતા થાય કે કુટુંબીઓનું શું થશે ? લોકોની વાણીથી રામચંદ્રજીએ સીતાને વનવાસ મોકલી દીધા; સીતાજી જંગલમાં એકલા હતાં, પોતે સગર્ભા હતા. સીતાજી સારથિ સાથે રામચંદ્રજીને કહેવડાવે છે કે ''લોક ખાતર મને છોડી પણ લોક ખાતર ધર્મ ન છોડે''. જુઓ, સીતાજી જ્ઞાની હતા, જંગલમાં સ્વદેશત્યાગના પ્રસંગે આંસુ આવે છે, જરી આર્તધ્યાન થઈ આવે છે, પણ આત્માનું ભાન છે કે આવો શોક વગેરે તે થાય તે મારું સ્વરૂપ નથી. અંજના સતીને પણ એકલા ગુફામાં રહેવું પડ્યું; તેમને પણ આંસુ આવે છે, જરી આર્તધ્યાન થાય છે, પણ અંતર્ભાન વર્તે છે. તેઓને આત્માનું ભાન હતું એટલે મિથ્યાત્વનું પ્રતિક્રમણ હતું પણ અવ્રતનું પ્રતિક્રમણ ન હતું. અહીં તો અસ્થિરતાના ભાવ છોડી સ્વભાવમાં સ્થિર થાય તેવા મુનિના પ્રતિક્રમણની વાત છે. તેથી આર્તધ્યાન છોડીને એમ કહ્યું છે.

વળી વેપારમાં નુકસાની જાય તે પ્રસંગે પોતાના કારણે થતા શોકના પરિણામ તે આર્તધ્યાન છે. દીકરો બહારગામ હોય ત્યારે ઘરના માણસોને ચિંતાના પરિણામ થાય; સુંદર સ્ત્રીના વિયોગથી ચિંતા



થાય; ઘરમાં સ્ત્રી પ્રતિકૂળ વર્તે, દુકાન સારી ન ચાલે, બહાર મોઢું બતાવી ન શકે, દીકરા-દીકરી-વહુ પ્રતિકૂળ વર્તે - તેવા પ્રસંગે આર્તધ્યાન થાય છે, તે પ્રસંગોને લીધે આર્તધ્યાન થતું નથી, પણ તે પ્રસંગોના કાળે પોતાની નબળાઈના કારણે ચિંતાના પરિણામ થાય તેને આર્તધ્યાન કહે છે.

### ૨) બીજાને મારવાના, બાંધવાના અતિ ભૂંડા પરિણામ તે રૌદ્રધ્યાન છે.

બીજું રૌદ્રધ્યાન છે. આર્તધ્યાન કરતાં આ ક્રૂર - ઘણાં ભૂંડા પરિણામ છે. ચોરને રૌદ્રધ્યાનના પરિણામ થાય છે કેમ કે પોતાની ચોરી બચાવવા બીજાને મારવાનો ભાવ કરે અથવા પોતાને સજા કરે તેને મારવાના પરિણામ થઈ આવે, વ્યભિચારી જીવને પણ પોતાથી પ્રતિકૂળ વર્તતા જીવને મારવાના ભાવ થઈ આવે. પોતાથી પ્રતિકૂળ વર્તતા હોય તેવા શત્રુઓ ઉપર દ્વેષ થતાં મારવાના ભાવ થાય તે બધા રૌદ્રધ્યાન છે. મનમાં વિચારે કે જો મને મોકો મળ્યો તો આને મારી નાખું, -એ બધા ભૂંડા પરિણામ રૌદ્રધ્યાન છે અને તેનાથી નરકનો બંધ પડે છે.

### આર્ત અને રૌદ્રધ્યાનથી સ્વર્ગનું સુખ પણ મળતું નથી પરંતુ તે સંસારદુઃખનું મૂળ છે માટે તે સર્વથા છોડવા જોઈએ.

આર્ત અને રૌદ્ર બન્ને ધ્યાનો સંસારદુઃખના મૂળ છે. સ્વર્ગ અને મોક્ષના અપરિમિત સુખથી પ્રતિપક્ષ છે. તે ધ્યાનોથી મોક્ષનું સુખ તો મળતું નથી પણ સ્વર્ગનું સુખ પણ મળતું નથી, અહીં ભૂંડા ધ્યાનના ફળમાં નરકનું દુઃખ બતાવવું છે. તે ભૂંડા ધ્યાનથી સ્વર્ગનું લૌકિક સુખ પણ મળતું નથી. સ્વર્ગમાં મોટા આયુષ્ય હોવાથી લૌકિક અપેક્ષાએ સ્વર્ગના દેવો લાંબુ લૌકિક સુખ ભોગવે છે. લોકો તેને સુખી માને છે તેથી સ્વર્ગના તે સુખને -દેવો લાંબો કાળ ભોગવતાં હોવાથી- તેને અપરિમિત સુખ કહ્યું છે. ખરેખર ત્યાં સુખ નથી પણ ભેદ બતાવવા એમ કથન કર્યું છે. દયા, દાન, વ્રત, તપ કરનાર બ્રહ્મચારી હોય ને મુનિ થઈ તપશ્ચર્યા કરે તો સ્વર્ગમાં જાય; ભલે આત્માનું ભાન ન હોય તો પણ કષાયની મંદતાને કારણે ત્યાં સ્વર્ગમાં ઊપજે, અસંખ્ય અબજો વર્ષ સુધી ત્યાં રહે. દેવના આયુષ્ય સાગરોપમના હોવાથી (લૌકિકમાં) તેને અમર કહે છે. આર્ત-રૌદ્ર ધ્યાનવાળો દેવના ભવને પામતો નથી પણ નરકમાં જાય છે. નારકીમાં નાનામાં નાની સ્થિતિ દસ હજાર વર્ષથી માંડીને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિનું આયુષ્ય હોય છે. ત્યાં અસહ્ય વેદના ભોગવે છે. તે દુઃખ રોતાં પણ છૂટે નહિ. માટે આર્ત-રૌદ્રધ્યાનના ફળ માઠાં છે પણ જેને આર્ત-રૌદ્ર સારા લાગે તે કેમ છોડે ? તેથી અહીં સ્વરૂપ બતાવ્યું છે કે ભૂંડા ધ્યાનથી મોક્ષ તો નથી પણ સ્વર્ગ પણ મળતું નથી. આમ સમજે તો પુણ્ય-પાપ તરફનો ઉત્સાહ રહે નહિ ને સ્વભાવ તરફ ઉત્સાહ થાય. રૌદ્રધ્યાન સમકિતીને અને પાંચમાને તથા આર્તધ્યાન છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે. જેટલું છે તે બંધનું કારણ છે. સંસારદુઃખનું મૂળ છે, માટે તે બન્નેને સર્વથા છોડવા જોઈએ.

**૩) જ્ઞાનસ્વભાવી આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરી એકાગ્રતા કરવી તે ધર્મધ્યાન છે.**

હવે ધર્મધ્યાનનું સ્વરૂપ કહે છે. પોતાનો આત્મા જ્ઞાનસ્વભાવી છે, પુણ્ય-પાપ રહિત છે. એવા પોતાના આત્માના આશ્રયે જે વીતરાગતા-ધ્યાન પ્રગટે છે તે ધર્મધ્યાન છે. જેટલી એકાગ્રતા છે તેટલી શાંતિ ને મોક્ષનું કારણ છે. ને જેટલો રાગ-વ્રતનો કે દેવ-ગુરુ-શાસ્ત્રનો વર્તે છે તેનાથી પુણ્ય બંધાય છે ને તેના ફળમાં સ્વર્ગનું સુખ મળે છે. સમકિતી દેવોના આયુષ્ય સાગરોપમના હોય છે. જેમ સાગરમાં પાણીના બિંદુ અપાર છે તેમ આયુના દળિયા અપાર છે. નરક ને ઢોરના દુઃખની અપેક્ષાએ સ્વર્ગના સુખને અહીં સુખ કહ્યું છે. ખરેખર ત્યાં પણ સુખ નથી.

**૪) ધ્યાન ને ધ્યેયના વિકલ્પો રહિત શુદ્ધ આત્મામાં વિશેષ ધ્યાન કરવું તે શુક્લધ્યાન છે.**

આ ધ્યાન ધર્મધ્યાન કરતાં વિશેષ એકાગ્રતાવાળું છે. હું આત્મા ધ્યાન કરનારો છું ને પરિપૂર્ણ શુદ્ધ અવસ્થા મારું ધ્યેય છે એવા ધ્યાન ને ધ્યેયના વિકલ્પો રહિત શુક્લધ્યાન હોય છે. વળી તે પોતાના તરફ વળેલું છે, પાંચ ઈન્દ્રિયો ઉપરના લક્ષથી જુદું થયું છે ને શુદ્ધ ચૈતન્યસ્વભાવ તરફ વળેલું છે, તે નિર્ભેદ પરમકળા સહિત નિશ્ચય શુક્લધ્યાન છે.

આ પ્રકારે ધર્મધ્યાન તથા શુક્લધ્યાનને ધ્યાવીને જે ભવ્ય પુરુષ પારિણામિક ભાવનારૂપે પરિણમ્યો છે જેને નિમિત્તની કે નિમિત્તના અભાવની અપેક્ષા નથી એવા સ્વભાવભાવમાં એકાગ્રતારૂપ પરિણમન છે તે નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ છે -એમ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનના મુખકમળમાંથી નીકળેલા દ્રવ્યશ્રુતમાં કહ્યું છે. શુક્લધ્યાન અહીં આ કાળે નથી, ધર્મધ્યાન હોય છે. સાધક જીવ એકાવતારી થઈ સ્વર્ગમાં જશે, છતાં ભાન છે કે નબળાઈને લીધે એકાદ ભવ કરવો પડશે. જાગ્રતમાં જેટલી કચાશ રહી ગઈ તેના લીધે સ્વર્ગ મળ્યું, રાગનું ફળ સ્વર્ગ છે તેમ જ્ઞાની જાણે છે. ધર્મી જીવ રાગનો સ્વામી થતો નથી, તેનો તે નિષેધ કરી મનુષ્ય થઈ કેવળજ્ઞાન પામશે.

**શુક્લધ્યાનને સર્વદા ઉપાદેય કેમ કહ્યું ?**

ચાર ધ્યાનોમાં પહેલાં બે ધ્યાનો -આર્ત ને રૌદ્ર- છોડવા જેવા છે; તેમાં વિકારની એકાગ્રતા છે. ધર્મ ને શુક્લધ્યાનમાં શુદ્ધ સ્વભાવની એકાગ્રતા છે. ધર્મધ્યાન પ્રથમ તો ઉપાદેય છે. ને ચોથું ધ્યાન-શુક્લધ્યાન-સર્વદા ઉપાદેય છે. શુક્લધ્યાન પર્યાય છે છતાં વિકારને નાશ કરી મોક્ષ પ્રગટાવે છે માટે સર્વદા ઉપાદેય કહ્યું છે. પર્યાય અપેક્ષાએ ઉપાદેય કહ્યું છે-ખરી રીતે તો ધર્મી જીવને શુદ્ધ આત્મા એક જ ઉપાદેય છે. દૃષ્ટિ તો કોઈ ભેદ તેમ જ વિકારને તો સ્વીકારતી નથી, પણ ધર્મધ્યાન ને શુક્લધ્યાનની પર્યાયો પણ સમ્યગ્દર્શનનો વિષય નથી; કારણ કે તે ધ્યાનો વીતરાગી દશા હોવા છતાં એક સમયની પર્યાય છે. પર્યાય ઉપર લક્ષ કરવાથી ભેદ પડે છે, રાગ થાય છે, તેથી અભેદ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરાવવા શુક્લધ્યાનની પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહી-અભૂતાર્થ કહેલ છે.



ભૂતાર્થ ત્રિકાળી સ્વભાવમાં તે નથી એમ દૃષ્ટિના વિષય વખતે તો શુદ્ધ સ્વભાવ એક જ ઉપાદેય છે; પણ અહીં ધ્યાનના ભેદોનું જ્ઞાન કરાવવું છે તેથી આર્ત ને રૌદ્રધ્યાનથી જુદા પાડવા વીતરાગી-પર્યાયસ્વરૂપ ધર્મધ્યાન ને શુક્લધ્યાન ઉપાદેય કહ્યા છે. શુક્લધ્યાન મોક્ષનું નિશ્ચય કારણ છે માટે સર્વદા ઉપાદેય કહ્યું. આમ અપેક્ષાએ યથાયોગ્ય સમજવું.

એવી રીતે અન્યત્ર શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(अनुष्टुभ्)

**निष्क्रियं करणातीतं ध्यानध्येयविवर्जितम्।**
**अन्तर्मुखं तु यद्ध्यानं तच्छुक्लं योगिनो विदुः॥**

**શ્લોકાર્થ** : જે ધ્યાન નિષ્ક્રિય છે, ઈન્દ્રિયાતીત છે, ધ્યાનધ્યેયવિવર્જિત (અર્થાત્ ધ્યાન ને ધ્યેયના વિકલ્પો રહિત) છે અને અંતર્મુખ છે, તે ધ્યાનને યોગીઓ શુક્લધ્યાન કહે છે.

આ શ્લોકમાં શુક્લધ્યાનની વ્યાખ્યા કરે છે. કેવું છે શુક્લધ્યાન ? રાગ ને ભેદની ક્રિયાથી રહિત છે, ઈન્દ્રિયોથી અતીત છે. જેમાં કોઈ પણ ઈન્દ્રિયોની અપેક્ષા અથવા સહાય આવતી નથી. વળી તે, ધ્યાન ને ધ્યેયના વિકલ્પોથી રહિત છે; હું ધ્યાન કરું છું ને પૂર્ણ સ્વરૂપ મારું ધ્યેય છે એવા ધ્યાન ને ધ્યેયના ભેદ નથી. વળી તે ધ્યાન સ્વભાવની અંતર્મુખ વળેલું છે. બહિર્મુખ વૃત્તિ નાશ થઈ છે. આવી અંતર્સ્વરૂપ વળેલી વૃત્તિને-એકાગ્રતાને-શુક્લધ્યાન કહે છે. ધ્યાનને નિષ્ક્રિય કહ્યું છે. એટલે કે તે રાગ ને ભેદની ક્રિયાથી રહિત છે, પણ સ્વપરિણતિની અપેક્ષાએ સક્રિય છે. અબુદ્ધિપૂર્વક રાગ શ્રેણિમાં વર્તે છે, તે રાગ શુક્લધ્યાન નથી. અબુદ્ધિપૂર્વકના રાગરહિત સ્વરૂપની એકાગ્રતાને શુક્લધ્યાન પરમ યોગીઓ કહે છે.

**માગશર સુદ ૫, સોમવાર, ૩-૧૨-૫૧.**

હવે આ ૮૯મી ગાથાના ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :-

**શ્લોક ૧૧૯**

(वसंततिलका)

**ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति**
**व्यक्तं सदाशिवमये परमात्मतत्त्वे।**
**सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-**
**स्तत्त्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम्॥ ११९॥**

**શ્લોકાર્થ** : પ્રગટપણે સદા શિવમય (-નિરંતર કલ્યાણમય) એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી

હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. 'તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)' એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. હે જિનેન્દ્ર ! આવું તે તત્ત્વ(-તેં નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ), અહો! મહા ઈંદ્રજાળ છે. ॥ ૧૧૯ ॥

**શુદ્ધનય ધ્યાનની નિર્મળ પર્યાયને પણ સ્વીકારતી નથી પરંતુ અનાદિઅનંત એકરૂપ શુદ્ધ પરમાત્મતત્ત્વને સ્વીકારે છે.**

આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ ધ્રુવ પદાર્થ છે, તેનું ભાન કરી એકાગ્ર થવું તે પ્રતિક્રમણ છે. શરીર, મન, વાણી તો જડ છે, આત્મામાં તેનો અભાવ છે; પુણ્ય-પાપના વિકારી ભાવો થાય છે તે પણ આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા વિકાર રહિત ચિદાનંદ ધ્રુવ છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે, -ચારિત્ર પ્રગટે છે ને ધ્યાનની પર્યાય પ્રગટે છે. તે પર્યાય પણ નિરંતર કલ્યાણમય એવા પરમાત્મતત્ત્વને વિષે નથી. જુઓ, આમાં સમ્યગ્દર્શનનું ધ્યેય બતાવે છે. સમ્યગ્દર્શન અથવા શુદ્ધનય કોને સ્વીકારે છે તે બતાવે છે. અહીં બહુ અદ્‌ભૂત વાત કરે છે. પરનું તો આત્મા કરી શકતો જ નથી. પુણ્ય-પાપના ભાવો વિકાર છે તેથી તે પણ કરવા જેવા નથી. પણ આત્માના આશ્રયે પ્રગટતી વીતરાગી પર્યાય, પ્રતિક્રમણની પર્યાય, ધ્યાનની શ્રેણિ-ધર્મધ્યાન કે શુક્લધ્યાન તે પણ શુદ્ધનયનો વિષય નથી કેમ કે તે પર્યાય નવી પ્રગટે છે, તે એક સમયની અવસ્થા છે. શુદ્ધનયનો વિષય તો પ્રગટપણે ત્રિકાળી નિરંતર કલ્યાણમય પરમાત્મા છે જે અનાદિ-અનંત શુદ્ધ છે. તે એક જ સમ્યગ્દર્શનનો વિષય છે.

**શુદ્ધ પરમાત્મતત્ત્વની અપેક્ષાએ ધ્યાનાવલી અવસ્તુ છે.**

અહીં પ્રતિક્રમણનો અધિકાર છે તેથી ગાથામાં બતાવ્યું કે આર્ત ને રૌદ્રધ્યાનને છોડી ધર્મ ને શુક્લધ્યાન આદરવાં ને તેને ઉપાદેય પણ કહ્યા. રાગથી છોડાવવા વીતરાગતાની પર્યાયને આદરણીય કહેલ છે. (પ્રતિક્રમણનો અધિકાર હોવાથી.) પણ સમ્યગ્દર્શનનો વિષય પ્રતિક્રમણની પર્યાય કે ધ્યાન નથી. શુદ્ધનયની દૃષ્ટિમાં અભેદ સ્વભાવ અનાદિ-અનંત એકરૂપ છે, એમાં ભેદ નથી. રાગ ટાળવો અને વીતરાગતા પ્રગટ કરવી અથવા ધ્યાનની પરંપરા પ્રગટ કરવી એવા ભેદ શુદ્ધ સ્વભાવ વિષે નથી. શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટતી શુક્લધ્યાનની પર્યાય નવી પ્રગટે છે. તે વ્યવહારનયનો વિષય છે. સમ્યગ્દર્શન, વીતરાગતા, ધર્મધ્યાન, શુક્લધ્યાન વગેરે વ્યવહારનયનો વિષય છે તે એક સમય પૂરતા છે, નવી પર્યાયો છે. તેનાથી ભેદ પડે છે તેથી તેને ગૌણ કરી, વ્યવહાર કહી અભૂતાર્થ કહ્યા છે. શુદ્ધ સ્વભાવમાં ધ્યાનની શ્રેણી છે જ નહિ એમ શુદ્ધનય કહે છે. ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ સમ્યગ્દર્શન કે શુક્લધ્યાન એ અવસ્તુ છે. આ વિષય સૂક્ષ્મ છે, જરા ધ્યાન રાખીને ખ્યાલમાં લ્યે તો સમજાય તેવું છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, શરીર, મન, વાણી તો પર છે. આત્માની અપેક્ષાએ તે અવસ્તુ છે, શુભાશુભ ભાવો પણ વિકાર છે, તે પણ શુદ્ધ આત્માની અપેક્ષાએ અવસ્તુ છે. પણ અહીં તો કહે છે કે આત્માના આશ્રયે પ્રગટતી નવી નિર્મળ વીતરાગીપર્યાય જેમ કે શુક્લધ્યાન, તે પણ



અવસ્તુ છે. વ્યવહારનયથી પર્યાયમાં નિશ્ચયે છે પણ શુદ્ધનયની અપેક્ષાએ સંવર, નિર્જરા ને મોક્ષ કે ધ્યાનાવલી અવસ્તુ છે. કારણ કે દ્રવ્ય ને પર્યાય એવા ભેદ પડે છે. અભેદ તત્ત્વમાં એવા ભેદ નથી. તેથી ધ્યાનાવલી મારું તત્ત્વ નથી, એમ શુદ્ધનય કહે છે. શુદ્ધનય તો પરમાત્મતત્ત્વ એકરૂપ વસ્તુને સ્વીકારે છે.

**વ્યવહારનયથી ધ્યાનની શ્રેણી એક સમયની પર્યાયમાં છે પણ શુદ્ધનયથી તે પરમાત્મતત્ત્વમાં નથી.**

'તે છે' અર્થાત્ ધ્યાનની પરંપરા આત્મામાં છે એમ માત્ર વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. અખંડ આત્માના આશ્રયે પ્રગટતી પર્યાયો જેમ કે સમ્યગ્દર્શન, ધર્મધ્યાન, શુક્લધ્યાન -તેને વ્યવહારનય કહે છે કે આત્માને વિષે તે છે. બાર વ્રતના પરિણામ, પાંચ મહાવ્રતના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો રાગ વગેરે વ્યવહાર રત્નત્રયના પરિણામ મોક્ષમાર્ગ નહિ હોવા છતાં ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહે છે. શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી એકતાને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. ને નિશ્ચય મોક્ષમાર્ગને પણ શુદ્ધનય સ્વીકારતો નથી. ધ્યાનદશા-ચારિત્રદશા-નિર્મળતાના અંશો આત્માને વિષે છે એમ વ્યવહારમાર્ગે વારંવાર કહ્યું છે. તેનો શુદ્ધનય નિષેધ કરે છે કે પરમાત્મતત્ત્વ વિષે નિર્મળતાના ભેદો નથી. શુદ્ધ પર્યાયને વ્યવહાર કહ્યો છે. ત્રિકાળી સ્વભાવને નિશ્ચય કહ્યો ને નિર્મળ પર્યાયને વ્યવહાર કહ્યો. વ્યવહારયનય જે અપેક્ષાએ 'છે' એમ કહે છે તે અપેક્ષાએ નિર્મળપર્યાય 'છે' ને શુદ્ધનય જે અપેક્ષાએ 'નથી' એમ કહે છે તે અપેક્ષાએ નિર્મળપર્યાય શુદ્ધ દ્રવ્યમાં બિલકુલ 'નથી'. દ્રવ્યની અપેક્ષાએ મોક્ષમાર્ગ અવસ્તુ છે. આ રીતે જેમ છે તેમ યથાર્થ સમજવું જોઈએ.

**વ્યવહારનય ઈન્દ્રજાળની જેમ અનેક પ્રકારના ભેદો બતાવે છે, શુદ્ધનય તેને સંકેલી લ્યે છે ને અભેદ સ્વભાવને બતાવે છે.**

હે જિનેન્દ્ર ! તેં નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ અહો ! મહા ઈન્દ્રજાળ છે. 'છે' અને 'નથી' એવી તારી કથનશૈલી અજબ છે. તારા નયના વિષય પકડવા કઠણ પડે છે. ધ્યાન વ્યવહારે છે ને નિશ્ચયથી નથી. 'અહો !' આશ્ચર્ય બતાવે છે. તારું કહેલું વસ્તુસ્વરૂપ સમજવું દુર્લભ છે. ઋષભદેવ ભગવાન રાજાપણે હતા, તેનો ત્યાગ કરી મુનિપણું લેવાનો વખત નજીક આવ્યો તે વખતે ઈન્દ્રે ભગવાન પાસે જઈને નાચની રચના કરી. દેવીઓ, અપ્સરાઓ નાચે છે. ભગવાન પાસે ઈન્દ્ર નાચે તેમાં શું ખામી ? ઘણા પ્રકારે નાચ-તાન સંગીત ચાલી રહ્યું છે તેમાં નીલાંજના નામની દેવીનું આયુષ્ય પૂરું થવાથી તેનો દેહ છૂટી ગયો, નાચમાં ભંગ ન પડે એ ખાતર ઈન્દ્રે નવી અપ્સરાનું રૂપ બનાવી દીધું. ભગવાન તો જોતા હતા. તેમને ખ્યાલ આવી ગયો કે એક અપ્સરાનો દેહ છૂટી ગયો. ભગવાન તો ક્ષાયિક સમકિતી હતા, જાતિસ્મરણ જ્ઞાન નિર્મળ થયું ને વૈરાગ્ય થયો. અહો! મુનિપણું લેવાનો વખત છે, હું તીર્થંકર થવાનો છું. એમ વૈરાગ્ય લાવી મુનિપણું લેવા તૈયાર થાય છે એટલે ઈન્દ્રે તે

નાચ-તાનની બધી લીલા સંકેલી લીધી ને ઈન્દ્ર-ઈન્દ્રાણી બે રહ્યા. જુઓ, આ ઈન્દ્રજાળ ! ઈન્દ્રનું નાટક સંકેલાઈ ગયું તેમ વ્યવહારનય ઘણો વિસ્તાર બતાવે. છ દ્રવ્યો છે, તેના દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ બતાવે, તેમાં જીવમાં અનંતા ગુણો બતાવે, વર્તમાનમાં વિકાર છે, તેમાં કર્મ નિમિત્ત છે. વિકાર ટળી સ્વભાવના આશ્રયે શુદ્ધતા વધે છે. તેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોય, મુનિની નગ્ન અવસ્થા હોય, પ્રતિમા વીતરાગી હોય, આત્માના ભાનપૂર્વક ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ભૂમિકાને યોગ્ય શુભ રાગ થાય ને નિમિત્ત ઉપર લક્ષ જાય. ચૌદ ગુણસ્થાનના ભેદો, ચૌદ માર્ગણા-સ્થાનના ભેદો, ચૌદ જીવસ્થાનના ભેદો બતાવે, આત્મામાં અનંત ગુણો છે, તેની અનંતી પર્યાયો છે, એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદો છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાનના ભેદો બતાવે. શુદ્ધના આશ્રયે વીતરાગતા થાય તેને નિશ્ચય પ્રતિક્રમણ કહેવાય. પૂર્વની અપેક્ષાએ શુદ્ધતા વધી એ નિર્જરા કહેવાય, વર્તમાન અપેક્ષાએ સંવર કહેવાય. શુદ્ધ પર્યાયના ભેદો, અશુદ્ધના ભેદો, કુદેવાદિનું સ્વરૂપ વગેરે ઘણા પ્રકારે વ્યવહારનય કહે છે. જેમ ઈન્દ્રે નાચમાં ઘણો વિસ્તાર કર્યો હતો ને હજારો અપ્સરાઓ ઉતારી હતી તેમ વ્યવહારનય હજારો ભેદો બતાવે છે. જેમ ઈન્દ્રે નાટકને સંકેલી લીધું તેમ નિશ્ચયનય વ્યવહારનયના ભેદોને સંકેલી લ્યે છે. ને કહે છે કે તે ભેદો મારામાં નથી, તે અવસ્તુ છે. હું તો અનાદિ-અનંત એકરૂપ શુદ્ધ છું. વ્યવહારમાર્ગના આવા લાંબા વિસ્તારનો નિષેધ કરી શુદ્ધનય એક પરમાત્મતત્ત્વની દૃષ્ટિ કરાવે છે, તે વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. હે નાથ ! તારા નયના સ્વરૂપમાં બીજાને ગજનો આંકો સૂજે તેમ નથી, તત્ત્વ પરીક્ષકને સમજાય તેમ છે. જેમ અતલસનો તાકો ખુલ્લો કરતાં આખી દુકાનમાં પથરાઈ જાય છે પણ તેને સંકેલી લેતાં થોડી જગ્યામાં આવી જાય છે તેમ વ્યવહારનય ઘણા ભેદો કહે છે પણ નિશ્ચય તે બધાને અવસ્તુ કહી, હું શુદ્ધ પરમાત્મતત્ત્વ છું એમ કહે છે. જુઓ, ટીકાકાર મુનિરાજે જંગલમાં વસ્તા અધ્યાત્મની મસ્તીમાં કેવી અદ્‌ભૂત વાત કરી છે.

### શ્લોક ૧૨૦

(वसंततिलका)

**सद्बोधमंडनमिदं परमात्मतत्त्वं**
**मुक्तं विकल्पनिकरैरखिलैः समन्तात्।**
**नास्त्येष सर्वनयजातगतप्रपंचो**
**ध्यानावली कथय सा कथमत्र जाता॥ १२०॥**

**શ્લોકાર્થ :** સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પસમૂહોથી સર્વતઃ મુક્ત (-સર્વ તરફથી રહિત) છે. (આમ) સર્વ નયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી તો પછી ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી (અર્થાત્ ધ્યાનાવલી આ પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે) તે કહો. ॥ ૧૨૦॥



**સમ્યગ્જ્ઞાનનું આભૂષણ ભગવાન કે વ્યવહાર રત્નત્રય નથી પણ શુદ્ધ પરમાત્મતત્ત્વ છે.**

આ પરમાત્મતત્ત્વ સમ્યગ્જ્ઞાનને શોભાવનારું છે. સાક્ષાત્ ભગવાન કે વ્યવહાર રત્નત્રય સમ્યગ્જ્ઞાનની શોભા નથી. તેનાથી સમ્યગ્જ્ઞાન થતું નથી. શાસ્ત્ર ભણતરથી સમ્યગ્જ્ઞાન થતું નથી. ત્રિકાળ જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મામાંથી જ્ઞાનનો પર્યાય વહે છે. પર્યાયમાંથી પણ પર્યાય આવતી નથી માટે સમ્યગ્જ્ઞાનનું ભૂષણ આત્મા છે.

અહીં કોઈ પૂછે છે કે તો પછી નિયમસાર અને સમયસાર શુ કામ વાંચો છો ? પુરાણ લ્યોને?

**સમાધાન** : પરપદાર્થને લાવવા કે મૂકવાની ક્રિયા આત્મા કરી શકતો નથી. જે કાળે જે પુસ્તક આવવાનું હોય તે આવે છે ને શુભ રાગ થવાનો હોય તે થાય છે. પણ પુસ્તક ને શુભ રાગથી જ્ઞાન થતું નથી.

**પ્રશ્ન** : તો પછી શાસ્ત્રનું ભણતર કરવું કે નહિ ?

**સમાધાન** : ભાઈ, રાગી જીવને રાગ થાય છે ને પુસ્તક કે શ્રવણ ઉપર લક્ષ જાય છે પણ તેથી કરીને તેનાથી જ્ઞાન થતું નથી. ચૈતન્યસ્વભાવના આશ્રયે જ જ્ઞાન થાય છે.

**શુદ્ધનયથી પરમાત્મતત્ત્વમાં સર્વે પ્રકારના નયોના વિકલ્પો તથા ધ્યાનની પરંપરા છે જ નહિ.**

આવું પરમાત્મતત્ત્વ બધા વિકલ્પોથી મુક્ત છે. રાગના ભેદો, વ્યવહારના ભેદો સ્વભાવમાં નથી. આ નિશ્ચયનય છે ને આ વ્યવહારનય છે એવા નયોના ભેદો વસ્તુસ્વરૂપમાં નથી. પરમાત્મતત્ત્વ એકરૂપ અભેદ છે. તો પછી તે ધ્યાનાવલી આ પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે તે કહો. ધ્યાન પરંપરા તો નવી પર્યાય છે તે વ્યવહારનયનો વિષય છે. જ્યારે નયોના ભેદો વસ્તુમાં નથી તો પછી વ્યવહારનયનો વિષય ધ્યાનાવલી વસ્તુસ્વભાવમાં કેવી રીતે હોઈ શકે ? એટલે કે વસ્તુસ્વભાવમાં તે નથી.

## ગાથા ૯૦

**मिच्छत्तपहुदिभावा पुव्वं जीवेण भाविया सुइरं।**
**सम्मत्तपहुदिभावा अभाविया होंति जीवेण॥ ९०॥**

**मिथ्यात्वप्रभृतिभावाः पूर्वं जीवेन भाविताः सुचिरम्।**
**सम्यक्त्वप्रभृतिभावाः अभाविता भवन्ति जीवेन॥ ९०॥**

**મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;**
**સમ્યક્ત્વ-આદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.**

**અન્વયાર્થ** : (**मिथ्यात्वप्रभृतिभावाः**) મિથ્યાત્વાદિ ભાવો (**जीवेन**) જીવે (**पूर्वं**) પૂર્વે (**सुचिरम्**) સુચિર કાળ (બહુ દીર્ઘ કાળ) (**भाविताः**) ભાવ્યા છે; (**सम्यक्त्वप्रभृतिभावाः**) સમ્યક્ત્વાદિ ભાવો (**जीवेन**) જીવે (**अभाविताः भवन्ति**) ભાવ્યા નથી.

પુણ્યથી ધર્મ થાય, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય, વિષયમાં સુખ છે, નિમિત્તથી જ્ઞાન થાય એવી મિથ્યાત્વની ભાવના અજ્ઞાનીએ નિરંતર ભાવી છે. નિગોદમાં, કાગડાં ને કીડીમાં અવતાર કર્યા ને મનુષ્ય થઈ દ્રવ્યલિંગી મુનિપણું ધારણ કરી નવમી ગ્રૈવેયકે ગયો પણ દેહની ક્રિયા મેં કરી, પુણ્યથી ધર્મ થશે એવા મિથ્યાભાવની ભાવના ભાવી, મહાવ્રત કેમ ચોખ્ખા પાળી શકાય, આહારમાં કેમ દોષ ન લાગે એવી વ્યવહારની ભાવના ભાવી, શ્રાવક થયો, પડિમાધારી થયો, સાધુ થયો, જાત્રાઓ કરી પણ ભેદની રુચિની ભાવના ભાવી છે પણ અભેદ સ્વભાવના આશ્રયે થતાં સમ્યક્ત્વાદિ ભાવોની ભાવના ભાવી નથી.

**ટીકા** : આ, થોડા કાળમાં મુક્તિ થાય એવા આસન્નભવ્ય ને જેનો મોક્ષ દૂર છે એવા અનાસન્નભવ્ય જીવના પહેલાના અને પછીના સ્વરૂપનું કથન છે.

જ્ઞાનસ્વભાવની રુચિ નહિ કરતાં પુણ્ય ને નિમિત્તની રુચિ તેને મિથ્યાત્વ કહે છે. આસક્તિના ભાવોને અવ્રત કહે છે, ક્રોધ-માન-માયા-લોભના પરિણામને કષાય કહે છે ને આત્માના પ્રદેશોનું કંપન તેને યોગ કહે છે. આ ચાર સામાન્ય આસ્રવો છે ને તેમના ભેદો તેર છે. ૧૪મે ગુણસ્થાને આસ્રવ હોતો નથી તેથી ૧૩ ગુણસ્થાન સુધી આસ્રવો કહ્યા છે. કારણ કે '**मिच्छादिट्ठीआदि जाव सजोगिस्स चरमंतं**' એવું શાસ્ત્રનું વચન છે. આ સમયસાર ગાથા ૧૧૦નું બીજું પદ છે. મિથ્યાત્વ નામના પહેલાં ગુણસ્થાનથી ૧૩મા સયોગી ગુણસ્થાનના છેલ્લા સમય સુધી આસ્રવો હોય છે એવો તેનો અર્થ છે.

જેને મેલ નથી, કર્મનો સંબંધ નથી એવા પોતાના પરમાત્મતત્ત્વની જેને શ્રદ્ધા નથી તેવા જીવની



મુક્તિ નજીક નથી. એવા અનાસન્નભવ્ય જીવે દેહની ક્રિયા કરી શકું છું એવા મિથ્યાભાવ, પુણ્ય કરું, યોગ કરું વગેરે પ્રકારે સામાન્ય પ્રત્યયો - મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગને પૂર્વે અનંતકાળ ભાવ્યા છે. દ્રવ્યલિંગી મુનિ જે નવમી ગ્રૈવેયકે જાય છે તેણે પણ મિથ્યાત્વ અને આસ્રવની ભાવના સેવી છે પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. તેથી તેને ચારિત્રદશા હોઈ ન શકે. જેણે સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગતારૂપી ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી એવા સ્વરૂપશૂન્ય બહિર્દૃષ્ટિ જીવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમયક્ચારિત્ર ભાવ્યા નથી.

આ મિથ્યાદૃષ્ટિથી વિપરીત ગુણસમુદાયવાળો એટલે કે શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરનારો જીવ અતિ આસન્નભવ્ય છે એટલે કે તે નજીકમાં મુક્તિમાં જવાનો છે.

**માગશર સુદ ૬, મંગળવાર, ૪-૧૨-૫૧.**

### ચોરાશીના અવતારથી થાકેલો જિજ્ઞાસુ જીવ સમ્યગ્જ્ઞાનની ભાવનાનો પ્રકાર પૂછે છે તેને ઉત્તર આપે છે.

અનંતકાળથી સ્વભાવને જાણ્યા વિના વિકારાદિ ભાવોને જાણ્યા ને તેની ભાવના કરી છે પણ નિજ કારણસ્વભાવની ભાવના એક ક્ષણમાત્ર કરી નથી. આ અતિ નિકટ ભવ્ય જીવ જેનો સ્વભાવ પ્રગટ થઈ મોક્ષ થવાનો છે તેને સમ્યગ્જ્ઞાનની ભાવના કયા પ્રકારે હોય છે તે બતાવે છે. અજ્ઞાની જીવે અનંતકાળથી આસ્રવને જાણ્યો છે પણ દયા-દાનાદિના વિકલ્પો આત્માનું સ્વરૂપ જ નથી, રાગ અને ભેદની ભાવના તે જ્ઞાનનું સ્વરૂપ જ નથી. અજ્ઞાનીએ પોતાના સ્વભાવને જાણ્યા વિના શુભાશુભ રાગમાં એકાગ્રતા કરી, વ્રતમાં, પૂજામાં વગેરેમાં દોષ ન લાગે તેનું ધ્યાન રાખ્યું પણ આ આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે, જ્ઞાન એક જ તેની વસ્તુ છે, બીજી કોઈ તેની ચીજ નથી એવા ભાન વિના અંતર્સ્થિરતા કેવી ? શિષ્યને અંતરથી ધગશ થાય કે આ શું ? હું કોણ છું ? આ ભવ કેમ ? એમ ચોરાશીના અવતારનો થાક લાગ્યો હોય તે વિચારે કે પૂર્વે વ્રત, પૂજા વગેરે કર્યા, મુનિપણા ઘણી વાર લીધાં છતાં જન્મ-મરણના આરા નહિ. હવે શું કરવું બાકી રહ્યું ? એમ જેને અંતર ધગશ ઊપડી છે ને પ્રશ્ન પૂછે છે તેને જવાબ આપવામાં આવે છે. જે જીવને ચોરાશીનો થાક લાગ્યો નથી અને કહે કે ''મુઆ પછી ગોલણ ગાડાં ભરે'' એમ જે સ્વચ્છંદ સેવે છે એ અજ્ઞાની નાસ્તિક છે, તેવાની વાત નથી. અહીં તો વૈરાગી આસ્તિક જીવ પૂછે કે સમ્યગ્જ્ઞાનની ભાવના ક્યા પ્રકારે હોય છે ? તેનો જવાબ આપવામાં આવે છે. તે માટે આચાર્યવર શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૩૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(अनुष्टुम्)

भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः
भावये भाविता नेति भवाभावाय भावनाः ॥

**શ્લોકાર્થ** : ભવાવર્તમાં પૂર્વે નહિ ભાવેલી ભાવનાઓ (હવે) હું ભાવું છું. તે ભાવનાઓ (પૂર્વે) નહિ ભાવી હોવાથી હું ભવના અભાવ માટે તેમને ભાવું છું (કારણ કે ભવનો અભાવ તો ભવભ્રમણના કારણભૂત ભાવનાઓથી વિરુદ્ધ પ્રકારની, પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ ભાવનાઓથી જ થાય).

**અનંતકાળમાં પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ ભાવના ધર્મી જીવ ભાવે છે.**

અનાદિથી આ જીવ અનંતા ભવના ચક્રાવામાં પડ્યો છે. પાણીમાં વમળ ચડે ને તેમાં પડેલી વસ્તુ ડૂબી જાય તેમ અનંતકાળથી જુદા જુદા ભવોમાં અજ્ઞાની ડૂબી ગયો છે. ધર્માત્મા કહે છે કે અનંતભવના ચક્રાવામાં પૂર્વે નહિ ભાવેલી ભાવનાઓ ભાવું છું તે ભાવના પૂર્વે કદી ભાવી નથી. તેથી ભવના અભાવ માટે તેને ભાવું છું. અહીં ભવ એટલે માત્ર નારકી કે ઢોરના ભવ કહ્યા નથી પણ ચોરાશીના ભવો - શેઠ, દેવ આદિ બધા ભવોના અભાવ માટે ભાવું છું. ''પૂર્વે તીવ્ર કર્મને લીધે ભાવના ભાવી ન હતી ને અત્યારે કર્મ મંદ પડ્યા માટે ભાવું છું'' એમ લખ્યું નથી, કર્મને યાદ જ કર્યું નથી. પણ મારી ભૂલના કારણે શરીર, નિમિત્ત ને રાગની ભાવના ભાવી હતી કે જે ભવભ્રમણનું કારણ છે ને તેનાથી વિરુદ્ધ પ્રકારની એટલે જ્ઞાનસ્વભાવી આત્મા છું એવી ભાવના ભાવી ન હતી. સમ્યગ્દર્શનાદિ અપૂર્વ ભાવનાઓથી જ ભવનો અભાવ થાય છે. પૂર્વે ભાવના ભાવનાર હું હતો ને વર્તમાનમાં હું ભાવું છું. પૂર્વ પર્યાય ને વર્તમાન પર્યાય બન્નેનો ધરનાર હું ધ્રુવ છું. આમ ધ્રુવ પદાર્થ અને ઉત્પાદ-વ્યય પર્યાય પણ સાબિત થાય છે.

વળી, આ ૯૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૨૧**

(मालिनी)

अथ भवजलराशौ मग्नजीवेन पूर्वं
किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्।
तदपि भवभवेषु श्रूयते वाह्यते वा
न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्॥ १२१॥

**શ્લોકાર્થ** : જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (-કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (-ઘણાં ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (-અમલમાં મૂક્યું) છે; પરંતુ અરેરે ! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક



જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી. ॥ ૧૨૧ ॥

**વ્યવહાર રત્નત્રયના પરિણામ મોક્ષનું કથનમાત્ર કારણ છે.**

સાચા દેવ-ગુરુની શ્રદ્ધા, પાંચ મહાવ્રત અથવા બાર વ્રતના પરિણામ વગેરે પ્રકારે વ્યવહાર રત્નત્રયના પરિણામ મોક્ષનું કારણ કહેવામાત્ર છે. તે પરિણામથી મોક્ષદશા પ્રગટતી નથી, માત્ર ઉપચારથી તેને મોક્ષનું કારણ કહેવાય છે. અહીં કોઈ પૂછે કે પંચાસ્તિકાય ગાથા ૧૭૨માં કહ્યું છે કે ભિન્ન સાધ્ય ન માને તે નિશ્ચયાભાસી છે. અહીં ઉપચાર કેમ કહો છો ?

**સમાધાન** : પંચાસ્તિકાયમાં આત્મા ચૈતન્યસ્વભાવી છે તે સાધ્ય ને વ્યવહાર રત્નત્રયના પરિણામ તે સાધન એમ ભિન્ન સાધ્ય-સાધન ન માને તેને નિશ્ચયાભાસી કહ્યો છે. જે જીવ સાધકદશામાં વ્યવહાર ને રાગ બિલકુલ આવતો જ નથી એમ માને છે તેને ઉદ્દેશીને ભૂમિકા અનુસાર રાગનું જ્ઞાન કરાવ્યું છે. પણ તેથી વ્યવહારથી નિશ્ચય પમાય છે એવો એનો અર્થ છે જ નહિ.

પરમાત્મપ્રકાશમાં અભવી જીવને વ્યવહાર રત્નત્રય હોય જ નહિ એમ કહ્યું છે કારણ કે જે નિશ્ચય પ્રગટાવતો નથી તેને વ્યવહાર હોતો નથી એમ વસ્તુદૃષ્ટિ કરાવી છે. શુભભાવ જીવે અનંતીવાર કર્યા છે તેનું વજન નથી. જે જીવ નિશ્ચય પ્રગટ કરે છે તેને વ્યવહાર રત્નત્રય કારણ કહેવાય છે.

**જ્ઞાનસ્વભાવના સાગરરૂપી આત્માની રુચિ છોડી પુણ્ય ને નિમિત્તની રુચિ કરનારો ભવસાગરમાં ડૂબે છે.**

આમ વ્યવહાર રત્નત્રયના પરિણામને ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ઘણાં ભવોમાં સાંભળ્યા છે અને અમલમાં મૂક્યા છે. ચૈતન્યસ્વભાવમાં ડૂબકી મારવી જોઈએ તેને બદલે પુણ્ય-પાપ ને દેહની ક્રિયામાં ડૂબકી મારી છે. ચૈતન્યસ્વભાવની રુચિ છોડી પુણ્ય-પાપની રુચિ કરી લાભ માન્યો તે જીવ ભવસાગરમાં ડૂબેલો છે. સ્વભાવમાં ભવ નથી. આત્મા જ્ઞાનસ્વભાવનો સાગર છે. તેની રુચિ છોડી, રાગ ને પુણ્યની રુચિ કરે તે સ્વભાવ સાગરમાંથી બહાર નીકળેલો ભવસાગરમાં ડૂબેલો છે. પછી તે જીવ હજારો રાણીઓ છોડી નગ્ન દિગંબર મુનિ થયો હોય, આતાપથી શરીર જીર્ણ થઈ ગયું હોય ને પાંચ મહાવ્રત ચોખ્ખા પાળી નવમી ગ્રૈવેયકે જતો હોય કે કોઈ જીવ તીવ્ર પાપ કરી સાતમી નરકે જતો હોય તો પણ મિથ્યાત્વની અપેક્ષાએ ને ભવચક્રની અપેક્ષાએ બન્ને સમાન છે.

**નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક સુધીના ભવભવમાં અજ્ઞાનનું ઘૂંટણ કરી મિથ્યા આચરણ અમલમાં મૂક્યું છે.**

આમ અજ્ઞાની જીવે વ્યવહાર રત્નત્રયને ઘણી વાર સાંભળ્યા છે ને અમલમાં મૂક્યા છે. કાંઈક વ્યવહાર જોઈએ, નિમિત્ત જોઈએ એવી શુભની તથા નિમિત્ત તરફના વલણની વાત ઘણા ભવોમાં ઘણીવાર સાંભળી છે. કોઈ પૂછે કે એકેન્દ્રિયાદિમાં હલકા ભવોમાં તો સાંભળવાનું નિમિત્ત હોતું

નથી ને ? -ભલે બાહ્ય શ્રુત નિમિત્ત ન હોય પણ શ્રુત અજ્ઞાનનું ઘૂંટણ કરી ઊંધું શ્રવણ સમયે સમયે કરી રહ્યો છે. એકેન્દ્રિયમાં હો કે નવમી ગ્રૈવેયકમાં હો પણ અંતર્સ્વભાવને ચૂકી રાગની રુચિનો ભાવ કરનાર ભાવશ્રુત અજ્ઞાનનું શ્રવણ કર્યા કરે છે. દરેક ભવમાં ચૈતન્યસ્વભાવથી વિરુદ્ધ ઘૂંટ્યું છે. માટે દરેક ભવમાં સાંભળ્યું છે ને આચર્યું છે એમ કહ્યું છે. મુનિ થઈ બાર માસના ઉપવાસ કરે, શરીર જીર્ણ થાય પણ ક્રોધ ન કરે છતાં પુણ્યથી ધર્મ માની અજ્ઞાનને ઘૂંટી રહ્યો છે. ભંગ, ભેદ, પુણ્ય-પાપની અનેકતાની વાત ઘણી વાર કરી છે ને અમલમાં છે તે અપૂર્વ નથી.

**જ્ઞાન જ જેનું સર્વસ્વ છે એવા પરમાત્મતત્ત્વની વાત જીવે સાંભળી નથી.**

પરંતુ ખેદ છે કે જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને જીવે સાંભળ્યું કે આચર્યું નથી-નથી. અહીં આચાર્ય ભગવાન કરુણા સહિત ખેદ કરે છે કે જીવે જ્ઞાનસ્વભાવી આત્માની વાત સાંભળી નથી તેમ આચરી નથી. આ પરમાત્મતત્ત્વ જ ચૈતન્યજ્યોતિ સ્વરૂપ છે. જ્ઞાન જ જેનું સર્વસ્વ છે, નિમિત્ત સ્વભાવને અકિંચિત્કર તો છે જ પણ વ્યવહાર રત્નત્રય પણ સ્વભાવને અકિંચિત્કર છે. દેવ-ગુરુ-શાસ્ત્રની સન્મુખ થઈને શુભ પરિણામ કર્યા પણ અરેરે ! ખેદ છે કે જ્ઞાનસ્વભાવી આત્મા એકલો છે ને તેના આશ્રયે જ મોક્ષ થાય છે તે વાત સાંભળી નથી.

**જેણે પર લક્ષે તથા રાગના લક્ષે વાણી સાંભળી છે તેણે વાણી સાંભળી જ નથી.**

કોઈ પ્રશ્ન કરે કે અનંત ભવોમાં ભગવાનના સમવસરણમાં ગયો છે ને ત્યાં ભગવાનની વાણી સાંભળી છે ને અહીં સાંભળી નથી એમ કેમ કહ્યું ?

**સમાધાન** : જેણે સ્વલક્ષપૂર્વક સાંભળ્યું હોય તેણે જ સાંભળ્યું કહેવાય. જ્ઞાની પાસે અનંતવાર ગયો, પોતે સાચો છે, સર્વજ્ઞસ્વભાવી છે એવા સ્વલક્ષ વિના જે સાંભળ્યું તે સાંભળ્યું જ કહેવાતું નથી. એક વાર સ્વલક્ષે સાંભળ્યું હોય તો તેની મુક્તિ થયા વિના રહે નહિ. જ્ઞાની કહે તેમ યથાર્થ શ્રદ્ધા કરે તો નિમિત્ત કહેવાય ને તો જ ઉપાદાન-નિમિત્તની સંધિ મળી કહેવાય. સમયસાર ગાથા ૪માં જે ધ્વનિ છે તે જ ધ્વનિ અહીં છે.

**શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના.**

વ્યવહાર રત્નત્રયની વાત, ઇચ્છાના કર્તા-ભોક્તાની વાત સાંભળી છે પણ જીવ રાગનો અકર્તા ને અભોક્તા છે તે વાત સાંભળી નથી. કોઈ પૂછે કે અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો હતો ને? -ના, ભણ્યો જ નથી ને સાંભળ્યું નથી. સમવસરણમાં ગયો, પૂજા કરી, વાણી સાંભળી ને આટલું ભણ્યો છે ને ! એ બધું પરલક્ષે કર્યું છે, સ્વલક્ષે કર્યું જ નથી. આ જ્ઞાનસ્વભાવી આત્માને ભગવાનથી કે તેના શુભ રાગથી પણ લાભ નથી. તું સ્વતંત્ર છો એવી વાત સાંભળવાની લાયકાતથી સાંભળી નથી. સ્વલક્ષને ચૂકી પરલક્ષે



ને રાગને લક્ષે સાંભળી છે તેથી ગૃહીત મિથ્યાત્વ પણ છોડ્યું કહેવાય નહિ. જો ફરીને આવે નહિ તો જ ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું કહેવાય. સ્વલક્ષે સાંભળે તો મુક્તિ થાય ને તો જ જ્ઞાની જે કહે છે તેની તેણે શ્રદ્ધા કરી કહેવાય, ને તો જ ઉપાદાન-નિમિત્તની સંધિ મળે છે.

**જે ભવ્ય જીવ એકવાર સ્વલક્ષે જ્ઞાની પાસે ચૈતન્યસ્વભાવની વાત સાંભળે તેની મુક્તિ અવશ્ય થાય છે.**

પદ્મનંદીઆચાર્યદેવ કહે છે કે :-

**तत्प्रति प्रीतिचितेन येन वार्तापि हि श्रुता ।**
**निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाण भाजनम् ।।**

જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.

સ્વભાવના લક્ષે વિકારની રુચિ છોડી ચૈતન્યસ્વરૂપ આત્માની વાત સાંભળે તો જરૂર મુક્તિ થાય છે. '**શ્રુતા**' શબ્દ ખાસ ઉપયોગી છે. 'શાસ્ત્ર વાંચીને' એમ કહ્યું નથી પણ જ્ઞાની પાસેથી સાંભળીને કહ્યું છે. તે ઉપાદાન-નિમિત્તની સંધિ બતાવે છે. રાગ ને નિમિત્ત હું નહિ, હું તો જ્ઞાતા સ્વભાવી છું એમ જ્ઞાતાના ભણકાર વાગ્યા છે તે અલ્પકાળમાં મુક્તિ પામે છે.

**શુદ્ધ રત્નત્રયનો સ્વીકાર કરવા ને વ્યવહાર રત્નત્રયને બાતલ કરવા 'નિયમસાર' માં 'સાર' શબ્દ જોડેલ છે.**

આ નિયમસાર છે. પોતાના શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય નિયમથી નિર્વાણનું કારણ બને છે. એટલો નિયમનો અર્થ થયો ને તે નિયમ શબ્દની સાથે વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ જોડવામાં આવ્યો છે. વ્યવહાર રત્નત્રયરૂપ વિકલ્પોને-પરાશ્રિત ભાવોને બાતલ કરીને માત્ર નિર્વિકલ્પ જ્ઞાન-દર્શન-ચારિત્રનો જ -શુદ્ધ રત્નત્રયનો જ- સ્વીકાર કરવા અર્થે નિયમ સાથે સાર શબ્દ જોડ્યો છે. વ્યવહાર રત્નત્રયના અભાવ માટે અથવા વ્યવહાર રત્નત્રયને રત્નત્રય કહેવાં નથી માટે સાર શબ્દ મૂક્યો છે. વ્યવહાર રત્નત્રય મોક્ષમાર્ગ છે જ નહિ માટે નિયમસાર કહેલ છે.

**સમ્યક્ એકાંત વિના અનેકાંત થતું નથી.**

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આમ કહો છો તેથી એકાંત થઈ જશે.

**સમાધાન** :- સમ્યક્ એકાંત વિના અનેકાંત થતું નથી. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે એવા ભાન વિના શુભ રાગને વ્યવહાર કહેવાતો નથી તેમ સ્વભાવ તરફ ઢળ્યા વિના જ્ઞાન અનેકાંત પ્રમાણ થતું નથી.

સમ્યક્ એકાંત વિના અનેકાંત હોતું નથી,
ઉપાદાનમાં કાર્ય થયા વિના નિમિત્ત કોનું ?
પોતામાં નિશ્ચયસ્વભાવ પ્રગટ્યા વિના વ્યવહાર કોનો ?
એકરૂપ સ્વભાવની શ્રદ્ધા વિના અનેકતા કોની ?

એક સ્વભાવનું જ્ઞાન થતાં અનેક ભેદોનું જ્ઞાન થઈ જાય છે.

**આત્મા ત્રિકાળી જ્ઞાનરસાયણસ્વરૂપ જ છે તેના શ્રદ્ધા-જ્ઞાન કર.**

અરેરે ! કહીને પુરુષાર્થ ઉપાડવાનું કહે છે. આ જ્ઞાનસ્વભાવની રુચિ ને એકાગ્રતાની વાત સાંભળી નથી. જે સાંભળ્યું છે તે બધું જૂઠું છે. અજ્ઞાનીને વ્યવહારની હોંશ આવે છે. વ્યવહાર કે નિમિત્તની વાત આવે ત્યાં હોંશ આવી જાય કે જુઓ, અમારું આ આવ્યું. પણ ભાઈ ! વ્યવહાર છે, રાગ છે, નિમિત્ત છે, તેની કોણે ના પાડી ? પણ તેમાં તું જે હોંશ કરે છે તે હોંશ કરવા જેવી નથી. શુદ્ધ ચૈતન્યસ્વભાવની રુચિ કરવા જેવી છે. જગતમાં અનેક પ્રકારના રસ હોય છે. આત્મારૂપી બાટલામાં એકલો જ્ઞાનરસ ભરેલો છે. આત્મા ત્રિકાળ જ્ઞાનરસાયણસ્વરૂપ છે. એક જ્ઞાનસ્વરૂપ છે. પુણ્ય-પાપ તે રસાયણમાં નથી. સર્વદા એક જ્ઞાનસ્વરૂપ છે. અજ્ઞાનીને ભાન ન હોય તો પણ જ્ઞાયકસ્વભાવ ફીટીને જડ કદી પણ થતો નથી. સ્વરૂપ અભેદ એકરૂપ છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કર તો ધર્મ થાય તેમ છે.

**વ્યવહાર પહેલો ને પછી નિશ્ચય પ્રગટે તે મિથ્યા માન્યતા છે. નિશ્ચય પ્રગટે ત્યારે રાગ વ્યવહાર નામ પામે છે.**

પણ અજ્ઞાની જીવોને વ્યવહારની રુચિ હોવાથી કહે છે કે પહેલો વ્યવહાર હોવો જોઈએ ને પછી નિશ્ચય પ્રગટે. આ જ મોટો વાંધો છે. અન્યમતવાળા પણ વસ્તુસ્વરૂપથી વિપરીત કહીને આ પ્રમાણે જ કહે છે કે પહેલાં વ્યવહાર થાય ને પછી નિશ્ચય પ્રગટે. આ વાત મૂકીને જૈનદર્શન સામે વાંધો કાઢ્યો છે ને તું જૈનમાં જન્મીને કહે કે વ્યવહાર પહેલો ને પછી નિશ્ચય પ્રગટે તો તારામાં ને અન્યમતમાં ફેર શો રહ્યો ? શુભ-અશુભ રાગ તો જીવ અનાદિથી કરતો આવ્યો છે. વ્યવહાર તો અનાદિથી કર્યો છે છતાં ધર્મ થયો નહિ. માટે તે અપૂર્વ નથી. રાગ રહિત જ્ઞાનસ્વભાવના આશ્રયે નિશ્ચય પ્રગટ કરે તે અપૂર્વ છે. અનાદિકાળથી નિશ્ચય પ્રગટ્યો નથી માટે નિશ્ચય પ્રગટે ત્યારે જ શુભ રાગ વ્યવહાર નામ પામે છે. જીવોએ શુદ્ધ ચૈતન્યની વાત સાંભળી નથી. આગલી બધી માનેલી વાત ઉપર મીંડા વાળે ને સ્વલક્ષે આ વાત સાંભળે તો સમજાય તેવું છે. ચૈતન્યની વાત સંભળાવનાર જ્ઞાની હોય ને સાંભળનાર પાત્ર હોય તો મુક્તિ થયા વિના રહે નહિ.



**ગાથા ૯૧**

**मिच्छादंसणणाणचरित्तं चइऊण णिरवसेसेण।**
**सम्मत्तणाणचरणं जो भावइ सो पडिक्कमणं ॥ ९१ ॥**

**मिथ्यादर्शनज्ञानचरित्रं त्यक्त्वा निरवशेषेण।**
**सम्यक्त्वज्ञानचरणं यो भावयति स प्रतिक्रमणम् ॥ ९१ ॥**

**નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને**
**સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.**

**અન્વયાર્થ** : (**मिथ्यादर्शनज्ञानचरित्रं**) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને (**निरवशेषेण**) નિરવશેષપણે (**त्यक्त्वा**) છોડીને (**सम्यक्त्वज्ञानचरणं**) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને (**यः**) જે (જીવ) (**भावयति**) ભાવે છે, (**सः**) તે (જીવ) (**प्रतिक्रमणम्**) પ્રતિક્રમણ છે.

**સર્વજ્ઞે કહેલા વસ્તુસ્વરૂપથી વિપરીત શ્રદ્ધા-જ્ઞાન-આચરણને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે.**

**ટીકા** : મૂળ ગાથામાં નાસ્તિથી વાત છે. ટીકામાં પ્રથમ અસ્તિ બતાવી પછી નાસ્તિ કહે છે. ચૈતન્યસ્વભાવનો સ્વીકાર કરીને એટલે કે તેના આશ્રયે પ્રગટતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પર્યાયને સંપૂર્ણપણે સ્વીકારવાથી અને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને સમસ્ત પ્રકારે છોડવાથી મુનિજનોને નિશ્ચય પ્રતિક્રમણ હોય છે એમ કહ્યું છે. સ્વભાવના સ્વીકારમાં મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છૂટી જાય છે.

ઈન્દ્રો જેને પૂજે છે ને જેની ઈશ્વરતા ખીલી ગઈ છે તેવા સર્વજ્ઞદેવથી પ્રતિકૂળ કહે તે બધા માર્ગાભાસ છે. બૌદ્ધ, વેદાંતાદિ કહે છે તે અન્યમતી-માર્ગાભાસ છે. જૈનને અન્યમત સાથે આજકાલ સમન્વય કરનારા પણ જૈન સંપ્રદાયમાં હોવા છતાં માર્ગાભાસી છે. તેવા માર્ગનું શ્રદ્ધાન તે મિથ્યાદર્શન છે. તીર્થંકરદેવે અનંતા જીવો, અનંતાનંત પુદ્ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને અસંખ્ય કાળાણુ - એમ છ દ્રવ્યો સ્વતંત્ર જોયા છે, તેથી વિપરીત કહેનારા અવસ્તુ કહે છે. એક જ આત્મા કહે, જગત્કર્તા ઈશ્વરને માને, આત્માને પરનો કર્તા કહે, ક્ષણિક માને, ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો ન માને પણ એક વર્તમાન સમય જેટલો અધિક માને - આવી માન્યતાથી અવસ્તુ થઈ જાય છે. અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે. મંદ રાગ પાડીને તેમાં ટકવું તે મિથ્યાચારિત્ર છે. મુનિજનો આવી માન્યતાને સર્વ પ્રકારે છોડે છે.

## માગસર સુદ ૭, બુધવાર, ૫-૧૨-૫૧.

પરમાર્થ પ્રતિક્રમણ એટલે શું ? પુણ્ય-પાપથી પાછો ખસીને આત્માના સ્વભાવમાં રમણતા કરવી તે સાચું પ્રતિક્રમણ છે. તે પ્રતિક્રમણ કોને હોય તે કહે છે.

ભગવાન અર્હંતદેવે જે માર્ગ કહ્યો છે તેનાથી વિપરીતમાર્ગની શ્રદ્ધા તે મિથ્યાદર્શન છે. સર્વજ્ઞ અનાદિથી જે માર્ગ કહેતાં આવ્યા છે, તેનાથી વિપરીતમાર્ગ કહેનારા પણ અનાદિથી છે. તેની શ્રદ્ધા તે મિથ્યાશ્રદ્ધા છે અને તે ઊંધા માર્ગમાં કહેલી અવસ્તુમાં વસ્તુની બુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે, અને તે ઊંધા માર્ગનું આચરણ તે મિથ્યાચારિત્ર છે. એ ત્રણે મિથ્યા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના ત્યાગથી પ્રતિક્રમણ થાય છે.

મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને નિરવશેષપણે છોડવાનું કહ્યું છે. સર્વજ્ઞ સિવાય બીજાનો એક અંશ પણ સાચો છે, એવી માન્યતા છોડવી. છ દ્રવ્યો, તેના અનંત ગુણો, પર્યાયો -એવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞ સિવાય બીજા માર્ગમાં ત્રણ કાળમાં નથી. સર્વજ્ઞ વીતરાગમાર્ગને બીજા માર્ગો સાથે ત્રણ કાળમાં મેળ નથી. માટે તે માર્ગના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણે નિરવશેષપણે છોડવા.

**અથવા**

નિજ કારણપરમાત્માના શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતાથી વિમુખતા તે મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે, તેને પણ તદ્દન છોડવા. એક સમયની ક્ષણિક પર્યાયને જ આખો આત્મા માનવો તે ત્રિકાળી તત્ત્વની શ્રદ્ધાથી વિમુખપણું છે, તે મિથ્યાશ્રદ્ધા છે. શરીરાદિ તો પર છે, ને એક સમયની ઊઘડેલી જ્ઞાનાદિની પર્યાય તે પણ આત્માનું આખું સ્વરૂપ નથી, તેને જ આખો આત્મા માની લેવો તે પર્યાયબુદ્ધિ છે, તે મિથ્યાશ્રદ્ધા છે. ત્રિકાળી અખંડ જ્ઞાયકમૂર્તિ આત્માની શ્રદ્ધા કરીને તે મિથ્યાશ્રદ્ધા છોડવી. અને ત્રિકાળી અખંડ આત્મા સિવાય અધૂરા જ્ઞાનને, અધૂરી દશાને આત્મા જાણવો તે મિથ્યાજ્ઞાન છે.

એક સમયની મતિ, શ્રુત વગેરે પર્યાયની જ બુદ્ધિ રાખવી અને ત્રિકાળી સ્વભાવની બુદ્ધિ છોડવી તેને જ મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન કહે છે, તેને છોડવા.

પહેલાં તો સર્વજ્ઞદેવના માર્ગથી વિપરીતમાર્ગના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતાને છોડવાનું કહ્યું અને હવે આત્માના સ્વભાવથી વિપરીત એવા મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને છોડવાનું કહે છે. ચૈતન્યના સ્વભાવથી વિપરીત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે મિથ્યા રત્નત્રય છે. તેની ભાવના અનંતવાર ભાવી છે. પણ ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને કદી ભાવ્યાં નથી. માટે કહે છે કે ચૈતન્યથી વિમુખ એવા મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને સમસ્તપણે છોડવાં. જો એક સમય પણ દૃષ્ટિમાં ત્રિકાળી સ્વભાવની મુખ્યતા છૂટીને પર્યાયની મુખ્યતા થાય તો મિથ્યાત્વ થઈ જાય છે. વર્તમાન પર્યાયમાં સર્વસ્વ



માનવું તે ચૈતન્યસ્વભાવથી વિમુખતા છે, તે જ મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે. તેને પણ સર્વ પ્રકારે છોડવાં. પ્રતિક્રમણ કહેવું છે તેથી તેને છોડવાની વાત કરી છે. ખરેખર તો ત્રિકાળી ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરતાં મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છૂટી જાય છે. પર્યાયને અંતર્મુખ અભેદ ન કરતાં નિમિત્ત અને સંયોગના આશ્રયથી લાભ માનવો તે મિથ્યા રત્નત્રય છે, તેને છોડવાં.

મિથ્યા રત્નત્રયને છોડવાની વાત કરી. હવે શું કરવું ? એટલે કે કોના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરવા? તે અસ્તિથી કહે છે. કેવા આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે તે બતાવે છે.

''ત્રિકાળ નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવો, નિરંજન નિજ પરમ પારિણામિક-ભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે; તેના સ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણનું રૂપ તે ખરેખર નિશ્ચય રત્નત્રય છે.''

પર્યાયમાં આવરણ છે પણ ત્રિકાળી નિજ પરમાત્મસ્વરૂપમાં આવરણ નથી. મારો આત્મસ્વભાવ તો ત્રિકાળ નિરાવરણ છે અને નિત્ય આનંદ જ તેનું એક લક્ષણ છે. પર્યાયમાં આનંદ ન હતો ને પ્રગટ્યો તે તો પર્યાય છે, પણ મારો સ્વભાવ તો ત્રિકાળ આનંદ લક્ષણથી ભરપૂર છે. -આવા પોતાના આત્માની જે શ્રદ્ધા કરે તેને સમ્યગ્દર્શન થાય છે અને તેને મિથ્યાત્વનું પ્રતિક્રમણ થાય છે. આવા આત્માની શ્રદ્ધા વગર મિથ્યાત્વનું પ્રતિક્રમણ થતું નથી. ત્રિકાળી આનંદસ્વરૂપ આત્મા છે, તેમાં આનંદનું ઓછાપણું કે વધવાપણું નથી, ત્રિકાળ એકરૂપ આનંદલક્ષણ છે. સદાય આનંદમય નિજ પરમ પારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા એવો મારો આત્મા છે. આવા આત્માના શ્રદ્ધાન-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા કરવી તે નિશ્ચય રત્નત્રય છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

આત્મા જ એને કહ્યો કે જે ત્રિકાળ એકરૂપ પરમ સ્વભાવથી ભરેલો કારણપરમાત્મા છે. તારે જે સિદ્ધપદનું કાર્ય જોઈતું હોય તે કાર્યનું કારણ આ આત્મામાં ભર્યું છે, તેથી તે કારણપરમાત્મા છે, તેના આશ્રયે સિદ્ધદશારૂપી કાર્ય આવશે. ક્યાંય બહારથી તે કાર્ય આવતું નથી. સમયે સમયે જે નવી નવી પર્યાય આવે છે તે ક્યાંથી આવે છે ? પરમાંથી આવતી નથી, ને પર્યાયમાંથી પણ પર્યાય આવતી નથી, ધ્રુવ કારણપરમાત્મામાંથી જ નવી નવી અવસ્થાઓ આવે છે. એવા કારણ-પરમાત્માના પ્રતીત, જ્ઞાન અને એકાગ્રતા તે જ નિશ્ચય રત્નત્રય છે. આવા નિશ્ચય રત્નત્રયવાળા મુનિઓને જ પરમાર્થ-પ્રતિક્રમણ હોય છે.

ક્ષાયિકભાવ જેટલો પણ આત્મા નથી. ક્ષાયિકભાવ તો ક્ષણિક પર્યાય છે, તેમાંથી નવી પર્યાય આવતી નથી. નિત્ય આનંદ જેનું લક્ષણ છે એવો ભગવાન કારણપરમાત્મા છે, તે જ આત્મા છે.

તે નિત્ય આનંદ લક્ષણથી જ લક્ષિત થાય છે, ક્ષણિક પર્યાયથી તે લક્ષિત થતો નથી. લક્ષણ અને લક્ષ્ય બન્ને ધ્રુવ છે. તે આનંદ લક્ષણ વડે લક્ષ્યને નક્કી કરનારી તો પર્યાય છે. પણ લક્ષણ તો નિત્ય આનંદ છે તે ધ્રુવ છે. લક્ષ્ય અને લક્ષણ બન્ને નિત્ય-ધ્રુવ છે; એમ બન્નેને અભેદ લીધા છે. પર્યાયને લક્ષણ ન કહ્યું, પણ ધ્રુવ આનંદને જ લક્ષણ કહ્યું છે. એવા નિત્ય આનંદ લક્ષણથી ધ્રુવ આત્માને જેણે લક્ષમાં લીધો તે પર્યાય પોતે મોક્ષમાર્ગ છે. પણ તે એક સમયની પ્રગટ પર્યાયને અમે આખો આત્મા કહેતા નથી. આત્મા ત્રિકાળ એકરૂપ નિરાવરણ છે, તે વસ્તુસ્વભાવને કદી આવરણ નથી. નિગોદદશા વખતે પણ વસ્તુસ્વભાવ તો નિરાવરણ જ છે. જો નિત્ય વસ્તુને આવરણ હોય તો વસ્તુનો જ અભાવ થઈ જાય. આવરણ તો ક્ષણિક પર્યાયમાં છે અને તે પર્યાય પલટી જાય છે. જે ચીજ આવરણવાળી હોય તે ચીજ ત્રિકાળ ન હોય.

જેમ ક્ષણિક પર્યાયમાં આવરણ છે, તો તે પર્યાયમાં નિર્મળતાનો અભાવ છે; તેમ જો ત્રિકાળી વસ્તુસ્વભાવમાં આવરણ હોય તો તે ત્રિકાળ શુદ્ધ સ્વભાવનો જ અભાવ થઈ જાય. ધ્રુવ આત્મા તો ત્રિકાળ આવરણ વગરનો જ છે. એવા ત્રિકાળી નિરાવરણ કારણપરમાત્માની સન્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા તે જ નિશ્ચય રત્નત્રય છે.

આવો મનુષ્ય અવતાર પામીને આત્માની ઓળખાણ કરવી તે એક જ શરણભૂત છે. એ સિવાય બીજું કાંઈ શરણભૂત નથી. અહો ! જુવાનજોધ માણસો ક્ષણમાં ચાલ્યા જાય છે; ચૈતન્યનું ભાન કરીને તેનું શરણ ન લીધું તો આ મનુષ્ય દેહ તો ક્ષણમાં ફૂ... થઈ જશે. માટે આવા ત્રિકાળી આત્માની પ્રતીત કરવી તે જ કરવા જેવું છે; અને તે જ જીવને શરણભૂત છે.

ભગવાન આત્મા ત્રિકાળ વસ્તુ છે, તેની ત્રિકાળી શક્તિમાં કદી આવરણ થયું નથી. સિદ્ધ અને નિગોદ એ તો બન્ને અવસ્થાઓ છે; અવસ્થામાં આવરણ હતું ને ટળ્યું તે બન્ને ક્ષણિક છે. પણ આત્મા ધ્રુવ ત્રિકાળી વસ્તુ છે તેમાં આવરણ કદી છે જ નહિ. એવા કારણપરમાત્માની સન્મુખ થઈને તેના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરવા તે નિશ્ચય રત્નત્રય છે. આવા સ્વભાવથી વિમુખતા તે મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-રમણતા છે તે છોડવા જેવા છે અને સ્વભાવની સન્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરવા તે નિશ્ચય રત્નત્રય છે.

''આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી એવો જે પરમ પુરુષાર્થપરાયણ ( પરમ તપોધન) શુદ્ધ રત્નત્રયાત્મક આત્માને ભાવે છે, તે પરમ તપોધનને જ (શાસ્ત્રમાં) નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહ્યો છે.''

હું ત્રિકાળી ભગવાન છું - એવા ભણકાર જાગ્યા વિના પ્રગટ ભગવાન થવાનો નથી. હું જ ત્રિકાળ ભગવાન છું - એમ અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન કરીને ભગવાનના ભણકાર લાવ !

જે પોતાના ભગવાન પરમાત્મસુખના અભિલાષી છે, અને પરમ પુરુષાર્થપરાયણ છે; એવા પરમ



તપોધન મુનિ પોતાના શુદ્ધ રત્નત્રયાત્મક અભેદ આત્માને ભાવે છે, તે જ નિશ્ચય પ્રતિક્રમણ છે.

પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. કોની સામે જોઈ પાછો ફર્યો ? કે પોતાનો શુદ્ધ રત્નત્રયસ્વરૂપ અભેદ આત્મા છે તેની ભાવના વડે મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી પાછો ફર્યો. જગતમાં તો એક અવતાર છોડીને બીજો અવતાર ધારણ કરે છે તેને ''પાછો ફર્યો'' એમ કહેવાય છે. અને અહીં તો કહે છે કે જે ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરીને જે જીવ પુણ્ય-પાપથી પાછો ફર્યો તેને ફરીને અવતાર હોતો જ નથી, એટલે તે નિશ્ચય પ્રતિક્રમણ છે.

હવે આ ૯૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૨૨**

(वसंततिलका)

**त्यक्त्वा विभावमखिलं व्यवहारमार्ग-**
**रत्नत्रयं च मतिमान्निजतत्त्ववेदी।**
**शुद्धात्मतत्त्वनियतं निजबोधमेकं**
**श्रद्धानमन्यदपरं चरणं प्रपेदे॥ १२२॥**

**શ્લોકાર્થ** : સમસ્ત વિભાવને તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને નિજતત્ત્વવેદી (નિજ આત્મતત્ત્વને જાણનાર-અનુભવનાર) મતિમાન પુરુષ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત (-શુદ્ધાત્મતત્ત્વપરાયણ) એવું જે એક નિજજ્ઞાન, બીજું શ્રદ્ધાન અને વળી બીજું ચારિત્ર તેનો આશ્રય કરે છે. ॥ ૧૨૨ ॥

અહીં સમસ્ત વિભાવ છોડવાનું કહ્યું તેમાં વ્યવહાર રત્નત્રય પણ ભેગાં જ આવી જાય છે; છતાં કોઈ વ્યવહાર રત્નત્રયને મોક્ષનું કારણ માને તો તેને માટે ખાસ વ્યવહાર રત્નત્રયને જુદા પાડીને કહ્યું કે સમસ્ત વિભાવને તેમ જ વ્યવહાર રત્નત્રયને પણ છોડવાં. જે બુદ્ધિમાન નિજ પરમતત્ત્વનો જાણનાર છે તે જીવ સમસ્ત વિભાવને અને વ્યવહાર રત્નત્રયને પણ છોડીને શુદ્ધાત્મ તત્ત્વમાં જ નિયત એવું જ્ઞાન, તેની પરમ શ્રદ્ધા અને તેમાં જ આચરણનો આશ્રય કરે છે. આવું પ્રતિક્રમણ ધર્મીને સદાયે ચોવીસે કલાક હોય છે, પ્રતિક્રમણ તો સાંજે ને સવારે જ હોય- એમ નથી. અહીં તો કહે છે કે જેણે ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કર્યા તેને સદાય પ્રતિક્રમણ છે, તેને પ્રતિક્રમણમાં એક સમયનો પણ વિરહ હોતો નથી. ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મામાં દર્શન, જ્ઞાન અને એકાગ્રતા તે જ નિશ્ચય ધ્યાન છે, તે જ નિશ્ચય પ્રતિક્રમણ છે, તે જ નિશ્ચય સામાયિક છે. વ્યવહારમાં સામાયિક ને પ્રતિક્રમણ વગેરેનું અનેક પ્રકારે વર્ણન આવે, પણ નિશ્ચય શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં ઠર્યો તેમાં બધી ઈન્દ્રજાળ સંકેલાઈ જાય છે. નિજ તત્ત્વનું અવલંબન કર્યું, તેમાં સામાયિક ને પ્રતિક્રમણ વગેરે બધા અર્થો સમાઈ જાય છે.

મુનિને ઉંઘ વખતે ય ચૈતન્યના આશ્રયે જેટલી વીતરાગી પરિણતિ છે તેટલું પ્રતિક્રમણ છે. ચૈતન્યના આશ્રયે પરિણતિ પ્રગટી છે તેટલું નિશ્ચય પ્રતિક્રમણ સદાય છે.



## ગાથા ૯૨

**उत्तमअट्ठं आदा तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं।**
**तम्हा दु झाणमेव हि उत्तमअट्ठस्स पडिकमणं॥ ९२॥**

**उत्तमार्थ आत्मा तस्मिन् स्थिता घ्नन्ति मुनिवराः कर्म।**
**तस्मात्तु ध्यानमेव हि उत्तमार्थस्य प्रतिक्रमणम्॥ ९२॥**

**આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;**
**તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.**

**અન્વયાર્થ :** (**उत्तमार्थः**) ઉત્તમાર્થ (-ઉત્તમ પદાર્થ) (**आत्मा**) આત્મા છે. (**तस्मिन् स्थिता**) તેમાં સ્થિત (**मुनिवराः**) મુનિવરો (**कर्म घ्नन्ति**) કર્મને હણે છે. (**तस्मात् तु**) તેથી (**ध्यानम् एव**) ધ્યાન જ (**हि**) ખરેખર (**उत्तमार्थस्य**) ઉત્તમાર્થનું (**प्रतिक्रमणम्**) પ્રતિક્રમણ છે.

મુખ્યપણે મુનિને ઉદ્દેશીને વાત છે, પણ ગૃહસ્થોએ પણ તેનું તો જ્ઞાન કરવું જોઈએ કે નિશ્ચયથી મુનિનું ઉત્તમાર્થ પ્રતિક્રમણ શું છે ? ચૈતન્યના ભાન વિના આહાર આદિ છોડીને દેહ ત્યાગી દેવો તે કાંઈ પરમાર્થે પ્રતિક્રમણ નથી. પણ ઉત્તમાર્થ એવો જે પોતાનો આત્મા તેના આશ્રયે રહેવું તે જ સાચું ઉત્તમાર્થ-પ્રતિક્રમણ છે. આ આત્માને માટે પોતાનો આત્મા જ સર્વોત્તમ પદાર્થ છે. એ સિવાય અરિહંત કે સિદ્ધનો આત્મા પણ પોતાને માટે ઉત્તમ પદાર્થ નથી. કેમ કે તેમના આત્મામાંથી કાંઈ આ આત્માનું કલ્યાણ નીકળવાનું નથી. પોતાના આત્માના આશ્રયે જ પોતાનું કલ્યાણ છે, માટે હે જીવ ! તારા માટે તો તારો આત્મા જે ઉત્તમમાં ઉત્તમ પદાર્થ છે, એવા ઉત્તમ પદાર્થના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં સ્થિર રહેનારા મુનિઓ કર્મને હણે છે, તેથી તે મુનિઓને જે પોતાના ઉત્તમ આત્મપદાર્થનું ધ્યાન છે તે જ ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે. ગૃહસ્થોએ પણ પહેલાં આવી શ્રદ્ધા કરવી જોઈએ.

**ટીકા :** અહીં (આ ગાથામાં), નિશ્ચય ઉત્તમાર્થ પ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે. જિનેશ્વરના માર્ગમાં મુનિઓની સલ્લેખનાના વખતે, બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે, દેહત્યાગ વ્યવહારથી ધર્મ છે.

મુનિઓને દેહ છૂટવાનો સમય નજીક આવતાં તે સલ્લેખના કરે છે. અહો ! જેને ચૈતન્યનું ભાન છે, જે કારણપરમાત્માના આશ્રયે પડ્યો છે, એવા મુનિ દેહ છૂટવાનો સમય નજીક આવતાં સલ્લેખના કરે છે. ત્યારે ૪૨ આચાર્યો પાસે જઈને આજ્ઞા માંગે છે. આ તો સારા કાળની વાત છે, અત્યારે તો ૪૨ આચાર્યો ક્યાં છે ? ૪૨ આચાર્યો ન હોય તો છેવટ બે આચાર્યને પૂછીને સલ્લેખના કરે

એવી પણ વાત આવે છે. જર આચાર્યને પૂછે તેમાં ખરેખર પોતાને પોતાના પરિણામની ઉગ્ર દૃઢતા છે, ખરેખર તો સંથારો કરવાના ભાવ ત્યાં સુધી ટકી રહે છે, એટલે નિઃશંકપણે હું સમાધિમરણ કરીશ, મારો આ ભાવ ઠેઠ સુધી એવો ને એવો ટકી રહે છે. એ રીતે આ વ્યવહારની વાત કરી.

નિશ્ચયથી તો ઉત્તમ અર્થ એવા પોતાના આત્મસ્વભાવમાં સ્થિત રહેવું તે જ સાચી સલ્લેખના છે અને તે ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે - એમ હવે કહેશે.

**માગશર સુદ ૮, ગુરુવાર, ૬-૧૨-૫૧.**

સવારે શ્રી નિયમસારજી હરિગીતની સ્વાધ્યાય હતી.

**શ્રી નિયમસારની ૫૩મી ગાથાનું સ્પષ્ટીકરણ**

આ નિયમસાર શાસ્ત્ર આચાર્ય શિરોમણિ ભગવાન કુંદકુંદાચાર્યદેવે રચ્યું છે અને તેના પર સંસ્કૃત ટીકા અધ્યાત્મમસ્ત મહામુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવે રચી છે. અહીંથી (સોનગઢથી) શ્રી નિયમસારનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત થયો છે. તેમાં ૫૩મી ગાથાનો જે અર્થ કરવામાં આવ્યો છે તેના વિશે એક ભાઈએ શંકા વ્યક્ત કરી છે અને તે અર્થને વિપરીત કહ્યો છે. વસ્તુતઃ તો પ્રસ્તુત અર્થ જ ટીકા સાથે પરિપૂર્ણ રીતે બંધબેસતો અને ન્યાયસંગત છે; છતાં તે વિષે શંકા ઉપસ્થિત કરવામાં આવી હોવાથી નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવું ઉચિત ધારું છું.

મૂળ ગાથા, તેની સંસ્કૃત છાયા અને સંસ્કૃત ટીકા નીચે પ્રમાણે છે.

**सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा ।**
**अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी ॥ ५३ ॥**

**सम्यक्त्वस्य निमित्तं जिनसूत्रं तस्य ज्ञायकाः पुरुषाः ।**
**अन्तर्हेतवो भणिताः दर्शनमोहस्य क्षयप्रभृतेः ॥ ५३ ॥**

अस्य सम्यक्त्वपरिणामस्य बाह्यसहकारिकारणं वीतरागसर्वज्ञमुखकमलविनिर्गसमस्तवस्तुप्रतिपादनसमर्थद्रव्य-श्रुतमेव तत्त्वज्ञानमिति । ये मुमुक्षुवः तेऽप्युपचारतः पदार्थनिर्णयहेतुत्वात् अंतरंगहेतव इत्युक्ताः दर्शनमोहनीयकर्म क्षयप्रभृतेः सकाशादिति ।

ગાથા અને ટીકાનો અનુવાદ નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે :-

(सम्यक्त्वस्य निमित्तं) સમ્યક્ત્વનું નિમિત્ત (जिनसूत्रं) જિનસૂત્ર છે; (तस्य ज्ञायकाः पुरुषाः) જિનસૂત્રના જાણનારા પુરુષોને (अन्तर्हेतवः) (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ (भणिताः) કહ્યા છે, (दर्शनमोहस्य क्षयप्रभृतेः) કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.



આ સમ્યક્ત્વ પરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે. જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.

ટીકાકાર મુનિવરના અભિપ્રાયમાં મૂળ ગાથાનો શો અર્થ છે તે ગાથા અને ટીકા સરખાવીને આપણે જોઈએ :-

'सम्यक्त्वस्य निमित्तं जिनसूत्रं' એટલો જે ગાથાનો ભાગ છે તેની ટીકા :-

'अस्य सम्यक्त्वपरिणामस्य बाह्यसहकारिकारणं वीतरागसर्वज्ञमुखकमलविनिर्गतसमस्तवस्तुप्रतिपादनसमर्थ-द्रव्यश्रुतमेव तत्त्वज्ञानमिति' એ પ્રમાણે છે; માટે ટીકાના અર્થ સાથે સરખાવતા નિઃસંદેહપણે સ્પષ્ટ થાય છે કે ગાથાના તે ભાગનો અર્થ 'સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે' એમ જ થઈ શકે.

'तस्य ज्ञायकाः पुरुषाः अन्तर्हेतवो भणिताः दर्शनमोहस्य क्षयप्रभृतेः' એટલો જે ગાથાનો ભાગ છે તેની ટીકા :

'ये मुमुक्षवः तेऽप्युपचारतः पदार्थनिर्णयहेतुत्वात् अंतरंगहेतव इत्युक्ताः दर्शनमोहनीयकर्मक्षयप्रभृतेः सकाशादिति' એ પ્રમાણે છે; માટે ગાથાના આ ભાગનો અર્થ આમ જ થઈ શકે કે :

'જિનસૂત્રના જાણનારા પુરુષોને (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.'

આ સિવાય બીજો કોઈ અર્થ ટીકા સાથે સંગત જ નથી.

ગાથાનું વિસ્તૃત રૂપ તે જ ટીકા અને ટીકાનું સંક્ષિપ્ત રૂપ તે જ ગાથા. ગાથામાં સંક્ષેપથી સમાયેલા કસને વિકસાવવામાં આવે તો ટીકા બને અને ટીકાના વિસ્તારને ઘટ્ટ બનાવીને સંક્ષેપવામાં આવે તો ગાથા બને. આ કસોટી ૫૩મી ગાથા ઉપર અજમાવીએ એટલે કે તેની ગાથાને (ગાથાના અર્થને) વિસ્તારીએ તો શ્રી પદ્મપ્રભદેવકૃત ટીકા બને છે અને શ્રી પદ્મપ્રભદેવકૃત ટીકાને સંક્ષેપી નાખીએ તો તે મૂળ ગાથારૂપે (-ગાથાના અર્થરૂપે) થઈને ઊભી રહે છે. આ રીતે સિદ્ધ થાય છે કે ગાથાનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ વ્યાજબી છે અને ટીકાકાર મહામુનિવરે તે જ અર્થને કુંદકુંદભગવાનના હૃદયમાં રહેલો પારખીને ટીકારૂપે વિકસાવ્યો છે; બીજો કોઈ અર્થ ઘટતો નથી.

અહીં એમ કહ્યું છે કે કોઈ જીવના સમ્યક્ત્વપરિણામમાં જિનસૂત્ર 'બાહ્ય સહકારી કારણ' છે અને અન્ય *મુમુક્ષુઓ (સમ્યગ્દષ્ટિઓ, મુનિઓ વગેરે - *જ્ઞાનીઓને મુમુક્ષુ કહેવામાં આવે છે. શ્રી નિયમસારની ટીકામાં ઘણા સ્થળોએ મુનિઓને પણ મુમુક્ષુ કહ્યા છે.) તે જીવના સમ્યક્ત્વ પરિણામમાં ઉપચારથી 'અંતરંગ હેતુઓ' છે. કારણ કે તે મુમુક્ષુઓને (જ્ઞાનીઓને) દર્શનમોહના ક્ષયાદિક છે.

અહીં કોઈ જીવના સમ્યક્ત્વપરિણામમાં તેનાથી ભિન્ન એવા અન્ય જ્ઞાનીઓને અંતરંગ હેતુભૂત કહ્યા હોવાથી 'ઉપચાર' શબ્દ વાપર્યો છે, અને તે જ્ઞાનીઓ દર્શનમોહના ક્ષયાદિવાળા હોવાથી અર્થાત્ સમ્યક્ત્વપરિણામે પરિણમેલા હોવાથી તેમને (ભલે ઉપચારથી પણ) 'અંતરંગ' હેતુઓ કહ્યા છે. સમ્યક્ત્વપરિણમનરહિત કેવળ શાસ્ત્રપાઠી જીવોને દર્શનમોહના ક્ષયાદિ નહિ હોવાથી તેઓ (ઉપચારથી પણ) અંતરંગહેતુપણાને પ્રાપ્ત નથી. જિનસૂત્રને પણ કોઈ રીતે અંતરંગહેતુપણું નથી. આ રીતે કોઈ પણ જીવને સમ્યક્ત્વપરિણામ અર્થે, સમ્યક્ભાવે પરિણત અન્ય જ્ઞાની પુરુષો અંતરંગ નિમિત્ત છે એમ અહીં મહામુનિવરે પ્રણીત કર્યું છે. જિનસૂત્રને અંતરંગ નિમિત્ત કહ્યું નથી અને કેવળ શાસ્ત્રપાઠી મિથ્યાદૃષ્ટિ જીવોની તો અહીં ગણના જ કરી નથી.

અધ્યાત્મમસ્ત યોગીન્દ્રે આવી સ્પષ્ટ વાત કરી હોવા છતાં જો કોઈને સમ્યક્ભાવે પરિણમેલા જ્ઞાનીપુરુષોનું (ઉપચારથી) અંતરંગહેતુપણું ભાસતું ન હોય અને જિનસૂત્રનું, શાસ્ત્રપાઠી મિથ્યા-દૃષ્ટિઓનું અને સમ્યક્ત્વભાવે પરિણમેલા જ્ઞાનીપુરુષોનું ત્રણેનું સમાનપણું જ ભાસતું હોય તો તેમણે મધ્યસ્થતાપૂર્વક ફરીફરીને વિચારવું યોગ્ય છે અને મહામુનિવરોએ નિરૂપેલું જ્ઞાનીપુરુષોનું અંતરંગ નિમિત્તપણું હૃદયમાં બેસાડવા યોગ્ય છે.

જે મહાત્માઓના જ્ઞાનમાં જ્ઞાનીપુરુષોને વિષે સમ્યક્ત્વનું અંતરંગનિમિત્તપણું સ્પષ્ટ ભાસ્યું તે જ્ઞાનને અનંતશઃ વંદન હો.

**સોનગઢ** **-હિંમતલાલ જેઠાલાલ શાહ.**

## માગશર સુદ ૯, શુક્રવાર, ૭-૧૨-૫૧.

મુનિને નિશ્ચયથી ઉત્તમાર્થ નામનું પ્રતિક્રમણ કેવું હોય તેની આ વાત ચાલે છે. ખરેખર બધા પદાર્થોમાં ઉત્તમ એવો જે પોતાનો આત્મા, તેનું ભાન થતાં મિથ્યાત્વનું પ્રતિક્રમણ થાય છે. તે ઉપરાંત અહીં તો મૃત્યુની નજીકતા વખતે, અનંતકાળમાં નહિ કરેલું એવું ઉત્તમાર્થ પ્રતિક્રમણ મુનિને કેવું હોય છે તેની વાત છે.

પહેલાં મુનિના વ્યવહાર ઉત્તમાર્થ પ્રતિક્રમણની વાત કરે છે. ''જિનેશ્વરના માર્ગમાં મુનિઓની સલ્લેખનાના વખતે, બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે, દેહત્યાગ વ્યવહારથી ધર્મ છે.'' મુનિએ પહેલાં શુદ્ધ કારણપરમાત્માનું ભાન કરીને અનાદિના મિથ્યાત્વને તો છોડ્યું છે, ને પછી તેમાં વિશેષ સ્થિરતાથી કેટલોક કાળ મુનિદશા પણ પાળી છે. પછી સમાધિમરણના ટાણાં આવતાં, તે શેમાં ઠરે છે ને શેનાથી પાછો ફરે છે તે બતાવે



છે. દેહ તો દેહના છૂટવાના કાળે છૂટી જાય છે. પણ તે વખતે મુનિ પોતાના સ્વરૂપમાં સ્થિર રહીને શાંતિને જાળવી રાખે છે - તે જ તેનું ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે. તે ઉત્તમાર્થ પ્રતિક્રમણ કરીને સમાધિમરણ કરવાનો અભિલાષી મુનિ ૪૨ આચાર્યોને પૂછે છે, એટલે ત્યાં સુધી પોતાનો તે પ્રકારનો ભાવ લંબાય છે -એવી તે ભાવની દૃઢતા છે. જેઓ વિચક્ષણ હોય -સમાધિમરણના બધા પ્રકારો જાણતાં હોય- એવા સમર્થ આચાર્યો પાસેથી સમાધિમરણથી દેહત્યાગ કરવાની આજ્ઞા લ્યે છે. તેમાં નિમિત્ત તરીકે ૪૨ આચાર્યોની આજ્ઞા અને દેહત્યાગ તે વ્યવહારથી ધર્મ છે. કેમ કે તે બધું શુભ રાગમાં જાય છે.

હવે નિશ્ચયથી ઉત્તમાર્થ પ્રતિક્રમણ શું છે તેની વાત કરે છે. નવ પ્રકારના જે અર્થો છે તે નવે અર્થોમાં ઉત્તમ અર્થ એવો પોતાનો આત્મા જ છે, તે આત્મામાં સ્થિરતા કરવી તે જ ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે.

''નિશ્ચયથી - નવ અર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે; સચ્ચિદાનંદમય કારણસમયસારસ્વરૂપ એવા તે આત્મામાં જે તપોધનો સ્થિત રહે છે, તે તપોધનો નિત્ય મરણભીરુ છે; તેથી જ તેઓ કર્મનો વિનાશ કરે છે.''

આત્મા જ્ઞાન અને આનંદમય કારણસમયસારસ્વરૂપ ત્રિકાળ છે; તે ત્રિકાળી ચૈતન્ય ભગવાનમાંથી સિદ્ધદશા પ્રગટે છે, એવો કારણસમયસાર આત્મા જ સમસ્ત પદાર્થોમાં સર્વોત્તમ પદાર્થ છે. એવા આત્મામાં સ્થિરતા તે જ મુનિઓનું ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે. શાસ્ત્રમાં કોઈ મુનિઓને બાર બાર વર્ષના સંથારાના વાત આવે છે, એટલે તે પ્રકારનો અભ્યાસ કરે છે. કોઈ મુનિને તો અચાનક અલ્પકાળમાં પણ દેહ છૂટી જાય છે. પણ સચ્ચિદાનંદમય એવા નિજ કારણપરમાત્મામાં લીનતાપૂર્વક સમાધિથી દેહ છૂટ્યો તેને ઉત્તમાર્થ પ્રતિક્રમણ કહે છે. દેહ તો ઘણાં જીવોના છૂટે છે, પણ ચૈતન્યમાં લીનતાપૂર્વક દેહ છૂટે તે જ સફળ છે.

ત્રિકાળ ધ્રુવ આત્માને ''સમયસાર'' કહ્યો તેમાં ત્રિકાળી ધ્રુવ પરિણમનની વાત પણ આવી ગઈ, કેમ કે સમયસાર એટલે સમ્+અય+સાર : સમ્યક્ પ્રકારે જાણે ને પરિણમે એવો શુદ્ધ આત્મા તે સમયસાર છે. અહીં ત્રિકાળી આત્માને કારણસમયસાર કહ્યો એટલે તેમાં ત્રિકાળી ધ્રુવ જ્ઞાન અને ત્રિકાળી ધ્રુવ પરિણમન પણ ભેગું જ આવી ગયું. એવો સચ્ચિદાનંદ કારણસમયસાર ભગવાન હું છું - એવું પ્રથમ ભાન કરે તે સમ્યગ્દર્શન છે. તે ભાન વિના મુનિપણું હોતું નથી. અહો ! જુવાનજોધ વયમાં દેહ તો છૂટી જાય છે ! તેના દાખલા નજરે બને છે. પણ આવા ભાનપૂર્વક જે દેહ છૂટે તે જ સાચું સમાધિમરણ છે. હું તો ચૈતન્યઘન આત્મા છું, એમ જેણે ભાન કર્યું અને તેમાં જે ઠર્યા તેને એવું સમાધિમરણ થાય છે કે એકાદ ભવે મુક્તિ પામે છે. પણ જેણે જીવનમાં તે પ્રકારનો અભ્યાસ કર્યો હોય-તૈયારી કરી હોય તેને જ છેલ્લા ટાણે સમાધિમરણ થશે. જુઓ ! મુનિ તો સદા સમાધિમરણ માટે તૈયાર છે. સમાધિનો સમય આવતાં સમર્થ આચાર્યોને પૂછે છે કે પ્રભો ! અમને સમાધિમરણની

આજ્ઞા આપો ! અમારી સમાધિમરણની યોગ્યતા છે કે નહિ? એમ આજ્ઞા માંગે છે. સામા આચાર્ય મહા વિચક્ષણ અને સામાના હિતના કામી છે, તે મુનિની યોગ્યતા જોઈને સંથારાની આજ્ઞા આપે છે. મુનિને પોતાના આત્માની તો ખાતરી છે ને આચાર્યની આજ્ઞા મળતાં તેને ઉત્સાહ વધે છે, ને તે ચૈતન્યમાં લીનતાપૂર્વક સમાધિમરણ કરે છે.

જે મુનિઓ દેહથી ભિન્ન આત્મામાં લીન છે તેઓ નિત્ય મરણભીરુ છે. જીવન દરમ્યાન પણ મરણનું જ્ઞાન સાથે ને સાથે જ રાખ્યું હતું એટલે દેહના સંયોગમાં રાગ અને વિયોગમાં દ્વેષ - એવું તેને રહેતું નથી. દેહના સંયોગ વખતે જ તેનાથી ભિન્નતાનું ભાન છે, સંયોગ વખતે જ તેના વિયોગનું ભાન છે, તેથી તેઓ નિત્ય મરણભીરુ છે. જેને દેહના સંયોગથી ભિન્નતાનું ભાન નથી તેને દેહના વિયોગ વખતે ભીંસ પડ્યા વિના રહેશે નહિ. ચૈતન્યની નિત્યતાનું ભાન છે, ને દેહના સંયોગ વખતે જ તેના વિયોગનું ભાન છે, તેને દેહની પ્રીતિ નથી, તેનું નામ જ નિત્ય મરણભીરુ છે. જીવનના સમયે જ તેના વિયોગને જાણીને, તે સંયોગના અભાવરૂપ ચૈતન્યમાં રહેનારા મુનિઓને મરણ વખતે ભય થતો નથી. કેમ કે તેઓ તો નિત્ય મરણભીરુ જ છે. કોઈ પણ ધર્મીને એક ક્ષણ પણ સંયોગથી ભિન્નતાનું ભાન ખસતું નથી, તેથી દેહાદિના સંયોગ વખતે રુચિનો રાગ નથી ને તેના વિયોગમાં અરુચિનો દ્વેષ નથી.

અહોહો ! જગતમાં વૈરાગ્યનો પ્રસંગ દેખીને તો આત્માનું કરવા જેવું છે. શરીર તો બધાનાં છૂટે છે પણ હું તો શરીરથી ભિન્ન ચૈતન્ય કારણપરમાત્મા છું. એવા ભાનથી જેણે દેહાદિને જુદા જાણ્યા છે તેને તો દેહ છૂટવા વખતે ભય થતો નથી. તેણે તો છૂટાને છૂટું જ જાણ્યું છે. અજ્ઞાનીએ જીવન વખતે સંયોગથી ભિન્નતા જાણી નથી તેથી તેને દેહના સંયોગનો રસ અને રાગ છે, ને તેના વિયોગ વખતે દ્વેષ થાય છે. અહો ! સંતો તો જીવન વખતે જ મરણને હાથમાં રાખીને ઊભા છે. એટલે કે તેમને દેહ ઉપર દૃષ્ટિ નથી. તેમને તો દેહથી ભિન્ન ચૈતન્યની સળંગતા ઉપર જ દૃષ્ટિ અને લીનતા છે તેથી તેમને જીવન અને મરણમાં સમતા છે, એવા મુનિઓને સમાધિમરણ થાય છે.

જુઓ ! મુનિઓને ''નિત્ય મરણભીરુ'' કહ્યા ! તેમને મરણનો સમય નવો નથી. જીવન વખતે જ ભાન છે કે અમે તો આ દેહના સંયોગથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્મા છીએ. એવા ચૈતન્યનું ભાન કરીને તેમાં લીનતા છે, તેવા મુનિને જીવવાની હોંશ નથી એટલે મરણનો ભય પણ થતો નથી. જેને જીવવાની હોંશ છે તેને તેના વિયોગમાં ખેદ થયા વિના રહેતો નથી. મુનિ તો કહે છે કે અમે તો ચૈતન્યને અંગીકાર કર્યો છે, ને આ દેહના સંયોગને તો છોડીને જ બેઠા છીએ. તેથી મરણ વખતે દેહનો વિયોગ થાય તે અમારા માટે નવું નથી. એ રીતે જીવન વખતે જ મરણનું ભાન છે, સંયોગ વખતે જ તેનાથી વિયોગનું ભાન છે એવા મુનિને અહીં નિત્ય મરણભીરુ કહ્યા છે. તેમને શરીરનો સંયોગ ઠીક ને વિયોગ અઠીક એવો ભેદ નથી.



અનંતવાર દેહ તો છૂટ્યા તે તો દ્વેષથી છૂટ્યા. હવે આ દેહ તો રાગ-દ્વેષ વગર છૂટે છે; તેનું નામ સમાધિમરણ છે. મુનિઓને આત્મામાં સ્થિરતા છે. કોઈ સમય એવો નથી કે દેહથી ભિન્નતાનું ભાન ન હોય, તેથી તેમને દેહ તો સદાય વિયોગરૂપે જ વર્તે છે. મુનિ ''નિત્ય મરણભીરુ'' છે, તેનો અર્થ તેમને મરણનો ભય છે એમ નથી. પરંતુ તેમને સદાય દેહથી ભિન્નતાનું ભાન છે. ચૈતન્યના ભાનમાં અમારી એકેક પળ કર્મ અને શરીરના અભાવપણે જ પરિણમે છે. જેણે આવું ભાન કરીને ધર્મની શરૂઆત કરી નથી, પૂર્ણતાની પ્રતીત કરી નથી, તેને વચમાં પણ સમાધિ ક્યાંથી હોય ? જેણે ચૈતન્યસ્વભાવનું ભાન કરીને અપૂર્વ શરૂઆત કરી છે, અલ્પકાળે પૂર્ણ મુક્તિની નિઃશંકતા થઈ છે, તેવા જીવને મધ્યમાં સમાધિમરણ થયા વિના રહેતું નથી. પહેલાં સંયોગથી ભિન્નતાનું ભાન થવું જોઈએ. જેને સંયોગથી ભિન્ન ચૈતન્યનું ભાન હોય તે સાધકને મરણનો દ્વેષ ને જીવનનો રાગ રુચિપૂર્વક હોતો નથી.

જુઓ, અહીં તો સમાધિમરણના ઢોલ વાગે છે. જ્ઞાનીને નિઃશંકતા છે કે હું તો જ્ઞાન-દર્શનમય છું - એના ભાનમાં મારે સમાધિ જ છે.

૧૦૨મી ગાથામાં કહેશે કે :-

**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो ।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥ १०२ ॥**

જ્ઞાન-દર્શન લક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગ લક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે.

આ પ્રમાણે સ્વભાવ શું અને સંયોગ શું, તે બન્નેની ભિન્નતાનું ભાન પહેલેથી જ્ઞાનીને વર્તે છે, તેથી તેમને મરણ વખતે સમાધિ જ રહે છે.

અહીં મુનિની વાત છે. મુનિને ઉત્તમ અર્થ એવો જે પોતાનો શુદ્ધ આત્મા તેમાં લીનતા છે, તેથી તેઓને નિત્ય દેહથી ભિન્નતાનું ભાન જ છે, ને કર્મનો વિનાશ જ કરે છે, એવા મુનિને અધ્યાત્મભાષાએ, પૂર્વોક્ત ભેદકરણ વિનાનું ધ્યાન અને ધ્યેયના વિકલ્પો રહિત, નિરવશેષપણે અંતર્મુખ જેનો આકાર છે એવું અને સકળ ઈન્દ્રિયોથી અગોચર નિશ્ચય પરમ શુક્લધ્યાન જ નિશ્ચય ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે એમ જાણવું.

પરમ શુક્લધ્યાન અત્યારે નથી, છતાં મુનિને તેની ઉગ્ર ભાવના છે તેથી કહ્યું કે મુનિને નિશ્ચય પરમ શુક્લધ્યાન જ નિશ્ચયથી ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે.

જુઓ ! મુનિની કેવી ઉગ્ર ભાષા છે.

શ્રીમદ્દનું વચન છે કે :-

**''દિગંબરના તીવ્ર વચનોને લીધે કંઈ રહસ્ય સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લીધે રસ ઠંડાતો ગયો.''** (શ્રીમદ્ રાજચંદ્ર - વર્ષ ૩૩ - આવૃત્તિ બીજી, પૃ. ૫૩૬)

એવા ઉત્તમ શુક્લધ્યાનની જ વાત લીધી કે જેથી બીજો ભવ જ ન કરવો પડે. એવી ઉત્કૃષ્ટ વાતને લક્ષમાં રાખીને તેની વાત કરી છે. આ કાળે મુનિને હજી તેવું પરમ શુક્લધ્યાન નથી પણ ભાવનામાં તેનું જોર છે. મુનિને ચૈતન્યમાં પરમ લીનતા થતાં, પરમ શુક્લધ્યાન તે જ નિશ્ચયથી ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે. તેણે મરણનું એવું પ્રતિક્રમણ કર્યું છે કે ફરીને દેહ જ ધારવો ન પડે. એવા મુનિને અહીં ઉત્તમ પ્રતિક્રમણસ્વરૂપ કહ્યા છે.

''વળી નિશ્ચય ઉત્તમાર્થ પ્રતિક્રમણ સ્વાત્માશ્રિત એવા નિશ્ચય ધર્મધ્યાન અને નિશ્ચય શુક્લધ્યાનમય હોવાથી અમૃતકુંભસ્વરૂપ છે; વ્યવહાર-ઉત્તમાર્થ પ્રતિક્રમણ વ્યવહાર ધર્મધ્યાનમય હોવાથી વિષકુંભ-સ્વરૂપ છે.''

મુનિઓ ચૈતન્યના અમૃતમાં લીન થઈને તે વ્યવહારના વિષકુંભને વમી નાખે છે. વ્યવહાર ધર્મધ્યાન તે પણ રાગ છે, તેથી નિશ્ચયથી તેને પણ વિષકુંભ કહ્યું છે.

એવી રીતે (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત) શ્રી સમયસારમાં(૩૦૬મી ગાથા દ્વારા) કહ્યું છે કે :-

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो ॥**

**ગાથાર્થ** : પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ - એ આઠ પ્રકારનો વિષકુંભ છે.

૧) પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે.

૨) પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.

૩) પરિહાર = મિથ્યાત્વરાગાદિ દોષોનું નિવારણ.

૪) ધારણા = પંચનમસ્કારાદિમંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે.

૫) નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઈચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.

૬) નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.

૭) ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.

૮) શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ કરવી તે.



વિકલ્પ તૂટીને ચૈતન્યના અમૃતસ્વરૂપમાં લીન રહેવું તે જ અમૃત છે, ને તેમાં રાગનો વિકલ્પ ઊઠે તે ઝેર છે, કેમ કે તે રાગ ચૈતન્યના આનંદને લૂંટનારો છે. અજ્ઞાનીની તો વાત જ નથી. પણ મુનિને ચૈતન્યનું ભાન હોવા છતાં, જે પ્રાયશ્ચિત વગેરેનો શુભ વિકલ્પ આવે તેને અહીં નિશ્ચયથી ઝેર કહ્યું છે, દોષ રહિત એવો જે ચૈતન્યસ્વભાવ, તેમાં લીનતા તે જ અમૃતમય પ્રતિક્રમણ છે. વચ્ચે શુભ રાગ આવે તેને મુનિ નિશ્ચયથી ઝેર સમજે છે. અજ્ઞાનીઓ તે વિકલ્પને ધર્મનું કારણ માને છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે એવી પ્રેરણા, અને દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધા -એવો જે શુભ ભાવ છે તે વ્યવહારે પ્રતિસરણ છે, પણ નિશ્ચયથી તો તે ઝેર છે.

સમ્યક્ત્વાદિ ગુણોના નિમિત્તનો વિકલ્પ, કે મિથ્યાત્વાદિ દોષના ત્યાગનો વિકલ્પ, તે બન્ને રાગ નિશ્ચયથી ઝેર છે. ચૈતન્યમાં લીનતા ન હોય ત્યારે તે શુભ હોય ભલે, પણ એમ સમજવું જોઈએ કે નિશ્ચયથી આ રાગ છે, તે ધર્મ નથી, પણ ઝેર છે. વીતરાગસ્વરૂપ વસ્તુ છે તેને પહેલેથી ઓળખવી જોઈએ.

પૂર્વે અશુભભાવ થઈ ગયો હોય તેની નિંદા કરવાનો ભાવ તે શુભભાવ છે. અશુભ દોષોની નિંદા કરતી વખતે તે અશુભભાવ હોતો નથી, પણ દોષ થઈ ગયો તેની નિંદા કરે છે. તે શુભ રાગ પણ નિશ્ચયથી ઝેર છે. રાગરહિત સ્વભાવની રુચિ કરીને રાગની રુચિ છોડવી તે પહેલો ધર્મ છે. આ વાત સમજે પણ નહિ ને સાંભળતાં જ ભડકીને ભાગે, તો તેને ધર્મ ક્યાંથી થશે ? શુભ રાગને પણ ઝેર કહીને તેનાથી ભિન્ન સ્વરૂપમાં ઠરવાનું કહ્યું છે.

એવી રીતે શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની ટીકામાં) ૧૮૯મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(वसंततिलका)

**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः॥**

**શ્લોકાર્થ** : (અરે ! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય ? (અર્થાત્ ન જ હોય.) તો પછી માણસો નીચે નીચે પડતાં થકા પ્રમાદી કાં થાય છે ? નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી ?

જે શાસ્ત્રો બ્રહ્મચર્યના શુભભાવને પણ ધર્મ ન કહે, તો પછી પુનર્લગ્ન વગેરેના અશુભભાવની આજ્ઞા તો તે શાસ્ત્ર કેમ આપે ? શુભને પણ જે ઝેર કહે તે અશુભને તો અમૃત ક્યાંથી જ કહે? શુભને ઝેર કહીને તેને પણ છોડીને શુદ્ધ સ્વરૂપમાં ઠરવાનું કહ્યું છે, તો પછી જીવો શુદ્ધ સ્વરૂપમાં કેમ ઠરતાં નથી ? અને નીચે નીચે પડતાં થકા પ્રમાદી કાં થાય છે ? શુભને પણ છોડીને શુદ્ધતામાં ઊંચે ઊંચે કેમ નથી ચડતા ? અમારો આશય તો શુભને પણ છોડાવીને શુદ્ધતામાં લઈ જવાનો હતો. નિશ્ચયથી શુભને પણ ઝેર કહીને તેને પણ છોડવાનું કહ્યું તો પછી હિંસાદિની પાપભાવ તો આદરવા જેવા ક્યાંથી જ હોય ? શુભને પણ છોડીને શુદ્ધ સ્વરૂપમાં જવા માટે જ અમે શુભને ઝેર કહ્યા છે. શુભ પણ પ્રમાદ છે, તે પ્રમાદને છોડાવીને, અને અપ્રમાદી થઈને શુદ્ધ સ્વરૂપમાં ઠરવાનું કહ્યું છે, માટે શુભ-અશુભથી રહિત સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં ઠરતાં દેહ છૂટ્યો તેને ભગવાન ઉત્તમાર્થ પ્રતિક્રમણ કહે છે. જેને એવા સમાધિમરણે દેહ છૂટ્યો તેને ફરીને દેહ ધારણ કરવાનું રહે નહિ.

**માગશર સુદ ૧૦, શનિવાર, ૮-૧૨-૫૧.**

૯૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૨૩**

(मंदाक्रांता)

**आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं**
**ध्यानध्येयप्रमुखसुतपःकल्पनामात्ररम्यम्।**
**बुद्ध्वा धीमान् सहजपरमानन्दपीयूषपूरे**
**निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे॥ १२३॥**

**શ્લોકાર્થ :** આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે, (અને) ધ્યાન-ધ્યેયાદિક સુતપ (અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ તપ પણ) કલ્પનામાત્ર રમ્ય છે; -આવું જાણીને ધીમાન (-બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા (-લીન થતા) એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે. ॥ ૧૨૩ ॥

જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની શ્રદ્ધા તે પણ ધ્યાન છે, તેનું જ્ઞાન તે પણ ધ્યાન છે ને તેમાં એકાગ્રતા તે પણ ધ્યાન છે. સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય ધ્યાનમાં સમાઈ જાય છે. તે ધ્યાન કહો કે મોક્ષનો માર્ગ કહો. શુદ્ધ ચૈતન્યવસ્તુના ધ્યાન સિવાય બીજો મોક્ષમાર્ગ નથી. એ આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. ભલે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હોય તો તે પણ સંસારનું કારણ છે. ચૈતન્યસ્વભાવ તરફના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરવા તે જ સાચું પ્રતિક્રમણ છે, ને તે જ મુક્તિનો



માર્ગ છે. હિંસાદિના પાપ પરિણામ તો સંસારનું કારણ છે જ, ને દયાદિના શુભ પરિણામ પણ સંસારનું જ કારણ છે. મોક્ષનું કારણ તો ભગવાન ચિદાનંદ આત્માનું રાગરહિત ધ્યાન જ છે. બે વાત કરી કે ચૈતન્યનું ધ્યાન તે મુક્તિનું કારણ અને તે સિવાયનું બધું સંસારનું કારણ.

સર્વજ્ઞ ભગવાન, નિર્ગ્રંથ ગુરુ અને વીતરાગી શાસ્ત્ર કેવા હોય અને તેમણે કહેલો શુદ્ધ આત્મા કેવો છે ? તે જાણીને તેનું ધ્યાન કરવું તે એક જ સંસારના અભાવનું કારણ છે, ને તે સિવાય બીજું બધું સંસારનું કારણ છે. ધ્યાન અને ધ્યેયના ભેદનો વિકલ્પ ઊઠે તે પણ સંસારના કારણમાં જ છે. વીતરાગમાર્ગમાં શુદ્ધ ચૈતન્યના ધ્યાન સિવાય બીજું મોક્ષનું કારણ નથી.

એકલો ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ છે. તેની રુચિ કરીને તેમાં એકાગ્રતા થાય તે જીવને જ પ્રતિક્રમણ છે. એ સિવાય બીજામાં એકાગ્રતા થાય તે સંસારનું કારણ છે. ધ્યેય અને ધ્યાનના ભેદરૂપ જે વ્યવહારતપ એટલે કે વ્યવહાર મુનિપણું તે પણ કલ્પનામાત્ર રમ્ય છે. વ્યવહાર રત્નત્રયનો શુભ રાગ તે પણ કથનમાત્ર રમ્ય છે. ભેદના વિકલ્પનો રાગ ખરેખર આત્માને શાંતિનું કારણ નથી, ચરણાનુયોગમાં શુભ રાગરૂપ વ્યવહાર તપની વાત આવે તે કલ્પનામાત્ર રમ્ય છે, પરમાર્થે તે શુભ રાગરૂપ વ્યવહાર રત્નત્રય પણ સંસારનું કારણ છે. ધ્યાન ધ્યેયના ભેદના વિકલ્પ વગરનું જે શુદ્ધ ચૈતન્ય પરમાત્મતત્ત્વ તેમાં એકાગ્રતારૂપ ધ્યાન તે જ મુક્તિનું કારણ છે.

દરેક આત્મા પરમાત્મશક્તિથી ભરેલો છે, ને કોઈ પરના અવલંબન વગર એકલા પોતાના અંતરતત્ત્વના અવલંબને જ તે પરમાત્મદશા પામી શકે છે. એમ પહેલાં ઓળખીને, તે પરમાત્મતત્ત્વના આશ્રયે જે ધ્યાન છે તે જ મુનિઓને મોક્ષનું કારણ છે. પહેલાં તેવું જ્ઞાન કરીને તેનો આદર કરો અને તે સિવાય બીજા રાગભાવોને સંસારનું કારણ જાણો.

જે બુદ્ધિમાન પુરુષ છે તે આવું જાણીને, સહજ પરમાનંદરૂપી અમૃતના પૂરમાં ડૂબતા એવા સહજ પરમાત્માનો એકનો જ આશ્રય કરે છે. ત્રિકાળી સહજ પરમાત્મતત્ત્વ છે, તે સદાય સહજ અમૃતના વહેણમાં ડૂબેલો છે. તેવા પરમાત્માનો જ આશ્રય કરવો, તે જ બુદ્ધિમાન જીવોનું કર્તવ્ય છે. વ્યવહારનો-રાગનો આશ્રય કરીને લાભ માને તેવો જીવ ખરેખર બુદ્ધિમાન નથી. અહો ! પરમાત્મતત્ત્વ ભગવાન આત્મા તો ત્રિકાળ આનંદઅમૃતથી પરિપૂર્ણ છે. એવા એક આત્માનો જ જે આશ્રય કરે છે તે જીવ આનંદથી પ્રફુલ્લ થઈ જાય છે. અરે ભાઈ ! તારે અમૃતને ચાટવું છે? અમૃતના સ્વાદનો અનુભવ કરવો છે ? - તો તું અંતર્મુખ આત્માનો વિશ્વાસ કરીને તેનો જ આશ્રય કર. તારો આત્મા પરમાનંદરૂપી અમૃતના પૂરમાં ત્રિકાળ ડૂબેલો છે. તેનો આશ્રય કરવો તે જ બુદ્ધિમાનોનું કર્તવ્ય છે.

હવે શુદ્ધાત્માનું ધ્યાન જ ઉપાદેય છે એ વાત ૯૩મી ગાથામાં કરે છે.

**ગાથા ૯૩**

**झाणणिलीणो साहू परिचागं कुणइ सव्वदोसाणं।**
**तम्हा दु झाणमेव हि सव्वदिचारस्स पडिकमणं ॥ ९३ ॥**

**ध्याननिलीनः साधुः परित्यागं करोति सर्वदोषाणाम्।**
**तस्मात्तु ध्यानमेव हि सर्वातिचारस्य प्रतिक्रमणम् ॥ ९३ ॥**

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.**

**અન્વયાર્થ :** (**ध्याननिलीनः**) ધ્યાનમાં લીન (**साधुः**) સાધુ (**सर्वदोषाणाम्**) સર્વ દોષોનો (**परित्यागं**) પરિત્યાગ (**करोति**) કરે છે; (**तस्मात् तु**) તેથી (**ध्यानम् एव**) ધ્યાન જ (**हि**) ખરેખર (**सर्वातिचारस्य**) સર્વ અતિચારનું (**प्रतिक्रमणम्**) પ્રતિક્રમણ છે.

અહીં મુનિદશાની મુખ્ય વાત લીધી છે, તેથી ધ્યાનમાં લીનતાની વાત કરી છે. પણ ત્યાર પહેલાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે કાંઈ જુદી ચીજ નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે પણ શુદ્ધ આત્માના ધ્યાનથી જ થાય છે. ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરીને, તેમાં વિશેષ લીનતા થઈ જતાં મુનિને કોઈ રાગાદિ દોષોની ઉત્પત્તિ જ નથી થતી, તેથી ચૈતન્યના ધ્યાનમાં લીનતા તે જ સમસ્ત અતિચારોનું પ્રતિક્રમણ છે. ચૈતન્યના ધ્યાનની અસ્તિમાં સમસ્ત દોષોની નાસ્તિ છે, તેથી તેનું નામ જ પ્રતિક્રમણ છે.

**ટીકા** : પરમ જિનયોગીશ્વર છે તે અતિ આસન્નભવ્ય જીવ છે, તેમને આત્માની મુક્તિ તદ્દન નજીક વર્તે છે. આવા આસન્નભવ્ય જીવ અધ્યાત્મભાષાએ પૂર્વે કહેલાં સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાનમાં લીન થઈને તેમાં જ અભેદરૂપે સ્થિત રહે છે, તેને સમસ્ત દોષના પરિત્યાગરૂપ પ્રતિક્રમણ છે. સમસ્ત ક્રિયાકાંડના આડંબર વિનાનું અને વ્યવહારતપસ્વરૂપ જે સમસ્ત પ્રકારના ભેદ તેનાથી પણ રહિત, એવું પરમ શુદ્ધ અંતઃતત્ત્વ છે, તે સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર છે. ઇન્દ્રિયો અને વ્યવહાર છે ખરા પણ પરમ શુદ્ધતત્ત્વ તેનાથી અગોચર છે. વ્યવહાર રત્નત્રયથી પણ તે પરમતત્ત્વ અગોચર છે, એવા પરમ શુદ્ધ અંતઃતત્ત્વમાં જે મુનિવરો સ્થિત રહે છે, તેઓ અંતઃતત્ત્વની ભેદકલ્પનાથી પણ નિરપેક્ષ છે. નિશ્ચય શુક્લધ્યાન શુદ્ધ અંતઃતત્ત્વ સંબંધી ભેદની કલ્પનાથી પણ ઉદાસીન છે, શુદ્ધ અંતઃતત્ત્વના ભેદના વિકલ્પથી પણ નિરપેક્ષ છે. અહો ! જુઓ તો ખરા ! આચાર્યદેવની ભાવના ! છેલ્લે કહેશે કે મેં આ નિયમસાર નિજ ભાવના અર્થે રચ્યું છે ! ઘણી અદ્‌ભૂત રચના છે. આચાર્યે



પોતાની ભાવના માટે રચના કરી છે.

આવા પરમ શુદ્ધતત્ત્વનું વારંવાર શ્રવણ-મનન-ચિંતન કરે તો ખબર પડે કે શું ચીજ છે ! બહારની મફતની ઉપાધિમાં રોકાય તો આવા અંતર્મુખ તત્ત્વની સંભાળ ક્યારે કરે ?

અહો ! મુનિઓને તો પોતાના પરમ શુદ્ધ અંતઃતત્ત્વમાં અંતર્મુખ થઈને જે નિશ્ચય શુક્લધ્યાન થયું તેમાં સમસ્ત મોહ-રાગ-દ્વેષરૂપ દોષોનો પરિત્યાગ છે, તેથી તે શુદ્ધાત્મ ધ્યાન જ સમસ્ત દોષોનું પ્રતિક્રમણ છે. શુદ્ધ પરમતત્ત્વનો આશ્રય તે એક જ સમસ્ત દોષના નાશનું કારણ છે.

હવે આ ૯૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૧૨૪**

(अनुष्टुभ्)

**शुक्लध्यानप्रदीपोऽयं यस्य चित्तालये बभौ।**
**स योगी तस्य शुद्धात्मा प्रत्यक्षो भवति स्वयम् ॥ १२४॥**

**શ્લોકાર્થ** : આ શુક્લધ્યાનરૂપી દીપક જેના મનોમંદિરમાં પ્રકાશ્યો, તે યોગી છે; તેને શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે. ॥ ૧૨૪ ॥

શુદ્ધ ચૈતન્ય પરમ તત્ત્વના શ્રદ્ધા-જ્ઞાન પછી જેના મનોમંદિરમાં આ શુક્લધ્યાનરૂપી દીપક પ્રકાશ્યો તે જ યોગી છે; તે યોગીઓને શુદ્ધ ચૈતન્યધ્યાનરૂપી દીપકના પ્રકાશમાં શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે. ચૈતન્યના યોગનો સાધનાર તે યોગી; ચૈતન્યના ધર્મને સાધે તે ધર્મી; ચૈતન્યનું જેને ભાન નથી તેને યોગી કહેતાં નથી. સર્વજ્ઞે કહેલા ચૈતન્યનું ભાન નથી, ને પંદર પંદર દિવસની સમાધિ કરે તેને ખરેખર સમાધિ નથી પણ અસમાધિ છે. મારા શુભયોગને કારણે જગતના કોઈ જીવનું કલ્યાણ થઈ જાય -એ માન્યતા મૂઢની છે. જગતના આત્માઓ જે પોતે પોતાના ચૈતન્યનું ભાન કરીને તેનું ધ્યાન કરશે તેનું કલ્યાણ થશે. પણ મારા ધ્યાનને લીધે પરમાં કાંઈ અસર થાય -એમ ધર્મી માનતા નથી. મારા આત્મામાં એકાગ્રતાથી મને લાભ થાય એને બદલે મારા આત્મામાં એકાગ્રતાથી પરને લાભ થાય એમ જે માને છે તેને તો પરથી નિરપેક્ષ એવા પરમતત્ત્વનું ભાન પણ નથી, તો તેને તેનું ધ્યાન તો હોય જ શેનું ?

જેને હજી પરનું કલ્યાણ કરી દેવાની બુદ્ધિ છે તેને અંતર્મુખ દીપક પ્રગટતો નથી. પર્યાય અંતર્મુખ થઈને એકાગ્ર થઈ તેને પર્યાયમાં ધ્યાનરૂપી દીપક પ્રગટ્યો છે. જેને એવો દીપક પ્રગટ્યો છે તેવા યોગીને શુદ્ધાત્મા સ્વયં પ્રત્યક્ષ થઈ જાય છે. ધ્યાનમાં શુદ્ધાત્માનો આનંદ વેદતા વેદતા કેવળજ્ઞાન થઈને આત્મા પૂર્ણ પ્રત્યક્ષ થઈ જાય છે. આ રીતે શુદ્ધ પરમ તત્ત્વ એવા પોતાના આત્માનું ધ્યાન તે જ મુક્તિનું કારણ હોવાથી ઉપાદેય છે.

પર્યાયને સ્વતંત્ર સમજે, તો પોતાની પર્યાય વડે પરને લાભ થવાનું માને નહિ. પોતાની પર્યાયમાં લાભ ક્યારે ? કે ગુણમાં એકાગ્ર થાય ત્યારે. અને ગુણનો એવો સ્વભાવ છે કે તેમાં એકાગ્ર થાય તે પર્યાય નિર્મળ થાય. પોતાની પર્યાય નિર્મળ થાય તો ગુણમાં એકાગ્રતા કરે, પણ પોતાની પર્યાય નિર્મળ થાય તેથી પરને કાંઈ લાભ થઈ જાય - એમ નથી. બીજા જીવને લાભ ક્યારે થાય ? કે તે જીવ પોતે પોતાની પર્યાયને અંતર્મુખ કરે તો તેને લાભ થાય. આવું પણ જેને ભાન નથી તેને તો ચૈતન્યમાં એકાગ્રતા થતી નથી. પરથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છે તેનું ભાન કરીને તેમાં એકાગ્ર થાય તેને શુક્લધ્યાનરૂપી દીવો પ્રગટે છે. વ્યવહારને લીધે કોઈને સમ્યગ્દર્શનાદિ થઈ જાય -એમ નથી.

શાસ્ત્રમાં અંજન ચોર વગેરેની નિઃશંકતાનું જે દૃષ્ટાંત આવે છે તે તો વ્યવહાર નિઃશંકતા છે, પણ તે જીવ ચૈતન્યનું ભાન કરીને અંતરના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન પામ્યો, તેથી તે વ્યવહારની નિઃશંકતામાં આરોપ આવ્યો છે.

શ્રદ્ધામાં ચૈતન્યની રુચિ ને એકાગ્રતાનું પરિણમન છે.

જ્ઞાનમાં ચૈતન્યના સ્વસંવેદનનું પરિણમન છે.

ચારિત્રમાં ચૈતન્યની વિશેષ રમણતારૂપ પરિણમન છે.

એ રીતે અંતરના ચૈતન્યના આશ્રયે જ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે ને તે જ મુક્તિનું કારણ છે.



હવે આ પરમાર્થ-પ્રતિક્રમણ અધિકારની છેલ્લી ગાથા કહે છે.

વ્યવહાર પ્રતિક્રમણની સફળતા ક્યારે થઈ કહેવાય ? તેની આ વાત છે.

## ગાથા ૯૪

**पडिकमणणामधेये सुत्ते जह वण्णिदं पडिक्कमणं ।**
**तह णच्चा जो भावइ तस्स तदा होदि पडिक्कमणं ।। ९४ ।।**

**प्रतिक्रमणनामधेये सूत्रे यथा वर्णितं प्रतिक्रमणम् ।**
**तथा ज्ञात्वा यो भावयति तस्य तदा भवति प्रतिक्रमणम् ।। ९४ ।।**

**પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને**
**ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.**

**અન્વયાર્થ** : (**प्रतिक्रमणनामधेये**) પ્રતિક્રમણ નામના (**सूत्रे**) સૂત્રમાં (**यथा**) જે પ્રમાણે (**प्रतिक्रमणम्**) પ્રતિક્રમણ (**वर्णितं**) વર્ણવવામાં આવ્યું છે (**तथा ज्ञात्वा**) તે પ્રમાણે જાણીને (**यः**) જે (**भावयति**) ભાવે છે, (**तस्य**) તેને (**तदा**) ત્યારે (**प्रतिक्रमणम् भवति**) પ્રતિક્રમણ છે.

પ્રતિક્રમણસૂત્રમાં સ્વભાવની એકાગ્રતા કરવાનું જ કહ્યું છે. વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ તૂટીને સ્વભાવમાં ઠરે ત્યારે વ્યવહાર પ્રતિક્રમણનું સફળપણું થયું કહેવાય.

ચૈતન્યના શ્રદ્ધા-જ્ઞાન તો જેને થયા છે, ને પછી દ્રવ્યશ્રુતમાં કહેલા પ્રતિક્રમણને જાણીને જે જીવ સ્વરૂપમાં ઠરે છે તેને જ પ્રતિક્રમણ છે. દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ છે તે તો જેની દૃષ્ટિમાં આવ્યું છે, ને પછી પંચમહાવ્રત વગેરેનો વિકલ્પ ઊઠ્યો, મહાવ્રતના દોષ છોડું-એવો વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ ઊઠ્યો, તે વિકલ્પને પણ છોડીને ચૈતન્યના નિશ્ચય ધ્યાનમાં જે ઠરે છે તેને જ વ્યવહાર પ્રતિક્રમણનું સફળપણું છે.

સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્યવાળા તેમ જ ગુણસમૂહના ધરનાર નિર્યાપક આચાર્યોએ દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણ નામના સૂત્રમાં પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે.

જુઓ ! વિચાર તો ઘણા જીવો કરે છે, પણ અહીં તો કહ્યું કે આચાર્યો સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્યવાળા છે. ‘‘છ મહિના વિચાર કરીને ભેંસના શિંગડામાં માથું ભરાવ્યું’’ તે વિચારને વિચાર ન કહેવાય. તેમ પચીસ પચીસ વર્ષો સુધી શાસ્ત્રો ભણે પણ તેમાંથી વ્યવહારના આશ્રયથી લાભ થાય એવો આશય કાઢે તો તેને સારાસારનો વિચાર કરવાનું સુંદર ચાતુર્ય નથી. માટે કહ્યું કે

સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્યવાળા આચાર્યોએ શાસ્ત્રમાં જે પ્રમાણે વર્ણવ્યું છે તે પ્રમાણે પ્રતિક્રમણનું સ્વરૂપ જાણીને, જિનનીતિને નહિ ઉલ્લંઘતા થકા સુંદર ચારિત્રમૂર્તિ મહામુનિઓ સકળ સંયમની ભાવના કરે છે; અહો ! મુનિનો દેદાર જોતાં જ એમ લાગે કે જાણે ચારિત્રની મૂર્તિ હોય ! જેની ઇન્દ્રિયો વિષય તરફથી સંકોચાઈ ગઈ છે, બાહ્યમાં પરિગ્રહ રહિત દશા છે, અને પરમ ગુરુના ચરણના સ્મરણમાં જેનું ચિત્ત આસક્ત છે, એવા મહામુનિવરોને સત્ય પ્રતિક્રમણ હોય છે. આમાં બન્ને વાત કરી કે સકળ સંયમની ભાવનાથી સ્વરૂપમાં ઠરે છે અને જ્યારે વિકલ્પ ઊઠે ત્યારે પરમગુરુ પ્રત્યે ભક્તિનો શુભભાવ પણ આવે છે - એવી દશાવાળા ચારિત્રમૂર્તિ મુનિઓને જ પ્રતિક્રમણ હોય છે.

**માગશર સુદ ૧૧, રવિવાર, ૯-૧૨-૫૧.**

નિશ્ચય પ્રતિક્રમણનો અધિકાર ચાલે છે; ૯૪મી ગાથા પૂરી થઈ છે.

હવે આ પરમાર્થ-પ્રતિક્રમણ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ બે શ્લોક કહે છે.

**શ્લોક ૧૨૫**

(इन्द्रवज्रा)

**निर्यापकाचार्यनिरुक्तियुक्ता-**
**मुक्तिं सदाकर्ण्य च यस्य चित्तम्।**
**समस्तचारित्रनिकेतनं स्यात्**
**तस्मै नमः संयमधारिणेऽस्मै॥ १२५॥**

**શ્લોકાર્થ** : નિર્યાપક આચાર્યોની નિરુક્તિ (-વ્યાખ્યા) સહિત (પ્રતિક્રમણાદિ સંબંધી) કથન સદા સાંભળીને જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન (-ધામ) બને છે, તે આ સંયમધારીને નમસ્કાર હો. ॥ ૧૨૫ ॥

નિર્યાપક એટલે ચારિત્રનો નિર્વાહ કરનારા; તેવા આચાર્યો પાસેથી પ્રતિક્રમણ વગેરેનું સ્વરૂપ જાણીને, ચૈતન્યની શુદ્ધતામાં ઠરવું તે પ્રયોજન છે. શુભભાવ તે ખરું પ્રતિક્રમણ નથી, પણ પુણ્ય-પાપ બન્નેથી પાછા ફરીને ચિદાનંદ આત્મામાં એકાગ્ર થવું તે જ પરમાર્થ પ્રતિક્રમણ છે, તેનું નામ ધર્મ છે અને તે જ મુક્તિનું કારણ છે. પ્રતિક્રમણનું સ્વરૂપ સાંભળીને જે મુનિઓનું ચિત્ત શુદ્ધ ચારિત્રનું ધામ બને છે, શાંત.....શાંત.....થઈને આત્માના આનંદમાં જે ઠરી જાય છે, એવા સંયમધારી સંતોને નમસ્કાર હો !

પ્રતિક્રમણમાં આચાર્યોએ ભલે વ્યવહારથી શુભનું કથન કર્યું હોય, પણ તે સાંભળીને જે જીવ



સ્વભાવમાં એકાગ્ર થઈને લીન થાય છે તેને જ પરમાર્થ-પ્રતિક્રમણ છે; પ્રતિક્રમણનું જેટલું વર્ણન આવે તેનું ફળ તો આ જ છે. પ્રતિક્રમણના શબ્દો કે તે તરફનો રાગ તે ખરું પ્રતિક્રમણ નથી, પણ ચિદાનંદ જ્ઞાયક આત્મામાં લીનતા થવી તે જ પરમાર્થ-પ્રતિક્રમણ છે, એમ સમજીને જેઓ પોતાના આત્મામાં લીન થાય છે તે મુનિઓને સમસ્ત ચારિત્ર છે, ને તેવા સંયમધારીઓને અહીં નમસ્કાર કર્યા છે. વ્યવહારના વિકલ્પ તે ખરું પ્રતિક્રમણ નથી, તેને તો વિષકુંભ કહ્યો હતો. તે વિકલ્પ તોડીને સ્વરૂપમાં ઠરે તેને જ પ્રતિક્રમણનું સફળપણું છે. વ્યવહારના વિકલ્પમાં અટકે તો તેને નિશ્ચય પ્રતિક્રમણ હોતું નથી. નિર્યાપક આચાર્યોએ પણ એ વાત સંભળાવી હતી કે પ્રતિક્રમણનો શુભ વિકલ્પ ઊઠે તે નિશ્ચયથી વિષકુંભ છે, ને શુભાશુભ રહિત થઈને સ્વરૂપમાં લીનતા થાય તે જ અમૃતકુંભમય પ્રતિક્રમણ છે. ગૃહસ્થો આવું ભાન પણ ન કરે અને બહારના શુભ ક્રિયાકાંડથી ધર્મ માને તો તેને ગૃહસ્થપણાનો ધર્મ (-સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન) પણ નથી.

''અહો ! હું આત્મા તો ચૈતન્યપ્રતિમા છું, હું પોતે જ પરમાત્મશક્તિનો પિંડ છું - એવું ભાન કરવું તે ગૃહસ્થોનો ધર્મ છે, ને પછી તેમાં વિશેષ લીન થવું તે મુનિધર્મ છે.''

પુણ્ય-પાપના ભાવો નવા થાય છે, પણ હું ચૈતન્ય તો ત્રિકાળ છું, હું કાંઈ નવો થતો નથી, એમ ન સમજતાં, પુણ્ય-પાપ જેટલો જ પોતાને માને તે અનાદિની ભ્રમણા છે, ને તે જ સંસારભ્રમણનું મૂળ છે. પહેલાં હું શુદ્ધ ચૈતન્ય પરમાત્મા ત્રિકાળ છું - એવું ભાન કર્યા પછી મુનિદશા હોય છે.

ચારે અનુયોગનો સાર તો વીતરાગભાવ છે. પ્રતિક્રમણનું સ્વરૂપ ચરણાનુયોગમાં વર્ણવ્યું તેનો પણ સાર તો વીતરાગતા જ છે. જે શુભરાગ રહે તે શાસ્ત્રનો સાર નથી. ચૈતન્યનો આશ્રય કરીને જેટલી વીતરાગદશા થઈ તેટલો ધર્મ છે -એમ શ્રી તીર્થંકર મહાજનોએ ફરમાવ્યું છે.

''શક્તિમાં તું પોતે ભગવાન છે, તેની સંભાળ કર.....રુચિ કર.....ધ્યાન કર.....એમ શ્રી મહાપુરુષોએ કહ્યું છે.''

ચરણાનુયોગમાં કહેલા પ્રતિક્રમણનો સાર પણ એ જ છે કે ચૈતન્યમાં ઠરવું. જેટલી ચૈતન્યમાં લીનતા થાય તેટલું જ પ્રતિક્રમણ છે.

બીજા પાસે કહે કે ''મને ક્ષમા કરજો, મારા અપરાધની ક્ષમા કરજો.'' પણ અનાદિ અજ્ઞાનથી પોતે પોતાના ચૈતન્યસ્વભાવને વિકારી માનીને તેનો અનાદર કર્યો છે, તે અપરાધની ક્ષમા ચૈતન્ય પાસે માંગતો નથી કે : હે ચૈતન્ય ! અનાદિ અજ્ઞાનથી તને વિકારી માનીને તારો મહા અપરાધ કર્યો છે, હવે શુદ્ધ આત્માનું ભાન કરીને તે અપરાધનું પ્રતિક્રમણ કરું છું માટે ક્ષમા કરજે. પ્રથમ ચૈતન્યનું ભાન કરીને મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યા પછી, ચૈતન્યમાં લીનતાં થતાં મુનિદશારૂપ પ્રતિક્રમણ થાય છે.

હવે છેલ્લો શ્લોક કહે છે :-

**શ્લોક ૧૨૬**

(वसंततिलका)

**यस्य प्रतिक्रमणमेव सदा मुमुक्षो-**
**र्नास्त्यप्रतिक्रमणमप्यणुमात्रमुच्चैः।**
**तस्मै नमः सकलसंयमभूषणाय**
**श्रीवीरनन्दिमुनिनामधराय नित्यम्॥ १२६॥**

**શ્લોકાર્થ** : મુમુક્ષુ એવા જેમને (-મોક્ષાર્થી એવા જે વીરનંદી મુનિને) સદા પ્રતિક્રમણ જ છે અને આણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી, તે સકળસંયમરૂપી ભૂષણના ધરનાર શ્રી વીરનંદી નામના મુનિને નિત્ય નમસ્કાર હો. ॥ ૧૨૬ ॥

ચોવીસે કલાક ચિદાનંદમાં રમનાર સંતોને સદાય પ્રતિક્રમણ હોય છે. પર તરફના વલણથી પાછો ફરીને ચૈતન્યની ગુફામાં ગુપ્ત થઈ ગયો તે મુનિને પરમાર્થ પ્રતિક્રમણ છે, તે જ ધર્મ છે. તે જ મુક્તિનું કારણ છે, તે જ કલ્યાણ અને હિતકારી ક્રિયા છે.

મુનિઓને અહીં 'મુમુક્ષુ' કહ્યા છે. તેઓને ચૈતન્યમાં એકાગ્રતાથી સદા શુદ્ધિની વૃદ્ધિ જ થયા કરે છે અને રાગથી પાછા જ ફર્યા કરે છે. તેથી તેમને સદા પ્રતિક્રમણ છે ને આણુમાત્ર પણ અપ્રતિક્રમણ નથી.

એક સમયનું પ્રતિક્રમણ મુક્તિને આપે, તે પ્રતિક્રમણ કેવું ? અને એક સમયની સામાયિક કેવળજ્ઞાન પમાડે તે સામાયિક કેવી ? બહારમાં બેસી રહેવાની ક્રિયા તે ખરી સામાયિક નથી, પણ ચૈતન્યમાં એકાગ્ર થતાં પુણ્ય-પાપ રહિત સમતાનો જેમાં લાભ થાય તેનું નામ સામાયિક છે, અને તે મુક્તિનું કારણ છે.

સામાયિકના ચાર ભેદ છે.

૧) **દર્શનસામાયિક** : ચૈતન્યબિંબ જ્ઞાયક આત્માનું ભાન અને સમ્યગ્દર્શન તે પ્રથમ દર્શનસામાયિક છે.

૨) **જ્ઞાનસામાયિક** : વીતરાગી આત્મસ્વભાવનું સમ્યગ્જ્ઞાન તે જ્ઞાનસામાયિક છે.

૩) **દેશવિરતિસામાયિક** : સમ્યગ્દર્શન પછી ચૈતન્યમાં અંશે લીનતા થતાં અંશે રાગનો અભાવ થાય તે દેશવિરતિસામાયિક છે.



૪) **સર્વવિરતિસામાયિક** : સમસ્ત પરિગ્રહ રહિત મુનિઓને ચૈતન્યમાં એકાગ્રતા થતાં જે વીતરાગી ચારિત્ર પ્રગટ્યું તે સર્વવિરતિસામાયિક છે.

અહીં શ્રી વીરનંદી નામના મુનિ સકળ સંયમરૂપી આભૂષણના ધરનાર હતા તેમને નમસ્કાર કર્યો છે.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **નિશ્ચય-પ્રતિક્રમણ અધિકાર** નામનો પાંચમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❖❖❖

# ૬. નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર

હવે નીચે પ્રમાણે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર કહેવામાં આવે છે કે જે નિશ્ચય પ્રત્યાખ્યાન સકળ પ્રવજ્યારૂપ સામ્રાજ્યની વિજય ધજાના વિશાળ દંડની શોભા સમાન છે, સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે. મોક્ષની સીડી છે અને મુક્તિરૂપી સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે.

ચારિત્રદશાવાળા મુનિઓને આવું નિશ્ચય પ્રત્યાખ્યાન હોય છે. મુનિઓ પાસે ચારિત્રરૂપી સામ્રાજ્ય હોય છે; તે સામ્રાજ્યના વિજયરૂપી ધજાના દંડની શોભારૂપ આ નિશ્ચય પ્રત્યાખ્યાન છે. વળી તે સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે. મોક્ષની સીડી છે. અહીં શુભને મોક્ષનું પગથિયું નથી કહ્યું, પણ શુદ્ધભાવરૂપ જે નિશ્ચય પ્રત્યાખ્યાન છે તે જ મોક્ષનું પગથિયું છે. અને જેને આવું પ્રત્યાખ્યાન પ્રગટે તેને મુક્તિ થયા વિના રહે નહિ, તેને મુક્તિની અહીં જ નિઃશંકતા થઈ જાય, માટે તે મુક્તિના પ્રથમ દર્શનની ભેટ છે.

અહીં ગાથા સૂત્રનું અવતરણ કરવામાં આવે છે.

**ગાથા ૯૫**

**मोत्तूण सयलजप्पमणागयसुहमसुहवारणं किच्चा ।**
**अप्पाणं जो झायदि पच्चक्खाणं हवे तस्स ॥ ९५ ॥**

**मुक्त्वा सकलजल्पमनागतशुभाशुभनिवारणं कृत्वा ।**
**आत्मानं यो ध्यायति प्रत्याख्यानं भवेत्तस्य ॥ ९५ ॥**

**પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.**

**અન્વયાર્થ** : **(सकलजल्पम्)** સમસ્ત જલ્પને (-વચનવિસ્તારને) **(मुक्त्वा)** છોડીને અને **(अनागतशुभाशुभनिवारणं)** અનાગત શુભ-અશુભનું નિવારણ **(कृत्वा)** કરીને **(यः)** જે **(आत्मानं)** આત્માને **(ध्यायति)** ધ્યાવે છે, **(तस्य)** તેને **(प्रत्याख्यानं)** પ્રત્યાખ્યાન **(भवेत्)** છે.

સ્વભાવમાં લીનતા થતાં પુણ્ય-પાપની લાગણી થતી નથી તેથી અનાગત શુભાશુભનું નિવારણ કર્યું એમ કહ્યું છે. ભવિષ્યના રાગ-દ્વેષને છોડ્યા તેનો અર્થ શું ? કાંઈ ભવિષ્યમાં રાગ-દ્વેષ થવાના હતા અને છોડ્યા એમ નથી. તેમ જ ભવિષ્યના રાગ-દ્વેષ વર્તમાનમાં થયા નથી તો તેને કઈ રીતે



છોડવા ? ખરેખર ચૈતન્યમાં એકાગ્ર થયો તેને ભવિષ્યમાં વીતરાગ પર્યાય થાય છે, તેથી તેણે ભવિષ્યના રાગ-દ્વેષ છોડ્યા એમ કહેવાય છે. નિશ્ચયથી તો આત્માને ધ્યાવીને તેમાં લીન રહે છે તે જ પ્રત્યાખ્યાન છે.

**ટીકા** : ''આ નિશ્ચયનયના પ્રત્યાખ્યાનના સ્વરૂપનું કથન છે.''

''અહીં એમ કહ્યું છે કે -વ્યવહારનયના કથનથી, મુનિઓ દિને દિને ભોજન કરીને પછી યોગ્ય કાળ પર્યંત અન્ન, પાન, ખાદ્ય અને લેહ્યની રુચિ છોડે છે; આ વ્યવહાર-પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે.''

આ વ્યવહાર કોને હોય ? કે જેને અંતરમાં ચૈતન્યના આશ્રયે નિશ્ચય પ્રત્યાખ્યાન પ્રગટ્યું હોય તેવા મુનિને આવું વ્યવહાર પ્રત્યાખ્યાન હોય છે. વ્યવહાર પ્રત્યાખ્યાનમાં શુભ વિકલ્પ છે.

''નિશ્ચયનયથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાના પ્રપંચના પરિહાર વડે શુદ્ધ જ્ઞાન-ભાવનાની સેવાના પ્રસાદ દ્વારા જે નવા શુભાશુભ દ્રવ્યકર્મોનો તેમ જ ભાવકર્મોનો સંવર થવો તે પ્રત્યાખ્યાન છે.''

ખટારાની નીચે જુવાનજોધ શરીર ભીંસાઈ જાય, તેને ભીંસાતું આત્મા રોકી શકે નહિ. આત્મા પોતાના જ્ઞાનશરીરની ભાવના કરે, તો તે જ્ઞાનશરીરને કોઈ ભીંસ કરી શકે નહિ, પોતે પોતાના જ્ઞાનશરીરની સંભાળ કરી શકે, પણ શરીરાદિ પરમાં પોતે શું કરી શકે ? ભાઈ ! ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરીને તેની ભાવના કર.

આત્માનું શુદ્ધ જ્ઞાન ત્રિકાળ છે, તેની ભાવનાના પ્રસાદથી વીતરાગદશા પ્રગટી તે જ નિશ્ચયથી પ્રત્યાખ્યાન છે. એવું પ્રત્યાખ્યાન કોને હોય છે ? તે કહે છે.

''જે સદા અંતર્મુખ પરિણમનથી પરમ કળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે, તેને નિત્ય પ્રત્યાખ્યાન છે.''

સદા અંતર્મુખ પરિણમનથી પરમ કળા પ્રગટે છે તેનો આધાર આત્મા છે. આત્માને ધ્યાવવાથી જ તેવી પરમ કળા પ્રગટે છે. આત્માના સ્વભાવમાં અંતર્મુખ થઈને તેને ધ્યાવવાથી જ વીતરાગદશારૂપ પરમ કળા પ્રગટે છે. અતિ-અપૂર્વ આત્માને ધ્યાવવાથી જ અંતર્મુખ પરિણમનની પરમ કળા પ્રગટે છે. તે અંતર્મુખ પરિણમનનો આધાર સદા આત્મા જ છે. એક સમય પણ એવો નથી કે શુદ્ધ પરિણમનમાં આત્મા સિવાય કોઈ પરનો આધાર હોય ! સદાય અંતર્મુખ પરિણમન કહો કે આત્માનું ધ્યાન કહો તેનો આધાર અતિ-અપૂર્વ આત્મા જ છે.

અહીં ''સદા અંતર્મુખ પરિણમનથી પરમ કળાનો આધાર'' કહ્યું તેમાં ત્રિકાળ ધ્રુવરૂપ પરિણમન પણ લઈ શકાય છે. જુઓ તો ખરા ! પદ્મપ્રભમુનિને અંતરમાં અધ્યાત્મની મસ્તી ફાટી છે. ટીકા કરીને નિયમસારને ઓપવી દીધું છે.

જેને અંતર્મુખ પરિણમનના આધારભૂત એવા અતિ અપૂર્વ આત્માનું ધ્યાન હોય છે તેને નિત્ય પ્રત્યાખ્યાન છે.

એવી રીતે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસારમાં ૩૪મી ગાથા દ્વારા કહ્યું છે કેઃ

**सव्वे भावे जम्हा पच्चक्खाई परेत्ति णादूणं ।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं ।।**

**સૌ ભાવને પર જાણીને પચ્ચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે.**

**અર્થ** : 'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે' એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે-ત્યાગે છે, તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે (અર્થાત્ પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે) એમ નિયમથી જાણવું.

સ્વભાવ તરફ વળીને જ્ઞાન એકાગ્ર થયું તે જ્ઞાન પરભાવોના અભાવરૂપે પરિણમેલું છે તેથી તે જ્ઞાન જ પ્રત્યાખ્યાન સ્વરૂપ છે -એમ નિયમથી જાણવું.

એવી રીતે સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૨૨૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(आर्या)

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसंमोहः ।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ।।**

**શ્લોકાર્થ** : (પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-) ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને(-ત્યાગીને), જેનો મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ) નિરંતર વર્તું છું.

જેને સ્વભાવની રુચિ થઈ છે, રાગની રુચિ ટળી છે, ને અંતર્મુખ વલણ કરીને ઠર્યો છે તેવા જીવને પરભાવના ત્યાગસ્વરૂપ પ્રત્યાખ્યાન હોય છે, ને તે જ ચારિત્ર છે. એવું ચારિત્ર તે મુક્તિનું કારણ છે. એ સિવાય બીજું ચારિત્ર મુક્તિનું કારણ નથી.

વાહ ! ભગવાન કુંદકુંદાચાર્યદેવે છેલ્લે કહ્યું છે કે-

આ શાસ્ત્ર મારી નિજ ભાવના માટે મેં બનાવ્યું છે.

**અને**

ટીકાકારે પણ તે ભાવનાને ખૂબ મલાવી છે.



**માગશર સુદ ૧૨, સોમવાર, ૧૦-૧૨-૫૧.**

ત્યાગનું ખરું સ્વરૂપ શું છે, તે અહીં બતાવે છે.

**શ્લોક ૧૨૭**

(मन्दाक्रान्ता)

**सम्यग्दृष्टिस्त्यजति सकलं कर्मनोकर्मजातं**
**प्रत्याख्यानं भवति नियतं तस्य संज्ञानमूर्तेः ।**
**सच्चारित्राण्यघकुलहराण्यस्य तानि स्युरुच्चैः**
**तं वंदेहं भवपरिभवक्लेशनाशाय नित्यम् ।। १२७।।**

**શ્લોકાર્થ** : જે સમ્યગ્દૃષ્ટિ સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને છોડે છે, તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશા પ્રત્યાખ્યાન છે અને તેને પાપસમૂહનો નાશ કરનારા એવા સત્-ચારિત્રો અતિશયપણે છે. ભવ ભવના કલેશનો નાશ કરવા માટે તેને હું નિત્ય વંદું છું. ।। ૧૨૭ ।।

આત્મા જ્ઞાનની મૂર્તિ છે - એવું અંતર્‌ભાન થયા પછી, તેમાં લીનતા થતાં રાગનો ત્યાગ હોય છે, જમીન વગર ઝાડ ન હોય; તેમ આત્માના ભાન વગર પ્રત્યાખ્યાન હોય નહિ, હજી જમીન હોય ને ઝાડ ન હોય એમ બને, તેમ સમ્યગ્દર્શન હોય છતાં વ્રત, પચ્ચખાણ ન હોય એમ બને. જે સમ્યગ્દૃષ્ટિને કર્મ-નોકર્મના વળગાડથી ભિન્ન ચૈતન્ય વસ્તુનું ભાન છે અને પછી કર્મ-નોકર્મના સમૂહને છોડીને ચૈતન્યમાં લીન થાય છે, તેને હંમેશા પ્રત્યાખ્યાન હોય છે. ત્યાગ કોનો હોય ? કે જે પોતાનું મૂળ સ્વરૂપ ન હોય તેનો; જે પોતાનું મૂળ સ્વરૂપ હોય તેનો તો ત્યાગ થઈ શકે નહિ, જે સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપને જાણતો થકો તેમાં લીન થાય છે તે સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્જ્ઞાનની મૂર્તિ છે. અને તેને હંમેશા રાગનો ત્યાગ હોય છે, તેથી તેને પ્રત્યાખ્યાન છે, અહીં તો પ્રત્યાખ્યાન સિદ્ધ કરવું છે. તેથી રાગનો ત્યાગ કરવાની વાત કરી છે, દૃષ્ટિના વિષયમાં તો આત્માને રાગાદિના ગ્રહણ-ત્યાગ પણ નથી.

અજ્ઞાનીઓ બહારના ત્યાગમાં ધર્મ મનાવે છે પણ અહીં તો કહે છે કે પહેલાં આત્માનું ભાન કરીને મિથ્યાત્વના અધર્મને તો છોડ ! પહેલાં મિથ્યાત્વના ત્યાગ વગર પ્રત્યાખ્યાન હોય જ નહિ, પહેલાં સમ્યગ્દર્શનની જ વાત લીધી છે, જેને ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ થઈ છે, અને તેમાં જ ઠરે છે તેવા જ્ઞાનમૂર્તિ ને જ પ્રત્યાખ્યાન હોય છે. અહીં ટીકાકાર કહે છે કે અહો ! હું તેને નિત્ય વંદું છું. પોતે પણ મુનિદશામાં ઝૂલે છે, અને સાધર્મી પ્રત્યેના ઉલ્લાસથી કહે છે કે અહો ! જે સમ્યગ્દૃષ્ટિ આત્માનું ભાન કરીને જે સ્વરૂપમાં ઠર્યા છે. તેને નિત્ય પ્રત્યાખ્યાન છે, તેને સત્ ચારિત્ર અતિશયપણે હોય છે. ભવભયનો નાશ કરવા માટે તેને હું વંદું છું.

મુનિનું સત્ ચારિત્ર પુણ્ય-પાપ બન્નેને નાશ કરનારું છે, સ્વભાવમાં એકાગ્રતાથી વીતરાગદશા પ્રગટી તે જ સત્ ચારિત્ર છે, એવું સત્ ચારિત્ર ભવભવનો નાશ કરનારું છે. જેને એવું ચારિત્ર પ્રગટ્યું છે તેવા મુનિને હું નિત્ય વંદું છું, નિત્ય સ્વભાવનું જ બહુમાન કરું છું.

સમ્યગ્જ્ઞાનની મૂર્તિને નિત્ય પ્રત્યાખ્યાન વર્તે છે અને તે સમ્યગ્જ્ઞાન મૂર્તિને હું નિત્ય વંદું છું.

અહો ! શાંત રસના જે બિંબ થઈ ગયા છે તેવા ભાવલિંગી સંતને નિત્ય વંદું છું - એમ કહીને પોતાનો પ્રમોદ બતાવ્યો છે.



કેવા આત્માને જ્ઞાની ચિંતવે છે તેની વાત કરે છે :-

**ગાથા ૯૬**

**केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ।**
**केवलसत्तिसहावो सो हं इदि चिंतए णाणी॥ ९६॥**

**केवलज्ञानस्वभावः केवलदर्शनस्वभावः सुखमयः।**
**केवलशक्तिस्वभावः सोहमिति चिंतयेत् ज्ञानी॥ ९६॥**

**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું - એમ જ્ઞાની ચિંતવે. ૯૬.**

**અન્વયાર્થ** : (**केवलज्ञानस्वभावः**) કેવળજ્ઞાનસ્વભાવી, (**केवलदर्शनस्वभावः**) કેવળદર્શનસ્વભાવી, (**सुखमयः**) સુખમય અને (**केवलशक्तिस्वभावः**) કેવળશક્તિસ્વભાવી (**सः अहम्**) તે હું છું -(**इति**) એમ (**ज्ञानी**) જ્ઞાની (**चिंतयेत्**) ચિંતવે છે.

હું ત્રિકાળ કેવળજ્ઞાનની મૂર્તિ છું, દૃષ્ટાસ્વભાવી છું, આનંદમય છું અને કેવળશક્તિસ્વભાવી છું, આત્મબળથી ભરપૂર છું, મારા અનંત ગુણોની સ્વરૂપરચનાના સામર્થ્યથી પરિપૂર્ણ છું, -એમ જ્ઞાની પોતાના આત્માને ચિંતવે છે, અહીં વિકલ્પની વાત નથી, પણ જ્ઞાની તેવા આત્મામાં એકાગ્ર થાય છે, તેને પ્રત્યાખ્યાન હોય છે.

અનંત ચતુષ્ટયાત્મક પોતાના આત્માના ધ્યાનનો અહીં ઉપદેશ છે.

કેવા જીવને આવા આત્મધ્યાનની શિખામણ દેવામાં આવી છે ? તે કહે છે. સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત, નિરવશેષપણે અંતર્મુખ પરમ તત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે.

જેમ પટારામાં કસ્તુરી પડી હોય ત્યાં તેની પાસે પડેલાં ચોપડાના પાને પાને તેની ગંધ પેસી જાય, તેમ આત્માનું ભાન ભૂલીને, અજ્ઞાનીને પર્યાયે પર્યાયે પુણ્ય-પાપની વાસના ઘૂસી ગઈ છે, પરની ક્રિયાને હું કરું ને પુણ્ય-પાપની ક્રિયાથી લાભ થાય, એવી મિથ્યાત્વની ગંધ અજ્ઞાનીને અનાદિથી લાગી ગઈ છે. ચૈતન્યસ્વભાવનું ભાન થતાં જેને સમસ્ત બાહ્ય પ્રપંચની વાસના છૂટી ગઈ છે, ને જે નિરવશેષપણે અંતર્મુખ થયો છે એવા પરમ તત્ત્વજ્ઞાની જીવને અહીં આત્મધ્યાનની શિખામણ દેવામાં આવી છે, જે જીવ બાહ્ય પ્રપંચથી મુક્ત ને નિઃશેષપણે અંતર્મુખ છે, તેવા જીવને જ આત્મધ્યાન હોય છે. જ્ઞાનીએ ચિદાનંદ આત્માની ભાવના કરવી, બહારમાં સંયોગો અનુકૂળ હોય તો ધર્મ થાય, ને પ્રતિકૂળ હોય તો ધર્મ ન થાય, એમ નથી. ચૈતન્ય વસ્તુ બહારના સમસ્ત પદાર્થોથી ભિન્ન છે, માટે બહારના પદાર્થોથી લાભ નુકસાન થવાની બુદ્ધિ છોડ ને અંતર્મુખ થા ! જે જીવ બહિર્મુખ વાસના છોડીને અંતર્મુખ થયો છે, તેવા પરમ તત્ત્વજ્ઞાની જીવને પ્રત્યાખ્યાન માટે અહીં શુદ્ધ આત્માની

ભાવના કરવાનું કહ્યું છે. જેને હજી આત્માનું ભાન પણ ન હોય, વૃત્તિનું ઠેકાણું ન હોય તે બાહ્ય ત્યાગથી પોતે પ્રત્યાખ્યાન માની લ્યે તેવાની તો અહીં વાત જ નથી.

**ગ્રહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, લહ્યું વ્રત અભિમાન,**
**ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.**

અહીં તો કહે છે કે જેને આત્માનું ભાન છે, આત્મામાં અંતર્મુખ છે તેવા પરમ તત્ત્વજ્ઞાની જીવને શુદ્ધાત્મ ભાવનાનો ઉપદેશ છે. શું તે તત્ત્વજ્ઞાનીને ખબર નથી કે મારે શુદ્ધાત્મની ભાવના કરવી ? તેને ખબર તો છે, પણ મુનિને પણ મુનિ ઉપદેશ કરે છે, સમાધિ ટાણે મુનિને બીજા મુનિ ઉપદેશ આપે કે અરે મુનિ ! અનંતવાર આહાર-પાણી કર્યા; હવે આ સમાધિના ટાણાં છે; માટે આહારની વૃત્તિ છોડો; ભાવલિંગી સંત હોય ને સમાધિ ટાણે પાણીની જરાક વૃત્તિ આવી જાય ત્યાં બીજા મુનિ તેને કહે છે કે અરે મુનિ ! અંતરના ચૈતન્યના અમૃતમાં ઠરો ! આ પાણી અનંતવાર પીધાં, પણ તૃષા ન છીપી. માટે પાણીની વૃત્તિને તોડીને ચૈતન્યના આનંદનું પાન કરો કેમ કે આ સમાધિના ટાણાં છે. ભગવતી આરાધનાના કવચ અધિકારમાં તે પ્રકારનું ઘણું વર્ણન આવે છે. તેમ અહીં પરમ તત્ત્વજ્ઞાની મુનિને ભાન તો છે, છતાં તેને શુદ્ધાત્માનું ધ્યાન કરવાનો ઉપદેશ આપે છે કે અહો ! આવા નિજ પરમાત્માની જ ભાવના કરો.

કયા પ્રકારે ભાવના કરવી ? તે કહે છે. સાદિ-અનંત અમૂર્ત અતિન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારથી, શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્‌ગલ-પરમાણુની માફક, જે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિયુક્ત પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીએ ભાવના કરવી.

સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો જે છેલ્લો અંશ હોય તેને શુદ્ધ કહેવાય; તેને શુદ્ધ પુદ્‌ગલ કહેવાય છે. તેમ કેવળજ્ઞાન-દર્શન-સુખને શક્તિ સંપન્ન પરમાત્મા તે જ હું છું, ભગવાન આત્મા ત્રિકાળ છે તે નિશ્ચય છે, ને તે સ્વભાવના આશ્રયે જે કેવળજ્ઞાનાદિ પ્રગટ્યાં તે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે, તેનો જ હું આધાર છું, અપૂર્ણતાનો કે વિકારનો હું આધાર નથી. જેમ પરમાણુ પોતાની વર્ણ-ગંધ-રસ-સ્પર્શની શુદ્ધ પર્યાયનો આધાર છે તેમ મારો આત્મા પણ શુદ્ધ કેવળજ્ઞાનાદિ ચતુષ્ટયનો આધાર છે. જેવા કેવળી પરમાત્મા છે તેવો જ હું છું એમ પોતાના સ્વભાવની ભાવના કરવી, એટલે કે અલ્પજ્ઞતા કે વિકારનું લક્ષ છોડીને પૂર્ણ સ્વભાવનો જ આશ્રય કરીને તેમાં એકાગ્ર થવું, અલ્પજ્ઞતા વખતે પણ પૂર્ણતાના આધારરૂપ એવા સ્વભાવને જ જો, તે સ્વભાવને જોતાં તેના આધારે પૂર્ણ પર્યાય ખીલી જશે.

પ્રત્યાખ્યાન તો વીતરાગતા છે. તે વીતરાગતા તો સ્વભાવના આશ્રયથી થાય છે. માટે પૂર્ણ સ્વભાવનો આશ્રય કરે તેને જ સાચું પ્રત્યાખ્યાન હોય છે, વ્યવહારથી શુદ્ધ પર્યાયોથી યુક્ત પરમાત્મા હું છું એવી ભાવના કરવી અને ''નિશ્ચયથી હું સહજ જ્ઞાનસ્વરૂપ છું, હું સહજ દર્શનસ્વરૂપ છું,



હું સહજ ચારિત્રસ્વરૂપ છું અને હું સહજ ચિત્શક્તિસ્વરૂપ છું એમ ભાવના કરવી.'' આમાં પર્યાયની વાત નથી પણ ત્રિકાળી સ્વરૂપની વાત છે. તેમાં ખરેખર સહજ જ્ઞાન-દર્શન વગેરે ભેદનો પણ વિકલ્પ નથી. ચાર ભેદ ઉપર જોવા જાય તો તો વિકલ્પ ઊઠે છે, અભેદરૂપ સહજ સ્વરૂપ તે નિશ્ચય છે અને તેની ભાવના કરતાં કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટી જાય તે શુદ્ધ વ્યવહાર છે.

કોઈ ધર્મીને પૂછે છે કે તમારી વિશેષતા શું ? તો જ્ઞાની કહે છે કે ભાઈ ! ધર્મની વિશેષતા બહારમાં ન હોય ! ધર્મ તે આત્મામાં હોય કે બહાર ! જ્ઞાનને અંતર્મુખ વાળીને એકાગ્ર કર્યું તે જ ધર્મીની વિશેષતા છે. ધર્મી તો સ્વભાવનો આશ્રય કરીને પડ્યો છે. તેને સ્વભાવની ખાણમાંથી નિર્મળ નિર્મળ પર્યાયો પ્રગટતી જાય છે. પોતાના સ્વભાવની ભાવના કરીને તેમાં એકાગ્ર થવું તે પ્રત્યાખ્યાનની ક્રિયા છે.

એવી રીતે એકત્વ સપ્તતિમાં (-શ્રી પદ્મનંદી આચાર્યવરકૃત પદ્મનંદી પંચવિંશતિના એકત્વ સપ્તતિ નામના અધિકારમાં ૨૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(अनुष्टुभ्)

**केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्परं महः ।**
**तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम् ॥**

**શ્લોકાર્થ** : તે પરમ તેજ કેવળજ્ઞાન, કેવળદર્શન અને કેવળસૌખ્યસ્વભાવી છે. તે જાણતાં શું ન જાણ્યું ? તે દેખતાં શું ન દેખ્યું ? તેનું શ્રવણ કરતાં શું ન શ્રવણ કર્યું ?

અહોહો ! ભાવલિંગી સંતો ! વન જંગલમાં બેઠા બેઠા સંતો મહાન કામ કરી ગયા છે. એકેક સંત એટલે ધર્મના થાંભલા !

ધર્મરૂપી આભને થોભાવી દીધું છે ! ધર્મરૂપી આકાશને ટકાવવા જાણે કે વજ્રબિંબ ! જે આચાર્યોની કે સંતોની રચના જુઓ તેમાં એકલો 'સ્વભાવ' જ ભર્યો છે.

અહો ! પોતાનો આત્મા પરમ તે જ કેવળજ્ઞાન-દર્શન-સુખસ્વભાવી છે, એવા પોતાના આત્માને જાણતાં શું ન જાણે ? જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું, જેણે આત્માને દેખ્યો તેણે શું ન દેખ્યું ? ત્રણ લોકના દ્રષ્ટાને જેણે દેખી લીધો તેણે બધું ય દેખ્યું, જેણે એવા આત્માનું શ્રવણ કર્યું તેણે શું ન શ્રવણ કર્યું ? ભગવાન આત્માની વાત જેણે સાંભળી તેણે ચારેય અનુયોગનો સાર સાંભળી લીધો.

અહીં વાંચનની વાત ન લેતાં શ્રવણની વાત લીધી, એટલે પાત્ર થઈને ગુરુગમે સાંભળવું જોઈએ. ''તત્પ્રતિ પ્રીતિ ચિત્તેન'' એમાં પણ સાંભળવાની વાત લીધી છે.

ચૈતન્યસ્વરૂપની વાત જેણે સાંભળી તેણે ધર્મકથા પણ સાંભળી. ભાઈ ! આ તારી પોતાની ધર્મકથા ચાલે છે, તેની રુચિ કરીને સાંભળ, તો તેમાં બધા શાસ્ત્રોનું શ્રવણ આવી ગયું, કેમ કે બધા શાસ્ત્રોનો સાર તો આવો આત્મા જ છે.

જેમ બીજ તે પૂર્ણ ચંદ્રનો કટકો છે, તેમ જે જ્ઞાનપર્યાય છે તે પૂર્ણ જ્ઞાનસ્વભાવનો અંશ છે. આવા ચિદાનંદ જ્ઞાનસ્વભાવને જેણે જાણ્યો તેણે બધું જાણ્યું, તેને જેણે દેખ્યો તેણે બધું દેખ્યું અને તેનું શ્રવણ કર્યું તેણે બધું શ્રવણ કર્યું. એટલે કે તેવો આત્મસ્વભાવ જ શ્રવણ કરવા જેવો છે. તેને જ દેખવા-જાણવા જેવો છે. એવા આત્માને જે જાણે તે જીવ તેમાં એકાગ્ર થયા વિના રહે નહિ, અને તેમાં એકાગ્ર થવું તેનું નામ જ પ્રત્યાખ્યાન છે.

**માગશર સુદ ૧૩, મંગળવાર, ૧૧-૧૨-૫૧.**

નિશ્ચય પ્રત્યાખ્યાનનો અધિકાર છે. તેમાં ૯૬મી ગાથા ઉપર ટીકાકાર શ્લોક કહે છે :-

**શ્લોક ૧૨૮**

(मालिनी)

**जयति स परमात्मा केवलज्ञानमूर्तिः**
**सकलविमलदृष्टिः शाश्वतानंदरूपः।**
**सहजपरमचिच्छक्त्यात्मकः शाश्वतोयं**
**निखिलमुनिजनानां चित्तपंकेजहंसः॥ १२८॥**

**શ્લોકાર્થ** : સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ એવો જે આ શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ, સકળવિમળ દૃષ્ટિમય (-સર્વથા નિર્મળ દર્શનમય), શાશ્વત આનંદરૂપ, સહજ પરમ ચૈતન્યશક્તિમય પરમાત્મા તે જયવંત છે. ॥ ૧૨૮ ॥

પરમ આત્મા કેવો છે ? કે સમસ્ત મુનિજનોના હૃદયનો હંસ છે. દ્રવ્ય એટલે શું ? કે અંતર્મુખ પરિણતિ; મુનિઓને આત્મામાં વિશેષપણે અંતરમાં લીનતા થઈ છે તેથી તે મુનિઓને માટે પરમાત્મા હંસ છે. દ્રવ્યમન અને ભાવમનથી પાર થઈને મુનિઓ તે પરમાત્માને ધ્યાવે છે; તેથી તે પરમાત્મતત્ત્વ મુનિઓના હૃદયકમળનો હંસ છે. તે શાશ્વત છે, ત્રિકાળ કેવળજ્ઞાનની મૂર્તિરૂપ છે, શાશ્વત આનંદ સ્વરૂપી છે, ને સહજ પરમ ચૈતન્યશક્તિમય છે. આવો ભગવાન પરમાત્મા ચૈતન્ય હંસલો જયવંત વર્તે છે. તેના આશ્રયે જ પચ્ચખાણ થાય છે. માટે તેને જયવંત કહ્યો છે. પચ્ચખાણમાં રાગનો ત્યાગ છે, ને આવો પરમાત્મા જયવંત છે



જ્ઞાની કેવા સ્વરૂપે પોતાને ધ્યાવે છે તેની વાત કરે છે :-

**ગાથા ૯૭**

**णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।**
**जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी॥ ९७॥**

**निजभावं नापि मुंचति परभावं नैव गृह्णाति कमपि।**
**जानाति पश्यति सर्वं सोहमिति चिंतयेद् ज्ञानी॥ ९७॥**

**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે-જુએ જે સર્વ, તે હું-એમ જ્ઞાની ચિંતવે. ૯૭.**

**અન્વયાર્થ** : **(निजभावं)** જે નિજભાવને **(न अपि मुंचति)** છોડતો નથી, **(कम् अपि परभावं)** કાંઈ પણ પરભાવને **(न एव गृह्णाति)** ગ્રહતો નથી, **(सर्वं)** સર્વને **(जानाति पश्यति)** જાણે-દેખે છે, **(सः अहम्)** તે હું છું - **(इति)** એમ **(ज्ञानी)** જ્ઞાની **(चिंतयेत्)** ચિંતવે છે.

નિજભાવ એટલે પોતાનો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, તેને આત્મા કદી છોડતો નથી. વસ્તુનો સ્વભાવ કદી છૂટે નહિ. જેમ ગોળ કદી ગળપણને છોડતો નથી, તેમ ભગવાન આત્મા કદી પોતાના સહજ સ્વરૂપને છોડતો નથી અને પરભાવને કદી ગ્રહતો નથી. ત્રિકાળી દ્રવ્યસ્વભાવે કદી વિકારને પકડ્યો જ નથી. વસ્તુસ્વભાવમાં એક સમયનો વિકાર કદી છે જ નહિ. વસ્તુસ્વભાવ તો ત્રિકાળ સર્વને જાણનાર-દેખનાર છે. -આવો આત્મા જ હું છું, એમ જ્ઞાની પોતાના આત્માને ચિંતવીને તેમાં એકાગ્ર થાય. બસ ! પર્યાયબુદ્ધિ છોડ, ને સ્વભાવબુદ્ધિ કરીને તેનો આશ્રય કર. દરિયો આખો પડ્યો છે, તે કાંઠે આવેલા એક તરંગ જેટલો નથી. તેમ આખો ચૈતન્ય દરિયો છે, તે એક સમયની પર્યાયરૂપ તરંગ જેટલો નથી. અખંડ ચૈતન્યનું ચિંતવન કરો. 'ચિંતવન' તે નવી પર્યાય છે. આખો સ્વભાવ એવો ને એવો શાશ્વત છે તેની ભાવના અને એકાગ્રતા કરવાથી જ રાગનું પ્રત્યાખ્યાન થાય છે.

**ટીકા** : અહીં, પરમ ભાવનાની સન્મુખ એવા જ્ઞાનીને શિખામણ દીધી છે. જ્ઞાનીને પરમાર્થ સ્વભાવની દૃષ્ટિમાં વ્યવહાર ગૌણ છે, અજ્ઞાનીને તો વ્યવહાર હોતો જ નથી કેમ કે તેને પરમાર્થની દૃષ્ટિ નથી. પરમાર્થની દૃષ્ટિ કરીને જે વ્યવહારને ગૌણ કરે તેને વ્યવહાર હોય છે. પણ જે વ્યવહારનો જ આશ્રય કરીને અટકે છે તેને તો નિશ્ચય કે વ્યવહાર એકેયનું ભાન નથી. જ્ઞાનીને વ્યવહાર છે, પણ ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિમાં તે વ્યવહાર ગૌણ છે, ગૌણ હોવાથી અભૂતાર્થ છે. વ્યવહાર અભૂતાર્થ છે, પણ એનો અર્થ એવો નથી કે જ્ઞાનીને વ્યવહાર હોતો જ નથી, ને અજ્ઞાનીને જ વ્યવહાર હોય છે. વ્યવહારને અભૂતાર્થ કહ્યો તે તો જ્ઞાનીને ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિમાં તે વ્યવહાર ગૌણ છે, તેથી

તેને અભૂતાર્થ કહ્યો છે. પરમ સ્વભાવની સન્મુખ દષ્ટિ કરીને તેમાં એકાગ્ર થાય તેને જ પ્રત્યાખ્યાન હોય છે. અહીં પરમ ભાવનાની સન્મુખ એવા જ્ઞાનીને શિખામણ આપે છે એમ કહ્યું તેનો અર્થ એ થયો કે પહેલાં જે પરમ ભાવનાની સન્મુખ થઈને જ્ઞાની થાય, તેને જ તેની વિશેષ ભાવનાથી પ્રત્યાખ્યાન હોય છે.

હું કારણપરમાત્મા છું - એમ જ્ઞાનીઓએ સદા ભાવના ભાવવી. કેવો છે કારણપરમાત્મા ?

''જે કારણપરમાત્મા ૧) સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજય ધજાને લૂંટનારા, ત્રિકાળ નિરાવરણ, નિરંજન, નિજ પરમભાવને ક્યારેય છોડતો નથી.''

ભગવાન પરમાત્મા ત્રિકાળ સમસ્ત વિકારના અભાવસ્વરૂપ જ છે, ને તેનો આશ્રય લેતાં મિથ્યાત્વાદિ પાપોની ઉત્પત્તિ થતી નથી; તેથી તે કારણપરમાત્મા સમસ્ત પાપરૂપી સેનાને લૂંટનારો છે એમ કહ્યું છે. તે કારણપરમાત્માના આશ્રયે જ મિથ્યાત્વનું-અવિરતિનું-પ્રમાદનું ને કષાયનું પ્રત્યાખ્યાન થઈ જાય છે એટલે કે તે ભાવોની ઉત્પત્તિ જ થતી નથી. તે કારણપરમાત્મા કદી પોતાના નિજ પરમભાવને છોડતો નથી.

''૨) પંચવિધ (-પાંચ પરાવર્તનરૂપ) સંસારની વૃદ્ધિના કારણભૂત, વિભાવ પુદ્‌ગલદ્રવ્યના સંયોગથી જનિત રાગાદિ પરભાવોને ગ્રહતો નથી.''

એક પુદ્‌ગલ પરમાણુ છૂટો હોય તેને સ્વભાવપુદ્‌ગલ કહેવાય, અને સ્કંધને વિભાવપુદ્‌ગલ કહેવાય. આત્માને વિકાર થવામાં એક છૂટો પરમાણુ નિમિત્ત ન થાય, પણ વિભાવપુદ્‌ગલ જ નિમિત્ત થાય. પણ તે પુદ્‌ગલકર્મના નિમિત્તે થતાં પરભાવને ભગવાન કારણપરમાત્મા કદી ગ્રહણ કરતો નથી. પર્યાયમાં ક્ષણિક રાગાદિ પરભાવ થાય તેને આત્મા પોતાના સ્વભાવમાં કદી ગ્રહતો નથી. વસ્તુ તો ત્રિકાળ એકરૂપ એવી ને એવી જ છે. તે વસ્તુસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં રમણતા કરવી તે જ પ્રત્યાખ્યાન છે. વસ્તુસ્વભાવમાં રાગનું ગ્રહણ જ નથી, તેથી ખરેખર રાગનો ત્યાગ કરવો નથી, પણ તે વસ્તુસ્વભાવને લક્ષમાં લઈને એકાગ્ર થતાં નિર્મળપર્યાય ઉત્પન્ન થાય છે, તેમાં રાગનો અભાવ છે, તેથી તેનું નામ પ્રત્યાખ્યાન છે.

''૩) નિરંજન સહજજ્ઞાન-સહજદષ્ટિ-સહજચારિત્રાદિ સ્વભાવધર્મોના આધાર-આધેય સંબંધી વિકલ્પો રહિત, સદા મુક્ત તથા સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતાં સૌખ્યના સ્થાનભૂત - એવા કારણપરમાત્માને નિશ્ચયથી નિજ નિરાવરણ પરમજ્ઞાન વડે જાણે છે અને તે પ્રકારના સહજ અવલોકન વડે (-સહજ નિજ નિરાવરણ પરમદર્શન વડે) દેખે છે'' એવો કારણપરમાત્મા છે.

પહેલાં બોલમાં કહ્યું હતું કે કારણપરમાત્મા નિજ પરમભાવને ક્યારેય છોડતો નથી; પણ ત્યાં ''કારણપરમાત્મા તે આધાર અને નિજ પરમભાવ તે આધેય''- એવા આધાર-આધેયના વિકલ્પ



ભગવાન કારણપરમાત્મામાં નથી. કારણપરમાત્મા અને તેનો નિજ પરમભાવ તે બે કાંઈ જુદા જુદા નથી. આવા પરમાત્માનું અવલંબન લે તો પ્રત્યાખ્યાન થાય છે.

ત્રિકાળી સહજજ્ઞાન, સહજદષ્ટિ, સહજ ચારિત્રાદિ સ્વભાવધર્મો છે, અને ભગવાન કારણ-પરમાત્મા તેનો આધાર છે એમ સમજાવ્યું, પણ ત્યાં આધાર-આધેયના ભેદનો વિકલ્પ નથી, કારણપરમાત્મા ત્રિકાળ વિકલ્પથી રહિત છે. ત્રિકાળ વસ્તુમાં આધાર-આધેયના ભેદ પાડવા તે વ્યવહાર છે. તે વ્યવહાર ત્રિકાળી વસ્તુની દષ્ટિમાં અભૂતાર્થ છે. તે ત્રિકાળી અભેદ વસ્તુની દષ્ટિ કર્યા વિના ભેદનું પણ સાચું જ્ઞાન થતું નથી. એક-અનેકના ભેદનો વિકલ્પ વસ્તુસ્વરૂપમાં નથી. તે ચિદાનંદ પ્રભુ તો સદા મુક્ત જ છે. ભાવબંધન ને ભાવમુક્તિ એવા ભેદ તે પર્યાયમાં છે, તે વ્યવહારનો વિષય છે. ભગવાન કારણપરમાત્મા તે બંધ-મોક્ષના ભેદ વગરનો ત્રિકાળ મુક્ત છે. અને સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતો જે સહજ આનંદ તેનું સ્થાન તે કારણપરમાત્મા છે. અહીં ત્રિકાળી અભેદ આનંદની વાત છે. મોક્ષદશાનો આનંદ પ્રગટે તેની વાત નથી. વસ્તુ ત્રિકાળ પરમાનંદથી ભરેલી જ છે. એવો ભગવાન કારણપરમાત્મા છે. તે કારણપરમાત્મા 'પોતે આધાર છે ને સ્વભાવધર્મો આધેય છે' એવા વિકલ્પો વિનાનો છે, સદા મુક્ત છે અને મુક્તિસુખનું રહેઠાણ છે.

''એવા કારણપરમાત્માને નિશ્ચયથી નિજ નિરાવરણ પરમજ્ઞાન વડે જાણે છે અને તે પ્રકારના સહજ અવલોકન વડે દેખે છે, તે કારણસમયસાર હું છું.''

આમાં જ્ઞાનપર્યાયની વાત નથી. ત્રિકાળી જ્ઞાનની વાત છે. તે ત્રિકાળ સહજજ્ઞાન અને સહજદર્શન વડે જે પોતાના ધ્રુવ કારણપરમાત્માને દેખે છે -એવો કારણપરમાત્મા હું છું - એમ સમ્યગ્જ્ઞાનીઓએ સદા ભાવના કરવી. આવી ભાવના તે જ ચારિત્ર છે, તે જ પ્રત્યાખ્યાન છે. સદાય કારણપરમાત્માની જ ભાવના કરવી. એક સમય પણ દષ્ટિમાં વ્યવહારની મુખ્યતા થવા ન દેવી. જો સ્વભાવની મુખ્યતા છૂટીને વ્યવહારની મુખ્યતા થઈ જાય તો મિથ્યાદષ્ટિ છે.

એવી રીતે પૂજ્યપાદસ્વામીએ સમાધિતંત્રમાં ૨૦મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(अनुष्टुभ्)

**यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति ।**
**जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम् ॥**

**શ્લોકાર્થ** : જે અગ્રાહ્યને (-નહિ ગ્રહવા યોગ્યને) ગ્રહતું નથી તેમ જ ગૃહીતને (-ગ્રહેલાને, શાશ્વત સ્વભાવને) છોડતું નથી, સર્વને સર્વ પ્રકારે જાણે છે, તે સ્વસંવેદ્ય (તત્ત્વ) હું છું.

પોતાના સ્વભાવ સિવાય બીજા બધા પરભાવો તે પોતાને અગ્રાહ્ય છે તેને આત્મા કદી ગ્રહતો નથી ને પોતાના શાશ્વત સ્વભાવને તે કદી છોડતો નથી. સર્વને સર્વ પ્રકારે જાણે છે એવો સ્વસંવેદ્ય હું છું.

**માગશર સુદ ૧૪, બુધવાર, ૧૨-૧૨-૫૧.**

આ નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર છે.

પ્રત્યાખ્યાન એટલે વિકારનો ત્યાગ. વિકારનો ત્યાગ થઈને અવિકારીદશા પ્રગટ થવી જોઈએ, તે અવિકારીદશા શેમાંથી પ્રગટે ? કાંઈ વિકારમાંથી અવિકારદશા ન પ્રગટે, પણ જે અવિકારી ગુણથી ભરેલો ધ્રુવ પિંડ છે તેમાંથી જ અવિકારીદશા પ્રગટે છે, એટલે ધ્રુવ ચૈતન્યસ્વરૂપના આશ્રયે જ ખરું પ્રત્યાખ્યાન હોય છે. જેને દોષનું પ્રત્યાખ્યાન કરવું હોય ને નિર્દોષતા પ્રગટ કરવી હોય તેણે ત્રિકાળ ચૈતન્યભાવની પ્રતીત અને તેમાં એકાગ્રતા કરવી જોઈએ, એ સિવાય પ્રત્યાખ્યાન હોતું નથી.

હું પોતે નિર્દોષ સ્વભાવનું નિદાન છું - એમ પ્રતીત કર્યા વિના શેમાંથી નિર્દોષતા આવશે ? આત્માનો કાયમી નિર્દોષ સ્વભાવ છે, અનાદિથી પર્યાયમાં સદોષતા છે, ધ્રુવતત્ત્વના આશ્રયે તે દોષ ટળીને નિર્દોષતા થઈ શકે છે, એ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે આમાં આવી જાય છે. વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવને સ્વતંત્ર ન માને તેને દોષ ટાળીને નિર્દોષતા કરવાનું રહેતું નથી, પ્રત્યાખ્યાનનો આધાર તો ધ્રુવસ્વભાવ છે. તેનું સ્વરૂપ અહીં ૯૭મી ગાથાના ટીકાના શ્લોકમાં બતાવે છે.

**શ્લોક ૧૨૯**

(वसंततिलका)

**आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा**
**जानाति पश्यति च पंचमभावमेकम्।**
**तत्याज नैव सहजं परभावमन्यं**
**गृह्णाति नैव खलु पौद्गलिकं विकारम्॥ १२९॥**

**શ્લોકાર્થ :** આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને -એક પંચમભાવને- જાણે છે અને દેખે છે; તે સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી જ અને અન્ય એવા પરભાવને - કે જે ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે તેને -એ ગ્રહતો નથી જ. ॥ ૧૨૯ ॥

આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને જાણે-દેખે છે, જ્ઞાન અંતર્મુખ થઈને નિર્મળદશા પ્રગટી તે પર્યાય પોતે પોતાને પણ જાણે છે, ને ધ્રુવસ્વભાવ પરમ પારિણામિકભાવરૂપ આત્માને પણ જાણે છે, ત્રિકાળી દ્રવ્યને પ્રતીતમાં લેનારી પર્યાય છે, પણ જે પર્યાયે ત્રિકાળી તત્ત્વને પ્રતીતમાં લીધું છે તે પર્યાય પોતે પોતાને પણ જાણે છે, કાંઈ પર્યાય પોતે પોતાથી અજાણ રહીને દ્રવ્યને નથી જાણતી, પર્યાય અંતર્મુખ થઈને દ્રવ્યને જાણે છે, ને પોતે પોતાને પણ જાણે છે. પર્યાયને પોતાનું અજ્ઞાન હોય ને દ્રવ્યનું જ્ઞાન હોય-એમ નથી. નિર્દોષ પર્યાય પ્રગટ થઈ તે પોતે પોતાને પણ જાણે છે ને અખંડ દ્રવ્યને પણ જાણે છે. કોઈ બીજો ઈશ્વર આ આત્માના દોષને ટાળવા આવતો નથી, પણ આત્મા પોતે ધ્રુવશક્તિથી ભરેલો પરમેશ્વર છે, તેની સેવાથી દોષ ટળી જાય છે, ચૈતન્યમૂર્તિ



પંચમભાવસ્વરૂપ આત્માને આત્મા જાણે છે, પંચમભાવને જાણનાર તો પર્યાય છે, પણ તે પર્યાય આત્મામાં અભેદ છે, દ્રવ્ય-પર્યાયના ભેદ નથી, માટે ''આત્મા આત્માને જાણે છે'' એમ કહ્યું છે. ખરેખર જાણવાનું કાર્ય તો પર્યાય કરે છે, કાંઈ ધ્રુવતત્ત્વ જાણવાનું કાર્ય કરતું નથી, પણ તે પર્યાયનું લક્ષ ધ્રુવતત્ત્વ ઉપર છે. પરંતુ ત્યાં પર્યાય પોતે આંધળી રહીને દ્રવ્યને નથી જાણતી, દ્રવ્યને જાણનારી પર્યાય પોતે પોતાને પણ જાણે છે, પર્યાય પ્રગટી તે પર્યાય પોતે પોતાને સ્વસંવેદનથી જાણતી પ્રગટે છે, અભેદ ઉપર દૃષ્ટિ છે એટલે પર્યાયનો ભેદ પાડતું નથી, પણ જ્ઞાન તેને જાણે તો છે. અહીં 'આત્મા આત્માને જાણે છે' એમ કહીને પર્યાય સમયે સમયે આત્મામાં અભેદ થતી જાય છે એમ બતાવ્યું છે.

ઉદયાદિ પર્યાયો ઉપર લક્ષ નથી પણ ધ્રુવ પારિણામિકભાવ ઉપર જ લક્ષ છે. માટે એમ કહ્યું કે આત્મા એક પંચમભાવને જાણે છે. પણ ત્યાં એકલું સામાન્યનું જ જ્ઞાન છે ને વિશેષનું જ્ઞાન નથી એમ નથી, સમયે સમયે પ્રમાણ થતું જાય છે. એટલે દ્રવ્ય-પર્યાય બન્નેનું જ્ઞાન ભેગું જ છે, વર્તમાન પર્યાય આત્મા સાથે અભેદ થઈને આત્માને જાણે છે, પર્યાય પરિણમ્યા વગર એકલું દ્રવ્ય દ્રવ્યને જાણે એમ બને નહિ.

આત્મા આત્મામાં એક પંચમભાવને જાણે છે એમ કહ્યું પણ તેનો અર્થ એમ ન સમજવો કે બીજા ચાર ભાવોનું જ્ઞાન જ થતું નથી, તેમનું પણ જ્ઞાન તો થાય છે, પણ દૃષ્ટિમાં અભેદ આત્માની મુખ્યતા છે, માટે એમ કહ્યું કે આત્મા એક પંચમભાવને જાણે છે અને દેખે છે, આત્માએ પોતાના સહજ એક પંચમભાવને કદી છોડ્યો જ નથી, અને અન્ય એવા પરભાવોને તે કદી ગ્રહતો જ નથી. આવા આત્માના ભાન પછી જ તેમાં એકાગ્ર થતાં રાગનો ત્યાગ થઈ જાય છે. અને તેનું જ નામ પ્રત્યાખ્યાન છે, જેણે ચૈતન્ય જ્ઞાયકભાવને કદી છોડ્યો નથી ને વિકારને પોતામાં ગ્રહ્યો નથી એવો જે પરમ પારિણામિકભાવ છે, તેની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થવું તે જ પચ્ચખાણ છે.

હવે ટીકાકાર કહે છે કે અહો ! આ એક ચૈતન્ય ચિંતામણી સિવાય બીજે ક્યાંય અમારું ચિત્ત ચોંટતું નથી.

**શ્લોક ૧૩૦**

(शार्दूलविक्रीडित)

**मत्स्वान्तं मयि लग्नमेतदनिशं चिन्मात्रचिंतामणा-**
**वन्यद्रव्यकृताग्रहोद्भवमिमं मुक्त्वाधुना विग्रहम्।**
**तच्चित्रं न विशुद्धपूर्णसहजज्ञानात्मने शर्मणे**
**देवानाममृताशनोद्भवरुचिं ज्ञात्वा किमन्याशने॥ १३०॥**

**શ્લોકાર્થ** : અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી ઉત્પન્ન થતાં આ વિગ્રહને હવે છોડીને, વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે, મારું આ નિજ અંતર મારામાં - ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં નિરંતર લાગ્યું છે -તેમાં આશ્ચર્ય નથી, કારણ કે અમૃતભોજનજનિત સ્વાદને જાણીને દેવોને અન્ય ભોજનથી શું પ્રયોજન છે ? (જેમ અમૃતભોજનના સ્વાદને જાણીને દેવોનું દિલ અન્ય ભોજનમાં લાગતું નથી, તેમ જ્ઞાનાત્મક સૌખ્યને જાણીને અમારું દિલ તે સૌખ્યના નિધાન ચૈતન્યમાત્ર-ચિંતામણિ સિવાય બીજે ક્યાંય લાગતું નથી.) ॥ ૧૩૦ ॥

આત્મા ચિદાનંદ ભગવાન છે, તે સિવાય પુણ્ય-પાપ, શરીરાદિ બધાય પરદ્રવ્યો છે. તેનો આગ્રહ કરવાથી રાગ-દ્વેષ અને કલેશની ઉત્પત્તિ થાય છે, ને શરીરની પ્રાપ્તિ થાય છે, હું તો ચૈતન્યસ્વરૂપ છું, રાગાદિ કે દેહાદિ તે હું નથી - એમ સમજીને, પરદ્રવ્યના આગ્રહને છોડીને એટલે મિથ્યાત્વને છોડીને, આત્માના સહજ સુખની પ્રાપ્તિને માટે અમારું અંતર ચૈતન્યમાત્ર-ચિંતામણિ એવા અમારા આત્મામાં જ લાગ્યું છે. અનાદિથી જીવે ચૈતન્યને ચૂકીને 'રાગાદિ તે હું ને શરીરાદિની ક્રિયા હું કરું' એવો પરદ્રવ્યનો મિથ્યા આગ્રહ સેવ્યો. પરંતુ ટીકાકાર કહે છે કે અહો ! હવે તે મિથ્યા આગ્રહને છોડીને અમારી અંતર્પરિણતિ ચિન્માત્રચિંતામણિમાં જ લાગી છે. કેમ કે તે જ સહજસુખની પ્રાપ્તિનું સ્થાન છે, એ ચૈતન્ય ચિંતામણિ સિવાય બીજે ક્યાંય અમારું દિલ લાગતું નથી, કેમ કે અમૃતભોજનના સ્વાદને જાણીને જેમ દેવોનું દિલ બીજા ભોજનમાં લાગતું નથી, તેમ ચૈતન્યના પરમ સુખના સ્વાદનો અનુભવ થતાં હવે અમને બીજે ક્યાંય સુખ ભાસતું નથી. એટલે ચૈતન્ય ચિંતામણિ સિવાય બીજે ક્યાંય અમારું દિલ લાગતું નથી.

દેવોને સ્વર્ગમાં અમૃતનો આહાર હોય છે. અજ્ઞાની હોય તો પણ બ્રહ્મચર્ય-દયા-દાનાદિના શુભભાવથી દેવ થાય. ત્યાં તેને ઘણાં વર્ષે આહારની ઈચ્છા થતાં કંઠમાંથી અમૃત ઝરે છે, તે અમૃતના સ્વાદ પાસે તેને દૂધપાક વગેરે ખોરાકનો સ્વાદ પણ તુચ્છ લાગે છે, તેને બીજા ભોજનની ઈચ્છા થતી નથી. તેમ અહીં જ્ઞાનીને સહજ અમૃતના કુંડ ચૈતન્યનો અનુભવ થયો, તે ચૈતન્યના સ્વાદ પાસે તેને બીજા કોઈ પદાર્થમાં દિલ ચોટતું નથી. જે શુભભાવથી નવા પુણ્ય બંધાય તે શુભ રાગના વેદનની રુચિ પણ જ્ઞાનીને હોતી નથી. તેમનું ચિત્ત તો સદાય ચૈતન્યના સ્વાદમાં જ ચોંટ્યું છે. જુઓ ! આત્માનો સ્વાદ આવ્યા વિના વિષયોને છોડવા માંગે તો તે છૂટે નહિ પણ આત્માના સહજ આનંદનું ભાન થતાં વિષયોમાંથી સુખબુદ્ધિ છૂટી જાય છે, ચૈતન્યના સહજ આનંદનો સ્વાદ આવ્યો ત્યાં બીજા કોઈ વિષયોની ઈચ્છા તેને થતી નથી.

અહો ! ટીકાકાર કહે છે કે અમારું દિલ તો સુખના નિધાન એવા ચૈતન્યસ્વરૂપ આત્મામાં જ લાગ્યું છે. એટલે બીજા બધા ભાવોનું અમારે પ્રત્યાખ્યાન થઈ ગયું છે. જેમ દેવોને અમૃતના ભોજન પાસે બીજા કેરી, દૂધપાક વગેરેના ભોજન સહેજે છૂટી ગયા છે. તેમ અમને ચૈતન્યના સહજાનંદના



સ્વાદ પાસે અશુભ તેમ જ શુભભાવોનું પ્રત્યાખ્યાન થઈ ગયું છે. અમારું અંતર તો ચૈતન્યસ્વરૂપમાં જ નિરંતર લાગ્યું છે ! જુઓ, આ સંતની દશા ! એ તો સ્વરૂપમાં મસ્ત છે. અનેક ઠેકાણે મોક્ષને સ્ત્રીની ઉપમા આપીને વર્ણન કર્યું છે. ત્યાં મૂઢ જીવો તે મુનિવરોની ટીકા કરે છે કે ''આવી ઉપમાઓ કેમ આપી ?'' ટીકાકાર મુનિ તો કહે છે કે અમારું અંતર તો આ સહજ ચિદાનંદસ્વરૂપમાં જ લાગેલું છે. સ્ત્રીના સંભોગમાં અજ્ઞાનીને સુખ ભાસે છે, તે તો તુચ્છ અને મિથ્યા છે -એમ બતાવવા તે વાતને મોક્ષ તરફ ફેરવીને એમ કહ્યું કે ''આત્મા સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતાં સુખના સ્થાનભૂત છે.'' એવા આત્મામાં જ અમારી પરિણતિ લાગી છે. એ સિવાય બીજે ક્યાંય અમારું દિલ લાગતું નથી, જુઓ તો ખરા ! આમાં મુનિની કેવળ વીતરાગતા છે ! ! ચૈતન્યમાં એકાગ્રતા થઈને તેના સુખના અનુભવમાં લીન થતાં અશુભ તેમ જ શુભ બન્ને છૂટી જાય છે.

**શ્લોક ૧૩૧**

(शार्दूलविक्रीडित)

**निर्द्वन्द्वं निरुपद्रवं निरुपमं नित्यं निजात्मोद्भवं**
**नान्यद्रव्यविभावनोद्भवमिदं शर्मामृतं निर्मलम्।**
**पीत्वा यः सुकृतात्मकः सुकृतमप्येतद्विहायाधुना**
**प्राप्नोति स्फुटमद्वितीयमतुलं चिन्मात्रचिंतामणिम्॥ १३१॥**

**શ્લોકાર્થ** : દ્વંદ્વ રહિત, ઉપદ્રવ રહિત, ઉપમા રહિત, નિત્ય, નિજ આત્માથી ઉત્પન્ન થતા, અન્ય દ્રવ્યની વિભાવનાથી (-અન્ય દ્રવ્યો સંબંધી વિકલ્પો કરવાથી) નહિ ઉત્પન્ન થતાં - એવા આ નિર્મળ સુખામૃતને પીને (-એ સુખામૃતના સ્વાદ પાસે સુકૃત પણ દુઃખરૂપ લાગવાથી), જે જીવ સુકૃતાત્મક છે તે હવે એ સુકૃતને પણ છોડીને અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર-ચિંતામણિને સ્ફુટપણે (-પ્રગટપણે) પ્રાપ્ત કરે છે. ॥ ૧૩૧ ॥

અગ્નિ લાકડાંથી ન ઓલવાય તેમ વિષયની વાસના વિષયો ભોગવવાથી ટળતી નથી, ચૈતન્યના આનંદનો ભોગવટો થતાં વિષયોની વાસના ટળી જાય છે. ચૈતન્યસુખના અનુભવ પાસે જ્ઞાનીને અશુભની પણ ઈચ્છા નથી ને શુભની પણ ઈચ્છા નથી. ચૈતન્યસુખમાં લીન થઈને પરથી વિરક્ત થવું તે એક જ નિર્ભયતાનું સ્થાન છે એ સિવાય બીજું કોઈ સ્થાન નિર્ભય નથી, ચૈતન્યના આશ્રયે જે સુખ પ્રગટ્યું તે કાયમ ટકી રહે છે; તેમાં કોઈ ઉપદ્રવ નથી, તે અનુપમ છે. સંસારનું સુખ તો કલ્પિત છે, ઉપદ્રવવાળું છે, ક્ષણિક છે. ચૈતન્યની ભાવનાથી પ્રગટેલું સુખ તો ઉપમા રહિત, ઉપદ્રવ રહિત અને નિત્ય છે. આવા ચૈતન્યસુખ પાસે શુભ કર્મ પણ દુઃખરૂપ છે, માટે તેને પણ છોડીને જ્ઞાની પોતાના ચૈતન્યચિંતામણિને સ્ફૂટપણે પ્રાપ્ત કરે છે. અરે જીવ ! પહેલાં તારો વિશ્વાસ તો ફેરવી નાંખ કે વિષયોમાં સુખ નથી. સુખ તો ચૈતન્યસ્વરૂપની ભાવનામાં જ છે. લોકના વૈભવ દેખીને તેની ભાવના

કરીશ નહિ, અનંતસુખનો સાગર તારો આત્મા છે તેની જ ભાવના કરજે, શુભભાવમાં પણ સુખ નથી માટે તેની પણ ભાવના કરીશ નહિ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપને જાણનારા જ્ઞાનીઓ તેની જ ભાવના કરો ને શુભને પણ છોડો - એ જ પરમાર્થે પ્રત્યાખ્યાન છે. મુનિઓએ દુષ્કૃત્યના પરિણામ તો છોડ્યા જ છે, ને મહાવ્રતાદિના શુભ પરિણામ પણ છોડીને તેઓ અતુલ ચૈતન્યસ્વરૂપમાં ઠરે છે તે જ નિશ્ચયથી પ્રત્યાખ્યાન છે.

**શ્લોક ૧૩૨**

(आर्या)

**को नाम वक्ति विद्वान् मम च परद्रव्यमेतदेव स्यात्।**
**निजमहिमानं जानन् गुरुचरणसमर्च्चनासमुद्भूतम्॥ १३२**

**શ્લોકાર્થ** : ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલાં નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન 'આ પરદ્રવ્ય મારું છે' એમ કહે ? ॥ ૧૩૨ ॥

જુઓ ! અહીં જે ગુરુના ચરણના સમર્ચનની વાત કરી તે ગુરુ આત્માને જાણનારા જ હોય, દ્રવ્યલિંગી અજ્ઞાની ગુરુઓની સેવાથી આવો નિજ મહિમા પ્રગટે નહિ, સમ્યગ્દષ્ટિની જ અહીં વાત છે. એવા શ્રી ગુરુઓના ચરણની સમ્યક્ ભક્તિથી જે પોતાના આત્મસ્વભાવના મહિમાને જાણે છે તે જીવ પરદ્રવ્યને પોતાનું કેમ માને ? અહીં પ્રત્યાખ્યાનમાં નિમિત્ત તરીકે ગુરુની વાત પણ બતાવી છે. એવા ગુરુને ઓળખીને, તેમનો વિનય હોય, ને તેમની સમ્યક્ ભક્તિથી જેને નિજ મહિમા પ્રગટ થયો છે એવો વિદ્વાન પરદ્રવ્યને-પરભાવને પોતાના માનતો નથી, એટલે તેને જ સાચું પ્રત્યાખ્યાન હોય છે.



**માગશર સુદ ૧૫, ગુરુવાર, ૧૩-૧૨-૫૧.**

આજે સવારે શ્રી પ્રવચનસારના હરિગીતની સ્વાધ્યાય હતી.

**માગશર વદ ૧, શુક્રવાર, ૧૪-૧૨-૫૨.**

આ નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર ચાલે છે. શુદ્ધ આત્માની ભાવનાથી જ સાચું પ્રત્યાખ્યાન થાય છે. તેથી અહીં શુદ્ધાત્માની ભાવનાનો ઉપદેશ કરે છે.

**ગાથા ૯૮**

**पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा।**
**सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं॥ ९८॥**

**प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैर्विवर्जित आत्मा।**
**सोहमिति चिंतयन् तत्रैव च करोति स्थिरभावम्॥ ९८॥**

**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધ વિરહિત જીવ જે**
**છું તે જ હું-ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.**

**અન્વયાર્થ** : **(प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैः विवर्जितः)** પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ રહિત **(आत्मा)** જે આત્મા **(सः अहम्)** તે હું છું - **(इति)** એમ **(चिंतयन्)** ચિંતવતો થકો, (જ્ઞાની) **(तत्र एव च)** તેમાં જ **(स्थिरभावं करोति)** સ્થિરભાવ કરે છે.

આત્માનો સ્વભાવ ચારે પ્રકારના બંધનથી રહિત, જ્ઞાનસ્વરૂપ છે, તેને ઓળખીને, તેમાં એકાગ્રતારૂપ ભાવના કરતાં રાગનો ત્યાગ થઈ જાય છે, તે પ્રત્યાખ્યાન છે. આત્મા ચાર પ્રકારના પુદ્ગલકર્મના બંધથી તો રહિત છે, અને તે કર્મના કારણરૂપ જે વિકારીભાવો તેનાથી પણ આત્મા રહિત છે. બંધ અને બંધના ભાવોથી રહિત શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થાય તેને જ સાચું પ્રત્યાખ્યાન હોય છે. તેથી અહીં બંધ રહિત આત્માને ભાવવો એમ જ્ઞાનીને શિખામણ આપી છે.

**ટીકા** : ''શુભાશુભ મન-વચન-કાય સંબંધી કર્મોથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે; ચાર કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે; આ ચાર બંધો રહિત સદા નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું - એમ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.''

ખરેખર મન-વચન-કાયાના નિમિત્તે થતો યોગ તે પ્રકૃતિ અને પ્રદેશબંધનું કારણ છે. તેને શુભ-અશુભ એવું વિશેષણ તો કષાયના નિમિત્તે છે. મન-વચન-કાયાની ક્રિયાથી આત્મા રહિત છે. અંદર યોગનું કંપન થાય અને કર્મના પરમાણુઓ આવે તેનાથી આત્મા રહિત છે.

ક્રોધાદિ કષાયો તે કર્મની સ્થિતિ અને અનુભાગનું કારણ છે. શુભભાવ કે અશુભભાવ તે બન્ને કષાયો છે. જે ભાવે બંધન થાય તે ભાવની ભાવના કરે તો પ્રત્યાખ્યાન થતું નથી, પણ બંધના અભાવરૂપ એવા આત્મસ્વભાવની ભાવના કરે તો બંધન ટળે છે. અશુભ રાગ તો તીવ્ર કષાય છે ને શુભ રાગ મંદ કષાય છે, તે કષાયથી આત્માને બંધન થાય છે. બંધનમાં ચાર પ્રકાર છે, તેમાં પ્રદેશ અને પ્રકૃતિનું કારણ યોગનું કંપન છે અને સ્થિતિ-અનુભાગબંધનું કારણ ક્રોધ-માનાદિ કષાયો છે. ૧૬ કારણભાવનાના જે શુભ રાગ છે તે રાગથી આત્માની શાંતિ પ્રગટતી નથી, પણ કર્મનું બંધન થાય છે. માટે શુભાશુભ ભાવો કે મન-વચન-કાયાની ક્રિયા તે કોઈ આત્માને સંવરનું-પ્રત્યાખ્યાનનું કારણ નથી. પ્રત્યાખ્યાનનું કારણ તો કર્મના સંબંધ રહિત એવા ચૈતન્યની ભાવના કરવી તે જ છે.

આત્મા બંધ વગરનો છે એમ પહેલાં જ્ઞાન કરવું જોઈએ. કર્મ અને કર્મના સંબંધે થતાં વિકારી ભાવો તેનાથી રહિત એવું આત્માનું પરમાર્થસ્વરૂપ છે તે જ હું છું - તે જ મારે ઉપાદેય છે. કર્મની ઉપાધિ મારા સ્વરૂપમાં ત્રણ કાળમાં નથી - આમ જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી. જ્ઞાન વગર પ્રત્યાખ્યાન હોય નહિ. જેનાથી કર્મ બંધાય તે હું નહિ, મારું સ્વરૂપ તો કર્મ રહિત છે. એવું ભાન થયા પછી તેની અંતર્ભાવના કરીને તેમાં એકાગ્રતા રહે તે પ્રત્યાખ્યાન છે. માટે એવા આત્માની ભાવના કરવાનો અહીં ઉપદેશ છે.

જે જીવ ભવ્ય છે-લાયક છે તેવા જીવને કહે છે કે તારો આત્મા ચાર પ્રકારના કર્મબંધનથી રહિત છે, તેની જ ભાવના કર. એની ભાવના કરવી તે જ પ્રત્યાખ્યાન છે. આવા આત્માની ભાવના વિના સાચું પ્રત્યાખ્યાન હોતું નથી. આત્માનું ભાન થઈને તેમાં જેટલી વીતરાગી સ્થિરતા રહે તેટલું પ્રત્યાખ્યાન છે.

એકલા યોગમાં શુભ-અશુભપણું નથી હોતું, પણ તે યોગ સાથે કષાય ભળતાં તેને શુભ-અશુભ કહેવાય છે. ને તેનાથી કર્મબંધ થાય છે. જે ભાવથી કર્મ બંધાય તે ભાવથી પ્રત્યાખ્યાન ન થાય.

આત્માના ભાન વિના સાચાં સામાયિક કે પ્રત્યાખ્યાન હોય જ નહિ. એક સમયની સામાયિક કે સંવર અલ્પકાળમાં મુક્તિ આપે. તેવી સામાયિક અજ્ઞાનીને હોય નહિ. ચૈતન્યના ભાન વિના જે કોઈ ભાવ હોય તે બધો બંધનું કારણ છે. માટે ધર્મી જીવે પહેલો એ નિર્ણય કરવો જોઈએ કે મારો આત્મા દ્રવ્યકર્મ અને ભાવકર્મની ઉપાધિથી રહિત ચૈતન્યબિંબ છે. એવા ભાન પછી તેની ભાવનામાં જેટલી એકાગ્રતા રહે તેટલો સંવર છે, તે જ પ્રત્યાખ્યાન છે.

હવે આ ૯૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-



## શ્લોક ૧૩૩

(मन्दाक्रान्ता)

**प्रेक्षावद्भिः सहजपरमानंदचिद्रूपमेकं**
**संग्राह्यं तैर्निरुपममिदं मुक्तिसाम्राज्यमूलम्।**
**तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन्**
**श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे॥ १३३॥**

**શ્લોકાર્થ** : જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે એવા આ નિરુપમ, સહજ પરમાનંદવાળા ચિદ્રૂપને (ચૈતન્યના સ્વરૂપને) એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે; તેથી, હે મિત્ર ! તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને, તુરત જ ઉગ્રપણે આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે તારું વલણ કર. ॥ ૧૩૩ ॥

જુઓ ! ટીકાકાર મુનિરાજ પ્રેમથી કહે છે કે હે સખા ! હે બંધુ ! તું મારા ઉપદેશનો સાર સાંભળીને ચૈતન્યસ્વરૂપમાં તારું વલણ કર !

ઉપદેશનો સાર શું ? કે ચૈતન્યસ્વરૂપમાં વલણ કરવું તે. ડાહ્યા પુરુષોએ તો એક સહજ પરમાનંદમય ચિદ્રૂપ આત્માને જ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરવા જેવું છે. આત્માનું સ્વરૂપ જ મુક્તિ સામ્રાજ્યનું મૂળ છે; -નિરુપમ અને સહજ પરમાનંદવાળો ચિદાનંદ સ્વરૂપી ભગવાન આત્મા તે જ મોક્ષ સામ્રાજ્યનું મૂળ છે, તેની ભાવનાથી જ મોક્ષ થાય છે, જે જીવ તેવા ચિદ્રૂપ આત્માને એકને જ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરે છે તે જ ખરેખર ડાહ્યા પુરુષો છે. પુણ્ય-પાપના વિકલ્પો તો ચૈતન્યનું સ્વરૂપ નથી, તે પુણ્ય-પાપના વિકલ્પોને ગ્રહવા જેવા નથી. ડાહ્યા -આત્માર્થી- જ્ઞાની મુમુક્ષુ પુરુષોએ તો એક સહજાનંદમય ચિદ્રૂપ આત્માને ગ્રહણ કરવા યોગ્ય છે, તેના ગ્રહણથી જ પ્રત્યાખ્યાન થાય છે. તેથી હે મિત્ર ! મારા ઉપદેશનો સાર સાંભળીને તુરત જ ઉગ્રપણે આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે તારુ વલણ કર. ઉપદેશ સાંભળીને શું કરવું ? કે તરત જ ચૈતન્યસ્વરૂપમાં વલણ કર.

અહીં ''હે સખા'' એમ કહીને સંબોધે છે. એટલે કે અમને તો ચૈતન્યના ગ્રહણથી પ્રત્યાખ્યાન વર્તે છે, અને અમારો ઉપદેશ સાંભળીને તું પણ તારું વલણ ચૈતન્યમાં કર. તો તને પણ આવું પ્રત્યાખ્યાન થશે, એટલે આપણે બન્ને સરખા થઈશું. માટે અહીં 'હે સખા ! હે મિત્ર !' એમ સંબોધન કર્યું છે.

ચૈતન્યસ્વરૂપમાં વળીને તેમાં એકાગ્ર થા - તે જ અમારા ઉપદેશનો સાર છે. અહીં પ્રત્યાખ્યાનની વાત હોવાથી ઉગ્રપણે ચૈતન્યમાં વલણ કરવાનું કહ્યું છે.

જેને આત્માનો રંગ લાગ્યો છે, ને તેમાં જ વલણ કરીને ઠરે છે તેને જ પ્રત્યાખ્યાન હોય છે. તારી મતિને ચૈતન્યમાં વાળ, એ જ ઉપદેશનો સાર છે. શુભ-અશુભ ભાવો થાય તે પ્રમાદ છે,

ચૈતન્યસ્વરૂપમાં વલણ કરીને તેના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવાં તે અપ્રમાદ છે અને તે જ પ્રત્યાખ્યાન છે. માટે ટીકાકાર મુનિરાજ કહે છે કે :-

**तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन्।**
**श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे ॥**

હે સખા ! હે મિત્ર ! ચાલને મારી સાથે ! મારાથી તું જુદો કેમ રહી જાય છે !! અમારી જેમ તું પણ તુરત જ ચૈતન્યમાં ઉગ્રપણે તારું વલણ કર. ચૈતન્યમાં ઉગ્ર વલણ કરતાં તને પણ પ્રત્યાખ્યાન થશે.



હવે કહે છે કે હું ચૈતન્યને અવલંબીને સમસ્ત મમત્વને પરિવર્જું છું :-

**ગાથા ૯૯**

**ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।**
**आलंबणं च मे आदा अवसेसं च वोसरे॥ ९९॥**

**ममत्वं परिवर्जयामि निर्ममत्वमुपस्थितः।**
**आलम्बनं च मे आत्मा अवशेषं च विसृजामि॥ ९९॥**

**પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;**
**અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૯૯.**

**અન્વયાર્થ** : (**ममत्वं**) હું મમત્વને (**परिवर्जयामि**) પરિવર્જું છું અને (**निर्ममत्वम्**) નિર્મમત્વમાં (**उपस्थितः**) સ્થિત રહું છું; (**आत्मा**) આત્મા (**मे**) મારું (**आलम्बनं च**) આલંબન છે (**अवशेषं च**) અને બાકીનું (**विसृजामि**) હું તજું છું.

અહો ! ચિદાનંદી ચૈતન્ય મારો સ્વભાવ છે. તેમાં સ્થિત થઈને હવે હું સમસ્ત મમત્વને છોડું છું. ચૈતન્ય સિવાયના સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોને છોડીને હું મારા નિર્મમ અસંયોગી સ્વરૂપમાં સ્થિત રહું છું. જુઓ, આનું નામ પ્રત્યાખ્યાન છે; તેમાં એક આત્મા જ પોતાનું અવલંબન છે. આત્માના અવલંબને જ પ્રત્યાખ્યાન થાય છે. એ સિવાય દેવ-ગુરુ વગેરે કોઈ નિમિત્તોના અવલંબને રાગાદિનું પ્રત્યાખ્યાન થતું નથી. પરના અવલંબને તો રાગ થાય છે, તે રાગ પોતે અપ્રત્યાખ્યાન છે. તે રાગ આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્ર કોઈનું કારણ નથી, માટે જ્ઞાની કહે છે કે હું એક આત્માને જ અવલંબું છું ને સમસ્ત પરભાવને છોડું છું. ચૈતન્યને અવલંબતા પરભાવો છૂટી જાય છે તે જ પ્રત્યાખ્યાન છે.

**ટીકા** : અહીં સકળ વિભાવની સન્યાસની (-ત્યાગની) વિધિ કહી છે.

''સુંદર કામિની, કાંચન વગેરે સમસ્ત પરદ્રવ્ય-ગુણ-પર્યાયો પ્રત્યે મમકારને હું તજું છું -પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત નિર્મમકારાત્મક આત્મામાં સ્થિત રહીને અને આત્માને અવલંબીને, સંસૃતિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન સુખદુઃખાદિ અનેક વિભાવરૂપ પરિણતિને હું પરિહરું છું.''

**કંચન અને કામિની ચોકી આડી શ્યામની,**
**'રામ'ની રમતને તે જ લૂંટે.**

ચૈતન્યસ્વરૂપ આત્માની ભાવના છોડીને, જે જીવ કંચન અને કામિનીની ભાવના કરે છે તે જીવને

ચૈતન્યરામની રમણતા લૂંટાય છે. ચૈતન્યની જ ભાવના કરવા જેવી છે, ને પરની ભાવના કરવા જેવી નથી -એમ તો જ્ઞાનીને ભાન છે. હજારો કામિનીના સંયોગમાં રહેલા ચક્રવર્તીને અંતરમાં ચૈતન્યનું ભાન હતું, આસક્તિનો રાગ હતો પણ તેની ભાવના ન હતી. ભાવના તો ચૈતન્યની જ હતી.

અને મુનિને તો તેવો આસક્તિનો રાગ પણ હોતો નથી. તેમને તો આત્મામાં સ્થિરતા થતાં કંચન-કામિની પ્રત્યેનો રાગ સર્વથા છૂટી ગયો છે. ગૃહસ્થપણામાં જ્ઞાનીને પરિગ્રહની મમતા સર્વથા છૂટે નહિ પણ તેને અંતરમાં ભાન છે કે આ સ્ત્રી કે ધનના ઢગલામાં મારું સુખ નથી. તેમ જ તેનાથી કોઈને સુખ નથી. જગતને પરિગ્રહમાં મુખ્ય સ્ત્રી અને કંચન છે. તેથી તેની મુખ્યતાથી વાત કરી છે પણ ખરેખર તો સમેદશિખર વગેરે તીર્થ કે દેવ-ગુરુ-શાસ્ત્ર તે પણ પરદ્રવ્ય છે, તેની પણ મમતા હું છોડું છું. પરદ્રવ્ય પ્રત્યે મમતા હોય તો રાગનું પ્રત્યાખ્યાન થતું નથી.

ચૈતન્યસ્વરૂપ મારો આત્મા પરમ ઉપેક્ષા લક્ષણથી લક્ષિત એવા નિર્મમસ્વરૂપ છે. પરદ્રવ્ય પ્રત્યેની પરમ ઉપેક્ષા તે જ નિર્મમત્વનું લક્ષણ છે. ચૈતન્યમાં ઠર્યો એટલે પર પ્રત્યે પરમ ઉપેક્ષા થઈ ગઈ. પરથી તદ્દન ઉદાસીનભાવ કરીને નિર્મમસ્વરૂપ આત્મામાં જ હું સ્થિર થાઉં છું. ચૈતન્ય આત્મા પરની ઉપેક્ષાથી ઓળખાય તેવો નથી. પરની ઉપેક્ષા કરતાં રાગની ઉત્પત્તિ થાય છે, ને ત્યાં નિર્મળતા હોતી નથી. પરથી તદ્દન ઉપેક્ષિત થવાનું કહ્યું ને આત્માને અવલંબવાનું કહ્યું - એમ અસ્તિ-નાસ્તિથી વાત કરી. પરનું અવલંબન છોડીને એકલા શુદ્ધાત્માને જ મારું આલંબન બનાવીને, હું સંસારરૂપી સ્ત્રીના સમાગમથી ઉત્પન્ન એવા સુખદુઃખાદિ અનેક વિભાવરૂપ પરિણતિને પરિહરું છું - આનું નામ પ્રત્યાખ્યાન છે. ચૈતન્યસ્વરૂપનું જ એકનું અવલંબન લઈને બધાંય પરદ્રવ્યોની મમતાને હું છોડું છું. ચૈતન્યનું આલંબન કરીને સ્થિર થયો ત્યાં વિભાવ પરિણતિ ઉત્પન્ન જ થતી નથી, એટલે તેને હું છોડું છું - એમ કહ્યું છે. આત્માનું અવલંબન લેતાં વીતરાગી પરિણતિ થાય અને રાગાદિની ઉત્પત્તિ જ ન થાય -તેનું નામ જ પ્રત્યાખ્યાન છે.

આચાર્યદેવ પોતાની જ વાત કરે છે કે ''હું આત્માને અવલંબું છું, ને મમત્વને હું પરિહરું છું.'' એટલે પ્રત્યાખ્યાન કરનાર પોતે પોતાના આત્માને જ અવલંબે છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૦૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(शिखरिणी)

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः संत्यशरणाः।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं**
**स्वयं विंदिंत्येते परमममृतं तत्र निरताः॥**



**શ્લોકાર્થ** : શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ - એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, મુનિઓ કાંઈ અશરણ નથી; (કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું-રમણ કરતું- પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે; તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા પરમ અમૃતને પોતે અનુભવે છે, -આસ્વાદે છે.

શ્રી સમયસારના પુણ્ય-પાપ અધિકારમાં પુણ્ય અને પાપ બન્નેનો નિષેધ કર્યો છે. પુણ્ય અને પાપ બન્ને ધર્મનું કારણ નથી, એમ કહ્યું છે. ત્યાં શિષ્ય પૂછે છે કે પ્રભો ! અશુભ તેમ જ શુભ બન્ને કર્મોનો નિષેધ કર્યો તો પછી મુનિઓને કોનું શરણ રહેશે ?

તેના ઉત્તરરૂપે ત્યાં આ શ્લોક કહ્યો છે કે ભાઈ ! પુણ્ય-પાપ બન્નેને છોડીને મુનિઓને જ્યારે નિષ્કર્મ દશા પ્રવર્તે છે ત્યારે તેમને પોતાના શુદ્ધ ચૈતન્યનું જ પરમ શરણ છે. પુણ્ય-પાપ છોડતાં મુનિઓ કાંઈ અશરણ થઈ જતાં નથી. ત્યાં તો ચૈતન્યનું અવલંબન વર્તે છે; જ્ઞાનમાં લીન થયેલું જ્ઞાન જ પરમ શરણ છે, એવું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે. મુનિઓ તો પુણ્ય-પાપને છોડીને, ચૈતન્યના અવલંબને વીતરાગી અમૃતને પીએ છે, તેઓ કાંઈ અશરણ નથી. માટે પ્રત્યાખ્યાન કરનારને પોતાનો એક શુદ્ધ ચૈતન્ય આત્મા જ પરમ શરણ છે, તેના અવલંબને જ પ્રત્યાખ્યાન છે.

**માગશર વદ ૨, શનિવાર, ૧૨-૧૨-૫૧.**

પ્રથમ આત્માનું જ્ઞાન થયા પછી તેમાં એકાગ્રતા કરે તેને રાગનું પ્રત્યાખ્યાન હોય છે. માટે નિશ્ચય પ્રત્યાખ્યાનના વર્ણનમાં જ્યાં હોય ત્યાં આત્માની મુખ્યતા વર્ણવીને તેની ભાવના કરવાનું જણાવ્યું છે.

૯૯મી ગાથા પૂરી થતાં ટીકાકાર શ્લોક કહે છે :-

**શ્લોક ૧૩૪**

(मालिनी)

**अथ नियतमनोवाक्कायकृत्स्नेन्द्रियेच्छो**
**भववनधिसमुत्थं मोहयादःसमूहम्।**
**कनकयुवतिवांच्छामप्यहं सर्वशक्त्या**
**प्रबलतरविशुद्धध्यानमय्या त्यजामि॥ १३४॥**

**શ્લોકાર્થ** : મન-વચન-કાયા સંબંધી અને સમસ્ત ઈંદ્રિયો સંબંધી ઈચ્છાનું જેણે નિયંત્રણ કર્યું છે એવો હું હવે ભવસાગરમાં ઉત્પન્ન થતાં મોહરૂપી જળચર પ્રાણીઓના સમૂહને તેમ જ કનક અને યુવતીની વાંછાને અતિપ્રબળ-વિશુદ્ધ-ધ્યાનમયી સર્વ શક્તિથી તજું છું. ॥ ૧૩૪ ॥

આત્માના સ્વભાવમાં મન-વચન-કાયાનો અભાવ છે -એમ જેણે પ્રથમ નિર્ણય કર્યો હોય, તેને જ આત્મામાં એકાગ્રતાથી મન-વચન-કાયા ઉપર વિજય મેળવાય છે. મન-વચન-કાયાથી ભિન્ન ચૈતન્યનું જેને ભાન નથી તે જીવ તેના ઉપર કાબુ મેળવી શકે નહિ. અહીં તો જેને આત્માનું ભાન થયું છે, તે જીવ પ્રત્યાખ્યાન કરતાં કહે છે કે મેં મન-વચન-કાયા અને ઈન્દ્રિયો સંબંધી સમસ્ત ઈચ્છાઓ ઉપર કાબુ મેળવ્યો છે એટલે કે તે તરફનું વલણ છોડી દીધું છે; એવો હું હવે ભવસાગરમાં ઉત્પન્ન થતાં જે રાગ-દ્વેષ-મોહરૂપી જળચર પ્રાણીઓ તેને ધ્યાનના બળથી તજું છું. તેમ જ અતિ વિશુદ્ધ આત્મધ્યાનના બળથી કનક અને કામિનીઓની વાંછાને પણ છોડું છું. ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થતાં સમસ્ત પરદ્રવ્યની વાંછા છૂટી જાય છે તેનું નામ જ પ્રત્યાખ્યાન છે.



હવે, સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરેમાં સર્વત્ર આત્મા જ ઉપાદેય છે - એમ ૧૦૦મી ગાથામાં કહે છે :-

### ગાથા ૧૦૦

**आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य।**
**आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे॥ १००॥**

**आत्मा खलु मम ज्ञाने आत्मा मे दर्शने चरित्रे च।**
**आत्मा प्रत्याख्याने आत्मा मे संवरे योगे॥ १००॥**

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.**

**અન્વયાર્થ** : (**खलु**) ખરેખર (**मम ज्ञाने**) મારા જ્ઞાનમાં (**आत्मा**) આત્મા છે, (**मे दर्शने**) મારા દર્શનમાં (**च**) તથા (**चरित्रे**) ચારિત્રમાં (**आत्मा**) આત્મા છે, (**प्रत्याख्याने**) મારા પ્રત્યાખ્યાનમાં (**आत्मा**) આત્મા છે, (**मे संवरे योगे**) મારા સંવરમાં તથા યોગમાં (-શુદ્ધોપયોગમાં) (**आत्मा**) આત્મા છે.

જ્ઞાની કહે છે કે ખરેખર મારા જ્ઞાનમાં આત્મા છે, એટલે મારું જ્ઞાન આત્માના આશ્રયે જ થાય છે.

સમ્યગ્દર્શનમાં પણ આત્મા છે અર્થાત્ સમ્યગ્દર્શનનું ધ્યેય આત્મા જ છે. ચારિત્રમાં પણ આત્મા જ છે, આત્માના આશ્રય વિના ચારિત્ર થતું નથી. એ જ પ્રમાણે પ્રત્યાખ્યાન-સંવર-શુદ્ધોપયોગ વગેરે બધાયમાં પણ શુદ્ધ આત્માનો જ આશ્રય છે. તેથી આત્મા જ સર્વત્ર ઉપાદેય છે.

**ટીકા** : અહીં આ ગાથામાં, સર્વત્ર આત્મા ઉપાદેય(-ગ્રહણ કરવા યોગ્ય) છે એમ કહ્યું છે.

''આત્મા ખરેખર અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિય સ્વભાવવાળો, શુદ્ધ, સહજસૌખ્યાત્મક છે.''

ભગવાન આત્મા અનાદિ-અનંત છે, અમૂર્ત છે, ને અતીન્દ્રિય સ્વભાવવાળો છે, તે ઈન્દ્રિયોથી કે મનથી જણાય તેવો નથી. તેમ જ ઈન્દ્રિયો વડે જાણે એવો તેનો સ્વભાવ નથી. વળી આત્મા શુદ્ધ છે. પર્યાયમાં જે ક્ષણિક અશુદ્ધભાવો છે તે આત્માનું ખરું સ્વરૂપ નથી, તે ઉપાદેય નથી, ઉપાદેયરૂપ આત્મા તો અનાદિ-અનંત શુદ્ધ છે. અને સહજ સુખસ્વરૂપ છે, પોતે જ સ્વાભાવિક સહજ આનંદ-સ્વરૂપ છે. એક સમયની પર્યાયને ગૌણ કરીને આવો ચિદ્બ્રહ્મ આત્મા જ ઉપાદેય છે. આવા આત્માના જ આશ્રયે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે પર્યાયો પ્રગટે છે, માટે તે પર્યાયોમાં આત્મા જ છે એમ

હવે કહે છે.

૧) ''સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો જે હું તેના (અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે (આત્મા) છે.'' અહીં આત્માના આશ્રયે જે જ્ઞાનપર્યાય પરિણમી તે પર્યાયને પણ 'સહજ શુદ્ધ' કહેલ છે. ત્રિકાળી આત્માને પણ શુદ્ધ સહજ કહ્યો, અને તેના અવલંબને જે વર્તમાન જ્ઞાનપર્યાય પ્રગટી તેને પણ સહજ શુદ્ધ જ્ઞાનચેતના કહેલ છે. એ રીતે ત્રિકાળીને તેમ જ વર્તમાનને બન્નેને સહજ કહેવાય છે. પરના કે રાગના અવલંબન વગર, એકલા સ્વભાવથી જ જ્ઞાનપર્યાય પ્રગટી માટે તેને 'સહજ શુદ્ધ' કહેલ છે. એવી સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલા મારા સમ્યગ્જ્ઞાનમાં ખરેખર આત્મા જ છે. મિથ્યાજ્ઞાન વખતે તે આત્મા તો છે, પણ મિથ્યાજ્ઞાનનું લક્ષ તેના ઉપર નથી તેથી તે મિથ્યાજ્ઞાનમાં આત્મા નથી; સમ્યગ્જ્ઞાનનું લક્ષ તેવા આત્મા ઉપર છે, ને તેના આશ્રયે જ સમ્યગ્જ્ઞાન પરિણમે છે તેથી તે સમ્યગ્જ્ઞાનમાં આત્મા જ છે. જો આવો આત્મા લક્ષમાં લ્યે તો મિથ્યાજ્ઞાન રહે નહિ. માટે કહ્યું કે મારા સમ્યગ્જ્ઞાનમાં આત્મા જ છે, એટલે જે જ્ઞાન આવા શુદ્ધ આત્માને જાણીને તેને ઉપાદેય કરે તે જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે.

૨) ''પૂજિત પરમ પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો જે હું તેના સહજ સમ્યગ્દર્શનવિષયે (અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં) તે (આત્મા) છે.''

સમ્યગ્દર્શનના ધ્યેયમાં પંચમભાવ એટલે કે પરમ પારિણામિકસ્વભાવભાવ જ છે. ઉદય-ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષાયિક- એ ભાવો સમ્યગ્દર્શનના વિષયમાં નથી. ત્રિકાળી ધ્રુવ સ્વભાવની ભાવનારૂપે પરિણમેલા એવા મારા સહજ સમ્યગ્દર્શનનો વિષય પણ શુદ્ધ આત્મા જ છે. તે પરમ સ્વભાવની ભાવનાથી જ સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શનનો વિષય એટલે કે સમ્યગ્દર્શનનું ધ્યેય ૩૮મા પાને પંચમભાવની પરિણતિને પૂજિત કહી હતી, ત્યાં ત્રિકાળની વાત હતી. અને અહીં સમ્યગ્દર્શનના ત્રિકાળી વિષયની ભાવનાથી જે કાર્ય પ્રગટ્યું તેને (પંચમગતિને) પૂજિત કહેલ છે. તે મોક્ષગતિ પંચમભાવની ભાવનાથી પ્રગટે છે. તે સ્વભાવભાવની ભાવનારૂપે પરિણમેલા એવા મારા સહજ સમ્યગ્દર્શનમાં તે આત્મા જ છે.

૩) ''સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત, નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમચારિત્ર પરિણતિવાળો જે હું તેના (અર્થાત્ મારા) સહજ ચારિત્રમાં પણ તે પરમાત્મા સદા સંનિહિત (-નિકટ) છે.''

મોક્ષનો સાક્ષાત્ ઉપાય ચારિત્ર છે. પણ તે ચારિત્ર ક્યાંય બહારના આશ્રયે નથી; આત્માના આશ્રયે જ તે ચારિત્ર છે. તે ચારિત્ર સાક્ષાત્ મોક્ષના ઉપાયભૂત છે, અને નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ છે, એવા સહજ પરમ ચારિત્રમાં મારો આત્મા જ છે.



**સમ્યગ્દર્શન-જ્ઞાન તે પરંપરા કારણ છે, ને**
**સમ્યક્ચારિત્ર તે અનંતરકારણ-સાક્ષાત્કારણ છે.**

તે સહજ ચારિત્રમાં આત્મા જ નિકટપણે વર્તે છે. પંચમહાવ્રતના વિકલ્પ તે ચારિત્રથી ખરેખર બહાર છે. ચારિત્રમાં તો ચૈતન્ય પરમાત્મા જ સદા નિકટ છે. જેટલો ચૈતન્યપરમાત્માની સમીપતામાં રહે તેટલું ચારિત્ર છે, તેનાથી જેટલો દૂર તેટલું અચારિત્ર છે. ચારિત્રદશા અંતરમાં આત્માના આશ્રયે જ છે. હજી આત્માનું ભાન પણ ન હોય તેને આત્માની નિકટતા ક્યાંથી હોય ? તેને ચારિત્ર હોય નહિ. ચારિત્ર વિના મુક્તિ નથી એ વાત ખરી છે, પણ તે ચારિત્ર કોને હોય ? પહેલાં તો આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરે, પછી તેના આશ્રયે સ્થિરતા થતાં ચારિત્ર હોય. અહીં તો દરેક બોલમાં કહે છે કે 'સહજ જ્ઞાનરૂપે પરિણમેલો હું, પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો હું, સહજ ચારિત્ર પરિણતિવાળો હું '- એમ દરેક પરિણમેલાની વાત કરી છે. કેમ કે પોતે મુનિ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયપણે પરિણમેલા છે. અમારા સહજ ચારિત્રમાં પરમાત્મા જ અમને સદા નિકટ છે.

૪) ''ભેદવિજ્ઞાની, પરદ્રવ્યથી પરાઙ્મુખ અને પંચેન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્રપરિગ્રહવાળો જે હું તેના નિશ્ચય પ્રત્યાખ્યાનમાં -કે જે (નિશ્ચય પ્રત્યાખ્યાન) શુભ, અશુભ, પુણ્ય, પાપ, સુખ અને દુઃખ એ છના સકળ સંન્યાસસ્વરૂપ છે. (અર્થાત્ એ છ વસ્તુઓના સંપૂર્ણ ત્યાગસ્વરૂપ છે) તેમાં -તે આત્મા સદા આસન્ન (-નિકટ) રહેલો છે.''

પહેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વાત કરીને પછી પ્રત્યાખ્યાનની વાત લીધી. કેમ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત જ પ્રત્યાખ્યાન હોય છે. અહીં મુનિના પ્રત્યાખ્યાનની વાત છે.

મુનિ કેવા છે ? પ્રથમ તો ભેદવિજ્ઞાની છે, પરદ્રવ્યથી પરાઙ્મુખ છે, સ્વરૂપમાં નિકટ છે, ને પરદ્રવ્યથી દૂર છે, પાંચ ઇન્દ્રિયોના ફેલાવથી રહિત છે, માત્ર દેહનો જ જેને પરિગ્રહ છે, એટલે કે નિર્ગ્રંથદશા છે -એવા મુનિને નિશ્ચય પ્રત્યાખ્યાનમાં સદા આત્મા જ નિકટ છે.

કેવું છે તે પ્રત્યાખ્યાન ? શુભ-અશુભ, પુણ્ય-પાપ અને સુખ-દુઃખ -એવી છયે વસ્તુના ત્યાગસ્વરૂપ છે. શુભ-અશુભભાવ, તેનાથી બંધાતા પુણ્ય-પાપ કર્મ, અને તેના ફળરૂપ સુખ-દુઃખનો બાહ્ય સંયોગ -તેનો પ્રત્યાખ્યાનમાં અભાવ છે. વસ્ત્ર વગેરે સુખના નિમિત્તો કે સિંહ વગેરે દુઃખના નિમિત્તો -તેના ઉપર મારું લક્ષ નથી, તે જ પ્રત્યાખ્યાન છે. મુનિના પ્રત્યાખ્યાનમાં શુભાશુભ પરિણામોનો અભાવ વર્તે છે, દ્રવ્યકર્મ છૂટી જાય છે અને બાહ્ય નિમિત્તો ઉપરનું લક્ષ છૂટી જાય છે, ને વસ્ત્રાદિ નિમિત્તો પણ છૂટી જાય છે. વર્તમાનમાં તો શુભાશુભ ભાવની ભાવના નથી, ને પૂર્વના શુભથી ઊંચાં પુણ્ય બંધાઈ ગયા હોય તો તેના ફળની પણ ભાવના નથી, તેથી તેનો પણ ત્યાગ વર્તે છે. શુભ-અશુભ તે ભાવકર્મ છે, પુણ્ય-પાપ તે દ્રવ્યકર્મ છે, ને સુખ-દુઃખ તે નોકર્મ છે - એ બધાના અભાવરૂપ પ્રત્યાખ્યાન છે. સ્વભાવમાં જે એકાગ્ર થાય તેને તે બધાનું લક્ષ છૂટી જાય છે. પ્રત્યાખ્યાનમાં

એકલો પરમ શુદ્ધ આત્મા જ નિકટપણે વર્તે છે - તેમાં જ એકાગ્રતા છે. અમારા પ્રત્યાખ્યાનમાં એક સમય પણ આત્મા દૂર નથી; પ્રત્યાખ્યાન પર્યાય આત્મા સાથે અભેદ થઈ ગઈ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને પ્રત્યાખ્યાન - એ બધી નિર્મળ પર્યાયોને આત્માની સાથે એકતા થઈ ગઈ છે, તેથી તેને આત્મા જ સદાય નિકટ છે. અહો ! આવા આત્મામાં જેને અંતર્મુખ વલણ થઈને અભેદતા થઈ તેને જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને પ્રત્યાખ્યાન હોય છે.

૫) ''સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ, સ્વરૂપગુપ્ત અને પાપરૂપી અટવીને બાળવા માટે પાવક સમાન જે હું તેના શુભાશુભ સંવરમાં (તે પરમાત્મા) છે.''

ચૈતન્યમાં લીનતા થઈ ત્યાં મુનિના આત્મામાં વૈરાગ્યરૂપી મોટો મહેલ રચાયો છે. સહજપણે પરથી ઉપેક્ષા....ઉપેક્ષા....થઈને ઉદાસીનતા થઈ ગઈ છે. પરથી વૈરાગ્ય છે ને સ્વરૂપમાં ગુપ્ત છે. જેમ શહેરમાં મોટા મોટા શિખર (ટાવર) કરે છે, તેમ મુનિવરોના આત્મામાં વૈરાગ્યરૂપ મહેલનું મોટું શિખર છે; જુઓ તો ખરા ! મુનિ પોતે પોતાને ભેળવીને કહે છે કે હું સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છું, સ્વરૂપગુપ્ત છું ને પાપરૂપી જંગલને બાળી નાખવા માટે પ્રચંડ અગ્નિ સમાન છું -આવો છું- તેના શુભાશુભના સંવરમાં પણ પરમાત્મા જ છે. અહો ! એક પરમ શુદ્ધ આત્મા જ મારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, પ્રત્યાખ્યાન કે સંવરમાં છે. શુભ અને અશુભભાવના સંવરમાં આત્મા છે. એટલે કે આત્માના આશ્રયે એકાગ્ર થતાં શુભાશુભની ઉત્પત્તિ થતી નથી, તેનું નામ સંવર છે.

૬) ''તથા અશુભોપયોગથી પરાઙ્મુખ, શુભોપયોગ પ્રત્યે પણ ઉદાસીનતાવાળો અને સાક્ષાત્ શુદ્ધોપયોગની સન્મુખ જે હું - પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે એવો પદ્મપ્રભ - તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે.''

અશુભથી તો હું પરાઙ્મુખ છું, શાસ્ત્રરચના વગેરેનો શુભવિકલ્પ વર્તે તેનાથી પણ હું ઉદાસીન છું ને સાક્ષાત્ શુદ્ધોપયોગની સન્મુખ છું. વળી પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખકમળમાંથી ઝરે છે -એવો હું- પદ્મપ્રભ તેના શુદ્ધોપયોગમાં પણ પરમાત્મા જ વર્તે છે. અમારા મુખમાંથી જે વાણી નીકળી તે જ પરમાગમરૂપી પુષ્પનો રસ છે. જુઓ તો ખરા ! મુનિના આત્માનું જોર ! કેવળજ્ઞાન નથી, મતિ-શ્રુતજ્ઞાન છે, તેના જોરે કહે છે કે અમારા મુખમાંથી જે વાણી ઝરે છે તે પરમાગમ છે, એટલે ૫૩મી ગાથાની ટીકા રચાઈ તે પણ પરમાગમ છે. જે વાત ટીકામાં છે તે જ વાત કેવળી ભગવાનની વાણીમાં અને કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલી છે. મુનિ પોતે આત્માની સાક્ષીથી કહે છે કે અમારી વાણી તે જ પરમાગમ છે, તે ત્રણકાળમાં ફરે તેવી નથી. આવો જે હું પદ્મપ્રભ મુનિ છું તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે. શુદ્ધોપયોગ પર્યાય આત્મા સાથે અભેદ થઈ જાય છે, માટે તેમાં આત્મા જ છે. કેમ કે તે પરમાત્મા સનાતન સ્વભાવવાળો છે. ધ્રુવ ચૈતન્યદળ ત્રિકાળ પડ્યું છે, તે જ ઉપાદેય છે, તેના આશ્રયે જ સમ્યગ્દર્શન છે, તેના આશ્રયે જ સમ્યગ્જ્ઞાન



છે, તેના આશ્રયે જ સમ્યક્ચારિત્ર છે, તેના આશ્રયે જ સાચું પ્રત્યાખ્યાન છે, તેના આશ્રયે જ સંવર છે, ને તેના આશ્રયે જ સાચો યોગ છે. આવા આત્માના ભાન વિના તે કાંઈ હોતું નથી.

**માગશર વદ ૩, રવિવાર, ૧૬-૧૨-૫૧.**

આ નિશ્ચય પ્રત્યાખ્યાનનો અધિકાર છે, તે પ્રત્યાખ્યાન આત્માના જ આશ્રયે થાય છે, તેથી તે આત્મા જ સર્વત્ર (શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે બધા ભાવોમાં) ઉપાદેય છે, એ વાત કરી. હવે તેના ઉપર શ્લોકો કહે છે.

એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી આચાર્યવરકૃત પદ્મનંદી પંચવિંશતિકાના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૩૯, ૪૦ ને ૪૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(अनुष्टुभ्)

**तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम्।**
**चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः॥**

**શ્લોકાર્થ** : તે જ એક (-તે ચૈતન્યજ્યોતિ જ એક) પરમ જ્ઞાન છે, તે જ એક પવિત્ર દર્શન છે, તે જ એક ચારિત્ર છે અને તે જ એક નિર્મળ તપ છે.

જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્યજ્યોતિમાં અંતર્દૃષ્ટિ કરવાથી જ સમ્યગ્જ્ઞાન છે, તેથી તે જ એક પરમજ્ઞાન છે, શાસ્ત્ર કે પુણ્યના આશ્રયે સમ્યગ્જ્ઞાન નથી, સમ્યગ્જ્ઞાનનું અવલંબન તો અંતરમાં ધ્રુવ ચૈતન્યતત્ત્વ છે તે જ છે. માટે તે ચૈતન્યજ્યોતિ જ એક પરમજ્ઞાન છે, તે જ એક પવિત્ર દર્શન છે. અંતરમાં ચૈતન્યની પ્રતીત થવી તે જ સમ્યગ્દર્શન છે. એ સિવાય બહારના પદાર્થોના આશ્રયે સમ્યગ્દર્શન નથી. પરમ ચૈતન્યતત્ત્વ જ સમ્યગ્દર્શન છે. અને તે પરમ ચૈતન્યમાં લીનતા તે જ ચારિત્ર છે, એટલે અભેદપણે તે જ એક ચારિત્ર છે. રાગાદિભાવો તે ચારિત્ર નથી. વળી તે ચૈતન્યજ્યોત જ એક નિર્મળ તપ છે. જ્ઞાનાનંદમાં લીનતા થતાં ઈચ્છાનો અભાવ થઈ જાય છે તે જ તપ છે. તે તપ આત્માના આધારે છે. રોટલા ખાઈ શકું કે છોડી શકું એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આત્મામાં પરનું ગ્રહણ-ત્યાગ જ નથી. આત્મા તો ચૈતન્યબિંબ જાણનાર-દેખનાર છે. તેના જ આશ્રયે જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ છે. આહાર છૂટે તે તો તપ નથી, પણ આહાર છોડવાનો શુભ વિકલ્પ થાય તે પણ ખરેખર તપ નથી. પણ જ્ઞાનાનંદ ચિદાનંદ તત્ત્વ હું છું એવું ભાન થઈને તેમાં લીનતા થતાં સહજે ઈચ્છા છૂટી જાય તેનું નામ તપ છે. ''શાસ્ત્ર ભણવાં તે જ્ઞાન, દેવ-ગુરુની માન્યતા તે શ્રદ્ધા, વ્રત પાળવા તે ચારિત્ર ને રોટલા ન ખાવા તે તપ'' એમ અજ્ઞાનીઓ માને છે, પણ ખરેખર તેમ નથી. આત્માના આશ્રયે થતું જે પરમ શુદ્ધ આત્માનું જ્ઞાન તે જ જ્ઞાન છે, તેની શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે, તેના આનંદમાં લીનતા તે ચારિત્ર છે, ને તેમાં લીનતા થતાં ઈચ્છા તૂટી જવી તે તપ છે.

**પ્રશ્ન** : આમાં કષ્ટનું તો નામનિશાન પણ ન રહ્યું ?

**ઉત્તર** : કષ્ટ લાગે તે તો આર્તધ્યાન છે. ધર્મમાં કષ્ટ ન હોય; આત્માના જ આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર ને તપ છે, ને તે આનંદરૂપ છે.

વળી બીજો શ્લોક કહે છે :-

(अनुष्टुभ्)

**नमस्यं च तदेवैकं तदेवैकं च मंगलम् ।**
**उत्तमं च तदेवैकं तदेव शरणं सताम् ॥**

**શ્લોકાર્થ** : સત્પુરુષોને તે જ એક નમસ્કારયોગ્ય છે, તે જ એક મંગળ છે, તે જ એક ઉત્તમ છે અને તે જ એક શરણ છે.

પરને નમસ્કાર કરવા તે તો પુણ્ય છે, પણ પુણ્ય-પાપથી ખસીને આત્મામાં-ચિદાનંદ સ્વરૂપમાં નમી જવું-ઢળી જવું-લીન થવું તે જ પરમાર્થ નમસ્કાર છે, એટલે નમસ્કાર કરવા યોગ્ય તો સહજ ચિદાનંદ સ્વરૂપ જ છે. જૈનદર્શનમાં વ્યવહારે નમસ્કાર કરવા યોગ્ય તો શ્રી અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય ને સાધુ -એ પંચ પરમેષ્ઠી જ છે. તેમાં શુભ રાગ છે. ને પરમાર્થે પોતાનો આત્મા જ નમસ્કાર કરવા યોગ્ય છે, તેના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં લીન થવું તેનું નામ નમસ્કાર છે. સત્પુરુષોને તે જ નમસ્કાર યોગ્ય છે. રાગ આદરવા જેવો નથી. બહારમાં ભગવાન પ્રત્યે કે ગુરુ પ્રત્યે લક્ષ જતાં બહુમાનનો ભાવ આવે, પણ પરનું બહુમાન તે શુભ રાગ છે. તેને સત્પુરુષો ધર્મ માનતા નથી. અજ્ઞાની તો ચૈતન્યને ચૂકીને પરનું બહુમાન કરે છે, તેની અહીં વાત નથી. અહીં તો ધર્મ કરવો હોય તેની વાત છે. માટે કહ્યું કે સત્પુરુષોને તો પોતાનો આત્મા જ નમવા યોગ્ય છે.

વળી તે ચૈતન્ય જ એક મંગળ છે. અરિહંત, સિદ્ધ-સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મને મંગળરૂપ કહેવા તે વ્યવહારે છે, પોતાને માટે તો પોતાનો ચૈતન્યમૂર્તિ આત્મા જ માંગળિક છે, તેનો આશ્રય કરતાં પાપ ગળી જાય છે ને પવિત્રતા પ્રગટે છે. આત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મંગળદશા પ્રગટે છે. આ જ મંગળમંદિર છે, તેની શ્રદ્ધા કરીને તે મંદિરના દ્વાર ખોલો.

**''મંગળ મંદિર ખોલો..દયામય મંગળ મંદિર ખોલો.''**

કયું મંગળ મંદિર ? આત્મા અનંત ચૈતન્યશક્તિનો પિંડ છે તે જ માંગળિકની ખાણ છે, તેની શ્રદ્ધા કરીને તેમાં લીન થતાં મંગળ મંદિર ખૂલે છે એટલે કે પર્યાયમાં મંગળ પ્રગટે છે -પાપ ટળે છે ને પવિત્રતા પ્રગટે છે.

માંગળિકના શબ્દોમાં મંગળ નથી, તેના તરફના શુભ વિકલ્પમાં પણ ખરેખર મંગળ નથી. અરિહંત ભગવાન વગેરે કાંઈ આ આત્માને માંગળિક દેવા આવતા નથી. પણ પોતાનો આત્મા જ માંગળિક



દાતાર છે, તેમાંથી જ માંગળિક પ્રગટે છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરવું તે જ મંગળ છે. માટે કહ્યું કે આ આત્મા એક જ મંગળ છે.

વળી તે ભગવાન આત્મા જ એક ઉત્તમ છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ - એ ચારને ઉત્તમ કહેવા તે વ્યવહાર છે. તેમાં શુભ રાગ છે. ખરેખર પરદ્રવ્ય પોતાને માટે ઉત્તમ નથી. પોતાને માટે સૌથી ઉત્તમ પોતાનો આત્મા જ છે કેમ કે આત્માના જ આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે પ્રગટે છે, પરના આશ્રયે પ્રગટતા નથી. લોકમાં આત્મદ્રવ્ય જ ઉત્તમ છે.

મંગળ અને ઉત્તમ એ બે વાત કરી, હવે શરણની વાત કરે છે.

તે ચૈતન્ય જ એક શરણ છે. અરિહંતા શરણં વગેરે કહેવું તે તો શુભભાવ છે, ખરેખર ચૈતન્યને પરનું શરણ નથી લોકો કહે છે કે : તમને અરિહંતનું શરણ હજો, સિદ્ધનું શરણ હજો. પણ અહીં હાજરા હજુર ચૈતન્ય ભગવાન પડ્યો છે તે જ તારું શરણ છે, તેને સંભાળ, એના સિવાય બહારનું શરણ નથી. ચૈતન્યના શરણે આવ તો ધર્મ થાય. અરિહંતના લક્ષે શુભભાવ થાય, પણ તે ધર્મ નથી, તે આત્માને શરણભૂત નથી.

બધા થઈને આઠ બોલ આવ્યા.

૧) ચૈતન્ય ભગવાન આત્મા જ જ્ઞાન છે.
૨) ચૈતન્ય ભગવાન આત્મા જ દર્શન છે.
૩) ચૈતન્ય ભગવાન આત્મા જ ચારિત્ર છે.
૪) ચૈતન્ય ભગવાન આત્મા જ તપ છે.
૫) ચૈતન્ય ભગવાન આત્મા જ નમસ્કાર યોગ્ય છે.
૬) ચૈતન્ય ભગવાન આત્મા જ મંગળ છે.
૭) ચૈતન્ય ભગવાન આત્મા જ ઉત્તમ છે.
૮) ચૈતન્ય ભગવાન આત્મા જ શરણ છે.

વળી વિશેષ કહે છે :-

(अनुष्टुभ्)

**आचारश्च तदेवैकं तदेवावश्यकक्रिया ।**
**स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः ॥**

**શ્લોકાર્થ** : અપ્રમત્ત યોગીને તે જ એક આચાર છે, તે જ એક આવશ્યક ક્રિયા છે અને તે જ એક સ્વાધ્યાય છે.

જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ કરીને તેમાં જે લીન થયા છે એવા અપ્રમત્ત યોગીઓને તે જ એક આચાર છે, ચૈતન્યમાં જે ઠર્યા છે એવા અપ્રમત્ત યોગીઓને આત્મા જ એક આચાર છે. મુનિઓને પંચમહાવ્રત વગેરે તો વ્યવહારથી આચાર છે. ખરેખર ચૈતન્યમાં લીનતા તે જ એક આચાર છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર તે બધા ભેદો વ્યવહારથી છે, ચૈતન્યમાં લીન થયો ત્યાં બધા આચાર આવી ગયા.

ચૈતન્યમાં પંચાચાર પામવાની વૃત્તિ ઊઠે તે પણ નિશ્ચયથી અનાચાર છે, જ્ઞાનમૂર્તિ આત્મામાં વીતરાગી લીનતા થવી તે જ આચાર છે. વળી ચૈતન્યસ્વરૂપ આત્મા જ એક આવશ્યક ક્રિયા છે. આત્મામાં ઠર્યો તે જ નિશ્ચયથી આવશ્યક ક્રિયા છે. જરૂરમાં જરૂર કરવા જેવી ક્રિયા તો તે જ છે.

૧) વીતરાગમાર્ગમાં કેવળી ભગવાને તો એને જ સામાયિક ક્રિયા કહી છે કે જ્ઞાતાસ્વરૂપની દૃષ્ટિ કરીને તેમાં ઠરવું. રાગને ખરેખર આવશ્યક ક્રિયા માને તો તે મિથ્યાદૃષ્ટિ છે, તેને સામાયિક વગેરે આવશ્યક ક્રિયાઓ હોતી નથી. રાગ વગરનો આત્મા છે તેના ભાન વિના આવશ્યક ક્રિયા હોય નહિ. રાગ મંદ કરીને તેને ધર્મ માને તે તો મિથ્યાત્વ છે.

૨) ચોવીસ તીર્થંકરોની સ્તુતિ તે શુભ રાગ છે, ખરેખર આત્મા જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી તીર્થનો આધાર છે, તેની સ્તુતિ તે જ પરમાર્થ સ્તવન છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને તેમાં એકાગ્રતા કરવી તે જ તીર્થંકરોની પરમાર્થ સ્તુતિ છે.

૩) વંદના પરને કરવી તે વ્યવહાર શુભ રાગ છે. પુણ્ય-પાપ રહિત ચિદાનંદ સ્વરૂપનો આદર કરીને તેને વંદવું-તેમાં લીન થવું તે વંદના છે ને તે જ આવશ્યક ક્રિયા છે.

૪) <u>પ્રતિક્રમણ</u> : ચૈતન્યમાં લીન થયો ત્યાં પુણ્ય-પાપનું પ્રતિક્રમણ થઈ ગયું, માટે પરમાર્થે આત્મા જ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણનો શુભ વિકલ્પ તે રાગ છે; તે ખરું પ્રતિક્રમણ નથી.

૫) <u>કાયોત્સર્ગ</u> : પુણ્ય-પાપરૂપી કાયાની ઉપેક્ષા કરીને, ચૈતન્યકાયામાં લીન થવું-સ્થિર થઈને થંભી જવું તે જ પરમાર્થ કાયોત્સર્ગ છે.

૬) <u>પચ્ચખાણ</u> : એટલે ચૈતન્યમાં લીનતા થતાં રાગ છૂટી જવો તે જ ખરું પચ્ચખાણ છે.

આ રીતે ભગવાન આત્મા જ આવશ્યક ક્રિયા છે. બધી ક્રિયાઓમાં એક આત્મા જ છે. વ્યવહારમાં અનેક ભેદ આવે, પણ પરમાર્થમાં તો એક આત્માના આશ્રયે જ બધું છે.

વળી તે જ એક સ્વાધ્યાય છે. સ્વ એવો જે ચૈતન્યસ્વરૂપ આત્મા, તેના શ્રદ્ધા-જ્ઞાન કરીને લીનતા કરવી તે જ પરમાર્થે સ્વાધ્યાય છે. શાસ્ત્રની વાંચના વગેરે વ્યવહાર સ્વાધ્યાય છે તે શુભ રાગ છે. પરમાર્થે તો આત્મામાં જ સ્વાધ્યાય છે.



કુલ અગીયાર બોલ થયા. આત્મા જ સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સમ્યક્ચારિત્ર છે, તપ છે, આત્મા જ નમસ્કાર યોગ્ય છે, મંગળ છે, ઉત્તમ છે, શરણ છે, ને આત્મા જ આચાર છે, છ આવશ્યક ક્રિયા છે અને સ્વાધ્યાય છે. -તેમાં આવશ્યકના છ બોલ જુદા ગણો તો કુલ ૧૬ બોલ થયા. એ બધા બોલો નિશ્ચયથી એક આત્મામાં જ સમાય છે.

હવે આ ૧૦૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :-

### શ્લોક ૧૩૫

(मालिनी)

**मम सहजसुदृष्टौ शुद्धबोधे चरित्रे**
**सुकृतदुरितकर्मद्वन्द्वसंन्यासकाले।**
**भवति स परमात्मा संवरे शुद्धयोगे**
**न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्त्यै पदार्थः ॥ १३५ ॥**

**શ્લોકાર્થ** : મારા સહજ સમ્યગ્દર્શનમાં, શુદ્ધ જ્ઞાનમાં, ચારિત્રમાં, સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વના સંન્યાસકાળમાં (અર્થાત્ પ્રત્યાખ્યાનમાં), સંવરમાં અને શુદ્ધ યોગમાં (-શુદ્ધોપયોગમાં) તે પરમાત્મા જ છે (અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાયનો આશ્રય-અવલંબન શુદ્ધાત્મા જ છે); મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં બીજો કોઈ પણ પદાર્થ નથી, નથી. ॥ ૧૩૫ ॥

મારા ચૈતન્ય સિવાય બીજું કોઈ મને મારી મુક્તિને માટે શરણભૂત નથી. સહજ સમ્યગ્દર્શનના વિષયભૂત જે પરમાત્મા તે જ એક મારી મુક્તિનું કારણ છે, તેના જ અવલંબને સહજ સમ્યગ્દર્શન છે, તેના અવલંબને શુદ્ધ જ્ઞાન છે, તેના જ અવલંબને ચારિત્ર-પ્રત્યાખ્યાન-સંવર અને યોગ છે. એ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, પ્રત્યાખ્યાન-સંવર અને શુદ્ધોપયોગ એ બધાયમાં પરમ આત્માનો જ આશ્રય છે.

જ્ઞાનમાં એક પરમાત્મા જ છે એમ કહ્યું, તો શું જ્ઞાનમાં પર્યાય જણાતી નથી ?

જ્ઞાનમાં પર્યાય પણ જણાય છે, પણ તેનો આશ્રય તો એક પરમાત્મતત્ત્વ જ છે. ધ્રુવના આશ્રયે જ્ઞાન આવે છે, કાંઈ પર્યાયના આશ્રયે જ્ઞાન થતું નથી. માટે કહ્યું કે જ્ઞાનમાં તે પરમાત્મા જ છે.

વળી ચારિત્રમાં પણ તે પરમાત્મા જ છે. ચારિત્રમાં રાગ નથી; પણ ચારિત્રમાં તો આત્મા છે. દેહની દિગંબરદશા તે કાંઈ ચારિત્ર નથી, પણ રાગ-દ્વેષરૂપી લાગણીઓ કાઢી નાંખીને ચૈતન્યને ખૂલ્લો કરી નાખવો તે જ ચારિત્ર છે. વસ્ત્રસહિત મુનિદશા માને તેને તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ ગણ્યા છે, ને પછી શુભ રાગથી ચારિત્રદશા માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. ચારિત્ર તો આત્માના આશ્રયે છે, માટે કહ્યું કે ચારિત્રમાં આત્મા છે.

આત્માનું લક્ષ કરે તે જ સાચો 'લક્ષપતિ' છે. એ સિવાય બહારના લક્ષપતિ થાય તેમાં કાંઈ માલ નથી, એનાથી આત્માનું કલ્યાણ નથી.

દુષ્કૃત તો પાપ છે ને સુકૃત તે પુણ્ય છે, તે પુણ્ય-પાપરૂપી કર્મદ્વંદ્વના સન્યાસકાળમાં પણ આત્મા જ છે, એટલે કે આત્મામાં એકાગ્ર થતાં જ પુણ્ય-પાપનો ત્યાગ થઈ જાય છે. પુણ્યને સુકૃત કહ્યું પણ તે કાંઈ ધર્મ નથી. અષ્ટપાહુડના ભાવપાહુડની ૮૩મી ગાથામાં કહે છે કે :

**पूजादिषु व्रतसहितं पुण्यं हि जिनैः शासने भणितम्।**
**मोहक्षोभविहीनः परिणामः आत्मनः धर्मः॥ ८३ ॥**

જિનશાસનમાં જિનેંદ્રદેવે એમ કહ્યું છે કે પૂજાદિકમાં અને વ્રતમાં તો પુણ્ય છે અને મોહ-ક્ષોભ રહિત આત્માના વીતરાગી પરિણામ તે ધર્મ છે.

આત્માના જ આધારે સંવર છે, માટે સંવરમાં પણ આત્મા જ છે. નિર્મળ પર્યાય પ્રગટી તે આત્મામાં અભેદ થઈ ગઈ છે તેથી તેમાં આત્મા જ છે - એમ કહ્યું છે. વળી શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા જ છે.

એ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે બધા ભાવોમાં એક આત્માનું જ અવલંબન છે, એ સિવાય બહારના કોઈ પણ પદાર્થનું અવલંબન નથી-નથી, મુક્તિની પ્રાપ્તિ માટે જગતનો બીજો કોઈ પણ પદાર્થ નથી, નથી. મુક્તિ તો ચૈતન્યના જ આશ્રયે છે. સમ્યગ્દર્શનથી માંડીને મુક્તિ સુધીની વાત કરી કે તે બધાયમાં આત્મા સિવાય બીજો કોઈ આશ્રયભૂત પદાર્થ જગતમાં નથી-નથી.

બે વાર નકાર કરીને તે વાતનું જોર આપ્યું છે. પહેલાં આવો આત્મા લક્ષમાં તો લ્યે, અંતરમાં વિચાર કરીને તેનું જ્ઞાન તો કરે, એ સિવાય બીજો કોઈ ધર્મનો ઉપાય નથી. આત્મા પોતે શક્તિરૂપ પરમાત્મા છે તે જ મુક્તિની પ્રાપ્તિ માટે આશ્રયભૂત છે, એ સિવાય બીજો કોઈ પણ પદાર્થ મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં નથી-નથી.

**માગશર વદ ૪, સોમવાર, ૧૭-૧૨-૫૧.**

સાચા પચ્ચખાણનો અધિકાર છે. જેને સાચા પચ્ચખાણ હોય તે જીવના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કેવા હોય ? તે બતાવે છે. જેને આત્માનું જ્ઞાન હોય તેને જ પચ્ચખાણ થાય છે.



**શ્લોક ૧૩૬**

(પૃથ્વી)

**क्वचिल्लसति निर्मलं क्वचन निर्मलानिर्मलं**
**क्वचित्पुनरनिर्मलं गहनमेवमज्ञस्य यत्।**
**तदेव निजबोधदीपनिहताघभूछायकं**
**सतां हृदयपद्मसद्मनि च संस्थितं निश्चलम्॥ १३६॥**

**શ્લોકાર્થ** : જે ક્યારેક નિર્મળ દેખાય છે, ક્યારેક નિર્મળ તેમ જ અનિર્મળ દેખાય છે, વળી ક્યારેક અનિર્મળ દેખાય છે અને તેથી અજ્ઞાનીને માટે જે ગહન છે, તે જ - કે જેણે નિજજ્ઞાનરૂપી દીપક વડે પાપતિમિરને નષ્ટ કર્યું છે તે (આત્મતત્ત્વ) જ - સત્પુરુષોના હૃદયકમળરૂપી ઘરમાં નિશ્ચળપણે સંસ્થિત છે. ॥ ૧૩૬ ॥

જે ક્યારેક એટલે કે સ્વભાવની દૃષ્ટિથી નિર્મળ દેખાય છે, અને ક્યારેક નિર્મળ તેમ જ અનિર્મળ દેખાય છે, વળી ક્યારેક પર્યાયના લક્ષે જોતાં અનિર્મળ દેખાય છે. તેમાં રાગાદિ જેટલો ક્ષણિક આત્માને જ માને તો તેને પચ્ચખાણ હોતું નથી. અને પર્યાયને ન માને તો પણ પચ્ચખાણ થતું નથી. સ્વભાવ તરફ જોતાં નિર્મળ છે, સ્વભાવ અને પર્યાય બન્નેને સાથે જોતાં નિર્મળ-અનિર્મળ બન્ને સાથે દેખાય છે અને પર્યાયને જોતા વિકારી દેખાય છે -એમ ત્રણ પ્રકાર થયા. દ્રવ્યદૃષ્ટિથી નિર્મળ; પ્રમાણથી નિર્મળ-અનિર્મળ બન્ને સાથે અને પર્યાયમાં અનિર્મળ; તેમાં નિર્મળ સ્વભાવ ઉપર જેની દૃષ્ટિ થઈ તેને જ પચ્ચખાણ હોય છે, પણ હજી સાધકદશા હોવાથી પર્યાયમાં મલિનતા પણ છે.

આવું આત્મતત્ત્વ અજ્ઞાનીઓને માટે ગહન છે. જેને આવા આત્માનું ભાન નથી તેને પચ્ચખાણ હોતું નથી.

નિજજ્ઞાનરૂપી દીપકમાં પાપતિમિરનો અભાવ છે, તે સત્પુરુષોના હૃદયકમળમાં સ્થિત છે. આવો જ્ઞાનસ્વરૂપી દીપક સત્પુરુષોના હૃદયમાં પ્રકાશમાન છે. આવા આત્મતત્ત્વને દૃષ્ટિમાં લ્યે તો જ પચ્ચખાણ હોય છે. પર્યાયમાં મલિનતા, તે જ વખતે સ્વભાવથી નિર્મળ - એવું આત્મતત્ત્વ સમજવું અજ્ઞાનીઓને ગહન છે. પણ જ્ઞાનીઓના હૃદયકમળરૂપી ઘરમાં તે નિજજ્ઞાનરૂપી દીવો નિશ્ચળપણે સંસ્થિત છે. જ્ઞાનીઓના હૃદયમાં ભગવાન આત્મા વસે છે. જ્ઞાનદીવો અંતરમાં ઠરીને સ્થિર થયો છે એવા સંતોને પ્રત્યાખ્યાન છે. જ્ઞાનદીવો સ્થિર થાય-પુણ્ય પાપની વૃત્તિથી હલે નહિ -તેનું નામ પ્રત્યાખ્યાન છે. બહારમાં હાથ જોડવાથી પચ્ચખાણ થઈ જતું નથી. દેહ તો અચેતન છે, જ્ઞાનદીવડો દેહથી જુદો છે, ''દેહ ભિન્ન કેવળ ચૈતન્ય''નું જેને જ્ઞાન વર્તે છે, ને પછી તેમાં લીનતા થઈ છે તે સત્પુરુષોને પ્રત્યાખ્યાન હોય છે.

હવે સંસારમાં તેમ જ મોક્ષમાં - સર્વ અવસ્થાઓમાં જીવ એકલો-નિઃસહાય છે એ વાત કરે છે :-

### ગાથા ૧૦૧

**एगो य मरदि जीवो एगो य जीवदि सयं ।**
**एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ ॥ १०१ ॥**

**एकश्च म्रियते जीवः एकश्च जीवति स्वयम् ।**
**एकस्य जायते मरणं एकः सिध्यति नीरजाः ॥ १०१ ॥**

**જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.**

**અન્વયાર્થ** : (जीवः एकः च) જીવ એકલો (म्रियते) મરે છે (च) અને (स्वयम् एकः) સ્વયં એકલો (जीवति) જન્મે છે; (एकस्य) એકલાનું (मरणं जायते) મરણ થાય છે અને (एकः) એકલો (नीरजाः) રજ રહિત થયો થકો (सिध्यति) સિદ્ધ થાય છે.

અહો ! ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા એકલો છે, તેને બીજું કોઈ શરણ નથી. સંસારમાં જન્મ-મરણ એકલો જ કરે છે, માટે પરથી ભિન્ન ત્રિકાળી ચૈતન્યની ઓળખાણ કરીને તેનું શરણ કર. એવા આત્માને ઓળખે તેને પ્રખ્યાખ્યાન હોય છે. ચિદાનંદ આત્માને બહારનું શરણ નથી. મુક્તિ પામવામાં પણ તેને કોઈ બીજું શરણભૂત નથી.

અરે આત્મા ! તું એકલો છે, આ શરીરના રજકાણો કે સ્ત્રી-પુત્રાદિ કોઈ તને શરણ નથી, ને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ તને સહાયક નથી. દેહદેવળમાં ચૈતન્ય દીવડો જુદો છે, તેનું ભાન કરવામાં પણ તું એકલો જ છે.

**ટીકા** : સંસારમાં જીવને કોઈ સહાય નથી; લાખો-અબજો રૂપિયા કાંઈ જીવને મૃત્યુ વખતે શરણ થતાં નથી, આયુષ્ય પુરુ થતાં એકલો જ મરે છે અને ક્ષણે ક્ષણે આયુષ્ય ઘટતું જ જાય છે તેનું નામ 'નિત્ય મરણ' છે.

''નિત્ય મરણમાં (અર્થાત્ સમયે સમયે થતાં આયુકર્મના નિષેકોના ક્ષયમાં) અને તે ભવ સંબંધી મરણમાં, (બીજા કોઈની) સહાય વિના વ્યવહારથી (જીવ) એકલો જ મરે છે.''

લોકમાં આવે છે કે 'ડોશી કહે દીકરો મોટો થાય છે', જ્ઞાની કહે છે કે ક્ષણે ક્ષણે મૃત્યુની સન્મુખ થતો જાય છે. જન્મ્યો ત્યારે પૂર્વના ભવમાંથી જેટલું આયુષ્ય બાંધીને આવ્યો છે તેમાં જરા પણ



વધતું નથી, ક્ષણે ક્ષણે - સમયે સમયે તેમાંથી આયુષ્ય ઘટતું જાય છે એટલે કે મરણની સામે જાય છે. માટે ચૈતન્યને જો, કે જેમાં કાંઈ ઘટતું નથી, જે શાશ્વત ધ્રુવ છે. મિથ્યાત્વભાવથી ક્ષણે ક્ષણે જે ભાવમરણ થાય છે તેની આ વાત નથી, પણ અહીં તો આયુષ્ય ક્ષણે ક્ષણે ઘટતું જાય છે તેનું નામ નિત્ય મરણ છે, તેની વાત છે. અહીં પ્રત્યાખ્યાન બતાવવું છે તેથી શરીરની અનિત્યતા બતાવીને કહે છે કે એનાથી તું પાછો ફર ને ધ્રુવ આત્માનું શરણ કર.

જન્મ્યો ત્યારથી ક્ષણે ક્ષણે આયુષ્યકર્મના પરમાણુઓ છૂટતા જ જાય છે, તેને ખરતાં કોઈ રોકી શકતું નથી. તીર્થંકરને પણ સમયે સમયે આયુષ્યના પરમાણુઓ તો છૂટે છે, પણ જેણે ચૈતન્યના ત્રિકાળી સ્વરૂપનો આશ્રય કર્યો તેને ખરેખર મરણ નથી, તેને ક્ષણે ક્ષણે ચૈતન્યજીવન વધતું જાય છે. વીતરાગ કહે છે કે ક્ષણે ક્ષણે જીવોને આયુષ્ય તો ઘટતું જાય છે, તેમ જ ભવ સંબંધી મરણમાં પણ જીવ અસહાય છે. જે ક્ષણે, જે ક્ષેત્રે, જે રીતે દેહ છૂટી જવાનો, તે ક્ષણમાં, તે ક્ષેત્રમાં અને તે જ રીતમાં કોઈ ફેરફાર કરી શકે નહિ. નિત્ય મરણમાં કે ભવસંબંધી મરણમાં -બન્નેમાં જીવ અસહાય છે, તેમાં જીવ એકલો જ મરે છે. દેહ છૂટતાં જીવનું મરણ કહેવું તે વ્યવહારથી છે. ચૈતન્ય તો શાશ્વત છે. તેનું જ્ઞાન કરીને ઠરે તેમાં પણ જીવ પોતે સ્વતંત્ર છે. અહીં પહેલાં મરણની વાત કરી તેમાંથી બે પ્રકાર કહ્યા. એક નિત્ય મરણ; -જે ક્ષણે ક્ષણે બધા જીવોને થઈ રહ્યું છે, અને બીજું ભવસંબંધી મરણ -દેહનો સંયોગ છૂટી જવો તે; તેમાં જીવ એકલો જ છે, બીજું કોઈ તેને સહાયભૂત નથી.

હવે જન્મમાં પણ જીવ એકલો જ છે એમ કહે છે-

''સાદિ-સાંત મૂર્તિક વિજાતીય વિભાવવ્યંજનપર્યાયરૂપ નર-નારકાદિ પર્યાયોની ઉત્પત્તિમાં, આસન્ન-અનુપચરિત-અસદ્ભૂત-વ્યવહારનયના કથનથી (જીવ એકલો જ) સ્વયમેવ જન્મે છે.''

શરીરનો સંયોગ સાદિ છે, અને અંતવાળો છે, વળી તે મૂર્તિક છે, અને ચૈતન્યસ્વરૂપ આત્માથી તે વિજાતીય છે. એવા નર-નારકાદિ વિભાવવ્યંજનપર્યાયોમાં જીવ એકલો જ જન્મે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તીને છ ખંડનું રાજ હતું - હજારો દેવો સેવામાં હતા, છતાં મરીને સાતમી નરકે ગયો. ત્યાં કોઈ તેને સહાયભૂત ન થયું. સાતમી નરકમાં ઉપજ્યો ત્યાં કોઈ તેને શરણ નથી. એ જ પ્રમાણે દેવમાં ઉપજે કે એકેંદ્રિયાદિમાં ઊપજે -ત્યાં પણ જીવ એકલો જ છે. અખંડાનંદ આત્મા જ શરણરૂપ છે, તેનું ભાન કરે તેને વિશેષ જન્મ-મરણ હોતાં નથી.

પચ્ચખાણ તે ચારિત્ર છે, ને ચારિત્ર તે આત્માના ભાન વિના હોતું નથી. આત્માનું ભાન કરીને તેમાં સ્થિર થતાં ચારિત્ર થાય છે. તે ચારિત્ર વગર જન્મ-મરણનો અભાવ થતો નથી. આત્માનું ભાન કરીને અને ચારિત્ર પ્રગટ કરીને સિદ્ધદશા પણ જીવ એકલો જ પામે છે. માટે ભાઈ, તું આત્માની ઓળખાણ કર, એ સિવાય તને કોઈ શરણ નથી.

શરીરના સંબંધમાં જીવ ઊપજે છે એમ કહેવું તે આસન્ન-અનુપચરિત-અસદ્ભૂત-વ્યવહારનય

છે; ખરેખર દેહથી જીવ ભિન્ન છે. એવા આત્માને ઓળખે ને તેમાં સ્થિર થાય તો જન્મ-મરણ ન રહે.

''સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ, મહાબળપરાક્રમવાળા જીવનું એકલાનું જ, અનિચ્છિત હોવા છતાં, સ્વયમેવ મરણ થાય છે.''

મરણ પથારીએ પડ્યો હોય, ચારે તરફ કુટુંબ ઊભું હોય, પણ જીવને મરણથી કોઈ બચાવી શકતું નથી. શરીરની પર્યાય જે ક્ષણે છૂટવાની તે ક્ષણમાં ફેરફાર થાય નહિ. ચક્રવર્તીને તો ૧૬૦૦૦ દેવો સેવામાં ઊભા હોય, શક્રેન્દ્રને ચાર બાજુ હજારો દેવો ઊભા હોય, પણ આયુષ્ય પુરું થાય ત્યાં જીવ એકલો જ મરે છે. જીવ પોતે મહાબળ-પરાક્રમવાળો છે. જો સવળો પડે તો ક્ષણમાં કેવળજ્ઞાન લ્યે. આવો મહા બળ-પરાક્રમવાળો હોવા છતાં, તેમ જ ચારે તરફ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં, અને જીવને ઈચ્છા ન હોવા છતાં જીવનું એકલાનું જ સ્વયમેવ મરણ થાય છે. ઈન્દ્ર આવે તો પણ તેને સહાય કરવા સમર્થ નથી. અહો ! ત્રિકાળી ચૈતન્યસ્વભાવ સાથે તારે એકતાનો સંબંધ છે, તે કદી છૂટે તેવો નથી. માટે તેની ઓળખાણ કર. આ શરીર તો તારી ચૈતન્ય જાતિથી ભિન્ન છે, તેનો સંયોગ ક્ષણમાં છૂટી જશે. ચૈતન્યને સંભાળ, તે જ સદા શરણ છે. તેના આશ્રયે ચારિત્ર અને મુક્તિ થતાં પછી જન્મ-મરણ રહેતાં નથી.

હજારો રાજાઓને ધ્રૂજાવનારા મોટા માંધાતા પણ અશરણપણે દેહ છોડીને ચાલ્યા જાય છે. શરણભૂત તો અંતરમાં આત્મા છે. માટે પરની ઉપેક્ષા કરીને સ્વસ્વભાવની સન્મુખ થા.

''જીવ એકલો જ પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત સ્વાત્માશ્રિત નિશ્ચય શુક્લધ્યાનના બળે નિજ આત્માને ધ્યાઈને રજ રહિત થયો થકો શીઘ્ર નિર્વાણ પામે છે.''

ધર્મ પામવાની જેની લાયકાત થઈ તેની ઉપર પરમ ગુરુઓની પ્રસન્નતા થઈ. ધર્મ પામનારને જ્ઞાની ગુરુ મળ્યા વિના રહે નહિ; તે ગુરુ કહે છે કે ભાઈ ! તું તારા ચૈતન્યને ઓળખ, દેહ તને શરણ નથી, -એમ ગુરુએ કહ્યું તે પણ જીવ એકલો જ ઝીલે છે. જે જીવે ઝીલ્યું તેને પરમ ગુરુનો પ્રસાદ પ્રાપ્ત થયો કહેવાય છે. એ રીતે પરમ ગુરુના પ્રસાદથી જીવ સ્વાત્માશ્રિત નિશ્ચય શુક્લધ્યાનના બળે નિજ આત્માને ધ્યાવીને, કર્મનો નાશ કરીને એકલો જ મુક્તિ પામે છે.

મુનિ ધ્યાનમાં બેઠા હોય ને પૂર્વ ભવનો વેરી દેવ આવીને ઉપાડી જાય, ને પર્વત સાથે પછાડે અથવા સમુદ્રમાં ડુબાડી દ્યે, પણ મુનિએ તો પરમ ગુરુના પ્રસાદથી આત્માને જાણ્યો છે, ને તે વખતે સ્વાત્માશ્રિત નિશ્ચય શુક્લધ્યાનની શ્રેણી માંડીને સિદ્ધ થઈ જાય છે. તેમાં પણ જીવ એકલો જ છે. મુક્તિ પામવામાં પણ કોઈ બીજો શરણભૂત થતો નથી. એ જ રીતે મુનિને કોઈ ઘાણીમાં ઘાલીને, શેરડીનો રસ કાઢે તેમ પીલી નાંખે, છતાં મુનિ તો આત્મામાં લીન થઈને, પોતાના આત્મધ્યાનના



બળે કેવળજ્ઞાન અને મુક્તિ પામે છે. તેમાં પણ જીવ એકલો જ છે. ત્યાં દેહની મજબૂતાઈને લીધે મુક્તિ થઈ - એમ નથી. શરીરના બળને લીધે મુક્તિ થઈ નથી, પણ આત્મધ્યાનના બળથી જ મુક્તિ થાય છે.

એ રીતે મરણમાં-જન્મમાં કે મુક્તિમાં સદાય જીવ પરની સહાય વગરનો એકલો જ છે.

મુનિઓને સંથારામાં બીજા મુનિઓ સહાય કરે - એમ નિમિત્તથી કહેવાય, પણ તે મુનિ પોતે પોતાના આત્મબળથી સમાધિમરણ કરે તો થાય કે બીજો કરાવી દ્યે ? બીજા મુનિઓ ઊભા હોવા છતાં સમાધિમરણ કરવામાં પણ તે જીવ એકલો જ છે.

આમ સમજે તો પરની સહાય માને નહિ એટલે પરથી ભિન્ન એકલા આત્માને જાણીને તેમાં એકાગ્ર થતાં પ્રત્યાખ્યાન થાય અને તેને જન્મ-મરણ રહે નહિ.

**માગશર વદ ૫, મંગળવાર, ૧૮-૧૨-૫૧.**

આત્મા પોતે જ સ્વયં જન્મ-મરણ કરે છે ને પોતે જ સ્વયં નિર્વાણ પામે છે.

એવી રીતે અન્યત્ર શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(अनुष्टुभ्)

**स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते।**
**स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते ॥**

**શ્લોકાર્થ** : આત્મા સ્વયં કર્મ કરે છે, સ્વયં તેનું ફળ ભોગવે છે, સ્વયં સંસારમાં ભમે છે અને સ્વયં સંસારથી મુક્ત થાય છે.

જીવનો કોઈ વિરોધી પણ નથી ને જીવને કોઈ સહાયક પણ નથી. કર્મનો ઉદય જીવને રાગાદિ કરાવે છે એમ નથી. જીવ એકલો જ રાગાદિ કરે છે, ને પોતે જ તેનું ફળ સ્વયં ભોગવે છે, ને સંસારમાં એકલો જ રખડે છે. તેમ જ આત્મભાન કરીને મુક્તિ પણ એકલો જ પામે છે. હજારો માણસોની વચ્ચે હોય, પણ પોતે જેવા ભાવ કરે તે પોતે સ્વયં કરે છે, ને તેનું ફળ પણ સ્વયં એકલો જ ભોગવે છે. આવા સ્વભાવનું ભાન કર્યા વિના પ્રત્યાખ્યાન થતું નથી.

વળી શ્રી સોમદેવપંડિતદેવે (યશસ્તિલકચંપૂકાવ્યમાં બીજા અધિકારની અંદર એકત્વાનુપ્રેક્ષા વર્ણવતાં ૧૧૯મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(वसंततिलका)

**एकस्त्वमाविशसि जन्मनि संक्षये च**
**भोक्तुं स्वयं स्वकृतकर्मफलानुबन्धम्।**
**अन्यो न जातु सुखदुःखविधौ सहायः**
**स्वाजीवनाय मिलितं विटपेटकं ते ॥**

**શ્લોકાર્થ :** પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે, બીજું કોઈ (સ્ત્રી-પુત્ર-મિત્રાદિક) સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રી-પુત્ર-મિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.

અહો ! અહીં આત્માનું એકત્વ સ્વરૂપ જણાવતાં વૈરાગ્ય વર્ણવે છે. પોતે જેવા શુભાશુભ કર્મો કર્યા તેના ફળને ભોગવવા માટે જીવ એકલો જ જન્મમાં કે મરણમાં પ્રવેશે છે. ચક્રવર્તી જેવાને પણ બીજું કોઈ સહાયરૂપ નથી. લાખો માણસો ઊભા હોય ને મોટા બંગલા હોય પણ જ્યાં મૃત્યુનો કાળ આવ્યો ત્યાં કોઈ રોકી શકતું નથી. જીવ એકલો જ મૃત્યુમાં પ્રવેશે છે. વળી માતા-પિતા, સ્ત્રી-પુત્ર, ધન-મિત્રાદિક બીજું કોઈ જીવને દુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી. હજારો હરણના ટોળામાં સિંહ આવીને એકને પકડે, ત્યાં બીજા ૯૯૯ શું કરે ? તેમ આત્માને જન્મ-મરણમાં કોઈ માતા-પિતા, સ્ત્રી-પુત્ર વગેરે બિલકુલ સહાયભૂત થતાં નથી. એ તો બધાય પોતાની આજીવિકા વગેરે સ્વાર્થ માટે તને ધુતારાઓની ટોળી મળી છે. એટલે જો તું તેના મોહમાં રોકાઈશ તો તારો આત્મા ધુતાઈ જશે. માટે તું તારા એકત્વ આત્માને જાણ.

તારો આત્મા એકલો છે તેનું તું જ્ઞાન કર. એ સિવાય પ્રત્યાખ્યાન થાય નહિ. તારા આત્મા સિવાય ક્યાંય પરમાં જો રોકાઈશ તો તારી સ્વરૂપલક્ષ્મી લૂંટાશે; માટે નિમિત્ત તરીકે સ્ત્રીઆદિ બધાયને ધુતારાની ટોળી કહી છે. તારો આત્મા અનાદિકાળથી સ્વરૂપને ચૂકીને સંસારમાં જન્મ-મરણ કરી રહ્યો છે, તેમાં કોઈ તને શરણભૂત નથી. અહીં ચારિત્ર અધિકાર છે, તેવું ચારિત્ર પ્રગટ્યા પછી તેને જન્મ-મરણ હોય નહિ; માટે આવા એકત્વ આત્માને જાણ અને તેની ભાવના કર. સામા જીવો તેમનો સ્વાર્થ હોય ત્યાં સુધી અનુકૂળતા રાખે, પણ તારા દુઃખના પ્રકારોમાં તને કોઈ શરણભૂત નથી.

ચૈતન્ય ભગવાન આત્માને પુણ્ય-પાપ પણ શરણભૂત નથી ને બહારમાં સ્ત્રી, ધન વગેરે પણ શરણ નથી, માટે આવા ચૈતન્યસ્વરૂપ ધ્રુવ આત્માને જાણીને પરથી નિવૃત્ત થા ! - એવો અહીં ઉપદેશ કર્યો છે.

વળી આ ૧૦૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-



## શ્લોક ૧૩૭

(मन्दाक्रान्ता)

**एको याति प्रबलदुरघाज्जन्म मृत्युं च जीवः**
**कर्मद्वन्द्वोद्भवफलमयं चारुसौख्यं च दुःखम्।**
**भूयो भुंक्ते स्वसुखविमुखः सन् सदा तीव्रमोहा-**
**देकं तत्त्वं किमपि गुरुतः प्राप्य तिष्ठत्यमुष्मिन्॥ १३७॥**

**શ્લોકાર્થ :** જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે; જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે સ્વસુખથી વિમુખ થયો થકો કર્મદ્વંદ્વજનિત ફળમય (-શુભ અને અશુભ કર્મના ફળરૂપ) સુંદર સુખ અને દુઃખને વારંવાર ભોગવે છે; જીવ એકલો ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને(-અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને) પામીને તેમાં સ્થિત રહે છે. ॥ ૧૩૭ ॥

જીવ એકલો જ પુણ્ય-પાપરૂપી દુષ્કૃતથી સંસારમાં જન્મ-મરણને પામે છે, જે ભાવે સ્વર્ગનો ભવ કરવો પડે તે પણ દુષ્કૃત છે. જ્ઞાનાનંદ ચૈતન્યને ચૂકીને પ્રબળ દુષ્કૃતથી જીવ એકલો જ સંસારમાં રખડે છે. સ્વર્ગમાં જન્મે કે નરકમાં જન્મે - તે બન્ને દુષ્કૃતનું ફળ છે. રાગમાત્ર દુષ્કૃત છે. ચૈતન્ય સ્વભાવની ભાવના સિવાયનું બીજું બધું દુષ્કૃત છે. મોટો રાજા થાય તે પણ દુષ્કૃતનું ફળ છે. ચક્રવર્તીનો ભવ થયો તે પણ દુષ્કૃતથી થયો છે, પૂર્વે વિકાર થયો તેનું તે ફળ છે. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવથી બહારની ચીજ ન મળે; આત્માનો જ્ઞાનાનંદ સ્વભાવ જ એક સારો છે.

ચૈતન્યના સહજ સુખને ચૂકીને, જીવ એકલો જ પુણ્ય-પાપના ફળરૂપ સુખ-દુઃખને ભોગવે છે. ચૈતન્યસુખથી જે વિમુખ થયો તે જીવને પુણ્યના ફળ સુંદર લાગે છે. ચૈતન્યને ચૂકીને સ્વર્ગના સુખને તેમ જ નરકના દુઃખને વારંવાર જીવ એકલો જ ભોગવે છે; ઇન્દ્રિયના સુખ તો ખરેખર સુખ નથી, પણ અજ્ઞાનીને તે સુખ સુંદર લાગે છે. પણ તેમાં ચૈતન્યથી વિમુખતા છે; તે ચૈતન્યનું ફળ નથી પણ પુણ્ય-પાપરૂપ કર્મ દ્વંદ્વનું ફળ છે. માટે આત્મા કે જે જ્ઞાનાનંદ મૂર્તિ છે તેના શ્રદ્ધા અને જ્ઞાન કર.

વળી જીવ એકલો જ ગુરુગમે -પોતાના પાત્રતાથી- ગમે તેમ કરીને એક ચૈતન્યતત્ત્વને પામીને તેમાં લીન થાય છે. જીવ પોતે ગમે તેમ કરીને - મોક્ષની જિજ્ઞાસા કરીને પાત્ર થઈને ગુરુગમે આત્મતત્ત્વને પામીને તેમાં ઠરે છે. તું એકલો ગમે તેમ કરીને ચૈતન્યતત્ત્વને પ્રાપ્ત કર, જગતનું કામ નથી. ગુરુગમે ચૈતન્યતત્ત્વને પામવામાં તું એકલો છો, ને તેમાં સ્થિર થઈને પ્રત્યાખ્યાન કરવામાં પણ તું એકલો જ છો.

હવે સમ્યગ્જ્ઞાની જીવ આત્માની એકત્વભાવના કેવી ભાવે છે તે કહે છે. આ ગાથા ઘણી સરસ છે.

### ગાથા ૧૦૨

**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा॥ १०२॥**

**एको मे शाश्वत आत्मा ज्ञानदर्शनलक्षणः।**
**शेषा मे बाह्या भावाः सर्वे संयोगलक्षणाः॥ १०२॥**

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.**

**અન્વયાર્થ** : **(ज्ञानदर्शनलक्षणः)** જ્ઞાનદર્શનલક્ષણવાળો **(शाश्वतः)** શાશ્વત **(एकः)** એક **(आत्मा)** આત્મા **(मे)** મારો છે; **(शेषाः सर्वे)** બાકીના બધા **(संयोगलक्षणाः भावाः)** સંયોગલક્ષણવાળા ભાવો **(मे बाह्याः)** મારાથી બાહ્ય છે.

હું તો અંતરમાં જ્ઞાનદર્શનલક્ષણવાળો શાશ્વત રહેનારો છું; જ્ઞાનદર્શનમય જીવ જ શાશ્વત છે, એ સિવાય બીજા કોઈ ભાવો મારા નથી; શાશ્વત ચૈતન્યમૂર્તિ આત્મા જ મારો છે, ને બીજા બધા ય ભાવો મારાથી બાહ્ય છે. પુણ્ય-પાપના ભાવો પણ સંયોગલક્ષણવાળા છે, તે કોઈ શાશ્વત નથી. આમ આત્માનું ભાન કરીને તેની રુચિ અને લીનતા કરવી તે પ્રત્યાખ્યાન છે.

**ટીકા** : એકત્વ ભાવનારૂપે પરિણમેલા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે. ધર્મી જીવ પોતાના આત્માનો કેવો નિશ્ચય કરે છે તે કહે છે :-

''ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત એવો જે કારણપરમાત્મા તે, સમસ્ત સંસારરૂપી નંદનવનનાં વૃક્ષોના મૂળ ફરતાં ક્યારાઓમાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન વર્તતું જે શરીર તેની ઉત્પત્તિમાં હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો હોવાથી એક છે.''

હું તો ત્રિકાળ નિરુપાધિક જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત એવો કારણપરમાત્મા છું. હું પોતે જ શક્તિરૂપ પરમાત્મા છું, તેમાંથી પરમાત્મદશા પ્રગટે છે. મારા સ્વભાવમાં કદી ઉપાધિ છે જ નહિ. કુટુંબ વગેરેની ઉપાધિ કે પુણ્ય-પાપની ઉપાધિ મારા ચિદાનંદ સ્વરૂપમાં નથી. પર્યાયમાં ક્ષણિક ઉપાધિભાવ થાય તે મારા સ્વરૂપથી બાહ્ય છે. મારા સ્વરૂપને અનાદિઅનંત કદી ઉપાધિ વળગી જ નથી. એક



સમયની ઉપાધિને ગૌણ કરીને, ત્રિકાળી સ્વરૂપની દૃષ્ટિ કરાવવા તેની મુખ્યતા કરીને ઉપાધિનો અભાવ કહ્યો છે. આવો નિરુપાધિક કારણપરમાત્મા એક છે. -શરીર કેવું છે ? -કે સંસારરૂપી જે નંદનવન તેના મૂળિયા ફરતાં ક્યારાઓમાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન આ શરીર છે. ચૈતન્યના સ્વભાવમાં તો સંસારનો અભાવ છે ને શરીર તો તે સંસારરૂપી નંદનવનને પોષવા માટે ધોરિયો છે. જેમ નંદનવન સદા લીલુંછમ રહે છે તેમ જેને શરીરની મમતા છે તેને સંસારરૂપી નંદનવન એવું ને એવું લીલુંછમ રહે છે. આ શરીરથી જુદો ચૈતન્યમૂર્તિ આત્મા છે તેનું ભાન ભૂલીને જે જીવ શરીરની મમતા કરે છે તેને તો સંસારમાં જન્મ-મરણ થયાં જ કરે છે, તેને શરીરરૂપી પાણીનો ધોરિયો સંસારને નંદનવન જેવું લીલુંછમ રાખે છે; શરીરનું પોષણ કરશે તે સદા શરીરમાં રહેશે, તે અશરીરી સિદ્ધ કદી થશે નહિ. જેમ મેરૂ ઉપર નંદનવન શાશ્વત છે તેમ અજ્ઞાનીને શરીરની મમતાથી આ સંસાર પણ નંદનવન જેવો કાયમ રહે છે. એક તરફ કારણપરમાત્મા બતાવ્યો, ને તેની સામે શરીર બતાવ્યું. એવા શરીરના કારણભૂત જે દ્રવ્યકર્મ અને ભાવકર્મ - તેનાથી રહિત કારણપરમાત્મા છે, તેથી આત્મા એક છે.

અનંત અનંતકાળથી શરીરની મમતા કરે છે, પણ શરીરના અનંત રજકણોમાંથી એક પરમાણુ પણ પોતાનો થયો નથી. ગમે તેટલી મહેનત કરે, ત્રણ કાળની મહેનત ભેગી કરે તો પણ એકેય પરમાણુ પોતાનો થતો નથી. પણ જો આત્માની રુચી કરીને તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કરે તો અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહે નહિ. અહો ! દેહથી અત્યંત જુદો કારણપરમાત્મા છું - એવું જે ભાન ન કરે તેને સંસારરૂપી નંદનવન સૂકાશે નહિ. ''દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું ભાન જો'' જેવા અશરીરી સિદ્ધભગવંતો છે તેવો જ મારો આત્મા છે, મારો આત્મા શરીરથી તો જુદો છે, ને શરીરના હેતુભૂત એવા જે ભાવકર્મ અને દ્રવ્યકર્મ તેનાથી પણ જુદો છે. માટે હું તો એક છું. ત્રિકાળ એકરૂપ કારણપરમાત્મા જ હું છું, શરીરો અને પુણ્ય-પાપ તો અનેક છે, ને હું તેનાથી રહિત એક છું, - આત્માની ઓળખાણ કરવી તે મુક્તિનો ઉપાય છે.

આવો જે એકરૂપ શાશ્વત કારણપરમાત્મા છે તે જ જ્ઞાનીને ઉપાદેય છે એમ હવે કહે છે. ''વળી તે જ કારણપરમાત્મા સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત સહજ શુદ્ધ-જ્ઞાનચેતનાને અતીંદ્રિયપણે ભોગવતો થકો શાશ્વત રહીને મારા માટે ઉપાદેયપણે રહે છે.'' ચૈતન્યસ્વરૂપ સિવાય બહારના લક્ષે જેટલા શુભ-અશુભ ભાવો થાય તે બધો ક્રિયાકાંડનો આડંબર છે. બહારના લક્ષે તો અનેક પ્રકારના વિકલ્પનો કોલાહલ થાય છે, ચૈતન્યમાં કોઈ કોલાહલ નથી, તે તો ઉપશમરસનો કંદ શાંત.....શાંત.....છે, તેમાં બહારનો આડંબર નથી. મારો આત્મા તો તે બધા કોલાહલથી રહિત સહજ શુદ્ધ જ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો થકો શાશ્વતપણે મારા માટે ઉપાદેયપણે રહે છે. એક સમયની પર્યાય તો ક્ષણિક છે, તેને ગૌણ કરીને, જે ત્રિકાળી સહજ જ્ઞાનચેતના છે, તેને જ હું ત્રિકાળ ભોગવું છું. સંયોગનો અભાવ કહ્યો, ને શાશ્વત આત્મા બતાવ્યો.

ત્રિકાળી સહજ શુદ્ધ જ્ઞાનચેતનાને જ હું શાશ્વત અતિન્દ્રિયપણે ભોગવું છું. ચિદાનંદ બિંબ શાશ્વત રહીને ધ્રુવ આનંદપર્યાયને ભોગવતો થકો, મારા માટે ઉપાદેય છે. આવો ત્રિકાળી આત્મા જ મારે ઉપાદેય છે, બીજા કોઈ ભાવો મારે ઉપાદેય નથી. આત્મા ધ્રુવ આનંદ ચેતનાને ત્રિકાળ ભોગવી રહ્યો છે, એવો આત્મા જ મારે અંગીકાર કરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન માટે પણ આવો આત્મા જ ભગવાને ઉપાદેય કહ્યો છે. અહો ! અજ્ઞાનીને પોતાના આવા આત્માની ખબર નથી, પણ જ્યાં ભાન થયું ત્યાં જ્ઞાની કહે છે કે અહો ! મારે માટે ઉપાદેયરૂપ આત્મા તો એવો ને એવો શાશ્વત છે. જ્ઞાન-દર્શનલક્ષણવાળો મારો આત્મા આવો છે; ને બીજા બધાય શુભાશુભ કર્મથી થતાં ભાવો મારા સ્વરૂપથી બાહ્ય છે -આવો જ્ઞાનીને નિશ્ચય છે.

### માગશર વદ ૬, બુધવાર, ૧૯-૧૨-૫૧.

હું શાશ્વત, જ્ઞાન-દર્શનલક્ષણમય એક આત્મા છું. જે ત્રિકાળી સહજ જ્ઞાનચેતના તેને ભોગવનારો કારણપરમાત્મા તે જ મારે ઉપાદેય છે. મારો આત્મા ત્રિકાળ શાશ્વત છે, ને પોતાની સહજ જ્ઞાનચેતનાના ભોગવટા સહિત ત્રિકાળ બિરાજે છે. આવા આત્મસ્વભાવ સિવાય બીજા બધાય સંયોગ લક્ષણવાળા ભાવો છે તે મારાથી બાહ્ય છે. પૂર્વે જે શુભાશુભ ભાવને લીધે કર્મ બંધાયેલા, તેના સંયોગથી જે બાહ્ય અભ્યંતર પરિગ્રહો છે તે બધાય મારા સ્વરૂપથી બાહ્ય છે, રાગ-દ્વેષ ભાવો તે અભ્યંતર પરિગ્રહ છે, ને બાહ્યમાં લક્ષ્મી-નિર્ધનતા-રોગ-નીરોગ -એ બધો બાહ્ય પરિગ્રહ છે; તે અંતર કે બાહ્ય પરિગ્રહ મારું સ્વરૂપ નથી. હું તો શાશ્વત જ્ઞાન-દર્શનલક્ષણથી લક્ષિત ત્રિકાળી કારણપરમાત્મા છું - આવો મારો નિશ્ચય છે. આવો નિશ્ચય કર્યા વિના પ્રત્યાખ્યાન હોય નહિ. આત્માના ત્રિકાળી સ્વરૂપ સિવાય વિકાર કે સંયોગ તે બધાય મારાથી જુદા છે. સ્વર્ગ કે નરક, સમવસરણ કે નિર્ધનતા - એ બધું ય કર્મજનિત છે, તે મારા સ્વભાવથી ઉત્પન્ન થયેલાં નથી, શુભાશુભ વિકલ્પો ઊપજે તે પણ મારા નિજ સ્વરૂપથી બાહ્ય છે. આમ પોતાના આત્માનો નિર્ણય કરવો તે પ્રથમ ધર્મ છે; એવું ભાન થયા પછી તેમાં એકાગ્ર રહેતાં રાગદ્વેષના ભાવો ઉત્પન્ન ન થાય તેનું નામ પ્રત્યાખ્યાન છે. જે જીવ રાગથી કે સંયોગથી લાભ માને તે જીવ તેનાથી જુદું પોતાનું સ્વરૂપ ન માને; કેમ કે જેનાથી લાભ માને તેને પોતાનું માન્યા વિના લાભ માની ન શકે. અને જેને પોતાથી ભિન્ન જાણે તેનાથી પોતાને લાભ માને નહિ. માટે કહ્યું કે મારો આત્મા તો ત્રિકાળી સહજ જ્ઞાનચેતનામય છે. ને રાગાદિભાવો કે સંયોગ તે બધાય મારા સ્વરૂપથી બાહ્ય છે. એવો પ્રથમ નિર્ણય કરવો. એક સેકંડ પણ આવો નિર્ણય કરે તેને લાંબો સંસાર રહે નહિ.

હવે આ ૧૦૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-



### શ્લોક ૧૩૮

(માલિની)

**अथ मम परमात्मा शाश्वतः कश्चिदेकः**
**सहजपरमचिच्चिन्तामणिर्नित्यशुद्धः।**
**निरवधिनिजदिव्यज्ञानदृग्भ्यां समृद्धः**
**किमिह बहुविकल्पैर्मे फलं बाह्यभावैः॥ १३८॥**

**શ્લોકાર્થ** : અહો ! મારો પરમાત્મા શાશ્વત છે, એક છે, સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે, સદા શુદ્ધ છે અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે. આમ છે તો પછી બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે ? ॥ ૧૩૮ ॥

અહો ! મારો પરમાત્મા જ શાશ્વત છે, મારાથી ભિન્ન અરિહંતપરમાત્મા કે સિદ્ધપરમાત્મા તે મારે શરણ નથી, તે તો મારા માટે સંયોગ છે, મારે તો મારો પરમાત્મા જ શાશ્વત છે, મારો આત્મા કથંચિત એક છે. ગુણથી અનેકતા હોવા છતાં વસ્તુપણે એક છે. વળી સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે. મારો આત્મા એવો ચિંતામણિ છે કે તેમાં એકાગ્ર થઈને જે ચિંતવું તે મળે; તે ચૈતન્યને ચિંતવતાં પરમાત્મદશા પ્રગટી જાય - એવો હું સહજ પરમ ચૈતન્યચિંતામણિ છું. વળી મારો આત્મા સદા શુદ્ધ છે. પર્યાયની ક્ષણિક અશુદ્ધતા તે ખરેખર મારું સ્વરૂપ નથી. હું તો સદા શુદ્ધ છું. અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છું. મારું પરમાત્મતત્ત્વ આવું છે તો પછી મારા આત્મા સિવાયના બહુ પ્રકારના બાહ્યભાવોથી મારે શું ફળ છે ? રાગાદિ બાહ્યભાવો કે સ્ત્રીઆદિ બાહ્ય સંયોગો તે કોઈ મારે ઉપાદેય નથી, મારે તો મારો ચૈતન્યચિંતામણિ આત્મા જ ઉપાદેય છે, તે મારા કલ્યાણનું કારણ છે - આમ ધર્મી જીવ સમજે છે.

મારો આત્મા જ ચૈતન્યચિંતામણિ છે, તો પછી બાહ્ય નિમિત્તોથી કે વિકલ્પથી મારે શું પ્રયોજન છે ? હું મારા ચૈતન્યચિંતામણિને લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થઉં તે જ પ્રત્યાખ્યાન છે. અરિહંત પરમાત્મા પણ મારા માટે બાહ્ય છે, મારે માટે મારો ધ્રુવ ચૈતન્યચિંતામણિ આત્મા જ શાશ્વત છે, ને તેના આશ્રયે જ મારે લાભ છે. બહારની સમૃદ્ધિને ધર્મી પોતાની માનતો નથી, ને પુણ્યના ભાવ થાય તેને પણ તે પોતાના સ્વરૂપની સમૃદ્ધિ ગણતો નથી. હું પોતે જ ચૈતન્યચિંતામણિ છું, મારો આત્મા જ ચૈતન્યચિંતામણિ મને બધું આપનાર છે. જે જીવના હાથમાં ચિંતામણિ આવે તેને પછી બીજા માણસની ઓશિયાળ રહે નહિ, ચિંતામણિ પાસેથી જે ચિંતવે તે જડ સામગ્રી મળે; તેમ અહીં ધર્મી કહે છે કે મારા હાથમાં મારો ચૈતન્યચિંતામણિ છે, તેમાંથી હું જે ચિંતવું તે મને મળે છે. એ સિવાય બહારના કોઈ પદાર્થો મારા નથી, તે બધાય મારાથી બાહ્ય છે, હું તો મારા ચૈતન્યચિંતામણિને જ ચિંતવું છું.

આવા આત્માનો નિર્ણય કર્યો; હવે તેમાં લીનતા વડે સર્વ દોષોનું પ્રત્યાખ્યાન કરવાની વાત કરે છે :-

### ગાથા ૧૦૩

**जं किंचि मे दुच्चरित्तं सव्वं तिविहेण वोसरे।**
**सामाइयं तु तिविहं करेमि सव्वं णिरायारं ॥ १०३ ॥**

**यत्किंचिन्मे दुश्चरित्रं सर्वं त्रिविधेन विसृजामि।**
**सामायिकं तु त्रिविधं करोमि सर्वं निराकारम् ॥ १०३ ॥**

**જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;**
**કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.**

**અન્વયાર્થ** : **(मे)** મારું **(यत् किंचित्)** જે કાંઈ પણ **(दुश्चरित्रं)** દુઃચારિત્ર **(सर्वं)** તે સર્વને હું **(त्रिविधेन)** ત્રિવિધે (મન-વચન-કાયાથી) **(विसृजामि)** તજું છું **(तु)** અને **(त्रिविधं सामायिकं)** ત્રિવિધ જે સામાયિક(-ચારિત્ર) **(सर्वं)** તે સર્વને **(निराकारं करोमि)** નિરાકાર(-નિર્વિકલ્પ) કરું છું.

હું ચૈતન્યચિંતામણિ પરમાત્મા છું, ને રાગાદિ ભાવો તે હું નથી - એમ પહેલાં જેણે નિર્ણય કર્યો હોય તેને જ રાગાદિનું પ્રત્યાખ્યાન હોય છે. ચૈતન્યમાં લીન થતાં વીતરાગતા પ્રગટે છે, ને ત્યાં રાગાદિ દોષોનું પચખાણ થઈ જાય છે.

**ટીકા** : આત્મગત દોષોથી મુક્ત થવાના ઉપાયનું આ કથન છે.

મને પરમ-તપોધનને, ભેદવિજ્ઞાની હોવા છતાં, પૂર્વસંચિત કર્મના ઉદયને લીધે ચારિત્રમોહનો ઉદય હોતાં જો કાંઈ પણ દુઃચારિત્ર હોય, તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી હું સમ્યક્ પ્રકારે તજું છું.

ચૈતન્યમાં લીનતા થતાં જે વીતરાગીભાવ પ્રગટ્યો તે જ મુનિઓનું પરમ ધન છે. ચૈતન્યના સહજ અતિન્દ્રિય આનંદમાં લીન થતાં ઈચ્છાની ઉત્પત્તિ થતી નથી - એવી વીતરાગીદશા તે મુનિઓનું પરમ તપ છે. હુ સહજ શુદ્ધ કારણપરમાત્મા છું ને રાગાદિ કોઈ બાહ્ય ભાવો મારા નથી - એવું ભેદવિજ્ઞાન તો મુનિને થયું છે; શુભાશુભ ભાવોથી ભિન્નતાનું ભાન હોવા છતાં જો કોઈ શુભાશુભ પરિણામો થયા હોય તો તે સર્વનું પ્રત્યાખ્યાન કરું છું. ભેદજ્ઞાન પછી જ પ્રત્યાખ્યાન હોય છે. પૂર્વસંચિત કર્મના નિમિત્તે જો ચારિત્રમોહથી કાંઈ દુઃચારિત્ર હોય તો મન-વચન-કાયાની સંશુદ્ધિથી (એટલે તેના ઉપરનું લક્ષ છોડીને) હું તે દુશ્ચારિત્રને તજું છું.



'સામાયિક' શબ્દથી ચારિત્ર કહ્યું છે -કે જે (ચારિત્ર) સામાયિક, છેદોપસ્થાપન અને પરિહાર-વિશુદ્ધિ નામના ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે. હું તે ચારિત્રને નિરાકાર કરું છું.

શુભ વિકલ્પ ઊઠે તેનું નામ સાકાર ચારિત્ર છે, ને તે વિકલ્પ છોડીને સ્વરૂપમાં લીન થવું તેનું નામ નિરાકાર ચારિત્ર છે.

અહીં મુનિરાજ કહે છે કે હું જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું. એટલે કે સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ જે દશા પ્રગટી છે તે દશાને ઉત્કૃષ્ટ કરું છું. ઓછી દશાને છોડીને સ્વભાવના આશ્રયે વીતરાગીદશા પ્રગટ કરું છું.

"નવ પદાર્થરૂપ પરદ્રવ્યના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર (-સવિકલ્પ) છે, તેને નિજ સ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (-અંગીકાર) વડે નિરાકાર-શુદ્ધ કરું છું, એમ અર્થ છે.

અહીં નવે પદાર્થોને પરદ્રવ્ય કહ્યાં. એટલે કે 'હું જીવ છું' એવો વિકલ્પ કરવો તે રાગ છે, તે પરદ્રવ્ય છે. નવે તત્ત્વોના વિકલ્પ ઊઠે તે પરદ્રવ્ય છે, અખંડાનંદ ઘન આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા સિવાય, નવ તત્ત્વના આશ્રયે જે વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા છે તે 'સાકાર' છે. તે રત્નત્રય વિકલ્પવાળા છે માટે સાકાર છે. નિશ્ચય આત્માનું ભાન તો વર્તે છે, મુનિદશા તો વર્તે છે, પણ ત્યાં નવ તત્ત્વના શ્રદ્ધા-જ્ઞાન-આચરણરૂપ જે વિકલ્પ ઊઠે તે રત્નત્રય સાકાર છે. ધ્રુવ આત્મા સિવાય એક સમયના સંવરની નિર્મળપર્યાયના લક્ષે પણ વિકલ્પ ઊઠે છે, માટે તે પણ પરદ્રવ્ય છે. જે કોઈ પદાર્થના લક્ષે વિકલ્પની ઉત્પત્તિ થાય તેને પરદ્રવ્ય કહ્યું. સ્વદ્રવ્ય તો તેને જ કહ્યું કે જેના આશ્રયે નિર્વિકલ્પતા થાય. નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ તે પુણ્ય છે, મલિન પર્યાય તે પણ ત્રિકાળી તત્ત્વની અપેક્ષાએ પરદ્રવ્ય છે; ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ ત્રિકાળી તત્ત્વની અપેક્ષાએ પરદ્રવ્ય છે, તેના આશ્રયે કલ્યાણ થતું નથી, કલ્યાણ તો ત્રિકાળી ધ્રુવ તત્ત્વના આશ્રયે જ થાય છે. પહેલાં આવા તત્ત્વનો નિર્ણય કરીને પછી તેમાં એકાગ્ર થતાં મુનિદશા પ્રગટે છે. રાગાદિનું પ્રત્યાખ્યાન કરવું છે ને ? તો કયા તત્ત્વના આશ્રયે તેનું પ્રત્યાખ્યાન થાય તેની આ વાત છે. ત્રિકાળી તત્ત્વના આશ્રયે જ પ્રત્યાખ્યાનની નિર્મળ દશા પ્રગટે છે. સંવર-નિર્જરારૂપ નિર્મળ પર્યાય પ્રગટી તેમાંથી નવી પર્યાય આવતી નથી; માટે તેને પણ પરદ્રવ્ય કહીને, ધ્રુવતત્ત્વનો આશ્રય કરાવવા માટે તેને જ સ્વદ્રવ્ય કહ્યું છે. શુદ્ધ ચૈતન્યચિંતામણિ કારણપરમાત્મા જ હું છું -એવી દૃષ્ટિ તે જ સમ્યગ્દર્શન છે. ને પછી તેમાં લીનતા તે જ ચારિત્ર છે.

ત્રિકાળી ચૈતન્યતત્ત્વ હું છું, શરીર-કર્મ વગેરે અજીવ છે; તેને લીધે રાગ થાય એમ માને તો તેણે અજીવ અને આસ્રવ તત્ત્વને જુદાં નથી જાણ્યાં. પુણ્યથી ધર્મ થાય -એમ માનનારે આસ્રવ અને સંવરતત્ત્વને જુદાં નથી જાણ્યાં. રોટલાં ન ખાવાથી તપ અને નિર્જરા થાય છે એમ માને તો તેણે

અજીવ અને નિર્જરાતત્ત્વને જુદાં ઓળખ્યાં નથી. તપને કે ચારિત્રને કષ્ટદાયક માને, તો તેણે સંવર-નિર્જરાને તથા પુણ્ય-પાપને જુદા નથી જાણ્યા. કેમ કે તપ-ચારિત્ર તે તો નિર્જરા છે, ને કષ્ટ તે તો પાપ છે.

નવ તત્ત્વને જેમ છે તેમ જાણીને તેના શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે પણ હજી તો વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન છે. વ્યવહાર રત્નત્રયને અહીં 'સાકાર' કહ્યાં છે. તેમાં શુભ રાગ છે, તેને પણ છોડીને, નિજ સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવ રત્નત્રયને અંગીકાર કરીને હું રત્નત્રયને નિરાકાર શુદ્ધ કરું છું.

શુદ્ધભાવ અધિકારમાં પણ (પૃષ્ઠ ૭૭માં) કહ્યું હતું કે જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય છે તે ખરેખર ઉપાદેય નથી; શુદ્ધ કારણપરમાત્મા જ અંતઃતત્ત્વરૂપ સ્વદ્રવ્ય છે, તે જ મારે ઉપાદેય છે. પૃષ્ઠ ૧૦૫માં પણ સ્વદ્રવ્ય-પરદ્રવ્યની વાત આવી હતી. ત્યાં કહ્યું હતું કે સર્વ વિભાવ ગુણ-પર્યાયોથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય જ ઉપાદેય છે. અહીં મુનિરાજ કહે છે કે હું મારા નિજ પરમતત્ત્વના શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા વડે વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રના વિકલ્પને છોડું છું, એટલે કે રાગને છોડીને રત્નત્રયને શુદ્ધ કરું છું. ''સાકાર રત્નત્રયને નિરાકાર કરું છું'' એનો અર્થ એમ સમજવો કે સાકાર રત્નત્રયમાં જે રાગ છે તેને છોડીને સ્વભાવના આશ્રયે વીતરાગી રત્નત્રય પ્રગટ કરું છું. જુઓ, આનું નામ પચ્ચખાણ છે. આવું પચ્ચખાણ તો નિજ સ્વભાવના આશ્રયે જ થાય છે.

**માગશર વદ ૭, ગુરુવાર, ૨૦-૧૨-૫૧.**

આ નિશ્ચય પ્રત્યાખ્યાનનો અધિકાર છે. પ્રત્યાખ્યાન એટલે શું ? રાગરહિત શુદ્ધ આત્માને દૃષ્ટિમાં લઈને ઠરતાં રાગની ઉત્પત્તિ ન થવી તેનું નામ પ્રત્યાખ્યાન છે; આ પ્રત્યાખ્યાન તે ચારિત્ર છે, ને તે મુક્તિનું કારણ છે.

સ્વભાવના આશ્રયે પ્રગટેલા જઘન્ય રત્નત્રયને હું સ્વભાવની લીનતા વડે ઉત્કૃષ્ટ કરું છું. અથવા સવિકલ્પ રત્નત્રયને સ્વરૂપની લીનતા વડે નિર્વિકલ્પ-શુદ્ધ કરું છું. નવ તત્ત્વની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન - પંચમહાવ્રત- તે સાકાર રત્નત્રય છે, તેમાં રાગ છે; ને શુદ્ધ કારણપરમાત્માના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં લીન થવું તે નિર્વિકલ્પ રત્નત્રય છે, તે શુદ્ધ છે; તે જ નિશ્ચયથી પ્રત્યાખ્યાન છે.

સર્વજ્ઞ ભગવાને નવ તત્ત્વો ભિન્ન ભિન્ન કહ્યાં છે; તે નવ તત્ત્વમાં જીવને જીવ, અજીવને અજીવ, પુણ્યને પુણ્ય ને સંવરને સંવર -એમ નવે તત્ત્વોને જેમ છે તેમ માનવાં તે વ્યવહારશ્રદ્ધા છે. નવને નવપણે રાખે, પણ એકબીજામાં ભેળવે નહિ, તો વ્યવહારશ્રદ્ધા કહેવાય. પણ જીવ જડની ક્રિયા કરે, પુણ્યથી ધર્મ થાય, શરીરની ક્રિયાથી પુણ્ય-પાપ થાય -એમ જે માને તેણે તો નવ તત્ત્વને પણ



નથી માન્યાં. અહીં તો કહે છે કે નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ છોડીને, હું એક ચૈતન્યતત્ત્વના આશ્રયે નિર્વિકલ્પ શ્રદ્ધા કરીને તેમાં એકાગ્ર થાઉં છું -આ જ મુક્તિનું કારણ છે.

નવ તત્ત્વના લક્ષે થયેલા જે વ્યવહાર રત્નત્રય છે તે ખરેખર વિભાવ છે, તે સ્વભાવરત્નત્રય નથી, સ્વભાવરત્નત્રય તો નિજસ્વરૂપના જ આશ્રયે છે; તે સ્વભાવરત્નત્રયનો સ્વીકાર કરીને એટલે કે તેમને પ્રગટ કરીને હું વિકલ્પને છોડું છું. ત્રિકાળી સહજ સ્વરૂપ જ મારા રત્નત્રયનું અવલંબન છે; નવ તત્ત્વોનું આલંબન મને નથી. સંવર-નિર્જરા-મોક્ષની નિર્મળ પર્યાયના આશ્રયે પણ નવી પર્યાય નથી પ્રગટતી; ધ્રુવ સ્વરૂપના જ આશ્રયે નિર્મળદશા પ્રગટે છે. માટે હું તેના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતાનો સ્વીકાર કરીને મારા રત્નત્રયને નિર્વિકલ્પ કરું છું.

વળી બીજી રીતે કહીએ તો, હું ભેદોપચાર ચારિત્રને અભેદ ઉપચાર કરું છું. ભેદ ઉપચાર એટલે કે રાગવાળું ચારિત્ર, તેને ટાળીને અભેદ ઉપચાર ચારિત્ર પ્રગટ કરું છું. હજી અભેદની ભાવના છે, માટે તેને પણ ઉપચાર કહ્યો; અને તે અભેદ ચારિત્રની ભાવનાનો વિકલ્પ પણ છોડીને સ્વરૂપમાં નિશ્ચળ લીન થવું તે અભેદ અનુપચાર ચારિત્ર છે; હું મારા ચારિત્રને અભેદ અનુપચાર કરું છું. -આમ ત્રણ પ્રકારના ચારિત્રને ઉત્તરોત્તર અંગીકાર કરવાથી સહજ પરમતત્ત્વમાં અવિચળ સ્થિરતારૂપ નિશ્ચય ચારિત્ર હોય છે; તે ચારિત્ર નિરાકાર તત્ત્વમાં સ્થિત હોવાથી તે નિરાકાર ચારિત્ર છે, તેમાં રાગનો વિકલ્પ નથી. આવું ચારિત્ર તે મુક્તિનું કારણ છે.

ભેદ વગરનું જે ત્રિકાળી ચૈતન્યતત્ત્વ છે તેને અહીં નિરાકાર કહ્યું છે. અને તેમાં લીનતારૂપ ચારિત્ર પણ નિરાકાર છે. એ રીતે દ્રવ્ય અને પર્યાય બન્નેને નિરાકાર કહ્યા છે. આવું નિરાકાર વીતરાગી ચારિત્ર તે આત્માના મોક્ષનું કારણ છે.

એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(वसंततिलका)

**द्रव्यानुसारि चरणं चरणानुसारि**
**द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।**
**तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं**
**द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य॥**

**શ્લોકાર્થ :** ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે -એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષા સહિત છે; તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને અથવા તો ચરણનો આશ્રય કરીને મુમુક્ષુ (જ્ઞાની, મુનિ) મોક્ષમાર્ગમાં આરોહણ કરો.

હે ધર્મી જીવો ! હે મોક્ષાર્થી જીવો ! જો આત્માની શાંતિ જોઈતી હોય, તો દ્રવ્યનો આશ્રય કરીને

મોક્ષમાર્ગમાં આરોહણ કરો. ચારિત્ર દ્રવ્યાનુસાર હોય છે એટલે કે જેટલું જોર કરીને દ્રવ્યમાં લીન થાય તેટલું ચારિત્ર હોય છે. જેટલો દ્રવ્યનો આશ્રય કર્યો તેટલી શાંતિ પ્રગટે છે. એટલે ચારિત્ર પ્રગટ્યા પહેલાં 'દ્રવ્ય કોણ છે' તેની ઓળખાણ તો હોવી જોઈએ. 'દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ છે' જેને હજી દ્રવ્યનું ભાન નથી તેને તેના આશ્રયરૂપ ચારિત્ર હોય નહિ. ચૈતન્યચિંતામણિનું ભાન કરીને તેમાં જેટલો એકાગ્ર થઈને ભાવના કરે તેટલું ફળ પ્રગટે. ચૈતન્યચિંતામણિ અનાદિઅનંત છે, તેની ભાવના કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષ પ્રગટી જાય છે. એ સિવાય આ દેહાદિનો સંયોગ તો અનંતવાર આવ્યો અને ગયો. વળી પુણ્ય-પાપ વખતે પણ તેના જેટલો જ આત્મા થઈ ગયો નથી. જો પુણ્ય વખતે પુણ્યરૂપ થઈ ગયો હોય તો તે પલટીને વળી પાપ ક્યાંથી આવ્યું? જો પાપ વખતે પાપરૂપ જ થઈ ગયો હોય તો પાપ પલટીને પુણ્ય ક્યાંથી આવ્યું ? પુણ્ય-પાપ બન્ને નાશ થવા છતાં આત્મા એવો ને એવો અખંડ રહે છે. એવા દ્રવ્યનો આશ્રય કરીને ચારિત્ર પ્રગટે છે અને જેટલી વીતરાગી પર્યાય પ્રગટી તેમાં દ્રવ્ય અભેદપણું પામે છે; અંતરનો આશ્રય કરીને જેટલું ચારિત્ર પ્રગટે તેટલી દ્રવ્યની શુદ્ધતા પ્રગટે; ચારિત્ર ક્યાંથી આવ્યું ? અંતર શક્તિસ્વભાવ ત્રિકાળ પવિત્રતાથી ભર્યો છે, તેને અનુસારે ચારિત્ર પ્રગટે છે, ને તે ચારિત્રમાં દ્રવ્યની અભેદતા છે. એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાવાળા છે. તેથી હે મુમુક્ષુઓ ! કાં તો દ્રવ્યનો આશ્રય કરીને, અથવા તો વીતરાગી ચારિત્રનો આશ્રય કરીને મોક્ષમાર્ગમાં આરોહણ કરો.

વળી ૧૦૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૩૯**

(अनुष्टुभ्)

**चित्तत्त्वभावनासक्तमतयो यतयो ययम्।**
**यतंते यातनाशीलयमनाशनकारणम्॥ १३९॥**

**શ્લોકાર્થ :** જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવનામાં આસક્ત (રત, લીન) છે એવા યતિઓ યમમાં પ્રયત્નશીલ રહે છે (અર્થાત્ સંયમમાં સાવધાન રહે છે) -કે જે યમ (-સંયમ) યાતનાશીલ યમના (-દુઃખમય મરણના) નાશનું કારણ છે. ॥ ૧૩૯ ॥

જેમણે પોતના ચૈતન્યતત્ત્વને જાણ્યું છે, ને પોતાની બુદ્ધિને ચૈતન્યતત્ત્વની ભાવનામાં લીન કરી છે એવા સંતો-મુનિવરો અંતર્સ્વભાવના સંયમમાં સાવધાન છે, તેમનો તે સંયમ દુઃખમય એવું જે મરણ તેના નાશનું કારણ છે. સંયમ તે યાતનાશીલ યમનો નાશ કરનાર છે. જેને સંયમ પ્રગટે તેમના જન્મ-મરણનો નાશ થઈ જાય છે. અરે જીવ ! જો તારે શાંતિ જોઈતી હોય - જન્મ-મરણની યાતનાથી છૂટવું હોય તો આવી મુનિદશા પ્રગટ કર્યે છૂટકો છે. યતિઓ પોતાના સંયમમાં પ્રયત્નશીલ વર્તતા થકા યાતનામય યમનો નાશ કરે છે. જેઓ આવો વીતરાગી સંયમ પ્રગટ કરે તેમને ફરીને બીજી



માતાના પેટે અવતરવું ન પડે; તેમના દુઃખમય મરણનો નાશ થઈ જાય છે.

**અહો જીવો ! એક ચૈતન્ય જ શરણ છે !!**

મરણથી બચવું હોય તો તેનો ઉપાય આ સંયમ છે ને તે સંયમ ચૈતન્યમૂર્તિ આત્માના ભાન વિના પ્રગટતો નથી. માટે આત્માને ઓળખો, તે જ એક શરણ છે.

જુઓ, શ્રીમદ્ રાજચંદ્ર નાની વયમાં કહે છે કે : હે જીવ !

**સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,**
**અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.**

સર્વજ્ઞ ભગવાને જેવો ચૈતન્યસ્વભાવ કહ્યો છે તેને જ શરણભૂત જાણીને તેની આરાધના કર....આરાધના કર. એના સિવાય બીજું કોઈ શરણ જગતમાં નથી. ચૈતન્યના શરણે જ તારું એકાંત અનાથપણું ટળીને તું સનાથ થશે. માટે ભાઈ ! આત્માને ઓળખ ! ....આત્માને ઓળખ ! !

સ્વર્ગના ઈન્દ્રને પણ ચૈતન્યના શરણ વિના બીજું શરણ નથી. હજારો દેવોની સેના પણ મરણ ટાણે શરણ થતી નથી; પહેલા સ્વર્ગના ઈન્દ્ર પોતે એકાવતારી છે, સમ્યગ્દૃષ્ટિ છે, તેને અંતરમાં આત્માના શરણનું ભાન છે, ને છેવટના ટાણે દેહ છૂટવાનો પ્રસંગ આવતાં શાશ્વત જિનપ્રતિમાના શરણે જઈને તેમના ચરણકમળ ઉપર હાથ મૂકીને કહે છે કે હે નાથ ! તારા કહેલા ધર્મનું જ મને શરણ છે ! -એમ ભાવના ભાવતાં શાંતિથી દેહ છૂટી જાય છે. ને મનુષ્યભવમાં અવતરે છે. પછી નગ્ન દિગંબર મુનિદશા પ્રગટ કરીને, અંતરમાં ચૈતન્ય ઉપર દૃષ્ટિ માંડીને એવું ત્રાટક પ્રગટ કરે છે કે અલ્પકાળમાં કેવળજ્ઞાન પામે છે. અનંતા તીર્થંકરો - ઈંદ્રો - ચક્રવર્તીઓ આ ચૈતન્યના શરણને જ અંગીકાર કરીને મુક્તિ પામ્યા છે. માટે તેનું ભાન કરીને તેનું જ શરણ લેવા જેવું છે. -એ જ એક મૃત્યુથી બચવાનો ઉપાય છે.

**અહો ! મુનિવરોની પરમ સમતા !!**

અંતર્મુખ થયેલા પરમ તપોધન મુનિવરોને કેવી ભાવશુદ્ધિ હોય ? કેવી વીતરાગી સમતા હોય? તે હવે કહે છે :-

### ગાથા ૧૦૪

**सम्मं मे सव्वभूदेसु वेरं मज्झं न केणवि ।**
**आसाए वोसरित्ता णं समाहि पडिवज्जए ।। १०४ ।।**

**साम्यं मे सर्वभूतेषु वैरं मह्यं न केनचित् ।**
**आशाम् उत्सृज्य नूनं समाधिः प्रतिपद्यते ।। १०४ ।।**

**સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;**
**આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.**

**અન્વયાર્થ** : **(सर्वभूतेषु)** સર્વ જીવો પ્રત્યે **(मे)** મને **(साम्यं)** સમતા છે, **(मह्यं)** મારે **(केनचित्)** કોઈ સાથે **(वैरं न)** વેર નથી; **(नूनम्)** ખરેખર **(आशाम् उत्सृज्य)** આશાને છોડીને **(समाधिः प्रतिपद्यते)** હું સમાધિને પ્રાપ્ત કરું છું.

અહો ! હું તો જ્ઞાનસ્વભાવી ચૈતન્યવસ્તુ છું, હું કોઈને મિત્ર કે શત્રુ નથી, ને કોઈ મારો મિત્ર કે શત્રુ નથી તેથી મને કોઈ પ્રત્યેની આશા નથી, તેમ જ કોઈ પ્રત્યે વેર નથી. હું તો સર્વ પ્રકારની આશા છોડીને ચૈતન્યમાં લીન થાઉં છું, રાગ-દ્વેષ રહિત પરમ સમાધિ પ્રગટ કરું છું. અને હે જગતના જીવો ! અમે કર્યું તે પ્રમાણે તમે પણ કરો.

**ટીકા** : ''અહીં (આ ગાથામાં) અંતર્મુખ પરમ તપોધનની ભાવશુદ્ધિનું કથન છે. જેણે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે એવા મને ભેદવિજ્ઞાનીઓ તેમ જ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે.''

મુનિરાજ કહે છે કે અહો ! હું તો બહિર્મુખ વલણ છોડીને મારા ચૈતન્યમાં અંતર્મુખ થાઉં છું. જડ ઇન્દ્રિયો તો મારાથી ભિન્ન છે, તેમ જ અંદરમાં જ્ઞાનનો ઉપયોગ ખંડખંડ થાય એવી જે ભાવેંદ્રિય તેનો વ્યાપાર પણ છોડીને હું તો ચૈતન્યની સમતામાં ઠરું છું; બહારનું લક્ષ જ નથી એટલે મને ભેદવિજ્ઞાનીઓ તેમ જ અજ્ઞાનીઓ બધાય પ્રત્યે સમતા છે. મારા જેવા બીજા સંતો પ્રત્યે મને રાગ નથી, ને મહા વિરાધક એવા અજ્ઞાની જીવો પ્રત્યે મને દ્વેષ નથી.

'બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ.' સૌ સૌના પરિણમન પ્રવાહમાં વહી રહ્યા છે, કોઈ જીવ મારા ચૈતન્યમાંથી વહેતા નિર્મળ પર્યાયના વહેણને રોકી શકે તેમ નથી. ધર્મીને પણ શ્રદ્ધામાં તો આવી જ વીતરાગતા છે, ને અહીં તો સ્વરૂપમાં લીન થયેલા મુનિઓની સમાધિની વાત છે. જુઓ, આ વીતરાગી મુનિઓની દશા !! અહો ! અમારું લક્ષ જ ઇન્દ્રિયો તરફથી છૂટીને ચૈતન્યમાં



વળ્યું છે, ત્યાં કોઈ કેવળી પ્રત્યે રાગ નથી ને અજ્ઞાની પ્રત્યે દ્વેષ નથી. સર્વે જીવોમાં સમતા જ છે. આવી લીનતા થયા પહેલાં પણ આવી દૃષ્ટિ પ્રગટ થવી જોઈએ. હું જ્ઞાયક ને બધા પદાર્થો જ્ઞેય; તેમાં એક ઈષ્ટ અને એક અનિષ્ટ એવા ભાગલા જ નથી. મુનિ ધ્યાનમાં બેઠા હોય ને ૯૬ કરોડ પાયદળનો સ્વામી ચક્રવર્તી રાજા, ૧૬૦૦૦ દેવોને સાથે લઈને તેમના ચરણે નમી પડે, ત્યાં મુનિને એક રોમમાં પણ માનનો વિકલ્પ નથી, ને દુશ્મન આવીને ઘણાં ઉપસર્ગ કરે છતાં તેના ઉપર દ્વેષનો વિકલ્પ નથી -આવો મુનિઓનો પરમ સમભાવ છે. માટે કહ્યું કે :-

**બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં, વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;**
**દેહ જાય પણ માયા ન થાય રોમમાં, લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.**

-અપૂર્વ અવસર

દેહ જાતો હોય તો જવા દે, હું તો જ્ઞાયક છું; રોમમાં પણ દેહ પ્રત્યે મમતા ન થાય. ને મહાન રિદ્ધિ સિદ્ધિઓ પ્રગટી હોય, વચન બોલે ત્યાં દેવ ઊતરે, વચન બોલે ત્યાં સોનાના ડુંગર થઈ જાય, પણ મુનિઓને એવી બાહ્ય ઋદ્ધિની ભાવના હોતી નથી. અમે તો અમારા ચૈતન્યની કેવળજ્ઞાન-ઋદ્ધિને સાધનારા છીએ.

જુઓ આ શ્રીમદ્‌ને મુનિદશા ન હતી, ગૃહસ્થપણામાં હતા, છતાં ભાવના કરે છે કે :-

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો.**

અહો ! સંત મહાત્મા અમને મળે ને તેમની આજ્ઞાનુસાર શિષ્યાનુવૃતિ કરીને મહત્પુરુષના પંથે ક્યારે વિચરીએ !! એવો અપૂર્વ અવસર ક્યારે આવે !! તેમણે આવી ભાવના સહિત દેહ છોડ્યો છે.

ને અહીં તો આ પદ્મપ્રભમુનિરાજ તેવી દશામાં વર્તે છે. તેથી કહે છે કે અહો ! અમે ચૈતન્યમૂર્તિ સાક્ષી છીએ, જગતના સર્વ જીવોમાં અમને સમતા છે. જગતના જડ-ચેતન પદાર્થો તેના પરિણમન પ્રવાહ પ્રમાણે વર્ત્યા કરશે, તું તેને દૃષ્ટા રહીને દેખ, સમતામાં રહીને શાંતિ રાખ ! આવી સમતા તે મોક્ષમાર્ગ છે. પરની પર્યાયનો કર્તા તે પર છે. તું તેને રોકી શકે તેમ નથી; તું તેને જ્ઞાતાપણે જો.

કોઈ લોઢાની ઘાણીમાં નાંખીને મુનિને પીલી નાંખે ત્યાં ''આમ કેમ'' એવી મમતા મુનિને નથી, પણ ચૈતન્યની સમતા છે. આવી સમતાના ફળમાં મોક્ષદશા આવીને ઊભી રહેશે. મુનિઓને કોઈ પ્રત્યે ''આ મારો મિત્ર કે આ મારો શત્રુ'' -એવી પરિણતિ નથી, એટલે રાગ-દ્વેષરૂપ પરિણતિના અભાવને લીધે કોઈ પ્રાણી પ્રત્યે વેર નથી, સૌ પ્રત્યે સમતા જ છે.

**પરમ વીતરાગી સંત ભગવાન કુંદકુંદઆચાર્યદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.**

**આચાર્યપદ દિન-માગશર વદ ૮, શુક્રવાર, ૨૧-૧૨-૫૧.**

આજે શ્રી કુંદકુંદ આચાર્ય મહારાજની આચાર્ય પદવીનો દિવસ છે.

આ ભરતક્ષેત્રમાં આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદ આચાર્ય થઈ ગયા છે. તેમણે જિનચંદ્ર આચાર્ય પાસે દીક્ષા લીધી હતી. જિનચંદ્ર આચાર્યગુરુએ તેમની ઘણી પાત્રતા જોઈને દીક્ષા આપેલી. ગુરુએ કુંદકુંદને ઘણા પાત્ર જાણીને, શાસનના સ્થંભ થશે એમ જાણીને પોતાની હયાતીમાં આચાર્યપદ આપ્યું અને કુંદકુંદ આચાર્યદેવે તે પદને એવું જ શોભાવ્યું. તે વખતે નિર્ગ્રંથ મુનિ તથા મહા સમર્થ આચાર્ય તરીકે તેમની ઘણી પ્રતિષ્ઠા હતી. કુંદકુંદ આચાર્યદેવનો આ જિનશાસન ઉપર ઘણો ઉપકાર છે. મંગળાચરણમાં ગૌતમ ગણધર ભગવાન પછી બીજું તેમનું નામ લેવાય છે. આવા મહા સમર્થ આચાર્યદેવની આચાર્યપદવીનો દિવસ તે પણ માંગળિક છે.

મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન બિરાજે છે. કુંદકુંદ આચાર્યદેવ ત્યાં ગયા હતા, સાક્ષાત્ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનના દર્શન કરી-ભેટો કરી, ત્યાં આઠ દિવસ રહી, ભગવાનની સાક્ષાત્ વાણી સાંભળીને આવ્યા હતા. ત્યાંથી આવીને ભગવાન કુંદકુંદ આચાર્યદેવે આ સમયસાર - નિયમસાર આદિ શાસ્ત્રો રચ્યા છે.

શ્રીમદ્ રાજચંદ્ર ભગવાન કુંદકુંદ આચાર્યનો ઉપકાર માનતા કહે છે કે : **''હે કુંદકુંદાદિ આચાર્યો! તમારા વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયા છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.''**

કુંદકુંદ આચાર્ય તે વખતના એક મહા યુગપ્રધાન પુરુષ હતા. આવા મહા સમર્થ આચાર્ય - આત્મદશામાં ઝૂલતા મહાન આત્મા- હોવા છતાં, તે વખતે પણ તેમને માનનારા માનતા, નહિ માનનારા માનતા નહિ. તેઓ મહાવિદેહમાં ગયા હતા, તે વાત પ્રસિદ્ધ સત્ય હોવા છતાં, તે વખતે નહિ માનનારા તે વાતને સ્વીકારતા નહિ. કુંદકુંદ આચાર્યદેવ પોતે કહે છે કે ભાઈ ! આ પરમ સત્ય તત્ત્વ બધાને રુચિ જાય અને બધા એક સરખી માન્યતાવાળા થાય તેમ બનતું નથી. માટે કોઈની સાથે વાદવિવાદ કરવો નહિ. જેમ કોઈને નિધાન મળ્યું હોય તે ગુપ્તપણે ભોગવે છે તેમ પોતાના ત્રિકાળી જ્ઞાનાનંદ નિધાનની ઓળખાણ કરી તેનો પોતે એકલાએ અનુભવ કરવો. આ વિષય વાદવિવાદનો નથી; સત્સમાગમે આત્માની યોગ્યતાથી સમજાય તેમ છે. જે જીવો ભાગ્યવાન, રુચિવાન તેમ જ યોગ્યતાવાળા છે તેને સત્સમાગમે આ શાસ્ત્રનું પરમ રહસ્ય સમજાય તેમ છે.

મહાવિદેહક્ષેત્રમાં જવાનો યોગ આ કાળમાં તેમને જ બન્યો હતો. તે કુંદકુંદ આચાર્યદેવ આ નિયમસારની ૧૦૪મી ગાથામાં કહે છે કે :



ચારિત્રવંત મુનિઓને આત્માના ભાન સહિત અંતર્‌સ્વરૂપસ્થિરતાપૂર્વક શાંતિ કેટલી હોય છે તે આ ગાથામાં બતાવે છે.

જેણે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે એવા મને ભેદવિજ્ઞાનીઓ તેમ જ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે. આત્મા ત્રિકાળી પવિત્ર, જ્ઞાતા-દ્રષ્ટા તથા આનંદસ્વરૂપ છે. તેણે ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે એટલે કે આત્મામાં - ત્રિકાળી સ્વભાવમાં ઇન્દ્રિયો તથા ઇન્દ્રિયોનો વ્યાપાર હતો જ નહિ એમ પહેલાં નિર્ણય કર્યો છે, ઇન્દ્રિયો તથા તે તરફનો ખંડખંડ ભાવ હું નથી, હું તો અખંડ જ્ઞાયક છું - એમ પ્રથમ પ્રતીતમાં ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો. ધર્મી જીવને પ્રથમ આવી દૃષ્ટિ હોવી જોઈએ. દૃષ્ટિ પ્રગટ્યા પછી વિશેષ સ્વરૂપસ્થિરતાની આ વાત છે.

આચાર્યદેવ પોતે કહે છે કે જેણે શ્રદ્ધા અને સ્થિરતા - એ બન્ને અપેક્ષાએ ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે એવા મને સર્વ જીવો પ્રત્યે સમતા છે. અમે તો જાણનાર-દેખનાર છીએ. અમને ભેદ-વિજ્ઞાનીઓ તેમ જ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે. તત્ત્વની હા પાડનાર જ્ઞાનીઓ હોય કે સત્યની નિંદા કરનાર અજ્ઞાનીઓ હોય, તેમના પ્રત્યે અમને રાગ કે દ્વેષ નથી. જેમને પુણ્ય-પાપના વિકારથી રહિત શુદ્ધ જ્ઞાનાનંદ આત્માનો સાક્ષાત્કાર થયો છે એવા અમારા જેવા ધર્માત્મા પ્રત્યે પણ અમને રાગ નથી. વળી તત્ત્વના વિરોધીઓ હોય છતાં, આ આમ કેમ ? એવો અમને વિકલ્પ ઊઠતો નથી. તેની વર્તમાન સમયની યોગ્યતા અમારાથી થાય કે ફરે એમ અમે સ્વીકારતા નથી. તેના અમે દ્વેષી કે રાગી નથી. તેઓ ગમે તેમ તેમની યોગ્યતાએ પરિણમો, એનું અમને કાંઈ નથી. જગતના પ્રાણીઓ તેના કારણે પલટી રહ્યા છે; કોઈ કોઈને ઠપકો આપીને સમજાવી દે એવી કોઈની તાકાત નથી. સામો જીવ અમારું ભૂંડું કરવામાં આગળ વધી ન જાય માટે તેને અટકાવીએ એમ અમે માનતા નથી. અમને તો સાધર્મી મિત્ર હો કે વૈરી હો - બધા પ્રત્યે સમતા છે. આવી યથાર્થ સમતા ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવી આત્માના ભાન વિના થઈ શકે નહિ. અનુકૂળતા પ્રત્યે ઠીકપણાનો ભાવ અને પ્રતિકૂળતા પ્રત્યે અઠીકપણાનો ભાવ -બે ય વિષમતા છે. -તે સચ્ચિદાનંદ ભગવાન આત્મામાં નથી, ચૈતન્ય ભગવાન તો પુણ્ય-પાપના ભાવરૂપ વિષમતા રહિત અંતર્ શાંત ઉપશમરસનો પિંડ છે, એવો પ્રથમ નિર્ણય કર્યા વિના સમતા થઈ શકે નહિ.

આ ઠીક થયું અને અઠીક થયું એવી લાગણી સ્વરૂપમાં છે જ નહિ, એવું પ્રથમ ભાન થયા વિના લાગણી ટળી શકે જ નહિ. જગતના પદાર્થો જ્ઞાનમાં જ્ઞેય છે. જ્ઞેયોની વર્તમાન અવસ્થા તેના કારણે પલટે છે, તેને બીજો કોણ પલટે ? માટે તેના પ્રત્યે અમને સમતા કે અસમતાનો વિકલ્પ ઊઠતો નથી.

અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોને કારણે ઠીકાઠીકની લાગણીઓ થતી નથી, પોતાના અપરાધને કારણે તે ઠીકાઠીકના લાગણીઓ થાય છે. આત્માના સ્વરૂપમાં તે લાગણીઓ છે નહિ, એવો ચૈતન્યનો

પ્રથમ ભરોસો થવો જોઈએ. તે વિના વિષમભાવો ટળતા નથી.

તેથી આચાર્યદેવ કહે છે કે અમને કોઈ પ્રત્યે વિષમતાનો ભાવ નથી; અમે અમારા પચ્ચખાણમાં છીએ એટલે કે ચિદાનંદ જ્ઞાનસ્વરૂપના ભાન સહિત આત્માની રમણતામાં છીએ. અમે તો જ્ઞેયના જ્ઞાતા છીએ. શરીરથી માંડીને બધા પરપદાર્થો જ્ઞેય છે. તેના ઉપર અમારો કોઈ અધિકાર નથી; તથા પુણ્ય-પાપ, દયા-દાન આદિ વિકારી પરિણામો પણ જ્ઞાનનું જ્ઞેય છે. અમે તેનું ધર્મીપણું સ્વીકારતા નથી.

આ જીવો અમારા મિત્ર છે કે આ અમારા શત્રુ છે એવી રાગ કે દ્વેષની લાગણીનો અમારામાં અભાવ છે. આમ યથાર્થપણે આત્માનું સ્વરૂપ સમજ્યા વિના બાહ્યથી વ્રત-પચ્ચખાણ હોઈ શકે નહિ.

મિત્ર કે શત્રુરૂપ પરિણતિના અભાવને લીધે મને કોઈ પ્રાણી સાથે વેર નથી. જ્ઞાની આત્માઓ અંતર્ ઉપશમ શાંતરસમાં ઢળી ગયા છે. આ ઠીક છે કે અઠીક છે એવા મફતના વિકલ્પો કરવા તે બધું આત્માના નુકસાન માટે છે, તેનાથી આત્માને કાંઈ લાભ નથી, એમ જ્ઞાનીઓએ પ્રથમ નિર્ણય કરીને, આત્મામાં વિશેષ સ્થિરતાનો પુરુષાર્થ કરી, જે અલ્પ અસ્થિરતાની વૃત્તિ થતી હતી તેને છેદી નાંખી છે, તેથી તેમને સમતા છે.

**પ્રશ્ન** : બીજા બધા પ્રત્યે સમતા હોય પણ કોઈ એક વ્યક્તિ પ્રત્યે ખટકારો ખસતો ન હોય તો ?

**ઉત્તર** : જેને સામી વ્યક્તિને કારણે ખટકારો છે, તેને બધા સાથે ખટકારો છે. જેને સામી વ્યક્તિના કારણે દ્વેષ થાય છે તે અજ્ઞાની છે. જ્ઞાનીને જરી અસ્થિરતાને લીધે દ્વેષ થાય, પણ તે સામી વ્યક્તિના કારણે નથી. અસ્થિરતા આવે તે વ્યક્તિના કારણે આવે છે તે માન્યતા યથાર્થ નથી. જો એમ હોય તો કોઈ દિવસ તેનું લક્ષ છોડીને આત્મામાં સ્થિર થઈ શકે નહિ.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ નજરે પડે તો તેને લઈને અમને રાગ થતો નથી અને કોઈ માથાનો કાપનાર વેરી હોય તેના પ્રત્યે અમને દ્વેષ આવતો નથી. અમે તો અમારા જ્ઞાનસ્વભાવમાં - શાંત ઉપશમરસ સ્વરૂપ સમતામાં છીએ. આને ભગવાન પચ્ચખાણ કહે છે. જુઓ ! આચાર્યદેવ પોકાર કરીને કહે છે કે હે ભવ્ય જીવો ! તમે પણ અમારા જેવા છો. તમારામાં પણ અંદર ચૈતન્ય જ્ઞાનાનંદની સમતા શક્તિમાં પડી છે, તેનો તમે નિર્ણય કરો. ભગવાન કહે છે કે પ્રસંગ શોકનું કારણ નથી પણ પોતાનો અપરાધ શોકનું કારણ છે. દીકરો મરે માટે તેને કારણે શોક થાય છે એમ નથી. જો એમ હોય તો જેને જેને દીકરો મરે તે બધાને સરખો શોક થવો જોઈએ. પણ બધાને સરખો શોક થતો નથી. સંયોગના પ્રમાણમાં વિકાર થતો નથી પણ પોતાના રાગ-દ્વેષના પ્રમાણમાં વિકાર થાય છે. જ્ઞાની સમજે છે કે તે વિકાર મારા ત્રિકાળી સ્વરૂપમાં નથી. નીચલી ભૂમિકામાં અસ્થિરતાને લઈને જરી વિકાર થાય



છે - અસ્થિરતાની જરી વિષમતા થાય છે, પણ અહીં ચારિત્રની વાત છે. મુનિ પોતાના સ્વરૂપમાં ઘણા ઠરી ગયા છે તે કહે છે કે અમને રાગ-દ્વેષની વિષમતા છે નહિ.

અહો ! આ આત્મવસ્તુમાં - ચૈતન્ય જ્ઞાનાનંદ ચીજમાં પરવસ્તુનો બિલકુલ અભાવ છે; અને પરવસ્તુમાં અમારો બિલકુલ અભાવ છે. એટલે અમને કોઈ પ્રત્યે વેર છે નહિ. આત્મસ્વભાવમાં અશાંતિ છે જ નહિ, એવો નિર્ણય થયા વિના અશાંતિ ટળે જ નહિ.

આચાર્યદેવ પરમ સમતારસમાં ઝૂલતાં કહે છે કે સહજ વૈરાગ્યપરિણતિને લીધે મને કોઈ પણ આશા વર્તતી નથી. કુંદકુંદ ભગવાન આચાર્યપદમાં બિરાજે છે. તે દશામાં લખાયેલ આ વાત છે. આચાર્યદેવ કહે છે કે : જગતના તત્ત્વો સ્વતંત્ર છે. તેનું પરિણમન તેના આધારે છે, મારા આધારે નથી; અમારું કોઈ નથી અને અમે કોઈના નથી; માટે અમને કોઈ પણ આશા નથી.

વળી આચાર્યદેવ કહે છે કે પરમ સમરસીભાવ સંયુક્ત પરમ સમાધિનો હું આશ્રય કરું છું અર્થાત્ પરમ સમાધિને પ્રાપ્ત કરું છું. જગતના ડામાડોળમાં ડહોળાઈ જાય એવો આત્મા નથી, આત્મા તો પરમ શાંતરસ છે. ગમે તેવા સંયોગો હો, પણ તેના પ્રત્યે અમને અનુકૂળતા કે પ્રતિકૂળતાનો ભાવ નથી. અમે તો આધિ, વ્યાધિ અને ઉપાધિ રહિત એવી પરમ સમાધિનો આશ્રય કરીએ છીએ. સ્ત્રી, પુત્ર, મકાન, લક્ષ્મી આદિ બાહ્ય પદાર્થના લક્ષે થતા ભાવને ઉપાધિ કહે છે, શરીરમાં રોગ થતાં તેના તરફના લક્ષે થતા ભાવને વ્યાધિ કહે છે, તથા અંદરમાં પુણ્ય-પાપના અનેક પ્રકારના વિકલ્પો થાય તેને આધિ કહે છે. તે આધિ, વ્યાધિ અને ઉપાધિના ભાવો રહિત સચ્ચિદાનંદ આત્માનું ભાન કરી, તેમાં એકાગ્ર થઈ ઠરવું તેને સમાધિ કહે છે. આ સમાધિનું નામ ચારિત્ર છે. ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવમાં ચરવું-રમવું-થંભવું-જામવું તેને ત્રિલોકીનાથ તીર્થંકર ભગવાન ચારિત્ર કહે છે.

આચાર્યદેવ કહે છે કે હું પરમ સમરસરૂપી સમાધિનો આશ્રય લઉં છું. લોકો પ્રાણાયમ આદિ જડની ક્રિયાને સમાધિ માને છે; પણ તે તો જડ થઈ જવાના રસ્તા છે. તે આત્માની સાચી સમાધિ નથી. તેનાથી આત્માની શાંતિ જરી ય પ્રગટતી નથી. ખરેખર તો આધિ-વ્યાધિ-ઉપાધિના પરિણામ રહિત હું જ્ઞાનાનંદ શાંત સ્વભાવી છું, એવું આત્માનું યથાર્થ ભાન કરી તેમાં એકાગ્રતા કરવી તેને પરમ સમાધિ કહે છે.

એવી રીતે યોગીન્દ્રદેવે અમૃત-અશીતિમાં ૨૧મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(वसंततिलका)

**मुक्त्वालसत्वमधिसत्त्वबलोपपन्नः**
**स्मृत्वा परां च समतां कुलदेवतां त्वम्।**
**संज्ञानचक्रमिदमङ्ग गृहाण तूर्ण-**
**मज्ञानमन्त्रियुतमोहरिपूपमर्दि॥**

**શ્લોકાર્થ** : હે ભાઈ ! સ્વાભાવિક બળસંપન્ન એવો તું આળસ તજીને, ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મરીને, અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ કરનારા આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.

આત્માનું બળ બહારથી લાવવું પડતું નથી. આત્મા અંદર અનંત સ્વાભાવિક બળનો પિંડ ભર્યો પડ્યો છે. લીંડી પીપરમાં વર્તમાન તીખાશ ન દેખાય તો પણ ચોસઠ પહોરી તીખાશની શક્તિ વર્તમાનમાં ભરી પડી છે, -તે તીખાશ બહારથી લાવવી પડતી નથી; તેમ આત્મામાં અનંત સામર્થ્ય ભર્યું પડ્યું છે તે બહારથી કે પુણ્ય-પાપના વિકારીભાવથી પ્રગટતું નથી. હે ભાઈ ! આવા અનંત સ્વાભાવિક બળવાળો તું છો, માટે હવે ટાણાં આવ્યા - આળસ તજ અને સ્વભાવના ભાન સહિત રમણતાસ્વરૂપ તારી ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને યાદ કરીને -શાંત ઉપશમભાવનું રટણ કરીને, અજ્ઞાનમંત્રી સહિત મોહરાજાને નાશ કરનારા આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને ગ્રહણ કર. એટલે કે સ્વભાવમાં એકાગ્રતાના ચક્ર દ્વારા અજ્ઞાનમંત્રીનો અને મોહરાજાનો નાશ કર.

લોકો બહારમાં કુળદેવીને માને છે. તે સાચી કુળદેવી નથી. અંબાજી વગેરેને કુળદેવી માને તે તો ભ્રમણા છે. એવી ભ્રમણા પોષી જીવ સંસારમાં રખડી મરે છે. અંબાજી વગેરે દેવીઓ તો સંસારમાં રખડવાનું નિમિત્ત છે. ખરી કુળદેવી તો ચૈતન્ય આત્માની સમતા છે; બીજી કોઈ કુળદેવી નથી. ચૈતન્ય જ્ઞાનાનંદ ત્રિકાળી સ્વભાવ તે આત્માનું સાચું કુળ છે; અને તેની સમતા તે કુળદેવી છે.

**ધરમ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત, જિનેશ્વર !**
**બીજો મનમંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત, જિનેશ્વર.**

હે નાથ ! હું ચૈતન્યસ્વભાવી આત્મા છું. પુણ્ય-પાપની કૃત્રિમ ઉપાધિ રહિત મારું સ્વરૂપ છે. આવું આત્માનું ભાન કરીને તેમાં ઠરવું તે અમારા કુળની રીત છે - અનંત તીર્થંકરના કુળની રીત છે. અમે પુણ્ય-પાપના વિકલ્પને યાદ કરશું નહિ, -અમારા હૃદયમાં લાવશું નહિ પણ અમે તો અમારા ત્રિકાળી ચૈતન્યસ્વભાવને યાદ કરશું. અમારા કુળની-જ્ઞાનીઓના કુળની એ રીત છે.

### શ્લોક ૧૪૦

(વસંતતિલકા)

**मुक्त्यङ्गनालिमपुनर्भवसौख्यमूलं**
**दुर्भावनातिमिरसंहतिचन्द्रकीर्तिम्।**
**संभावयामि समतामहमुच्चकैस्तां**
**या संमता भवति संयमिनामजस्रम्॥ १४०॥**

**શ્લોકાર્થ** : જે (સમતા) મુક્તિસુંદરીની સખી છે, જે મોક્ષસૌખ્યનું મૂળ છે, જે દુર્ભાવનારૂપી તિમિરસમૂહને (હણવા) માટે ચંદ્રના પ્રકાશ સમાન છે અને જે સંયમીઓને નિરંતર સંમત છે, તે



સમતાને હું અત્યંત ભાવું છું. ॥ ૧૪૦ ॥

હે ભાઈ ! તારે શાંતિની પૂર્ણ દશા એટલે કે મુક્તિ જોઈતી હોય તો તે મુક્તિ કોઈ બીજી દશા નથી, પરંતુ આત્માનું ભાન કરી, તેમાં ઠરીને પરમશાંત દશા પ્રગટ કરવી તેનું નામ મુક્તિ છે.

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.**

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન આત્માની પૂર્ણ પવિત્રતાને - પૂર્ણ શુદ્ધદશાને મુક્તિ કહે છે. આત્મા સચ્ચિદાનંદ સ્વભાવી છે; શુભ તેમ જ અશુભભાવો તેનો સ્વભાવ નથી, તે તો એકલો જ્ઞાન-આનંદમય છે, એવું અંદર ભાન કરીને સ્વભાવમાં એકાગ્ર થવું તે મુક્તિનો માર્ગ છે, મુક્તિનો બીજો કોઈ ઉપાય નથી.

આત્મા ચિદાનંદ સ્વરૂપ છે તેની પ્રતીતિ કરી, તેમાં રમણતા કરી પૂર્ણ નિર્મળ શુદ્ધદશા પ્રગટ કરવી તે મુક્તિ છે. હે ભવ્ય ! જો તારે તે દશા પ્રગટ કરવી હોય તો સ્વભાવમાં રમણતારૂપ અંતર્-સમતા પ્રગટ કર, કે જે સમતા મુક્તિરૂપી સ્ત્રી -આત્માની પરિપૂર્ણ શુદ્ધદશા- પ્રત્યે ભમરા સમાન લીન છે. જેમ પદ્મિની સ્ત્રીની પાછળ ભમરા ફરે છે, તેમ મુક્તિઅંગના - મુક્તિદશા પ્રગટ કરવા માટે સમતા ભમરાની પેઠે પાછળ પાછળ ફરે છે. એટલે કે સમતા ભ્રમર પેઠે મુક્તિ પ્રત્યે રત છે.

રાજ ખાતર, દેશ ખાતર કે લોક ખાતર સહન કરવું તે સમતા નથી; પણ હું શુદ્ધ સચ્ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું -એવું ભાન કરી, સ્વરૂપમાં-પરમ ઉપશમરસમાં- ઠરતાં પુણ્ય-પાપની વૃત્તિનું ઉત્થાન જ ન થાય તેનું નામ સાચી સમતા છે, અને તે સમતા મોક્ષસુખનું મૂળિયું છે.

વળી, સ્વભાવમાં લીનતાસ્વરૂપ આ સમતા પુણ્ય-પાપરૂપી-દુર્ભાવનારૂપી અંધકારને નાશ કરવા માટે ચંદ્રના પ્રકાશ સમાન છે. આ મારા ભલા છે અને આ મારું ભૂંડું કરનાર છે -એ બધી કલ્પના દુર્ભાવના છે. ખરેખર ભલો-ભૂંડો કોઈ બીજો નથી. ઊંધો પડ્યો તું તારું ભૂંડું કરે છે અને સવળો પડ્યો તું તારું ભલું કરે છે. પુણ્ય-પાપ તથા રાગ-દ્વેષ આદિ ભાવો તે તારી ક્રિયા છે, તારો અપરાધ છે. તે અપરાધરૂપી અંધકારને હણવા માટે સમતા ચંદ્રના પ્રકાશ સમાન છે. ચંદ્ર અંધકારનો નાશ કરે છે અને શીતળતા આપે છે, તેમ સમતા પ્રગટતાં, દુર્ભાવનારૂપી અંધકારનો નાશ થાય છે. અને સ્વાભાવિક પરમ શાંત દશા પ્રગટે છે.

આત્માનો સ્વભાવ પરમ શાંત દશાનો- શીતળતાનો ડુંગરો છે, તેમાં આ વર્તમાન પર્યાયમાં ક્ષણિક ઉપાધિ ક્યાંથી આવી ? અંદર ત્રિકાળી શાંત સ્વભાવ ભર્યો છે, તેની ગુલાંટ ખાધી એટલે પર્યાયમાં વિપરીત પરિણમન - ક્રોધ આદિ થઈ જાય છે. શાંતિ તારો સ્વભાવ છે, ક્રોધ તારો સ્વભાવ નથી. ક્રોધ તારા અપરાધને લઈને થયો છે, કર્મ કે બાહ્ય સંયોગોએ કરાવ્યો નથી, તારી ઊંધાઈ તે સંસાર

અને તારી સવળાઈ તે મુક્તિ. મુક્તિનો ઉપાય એવી જે આ સમતા તે મુનિઓને તત્કાળ સંમત છે. નીચલી દશામાં આત્માનું ભાન થયું છે પણ હજી નબળાઈ ને જરી વિષમતા થાય છે. પણ મુનિને તેવી વિષમતા હોઈ શકે નહિ. તેથી તેમને સમતા તત્કાળ સંમત છે. જ્ઞાની ગૃહસ્થને શ્રદ્ધા-જ્ઞાન અપેક્ષાએ તો તે તત્કાળ સંમત છે, પણ અસ્થિરતા હોવાથી જરી વિષમતા થઈ જાય છે. તે વીતરાગી સમતાને હું અત્યંત ભાવું છું. પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે મારે અંદર સમતાના વહેણ વહે છે, તેની હું ભાવના ભાવું છું. આત્માનું ભાન કરી, સ્વભાવમાં ઠરી, શાંત અનાકુળ દશા પ્રગટ કરવી તેનું નામ સમતા છે. અને આ જે અંતર્વીતરાગીદશા પ્રગટી તેનું નામ આચાર્યપદ કહેવાય છે. બાકી, બહારથી આચાર્યનું નામ ધરાવે તે સાચા આચાર્ય નથી.

આમ આત્માનું યથાર્થ સ્વરૂપ સમજી અંતર્વીતરાગી સમતા પ્રગટ કરવી તેનું નામ ધર્મ છે.

## માગશર વદ ૯, શનિવાર, ૨૨-૧૨-૫૧.

આ અધિકાર પચ્ચખાણનો છે. પચ્ચખાણ એટલે ત્યાગ. સાચો ત્યાગ કોને હોય ? પરપદાર્થનો -શરીર, વાણી, ધન, કુટુંબ આદિનો- તો આત્મામાં ત્રિકાળ ત્યાગ જ છે, પણ આત્માની અવસ્થામાં જે વિકાર - પુણ્ય-પાપ, અજ્ઞાન, મિથ્યાત્વ - તે પણ આત્માના ત્રિકાળ સ્વરૂપમાં નથી. -એવો અંતરમાં નિર્ણય-વિશ્વાસ કરવો તથા સ્વરૂપમાં પુણ્ય-પાપના વિકલ્પનું લક્ષ છોડી ઠરવું એટલે કે સ્વભાવમાં એકાગ્ર થતાં પુણ્ય આદિનો વિકલ્પ જ ન થવો તેને પચ્ચખાણ કહે છે. પહેલાં, વિકાર રહિત જે જ્ઞાનાનંદ સ્વભાવ તેનો નિર્ણય-વિશ્વાસ કરવો જોઈએ; જ્યાં સુધી સ્વભાવનો નિર્ણય-વિશ્વાસ ન કરે ત્યાં સુધી પચ્ચખાણ થાય નહિ.

શરીરનો મેલ કાઢી નાખવા યોગ્ય છે એમ પહેલાં નક્કી કરે, પછી કાઢી નાખે; તેમ આત્મામાં મિથ્યાત્વ, અજ્ઞાન, પુણ્ય-પાપ વગેરે જેટલા વિકારીભાવ છે તે મેલ છે. તેને કાઢી નાંખવા યોગ્ય કોણ માને ? - કે જે પુણ્ય-પાપ વગેરે વિકારીભાવ મારું સ્વરૂપ નથી, તે ઉપરનો મેલ છે એટલે કે એક સમયના પર્યાયમાં પરને લક્ષે થતો ઉપાધિભાવ છે, એમ નિર્ણય કરે તે. તેને સાચું પચ્ચખાણ હોય છે.

શું કાઢી નાખવા યોગ્ય છે ? અને તે કઈ રીતે નીકળે ? તેની હજુ જેને ખબર નથી તે શું કાઢે ? અને કઈ રીતે કાઢે ?

આત્મા સચ્ચિદાનંદ સ્વભાવી છે; પુણ્ય-પાપ વગેરે ત્રિકાળી ભાવો આત્માના સ્વરૂપમાં નથી, -એમ દૃષ્ટિ એટલે કે આત્માનો નિર્ણય કર્યા પછી વિશેષ સ્થિરતા થતાં જે વેર-વિરોધના પરિણામનો અભાવ થવો તેને સમતારૂપી પચ્ચખાણ કહે છે.



## શ્લોક ૧૪૧

(हरिणी)

**जयति समता नित्यं या योगिनामपि दुर्लभा**
**निजमुखसुखवार्धिप्रस्फारपूर्णशशिप्रभा।**
**परमयमिनां प्रव्रज्यास्त्रीमनःप्रियमैत्रिका**
**मुनिवरगणस्योच्चैः सालंक्रिया जगतामपि॥ १४१॥**

**શ્લોકાર્થ** : જે યોગીઓને પણ દુર્લભ છે, જે નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે, જે પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે અને જે મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણ લોકનું પણ અતિશયપણે આભૂષણ છે, તે સમતા સદા જયવંત છે. ॥ ૧૪૧ ॥

આત્મા ત્રિકાળ નિર્દોષ વીતરાગી આનંદસ્વરૂપ છે. આવું જેને ભાન થયું છે એવા જ્ઞાની આત્માઓ-મુનિઓ એમ સમજે છે કે સંયોગો ગમે તે થાઓ - અનુકૂળ થાઓ કે પ્રતિકૂળ થાઓ, તેનો અમને રાગ કે દ્વેષ નથી. આત્માની પ્રતીતિપૂર્વક આવી સમતા તે મુનિઓને પણ દુર્લભ છે. વળી, જે સમતા છે તે જ શુદ્ધ આત્મસ્વભાવમાં એકાગ્રતારૂપી પચ્ચખાણ છે.

તીર્થંકર ભગવાને જેવો આત્મા કહ્યો તેવો સમજી, તેનું જ્ઞાન કરી, તેમાં એકાગ્રતા કરવી તે સમતા છે. આ સમતા મુનિઓને-સંતોને દુર્લભ છે.

**પ્રશ્ન** : મુનિઓને દુર્લભ છે તો પછી અમારે શું સમજવું ?

**ઉત્તર** : દુર્લભનો અર્થ એટલો છે કે તે સમતા માટે વિશેષ પુરુષાર્થની જરૂર છે. આત્માના સાચા નિર્ણય વગર સમતા હોઈ શકે નહિ. અને નિર્ણય થયા પછી પણ વિશેષ આત્મસ્થિરતારૂપ સમતા દુર્લભ છે. નીચલી દશામાં સમ્યગ્દૃષ્ટિ તથા શ્રાવકને ભાન તો છે કે આત્મા સમતાસ્વભાવી છે; પરંતુ પર્યાયમાં, પરને લઈને નહિ પણ પોતાની નબળાઈને કારણે અલ્પ રાગ-દ્વેષ, પુણ્ય-પાપરૂપ વિષમતા થઈ જાય છે. તે પુણ્ય-પાપની વિષમતા રહિત ત્રિકાળી સ્વભાવમાં લીનતા થવી તે સમતા છે-સાચું પચ્ચખાણ છે.

મુનિરાજ કહે છે કે -ભગવાન ! તું આત્મા છો, તારામાં સિદ્ધ થવાની શક્તિ ભરી પડી છે. તારામાં અને સિદ્ધ ભગવાનમાં આંતરો નથી; પર્યાયમાં અલ્પ રાગ છે, પણ તે ત્રિકાળી સ્વભાવમાં નથી. તારો સ્વભાવ તો જાણવા-દેખવાનો છે, પણ ખદબદાટ કરવો તે તારો સ્વભાવ નથી. રાગ-દ્વેષ, પુણ્ય-પાપની વિષમતા રહિત સ્વભાવમાં રમણતારૂપ સમતા મુનિને દુર્લભ છે તો પછી અજ્ઞાનીને તો સાચી સમતા હોઈ શકે જ નહિ.

વળી, કેવો છે સમતાનો ભાવ ? જે (-સમતાનો ભાવ) નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે. જેમ દરિયામાં ભરતી લાવવા-પાણીને કાંઠે લાવવા માટે ચંદ્ર નિમિત્ત છે, તેમ આત્મામાં જે ચૈતન્ય જ્ઞાનાનંદ શક્તિ મધ્યમાં એટલે કે - અંતર્સ્વભાવમાં ભરી પડી છે તેને ભરતી લાવવા-કાંઠે લાવવા એટલે કે જે શક્તિ અંતર્સ્વભાવમાં ભરી પડી છે તેને વ્યક્ત પર્યાયમાં બહાર લાવવા માટે સમતા ચંદ્ર સમાન છે.

જેવો સિદ્ધ ભગવાનને આનંદ છે તેવો આનંદ આ આત્માના સ્વભાવના મધ્યમાં એટલે કે અંતર્શક્તિરૂપે વર્તમાન ભર્યો પડ્યો છે. આત્મા આનંદસ્વભાવ જ છે, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વગેરે આકુળતા આત્માનો સ્વભાવ જ નથી. -એવી દ્રઢતાનો વિશ્વાસ આવ્યા વિના સમતા કોઈ રીતે પ્રગટે તેમ નથી, અને તેવી દ્રઢતાપૂર્વક સ્વભાવનો વિશ્વાસ તથા અંતર્મુખ લીનતા કરી જે સમતા પ્રગટી, તે સમતા સહજ આનંદ સાગરમાં ભરતી લાવવા માટે ચંદ્ર સમાન છે.

વળી, તે વીતરાગી સમતા પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે. પરમ સંયમરૂપ ચારિત્રને અભ્યંતર નિર્વિકલ્પ સમતા વહાલી છે. બહારના સંયોગમાં ગમે તેમ થાઓ. નિર્ગ્રંથ સાધુઓને કોઈ જિનશાસનનો વૈરી ઘાણીમાં પીલી નાખે, ગુરુના ભૂંડા પરિણામ થાય - તેના પરિણામ બગડે એ હેતુથી તેની સામે શિષ્યને ઘાણીમાં પીલે, પણ નિર્ગ્રંથ મુનિને તો સહજ પરમ ઉપશમભાવસ્વરૂપ સમતા છે. મુનિ સમજે છે કે કોઈ કોઈને કાંઈ કરી શકતું નથી, કોઈ સુખ, દુઃખ કે સહાય કરી શકતું નથી. મુનિઓએ પોતાના આત્માનું ભાન કરી દીક્ષા પ્રગટ કરી છે. તે દીક્ષારૂપ વીતરાગી પરિણતિને અભ્યંતર સમતા વહાલી છે.

વળી, તે અભ્યંતર સમતા મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણ લોકનું પણ અતિશયપણે આભૂષણ છે, તે સમતા સદા જયવંત છે. આત્મા ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે, તેનું ભાન કરી, અંદર સ્થિરતારૂપ સમતા તે મુનિઓનું આભૂષણ છે, -મુનિઓનો દાગીનો-શણગાર-અલંકાર છે. તથા ત્રણે લોકને એટલે કે બધા જીવોને, આત્માનું ભાન કરી, સમતા પ્રગટવી તે શોભા છે. પદ્મપ્રભ મુનિવર કહે છે કે હે ભાઈ ! ક્રૂરતા અને વિષમતા તો બિલાડી વગેરે પ્રાણી પણ કરે છે, તેમાં કાંઈ નવાઈ નથી - તે આત્માની શોભા નથી. પરંતુ આત્માને ઓળખી, અંદર સ્વભાવમાં રમણતા કરી, સમતા પ્રગટ કરવી તે આત્માની શોભા છે - તે આત્માનું આભૂષણ છે. મુનિવર કહે છે કે તે સમતા જયવંત વર્તે છે એટલે કે આવી સમતાવાળા નિર્ગ્રંથ મુનિવરોનો વિરહ કદી પડતો નથી, તેથી તે જયવંત વર્તે છે.



## ગાથા ૧૦૫

**णिक्कसायस्स दंतस्स सूरस्स ववसायिणो।**
**संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे ॥ १०५ ॥**

**निःकषायस्य दान्तस्य शूरस्य व्यवसायिनः ।**
**संसारभयभीतस्य प्रत्याख्यानं सुखं भवेत् ॥ १०५ ॥**

**અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.**

**અન્વયાર્થ** : (**निःकषायस्य**) જે નિઃકષાય છે, (**दान्तस्य**) દાન્ત છે, (**शूरस्य**) શૂરવીર છે, (**व्यवसायिनः**) વ્યવસાયી (-શુદ્ધતા પ્રત્યે ઉદ્યમવંત) છે અને (**संसारभयभीतस्य**) સંસારથી ભયભીત છે, તેને (**सुखं प्रत्याख्यानं**) સુખમય પ્રત્યાખ્યાન (અર્થાત્ નિશ્ચયપ્રત્યાખ્યાન) (**भवेत्**) હોય છે.

**ટીકા** : જે જીવ નિશ્ચય પ્રત્યાખ્યાનને યોગ્ય હોય એવા જીવના સ્વરૂપનું આ કથન છે. જે જીવ સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે તેને સાચું પચ્ચખાણ હોય છે. નિશ્ચય પ્રત્યાખ્યાન એટલે સાચું પચ્ચખાણ, સાચો ત્યાગ, સાચો વિકારનો અભાવ. આવા સાચા પચ્ચખાણને યોગ્ય જે જીવ હોય તેના સ્વરૂપનું આ વર્ણન છે.

કષાય એટલે ક્રોધ આદિ ભાવ, જે ભાવથી રખડવાનો લાભ મળે તેને કષાય કહે છે. જે જીવ કષાયરૂપી કલંક-કાદવથી વિમુક્ત છે અને અંદર સ્વભાવની શાંતિની એકાગ્રતા કરે છે તેને સાચું પચ્ચખાણ છે. સંસારરૂપી દરિયો છે, તેમાં ક્રોધ આદિ લપટાણો કાદવ છે. તેનો આશ્રય લેવા જશે તો જીવ તેમાં ઊંડો ખૂંચી જશે. માટે જે જીવ સ્વભાવને ઓળખી, સમસ્ત કષાય-કાદવથી રહિત છે તે નિઃકષાય છે.

વળી, જેણે સર્વ ઈન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય મેળવ્યો હોવાથી પરમ દાન્તરૂપતા પ્રાપ્ત કરી છે, તેને સાચો વિકારનો અભાવ -સાચું પચ્ચખાણ હોય છે. ઈન્દ્રિયોનો વ્યાપાર છોડ્યો છે એટલે કે ઈન્દ્રિયોનો વ્યાપાર મારા સ્વભાવમાં નથી-ઈન્દ્રિય તરફનું વલણ મારું સ્વરૂપ નથી- એમ નિર્ણયપૂર્વક ઈન્દ્રિયોનો વ્યાપાર છોડ્યો છે. પોતાના વલણને પર તરફથી સંકોચી જે સ્વભાવમાં એકાગ્ર થયો છે તેને દાન્ત કહે છે.

સકળ પરિષહરૂપી મહા સુભટોને જીત્યા હોવાથી જેણે નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે તેને સાચું પચ્ચખાણ હોય છે. મહા નિર્ગ્રંથ મુનિવરો આત્મસ્વરૂપમાં મસ્ત હોય. ઘડીમાં સાતમે અને ઘડીમાં છઠ્ઠે ગુણસ્થાને -એમ હજારો વાર પરમાનંદના રસમાં ઝૂલતા હોય. એવા મુનિને કોઈ દ્વેષી મારે,

નિંદે, કોઈ પ્રશંસા કરે, તથા સ્ત્રીના પરિષહ આવે, સિંહ-વાઘ ઈત્યાદિ જંગલી પશુના પરિષહ પડે -તે બધા આકરા પરિષહોને તેણે શાંત ઉપશમભાવમાં સહજ લીનતા વડે જીત્યા છે તેથી તેને નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે.

વળી, નિશ્ચય પરમ તપશ્ચરણમાં નિરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે. કેવી છે મુનિની તપસ્યા? જ્ઞાનસ્વભાવ છે તે મૌન છે. ખરેખર કાંઈ પણ ખદબદાટ - પુણ્ય-પાપનો કોલાહલ તે તેનો સ્વભાવ નથી. આવું જ્ઞાનસ્વભાવનું જે મૌનપણું તેમાં જે નિરત રહે છે તેને શુદ્ધભાવ કહે છે. આવા શુદ્ધભાવમાં જે જીવ વર્તે છે-વ્યાપાર કરે છે તેને વ્યવસાયી એટલે કે શુદ્ધતા પ્રત્યે ઉદ્યમવંત કહે છે. મુનિને એક સમય પણ અંદર શુદ્ધતારૂપ-વ્યવસાય વિના જતો નથી-શુદ્ધતાનો ઉદ્યમ કરવો તે તેનો ધંધો છે- તે ધંધા વિના એક સમય પણ જતો નથી. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને રાગ-દ્વેષનો વ્યવસાય થાય છે, તો ધર્મીને રાગ-દ્વેષ રહિત સ્વભાવનો વ્યવસાય નિરંતર થાય છે.

વળી, જે સંસારદુઃખથી ભયભીત છે તેને યથોચિત શુદ્ધતા સહિત વ્યવહારથી ચાર આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે. જેને પુણ્ય-પાપ આદિ વિકારનો રુચિમાં અભાવ થયો છે, જેને સંસારથી ભય વર્તે છે, જેને ભવ અને ભવના કારણભૂત એવા મિથ્યાત્વ-અજ્ઞાન તથા પુણ્ય-પાપના ભાવો ઝેર જેવા લાગે છે એવા આત્મજ્ઞાની સંતોને અંતર્રમણતા-અંતર્સ્થિરતાસ્વરૂપ ચારિત્ર અને પચ્ચખાણ વર્તે છે. મુનિ સમજે કે -અનુકૂળતા અને પ્રતિકૂળતા- બન્ને તરફ વલણ થવું તે દુઃખ છે. માટે તેને સંયોગીભાવથી ભયભીતપણું વર્તે છે અને સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન તથા અંતર્સ્થિરતા કરીને તે નિર્ભય વર્તે છે.

આવા આત્મરમણતામાં ઝૂલતા મુનિને વ્યવહારથી ચાર પ્રકારના આહારના ત્યાગરૂપ પચ્ચખાણ છે. મુનિ આહાર માટે નગરમાં જાય, ત્યાં ભક્તજનો ભક્તિપૂર્વક આહાર દે. મુનિ ત્યાં ને ત્યાં આહાર કરી, ચોવીસ કલાક સુધી આહારનું પચ્ચખાણ કરે છે, એટલે કે આહાર સંબંધીના વિકલ્પને છોડી દે છે -એવી સહજ દશા છે.

પરંતુ શુદ્ધતા વિનાનું વ્યવહાર પ્રત્યાખ્યાન તો કુદૃષ્ટિ (-મિથ્યાત્વી) પુરુષને પણ ચારિત્રમોહના ઉદયના હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મના ક્ષયોપશમ વડે ક્વચિત્ કદાચિત સંભવે છે. અજ્ઞાનીને પણ પુણ્યના ભાવરૂપ પચ્ચખાણના પરિણામ થાય છે, પણ તે સાચું પચ્ચખાણ નથી. મિથ્યાદૃષ્ટિને કષાયની કંઈક મંદતા થાય છે, તેને પુણ્યભાવ થાય છે, તેથી તેને સ્વર્ગ મળે-પુણ્ય ફળે પણ આત્માનું કલ્યાણ જરીયે થાય નહિ.

આ જ્ઞાનમૂર્તિ આત્મા પોતે જ દેહના રજકણ વિનાનો તથા રાગ આદિ વિકાર વિનાનો છે; એનું ભાન કર્યા વિના સાચું પચ્ચખાણ કઈ રીતે કરશે ? ત્રિકાળી સ્વભાવમાં દેહ નથી, રાગ નથી, પુણ્ય નથી; એવી દૃષ્ટિ થયા વિના સાચું પચ્ચખાણ હોઈ શકે નહિ.



અજ્ઞાનીને જે મંદ કષાય થાય છે તે ખરેખર તો ચારિત્રમોહનો ઉદય છે - ખરેખર તે ક્ષયોપશમ નથી. નિશ્ચયથી તો તે ઉદય છે, પણ વ્યવહારથી, જરી કષાય મંદ પડતો હોવાથી, ક્ષયોપશમ કહેવામાં આવે છે.

કોઈ એમ કહે કે -ચારિત્રમોહના ક્ષયોપશમથી મિથ્યાદૃષ્ટિ જીવ નવમી ગ્રૈવેયકે જાય છે તો તે વાત સાચી નથી. ખરેખર મિથ્યાદૃષ્ટિને ચારિત્રમોહનો ક્ષયોપશમ હોઈ શકે નહિ; જરી કષાય મંદ પડે છે તેથી વ્યવહારથી, કહેવામાત્ર કહેવાય છે. તે સાચો વ્યવહાર નથી. કેમ કે આત્મા જ્ઞાયક સ્વભાવ છે-વિકારથી રહિત છે એમ આત્માને જાણ્યા વિના -આત્માના શ્રદ્ધા-જ્ઞાનરૂપ નિશ્ચય પ્રગટ્યા વિના વ્યવહાર કહેવો કોને ? અંતર્નિશ્ચય પ્રગટ્યા વિના તે કોનું નિમિત્ત ? કોનો વ્યવહાર ? કોનો ઉપચાર ?

તેથી જ નિશ્ચય પ્રત્યાખ્યાન અતિ આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે. આ સાચું પચ્ચખાણ મુક્તિને માટે ઘણા નજીક આવેલા એવા ભવ્ય જીવોને હિતરૂપ છે -તેમને હોય છે. જે જીવ મુક્તિની નજીક નથી આવ્યો તે તેની ઊંધાઈ છે. બાકી, કોઈ કર્મે કે સંયોગોએ તેને અટકાવ્યો નથી.

આત્મા જ્ઞાનસ્વભાવ છે, તે પરના કર્તાપણા રહિત, પુણ્ય-પાપ આદિ વિકારી ભાવ રહિત કેવળ સચ્ચિદાનંદ મૂર્તિ છે, એવો જેણે પુરુષાર્થથી નિર્ણય કર્યો છે તે આસન્નભવ્ય જીવ છે. તેને આ સાચા પચ્ચખાણ હોય છે. અજ્ઞાનીને સાચા પચ્ચખાણ હોતાં નથી.

### માગશર સુદ ૧૩ના રોજ સવારના પ્રવચનમાં આવેલો શ્રી જયધવલાનો ન્યાય

મતિજ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાનનો નિર્ણય આવી જાય છે. મતિજ્ઞાન પર્યાયનો જે નિર્મળ અંશ છે તે પૂર્ણ નિર્મળતાનો એક અંશ છે; પૂર્ણતાની પ્રતીત વગર તેના અંશનો યથાર્થ નિર્ણય હોય નહિ. રાગ અને મનના અવલંબન વગરનો જે મતિજ્ઞાનઅંશ છે તેમાં પૂર્ણ કેવળજ્ઞાનનું પ્રત્યક્ષપણું નક્કી થઈ જાય છે. જો પૂર્ણ પ્રત્યક્ષનો નિર્ણય ન કરે તો તે અંશ પણ સાચો ન હોય. દ્રવ્યનો સ્વભાવ પૂર્ણ જાણવાનો છે, તે દ્રવ્યની સન્મુખ થઈને મતિજ્ઞાને તેનો નિર્ણય કર્યો તો તેમાં કેવળજ્ઞાનનો નિર્ણય પણ નિઃશંકપણે વર્તે છે. એ વાત શ્રી જયધવલામાં ઘણી સરસ આવી છે

જુઓ ! આ પંચમકાળમાં સંતોએ કેવળજ્ઞાનના ભણકાર બોલાવ્યા છે.

'કેવળજ્ઞાન તો અત્યારે નથી તો તેનો નિર્ણય કેમ થઈ શકે ?'

-એમ કોઈ શંકા કરે તો તેને કહે છે કે મતિજ્ઞાન ઉપરથી કેવળજ્ઞાનનો નિઃસંદેહ નિર્ણય અત્યારે પણ થઈ શકે છે, કેમ કે મતિજ્ઞાન તે કેવળજ્ઞાનનો જ અંશ છે. જ્યાં મતિજ્ઞાન સ્વસંવેદનપ્રત્યક્ષ થયું ત્યાં પૂર્ણ કેવળજ્ઞાનની પ્રત્યક્ષતાનો નિર્ણય થઈ જાય છે. અંશ પ્રત્યક્ષ થાય અને અંશીનો નિર્ણય ન થાય એમ બને નહિ, કેમ કે અંશ અંશીનો છે. 'કેવળજ્ઞાન થાય ત્યારે જ કેવળજ્ઞાનનો નિર્ણય

થાય ને છદ્મસ્થના જ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય ન થઈ શકે' એમ જે માને તેનું જ્ઞાન જ મિથ્યા છે. અંશના નિર્ણયમાં અંશીનો નિર્ણય આવી જ જાય છે. છદ્મસ્થને મતિજ્ઞાન સ્વસંવેદનપ્રત્યક્ષ થયું તેમાં પૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાનનો નિર્ણય થઈ જાય છે. અંશીના નિર્ણય વિના અંશ કોનો છે તે ક્યાંથી નક્કી થાય ? જેમ લોકમાં પણ ઈન્દ્રિયજ્ઞાનથી થાંભલાનો એક ભાગ નજરે દેખાતા 'આખો થાંભલો નજરે દેખ્યો' એમ કહેવાનો વ્યવહાર છે, તેમ આખા કેવળજ્ઞાનના એક અંશરૂપ મતિજ્ઞાન સ્વસંવેદનપ્રત્યક્ષ થતાં, 'આખું કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે' -એવો નિઃસંદેહ નિર્ણય થઈ જાય છે. ભલે મતિજ્ઞાનમાં આખું કેવળજ્ઞાન આવી જતું નથી, પણ મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય તો આવી જાય છે.

અંશીને જાણ્યા વિના અંશ પણ નક્કી થઈ શકે નહિ. પુસ્તકનો અમુક ભાગ દેખાતાં ''આ પુસ્તકનો આ ભાગ છે'' એમ નક્કી થયું તો ત્યાં આખા પુસ્તકના નિર્ણય વિના ''આ અંશ આ પુસ્તકનો જ છે'' એવી નિઃશંકતા થઈ શકે નહિ. જો અંશીનું જ્ઞાન ન હોય તો ''આ અંશ પુસ્તકનો છે કે લાકડાનો'' એવી શંકા રહ્યા કરે. માટે અંશની પ્રત્યક્ષતામાં અંશીનો નિર્ણય આવી જાય છે. તેમ મતિજ્ઞાન તે જ્ઞાનનો અંશ છે. ''આ મતિજ્ઞાન છે તે અંશ છે'' -એમ કહેતાં જ તેમાં પૂર્ણ અંશી એવા કેવળજ્ઞાનનો નિર્ણય પ્રત્યક્ષ આવી જાય છે. જો પૂર્ણ કેવળજ્ઞાનનો નિઃસંદેહ નિર્ણય ન કર્યો હોય તો ''આ મતિજ્ઞાનઅંશ કેવળજ્ઞાનનો છે'' એમ ક્યાંથી નક્કી કર્યું ? એટલે ખરેખર મતિજ્ઞાનના નિર્ણયમાં અંશ અને અંશી એવા ભેદની શંકા જ ઊઠતી નથી, અંશ છે ને અંશી નથી -એવો તર્ક જ સમ્યક્ મતિજ્ઞાનમાં ઊઠતો નથી. <u>જ્ઞાનનો એવો સ્વભાવ છે કે અંશ અને અંશીને ભેગા જ નક્કી કરે છે. આત્મા સર્વને સર્વ પ્રકારે જાણે-દેખે છે - એમ જે પર્યાયે નક્કી કર્યું તે પર્યાયમાં કેવળજ્ઞાનની શંકા જ ન રહે. જો કેવળજ્ઞાનની શંકા રહે તો તે પર્યાયે આત્માનો જ્ઞાનસ્વભાવ જ નક્કી કર્યો નથી. તે નક્કી કર્યા વિના મતિજ્ઞાનઅંશનો પણ નિર્ણય થતો નથી, દેવ-ગુરુ-શાસ્ત્રને શું કહેવું છે તેનો પણ નિર્ણય થતો નથી</u>. જો મતિજ્ઞાનમાં પૂર્ણનો નિર્ણય ન આવે તો તે મતિજ્ઞાન કોના તરફ વળશે ? જો કેવળજ્ઞાનનો નિર્ણય ન કરે તો તે મતિજ્ઞાન જ ખોટું છે. તે મતિજ્ઞાન ''અંશીનો અંશ'' થયો જ નથી.

વળી તે મતિજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાનના અવલંબને કાર્ય કરતું નથી, પણ સામાન્યના આશ્રયે જ કાર્ય કરે છે. જો ઈન્દ્રિયથી મતિજ્ઞાન થતું હોય તો સામાન્યનું વિશેષ ન રહ્યું ! માટે સામાન્યમાંથી જ વિશેષ થાય છે. સામાન્યના આશ્રયે જ મતિજ્ઞાન કાર્ય કરે છે. મતિજ્ઞાન અંતર્મુખ થતાં તેમાં કેવળજ્ઞાનની શંકા રહેતી નથી. અંશમાં આખાનો નિર્ણય થઈ જાય છે. મતિજ્ઞાન પોતે જ્ઞાનનો અંશ છે, તે અંશ વડે આખા અંશીનું નક્કી કર્યું છે. તે નિર્ણયમાં 'અમુક અંશ પ્રત્યક્ષ છે અને અમુક પરોક્ષ છે' એવા ભેદ નથી. સર્વને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે - એમ જ્યાં મતિજ્ઞાને અંતર્મુખ થઈને નક્કી કર્યું ત્યાં તેમાં કેવળજ્ઞાનની શંકા રહેતી નથી. પૂર્ણજ્ઞાન પ્રગટે ત્યારે જ તેનો નિર્ણય થાય -એમ નથી, પણ સાધકને અંશમાં અંશીનો નિર્ણય થઈ જાય છે.



હું સર્વને જાણનાર-દેખનાર સ્વસંવેદ્ય આત્મા છું એમ જ્યાં મતિજ્ઞાને નક્કી કર્યું ત્યાં તે મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિઃસંદેહ નિર્ણય આવી જાય છે. મતિ-શ્રુતજ્ઞાનને અંતરમાં વાળીને આત્મસ્વભાવને ઓળખીને તેમાં જે એકાગ્ર થાય તેને જ પ્રત્યાખ્યાન હોય છે.

## માગશર વદ ૧૦, રવિવાર, ૨૩-૧૨-૫૧.

આ પ્રત્યાખ્યાન અધિકાર છે. પ્રત્યાખ્યાન એટલે દોષનો ત્યાગ, તે ધર્મ છે. પણ આત્માનો ધ્રુવસ્વભાવ દોષ રહિત છે, એવા સ્વભાવની દૃષ્ટિ થયા વિના દોષનો ખરો ત્યાગ થઈ શકે નહિ. ધ્રુવસ્વભાવ નિર્વિકાર છે, ને દોષ એક સમય પૂરતો છે, -એમ વિકાર અને અવિકાર વચ્ચે ભેદજ્ઞાન થાય, ત્યાર પછી નિર્વિકાર સ્વભાવના આશ્રયે વિકારનો ત્યાગ થાય, તેનું નામ પ્રત્યાખ્યાન છે. આવું નિશ્ચય પ્રત્યાખ્યાન જ આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે.

જેમ સુવર્ણપાષાણ ઉપાદેય છે તેમ અંધપાષાણ ઉપાદેય નથી. જ્ઞાયકમૂર્તિ આત્માના આશ્રયે પ્રગટતું વીતરાગી પ્રત્યાખ્યાન જ ઉપાદેય છે, પણ રાગાદિભાવો ઉપાદેય નથી. જે પત્થરમાં સોનુ નીકળે તેમ હોય તેને લોકો અંગીકાર કરે છે. પણ જેમાંથી સોનુ નીકળે તેમ ન હોય તેને લોકો અંગીકાર કરતા નથી. તેમ સંસાર-શરીર પ્રત્યેના ભોગનો ભાવ તો પત્થર જેવો છે. તેનાથી વૈરાગ્ય પામીને ચૈતન્યમાં વળવું તે પ્રત્યાખ્યાન છે, એવું પ્રત્યાખ્યાન ભવ્ય જીવોને ઉપાદેય છે. પહેલાં જ્ઞાનમાં નિર્ણય થવો જોઈએ કે મારું સ્વરૂપ વિકાર વગરનું શુદ્ધ સોના જેવું છે, ને વિકાર મારું સ્વરૂપ નથી. -આવું ભેદજ્ઞાન જેણે કર્યું હોય ને શરીરથી- વિકારથી ચૈતન્યની ભિન્નતા જાણી હોય તેને જ તેના પ્રત્યે સાચો નિર્વેગ થાય; જ્ઞાનાનંદ ચૈતન્યની રુચિનો સદ્‌ભાવ ને સંસાર-શરીરના ભોગોની રુચિનો અભાવ- આવો નિર્વેગ તે પ્રત્યાખ્યાનનું કારણ છે. જેને આવું ભેદજ્ઞાન નથી તેને પ્રત્યાખ્યાન થતું નથી. અજ્ઞાનીને જે આહારના ત્યાગનો શુભ રાગ છે તે ખરેખર પ્રત્યાખ્યાન નથી, કેમ કે શુદ્ધતા વગરનો એકલો શુભ તે અંધપાષાણ જેવો છે. જેને સંસાર-શરીર પ્રત્યે પ્રેમ વર્તે છે તેને તો મિથ્યાત્વનું પણ પચ્ચખાણ નથી. પુણ્ય કે પાપ, શરીર કે ભોગ તે કાંઈ મારી ચીજ નથી. હું તો જ્ઞાનાનંદ ચૈતન્ય છું -એવું જેને ભેદજ્ઞાન હોય તેને પ્રથમ મિથ્યાત્વનું પચ્ચખાણ હોય છે, ને પછી ચૈતન્યમાં ઠરતાં તેને રાગાદિનું પ્રત્યાખ્યાન થાય છે.

જેની રુચિમાં રાગનો આદર છે તેને તો રાગનું કે મિથ્યાત્વનું પણ પ્રત્યાખ્યાન થતું નથી. જેને ચૈતન્યની રુચિ પ્રગટી છે ને રાગની રુચિ ટળી છે તેને જ સાચું પ્રત્યાખ્યાન હોય છે. પ્રત્યાખ્યાન તો મોક્ષનું કારણ છે. જેને સંસાર જોઈતો હોય તે તેનું પ્રત્યાખ્યાન કેમ કરે ? જેને જેની પ્રીતિ હોય તે તેનો ત્યાગ ન કરે. પહેલાં રાગ અને સ્વભાવનું ભેદજ્ઞાન કરે ત્યારે તો હજી નિશ્ચય પ્રત્યાખ્યાનનું કારણ પ્રગટે. એટલે કે સમ્યગ્દર્શનપૂર્વક જ પ્રત્યાખ્યાન હોય.

જેને જે ચીજનો પ્રેમ હોય તે જીવ તે ચીજને કેમ છોડે ? જેમ હાથમાં સર્પ હોય પણ તેને

જે રબરનું રમકડું માને તે તેને કેમ છોડે ? તેમ જે જીવ રાગાદિને કે વિષયોને ઠીક માને - તેની રુચિ કરે તે તેનું પ્રત્યાખ્યાન કેમ કરે ? મારો સ્વભાવ તો પુણ્ય-પાપથી રહિત સહજ કારણપરમાત્મા છે એવી રુચિ પ્રગટ કર્યા વિના તેમાં એકાગ્રતા થાય નહિ ને રાગનું પ્રત્યાખ્યાન થાય નહિ. અજ્ઞાનથી બહારમાં ત્યાગી થઈને બેસે તેથી કાંઈ અંતરમાં સાચું પ્રત્યાખ્યાન થતું નથી. મારે મારો જ્ઞાનમૂર્તિ આત્મા જ અંગીકાર કરવા જેવો છે, ને વિષય ભોગો છોડવા જેવા છે - એવું ભેદજ્ઞાન કરીને, પછી ચૈતન્યમાં ઠરતાં વિભાવોનો અભાવ થઈ જાય છે, તેનું નામ પ્રત્યાખ્યાન છે. ચૈતન્યમાં ઠરતાં સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ થઈ જાય છે -તેનું નામ નિશ્ચય-પ્રત્યાખ્યાન છે. એટલે કે જ્ઞાતા સ્વરૂપમાં સ્થિરતા થવી તે જ ખરું પ્રત્યાખ્યાન છે. આત્મામાં એકાગ્ર થતાં ભવિષ્યકાળ સંબંધી શુભ-અશુભ વિકલ્પોનું ઉત્થાન ન થવું તેનું નામ શુદ્ધ પ્રત્યાખ્યાન છે.

જે પુત્ર ઉપર પ્રેમ હોય તેને જુદો કેમ કરે ? -પણ જ્યાં ખબર પડે કે આ તો ઘરનો માલ ચોરીને નુકસાન કરે છે, ત્યાં પુત્ર ઉપરનો પ્રેમ ટળતાં તેને જુદો કરે છે; તેમ ભગવાન ચૈતન્ય પિતા પુણ્ય-પાપરૂપી પ્રજાને પોતાની માનીને તેના ઉપર પ્રીતિ કરે ત્યાં સુધી તેને પોતાથી જુદા કેમ કરે ? એટલે કે તેનું પ્રત્યાખ્યાન કેમ કરે ? પણ જ્યાં ભાન થયું કે અહો ! હું તો પુણ્ય-પાપ વગરનો ચૈતન્યમૂર્તિ છું ને આ પુણ્ય-પાપની વૃત્તિઓ તો બહારની ચાલ છે, તે પુણ્ય-પાપ મારા ઘરની ચીજ નથી, એવું ભાન થતાં તેની પ્રીતિ ટળે ને ચૈતન્યની એકાગ્રતાના બળે તેને જુદા કરે. એનું નામ પ્રત્યાખ્યાન છે.

હવે આ ૧૦૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૪૨**

(हरिणी)

**जयति सततं प्रत्याख्यानं जिनेन्द्रमतोद्भवं**
**परमयमिनामेतन्निर्वाणसौख्यकरं परम् ।**
**सहजसमतादेवीसत्कर्णभूषणमुच्चकैः**
**मुनिप शृणु ते दीक्षाकान्तातियौवनकारणम् ।। १४२ ।।**

**શ્લોકાર્થ** : હે મુનિવર ! સાંભળ; જિનેંદ્રના મતમાં ઉત્પન્ન થતું પ્રત્યાખ્યાન સતત જયવંત છે. તે પ્રત્યાખ્યાન પરમ સંયમીઓને ઉત્કૃષ્ટપણે નિર્વાણસુખનું કરનારું છે, સહજ સમતાદેવીના સુંદર કર્ણનું મહા આભૂષણ છે અને તારી દીક્ષારૂપી પ્રિય સ્ત્રીના અતિશય યૌવનનું કારણ છે. ।।૧૪૨।।

જિનેન્દ્રદેવે કહેલાં વસ્તુસ્વરૂપના ભાન વિના સાચું પ્રત્યાખ્યાન હોતું નથી. માટે ટીકાકાર કહે છે કે હે મુનિવર ! સાંભળ; જિનેન્દ્રના મતમાં ઉત્પન્ન થતું પ્રત્યાખ્યાન સતત જયવંત છે. અન્ય



કુમતમાં માનેલું પ્રત્યાખ્યાન તે ખરેખર પ્રત્યાખ્યાન નથી. જેને હજી ભિન્ન આત્માનું ભાન નથી, રાગ શું, સ્વભાવ શું તેનું ભાન નથી, તેને અંતર્દશાની લીનતા હોતી નથી ને રાગનો ત્યાગ હોતો નથી. સર્વજ્ઞદેવે કહેલા સ્વતંત્ર ચૈતન્યતત્ત્વનું ભાન કરીને તેમાં જે ઠર્યા તે મુનિઓને નિશ્ચય પ્રત્યાખ્યાન હોય છે, અને તે પરમ સંયમી મુનિવરોને તે પ્રત્યાખ્યાન મોક્ષનું કારણ છે. વળી તે પ્રત્યાખ્યાન જ સહજ સમતાદેવીના સુંદર કર્ણનું મહા આભૂષણ છે. જગતની અનુકૂળતા કે પ્રતિકૂળતા તે બધા પ્રત્યે મુનિઓને સમતા છે, મુનિઓની તે સહજ સમતાનું આભૂષણ આ નિશ્ચય પ્રત્યાખ્યાન છે. વળી હે મુનિ ! તારી જે સ્વરૂપની આનંદમાં ઝૂલતી દીક્ષારૂપી પ્રિય સ્ત્રી તેના અતિશય યૌવનનું કારણ આ પ્રત્યાખ્યાન છે. અર્થાત્ આ સ્વરૂપમાં લીનતારૂપ વીતરાગી ચારિત્રથી તારી દીક્ષાની શોભા છે. મુનિઓને પ્રિયમાં પ્રિય તો દીક્ષા - વીતરાગી ચારિત્ર છે, તે દીક્ષાને ખૂમારીમાં લાવવાનું કારણ આ નિશ્ચય પ્રત્યાખ્યાન છે. શાંત.....શાંત.... થઈને સ્વરૂપમાં ઠરી જાય, તેવી દશા મુનિઓને જ હોય છે. ને તેમને જ આવું પ્રત્યાખ્યાન હોય છે.

જુઓ ! વૈરાગ્યના પ્રસંગો કેવા બને છે !! દેહ ક્ષણમાં છૂટી જાય છે, ત્યાં કાંઈ શરણ થતું નથી. શાસ્ત્રો કહે છે કે જેમ સોયમાં દોરો પરોવી લીધો હોય તો તે ક્યાંય ખોવાય નહિ, તેમ આ મનુષ્યભવ પામીને જેણે આત્મામાં સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવી લીધો તે જીવ સંસારમાં ભટકશે નહિ. આત્માને ભવભ્રમણથી બચાવવા માટે પહેલાં તત્ત્વજ્ઞાનરૂપી દોરો પરોવી લેવો જોઈએ.

હવે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારની છેલ્લી ગાથા કહે છે.

**ગાથા ૧૦૬**

**एवं भेदब्भासं जो कुव्वइ जीवकम्मणो णिच्चं।**
**पच्चक्खाणं सक्कदि धरिदुं सो संजदो णियमा॥ १०६**

**एवं भेदाभ्यासं यः करोति जीवकर्मणोः नित्यम्।**
**प्रत्याख्यानं शक्तो धर्तुं स संयतो नियमात्॥ १०६॥**

**જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,**
**તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.**

**અન્વયાર્થ** : (**एवं**) એ રીતે (**यः**) જે (**नित्यम्**) સદા (**जीवकर्मणोः**) જીવ અને કર્મના (**भेदाभ्यासं**) ભેદનો અભ્યાસ (**करोति**) કરે છે, (**सः संयतः**) તે સંયત (**नियमात्**) નિયમથી (**प्रत्याख्यानं**) પ્રત્યાખ્યાન (**धर्तुं**) ધારણ કરવાને (**शक्तः**) શક્તિમાન છે.

હું જ્ઞાનમૂર્તિ જીવ છું ને કર્મ મારાથી ભિન્ન છે. કર્મ તરફના વલણવાળો ભાવ પણ મારું સ્વરૂપ નથી, જે ભાવથી કર્મનું બંધન થાય તે ભાવ સારો નથી, તે પણ મારાથી જુદો છે - એમ પ્રથમ ભેદજ્ઞાન કરીને, જે મુનિ નિત્ય તેમના ભેદનો અભ્યાસ કરે છે તે જ નિયમથી પ્રત્યાખ્યાન ધારણ કરવાને શક્તિમાન છે. જેને એવું ભેદજ્ઞાન નથી તેને તો પ્રત્યાખ્યાન હોતું નથી.

''શ્રીમદ્ અર્હંતના મુખારવિંદમાંથી નીકળેલાં પરમાગમના અર્થનો વિચાર કરવામાં સમર્થ એવો જે પરમ સંયમી અનાદિ બંધનરૂપ સંબંધવાળા અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મપુદ્ગલનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે, તે પરમ સંયમી નિશ્ચય પ્રત્યાખ્યાન તથા વ્યવહાર પ્રત્યાખ્યાનને સ્વીકૃત (-અંગીકૃત) કરે છે.''

'શ્રીમદ્' એટલે લક્ષ્મીવાળા; બહારની જડ લક્ષ્મીનો ધણી આત્મા નથી, આત્માની લક્ષ્મી તો જ્ઞાન છે; એવી સાચી લક્ષ્મીવાળા તો અરિહંત ભગવંતો છે; કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીમાં તેમને આખો લોકાલોક જણાઈ રહ્યો છે. એવા શ્રીમદ્ અર્હંત ભગવાનના મુખકમળમાંથી જે વાણી નીકળી તે પરમાગમ છે, તેમાં કહેલાં પદાર્થનો નિર્ણય જોગે કર્યો હોય એટલે કે સમ્યગ્જ્ઞાન કર્યું હોય તેને જ પ્રત્યાખ્યાન હોય છે. ભગવાને કહેલાં પરમાગમમાં કહેલા અર્થનો વિચાર તો ધર્મી ગૃહસ્થને પણ હોય છે, પણ અહીં પ્રત્યાખ્યાન બતાવવું છે તેથી મુનિની વાત લીધી છે. સર્વજ્ઞદેવે કહેલાં તત્ત્વનો નિર્ણય કરીને જે પરમ સંયમી મુનિ અનાદિ બંધનરૂપ સંબંધવાળા અંતઃતત્ત્વ અને કર્મપુદ્ગલનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે તેને પ્રત્યાખ્યાન હોય છે.



પ્રથમ સર્વજ્ઞના પરમાગમથી જાણ્યું છે કે હું શુદ્ધ પરમ ચૈતન્યમય અંતઃતત્ત્વ છું ને પર્યાયમાં વિકાર છે તે અનાદિથી સંબંધરૂપ અશુદ્ધ અંતઃતત્ત્વ છે, ને કર્મપુદ્ગલ તે અજીવતત્ત્વ છે તે દ્રવ્યબંધન છે, મારું શુદ્ધ અંતઃતત્ત્વ ત્રિકાળ છે, તેની સાથે અનાદિથી પર્યાયમાં ભાવબંધરૂપ અશુદ્ધ અંતઃતત્ત્વનો સંબંધ છે, ને કર્મપુદ્ગલનો દ્રવ્યબંધ છે, તેનાથી મારી ભિન્નતા છે -એમ જાણીને જે ભેદનો અભ્યાસ કરે છે એટલે કે શુદ્ધ અંતઃતત્ત્વમાં ઠરવારૂપ ક્રિયા કરે છે તે મુનિઓને પ્રત્યાખ્યાન હોય છે.

પહેલાં તો ત્રણે પ્રકારોને જોગે સર્વજ્ઞના પરમાગમથી જાણ્યા છે, એટલે સર્વજ્ઞ કેવા હોય ? ને તેમણે કહેલાં આગમ કેવા હોય તેનો પણ નિર્ણય આવી ગયો, ને તેમાં કહેલા ત્રણ પ્રકારોને જોગે જાણ્યા છે તેને જ અશુદ્ધતા અને કર્મના ભેદનો અભ્યાસ હોય છે. હું પરમ શુદ્ધ ચૈતન્ય છું તે શુદ્ધ અંતઃતત્ત્વ છું, ને રાગાદિભાવો તે અશુદ્ધ અંતઃતત્ત્વ છે, ને કર્મ તો મારાથી બાહ્ય છે - એમ પ્રથમ જાણ્યું છે, ને પછી પરમ સંયમી થઈને ભેદાભ્યાસના બળથી જે મુનિ અંતરમાં લીન થાય છે, તે જીવને અશુદ્ધતાનું પ્રત્યાખ્યાન થઈ જાય છે. અશુદ્ધતા અને જડ કર્મો તે બન્નેથી મારું શુદ્ધ અંતઃતત્ત્વ જુદું છે -એવું ભાન કરીને તેમાં જે ઠરે છે તેને જ પ્રત્યાખ્યાન હોય છે. તેમાં જેટલી વીતરાગી સ્થિરતા થઈ તે નિશ્ચય પ્રત્યાખ્યાન છે, ને ચાર પ્રકારના આહારનો ત્યાગ કરું - ઈત્યાદિ શુભ વિકલ્પ ઊઠે તે વ્યવહાર પ્રત્યાખ્યાન છે. પહેલાં આવું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. ગૃહસ્થોએ પણ એવું પ્રત્યાખ્યાન આવ્યા પહેલાં તેની ઓળખાણ કરવી જોઈએ. કેમ કે પહેલાં સમ્યગ્જ્ઞાન કરે તો પછી પ્રત્યાખ્યાનનો પ્રસંગ આવે.

**માગશર વદ ૧૧, સોમવાર, ૨૪-૧૨-૫૧.**

હવે આ નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારની છેલ્લી ગાથા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નવ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૪૩**

(रथोद्धता)

**भाविकालभवभावनिवृत्तः**
**सोहमित्यनुदिनं मुनिनाथः।**
**भावयेदखिलसौख्यनिधानं**
**स्वस्वरूपममलं मलमुक्त्यै॥ १४३॥**

**શ્લોકાર્થ** : 'જે ભાવિ કાળના ભવ-ભાવોથી (સંસારભાવોથી) નિવૃત્ત છે તે હું છું' એમ મુનીશ્વરે મળથી મુક્ત થવા માટે પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત નિર્મળ નિજ સ્વરૂપને પ્રતિદિન ભાવવું. ॥ ૧૪૩ ॥

જેણે દોષ છોડવા હોય-ભવ છોડવા હોય તેણે પ્રથમ દોષરહિત-ભવરહિત એવા સ્વભાવને જાણવો જોઈએ. મારે હવે ભવ નથી જોઈતા, તેનો અર્થ એ થયો કે ભવ તે મારું સ્વરૂપ નથી. જેણે ભવરહિત સ્વભાવનો નિર્ણય કર્યો હોય તેને જ ભવના ભાવનું ખરું પ્રત્યાખ્યાન હોય છે.

ભવનો ભાવ તે હું નથી, હું તો ભવના ભાવોથી નિવૃત્ત છું; ભાવિકાળના ભવ-ભાવોથી હું નિવૃત્ત છું -એમ નિર્ણય કરીને તેની ભાવના ભાવવી, તે મુક્તિનું કારણ છે. ભવિષ્યના ભવોના ભાવથી હું નિવૃત્ત છું -એટલે કે મારા સ્વભાવમાં તે ભવનો ભાવ જ નથી -એ સ્વભાવમાં એકાગ્ર રહેતાં ભવના ભાવની ઉત્પત્તિ જ થતી નથી. જેને ભવના ભાવ રુચે તેને આત્માનો સ્વભાવ રુચતો નથી અને જેને આત્માનો સ્વભાવ રુચે તેને ભવનો ભાવ રુચે નહિ. મુનિ કહે છે કે વર્તમાનમાં તો સ્વભાવની ભાવના વડે હું ભવના ભાવથી રહિત છું, ને ભવિષ્યમાં પણ મને ભવનો ભાવ થવાનો નથી. પુણ્ય-પાપ તે બધા મલિનભાવો છે તેનાથી મુક્ત થવા માટે પરિપૂર્ણ આનંદનું નિધાન એવું જે નિજસ્વરૂપ તેની પ્રતિદિન ભાવના ભાવવી. ચૈતન્ય-જ્ઞાયક છું -એનો નિર્ણય કરીને તેમાં જેટલી એકાગ્રતા થાય તેટલું પ્રત્યાખ્યાન છે.

ભૂતકાળના દોષનું પ્રતિક્રમણ હોય, વર્તમાનની આલોચના હોય અને ભાવિકાળનું પચ્ચખાણ હોય; પણ ચિદાનંદ નિજસ્વરૂપ ત્રણે કાળ દોષ રહિત છે તેની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્ર થયો, ત્યાં ત્રણ કાળના દોષના પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને આલોચના થઈ જાય છે. માટે કહ્યું કે નિજ પરમ તત્ત્વની પ્રતિદિન ભાવના ભાવવી. એ જ મુક્તિના સુખનું કારણ છે.

**શ્લોક ૧૪૪**

(स्वागता)

**घोरसंसृतिमहार्णवभास्व-**
**द्यानपात्रमिदमाह जिनेन्द्रः ।**
**तत्त्वतः परमतत्त्वमजस्रं**
**भावयाम्यहमतो जितमोहः ।। १४४ ।।**

**શ્લોકાર્થ** : ઘોર સંસારમહાર્ણવનું આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે; તેથી હું મોહને જીતીને નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ (-પારમાર્થિક રીતે) ભાવું છું. ।।૧૪૪।।

આ પરમ ચૈતન્યતત્ત્વ છે તે સંસારસમુદ્રથી તરવા માટેનું સુંદર નાવ છે. આ ચૈતન્યની નૌકાનો આશ્રય કરતાં આત્મા ઘોર સંસારસમુદ્રથી પાર થઈ જાય છે; આત્માના ચિદાનંદ તત્ત્વને જાણ્યા વિના પુણ્ય-પાપની ભેખડમાં ભરાઈ પડે તો સંસારથી તરે નહિ. એક નૌકામાં ૯૦ માણસો બેઠાં હતા ને બધાય ડૂબ્યા ! પણ અહીં આ પરમ ચૈતન્યતત્ત્વ તો એવું નાવ છે કે તેના શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા



કરતાં ઘોર સંસારસમુદ્રનો પાર આવી જાય છે. અંતર્સ્વરૂપ નિજ પરમતત્ત્વ પોતે જ પોતાને સંસારથી તારવા માટે નાવ છે - એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. તેથી હું મોહને જીતીને નિરંતર તે પરમતત્ત્વને જ તત્ત્વતઃ ભાવું છું. આવી ભાવના તે પચ્ચખાણ છે.

ત્રિકાળી શુદ્ધ પરમતત્ત્વ તે જ સંસારથી પાર ઉતારનારી નૌકા છે. એ સિવાય પર્યાયના આશ્રયે પણ સંસારનો પાર પમાતો નથી. ત્રિકાળી તત્ત્વનો આશ્રય કરવો તે જ સંસારથી પાર કરનારી નૌકા છે અને તેના આશ્રયે જ પ્રત્યાખ્યાન થાય છે. માટે મુનિરાજ કહે છે કે હું તે પરમતત્ત્વની જ નિરંતર ભાવના ભાવું છું.

**શ્લોક ૧૪૫**

(मंदाक्रांता)

**प्रत्याख्यानं भवति सततं शुद्धचारित्रमूर्तेः**
**भ्रान्तिध्वंसात्सहजपरमानंदचिन्निष्ठबुद्धेः ।**
**नास्त्यन्येषामपरसमये योगिनामास्पदानां**
**भूयो भूयो भवति भविनां संसृतिर्घोररूपा ।। १४५ ।।**

**શ્લોકાર્થ** : ભ્રાંતિના નાશથી જેની બુદ્ધિ સહજ-પરમાનંદયુક્ત ચેતનમાં નિષ્ઠિત (-લીન, એકાગ્ર) છે એવા શુદ્ધચારિત્રમૂર્તિને સતત પ્રત્યાખ્યાન છે. પરસમયમાં (-અન્ય દર્શનમાં) જેમનું સ્થાન છે એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી; તે સંસારીઓને ફરીફરીને ઘોર સંસરણ(-પરિભ્રમણ) થાય છે. ।। ૧૪૫ ।।

શુદ્ધ ચૈતન્યતત્ત્વનું ભાન કરીને જેણે ભ્રાંતિનો નાશ કર્યો છે અને જેની બુદ્ધિ ત્રિકાળી સહજ પરમાનંદયુક્ત ચૈતન્યમાં એકાગ્ર છે એવા શુદ્ધચારિત્રમૂર્તિ મુનિઓને સતત પ્રત્યાખ્યાન છે. ક્ષણિક રાગાદિ જેટલો આત્માને માનવો તે ભ્રાંતિ છે. એક સમય પૂરતી પ્રગટ પર્યાય જેટલો જ આત્માને માનવો, રાગ જેટલો જ માનવો કે નિમિત્તના આશ્રયથી લાભ માનવો તે બધી પર્યાયબુદ્ધિ છે-ભ્રાંતિ છે. જેને એવી ભ્રાંતિ છે, એટલે કે અંતરમાં ત્રિકાળી તત્ત્વ તરફ જેનું વલણ નથી તેને પ્રત્યાખ્યાન હોતું નથી.

જેને ત્રિકાળી સહજાનંદ સ્વભાવની દૃષ્ટિ અને લીનતા છે તેને જ તેમાં લીનતાથી પ્રત્યાખ્યાન હોય છે. પણ જેઓ આવા પરમ ચૈતન્યતત્ત્વને જાણતાં નથી તેમનું સ્થાન પરસમયમાં છે; સ્વસમય એવો જે ત્રિકાળ શુદ્ધ આત્મા, તેમાં જેઓ સ્થિત નથી ને વિકારથી-રાગથી-પરથી લાભ માને છે તે બધા જીવો પરસમયમાં સ્થિત છે. એ રીતે જેમનું સ્થાન પરસમયમાં છે એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી; તે તો ઘોર સંસારી છે ને તેને તો ફરી ફરીને ઘોર સંસારમાં ભ્રમણ થાય

છે. જેઓ ચૈતન્યમાં લીન થયા તેને તો શુદ્ધ ચારિત્રમૂર્તિ કહ્યા, અને જેઓને આત્માનું ભાન નથી ને વિકારથી લાભ માને છે તે તો પરસમય છે. તે સંસારીઓને ફરી ફરીને ઘોર સંસારભ્રમણ થાય છે. ધ્રુવ ચૈતન્યની ભાવના વિના સંસારભ્રમણ મટતું નથી.

**શ્લોક ૧૪૬**

(शिखरिणी)

**महानंदानंदो जगति विदितः शाश्वतमयः**
**स सिद्धात्मन्युच्चैर्नियतवसतिर्निर्मलगुणे।**
**अमी विद्वान्सोपि स्मरनिशितशस्त्रैरभिहताः**
**कथं कांक्षंत्येनं वत कलिहतास्ते जडधियः॥ १४६॥**

**શ્લોકાર્થ** : જે શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે, તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં અતિશયપણે અને નિયતપણે રહે છે. (તો પછી,) અરેરે ! આ વિદ્વાનો પણ કામના તીક્ષ્ણ શસ્ત્રોથી ઈજા પામ્યા થકા કલેશપીડિત થઈને તેને (કામને) કેમ ઈચ્છે છે ! તેઓ જડબુદ્ધિ છે. ॥૧૪૬॥

જુઓ ! શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે અહો ! જગતમાં જે શાશ્વત મહા આનંદ-આનંદ પ્રસિદ્ધ છે તે આનંદ તો સિદ્ધ ભગવંતોમાં રહે છે. પહેલાં પૃ. ૯૯માં કહ્યું હતું કે ''આ ભુવનવિદિત - જગત્‌પ્રસિદ્ધ સત્યને હે ભવ્ય ! તું જાણ !''

જે આનંદ જગતમાં પ્રસિદ્ધ છે તે તો આત્માના સ્વભાવમાં છે, ને પર્યાયે સિદ્ધ ભગવંતોમાં તે મહાઆનંદ પ્રગટ છે. ''**आनंद ब्रह्मणो रूपं**'' તે મહા આનંદ તો ચૈતન્યનું જ સ્વરૂપ છે. ને સિદ્ધોને તે પ્રગટ છે. પ્રસિદ્ધ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ - એ સિદ્ધ ભગવંતોને આનંદ પ્રગટ છે ને આત્માનો તેવો સ્વભાવ છે. અરેરે ! આવું જાણવામાં આવતા છતાં વિદ્વાનો તે આત્માને ભૂલીને બહારના વિષયોની ભાવના કેમ કરે છે ? ચૈતન્યનો સ્વવિષય છોડીને પુણ્ય-પાપની ભાવના કરવી તે બધો પરવિષય છે. જેને પુણ્યની રુચિ છે તે પણ ભોગનો જ અર્થી છે. જીવ કાં તો પોતાના આત્માના આનંદની ભાવના ભાવે, અને કાં તો પરવિષયના ભોગની ભાવના ભાવે. અહો ! આનંદમૂર્તિ તો આત્મામાં જ છે, ને તે મહા આનંદ સિદ્ધોને પ્રગટ છે, -એવી વાતની જેને ખબર નથી તેવા જીવો તો કામની ઈચ્છાથી કલેશિત થઈને તેને ઈચ્છે છે, પણ જે વિદ્વાનોને તે વાત ખ્યાલમાં આવી તેઓ પણ તે ચૈતન્યના આનંદની ભાવના કેમ નથી ભાવતા ? ને ભોગની ભાવના કેમ ભાવે છે ? - તેઓ જડ બુદ્ધિ છે. પુણ્યની રુચિ કરે તે પણ જડ બુદ્ધિ છે. કેમ કે જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે, તેને આત્માની રુચિ નથી. ગૃહસ્થ હોય ને છોડી ન શકે, તો પણ આચાર્યદેવ કહે છે કે હે ભાઈ ! તું ભાવના તો ચૈતન્યની જ રાખજે; પુણ્ય-પાપની કે ભોગની ભાવના ભાવીશ નહિ.



**શ્લોક ૧૪૭**

(मन्दाक्रान्ता)

**प्रत्याख्यानाद्भवति यमिषु प्रस्फुटं शुद्धशुद्धं**
**सच्चारित्रं दुरघतरुसांद्राटवीवह्निरूपम्।**
**तत्त्वं शीघ्रं कुरु तव मतौ भव्यशार्दूल नित्यं**
**यत्किंभूतं सहजसुखदं शीलमूलं मुनीनाम्॥ १४७॥**

**શ્લોકાર્થ** : જે દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ અટવીને બાળવાને અગ્નિરૂપ છે એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને પ્રત્યાખ્યાનથી થાય છે; (માટે) હે ભવ્યશાર્દૂલ ! (-ભવ્યોત્તમ) તું શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર -કે જે તત્ત્વ સહજ સુખનું દેનારું છે અને મુનિઓના ચારિત્રનું મૂળ છે. ॥ ૧૪૭ ॥

જુઓ ! પ્રત્યાખ્યાન અધિકાર પૂરો કરતાં મુનિને કેવો ઉત્સાહ છે ! ! તેથી નવ શ્લોકો મૂક્યા છે. પોતે ચારિત્ર આરાધનામાં વર્તે છે ને સ્વર્ગમાં જવાના છે પણ ત્યાંથી નીકળીને શુદ્ધ ચારિત્ર પૂરું કરીને મુક્તિ પામશે; તેઓ અહીં ચારિત્રના ગાણાં ગાય છે.

મુનિને શુદ્ધ ચારિત્ર અગ્નિ પ્રગટ્યો તે પાપરૂપી ગીચ જંગલને બાળી નાંખે છે. સંયમીઓને પ્રત્યાખ્યાનથી -એટલે કે સ્વરૂપમાં રાગરહિત એકાગ્રતાથી તે- શુદ્ધ-શુદ્ધ ચારિત્ર પ્રગટે છે. માટે હે ભવ્યશાર્દૂલ ! હે ભવ્યરૂપી સિંહ ! તું તારી મતિમાં શીઘ્ર તે સહજ તત્ત્વને ધારણ કર, કે જે તત્ત્વ સહજ સુખનું દેનાર છે ને મુનિઓના ચારિત્રનું મૂળ છે.

આવા તત્ત્વમાં એકાગ્ર થવાથી પ્રત્યાખ્યાન અને ચારિત્ર થાય છે. જુઓ, પ્રત્યાખ્યાન એની મેળે થઈ જતું નથી. પણ તે પર્યાયરૂપે પોતે પરિણમવાથી થાય છે. પોતે સ્વભાવમાં પરિણમે તો રાગનું પ્રત્યાખ્યાન થાય છે. સહજ તત્ત્વ એવો પોતાનો આત્મા છે, તે જ ચારિત્રનું મૂળ છે.

**શ્લોક ૧૪૮**

(मालिनी)

**जयति सहजतत्त्वं तत्त्वनिष्णातबुद्धेः**
**हृदयसरसिजाताभ्यन्तरे संस्थितं यत्।**
**तदपि सहजतेजः प्रास्तमोहान्धकारं**
**स्वरसविसरभास्वद्बोधविस्फूर्तिमात्रम्॥ १४८॥**

**શ્લોકાર્થ** : તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે, તે

સહજ તત્ત્વ જયવંત છે. તે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે અને તે (સહજ તેજ) નિજ રસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનના પ્રકાશનમાત્ર છે. ॥ ૧૪૮ ॥

સહજ તત્ત્વ તો ત્રિકાળ છે પણ તત્ત્વનિષ્ણાત જીવને તેનું ભાન છે, ને તે પોતાના અંતરમાં તેની ભાવના કરે છે. માટે તે તત્ત્વનિષ્ણાત જીવની જ્ઞાનપર્યાયમાં તે સહજ તત્ત્વ સુસ્થિત છે, ને તે તત્ત્વ ત્રિકાળ જયવંત વર્તે છે. તે તત્વના સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે, ખરેખર તો તે ત્રિકાળ તત્ત્વનો આશ્રય લીધો ત્યાં મોહની ઉત્પત્તિ થતી નથી; માટે તે સહજ તત્ત્વના તેજથી મોહનો નાશ થઈ જવાનું કહ્યું.

આવી ચૈતન્યશક્તિની પ્રતીત કરીને તેની ભાવનામાં એકાગ્ર થાય તો મોહનો નાશ થઈને પરમાત્મદશા પ્રગટે છે. સહજ તત્ત્વ ત્રિકાળ નિજરસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનના પ્રકાશમાનમાત્ર છે. આ બધા ત્રિકાળી તત્ત્વના ગાણાં છે. તેનો મહિમા કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાયમાં સહજ જ્ઞાન-આનંદદશા પ્રગટે છે. તત્ત્વમાં જેઓ નિષ્ણાત છે તેમને જ આવું પરમાત્મતત્ત્વ પ્રતીતમાં બેસે છે, ને પછી તેમાં લીનતાથી જ ચારિત્ર હોય છે.

હવે મુનિરાજને પ્રમોદ આવી જતાં તે સહજ તત્ત્વને નમસ્કાર કરે છે :-

**શ્લોક ૧૪૯**

(પૃથ્વી)

**अखंडितमनारतं सकलदोषदूरं परं**
**भवांबुनिधिमग्नजीवततियानपात्रोपमम्।**
**अथ प्रबलदुर्गवर्गदववह्निकीलालकं**
**नमामि सततं पुनः सहजमेव तत्त्वं मुदा॥ १४९॥**

**શ્લોકાર્થ** : વળી, જે (સહજ તત્ત્વ) અખંડિત છે, શાશ્વત છે, સકળ દોષથી દૂર છે, ઉત્કૃષ્ટ છે, ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે અને પ્રબળ સંકટોના સમૂહરૂપી દાવાનળને (શાંત કરવા) માટે જળ સમાન છે, તે સહજ તત્ત્વને હું પ્રમોદથી સતત નમું છું. ॥ ૧૪૯ ॥

હું સહજ તત્ત્વને પ્રમોદથી નમું છું. કેવું છે તે સહજ તત્ત્વ ? ચૈતન્યની ધ્રુવધારા વહી રહી છે, તેમાં ક્યાંય ખંડ નથી, અખંડ સહજ તત્ત્વ છે. વળી શાશ્વત છે, સમસ્ત પુણ્ય-પાપરૂપી દોષોથી જે ત્રિકાળ રહિત છે, ઉત્કૃષ્ટ છે, સિદ્ધ ભગવાન કરતાં પણ આ સહજ તત્ત્વ ઉત્કૃષ્ટ છે કેમ કે તેના જ આશ્રયે સિદ્ધદશા પ્રગટે છે; ભવસાગરમાં ડૂબતા જીવોને માટે તે સહજ તત્ત્વ તરતી નૌકા સમાન છે, ને મહાન સંકટોના સમૂહરૂપી જે આ સંસાર દાવાનળ તેને શાંત કરવા માટે સહજ તત્ત્વ જ જળ સમાન છે. તે સહજ તત્ત્વ તરફ વળતાં જ સંસારનો દાવાનળ શાંત થઈ જાય છે. આવા તે



સહજ તત્ત્વને હું પ્રમોદથી સહજ નમું છું.

જુઓ ! આવા સહજ તત્ત્વના બહુમાન વગર ચારિત્ર કે પચ્ચખાણ હોતું નથી; માટે તેનો મહિમા કર્યો છે. વર્તમાન વિકાર વગરના ત્રિકાળ સહજ પરમ તત્ત્વનો મહિમા લાવીને હું પ્રમોદથી તેમાં પરિણમું છું-નમું છું. આવા સહજ તત્ત્વનો પ્રમોદ આવ્યા વિના ચારિત્રદશા હોતી નથી.

**માગશર વદ ૧૨, મંગળવાર, ૨૫-૧૨-૫૧.**

**પ્રત્યાખ્યાનના આધારભૂત સહજ ચૈતન્યતત્ત્વનો મહિમા અને તેને નમસ્કાર**

આ નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર પૂરો કરતાં છેલ્લા કળશોમાં ટીકાકાર મુનિરાજ સહજ તત્ત્વનો મહિમા કરીને તેને નમસ્કાર કરે છે. તે સહજ શુદ્ધ આત્મતત્ત્વનો મહિમા કરીને તેની ભાવનાથી તેમાં એકાગ્ર થતાં પ્રત્યાખ્યાન થાય છે. રાગાદિનું પ્રત્યાખ્યાન કરવું છે તો તે રાગ વગરની ચીજ શું છે તેનું જ્ઞાન હોવું જોઈએ. શરીર-મન-વાણી તો પર ચીજ છે, જડ છે, તે તો છૂટેલી જ છે પણ પર્યાયમાં જે રાગ-દ્વેષ-મોહરૂપ મલિનભાવો છે તે દોષ છે, ને તે દોષરહિત જે ત્રિકાળી સહજ સ્વભાવ છે તેની ભાવનાથી તે દોષનું પ્રત્યાખ્યાન થાય છે. માટે અહીં તે સ્વભાવનું વર્ણન કરે છે.

**શ્લોક ૧૫૦**

(પૃથ્વી)

**जिनप्रभुमुखारविन्दविदितं स्वरूपस्थितं**
**मुनीश्वरमनोगृहान्तरसुरत्नदीपप्रभम्।**
**नमस्यमिह योगिभिर्विजितदृष्टिमोहादिभिः**
**नमामि सुखमन्दिरं सहजतत्त्वमुच्चैरदः॥ १५०॥**

**શ્લોકાર્થ** : જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે, જે સ્વરૂપમાં સ્થિત છે, જે મુનીશ્વરોના મનોગ્રહની અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે, જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓથી નમસ્કાર કરવા યોગ્ય છે અને જે સુખનું મંદિર છે, તે સહજ તત્ત્વને હું સદા અત્યંત નમું છું. ॥ ૧૫૦ ॥

અહીં સહજ તત્ત્વને નમસ્કાર કરે છે. કેવું છે તે સહજ તત્ત્વ ? સહજ તત્ત્વ એટલે પોતાનું શાશ્વત શુદ્ધસ્વરૂપ. તે જ આદરણીય છે. શ્રી જિનેન્દ્રપ્રભુના મુખારવિંદથી તે સહજ તત્ત્વ પ્રસિદ્ધ થયું છે. ભગવાનની વાણીમાં એમ પ્રસિદ્ધ થયું છે કે પુણ્ય-પાપના વિભાવથી પાર અને શરીરાદિથી ભિન્ન એવું જે સ્વાભાવિક સહજ આત્મતત્ત્વ તે જ ઉપાદેય છે. એનો નિર્ણય કર્યા વગર સાચું પ્રત્યાખ્યાન કે ચારિત્ર હોય નહિ.

શરીરાદિ તો કૃત્રિમ ઉપાધિ છે, ને પુણ્ય-પાપ પણ કૃત્રિમ-ક્ષણિક છે, તે રહિત જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા તે સહજ તત્ત્વ છે, તે સહજ તત્ત્વ શ્રી જિનપ્રભુના મુખારવિંદથી પ્રસિદ્ધ છે. અહીં તો કહે છે કે ભગવાનની વાણીમાં આવું સહજ શુદ્ધ આત્મતત્ત્વ પ્રસિદ્ધ છે, અને તે સ્વરૂપમાં સ્થિત છે. પુણ્ય-પાપમાં સ્થિત નથી, પણ પોતાના ધ્રુવસ્વરૂપમાં જ તે સહજ તત્ત્વ ત્રિકાળ સ્થિત છે. તે કદી પોતાના સ્વરૂપથી ખસતું જ નથી -આવા ચૈતન્યની ઓળખાણ કરવી તે સમ્યગ્જ્ઞાન છે.

પુણ્ય-પાપના ભાવો તો અસ્થિર છે, તે સ્વરૂપમાં સ્થિર નથી; ચૈતન્યતત્ત્વ તો સહજ સ્વરૂપમાં જ સ્થિત છે, ભગવાનના મુખથી નીકળેલું આવું આત્મતત્ત્વ છે તેને ઓળખે તો તેમાં ઠરીને પ્રત્યાખ્યાન કરવાનો પ્રસંગ આવે. ચૈતન્યતત્ત્વ શરીરમાં તો સ્થિત નથી, પુણ્ય-પાપમાં પણ સ્થિત નથી, પણ સહજ સ્વરૂપમાં જ સ્થિત છે, તેમાં વલણ કરતાં પુણ્ય-પાપનું પ્રત્યાખ્યાન થઈ જાય છે.

વળી તે સહજ તત્ત્વ મુનીશ્વરોના મનમંદિરમાં સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે. જેમ રત્નનો દીપક પવનથી ન ઓલવાય, તેમ મુનિઓના હૃદયમાં પ્રકાશમાન આ સહજ ચૈતન્યરત્નનો પ્રકાશ મહા સુંદર અને સ્થિર છે; જેમ રત્નપ્રકાશને તેલ વગેરેની જરૂર ન પડે, પવન કે વરસાદથી ઓલવાય નહિ, તેમ આ ચૈતન્યરત્ન જગતનું પ્રકાશક, સ્વયંસિદ્ધ પ્રકાશમાન છે, તે ચૈતન્યરત્ન મુનિઓના મનોગૃહમાં પ્રકાશમાન છે. આવું સહજ તત્ત્વ ધર્મી જીવોએ આદરવા જેવું છે. જેના અંતરમાં આવા સહજ ચૈતન્યહીરાનો પ્રકાશ થયો છે તેવા મુનિઓને જ પ્રત્યાખ્યાન હોય છે. ચૈતન્યના અવલંબને જ પ્રત્યાખ્યાન હોય છે. માટે કહ્યું કે મુનિઓના મનમંદિરમાં તે પ્રકાશમાન છે.

વળી તે સહજ ચૈતન્યતત્ત્વ આ લોકમાં દર્શનમોહાદિ ઉપર જેણે વિજય મેળવેલો છે એવા યોગી-ધર્માત્માઓથી નમસ્કાર કરવા યોગ્ય છે. ધર્મી જીવો તો આવા સહજ પરમ તત્ત્વનો જ આદર કરીને નમસ્કાર કરે છે, પુણ્ય-પાપના પરિણામનો આદર કરતાં નથી. જેમણે સહજ શુદ્ધ આનંદમૂર્તિ આત્માનું ભાન કરીને દર્શનમોહ ઉપર વિજય મેળવ્યો છે, અને તે ઉપરાંત સ્થિરતા વડે આસક્તિના ભાવ ઉપર પણ વિજય મેળવ્યો છે - એવા મુનિઓથી આ સહજ તત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે. બહારમાં ભગવાનને-તીર્થંકરાદિને તો અજ્ઞાનીઓ પણ નમસ્કાર કરે છે, પણ અંતરમાં બિરાજમાન આ સહજ તત્ત્વ તો દર્શનમોહ વગેરેને જીતનારા યોગીઓથી જ નમસ્કાર કરવા યોગ્ય છે; અજ્ઞાનીઓ તેને નમસ્કાર કરી શકતા નથી. ધર્મી જીવને નીચલી દશામાં રાગાદિ હોવા છતાં તે તેને આદરણીય માનતા નથી, આદરણીય તો મારું નિર્દોષ સહજ તત્ત્વ જ છે, -એમ ધર્મી જીવો જાણે છે. પહેલાં આવા સહજ તત્ત્વના શ્રદ્ધા-જ્ઞાન થયા પછી તેમાં એકાગ્રતાના જોરે પુણ્ય-પાપનું પ્રત્યાખ્યાન થઈ જાય છે.

જુઓ ! આ સહજ તત્ત્વનો મહિમા છે ! અંતરમાં ગુપ્ત બિરાજમાન આવા ધ્રુવ તત્ત્વને કોણ મળવા જાય ? કે જે જીવ પુણ્ય-પાપની રુચિ છોડીને અંર્તમુખ થાય તે તેને મળવા જઈ શકે છે.



જેમ રાજા ગુપ્ત બેઠો હોય તેને કોણ મળી શકે ? કે જે અંદર તેની પાસે જાય તે; તેમ આ સહજ ચૈતન્યતત્ત્વ સ્વરૂપમાં સ્થિત છે. તેને કોણ નમે ? કે જેઓએ દર્શનમોહ વગેરે ઉપર વિજય મેળવ્યો હોય એવા યોગીઓ જ તે સહજ તત્ત્વનો નમે છે.

વળી તે સહજ તત્ત્વ સુખનું મંદિર છે. સુખને રહેવાનું સ્થાન તો આ સહજ તત્ત્વ છે, તેમાં જે પ્રવેશ કરે તેને સુખનો અનુભવ થાય છે.

શ્રી મુનિરાજ કહે છે કે : આવા સહજ તત્ત્વને હું સદા નમું છું. મારી મતિને હું અંતઃતત્ત્વમાં લઈ જાઉં છું. જુઓ, આવા સહજ તત્ત્વને ઓળખવું એ જ શરણ છે; શરીરાદિમાં ક્યાંય સુખ નથી, સુખ તો મારા ચૈતન્યમંદિરમાં છે -એમ પ્રથમ નિર્ણય કરો, રુચિ કરો.

પહેલાં કહ્યું હતું કે આ સહજ તત્ત્વ યોગીઓથી નમસ્કાર કરવા યોગ્ય છે; અને પછી કહ્યું કે 'હું તે સહજ તત્ત્વને સદા નમું છું' એટલે પોતાને મુનિદશા વર્તે છે -તે વાત પણ જાહેર કરી છે.

વળી ફરીથી તે સહજ તત્ત્વનો મહિમા ગાઈને તેને નમસ્કાર કરે છે :-

**શ્લોક ૧૫૧**

(પૃથ્વી)

**प्रणष्टदुरितोत्करं प्रहतपुण्यकर्मव्रजं**
**प्रधूतमदनादिकं प्रबलबोधसौधालयम्।**
**प्रणामकृततत्त्ववित् प्रकरणप्रणाशात्मकं**
**प्रवृद्धगुणमंदिरं प्रहतमोहरात्रिं नुमः ॥ १५१॥**

**શ્લોકાર્થ :** જેણે પાપના રાશિને નષ્ટ કર્યો છે, જેણે પુણ્યકર્મના સમૂહને હણ્યો છે, જેણે મદન (-કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે, જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે, જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે, જે પ્રકરણના નાશસ્વરૂપ છે (અર્થાત્ જેને કોઈ કાર્ય કરવાનું નથી-જે કૃતકૃત્ય છે), જે પુષ્ટ ગુણોનું ધામ છે અને જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે, તેને (-તે સહજ તત્ત્વને) અમે નમીએ છીએ. ॥ ૧૫૧ ॥

જુઓ, આ કોના ગાણાં ગવાય છે ? અંદરમાં સહજ તત્ત્વ જ્ઞાનમૂર્તિ આત્મા બિરાજી રહ્યો છે તેના જ આ ગાણાં છે. આનાં જ ગાણાં ગાવા જેવા છે, એ સિવાય પુણ્ય-પાપના કે શરીર-સ્ત્રી-પૈસાના ગાણાં ગાવા જેવા નથી.

આત્મા સહજ તત્ત્વ છે, તેણે પાપના સમૂહનો નાશ કર્યો છે. પુણ્ય-પાપ તો નવા નવા થાય છે ને આત્મા તો અનૂતન -એવો ને એવો છે, તેમાં પુણ્ય-પાપનો અભાવ છે, માટે તે સહજ તત્ત્વે

પુણ્ય-પાપનો નાશ કર્યો છે. આત્માએ પાપના સમૂહને તેમજ પુણ્યના સમૂહને હણી નાંખ્યો છે એટલે કે ત્રિકાળી તત્ત્વમાં તેનો અભાવ જ છે. વળી તે ત્રિકાળી સહજ તત્ત્વે કામ-ક્રોધ-હાસ્ય વગેરેની વાસનાને ખંખેરી નાંખી છે; સહજ તત્ત્વમાં ત્રિકાળ કામવાસનાનો અભાવ જ છે.

વળી તે સહજ તત્ત્વ પ્રબળ જ્ઞાનનો મહેલ છે. તે જ્ઞાનમહેલ પુણ્ય-પાપથી ડગે નહિ એવો પ્રબળ છે. હે જીવ ! તું આવા જ્ઞાનમહેલમાં ચડ ! આવા જ્ઞાનમહેલમાં પ્રવેશ કર. કેવળજ્ઞાન પ્રગટે તોય પ્રબળ જ્ઞાનમહેલમાંથી કાંઈ જ્ઞાન ખૂટે નહિ, સદા એવું ને એવું પરિપૂર્ણ રહ્યા કરે છે.

તત્ત્વવેત્તાઓ તે સહજ તત્ત્વને પ્રણમે છે. તત્ત્વવેત્તા એટલે આત્મતત્ત્વના જાણનારા ધર્માત્માઓ તે સહજ તત્ત્વને પ્રણામ કરે છે.

અહો ! ધન્ય અવતાર ! ધન્ય અવતાર ! કે જે અવતારે આવા સહજ તત્ત્વનું ભાન થયું ! -એમ મહિમા કરીને તત્ત્વવેત્તાઓ આ સહજ તત્ત્વને પ્રણમે છે.

તે સહજ તત્ત્વ કૃતકૃત્ય છે, કાંઈ પણ કામનો બોજો તેના ઉપર નથી, તેણે પ્રકરણનો નાશ કર્યો છે એટલે ''આમ કરું કે તેમ કરું'' -એમ કોઈ કાર્ય કરવાનો વિકલ્પ જ તેનામાં નથી. તે તો સહજ કૃતકૃત્ય છે, તેને કાંઈ કરવાનું રહ્યું નથી. આવા સહજ તત્ત્વનો મહિમા કરો, તેની રુચિ કરો.. ને તેની ભાવના કરો..તેની ભાવનાથી જ પ્રત્યાખ્યાન થાય છે. સહજ તત્ત્વમાં રાગાદિ છે જ નહિ, એટલે 'રાગનો નાશ કરું' -એવું પણ તે સહજ તત્ત્વમાં નથી. સ્વભાવથી જ તે પૂરું છે, તેમાં કાંઈ અધૂરું છે જ નહિ. જગતમાં સંસારના કામ તો સદાય અધૂરાં ને અધૂરાં જ રહે છે, મરતાં પણ અધૂરું મૂકીને મરે છે. પણ આ આત્મતત્ત્વ તો સ્વભાવથી જ કૃતકૃત્ય ધ્રુવ ચિદાનંદમૂર્તિ છે, આવા આત્માને સ્વીકાર્યો-તેની રુચિ કરી પછી વિકલ્પો આવે તે પાંગળા-લૂલા થઈ જાય છે, કેમ કે તેને સહજ તત્ત્વનો આધાર નથી.

આત્મા તો અનંત ગુણોથી ભરપૂર પુષ્ટ ગુણોનું ધામ છે. અનંત ગુણોનું ધામ આત્મા છે. સ્વભાવથી પુષ્ટ થયેલાં ગુણો છે, તેમાંથી ગમે તેટલું કાઢે તો પણ તે કદી કરમાતા નથી. આત્મા અસંખ્ય પ્રદેશી મંદિર અનંત ગુણોથી પુષ્ટ પુષ્ટ છે. અજ્ઞાનીઓ શરીરની પુષ્ટિ કરવાનું માને છે, પણ તે તો પર છે, આત્મા સહજ ગુણોથી ત્રિકાળ પુષ્ટ જ છે.

વળી ત્રિકાળી ચૈતન્યતત્ત્વ એકલા પ્રકાશસ્વરૂપ જ છે, તેમાં મોહ છે જ નહિ. તેનો આશ્રય કરતાં મોહઅંધકારનો નાશ થઈ જાય છે.

આવા સહજ તત્ત્વને અમે નમીએ છીએ. પહેલાં આવું તત્ત્વ શ્રદ્ધામાં લઈને તેમાં સ્થિર થવું તે પ્રત્યાખ્યાન છે. આવા તત્ત્વનો મહિમા કરીને તેની રુચિ કરે તે જીવ મુક્તિની યાત્રા કરવા નીકળ્યો, મુક્તિમાં જવા માટે માર્ગે પડ્યો. માટે એવા સહજ તત્ત્વને ઓળખીને તેની જ ભાવના કરવા જેવી છે.



આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર** નામનો છઠ્ઠો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❖❖❖

# ૭. પરમ-આલોચના અધિકાર

પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન અધિકાર આવી ગયા. હવે આલોચના અધિકાર કહે છે. પૂર્વનું પ્રતિક્રમણ, ભવિષ્યનું પ્રત્યાખ્યાન અને વર્તમાનની આલોચના હોય છે. હવે પરમ આલોચનાનું વર્ણન કરે છે. પ્રથમ નિશ્ચય આલોચનાનું સ્વરૂપ કહે છે.

**ગાથા ૧૦૭**

**णोकम्मकम्मरहियं विहावगुणपज्जएहिं वदिरित्तं।**
**अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि॥ १०७॥**

**नोकर्मकर्मरहितं विभावगुणपर्ययैर्व्यतिरिक्तम् ।**
**आत्मानं यो ध्यायति श्रमणस्यालोचना भवति ॥ १०७॥**

**તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,**
**નોકર્મકર્મ – વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.**

**અન્વયાર્થ** : (**नोकर्मकर्मरहितं**) નોકર્મ ને કર્મથી રહિત તથા (**विभावगुणपर्ययैः व्यतिरिक्तम्**) વિભાવગુણપર્યાયોથી વ્યતિરિક્ત (**आत्मानं**) આત્માને (**यः**) જે (**ध्यायति**) ધ્યાવે છે, (**श्रमणस्य**) તે શ્રમણને (**आलोचना**) આલોચના (**भवति**) છે.

**પ્રશ્ન** : આ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના તે નવ તત્ત્વમાંથી શેમાં આવે ?

**ઉત્તર** : એ ત્રણે ચારિત્રના પ્રકાર છે, એટલે મોક્ષનો ઉપાય છે, તેથી તે સંવર-નિર્જરા તત્ત્વમાં આવે છે. વ્યવહાર પ્રતિક્રમણ વગેરેમાં જે શુભ રાગ છે તે આસ્રવ છે. પ્રથમ તો કર્મથી અને વિકારથી ભિન્ન પોતાના સહજ શુદ્ધ આત્મતત્ત્વનું ભાન કરીને તેને જ જે ધ્યાવે છે તેને આલોચના છે.

''ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ શરીરો તે નોકર્મો છે; જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય, વેદનીય, આયુ, નામ અને ગોત્ર નામના દ્રવ્યકર્મો છે. કર્મોપાધિ-નિરપેક્ષ સત્તાગ્રાહક શુદ્ધ નિશ્ચય દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમાત્મા આ નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત છે.''

ભગવાન આત્મા તો ચૈતન્યમૂર્તિ છે, પરમ અમૃત છે, ને આ શરીરાદિ તો અચેતન મડદાં છે. અત્યારે પણ આ શરીર તો મૃતક-કલેવર જ છે. શ્રી સમયસારની ૯૬મી ગાથામાં પણ કહે છે કેઃ ''મૃતક કલેવર (શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો



કર્તા પ્રતિભાસે છે.'' ચૈતન્ય ભગવાન પોતાને ચૂકીને મૃતક કલેવર એવા શરીરમાં મૂર્છાઈ ગયો છે, તેથી શરીરાદિની ક્રિયાનો હું કર્તા -એમ તેને ભાસે છે.

ધર્મી તો કહે છે કે હું તો પાંચે પ્રકારના શરીરોથી અને આઠે પ્રકારના કર્મોથી રહિત ચિદાનંદ પરમાત્મા છું - એવું ભાન કરીને તે પરમાત્માના ધ્યાનમાં જે લીન છે તેવા મુનિઓને નિશ્ચયથી આલોચના છે.

**માગશર વદ ૧૩, બુધવાર, ૨૬-૧૨-૫૧.**

આલોચના તે સંવરનો પ્રકાર છે; સંવર એટલે પુણ્ય-પાપનું અટકી જવું ને આત્માની શુદ્ધતાનું પ્રગટવું; પહેલાં વિકાર વગરનો આત્મા કેવો છે તેનું ભાન કરે તો તેમાં એકાગ્રતાથી સંવર થાય, તેથી આત્મા કેવો છે તે પ્રથમ જાણવું જોઈએ.

ઔદારિક વગેરે પાંચ શરીરથી આત્મા ભિન્ન છે. પાંચે શરીરો જડ છે, ને હું તો તેનાથી જુદો ચૈતન્યબિંબ છું, દેહની પર્યાય તેના કારણે જ થાય છે, તેને આત્મા રાખી શકે નહિ કે ટાળી શકે નહિ. હું શરીરને રાખું નહિ-પોષુ નહિ-ટાળું નહિ - એમ નક્કી કર્યા વિના દેહ પ્રત્યેની રુચિ ટળીને આત્મા તરફની રુચિ થાય નહિ, ને તેના વગર કદી સંવરદશા પ્રગટે નહીં.

પહેલાં નક્કી કરવું જોઈએ કે હું દેહથી જુદો છું, દેહથી જુદો નક્કી કર્યા વિના દેહ પ્રત્યેનો રાગ સારો નથી -એમ પણ નક્કી ન થઈ શકે. દેહને પોતાનો માને તો દેહ પ્રત્યેના રાગની રુચિ ટળે નહીં. શરીરની છેલ્લી સ્થિતિમાં ડોકટરો પણ હાથ ધોઈ નાંખે છે કે બસ ! હવે અમારો કાંઈ ઉપાય નથી. એનો અર્થ જ એ થયો કે ડોકટર કાંઈ કરી શકતા નથી. એ તો દેહની સ્થિતિ હોય તો રહે, ને સ્થિતિ પૂરી થતાં કોઈ તેને રોકી શકે તેમ નથી. માટે ભાઈ ! તું દેહનું અભિમાન છોડ કે દેહ તે હું નથી, દેહની પર્યાય મારાથી ફરતી નથી. ને એ જ પ્રમાણે જગતના બધાય જીવો દેહથી જુદા છે. આમ નક્કી કરે તો દેહની રુચિ ટળીને આત્માની રુચિ થાય, ને પછી સંવરદશા પ્રગટે.

વળી જડ કર્મો આઠ પ્રકારના છે, તે કોઈ હું નથી. કર્મથી મને લાભ-નુકસાન નથી. જે જીવ કર્મથી લાભ-નુકસાન માને તેણે કર્મને અને આત્માને એકમેક માન્યા છે, કેમ કે જેની સાથે એકતા માને તેનાથી જ લાભ-નુકસાન માને. આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયથી જે ભિન્ન હોય તે ચીજ આત્માને લાભ-નુકસાન કરે નહિ. હું તો ચૈતન્યમૂર્તિ આત્મા છું. નોકર્મો અને દ્રવ્યોકર્મોની ઉપાધિ મારામાં નથી, હું તો કર્મની ઉપાધિથી નિરપેક્ષ શુદ્ધ દ્રવ્ય છું. હું એક શુદ્ધ ચૈતન્યસત્તા છું - એમ સમ્યગ્જ્ઞાન સ્વીકારે છે. આવા આત્માનું જ્ઞાન થયા વિના પરનો મોહ ટળે નહિ.

ત્રણે કાળે શુદ્ધ દ્રવ્ય છે તેની સત્તાને જે જાણે તેનું નામ શુદ્ધ દ્રવ્યાર્થિકનય છે; તે નયથી હું ત્રણે કાળે કર્મની ઉપાધિ વગરનો શુદ્ધ છું -એમ ધર્મીને નિર્ણય છે.

પહેલાં શુદ્ધ આત્માને દ્રવ્યકર્મ અને નોકર્મ એવા પરદ્રવ્યથી જુદો બતાવ્યો. હવે પોતાની પર્યાયના વિભાવથી જુદો બતાવે છે.

''મતિજ્ઞાનાદિ તે વિભાવગુણો છે અને નર-નારકાદિ વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો છે; ગુણ સહભાવી હોય છે અને પર્યાયો ક્રમભાવી હોય છે. પરમાત્મા આ બધાથી (-વિભાવગુણો અને વિભાવપર્યાયોથી) વ્યતિરિક્ત છે.''

મતિ-શ્રુતજ્ઞાનપર્યાયો તે વિભાવગુણો છે, કેમ કે તે ટળી જાય છે, ને તેના આશ્રયે નિર્મળદશા પ્રગટતી નથી; તે મતિ-શ્રુતજ્ઞાનપર્યાય જેટલું આખું સ્વરૂપ નથી, તેથી તે પર્યાયબુદ્ધિ છોડાવવા માટે તેને વિભાવગુણ કહ્યા છે અને નર-નારકાદિ પર્યાયો તે વિભાવ વ્યંજનપર્યાય છે; શરીરનો આકાર તો જુદો છે, પણ તે શરીર પ્રમાણે આત્માના પ્રદેશોનો જે અરૂપી આકાર છે તે વિભાવ વ્યંજનપર્યાય છે. તેનાથી પણ શુદ્ધ આત્મા જુદો છે. શરીરથી જુદો, કર્મથી જુદો, રાગાદિથી જુદો, મતિજ્ઞાન વગેરે વિભાવપર્યાયોથી જુદો તેમ જ આત્માના પ્રદેશોની જે વિભાવરૂપ આકૃતિ તેનાથી પણ ભગવાન આત્મા જુદો છે.

અહીં મતિજ્ઞાનાદિને ગુણ કહ્યા છે તે ત્રિકાળી ગુણની વાત નથી. પણ મતિ-શ્રુતજ્ઞાનપર્યાયો એક સાથે વર્તે છે તે અપેક્ષાએ તેને સહભાવી ગુણ કહ્યા છે. પણ ખરેખર તે વિભાવપર્યાયો છે. અહીં તો પર્યાયબુદ્ધિ છોડાવીને દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે કારણ કે તે સિવાય સંવર થતો નથી.

આત્મા તો પરમ આત્મા છે, પરમ એટલે ઉત્કૃષ્ટ આત્મા; તે કેવો છે તેની આ વાત છે. આવા આત્માને જાણીને જે જીવ તેને ધ્યાનમાં ધ્યાવે છે તેને જ પરમ આલોચના હોય છે. પહેલાં તો ચૈતન્યતત્ત્વને ઓળખીને સમ્યક્ત્વ પ્રગટ કરતાં મિથ્યાત્વનો સંવર થઈ જાય છે. સમ્યક્ત્વ તે પ્રથમ સંવર છે, ને મિથ્યાત્વ તે આસ્રવ છે. પ્રથમ ચૈતન્યની શુદ્ધ શક્તિની અંતર્મુખ પ્રતીત કરવી તેને ભગવાન સમ્યગ્દર્શન કહે છે.

તારો આત્મા સત્ છે, પોતે પરમાત્મા છે, સમ્યગ્દર્શનનો ધ્યેય આખો આત્મા વર્તમાન પરિપૂર્ણ છે, તેની પ્રતીત કરે તો મિથ્યાત્વનો આસ્રવ રોકાય છે.

શરીરાદિ પરદ્રવ્યો તો ક્ષણમાત્ર પણ તારા નથી, તે તો ત્રિકાળ જુદા છે; ને રાગાદિભાવો ક્ષણિક છે તે પણ તારું સ્વરૂપ નથી; તારું સ્વરૂપ ત્રિકાળ નિરુપાધિક શુદ્ધ ચિદાનંદ છે - એનો સ્વીકાર કરે ત્યારે તો ''જૈન'' થયો કહેવાય; ચૈતન્ય તો જ્ઞાનદળ છે; તેને લક્ષમાં લે; આ શરીરની દૃષ્ટિ છોડી દે, વિકારની દૃષ્ટિ છોડી દે, ને મતિજ્ઞાન વગેરે જેટલો છું એવી દૃષ્ટિ પણ છોડી દે, આખી ચૈતન્યશક્તિના પિંડને દૃષ્ટિમાં લે, તેના જ આશ્રયે સંવરદશા પ્રગટે છે.

ભગવાન પરમાત્મા અહીં દેહદેવળમાં બિરાજમાન છે, તેની આ વાત છે; તે શરીરથી-કર્મોથી અને વિભાવ ગુણપર્યાયોથી વ્યતિરિક્ત છે, અને ત્રિકાળી સ્વભાવ ગુણપર્યાયોથી સંયુક્ત છે; અનંત



ગુણો અને તેની એકેક સમયની નિરપેક્ષ સ્વાભાવિક પર્યાય તેનાથી ત્રિકાળ સંયુક્ત છે. સાધકની પ્રગટ પર્યાય તો અધૂરી છે તેને તો વિભાવપર્યાયમાં નાંખી છે; ને આ તો ધ્રુવરૂપ ત્રિકાળ પારિણામિકભાવે વર્તતી સ્વભાવપર્યાયની વાત છે. ત્રિકાળી સ્વભાવરૂપ ગુણ-પર્યાયોથી આત્મા પરિપૂર્ણ છે - આવા આત્માને લક્ષમાં લઈને તેમાં જે એકાગ્ર થાય છે તે ભાવશ્રમણ છે ને તેમને ખરેખર આલોચના હોય છે. આવી ચૈતન્યવસ્તુની જેને ખબર નથી તેને પ્રતિક્રમણ-સામાયિક-આલોચના વગેરે કોઈ ધર્મ હોતો નથી. ભાઈ, આ ચૈતન્યવસ્તુની ઓળખાણ વગર તારું મિથ્યાત્વ ટળશે નહિ ને તેના વિના તારા જન્મ-મરણના આરા નહિ આવે. માટે પહેલાં જેવો કહ્યો તેવો પોતાનો પરમ શુદ્ધ આત્મા ઓળખવો જોઈએ; પછી આલોચના હોય. વિકાર વગરનો શુદ્ધ આત્મા છે તેને અંતરમાં જોવો તેનું નામ આલોચના છે. પણ પહેલાં તેની વાત સાંભળીને તેનું ભાન કરે તો અંતરમાં તેનું ધ્યાન કરે ને ! માટે પહેલાં તો તેની ઓળખાણની વાત કરી. તેવા આત્માને ઓળખ્યા પછી જે પરમ શ્રમણ ત્રિગુપ્તિથી ગુપ્ત એવી પરમ સમાધિ વડે, વચનરચનાના પ્રપંચથી પરાઙ્મુખ થઈને તેને સદા ધ્યાવે છે તેવા ભાવશ્રમણને સતત શુદ્ધાત્માની પરમ આલોચના હોય છે. તેનો ઉપાય શું ? કે તેની ઓળખાણ કરીને તેની ભાવના કરવી તે જ તેનો ઉપાય છે. અહીં તો અંતરમાં આવા શુદ્ધ આત્માને ઓળખીને તેમાં સ્થિરતાથી જે તેનું અવલોકન કરતો હોય તેને જ ભાવશ્રમણ કહ્યા છે; એ સિવાય પંચમહાવ્રત પાળે કે દિગંબર થઈને જંગલમાં રહે તેથી કાંઈ ભાવશ્રમણપણું થઈ જતું નથી. મુનિઓ ચૈતન્યની પરમ સમાધિમાં એવા ગુપ્ત થઈ જાય છે કે અંદરમાં શું કાર્ય કરે છે તેની બીજાને ખબર ન પડે. શરીરનું લક્ષ છોડીને, અંતરના ચૈતન્યને ધ્યાનમાં લઈને મુનિઓ શરીર-મન-વાણીની ગુપ્તિથી ગુપ્ત થઈ ગયા છે તેવા મુનિઓને નિશ્ચયથી આલોચના છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૨૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(आर्या)

**मोहविलासविजृंभितमिदमुदयत्कर्म सकलमालोच्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते॥**

**શ્લોકાર્થ** : મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (-ઉદયમાં આવતું) કર્મ તે સમસ્તને આલોચીને (- તે સર્વ કર્મની આલોચના કરીને), હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ) નિરંતર વર્તું છું.

મોહના વિલાસથી ફેલાયેલું જે કર્મ અને રાગાદિભાવો તે હું નથી. હું તો કેવળ ચૈતન્યસ્વરૂપ છું -એમ આલોચન કરીને, હું મારા આત્માથી ચૈતન્યસ્વરૂપી આત્મામાં જ નિરંતર વર્તું છું. આનું નામ ખરી આલોચના છે. પહેલાં આવી ઓળખાણ કરવી જોઈએ. આવી ઓળખાણ ન કરે ત્યાં સુધી સમ્યગ્દર્શન પણ થાય નહિ, ને સમ્યગ્દર્શન વગર મુનિદશા કે સંવર હોય નહિ.

વળી ઉપાસકાધ્યયનમાં (શ્રી સમંતભદ્રસ્વામીકૃત રત્નકરંડ શ્રાવકાચારમાં ૧૨૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(आर्या)

**आलोच्य सर्वमेनः कृतकारितमनुमतं च निर्व्याजम्।**
**आरोपयेन्महाव्रतमामरणस्थायि निःशेषम्॥**

**શ્લોકાર્થ** : કરેલા, કરાવેલા અને અનુમોદેલા સર્વ પાપને કપટરહિતપણે આલોચીને, મરણપર્યંત રહેનારું, નિઃશેષ (-પરિપૂર્ણ) મહાવ્રત ધારણ કરવું.

જે કોઈ પુણ્ય-પાપના ભાવો છે તે બધાય મારું સ્વરૂપ નથી -એવા ભાનસહિત, સમસ્ત પાપ-ભાવોને કપટ રહિત આલોચીને મરણપર્યંત રહેનારું એવું શુદ્ધ મહાવ્રત ધારણ કરવું એમ અહીં મુનિદશાનો ઉપદેશ છે.

વળી આ ૧૦૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છેઃ-

**શ્લોક ૧૫૨**

(आर्या)

**आलोच्यालोच्य नित्यं सुकृतमसुकृतं घोरसंसारमूलं**
**शुद्धात्मानं निरुपधिगुणं चात्मनैवावलम्बे।**
**पश्चादुच्चैः प्रकृतिमखिलां द्रव्यकर्मस्वरूपां**
**नीत्वा नाशं सहजविलसद्बोधलक्ष्मीं व्रजामि॥ १५२॥**

**શ્લોકાર્થ** : ઘોર સંસારના મૂળ એવા સુકૃત અને દુષ્કૃતને સદા આલોચી આલોચીને હું નિરુપાધિક (-સ્વાભાવિક) ગુણવાળા શુદ્ધ આત્માને આત્માથી જ અવલંબુ છું. પછી દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિને અત્યંત નાશ પમાડીને સહજવિલસતી જ્ઞાનલક્ષ્મીને હું પામીશ. ॥ ૧૫૨ ॥

જુઓ, પુણ્ય અને પાપ એ બન્ને ભાવો ઘોર સંસારનું મૂળ છે. સ્વર્ગ અને નરક, મનુષ્ય અને તિર્યંચ એવો જે ઘોર સંસાર તેમાં રખડવાનું મૂળ પુણ્ય-પાપ છે. ચૈતન્યને ચૂકીને જેણે પુણ્ય-પાપની રુચિ કરી તે જીવ ઘોર સંસારમાં રખડે છે. અહીં શરીરની ક્રિયાની વાત નથી, પણ દયા-દાન-પૂજા વગેરેના શુભભાવ સુકૃત છે ને હિંસા-ચોરી વગેરે અશુભભાવ તે દુષ્કૃત છે, તે સુકૃત તેમજ દુષ્કૃત બન્નેને ઘોર સંસારનું મૂળ છે. પુણ્ય કરીને સ્વર્ગમાં જાય તો તે પણ સંસાર જ છે. એવા પુણ્ય અને પાપ એ બન્નેને સદા આલોચીને -એટલે કે તે મારું સ્વરૂપ નથી એમ સમજીને; પોતાના શુદ્ધ આત્માને અવલંબે છે તેમને સંવર થાય છે.



**માગશર વદ ૧૪, ગુરુવાર, ૨૭-૧૨-૫૧.**

આ પરમ આલોચનાનો અધિકાર ચાલે છે. આલોચના એટલે શું ? આત્મામાં એમ તપાસવું કે હું શુદ્ધ જ્ઞાનાનંદ છું, ને પુણ્ય-પાપ તે સંસારનું કારણ છે. તે મારું સ્વરૂપ નથી, - એમ નક્કી કરીને આત્મામાં એકાગ્ર થવું તેનું નામ આલોચના છે, ને તે સંવર છે.

પુણ્ય તે સુકૃત છે ને પાપ તે દુષ્કૃત છે, તે બન્ને ભાવો ઘોર સંસારનું મૂળ છે ને આત્માનો સ્વભાવ તે મોક્ષનું મૂળ છે. જેમ આકોલિયાંના મૂળને પાણી પાવામાં આવે તો આકોલિયાં પાકે. ને આંબાના મૂળને પાણી પાવામાં આવે તો આંબા પાકે છે, બન્નેના મૂળ જુદા છે. તેમ ચૈતન્યમૂર્તિ આત્મા મોક્ષનું મૂળ છે, તેની રુચિ કરતાં મોક્ષ પાકે છે, ને પુણ્ય-પાપ તે સંસારનું મૂળ છે. તેની રુચિનું પોષણ કરતાં ઘોર સંસારમાં પરિભ્રમણ થાય છે. પહેલાં આમ ઓળખે, પછી આત્માની આલોચના હોય. પુણ્યના ફળથી મળતી શેઠાઈ કે સ્વર્ગ, તે પણ ઘોર સંસાર છે, તેમાં ચૈતન્યનું સુખ નથી.

મારું ચિદાનંદ સ્વરૂપ અનાકુળ છે, પર તરફની શુભ કે અશુભ લાગણીઓ થાય તે આકુળતારૂપ છે, તે મારું સ્વરૂપ નથી. માટે તે શુભ-અશુભને છોડીને હું મારા નિરુપાધિક શુદ્ધ આત્માને જ અવલંબું છું. મોર શેમાંથી થાય ? ઈંડાના ફોતરાંમાંથી ન થાય પણ તેની અંદરના રસમાંથી મોર પાકે છે. તેમ ચૈતન્યમૂર્તિ આત્મામાં મોક્ષની શક્તિ ભરી છે, તે શક્તિમાંથી મોક્ષ પ્રગટે છે. પુણ્ય-પાપ તો ફોતરાં જેવા છે, તેમાંથી મોક્ષદશા થતી નથી. પુણ્ય-પાપ તો મારા સ્વરૂપની આડ છે. તે આડને ફોડીને અંદરની ચૈતન્યશક્તિમાં સ્થિર થવું તેનું નામ આલોચના, તેનું નામ સામાયિક, તેનું નામ પ્રતિક્રમણ ને તેનું નામ મુનિપણું છે.

મુનિરાજ કહે છે કે હું મારા શુદ્ધ આત્માને અવલંબું છું; પછી તેમાં એકાગ્રતાથી જ કર્મનો નાશ કરીને હું સહજ વિલસતી કેવળજ્ઞાનલક્ષ્મીને પામીશ.

અંતરમાં જ્ઞાયકમૂર્તિ-જ્ઞાનલક્ષ્મીનો ભંડાર ભર્યો છે. તેમાંથી જ સિદ્ધદશા પ્રગટ કરીને અનંત આત્માઓ સિદ્ધ થયા છે. સિદ્ધદશા બહારથી આવી નથી; માટે અંતર્મુખ જો. અંતર્મુખ જોતાં તને લાગશે કે મારા સ્વરૂપમાં વિકલ્પ નથી, અંતરમાં શક્તિનો પિંડ હું છું, તેના જ અવલંબને મારી સિદ્ધદશા પ્રગટે છે. અહીં મુનિરાજ કહે છે કે ચૈતન્યશક્તિની પ્રતીત કરીને હું તેને જ અવલંબું છું, તે શક્તિમાંથી હવે કેવળજ્ઞાન પ્રગટ્યા વિના રહે નહિ, તેથી હું અલ્પકાળે સહજ વિલસતી કેવળજ્ઞાન લક્ષ્મીને પામીને પરમાત્મા થઈશ. જુઓ, પોતાને પોતાની ખબર પડે કે હવે અલ્પકાળમાં મારી પરમાત્મદશા થશે. પુરુષાર્થ કરે તેને તેવી પ્રતીત થાય. માથે પાંચ મણ લોઢું મૂક્યું હોય, ભારથી માથું નમી ગયું હોય, ત્યાં સોળ કળાએ ખીલેલો ચંદ્ર ક્યાંથી દેખાય ? -ભાર નીચે મૂકીને માથું ઊંચું કરીને જુએ તો દેખાય ને ! પરના અભિમાનનો બોજો પડ્યો હોય ત્યાં ભગવાન ચૈતન્ય ક્યાંથી દેખાય ? અંદરમાં પરિપૂર્ણ ચૈતન્યસ્વભાવ છે તેની પ્રતીત કરીને તેનું અવલંબન કરવાથી નિશ્ચય આલોચના થાય છે.

હવે આલોચનાના ચાર પ્રકારો છે તે કહે છે.

**ગાથા ૧૦૮**

**आलोयणमालुंछण वियडीकरणं च भावसुद्धी य।**
**चउविहमिह परिकहियं आलोयणलक्खणं समए॥ १०८॥**

**आलोचनमालुंछनमविकृतिकरणं च भावशुद्धिश्च।**
**चतुर्विधमिह परिकथितं आलोचनलक्षणं समये॥ १०८॥**

**આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,**
**-આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮**

**અન્વયાર્થ** : **(इह)** હવે, **(आलोचनलक्षणं)** આલોચનાનું સ્વરૂપ **(आलोचनम्)** આલોચન, **(आलुंछनम्)** આલુંછન, **(अविकृतिकरणम्)** અવિકૃતિકરણ **(च)** અને **(भावशुद्धिः च)** ભાવશુદ્ધિ **(चतुर्विधं)** એમ ચાર પ્રકારનું **(समये)** શાસ્ત્રમાં **(परिकथितम्)** કહ્યું છે.

પોતે પોતાના દોષો સૂક્ષ્મતાથી જોઈ જવા અથવા ગુરુ પાસે પોતાના દોષોનું નિવેદન કરવું તે વ્યવહાર આલોચના છે. નિશ્ચય આલોચનાનું સ્વરૂપ ૧૦૯મી ગાથામાં કહેવામાં આવશે.

સ્વભાવને સ્વભાવ તરીકે જાણે અને દોષને દોષ તરીકે જાણે તો આલોચના કરીને દોષને ટાળે, પણ જે જીવ દોષને જ ગુણ માને તે જીવ દોષની આલોચના કઈ રીતે કરે ?

પહેલાં પુણ્ય-પાપ દોષ છે તે મારા સ્વરૂપમાં નથી, એમ સમજીને સ્વરૂપમાં ઠરીને પુણ્ય-પાપને ઊખેડી નાખવા તે આલુંછન છે.

પુણ્ય-પાપની વિકૃતિને ટાળીને આત્માને વિકાર રહિત કરવો તે અવિકૃતિકરણ છે અને ચૈતન્યના અવલંબને ભાવોની શુદ્ધતા પ્રગટે તે ભાવશુદ્ધિ છે. આ ચાર ભેદ વ્યવહારથી છે. ખરેખર તો ચૈતન્યનું અવલંબન લઈને ઠર્યો તેમાં તે ચારે પ્રકાર આવી જાય છે.

ભગવાનના દિવ્યધ્વનિમાંથી ઝીલીને ગણધરદેવે જે શાસ્ત્રો રચ્યા તેમાં આલોચનાના ચાર પ્રકાર કહ્યા છે.

ભગવાનનો દિવ્યધ્વનિ કેવો છે ?

‘‘ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો, (શ્રવણ માટે આવેલ) સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો, સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ...’’



મહા ભાગ્યવાન હોય તેને ત્રિલોકનાથની વાણી સાંભળવાનું સૌભાગ્ય મળે. ભગવાનના સમવસરણમાં જેટલા જીવો જાય તે બધાય સમાઈ જાય, ને બધાયને ભગવાનનો દિવ્યધ્વનિ પોતપોતાની ભાષામાં સંભળાય છે. ભગવાનનો દિવ્યધ્વનિ તો અનક્ષરાત્મક છે; જેમ ભમરાનો ગૂંજારવ છે તેમાં અક્ષર નથી, તેમ ભગવાનની વાણી અનક્ષરાત્મક છે, અખંડધ્વનિ સર્વ પ્રદેશેથી ઊઠે છે; ને બધા જીવો તે સાંભળે છે. વળી તે ધ્વનિ સુંદર આનંદઝરતી છે; વાણીમાં કાંઈ આનંદ નથી, પણ તે વાણી આનંદમૂર્તિ આત્માને જણાવે છે ને સાંભળનારા તે ઝીલે છે, તેથી વાણીને પણ સુંદર આનંદઝરતી કહી છે. ભગવાનની વાણીનો સાર તો આત્માનો આનંદ ઝરે તે છે. અહો ! ભગવાનનો ધ્વનિ તો આત્માના આનંદને જ પમાડવામાં નિમિત્ત છે. માટે ભગવાનનો ધ્વનિ જ જાણે કે આનંદથી ભરેલો હોય ! -એમ કહ્યું છે. એ રીતે ભગવાનના દિવ્યધ્વનિનું વર્ણન કર્યું.

એવો ‘‘જે દિવ્યધ્વનિ, તેના પરિજ્ઞાનમાં કુશળ ચતુર્થજ્ઞાનધર(મનઃપર્યયજ્ઞાનધારી) ગૌતમમહર્ષિના મુખકમળથી નીકળેલી જે ચતુર વચનરચના, તેના ગર્ભમાં રહેલાં રાદ્ધાંતાદિ (-સિદ્ધાંતાદિ) સમસ્ત શાસ્ત્રોના અર્થસમૂહના સારસર્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો છે.’’

તે દિવ્યધ્વનિના પરિજ્ઞાનમાં કુશળ શ્રી ગણધરદેવ છે. મહાવીર ભગવાનનો દિવ્યધ્વનિ ઝીલનારા શ્રી ગૌતમ ગણધરદેવે બાર અંગની ચતુર રચના કરી. તેના ગર્ભમાં રહેલાં સિદ્ધાંતાદિ સમસ્ત શાસ્ત્રનો સાર તો એ છે કે અંતર્મુખ અવલોકન કરીને એકાગ્ર થવું. ભગવાનનો દિવ્યધ્વનિ ઝીલીને ગણધરદેવે જે શાસ્ત્રો રચ્યાં, તે બધાનો સાર તો આ છે કે તારા પરમાનંદમૂર્તિ આત્માને જો, ને તેના આનંદમાં લીન થા ! એ સિવાય પુણ્ય-પાપ-આસ્રવ તે સારભૂત નથી. વીતરાગની વાણી કહે છે કે અંતર્મુખ થઈને શુદ્ધ આત્માનું આલોચન કર, તે જ સાર છે. રાગાદિ વ્યવહાર છે તે ખરેખર સારભૂત નથી. ચોવીસે કલાક ચૈતન્યની રુચિ કરીને તેની આલોચના કરવી તે જ સાર છે. સમ્યગ્જ્ઞાનચક્ષુ વડે અંતરમાં શુદ્ધ આત્માનું અવલોકન કરવું તે જ બધાં શાસ્ત્રનો સાર છે; તેને આલોચના કહો, સંવર કહો કે ધર્મ કહો. શાસ્ત્રો ભણીને તેનો સાર એ જ કાઢજે. ચરણાનુયોગ કે દ્રવ્યાનુયોગ - બધાય શાસ્ત્રોનો સર્વસ્વ સાર એ છે કે તારા જ્ઞાયકમૂર્તિને અંતરમાં દેખ ! ભગવાનના દિવ્યધ્વનિમાં તેવું રહસ્ય નીકળ્યું, ગણધરોએ રચેલાં શાસ્ત્રોના ગર્ભમાં પણ તેવો સાર છે.

આ નિશ્ચય પરમ આલોચનાના ચાર પ્રકાર છે - આલોચના, આલુંછના, અવિકૃતિકરણ અને ભાવશુદ્ધિ; તેનું સ્વરૂપ હવેના ચાર સૂત્રોમાં કહેવાશે.

હવે આ ૧૦૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

### શ્લોક ૧૫૩

(इन्द्रवज्रा)

आलोचनाभेदममुं विदित्वा
मुक्त्यंगनासंगमहेतुभूतम्।
स्वात्मस्थितिं याति हि भव्यजीवः
तस्मै नमः स्वात्मनि निष्ठिताय॥ १५३॥

**શ્લોકાર્થ** : મુક્તિરૂપી સ્ત્રીના સંગમના હેતુભૂત એવા આ આલોચનાના ભેદોને જાણીને જે ભવ્ય જીવ ખરેખર નિજ આત્મામાં સ્થિતિ પામે છે, તે સ્વાત્મનિષ્ઠિતને (-તે નિજાત્મામાં લીન ભવ્ય જીવને) નમસ્કાર હો. ॥ ૧૫૩ ॥

આલોચના પર્યાયને મુક્તિનું કારણ કહ્યું તે વ્યવહારથી છે. ખરેખર તો શુદ્ધ દ્રવ્યના આશ્રયે જ આલોચના પ્રગટે છે તેથી મોક્ષનું મૂળ કારણ તો તે શુદ્ધ દ્રવ્ય છે. એવા આત્મામાં જેઓ લીનપણે વર્તે છે તેવા સ્વાત્મનિષ્ઠિત સંતોને નમસ્કાર હો.



આલોચનાના ચાર પ્રકારમાંથી પ્રથમ 'આલોચના'નું સ્વરૂપ કહે છે :-

### ગાથા ૧૦૯

**जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं।**
**आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं॥ १०९॥**

**यः पश्यत्यात्मानं समभावे संस्थाप्य परिणामम्।**
**आलोचनमिति जानीहि परमजिनेन्द्रस्योपदेशम्॥ १०९॥**

**સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,**
**તે જીવ છે આલોચના -જિનવરવૃષભ- ઉપદેશ છે. ૧૦૯.**

**અન્વયાર્થ** : (**यः**) જે (જીવ) (**परिणामम्**) પરિણામને (**समभावे**) સમભાવમાં (**संस्थाप्य**) સ્થાપીને (**आत्मानं**) (નિજ) આત્માને (**पश्यति**) દેખે છે, (**आलोचनम्**) તે આલોચન છે (**इति**) એમ (**परमजिनेन्द्रस्य**) પરમ જિનેંદ્રનો (**उपदेशम्**) ઉપદેશ (**जानीहि**) જાણ.

આચાર્યદેવે પરિણામને સમભાવમાં સ્થાપવાનું કહ્યું તેમાંથી ટીકાકાર કારણપરમાત્માની વાત કાઢશે. જે જીવ પરિણામને અંતરમાં સ્થાપીને આત્માને દેખે છે તે જ આલોચના છે. -આવો પરમ જિનેંદ્રનો ઉપદેશ તું જાણ ! આચાર્યદેવ કહે છે કે પહેલાં તું જાણ, કે વીતરાગદેવ આલોચના કોને કહે છે ? એમ જાણીને તું તારા વીતરાગપરિણામને આત્મામાં સ્થાપ. વર્તમાનભાવ જ્યાં અંતર્મુખ વળ્યો ને સ્વભાવનો સ્વીકાર થયો ત્યાં જ આલોચના છે, ને તેમાં પરમ સમતાભાવ છે. આત્માના સ્વભાવ તરફ વળ્યો ત્યાં પરમ સમતાભાવના થઈ, તેને ભગવાન આલોચના કહે છે.

જે જીવ પોતાના કારણપરમાત્માને અંતરમાં અવલોકે છે તેને આલોચના કહે છે -એમ અહીં કહે છે. ''સહજ વૈરાગ્યરૂપી અમૃતસાગરના ફીણ-સમૂહના શ્વેત શોભામંડળની વૃદ્ધિના હેતુભૂત પૂર્ણ ચંદ્ર સમાન (અર્થાત્ સહજ વૈરાગ્યમાં ભરતી લાવીને તેની ઉજ્જવળતા વધારનાર) જે જીવ સદા અંતર્મુખાકાર (-સદા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા), અતિ અપૂર્વ, નિરંજન નિજબોધના સ્થાનભૂત કારણપરમાત્માને નિરવશેષપણે અંતર્મુખ નિજ સ્વભાવનિરત સહજ-અવલોકન વડે નિરંતર દેખે છે (અર્થાત્ જે જીવ કારણપરમાત્માને સર્વથા અંતર્મુખ એવું જે નિજ સ્વભાવમાં લીન સહજ-અવલોકન તેના વડે નિરંતર દેખે છે-અનુભવે છે).''

જુઓ, આ આલોચના ! મુનિને આવી આલોચના હોય છે, તે મુનિ કેવા છે ? કે સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર આત્મા છે તેને ઊછાળવાને પૂર્ણ ચંદ્ર સમાન છે. જેમ ચંદ્ર સમુદ્રમાં ભરતી લાવે છે તેમ અંતરમાં શક્તિનો ભંડાર આત્મા સહજ વીતરાગતાથી ભરેલો સમુદ્ર છે. મુનિઓ તેમાં એકાગ્ર

થઈને વૈરાગ્યની ભરતી લાવે છે - સહજ વૈરાગ્યને ઊછાળીને પર્યાયમાં પ્રગટ કરે છે, ને તેની ઉજ્જવળતા વધારે છે.

જુઓ ! આ મુનિઓ જંગલમાં વસતાં ટીકા કરી છે, ટીકા કરતાં કરતાં પોતે વૈરાગ્યના સમુદ્રને ઊછાળ્યો છે !

સહજ વૈરાગ્ય સમુદ્રને ઊછાળનાર મુનિઓને કેવા આત્માનું અવલોકન હોય છે ? ભગવાન આત્મા સદા અંતર્મુખ છે, અતિ અપૂર્વ, નિરંજન અને નિજબોધના આધારભૂત એવો કારણપરમાત્મા છે, તેને સર્વથા અંતર્મુખ સહજ અવલોકન વડે જે મુનિઓ અવલોકે છે તેને ભગવાન સંવર અને આલોચના કહે છે.

## માગશર વદ ૧૫, શુક્રવાર, ૨૮-૧૨-૫૧.

શ્રી સમયસાર હરિગીતની સ્વાધ્યાય હતી.

## પોષ સુદ ૧, શનિવાર, ૨૯-૧૨-૫૧.

આ આલોચના અધિકાર છે; આલોચના એ સંવર છે. જે ત્રિકાળી શક્તિરૂપ કારણપરમાત્મા છે તેમાં અંતર્મુખ થઈને તેને જે દેખે છે તેને સંવર અને આત્મધર્મ થાય છે. હું ચિદાનંદ આત્મા છું -એમ સમજીને તેમાં જે લીન થાય છે તેને જ ખરેખર આલોચના હોય છે; અંતરમાં આત્માના અવલોકનથી જ મોક્ષમાર્ગ છે; બહારના અવલોકનથી કે દેહની ક્રિયાથી મોક્ષમાર્ગ નથી. **'સિદ્ધ સમાન સદા પદ મેરો'** જેવા સિદ્ધ પરમાત્મા છે તેવો જ હું શક્તિરૂપ કારણપરમાત્મા છું -એમ પ્રથમ પ્રતીત કરીને તેમાં એકાગ્ર થઈને અવલોકન કરવું તેનું નામ **'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः'** છે.

પહેલાં જેણે પોતાના શુદ્ધ આત્માને જાણ્યો છે તે જીવ પુણ્ય-પાપના વિષમ પરિણામો છોડીને, સમતાવલંબી થઈને અંતર્મુખ આત્માને અવલોકે છે તે જીવને આલોચના-ધર્મ છે; પ્રથમ, જગતનો કોઈ પદાર્થ મને અનુકૂળ કે પ્રતિકૂળ નથી, હું તો નિર્વિકલ્પ જ્ઞાયકમૂર્તિ છું -એમ શ્રદ્ધામાં પરમ સમતા પ્રગટ કરવી તે સમ્યગ્દર્શનધર્મ છે, ને પછી પોતાના પરિણામને અંતર્મુખ સ્વભાવમાં લીન કરીને પરમ સમતાનું અવલંબન કરીને જે જીવ અંતરમાં પોતાના આત્માને અવલોકે છે તે જીવને નિશ્ચયથી આલોચના છે. હે જીવ ! જિનેંદ્રદેવે કહેલું આવું આલોચનાનું સ્વરૂપ તું જાણ !

આમ, આલોચનાના ચાર ભેદોમાંથી પ્રથમ ભેદ કહ્યો.

હવે આ ૧૦૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોક કહે છે :-



## શ્લોક ૧૫૪

(स्रग्धरा)

**आत्मा ह्यात्मानमात्मन्यविचलनिलयं चात्मना पश्यतीत्थं**
**यो मुक्तिश्रीविलासानतनुसुखमयान् स्तोककालेन याति।**
**सोऽयं वंद्यः सुरेशैर्यमधरततिभिः खेचरैर्भूचरैर्वा**
**तं वंदे सर्ववंद्यं सकलगुणनिधिं तद्गुणापेक्षयाहम्॥ १५४॥**

**શ્લોકાર્થ** : આ પ્રમાણે જે આત્મા આત્માને આત્મા વડે આત્મામાં અવિચળ રહેઠાણવાળો દેખે છે, તે અનંગ-સુખમય (અતીન્દ્રિય આનંદમય) એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને અલ્પકાળમાં પામે છે. તે આત્મા સુરેશોથી, સંયમધરોની પંક્તિઓથી, ખેચરોથી(-વિદ્યાધરોથી) અને ભૂચરોથી (-ભૂમિગોચરીઓથી) વંદ્ય છે. હું તે સર્વવંદ્ય સકળગુણનિધિને (-સર્વથી વંદ્ય એવા સમસ્ત ગુણોના ભંડારને) તેના ગુણોની અપેક્ષાથી (-અભિલાષાથી) વંદું છું. ॥ ૧૫૪ ॥

આત્માને આત્મામાં એકાગ્ર થઈને જે જીવ દેખે છે તેને સંવરધર્મ થાય છે. કોઈ ઇન્દ્રિયથી, મનથી કે રાગથી દેખવાની વાત નથી કરી પણ અંતર્મુખ થઈને આત્મા વડે જે પોતાના આત્માને અંતરમાં અવલોકે છે તે અતીન્દ્રિય મુક્તિસુખને પામે છે. પર્યાયના અવલંબને પણ આત્માનું અવલોકન થતું નથી, અભેદ આત્માના અવલંબને જ આત્માને જે દેખે છે તે અલ્પકાળમાં મુક્તિસુખ પામે છે.

અહીં તો 'આત્મા'ની જ વાત છે; અંતર્મુખ આત્માની પ્રતીતિ, તેનું વેદન અને તેમાં લીનતા કરવી તે જ મુક્તિસુખનો ઉપાય છે. દ્રવ્યના જ આશ્રયે મુક્તિમાર્ગ છે. 'વર્તમાન'ને ધ્રુવ જ્ઞાયકતત્ત્વમાં વાળીને તેની સાથે એકતા કરવી તે જ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-આલોચના છે. આલોચનાની છેલ્લી ગાથામાં કહેશે કે ''યોગ્ય સ્થળે ધનવ્યયનો અભાવ તે લોભ છે.'' તેનો શું અર્થ ? કે લક્ષ્મી ખર્ચવાનો ભાવ તે પણ પુણ્યવિકલ્પ છે, રાગ છે, તે કાંઈ ધર્મ નથી પણ યોગ્ય સ્થળ ક્યાં છે એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા અને પ્રભાવના કઈ રીતે વધે ? -એવા યોગ્ય સ્થળનો વિવેક કરવાની વાત છે. સંસારના કામમાં લાખો રૂપિયા હોંશથી ખર્ચે અને ધર્મની પ્રભાવનાના કાર્યમાં કંજુસાઈ કરે તો તે મોટો લોભી છે, એટલે તેને સંવર થતો નથી. અહીં તો સામસામી બે લક્ષ્મીની વાત છે - એક આત્માની મુક્તિરૂપી લક્ષ્મી અને બીજી જડ લક્ષ્મી; જેને ચૈતન્યની મુક્તિલક્ષ્મીની પ્રીતિ જાગે તેને જડ લક્ષ્મી પ્રત્યેની તીવ્ર મમતા ઘટ્યા વગર રહે નહિ. એટલે યોગ્ય સ્થળમાં - દેવગુરુધર્મની પ્રભાવના વગેરે પ્રસંગમાં તેને લક્ષ્મીનો વ્યય કરવાના ભાવ આવ્યા વિના રહેતા નથી. જેને યોગ્યતાનો વિવેક નથી તેને સંવર ક્યાંથી થાય ? પણ એમ ન સમજવું કે લક્ષ્મી ખર્ચવાના શુભ રાગથી ધર્મ થઈ જાય છે. ધર્મ તો અંતર્મુખ આત્માની પ્રતીત, જ્ઞાન અને રમણતામાં જ છે. જે જીવ એવા ચૈતન્યને અવલંબીને તેને દેખે છે તે અલ્પકાળમાં મુક્તિલક્ષ્મી પામે છે, ને તે જીવ મુનિઓથી, દેવેંદ્રોથી,

વિદ્યાધરોથી અને રાજાઓથી વંદ્ય થાય છે. તેવા સકળગુણનિધિ અને સર્વથી વંદ્ય આત્માને હું વંદું છું, તેમના ગુણોની અપેક્ષાથી તેમને નમસ્કાર કરું છું.

**શ્લોક ૧૫૫**

(मन्दाक्रान्ता)

**आत्मा स्पष्टः परमयमिनां चित्तपंकेजमध्ये**
**ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तपुंजाः पुराणः।**
**सोऽतिक्रान्तो भवति भविनां वाङ्मनोमार्गमस्मि-**
**न्नारातीये परमपुरुषे को विधिः को निषेधः॥ १५५॥**

**શ્લોકાર્થ** : જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપતિમિરના પુંજનો નાશ કર્યો છે અને જે પુરાણ (સનાતન) છે એવો આત્મા પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે. તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત (-વચન અને મનના માર્ગથી અગોચર) છે. આ નિકટ પરમપુરુષમાં વિધિ શો અને નિષેધ શો ? ॥ ૧૫૫ ॥

કેવો છે ભગવાન આત્મા ? ત્રિકાળી ધ્રુવ ચૈતન્યમૂર્તિ આત્મામાં પાપ કે પુણ્ય નથી; તેણે જ્ઞાનજ્યોતિ વડે પુણ્ય-પાપના અંધકારનો નાશ કર્યો છે. જેમ સૂર્યમાં અંધારાનો અભાવ છે, તેમ ચૈતન્યસૂર્યની જ્ઞાનજ્યોતમાં પુણ્ય-પાપરૂપી અંધકારનો અભાવ જ છે; માટે તેણે પુણ્ય-પાપનો નાશ કર્યો છે એમ કહ્યું. પર્યાયદૃષ્ટિમાં એક સમયનો વિકાર છે પણ સ્વભાવદૃષ્ટિમાં સંસાર છે જ નહિ; એવી વસ્તુના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેનું અવલોકન કરવું તેનું નામ સંવર છે. જ્ઞાનમૂર્તિ આત્મા અનાદિ સનાતન છે; પરમ સંયમી મુનિઓના ચિત્તકમળમાં તે ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા સ્પષ્ટ છે. સમ્યગ્દૃષ્ટિને પણ ભાન છે, પણ વિશેષ લીનતા નથી. મુનિઓને વિશેષ લીનતા છે તેથી તેમના જ્ઞાનમાં તે સ્પષ્ટ છે; વળી તે આત્મા સંસારી જીવોના મન-વચનના માર્ગથી દૂર છે એટલે કે મન કે વચનના અવલંબને તે ભગવાન આત્મા અનુભવમાં આવતો નથી, તે તો જ્ઞાનમાર્ગથી જ ગમ્ય થાય તેવો છે. જ્ઞાનને અંતરમાં લઈ જાય તો આત્મા જાણાય તેવો છે. સર્વજ્ઞ વીતરાગનો દિવ્યધ્વનિ કે તે તરફનો મનનો વિકલ્પ - તેનાથી પણ આત્મા અતિક્રાંત છે, તે તો અંતરના જ્ઞાનથી જ અનુભવાય તેવો છે. આવો ચૈતન્યમૂર્તિ આત્મા અનુભવમાં અત્યંત નિકટ છે, તે નિકટ પરમ પુરુષમાં વિધિ શો અને નિષેધ શો ? એટલે આ કરું ને આ છોડું એવો વિકલ્પ તેમાં નથી.

વળી ૨૬૦મા પાને કહેશે કે ''નિત્ય સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો અને નિષેધ શો ? એટલે કે સમરસસ્વભાવી આત્મતત્ત્વમાં 'આ કરવા જેવું છે અને આ છોડવા જેવું છે' એવા વિધિ-નિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી તે આત્મતત્ત્વને દૃઢપણે આલંબનાર મુનિને સ્વભાવ-પરિણમન



થવાને લીધે સમરસરૂપ પરિણામ થાય છે, વિધિનિષેધના વિકલ્પરૂપ-રાગદ્વેષરૂપ પરિણામ થતાં નથી.''

આ કરું અને આ છોડું - એવા વિકલ્પો આત્માના અનુભવમાં નથી. જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા જ જેને નિકટ વર્તે છે, તે પુરુષને 'આ આદરું ને આ છોડું' એવા વિકલ્પો નથી. આત્માના સ્વરૂપમાં વિધિ-નિષેધના વિકલ્પો નથી.

પદ્મપ્રભમુનિરાજ મહા અધ્યાત્મમસ્ત ભાવલિંગી સંત હતા. તે કહે છે કે અહો ! આ ભગવાન આત્માના સ્વભાવમાં વિધિ અને નિષેધ કોનો કરવો ? ધ્રુવ આત્મામાં વિધિ-નિષેધના વિકલ્પો નથી. જુઓ ! સૂત્રમાં 'સમતાભાવ'ની વાત કરી, તે ઉપરથી ટીકામાં કહ્યું કે ભગવાન આત્મામાં વિધિ-નિષેધના વિકલ્પો કેવા ? વિધિ અને નિષેધના વિકલ્પ તે વિષમભાવ છે, ને જ્ઞાયકમૂર્તિ સનાતન આત્માને જ દૃષ્ટિમાં લઈને, તેને જ નિકટ કરીને, તેના અવલંબનમાં જે પડ્યા છે તેને 'આ કરું ને આ ન કરું' એવા વિધિ-નિષેધની રાગજાળ નથી.

આમ કહીને આ પદ્યમાં (૧૦૯મી ગાથામાં) પરમ જિનયોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યદેવ વ્યવહાર આલોચનાના પ્રપંચનો ઉપહાસ કર્યો છે. ''આવું પાપ લાગ્યું ને આટલો દોષ થઈ ગયો તેને હવે છોડું'' એવા જે વ્યવહાર આલોચનાના વિકલ્પોનો વિસ્તાર - તેની મશ્કરી કરે છે કે અરે ! ચૈતન્યના આગંણે વળી આવા શુભ વિકલ્પો શા ? અરે ! જ્ઞાનમૂર્તિ ચૈતન્યના અવલોકનમાં આવા શુભ વિકલ્પનું શું કામ ? અમારે તો પરમાર્થ ચૈતન્યના આશ્રયે શુદ્ધતા ને આલોચના થઈ જાય છે. જુઓ, આ વ્યવહારની ઠેકડી ! નિશ્ચય સ્વભાવના આશ્રયે જ અમે તો પડ્યા છીએ, તેના જ અવલંબને અમને શુદ્ધતા થઈ જાય છે, માટે તે જ પરમાર્થે આલોચના છે.

મૂળ સૂત્રમાં નિશ્ચય આલોચનાનું સ્વરૂપ કહીને ''આવું આલોચનાનું સ્વરૂપ છે એમ, હે શિષ્ય! તું પરમ જિનનાથના ઉપદેશ દ્વારા જાણ !'' -એમ કહ્યું છે. તેમાંથી ટીકાકારે આ આશય કાઢ્યો છે કે અહો ! ભગવાન કુંદકુંદાચાર્યદેવે તો ચૈતન્યના અવલોકનને જ આલોચના કહીને, વ્યવહાર આલોચનાના વિકલ્પોની મશ્કરી કરી છે. અજ્ઞાનીઓ કહે છે કે વ્યવહારનું અવલંબન બતાવો ! અહીં તો કહે છે કે વ્યવહારનું અવલંબન કેવું ? તેનો તો ચૈતન્યના અવલંબનમાં નિષેધ છે. જેનો અભાવ થાય તેનો આદર શો ? અજ્ઞાની કહે છે કે ''અરે ! તમે વ્યવહારને ઢીલો કરીને ઉથાપો છો ને નિશ્ચયને ગળે વળગો છો'' -પણ ભાઈ ! તું જો તો ખરો કે અહીં આચાર્ય ભગવાન પણ કહે છે કે નિશ્ચય સ્વભાવના અવલંબને જ સંવર છે -એમ જિનદેવે કહ્યું છે. વ્યવહાર અને વિકલ્પ વડે સંવર થતો નથી. જિનેંદ્રદેવનો ઉપદેશ તો એમ છે કે અંતરમાં જે ચૈતન્યસ્વભાવને સમતાભાવથી અવલોકે છે તેને જ આલોચના છે. એમ કહીને વ્યવહારની તો મશ્કરી કરી છે. એટલે કે વિધિ-નિષેધના જે વિકલ્પો તેને નિરસ્ત કર્યા છે-દૂર કર્યા છે, વ્યવહારના વિકલ્પો આવે પણ તેના અવલંબને મુક્તિમાર્ગ નથી.

છેલ્લે ૩૧૧મા શ્લોકમાં કહેશે કે ''જેણે હેયવૃત્તિને નિરસ્ત કરી છે....'' વ્યવહારના શુભ વિકલ્પો ઊઠે તે પણ હેયવૃત્તિ છે. તેને પણ નિરસ્ત કરીને શુદ્ધ સહજ પરમાત્મતત્ત્વનું અવલંબન કરવું તે આ શાસ્ત્રનો અને ટીકાનો સાર છે.

વ્રતાદિના શુભભાવ કરે તેથી કાંઈ ધર્મની ઉત્પત્તિ, સ્થિતિ કે વૃદ્ધિ થતી નથી. પણ સમ્યગ્દર્શનથી જ એટલે કે સમ્યગ્દર્શનના વિષયરૂપ ધ્રુવ આત્માના આશ્રયથી જ ધર્મની ઉત્પત્તિ, સ્થિતિ અને વૃદ્ધિ થાય છે. રત્નકરંડ શ્રાવકાચારમાં ૩૨મા શ્લોકમાં પણ સમ્યગ્દર્શનનું ઉત્કૃષ્ટપણું બતાવતાં કહે છે કેઃ-

**વિદ્યાવૃત્તસ્ય સંભૂતિસ્થિતિવૃદ્ધિફલોદયાઃ ।**
**ન સંત્યસતિ સમ્યક્ત્વે બીજાભાવે તરોરિવ ॥**

વિદ્યા એટલે સમ્યગ્જ્ઞાન અને વ્રત એટલે ચારિત્ર તેની ૧) ઉત્પત્તિ ૨) સ્થિતિ ૩) વૃદ્ધિ તેમ જ ૪) ફળ સમ્યક્ત્વ વગર થતાં નથી; જેમ બીજના અભાવમાં વૃક્ષની ઉત્પત્તિ-સ્થિતિ-વૃદ્ધિ કે ફળ થતાં નથી તેમ સમ્યક્ત્વરૂપી બીજ વગર ધર્મના ઝાડના ઉત્પત્તિ-સ્થિતિ-વૃદ્ધિ કે ફળ થતાં નથી.

ચિદાનંદમૂર્તિ આત્માના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે, તે સમ્યગ્દર્શન જ મોક્ષમાર્ગનો કર્ણધાર છે - ખેવટિયો છે. તે સમ્યગ્દર્શન વગર જ્ઞાન-ચારિત્રની ઉત્પત્તિ થતી નથી, સ્થિતિ થતી નથી, વૃદ્ધિ થતી નથી, તેમ જ ફળ પણ થતું નથી. જેમ બીજ વગર ઝાડના ઉત્પત્તિ-સ્થિતિ-વૃદ્ધિ કે ફળ થતાં નથી તેમ સમ્યગ્દર્શન વગર જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ કે મોક્ષફળ થતું નથી.

સમ્યગ્દર્શન ધ્રુવ ચિદાનંદ વસ્તુને જ અવલંબનારું છે. એટલે તે ધ્રુવ ચૈતન્યવસ્તુના અવલંબન સિવાય મોક્ષમાર્ગ પ્રગટતો નથી, ટકતો નથી, વધતો નથી ને મુક્તિફળ આવતું નથી.

૩૧મા શ્લોકમાં પણ રત્નત્રયમાં સમ્યગ્દર્શનનું સર્વોત્કૃષ્ટપણું બતાવ્યું છે. જેમ સમુદ્રમાં વહાણને ખેવટિયો પાર લઈ જાય છે તેમ અપાર સંસારસમુદ્રમાં રત્નત્રયરૂપી જહાજને પાર કરવામાં સમ્યગ્દર્શન ચતુર ખેવટિયો છે, તે મોક્ષમાર્ગનો કર્ણધાર છે. સમ્યગ્દર્શન વગરના જ્ઞાન-ચારિત્રને પત્થરના બોજા સમાન ગણ્યા છે, ને સમ્યગ્દર્શન સહિત જ્ઞાન-ચારિત્રને મણિ સમાન ગણ્યા છે, તેનાથી જ જીવનું કલ્યાણ છે.

વળી ૩૩મા શ્લોકમાં કહે છે કે સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ મોક્ષમાર્ગમાં સ્થિત છે ને મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી મોક્ષમાર્ગી નથી, તેથી તે મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી મુનિ કરતાં પણ સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ શ્રેષ્ઠ છે. માટે ત્રણ લોકમાં જીવને સર્વોત્કૃષ્ટ હિતકારી સમ્યગ્દર્શન સમાન બીજું કોઈ નથી. આ સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવદ્રવ્ય છે.

આ રીતે ધ્રુવસ્વભાવનું અવલંબન તે જ મોક્ષમાર્ગ છે - આમ કહીને આચાર્યદેવે વ્યવહારમાર્ગની



મશ્કરી કરી છે, એટલે કે તે વ્યવહારના અવલંબને મુક્તિમાર્ગ નથી -એમ બતાવ્યું છે.

**પોષ સુદ ૨, રવિવાર, ૩૦-૧૨-૫૧.**

આ આલોચનાનું વર્ણન છે, નિશ્ચયથી પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવને ઓળખીને તેનું અવલંબન કરવું તે જ આલોચના છે. તેથી તે સહજ સ્વભાવનો અહીં મહિમા કરે છે :-

**શ્લોક ૧૫૬**

(पृथ्वी)

**जयत्यनघचिन्मयं सहजतत्त्वमुच्चैरिदं**
**विमुक्तसकलेन्द्रियप्रकरजातकोलाहलम्।**
**नयानयनिकायदूरमपि योगिनां गोचरं**
**सदा शिवमयं परं परमदूरमज्ञानिनाम्॥ १५६॥**

**શ્લોકાર્થ** : જે સકળ ઈન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતાં કોલાહલથી વિમુક્ત છે, જે નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં યોગીઓને ગોચર છે, જે સદા શિવમય છે, ઉત્કૃષ્ટ છે અને જે અજ્ઞાનીઓને પરમ દૂર છે, એવું આ અનઘચૈતન્યમય સહજતત્ત્વ અત્યંત જયવંત છે. ॥૧૫૬॥

કેવું છે સહજ શુદ્ધ આત્મતત્ત્વ ? કે આ જડ ઈન્દ્રિયોથી તો જુદું છે, ને અંદરની ખંડખંડરૂપ જે ભાવેન્દ્રિય તેમનાથી ઉત્પન્ન થતાં સંકલ્પ-વિકલ્પરૂપ કોલાહલથી પણ તે રહિત છે, ઈન્દ્રિયો તરફના આશ્રયથી તો વિકલ્પનો કોલાહલ ઉત્પન્ન થાય છે, અંતર્મુખ ચૈતન્યવસ્તુમાં ઈન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતો કોલાહલ નથી, એટલે ચૈતન્યના અવલંબનમાં જ શાંતિની ઉત્પત્તિ થાય છે, ને અશાંતિનો વ્યય થાય છે, એનું નામ ધર્મ છે. ચૈતન્યનું વલણ બહારમાં -ઈન્દ્રિય વિષયોમાં જાય તે બધોય કોલાહલ જ છે, પછી ભલે શુભભાવ હો કે અશુભભાવ હો; ભગવાન આત્મા તો તે શુભાશુભ વિકલ્પોના કોલાહલથી રહિત છે; તે જ ધ્રુવપણે જયવંત વર્તે છે, તેના જ અવલંબનથી ધર્મ પ્રગટે છે.

વળી તે સહજ ચૈતન્યમૂર્તિ આત્મા નય અને અનય (કુનય)ના સમૂહથી દૂર હોવા છતાં યોગીઓને ગોચર છે. આવો છતો પદાર્થ અંતરમાં બિરાજમાન છે તેનુ અવલંબન કર ને અધ્રુવભાવોનું અવલંબન છોડ તો ધ્રુવના આશ્રયે સંવર પ્રગટે છે. નયોના જે વિકલ્પો તેનાથી આત્મા રહિત છે; વ્યવહારના વિકલ્પોથી તો આત્મા દૂર છે ને 'હું જ્ઞાયક છું' એવો જે નિશ્ચયનયનો વિકલ્પ તેનાથી પણ આત્મા દૂર છે. ''નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'' તેમાં જે નિશ્ચયનય કહ્યો છે તેની અહીં વાત નથી. તે નિશ્ચયનય તો અંતરમાં ધ્રુવ સ્વરૂપમાં અભેદ પરિણમી ગયો છે, અને અહીં તો વિકલ્પવાળા નિશ્ચયનયની વાત છે. તે વિકલ્પથી આત્મતત્ત્વ અનુભવમાં આવતું નથી માટે આત્માને નિશ્ચયનયથી પણ દૂર કહ્યો છે.

યોગીઓને અંતરમાં નિર્વિકલ્પ અનુભવમાં તે આત્મા ગોચર છે. રાગ વગરના શુદ્ધનયથી તો આત્મા ગોચર છે, જે જીવ ભેદજ્ઞાન કરીને આત્માનો અનુભવ કરે છે તે જીવોને તો આત્મા ગમ્ય છે, જ્ઞાનના સ્વસંવેદનમાં આવે તેવો છે. વિકલ્પનો નિષેધ કરવા માટે અહીં નયોથી અગોચર કહ્યો છે. આચાર્ય ભગવાન તો કહે છે કે શુદ્ધ આત્માનું જે વીતરાગી અવલોકન તે જ ખરેખર આલોચના છે - એમ સર્વજ્ઞદેવના ઉપદેશ દ્વારા તું જાણ ! આમ કહીને વ્યવહાર આલોચનાના શુભ રાગનો નિષેધ કર્યો છે, તે વ્યવહારના વિકલ્પોથી આત્મા અગોચર છે - દૂર છે. યોગીઓને અંતરમાં રાગરહિત જ્ઞાનથી તે ગમ્ય છે. વળી સદાય શિવમય છે - સદા કલ્યાણ સ્વરૂપ છે, ત્રિકાળ આનંદનો પિંડ છે, તેમાં કોઈ વિઘ્ન, આવરણ, ક્લેશ કે દુઃખ નથી. સહજ તત્ત્વમાં વિઘ્ન શું ? ને આવરણ શું ? પુણ્ય-પાપ તે શિવમય નથી; તે પુણ્ય-પાપ રહિત ચૈતન્યમૂર્તિ આત્મા ત્રિકાળ કલ્યાણમય છે, તેને સ્વીકાર્યો ત્યાં પર્યાયમાં કલ્યાણ પ્રગટે છે. આવું ધ્રુવ ચૈતન્યબિંબ તત્ત્વ જ ઉત્કૃષ્ટ છે. દરેક આત્મા પોતે જ અનંત શક્તિનો ભંડાર ઉત્તમ તત્ત્વ છે, તેનાથી ઊંચું બીજું કોઈ નથી.

આવું પરમ સહજ તત્ત્વ બહિર્મુખ દૃષ્ટિવાળા અજ્ઞાનીઓને પરમ દૂર છે. અંતર્દૃષ્ટિમાં જ્ઞાનીઓને તે ગોચર છે, ને અજ્ઞાનીઓને પરમ દૂર છે. કોઈ નિમિત્તની દૃષ્ટિથી, રાગની દૃષ્ટિથી કે પર્યાયની દૃષ્ટિથી તે સહજ તત્ત્વ લક્ષમાં આવે તેવું નથી. માટે નિમિત્તાધીન દૃષ્ટિવાળા અજ્ઞાનીઓને તે સહજ તત્ત્વ પરમ દૂર છે, ઘણું દૂર છે. તે સહજ તત્ત્વ પુણ્ય-પાપ વગરનું અનઘ છે -અઘ એટલે પાપ, તેનાથી રહિત તે અનઘ; એવું અનઘ ચૈતન્યમય આ સહજ તત્ત્વ અત્યંત જયવંત છે. અનંતકાળ સંસારમાં ગયો પણ તે સહજ તત્ત્વમાં જરાય ઓછપ થઈ નથી. લીંડી પીપર ઘણો વખત પડી રહે તો પણ તેની ચોસઠ પહોરી તીખાશની શક્તિ એવી ને એવી પડી છે, તેમ આત્મા પૂર્વે નરક-નિગોદમાં રખડ્યો છતાં અત્યારે પણ તે સહજ તત્ત્વ એવું ને એવું પૂર્ણ જયવંત વર્તે છે; ત્રિકાળી શક્તિ આખે આખી જયવંત વર્તે છે. મુનિરાજને અંતરમાં તેનો ઘણો અનુભવ વર્તે છે તેથી કહે છે કે અહો ! આ સહજ તત્ત્વ અત્યંત જયવંત વર્તે છે.

આવા તત્ત્વની દૃષ્ટિ અને મહિમા કરીને તેમાં ઠરવું તેનું નામ આલોચના અને સંવર છે.

વળી ફરીથી તે સહજ શુદ્ધ આત્મતત્ત્વનો મહિમા કરે છે અને તેની ભાવના કરવાનું કહે છેઃ-

**શ્લોક ૧૫૭**

(मन्दाक्रान्ता)

**शुद्धात्मानं निजसुखसुधावार्धिमज्जन्तमेनं**
**बुद्ध्वा भव्यः परमगुरुतः शाश्वतं शं प्रयाति ।**
**तस्मादुच्चैरहमपि सदा भावयाम्यत्यपूर्वं**
**भेदाभावे किमपि सहजं सिद्धिभूसौख्यशुद्धम् ।। १५७।।**



**શ્લોકાર્થ** : નિજ સુખરૂપી સુધાના સાગરમાં ડૂબતા આ શુદ્ધાત્માને જાણીને ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે; તેથી, ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતાં સૌખ્ય વડે શુદ્ધ છે એવા કોઈ (અદ્‌ભૂત) સહજ તત્ત્વને હું પણ સદા અતિ-અપૂર્વ રીતે અત્યંત ભાવું છું. ॥ ૧૫૭ ॥

ભગવાન આત્મા તો સદાય આનંદામૃતના સમુદ્રમાં જ ડૂબેલો છે. કદી તે સમુદ્રથી બહાર નીકળ્યો જ નથી. આવા શુદ્ધાત્માને ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા જાણીને શાશ્વત સુખને પામે છે. જુઓ! ગુરુ પણ આવા શુદ્ધાત્માનો ઉપદેશ દેનારા છે, ને ભવ્ય જીવ તે પરમ ગુરુ દ્વારા શુદ્ધ આત્માને જાણીને મુક્તિ પામે છે. આવા શુદ્ધાત્માને જાણ્યો તે જ પરમ ગુરુની આજ્ઞા છે, ને જે આવા શુદ્ધાત્માને જાણે છે, તે જ અલ્પકાળે મુક્તિ પામે છે. જુઓ, અહીં શુદ્ધાત્માનો ઉપદેશ દેનારા પરમ ગુરુ કહ્યા તે દ્રવ્યલિંગી અજ્ઞાની ન હોઈ શકે. સમયસારની ૩૮મી ગાથામાં પણ ''વિરક્ત ગુરુથી વારંવાર સમજાવવામાં આવે છે'' એમ કહ્યું છે. તે ગુરુ પણ ભાવલિંગી સંત છે. પાંચમી ગાથામાં પણ ''હું શુદ્ધાત્માને દર્શાવું છું તે તું પ્રમાણ કરજે'' એમ કહીને આચાર્યદેવે યથાર્થ ગુરુ-શિષ્યની (ઉપાદાન-નિમિત્તની) સંધિ કરી છે. સમજનાર પોતાની પાત્રતાથી શુદ્ધાત્માને સમજે ત્યારે સામે નિમિત્ત તરીકે એવા યથાર્થ ગુરુ જ હોય. જેની લૌકિક પાત્રતાનું પણ ઠેકાણું ન હોય એવા સ્વચ્છંદી જીવના ઉપદેશથી શુદ્ધાત્મા ન જણાય ! ને તેવા જીવને પરમ ગુરુ પણ ન કહેવાય, તે તો કુગુરુ છે. આ નિયમસારમાં ઘણે ઠેકાણે પરમ ગુરુની વાત લીધી છે.

પરમ ગુરુના પ્રસાદથી ને પોતાની પાત્રતાથી ભવ્ય જીવ સહજ શુદ્ધ આત્મતત્ત્વને જાણીને મોક્ષ પામે છે. માટે તે સહજ તત્ત્વ જ ઉપાદેય છે. તેથી ટીકાકાર કહે છે કે ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતાં સૌખ્ય વડે શુદ્ધ છે એવા કોઈ અદ્‌ભૂત સહજ તત્ત્વને હું પણ સદા અતિ-અપૂર્વ રીતે અત્યંત ભાવું છું. જુઓ, મુનિઓને આવી ભાવના હોય છે. જેને વ્યવહારની કે ભેદની ભાવના છે ને તેના આશ્રયથી લાભ માને છે તે મુનિ નથી. જે ભવ્ય જીવ આવા શુદ્ધ આત્માને જાણીને ભેદ રહિત તેની ભાવના કરશે - તેમાં એકાગ્ર થશે તે જીવ મુક્તિ પામશે.

વળી ફરીને તે સહજ તત્ત્વનો મહિમા કરીને તેની ભાવના અને વંદન કરે છે.

**શ્લોક ૧૫૮**

(वसंततिलका)

**निर्मुक्तसंगनिकरं परमात्मतत्त्वं**
**निर्मोहरूपमनघं परभावमुक्तम् ।**
**संभावयाम्यहमिदं प्रणमामि नित्यं**
**निर्वाणयोषिदतनूद्भवसंमदाय ।। १५८।।**

**શ્લોકાર્થ :** સર્વ સંગથી નિર્મુક્ત, નિર્મોહરૂપ, અનઘ અને પરભાવથી મુક્ત એવા આ પરમાત્મતત્ત્વને હું નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતાં અનંગ સુખને માટે નિત્ય સંભાવું છું (-સમ્યક્પણે ભાવું છું) અને પ્રણમું છું. ॥ ૧૫૮ ॥

પોતે અસંગ ચૈતન્યતત્ત્વ છે, તેને કોઈ પરનો સંગ નથી, કોઈ પરના સંગથી તે પ્રાપ્ત થતું નથી. દેવ-ગુરુનો સંગ પણ ચૈતન્યવસ્તુમાં નથી. વળી તે નિર્મોહરૂપ છે. સ્વરૂપની સાવધાની સિવાય પરની સાવધાની કરવી તે મોહ છે. પણ ચૈતન્યસ્વભાવ તો તે મોહથી રહિત છે, અનઘ છે એટલે પુણ્ય-પાપથી પાર છે અને પરભાવોથી મુક્ત છે. આવા પરમાત્મતત્ત્વની ભાવના તે જ મુક્તિના અતીન્દ્રિય સુખનું કારણ છે. માટે હું અશરીરી સુખને માટે તે પરમાત્મતત્ત્વને સદા સમ્યક્પણે ભાવું છું ને તેને પ્રણમું છું - તેમાં ઢળીને લીન થાઉં છું. જુઓ, ટીકાકાર પોતે મુનિ છે ને તેમની આવી એકાગ્રતા વર્તે છે તેથી કહે છે કે હું આ પરમાત્મતત્ત્વની ભાવના કરું છું ને તેને પ્રણમું છું. આમાં વિકલ્પની વાત નથી પણ તેમાં એકાગ્ર થવું તેનું નામ ભાવના છે

કોઈ કહે કે પહેલાં પાત્રતા માટે તો શુભભાવનું અવલંબન જોઈએ ને ? તો કહે છે કે અરે ભાઈ ! આ ચૈતન્યતત્ત્વની દૃષ્ટિ તે જ મોક્ષ માટેની પ્રથમ પાત્રતા છે. પાત્રતા ક્યારે કહેવાય ? કે વસ્તુ આવી હોય તો ! જેને ચૈતન્યવસ્તુ લક્ષમાં પણ આવી નથી તે પાત્ર નથી; શુભભાવ કરે તેને કાંઈ પાત્રતા નથી કહેતાં, કેમ કે અંદરની મૂળ વસ્તુ વગર પાત્ર કોનું ? ચૈતન્યવસ્તુ તરફની જેને સન્મુખતા નથી તેને પાત્ર કહેતા નથી. પરમાર્થે સમ્યગ્દૃષ્ટિ જીવ જ પાત્ર છે, તેમણે શ્રદ્ધારૂપી પાત્રમાં અખંડ ચૈતન્યવસ્તુને ઝીલી છે. પહેલાં આવી ચૈતન્યવસ્તુનું શ્રવણ-મનન કરીને તેને લક્ષમાં લેવી જોઈએ, પછી તેની ભાવના અને એકાગ્રતા થાય.

અહીં તો મુનિરાજે સ્વભાવના ગાણાં ગાયા છે. સ્વભાવના ગાણાં ગાતા શબ્દોના અલંકાર ગમે તે આવે ! શબ્દો કાંઈ દોષ છે ? મુક્તિને સ્ત્રીની ઉપમા આપી પણ તેમાં તો વીતરાગી ભાવના છે. સ્ત્રી એવો શબ્દ આવે તે કાંઈ રાગનું કારણ નથી.

શુદ્ધ ચૈતન્યની ભાવના કરીને તેમાં એકાગ્ર થવાની સામગ્રી શું ? કોઈ બહારની સામગ્રી કે રાગની સામગ્રી વડે ચૈતન્યની ભાવના થતી નથી પણ પોતાની શુદ્ધ પર્યાય તે જ સામગ્રી છે. જુઓ, ૧૨૩મી ગાથામાં સામગ્રીનું વર્ણન આવે છે.

૧) સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે.

૨) નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે.

૩) જે આત્માને આત્મામાં આત્માથી ધારી-ટકાવી-જોડી રાખે છે તે અધ્યાત્મ છે.

૪) સમસ્ત બાહ્ય ક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે એવી અંતઃક્રિયાના અધિકરણભૂત



આત્માને કે જેનું સ્વરૂપ અવધિ વિનાના ત્રણે કાળે નિરુપાધિક છે તેને જે જીવ જાણે છે, તે જીવની પરિણતિ વિશેષ તે સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન છે.

૫) ધ્યાન-ધ્યેય-ધ્યાતા, ધ્યાનનું ફળ વગેરેના વિવિધ વિકલ્પોથી વિમુક્ત, અંતર્મુખાકાર (અર્થાત્ અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવું), સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર નિરંજન નિજ પરમતત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ (એવું જે ધ્યાન) તે નિશ્ચય શુક્લધ્યાન છે.

-આ સામગ્રીવિશેષો સહિત અખંડ અદ્વૈત પરમ ચૈતન્યમય આત્માને જે પરમ સંયમી નિત્ય ધ્યાવે છે, તેને ખરેખર પરમ સમાધિ છે.

જુઓ, અહીં સંયમ, નિયમ, અધ્યાત્મ, નિશ્ચય ધર્મધ્યાન અને શુક્લધ્યાન એવા પાંચ બોલને ખાસ સામગ્રી તરીકે વર્ણવ્યા છે. આ બધા પોતાની શુદ્ધ પર્યાય જ છે ને તે જ આત્માને ધ્યાવવા માટેની સામગ્રી છે. એ સિવાય બહારની કે રાગની કોઈ સામગ્રીનું અવલંબન ધર્મમાં નથી. વળી અહીં જે પાંચ બોલ કહ્યા તે ભાવનો આશ્રય પણ અખંડ આત્મા છે, તેથી તે અખંડ આત્માનો આશ્રય કરવો તે એક જ ધર્મની શરૂઆતથી ઠેઠ પૂર્ણતાનું સાધન છે.

હે ભાઈ ! તું આવા આત્માને શ્રદ્ધામાં લઈને તેમાં ઠર. જો તારી શક્તિ હોય તો તેમાં લીન થા. અને જો તેટલી શક્તિ ન હોય તો તેની શ્રદ્ધા તો જરૂર રાખજે કે માર્ગ તો આ જ છે. એવી શ્રદ્ધા કરે તેને પણ ભગવાને મોક્ષમાર્ગી કહ્યો છે.

**પોષ સુદ ૩, સોમવાર, ૩૧-૧૨-૫૧.**

**શ્લોક ૧૫૯**

(वसंततिलका)

**त्यक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**चिन्मात्रमेकममलं परिभावयामि।**
**संसारसागरसमुत्तरणाय नित्यं**
**निर्मुक्तिमार्गमपि नौम्यविभेदमुक्तम्॥ १५९॥**

**શ્લોકાર્થ :** નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને એક નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું. સંસારસાગરને તરી જવા માટે, અભેદ કહેલા (-જેને જિનેન્દ્રોએ ભેદ રહિત કહ્યો છે એવા) મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું. ॥ ૧૫૯ ॥

પહેલાં અભેદ આત્મતત્ત્વને નમસ્કાર કર્યા, અને હવે તેના આશ્રયે પ્રગટેલા વીતરાગી મુક્તિમાર્ગને પણ નમે છે. એ સિવાય રાગાદિમાં કે ભેદની ભાવનામાં હું જરા પણ નમતું મૂકતો નથી. હું તો ચૈતન્યસ્વભાવમાં નમીને મુક્તિમાર્ગની વીતરાગી પરિણતિને વધારું છું, તેમાં નમતું મૂકું છું. જેમ

હીરાના વેપારમાં નમતું ન મૂકાય, તેમ અહીં કહે છે કે હું ચિદાનંદ સ્વભાવમાં જરા પણ ઢીલું કરીને મુક્તિમાર્ગ સિવાયના બીજા રાગાદિ કોઈ ભાવોમાં નમતું મૂકતો નથી. પહેલાં આવી શ્રદ્ધા કરવી જોઈએ, પછી તેમાં સ્થિરતા થતાં મુક્તિમાર્ગ પૂરો થાય છે; -આ જ આલોચના અને મુક્તિનું કારણ છે.



હવે ''આલુંછન'' એટલે શુદ્ધ પરમ ચૈતન્યના અવલંબને વિકારીભાવોને ઉખેડી નાંખવા તેનું વર્ણન કરે છે.

જેને ધર્મ કરવો છે તેણે પોતાના આત્મામાં એકાગ્રતા કરવી જોઈએ, કેમ કે આત્મામાં એકાગ્ર થવું તેનું નામ ધર્મ છે. પરમાં એકાગ્રતા અનાદિથી કરી રહ્યો છે તે સંસાર છે. 'એકાગ્ર' થવાનો ગુણ આત્મામાં છે, તેની ઊંધી અવસ્થા વખતે તે પુણ્ય-પાપમાં એકાગ્ર થાય છે, ને સ્વભાવના અવલંબને સવળી અવસ્થા કરીને આત્મામાં એકાગ્ર થાય છે. આત્મામાં એકાગ્ર થવાને માટે તેના પરમ પારિણામિકભાવનું સ્વરૂપ અહીં જેવું છે તેવું બતાવે છે. આ ગાથા ઘણી અલૌકિક છે, તેમાં ત્રિકાળી પરમ પારિણામિકભાવનો જે અલૌકિક મહિમા છે તે બતાવ્યો છે.

## ગાથા ૧૧૦

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं॥ ११०॥**

**कर्ममहीरुहमूलछेदसमर्थः स्वकीयपरिणामः।**
**स्वाधीनः समभावः आलुंछनमिति समुद्दिष्टम्॥ ११०॥**

**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,**
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦**

**અન્વયાર્થ** : (**कर्ममहीरुहमूलछेदसमर्थः**) કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે (**समभावः**) સમભાવરૂપ (**स्वाधीनः**) સ્વાધીન (**स्वकीयपरिणामः**) નિજ પરિણામ (**आलुंछनम् इति समुद्दिष्टम्**) તેને આલુંછન કહેલ છે.

આત્માનો ત્રિકાળ પરમ સ્વભાવભાવ તે જ કર્મતરુના મૂળને છેદી નાખવામાં સમર્થ છે, તેથી પરમાર્થે તે જ આલુંછન છે.

જુઓ, જગતના પદાર્થોમાં ચાર પ્રકાર છે.

૧) આત્મા સિવાય નિમિત્તો તે સંયોગી ચીજો છે, શું તે આત્મા છે ? એમ વિચાર કર.

૨) પર્યાયમાં ક્ષણિક પુણ્ય-પાપરૂપ વિકાર થાય છે, શું તેટલો આત્મા છે ? તેનો વિચાર કર.

૩) ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે ને બદલે છે, તે ક્ષણિક પર્યાય જેટલો જ શું આત્મા છે? તેનો વિચાર કર.

૪) અને ત્રિકાળી ધ્રુવ ટકનારો જ્ઞાનસ્વભાવ છે; તેની અસ્તિ છે, તેનો વિચાર કર.

ભાઈ ! તું વિચાર કર કે આ રીતે સંયોગો, વિકાર, ક્ષણિક પર્યાય અને ત્રિકાળી ટકતો ભાવ - એમ ચાર પ્રકારો છે કે નહિ ? આ ચાર પ્રકારોમાં બધું ય આવી જાય છે, આ ચાર સિવાય બીજું જગતમાં નથી.

હવે તું વિચાર કર કે તે ચાર પ્રકારમાંથી કોના આધારે ધર્મ થાય ? ધર્મ-શાંતિ પ્રગટ કરવા માટે કોના તરફ વળવું ?

૧) શું પરનિમિત્તો તરફ વલણથી ધર્મ થાય ? ન થાય. કેમ કે તેમાં તો તારા આત્માનો અભાવ છે.

૨) ક્ષણિક વિકાર તો થાય છે ને નાશ પામે છે, તેના આધારે પણ તારી શાંતિ કે ધર્મ નથી.

૩) ક્ષણે ક્ષણે થતી પર્યાયમાં જ આખો આત્મા આવી જતો નથી. ક્ષણિક પર્યાયનો નાશ થતાં આત્માનો નાશ થઈ જતો નથી. તે પર્યાય જેટલો આખો આત્મા નથી, અને તે પર્યાયના આધારે નવી પર્યાય પ્રગટતી નથી. માટે તે પર્યાય તરફના વલણથી પણ ધર્મ કે શાંતિ નથી.

૪) હવે સંયોગથી ભિન્ન, વિકારથી જુદો ને ક્ષણિક પર્યાય જેટલો પણ નહિ - એવો જે ત્રિકાળ ટકતો ધ્રુવ આત્મસ્વભાવ છે (જેને અહીં પરમ પારિણામિકભાવ તરીકે વર્ણવે છે) તેના જ આશ્રયે શાંતિ અને ધર્મ થાય છે -કેમ કે તે અનંત શક્તિનો ભંડાર ધ્રુવપણે છે.

બસ ! સર્વજ્ઞ વીતરાગે જે રહસ્ય કહ્યું તે ટૂંકમાં આ ચાર બોલમાં આવી જાય છે. તે ચાર પ્રકારોનું અસ્તિત્વ પહેલાં ભાસવું જોઈએ.

તેનું અસ્તિત્વ ભાસ્યા પછી વિચાર કરવો જોઈએ કે એ ચાર પ્રકારમાંથી ધર્મ માટે મારે કોના તરફ વળવું ? ચાર પ્રકારમાંથી મને શાંતિ માટે શરણભૂત કોણ છે ? જેના આશ્રયે મારી શ્રદ્ધા સારી થાય, જ્ઞાન સારું થાય, ચારિત્ર સારું થાય, કાર્ય સારું થાય -એવી કઈ ચીજ છે ? તેનો પિંડ તો ધ્રુવ આત્મા છે, એટલે અનંતગુણનો પિંડ આત્મા પ્રતીતમાં આવી જાય છે, ને તેના અવલંબને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વગેરે બધું સારું થઈ જાય છે.

આ ગાથામાં તે આત્માને જ પરમભાવ તરીકે વર્ણવ્યો છે. પરમભાવ એટલે જેનામાં અનંતગુણોની નિર્મળતા પ્રગટવાની શક્તિ ત્રિકાળ પડી છે -એવા સ્વભાવને જ પરમભાવ કહેવાય છે. તેના તરફ ઢળતાં ધર્મ પ્રગટ થાય છે.

આત્માનો પરમ સ્વભાવ કેવો છે તે અહીં બતાવે છે :-

‘‘ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમ સ્વભાવ છે.’’



ભવ્ય જીવને આવો સ્વભાવ ત્રિકાળ છે તેમજ તેને તેની પ્રતીત કરીને પર્યાયમાં પ્રગટે છે, એટલે સફળ થાય છે, તેથી પહેલાં તેની વાત લીધી. અભવ્યને પણ આવો પરમ સ્વભાવ છે તો ખરો, પણ તેને તેની પ્રતીત નહિ હોવાથી કાર્ય પ્રગટતું નથી. ભવ્ય જીવો જ તેનો આદર કરે છે માટે તેની વાત પહેલાં લીધી છે. સમ્યગ્દર્શનપણે તેમ જ મુક્તિપર્યાયપણે પરિણમનારો આ પરમ પારિણામિકભાવરૂપ સ્વભાવ છે, છતાં તે તો ત્રિકાળ શક્તિરૂપ એવો ને એવો છે, છતી શક્તિ પડી છે, તેમાંથી પર્યાય પ્રગટે છે. પારિણામિકભાવરૂપ કાયમી સ્વભાવ છે તે ધ્રુવ એકરૂપ રહેનારો છે. સમયસારમાં **‘‘જ્ઞાયકભાવ’’** કહીને જ્ઞાનની મુખ્યતાથી ઓળખાવ્યો છે તેને જ અહીં સહજ પારિણામિકભાવ કહીને ઓળખાવ્યો છે.

‘‘તે પંચમભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.’’

જેની આદિ અને અંત હોય તે કૃત્રિમ છે, ને આ પરમ પારિણામિકસ્વભાવ તો શાશ્વત અકૃત્રિમ છે, તેની કદી શરૂઆત થઈ નથી ને તેનો કદી નાશ થતો નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક એ ચારે ભાવો કૃત્રિમ છે - નવા છે, ને આ પાંચમો પરમ પારિણામિકસ્વભાવ તો સહજ છે, અકૃત્રિમ છે. તેને ‘‘પાંચમો’’ કહ્યો પણ મહિમામાં તો તે ઊંચામાં ઊંચો પહેલો નંબર છે. ઉદયભાવને પહેલો કહ્યો તેથી કાંઈ તે ઊંચો નથી. ઊંચો તો આ પંચમ પારિણામિકસ્વભાવ જ છે, તે જ ત્રિકાળ ટકનારો ને સિદ્ધપદને આપનારો છે. સંખ્યાના ક્રમથી કે ક્ષેત્રથી આત્માનો મહિમા નથી, ભાવથી તેનો મહિમા છે. અનંતા સિદ્ધપદની શક્તિ જેનામાં ત્રિકાળ પડી છે - એવો તે પરમ સ્વભાવ જ મહિમાવંત છે.

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક - એવા ચાર પ્રકારના પર્યાયના ભાવો છે; તે ચારે ભાવો ક્ષણિક છે. તેનાથી આ પંચમ પારિણામિકસ્વભાવભાવ અગોચર છે. તે ભાવોના લક્ષે ધ્રુવ આત્મા ઓળખાતો નથી, માટે તે ચારે ભાવોને અહીં ‘‘વિભાવ’’ કહ્યા છે. વ્યવહાર રત્નત્રયનો જે શુભ રાગ છે તે પણ ઉદયભાવ છે. તેનાથી ભગવાન આત્મા અગોચર છે. ઉપશમ સમ્યક્ત્વથી પણ અગોચર કહ્યો તેનો અર્થ એમ છે કે તે ઉપશમભાવના આશ્રયે આત્મા પ્રગટતો નથી; ઉપશમભાવ પોતે તો નિર્મળદશા છે, ને તેનાથી આત્મા ગોચર થાય છે.

એ જ પ્રમાણે ક્ષયોપશમ કે ક્ષાયિક શ્રદ્ધા વડે પણ આત્મા ગોચર છે, પણ તે ક્ષયોપશમ કે ક્ષાયિકપર્યાયના આશ્રયે આત્મા અગોચર છે. અહીં તો ક્ષાયિકભાવથી પણ આત્માને અગોચર કહ્યો, તો શું કેવળજ્ઞાનથી પણ આત્મા અગોચર છે ? -એમ નથી. પરંતુ ધ્રુવસ્વભાવનો જ મહિમા બતાવવા માટે તેમ કહ્યું છે; તેના જ આશ્રયે આત્મા ગોચર થાય છે. ક્ષાયિકભાવના આશ્રયે વિકલ્પ ઊઠે છે તે વિકલ્પથી આત્મા અગોચર છે, તે અપેક્ષાએ ક્ષાયિકભાવથી પણ અગોચર કહ્યો છે. -આવો આશય છે. માટે તું પર્યાયબુદ્ધિ છોડીને ધ્રુવદ્રવ્ય સામે જો -એમ આચાર્યદેવ કહે છે. આશય સમજે નહિ

અને શબ્દો પકડીને તકરાર કરવા બેસે, તો કાંઈ શબ્દોથી કે વાદવિવાદથી પાર પડે તેવું નથી. આ ચીજ તો અંતરની દૃષ્ટિની છે. ક્ષાયિકભાવ પણ જે આખો સ્વભાવ છે તેના જ આશ્રયે કામ કરે છે માટે તે ધ્રુવસ્વભાવ જ આશ્રય કરવા જેવો છે. માટે હે ભાઈ ! તું દ્રવ્યસ્વભાવનું માહાત્મ્ય કરીને અંતરમાં વળ....અંતરમાં વળ !

તે પંચમ ભાવ ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે. પહેલાં ઉદય વગેરે ચાર ભાવોની વાત કરી હતી, અને અહીં ઉદય, ઉદીરણા વગેરેની વાત છે. આત્મા કર્મનો ઉદય લાવે કે તેની ઉદીરણા કરે, તેમ જ કર્મનો ક્ષયોપશમ કે ક્ષય કરે - એવું ત્રિકાળી સ્વરૂપમાં નથી. ઉદય-ઉદીરણા વગેરે ૧૦ પ્રકારના કરણો છે, તેમાં નિમિત્તરૂપ આત્માની પર્યાયમાં તેવી યોગ્યતા છે, પણ ધ્રુવસ્વભાવ એકરૂપ છે. તેમાં તે ઉદય-ઉદીરણા વગેરે કરણોના પરિણામ નથી, તે તો વિકાર વિનાનો શુદ્ધ છે. તેથી આ એક પારિણામિકભાવરૂપ સ્વભાવને જ પરમપણું છે. સિદ્ધપર્યાયને પણ પરમપણું નથી, આ સ્વભાવને એક ને જ પરમપણું છે. તેનો મહિમા અને આશ્રય કરતાં નિર્મળપર્યાય પ્રગટે છે. એ સિવાય પર્યાયના આશ્રયે નિર્મળપર્યાય પ્રગટતી નથી. તેથી ઉદય વગેરે ચારે ભાવો અપરમ છે, તેની અધિકાઈ નથી, તેની ઉત્કૃષ્ટતા નથી. ઉત્કૃષ્ટતા અને અધિકાઈ તો ધ્રુવ પારિણામિકસ્વભાવની જ છે, તે જ પરમભાવ છે. આવા પરમભાવના આશ્રયથી જ સમસ્ત કર્મરૂપી વૃક્ષના મૂળિયાં ઊખડી જાય છે. તેથી તે પરમસ્વભાવ જ સમસ્ત કર્મોનું આલુંછન કરી નાખનારો છે. મૂળ સૂત્રમાં એમ કહ્યું હતું કે ''કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે સમભાવરૂપ સ્વાધીન નિજ પરિણામ તેને આલુંછન કહે છે'' - તેમાંથી ટીકામાં આ પરમસ્વભાવની વાત કરી છે. જો કે કર્મવૃક્ષનું મૂળિયું ઉખેડવું તે તો પર્યાય છે, પણ તે પર્યાય ધ્રુવ પરમસ્વભાવના આશ્રયે જ પ્રગટે છે, માટે તે ધ્રુવ પરમ સ્વભાવને જ કર્મરૂપી વૃક્ષનું મૂળ ઉખેડવામાં સમર્થ કહ્યો છે. તે પરમભાવમાં તો કર્મનો ત્રિકાળ અભાવ જ છે.

''સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાંખવામાં સમર્થ એવો આ પરમભાવ, ત્રિકાળ-નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને, સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં, અવિદ્યમાન જ છે (કારણ કે મિથ્યાદૃષ્ટિને તે પરમભાવના વિદ્યમાનપણાની શ્રદ્ધા નથી).''

આવો જે કારણપરમાત્મા છે તેના સ્વરૂપની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે; અને મિથ્યાત્વ તેનાથી પ્રતિપક્ષ છે. મિથ્યાદૃષ્ટિ જીવ તે કારણપરમાત્માની પ્રતીત કરતો નથી તેથી તેને તે અવિદ્યમાન જેવો જ છે. નિશ્ચયથી બધા જીવોને તે પરમસ્વભાવ ત્રિકાળ વિદ્યમાન હોવા છતાં, જેને તેની પ્રતીત નથી તેને તે અવિદ્યમાન જ છે. જેમ ઘરમાં ૨૫ લાખની મૂડી તો પડી હોય, પણ બાળકને ભાન ન હોય કે મારી પાસે આટલી મૂડી છે, તો તેને માટે તો તે મૂડી વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન



જ છે. તેમ બધા ય જીવોને આવો પરમસ્વભાવ નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં જેને તેનું ભાન નથી એવા કુદૃષ્ટિને તો તે અવિદ્યમાન જ છે. અહીં તો પરમસ્વભાવની અસ્તિની પ્રતીત કરીને વિકારનું આલુંછન કરે તેને તેની વિદ્યમાનતા કહી. જેને તેની અસ્તિની પ્રતીત નથી તેને તો તે અવિદ્યમાન જ કહ્યો.

આવો પરમ પારિણામિકધ્રુવસ્વભાવ વિદ્યમાન હોવા છતાં, જે તેનો વિશ્વાસ-મહિમા-આદર કરતો નથી ને ક્ષણિક પુણ્ય-પાપ વિકલ્પોનો આદર કરે છે તેને તે અવિદ્યમાન કહ્યો.

હવે ત્રિકાળી નિશ્ચયની દૃષ્ટિથી તો બધા જીવોને તે પરમ સ્વભાવભાવ એવો ને એવો ત્રિકાળ એકરૂપ છે. ''નિત્ય નિગોદના જીવોને પણ શુદ્ધ નિશ્ચયનયથી તે પરમભાવ'અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી''. શુદ્ધ નિશ્ચયમાં બધા જીવોને આવો પરમસ્વભાવ જ છે; અભવ્ય પારિણામિકભાવ પણ વ્યવહારનો વિષય છે. મોક્ષ થવાને લાયકાત નથી -એવી વાત પણ શુદ્ધ નિશ્ચયમાં લાગુ ન પડે. શુદ્ધ નિશ્ચયમાં તો બધા ય જીવો પરમભાવસ્વરૂપ જ છે.

હવે તે પરમસ્વભાવ અભવ્ય જીવને વ્યવહારયોગ્ય નથી અને આસન્નભવ્ય જીવોને તે સફળ થયો છે -એવી વ્યવહારની વાત લેશે.

**પોષ સુદ ૫, મંગળવાર, ૧-૧-૫૨.**

આત્માના પરમ પારિણામિકસ્વરૂપનું આ વર્ણન છે. તેની દૃષ્ટિ કરીને તેનું અવલંબન કરવાથી જ ધર્મ થાય છે.

આત્માના પાંચ ભાવો છે -ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ અને પારિણામિકભાવ; પારિણામિકભાવ સિવાયના ચારે ભાવો ક્ષણિક છે. ને પારિણામિકભાવ તો બધા જીવોમાં ત્રિકાળી એકરૂપ છે. નિત્યનિગોદનો જીવ પણ શુદ્ધ નિશ્ચયનયથી તો ત્રિકાળ આનંદકંદ પારિણામિકભાવસ્વરૂપ છે; પણ તેને તેની પ્રતીત નથી તેથી તેને કાર્ય પ્રગટતું નથી એટલે કે તે અભવ્યનો પારિણામિકભાવ વસ્તુનિષ્ઠ છે પણ વ્યવહારયોગ્ય નથી.

''જેમ મેરુના અધોભાગમાં રહેલા સુવાર્ણરાશિને પણ સુવર્ણપણું છે, તેમ અભવ્યોને પણ પરમસ્વભાવપણું છે; તે વસ્તુનિષ્ઠ છે, વ્યવહારયોગ્ય નથી (અર્થાત્ જેમ મેરુની નીચેના સુવર્ણરાશિનું સુવર્ણપણું સુવર્ણરાશિમાં રહેલું છે પણ તે વપરાશમાં-ઉપયોગમાં આવતું નથી, તેમ અભવ્યોનું પરમસ્વભાવપણું આત્મવસ્તુમાં રહેલું છે પણ તે કામમાં આવતું નથી કારણ કે અભવ્ય જીવો પરમસ્વભાવનો આશ્રય કરવાને અયોગ્ય છે.)'' મેરુ નીચે સોનુ તો છે પણ તે દાગીના ઘડવાના કામમાં ન આવે; તેમ અભવ્ય જીવને પણ વસ્તુશક્તિમાં તો પરમ પારિણામિકભાવ રહેલો છે, પણ તે વ્યવહારયોગ્ય નથી એટલે કે તેનો આશ્રય કરીને તે કદી શુદ્ધપર્યાય પ્રગટ કરતો નથી. અભવ્ય

જીવ પરમસ્વભાવનો આશ્રય કરવાને અયોગ્ય છે. આસન્નભવ્ય જીવો તો શુદ્ધ પરમસ્વભાવની દૃષ્ટિ કરવાને લાયક છે ને તેમને તો પારિણામિકભાવના આશ્રયે નિર્મળદશા પ્રગટે છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ પોતાના આવા પરમાત્મસ્વભાવને જ ધ્યેય કરે છે, તે અંતઃતત્ત્વની નિર્વિકલ્પ પ્રતીતિનું નામ સમ્યગ્દર્શન છે, ને તેનાથી જ જન્મ-મરણનો અંત આવે છે. માટે કહ્યું કે ''સુદૃષ્ટિઓને -અતિ આસન્નભવ્ય જીવોને- આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે (અર્થાત્ સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે) સફળ થયો છે.'' આવા ચૈતન્યના ભાન વિના દ્રવ્યલિંગ અનંતવાર ધાર્યા, ને સ્વર્ગમાં ગયો, પણ આત્મજ્ઞાન વિના તે બધું ફોક છે. અહીં તો કહે છે કે પરમ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરે તેને જ પરમ પારિણામિકભાવ સફળ થયો છે.

છ ઢાળામાં પણ કહે છે કે :-

**મુનિ વ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયૌ,**
**પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ.**

ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરતાં નિર્મળપર્યાય થઈ તે ફળ પ્રગટ્યું, તેથી તે આસન્નભવ્ય જીવોને એટલે કે જેમને મુક્તિ અત્યંત નજીક વર્તે છે એવા જીવોને તે નિરંજન શુદ્ધ પારિણામિકભાવ સફળ થયો છે. સમ્યગ્દર્શનનું ધ્યેય ઉદય-ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષાયિક -એવા ક્ષણિકભાવો નથી પણ ધ્રુવ નિરંજન એવો ત્રિકાળી આત્મભાવ જ સમ્યગ્દર્શનનું ધ્યેય છે. પ્રથમ જેણે આવા પંચમભાવને દૃષ્ટિમાં લીધો હોય તેને જ તેના આશ્રયે પુણ્ય-પાપના ભાવોનું આલુંછન થઈ જાય છે. તે સ્વભાવનો આશ્રય કરવો તે જ વિકારને ઉખેડી નાંખવામાં સમર્થ છે.

''હું પરમભાવ.....પરમભાવ.....એકરૂપ જ્ઞાયકભાવ છું.....મારે સદા નિરંજનપણું છે, મારી ધ્રુવશક્તિમાં કદી મલિનતા નથી'' -આમ સુદૃષ્ટિ જીવોને પોતાનો આત્મા સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાથી તેમને તે પરમભાવ સફળ થયો છે. મિથ્યાદૃષ્ટિને -અભવ્યને- તે પરમભાવ પ્રતીતમાં આવ્યો નથી તેથી તેને તે સફળ થયો નથી, તેને તો તે અવિદ્યમાન જેવો જ છે. મેરુ પર્વત નીચે સોનુ છે પણ તે ઉપયોગમાં નથી આવતું, તેમ અજ્ઞાનીઓને સદાય પરમ પારિણામિકભાવ શક્તિપણે તો રહેલો છે પણ તેની પ્રતીત વગર તે શક્તિ શા કામની ? અર્થાત્ તેને તેનો અનુભવ નથી તેથી તેને તે સફળ થયો નથી. જેમ સોનાનો દાગીનો બનાવીને ઉપયોગમાં આવે, તેમ ધર્મી જીવને પોતાના પરમસ્વભાવની પ્રતીત અને અનુભવ થતાં તેને તે પરમસ્વભાવ સફળ થયો છે. જુઓ, આ સિવાય પુણ્યભાવ કરીને તેનાથી કલ્યાણ માની લ્યે તો તે મિથ્યાદૃષ્ટિ છે. જેને આવા પરમ જ્ઞાયકભાવનો સ્વીકાર થયો તેને જ તે સફળ થયો.

''આ રીતે આ પરમ પંચમભાવ વડે અતિ આસન્નભવ્ય જીવને નિશ્ચય પરમ-આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું 'આલુંછન' નામ સિદ્ધ થાય છે, કારણ કે તે પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ - વિષવૃક્ષના



વિશાળ મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે.''

જુઓ, <u>બહિર્તત્ત્વ વડે અંતઃતત્ત્વનો આશ્રય લેવાય છે.</u> કઈ રીતે ? ત્રિકાળી ધ્રુવસ્વરૂપ તે અંતઃતત્ત્વ છે, અને સંવર-નિર્જરારૂપ નિર્મળપર્યાય તે બહિર્તત્ત્વ છે. <u>તે બહિર્તત્ત્વરૂપ પર્યાય અંતઃતત્ત્વનો આશ્રય લ્યે છે.</u> અહીં બાહ્યતત્ત્વનો અર્થ બહિરાત્મા-મિથ્યાદૃષ્ટિ ન સમજવો, પણ ત્રિકાળી એકરૂપ પારિણામિકભાવ તે જ અંતઃતત્ત્વ અને તેના સિવાયની સમ્યગ્દર્શનાદિ પર્યાયો તે પણ બાહ્યતત્ત્વ છે. તે બાહ્યતત્ત્વ વડે અંતઃતત્ત્વનો આશ્રય કરાય છે. અંતઃતત્ત્વનો આશ્રય કરવાનું સાધન શું ? કે સમ્યગ્દર્શનાદિ બાહ્યતત્ત્વ તે જ અંતઃતત્ત્વનો આશ્રય કરવાનું સાધન છે. રાગાદિ ભાવો તે ખરેખર આત્માનું તત્ત્વ નથી, ને તે ધર્મનું સાધન નથી. શરીર તો જડ છે, તે પણ આત્માના ધર્મનું સાધન નથી.

પર્યાય અંતર્મુખી થઈને જ્યાં અંતરના પરમાત્મતત્ત્વનો આશ્રય કરે છે ત્યાં આસન્નભવ્ય જીવને પુણ્ય-પાપના મૂળિયાં ઉખડી જાય છે, તેનું નામ આલુંછન છે. આલુંછન એટલે ઉખેડી નાખવું. -રાગ-દ્વેષ-મોહના મૂળિયાંને સ્વભાવના અવલંબને ઉખેડી નાખવા તેનું નામ આલુંછન છે, તે સંવર છે.

શરીરાદિ અને પુણ્ય-પાપ તો દૂરના બાહ્યતત્ત્વ છે, ને જે સંવર-નિર્જરારૂપ નિર્મળપર્યાય પ્રગટ થાય છે તે પણ બાહ્યતત્ત્વ છે, તે પર્યાય છે તો આત્માની અને શુદ્ધ છે. પણ ત્રિકાળી શક્તિની અપેક્ષાએ તે પ્રગટ પર્યાયને બાહ્યતત્ત્વ કહેવાય છે. ત્રિકાળી ધ્રુવશક્તિ તે અંતઃતત્ત્વ છે, ને તેના આશ્રયે પ્રગટેલી નિર્મળપર્યાય તે પણ બાહ્યતત્ત્વ છે, તે પર્યાયના આશ્રયે નિર્મળતા કે ધર્મ થતો નથી. ધ્રુવ અંતઃતત્ત્વ ત્રિકાળ સિદ્ધ સ્વરૂપી છે, તેનું નામ પરમ પંચમભાવ છે, તેના વડે જ આસન્નભવ્ય જીવને નિશ્ચય આલોચના ઉત્પન્ન થાય છે. આ 'આલુંછન' તે નિશ્ચય પરમ આલોચનાનો પ્રકાર છે, તે વીતરાગીભાવ છે; તે ક્યાંય બહારના અવલોકનથી પ્રગટતો નથી, પણ અંતરમાં અવલોકન કરીને - પરમભાવને દેખવાથી જ તે પ્રગટે છે.

**<u>ત્રિકાળી સ્વભાવ તો અંતઃતત્ત્વ છે, પણ તે અંતઃતત્ત્વને સ્વીકારે છે કોણ ?</u>** ત્રિકાળી શક્તિને સ્વીકારનાર તો પર્યાય છે, તે પર્યાયનું નામ સંવર-નિર્જરાતત્ત્વ છે, ને તે જ નિશ્ચયથી આલોચના છે. ત્રિકાળી તત્ત્વનું અવલંબન લેવાથી નવી નિર્મળપર્યાય પ્રગટે છે; એ સિવાય બીજા કોઈનું પણ અવલંબન લેવાથી નિર્મળદશા પ્રગટતી નથી. માટે પોતાના પરમ અંતઃતત્ત્વનો મહિમા કરીને તેનું અવલંબન કરવું - તે જ ધર્મી જીવને કરવાનું છે.

સમસ્ત કર્મો વિષમ વિષવૃક્ષ છે, પાપ તો વિષમ વિષ છે, પણ પુણ્યના ભાવ પણ વિષમ ઝેરનું ઝાડ છે. તે ઝેરના ઝાડનું વિશાળ મૂળિયું મિથ્યાત્વ છે. આ પરમ પારિણામિકસ્વભાવનો આશ્રય કરતાં જ તે ઝેરના ઝાડના મૂળિયાં ઉખડી જાય છે. ચૈતન્યનો સહજ પરમભાવ છે તે ચોરાશીના

અવતારરૂપી ઝેરી વૃક્ષને મૂળમાંથી ઊખેડી નાખે છે. જુઓ ! આવા પરમભાવનો આશ્રય કરવો તેનું જ નામ સ્વકીય સ્વાધીન પરિણામ છે, ને તે જ નિશ્ચયથી આલોચના ધર્મ છે. આવું વસ્તુસ્વરૂપ છે તે સર્વજ્ઞદેવે કહ્યું છે. સર્વજ્ઞદેવે નવું કહ્યું નથી પણ વસ્તુસ્વરૂપ જેમ હતું તેમ કેવળજ્ઞાનથી જાણ્યું ને એમ કહ્યું છે.

હવે આ ૧૧૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :-

**શ્લોક ૧૬૦**

(मन्दाक्रान्ता)

**एको भावः स जयति सदा पंचमः शुद्धशुद्धः**
**कर्मारातिस्फुटितसहजावस्थया संस्थितो यः।**
**मूलं मुक्तेर्निखिलयमिनामात्मनिष्ठापराणां**
**एकाकारः स्वरसविसरापूर्णपुण्यः पुराणः॥ १६०॥**

**શ્લોકાર્થ** : જે કર્મના દૂરપણાને લીધે પ્રગટ સહજાવસ્થાપૂર્વક રહેલો છે, જે આત્મનિષ્ઠાપરાયણ (આત્મસ્થિત) સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે, જે એકાકાર છે (અર્થાત્ સદા એકરૂપ છે), જે નિજ રસના ફેલાવથી ભરપૂર હોવાને લીધે પવિત્ર છે અને જે પુરાણ (સનાતન) છે, તે શુદ્ધ-શુદ્ધ એક પંચમ ભાવ સદા જયવંત છે. ॥ ૧૬૦ ॥

જુઓ, આ ટીકાકાર પણ મહા નિર્ગ્રંથ સંત છે. જંગલમાં વસનારા ને આત્માનંદમાં ઝૂલનારા ભાવલિંગી સંત છે. તે અંદરના પરમ ભાવનો આશ્રય કરીને તેનો અનુભવ કરે છે. મૂળ સૂત્રમાં આચાર્ય ભગવાને ''સ્વાધીન નિજપરિણામ''ની વાત કરી હતી, તે કાર્યરૂપ હતી. તેના ઉપરથી ટીકાકારે કારણરૂપ સહજ અવસ્થાની વાત કાઢી છે. એટલે કાર્ય સાથે કારણની સંધિ બતાવી છે. ભગવાન આત્મા ત્રિકાળ પ્રગટરૂપ સહજ અવસ્થાપૂર્વક રહેલો છે, સદા કારણરૂપ ધ્રુવપર્યાયથી પરિપૂર્ણ છે, તેનો આશ્રય કરવાથી કાર્યરૂપ સ્વાધીન પરિણામ પ્રગટે છે. જુઓ, આ ચૈતન્ય ભગવાનના ગાણાં!!

સૂત્રમાં કાર્યની વાત કરી, તો ટીકામાં તેના ત્રિકાળી કારણની વાત કાઢી. અહો ! મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવે ટીકામાં કારણ અને કાર્ય સાથે ને સાથે જ રાખ્યા છે. અહો ! જ્યારે જુઓ ત્યારે ત્રિકાળી ભગવાન પ્રગટ ને પ્રગટ પડ્યો છે. તેનું અંતર્અવલંબન લેવું તે જ ધર્મ છે. આખું દ્રવ્ય ધ્રુવપણે ત્રિકાળ સહજ અવસ્થામાં પ્રગટ ને પ્રગટ છે, તે ''વર્તમાન વર્તતા ધ્રુવ કારણ''ના અવલંબને ''વર્તમાન નિર્મળ કાર્ય'' પ્રગટે છે. બસ ! આવો ધ્રુવ કારણપરમાત્મા તે જ નિશ્ચયથી જીવતત્ત્વ છે, ને તે જ મુક્તિનું મૂળ કારણ છે. તે પરમ સ્વભાવનો આશ્રય લઈને તેમાં સ્થિત થતાં મુક્તિ થઈ જાય છે. માટે તે સહજ સ્વભાવ જ મુક્તિનું મૂળ કારણ છે, તેથી તે જ ખરેખર અંતઃતત્ત્વ



છે. ને તે સિવાયના બધા તત્ત્વો બાહ્યતત્ત્વ છે. મોક્ષપર્યાય પણ એક જ સમય રહેનારી છે, બીજા સમયે તેનો પણ વ્યય થઈ જાય છે, ને બીજી નવી મોક્ષપર્યાય પ્રગટે છે. માટે તેનો આશ્રય લેવા જતાં પણ વિકલ્પનું ઉત્થાન થાય છે. તેથી તે પણ બાહ્યતત્ત્વ છે. જેના અવલંબને નિર્વિકલ્પતા થાય તે જ અંતઃતત્ત્વ છે, ને જેના અવલંબને રાગ થાય તે બધું બાહ્યતત્ત્વ છે. સમ્યગ્દર્શન અંદરના ત્રિકાળી તત્ત્વની દૃષ્ટિ કરે છે. સમ્યગ્દૃષ્ટિને તેવી તત્ત્વની દૃષ્ટિ હોય છે, તેમને પર્યાયબુદ્ધિ હોતી નથી. સમકિતી કોને કહેવો ? તેનું વર્ણન કરતાં નાટક સમયસારમાં કહે છે કે :-

**સ્વારથકે સાચે પરમારથકે સાચે ચિત્ત,**
**સાચે સાચે બૈન કહૈં સાચે જૈનમતી હૈં।**
**કાહૂકે વિરુદ્ધિ નાહિ પરજાય-બુદ્ધિ નાહિ,**
**આતમગવેષી ન ગૃહસ્થ હૈ ન જતી હૈં॥**
**સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ ઘટમૈં પ્રગટ સદા,**
**અંતરકી લચ્છિસૌં અજાચી લચ્છપતી હૈં।**
**દાસ ભગવંતકે ઉદાસ રહૈં જગતસૌં,**
**સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં॥**

આવા સમકિતી જ સાચા સુખિયા છે. એવા સમકિતપૂર્વક આત્મનિષ્ઠાપરાયણ થયેલા મુનિઓ મુક્તિ પામે છે. માટે ત્રિકાળી પરમ પંચમભાવ જ સંતોને મુક્તિનું મૂળ છે. એ સિવાય ૨૮ મૂળગુણ કે પંચમહાવ્રતાદિનો વિકલ્પ તે કાંઈ મુક્તિનું મૂળ નથી. આ એકાકાર પરમભાવ જ મુક્તિનું મૂળ છે. તે ત્રિકાળ એકાકાર છે, નિજ શક્તિના ફેલાવથી સદા ભરપૂર છે, સનાતન-અનાદિનો છે અને શુદ્ધ-શુદ્ધ છે. દ્રવ્યથી શુદ્ધ છે તેમ જ અંતર્કારણપર્યાયથી પણ શુદ્ધ છે. આવો ભગવાન પંચમભાવ જ મુક્તિનું મૂળ છે.

**પોષ સુદ ૬, બુધવાર, ૨-૧-૫૨.**

આ પરમ-આલોચના અધિકાર છે; આસન્નભવ્ય સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના પરમ શુદ્ધ કારણ-પરમાત્માના આશ્રય વડે સંસારના મૂળને ઊખેડી નાખે છે તેનું નામ 'આલુંછન' છે, ને તે નિશ્ચય આલોચનાનો પ્રકાર છે. અનાદિ સંસારથી જીવે એક ક્ષણમાત્ર આવી આલોચના કરી નથી, જો આવી આલોચના કરે તો શુદ્ધભાવ પ્રગટીને મુક્તિ થયા વિના રહે નહિ.

૧૧૦મી ગાથા ઉપરનો બીજો શ્લોક કહે છે :-

## શ્લોક ૧૬૧

(मन्दाक्रान्ता)

**आसंसारादखिलजनतातीव्रमोहोदयात्सा**
**मत्ता नित्यं स्मरवशगता स्वात्मकार्यप्रमुग्धा।**
**ज्ञानज्योतिर्धवलितककुभ्मंडलं शुद्धभावं**
**मोहाभावात्स्फुटितसहजावस्थमेषा प्रयाति॥ १६१॥**

**શ્લોકાર્થ** : અનાદિ સંસારથી સમસ્ત જનતાને (-જનસમૂહને) તીવ્ર મોહના ઉદયને લીધે જ્ઞાનજ્યોતિ સદા મત્ત છે, કામને વશ છે અને નિજ આત્મકાર્યમાં મૂઢ છે. મોહના અભાવથી આ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે -કે જે શુદ્ધભાવે દિશામંડળને ધવલિત (-ઉજ્જવળ) કર્યું છે અને સહજ અવસ્થાને પ્રગટ કરી છે. ॥ ૧૬૧ ॥

નિશ્ચય આલોચના કહો, સંવર કહો કે ધર્મ કહો, તે અનાદિથી કેમ પ્રગટ્યો નથી અને તે કેમ પ્રગટે ? તે બન્ને વાત આ શ્લોકમાં બતાવી છે. મિથ્યાત્વ તે તીવ્ર મોહ છે, ને અસ્થિરતાના રાગ-દ્વેષ તે મંદ મોહ છે; અનાદિ સંસારથી અજ્ઞાની જીવની જ્ઞાનજ્યોતિ તીવ્ર મિથ્યાત્વમોહથી એવી ગાંડી થઈ ગઈ છે કે તે પોતે પોતાના ઘરને જાણતી નથી. જેમ ગાંડો માણસ ઘર ભૂલીને પરઘેર માંગવા જાય, તેમ ચૈતન્યજ્યોતિ અજ્ઞાનથી ગાંડી થઈ ગઈ છે. તેને પોતાના જ્ઞાનાનંદની રુચિ નથી પણ પરવિષયોની પ્રીતિ કરીને તેને વશ વર્તે છે, પુણ્ય-પાપ તે બન્ને કામ છે-વિકાર છે, અનાદિથી મોહને લીધે અજ્ઞાનીની જ્ઞાનજ્યોતિ તે વિકારને વશ વર્તે છે ને પોતાના આત્મકાર્યમાં મૂઢ છે. આનું નામ અધર્મ છે.

હવે પોતાના પરમ શુદ્ધ સ્વભાવનું ભાન થતાં મોહનો અભાવ થઈને તે જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે. પહેલાં મત્ત એટલે કે ગાંડી હતી તેને બદલે હવે શુદ્ધભાવને પામી છે, અને પહેલાં કામને વશ હતી તેને બદલે તે જ્ઞાનજ્યોતિએ શુદ્ધભાવથી દિશામંડળને પ્રકાશિત કર્યું છે એટલે કે ચારે તરફથી તે જ્ઞાનજ્યોતિ ઉજ્જવળ થઈ છે અને સહજ અવસ્થાને તેણે પ્રગટ કરી છે. આવી જ્ઞાનજ્યોતિ પ્રગટે તેનું નામ ધર્મ છે, તે સંવર છે ને તે આલોચના છે.



હવે ૧૧૧મી ગાથામાં ‘‘અવિકૃતિકરણ’’ નામની આલોચના કહે છે :-

## ગાથા ૧૧૧

**कम्मादो अप्पाणं भिण्णं भावेइ विमलगुणणिलयं।**
**मज्झत्थभावणाए वियडीकरणं ति विण्णेयं॥ १११॥**

**कर्मणः आत्मानं भिन्नं भावयति विमलगुणनिलयम्।**
**मध्यस्थभावनायामविकृतिकरणमिति विज्ञेयम्॥ १११॥**

**અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને**
**ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.**

**અન્વયાર્થ** : **(मध्यस्थभावनायाम्)** જે મધ્યસ્થભાવનામાં **(कर्मणः भिन्नम्)** કર્મથી ભિન્ન **(आत्मानं)** આત્માને -**(विमलगुणनिलयं)** કે જે વિમળ ગુણોનું રહેઠાણ છે તેને- **(भावयति)** ભાવે છે, **(अविकृतिकरणम् इति विज्ञेयम्)** તે જીવને અવિકૃતિકરણ જાણવું.

જે જીવને ચૈતન્ય તરફના વલણવાળો શુદ્ધોપયોગ છે તેની ખાસ પરિણતિનું આ વર્ણન છે. શુદ્ધોપયોગ તે સંવર છે તે શુદ્ધોપયોગવાળો જીવ પુણ્ય-પાપને બાળી નાખવા માટે અગ્નિ સમાન છે. પહેલાં એ વાત નક્કી કરવી જોઈએ કે જીવનો સ્વભાવ પુણ્ય-પાપને બાળી નાખવાનો છે. જીવ કેવો છે એવું જે વ્યવહારજ્ઞાનથી જાણ્યું તે વ્યવહારજ્ઞાન ઉપર પણ વજન ન રાખતા સ્વભાવ તરફ વજન આપે ત્યારે તો તેને વ્યવહારજ્ઞાન કહેવાય, વ્યવહારજ્ઞાન શું જાણે છે ? તે એમ જાણે છે કે જીવદ્રવ્યમાં પુણ્ય-પાપને નાશ કરવાની શક્તિ છે, મારામાં (-વ્યવહારજ્ઞાનમાં) પુણ્ય-પાપનો નાશ કરવાની તાકાત નથી - એમ વ્યવહારજ્ઞાન જાણે છે. હજી પરિણમન પ્રગટ્યું નથી - નિશ્ચય રુચિ પ્રગટી નથી તે પહેલાંનું રાગ સહિત વ્યવહારજ્ઞાન પણ એમ કબૂલે છે કે પુણ્ય-પાપનો નાશ કરવાની તાકાત જીવદ્રવ્યના આશ્રયમાં છે. પર્યાયમાં રાગ અને અલ્પજ્ઞતા હોવા છતાં તે જ્ઞાનમાં એવો નિર્ણય કરે કે આ રાગનો અને અલ્પજ્ઞતાનો નાશ કરવાની તાકાત દ્રવ્યના અંતર્મુખ અવલોકનમાં છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો તેમાં એવો નિર્ણય આવી જાય છે કે પર્યાયના ક્રમમાં અલ્પજ્ઞતા અને રાગ છે તેનો નાશ દ્રવ્યના આશ્રયથી થઈ જાય છે. એટલે વ્યવહારજ્ઞાનમાં પણ વજન તો અંતર્મુખ સ્વભાવ ઉપર જાય છે, વ્યવહારજ્ઞાનનું વજન પોતા ઉપર (વ્યવહાર ઉપર) નથી. જેમ પ્રતિવાસુદેવના ખ્યાલમાં તો હોય છે કે વાસુદેવ મારાથી ન મરે, પણ વાસુદેવ પ્રતિવાસુદેવને મારી નાખે. તેમ વ્યવહારજ્ઞાન તો પ્રતિવાસુદેવ જેવું છે, તે એમ ખ્યાલમાં લ્યે છે કે આ દ્રવ્યસ્વભાવનું અવલંબન મારો નાશ કરી નાખશે. પણ મારામાં(એટલે કે વ્યવહારમાં) નિશ્ચયજ્ઞાન પ્રગટ કરવાની તાકાત નથી.

ભગવાનની વાણી સાંભળતા રાગની મંદતા અને જ્ઞાનનો ઉઘાડ થાય છે, પણ તે ઉઘાડમાં એવો નિર્ણય આવે છે કે સર્વજ્ઞતા થવાની તાકાત તો દ્રવ્યમાં છે, દ્રવ્યનો આશ્રય થતાં રાગ અને અલ્પજ્ઞતાનો નાશ થઈ જશે. શ્રી ગુરુ કહે છે કે હે શિષ્ય ! તું આવા આત્માને જાણ ! એટલે વ્યવહાર સમ્યગ્જ્ઞાનમાં પણ શિષ્યને એવો ખ્યાલ આવે છે કે આવા આત્મામાં અંતર્મુખ થવાનું ગુરુ કહે છે. ને તેના જ આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન થઈને રાગ અને અલ્પજ્ઞતા ટળી જશે. પણ વ્યવહારજ્ઞાનમાં તેવી તાકાત નથી કે રાગને કે અલ્પજ્ઞતાને ટાળે. હજી નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ્યા પહેલાં વ્યવહારજ્ઞાન આવો નિર્ણય કરે છે. પછી જ્યારે અંતર્મુખ થઈને નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરે છે ત્યારે જ વ્યવહારને ખરેખર વ્યવહાર કહેવાય. એકલા વ્યવહારજ્ઞાનને જ જે પરમાર્થ સમ્યગ્જ્ઞાન માની લ્યે તેને તો વ્યવહારજ્ઞાન પણ ખરું નથી કેમ કે તેને તો વ્યવહાર ઉપર વજન આવી ગયું છે. અહીં તો વ્યવહાર પણ ત્યારે કહ્યો કે જ્યારે વજન આત્મદ્રવ્ય તરફ વળ્યું. પછી અખંડ સ્વભાવ તરફ વજન આપતાં -તેનું વારંવાર મનન કરતાં નિશ્ચય રુચિ પ્રગટતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે, -તે અપૂર્વ ધર્મ છે.

પહેલાં ધારણામાં સ્વભાવ તરફ વજન આવવું જોઈએ કે મારા સ્વભાવ તરફ વળતાં રાગ અને અલ્પજ્ઞતા ટળી જશે. પહેલેથી ધારણામાં જ જો વ્યવહાર તરફનું વજન આપે તો તો તેની ધારણા પણ ખોટી છે.

‘‘પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન એવો જે જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન આત્માને -કે જે સહજ ગુણોનું નિધાન છે તેને ધ્યાવે છે, તેને સહજ ગુણ નામક પરમ-આલોચનાનું સ્વરૂપ વર્તે છે જ.’’

આત્મા સહજ ગુણોનું ત્રિકાળી નિધાન છે; તેને જે ધ્યાવે છે તેને વિકારનો નાશ થઈને સહજ ગુણ પ્રગટે છે. પહેલાં આવી વાત સાંભળીને તેનો વિચાર અને ધારણા કરીને તે જ ઘૂંટવી જોઈએ. પછી અંતરમાં તેનું પરિણમન થતાં અવિકારી દશા પ્રગટે છે. આત્મા ચૈતન્યસ્વભાવનો પિંડ છે તેને જોવા તરફ જેની પર્યાય વર્તે છે તેને જ પરમ આલોચના જાણવી.

અહો ! અજ્ઞાનીને જ્ઞાનજ્યોતિ સ્વધ્યેયને ચૂકીને પરધ્યેયમાં મત્ત-ગાંડી થઈ ગઈ છે. જ્ઞાની તો શુદ્ધ સહજગુણનિધાન સ્વભાવને જ ધ્યેય બનાવીને અવિકૃત-સહજદશા પ્રગટ કરે છે, તેનું નામ ‘‘અવિકૃતિકરણ’’ નામની પરમ આલોચના છે.

હવે આ ૧૧૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ નવ શ્લોક કહે છે :-

જુઓ ! અંદરથી આલોચના તરફનો ઉત્સાહ ઊછળી જતાં ટીકાકારે નવ નવ શ્લોકો કહ્યા છે. સાધારણ જીવોને તો ભાવલિંગી સંતોના હૃદય પારખવાં કઠણ પડી જાય તેમ છે. અંદર પોતાને સ્વભાવ



ભાવનાનું જોર ઊછળ્યું છે, આત્મધ્યાનની મસ્તીમાં ઝૂલતાં ઝૂલતાં સહજ શ્લોકો રચાઈ ગયા છે. અંદરમાં ચિદાનંદ ચૈતન્યની ધૂન જામી છે; સ્વભાવની ધૂનમાં રાગને ભૂલી ગયા છે, તેથી શ્લોકમાં સહજપણે જે ઉપમા લક્ષમાં આવી તે ઉપમા આપીને વર્ણન કર્યું છે. સ્ત્રી આદિની ઉપમા આપી તેમાં રાગ નથી; પણ સ્વભાવની ધૂન છે; સ્વભાવની મસ્તીમાં રાગને તો ભૂલી ગયા છે.

**શ્લોક ૧૬૨**

(मन्दाक्रान्ता)

**आत्मा भिन्नो भवति सततं द्रव्यनोकर्मराशे-**
**रन्तःशुद्धः शमदमगुणाम्भोजिनीराजहंसः।**
**मोहाभावादपरमखिलं नैव गृह्णाति सोऽयं**
**नित्यानंदाद्यनुपमगुणश्चिच्चमत्कारमूर्तिः॥ १६२॥**

**શ્લોકાર્થ** : આત્મા નિરંતર દ્રવ્યકર્મ અને નોકર્મના સમૂહથી ભિન્ન છે, અંતરંગમાં શુદ્ધ છે અને શમ-દમગુણરૂપી કમળોનો રાજહંસ છે (અર્થાત્ જેમ રાજહંસ કમળોમાં કેલિ કરે છે તેમ આત્મા શાંતભાવ અને જિતેંદ્રિયતારૂપી ગુણોમાં રમે છે). સદા આનંદાદિ અનુપમ ગુણવાળો અને ચૈતન્ય-ચમત્કારની મૂર્તિ એવો તે આત્મા મોહના અભાવને લીધે સમસ્ત પરને (-સમસ્ત પરદ્રવ્ય-ભાવોને) ગ્રહતો નથી જ. ॥ ૧૬૨ ॥

ભગવાન આત્મા ચૈતન્યના ગુણોમાં કેલિ કરનારો રાજહંસ છે, તે કેવો છે ? નિરંતર દ્રવ્યકર્મ અને નોકર્મથી રહિત છે, ને ભાવકર્મોથી પણ રહિત, અંતરંગમાં ત્રિકાળ શુદ્ધ છે, આત્માનું અંતરનું અંગ તો આખું શુદ્ધ જ છે; અંતરનું અંગ એટલે કે ત્રિકાળી ગુણો તો સદા શુદ્ધ જ છે. જેમ રાજહંસ સરોવરના કમળમાં કેલિ કરે છે તેમ આ ચૈતન્યહંસ જ્ઞાનસરોવરના શાંતભાવ અને જિતેંદ્રિયતારૂપી કમળમાં સદાય કેલિ કરનારો છે; ત્રણે કાળે તે આનંદાદિ અનુપમ ગુણવાળો અને ચૈતન્યચમત્કારની મૂર્તિ છે. આવા સ્વભાવની દૃષ્ટિ કર, અને પર્યાયમાં વિકાર હોવા છતાં તેની બુદ્ધિ છોડ ! ત્રિકાળી એકરૂપ સ્વભાવમાં કેલિ કરનાર આવા આત્માને મોહનો અભાવ હોવાથી તે સમસ્ત પરદ્રવ્યો કે પરભાવોને ગ્રહતો નથી, એટલે તે સ્વભાવથી અવિકૃત જ રહે છે; વિકારભાવને તે ગ્રહતો નથી. સ્વભાવ તરફની સાવધાની થતાં મોહનો અભાવ થાય છે, અને મોહના અભાવને લીધે આત્મા કોઈ પરદ્રવ્યને કે પરભાવને ગ્રહતો નથી. ત્રિકાળી સ્વભાવમાં તો વિકારનું ગ્રહણ જ નથી, તે સ્વભાવનો આશ્રય કરતાં પર્યાયમાં પણ વિકારનો સંવર થઈ જાય છે.

૧૧૧મી ગાથા ઉપરનો બીજો શ્લોક કહે છે :-

### શ્લોક ૧૬૩

(मन्दाक्रान्ता)

अक्षय्यान्तर्गुणमणिगणः शुद्धभावामृताम्भो-
राशौ नित्यं विशदविशदे क्षालितांहःकलंकः।
शुद्धात्मा यः प्रहतकरणग्रामकोलाहलात्मा
ज्ञानज्योतिःप्रतिहततमोवृत्तिरुच्चैश्चकास्ति॥ १६३॥

**શ્લોકાર્થ** : જે અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે, જેણે સદા વિશદ-વિશદ (અત્યંત નિર્મળ) શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં પાપકલંકને ધોઈ નાખ્યાં છે અને જેણે ઈંદ્રિયસમૂહના કોલાહલને હણી નાખ્યો છે, તે શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ વડે અંધકારદશાનો નાશ કરીને અત્યંત પ્રકાશે છે. ॥ ૧૬૩ ॥

કેવો છે શુદ્ધ આત્મા ? જે સદાય અંતરમાં અક્ષય ગુણમણિઓનો સમૂહ છે, જેણે સદાય સહજ શુદ્ધભાવરૂપી અમૃતના દરિયામાં પાપકલંકને ધોઈ નાખ્યો છે. એટલે કે ચૈતન્યસમુદ્રમાં તો પાપકલંક છે જ નહિ; અરે જીવ ! આવા ચૈતન્યસમુદ્ર ભગવાન આત્માનો પહેલાં વિશ્વાસ કર.... વિશ્વાસ કર ! તેનામાં કોઈ કલંક નથી, તેમાં અંતર્મુખ થતાં પર્યાયમાંથી કલંક નીકળી જાય છે ને સિદ્ધપણે પરિણમન થયા કરે છે. ત્રિકાળી નિર્મળ શક્તિની પ્રતીત કર.... તો તેના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટે છે. શુદ્ધતા એક નવી થાય છે ને બીજી અનાદિની છે. એટલે કે સ્વભાવની શુદ્ધતા અનાદિથી છે ને પર્યાયની શુદ્ધતા નવી થાય છે. જેમ સિદ્ધભગવંતો અનાદિથી જ છે તેમ આત્માનો સિદ્ધ જેવો સ્વભાવ પણ અનાદિથી જ છે, ને જેમ નવા સિદ્ધો થાય છે તેમ આત્માને પર્યાયમાં શુદ્ધભાવ નવો પ્રગટે છે. આવા શુદ્ધ આત્માનો વિશ્વાસ કરીને તેમાં ઝૂકી જાવ! તે શુદ્ધાત્મા જ્ઞાનજ્યોતિના પ્રકાશ વડે અંધકારનો નાશ કરીને અત્યંત પ્રકાશે છે.

**પોષ સુદ ૭, ગુરુવાર, ૩-૧-૫૨.**

આ આલોચના અધિકાર છે, આલોચના એટલે સંવર; આત્માના સહજ શુદ્ધ સ્વભાવની ભાવના વડે વિકારની ઉત્પત્તિ ન થાય તેનું નામ અવિકૃતિકરણરૂપ આલોચના છે.

હવે ૧૧૧મી ગાથા ઉપર ત્રીજો શ્લોક કહે છે :-



### શ્લોક ૧૬૪

(वसंततिलका)

संसारघोरसहजादिभिरेव रौद्रै-
र्दुःखादिभिः प्रतिदिनं परितप्यमाने।
लोके शमामृतमयीमिह तां हिमानीं
यायादयं मुनिपतिः समताप्रसादात्॥ १६४॥

**શ્લોકાર્થ** : સંસારના ઘોર, સહજ ઈત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન પરિતપ્ત થતાં આ લોકમાં આ મુનિવર સમતાના પ્રસાદથી શમામૃતમય જે હિમ-રાશિ (બરફનો ઢગલો) તેને પામે છે.॥૧૬૪॥

આ તો મુનિદશાની શાંતિની વાત છે. પણ આવું મુનિપણું આત્માનો સ્વભાવ સમજ્યા વગર કદી આવતું નથી, સંસાર તો સહજપણે ઘોર દુઃખમય છે. ''નિરંતર વર્તતી આકુળતારૂપી દુઃખ તો સંસારમાં સ્વાભાવિક જ છે, અર્થાત્ સંસાર સ્વભાવથી જ દુઃખમય છે. તે ઉપરાંત તીવ્ર અશાતા વગેરેનો આશ્રય કરનારા ઘોર દુઃખોથી પણ સંસાર ભરેલો છે.'' આત્મા ત્રિકાળ સહજ સુખમય છે, ને તેનાથી વિરુદ્ધ એવો જે વિકારભાવરૂપ સંસાર છે તે સહજ દુઃખમય જ છે, વિકાર પોતે જ દુઃખરૂપ છે, ને તેમાં પણ વળી અશાતાના વેદનથી ઘોર દુઃખમય છે. પરનો આશ્રય તે જ દુઃખ છે. ચિદાનંદ સ્વભાવ સિવાય આ જગતમાં બીજી કોઈ પણ સુખની સામગ્રી નથી, શાતાના વેદનનો ભાવ પણ સહજ દુઃખરૂપ છે. આવું નક્કી કરીને ચૈતન્ય તરફ વળે તો જ તે દુઃખ ટળીને સહજ શાંતિ પ્રગટે છે. સંસાર આખોય રૌદ્ર-ભયાનક દુઃખથી તપ્તાયમાન છે. તેમાં અંતરના ચિદાનંદ સ્વરૂપમાં ઠરેલા મુનિઓ જ સહજ શાંતિમય હિમરાશિને પામે છે, એ સિવાય બાહ્ય વલણવાળા ભાવમાં ક્યાંય સુખ નથી. માન અને અપમાન, અનુકૂળતા અને પ્રતિકૂળતા એવા ભાવોમાં જીવો બળી-ઝળી રહ્યા છે, દુઃખના તાપમાં સળગી ઊઠ્યા છે. તેમાં શાંતિ લેવી હોય તો, હે ભાઈ ! અંતરમાં ચૈતન્ય ભગવાન શીતળ સુખરૂપ છે તેમાં ઠર. તેમાં ઠરેલા-લીન થયેલા મુનિવરો જ પરમ શાંતિને અનુભવે છે, પહેલાં આમ નક્કી કરીને આત્માની રુચિ કરવી જોઈએ. પર તરફના વલણવાળો સંસાર આખોય દુઃખથી સળગી રહ્યો છે, એમ પહેલાં નક્કી કરે તો વિચાર કરે કે સુખ ક્યાં છે? મારા આત્માના આશ્રય વગર ક્યાંય બીજે સુખ નથી -એમ નક્કી કરે તો પરથી ઉદાસીન થઈને અંતરમાં વળે ને શાંતિ પ્રગટે. જેટલો પરના આશ્રયવાળો ભાવ છે, તે બધોય જમશેદપુરની ભઠ્ઠી જેવો - દુઃખથી સળગતો સંસાર છે, ને તેનાથી વિરુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા પરમ શીતળ સુખનો ઢગલો છે. તેના આશ્રયમાં પડેલાં મુનિવરો અકષાયી વીતરાગી હિમરાશિને પામે છે. જુઓ, આ સંસારના દુઃખથી છૂટવાનો ઉપાય ! અંતરમાં ઉપશમરસનો કંદ છે તે વસ્તુમાં એકવાર ડોકિયું તો કર ! શાંતિ તો ત્યાં છે. મુનિઓ સમતાના પ્રસાદથી તે પરમ સુખમય શાંતિને પામે છે.

હવે ટીકાકાર ચોથા શ્લોકમાં કહે છે કે મુમુક્ષુઓ જે માર્ગે મુક્તિ પામ્યા તે જ માર્ગે હું જાઉં છું :-

**શ્લોક ૧૬૫**

(वसंततिलका)

**मुक्तः कदापि न हि याति विभावकायं**
**तद्धेतुभूतसुकृतासुकृतप्रणाशात्।**
**तस्मादहं सुकृतदुष्कृतकर्मजालं**
**मुक्त्वा मुमुक्षुपथमेकमिह व्रजामि॥ १६५॥**

**શ્લોકાર્થ** : મુક્ત જીવ વિભાવસમૂહને કદાપિ પામતો નથી કારણ કે તેણે તેના હેતુભૂત સુકૃત અને દુષ્કૃતનો નાશ કર્યો છે. તેથી હવે હું સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળને છોડીને એક મુમુક્ષુમાર્ગે જાઉં છું (અર્થાત્ મુમુક્ષુઓ જે માર્ગે ચાલ્યા છે તે જ એક માર્ગે ચાલું છું). ॥ ૧૬૫ ॥

**મુમુક્ષુઓનો એક જ માર્ગ**

જેઓ સ્વભાવમાં ઠરીને મુક્તિ પામ્યા તે મુક્ત જીવો ફરીથી વિભાવના અંશને પણ કદી પામતા નથી; તેમણે તો શુભ કે અશુભ બન્ને ભાવોનો નાશ કર્યો છે. આવા અનંતા સિદ્ધો મુક્તિમાર્ગમાં ચાલીને મુક્ત થયા. તેઓ તો એકલી સ્વભાવ કાયારૂપ થઈ ગયા છે, તેમને વિભાવની કાયા નથી. અહો ! આવા મુક્ત જીવો સદાય પરમ સુખમય છે, તેઓ કદી જરાય વિભાવને પામતા નથી. તેથી હવે હું પણ તે સિદ્ધ ભગવંતોની માફક સમસ્ત શુભ-અશુભ કર્મજાળને છોડીને એક મુમુક્ષુ માર્ગે જાઉં છું. મુમુક્ષુઓ તો પુણ્ય-પાપ છોડીને ચૈતન્યમાં ઠરીને મુક્તિ પામ્યા છે. માટે હું પણ તે મુમુક્ષુઓના માર્ગે જાઉં છું. માર્ગ તો અંતરમાં ચિદાનંદ સ્વભાવનો આશ્રય કરવો તે જ છે. જે માર્ગે મુમુક્ષુઓ સંચર્યા તે જ એક માર્ગે હું જાઉં છું. જેટલા જીવો સિદ્ધ થયા તે બધાયનો એક જ માર્ગ છે કે સુકૃત તેમજ દુષ્કૃતનો નાશ કરીને ચૈતન્યસ્વરૂપમાં ઠરવું.

મુમુક્ષુઓને મુક્તિનો માર્ગ એક જ છે. બહારમાં વલણ જાય તે મુક્તિનો માર્ગ નથી. અંતર્-સ્વભાવનો નિર્ણય કરીને તેમાં એકાગ્ર થવું તે જ મુક્તિનો માર્ગ છે; અનંતકાળ પહેલાં કે અનંતકાળ પછી - બધાયને માટે મુક્તિનો આ એક જ માર્ગ છે. હું જ્ઞાયક ચિદાનંદ છું, પુણ્ય-પાપ તે મારું સ્વરૂપ નથી -એમ પહેલાં સમજીને, જ્ઞાયકસ્વરૂપમાં અંતર્મુખ થઈને પુણ્ય-પાપનો અભાવ કરવો- એવો જ મુક્તિનો માર્ગ છે, એ માર્ગ ઉપર ચાલીને-એટલે કે નિશ્ચય મોક્ષમાર્ગ ઉપર ચાલીને અને વ્યવહારને છોડીને જ મુમુક્ષુઓ મુક્તિ પામ્યા છે. તેથી હું પણ તે જ માર્ગે મોક્ષમાં જાઉં છું.

હવે ૧૧૧મી ગાથા ઉપરના પાંચમા શ્લોકમાં કહે છે કે શરીરાદિનું લક્ષ છોડીને હું ચૈતન્યમૂર્તિ



આત્માનો આશ્રય કરું છું :-

**શ્લોક ૧૬૬**

(अनुष्टुभ्)

**प्रपद्येऽहं सदाशुद्धमात्मानं बोधविग्रहम्।**
**भवमूर्तिमिमां त्यक्त्वा पुद्गलस्कन्धबन्धुराम्॥ १६६॥**

**શ્લોકાર્થ** : પુદ્ગલસ્કંધો વડે જે અસ્થિર છે (અર્થાત્ પુદ્ગલસ્કંધોના આવવા-જવાથી જે એકસરખી રહેતી નથી) એવી આ ભવમૂર્તિને (-ભવની મૂર્તિરૂપ કાયાને) છોડીને હું સદાશુદ્ધ એવો જે જ્ઞાનશરીરી આત્મા તેનો આશ્રય કરું છું. ॥ ૧૬૬ ॥

આ શરીર તો અનંત પુદ્ગલોના સંયોગથી બનેલું છે. તેમાં ક્ષણે ક્ષણે અનંતા રજકણો આવે છે ને જાય છે, તેથી તે અસ્થિર છે. ચિદાનંદી આત્મા સદાય એવો ને એવો સ્થિર બિંબ છે, શરીર તો ભવની મૂર્તિ છે, આત્મા ચૈતન્યની મૂર્તિ છે. તેને ચૂકીને શરીરનો આશ્રય કરતાં ભવના ભાવની જ ઉત્પત્તિ થાય છે. માટે શરીર તો ભવની જ મૂર્તિ છે. તેને છોડીને સદા એકરૂપ એવો જે જ્ઞાનશરીરી આત્મા તેનો જ હું આશ્રય કરું છું. આનો આશ્રય કરવાથી જ સંવર અને મુક્તિ થાય છે. શરીર તો મૂર્તિ છે, તેમાં રોગ થાય, અશુચિ થાય, બેસી પણ ન શકાય, છતાં તેવા ટાણે અંતરમાં ચૈતન્યમૂર્તિ સદા શુદ્ધ એવો ને એવો બિરાજમાન છે તેના આશ્રયે જ ધર્મ થાય છે. જો શરીરના આશ્રયે ધર્મ થતો હોય તો તો શરીરમાં રોગ-અશુચિ વખતે ધર્મ થાય જ નહિ, પણ એમ નથી. શરીર તો ભવની મૂર્તિ છે, ને તે શરીર આત્માનું નથી, આત્માનું શરીર તો 'જ્ઞાન' છે. જ્ઞાનશરીરી ભગવાન આત્મા પોતે ધર્મની મૂર્તિ છે. માટે મુનિરાજ કહે છે કે આ અસ્થિર-ક્ષણભંગુર દેહનો આશ્રય છોડીને, એકરૂપ જ્ઞાયક શરીરનું જ શરણ ગ્રહણ કરું છું. એટલે બીજા જે જીવોને આત્માની શાંતિ જોઈતી હોય તેઓ પણ મારી જેમ આવા જ્ઞાનશરીરી આત્માને ઓળખીને તેનું જ શરણ કરો!

હવે ૧૧૧મી ગાથા ઉપરનો પાંચમો શ્લોક કહે છે :-

**શ્લોક ૧૬૭**

(अनुष्टुभ्)

**अनादिममसंसाररोगस्यागदमुत्तमम्।**
**शुभाशुभविनिर्मुक्तशुद्धचैतन्यभावना॥ १६७॥**

**શ્લોકાર્થ** : શુભ અને અશુભથી રહિત શુદ્ધચૈતન્યની ભાવના મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે. ॥ ૧૬૭ ॥

જુઓ, આ ભવભ્રમણના રોગને મટાડવાની ઔષધિ ! ચૈતન્યસ્વભાવની ભ્રાંતિ તે જ મહારોગ છે, ને ચૈતન્યસ્વભાવની ભાવના કરવી તે જ તેનું ઔષધ છે.

**આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,**
**ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.**

આત્મભ્રાંતિનો રોગ મટાડવાની ઔષધિ બતાવનાર વૈદ્ય કેવા હોય ? કે આત્માના જાણનાર હોય; તેઓની આજ્ઞા એવી કે ''તારા ચૈતન્યની ઓળખાણ કરીને તેનો વિચાર અને ધ્યાન કર'' તે જ અનાદિ સંસારરોગનું ઔષધ છે. શ્રી ગુરુએ ઔષધ બતાવ્યું, પણ તે કરે કોણ ? પોતે તે પ્રમાણે ચૈતન્યને ઓળખીને તેની વીતરાગી ભાવના કરે તો ભવ ભ્રમણનો રોગ ટળે, એ સિવાય શુભાશુભ રાગ તે ભવભ્રમણને ટાળવાનો ઉપાય નથી.

હવે ૧૧૧મી ગાથા ઉપરનો છઠ્ઠો શ્લોક કહે છે. તેમાં શુદ્ધાત્માને નમસ્કાર કરીને તેની ભાવના કરે છે :-

**શ્લોક ૧૬૮**

(માલિની)

**अथ विविधविकल्पं पंचसंसारमूलं**
**शुभमशुभसुकर्म प्रस्फुटं तद्विदित्वा।**
**भवमरणविमुक्तं पंचमुक्तिप्रदं यं**
**तमहमभिनमामि प्रत्यहं भावयामि॥ १६८॥**

**શ્લોકાર્થ** : પાંચ પ્રકારના (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવના પરાવર્તનરૂપ) સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભ કર્મ છે એમ સ્પષ્ટ જાણીને, જે જન્મ-મરણ રહિત છે અને પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે તેને (-શુદ્ધાત્માને) હું નમું છું અને પ્રતિદિન ભાવું છું. ॥ ૧૬૮ ॥

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ અને ભાવ એવા પાંચ પ્રકારે જે સંસાર પરિભ્રમણ છે તેનું મૂળિયું શુભ-અશુભ કર્મ છે. વિવિધ ભેદવાળાં જેટલાં શુભ-અશુભ કર્મો છે તે બધાય સંસારનું મૂળિયું છે, - આમ પહેલાં સ્પષ્ટપણે જાણવું જોઈએ, પુણ્ય પણ સંસારનું જ કારણ છે એમ પહેલાં ઓળખવું જોઈએ અને શુદ્ધાત્મા જન્મ-મરણ રહિત છે. એટલે કે તે મુક્તિનું મૂળ છે. પાંચે પ્રકારના પરિભ્રમણમાંથી મુક્તિ આપનારો ભગવાન શુદ્ધાત્મા છે, તેવા શુદ્ધાત્માને હું નમું છું - તેમાં ઝૂકાવું છું ને તેને જ પ્રતિદિન ક્ષણેક્ષણે ભાવું છું - એટલે બધા જીવોને આવા શુદ્ધાત્માની ભાવના જ મુક્તિનું કારણ છે.



શુભાશુભ કર્મ સંસાર પરિભ્રમણનું મૂળ છે એમ કહ્યું, તેથી એમ ન સમજવું કે જડ કર્મો જીવને રખડાવે છે, પણ આત્માના જે ભાવથી શુભાશુભ કર્મ બંધાય તે ભાવને પરિભ્રમણનું મૂળ કહ્યું છે, ને પોતે પોતાના સ્વભાવની દૃષ્ટિ કરીને લીન થતાં વિકાર છૂટી જાય છે. એટલે પંચ પ્રકારના પરિભ્રમણથી મુક્તિ થાય છે. પહેલાં આમ ઓળખવું તે ધર્મની શરૂઆતની રીત છે. હજી આમ ઓળખાણ પણ ન કરે તો પોતાના આત્માની ભાવના કરીને તેમાં ઠરે ક્યારે ? માટે પહેલાં વિકાર અને શુદ્ધ સ્વભાવ એ બન્નેને બરાબર ઓળખીને, શુદ્ધ ચૈતન્ય આત્મામાં નમવું-પરિણમવું-તેની ભાવના કરવી- તે જ મુક્તિનો માર્ગ છે.

હવે ૧૧૧મી ગાથા ઉપરનો આઠમો શ્લોક કહે છે :-

**શ્લોક ૧૬૯**

(માલિની)

**अथ सुललितवाचां सत्यवाचामपीत्थं**
**न विषयमिदमात्मज्योतिराद्यन्तशून्यम्।**
**तदपि गुरुवचोभिः प्राप्य यः शुद्धदृष्टिः**
**स भवति परमश्रीकामिनीकामरूपः॥ १६९॥**

**શ્લોકાર્થ** : આ રીતે આદિ-અંત રહિત એવી આ આત્મજ્યોતિ સુલલિત (સુમધુર) વાણીનો કે સત્ય વાણીનો પણ વિષય નથી; તો પણ ગુરુના વચનો વડે તેને પામીને જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે). ॥૧૬૯॥

એક સમયની પર્યાયના વિકારને ગૌણ કર, ને અંતરમાં ધ્રુવ ચિદાનંદ આત્માને દૃષ્ટિમાં લે. તારા જ્ઞાનને અંતર્મુખ કર તો જ તે આત્મા જણાય તેવો છે. તે સિવાય વાણીથી કે વાણી તરફના વિકલ્પથી તે જણાય તેવો નથી. ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા સત્ય વાણીનો પણ વિષય નથી, તે તો જ્ઞાનનો જ વિષય છે. પણ તેમાં નિમિત્ત કેવું હોય તે બતાવવા કહે છે કે તો પણ ગુરુના વચનો વડે તેને પામીને જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે તે જીવ મુક્તિ પામે છે.

શ્રી ગુરુના વચનો વડે ખરેખર આત્મજ્યોતિ પામ્યો ક્યારે કહેવાય ? કે શ્રી ગુરુએ કહ્યો તેવા આત્માને અંતરના લક્ષમાં લ્યે, ત્યારે ગુરુના વચનો વડે ચૈતન્યજ્યોતિને પામ્યો કહેવાય. એટલે કે સમજનાર જીવને તો જ્ઞાની ગુરુના વચનો જ નિમિત્ત હોય છે, અજ્ઞાનીના વચનો કે એકલા પુસ્તકો નિમિત્ત નથી હોતાં, માટે ગુરુના વચનની વાત કરી છે. પહેલાં તો એમ બતાવ્યું કે ભગવાન આત્મા સત્ય વાણીનો પણ વિષય નથી, -એમ બતાવીને પછી નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું કે ગુરુવચન વડે તેને પામીને પાત્ર જીવ શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે. ગુરુના વચનો નિમિત્ત છે, પણ જે જીવ શુદ્ધ

ચૈતન્યજ્યોતિને પામીને શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે તે જીવ જ પરમશ્રીરૂપી જે મુક્તિ, તેને પામે છે -એમ કહીને શુદ્ધ દૃષ્ટિ ઉપર જોર આપ્યું છે, તે વખતે નિમિત્ત કેવું હોય તેનું જ્ઞાન કરાવ્યું છે. કોઈ વાર તો એમ પણ કહે કે શ્રીગુરુના વચનથી જ મોક્ષ પામ્યો પણ તેનો આશય સમજી લેવો જોઈએ કે તે નિમિત્તનું કથન છે. શ્રીગુરુના બહુમાનનું કથન છે. ખરેખર શ્રીગુરુએ કહ્યું તેવો આશય પોતે પ્રગટ કર્યો ત્યારે મુક્તિ પામ્યો, અને ત્યારે ઉપચારથી કહ્યું કે શ્રીગુરુના વચનથી મુક્તિ પામ્યો. ખરેખર તો જે શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કરે તે જ મુક્તિરૂપી સ્ત્રીનો એવો વલ્લભ થાય છે કે કદી તે છૂટી ન પડે. ઈન્દ્રની ઈન્દ્રાણી તો વિખૂટી પણ પડી જાય, પણ અહીં તો દ્રવ્યની જે મુક્તિરૂપ પર્યાય પ્રગટી તે કદી દ્રવ્યથી જુદી ન પડે ને દ્રવ્ય તેનાથી જુદું ન પડે. આવી મુક્તિ પરિણતિને પામવાનો ઉપાય પોતાના શુદ્ધ આત્માની દૃષ્ટિ કરીને તેની રાગ રહિત ભાવના કરવી તે જ છે.

**પોષ સુદ ૮, શુક્રવાર, ૪-૧-૫૨.**

આજે સવારે રેકોર્ડીંગ રીલ વગાડવામાં આવ્યું હતું.

**પોષ સુદ ૯, શનિવાર, ૫-૧-૫૨.**

૧૧૧મી ગાથાનો આ નવમો શ્લોક છે :-

**શ્લોક ૧૭૦**

(मालिनी)

**जयति सहजतेजःप्रास्तरागान्धकारो**
**मनसि मुनिवराणां गोचरः शुद्धशुद्धः ।**
**विषयसुखरतानां दुर्लभः सर्वदायं**
**परमसुखसमुद्रः शुद्धबोधोऽस्तनिद्रः ॥ १७० ॥**

**શ્લોકાર્થ** : જેણે સહજ તેજથી રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે, જે મુનિવરોના મનમાં વસે છે, જે શુદ્ધ-શુદ્ધ છે, જે વિષયસુખમાં રત જીવોને સર્વદા દુર્લભ છે, જે પરમ સુખનો સમુદ્ર છે, જે શુદ્ધ જ્ઞાન છે અને જેણે નિદ્રાનો નાશ કર્યો છે, તે આ (શુદ્ધ આત્મા) જયવંત છે. ।।૧૭૦।।

આલોચના કઈ રીતે થાય ? તેની આ વાત છે. આત્માના સ્વભાવમાં અંતર્મુખ થઈને તેનું અવલોકન કરવું તે સંવર અને આલોચના છે. કેવો છે શુદ્ધ આત્મા ? જેણે પોતાના સહજ ચૈતન્ય પ્રકાશ વડે રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે, એટલે કે ધ્રુવ ચૈતન્યસ્વભાવમાં રાગદ્વેષ છે જ નહિ. પર્યાયમાં વિકાર છે, પણ પર્યાય જ્યાં ધ્રુવ સન્મુખ થઈ ત્યાં પર્યાયમાંથી પણ વિકારનો નાશ થઈ જાય છે. ચૈતન્ય ત્રિકાળ પ્રકાશમય છે, તેને ન સ્વીકારવું તે મહા અંધકાર છે. ધ્રુવસ્વભાવને સ્વીકારતાં જ



તેનો નાશ થઈ જાય છે.

તે શુદ્ધતત્ત્વ મુનિવરોની અંતરપરિણતિમાં વસે છે, વારંવાર પરમાનંદમય નિર્વિકલ્પ દશા મુનિઓને આવે છે, તેમાં તે શુદ્ધતત્ત્વ વસી રહ્યું છે. સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધામાં પણ તે સહજ તત્ત્વ વસી રહ્યું છે, પણ મુનિઓને તો સાતમી ભૂમિકામાં વારંવાર તેનો અનુભવ થાય છે તેથી તેમની વાત લીધી છે.

વળી તે પરમ તત્ત્વ ત્રિકાળ શુદ્ધ-શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ અને વર્તમાન કારણપર્યાય પણ શુદ્ધ છે. એને જોનારી પર્યાય તે સંવર છે. આવું તત્ત્વ મુનિઓના ચિત્તમાં વસે છે, ને વિષયસુખમાં લીન જીવોને તે અતિ દુર્લભ છે. પર તરફના વલણરૂપ જે વિષય, તેમાં જે લીન થયા છે ને સ્વવિષયને ચૂકી ગયા છે, તેવા જીવોને સર્વદા ચૈતન્યસ્વભાવ દુર્લભ છે; આત્મા ચિદાનંદી પરમ સુખનો સમુદ્ર છે, તેમાં ડુબકી મારતાં સુખનો વ્યક્ત અનુભવ થાય છે. એના સિવાય સંવર કે સુખ થતું નથી વળી તે આત્મા પોતે જ શુદ્ધ જ્ઞાન છે અને તેણે નિદ્રાનો નાશ કર્યો છે, જ્ઞાનજ્યોતિ ત્રિકાળ જાગૃત છે, તેનામાં નિદ્રા નથી. આવો શુદ્ધાત્મા જયવંત છે.

આવા જયવંત શુદ્ધાત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તેનું અવલોકન કરવામાં એકાગ્ર થવું તેનું નામ આલોચના છે. અંતરની શક્તિને સન્મુખ થઈને તેમાં ગુમ થવું તેનું નામ આલોચના અને સંવર છે.

હવે આલોચનામાં ''ભાવશુદ્ધિ''નું સ્વરૂપ સર્વજ્ઞદેવે શું કહ્યું છે તે ૧૧૨મી ગાથામાં કહે છે.

**ગાથા ૧૧૨**

**मदमाणमायलोहविवज्जियभावो दु भावसुद्धि त्ति।**
**परिकहियं भव्वाणं लोयालोयप्पदरिसीहिं॥ ११२॥**

**मदमानमायालोभविवर्जितभावस्तु भावशुद्धिरिति।**
**परिकथितो भव्यानां लोकालोकप्रदर्शिभिः॥ ११२॥**

**ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને**
**-મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.**

**અન્વયાર્થ** : (**मदमानमायालोभविवर्जितभावः तु**) મદ (મદન), માન, માયા અને લોભ રહિત ભાવ તે (**भावशुद्धिः**) ભાવશુદ્ધિ છે (**इति**) એમ (**भव्यानाम्**) ભવ્યોને (**लोकालोकप्रदर्शिभिः**) લોકાલોકના દ્રષ્ટાઓએ (**परिकथितः**) કહ્યું છે.

ભગવાનનો ઉપદેશ ભવ્ય જીવોને માટે જ છે. ભગવાન કહે છે કે હે ભવ્ય ! તારો આત્મા સ્વભાવથી જ મદ-માન-માયા-લોભ રહિત જ્ઞાનમૂર્તિ છે. તેની દૃષ્ટિ કરીને ઠર, તે જ ભાવશુદ્ધિ છે.

આ ભાવશુદ્ધિ નામક પરમ આલોચનાના સ્વરૂપના પ્રતિપાદન દ્વારા શુદ્ધ નિશ્ચય-આલોચના અધિકારના ઉપસંહારનું કથન છે.

આલોચનાના ચાર બોલ કહ્યા હતા; આલોચના, આલુંછન, અવિકૃતિકરણ અને ભાવશુદ્ધિ; તેમાં આ છેલ્લું ભાવશુદ્ધિનું કથન છે.

ભાવશુદ્ધિ એટલે ચૈતન્યના આશ્રયે મદ-માન-માયા-લોભ વગરનો જે ભાવ તેનું નામ ભાવશુદ્ધિ છે.

તીવ્ર ચારિત્રમોહના ઉદયને લીધે પુરુષવેદ નામના નોકષાયનો વિલાસ તે મદ છે. અહીં 'મદ' શબ્દનો 'મદન' એટલે કે કામપરિણામ એવો અર્થ થાય છે.

ધ્રુવ ચૈતન્યમાં વિષય વિકારની વૃત્તિ જ નથી. એવા આત્માનો આશ્રય કરતાં કામવિકાર થતો જ નથી.

આત્માને પરનો અહંકાર થાય તે માન છે. તે માનના છ બોલ કહે છે :-



૧) ચતુર વચન રચનાવાળા વૈદર્ભ કવિત્વને લીધે, આદેય નામકર્મનો ઉદય હોતાં સમસ્ત જનો વડે પૂજનીયપણાથી વચનની રચના તે જડ છે, ચૈતન્યમાં તેનો અભાવ છે; તે વચનનું અભિમાન ચૈતન્યસ્વભાવમાં નથી. એવી સુંદર વચનરચના હોય કે લોકો સાંભળતા ડોલી ઊઠે અને લોકો આદર કરે. એવા વચનનો અહંકાર થાય તે અભિમાન છે, તે અભિમાનનો ભાવ આત્માના સ્વરૂપમાં નથી. અરે ! આનંદકંદ સિદ્ધસ્વરૂપી આત્મામાં વચન કેવા ? ને વચનનો અહંકાર કેવો ? એવા આત્માનું ભાન કરતાં જે અહંકાર રહિત ભાવ પ્રગટે તેનું નામ ભાવશુદ્ધિ છે.

૨) ''માતા-પિતા સંબંધી કુળ-જાતિની વિશુદ્ધિથી'' મોટા રાજા-મહારાજાઓના કુળમાં અવતર્યો હોય કે માતાની જાતિ વિશુદ્ધ હોય તેવા ઊંચ કુળ-જાતિનું અભિમાન હોય તે માન છે, ચિદાનંદ તત્ત્વમાં તેનો અભાવ છે.

૩) ''પ્રધાન બ્રહ્મચર્યવ્રત વડે ઉપાર્જિત લક્ષ કોટિ સુભટ સમાન નિરુપમ બળથી'' -આ શરીરબળની વાત છે. બ્રહ્મચર્યના તેજથી શરીરમાં એવું બળ હોય કે લાખો સુભટોને જીતી લે- એવું બળ હોય તેનું અભિમાન કરવું તે માન છે.

નેમનાથ પ્રભુની એક આંગળી પણ શ્રીકૃષ્ણ વાંકી ન કરી શક્યા -એવું તો નેમનાથ પ્રભુનું શરીરબળ હતું, સહેજ માનનો વિકલ્પ આવી ગયો પણ તે વખતે અંતરમાં માન વગરના સહજ ચૈતન્યતત્ત્વનું ભાન હતું. આ વિકલ્પ પણ હું નહિ, ને આ શરીરબળ પણ હું નથી, હું તો સહજ ચૈતન્યતત્ત્વ છું એવું ભાન હતું પણ હજી મુનિદશા ન હતી. ચિદાનંદ ભગવાન આત્માનું ભાન વર્તતું હતું, તેટલો સંવર વર્તતો હતો.

૪) ''દાનાદિ શુભકર્મ વડે ઉપાર્જિત સંપત્તિની વૃદ્ધિના વિલાસથી'', લાખો કરોડોના દાન પૂર્વે કર્યા હોય, બ્રહ્મચર્ય પાળ્યા હોય, તેનાથી શુભકર્મ બાંધ્યા ને રોજ રોજ સંપત્તિ આવ્યા જ કરતી હોય તેવી સંપત્તિના વિલાસનું અભિમાન તે માન છે. ધર્મી જાણે છે કે મારે તો અંદરની ચૈતન્યલક્ષ્મીની જ સંપત્તિ છે, મારા આત્મામાં ત્રિકાળ અખંડ સંપત્તિ છે, બહારની સંપત્તિ મારી નથી. -એમ આત્માને જાણીને તેના શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા કરવી તે સંવર છે.

૫) ''બુદ્ધિ, તપ, વિક્રિયા, ઔષધ, રસ, બળ અને અક્ષીણ -એ સાત ઋદ્ધિઓથી'' અથવા ઘણી બુદ્ધિ હોય, એક વાર વાંચે ત્યાં યાદ રહી જાય, અર્ધું કહે ત્યાં આખું સમજી જાય, -ઈત્યાદિ બુદ્ધિની ઋદ્ધિ હોય તેનું અભિમાન થાય તે માન છે. ચૈતન્યનો કેવળજ્ઞાન સ્વભાવ છે તેને જાણનાર ધર્મીને બુદ્ધિનું અભિમાન હોતું નથી.

ઘણું તપ કરે, છતાં શરીર એવું ને એવું રહે તો ત્યાં તેનું માન કરવાનું ચૈતન્યના સ્વભાવમાં નથી, ચૈતન્યની ઋદ્ધિ પાસે બીજી કોઈ ઋદ્ધિની કિંમત નથી

સમકિતીને તો પોતાના ચૈતન્યની ઋદ્ધિ જ ઘટમાં દેખાય છે. તે ઋદ્ધિ પાસે જગતની ઋદ્ધિની કાંઈ મહિમા નથી. વિક્રિયા ઋદ્ધિ એવી હોય કે જેવું ધારે તેવું રૂપ કરી શકે, તેનું અભિમાન ચિદાનંદ-તત્ત્વમાં નથી.

ઔષધઋદ્ધિ : જેના શરીરના પરસેવા વગેરેથી રોગ મટી જાય એવી ઋદ્ધિ પ્રગટે તેનું અભિમાન આત્માના સ્વભાવમાં નથી.

રસઋદ્ધિ : ગમે તે હાથમાં ખોરાક આવતાં અમૃત જેવો થઈ જાય એવી ઋદ્ધિ પ્રગટે તેનું માન આત્મસ્વભાવમાં નથી. ભાઈ ! આત્મામાં એવી આનંદઋદ્ધિ ભરી છે કે અનંતકાળ સુધી ભોગવ્યા કર છતાં ન ખૂટે. એ ઋદ્ધિનો મહિમા કર, એ સિવાય બીજે ક્યાંય શાંતિ નથી.

શરીરબળઋદ્ધિ : કરોડો માણસોના બળ કરતાં જેની એક ટચલી આંગળીનું બળ વિશેષ હોય -એવી ચક્રવર્તીની શક્તિ હોય છતાં ધર્મીને ભાન છે કે એ શરીરબળ મારું નથી. અમે તો ચૈતન્ય છીએ. આત્મા ત્રિકાળ નિર્માન સ્વરૂપ છે.

અક્ષીણઋદ્ધિ : એક કોળીયામાં લાખો-કરોડો માણસોને જમાડે છતાં ખૂટે નહિ એવી ઋદ્ધિ પ્રગટે તેનું અભિમાન કરવાનું ચૈતન્યમાં નથી.

૬) ''સુંદર કામિનીઓના લોચનને આનંદ પમાડનાર શરીરલાવણ્યરસના વિસ્તારથી થતો જે આત્મઅહંકારભાવ તે માન છે''. કામદેવ જેવું શરીર હોય જેને જોતાં જ લોકો મોહિત થઈ જાય -એવું રૂપ હોય- તેનું અભિમાન જેને હોય તેને ચૈતન્યનું ભાન ન થાય. ચૈતન્યમાં તો માનનો વિકલ્પ પણ નથી.

ગુપ્ત પાપથી માયા હોય છે - આબરુ વગેરે માટે ગુપ્ત પાપ માયા છે.

હવે લોભ એટલે શું ? યોગ્ય સ્થળે ધન વ્યયનો અભાવ તે લોભ છે. લગ્નાદિના કામમાં ધન ખરચવામાં ઉલ્લાસ આવે અને ધર્મના કાર્યમાં કંજૂસાઈ કરે તો તે મોટો લોભી છે.

''યોગ્ય સ્થળ'' કહેવામાં એવો આશય છે કે પોતાને તેનો વિવેક હોવો જોઈએ ! સાચા દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના કઈ રીતે થાય, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તે બધો વિવેક કરે અને ત્યાં પોતાને ધન ખર્ચવાનો ઉલ્લાસ આવવો જોઈએ. જો લૌકિકમાં ઉલ્લાસ આવે ને દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરે માટે ખર્ચવામાં ઉલ્લાસ ન આવે તો તેને યોગ્ય સ્થળે ધન વ્યયનો અભાવ છે તે લોભી છે, તેવા લોભીને ભાવશુદ્ધિ હોતી નથી. યોગ્ય સ્થળ કયું ? ઘરના સ્ત્રી-પુત્રાદિ માટે ખર્ચે તે તો પાપસ્થળ છે, યોગ્ય સ્થળ નથી. યોગ્ય સ્થળ એટલે કોઈ તીર્થક્ષેત્ર, દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના, શાસ્ત્ર પ્રચાર વગેરે છે. તેને ઓળખીને ત્યાં જો ઉલ્લાસપૂર્વક ધન વ્યયનો ભાવ ન આવે તો તેને લોભ છે. જેને આત્માનું ભાન થયું, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિવેક થયો તેને ક્યાં વિશેષ ધન વ્યયની જરૂર છે તેનો વિવેક



હોય છે. આમાં તો પોતાના પરિણામ જોવાના છે.

વળી નિશ્ચયથી સર્વ પરિગ્રહનો પરિત્યાગ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા નિરંજન નિજ પરમાત્મતત્ત્વના પરિગ્રહથી અન્ય પરમાણુમાત્ર દ્રવ્યનો સ્વીકાર તે લોભ છે. આત્મા તો ત્રિકાળ નિરંજન પરમાત્મતત્ત્વના પરિગ્રહવાળો છે, તે પરિગ્રહને તે કદી છોડતો નથી, ને તે પરમાત્મતત્ત્વ સિવાય બહારના કોઈ પરમાણુમાત્રનો પરિગ્રહ ત્રણ કાળમાં ગ્રહતો નથી. આવા પરમાત્મતત્ત્વ સિવાય એક પરમાણુમાત્રનો પરિગ્રહ-મમતા તે લોભ છે. ચૈતન્યના દ્રવ્યસ્વભાવમાં તે લોભ નથી. એવા દ્રવ્યના આશ્રયે મદ, માન, માયા, લોભ રહિત જે શુદ્ધભાવ પ્રગટે તે ભાવશુદ્ધિ છે. ચૈતન્યદ્રવ્ય પરદ્રવ્યના અભાવસ્વરૂપ છે. ઈચ્છાનો અંશ પણ તેનામાં નથી. એવા ચૈતન્યતત્ત્વની દૃષ્ટિથી ને લીનતાથી પ્રગટેલો જે મદ, માન, માયા, લોભ રહિત શુદ્ધભાવ તે જ ભાવશુદ્ધિ છે. આમ ભગવાન સર્વજ્ઞદેવે કહ્યું છે. કોને કહ્યું છે ? ભવ્ય જીવોને કહ્યું છે. ભગવાન લોકાલોકને પ્રત્યક્ષ દેખનારા છે, એની સાથે પરમ વીતરાગી સુખામૃતના પાનથી પરિતૃપ્ત છે. એવા અર્હંત ભગવાને ભવ્ય જીવોને આવી ભાવશુદ્ધિનો ઉપદેશ કહ્યો છે.

આવી ભાવશુદ્ધિ અંતરના નિજ પરમાત્મતત્ત્વના આશ્રયે પ્રગટે છે, ને તે જ સંવર-આલોચના છે.

આ રીતે આલોચના અધિકારની છેલ્લી ગાથા પૂર્ણ થઈ.

હવે ટીકાકાર મુનિરાજ આવી પરમ-આલોચના પોતાને પ્રગટી છે તેના ઉલ્લાસમાં નવ શ્લોક કહે છે :-

### શ્લોક ૧૭૧

(मालिनी)

**अथ जिनपतिमार्गालोचनाभेदजालं**
**परिहृतपरभावो भव्यलोकः समन्तात्।**
**तदखिलमवलोक्य स्वस्वरूपं च बुद्ध्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः॥ १७१॥**

**શ્લોકાર્થ** : જે ભવ્ય લોક (ભવ્યજનસમૂહ) જિનપતિના માર્ગમાં કહેલ સમસ્ત આલોચનાની ભેદજાળને અવલોકીને તથા નિજ સ્વરૂપને જાણીને સર્વ તરફથી પરભાવને છોડે છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે). ॥ ૧૭૧ ॥

સર્વજ્ઞદેવના માર્ગ સિવાય બીજા માર્ગમાં આલોચનાનું સ્વરૂપ યથાર્થ ન હોઈ શકે. સર્વજ્ઞ કથિત આલોચનાનું યથાર્થ સ્વરૂપ જાણીને, આત્મસ્વરૂપને જાણી તેમાં જ એકાગ્રતા વડે પરભાવને છોડે

છે તે મુક્તિ પામે છે. આલોચનાના ચાર પ્રકાર પાડવા તે ભેદજાળ છે. અભેદ ચૈતન્યને જાણીને તેના આશ્રયમાં જે ઠરશે તે જીવ મુક્તિસુંદરીનો એવો વલ્લભ થશે કે તેને ફરી સંસારમાં અવતાર નહિ લેવો પડે. જે મુનિદશા પ્રગટી તેનો કદી વિરહ પડે નહિ

**પોષ સુદ ૧૦, રવિવાર, ૬-૧-૫૨.**

આ પરમ-આલોચના અધિકાર છે. આ આલોચના શુદ્ધ આત્માના આશ્રયે જ હોય છે અને તેનું ફળ મોક્ષ છે એ વાત ૧૧૨મી ગાથાના બીજા શ્લોકમાં કહે છે :-

**શ્લોક ૧૭૨**

(वसंततिलका)

**आलोचना सततशुद्धनयात्मिका या**
**निर्मुक्तिमार्गफलदा यमिनामजस्रम्।**
**शुद्धात्मतत्त्वनियताचरणानुरूपा**
**स्यात्संयतस्य मम सा किल कामधेनुः॥ १७२॥**

**શ્લોકાર્થ** : સંયમીઓને સદા મોક્ષમાર્ગનું ફળ દેનારી તથા શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત આચરણને અનુરૂપ એવી જે નિરંતર શુદ્ધનયાત્મક આલોચના તે મને સંયમીને ખરેખર કામધેનુરૂપ હો. ।।૧૭૨।।

આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા છે. તે શરીરથી ભિન્ન અને પુણ્ય-પાપના ભાવથી રહિત છે; એવા આત્મસ્વરૂપનું અવલોકન કરવું તે આલોચના છે, ને તેનું નામ સંવર છે. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્રતા કરતાં વિકારની ઉત્પત્તિ ન થાય અને શુદ્ધભાવની ઉત્પત્તિ થાય તેનું નામ નિશ્ચય આલોચના છે અને તે મુક્તિફળને આપનારી છે. આત્મા જ્યાં પોતાના સ્વરૂપનું ભાન કરીને તેમાં લીન થાય અને રાગ ટળીને વીતરાગી મુનિદશા અંતરમાં પ્રગટે, ત્યાં બહારમાં સહેજે નિર્ગ્રંથ દિગંબરદશા થઈ જાય છે. એવી દશામાં રહેલા શ્રી પદ્મપ્રભ મુનિરાજે આ શ્લોકની રચના કરી છે. મુનિઓનું આચરણ કેવું હોય ? કે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં નિશ્ચલ હોય છે, સિદ્ધ સમાન પોતાના સ્વરૂપનું ભાન તો ધર્મી ગૃહસ્થને ય હોય છે, ને મુનિઓને તો શુદ્ધાત્મામાં નિયત-લીન-આચરણ પ્રગટ્યું છે, એવા મુનિઓને આલોચના હોય છે, તે આલોચનાપર્યાય નિર્વિકારી છે. તે પર્યાય શુદ્ધાત્મામાં અભેદ થયેલી છે તેથી તે શુદ્ધનયાત્મક છે. આ સિવાય શુભ રાગ તે મુક્તિનું કારણ નથી. રાગનું ફળ તો સંસાર છે, ને આ નિશ્ચય આલોચના તો મોક્ષફળ દેનારી છે. શુદ્ધાત્મતત્ત્વના આશ્રય વગર આવી આલોચના પ્રગટતી નથી.

પુણ્ય અને પાપ તો આસ્રવ છે, તે શુદ્ધાત્મામાં નિયત નથી. મુનિઓની પરિણતિ શુદ્ધ આત્મામાં નિયત-ઠરેલી છે, તેનું નામ ખરેખર ચારિત્ર અને મોક્ષમાર્ગ છે. શુદ્ધ આત્મામાં એકાગ્ર થયેલું આચરણ



તે સંયમીઓને માટે કામધેનુરૂપ છે, એટલે કે તે મોક્ષફળને આપનાર છે. પહેલાં તો શુદ્ધ આત્મતત્ત્વને ઓળખીને આત્મજ્ઞાન કરવું તે ધર્મ છે. તે આત્મજ્ઞાન સિવાય પંચમહાવ્રત અનંતવાર પાળ્યા પણ તેનાથી ધર્મ ન થયો.

છ ઢાળામાં કહે છે કે-

**મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયૌ,**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

પહેલાં મારો આત્મા શુદ્ધ તત્ત્વ છે એવું ભાન કરવું જોઈએ ને પછી તે શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત આચરણને અનુરૂપ એવી જે શુદ્ધ નયાત્મક આલોચના તે જ ખરેખર મુનિઓને મોક્ષ આપનારી કામધેનુ છે. આ આલોચના પરને કે પુણ્યને અનુરૂપ નથી, પણ પોતાના શુદ્ધ આત્મામાં નિયત આચરણને અનુરૂપ છે, એટલે કે જે મુનિવરોને પોતાના શુદ્ધ આત્મતત્ત્વમાં લીનતા છે તેમને જ આવી આલોચના હોય છે, ને તે જ મુક્તિનું કારણ છે. ટીકાકાર મુનિરાજ કહે છે કે અહો ! આવી પરમ આલોચના મને ખરેખર કામધેનુરૂપ હો ! જેમ કામધેનુ ગાય ગમે ત્યારે દૂધ આપે છે, તેમ મારા આત્મામાં લીન થતાં જે આલોચના પ્રગટી તે મારી કામધેનુ છે. જ્યારે આત્મામાં એકાગ્ર થાઉં ત્યારે તેમાંથી આનંદ ઝરે છે. આવી દશા નિર્ગ્રંથ મુનિઓની હોય છે.

હવે ૧૧૨મી ગાથા ઉપર ત્રીજો કળશ કહે છે. તેમાં મુમુક્ષુ જીવ કઈ રીતે સિદ્ધિ પામે છે તે કહે છે :-

**શ્લોક ૧૭૩**

(शालिनी)

**शुद्धं तत्वं बुद्धलोकत्रयं यद्**
**बुद्ध्वा बुद्ध्वा निर्विकल्पं मुमुक्षुः।**
**तत्सिद्ध्यर्थं शुद्धशीलं चरित्वा**
**सिद्धिं यायात् सिद्धिसीमन्तिनीशः॥ १७३॥**

**શ્લોકાર્થ** : મુમુક્ષુ જીવ ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને તેની સિદ્ધિને અર્થે શુદ્ધ શીલને (ચારિત્રને) આચરીને, સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે-સિદ્ધિને પામે છે. ॥ ૧૭૩ ॥

આત્મા સિદ્ધ સમાન છે તેનું ભાન અને ભાવના કરનારો જીવ ખરેખર મુમુક્ષુ છે. પુણ્યની ભાવના કરનારને ખરેખર મુમુક્ષુ કહેતાં નથી. અવિરત સમ્યગ્દષ્ટિ-ચોથા ગુણસ્થાનવાળો પણ મુમુક્ષુ છે. સમકિતી, શ્રાવક અને મુનિ -તે ત્રણે મુમુક્ષુઓ છે.

તે મુમુક્ષુઓ ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વને બરાબર જાણે છે. જુઓ ! આત્મા કેવો છે ? અલ્પજ્ઞ કે વિકારવાળો આત્મા ખરેખર નથી, પણ આત્મા તો નિર્વિકલ્પ ત્રણ લોકને જાણનાર પૂર્ણ જ્ઞાનસ્વભાવી છે. ત્રણ લોકમાં કોઈનું કરનાર નથી પણ ત્રણ લોકને જાણનાર છે. આવા આત્મતત્ત્વને જાણવું તે પ્રથમ સમ્યગ્જ્ઞાન છે. એવા સમ્યગ્જ્ઞાનપૂર્વક જ ચારિત્ર અને મુનિદશા હોય છે. અહો ! મારો આત્મા તો ત્રણ લોકને જાણવાના જ સ્વભાવવાળો છે. એવા પોતાના સ્વભાવનો બરાબર નિર્ણય કર્યો, ત્યાં પરમાં હું કાંઈ ફેરફાર કરી દઉં એવી મિથ્યા બુદ્ધિ રહેતી નથી. જડની પર્યાય તેના સ્વભાવથી જેમ થાય તેમ તેને જાણવાનો આત્માનો સ્વભાવ છે.

નાટક સમયસારમાં કહ્યું છે કે :-

**તનતા મનતા વચનતા જડતા જડ સંમેલ,**
**લઘુતા ગુરુતા ગમનતા એ અજીવ કે ખેલ.**

શરીર, મન, વાણી, હલન-ચલન તે બધો અજીવ-પુદ્‌ગલનો સ્વભાવ છે. આત્મા તેનો કર્તા નથી. આત્મા ત્રણ લોકનો જ્ઞાયક છે. મુમુક્ષુ ધર્મી જીવ એવા શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને, પછી તેની સિદ્ધિને અર્થે શુદ્ધ શીલને આચરીને સિદ્ધિ પામે છે.

મોક્ષશાસ્ત્રમાં ઔદયિકભાવને પણ સ્વતત્ત્વ કહ્યું છે તે પર્યાય અપેક્ષાએ છે. વિકાર પોતાની પર્યાયમાં થાય છે તેથી તે સ્વતત્ત્વ છે. પણ તે વિકાર જેટલું જ આખું તત્ત્વ માને ને શુદ્ધ આત્માને ન ઓળખે તો તે પણ અજ્ઞાની છે, અને જો કર્મને લીધે વિકાર થાય છે એમ માને ને પોતાની પર્યાયનો અપરાધ છે એમ ન જાણે -તો તે પણ મિથ્યાદષ્ટિ છે. અહીં પર્યાય ગૌણ કરીને ત્રિકાળી દ્રવ્યદષ્ટિની વ્યાખ્યા છે તેથી કહે છે કે મુમુક્ષુ જીવ ત્રણ લોકને જાણનાર એવા નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વને બરાબર જાણે છે અને પછી તેમાં લીન થઈને મુક્તિ પામે છે. આમાં જ્ઞાન અને ચારિત્ર બન્નેની વાત મૂકી છે. પોતાના શુદ્ધ આત્માનું જ્ઞાન અને તેમાં લીનતા તે સિવાય બીજો કોઈ સિદ્ધિનો ઉપાય મુમુક્ષુઓને છે જ નહિ. બધાય મુમુક્ષુઓ આ જ રીતે સિદ્ધિ પામે છે.

હું તો ત્રણ લોકનો જાણનાર છું. ''ત્રણ લોકનો જાણનાર'' કહ્યું તેમાં રાગ કે દ્વેષ ક્યાં રહ્યો? પરનું કરે એવું તો કોઈ આત્માનું સ્વરૂપ નથી, ને રાગ-દ્વેષ કરવા તે પણ ખરેખર આત્માનું સ્વરૂપ નથી. આત્મા તો નિર્વિકલ્પપણે ત્રણ લોકનો જ્ઞાયક છે. તે જ્ઞાયકપણામાં એકલો વીતરાગભાવ જ છે, આવા આત્માનો પ્રથમ નિર્ણય કરતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. પછી તેમાં જ લીનતા થતાં વીતરાગી ચારિત્ર થઈને સિદ્ધપદ પ્રગટે છે. આ રીતે મુમુક્ષુઓ મુક્તિ પામે છે.

હવે ૧૧૨મી ગાથા ઉપરનો ચોથો શ્લોક કહે છે; તેમાં મોક્ષનું મૂળ કારણ જે શુદ્ધ તત્ત્વ-ત્રિકાળી કારણપરમાત્મા તેનો મહિમા કરીને તેને વંદના કરે છે :-



## શ્લોક ૧૭૪

(स्रग्धरा)

**सानन्दं तत्त्वमज्जज्जिनमुनिहृदयाम्भोजकिंजल्कमध्ये**
**निर्व्याबाधं विशुद्धं स्मरशरगहनानीकदावाग्निरूपम्।**
**शुद्धज्ञानप्रदीपप्रहतयमिमनोगेहघोरान्धकारं**
**तद्वन्दे साधुवन्द्यं जननजलनिधौ लंघने यानपात्रम्॥ १७४॥**

**શ્લોકાર્થ :** તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે, જે બાધા રહિત છે, જે વિશુદ્ધ છે, જે કામદેવના બાણોની ગહન (-દુર્ભેદ્ય) સેનાને બાળી નાખવા માટે દાવાનળ સમાન છે અને જેણે શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે મુનિઓના મનોગૃહના ઘોર અંધકારનો નાશ કર્યો છે, તેને-સાધુઓ વડે વંદ્ય અને જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ તે શુદ્ધ તત્ત્વને -હું વંદું છું. ॥ ૧૭૪ ॥

પોતાનું અંતઃતત્ત્વ શું છે તે અનંતકાળથી જીવોએ ખ્યાલમાં પણ લીધું નથી; તે તત્ત્વને ઓળખીને તેની રુચિ કર્યા વગર તેમાં લીનતા થાય નહિ, અને તેમાં લીનતા વગર મુક્તિ થાય નહિ. પહેલાં અંતરમાં પરમાત્મશક્તિનો વિશ્વાસ આવવો જોઈએ, તેના વિશ્વાસના જોરે વહાણ તરે તેવું છે. તેથી તે પરમાત્મતત્ત્વ ભવસમુદ્રને ઓળંગી જવા માટે નૌકારૂપ છે, તે પરમાત્મતત્ત્વને અહીં વંદન કર્યું છે.

કેવું છે તે શુદ્ધ પરમાત્મતત્ત્વ ? તત્ત્વમાં મગ્ન એવા વીતરાગી સંતોની અંતર્પરિણતિમાં આનંદ સહિત બિરાજમાન છે; જેમ કમળના મધ્યભાગમાં કેસરના તંતુ થાય છે તે કમળનો કસ છે, તેમ મુનિઓના હૃદયકમળના કેસરમાં ભગવાન ચિદાનંદ આત્મા આનંદ સહિત બિરાજમાન છે. અહીં મુનિઓની ઉગ્ર પરિણતિ બતાવવા તેને હૃદયકમળના કેસરની ઉપમા આપી છે. મુનિઓને અંતરમાં સિદ્ધ પરમાત્મા જેવા આનંદનો અનુભવ થાય છે, તે અનુભવમાં પરમ આનંદ સહિત શુદ્ધ આત્મતત્ત્વ બિરાજી રહ્યું છે. તે ત્રિકાળી સહજ તત્ત્વમાં કોઈ બાધા નથી. અને તે તત્ત્વના આશ્રયે જે વીતરાગીદશા પ્રગટી તેમાં પણ કોઈ વિઘ્ન નથી. સિંહ આવીને સુકોશલ મુનિના શરીરને ખાઈ જાય છે પણ તે સિંહ મુનિરાજની વીતરાગી પરિણતિમાં વિઘ્ન કરવા સમર્થ નથી. જગતનો કોઈ સંયોગ મુનિઓની વીતરાગી પરિણતિને બાધા કરવા સમર્થ નથી. ત્રિકાળી તત્ત્વ તો સદા બાધા રહિત છે ને શુદ્ધ છે. કામદેવના બાણોને દગ્ધ કરી નાખનાર દાવાનળ સમાન છે. એટલે કે તેમાં કદી કામદેવની ઉત્પત્તિ જ થતી નથી અને તેનો આશ્રય કરતાં વિષય-કષાયનો નાશ થઈ જાય છે. વળી તે સહજ તત્ત્વે શુદ્ધજ્ઞાનરૂપ દીપકના પ્રકાશ વડે મુનિઓના મનોગૃહમાંથી ઘોર અંધકારનો નાશ કર્યો છે. આવું પરમ શુદ્ધતત્ત્વ મુનિઓ વડે વંદ્ય છે. સમ્યગ્દષ્ટિઓ વડે પણ તે વંદ્ય છે. પણ તેમને તેમાં વિશેષ લીનતા નથી,

ને અજ્ઞાનીઓને તો તેનું ભાન નથી. તે સહજ તત્ત્વ જન્માર્ણવને એટલે કે સંસારસમુદ્રને ઓળંગી જવા માટેની નૌકા છે. આવા તત્ત્વને હું વંદું છું. એવા સહજ તત્ત્વની શ્રદ્ધા કરીને તેમાં લીન થવું તેનું નામ જ પરમાર્થ વંદન છે. એવા સહજ તત્ત્વરૂપી નૌકાનો આશ્રય કરતાં ઉદયભાવરૂપ જે સંસાર તેની ઉત્પત્તિ જ થતી નથી. એટલે તે શુદ્ધતત્ત્વની ઓળખાણ કરીને તેનો આશ્રય કરવો તે જ સંવર અને મોક્ષમાર્ગ છે.

**પોષ સુદ ૧૧, સોમવાર, ૭-૧-૫૨.**

આ આલોચના અધિકાર છે; તેની છેલ્લી ગાથા ઉપર નવ શ્લોકો ટીકાકારે કહ્યા છે. તેમાં પાંચમો શ્લોક કહે છે :-

**શ્લોક ૧૭૫**

(हरिणी)

**अभिनवमिदं पापं यायाः समग्रधियोऽपि ये**
**विदधति परं ब्रूमः किं ते तपस्विन एव हि।**
**हृदि विलसितं शुद्धं ज्ञानं च पिंडमनुत्तमं**
**पदमिदमहो ज्ञात्वा भूयोऽपि यान्ति सरागताम्।। १७५।।**

**શ્લોકાર્થ :** અમે પૂછીએ છીએ કે -જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં બીજાને 'આ નવું પાપ કર' એમ ઉપદેશે છે, તેઓ શું ખરેખર તપસ્વી છે ? અહો ! ખેદ છે કે તેઓ હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ પિંડરૂપ આ પદને જાણીને ફરીને પણ સરાગતાને પામે છે ! ।।૧૭૫।।

શુદ્ધ ચિદાનંદ આત્માને જાણીને તેના અવલોકનમાં એકાગ્ર થવું તેનું નામ આલોચના છે. આ સંવર અધિકાર છે, પુણ્ય અને પાપ એ બન્ને ભાવો આસ્રવ છે. તે આસ્રવ કરવા જેવો છે એવો ઉપદેશ મુનિ કેમ આપે ? આસ્રવ કરવા જેવો છે એમ જેનો ઉપદેશ છે તે મિથ્યાદષ્ટિ છે, તે ખરેખર તપસ્વી કે મુનિ કેમ હોય ? પુણ્ય-પાપ કરવા જેવા છે એમ જે માને તેને પુણ્ય-પાપનો સંવર થાય નહિ. ભાવલિંગી સંત મુનિઓ તો આનંદકંદ ચૈતન્ય કુંડમાં ઝૂલે છે, તેમને તો પુણ્ય-પાપ રહિત પરમ શુદ્ધ ચિદાનંદ આત્માનું ભાન છે અને તેમાં લીનતા થઈ છે, એવા મુનિ જ ખરેખર તપસ્વી છે. એ સિવાય જેને શુદ્ધ આત્માનું ભાન નથી અને પાપ કરવાનો ઉપદેશ આપે છે તે ભલે નામધારી મુનિ હોય તો પણ શું તે ખરેખર તપસ્વી છે ? -તેને દ્રવ્યલિંગ ભલે હો પણ તે મુનિ નથી, તપસ્વી નથી, તેને આલોચના કે સંવર હોતો નથી. પુણ્યનો વિકલ્પ તે રાગ છે. તે રાગ કરતાં કરતાં ધર્મ થઈ જશે એવો ઉપદેશ મુનિ આપે નહિ. અહો ! ખેદ છે કે અંતરમાં વિલસિત સર્વોત્તમ ચિદાનંદ ભગવાનને જાણીને ફરીને પણ તેઓ રાગને આદરે છે ! તે મિથ્યાદષ્ટિ છે; રાગની રુચિ થઈ જતાં



અંતરના સ્વભાવની રુચિ છૂટી જાય છે. ધર્મીની દૃષ્ટિમાં રાગનો આદર હોતો નથી. ''મને મારો આત્મા જ શરણરૂપ છે, તેથી જગતમાં તે જ મારે માટે સર્વોત્તમ પદાર્થ છે'' -એમ પોતાના સ્વભાવનો આદર છોડીને જે જીવ રાગનો આદર કરે છે તે જીવ મિથ્યાદષ્ટિ થાય છે. રાગ હોય તે જુદી વાત છે પણ તે રાગનો જે આદર કરે છે તે મિથ્યાદષ્ટિ છે.

અહો ! ચિદાનંદ આત્માને રાગનો આશ્રય નથી, તેથી રાગનો આદર કરવા જેવો નથી. જે જીવ ચૈતન્યનો આદર છોડીને રાગનો આદર કરે છે તે જીવ તપસ્વી નથી, ને ખરેખર જૈન પણ નથી. જૈનપણું તે કોઈ વાડો કે વેષ નથી, પણ અંતરના રાગ રહિત સ્વભાવની દૃષ્ટિ અને લીનતા કરતાં રાગની ઉત્પત્તિ જ ન થાય -તેનું નામ જૈનપણું છે, તે આત્માનો સ્વભાવ છે.

હવે સહજ તત્ત્વનો મહિમા કરીને, તે જયવંત છે એમ કહે છે :-

**શ્લોક ૧૭૬**

(हरिणी)

**जयति सहजं तत्त्वं तत्त्वेषु नित्यमनाकुलं**
**सततसुलभं भास्वत्सम्यग्दृशां समतालयम्।**
**परमकलया सार्धं वृद्धं प्रवृद्धगुणैर्निजैः**
**स्फुटितसहजावस्थं लीनं महिम्नि निजेऽनिशम्।। १७६।।**

**શ્લોકાર્થ :** તત્ત્વોમાં તે સહજ તત્ત્વ જયવંત છે - કે જે સદા અનાકુળ છે, જે નિરંતર સુલભ છે, જે પ્રકાશવંત છે, જે સમ્યગ્દષ્ટિઓને સમતાનું ઘર છે, જે પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી વિકસેલું (-ખીલેલું) છે, જેની સહજ અવસ્થા સ્ફુટિત (-પ્રકટિત) છે અને જે નિરંતર નિજ મહિમામાં લીન છે. ।। ૧૭૬ ।।

બધા તત્ત્વોમાં આત્માનો ત્રિકાળી સહજ સ્વભાવ જયવંત છે, તે દરેક આત્માનો સ્વભાવ છે; સહજ તત્ત્વ સદા આકુળતા રહિત છે અને નિરંતર સુલભ છે, સતત સુલભ છે. જ્યારે જુઓ ત્યારે અંતરમાં પ્રાપ્ત છે તેથી સુલભ છે. તે ત્રિકાળી સહજ સ્વભાવનો કદી વિરહ નથી. તેની રુચિ કરીને અંતર્મુખ દૃષ્ટિ કરે તો તેનો અનુભવ થાય, પણ ઊંધી રુચિને લીધે તેને દુર્લભ માન્યો છે.

અનુભવપ્રકાશમાં કહે છે કે : કોઈ એમ જાણે કે આજના સમયમાં સ્વરૂપ કઠણ છે તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. આજથી અધિક પરિગ્રહ ચોથા કાળના પુણ્યવંત નર ચક્રવર્તી આદિક તેમને હતો અને આને તો થોડો છે. એ પરિગ્રહ જોરાવરીથી એના પરિણામોમાં આવતો નથી, પોતે જ દોડી દોડી પરિગ્રહમાં ઢૂંકે છે. જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે, ત્યારે સ્વરૂપનું પરિણામ કરે તો કોણ રોકે છે ? પર પરિણામ સુગમ, નિજ પરિણામ વિષમ બતાવે છે ! દેખો અચરજની

વાત !

સ્વભાવ દુર્લભ અને પરભાવ સુલભ ! એમ માનનાર જીવને આત્માની ભાવના જ નથી. તેથી ''સ્વભાવ તો દુર્લભ છે'' એમ કહીને તેની રુચિ છોડી દે છે. સ્વભાવની રુચિ કરે તો તે ત્રિકાળ સતત સુલભ છે. પંચમ કાળે પણ તે સહજ તત્ત્વ સુલભ છે, પુરુષાર્થ તો પોતે કરે છે ને ! રાગ-દ્વેષ-મોહમાં ઊંધો પુરુષાર્થ પણ પોતે કરે છે, ને સ્વભાવની રુચિનો સવળો પુરુષાર્થ પણ પોતે જ કરે છે. તેમાં ઊંધો પુરુષાર્થ સુલભ લાગે છે ને સ્વભાવનો પુરુષાર્થ દુર્લભ લાગે છે, તે જીવ સ્વરૂપની ચાહ વગરનો મિથ્યાદષ્ટિ છે. સહજ તત્ત્વની સન્મુખ થતાં તે સુલભ છે. વળી તે સહજ તત્ત્વ ત્રણે કાળે પ્રકાશમાન છે. આવું સહજ ચૈતન્યતત્ત્વ તે સમ્યગ્દૃષ્ટિઓને સમતાનું ઘર છે. પોતાના આવા સ્વભાવની દૃષ્ટિ કરવી તે જ સમતાનું કારણ છે. બહારના પદાર્થોના આશ્રયે સમતા નથી, પુણ્ય-પાપના આશ્રયે સમતા નથી, સહજ તત્ત્વના અવલોકનમાં જ સમતા છે. પર્યાયોના આશ્રયે પણ સમતા નથી આવતી, સમતાની ખાણ તો સહજ ચૈતન્યતત્ત્વમાં ભરી છે, તેમાંથી સમતા આવે છે. જ્ઞાયકતત્ત્વ પોતે સહજ સમતાનું ઘર છે. વળી તે સહજ તત્ત્વ પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી વિકસેલું છે. તેની પરમકળામાં કદી સંકોચ થયો નથી; આ દ્રવ્યતત્ત્વની વાત છે, ક્ષણિક પર્યાયની આ વાત નથી. ત્રિકાળ તત્ત્વ સદાય વિકસિત છે. સિદ્ધદશા થાય ત્યારે ગુણોની કળાનો વિકાસ થાય તેની આ વાત નથી. પણ સહજ સ્વભાવ સદાય પરમકળા સહિત જ છે. અને તેની સહજ અવસ્થા સ્ફુટ-પ્રગટ છે. આવું સહજ તત્ત્વ નિરંતર પોતાના મહિમામાં લીન છે.

જીવાદિ સાતે તત્ત્વોમાં આવું સહજ તત્ત્વ સર્વોત્કૃષ્ટ છે, તે જયવંત છે. તે તત્ત્વના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. મોક્ષમાર્ગની પર્યાય નવી ઉત્પન્ન થાય છે પણ સહજ તત્ત્વ કાંઈ નવીન ઉત્પન્ન થતું નથી, તે તો ત્રિકાળ પ્રકાશમાન છે. સંવરપર્યાય તે ધર્મ છે, પણ તે દ્રવ્યસ્વભાવના આશ્રયે ઊપજે છે. દ્રવ્યમાં તો ત્રણે કાળે પરમકળા ભરી છે તેના આદરથી પર્યાયમાં મોક્ષમાર્ગની કળા પ્રગટે છે. ચૈતન્યતત્ત્વ સહજ અવસ્થાથી ત્રિકાળ પ્રગટ છે, તે પારિણામિકભાવે છે, તેમાં ઉત્પાદ-વ્યય નથી. તે વ્યવહારનો વિષય નથી, તે ત્રિકાળ એકરૂપ છે. તેના અવલંબને જ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા થાય છે. જેમ પારિણામિકભાવ ત્રિકાળ શુદ્ધ છે તેમ વર્તમાન વર્તમાનપણે પણ તે શુદ્ધ છે, તે કારણરૂપ ધ્રુવ છે. સહજ તત્ત્વ સદા પોતાના મહિમામાં લીન છે. જુઓ ! આ મહાન તત્ત્વનો મહિમા !!

આમાં કુલ આઠ બોલ કહ્યા -

૧) તત્ત્વમાં તે સહજ તત્ત્વ જયવંત છે.

૨) સદા અનાકુળ છે.

૩) નિરંતર સુલભ છે.



૪) પ્રકાશવંત છે.

૫) સમ્યગ્દૃષ્ટિઓને સમતાનું ઘર છે.

૬) પરમકળા સહિત વિકસિત નિજ ગુણોથી ખીલેલું છે.

૭) તેની સહજ અવસ્થા સ્ફુટિત છે.

૮) તે નિરંતર નિજ મહિમામાં લીન છે.

બધાય આત્મામાં આવું સહજ તત્ત્વ જયવંત છે. દરેક આત્મા પોતે આવો મહિમાવાળો છે. આવા સહજ તત્ત્વની ઓળખાણ કરતાં તેના આશ્રયે જ સંવર પ્રગટે છે. આ દ્રવ્યસ્વભાવ જ સમ્યગ્દર્શનનો આધાર છે, આ દ્રવ્યસ્વભાવ જ સમ્યગ્જ્ઞાનનો આધાર છે, આ દ્રવ્યસ્વભાવ જ સમ્યક્ચારિત્રનો આધાર છે, આ દ્રવ્યસ્વભાવ જ કેવળજ્ઞાનનો અને સિદ્ધદશાનો આધાર છે. તેની રુચિ કરો, તેનો મહિમા કરો !

વસ્તુ પોતાના સ્વભાવ મહિમામાં ત્રિકાળ લીન છે. તેના મહિમાને ઓળખીને તેનો આશ્રય કરતાં પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સંવર પ્રગટે છે તે ધર્મ છે.

વળી ફરી ફરીને ટીકાકાર તે સહજ તત્ત્વનો મહિમા ગાઈને તેને નમસ્કાર કરે છે :-

**શ્લોક ૧૭૭**

(हरिणी)

**सहजपरमं तत्त्वं तत्त्वेषु सप्तसु निर्मलं**
**सकलविमलज्ञानावासं निरावरणं शिवम्।**
**विशदविशदं नित्यं बाह्यप्रपंचपराङ्मुखं**
**किमपि मनसां वाचां दूरं मुनेरपि तन्नुमः ॥ १७७॥**

**શ્લોકાર્થ** : સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે, સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણ છે, શિવ (કલ્યાણમય) છે, સ્પષ્ટ-સ્પષ્ટ છે, નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે અને મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે; તેને અમે નમીએ છીએ. ।૧૭૭।

જગતમાં સાત તત્ત્વો છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. આ સાતે તત્ત્વોમાં આત્માનો સ્વભાવ સહજ પરમ તત્ત્વ ત્રિકાળ નિર્મળ છે, સર્વથા પવિત્ર આત્માનું તે રહેઠાણ છે, આવરણ રહિત છે. એવા આત્માના અવલંબન વગર ત્રણ કાળમાં ધર્મ થતો નથી. આત્મા ત્રિકાળ શિવ એટલે કે કલ્યાણની મૂર્તિ છે, ત્રણે કાળે પ્રત્યક્ષ સ્પષ્ટ છે, ધ્રુવપણે સ્વરૂપ પ્રત્યક્ષ છે, નિત્ય છે, તે સહજતત્ત્વ બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે. મુનિઓને પણ મન-વાણીથી તે અત્યંત દૂર છે,

મુનિઓને અંતરના અનુભવમાં તો તે નજીક વર્તે છે, પણ રાગથી તે પાર છે. એવા સહજ તત્ત્વને અમે નમીએ છીએ.

આવા તત્ત્વની રુચિ, ઓળખાણ, મહિમા કરો, તે સિવાય બીજું બધું ફોગટ છે. તે સહજ તત્ત્વમાં બધી શક્તિ છે તેમાંથી જ મોક્ષપર્યાય પ્રગટ થાય છે, ક્યાંય બહારથી મોક્ષપર્યાય નથી આવતી. માટે ટીકાકાર કહે છે કે અહો ! મુનિઓને પણ મન-વાણીથી જે પાર છે, જે નિર્વિકલ્પ પર્યાયથી જ અનુભવગમ્ય થાય છે. એવા આ પરમ મહિમાવંત સહજ તત્ત્વમાં જ અમે નમીએ છીએ, તેમાં જ પરિણમીએ છીએ. આનું નામ સંવર અને ધર્મ છે.

**પોષ સુદ ૧૨, મંગળવાર, ૮-૧-૫૨.**

આ પરમ-આલોચના અધિકાર છે; તેમાં છેલ્લી ગાથાના કળશો ચાલે છે. પહેલાં ત્રિકાળી સહજ તત્ત્વનો મહિમા કરીને તેને નમસ્કાર કર્યા, હવે તેના આશ્રયે પ્રગટેલી વીતરાગીદશાને નમસ્કાર કરે છે :-

**શ્લોક ૧૭૮**

(દ્રુતવિલંબિત)

**जयति शांतरसामृतवारिधि-**
**प्रतिदिनोदयचारुहिमद्युतिः।**
**अतुलबोधदिवाकरदीधिति-**
**प्रहतमोहतमस्समितिर्जिनः॥ १७८॥**

**શ્લોકાર્થ** : જે (જિન) શાંત રસરૂપી અમૃતના સમુદ્રને (ઉછાળવા) માટે પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે અને જેણે અતુલ જ્ઞાનરૂપી સૂર્યના કિરણોથી મોહતિમિરના સમૂહનો નાશ કર્યો છે, તે જિન જયવંત છે. ॥ ૧૭૮ ॥

જેમ પૂર્ણિમાનો ચંદ્ર સમુદ્રને ઉછાળે છે તેમ ચૈતન્યની શક્તિમાં ભરેલા શાંત રસ સમુદ્રને ઉછાળીને પર્યાયમાં પરિણમાવવા માટે જેઓ સદાય ઉદયમાન ચંદ્ર સમાન છે એવા જિન જગતમાં જયવંત છે; વળી તેમણે કેવળજ્ઞાનરૂપી સૂર્યના તેજથી મોહરૂપી અંધકારનો નાશ કર્યો છે, ત્રિકાળી વસ્તુ જયવંત છે. અને તેના આશ્રયે પ્રગટેલી સર્વજ્ઞતા પણ જયવંત વર્તે છે. ભગવાનના પર્યાયમાં સદાય શાંત રસ ઉછળી રહ્યો છે. એવા સર્વજ્ઞદેવ જયવંત વર્તે છે -એમ કહીને આલોચનાનું રૂપ બતાવીને તેનો મહિમા કર્યો.

હવે આ અધિકારનો છેલ્લો શ્લોક કહે છે :



**શ્લોક ૧૭૯**

(દ્રુતવિલંબિત)

**विजितजन्मजरामृतिसंचयः**
**प्रहतदारुणरागकदम्बकः।**
**अघमहातिमिरव्रजभानुमान्**
**जयति यः परमात्मपदस्थितः॥ १७९॥**

**શ્લોકાર્થ** : જેણે જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે, જેણે દારુણ રાગના સમૂહને હણી નાખ્યો છે, જે પાપરૂપી મહા અંધકારના સમૂહને માટે સૂર્ય સમાન છે અને જે પરમાત્મપદમાં સ્થિત છે, તે જયવંત છે. ॥ ૧૭૯ ॥

જેમણે અંતરમાં શુદ્ધ ચિદાનંદ ભગવાનનું આલોચન કરીને જન્મ-જરા-મરણનો નાશ કર્યો છે અને દારુણ મોહાંધકારને હણી નાંખ્યો છે અને જેમના કેવળજ્ઞાનમાં અંધકારનો અભાવ છે એટલે જેમણે જ્ઞાનસૂર્ય વડે અંધકારને હણી નાંખ્યો છે - એવા પરમાત્મા જયવંત છે, ત્રિકાળી વસ્તુ અને તેની પર્યાય બન્ને જયવંત છે -એમ કહીને અધિકારનું મંગળ કર્યું છે.

વસ્તુ સુલભ છે પણ દેખાડનાર દુર્લભ છે; સત્ સરલ છે, સુગમ છે પણ જેવું સત્ છે તેવું સત્ બતાવનારા જ્ઞાની મળવા દુર્લભ છે, પોતાનો સ્વભાવ દુર્લભ નથી. અનંતકાળનો સંસાર હોવા છતાં સ્વભાવને સાધતા અલ્પકાળમાં મુક્તિ થાય છે. માટે સ્વભાવ સુલભ છે.

હું તો ત્રિકાળ એકરૂપ મુક્તસ્વરૂપ જ છું. મારી મુક્તિ પણ મારાથી દૂર નથી. આવો સ્વભાવ સદાય સુલભ છે. પણ તે સ્વભાવને બતાવનાર દુર્લભ એટલે કે પોતાની તેના શ્રવણ-મનનની પાત્રતા થવી તે દુર્લભ છે. તે સ્વભાવનો તો નાશ થયો નથી. પણ તે સ્વભાવની ઓળખાણ અને મહિમા થવી દુર્લભ છે. જે જીવો તે સ્વભાવનું ભાન કરીને તેમાં લીન થયા તેમને તો પરમાત્મદશા પ્રગટી ને તે જયવંત વર્તે છે. અહો ! જયવંત તો આ કેવળજ્ઞાન વર્તે છે ! -એમ કહીને મુનિરાજે પોતે પોતાના કેવળજ્ઞાનની ભાવના જણાવી છે.

આ રીતે શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં **પરમ-આલોચના અધિકાર** નામનો સાતમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❖❖❖

# ૮. શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર

પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના એ ત્રણેનું વર્ણન કર્યું. એ બધા ચારિત્રના પ્રકાર છે. હવે ચારિત્રમાં અલ્પ દોષ લાગે તેને સ્વભાવના આશ્રયે ટાળીને નિર્મળતા પ્રગટ કરવી તેનું નામ પ્રાયશ્ચિત્ત છે.

હવે સમસ્ત દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મના સંન્યાસના હેતુભૂત શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર કહેવામાં આવે છે.

**ગાથા ૧૧૩**

**वदसमिदिसीलसंजमपरिणामो करणणिग्गहो भावो।**
**सो हवदि पायछित्तं अणवरयं चेव कायव्वो॥ ११३॥**

**व्रतसमितिशीलसंयमपरिणामः करणनिग्रहो भावः।**
**स भवति प्रायश्चित्तम् अनवरतं चैव कर्तव्यः॥ ११३॥**

**વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇંદ્રિયરોધરૂપ છે ભાવ જે**
**તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩**

**અન્વયાર્થ** : (**व्रतसमितिशीलसंयमपरिणामः**) વ્રત, સમિતિ, શીલ ને સંયમરૂપ પરિણામ તથા (**करणनिग्रहः भावः**) ઇંદ્રિયનિગ્રહરૂપ ભાવ (**सः**) તે (**प्रायश्चित्तम्**) પ્રાયશ્ચિત્ત (**भवति**) છે (**च एव**) અને તે (**अनवरतं**) નિરંતર (**कर्तव्यः**) કર્તવ્ય છે.

આ ગાથામાં જે વ્રતાદિના પરિણામ કહ્યા છે તે રાગ રહિત સમજવા. કેમ કે આ નિશ્ચય પ્રાયશ્ચિત્તનું કથન છે.

''પાંચ મહાવ્રતરૂપ, પાંચ સમિતિરૂપ, શીલરૂપ અને સર્વ ઇન્દ્રિયોના ને મન-વચન-કાયાના સંયમરૂપ પરિણામ તથા પાંચ ઇન્દ્રિયોનો નિરોધ - એ પરિણતિ વિશેષ તે પ્રાયશ્ચિત્ત છે.'' ત્રિકાળી જે શુદ્ધ આત્મસ્વભાવ તેના અવલંબને રાગાદિ ભાવની ઉત્પત્તિ ન થવી તે જ નિશ્ચયથી અહિંસાવ્રત છે. સત્ એવો જે ધ્રુવસ્વભાવ તેના આશ્રયે વીતરાગભાવ પ્રગટે તે જ પરમાર્થે સત્યવ્રત છે.

અખંડ સ્વભાવમાંથી આત્માએ દીધેલી જે વીતરાગી પરિણતિ તેનું ગ્રહણ કરવું, તે સિવાય બીજા રાગાદિ ભાવોનું ગ્રહણ ન કરવું તેનું નામ ત્રીજું વ્રત છે. બ્રહ્મસ્વરૂપી આત્મામાં ચરવું તે જ ખરું



બ્રહ્મચર્યવ્રત છે, ને તે ચિદાનંદ સ્વરૂપમાં લીન થતાં રાગના એક અંશને પણ ન ગ્રહવો તેનું નામ અપરિગ્રહવ્રત છે. આવા વીતરાગી પંચ મહાવ્રતરૂપ પરિણામ તે પોતે જ નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત સ્વરૂપ છે.

એ જ પ્રમાણે ઈર્યા, ભાષા, એષણા વગેરે પાંચે સમિતિ પણ નિશ્ચયથી આત્માના અવલંબનરૂપ વીતરાગભાવ જ છે, અને તેનું નામ નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે. શુભ રાગ તે તો આસ્રવ છે, અપરાધ છે. તેના અભાવરૂપ જે વીતરાગભાવ છે તે જ પ્રાયશ્ચિત્ત છે. એક અંતર્મુખ વીતરાગી પરિણતિમાં વ્રતાદિના આ બધા પ્રકાર આવી જાય છે. ને તે વિશુદ્ધ પરિણતિનું નામ જ શુદ્ધ-પ્રાયશ્ચિત્ત છે.

પ્રાયશ્ચિત્ત એટલે પ્રાય + ચિત્ત અર્થાત્ પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત તે જ પ્રાયશ્ચિત્ત છે. સ્વભાવના અવલંબને વિશેષ નિર્વિકારી પરિણતિ થવી તેનું નામ પ્રાયશ્ચિત્ત છે. હવે કહે છે કે મુનિઓને આવું શુદ્ધ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.

જુઓ ! પોતે પોતાની વાત કરે છે. ટીકાકાર મુનિરાજનું નામ ''પદ્મપ્રભ'' છે. કેવા છે પદ્મપ્રભ મુનિ ! અંતર્મુખાકાર પરમ સમાધિથી યુક્ત છે. છઠ્ઠા - સાતમા ગુણસ્થાને ઝૂલતી અંતર્મુખ દશામાં વર્તે છે; પરમ જિનયોગીશ્વર છે. પાપરૂપી અટવીને બાળી નાખવા માટે અગ્નિ સમાન છે. અંતરમાં અખંડ ચૈતન્યપિંડને સમસ્તપણે ગ્રહ્યો છે તેથી તે જ પરિગ્રહ છે, ને બહારમાં માત્ર દેહનો જ પરિગ્રહ છે. વળી સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરની ટોચ ઉપરના મણિ સમાન છે. અને પરમાગમ-રૂપી પુષ્પરસ ઝરતા મુખવાળા છે-આવા પદ્મપ્રભે આવું શુદ્ધ-પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.

જુઓ ! આ પદ્મપ્રભ મુનિરાજના મુખમાંથી પરમાગમરૂપી પુષ્પરસ ઝરે છે. તેમના મુખમાંથી નીકળેલી આ ટીકા પણ પરમાગમ છે; જેમ મૂળ સૂત્ર પરમાગમ છે તેમ તેની આ ટીકા પણ પરમાગમ છે. ૫૩મી ગાથાની ટીકામાં જે કહ્યું તે પણ પરમાગમ છે. સૂત્રનો વિસ્તાર તે જ ટીકા છે, ને ટીકાનો સંક્ષેપ તે જ સૂત્ર છે; અહો ! મુનિઓને અંતરમાં ઘણી વીતરાગતા થઈ ગઈ છે. તેમના મુખમાંથી જે વાણી ઝરે તે પરમાગમ છે. રાગ-દ્વેષ-મોહ રહિત પુરુષની વાણી તે પરમાગમ છે. જેના મુખમાંથી પરમાગમરૂપી પુષ્પરસ ઝરે છે એવા પદ્મપ્રભ મુનિએ આ શુદ્ધ નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કર્તવ્ય છે. શુભ વિકલ્પ વખતે પણ સ્વભાવની સ્થિતિમાં જે વીતરાગી પરિણતિ વર્તે છે તે જ નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત છે. પરમાગમની રચના વખતે શુભ વિકલ્પ હોવા છતાં કહે છે કે અહો ! નિરંતર વીતરાગી પ્રાયશ્ચિત્ત જ કર્તવ્ય છે. શુભ રાગ વખતે પણ અંતરમાં જ્ઞાયકની સન્મુખતા જ વર્તે છે. રાગ ગૌણ છે, માટે કહ્યું કે નિરંતર શુદ્ધ પ્રાયશ્ચિત્ત કર્તવ્ય છે. પોતાને મુનિદશા કેવી વર્તે છે તે ટીકામાં વર્ણવ્યું છે તે કહીને મુનિદશા ઓળખાવી છે.

હવે આ ૧૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :-

## શ્લોક ૧૮૦

(मन्दाक्रान्ता)

प्रायश्चित्तं भवति सततं स्वात्मचिंता मुनीनां
मुक्तिं यांति स्वसुखरतयस्तेन निर्धूतपापाः ।
अन्या चिंता यदि च यमिनां ते विमूढाः स्मरार्ताः
पापाः पापं विदधति मुहुः किं पुनश्चित्रमेतत् ॥ १८० ॥

**શ્લોકાર્થ** : મુનિઓને સ્વાત્માનું ચિંતન તે નિરંતર પ્રાયશ્ચિત્ત છે; નિજ સુખમાં રતિવાળા તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે પાપને ખંખેરી મુક્તિને પામે છે. જો મુનિઓને (સ્વાત્મા સિવાય) અન્ય ચિંતા હોય તો તે વિમૂઢ કામાર્ત પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે. -આમાં શું આશ્ચર્ય છે?।।૧૮૦।।

મુનિઓને ચૈતન્યની ભાવનામાં જે લીનતા છે તે જ પ્રાયશ્ચિત્ત છે. પોતાના સહજ સ્વભાવ સુખની લીનતા વડે પુણ્ય-પાપને ખંખેરી નાખીને તે મુનિવરો મુક્તિ પામે છે. જેટલો આસ્રવભાવ છે તે બધોય આત્માના સ્વભાવથી વિરુદ્ધ છે, તેથી તે પાપ છે. નિજ સ્વભાવ સુખના આનંદના અનુભવમાં જે લીન થયા છે તે મુનિવરો વીતરાગી પરિણતિરૂપ પ્રાયશ્ચિત્ત વડે પુણ્ય-પાપ રહિત મુક્તદશાને -સાદિ અનંત સ્વરૂપ મહેલમાં બિરાજમાન થાય છે.

હવે જેને આવું વીતરાગી પ્રાયશ્ચિત્ત નથી તેની વાત કરે છે. જો પોતાના સ્વભાવની ભાવના છૂટીને અન્ય પુણ્ય-પાપની ભાવનાની મુખ્યતા થઈ જાય તો તે વિમૂઢ છે, વિષયોમાં કામાર્ત છે અને પાપી છે. તેઓ ફરીને પાપ ઉત્પન્ન કરે છે, આમાં શું આશ્ચર્ય છે ?

જુઓ ! આ દિગંબર સંતોના વચનોની તીવ્રતા ! ઉગ્ર પુરુષાર્થના આ વચનો છે. જો સ્વભાવની રુચિ ખસીને પુણ્ય-પાપની રુચિ થઈ તો તે જીવ મિથ્યાત્વથી વિમૂઢ છે, કામાર્ત છે, પાપી છે. મિથ્યાત્વ જેવું બીજું પાપ નથી. મિથ્યાદૃષ્ટિ જીવ પરભાવની ભાવનાથી ફરીને પાપની ઉત્પત્તિ કરે છે. અહો ! સ્વભાવની ભાવનાવાળા અલ્પકાળમાં મુક્તિ પામી જાય છે, ને તેનાથી વિરુદ્ધ વિકારની જેને ભાવના છે તે જીવ મિથ્યાત્વના પાપને ઉત્પન્ન કરે તેમાં શું આશ્ચર્ય છે ! કાં તો સ્વભાવની ભાવના કરીને વીતરાગતા ઉત્પન્ન કરે અને કાં તો સ્વભાવનો અનાદર કરીને પરભાવની ભાવનાથી પાપને ઉત્પન્ન કરે, એમાં આશ્ચર્ય નથી. આત્મા પરમ પ્રભુ જ્ઞાયક છે, તેની પ્રભુતાનો અનાદર કરીને જે પુણ્ય-પાપની ને ઇન્દ્રિય વિષયોની ભાવના કરે તે પાપી છે, મૂઢ છે. આ વાત આજની નથી પણ અનંતકાળથી આ ભાવ ચાલ્યો આવે છે. તીર્થંકરો, સંતો કહેતા આવ્યા છે ને પાત્ર જીવો ઝીલતા આવ્યા છે. ભલે દ્રવ્યલિંગી મુનિ થયો હોય, તો પણ જો સ્વભાવની ભાવના ચૂકીને રાગની ભાવનાની મુખ્યતા થઈ જાય તો તે પણ મૂઢ અને પાપી છે - તેમાં આશ્ચર્ય નથી.



## ગાથા ૧૧૪

**कोहादिसगब्भावक्खयपहुदिभावणाए णिग्गहणं ।**
**पायच्छित्तं भणिदं णियगुणचिंता य णिच्छयदो ॥ ११४ ॥**

**क्रोधादिस्वकीयभावक्षयप्रभृतिभावनायां निर्ग्रहणम् ।**
**प्रायश्चित्तं भणितं निजगुणचिंता च निश्चयतः ॥ ११४ ॥**

**ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના**
**ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪**

**અન્વયાર્થ** : (**क्रोधादिस्वकीयभावक्षयप्रभृतिभावनायां**) ક્રોધ વગેરે સ્વકીય ભાવોના (-પોતાના વિભાવભાવોના) ક્ષયાદિકની ભાવનામાં (**निर्ग्रहणम्**) રહેવું (**च**) અને (**निजगुणचिंता**) નિજ ગુણોનું ચિંતન કરવું તે (**निश्चयतः**) નિશ્ચયથી (**प्रायश्चित्तं भणितम्**) પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

અહો ! ક્ષાયિકભાવના જ ભણકાર વગાડ્યા છે. સ્વભાવના આશ્રયે મોહના મૂળિયાં ઊખેડી નાખીને ક્ષાયિકભાવની જ ભાવના છે.

ક્રોધાદિ ભાવોને સ્વકીય કહ્યા છે. જો તે ભાવો કર્મ જનિત હોય તો પોતાને પ્રાયશ્ચિત્ત લેવાનો પ્રસંગ રહેતો નથી. જે ભાવ પોતાના-સ્વકીય હોય, તે ભાવનો પોતે ક્ષય કરવો તેનું નામ પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત કોનું હોય ? કે પોતાના અપરાધે થયેલો જે ભાવ હોય તેનું પ્રાયશ્ચિત્ત હોય. તે ક્રોધાદિ સમસ્ત વિભાવના ક્ષયાદિકની ભાવનામાં રહેવું અને નિજ સ્વભાવ ગુણનું ચિંતન કરવું તે નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત છે. દોષનું પ્રાયશ્ચિત્ત કરવાની સામે નિજ ગુણોનું ચિંતન કરવાનું કહ્યું, એટલે પહેલાં તો ક્ષણિક દોષ અને ત્રિકાળી ગુણનું ભાન કર્યું છે, પછી સ્વભાવના અવલંબન વડે રાગાદિ ભાવોનો ક્ષય કરવો તે પ્રાયશ્ચિત્ત છે.

અહીં (આ ગાથામાં) સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ એવું નિશ્ચય પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે.

ટીકામાં તો ક્ષયની જ વાત લીધી; વિભાવના ક્ષયનું કારણ શું ? કે નિજ કારણસ્વભાવની ભાવના વડે જે સહજ પરિણતિ પ્રગટી તે જ વિભાવના ક્ષયના હેતુભૂત હોવાથી, તેને ભગવાને પ્રાયશ્ચિત્ત કહ્યું છે. નિજ કારણપરમાત્માનું અવલંબન લેતાં સહજ વીતરાગી પરિણતિમાં રાગ-દ્વેષાદિ વિભાવની ઉત્પત્તિ જ ન થઈ, તેથી તેનું નામ નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત છે.

**પરમાગમરૂપી ઉપદેશામૃત ઝરણાં વહેવડાવનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !**

## પોષ સુદ ૧૩, બુધવાર, ૯-૧-૫૨.

નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત કોને કહેવું ? પોતાના સ્વભાવમાં વિશેષ લીનતા વડે વીતરાગી પરિણતિ પ્રગટ થતાં સંસારભાવનો (વિકારનો) છેદ થઈ જાય છે તેનું નામ જ પ્રાયશ્ચિત્ત છે. દોષ શું અને તે દોષ રહિત પોતાનો સ્વભાવ શું તેનું ભાન કરીને, નિર્મળ સ્વભાવના અવલંબને દોષનો છેદ થઈ જવો ને નિર્મળ પરિણતિ પ્રગટ થવી તે જ પ્રાયશ્ચિત્ત ધર્મ છે. વ્યવહારમાં અશુભભાવના પ્રાયશ્ચિત્તનો જે વિકલ્પ છે તે પણ રાગ છે, ને નિશ્ચયથી તે પણ અપરાધ છે. સ્વભાવની સહજ વીતરાગી પરિણતિ તે પ્રાયશ્ચિત્ત સ્વરૂપ છે. પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વની અરુચિનો ભાવ તે મહા ક્રોધ છે; રાગ રહિત સ્વભાવના બળથી સમસ્ત રાગ-દ્વેષ-મોહાદિ વિકારનો ક્ષય કરવો તે પ્રાયશ્ચિત્ત છે. રાગ-દ્વેષ-મોહ તે અપરાધ છે. તેનો ક્ષય કેમ થાય ? કે પોતાનો જે સહજ કારણપરમાત્મા છે તેની ભાવના થતાં સહજ પરિણતિ પ્રગટે તે રાગાદિના ક્ષયનું કારણ છે, તેથી તે સહજ પરિણતિ જ નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત છે. સહજ પરિણતિ પોતે જ પર્યાય છે. પણ તે પર્યાય અંતર્મુખ થઈને નિજ કારણપરમાત્માની ભાવના ભાવે છે, ત્રિકાળી શક્તિનો પિંડ તે દ્રવ્ય છે તેની ભાવનાથી જ નિર્મળ પર્યાય પ્રગટે છે ને રાગાદિનો ક્ષય થઈ જાય છે. આનું નામ પ્રાયશ્ચિત્ત છે.

૧) જ્ઞાયકમૂર્તિ આત્માની ભાવનાથી જેટલી વીતરાગતા થઈ તેટલો ધર્મ છે.

૨) કાંઈક શુભ રાગ રહી ગયો તે વ્યવહાર છે. પૂજા-ભક્તિ વગેરેનો શુભ રાગ થયો તે વિકાર છે, તે પોતે ધર્મ નથી. પણ તે વખતે રાગ રહિત સ્વભાવનું ભાન વર્તે છે. ત્યાં તે રાગને વ્યવહાર કહેવાય છે.

૩) તે શુભ રાગ વખતે શુભ નિમિત્તો ઉપર લક્ષ જાય છે અને તે વખતે બહારમાં જે શરીરની ક્રિયા થાય કે ભાષા બોલાય તે બધી તો જડની ક્રિયા છે, તે આત્માથી બાહ્ય છે. આત્મા તે ક્રિયાનો કર્તા નથી, જડની ક્રિયા જડથી થાય છે. ને તે વખતે રાગ હોય તે નિમિત્ત છે, પણ આત્મા એ રાગ વડે શરીરની ક્રિયા કરી એમ નથી, તેમજ શુભ રાગ વડે ધર્મ થાય છે -એમ પણ નથી.

૧) જડની ક્રિયા ૨) રાગ અને ૩) ધર્મ -એ ત્રણે ચીજ સ્વતંત્ર છે, કોઈ એકબીજાના કર્તા નથી.

શરીરની ક્રિયા થઈ તેમાં પુદ્‌ગલના ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે; આત્માના ઉત્પાદ-વ્યય-ધ્રુવ આત્મામાં છે. આત્મા અને જડ બધા પદાર્થો ક્ષણે ક્ષણે પોતપોતાના સ્વભાવથી જ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. શરીર ચાલ્યું કે ભાષા બોલાણી તેમાં પુદ્‌ગલનો ઉત્પાદ થયો છે, તેનો કર્તા પુદ્‌ગલ છે, આત્મા તેનો કર્તા નથી.

એજ પ્રમાણે જીવે રાગ-દ્વેષ કર્યા અને કર્મ પરમાણુઓ આવ્યા, ત્યાં બન્નેમાં સમયભેદ નથી.



તેમ જ કોઈ કોઈના કર્તા નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો મેળ હોવા છતાં તેનો કોઈ કર્તા નથી. રાગ થયો ને તે જ વખતે પરમાણુ બંધાયા ત્યાં તેનો મેળ કોઈએ કર્યો નથી, પણ બન્ને પોતપોતાના સ્વભાવથી જ સમયમાં પરિણમ્યા છે, કોઈ બીજો કર્તા નથી. તેમ જ રાગને કારણે પુદ્‌ગલો બંધાયા નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છે પણ તેમાં કોઈ કોઈને આધીન થઈને પરિણમતું નથી. જેને એવી માન્યતા છે કે મારા રાગને કારણે પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે તેને તો જડ-ચેતનની એકતા-બુદ્ધિનું સ્થૂલ મિથ્યાત્વ છે. તેને તો અંતર્‌સ્વભાવ સન્મુખ થઈને વિકારભાવોનું પ્રાયશ્ચિત્ત થતું જ નથી. હજી ચૈતન્ય અને જડની સ્વતંત્રતાનું પણ જેને ભાન નથી, તે વિકારથી પણ જુદો પડીને શુદ્ધ સ્વભાવમાં વળશે ક્યાંથી ?

પ્રત્યેક પદાર્થની ક્રિયા સ્વતંત્રપણે સમયે સમયે થઈ રહી હોવા છતાં અજ્ઞાની જીવ ઊંધી દૃષ્ટિથી એમ દેખે છે કે સંયોગને કારણે પર્યાય થઈ ! શબ્દ અને જ્ઞાન બન્ને સ્વતંત્ર પરિણમી રહ્યા હોવા છતાં અજ્ઞાની એમ દેખે છે કે શબ્દને લીધે જ્ઞાન થયું ! એ જ તેની મૂળ ભૂલ છે -સંયોગી દૃષ્ટિ છે. (એ જ પ્રમાણે સૂર્યનો ઉદય થવો અને કમળનું ખીલવું, જીવને રાગ થવો અને દેહની ક્રિયા થવી - ઈત્યાદિ બધામાં સમજી લેવું.)

જેમ ત્રિકાળી દ્રવ્યની સ્વતંત્રતા છે, તેમ તેની સમય સમયની પર્યાયની પણ સ્વતંત્રતા છે.

આમાં નિયત થઈ જાય છે, એમ કહીને અજ્ઞાની આ વાત ટાળી દેવા માંગે છે; પણ ભાઈ! નિયતનો નિર્ણય કરવામાં જ્ઞાનસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ ભેગો જ આવી જાય છે. સ્વભાવ તરફના જ્ઞાન અને પુરુષાર્થ વગર નિયતનો નિર્ણય કોણે કર્યો ? જેણે પોતાના જ્ઞાનમાં આવો નિર્ણય કર્યો તેને દ્રવ્યદૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન થઈ જાય છે. સર્વજ્ઞે ત્રણ કાળ ત્રણ લોકને જાણ્યા અને જે સમયે જેમ થવાનું જોયું તેમ જ થાય છે એવો નિર્ણય કોણે કર્યો ? ક્યા જ્ઞાનમાં તેનો નિર્ણય કર્યો? સર્વજ્ઞતાની પ્રતીત કરી તેણે અલ્પજ્ઞતા હોવા છતાં પોતાના પૂર્ણ જ્ઞાનસ્વભાવની કબૂલાત કરી, અલ્પજ્ઞતા હું નહિ પણ સર્વજ્ઞ જેટલી પૂર્ણ શક્તિ મારી છે એમ કબૂલ કર્યું તે અધૂરી પર્યાય સામે જોઈને કબૂલ્યું નથી પણ સ્વભાવ સામે જોઈને કબૂલ્યું છે. એટલે તેમાં જ સ્વભાવની સન્મુખતાનો પુરુષાર્થ આવી જાય છે, તેમાં જ મોક્ષમાર્ગ આવી જાય છે, પાંચે સમવાય તેમાં આવી જાય છે. આ વાત વસ્તુવિજ્ઞાનસારમાં ખૂબ વિસ્તારથી આવી ગઈ છે.

અહો ! આત્મા પરમાત્મશક્તિનો ધણી છે, તેને ભૂલીને જાણે ક્યાંક બહારથી મારું કલ્યાણ થઈ જશે -એમ અજ્ઞાની માને છે પણ હું તો ત્રિકાળ પરમાત્મશક્તિનો પિંડ -કારણપરમાત્મા છું, એવું ભાન કરીને તેની ભાવના કરતાં વીતરાગી પરિણતિ પ્રગટે તે જ ધર્મ છે, તેને જ અહીં પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

પોતાના આત્માના જે સહજ જ્ઞાનાદિ ગુણો છે તેને ઓળખીને તેનું ચિંતન કરવું તે પ્રાયશ્ચિત્ત

છે.

શરીરાદિ તો બાહ્યતત્ત્વ છે, રાગાદિ ભાવો પણ મારા સ્વભાવથી બાહ્યતત્ત્વ છે, મારો સહજ જ્ઞાનસ્વભાવ જ અંતઃતત્ત્વ છે-એવું ભાન કરીને તેની ભાવના કરવી તે પ્રાયશ્ચિત્ત છે. જેની ભાવનાથી નિર્મળતા પ્રગટે તે જ અંતઃતત્ત્વ છે; પરમાત્મતત્ત્વની ભાવનાથી નિર્મળ પર્યાય પ્રગટે છે.

પરમાત્મતત્ત્વ કોને કહેવું ?

રાગાદિ ક્ષણિક આસ્રવો છે તે વિકારી આત્મા છે; નિર્મળ પર્યાયરૂપ સંવર-નિર્જરા પ્રગટે તે પણ ક્ષણિક છે, તે આખો આત્મા નથી. ત્રિકાળી ધ્રુવ શક્તિનો પિંડ જે સ્વભાવ છે તે જ પરમ આત્મતત્ત્વ છે. તેની રુચિ અને ભાવનાથી જ વીતરાગી પરિણતિ પ્રગટે છે. તેની શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરવી તેનું નામ નિજગુણનું ચિંતન છે. ત્રિકાળી પરમાત્મતત્ત્વ તે દ્રવ્ય અને તેના સહજ જ્ઞાનાદિ ગુણો -તે બન્ને ત્રિકાળ છે. તેના ચિંતવનથી વીતરાગતા પ્રગટી તે પર્યાય છે. એ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેની વાત આવી ગઈ. નિજ સ્વભાવના આશ્રયે પ્રગટેલી વીતરાગી પરિણતિમાં વિભાવનો અભાવ છે, તે જ પ્રાયશ્ચિત્ત છે. પહેલાં જ્ઞાનભૂમિમાં આવા તત્ત્વની ઓળખાણ કરવી તે મિથ્યાત્વ દોષનું પ્રાયશ્ચિત્ત છે. પછી તેમાં લીનતા થતાં વીતરાગી મુનિદશા પ્રગટીને અસ્થિરતાના દોષનું પ્રાયશ્ચિત્ત થઈ જાય છે. આવું નિશ્ચય પ્રાયશ્ચિત્ત તે મુક્તિનું કારણ છે.

અંતરમાં આવા સ્વતત્ત્વની ઓળખાણ કરવી તે જ સાચી વિદ્યા છે, તે વિદ્યા મોક્ષનું કારણ છે. વિદ્યમાન તત્ત્વને જાણે તેનું વિદ્યા છે. વિદ્યમાન એવો જે પોતાનો ત્રિકાળ સ્વભાવ અને તેના ગુણો, તેને જાણીને તેના આશ્રયે જે વિદ્યા પ્રગટી તે વિદ્યા નિત્યત્વના આશ્રયે પ્રગટેલી છે, તેનો કદી અભાવ થતો નથી. એનું નામ જ સાચી વિદ્યા છે ને તે જ મોક્ષનું કારણ છે. સ્વભાવનું ભાન કરીને તેની ભાવના કરવી તેનું નામ જ પ્રાયશ્ચિત્ત છે.

હવે આ ૧૧૪મી ગાથાના ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૮૧**

(शालिनी)

**प्रायश्चित्तमुक्तमुच्चैर्मुनीनां**
**कामक्रोधाद्यन्यभावक्षये च।**
**किं च स्वस्य ज्ञानसंभावना वा**
**सन्तो जानन्त्येतदात्मप्रवादे॥ १८१॥**

**શ્લોકાર્થ :** મુનિઓને કામક્રોધાદિ અન્ય ભાવોના ક્ષયની જે સંભાવના અથવા તો પોતાના જ્ઞાનની જે સંભાવના (-સમ્યક્ ભાવના) તે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેલ છે. સંતોએ આત્મપ્રવાદમાં આમ જાણ્યું



છે (અર્થાત્ જાણીને કહ્યું છે). ॥ ૧૮૧ ॥

પુણ્ય-પાપની ભાવના છોડીને, સહજ સ્વભાવની ભાવના કરતાં વિભાવનો ક્ષય થઈ જાય છે. આવી ભાવનાને ભગવાને ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહ્યું છે, તે જ તપ અને ચારિત્ર ધર્મ છે - આમ સંતોએ જાણ્યું છે અને કહ્યું છે.

**પોષ સુદ ૧૪, ગુરુવાર, ૧૦-૧-૫૨.**

જ્ઞાનસ્વરૂપી આત્મા છે તેને જ્ઞાનમાં પકડીને લીન થવું તે પ્રાયશ્ચિત્ત છે. રાગાદિ પરભાવોને પોતાના માનીને અટકવું તે અપરાધ છે, મલિનતા છે. રાગરહિત જ્ઞાનસ્વભાવને ઓળખીને તેની સમ્યક્ ભાવના કરવી તે જ ઉત્તમ પ્રાયશ્ચિત્ત છે. સંતો આત્મપ્રવાદમાં આમ જાણ્યું છે ને આમ કહ્યું છે.

હવે યોગીશ્વરો પ્રાયશ્ચિત્ત કઈ રીતે કરે છે ? તે કહે છે.

**ગાથા ૧૧૫**

**कोहं खमया माणं समद्दवेणज्जवेण मायं च ।**
**संतोसेण य लोहं जयदि खु ए चहुविहकसाए ॥ ११५ ॥**

**क्रोधं क्षमया मानं स्वमार्दवेन आर्जवेन मायां च ।**
**संतोषेण च लोभं जयति खलु चतुर्विधकषायान् ॥ ११५ ॥**

**જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,**
**આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫.**

**અન્વયાર્થ** : **(क्रोधं क्षमया)** ક્રોધને ક્ષમાથી, **(मानं स्वमार्दवेन)** માનને નિજ માર્દવથી, **(मायां च आर्जवेन)** માયાને આર્જવથી **(च)** તથા **(लोभं संतोषेण)** લોભને સંતોષથી -**(चतुर्विधकषायान्)** એમ ચતુર્વિધ કષાયોને **(खलु जयति)** (યોગી) ખરેખર જીતે છે.

આ ચાર કષાયો પર વિજય મેળવવાના ઉપાયના સ્વરૂપનું કથન છે.

સ્વભાવના આશ્રયે લીન રહેતાં મુનિઓને ક્રોધાદિ ભાવની ઉત્પત્તિ જ ન થાય - એનું નામ પ્રાયશ્ચિત્ત છે.

ક્ષમા વડે ક્રોધને જીતવો, તે ક્ષમા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ત્રણ પ્રકારની છે.

૧) 'વિના કારણ અપ્રિય બોલનાર મિથ્યાદૃષ્ટિને વિના કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યોગ વર્તે છે, તે મારા પુણ્યથી દૂર થયો'; -આમ વિચારી ક્ષમા કરવી તે પ્રથમ ક્ષમા છે.

આ સમ્યગ્જ્ઞાન સહિતની ક્ષમાની વાત છે. અંદરમાં ભાન છે કે મારો સ્વભાવ તો ઉપશમ-શાંત છે, તેમાં ક્રોધની વૃત્તિ તે દુઃખદાયક છે, તે મારું સ્વરૂપ નથી, -આવા ભાન સહિતની ક્ષમાની આ વાત છે. જગતમાં વિના કારણ નિંદા કરનારા અજ્ઞાની જીવો ભલે નિંદા કરે તેથી કાંઈ મારા આત્માની અકિર્તી થઈ જતી નથી. હું મારા આત્માની પ્રતીતિ કરીને તેના ગાણાં ગાઉં -તેમાં મારી પ્રશંસા છે. ને રાગાદિ ભાવનો આદર કરીને તેના ગાણાં ગાવા તેમાં આત્માની અકિર્તી છે. બહારમાં



કોઈ નિંદા કરે તે શબ્દો તો જડ છે. તેનાથી મારા આત્માને નુકસાન નથી. મારો અપરાધ ન હોવા છતાં મિથ્યાદૃષ્ટિ જીવ વિના કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યમ કરે છે, તે મારા પુણ્યથી દૂર થઈ ગયો - એમ વિચારી ક્રોધનો ભાવ ન થવા દેવો તે જઘન્ય ક્ષમા છે.

ખરેખર બહારની પ્રતિકૂળતા પાપના ઉદયે આવી પડે તો તેનો ત્રાસ મને નથી, અંદરમાં સ્વભાવની શંકા પડવી તે જ મહા ત્રાસ છે. ધર્મી કહે છે કે મને જગતમાં ત્રાસ આપનાર કોઈ નથી, બહારમાં ત્રાસનો સંયોગ પુણ્યના નિમિત્તે દૂર થઈ જાય, એમ વિચારી, જ્ઞાતા-દષ્ટાના લક્ષે ક્રોધ ન થવા દેવો તે ક્ષમા છે. આ જઘન્ય ક્ષમા છે.

૨) '(મારા પર) વિના કારણ ત્રાસ ગુજારનારને તાડનનો અને વધનો પરિણામ વર્તે છે, તે મારા સુકૃતથી દૂર થયો;' -આમ વિચારી ક્ષમા કરવી તે દ્વિતીય ક્ષમા છે.

કોઈ જીવ ત્રાસ દેવાના પરિણામ કરે છે પણ મારા સુકૃતથી તે દૂર થયો; એમ વિચારીને જે ક્ષમા રાખવી તે મધ્યમ ક્ષમા છે. અંદરમાં ભાન તો છે કે મને કોણ મારે ? હું તો ચૈતન્ય છું. હું આને મારી નાખું -એવા સામા જીવના પરિણામ હોવા છતાં મારા પુણ્યથી તે દૂર થયા એમ વિચારીને ક્ષમા રાખવી તે મધ્યમ ક્ષમા છે.

૩) વધ થતાં અમૂર્ત પરમબ્રહ્મરૂપ એવા મને નુકસાન થતું નથી - એમ સમજી પરમ સમરસી-ભાવમાં સ્થિત રહેવું તે ઉત્તમ ક્ષમા છે.

શરીરને સિંહ-વાઘ ખાઈ જતા હોય, તલવારથી કોઈ માથું કાપતું હોય કે ઘાણીમાં ઘાલીને પીલતું હોય - ત્યાં ધર્મી એમ વિચારે કે હું તો અમૂર્ત ચૈતન્ય, બ્રહ્મ છું, મારો વધ કે ઘાત થતો નથી, ઈન્દ્રનું વજ્ર પણ મારા ઉપર ચાલી શકતું નથી -એમ સમજીને અંતરમાં ઉપશમરસમાં સ્થિર રહેવું તે ઉત્તમ ક્ષમા છે. દેહ તો મારો નથી, ને અમૂર્ત ચૈતન્યનો કોઈ ઘાત કરી શકતું નથી-એમ ધારીને ગમે તેવા ઉપસર્ગમાં પણ ક્રોધ ન થવો ને પરમ શાંત ઉપશમરસમાં લીન રહેવું તે ઉત્તમ ક્ષમા છે.

**બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,**
**વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;**
**દેહ જાય પણ માયા થાય ન રોમમાં,**
**લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. -અપૂર્વ..**

ચૈતન્યસ્વરૂપમાં લીન રહેતાં ઘોર ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ ક્રોધની લાગણી ન થાય, તેનું નામ ક્ષમા છે. એવી ક્ષમા વડે ક્રોધને જીત્યો.

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. -અપૂર્વ..

દુનિયામાં ગમે તે થાવ, મને કોઈ નુકસાન કરનાર નથી ને મારે કોઈના ઉપર અણગમો નથી, હું તો મારા ચૈતન્યની શાંતિમાં લીન રહું છું. ક્રોધની રુચિ જ ન રહેવી ને ક્રોધની ઉત્પત્તિ જ ન થવી તેનું નામ ક્ષમા છે. આવા ક્ષમાભાવ વડે ક્રોધ જીતાઈ જાય છે. એટલે કે સ્વભાવનું અવલંબન લેતાં ક્રોધની ઉત્પત્તિ જ થતી નથી. સામો ક્રોધ કરે તેનો ભાવ તેની પાસે રહ્યો, હું કોઈના ભાવને ફેરવી દઉં -એમ નથી. હું ચૈતન્યના અવલંબને મારી ક્ષમામાં રહું ત્યાં મને ક્રોધની ઉત્પત્તિ જ થતી નથી.

વળી સ્વભાવની નિર્માનતા વડે માનકષાયને જીતવો, ને સ્વભાવની સરળતા વડે માયાકષાયને જીતવો; તથા પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષથી યોગીઓ લોભકષાયને જીતે છે. જ્ઞાનાનંદ પરમાત્માની પ્રાપ્તિ થઈ ત્યાં અન્ય પરભાવનો લોભ રહેતો નથી. એ રીતે જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રય વડે ક્રોધ-માન-માયા-લોભને જીતવા તે પ્રાયશ્ચિત્ત છે.

હવે ક્રોધ-માન-માયા-લોભ ઉપરનું અકેક દૃષ્ટાંત કહે છે. તેમાં પ્રથમ ક્રોધકષાયની ઉત્પત્તિથી થતી હાનિનું દૃષ્ટાંત કહે છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૧૬, ૨૧૭, ૨૨૧ તથા ૨૨૩મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

**શ્લોક ૧**

(वसंततिलका)

**चित्तस्थमप्यनवबुद्ध्य हरेण जाड्यात्**
**क्रुद्ध्वा बहिः किमपि दग्धमनङ्गबुद्ध्या।**
**घोरामवाप स हि तेन कृतामवस्थां**
**क्रोधोदयाद्भवति कस्य न कार्यहानिः॥**

**શ્લોકાર્થ** : કામદેવ (પોતાના) ચિત્તમાં રહેલ હોવા છતાં (પોતાની) જડતાને લીધે તેને નહિ ઓળખીને, શંકરે ક્રોધી થઈને બહારમાં કોઈકને કામદેવ સમજી તેને બાળી નાખ્યો. (ચિત્તમાં રહેલો કામદેવ તો જીવતો હોવાને લીધે) તેણે કરેલી ઘોર અવસ્થાને (-કામવિહ્વળ દશાને) શંકર પામ્યા. ક્રોધના ઉદયથી (ક્રોધ ઉત્પન્ન થવાથી) કોને કાર્યહાનિ થતી નથી ?



સ્વભાવની રુચિ છોડીને પુણ્યની રુચિ કરી તેણે આત્મા ઉપર મહા ક્રોધ કર્યા, તે ક્રોધ અનંત સંસારમાં રખડાવનાર છે. માટે જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ વડે તે ક્રોધનો નાશ કરવો.

હવે બીજા શ્લોકમાં માનકષાયથી થતી હાનિનું દૃષ્ટાંત કહે છે :-

**શ્લોક ૨**

(वसंततिलका)

**चक्रं विहाय निजदक्षिणबाहुसंस्थं**
**यत्प्राव्रजन्ननु तदैव स तेन मुच्येत्।**
**क्लेशं तमाप किल बाहुबली चिराय**
**मानो मनागपि हतिं महतीं करोति॥**

**શ્લોકાર્થ** : (યુદ્ધમાં ભરતે બાહુબલી પર ચક્ર છોડ્યું પરંતુ તે ચક્ર બાહુબલીના જમણા હાથમાં આવીને સ્થિર થઈ ગયું.) પોતાના જમણા હાથમાં સ્થિત (તે) ચક્રને છોડીને જ્યારે બાહુબલીએ પ્રવ્રજ્યા લીધી ત્યારે જ (તુરત જ) તેઓ તે કારણે મુક્તિ પામત, પરંતુ તેઓ (માનને લીધે મુક્તિ નહિ પામતાં) ખરેખર લાંબા વખત સુધી પ્રસિદ્ધ (માનકૃત) ક્લેશને પામ્યા. થોડું પણ માન મહા હાનિ કરે છે !

''દીક્ષા લીધી ત્યારે જ કેવળજ્ઞાન પામત'' એમ કહ્યું તે ઉપદેશનું વાક્ય છે, તે વખતે માનકષાયના અંશને લીધે કેવળજ્ઞાન ન થયું, એટલે માનકષાય છોડવા જેવો છે -એમ બતાવવા માટેનો આ ઉપદેશ છે પણ એનો અર્થ એમ નથી કે ''તે વખતે કેવળજ્ઞાન થવાનું હતું અને અટકી ગયું'' પણ તેની તેવી જ યોગ્યતા હતી. ચારિત્રદશામાં અલ્પ પણ કષાય રહી જાય તો તે મુક્તિને રોકનાર છે. એટલે અલ્પ માન પણ મહા હાનિ કરે છે. માટે ચૈતન્યસ્વભાવની ભાવના વડે નિર્માનતાથી તે માનકષાયને જીતવો એમ ઉપદેશ છે.

**શ્લોક ૩**

(अनुष्टुभ्)

**भेयं मायामहागर्तान्मिथ्याघनतमोमयात्।**
**यस्मिन् लीना न लक्ष्यन्ते क्रोधादिविषमाहयः॥**

**શ્લોકાર્થ** : જેમાં (-જે ખાડામાં) સંતાઈ રહેલા ક્રોધાદિક ભયંકર સર્પો દેખી શકાતા નથી એવો જે મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો તેનાથી ડરતા રહેવું યોગ્ય છે.

'માયા' તે ઊંડો ખાડો છે; તે કેવો છે ? કે તે માયારૂપી ખાડામાં ક્રોધ-માન વગેરે ભયંકર સર્પો

સંતાઈ રહેલા છે. માયાવી જીવ પોતામાં રહેલા ક્રોધ-માન આદિ કષાયને દેખી શકતો નથી; અને તે માયારૂપી ખાડો મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો છે. જેમ અંધારામાં દેખાય નહિ તેમ મિથ્યાત્વથી અંધ થયેલા માયાવી જીવને પોતાના વિષય કષાયના દોષો દેખાતા નથી. દંભ-વક્રતા-કપટ કરીને મારા પાપને છૂપાવું -એવી જે માયા તેનાથી ડરતા રહેવું. સરળ સ્વરૂપનું ભાન કરીને વિપરીત બુદ્ધિને અને વક્રતાને દૂર કરવી તે જ માયાકષાયથી બચવાનો ઉપાય છે.

હવે લોભકષાયથી થતી હાનિનો દાખલો આપે છે :-

**શ્લોક ૪**

(हरिणी)

**वनचरभयाद्धावन् दैवाल्लताकुलवालधिः**
**किल जडतया लोलो वालव्रजेऽविचलं स्थितः।**
**बत स चमरस्तेन प्राणैरपि प्रवियोजितः**
**परिणततृषां प्रायेणैवंविधा हि विपत्तयः॥**

**શ્લોકાર્થ** : વનચરના ભયથી ભાગતી ચમરી ગાયનું પૂંછડું દૈવયોગે વેલમાં ગુંચવાઈ જતાં જડતાને લીધે વાળના ગુચ્છા પ્રત્યે લોલુપતાવાળી તે ગાય (પોતાના સુંદર વાળને તૂટવા નહિ દેવાના લોભને લીધે) ત્યાં અવિચળપણે ઊભી રહી ગઈ, અને અરેરે ! તે ગાયને વનચર વડે પ્રાણથી પણ વિમુક્ત કરવામાં આવી ! (અર્થાત્ તે ગાયે વાળના લોભમાં પ્રાણ પણ ગુમાવ્યા !) જેમને તૃષ્ણા પરિણમી છે તેમને પ્રાયઃ આવી જ વિપત્તિઓ આવે છે.

''ચમરી ગાયનું પુછડું દૈવયોગે વેલમાં ગુંચવાઈ જતાં પોતાના સુંદર વાળને તૂટવા નહિ દેવાના લોભને લીધે વાળના લોભમાં પ્રાણ પણ ગુમાવ્યા !''

સહજ સ્વભાવ પરિપૂર્ણ છે તેની જેને ઓળખાણ નથી તેને સ્વભાવનો સંતોષ નથી અને બહારના વિષયોનાં લોભમાં ને લોભમાં વર્તે છે તે જીવો અંતરમાં દુઃખી જ છે. બહારની પ્રતિકૂળતા તો આવે કે ન આવે પણ અંદર તૃષ્ણાભાવથી તે દુઃખી છે. બહારમાં પૈસા વગેરેની તૃષ્ણામાંથી જીવો નવરા થતા નથી, ને આશામાં ને આશામાં જીવન પૂરું કરીને ચાલ્યા જાય છે, એવી તૃષ્ણાના પરિણામ તે જ દુઃખ છે. એ રીતે ક્રોધાદિ ચારે કષાયો દુઃખદાયક છે એમ જાણીને સ્વભાવની ભાવના વડે તે કષાયોને ઉત્પન્ન ન થવા દેવા તેનું નામ પ્રાયશ્ચિત્ત છે.

**પોષ સુદ ૧૫, શુક્રવાર, ૧૧-૧-૫૨.**

આ પ્રાયશ્ચિત્ત અધિકાર છે, જ્ઞાનની અંતર્મુખ નિર્મળદશા પ્રગટી તેમાં ક્રોધ આદિનો અભાવ છે. તેનું નામ જ પ્રાયશ્ચિત્ત છે. અહીં શ્લોકમાં ચાર કષાયોને જીતવાનું કહે છે.



**શ્લોક ૧૮૨**

(आर्या)

**क्षमया क्रोधकषायं मानकषायं च मार्दवेनैव।**
**मायामार्जवलाभाल्लोभकषायं च शौचतो जयतु॥ १८२॥**

**શ્લોકાર્થ** : ક્રોધકષાયને ક્ષમાથી, માનકષાયને માર્દવથી જ, માયાને આર્જવની પ્રાપ્તિથી અને લોભકષાયને શૌચથી (-સંતોષથી) જીતો. ॥ ૧૮૨ ॥

સહજ શાંત સ્વભાવની ભાવના વડે ક્રોધકષાય જીતાઈ જાય છે. ચિદાનંદ સ્વભાવની દૃઢતા થતાં પરનું અભિમાન ટળી જાય છે. સ્વભાવ સરળ છે, તેની ભાવનામાં રહેતા માયા-કપટના ભાવ થતા જ નથી, પુણ્ય-પાપ ભાવો તે સહજ-સરળ નથી, તેને પોતાના માનવા તે માયા છે. રાગ રહિત સ્વભાવની એકાગ્રતાથી તે માયાને ટાળવી અને મારો સ્વભાવ કૃતકૃત્ય-પરિપૂર્ણ છે -એમ સ્વભાવના સંતોષથી લોભને જીતવો, આનું નામ પ્રાયશ્ચિત્ત છે.

શુદ્ધ જ્ઞાનને ધારણ કરવું તે જ પ્રાયશ્ચિત્ત છે -એમહવે કહે છે.

**ગાથા ૧૧૬**

**उक्किट्ठो जो बोहो णाणं तस्सेव अप्पणो चित्तं।**
**जो धरइ मुणी णिच्चं पायच्छित्तं हवे तस्स ॥ ११६ ॥**

**उत्कृष्टो यो बोधो ज्ञानं तस्यैवात्मनश्चित्तम्।**
**यो धरति मुनिर्नित्यं प्रायश्चित्तं भवेत्तस्य॥ ११६॥**

**ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને**
**ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬.**

**અન્વયાર્થ** : **(तस्य एव आत्मनः)** તે જ (અનંતધર્મવાળા) આત્માનો **(यः)** જે **(उत्कृष्टः बोधः)** ઉત્કૃષ્ટ બોધ, **(ज्ञानम्)** જ્ઞાન અથવા **(चित्तम्)** ચિત્ત તેને **(यः मुनिः)** જે મુનિ **(नित्यं धरति)** નિત્ય ધારણ કરે છે, **(तस्य)** તેને **(प्रायश्चित्तम् भवेत्)** પ્રાયશ્ચિત્ત છે.

ત્રિકાળી સહજ જ્ઞાનસ્વભાવ છે તે તો ત્રિકાળ પવિત્ર છે, તે પ્રાયશ્ચિત્ત સ્વરૂપ જ છે, તે સ્વભાવ તરફ વળીને જે પર્યાય તેને ધારણ કરે છે એટલે કે તે પ્રતીતમાં-જ્ઞાનમાં લઈને ઠરે છે તે મુનિને નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત છે. અંતર્મુખ સ્વભાવમાં વળીને એકાગ્ર થઈ તે પર્યાય પોતે જ પ્રાયશ્ચિત્ત છે. પર્યાયમાં ક્ષણિક વિકારને પોતાનો માનીને સ્વીકારવો તે અપરાધ છે ને ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો સ્વીકાર કરવો તે પ્રાયશ્ચિત્ત છે.

ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમ બોધ છે - એવો અર્થ છે. અહીં ત્રિકાળી પરમ બોધને જે સ્વીકારે તે પર્યાય છે, ને તે સ્વભાવને સ્વીકારતાં પર્યાયમાં વિકારનો નાશ થઈને નિર્મળતા પ્રગટે છે, તેથી સ્વભાવનો સ્વીકાર તે જ ખરું પ્રાયશ્ચિત્ત છે. બોધ કહો, જ્ઞાન કહો કે ચિત્ત કહો -તે ત્રણે જુદા નથી.

ધર્મી જીવને ત્રિકાળી સહજ જ્ઞાનસ્વભાવ તે જ નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત એટલે ઉત્કૃષ્ટ જ્ઞાન, ત્રિકાળી જ્ઞાન, તે જ્ઞાનસ્વભાવને ધારણ કરનાર જીવ તે પરમ ધર્મી છે, ને તે જીવને પ્રાયશ્ચિત્ત એટલે કે ઉત્કૃષ્ટ જ્ઞાન છે, વસ્તુ તો ત્રિકાળ પ્રાયશ્ચિત્તરૂપ છે, ને તે વસ્તુનો સ્વીકાર કરતાં પર્યાયમાં પ્રાયશ્ચિત્ત થાય છે. પ્રાયશ્ચિત્ત થવાની વાત કરી તેમાંથી તેના કારણરૂપ ત્રિકાળી પ્રાયશ્ચિત્ત બતાવ્યું. આત્મા ત્રણે કાળે પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે તો તેમાંથી પર્યાયમાં પ્રાયશ્ચિત્ત આવે છે. જો દ્રવ્ય પ્રાયશ્ચિત્ત-સ્વરૂપ ન હોય તો પર્યાયમાં પ્રાયશ્ચિત્ત આવે ક્યાંથી ? અહીં તો દ્રવ્ય-પર્યાયની સંધિ રાખીને વાત કરી છે. જેમ વસ્તુમાં સર્વજ્ઞશક્તિ ત્રિકાળ છે તો પર્યાયમાં સર્વજ્ઞતા આવે છે. તેમ વસ્તુ ત્રિકાળ



વીતરાગી પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે તો તેમાંથી પર્યાયમાં વીતરાગી પ્રાયશ્ચિત્ત આવે છે. બસ ! અંતર્મુખ સ્વભાવમાં વલણ કરવું તે જ ધર્મીએ કરવાનું છે.

'હું જ્ઞાનસ્વભાવ છું, પૂર્ણ શક્તિસંપન્ન છું, મારા જ આધારે આનંદ-શાંતિ-સુખ પ્રગટ થાય છે' એમ વિશ્વાસ કરીને અંતર્મુખ થતાં પર્યાયમાં વીતરાગતા પ્રગટે છે, તે ધર્મ છે, ને તે જ પ્રાયશ્ચિત્ત છે. વર્તમાન પર્યાય સ્વસન્મુખ પરિણમી, ત્યાં પૂર્વના પાપનો તેમાં અભાવ જ છે. તેથી વર્તમાન વીતરાગી પર્યાય પોતે પ્રાયશ્ચિત્ત છે, દ્રવ્યસ્વભાવમાં તો ત્રણે કાળે પુણ્ય-પાપરૂપ અપરાધનો અભાવ જ છે. તેથી તે ત્રિકાળ પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે, તેના સ્વીકાર વગર પર્યાયમાં પ્રાયશ્ચિત્ત આવશે ક્યાંથી? માટે તું દ્રવ્ય સન્મુખ થા, દ્રવ્યમાં અંતર્મુખ થઈને તારી પર્યાયમાં તેને ધારણ કર, તો પર્યાયમાં પ્રાયશ્ચિત્ત પ્રગટે.

નિમિત્ત કે વિકલ્પના અવલંબને ખરેખર પ્રાયશ્ચિત્ત થતું નથી, પણ જે ત્રિકાળ પ્રાયશ્ચિત્ત (ઉત્કૃષ્ટજ્ઞાન) સ્વરૂપ છે એવા પરમ ધર્મી પોતાના આત્માના અવલંબને જ નિશ્ચય પ્રાયશ્ચિત્ત પ્રગટે છે. તે જ મુક્તિનું કારણ છે. તેથી નિત્ય સ્વભાવને જે નિત્ય ધારણ કરે છે એટલે કે પર્યાયે પર્યાયે તેનું જ અવલંબન કરે છે તે પરમ સંયમી સાધુને નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે.

અહીં આત્માનો શુદ્ધ સ્વભાવ છે તેને જ 'પ્રાયશ્ચિત્ત' કહ્યું છે અને તેની કબૂલાત કરીને તેની ભાવનામાં લીન રહે છે તેને પર્યાયમાં પ્રાયશ્ચિત્ત છે.

હવે ૧૧૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૮૩**

(शालिनी)

**यः शुद्धात्मज्ञानसंभावनात्मा**
**प्रायश्चित्तमत्र चास्त्येव तस्य।**
**निर्धूतांहःसंहतिं तं मुनीन्द्रं**
**वन्दे नित्यं तद्गुणप्राप्तयेऽहम् ॥ १८३ ॥**

**શ્લોકાર્થ** : આ લોકમાં જે (મુનીન્દ્ર) શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત છે, તેને પ્રાયશ્ચિત્ત છે જ. જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે એવા તે મુનીન્દ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે નિત્ય વંદું છું. ॥ ૧૮૩ ॥

પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃચિત્ત; ઉત્કૃષ્ટ જ્ઞાન; શુદ્ધાત્મ જ્ઞાન; તે ત્રિકાળી શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવના ભાવનાર મુનિઓને ખરેખર પ્રાયશ્ચિત્ત છે. અહો ! લાખો-કરોડો કથનમાંથી પણ છેવટ તો દ્રવ્યમાં અંતર્મુખ થવાનું જ આવે છે. પહેલાં અંતર્મુખ વસ્તુ છે તેનો ભરોસો આવવો જોઈએ, બહિર્મુખ

વલણમાં મારું કાંઈ નથી. આખી વસ્તુ જ અંતર્મુખ છે, તેમાં અંતર્મુખ થતાં પર્યાયની નિર્મળતા થઈ જાય છે, તે જ ધર્મ છે. તેમાં વ્રત-તપ-સામાયિક અને પ્રાયશ્ચિત્ત વગેરે બધું આવી જાય છે. પ્રાયશ્ચિત્ત તે નિર્મળ પર્યાય છે. પણ તેનો આધાર કોણ ? તેનો આધાર તો શુદ્ધ જ્ઞાનસ્વભાવ ધ્રુવ કારણરૂપ પડયો છે, તે જ છે. તેના સ્વીકારથી અને તેની ભાવનાથી જ પ્રાયશ્ચિત્ત થાય છે. તે સ્વભાવભાવના કરતાં પુણ્ય-પાપની ઉત્પત્તિ થતી જ નથી. તેથી કહ્યું કે સ્વભાવની સમ્યક્ ભાવના વડે જેણે સમસ્ત પાપસમૂહને ખંખેરી નાખ્યો છે એવા મુનીંદ્રને, તેના ગુણોની પ્રાપ્તિ માટે હું નિત્ય નમું છું. જુઓ ! આ પ્રાયશ્ચિત્ત કોઈ બીજા પાસેથી લેવાતું નથી, પણ અંતરમાં દ્રવ્યમાંથી તેની ભાવના વડે પ્રગટે છે.



### ગાથા ૧૧૭

**किं बहुणा भणिएण दु वरतवचरणं महेसिणं सव्वं।**
**पायच्छित्तं जाणह अणेयकम्माण खयहेऊ॥ ११७॥**

**किं बहुनां भणितेन तु वरतपश्चरणं महर्षीणां सर्वम्।**
**प्रायश्चित्तं जानीह्यनेककर्मणां क्षयहेतुः॥ ११७॥**

**બહુ કથન શું કરવું ? અરે ! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,**
**નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭**

**અન્વયાર્થ** : **(बहुना)** બહુ **(भणितेन तु)** કહેવાથી **(किम्)** શું ? **(अनेककर्मणाम्)** અનેક કર્મોના **(क्षयहेतुः)** ક્ષયના હેતુ એવું જે **(महर्षीणाम्)** મહર્ષિઓનું **(वरतपश्चरणम्)** ઉત્તમ તપશ્ચરણ **(सर्वम्)** તે બધું **(प्रायश्चित्तं जानीहि)** પ્રાયશ્ચિત્ત જાણ.

જે ભાવ વડે આઠ કર્મનો નાશ થાય તે બધો ભાવ પ્રાયશ્ચિત્ત જ છે. મુનિઓને ક્ષણે ક્ષણે સ્વસન્મુખ પર્યાય થાય છે, તે ઉત્તમ તપશ્ચરણ છે. ને તે પર્યાય કર્મક્ષયનો હેતુ છે. તેથી તેને તે બધું પ્રાયશ્ચિત્ત છે. મુનિપણું તે પોતે વીતરાગીપર્યાય છે અને તે પોતે જ પ્રાયશ્ચિત્ત છે. જે મહાવ્રતાદિનો રાગ છે તેને ખરેખર પ્રાયશ્ચિત્ત કહેતા નથી. પણ મુનિવરોને ક્ષણે ક્ષણે સ્વભાવની ભાવના વડે થતી જે વીતરાગી નિર્મળ પરિણતિ તે જ નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે એમ હે શિષ્ય ! તું જાણ !

અહીં એમ કહ્યું છે કે પરમ તપશ્ચરણમાં લીન પરમ જિનયોગીશ્વરોને નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે; એ રીતે નિશ્ચય પ્રાયશ્ચિત્ત સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે એમ કહ્યું છે.

જેઓ સ્વભાવની ભાવના ભાવીને પરમ તપશ્ચરણમાં લીન થયા છે એવા વીતરાગી મુનિઓને નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે. તેની દશા જ પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે, દ્રવ્યસ્વભાવ ઉપર વળેલી પરિણતિમાં ક્ષણે ક્ષણે વીતરાગતા વધતી જાય છે. તેથી તે જ બધા આચરણોમાં ઉત્તમ આચરણ છે અને તે જ પ્રાયશ્ચિત્ત છે. બધાય આચરણોમાં પરમ આચરણ તો એ જ છે કે સ્વભાવની સન્મુખ થઈને તેની ભાવનામાં લીન થવું. એ સિવાય રાગ કે પંચ મહાવ્રતની બાહ્યક્રિયા તે ખરેખર પરમ આચરણ નથી.

બહુ અસત્ પ્રલાપોથી બસ થાઓ, બસ થાઓ ! એટલે કે વિકલ્પોથી બસ થાઓ ને દ્રવ્યસ્વભાવની ભાવનામાં જ એકાગ્ર થાઓ, એ જ બધુ પ્રાયશ્ચિત્ત છે. ''નિશ્ચય વ્યવહાર સ્વરૂપ પરમ તપશ્ચરણાત્મક એવું જે પરમ જિન યોગીઓને અનાદિ સંસારથી બંધાયેલા દ્રવ્ય-ભાવકર્મોના નિરવશેષ વિનાશનું કારણ તે બધું શુદ્ધ -નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે એમ, હે શિષ્ય ! તું જાણ !'' અનાદિથી પ્રવાહે ભાવકર્મ અને દ્રવ્યકર્મ ચાલ્યા આવે છે, તેનો સર્વથા નાશ સ્વભાવના આશ્રયે થાય છે. મુનિઓને શુભ વિકલ્પ

વખતે પણ જે સ્વભાવની સ્થિરતા વર્તે છે તેટલું નિશ્ચય પ્રાયશ્ચિત્ત વર્તે છે ને તે કર્મના ક્ષયનું કારણ છે. વ્યવહાર તપ વખતે ય જે અશુભ રાગનો અભાવ થઈને વીતરાગતા થઈ છે તે કર્મના ક્ષયનું કારણ છે અને તે નિશ્ચય પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. જેટલી વીતરાગતા છે તેટલું નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે. ક્ષણે ક્ષણે મુનિને સ્વભાવની ભાવના વડે કર્મનો છેદ જ થતો જાય છે. પર્યાય જ્યાં અંતરમાં વળી ત્યાં ભાવકર્મ અને દ્રવ્યકર્મનો અનાદિનો પ્રવાહ તૂટી ગયો, તેથી તેને જ પ્રાયશ્ચિત્ત જાણ.

હવે આ ૧૧૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ પાંચ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૮૪**

(द्रुतविलंबित)

**अनशनादितपश्चरणात्मकं**
**सहजशुद्धचिदात्मविदामिदम्।**
**सहजबोधकलापरिगोचरं**
**सहजतत्त्वमघक्षयकारणम्॥ १८४॥**

**શ્લોકાર્થ** : અનશનાદિતપશ્ચરણાત્મક (અર્થાત્ સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત એટલે કે ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું) એવું આ સહજ-શુદ્ધ-ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું સહજ-જ્ઞાનકળાપરિગોચર સહજ તત્ત્વ અઘક્ષયનું કારણ છે. ॥ ૧૮૪ ॥

સહજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને જાણનારાઓને, સહજ જ્ઞાનની કળા વડે પરિગોચર થતું એવું ત્રિકાળી સહજ તત્ત્વ તે દોષ ક્ષયનું કારણ છે. વર્તમાન નિર્મળ પર્યાય અંતરના ત્રિકાળી તત્ત્વ તરફ વળીને જ્યાં તેને અનુભવ ગોચર કરે છે ત્યાં તે પર્યાયમાં પુણ્ય-પાપનો ક્ષય થઈ જાય છે તેનું નામ પ્રાયશ્ચિત્ત છે.

**પોષ વદ ૧, રવિવાર, ૧૩-૧-૫૨.**

આ પ્રાયશ્ચિત્ત અધિકાર છે. આત્માના નિર્દોષ ત્રિકાળી સ્વભાવના આશ્રયે જે નિર્વિકારી જ્ઞાન પ્રગટે છે તે પ્રાયશ્ચિત્ત છે. પોતાના સહજ શુદ્ધ આત્મતત્ત્વને જાણવું તે જ સાચી કળા છે. તે સહજ જ્ઞાનતત્ત્વમાં જણાતું ત્રિકાળી સહજ તત્ત્વ તે વિકારના ક્ષયનું કારણ છે. સહજ તત્ત્વ કોઈ લૌકિક કળા વડે જણાય તેવું નથી, શાસ્ત્રના જાણપણાથી પણ સહજ તત્ત્વ જણાય તેવું નથી; પણ પોતાના અંતર્મુખ જ્ઞાનકળા વડે જ તે સહજ તત્ત્વ જણાય છે. એવું પરમ દ્રવ્ય તો ત્રિકાળ પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે-જ્ઞાનથી પ્રતાપવંત છે અને તેને સહજ જ્ઞાનકળા ગોચર કરનારી પર્યાય તે વર્તમાન પ્રાયશ્ચિત્ત છે.



**શ્લોક ૧૮૫**

(शालिनी)

**प्रायश्चित्तं ह्युत्तमानामिदं स्यात्**
**स्वद्रव्येऽस्मिन् चिन्तनं धर्मशुक्लम्।**
**कर्मव्रातध्वान्तसद्बोधतेजो-**
**लीनं स्वस्मिन्निर्विकारे महिम्नि॥ १८५॥**

**શ્લોકાર્થ** : જે (પ્રાયશ્ચિત્ત) આ સ્વદ્રવ્યનું ધર્મ અને શુક્લરૂપ ચિંતન છે, જે કર્મસમૂહના અંધકારને નષ્ટ કરવા માટે સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે અને જે પોતાના નિર્વિકાર મહિમામાં લીન છે - એવું આ પ્રાયશ્ચિત્ત ખરેખર ઉત્તમ પુરુષોને હોય છે. ॥ ૧૮૫ ॥

સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટેલી જે નિર્મળ પર્યાય તેને અહીં પ્રાયશ્ચિત્ત કહે છે. કેવું છે તે પ્રાયશ્ચિત્ત? સ્વદ્રવ્યનું ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ ચિંતન તે પ્રાયશ્ચિત્ત છે. પરલક્ષે પુણ્ય-પાપ થાય તે દોષ છે ને સ્વદ્રવ્યના ચિંતનથી પ્રાયશ્ચિત્ત પ્રગટે છે. તે પ્રાયશ્ચિત્ત અંધકારનો નાશ કરવા માટે સમ્યક્જ્ઞાનરૂપી તેજ છે. ત્રિકાળી સ્વભાવના મહિમાના આશ્રયે વર્તમાન પર્યાયમાં મહિમા પ્રગટ્યો છે એટલે પ્રાયશ્ચિત્ત પોતાના મહિમામાં લીન છે. આવું વીતરાગી પ્રાયશ્ચિત્ત તે નિશ્ચય ચારિત્ર છે, અને તે ખરેખર ઉત્તમ પુરુષોને એટલે કે સંત મુનિવરોને હોય છે. ચૈતન્યમાં જ ચેતનાની એકાગ્રતા થાય તેનું નામ સ્વદ્રવ્યનું ચિંતન છે; તેમાં રાગ નથી, તે જ પ્રાયશ્ચિત્ત છે અને તે પ્રાયશ્ચિત્ત સમ્યગ્દર્શન સહિતનું ચારિત્ર છે, તે ઉત્તમ પુરુષોને હોય છે.

વળી તે પ્રાયશ્ચિત્તનું વર્ણન કરે છે.

**શ્લોક ૧૮૬**

(मन्दाक्रान्ता)

**आत्मज्ञानाद्भवति यमिनामात्मलब्धिः क्रमेण**
**ज्ञानज्योतिर्निहतकरणग्रामघोरान्धकारा।**
**कर्मारण्योद्भवदवशिखाजालकानामजस्रं**
**प्रध्वंसेऽस्मिन् शमजलमयीमाशु धारां वमन्ती॥ १८६॥**

**શ્લોકાર્થ** : યમીઓને (-સંયમીઓને) આત્મજ્ઞાનથી ક્રમે આત્મલબ્ધિ (આત્માની પ્રાપ્તિ) થાય છે -કે જે આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે ઈન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે અને જે આત્મલબ્ધિ કર્મવનથી ઉત્પન્ન (ભવરૂપી) દાવાનળની શિખાજાળનો (શિખાઓના સમૂહનો) નાશ કરવા માટે તેના પર સતત શમજલમયી ધારાને ઝડપથી છોડે છે-વરસાવે છે. ॥ ૧૮૬ ॥

સંયમી મુનિવરોને આત્મજ્ઞાનથી ક્રમે આત્મલબ્ધિ થાય છે, કોઈ શાસ્ત્રજ્ઞાનથી આત્મલબ્ધિ થઈ જાય છે -એમ કહ્યું નથી. આત્મજ્ઞાનથી જ ક્રમે તેમાં લીનતા વડે આત્માની શુદ્ધ પર્યાય પ્રગટે છે, તેનું નામ આત્મલબ્ધિ છે. આ બહારની લબ્ધિઓની વાત નથી પણ આત્માની શુદ્ધતા પ્રગટે તેનું જ નામ આત્મલબ્ધિ છે. તે આત્મલબ્ધિ-શુદ્ધપરિણતિ પ્રગટતાં ઈન્દ્રિયસમૂહનો ઘોર અંધકાર નાશ થઈ જાય છે. તે આત્મલબ્ધિ સતતપણે પરમ શાંત...શાંત અમૃતધારાને ઝડપથી વરસાવે છે અને સંસારના મોટા દાવાનળનો નાશ કરે છે. જેમ મોટા મોટા જંગલો સળગે તે સાધારણ પાણીથી ઓલવાય નહિ તેમ આ સંસારમાં આકૂળતારૂપી મોટી જ્વાળા સળગે છે તેને ઓલવવા માટે આત્માની શુદ્ધ પરિણતિ સતતપણે શાંતજળનો ધોધમાર વરસાદ વરસાવે છે. જુઓ, આ અગ્નિ ઓલવવાનો બંબો ! મુનિને અંતરમાં આવી શાંત નિરાકૂળ ઉપશમભાવ ઝરતી પરિણતિ પ્રગટે છે, ને તેના કષાયઅગ્નિને ઓલવી નાખે છે. આવી આત્મલબ્ધિનું નામ પ્રાયશ્ચિત્ત છે.

જેમ પાણીદાર મોતીમાં ચમકના મોજાં ઊઠે છે તેમ આત્મામાં પરમ ઉપશમરસનો દરિયો ઊછળી રહ્યો છે. પાણીદાર મોતીની ચમકના મોજાં ઝવેરી પારખી શકે છે - ખેડૂતને તેની ખબર ન પડે તેમ ચિદાનંદ આત્મામાં શાંતિનો સમુદ્ર ભર્યો છે, તેને સમ્યગ્દષ્ટિ જ જાણે છે. તેને જાણીને મુનિઓ તે શાંતિમાં લીન થયા છે, ત્યાં સંસારની આકૂળતા ટળી ગઈ છે.

### શ્લોક ૧૮૭

(उपजाति)

**अध्यात्मशास्त्रामृतवारिराशे-**
**र्मयोद्धृता संयमरत्नमाला।**
**बभूव या तत्त्वविदां सुकण्ठे**
**सालंकृतिर्मुक्तिवधूधवानाम्॥ १८७॥**

**શ્લોકાર્થ** : અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્રમાંથી મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે તે (રત્નમાળા) મુક્તિવધૂના વલ્લભ એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું આભૂષણ બની છે. ॥ ૧૮૭ ॥

અધ્યાત્મશાસ્ત્રો તો અમૃતનો સમુદ્ર છે. તેમાંથી આ સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે. સંયમ એટલે વીતરાગતા; તે જ સમસ્ત શાસ્ત્રોનું તાત્પર્ય છે. વીતરાગી સંયમદશા પ્રગટી તેમાં જ પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્તાદિ સમસ્ત સમાઈ જાય છે. પરવિષય રહિત ને સ્વદ્રવ્યમાં એકાગ્રતારૂપ વીતરાગતા જ સર્વ શાસ્ત્રોનો સાર છે. સર્વ અધ્યાત્મશાસ્ત્રોનો સાર કાઢીને મેં આ સંયમરૂપી રત્નમાળા રચી છે. તે રત્નમાળા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું આભૂષણ છે.

મુક્તિરૂપી સ્ત્રીના વલ્લભ તત્ત્વજ્ઞાનીઓ છે અને તે તત્ત્વજ્ઞાનીઓનું આભૂષણ તો વીતરાગી સંયમ



છે. તેમની ભાવનામાં પણ વીતરાગતા જ ઘૂંટાય છે અને કંઠમાંથી ધ્વનિ ઊઠે તો તેમાં પણ વીતરાગતાનો જ ધ્વનિ હોય છે. પરિણતિ અંતર્મુખ થઈને અકષાય શાંતિરૂપે પરિણમી ગઈ છે; તે જ ચૈતન્યની શોભા છે. એ સિવાય સારા કંઠથી કે રત્નમણિના આભૂષણથી આત્માની શોભા નથી. આત્મા તો વીતરાગી સંયમરત્નની માળાથી શોભે છે. તત્ત્વજ્ઞાનીઓની શોભા તો તેનાથી જ છે.

અહો ! જગતમાં ગમે તે થાઓ, કાયામાં રોગ થાઓ કે આખું બ્રહ્માંડ ગડગડી ઊઠો પણ મારી શોભા તો મારી વીતરાગી પરિણતિ જ છે. મુનિઓને અંતરમાં પરિણતિ એકદમ લીન થઈ છે ને જગતથી એવી ઉદાસીન થઈ ગઈ છે કે આખું બ્રહ્માંડ ગડગડી ઊઠે તો પણ ચૈતન્યની શાંતિ છૂટતી નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી આત્માની શોભા છે પણ તેના કરતાં મુનિઓની વીતરાગ સંયમરૂપ પરિણતિ તે તત્ત્વજ્ઞાનીઓનું શ્રેષ્ઠ આભૂષણ છે.

### શ્લોક ૧૮૮

(उपेन्द्रवज्रा)

**नमामि नित्यं परमात्मतत्त्वं**
**मुनीन्द्रचित्ताम्बुजगर्भवासम्।**
**विमुक्तिकांतारतसौख्यमूलं।**
**विनष्टसंसारद्रुमूलमेतत्॥ १८८॥**

**શ્લોકાર્થ** : મુનીન્દ્રોના ચિત્તકમળની (-હૃદયકમળની) અંદર જેનો વાસ છે, જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે (અર્થાત્ જે મુક્તિના અતીન્દ્રિય આનંદનું મૂળ છે) અને જેણે સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે -એવા આ પરમાત્મતત્ત્વને હું નિત્ય નમું છું. ॥ ૧૮૮ ॥

જેમ ચંદનના ઝાડની શીતળતામાં સર્પો લપેટાઈને પડ્યા હોય તેમ સંત મુનિવરો પરમ શીતળ ચૈતન્યચંદનવૃક્ષમાં લપેટાઈને લીન થયા છે, તેમની પરિણતિમાં એક પરમાત્મતત્ત્વ જ વસી રહ્યું છે. તે પરમાત્મતત્ત્વ સાદિ-અનંત પરમાનંદમય મુક્તિનું મૂળ છે. પોતાની મુક્તિપરિણતિ આ પરમાત્મતત્ત્વમાંથી પ્રગટે છે. તે પરમાત્મતત્ત્વ સંસારવૃક્ષના મૂળનો નાશ કરનાર છે. આ પરમાત્મ-તત્ત્વનો આશ્રય કરતાં સંસારવૃક્ષના મૂળનો નાશ થાય છે અને મુક્તિની ઉત્પત્તિ થાય છે - આમ પરસ્પર બે મૂળિયાની વાત કરી છે. મુક્તિનું મૂળ અને સંસારનું મૂળ ઊખેડી નાખનાર -એવા પરમાત્મતત્ત્વને હું નમું છું. પરમાત્મતત્ત્વ પોતે ત્રિકાળ ધ્રુવ છે, તે મુક્તિના ઉત્પાદનું મૂળિયું છે અને સંસારનો વ્યય કરનાર છે -એ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણેની વાત અહીં મૂકી દીધી છે. ધ્રુવ પરમાત્મતત્ત્વનો આશ્રય કરતાં સંસારપર્યાયનો વ્યય અને મોક્ષપર્યાયનો ઉત્પાદ થાય છે. સિદ્ધને અહીં પરમાત્મતત્ત્વ કહ્યું નથી; તે સિદ્ધદશા તો પર્યાય છે. તે સિદ્ધદશાનું મૂળ આ પરમાત્મતત્ત્વ છે; તેને હું નમું છું, તેમાં પરિણતિ-એકાગ્રતા કરું છું.

## ગાથા ૧૧૮

ગાથા ૧૧૭માં અનેક કર્મના ક્ષયની વાત કરી હતી. હવે આ ગાથામાં કહે છે કે વીતરાગી તપશ્ચરણ વડે અનંતાનંત ભવના કર્મો નાશ પામી જાય છે :-

**णंताणंतभवेण समज्जियसुहअसुहकम्मसंदोहो।**
**तवचरणेण विणस्सदि पायच्छित्तं तवं तम्हा ॥ ११८ ॥**

**अनन्तानन्तभवेन समर्जितशुभाशुभकर्मसंदोहः ।**
**तपश्चरणेन विनश्यति प्रायश्चित्तं तपस्तस्मात् ॥ ११८ ॥**

**રે ! ભવ અનંતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે**
**તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮.**

**અન્વયાર્થ** : (**अनन्तानन्तभवेन**) અનંતાનંત ભવો વડે (**समर्जितशुभाशुभकर्मसंदोहः**) ઉપાર્જિત શુભાશુભ કર્મરાશિ (**तपश्चरणेन**) તપશ્ચરણથી (**विनश्यति**) વિનાશ પામે છે; (**तस्मात्**) તેથી (**तपः**) તપ (**प्रायश्चित्तम्**) પ્રાયશ્ચિત્ત છે.

કર્મનો પ્રવાહ અનંતાનંત ભવથી ચાલ્યો આવે છે, કદી પણ પૂર્વે તે કર્મપ્રવાહને તોડ્યો નથી. તેથી અનંતાનંત ભવોથી કર્મનો પ્રવાહ ચાલ્યો આવે છે. આત્મા અખંડ સદશપણે ધ્રુવ અનાદિથી ચાલ્યો આવે છે અને કર્મનો પ્રવાહ ખંડખંડપણે અનાદિથી ચાલ્યો આવે છે. કોઈની પાસે ૭૦ કોડાકોડીથી વિશેષ સ્થિતિનું કર્મ ન હોય, પણ અહીં તો પ્રવાહપણે કર્મ સાથેનો સંબંધ અનાદિથી ચાલ્યો આવે છે તેની વાત છે. વિકાર અને નિમિત્તનો સંબંધ સર્વથા તોડી નાંખ્યો હોય તો મુક્તિદશા થયા વિના રહે નહિ. પોતાના શુદ્ધ કારણતત્ત્વમાં લીન થઈને જે ઉગ્ર જ્ઞાન પ્રકાશ્યું તેનું નામ તપ છે. ને તે તપ વડે અનંતાનંત ભવના કર્મોનો ક્ષય થઈ જાય છે.

શુદ્ધ ચૈતન્યના અવલંબને જ પ્રાયશ્ચિત્ત, પ્રતિક્રમણ, આલોચના, તપ, કાયોત્સર્ગ, સામાયિક વગેરે બધી ક્રિયાઓ છે, તે વાત આ નિયમસારમાં વર્ણવી છે. કોઈ વ્યવહાર ક્રિયાઓના શુભ રાગને મોક્ષનું કારણ કહેતા હોય તો તે યથાર્થ નથી. ચૈતન્યસ્વભાવમાં એકાગ્રતા વડે જે વીતરાગી પરિણતિ પ્રગટે તે જ બધી ધર્મક્રિયા છે, ને તે જ મુક્તિનું કારણ છે.

**ટીકા** : અહીં (આ ગાથામાં), પ્રસિદ્ધ શુદ્ધ કારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને જે પ્રતપન તે તપ (પ્રાયશ્ચિત્ત) છે. (અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું-પ્રતાપવંત વર્તવું તે તપ છે અને તે તપ પ્રાયશ્ચિત્ત છે) -એમ કહ્યું છે.

અહો ! આ શુદ્ધાત્મતત્ત્વ પ્રસિદ્ધ છે, અનંત કેવળી ભગવંતોએ તેના જ ગાણાં ગાયા છે, સમ્યગ્દષ્ટિ



સંતો, મુનિવરો તેનો જ મહિમા ગાય છે; એવું પ્રસિદ્ધ ત્રિકાળી કારણપરમાત્મદ્રવ્ય છે તેમાં સદા અંતર્મુખ થઈને જે પ્રતપન તે તપ-પ્રાયશ્ચિત્ત છે.

પહેલાં ૯૯મા પાને કહ્યું હતું કે બંધમાં કે મોક્ષમાં, સમસ્ત કર્મજાળ શુદ્ધજીવના રૂપથી ભિન્ન છે. -આવા જગતપ્રસિદ્ધ સત્યને હે ભવ્ય ! તું જાણ !

પછી ૨૦૬ પાને પણ કહ્યું છે કે શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે.

અહીં કહે છે કે શુદ્ધ કારણપરમાત્મતત્ત્વ પ્રસિદ્ધ છે. ત્રિકાળ સિદ્ધ એવું પરમાત્મતત્ત્વ પ્રસિદ્ધ છે. એવા શુદ્ધ કારણપરમાત્મતત્ત્વમાં અંતર્મુખ થતાં જે વીતરાગી પરિણતિ પ્રગટે છે તે જ તપ અને પ્રાયશ્ચિત્ત છે.

### પોષ વદ ૨, સોમવાર, ૧૪-૧-૫૨.

શુભ-અશુભ ભાવકર્મ તેમજ દ્રવ્યકર્મ અનાદિ સંસારથી ચાલ્યા આવે છે; તેનાથી જીવને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ એવા પંચપરાવર્તનરૂપ પરિભ્રમણ થાય છે. આત્માના શુદ્ધભાવરૂપી તપ વડે તેનો નાશ થઈ જાય છે. તેથી આત્માના સ્વભાવમાં એકાગ્રતા કરવારૂપ જે તપ છે તે જ નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત છે. શુભ રાગ તે ખરેખર તપ નથી, પણ પ્રસિદ્ધ એવો જે પોતાનો કારણપરમાત્મા છે તેમાં લીન થવું તે જ પરમ તપ છે, ને તે તપ વડે અનાદિના કર્મનો ક્ષય થઈ જાય છે; તેથી તે જ નિયમથી પ્રાયશ્ચિત્ત છે. એક તરફ અનાદિના કર્મનો પ્રવાહ અને આ તરફ પ્રસિદ્ધ એવો શુદ્ધ કારણપરમાત્મા છે તે સદશપણે અનાદિ-અનંત છે. તે સ્વભાવની ભાવનામાં એકાગ્ર થતાં અનાદિ કર્મપ્રવાહનો નાશ થઈને મુક્તિ થાય છે. જે જે બંધના કારણો હોય તેને છેદનારો શુદ્ધભાવ તે જ મોક્ષનું કારણ છે.

**જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદકદશા, મોક્ષપંથ ભવ અંત.**

મિથ્યાત્વ-રાગ-દ્વેષ તે સંસારનું કારણ છે અને શુદ્ધ કારણપરમાત્મતત્ત્વના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં જ લીન થવું તે જ મોક્ષપંથ છે. આ રીતે સ્વાત્માના અનુષ્ઠાનમાં લીન થવું તે તપ છે, -પ્રાયશ્ચિત્ત છે. સચ્ચિદાનંદ ભગવાન ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે તેને ઓળખીને તેની ભાવનામાં રહેવું તે જ તપ છે અને તે જ શુદ્ધ પ્રાયશ્ચિત્ત છે.

જ્ઞાનાનંદસ્વરૂપમાં લીનતારૂપ આવા શુદ્ધ તપ સિવાય બીજું કોઈ પ્રાયશ્ચિત્ત નથી -એમ હવે શ્લોકમાં કહે છે :-

### શ્લોક ૧૮૯

(मन्दाक्रान्ता)

**प्रायश्चित्तं न पुनरपरं कर्म कर्मक्षयार्थं**
**प्राहुः सन्तस्तप इति चिदानंदपीयूषपूर्णम्।**
**आसंसारादुपचितमहत्कर्मकान्तारवह्नि-**
**ज्वालाजालं शमसुखमयं प्राभृतं मोक्षलक्ष्म्याः ॥ १८९ ॥**

**શ્લોકાર્થ** : જે (તપ) અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી કર્મોની મહા અટવીને બાળી નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે, શમસુખમય છે અને મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે, તે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે, પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ. ॥ ૧૮૯ ॥

અનાદિ સંસારથી કર્મોની અટવી સમૃદ્ધ થયેલી છે, તેને બાળી નાખવા માટે આ શુદ્ધાત્માનું તપ મહા અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે, તે તપ શમસુખમય છે. ઉપશાંતરસમાં લીનતા વડે કર્મનો ક્ષય થાય છે. જેમાં કલેશ અને દુઃખ લાગે તે તપ નથી. ચૈતન્યના આનંદમાં લીનતારૂપ તપમાં તો શાંતિ.....શાંતિ છે, સહજ સમતા છે. આવું તપશ્ચરણ મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે. ચૈતન્યમાં લીનતારૂપ આવા તપની ભેટ કરે તેને મોક્ષલક્ષ્મી મળ્યા વિના રહે નહિ. આ તપ ચિદાનંદરૂપી અમૃતનું ભેટાણું છે. સિદ્ધ ભગવાન જેવો આનંદ તેમાં ભરેલો છે. મુનિપણામાં તો અંતરમાં ચિદાનંદરૂપી અમૃત ઝરે છે, આખો અમૃતનો ડુંગરો છે, તેમાંથી ચિદાનંદ અમૃતનો અનુભવ કરે છે - તેને તપ કહેવાય છે. આવા તપને સંતો કર્મક્ષયનું કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે. આ સિવાય બીજા કોઈ કર્મને સંતો પ્રાયશ્ચિત્ત કહેતા નથી. આનંદકુંડ ચૈતન્યમાં લીનતા સિવાય બીજા કોઈ કાર્યને સંતો પ્રાયશ્ચિત્ત કહેતા નથી. આહાર છોડવો કે સાદો આહાર કરવો તેનું નામ તપ નથી. સ્વરૂપસ્થિતિપૂર્વક આહારનો ત્યાગ હોય તો ત્યાં પણ સ્વરૂપસ્થિરતા તે જ તપ છે, આહારનો ત્યાગ થયો તે કાંઈ તપ નથી. ચિદાનંદસ્વરૂપ આત્માનું ભાન કરીને તેમાં લીન થવું તેમાં જ તપ અને પ્રાયશ્ચિત્તાદિ બધા ધર્મક્રિયાઓ આવી જાય છે. આ સિવાય બહારની કોઈ ક્રિયામાં કે શુભાશુભ ભાવમાં તપ કે પ્રાયશ્ચિત્ત નથી.

અનંતકાળના પરિભ્રમણનો નાશ કરવામાં સમર્થ એવું શુદ્ધાત્મામાં એકાગ્રતારૂપ તપ તે જ પ્રાયશ્ચિત્ત છે. આ મુનિની વાત છે પણ મુનિ થયા વિના મુક્તિ થશે કોની ? માટે મુનિદશાને પહેલાં ઓળખવી જોઈએ. ગૃહસ્થોએ તેની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક તેની ભાવના ભાવવી જોઈએ; તે વિના મુનિદશા થાય નહિ અને મુનિદશા વિના મુક્તિ થાય નહિ.



શુદ્ધાત્માનું ધ્યાન તે જ સર્વસ્વ છે એમ હવે સૂત્રમાં કહે છે :-

### ગાથા ૧૧૯

**अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं।**
**सक्कदि कादुं जीवो तम्हा झाणं हवे सव्वं॥ ११९॥**

**आत्मस्वरूपालम्बनभावेन तु सर्वभावपरिहारम्।**
**शक्नोति कर्तुं जीवस्तस्माद् ध्यानं भवेत् सर्वम् ॥ ११९ ॥**

**આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને**
**ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.**

**અન્વયાર્થ** : **(आत्मस्वरूपालम्बनभावेन तु)** આત્મસ્વરૂપ જેનું આલંબન છે એવા ભાવથી **(जीवः)** જીવ **(सर्वभावपरिहारं)** સર્વ ભાવોનો પરિહાર **(कर्तुम् शक्नोति)** કરી શકે છે, **(तस्मात्)** તેથી **(ध्यानम्)** ધ્યાન તે **(सर्वम् भवेत्)** સર્વસ્વ છે.

નિજ આત્મા એટલે પોતાનો શુદ્ધ કારણપરમાત્મા. તેનો આશ્રય કરતાં સમસ્ત અન્ય ભાવોનો અભાવ થઈ જાય છે. ક્ષાયિકભાવનો આશ્રય છોડાવવા તેને પણ અહીં ભાવાંતર કહેશે.

નિત્ય શુદ્ધ આત્મા કોઈ પરદ્રવ્ય વડે લક્ષિત થતો નથી, પણ સમસ્ત પરદ્રવ્યના અભાવરૂપ લક્ષણથી લક્ષિત છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરદ્રવ્ય છે, તેમના વડે આ આત્મા લક્ષિત થતો નથી, પણ તેમના અભાવથી લક્ષિત થાય છે. એવો આત્મા અખંડ નિત્ય નિરાવરણ સહજ પરમ પારિણામિક- ભાવ છે. આવા એકરૂપ ધ્રુવ દ્રવ્યની ભાવના અર્થાત્ તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી ઔદયિક વગેરે ચાર ભાવોનો પરિહાર થાય છે. જુઓ, અહીં ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવને પણ પરભાવ કહે છે. વ્યવહાર રત્નત્રયનો શુભ રાગ તે ઉદયભાવ છે. ચારે ભાવો ત્રિકાળી પારિણામિકભાવથી અન્ય છે, તે અપેક્ષાએ તેમને પરભાવ કહ્યા છે, અને તેનું આલંબન છોડાવવાની અપેક્ષાથી તેનો પરિહાર કરવાનું કહ્યું છે. ક્ષાયિકભાવનો પરિહાર કરવો -તેનો અર્થ એ છે કે તે ભાવનો આશ્રય છોડીને એકરૂપ પરમ પારિણામિકસ્વભાવનું જ આલંબન લેવું

(ફૂટનોટનું સ્પષ્ટીકરણ) શુદ્ધ પારિણામિકભાવ ત્રિકાળ ધ્રુવ છે, તે અંશી છે. તેના આશ્રયે નિર્મળ પર્યાયો પ્રગટે છે. ક્ષાયિકભાવ પોતે જ અંશ છે-પર્યાય છે; તેના આશ્રયે નિર્મળતા પ્રગટતી નથી. પર્યાયનો આશ્રય કરવા જતાં રાગ-વિકલ્પ ઊઠે છે, તેથી તેનો આશ્રય છોડાવવા માટે તેનો પરિહાર કહ્યો છે. ક્ષાયિકભાવ સાદિ-અનંત છે, તેનો નાશ થતો નથી, પણ ક્ષાયિકભાવનો પરિહાર કહેતાં તેના આશ્રયનો પરિહાર સમજવો.

પરદ્રવ્યોથી તો આત્મા ત્રિકાળ ભિન્ન છે; તે પરદ્રવ્યનું આલંબન તો મોક્ષાર્થી છોડે છે, ને પોતામાં થતાં ઔદયિક વગેરે ક્ષણિક ભાવોનું આલંબન છોડીને સહજ પારિણામિક સ્વભાવનું જ આલંબન લઈને એકાગ્ર થાય છે; તે જ મુક્તિનું કારણ છે. પોતાના શુદ્ધ આત્મદ્રવ્યનું આલંબન કરનારો ભાવ જ 'અહિંસા' છે; તેણે પોતાના આત્માની અહિંસા કરી. એ સિવાય પરભાવનું આલંબન કરનારો ભાવ તે હિંસા છે. ત્રિકાળ પારિણામિકભાવની ભાવના કરનારો જે શુદ્ધભાવ છે તે જ 'સત્' છે, તે જ 'દત્ત' છે, તે જ 'પરમ બ્રહ્મચર્ય' છે ને તે જ 'અનાસક્તિ ભાવ' છે; તેમાં જ પરિગ્રહનો ત્યાગ છે. તે શુદ્ધ સ્વભાવના અવલંબનના ભાવમાં જ સમિતિ અને ગુપ્તિ આવી જાય છે; વળી તે જ ભાવ પ્રતિક્રમણ છે. ચૈતન્ય ભગવાનનું અવલંબન કરતાં પુણ્ય-પાપથી ખરેખર પાછો ફર્યો તે જ પ્રતિક્રમણ છે, તે જ પ્રત્યાખ્યાન છે અને તે જ આલોચના છે, તેમ જ પ્રાયશ્ચિત્ત, તપ વગેરે બધું ય તેમાં આવી જાય છે. ચૈતન્યનું આલંબન કરનાર ભાવમાં જ આખો મોક્ષમાર્ગ સમાઈ જાય છે.

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ;**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકલ માર્ગ નિર્ગ્રંથ.**

સહજ શુદ્ધ આત્મતત્ત્વ ત્રિકાળ છે તેનું અવલંબન કરનારો ભાવ જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે અને તે જ સમ્યક્ચારિત્ર છે. મોક્ષમાર્ગ કહો કે શુદ્ધ સ્વભાવનું અવલંબન કહો, તેનો આશ્રય કહો, તેમાં સન્મુખતા કહો, તેમાં ઝૂકાવ કહો, -તે બધું એક જ છે. ધર્મના જેટલા પ્રકારો છે તે બધાય આ પરમ પારિણામિકભાવની ભાવનામાં સમાઈ જાય છે, પછી તેને આત્મસ્વરૂપનું અવલંબન કહો, આત્મસ્વરૂપનો આશ્રય કહો, આત્મસ્વરૂપમાં સન્મુખતા કહો, આત્મસ્વરૂપમાં વલણ કહો, આત્મામાં ઝૂકાવ કહો, કે 'હું શુદ્ધ જ્ઞાયક છું' એવી પરિણતિ કહો.

આવા સ્વભાવનું અવલંબન કરનારો જીવ અતિ આસન્નભવ્ય છે. તે જીવ પોતાના પારિણામિક સ્વભાવનું અવલંબન લઈને અન્ય ચારે ભાવોના આલંબનનો પરિહાર કરે છે અર્થાત્ પર્યાયનો આશ્રય છોડે છે; તેથી તેને પાપાટવીપાવક -શુભાશુભ ભાવોરૂપી જંગલને બાળી નાંખનાર અગ્નિ કહ્યો છે. આ રીતે શુદ્ધાત્માના ધ્યાનથી જ સમસ્ત પરભાવોનો પરિહાર થઈ જાય છે. આમ હોવાથી પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત, આલોચના વગેરે બધું ય શુદ્ધ આત્માના ધ્યાનમાં જ સમાઈ જાય છે. ચૈતન્યના અવલંબને જ આખું શાસન ઊભું થાય છે. વીતરાગી પંથ ચૈતન્યના અવલંબને જ થાય છે, બીજા કોઈના અવલંબને થતો નથી.

**પોષ વદ ૩, મંગળવાર, ૧૫-૧-૫૨.**

૧) આત્મસ્વરૂપને અવલંબનારો ભાવ તે જ મોક્ષમાર્ગ છે, તેમાં જ પ્રતિક્રમણ વગેરે બધું સમાઈ જાય છે.



શરીરાદિ તો બાહ્ય સંયોગ છે; રાગાદિ વિકારભાવો પણ સ્વભાવથી બાહ્ય છે. એક સમય પૂરતી વ્યક્ત પર્યાય પણ ત્રિકાળી શક્તિથી બાહ્ય છે. જે ધ્રુવ પરમાત્મશક્તિ સદાય આત્મામાં પડી છે તેનો મહિમા કરીને તેનું અવલંબન કરવું તે જ મોક્ષમાર્ગ છે. તેને પ્રતિક્રમણ વગેરે ગમે તે બોલથી ઓળખાવો. પોતાના ત્રિકાળી પરમાત્મતત્ત્વ સિવાય બીજા કોઈનું અવલંબન મોક્ષમાર્ગ નથી. શુભ રાગનું અવલંબન પણ મોક્ષમાર્ગમાં નથી, તો પછી તે રાગના નિમિત્તોનું આલંબન તો શેનું હોય ? કોઈ પણ નિમિત્તના, રાગના કે પર્યાયના અવલંબને ધર્મ કે મુક્તિ થતી નથી. એક શુદ્ધાત્માનું જ આલંબન છે; આલંબન એટલે તેની સન્મુખ થઈને તેની શ્રદ્ધા-જ્ઞાન ને તેમાં લીનતા કરવી તે જ મુક્તિમાર્ગ છે, તે જ સામાયિક, પ્રતિક્રમણ વગેરે બધું ય છે.

૨) આત્મસ્વરૂપનો આશ્રય કરવો તે મોક્ષમાર્ગ છે. એક આત્મા સિવાય પરવસ્તુનો આશ્રય ધર્મમાં નથી, સ્વાશ્રય થતો જાય તેટલો જ મોક્ષમાર્ગ છે, વચ્ચે વ્યવહાર-પરાશ્રયભાવ હોય તે મોક્ષમાર્ગ નથી. આત્માના સ્વરૂપનો આશ્રય કર્યો તે ભાવ જ સામાયિક છે, ભક્તિ છે, ને તે જ સમાધિ છે, તે જ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગમાં પોતાના આત્મા સિવાય ભગવાનનો આશ્રય પણ નથી. પોતાની ક્ષાયિક પર્યાયનો પણ આશ્રય નથી તો પછી રાગ-નિમિત્તનો આશ્રય તો ક્યાંથી હોય ? એકલા આત્મસ્વરૂપના આશ્રયે જ મોક્ષમાર્ગ છે.

૩) આત્મસ્વરૂપમાં સન્મુખતા તે જ ધર્મ છે. જેટલી સ્વરૂપમાં સન્મુખતા થઈ તેટલો વીતરાગી ધર્મ છે. તેને સામાયિક કહો, પ્રતિક્રમણ કહો કે મોક્ષમાર્ગ વગેરે ગમે તે કહો.

૪) આત્મસ્વરૂપમાં વલણવાળો ભાવ તે જ મોક્ષમાર્ગ છે. એ સિવાય વચ્ચે રાગાદિ વ્યવહારભાવ તરફનું વલણ તે મોક્ષમાર્ગ નથી. આત્મસ્વરૂપમાં વલણ કહો કે તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કહો તે એક જ છે.

૫) આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક કહો - તેમાં ઝૂકાવ કરવો તે મોક્ષમાર્ગ છે. આ બધા બોલ જુદા નથી પણ સ્વભાવ તરફ ઝૂકેલા એક ભાવમાં જ તે બધા બોલ આવી જાય છે. પર તરફ - રાગ કે અરાગ પર્યાય તરફ ઝૂકતા નિર્મળતા થતી નથી. સ્વભાવ તરફ ઝૂક્યો તેટલી જ નિર્મળતા અને ધર્મ છે.

૬) આત્મસ્વરૂપનું ધ્યાન કરવું એટલે પ્રથમ તો તેને ઓળખીને તેમાં એકાગ્ર થવું તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન પણ આત્મસ્વરૂપના ધ્યાનથી જ થાય છે, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પણ આત્મસ્વરૂપના ધ્યાનથી જ થાય છે. એ રીતે આત્મધ્યાનમાં મોક્ષમાર્ગની બધી ક્રિયાઓ સમાઈ જાય છે.

૭) પરમ પારિણામિકભાવની ભાવના કરવી તે મોક્ષમાર્ગ છે. લોકો કહે છે કે ભાવના કરો- પણ કોની ? અંદરમાં ધ્રુવ પારિણામિક ભગવાન બિરાજી રહ્યો છે, તેની ભાવના તે જ મોક્ષમાર્ગ છે.

૮) 'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્ય છું' એવી પરિણતિ તે મોક્ષમાર્ગ છે. પરિણતિ તે પર્યાય છે, પણ તેનો આશ્રય શુદ્ધ આત્મદ્રવ્ય છે

આ આઠ બોલ કહ્યા તે બધાય એકાર્થ છે. બધાયમાં મૂળભૂત એક જ વસ્તુનો આશ્રય છે.

અહીં આઠ બોલ કહ્યા તે સિવાય બીજા પણ ઘણાં બોલ છે. જેમ કે નિર્વિકલ્પતા, વીતરાગતા, શાંતિ, સ્વસંવેદન, આનંદ, ધર્મ, ભક્તિ, સમાધિ વગેરે. દ્રવ્યસંગ્રહમાં ઘણાં બોલ કહ્યા છે પણ શુદ્ધ પરમાત્મસ્વભાવની લીનતામાં જ તે બધા સમાઈ જાય છે.

હવે ટીકાકાર આ ગાથા ઉપર શ્લોક કહે છે :-

**શ્લોક ૧૯૦**

(मन्दाक्रान्ता)

**यः शुद्धात्मन्यविचलमनाः शुद्धमात्मानमेकं**
**नित्यज्योतिःप्रतिहततमःपुंजमाद्यन्तशून्यम्।**
**ध्यात्वाजस्रं परमकलया सार्धमानन्दमूर्तिं**
**जीवन्मुक्तो भवति तरसा सोऽयमाचारराशिः॥ १९०॥**

**શ્લોકાર્થ** : જેણે નિત્ય જ્યોતિ વડે તિમિરપૂંજનો નાશ કર્યો છે, જે આદિ-અંત રહિત છે, જે પરમ કળા સહિત છે અને જે આનંદમૂર્તિ છે -એવા એક શુદ્ધ આત્માને જે જીવ શુદ્ધ આત્મામાં અવિચળ મનવાળો થઈને નિરંતર ધ્યાવે છે, તે આ આચારરાશિ જીવ શીઘ્ર જીવન્મુક્ત થાય છે. ॥ ૧૯૦ ॥

જુઓ, અહીં તો કહે છે કે આનંદમૂર્તિ શુદ્ધ આત્માનું ધ્યાન કરે છે તે જીવ પોતે આચારરાશિ છે. લોકો કહે છે કે કંઈ આચાર બતાવો ! અહીં આચારનો ઢગલો બતાવ્યો કે શુદ્ધ આત્માનું ધ્યાન કરવું તેમાં બધાય આચાર આવી જાય છે. શુદ્ધ આત્મા કેવો છે ? જે નિત્ય જ્ઞાનજ્યોતિરૂપ છે. જ્ઞાનજ્યોતિમાં તિમિરનો અભાવ જ છે. જે અનાદિ-અનંત એકરૂપ છે, પરમ કળા સહિત છે અને સદાય આનંદની મૂર્તિ છે, આનંદ જ તેનું સ્વરૂપ છે. આવા પોતાના શુદ્ધ આત્મામાં અવિચળ ભાવવાળો થઈને જે જીવ તેને ધ્યાવે છે તે આચારરાશિ જીવ શીઘ્ર જીવન્મુક્ત થાય છે. આત્માના ધ્યાનમાં ઠર્યો તે જીવ ચારિત્રનો ઢગલો છે. ધર્મના બધા આચાર તેનામાં આવી ગયા છે. તે જીવ અલ્પકાળે પૂર્ણ મુક્તદશા પામી જાય છે એવો જ વસ્તુસ્વરૂપનો ક્રમ છે.



હવે મોક્ષમાર્ગમાં 'નિયમ' શું છે તેનું સ્વરૂપ કહે છે :-

**ગાથા ૧૨૦**

**सुहअसुहवयणरयणं रायादीभाववारणं किच्चा।**
**अप्पाणं जो झायदि तस्स दु णियमं हवे णियमा॥ १२०॥**

**शुभाशुभवचनरचनानां रागादिभाववारणं कृत्वा।**
**आत्मानं यो ध्यायति तस्य तु नियमो भवेन्नियमात्॥ १२०॥**

**છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.**

**અન્વયાર્થ** : (**शुभाशुभवचनरचनानाम्**) શુભાશુભ વચનરચનાનું અને (**रागादिभाववारणम्**) રાગાદિભાવોનું નિવારણ (**कृत्वा**) કરીને (**यः**) જે (**आत्मानम्**) આત્માને (**ध्यायति**) ધ્યાવે છે, (**तस्य तु**) તેને (**नियमात्**) નિયમથી (-નિશ્ચિતપણે) (**नियमः भवेत्**) નિયમ છે.

જુઓ, આ નિયમસારનો 'નિયમ' ! નિયમ કહો કે મોક્ષમાર્ગ કહો. ચૈતન્યનું ધ્યાન કરતાં રાગાદિ ભાવોનું નિવારણ થઈ જાય છે, તેને જ ખરેખર મોક્ષનો નિયમ કહ્યો છે. આ ખપે ને આ ન ખપે એવો વ્યવહારનો વિકલ્પ તે તો રાગ છે, તે ખરેખર મોક્ષમાર્ગનો નિયમ નથી. આ શુદ્ધ આત્માના આશ્રયે જ મોક્ષમાર્ગનો શુદ્ધ નિયમ પ્રગટે છે. અહો ! નિયમસારમાં આચાર્યદેવે ચિદાનંદી આત્માના અવલંબનમાં જ બધી ક્રિયાઓ સમાડી દીધી છે. શુદ્ધ જ્ઞાયકવસ્તુનો આશ્રય તે જ નિશ્ચયથી, નિયમથી મોક્ષમાર્ગ છે. આત્મસન્મુખતા વગર ભલે પંચ મહાવ્રત પાળે પણ તેને ખરેખર નિયમ નથી.

શુદ્ધ નિશ્ચય નિયમ કોને હોય છે ? તે વાત કરે છે. જે પરમતત્ત્વનો જાણનાર હોય. પોતાનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ તે જ પરમ તત્ત્વ છે. સંવર, નિર્જરા, મોક્ષ પણ ખરેખર પરમ તત્ત્વ નથી. ત્રિકાળ પરમ તત્ત્વને જાણીને મહા તપોધન નિશ્ચય પ્રાયશ્ચિત્તમાં પરાયણ રહે છે. મન-વચન-કાયાનું લક્ષ છોડીને ચૈતન્યમાં જ લક્ષને એકાગ્ર કર્યું છે અને સંસારરૂપી વેલના મૂળ-કંદરૂપ અશુભ કે શુભ એવી વચનરચનાનું નિવારણ કર્યું છે એટલે કે સ્વરૂપના ધ્યાનમાં ઠર્યો ત્યાં વચનરચનાનું લક્ષ જ છૂટી ગયું છે. એ રીતે વચનરચનાનો તિરસ્કાર કર્યો છે. એટલું જ નહિ પણ સમસ્ત મોહ-રાગ-દ્વેષાદિ પરભાવોને પણ છોડે છે, તેને છોડવાનું કહ્યું.

હવે કોની ભાવના કરે છે તે કહે છે. અંતરમાં શુદ્ધ ઉપયોગના બળથી, સતતપણે અખંડ અદ્વૈત આનંદસ્યંદી એવા નિજ પરમાત્મતત્ત્વની સદા ભાવના ભાવે છે, તે મહા તત્ત્વજ્ઞાની મુનિઓને શુદ્ધ નિશ્ચય નિયમ છે - આવો ભગવાન સૂત્રકર્તાનો અભિપ્રાય છે. વ્યવહાર રત્નત્રયના શુભ રાગને અહીં

મોક્ષમાર્ગનો નિયમ નથી કહ્યો પણ જેમાં ત્રિકાળી આનંદ ઝરે છે એવા સહજ શુદ્ધ કારણપરમાત્માની ભાવનાથી જ નિશ્ચય મોક્ષમાર્ગનો નિયમ હોય છે. કોઈ નિમિત્ત કે વ્યવહાર-રાગના બળથી ચૈતન્યતત્ત્વની ભાવના થતી નથી પણ સ્વસન્મુખ શુદ્ધોપયોગના બળથી જ અંતરંગમાં ચૈતન્યતત્ત્વની ભાવના થાય છે. આ શુદ્ધોપયોગ તે જ ખરેખર મોક્ષમાર્ગનો કર્મકાંડ છે.

અહીં ટીકાકાર મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે ભગવાન સૂત્રકર્તાનો આવો અભિપ્રાય છે કે શુદ્ધ આત્માના આશ્રયે જ નિશ્ચય નિયમ છે. જુઓ, કુંદકુંદાચાર્યદેવને ''ભગવાન'' કહ્યા છે. જેને ચૈતન્યની ભાવનાવાળો શુદ્ધોપયોગ નથી તેને ખરેખર નિયમ હોતો નથી. વ્યવહાર વ્રત-તપના વિકલ્પો તે મોક્ષમાર્ગનો નિયમ નથી, તેનાથી મોક્ષ થતો નથી. માટે કહ્યું છે કે શુદ્ધોપયોગથી આત્મસ્વભાવની ભાવના કરવી તે જ નિશ્ચયથી નિયમ છે, તે એક જ મોક્ષમાર્ગ છે.

## શ્લોક ૧૯૧

(हरिणी)

**वचनरचनां त्यक्त्वा भव्यः शुभाशुभलक्षणां**
**सहजपरमात्मानं नित्यं सुभावयति स्फुटम्।**
**परमयमिनस्तस्य ज्ञानात्मनो नियमादयं**
**भवति नियमः शुद्धो मुक्त्यंगनासुखकारणम्॥ १९१॥**

**શ્લોકાર્થ :** જે ભવ્ય શુભાશુભસ્વરૂપ વચનરચનાને છોડીને સદા સ્ફુટપણે સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે ભાવે છે, તે જ્ઞાનાત્મક પરમ યમીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ એવો આ શુદ્ધ નિયમ નિયમથી (-અવશ્ય) છે. ॥ ૧૯૧ ॥

શુભ-અશુભ વચનના વિકલ્પને છોડીને જે ભવ્ય જીવ અંતરમાં સદા પ્રગટપણે સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે ભાવે છે તે મુનિ પોતે જ્ઞાનસ્વરૂપ થઈ ગયા છે. તે પરમ મુનિને મુક્તિરૂપી સ્ત્રીના સુખની પ્રાપ્તિનું કારણ એવો શુદ્ધ નિયમ હોય છે. જગતમાં સ્ત્રી પરણે તેનો તો વિયોગ થઈ જાય છે, તેમાં જરાય સુખ નથી પણ આત્માની શુદ્ધ પરિણતિરૂપી સ્ત્રીનો સાદિ-અનંતકાળમાં કદી વિરહ થતો નથી.

## પોષ વદ ૪, બુધવાર, ૧૬-૧-૫૨.

શુદ્ધ નિશ્ચય-પ્રાયશ્ચિત્તનું વર્ણન છે. તેમાં શુદ્ધ નિયમને પણ સમાવી દીધો છે. પોતાના સહજ સ્વભાવની ભાવના કરવી તે જ નિશ્ચયથી નિયમ છે. હવે શ્લોકમાં તે સહજ તત્ત્વને નમસ્કાર કરે છે ને તેની ભાવના કરે છે.



## શ્લોક ૧૯૨

(मालिनी)

**अनवरतमखंडाद्वैतचिन्निर्विकारे**
**निखिलनयविलासो न स्फुरत्येव किंचित्।**
**अपगत इह यस्मिन् भेदवादस्समस्तः**
**तमहमभिनमामि स्तौमि संभावयामि॥ १९२॥**

**શ્લોકાર્થ :** જે અનવરતપણે (-નિરંતર) અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર છે તેમાં (-તે પરમાત્મપદાર્થમાં) સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી. જેમાંથી સમસ્ત ભેદવાદ (-નયાદિ વિકલ્પ) દૂર થયેલ છે તેને (-તે પરમાત્મપદાર્થને) હું નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું. ॥ ૧૯૨ ॥

જે પરમાત્મતત્ત્વ ત્રિકાળ શુદ્ધ છે, તેમાં નિશ્ચય-વ્યવહારના ભેદો નથી; નયોના ભેદનો વિલાસ અખંડ સહજ તત્ત્વમાં નથી. નિશ્ચયનું આ પડખું ને વ્યવહારનું તે પડખું -એવા ભેદો એક અખંડ તત્ત્વમાં નથી. સહજ અખંડ તત્ત્વમાં નયવિલાસની સ્ફુરણા થતી નથી. વસ્તુ તો વસ્તુ જ છે; તેમાં ભેદવાદ દૂર થયો છે, આ અખંડ દૃષ્ટિનો વિષય છે. શુદ્ધનય અને અશુદ્ધનયના વિકલ્પો પરમાત્મતત્ત્વમાં નથી, એવા નિજ પરમાત્મતત્ત્વને હું નમું છું. આ પરમાત્મતત્ત્વની ભાવના કરવી તેમાં જ નમસ્કાર, સ્તવન, સામાયિક, ભક્તિ, સમાધિ વગેરે બધું સમાઈ જાય છે. અંદરના પરમાત્મસ્વરૂપમાં એકાગ્ર થયો તેણે જ પરમાત્માની ખરી સ્તવના કરી, તે જ પરમાત્માને નમ્યો; અને તેણે જ પરમાત્માની ભાવના કરી. પોતે સ્વરૂપથી અખંડ પરમાત્મા છે તેના શ્રદ્ધા-જ્ઞાન એકાગ્રતા કરવા તે જ નિયમ, સ્તવન ને વંદન છે.

વળી ફરીને તે અભેદતત્ત્વની ભાવના કરીને તેને નમસ્કાર કરે છે :-

## શ્લોક ૧૯૩

(अनुष्टुभ्)

**इदं ध्यानमिदं ध्येयमयं ध्याता फलं च तत्।**
**एभिर्विकल्पजालैर्यन्निर्मुक्तं तन्नमाम्यहम्॥ १९३॥**

**શ્લોકાર્થ :** આ ધ્યાન છે, આ ધ્યેય છે, આ ધ્યાતા છે અને પેલું ફળ છે -આવી વિકલ્પજાળોથી જે મુક્ત (-રહિત) છે તેને (-તે પરમાત્મતત્ત્વને) હું નમું છું. ॥ ૧૯૩ ॥

આ મારું પરમાત્મતત્ત્વ ધ્યેય છે, મારો આત્મા જ ધ્યાતા છે ને હું ધ્યાન કરું છું તથા પૂર્ણ મુક્તદશા

તે તેનું ફળ છે. આવા ભેદની વિકલ્પજાળ પણ જે પરમાત્મતત્ત્વમાં નથી, એવા સહજ પરમાત્મતત્ત્વને હું નમું છું.

વળી વિશેષ કહે છે :-

**શ્લોક ૧૯૪**

(अनुष्टुभ्)

**भेदवादाः कदाचित्स्युर्यस्मिन् योगपरायणे।**
**तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्यार्हते मते॥ १९४॥**

**શ્લોકાર્થ** : જે યોગપરાયણમાં કદાચિત્ ભેદવાદો ઉત્પન્ન થાય છે (અર્થાત્ જે યોગનિષ્ઠ યોગીને ક્યારેક વિકલ્પો ઊઠે છે), તેની અર્હંતના મતમાં મુક્તિ થશે કે નહિ થાય તે કોણ જાણે છે ?॥૧૯૪॥

આત્મા અખંડ ગુણોનો પિંડ છે, તે સ્વભાવમાં જોડાણ કરીને લીન થવું તે યોગ છે; તે સ્વભાવમાં વિકલ્પ નથી. તે સ્વભાવમાં ઠરેલા એવા યોગી-મુનિઓને કદાચિત્ દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે ભેદના વિકલ્પો ઊઠે છે, પણ તે વિકલ્પ વડે મુક્તિ થતી નથી; માટે કહ્યું કે જેને ભેદવાદ ઉત્પન્ન થાય છે તેને અર્હંતના મતમાં મુક્તિ થશે કે નહિ થાય ? તે કોણ જાણે છે ? સર્વજ્ઞના અભિપ્રાયમાં ભેદવાદથી-વિકલ્પથી મુક્તિ થશે-એમ જ્ઞાની તો માનતો નથી. ''કોણ જાણે છે ?'' એમ કહેવામાં શંકા નથી, પણ એમ કહે છે કે અરે ! ભેદથી મુક્તિ થશે - એમ સર્વજ્ઞના અભિપ્રાયમાં તો નથી, જ્ઞાની તો ભેદથી મુક્તિ માનતા નથી; મુનિને ભેદનો વિકલ્પ ઊઠે છે પણ આ વિકલ્પ મને મુક્તિનું કારણ થશે એમ જ્ઞાની તો માનતા નથી. જે ભેદથી-વ્યવહારના આશ્રયથી મુક્તિ માને છે તે જિનના મતમાં નથી. સમ્યક્જ્ઞાની ભેદને મુક્તિનું કારણ માનતા જ નથી. ભેદથી અર્હંતના મતમાં મુક્તિ થશે કે નહિ તે કોણ જાણે ? અજ્ઞાની તેનાથી મુક્તિ માને, પણ જ્ઞાની તો ભેદને મોક્ષનું કારણ માનતા નથી. અભેદ આત્માના આશ્રયની ભાવના તે જ નિયમથી નિયમ છે. તે નિશ્ચય નિયમને મોક્ષનું કારણ કહ્યું, તેના ઉપરથી આ શ્લોકમાં આ ભેદવાદનો નિષેધ કર્યો કે ભેદથી જિનશાસનમાં મુક્તિ થતી જ નથી. આ એકલા ભેદની તો વાત નથી પણ અભેદની દૃષ્ટિપૂર્વક મુનિને જરાક દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદના વિકલ્પ આવે તે પણ મુક્તિનું કારણ અર્હંતના શાસનમાં નથી. અર્હંતદેવનો અભિપ્રાય તો અભેદ સ્વભાવના આશ્રયે જ મુક્તિ થાય- તેવો છે. ભેદના આશ્રયે મુક્તિ થતી નથી.



હવે આ અધિકારની છેલ્લી ગાથામાં નિશ્ચય કાયોત્સર્ગનું સ્વરૂપ કહે છે.

**ગાથા ૧૨૧**

**कायाईपरदव्वे थिरभावं परिहरत्तु अप्पाणं।**
**तस्स हवे तणुसग्गं जो झायइ णिव्वियप्पेण॥ १२१॥**

**कायादिपरद्रव्ये स्थिरभावं परिहृत्यात्मानम्।**
**तस्य भवेत्तनूत्सर्गो यो ध्यायति निर्विकल्पेन॥ १२१॥**

**કાયાદિ પરદ્રવ્યો વિષે સ્થિરભાવ છોડી આત્મને**
**ધ્યાવે વિકલ્પવિમુક્ત, કાયોત્સર્ગ છે તે જીવને. ૧૨૧.**

**અન્વયાર્થ** : (**कायादिपरद्रव्ये**) કાયાદિ પરદ્રવ્યમાં (**स्थिरभावम् परिहृत्य**) સ્થિરભાવ છોડીને (**यः**) જે (**आत्मानम्**) આત્માને (**निर्विकल्पेन**) નિર્વિકલ્પપણે (**ध्यायति**) ધ્યાવે છે, (**तस्य**) તેને (**तनूत्सर्गः**) કાયોત્સર્ગ (**भवेत्**) છે.

અંતર્મુખ નિર્વિકલ્પ પર્યાયમાં આખું જૈનશાસન સમાડી દીધું છે. કાયોત્સર્ગ વગેરે બધું તેમાં સમાઈ જાય છે.

કાયા વગેરે પરદ્રવ્યો મારે માટે સ્થિર નથી, તે બધા અનિત્ય છે, નિત્ય સ્થિર તો મારો સહજ સ્વભાવ છે -એમ સમજીને જે પોતાના આત્માને જ નિર્વિકલ્પપણે ધ્યાવે છે તેને કાયોત્સર્ગ હોય છે. સ્વરૂપમાં ઠર્યો ત્યાં કાયાનું લક્ષ જ છૂટી ગયું, તે જ ખરો કાયોત્સર્ગ છે.

તનના ઉત્સર્ગની સાથે સાથે ક્ષેત્ર, ઘર વગેરે સમસ્ત પરદ્રવ્યના ઉત્સર્ગની વાત પણ લઈ લીધી છે.

કાયા તો સાદિ-સાંત છે, મૂર્તિક છે, ચૈતન્યના સ્વભાવથી વિજાતીય છે; આત્મા અનાદિ અનંત અને શરીર સાદિ-સાંત; આત્મા અમૂર્ત અને શરીર મૂર્ત; આત્મા ચૈતન્યમય ને શરીર જડ હોવાથી તે વિજાતીય છે; વળી તે શરીર વિભાવવ્યંજનપર્યાયરૂપ આકારવાળું છે, ને આત્મા સહજસ્વરૂપ છે. આ રીતે દેહ પોતાથી અત્યંત ભિન્ન છે ને અસ્થિર છે. વળી 'આદિ' કહેતાં દેહની સાથે ક્ષેત્ર, ઘર, લક્ષ્મી, સ્ત્રી તેમજ ભેદના વિકલ્પો તે બધું ય મારે માટે અસ્થિર છે, તે કોઈનો આશ્રય મને નથી. મારો સનાતન આત્મા જ મારે માટે સ્થિર છે. શરીરાદિ પરદ્રવ્યો કે પુણ્ય-પાપના ભાવો તે કોઈ સનાતન નથી, એની સામે નિત્ય નિરંજન મારો સહજ કારણપરમાત્મા એક જ સનાતન ધ્રુવ છે, એના આશ્રયે કાયાદિનો ઉત્સર્ગ થાય છે, તે જ ખરો કાયોત્સર્ગ છે.

કાયાદિ પરદ્રવ્યોમાંથી સ્થિરભાવ છોડીને, તેમ જ વ્યવહાર ક્રિયાકાંડના જે આડંબર છે તેના વિવિધ વિકલ્પોનો જે કોલાહલ તેનાથી રહિત થઈને સહજ આત્માને ધ્યાવે છે તેને કાયોત્સર્ગ છે. જુઓ તો ખરા ! વ્યવહાર ક્રિયાકાંડને આડંબર કહ્યો અને તેના વિવિધ વિકલ્પોને કોલાહલ કહ્યો - એમ કહીને હેયવૃત્તિઓનો તિરસ્કાર કર્યો છે. છેલ્લે પોતે જ કહે છે કે આ ટીકાએ હેયવૃત્તિઓને નિરસ્ત કરી છે, છોડવા યોગ્ય એવી સમસ્ત વિભાવવૃત્તિઓને દૂર ફેંકી દીધી છે. ચકલાંના કીવી... કીવી...જેવો આ વિકલ્પોનો જે કોલાહલ છે તેનાથી પણ રહિત થઈને, જે ધ્યાવે છે તે જીવ કેવો છે ?

સહજ તપના સમુદ્રને ઉછાળવામાં જે ચંદ્ર સમાન છે, એવો જે જીવ સહજ કારણપરમાત્માને નિત્ય વિકલ્પના કોલાહલથી રહિત થઈને ધ્યાવે છે તે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે, ને તેને ખરેખર નિશ્ચય કાયોત્સર્ગ છે. જ્યાં સહજ કારણપરમાત્મામાં એકાગ્ર થયો ત્યાં સહજ પરમ વૈરાગ્ય થયો, ત્યાં તપરૂપી સમુદ્ર ઊછળ્યો, ને તેણે જ ખરો કાયોત્સર્ગ કર્યો. ખરેખર તનનો ઉત્સર્ગ તો જ્ઞાનશરીરી આત્માના અવલંબને થાય છે. ઊભા રહેવું કે બેસવું તેનું નામ કાયોત્સર્ગ નથી. સહજ ચૈતન્યમાં લીનતા તે જ કાયોત્સર્ગ છે, તે સિવાય વ્યવહાર ક્રિયાકાંડના આડંબરનો તો આ આખી ટીકાએ ઉપહાસ કર્યો છે. મુનિવરો-સંતોએ વ્યવહારના વિકલ્પના કોલાહલનો ઉપહાસ કર્યો છે.

હવે આ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ પાંચ શ્લોક કહે છે :-

**શ્લોક ૧૯૫**

(मन्दाक्रान्ता)

**कायोत्सर्गो भवति सततं निश्चयात्संयतानां**
**कायोद्भूतप्रबलतरतत्कर्ममुक्तेः सकाशात्।**
**वाचां जल्पप्रकरविरतेर्मानसानां निवृत्तेः**
**स्वात्मध्यानादपि च नियतं स्वात्मनिष्ठापराणाम्॥ १९५॥**

**શ્લોકાર્થ** : જે નિરંતર સ્વાત્મનિષ્ઠાપરાયણ (-નિજ આત્મામાં લીન) છે તે સંયમીઓને, કાયાથી ઉત્પન્ન થતાં અતિ પ્રબળ કર્મોના (-કાયા સંબંધી પ્રબળ ક્રિયાઓના) ત્યાગને લીધે, વાણીના જલ્પસમૂહની વિરતિને લીધે અને માનસિક ભાવોની (-વિકલ્પોની) નિવૃત્તિને લીધે, તેમ જ નિજ આત્માના ધ્યાનને લીધે, નિશ્ચયથી સતત કાયોત્સર્ગ છે. ॥ ૧૯૫ ॥

જેઓ સ્વાત્મામાં લીન છે એવા સંતોને ચોવીસે કલાક -ક્ષણે ને પળે- સતત પ્રાયશ્ચિત્ત છે.



જે મુનિઓ સ્વ આત્માના પ્રેમાળ થઈને તેમાં સ્થિર થઈ ગયા છે, તેમને દેહાદિ પ્રત્યેનો ભાવ અટકી ગયો છે, ને દેહની ક્રિયાઓ પણ સહેજે અટકી ગઈ છે. વળી વાણીના જલ્પસમૂહથી વિરતિ થઈ ગઈ છે, તેમ જ મનના વિકલ્પ છૂટી ગયા છે. એ રીતે મન, વચન ને કાયા ત્રણે તરફનું વલણ અટકી ગયું છે તેમ જ નિજ આત્માના ધ્યાનને લીધે નિશ્ચયથી સતત કાયોત્સર્ગ હોય છે. પોતાના આત્માનું જ ધ્યાન છે, તેમાં અરિહંત કે સિદ્ધનું પણ લક્ષ નથી. સ્વ આત્માના ધ્યાનમાં ઠરતાં દેહ-વાણી-મન તરફનું વલણ જ છૂટી ગયું. તે જ ખરો કાયોત્સર્ગ છે. અમુક પાઠ બોલી જવા તે કાંઈ કાયોત્સર્ગ નથી, કાયા વગરનો અને મન-વાણી-વિકલ્પો વિનાનો એવો જ સહજ જ્ઞાનશરીરી આત્મા છે તેમાં સ્થિર થવું તે જ તનનો ઉત્સર્ગ એટલે કે કાયોત્સર્ગ છે.

આત્મામાં એકાગ્રતા વિના દેહાદિ પરની મમતા છૂટે ક્યાંથી ? આત્મામાં સ્થિર થયા તે મુનિઓને સતતપણે કાયોત્સર્ગ જ છે. કાયોત્સર્ગ એટલે કાયાને છોડવી; કાયાને કઈ રીતે છોડવી ? કાયાને છોડવીનો અર્થ જ એમ છે કે કાયા વગેરે તરફનું વલણ છોડીને ચૈતન્યમાં એકાગ્રતા કરવી. ચૈતન્ય-તત્ત્વમાં એકાગ્ર થયો ત્યાં પર પ્રત્યેનું વલણ છૂટી ગયું તે જ કાયોત્સર્ગ છે.

ત્રિકાળી સહજ પરમતત્ત્વના આશ્રયે એવો નિશ્ચય કાયોત્સર્ગ થાય છે. તેથી તે સહજ તત્ત્વનો મહિમા કહે છે.

**શ્લોક ૧૯૬**

(मालिनी)

**जयति सहजतेजःपुंजनिर्मग्नभास्वत्-**
**सहजपरमतत्त्वं मुक्तमोहान्धकारम्।**
**सहजपरमदृष्टया निष्ठितन्मोघजातं(?)**
**भवभवपरितापैः कल्पनाभिश्च मुक्तम्॥ १९६॥**

**શ્લોકાર્થ** : સહજ તેજઃપુંજમાં નિમગ્ન એવું તે પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ જયવંત છે - કે જેણે મોહાંધકારને દૂર કર્યો છે (અર્થાત્ જે મોહાંધકાર રહિત છે), જે સહજ પરમ દષ્ટિથી પરિપૂર્ણ છે અને જે વૃથા-ઉત્પન્ન ભવભવના પરિતાપોથી તથા કલ્પનાઓથી મુક્ત છે. ॥૧૯૬॥

સહજ જ્ઞાનપુંજમાં લીન એવું આ સહજ પરમાત્મતત્ત્વ જયવંત વર્તે છે. જો તારે કાયોત્સર્ગ કરવો હોય તો આ જયવંત વર્તતા સહજ તત્ત્વમાં આવી જા ! કાયાદિ કોઈ પદાર્થો જયવંત વર્તતા નથી. સહજ જ્ઞાનપુંજ એવો જે વસ્તુસ્વભાવ તેમાં સહજ પરમતત્ત્વ નિમગ્ન છે, એટલે કે સહજ તત્ત્વ પોતે પોતાના સહજ સ્વભાવમાં જ નિમગ્ન છે. તેણે મોહાંધકારને દૂર કર્યો છે એટલે કે તેમાં મોહ છે જ નહિ, અને સહજ પરમ દષ્ટિથી તે ત્રિકાળ પરિપૂર્ણ છે, તથા વૃથા ઉત્પન્ન એવા ભવભવના

પરિતાપથી તથા કલ્પનાઓથી તે મુક્ત છે. એવું સહજ તત્ત્વ જયવંત વર્તે છે ! જુઓ તો ખરા ! આ સહજ તત્ત્વના ગાણાં ! પુત્ર પરણે ત્યાં બાઈ કેવા ગાણાં ગાય છે !! તે તો બધા વૃથા છે. અહીં વિકલ્પ ઊઠતાં મુનિરાજે આ સહજ તત્ત્વના અપૂર્વ ગાણાં ગાયા છે. અહો ! સહજ તત્ત્વમાં ભવભવના પરિતાપનો અભાવ છે. ઈન્દ્ર, ચક્રવર્તી વગેરેના ભવ કરવા પડે તે પણ પરિતાપ છે, ચૈતન્ય ભગવાન તો ત્રિકાળ પરિપૂર્ણ છે, તેનામાં ભવભવનો વૃથા પરિતાપ નથી. વર્તમાન પ્રગટેલી પર્યાય આ વસ્તુના ગાણાં ગાય છે. વર્તમાન પર્યાયનો જ જેણે સ્વીકાર ન કર્યો તેને તો વસ્તુના ગાણાં ગાવાનું ક્યાં રહ્યું ? કેમ કે પર્યાય વગર વસ્તુનો મહિમા કરશે કોણ ? મહિમા કરનાર તો વર્તમાન પર્યાય છે. સહજ સ્વભાવ ત્રિકાળ જયવંત વર્તી રહ્યું છે તેમાં પર્યાયની લીનતા થઈ તે જ સાચો કાયોત્સર્ગ છે; તેમાં બહારનો કોઈ કોલાહલ નડતો નથી.

**પોષ વદ ૫, ગુરુવાર, ૧૭-૧-૫૨.**

આ નિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર છે. તે નિશ્ચય પ્રાયશ્ચિત્ત સહજ શુદ્ધસ્વભાવના અવલંબને થાય છે. તેથી અહીં સહજ ચૈતન્યચમત્કાર તત્ત્વનો અનુભવ કરવાનું કહે છે.

**શ્લોક ૧૯૭**

(मालिनी)

**भवभवसुखमल्पं कल्पनामात्ररम्यं**
**तदखिलमपि नित्यं संत्यजाम्यात्मशक्त्या।**
**सहजपरमसौख्यं चिच्चमत्कारमात्रं**
**स्फुटितनिजविलासं सर्वदा चेतयेहम्॥ १९७॥**

**શ્લોકાર્થ** : અલ્પ (-તુચ્છ) અને કલ્પનામાત્રરમ્ય (-માત્ર કલ્પનાથી જ રમણીય લાગતું) એવું જે ભવભવનું સુખ તે સઘળું ય હું આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું; (અને) જેનો નિજ વિલાસ પ્રગટ થયો છે, જે સહજ પરમ સૌખ્યવાળું છે અને જે ચૈતન્યચમત્કારમાત્ર છે, તેને (-તે આત્મતત્ત્વને) હું સર્વદા અનુભવું છું. ॥ ૧૯૭ ॥

જુઓ, આ અનાદિનું પ્રાયશ્ચિત્ત કરે છે. પ્રથમ તો પરમાં સુખ માન્યું હોય તો, સ્વભાવના ભાન વડે તેનું પ્રાયશ્ચિત્ત કરવું; અને પછી સ્વભાવના અનુભવમાં લીન થવું તે પ્રાયશ્ચિત્ત છે.

આ નિયમસાર <u>ભાગવતશાસ્ત્ર</u> છે; આ ભગવાનનું શાસ્ત્ર છે, દૈવી શાસ્ત્ર છે; આત્માનું ભાગવત છે, પવિત્ર શાસ્ત્ર છે. છેલ્લે ટીકાકારે આ શાસ્ત્રને ભાગવતશાસ્ત્ર કહ્યું છે. તેમાં ભગવાન આત્માનો મહિમા ખૂબ ગાયો છે.

સંસારમાં સ્વર્ગનો ભવ કરવો પડે તે પણ પરિતાપ છે. સ્વર્ગના સુખ કે ભોગભૂમિના જુગલિયાના



સુખ તે બધાય કલ્પનામાત્ર રમ્ય છે, અને તુચ્છ છે, તેમાં ક્યાંય ખરું સુખ નથી. માટે એવા ભવભવના કલ્પિત સુખને હું આત્મશક્તિથી છોડું છું. આત્મશક્તિ વડે જ સંસારનો રાગ ટળે છે. કોઈ નિમિત્તની શક્તિથી કે રાગની શક્તિથી ભવનો ભાવ ટળતો નથી, પણ સ્વભાવની શક્તિથી જ ભવભવના કલ્પિત સુખ (-એટલે કે ખરેખર દુઃખ) તેનો ત્યાગ થાય છે. અંતર્મુખ આત્મશક્તિમાં એકાગ્ર થઈને ઈન્દ્રિયો તરફના વલણને હું છોડું છું, અને હું મારા ચૈતન્યચમત્કાર સ્વભાવને જ અનુભવું છું. મારો આત્મા સહજ (સ્વાભાવિક) પરમ સુખમય છે. ભવભવના સુખ તો કલ્પિત છે ને આત્મા સહજ સુખમય છે, ચૈતન્યચમત્કારમાત્ર છે, એવા આત્માનો નિજ વિલાસ પ્રગટ થયો છે, તે આત્માને જ હું સર્વદા અનુભવું છું. જુઓ, આનું નામ ભવભવનું પ્રાયશ્ચિત્ત છે. આવા અનુભવથી હું અલ્પકાળે પરમાત્મા થઈશ - એમ મુનિરાજ કહે છે.

**શ્લોક ૧૯૮**

(पृथ्वी)

**निजात्मगुणसंपदं मम हृदि स्फुरन्तीमिमां**
**समाधिविषयामहो क्षणमहं न जाने पुरा।**
**जगत्त्रितयवैभवप्रलयहेतुदुःकर्मणां**
**प्रभुत्वगुणशक्तितः खलु हतोस्मि हा संसृतौ॥ १९८॥**

**શ્લોકાર્થ** : અહો ! મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને -કે જે સમાધિનો વિષય છે તેને - મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ. ખરેખર, ત્રણ લોકના વૈભવના પ્રલયના હેતુભૂત દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી (-દુષ્ટ કર્મોના પ્રભુત્વગુણની શક્તિથી), અરેરે ! હું સંસારમાં માર્યો ગયો છું. (-હેરાન થઈ ગયો છું.) ॥ ૧૯૮ ॥

જુઓ, આ પ્રાયશ્ચિત્તની રીત ! અહો ! મારા આત્મામાં પ્રગટ જે નિજ આત્મગુણની સંપદા છે તે સમાધિનો વિષય છે, તેને મેં કદી પૂર્વે એક ક્ષણ પણ જાણી નથી. ચૈતન્યસ્વભાવની સંપદાને શ્રદ્ધા-જ્ઞાનનો વિષય ન કર્યો. ચૈતન્યની પ્રભુતાને ચૂકીને, અરેરે ! હું દુષ્કર્મોની પ્રભુત્વશક્તિથી સંસારમાં માર્યો ગયો છું. મેં મારી ચૈતન્ય પ્રભુતાને ન જાણી માટે દુષ્કર્મોની પ્રભુતા થઈ. મને મારી ચૈતન્ય સંપદાની મહત્તા ન આવી ને વિકારની મહત્તા આવી તેથી જ હું સંસારમાં રખડ્યો ! જો ચૈતન્યની પ્રભુતાનું માહાત્મ્ય આવ્યું હોય તો પુણ્ય-પાપ વગેરેનું માહાત્મ્ય આવે નહિ. ચૈતન્યને ચૂકીને કર્મના નિમિત્તમાં જોડાયો તેથી મારો ત્રણ લોકનો નિજવૈભવ હણાઈ ગયો. ચૈતન્યનો ત્રણ લોકને જાણનારો વૈભવ, અને બાહ્યમાં પુણ્યના નિમિત્તે ઈન્દ્રો જેને નમે એવો તીર્થંકરનો વૈભવ; તેવી ચૈતન્યની પ્રભુતાને ભૂલ્યો ત્યારે કર્મને પ્રભુતા આપી, તેથી પોતાનો ત્રણ લોકનો વૈભવ હણાઈ ગયો. આમ જાણીને

હવે ચૈતન્યશક્તિની પ્રભુતા વડે તેનું પ્રાયશ્ચિત્ત કરે છે; હવે ચૈતન્યશક્તિને સંભાળી છે એટલે હવે સંસારમાં રખડવાનો નથી.

પહેલાં પોતે પોતાની પ્રભુતાને ચૂક્યો ત્યારે જડને પ્રભુતા આપી હતી પણ કર્મનું જોર હતું એમ નથી બતાવવું. શ્રીમદે કહ્યું છે કે : ''કર્મ એ જડ વસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો **આત્મબુદ્ધિએ** સમાગમ છે તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે.'' (શ્રીમદ્ રાજચંદ્ર, પૃ. ૧૪૦ આવૃત્તિ બીજી)

કર્મમાં આત્મબુદ્ધિ પોતે કરી છે, તે પોતાની જ ભૂલ છે; અહીં અજ્ઞાની નિમિત્ત ઉપર જોર આપે છે, પણ **''આત્મબુદ્ધિએ સમાગમ''** કોણે કર્યો ? -તે વાત ભૂલી જાય છે. આત્માની પ્રભુતા ચૂકીને પરમાં આત્મબુદ્ધિથી પોતે પરનો સંગ કર્યો તેથી સંસારમાં રખડ્યો. અરેરે ! હું મારી પ્રભુતાને પૂર્વે ભૂલ્યો. આમ કોણ કહે છે ? જેણે પોતાની પ્રભુતાનું વર્તમાન ભાન થયું છે તે કહે છે. ચૈતન્યની પ્રભુતા વડે તેનું પ્રાયશ્ચિત્ત કરીને હવે હું સંસારમાં હેરાન થવાનો નથી.

**શ્લોક ૧૯૯**

(आर्या)

**भवसंभवविषभूरुहफलमखिलं दुःखकारणं बुद्ध्वा।**
**आत्मनि चैतन्यात्मनि संजातविशुद्धसौख्यमनुभुंक्ते॥ १९९॥**

**શ્લોકાર્થ** : ભવોત્પન્ન (-સંસારમાં ઉત્પન્ન થતાં) વિષવૃક્ષના સમસ્ત ફળને દુઃખનું કારણ જાણીને હું ચૈતન્યાત્મક આત્મામાં ઉત્પન્ન વિશુદ્ધસૌખ્યને અનુભવું છું. ॥ ૧૯૯ ॥

આ રીતે સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં **શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર** નામનો આઠમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❖❖❖



## ૯. પરમ-સમાધિ અધિકાર

હવે સમસ્ત મોહ-રાગ-દ્વેષાદિ પરભાવોના વિધ્વંસના હેતુભૂત પરમ-સમાધિ અધિકાર કહેવામાં આવે છે.

સ્વભાવમાં લીનતા થતાં મોહ-રાગ-દ્વેષનો અભાવ થવો તેનું નામ જ સમાધિ છે. જમીનમાં દટાવું એનું નામ સમાધિ નથી. જોગી-બાવા જે શ્વાસ ચડાવીને સમાધિ લ્યે છે તે ખરેખર સમાધિ નથી. અહીં સમાધિનું ખરું સ્વરૂપ કહે છે.

**ગાથા ૧૨૨**

**वयणोच्चारणकिरियं परिचत्ता वीयरायभावेण।**
**जो झायदि अप्पाणं परमसमाही हवे तस्स॥ १२२॥**

**वचनोच्चारणक्रियां परित्यज्य वीतरागभावेन।**
**यो ध्यायत्यात्मानं परमसमाधिर्भवेत्तस्य॥ १२२॥**

**વચનોચ્ચરણક્રિયા તજી, વીતરાગ નિજ પરિણામથી**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.**

**અન્વયાર્થ** : (**वचनेच्चारणक्रियां**) વચનોચ્ચારણની ક્રિયા (**परित्यज्य**) પરિત્યાગીને (**वीतरागभावेन**) વીતરાગભાવથી (**यः**) જે (**आत्मानं**) આત્માને (**ध्यायति**) ધ્યાવે છે, (**तस्य**) તેને (**परमसमाधिः**) પરમ સમાધિ (**भवेत्**) છે.

બહારનું લક્ષ છોડીને ચૈતન્યની ગિરિગુફામાં ઊંડો.....ઊંડો ઊતરી ગયો તે જ ખરી સમાધિ છે. આવી વીતરાગી સમાધિ વડે અંદરમાં કેવળજ્ઞાનરૂપી લોચન પ્રગટે છે. આવી પરમ સમાધિનું આ કથન છે.

''ક્યારેક અશુભવંચનાર્થે વચનવિસ્તારથી શોભતું પરમવીતરાગ સર્વજ્ઞનું સ્તવનાદિક પરમ જિનયોગીશ્વરે પણ કરવા યોગ્ય છે.''

વીતરાગતાની ભાન સહિત, અશુભના ત્યાગ અર્થે ક્યારેક મુનિને ભક્તિ વગેરેનો શુભ રાગ આવે છે. ક્યારેક આવો શુભભાવ હોય છે તે અહીં બતાવવું છે. વિશેષ તો અંતરમાં રમણતા અને અંતરનું ચિંતવન હોય છે. દ્રવ્યાનુયોગના તત્ત્વનો વિચાર કરવો તેમાં ઘણો શુભ રાગ છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ૨૯૨માં પાને કહે છે કે :

''કોઈ જીવ કહે છે કે - કરણાનુયોગમાં ગુણસ્થાનનું, માર્ગણાદિકનું, કર્મપ્રકૃતિઓનું વા ત્રિલોકાદિકનું કથન કર્યું છે, હવે તેને જાણી લીધું કે ''આ આમ છે અને આ એમ છે''. પણ તેમાં પોતાનું કાર્ય શું સિદ્ધ થયું ? કાં તો ભક્તિ કરીએ કાં તો વ્રત-દાનાદિક કરીએ અગર કાં તો આત્માનુભવ કરીએ તો તેથી પોતાનું ભલું થાય.

**સમાધાન** - પરમેશ્વર તો વીતરાગ છે. ભક્તિ કરવાથી પ્રસન્ન થઈ તે કાંઈ કરતા નથી. પણ ભક્તિ કરતાં જે મંદકષાય થાય છે તેનું સ્વયં જ ઉત્તમ ફળ થાય છે, હવે કરણાનુયોગના અભ્યાસમાં તેનાથી (ભક્તિથી) પણ અધિક મંદકષાય થઈ શકે છે તેથી તેનું ફળ અતિ ઉત્તમ થાય છે. વળી વ્રતદાનાદિક તો કષાય ઘટાડવાના બાહ્ય નિમિત્તસાધન છે અને કરણાનુયોગનો અભ્યાસ કરતાં ત્યાં ઉપયોગ જોડાઈ જાય ત્યારે રાગાદિક દૂર થાય છે તેથી તે અંતરંગ નિમિત્તસાધન છે, માટે તે વિશેષ કાર્યકારી છે, વ્રતાદિક ધારણ કરીને પણ અધ્યયનાદિ કરીએ છીએ. બીજું આત્માનુભવ સર્વોત્તમ કાર્ય છે. પરંતુ સામાન્ય અનુભવમાં ઉપયોગ ટકતો નથી અને ઉપયોગ ત્યાં ન ટકે ત્યારે અન્ય વિકલ્પો થાય છે. ત્યાં જો કરણાનુયોગનો અભ્યાસ હોય તો તે વિચારોમાં ઉપયોગને જોડે, એ વિચારો વર્તમાન રાગાદિક પણ ઘટાડે છે તથા ભાવી રાગાદિક ઘટાડવાના કારણ છે માટે અહીં (કરણાનુયોગમાં) ઉપયોગને જોડવો. જીવ કર્માદિકના નાના પ્રકારના ભેદ જાણતાં તેમાં કાંઈ રાગાદિ કરવાનું પ્રયોજન નથી તેથી રાગાદિક વધતા નથી, અને વીતરાગ થવાનું પ્રયોજન તેમાં ઠામ ઠામ પ્રગટ છે તેથી રાગાદિ મટાડવાનું એ કારણ છે.''

અમુક જ શુભ રાગ કરવો એમ ન હોય, જે વખતે જે પ્રકારની લાયકાત તેવો શુભ રાગ હોય છે. કોઈ વખતે સ્તુતિ વગેરેનો વિકલ્પ પણ હોય છે. એકાંત પક્ષ ખેંચે કે અમુક જ શુભ વિકલ્પ હોય ને બીજો ન જ હોય -તો તે યથાર્થ સ્થિતિ સમજ્યો નથી.

અહીં તો વચનના વિકલ્પનો નિષેધ કરવા માટે પહેલાં તે વચન ક્યારેક હોય છે તે બતાવે છે. મુનિઓને ક્યારેક શુભ રાગ વખતે શાસ્ત્રસ્વાધ્યાય, જિનેન્દ્રદેવનું સ્તવન વગેરે હોય છે. પરમાર્થથી તો પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચન સંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી. મુનિવરો શાસ્ત્રની રચના કરે કે ''**वंदितु सव्वसिद्धे**.....'' એ પણ વચનનો શુભ વિકલ્પ છે; તે શુભના કાળે તેવો વિકલ્પ આવી જાય છે. તે અપેક્ષાએ તેને કરવાયોગ્ય કહ્યો છે, પણ પરમાર્થે તે રાગ કરવા જેવો નથી. શુભ તેમ જ અશુભ સમસ્ત વિકલ્પ રહિત થઈને જ્ઞાનાનંદ સ્વરૂપના અનુભવમાં લીનતા તે જ પરમ સમાધિ છે. તેથી સ્વાધ્યાય વગેરેની વચનરચનાનો જે વિકલ્પ તેને પણ છોડીને પરમ વીતરાગભાવે કારણપરમાત્માને ધ્યાવવો તે જ પરમ સમાધિ છે. તેવી પરમ સમાધિ ન હોય ત્યારે વીતરાગતાપોષક એવા જિનશાસ્ત્રની સ્વાધ્યાય, વીતરાગની સ્તુતિ વગેરેનો શુભ વિકલ્પ આવે છે, પણ બીજા અશુભને આવવા દેતો નથી; પરમાર્થે તો તે શુભ રાગ પણ કાદવ છે, વિકાર છે. તેનો વ્યાપાર પણ કરવા



જેવો નથી. તે મલિન પરિણામોથી રહિત વીતરાગી પરિણામે જે શુદ્ધ કારણપરમાત્માને ધ્યાવે છે તેને જ સમાધિ હોય છે. એટલે પર્યાયને ન માને, પર્યાયમાં વિકાર છે એમ ન માને તેવા એકાંતી મિથ્યાદૃષ્ટિને આવી વીતરાગી સમાધિ હોતી નથી. શુદ્ધ કારણપરમાત્માને સ્વાત્માના આશ્રયે પરમ નિશ્ચય ધર્મધ્યાનથી ને શુક્લધ્યાનથી ધ્યાવે છે તેને જ સમાધિ છે. જ્ઞાયક એકસ્વરૂપ ત્રિકાળ છે, તે જ નિશ્ચય કારણપરમાત્મા છે, તેમાં લીનતારૂપ પરમ શુક્લધ્યાનથી જે ધ્યાવે છે તેનું નામ જ પરમ સમાધિ છે. જુઓ ! આ દિગંબર સંતોના તીવ્ર વચનો ! પરમ શુક્લધ્યાનથી ઉગ્રભાવના વર્તે છે; અલ્પકાળે સ્વરૂપમાં સ્થિર થઈને પરમ સમાધિથી કેવળજ્ઞાન લેવાની ભાવના છે.

ત્રિકાળ નિરાવરણ શુદ્ધ કારણપરમાત્મા છે તેને ઓળખીને, આત્માના આશ્રયે નિશ્ચય ધર્મધ્યાનથી ધ્યાવે છે, તથા જ્ઞાયક એકસ્વરૂપમાં લીનતા વડે પરમ શુક્લધ્યાનથી ધ્યાવે છે તેવો સંયમી દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂંટનાર છે, તે સંયમીને ખરેખર પરમ સમાધિ છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ છે એમ માને, ને સ્વભાવના આશ્રયે તેનો નાશ કરે તેનું નામ સમાધિ છે. આ દ્રવ્યકર્મ અને ભાવકર્મને જે સ્વીકારે જ નહિ એવા વેદાંત વગેરેમાં આવી પરમ સમાધિ હોય નહિ. આત્માને એકાંત શુદ્ધ જ માન્યો ને પર્યાયને માની નહિ તેને સમાધિ કરવાનું રહેતું નથી. પહેલાં શુભભાવ અનેક પ્રકારનો છે એમ જાણે, તે વિકાર રહિત શુદ્ધ પરમાત્મતત્ત્વને જાણે અને તેના આશ્રયે જે ધર્મ - શુક્લધ્યાનથી આત્માને ધ્યાવે, તેવા સંયમી મુનિને જ પરમ સમાધિ હોય છે, બીજાને સમાધિ હોતી નથી. આવા સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થયું તે પણ શ્રદ્ધા અપેક્ષાએ સમાધિ છે. ને અહીં તો તેમાં લીનતાથી મુનિની પરમ સમાધિની વાત છે. સમ્યગ્દર્શનપૂર્વકના વીતરાગી ચારિત્રની આ વાત છે. અંતર્સ્વભાવની દૃષ્ટિપૂર્વક તેમાં લીનતારૂપ વીતરાગી ચારિત્ર તે જ ખરી સમાધિ છે.

**પોષ વદ ૬, શુક્રવાર, ૧૮-૧-૫૨.**

આ પરમ-સમાધિનો અધિકાર છે. ૧૨૨મી ગાથા પૂરી થઈ. તેના ઉપર ટીકાકાર શ્લોક કહે છે :-

**શ્લોક ૨૦૦**

(वंशस्थ)

**समाधिना केनचिदुत्तमात्मनां**
**हृदि स्फुरन्तीं समतानुयायिनीम्।**
**यावन्न विद्मः सहजात्मसंपदं**
**न मादृशां या विषया विदामहि ॥ २०० ॥**

**શ્લોકાર્થ** : કોઈ એવી (-અવર્ણનીય, પરમ) સમાધિ વડે ઉત્તમ આત્માઓના હૃદયમાં સ્ફુરતી,

સમતાની અનુયાયિની સહજ આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી, ત્યાં સુધી અમારા જેવાઓને જે વિષય છે તેને અમે અનુભવતા નથી. ॥ ૨૦૦ ॥

ચૈતન્યસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા પ્રગટ થાય તેનું નામ સમાધિ છે. પુણ્ય-પાપ તે તો અસમાધિ છે. શરીરાદિ તો બાહ્ય ઉપાધિ છે. ચૈતન્યની વીતરાગી સમતા તે જ પરમ શાંત સમાધિ છે. ચૈતન્યમાં લીનતારૂપ સમાધિ અવર્ણનીય છે; તે સમાધિ વડે ઉત્તમ આત્માઓના હૃદયમાં આત્મસંપદા સ્ફુરે છે. તે આત્મસંપદા સમતાને અનુસરનારી છે. ચૈતન્યની સમતા વડે અંતરમાં પ્રગટતી સહજ આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી ત્યાં સુધી અમારા જેવા મુનિઓનો જે વિષય છે એવા સહજ તત્ત્વનો અનુભવ થતો નથી. જુઓ ! મુનિઓનો વિષય તો સહજ આત્મસંપદા જ છે, કોઈ નિમિત્ત કે વ્યવહાર તે ખરેખર મુનિઓનો વિષય નથી. જેમ છ ખંડનું રાજ તે ચક્રવર્તીની સંપદા છે તેમ ધર્મી - પવિત્ર આત્માઓની આ સહજ આત્મસંપદા છે; તે જ સાચી સંપદા છે. મુનિરાજને વિકલ્પ વર્તે છે તેથી કહે છે કે અમે જ્યાં સુધી અંતરમાં નિર્વિકલ્પપણે સ્થિર ન થઈએ ત્યાં સુધી સહજ આત્મસંપદાને અનુભવતા નથી.



હવે ૧૨૩મી ગાથામાં આત્માને ધ્યાવવાની સામગ્રીનું વર્ણન કરશે. લોકો બાહ્ય સામગ્રીને માને છે પણ અહીં તો અંતરની નિર્મળ પર્યાયને જ ધર્મની સામગ્રી તરીકે વર્ણવે છે.

## આત્મધ્યાનની ખાસ સામગ્રીનું વર્ણન

### ગાથા ૧૨૩

**संजमणियमतवेण दु धम्मज्झाणेण सुक्कझाणेण ।**
**जो झायइ अप्पाणं परमसमाही हवे तस्स ॥ १२३ ॥**

**संयमनियमतपसा तु धर्मध्यानेन शुक्लध्यानेन ।**
**यो ध्यायत्यात्मानं परमसमाधिर्भवेत्तस्य ॥ १२३ ॥**

**સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.**

**અન્વયાર્થ :** **(संयमनियमतपसा तु)** સંયમ, નિયમ ને તપથી તથા **(धर्मध्यानेन शुक्लध्यानेन)** ધર્મધ્યાન ને શુક્લધ્યાનથી **(यः)** જે **(आत्मानं)** આત્માને **(ध्यायति)** ધ્યાવે છે, **(तस्य)** તેને **(परमसमाधिः)** પરમ સમાધિ **(भवेत्)** છે.

આ ગાથામાં સંયમ, નિયમ, તપ, ધર્મધ્યાન ને શુક્લધ્યાન - એવી પાંચ પ્રકારની સામગ્રી વર્ણવી છે, તે સામગ્રી વડે જે પોતાના આત્માને ધ્યાવે છે તેને પરમ સમાધિ છે.

આ ગાથામાં સમાધિનું સ્વરૂપ બતાવ્યું છે. આત્માને ધ્યાવવો તે જ સમાધિ છે; તેને માટેની સામગ્રી વર્ણવે છે

**૧) ‘‘સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે’’.**

પહેલાં એમ નક્કી થવું જોઈએ કે ઇન્દ્રિયો કે ઇન્દ્રિયો તરફનો વ્યાપાર તે મારા હિતને માટે નથી, તે મારું સ્વરૂપ નથી. -આમ નક્કી કર્યા વિના સમસ્ત ઇન્દ્રિયના વ્યાપારનો પરિત્યાગ કરીને અતિન્દ્રિય આત્મામાં વળી શકે નહિ, ને તેને તો દર્શનની શુદ્ધતા પણ નથી. હું અતીન્દ્રિય સ્વભાવ છું -ને ઇન્દ્રિયો તરફનું વલણ તે મારું સ્વરૂપ નથી- એમ ઓળખીને અતીન્દ્રિય સ્વભાવના આશ્રયે ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે. આવો સંયમ તે આત્મધ્યાનની સામગ્રી છે.

**૨) ‘‘નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે.’’**

મારા આત્મસ્વભાવની આરાધના સિવાય પરદ્રવ્યની આરાધનાથી મને લાભ નથી. કોઈ નિમિત્તની આરાધનાને નિયમ ન કહ્યો, પરંતુ નિજ આત્માની આરાધનામાં તત્પરતાને જ નિયમ કહ્યો. પહેલાં તેવો નિર્ણય કર્યો છે કે મારા સ્વભાવમાં તત્પરતા તે જ મને લાભરૂપ છે, પર તરફની તત્પરતા તે મને લાભરૂપ નથી. -આવી શ્રદ્ધાપૂર્વક જ નિયમ હોય. નિજ આત્માની આરાધના કોણ કરી શકે ? જે પરથી લાભ માનતો હોય તે પોતાના આત્માની આરાધના કરી શકે નહિ. સ્વભાવના આશ્રયે જ નિયમ પ્રગટે છે. એવો નિયમ તે આત્મધ્યાનની સામગ્રી છે.

૩) ''**જે આત્માને આત્મામાં આત્માથી ધારી–ટકાવી–જોડી રાખે છે તે અધ્યાત્મ છે અને એ અધ્યાત્મ તે તપ છે**.''

જુઓ ! આવો તપ કરનારને પહેલાં એવો નિર્ણય હોવો જોઈએ કે આત્માનો તપ કોઈ બહારના આશ્રયે નથી, પણ આત્માના સ્વભાવને આત્માથી આત્મામાં ધારી રાખવો -તેનું નામ અધ્યાત્મ તપ છે. અધ્યાત્મ એટલે આત્માની સન્મુખતા, અને તે જ તપ છે. અસંખ્યપ્રદેશી જ્ઞાનધામમાં આત્માને વસાવવો તે તપ છે. નિમિત્તથી કે વ્યવહારથી લાભ માને તેને આવો તપ હોઈ શકે નહિ. નિમિત્ત કે રાગ તે આત્મા નથી, એક સમયનો ક્ષયોપશમઅંશ છે તેટલો પણ આત્મા નથી, અખંડ ત્રિકાળી આત્મા છે, તેને પહેલાં શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો છે, પછી તેને સ્વભાવમાં ધારી રાખવો-ટકાવી રાખવો તેનું નામ તપ છે. આહાર છોડો તો તપ થાય કે ઈન્દ્રિયદમન કરો તો તપ થાય -એવું કાંઈ નથી કહ્યું, પણ આત્માને જાણીને તેને આત્મામાં જ ધારી રાખે તેને અધ્યાત્મ છે ને તે જ તપ છે. આત્માના ભાન વિના તપ હોય નહિ. આત્માના ધર્મની બધી સામગ્રી આત્માના જ આશ્રયે છે, બહારના આશ્રયે આત્માના ધર્મની સામગ્રી નથી. આવો પહેલાં નિર્ણય થવો જોઈએ. તે નિર્ણય વિના આત્માને આત્મામાં જોડે નહિ. એટલે આમાં નિર્ણય અને સ્થિરતા (શ્રદ્ધા અને ચારિત્ર) બન્નેની વાત ભેગી છે. ક્યાં બેસીને ધર્મધ્યાન કરવું ? તો કહે છે કે ચૈતન્યસ્વરૂપી આત્મામાં બેસીને ધર્મધ્યાન કરવું. આત્માને વિકારમાં ન જવા દેવો પણ પોતાના સ્વરૂપમાં જ રાખવો તેનું નામ તપ છે. -આવો તપ તે આત્મધ્યાનની સામગ્રી છે.

જુઓ, આ નિરાલંબી આત્મતત્ત્વ ! તારા અસંખ્ય પ્રદેશમાંથી જ કેવળજ્ઞાનનો પાક પાકવાનો છે; તારા સ્વ-દેશમાં (નિજ આત્મતત્ત્વમાં) અંતર્મુખ થઈને ત્યાં આરામ કર. અનાદિથી પરદેશમાં રખડ્યો, હવે સ્વદેશમાં આવીને વસ. સ્વદેશ એવો જે આત્મા તેમાં વસવું તે જ તપ છે, તેમાંથી જ કેવળજ્ઞાનનો પાક પાકવાનો છે.

સંયમ, નિયમ અને તપ એ ત્રણનું વર્ણન કર્યું. હવે બે પ્રકારના ધ્યાન વર્ણવે છે. આ પાંચ બોલ તે આત્મધ્યાનની સામગ્રી છે. બહારમાં અમુક વસ્ત્ર, અમુક નિર્જન ક્ષેત્ર, ગિરિગુફા, જંગલ વગેરે તે ખરેખર આત્મધ્યાનનું સાધન નથી, અથવા મેરુ ઉપર ભગવાન બેઠા છે- વગેરે પ્રકારનું ચિંતવન



તે પણ શુભ વિકલ્પ છે, ખરેખર આત્મધ્યાન તો આત્માના આશ્રયે જ થાય છે ને તેની સાચી સામગ્રી પણ આત્મામાં જ છે.

૪) ''**સમસ્ત બાહ્ય ક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે એવી અંતઃક્રિયાના અધિકરણ-ભૂત આત્માને -કે જેનું સ્વરૂપ અવધિ વિનાના ત્રણે કાળે (અનાદિકાળથી અનંતકાળ સુધી) નિરુપાધિક છે તેને- જે જીવ જાણે છે, તે જીવની પરિણતિવિશેષ તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે**.''

બાહ્યક્રિયાને તો આડંબર કહ્યો છે. શુભ-અશુભભાવ તે પણ બાહ્યક્રિયાનો આડંબર છે. તે બાહ્યક્રિયાના ત્યાગરૂપ જે અંતઃક્રિયા છે તેનો આધાર જ્ઞાનાનંદ આત્મા છે. અંતઃક્રિયા એટલે વીતરાગી શુદ્ધપરિણતિરૂપ ક્રિયા, તે આત્માના જ આધારે છે, ને તેમાં સમસ્ત બાહ્યક્રિયાનો પરિત્યાગ છે. -આવો પહેલાં જેણે નિર્ણય કર્યો છે, તેને જ ધર્મધ્યાન હોય. બાહ્યક્રિયાના અભાવરૂપ ને અંતઃક્રિયાના આધારરૂપ એવા અનાદિઅનંત આત્મસ્વરૂપને જાણનાર જીવની જે નિર્મળ પરિણતિ છે તે જ સ્વાત્માશ્રિત ધર્મધ્યાન છે.

હું દેહાદિની ક્રિયાથી અને પુણ્ય-પાપની ક્રિયાથી રહિત છું - એનાથી રહિત, આત્મસ્વરૂપના આધારે પ્રગટતી નિર્મળ પરિણતિરૂપ અંતઃક્રિયા છે. તે અંતઃક્રિયાના આધારભૂત ત્રિકાળી નિર્વિકાર-સ્વરૂપ આત્મા છે -એમ જે જાણે છે તેને તેના આશ્રયે વિશિષ્ટ પરિણતિ પ્રગટે છે. તેનું નામ જ ધર્મધ્યાન છે. -આ આત્મધ્યાન માટેની સામગ્રી છે.

અહો ! પોતાના સહજ સ્વભાવના ગાણાં ન રુચે અને પુણ્ય-પાપના વખાણ રુચે - તેને તો આત્માનો પ્રેમ નથી. જેમ કોઈ માણસને મા-બાપના વખાણ સાંભળવા ન ગમે ને સ્ત્રીના વખાણ સાંભળતા મોઢું મલકાવે તો તેના પ્રેમની દિશા ક્યાં વળેલી છે તે ખબર પડી જાય છે. તેમ ધર્મની ક્રિયાનો આધાર ભગવાન આત્મા છે તે માતા-પિતા સમાન છે, પોતે પોતાનો પરમાત્મા છે, નિમિત્ત તરીકે ધર્મના દેવ-ગુરુ-શાસ્ત્ર તે માતા-પિતા છે, તેના ગાણાં જેને ન રુચે અને લૌકિકના કે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રના વખાણ રુચે તો તે સ્વચ્છંદ છે. પોતાના ગાણાં ગમે પણ દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા સાંભળવા વખતે કાંઈ ઉત્સાહ ન આવે, તો તેને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પ્રેમ નથી, તેના પ્રેમની દિશા સંસાર તરફ વળેલી છે.

હવે બીજી વાત : વ્યવહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા-ભક્તિ વગેરેની વાત આવે ત્યાં તો હોંશ આવે, પણ ''તારો આત્મા જ પરમાત્મશક્તિથી ભરેલો છે, તે જ તારા ધર્મનો આધાર છે, તારા ધર્મની સામગ્રી તારા આત્મામાં જ છે.'' -એવી વાત સાંભળતા રુચિ-હોંશ ને ઉત્સાહ ન આવે તો તેને આત્માના સ્વાશ્રિતધર્મની રુચિ નથી. તેને આત્માનું ધર્મધ્યાન હોતું નથી. જેને આત્માનો પ્રેમ હોય તેને આત્માની વાત સંભળાવનાર દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પણ પ્રેમ હોય છે. પણ અહીં એકલા વ્યવહારમાં જ લાગ્યો રહે ને અંતરની ધર્મક્રિયાના આધારરૂપ આત્મા તરફ ન વળે તો તેને ધર્મધ્યાન

થતું નથી. માટે કહ્યું કે જેણે અંતઃક્રિયાના આધારરૂપ પોતાના ત્રિકાળી આત્માને જાણ્યો છે તેવા જીવની વિશિષ્ટ નિર્મળ પરિણતિ તે ધર્મધ્યાન છે. આત્માના આશ્રયે થતી નિર્મળ પરિણતિમાં ધર્મધ્યાનના ચારે પાયા સમાઈ જાય છે. આત્માના આશ્રયમાં ઠર્યો તે જ ધર્મધ્યાન છે. અંતરની વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પરિણતિરૂપ જે અંતઃક્રિયા છે તેનો આધાર આત્મા છે એમ નક્કી કરનારનું વલણ અંતરમાં વળ્યા વિના રહે નહિ. અંતરમાં વલણ થતાં નિર્મળ પરિણતિ થઈ તે ધર્મધ્યાન છે, તે આત્માને ધ્યાવવાની સામગ્રી છે.

૫) ‘‘**ધ્યાન-ધ્યેય-ધ્યાતા, ધ્યાનનું ફળ વગેરેના વિવિધ વિકલ્પોથી વિમુક્ત (અર્થાત્ એવા વિકલ્પો વિનાનું), અંતર્મુખાકાર (અર્થાત્ અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવું), સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર નિરંજન-નિજ પરમ તત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ (-એવું જે ધ્યાન) તે નિશ્ચય શુક્લધ્યાન છે**’’.

શુક્લધ્યાન તો પર્યાય છે, તે અંતર્મુખ નિજ પરમાત્મતત્ત્વમાં વિકલ્પરહિત એકાગ્રતાથી થાય છે. આ ધ્યાન છે ને આ તેનું ફળ છે, એવા ભેદના વિકલ્પ પણ તે ધ્યાનમાં નથી; ધ્યાન-ધ્યેય વગેરેના ભેદનો વિકલ્પ ઊઠે તે બહિર્મુખભાવ છે; તેનાથી રહિત, અંતર્મુખ અતીંદ્રિય પરમાત્મસ્વરૂપમાં અવિચળપણે સ્થિરતા થવી તે જ પરમ શુક્લધ્યાન છે. શુક્લધ્યાન તે ઉત્કૃષ્ટ છે, આત્મામાં અવિચળ-સ્થિતિરૂપ એવું નિશ્ચયશુક્લધ્યાન તે આત્માને ધ્યાવવાના સામગ્રી છે. પહેલાં આવો નિર્ણય કર્યો છે કે અંતર્મુખ તત્ત્વ શું ? તેનો નિર્ણય કરીને તેમાં અવિચળ સ્થિરતા થઈ તે નિશ્ચય શુક્લધ્યાન છે, તે આત્મધ્યાનની ખાસ સામગ્રી છે.

ઉપવાસ કરવો હોય તો આગલે દિવસે બરાબર પુષ્ટ ખોરાક ખાય એટલે જાણે કે તે જ તપની સામગ્રી હોય ! અરે ભાઈ ! અહીં તો કહે છે કે આહારને છોડવો તે પણ તપની સામગ્રી નથી, પણ અંતરમાં તારો આત્મા ધ્રુવ ચિદાનંદ છે તેનો નિર્ણય કરીને તેમાં ઠર તે જ તપ છે, તે તપની સામગ્રી તારા આત્મામાં જ છે.

અહીં સંયમ, નિયમ, તપ તથા ધર્મધ્યાન અને શુક્લધ્યાન એવા પાંચ બોલ વર્ણવ્યા, તે આત્મધ્યાનની ખાસ સામગ્રી છે. આ સામગ્રીવિશેષો વડે પોતાના અખંડ અદ્વૈત પરમ ચૈતન્યમય આત્માને જે પરમ સંયમી નિત્ય ધ્યાવે છે તેને ખરેખર પરમ સમાધિ છે. ગુણ-પર્યાયોની અનેકતા હોવા છતાં વસ્તુસ્વભાવ એક છે તે અપેક્ષાએ અખંડ અદ્વૈત કહ્યું છે, એવા પરમ ચૈતન્યમય પરમાત્મ-તત્ત્વને અને તેમાં એકાગ્રતાથી થતી સંયમ-નિયમ-તપ વગેરે નિર્મળપરિણતિને જે ન માને તેવા યોગી-બાવાઓને સમાધિ હોતી નથી. આત્માની ઓળખાણ કરીને તેમાં એકાગ્ર થાય તેને જ ઉત્તમ સમાધિ થાય છે. ‘‘**समाहिवरम् उत्तमं दिंतु**’’ એમ તીર્થંકરોની સ્તુતિમાં કહે છે, પણ તે ઉત્તમ સમાધિ તો આ રીતે થાય છે. આ સિવાય બીજી રીતે સમાધિ થતી નથી.



**પોષ વદ ૭, શનિવાર, ૧૯-૧-૫૨.**

આ પરમ-સમાધિ અધિકારની ૧૨૩મી ગાથા પૂર્ણ કરતાં શ્લોક કહે છે :-

**શ્લોક ૨૦૧**

(अनुष्टुभ्)

**निर्विकल्पे समाधौ यो नित्यं तिष्ठति चिन्मये।**
**द्वैताद्वैतविनिर्मुक्तमात्मानं तं नमाम्यहम्॥ २०१॥**

**શ્લોકાર્થ** : જે સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે, તે દ્વૈતાદ્વૈતવિમુક્ત (દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી મુક્ત) આત્માને હું નમું છું. ॥ ૨૦૧ ॥

બહારના ક્રિયાકાંડમાં કે દર્શનવિશુદ્ધિ વગરના ધ્યાનમાં સમાધિ નથી. ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન કરીને તેના આનંદમાં એકાગ્રતા થવી તેનું નામ સમાધિ છે. જ્ઞાનાનંદમય આત્માનું ભાન કરીને પછી તેમાં નિર્વિકલ્પ શાંતિથી જે રહે છે તેવા સંતોને નિરંતર પરમ સમાધિ છે, ને તેવા આત્માને હું નમું છું. આત્મા વસ્તુપણે અદ્વૈત છે ને ગુણ-પર્યાયપણે દ્વૈત પણ છે -એવું ભાન કરીને પછી દ્વૈત-અદ્વૈતના વિકલ્પ છોડીને જે નિર્વિકલ્પ સમાધિમાં લીન રહે છે તેવા આત્માને હું નમું છું.

હવે આત્મામાં એકાગ્રતારૂપ સમતા વગર ગમે તેટલું કરે તો પણ શ્રમણાભાસને તે કાંઈ મોક્ષનું સાધન થતું નથી, એમ કહે છે :-

**ગાથા ૧૨૪**

**किं काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो।**
**अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स॥ १२४॥**

**किं करिष्यति वनवासः कायक्लेशो विचित्रोपवासः।**
**अध्ययनमौनप्रभृतयः समतारहितस्य श्रमणस्य॥ १२४॥**

**વનવાસ વા તનકલેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે ?**
**રે ! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને ? ૧૨૪.**

**અન્વયાર્થ** : (**वनवासः**) વનવાસ, (**कायक्लेश विचित्रोपवासः**) કાયકલેશરૂપ અનેક પ્રકારના ઉપવાસ, (**अध्ययनमौनप्रभृतयः**) અધ્યયન, મૌન વગેરે (કાર્યો) (**समतारहितस्य श्रमणस्य**) સમતારહિત શ્રમણને (**किं करिष्यति**) શું કરે છે (-શો લાભ કરે છે) ?

બહારમાં બગલાની જેમ શાંત થઈને બેસી જવું તેવી સમતાની આ વાત નથી, પણ આ તો સંયોગનું બહુમાન ટળીને, સ્વભાવના બહુમાન વડે તેમાં જેમને વીતરાગી લીનતા થઈ છે એવા સંતોની સમાધિની વાત છે. જેણે સ્વચૈતન્યના મહિમાને જાણ્યો નથી ને તેમાં લીનતા પ્રગટી નથી તેવા શ્રમણાભાસને બાહ્ય ક્રિયાકાંડ વડે કાંઈ પણ મોક્ષ સાધન થતું નથી. મોક્ષનું સાધન તો અંતરંગ સ્વરૂપના આશ્રયે છે.

જેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવલિંગ પ્રગટ્યું નથી ને કેવળ બાહ્ય દ્રવ્યલિંગી છે, તે શ્રમણાભાસ છે. હું બીજાને રાજી કરું કે હું બીજાથી રાજી થાઉં એવી જેની બુદ્ધિ છે તેને તો સમતાની ગંધ પણ નથી. સમસ્ત કર્મકાદવથી રહિત અને પરમ આનંદના હેતુભૂત એવો પરમ સમતાભાવ તે મોક્ષનું કારણ છે. પણ તેવા સમતાભાવ વગર શ્રમણાભાસ ભલે વનવાસમાં વસે કે ઉગ્ર કાયકલેશ કરે તો પણ તેને મોક્ષ સાધન કિંચિત નથી. દ્રવ્યલિંગી શ્રમણાભાસ કેવો છે ? કે જંગલમાં વસે, વસ્ત્રનો તાણોવાણો ય ન રાખે, વર્ષા ઋતુમાં વૃક્ષ નીચે વસે ને ઉપરથી પાણીની ધારા ટપકતી હોય, પણ અંતરમાં વીતરાગી દૃષ્ટિ ને સ્થિરતારૂપ સમતા પ્રગટી નથી તો વનમાં રહેવાથી શું ? અરે ! હું તો ચિદાનંદ આત્મા, જગતથી ઉદાસ, જિનપ્રતિમા છું, ચૈતન્યબિંબ જિનપ્રતિમા છું -એવું જેને ભાન નથી ને બહારમાં પ્રચંડ તડકામાં તપ તપે છે, ઘોર તડકામાં ઊંચા પર્વતની શિલા ઉપર જઈને બેસે છે, તેને તે બધું ફોગટ છે, મોક્ષનું સાધન તેને જરા ય થતું નથી. જુઓ!



અહીં કુંદકુંદ આચાર્યદેવ આત્મજ્ઞાન વિનાની બધી ક્રિયાઓને મોક્ષ માટે નિષ્ફળ બતાવે છે.

વળી શિયાળાની કડકડતી ઠંડી હોય ને આખી રાત ખૂલ્લી જગ્યામાં દિગંબરપણે રહે - તો પણ અંતરમાં ચૈતન્યની સમતા વગર તેને કિંચિત્ ધર્મસાધન નથી. દ્રવ્યલિંગી શ્રમણને વસ્ત્રાદિ હોય જ નહિ, જેને વસ્ત્રાદિ હોય તેને તો દ્રવ્યલિંગ પણ નથી. અહીં તો કહે છે કે અંતરમાં ચૈતન્યસ્વરૂપ આત્માના આશ્રય વિના ગમે તેટલા બાહ્ય ક્રિયાકાંડ કરે તો પણ તે કાંઈ મોક્ષનું સાધન નથી.

વળી માત્ર હાડકાં અને ચામડીરૂપ થઈ ગયું હોય તેવા શરીરને કલેશદાયક મહા ઉપવાસ કરે, શરીરને સૂકવી નાખે પણ અંતરમાં આત્મજ્ઞાન વિના તેને કાંઈ લાભ નથી. વળી તે શ્રમણાભાસ સદા અધ્યયનપટુતા રાખે એટલે કે અનેક શાસ્ત્રોનો સદા અભ્યાસ કર્યા કરે -પણ અંતરમાં આત્માના આશ્રય વિના તે બધું ફોક છે, તે કાંઈ પ્રશંસનીય નથી. વળી તે સતત મૌનવ્રત પાળે, પણ અંદરમાં ચૈતન્યતત્ત્વ વિકારથી નિવૃત્ત છે તેનો અનુભવ નથી, તેને સમાધિ નથી, ને તેને તે કાંઈ મોક્ષનું કારણ થતું નથી, તેને ઉપાદેયફળ જરાય નથી; એટલે કે તે ઉપવાસ આદિ કરી કરીને ભલે સ્વર્ગફળ પામે, પણ તે ફળ પ્રશંસનીય નથી, ઉપાદેય નથી. ઉપાદેય તો એક મોક્ષફળ જ છે, તે મોક્ષનું સાધન આત્મજ્ઞાન વિના થતું નથી.

ચૈતન્યનું આત્મજ્ઞાન અને તેમાં એકાગ્રતા વગર શ્રમણને બાહ્ય ક્રિયાકાંડના શુભભાવો શું કરશે? તેનાથી કાંઈ પણ ઉપાદેયફળ જરા ય થતું નથી.

એવી રીતે શ્રી યોગીન્દ્રદેવકૃત અમૃતાશીતિમાં ૫૯મા શ્લોક દ્વારા કહ્યું છે કે :-

(मालिनी)

**गिरिगहनगुहाद्यारण्यशून्यप्रदेश-**
**स्थितिकरणनिरोधध्यानतीर्थोपसेवा।**
**प्रपठनजपहोमैर्ब्रह्मणो नास्ति सिद्धिः**
**मृगय तदपरं त्वं भोः प्रकारं गुरुभ्यः॥**

**શ્લોકાર્થ** : પર્વતની ઊંડી ગુફા વગેરેમાં કે વનના શૂન્ય પ્રદેશમાં રહેવાથી, ઇન્દ્રિયનિરોધથી, ધ્યાનથી, તીર્થસેવાથી (તીર્થસ્થાનમાં વસવાથી), પઠનથી, જપથી અને હોમથી બ્રહ્મની (આત્માની) સિદ્ધિ નથી; માટે, હે ભાઈ ! તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.

પર્વતની ઊંડી ગુફામાં રહે કે એકાંત જંગલમાં જઈને રહે, ને ઇન્દ્રિયોનો નિરોધ કરે, તો પણ તે કોઈ સાધન વડે આત્માની સિદ્ધિ થતી નથી. સ્વાદને જીતે, લૂખું ખાય, બહારમાં આંખ ઊંચી ન કરે, વગેરે પ્રકારે પાંચ ઇન્દ્રિયોને જીતે અને શુભ રાગરૂપ ધ્યાનમાં એકાગ્ર થાય -પણ તેનાથી ચિદાનંદ સ્વરૂપ આત્માની પ્રાપ્તિ થતી નથી. આત્મજ્ઞાન વિનાનું ધ્યાન તો તરંગ સમાન છે. વળી

તીર્થની સેવા કરે, તીર્થમાં જઈને ચાર ચાર માસ રહે પણ ત્યાંથી ચૈતન્યની પ્રાપ્તિ થતી નથી. વળી શાસ્ત્ર વાંચ્યા કરે કે જાપ જપ્યા કરે તથા હોમ કરે એટલે કે ભગવાન પાસે પૂજામાં અર્ઘ્યને સ્વાહા કરે - તે કોઈ ઉપાયથી બ્રહ્મની સિદ્ધિ થતી નથી. 'નવ લાખ જપંતા નરક નિવારે' - તે વાત બરાબર નથી. કરોડો નવકાર ગણે તો ય આત્માની પ્રાપ્તિ થાય તેમ નથી. એટલે કે કોઈ પણ શુભ રાગ વડે આત્માની પ્રાપ્તિ થતી નથી. માટે હે ભાઈ ! તું ગુરુઓ દ્વારા તે બધા બાહ્ય સાધનો સિવાય બીજા પ્રકારને શોધ !

**''मृगयं तदपरं त्वं भो प्रकारं गुरुभ्यः''**

હે ભાઈ ! તું વ્રત-તપ-જપ વગેરેના શુભભાવથી બીજા ઉપાયને શ્રીગુરુ પાસેથી શોધ ! એટલે કે જે કોઈ જીવ વ્રત-તપ-પૂજા વગેરે ક્રિયાકાંડના શુભ રાગથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થવાનું કહેતા હોય તે કોઈ સાચા ગુરુ નથી, પણ તેનાથી અનેરો ઉપાય જે બતાવતાં હોય તેવા ગુરુ પાસે જઈને તું આત્માની સિદ્ધિના ઉપાયને શોધ !! ''હે ભાઈ ! શ્રીગુરુ વડે આનાથી બીજા પ્રકારને તું શોધ'' એમ કહીને જેટલા શુભભાવના પ્રકારો ઈન્દ્રિયનિરોધ-તપ વગેરે કહ્યા તે બધાયનો મોક્ષસાધનમાંથી નિષેધ કર્યો છે, ને તેનાથી બીજો કોઈ ઉપાય બાકી રહી ગયો છે તેને તું શોધ એમ કહ્યું છે.

વ્રતાદિનો શુભ રાગ તો અનંતવાર કર્યો પણ તેનાથી ચૈતન્યની પ્રાપ્તિ ન થઈ, માટે તેનાથી જુદું મૂળ સાધન શું બાકી રહી ગયું તે શ્રીગુરુ પાસે જઈને શોધ !

વળી આ ૧૨૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૨૦૨**

(द्रुतविलंबित)

**अनशनादितपश्चरणैः फलं**
**समतया रहितस्य यतेर्न हि।**
**तत इदं निजतत्त्वमनाकुलं**
**भज मुने समताकुलमंदिरम्॥ २०२॥**

**શ્લોકાર્થ** : ખરેખર સમતા રહિત યતિને અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી; માટે હે મુનિ! સમતાનું કુલમંદિર એવું જે આ અનાકુળ નિજ તત્ત્વ તેને ભજ. ॥ ૨૦૨ ॥

નિજ તત્ત્વના આશ્રયે વીતરાગી સમતા તે જ ખરી સમતા છે. એ સિવાયનો મંદ કષાય કરે તે ખરી સમતા નથી. જે મુનિને ચૈતન્યના આશ્રયે વીતરાગી સમતા થઈ નથી તેને અનશન, વૈયાવચ્ચ વગેરે તપશ્ચરણથી ફળ નથી. માટે હે મુનિ ! સમતાનું કુલમંદિર એવા તારા સ્વતત્ત્વને જ ભજ!



સમતાનું વંશપરંપરાનું ઉત્તમ ઘર તો પોતાનો સહજ આત્મા છે; અનાદિથી સંતો તે સ્વભાવના આશ્રયે સમતા કરી કરીને મુક્તિ પામતા આવ્યા છે, અનાદિથી પોતાનો સ્વભાવ પરમ સમતાનું ઘર છે, તે આત્માના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે. રાગ તે કાંઈ સમતાનું પરંપરાનું સ્થાન નથી. જે મકાન વગેરે ઘણી પેઢીથી ચાલ્યું આવતું હોય તેને કુળપરંપરાનું કહેવાય છે, તેમ રાગની પરંપરા વડે સમતા પ્રાપ્ત થતી નથી, પણ ચિદાનંદી સ્વતત્ત્વ તે જ અનાદિનું વીતરાગતાનું ઘર છે. સમતા માટે હે મુનિ તારા સ્વતત્ત્વને જ ભજ ! એ સિવાય બહારના ક્રિયાકાંડને કે રાગને ભજવાથી મોક્ષમાર્ગ થશે નહિ.

હવે સામાયિકવ્રતનું વર્ણન કરે છે. ગાથાએ ગાથાએ સામાયિકનું વર્ણન કરશે.

**ગાથા ૧૨૫**

**विरदो सव्वसावज्जे तिगुत्तो पिहिदिंदिओ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १२५॥**

**विरतः सर्वसावद्ये त्रिगुप्तः पिहितेन्द्रियः।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥ १२५॥**

**સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઇંદ્રિયસમૂહ નિરુદ્ધ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.**

**અન્વયાર્થ** : (**सर्वसावद्ये विरतः**) જે સર્વ સાવદ્યમાં વિરત છે, (**त्रिगुप्तः**) જે ત્રણ ગુપ્તિવાળો છે અને (**पिहितेन्द्रियः**) જેણે ઇંદ્રિયોને બંધ (નિરુદ્ધ) કરી છે, (**तस्य**) તેને (**सामायिकं**) સામાયિક (**स्थायि**) સ્થાયી છે (**इति केवलिशासने**) એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

ભગવાનના શાસનમાં સામાયિક કેવી હોય ? તે કહે છે.

શાશ્વત એવા ચૈતન્યના અવલંબને જે સમભાવ પ્રગટ્યો તે કાયમ ટકી રહેશે. તેથી તે જ સ્થાયી સામાયિક છે. પહેલાં તો સર્વ સાવદ્યવ્યાપારથી રહિત કહ્યું, તો મિથ્યાત્વ તે જ મોટો સાવદ્યભાવ છે. તેનો ત્યાગ પ્રથમ હોવો જોઈએ, ને પછી ચૈતન્યમાં લીન થતાં પુણ્ય-પાપના સાવદ્યભાવો છૂટી જાય તેને સર્વજ્ઞના શાસનમાં સ્થાયી સામાયિક કહ્યું છે.

‘‘અહીં આ લોકમાં જે એકેંદ્રિયાદિ પ્રાણીસમૂહને કલેશના હેતુભૂત સમસ્ત સાવદ્યના વ્યાસંગથી વિમુક્ત છે. પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત કાય-વચન-મનના વ્યાપારના અભાવને લીધે ત્રિગુપ્ત (ત્રણ ગુપ્તિવાળો) છે અને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયો દ્વારા તે તે ઇન્દ્રિયને યોગ્ય વિષયના ગ્રહણનો અભાવ હોવાથી બંધ કરેલી ઇન્દ્રિયોવાળો છે, તે મહામુમુક્ષુ પરમ વીતરાગ-સંયમીને ખરેખર સામાયિકવ્રત શાશ્વત સ્થાયી છે.’’

જે સાવદ્યભાવને છોડવાનું કહ્યું છે તે ભાવ ચૈતન્યનું સ્વરૂપ નથી - એવા નિર્ણયથી પ્રથમ દર્શનશુદ્ધિ થયા વિના તે ભાવોનો ત્યાગ થઈ શકે નહિ. એ રીતે દર્શનશુદ્ધિનો ભણકાર ભેગો ને ભેગો જ છે. રાગાદિભાવોને છોડવાનું કહ્યું, તો જેનામાં રાગાદિનો અભાવ છે એવા સ્વરૂપમાં સન્મુખ થયા વિના રાગાદિભાવો છૂટે જ નહિ, ને તે સ્વભાવની સન્મુખ થયા વિના ઇન્દ્રિયવિષયોથી વિમુખતા થાય જ નહિ. જે મુનિ ચૈતન્યસ્વરૂપમાં ઠરીને સર્વ સાવદ્યથી રહિત થયા છે, ત્રણ ગુપ્તિથી સહિત



છે ને જેમણે પાંચ ઇન્દ્રિયોનો વ્યાપાર બંધ કરી દીધો છે -એવા મહામુમુક્ષુ પરમ વીતરાગસંયમીને ખરેખર સામાયિકવ્રત સ્થાયી છે. અહીં મુખ્યપણે મુનિની વાત લીધી છે. તે અનુસાર શ્રાવકને પણ જેટલી સ્વભાવ સન્મુખ વીતરાગ પરિણતિ થઈ છે તેટલી સ્થાયી સામાયિક છે, તેને મિથ્યાત્વાદિ સાવદ્યભાવનો પરિહાર થયો છે. પંચેન્દ્રિય મનુષ્ય વગેરેના પોષણ માટે બીજા જીવોને મારું એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. એક પણ જીવની હિંસાનો ભાવ કરવા જેવો નથી -એવું જેને ભાન નથી; શુભાશુભ રાગ અને ઇન્દ્રિયવિષયોનું ગ્રહણ તે મારું સ્વરૂપ નથી એવું જેને ભાન નથી તેને અતીન્દ્રિય ચૈતન્યસ્વભાવની સન્મુખતા વગર ઇન્દ્રિયવિષયોનું ગ્રહણ, સાવદ્યવ્યાપાર ને શુભાશુભ ભાવો છૂટતા નથી. એટલે તેને ખરી સામાયિક હોતી નથી; તે ભલે શુભભાવ કરે ને તેના ફળમાં સ્વર્ગમાં જાય, પણ તેને સાચું ફળ આવતું નથી એટલે કે મોક્ષનું સાધન પ્રગટતું નથી.

**પોષ વદ ૮, રવિવાર, ૨૦-૧-૫૨.**

આજે સવારે શ્રી સમયસાર હરિગીતની સ્વાધ્યાય હતી.

**પોષ વદ ૯, સોમવાર, ૨૧-૧-૫૨.**

આ પરમ-સમાધિનો અધિકાર છે; સમાધિ કહો, સામાયિક કહો, શાંતિ કહો કે ચારિત્ર કહો, તે કોને થાય તેનું આ વર્ણન છે.

**શ્લોક ૨૦૩**

(मन्दाक्रान्ता)

**इत्थं मुक्त्वा भवभयकरं सर्वसावद्यराशिं**
**नीत्वा नाशं विकृतिमनिशं कायवाङ्मानसानाम्।**
**अन्तःशुद्ध्या परमकलया साकमात्मानमेकं**
**बुद्ध्वा जन्तुः स्थिरशममयं शुद्धशीलं प्रयाति॥ २०३॥**

**શ્લોકાર્થ** : આ રીતે ભવભયના કરનારા સમસ્ત સાવદ્યસમૂહને છોડીને, કાય-વચન-મનની વિકૃતિને નિરંતર નાશ પમાડીને, અંતરંગ શુદ્ધિથી પરમ કળા સહિત (પરમ જ્ઞાનકળા સહિત) એક આત્માને જાણીને જીવ સ્થિરશમમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે (અર્થાત્ શાશ્વત સમતામય શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે). ॥ ૨૦૩ ॥

ચિદાનંદસ્વરૂપ પુણ્ય-પાપ રહિત છે, એમ પ્રથમ જાણીને તેમાં લીનતા વડે ભવભયના કરનારા પુણ્ય-પાપ છૂટી જાય છે. પુણ્ય-પાપ તે ટળવા યોગ્ય છે એમ પ્રથમ જેણે જાણ્યું છે, તેને જ સ્વરૂપમાં સ્થિરતા વડે તે વિકારનો વ્યય થાય છે. અને મન-વચન-કાયાની વિકૃતિને એટલે કે તેમના નિમિત્તે

થતાં વિકારને નિરંતર નાશ પમાડવો. -કઈ રીતે ? સ્વભાવમાં ત્રિકાળ તેનો અભાવ છે તેના આશ્રયે તે વિકારનો નાશ થાય છે. સ્વભાવમાં વિકાર નથી ને પર્યાયમાં ક્ષણિક વિકાર છે તે મારું સ્વરૂપ નથી -એમ જેને દ્રવ્ય-પર્યાયનો વિવેક થયો હોય તેને જ અંતરંગ શુદ્ધ આત્મામાં લીનતા વડે સામાયિક થાય છે.

આત્મા ત્રિકાળ પરમકળા સહિત વસ્તુ છે, તેને અંતરંગ શુદ્ધિથી જાણીને જીવ સ્થિર શાંતિમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે; આનું નામ સામાયિક અને ચારિત્ર છે.



## ગાથા ૧૨૬

**जो समो सव्वभूदेसु थावरेसु तसेसु वा।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १२६॥**

**यः समः सर्वभूतेषु स्थावरेषु त्रसेषु वा।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥ १२६॥**

**સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.**

**અન્વયાર્થ** : (**यः**) જે (**स्थावरेषु**) સ્થાવર (**वा**) કે (**त्रसेषु**) ત્રસ (**सर्वभूतेषु**) સર્વ જીવો પ્રત્યે (**समः**) સમભાવવાળો છે, (**तस्य**) તેને (**सामायिकं**) સામાયિક (**स्थायि**) સ્થાયી છે (**इति केवलिशासने**) એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

સવાર-બપોર-સાંજ સામાયિક કરવાનું લોકો કહે છે. અહીં આચાર્યદેવ સામાયિકનું સ્વરૂપ સમજાવે છે. નિરંતર સામાયિકની આ વાત છે. સર્વજ્ઞના શાસનમાં તો ચૈતન્યમાં સ્થિરતારૂપ વીતરાગીભાવ થતાં, ત્રસ-સ્થાવર સમસ્ત જીવની હિંસાનો ભાવ જ ન થાય -એને સ્થાયી સામાયિક કહ્યું છે.

ત્રસ અને સ્થાવર જીવો જગતમાં છે, તે બધાય મારું જ્ઞેય છે ને હું તો જ્ઞાન છું -એવું જેને ભાન હોય તેને જ જ્ઞાતાપણાનો સમભાવ હોય છે. પણ હું કોઈને બચાવી શકું કે મારી શકું એવી જેની માન્યતા હોય તેને સમભાવ નથી પણ વિષમભાવ છે. પહેલાં જ્ઞાનસ્વરૂપ આત્મા સમસ્ત ત્રસ-સ્થાવર જીવોથી ભિન્ન છે -એમ ભાન કરીને પછી તેમાં સ્થિર રહેવું તેનું નામ પરમ મધ્યસ્થભાવ છે. એવા પરમ માધ્યસ્થભાવમાં જે આરૂઢ છે એવા પરમ મુમુક્ષુને સ્થાયી સામાયિક હોય છે.

કેવા છે તે પરમ મુમુક્ષુ મુનિ ? સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ છે. આત્મા સિવાય સમસ્ત જગત પ્રત્યે સહજ ઉદાસીનતા થઈ ગઈ છે, હું તો આત્મા છું, મારે શરીરાદિ કોઈ સાથે કાંઈ સંબંધ નથી, રાગાદિ પણ મારું સ્વરૂપ નથી -એવા ભાનપૂર્વક સહજ વૈરાગ્ય જેમને પરિણમી ગયો છે, અને રાગ-દ્વેષ-મોહના અભાવને લીધે પરમ સમરસભાવમાં લીન હોવાથી, ત્રસ-સ્થાવર જીવો પ્રત્યે સમતા છે. -આવા પરમ જિનયોગીશ્વરને પરમ સ્થિર સામાયિક હોય છે.

રાગ-દ્વેષ-મોહ પોતે જ વિકાર છે, તેનાથી રહિત થઈને અને ગુણ-ગણીના ભેદની કલ્પનાથી પણ વિમુક્ત ચૈતન્યના પરમ ઉપશાંતરસમાં ઠર્યા છે તેને જ સાચો સમભાવ છે. જેને હજી આવા આત્માનું ભાન પણ ન હોય તેને સમભાવ સાચો હોતો નથી. હું પરથી ઉદાસીન, વિકાર રહિત, શુદ્ધ જ્ઞાનમૂર્તિ છું -એમ જાણીને ભેદના વિકલ્પ રહિત ચૈતન્યના અનુભવમાં ઠરવું તેનું નામ પરમ

સમરસભાવ છે.

૧) જેને સહજ વૈરાગ્ય હોય,

૨) રાગ-દ્વેષ-મોહનો અભાવ હોય,

૩) ભેદ કલ્પના રહિત હોય અને

૪) પરમ સમરસીભાવ સહિત હોય

-એવા સંતને સામાયિક હોય છે. એ સિવાય જેને પરથી ભિન્નતાનું ભાન નથી, વિકાર રહિત સ્વરૂપનું ભાન અને તેમાં લીનતા નથી તેને પરમ સામાયિક નથી. અહો ! જે આત્માના ઉપશમરસમાં ઝૂલે છે...સમતારસમાં જામી ગયા છે તેને ભગવાન સામાયિક કહે છે. ગૃહસ્થને પણ પ્રથમ આવા નિર્ણયપૂર્વક જેટલી ઉપશમભાવરૂપ વીતરાગી સમતા પ્રગટે તેટલી સામાયિક છે. ગૃહસ્થને મુનિ જેટલી વિશેષ લીનતા નથી હોતી, પણ તેથી કાંઈ તેની સામાયિક વિશેષ લીનતારૂપ સમભાવ છે, તે સામાયિક છે; ને ગૃહસ્થને પણ આત્માના ભાન સહિત જેટલો વીતરાગી સમભાવ છે તેટલી સામાયિક છે. ભગવાનના શાસનમાં તો સામાયિકનું આવું સ્વરૂપ કહ્યું છે. સમતામાં લીન થવું તે સામાયિક છે. ચૈતન્યમાંથી શાંતિના ઝરણાં વહે તેને ભગવાનના માર્ગમાં સામાયિક કહે છે.

હવે આ ૧૨૬મી ગાથા ઉપર ટીકાકાર આઠ શ્લોક કહે છે.

પ્રથમ શ્લોકમાં આવી વીતરાગી સમતાવાળા મુનિરાજને નમસ્કાર કરે છે :-

**શ્લોક ૨૦૪**

(मालिनी)

**त्रसहतिपरिमुक्तं स्थावराणां वधैर्वा**
**परमजिनमुनीनां चित्तमुच्चैरजस्रम्।**
**अपि चरमगतं यन्निर्मलं कर्ममुक्त्यै**
**तदहमभिनमामि स्तौमि संभावयामि॥ २०४॥**

**શ્લોકાર્થ** : પરમ જિનમુનિઓનું જે ચિત્ત (ચૈતન્યપરિણમન) નિરંતર ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના વધથી અત્યંત વિમુક્ત છે, વળી જે (ચિત્ત) અંતિમ અવસ્થાને પામેલું અને નિર્મળ છે, તેને હું કર્મથી મુક્ત થવાને અર્થે નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું. ॥ ૨૦૪ ॥

મહા સંતોનું અંતરનું ચૈતન્ય પરિણમન નિરંતર એવું શુદ્ધ છે કે ત્રસ-સ્થાવર જીવોના ઘાતથી



અત્યંત વિમુક્ત છે; એક પણ જીવની હિંસાની વૃત્તિ કદી થતી નથી, એવી ચૈતન્યપરિણતિ થઈ ગઈ છે. હું મારી શકું કે બચાવી શકું -એ વાત તો દૂર રહી, પણ મુનિઓને તો કોઈ જીવને મારવાની વૃત્તિ ઉઠતી નથી એવું સહજ ચૈતન્ય પરિણમન જ થઈ ગયું છે. વળી ચૈતન્ય પરિણમન અંતિમ અવસ્થાને પામેલું એટલે કે વીતરાગતાને પામેલું અને નિર્મળ થઈ ગયું છે. હજી કેવળજ્ઞાન થયું નથી તો પણ અંતિમ અવસ્થાની પ્રાપ્તિ કરી દીધી છે, એટલે કે મુનિદશાને યોગ્ય વીતરાગતા પરિણમી ગઈ છે; હું મુક્તિને અર્થે આવા પરમ જિનમુનિને નમસ્કાર કરું છું. પરને નમસ્કાર કરવામાં જે વિકલ્પ છે તે કાંઈ મુક્તિનું કારણ નથી, પણ અંદર જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્યમૂર્તિના ભાનપૂર્વક જે વીતરાગતાની ભાવના વર્તે છે તે મુક્તિનું કારણ છે -એમ સમજવું. જેને વીતરાગતા પ્રગટી છે એવા મુનિને હું નમું છું-સ્તવું છું ને સમ્યક્ પ્રકારે ભાવું છું. અહો ! એવા મુનિનો સમાગમ મને હો ! -એવી ભાવના કરું છું, અંતરમાં મને એવી વીતરાગતા હો -એવી ભાવના છે.

હવે બીજા શ્લોકમાં કહે છે કે હું સમતામાં વર્તું છું :-

**શ્લોક ૨૦૫**

(अनुष्टुभ्)

**केचिदद्वैतमार्गस्थाः केचिद्द्वैतपथे स्थिताः।**
**द्वैताद्वैतविनिर्मुक्तमार्गे वर्तामहे वयम्॥ २०५॥**

**શ્લોકાર્થ** : કોઈ જીવો અદ્વૈતમાર્ગમાં સ્થિત છે અને કોઈ જીવો દ્વૈતમાર્ગમાં સ્થિત છે; દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં (અર્થાત્ જેમાં દ્વૈત કે અદ્વૈતના વિકલ્પો નથી એવા માર્ગમાં) અમે વર્તીએ છીએ. ॥ ૨૦૫ ॥

''હું એક અદ્વૈત છું'' એવો વિકલ્પ તે રાગ છે, ને હું ગુણી ને જ્ઞાનાદિ મારા ગુણ છે -એવો દ્વૈતનો વિકલ્પ તે પણ રાગ છે, તે બન્ને વિષમભાવ છે; દ્વૈત-અદ્વૈત બન્નેના વિકલ્પ રહિત થઈને હું તો ચૈતન્યમાં વર્તું છું. વિકલ્પ રહિત સ્થિરભાવ તે જ સામાયિક છે -એમ અહીં કહેવા માગે છે. ગુણ-ગુણીના ભેદનો કે અભેદનો વિકલ્પ ઊઠે તે પણ સમભાવ નથી, પંચ પરમેષ્ઠીના વિચાર કરવા તે પણ સામાયિક નથી. અંદરમાં વિકલ્પથી વિમુક્ત થઈને સ્વરૂપમાં લીનતારૂપ જે પરમ સામ્યભાવ તે જ સર્વજ્ઞના શાસનમાં કહેલું સ્થાયી સામાયિક છે. ટીકાકાર મુનિરાજ કહે છે કે અમે તે જંગલમાં વસતા....ચિદાનંદના સહજાનંદમાં ઝૂલતા સામાયિકમાં વર્તીએ છીએ, દ્વૈત-અદ્વૈતના વિકલ્પથી વિમુક્ત એવા વીતરાગમાર્ગમાં અમે વર્તીએ. બધું થઈને અદ્વૈત એ વાત તો દૂર રહી, તે તો મિથ્યા છે, પણ સ્વભાવથી અદ્વૈત છું -એક પરમાત્મતત્ત્વ છું- એવો જે વિકલ્પ ઊઠે તે વિકલ્પમાં અમે વર્તતા નથી. ''હું આત્મા છું ને આ ત્રસ-સ્થાવર જીવો છે તેને હું ન હણું'' એવો દ્વૈતનો વિકલ્પ છે તે કાંઈ

સામાયિક નથી. ત્રસ-સ્થાવરની હિંસાના પરિણામનો ત્યાગ કહ્યો તેથી એમ ન સમજવું કે ત્રસ-સ્થાવરની અહિંસાનો શુભ રાગ તે સામાયિક છે. સામાયિક તો દ્વૈત-અદ્વૈતના વિકલ્પ રહિત થઈને શુદ્ધ ચૈતન્યમાં વર્તવું તે જ છે. ટીકાકાર મુનિ કહે છે કે અમે એવા માર્ગમાં વર્તીએ છીએ.

હવે દ્વૈત-અદ્વૈતથી વિમુક્ત એવા આત્માને નમસ્કાર કરે છે.

**શ્લોક ૨૦૬**

(अनुष्टुभ्)

**कांक्षंत्यद्वैतमन्येपि द्वैतं कांक्षन्ति चापरे।**
**द्वैताद्वैतविनिर्मुक्तमात्मानमभिनौम्यहम्॥ २०६॥**

**શ્લોકાર્થ** : કોઈ જીવો અદ્વૈતને ઈચ્છે છે અને અન્ય કોઈ જીવો દ્વૈતને ઈચ્છે છે; હું દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત આત્માને નમું છું. ॥ ૨૦૬ ॥

હું દ્વૈત કે અદ્વૈતના વિકલ્પને ભાવતો નથી. હું તો દ્વૈત-અદ્વૈતના વિકલ્પના રાગથી રહિત શુદ્ધ આત્માને જ નમું છું, શુદ્ધ આત્મામાં જ હું પરિણમું છું. 'શુદ્ધ આત્માને ઈચ્છું છું' એમ ન કહ્યું પણ 'શુદ્ધ આત્માને નમું છું એટલે કે તેમાં એકાગ્ર થાઉં છું' એમ કહ્યું છે. બહારમાં ભગવાનને નમસ્કાર કરવાનો ભાવ તે પુણ્ય છે, તેને ભગવાને સામાયિક કહ્યું નથી. સામાયિક તો ચૈતન્યના વીતરાગભાવમાં ઠરવું તે જ છે.

વળી ફરીથી ચૈતન્યમાં સ્થિરતાની વિશેષ ભાવના ભાવે છે.

**શ્લોક ૨૦૭**

(अनुष्टुभ्)

**अहमात्मा सुखाकांक्षी स्वात्मानमजमच्युतम्।**
**आत्मनैवात्मनि स्थित्वा भावयामि मुहुर्मुहुः॥ २०७॥**

**શ્લોકાર્થ** : હું -સુખને ઈચ્છનારો આત્મા- અજન્મ અને અવિનાશી એવા નિજ આત્માને આત્મા વડે જ આત્મામાં સ્થિત રહીને વારંવાર ભાવું છું. ॥ ૨૦૭ ॥

જુઓ ! સુખના અભિલાષી આત્માએ શું કરવું તે આમાં બતાવે છે. પ્રથમ તો નક્કી કરવું જોઈએ કે મારું સુખ ક્યાંય વિષય-કષાયમાં નથી, મારો ચૈતન્ય આત્મા જ અમૃતકુંડ છે, તેમાં જ મારું સુખ છે. એમ જાણીને જન્મ-મરણ રહિત પોતાના આત્માની જેટલી ભાવના કરે તેટલો અંદરથી આનંદનો ફુવારો સ્ફુરે છે. માટે મુનિરાજ કહે છે કે હું નિજ આત્માને આત્મા વડે જ આત્મામાં સ્થિત રહીને વારંવાર ભાવું છું. -જુઓ, આ વીતરાગમાર્ગની સનાતન સામાયિક ! આ સિવાય બીજી રીતે સામાયિક



માને તો તે સનાતન નથી પણ કૃત્રિમ છે. જેમ અનાજ ખાંડવા માટે સાંબેલાથી વારંવાર કૂટે છે, તેમ આત્મામાં વીતરાગી સામાયિક પ્રગટ કરવા માટે હું -'**मुहूर्मुहूः**' એટલે કે વારંવાર મારા આત્મામાં સ્થિર થઈને તેની ભાવના ભાવું છું, ફરી ફરીને ચિદાનંદ આત્મામાં એકાગ્ર થાઉં છું. જેમ અનાજ ખાંડે ત્યાં ખાંડણિયો તો સ્થિર રહે છે ને સાંબેલું વારંવાર પલટે છે, તેમ ચૈતન્યમાં ધ્રુવસ્વભાવ તો સ્થિર રહે છે ને પર્યાય વારંવાર પલટે છે, તે પર્યાય વડે હું વારંવાર ચૈતન્યસ્વભાવની ભાવના કરું છું. આનું નામ સામાયિક છે. આવી સામાયિક તે મુક્તિનું કારણ છે.

**પોષ વદ ૧૦, મંગળવાર, ૨૨-૧-૫૨.**

આ સમાધિ અધિકારમાં સામાયિકનું વર્ણન કરીને એમ બતાવ્યું છે કે સમાધિ અને સામાયિક બન્ને જુદા નથી પણ એક જ છે. ચૈતન્યને લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થતાં જે પરમ વીતરાગી શાંતિનો અનુભવ થાય તે જ સામાયિક અને સમતા છે. અખંડાનંદ આત્માના આશ્રયે તેથી સામાયિક થાય છે, તેથી તેને નમસ્કાર કરે છે.

**શ્લોક ૨૦૮**

(शिखरिणी)

**विकल्पोपन्यासैरलमलममीभिर्भवकरैः**
**अखंडानन्दात्मा निखिलनयराशेरविषयः।**
**अयं द्वैताद्वैतो न भवति ततः कश्चिदचिरात्**
**तमेकं वन्देऽहं भवभयविनाशाय सततम्॥ २०८॥**

**શ્લોકાર્થ** : ભવના કરનારા એવા આ વિકલ્પ કથનોથી બસ થાઓ, બસ થાઓ. જે અખંડાનંદ-સ્વરૂપ છે તે (આ આત્મા) સમસ્ત નયરાશિનો અવિષય છે; માટે આ કોઈ (અવર્ણનીય) આત્મા દ્વૈત કે અદ્વૈતરૂપ નથી (અર્થાત્ દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી પર છે). તેને એકને હું અલ્પકાળમાં ભવભયનો નાશ કરવા માટે સતત વંદું છું. ॥ ૨૦૮ ॥

ભવના કરનાર એવા આ વિકલ્પ-કથનોથી બસ થાઓ, બસ થાઓ. આત્મા તો અખંડાનંદ-સ્વરૂપ વિકલ્પાતીત છે, તે સમસ્ત વિકલ્પોથી અગોચર છે. આત્મા પોતે સ્વયંસિદ્ધ સ્વભાવે અખંડ આનંદની મૂર્તિ છે. નિશ્ચયનયનો વિકલ્પ ઊઠે તેનો વિષય પણ આત્મા નથી. વસ્તુમાં નય તો નથી કેમ કે નય તો પર્યાયમાં હોય છે, સાધકને જ હોય છે, અહીં તો કહે છે કે વસ્તુ કોઈ નયનો વિષય જ નથી. અહીં 'નય' કહેતાં નયના વિકલ્પો સમજવા. વિકલ્પાત્મક નયો વડે વસ્તુનો અનુભવ થતો નથી. આત્મા તો દ્વૈત-અદ્વૈતના વિકલ્પથી પાર અવર્ણનીય છે; -અવર્ણનીય કહેતાં સર્વથા અવર્ણનીય ન સમજવો, વાણીથી કથંચિત્ કહી શકાય છે, પણ વાણી વડે તે પકડાય તેવો નથી. શીઘ્ર ભવભયનો

નાશ કરવા માટે હું આવા એક આત્માનો જ અંતરમાં સત્કાર કરું છું, તેનો જ આદર કરીને તેને નમું છું, -જુઓ, આનું નામ સામાયિક છે. સત્સમાગમે જેણે આત્માનું શ્રવણ-મનન પણ કદી ન કર્યું હોય તેને સામાયિક ક્યાંથી હોય ? ન જ હોય. સામાયિક તો આત્મામાં છે, કાંઈ ચોપડીમાં લખેલા પાઠમાં સામાયિક નથી. ભવરહિત એવો જે પોતાનો અખંડ આનંદ સ્વભાવ, તેને ઓળખીને તેમાં ઠરવું તેનું નામ સામાયિક છે.

વળી ફરીને શુદ્ધ આત્માને સ્તવે છે :-

**શ્લોક ૨૦૯**

(शिखरिणी)

**सुखं दुखं योनौ सुकृतदुरितव्रातजनितं**
**शुभाभावो भूयोऽशुभपरिणतिर्वा न च न च।**
**यदेकस्याप्युच्चैर्भवपरिचयो बाढमिह नो**
**य एवं संन्यस्तो भवगुणगणैः स्तौमि तमहम्॥ २०९॥**

**શ્લોકાર્થ** : યોનિમાં સુખ અને દુઃખ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે (અર્થાત્ ચાર ગતિના જન્મોમાં સુખદુઃખ શુભાશુભ કૃત્યોથી થાય છે). વળી બીજી રીતે (-નિશ્ચયનયે), આત્માને શુભનો પણ અભાવ છે તેમ જ અશુભ પરિણતિ પણ નથી-નથી, કારણ કે આ લોકમાં એક આત્માને (અર્થાત્ આત્મા સદા એકરૂપ હોવાથી તેને) ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી. આ રીતે જે ભવગુણોના સમૂહથી સંન્યસ્ત છે (અર્થાત્ જે શુભ-અશુભ, રાગ-દ્વેષ વગેરે ભવના ગુણોથી-વિભાવોથી-રહિત છે) તેને (-નિત્યશુદ્ધ આત્માને) હું સ્તવું છું. ॥ ૨૦૯ ॥

ચોરાશી લાખ યોનિના અવતારમાં જીવને પુણ્ય-પાપના લીધે જ સુખદુઃખ થાય છે. પુણ્ય અને પાપ એ બન્ને ભાવો ચાર ગતિમાં રખડાવનાર છે. સ્વર્ગના કલ્પિત સુખ ને નરકાદિના દુઃખ તે બધું પુણ્ય-પાપના સમૂહથી થાય છે. માટે તેવા પુણ્ય-પાપને પોતાનું સ્વરૂપ માનનારને સામાયિક હોતી નથી. જે ભાવો ભવમાં રખડાવનાર છે તે ધર્મનું કારણ કેમ થાય ? માટે નિશ્ચયથી જોઈએ તો ચિદાનંદ સ્વરૂપ આત્માને શુભ-અશુભ પરિણતિનો અભાવ છે, શુભનો અભાવ છે અને અશુભનો તો અભાવ છે.

આત્માના સ્વરૂપમાં શુભભાવની પણ ના પડી તો પછી માનમરતબાની અશુભ પરિણતિ તો હોય જ ક્યાંથી ? ગુરુ પાસે માનમરતબો મુક્યા વિના ધર્મ ધર્મરૂપે પરિણમે નહિ. આત્મા પુણ્ય-પાપ રહિત છે. તેને નિશ્ચયથી ચાર ગતિનું ભ્રમણ નથી. સ્વભાવમાં ભવ નથી - આવા સ્વભાવને માને ત્યારે તો હજી સમ્યક્ત્વ થાય, ત્યાર પછી જ સામાયિક હોય. જો તારે સામાયિક કરવી હોય



તો આવા ત્રિકાળી આત્માની પ્રતીતિ કર, ને તેનો પરિચય કર. આત્માને ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી. પર્યાયબુદ્ધિમાં ભવનો સ્વીકાર છે, પણ સ્વભાવના સ્વીકારમાં ભવનો સ્વીકાર નથી, કેમ કે સ્વભાવમાં ભવ નથી. પૂર્ણાનંદ પ્રભુને ભવનો પરિચય કેવો ? આત્મા તો ભવગુણોથી એટલે કે ભવભ્રમણના ભાવોથી સદાય રહિત છે, આવા નિત્ય શુદ્ધ આત્માને હું સ્તવું છું.

અહીં ભવનો પણ ગુણ કહ્યો. - શું ? કે જેમ અફીણનો ગુણ કડવાશ છે તેમ વિકારીભાવોનો સમૂહ તે ભવનો ગુણ છે, તે સમસ્ત વિકારીભાવોની વાસનાનો ચૈતન્યસ્વરૂપમાં ત્યાગ છે, -એવા શુદ્ધ ચૈતન્યસ્વરૂપને હું સ્તવું છું - તેનો આદર કરીને તેમાં ઠરું છું. આવા શુદ્ધ આત્માનું સ્તવન કરવું તેનું નામ સામાયિક છે.

હવેના શ્લોકમાં કહે છે કે શુદ્ધ ચૈતન્યતત્ત્વ જગતમાં સદા જયવંત છે :-

**શ્લોક ૨૧૦**

(मालिनी)

**इदमिदमघसेनावैजयन्तीं हरेत्तां**
**स्फुटितसहजतेजःपुंजदूरीकृतांहः।**
**प्रबलतरतमस्तोमं सदा शुद्धशुद्धं**
**जयति जगति नित्यं चिच्चमत्कारमात्रम्॥ २१०॥**

**શ્લોકાર્થ** : સદા શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ) ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ જગતમાં નિત્ય જયવંત છે - કે જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે અને જે પેલી અઘસેનાની ધજાને હરી લે છે. ॥ ૨૧૦ ॥

અહો ! નિયમસારમાં તો અલૌકિક ભાવો ભર્યા છે. આચાર્યદેવે આ શાસ્ત્ર નિજ ભાવના માટે બનાવ્યું છે.

'સમયસાર'માં છેલ્લે એમ કહ્યું કે :-

**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થતત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે.**

'પ્રવચનસાર'માં પણ એમ કહ્યું કે :-

**સાકાર-અણઆકાર ચર્યાયુક્ત આ ઉપદેશને,**
**જે જાણતો, તે અલ્પકાળે સાર પ્રવચનનો લહે.**

'પંચાસ્તિકાય'માં એમ કહ્યું કે :

''પ્રવચનભક્તિથી પ્રેરિત થઈને જિનમાર્ગની પ્રભાવના અર્થે મેં આ પ્રવચનસાર (દ્વાદશાંગીરૂપ જિનવાણીના રહસ્ય)રૂપ પંચાસ્તિકાય સંગ્રહમય આ શાસ્ત્રની રચના કરી છે''.

અને આ 'નિયમસાર'માં તો છેલ્લે કુંદકુંદાચાર્યદેવ પોતે કહે છે કે :-

**નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર સુશાસ્ત્રને,**
**સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને.**

'નિજભાવના' ઉપર જોર છે, શાસ્ત્રની રચના કરવા ઉપર જોર નથી. આમાં તો વારંવાર અધ્યાત્મની ભાવના ઘૂંટી છે. ટીકાકારે ટીકા પણ એવી જ અલૌકિક કરી છે.

અહો ! આત્મા ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ સદા શુદ્ધ-શુદ્ધ છે, ત્રિકાળી દ્રવ્ય તો શુદ્ધ, ને કારણરૂપ પર્યાય પણ ત્રિકાળ શુદ્ધ -આવો મહિમાવંત ચૈતન્યચમત્કાર જગતમાં સદા જયવંત વર્તે છે. જ્યાં ચૈતન્યચમત્કાર છે ત્યાં નમસ્કાર કરો. બહારનો ચમત્કાર દેખતા અજ્ઞાનીને મહિમા આવે, કોઈ કહે કે ''આ પાણીથી રોગ મટી જશે'' તો ત્યાં પાણીના ચમત્કારનો વિશ્વાસ આવે, પણ અહીં તો કહે છે કે તારો આત્મા જ ચૈતન્યચમત્કારથી ભરપૂર સદા જયવંત છે, તેનો મહિમા કર, તેનો વિશ્વાસ કર. ચૈતન્યદીવો કોઈ થાંભલા વગેરેના આલંબન વગર પ્રકાશી રહ્યો છે; સિદ્ધક્ષેત્રે કે મધ્યક્ષેત્રે વગેરે ગમે તે ક્ષેત્રે તે પોતાની શક્તિથી જયવંત વર્તી રહ્યો છે. તે ચૈતન્યચમત્કાર તત્ત્વે પ્રગટ થયેલા સહજ તેજ:પુંજ વડે સ્વધર્મના ત્યાગરૂપ એવો જે મોહ તેનો નાશ કર્યો છે. 'સ્વધર્મત્યાગનો ત્યાગ' તે ધર્મ છે. સ્વધર્મનો ત્યાગ તે પરભાવ છે, તે તે પરભાવનો ત્યાગ તે સ્વભાવ છે. મોહભાવમાં સ્વધર્મનો ત્યાગ છે, તે મોહને ચૈતન્યના સહજ પ્રકાશ વડે આત્માએ દૂર કર્યો છે. આત્માનો ચૈતન્યચમત્કાર સ્વભાવ, પ્રબળ મોહાંધકારને જીતી લેનાર છે; અને દોષની સેનાને તે નષ્ટ કરે છે. ત્રિકાળી તત્ત્વમાં મોહ કે પુણ્ય-પાપનું લશ્કર છે જ નહિ. -આવું સહજ ચિદાનંદી તત્ત્વ સદા જયવંત વર્તે છે. એમ કહીને તેનો મહિમા કર્યો છે. આવા આત્માને દૃષ્ટિનો સ્વવિષય બનાવીને તેમાં એકાગ્ર થાય તેને સમાધિ છે. આ સમાધિમાં તો આત્મા ઉપર ત્રાટક છે. જ્ઞાનની નજર આત્મા ઉપર થંભી ગઈ છે.

નિજ મહિમામાં લીન એવું સહજ તત્ત્વ જયવંત છે ને તે સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે -એમ હવે ૧૨૬મી ગાથાના છેલ્લા શ્લોકમાં કહે છે :-



### શ્લોક ૨૧૧

(પૃથ્વી)

**जयत्यनघमात्मतत्त्वमिदमस्तसंसारकं**
**महामुनिगणाधिनाथहृदयारविन्दस्थितम्।**
**विमुक्तभवकारणं स्फुटितशुद्धमेकान्ततः**
**सदा निजमहिम्नि लीनमपि सद्दृशां गोचरम्॥ २११॥**

**શ્લોકાર્થ** : આ અનઘ (નિર્દોષ) આત્મતત્ત્વ જયવંત છે - કે જેણે સંસારને અસ્ત કર્યો છે, જે મહામુનિગણના અધિનાથના (-ગણધરોના) હૃદયારવિંદમાં સ્થિત છે, જેણે ભવનું કારણ તજી દીધું છે, જે એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે (અર્થાત્ જે સર્વથા-શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે) અને જે સદા (ટંકોત્કીર્ણ ચૈતન્યસામાન્યરૂપ) નિજ મહિમામાં લીન હોવા છતાં સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે. ॥ ૨૧૧ ॥

સહજ નિર્દોષ તત્ત્વ જયવંત છે -કેવું છે તે ? જેણે સંસારને અસ્ત કર્યો છે. વસ્તુમાં કદી સંસાર છે જ નહિ -એવી વસ્તુની દૃષ્ટિ કર તો પર્યાયમાંથી સંસારનો અભાવ થશે.

વળી તે સહજ તત્ત્વ મહામુનિગણના નાયક એવા ગણધરદેવના હૃદયકમળમાં સ્થિત છે. સાધકની વાત છે તેથી ગણધરદેવને લીધા છે; કેવળી ભગવાન તો પ્રગટ પુરુષોત્તમ થઈ ગયા છે, તેમને તો પરમાત્મદશા થઈ ગઈ છે.

દુષ્કાળમાં માણસો રાજા પાસે ગયા અને પૂછ્યું કે ''અમારે ખાવું શું ?'' તો રાજા કહે કે ''ખાવ ખાંડ અને ખાજાં'' રાજાને ઘેર ક્યાં દુષ્કાળ હતો ! તેમ અહીં મુનિરાજ કહે છે કે અંતરમાં આવું સહજ તત્ત્વ જયવંત વર્તે છે તેને અનુભવો ! અંદરમાં જ પરમાત્મશક્તિ ભરી છે તેને અનુભવો.

ત્યાં અજ્ઞાની કહે છે કે અમને દેખાતું નથી તો કઈ રીતે અનુભવવું ? તો કહે છે કે અરે ભાઈ! તારા સ્વભાવમાં દુષ્કાળ નથી, પર્યાયબુદ્ધિમાં તને આનંદનો દુષ્કાળ દેખાય છે, પણ સ્વભાવમાં તો પરમાનંદનો સુકાળ છે; માટે વસ્તુસ્વભાવમાં દૃષ્ટિ કરીને જો, તો તે વસ્તુમાં ભવના કારણોનો કોઈ ભાવ નથી અને તે એકાંતે શુદ્ધ ત્રિકાળ પ્રગટ છે. અંતર્મુખ એવું ને એવું સદા શુદ્ધ બિરાજમાન આવું સહજ તત્ત્વ સદા નિજ મહિમામાં લીન છે, છતાં તે સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માઓને જ્ઞાનગોચર છે. અંતર્દૃષ્ટિમાં સમ્યગ્દૃષ્ટિઓને આવું તત્ત્વ અનુભવગોચર છે. ઇન્દ્રિયોથી ગોચર નથી, પણ ચૈતન્યના જ્ઞાનથી સમ્યગ્દૃષ્ટિઓને તે ગમ્ય છે. પહેલાં સહજ તત્ત્વને ક્ષાયિક વગેરે ચારે ભાવોથી અગોચર કહ્યું અને અહીં કહ્યું કે સમ્યગ્દૃષ્ટિઓને તે ગમ્ય છે. ૭૮મા પાને ઔદયિક આદિ ચાર ભાવોથી અગોચર કહ્યું ત્યાં તો પર્યાયના આશ્રયે તે ગમ્ય થતું નથી એમ બતાવવા માટે કહ્યું હતું, પણ સ્વભાવના આશ્રયે

સમ્યગ્દષ્ટિઓને તો તે ઉપશમ વગેરે ભાવોથી ગોચર થાય છે. ઉદયભાવથી ગોચર થતું નથી, પણ સ્વભાવના આશ્રયે ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક ભાવોથી તો તે ગોચર છે. માટે જ્યાં જ્યાં જે અપેક્ષા હોય તે સમજવી જોઈએ, -**''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ''.**



હવે સામાયિક વગેરેમાં આત્મા જ ઉપાદેય છે - એમ સૂત્રમાં કહે છે.

**ગાથા ૧૨૭**

**जस्स संणिहिदो अप्पा संजमे णियमे तवे।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १२७॥**

**यस्य सन्निहितः आत्मा संयमे नियमे तपसि।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने ॥ १२७ ॥**

**સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭**

**અન્વયાર્થ** : **(यस्य)** જેને **(संयमे)** સંયમમાં, **(नियमे)** નિયમમાં અને **(तपसि)** તપમાં **(आत्मा)** આત્મા **(सन्निहितः)** સમીપ છે, **(तस्य)** તેને **(सामायिकं)** સામાયિક **(स्थायि)** સ્થાયી છે **(इति केवलिशासने)** એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

જુઓ, આ સામાયિકનું સ્થાપન થાય છે. જેને સંયમમાં એટલે કે અંતરની વીતરાગી પરિણતિમાં આત્મા જ સમીપ છે, જેની પરિણતિમાં રાગ દૂર વર્તે છે ને આત્મા સન્નિહિત (સમીપ) વર્તે છે તેને સામાયિક હોય છે.

વળી નિયમ અને તપ વગેરે પર્યાયમાં પણ આત્મા જ સમીપ વર્તે છે, રાગદિભાવો વર્તતા નથી. -આ રીતે જેની પરિણતિમાં આત્મા જ નિકટ વર્તે છે એટલે કે જેની પર્યાય આત્માનો આશ્રય કરીને એકાગ્ર થઈ છે તેને જ સ્થાયી સામાયિક છે -એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

આત્મા જ ઉપાદેય છે એમ અહીં કહ્યું છે.

અહીં આચાર્યદેવે આત્માની સમીપતા કહી છે. ટીકામાં ''ભાવિજિન'' લીધા છે; જે ભવે તીર્થંકર થવાના હોય તે ભવમાં તીર્થંકરનું સમ્યક્ત્વ એવું અપ્રતિહત હોય છે કે એક સમયમાત્ર પણ તે ખસતું નથી, તેમને સમ્યક્ત્વમાં સદાય પોતાનો આત્મા સમીપ જ વર્તે છે. જેની પરિણતિમાં શુદ્ધ કારણપરમાત્મા સદાય સમીપ છે તેને જ સ્થાયી સામાયિક હોય છે.

**પોષ વદ ૧૧, બુધવાર, ૨૩-૧-૫૨.**

સામાયિક કોને કહેવી તેનું આ વર્ણન ચાલે છે. જેને સંયમ-તપ વગેરેમાં એક શુદ્ધ આત્મા જ સમીપ છે ને જે પરદ્રવ્યોથી પરાઙ્મુખ છે તેને જ સ્થાયી સામાયિક છે -એમ અહીં કહે છે.

તીર્થંકરના આત્માને તીર્થંકરના ભવમાં સમ્યક્ત્વ અપ્રતિહત હોય છે. સમ્યગ્દર્શનમાં સદાય આત્મા જ નિકટ વર્તે છે, તેથી અહીં તેમની વાત લીધી છે. તીર્થંકરના આત્માને પણ પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો -એવો નિજ કારણપરમાત્મા જ સદા સન્નિહિત વર્તે છે; આત્માને સન્મુખ રાખીને જ વ્યવહાર કે નિશ્ચય સંયમ-નિયમ-તપ વર્તે છે, માટે તે બધામાં ભાવિજિનને આત્મા જ સમીપ વર્તે છે. આત્માની પ્રાપ્તિમાં સદ્ગુરુનું નિમિત્ત હોય છે, તે બતાવવા ગુરુના પ્રસાદની વાત મૂકી છે. તીર્થંકરોનો આત્મા આ ભવમાં તો સ્વયંબુદ્ધ છે. આ ભવમાં તેમને કોઈ ગુરુનું નિમિત્ત નથી, પણ પૂર્વે તેમને પણ પરમગુરુનું નિમિત્ત હતું તે બતાવવા અહીં પરમગુરુના પ્રસાદથી આત્માની પ્રાપ્તિની વાત કહી છે. જે પંચકલ્યાણક સહિત તીર્થંકર થાય તેમને તો પૂર્વ ભવમાં ગુરુનું નિમિત્ત હોય છે, આ ભવમાં નિમિત્ત નથી હોતું; પણ મહાવિદેહક્ષેત્રમાં કોઈ તીર્થંકરો ત્રણ કે બે કલ્યાણકવાળા થાય છે. તેમને આ ભવમાં પણ ગુરુનું નિમિત્ત હોય છે. તે બધાય ભાવિજિનને અંતરમાં નિરંજન નિજ પરમાત્મા જ સમીપ વર્તે છે, તેમ જ બાહ્યમાં પરદ્રવ્યથી પરાઙ્મુખ થવામાં પણ આત્મા જ સમીપ વર્તે છે. આત્મા લક્ષમાં છે તેથી નિમિત્ત છૂટ્યું એમ કહેવાય છે. ત્રિકાળ શુદ્ધકારણ-પરમાત્માના આશ્રયે જતાં બાહ્ય હિંસાદિ છૂટ્યા, તેથી તે પાપક્રિયાઓની નિવૃત્તિમાં પણ ખરેખર શુદ્ધ દ્રવ્યસ્વભાવનું અવલંબન છે.

અભ્યંતર સંયમમાં પણ શુદ્ધ આત્માનો જ આશ્રય હોવાથી તેમાં પણ આત્મા જ સમીપ વર્તે છે. ચૈતન્યની સમીપમાં વર્તે છે માટે અભ્યંતર સંયમ વર્તે છે, બાહ્ય અને અભ્યંતર ક્રિયાઓનો નિરોધ નિજ ચૈતન્યદ્રવ્યની સમીપ વસતા થાય છે, માટે બાહ્ય સંયમમાં કે અભ્યંતર સંયમમાં ભાવિ જિનને નિજકારણશુદ્ધ આત્મા જ સમીપ વર્તે છે. જો અંતરમાં શુદ્ધ આત્માનો આશ્રય એક સમય પણ છૂટી જાય તો ત્યાં બાહ્ય કે અભ્યંતર સંયમ રહેતો નથી. દૃષ્ટિનો જે વિષય લક્ષમાં લીધો છે તેના આશ્રયે ક્ષણે ક્ષણે સંયમ વધતો જાય છે, માટે સંયમમાં એક આત્મા જ સમીપ વર્તે છે. જેટલું અંતરમાં શુદ્ધ આત્માનું અવલંબન થાય છે તેટલો સંયમ છે.

માત્ર પરિમિત કાળનું આચરણ તે નિયમ છે. પંચ મહાવ્રત તે જીવનપર્યંત હોય છે તે 'યમ' છે ને અમુક મુદતને માટે જે પ્રતિજ્ઞા કરી હોય તેને 'નિયમ' કહેવાય છે. અમુક પ્રકારે આહાર મળે તો જ લેવો, હાથમાં થાળ અને થાળમાં બદામ લઈને ઊભા હોય ત્યાં જ આહાર લેવો -એવા એવા અભિગ્રહ તે નિયમ છે. તે નિયમમાં પણ આત્મા જ સમીપ વર્તે છે. તેમ જ નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ અંતરંગ નિશ્ચય આચારમાં પણ આત્માનો જ આશ્રય વર્તે છે, પરમાત્માની સમીપથી પરિણતિ છૂટતી નથી.

જ્ઞાનના આઠ આચાર-વિનય વગેરે, દર્શનના આઠ આચાર-નિઃશંકતા વગેરે, તેમાં પણ એક શુદ્ધતા આત્માની જ વર્તે છે, વિકલ્પની મુખ્યતા નથી. ચારિત્રના આચાર, તપના આચાર કે વીર્યના આચાર



તે બધામાં પણ રાગની મુખ્યતા નથી પરંતુ એક શુદ્ધ આત્માની જ મુખ્યતા છે, તેનું જ અવલંબન છે. જો ચૈતન્યનું અવલંબન ઊભું છે તો જ તે પંચાચારને વ્યવહાર ચારિત્ર કહેવાય છે. ભાવિજિન સંયમ-તપ વગેરે પરિણતિમાં ચૈતન્ય ભગવાનનો છેડો છોડતા નથી. જેમ સાસુનો છેડો પકડીને વર તેની પાસેથી પૈસા લે છે, તેમ ચૈતન્યપરિણતિએ અંતરમાં શુદ્ધ કારણપરમાત્માનો છેડો એવો પકડ્યો છે કે મુક્તિ લીધે છૂટકો, વચમાં વિરહ કે આંતરો પડે નહિ. -આનું નામ સ્થાયી સામાયિક છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

વ્યવહાર પંચાચારના વિકલ્પ વખતે પણ મુનિને અંતરમાં શુદ્ધ આત્માનુ અવલંબન ખસતું નથી. જો અંતરમાં શુદ્ધ આત્માનું અવલંબન ખસે તો મુનિને સંયમ-નિયમ કે પંચાચાર વગેરે રહેતા નથી. વળી તપમાં પણ તે આત્મા સમીપ જ વર્તે છે. તપ કેવો છે ? કે પંચમગતિના હેતુભૂત છે, એટલે જેમાં માનાદિનો હેતુ હોય તેને તપ ન કહેવાય. વળી કાંઈ પણ પરિગ્રહના પ્રપંચથી રહિત અને સમસ્ત શુભાશુભ ઈચ્છાઓરૂપ દુરાચારની નિવૃત્તિના કારણરૂપ- એવા તપમાં પણ આત્મા સદા સમીપ જ છે, ભગવાન આત્માનો વિરહ એક સમય પણ થતો નથી.

જુઓ, આ ભગવાનની સમીપનો વાસ ! જ્ઞાયકભાવથી ભરેલો ભગવાન આત્મા ભવના અભાવરૂપ છે. તેની સમીપમાં વસવું -તેમાં લીન થવું તે જ સંયમ-નિયમ-તપ છે. જુઓ, આ ટીકામાં કેટલું સ્પષ્ટ કર્યું છે. કારણશુદ્ધપરમાત્મા અને કાર્યશુદ્ધપરમાત્મા વગેરેની અદ્ભૂત વાત કરી છે, તે ન સમજી શકનાર સ્વચ્છંદી જીવો આવા વીતરાગી સંતના બ્રહ્મચર્ય ઉપર આરોપ મૂકે છે. પણ સંતો તો વીતરાગી છે, વીતરાગભાવે બધું કથન કરે છે.

આ સંબંધમાં જિનસેનાચાર્યદેવ સંબંધી એક વાત બહાર આવી છે. આદિ પુરાણમાં શૃંગારનું વર્ણન આવ્યું છે, તે ઉપરથી લોકોને શંકા ઊઠી કે અરે ! બ્રહ્મચારી વીતરાગી મુનિઓ આવું વર્ણન કેમ કરે ? ત્યારે વીતરાગી મુનિએ ઉપરના આક્ષેપને દૂર કરવા એક વાર એક સભામાં જઈને પોતે ખૂલ્લા ઊભા રહીને ચાર પ્રકારના પુરુષાર્થનું વર્ણન કર્યું, તેમાં શૃંગારરસનું એવું તો વર્ણન કર્યું કે સાંભળનારા અનેક જીવોને શરીરમાં વિકાર થઈ ગયો, પણ પોતે તો એવા ને એવા નિર્વિકારપણે ઊભા હતા, આખો દેહ ખૂલ્લો લોકો દેખતા હતા, પણ પરમ શાંત નિર્વિકાર હતા. તેથી લોકોને ખાતરી થઈ ગઈ કે અહો ! સંતો તો નિર્વિકાર વીતરાગ છે, ગમે તે વર્ણન કરે પણ તેથી કાંઈ તેમને રાગ નથી. પોતાને વિષયનો રાગ નથી પણ જ્ઞાન છે. જ્ઞાન તો કાંઈ દોષનું કારણ નથી. આ શાસ્ત્રમાં પણ આગળ જતાં સ્ત્રીના અંગોની ઉપમા આપીને મુક્તિનું કથન કરશે. મુનિ તો કેવળી થવાની તૈયારીવાળા છે. અંદરમાં ચિદાનંદ સ્વરૂપને લક્ષમાં લઈને એવા ઠરે છે કે જાણે કદી બહાર જ નીકળવાનું ન હોય. -આવી મુનિની દશા હોય છે.

ભાવીજિનને સંયમ વગેરેમાં આત્મા જ સમીપ વર્તે છે, વ્યવહાર ચારિત્રમાં પણ આત્મા સમીપ

વર્તે છે -એમ કહ્યું હતું. અને અહીં તેમને પરમ વીતરાગ સમ્યગ્દૃષ્ટિ વીતરાગ ચારિત્રવંત કહ્યા છે. એટલે કે વ્યવહાર ચારિત્રવાળાને (છઠ્ઠે ગુણસ્થાને) પણ વીતરાગ સમ્યગ્દર્શન તથા વીતરાગ ચારિત્ર કહી શકાય છે, સાતમે જ વીતરાગ શ્રદ્ધા હોય એમ નથી. જેને સદા આત્મા સમીપ વર્તે છે અને જે પરદ્રવ્યોથી પરાઙ્મુખ છે એવા તે પરમ વીતરાગ સમ્યગ્દૃષ્ટિ વીતરાગ ચારિત્રવંતને સ્થાયી સામાયિક હોય છે.

હવે આ ૧૨૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૨૧૨**

(मन्दाक्रान्ता)

**आत्मा नित्यं तपसि नियमे संयमे सच्चरित्रे**
**तिष्ठत्युच्चैः परमयमिनः शुद्धदृष्टेर्मनश्चेत्।**
**तस्मिन् बाढं भवभयहरे भावितीर्थाधिनाथे**
**साक्षादेषा सहजसमता प्रास्तरागाभिरामे॥ २१२॥**

**શ્લોકાર્થ :** જો શુદ્ધદૃષ્ટિવંત (-સમ્યગ્દૃષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમ મુનિને તપમાં, નિયમમાં, સંયમમાં અને સત્‌ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે (અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે) તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે અભિરામ એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે. ॥ ૨૧૨ ॥

જુઓ, અહીં સમ્યગ્દૃષ્ટિ શું સમજે છે ? તે કહે છે. પરમ મુનિને સંયમમાં, તપમાં, નિયમમાં કે સત્‌ચારિત્રમાં સદા આત્મા જ ઊર્ધ્વ રહે છે, સદા આત્મા જ મુખ્ય રહે છે -એમ સમ્યગ્દૃષ્ટિ જીવ સમજે છે. સાધક ધર્માત્માની દૃષ્ટિમાં સદા આત્મા જ સમીપ છે, આત્મા જ મુખ્ય છે, આત્મા જ ઊર્ધ્વ હોય છે. મુનિઓને સંયમ વગેરેમાં, સદા આત્માનો જ આશ્રય છે, આત્માની જ મુખ્યતા છે, ને ધર્મી ગૃહસ્થને સમ્યગ્દર્શનમાં સદા આત્મા જ મુખ્ય છે. મુનિઓને દરેક કાર્યમાં સદા શુદ્ધાત્મા જ મુખ્ય વર્તે છે, મુનિઓને તો ઘણા આચાર-વિચારની ક્રિયા હોય માટે તેમને કોઈ વાર આત્માની મુખ્યતા ખસીને ક્રિયાની મુખ્યતા થઈ જતી હશે એમ કોઈને તર્ક થાય તો કહે છે કે ના ! એમ નથી. સદાય ચિદાનંદ ગોળામાં જ અંતર્ગત પરિણમન થઈ ગયું છે, એટલે દરેક ક્રિયા વખતે અંતરમાં શુદ્ધ ચૈતન્યની જ મુખ્યતા છે. સમ્યગ્દૃષ્ટિ આમ સમજે છે તેથી સિદ્ધ થાય છે કે રાગના નાશને લીધે અભિરામ એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ સમતા ચોક્કસ છે. જુઓ, તીર્થંકર ચારિત્ર લીધા પછી પાછા પડતા નથી. તીર્થંકર નામકર્મ બંધાયા પછી પૂર્વ ભવમાં પણ સમ્યક્ત્વ ખસતું નથી. કોઈ જીવ તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી બીજી કે ત્રીજી નરકે જાય તો



ત્યાં અંતર્મુહૂર્ત કાળ સમ્યક્ત્વ ખસે છે પણ પછી તરત પાછી સંધિ થઈ જાય છે, વિશેષ કાળ વિરહ પડતો નથી ને ભવ તો વધતા જ નથી.

અને ભાવિ તીર્થંકરો ભવભયહર છે, એટલે તેમને તીર્થંકર નામકર્મ બંધાયા પછી બે ભવ કરતાં વધારે ભવ હોય જ નહિ. આથી ભાવી તીર્થંકર ભગવાન ભવભયના હરનારા છે. આવી ભાવી તીર્થાધિનાથ રાગના નાશને લીધે સુંદર અને ભવભયના હરનારા છે, તેમને આ સાક્ષાત્ સમતા જરૂર હોય છે.

**અહો ! તીર્થંકરો અફરગામી હોય છે.**

**પોષ વદ ૧૨, ગુરુવાર, ૨૪-૧-૫૨.**

સામાયિકનું વર્ણન ચાલે છે.

**ગાથા ૧૨૮**

**जस्स रागो दु दोसो दु विगडिं ण जणेइ दु।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १२८॥**

**यस्य रागस्तु द्वेषस्तु विकृतिं न जनयति तु।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥ १२८॥**

**નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.**

**અન્વયાર્થ** : **(यस्य)** જેને **(रागः तु)** રાગ કે **(द्वेषः तु)** દ્વેષ (નહિ ઊપજતો થકો) **(विकृतिं)** વિકૃતિ **(न तु जनयति)** ઉત્પન્ન કરતો નથી, **(तस्य)** તેને **(सामायिकं)** સામાયિક **(स्थायि)** સ્થાયી છે **(इति केवलिशासने)** એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ સમાધિ તે જ સામાયિક છે. તે કોને હોય છે ? કે જેને રાગ-દ્વેષરૂપી વિકૃતિ ઉત્પન્ન જ થતી નથી. સહજ સ્વભાવમાં સ્થિર થતાં રાગ-દ્વેષના ભાવની ઉત્પત્તિ જ થતી નથી, એનું નામ સામાયિક છે.

અહીં, રાગ-દ્વેષના અભાવથી અપરિસ્પંદતા એટલે સ્થિરરૂપ સમતાભાવ હોય છે - એમ કહે છે. અહીં જોગના અપરિસ્પંદનની વાત નથી, પણ રાગ-દ્વેષ રહિત સ્થિર-શાંત પરિણામ થાય તેનું નામ અપરિસ્પંદતા છે.

''પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવા જે પરમવીતરાગ સંયમીને રાગ કે દ્વેષ વિકૃતિ ઉત્પન્ન કરતો નથી, તે મહા આનંદના અભિલાષી જીવને -કે જેને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે તેને -સામાયિક નામનું વ્રત શાશ્વત છે એમ કેવળીઓના શાસનમાં પ્રસિદ્ધ છે.''

પરમ વીતરાગ સંયમી મુનિ પાપરૂપી જંગલને બાળી નાખનાર અગ્નિ સમાન છે; તેવા મુનિવરોને ચૈતન્યની સમીપતામાં વસતા રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી, રાગ અને દ્વેષ એ બન્ને વિકાર છે, વિકૃતિરૂપ દશા છે. પરમ વીતરાગ સંયમીને સ્વાભાવિક પરિણતિ હોય છે, એટલે સ્વભાવથી વિરુદ્ધ એવી વિકૃત પરિણતિ તેમને થતી નથી. તેમને સમતાસ્વભાવી શુદ્ધ આત્મદ્રવ્યનો દૃઢ આશ્રય હોવાથી



વિકૃતિરૂપ રાગ-દ્વેષ થતાં નથી પણ પ્રકૃતિભૂત એટલે કે સ્વભાવભૂત એવા સમતા પરિણામ થાય છે. રાગ-દ્વેષ તો વિકૃતિ છે, ને સમતા તે આત્માની સહજ પ્રકૃતિ છે. જે સંયમી વીતરાગી મુનિને રાગ કે દ્વેષ ઉત્પન્ન જ થતાં નથી, તે મહા આનંદના અભિલાષી જીવને સામાયિકવ્રત શાશ્વત છે. તે મહા આનંદના અભિલાષી મુનિઓને એવી અતીંદ્રિયતા થઈ ગઈ છે કે પાંચ ઇન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે; આત્મામાં રાગ-દ્વેષરૂપ વિકૃતિ નથી, ને દેહની દિગંબરદશામાં પણ વિકૃતિ નથી. આવા મહા મુનિને સ્થાયી સામાયિક છે - એમ કેવળી પ્રભુના શાસનમાં પ્રસિદ્ધ છે.

ચૈતન્યસ્વભાવની નિર્વિકલ્પ પ્રતીતપૂર્વક શ્રાવકને પણ જેટલો રાગ-દ્વેષ રહિત ભાવ ચૈતન્યના અવલંબને પ્રગટે તેટલી સામાયિક છે, પણ આ સિવાય રાગને કેવળીના શાસનમાં સામાયિક ગણવામાં આવી નથી.

હવે આ ૧૨૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૨૧૩**

(मन्दाक्रान्ता)

**रागद्वेषौ विकृतिमिह तौ नैव कर्तुं समर्थौ**
**ज्ञानज्योतिःप्रहतदुरितानीकघोरान्धकारे।**
**आरातीये सहजपरमानन्दपीयूषपूरे**
**तस्मिन्नित्ये समरसमये को विधिः को निषेधः॥ २१३॥**

**શ્લોકાર્થ** : જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપસમૂહરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો છે એવું સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર (અર્થાત્ જ્ઞાનાનંદસ્વભાવી આત્મતત્ત્વ) જ્યાં નિકટ છે, ત્યાં પેલા રાગ-દ્વેષો વિકૃતિ કરવાને સમર્થ નથી જ. તે નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો અને નિષેધ શો ? (સમરસસ્વભાવી આત્મતત્ત્વમાં 'આ કરવા જેવું છે અને આ છોડવા જેવું છે' એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી તે આત્મતત્ત્વને દૃઢપણે આલંબનાર મુનિને સ્વભાવ-પરિણમન થવાને લીધે સમરસરૂપ પરિણામ થાય છે, વિધિનિષેધના વિકલ્પરૂપ-રાગદ્વેષરૂપ પરિણામ થતા નથી.) ॥ ૨૧૩ ॥

કેવા છે સામાયિકવાળા દિગંબર સંત ! તેમને અંતરમાં સહજ પરમાનંદનું પૂર નજીક છે. જેણે જ્ઞાનજ્યોતિ વડે પુણ્ય-પાપરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો છે એવું સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર મુનિઓને નિકટ વર્તે છે, ત્યાં રાગ-દ્વેષ ભાવોની ઉત્પત્તિ જ થતી નથી. આત્માનો સ્વભાવ ચૈતન્ય પ્રકાશમય છે ને તેનાથી વિરુદ્ધ પુણ્ય-પાપના બધા ભાવો મહાઅંધકારમય છે. જ્યાં મુનિઓને અંતરમાં સહજ પરમાનંદમય તત્ત્વ નિકટ વર્તે છે, ત્યાં તેમને રાગ-દ્વેષ વિકૃતિ કરતાં નથી, એટલે

કે રાગ-દ્વેષ ઉત્પન્ન જ થતા નથી. ''રાગ-દ્વેષ થાય છે પણ વિકૃતિ કરતા નથી'' -એમ ન સમજવું; પરંતુ સ્વભાવના અવલંબનમાં રાગ-દ્વેષ ઉત્પન્ન જ નથી થતા. -એનું નામ સામાયિક છે. આત્મા નિત્ય સમરસમય શાશ્વત તત્ત્વ છે, તે તો પરમ ઉપશાંતરસનો સમુદ્ર છે, તેમાં વિધિ શો અને નિષેધ શો ? આ કરવું છે ને આ છોડવું છે એવા વિકલ્પો સહજ સમરસી આત્મતત્ત્વમાં નથી. તેથી તે સહજ તત્ત્વમાં લીન થયેલા મુનિઓને પણ વિધિ-નિષેધના વિકલ્પ રહિત સામ્યભાવ હોય છે. -એનું નામ સામાયિક છે.

અજ્ઞાનીને તેવો સામાયિકધર્મ નથી હોતો, પણ તેને કેવો ધર્મ હોય છે ? ''સ્વધર્મના ત્યાગરૂપ ધર્મ'' તેને હોય છે. મોહભાવમાં સ્વધર્મનો ત્યાગ છે, તે અજ્ઞાનીને હોય છે. પણ રાગ-દ્વેષના ત્યાગરૂપ સામાયિકધર્મ અજ્ઞાનીને હોતો નથી.

આત્મા સમરસસ્વભાવથી ભરેલો છે, તેનામાં ''આ કરું ને આ છોડું'' એવો વિકલ્પ નથી; તે સ્વભાવનું દૃઢપણે અવલંબન લેનારા મુનિઓને સ્વભાવપરિણમન થતાં પરમ સમતા પરિણામ થાય છે, તેમાં વિધિ-નિષેધોના વિકલ્પો થતા નથી. સ્વરૂપમાં ઠર્યાં ત્યાં ગ્રહવા યોગ્ય એવા નિજ સ્વરૂપને ગ્રહી લીધું છે, ને છોડવા યોગ્ય એવા રાગ-દ્વેષ છૂટી ગયા છે, ત્યાં વિધિ શો ને નિષેધ શો ? આહારનો ગ્રહણ-ત્યાગ કરનાર તો આત્મા નથી, ને તેના વિધિ-નિષેધના વિકલ્પો પણ આત્મામાં નથી.

આ કરવા જેવું છે એવો રાગ, ને આ કરવા જેવું નથી એવો દ્વેષ -તે વસ્તુના સ્વરૂપમાં નથી. રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી -એમ ગાથામાં કહ્યું, તે ઉપરથી અહીં કળશમાં એમ કહ્યું કે સહજ તત્ત્વમાં જ્યાં વાસ છે ત્યાં વિધિ શો અને નિષેધ શો ? વિધિ-નિષેધોના વિકલ્પોના અવલંબને સમતા થતી નથી, પણ અંદરના ચૈતન્યતત્ત્વના અવલંબને જ સમતા પ્રગટે છે. -આવી સામાયિકનું અહીં સ્થાપન છે.

સામાયિક તો એક આત્માના સ્વભાવના આશ્રયે થતો વીતરાગી સમભાવ જ છે; તેનું અહીં જુદી જુદી રીતે વર્ણન કર્યું છે.



પૂર્વ ગાથામાં રાગ-દ્વેષના ભાવો ઉત્પન્ન ન થાય એમ કહ્યું હતું. હવે અહીં આર્ત અને રૌદ્રધ્યાનના ત્યાગથી સામાયિકના સ્વરૂપનું કથન છે.

### ગાથા ૧૨૯

**जो दु अट्टं च रुद्दं च झाणं वज्जेदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १२९ ॥**

**यस्त्वार्त्तं च रौद्रं च ध्यानं वर्जयति नित्यशः।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥ १२९ ॥**

**જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.**

**અન્વયાર્થ** : (यः तु) જે (आर्त्तं) આર્ત (च) અને (रौद्रं च) રૌદ્ર (ध्यानं) ધ્યાનને (नित्यशः) નિત્ય (वर्जयति) વર્જે છે, (तस्य) તેને (सामायिकं) સામાયિક (स्थायि) સ્થાયી છે (इति केवलिशासने) એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

અહીં તો સ્પષ્ટ વાત કરી છે કે ચૈતન્યના વીતરાગભાવ સિવાય બીજી સામાયિક નથી, લોકો જે રૂઢીગત સામાયિક માને છે તેનો નિષેધ કર્યો છે. સાચી સામાયિકનું સ્વરૂપ બતાવતા તેનાથી વિરુદ્ધ જે ખોટી સામાયિક હોય તેનો નિષેધ તેમાં આવી જ જાય છે.

અહીં ત્રિકાળી આત્મતત્ત્વને કારણસમયસાર કહેલ છે. કોઈ વાર મોક્ષમાર્ગપર્યાયને પણ કારણ-સમયસાર કહેવાય છે. આર્ત અને રૌદ્ર ધ્યાનનો જેને ત્યાગ છે તેને સામાયિક હોય છે એમ કહ્યું, પણ તે આર્ત અને રૌદ્રધ્યાનનો ત્યાગ ખરેખર કોને હોય ? તે ટીકામાં સ્પષ્ટ કરે છે.

''નિત્ય-નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપમાં નિયત (-નિયમથી રહેલા) શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃતના પાનમાં પરાયણ એવો જે જીવ તિર્યંચયોનિ, પ્રેતવાસ અને નારકાદિગતિની યોગ્યતાના હેતુભૂત આર્ત અને રૌદ્ર બે ધ્યાનોને નિત્ય તજે છે, તેને ખરેખર કેવળદર્શનસિદ્ધ (કેવળ-દર્શનથી નક્કી થયેલું) શાશ્વત સામાયિકવ્રત છે.''

પહેલાં ત્રિકાળ શુદ્ધ આત્મતત્ત્વને ઓળખીને દર્શનશુદ્ધિ કરે, પછી સામાયિકપડિમા હોય, ને અહીં તો મુનિની સામાયિકની વાત છે. મુનિઓ અંદરના ચૈતન્યમાં એકાગ્ર થઈને પરમ શાંતરસનું પીણું પીવામાં તત્પર છે, તેમને આર્ત કે રૌદ્રધ્યાનની ઉત્પત્તિ જ નથી. પહેલાં આત્માનું ભાન કરીને દશનશુદ્ધિ કરવી તે પહેલી ચોપડી છે, ને પછી તેમાં લીન થઈને આનંદરસનું પાન કરવું તે બીજી

ચોપડી છે. ચૈતન્યસ્વભાવને ચૂકીને આર્ત અને રૌદ્રધ્યાન થાય તે તિર્યંચગતિ, નરકગતિ ને ભૂત-પ્રેતની ગતિનું કારણ છે. મુનિઓને તીવ્ર આર્ત-રૌદ્રના પરિણામો હોતા જ નથી, સ્વરૂપના અવલંબને ત્રણ કષાયનો તેમને અભાવ થયો છે, કોઈ વાર કદાચ અલ્પ આર્તધ્યાન થઈ જાય તો તે સામાયિક નથી; સામાયિક તો અંતરના આનંદરસના અનુભવમાં જેટલો તત્પર થાય તેટલી જ છે. આત્માના કારણસમયસારસ્વરૂપમાં જે લીન છે તે જીવને આર્ત-રૌદ્રધ્યાનનો નિત્ય ત્યાગ છે, ને તેમને જ કેવળી ભગવાનના શાસનમાં સિદ્ધ થયેલું એવું સ્થાયી સામાયિક હોય છે.

હવે આ ૧૨૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૨૧૪**

(आर्या)

**इति जिनशासनसिद्धं सामायिकव्रतमणुव्रतं भवति।**
**यस्त्यजति मुनिर्नित्यं ध्यानद्वयमार्तरौद्राख्यम् ॥ २१४॥**

**શ્લોકાર્થ :** એ રીતે, જે મુનિ આર્ત અને રૌદ્ર નામના બે ધ્યાનોને નિત્ય તજે છે તેને જિનશાસનસિદ્ધ (-જિનશાસનથી નક્કી થયેલું) અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે. ॥ ૨૧૪ ॥

મુનિઓ સ્વવિષયને ગ્રહણ કરીને પરવિષયને છોડે છે, સ્વવિષયમાં લીન થતાં આર્ત-રૌદ્રધ્યાનના પરિણામ થતા જ નથી. -આવા મુનિને અણુવ્રતરૂપ સામાયિક છે. અહીં અણુવ્રતનો અર્થ શ્રાવકના વ્રત નથી, પણ પૂર્ણ યથાખ્યાત ચારિત્ર નથી તે અપેક્ષાએ આને અણુવ્રત કહ્યું છે. સામાયિક ચારિત્ર ૧૧-૧૨મા ગુણસ્થાને નથી હોતું, ત્યાં તો યથાખ્યાત ચારિત્ર હોય છે. યથાખ્યાત પરિપૂર્ણ ચારિત્રનો અભાવ છે તે અપેક્ષાએ મુનિની સામાયિકને પણ અહીં અણુવ્રત કહેલ છે -એમ સમજવું. આ અણુવ્રત પણ વીતરાગી છે, રાગવાળા વ્રતની આ વાત નથી. તત્ત્વાર્થસૂત્રમાં શુભ આસ્રવના કારણ તરીકે જે વ્રતો વર્ણવ્યા છે તેની આ વાત નથી, તે તો શુભ રાગ છે, ને આ તો મોક્ષના કારણરૂપ નિર્વિકલ્પ વીતરાગી નિશ્ચયવ્રતની વાત છે.



વળી ફરીને સામાયિકનું સ્વરૂપ કહે છે, તેમાં શુભ-અશુભભાવના ત્યાગની વિધિ કહે છે :

**ગાથા ૧૩૦**

**जो दु पुण्णं च पावं च भावं वज्जेदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १३०॥**

**यस्तु पुण्यं च पापं च भावं वर्जयति नित्यशः।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने ॥ १३० ॥**

**જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.**

**અન્વયાર્થ :** (**यः तु**) જે (**पुण्यं च**) પુણ્ય તથા (**पापं भावं च**) પાપરૂપ ભાવને (**नित्यशः**) નિત્ય (**वर्जयति**) વર્જે છે, (**तस्य**) તેને (**सामायिकं**) સામાયિક (**स्थायि**) સ્થાયી છે (**इति केवलिशासने**) એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

જ્યાં રાગાદિને કે આર્તધ્યાન વગેરેને છોડવાનું કહ્યું ત્યાં પ્રથમ એ વાત સમજી લેવી કે જેને છોડવાનું કહ્યું છે તે રાગાદિભાવો આત્માના સ્વભાવમાં નથી. એવા સ્વભાવનું ભાન કર્યા વિના રાગાદિનો ત્યાગ હોય નહિ. રાગરહિત ત્રિકાળી સ્વભાવ જ છે - એવું ભાન કરીને તે આત્માની સમીપમાં રહેતા રાગાદિ છૂટી જાય છે. જેને પુણ્યની રુચિ છે તેને પુણ્યરહિત આત્માની પ્રતીતિ નથી, એટલે તેને પુણ્ય-પાપનો અભાવ થાય જ નહિ. જેમાં રાગાદિનો ત્રિકાળ અભાવ છે તેવા આત્મામાં લીન થયે જ રાગાદિનો અભાવ થાય છે.

જે સહજ વૈરાગી મુનિ સુકૃતરૂપ પુણ્ય અને દુષ્કૃતરૂપ પાપ -તે બન્નેને છોડીને સ્વરૂપમાં ઠરે છે તેને જ કેવળી ભગવાને કહેલી સામાયિક હોય છે -એમ કહ્યું છે. ત્યાં ટીકાકાર પહેલાં શુભ-અશુભ કેવા છે તે બતાવે છે.

બાહ્ય-અભ્યંતરમાં જે પરિત્યાગી છે, એવા પરમ વીતરાગી સંત મુનિના ચરણકમળની સેવા તે શુભ પરિણતિ પુણ્યનું કારણ છે. મહાવીતરાગી સંતમુનિના ચરણનું પ્રક્ષાલન કરવું, પગ દાબવા, સેવા કરવી -એવો ભાવ તે શુભ પરિણતિ છે. જુઓ, શ્રાવક પણ મુનિની સેવામાં પગચંપી વગેરે કરી શકે છે, તેમાં શુભ રાગ છે. વીતરાગી મુનિ આહાર માટે પધારે ત્યારે તેમના ચરણનું ભક્તિથી પ્રક્ષાલન કરે, એમાં શુભ પરિણતિ છે, તથા હિંસાદિનો ભાવ તે અશુભ પરિણતિ છે, એવા શુભ-અશુભભાવ તે સંસારનું કારણ છે. પરમ વૈરાગી સંતને તે શુભ-અશુભનો ત્યાગ તે સાચી સામાયિક છે.

## પોષ વદ ૧૪, શુક્રવાર, ૨૫-૧-૫૨.

## ભગવાન શ્રી ૠષભજિનેન્દ્ર નિર્વાણ કલ્યાણક મંગલદિન

**જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,**
**ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી;**
**વહેતો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,**
**વંદું છું તે ૠષભજિનને ધર્મધોરી પ્રભુને.**

આ સામાયિકના સ્વરૂપનું વર્ણન ચાલે છે. સામાયિક કહો, સમાધિ કહો કે આત્મશાંતિ કહો, તે કેમ થાય ? તેનું આ વર્ણન છે. સમસ્ત શુભ-અશુભ ભાવો તો નવા કર્મબંધનું કારણ છે, તેને છોડીને આત્મામાં એકાગ્ર થવું તે સામાયિક છે. પુણ્ય-પાપના ભાવમાં શાંતિ નથી, ને તેના ફળમાં પણ શાંતિ નથી.

જેઓ બાહ્ય તેમ જ અંતરંગ પરિગ્રહના ત્યાગરૂપ લક્ષણવાળા છે, ચિદાનંદ આત્માના વીતરાગી અમૃતના અનુભવમાં મગ્ન છે, આત્માના શાંતરસમાં ઝૂલી રહ્યા છે, એવા પરમ વીતરાગી સંતના ચરણકમળની સેવા -પ્રક્ષાલન વગેરેમાં પ્રમોદભાવ આવે છે તે શુભ રાગ છે. જેને અંતરમાં ભાન છે કે હું આ જ ભવે પરમાત્મ થવાનો છું, જે સમ્યગ્દ્રષ્ટિ છે-એવા ભરત ચક્રવર્તી જેવા પણ આહારના સમયે દિગંબર સંતની રાહ જોઈને ઊભા રહેતા - કે કોઈ મુનિરાજ પધારે !! તેમને ભક્તિથી આહાર કરાવીને પછી હું જમું ! એવી ભાવના ભાવતાં એક વાર ચોકમાં ઊભા છે. ત્યાં માથે આકાશમાંથી સૂર્ય અને ચંદ્ર જેવા બે મહાન સંતો ઊતરે છે, ને ભક્તિપૂર્વક ભરતજી તેમના ચરણનું પ્રક્ષાલન વગેરે કરીને આહાર કરાવે છે. તેમાં મુનિને પણ શુભભાવ છે, ને ભરતને પણ શુભભાવ છે. પણ આ શુભ રાગ તે ખરેખર સામાયિક નથી, રાગનો ત્યાગ થઈને સહજ વીતરાગી સમતામાં ઠરવું તે સામાયિક છે.

અહીં પુણ્યની વાતમાં પણ લોકોત્તર મુનિરાજની ભક્તિની વાત લીધી છે, લૌકિક સેવાની વાત ન લીધી. મુનિરાજ તો ધર્મનું નિમિત્ત છે, તેથી મુનિની ઉત્કૃષ્ટ વાત જ લીધી.

એક મુનિ પણ બીજા મુનિની સેવા કરે, પગ દાબે, શરીર સ્વચ્છ કરે વગેરે પ્રકારે વૈયાવચ્ચ કરે, તેમાં પણ તેમને શુભ રાગ છે, તે રાગની કિંમત કેટલી ? કે સંસારમાં પુણ્ય મળે તેટલી. પણ તે રાગમાં આત્માની શાંતિ નથી, રાગ તે સામાયિક નથી. ચિદાનંદ અવિકારી સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં જેટલી એકાગ્રતા થઈ તેટલી સામાયિક છે.

ગૃહસ્થદશા હોવા છતાં મહા વીતરાગી મુનિરાજ વગેરે પ્રત્યે ભક્તિનો ભાવ ન આવે તો તે



સ્વચ્છંદી છે; અને તે શુભભાવમાં જ ધર્મ માની લ્યે તો તે અજ્ઞાની છે. ચાર જ્ઞાન - ચૌદ પૂર્વના ધરનાર મહા સંત, તે ભવે મોક્ષ પામનાર, તે પણ ભગવાનની વાણી સાંભળે છે, વાણી સાંભળતા બહુમાનથી આત્મા ઉલ્લસી જાય છે; ગણધર જેવાને પણ એવો શુભભાવ આવે છે; ને ગૃહસ્થ પોતે દેવ-ગુરુ વગેરેની ભક્તિ બહુમાન વગેરેમાં ઉદાસીનતા સેવે તો તેને પોતાની ભૂમિકાનો જ વિવેક નથી. મુનિરાજ સામે આવીને ઊભા રહે, પોતે ત્યાં ઊભો હોય અને કહે કે ''અમને તો અત્યારે ભક્તિ વગેરેનો કાંઈ વિકલ્પ આવતો નથી'' -તો કહે છે કે અરે મૂઢ ! તને તારા શરીરના પોષણનો તો વિકલ્પ આવે છે ને મુનિરાજ પ્રત્યે ભક્તિનો ભાવ આવતો નથી, તો તને વીતરાગતાનું બહુમાન જ નથી લાગતું, તારી દિશા જ બીજે વળી છે, અંદર કાંઈક શલ્ય પડ્યું છે.

શુભમાં લૌકિક કરુણા વગેરેની વાત ન લેતાં અહીં મુનિરાજની ભક્તિની વાત લીધી છે. એટલે શુભ વખતે પણ વીતરાગતાના નિમિત્તો પ્રત્યે બહુમાન આવે છે. શ્રાવક વગેરે ધર્મીને તેવો શુભ રાગ આવ્યા વિના રહેતો નથી, પણ તે શુભ રાગનું ફળ તો સંસાર છે. તીર્થંકરાદિ મહા સંતમુનિ જ્યાં આહાર કરે ત્યાં ઉપરથી રત્નની વૃષ્ટિ થાય, એવા પુણ્ય થાય તે પણ આત્માનું સ્વરૂપ નથી.

વળી હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ - એ બધા ભાવો અશુભ છે, તેનાથી પાપકર્મ ઊપજે છે. આ પાપકર્મ પણ આત્માનું સ્વરૂપ નથી.

ભક્તિ વગેરેનો શુભભાવ તેમજ હિંસાદિનો અશુભભાવ, તે બન્ને ભાવો સંસારરૂપી સ્ત્રીના વિલાસવિભ્રમનું જન્મભૂમિસ્થાન છે, એટલે કે પુણ્ય અને પાપ એ બન્નેમાંથી સમતાનો જન્મ થતો નથી, પણ પરિભ્રમણરૂપી સ્ત્રીના વિલાસનો જન્મ થાય છે, પુણ્ય-પાપ બન્નેનું ફળ સંસારની ઉત્પત્તિ છે; ને ચિદાનંદ સ્વભાવ શુદ્ધ કારણપરમાત્મા તે પરમ સમતાનું જન્મભૂમિસ્થાન છે, -આમ જાણીને તે સ્વભાવમાં એકાગ્રતા કરવી તેનું નામ સામાયિક છે, દેહથી ભિન્ન ચૈતન્યનું ભાન પણ જેને નથી તેને સામાયિક હોતી નથી. પુણ્ય અને પાપના ભાવ થતા હોવા છતાં એ બન્ને ભાવો સંસારનું કારણ છે એમ પહેલાં જાણે, તો પછી તેને છોડીને સ્વરૂપમાં ઠરે. પહેલાં મારું શુદ્ધ સ્વરૂપ પુણ્ય-પાપ રહિત છે એમ જાણે તે જીવ પર પ્રત્યે સહજ ઉદાસીન થઈ જાય છે. ચૈતન્ય તરફ વળતાં વળતાં એવો સહજ વૈરાગ્ય પ્રગટે કે જે વૈરાગ્યની છાયા મુદ્રા ઉપર તરવરતી હોય ! એવા સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ પુણ્ય-પાપને તજે છે તેને જ સ્થાયી સામાયિક છે. બહારમાં લાખો-કરોડો રૂપિયાની કિંમતના મહેલ હોય તે તો ધૂળના મહેલ છે; મુનિવરો તો વૈરાગ્ય મહેલમાં વસનારા છે; જે સહજ વૈરાગ્યમૂર્તિ સંતો સ્વરૂપમાં ઠરતાં પુણ્ય-પાપને છોડે છે તેને કેવળી ભગવાનના મતથી સિદ્ધ થયેલું સ્થાયી સામાયિક હોય છે.

હવે આ ૧૩૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :-

### શ્લોક ૨૧૫

(मन्दाक्रान्ता)

**त्यक्त्वा सर्वं सुकृतदुरितं संसृतेर्मूलभूतं**
**नित्यानंदं व्रजति सहजं शुद्धचैतन्यरूपम्।**
**तस्मिन् सदृग् विहरति सदा शुद्धजीवास्तिकाये**
**पश्चादुच्चैः त्रिभुवनजनैरर्चितः सन् जिनः स्यात्॥ २१५॥**

**શ્લોકાર્થ** : સમ્યગ્દષ્ટિ જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્ય-પાપને તજીને, નિત્યાનંદમય, સહજ, શુદ્ધચૈતન્યરૂપ જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે; તે શુદ્ધ જીવાસ્તિકાયમાં તે સદા વિહરે છે અને પછી ત્રિભુવનજનોથી (ત્રણ લોકના જીવોથી) અત્યંત પૂજાતો એવો જિન થાય છે. ॥ ૨૧૫ ॥

હું જ્ઞાનસ્વરૂપ છું, મારા સ્વભાવમાં આનંદ છે -એવું જેને ભાન છે ને પુણ્ય-પાપને સંસારનું મૂળ જાણે છે તે સમ્યગ્દષ્ટિ છે. તે સમ્યગ્દષ્ટિ જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્ય-પાપને તજીને, સદાય આનંદમય સહજ ચૈતન્યસ્વરૂપ આત્માને પ્રાપ્ત કરે છે. પુણ્ય-પાપ વિકાર છે, દુઃખમય છે, કાયમી વસ્તુમાં દુઃખ હોઈ ન શકે, આત્માનો કાયમી સ્વભાવ તો સહજાનંદની મૂર્તિ છે; તેમાં લીન થાય ને પુણ્ય-પાપને છોડે તેને સામાયિક છે. અહીં તો કહ્યું કે પુણ્યને પણ છોડીને સમ્યગ્દષ્ટિ શુદ્ધ આત્માની પ્રાપ્તિ કરે છે, પુણ્ય વડે આત્માની પ્રાપ્તિ થતી નથી. એ રીતે સમ્યગ્દષ્ટિ શુદ્ધ જીવાસ્તિકાયને પ્રાપ્ત કરીને પછી તેમાં જ સદા વિહરે છે, એટલે કે તેમાં જ એકાગ્રતા કરે છે. તેમાં એકાગ્રતા વડે કેવળજ્ઞાન પ્રગટ કરીને તે જીવ ત્રણ લોકનો નાથ થાય છે, ત્રણ લોકના જીવો તેના ચરણકમળને પૂજે છે.

પહેલાં તો પુણ્ય-પાપ રહિત અંતરદ્દષ્ટિથી શુદ્ધ જીવાસ્તિકાયની પ્રાપ્તિની વાત કરી, ને પછી તે સ્વરૂપમાં જ સદા વિહાર કરે છે, જ્ઞાનમાં તેને પકડીને તેમાં જ પરિણમે છે. પછી એમાં જ લીન થતાં થતાં તે જીવ કેવળજ્ઞાન પ્રગટ કરીને ત્રિલોકપૂજ્ય જિન અથવા તીર્થંકર થાય છે.

ઈન્દ્રો ને ગણધરો, નરેન્દ્રો ને મુનિવરો પણ તીર્થંકરના ચરણને ભક્તિથી પૂજે છે. જેણે પુણ્ય છોડ્યું તેને સાધકપણામાં એવા પુણ્ય બંધાઈ જાય છે કે ત્રણ લોકથી તે પૂજ્ય થાય છે. જે પુણ્યને ઈચ્છે છે તેને તેવા પુણ્ય બંધાતા નથી. જુઓ ! આ સામાયિકનું ફળ ! સામાયિકનું ફળ કેવળજ્ઞાન પ્રગટ કરીને જિન થવું તે છે, પણ બહારમાં સ્વર્ગાદિ મળવા તે સામાયિકનું ફળ નથી, તે તો રાગનું ફળ છે.



### શ્લોક ૨૧૬

(शिखरिणी)

**स्वतःसिद्धं ज्ञानं दुरघसुकृतारण्यदहनं**
**महामोहध्वान्तप्रबलतरतेजोमयमिदम्।**
**विनिर्मुक्तेर्मूलं निरुपधिमहानंदसुखदं**
**यजाम्येतन्नित्यं भवपरिभवध्वंसनिपुणम्॥ २१६॥**

**શ્લોકાર્થ** : આ સ્વતઃસિદ્ધ જ્ઞાન પાપ-પુણ્યરૂપી વનને બાળનારો અગ્નિ છે, મહામોહાંધકારનાશક અતિપ્રબળ તેજમય છે, વિમુક્તિનું મૂળ છે અને નિરુપધિ મહા આનંદસુખનું દાયક છે. ભવભવનો ધ્વંસ કરવામાં નિપુણ એવા આ જ્ઞાનને હું નિત્ય પૂજું છું. ॥ ૨૧૬ ॥

અહીં સ્વતઃસિદ્ધ જ્ઞાનને નમસ્કાર કરે છે. કેવું છે તે સ્વતઃસિદ્ધ જ્ઞાન ? સ્વતઃસિદ્ધ અનાદિ-અનંત જ્ઞાનમૂર્તિ આત્મા પુણ્ય-પાપરૂપી વનને બાળી નાખનારો અગ્નિ છે. પુણ્ય-પાપ તો કૃત્રિમ ક્ષણિક છે, ને આત્માનો જ્ઞાનસ્વભાવ તો સ્વતઃસિદ્ધ છે, તે સ્વતઃસિદ્ધ ચૈતન્યની જ્યોત પુણ્ય-પાપને બાળી નાખનાર છે. આવી અંતર્વસ્તુને ઓળખીને તેમાં ઠરે તેનું નામ સામાયિક છે. પાપ અને પુણ્ય બન્નેના અસંખ્ય પ્રકારો છે, એ વિવિધ પુણ્ય-પાપના વૃક્ષના આખાય વનને મૂળમાંથી બાળી નાખે એવો ભગવાન આત્માનો સ્વભાવ છે. વળી ચૈતન્યસ્વભાવ મહા તેજમય છે, મહા મોહ અંધકારને દૂર કરનારું ચૈતન્યનું મહા તેજ છે; ચૈતન્યજ્યોત અગ્નિ છે, ને પુણ્ય-પાપ તો ધૂમાડા જેવા છે. અજ્ઞાનીને તે ધૂમાડાને આડે મૂળ ચૈતન્યવસ્તુ સૂઝતી નથી, પણ ચૈતન્યતેજ એવું છે કે તેનામાં મોહાંધકાર છે જ નહિ, તે ત્રિકાળી મહા તેજમાં એકાગ્ર થતાં પર્યાયમાં પુણ્ય-પાપરૂપી ધૂમાડાની ઉત્પત્તિ જ થતી નથી. સહજ ચૈતન્યતેજ અંધકારનો નાશ કરનારું છે, જેમ અગ્નિની મોટી જ્વાળા ભભૂકતી હોય, તેના ઉપર રૂના કટકા કોઈ ઉડાડે તો તેને અધ્ધર ને અધ્ધર સળગાવીને તે જ્વાળા ભસ્મ કરી નાખે છે. તેમ ચૈતન્યજ્વાળા પુણ્ય-પાપને ભસ્મ કરનારી છે. જેમ સૂર્યમાં અંધારું નથી તેમ ચૈતન્યસૂર્યના તેજમાં મોહરૂપી અંધકાર નથી. આવો સ્વયંસિદ્ધ આત્મા જ મુક્તિનું મૂળ છે; પુણ્ય-પાપ તો સંસારનું મૂળ છે ને આત્મા મુક્તિનું મૂળ છે. અને નિરુપાધિ છે એટલે કે છેતરપીંડિ વગરનો છે, સાચા મહા આનંદને દેનારો છે. જ્યાં આવા આત્મામાં ઠર્યો ત્યાં તે મહા આનંદ સુખને આપે છે, ક્યાંય બહારથી સુખ આવતું નથી. સ્વભાવ સામર્થ્યપણે તું પોતે કાયમ કારણપરમાત્મા છે, તેની આ વાત છે; તેનો વિશ્વાસ કરીને તેમાં રમણતા કરવી તે જ ભવભવના નાશનું કારણ છે. માટે મુનિરાજ કહે છે કે ભવભવનો નાશ કરવામાં જે કુશળ છે એવા આ સ્વયંસિદ્ધ જ્ઞાનમય આત્માને હું નિત્ય પૂજું છું, તેનો આદર કરીને તેમાં ઠરું છું, અંતર્મુખ પરિણામ વડે તેને પૂજું છું. આવી પૂજા તે સામાયિક છે. ફૂલ લઈને ભગવાનની પૂજાનો ભાવ તે તો પુણ્ય છે, તેમાં

સામાયિક નથી. પોતાના ચિદાનંદ ભગવાનને ઓળખીને નિર્મળ પરિણતિ વડે તેની પૂજા કરવી એટલે કે તેમાં એકાગ્રતા કરવી તે સામાયિક છે અને તે મુક્તિનું કારણ છે.

**શ્લોક ૨૧૭**

(शिखरिणी)

**अयं जीवो जीवत्यघकुलवशात् संसृतिवधू-**
**धवत्वं संप्राप्य स्मरजनितसौख्याकुलमतिः।**
**क्वचिद् भव्यत्वेन व्रजति तरसा निर्वृतिसुखं**
**तदेकं संत्यक्त्वा पुनरपि स सिद्धो न चलति॥ २१७॥**

**શ્લોકાર્થ** : આ જીવ અઘસમૂહના વશે સંસૃતિવધૂનું પતિપણું પામીને (અર્થાત્ શુભાશુભ કર્મોના વશે સંસારરૂપી સ્ત્રીનો પતિ બનીને) કામજનિત સુખ માટે આકુળ મતિવાળો થઈને જીવે છે. ક્યારેક ભવ્યત્વ વડે શીઘ્ર મુક્તિસુખને પામે છે, ત્યારે પછી ફરીને તેને એકને છોડીને તે સિદ્ધ ચલિત થતો નથી (અર્થાત્ એક મુક્તિસુખ જ એવું અનન્ય, અનુપમ અને પરિપૂર્ણ છે કે તેને પામીને તેમાં આત્મા સદાકાળ તૃપ્ત તૃપ્ત રહે છે, તેમાંથી કદીયે ચ્યુત થઈને અન્ય સુખ મેળવવા માટે આકુળ થતો નથી). ॥ ૨૧૭ ॥

જે જ્ઞાનાનંદ ચૈતન્યનો સ્વામી નથી થતો તે પુણ્ય-પાપને તાબે થઈને સંસારરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે, એટલે કે સંસારમાં વિષયાકુળ થઈને પરિભ્રમણ કરે છે; ચૈતન્યને ચૂકીને વિષયભોગજનિત સુખ માટે આકુળતાથી જીવે છે, જો તેને છોડીને ચૈતન્યસ્વરૂપને ઓળખીને તેમાં ઠરે તો મુક્તિરૂપી સ્ત્રીનો સ્વામી થાય, અને મુક્તિસુખનો અનુભવ થતાં એવી અનાકુળ શાંતિ થાય, ફરીને સાદિ અનંતકાળમાં કદી તેનાથી ચ્યુત ન થાય. આવું વીતરાગી સામાયિકનું ફળ છે.

**પોષ વદ ૧૫, શનિવાર, ૨૬-૧-૫૨.**

આજે સવારે શ્રી પ્રવચનસારની સ્વાધ્યાય હતી.

**મહા સુદ ૧, રવિવાર, ૨૭-૧-૫૨.**

શુભ અને અશુભ બન્નેનો ત્યાગ કરીને ચૈતન્યમાં ઠરવું તે સામાયિક છે. પુણ્ય-પાપને પોતાનું સ્વરૂપ માનનાર જીવ ચૈતન્યને ચૂકીને પુણ્ય-પાપને વશે સંસારમાં ભ્રમણ કરે છે. હું તો પુણ્ય-પાપ રહિત ચૈતન્ય છું -એમ પોતાના સ્વભાવને તાબે જે નથી થતો તે વિકારને તાબે થઈને સંસારરૂપી સ્ત્રીનો ધણી થાય છે, પણ મોક્ષરૂપી સ્ત્રીને તે પામતો નથી. સંસારરૂપી સ્ત્રી એટલે આત્માની વિકારી પરિણતિ, તેનો અજ્ઞાની સ્વામી થાય છે. ક્યાંક ધણીપણું તો રાખશે ને ? કાં સ્વભાવને ઓળખીને



તેનો ધણી થાય અને કાં પુણ્ય-પાપનો ધણી થાય; અજ્ઞાનીએ અનાદિથી વિકારી પરિણતિરૂપી સ્ત્રીનો સંગ છોડ્યો નથી, તેને સામાયિક હોતી નથી. શરીરાદિ તથા વિકારને પોતાના માનનાર જીવ સંસારમાં પરિભ્રમણ કરતો કરતો કામજનિત સુખને માટે આકુળતાથી જીવે છે. તેને આત્માના સહજ સુખની ખબર નથી તેથી ઈચ્છાજનિત ઈન્દ્રિયસુખની આકુળતાથી તે જીવે છે.

તે જીવ ક્યારેક પોતાની ભવ્યતાની યોગ્યતા વડે ગુરુગમે આત્મભાન કરીને શીઘ્ર મુક્તિસુખને પામે છે, ત્યાર પછી ફરીને કદી તે મુક્તિસુખને છોડતો નથી. પાત્ર થઈને વિકારનું પતિપણું છોડીને મોક્ષમાર્ગ પામ્યો. તેને અહીં ''ભવ્યતા'' કહી છે. સમ્યગ્દર્શન પહેલાની પાત્રતા તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ તેને પામીને જીવ શીઘ્ર મુક્તિસુખને પામે છે. આખા જગતથી ઉદાસીન થઈને, સ્વભાવમાં જ મારું સુખ છે -એમ પોતાની ભવ્યતા વડે- યોગ્યતા વડે જીવ શીઘ્ર મોક્ષસુખને પામે છે. જે અનાદિથી રખડ્યો તે જ જીવ પોતાની પાત્રતાથી શીઘ્ર મોક્ષસુખ પામી શકે છે. સામાયિકનું આવું ફળ છે. ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતારૂપ સામાયિકનું ફળ મોક્ષ છે. પોતાના ભવ્યત્વ વડે જીવ મુક્તિ પામે છે એમ જ અહીં કહ્યું, બહારના નિમિત્તોની કે કર્મની વાત લીધી નથી.

જે જીવ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં ઠર્યો, તે એવા મુક્તિસુખને પામે છે કે તે મુક્તિસુખને કદી છોડતો નથી. અનાદિની સંસારરૂપી સ્ત્રી સાથે તો છૂટાછેડા તો કર્યા, પણ આ સિદ્ધદશારૂપી સ્ત્રીથી કદી પણ છૂટાછેડા કરતો નથી. જે મુક્તિ પામ્યો તે તો પોતાનો સ્વભાવ છે, તેને એકને કદી પણ છોડીને તે સિદ્ધ ચલિત થતા નથી. જેમ વિકારી પર્યાય છૂટી ગઈ તેમ કાંઈ સિદ્ધપર્યાય છૂટી જતી નથી, કેમ કે તે તો સ્વભાવિક પર્યાય છે. માટે એવી સામાયિક કર કે જેથી ફરીને અવતાર ન થાય એવું સિદ્ધપદ મળે. એક મુક્તિસુખ જ એવું અનન્ય, અનુપમ અને પરિપૂર્ણ છે કે તેને પામીને તેમાં આત્મા સદા કાળ તૃપ્ત તૃપ્ત રહે છે, તેમાંથી કદીયે ચ્યુત થઈને અન્ય ઈન્દ્રિયસુખ મેળવવા માટે તે આકુળ થતો નથી. સિદ્ધનું સુખ અનન્ય છે. એટલે કે સિદ્ધ સિવાય બીજે ક્યાંય તેવું સુખ નથી, સ્વર્ગ કે લક્ષ્મી વગેરે વૈભવમાં તેવું સુખ નથી, માટે સિદ્ધસુખ અનુપમ છે, ને પરિપૂર્ણ છે. સંસારના સુખ કદી પૂરા થતાં નથી, તેમાં તો આકુળતા રહ્યા કરે છે. માટે મોક્ષસુખ જ પરિપૂર્ણ છે. તેને પામનાર જીવને એવો સ્વભાવ આનંદ છે કે કદી તેનાથી કંટાળો આવતો નથી, તૃપ્ત તૃપ્ત જ રહે છે, ને કદી સંસારસુખને ઈચ્છતા નથી.

## ગાથા ૧૩૧-૧૩૨

**जो दु हस्सं रई सोगं अरतिं वज्जेदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १३१॥**

**जो दुगंछा भयं वेदं सव्वं वज्जेदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १३२॥**

**यस्तु हास्यं रतिं शोकं अरतिं वर्जयति नित्यशः।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥ १३१॥**

**यः जुगुप्सां भयं वेदं सर्वं वर्जयति नित्यशः।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥ १३२॥**

**જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.**

**જે નિત્ય વર્જે ભય, જુગુપ્સા, વર્જતો સૌ વેદને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.**

**અન્વયાર્થ :** (**यः तु**) જે (**हास्यं**) હાસ્ય, (**रतिं**) રતિ, (**शोकं**) શોક અને (**अरतिं**) અરતિને (**नित्यशः**) નિત્ય (**वर्जयति**) વર્જે છે, (**तस्य**) તેને (**सामायिकं**) સામાયિક (**स्थायि**) સ્થાયી છે (**इति केवलिशासने**) એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

(**यः**) જે (**जुगुप्सां**) જુગુપ્સા, (**भयं**) ભય અને (**सर्व वेदं**) સર્વ વેદને (**नित्यशः**) નિત્ય (**वर्जयति**) વર્જે છે, (**तस्य**) તેને (**सामायिकं**) સામાયિક (**स्थायि**) સ્થાયી છે (**इति केवलिशासने**) એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

જગતદિવાકર, ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માએ સામાયિકનું સ્વરૂપ આવું કહ્યું છે. હાસ્ય કે ખેદ વગેરે કોઈ વિકારીભાવો મારું સ્વરૂપ નથી - એમ પહેલાં સમજે તો તે સ્વરૂપમાં ઠરતાં હાસ્ય વગેરે ભાવો ટળે ને સામાયિક થાય, પણ હાસ્ય-શોક વગેરે ભાવોને આત્માથી જુદા ન જાણે તો તે કદી ટળતા નથી. પહેલા સમ્યગ્દર્શનથી શુદ્ધ આત્માનું ભાન કર્યું છે ને પછી તેમાં સ્થિર થયો છે તેને ચોવીસે કલાક સામાયિક છે. જેને હજી આવી સામાયિકનું ભાન પણ નથી, તેને સામાયિક હોય ક્યાંથી ? હજી તો જે ઈશ્વરને કર્તા માને, વીતરાગ દેવ-ગુરુને ઓળખે પણ નહિ અને દેશસેવા વગેરેમાં



ધર્મ માને તેવાને સાચી સામાયિક હોતી જ નથી. પ્રથમ તો વસ્તુસ્વરૂપનું ભાન હોય, પછી તે સ્વરૂપમાં સ્થિરતા વડે જે કષાયભાવોને ઉત્પન્ન જ થવા દેતો નથી તેને જ સામાયિકવ્રત છે. કેવળી ભગવાનના શાસનમાં આવું સામાયિકનું સ્વરૂપ કહ્યું છે - એમ આચાર્યદેવે ગાથાએ ગાથાએ કેવળીશાસનની વાત મૂકી છે.

**અર્થ :** આ, નવ નોકષાયના વિજય વડે પ્રાપ્ત થતા સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.

જગતમાં અનેક યોદ્ધાઓને જીતે તેને લોકો શૂરવીર કહે છે. પણ ખરેખરો શૂરવીર કોણ ? કે જે આત્માના બળે કષાયોને જીતે તે.

હાસ્ય, કામ, ક્રોધ, ભય વગેરે કષાયભાવો કલંકરૂપ છે, તે આત્માનો સ્વભાવ નથી માટે તેને મોહકર્મ-જનિત કહેવામાં આવ્યા છે. તે કષાયભાવો હું નહિ. હું તો આનંદકંદસ્વરૂપ છું એવા ભાનપૂર્વક જે તેમાં ઠરે તેને જ સામાયિક હોય છે. સ્ત્રીનું શરીર હોય, છતાં અંદરમાં ભાન કરે કે અમે તો ચૈતન્યમૂર્તિ આત્મા છીએ, આ દેહ અમે નથી. આવા ભાનપૂર્વક અંશે સ્થિરતા કરતાં દેશસામાયિકવ્રત હોય છે. જેને ભાવમાં સ્ત્રીવેદ હોય પણ શરીર પુરુષનું હોય - એવા જીવને સ્વરૂપમાં સ્થિરતા વડે સકલ સામાયિકવ્રત હોય છે. ભાવમાં નપુંસકવેદ પણ કોઈને હોય, સ્વરૂપમાં ઠરતાં તે ભાવ છૂટી જાય છે. તેનું નામ સામાયિક છે. હું સ્ત્રી, હું પુરુષ વગેરે પર્યાયબુદ્ધિ ટાળીને સ્વભાવમાં ઠરે તેને જ ભગવાને સામાયિક કહ્યું છે.

હાસ્ય કરવું - ખુશી થવું તે પણ વિકાર છે, સ્વરૂપની શાંતિમાં તે કલંકરૂપ છે. સ્વભાવની શાંતિમાં સ્થિર થતાં તે ભાવોને ઉત્પન્ન થવા ન દેવા તેનું નામ સામાયિક છે. એ પ્રમાણે સહજ ચૈતન્યની શ્રદ્ધારૂપ દર્શનસમાધિથી પહેલા વિકાર રહિત સ્વરૂપનો નિર્ણય કરવો તે દર્શનસામાયિક છે; ને પછી તેમાં લીનતારૂપ પરમસમાધિથી જે નિશ્ચય રત્નત્રયાત્મક પરમ તપોધન સમસ્ત કષાયોને છોડે છે તેને પરમ સામાયિક નામનું ચારિત્ર છે. આવું સામાયિક તે મોક્ષનું કારણ છે. આ સામાયિકમાં નિશ્ચય રત્નત્રય આવી જાય છે ને તેમાં જ મોક્ષમાર્ગ સમાઈ જાય છે. કેવળીભટ્ટારકના શાસનથી આવું સામાયિક સિદ્ધ થયેલું છે.

સામાયિક તો પર્યાય છે, છતાં તેને અહીં શાશ્વત કહી છે, કેમ કે તે સામાયિક પ્રગટ્યા પછી ઠેઠ મોક્ષફળને આપે છે.

હવે આ ૧૩૧-૧૩૨મી ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

### શ્લોક ૨૧૮

(शिखरिणी)

त्यजाम्येतत्सर्वं ननु नवकषायात्मकमहं
मुदा संसारस्त्रीजनितसुखदुःखावलिकरम्।
महामोहान्धानां सततसुलभं दुर्लभतरं
समाधौ निष्ठानामनवरतमानन्दमनसाम्॥ २१८॥

**શ્લોકાર્થ** : સંસારસ્ત્રીજનિત સુખદુઃખાવલિનું કરનારું નવ કષાયાત્મક આ બધું (-નવ નોકષાય-સ્વરૂપ સર્વ વિકાર) હું ખરેખર પ્રમોદથી તજું છું -કે જે નવ નોકષાયાત્મક વિકાર મહામોહાન્ધ જીવોને નિરંતર સુલભ છે અને નિરંતર આનંદિત મનવાળા સમાધિનિષ્ઠ (સમાધિમાં લીન) જીવોને અતિ દુર્લભ છે. ॥ ૨૧૮ ॥

જેમ વિષયોમાં આસક્ત પતિ કદી સ્ત્રીથી દૂર ખસતો નથી તેમ અજ્ઞાની વિકારની પ્રીતિવાળો જીવ અનાદિથી સંસારરૂપી સ્ત્રીને છોડતો નથી, સંસારમાં જ પરિભ્રમણ કરે છે. કષાયમાં કેટલોક પ્રશસ્ત કષાય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર તથા સાધર્મી પ્રત્યે રતિ થાય, પ્રમોદથી હાસ્ય થાય - વગેરેમાં શુભભાવ છે. તેનાથી સંસારના સુખ મળે છે, નોકષાય તો સંસારના સુખ-દુઃખની હારમાળાને ઉત્પન્ન કરનાર છે, તેવા સમસ્ત કષાયોને હું છોડું છું - પ્રમોદથી છોડું છું. એટલે કે તે કષાયવિકારો મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ આનંદમય છે. તેમાં ઠરીને હું પ્રમોદથી કષાયોનો છોડું છું. સ્વભાવના આનંદની લીનતાપૂર્વક કષાયોને છોડું છું. મોહાંધ અજ્ઞાની જીવોને કષાયરૂપ વિકાર નિરંતર સુલભ છે, તેને તો ચૈતન્યનું ભાન નથી તેથી તે કષાયમાં જ ડૂબેલા છે, પણ જેને ચૈતન્યનું ભાન છે, ને ચૈતન્યની સમાધિમાં ઠર્યા છે તેવા આનંદિત સંતોને તે કષાય બહુ દુર્લભ છે, એટલે કે સ્વરૂપના આનંદમાં લીન સંતોને વિકારની ઉત્પત્તિ થતી નથી. જ્ઞાનીને ચૈતન્યસ્વભાવ સુલભ છે ને અજ્ઞાનીને દુર્લભ છે.

અજ્ઞાનીને વિષયકષાય સુલભ છે ને ચૈતન્યનો આનંદ દુર્લભ છે. જ્ઞાનીને સહજ ચૈતન્યના આનંદ પાસે વિકારની ઉત્પત્તિ બહુ દુર્લભ છે, એટલે કે વિકાર થતા જ નથી - એમ અહીં અલંકારથી કહ્યું છે.



### મહા સુદ ૨, સોમવાર, ૨૮-૧-૫૨.

આ પરમ-સમાધિનો અધિકાર છે, તેમાં સામાયિકનું વર્ણન કરે છે. આર્તધ્યાન-રૌદ્રધ્યાન છોડવા, પુણ્ય-પાપ છોડવા વગેરે વાત કરી. હવે આ છેલ્લી ગાથામાં કહે છે કે જ્ઞાનાનંદ આત્માને ધર્મધ્યાન અને શુક્લધ્યાન વડે જે નિત્ય ધ્યાવે તેને સ્થાયી સામાયિક હોય છે.

### ગાથા ૧૩૩

**जो दु धम्मं च सुक्कं च झाणं झाएदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १३३॥**

**यस्तु धर्मं च शुक्लं च ध्यानं ध्यायति नित्यशः।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥ १३३॥**

**જે નિત્ય ધ્યાવે ધર્મ તેમ જ શુક્લ ઉત્તમ ધ્યાનને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૩.**

**અન્વયાર્થ** : **(यः तु)** જે **(धर्मं च)** ધર્મધ્યાન **(शुक्लं च ध्यानं)** અને શુક્લધ્યાનને **(नित्यशः)** નિત્ય **(ध्यायति)** ધ્યાવે છે, **(तस्य)** તેને **(सामायिकं)** સામાયિક **(स्थायि)** સ્થાયી છે **(इति केवलिशासने)** એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

### સંતોને કેવળજ્ઞાનની ધૂન

સામાયિકવાળો જીવ કેવો છે ?

સકળ વિમળ એવા કેવળજ્ઞાન-દર્શનનો લોલુપ છે, તેની જ ભાવનાવાળો છે, સર્વજ્ઞતાની જ તીવ્ર અભિલાષા છે. જુઓ ! આમાં સર્વજ્ઞની પ્રતીત પણ આવી ગઈ. જેને સર્વજ્ઞની પ્રતીત પણ ન હોય તેને આવી કેવળજ્ઞાનની ભાવના પણ હોય નહિ. સર્વજ્ઞતા શું તેનું ભાન ન હોય ને પોતાને પંડિત કહેવડાવે તે કાંઈ પંડિત કહેવાય નહિ, તેને સામાયિક કે સાધુપણું હોય નહિ. કોઈ કહે કે ''કેવળજ્ઞાન વળી શું ? આપણા કરતાં બે ડગલા આગળ હોય એવું કેવળજ્ઞાન હશે ?''- એમ કહેનારને સર્વજ્ઞની પ્રતીત નથી. તે તો ચૈતન્યનું ખૂન કરનારા છે. માટે અહીં તો પહેલાં જ એ વાત કરી કે જે ધર્મી જીવ કેવળજ્ઞાન-દર્શનની લોલુપતાવાળા છે, તેને જગતમાં પુણ્ય-પાપ વગેરેની ભાવના નથી, લક્ષ્મી વગેરે બાહ્ય પદાર્થોની લોલુપતા તેને નથી. અજ્ઞાની જીવોને બહારની લોલુપતા કેમ નથી ખસતી ? -તો કહે છે કે આત્માના કેવળજ્ઞાન-દર્શનની લોલુપતા પ્રગટ કરતો નથી તેથી તેને બહારની લોલુપતા ખસતી નથી. બહારની રુચિ છોડીને કેવળજ્ઞાનના લોલુપી થઈને અંતરમાં જે

એકાગ્ર થયા છે તેવા મુનિને ધર્મધ્યાન-શુક્લધ્યાનરૂપી સામાયિક હોય છે. જેને બહારની લોલુપતા પડી છે તેને આવી સામાયિક હોતી નથી. જ્ઞાન-દર્શનની ઉગ્ર ભાવના કરીને તેમાં લીન થવું તે જ સામાયિકની ક્રિયા છે. મારો ત્રિકાળી સ્વભાવ કેવળજ્ઞાન-કેવળદર્શનમય છે - એવી પ્રતીત તો વર્તે છે ને હવે તેમાં ઠરીને મુનિ કેવળજ્ઞાન પ્રગટ કરવાની ભાવનાવાળા છે. કેવળજ્ઞાનનો પોકાર કર્યો છે, કે અરે આત્મા ! તું દ્રવ્યસ્વભાવે તો પરિપૂર્ણ છો, પણ જ્યાં સુધી તેમાં લીન થઈને કેવળજ્ઞાન પ્રગટ ન કર ત્યાં સુધી દ્રવ્ય-પર્યાયની અભેદતાથી પૂર્ણતા નહિ થાય. અહો ! કોઈ માન-આબરૂના લોલુપી, કોઈ પરને ભણાવવાના લોલુપી, કોઈ લક્ષ્મી વગેરેના લોલુપી, પણ ધર્મી તો એક પોતાના આત્માના જ લોલુપી છે. આત્મામાં ઠરીને કેવળજ્ઞાન પ્રગટ કરવાની જ તેમને ધૂન લાગી છે.

જેને કેવળજ્ઞાન-દર્શનની ભાવના છે તેની દૃષ્ટિમાં સ્વભાવની જ ભાવના છે, તેને કોઈ નિમિત્તની, રાગની કે અલ્પજ્ઞતાની ભાવના હોતી નથી. તેને જ ચૈતન્યમાં લીનતારૂપ સામાયિક હોય છે.

જેને જગતની લોલુપતા ટળીને ચૈતન્યના આશ્રયે કેવળજ્ઞાન-દર્શનની લોલુપતા જાગી છે એવા સંતોને પોતાના શુદ્ધ આત્માના આશ્રયે જ નિશ્ચય ધર્મધ્યાન અને નિશ્ચય શુક્લધ્યાન હોય છે. તે ધર્મ અને શુક્લધ્યાનો પરમ નિર્વિકલ્પ સમાધિરૂપ સંપત્તિના કારણભૂત છે. એવા ધર્મ-શુક્લધ્યાન વડે જે પોતાના આત્માને ધ્યાવે છે તેને સામાયિક છે.

કેવા આત્માને ધ્યાવે છે ?

''અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્‌વિલાસલક્ષણ (અર્થાત્ અખંડ અદ્વૈત સ્વાભાવિક ચૈતન્યવિલાસ જેનું લક્ષણ છે એવા), અક્ષય આનંદસાગરમાં મગ્ન થતાં (ડૂબતા), સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ, શાશ્વતપણે (સદા) અંતઃક્રિયાના અધિકરણભૂત, સદાશિવસ્વરૂપ આત્માને નિરંતર ધ્યાવે છે.''

ત્રિકાળી ચૈતન્યમૂર્તિ ભગવાન પોતે જ અંતઃક્રિયાનો આધાર છે; આત્મા બાહ્યક્રિયાથી પરાઙ્મુખ છે ને અંતઃક્રિયાનો આધાર છે, તથા સદાય શિવસ્વરૂપ છે, આવા આત્માને ધર્મધ્યાન અને શુક્લધ્યાન વડે ધ્યાવે છે તેને જ સર્વજ્ઞના શાસનમાં કહેલું સામાયિક હોય છે. એક ક્ષણ પણ જેમાં ચૈતન્યની મુખ્યતા ખસતી નથી, એવા અભેદ આત્માના ધ્યાનથી પરમ સમતારૂપ સામાયિક હોય છે.

સર્વજ્ઞના શાસનમાં વીતરાગી શિક્ષા છે કે તારા ચૈતન્ય સન્મુખ થા ને પરદ્રવ્યોથી ઉપેક્ષા કર. એવા સર્વજ્ઞશાસનથી સિદ્ધ થયેલું, ત્રિગુપ્તિ વડે ગુપ્ત એવી પરમ સમાધિ જેનું લક્ષણ છે એવું શાશ્વત સામાયિકવ્રત શુદ્ધ આત્માના ધ્યાન વડે ઉત્પન્ન થાય છે.

કેવળજ્ઞાન તો પર્યાય છે, પણ તે પર્યાય ક્યાંથી પ્રગટે છે ? ધ્રુવસ્વભાવમાંથી પ્રગટે છે -એમ સંતોને ભાન છે. એટલે કેવળજ્ઞાનની ભાવનામાં ખરેખર તો સ્વભાવમાં એકાગ્રતાની જ ભાવના છે. સ્વભાવનો આશ્રય વર્તતો હોય તો કેવળજ્ઞાનની લોલુપતા ખરી કહેવાય. જેને એવી કેવળજ્ઞાનની



લોલુપતા લાગી તે પાછો ફરે નહિ. સ્વભાવમાં ઠરીને કેવળજ્ઞાન પ્રગટ કરે.

હવે આ પરમ-સમાધિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :-

**શ્લોક ૨૧૯**

(मन्दाक्रान्ता)

**शुक्लध्याने परिणतमतिः शुद्धरत्नत्रयात्मा**
**धर्मध्यानेप्यनघपरमानन्दतत्त्वाश्रितेऽस्मिन्।**
**प्राप्नोत्युच्चैरपगतमहद्दुःखजालं विशालं**
**भेदाभावात् किमपि भविनां वाङ्मनोमार्गदूरम्॥ २१९॥**

**શ્લોકાર્થ** : આ અનઘ (નિર્દોષ) પરમાનંદમય તત્ત્વને આશ્રિત ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ એવા કોઈ વિશાળ તત્ત્વને અત્યંત પામે છે કે જેમાંથી (-જે તત્ત્વમાંથી) મહા દુઃખસમૂહ નષ્ટ થયો છે અને જે (તત્ત્વ) ભેદોના અભાવને લીધે જીવોને વચન અને મનના માર્ગથી દૂર છે. ॥ ૨૧૯ ॥

ભગવાન આત્મા પોતે પરમાનંદમય છે; તેનામાં ત્રિકાળ આનંદ અને અમૃત ભર્યું છે. તેવા આનંદ સરોવરમાં ડૂબકી મારીને લીન થતાં જેની બુદ્ધિ ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપે પરિણમી છે, સ્વભાવમાં ઠરતાં જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન થયું છે - એવો શુદ્ધ રત્નત્રયાત્મક જીવ વિશાળ તત્ત્વને અત્યંત પામે છે. -કેવા વિશાળ તત્ત્વને પામે છે ? -કે જેમાંથી દુઃખસમૂહનો નાશ થયો છે, ત્રિકાળી તત્ત્વમાં તો દુઃખ નથી, ને તેના આશ્રયે જે પર્યાય પ્રગટી તેમાં પણ દુઃખનો અભાવ છે; અને તે પરમાનંદમય મહા તત્ત્વ મન-વચનના માર્ગથી દૂર છે. આવા તત્ત્વને અંતરમાં એકાગ્રતા વડે, શુદ્ધ રત્નત્રયવાળો જીવ પ્રાપ્ત કરે છે, અર્થાત્ પ્રગટ કરે છે.

જુઓ, આમાં કઈ ક્રિયા કહી ?

કે પરમાનંદમય આત્મતત્ત્વનો આશ્રય કરીને તેમાં બુદ્ધિને પરિણમાવવી તે જ મોક્ષની ક્રિયા છે; એ સિવાય જેટલી પુણ્ય-પાપ વગેરે વિકારી ક્રિયા છે તે તો 'મોક્ષની કતરણી' છે. વિકારની કર્તૃત્વબુદ્ધિરૂપી ભૂમિમાં મિથ્યાત્વરૂપી મોટો મોહરાજા વર્તે છે. અંતરમાં પોતાના સ્વભાવના આશ્રયે થતી જે રુચિ, જ્ઞાન અને રમણતારૂપી ક્રિયા તે જ મોક્ષનું કારણ છે.

આ ભાગવતશાસ્ત્ર છે, પરમેશ્વરનું શાસ્ત્ર છે; છેલ્લે ટીકાકારે આ શાસ્ત્રને ભાગવતશાસ્ત્ર-દૈવીશાસ્ત્ર કહ્યું છે. એવા આ ભાગવતશાસ્ત્રની કથામાં નવમો પરમ-સમાધિ અધિકાર પૂરો થાય છે. સ્વતંત્ર ભગવાન આત્માને જે બતાવે છે, તું જ પોતે પરમેશ્વર છો, તારી શક્તિની સંભાળ કરતાં તું જ

પોતે પરમેશ્વર થાય છે - આમ બતાવનારું આ ભાગવતશાસ્ત્ર છે. સમયસાર વગેરે પણ ભાગવતશાસ્ત્રો છે.

આ રીતે સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં **પરમ-સમાધિ અધિકાર** નામનો નવમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❖❖❖



# ૧૦. પરમ-ભક્તિ અધિકાર

ભગવાન આત્માનું ભજન કરે તેનું નામ ભક્તિ છે. બહારમાં ભગવાનની ભક્તિ કરવી તે વ્યવહાર ભક્તિ છે. તેમાં શુભરાગ છે, અખંડ ચિદાનંદ ભગવાન આત્માનું ભજન કરવું એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા તે જ સાચી ભક્તિ છે.

જુઓ, આ અધિકારમાં મુનિઓ તેમ જ શ્રાવકો બન્નેની વાત લેશે. જેટલો સ્વભાવનો આશ્રયભાવ તેટલી ભક્તિ છે. આ અધિકારમાં ઘણું સરસ વર્ણન છે.

**ગાથા ૧૩૪**

**सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो।**
**तस्स दु णिव्वुदिभत्ती होदि त्ति जिणेहि पण्णत्तं ॥ १३४ ॥**

**सम्यक्त्वज्ञानचरणेषु यो भक्तिं करोति श्रावकः श्रमणः ।**
**तस्य तु निर्वृत्तिभक्तिर्भवतीति जिनैः प्रज्ञप्तम् ॥ १३४ ॥**

**શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચરિત્રની ભક્તિ કરે,**
**નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.**

**અન્વયાર્થ** : (**यः श्रावकः श्रमणः**) જે શ્રાવક અથવા શ્રમણ (**सम्यक्त्वज्ञानचरणेषु**) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની (**भक्तिं**) ભક્તિ (**करोति**) કરે છે, (**तस्य तु**) તેને (**निर्वृत्तिभक्तिः भवति**) નિર્વૃત્તિભક્તિ (નિર્વાણની ભક્તિ) છે (**इति**) એમ (**जिनैः प्रज्ञप्तम्**) જિનોએ કહ્યું છે.

શ્રાવકને પણ પોતાના ત્રિકાળી ભગવાનના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ હોય છે. એટલે કે રત્નત્રયનો ભાવ તે જ ભક્તિ છે, રાગ તે ખરેખર ભક્તિ નથી. આવી રત્નત્રયની ભક્તિ તે જ મોક્ષના કારણરૂપ ભક્તિ છે.

અહીં રત્નત્રયના સ્વરૂપનું કથન કરે છે.

''ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિથી પ્રતિપક્ષ (વિરુદ્ધ) નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-અવબોધ-આચરણસ્વરૂપ શુદ્ધરત્નત્રય પરિણામોનું જે ભજન તે ભક્તિ છે.''

ચૈતન્યમૂર્તિ આત્માની ભક્તિ નથી કરતો -તેના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા નથી કરતો, તે જ મિથ્યાત્વ

પ્રકૃતિમાં જોડાયો થકો ચારગતિમાં રખડે છે. અહીં તો ચારે ગતિમાં ભ્રમણનું મૂળ મિથ્યાત્વ જ ગણ્યું છે. તે મિથ્યાત્વ કર્મની પ્રકૃતિથી વિરુદ્ધ આત્માનો પરમાનંદ સ્વભાવ છે. એવા નિજ પરમાત્મ-તત્ત્વના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-આચરણ તે શુદ્ધરત્નત્રય છે, એવા શુદ્ધરત્નત્રયનું ભજન-આરાધન તે ભક્તિ છે. અહીં વ્યવહારરત્નત્રયની વાત ન લીધી, પણ અંતરમાં નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણની જ વાત લીધી છે, તેની આરાધના-ભક્તિ તે જ મોક્ષનું કારણ છે. આવી ભક્તિથી મુક્તિ થાય છે.

શુદ્ધરત્નત્રયની ભક્તિ કહી તેનો અર્થ તેની આરાધના છે. શ્રાવકને પણ રત્નત્રયની અમુક આરાધના હોય છે. નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન અને અંશે ચારિત્ર તેને પણ હોય છે. સ્વભાવના ધ્યાન વડે નિર્મળ પર્યાય પરિણમી તેનું નામ આરાધના અને ભક્તિ છે.

''એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય છ છે, મધ્યમ ત્રણ છે અને ઉત્તમ બે છે. -આ બધા શુદ્ધ-રત્નત્રયની ભક્તિ કરે છે.''

શ્રાવકોના અગિયાર ભેદ છે. ૧૧ પડિમા છે તે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ હોય છે. અહીં તો કહે છે કે તે બધાય શ્રાવકો શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. જેટલી વીતરાગતા છે તેટલી શુદ્ધરત્નત્રયની ભક્તિ છે ને તેટલો શ્રાવકનો ધર્મ છે. જે રાગ છે તે કાંઈ શ્રાવકનો ધર્મ નથી. એકથી માંડીને અગિયાર પડિમાવાળા શું કરે ? કે શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે.

સૌથી પહેલાં ચોથા ગુણસ્થાને દર્શનશુદ્ધિ હોય છે, ત્યાર પછી જ પાંચમા ગુણસ્થાને દર્શનપડિમા વગેરે અગિયાર પડિમા હોય છે, તે પડિમા અંતરના ગુણને અનુસાર હોય છે, બહારની ક્રિયાને અનુસાર નથી. શ્રાવકોના અગિયાર પદો છે. પણ તે બધાય શ્રાવકોને અંતરમાં આત્માનું ભાન હોય છે ને તેમાં અંશે સ્થિરતારૂપ રત્નત્રયની ભક્તિ હોય છે. આ સિવાય શ્રાવકની પડિમા હોય નહિ.

### માહ સુદ ૩, મંગળવાર, ૨૯-૧-૫૨.

આ ભાગવત શાસ્ત્રનો ભક્તિ અધિકાર વંચાય છે. સાચી ભક્તિ કોને કહેવાય કે જેનાથી મુક્તિ મળે ? તે અહીં બતાવે છે. મુનિવરોને કે ગૃહસ્થોને પણ પોતાના પરમાત્મતત્ત્વના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધરત્નત્રયનું જે ભજન તે જ ભક્તિ છે. રત્નત્રયની ભક્તિ કહો કે રત્નત્રયની આરાધના કહો, તે મુક્તિનું કારણ છે.

પહેલાં શુદ્ધ આત્માનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન તે પણ ભક્તિ છે. હું તો શુદ્ધ ચિદાનંદ છું, રાગનો અંશ પણ મારો નથી એવું ભાન કરીને તેની આરાધના કરવી તે પરમ ભક્તિ છે. શુદ્ધ પરમાત્મતત્ત્વના ભાન પછી તેમાં અંશે સ્થિરતા થઈને રત્નત્રયની આરાધના કરનારા શ્રાવકોની અગિયાર ભૂમિકાઓ છે. તેમાં છ પડિમા સુધીના જઘન્ય છે, સાતથી નવ સુધી મધ્યમ છે અને છેલ્લા બે ઉત્તમ છે.



પણ એ બધાય પદમાં શુદ્ધ પરમાત્મતત્ત્વની શ્રદ્ધાપૂર્વકની જ વાત છે. કેમ કે પડિમા તો પાંચમા ગુણસ્થાને હોય છે ને દર્શનશુદ્ધિ તો ચોથા ગુણસ્થાને હોય છે. દર્શનશુદ્ધિ પછી આત્મસ્વભાવનું અવલંબન જેમ જેમ વધતું જાય તેમ તેમ ગુણાનુસાર શ્રાવકની અગિયાર ભૂમિકાઓ હોય છે. અંતરમાં અખંડાનંદ પરિપૂર્ણ પરમાત્માની શ્રદ્ધા પછી તેમાં જેટલી રમણતા થાય તેટલે અંશે પડિમા હોય છે. એ સિવાય બાહ્ય ક્રિયાકાંડમાં કે રાગમાં ધર્મ માની લ્યે તેને તો મિથ્યાત્વ છે, તેને એક પણ પડિમા હોતી નથી.

### દર્શનશુદ્ધિપૂર્વક શ્રાવકની અગિયાર પડિમાનું વર્ણન

શ્રાવકોના અગિયાર પદો છે, તે બધાય સમ્યક્ત્વપૂર્વક હઠ વિનાની સહજદશાના છે -એ ખાસ ધ્યાન રાખવું, શ્રાવકની અગિયાર પડિમાનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧) **દર્શનપડિમા** : આ પાંચમા ગુણસ્થાનની વાત છે. તેમાં મધ, માંસ, મદિરા વગેરેના ત્યાગરૂપ આઠ મૂળગુણ પ્રતિજ્ઞાપૂર્વક હોય છે, એટલે કે તે પ્રકારનો રાગ ત્યાં હોતો નથી એટલી સ્થિરતા થઈ છે. દર્શનશુદ્ધિ તો ચોથે ગુણસ્થાને હોય છે, ને આ દર્શનપડિમા પાંચમે ગુણસ્થાને હોય છે.

૨) **વ્રતપડિમા** : ચૈતન્યમાં લીનતા વધતાં શ્રાવકના બાર વ્રતોની વૃત્તિ ઊઠે છે, ત્યાં ચૈતન્યના અવલંબને જેટલો રાગનો અભાવ થઈને વીતરાગતાની વૃદ્ધિ થાય છે તેટલી આરાધના અને ભક્તિ છે. જેટલો રાગનો વિકલ્પ છે તે ખરેખર પડિમા નથી.

૩) **સામાયિકપડિમા** : ચૈતન્યના ભાનપૂર્વક તેમાં નિર્વિકલ્પ શાંતિ રહે તેટલી સામાયિક છે, શ્રાવક તેવી એકાગ્રતાનો હંમેશ અખતરો કરે છે. જેટલી વીતરાગતા થઈ ગઈ છે તેટલી સામાયિક તો સદાકાળ ચોવીસે કલાક છે, ને તે ઉપરાંત વિશેષ લીનતાનો પ્રયત્ન હંમેશ કરે છે. એવી સામાયિક- પડિમા છે.

૪) **પ્રૌષધોપવાસપડિમા** : આઠમ-ચૌદસ પર્વ તિથિઓના દિવસે ચૈતન્યની શાંતિપૂર્વક ઉપવાસ કરે ને આહારનો રાગ છૂટી જાય; આવી શુદ્ધતા પ્રગટે તેનું નામ ચોથી પડિમા છે. તેમાં સ્થિરતાના અંશની વૃદ્ધિ તેનું નામ પડિમા ધર્મ છે, રાગ તે ધર્મ નથી.

શ્રાવકને બે કષાયનો અભાવ તો થયો છે, ને ત્રીજો પ્રત્યાખ્યાનાવરણીય કષાય પણ મંદ પડતો જાય છે, અને આત્માની શુદ્ધિ વધતી જાય છે, તે શુદ્ધતાના આ અગિયાર પ્રકારો છે.

'આઠમ-ચૌદસનો ઉપવાસ કરે છે ત્યારે જ આ પડિમા હોય છે ને બીજા દિવસોમાં આ પડિમા નથી હોતી' -એમ નથી. તેને તેટલો સ્થિરતાનો અંશ વધીને રાગ તૂટી ગયો છે એટલે પ્રૌષધોપવાસ-પડિમા તેને સદાય વર્ત્યા કરે છે; બીજા દિવસોમાં આહાર કરતો હોય ત્યારે પણ તેને આ પડિમા તો વર્તે જ છે, કેમ કે તે વખતે ય આઠમ-ચૌદસે આહાર કરવાના રાગનો તો અભાવ જ વર્તે છે.

એ જ પ્રમાણે સામાયિકપડિમા વગેરેમાં પણ તેમ સમજી લેવું. સ્વભાવના ભાનપૂર્વક શ્રાવકને દર્શનપડિમા કાયમ હોય છે, વ્રતપડિમા પણ કાયમ હોય છે, સામાયિકપડિમાવાળાને સામાયિકમાં બેઠો હોય તે વખતે જ સામાયિકપડિમા હોય છે ને પછી નથી હોતી -એમ નથી, જેટલી વીતરાગતા પ્રગટી છે તે અનુસાર પડિમા સદાય હોય છે.

બાર વ્રતમાં સામાયિક આવે છે, પણ તેમાં નિયમપૂર્વક નથી, ને ત્રીજી પડિમામાં તો નિયમપૂર્વક સામાયિક હોય છે.

૫) <u>સચિત્તત્યાગપડિમા</u> : એ પછી સચિત્ત વસ્તુના ગ્રહણનો ભાવ ન થાય એટલી સહજ વીતરાગતા થઈ જાય તેનું નામ પાંચમી પડિમા છે. આ પડિમાવાળાને પોતે સચિત્તમાંથી અચિત્ત કરે તેવો ભાવ હોય, પણ પોતે સચિત્ત આહારપાણી ગ્રહણ કરે નહિ.

પહેલાં સમ્યગ્દર્શન થતાં અપૂર્વ આત્મશાંતિ પ્રગટે છે ને પછી પાંચમા ગુણસ્થાનની પડિમા પ્રગટતાં અકષાય શાંતિ વધતી જાય છે. સચેત આહારાદિનો ત્યાગ તો બહારની વાત છે, અંતરમાં ચિદાનંદ જ્ઞાતાની શાંતિ વધતાં તેવો રાગ જ થતો નથી. એટલે સચેત વસ્તુ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ છૂટી જાય છે. શ્રાવકને સ્વભાવના આશ્રયે જેમ જેમ વિશેષ રાગ છૂટતો જાય છે તેમ તેમ પડિમા વધતી જાય છે. જુઓ, આ શ્રાવકના ધર્મની આરાધના !

૬) <u>રાત્રિભોજનત્યાગપડિમા</u> : રાત્રિભોજનનો નિયમપૂર્વક અતિચાર રહિત ત્યાગ થઈ ગયો છે, અંદર ચિદાનંદ સ્વરૂપમાં સ્થિરતા વધતાં ચારે પ્રકારના રાત્રિભોજનનો વિકલ્પ પણ નથી આવતો, તેનું નામ રાત્રિભોજનત્યાગપડિમા છે. દિવસના ભાગમાં ખાવાનો ભાવ આવે અને ખાતો હોય ત્યારે પણ આ રાત્રિભોજનત્યાગપડિમા વર્તે છે. સામાન્યપણે તો રાત્રિભોજનનો ત્યાગ શ્રાવકને હોય જ, પણ આ તો નિયમપૂર્વક રાત્રિભોજનનો ત્યાગ છે, ને અંદર સ્વભાવની શુદ્ધતા વધી છે. શુદ્ધતા થઈ માટે રાત્રિભોજન છૂટ્યું અથવા તો રાત્રિભોજન છૂટ્યું માટે શુદ્ધતા થઈ -એમ નથી. પણ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે સ્વરૂપની શુદ્ધતા વધતાં રાગ છૂટ્યો તે અનુસાર તેના નિમિત્તો પણ છૂટી જાય છે. દેહની ને આહારની ક્રિયા તો તે ક્ષણે તેના કારણે થાય છે, હું તો જ્ઞાતા છું -એવા ભાનપૂર્વક તેમાં સ્થિરતાના અંશો જેમ જેમ વધતાં જાય તેમ તેમ આ પડિમા હોય છે.

૭) <u>બ્રહ્મચર્યપડિમા</u> : આ શ્રાવકના ધર્મની વાત ચાલે છે. જ્ઞાનાનંદ બ્રહ્મસ્વરૂપ આત્માનું ભાન થઈને તેમાં એટલી લીનતા પ્રગટી કે વિષયનો ભાવ જ છૂટી ગયો અને બહારમાં નિમિત્તપણે દેહની તેવી ક્રિયા પણ છૂટી ગઈ, આવી બ્રહ્મચર્યપડિમા છે. પણ અંદરની શુદ્ધપરિણતિ સાથે સંધિપૂર્વકની આ વાત છે, એકલું બહારમાં છોડીને પોતાને વ્રતધારી માની બેસે ને અંદરમાં શુદ્ધસ્વરૂપનું ઠેકાણું ન હોય તેને વ્રત કે પડિમા હોય નહિ. તેને માટે તો કહ્યું છે કે :



**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું ગ્રહ્યું વ્રત અભિમાન,**
**ગ્રહે નહિ પરમાર્થને લેવા લૌકિક માન.**

અંતરના સ્વરૂપના ભાનપૂર્વક તેમાં એકાગ્રતા વધતાં તેમાંથી પડિમા આવે છે, કાંઈ બહારમાંથી પડિમા આવતી નથી. કોઈ કહે કે ‘મને સાત પડિમા આપો’, ત્યાં સામો કહે ‘લ્યો આ સાત પડિમા’ -શું કોઈ પાસેથી પડિમા આવતી હશે ? પડિમા તે તો રાગરહિત પોતાની પર્યાય છે, પોતે સ્વભાવમાંથી તેવી પડિમા પ્રગટ કરે, ત્યારે શ્રીગુરુએ પડિમા આપી એમ વ્યવહારથી કહેવાય.

આ બ્રહ્મચર્યપડિમામાં નિયમપૂર્વકનું શુદ્ધ બ્રહ્મચર્ય હોય છે. આ પહેલાં સામાન્ય બ્રહ્મચર્યનો શુભરાગ હોય, પણ તેને પડિમા ન કહેવાય. આ તો અંદરમાં ચિદાનંદ સ્વરૂપના ભાનસહિત રાગનો ત્યાગ થાય તેની વાત છે.

૮) <u>આરંભત્યાગપડિમા</u> : પાંચમી પડિમામાં સચેતનો ત્યાગ હતો, પણ ત્યાં હજી સચેતમાંથી અચેત કરવાના આરંભનો ત્યાગ ન હતો. અહીં તો સ્વરૂપમાં એટલી સ્થિરતા વધી કે સચેતમાંથી અચેત કરવાના આરંભનો ભાવ પણ આવતો નથી. પરની હિંસા કે દયાની પર્યાય હું કરી શકતો નથી, હું તો જ્ઞાનસ્વરૂપ છું, એવું તો ભાન છે, ને પછી તેના અવલંબનમાં સ્થિર થતાં એવી શુદ્ધતા વધી કે આરંભનો રાગ જ છૂટી ગયો ને બહારમાં આરંભ છૂટી ગયો. તેનું નામ આઠમી પડિમા છે. પણ બહારનો આરંભ છોડી દીધો તેથી અંદરમાં શુદ્ધતા પ્રગટી એમ નથી. કથનમાં નિમિત્તથી એમ બોલાય કે ‘‘આરંભનો ત્યાગ કર્યો’’. ખરેખર તો અંદરમાં ચિદાનંદ સ્વભાવમાં એકાગ્રતા વધતાં શુદ્ધતાનો અંશ વધ્યો ને આરંભનો ભાવ છૂટી ગયો, તેનું નામ પડિમા છે. ચોવીસે કલાક આરંભત્યાગપડિમા વર્તે છે.

૯) <u>પરિગ્રહત્યાગપડિમા</u> : આઠમી પડિમા સુધી પરિગ્રહનો રાગ હોય, પણ પછી અંદરમાં ચિદાનંદ સ્વરૂપનું વિશેષ આલંબન લેતાં પરિગ્રહનો રાગ છૂટી જાય છે, ત્યાં પરિગ્રહને છોડ્યો એમ નિમિત્તથી કહેવાય છે. રાગનો ત્યાગ પણ વ્યવહારથી છે. જુઓ, આમાં વ્યવહાર સ્થપાય છે, ચૈતન્યનું અવલંબન લેતાં રાગ છૂટ્યો તે વ્યવહાર, અને નિમિત્ત છૂટ્યું તેને આત્માએ છોડ્યું એમ કહ્યું તે અસદ્ભૂતવ્યવહારનું સ્થાપન છે. શુદ્ધતા વધતાં રાગનો અને તેના નિમિત્તનો સંબંધ છૂટી જ જાય -એવો નિયમ છે. આ નવમી પડિમાવાળાને હજી વસ્ત્ર હોય છે, પણ પૈસા વગેરેનો પરિગ્રહ હોતો નથી. પૈસા આવવા કે જવા તે તો જડની ક્રિયા છે, તેનો કર્તા આત્મા નથી. રાગ હતો ત્યારે લક્ષ્મીનો પરિગ્રહ કહ્યો, અને રાગ છૂટતાં પૈસા વગેરે પરિગ્રહને છોડ્યો એમ કહ્યું છે. આ તરફ ચૈતન્ય તરફની સ્થિરતા વધી ત્યાં પૈસા વગેરે પરિગ્રહ તરફનો ભાવ છૂટી ગયો -તેનું નામ પરિગ્રહત્યાગપડિમા છે. <u>જુઓ, આ વીતરાગદર્શનમાં શ્રાવકની પડિમા !</u> આમાં હઠ નથી, પણ સહજ છે, સ્વરૂપમાં જેમ જેમ સ્થિર થતો જાય છે તેમ તેમ આ પડિમા હોય છે.

૧૦) અનુમતિત્યાગપડિમા : એટલે પોતાને માટે આહાર વગેરેની અનુમતિ આપતા નથી, મારે માટે આમ કરજો એવું દસમી પડિમાવાળો કહે નહિ. તેને પોતાના માટે આહારની અનુમોદનાનો વિકલ્પ પણ આવતો નથી -એવી આત્મશુદ્ધિ વધી ગઈ છે. કોઈ તેને પૂછે કે તમારે માટે શું કરું ? તો તે જવાબ આપે નહિ.

૧૧) ઉદ્દિષ્ટત્યાગપડિમા : આ પડિમાવાળો શ્રાવક પોતાને માટે કરેલો આહાર લેતો નથી. સહજપણે તેને તેવા આહારનો વિકલ્પ તૂટી જાય છે. એટલી સ્વરૂપની સ્થિરતા વધી ગઈ છે. ક્ષુલ્લક કે ઐલકને પોતાને માટે કરેલો આહાર લેવાની વૃત્તિ ન ઊઠે. તેને રોગ થયો હોય ને તેને માટે કોઈ ખાસ આહાર બનાવે તો તે લ્યે નહિ, તેને તે આહાર લેવાનો ભાવ જ ન આવે, એવી ચૈતન્યના આશ્રયે શુદ્ધતા વધી ગઈ છે. આહાર છૂટ્યો તે તો નિમિત્તના કારણે સ્વયં છૂટ્યો છે.

અગિયાર પડિમાની વસ્તુસ્થિતિ આવી છે. તેમાં પહેલી છ પડિમાવાળા જઘન્ય શ્રાવક છે, ૭-૮-૯મી પડિમાવાળા મધ્યમ છે અને ૧૦-૧૧મી પડિમાવાળા ઉત્તમ છે. પણ આ પડિમાઓ સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે. સમ્યગ્દર્શનપૂર્વક ચૈતન્યના આનંદનો અનુભવ વધતાં વધતાં હઠ વગર સહજપણે આવી પડિમાઓ હોય છે; -એ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જુઓ, આવી દશા શ્રાવકને હોય છે, તેનું નામ ભક્તિ છે, તેનું નામ રત્નત્રયની આરાધના છે, ને તે શ્રાવકનો ધર્મ છે; તે સિવાય રાગમાં ધર્મ નથી, તેમ જ બહારના ગ્રહણ-ત્યાગ તો આત્મા કરી શકતો જ નથી. આત્મામાં ''ત્યાગોપાદાનશૂન્યત્વ'' છે એટલે કે આત્મા પરનું ગ્રહણ કે પરનો ત્યાગ કરતો નથી. આવા આત્માના ભાનપૂર્વક હઠ વિનાની વીતરાગી દશા પ્રગટે ત્યાં આવી પડિમા હોય છે. હઠ કરીને બહારમાં ત્યાગ કરે તેથી કાંઈ પડિમા થઈ જતી નથી. ગુણની શુદ્ધતા જેમ જેમ પ્રગટતી જાય છે તેમ તેમ આવી વીતરાગી પડિમા શ્રાવકને પ્રગટતી જાય છે.

આ રીતે જે વીતરાગી પર્યાયને ભજે તે શ્રાવક ભક્ત છે, તે રત્નત્રયનો આરાધક છે. જેટલી ગુણની નિર્મળતા થાય છે તેટલી પડિમા કાયમ હોય છે. ત્યાં ગુણની શુદ્ધિ અનુસાર રાગનો ત્યાગ અને તેના નિમિત્તોનો ત્યાગ હોય છે. શુદ્ધરત્નત્રયની આરાધના વગરના વ્રત, તપ અને પડિમા એ બધાય બાળવ્રત, બાળતપ અને બાળપડિમા છે. 'બાળ' એટલે મૂર્ખાઈ ભરેલા-અજ્ઞાનીના વ્રત-તપ-પડિમા છે; ચૈતન્યસ્વભાવનું ભાન કરીને શ્રાવક રત્નત્રયને ભજે છે તેટલી ભક્તિ છે, ને તેટલો ધર્મ છે, તેને જ શુદ્ધતા અનુસાર યથાર્થ પડિમા વગેરે હોય છે.

આ પ્રમાણે શ્રાવકની પડિમાનું વર્ણન કર્યું. પડિમાનું આવું સ્પષ્ટ વર્ણન આ પહેલી જ વાર આવ્યું છે.



## માહ સુદ ૪, બુધવાર, ૩૦-૧-૫૨.

સાચા શ્રાવક કોને કહેવાય ? અને તે શ્રાવક કેવી ભક્તિ કરે ? તે કહે છે. નિજ પરમાત્મતત્ત્વ ચૈતન્યમૂર્તિ છે, દેહાદિથી ભિન્ન છે, એક સમયમાં પરિપૂર્ણ જ્ઞાન-શાંતિનો પિંડ છે - આવા અંતઃતત્ત્વની નિર્વિકલ્પ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે, અને તે શ્રાવકનું પહેલું લક્ષણ છે. વળી તે નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે; તથા તેમાં લીનતા તે સમ્યક્ચારિત્ર છે. આવા જે શુદ્ધરત્નત્રય છે તે પરિણામોનું ભજન તે ભક્તિ છે. આવી ભક્તિ શ્રાવકો તેમ જ શ્રમણોને હોય છે. આ રત્નત્રયનું ભજન એટલે કે વીતરાગ પરિણતિ તે જ સાચી ભક્તિ છે, શુભરાગરૂપ બહારની ભક્તિ છે તે તો વ્યવહાર છે, પણ અંદરમાં આવી નિશ્ચયભક્તિ હોય તો રાગને વ્યવહારભક્તિ કહેવાય. શુદ્ધરત્નત્રયની ભક્તિ કરવી એટલે તેની આરાધના કરવી તે મોક્ષનો માર્ગ છે. ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ પરિણતિ તે જ આરાધના અને ભક્તિ છે.

શ્રાવકને અગીયાર પડિમા છે; તેમાં છ પડિમા સુધીના શ્રાવકો જઘન્ય છે, સાતથી નવ પડિમાવાળા મધ્યમ છે અને દસ-અગીયાર પડિમાવાળા ઉત્તમ છે. પણ આ બધા શ્રાવકો શું કરે ? સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધરત્નત્રયની આરાધના કરે છે, અગીયારે પડિમામાં શુદ્ધરત્નત્રયની ભક્તિ છે. જડની ક્રિયા જડથી થાય છે, તેનો કર્તા પોતાને માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. પૂજા-ભક્તિ-શુદ્ધ આહાર વગેરેનો શુભરાગ તે વ્યવહાર છે, પણ ક્યારે ? કે અંદરમાં શુદ્ધરત્નત્રયની આરાધના વડે પડિમા પ્રગટી હોય ત્યારે. જેને શુદ્ધરત્નત્રયની આરાધના નથી તેને તો નિશ્ચયપડિમા નથી, ને વ્યવહાર પણ તેને હોતો નથી.

અગીયાર પડિમાવાળા શ્રાવકો છે તે બધાય શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. ચિદાનંદ જ્ઞાતા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેનું અવલંબન લેતા પર્યાયે પર્યાયે વીતરાગતાના અંશની વૃદ્ધિ થતી જાય છે, તેનું નામ પડિમા છે. દ્રવ્યસ્વભાવના આશ્રયે જ રત્નત્રયપર્યાય થાય છે, રાગથી કે નિમિત્તના આશ્રયથી સમ્યગ્દર્શનાદિ થતાં નથી. -આવું જેને ભાન પણ નથી તે તો અજ્ઞાની છે, તેને પડિમા કેવી ? ત્રિકાળી ચિદાનંદ દ્રવ્યના આશ્રયે નિર્મળ રત્નત્રયપર્યાય પ્રગટી તેનું નામ ભગવાનનું ભજન છે. પરની ભક્તિમાં ધર્મ નથી, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-પૂજા કરવી તેમાં પણ શુભરાગ છે. ને પોતાનો આત્મા જ પરમાત્મા છે તેની ભક્તિ-આરાધના-ઉપાસના કરવી તેનું નામ ધર્મ છે. પરિણતિને ભગવાન આત્માના આનંદમાં લીન કરવી તે ભક્તિ છે. શુભરાગને આરાધના માને તો તે જૈન નથી, જેણે રાગને ધર્મ માન્યો તે રાગને ક્યાંથી જીતી શકે ? રાગને જીતવો તે પણ નાસ્તિથી કથન છે. ખરેખર અંતર્ સ્વભાવની દૃષ્ટિ કરતાં રાગની ઉત્પત્તિ ન થાય તેનું નામ રાગને જીત્યો કહેવાય છે. જેને શુદ્ધ આત્માનું ભાન નથી તેને તેનું ભજન નથી અને તેને પડિમા વગેરે હોતી નથી.

હજી જેને નિમિત્ત-ઉપાદાનની ભિન્નતાનું ભાન નથી, તેને તો બે દ્રવ્યોની એકતાની તીવ્ર મિથ્યાબુદ્ધિ છે. પહેલાં સ્વ-પરની ભિન્નતાનું ભાન કરીને, ચિદાનંદ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન

છે. તે સમ્યગ્દર્શનનો કર્તા આત્મા જ છે.

**करता परिनामी दरव, करम रूप परिनाम।**
**किरिया परजयकी फिरनि, वस्तु एक त्रय नाम॥** (સમયસાર નાટક પૃ. ૯૨)

આત્માથી ભિન્ન કોઈ વસ્તુ સમ્યગ્દર્શન વગેરેનું સાધન નથી, ને આત્મા કોઈ પરની ક્રિયાને કરતો નથી. આત્મા પોતે સ્વદ્રવ્યના આશ્રયે પરિણમતાં સમ્યગ્દર્શનરૂપી કાર્યનો કર્તા થાય છે. પહેલાં આવી ઓળખાણ-વિચાર-પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન માટેની પાત્રતા છે, ત્યાર પછી શ્રાવકપણું અને પડિમા હોય.

પડિમાધારી શ્રાવકોને પણ શુદ્ધ આત્માના રત્નત્રયની ઉપાસના હોય છે, અને તે જ મોક્ષમાર્ગ છે. મોક્ષની ભક્તિ કોને હોય ? કે જે શ્રાવક તથા શ્રમણ શુદ્ધરત્નત્રયને ભજે છે તેને જ મોક્ષની ભક્તિ છે, શુદ્ધરત્નત્રયને જે આરાધે તે જ મોક્ષનો આરાધક છે. દ્રવ્યના આશ્રયે વીતરાગી આચરણ થાય તેનું નામ ભક્તિ છે, જેને આવી ભક્તિ છે તે શ્રમણ કે શ્રાવક છે. જે જીવને આવું ભાન નથી અને એકલા વ્યવહારને જ નિશ્ચયસ્વરૂપ માની લ્યે છે તે તો ઉપદેશના શ્રવણને પણ પાત્ર નથી.

'પુરુષાર્થસિદ્ધ્યુપાય'માં કહે છે :-

**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम् ।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति ॥**
**माणवक एव सिंहो यथा भवत्यनवगीतसिंहस्य ।**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य ॥**

**અર્થ** : મુનિરાજ, અજ્ઞાનીને સમજાવવા અર્થે અસત્યાર્થ જે વ્યવહારનય તેને ઉપદેશે છે. પરંતુ જે કેવળ વ્યવહારને જ જાણે છે તેને તો ઉપદેશ આપવો જ યોગ્ય નથી; વળી જેમ કોઈ સાચા સિંહને ન જાણતો હોય, તેને તો બિલાડું જ સિંહ છે. તેમ જે નિશ્ચયને ન જાણતો હોય તેને તો વ્યવહાર જ નિશ્ચયપણાને પ્રાપ્ત થાય છે.

જેમ કોઈ સાચા સિંહને ન જાણતો હોય ને બિલાડાને જ સિંહ માની લ્યે તેમ જે નિશ્ચયને એટલે ખરા મોક્ષમાર્ગને તો જાણતો નથી ને વ્યવહાર રાગને જ ખરો મોક્ષમાર્ગ માની લ્યે, તે તો દેશનાને અપાત્ર છે. હજી સમ્યક્ત્વ અને શ્રાવકપણું તો ક્યાંય દૂર રહ્યું ! દ્રવ્યમાં ડૂબવાથી દર્શન-જ્ઞાન-ચારિત્ર-થાય છે. એવા ભાનપૂર્વક દ્રવ્યના આશ્રયે જેટલા ગુણ પ્રગટે તેટલી પડિમાઓ હોય છે. આ બધા શ્રાવકો શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે; ચૈતન્યના આશ્રયે રત્નત્રયના ગુણ અનુસાર શ્રાવકનું પદ હોય છે.



વ્યવહારના આશ્રયથી લાભ માને છે તે તો અનાદિના રૂઢ વ્યવહારમાં મૂઢ છે, ને નિશ્ચયમાં અનારૂઢ છે. અનાદિકાળથી શુભરાગ તો કરતો જ આવ્યો છે, તેને વ્યવહાર કેમ કહેવો ? અંતરમાં સ્વભાવનું ભાન પ્રગટતાં તેના આશ્રયે નિશ્ચયદશા પ્રગટી ત્યારે રાગને ઉપચારથી વ્યવહાર કહેવાય છે. અજ્ઞાનીઓ પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ માને છે તે મિથ્યા છે. દ્રવ્યસ્વભાવના નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક રત્નત્રયની આરાધના કરનાર શ્રાવકને પરમાર્થ ભક્તિ છે. જેટલી ચૈતન્યમાં લીનતા થાય તેટલી ભક્તિ છે. વચ્ચે રાગ આવે તે ધર્મ નથી, તે પરમાર્થભક્તિ નથી. એટલે શ્રાવકને પણ શુદ્ધરત્નત્રયની જેટલી આરાધના છે તેટલી પરમાર્થભક્તિ છે. એ રીતે શ્રાવકોની ભક્તિની વાત કરી.

હવે મુનિઓને કેવી ભક્તિ હોય તે વાત કરે છે :

જુઓ, મુનિ હો કે શ્રાવક હો; -પણ તેમને સ્વભાવના આશ્રયે જેટલી રત્નત્રયની આરાધના કરી તેટલી જ વીતરાગી ભક્તિ છે, ને તે જ મોક્ષનું કારણ છે.

સંત-મુનિઓ આત્માના આનંદમાં ઝૂલતા હોય છે, રાગ ઘણો છૂટી ગયો છે. ત્યાં બાહ્યમાં વસ્ત્રાદિ પણ સ્વયં છૂટી ગયા છે. તેવા ''ભવભયભીરુ, પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા (પરમ નિષ્કર્મ પરિણતિ-વાળા) પરમ તપોધનો પણ (શુદ્ધ)રત્નત્રયની ભક્તિ કરે છે.''

પાંચ પરમેષ્ઠીપદમાં ભળનારા વીતરાગી મુનિઓ ભવભયભીરુ છે, સ્વર્ગનો ભવ કરવો પડે તેની પણ ભાવના નથી. હું તો ચિદાનંદ જ્ઞાતા છું, રાગ મારું કાર્ય નથી -એવા ભાનસહિત તેમાં ઘણી લીનતા થઈ ગઈ છે- એવી ભાવલિંગી સંતની દશા છે. તેમાં હઠ નથી પણ સ્વભાવના આશ્રયે તેવી સહજદશા થઈ ગઈ છે. તેઓ પરમ નૈષ્કર્મ્યવૃત્તિવાળા છે; સ્વરૂપના આનંદમાં એટલા બધા ઠર્યા છે કે અશુભ કે શુભ કર્મથી ઉદાસીન થઈ ગયા છે; -આવા પરમ વીતરાગી સંતો પણ શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. કોઈને એમ લાગે કે શ્રાવકો કે મુનિઓ ક્રિયાકાંડમાં રોકાતા હશે. તો કહે છે કે ના, શ્રાવકો તેમ જ મુનિઓ તો શુદ્ધરત્નત્રયની ભક્તિ કરનારા છે. આ ભક્તિમાં રાગની વાત નથી, પણ શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરવા તે જ ભક્તિ છે, તે ભક્તિ જ મુક્તિનું કારણ છે.

સીમંધર ભગવાન અત્યારે સમવસરણમાં બિરાજે છે, ૫૦૦ ધનુષનો દેહ છે, ધર્મના રાજા છે, તેમના સમવસરણમાં ગણધરો બિરાજે છે. તેઓ નમોકાર મંત્ર બોલીને જ્યારે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે ત્યારે વીતરાગી આનંદમાં ઝૂલતા મુનિઓ તેમાં આવી જાય છે. ગણધર જેને નમસ્કાર કરે તે સંતની દશા કેવી ? પરમેષ્ઠી એટલે પરમ ચૈતન્યપદમાં જે સ્થિર થયા છે તેઓ પરમેષ્ઠી છે, તેવા સંત મુનિઓ અત્યંત ભવભીરુ છે, અને રાગ રહિત નૈષ્કર્મ્યપરિણતિવાળા છે, તેવા સંતો પણ શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. અંતરમાં શુદ્ધરત્નત્રયની આરાધના હોય ને બાહ્યમાં નિષ્પરિગ્રહી દિગંબરદશા હોય -એવી મુનિની દશા છે.

આ રીતે શ્રાવકો તેમ જ શ્રમણો બન્ને શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે, શ્રાવકને પણ અંશે વીતરાગી

ચારિત્ર પ્રગટ્યું છે, તેટલી રત્નત્રયની ભક્તિ છે. મુનિને પંચમહાવ્રત વગેરેનો જે શુભ રાગ છે તે તો આસ્રવ છે, તે કાંઈ મુનિપદ નથી. મુનિપદ તો સંવર-નિર્જરારૂપ દશા છે, તે દશા ચૈતન્યસ્વભાવના આશ્રયથી પ્રગટે છે. ને આ જ નિર્વાણની ભક્તિ છે. આવી ભક્તિથી જ મુક્તિ થાય છે. અહો! નિયમસારમાં તો અમૃતના દરિયાને ઊછાળ્યો છે.

શુદ્ધરત્નત્રયની ભક્તિ કરનારા તે પરમ શ્રાવકો અને પરમ તપોધનોને જિનવરોએ કહેલી નિર્વાણભક્તિ એટલે કે અપુનર્ભવરૂપી સ્ત્રીની સેવા વર્તે છે, અપુનર્ભવ એટલે મોક્ષ, તેની આરાધના તેમને વર્તે છે. આવું તત્ત્વ સમજ્યા વગર ''બહારમાં છોડો છોડો'' એમ કરે તેથી કાંઈ શ્રાવકપણું કે મુનિપણું થાય નહિ. આત્માના શુદ્ધરત્નત્રયની આરાધના તે જ મોક્ષની ખરી ક્રિયા છે. શરીરની ક્રિયા તો જડની છે, આત્માના સ્વભાવના આશ્રયે પર્યાય પલટીને વીતરાગી પર્યાય પ્રગટી જાય તે ધર્મક્રિયા છે, આવી ક્રિયા શ્રમણો અને શ્રાવકો કરે છે. વચ્ચે રાગ હોય તેને તેઓ ધર્મની ક્રિયા માનતા નથી. તેમ જ બાહ્યમાં દેહાદિની ક્રિયાને તેઓ પોતાની માનતા નથી.

મહાવિદેહમાં સીમંધરાદિ વીસ તીર્થંકરો બિરાજે છે તેમ જ લાખો કેવળી ભગવંતો બિરાજે છે, ત્યાં કદી કેવળીનો વિરહ નથી, આત્માના અસંખ્ય પ્રદેશે તેમને ચૈતન્ય દીવડા પ્રગટી ગયા છે-એવા અનંત અનંત જિનેશ્વરોએ આવી શુદ્ધરત્નત્રયની ભક્તિ કરનાર શ્રમણો તથા શ્રાવકોને નિર્વાણભક્તિ કહી છે. સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતારૂપ શુદ્ધરત્નત્રયની આરાધના તે જ મુક્તિની ભક્તિ છે, એટલે કે તેના વડે જ મુક્તિ થાય છે -એમ જિનદેવો કહે છે.

**માહ સુદ ૫, ગુરુવાર, ૩૧-૧-૫૨.**

**શ્રી શ્રાવિકાશ્રમ ઉદ્‌ઘાટનોત્સવ પ્રસંગે શ્રાવિકાશ્રમમાં પૂ. ગુરુદેવશ્રીનું મંગલ પ્રવચન.**

આ નિયમસારનો પરમ-ભક્તિ અધિકાર છે. પોતાના જ્ઞાતા-દૃષ્ટા આત્મસ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે સાચી ભક્તિ છે. પરની ભક્તિનો ભાવ તે શુભરાગ છે, તે ધર્મ નથી. ધર્મ તો પોતાના ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ અને સ્વસંવેદન કરીને તેમાં લીન થવું તેનું નામ છે, અને તેને જ ભગવાન પરમ-ભક્તિ કહે છે.

હવે આ ૧૩૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :



**શ્લોક ૨૨૦**

(मन्दाक्रान्ता)

**सम्यक्त्वेऽस्मिन् भवभयहरे शुद्धबोधे चरित्रे**
**भक्तिं कुर्यादनिशमतुलां यो भवच्छेददक्षाम् ।**
**कामक्रोधाद्यखिलदुरघव्रातनिर्मुक्तचेताः**
**भक्तो भक्तो भवति सततं श्रावकः संयमी वा ॥ २२० ॥**

**શ્લોકાર્થ :** જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવછેદક અતુલ ભક્તિ નિરંતર કરે છે, તે કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ-શ્રાવક હો કે સંયમી હો -નિરંતર ભક્ત છે, ભક્ત છે. ॥ ૨૨૦ ॥

ભગવાન કુંદકુંદાચાર્યદેવ ભાવલિંગી સંત હતા. સિદ્ધ જેવા આનંદનો અનુભવ કરતાં હતા, ત્યાં શુભ વિકલ્પ ઊઠતાં આ શાસ્ત્રની રચના થઈ ગઈ. સંતમુનિ તે શાસ્ત્રના તો કર્તા નથી ને રાગના પણ કર્તા નથી. ચિદાનંદ સ્વભાવના ભાનમાં અને રમણતામાં ઝૂલતા આ ટીકા રચાઈ ગઈ તેના તેઓ જ્ઞાતા છે. ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે તેઓ પણ મહા ભાવલિંગી સંત હતા. અંતરમાં સચ્ચિદાનંદ આત્માનો અનુભવ કરતાં કરતાં આ ટીકા બની ગઈ છે. તેમાં આ કળશમાં ભક્તિનું સ્વરૂપ કહ્યું. સંતમુનિઓ પણ પરમેષ્ઠી છે.

**णमो अरिहंताणं**
**णमो सिद्धांणं**
**णमो आइरियाणं**
**णमो उवज्झायाणं**
**णमो लोए सव्व साहूणं**

એ પાંચે પરમેષ્ઠી છે, જેઓ આત્માના આનંદ પદમાં સ્થિર થયા છે તેઓ પરમેષ્ઠી છે. કુંદકુંદાદિ મુનિરાજને અંતરના અનુભવમાં જેવું આવ્યું તેવું કહ્યું છે.

મારો જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેમાં ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ નથી. તેવા શુદ્ધ આત્માનું ભાન થવું તે પહેલી ભક્તિ છે. જે શ્રાવક એવું ભાન કરે તે જ ભક્ત છે. રાગથી તો બંધન થાય છે. નીચલી ભૂમિકામાં ભગવાનની ભક્તિ વગેરેનો શુભરાગ આવે છે પણ જ્ઞાની તેને આસ્રવ સમજે છે, તે પરમભક્તિ નથી. પરમભક્તિ તો પોતાના શુદ્ધ આત્માની ભક્તિ કરવી તે છે. શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ભવભયનો નાશ કરનારા છે. નિમિત્તથી કે રાગથી આત્માને લાભ માને તે તો મિથ્યાત્વ છે. ભેદનો વિકલ્પ ઊઠે તે પણ રાગ છે, તેનું લક્ષ છોડીને ચિદાનંદ જ્ઞાનસ્વભાવની ભક્તિ કરે તો

તે નિશ્ચયભક્તિ છે, ને ત્યાં શુભરાગને વ્યવહારભક્તિ કહેવાય છે. સર્વજ્ઞના માર્ગમાં તો શુદ્ધરત્નત્રયને જે ભજે તેને જ ભક્ત કહ્યો છે.

શુદ્ધ આત્માની શ્રદ્ધા કરીને, રાગરહિત સ્વસંવેદનથી પોતાના આત્માને જ સ્વજ્ઞેય બનાવીને જે જાણે છે તેને સમ્યગ્જ્ઞાનની ભક્તિ છે; ગૃહસ્થ હો કે મુનિ હો-જેને પોતાના શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની ભક્તિ છે તે જ સાચો ભક્ત છે. આ ભક્તિ કેવી છે ? ભવની છેદક છે.

ચિદાનંદ ભગવાન આત્મામાં ભવ નથી, તેની જે ભક્તિ છે તે ભવછેદક છે. ચિદાનંદ આત્મા ત્રિકાળ છે ને વિકાર એક સમયનો છે, તે વિકાર જેટલો પોતાને માનવો તે મિથ્યા માન્યતા છે, તે ભવનું કારણ છે. ને ત્રિકાળ ચિદાનંદ આત્માની શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ ભક્તિ છે તે ભવનો નાશ કરનાર છે.

જ્ઞાતા ચિદાનંદ સ્વભાવનું જેનો ભાન થયું, ને તેમાં લીન થઈને મુનિદશા પ્રગટી તેવા સંતને ગણધરદેવના પણ નમસ્કાર પહોંચે છે. ‘**णमो लोए सव्व साहूणं** એમ બોલે ત્યારે સમસ્ત ભાવલિંગી મુનિઓને નમસ્કાર કરે છે.

દેહની ક્રિયાથી તો પુણ્ય પણ નથી, ભગવાનની ભક્તિમાં કષાયની મંદતાનો ભાવ તે શુભભાવ છે. ચિદાનંદ સ્વભાવી આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતાથી ધર્મ થાય છે, તે પરમભક્તિ છે. અહીં ‘અતુલભક્તિ’ કહી છે, સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની ભક્તિ છે તે એવી અતુલભક્તિ છે કે તેને કોઈની ઉપમા દઈ શકાતી નથી. વળી નિરંતર ભક્તિ કરે છે એટલે કે સ્વભાવના આશ્રયની મુખ્યતા એક સમય પણ છૂટતી નથી. સમ્યગ્દૃષ્ટિને નિશ્ચય સ્વભાવની મુખ્યતા કદી એક સમય પણ છૂટતી નથી. માટે તેને નિરંતર સમ્યગ્દર્શનાદિની ભક્તિ છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ અને પદ્મપ્રભમલધારિ મુનિરાજ મહા અધ્યાત્મની મૂર્તિ હતા, અમૃતના કંદ હતા, તેઓ અત્યારે સ્વર્ગમાં બિરાજે છે, ત્યાંથી નીકળી કેવળજ્ઞાન પામીને મુક્ત થઈ જશે. તેઓ કહે છે કે અહો ! શ્રમણ હો કે શ્રાવક હો, તેને શુભ કે અશુભરાગ વખતે પણ દ્રવ્યદૃષ્ટિની મુખ્યતા છૂટતી નથી. પરમાત્માએ કહેલી વાતને સંતોએ નગારા પીટીને જાહેર કરી છે. ધર્મી શ્રાવકને પણ નિરંતર રત્નત્રયની ભક્તિ હોય છે. રાજપાટ હો, ગૃહસ્થાશ્રમ હો, સ્ત્રીઓ હો, છતાં અંદર ધર્મીને ભાન છે કે હું તો ચિદાનંદ મૂર્તિ છું, શુદ્ધ ચિદાનંદ દ્રવ્યની મુખ્યતાની દૃષ્ટિ એક સમય પણ છૂટતી નથી. જો દૃષ્ટિમાં દ્રવ્યની મુખ્યતા છૂટીને પર્યાયની કે નિમિત્તની મુખ્યતા થઈ જાય તો તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. શુદ્ધ આત્માની શ્રદ્ધા-જ્ઞાનરૂપ ભક્તિ ધર્મીને એક ક્ષણ પણ ખસતી નથી.

જુઓ, આ શ્રાવિકાશ્રમના માંગળિકમાં ભક્તિની વાત આવી છે.

ભગવાન ! તારો આત્મા પરમાત્મા છે, તેના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં લીન થવું તે જ પરમ



ભક્તિ છે. સમ્યગ્દૃષ્ટિ શ્રાવકો પણ ભગવાનની ભક્તિ તો કરે છે, એકાવતારી ઈંદ્રો પણ ભગવાન પાસે થનગન કરતાં ભક્તિથી નાચી ઊઠે છે, પણ તે વખતે ય અંદરમાં શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ ખસતી નથી. નંદીશ્વરદ્વીપમાં શાશ્વતી પ્રતિમા છે, ત્યાં જઈને ઈંદ્રો પણ પગે ઘૂઘરા બાંધીને ભક્તિથી નાચી ઊઠે છે, પણ નિરંતર શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ પડી છે તે નિશ્ચયભક્તિ છે; ત્યાં ભક્તિનો શુભ રાગ તે વ્યવહારભક્તિ છે.

ચિદાનંદ પરમાત્માને ધ્યેયરૂપ કરવો, તેના ઉપર દૃષ્ટિનું ત્રાટક કરવું તેનું નામ ભક્તિ છે. હું એક સમયમાં ચિદાનંદ પરિપૂર્ણ પરમાત્મા છું -એવી દૃષ્ટિનું અંતર્પરિણમન થયું તેમાં ધર્મીને એક સમય પણ વિરહ નથી પડતો. બહારમાં વિષયાદિના અશુભરાગ વખતે પણ તેવી દૃષ્ટિ નિરંતર રહે છે.

તે અંતરની રત્નત્રયની ભક્તિ ભવભવનો નાશ કરનારી છે. જે જીવ રત્નત્રયની અતુલભક્તિ કરે છે તે સમસ્ત કામક્રોધાદિથી વિમુક્ત ચિત્તવાળો જીવ ભક્ત છે. જેણે ચિદાનંદ પરમાત્મતત્ત્વની ભક્તિ કરી- શ્રદ્ધા-જ્ઞાન કરીને આરાધના કરી તેને વિષયોની -પુણ્ય-પાપની વૃત્તિ છૂટી ગઈ, એટલે તે જીવ કામક્રોધાદિથી વિમુક્ત ચિત્તવાળો છે, તે જીવ શ્રાવક હો કે સંયમી હો, નિરંતર ભક્ત છે, ભક્ત છે.

આચાર્યદેવ પોકાર કરે છે કે અહો ! ચિદાનંદ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા કરીને તેને જે આરાધે છે તે જીવ નિરંતર ભક્ત છે, ભક્ત છે, તેને સૂતા કે જાગતા નિરંતર ચૈતન્યનું ભજન છે. શ્રાવકને કદાચિત્ લડાઈ વગેરેનો ભાવ આવી જાય તો તે વખતે પણ શુદ્ધ ચૈતન્યતત્ત્વની દૃષ્ટિ છૂટતી નથી માટે કહ્યું કે તે ભક્ત છે -ભક્ત છે.

હવે નિશ્ચયની સાથે વ્યવહારભક્તિ પણ વર્ણવે છે.

**ગાથા ૧૩૫**

**मोक्खंगयपुरिसाणं गुणभेदं जाणिऊण तेसिं पि।**
**जो कुणदि परमभत्तिं ववहारणयेण परिकहियं ॥ १३५ ॥**

**मोक्षगतपुरुषाणां गुणभेदं ज्ञात्वा तेषामपि।**
**यः करोति परमभक्तिं व्यवहारनयेन परिकथितम् ॥ १३५ ॥**

**વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.**

**અન્વયાર્થ** : (यः) જે જીવ (**मोक्षगतपुरुषाणाम्**) મોક્ષગત પુરુષોનો (**गुणभेदं**) ગુણભેદ (**ज्ञात्वा**) જાણીને (**तेषाम् अपि**) તેમની પણ (**परमभक्तिं**) પરમ ભક્તિ (**करोति**) કરે છે, (**व्यवहारनयेन**) તે જીવને વ્યવહારનયે (**परिकथितम्**) નિર્વાણભક્તિ કહી છે.

જેને શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન છે, પણ હજી વીતરાગતા થઈ નથી, તે રાગ વખતે સિદ્ધ ભગવાનને લક્ષમાં લઈને ભક્તિ કરે છે. પોતાનો આત્મા સિદ્ધ જેવો છે એવા ભાનપૂર્વક તેમાં લીનતા તે નિશ્ચયભક્તિ છે, ને ત્યાં સિદ્ધ ભગવાનની ભક્તિનો ભાવ તે વ્યવહારભક્તિ છે.

મોક્ષ એટલે આત્માની પરિપૂર્ણ નિર્વિકારી પર્યાય; અને સંસાર એટલે એક સમય પૂરતો વિકારી-ભાવ; સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ શુદ્ધરત્નત્રયથી જેઓ મુક્તિ પામ્યા એવા મોક્ષગત પુરુષોના ગુણને ઓળખીને તેમની ભક્તિ પણ કરે છે.

અત્યારે શ્રી સીમંધર ભગવાન અને લાખો કેવળી ભગવંતો મહાવિદેહમાં બિરાજી રહ્યા છે, અનંત સિદ્ધ ભગવંતો બિરાજી રહ્યા છે, તેઓ અનંત જ્ઞાન-અનંત દર્શનાદિ ચતુષ્ટય સહિત બિરાજમાન છે, તેમનું બહુમાન વગેરેનો ભાવ છે તે વ્યવહારથી નિર્વાણભક્તિ છે.

અહીં વ્યવહારની પ્રધાનતાથી સિદ્ધભક્તિનું કથન છે. પણ વ્યવહારનયની પ્રધાનતા તે મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો સ્વભાવના આશ્રયે નિશ્ચયરત્નત્રય પ્રગટે તે જ છે.

જુઓ, આજે આત્માની ભક્તિ પણ આવી ને સિદ્ધની ભક્તિ પણ આવી. ધર્મીને સ્વભાવનું ભાન છે, ને રાગ પણ આવે છે, ત્યાં ભાન છે કે આ રાગ મારો સ્વભાવ નથી.

સિદ્ધની ભક્તિની વાત કરતાં તે સિદ્ધ ભગવંતો કઈ રીતે સિદ્ધિ પામ્યા તે પણ ઓળખાવે છે.



''જે પુરાણ પુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત કારણપરમાત્માને અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિથી સમ્યક્પણે આરાધીને સિદ્ધ થયા.....''

અનંતા તીર્થંકરો અને કેવળી ભગવંતો તથા ગણધરો સિદ્ધ થઈ ગયા છે. મહાવિદેહમાં તો સદાય જીવોને મોક્ષ થયા જ કરે છે, ત્યાં મોક્ષમાર્ગ કદી બંધ પડતો નથી. અહીં કોઈ જીવો કુળપરંપરા વગેરેની પક્કડ કરીને વ્યવહારના આશ્રયથી ધર્મ માને તો અહીં કહે છે કે અરે ભાઈ ! તારી પરંપરા સાચી કે અનંતા સિદ્ધો થઈ ગયા તેમની પરંપરા સાચી ? અનંતા પુરાણ પુરુષો તો પોતાના શુદ્ધ આત્માને જ અભેદ રત્નત્રયથી આરાધીને મુક્તિ પામ્યા છે, તો તું બીજો ઉપાય ક્યાંથી લાવ્યો!

અનંતા સંતો મુક્તિ પામ્યા તેઓ કઈ રીતે સિદ્ધિ પામ્યા ? કે શુદ્ધ કારણપરમાત્માને અભેદ અનુપચાર રત્નત્રયપરિણતિથી આરાધીને સિદ્ધ થયા છે. ત્રિકાળી દ્રવ્ય તે કારણપરમાત્મા છે ને કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટે તે કાર્યપરમાત્મા છે. એકેક સમયની પર્યાયને ગૌણ કરીને જે ત્રિકાળી એકરૂપ તત્ત્વ છે તેને અહીં કારણપરમાત્મા કહેવાય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્વિકલ્પ પર્યાય કે પરમાત્મપર્યાય તે કાર્ય છે. તે કાર્ય આત્મદ્રવ્યમાંથી આવે છે તેથી દ્રવ્યને કારણપરમાત્મા કહ્યું છે. મોક્ષમાર્ગને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહારથી છે, ખરેખર કાંઈ મોક્ષમાર્ગમાંથી મોક્ષપર્યાય આવતી નથી, મોક્ષપર્યાય તો આત્મદ્રવ્યમાંથી આવે છે, માટે આત્મા જ મોક્ષનું નિશ્ચયકારણ છે, ને તેને જ નિયમસારમાં કારણપરમાત્મા કહીને ગાયો છે. તે ધ્રુવ કારણપરમાત્માના અવલંબનથી જ મોક્ષમાર્ગ અને મોક્ષપર્યાય પ્રગટે છે. જેઓ ભગવાન થઈ ગયા તેની આ વાત નથી; તેમનું ત્રિકાળી દ્રવ્ય તે તેમનો કારણપરમાત્મા છે ને તેમની જે પૂર્ણ પર્યાય પ્રગટી તે તેમનો કાર્યપરમાત્મા છે; આ આત્માનો ધ્રુવ સ્વભાવ તે પોતાનો કારણપરમાત્મા છે, ને તેનો આશ્રય કરતાં પરમાત્મદશા પ્રગટી જાય તેનું નામ કાર્યપરમાત્મા છે. આ સિવાય બહારના કારણથી પરમાત્મદશા પ્રગટતી નથી. છ માસ અને આઠ સમયમાં ૬૦૮ જીવ મોક્ષમાં જાય છે - એવો ક્રમ નિરંતર ચાલ્યા જ કરે છે. અત્યારે આ ભરતમાં મોક્ષ નથી પણ મહાવિદેહમાંથી ૬ મહિના ને આઠ સમયમાં ૬૦૮ જીવ મોક્ષમાં જાય છે, તેઓ પોતાના કારણપરમાત્માને શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ અભેદ રત્નત્રયપરિણતિથી આરાધીને જ સિદ્ધ થયા છે. શુદ્ધ આત્માના અવલંબને જે શુદ્ધ રત્નત્રયપરિણતિ પ્રગટી તેના વડે કારણપરમાત્માની ભક્તિ કરી કરીને પુરાણ પુરુષો સિદ્ધિ પામ્યા છે. નિમિત્તથી, રાગથી કે ભેદરત્નત્રયથી મુક્તિ થતી નથી, પણ અભેદ-અનુપચરિત શુદ્ધરત્નત્રયથી જ મુક્તિ થાય છે. સ્વરૂપની ભાવના કરતાં કરતાં તેમાં રાગરહિત લીનતા થઈ ગઈ તેનું નામ અનુપચાર રત્નત્રય છે. સોળકારણભાવનાનો ભાવ પણ વ્યવહારમાં જાય છે. પ્રથમ તો દર્શનવિશુદ્ધિ વગર સોળકારણભાવના જ યથાર્થ હોતી નથી. શુદ્ધરત્નત્રય વડે નિજ કારણ-પરમાત્માને આરાધવો તે જ સિદ્ધિનો ઉપાય છે.

આત્માની આરાધના, આત્માની ભક્તિ, આત્માની કૃપા, આત્માની પ્રસન્નતા તે શુદ્ધરત્નત્રય વડે જ થાય છે, રાગ વડે થતી નથી. આવી શુદ્ધરત્નત્રયપરિણતિ વડે અંતરસ્વરૂપમાં નમી ગયા-ઝૂકી ગયા -તે જ રીતથી બધા સિદ્ધ ભગવંતો સિદ્ધિને પામ્યા છે.

**એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ.**

જુઓ, અંતરમાં રાગરહિત શુદ્ધરત્નત્રય વડે આત્માના સ્વભાવની આરાધના તે એક જ ત્રણે કાળે મોક્ષમાર્ગ છે; ને તે સ્વભાવની રુચિ-જ્ઞાન-મનન કરવું તે વ્યવહાર છે. અંદરમાં દરેક આત્મા પરમાત્મશક્તિથી પૂરો છે. ચોસઠ પહોરી પીપરમાં તીખાશ પડી છે તે જ પ્રગટે છે. તે બહારથી નથી આવતી, તેમ જ એક પહોરીમાંથી કે ત્રેસઠ પહોરીમાંથી પણ ચોસઠ પહોરી તીખાશ પ્રગટી નથી પણ તેના સામર્થ્યમાંથી પ્રગટી છે. લીંડી પીપરની માફક દરેક આત્મા પરિપૂર્ણ પરમાત્મ-શક્તિથી ભર્યો છે, તેના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા વડે તે પરમાત્મદશા પ્રગટે છે, પણ જેમ ઉંદરની લીંડી ઘસવાથી કાંઈ તીખાશ નીકળતી નથી તેમ શરીરાદિને ઘસી નાખવાથી કાંઈ આત્માની પરમાત્મદશા પ્રગટી નથી. શુદ્ધ આત્માની આરાધના વડે જ સિદ્ધિ થાય છે. આ ઉપાયથી જ વર્તમાનમાં સિદ્ધ થયા છે, આ ઉપાયથી જ ભૂતકાળમાં અનંત સિદ્ધો થયા અને આ ઉપાયથી જ અનંત સિદ્ધો થશે. સિદ્ધિનો બીજો ઉપાય નથી. સિદ્ધદશા પ્રગટી તે ચોસઠ પહોરી તીખાશ જેવી પરિપૂર્ણ પરમાત્મદશા પ્રગટી છે. તે પ્રગટવાની તાકાત દરેક આત્મામાં ભરી છે. તેની ઓળખાણ વિના ધર્મ થાય નહિ. લૂગડાં લેવા જાય કે શાક લેવા જાય તો તેને પહેલાં ઓળખે છે. તેમ ધર્મ કરવા માટે પહેલાં ઓળખ તો ખરો કે ધર્મ ક્યાંથી નીકળે છે ? કારણપરમાત્માની દષ્ટિ-જ્ઞાન કરીને તેમાં ઠરો તો પરમાત્મદશા પ્રગટે છે. આવા ઉપાયથી અનંત સિદ્ધો થયા, તેમને ઓળખીને તેમની ભક્તિ કરવી તે નિર્વાણના પરંપરા હેતુભૂત વ્યવહારભક્તિ છે, પણ અંદરમાં નિશ્ચય પરમાત્મ સ્વભાવની દષ્ટિ પડી છે, તો તેને વ્યવહાર કહેવાય છે. જે આસન્નભવ્ય જીવ એવી ભક્તિ કરે છે તેને વ્યવહારભક્તિ છે, ને તેને શુદ્ધાત્માના શ્રદ્ધા-જ્ઞાન છે તે પરમાર્થભક્તિ છે.

**માહ સુદ ૬, શુક્રવાર, ૧-૨-૫૨.**

અહીં વ્યવહારપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે.

આત્મા ચિદાનંદ છે તેને સિદ્ધદશા કેવી રીતે પ્રગટ થાય છે ? આત્મા પરદ્રવ્યનું કાંઈ કરતો નથી, પરથી આત્મામાં લાભ-નુકસાન નથી, પર્યાયમાં વિકાર થાય છે. તેનાથી તો સિદ્ધદશા પ્રગટ થતી નથી પણ મોક્ષમાર્ગની પર્યાયમાંથી પણ સિદ્ધદશા પ્રગટ થતી નથી, ત્રિકાળ નિજ કારણ-પરમાત્માના આશ્રયે સિદ્ધો થયા છે, એમ સિદ્ધભક્તિ કરનારને પ્રથમ જાણવું જોઈએ.

''જે સિદ્ધો થયા છે તેમના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને નિર્વાણની પરંપરા હેતુભૂત



એવી પરમ ભક્તિ જે આસન્નભવ્ય જીવ કરે છે તે મુમુક્ષુને વ્યવહારનયે નિર્વાણભક્તિ છે.''

સિદ્ધોને કેવળજ્ઞાનાદિ ગુણો કહ્યા છે, તે ગુણો નથી પણ પર્યાયો છે, ગુણોમાં ઉપચાર કરીને કહેલ છે. નિર્વાણનો મુખ્ય હેતુ તો ખરેખર ત્રિકાળી દ્રવ્ય છે -એમ પ્રથમ નક્કી કર્યા પછી તે ત્રિકાળી સ્વભાવના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરે છે. પણ અધૂરીદશા છે ત્યાં સુધી શુભરાગ આવે છે ત્યારે સિદ્ધના ગુણોની ભક્તિ કરે છે. તેને નિર્વાણભક્તિ પરંપરાએ કહી છે.

આત્માની ભક્તિ કરે તો સિદ્ધની ભક્તિને વ્યવહાર કહેવાય છે. સિદ્ધની ભક્તિ તો આસ્રવ છે તે નિર્વાણનું કારણ નથી પણ આત્માની ભક્તિવાળાને પરંપરાએ હેતુ કહેલ છે.

શુદ્ધરત્નત્રય વડે પોતાના આત્મસ્વભાવની પરમભક્તિ તે નિર્વાણનું સાક્ષાત્ કારણ છે, તે સાક્ષાત્ કારણની પૂર્ણતા ન હોય ત્યાં વચ્ચે સિદ્ધ ભગવાન વગેરેની ભક્તિનો શુભરાગ આવે છે તે વ્યવહારથી નિર્વાણની પરંપરા હેતુ છે. પણ ત્યાં નિશ્ચયરત્નત્રય સાથે વર્તે છે તેથી શુભરાગને ઉપચારથી મોક્ષની પરંપરા હેતુભૂત કહેલ છે. શુભરાગ પોતે તો સીધો આસ્રવ જ છે, પણ સાથે કારણપરમાત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે તેથી તેને મોક્ષનું વ્યવહારકારણ કહ્યું છે.

પહેલાં વિચારમાં અને પ્રતીતમાં આવવું જોઈએ કે આત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે અને ચારિત્રની પૂર્ણતા થતાં આત્માના આશ્રયે જ મોક્ષ થાય છે. રાગ અને નિમિત્તના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી, એમ માનવું તે પ્રથમ પાત્રતા છે. સમ્યગ્દર્શન પહેલાં આવો વિચાર અને પ્રતીત વર્તે છે તો તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરી સિદ્ધદશા પ્રગટ કરશે. સમ્યગ્દર્શન પ્રગટ કરે તો વિચાર-પ્રતીતને નિમિત્ત કહેવાય છે, પણ વિચાર અને પ્રતીતમાં જ રાગને કારણ અને ક્રિયાકાંડથી સમ્યગ્દર્શનાદિ થશે એમ માને તે તો વ્યવહારે પણ પાત્રતાવાળો નથી. વ્યવહારથી નિશ્ચય પ્રગટ થાય એમ માનનાર તો સ્થૂલ મિથ્યાદષ્ટિ છે, તે તો પાત્રતાવાળો પણ નથી. ચિદાનંદ એકરૂપ આત્માનું સ્વરૂપ છે, તેમાંથી મોક્ષની પર્યાય વહે છે એવા દ્રવ્યનું અવલંબન કરતાં કલ્યાણ થાય એવી જેને પ્રતીતિ છે તે દ્રવ્યનું અવલંબન કરશે અને સિદ્ધદશાને પ્રાપ્ત કરશે.

જુઓ, અહીં ટીકાકારે વ્યવહારભક્તિનું સ્વરૂપ કહેતાં પહેલાં જેણે નિર્વાણ પ્રાપ્ત કરેલ છે તેનું કારણ પ્રથમ બતાવીને પછી વ્યવહારભક્તિની વાત કરી છે.

વ્યવહારભક્તિમાં સિદ્ધની ભક્તિની વાત કરી, પણ તેમાં ય એમ બતાવ્યું કે પોતે જેની ભક્તિ કરે છે તે સિદ્ધ ભગવંતો તો કારણપરમાત્માને અભેદ રત્નત્રયથી આરાધીને જ સિદ્ધ થાય છે, એટલે પોતાને પણ શુદ્ધરત્નત્રય તે જ સિદ્ધિનો ઉપાય છે, શુભરાગ છે તે મુક્તિનું કારણ નથી.

કોઈ કહે કે વ્યવહારથી નિશ્ચય પ્રગટે, તો તે વાત ખોટી છે. કેમ કે વ્યવહાર તે શુભભાવ છે, નિશ્ચય તે શુદ્ધભાવ છે; સ્વભાવના આશ્રયે શુદ્ધભાવ થાય છે. એના બદલે વ્યવહારથી શુદ્ધભાવ

માનવામાં આવે તો નિશ્ચયનું કામ રાગે કર્યું, તો નિશ્ચય રહ્યો નહિ અને વ્યવહારે વ્યવહારનું કામ કરવું જોઈએ એમ ન માનતા નિશ્ચયનું કામ કર્યું એમ માને તો વ્યવહાર પણ રહ્યો નહિ. એમ અજ્ઞાનીને નિશ્ચય-વ્યવહાર બન્ને રહ્યા નહિ.

મુનિરાજ કહે છે કે સિદ્ધભક્તિનો રાગ આવે છે તેને પરંપરાએ કારણ કહ્યું છે. એટલે તે ખરેખર કારણ નથી, કેમ કે નિશ્ચય અને વ્યવહાર એમ બે જુદા જુદા છે, બે મળીને એક નથી. બે છે તો બન્નેના વાચ્ય પણ બે જ હોય છે. ત્રિકાળના આશ્રયે થાય તે નિશ્ચય અને રાગાદિ પરાશ્રયભાવ તે વ્યવહાર છે. વ્યવહારના આશ્રયે નિશ્ચય થાય એમ માને તો વ્યવહાર અને નિશ્ચય જુદા રહેતા નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે, પર્યાય વર્તમાન છે, તે પર્યાયનો ઉત્પાદ પરના કારણે માનવામાં આવે તો પોતાના કારણે ઉત્પાદ ન થયો એટલે પોતાનો અને પરનો બન્નેનો માન્યતામાં નાશ થાય છે. સિદ્ધભક્તિનો શુભભાવ છે તે વ્યવહાર છે, તેનાથી નિર્વાણ થાય તો દ્રવ્યના આશ્રયે શુદ્ધપર્યાય થાય છે તે રહ્યું નહિ. રાગે અરાગી પર્યાય કરી એમ માનવામાં આવે તો રાગની પર્યાય પણ સ્વતંત્ર રહેતી નથી. આમ નિશ્ચય-વ્યવહારની ઊંધી માન્યતામાં મિથ્યાત્વ થવાથી આત્માની સાચી પર્યાયનો નાશ થાય છે.

નિશ્ચય-વ્યવહારના યથાર્થ સ્વરૂપને સમજ્યા વિના ધર્મ થાય એમ નથી. લોકો કહે છે કે ગૃહસ્થો પૈસાવાળા છે પણ પૈસા તો જડ છે, તે આત્મા નથી. આત્મા તો પૈસાની મમતા કરવાવાળો છે. કોઈ પણ શેઠ પૈસાવાળો નથી પણ મમતા કરે છે તો તે મમતાવાળો છે. અહીં તો આ વાત બહુ દૂર રહી પણ શુભભાવ જે સિદ્ધની ભક્તિનો થાય છે તેને પણ વ્યવહારે ભક્તિ કહી છે. વ્યવહાર કહેતાં જ નક્કી થાય છે કે તે ભક્તિ બંધનું કારણ છે. પણ જેની મુક્તિ નજીક છે એવા જીવોને નિશ્ચયભક્તિ અંતરમાં પ્રગટી છે તેને વ્યવહારે-પરંપરાએ નિર્વાણભક્તિ કહી છે. અત્યારે ઘણાં લોકોની એવી પણ માન્યતા છે કે વ્રતાદિ શુભભાવ હમણાં કરો, પછી સ્વર્ગમાં જઈ ત્યાંથી મહાવિદેહમાં જઈશું અને ત્યાં સમ્યગ્દર્શન પ્રગટ કરશું -તો આમ માનનારને હજુ વ્યવહારશ્રદ્ધાના પણ ઠેકાણાં નથી.

સ્વના આશ્રયે કલ્યાણ થાય, તેને બદલે રાગથી કલ્યાણ થાય એમ જેણે માન્યું તેને તો રાગે જ દ્રવ્યનું કામ કર્યું એટલે રાગથી જુદું દ્રવ્ય તેને ન રહ્યું. અને રાગ પોતે દ્રવ્ય થઈ જતાં રાગ પણ ન રહ્યો, એટલે રાગના આશ્રયથી લાભ માને તેને તો નિશ્ચય-વ્યવહાર બન્નેનો નાશ થઈ ગયો. દ્રવ્યના આશ્રયે કલ્યાણ થાય ને રાગના આશ્રયે કલ્યાણ ન થાય -એવી માન્યતામાં અનેકાન્ત છે. તેમાં દ્રવ્ય દ્રવ્યપણે રહે છે ને રાગ રાગપણે રહે છે, એટલે નિશ્ચય અને વ્યવહાર બન્ને રહે છે.

જો દ્રવ્યના આશ્રયે લાભ થાય અને રાગના આશ્રયે પણ લાભ થાય તેમ માને તો તેની માન્યતામાં રાગથી જુદું દ્રવ્ય ન રહ્યું; તેને તો રાગે જ દ્રવ્યનું કાર્ય કર્યું એટલે રાગ રાગપણે ન રહ્યો, ને દ્રવ્યનું



કામ રાગે કર્યું એટલે રાગથી જુદું દ્રવ્ય ન રહ્યું. એ રીતે તેને નિશ્ચય-વ્યવહાર બન્નેનો નાશ થઈ જાય છે.

એ જ પ્રમાણે ઉપાદાન-નિમિત્તમાં-

લાકડી ઊંચી થાય તે ઉપાદાન,
આંગળીનો સંયોગ તે નિમિત્ત.

હવે જો આંગળીએ લાકડીને ઊંચી કરી હોય તો ત્યાં લાકડીની સ્વતંત્ર પર્યાયનો ઉત્પાદ ન રહ્યો, એટલે લાકડીનું કામ આંગળીએ કર્યું ત્યાં લાકડીનો ઉત્પાદ ન રહ્યો. એટલે ઉપાદાનનો નાશ થયો તથા આંગળીએ લાકડીના ઉપાદાનનું કામ કર્યું તો ત્યાં આંગળી નિમિત્તપણે ન રહી, ઉપાદાન થઈ ગઈ એટલે નિમિત્તનો પણ નાશ થયો, એટલે નિમિત્તથી ઉપાદાનનું કાર્ય થાય એમ માનનારની માન્યતામાં ઉપાદાન-નિમિત્ત બન્નેનો નાશ થાય છે, તેની તે માન્યતા મિથ્યા છે.

ઉપાદાનનું કાર્ય નિમિત્તે કર્યું; તો પછી નિમિત્તનું કાર્ય કોણે કર્યું ? નિમિત્ત પણ પોતે તો પોતાનું ઉપાદાન છે, તો તેને માટે બીજું નિમિત્ત, વળી તે બીજાને માટે ત્રીજું નિમિત્ત - એમ પરંપરા ચાલ્યા જ કરતાં અનવસ્થાદોષ આવશે, ક્યાંય આરો જ નહિ આવે. એટલે તેનું જ્ઞાન ક્યાંય ઠરશે નહિ પણ નિમિત્તને શોધવામાં જ ભમ્યા કરશે. ઉપાદાનથી થાય ને નિમિત્તથી ન થાય, બસ ! એકલા સ્વમાં જ દૃષ્ટિ થંભી જાય છે.

હવે સિદ્ધ ભગવાનની ભક્તિ કરનાર પોતાના આત્માને ઓળખીને કહે છે કે :-

## શ્લોક ૨૨૧

(अनुष्टुभ्)

**उद्धूतकर्मसंदोहान् सिद्धान् सिद्धिवधूधवान्।**
**संप्राप्ताष्टगुणैश्वर्यान् नित्यं वन्दे शिवालयान्॥ २२१॥**

**શ્લોકાર્થ** : જેમણે કર્મસમૂહને ખંખેરી નાખ્યો છે, જેઓ સિદ્ધિવધૂના (મુક્તિરૂપી સ્ત્રીના) પતિ છે, જેમણે અષ્ટ ગુણરૂપ ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે અને જેઓ કલ્યાણના ધામ છે, તે સિદ્ધોને હું નિત્ય વંદું છું. ॥ ૨૨૧ ॥

જ્ઞાની સમજે છે કે કર્મને આત્મા ખંખેરી શકતો નથી પણ અહીં વ્યવહારનું કથન છે કે સિદ્ધોએ કર્મોને ખંખેરી નાખ્યા છે. પક્ષી પાંખ ઊંચી નીચી કરે તો ધૂળ ઊડી જાય છે. તેમ આત્મા સ્વભાવમાં લીન થાય એટલે કર્મો એની મેળાએ ખરી જાય છે. વળી અહીં સ્ત્રીનો અલંકાર કરીને કહે છે કે આત્માની સિદ્ધદશા -નિર્મળ આનંદરૂપી પર્યાયના સિદ્ધપતિ છે. જગતના પતિ-પત્નીનો મેળ અભેદ નથી. અહીં તો કહે છે કે સિદ્ધદશા પ્રગટી તેનું સ્વામીપણું કદી ખસતું નથી. દ્રવ્ય તે પતિ છે અને પર્યાય

તે પત્ની છે, તે પતિ-પત્નીનું અભેદપણું છે અને તે કાયમ રહે છે. સિદ્ધદશા પ્રગટ કરે ત્યાર પછી તેનો વિરહ કદી થતો નથી. જગતમાં સ્ત્રીને અર્ધાંગના કહે છે. પણ તે ખરેખર અર્ધાંગના નથી કેમ કે તે મરે ત્યારે પતિએ પણ મરવું જોઈએ; પણ એમ બનતું નથી. અહીં પર્યાય તે અંગ છે, સિદ્ધપર્યાય અર્ધાંગના છે. તે અર્ધાંગના કદી જુદી પડતી નથી.

સિદ્ધિવધૂ તે જ આત્માની ખરી અર્ધાંગના છે. લોકો બહારમાં સ્ત્રીને અર્ધાંગના કહે છે, તે તો પોતાથી છૂટી પડી જાય છે. પણ સામાન્યવિશેષરૂપ આત્મા છે તેનું એક અંગ ત્રિકાળી સામાન્ય દ્રવ્ય છે, ને તેની વિશેષ પરિણિતિ તે જ તેની અર્ધાંગના છે, તે પરિણતિ વિના આત્મા કદી રહી શકે નહિ, ને પરિણતિ આત્માથી કદી જુદી પડે નહિ. માટે દ્રવ્યમાં લીન થયેલી સિદ્ધપરિણતિ તે જ તેની સાચી અર્ધાંગના છે. અજ્ઞાનીઓ બહારના વિષયોમાં અટક્યા છે તેથી અહીં અલંકાર કરીને બહારની વાતને અંતરના વિષયમાં ઉતારી છે.

સિદ્ધ ભગવંતોએ આઠ ગુણરૂપ ઐશ્વર્યને પ્રાપ્ત કર્યું છે અને સિદ્ધો કલ્યાણનું ધામ છે. ચક્રવર્તી કે ઈંદ્રાદિના પદોમાં ઐશ્વર્ય નથી. સમ્યગ્દૃષ્ટિ પોતાના ગુણો સિવાય નિમિત્ત કે શુભ રાગમાં ઐશ્વર્ય માનતો નથી. જ્ઞાનીને જાતિ, કુળ, વિદ્યા, બળ, રૂપ આદિનો ગર્વ હોતો નથી. સિદ્ધો કલ્યાણનું ધામ છે તે પોતા માટે છે, બીજાઓ માટે કહેવું તે વ્યવહાર છે -એમ જ્ઞાની જાણે છે. રાગ છે એટલે સિદ્ધોની ભક્તિનો વ્યવહાર હોય છે.

**શ્લોક ૨૨૨**

(आर्या)

**व्यवहारनयस्येत्थं निर्वृतिभक्तिर्जिनोत्तमैः प्रोक्ता।**
**निश्चयनिर्वृतिभक्ति रत्नत्रयभक्तिरित्युक्ता॥ २२२॥**

**શ્લોકાર્થ** : આ પ્રમાણે (સિદ્ધભગવંતોની ભક્તિને) વ્યવહારનયથી નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે; નિશ્ચય-નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે. ॥ ૨૨૨ ॥

વિકલ્પને વ્યવહાર અને નિર્વિકલ્પ રત્નત્રયને નિશ્ચય એટલે સાચી ભક્તિ કહી છે. વ્યવહારભક્તિ હોય છે પણ એનાથી નિશ્ચયભક્તિ પ્રગટ થતી નથી. જુઓ, વ્યવહારભક્તિથી નિશ્ચય માને તો બે કારણ રહેતા નથી અને વ્યવહારભક્તિમાં નિમિત્ત ન હોય તો બે કારણ રહેતા નથી. નિમિત્ત હોય છે પણ નિમિત્તથી આત્મામાં સાચી ભક્તિ થતી નથી. અનંતી વાર કેવળી ભગવાન પાસે જઈ આવ્યો પણ પોતે સમજ્યો નહિ માટે કલ્યાણ થયું નહિ.

જૈનદર્શન એવું છે કે એમાં ગુરુ પરંપરા જોઈએ અને કાં તો પૂર્વના સંસ્કાર હોવા જોઈએ. પણ સત્ નિમિત્ત વિના એની મેળાએ કોઈ સમજી જાય એવું જૈનદર્શનમાં નથી. નિમિત્ત હોય છે પણ નિમિત્તના કારણે ઉપાદાનમાં કાર્ય થતું નથી.



શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :

**બૂઝી ચહત જો પ્યાસકો હૈ બૂઝનકી રીત;**
**પાવે નહિ ગુરુગમ વિના, એહી અનાદિ સ્થિત.**

જીવ, પુદ્‌ગલ ગમન કરે તો તેમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે અને સ્થિર થાય તો અધર્માસ્તિકાય નિમિત્ત છે. બન્ને નિમિત્ત છે, પણ તે જીવ-પુદ્‌ગલને ગમન કે સ્થિરતા કરાવી શકે નહિ.

**શ્લોક ૨૨૩**

(आर्या)

**निःशेषदोषदूरं केवलबोधादिशुद्धगुणनिलयं।**
**शुद्धोपयोगफलमिति सिद्धत्वं प्राहुराचार्याः॥ २२३॥**

**શ્લોકાર્થ** : આચાર્યોએ સિદ્ધત્વને નિઃશેષ (સમસ્ત) દોષથી દૂર, કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધામ અને શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે. ॥ ૨૨૩ ॥

જુઓ, આમાં બે વાત કરી છે. (૧) સિદ્ધભગવંતો સર્વથા દોષ રહિત છે, (૨) ભગવાન કેવળજ્ઞાન-દર્શનાદિ આઠ ગુણો સહિત છે. આમ અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. એવા સિદ્ધભગવંતોને ઓળખીને ભક્તિ કરે તો સાચી ભક્તિ કહેવાય છે. પહેલા શ્લોકમાં નિશ્ચય-વ્યવહારથી વાત કરી છે અને આમાં અસ્તિ-નાસ્તિથી એટલે ગુણસહિત અને દોષરહિત સિદ્ધ ભગવાન થયા છે તેમ કહ્યું છે. તેમનો રાગરહિત શુદ્ધોપયોગ છે. તે રાગથી સિદ્ધ થયા નથી. ચિદાનંદ જ્ઞાનસ્વભાવી ઉપયોગ વડે સિદ્ધ થયા છે. આ રીતે ચોખ્ખી વાત કરી છે.

**શ્લોક ૨૨૪**

(शार्दूलविक्रीडित)

**ये लोकाग्रनिवासिनोः भवभवक्लेशार्णवान्तं गता**
**ये निर्वाणवधूटिकास्तनभराश्लेषोत्थसौख्याकराः।**
**ये शुद्धात्मविभावनोद्भवमहाकैवल्यसंपद्गुणाः**
**तान् सिद्धानभिनौम्यहं प्रतिदिनं पापाटवीपावकान्॥ २२४॥**

**શ્લોકાર્થ** : જેઓ લોકાગ્રે વસે છે, જેઓ ભવભવના કલેશરૂપી સમુદ્રના પારને પામ્યા છે, જેઓ નિર્વાણવધૂના પુષ્ટ સ્તનના આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે અને જેઓ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન કૈવલ્યસંપદાના (-મોક્ષસંપદાના) મહા ગુણોવાળા છે, તે પાપાટવીપાવક(-પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન) સિદ્ધોને હું પ્રતિદિન નમું છું. ॥ ૨૨૪ ॥

સિદ્ધભગવંત લોકના અગ્રભાગે વસે છે. ત્યાં જઈને બધા આત્માઓ સાથે ભળી જાય છે એમ નથી. તેમને હવે ભવ કરવાનો રહ્યો નથી. કલેશરૂપી દરિયાના પારને તેઓ પામી ગયા છે. અહીં મોક્ષપર્યાયને સ્ત્રીની ઉપમા આપી છે. એવી પુષ્ટ પર્યાય થઈ છે કે અનંતકાળ તેનું વેદન રહેશે. સંસારમાં સ્ત્રી પ્રત્યે ઘણો પ્રેમ હોય છે. તેનો નિષેધ કરવા માટે અહીં મુક્તિરૂપી પુષ્ટ પર્યાયને સ્ત્રીના સ્તનની ઉપમા આપી છે. મુનિ તો વીતરાગી હોય છે.

અજ્ઞાનીઓ સ્ત્રીના પુષ્ટ અવયવોના સ્પર્શથી સુખ માની રહ્યા છે, તેમાં સુખ નથી. સુખ તો સિદ્ધપરિણતિમાં છે એમ બતાવવા અલંકાર કરીને વીતરાગી મુનિરાજ કહે છે કે સિદ્ધિરૂપી જે સ્ત્રી તેના પુષ્ટ સ્તન એટલે કે પુષ્ટ થયેલી જ્ઞાન-આનંદની પરિણતિ, તેના સ્પર્શથી-સંવેદનથી-વેદનથી ઉત્પન્ન થતાં ઉત્તમ સુખની ખાણ સિદ્ધભગવંતો છે.

હમણાં જિનસેન આચાર્યની વાત આવી છે કે એમણે પુરાણમાં સુલોચના અને જયકુમારના અધિકારમાં એવો અલંકાર કર્યો છે કે વાંચનારને શંકા પડી કે આ મુનિ બ્રહ્મચારી હશે કે કેમ ? એક વખત જિનસેન આચાર્યે મોટી સભામાં શૃંગારરસનું એવું વર્ણન કર્યું કે સાંભળનારને વિકાર ઉત્પન્ન થઈ ગયો, પણ મુનિ પોતે નિર્વિકારપણે ઊભા હતા. લોકો અજાયબી પામ્યા અને તેમણે મુનિને ભગવત્‌નો ઈલ્કાબ આપ્યો. ભાષા વિકાર કરાવતી નથી. મુનિ તો વીતરાગી હતા છતાં જગત પાસે આ શૃંગારરસનું વર્ણન કર્યું. બીજાને એમ ન લાગે કે જૈનમાં આનું જ્ઞાન નથી. વિકલ્પ આવ્યો અને શાસ્ત્રમાં લખાઈ ગયું હતું. એમ અહીં મુનિ ભાવલિંગી સંત વીતરાગી છે. સંસારી જીવો સ્ત્રીના મોહમાં સુખ માને છે. તેનો નિષેધ કરવા માટે આ રીતે અલંકાર કર્યો છે.

જેટલા સિદ્ધો થયા છે તે બધા શુદ્ધાત્માની ભાવનાથી થયા છે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ થઈ છે. સિદ્ધ ભગવાન પાસે જગતની જડ લક્ષ્મી હોતી નથી. પણ એ તો મોક્ષરૂપી લક્ષ્મીની સંપદાવાળા છે. મહાગુણોના ધામ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયની પરિપૂર્ણતા વર્તે છે. પુણ્ય-પાપરૂપી જંગલને બાળી નાખવામાં અગ્નિ સમાન છે. પાપને પાપ તો બધા કહે છે પણ જ્ઞાની પુણ્યને પણ પાપ કહે છે. માટે પુણ્ય-પાપને બાળીને ખાખ કરી નાખ્યા છે એવા સિદ્ધોને હું નમન કરું છું. રાગ છે એટલે સિદ્ધો તરફ લક્ષ જાય છે, તે વ્યવહારે નિર્વાણભક્તિ છે.

### માહ સુદ ૭, શનિવાર, ૨-૨-૫૨.

અહીં નિયમસાર ચાલે છે. નિયમ એટલે મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગથી વિરુદ્ધ એવા વ્યવહાર રત્નત્રય છે તેના પરિહાર અર્થે સાર શબ્દ મૂક્યો છે. વ્યવહારરત્નત્રય ખરેખર મોક્ષમાર્ગ નથી. આ નિયમસારરૂપ મોક્ષમાર્ગમાં ભક્તિ, સમાધિ, પ્રતિક્રમણ, પચ્ચખાણ, આલોચનઉ વગેરે સમાડી દીધું છે. નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં બધું આવી જાય છે. જેટલી ક્રિયા શાસ્ત્રમાં કહી છે તે બધીનો આમાં સમાવેશ થઈ જાય છે. અહીં પરમ ભક્તિનું સ્વરૂપ ચાલે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો ભક્તિરૂપી રાગ આવે છે તે



ખરેખર નિયમસાર નથી પણ નિયમસાર તો શુદ્ધરત્નત્રય જ છે.

### શ્લોક ૨૨૫

(शार्दूलविक्रीडित)

त्रैलोक्याग्रनिकेतनान् गुणगुरून् ज्ञेयाब्धिपारंगतान्
मुक्तिश्रीवनितामुखाम्बुजरवीन् स्वाधीनसौख्यार्णवान्।
सिद्धान् सिद्धगुणाष्टकान भवहरान् नष्टाष्टकर्मोत्करान्
नित्यान तान् शरणं व्रजामि सततं पापाटवीपावकान् ॥ २२५ ॥

**શ્લોકાર્થ :** જેઓ ત્રણ લોકના અગ્રે વસે છે, જેઓ ગુણમાં મોટા છે, જેઓ જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે, જેઓ મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે, જેઓ સ્વાધીન સુખના સાગર છે, જેમણે અષ્ટ ગુણોને સિદ્ધ (પ્રાપ્ત)કર્યા છે, જેઓ ભવનો નાશ કરનારા છે અને જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે, તે પાપાટવીપાવક (-પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન) નિત્ય (અવિનાશી) સિદ્ધભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું. ॥ ૨૨૫ ॥

### ૧) સિદ્ધભગવંતો ત્રણ લોકના અગ્રે વસે છે.

સિદ્ધોની વ્યાખ્યા આપતા એમની સ્વતંત્રતા જણાવે છે. ૨૨૪ના કળશમાં લોકના અગ્રે વસે છે એમ કહ્યું હતું. આ કળશમાં ત્રણ લોકના અગ્રે વસે છે -એમ કહ્યું તો એમાં ત્રણ લોક છે એમ પણ સાથે સાથે સાબિત કરતા જાય છે. ત્રણ લોકને ન માને તો તેને વ્યવહારશ્રદ્ધા પણ નથી. હવે લોકાગ્રે વસે છે -એમાં પણ સ્વતંત્રતા બતાવે છે. ધર્માસ્તિકાય આગળ નથી માટે ત્યાં વસે છે એમ નથી પણ પૂર્ણ પવિત્ર દશા પ્રગટ થઈ છે તેનું સ્વરૂપ જ એવું છે કે તે લોકાગ્રે વસે છે. એથી વિરુદ્ધ કોઈ કહેતું હોય તો એનો પરિહાર કરે છે. શાસ્ત્રનો એક એક શબ્દ સ્વતંત્રતાને બતાવે છે. સિદ્ધભગવંતોની સમ્યગ્દૃષ્ટિ જીવ ભક્તિ કરે છે તે સિદ્ધો ત્રણ લોકના અગ્રે વસે છે એમ કહ્યું.

### ૨) સિદ્ધભગવંતો ગુણમાં મોટા છે.

અરિહંતો કરતાં સિદ્ધો ગુણમાં મોટા છે કેમ કે અરિહંતોને હજી પ્રતિજીવી ગુણો ખીલ્યા નથી. અસિદ્ધત્વભાવ પર્યાયમાં વર્તે છે. તે ઉદયભાવ છે. ઉદયભાવ સ્વતત્ત્વ છે તે કર્મના કારણે નથી. અરિહંતોને હજુ કેટલાક ગુણોની પર્યાયમાં અપરાધ વર્તે છે તે પોતાના કારણે છે. અને સિદ્ધો પૂર્ણદશાને પામ્યા છે એટલે સિદ્ધો ગુણમાં મોટા છે એમ કહ્યું છે.

### ૩) સિદ્ધો જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે.

ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે. જ્ઞાનમાં જણાવાયોગ્ય બધા જ્ઞેયોનું જ્ઞાન વર્તે છે. કોઈ

કહે કે વ્યંજનપર્યાયને સર્વજ્ઞ જાણતા નથી તો તે વાત ખોટી છે. પ્રદેશત્વ ગુણના વિકારને વ્યંજનપર્યાય કહે છે અને શ્રી ધવલજીમાં મિથ્યાત્વને પણ વ્યંજનપર્યાય ઘણો કાળ ટકી રહે છે એ અપેક્ષાએ કહી છે. વ્યંજનપર્યાય પણ પ્રમેય છે. તો તેનું જ્ઞાન પણ હોય છે કેમ કે સર્વજ્ઞ બધી પર્યાયોના પારને પામ્યા છે. એમના જ્ઞાનમાં કોઈ પણ પર્યાય બાકી રહેતી નથી. અને બાકી રહે તો તે સર્વજ્ઞ નથી. સર્વજ્ઞત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે એમ સમયસારમાં આવ્યું હતું. એ શક્તિના કારણે જ્ઞાનમાં જાણાયા વગર કાંઈ રહેતું નથી.

સર્વજ્ઞ એક સમયમાં બધી પર્યાયોને જાણે છે, ને તે પ્રમાણે પર્યાયો થાય છે, તો પછી પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો ? એમ અજ્ઞાનીને લાગે છે. તે સર્વજ્ઞને ખરેખર સમજ્યો જ નથી. જુઓ, જેણે એમ નક્કી કર્યું કે મારી પર્યાય જે કાળે જે થવાની છે તેમ થાય છે તો તેનો તે જ્ઞાતા-દૃષ્ટા થયો. અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞનો સ્વીકાર થયો. અલ્પજ્ઞતા અને રાગરહિત પોતાનો સ્વભાવ છે એનો સ્વીકાર પણ સાથે થઈ ગયો અને સ્વભાવનો સ્વીકાર થયો તે જ પુરુષાર્થ છે. આ પુરુષાર્થ અજ્ઞાનીને દેખાતો નથી. જ્ઞાની સમજે છે કે સર્વજ્ઞ થવાની મારામાં લાયકાત છે. એવી દ્રવ્યદૃષ્ટિ જેને હોય છે તેણે સર્વજ્ઞની પ્રતીતિ વ્યવહારે કરી કહેવાય છે.

સિદ્ધ ભગવાન બધા જ્ઞેયોને જાણે છે તો મારી પર્યાય જે સમયે જે થવાની છે તે થશે તે પણ તેમણે જાણ્યું છે. એમ ક્ષાયોપશમિકભાવમાં ક્ષાયિકભાવની પ્રતીતિ થાય છે. તે ક્ષાયિકભાવ કેવી રીતે થાય ? તો કે તે ભાવ મારા સ્વભાવમાંથી આવે છે. એમ સ્વભાવની રુચિ થઈ તેને સર્વજ્ઞની પ્રતીતિ પણ થઈ છે. અને સર્વજ્ઞનો નિર્ણય કોણ કરે છે ? અલ્પજ્ઞતા અને પુણ્ય-પાપ તે મારો સ્વભાવ નથી એવી શ્રદ્ધા થઈ તે સર્વજ્ઞની યથાર્થ ભક્તિ કરે છે. સાક્ષાત્ સર્વજ્ઞદેવ સમવસરણમાં બિરાજમાન છે, જે દેખાય છે તે તો તેમનો દેહ છે. સર્વજ્ઞની પ્રતીતિ તો અંતરથી થાય છે. તે અંતર્દૃષ્ટિ જેણે કરી તેને રાગ હોય છે ત્યારે સિદ્ધ ભગવાનની તે ભક્તિ કરે છે એમ કહેવાય છે. રાગની મંદતામાં પુરુષાર્થ કરવો પડે છે તો રાગનો અભાવ કરવામાં તો અનંતો પુરુષાર્થ હોય છે. સિદ્ધની ભક્તિ માત્ર શબ્દથી કરે અને તેના સ્વરૂપને ઓળખે નહિ તો સિદ્ધની ભક્તિ વ્યવહારે પણ કહેવાતી નથી.

### ૪) સિદ્ધપરમાત્મા મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે.

પદ્મપ્રભ મુનિરાજ મુક્તદશાને સ્ત્રીની ઉપમા ઘણી વખત આપે છે કેમ કે જગતના લોકોને સ્ત્રી ઉપર પ્રેમ ઘણો હોય છે. તો તે પ્રીતિને સ્વ તરફ ફેરવ ! એમ કહેવાનો આશય છે. સ્ત્રી તો હાડ અને ચામની પૂતળી છે. તેના ઉપર પ્રેમ કરનારને કહે છે કે મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીની પ્રીતિ કર ! સ્વભાવમાં મુક્તિલક્ષ્મી હતી તે પર્યાયમાં પ્રગટ થઈ છે. તે નિર્વિકલ્પદશા આત્માની સ્ત્રી છે. તે પર્યાયરૂપી કમળને વિકસાવવામાં આત્મા સૂર્ય સમાન છે. જે પત્નીને પતિ વહાલો છે તે પત્ની પોતાના પતિનું મુખ દેખીને પ્રફુલ્લિત થાય છે. તે પ્રફુલ્લિત થવામાં પતિ નિમિત્ત છે, એમ સિદ્ધ ભગવાનની પૂર્ણદશા પ્રફુલ્લિત થવામાં એમનો આત્મા કારણ છે, પર્યાયની ખીલવટ થવાનું કારણ દ્રવ્ય છે. અનંતચતુષ્ટયને ખીલવાનું કારણ આત્મા છે. જુઓ, સિદ્ધની વ્યાખ્યામાં પણ તે પર્યાયનું કારણ પોતે છે પણ બીજું નથી એમ કહે છે.



### ૫) સિદ્ધપરમેષ્ઠી સ્વાધીન સુખના સાગર છે.

ભગવાનને સ્વાધીન સુખનો દરિયો ફાટ્યો છે એમાં પૂર્ણ સ્વાધીન આનંદના તરંગો ઊઠે છે. રાજા-શેઠિયા વગેરે તો પરપદાર્થ વગર ચાલે નહિ એવા ઓશિયાળા છે; પરાધીન છે. આબરૂ, છોકરા વગેરેના ઓશિયાળા છે. એક કરોડ હોય તો પાંચ કરોડ જોઈએ - તે બધા ભિખારા છે. તેને સ્વાધીન સુખ હોતું નથી. સિદ્ધોને પૈસા, ઘર, આબરૂ વગેરે કાંઈ હોતું નથી. છતાં તેઓ સ્વાધીન સુખના દરિયા છે, ભગવાન લોકાલોકને જાણે છે માટે સુખી છે એમ નથી પણ પોતાની પર્યાય પોતાના દ્રવ્યમાંથી આવે છે માટે સ્વાધીન સુખી છે. પોતાના જ્ઞાનમાં પ્રગટ આનંદ થઈ ગયો છે એનું સુખ છે, પરના કારણે સુખ નથી.

### ૬) ભગવાને આઠ ગુણોને સિદ્ધ(પ્રાપ્ત) કર્યા છે.

આઠ કર્મોનો નાશ કર્યો છે માટે આઠ ગુણો પ્રગટ કર્યા છે -એમ નથી. અને આઠ ગુણો પ્રગટ થયા છે માટે આઠ કર્મોનો નાશ થયો છે -એમ પણ નથી. કર્મ તો નિમિત્તમાત્ર છે, પોતાની પરિણતિથી આઠ ગુણો પ્રગટ્યા છે.

### ૭) જેઓ ભવનો નાશ કરનારા છે.

અસિદ્ધત્વભાવ હતો એનો નાશ કર્યો છે. સિદ્ધપર્યાયને પ્રગટ કરી તે અસ્તિથી વાત કરી અને અસિદ્ધત્વપર્યાયનો અભાવ કર્યો તે નાસ્તિથી કહેલ છે.

### ૮) જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે.

આઠ કર્મોનો નાશ થયો છે તે પોતાની પરિણતિના નિમિત્તે થયો છે એવા સિદ્ધભગવંતો છે. તે પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન છે. તે નિત્ય (અવિનાશી) સિદ્ધોનું હું નિરંતર શરણ ગ્રહું છું. જેને સિદ્ધનું સ્વતંત્ર તત્ત્વ બેસે તેને પોતાનું સ્વતંત્ર તત્ત્વ છે તે બેસે છે અને પોતાનું સ્વતંત્ર તત્ત્વ છે તે બેસે તેને સિદ્ધનું સ્વતંત્ર તત્ત્વ બેસે છે. આત્મા પોતે પોતાનું શરણ લે છે ત્યારે વ્યવહારે સિદ્ધનું શરણું લીધું એમ વ્યવહારે કહેવાય છે.

**શ્લોક ૨૨૬**

**(वसंततिलका)**

**ये मर्त्यदैवनिकुरम्बपरोक्षभक्ति-**
**योग्याः सदा शिवमयाः प्रवराः प्रसिद्धाः।**
**सिद्धाः सुसिद्धिरमणीरमणीयवक्र-**
**पंकेरुहोरुमकरंदमधुव्रताः स्युः॥ २२६॥**

**શ્લોકાર્થ** : જેઓ મનુષ્યોના તથા દેવોના સમૂહની પરોક્ષ ભક્તિને યોગ્ય છે, જેઓ સદા શિવમય છે, જેઓ શ્રેષ્ઠ છે અને જેઓ પ્રસિદ્ધ છે, તે સિદ્ધભગવંતો સુસિદ્ધિરૂપી રમણીના રમણીય મુખકમળના મહા મકરંદના ભ્રમર છે (અર્થાત્ અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવે છે). ॥ ૨૨૬ ॥

અરિહંત ભગવાન સમવસરણમાં બિરાજમાન હોય છે, તે દેવ, મનુષ્ય, તિર્યંચને પ્રત્યક્ષ છે. વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી અને અહીં શ્રી મહાવીરસ્વામી હતા ત્યારે તેમના સમવસરણમાં દેવ, મનુષ્ય અને તિર્યંચ એમ ત્રણ પ્રકારની સભા આવતી હતી. નારકી આવતા નથી. સમવસરણમાં આવવાની લાયકાત ત્રણની છે. ભાષા વડે ભક્તિ કરવાની લાયકાત દેવ અને મનુષ્ય -એમ બે ની છે, મોક્ષની લાયકાત મનુષ્ય એકની છે અને સમ્યગ્દર્શન પ્રગટ કરવાની લાયકાત ચારે ગતિના જીવોની હોય છે. અરિહંત ભગવાનની ભક્તિ તો પ્રત્યક્ષ દેવો, ચક્રવર્તી વગેરે સમવસરણમાં કરે છે અને સિદ્ધની ભક્તિ પરોક્ષ કરે છે. તિર્યંચને સમ્યગ્દર્શન હોય છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય પાંચમા ગુણસ્થાનવાળા તિર્યંચ શ્રાવક છે, કોઈને અવધિજ્ઞાન અને જાતિસ્મરણ જ્ઞાન હોય છે તે પોતાની યોગ્યતાથી છે.

સિદ્ધોનું વર્ણન કરતાં કહે છે કે જેઓ સદા શિવમય છે-કલ્યાણમય છે. સિદ્ધદશા પ્રગટી તે શિવ છે, બીજો કોઈ શિવ નથી. અને જેઓ શ્રેષ્ઠ છે. 'પરમાત્મપ્રકાશ'માં અલંકાર કર્યો છે કે ભગવાન સર્વોત્કૃષ્ટ ન હોય તો લોકના અગ્રે એમને કોણ રાખે ? માટે ભગવાન શ્રેષ્ઠ છે. જેઓ પ્રસિદ્ધ છે. જુઓ, અનંતા સિદ્ધો થઈ ગયા છે એ વાત પ્રસિદ્ધ છે, ગુપ્ત વાત રાખી નથી. સ્વભાવનો નિર્ણય કરી એમાં રમણતા કરી, વીતરાગતા પ્રગટ કરી તે વાત પ્રસિદ્ધ છે. પૂર્ણ પર્યાય થઈ તે પ્રસિદ્ધ છે.

તે સિદ્ધભગવંતો સુસિદ્ધિરૂપી રમણીના રમણીય મુખકમળના મહા મકરંદના ભ્રમર છે. અર્થાત્ અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવે છે. ભમરો ફૂલનું મધ ચૂસે છે તેમ ભગવાને સ્વભાવનો આશ્રય કરીને પૂર્ણદશા પ્રગટ કરી તે રમણીનું રમણીય મોઢું છે. એના આનંદરૂપી રસના ભગવાન ભમરા છે. પર્યાયમાંથી આનંદનો ઝરો વહે છે તેના રસના ભગવાન ચૂસનાર ભમરા છે. મુનિ અધ્યાત્મ અમૃતના કુંડ છે. તે કહે છે કે અહો ધન્ય ! સિદ્ધ ભગવાન મુક્તિસુખને નિરંતર અનુભવે છે, એમ સિદ્ધને ઓળખીને શુભરાગથી સિદ્ધ ભગવાનની ભક્તિ કરે છે તે વ્યવહારે નિર્વાણભક્તિ છે.



**માહ સુદ ૮, રવિવાર, ૩-૨-૫૨.**

આજે સવારે શ્રી નિયમસાર હરિગીતની સ્વાધ્યાય હતી.

**માહ સુદ ૯, સોમવાર, ૪-૨-૫૨.**

પરમાત્માની ભક્તિનું સ્વરૂપ કહે છે.

**ગાથા ૧૩૬**

**मोक्खपहे अप्पाणं ठविऊण य कुणदि णिव्वुदी भत्ती।**
**तेण दु जीवो पावइ असहायगुणं णियप्पाणं॥ १३६॥**

**मोक्षपथे आत्मानं संस्थाप्य च करोति निर्वृतेर्भक्तिम्।**
**तेन तु जीवः प्राप्नोत्यसहायगुणं निजात्मानम्॥ १३६॥**

**શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,**
**તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬.**

**અન્વયાર્થ** : **(मोक्षपथे)** મોક્ષમાર્ગમાં **(आत्मानं)** (પોતાના) આત્માને **(संस्थाप्य च)** સમ્યક્ પ્રકારે સ્થાપીને **(निर्वृतेः)** નિર્વૃતિની (નિર્વાણની) **(भक्तिम्)** ભક્તિ **(करोति)** કરે છે, **(तेन तु)** તેથી **(जीवः)** જીવ **(असहायगुणं)** અસહાયગુણવાળા **(निजात्मानम्)** નિજ આત્માને **(प्राप्नोति)** પ્રાપ્ત કરે છે.

ભક્તિ બે પ્રકારની છે. ૧) નિશ્ચયભક્તિ અને ૨) વ્યવહારભક્તિ. ચૈતન્યસ્વભાવના નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં ઠરવું તે પરમાત્માની નિશ્ચયભક્તિ છે. એવી નિશ્ચયભક્તિપૂર્વક વચ્ચે જે શુભરાગ આવે તે વ્યવહારભક્તિ છે.

મોક્ષ તે આત્માની પૂર્ણ નિર્વૃતપર્યાય છે, ને તેનું કારણ પણ પુણ્ય-પાપરહિત નિર્વિકલ્પ નિર્વૃત-પર્યાય છે. મોક્ષ પણ રાગરહિત નિર્વૃત છે ને મોક્ષમાર્ગ પણ રાગરહિત નિર્વૃતભાવરૂપ છે. ભક્તિ કહો કે મોક્ષમાર્ગ કહો; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે નિજ આત્માની ભક્તિ વડે જીવ પોતાના અસહાયગુણવાળા આત્માને પ્રાપ્ત કરે છે. આત્માના ગુણોને કોઈ નિમિત્તની, રાગની કે પરની સહાય નથી, પરની સહાય વગરના સ્વાધીન ગુણનો પિંડ આત્મા છે. તેવા આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે પોતાના આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપવો તેનું નામ મોક્ષની ભક્તિ છે; બીજા પરમાત્માની ભક્તિનો ભાવ તે વ્યવહાર છે, પણ અંદર નિશ્ચયભક્તિનું ભાન હોય તો તેને વ્યવહાર કહેવાય.

સમ્યક્ત્વ તે જ આત્માની પ્રથમ ભક્તિ છે. પોતાના શુદ્ધ આત્માના વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન તે નિશ્ચયભક્તિ છે. ત્યાં દેવ-ગુરુના બહુમાનનો ભાવ તે વ્યવહારભક્તિ છે. અહીં નિશ્ચયભક્તિની વાત

કરે છે.

‘‘નિરંજન નિજ પરમાત્માનું આનંદામૃત પીવામાં અભિમુખ જીવ ભેદકલ્પના નિરપેક્ષ નિરુપચાર-રત્નત્રયાત્મક નિરુપરાગ મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપીને નિર્વૃતિના -મુક્તિરૂપી સ્ત્રીના- ચરણકમળની પરમ ભક્તિ કરે છે, તે કારણથી તે ભવ્ય જીવ ભક્તિગુણ વડે નિજ આત્માને -કે જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી અસહાયગુણાત્મક છે-તેને પ્રાપ્ત કરે છે.’’

સંવર-નિર્જરા-મોક્ષ તે પણ એક સમયની પર્યાયો છે, તે ત્રિકાળી તત્ત્વ નથી, પુણ્ય-પાપ-આસ્રવ-બંધ તો વિકારી તત્ત્વો છે. ત્રિકાળી શુદ્ધ આત્મા આનંદકંદ છે તે જ અંતઃતત્ત્વ છે; તે સિવાય દેવ-ગુરુ-શાસ્ત્ર, પુણ્ય-પાપ કે સંવર-નિર્જરા-મોક્ષ તે બધાય બહિઃતત્ત્વ છે, તેમનો આશ્રય કરવા જતાં રાગ થાય છે, શુદ્ધ અંતઃતત્ત્વ તો ત્રિકાળી આત્મા છે તેના જ આશ્રયે સમ્યક્ત્વાદિ પ્રગટે છે; તે કારણપરમાત્માના આનંદામૃતને પીવામાં અભિમુખ થઈને શુદ્ધરત્નત્રયમાં જે જીવ પોતાના આત્માને સ્થાપે છે તે જીવને મોક્ષના કારણરૂપ ભક્તિ છે. પર્યાયમાં અભિમુખ થવાનું નથી કહ્યું, પણ પર્યાયબુદ્ધિ છોડીને, પર્યાયને ત્રિકાળી તત્ત્વમાં અભિમુખ કરવાનું કહ્યું છે. ત્રિકાળી સ્વભાવની સન્મુખ થઈને ગુણ-ગુણી ભેદ વગેરેની કલ્પનાથી પણ નિરપેક્ષ થઈને, રત્નત્રયમાં આત્માને સ્થાપે છે તે જીવ મોક્ષની ભક્તિ કરે છે.

ધર્મી જીવની દ્રષ્ટિમાં પોતાના ધ્રુવ આત્માની જ અપેક્ષા છે, તે સિવાય પર્યાયની કે નિમિત્તની તેની દ્રષ્ટિમાં નિરપેક્ષતા છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વગેરેનો જે શુભરાગ છે તેનાથી પણ નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. એકરૂપ જ્ઞાયકતત્ત્વના આશ્રયે પ્રગટતાં અભેદ રત્નત્રય નિરુપચાર-નિરપેક્ષ છે, તેને કોઈ ભેદની-વ્યવહારની અપેક્ષા નથી. ધ્રુવ પરમાનંદ તત્ત્વના આશ્રયે જે શુદ્ધરત્નત્રય થાય છે તેને કોઈ ભેદની અપેક્ષા નથી, તેમાં ઉપચાર નથી, રાગ નથી. જુઓ, અહીં મોક્ષમાર્ગને નિરપેક્ષ સિદ્ધ કરે છે. વ્યવહાર હોય તો મોક્ષમાર્ગ ટકે -એવી અપેક્ષા નથી. સાધકને વિકલ્પ હો ભલે, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને તે વિકલ્પની અપેક્ષા નથી. વિકલ્પને લીધે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય તો તો વિકલ્પનો નાશ થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પણ નાશ થઈ જાય. પણ એમ તો નથી. વિકલ્પ ટળી જતાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રહે છે, માટે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને રાગની અપેક્ષા નથી, તે નિરપેક્ષ છે, ધ્રુવસ્વભાવને જ અવલંબે છે.

દેવ-ગુરુ નિમિત્ત છે તો રત્નત્રય છે અથવા રાગ છે તો રત્નત્રય છે એમ નથી. ત્રિકાળી સ્વભાવ નિરપેક્ષ છે ને તેના આશ્રયે થયેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ નિરપેક્ષ છે; વ્યવહારરત્નત્રયનો પણ તેને આશ્રય નથી.

જ્ઞાની નિમિત્તને માને છે પણ નિમિત્તથી કાર્ય થાય છે એમ માનતા નથી.



જ્ઞાની વ્યવહારને માને છે પણ વ્યવહારથી નિશ્ચય થાય એમ માનતા નથી.

જો વ્યવહારથી નિશ્ચય થાય તો વ્યવહાર અને નિશ્ચય જુદાં ન રહ્યા, વ્યવહાર પોતે નિશ્ચય થઈ ગયો, એટલે વ્યવહારનો નાશ થઈ ગયો. તેથી વ્યવહારથી નિશ્ચય થાય એમ માનનાર અજ્ઞાની ખરેખર વ્યવહારને વ્યવહાર તરીકે માનતો નથી. તેને નિશ્ચય-વ્યવહારનું ભાન નથી. એ જ પ્રમાણે નિમિત્ત સંબંધમાં પણ સમજવું.

રાગ છે તેના આશ્રયે કાંઈ સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન તો સ્વભાવના આશ્રયે થાય છે, રાગ કાંઈ અંતર્મુખ કાર્ય કરતો નથી, રાગ તો બહિર્મુખ ભાવ છે, ને સમ્યગ્દર્શન તો અંતર્મુખ ભાવ છે. રાગના જોરે સમ્યક્ત્વ થતું નથી. જેમ નિમિત્ત હોવા છતાં નિમિત્તથી કાર્ય થતું નથી, નિમિત્ત-નિરપેક્ષ ઉપાદાનની પર્યાય છે. તેમ વ્યવહાર હોવા છતાં તે વ્યવહારને લીધે નિશ્ચયરત્નત્રય નથી, નિશ્ચયરત્નત્રયની પરિણતિ વ્યવહારનિરપેક્ષ છે.

અજ્ઞાનીને તો પર્યાયબુદ્ધિ છે એટલે પરને કારણે મને રાગ થાય એમ તે માને છે, તે મિથ્યાત્વ-દોષ છે. જ્ઞાનીને પર્યાયમાં દોષ હોય પણ પર્યાયબુદ્ધિ હોતી નથી. જેને પર્યાયબુદ્ધિ હોય તે જીવ પોતાના આત્માની અભિમુખ થઈને અભેદ રત્નત્રય પ્રગટ કરી શકે નહિ. તેથી અહીં કહે છે કે નિજ પરમાત્મતત્ત્વની અભિમુખ થઈને ભેદકલ્પનાથી નિરપેક્ષ નિરુપચારવીતરાગી રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગમાં આત્માને સ્થાપવો તે મોક્ષની ભક્તિ છે. પર્યાયમાં આત્માને સ્થાપવાની વાત કરી પણ તેમાં પર્યાયનો આશ્રય નથી, આશ્રય તો ધ્રુવસ્વભાવનો જ છે. ધ્રુવસ્વભાવના આશ્રયે રત્નત્રય- પર્યાય પ્રગટી તેણે આત્માને રત્નત્રયમાં સ્થાપ્યો કહેવાય છે. આવા રત્નત્રય વડે ભવ્ય જીવ મુક્તિરૂપી સ્ત્રીના ચરણકમળની સેવા કરે છે. આત્માની મુક્તિપરિણતિનો કદી વિરહ પડતો નથી તેથી તે જ આત્માની ખરી સ્ત્રી છે. સંસારની માનેલી સ્ત્રી તો જુદી જ છે; રત્નત્રયમાં આત્માને સ્થાપીને જે જીવ મોક્ષની ભક્તિ કરે છે તે જીવ ભક્તિગુણ વડે પોતાના આત્માને પ્રાપ્ત કરે છે. -કેવો છે આત્મા ? નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો છે. -આવા ભગવાનની ભક્તિ કરે તેને ભગવાનની સાક્ષાત્ પ્રાપ્તિ થાય. આત્માના ત્રિકાળી ગુણો અસહાય છે; તે તો અનાદિ-અનંત છે. જે નિર્મળ પર્યાય નવી પ્રગટી તેને દ્રવ્યની સહાય કહેવાય. પણ આત્માના ગુણો તો અનાદિઅનંત અસહાય છે. આવા ગુણોવાળા ગુણી -આત્માને રત્નત્રયરૂપ ભક્તિ વડે આત્મા પ્રાપ્ત કરે છે- એટલે તેને પરમાત્મદશા થઈ જાય છે.

હવે આ ૧૩૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

## શ્લોક ૨૨૭

(स्रग्धरा)

आत्मा ह्यात्मानमात्मन्यविचलितमहाशुद्धरत्नत्रयेऽस्मिन्
नित्ये निर्मुक्तिहेतौ निरुपमसहजज्ञानदृक्शीलरूपे।
संस्थाप्यानंदभास्वन्निरतिशयगृहं चिच्चमत्कारभक्त्या
प्राप्नोत्युच्चैरयं यं विगलितविपदं सिद्धिसीमन्तिनीशः॥ २२७॥

**શ્લોકાર્થ :** આ અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા, મુક્તિના હેતુભૂત નિરુપમ-સહજ-જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ, નિત્ય આત્મામાં આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને, આ આત્મા ચૈતન્ય-ચમત્કારની ભક્તિ વડે નિરતિશય ઘરને -કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે અને જે આનંદથી ભવ્ય (શોભીતું) છે તેને- અત્યંત પ્રાપ્ત કરે છે અર્થાત્ સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે. ॥ ૨૨૭ ॥

કઈ વસ્તુની સન્મુખ થવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે તેનો પણ જેને નિર્ણય ન હોય તેને દ્રવ્યદૃષ્ટિ તરફ વલણ થતું નથી. સ્વભાવની સન્મુખ થવા જેવું છે ને વ્યવહારથી વિમુખ થવા જેવું છે -એમ પ્રથમ નિર્ણય કરે તો દ્રવ્યની સન્મુખતાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે. તારે તારી પર્યાય ક્યાંથી પ્રગટ કરવી ? શું નિમિત્તમાંથી, પુણ્યમાંથી કે વ્યવહારમાંથી તારી પર્યાય આવવાની છે ? કે ધ્રુવ દ્રવ્યમાંથી ? ધ્રુવસ્વભાવમાંથી તારી પર્યાય આવે છે માટે તેની સામે જો. નિમિત્ત, પુણ્ય અને વ્યવહાર સામે તો અનાદિથી જોયું છે, પણ તેથી કલ્યાણ પ્રગટ્યું નથી. માટે પહેલાં આ નિર્ણય કરવો જોઈએ કે દ્રવ્યની સન્મુખતાથી મારું કલ્યાણ છે.

સમ્યક્ પ્રકારે આ આત્મા ચૈતન્યચમત્કાર આત્માની ભક્તિ કરે છે તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. રાગ, પુણ્ય કે નિમિત્તની ભક્તિને તથા પર્યાયભેદના આલંબનને નિર્વૃતિભક્તિ ગણી નથી. આ લક્ષ્મીનારાયણરૂપ નિરુપાધિક આનંદથી શોભતું ઘર જે શાશ્વત છે તેને પ્રાપ્ત કરે છે. અર્થાત્ તે સિદ્ધિ-મુક્તિરૂપી સ્ત્રી(પરિણતિ)નો સ્વામી થાય છે. લોકો ઘરવાળીને સ્ત્રી કહે છે પણ તેનો વિયોગ થાય છે - તે નહિ પણ જેણે આત્માનું ઘર વાળ્યું, શાશ્વત આનંદથી અવિનાશી શોભા રહે તે મુક્તિદશારૂપી ગૃહિણી છે તેનો કદી વિરહ ન થાય.



## ગાથા ૧૩૭

**रायादीपरिहारे अप्पाणं जो दु जुंजदे साहू।**
**सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो॥ १३७॥**

**रागादिपरिहारे आत्मानं यस्तु युनक्ति साधुः।**
**स योगभक्तियुक्तः इतरस्य च कथं भवेद्योगः॥ १३७॥**

**રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને ? ૧૩૭.**

**અન્વયાર્થ :** **(यः साधुः तु)** જે સાધુ **(रागादिपरिहारे आत्मानं युनक्ति)** રાગાદિના પરિહારમાં આત્માને જોડે છે (અર્થાત્ આત્મામાં આત્માને જોડીને રાગ વગેરેનો ત્યાગ કરે છે), **(सः)** તે **(योगभक्तियुक्तः)** યોગભક્તિયુક્ત (યોગની ભક્તિવાળો) છે; **(इतरस्य च)** બીજાને **(योगः)** યોગ **(कथम्)** કઈ રીતે **(भवेत्)** હોય ?

આ નિશ્ચય યોગભક્તિના સ્વરૂપનું કથન છે.

લોકો જેને યોગ માને છે તે નહિ, નિમિત્ત નહિ, પુણ્યનો વિકલ્પ પણ નહિ, આશારહિત અખંડાનંદ શાશ્વત પરમાત્મપદમાં જોડાવું તે યોગ છે. પરમાં, શુભરાગમાં, વ્યવહારમાં કર્તાબુદ્ધિ તે મૂઢતાનો યોગ છે.

પરમાણુએ પરમાણુ જુદા છે, દરેક આત્મા ત્રિકાળ જુદે જુદા છે, કોઈના આશીર્વાદથી કોઈને લાભ થાય એવું કોઈ પરાધીન તત્ત્વ નથી. બીજાના આત્માની પર્યાયને પોતે લાભ આપે એમ નથી.

વસ્તુ જે છે તે ત્રિકાળ શક્તિથી પૂર્ણ છે, તે બીજાથી વિકસે એમ માને તે મૂઢ છે, સ્વતંત્ર અસહાય તત્ત્વની ખબર નથી તે યોગી નથી. અહીં તો શુદ્ધાત્મામાં જોડે, પરમાં કર્તૃત્વબુદ્ધિ અને રાગરૂપ વલણ છોડી નિઃસંદેહ જ્ઞાનમાત્રમાં એકાગ્રતા તે યોગ છે.

ત્રિકાળી વસ્તુમાં રાગ નથી એ દૃષ્ટિ વિના રાગ છૂટે નહિ, સર્વત્ર સર્વકાળે ત્રિકાળી સ્વભાવાશ્રિત એકતા દ્વારા રાગ છૂટે છે એવી દૃષ્ટિથી ધર્મયોગની શરૂઆત થાય છે. બધાને માટે એવું નક્કી કર્યું છે તેણે સ્વ-પરની સ્વતંત્રતા સ્વીકારી છે તેને યોગ અર્થાત્ સ્વરૂપમાં એકાગ્રતા હોય છે, તે ચૈતન્યમાં યોગાભ્યાસી છે, તેનાથી વિપરીત માનનારા બીજા મૂઢતાના અભ્યાસી છે. વસ્તુમાં એકાગ્ર થતાં રાગ છોડવો પડતો નથી, પણ છૂટી જાય છે. તે સ્વરૂપની એકાગ્રતાવાળાને યોગ હોય, બીજાને સમ્યક્ યોગ કઈ રીતે હોય ?

## માહ સુદ ૧૦, મંગળવાર, ૫-૨-૫૨.

અંતર્મુખદૃષ્ટિથી એકાગ્રતારૂપ યોગાભ્યાસ-સમાધિ કરનારને કેવો નિર્ણય હોવો જોઈએ ? તો કે પ્રથમ હું મારી ભૂલથી બહિર્મુખ હતો. શુભ-અશુભભાવ બન્ને અશુદ્ધતા હોવાથી બંધનનું કારણ છે. પરથી, પુણ્યથી, પરાશ્રયથી લાભ મનાવનારા કે પરનું કરી શકાય છે એવું મનાવનારા તે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે. અંતર્મુખથી જ લાભ બતાવનાર સુદેવાદિ છે. હું નિત્ય ટકીને પલટવાના સ્વભાવવાળો છું, ત્રિકાળ શુદ્ધ, અનંતગુણથી પૂર્ણ, પરથી જુદો, પરની અપેક્ષારહિત જ્ઞાતા સ્વરૂપે છું. અજ્ઞાનથી સંયોગ અને રાગ-દ્વેષ-મોહ તથા પરાશ્રયની રુચિ હતી તે સ્વાશ્રયની રુચિથી ટળે છે એવા નિઃસંદેહ નિર્ણયવાન છે તેને અંતર્મુખ યોગ હોય છે.

કોઈ ગિરિગુફામાં બાવા યોગી બની પ્રાણાયામ વગેરેથી યોગ સાધે છે પણ તેને પરાશ્રય-સ્વાશ્રયનું ભાન નથી તેથી એ મૂઢતા છે.

કોઈ એમ કહે કે કોઈ ઈશ્વરની ભક્તિ-જાપ વગેરેથી તારું કલ્યાણ થશે, આશીર્વાદથી ભલું થશે તો તે મિથ્યા છે.

કુદેવાદિને છોડી સુદેવાદિનો તથા નવતત્ત્વ વગેરેનો વિકલ્પ ઊઠે, ગુણ-ગુણીના ભેદવિચારનો રાગ ઊઠે, તેમાં લાભ-એકતાબુદ્ધિ છોડાવી એકલા જ્ઞાયકસ્વરૂપમાં એકતાની શ્રદ્ધા-એકાગ્રતાથી લાભ બતાવે તે સાચા છે. પણ જે પરથી, રાગથી, વ્યવહારથી, પરની દયા વગેરેથી લાભ મનાવે તેવાને માને તેનું વ્યવહારજ્ઞાન પણ ખોટું છે. અને તે સાચા દેવાદિના વિનય વ્યવહારની પણ ભૂમિકા સમજ્યો નથી. ધર્મમૂઢતા, લૌકિકમૂઢતા વગેરે મિથ્યાત્વની પક્કડ છોડી સર્વથા અંતર્મુખ થઈ, વિશેષ નિર્મળ એકાગ્રતા વડે સમસ્ત રાગ-દ્વેષ-મોહનો પરિહાર થઈ જાય છે-ઉત્પત્તિ થતી નથી.

જે સાધુ -આસન્નભવ્ય જીવ- પરમાનંદમય પરમાત્મદશા પ્રગટ થવાની નજીક લાયકાતવાળો જીવ નિજ અખંડ અભેદ ધ્રુવ પરમાનંદસ્વરૂપ સાથે નિજ કારણપરમાત્માને જોડે છે તે પરમ તપોધન સ્વરૂપમાં સદા જાગ્રત પ્રતાપસંપદાવંતને જ શુદ્ધ નિશ્ચયઉપયોગ છે.

પ્રથમ ચિદાનંદ પૂર્ણ પ્રતાપવંતને ભૂલીને પરાશ્રયરૂપ વ્યવહારમાં ઉપયોગને જોડીને વિકારની રુચિથી કર્તા થતો હતો, જ્ઞાતામાત્રપણાનો તિરસ્કાર કરતો હતો, પરને કારણે સુખ-દુઃખ, રાગ-દ્વેષ માનતો હતો તે મિથ્યાભાવોને સર્વથા છોડીને સર્વ પ્રકારે અંતર્મુખ પોતે થાય છે. અંતરમાં સ્થિરતારૂપ નિર્મળદશા પ્રગટ કરી તે તપોધન છે ને તેને નિશ્ચય યોગભક્તિ છે. ક્ષણિકની રુચિ છોડી, પર્યાયબુદ્ધિની ભૂલ ભાંગી ભગવાન થઈ શકું છું એમ અંદરમાં એકાગ્રતાથી જાગે, પછી પૂર્ણ થયેલા ભગવાનને યાદ કરે છે તે વ્યવહારભક્તિ છે.

હે ભગવાન ! તમે આ રીતે સંપૂર્ણ અંતર્મુખ થઈને, પૂર્ણાનંદદશા શક્તિમાંથી પ્રગટ કરી તેમ



હું વર્તમાનમાં શક્તિરૂપે તો પૂર્ણ જ છું ને અદ્વૈત અનુભવ-એકાગ્રતા દ્વારા તે પ્રગટ કરું તો થઈ શકે છે. બધું વિશ્વ એક થઈને સર્વવ્યાપક અદ્વૈત છે એવું નથી.

**પ્રશ્ન** : આવું ન સમજાય ત્યાં સુધી મમતા ઘટાડે તો પછી સમજાય ને ?

**ઉત્તર** : ત્રિકાળ નિર્મોહ જ્ઞાનમાત્ર છું એમાં સર્વથા અંતર્મુખ થયા વિના મમતા યથાર્થપણે અંશમાત્ર પણ ટળે નહિ, માત્ર અભિમાન થાય. અરાગ સ્વભાવમાં જેટલી એકાગ્રતા થાય તેટલા પ્રમાણમાં મમતા ટળે છે.

**પ્રશ્ન** : ક્ષમાયાચના કેમ કરવી ?

**ઉત્તર** : પ્રથમ ત્રિકાળ અરાગીની દૃષ્ટિથી સર્વસમાધાનરૂપ આત્માને ક્ષમાવે કે અરે ! મારું જ્ઞાતાપણું ચૂકીને મેં રાગ-વ્યવહારની રુચિ કરી, પરાશ્રયમાં લાભ માન્યો તે અપરાધને છોડી નિરપરાધ અંતર્મુખની રુચિ કરી જેટલો એકાગ્ર થાય તેટલી શાંતિ-ક્ષમા છે.

પ્રથમ સત્ય સુખરૂપ કોણ છે, વર્તમાન અનુભવમાં તે પ્રગટ કઈ રીતે થાય છે તે નક્કી કરવું જોઈએ. પરસત્તા પૃથક્ હોવાથી તેમાં સુખ નથી અને તે તારા સુખનું સાધન નથી. ટાઢું-ઊનું, રોગ-નીરોગ અવસ્થા શરીરની છે તેનાથી સુખ-દુઃખ, લાભ-નુકસાન માને એ મિથ્યા માન્યતા દુઃખદાતા છે. પણ પૃથક્ સત્તા કોઈ પ્રકારે સુખ-દુઃખદાતા છે જ નહિ. જેના વિના ન ચાલે એમ માને તેનાથી રાગ-એકતાબુદ્ધિ કરવી કેમ છોડે ? ન છોડે. ભાઈ ! તું નિત્ય જ્ઞાનાનંદશક્તિથી પૂર્ણ અને પરથી જુદો છે. તારી શાંતિ પરમાં નથી, અનિત્ય રાગમાં પણ નથી. વિપરીત માન્યતાને દુઃખદાતા જાણી નિત્યાનંદની શ્રદ્ધા-એકાગ્રતા કરવી તે શુદ્ધ નિશ્ચયઉપયોગરૂપ યોગાભ્યાસ છે.

કોઈનું કરી દઉં, દયા પાળું, ભલું કરી શકું, દેહાદિની ક્રિયા મારે આધીન છે, પુણ્ય-પાપને સાધન માનનારા બાહ્ય પ્રપંચમાં ભલું માનનારા છે. તેને ભેદજ્ઞાનપૂર્વક અંતર્મુખ નિર્વિકલ્પ શાંતિરૂપ નિશ્ચયભક્તિનો યોગ હોય નહિ, સંયોગ તથા બાહ્ય ઉપાધિભાવમાં ઠીક માન્યું તે ત્યાંથી ખસીને અંદરમાં નહિ આવે.

## માહ સુદ ૧૧, બુધવાર, ૬-૨-૫૨.

શુદ્ધ ચૈતન્યના શ્રદ્ધા, જ્ઞાન એકાગ્રતાને ભક્તિ કહી છે, તે જ આત્મયોગ-ઉપાસના-મોક્ષમાર્ગ છે. અન્યમતી ઈશ્વરને કર્તા માની પ્રાણાયામ, મનવશ, શુભ ભાવના, જાપ, ત્રાટકથી એકાગ્રતા વગેરેને ભક્તિ, યોગ, સાધન વગેરે માને છે તે વસ્તુસ્થિતિથી વિપરીત છે. પણ કુદેવ-સુદેવાદિ, તત્ત્વ-અતત્ત્વાદિના વિવેક પછી આત્માના જ્ઞાનમાત્રમાં ખાસ જાગૃતિ-લીનતારૂપ પ્રયત્ન સહિત જે ચિત્પરિણતિરૂપ સ્વસન્મુખતાનો અખંડ ચૈતન્યમાં સંયોગ કરવો તેને સમ્યક્ યોગ કહે છે.

આત્માને આત્મામાં જોડવો તે યોગ છે. સ્વસન્મુખતા, યોગ, ધર્મ, ભક્તિ, સમાધિ, નિર્વિકલ્પ શાંતિ, સ્વસંવેદન, કલ્યાણમાર્ગ -બધું એકાર્થ છે. તે કેમ પ્રગટે તે કહે છે.

કામ, ક્રોધ, દયા, ભક્તિ વગેરે કોઈ પણ પ્રકારના રાગમાં પરિણતિ વાળે છે, તેમાં ઠીક માને છે તે મિથ્યાત્વભાવોને પલટી, અતીંદ્રિય નિર્મળ નિત્યાનંદમાં જ્ઞાતારૂપે પુરુષાર્થથી જોડાવું-એકાગ્ર થવું, પોતે જ પરમાત્મા છે તેમાં વર્તમાન સમ્યક્જ્ઞાનપરિણતિ દ્વારા જોડાવું તે યોગ છે. ૐકાર, નમો અરિહંતાણં વગેરે જાપ કરવા તે વિકલ્પ-રાગ છે, તે કાંઈ એકાગ્ર ચિંતાનિરોધરૂપ ધ્યાન નથી.

આત્મા સિવાય દેહાદિ કે રાગાદિ બધું પર છે, પર અવલંબનમાં ધર્મ ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈને કોઈ પ્રકારે હોય નહિ. પણ વીતરાગ ચિદાનંદ છું એમ શ્રદ્ધા-જ્ઞાન દ્વારા અંદર એકાગ્રતા-સ્વસન્મુખતા તે જ ભક્તિ છે, એવી ભક્તિ મુક્તિ આપે છે એવો દૃઢ નિર્ણય પ્રથમ કરવો જોઈએ.

અશુભથી બચવા માટે દેવાદિ પ્રત્યે ભક્તિ-વિનયનો શુભરાગ હોય છે પણ તે પુણ્ય છે, તે ધર્મ કે ધર્મનું કારણ નથી. નિઃશલ્ય થઈ રાગ ઘટાડે તો પુણ્ય છે.

પુણ્ય-પાપ, વ્યવહારરત્નત્રય, વ્રત-અવ્રત, સર્વ પ્રકારના રાગની અપેક્ષા વિના પૂર્ણ સિદ્ધ પરમાત્મા સમાન બ્રહ્માનંદ ચૈતન્યમાં એકાગ્ર થાય તેટલા અંશે યોગભક્તિ મોક્ષમાર્ગમાં છે એમ ભગવાને કહ્યું છે, બાકી રણમાં પોક છે.

રાગ થાય તેને ધર્મી નબળાઈથી થતો દોષ જાણે છે, તેને તે મોક્ષમાર્ગમાં ખતવે નહિ.

**પ્રશ્ન** : કર્મયોગ શું છે ?

**ઉત્તર** : મિથ્યા અભિપ્રાય છોડી, ચિદાનંદ જ્ઞાયકમાત્રમાં વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા દ્વારા અંતર્મુખ થવું તે કર્મયોગ છે, પરનું કાંઈ કરી શકું, પરાશ્રય વ્યવહારસાધન હોય તો ધર્મ થાય એવું માનનારને મોક્ષમાર્ગરૂપ કર્મયોગ નથી.

### શ્લોક ૨૨૮

(अनुष्टुभ्)

**आत्मानमात्मनात्मायं युनक्त्येव निरन्तरम्।**
**स योगभक्तियुक्तः स्यान्निश्चयेन मुनीश्वरः॥ २२८॥**

**શ્લોકાર્થ** : જે આ આત્મા આત્માને આત્મા સાથે નિરંતર જોડે છે, તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે. ॥ ૨૨૮ ॥

પુણ્ય, પાપ, આસ્રવ, બંધરૂપ સંસારતત્ત્વ તે કોઈ પ્રકારે સાધન નથી. નિર્મળ પર્યાયનું આલંબન પણ રાગનું કારણ છે. ત્રિકાળી જ્ઞાનાનંદસ્વરૂપ અનંતગુણનો પુંજ તે આત્મા છે, તેના આશ્રયે પરથી ભિન્ન અંતર્મુખ પરિણતિ તે ધર્મ છે ને તેનું કારણ-સાધન-આધાર આ પોતે આત્મા જ છે એમ નિરંતર સંમત કરે છે તેને સમ્યક્પ્રતીતિરૂપ યોગભક્તિ છે, ગૃહસ્થ પણ આવો યોગ કરી શકે છે. મુનિને વિશેષ આનંદસહિત લીનતા હોય છે.



### ગાથા ૧૩૮

**सव्ववियप्पाभावे अप्पाणं जो दु जुंजदे साहू।**
**सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो॥ १३८॥**

**सर्वविकल्पाभावे आत्मानं यस्तु युनक्ति साधुः।**
**स योगभक्तियुक्तः इतरस्य च कथं भवेद्योगः॥ १३८॥**

**સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને ? ૧૩૮.**

**અન્વયાર્થ** : (**यः साधुः तु**) જે સાધુ (**सर्वविकल्पाभावे आत्मानं युनक्ति**) સર્વ વિકલ્પોના અભાવમાં આત્માને જોડે છે (અર્થાત્ આત્મામાં આત્માને જોડીને સર્વ વિકલ્પોનો અભાવ કરે છે), (**सः**) તે (**योगभक्तियुक्तः**) યોગભક્તિવાળો છે; (**इतरस्य च**) બીજાને (**योगः**) યોગ (**कथम्**) કઈ રીતે (**भवेत्**) હોય ?

**ટીકા** : અતિ અપૂર્વ, અરાગી, નિશ્ચયરત્નત્રયરૂપ ભક્તિ વડે રાગનો અભાવ થાય છે. કુદેવાદિને છોડી સુદેવાદિની શ્રદ્ધા, વ્રતાદિ વ્યવહાર તે કાંઈ અપૂર્વ નથી, પ્રથમ નથી કેમ કે તે અનાદિથી અનંતવાર કરેલ છે.

સમ્યક્ સમાધિ અતિ અપૂર્વ શુદ્ધરત્નત્રયરૂપ છે. નિજ સ્વસંવેદન દ્વારા પરમ શુદ્ધ જ્ઞાનાનંદના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા - ચિદ્‌વિલાસલક્ષણ નિર્વિકલ્પ અંતર્મુખતારૂપ સમાધિ વડે સમસ્ત વિભાવ-વિકલ્પોનો અભાવ થાય છે. એના વિના બીજી કોઈ રીતે થતો નથી. પરમ સમરસી શાંતપરિણતિ સાથે ત્રિકાળી પૂર્ણ અંતર્મુખસ્વરૂપ નિજ કારણસમયસારને જે અતિ આસન્નભવ્ય જીવ સદા જોડે છે જ, તેને ખરેખર નિશ્ચયયોગભક્તિ છે-પરાશ્રયરૂપ વ્યવહારથી ભલું માનનાર બહિર્મુખ છે, તે આત્મયોગથી અતિ દૂર છે.

નિજ ત્રિકાળ ધ્રુવ કારણપરમાત્મદ્રવ્ય તે અંતર્મુખ-અંતઃતત્ત્વ છે અને તેને ભૂલી એક સમયના રાગને તથા જ્ઞાનના પર્યાયને જે પોતાનો માને છે તે બહિર્મુખ છે. આત્મવસ્તુ પરભાવોથી નિરપેક્ષ અંતર્મુખ છે તેમાં વળવું તે ધર્મભક્તિ છે. અનાદિનો વ્યવહાર જેને વહાલો છે તેને સમ્યક્યોગ નથી.

અપૂર્વ સત્ સાંભળે, શ્રદ્ધે, રુચવે પછી ધર્મ છે. સમજવાની જરૂર નથી, પણ કાંઈક કરવા માંડોને એમ કોઈ કહે તો તે મૂઢતા છે.

આત્માની અનિત્ય પર્યાય અને પર સંયોગના આશ્રયે આત્મશાંતિરૂપ ધર્મયોગ નથી. પણ પોતે જ નિત્ય કારણપરમાત્મા પરિપૂર્ણ અંતર્મુખ સ્વભાવી છે તેના આશ્રયે નિર્મળ રત્નત્રય ઉત્પન્ન થાય

તે મોક્ષમાર્ગ છે, યોગભક્તિ છે.

છઠ્ઠા-સાતમા ગુણસ્થાને પ્રચુર જ્ઞાનશાંતિમાં ઝૂલતા નગ્ન વીતરાગી મુનિરાજ અને અસંખ્યપ્રદેશે નિર્મળ કેવળજ્ઞાન દીપકના પૂર્ણ પ્રકાશથી પ્રતાપવંત છે એવા સર્વજ્ઞ ભગવાન આમ કહે છે કે અનંતાનંત કારણ-કાર્યશક્તિનો સ્વામી પૂર્ણ ચિદાનંદ આખો અંતર્મુખસ્વરૂપ પોતે છે તેમાં જે ભવ્ય એકાગ્ર થાય છે તેને યોગ હોય છે; અનિત્ય પર્યાયમાં કે વ્યવહારમાં એકતા કરનારને નહિ -એમ સ્વાશ્રય બતાવનાર સુદેવાદિ છે. શક્તિરૂપ નિત્ય વસ્તુમાં પ્રાપ્તની પ્રાપ્તિ બતાવનાર એમ કહે છે કે અંદરમાં શક્તિ છે તે પૂર્ણ અંતર્મુખની પ્રતીતિ-જ્ઞાન-એકાગ્રતા કર તે અપૂર્વ સ્વરૂપ નિશ્ચય યોગભક્તિ છે, અને તે બતાવનાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા તે વ્યવહાર યોગભક્તિ છે, બીજાને કોઈ પ્રકારે તે નથી.

**માહ સુદ ૧૨, ગુરુવાર, ૭-૨-૫૨.**

**શ્લોક ૨૨૯**

(अनुष्टुभ्)

**भेदाभावे सतीयं स्याद्योगभक्तिरनुत्तमा।**
**तयात्मलब्धिरूपा सा मुक्तिर्भवति योगिनाम्॥ २२९॥**

**શ્લોકાર્થ** : ભેદનો અભાવ હોતા આ અનુત્તમ યોગભક્તિ હોય છે; તેના વડે યોગીઓને આત્મલબ્ધિરૂપ એવી તે (-પ્રસિદ્ધ) મુક્તિ થાય છે. ॥ ૨૨૯ ॥

સ્વાશ્રય અભેદની રુચિ વડે પરાશ્રય, વ્યવહાર, રાગની રુચિનો અભાવ થતાં આ સર્વશ્રેષ્ઠ યોગભક્તિ આત્મામાં પ્રગટ થાય છે, અને તે વડે મુનિઓને શુદ્ધાત્મપ્રાપ્તિ (-પૂર્ણ શુદ્ધતારૂપ શક્તિની વ્યક્તતા) એવી તે પ્રસિદ્ધ મુક્તિ થાય છે, અન્યને નહિ.

પ્રથમ અભેદ નિશ્ચય સમજવામાં, વિચારવામાં તથા નય-પ્રમાણ વગેરે જાણવામાં વિકલ્પ આવે છે, સાચા દેવાદિ પણ પરદ્રવ્ય છે -ભક્તિ આદિ શુભરાગ-પુણ્ય છે, તે ધર્મરૂપી શ્રેષ્ઠ ભક્તિ નથી. ધર્મીને અશુભથી બચવા ભક્તિ વગેરે શુભરાગ હોય છે પણ તેને તે મોક્ષમાર્ગ માનતો નથી.

**પ્રશ્ન** : વ્યવહાર મોક્ષમાર્ગ માને કે નહિ ?

**ઉત્તર** : મોક્ષનો માર્ગ તો વીતરાગભાવ છે તે એક જ પ્રકારે છે, તે બે પ્રકારે નથી, પણ મોક્ષમાર્ગનું બે પ્રકારે કથન છે.

વ્યવહાર, ભેદ, ક્રિયાકાંડમાં ધર્મ માનનારને અપૂર્વ સ્વભાવ પ્રાપ્તિરૂપ યોગભક્તિ નથી.



**ગાથા ૧૩૯**

**विवरीयाभिणिवेसं परिचत्ता जोण्हकहियतच्चेसु।**
**जो जुंजदि अप्पाणं णियभावो सो हवे जोगो॥ १३९॥**

**विपरीताभिनिवेशं परित्यक्त्वा जैनकथिततत्त्वेषु।**
**यो युनक्ति आत्मानं निजभावः स भवेद्योगः॥ १३९॥**

**વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે,**
**જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેને યોગ છે. ૧૩૯.**

**અન્વયાર્થ** : (**विपरीताभिनिवेशं परित्यक्त्वा**) વિપરીત અભિનિવેશનો પરિત્યાગ કરીને (**यः**) જે (**जैनकथिततत्त्वेषु**) જૈનકથિત તત્ત્વોમાં (**आत्मानं**) આત્માને (**युनक्ति**) જોડે છે, (**निजभावः**) તેનો નિજ ભાવ (**सः योगः भवेत्**) તે યોગ છે.

જીવ, અજીવ છ એ દ્રવ્યો સદા સ્વશક્તિથી પૂર્ણ છે, સ્વતંત્ર છે, જુદે જુદા છે. તેને કોઈએ બનાવ્યા નથી, કોઈ પર સાથે કારણ-કાર્યપણું કોઈને નથી. સર્વ નિજ શક્તિથી ટકીને નિજ યોગ્યતાને કારણે બદલે છે, તેમ ન માનવું તે મિથ્યા અભિપ્રાય છે.

અનાદિથી સ્વને ચૂકીને વ્યવહાર રાગમાં રુચિ અને શરીરમાં કર્તાબુદ્ધિ હતી તે અજ્ઞાનદશા પલટી નાખે અને સ્વાધીન સ્વરૂપમાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા વડે દોષને જીતે તે જૈન છે.

જેને કેવળજ્ઞાન - ૧૩મું ગુણસ્થાન પ્રગટ થાય તેને પરમ ઔદારિક અને સ્ફટિક જેવું શરીર થઈ જાય છે. આહાર, ઈચ્છા, રોગ વગેરે ૧૮ દોષરહિત હોય, જેને સ્વતંત્ર તત્ત્વનું ભાન નથી તે ધર્મને નામે ગમે તેટલું કરે પણ સંયોગ-વિકારની રુચિ છોડી શકે નહિ ને સ્વભાવ-વિભાવ, હિત-અહિત જાણી શકે નહિ.

જેમાં જેને રુચિ છે તે તેનો આદર કરે, બીજાનો નહિ; તેમ જેણે મિથ્યાત્વના પોષક કુદેવાદિનો આદર છોડી સાચા દેવાદિ તથા સર્વજ્ઞકથિત તત્ત્વનો નિર્ણય કર્યો છે, શુદ્ધાત્મામાં રુચિ છે તે જીવ સર્વજ્ઞસ્વભાવની નજીક થયો હોવાથી, વીતરાગ દૃષ્ટિવાન થયો હોવાથી તેને યથાર્થ જ્ઞાનયોગ સહિત શુદ્ધાત્મભક્તિયોગ હોય છે.

પુણ્ય-પાપ સંયોગમાં જેની રુચિ છે તેને કોઈ પ્રકારે યોગ નથી. કોઈ કહે કે અમારી કૃપાથી તમે તરી જશો તો તે મિથ્યા છે. કોઈ તારનાર હોય તો અત્યાર સુધી ન તાર્યો તે તેનો અપરાધ ગણાય, પણ એમ નથી. ભૂલ કરે પોતે ને ટાળે પણ પોતે, બીજો કોઈ ટાળી શકે નહિ.

ઈશ્વરની ઈચ્છા વિના પાંદડું પણ ન ચાલે એમ હોય તો ગાયો પણ તે કપાવે એમ ઠર્યું. પરતંત્ર માનનારને ભય, શંકા, બંધન મટે નહિ. પૂર્ણ સ્વાધીનની દૃષ્ટિમાં નિઃશંક થયો તેને સ્વાશ્રયી એકાગ્રતા થતાં મોક્ષ થયા વિના રહે નહિ. જેમાં એકાગ્ર થઈને જેના જેવા થવું છે તે ચીજ કેવડી છે તે જાણ્યા વિના સાચી એકાગ્રતા થાય નહિ.

પરની ભક્તિ, વ્યવહારરત્નત્રય, વ્રત-અવ્રત વગેરે કોઈ પણ અવલંબનમાં એકાગ્ર થાય તેટલો બંધભાવ છે, તેનાથી આત્મભાવરૂપ યોગની પ્રાપ્તિ ન થાય.

સનાતન સત્ય જૈનમાર્ગમાં કહેલાં તત્ત્વોને યુક્તિ, આગમ, અનુભવથી જાણીને સ્વસન્મુખ થનાર અરાગ દૃષ્ટિવાનને યોગ છે. વેદાંતાદિ કહે છે કે બધું એક છે, ઈશ્વર કર્તા છે; પુણ્યથી, જપથી, મંત્રથી, પ્રાણાયામ વગેરેથી ધર્મ છે એમ બહિર્મુખતામાં સુખનો ઉપાય બતાવનારાએ કહેલાં તત્ત્વો મિથ્યા છે.

પરનું કર્તા-ભોક્તાપણું તે પરાધીન માન્યતા છે. તું જેવા પુણ્ય-પાપના ભાવ કરે તેવા થાય છે, વર્તમાનભાવનો કર્તા તું અને તે ભાવનો ભોક્તા પણ તું જ છો. આત્માનો કર્તા બીજો કોઈ ઈશ્વર છે એમ માનવામાં તો વર્તમાન અને ત્રિકાળનો વિરોધ આવે છે. દરેક વસ્તુ સ્વતંત્ર શક્તિવાન નિત્ય છે. 'છે' તેનો કોઈ કર્તા માની ભક્તિ કરે તે મૂઢતા છે તેમ કર્મના ઉદય વગેરેથી લાભ-નુકસાન માને તે ભલે જૈન નામ ધરાવે ને ગમે તેટલા વ્રત, તપ, ભક્તિ આદિ કરે પણ તેને અંશમાત્ર કલ્યાણ ન થાય.

'મને ભજ તો કલ્યાણ થાય, બધું ઈશ્વરને અર્પણ કરો, અમને દાન આપો તો કલ્યાણ થાય, ભક્તિથી મુક્તિ થાય' વગેરે પરાલંબી સાધનથી ભલું મનાવનાર મિથ્યાદૃષ્ટિ છે.

એવા સર્વ પ્રકારના મિથ્યા અભિપ્રાય છોડી જિનેશ્વરદેવ તથા ગણધર આદિ તત્ત્વજ્ઞોએ કહેલા તત્ત્વો નિશ્ચય-વ્યવહારથી જાણવાયોગ્ય છે.

સકલ જિન - પરમ ઔદારિક દિવ્ય દેહ સહિતપણું સર્વજ્ઞને હોય છે. તે શરીરને નજીકથી જોનાર જીવ પોતાના સાત ભવ દેખી શકે છે. એવા ભગવાન શ્રી તીર્થાધિનાથના ચરણકમળના સેવક છે તે સમ્યક્જ્ઞાન દ્વારા નિત્ય-અનિત્ય, સ્વભાવ-વિભાવ, હેય-ઉપાદેય તત્ત્વોને નિશ્ચય-વ્યવહારથી જાણે છે તે શ્રી ગણધરદેવ વગેરે ખરેખર જૈનો છે. ને તેમને જ પૂર્ણ શુદ્ધ ઉપાદેયસ્વરૂપમાં જેટલી અરાગી એકાગ્રદશા હોય છે તે સત્ય ભક્તિયોગ છે.

**માહ સુદ ૧૩, શુક્રવાર, ૮-૨-૫૨.**

ત્રિકાળી શુદ્ધ તત્ત્વ અને પર્યાયમાં વિકાર-અવિકારના ભેદ સર્વજ્ઞકથિત આગમ દ્વારા જાણવા જોઈએ. એકાંત શુદ્ધ જ માને ને પર્યાયમાં વિકાર છે તેને ન જાણે તો તે એકાંત નિશ્ચયાભાસી છે.



એકલા વ્યવહારને પકડી ધર્મ માની લ્યે અને મુખ્ય-શ્રેષ્ઠ નિશ્ચય સ્વભાવને અંગીકાર ન કરે તો તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

અનેકાંત સ્વરૂપને નિશ્ચય અને વ્યવહારજ્ઞાન દ્વારા જાણવા યોગ્ય છે. તેમાં મુખ્ય-શ્રેષ્ઠ તે ઉપાદેય થતાં નિશ્ચયની મુખ્યતા અને વ્યવહારની ગૌણતા થઈ જાય છે. સર્વજ્ઞ ભગવાન તીર્થંકરદેવના ચરણકમળના સેવકો તે જૈનો છે. તેમાં મુખ્ય શ્રી ગણધરદેવ છે. તેમણે કહેલાં સમસ્ત જીવાદિ તત્ત્વોમાં જે ઉપોયગ જોડે છે, તેનો નિજભાવ જ તે પરમયોગ છે.

અહીં 'જીવાદિ તત્ત્વોમાં' આત્માને જોડવાનું કહ્યું, તે કઈ રીતે ? કે નવે તત્ત્વો જાણીને શુદ્ધ જીવ આદરણીય છે એમ સમજીને તેનો નિઃશંકપણે આશ્રય કરતાં સંવર-નિર્જરારૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે ને પુણ્ય-પાપ વ્યવહારનો અભાવ થતો જાય છે, તેણે નવ તત્ત્વ અને છ એ દ્રવ્યમાં સારરૂપ શુદ્ધાત્મતત્ત્વમાં આત્માને જોડ્યો કહેવાય છે અને તેણે સ્વભાવમાં એકાગ્રતા દ્વારા મિથ્યાત્વાદિ આસ્રવોને જીતીને સંવર-નિર્જરારૂપ શુદ્ધપર્યાય પ્રગટ કરી, તેણે તત્ત્વોના જ્ઞાનમાં આત્માને જોડ્યો અને પુણ્ય, પાપ, આસ્રવ, બંધથી જુદો પડીને સ્વમાં એકાગ્ર થયો. અને એ રીતે સ્વરૂપમાં જાગ્યો તેણે નવ તત્ત્વને ખરેખર જાણ્યા. અને આનું નામ સાચો યોગ છે.

ચૈતન્યમૂર્તિ તરફ ઢળતાં નવે તત્ત્વોનું યથાર્થ જ્ઞાન થાય છે. એ રીત વિના ધ્યાન, જપ વગેરે કરવા બેસી જાય તે મિથ્યાદૃષ્ટિ છે. વીતરાગ કથિત વસ્તુના ભાન વિના ધ્યાન-યોગ હોય નહિ.

જીવાદિ નવે તત્ત્વોના લક્ષણ ભિન્ન ભિન્ન છે. પુણ્યાદિ આસ્રવ-બંધનું કારણ છે, તેનાથી રહિત એકલા ચૈતન્યના આશ્રયે થતો ભાવ તે સંવર-નિર્જરા છે. તે નવ તત્ત્વને યથાર્થપણે જાણી, નિર્વિકલ્પ ઉપયોગનું કારણ એવા નિજ આત્મામાં આત્માને જોડે છે-એકાગ્ર થાય છે તે જ ભક્તિ, તે જ સમાધિ-યોગ, તે જ ધર્મ છે.

હવે આ ૧૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૨૩૦**

(वसंततिलका)

**तत्त्वेषु जैनमुनिनाथमुखारविंद-**
**व्यक्तेषु भव्यजनताभवघातकेषु।**
**त्यक्त्वा दुराग्रहममुं जिनयोगीनाथः**
**साक्षाद्युनक्ति निजभावमयं स योगः॥ २३०॥**

**શ્લોકાર્થ** : આ દુરાગ્રહને (-ઉપરોક્ત વિપરીત અભિનિવેશને) છોડીને, જૈનમુનિનાથોના (ગણધર-દેવાદિક જૈન મુનિનાથોના) મુખારવિંદથી પ્રગટ થયેલાં, ભવ્ય જનોના ભવનો નાશ કરનારા

તત્ત્વોમાં જે જિનયોગીનાથ (જૈન મુનિવર) નિજભાવને સાક્ષાત્ જોડે છે, તેનો એ નિજભાવ તે યોગ છે. ॥ ૨૩૦ ॥

સર્વજ્ઞ ભગવાન સિવાય અન્યમતિઓએ કહેલાં કુતત્ત્વોની માન્યતા તે દુરાગ્રહ છે, જૈનના નામે પણ કલ્પિતમતોએ કહેલા વિપરીત તત્ત્વોની માન્યતા તે દુરાગ્રહ છે. તેને છોડીને, જૈન મુનિનાથ એવા સર્વજ્ઞદેવ તથા ગણધરદેવકથિત તત્ત્વોની ઓળખાણ ભવનો નાશ કરનાર છે. યથાર્થ તત્ત્વજ્ઞાનમાં સ્વસન્મુખ નિજભાવને જે જૈન મુનિવર સાક્ષાત્ જોડે છે, તેનો એ નિજભાવ તે યોગ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. **જૈન એ કોઈ પક્ષ નથી પણ ત્રિકાળ અબાધિત વસ્તુસ્થિતિ છે.**

સર્વજ્ઞે કહ્યું છે, વસ્તુસ્વરૂપ પણ તેવું જ છે, ને તે પોતાને પોતાના જ્ઞાનમાં સચોટ ભાસવું જોઈએ. નિર્ણીત તત્ત્વોના જ્ઞાન વિના સામાયિક, ભક્તિ, યોગ વગેરે એક પણ ધર્મક્રિયા વ્યવહારે પણ સાચી હોઈ શકે નહિ.



હવે આ ભક્ત અધિકારની છેલ્લી ગાથામાં કહે છે કે અનંતા તીર્થંકરો થયા તે બધાય આ રીતે આવી શુદ્ધરત્નત્રયની ભક્તિ કરીને મુક્તિ પામ્યા છે, માટે તું પણ તેવી ભક્તિ કર !

**ગાથા ૧૪૦**

**उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं।**
**णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं॥ १४०॥**

**वृषभादिजिनेवरेन्द्रा एवं कृत्वा योगवरभक्तिम्।**
**निर्वृतिसुखमापन्नास्तस्माद्धारय योगवरभक्तिम्॥ १४०॥**

**વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.**

**અન્વયાર્થ** : **(वृषभादिजिनवरेन्द्राः)** વૃષભાદિ જિનવરેંદ્રો **(एवम्)** એ રીતે **(योगवरभक्तिम्)** યોગની ઉત્તમ ભક્તિ **(कृत्वा)** કરીને **(निर्वृतिसुखम्)** નિર્વૃતિસુખને **(आपन्नाः)** પામ્યા; **(तस्मात्)** તેથી **(योगवरभक्तिम्)** યોગની ઉત્તમ ભક્તિને **(धारय)** તું ધારણ કર.

ભગવાન કુંદકુંદદેવ તીર્થંકરોની સાક્ષીથી કહે છે કે અહો ! જગતગુરુ મહાન આત્મા-તીર્થંકરો આ રીતે શુદ્ધાત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા વડે ઉત્તમ યોગભક્તિથી મુક્તિસુખ પામ્યા. પરાશ્રયવૃત્તિ- પુણ્ય-પાપ તે દુઃખમય સંસારની પ્રવૃત્તિ છે તેનાથી નિવૃત્ત થઈને અસંગ-અરાગ સ્વરૂપમાં ઠરતાં તેઓ અવિનાશી નિવૃત્તિ સુખને પામ્યા તે રીત જાણીને તું પણ એવી ઉત્તમ યોગભક્તિને ધારણ કર.

વિદેહક્ષેત્રમાં અત્યારે પણ તીર્થંકરો બિરાજે છે, તેઓએ પણ આવી જ યોગભક્તિ કરી છે. અહો ! પોતામાં ઠરીને સર્વજ્ઞ ચૈતન્યબિંબ થઈ ગયા છે. જેઓ તીર્થનાયક છે, પરમદેવાધિદેવ છે, ત્રણ લોકના ઈંદ્રો જેમના ગુણગાન કરે છે તેથી જેઓ ત્રિલોકવર્તી કીર્તિવાળા છે, એવા પૂર્ણજ્ઞાન-કળાયુક્ત પરમેશ્વરો થયા તે બધાય ભગવંત અંતર્એકાગ્રતારૂપ યોગભક્તિ કરી મુક્તિ પામ્યા.

કેવી છે તે ભક્તિ ? તો કે નિજાત્મા સાથે જ સંબંધ રાખનારી છે. (પુણ્યાદિ વ્યવહાર, રાગ, તીર્થક્ષેત્રાદિ સંયોગ સાથે સંબંધ રાખનારી નથી) એવી શુદ્ધનિશ્ચયરત્નત્રયરૂપ યોગની ઉત્તમ ભક્તિ કરીને પરમનિર્વૃતિવધૂના અતિ પુષ્ટ પરિણમનમાં એવી ગાઢ(પરમ ઉત્કૃષ્ટ) એકાગ્રતા પ્રગટ કરી કે તેનો કદી વિરહ પડે નહિ. શિવલક્ષ્મીરૂપી અવિનાશી મંગળરૂપ પર્યાયમાં અમૃતાનંદની એવી પુષ્ટિ કરી કે અસંખ્ય આત્મપ્રદેશે અત્યંત આનંદરૂપી સુધારસના પૂરથી સિદ્ધભગવંતો પરિતૃપ્ત થયા છે.

અક્ષય અનંત નિજાનંદ સરોવરમાંથી શાંતરસના ઝરણાંના પૂર વહે એવી મોક્ષદશારૂપી સ્ત્રી અર્થાત્

પૂર્ણ પવિત્ર પરિણતિના અનુપમ સુખને પામ્યા છે. તે સુખને આત્મામાં જાણીને પ્રગટ થયેલા ભવ્યત્વગુણવાળા, નિજ શુદ્ધાત્મમહિમાધારક હે મહાજનો ! તમે નિજ આત્માને પરમ વીતરાગ સુખદાતા એવી અંતર્ નિર્મળ એકાગ્રતારૂપ યોગભક્તિ કરો.

અનંતા તીર્થંકરો એ કરી ગયા. ધન્ય વીતરાગ ! હું પણ તારી જાતનો છું અને પૂર્ણ થવાનો છું. પોતાનું ભાન થયું એટલે વ્યવહાર વિકલ્પ વખતે વીતરાગ તીર્થનાથનું બહુમાન આવે છે.

હવે આ પરમ-ભક્તિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોકો કહે છે :

**શ્લોક ૨૩૧**

(शार्दूलविक्रीडित)

**नाभेयादिजिनेश्वरान् गुणगुरुन् त्रैलोक्यपुण्योत्करान्**
**श्रीदेवेन्द्रकिरीटकोटिविलसन्माणिक्यमालार्चितान्।**
**पौलोमीप्रभृतिप्रसिद्धदिविजाधीशांगनासंहतेः**
**शक्रेणोद्भवभोगहासविमलान् श्रीकीर्तिनाथान् स्तुवे॥ २३१॥**

**શ્લોકાર્થ** : ગુણમાં જેઓ મોટા છે, જેઓ ત્રિલોકના પુણ્યના રાશિ છે (અર્થાત્ જેમનામાં જાણે કે ત્રણ લોકના પુણ્ય એકઠાં થયા છે), દેવેંદ્રોના મુગટની કિનારી પર પ્રકાશતી માણેકપંક્તિથી જેઓ પૂજિત છે. (અર્થાત્ જેમના ચરણારવિંદમાં દેવેંદ્રોના મુગટ ઝૂકે છે), (જેમની આગળ) શચી આદિ પ્રસિદ્ધ ઈન્દ્રાણીઓના સાથમાં શક્રેંદ્ર વડે કરવામાં આવતાં નૃત્ય, ગાન અને આનંદથી જેઓ શોભે છે, અને શ્રી તથા કીર્તિના જેઓ સ્વામી છે, તે શ્રી નાભિપુત્રાદિ જિનેશ્વરોને હું સ્તવું છું. ॥ ૨૩૧ ॥

વૃષભાદિ તીર્થનાથ કેવા છે ? ગુણમાં મહાન છે. ત્રિલોકના પુણ્યના રાશિ છે, જાણે ત્રિલોકના ઉત્તમ પુણ્યપરમાણુ તેમના શરીરમાં એકઠા થયા. ''**यः शान्तराग रूचिभिः परमाणुभिस्त्वं**'' હજારો ગાડાં અનાજ પાકે ત્યાં અગણિત ખડ પાકે જ, તીર્થંકરના પુણ્યનું શું કહેવું ? ચૈતન્યસ્વભાવના આશ્રયે પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટે તેમાં સદાય સુકાળ જ હોય.

વળી તે કેવા છે ? જેઓને સદા ઈંદ્રો નમે છે દેવેંદ્રોના મુગટ વડે થતી પૂજાની શોભાને પ્રાપ્ત છે. તીર્થનાથનો દેહ પણ પરમ શાંત, શીતળ, સ્થિર, આનંદરૂપ છે. જાણે સર્વ સમાધાનરૂપ સુખમાં નિત્ય તૃપ્ત છે. ભવ્ય જીવ જેના દર્શનમાત્રથી ધન્ય ઘડી માને છે.

ભગવાન ત્રિલોકીનાથ સર્વજ્ઞદેવ પાસે શચી આદિ પ્રસિદ્ધ ઈંદ્રાણીઓ સાથે શક્રેંદ્ર વડે કરવામાં આવતાં નૃત્ય, ગાન અને ઉત્સવથી જિનદેવ શોભે છે. 'હે નાથ ! મુક્તિ આપવી પડશે.' બાળક



જેમ વિના સંકોચે નાચે ને માગે તેમ અંતર ઉમળકાથી ઊછળીને ચિદ્ઘન શાંત જિનબિંબ વીતરાગતાનો મહિમા ચિત્તમાં લાવી લાવીને 'અહો ! ધન્ય વીતરાગ' કહી ભક્તિરસમાં ઉત્સાહવાન થયા કરે છે. તે વ્યવહારભક્તિ છે. સાથે જ સર્વ પ્રકારના રાગનો નિષેધ કરનાર જ્ઞાતાસ્વરૂપની નિશ્ચયભક્તિ હોય છે. મુનિરાજ કહે છે કે હું સર્વ જિનેશ્વરોને સ્તવું છું.

શ્રી રામચંદ્રજી, સીતાજી, લક્ષ્મણજીએ શાંતિનાથ જિનમંદિરમાં વીતરાગ પ્રતિમા સામે અદ્ભુત ભક્તિ-નૃત્યગાન ઉત્સવ સહિત કરેલી. ઈંદ્ર, વાસુદેવ જેવા પણ દાસાનુદાસ થઈ વિનયથી નાચી ઊઠે છે, લૂખા શુષ્કજ્ઞાની ન હોય.

કોઈ કહે કે નિશ્ચય અધ્યાત્મની વાતને વળી મંદિર, મૂર્તિ, સમવસરણ, માનસ્થંભ, ભક્તિ, પૂજા - આ શું ? -તો તેને કહે છે કે અરે ! તને સાધકની ભૂમિકામાં શું હોય તેની ખબર નથી. વીતરાગ પ્રત્યે ધર્માત્માની ભક્તિ અંતરના અભિપ્રાયપૂર્વક તેં કદી જોઈ નથી. પોતે વીતરાગ ન થાય ત્યાં સુધી ભક્તિ-રાગ આવ્યા વિના રહે નહિ. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તે સમજીને ધર્મી જીવ દાન, ભક્તિ, પ્રભાવનાના વખતે વિશેષ રાગ ઘટાડે છે.

જ્યાં પવિત્રતા વધે ત્યાં પુણ્યના પ્રકાર હોય છે. એકલા નિશ્ચયની વાતો કરનારાને ભક્તિ-પૂજાના પ્રસંગમાં લૂખાપણું રહે છે. વ્યવહાર પણ જાણવો જોઈએ. ધર્મીને રાગની ભૂમિકામાં પરમ પ્રસન્નતાપૂર્વક ભક્તિ-પૂજામાં રસ આવે છે, નિશ્ચિંત થઈ થઈ ભક્તિ કરતાં કરતાં જાણે સાક્ષાત્ તીર્થંકર પ્રભુ સામે જ નજીકમાં ઊભા રહી, પરમ વિનયવાન, ગંભીર, શાંતરસમાં ઓતપ્રોત થઈને એકાગ્રતાપૂર્વક વીતરાગના ગુણ ગાતા હોય. અહો ! તેનો અપૂર્વ મહિમા ધર્મી જાણે ! જે પૂજ્યપણું માગે તે પૂજ્ય નથી, પણ જે વીતરાગ છે, કાંઈ ઈચ્છતા નથી તે પૂજ્ય છે.

**માહ સુદ ૧૪, શનિવાર, ૯-૨-૫૨.**

**શ્લોક ૨૩૨**

(आर्या)

**वृषभादिवीरपश्चिमजिनपतयोप्येवमुक्तमार्गेण।**
**कृत्वा तु योगभक्तिं निर्वाणवधूटिकासुखं यान्ति॥ २३२॥**

**શ્લોકાર્થ** : શ્રી વૃષભથી માંડીને શ્રી વીર સુધીના જિનપતિઓ પણ યથોક્ત માર્ગે (પૂર્વોક્ત પ્રકારે) યોગભક્તિ કરીને નિર્વાણવધૂના સુખને પામ્યા છે. ॥ ૨૩૨ ॥

શ્રી વૃષભાદિ સર્વ તીર્થંકર વીતરાગસ્વરૂપના સ્વામી પણ પૂર્વોક્ત યથાર્થ માર્ગે યોગભક્તિ વડે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા વડે મુક્તિસ્ત્રીના અવિનાશી સુખને પામ્યા છે, કોઈ વ્યવહાર-રાગના કારણે તે સુખ પમાતું નથી.

### શ્લોક ૨૩૩

(आर्या)

**अपुनर्भवसुखसिद्ध्यै कुर्वेहं शुद्धयोगवरभक्तिम्।**
**संसारघोरभीत्या सर्वे कुर्वन्तु जन्तवो नित्यम्॥ २३३॥**

**શ્લોકાર્થ** : અપુનર્ભવસુખની (મુક્તિસુખની) સિદ્ધિ અર્થે હું શુદ્ધ યોગની ઉત્તમ ભક્તિ કરું છું; સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો. ॥ ૨૩૩ ॥

તે મુક્તિસુખની સિદ્ધિ અર્થે હું પણ શુદ્ધ યોગની ભક્તિ કરું છું. ઘોર અપાર સંસારભ્રમણનો ભય હોય તો નિત્ય શરણરૂપ નિર્ભય નિજ પરમપદ માટે સર્વ જીવો તે ઉત્તમ ભક્તિને નિરંતર સેવો.

અંતર પૂર્ણ મુક્તાનંદ સ્વરૂપ શક્તિરૂપે સાક્ષાત્ છે તેની શ્રદ્ધા-જ્ઞાનરૂપ ભક્તિ જેને છે તેને નિરંતર તે સર્વશ્રેષ્ઠની મુખ્યતા રહે છે. આહાર, નિદ્રાદિ સમયે પણ પરાશ્રય, ભેદ, શુભ રાગ-વ્યવહારની મુખ્યતા થતી નથી. અંતર્દ્રવ્યદષ્ટિની મુખ્યતાનું પરિણમન નિરંતર રહે છે. ગૃહસ્થદશામાં પણ આ હોય છે.

**પ્રશ્ન** : સર્વ જીવોએ આ નિશ્ચયભક્તિ કરવી તો પછી વીતરાગ ભગવાનની ભક્તિ ક્યારે કરવી?

**ઉત્તર** : નિશ્ચય સ્વસન્મુખની રુચિરૂપ અભેદ ભક્તિની મુખ્યતા કદી છોડવી જોઈએ નહિ, નહિંતર સાચા દેવાદિની ભક્તિ વ્યવહારથી પણ ભક્તિ નામ નહિ પામે.

### શ્લોક ૨૩૪

(शार्दूलविक्रीडित)

**रागद्वेषपरंपरापरिणतं चेतो विहायाधुना**
**शुद्धध्यानसमाहितेन मनसानंदात्मतत्त्वस्थितः।**
**धर्मं निर्मलशर्मकारिणमहं लब्ध्वा गुरोः सन्निधौ**
**ज्ञानापास्तसमस्तमोहमहिमा लीये परब्रह्मणि॥ २३४॥**

**શ્લોકાર્થ** : ગુરુના સાનિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને, જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે એવો હું, હવે રાગ-દ્વેષની પરંપરારૂપે પરિણત ચિત્તને છોડીને, શુદ્ધ ધ્યાન વડે સમાહિત (-એકાગ્ર, શાંત) કરેલા મનથી આનંદાત્મક તત્ત્વમાં સ્થિત રહેતો થકો, પરબ્રહ્મમાં (પરમાત્મામાં) લીન થાઉં છું. ॥ ૨૩૪ ॥

શ્રી ગુરુ સમીપ નિર્મળ સુખકારી ધર્મ પામીને સમ્યગ્જ્ઞાન વડે જેણે સમસ્ત મોહ-રાગનો મહિમા (-વ્યવહાર, પરાશ્રયની રુચિ)નષ્ટ કરેલ છે એવો હું મનની ચંચળતા છોડીને શુદ્ધ ધ્યાન વડે એકાગ્ર



શાંત ચિત્તથી જ્ઞાનાનંદ પરિણતિને ગ્રહણ કરું છું. નિત્યાનંદરૂપ સહજ તત્ત્વમાં સ્થિર રહેતો થકો, નિજ પરમબ્રહ્મપરમાત્મામાં લીન-એકાગ્ર થાઉં છું, એનું નામ સમ્યક્ યોગભક્તિ છે.

અહીં સમ્યગ્જ્ઞાની ગુરુ પાસેથી દેશનાલબ્ધિ પામવાની વાત છે. શ્રીગુરુએ નિર્મળ સુખકારી ધર્મ નિર્મળ નિરાલંબી જ્ઞાયકમાત્રના આશ્રયે કહ્યો છે, તેની ઓળખાણ કરી ત્યાં શ્રીગુરુથી સમજ્યો એમ કહ્યું છે.

શ્રી પદ્મપ્રભમલધારિદેવ છેલ્લા સારરૂપે કહે છે કે નિર્મળ શુદ્ધાત્માનું ભાન અને તેનો આશ્રય બતાવનાર ગુરુ પાસેથી મેં નિર્મળ માર્ગ પ્રાપ્ત કરેલ છે.

એવી નિશ્ચય આત્મભક્તિ તે મોક્ષનું કારણ છે. પરની ભક્તિ-વીતરાગની ભક્તિ હોય છે પણ તે શુભરાગ છે-આસ્રવ છે. નિર્વિકલ્પ જ્ઞાનાનંદમાં એકતારૂપ ભક્તિ વડે સંસારનિવૃત્તિરૂપ મોક્ષ થાય છે. માટે પ્રથમ શ્રદ્ધા તો કર કે ત્રણે કાળે સર્વ જીવ માટે સત્યમાર્ગ આ એક જ પ્રકારે છે. ધર્મરૂપ ભક્તિ તે નિશ્ચય અને પુણ્યભક્તિ તે વ્યવહાર છે. ઉપાદેય નિશ્ચય જ છે એમ ન માને તેને અનંતસંસારની રુચિરૂપ મિથ્યાત્વ છે.

### શ્લોક ૨૩૫

(अनुष्टुभ्)

**निर्वृतेन्द्रियलौल्यानां तत्त्वलोलुपचेतसाम्।**
**सुन्दरानन्दनिष्यन्दं जायते तत्त्वमुत्तमम्॥ २३५॥**

**શ્લોકાર્થ** : ઈંદ્રયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે અને તત્ત્વલોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે અતિ ઉત્સુક) જેમનું ચિત્ત છે, તેમને સુંદર આનંદઝરતું ઉત્તમ તત્ત્વ પ્રગટે છે. ॥ ૨૩૫ ॥

ઈંદ્રય વિષયલોલુપતા જેણે નિવૃત્ત કરી છે. કુદેવાદિનો રાગ, અવ્રતનો રાગ તે પાપ લોલુપતામય સંસારપ્રવૃત્તિ છે અને સુદેવ-ગુરુ-શાસ્ત્રાદિ પ્રત્યે ભક્તિ વગેરેનો રાગ તે પુણ્ય લોલુપતામય સંસારપ્રવૃત્તિ છે. એ રહિત સત્ય તત્ત્વજ્ઞાન માટે અતિ ઉત્સુક જેમનું ચિત્ત છે, તેમને નિજ શુદ્ધ આત્મામાંથી અતીંદ્રિય સુંદર આનંદઝરતું ઉત્તમ તત્ત્વજ્ઞાન પ્રગટે છે.

પુણ્ય-પાપ પરાશ્રય રહિત ચિદાનંદમાત્રમાં શ્રદ્ધા, જ્ઞાન, એકાગ્રતારૂપ નિર્મળ પરિણતિ પ્રગટ કરવી તે અવિનાશી ઉત્તમ તત્ત્વ છે. દેવાદિ તરફનું વલણ તે શુભરાગ-પુણ્યતત્ત્વ છે, તેમાં રુચિ તે પણ ઈંદ્રિયલોલુપતા છે. અવ્રતાદિનું વલણ તે અશુભ રાગરૂપ ઈંદ્રિયલોલુપતા છે. સાધકદશામાં ભૂમિકાનુસાર પૂજા, ભક્તિ વગેરેનો શુભરાગ હોય છે પણ તેમાં તે ધર્મ માનતો નથી. નિર્મળ સ્વભાવ તરફ ઝૂકાવ તે ધર્મ અને પરાશ્રયવૃત્તિ તે અધર્મ - બે વાત છે.

### શ્લોક ૨૩૬

(अनुष्टुभ्)

अत्यपूर्वनिजात्मोत्थभावनाजातशर्मणे।
यतन्ते यतयो ये ते जीवन्मुक्ता हि नापरे॥ २३६॥

**શ્લોકાર્થ** : અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતાં સુખ માટે જે યતિઓ યત્ન કરે છે, તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે, બીજાઓ નહિ. ॥ ૨૩૬ ॥

પુણ્યાદિ પરાશ્રયની રુચિ છોડી એકલા જ્ઞાનાનંદમાં ગાઢ ભક્તિ-એકાગ્રતારૂપ ભાવના તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તે અતિ અપૂર્વ ભાવનાથી સહજાનંદ-સુખરૂપ થઈ શકાય છે. પરાશ્રય-રાગ-વ્યવહારથી ધર્મ માની, દ્રવ્યલિંગી મુનિ થઈ અગીયાર અંગ, નવ પૂર્વ ભાણી, વ્યવહાર પંચાચારના ઉત્કૃષ્ટ શુભભાવ કરીને મિથ્યાત્વસહિત જે અનંતવાર નવ ગ્રૈવેયકના પુણ્યને પામ્યો તે અપૂર્વ નથી. પુણ્યાસ્રવથી સંસાર છે, અતિ અપૂર્વ અતીંદ્રિય આત્માશ્રિત નિશ્ચય તે ધર્મ છે, તે વડે અંદરમાં -જ્ઞાતામાત્રમાં જાગ્રતિરૂપ જતના(યત્ના) કરે તેઓ ખરેખર જીવન્મુક્ત અને શિવસુખરૂપ થાય છે, અન્ય નહિ.

### શ્લોક ૨૩૭

(वसंततिलका)

अद्वन्द्वनिष्ठमनघं परमात्मतत्त्वं
संभावयामि तदहं पुनरेकमेकम्।
किं तैश्च मे फलमिहान्यपदार्थसार्थैः
मुक्तिस्पृहस्य भवशर्मणि निःस्पृहस्य॥ २३७॥

**શ્લોકાર્થ** : જે પરમાત્મતત્ત્વ (રાગદ્વેષાદિ) દ્વંદ્વમાં રહેલું નથી અને અનઘ (નિર્દોષ, મળરહિત) છે, તે કેવળ એકની હું ફરી ફરીને સંભાવના (સમ્યક્ ભાવના) કરું છું. મુક્તિની સ્પૃહાવાળા અને ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ એવા મને આ લોકમાં પેલા અન્યપદાર્થસમૂહથી શું ફળ છે ?॥૨૩૭॥

જે પરમાત્મતત્ત્વ પુણ્ય-પાપ વ્યવહારના દ્વંદ્વમાં રહેતું નથી અને નિર્મળ નિરુપાધિક આત્મશ્રદ્ધા-જ્ઞાન-રમણતાથી સાધ્ય છે, તે કેવળ એકની હું વારંવાર સમ્યક્ ભાવના કરું છું. અખંડાનંદ શુદ્ધ જ્ઞાયકમાત્ર છું એવી અંતર્ એકાગ્ર દૃષ્ટિના બળથી એકાગ્રતારૂપ ભક્તિ કરું છું. વ્યવહાર-રાગ વચ્ચે આવે પણ તેની ભક્તિ, રુચિ, ભાવના નથી.

વળી ભવસુખથી નિસ્પૃહ એવો હું નિર્મળ જ્ઞાનઘનમાં સ્થિતિ વડે મુક્તિની સ્પૃહાવાન છું. અનિત્ય, અશુચિ એવા પુણ્યાદિ પદાર્થસમૂહથી મારે શું કામ છે ? પંચમકાળમાં મુક્તિદશાનો પુરુષાર્થ નથી



ને કંઈ ભક્તિનો શુભરાગ છે તેથી સ્વર્ગાદિ તથા સુંદર શરીર વગેરેનો સંયોગ મળશે તેનો અહીંથી જ નકાર કરું છું, મારે તે પ્રયોજનવાન નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેમાં જેટલું પર અવલંબન થઈ જાય તેટલો પુણ્યાસ્રવ છે તેને ઈચ્છતો નથી પણ ઉત્તમ એવા એકલા નિર્મળ નિજ મુક્તાત્માની ભાવના-એકાગ્રતા કરું છું.

શ્રી પદ્મપ્રભમલધારિદેવ મહા નિર્ગ્રંથ સંત, મહા બ્રહ્મચારી આત્મધ્યાનમાં મગ્ન અને મહા વૈરાગ્યવંત હતા, દેહમાત્ર પરિગ્રહ હતો, વસ્ત્રાદિ પરિગ્રહ નહિ. ઈંદ્રિય વિષયવૃત્તિથી રહિત, અતીંદ્રિય આત્મ-શાંતિના વિસ્તારમાં વસતા હતા. તેમણે સનાતન વીતરાગમાર્ગમાં યથાર્થ ભક્તિનું વર્ણન આ દસમા અધ્યાયમાં - પરમ-ભક્તિ અધિકારમાં કર્યું. અને લોકો ભક્તિ-યોગના નામે મિથ્યા વાતોમાં ધર્મ માની બેસે છે તેનો નિષેધ કર્યો.

ભગવાન કુંદકુંદ આચાર્યના આ નિયમસાર શાસ્ત્રને દૈવી પરમેશ્વરશાસ્ત્ર-ભાગવતશાસ્ત્ર કહ્યું છે, અન્યમતના ભાગવતમાં કંઈ મહાનતા નથી.

❖❖❖

# ૧૧. નિશ્ચય-પરમાવશ્યક અધિકાર

સામાયિક, તીર્થંકરસ્તુતિ, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાનના વિકલ્પ-શુભરાગ સાધક-દશામાં આવે છે. તે વ્યવહાર છ આવશ્યકોથી વિરુદ્ધ શુદ્ધ નિશ્ચય આવશ્યકનો અધિકાર કહેવામાં આવે છે. વ્યવહાર આવશ્યક પુણ્યબંધનું કારણ છે, જ્ઞાનમાત્ર આત્મામાં લીનતારૂપ નિશ્ચય આવશ્યક તે મોક્ષનું કારણ છે. મોક્ષમાર્ગ તો અરાગી એક પ્રકારે છે ને તે વ્યવહાર છ આવશ્યકથી પ્રતિપક્ષ છે તે કહે છે.

**ગાથા ૧૪૧**

**जो ण हवदि अण्णवसो तस्स दु कम्मं भणंति आवासं।**
**कम्मविणासणजोगो णिव्वुदिमग्गो त्ति पज्जुत्तो ॥ १४१ ॥**

**यो न भवत्यन्यवशः तस्य तु कर्म भणन्त्यावश्यकम् ।**
**कर्मविनाशनयोगो निर्वृतिमार्ग इति प्ररूपितः ॥ १४१ ॥**

**નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;**
**આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.**

**અન્વયાર્થ** : (**यः अन्यवशः न भवति**) જે અન્યવશ નથી (અર્થાત્ જે જીવ અન્યને વશ નથી) (**तस्य तु आवश्यकम् कर्म भणन्ति**) તેને આવશ્યક કર્મ કહે છે (અર્થાત્ તે જીવને આવશ્યક કર્મ છે એમ પરમ યોગીશ્વરો કહે છે). (**कर्मविनाशनयोगः**) કર્મનો વિનાશ કરનારો યોગ (-એવું જે આ આવશ્યક કર્મ) (**निर्वृतिमार्गः**) તે નિર્વાણનો માર્ગ છે (**इति प्ररुपितः**) એમ કહ્યું છે.

જે જીવ પુણ્ય-નિમિત્તાદિ પરભાવને વશ નથી થતા, અતીંદ્રિય આત્મામાં ચિદાનંદવશ એકાગ્રતામાં વર્તે છે તેને આવશ્યકરૂપી શુદ્ધ કર્મ છે, કોઈ પ્રકારે રાગ તે આવશ્યક નથી એમ પરમ યોગીશ્વરો કહે છે.

વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થઈ જાય એમ માને તેનો તો વ્યવહાર પણ સાચો નથી. અજ્ઞાનીના તે વ્યવહાર આવશ્યક કર્મ તો કર્મબંધનને ઉત્પન્ન કરનારો યોગ છે. આત્માશ્રિત અરાગ પરિણતિ તે કર્મમળનો નાશક યોગ છે, તે નિર્વાણનો માર્ગ છે.

**ટીકા** : અહીં નિરંતર સ્વાશ્રય દૃષ્ટિવાનને શુદ્ધાત્મા જ મુખ્ય હોય છે તેને નિશ્ચય આવશ્યક-



કર્મ છે એમ કહ્યું છે. વ્યવહારની મુખ્યતા થાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. દેહના ક્રિયા તે આત્માનો વ્યવહાર નથી. આત્માનો નિશ્ચય-વ્યવહાર આત્મામાં જ છે. વ્યવહાર, નિમિત્તની રુચિ છોડી નિરંતર વીતરાગ સ્વભાવવશ-સ્વાશ્રય એકતા છે તેને નિશ્ચય-શુદ્ધ આવશ્યક છે.

જે જીવ ચૈતન્યમાત્ર પરિણતિરૂપ વિધિ અનુસાર પરમ જિનના માર્ગના આચરણમાં કુશળ રહીને સદાય અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી, કોઈ સમયે સ્વદ્રવ્ય આશ્રયની દૃષ્ટિ છૂટતી નથી તે અન્યવશ નથી એટલે સાક્ષાત્ સ્વવશ છે. મુનિને બોલવું, ચાલવું, આહાર લેવો વગેરે કોઈ પણ ક્રિયા વખતે નિર્વિકલ્પ સ્વરૂપનું અનુસંધાન હોય છે, જેટલા અંશે અરાગી સ્થિરતા તેટલો સ્વવશ યોગ છે, રાગ તે ગૌણ છે.

છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ છે, સવિકલ્પ તેટલો સ્વવશ નથી. રાગને વશ થતો નથી તે તો ઉપચાર કથન છે. ધર્મી જીવ રાગના વિસ્તારથી વિમુખ છે. આવું બોલવું, શુદ્ધ ખાવું-પીવું વગેરે વિકલ્પથી વિલક્ષણ એકલા ચિદાનંદ સ્વરૂપાશ્રિત નિશ્ચય ધર્મધ્યાન તે પ્રધાન પરમાવશ્યક કર્મ છે એમ નિરંતર પરમ તપશ્ચરણરૂપ રત્નત્રયમાં લીન એવા પરમ જિનયોગીશ્વરો કહે છે. સાધકને નબળાઈથી વ્યવહાર વિકલ્પ હોય છે તે જાણવા માટે છે, આદરવા માટે નથી.

**માહ વદ ૧, સોમવાર, ૧૧-૨-૫૨.**

મોક્ષમાર્ગ વીતરાગભાવસ્વરૂપ છે. શુભરાગરૂપ સામાયિક, સ્તુતિ, વંદના, કાયોત્સર્ગ વગેરે વચ્ચે આવે છે પણ તે મોક્ષનું સાધન નથી. શરીરાદિની ક્રિયાનો હું કર્તા નથી, અને પુણ્યાદિ વ્યવહારની રુચિરહિત છું એવી દૃષ્ટિસહિત નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-લીનતારૂપ વીતરાગમાર્ગના આચરણમાં-જ્ઞાનાનંદમાં એકાગ્ર થવામાં કુશળ એવો જીવ સદાય અંતર્મુખ હોવાથી અન્યવશ નથી પણ સ્વવશ છે. ધર્મી સ્વાધીન સુખમય છે, પરાશ્રયદૃષ્ટિને ધર્મ નથી.

વળી સર્વ કર્મક્ષયનું કારણ એવો જે ત્રિગુપ્તિથી ગુપ્ત, અંતર્મુખ એવી જ્ઞાનાનંદયુક્ત પરમસમાધિ જેનું લક્ષણ છે એવો યોગ તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે નિર્વાણનો માર્ગ-ઉપાય છે.

એવી રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ શ્રી પ્રવચનસારની તત્ત્વપ્રદીપિકા નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા કહ્યું છે કે :

(मन्दाक्रान्ता)

**आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं**
**नित्यानन्दप्रसरसरसे ज्ञानतत्त्वे निलीय।**
**प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां**
**स्फूर्जज्ज्योतिः सहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम् ॥**

**શ્લોકાર્થ :** એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મ થતો અર્થાત્ પોતે ધર્મપણે પરિણમતો થકો નિત્ય આનંદના ફેલાવથી સરસ (અર્થાત્ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે) એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને, અત્યંત અવિચળપણાને લીધે, દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (-સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે (અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા-જાણ્યા કરે છે).

કોઈ પણ પ્રકારનો શુભાશુભરાગ તે અશુદ્ધતા છે, તેની રુચિ અને આશ્રય રહિત કેવળ આ આત્માશ્રિત શુદ્ધોપયોગને પામીને આત્મા સ્વયં ધર્મ થતો-ધર્મરૂપે પરિણમતો થકો નિત્યાનંદના વિસ્તારથી સરસ-શાશ્વત આનંદરસયુક્ત એવા જ્ઞાનતત્ત્વમાં જ લીન થઈને અત્યંત અચળ સમતાને લીધે (જેમાં રાગાદિ વિભાવવશતા ઊપજતી નથી એવી સમતાને લીધે) ઉજ્જવલ શાંત જ્યોતિમય સહજજ્ઞાનરૂપ પ્રકાશતા રત્નદીપકની નિષ્કંપ (-નિર્વિકલ્પ) પ્રકાશની શોભાને પામે છે. તેનું નામ સાચી સામાયિક વગેરે છ આવશ્યક છે.

વ્યવહારરત્નત્રય તે પુણ્યાસ્રવ છે, તે પાપથી બચવા માટે સાધકદશામાં હોય છે પણ બંધકારણ હોવાથી તેને આશ્રયે મોક્ષમાર્ગ નથી. અરાગી પૂર્ણ સ્વભાવનું આલંબન તે જ એક મોક્ષમાર્ગ છે, તે જ પરમ આવશ્યક છે. નિર્વિકલ્પ જ્ઞાનાનંદ તે સ્વ, તેમાં અરાગદશારૂપ એકાગ્રતા તે નિશ્ચય આવશ્યક છે.

વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાનાદિ કરતાં કરતાં નિશ્ચય થશે એ માન્યતા મિથ્યા છે, કેમ કે પૂર્વે અનંતવાર દ્રવ્યલિંગધારી મુનિ થઈ નવ ગ્રૈવેયક સુધીના પુણ્ય પામ્યો પણ અંશમાત્ર સમ્યક્ધર્મની શરૂઆત થઈ નહિ, એમ અનંતા જ્ઞાની કહી ગયા છે.

પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવથી પૂર્ણ છું એમ શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં લીનતા કરવી તે જૈન ધર્મની ક્રિયા-મોક્ષની ક્રિયા છે. એકલા જ્ઞાયકસ્વભાવવશ જાગ્રત થવું તે જ ધર્મ છે, એમ માનનારને વીતરાગદશા પૂર્ણ ન હોય ત્યાં સુધી વચ્ચે વ્યવહારરત્નત્રય, વ્રતાદિના વિકલ્પ હોય છે પણ તેને તે ધર્મનું કારણ ન માને પણ પુણ્યબંધનું કારણ માને, પુણ્યથી હળવે હળવે ધર્મ થશે એમ ન માને.

વ્યવહાર હોય તો નિશ્ચય થાય એમ માન્યું તે પરવશ થઈ ગયો, તેને અંશમાત્ર ધર્મ હોય નહિ. પણ સ્વમાં વસવાથી સ્વાધીનતાથી ઉત્પન્ન અરાગી શ્રદ્ધા, જ્ઞાન, લીનતારૂપ દશા તે શુદ્ધ સ્વભાવકર્મ એટલે ધર્મપરિણતિરૂપ ક્રિયા છે. આવી વીતરાગ પરિણતિ તે સાક્ષાત્ ધર્મ નિયમથી (ચોક્કસ) સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં જ હોય છે, વ્યવહાર પુણ્યાદિમાં તે ધર્મ કોઈ પ્રકારે હોતો નથી.

આત્મસ્થિત ધર્મ કર્મક્ષયમાં કુશળ, શુદ્ધઉપયોગરૂપ મોક્ષ ઉપાય ત્રણે કાળે એક જ છે. તેનાથી હું શીઘ્ર અદ્ભૂત નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું, પ્રગટ કરું છું.



આત્માનો સ્વભાવ આત્મામાં છે, કોઈ અન્યમાં નથી. આત્માનો ધર્મ આત્મામાં જ થાય છે એ નિયત-ચોક્કસ મર્યાદા છે. એટલે કે ૧) કોઈ દેવાદિ પરદ્રવ્ય વડે નથી, પરના આલંબનથી નથી, ૨) કોઈ સમ્મેદશિખરાદિ તીર્થક્ષેત્રથી ૩) કલ્યાણક આદિ કાળથી અને ૪) વ્યવહારરત્નત્રય, વ્રતાદિના શુભભાવથી આત્મધર્મ-મોક્ષમાર્ગ થતો નથી. ત્રણ કાળ ત્રણ લોકમાં સ્વાશ્રય, અરાગી નિશ્ચયરત્નત્રયથી જ આત્મધર્મ છે, તે આત્મામાં થાય છે. એવો દૃઢ નિશ્ચય અને એકાગ્ર પરિણતિ સાધકદશામાં હોય છે. ત્યાં શુભરાગ વખતે પરદ્રવ્ય પ્રત્યે વલણ થાય છે ને વ્યવહારતીર્થ, વ્યવહારપૂજા, ભક્તિ વગેરે હોય છે તે વ્યવહાર છે.

સર્વત્ર રાગનો નિષેધ કરનાર, અરાગદૃષ્ટિ સહિત, રાગની મંદતા કરી, સમ્મેદશિખરાદિ તીર્થક્ષેત્રની વંદનાનો ભાવ કરે તે શુભભાવને વ્યવહારવંદનારૂપી આવશ્યક કર્મ કહેવાય છે, એમ છ એ બોલમાં સમજી લેવું.

ત્રણે કાળે આત્માથી આત્માનું કલ્યાણ છે, પરથી કહેવું તે નિમિત્તમાત્રથી ઘીનો ઘડો કહેવા સમાન વ્યવહાર છે.

મિથ્યાભાવ છોડીને આત્મામાં યથાર્થભાવથી એકાગ્ર થવું તે કર્મક્ષયકારી કુશળ એવો મોક્ષનો ઉપાય છે. વ્યવહાર તો પરાશ્રય રાગ હોવાથી સંસારનો અભાવ કરવામાં કોઈ પ્રકારે કુશળ નથી.

સર્વજ્ઞ ભગવાને વ્યવહારનું ફળ સંસાર કહ્યું છે. મોક્ષનો માર્ગ તો ત્રિકાળ એક પ્રકાર વીતરાગભાવ જ છે, તે નિયત છે. તેમાં કોઈ દેશ-કાળે અપવાદ નથી. વ્યવહાર મોક્ષમાર્ગ-સરાગ ચારિત્ર તે તો બંધમાર્ગ છે. મોક્ષમાર્ગ બે પ્રકારે નથી પણ તેનું કથન બે પ્રકારે છે. વ્યવહાર તો નિમિત્તમાત્ર છે, અને તેની આવશ્યકતા માને તો તે જ નિશ્ચય થઈ ગયો, તેને માટે વ્યવહાર વ્યવહારાભાસ છે, નિમિત્તરૂપ પણ નથી.

પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં વચ્ચે અશુભથી બચવા વ્યવહારરત્નત્રય તથા છ આવશ્યકના શુભ વિકલ્પ આવે છે પણ તે મોક્ષમાર્ગ નથી એમ પ્રથમ નક્કી કરી પરાશ્રય વ્યવહાર ભેદના આશ્રયની શ્રદ્ધા છોડવી અને નિશ્ચય મોક્ષમાર્ગ એક જ માર્ગ છે એવી શ્રદ્ધા કરવી.

મન, વચન, કાયાની સરળતાના ભાવ તથા પરને નહિ ઠગવાના ભાવ તે પુણ્યબંધનનું કારણ છે, ધર્મનું કારણ નથી. લોકોએ માનેલ ક્ષમા, અહિંસા, સરળતાનો ભાવ તે શુભભાવ છે. પણ તે અરાગી આત્મભાવથી વિરુદ્ધભાવ હોવાથી વક્રતારૂપ બંધભાવ છે.

વ્યવહાર-આવશ્યકાદિના અવલંબનથી નિશ્ચય મોક્ષમાર્ગ અને નિર્વાણદશા ઉત્પન્ન થતી નથી પણ ચિન્માત્ર આશ્રિત, નિર્વિકલ્પ-નિશ્ચય એકાગ્રતારૂપ પરમ આવશ્યક વડે આત્મિક પરમ સુખ ઉત્પન્ન થાય છે. એ રીતે નિર્ગ્રંથ ભાવલિંગી મુનિ પદ્મપ્રભમલધારિદેવ સ્વસંવેદન પ્રત્યક્ષદશાથી કહે છે કે

શીઘ્ર વિકલ્પ તૂટીને અમને વારંવાર નિર્વિકલ્પ આનંદરૂપ સાતમું ગુણસ્થાન વર્તે છે, એવા પરમ સુખને શીઘ્ર શીઘ્ર પ્રાપ્ત કરું છું, -એ મોક્ષમાર્ગ છે.

**શ્લોક ૨૩૮**

(मन्दाक्रान्ता)

**आत्मन्युच्चैर्भवति नियतं सच्चिदानन्दमूर्तौ**
**धर्मः साक्षात् स्ववशजनितावश्यकर्मात्मकोऽयम्।**
**सोऽयं कर्मक्षयकरपटुर्निर्वृतेरेकमार्गः**
**तेनैवाहं किमपि तरसा यामि शं निर्विकल्पम्॥ २३८॥**

**શ્લોકાર્થ** : સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ આ સાક્ષાત્ ધર્મ નિયમથી (ચોક્કસ) સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં (સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં) અતિશયપણે હોય છે. તે આ (આત્મસ્થિત ધર્મ), કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે. તેનાથી જ હું શીઘ્ર કોઈ (-અદ્ભૂત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું. ॥ ૨૩૮ ॥

(**નોંધ** : *આ શ્લોક ઉપરનું પ્રવચન શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદમાં નથી તેથી ફક્ત શ્લોક અને શ્લોકાર્થ લખેલ છે.*)



**માહ વદ ૨, મંગળવાર, ૧૨-૨-૫૨.**

**ગાથા ૧૪૨**

**ण वसो अवसो अवसस्स कम्म वावस्सयं ति बोद्धव्वं।**
**जुत्ति त्ति उवाअं ति य णिरवयवो होदि णिज्जुत्ती ॥ १४२ ॥**

**न वशो अवशः अवशस्य कर्म वाऽवश्यकमिति बोद्धव्यम्।**
**युक्तिरिति उपाय इति च निरवयवो भवति निरुक्तिः॥ १४२॥**

**વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;**
**તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.**

**અન્વયાર્થ** : (**न वशः अवशः**) જે (અન્યને) વશ નથી તે 'અવશ' છે (**वा**) અને (**अवशस्य कर्म**) અવશનું કર્મ તે (**आवश्यकम्**) 'આવશ્યક' છે (**इति बोद्धव्यम्**) એમ જાણવું; (**युक्तिः इति**) તે (અશરીર થવાની) યુક્તિ છે, (**उपायः इति च**) તે (અશરીર થવાનો) ઉપાય છે, (**निरवयवः भवति**) તેનાથી જીવ નિરવયવ (અર્થાત્ અશરીર) થાય છે. (**निरुक्तिः**) આમ નિરુક્તિ છે.

જે વશ નથી એટલે કે સ્વાધીન છે તે અવશ છે, એવા અવશનું કાર્ય તે આવશ્યક છે અને એમ સમ્યક્ પ્રકારે જાણવું તે અશરીર થવાની યુક્તિ અને ઉપાય છે. નિત્યાનંદ નિર્વિકારને આધીન રહેવું અને વિભાવને તાબે ન થવું તે મુક્તિની નિર્બાધ યુક્તિ છે અને એવા સ્વાનુભવથી જ જીવ અશરીરી (શિવરૂપ-મુક્તદશારૂપ) થાય છે આમ નિરુક્તિ છે.

**ટીકા** : અહીં મુનિપ્રધાન કથન છે. પ્રથમ શ્રદ્ધા-જ્ઞાનમાં પૂર્ણ સ્વતંત્રનો નિશ્ચય વર્તે છે ને તે સહિત અંદર સ્થિરતારૂપ વીતરાગચારિત્ર વર્તે છે તેવા પરમ જિનયોગીશ્વરને પરમ આવશ્યકકર્મ-સ્વાભાવિક આત્મપરિણતિરૂપ કાર્ય જરૂર હોય છે.

સમ્યગ્જ્ઞાની ગૃહસ્થને પણ યોગી કહેવાય. વસ્તુ પોતાની અનંત શક્તિથી પૂર્ણ નિત્ય છે ને હું મારી ભૂલથી પર્યાયમાં રાગ કરતો હતો, હવે સ્વરૂપ શ્રદ્ધાના બળ વડે સ્વભાવમાં વળ્યો, પરનો - પુણ્ય-પાપ વિકારનો સ્વામી નથી-કર્તા નથી, અખંડ જ્ઞાનાનંદ છું એમ યુક્તિ, આગમ અને સ્વાનુભવથી બરાબર નક્કી કરીને જાગ્રત જ્ઞાનમાત્રમાં એકાગ્રતા કરે તે યોગી છે. સમ્યક્ તત્ત્વજ્ઞાન વડે મિથ્યાત્વ રાગાદિને જીતનાર જૈન યોગી છે. તે પોતાના પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપને જ સ્વપરિગ્રહ માને છે. સ્વાશ્રય જ્ઞાતા-દૃષ્ટામાં જાગ્રત રહે છે. અને વિપરીત ભાવોને વશ થતો નથી અને તેથી જ તેને પરવશ નહિ થનાર અવશ-સ્વતંત્ર કહેવામાં આવે છે.

નિજ પદાર્થ નિત્ય જ્ઞાનાનંદ ધ્રુવ છે. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત-અવ્રતના વિકલ્પ-નિમિત્ત

તે બધા પરપદાર્થ છે. નિજ આત્મામાં એકત્વ પરિણતિરૂપ વીતરાગતા સિવાય અન્યવશ થતો નથી. પરવશતા નથી એ નાસ્તિથી ઉપચાર કથન છે. પણ સ્વાશ્રય જ્ઞાતા રહે છે ત્યાં પરવશતારૂપ વિરુદ્ધભાવની ઉત્પત્તિ થતી નથી તેને સમ્યગ્દષ્ટિ યોગી કહેવાય છે.

અક્ષય અનંતગુણનો પિંડ સ્વાધીન છું એવી દષ્ટિ અને એકાગ્રતા જેને વર્તે છે તે મોક્ષ ઉપાયમાં ચતુર, સર્વત્ર સ્વતંત્ર જ્ઞાનયુક્ત યોગી છે. આત્મામાં પરચીજનો પરિગ્રહ ત્રિકાળ નથી. ત્રિકાળ નિર્મળની દષ્ટિમાં પોતાની ક્ષણિક પર્યાયનો સ્વીકાર નથી. વ્યવહારરત્નત્રયના શુભરાગને પણ મદદગાર માનતો નથી. હું એનો અને એ મારું સ્વરૂપ છે એમ જ્ઞાની માનતો નથી.

દેહાદિ પરનું હું કરી શકું, પરની વ્યવસ્થા મારે આધીન છે એમ માનવું તે જ્ઞાતાસ્વરૂપની હિંસા છે. પરની સાથેની એકત્વબુદ્ધિ તે જ મુખ્ય હિંસા છે. જ્ઞાનીને નબળાઈથી અલ્પ રાગ થાય પણ તેને તે હિતરૂપ માને નહિ, સ્વમાં ખતવે નહિ. પરથી રાગ થાય એમ માને નહિ. ત્રિકાળી જ્ઞાયકમાત્ર સ્વભાવને અવલંબનારો છું એમ માને તે સદાય સ્વતંત્ર છે-સુખી છે. જે નિમિત્ત, વ્યવહાર કે પુણ્યની રુચિવાળો છે તે પરતંત્ર છે-દુઃખી છે.

અજ્ઞાનવશ પરથી લાભ-નુકસાન માનતો, તે શ્રદ્ધા પલટી, કુદેવાદિની શ્રદ્ધા છોડી સુદેવાદિનો નિશ્ચય કરી, હિત-અહિતરૂપ ભાવ પોતાને આધીન છે એમ નક્કી કરી અંદર એકલો નિત્ય જ્ઞાનાનંદ પૂર્ણ છું તેની અભેદ પ્રતીતિ કરે, અંતર્મુખદષ્ટિ અને સ્થિરતા કરે તે યોગી છે, સ્વતંત્ર છે, સુખી છે.

એ રીતે પરમ જિનયોગીને નિશ્ચય ધર્મધ્યાનરૂપ શુદ્ધભાવકર્મ એટલે નિર્મળ નિશ્ચય દષ્ટિપૂર્વક જ્ઞાતા-દષ્ટારૂપ નિર્વિકલ્પ એકાગ્રતા હોય છે ને તે નિરઅવયવ-શરીરરહિત થવાનો ઉપાય અને યુક્તિ છે. અંદરમાં રુચિ, જ્ઞાન, એકાગ્રતારૂપ ચૈતન્યવશતા વર્તે; રાગવશતા ન વર્તે તે જ તર્ક મોક્ષમાર્ગમાં અનુકૂળ છે. શરીર સારું હોય, નિમિત્તો સારા મળે અને વ્યવહાર કરીએ તો નિશ્ચયધર્મ થાય એમ માનનારા આત્મશક્તિ માટે પાંગળા છે-અંધ છે.

જૈન તે વાડો નથી, જેવું ત્રિકાળતત્ત્વ છે તે દ્રવ્યે-ગુણે-પર્યાયે સ્વતંત્ર છે એમ બતાવનાર વસ્તુસ્વભાવ તે જૈનદર્શન છે.

જિનયોગી પરથી ઉપેક્ષા કરે છે ને સ્વમાં એકાગ્રતા કરે છે. સ્વદ્રવ્યના અવલંબનથી જેટલા અંશે નિર્વિકલ્પ શાંતિ ઉત્પન્ન થાય છે તે તેનું આવશ્યક કર્મ છે. જેટલો સ્વવશ રહ્યો તેટલો પરાવલંબનરૂપ પરવશ ન થયો તેનું નામ જરૂરીયાતનું કાર્ય છે. ચિદાનંદને ઓળખીને ઠરવું તે નિરંતર સાધકનું કર્તવ્ય છે-જરૂરી કામ છે.

દયા, દાન, પૂજા, ભક્તિના રાગમાં જેટલો એકાગ્ર થાય તે આર્તધ્યાન છે. જે ભાવથી તીર્થંકર નામકર્મનો બંધ થાય તે નિશ્ચયથી આર્તધ્યાન છે કેમ કે આસ્રવ તે ધર્મધ્યાનથી વિપરીત કાર્ય છે.



જેટલા અંશે રાગ તેટલું આર્તધ્યાન જ છે, ધર્મધ્યાન નથી. સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય છે તે રાગ છે. રાગ તે નિશ્ચયથી અધર્મ છે. નિશ્ચયધર્મધ્યાનથી બંધન ન થાય. રાગનો સર્વ પ્રકારે નિષેધ કરનાર દષ્ટિ જેને વર્તે છે તેને ચારિત્રની નબળાઈનો રાગ હોય છતાં તેની ખતવણી નિશ્ચયધર્મધ્યાનમાં ન કરે. સોળકારણભાવનાથી તીર્થંકર નામકર્મ બંધાય છે તે નિશ્ચયધર્મધ્યાન નથી. પણ સમ્યગ્દષ્ટિના સદ્‌ભાવના ઉપચાર વડે વ્યવહારથી ધર્મધ્યાન કહેલ છે. નિશ્ચયથી ધર્મધ્યાનથી કિંચિત્ બંધન ન થાય.

સમ્યગ્દષ્ટિ જીવ કોઈ પણ પ્રકારના રાગને શ્રદ્ધામાં હેય-બાધક-અધર્મ માને છે. પરને લઈને રાગ છે; વ્યવહારરત્નત્રયનો શુભરાગ મને મોક્ષમાર્ગમાં મદદ કરશે એમ તે માનતો નથી. આવી વીતરાગી દષ્ટિ અને વીતરાગી સ્થિરતામાં આત્માને જોડે તેને જિનેશ્વરદેવે કહેલ પરમ-આવશ્યક કર્મ હોય છે ને એ શરીર રહિત મુક્તાનંદ સહિત થવાનો ઉપાય છે.

અશરીરી થવાનો ઉપાય એકલા ચિદાનંદની શ્રદ્ધા અને સ્થિરતા છે, નીચેની ભૂમિકામાં પુણ્ય-પાપ હોય ખરા પણ તેનાથી હું નથી, તેનાથી ધર્મ નથી. હું એકલો જ્ઞાયક છું તેની દષ્ટિપૂર્વક નિર્મળદશા પ્રગટ કરવી તે પ્રથમ ધર્મની ક્રિયા છે ને આ જ મોક્ષનો સુગમ ઉપાય છે.

હું છું તો દેહાદિની ક્રિયા થઈ શકે, પર્યાયમાં પરથી પરતંત્ર છું, પરથી લાભ-નુકસાન થઈ શકે છે એમ માને તેને વ્યવહાર સમ્યગ્જ્ઞાન પણ નથી.

વર્તમાન બંધપર્યાય-અશુદ્ધતા પણ મારા અપરાધથી છે, કર્મથી નથી. આંખો બંધ કરવી કે ઉઘાડી રાખવી, મૌન-અમૌન એ બધી જડ પરમાણુની અવસ્થા છે. જીવ તેને વ્યવહારથી પણ કરી શકતો નથી, મારી ઈચ્છાથી તે કાર્ય થયું એમ માનનાર બે દ્રવ્યને જુદા-સ્વતંત્ર માનતો નથી, પરાધીન માનનાર અજ્ઞાની છે. જેને હજી જડથી ભિન્ન સત્તાની ખબર નથી તેને પોતાની વિકારી પર્યાય સ્વતંત્રપણે પોતાના અપરાધથી થાય છે અને તે ત્રિકાળી સ્વભાવમાં નથી એમ સમ્યગ્દષ્ટિ થવાની તાકાત નથી.

**પ્રશ્ન** : સર્વ ધર્મનો સમન્વય થઈ શકે ?

**ઉત્તર** : ત્રણે કાળે સર્વજ્ઞ કથિત સત્યનો પંથ એક જ છે, તેની સાથે કોઈ એકાંતમતનો મેળ નથી. સંસારતત્ત્વ પણ છે, ઉપાદેય નથી.

**પ્રશ્ન** : અનેક નય છે. કોઈ જીવને કોઈ નયથી ધર્મ થાય ને બીજાને બીજા નયથી; એમ ક્રમ હશે ને ?

**ઉત્તર** : સર્વજ્ઞકથિત ન્યાયથી યથાર્થ જ્ઞાનમાં નિઃસંદેહ અનુભવ થયા વિના નય સમ્યક્ હોય નહિ, તો તે અજ્ઞાનમાં ધર્મ ક્યાંથી થાય ? ન જ થાય. જ્ઞાની છે તે એકાંતીના અભિપ્રાયને ઓળખીને કહે છે કે તેની વાત એક અંશ પૂરતી જૈનના પ્રમાણજ્ઞાનમાં આવે છે પણ તેને તો એકાંત એક અંશનો

પક્ષ છે તેથી તે એક અંશને સર્વાંશ માને છે તેથી તેનો માનેલો કોઈ પણ અંશ મિથ્યા જ છે-સત્ય નથી. જેમ એક શેર દૂધમાં થોડું ઝેર ભળ્યા પછી તે દૂધ દૂધના ગુણને લાયક નથી તેમ મિથ્યાદષ્ટિ ગમે તેટલા શાસ્ત્ર જાણે ને તેના માનેલા વ્રતાદિમાં શુભક્રિયા કરે તે બધું અજ્ઞાનમય છે.

જ્ઞાની જેટલો અરાગી નિશ્ચયમાં સ્થિર રહે તેટલો ચારિત્ર અપેક્ષાએ સ્વવશ છે. દૃષ્ટિમાં તો પૂર્ણ સ્વવશ-મુક્ત જ છે, ચૈતન્યસ્વભાવના અવલંબન વડે પરાશ્રયનું અવલંબન તૂટે છે, તે મુક્તિની યુક્તિ છે, તે મોક્ષનો ઉપાય છે. પરાશ્રય બંધભાવથી પુણ્યાસ્રવની પુષ્ટિ કરનાર વાત તે કુયુક્તિ છે.

નિમિત્તથી, પુણ્યથી, વ્યવહારથી કે શરીરની ક્રિયાથી મુક્તિનો ઉપાય ત્રણ કાળમાં નથી. એક સ્વાશ્રય નિશ્ચયરત્નત્રયથી જ મુક્તિ છે, એ અબાધિત નિયમને સ્થાપિત કરે અને મિથ્યાત્વનો અભાવ કરે તે સમ્યક્યુક્તિ છે.

**માહ વદ ૩, બુધવાર, ૧૩-૨-૫૨.**

આત્મા જ્ઞાનાનંદ પૂર્ણ છે, પરદ્રવ્ય અને વિકારના સંબંધ રહિત સિદ્ધ ભગવાન જેવો અત્યારે પણ શક્તિરૂપે છે. તેની સમ્યક્ પ્રતીતિપૂર્વક તેને વશ રહેવું, પુણ્ય-પાપને વશ ન થવું તે આવશ્યકરૂપ સ્વાધીન કર્મ છે, સ્વતંત્ર જ્ઞાતાનું તે કાર્ય છે. અને તે નિરવયવ (-અશરીરી સિદ્ધ ભગવાન) થવાનો ઉપાય છે. મુક્ત થવાની યુક્તિ છે. અવયવ = કાય, તેનાથી રહિત એટલે પુણ્ય-પાપ, વિપરીતતારૂપી ભાવકર્મથી તથા દ્રવ્યકર્મથી મુક્ત થવાનો અને અનંત જ્ઞાનાનંદની પૂર્ણતાસહિત થવાનો ઉપાય સ્વવશતા એટલે નિશ્ચય મોક્ષમાર્ગ છે. ને તેનું કારણ ત્રિકાળી ચિદાનંદ નિજ પરમાત્મદ્રવ્ય છે.

વ્યવહાર વ્રતાદિ શુભરાગથી પુણ્યબંધન થાય છે. મિથ્યાત્વ, અવ્રતાદિ અશુભરાગથી પાપબંધન થાય છે. આત્માશ્રિત અરાગી જ્ઞાન શાંતિરૂપ સ્વવશતામાં બંધન રહિત એકલી સ્વાધીન સુખદશા મળે છે. જે શક્તિરૂપે છે તે પ્રગટ થાય છે.

**શ્લોક ૨૩૯**

(मन्दाक्रान्ता)

**योगी कश्चित्स्वहितनिरतः शुद्धजीवास्तिकायाद्**
**अन्येषां यो न वश इति या संस्थितिः सा निरुक्तिः।**
**तस्मादस्य प्रहतदुरितध्वान्तपुंजस्य नित्यं**
**स्फूर्जज्ज्योतिःस्फुटितसहजावस्थयाऽमूर्तता स्यात्॥ २३९॥**

**શ્લોકાર્થ :** કોઈ યોગી સ્વહિતમાં લીન રહેતો થકો શુદ્ધજીવાસ્તિકાય સિવાયના અન્ય પદાર્થોને વશ થતો નથી. આમ જે સુસ્થિત રહેવું તે નિરુક્તિ (અર્થાત્ અવશપણાનો વ્યુત્પત્તિ-અર્થ) છે. એમ કરવાથી (-પોતામાં લીન રહી પરને વશ નહિ થવાથી) દુરિતરૂપી તિમિરપુંજનો જેણે નાશ કર્યો



છે એવા તે યોગીને સદા પ્રકાશમાન જ્યોતિ વડે સહજ અવસ્થા પ્રગટવાથી અમૂર્તપણું થાય છે. ॥ ૨૩૯ ॥

કોઈ યોગી સ્વહિતમાં લીન રહેતો થકો પોતાના શુદ્ધ જીવાસ્તિકાય સિવાયના અન્ય કોઈને વશ થતો નથી. હું અશરીરી પૂર્ણ ચિદાનંદઘન છું એવી દૃષ્ટિપૂર્વક અંદર એકાગ્રતામાં જાગ્રત રહે છે તે અવશ છે-સ્વતંત્ર છે, તે સંસારને સાધનાર પરતંત્ર નથી. આમ સ્વાશ્રિત નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-લીનતા વડે સુસ્થિત રહેવું તે નિરુક્તિ છે. (-અવશપણાનો નિરુક્તિ અર્થ છે.)

આવી શ્રદ્ધા થવી તે ગૃહસ્થનો પ્રથમ ધર્મ છે, વચ્ચે દયા-દાન-વ્રત-તીર્થયાત્રાનો શુભરાગ આવે પણ તે પુણ્ય છે, ધર્મ નથી. માટે પુણ્ય-પાપને વશ ન થવું જોઈએ એમ પ્રથમથી જ જાણવું જોઈએ, પણ પછી અમારે માટે શુભવ્યવહાર તો આવશે ને ? એમ આસ્રવની ભાવના કરે છે તેને મિથ્યાદૃષ્ટિપણું છે.

**લીન ભયો વ્યવહારમેં, મુક્તિ ન ઉપજે કોઈ;**
**દીન ભયો પ્રભુ પદ જપે, મુક્તિ કહાં સે હોય !**

પુણ્યાદિ પરવશ ન થવું એટલે મિથ્યાત્વરહિત પોતાના જ્ઞાતાસ્વભાવમાં એકાગ્ર રહેવું તે સ્વાધીનપણાનો વ્યુત્પત્તિ અર્થ છે.

પુણ્ય-પાપ પરવશપણું તે સંસાર છે, પરવશ ન થવું તે ઉપચાર કથન છે. પોતાના ત્રિકાળ સ્વતંત્ર પૂર્ણ ચિદાનંદની શ્રદ્ધાપૂર્વક એકાગ્ર નિર્વિકલ્પદશા તે સ્વવશપણું છે. પુણ્ય-પાપમય દુષ્કૃતરૂપી અંધકારના પુંજનો જેણે સ્વાશ્રય બળ વડે નાશ કર્યો છે એવા તે યોગીને સદા પ્રકાશમાન જ્ઞાનાનંદ જ્યોતિ દ્વારા સહજદશા પ્રગટવાથી અમૂર્તપણું (-સાક્ષાત સિદ્ધ, મુક્ત, પરમાત્મપણું) થાય છે.

**પ્રશ્ન :** ઉપદેશ સાંભળવાનો શુભભાવ તે દુષ્કૃત્ય-દુરિત શી રીતે ?

**ઉત્તર :** કોઈ પણ રાગ છે તે નિશ્ચયથી દુષ્કૃત્ય જ છે. જ્ઞાનીને સર્વત્ર રાગનિષેધક દૃષ્ટિ છે છતાં સત્ય ઉપદેશ, શ્રવણ, ભક્તિ, વ્રતાદિનો શુભ રાગ આવે છે તેને વ્યવહારથી સુકૃત-શુભ કહેવાય છે, રુચિમાં નિરંતર અરાગી જ્ઞાતાપણું જ ઉપાદેય છે. નીચલી ભૂમિકામાં શુભરાગ-વ્યવહાર હોય છે પણ તે કોઈ રીતે મોક્ષમાર્ગ નથી.

**પ્રશ્ન :** વ્યવહારથી-ઉપદેશથી લાભ નથી તો પછી જ્ઞાની શ્રવણનો, ભક્તિનો રાગ શા માટે કરે છે ?

**ઉત્તર :** રાગ હોય છે પણ તે કરવા જેવો છે એમ જ્ઞાની માનતા નથી. ગણધરદેવ પણ તીર્થંકર ભગવાન પાસે સાંભળે છે અને જેટલો રાગ છે તેને દોષ માને છે. શુભરાગને ઉપચારથી સુકૃત

કહેલ છે.

પુણ્યની રુચિ તે જ ઘોર સંસારરૂપ અંધારું છે. જેમ ઘરમાં જુદી પડેલી વસ્તુ પણ અંધારામાં જુદી દેખાય નહિ તેમ વિકારની રુચિ-પરાશ્રયદષ્ટિરૂપ અજ્ઞાનમાં સ્વ-પરની ભિન્નતા અને સ્વાશ્રય સ્વતંત્રતાનું ભાન થતું નથી.

**પ્રશ્ન** : **तपसा निर्जरा च** એટલે શું ?

**ઉત્તર** : સમ્યક્ત્વ સહિત પોતાના આત્મામાં ઉગ્ર એકાગ્રતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાનાનંદમાં લીન રહેતાં આહારાદિની ઈચ્છા ઉત્પન્ન ન થાય તેવી વીતરાગ શાંતદશાથી પ્રતાપવંત રહેવું તેનું નામ સાચી તપસ્યા છે, તે વડે શુદ્ધિની વૃદ્ધિરૂપ નિર્જરા થાય છે, પુણ્યરૂપ વ્યવહારથી નહિ.

આવા નિશ્ચયની પ્રાપ્તિ વિના દ્રવ્યલિંગ ધારી ગમે તેટલો તપ કરે તેને વ્યવહારથી પણ સુકૃત નથી. જ્ઞાનીને જેટલા અંશે વીતરાગતારૂપ તપ છે ત્યાં વ્રતાદિ શુભવિકલ્પને વ્યવહાર વ્રત-તપ કહેવાય છે.

જેણે પુણ્ય, નિમિત્ત, વ્યવહારમાં આત્માનું હિત માન્યું તેણે અરાગી, અશરીરી, મુક્તાનંદ સિદ્ધપણું ઠીક માન્યું નથી. અજ્ઞાની સંયોગ અને વિકારની ભાવના કરે છે, જ્ઞાની વ્યવહાર-પુણ્યાસ્રવની રુચિ અને ભાવના કદી કરે નહિ. કાયમ ચૈતન્યસ્વભાવની મુખ્યતા-એકાગ્રતા વીતરાગી દષ્ટિના બળ વડે હોય છે, બીજી રીતે નહિ.



## ગાથા ૧૪૩

**वट्टदि जो सो समणो अण्णवसो होदि असुहभावेण।**
**तम्हा तस्स दु कम्मं आवस्सयलक्खणं ण हवे॥ १४३ ॥**

**वर्तते यः स श्रमणोऽन्यवशो भवत्यशुभभावेन।**
**तस्मात्तस्य तु कर्मावश्यकलक्षणं न भवेत्॥ १४३ ॥**

**વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.**

**અન્વયાર્થ** : (**यः**) જે (**अशुभभावेन**) અશુભભાવ સહિત (**वर्तते**) વર્તે છે, (**सः श्रमणः**) તે શ્રમણ (**अन्यवशः भवति**) અન્યવશ છે; (**तस्मात्**) તેથી (**तस्य तु**) તેને (**आवश्यकलक्षणं कर्म**) આવશ્યકસ્વરૂપ કર્મ (**न भवेत्**) નથી.

જે અશુભભાવ સહિત વર્તે છે, તે શ્રમણ અન્યવશ છે; અને પરાશ્રય દૃષ્ટિ પરાશ્રય લીનતા હોવાથી તેને સ્વાધીનતારૂપ કાર્ય નથી. વર્તમાન શુભરાગ હોય છતાં શુદ્ધનું ભાન નથી તેને શુભરાગમાં મમત્વ છે. આસ્રવતત્ત્વની રુચિમાં પાપાનુબંધી પુણ્ય હોવાથી તે દ્રવ્યલિંગીને અશુભ સહિત મિથ્યાદષ્ટિ કહેલ છે.

**ટીકા** : વ્યવહારરત્નત્રય પરિણતિમાં રુચિવાળા જીવને પરાશ્રય બુદ્ધિનું બંધન છે તેને અવશપણું નથી.

જે શ્રમણાભાસ-દ્રવ્યલિંગી અપ્રશસ્ત રાગરૂપ-અશુભભાવ સહિત વર્તે છે, એટલે જેને એકલા શુભ વ્યવહારની રુચિ છે તેને અવિકાર જ્ઞાતાની અરુચિ છે તેથી તેને અનંતાઅનુબંધી ક્રોધયુક્ત અશુભસહિત કહ્યો છે. વર્તમાન શુભરાગને તોડી શીઘ્ર અશુભમાં-એકેન્દ્રિયમાં જવાનો છે, કેમ કે પરમાં કર્તૃત્વ-મમત્વરહિત એકલા ચૈતન્યજ્ઞાતાસ્વરૂપથી અન્ય એવા પરપદાર્થને તે વશ છે; તેથી તે જઘન્ય (સ્થૂળ વ્યવહાર, વ્યવહારાભાસરૂપ) રત્નત્રય પરિણતિવાળા જીવને સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાનરૂપ પરમ આવશ્યક કર્મ નથી.

સમયસારના આસ્રવ અધિકારમાં જઘન્ય રત્નત્રય(પર્યાય) જ્ઞાનીને કહેલ છે, અહીં વ્યવહારમાત્રમાં લીન મિથ્યાદષ્ટિને જઘન્ય અર્થાત્ તુચ્છ પરિણતિવાળો કહેલ છે. અહીં શૈલી એવી છે કે એકલા વ્યવહારરત્નત્રયનો જેને આશ્રય છે તે વ્યવહારથી શુભ સહિત હોવા છતાં નિશ્ચયથી તો તે અશુભ સહિત જ છે. કેમ કે શુદ્ધ અસંગ અતીન્દ્રિય સુખસ્વરૂપ છું એવું તેને ભાન નથી, તે વ્યવહારમાં ધર્મ માને છે. તે ભલે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, આગમજ્ઞાન અને વ્યવહાર સંયમ પાળે છતાં

તેને આસ્રવની ભાવના વર્તે છે તેથી તેની પરિણતિ જઘન્ય (-હલકી) છે. ખોટા હીરાની જેમ તેનાં રત્નત્રય જૂઠાં છે, અશુભ છે.

અશુભહેતુ - ભોજનઅર્થે દ્રવ્યલિંગ ગ્રહીને સ્વાત્મકાર્યથી વિમુખ રહેતો થકો સાચા તપશ્ચરણાદિ પ્રત્યે ઉદાસીન રહે છે અને પરાશ્રય વ્યવહારમાં ઉત્સાહી થાય છે.

જ્ઞાતા-દૃષ્ટાના અવલંબનથી વીતરાગતા થવી જોઈએ તે તેને થતી નથી. અતીંદ્રિય આત્માશ્રિત પરમ સુખની તૃપ્તિનો અનુભવ નહિ કરતો હોવાથી તે શ્રમણાભાસ જીવે ભોજનઅર્થે-ભોગ નિમિત્તે મુનિવેશ ધારણ કરેલ છે. વસ્ત્ર-પાત્રવાળાને વ્યવહારથી પણ દ્રવ્યલિંગી સાધુ ન કહેવાય. અહીં તો વ્યવહારરત્નત્રયથી તો વ્યવહારે ઠીક છે પણ સ્વાત્મકાર્યમાં-નિશ્ચયમાં મૂઢ છે તેથી અશુભ સહિત દ્રવ્યલિંગી કહેલ છે. તેના વ્રતાદિ આત્મસુખ માટે-સ્વાધીનતા માટે નથી પણ સંસાર ભોગ માટે છે. આત્મલીનતામાં ઉદાસીન અને પુણ્ય-પાપ વ્યવહારમાં ઉત્સાહ સહિત હોવાથી જિનમંદિર, ક્ષેત્ર, મકાન, ધન-ધાન્યાદિકમાં મમત્વ કરે જ છે. ધર્મના નામે મોહની વાસનાનું સ્વરૂપ ફર્યું છે. આત્મામાં આનંદની પીપાસા માટે તેણે મુનિપણું ગ્રહ્યું નથી.

કુંદકુંદાચાર્ય આદિ મહા મુનિનાથ જેઓ નગ્ન દિગંબર ભાવલિંગી સંત હતા. તેઓ કહે છે કે એકલા વ્યવહારની રુચિવાળાને પરદ્રવ્યોમાં કર્તૃત્વ-મમત્વબુદ્ધિ અને આત્માનંદની અરુચિરૂપ અશુભ હોવાથી તે જીવ પેટ ભરવા માટે મુનિવેશ ધારે છે, ચૈતન્ય પ્રત્યે ઉદાસીન તે વ્યવહાર પ્રત્યે ઉત્સાહવાન સંસારી છે.

**માહ વદ ૪, ગુરુવાર, ૧૪-૨-૫૨.**

આવશ્યક એટલે કે મુનિઓને જરૂરિયાતવાળું કર્તવ્ય શું છે ? તેનું આ વર્ણન છે. અવશપણું તે આવશ્યક કર્મ છે. પરવશપણું નહિ એટલે કે સ્વવશપણું તે જ આવશ્યક છે.

જે જીવ પોતાના શુદ્ધ જ્ઞાનાનંદ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરીને આત્મવશ નથી રહેતો, ને તેમાં બેદરકાર રહે છે તેને અહીં શ્રમણાભાસ કહ્યો છે, પરમાત્માએ જેવો પરિપૂર્ણ સ્વભાવ કહ્યો છે તેવા સ્વભાવની શ્રદ્ધા કરીને તેમાં લીન થવું તે જ આવશ્યક છે, તેમાં સામાયિક વગેરે બધું સમાઈ જાય છે. ભલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે, પંચમહાવ્રત પાળે, પણ જેને 'હું જ્ઞાનાનંદ આત્મા છું' એવું ભાન નથી, ને પરદ્રવ્યમાં મમતા કરે છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, તે સ્વવશ નથી પણ પરવશ છે, તેથી તેને આવશ્યક કર્મ નથી. ચૈતન્યસ્વભાવને જાણ્યો નહિ તેને બહારમાં જિનમંદિર વગેરેમાં 'આ મારું છે' એવી મમતા થાય છે. અંતરમાં મારો આત્મા જ જિનેંદ્રમંદિર છે એવું ભાન નથી તેથી બહારમાં જિનમંદિર-મકાન વગેરેમાં પોતાપણું માનીને મમતા કરે છે, તે મિથ્યાદૃષ્ટિ છે.

શુભભાવ વખતે જિનેંદ્રદેવની ભક્તિનો ભાવ આવે, પણ આ જિનમંદિર મારા ઉપદેશથી થયું



માટે મારું છે, એવી મમતા કરે છે તે તો અજ્ઞાની છે. ગૃહસ્થને મકાન વગેરેનો ભાવ હોય, પરંતુ ''મારે લીધે મકાન થાય છે, મકાનનો હું કર્તા છું, મકાન મારું છે'' એવી માન્યતા કરે તો તે પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. ધર્મી તો સમજે છે કે પરદ્રવ્યને હું કરતો નથી, હું તો તેનો જ્ઞાતા છું, રાગ આવે છે તેટલો મારો અપરાધ છે. પરદ્રવ્યનો હું કર્તા એમ માન્યું તે તો સર્વથા પરવશ છે, તેને શુદ્ધ આત્માનું ભાન પણ નથી તો સ્વવશપણું ક્યાંથી હોય ?

અજ્ઞાની માને કે હું પરને કરું છું, તેમ દ્રવ્યલિંગી ત્યાગી પણ જો એમ માને કે હું વિદ્યાશાળા-મકાન-મંદિર વગેરે કરાવી દઉં છું તો તે પણ અજ્ઞાની છે. પરપદાર્થની પર્યાય આત્મા કરી શકતો જ નથી. પરથી ભિન્ન આત્માને જાણીને તેમાં લીન થવું તે જ અવશપણું છે, ને તે જ આવશ્યક કર્મ છે. આ ક્ષેત્ર મારું, આટલી જમીન મારી -એમ અજ્ઞાની માને છે. પણ આત્મા તો અરૂપી ચૈતન્ય, ને જમીનનું ક્ષેત્ર તો જડ ! -તે આત્માનું ક્યાંથી હોય ? આત્મા તો જ્ઞાનસ્વભાવી ચિદાનંદ ભગવાન છે, તેને ચૂકીને બહારના ક્ષેત્રની મમતા કરે તે મિથ્યાદૃષ્ટિ છે.

મારા ઉપદેશની અસરથી સામા જીવ પાસે લાખો રૂપિયા દાનમાં ખરચાવ્યા એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. કોઈ એમ કહે કે અમારી પાસે પૈસા નથી પણ અમારા ઉપદેશની રમઝટ બોલાવીને બીજા પાસેથી લાખો રૂપિયા ખંખેરી નાંખીએ -એમ માનનારને હજી તો વાણીનું અભિમાન છે. ને મારી વાણીને લીધે પર ઉપર અસર થાય એમ તે માને છે, તે મિથ્યાબુદ્ધિ છે.

મારો તો જ્ઞાનાનંદ આત્મા જ છે; એ સિવાય દેવ-ગુરુ-શાસ્ત્ર કે ધન-ધાન્ય વગેરે કાંઈ મારું નથી. રાગની વૃત્તિ ઊઠે તે પણ ખરેખર મારું સ્વરૂપ નથી. એવા ભાનપૂર્વક ચૈતન્યમાં સહજ લીનતા થતાં મુનિદશા પ્રગટે છે ને ત્યાં દેહની સ્થિતિ પણ સહજ દિગંબર થઈ જાય છે; આવી મુનિદશા છે. તેથી જેને ભાન નથી ને બહારના પદાર્થોમાં ''આ મારું છે'' એવી બુદ્ધિ કરે છે તે મુનિ નથી પણ મિથ્યાદૃષ્ટિ છે, તેને આવશ્યક ક્રિયા હોતી નથી.

હવે ૧૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :

**શ્લોક ૨૪૦**

(मालिनी)

**अभिनवमिदमुच्चैर्मोहनीयं मुनीनां**
**त्रिभुवनभुवनान्तर्ध्वांतपुंजायमानम्।**
**तृणगृहमपि मुक्त्वा तीव्रवैराग्यभावाद्**
**वसतिमनुपमां तामस्मदीयां स्मरन्ति।। २४०।।**

**શ્લોકાર્થ** : ત્રિલોકરૂપી મકાનમાં રહેલા (મહા) તિમિરપુંજ જેવું મુનિઓનું આ (કોઈ) નવું

તીવ્ર મોહનીય છે કે (પહેલાં) તેઓ તીવ્ર વૈરાગ્યભાવથી ઘાસના ઘરને પણ છોડીને (પછી) 'અમારું તે અનુપમ ઘર !' એમ સ્મરણ કરે છે ! ॥ ૨૪૦ ॥

ઊર્ધ્વ, મધ્ય અને અધો એવા ત્રણ લોકરૂપી આ મકાન છે. તે ત્રિલોકરૂપી મકાનમાં રહેલા અંધારાના જેવો અજ્ઞાનીનો મોહ છે કે પહેલાં તો વૈરાગી થઈને રાજપાટ-હાથી-ઘોડા-મહેલ બધું છોડ્યું - ઘાસની ઝૂંપડીને પણ છોડી, ને મુનિ થયો. છતાં મુનિ થઈને પણ ''આ મારું અનુપમ ઘર !'' એમ મોહથી મમતા કરે છે. અનુપમ એવો પોતાનો ચૈતન્ય છે તેને ચૂકીને મકાનને યાદ કરે છે કે ''અહો ! અમારું તે અનુપમ ઘર !'' તે તીવ્ર મોહ છે. ''મારે આવું ઘર હતું, મારે આવા બંગલા હતા, અને મેં તેને છોડ્યા'' એમ પરદ્રવ્યને પોતાનું માનીને સ્મરણ કરે છે તે દ્રવ્યલિંગી મુનિનો તીવ્ર મોહ છે - એટલે કે તેને આત્મવશ એવું આવશ્યક કર્મ નથી. એક ઘાસની ઝૂંપડી જેવું મકાન છોડ્યું ને પાછો કહે છે કે ''અમારું તે અનુપમ ઘર !'' એમ મોહથી તે સ્મરણ કરે છે.

અરે ભાઈ ! તારી ૠદ્ધિ તો તારા અંતરમાં છે. મકાન વગેરેમાં તારી ૠદ્ધિ નથી. નાટક સમયસારમાં કહ્યું છે કે :

**સ્વારથકે સાચે પરમારથકે સાચે ચિત્ત,**
**સાચે સાચે બૈન કહૈં સાચે જૈનમતી હૈં।**
**કાહૂકે વિરુદ્ધિ નાહિ પરજાય-બુદ્ધિ નાહિ,**
**આતમગવેષી ન ગૃહસ્થ હૈ ન જતી હૈં॥**
**રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દીસૈ ઘટમેં પ્રગટ સદા,**
**અંતરકી લચ્છિસૌં અજાચી લચ્છપતી હૈં।**
**દાસ ભગવંત કે ઉદાસ રહૈં જગતસૌં,**
**સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં॥**

જુઓ, આ ધર્મી જીવની અંદરની ૠદ્ધિ ! ધર્મી ગૃહસ્થ પણ પોતાની ચૈતન્યૠદ્ધિ સિવાય બહારના એક રજકણને પણ પોતાનો માનતો નથી. હું તો ચૈતન્યમૂર્તિ આત્મા છું, તે જ મારી ૠદ્ધિ છે, એવા ભાનમાં તેને અંતરમાં ચૈતન્યની રિદ્ધિ, સિદ્ધિ ને વૃદ્ધિ સદા પ્રગટ છે. આવા સ્વભાવનું લક્ષ કરે તે જ સાચો લક્ષપતિ છે. આવો સમ્યગ્દૃષ્ટિ જીવ સદા સુખી છે. જેને આવું ભાન નથી તેને મુનિ કે ધર્મી કહેતા નથી.



**શ્લોક ૨૪૧**

(शार्दूलविक्रीडित)

**कोपि क्वापि मुनिर्बभूव सुकृती काले कलावप्यलं**
**मिथ्यात्वादिकलंकपंकरहितः सद्धर्मरक्षामणिः।**
**सोऽयं संप्रति भूतले दिवि पुनर्देवैश्च संपूज्यते**
**मुक्तानेकपरिग्रहव्यतिकरः पापाटवीपावकः॥ २४१॥**

**શ્લોકાર્થ** : કળિકાળમાં પણ ક્યાંક કોઈ ભાગ્યશાળી જીવ મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત અને સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે. જેણે અનેક પરિગ્રહોના વિસ્તારને છોડ્યો છે અને જે પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે તે આ મુનિ આ કાળે ભૂતળમાં તેમ જ દેવલોકમાં દેવોથી પણ સારી રીતે પૂજાય છે. ॥ ૨૪૧ ॥

પંચમકાળમાં પણ ક્યાંક કોઈક ભાગ્યશાળી સત્ પુરુષાર્થી જીવ મિથ્યાત્વાદિરૂપ મળરહિત નિર્વિકલ્પ આત્મદશા તે આવશ્યક છે તેને અંગીકાર કરે છે તે સદ્ધર્મરક્ષામણિ એવો સત્યાર્થ ચિદાનંદમાં જાગ્રત રહી પોતાના સ્વાશ્રિત વીતરાગધર્મની મિથ્યાભાવોની રક્ષા કરવામાં સમર્થ મુનિ થાય છે. જેણે અનેક પરિગ્રહોના વિસ્તારને છોડ્યો છે, પરના ગ્રહણ-ત્યાગ રહિત જ્ઞાનમાત્ર છું એવા ભાન સહિત વસ્ત્ર-પાત્રાદિનો ત્યાગ છે, એક શરીરમાત્ર પરિગ્રહ છે, પીંછી-કમંડલ તે ઉપચરિત પરિગ્રહ છે, સંયમહેતુ શરીર સંબંધી આહાર-વિહારની ઈચ્છા છે તેટલી અપેક્ષાએ દેહમાત્ર પરિગ્રહ છે.

અને જે પુણ્ય-પાપરૂપી વિકટ વનને બાળનાર અગ્નિ છે, અર્થાત્ ચૈતન્યમાં એવો એકાગ્ર થઈ રહે છે કે વિભાવની ઉત્પત્તિ જ થતી નથી, એવો તે મુનિ આ કાળે મનુષ્યલોકમાં તથા દેવલોકમાં પણ દેવોથી સારી રીતે પૂજાય છે. સ્વર્ગે જનાર સમ્યગ્દૃષ્ટિ મહર્ધિકદેવનું પદ પામે છે.

**શ્લોક ૨૪૨**

(शिखरिणी)

**तपस्या लोकेस्मिन्निखिलसुधियां प्राणदयिता**
**नमस्या सा योग्या शतमखशतस्यापि सततम्।**
**परिप्राप्यैतां यः स्मरतिमिरसंसारजनितं**
**सुखं रेमे कश्चिद्बत कलिहतोऽसौ जडमतिः॥ २४२॥**

**શ્લોકાર્થ** : આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે; તે યોગ્ય તપશ્ચર્યા સો ઈંદ્રોને પણ સતત વંદનીય છે. તેને પામીને જે કોઈ જીવ કામાન્ધકારયુક્ત સંસારથી જનિત સુખમાં

રમે છે, તે જડમતિ અરેરે ! કળિથી હણાયેલો છે (-કળિકાળથી ઈજા પામેલો છે). ॥ ૨૪૨ ॥

જ્ઞાનીને દેહ, ધન, સ્ત્રી, આબરૂની પ્રીતિ નથી પણ તપશ્ચર્યા (-મુનિપાણું ) સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણરૂપ પ્યારી છે, બધા સમ્યગ્દષ્ટિઓ તેને ઉત્તમ માને છે. તપનો અર્થ આત્મજ્ઞાનપૂર્વક નિર્ગ્રંથ વીતરાગ મુનિદશા છે. જ્ઞાની ગૃહસ્થ સંયમધારી ન થઈ શકે તો પણ નિત્ય તેની ભાવના ભાવે છે. અહો ! હું ચૈતન્યમાં ઉગ્ર રમણતા ક્યારે કરીશ ? અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? જ્ઞાન-ધ્યાનમાં મસ્ત દિગંબર મુનિ ક્યારે થઈશ ? એમ પ્રીતિથી ભાવે છે, હઠથી મુનિપાણું નથી.

કેવી છે તે મુનિદશા ? કે તે સો ઈંદ્રોને પણ સતત વંદ્ય છે. સતત વંદનીય છે. તે મુનિપદ તુચ્છ નથી, ગણધરદેવ પણ વંદે છે. તે મહાન ગુરુપદ પામીને જે ભોગાદિમાં સુખ માને છે, કામ અંધકારરૂપ સંસારથી ઉત્પન્ન સુખમાં રમે છે, વ્યવહારનો પક્ષ કરી પુણ્યાદિ વિકારમાં ઉત્સાહી થઈ જ્ઞાતામાત્ર સ્વભાવધર્મનો વિરોધ કરે છે તે જડમતિ અરેરે ! કળિકાળરૂપ પાપવાસનાથી હણાયેલા છે. પંચમકાળ કાંઈ કરતો નથી. જેવા ભલાભૂંડા ભાવ કરે તેમાં કાળ તો નિમિત્તમાત્ર છે. સ્વપુરુષાર્થને ચૂક્યો તેને પરકાળથી હણાયો એમ ઉપચારથી કહેલ છે.

છ આવશ્યક નિર્વિકાર આત્મદશામાં સમાય છે, દેહની ક્રિયામાં નહીં.

**માહ વદ ૪, મંગળવાર, ૧૫-૨-૫૨.**

**શ્લોક ૨૪૩**

(आर्या)

**अन्यवशः संसारी मुनिवेषधरोपि दुःखभाङ्नित्यम्।**
**स्ववशो जीवन्मुक्तः किंचिन्न्यूनो जिनेश्वरादेषः॥ २४३॥**

**શ્લોકાર્થ** : જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તો પણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે). ॥ ૨૪૩ ॥

જ્ઞાનસ્વરૂપમાં લીનતાની દૃષ્ટિપૂર્વક વીતરાગતારૂપ સ્વવશ રહેવું તે જીવન્મુક્ત છે. અવશ્ય કરવા યોગ્ય તો અંતરમાં-સ્વમાં ઠરવાની ક્રિયા છે. પુણ્યાદિની ક્રિયા તે ધાર્મિક ક્રિયા નથી. જેટલો શુભરાગ કરે તે પુણ્યબંધનની ક્રિયા છે, તેનું જેને ભાન નથી, તે શુભાશુભ ભાવને તાબે છે. ભલે તે દ્રવ્યલિંગી મુનિ હોય પણ પુણ્ય-રાગમાં લીન હોવાથી તે સંસારી છે.

લોકો કહે છે કે 'આણે સંસાર છોડ્યો'. વળી તે દ્રવ્યલિંગી પણ પોતાને ત્યાગી માને છે, છતાં પુણ્ય-વ્યવહાર વિકારથી લાભ માન્યો તેણે સંસાર કોઈ પ્રકારે છોડ્યો નથી. તેણે મિથ્યાત્વરૂપ સંસારને



સારી રીતે પકડેલ છે. એ અપેક્ષાએ તે મુનિવેશધારી જીવ વ્રત, તપાદિ કરે છતાં નિત્ય દુઃખ ભોગવનાર સંસારી છે.

અને ચૈતન્ય સહજાનંદના આશ્રયથી જ લાભ માનનાર અંતર્લીનતાવાળો જીવ જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે. તે વીતરાગ ચારિત્રને કારણે જિનેશ્વરપદ-કેવળજ્ઞાન નજીક થયેલો છે.

વીતરાગી શ્રદ્ધા અપેક્ષાએ તે જિન છે અને ચારિત્રમાં અંશે જિન છે. પૂર્ણની સન્મુખ છે. નિશ્ચય ચારિત્રની મુખ્યતા છે, ચારિત્ર તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે. પરસંબંધીનું ઓછું વધતું જ્ઞાન તે મુખ્ય નથી.

**શ્લોક ૨૪૪**

(आर्या)

**अत एव भाति नित्यं स्ववशो जिननाथमार्गमुनिवर्गे।**
**अन्यवशो भात्येवं भृत्यप्रकरेषु राजवल्लभवत्॥ २४४॥**

**શ્લોકાર્થ** : આમ હોવાથી જ જિનનાથના માર્ગને વિષે મુનિવર્ગમાં સ્વવશ મુનિ સદા શોભે છે; અને અન્યવશ મુનિ નોકરોના સમૂહોમાં *રાજવલ્લભ (* (ખુશામતથી)રાજાનો માનીતો થયેલો) નોકર સમાન શોભે છે (અર્થાત્ જેમ આવડત વિનાનો, ખુશામતિયો નોકર શોભતો નથી તેમ અન્યવશ મુનિ શોભતો નથી). ॥ ૨૪૪ ॥

આમ હોવાથી જ જિનનાથના માર્ગ વિષે મુનિવર્ગમાં સ્વવશ મુનિ સદા શોભે છે. નિત્ય સ્વરૂપપ્રત્યક્ષ કારણપરમાત્માની સન્મુખ, ચિદાનંદમાં લીનતાવાન મુનિ શોભે છે. કોઈ વ્યવહાર, પુણ્ય-વિકલ્પવશ શુભક્રિયાકાંડ બહુ કરનાર હોય, નિમિત્તાધીન દૃષ્ટિવાન હોય તેની શોભા વીતરાગ-માર્ગમાં નથી. તેથી તે અન્યવશ-પરાશ્રય દૃષ્ટિવાન મુનિ કેવો છે ? કે જેમ નોકરસમૂહમાં રાજા-શેઠિયાની ખુશામત કરનારો, આવડત વિનાનો મૂર્ખ નોકર શોભતો નથી (ડાહ્યો સેવક જ્ઞાનકળાથી ખુશી કરે અને જાડી બુદ્ધિવાળો ખુશામતથી માલિકને રાજી રાખવા માગે છે) તેમ વ્યવહાર-વ્રતાદિ ક્રિયાકાંડ દ્વારા લોકરંજન કરતો હોય, લોકો ભલે તેને સારો માને પણ તે આત્માનુભવરહિત હોવાથી, નિશ્ચય આવશ્યકસ્વરૂપ એકાગ્ર આનંદમાં લીન મુનિઓમાં તે શોભતો નથી.

## ગાથા ૧૪૪

**जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो।**
**तम्हा तस्स दु कम्मं आवसयलक्खणं ण हवे॥ १४४॥**

**यश्चरति संयतः खलु शुभभावे स भवेदन्यवशः।**
**तस्मात्तस्य तु कर्मावश्यकलक्षणं न भवेत्॥ १४४॥**

**સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.**

**અન્વયાર્થ** : (यः) જે (જીવ) **(संयतः)** સંયત રહેતો થકો **(खलु)** ખરેખર **(शुभभावे)** શુભભાવમાં **(चरति)** ચરે-પ્રવર્તે છે, **(सः)** તે **(अन्यवशः भवेत्)** અન્યવશ છે; **(तस्मात्)** તેથી **(तस्य तु)** તેને **(आवश्यकलक्षणं कर्म)** આવશ્યકસ્વરૂપ કર્મ **(न भवेत्)** નથી.

જે જીવ એકલા વ્યવહારથી સંયત રહી ખરેખર વ્રત, તપાદિના શુભભાવોમાં વર્તે છે તે અન્યવશ મિથ્યાદષ્ટિ છે; તેને આવશ્યકરૂપ શુદ્ધ કર્મ નથી.

**ટીકા** : અહીં પરાશ્રયની શ્રદ્ધા-વ્યવહારમાં લીનતાવાન એવા અશુદ્ધ અંતરાત્માનું લક્ષણ કહ્યું છે.

જે શ્રમણ ખરેખર જિનેંદ્રના મુખકમળમાંથી નીકળેલા પરમ આવશ્યક શાસ્ત્રમાં જે રીતે વ્યવહાર ક્રિયાનો અધિકાર છે તે રીતે વ્યવહારમાત્રમાં સદા સંયત રહેતો થકો, દયા-વ્રતાદિ શુભોપયોગમાં પ્રવર્તે છે; પરાશ્રય વ્યવહાર ધર્મધ્યાનમાં રોકાય છે તેથી જ શુભ કર્મચેતનાનું આચરણ જેને મુખ્ય છે એવો તે (૧) સ્વાધ્યાય કાળશુદ્ધિને અવલોકતો શાસ્ત્રોને ભણે છે-ભણાવે છે-અંદર જ્ઞાતાદષ્ટામાં એકાગ્રતારૂપ સ્વાધ્યાયની તેને ખબર નથી, તેથી તે પાંચ પ્રકારના વ્યવહાર સ્વાધ્યાયમાં લીન છે. (૨ થી ૫) પ્રતિદિન એકવાર ભોજન પછી ચારે આહારનું પ્રત્યાખ્યાન કરે છે. (૬,૭,૮) ત્રણ સંધ્યા વખતે (-સવાર, બપોર ને સાંજે) ભગવાન અર્હત પરમેશ્વરની લાખો સ્તુતિ (-ઘણી સ્તુતિરૂપ મધુર શબ્દો) બોલે છે, પણ તે શુભ રાગ છે. (૯,૧૦,૧૧) ત્રણે કાળે વ્યવહાર નિયમોમાં તત્પર -સાવધાન રહે છે- એ રીતે દિવસ-રાત થઈને અગિયાર ક્રિયામાં તત્પર રહે છે.

મુનિને છઠ્ઠા ગુણસ્થાને સ્તુતિ વગેરેનો શુભરાગ આવ્યા વિના રહે નહિ પણ તેને તેમાં રુચિ-આદર-લીનતા નથી.

પાક્ષિક, માસિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ સાંભળવાથી ઊપજેલા શુભરાગમય



સંતોષથી જેનું ધર્મશરીર (-પોતાનું માનેલું પુણ્ય-વ્યવહારરૂપ શરીર) રોમાંચથી છવાઈ જાય છે. અહો ! 'ખમાવું છું, ખમાવું છું' એમ વ્યવહારલીન અભિપ્રાયમાં તૃપ્તિ અનુભવે છે પણ તે તો પરાલંબી શુભભાવ છે. મુનિને પણ પ્રતિક્રમણાદિના શુભવિકલ્પ હોય પણ તેનાથી ધર્મ માને નહિ. નિર્વિકલ્પ નિશ્ચય જ્ઞાતાદષ્ટામાં એકાગ્રતાથી જ ધર્મ થાય છે, એમ તેઓ માને છે.

વળી અનશન (-આહારની અશુભ ઈચ્છાનો ત્યાગ), અવમૌદર્ય, રસપરિત્યાગ, વૃત્તિપરિસંખ્યાન (અશુભમાં ન જવાય એવો અભિગ્રહ, નિયમ), વિવિક્ત શય્યાસન (એકાંત સ્થાનમાં વસવું તે પણ અંદર અતીંદ્રિય નિર્વિકલ્પ જ્ઞાનમંદિર એકલો આત્મા છે તેમાં ઠરવું તે સમ્યક્ એકાંત છે તેની તેને ખબર નથી), કાયક્લેશ (-કઠીન આસનાદિ) તેમાં કષાય મંદ કરે તો પુણ્ય છે, ધર્મ નથી. હેય બુદ્ધિપૂર્વક શુભ વિકલ્પ આવે તે જુદી વાત છે પણ તેમાં લીન છે, હું તેમાં આગળ વધુ એમ સતત બાહ્ય આલંબનના ઉત્સાહમાં સાવધાન રહે છે, નિરાલંબી શાંતિમાં આગળ વધવાનું તેને સૂઝતું નથી. તેથી તે છ બાહ્ય તપમાં સતત ઉત્સાહ પરાયણ રહે છે.

વળી તે સ્વાધ્યાય, ધ્યાન, શુભાચરણથી ચ્યુત થતાં ફરી તેમાં અતિચાર ટાળી સ્થિર થાય છે તે રૂપ પ્રાયશ્ચિત્ત (પણ, વસ્તુ પોતે જ અરાગી ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ પ્રાયશ્ચિત્ત છે તેમાં એકતારૂપ અવલંબનની ખબર નથી).

**વિનય** : સાચા દેવાદિ પરદ્રવ્યનો આદર બરાબર કરે છે, નિજ શુદ્ધાત્મદેવમાં ઠરવું તે નિશ્ચય વિનયથી ભૂલેલો છે.

**વૈયાવૃત્ય** : ગુરુઓની સેવાનો ભાવ કરે છે, અંદર સહજાત્મસ્વરૂપ પરમ ગુરુની નિશ્ચયરત્નત્રય સેવા કરતો નથી.

**કાયોત્સર્ગ** : (વ્યુત્સર્ગ) મિથ્યાત્વ રાગાદિરૂપ અશુદ્ધ આત્માને વોસરું-ત્યાગું છું એમ વિકલ્પ કરે છે પણ નિર્વિકલ્પ વિજ્ઞાનઘનને ભૂલી વ્યવહાર-રાગરૂપ તપના આચરણમાં જે કુશળ-ચતુર છે, પણ નિશ્ચય અંતર્મુખ વળતો નથી. તે સંસારભોગની ઈચ્છા વગરનો હોવા છતાં સાક્ષાત્ મોક્ષના કારણરૂપ નિશ્ચયરત્નત્રયરૂપ મુનિપણું તે રૂપ સ્વાત્માશ્રિત આવશ્યક વીતરાગ ક્રિયા -કે જે નિશ્ચયથી કારણપરમાત્મસ્વરૂપ અંતઃતત્ત્વમાં વિશ્રાંતિરૂપ નિશ્ચય ધર્મધ્યાન તથા નિશ્ચય શુક્લધ્યાનરૂપ છે તેને તે જાણતો નથી.

તેથી પુણ્ય-રાગરૂપ પરદ્રવ્યમાં પરિણત હોવાથી, રાગમાં રોકાયો હોવાથી તેને પરભાવરૂપ પરિગ્રહ ધારણ કરનાર, અન્યવશ, પરાધીન, દુઃખી કહેવામાં આવ્યો છે. લોકો માને કે અહો ! તે ત્યાગી છે, સ્વતંત્ર છે, પણ તે પરતંત્ર છે.

જેનું ચિત્ત વ્યવહારતપમાં લીન છે એવો આ અન્યવશ મુનિ મિથ્યાત્વસહિત પાપાનુબંધી પુણ્ય

બાંધી, દેવલોકાદિના ક્લેશની પરંપરા પામવાથી શુભ ઉપયોગના ફળસ્વરૂપ શુભરાગરૂપી અંગારાથી શેકાય છે. પ્રમોદ સહિત ભક્તિ કરતાં પુલકિત થાય છતાં તેના ફળમાં ક્લેશ છે. મિથ્યાત્વનું ફળ ક્લેશ છે તેથી તેના વ્યવહારરત્નત્રયને પરંપરા મોક્ષકારણમાં ગણ્યું નથી. પણ ક્લેશની પરંપરામાં ગણ્યાં છે.

પુણ્યથી મોટો શેઠ થાય, બધી વાતે અનુકૂળતા દેખાય પણ તે આકુળતા છે. અતીંદ્રિય સુખનો સંતોષ ક્યાં છે અને તે કેમ પ્રગટે તેની તેને ખબર નથી, તેથી તે દુઃખી છે. જ્યારે તે સવળા પુરુષાર્થથી આસન્નભવ્યતારૂપી ગુણનો વિકાસ કરે છે, અંદરમાં મોક્ષની લાયકાતની નજીકતા પ્રગટ કરે છે, તે યોગ્યતા થતાં પરમગુરુ-સાચા ગુરુના પ્રસાદથી પ્રાપ્ત પરમતત્ત્વના શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધરત્નત્રયદશાને પ્રગટ કરે તો જ અને ત્યારે જ નિર્વાણને પામે છે. ગુરુ પાસેથી પરમ તત્ત્વને સાંભળ્યું ને પોતે સમજ્યો ત્યારે તેને નિમિત્ત કહેવાય છે. વચ્ચે હેયપણે વ્યવહાર આવે તે ગૌણ છે. પરાશ્રય-પરસન્મુખતારૂપ વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે એમ ગુરુએ કહ્યું નથી.

જે મોક્ષની યોગ્યતા નજીક લાવી સાચું સમજ્યો તેને નિમિત્તરૂપે આવું કહેનારા ગુરુ હોય છે, એમ પણ જાણવું જોઈએ.

**માહ વદ ૫, શનિવાર, ૧૬-૨-૫૨.**

આસન્નભવ્યતા = પરથી જુદો જ્ઞાનાનંદ છું એવા પરમ તત્ત્વની શ્રદ્ધાને યોગ્ય થાય તે પરમ ગુરુના પ્રસાદથી સમજ્યો કહેવાય. સાચા ગુરુના ઉપદેશિત અભિપ્રાયને સમજવાની લાયકાત પ્રગટ કરી ત્યારે નિમિત્તનો ઉપકાર કહેવાયો. સમજ્યો ત્યારે ભવ્યત્વગુણની નિર્મળતા પ્રગટ થઈ. સમજાવનારે જેવું કહ્યું તેવું જ આ સમજ્યો, જ્ઞાનીના અભિપ્રાય સાથે સમાનતા થઈ કે આવું નિર્મળ પરમ તત્ત્વ છે, તેના નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પરિણતિથી જ મોક્ષ છે, વ્યવહાર-રાગથી નહિ. જે પુણ્યાસ્રવથી મોક્ષનો ઉપાય બતાવે છે તે વીતરાગમાર્ગથી વિરુદ્ધ છે, મિથ્યાદષ્ટિ છે.

**શ્લોક ૨૪૫**

(हरिणी)

**त्यजतु सुरलोकादिक्लेशे रतिं मुनिपुंगवो**
**भजतु परमानन्दं निर्वाणकारणकारणम्।**
**सकलविमलज्ञानावासं निरावरणात्मकं**
**सहजपरमात्मानं दूरं नयानयसंहतेः ॥ २४५ ॥**

**શ્લોકાર્થ** : મુનિવર દેવલોકાદિના ક્લેશ પ્રત્યે રતિ તજો અને નિર્વાણના કારણનું કારણ એવા સહજપરમાત્માને ભજો -કે જે સહજપરમાત્મા પરમાનંદમય છે, સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ



છે, નિરાવરણસ્વરૂપ છે અને નય-અનયના સમૂહથી (સુનયો તથા કુનયોના સમૂહથી) દૂર છે. ॥ ૨૪૫ ॥

હે મુનિ ! સ્વર્ગલોક વગેરે પુણ્યપદના ક્લેશ પ્રત્યે રતિ તજો. દયા, દાન, સામાયિકના વિકલ્પની રુચિ છે ત્યાં તેના ફળમાં (-દેવાદિ પુણ્યના સંયોગમાં) રતિ છે માટે નિત્યાનંદની રુચિ દ્વારા તે પુણ્યરૂપ ક્લેશની રુચિ તજો તેમાં કિંચિત્ કલ્યાણ નથી અને નિર્વાણનું કારણ શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગ છે ને તેનું કારણ તે કારણપરમાત્મા ''સહજ ચિદાનંદરૂપી શિવોऽહં શિવોऽહં''ને ભજો - તે સહજ પરમાત્મા નિત્ય પરમાનંદમય છે તેથી તેમાં સદા સંતુષ્ટ, તૃપ્ત, લીન થાઓ. દુઃખમય ખોટા ફળને છોડવું હોય તો તેનું કારણ જે પુણ્ય તેની રુચિ છોડો, વિપરીતબુદ્ધિ છોડી, સ્વભાવબુદ્ધિ કરો.

વળી કેવો છે તે સહજ પરમાત્મા ? તો કે સર્વ પ્રકારે નિર્મળ જ્ઞાનનું ધામ છે, નિત્ય નિરાવરણ-સ્વરૂપ છે, અને તે દ્રવ્યસ્વભાવમાં સુનય-કુનયના વિકલ્પ નથી. નિશ્ચયનય, વ્યવહારનય, પ્રમાણ તે ઉપયોગાત્મક શ્રુતજ્ઞાન છે તે અંતઃતત્ત્વસ્વરૂપ દ્રવ્યમાં નથી. તેના વિકલ્પથી જે પાર છે એવા સ્વદ્રવ્યમાં એકાગ્ર દૃષ્ટિથી સ્થિરતારૂપ ભજન કર. એ જ સત્શાસ્ત્રોનો સાર છે, તીર્થંકરોના દિવ્યધ્વનિમાં કહેલ તાત્પર્ય છે.

## ગાથા ૧૪૫

**दव्वगुणपज्जयाणं चित्तं जो कुणइ सो वि अण्णवसो।**
**मोहंधयारववगयसमणा कहयंति एरिसयं॥ १४५॥**

**द्रव्यगुणपर्यायाणां चित्तं यः करोति सोप्यन्यवशः।**
**मोहान्धकारव्यपगतश्रमणाः कथयन्तीदृशम्॥ १४५॥**

**જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,**
**તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.**

**અન્વયાર્થ** : (यः) જે (**द्रव्यगुणपर्यायाणां**) દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં (અર્થાત્ તેમના વિકલ્પોમાં) (**चित्तं करोति**) મન જોડે છે, (**सः अपि**) તે પણ (**अन्यवशः**) અન્યવશ છે; (**मोहान्धकारव्यपगतश्रमणाः**) મોહાન્ધકાર રહિત શ્રમણો (**ईदृशम्**) આમ (**कथयन्ति**) કહે છે.

જે દ્રવ્ય-ગુણ-પર્યાય, છ દ્રવ્ય, નવ તત્ત્વ વગેરેના વિકલ્પમાં મન જોડે છે, તેના વિકલ્પમાં રોકાઈ તેમાં ધર્મ માને છે તે પણ અન્યવશ-રાગવશ છે, તે નિરાલંબી ચૈતન્યને તાબે નથી, એટલે કે સ્વાશ્રિત નથી. આત્મા અખંડાનંદ ધ્રુવ જ્ઞાયકમાત્ર છે તેમાં રુચિ કરતો નથી, તેમાં ઠરતો નથી તે રાગમાં અટકેલ છે. તેથી તે અન્યવશ છે. તેને કલ્યાણનો માર્ગ નથી એમ નિર્મોહી મુનિઓએ કહ્યું છે.

દ્રવ્યાદિના વિચાર આવે તે જુદી વાત છે પણ તેના આલંબનથી રાગ ઊપજે છે તેમાં અટકી જે કલ્યાણ માને છે તે મિથ્યાદષ્ટિ છે.

**ટીકા** : ભગવાન અર્હંતના મુખકમળથી કથિત મૂળ અને ઉત્તર (સંક્ષેપથી જીવ-અજીવ અને વિસ્તારથી છયે દ્રવ્યના સ્વતંત્ર સ્વરૂપનો વિસ્તારરૂપ) સર્વ પદાર્થોના અર્થ સહિત કથન કરવામાં જે સમર્થ છે, પણ ભેદજ્ઞાન સહિત અંદર સમજીને ઠરવાને અસમર્થ છે. એવો જે કોઈ દ્રવ્યલિંગધારી દિગંબર મુનિ ક્યારેક છ દ્રવ્યોના વિચારમાં રોકાય છે. શુક્લધ્યાનમાં ઇચ્છારહિત અબુદ્ધિપૂર્વક છ દ્રવ્યના ભેદ જ્ઞાનમાં આવે છે તે તો જ્ઞાનની યોગ્યતા છે, તે કેવળીગમ્ય છે પણ ત્યાં બુદ્ધિપૂર્વક રાગ નથી. આ તો પરદ્રવ્યના અવલંબનમાં થતાં રાગમાં રોકાયો છે, તે રાગની રુચિથી ખસવું તેને સૂઝતું નથી.

વળી ક્યારેક તે છ દ્રવ્યના મૂર્ત-અમૂર્ત, ચેતન-અચેતન ગુણોમાં મનને જોડે છે તે પણ રાગમિશ્રિત પરાશ્રયપણું જ છે.

વળી ક્યારેક તેના અર્થપર્યાયો, વ્યંજનપર્યાયોમાં બુદ્ધિ જોડે છે. છએ દ્રવ્યોને ત્રિકાળ સ્વતંત્ર આકાર



હોય છે. પ્રદેશત્વગુણના વિકારરૂપ આકારને વ્યંજનપર્યાય કહે છે ને તે સિવાય બધા અનંતગુણોની પર્યાયને અર્થપર્યાય કહે છે. તેના વિકલ્પમાં તે રમે છે. પરંતુ ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ જેનું લક્ષણ છે એવા નિજ કારણસમયસારરૂપ અંતઃતત્ત્વમાં લીન સહજ જ્ઞાનાદિ શુદ્ધ ગુણ તથા સહજ ધ્રુવ પર્યાયોના આધારરૂપ એવા નિજ આત્મતત્ત્વમાં ચિત્તને ક્યારે ય જોડતો નથી. તે શાસ્ત્રોના અર્થની મનમાં ધારણા કરે છે પણ અંતર્મુખ થતો નથી.

અનિત્ય ઉત્પાદ-વ્યયરૂપ શુદ્ધ-અશુદ્ધ પર્યાય તે પર્યાયાર્થિકનયનો વિષય છે. તે રહિત શુદ્ધ દ્રવ્યદૃષ્ટિનો વિષય ત્રિકાળી શુદ્ધ કારણપરમાત્મા અને ત્રિકાળી શુદ્ધ ધ્રુવરૂપ કારણસ્વભાવપર્યાય છે તે અભેદ આત્મતત્ત્વ સમ્યગ્દર્શનનો વિષય છે. આવી અદ્‌ભૂત સ્વાનુભવગમ્ય વાત જંગલમાં આત્માનંદમાં મસ્ત-પ્રચુર સ્વસંવેદન દ્વારા અંતઃતત્ત્વના મહિમામાં ફાટફાટ અધ્યાત્મમાં મસ્ત મહામુનિઓએ કરેલી છે.

આવો આત્મસુધારસવેદી જે થયો નથી તે પરાશ્રય દૃષ્ટિવાન તપોધન શુભવિકલ્પોમાં ધર્મ માની રાગમાં રોકાયો છે તેથી જ અન્યવશ છે, તે ભેદનો સ્વામી છે, પણ પરાશ્રય અભેદનો સ્વામી થતો નથી.

આમ કોણે કહ્યું? કે જમણે દર્શનમોહ તથા ચારિત્રમોહાંધકાર સમૂહનો નાશ કર્યો છે અને અખંડાનંદ નિજ પરમાત્મતત્ત્વની ભાવના(એકાગ્રતા)થી ઉત્પન્ન વીતરાગ સુખામૃતના સ્વાદમાં જે સન્મુખ છે-તત્પર છે એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે. પરમશ્રુતકેવળીઓ છે તેમણે કહ્યું છે.

બહારના વ્રતાદિ વિકલ્પમાં તો ધર્મ નથી પણ અંદર દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં-વિકલ્પમાં વશ થનારને પણ ધર્મ નથી. રાગમાં એકાગ્ર ચિત્ત છે તેને અરાગી ચૈતન્યમાં જોડાણ નથી. છ દ્રવ્યનું જ્ઞાન હોય તે જુદી વાત છે, પણ પરાલંબનમાં-પરના જોડાણમાં રાગોત્પત્તિ જ હોય, વીતરાગ શાંતિ ન હોય. રાગને ઠીક માને ત્યાં તો મિથ્યાત્વ થાય છે.

એવી રીતે અન્યત્ર શ્લોક દ્વારા કહ્યું છે કે :

(अनुष्टुभ्)

**आत्मकार्यं परित्यज्य दृष्टादृष्टविरुद्धया।**
**यतीनां ब्रह्मनिष्ठानां किं तया परिचिन्तया॥**

**શ્લોકાર્થ** : આત્મકાર્યને છોડીને દૃષ્ટ તથા અદૃષ્ટથી વિરુદ્ધ એવી તે ચિંતાથી (-પ્રત્યક્ષ તથા પરોક્ષથી વિરુદ્ધ એવા વિકલ્પોથી) બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?

આત્મસન્મુખતારૂપ સ્વાશ્રય કાર્યને છોડીને-ચિદાનંદી વીતરાગતા છોડીને, પ્રત્યક્ષ-પરોક્ષ જ્ઞાનમય સ્વાશ્રયભાવથી વિરુદ્ધ એવા વિકલ્પથી, નિજ જ્ઞાયકસ્વરૂપમાં સ્થિત એટલે બ્રહ્મનિષ્ઠ યતિઓને

(વિકલ્પભેદથી) શું પ્રયોજન છે ?

કોઈની ચિંતા કરવાથી સ્વ-પરનું બગડે કે સુધરે તેમ નથી. અહીં શુભ-અશુભનો નકાર, દ્રવ્યાદિના વિકલ્પનો નકાર કરી સર્વ ભેદને ગૌણ કરી એકલા જ્ઞાયકમાં એકાગ્ર થવું તે એક જ પ્રયોજન બતાવ્યું છે. તે આવશ્યક છે, સ્વવશપણું છે.

**માહ વદ ૭, રવિવાર, ૧૭-૨-૫૨.**

જીવને જરૂરીયાતનું કાર્ય શું છે ? કે શુદ્ધોપયોગરૂપ આવશ્યક ક્રિયા છે તે જરૂરનું કાર્ય છે. પરનું કરી શકતો નથી તેથી તે જરૂરનું કાર્ય નથી. પુણ્ય-પાપના ભાવ પણ જરૂરીયાતની ચીજ નથી, કારણ કે તે વિકાર છે. જ્ઞાનીને નબળાઈથી રાગ થાય છતાં તેનું સ્વામીત્વ નથી. હિંસાદિ તો મહા તીવ્ર પાપ છે; દયા, ભક્તિ, વ્રતાદિની લાગણી પણ ખરેખર દોષ છે, વિભાવ છે, પરસત્તાવલંબી હોવાથી પરાધીનતા છે.

વળી આ ૧૪૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૪૬**

(अनुष्टुभ्)

**यावच्चिन्तास्ति जन्तूनां तावद्भवति संसृतिः।**
**यथेंधनसनाथस्य स्वाहानाथस्य वर्धनम् ॥ २४६ ॥**

**શ્લોકાર્થ** : જેમ ઈંધનયુક્ત અગ્નિ વૃદ્ધિ પામે છે (અર્થાત્ જ્યાં સુધી ઈંધન છે ત્યાં સુધી અગ્નિની વૃદ્ધિ થાય છે), તેમ જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે ત્યાં સુધી સંસાર છે ॥ ૨૪૬ ॥

જેમ લાકડા સહિત અગ્નિ વધતી રહે છે તેમ જીવને જ્યાં સુધી શુભાશુભ ચિંતા છે ત્યાં સુધી આકુળતામય સંસારઅગ્નિની વૃદ્ધિ થાય છે. સંસારના કારણથી મોક્ષમાર્ગ ન હોય. માટે પ્રથમ નક્કી કરો કે પુણ્ય-પાપ હિતરૂપ નથી પણ નિર્મળ જ્ઞાતા-દ્રષ્ટામાં એકાગ્રતા તે જ હિતકારી છે.



**ગાથા ૧૪૬**

**परिचत्ता परभावं अप्पाणं झादि णिम्मलसहावं।**
**अप्पवसो सो होदि हु तस्स दु कम्मं भणंति आवासं॥ १४६ ॥**

**परित्यज्य परभावं आत्मानं ध्यायति निर्मलस्वभावम् ।**
**आत्मवशः स भवति खलु तस्य तु कर्म भणन्त्यावश्यम् ॥ १४६ ॥**

**પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,**
**છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.**

**અન્વયાર્થ** : (**परभावं परित्यज्य**) જે પરભાવને પરિત્યાગીને (**निर्मलस्वभावम्**) નિર્મળ સ્વભાવવાળા (**आत्मानं**) આત્માને (**ध्यायति**) ધ્યાવે છે, (**सः खलु**) તે ખરેખર (**आत्मवशः भवति**) આત્મવશ છે (**तस्य तु**) અને તેને (**आवश्यम् कर्म**) આવશ્યક કર્મ (**भणन्ति**) (જિનો) કહે છે.

હું ચિદાનંદ શુદ્ધ છું એમાં યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન-લીનતા કરતાં પરભાવની ઉત્પત્તિ થતી નથી તેને પરભાવને ત્યાગ્યો એમ કહેવાય છે. જે નિર્મળ સ્વભાવવાળા આત્માને ધ્યાવે છે તે જ ખરેખર આત્મવશ છે. અને તેને દેવાધિદેવ પરમાત્મા તીર્થંકરદેવ જરૂરિયાતવાળું કામ કહે છે.

**ટીકા** : અહીં ખરેખર સાક્ષાત્ સ્વાશ્રિત-સ્વવશ-સ્વતંત્ર એવા નિર્ગ્રંથ પરમ જિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.

જે શ્રમણ નિરુપરાગ (અરાગી) નિત્ય નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે વિકાર તથા ઉપશમાદિ પરભાવના સમુદાયનો આશ્રય છોડીને, નિજ ત્રિકાળ કારણપરમાત્માને કે જે મન-વચન-કાયા અને ઈન્દ્રિયોથી ન જાણી શકાય એવો છે; સદા નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો છે. અને સમસ્ત પુણ્ય-પાપ કે જે બન્ને દુષ્ટ પાપ છે. જાગ્રત ચૈતન્યસ્વભાવથી વિરોધી છે એવા સમસ્ત પાપરૂપી વીર શત્રુઓની સેનાના ધ્વજને લૂંટનારો છે. દયાદિના અથવા હિંસાદિના ભાવ પરમાર્થે પાપ છે. અશુભમાં ન જવા પૂરતો શુભરાગ હોય છે પણ પ્રથમ નક્કી કરો કે એ હિતરૂપ ભાવ નથી-મોક્ષમાર્ગ નથી, એમ જાણી જે અવિકાર જ્ઞાતામાત્ર સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરે છે તે સાચી સ્વતંત્રતાવાળો શ્રમણ છે, આત્મવશ છે. એમ સર્વજ્ઞ વીતરાગના માર્ગમાં જિનેશ્વરોએ કહ્યું છે.

લોકો બહારથી સ્વતંત્ર માને છે પણ તે બધા પરતંત્ર છે. મુનિને પણ ચારિત્રમાં જેટલા અંશે રાગ છે તેટલા અંશે પરતંત્રતા છે. અભેદ અનુપચાર નિર્વિકલ્પદશારૂપ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ મુનિને પરમ આવશ્યક છે. કેવું છે તે સ્વાધીનતારૂપ કર્મ ? કે સમસ્ત બાહ્યક્રિયાકાંડ આડંબરના વિવિધ વિકલ્પોના

મહા કોલાહલથી વિરુદ્ધ મહા આનંદાનંદદાતા નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનરૂપ છે.

પ્રથમ શ્રદ્ધામાં સર્વ પ્રકારના શુભાશુભ વિકલ્પના કોલાહલરહિત નિશ્ચય સ્વાશ્રય આવશ્યક કર્મવાન થાય ને પછી ત્રિકાળ અખંડાનંદ વીતરાગ સ્વરૂપમાં એકાગ્રતારૂપ મહાશાંતિદાતા સ્થિરતા કરે તે જ મહાઆનંદદાતા સ્વતંત્ર સુખરૂપ ક્રિયા છે. શુભવ્યવહારધર્મધ્યાન તો પુણ્યબંધનું કારણ છે.

**પ્રશ્ન** : ચોથા ગુણસ્થાનમાં કોલાહલ છે ?

**ઉત્તર** : શ્રદ્ધામાં મહાનંદપણું-સર્વ સમાધાનમય શાંતિ છે પણ વર્તમાન પુરુષાર્થની નબળાઈથી ચારિત્રમાં જેટલો રાગ છે તેટલો પુણ્ય-પાપના વિકલ્પરૂપ કોલાહલ છે-અશાંતિ છે. પણ તેની મુખ્યતા નથી, ભાવના નથી.

**પ્રશ્ન** : ત્યાગીને તો સંસાર-વ્યવહારના વિકલ્પ જરૂરિયાતના નથી પણ ગૃહસ્થને તો છે ને?

**ઉત્તર** : ગૃહસ્થને પણ કિંચિત્ જરૂરી નથી કેમ કે તે લાભદાયક નથી. કોઈ પણ પ્રકારનો રાગ શાંતિનો નાશ કરનાર છે એમ પ્રથમ સત્ય શ્રદ્ધા કરીને નિરંતર એકલા પરમાનંદ જ્ઞાયકસ્વરૂપની ભાવના કરવા જેવી છે. સંસાર સુધારું, પરનું કરી દઉં એ ભાવના અનંત દુઃખદાતા છે.

હવે આ ૧૪૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ આઠ શ્લોક કહે છે :

## શ્લોક ૨૪૭

(पृथ्वी)

**जयत्ययमुदारधीः स्ववशयोगिवृन्दारकः**
**प्रनष्टभवकारणः प्रहतपूर्वकर्मावलिः।**
**स्फुटोत्कटविवेकतः स्फुटितशुद्धबोधात्मिकां**
**सदाशिवमयां मुदा व्रजति सर्वथा निर्वृतिम्॥ २४७॥**

**શ્લોકાર્થ** : ઉદાર જેની બુદ્ધિ છે, ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે, પૂર્વ કર્માવલિ જેણે હણી નાખી છે અને સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ સદાશિવમય સંપૂર્ણ મુક્તિને જે પ્રમોદથી પામે છે, તે આ સ્વવશ મુનિશ્રેષ્ઠ જયવંત છે. ॥ ૨૪૭ ॥

જેની બુદ્ધિ ઉદાર છે, વ્યક્ત અનિત્ય વિકારનો નકાર કરી, નિત્ય અનંત શક્તિથી પૂર્ણ ચૈતન્ય પરમાત્મા તે હું એનો નિરંતર સ્વીકાર કરવાની ઉદારતા તે મોક્ષસુખ આપનાર ઉદારતા છે. પુણ્ય-પાપના ભાવ કરે તે ઉદાર નથી પણ અક્ષય નિધાન ધ્રુવ સામાન્ય શક્તિથી પૂર્ણ છે તેનો સ્વીકાર કરે તો ન ખૂટે એવી પરમાનંદમય શાંતિનો પ્રવાહ નિરંતર ચાલુ રહે છે. એ જ સાચી ઉદારતા છે.

જેણે ભવનું કારણ નષ્ટ કરી સ્વાશ્રિત નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષનું કારણ પ્રગટ કરેલ છે. વળી



પૂર્વનો વિકાર જેણે નાશ કર્યો છે, અને તે સ્પષ્ટ-પ્રત્યક્ષ ઉત્કટ વિવેક દ્વારા શક્તિરૂપ જે પૂર્ણ સ્વભાવ હતો તેને પ્રગટ કરે છે. વ્યક્ત શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ સદા કલ્યાણમય છે એવી સંપૂર્ણ મુક્તિ (સ્વાધીનતા)ને જે પ્રમોદથી પામે છે તે સ્વવશ મુનિ કૃતકૃત્ય અને જયવંત છે.

## શ્લોક ૨૪૮

(अनुष्टुभ्)

**प्रध्वस्तपंचबाणस्य पंचाचारांचिताकृतेः।**
**अवंचकगुरोर्वाक्यं कारणं मुक्तिसंपदः॥ २४८॥**

**શ્લોકાર્થ** : કામદેવનો જેમણે નાશ કર્યો છે અને (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાત્મક) પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે -એવા અવંચક (માયાચાર રહિત) ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે. ॥ ૨૪૮ ॥

જેણે કામદેવનો નાશ કર્યો છે એટલે કે અતીંદ્રિય આત્માનંદમાં એકાગ્રતા દ્વારા પાંચ ઈંદ્રિયોના વિષયો પ્રત્યે જેને રાગની ઉત્પત્તિ થતી નથી અને જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાત્મક પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે, સાક્ષાત્ સુંદર મોક્ષમાર્ગના મૂર્તિ છે, બાહ્ય-અભ્યંતર શીતલીભૂત શાંત વીતરાગબિંબ પરમ મહિમાવંત જેની પવિત્ર દશા છે એવા કપટ રહિત શ્રીગુરુનું વાક્ય મુક્તિ- સંપદાનું કારણ છે. મિથ્યાદૃષ્ટિ ભલે ચરણાનુયોગની અપેક્ષાએ વ્યવહારે જ્ઞાની કહેવાતો હોય છતાં નિશ્ચયમાં તે માયાચારી મિથ્યાદૃષ્ટિ છે. તેથી તે મોક્ષસંપદાનું કારણ હોઈ શકે નહિ. સમ્યગ્દૃષ્ટિ ગુરુનું વાક્ય સંસાર-પુણ્ય ફળે એવું બતાવનાર હોય નહિ પણ વીતરાગી મુક્તાનંદનો ઉપાય બતાવે એવું હોય છે.

### માહ વદ ૮, સોમવાર, ૧૮-૨-૫૨.

આજે સવારે, અષ્ટમી હોવાથી શ્રી સમયસારજી હરિગીતની સ્વાધ્યાય કરવામાં આવી હતી.

### માહ વદ ૯, મંગળવાર, ૧૯-૨-૫૨.

આત્માનું જરૂરિયાતવાળું કાર્ય શું ? તો પરને - પુણ્ય-પાપ મિથ્યાત્વાદિ પરભાવને તાબે ન થવું તે જરૂરી ક્રિયા છે, અવશપણું છે. એટલે સાક્ષાત્ સ્વવશ એવો તેનો અર્થ છે.

## શ્લોક ૨૪૯

(अनुष्टुभ्)

**इत्थं बुद्ध्वा जिनेन्द्रस्य मार्गं निर्वाणकारणम्।**
**निर्वाणसंपदं याति यस्तं वंदे पुनः पुनः॥ २४९॥**

**શ્લોકાર્થ :** નિર્વાણનું કારણ એવો જે જિનેંદ્રનો માર્ગ તેને આ રીતે જાણીને જે નિર્વાણસંપદાને પામે છે, તેને હું ફરીફરીને વંદું છું. ॥ ૨૪૯ ॥

નિર્વાણનું કારણ એવો જે જિનેન્દ્રનો માર્ગ સ્વાશ્રયતારૂપ નિશ્ચયરત્નત્રયમય નિત્યાનંદ સ્વરૂપમાં એકાગ્રતા છે. તે મોક્ષનો ઉપાય આ રીતે જાણીને જે નિર્વાણસંપદાને પામે છે તેને હું ફરીફરીને વંદું છું.

પદ્મપ્રભમલધારિદેવ ભાવલિંગી મુનિ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા હતા, પરમાનંદમાં લીનતાનો સ્વાદ લેતા હતા, તેઓ આમ કહે છે, અનંતા તીર્થંકર ભગવંતોએ પણ એમ જ બતાવ્યું છે. પુણ્ય-પાપ વ્યવહારથી એટલે બાહ્ય આલંબનથી સંસારરૂપ આપદા મળે છે.

મૂળપાઠમાં એમ કહ્યું છે કે પરભાવને છોડે છે પણ એક સમયની પર્યાયને શી રીતે પકડે ને છોડે ? વિકાર તો બીજે સમયે સ્વયં છૂટી જાય છે. ખરી વાત એ છે કે નિર્મળ જ્ઞાતાસ્વભાવમાં યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન દ્વારા એકાગ્ર રહ્યો ત્યાં વિભાવની ઉત્પત્તિ ન થઈ તેનું નામ ઉપચારથી વિભાવનો ત્યાગ છે, અને તે નાસ્તિ તરફનું જ્ઞાન કરાવ્યું છે. અસ્તિમાં ચિદાનંદ શુદ્ધ સ્વભાવમાં અરાગી નિશ્ચયરત્નત્રયરૂપ નિર્મળદશા પ્રગટ થઈ તે ખરેખર જિનેંદ્રનો માર્ગ છે, તે મોક્ષનો ઉપાય છે.

''તે માર્ગને ફરીફરીને વંદું છું''. મુનિને પણ શ્લોક લખતી વખતે વિકલ્પ આવે છે પણ તે વિકલ્પનો આદર નથી પણ નિરંતર એક જ પ્રકારે વીતરાગતાનો આદર છે.

શુભરાગ છે તેનો તથા તેના ફળરૂપ સ્વર્ગાદિ સંપદાનો હું આદર કરતો નથી કેમ કે તેની કિંચિત્ રુચિ નથી, રુચિ નિત્ય વીતરાગ ચિદાનંદ તરફ છે.

## શ્લોક ૨૫૦

(द्रुतविलंबित)

**स्ववशयोगिनिकायविशेषक**
**प्रहतचारुवधूकनकस्पृह।**
**त्वमसि नश्शरणं भवकानने**
**स्मरकिरातशरक्षतचेतसाम्॥ २५०॥**



**શ્લોકાર્થ :** જેણે સુંદર સ્ત્રીની અને સુવર્ણની સ્પૃહાને નષ્ટ કરી છે એવા હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ યોગી ! તું અમારું -કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાનું -ભવરૂપી અરણ્યમાં શરણ છે. ॥ ૨૫૦ ॥

ટીકાકાર મુનિરાજ કહે છે કે જે મુનિને નિજ આત્મામાં નિર્મળગુણમણિની સુંદરતાની ગાઢ રુચિ થઈ છે તેણે સુંદર સ્ત્રીની અને સુવર્ણની સ્પૃહાને નષ્ટ કરી છે. ચિદાનંદ જ્ઞાતામાં જ લીનતા છે, એવા હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ મુનિ ! હે શુદ્ધાત્મા ! તું અમારું શરણ છે. માનસિક વિકાર-કામેચ્છારૂપ અવ્યક્ત સૂક્ષ્મ વિકલ્પ કદી થઈ જાય, તો તે શરણરૂપ નથી-પણ ''**सिद्धसमान सदा पद मेरो**'' તે જ શ્રેષ્ઠ શરણ છે. અમારા જેવા મુનિને વર્તમાન ચારિત્રમાં કંઈક કમજોરીથી રાગ આવે તો તે શરણરૂપ નથી પણ ભવરૂપી અરણ્યમાં હે મુનીશ્વર ! તું જ શરણ છે. અર્થાત્ ચિદાનંદ આત્મા જ શરણ છે.

## શ્લોક ૨૫૧

(द्रुतविलंबित)

**अनशनादितपश्चरणैः फलं**
**तनुविशोषणमेव न चापरम्।**
**तव पदांबुरुहद्वयचिंतया**
**स्ववश जन्म सदा सफलं मम॥ २५१॥**

**શ્લોકાર્થ :** અનશનાદિ તપશ્ચરણોનું ફળ શરીરનું શોષણ (-સુકાવું) જ છે, બીજું નહિ. (પરંતુ) હે સ્વવશ ! (હે આત્મવશ મુનિ !) તારા ચરણકમળયુગલના ચિંતનથી મારો જન્મ સદા સફળ છે. ॥ ૨૫૧ ॥

આત્મજ્ઞાન વિના પરાશ્રયની રુચિ છૂટે નહિ. અને તેથી અનશનાદિ તપશ્ચરણોનું ફળ તો શરીરનું સુકાવું જ છે, બીજું નહિ. શુભરાગથી પણ આત્માને મોક્ષમાર્ગ સંબંધી કાંઈ પણ લાભ નથી, શુભભાવ કરે તો પણ ક્લેશ છે.

ધર્મના નામે વ્રત, તપ કરે છતાં તેનું ફળ તો માત્ર શરીરનું શોષાવું જ કહ્યું છે. નિમિત્ત-વ્યવહારમાં રુચિવાન હોવાથી જેની દૃષ્ટિ વિપરીત છે તે જીવ કદાચ વ્રત, તપમાં શુભભાવ કરે તો પણ રાગમાં અને શરીરની ક્રિયામાં ધર્મ માનીને તે મિથ્યા અભિપ્રાયને પુષ્ટ કરે છે તેથી અજ્ઞાનીના વ્રતાદિને બાળ(મૂર્ખતા ભરેલા)વ્રત, બાળતપ કહ્યાં છે.

નિજ પરમાનંદમાં યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન દ્વારા સ્વસન્મુખ એકાગ્રતા થતાં શુભાશુભ ઈચ્છા ન થાય, પણ વીતરાગી શાંત આનંદની ઉગ્રતા થાય તે તપ છે. તેનાથી સ્વવશતારૂપી ધર્મ થાય છે.

મુનિ કહે છે કે વ્રત-તપાદિના વિકલ્પ હોવા છતાં તે શરણભૂત નથી પણ નિજ અખંડાનંદ શુદ્ધ ત્રિકાળ કારણપરમાત્માના ચરણકમળયુગલના ચિંતનથી-એકાગ્રતાથી મારો જન્મ સદા સફળ છે. મારો ધન્ય અવતાર છે. જ્ઞાનાનંદની દૃષ્ટિ અને સ્થિરતા થઈ તે જ શ્રેષ્ઠ છે. ક્રિયાકાંડ, વ્રત-ઉપવાસના રાગમાં રોકાવું તે કાંઈ શ્રેષ્ઠ નથી. સહજાનંદ ચિદાત્મા મારું શરણ છે.

અહીં મુનિ, મુનિના અંતરંગ શુદ્ધાત્મસ્વભાવને યાદ કરે છે. તારા ચરણકમળનો આદર કરું છું તે તો શુભ વિકલ્પ છે-વિનયનો ભાવ છે પણ તેનો આદર નથી. નિશ્ચયથી અંદર શુદ્ધ નિશ્ચય કારણપરમાત્મા ચૈતન્યને એકત્વપણે અનુભવે છે તેની મુખ્યતા છે.

**પ્રશ્ન** : પદ્મપ્રભમુનિએ કેટલા ગુણસ્થાનવાળા મુનિને યાદ કર્યા છે ?

**ઉત્તર** : નિર્વિકલ્પ અપ્રમતદશાવાન સાતમા ગુણસ્થાનવાળા વીતરાગી મુનિને યાદ કર્યા છે. નિશ્ચયથી પોતાના અંતર્મુખ વીતરાગી સ્વભાવને યાદ કરેલ છે.

ધન્ય અવતાર....... એમ કોણ કહે ? મુનિ પોતે પોતાને વીતરાગી સ્વાનુભવાનંદથી ધન્ય કહે છે. રાગરૂપ ક્રિયાકાંડમાં રોકાયો હતો તે કાંઈ ધન્ય ન હતું.

### શ્લોક ૨૫૨

(मालिनी)

**जयति सहजतेजोराशिनिर्मग्नलोकः**
**स्वरसविसरपूरक्षालितांहः समंतात्।**
**सहजसमरसेनापूर्णपुण्यः पुराणः**
**स्ववशमनसि नित्यं संस्थितः शुद्धसिद्धः॥ २५२॥**

**શ્લોકાર્થ** : જેણે નિજરસના વિસ્તારરૂપી પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યા છે, જે સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે, જે પુરાણ (સનાતન) છે, જે સ્વવશ મનમાં સદા સુસ્થિત છે (-અર્થાત્ જે સદા મનને-ભાવને સ્વવશ કરીને બિરાજમાન છે) અને જે શુદ્ધ સિદ્ધ છે (અર્થાત્ જે શુદ્ધ સિદ્ધભગવાન સમાન છે) -એવો સહજ તેજરાશિમાં મગ્ન જીવ જયવંત છે. ॥ ૨૫૨ ॥

જેણે નિજરસના વિસ્તારરૂપી પૂર વડે સ્વસામર્થ્યના બળ વડે પુણ્ય-પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યા છે. નિર્મળ સ્વભાવમાં ઉગ્ર લીનતારૂપ સ્નાન વડે વિભાવમળને ધોઈ નાખેલ છે, દૃષ્ટિમાં વીતરાગતા છે, ચારિત્રમાં વિશેષ શુદ્ધતા પ્રગટ કરી મિથ્યાત્વાદિ પાપથી મુક્ત થયા છે.

જે સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે, જે પુરાણ-સનાતન છે, પુણ્ય-પાપરૂપ વ્યવહારરાગ તે પવિત્ર નથી, તે સનાતનસ્વરૂપ નથી પણ અનિત્ય મલિનભાવ છે.



કોઈ માને કે વ્યવહાર-પરાશ્રય-નિમિત્ત-શુભનું અવલંબન તે ધર્મ નહિ. અને નિશ્ચયસ્વભાવ જ ધર્મ છે એમ એકાંત કહેવું તે ઠીક છે ? તો તેને કહે છે કે સમ્યક્એકાંત એવું આત્મહિત છે તે એક જ પ્રકારે છે. ને તે યથાર્થ છે. તેથી તેમાં વિભાવનો સંબંધ નથી એમ આવી જાય છે. આવા સમ્યગ્જ્ઞાન વિના, સ્વાશ્રય વિના જે કોઈ પોતાને સનાતન ધર્મી માને છે તે મિથ્યા છે.

વળી જે સ્વવશ મુનિ જ્ઞાનાનંદમાં સુસ્થિત છે, નિર્વિકલ્પભાવમાં બિરાજમાન છે અને જે શુદ્ધ સિદ્ધ છે અર્થાત્ પ્રસિદ્ધ, વિશુદ્ધ, સુસિદ્ધ સમાન છે અને સહજ ચિદાનંદ તેજઃપુંજમાં જે મગ્ન છે તે જયવંત છે.

### શ્લોક ૨૫૩

(अनुष्टुभ्)

**सर्वज्ञवीतरागस्य स्ववशस्यास्य योगिनः।**
**न कामपि भिदां क्वापि तां विद्मो हा जडा वयम्॥ २५३॥**

**શ્લોકાર્થ** : સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે ! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ. ॥ ૨૫૩ ॥

વીતરાગી દૃષ્ટિ અને ચારિત્ર સહિત જે ચિદાનંદમાં લીન મુનિ છે-સ્વવશ યોગી છે તેમાં અને સર્વજ્ઞ-વીતરાગમાં ક્યારેય કાંઈ ફેર નથી.

પૃષ્ઠ ૨૨૮માં જે સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે એમ કહ્યું હતું. અહીં એટલો ભેદ પણ નિર્વિકલ્પ અભેદમાંથી કાઢી નાખ્યો છે. સ્વરૂપમાં લીન નિર્વિકલ્પ આનંદમાં ઠર્યા તેમાં અને વીતરાગમાં શું ફેર છે ? કાંઈ ફેર નથી, છતાં અરેરે ! આપણે જડ જેવા વિકલ્પમાં રોકાઈને તેમનામાં ને સર્વજ્ઞ વીતરાગમાં ભેદ ગણીએ છીએ, તેનો ખેદ છે.

મુનિ છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ આવે છે ત્યારે પ્રમાદ થયો છે તે કારણે પોતાને જડ કહે છે તે નિર્માનતા અને વીતરાગતાનો પરમ વિનય બતાવે છે. ઉગ્ર પુરુષાર્થ ઉપાડવા માટે આમ કહે છે. વિકલ્પ હોય પણ તેની ગણતરી સ્વવશમાં-આવશ્યક ધર્મમાં નથી.

### માહ વદ ૧૦, બુધવાર, ૨૦-૨-૫૨.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે નિયમ છે, તે નિયમની પૂર્ણતા મુનિને હોય છે. તે સ્વવશમુનિમાં અને સર્વજ્ઞ વીતરાગમાં કાંઈ ફેર નથી. આગળ સર્વજ્ઞથી કિંચિત્ ન્યૂન કહેલ પણ અહીં તો કહે છે કે અપ્રમત્ત સાતમા ગુણસ્થાનમાં રહેલા મુનિને કેવળીથી ન્યૂન માનવાનો વિકલ્પ આવે છે તેથી અમે જડ છીએ. વ્રતાદિનો શુભ વિકલ્પ પણ પ્રમાદ છે. તે રાગની તુચ્છતા કરવા અને નિર્વિકલ્પ ધ્યાનની ઉગ્રતારૂપ વીતરાગ ચારિત્રદશાનો આદર કરવા માટે નબળાઈનો જે રાગ ઊઠ્યો

છે તેને જડ કહ્યો છે.

પોતાને વિકલ્પ ઊઠે છે ને તેથી સાધકમાં અને સિદ્ધમાં ભેદ ગણે છે તેનો ખેદ વર્તે છે અને ઉગ્ર પુરુષાર્થનો મહિમા કરે છે.

**શ્લોક ૨૫૪**

(अनुष्टुभ्)

**एक एव सदा धन्यो जन्मन्यस्मिन्महामुनिः ।**
**स्ववशः सर्वकर्मभ्यो बहिस्तिष्ठत्यनन्यधीः ॥ २५४॥**

**શ્લોકાર્થ** : આ જન્મમાં સ્વવશ મહામુનિ એક જ સદા ધન્ય છે કે જે અનન્યબુદ્ધિવાળો રહેતો થકો (-નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહિ થતો થકો) સર્વ કર્મોથી બહાર રહે છે. ॥ ૨૫૪ ॥

અહો ! આ જન્મમાં નિત્ય સિદ્ધ સમાન કારણપરમાત્મારૂપ નિજ ચિદાનંદની પ્રતીત ને રમણતામાં વર્તે છે તે સ્વાધીન છે. વિકલ્પમાં વર્તે તે પરાધીન છે. નિરંતર સ્વવશ જ્ઞાનાનંદમાં લીન એવા મહામુનિ એક જ સદા ધન્ય છે. તેઓ સ્વરૂપગુપ્ત, અંતર્મુખ કારણપરમાત્મામાં અભેદ બુદ્ધિવાન થઈને નિર્વિકલ્પ વીતરાગ પરિણતિમાં વર્તે છે. નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન થતો નથી તે સર્વ કર્મોથી બહાર રહે છે. રાગના કાર્યથી બહાર અને વીતરાગી સમતાસ્વરૂપની અંદર રહે છે.

નિયમસાર પુણ્ય-પાપ, વ્રત-અવ્રતના વિકલ્પરહિત, પરાશ્રયરહિત, ભેદરહિત શુદ્ધરત્નત્રયસ્વરૂપ છે. નિયમસારમાં વિકલ્પ-રાગનો પ્રવેશ હોય નહિ.



**ગાથા ૧૪૭**

**आवासं जइ इच्छसि अप्पसहावेसु कुणदि थिरभावं ।**
**तेण दु सामण्णगुणं संपुण्णं होदि जीवस्स ॥ १४७॥**

**आवश्यकं यदीच्छसि आत्मस्वभावेषु करोषि स्थिरभावम् ।**
**तेन तु सामायिकगुणं सम्पूर्णं भवति जीवस्य ॥ १४७॥**

**આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;**
**તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.**

**અન્વયાર્થ** : **(यदि)** જો તું **(आवश्यकम् इच्छसि)** આવશ્યકને ઈચ્છે છે તો તું **(आत्मस्वभावेषु)** આત્મસ્વભાવોમાં **(स्थिरभावम्)** સ્થિરભાવ **(करोषि)** કરે છે; **(तेन तु)** તેનાથી **(जीवस्य)** જીવને **(सामायिकगुणं)** સામાયિકગુણ **(सम्पूर्णं भवति)** સંપૂર્ણ થાય છે.

લોકો દેહની ક્રિયા અને શુભ વિકલ્પથી સામાયિક માને છે તે સામાયિક નથી. પણ મિથ્યાત્વ-રાગાદિરહિત અંતરમાં ઠરે, પરમ શાંત અતીંદ્રિય આત્મસુખમાં લીન રહે તે સામાયિક છે. સામાયિકની પૂર્ણતા કરે તો તેમાં છએ આવશ્યકની પૂર્ણતા થઈ જાય છે.

જો તું આવશ્યકને ઈચ્છે છે તો તું નિર્મળ આત્મસ્વભાવોમાં નિશ્ચયરત્નત્રયરૂપ સ્થિર વીતરાગભાવ કરે છે; તેનાથી સામાયિકગુણ સંપૂર્ણ થાય છે. તે મુનિપણું છે. બાહ્ય વેશ, વિકલ્પ કાંઈ મુનિપણું નથી, સામાયિક નથી.

**ટીકા** : આ શુદ્ધ નિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય તેનું કથન છે.

મુનિ બાહ્ય વ્યવહાર શુભભાવરૂપ છ આવશ્યકના વિસ્તારરૂપી નદીના કોલાહલના શ્રવણથી પરાઙ્મુખ છે. જેમ નદીનું પાણી પથરા સાથે પછડાય ત્યારે કકળાટ થાય તેમ સામાયિક, પ્રતિક્રમણ વગેરેના પાઠના શબ્દો બોલવાનો ભાવ તે વિકલ્પોનો કકળાટ છે. તે બાહ્ય આલંબનની આકુળતાની રુચિથી તથા તે તરફના વલણથી છૂટી જે વારંવાર સ્વસન્મુખ થાય છે તેની અહીં વાત છે. અલ્પ રાગ તો છે ને આવશ્યકના શુભ વિકલ્પ પણ છે તે મુખ્ય નથી, પણ તે અત્યંત ગૌણ છે. નિર્વિકલ્પ પરમાત્મ સ્વભાવમાં લીન થવાની ભાવના અને મુખ્યતા વર્તે છે તેને કહે છે કે :-

હે શિષ્ય ! શુદ્ધ નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનરૂપ સ્વાત્માશ્રિત આવશ્યક કે જે સંસારરૂપી વેલડીના મૂળને છેદવામાં કુહાડો છે, તથા અંદર એક શુદ્ધ સ્વભાવનો આદર કરી તેમાં સ્થિરતારૂપ જે સામાયિકાદિ નિશ્ચય છ આવશ્યક છે, તેને જો તું ઈચ્છે છે તો તું સમસ્ત વિકલ્પ જાળ રહિત

નિત્ય નિરંજન ચિદાનંદ નિજ કારણપરમાત્મામાં લીન થા. સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ વીર્ય, સહજ ચારિત્ર, સહજ સુખ, સહજ છ કારક સામર્થ્ય સ્વભાવ વગેરે અનંત પૂર્ણ સ્વભાવ જેમાં છે એવા ત્રિકાળી પૂર્ણ સ્વભાવવાન કારણપરમાત્મામાં અને તેના અભેદ શુદ્ધ સ્વભાવોમાં સતત નિશ્ચય સ્થિરભાવ (-એકાગ્રતા) કરે છે અને તે કારણ વડે નિશ્ચય સામાયિક ઊપજતાં (અંતર નિશ્ચયદષ્ટિ અને વીતરાગી રમણતા ઊપજતાં) મુમુક્ષુ જીવને બાહ્ય શુભ વિકલ્પરૂપ વ્યવહાર ક્રિયાઓથી શું ઊપજ્યું ? અનુપાદેય (-હેય, નિંદ્યફળ) ઊપજ્યું એવો અર્થ છે. તે બંધમાર્ગ વખાણવા લાયક નથી. વખાણવા લાયક તો નિર્મળ નિશ્ચયવીતરાગીદષ્ટિ અને ચિદાનંદની સ્થિરતા છે.

બહારનું કોઈ કાર્ય થઈ શકતું નથી, કોઈ પણ રાગની રુચિ નથી તો પણ શુભરાગના સમયે વ્યવહારે દેવ-ગુરુ-શાસ્ત્રાદિનો વિનય કરે છે પણ તેનો નિયમસારમાં-મોક્ષમાર્ગમાં પ્રવેશ નથી. દષ્ટિમાં કોઈ વિકલ્પનો સ્વીકાર નથી.

દેહાદિ બાહ્ય પદાર્થની ક્રિયા વ્યવહારે કરી શકાય છે એમ માનનાર ઈશ્વરકર્તાવાદીના જેવો જ મિથ્યા અભિપ્રાયવાન છે.

નીચલી ભૂમિકામાં શુભરાગ હોય છે પણ તેથી આત્માને લાભ નથી. તેના ફળમાં બાહ્ય ધૂળના સંયોગો મળે પણ તેની મહત્તા કોઈ પ્રકારે નથી. માટે મુક્તિરૂપી સ્ત્રી અર્થાત્ શુદ્ધ આત્માના અવલંબનથી નિત્યાનંદરૂપ અવિનાશી અશરીરી સિદ્ધદશારૂપ પરિણતિ તેનો દિવ્યસંભોગ અને પ્રમોદ પ્રાપ્ત કરવામાં સમર્થ અને પ્રવીણ એવા નિષ્ક્રિય (-અરાગી) પરમ આવશ્યક વડે જીવને સામાયિકચારિત્ર સંપૂર્ણ થાય છે, બીજી વિધિથી શુદ્ધ સામાયિક છે જ નહિ.

ઘર-ધંધાના અશુભભાવ ન થવા દેવા તેને લોકો સામાયિક માને છે પણ દેહની ક્રિયા કરી શકું છું એમ જે માને છે તથા પુણ્યથી-શુભવિકલ્પથી જે ધર્મ માને છે તેને મિથ્યાત્વરૂપ મહાપાપ તો સાથે છે તેથી તેને વ્યવહાર સામાયિક પણ નથી.

એવી રીતે શ્રી યોગીન્દ્રદેવે કહ્યું છે કે :

(मालिनी)

**यदि चलति कथञ्चिन्मानसं स्वस्वरूपाद्**
**भ्रमति बहिरतस्ते सर्वदोषप्रसंगः।**
**तदनवरमंतर्मग्नसंविग्नचित्तो**
**भव भवसि भवान्तस्थायिधामाधिपस्त्वम्॥**

**શ્લોકાર્થ** : જો કોઈ પ્રકારે મન નિજ સ્વરૂપથી ચલિત થાય અને તેનાથી બહાર ભમે તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે, માટે તું સતત અંતર્મગ્ન અને સંવિગ્ન[૧] ચિત્તવાળો થા કે જેથી તું મોક્ષરૂપી સ્થાયી ધામનો અધિપતિ થશે. (૧. સંવેગી; વૈરાગી; વિરક્ત.)



જો કોઈ પ્રકારે મનની ચંચળતાથી શુભ-અશુભ વિકલ્પ આવે અને નિજસ્વરૂપથી ચલિત થાય તો તને સર્વદોષનો પ્રસંગ આવે છે, માટે તું સતત અંતર્મગ્ન થા.

નિરંતર નિશ્ચય-જ્ઞાયકની મુખ્યતા હોવી જોઈએ તે વાતને મુખ્ય કરવા માટે સતત શબ્દ વાપર્યો છે.

વળી તું સમ્યક્ વૈરાગ્યપૂર્વક સ્થિર ચિત્તવાળો થા કે જેથી તું મોક્ષલક્ષ્મીરૂપી નિર્મળ સંપદામય સ્થાયી સુખધામનો અધિપતિ થશે. પુણ્ય-પાપથી લાભ નથી એમ પ્રથમ નક્કી કરી આ રીતે અંતર્મુખ થઈ કરો.

**શ્લોક ૨૫૫**

(शार्दूलविक्रीडित)

**यद्येवं चरणं निजात्मनियतं संसारदुःखापहं**
**मुक्तिश्रीललनासमुद्भवसुखस्योच्चैरिदं कारणम्।**
**बुद्ध्वेत्थं समयस्य सारमनघं जानाति यः सर्वदा**
**सोयं त्यक्तबहिःक्रियो मुनिपतिः पापाटवीपावकः॥ २५५॥**

**શ્લોકાર્થ** : જો એ રીતે (જીવને) સંસારદુઃખનાશક નિજાત્મનિયત ચારિત્ર હોય, તો તે ચારિત્ર મુક્તિશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) સુંદરીથી ઉત્પન્ન થતાં સુખનું અતિશયપણે કારણ થાય છે; -આમ જાણીને જે (મુનિવર) નિર્દોષ સમયના સારને સર્વદા જાણે છે, તે આ મુનિપતિ -કે જેણે બાહ્ય ક્રિયા છોડી છે તે -પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે. ॥ ૨૫૫ ॥

જો એ રીતે જીવને સંસારદુઃખનાશક નિજાત્માશ્રિત એકાગ્રતારૂપ, વીતરાગતામય નિશ્ચયચારિત્ર હોય, તો તે ચારિત્ર મુક્તિલક્ષ્મીરૂપી સુંદર પરિણતિથી ઉત્પન્ન થતા સુખનું અતિશયપણે કારણ થાય છે; -આમ જાણીને જે મુનિવર નિર્દોષ સમયના સારને અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપ, પૂર્ણાનંદ સ્વરૂપને સર્વદા જાણે છે, તે આ મુનિપતિ -કે જેણે બાહ્યક્રિયા -શુભાશુભ કર્મચેતના છોડી છે તે- જ્ઞાનાનંદની ઉગ્ર એકાગ્રતારૂપ અગ્નિ વડે શુભાશુભપાપરૂપી અટવીને બાળનારો છે. અંદર નિર્મળ શાંત જ્ઞાનાનંદમાં એકાગ્ર સ્થિરતાને ભજે છે, ત્યાં શુભાશુભ સંસારરૂપી પાપ ઉત્પન્ન થતું નથી.

## માહ વદ ૧૧, ગુરુવાર, ૨૧-૨-૫૨.

### ગાથા ૧૪૮

**आवासएण हीणो पब्भट्ठो होदि चरणदो समणो ।**
**पुव्वुत्तकमेण पुणो तम्हा आवासयं कुज्जा ।। १४८ ।।**

**आवश्यकेन हीनः प्रभ्रष्टो भवति चरणतः श्रमणः ।**
**पूर्वोक्तक्रमेण पुनः तस्मादावश्यकं कुर्यात् ।। १४८ ।।**

**આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;**
**તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.**

**અન્વયાર્થ** : **(आवश्यकेन हीनः)** આવશ્યક રહિત **(श्रमणः)** શ્રમણ **(चरणतः)** ચરણથી **(प्रभ्रष्टः भवति)** પ્રભ્રષ્ટ (અતિ ભ્રષ્ટ) છે; **(तस्मात् पुनः)** અને તેથી **(पूर्वोक्तक्रमेण)** પૂર્વોક્ત ક્રમથી (પૂર્વે કહેલી વિધીથી) **(आवश्यकं कुर्यात्)** આવશ્યક કરવું.

જે આવશ્યક ક્રિયાથી મુક્તદશા પ્રગટ થાય છે તે ક્રિયા કહેવાય છે. દેહની ક્રિયા, પુણ્યરૂપ શુભરાગ, ગુણગુણીના ભેદ, દ્રવ્ય-ગુણ-પર્યાયનું ચિંતન તે આવશ્યક નથી. પણ પરવશ નહિ થવારૂપ નિર્વિકલ્પ નિશ્ચય જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિરતા છે તે મોક્ષની આવશ્યક ક્રિયા છે.

**અર્થ** : નિર્મળ સ્વભાવની શ્રદ્ધા અને અરાગી લીનતારૂપ આવશ્યક રહિત શ્રમણ આત્માના ચારિત્રથી અતિ ભ્રષ્ટ છે; તેથી સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક વીતરાગી સ્થિરતારૂપ આવશ્યક કરવું.

**ટીકા** : પ્રથમથી જ અરાગી, અતીંદ્રિય શુદ્ધ ઉપયોગથી જ સામાયિક વગેરે છ આવશ્યક થાય છે એમ નિર્ણય કરવો જોઈએ, તેથી આ ગાથામાં શુદ્ધોપયોગ સન્મુખ જીવને શિખામણ કહી છે.

અહીં જેણે ત્રણ કષાયનો અભાવ કર્યો છે અને જેને ભાવલિંગ સહિત નગ્ન મુનિપદ છે, તે છઠ્ઠા ગુણસ્થાને જો અશુભ વિકલ્પમાં વર્તે, કુદેવાદિ પ્રત્યે તેને રાગ હોય, અને વ્યવહાર છ આવશ્યકથી જે ભ્રષ્ટ થાય છે તે તે વ્યવહારથી પણ ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ છે.

આચાર્ય ભગવાન એમ કહેવા માગે છે કે જેને મુનિપદ છે તેને છઠ્ઠા ગુણસ્થાને સવિકલ્પદશામાં સર્વજ્ઞ વીતરાગદેવ, વીતરાગી ભાવલિંગી મુનિ પ્રત્યે વિનય, વંદનનો વિકલ્પરૂપ વ્યવહાર હોય છે, પણ તેમાં ઉપાદેય બુદ્ધિ નથી. સર્વજ્ઞ વીતરાગદેવના માર્ગમાં જે દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ છે તેનાથી વિરુદ્ધ માને તથા આચરણ કરે તે મિથ્યાદૃષ્ટિ છે.

મુનિને દિવસે એકવાર ઊભા ઊભા આહાર હોય છે, નગ્નતા આદિ ૨૮ મૂળગુણ હોય છે, વ્યવહાર



છ આવશ્યકનો શુભરાગ હોય છે, જે એવો શુભ વ્યવહાર છોડી અશુભમાં જાય તે ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ છે.

**પ્રશ્ન** : ચારિત્રમાં દોષ આવે તો પ્રાયશ્ચિત્ત લઈ લેવાય છે ને ?

**ઉત્તર** : પ્રથમ સર્પને કરડવા દેવો ને પછી ઉતારવો એ ઠીક છે ? ના. તેમ પ્રથમ પાપની બુદ્ધિ કરી પછી પ્રાયશ્ચિત્ત લઈશું -એ માન્યતા વિપરીત છે.

શુદ્ધ નિશ્ચયે પરમ અધ્યાત્મભાષાથી જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે એવી પરમ શાંત લીનતારૂપ અંદરની અરાગી આવશ્યક ક્રિયાથી રહિત શ્રમણ નિશ્ચયચારિત્ર ભ્રષ્ટ છે; - આમ અર્થ છે.

માટે સ્વવશ કારણપરમાત્મામાં લીન પરમ જિનયોગીશ્વરના સ્વાશ્રિત-નિશ્ચય આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો છે તે ક્રમથી સ્વાત્માશ્રિત એવા નિશ્ચય ધર્મધ્યાન અને નિશ્ચય શુક્લધ્યાનરૂપે; પરમ મુનિ સદા મોક્ષમાર્ગરૂપ નિર્મળ આવશ્યક કરો. પેટામાં ગૃહસ્થ જ્ઞાનીને અંશે એવું હોય છે એમ સમજી લેવું. નિરંતર નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગમાં રહેવાની રુચિ છે ને એ જ પ્રથમથી મુખ્ય છે, વચ્ચે રાગ હોય તે અત્યંત ગૌણ છે.

હવે આ ૧૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :

### શ્લોક ૨૫૬

(मन्दाक्रान्ता)

**आत्मावश्यं सहजपरमावश्यकं चैकमेकं**
**कुर्यादुच्चैरघकुलहरं निर्वृतेर्मूलभूतम् ।**
**सोऽयं नित्यं स्वरसविसरापूर्णपुण्यः पुराणः**
**वाचां दूरं किमपि सहजं शाश्वतं शं प्रयाति ।। २५६ ।।**

**શ્લોકાર્થ** : આત્માએ અવશ્ય માત્ર સહજ-પરમ-આવશ્યકને એકને જ - કે જે મુખ્ય અઘસમૂહનું નાશક છે અને મુક્તિનું મૂળ (-કારણ) છે તેને જ-અતિશયપણે કરવું. (એમ કરવાથી,) સદા નિજ રસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર અને પુરાણ (સનાતન) એવો તે આત્મા વાણીથી દૂર (વચન અગોચર) એવો કોઈ સહજ શાશ્વત સુખને પામે છે. ॥ ૨૫૬ ॥

પરને તાબે ન થવું એટલે કે શુદ્ધ આત્મામાં એકાગ્ર રહેવું તેનું નામ આવશ્યક કર્મ છે. ચૈતન્યને ચૂકીને પુણ્ય-પાપને તાબે થવું તે પરાધીનતા છે. ચૈતન્ય સિવાય પરને વશ ન થવું તેનું નામ અવશપણું છે, -એ નાસ્તિથી સમજાવ્યું છે. ખરેખર તો ચિદાનંદ સ્વભાવમાં સ્વ-વશ રહેવું -એવો તેનો અર્થ

છે. અને એ જ જરૂરનું કર્તવ્ય છે. પોતાના જ્ઞાનસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતારૂપી આવશ્યક કર્મ છે તે એક જ સદા કર્તવ્ય છે. નિશ્ચયરત્નત્રય તે જ નિયમસાર અને મોક્ષમાર્ગ છે; તે નિશ્ચય આવશ્યક જ સમસ્ત દોષનો નાશ કરનાર છે. પુણ્ય અને પાપ બન્ને દોષો છે; ચિદાનંદ સ્વભાવમાં એકાગ્રતારૂપ આવશ્યક છે તે પુણ્ય-પાપના નાશનું કારણ છે અને આનંદમય મુક્તિની ઉત્પત્તિનું મૂળ છે. આ એક જ આવશ્યક ક્રિયા મુક્તિનું કારણ છે. પર્યાય તરીકે શુદ્ધ રત્નત્રયની આવશ્યક ક્રિયા તે મોક્ષનું મૂળ છે, ને દ્રવ્ય તરીકે શુદ્ધ કારણપરમાત્મા જ મુક્તિનું મૂળ છે. આવા સહજ પરમ આવશ્યકને એકને જ અતિશયપણે સદા કરવું.

આવા શુદ્ધ આવશ્યક કર્મને કરનાર જીવ કેવો છે ? સદા નિજરસના ફેલાવથી પૂર્ણ કળશની જેમ પૂર્ણ ભરેલો છે, તેથી પવિત્ર અને પુરાણ છે. -આવો આત્મા વાણીથી ને વિકલ્પથી અગોચર છે; અને તેનું સહજ સુખ પણ વાણીથી ને વિકલ્પથી અગોચર છે. આવા આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે આવશ્યક ક્રિયા છે, એવી આવશ્યક ક્રિયા વડે જીવ સહજ શાશ્વત સુખને પામે છે.

### શ્લોક ૨૫૭

(अनुष्टुभ्)

**स्ववशस्य मुनीन्द्रस्य स्वात्मचिन्तनमुत्तमम् ।**
**इदं चावश्यकं कर्म स्यान्मूलं मुक्तिशर्मणः ॥ २५७॥**

**શ્લોકાર્થ** : સ્વવશ મુનીંદ્રને ઉત્તમ સ્વાત્મચિંતન (નિજાત્માનુભવન) હોય છે; અને આ (નિજાત્માનુભવનરૂપ) આવશ્યક કર્મ (તેને) મુક્તિસૌખ્યનું કારણ થાય છે. ॥ ૨૫૭ ॥

પોતાના ધ્રુવ સ્વભાવમાં લીન થયેલો મુનિ તે સ્વવશ છે, તે સ્વવશ મુનીંદ્રને ઉત્તમ સ્વાત્મચિંતન હોય છે; તેને તે આવશ્યક કર્મ મુક્તિનું કારણ થાય છે. આ સિવાય વ્યવહારનો રાગ તે કોઈ મુક્તિનું કારણ નથી.

નિર્વિકલ્પ આનંદનો પ્યાસી એવો મુનીંદ્ર સ્વાત્મચિંતન વડે આવશ્યક કર્મ કરે છે તે જ તેને મુક્તિનું કારણ છે.



### ગાથા ૧૪૯

**आवासएण जुत्तो समणो सो होदि अंतरंगप्पा ।**
**आवासयपरिहीणो समणो सो होदि बहिरप्पा ॥ १४९ ॥**

**आवश्यकेन युक्तः श्रमणः स भवत्यंतरंगात्मा ।**
**आवश्यकपरिहीणः श्रमणः स भवति बहिरात्मा ॥ १४९ ॥**

**આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;**
**આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.**

**અન્વયાર્થ** : (**आवश्यकेन युक्तः**) આવશ્યક સહિત (**श्रमणः**) શ્રમણ (**सः**) તે (**अंतरंगात्मा**) અંતરાત્મા (**भवति**) છે; (**आवश्यकपरिहीणः**) આવશ્યક રહિત (**श्रमणः**) શ્રમણ (**सः**) તે (**बहिरात्मा**) બહિરાત્મા (**भवति**) છે.

આવશ્યકમાં નિશ્ચય અને વ્યવહાર બન્ને બતાવ્યા. વ્યવહાર આવશ્યકમાં કુદેવ આદિની માન્યતાનો નિષેધ થઈ જાય છે. જેને સર્વજ્ઞદેવે કહેલા શુદ્ધ આત્માની ઓળખાણ છે અને તેમાં એકાગ્રતારૂપ આવશ્યક ક્રિયા છે તે જ શ્રમણો અંતરાત્મા છે. જેને ચિદાનંદ આત્માનું ભાન નથી, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ ભાન નથી તે તો બહિરાત્મા છે. તેને આવશ્યક હોતાં નથી. સમ્યગ્દર્શન પણ આવશ્યક કર્મ છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવા સર્વજ્ઞદેવની પ્રતીત જેને નથી, તેને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની શ્રદ્ધા કે એકાગ્રતા થઈ શકે નહિ.

જેને હજી સર્વજ્ઞનું ભાન નથી, અને બહારમાં કાંઈક મંદકષાયથી દયા કે ભક્તિ કરે ત્યાં અજ્ઞાની કહે છે કે તે મહાત્મા છે. ને તેને ભગવાનના દર્શન થયા ! શું ભગવાન કોઈને દર્શન દેવા આવતા હશે ? અહીં તો કહે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વગેરે વ્યવહારરત્નત્રયથી પણ સંસારનો અભાવ થતો નથી, પણ પોતાના શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે જ સંસારનો અભાવ થાય છે. તેથી તે જ એક આવશ્યક કર્મ છે. જેને એવું આવશ્યક કર્મ છે તે જ અંતરાત્મા છે. તે સિવાય ભલે જંગલમાં જઈને બેસે, ને ધ્યાન કરવાનું માને પણ તે અંતરાત્મા નથી. જેને શુદ્ધાત્માની શ્રદ્ધા પણ નથી તે તો બહિરાત્મા છે.

એકેક આત્મા પરિપૂર્ણ છે, એકેક આત્મામાં પોતાના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટીને અનંત અનંત કાળ તેવી પૂર્ણ નિર્મળદશા થયા કરે તેવી તાકાત ભરી છે, એકેક આત્મા પરમેશ્વરશક્તિથી ભરેલો દરિયો છે, એમ ન માનતા જોગે બધા થઈને એક જ આત્મા માન્યો છે તેણે તો એક આત્માને અનંતમા ભાગનો માન્યો છે, તેને પરિપૂર્ણ આત્માની પ્રતીત નથી, ને પરિપૂર્ણ આત્માને કહેનારા

એવા સર્વજ્ઞની પણ શ્રદ્ધા નથી, તેને તો નિશ્ચય આવશ્યક કે વ્યવહાર આવશ્યક હોતાં નથી.

દરેક આત્મા પોતાની પૂર્ણતા કરવા માગે છે, જો એકેક જીવમાં પોતાની પૂર્ણતા ન હોય તો તે પૂર્ણતા કઈ રીતે કરી શકશે ? માટે એકેક આત્મા પોતાના સ્વભાવથી પૂર્ણ છે -એવી જેને પ્રતીત નથી તેને આવશ્યક કર્મ હોતું નથી. એકેક આત્મા પોતે જ કર્તા થઈને પૂર્ણતાને સાધે એવી તાકાતવાળો છે, પોતે જ પૂર્ણતાનું સાધન થવાના સામર્થ્યવાળો છે. એવા આત્માનું ભાન કરીને તેમાં એકાગ્ર થનારા મુનિવરો અંતરાત્મા છે. જેમને અંતરમાં ત્રિકાળી દ્રવ્યના અવલંબનરૂપ આવશ્યક કર્મ નથી તે તો બહિરાત્મા છે, ભલે તે તપોધન હોય-દ્રવ્યલિંગી થઈને ઘણાં તપ કરતો હોય તો પણ તે બહિરાત્મા છે.

અંતરમાં પૂર્ણ તાકાત ભરી છે. -તેમાં એકાગ્રતા વડે તે પ્રગટે છે, એને બદલે કોઈ બહારના આશ્રયે કલ્યાણ થવાનું જે કહેતા હોય તે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે; તેમની પ્રતીત કરે તેને આવશ્યક કર્મ હોતું નથી. અંતરસ્વભાવનો આશ્રય કરવો તે જ સ્વવશપણું છે, ને એવો સ્વાશ્રયભાવ બતાવનારા દેવ-ગુરુ-શાસ્ત્ર તે જ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે; એવા દેવ-ગુરુ-શાસ્ત્રે કહેલા અભેદ સ્વભાવના આશ્રયે જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આવશ્યક કર્મ છે તે શ્રમણ અંતરાત્મા છે, ને જેને એવું આવશ્યક કર્મ નથી તે બહિરાત્મા છે.

અહીં અંતરાત્માના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એવા ત્રણ પ્રકાર પાડે છે.

(૧) અભેદ અનુપચાર રત્નત્રયરૂપ સ્વાત્માચરણમાં નિયત પરમ આવશ્યક કર્મરૂપી કર્મથી નિરંતર સંયુક્ત એવો જે 'સ્વવશ' નામનો પરમ શ્રમણ તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે; અંતરની પરમાત્મશક્તિની પ્રતીત કરીને તેનું ભજન કરવું તે જ મોક્ષનું કારણ છે. અંતરમાં એકાગ્રતા તેટલી શુદ્ધ પરિણતિ છે. જેટલી અંતરમાં એકાગ્રતાની ખામી તેટલી પરિણતિની મલિનતા છે. અને અંતરમાં અભેદ સ્વભાવમાં પરિણતિ એકાગ્ર કરવી તે શુદ્ધ રત્નત્રયરૂપ આવશ્યક ક્રિયા છે. તે જ મુક્તિનું કારણ છે. જેને અભેદ રત્નત્રયરૂપ આવશ્યક કર્મ વર્તે છે તે સ્વવશ પરમ શ્રમણ ઉત્કૃષ્ટ અંતરાત્મા છે.

**માહ વદ ૧૨, શુક્રવાર, ૨૨-૨-૫૨.**

(૧) જેને સમ્યગ્દર્શન સહિત વીતરાગચારિત્રમાં પરિપૂર્ણ લીનતા છે તેને સર્વોત્કૃષ્ટ અંતરાત્મા કહેવાય છે. આ મહાત્મા સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહ પદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે, અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાના છે.

(૨) જઘન્ય અંતરાત્મા અસંયત સમ્યગ્દષ્ટિ છે, અશરીરી સિદ્ધ ભગવાન જેવો સર્વ પ્રકારે પૂર્ણ શુદ્ધ આત્મા નિત્યસ્વરૂપ પ્રત્યક્ષ કારણપરમાત્મા છું એમ પૂર્ણ સ્વરૂપ આત્માનું ભાન છે, ક્ષણિક શુભાશુભભાવનું સ્વામિત્વ નથી. મિથ્યાત્વરહિત યથાર્થ ભાન વર્તે છે, અખંડ જ્ઞાતાપણાનું જ્ઞાન,



પ્રતીત અને અંશે શાંતિ છે છતાં અસંયત છે, તે ગૃહસ્થદશાનું હોય છે.

(૩) તેનાથી વિશેષ શાંતિ અંદરમાં વધતી જાય છે તે પંચમગુણસ્થાનથી લઈને અગિયારમાં ગુણસ્થાન સુધીના મધ્યમ અંતરાત્મા છે.

સર્વજ્ઞ કથિત નિશ્ચય અને વ્યવહાર બે નયોથી નક્કી થયેલ જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત છે તે બહિરાત્મા-મિથ્યાદષ્ટિ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વ, હેય-ઉપાદેયનું સ્વરૂપ જેવું સર્વજ્ઞના માર્ગમાં કહ્યું છે તેની યથાર્થ પ્રતીતિ વિના વ્યવહાર આવશ્યક-સમાધિ-ધ્યાન કોઈને હોય નહિ.

ચાર પ્રકાર કહ્યા.

(૧) જઘન્ય અંતરાત્મા (૨) મધ્યમ અંતરાત્મા (૩) ઉત્કૃષ્ટ અંતરાત્મા (૪) બહિરાત્મા.

સાચા દેવાદિની પ્રતીત, સત્યાર્થ પ્રકાશક આગમનું યથાર્થ જ્ઞાન અને વ્યવહાર સંયમ -તે વ્યવહાર આવશ્યક છે. અને બુદ્ધિપૂર્વકના વિકલ્પથી છૂટી અંદર એકલા ચિદાનંદમાં નિર્વિકલ્પદશા તે નિશ્ચય આવશ્યક છે. અન્યમતના યોગી, બાવા, સાધુને આવું ન હોય ને જૈનમાં રહેલા પણ આવું ન સમજતાં હોય તેને પણ ધ્યાન-સમાધિ ન હોય.

શ્રી માર્ગપ્રકાશકમાં કહ્યું છે કે :

(अनुष्टुभ्)

**बहिरात्मान्तरात्मेति स्यादन्यसमयो द्विधा।**
**बहिरात्मानयोर्देहकरणाद्युदितात्मधीः ।।**

**શ્લોકાર્થ** : અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો) બહિરાત્મા અને અંતરાત્મા એમ બે પ્રકારે છે; તેમાં બહિરાત્મા દેહ-ઈંદ્રિય વગેરેમાં આત્મબુદ્ધિવાળો હોય છે.

પરમાત્મા સિવાયના જીવોમાં પર્યાય અપેક્ષાએ પૂર્ણ વિકાસ નથી અને કોઈ પ્રકારે પરાઙ્મુખ છે એમ ગણીને ૧૩મા ગુણસ્થાનથી નીચેના જીવોને માર્ગપ્રકાશગ્રંથમાં અન્યસમય કહ્યા છે ને તેના બે પ્રકાર છે. (૧) અંતરાત્મા અને (૨) બહિરાત્મા.

તેમાં બહિરાત્મા દેહ, ઈન્દ્રિય વગેરેમાં આત્મબુદ્ધિવાળો છે. અંતરંગ પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેને નહિ માનનાર દેહાદિના કાર્ય હું કરી શકું છું, પુણ્ય-પાપ, વ્રત-અવ્રતની લાગણી તે જ્ઞાનસ્વરૂપથી બહાર છે તેને પોતાની માનવી, શુભવ્યવહારને મોક્ષમાર્ગમાં મદદગાર માનવો, પુણ્યથી ધર્મ થાય, હું બોલી શકું છું, ચાલી શકું, મારા નિમિત્તથી પરનું કાર્ય થઈ શકે વગેરે માનવું તે બહિરાત્મપણું-મિથ્યાદષ્ટિપણું છે કેમ કે તેને જીવ અને અજીવ જુદા છે તેની વ્યવહારે પણ ખબર નથી.

(अनुष्टुभ्)

जघन्यमध्यमोत्कृष्टभेदादविरतः सुदृक्।
प्रथमः क्षीणमोहोन्त्यो मध्यमो मध्यमस्तयोः ॥

**શ્લોકાર્થ** : અંતરાત્માના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા (ત્રણ) ભેદો છે; અવિરત સમ્યગ્દૃષ્ટિ તે પહેલો (જઘન્ય) અંતરાત્મા છે, ક્ષીણમોહ તે છેલ્લો (ઉત્કૃષ્ટ) અંતરાત્મા છે અને તે બેની મધ્યમાં રહેલો તે મધ્યમ અંતરાત્મા છે.

અંતરાત્માના ત્રણ પ્રકાર છે, તેમાં મારો આત્મા અનંતા પર આત્મા તથા જડથી જુદો છે, ક્ષણિક રાગથી પણ જુદો છે -એવી દૃષ્ટિપૂર્વક અવિરત સમ્યગ્દૃષ્ટિ છે તે જઘન્ય અંતરાત્મા છે. ક્ષીણમોહ તે ઉત્કૃષ્ટ અંતરાત્મા છે. ને તે બેની મધ્યમાં રહેલો તે મધ્યમ અંતરાત્મા છે.

### શ્લોક ૨૫૮

(मन्दाक्रान्ता)

योगी नित्यं सहजपरमावश्यकर्मप्रयुक्तः
संसारोत्थप्रबलसुखदुःखाटवीदूरवर्ती।
तस्मात्सोऽयं भवति नितरामन्तरात्मात्मनिष्ठः
स्वात्मभ्रष्टो भवति बहिरात्मा बहिस्तत्त्वनिष्ठः ॥ २५८ ॥

**શ્લોકાર્થ** : યોગી સદા સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો થકો સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી દૂરવર્તી હોય છે તેથી તે યોગી અત્યંત આત્મનિષ્ઠ અંતરાત્મા છે; જે સ્વાત્માથી ભ્રષ્ટ હોય તે બહિઃતત્ત્વનિષ્ઠ (બાહ્ય તત્ત્વમાં લીન) બહિરાત્મા છે. ॥ ૨૫૮ ॥

અન્યમતી જે યોગીનું સ્વરૂપ માને છે તે યોગી નહિ. સર્વજ્ઞ વીતરાગના માર્ગમાં નિશ્ચય-વ્યવહારજ્ઞાનમાં પ્રવીણ, નિશ્ચય સ્વભાવ આશ્રિત એકલા અંતરંગ જ્ઞાયક સ્વભાવમાં વીતરાગીદૃષ્ટિ અને વીતરાગી સ્થિરતા જે કરે છે તે યોગી છે. તે યોગી સદા સહજ પરમ આવશ્યકરૂપ સ્વાધીન સમતારૂપ કર્મથી જોડાયેલો, કોઈ પ્રકારના રાગમાં નહિ જોડાયેલો, નિશ્ચયરત્નત્રય સહિત રહેતો થકો, સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી દૂરવર્તી હોય છે તેથી તે યોગી અત્યંત આત્મનિષ્ઠ અંતરાત્મા છે.

અખંડાનંદ ચૈતન્યમાં ડૂબકી મારનાર વિકલ્પને સ્પર્શતો નથી. રાગની રુચિ તો નથી પણ વિકલ્પમાં અટકતો ય નથી તેથી તે સંસાર અટવીથી દૂરવર્તી હોય છે. વળી તે બાહ્યનિષ્ઠ નથી એટલે વ્યવહાર-રત્નત્રયના શુભવિકલ્પથી પણ લાભ માનતો નથી.

જેને પરાશ્રયની રુચિ છે, ગુરુની કૃપા થાય તો કલ્યાણ થાય, સારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના



સંયોગથી જે ધર્મ (કલ્યાણ) માને તે બાહ્ય તત્ત્વમાં લીન મિથ્યાદૃષ્ટિ છે. સ્વાત્માથી ભ્રષ્ટ અને બાહ્ય દેહ-રાગ પુણ્યાસ્રવરૂપ બાહ્યતત્ત્વમાં લીન થયેલા મૂઢ છે-બહિરાત્મા છે.

અંતર્શક્તિથી પરિપૂર્ણ મારું તત્ત્વ છે એમ ન માનતા કાંઈ બાહ્ય અવલંબનથી કે શુભથી લાભ માને છે તે અંતરતત્ત્વથી ભૂલેલો છે.

### ગાથા ૧૫૦

**अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा।**
**जप्पेसु जो ण वट्टइ सो उच्चइ अंतरंगप्पा॥ १५०॥**

**अन्तरबाह्यजल्पे यो वर्तते स भवति बहिरात्मा।**
**जल्पेषु यो न वर्तते स उच्यतेऽन्तरंगात्मा॥ १५०॥**

**જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે ! બહિરાત્મ છે;**
**જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.**

**અન્વયાર્થ** : (यः) જે (**अन्तरबाह्यजल्पे**) અંતર્બાહ્ય જલ્પમાં (**वर्तते**) વર્તે છે, (**सः**) તે (**बहिरात्मा**) બહિરાત્મા (**भवति**) છે; (यः) જે (**जल्पेषु**) જલ્પોમાં (**न वर्तते**) વર્તતો નથી, (**सः**) તે (**अन्तरंगात्मा**) અંતરાત્મા (**उच्यते**) કહેવાય છે.

**ટીકા** : આ, બાહ્ય તથા અંતર્જલ્પમાં વર્તે છે તે અજ્ઞાનીનો મોક્ષમાર્ગમાં નિષેધ કર્યો છે. તે કથન કરવામાં સમર્થતા માને છે. અજ્ઞાની શાસ્ત્રોની વાત જાણે અને કહે-નિરૂપણ કરે છે પણ શાસ્ત્રવચન અને વિકલ્પ વિનાનો નિરપેક્ષ એકલો ચિદાનંદ છે તેનું તેને લક્ષ નથી તેથી તે બહિરાત્મા છે.

શ્રુતજ્ઞાની છે તે સર્વજ્ઞકથિત સર્વ ભાવોને જાણે-દેખે છે, તે બોલતો નથી, તે વાણીનો અને વિકલ્પનો સ્વામી તથા કર્તા છે જ નહિ. અને અજ્ઞાનીને બાહ્ય લક્ષ છે તેથી તે વાણી અને રાગમાં વર્તે છે, તેનો સ્વામી થાય છે. વ્યવહાર આવશ્યકના વિકલ્પ તે રાગ છે તથા વાણી તે જડ છે, તેનાથી લાભ માને છે ને તેના આલંબનથી ધર્મ માને છે, તે બહિરાત્મા છે.

મુનિને પણ વિકલ્પ-વાણી હોય છે પણ પર્યાયબુદ્ધિ નથી. તેથી તેમાં તે વર્તતા નથી ને અજ્ઞાનીને પર્યાયમાં, સંયોગમાં, વિકારમાં એકત્વબુદ્ધિ છે તેથી તે વ્યવહારમાં-બહારમાં લીન છે. જ્ઞાની તો વાણીમાં પોતાનો અધિકાર માનતો નથી. અજ્ઞાનીનું લક્ષ બહાર છે તેથી આવી વાણી થવી જોઈએ, આવો રાગ થવો જોઈએ, આનાથી આમ અસર થાય એમ પરમાં કર્તાપણું માને છે, આત્માના કારણે કોઈ પ્રકારે વાણી થતી નથી. અજ્ઞાની સંયોગમાં એકત્વબુદ્ધિ માને છે પણ તેવું વસ્તુસ્વરૂપ નથી માટે તેનું ખંડન કર્યું છે.

જે દ્રવ્યજિનલિંગધારી મુનિ થાય છતાં મિથ્યાદૃષ્ટિ કેમ છે તે હવે કહે છે. ત્રણે કાળ નગ્ન દિગંબર દેહદશા હોય તો જ જૈન મુનિવેશનો વ્યવહાર કહેવાય છે. વસ્ત્ર, પાત્ર રાખી મુનિ નામ ધરાવે તે તો વ્યવહારે પણ મુનિ નથી, તે દ્રવ્યલિંગી પણ ન કહેવાય.

જે ૨૮ મૂળગુણ પાળે છે, વ્યવહારે જિનલિંગધારી છે, વીતરાગના વ્યવહારમાર્ગમાં છે છતાં



પુણ્યથી લાભ માને છે, જેને અંતરંગ વીતરાગ જ્ઞાતામાત્ર સ્વભાવની રુચિ નથી તે બહિરાત્મા છે. તેને પુણ્યની રુચિ છે જ. છ આવશ્યક વગેરે પુણ્યના વિકલ્પ-શુભરાગ હોય તો ઠીક એમ માને જ છે. તેથી અંદર આત્મામાં આવવું નથી. સ્વાધ્યાય કરવામાં પણ તે માને છે કે મારો કંઠ ભારે મીઠો, લોકોને મારી વાત બહુ ગમે છે, તેને બહારની રુચિ છે, અંદર શાંત જ્ઞાતાપણાની રુચિ નથી માટે તેની ભાવના પણ નથી. અંદરની ભાવના નથી માટે પુણ્યની રુચિ છે.

(૧) **વાચના** : હું બોલી શકું છું એવી રુચિ છે પણ જુદો જ્ઞાતા જ છું તેની દૃઢતા નથી.

(૨) **પૃચ્છના** : પ્રશ્ન પૂછવા વખતે પણ તેને વીતરાગ જ્ઞાતાની રુચિ નથી તેથી તેને પ્રશ્ન પૂછવામાં મારી ઢબ-પદ્ધતિ સારી છે, કંઠ સ્પષ્ટ સુંદર છે, બીજાથી ઠીક છું વગેરે અભિમાન વર્તે છે. એ રીતે અનુપ્રેક્ષા, ધર્મકથામાં તથા પ્રત્યાખ્યાનમાં તેની વૃત્તિ રાગ અને વાણી ઉપર છે. સામાયિક, તીર્થંકર સ્તવન-વંદના વગેરે કરે છે પણ અખંડ જ્ઞાયકની રુચિ નથી તેથી રાગમાં રોકાયો છે.

**પ્રશ્ન** : બધા પ્રકારનો નિષેધ કરી ઊભા ક્યાં રહેવું ?

**ઉત્તર** : નિત્ય જ્ઞાનાનંદ સર્વ શક્તિથી પૂર્ણ, સર્વ સમાધાનરૂપ જ્ઞાનનિધિ, એકલો અસંયોગી છે. તેમાં યથાર્થ દૃષ્ટિથી એકાગ્ર થઈ દેખે તો અંદર પોતે જ શરણરૂપ જાગ્રત છે તેમાં વારંવાર રુચિ-એકાગ્રતાથી દેખે તો તેનો કોઈ સમયે વિરહ નથી, દુકાળ નથી, નિરંતર સુકાળ વર્તે છે. તેમાં ઊભા રહેવું, નબળાઈથી વિકલ્પ હોય પણ તે હું નથી એમ જુદાની રુચિ, જુદાનું જ્ઞાન અને પોતે જુદો જ્ઞાતા જ છે તેમાં લીનતા તે મોક્ષમાર્ગ છે, તેમાં ઊભા રહેવું.

બહિરાત્માને તો નિરંતર બહારની વાતોમાં નિંદા-સ્તુતિ, અનુકૂળ-પ્રતિકૂળની ચિંતા પડી છે, તેમાંથી પાછો ફરી, અંદર ચિદાનંદ છું તેમાં રુચિ કરવાનો અવકાશ નથી. તેથી પુણ્યની અભિલાષાથી જ સ્વાધ્યાય, પ્રત્યાખ્યાન, સ્તવન વગેરે બહિર્જલ્પ કરે છે, વિકલ્પ અને વાણીનો કર્તા થઈ પુણ્યની રુચિ ને ભાવનામાં વર્તે છે. વળી તે અશન, શયન, ગમન, સ્થિતિ વગેરેમાં સત્કારાદિની પ્રાપ્તિનો લોભી વર્તતો થકો તેના રાગમાં મનને જોડે છે, અસંગ નિર્વિકલ્પ જ્ઞાનમાત્રમાં કદી જોડતો નથી તે બહિરાત્મા છે.

**માહ વદ ૧૩, શનિવાર, ૨૩-૨-૫૨.**

આ પરમ આવશ્યકનો અધિકાર છે. બાહ્ય-અંતર જલ્પ-વિકાર રહિત અંતરાત્માની વાત છે. કાંઈ કરું એવી ઈચ્છા-વિકલ્પ તે રાગ છે-દોષ છે, વ્યવહાર આવશ્યક તે જરૂરી એવું સ્વાધીનતારૂપ કર્મ નથી પણ પુણ્ય-પાપ બંધન કરનારું કર્મ છે.

જે પાપને તો ભૂંડું માને પણ સ્તુતિ, દયા, દાન, વ્રત, તપનો શુભરાગ -જે પુણ્ય છે તેને ભલો માને તેને પુણ્યની રુચિ છે, પણ આત્મા અરાગી જ્ઞાતામાત્ર છે તેની રુચિ નથી. તેથી તે જીવ કદી

મુનિવેશ ધારે ને વ્યવહારે શુભરાગથી સ્વાધ્યાય, પ્રત્યાખ્યાન આદિ કરે; સમિતિ પાળે છતાં તે શુભ રાગથી કલ્યાણ થશે એમ માને છે તેથી તે સંસારમાં રખડે છે. ભલે તેને પ્રગટપણે લોકો પાસેથી આશા ન દેખાય પણ પરનું કરી શકું છું, પુણ્ય ભલું છે તેમ પુણ્યની રુચિ છે તેને ઊંડે ઊંડે પરનું અભિમાન હોય જ. અંતર જ્ઞાનાનંદને ચૂકીને પુણ્યની મોટપ ગાય છે ને તેની ભાવના કરે છે તેને અધર્મ, સંસારપોષણની દૃષ્ટિ છે તેથી તે પરવશ-પરાધીનતાનો સાધક છે. તે ભલે શાસ્ત્રો ભણે પણ અંદર જ્ઞાનમાં પ્રવેશ નથી તેથી તે પુણ્ય-પાપ, નિમિત્તમાં જોડાવું ઠીક માને છે.

અને જે સંપૂર્ણપણે નિજાત્મામાં અંતર્મુખ રહીને શુભાશુભ સર્વ વિકલ્પજાળમાં ક્યારેય વર્તતો નથી તે મુનિ સાક્ષાત્ અંતરાત્મા છે. ચૈતન્યબિંબ જ્ઞાયક પરમાત્મા છે, નિર્મળ ધ્રુવ અનંત શક્તિનો પિંડ છે તેમાં જ એકાગ્રતાથી હિત માને છે. અને નિર્વિકલ્પ જ્ઞાતામાત્રમાં એકાગ્રતા કરી ઠરે છે. તેને સામાયિકાદિ સ્વાધીનકાર્ય હોય છે.

પ્રથમથી જ સર્વ પ્રકારના રાગરહિત ચૈતન્યની શ્રદ્ધા કરી, તેમાં જેટલા અંશે એકાગ્રતારૂપ જ્ઞાન-ધ્યાનમાં વર્તે છે તેને અંતરાત્મા અને ધર્માત્મા કહેવાય છે.

એવી રીતે શ્રી અમૃતચંદ્રાચાર્યે સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૯૦મા શ્લોક દ્વારા કહ્યું છે કે :

(वसंततिलका)

**स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-**
**मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।**
**अन्तर्बहिः समरसैकरसस्वभावं**
**स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्॥**

**શ્લોકાર્થ :** એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને (તત્ત્વવેદી) અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) પામે છે.

એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે (પર ઉપર લક્ષ કરવા જાય ત્યાં રાગ થયા વિના રહે નહિ, એનું નામ આપોઆપ છે.) એવી મોટી નયપક્ષકક્ષા એટલે આત્મા બદ્ધ છે કે અબદ્ધ છે વગેરે વ્યવહાર-નિશ્ચયનયના વિકલ્પો અર્થાત્ રાગમિશ્રિત વિચારોને છોડીને હું જ્ઞાનાનંદ છું, પર્યાયમાં અશુદ્ધ છું વગેરે વિકલ્પ તે પણ રાગ છે તેનાથી રહિત વીતરાગસ્વરૂપ જ્ઞાનાનંદમાં એકાગ્રદૃષ્ટિથી દેખે તો ભગવાન આત્મા કેવો છે ? કે અંદરમાં ત્રિકાળ સ્વભાવ પૂર્ણ જ્ઞાન શાંતિથી ભરેલો છે અને બહારમાં સામાન્ય સ્વભાવ આશ્રિત ઉત્પન્ન થતી નિર્મળ પર્યાય તેમાં પણ પરમ



સમતા રસ જ ભર્યો છે. વિકલ્પનો ભેદ પડે કે હું આવો છું ને આવો નથી તે એકે શાંતરસ નથી. માટે નયપક્ષમાં રોકાવું ઠીક નથી. આત્માના નિર્મળ સ્વભાવને ઓળખી અંદર એકાગ્ર થતાં અનુભૂતિમાત્ર એક પોતાના સ્વરૂપને પામે છે.

## શ્લોક ૨૫૯

(मन्दाक्रान्ता)

**मुक्त्वा जल्पं भवभयकरं बाह्यमाभ्यन्तरं च**
**स्मृत्वा नित्यं समरसमयं चिच्चमत्कारमेकम्।**
**ज्ञानज्योतिःप्रकटितनिजाभ्यन्तरांगान्तरात्मा**
**क्षीणे मोहे किमपि परमं तत्त्वमन्तर्ददर्श॥ २५९॥**

**શ્લોકાર્થ :** ભવભયના કરનારા, બાહ્ય તેમ જ અભ્યંતર જલ્પને છોડીને, સમરસમય (સમતા-રસમય) એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને, જ્ઞાનજ્યોતિ વડે જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે એવો અંતરાત્મા, મોહ ક્ષીણ થતાં, કોઈ (અદ્‌ભૂત) પરમ તત્ત્વને અંદરમાં દેખે છે. ॥ ૨૫૯ ॥

પ્રથમ વિપરીતતા રહિત અને યથાર્થતા સહિત સાચી દૃષ્ટિથી આવું જ્ઞાન ન કરે ત્યાં સુધી અપૂર્વ મહિમાવંત તત્ત્વ વિચારવાનો અવસર પણ નથી. હોય લોભ-કંજુસાઈ અને માને કરકસર, કરે કપટ અને માને વિચિક્ષણતા તેને સુધરવું નથી. તેમ દયા, દાન, વ્રતાદિ શુભાસ્રવ છે-બંધનું કારણ છે. તેને જે ધર્મ માને તેને અરાગી આત્માશ્રિત પુણ્ય-પાપ રહિત ધર્મ છે -એ વાત બેસે નહિ.

ગોખેલા શાસ્ત્રપાઠ, બાહ્યવાણી જડ છે તેનાથી પુણ્ય, પાપ કે ધર્મ નથી. અંદરમાં ભવભયના કરનારા પુણ્ય-પાપના વિકલ્પ થાય તેની રુચિ છોડીને -સર્વ પ્રકારના રાગ અને વચનને છોડીને, બાહ્ય આલંબન રહિત નિત્ય સમતારસમય એક ચૈતન્યચમત્કારને જ્ઞાની નિરંતર સ્મરે છે, જ્ઞાનીને બાહ્ય ચમત્કારની તુચ્છતા છે. દેવ, દેવી, મંત્રાદિ કોઈ ચમત્કારને તે ઈચ્છે નહિ, રાગ અને સંયોગની વાતનો જરાય મહિમા કરે નહિ. જે ભાવે તીર્થંકર નામકર્મનો બંધ થાય તે રાગને ચૈતન્યચમત્કાર કહ્યો નથી. જ્ઞાનીએ તો અંતર્મુખ જ્ઞાનજ્યોતિ વડે નિજ અભ્યંતર અંગ (-સ્વરૂપ) પ્રગટ કર્યું છે અને જે પુણ્ય-શુભરાગ વ્રતાદિ આસ્રવની લાગણી ઉત્પન્ન કરે તેણે બાહ્ય અંગ પ્રગટ કર્યું છે. તે કાંઈ અંગત-સ્વ નથી પણ વિરોધપક્ષ છે, ચૈતન્યની જાગ્રતિને લૂંટનાર છે. તારું સાચું અંતરંગ તો ત્રિકાળ નિર્મળ ચૈતન્યસ્વરૂપ છે ને તેના આશ્રયે જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિ પ્રગટ થાય તે પણ સાચું અંતરંગ છે, પુણ્ય-પાપ-રાગનો ભાવ તે બહિરંગ છે.

અંદરમાં જે પૂર્ણ જ્ઞાન-આનંદ સ્વભાવી શક્તિ છે તેને ઓળખી, તેમાં એકાગ્રતા વડે શુદ્ધતાના અંગો પ્રગટ કરે તે અંતરાત્મા છે. બહિરાત્માએ બાહ્ય લક્ષે પુણ્ય પ્રગટ કરી ધર્મ માન્યો છે. તેને

કોઈ પ્રકારે સમતારસનો સ્વાદ કદી નથી.

અને અંતરાત્માએ અંદર નિર્મળાનંદ નિધાનને પ્રગટ કરી, અંતરના કપાટ ખોલી સમતારસમય અવિનાશી જ્ઞાનજ્યોતિનો વિકાસ કર્યો છે.

પુણ્ય-પાપ તો ક્ષણમાં પલટી જાય છે, તે એકરૂપ રહે નહિ. વળી તે અચેતન-મડદાં છે તેમાં જે ભલું માને તે જેમ મડદાં કબરમાં દટાય છે તેમ પુણ્ય-પાપની ભ્રાંતિમાં દટાય છે.

જેણે નિજ અભ્યંતર જ્ઞાનાનંદ વીતરાગ સ્વભાવ પ્રગટ કર્યો છે તે ઉત્કૃષ્ટ અંતરાત્મા - ક્ષીણમોહ થતાં કોઈ અદ્ભૂત પરમ તત્ત્વને અંદરમાં દેખે છે.

અહો ! મહિમાવંત ચિદાનંદના ગાણાં પણ પ્રીતિથી સાંભળે તો અંદરમાં અપૂર્વ જાગ્રતિની વાત આવે.

બહારનો મહિમા તો અનાદિથી કરતો આવે છે. પુણ્ય, દયા, દાન, સામાયિક કરતો આવે છે. વરસીતપ કરવાની વાતો સાંભળે ત્યાં અહો.....હો.....! આવી તપસ્યા કરનારા ઊભા ઊભા મોક્ષ જશે -એમ માની બહારનું માહાત્મ્ય કરે છે તે મોહનું ભજન કરે છે પણ અંદરથી વીતરાગમાર્ગની શ્રદ્ધાની વાત તો લાવ કે વ્રત, તપ, સામાયિક એ રાગ છે, ધર્મ નથી, ધર્મ તો નિર્વિકલ્પ આત્મભાવથી છે, તેનાથી લાભ છે એવી પ્રતીતિ વિના અંશમાત્ર લાભ નથી.

પર ભગવાનની સ્તુતિનો શુભરાગ તે પુણ્ય છે, તે પરમાર્થ વીતરાગ સ્વભાવની સ્તુતિ નથી. જેને જેની રુચિ તે તેની ભાવના કર્યા વિના ન રહે. અંદર વીતરાગ દૃષ્ટિ અને નિર્વિકલ્પ સ્થિરતા ઉત્પન્ન કરે તે સાચી સ્તુતિ છે, અને ભગવાનનું સ્મરણ કરે તે વ્યવહારસ્તુતિ છે.



## ગાથા ૧૫૧

**जो धम्मसुक्कझाणम्हि परिणदो सो वि अंतरंगप्पा।**
**झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि ॥ १५१ ॥**

**यो धर्मशुक्लध्यानयोः परिणतः सोप्यन्तरंगात्मा।**
**ध्यानविहीनः श्रमणो बहिरात्मेति विजानीहि ॥ १५१ ॥**

**વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;**
**ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.**

**અન્વયાર્થ** : (यः) જે (**धर्मशुक्लध्यानयोः**) ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં (**परिणतः**) પરિણત છે (**सः अपि**) તે પણ (**अन्तरंगात्मा**) અંતરાત્મા છે; (**ध्यानविहीनः**) ધ્યાનવિહીન (**श्रमणः**) શ્રમણ (**बहिरात्मा**) બહિરાત્મા છે (**इति विजानीहि**) એમ જાણ.

આ અધિકાર સામાયિક, તીર્થંકરસ્તુતિ, વંદનાદિ છ આવશ્યકનો છે. લોકો શરીરની ક્રિયામાં સામાયિક તથા ધર્મ માને છે, તે મિથ્યાભાવ છે. શરીર, મન, વાણીની ક્રિયા તો જડની ક્રિયા છે તેને આત્મા કરી શકતો નથી. અંતરમાં શુભરાગની લાગણી ઊઠે છે તે પુણ્ય છે, ધર્મ નથી. આત્મા દેહની ક્રિયાનો કરનાર નથી તેમ જ પુણ્ય કરું એવો રાગ આત્માના સ્વભાવમાં નથી. પુણ્ય-પાપની લાગણી વિનાના ત્રિકાળી સ્વભાવમાં સ્થિરતા કરવી તે સામાયિક છે, તે જ પ્રકારે ધ્યાનનો અર્થ છે. જે વિકલ્પ ઊઠે છે તે આર્તધ્યાન છે. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે પરમાર્થે આર્તધ્યાન છે. મન, વચન, કાયાનું અવલંબન છોડી અંતરમાં પરિણત થયેલી દશાને ધ્યાન કહે છે. આત્મા આત્મારૂપે પરિણત થયો, અંતર જાગીને એકાગ્ર થયો તે જીવ ધર્મી છે, જ્ઞાની છે, અંતરાત્મા છે.

આત્માની સમજણ વિના શરીરની ક્રિયા ને પુણ્યની ક્રિયાને ધર્મ માને છે તે મિથ્યાત્વશલ્ય છે. આત્માની એકાગ્રતારૂપ ધ્યાન વિનાનો મુનિ બહિરાત્મા છે-એમ જાણ-આમ આદેશ કર્યો છે.

**ટીકા** : આ ગાથામાં આત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન ને શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે એમ કહ્યું છે.

જીવ અને અજીવ બન્ને પદાર્થો જુદા છે. છતાં મન, વાણી, દેહની ક્રિયા આત્મા કરી શકે છે, પરની દયા પાળી શકે છે એમ માની તેને ધર્મ માનવો તે મિથ્યાભાવ ને સંસાર છે. શરીર જડ છે. તેનુ હાલવું-ચાલવું આત્માને આધીન માને, અજીવની ક્રિયા જીવને આધીન માને ને પુણ્યભાવને સંવર માને તે મિથ્યાભાવ છે, તે બધો પરાશ્રિતભાવ છે. પરથી જુદો માની તથા એક સમયની પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળી અંતરસ્વભાવની રુચિ કરી તેના આશ્રયે જે નિર્મળતા પ્રગટ થાય છે તે આત્માશ્રિત

ધ્યાન છે. ધર્મધ્યાન ને શુક્લધ્યાન બન્ને નવી પ્રગટતી નિર્મળ પર્યાયો છે તેને અહીં ઉપાદેય કહી છે કેમ કે સ્વભાવ તરફ વળતાં તે ઉત્પન્ન થાય છે અને આત્મા સાથે અભેદ થાય છે. ખરેખર ઉપાદેય તો શુદ્ધ આત્મા જ છે.

અહીં (આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય છે. અંતરાત્મા તો ચોથા ગુણસ્થાનવાળો જીવ પણ છે, પણ અહીં સાક્ષાત્ અંતરાત્મા કહીને બારમા ગુણસ્થાનવાળા જીવની વાત કરી છે. આત્માનું ભાન હોવા ઉપરાંત વિશેષ સ્થિરતા કરી, કષાયનો નાશ કરી, સર્વજ્ઞપદ લેવાની તૈયારીવાળા જીવને સાક્ષાત્ અંતરાત્મા કહ્યો છે. ચોથા ગુણસ્થાનવાળા જીવને પણ અંતરનું ભાન હોય છે, તેને દૃષ્ટિદોષ નથી પણ ચારિત્રદોષ હોય છે. અહીં બારમા ગુણસ્થાનવાળા અંતરાત્માને ચારિત્રદોષ પણ ટળી ગયો છે ને અંતરસ્થિરતા વધી છે તેની વાત છે.

ખરેખર તે ભગવાન ક્ષીણકષાયને સોળ કષાયોનો અભાવ છે તેથી દર્શનમોહનીય અને ચારિત્ર-મોહનીય કર્મો નાશ પામ્યા છે. ''તેથી તે (ભગવાન ક્ષીણકષાય) સહજ ચિદ્‌વિલાસલક્ષણ અતિ અપૂર્વ આત્માને શુદ્ધ નિશ્ચયધર્મધ્યાન અને શુદ્ધ નિશ્ચયશુક્લધ્યાન એ બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે.''

બારમા ગુણસ્થાનવાળા જીવને એકલું શુક્લધ્યાન જ હોય છે. ચોથા ગુણસ્થાને આત્માનું ભાન થાય, પછી શ્રાવક અવસ્થા અને પછી મુનિપણું અંગીકાર કરી ક્રમેક્રમે આગળ વધે છે ને ક્ષીણમોહ થાય છે. તે બધી નિર્મળતા વધવાનું કારણ આત્માનો આશ્રય છે. અંતરક્રિયાથી આગળ વધે છે પણ બહારની કે પુણ્યની ક્રિયાથી વધતો નથી તે બતાવવા ધર્મ ને શુક્લ એ બે ધ્યાનો વડે ધ્યાવે છે એમ કહ્યું છે.

કેવા આત્માને ધ્યાવે છે ? સહજ ચિદ્‌વિલાસલક્ષણ અતિ અપૂર્વ આત્માને ધ્યાવે છે. મૂળ ગાથામાં **પરિણત** શબ્દ છે તે ખાસ મહત્વનો છે. તેમાંથી ટીકાકાર મુનિરાજે સહજ નિર્વિકારી સ્વાભાવિક ક્રિયા એવો આશય કાઢ્યો છે. તે સહજ ચૈતન્યનો વિલાસ છે, પુણ્ય-પાપ સ્વાભાવિક નથી, પણ કૃત્રિમ છે, સામાયિક કરું, વંદન કરું તેવો ભાવ પુણ્ય છે, ઉપાધિ છે -તે રાગનો વિલાસ છે, જ્ઞાનનો વિલાસ નથી, તે ધર્મધ્યાન નથી. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, શરીર-મન-વાણી કે જગતના કોઈ પદાર્થનો હું ફેરફાર કરનાર નથી, કોઈને મદદ આપવી કે કોઈની મદદ લેવી તે મારા સ્વભાવમાં નથી. હું તો ચૈતન્યઅરીસો છું. શરીર શરીરના કારણે ચાલે, હું તેનો જ્ઞાતા છું તેમ જ જે વિકલ્પ ઊઠે તે મારું સ્વરૂપ નથી. હું તો શુદ્ધ જ્ઞાનસ્વભાવી છું એવું ભાન કરી અંતરશક્તિમાંથી વ્યક્તરૂપ નિર્મળ પરિણતિ થવી તે ધ્યાન છે ને તે સહજ ચૈતન્યનો વિલાસ છે. આવા શુદ્ધ આત્માને અંતરાત્મા નિરંતર ધ્યાવે છે.

વળી અપૂર્વ આત્મા કહ્યો એટલે પૂર્વે આવા પ્રકારે આત્માને ધ્યાવ્યો નથી. કુદેવાદિને માને તેની તો વાત નથી પણ દરેક જીવે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને પૂર્વે માન્યા છે. નગ્ન દિગંબર મુનિ થયો છે,



શરીરના ખંડખંડ ટુકડા થાય છતાં ક્રોધ ન કરે એવી કષાયમંદતા કરી છે તે મંદ આર્તધ્યાન છે, તેને ધર્મધ્યાન માની સંસારમાં રખડ્યો છે. એટલે અતિ અપૂર્વ આત્માનું ધ્યાન પૂર્વે કદી કર્યું નથી. મોક્ષ માટે છ આવશ્યક-અવશ્ય કરવા યોગ્ય ક્રિયા કઈ છે તે બતાવે છે.

તે ક્રિયા અથવા ધ્યાનનું લક્ષણ શું ? શરીર સ્થિર બેસે તે તેનું ચિહ્ન-લક્ષણ છે ? ના. તે તો જડની ક્રિયા છે. અંતરમાં સ્મરણનો શુભરાગ કરે તે લક્ષણ છે ? ના. તે તો પુણ્ય છે, ધર્મ નથી. પ્રતિક્રમણ, કાયોત્સર્ગ વગેરેનું લક્ષણ-એંધાણ સહજ ચૈતન્યનો વિલાસ છે. સહજ ચિદ્‌વિલાસ-સ્વરૂપ સર્વજ્ઞદેવની પ્રતીતિ, તેવા સાધક ગુરુની પ્રતીતિ, ને એવું કહેનાર શાસ્ત્રોની પ્રતીતિ ને રમણતા કરવી તે ચૈતન્યનો વિલાસ છે. ને તે જ ધર્મધ્યાન ને આવશ્યક ક્રિયા છે.

નવ તત્ત્વને પૃથક માનવાના ઠેકાણાં ન હોય ને કહે કે અમો વ્રતધારી છીએ ને મુનિ છીએ તે બધો અજ્ઞાનભાવ છે. અનંતા આત્મા, અનંતા પુદ્‌ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ -આમ છ જુદે જુદા પદાર્થ છે, કોઈ કોઈને પરિણમાવે એમ બને નહિ છતાં દેહની ક્રિયા આત્મા કરે એમ માને ને દેહની ક્રિયાથી ધર્મ માને તે અજીવથી જીવને ધર્મ થયો માને છે પણ જીવથી ધર્મ થાય તેમ માનતો નથી. તેને ધ્યાન હોતું નથી.

ધર્મી જીવ દરેક પદાર્થને પૃથક્ પૃથક્ માને છે, જડની ક્રિયાનો સ્વામી થતો નથી તેમ જ વિકારને પોતાનું સ્વરૂપ માનતો નથી પણ પોતે જ્ઞાનસ્વરૂપ છે એમ માને છે. એવો ચોથા ગુણસ્થાનવાળો શ્રાવક મધ્યમ અંતરાત્મા છે ને પાંચમાથી આગળ વધીને સ્વરૂપના આશ્રયે લીનતા કરે છે તે મુનિ આગળ વધીને ક્ષીણકષાય કરે છે તે સાક્ષાત્ અથવા ઉત્કૃષ્ટ અંતરાત્મા છે. ચોથાથી બારમા સુધી જે નિર્મળતા થાય છે તે એક જ ઉપાયથી છે. સહજ ચિદ્‌વિલાસલક્ષણરૂપ ક્રિયા એક જ તેનો ઉપાય છે. પુણ્યની ક્રિયા કે શરીરની ક્રિયા એનો ઉપાય જ નથી. પરનો ફેરફાર કરવો એ તો નથી જ પણ રાગનો ફેરફાર કરવો એ પણ આત્માનું સ્વરૂપ નથી. પોતાના સહજ સ્વરૂપમાં લીન થતાં રાગનો નાશ થઈ જાય છે. આ પ્રમાણે સમ્યક્‌ભાવે જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમી જવું એટલે કે સંવર-નિર્જરારૂપે પરિણમવું તે જ ધર્મધ્યાન છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન, વીતરાગતા કે કેવળજ્ઞાન આત્માના આશ્રયે પ્રગટે છે, અંતર્મુખ અવલંબનથી તે પ્રગટે છે, બહારના અવલંબને તે પ્રગટતાં નથી. અજ્ઞાની જીવ બહારની ક્રિયામાં ધર્મ અથવા અધર્મ માને છે. બહારની જડની ક્રિયામાં ધર્મ અથવા અધર્મ કાંઈ પણ નથી ને શુભભાવ તે આસ્રવ ને બંધ છે. શુભભાવ સાધકને હોય છે ને નિમિત્ત ઉપર લક્ષ પણ જાય છે છતાં તે શુભથી ધર્મ માનતો નથી. પુણ્ય-પાપરહિત આત્મામાં પરિણત થયો છે તે અંતરાત્મા છે. અંતરના જ્ઞાન ને શ્રદ્ધા વડે નિર્વિકારી પરમાત્મશક્તિને પ્રગટ કરનારી દશા એક જ મોક્ષનું સાધન છે, તે સાધન વડે મુનિ ચોવીસે કલાક પોતાના આત્માને ધ્યાવે છે, તે મુનિને નિરંતર સામાયિક વર્તે છે.

અજ્ઞાની જીવને ભેદજ્ઞાનની ખબર નથી. માર્ગને કુમાર્ગ માને, કુમાર્ગને માર્ગ માને. તે મિથ્યાત્વ કહેવાય એમ અજ્ઞાની ભાષામાં બોલે છે પણ તેને મોક્ષમાર્ગની ખબર નથી. રાગ ઊઠે છે તે વિકારનો પંથ છે તેથી કલ્યાણ નથી.

''આ બે ધ્યાનો વિનાનો દ્રવ્યલિંગધારી દ્રવ્યશ્રમણ બહિરાત્મા છે એમ હે શિષ્ય ! તું જાણ.'' આત્માના ભાનપૂર્વક ધ્યાન હોય છે તેની જેને ખબર નથી ને પુણ્યથી ધર્મ માને છે તે જીવ નગ્ન દિગંબર મુનિ હોય તો પણ દ્રવ્યલિંગી છે કારણ કે અંતરના આશ્રયે મોક્ષમાર્ગ છે તેની તેને ખબર નથી. જે જીવ વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું માને તેને ભાવલિંગ તો નથી પણ દ્રવ્યલિંગ પણ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા એનું જેને ભાન નથી તે તો સ્થૂળ મિથ્યાદષ્ટિ છે. બાહ્યથી દેવ-ગુરુની સાચી શ્રદ્ધા હોવા છતાં જે પુણ્યથી ધર્મ માને તે મિથ્યાદષ્ટિ છે ને અંતરથી ધર્મ માને તે સમકિતી છે એમ તું જાણ. જે જાણતો નથી તેને જાણવાનું કહે છે. ઓળખાણ કર, વસ્તુસ્વરૂપને યથાર્થ જાણ.

**શ્લોક ૨૬૦**

**(वसंततिलका)**

**कश्चिन्मुनिः सततनिर्मलधर्मशुक्ल-**
**ध्यानामृते समरसे खलु वर्ततेऽसौ।**
**ताभ्यां विहीनमुनिको बहिरात्मकोऽयं**
**पूर्वोक्तयोगिनमहं शरणं प्रपद्ये ॥ २६० ॥**

**શ્લોકાર્થ** : કોઈ મુનિ સતત-નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી સમરસમાં ખરેખર વર્તે છે; (તે અંતરાત્મા છે;) એ બે ધ્યાનો વિનાનો તુચ્છ મુનિ તે બહિરાત્મા છે. હું પૂર્વોક્ત (સમરસી) યોગીનું શરણ ગ્રહું છું. ॥ ૨૬૦ ॥

કુંદકુંદાચાર્ય ભગવાન ને પદ્મપ્રભમલધારિદેવ ભાવલિંગી મહાસમર્થ મુનિઓ હતા. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા. ટીકાકાર મુનિરાજને આહ્લાદ આવતા કહે છે કે હું ભાવલિંગી મુનિને વંદન કરું છું. તે કહે છે કે કોઈ મુનિ આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતા કરી ધર્મ ને શુક્લધ્યાન અમૃતરૂપી સમરસમાં ખરેખર વર્તે છે. જેવો સિદ્ધનો અનુભવ છે તેવો અંશે અનુભવ તેમને વર્તે છે ને તે અંતરાત્મા છે. આ બે ધ્યાનો વિનાનો માત્ર નામધારી મુનિ તે બહિરાત્મા છે. ટીકાકાર મુનિરાજ કહે છે કે અંતરના આશ્રયે યોગ કરી રહેલા મુનિનું શરણ ગ્રહું છું. અન્યમતવાળા જે યોગીનું સ્વરૂપ કહે છે તે યથાર્થ નથી. દેહ, મન, વાણી સાથેનું જોડાણ છોડી આત્મા સાથે જોડાણ કરે તે યોગી છે. આત્માની સાથે જોડાણ કરવું તે આવશ્યક ક્રિયા છે ને તે ક્રિયાથી મુક્તિ થાય છે.



**ફાગણ સુદ ૧, મંગળવાર, ૨૬-૨-૫૨.**

આ આવશ્યક અધિકાર છે. જરૂરિયાતની ક્રિયા કોને કહેવી તે બતાવે છે. ક્રિયા ત્રણ પ્રકારની છે.

(૧) જડની ક્રિયા : શરીર, મન, વાણીના પરમાણુની ક્ષણે ક્ષણે અવસ્થા પલટાય તે જડની ક્રિયા છે. તે બંધ કે અબંધનું કારણ નથી. ભગવાન પાસે શરીર જાય ને હાથ-પગ આદિની જે ક્રિયા થાય તે જડની ક્રિયા છે. પાણીમાં કીડી બચાવવા જતાં હાથની ક્રિયા થાય અથવા ચાલતા વખતે જીવ બચાવવા માટે અંગુઠાનું જે ઊંચું થવું થાય તે જડની ક્રિયા છે. તે પુણ્ય કે ધર્મનું કારણ નથી. પૈસા ઘરમાં રહે કે બહાર જાય તે બંધ કે અબંધનું કારણ નથી; શરીરના નિમિત્તે પ્રાણી બચે તે અબંધનું કારણ નથી. તેમ જ શરીરના નિમિત્તે પ્રાણી મરે તો શરીરની ક્રિયા બંધનું કારણ નથી. ધર્માદા સંસ્થાના મકાનો બને તે જડની ક્રિયા છે તેથી પુણ્ય નથી તેમ જ ધર્મ નથી. તે બધી જડની ક્રિયા છે.

(૨) આત્માની એક સમયની પર્યાયમાં શુભાશુભભાવ થવા તે વિકારી ક્રિયા છે ને તે બંધનું કારણ છે.

(૩) રાગરહિત શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે થતી અવિકારી ક્રિયા અથવા જરૂરિયાતની ક્રિયા તે અબંધનું કારણ અથવા મોક્ષનું કારણ છે.

આ નિયમસાર છે. આત્માની પરમાનંદદશા જે કારણે પ્રગટે તેને નિયમસાર કહે છે. પુણ્ય-પાપરહિત અંતરની શાંતિ તે નિયમ છે એટલે જરૂરિયાતની ક્રિયા છે. ને બીનજરૂરી ક્રિયાનો અભાવ બતાવવા તથા વ્યવહારરત્નત્રયનો નિષેધ બતાવવા નિયમ પાછળ ''સાર'' શબ્દ મૂક્યો છે. લોકો જાત્રા વગેરેમાં ધર્મ માને છે. શરીરનું જવું કે પગલાં ભરવાં તે તો જડની ક્રિયા છે ને શુભરાગ થાય છે તે મોક્ષમાર્ગ માટે બીનજરૂરિયાતની ક્રિયા છે. જ્ઞાનીને પોતાની નબળાઈના કારણે શુભરાગ થઈ આવે પણ તે તેને બંધનું કારણ સમજે છે.

(૧) જડની ક્રિયા જરૂરિયાતવાળી પણ નથી તેમ જ બીનજરૂરિયાતની પણ નથી કારણ કે તે તો જડ છે. જડની ક્રિયાનો આત્મામાં ત્રણે કાળ અભાવ વર્તે છે.

(૨) ખાવા-પીવા ઈત્યાદિના અશુભભાવ પાપની બીનજરૂરિયાતવાળી ક્રિયા છે, તેનો શુદ્ધ આત્મામાં અભાવ વર્તે છે.

(૩) સામાયિક, વંદન વગેરે કરું એવો શુભભાવ તે પણ બીનજરૂરિયાતની ક્રિયા છે, તેનો શુદ્ધ આત્મામાં અભાવ વર્તે છે.

(૪) પોતાના શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટતી નિર્મળ પર્યાય જરૂરિયાતની ક્રિયા છે પણ તે

એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાય જેટલો ત્રિકાળી આત્મા નથી.

આમ ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં જરૂરિયાતની તેમ જ બીનજરૂરિયાતની ક્રિયાનો અભાવ વર્તે છે. આવા દ્રવ્યસ્વભાવનું ભાન કરી, પ્રતીતિ કરીને તેનું અવલંબન લેવાથી જરૂરિયાતની ક્રિયાનો અથવા સત્‌ક્રિયાનો ઉત્પાદ થાય છે.

### શ્લોક ૨૬૧

(अनुष्टुम्)

**बहिरात्मान्तरात्मेति विकल्पः कुधियामयम्।**
**सुधियां न समस्त्येष संसाररमणीप्रियः॥ २६१॥**

**શ્લોકાર્થ** : (શુદ્ધ આત્મતત્ત્વને વિષે) બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે; સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ સુબુદ્ધિઓને હોતો નથી. ॥ ૨૬૧ ॥

કેવું છે આત્મતત્ત્વ ? આત્મતત્ત્વને વિષે શરીર, વાણી, મન આદિ બહારના પદાર્થોનો અત્યંત અભાવ વર્તે છે, છતાં તેનાથી ધર્મ માને, દેવ-ગુરુ-શાસ્ત્રથી ધર્મ માને, કુગુરુથી કલ્યાણ માને તે બહિરાત્મપણું છે, તે મિથ્યાદષ્ટિ છે. ને આત્મા પરિપૂર્ણ શુદ્ધ છે, તેના આશ્રયે કલ્યાણ છે એમ માની જે અંતરાત્મપણું પ્રગટ કરે તે મોક્ષમાર્ગ છે. બહિરાત્મપણું એક સમયની ઊંધી પર્યાય છે ને અંતરાત્મપણું એક સમયની સવળી પર્યાય છે. આ બહિરાત્મપણું છે ને આ અંતરાત્મપણું છે -એવો દ્રવ્યસ્વભાવમાં ભેદ પાડવો - વસ્તુ અભેદ છે છતાં તેમાં ભેદકલ્પના કરવી તે કુબુદ્ધિઓને હોય છે.

આ શ્લોક બહુ અદ્દ્‌ભૂત છે. ટીકાકાર ભાવલિંગી મુનિ છે. નમસ્કારમંત્રમાં ગણધરો પણ ભાવલિંગી મુનિને નમસ્કાર કરે છે એવા પંચપરમેષ્ઠીપદમાં ભળેલા છે. બીજાઓ જેનું ધ્યાન કરે એવા તે પદસ્થ મુનિ હતા. તે મુનિ અહીં શુદ્ધ દ્રવ્યનું સ્વરૂપ બતાવે છે. શરીર આદિની ક્રિયા તથા બીજા જીવોની ક્રિયા આ જીવને આધીન નથી. પોતે દયાનો ભાવ કરે ને તેથી બીજો જીવ બચી જાય એમ બનતું નથી. શરીરની ક્રિયા સ્વતંત્ર, સામો જીવ સ્વતંત્ર ને દયાનો ભાવ સ્વતંત્ર છે. વળી રૂપિયા દાનમાં આપવાનો ભાવ સ્વતંત્ર, કંજૂસાઈનો ભાવ સ્વતંત્ર ને જડની ક્રિયાનો ભાવ સ્વતંત્ર છે. આ બધા ભાવ બીનજરૂરિયાતની ક્રિયા છે તેનો તો આત્મામાં અભાવ છે પણ હું વીતરાગી શુદ્ધ સ્વરૂપી છું એવા આત્માના ભાવપૂર્વક જે નિર્વિકારી પર્યાય પ્રગટે તે જરૂરિયાતની ક્રિયા છે. અભેદ અંતઃતત્ત્વને વિષે ભેદ પાડવો તે કુબુદ્ધિ પાડે છે કેમ કે વસ્તુસ્વરૂપ અભેદ છે. અભેદમાં ભેદની કલ્પના કરવી તે મિથ્યાદષ્ટિ છે. બહિરાત્મપણું-મિથ્યાદષ્ટિપણું પહેલેથી ત્રીજા ગુણસ્થાન સુધી હોય છે. ને જ્ઞાનીને અંતરાત્મપણું ચોથાથી બાર ગુણસ્થાન સુધી હોય છે. તે બન્ને પર્યાય છે. દ્રવ્યમાં પર્યાયબુદ્ધિ માને



તે મિથ્યાદષ્ટિ છે. જ્યાં સુધી અજ્ઞાનદશા વર્તે ત્યાં સુધી મિથ્યાદષ્ટિપણું છે ને આત્માનું ભાન કરે તે ચોથું ગુણસ્થાન-સમ્યગ્દષ્ટિપણું છે ને તેથી વધારે સ્થિરતા તે મુનિપણું છે.

જીવોએ વસ્તુસ્વરૂપ જાણ્યું નથી. ધર્મની ખાણ ક્યાં છે ? સોનાની ને તાંબાની ખાણ સાથે સાથે હોય તેમાં સોનાની ઈચ્છાવાળો તાંબાની ખાણ ખોદે તો મૂર્ખ છે, તેમ દયા-દાનાદિના વિકારી ભાવ કરવા અથવા અભેદમાં ભેદ પાડવો તે સંસારની ખાણ છે. શુદ્ધ ચૈતન્ય ત્રિકાળી સ્વભાવ સોનાની ખાણ સમાન છે તેના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે.

આત્મતત્ત્વ કોને કહેવું ? શરીર, કર્મ વગેરે અજીવતત્ત્વ છે. પુણ્ય-પાપ, આસ્રવ-બંધ વિકારી તત્ત્વો છે. સંવર-નિર્જરા અધૂરી શુદ્ધ પર્યાય છે ને મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય છે. આત્મતત્ત્વને વિષે વિકારી પર્યાયનો તો અભાવ છે પણ અભેદ દ્રવ્યને વિષે મોક્ષમાર્ગ કે મોક્ષ એવો પણ ભેદ નથી. બારમા ગુણસ્થાનવાળો ક્ષીણકષાય ભગવાન આત્મા કેવળજ્ઞાનની તૈયારીવાળો અંતરાત્મા છે. એવા અંતરાત્માનો દ્રવ્યને વિષે ભેદ પાડવો તે કુબુદ્ધિઓને હોય છે. સુબુદ્ધિને ભેદબુદ્ધિ ઉત્પન્ન થતી નથી.

અહીં અધિકાર કેવળીનો કે સિદ્ધનો નથી. કારણ કે તેઓ તો પરિપૂર્ણ દશા પામી ગયા છે. સુબુદ્ધિને એટલે સાધકજીવને કહેવામાં આવે છે. સાતથી બાર ગુણસ્થાનવાળાને બુદ્ધિપૂર્વક રાગ નથી. ચોથા, પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનવાળાને બુદ્ધિપૂર્વક રાગ હોય છે ને તે જાણે છે કે આટલો બુદ્ધિપૂર્વક રાગ વર્તે છે. આટલી અધૂરી નિર્મળતાની પર્યાય છે ને તે અંતરાત્મપણું વધીને પૂર્ણ મોક્ષની પર્યાય થશે. તે પર્યાયમાં પૂર્ણ થશે એમ જાણે છે. અપૂર્ણ કે પૂર્ણ એવા ભેદ પર્યાયમાં પડે છે પણ દ્રવ્યમાં એવા ભેદ નથી. આમ સમ્યગ્દષ્ટિને પર્યાયબુદ્ધિ હોતી નથી. નિમિત્તના આશ્રયે કે પુણ્યના આશ્રયે તો લાભ માનતા નથી પણ નિર્મળ પર્યાયના આશ્રયે નિર્મળતા વધે એમ પણ તેઓ માનતા નથી. ત્રિકાળના આશ્રયે લાભ થશે એવો વિકલ્પ પણ સ્વભાવમાં નથી.

અહીં પર્યાયબુદ્ધિ ઉડાવી છે. અંતરાત્મપણું ને બહિરાત્મપણું અનેકતા સૂચવે છે. એવી અનેકતા એક દ્રવ્યસ્વભાવને વિષે નથી. એકમાં અનેકની કલ્પના કરવી તેવો વિકલ્પ સંસારરૂપી રમણીને પ્રિય છે.

સુબુદ્ધિઓને આવો વિકલ્પ હોતો નથી. સુબુદ્ધિ કોને કહેવા ? લૌકિક બુદ્ધિવાળા વકીલ, દાકતરો વગેરેને સુબુદ્ધિ ગણ્યા નથી, માત્ર શાસ્ત્ર ભણતરવાળાને સુબુદ્ધિ ગણ્યા નથી. અંતરાત્મા અને બહિરાત્મા એવો ભેદ પાડે તેને પણ સુબુદ્ધિ ગણ્યા નથી. એકમાં બેપણાનો ભેદ માને તેને પણ સુબુદ્ધિ ગણ્યા નથી. વસ્તુસ્વભાવ સામાન્ય એકરૂપ છે તેમાં પર્યાયનો પણ ભેદ નથી પણ આત્મવસ્તુ અભેદ અખંડ છે એમ જે માને તેને સુબુદ્ધિ કહે છે.

અજ્ઞાની માને છે કે મારે લીધે જડની ક્રિયા થાય છે. તેને જડથી જુદાપણાનું ભાન નથી. તેણે પોતાને એક સમયની પર્યાયમાં આખો રોકી દીધો છે. જ્ઞાની જાણે છે કે જડની ક્રિયા જડથી થાય

છે ને અલ્પ રાગ થાય છે તે મારું સ્વરૂપ નથી. જેને જડથી જીવ જુદો છે એવું ભેદજ્ઞાન વર્તતું નથી તેવા જીવને પુણ્ય-પાપથી આત્માને જુદો માનવો ને મોક્ષમાર્ગ જેટલો આત્માને ન માનવો એવી માન્યતા થઈ શકે નહિ. ને સાચી માન્યતા કર્યા વિના કદી પણ ધર્મ થાય નહિ. નિમિત્તો, જડ પદાર્થો, પુણ્ય-પાપના ભાવો ને અંશ કોને કહેવા તેની તેને ખબર નથી. આત્મા અંશી આખો અભેદ છે એવા શ્રદ્ધા ને જ્ઞાન વિના ધર્મ ક્યાંથી થાય ? ન જ થાય.

સાચી શ્રદ્ધાવાળો જીવ પોતાને વિષે એવો ભેદ પાડતો નથી, તેને મિથ્યાત્વનો રાગ થતો નથી. તેને આખો સંસારભાવ પ્રિય નથી. ચૈતન્ય એકરૂપ ધ્રુવસ્વભાવની રુચિ આડે તેને અન્ય કોઈનો પ્રેમ થતો નથી. જગતમાં ઊભેલો દેખાય પણ અંતરમાં પોતાના સ્વભાવને પ્રિય માને છે.

અજ્ઞાનીને આ બધું નવું લાગે છે પણ આ નવું નથી. મહાવિદેહક્ષેત્રમાંથી અત્યારે પણ છ માસ ને આઠ સમયમાં ૬૦૮ જીવ આત્માની સમજણ કરી લીનતા કરી મુક્તિ પામે છે. અહીં મુનિઓએ પોતાના અનુભવ સહિત વાત કરી છે. પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરીને આનંદના અનુભવનારા છે તેઓ કહે છે કે નિમિત્તની કે સંયોગની બુદ્ધિ છોડ. પર્યાયબુદ્ધિ છોડ ને ત્રિકાળી દ્રવ્યની ઓળખાણ કર, અભેદબુદ્ધિ કર. સિંહની ગર્જના સાંભળી બકરાં ભાગી જાય પણ સિંહનું બચ્ચું ભાગે નહિ તેમ આત્મા સિંહ સમાન છે. જે લાયક હશે તે આ વાત સાંભળશે ને ત્રિકાળી અભેદ સ્વભાવની શ્રદ્ધા કરશે.

આ પ્રમાણે અભેદ સ્વભાવની અંતર શ્રદ્ધા કરવી તે જરૂરિયાતની ક્રિયા છે.



**ફાગણ સુદ ૨, બુધવાર, ૨૭-૨-૫૨.**

આ નિશ્ચય આવશ્યક અધિકાર ચાલે છે. મોક્ષનું નિશ્ચયકારણ તો ત્રિકાળી સ્વભાવ છે પણ તેનું વ્યવહારકારણ વીતરાગી નિર્મળ પર્યાય છે. તે મોક્ષમાર્ગ અથવા આવશ્યક ક્રિયાનું કારણ ત્રિકાળી સ્વભાવ છે. પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાનું સ્વરૂપ જીવો જાણતા નથી. મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યા વિના અવ્રતાદિનું પ્રતિક્રમણ હોઈ શકે નહિ. ભ્રાંતિથી પાછા ફરવું જોઈએ તે પણ નાસ્તિથી કથન છે. જ્ઞાયકસ્વભાવમાં અંતર્દૃષ્ટિ કરતાં મિથ્યાત્વની ઉત્પત્તિ થતી નથી તેને મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યું કહેવાય. ત્યાર પછી અવ્રતાદિનું પ્રતિક્રમણ હોય. આ નિયમસાર છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા મુનિને હોય છે, તેવા મુનિઓ કેવા હોય છે તે ગાથા ૧૫૨માં કહે છે.

**ગાથા ૧૫૨**

**पडिकमणपहुदिकिरियं कुव्वंतो णिच्छयस्स चारित्तं।**
**तेण दु विरागचरिए समणो अब्भुट्ठिदो होदि॥ १५२ ॥**

**प्रतिक्रमणप्रभृतिक्रियां कुर्वन् निश्चयस्य चारित्रम्।**
**तेन तु विरागचरिते श्रमणोभ्युत्थितो भवति॥ १५२ ॥**

**પ્રતિક્રમણ આદિ ક્રિયા–ચરણ નિશ્ચય તણું–કરતો રહે,**
**તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.**

**અન્વયાર્થ** : (**प्रतिक्रमणप्रभृतिक्रियां**) પ્રતિક્રમણાદિ ક્રિયાને -(**निश्चयस्य चारित्रम्**) નિશ્ચયના ચારિત્રને- (**कुर्वन्**) (નિરંતર) કરતો રહે છે (**तेन तु**) તેથી (**श्रमणः**) તે શ્રમણ (**विरागचरिते**) વીતરાગ ચારિત્રમાં (**अभ्युत्थितः भवति**) આરૂઢ છે.

છઠ્ઠે-સાતમે ગુણસ્થાને બિરાજતા મુનિને કેવળજ્ઞાન લેવાની ઝપટ વર્તે છે. એકાગ્ર થાઉં એવો પુરુષાર્થ છે. તેને કેવી ક્રિયા હોય છે તે બતાવે છે. આત્મા અનંત શક્તિનો ભંડાર છે. પાણીનું પૂર ચાલ્યું જાય છે તેમ અનંતી શક્તિનું પૂર આત્મામાં વહે છે. કર્તા, કરણ, સંપ્રદાન, જ્ઞાનાદિ અનંત શક્તિની પરિણતિ વહે છે. તેમાં એકાગ્ર થવું તે ધર્મ છે. તે જ્ઞાનના અવલંબને થાય છે ને તે ધાર્મિક ક્રિયા છે.

અહીંથી આત્માની યથાર્થ વાત બહાર આવી એટલે અત્યારે કેટલાક જીવો આત્માની વાતો કરવા મંડ્યા છે. તેઓ કહે છે કે આત્માનું લક્ષ રાખો ને ક્રિયા કરો. તો કઈ ક્રિયા કરવાનું કહે છે ? જડની ક્રિયા આત્માથી થઈ શકે છે ? તે તો થઈ શકતી નથી માટે જડની ક્રિયા કરવાની રહેતી નથી. વળી આત્માના લક્ષે તો વીતરાગતા થાય પણ રાગ થતો નથી. એટલે આત્માના લક્ષે બીજી ક્રિયા

કરવાનું કહેનાર નિશ્ચય અગર વ્યવહાર બન્નેને સમજતો નથી. આત્માના નામે અજ્ઞાની જીવ મિથ્યાત્વને પોષે છે.

આત્માના આશ્રયે જે વીતરાગી પર્યાય પ્રગટે તે પ્રતિક્રમણ, કાયોત્સર્ગાદિની ક્રિયા છે ને તે મોક્ષમાર્ગ છે. મુનિ નિરંતર મોક્ષમાર્ગમાં છે તેથી તે મુનિ વીતરાગી ચારિત્રમાં આરૂઢ છે. ઉગ્રપણે અવલંબન છે માટે નિરંતર કહ્યું છે. શરીરની નગ્નદશાના કર્તા-હર્તા તેઓ નથી. તેમ જ રાગના ધણી પણ નથી. તેથી તેઓ સ્વભાવમાં આરૂઢ છે.

**ટીકા** : અહીં પરમ વીતરાગ ચારિત્રમાં લીન મુનિનું સ્વરૂપ કહ્યું છે. રાગમાં અથવા મહાવ્રતમાં આરૂઢ નથી. ધ્રુવસ્વભાવના અવલંબને વીતરાગતા થાય છે તેમાં આરૂઢ છે. તે તપ છે. બાહ્ય ઉપવાસને કે લીલોતરીના ત્યાગને તપ કહેતા નથી. અખંડ સ્વભાવમાં લીન થતાં ચૈતન્યનું પ્રતપન થવું તે તપ છે. જેમ પૂર્ણિમાના ચંદ્રના નિમિત્તે દરિયો ઊછળે છે તેમ ચૈતન્યસુધાથી ભરેલા આત્મામાં વસ્તુદૃષ્ટિપૂર્વક અવલંબન લેતા વીતરાગી અમૃત ને શાંતિની છોળો ઊછળે છે. પુણ્ય-પાપરહિત આત્માનો સ્વભાવ મધ્ય દરિયા સમાન છે તેમાં એકાગ્ર થતાં પર્યાયમાં શાંતિ ને અનાકુળતા ઉત્પન્ન થાય છે. ઇચ્છાના અભાવરૂપ અકષાયભાવ તપશ્ચર્યા છે. રાગની ઉત્પત્તિ ન થતાં અનાકુળ શાંતિ ઉત્પન્ન થવી તેને તપશ્ચર્યા કહે છે.

તેવી તપશ્ચર્યાવાળો મુનિ કેવો છે ? તે બતાવે છે.

''જેણે ઐહિક વ્યાપાર(સાંસારિક કાર્યો) તજેલ છે.'' -આ નાસ્તિથી કથન છે. પોતાના સ્વભાવમાં સ્થિરતા ઘણી વધી ગઈ છે તેથી સંસારના અશુભભાવ તેમને થતા નથી. સગા-વહાલાનું રક્ષણ કરું ઈત્યાદિ ભાવ તો તેમને થતા નથી પણ કોઈ શુભના કાર્યો પણ તેઓ માથે લેતા નથી. આ કામની મારે દેખરેખ રાખવી પડશે, અધ્યાપક થવું પડશે અથવા શાસ્ત્ર પૂરું કરવું પડશે એવા શુભના કાર્યોનો બોજો પણ તેઓ રાખતા નથી. હળવા ફૂલ જેવા વિચરે છે. ઘડીમાં વિકલ્પ તૂટીને સપ્તમી ભૂમિકામાં ઝૂલે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને ચોથે ગુણસ્થાને ભાન છે કે સંસારમૂળ આત્મસ્વભાવમાં નથી એટલે શ્રદ્ધા અપેક્ષાએ તો ચોથે ગુણસ્થાને સમસ્ત સંસાર તજેલ છે પણ ત્યાં અસ્થિરતાનો અશુભરાગ હોય છે પણ મુનિને શ્રદ્ધા ઉપરાંત ત્રણ કષાય ટળીને ઘણી વીતરાગતા વધી છે તેથી તેમને અશુભરાગ થતો જ નથી.

''એવો જે સાક્ષાત્ અપુનર્ભવનો અભિલાષી મહામુમુક્ષુ સકળ ઈંદ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી''

સમ્ગ્દૃષ્ટિ જીવને વસ્તુદૃષ્ટિ હોવાથી વસ્તુમાં ભવ છે જ નહિ એમ તે માને છે. શરીર, મન, વાણી તો મારા નથી પણ ભવના કારણરૂપ રાગદ્વેષ તે પણ મારા સ્વરૂપમાં નથી એવું ભાન તેને હોય છે. જ્યારે મુનિએ ઘણી અસ્થિરતાનો નાશ કર્યો છે ને રાગ ઘણો ટળી ગયો છે તેથી તેમને સાક્ષાત્ મોક્ષના અભિલાષી તેમ જ મહામુમુક્ષુ કહ્યા છે. ચોથે-પાંચમે જીવ મુમુક્ષુ છે પણ મુનિ



મહામુમુક્ષુ છે. અંતરમાં ઠરી ગયા છે ને પરમાત્મા થાઉં કે થયો એવી ઝપટવાળા છે.

જે વસ્તુ છોડવા માગું છું તે મારામાં નથી એમ પ્રથમ નક્કી કરવું જોઈએ. સમજ્યા વિના કહે કે મારે સંસાર છોડવો છે ને મુક્તિ જોઈએ છે તો તે યથાર્થ પદને પામી શકે નહિ. કોઈ જુવાનને પરણતો જોઈને ત્રણ વરસનો છોકરો દેખાદેખીથી બોલે કે મારે પણ પરણવું છે તો તે લગ્નની જવાબદારી સમજતો નથી તેમ અજ્ઞાની દેખાદેખીથી કહે છે કે મારે મોક્ષ જોઈએ છેપણ નાના છોકરાની જેમ તે મોક્ષને બિલકુલ સમજતો નથી.

જીવ પવિત્ર દશા પ્રગટ કરવા માગે છે ને અપવિત્ર દશા છોડવા માગે છે. જે અપવિત્રતા જુદી પડે તે વસ્તુસ્વરૂપમાં ન હોય ને જે વસ્તુસ્વરૂપમાં હોય તે જુદું પડે નહિ. માટે પ્રથમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

(૧) સંસારના અશુભભાવ -આર્ત તથા રૌદ્રધ્યાનના પરિણામ દ્રવ્યસ્વભાવમાં નથી એમ ભાન થયા પછી સંસારનો અશુભ છૂટે છે.

(૨) વસ્તુમાં ભવ નથી એમ નિર્ણય થવો જોઈએ. વ્યવહારરત્નત્રયના પરિણામ -જે ભાવથી સર્વાર્થસિદ્ધિનો દેવ થાય અથવા તીર્થંકરનો ભવ મળે તે બધા ભાવ અથવા રાગ આત્મામાં છે જ નહિ. જો આત્મામાં રાગ હોય તો જ્યાં આત્મા હોય ત્યાં એટલે સિદ્ધને તથા કેવળીને પણ રાગ થવો જોઈએ. માટે રાગરહિત ને ભવરહિત સ્વભાવ છે એમ પ્રથમ નક્કી કરવું જોઈએ. તે નક્કી કર્યા પછી સ્થિરતા દ્વારા ભવનો અભાવ પર્યાયમાં થાય છે.

(૩) દ્રવ્યઈંદ્રિયો જડ છે, તે આત્મામાં નથી, આત્માનું સ્વરૂપ નથી, આત્મા તેનો કર્તા-હર્તા નથી.

ક્ષયોપશમરૂપ ભાવ એ પણ એક સમયની પર્યાયમાં છે, વસ્તુસ્વભાવમાં નથી. ઈંદ્રિયોનો વ્યાપાર છોડનારે પ્રથમ નક્કી કરવું જોઈએ કે તે મૂળ સ્વભાવમાં નથી. વ્યાપાર અશુભ અને શુભ બે પ્રકારે હોય છે. પાંચ ઈંદ્રિયોના લક્ષે અશુભ વ્યાપાર તે તો સ્વભાવમાં છે જ નહિ પણ શુભરાગરૂપી વ્યવહાર પણ સ્વભાવમાં નથી. ભગવાનને ચક્ષુ ઈન્દ્રિય દ્વારા જોવાનો રાગ, વાણી શ્રવણ કરવાનો રાગ સ્વભાવમાં નથી. ભગવાનની સ્તુતિ-વંદના વગેરેનો રાગ સ્વભાવમાં નથી એમ પ્રથમ નક્કી કરવું જોઈએ. એવું ભાન થયા પછી સ્વભાવમાં લીનતા વધે તેમ તેમ તે પ્રકારનો રાગ ઘટતો જાય છે ને ઈંદ્રિયો તરફનો વ્યાપાર છૂટતો જાય છે. આ પ્રમાણે મુનિએ સાંસારિક કાર્યો છોડ્યા છે ને અપુનર્ભવના અભિલાષીએ ઈંદ્રિયનો વેપાર છોડ્યો છે એમ નાસ્તિથી કથન કર્યું. તો હવે તે શું કરે છે ? કઈ ક્રિયા કરે છે ? તે અસ્તિથી કહે છે.

'નિશ્ચય-પ્રતિક્રમણાદિ સત્‌ક્રિયાને કરતો સ્થિત છે અર્થાત્ નિરંતર કરે છે.' સ્વરૂપનું ભાન થયા પછી અંતરદશા આગળ વધી જતાં મુનિ બાહ્ય નગ્ન દિગંબર દશામાં વર્તે છે. મુનિપણું અંતરદશા

છે. બાહ્ય નગ્નદશા હોય ખરી પણ તેને તે કરતો નથી. કઈ ક્રિયા કરે છે ? છ આવશ્યકની ક્રિયા કરે છે. પ્રતિક્રમણ, સ્તુતિ, વંદન વગેરે ક્રિયા કરે છે. પ્રતિક્રમણના પાઠો બોલાય તે જડ છે, તેની પાછળનો ભાવ શુભ છે, તેનાથી રહિત આત્મા શુદ્ધ છે, તેનું અંતર વલણ કરવું તે આવશ્યક ક્રિયા છે. સમયસાર ગાથા ૩૧માં વાત આવી છે કે બહારના ઈંદ્રિયોના વિષયો, દ્રવ્યેંદ્રિય ને ભાવેંદ્રિયથી રહિત આત્મા શુદ્ધ છે એવા શ્રદ્ધા-જ્ઞાન થવા, ઈંદ્રિય તરફનું વલણ છૂટી અતીંદ્રિય સ્વભાવનું વલણ થવું તે ખરી સ્તુતિ છે. પરમગુરુ અંતર બેઠો છે તેને ઓળખવો ને અંતર ઢળવું-નમવું તે વંદન છે. સ્વભાવની ઓળખાણપૂર્વક મિથ્યાત્વથી ને રાગથી પાછા ફરવું તે પ્રતિક્રમણ છે. આ પ્રમાણે આત્માના ભાનપૂર્વક થતી અંતરની ક્રિયા તે સત્ ક્રિયા છે.

ક્રિયા ત્રણ પ્રકારની છે. (૧) શરીરની નગ્ન અવસ્થા, પૈસાનું નજીક હોવું કે દૂર હોવું ઈત્યાદિ જડની ક્રિયા છે; તે બંધ કે અબંધનું કારણ નથી. (૨) પુણ્ય-પાપના ભાવ થાય તે રાગની ક્રિયા છે ને તે બંધનું કારણ છે. વ્યવહારરત્નત્રયના પરિણામ, સાચા દેવ-ગુરુ પ્રત્યેનો રાગ અસત્ ક્રિયા છે તો પછી કુદેવાદિને માનવારૂપ પરિણામ તો ઘણી તીવ્ર અસત્ ક્રિયા છે. (૩) આત્મા ચિદાનંદ સ્વરૂપ છે, અનાદિ અનંત છે, સાંસારિક વ્યાપાર વિનાનો છે, ભવ વિનાનો છે ને ઈંદ્રિયના વ્યાપાર વિનાનો છે. એવા આત્માની શ્રદ્ધા કરી, તેમાં લીનતા કરી જે પરિણામ પ્રગટે તે સત્ ક્રિયા છે, તે આવશ્યક ક્રિયા છે, તે સંવર-નિર્જરા છે ને તે મુક્તિને પમાડે છે.

પ્રથમ જીવને દૃષ્ટિમાં આત્મવસ્તુ મોક્ષસ્વરૂપ જ છે એમ ખ્યાલમાં આવી જવું જોઈએ. સમ્યક્-મિથ્યા શું છે તેનો વિવેક કરતાં, સત્યનો પક્ષ લેતાં અસત્યનો પક્ષ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ઈચ્છાવાળા જીવને આ વાત અપૂર્વ લાગવા માંડે છે. તેને અપૂર્વ વાત બેસે છે. સ્વભાવની વાત સાંભળનારમાં પાત્રતા હોવી જોઈએ. અહો ! આ વાત અગાઉ મેં સાંભળી નથી. સ્વભાવ તરફ જવાના ઉત્સાહમાં જે વીર્ય જોઈએ તે વીર્ય હજી ફોરવ્યું નથી એમ વિચારી વિશેષ વીર્ય સ્વ તરફ વળે ને રુચિનું જોર વધારે તો આ વાત નિરર્થક જતી નથી. શરૂઆતમાં વિશ્વાસ લાવી, સમ્યગ્દર્શન પ્રગટાવવાનો કામી છે તે સમ્યગ્દર્શનના રસ્તે છે. પ્રથમ સત્યની હા પાડે એ જ મોક્ષમાર્ગે જવાનો રસ્તો છે. સાધકદશામાં ભલે રાગ સર્વથા છૂટે નહિ પણ હા તો પાડ કે માર્ગ તો એક જ છે. જ્ઞાનના વીર્યના લક્ષે અંતરસ્ફૂર્તિથી રસ્તો પમાય છે. સ્વભાવ તરફ ઉલ્લાસિત વીર્ય હોવું જોઈએ. અહો ! હું મોક્ષ કરવાનો છું, હું સિદ્ધની નાતનો છું. દશા શ્રીમાળી નાતમાં ગરીબ માણસ પણ પૈસાદાર સાથે જમે છે તેમ હું સિદ્ધની નાતનો છું, સિદ્ધો જેમ મોક્ષદશા-અંતરદશા પામી ગયા ને સંપૂર્ણ જ્ઞાન ને આનંદદશા તેમણે પ્રગટ કરી તેમ હું પણ તેમની સાથેની હારની હરોળે બેસનારો-એક લાઈને બેસનારો છું. આમ એક વાર ઉલ્લાસિત વીર્યથી હા તો પાડ ! જે જીવને શરૂઆતનો પણ વિશ્વાસ ન આવે તેને દ્રવ્યનો વિશ્વાસ ન આવે. ઉલ્લાસિત વીર્ય વિના સમ્યગ્દર્શન થાય નહિ, સમ્યગ્દર્શન વિના મુનિપણું થાય નહિ, મુનિપણા વિના મુક્તિ થાય નહિ.



આ નિયમસાર છે. નિયમ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે પણ તે સાર નથી, પણ અસત્ ક્રિયા છે. તેના પરિહાર અર્થે સાર શબ્દ મૂકેલ છે. સ્વને તાબે થવું ને પુણ્ય-પાપરૂપી વિકલ્પને તાબે ન થવું તે સાચી ક્રિયા છે. આવી સાચી ક્રિયાને મુનિ નિરંતર કરે છે. એટલે કે દ્રવ્યમાંથી નિરંતર નિર્વિકારી પરિણમન વહે છે. જીવ અનાદિથી રાગ ને આકુળતા કરતો હતો, તેથી થાક્યો છે તે હવે ભાનપૂર્વક સ્થિરતા કરતાં અંતરશાંતિને અનુભવે છે તે મુનિ છે ને તેને પરમ ચારિત્ર કહે છે.

## ફાગણ સુદ ૩, ગુરુવાર, ૨૮-૨-૫૨.

'તે પરમ તપોધન તે કારણે નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ પરમ વીતરાગચારિત્રમાં સ્થિત છે (અર્થાત્ તે પરમ શ્રમણ, નિશ્ચયપ્રતિક્રમણાદિરૂપ નિશ્ચયચારિત્રમાં સ્થિત હોવાને લીધે, જેનું લક્ષણ નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે એવા પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત છે).'

આ પરમ આવશ્યક અધિકાર છે. મુક્તસ્વરૂપ-આનંદસ્વરૂપ થવું હોય તેને તેના કારણરૂપ આવશ્યક સત્ ક્રિયા બતાવે છે. ચારિત્ર અથવા મુનિદશા મુક્તિનું કારણ છે. તે મુનિનું ચારિત્ર કેવું હોય છે તેનું લક્ષણ બતાવે છે. અનાદિથી અજ્ઞાની જીવ પરમાં એટલે બૈરાં, છોકરાં, પૈસા, મકાનમાં ને હિંસા, જૂઠું, ચોરી વગેરે અશુભભાવ ને તેના નિમિત્તોમાં વિશ્રાંતિ માને છે ને કોઈ જીવ દેવ-ગુરુ-શાસ્ત્રમાં ને દયા-દાનમાં કે સામાયિકાદિના શુભભાવમાં વિશ્રાંતિ માને છે પણ તે નિમિત્તો કે શુભાશુભ ભાવોમાં આત્માની વિશ્રાંતિ નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ નક્કી કરે છે કે મારી વિશ્રાંતિ તે ભાવોમાં નથી, પુણ્ય-પાપની લાગણી દેખાય છે તે અવિશ્રામ છે, જે ભાવે સ્વર્ગપદ મળે, ઈંદ્રપદ મળે તે ભાવ આસ્રવ છે-અવિશ્રામ છે. મારી શાંતિ-મારો વિસામો તો મારા ચૈતન્ય સહજ સ્વભાવમાં છે. પુણ્ય-પાપ વિનાનો ચૈતન્યસ્વભાવ-નિજસ્વરૂપ એક જ વિશ્રાંતિસ્થાન છે એમ જે નક્કી કરે તેને સમ્યગ્દર્શન થાય છે, તેને હજી અસ્થિરતાના ભાવ હોય છે ખરા, પણ અહીં તો મુનિપણાની વાત છે. પ્રતીતિ ઉપરાંત સ્વરૂપમાં ઘણાં ઠરી ગયા છે તેવા મુનિની વાત છે. સિદ્ધના જેવો અમૃતનો અનુભવ કરે છે. શરીર અગ્નિથી દાઝતું હોય તો પણ મુનિને ખબર પડતી નથી. શરીર કે વિકલ્પ જ મારામાં નથી એમ તેઓ માને છે. એવી શાંતિ ઘણી વધી ગઈ છે, તે દશાને પરમ વીતરાગ ચારિત્રદશા કહે છે. તે નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ લઈ રહ્યા છે. સામાયિક કરવી, સ્તુતિ કરવી, વગેરેમાં જે શુભભાવ થાય તે તો આત્માની પર્યાયમાં ઝગડો છે-અવિશ્રાંતિ છે. મારો વિશ્રામ તો મારો ચિદાનંદ આત્મા છે. નિશ્ચય પ્રતિક્રમણાદિ સત્ ક્રિયા અંતરમાં હોય છે. આવી ક્રિયામાં મુનિ સ્થિત હોવાનો લીધે તે પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત છે. કમળની કળી જેમ સૂર્યના નિમિત્તે ખીલી નીકળે છે તેવી રીતે જે આત્મા પુણ્ય-પાપમાં અટકીને સંકોચ પામેલો હતો તે આત્માની પ્રતીતિ, જ્ઞાન ને જોરથી પર્યાયમાં ખીલી નીકળ્યો ને તેણે પરમ ચારિત્ર પ્રગટ કર્યું. તેવા ચારિત્રવંત મુનિને નિજસ્વરૂપની મોજ હોય છે. પરમાત્મદશા ચારિત્ર વિના હોય નહિ, ચારિત્ર સમ્યગ્દર્શન વિના હોય નહિ, સમ્યગ્દર્શન

સમ્યગ્જ્ઞાન વિના હોય નહિ, સમ્યગ્જ્ઞાન સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વિના હોય નહિ. માટે પરમ વિશ્રાંત સ્વરૂપ આત્માની ઓળખાણ સાચા દેવ-ગુરુની શ્રદ્ધાપૂર્વક થાય છે. પ્રથમ સત્સમાગમે આત્માનું સ્વરૂપ નક્કી કરવું જોઈએ ને ઓળખાણ પછી ચારિત્રદશા પ્રગટે છે.

હવે આ ૧૫૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૬૨**

(मन्दाक्रान्ता)

**आत्मा तिष्ठत्यतुलमहिमा नष्टदृक्शीलमोहो**
**यः संसारोद्भवसुखकरं कर्म मुक्त्वा विमुक्तेः।**
**मूले शीले मलविरहिते सोऽयमाचारराशिः**
**तं वंदेऽहं समरससुधासिन्धुराकाशशांकम्॥ २६२॥**

**શ્લોકાર્થ** : દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ છે એવો જે અતુલ મહિમાવાળો આત્મા સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડીને મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્રમાં સ્થિત છે, તે આત્મા ચારિત્રનો પુંજ છે. સમરસરૂપી સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન તે આત્માને હું વંદું છું. ॥ ૨૬૨ ॥

ચારિત્રદશા કેવી હોય છે ? આત્મા શુદ્ધ સ્વભાવી છે તેના અવલંબને મુનિએ ભ્રાંતિ અને અસ્થિરતાનો નાશ કર્યો છે. એવો તે મુનિ અતુલ મહિમાવાળો છે. અજ્ઞાની જીવ બૈરાં-છોકરાનું પાલન કરવાની ફરજ સમજે છે તે અજ્ઞાનભાવ છે. પોતાના સ્વભાવમાં ઠરવું તેને મુનિ પોતાની ફરજ માને છે. હું આનંદકંદ સ્વભાવી છું એમ પોતાના આત્માનો મહિમા આવ્યો છે ને તેમાં જ આનંદથી રમી રહ્યા છે. વળી કેવા છે મુનિ ? સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડ્યા છે. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય, જે ભાવથી ૧૪૮ પ્રકૃતિ બંધાય તે બધો ભાવ સંસારજનિત સુખનું કારણ છે. તે ભાવો મુનિએ છોડ્યા છે ને મુક્તિનું કારણ એવા રાગરહિત ચારિત્રમાં સ્થિત છે. તે આત્મા ચારિત્રનો પુંજ છે. ચારિત્રની શાંતિનો એટલો પ્રફુલ્લિત ભાવ થઈ ગયો છે કે સ્વરૂપની બહાર નીકળવું ગમતું નથી.

વળી કેવા છે મુનિ ? પૂર્ણિમાનો ચંદ્ર જેમ દરિયામાં ભરતી લાવે છે ને પાણી ઉછાળે છે તેમ મુનિ પોતાનો આત્મા જે સમતાભાવનો સમુદ્ર છે તેની પર્યાયમાં ભરતી લાવવાને માટે પૂર્ણિમાના ચંદ્ર સમાન છે. પૂર્ણિમાનો ચંદ્ર સોળે કલાએ ખીલે છે તેમ આત્મા જ્ઞાનકળાથી ખીલી નીકળેલ છે. ટીકાકાર કહે છે કે તેવા મુનિને હું વંદું છું.



**ગાથા ૧૫૩**

**वयणमयं पडिकमणं वयणमणं पच्चखाण णियमं च।**
**आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं॥ १५३॥**

**वचनमयं प्रतिक्रमणं वचनमयं प्रत्याख्यानं नियमश्च।**
**आलोचनं वचनमयं तत्सर्वं जानीहि स्वाध्यायम्॥ १५३॥**

**રે ! વચનમય પ્રતિક્રમણ, નિયમો વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળું ય તે સ્વાધ્યાય છે. ૧૫૩.**

**અન્વયાર્થ** : (**वचनमयं प्रतिक्रमणं**) વચનમય પ્રતિક્રમણ, (**वचनमयं प्रत्याख्यानं**) વચનમય પ્રત્યાખ્યાન, (**नियमः**) (વચનમય) નિયમ (**च**) અને (**वचनमयं आलोचनं**) વચનમય આલોચના -(**तत् सर्वं**) એ બધું (**स्वाध्यायम्**) (પ્રશસ્ત અધ્યવસાયરૂપ) સ્વાધ્યાય (**जानीहि**) જાણ.

પ્રતિક્રમણના શબ્દો તો જડ છે, તે આત્માની ક્રિયા નથી. તેની પાછળનો શુભભાવ પુણ્યાસ્રવ છે, તે આત્માની આવશ્યક ક્રિયા નથી. પ્રત્યાખ્યાનના શબ્દો જડ છે ને પ્રત્યાખ્યાન લેવાનો ભાવ શુભ છે. નિયમના શબ્દો જડ છે ને મોક્ષમાર્ગ અંગીકાર કરવો એવો નિયમ લેવો તે શુભરાગ છે. આલોચનાના શબ્દો જડ છે ને આલોચનાનો ભાવ શુભ છે-વ્યવહાર છે. શુભાશુભરહિત આત્મા જ્ઞાનસ્વભાવી છે એવું ભાન હોય તો તે શુભને વ્યવહાર કહે છે. આ બધો પ્રશસ્તભાવ છે-અસત્ ક્રિયા છે-આસ્રવ છે, -એમ તું જાણ.

**ટીકા** : આ પ્રતિક્રમણાદિ સમસ્ત વચનસંબંધી શુભભાવનો અભાવ કરી સ્વભાવમાં ઠરવું તે જ કર્તવ્ય છે.

''પાક્ષિક આદિ પ્રતિક્રમણાદિ ક્રિયાનું કારણ એવું જે નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલું સમસ્ત પાપક્ષયના હેતુભૂત, સઘળુંય દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી.''

પૃષ્ઠ ૧૭૯માં કહ્યું કે 'સકળ સંયમની ભાવના કરવી તે જ વ્યવહાર પ્રતિક્રમણનું સફળપણું છે' -એકલા પ્રતિક્રમણના પાઠો બોલવા ને શુભરાગમાં રોકાવું તે તેનું સફળપણું નથી. અહીં વ્યવહાર પ્રતિક્રમણ ગ્રાહ્ય નથી ને તે શુભભાવ છે એમ બતાવે છે. હવે વ્યવહાર પ્રતિક્રમણ પણ પાક્ષિક, દિવસનું, રાત્રિનું વગેરે - કોને કહેલું હોવું જોઈએ તે પણ બતાવે છે. ભગવાન સર્વજ્ઞદેવના શ્રીમુખેથી નીકળેલા દિવ્યધ્વનિમાંથી ગણધરદેવ બાર અંગ ને ચૌદ પૂર્વની રચના કરે છે, તેની પરંપરાથી આચાર્ય ભગવાનોના મુખેથી નીકળેલી વ્યવહાર પ્રતિક્રમણની વિધિ તે વ્યવહાર પ્રતિક્રમણ છે. કેમ કે તે આચાર્યો શિષ્યના આત્માના નિર્વાહમાં નિમિત્ત છે, તેમના વચનો સાચા છે. અજ્ઞાની જીવો તેવા

જ શબ્દો કદાચિત્ કહે તો પણ અક્ષરેઅક્ષર ખોટા છે. અહીં ટીકાકાર મુનિરાજ સ્પષ્ટતાથી બતાવે છે કે અજ્ઞાનીની વાણી નિમિત્ત પણ નથી. સર્વજ્ઞદેવના અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનના દીવડા પ્રગટ્યા, અનંત ચક્ષુઓ ખીલી ગયા, ત્રણ લોકનો પત્તો મળી ગયો, છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર થયા. પછી સુધર્મસ્વામી, જંબુસ્વામી કેવળીઓ થયા. અત્યારે મહાવિદેહમાં કેવળીઓ વિચરે છે, તેઓની વાણી ને તેની પરંપરાએ આચાર્યની વાણી પ્રમાણ છે. પુરુષપ્રમાણે વચનપ્રમાણ છે. પુરુષ કોણ છે ? જે આત્માના નિર્વાહમાં નિમિત્ત છે. ગાથા ૫૩માં જ્ઞાનીનો આત્મા સમ્યગ્દર્શનમાં અંતરંગ નિમિત્ત બતાવેલ છે. તેવા ભાવલિંગી સાચા સંતના શ્રીમુખેથી નીકળેલી વાણી તે જ સાચા શાસ્ત્રરૂપ છે.

તેમણે જે પ્રતિક્રમણની વિધિ રચી તે ભણવાથી શુભરાગ થાય છે ને સમસ્ત પાપનો નાશ થાય છે. પણ તે તરફ લક્ષ જવાથી શુભરાગ થાય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી.

પ્રથમ વ્યવહાર બતાવ્યો, સાચા ભાવલિંગીના બનાવેલા શાસ્ત્રોની વિધિ કહી ને તેના લક્ષે શુભરાગ થાય છે ને અશુભનો નાશ થાય છે. જ્યાં સુધી સ્વરૂપમાં ઠરી ન શકે ત્યાં સુધી મુનિને પણ શ્રવણનો શુભરાગ આવે છે પણ શુભરાગ તથા વાણીને તેઓ ઉપાદેય માનતા નથી, પણ સાધકદશામાં આવ્યા વિના રહેતો નથી. પાક્ષિકાદિ વ્યવહારપ્રતિક્રમણ તે શુભરાગ છે-આસ્રવ છે-પુણ્યબંધનનું કારણ છે. પુણ્યનો અભાવ કરી સ્થિર થવું તે ધર્મ છે.

પ્રત્યાખ્યાન, નિયમ ને આલોચનાની વિધિ પણ જડ છે. તે લેવાનો ભાવ શુભ છે-પુણ્ય છે. તેમાં વાણી નિમિત્તરૂપે હોય છે પણ તે ધર્મ નથી. તે બધુ પૌદ્ગલિક વચનમય હોવાથી સ્વાધ્યાય છે-પ્રશસ્ત શુભભાવ છે -એમ હે શિષ્ય તું જાણ ! આ બધી પ્રતિક્રમણાદિની વિધિ અમોએ રચી નથી, તે તો જડની રચના છે ને વાણી સાંભળવાનો શુભરાગ થાય છે તે પુણ્ય છે, ધર્મ નથી - એમ તું જાણ ! વાણી જડ છે, કાન જડ છે, સાંભળવાનો રાગ તારા ચૈતન્યની જાગ્રતિને રોકે છે માટે જડ છે એમ હે શિષ્ય તું જાણ !

હવે ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૬૩**

(मन्दाक्रान्ता)

**मुक्त्वा भव्यो वचनरचनां सर्वदातः समस्तां**
**निर्वाणस्त्रीस्तनभरयुगाश्लेषसौख्यस्पृहाढ्यः।**
**नित्यानंदाद्यतुलमहिमाधारके स्वस्वरूपे**
**स्थित्वा सर्वं तृणमिव जगज्जालमेको ददर्श ॥ २६३ ॥**

**શ્લોકાર્થ** : આમ હોવાથી, મુક્તિરૂપી સ્ત્રીના પુષ્ટ સ્તનયુગલના આલિંગનસૌખ્યની સ્પૃહાવાળો ભવ્ય જીવ સમસ્ત વચનરચનાને સર્વદા છોડીને, નિત્યાનંદ આદિ અતુલ મહિમાના ધારક નિજસ્વરૂપમાં સ્થિત રહીને, એકલો (નિરાલંબપણે) સર્વ જગતજાળને (સમસ્ત લોકસમૂહને) તૃણ સમાન (તુચ્છ) દેખે છે. ॥ ૨૬૩ ॥



મુનિઓ મહાબ્રહ્મચારી હોય છે, જંગલમાં વસતા હોય છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે. તેઓને જગતની દરકાર હોતી નથી. અંતર આનંદમાં લીનતા કરે છે, તે લીનતા મુક્તિનું કારણ છે. આત્માની મસ્તીમાં જગતની દરકાર કર્યા વગર મુક્તિને સ્ત્રીની ઉપમા આપે છે. હે જીવો ! તમને સ્ત્રીના અવયવોનો પ્રેમ છે તે સંસારનું કારણ છે. આત્માની પરિણતિરૂપી સ્ત્રી જે આત્મદ્રવ્યથી કદી જુદી પડતી નથી તેનો પ્રેમ કરો. ભગવાન સિદ્ધને સિદ્ધદશા પ્રગટી તેનો કદી વિરહ પડતો નથી માટે તે પરિણતિને પ્રગટ કરો.

સમળીઓ માંસના કટકા ખાવા માટે મોહે છે તેમ જગતમાં વિષયના મોહી જીવો સ્ત્રીઓના અવયવો કઠણ ને રૂપાળા દેખીને મોહે છે. તેને કહે છે કે તેમાં કાંઈ સુખ નથી. સ્ત્રીનું શરીર તો હાડકાંનો કોથળો છે, તેમાં મોહીને પાપના પરિણામ કરીશ તો નરક ને ઢોરમાં જઈશ. માટે સ્ત્રી ઉપરનો મોહ છોડાવવા મુક્તિને સ્ત્રીની ઉપમા આપી છે. જે સ્ત્રી તારાથી છૂટી પડે તે તારી સ્ત્રી નથી. શુભ-અશુભભાવ વિકાર છે તે પણ એકધારાવાહી નથી. શુભ પછી અશુભ થાય છે. એટલે તે પણ તારી સ્ત્રી નથી. નિર્મળદશા-મુક્તિરૂપી સ્ત્રી એ જ તારી સ્ત્રી છે. તે સદાકાળ તારી સાથે રહે છે. ચિદાનંદ ત્રિકાળ સ્વભાવ તે સામાન્ય છે ને તેના આશ્રયે પ્રગટતી નિર્મળ પર્યાય તે તેનું વિશેષ અંગ છે. માટે મુક્તિરૂપી સ્ત્રીની ઈચ્છાવાળાએ સમસ્ત વચનરચનાના રાગને છોડી દેવો જોઈએ ને પોતાના સ્વભાવનું આલંબન લઈને નિર્મળ પર્યાયને પુષ્ટ કરવી જોઈએ.

**ફાગણ સુદ ૪, શુક્રવાર, ૨૯-૨-૫૨.**

મુનિઓ કેવા હોય છે ? મોક્ષની ઈચ્છાવાળા મુનિ સમસ્ત વચનરચનાને છોડીને અતુલ મહિમાના ધારક નિજસ્વરૂપમાં સ્થિત રહીને નિરાલંબપણે સમસ્ત જગતને તૃણ સમાન દેખે છે. અતુલ મહિમાવાન સ્વભાવમાં રહેવું તે આવશ્યક ક્રિયા છે. સામાયિક, પ્રતિક્રમણ કરું એવો શુભરાગ ઊઠે છે તે આવશ્યક ક્રિયા નથી. મુનિઓને ઈંદ્રપદ, સર્વાર્થસિદ્ધનું દેવપદ, ચક્રવર્તીપદ સડેલા તરણા સમાન લાગે છે. એવા મુનિને સાચા સામાયિકાદિ હોય છે.

એવી રીતે શ્રી મૂલાચારમાં પંચાચાર અધિકારને વિષે ૨૧૯મી ગાથા દ્વારા કહ્યું છે કે :

**परियट्टणं च वायण पुच्छण अणुपेक्खणा य धम्मकहा।**
**थुदिमंगलसंजुत्तो पंचविहो होदि सज्झाउ॥**

**ગાથાર્થ** : પરિવર્તન (ભણેલું પાછું ફેરવી જવું તે), વાચના (શાસ્ત્રવ્યાખ્યાન), પૃચ્છના

(શાસ્ત્રશ્રવણ), અનુપ્રેક્ષા (અનિત્યત્વાદિ બાર અનુપ્રેક્ષા) અને ધર્મકથા (૬૩ શલાકા પુરુષોના ચરિત્રો) -આમ પાંચ પ્રકારનો, સ્તુતિ તથા મંગળ સહિત, સ્વાધ્યાય છે.

ભગવાનના શાસનમાં શાસ્ત્રને ફરી યાદ કરી જવું, વારંવાર ગોખવું, ભણેલી ગાથા ફરી યાદ કરવી તે શુભસ્વાધ્યાય છે. પુણ્ય છે; ધર્મ નથી. શાસ્ત્રનું વ્યાખ્યાન કરવું તે પણ શુભપુણ્ય છે. શાસ્ત્રશ્રવણ કરવું તથા પ્રશ્ન ઉત્તર કરવા તે પણ પુણ્ય છે. અનિત્યાદિ બાર ભાવના ભાવવી તે શુભરાગ છે, ધર્મ નથી. તત્ત્વાર્થસૂત્રમાં બાર ભાવનાને સંવર કહેલ છે, ત્યાં કહેવાનો ભાવ એમ છે કે શુદ્ધ આત્માના ભાનપૂર્વક જેટલી એકાગ્રતા કરે છે તેટલો સંવર છે. બાકી જેટલો ભાવનામાં રાગ વર્તે છે તેટલું પુણ્ય છે. ૬૩ શલાકા પુરુષોના ચરિત્રો, આદિપુરાણાદિ સાંભળવા કે વાંચવા તે શુભરાગ છે, ધર્મ નથી. આમ પાંચ પ્રકાર તથા દેવ અને મુનિને વંદન કરવું, ચત્તારિ મંગલં કહેવું કે સાંભળવું તે પુણ્યઆસ્રવ છે, બંધનું કારણ છે, ધર્મનું કારણ નથી. આત્માનું અવલંબન લઈ જે શ્રદ્ધા પ્રગટે ને વીતરાગતા થાય તે ધર્મ છે. માટે આત્માની ઓળખાણ કરવી જોઈએ.



### ગાથા ૧૫૪

**जदि सक्कदि कादुं जे पडिकमणादिं करेज्ज झाणमयं।**
**सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं ॥ १५४ ॥**

**यदि शक्यते कर्तुम् अहो प्रतिक्रमणादिकं करोषि ध्यानमयम्।**
**शक्तिविहीनो यावद्यदि श्रद्धानं चैव कर्तव्यम् ॥ १५४ ॥**

**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!**
**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.**

**અન્વયાર્થ** : **(यदि)** જો **(कर्तुम् शक्यते)** કરી શકાય તો **(अहो)** અહો ! **(ध्यानमयम्)** ધ્યાનમય **(प्रतिक्रमणादिकं)** પ્રતિક્રમણાદિ **(करोषि)** કર; **(यदि)** જો **(शक्तिविहीनः)** તું શક્તિવિહીન હોય તો **(यावत्)** ત્યાં સુધી **(श्रद्धानं च एव)** શ્રદ્ધાન જ **(कर्तव्यम्)** કર્તવ્ય છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે જો કરી શકાય તો હે મુનિઓ ! ધ્યાનમય પ્રતિક્રમણાદિ કરો. પ્રતિક્રમણ, સામાયિક, વંદન, સ્તુતિ વગેરે અંતરક્રિયા જે આત્માના શુદ્ધસ્વરૂપના અવલંબને થાય છે તેને કરો. અહીં મુનિને ઉદ્દેશીને વાત છે. હે મુનિ ! અંતર જ્ઞાનાનંદમાં અમૃતનો અનુભવ કરી શાંત એકાગ્ર થવું તે ધાર્મિક ક્રિયા છે. જાત્રા, સ્તુતિ આદિનો શુભરાગ ઊઠે છે તે પુણ્ય છે, ધર્મ નથી. સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં રહેવું તે પ્રતિક્રમણ, સામાયિક આદિની ક્રિયા છે. જો તું નિર્વિકલ્પ ધ્યાનમાં રહી ન શકે, તો છઠ્ઠે ગુણસ્થાને જે શુભરાગ થાય છે તે સામાયિક નથી, સાચી ક્રિયા નથી એમ ધ્યાન રાખજે. અપ્રમત્તદશામાં જવાની શ્રદ્ધા રાખજે. અહીં શ્રદ્ધા રાખજે એટલે માત્ર સમ્યગ્દર્શનરૂપની શ્રદ્ધાની વાત નથી પણ છઠ્ઠે નહિ રોકાતાં સાતમે નિર્વિકલ્પદશાની શ્રદ્ધા રાખજે એમ અહીં શ્રદ્ધા સાથે ચારિત્રની ઉગ્રતાની વાત છે.

અષ્ટપાહુડમાં દર્શનપાહુડની ગાથા ૨૨માં શ્રદ્ધા રાખવાની વાત કરી છે, તે સમ્યગ્દર્શન પૂરતી વાત છે. વિકારાદિને હેય જાણી નિજસ્વરૂપને ઉપાદેય જાણ્યું ને શ્રદ્ધાન કર્યું પણ પોતાની નબળાઈને લીધે ને ચારિત્રમોહનીય કર્મના નિમિત્તે સ્વભાવમાં સ્થિર ન થઈ શકે તો પણ શ્રદ્ધા તો ચૈતન્ય ભગવાનમાં ઠરવાની રાખજે. આત્માના ભાનપૂર્વક ભાવલિંગ પ્રગટ થાય છે. મુનિ ન થઈ શકે તો મુનિપણાની શ્રદ્ધા રાખજે પણ વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું માનીશ નહિ. વસ્ત્ર રાખી મુનિપણું માને ને મનાવે તે ક્રમે કરીને નિગોદમાં જાય છે. કેમ કે તેવી માન્યતાથી નિશ્ચયથી પોતાના આત્માની વિરાધના છે. કેવળીની, મુનિઓની આશાતના છે ને પોતાની ઊંધી માન્યતાની પુષ્ટિ થાય છે. આત્માના ભાનપૂર્વક સહજ વીતરાગદશા વધતાં શરીરમાં નગ્ન અવસ્થા સહેજે હોય છે. તેવું મુનિપણું પાળી

ન શકે તો તારી કમજોરી સમજીને શ્રદ્ધા તો યથાર્થ મુનિપણાની રાખજે. શ્રદ્ધા આડી-અવળી કરીશ નહિ. કારણ કે ત્રણે કાળે પરમાર્થનો પંથ એક જ છે એટલે ત્યાં શ્રદ્ધા પૂરતી જ અથવા સમ્યગ્દર્શનની જ વાત છે.

અહીં આ ગાથામાં શ્રદ્ધા રાખજે એટલે સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રની વાત છે. છઠ્ઠે ગુણસ્થાને બિરાજતા મુનિને સંબોધીને કહે છે કે હે મુનિ ! જ્ઞાયકસ્વભાવમાં લીન થવું તે જ મોક્ષમાર્ગ છે. છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ તો છે જ પણ સ્વરૂપમાં સ્થિર થતો નથી તેને કહે છે કે પાંચ મહાવ્રતના પરિણામ આસ્રવ છે, તે મોક્ષમાર્ગ નથી. તે વિકલ્પોને તોડીને સ્વભાવમાં જલદી સ્થિર થાઉં એમ અપ્રમત્તદશાની શ્રદ્ધા રાખજે. એટલે અહીં શ્રદ્ધા ઉપરાંત ચારિત્રની વાત છે.

**ટીકા :** પ્રતિક્રમણના શબ્દો બોલાય તે જડ છે ને શુભરાગ થાય છે તે પુણ્ય છે. શુદ્ધ ચિદાનંદ સ્વરૂપી આત્માના આશ્રયે જે ધ્યાન પ્રગટે તે નિશ્ચય ધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિની ક્રિયા કરવા જેવી છે. બાકી કોઈ પણ રાગ કરવા જેવો નથી.

ટીકાકાર મુનિરાજ અધ્યાત્મજ્ઞાની હતા. તેમણે અલૌકિક ટીકા બનાવી છે. તે પોતાને સંબોધીને પુરુષાર્થ વધારવા કહે છે. પ્રથમ મુનિઓ કેવા હોય છે તે કહે છે.

સહજ વૈરાગ્યવાળા છે, ઉત્કૃષ્ટ વૈરાગ્યવાળા છે. જંગલમાં રહે છે, મન-વાણી-દેહથી પરાઙ્મુખ છે, પર્યાયની દિશા દ્રવ્ય તરફ વળી છે, પોતાના દ્રવ્યમાં નિષ્ણાત છે. કારણપરમાત્મા કોને કહેવા વગેરે બધા ન્યાયોમાં પારંગત છે, પાંચ ઈંદ્રિયોના વિષયો તરફના ફેલાવરહિત છે, અતીંદ્રિય સ્વભાવમાં રમી રહ્યા છે. તેમને દેહમાત્ર પરિગ્રહ છે, બીજો પરિગ્રહ નથી.

''માત્ર દેહ તે સંયમહેતુ હોય જો અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ'' આવું સ્વરૂપ નિર્ગ્રંથ મુનિઓનું ત્રણે કાળે હોય છે.

ટીકાકાર મુનિરાજ કહે છે કે મારા મુખમાંથી પરમ આગમ ઝરે છે. આ નિયમસારની ટીકા પરમ આગમ છે. જેમ કરોડપતિ કહે છે કે અમારી હુંડીઓ પાછી ન ફરે તેમ મુનિ કહે છે કે અનંતા કેવળીઓ કહે છે તે જ હું કહું છું, તે અફર છે. હું ભાવલિંગી મુનિ છું. વક્તા પ્રમાણે વચનપ્રમાણ. માટે મારી કહેલી ટીકા પરમ આગમ છે. જેમ પુષ્પમાંથી રસ ઝરે છે તેમ આગમરૂપી રસ મારા મુખકમળમાંથી ઝરે છે. એવા આગમરૂપી રસઝરતા મુખકમળથી શોભાયમાન હે મુનિ શાર્દૂલ ! જો તારામાં આત્માની શક્તિ હોય ને નિમિત્તરૂપે મજબૂત સંહનન હોય તો મુક્તિરૂપી સુંદરી તારાથી એક સમય પણ દૂર નથી. લૌકિક સુંદરીનું શરીર તો સ્મશાનમાં રાખ થાય છે. દ્રવ્ય તે પતિ છે ને તેના આશ્રયે પ્રગટતી પરમાત્મદશા તે તેની મુક્તિસુંદરી છે. એવી મુક્તદશાની ભેટસ્વરૂપ નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રાયશ્ચિત્તાદિ શુદ્ધ નિશ્ચય ક્રિયા જ કર્તવ્ય છે. મન, વાણી, દેહથી જુદા, વિકારથી રહિત શુદ્ધ ચિદાનંદ અસંગ પ્રભુના આશ્રયે લીન થવું તે નિશ્ચય પ્રતિક્રમણ છે. હજી જેને મિથ્યાત્વથી



પાછા હઠતાં આવડતું નથી તે અવ્રતાદિથી પાછો હઠી શકે નહિ. ''**નિઃશલ્યોવ્રતી**'' ત્રણ પ્રકારના શલ્ય ગયા પછી વ્રતી થવાય છે. મિથ્યાત્વ, માયા, નિદાનશલ્યની હજી જેને ખબર નથી. પરનું હું કરી શકું છું, ઉપદેશ આપી શકું છું, શુભથી ધર્મ થાય - એ માન્યતા શલ્ય છે. તેને હજી મિથ્યાત્વ ગયું નથી, પરની ક્રિયા વિનાનો, પુણ્ય-પાપ વિનાનો જે શુદ્ધ આત્મા તેનું ભાન કરવું તે મિથ્યાત્વનું પ્રતિક્રમણ છે. અહીં તે ઉપરાંત મુનિની વાત છે. વિશેષ સ્થિરતાની વાત છે. પાપ લાગે ને પ્રાયશ્ચિત લેવું તે શુભભાવ-પુણ્ય છે. ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં ઉગ્રપણે અવલંબન લેવું-એકાગ્ર થવું તે પ્રાયશ્ચિત્ત છે. જ્ઞાનસ્વભાવમાં લીનતા એ જ પ્રત્યાખ્યાન છે. સમયસાર ગાથા ૩૪માં જ્ઞાનને જ પ્રત્યાખ્યાન કહ્યું છે. માટે હે મુનિ ! પોતાના શુદ્ધ આત્માના આશ્રયે અંતર રમણતા કરવા જેવી છે, તે જ મોક્ષનું કારણ છે.

જો આ હીન કાળમાં તારી પર્યાયમાં કેવળજ્ઞાનનો પુરુષાર્થ પ્રગટતો નથી તો શ્રદ્ધા રાખજે કે નિજ પરમાત્મતત્ત્વમાં ઉગ્રપણે ઠરી જવું એ જ કર્તવ્ય છે. નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન તો ચોથે ગુણસ્થાને પણ હોય છે. પરંતુ અહીં શ્રદ્ધા ઉપરાંત કહે છે કે છઠ્ઠે જે રાગની વૃત્તિ થાય છે તે આસ્રવ છે. સ્વભાવમાં જલ્દી ઠરી જવાની શ્રદ્ધા રાખજે.

જે જીવની આ કાળે આ ભવે જ મુક્તિ પામવાની યોગ્યતા હોય તેનો જન્મ મહાવિદેહક્ષેત્રમાં હોય. પણ જેની આ ભવે કેવળજ્ઞાન પામવાની યોગ્યતા નથી તે જીવ આ કાળે અહીં જન્મ્યા છે. તેથી પર્યાયમાં પુરુષાર્થ મંદ છે. આત્માના આનંદ પ્રવાહમાં પૂર્ણ લીન થવું છે તે થવાતું નથી, અનાકુળ પ્રવાહના લોઢે ચડવું જોઈએ તે ચડાતું નથી, પણ રાગના લોઢે ચડાય છે તેટલી શાંતિ બળે છે. કેવળજ્ઞાનની તાકાત નથી તેથી કાળને હીન કહ્યો છે.

મુનિને અખંડ સ્વભાવની શ્રદ્ધા તો છે જ તથા કેટલુંક ચારિત્ર પણ છે, વિશેષ લીન થવું તે જ કર્તવ્ય છે. સ્વને વશ થવું ને પરને વશ ન થવું તે જ કર્તવ્ય છે. વિકલ્પને વશ થવું તે અધર્મ છે. અપ્રમત્તભાવમાં ઉગ્રતા રાખજે એમ પોતાના આત્માને સંબોધે છે.

કુંદકુંદાચાર્યદેવ બધા મુનિઓને સંબોધીને કહે છે કે રાગમાં જા તો તારી હીણપ સમજજે. અંતરમાં ઠરવું તેને મોક્ષમાર્ગ સમજજે. વ્યવહારનો વિકલ્પ ઊઠે તેને ઝેર સમજજે. અહીં તો મુનિ પોતાને સંબોધે છે કે હે મુનિ ! શાસ્ત્રની રચના તો જડની પર્યાય છે ને શાસ્ત્રની રચનાનો વિકલ્પ ઊઠે તે રાગ છે તે તારું સ્વરૂપ નથી. માટે એવા રાગનો પણ અભાવ કરી અંતરમાં ઠરી જા. આમ અંતર સ્થિરતા કરવી તે કેવળજ્ઞાનનું કારણ છે.

અહીં સાક્ષાત્ મોક્ષ માટેની હીનતા છે માટે અકાળ કહ્યો છે.

## ફાગણ સુદ ૫, શનિવાર, ૧-૩-૫૨.

### શ્લોક ૨૬૪

(शिखरिणी)

**असारे संसारे कलिविलसिते पापबहुले**
**न मुक्तिर्मार्गेऽस्मिन्ननघजिननाथस्य भवति।**
**अतोऽध्यात्मं ध्यानं कथमिह भवेन्निर्मलधियां**
**निजात्मश्रद्धानं भवभयहरं स्वीकृतमिदम्॥ २६४॥**

**શ્લોકાર્થ :** અસાર સંસારમાં, પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ હોતાં, આ નિર્દોષ જિનનાથના માર્ગને વિષે મુક્તિ નથી. માટે આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે ? તેથી નિર્મળબુદ્ધિવાળાઓ ભવભયનો નાશ કરનારી એવી આ નિજાત્મશ્રદ્ધાને અંગીકૃત કરે છે. ॥ ૨૬૪ ॥

આ પરમ આવશ્યક અધિકાર છે. આત્મા પરને વશ ન થાય ને સ્વને વશ થાય તે આવશ્યક છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન કરી તેને વશ થવું તે આવશ્યક છે, પુણ્ય-પાપને તાબે થવું તે અનાવશ્યક છે.

ટીકાકાર મુનિરાજ કહે છે કે અસાર સંસારમાં પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ છે. દેહની ક્રિયાથી ને પુણ્યથી ધર્મ મનાવનારા ઘણાં હોય છે, આત્મા શું છે, ધર્મ કેમ થાય છે તેની રુચિવાળા વિરલ છે. નિમિત્તથી ઉપાદનમાં કાર્ય માને, દેવ-ગુરુનું સ્વરૂપ વિપરીત માને ને મનાવે, તે બધો મિથ્યાત્વનો વિલાસ છે. સત્ય તત્ત્વની વાત બહુ દુર્લભ થઈ પડી છે. આ કાળે સર્વજ્ઞદેવના માર્ગ વિષે પર્યાયમાં સાક્ષાત્ મોક્ષ નથી, પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાનું દુર્લભ થઈ પડ્યું. અહો ! વીતરાગના માર્ગમાં મુનિને અત્યારે મુક્તિ નથી તો પછી અન્યમતમાં તો ક્યાંય પણ મુક્તિ છે જ નહિ તેથી આ કાળમાં આત્માને વિષે અધિક લીનતા-વિશેષ ધ્યાન ક્યાંથી હોય ? એટલે કે જે ધ્યાનથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તેવું ધ્યાન નથી. તેથી જેને ભવભયનો નાશ કરવો છે તે જીવે હું શુદ્ધ છું, જ્ઞાનાનંદ મૂર્તિ છું -એવી શ્રદ્ધા અંગીકાર કરવા ઉપરાંત અપ્રમત્તદશા ધારી અંતર સંપૂર્ણપણે ઠરી જવાની શ્રદ્ધા કરવી જોઈએ. આત્મામાં ભવ જ નથી, શરીર-મન-વાણી નથી, તેમ જ મારું શું થશે, હું ક્યાં જઈશ એવી શંકા ધર્મીને રહેતી નથી. ચૈતન્યની નિઃશંક શ્રદ્ધા તો છે જ, તે ઉપરાંત અહીં મુનિની વાત છે. શ્રદ્ધા ઉપરાંત અપ્રમત્ત વીતરાગી ચારિત્રની શ્રદ્ધા રાખજે એમ કહે છે. એમ મુનિઓ પોતામાં અડગ શ્રદ્ધા રાખે છે.



## ગાથા ૧૫૫

**जिणकहियपरमसुत्ते पडिकमणादिय परीक्खऊण फुडं।**
**मोणव्वए जोई णियकज्जं साहए णिच्छं॥ १५५॥**

**जिनकथितपरमसूत्रे प्रतिक्रमणादिकं परीक्षयित्वा स्फुटम्।**
**मौनव्रतेन योगी निजकार्यं साधयेन्नित्यम्॥ १५५॥**

**પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,**
**મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.**

**અન્વયાર્થ :** (**जिनकथितपरमसूत्रे**) જિનકથિત પરમ સૂત્રને વિષે (**प्रतिक्रमणादिकं स्फुटम् परीक्षयित्वा**) પ્રતિક્રમણાદિકની સ્પષ્ટ પરીક્ષા કરીને (**मौनव्रतेन**) મૌનવ્રત સહિત (**योगी**) યોગીએ (**निजकार्यम्**) નિજ કાર્યને (**नित्यम्**) નિત્ય (**साधयेत्**) સાધવું.

આ ગાથામાં જિનકથિત પરમ સૂત્રને વિષે પ્રતિક્રમણાદિની સ્પષ્ટ પરીક્ષા કરવાનું કહે છે. સર્વજ્ઞ વીતરાગદેવના ૐ ધ્વનિમાંથી રચાયેલાં શાસ્ત્રોની વાત કરે છે. વળી સૂત્ર તો બધા કહે છે પણ અહીં પરમ સૂત્ર કહેલ છે. ગણધરોએ જે રચના કરી, તેમાંથી ભાવલિંગી મુનિ કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદસ્વામી, અકલંકદેવ આદિ મહાસંતોએ જે શાસ્ત્રોની રચના કરી તે સાચા શાસ્ત્રો છે. અત્યારે તો ભગવાનને નામે ઘણી વિપરીત રચના અજ્ઞાનીઓએ કરી નાખી છે. માટે સાચા શાસ્ત્રો કયા છે તે પ્રથમ પરીક્ષા કરજે. જેમાં નિશ્ચયની મુખ્યતા છે ને વ્યવહાર, રાગ, ભેદ, નિમિત્તની ગૌણતા છે તે શાસ્ત્ર સાચા છે. જે વ્યવહાર, રાગ ને નિમિત્તની મુખ્યતા કરે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એમ કહે તે શાસ્ત્ર ખોટાં છે. માટે બરાબર પરીક્ષા કરજે. એક તાવડી લેવા જતાં છેતરાઈ ન જાય માટે ટકોરા મારીને, પરીક્ષા કરીને લ્યે છે, તેમ અહીં ધર્મમાં છેતરાઈ ન જા તે ખાતર પરીક્ષા કરજે. પ્રતિક્રમણાદિના શબ્દો જડ છે, શુભરાગ ઊઠે છે તે પુણ્ય છે, પુણ્ય-પાપરહિત શુદ્ધ આત્માના આશ્રયે ઊપજતી નિર્વિકારી ક્રિયા તે પ્રતિક્રમણાદિની શુદ્ધ ક્રિયા છે. તે મોક્ષમાર્ગની અથવા જરૂરિયાતની ક્રિયા છે. આ પ્રમાણે સાચી ક્રિયાનું જ્ઞાન કરીને મુનિઓએ મૌનવ્રત ધારણ કરી સ્વભાવમાં એકાગ્ર થવું.

**ટીકા :** અહીં જે મુનિઓ સાક્ષાત્ સ્વભાવમાં ઠરવા માગે છે તેવા પરમ જિનયોગીઓને શિખામણ દેવામાં આવી છે. દેહ ને પુણ્ય-પાપ ઉપર લક્ષ જાય છે તે જીવ બહિર્મુખ છે. દેહ ને પુણ્ય-પાપરહિત આત્મા શુદ્ધસ્વભાવી છે એવું જેને ભાન છે તે સમ્યગ્દષ્ટિ અંતર્મુખ જ છે ને યોગી પણ છે. પણ મુનિ તો સ્વરૂપમાં ચારિત્ર અપેક્ષાએ અંતર ઢળવા માગે છે તેને સાક્ષાત્ અંતર્મુખ કહેલ છે, ને તે પરમ જિનયોગીશ્વર છે.

પ્રથમ શું કરવું ? સ્વરૂપલક્ષ્મીવાળા સર્વજ્ઞ પરમાત્મા કે જેમને કાંઈ પણ રહસ્ય જાણવું બાકી નથી, વળી જેમને ઈંદ્રો પૂજે છે, તેમના શ્રીમુખેથી જે વાણી નીકળી તેમાંથી ગણધરોએ તથા આચાર્યોએ દ્રવ્યશ્રુતની ચતુર શબ્દરચના કરી-શાસ્ત્રો રચ્યાં. અજ્ઞાનીઓએ મતિ કલ્પનાથી કોઈ સ્થાને કાંઈક ને કોઈ સ્થાને વિપરીત રચના કરી છે તેથી અહીં ચતુર રચના કરી એમ કહેલ છે. છયે દ્રવ્યો સ્વતંત્ર છે એમ બતાવે છે, જે પૂર્વાપર દોષ રહિત છે, જે નિર્મળ છે તથા જીવો સમજી શકે એવી રચના છે. એવા શાસ્ત્રોને વિષે શુદ્ધ ચૈતન્યસ્વરૂપના આશ્રયે પ્રગટતી પ્રતિક્રમણાદિ નિર્મળ ક્રિયાને સત્ ક્રિયા કહેલ છે, એમ પ્રથમ જાણવું. અહીં પ્રધાનતા નિશ્ચયની છે. અજ્ઞાની જીવો કહે છે કે 'પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય' તો તે વાત ખોટી છે. વ્યવહાર કોનો ? અંતર નિશ્ચય સ્વરૂપના ભાન વિના રાગને વ્યવહાર પણ કહેવાતો નથી. હજી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ઠેકાણાં નથી. જે વસ્ત્રસહિત મુનિપણું માને, સ્ત્રીને કેવળજ્ઞાન માને, તેની તો એક પણ વાત સાચી નથી. અહીં કહે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પરીક્ષા કરો ને સ્વભાવને આશ્રયે પ્રગટતી ક્રિયાને સત્ ક્રિયા માનો. જાત્રા, ભક્તિ, પૂજા વગેરે ભાવ સાધકને હોય છે ખરા પણ તે સત્ ક્રિયા નથી. વીતરાગી શાંતરસ તે જ સાચી ક્રિયા છે.

મુનિઓ પોતાના કાર્યમાં જ પરાયણ છે એટલે કે મોક્ષ લેવા માટે તત્પર છે. બહારથી ધ્યાન કરે તેને અજ્ઞાની યોગી કહે છે પણ તે સાચો યોગી નથી. જેણે આત્મસ્વરૂપને સમજીને આત્મા સાથે જોડાણ કર્યું છે તે યોગી છે. એવું ભાન તો ચોથે ગુણસ્થાને હોય છે, તે ઉપરાંત સ્વરૂપમાં વિશેષ સ્થિરતા કરે છે તે પરમ યોગી છે. તેવા યોગીએ વીતરાગની સ્તુતિ, શાસ્ત્રવાંચન વગેરે પ્રશસ્ત ને અપ્રશસ્ત સમસ્ત વચનરચના તરફનું લક્ષ છોડી દેવું તેમ જ સર્વ સંગની આસક્તિ છોડી દેવી ને મૌનવ્રત ધારણ કરીને એકલા ધ્યાનમાં રહી પોતાનું કાર્ય જે મોક્ષને પ્રાપ્ત કરવાનું છે તે કરવું. કોઈ અજ્ઞાની જીવો નિંદા કરે કે આ મુનિઓ નગ્ન છે, મેલા છે, -એમ કહી નિંદા કરે, કોઈ વાદવિવાદ કરવાનું કહે, ચારે બાજુ ખળભળાટ થયો હોય તો પણ તું એનો જવાબ આપીશ નહિ, મૌન સેવજે. નિંદા કરો તો કરો. તારે જવાબ આપવો નહિ. અજ્ઞાની જીવો નિંદા ન કરે તો કોણ કરે? એમ સમજી મૌન સેવવું. જગત કોઈ વાત ઊંધી કહે તો જવાબ આપવો કે નહિ? અહીં આચાર્ય ભગવાન કહે છે કે એવા ઊંધા જીવોને સાક્ષાત્ કેવળી ભગવાનો પણ સમજાવવા સમર્થ નથી, તું તારા સ્વરૂપમાં લીન થઈ જા. સિદ્ધ પરમાત્મા થવું તે તારું કાર્ય છે. વાણી જડ છે, તેની રચના તારે હાથ નથી. ને તે તરફના શુભરાગનો પણ અભાવ કરી તારા સ્વભાવમાં ઠરી જા. શાસન રાખવું તે તારું કામ નથી, પ્રભાવના કરી પરને રાખી શક તે તારા હાથની વાત નથી. તારું નિજકાર્ય સાધવું તે તારી આવશ્યક ક્રિયા છે.

અહીં સાચા તત્ત્વનો વિરોધ કરનાર અજ્ઞાની જીવને પશુ કહ્યા છે, પશુને જેમ વિવેક હોતો નથી તેમ આને પણ સત્ય-અસત્યનો વિવેક નથી. 'સત્તાસ્વરૂપ'માં કહ્યું છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો કે



સાચા તત્ત્વનો વિરોધ કરનાર પ્રત્યે સમ્યગ્દષ્ટિને તલ્લાક આવી જાય છે. હજી ભૂમિકા શ્રાવકની છે, પર ઉપર લક્ષ પણ જાય છે ને રાગવાળી ભૂમિકામાં તેને જવાબ આપવાનો ને તત્ત્વને ટેકો આપવાનો શુભરાગ આવતો નથી તો તું મિથ્યાદષ્ટિ છો. એમ ત્યાં કહીને ભૂમિકા અનુસાર રાગી જીવ હોય તેને આવો રાગ આવ્યા વિના રહેતો નથી -એમ રાગનું જ્ઞાન કરાવ્યું છે. ને કેટલીક વાર સમ્યગ્દષ્ટિ પણ એવો પુણ્યનો યોગ ન જુએ તો મૌન રહે ને વિકલ્પ તોડી નાખે, કારણ કે બહારના વાદવિવાદમાં જીતવું તેમાં પુણ્ય જોઈએ. તેથી તે સમયસૂચકતા વાપરે છે. પુણ્ય બહારમાં કાર્ય કરે છે ને વીતરાગતા અંતરમાં કાર્ય કરે છે. કેટલીક વાર સામા અપાત્ર જીવો હોય તો સમજે પણ નહિ, અને કહે કે જુઓ, આ શાસ્ત્રમાં લખ્યું છે કે વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય, પણ અજ્ઞાની તેના મર્મને સમજતા નથી. નિશ્ચય સ્વભાવ અંતર પ્રગટે ત્યારે શુભરાગ ઉપર વ્યવહારનો આરોપ આવે છે. અજ્ઞાનીને શું ખબર પડે ? ચર્ચાએ પાર આવે તેવું નથી. તેથી અહીં મુનિને કહે છે કે હે મુનિ ! ચર્ચાનો જવાબ આપવાના શુભવિકલ્પને તોડી નાખ. આ લોકો આમ કેમ વિરોધ કરે છે ? એવો વિકલ્પ ઉઠાવીશ નહિ. અખંડ સ્વભાવમાં અખંડ ધારાએ કામ કર એ જ તારું કર્તવ્ય છે. શરીરના અનંતા પરમાણુ પલટી જાય છે, તેઓ તારું માનતા નથી તેની સામે તારે જોવાનું નથી તો પછી માણસો તો સંખ્યાતા છે તે તારો વિરોધ કરે તો તેની સામે તું જોઈશ નહિ. આબરૂ રહેવી હોય તો રહે, જવી હોય તો જાય, બહારનું થવાનું હશે તે થશે, તેની સામે તારે જોવાનું નથી. રાગને ટાળજે ને સ્વભાવનું અવલંબન લઈ મોક્ષદશાને સાધજે.

કેવું છે નિજકાર્ય ? નિર્વાણરૂપી સ્ત્રીના સુખનું મૂળ છે. મુક્તદશાના અનુભવનું મૂળ તારા આત્માના આશ્રયે છે. તેને નિરંતર સાધવું, બરાબર ધ્યાન રાખજે, રાગમાં ઊતરીશ નહિ. પુણ્ય-પાપ રહિત સ્વભાવમાં સ્થિરતા રાખજે, નિર્વિકલ્પતાની શ્રેણીએ ચડજે.

આ પ્રમાણે આત્માની ઓળખાણ સહિત, રાગરહિત નિર્વિકારી ક્રિયા એ જ મોક્ષની આવશ્યક ક્રિયા છે.

**ફાગણ સુદ ૯, રવિવાર, ૨-૩-૫૨.**

નિશ્ચય વાસ્તવિક ધર્મની ક્રિયા કોને કહેવી તે બતાવે છે, ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સ્વભાવના આશ્રયે પ્રગટતી ક્રિયા તે આવશ્યક ક્રિયા છે. મુનિઓએ મૌન થઈ પોતાના સ્વભાવમાં લીન થવું તે વિષે શ્લોક ૨૬૫મો કહે છે.

## શ્લોક ૨૬૫

(मन्दाक्रान्ता)

**हित्वा भीतिं पशुजनकृतां लौकिकीमात्मवेदी**
**शस्ताशस्तां वचनरचनां घोरसंसारकर्त्रीम्।**
**मुक्त्वा मोहं कनकरमणीगोचरं चात्मनात्मा**
**स्वात्मन्येव स्थितिमविचलां याति मुक्त्यै मुमुक्षुः ॥ २६५ ॥**

**શ્લોકાર્થ** : આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ પશુજનકૃત લૌકિક ભયને તેમ જ ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચનાને છોડીને તથા કનક-કામિની સંબંધી મોહને તજીને, મુક્તિને માટે પોતે પોતાનાથી પોતાનામાં જ અવિચળ સ્થિતિને પામે છે. ॥ ૨૬૫ ॥

અહીં મુનિને આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ કહ્યા છે. વ્યવહારજ્ઞાની, રાગજ્ઞાની, નિમિત્તજ્ઞાની કહ્યા નથી, આત્મજ્ઞાની કહ્યા છે. આત્મા પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપી છે, વિકાર રહિત છે. એવું જેને જ્ઞાન વર્તે છે, તેને પર્યાય, રાગ ને નિમિત્તનું યથાર્થ જ્ઞાન હોય છે. જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે. આત્માનું જ્ઞાન કરતાં બધું જ્ઞાન યથાર્થ થઈ જાય છે. દયા-દાનાદિના અથવા વ્યવહારરત્નત્રયના પરિણામ આસ્રવ ને બંધતત્ત્વ છે. જે શુભરાગ ઉત્પન્ન થાય છે તેને જે ધર્મ માને છે તેને મિથ્યાત્વનું પાપ લાગે છે, ને કષાય મંદતા થાય તેટલું પુણ્ય છે. સંવર, નિર્જરા ને મોક્ષ પણ એક સમયનું પર્યાયતત્ત્વ છે. આખું તત્ત્વ તે આત્મતત્ત્વ છે. આ પ્રમાણે નિમિત્તની, વિકારની તથા એક સમયની અલ્પજ્ઞ પર્યાયની બુદ્ધિ છોડી આત્મબુદ્ધિ કરવી તે ધર્મ છે. રાગ સાથેની એકતાબુદ્ધિ તોડી ગુણ-ગુણીની એકતાબુદ્ધિ કરે તે આત્મજ્ઞાની છે. તેવું આત્મજ્ઞાન ચોથે ગુણસ્થાને હોય છે, તે ઉપરાંત મુનિની વાત છે. મુનિ સાક્ષાત્ મોક્ષના અભિલાષી છે.

તેવા મુનિએ લૌકિક ભય છોડી દેવો જોઈએ. જેમ કોઈ ઢોર બેઠું હોય તે વખતે કોઈ ખાનગી વાત કરતાં માણસને તેની બીક લાગતી નથી. તેમ અજ્ઞાની જીવ ઢોર સમાન છે, તેની બીક-ભય મુનિઓએ છોડી દેવી જોઈએ. જે જીવો નિમિત્તથી, વ્યવહારથી ને ક્રિયાકાંડથી ધર્મ માને છે તે પશુ સમાન અજ્ઞાની છે. તેવા અજ્ઞાની શું કહેશે, સંઘ બહાર કાઢી મૂકશે તો ? વગેરે પ્રકારનો ભય મુનિએ છોડી દેવો જોઈએ. અજ્ઞાની જીવો કહે કે આવી પ્રરૂપણાથી વ્યવહાર ધર્મ ઊડી જશે ને લોકો સ્વચ્છંદી થઈ જશે તો પણ તેવા જીવોની મુનિઓ દરકાર કરતા નથી.

'વળી ઘોર સંસારને કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચના છોડી દેવી-' મુનિઓને અપ્રશસ્ત રાગ બહુ અલ્પ હોય છે. દેવ-ગુરુની ભક્તિ, સ્વાધ્યાય, વાંચનાદિનો રાગ પ્રશસ્ત છે, તે રાગને પણ ઘોર સંસારને કરનારો કહ્યો છે. વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે તે વાત તો છે જ નહિ પણ



આત્માના ભાનપૂર્વક મુનિઓને અસ્થિરતાનો શુભરાગ આવે તે પણ ઘોર સંસાર છે, વચનરચના તો જડ છે. પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્તની ભાષા નીકળે તે તો જડ છે. તેને આત્મા કરી શકતો નથી. તેમ જ છોડી શકતો નથી પણ તે પાઠો બોલવા સંબંધીનો પ્રશસ્ત રાગ છોડવો એમ ભાવાર્થ છે.

''તથા કનક-કામિની સંબંધી મોહને તજીને'' -ઉપરમાં કહ્યું હતું કે પ્રશસ્ત રાગ છોડવો. અહીં મોહને તજવો એમ કહ્યું. તે બધા કથનો ઉપદેશના છે. ખરેખર રાગને છોડવો એમ કહેવું તે પણ ઉપચારમાત્ર છે. પર્યાયમાં વિકાર થયો તેને શું છોડવો ? અથવા પર્યાયમાં જે વિકાર નથી તેને શું છોડવો ? ને જે સમયે મોહનો ઉત્પાદ થયો તે સમયે તો તેનો અભાવ થતો નથી. તો તેને અભાવ કેવી રીતે કરવો અથવા તેને કેવી રીતે છોડવો ? પરપદાર્થથી રહિત, વિકારથી રહિત અવિકારી જ્ઞાનાનંદ સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા કરતાં મોહ-રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી તેણે મોહને છોડ્યો એમ કથન કરવામાં આવે છે. આત્મામાં જડના ગ્રહણ-ત્યાગ તો છે જ નહિ પણ વિકારને છોડવો એ પણ નામમાત્ર છે. વિકાર પર્યાયબુદ્ધિથી છૂટતો નથી પણ સ્વભાવબુદ્ધિ થતાં વિકાર ઉત્પન્ન જ થતો નથી.

આ પ્રમાણે કનક-કામિનીનો મોહ છોડીને પોતાની પરમાનંદદશા પ્રાપ્ત કરવા માટે પોતાથી પોતાના આત્મામાં જ અવિચળ સ્થિતિ કરવી. વ્યવહારથી, રાગથી કે વ્યવહારરત્નત્રયથી કલ્યાણ નથી પણ પોતાથી કલ્યાણ છે. વળી નિમિત્તમાં, રાગમાં સ્થિતિ કરવાનું કહ્યું નથી પણ પોતાના શુદ્ધ સ્વભાવમાં જ સ્થિતિ કરવાનું કહ્યું છે. આ પ્રમાણે પુણ્ય-પાપ રહિત ચિદાનંદ સ્વભાવમાં લીન થવું તે સામાયિકાદિ આવશ્યક ક્રિયા છે. તે મોક્ષ માટેની ક્રિયા છે.

## શ્લોક ૨૬૬

(वसंततिलका)

**भीतिं विहाय पशुभिर्मनुजैः कृतां तं**
**मुक्त्वा मुनिः सकललौकिकजल्पजालम्।**
**आत्मप्रवादकुशलः परमात्मवेदी**
**प्राप्नोति नित्यसुखदं निजतत्त्वमेकम् ॥ २६६ ॥**

**શ્લોકાર્થ** : આત્મપ્રવાદમાં (આત્મપ્રવાદ નામના શ્રુતમાં) કુશળ એવો પરમાત્મજ્ઞાની મુનિ પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડીને અને પેલી (પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળને (વચનસમૂહને) તજીને, શાશ્વતસુખદાયક એક નિજતત્ત્વને પામે છે. ॥ ૨૬૬ ॥

કેવા છે મુનિ ? -આત્માનું વર્ણન જેમાં મુખ્ય છે તેવા શાસ્ત્રમાં કુશળ છે. અધ્યાત્મતત્ત્વના મર્મના જાણનારને અધ્યાત્મજ્ઞાની કહે છે. વળી છઠ્ઠા-સાતમા ગુણસ્થાને આનંદના પ્રવાહમાં ઝૂલે છે તેવા

મુનિને પરમાત્મજ્ઞાની કહે છે. નિમિત્તજ્ઞાની, વ્યવહારજ્ઞાની, રાગના જ્ઞાની કહ્યા નથી પણ પરમાત્મજ્ઞાની એટલે ત્રિકાળી દ્રવ્યના જ્ઞાની કહ્યા છે. તે પરમ આત્માનું જ્ઞાન થતાં નિમિત્તનું ને વ્યવહારનું જ્ઞાન પણ થઈ જાય છે. તેવા મુનિઓએ અજ્ઞાની જીવોથી કરવામાં આવતા ભયને છોડી દેવો. દુનિયામાં આમ બોલશે તો ? કોઈ કહેશે કે વ્યવહાર ઊડી જાય છે, નિમિત્ત ઊડી જાય છે, આ મુનિઓ નગ્ન છે વગેરે ઘણા પ્રકારે નિંદા કરો તો કરો, તેની પરવા કરવી નહિ. અજ્ઞાની જીવો પરનું કરવારૂપ અભિમાન કરે છે. એક જીવ બીજા જીવને સુખી-દુઃખી કરી શકતો નથી. આત્માના જ્ઞાનસ્વભાવમાં પરપદાર્થમાં ફેરફાર કરવાનું તો છે જ નહિ પણ રાગનો ફેરફાર કરવો એવું પણ નથી. પણ જ્ઞાન કરવું તે જ કર્તવ્ય છે. માટે દૃષ્ટિ ફેરવવાની જરૂર છે. જે દૃષ્ટિ પુણ્ય-પાપ તરફ હતી તે સ્વભાવ તરફ કરતાં બધું ફરી જાય છે. અજ્ઞાનીનો બધો અભિપ્રાય ખોટો છે માટે તેના તરફ દૃષ્ટિ ન કરો ને તેના ભયને છોડો. વળી સકળ લૌકિક જલ્પજાળને છોડવી એમ અહીં વાણીને છોડવાનું કહ્યું છે. વાણી તો જડ છે, આત્મા વાણીને કરતો નથી તેમ જ છોડતો પણ નથી. પણ સ્વભાવમાં એકાગ્ર થતાં રાગ થતો નથી એટલે વાણી સહેજે છૂટી જાય છે. આ પ્રમાણે મુનિઓ શાશ્વત સુખદાયક એક નિજ તત્ત્વને પામે છે. વાણી જે જડ છે તેનું તથા તે તરફના રાગનું લક્ષ છોડી નિજ શાશ્વત સુખને દેનારા તત્ત્વને પામે છે. રાગ, પુણ્ય-પાપ કે નિમિત્ત સુખના દેનારાં નથી. પણ આત્મા સુખને દેનારો છે. તેનું ભજન કરો તે આવશ્યક ક્રિયા છે. બાકી શુભભાવ તે પુણ્ય છે, તે હોય છે પણ તેનાથી કલ્યાણ નથી. નિજતત્ત્વને પામવું એ એક જ સુખદાયક રસ્તો છે.



### ગાથા ૧૫૬

**णाणाजीवा णाणाकम्मं णाणाविहं हवे लद्धी।**
**तम्हा वयणविवादं सगपरसमएहिं वज्जिज्जो ॥ १५६ ॥**

**नानाजीवा नानाकर्म नानाविधा भवेल्लब्धिः।**
**तस्माद्वचनविवादः स्वपरसमयैर्वर्जनीयः ॥ १५६ ॥**

**છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે !**
**તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.**

**અન્વયાર્થ** : **(नानाजीवाः)** નાના પ્રકારના જીવો છે, **(नानाकर्म)** નાના પ્રકારનું કર્મ છે, **(नानाविधा लब्धिः भवेत्)** નાના પ્રકારની લબ્ધિ છે; **(तस्मात्)** તેથી **(स्वपरसमयैः)** સ્વસમયો અને પરસમયો સાથે(સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) **(वचनविवादः)** વચનવિવાદ **(वर्जनीयः)** વર્જવાયોગ્ય છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ એમ કહે છે કે અહો પ્રાણીઓ ! આ જગતમાં અનેક પ્રકારના જીવો છે. ભવી પણ છે ને અભવી પણ છે. તું કોને સમજાવીશ ? તું સમજીને તારામાં ઠરી જા. લાયક હશે તે સમજશે. નાલાયક જીવ સાક્ષાત્ ભગવાનના સમવસરણમાં જવા છતાં સમજતો નથી. માટે શાંત થા. તારી વાત તારામાં સમજીને ઠર, વાદવિવાદથી પાર આવે તેમ નથી.

વળી જીવોને નિમિત્તરૂપે અનેક પ્રકારના કર્મો છે. અનેક પ્રકારની લબ્ધિ છે. અનેક પ્રકારની જુદી જુદી યોગ્યતા છે. કોને સમજાવીશ ? માટે જૈનધર્મીઓ સાથે તથા અન્યમતીઓ સાથે વાદવિવાદ છોડવા જેવો છે. જૈનધર્મીઓમાં કોઈ વ્યવહારના બોલની ધારણામાં એકબીજાને ફેર પડે તો પણ વાદવિવાદ ન કરવો. તેમ જ આત્મસ્વરૂપથી વિપરીત માન્યતાવાળા સાથે હુંસાતુંસી કરવી નહિ. આત્મધર્મ ન સમજે તે બધા પરધર્મી છે. શાસ્ત્રનો જેને અભિનિવેશ થઈ ગયો છે તેને સમજાવવા કેવળીની પણ તાકાત નથી. કારણ કે શાસ્ત્રના ભણતરથી આત્મા હાથ આવે એવો નથી. પોતાની લાયકાત વિના આત્મજ્ઞાન થાય તેવું નથી. ચર્ચા કોની સાથે કરીશ ? સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, ઉપાદાન-નિમિત્ત વગેરેનું સ્વરૂપ કેવું છે તેની જેને ખબર નથી તેની સાથે ચર્ચા કરવાથી શું પ્રયોજન છે? શાસ્ત્રમાં કથન નિમિત્તથી આવે કે ''પરવસ્તુ છોડો, અશુભરાગ છોડી શુભરાગ કરવો.'' અજ્ઞાની તે શબ્દને વળગશે, તે તેના મર્મને સમજતો નથી. શું પરવસ્તુ આત્મા છોડી શકે છે ? અશુભરાગ છોડી શુભરાગ કરવો એમ કહે ત્યાં શું અશુભનો કાળ હતો ને શુભનો કાળ કરવો ? ભાઈ, એ બધા નિમિત્તના કથન છે. યથાર્થ દૃષ્ટિ વિના અજ્ઞાની સમજી શકે એમ નથી. પરવસ્તુ છોડવાનું કહ્યું હોય ત્યાં ખરેખર તો પરવસ્તુ પ્રત્યેનો રાગ છોડવાનું કહ્યું છે ને સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી

રાગને મંદ કરજે ને શુભમાં રહેજે એમ કહેવાનો ભાવ છે. તેથી કરીને રાગ મંદતાનો કાળ ન હતો ને રાગ મંદતા કરી એવો એનો અર્થ છે જ નહિ. જે વખતે જે અશુભ જેવા પ્રકારનો આવવાનો તે વખતે તે જ અશુભ હોય છે ને જે વખતે જે શુભ જેવા પ્રકારનો આવવાનો તે વખતે તે જ શુભ હોય છે, તેમાં આડું અવળું થતું નથી.

અહીં કહ્યું કે કંચન-કામિનીને છોડો, તો શું પરવસ્તુને આત્મા છોડી શકે છે ? પરવસ્તુના ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. રાગનો ત્યાગ પણ ઉપચારમાત્ર છે. સ્વભાવમાં એકાગ્રતા કરતાં રાગ છૂટી જાય છે ને કંચન-કામિની તરફ લક્ષ જતું નથી એને કંચન-કામિની છોડ્યા એમ કથન કરવામાં આવે છે. વળી વચન સંબંધી વ્યાપારની નિવૃત્તિ કરવાનું કહ્યું છે. ત્યાં પણ તે તરફના રાગની નિવૃત્તિ કરવાનું કહ્યું છે. આત્માના અવલંબને રાગની ઉત્પત્તિ થતી નથી તેણે રાગની નિવૃત્તિ કરી ને વચનની નિવૃત્તિ કરી એમ કથન કરવામાં આવે છે. શાસ્ત્રનો આવો આશય હોય છે. માત્ર દૃષ્ટિ ફેરવવાની જરૂર છે. જે શબ્દોને વળગે છે ને મૂળ વાત ધ્યાનમાં લેતો નથી તે નવ પૂર્વ જાણે તો પણ નકામું છે. માટે અજ્ઞાની સાથે વાદવિવાદ કરીશ નહિ. તું સ્વરૂપ સમજી તારામાં સમાઈ જજે.

આ ગાથામાં વચનવિવાદ શા માટે છોડવા યોગ્ય છે તેનું કારણ બતાવ્યું છે.

**ફાગણ સુદ ૭, સોમવાર, ૩-૩-૫૨.**

**ટીકા** : સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાએ સત્સમાગમ કરી આત્માનું જ્ઞાન-ધ્યાન કરી અંતર વીતરાગી પર્યાય પ્રગટ કરવી તે ધર્મ છે. જે વિકાર થાય છે તે આત્માના કલ્યાણ માટે બેકાર છે. બિલકુલ કાર્યકારી નથી. પોતે વસ્તુસ્વરૂપ પોતા માટે યથાર્થ સમજી લેવું. કોઈની સાથે વાદવિવાદ કરવો નહિ. તેના કારણો આ ગાથામાં બતાવે છે.

જીવો અનેક પ્રકારના છે; મુક્ત અને અમુક્ત. સિદ્ધ જીવો તો મુક્તદશાને પામી ગયા છે. અમુક્ત એટલે સંસારી જીવો અનેક પ્રકારના છે. કોઈ ભવ્ય છે અને કોઈ અભવ્ય છે. એવી લાયકાતવાળા છે માટે કોઈની સાથે વાદવિવાદ કરીશ નહિ. તું ગમે તેટલી યુક્તિ બતાવીશ તો પણ અજ્ઞાની કુતર્ક કાઢીને તેની ના પાડશે, અજ્ઞાનીઓ દલીલ કરશે કે વ્યવહારને સાધન કહ્યું છે ને ? ભાઈ, એને સાધન ઉપચારથી કહેલ છે. દયા, દાન, વ્રત, ઉપવાસાદિનો રાગ શુભ છે-પુણ્ય છે. આત્મા પુણ્ય-પાપ રહિત છે. એવા આત્માનું ભાન કરી અંતરમાં ઠરે તો જે રાગનો અભાવ થયો છે તેને ઉપચારથી સાધન કહેવામાં આવે છે માટે જે જીવો શાસ્ત્રનો અર્થ ન સમજે તેની સાથે વાદવિવાદ કરવો નહિ.

સિદ્ધના જીવોને સમજવાનું બાકી નથી. સંસારીમાં અનંતા જીવો ભવી છે. તે મોક્ષમાર્ગ પામવાની લાયકાતવાળા છે. વળી અનંતા જીવો અભવી છે. અભવી કરતાં અનંતગુણા ભવી જીવો છે. કોઈ ભવી જીવ તીવ્ર પાપાદિના પરિણામ કરે માટે અભવી થઈ જાય એમ નથી. તેમ જ કોઈ અભવી



જીવ શુક્લ લેશ્યાના પરિણામ કરે ને મુનિ થાય માટે ભવી થાય એમ પણ નથી. ભવી કે અભવીની જાત અનાદિથી છે. અભવી જીવ ગમે તેટલા શાસ્ત્ર ભણે ને શુભરાગ કરે તો પણ વ્યવહારનો અથવા ભેદનો પક્ષ ઊંડે ઊંડે તેને રહી જાય છે. કાંઈક વ્યવહારનું, કાંઈક નિમિત્તનું અવલંબન જોઈએ એવો પક્ષ રહી જાય છે. ચિદાનંદ આત્માના આશ્રયે કલ્યાણ થશે તે વાત તેને રુચતી નથી. દિગંબર મુનિ થાય, વ્યવહાર ચોખ્ખો પાળે, હજારો રાણી છોડીને દીક્ષા લીધી હોય, શરીરના ખંડ ખંડ ટુકડા કરે તો પણ ગુસ્સો કરે નહિ પણ અભ્યંતર રુચિ સ્વભાવની કરવી જોઈએ તે કરતો નથી. સૂક્ષ્મ શલ્ય રહી જાય છે તે પકડી શકતો નથી. સાધકદશામાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વ્રતાદિના પરિણામ આવે છે પણ ઊંડે ઊંડે તેને તે ઉપાદેય માને છે. આ કારણે તેની કદી પણ મુક્તિ થતી નથી.

વળી સંસારીના ત્રસ અને સ્થાવર એવા બે ભેદ છે. સ્થાવરના પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને વનસ્પતિ એવા પાંચ ભેદો છે ને ત્રસમાં બેઈંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિય ને સંજ્ઞી પંચેંદ્રિય એવા પાંચ ભેદો છે. આમાં કોઈ નિગોદનો જીવ શુભભાવ કરી, મનુષ્યભવ પામી તે જ ભવમાં મુક્તિ પામે ને કોઈ મનુષ્ય આત્માના ભાન વિના કષાય મંદતા કરી નવમી ગ્રૈવેયકે જાય, તત્ત્વજ્ઞાનનો વિરોધ કરી ક્રમે કરીને સ્થાવર થાય. આવા વિચિત્ર પુરુષાર્થવાળા જીવો જગતમાં છે. પોતાનો સ્વભાવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્યમય છે એવા સ્વભાવનું ભાન કરી પર્યાયમાં તે રૂપે પરિણમવાને લાયક જીવો તે ભવ્ય છે ને જે કદી પણ મોક્ષમાર્ગને પામી શકે નહિ એવા નાલાયક જીવો તે અભવી છે. આવી વિચિત્રતા જોઈને કોઈની સાથે વાદવિવાદ કરીશ નહિ.

હવે જુદા જુદા જીવોને જુદા જુદા પ્રકારના કર્મો નિમિત્તરૂપે હોય છે. કોઈ જ્ઞાનાવરણીય બાંધે, કોઈ નિદ્ધત-નિકાચિત કર્મો બાંધે, કોઈ મંદ રસના કર્મો બાંધે, એવી વિચિત્રતા છે. વળી ભાવકર્મ એટલે શુભાશુભ ભાવો અસંખ્ય પ્રકારના છે. અજ્ઞાનીને નવાઈ લાગે કે જ્ઞાની શુભનો નકાર કરે છે છતાં શુભ કરતાં તો દેખાય છે ! ક્ષાયિક સમકિતી ને એકાવતારી હોય તો પણ ભગવાન પાસે જઈ હાથમાં કરતાલ લઈ નાચે. સીતાનો પત્તો મળ્યા પછી રામ, સીતા ને લક્ષ્મણ હાથમાં કરતાલ લઈ શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરે, ભક્તિ કરે. રામચંદ્રજી તે જ ભવે મોક્ષ જવાના છે છતાં ભક્તિનો રાગ થઈ આવે છે. ભાન છે કે દેહની ક્રિયાના અમો કર્તા નથી, શુભ રાગ થઈ આવે છે પણ તે અમારું સ્વરૂપ નથી, અમો તો જ્ઞાનસ્વરૂપ છીએ. એ ના એ જ રામ સીતાજી ખોવાઈ જતાં ડુંગરે ને ઝાડે જઈ પૂછે છે 'તમે સીતાજીને જોયા છે ?' જુઓ, તે જ ભવે મોક્ષગામી છે છતાં અશુભભાવ થઈ આવે છે પણ તેને હેય સમજે છે. અંતર જ્ઞાનસ્વભાવનું ભાન વર્તે છે. પહેલા દેવલોકના ઈંદ્ર, શકેંદ્ર ને શચી ઈંદ્રાણી બન્ને એકાવતારી છે, ભગવાન જન્મે ત્યારે હજારો આંખો કરી જોયા કરે, પણ દેહની ક્રિયા ને શુભરાગથી રહિત આત્માનો સ્વભાવ છે એવું ભાન વર્તે છે. કોઈ ભાવલિંગી મુનિને છઠ્ઠે ગુણસ્થાને ક્યારેક આર્તધ્યાન થઈ આવે છતાં મુનિપણું ટકે છે, કોઈ

શ્રાવકને પાંચમે ક્યારેક રૌદ્રધ્યાન થઈ આવે, છતાં આત્માનું ભાન વર્તે છે, અશુભને હેય સમજે છે -એમ ભાવકર્મોની પણ અનેક વિચિત્રતા છે. આ ભાવ થવા છતાં ગુણસ્થાન ટકી રહે છે, આત્માનું ભાન રહે છે. અજ્ઞાનીને તેનો પત્તો લાગશે નહિ. અજ્ઞાની શુભરાગને ઉપાદેય માને છે ને જ્ઞાની સર્વ પ્રકારના રાગને હેય માને છે. આમ બન્નેની બુદ્ધિમાં ફેર છે. કેટલાં પડખાથી તું બીજાને સમજાવીશ ? બીજાને સમજાવવાની આકુળતા કરીશ નહિ. સામો જીવ પાત્રતા વિના સમજી શકશે નહિ.

અહીં માટે પણ ઘણા લોકો કહે છે કે વ્યવહારને-શુભરાગને હેય માને છે છતાં રોજ ને રોજ પ્રવૃત્તિ વધતી જાય છે. મંદિરો થયા, પ્રવચન મંડપ થયો, શ્રાવિકાશાળા ને શ્રાવિકાશ્રમ થયા, માસિક, દૈનિક નીકળ્યાં, રીલો થઈ, પાછો માનસ્થંભ પણ થવાનો, આ શું ! આ તો બધી પ્રવૃત્તિ વધતી જાય છે -એમ અજ્ઞાનીને અચંબો લાગે છે, કે વ્યવહારને ઉડાડે છે છતાં વ્યવહાર તો બધો કરે છે ! ભાઈ, તને પ્રવૃત્તિ-નિવૃત્તિની ખબર નથી. મકાનાદિ જડ પદાર્થોની અવસ્થા, માનસ્થંભની અવસ્થા, જડ પુદ્ગલપરાવર્તનના નિયમ મુજબ તેના કાળે થવાની હોય ત્યારે થાય છે. જડની અવસ્થા શુભરાગને લીધે થતી નથી. જ્ઞાની કે અજ્ઞાનીનો રાગ જડની અવસ્થાને કરી શકતો નથી. ને જે રાગ જે વખતે આવવાનો છે તે આવ્યા વિના રહેતો નથી. શ્રાવકને તો ભક્તિનો રાગ આવે છે પણ મુનિઓને પણ જાત્રા વગેરેનો રાગ આવે છે છતાં તેનાથી રહિત આત્મા શુદ્ધ છે એવું ભાન ધર્મીને વર્તે છે.

કોઈ જીવને કોઈ પ્રકારનો રાગ, કોઈને કોઈ રાગ હોય છે, કોઈને નિદ્ધત ને નિકાચિત કર્મોનો ઉદય હોય, કોઈને મંદ ઉદય હોય -એવી અનેક પ્રકારની વિચિત્રતા હોય છે. તેને સમજી કોઈની સાથે વાદવિવાદ કરવો નહિ.

શરીર, વાણી વગેરે નોકર્મ છે. કોઈને કેવા પ્રકારનું શરીર હોય, કોઈને જુદા પ્રકારનું હોય, કોઈને વાણીનો યોગ હોય, કોઈને ન હોય કારણ કે વાણી જડ છે, આત્મા તેને કરી શકતો નથી. કોઈને વિકલ્પ ઊઠે પણ વાણી ન નીકળે, કોઈને સહેજે યોગ હોય. અજ્ઞાની જીવને વાણીનો યોગ ઘણો પણ હોય ને બે કલાક સુધી બોલી શકે ને કોઈ જ્ઞાનીને વાણીનો યોગ ન પણ હોય. જ્ઞાનનો ઉઘાડ હોય ને ભાષા નીકળે અથવા ન પણ નીકળે, કોઈને ભાષા નીકળે ને જ્ઞાન વિપરીત હોય.

આવી વિચિત્રતા છે માટે કોઈની સાથે વાદવિવાદ કરીશ નહિ.

અથવા કર્મની મૂળ પ્રકૃતિ જ્ઞાનાવરણાદિ ૮ છે ને તેના ઉત્તર ભેદ ૧૪૮ છે. અથવા તીવ્રતર, તીવ્ર ને મંદ, મંદતર ભેદોને લીધે કર્મ નાના પ્રકારનું છે. શ્રેણીક રાજા પૂર્વે નરકનું કર્મ બંધાયેલ તેથી નરકમાં ગયા છતાં ત્યાં તીર્થંકર નામકર્મ બાંધે છે ને આવતી ચોવીશીમાં પહેલાં તીર્થંકર થશે. દ્રવ્યલિંગી મુનિને શાસ્ત્રભણતર ને તપશ્ચર્યાદિમાં કષાયની મંદતા હોવાથી તે સ્વર્ગે જાય ને ત્યાંથી મનુષ્ય, ઢોરાદિની પર્યાય પામી તત્ત્વજ્ઞાનનો વિરોધ કરે તો ક્રમે કરીને નિગોદમાં જાય. આવી વિચિત્રતા છે. અત્યારે સ્વચ્છંદ ઘણો વધી ગયો છે. કેટલાક અજ્ઞાની જીવો કહે છે કે કર્મના ઉદયમાં એકવાર તો જીવને



જોડાવું જ પડે. જો એમ જ હોય તો કર્મનો ઉદય સદાય છે તો સ્વ તરફ જોવાનો ને વીતરાગતા પામવાનો અવસર પણ આવે નહિ. માટે તે વાત ખોટી છે. કોઈ કહે કે ધર્મ માટે નિમિત્ત મેળવવું પડે. તો શું જીવ પરદ્રવ્ય મેળવી શકતો હશે ? એ બધો અજ્ઞાનભાવ છે. માટે પર સામે જોવાનું ને તેને સમજાવવાનું છોડી દે ને તારા સામું તું જો.

વળી જુદા જુદા જીવોને સુખાદિના પરિણામ પોતાની યોગ્યતા અનુસાર થાય છે. બહારમાં અનુકૂળ સંયોગો હોય ને અંતરમાં અરતિ પણ વેદતો હોય, બહારમાં પ્રતિકૂળ સંયોગો હોય ને અંતરમાં રતિ વેદતો હોય. ધણી મરી ગયો હોય પણ છોકરો કમાઉ છે એમ વિચારી અંતરમાં રતિ કરે, બહારમાં છોકરાના લગ્ન હોય પણ પોતાનું વ્યવહારમાં ધાર્યું ન થાય તો અંતરમાં ખેદ કર્યા કરે, એટલે સુખદુઃખની કલ્પના સંયોગોને આધીન નથી પણ પોતે પોતાની યોગ્યતા મુજબ કલ્પના કરે છે. દેવમાં પણ એવી જ આકુળતા છે. નાનો દેવ મોટા દેવને જોઈને ઈર્ષા કર્યા કરતો હોય માટે ત્યાં પણ વિચિત્રતા છે.

જુદા જુદા જીવોને જુદા જુદા પ્રકારે યોગ્યતા મુજબ લબ્ધિ હોય છે.

કાળલબ્ધિ : સમય સમયની જીવની જે લાયકાત તેને કાળલબ્ધિ કહે છે. છ યે દ્રવ્યોને કાળલબ્ધિ હોય છે. દરેક દ્રવ્ય પોતાની યોગ્યતા અનુસાર સમયે સમયે પરિણમન કરે છે તે તેની કાળલબ્ધિ છે. અહીં જીવની વાત છે. દરેકની યોગ્યતા જુદા જુદા પ્રકારે હોય છે. ક્ષયોપશમ અનેક પ્રકારે હોય છે.

કરણલબ્ધિ : સમ્યગ્દર્શન થતા પહેલાં અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃતિકરણના પરિણામ થાય ને જે થયા પછી સમ્યગ્દર્શન થાય તેને કરણલબ્ધિ કહે છે. કોઈ જીવને આવા પરિણામ થાય છે.

ઉપદેશ અથવા દેશનાલબ્ધિ : જીવની યોગ્યતા પ્રમાણે સાચા દેવ-ગુરુનો ઉપદેશ મળવો તે ઉપદેશલબ્ધિ છે. ધર્મ સમજવાની યોગ્યતા ન હોય તેને ઉપદેશ, પુણ્યમાં હોય તો મળે પણ જે પાત્ર હોય તેને તો સાચો ઉપદેશ અવશ્ય મળે એવો નિયમ છે, છતાં સમજે પોતાની યોગ્યતાથી. એક જીવને સર્વજ્ઞના ૐધ્વનિનો ઉપદેશ મળે છતાં મિથ્યાદષ્ટિ રહે ને એક જીવને ચોથા ગુણસ્થાનવાળા સમકિતીનો ઉપદેશ મળે ને સમ્યગ્દર્શન પામે. એવી દેશનાલબ્ધિની વિચિત્રતા છે.

**ઉપશમ અથવા વિશુદ્ધિલબ્ધિ** : કષાયની મંદતાના પરિણામ થવા તેને ઉપશમલબ્ધિ કહે છે. કષાયની મંદતાની તારતમ્યતાના અનેક પ્રકાર છે. જીવ સમ્યગ્દર્શન પામે તો ઉપશમલબ્ધિને નિમિત્ત કહેવાય.

પ્રાયોગ્યલબ્ધિ : કર્મની સ્થિતિ ઘટીને અંતઃકોડાકોડીની થઈ જાય. જ્ઞાનાવરણીય ઓછું બાંધે, કર્મમાં સ્થિતિ-રસ ઘટી જાય. સમ્યગ્દર્શન પામે તો આ લબ્ધિ નિમિત્ત છે. ઉપાદાનકારણ તો આત્માનો શુદ્ધ સ્વભાવ છે.

આમ જીવોની યોગ્યતાની અનેક વિચિત્રતા છે માટે પરમાર્થની રુચિવાળા જીવોએ-ધર્મ પ્રગટ

કરવાના જિજ્ઞાસુએ જૈનદર્શનની સાથે તથા અન્યમતવાળા સાથે વાદવિવાદ કરવો યોગ્ય નથી. જૈનદર્શનમાં કોઈ જીવને બીજા સાથે કોઈ વ્યવહારના બોલમાં ફેર પડી જાય તો વાદવિવાદ કરવો નહિ. શાંતિથી સમાધાન કરવું ને જૈનદર્શનથી વિપરીત માન્યતાવાળા બધા પરસમય છે. કેટલાક જીવો ભગવાનને આહાર માને છે. પણ ભગવાનને કવલ આહાર હોતો નથી. કેટલાક કેવળીને એક સમયે જ્ઞાન ઉપયોગ અને બીજે સમયે દર્શન ઉપયોગ હોય એમ માને છે. પણ તે સત્ય નથી. કેવળીને એક સમયે બન્ને ઉપયોગ હોય છે. આવા પ્રકારે હજારો બોલમાં ફેર છે. કોઈ જીવો ભૂત અને ભવિષ્યકાળ સમાન માને છે. પણ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો છે. આમ દ્રવ્યના સ્વરૂપમાં ફેર, અર્હંતના તથા ગુરુના સ્વરૂપમાં ફેર છે. ઘણો ઘણો ફેર છે. માટે પરમાર્થના જાણનારે વાદવિવાદ કરવો યોગ્ય નથી. પુણ્ય-પાપને હેય સમજી, અંતર જ્ઞાતા-દ્રષ્ટા થઈને અંતરક્રિયા કરવી તે જ મોક્ષનું કારણ છે.

## ફાગણ સુદ ૮, મંગળવાર, ૪-૩-૫૨.

આજે સવારે શ્રી નિયમસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

## ફાગણ સુદ ૯, બુધવાર, ૫-૩-૫૨.

આ નિશ્ચય પરમ આવશ્યક અધિકાર છે. પુણ્ય-પાપના ભાવને વશ નહિ થતાં આત્માને વશ થઈ નિર્વિકારી વીતરાગી દશા પ્રગટ થાય તે આવશ્યક ક્રિયા છે. લોકોના સ્વચ્છંદનો પાર આવે એવું નથી. અજ્ઞાની જીવો પોતાનો બચાવ કરવા દલીલ કરશે માટે તેના સામું જોવું નહિ, પોતાના આત્માનું કલ્યાણ કરવું.

**ભાવાર્થ** : આ જગતમાં ભવી-અભવી, ત્રસ-સ્થાવર, સંસારી ને મુક્ત અનેક પ્રકારના જીવો છે, તેમને નિમિત્તરૂપે કર્મો ને તેમની યોગ્યતા જુદી જુદી અનેક પ્રકારની હોય છે. અજ્ઞાનીને અજ્ઞાનની લબ્ધિ હોય છે, જ્ઞાનીને જ્ઞાનની લબ્ધિ હોય છે, જ્ઞાની જ્ઞાન સ્થાપશે, અજ્ઞાની અજ્ઞાન સ્થાપશે. માટે અજ્ઞાની સાથે વાદવિવાદ કરવો વ્યર્થ છે. અત્યારે જૈનધર્મને નામે ઘણા ગોટા ઉઠ્યા છે. કેવળીને કવલ આહાર ન હોય છતાં અજ્ઞાની જીવો કેવળીને કવલ આહાર મનાવે છે, સ્ત્રીને સાક્ષાત્ તે ભવે મુક્તિ ન હોવા છતાં સાક્ષાત્ તે ભવે મુક્તિ હોય એમ મનાવે છે. જયસેન આચાર્ય પ્રવચનસારની ટીકામાં કહે છે કે 'અજ્ઞાની લોકો સાથે વાદવિવાદ કરીશ નહિ.' સ્ત્રીને છઠ્ઠું ગુણસ્થાન પણ હોઈ શકે નહિ. મુનિ નિર્ગ્રંથ બાહ્ય નગ્ન દિગંબર દશાવાળા જ હોઈ શકે, બીજા હોઈ શકે જ નહિ. જૈનધર્મને અન્યમત સાથે ઘણાં બોલમાં ફેર છે. અપૂર્વ માર્ગ મળ્યો છે માટે તું સમજીને ઠરી જા.

સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે માટે બીજા જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી. શરીર, મન, વાણી પર છે, એક સમયનો વિકાર તે મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છું એવા આત્માના જ્ઞાનમાં પોતાના હિતમાં પ્રમાદ ન થાય એ જ કર્તવ્ય



છે. પ્રભાવનાનો રાગ આવી જાય તે જુદી વાત છે. પણ તેની જરૂરિયાત નથી. સ્વભાવમાં ઠરી અંતરક્રિયા કરવી એ જ જરૂરિયાતનું કાર્ય છે.

## શ્લોક ૨૬૭

(शिखरिणी)

**विकल्पो जीवानां भवति बहुधा संसृतिकरः**
**तथा कर्मानेकविधमपि सदा जन्मजनकम्।**
**असौ लब्धिर्नाना विमलजिनमार्गे हि विदिता**
**ततः कर्तव्यं नो स्वपरसमयैर्वादवचनम्॥ २६७॥**

**શ્લોકાર્થ** : જીવોના, સંસારના કારણભૂત એવા (ત્રસ, સ્થાવર વગેરે) બહુ પ્રકારના ભેદો છે; એવી રીતે સદા જન્મનું ઉત્પન્ન કરનારું કર્મ પણ અનેક પ્રકારનું છે; આ લબ્ધિ પણ વિમળ જિનમાર્ગમાં અનેક પ્રકારની પ્રસિદ્ધ છે; માટે સ્વસમયો અને પરસમયો સાથે વચનવિવાદ કર્તવ્ય નથી. ॥૨૬૭॥

જીવોની અંદર ઘણાં પ્રકારના ભેદ છે. કોઈ ત્રસ ને કોઈ સ્થાવર ઇત્યાદિ અનેક પ્રકારના ભેદ છે. કોઈ નિત્યનિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ આઠ વર્ષે કેવળજ્ઞાન પામે. કોઈ દ્રવ્યલિંગી મુનિ થઈ નવમી ગ્રૈવેયકે જાય ને એક ભવ પણ ઘટે નહિ. કોઈ કીડી, કોઈ હાથી, કોઈ શેઠ, કોઈ ગરીબ થાય. એવી રીતે સદા જન્મનું ઉત્પન્ન કરનારું કર્મ પણ અનેક પ્રકારનું છે. વળી અજ્ઞાનની યોગ્યતા ને જ્ઞાનની યોગ્યતા પણ અનેક પ્રકારની હોય છે. નવમી ગ્રૈવેયક જનાર મિથ્યાદષ્ટિને નવ પૂર્વનું જ્ઞાન હોય, છઠ્ઠે-સાતમે કોઈ ભાવલિંગી મુનિને મતિ-શ્રુતજ્ઞાન સાધારણ હોય, ચોથા ગુણસ્થાનવાળા કોઈ જીવને મતિ, શ્રુત, અવધિ -ત્રણ જ્ઞાન હોય. બારમા ગુણસ્થાનવાળો જીવ કે જે કેવળજ્ઞાનની તૈયારીવાળો છે તેમાં કોઈને મતિ, શ્રુત બે જ્ઞાન હોય, પાંચમા ગુણસ્થાનવાળા કોઈ તિર્યંચને મતિ, શ્રુત, અવધિ -ત્રણ જ્ઞાન હોય. નિર્ગ્રંથ ગુરુ છદ્મસ્થ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હોય ને તેની પાસે દીક્ષા લેનાર શિષ્ય ઉગ્ર પુરુષાર્થ કરી સિદ્ધદશાને પામે. આવી વિચિત્રતા હોય છે છતાં ગુરુને ઈર્ષા ન હોય પણ પ્રમોદ બતાવે. અહો ! ધન્ય અવતાર ! શિષ્ય વીતરાગતા પામ્યો એમ હું પણ પામું. કોઈ મનુષ્ય તત્ત્વજ્ઞાનનો તીવ્ર વિરોધ કરે છતાં મરતા સુધી જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય ને જ્યાં મરીને નિગોદ થાય ત્યાં વિકાસ બીડાઈને એકેંદ્રિયપણાનો થઈ જાય.

કોઈ ધર્માત્મા જ્ઞાનીને મનુષ્યમાં મતિ, શ્રુતનો સાધારણ ઉઘાડ હોય ને દેવગતિ પામતાં રસ્તામાં મતિ, શ્રુત, અવધિ -ત્રણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય. આવા પ્રકારે લબ્ધિ પવિત્ર જિનમાર્ગને વિષે અનેક પ્રકારની કહી છે. માટે જૈન સાથે કે અન્યમત સાથે વાદવિવાદ કરવા યોગ્ય નથી. જૈન સાથે વ્યવહાર ધારણામાં કોઈ ફેર આવે તો વાદ કરવો નહિ ને અન્યમત તો વસ્તુસ્વભાવથી તદ્દન વિપરીત

છે માટે તેની સાથે પણ વાદવિવાદ કરીશ નહિ.

## ગાથા ૧૫૭

**लद्धूणं णिहि एक्को तस्स फलं अणुहवेइ सुजणत्ते।**
**तह णाणी णाणणिहिं भुंजेइ चइत्तु परतत्तिं॥ १५७॥**

**लब्ध्वा निधिमेकस्तस्य फलमनुभवति सुजनत्वेन।**
**तथा ज्ञानी ज्ञाननिधिं भुंक्ते त्यक्त्वा परततिम्॥ १५७॥**

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.**

**અન્વયાર્થ** : **(एकः)** જેમ કોઈ એક (દરિદ્ર માણસ) **(निधिम्)** નિધિને **(लब्ध्वा)** પામીને **(सुजनत्वेन)** પોતાના વતનમાં (ગુપ્તપણે) રહી **(तस्य फलम्)** તેના ફળને **(अनुभवति)** ભોગવે છે, **(तथा)** તેમ **(ज्ञानी)** જ્ઞાની **(परततिम्)** પર જનોના સમૂહને **(त्यक्त्वा)** છોડીને **(ज्ञाननिधिम्)** જ્ઞાનનિધિને **(भुंक्ते)** ભોગવે છે.

જેમ કોઈ ગરીબ માણસને કોઈ જમીન ખોદતાં અબજો રૂપિયા મળ્યા તે પૂર્વના પુણ્યને લીધે મળે છે. તે પછી નિરાંતે સ્વદેશમાં જઈ તેને ભોગવે છે. દેશમાં જઈ ઢંઢેરો ન પીટે કારણ કે ઢંઢેરો પીટવાથી બીજાને આપવા પડશે એમ ધારી ગુપ્ત રીતે તેના ફળને ભોગવે છે એટલે કે તેના રાગને ભોગવે છે. તેવી રીતે પરજનોના સમૂહનો પરિચય છોડી જ્ઞાની નિજ જ્ઞાનને ભોગવે છે. આત્માનું નિધાન જ્ઞાન છે. તેમાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાન પ્રગટે તેમ છે. જેવી રીતે ખડી સફેદાઈનો ગાંગડો છે તેમ આત્મા અરૂપી જ્ઞાનસ્વભાવનો ગાંગડો છે. દયા-દાનાદિના વિકલ્પ આવે ખરા પણ તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું તેને જ્ઞાની ભોગવે છે. આમાં કરવાનું શું આવ્યું? પોતાના સ્વરૂપને જાણવું એ જ ક્રિયા છે. શાસ્ત્ર, વ્યવહારરત્નત્રયનો રાગ વગેરેમાંથી જ્ઞાન પ્રગટતું નથી, શાસ્ત્ર તો જડ છે, રાગ વિકાર છે. તે વિનાનો આત્મા અરૂપી જ્ઞાનની પૂતળી છે, જ્ઞાનનું નિધાન છે. અંદરમાં જ્ઞાનદેવ બિરાજે છે, દિવ્ય શક્તિવાળો બિરાજે છે, -એમ સમજાણ કરી, તેને અનુભવવો એ જ મોક્ષની ક્રિયા છે.

**ટીકા** : અહીં દૃષ્ટાંત દ્વારા સહજ તત્ત્વની આરાધનાનો વિધિ કહ્યો છે. આ આત્મા સ્વાભાવિક



અનાદિ અનંત છે, તેમાં એકાગ્રતા કરવી તે જ સાચો વિધિ છે. પ્રથમ દૃષ્ટાંત કહે છે.

કોઈ એક ગરીબ માણસને કદાચિત્ પૂર્વ પુણ્યના નિમિત્તે પૈસા મળે તો તે નિધિના ફળને પોતાના દેશમાં જઈને ખાનગી સ્થાનમાં રાખીને તેને અનુભવે છે પણ ઢંઢેરો પીટતો નથી પણ ખાનગી રીતે તે પ્રત્યેના રાગને અનુભવી લૌકિક સુખ માણે છે. અહીં દૃષ્ટાંતમાં પ્રથમ એ વાત કરી કે પૈસો પુણ્યકર્મના નિમિત્તે મળે છે. વર્તમાનમાં કેટલાક પંડિતો કહે છે કે તે વાત બરાબર નથી. અત્યારના રાજ્યકર્તાને રાજ્યની વ્યવસ્થા બરાબર કરતાં આવડતી નથી તેથી કેટલાક જીવો કરોડપતિ થઈ ગયા ને કેટલાક ગરીબ રહી ગયા. માટે એવી રાજ્યવ્યવસ્થા કરો અથવા સામ્યવાદનો પ્રચાર કરો કે જેથી બધા પાસે પૈસા સરખા થઈ જાય. જ્યાં પૈસાના ઢગલા છે તેને તોડો ને ખાડાને પૂરો. પૈસાવાળાને તોડી નાખવા ને નિર્ધનના પેટ ભરવાં એમ કહેનારા અત્યારે મૂઢ જીવો પાક્યા છે.

ત્રિલોકનાથ ભગવાન કહે છે કે જે જીવોને જેટલી પુણ્યની યોગ્યતા તેટલા પ્રમાણમાં પૈસા આદિની પ્રાપ્તિ થાય છે, કોઈ તેમાં ફેરફાર કરી શકે એમ નથી. માટે બધાને સરખા કરવા માગે છે તે વ્યર્થ છે.

જુગલિયાના જીવો જે ઘણા પુણ્યશાળી છે તે પુણ્યમાં લગભગ સરખા હોય છતાં બધી રીતે પુણ્યમાં સરખા ન હોય ને સિદ્ધદશા થતાં બધા સિદ્ધો વીતરાગતા અને જ્ઞાનાદિમાં પૂરેપૂરા સરખા હોય. બાકી સંસારમાં કોઈ સરખા હોઈ શકે નહિ. માટે પૈસો પુણ્યથી પ્રાપ્ત થાય છે. પુણ્ય વિના તેની પ્રાપ્તિ થતી નથી એમ અહીં પુણ્યોદય શબ્દમાંથી અર્થ નીકળે છે.

વળી કોઈ કહે કે પૈસા ખર્ચવાથી ખૂટી જાય છે. એ વાત પણ ખોટી છે. તેને પુણ્યની પણ શ્રદ્ધા નથી. પૈસા ખર્ચવાથી ખૂટતા નથી પણ પુણ્ય ખૂટ્યે ખૂટી જાય છે. વસ્તુપાળ તેજપાળ લક્ષ્મી દાટવા ગયા ત્યાં ચરૂ નીકળ્યા. માટે

**વાપરવાથી ધન ખૂટતું નથી પણ પુણ્યમાં હોય તો સામેથી આવે છે,**
**પૈસા ખર્ચે પણ પુણ્ય ન ખૂટે ત્યાં સુધી પૈસો જતો નથી,**
**પુણ્ય ખૂટે ને પૈસા રાખવા માગે તો પણ પૈસો રહેતો નથી.**

વળી કોઈ જીવ એમ કહે છે કે આત્માના પુરુષાર્થથી પૈસો મળે છે તે પણ અજ્ઞાની છે. જીવો રાગ કરે છે છતાં બધાને સરખો પૈસો મળતો નથી, કોઈને મળતો પણ નથી. કેટલાક જીવોને સહી કરતાં ન આવડે છતાં લાખો રૂપિયા કમાય છે ને ભણેલ ગણેલ માણસને થોડો પગાર મળે માટે હોશિયારી અથવા રાગથી પૈસા મળતા નથી પણ પુણ્યથી પૈસા મળે છે.

**પુરુષાર્થથી પૈસો મળે નહિ પણ પુરુષાર્થથી ધર્મ મળે,**
**પુણ્યથી ધર્મ મળે નહિ પણ પુણ્યથી પૈસો મળે.**

વળી જીવોએ બે વસ્તુ સમજવી જોઈએ :

**સંસારમાં પુણ્યે મોટો તે મોટો કહેવાય છે,**
**ધર્મમાં પવિત્રતાએ મોટો તે મોટો કહેવાય છે.**

રાજા ને પ્રજા -તેમાં રાજા પુણ્યવાન છે, પ્રજા તેના કરતાં તે જાતના પુણ્યમાં ઊતરતી છે. માટે રાજાના પુણ્યનો વિરોધ કરવા જશો તો પુણ્યતત્ત્વનો વિરોધ થાય છે.

શ્રાવકાચારમાં કહ્યું છે કે રાજ્યવિરુદ્ધ કાર્ય કરવું નહિ, કારણ કે પુણ્યમાં રાજા મોટા છે -એમ જ્ઞાન કરવું જોઈએ. પુણ્યનું અધિકપણું ને પુણ્યનું હીનપણું -એમ હીનાધિકપણું જગતમાં રહેલું છે. તેને ન માનો તો પુણ્યતત્ત્વ ઊડી જાય છે ને આત્માની શ્રદ્ધા મુજબ ધર્મ ન માનો તો ધર્મતત્ત્વ ઊડી જાય છે.

પુણ્યના પરમાણુઓ બહારના સંયોગો મળવામાં નિમિત્ત છે. તે સંયોગોને તમે હડસેલી ન શકો. રાજા, શેઠ અગર જે જીવને જે પ્રમાણમાં શાતાના પરમાણુ છે તે પ્રમાણમાં તેને તે સંયોગો મળ્યા છે. બીજો જીવ કહે કે હું તેને હડસેલી ગરીબને આપી દઉં તે પુણ્યતત્ત્વને સમજતો નથી. તીર્થંકર પ્રભુને કેવળજ્ઞાન થતાં તીર્થંકર નામકર્મ ઉદયમાં આવ્યું ને બહારમાં સમવસરણની અદ્ભૂત રચના પુણ્યના નિમિત્તે રચાઈ ગઈ. તીર્થંકર તે પુણ્યને તથા પરમાણુઓને હડસેલશે ? જ્યાં સુધી છદ્મસ્થ હતા ત્યાં સુધી એવા પ્રકારનું કાંઈ ન હતું ને જ્યાં કેવળજ્ઞાન પામ્યા ત્યાં પુણ્ય ફાટ્યા, કોને હડસેલશે? જીવ પુણ્યકર્મ કે પુણ્યકર્મના નિમિત્તે મળેલા સંયોગને હડસેલી શકશે નહિ. હા, આત્માની સાચી સમજણ કરી, તે પ્રત્યેના રાગને હડસેલી શકે પણ પરને તો હડસેલી શકે નહિ છતાં પણ જે જીવ પોતાના તેમ જ બીજાના પુણ્યકર્મનું યથાર્થ જ્ઞાન કરતો નથી ને પૈસાવાળા પાસેથી લઈ ગરીબને પૈસા આપી દેવા જોઈએ એમ માનીને પુણ્યકર્મને માનતો નથી અથવા ફેરફાર કરી સમાજ વ્યવસ્થા કરવા માગે છે તે પુણ્યને સમજતો નથી. આત્મા જ્ઞાનસ્વભાવી છે તેમાં પુણ્યતત્ત્વ-શુભકર્મ પણ જ્ઞેય છે. પુણ્યકર્મનો નકાર કરનારને જ્ઞેયતત્ત્વનો નકાર થાય છે, જ્ઞેયતત્ત્વનો નકાર કરતાં જ્ઞાનતત્ત્વનો નકાર થતાં પોતાના આત્માનો નકાર થાય છે તેથી તે મિથ્યાદષ્ટિ છે.

અહીં દષ્ટાંતમાં કહે છે કે કોઈ દરિદ્ર માણસને પુણ્યોદયના નિમિત્તે પૈસા મળે તો તેનું ફળ પોતાની જન્મભૂમિમાં જઈને અતિ ગુપ્તપણે ભોગવે છે તેવી રીતે દાષ્ટાંત પક્ષમાં કહે છે કે ''સહજ પરમતત્ત્વજ્ઞાની જીવ કવચિત્ આસન્નભવ્યના(આસન્ન ભવ્યતારૂપ)ગુણનો ઉદય થતાં સહજ વૈરાગ્ય-સંપત્તિ હોતાં, પરમ ગુરુના ચરણકમળ યુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે મુક્તિસુંદરીના મુખના મકરંદ સમાન સહજ જ્ઞાનનિધિને પામીને સ્વરૂપ વિકળ એવા પરજનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.'' આ આત્મા સહજ પરમ જ્ઞાનસ્વરૂપી છે, પરવસ્તુ તથા વિકારનો મારા તત્ત્વમાં અભાવ છે, અંતર સહજ સ્વાભાવિક પરમતત્ત્વ છું એવું જેને ભાન છે તે પરમ તત્ત્વજ્ઞાની જીવ છે. વળી



તે જીવની એક બે ભવમાં મુક્તિની તૈયારી થઈ ગઈ છે. ભવ્યતા=યોગ્યતા મૂકી છે. પોતાની લાયકાતને કારણે મુક્તિના ભણકાર વાગ્યા છે. અહો ! આત્મા સહજ જ્ઞાનસ્વભાવી વસ્તુ છે તેના ભાન ઉપરાંત વિશેષ રાગ ઘટાડી વીતરાગતા વધતી જાય છે એટલે અહીં મુનિની વાત છે. વ્યવહારરત્નત્રયના રાગ તથા બીજા વિકલ્પથી ઉદાસ થતાં ને સ્વની અપેક્ષા કરતાં અંતર વીતરાગતા વધે છે. આવી રીતે રાગરહિત અંતરમાં ઠરી જવું તે આત્માની વૈરાગ્ય સંપત્તિ છે. રાગને છોડું એવો વિકલ્પ પણ નથી પણ જ્ઞાનસ્વરૂપમાં ઢળતાં સહેજે વીતરાગતા વધે છે ને રાગનો અભાવ થાય છે. અજ્ઞાનીના વૈરાગ્યની વાત નથી પણ જ્ઞાનીના જ્ઞાનસહિતના વૈરાગ્યની વાત છે. આવા જ્ઞાનસહિત અંતર વૈરાગ્યવાળા મુનિ થાય છે તે જ્ઞાનનિધિને પામે છે ને ત્યારે કેવા પ્રકારનું નિમિત્ત હોય છે તે બતાવે છે. ''પરમ ગુરુના ચરણકમળ યુગલની નિરતિશય ભક્તિ વડે,'' જેની પાત્રતા થઈ ગઈ છે તેને સાચા દેવ-ગુરુ જ નિમિત્ત હોય. ધર્મ પામે ત્યારે પરમ ગુરુ ચેતન નિમિત્ત હોય. કુદેવ-કુગુરુની શ્રદ્ધા તો છૂટી જ છે પણ એકલા શાસ્ત્ર નિમિત્ત નથી, સાચા દેવ-ગુરુ નિમિત્ત હોય. તે મુનિ સાચા ગુરુ પ્રત્યે ભક્તિ બતાવે છે ને સાચા ગુરુ શિષ્યને એમ કહે છે કે તને ભક્તિનો શુભરાગ આવ્યો ભલે પણ તે શુભરાગથી અથવા અમારા સામું જોવાથી તારું કલ્યાણ નથી. તારા સામું જોવાથી તારું કલ્યાણ છે. એમ ગુરુ જાણે છે, ગુરુની વાણીમાં એમ જ આવે છે ને શિષ્યને રાગ હોવા છતાં એવી જ શ્રદ્ધા કરે છે. આમ ગુરુ શિષ્યને વાણી-જ્ઞાનનો મેળ બતાવે છે. આ પ્રમાણે તે મુનિ પરમ ગુરુના નિમિત્તે જ્ઞાનનિધિ પામે છે.

## ફાગણ સુદ ૧૦, ગુરુવાર, ૬-૩-૫૨.

આ આવશ્યક અધિકાર છે. આત્માની પર્યાયમાં થતાં શુભાશુભ ભાવને વશ ન થવું પણ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપી છે તેને તાબે થવું તે આવશ્યક સત્ ક્રિયા છે, તે મુક્તિની ક્રિયા છે.

દષ્ટાંત એમ કહ્યું કે કોઈ ગરીબ માણસને પૂર્વના પુણ્યને કારણે લક્ષ્મી મળી જતાં તેને દેશમાં લઈ જઈને ગુપ્તપણે ભોગવે છે. એટલે કે તે પ્રકારનો રાગ કરે છે. તેવી રીતે જ્ઞાની જીવે પોતાના જ્ઞાનાનંદ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરી પોતાના જ્ઞાનનિધિને ભોગવવો, પર સાથે વાદવિવાદ કરવો નહિ.

કેવો છે ધર્મી જીવ ? સહજ પરમ તત્ત્વજ્ઞાની છે. કર્મ, શરીર તો જડ છે, તેનો આત્મામાં અભાવ છે, તે પરમતત્ત્વ નથી. દયાદાનાદિ ભાવો કૃત્રિમ ઉપાધિ ભાવ છે. તે સહજ પરમતત્ત્વ નથી. ને શુદ્ધ આત્માના આશ્રયે ઊપજતી વીતરાગી પર્યાય -સંવર, નિર્જરા અથવા મોક્ષ- તે પણ એક સમયનો પર્યાય છે. તે સહજ પરમતત્ત્વ નથી. પણ હું નિત્ય અખંડ જ્ઞાનસ્વરૂપ છું એવા ધ્રુવ શુદ્ધ આત્માને સહજ પરમતત્ત્વ કહે છે, તેનો આશ્રય લઈને જે પોતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે છે તેને સહજ પરમતત્ત્વજ્ઞાની કહે છે. જુઓ, અહીં નિમિત્તનો જ્ઞાની, દેવ-ગુરુ-શાસ્ત્રનો જ્ઞાની કહ્યો

જ નથી તેમ જ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના રાગનો કે મહાવ્રતનો જ્ઞાની કહ્યો નથી. સંવર-નિર્જરા એક સમયનો પર્યાય છે ને મોક્ષ સાધકને નથી ને તેનો વિચાર કરવાથી રાગની ઉત્પત્તિ થાય છે તેથી સંવર, નિર્જરા ને મોક્ષનો જ્ઞાની કહ્યો નથી પણ ત્રિકાળી શુદ્ધ સ્વાભાવિક આત્માનો જ્ઞાની કહ્યો છે. ને ત્રિકાળી સ્વપદાર્થનું યથાર્થ જ્ઞાન થતાં એક સમયની પર્યાય જેટલો હું નથી. વિકાર તે મારું ખરું સ્વરૂપ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર, કર્મ, શરીર વગેરે પરપદાર્થનો મારામાં અભાવ છે એમ સ્વનું જ્ઞાન થતાં પરનું, વિકારનું, પર્યાયનું જ્ઞાન યથાર્થ થઈ જાય છે.

એવા પરમતત્ત્વજ્ઞાની જીવ પોતાની મોક્ષ થવાની લાયકાત થતાં પર તરફ સહજ ઉદાસીન થાય છે. ત્રિકાળી શુદ્ધ સ્વભાવનું અવલંબન લેતાં રાગની વૃત્તિ ઉત્પન્ન થતી નથી. અહીં સ્વાભાવિક વીતરાગતાની વાત કરે છે. હઠપૂર્વકના વૈરાગ્યની વાત નથી. રાગ તે મારું સ્વરૂપ નથી, હું જ્ઞાનાનંદ-સ્વભાવી છું એમ સહજ જ્ઞાનસ્વભાવની અસ્તિના જોરમાં રાગની નાસ્તિ થઈ જાય છે. એવા લાયક પરમતત્ત્વજ્ઞાનીને પરમ ગુરુ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા ભાવલિંગી ગુરુ મળી જાય છે. જેની ધર્મદશા ને મોક્ષ પામવાની લાયકાત હોય તેને ગુરુ મળી જાય છે. શિષ્ય પણ પરમ ગુરુના ચરણકમળની વિનયપૂર્વક ભક્તિ કરે છે. એટલે ગુરુ શું કહે છે તે સ્વલક્ષપૂર્વક-વિનયપૂર્વક સાંભળે છે. સાંભળનાર શિષ્ય જ્ઞાની છે, આત્માનું ભાન છે પણ સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યાં સુધી ગુરુ શું કહે છે તે સાંભળવાનો રાગ થઈ આવે છે પણ તે શુભરાગથી કલ્યાણ માનતો નથી. અહીં શિષ્યની લાયકાત, શિષ્યની ભક્તિ, શિષ્યને શુભરાગ હોવા છતાં શુભરાગનો નકાર ને પોતાના આત્માના જ્ઞાનસ્વભાવનો હકાર, ગુરુ પણ જ્ઞાની છે. સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન છે છતાં તેમને પણ શુભરાગ આવતા કેવો ઉપદેશ આવે તે બધી સંધિ સહિત વાત બતાવે છે.

ગુરુના ઉપદેશમાં શું આવ્યું ? અમારા તરફનો વિકલ્પ છોડી તું તારા જ્ઞાનનિધિને પામ. કેવો છે સહજ જ્ઞાનનિધિ ? જે આત્મનિધિના આશ્રયે પ્રગટતી પરિપૂર્ણ નિર્મળ પર્યાય તે મુક્તિસુંદરી છે. જેમ ફૂલમાંથી રસ ઝરે તેમ આત્માનો આશ્રય લેવાથી નિર્મળ અમૃતરસ ઝરે છે. માટે અમારા તરફનો વિકલ્પ છોડ ને તારા ધ્રુવસ્વભાવનું અવલંબન લઈને ઠર. ગુરુની વાણીમાં વીતરાગતાનું વજન છે પણ રાગ કે વ્યવહારનું વજન નથી.

જે ગુરુ વ્યવહારથી કે રાગથી ધર્મ મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે, ને જે શાસ્ત્ર નિમિત્તથી કે રાગથી ધર્મ મનાવે તે કુશાસ્ત્ર છે. ગમે તે અનુયોગનું શાસ્ત્ર હો છતાં તે દરેકનું તાત્પર્ય તો વીતરાગતા છે, પણ રાગ કરાવવાનો તેનો હેતુ નથી. માટે નિમિત્ત, વ્યવહાર, રાગ કે અધૂરી પર્યાયની અપેક્ષા છોડાવી જે શુદ્ધ સ્વભાવની અપેક્ષા કરાવે તે શાસ્ત્ર સાચા છે.

વળી જીવ ધર્મદશા પામે ત્યારે કુદેવાદિનું નિમિત્ત ન હોય. મિથ્યાદૃષ્ટિના ઉપદેશથી જીવ સમકિત પામે એમ બનતું નથી. તેમ જ એકલા શાસ્ત્રના વાંચનથી જીવ સમકિત પામે એમ પણ બનતું નથી.



ધર્મ સમજવાની લાયકાત હોય ત્યારે જ્ઞાની ગુરુનો પ્રત્યક્ષ સમાગમ હોય, સત્‌ને સત્ નિમિત્ત હોય. જેવી રીતે ઉપાદાનમાં મુનિપણાની તૈયારી હોય ત્યારે શરીરાદિની નગ્ન અવસ્થારૂપ દ્રવ્યલિંગ બાહ્યમાં હોય; છતાં ભાવલિંગ થયું માટે દ્રવ્યલિંગ થયું એમ નથી. તેમ જ ભાવલિંગ થાય ત્યારે બાહ્યમાં દ્રવ્યલિંગ ન હોય એમ પણ બને નહિ. બન્ને સ્વતંત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. વળી કોઈ જીવ પોતાનો આત્મા વિકારરહિત શુદ્ધ છે એવું ભાન કરી પોતાના આશ્રયે ક્ષાયિક સમકિત પ્રગટ કરે ત્યારે શ્રુતકેવળી અથવા કેવળી નિમિત્ત હોય છતાં શ્રુતકેવળીથી અથવા કેવળીથી સમકિત થતું નથી છતાં તેની ઉપસ્થિતિ ન હોય એમ પણ બનતું નથી. જ્યારે જીવને કેવળજ્ઞાન થાય ત્યારે તે જીવને વજ્રકાય હોય, તે ન હોય એમ બનતું નથી. છતાં વજ્રકાયને લીધે કેવળજ્ઞાન નથી. એ દૃષ્ટાંતો અનુસાર જીવ ધર્મ પામવાને લાયક થાય ત્યારે સામે ચેતન નિમિત્ત હોય, મિથ્યાદૃષ્ટિ નિમિત્ત ન હોય, છતાં ચેતન ગુરુને લીધે ધર્મ પામે છે -એમ પણ નથી. શ્રી નિયમસારની ૫૩મી ગાથાની ટીકામાં સ્પષ્ટ લખાણ છે કે જીવને સમ્યગ્દર્શન પામવામાં ઉપચારથી અંતરંગહેતુ જ્ઞાની પુરુષ છે, મિથ્યાદૃષ્ટિ નિમિત્ત નથી.

આની વિરુદ્ધમાં કેટલાક જીવો ''મોક્ષમાર્ગ પ્રકાશક''ના લખાણનો આધાર આપી બચાવ કરે છે કે મિથ્યાદૃષ્ટિ જીવના નિમિત્તે પણ જીવ સમ્યગ્દર્શન પામે. મોક્ષમાર્ગ પ્રકાશકના (સાતમો અધિકાર પૃષ્ઠ ૨૪૦) આ લખાણનો તેઓ ટેકો લ્યે છે :

''કદાપિ મુખથી તો યથાવત્ નિરૂપણ એવું પણ કરે કે જેના ઉપદેશથી અન્ય જીવ સમ્યગ્દૃષ્ટિ થઈ જાય.''

આ લખાણમાં તો સમ્યગ્જ્ઞાન અર્થે થતી પ્રવૃત્તિમાં અયથાર્થતા બતાવવી છે. કોઈ નાચનાર માણસ એવો નાચ કરે કે પોતાને વિકાર ન થાય પણ નાચ જોનારને વિકાર થાય, એવી રીતે અજ્ઞાનીની પ્રરૂપણા એવી હોય કે પોતાને સમ્યગ્દર્શન ન થાય પણ સામો જીવ ધર્મ પામી જાય. અજ્ઞાનીને પોતાને જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય ને વાણીનો યોગ હોય છતાં પોતે સમ્યગ્દર્શન પામતો નથી એમ તેના જ્ઞાનનું અસમ્યક્‌પણું બતાવવું છે. તેના નિમિત્તે સામો જીવ ધર્મ પામી જાય છે એમ ત્યાં દેશનાલબ્ધિ સિદ્ધ કરવી નથી. સામો જીવ ધર્મ પામે છે તે સમ્યગ્જ્ઞાની પાસેથી પૂર્વે દેશનાલબ્ધિ પામ્યો હોય છે તેના સંસ્કાર યાદ લાવી ધર્મ પામે છે પણ મિથ્યાદૃષ્ટિના નિમિત્તે ધર્મ પામતો નથી. તેથી ત્યાં દેશનાલબ્ધિ સિદ્ધ કરવી નથી પણ અજ્ઞાનીને જ્ઞાનનો ઉઘાડ ઘણો હોવા છતાં તેના જ્ઞાનનું અસમ્યક્‌પણું બતાવવું છે.

જુદા જુદા શાસ્ત્રોના લખાણની પદ્ધતિ કયા પ્રકારે છે તે સમજે નહિ ને પોતાની મતિ કલ્પનાથી અર્થ કરે તો વ્યર્થ છે. શ્રી ધવલમાં પણ લખાણ છે કે જે જ્ઞાનીજીવ જ્ઞાનરૂપે (**परिणत**) પરિણમ્યો છે તે બીજાને ધર્મમાં નિમિત્ત થાય છે. એટલે અહીં પણ જ્ઞાની નિમિત્ત છે એમ બતાવે છે. લાયક

શિષ્ય તેની સેવા કરે છે ને વિનયપૂર્વક પૂછે છે ત્યારે ગુરુ શું કહે છે ?

જુઓ, અહીં શિષ્ય જ્ઞાની છે, વૈરાગ્યવંત છે, મુનિ થયેલ છે. તેને ગુરુની વાણી સાંભળવાનો શુભરાગ આવ્યો છે. સામે ગુરુ પણ જ્ઞાની છે તેમને પણ શિષ્યને સમજાવવાનો શુભ વિકલ્પ વર્તે છે. આવો નિમિત્ત-નૈમિત્તિક મેળ બતાવી ગુરુ શું કહે છે ? વાણી વાણીના કારણે છે છતાં ગુરુનું વજન ક્યાં જાય છે ? હે શિષ્ય ! તને વસ્તુસ્વરૂપ સમજવાનો રાગ આવ્યો છે પણ રાગથી તારું કલ્યાણ નથી, તું તારા સ્વભાવનું અવલંબન લઈ ધાર્મિક ક્રિયા પ્રગટ કર તે આવશ્યક ક્રિયા છે. પ્રતિક્રમણાદિનો તથા વાંચન-શ્રવણનો જે શુભરાગ ઊઠે છે તે પરાધીન ક્રિયા છે-અસત્ ક્રિયા છે. માટે અમારા તરફનું લક્ષ છોડી તારા શુદ્ધ ચૈતન્યસ્વભાવનું અવલંબન લે તો તારી મુક્તિ થાય તેમ છે.

ગુરુએ આમ કહ્યું ત્યારે શિષ્ય શું સમજ્યો ? જેમ સાકર શબ્દ કહેતાં જીવ સાકર પદાર્થને સમજે તો તે યથાર્થ સમજ્યો કહેવાય પણ ચીરોડી લઈ આવે તો તેણે શબ્દને યથાર્થ સાંભળ્યો નથી. તેમ ગુરુએ સ્વભાવના આશ્રયે વીતરાગતા પ્રગટ કર એમ કહ્યું તો શિષ્ય રાગ કરવાનું સમજ્યો નથી પણ ગુરુના કહેવા મુજબ યથાર્થ સમજ્યો છે કે ગુરુ મને મારા સ્વભાવનું આલંબન લેવાનું કહે છે. શિષ્ય એમ સમજી પોતાના સ્વભાવ તરફ વળી વીતરાગતા પ્રગટ કરે છે એટલે અહીં પાત્ર શિષ્યની લાયકાત બતાવે છે, ગુરુ-શિષ્યનો મેળ બતાવે છે.

પ્રથમ શ્રોતા પરમતત્ત્વજ્ઞાની કહ્યો, તેને વૈરાગ્ય આવ્યો છે એમ બતાવ્યું છે, તેને નિમિત્ત સત્ ગુરુ-નિર્ગ્રંથ ગુરુ મળ્યા છે તે ભક્તિનું નિમિત્ત છે. શુભરાગ આવે છે પણ બંધનું કારણ સમજે છે. ગુરુ પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવનું અવલંબન લેવાનું કહે છે. તેની વાણી પણ એ જ પ્રકારની નીકળે છે. શુભરાગરૂપી વ્યવહાર આવે છે, શ્રોતા પણ રાગ હોવા છતાં વીતરાગતા ઉપર વજન આપે છે. એમ ગુરુનો ઉપદેશ સમજી જાય છે. આમ ટૂંકામાં ઘણું રહસ્ય બતાવી દીધું છે.

શુદ્ધ ચૈતન્યદ્રવ્ય કેવું હોય, નિમિત્ત સત્ દેવ-ગુરુ હોય, ખોટા દેવ-ગુરુ નિમિત્તરૂપે ન હોય. વળી સાચા નિમિત્ત હોવા છતાં તેનાથી લાભ નથી છતાં તે તરફ લક્ષ ગયા વિના રહેતું નથી. વળી તે મુનિ-ગુરુ બાહ્ય-અભ્યંતર નગ્નદશાવાળા હોય છતાં તેને નગ્નદશા કરવી પડતી નથી, સહેજે નગ્નદશા હોય છે. એવા મુનિ કહે છે કે હે શિષ્ય ! તને આત્માનું ભાન છે પણ જે અસ્થિરતાની વૃત્તિ ઊઠે છે તેથી તારું કલ્યાણ નથી, તારા શુદ્ધ ચૈતન્યનો આશ્રય લઈને જે નિર્મળતા પ્રગટ થાય તે મોક્ષનું કારણ છે ને તે આવશ્યક ક્રિયા છે. શિષ્ય ગુરુને સાંભળે છે છતાં શુદ્ધ દ્રવ્ય તરફ વલણ કરે છે કેમ કે નિમિત્તમાંથી કે રાગમાંથી નિર્મળતા આવતી નથી. એક સમયની નિર્મળ પર્યાયમાંથી પણ નિર્મળ પર્યાય આવતી નથી. અંતરનિધાન શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે તેમાંથી નિર્મળતા પ્રગટે છે. આમ શ્રોતા મુનિ યથાર્થ સમજી લ્યે છે. સમ્યગ્દર્શન, મુનિપણું, શુક્લધ્યાન, વીતરાગતા, કેવળજ્ઞાન કે સિદ્ધદશા



સુધીની બધી નિર્મળ પર્યાયો પ્રગટવાનું કારણ એક ધ્રુવ શુદ્ધ સ્વભાવ જ છે. તેના જ અવલંબને મોક્ષ થાય છે, અધૂરી દશામાં વચ્ચે રાગ આવે પણ રાગને રાગ સમજી સ્વભાવના લક્ષે રાગ ટાળી વીતરાગતા પ્રગટ કરો.

આ નિયમસાર છે. શુદ્ધ સ્વભાવના આશ્રયે પ્રગટતી વીતરાગી પર્યાય તે નિયમ છે. ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, મહાવ્રતાદિનો રાગ એટલે કે વ્યવહારરત્નત્રયના રાગના પરિહાર અર્થે સાર શબ્દ જોડેલ છે. આત્મા શુદ્ધ છે, તેના ગુણો ત્રિકાળ છે, તેના અવલંબને જે પર્યાય પ્રગટે તે આવશ્યક ક્રિયા છે. વચ્ચે રાગ આવે તે બંધમાર્ગ છે.

ઘણાં જીવોનો આશ્ચર્ય થાય છે કે શુભનો નિષેધ કરવા છતાં આ સમવસરણ, જિનમંદિર, પ્રવચનમંડપ, શ્રાવિકાશાળા, શ્રાવિકાશ્રમ વગેરે ઘણું થતું તો દેખાય છે, પાછો માનસ્થંભ થવાનો. આ શું ? આ બધું કોણે કર્યું ? -ભાઈ, તે બધી જડ પુદ્ગલની પરમાણુની અવસ્થા છે તે તેના કાળે થાય છે. રાગી જીવને અશુભથી બચવા શુભરાગ આવે છે ને નિમિત્ત ઉપર લક્ષ જાય છે. પણ તે શુભરાગથી જડની ક્રિયા થઈ જાય એમ બનતું નથી. ને તે શુભરાગથી ધર્મ થાય તેમ કદી બનતું નથી. નબળાઈના કારણે રાગ આવે છે તેને બંધનું કારણ જાણ. અબંધ સ્વભાવના આશ્રયે વીતરાગતા થાય તેટલો ધર્મ સમજ.

વળી કેટલાક જીવો એમ કહે છે કે સમ્યગ્દર્શન થયા પછી ધર્મી જીવને ચારિત્ર લેવાનું ઘણું મન છે પણ ચારિત્રમોહનીય કર્મને લીધે તે મુનિપણું લઈ શકતો નથી, એમ જે દલીલ કરે છે તે પણ ખોટી છે. અહીં પાઠમાં કર્મનું નામ પણ લીધું નથી. પુરુષાર્થથી વીતરાગતા વધે છે એમ કહ્યું છે. મુનિઓને ઘણી આગળ દશા વધી ગઈ છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે, આખી દુનિયાથી ઉદાસ હોય છે.

**રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,**
**સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.**

સ્વભાવના ભાન ઉપરાંત દુનિયાના બધા પદાર્થોથી ઉદાસ વર્તે છે. તેવા મહામુનિઓ કહે છે કે ભાઈ, તું તારાથી મુક્તિ પામે એમ છો. સર્વજ્ઞે વસ્તુસ્વરૂપ એમ જોયું છે, વાણી દ્વારા એમ જ આવ્યું છે ને મુનિઓ પણ એમ જ કહે છે. શ્રોતા મુનિ પણ ગુરુ મુનિની ઉત્તમ ભક્તિ વડે પોતાનો સહજ જ્ઞાનનિધિ કે જેમાંથી-ફૂલમાંથી રસ ઝરે તેમ-અમૃત ને શાંતિ ઝરે છે ને જેમાંથી મુક્તિરૂપી દશા પ્રગટ થાય છે એવા જ્ઞાનનિધિને પામ્યો.

વળી ગુરુ શું કહે છે ? ભાઈ, આ વસ્તુસ્વરૂપ સમજીને તું તારામાં સમાઈ જા, બીજાને સમજાવવાનો વિકલ્પ છોડી દે. અજ્ઞાની જીવો ઘણાં સ્વચ્છંદી છે, તેને સમજાવવા જતાં તારા ધ્યાનમાં વિઘ્ન થાય તેમ છે. ભગવાનના કથનને અજ્ઞાની જીવો સમજી શકશે નહિ. ભાગ્યવંત, પુરુષાર્થવંત, નજીક મુક્તિગામી

જીવને આ વાત બેસે તેમ છે. રાગ સાધન ને વીતરાગતા સાધ્ય એવા ઉપચારના કથન અનેક આવશે. અજ્ઞાની ઊંધા અર્થ લ્યે છે. તું ગમે તેટલું સમજાવીશ છતાં સમજશે નહિ. મહાવિદેહમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે ને ૐ ધ્વનિ છૂટે છે. જો પરથી સમજતા હોય તો કેવળીની સાથે બધા મોક્ષે જવા જોઈએ. પણ તેમ બનતું નથી. કેટલાક વિરોધ કરી નરકમાં જનારા પણ ત્યાં છે.

એક વાર શ્રીમદ્ રાજચંદ્રજી પાસે એક ભાઈ આવ્યા ને શ્રીમદ્‌ને કહ્યું કે ''તમો વ્યવહારને ઉડાડો છો''. શ્રીમદ્દે જવાબ આપ્યો ''ભાઈ, અમે વ્યવહારને ઉથાપતા નથી, પણ જેમ છે તેમ સ્થાપીએ છીએ. તમે પરિચય કરો તો સમજાય. અમે શું કરીએ છીએ ને કહીએ છીએ તે પરિચય વિના સમજાય તેવું નથી.''

અહીં પણ એમ જ કહે છે કે લોકો શું કહે છે તે ઉપરનું લક્ષ છોડી દેવું. અહીં પરજનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ કહ્યું તો પરજનો વિઘ્નનું કારણ નથી, પરજનોનો તો આત્મામાં અભાવ છે પણ પરજનો પ્રત્યેનો રાગ વિઘ્નનું કારણ છે ને તે રાગ પણ સ્વભાવમાં એકાગ્ર થતાં છૂટી જાય છે. રાગની ઉત્પત્તિ નહિ થતાં પર ઉપર લક્ષ જતું નથી એટલે પરજનોને છોડ્યા એમ કથન કરવામાં આવે છે.

જ્ઞાની મુનિઓ અજ્ઞાની જીવો શું કહે છે તે પ્રત્યેના રાગને વિઘ્ન સમજીને તેને છોડે છે. રાગ છોડે છે તે કથન પણ ઉપચારથી છે. પોતાના સ્વરૂપમાં એકાગ્ર થતાં રાગ ઉત્પન્ન થતો નથી તેણે રાગને છોડ્યો એમ કથન કરવામાં આવે છે.

**ફાગણ સુદ ૧૧, શુક્રવાર, ૭-૩-૫૨.**

આત્મામાં ધાર્મિક ક્રિયા કેમ થાય તેનો અધિકાર છે. જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થાય તેને મોક્ષની ક્રિયા કહે છે.

હવે આ ૧૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :

**શ્લોક ૨૬૮**

(શાલિની)

**अस्मिन् लोके लौकिकः कश्चिदेकः**
**लब्ध्वा पुण्यात्कांचनानां समूहम्।**
**गूढो भूत्वा वर्तते त्यक्तसंगो**
**ज्ञानी तद्वत् ज्ञानरक्षां करोति॥ २६८॥**

**શ્લોકાર્થ :** આ લોકમાં કોઈ એક લૌકિક જન પુણ્યને લીધે ધનના સમૂહને પામીને, સંગને છોડી



ગુપ્ત થઈને રહે છે; તેની માફક જ્ઞાની (પરના સંગને છોડી ગુપ્તપણે રહી) જ્ઞાનની રક્ષા કરે છે. ॥ ૨૬૮ ॥

આ લોકમાં કોઈ એક જાણને પુણ્યના નિમિત્તે પૈસાની પ્રાપ્તિ થાય તો તે માણસ પોતાના દેશમાં જઈને લક્ષ્મીને ભોગવે છે, ઢંઢેરો પીટતો નથી પણ ગુપ્ત સ્થાનમાં રહીને તેને ભોગવે છે. તેવી રીતે જ્ઞાની જીવ પોતાનો ચિદાનંદનિધિ પામીને જ્ઞાનની રક્ષા કરે છે. દેહ, મન, વાણી કે બહારના પૈસાદિ પોતાની નિધિ નથી તેમ જ શુભાશુભભાવ બન્ને વિકાર છે તે પોતાની નિધિ નથી. જ્ઞાન ને આનંદરૂપ પોતાનો સ્વભાવ એ જ પોતાની નિધિ છે. આમ પોતાના જ્ઞાનનિધિના શ્રદ્ધા-જ્ઞાન કરી પોતાના જ્ઞાનની રક્ષા કરવી તે પોતાનો ધર્મ છે.

શરીરાદિ બાહ્ય પદાર્થનું રક્ષણ જીવ કરી શકતો નથી. જડ પદાર્થોને આત્મા બગાડી કે સુધારી શકતો નથી. શુભાશુભભાવના સ્વામી થવું તે અજ્ઞાનભાવ છે. સાધકદશામાં શુભાશુભરાગ આવે છે, પણ તે વિકાર છે, ઉપાધિ છે, આત્માના કલ્યાણ માટે બેકાર-નકામા છે. માટે પુણ્ય-પાપ રહિત શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં ઠરી જવું તેને જ્ઞાનની રક્ષા કહે છે ને તે ધર્મ છે. ધર્મી જીવે પોતાના જ્ઞાનનિધિને ગુપ્ત રીતે ભોગવવો, વાદવિવાદ કરવો નહિ.

અહીં કોઈ પૂછે કે ચડવા માટે પ્રથમ પગથિયાં તો હોવાં જોઈએ ને ?

**સમાધાન :** હું જ્ઞાનાનંદ છું એવી દૃષ્ટિ કરવી તે જ પ્રથમ પગથિયું છે. વ્યવહાર કરવો તે પ્રથમ પગથિયું નથી. કેટલાક જીવો કહે છે કે પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળે, તે પ્રત્યેનો શુભરાગ હોય ને પછી જીવ ધર્મ પામે. તો તે વાત ખોટી છે. પોતાના નિશ્ચય સ્વભાવના ભાન વિના શુભરાગ વ્યવહાર નામ પામતો નથી. અધૂરીદશામાં શુભરાગ આવે છે તે પુણ્ય છે, પણ તે ધર્મનું કારણ નથી.

ટીકાકાર મુનિરાજ કહે છે કે અહો જીવો ! પોતાના જ્ઞાનસ્વભાવની રુચિ કરો. જ્ઞાતાદૃષ્ટામાં એકાગ્ર થવું તે પોતાનું કાર્ય છે. રાગ આવે છે પણ તેની મુખ્યતા નથી પણ સ્વભાવના આશ્રયે રાગરહિત પરિણતિ થવી તે કર્તવ્ય છે. શુભભાવરૂપી વ્યવહાર આવે છે પણ તે ધર્મ નથી. જ્ઞાતાદૃષ્ટા છું એવી શ્રદ્ધા રાખીને વીતરાગતા પ્રગટાવવી તે ધર્મ ને સામાયિક છે. સામાયિકના પાઠ બોલાય છે તે તો ભાષા છે, જડ છે ને પુણ્યભાવ તે સામાયિક નથી. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં સ્થિર થઈ જવું તે સામાયિક છે.

લોકો ભગવાનની સ્તુતિ કરે છે કે હે ભગવાન ! મોક્ષ આપજો, પણ તારો મોક્ષ ભગવાન પાસે નથી, તારો મોક્ષ તારા આત્મભગવાન પાસે છે. માટે ચિદાનંદ સ્વભાવમાં લીન થવું તે સ્તુતિ છે, આમ આવશ્યક ક્રિયા પોતાના ચિદાનંદ આત્માના આશ્રયે થાય છે તેથી ધર્મી જીવોએ બીજાની સાથે

વાદવિવાદ કરવો નહિ પણ પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની રક્ષા કરવી.

**શ્લોક ૨૬૯**

(मन्दाक्रान्ता)

**त्यक्त्वा संगं जननमरणातंकहेतुं समस्तं**
**कृत्वा बुद्ध्या हृदयकमले पूर्णवैराग्यभावम्।**
**स्थित्वा शक्त्या सहजपरमानंदनिर्व्यग्ररूपे**
**क्षीणे मोहे तृणमिव सदा लोकमालोकयामः ॥ २६९ ॥**

**શ્લોકાર્થ** : જન્મ-મરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગને છોડીને, હૃદયકમળમાં બુદ્ધિપૂર્વક પૂર્ણ વૈરાગ્યભાવ કરીને, સહજ પરમાનંદ વડે જે અવ્યગ્ર (અનાકુળ) છે એવા નિજ રૂપમાં(પોતાની) શક્તિથી સ્થિત રહીને, મોહ ક્ષીણ હોતાં, અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ. ॥૨૬૯॥

ધર્માત્મા મુનિએ શું કરવું ? જન્મ-મરણના કારણભૂત સમસ્ત સંગને છોડવો. પરપદાર્થોનો આત્મામાં અભાવ છે. પરપદાર્થને તો આત્માએ કદી પણ ગ્રહણ કર્યા નથી. તો કેવી રીતે છોડવા? પરપદાર્થથી રહિત, પુણ્ય-પાપથી રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ અસંગ તત્ત્વ છે એમ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરી વીતરાગતા ઉત્પન્ન કરે છે ત્યારે રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી એટલે પર સંગ છોડ્યો એમ કથન કરવામાં આવે છે. પરપદાર્થની અવસ્થા પરને કારણ થાય છે પણ જીવ અજ્ઞાન કરે તો પરપદાર્થને જન્મ-મરણના હેતુભૂત કહેવામાં આવે છે. માટે મુનિએ આત્મજ્ઞાનપૂર્વક પરપદાર્થ પ્રત્યેનું લક્ષ છોડવું.

‘‘હૃદયકમળમાં બુદ્ધિપૂર્વક પૂર્ણ વૈરાગ્ય ભાવ કરીને....’’ મુનિએ પરનો સંગ છોડવો, પછી વિવેકપૂર્વક વૈરાગ્ય લાવવો, વિવેક કોને કહેવો ? શરીરાદિ પરપદાર્થની ક્રિયા આત્મા કરી શકતો નથી કારણ કે તે પર છે. શુભાશુભરાગ આસ્રવ છે, બંધનું કારણ છે, એક સમયનો જ્ઞાનપર્યાય અંશ છે, ક્ષણિક છે. આત્મા જ્ઞાનસ્વરૂપી ત્રિકાળી છે, આમ પરપદાર્થ, આસ્રવ ને અંશની રુચિ છોડી ત્રિકાળી જ્ઞાનસ્વભાવની રુચિ કરવી તે વિવેક છે. ને તે વિવેકપૂર્વક વૈરાગ્યભાવ કરવો એટલે જ્ઞાનસ્વભાવની અસ્તિના જોરમાં રાગની નાસ્તિ થઈ જાય છે. એમ નિમિત્તબુદ્ધિ, વિકારબુદ્ધિ, અંશબુદ્ધિની રુચિ છોડી ત્રિકાળી સ્વભાવની બુદ્ધિ કરવી તે ધર્મ છે.

ટીકાકાર મુનિરાજ કહે છે કે ધર્મી જીવોએ પોતાના હૃદયકમળમાં - દ્રવ્યમન તો જડ છે પણ તેના નિમિત્તે પોતાના આત્મકમળમાં વિવેક કરવો કે પોતાના આત્માને વશ થઈ જે નિર્મળતા પ્રગટ થાય તે સત્ ક્રિયા ને આવશ્યક ક્રિયા છે, પુણ્યને વશ થવું તે અસત્ ક્રિયા છે. તો આવશ્યક ક્રિયા કરવાવાળાએ શું કરવું ? બુદ્ધિપૂર્વક ચિદાનંદ ત્રિકાળ સ્વભાવની સમજણ કરી, ભેદજ્ઞાન કરી, તેની



રુચિ વધારી વૈરાગ્યભાવ લાવવો. ત્રિકાળી સ્વભાવના ભાન વિના વૈરાગ્ય સાચો હોતો નથી. દ્રવ્યલિંગી મુનિને બહારથી ઘણો વૈરાગ્ય દેખાતો હોય છે છતાં આત્માનું ભાન નહિ હોવાને કારણે તેને મોહગર્ભિત વૈરાગ્ય કહેવામાં આવે છે. એનો અહીં નિષેધ કરે છે, બુદ્ધિપૂર્વક-વિવેકપૂર્વક વૈરાગ્ય લાવો એમ કહે છે.

હું જ્ઞાનસ્વભાવી આત્મા છું એવું જ્ઞાન તે અસ્તિધર્મ ને રાગનો અભાવ થવો તે નાસ્તિધર્મ એમ બન્ને ધર્મ આવી જાય છે. રાગનો અભાવ કરવો પડતો નથી. રાગ ઉત્પન્ન જ થતો નથી એટલે કે રાગનો અભાવ સહેજે થઈ જાય છે.

અજ્ઞાની જીવની ક્રિયા સાચી નથી તે પુણ્ય આસ્રવ છે, તે બંધની અસત્ ક્રિયા છે, આવશ્યક ક્રિયા નથી. ચિદાનંદ આત્માના આશ્રયે શાંતિ ઉત્પન્ન થાય છે ને અશાંતિ ઉત્પન્ન થતી નથી તેને આવશ્યક ક્રિયા કહે છે.

બુદ્ધિપૂર્વક વૈરાગ્ય લાવીને મુનિઓ શું કરે છે ? ‘‘સહજ પરમાનંદ વડે જે અવ્યગ્ર(અનાકુળ) છે એવા નિજરૂપમાં પોતાની શક્તિથી સ્થિત રહીને મોહ ક્ષીણ હોતાં પોતાના જ્ઞાનાનંદ નિજરૂપમાં મુનિઓ સ્થિત રહે છે.’’ કેવું છે નિજરૂપ ? શરીર નહિ, પુણ્ય નહિ, એક સમયની પ્રગટ પર્યાયની પણ રુચિ નહિ કેમ કે મોક્ષમાર્ગમાંથી મોક્ષમાર્ગ આવતો નથી ને વૃદ્ધિ પામતો નથી પણ ત્રિકાળી ચિદાનંદ સ્વભાવના આશ્રયે વૃદ્ધિ પામે છે. ને તેના આશ્રયે મુનિઓ અનાકુળ સહજ પરમ આનંદને ભોગવે છે. અશુભથી બચવા પાંચ મહાવ્રતાદિના શુભભાવ આવે છે, હું સામાયિક કરું, પચ્ચખાણ કરું એવા વિકલ્પો આવે છે પણ તે સ્વભાવની શાંતિ માટે બેકાર-નકામા છે. કારણ કે શુભભાવ વ્યગ્રતા છે, આકુળતા છે, ખેદ છે, આસ્રવ છે, ઝેર છે ને શાંત સ્વભાવનું ખૂન કરનારા છે, તેનાથી અનાકુળ દશાની પ્રાપ્તિ થતી નથી.

**પ્રશ્ન** : જીવને બહારનો વિવેક તો હોય છે ને ?

**ઉત્તર** : આ પદાર્થ લઉં કે મૂકું એ માન્યતા જ અજ્ઞાનીની છે. આટલું ખાધું, આટલું છોડ્યું તે તો જડની ક્રિયા છે, આત્મા તેને કરી શકતો નથી. હું આહાર-પાણી લઈ શકું છું કે છોડી શકું છું એવી માન્યતા જગત્કર્તા ઈશ્વરની માન્યતાવાળાની જેમ મિથ્યાદ્રષ્ટિની છે. તે જીવ પરપદાર્થની ક્રિયા તો કરી શકતો નથી, આ પદાર્થ છોડું એવો ભાવ આકુળતા છે, ઝેર છે, નુકસાન છે, તે ધર્મક્રિયા નથી; આત્મામાં એકાગ્ર થવું તે જ ધર્મ છે.

અજ્ઞાની જીવો પ્રથમ વ્યવહાર થાય પછી નિશ્ચય થાય એમ માને છે. વ્યવહાર એટલે રાગ, રાગથી વીતરાગતા થાય એમ માનવું એ જ અજ્ઞાન છે. પરપદાર્થ રહિત તથા રાગરહિત આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવા ભાનપૂર્વક અંતરમાં ઠરવું તે નિશ્ચય છે. ને સાધકદશામાં રાગ રહે છે તે રાગને બાધકભાવ તરીકે જાણવો તે વ્યવહાર છે. આમ નિશ્ચય-વ્યવહારનું યથાર્થ સ્વરૂપ છે. રાગથી વીતરાગતા થાય

એમ માનવામાં આવે તો બે નય એક થઈ જતાં એકે નય રહેતો નથી. બે નય જુદા છે ને બન્નેના વિષયો પણ જુદા છે. નિશ્ચયનય શુદ્ધ સ્વભાવને અંગીકાર કરે છે ને કમજોરીથી જે રાગ આવે છે તેને વ્યવહારનય જાણે છે. નિશ્ચયથી આત્માના આશ્રયે લાભ છે ને શુભરાગ બાધકભાવ છે તેનાથી લાભ નથી એમ માનવું તે અનેકાંત છે. સાધકદશા કહેતાં જ ત્યાં બાધકભાવ રહેલો છે ને ત્યાં પુણ્ય, પાપ, આસ્રવ ને બંધ થાય છે તે વાત સાચી છે. પણ રાગ આવ્યો માટે ધર્મ થાય એમ બનતું નથી. વિકાર કારણ ને અવિકારી કાર્ય, વ્યવહાર કારણ ને નિશ્ચય કાર્ય એમ બનતું નથી. રાગથી વીતરાગતા થાય અથવા સમ્યગ્દર્શન પમાય એમ બનતું નથી. કુદેવાદિની શ્રદ્ધા છોડી, સાચા દેવાદિની શ્રદ્ધાનો રાગ આવે પણ તેથી લાભ નથી. રાગ વ્યગ્રતા છે - આકુળતા છે. આકુળતાથી અનાકુળતા પ્રગટે એમ માનવું એ જ મોહ છે. રાગ તો ચારિત્રગુણની વિપરીત પર્યાય છે, વિપરીત પર્યાયથી લાભ માનવો તે મોહ છે.

અન્યમતમાં પણ વ્યવહાર કરતાં કરતાં ધર્મ માને છે ને વ્યવહાર પહેલો જોઈએ ને પછી નિશ્ચય આવે એમ તેઓ કહે છે ને દિગંબર સનાતન વસ્તુની ટીકા કરી દિગંબરનો વિરોધ કરે છે ને અહીં દિગંબર જૈનમાં જન્મવા છતાં જે લોકો પ્રથમ વ્યવહાર જોઈએ એમ કહે છે તે લોકોમાં ને અન્યમતમાં કાંઈ ફેર નથી. પ્રથમ વ્યવહાર માનવાથી વસ્તુસ્વરૂપનો નાશ થઈ જાય છે.

આચાર્ય ભગવાને આ શાસ્ત્રનું નામ નિયમસાર રાખેલ છે, તેમાં નિયમસાર શબ્દનો અર્થ ગાથા ૩ પૃષ્ઠ ૯માં સમજાવેલ છે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે પ્રગટતી નિર્મળ વીતરાગી પર્યાય તે નિયમ છે, જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતા એ જ નિયમ છે ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, મહાવ્રતાદિનો રાગ આવે છે, વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે તેનો નિષેધ બતાવવા માટે સાર શબ્દ જોડવામાં આવેલ છે. વિપરીતતાના પરિહાર અર્થે સાર શબ્દ જોડેલ છે.

અહીં મુખ્યપણે મુનિની વાત છે. મુનિને ઉદ્દેશીને કહે છે કે હે મુનિ ! તારા શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં - અનાકુળ શાંતિમાં રહેજે, તે તારી આવશ્યક ક્રિયા છે. પુણ્ય-પાપ તે તારું રૂપ નથી, તે તારું રૂપ હોય તો તે કાયમ રહેવું જોઈએ પણ અશુદ્ધતા સિદ્ધમાંથી નીકળી જાય છે માટે તે તારું રૂપ નથી. જ્ઞાનસ્વભાવ તે તારું રૂપ છે, તેમાં એકાગ્ર થવું તે મોક્ષની ક્રિયા છે, ૨૮ મૂળગુણનો વિકલ્પ આવે પણ તે પુણ્યાસ્રવ ને વ્યગ્રતા છે, તે સ્થિરતામાં કારણ નથી. માટે સ્વરૂપમાં એવો લીન થા કે મોહનો નાશ થઈ જાય.

ટીકાકાર મહાસમર્થ મુનિ હતા. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા. તેઓ કહે છે કે અમે અમારા જ્ઞાનસ્વભાવમાં સ્થિત રહીને મોહ ક્ષીણ હોતાં લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ. જુઓ, આ મુનિદશા ! ઈંદ્રોના ઈંદ્રાસન, સર્વાર્થસિદ્ધિ દેવનો ભવ, સમવસરણાદિ તૃણ સમાન છે. તે પદાર્થો અમારા સ્વભાવમાં નથી તે તો જ્ઞાતાનું જ્ઞેય છે. જગતમાં તૃણની કીંમત નથી, તેમ આખું જગત



તૃણના ઢગલા સમાન અમારા જ્ઞાનમાં છે, તેની અમોને કીંમત નથી. સાક્ષાત્ ભગવાનની કીંમત ભગવાનમાં છે, અમારા જ્ઞાનસ્વભાવ પાસે ભગવાનની કે પંચપરમેષ્ઠી પ્રત્યેના શુભરાગની કીંમત નથી, અમોને અમારું માહાત્મ્ય આવે છે. અમારા ભગવાન અમો પોતે છીએ, અમારો આત્મા સર્વજ્ઞ થવાને લાયક છે એવી પ્રતીતિ વર્તે છે. આમ અમારા માહાત્મ્ય પાસે જગતની કોઈ ચીજનું કે શુભરાગનું માહાત્મ્ય નથી. આ પ્રમાણે શુદ્ધ ચૈતન્યસ્વભાવની કિંમત કરવી ને રાગનો તથા પુણ્યનો મહિમા છોડવો તે આવશ્યક ક્રિયા છે, ને તે ધર્મની અથવા મોક્ષની ક્રિયા છે.

### ફાગણ સુદ ૧૨, શનિવાર, ૮-૩-૫૨.

### ગાથા ૧૫૮

**सव्वे पुराणपुरिसा एवं आवासयं च काऊण ।**
**अपमत्तपहुदिठाणं पडिवज्ज य केवली जादा ।। १५८ ।।**

**सर्वे पुराणपुरुषा एवमावश्यकं च कृत्वा ।**
**अप्रमत्तप्रभृतिस्थानं प्रतिपद्य च केवलिनो जाताः ।। १५८ ।।**

**સર્વે પુરાણ જનો અહો એ રીતે આવશ્યક કરી,**
**અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.**

**અન્વયાર્થ** : (**सर्वे**) સર્વે (**पुराणपुरुषाः**) પુરાણ પુરુષો (**एवम्**) એ રીતે (**आवश्यकं च**) આવશ્યક (**कृत्वा**) કરીને, (**अप्रमत्तप्रभृतिस्थानं**) અપ્રમત્તાદિ સ્થાનને (**प्रतिपद्य च**) પ્રાપ્ત કરી (**केवलिनः जाताः**) કેવળી થયા.

સર્વે પુરાણ પુરુષો-અનંત સંતો થયા, એ બધા આત્માના શુદ્ધ સ્વરૂપના આશ્રયે વીતરાગી પર્યાય પ્રગટ કરીને કેવળજ્ઞાન પામ્યા છે. શુદ્ધ આત્માના આશ્રયથી થતી સત્ ક્રિયાથી અપ્રમત્તાદિ ગુણસ્થાનને પામી કેવળજ્ઞાન પામ્યા છે.

**ટીકા** : તીર્થંકર પરમદેવ વગેરે કેવળજ્ઞાન પામ્યા તે નિશ્ચય આવશ્યક ક્રિયાથી પામ્યા છે. તે પરમ આવશ્યક ક્રિયા કેવી છે ? 'સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન અને નિશ્ચય શુક્લધ્યાનસ્વરૂપ એવું જે બાહ્ય આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ શુદ્ધ નિશ્ચય પરમાવશ્યક'- પરમ આવશ્યક ક્રિયા ધર્મધ્યાન ને શુક્લધ્યાનસ્વરૂપ છે. તે ધર્મધ્યાન ને શુક્લધ્યાન સ્વ આત્માના આશ્રયે થાય છે. નિમિત્ત, રાગ કે પર્યાયના આશ્રયે થતું નથી. ચરણાનુયોગના કથન પ્રમાણે રાગથી ધર્મધ્યાન થતું હશે ? ના. કેમ કે માર્ગ તો એક જ છે. ચરણાનુયોગમાં રાગ મંદતાનું કથન આવે પણ તેથી ધર્મ થતો નથી. શુદ્ધ આત્માના આશ્રયે નિર્વિકલ્પતા પ્રગટ થાય તો શુભરાગને વ્યવહાર ધર્મ ચરણાનુયોગમાં કહે છે. પણ શુભરાગ નિશ્ચયથી તો અધર્મ છે. દ્રવ્યદ્રષ્ટિનું ભાન ન હોય તો શુભરાગ વ્યવહાર નામને પણ પામતો નથી. શરીર, મન, વાણી, કર્મ તો જડ છે, આત્મામાં તેનો અભાવ છે. દયા, દાનના ભાવ આસ્રવ છે. સંવર, નિર્જરા એક સમયની પર્યાય છે. આત્મા તો રાગરહિત ત્રિકાળ શુદ્ધ છે, એના આશ્રયે જ સમ્યગ્દર્શન, ધર્મધ્યાન કે શુક્લધ્યાન પ્રગટે છે. જ્યારે જ્યારે સમ્યગ્દર્શન, ચારિત્ર, શુક્લધ્યાન ને વીતરાગતા જીવ પામે ત્યારે શુદ્ધ આત્માના આશ્રયે તે પામે છે. જ્ઞાનની પર્યાય વડે શુદ્ધ જ્ઞાતાને પકડ્યો તે જ સત્ ક્રિયા છે. તેમાં સામાયિક, વંદન વગેરે છ આવશ્યક ક્રિયા આવી જાય છે. ધર્મધ્યાન



ને શુક્લધ્યાન તે પર્યાય છે. તે આત્માના આશ્રયે નવી ઉત્પન્ન થાય છે ને આગલી પર્યાયનો વ્યય થાય છે. આ પ્રમાણે નિશ્ચય આવશ્યક ધર્મધ્યાન ને શુક્લધ્યાનસ્વરૂપ જ છે.

વળી નિશ્ચય પરમ આવશ્યક કેવું છે ? બાહ્ય આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ એટલે વિરુદ્ધ છે. શુદ્ધ ચિદાનંદ સ્વભાવનો આશ્રય હોતો નથી ત્યારે જે પાંચ મહાવ્રતાદિનો વિકલ્પ ઊઠે છે તે બાહ્ય અથવા વ્યવહાર ક્રિયા છે. તેનાથી નિશ્ચય આવશ્યક વિરુદ્ધ છે-પ્રતિપક્ષ છે. શરીર, મન, વાણી વિનાનો, રાગરહિત આત્મા શુદ્ધ છે એવી અખંડાનંદની દ્રષ્ટિ ચોથે ગુણસ્થાને પ્રગટે ત્યારે મિથ્યાત્વનો અને અજ્ઞાનનો ભાવ ટળ્યો. પણ હજી અપ્રત્યાખ્યાન ને પ્રત્યાખ્યાનનો રાગ હોય છે. સ્વભાવનું ઉગ્ર અવલંબન લઈ મુનિપણું પ્રગટ કરી તે રાગને ટાળ્યો.

આ પ્રમાણે ત્રણ કષાયો મુનિને ટળ્યા હોવા છતાં ચારિત્રની નબળાઈને લીધે છઠ્ઠા ગુણસ્થાને મહાવ્રતાદિનો રાગ ઊઠે છે તે પ્રમાદ ભાવ છે, તે વ્યવહાર છે, બંધનું કારણ છે. તે બાહ્ય ક્રિયા છે. તે પ્રમાદ ભાવને પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવના ઉગ્ર અવલંબન વડે ટાળી ને અપ્રમત્ત સાતમે ગુણસ્થાને મુનિ આવે છે તે નિર્વિકારીદશાને આવશ્યક ક્રિયા કહે છે. રાગની ક્રિયાનો અભાવ થઈને તે થયેલ છે. અંતર શુદ્ધ ચૈતન્યદ્રવ્યના અવલંબને પ્રગટતો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ તે નિયમ છે. ને પંચમહાવ્રતાદિના વિકલ્પનો પરિહાર કરવો તે સાર છે. વ્યવહાર અથવા રાગ તે આવશ્યક ક્રિયાથી પ્રતિપક્ષ છે-વિરુદ્ધ છે તેનો દ્રવ્યના અવલંબને પરિહાર કરી નિર્વિકારી ક્રિયા પ્રગટે તે નિશ્ચય પરમ આવશ્યક ક્રિયા છે.

વળી શુદ્ધ પરમ નિશ્ચય આવશ્યક કેવું છે ? ''સાક્ષાત્ અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીના અનંગ (અશરીરી) સુખનું કારણ'' -આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવી દ્રષ્ટિ ચોથે ગુણસ્થાને થાય છે ત્યારે પ્રતીતિ તો થઈ છે કે દ્રવ્યમાં ભવ છે જ નહિ તેમ જ વિકાર કે સંસાર નથી. પણ પર્યાયમાં હજી એકાદ બે ભવના કારણરૂપ અસ્થિરતાનો રાગ રહી ગયો હોય છે. ચોથે ગુણસ્થાને ત્રણ કષાયો હજી બાકી છે. જ્યારે સ્વભાવના અવલંબને મુનિપણું પ્રગટ કરીને બીજા બે કષાયોનો નાશ કર્યો તો પણ હજી સ્વભાવનું અવલંબન ઓછું હતું, તે હવે સ્વભાવનું ઉગ્ર અવલંબન કરી સાક્ષાત્ વીતરાગતા ને કેવળજ્ઞાનના કારણરૂપ વીતરાગતા પ્રગટ કરી જેથી ફરીથી અવતાર ન થાય ને મુક્તિરૂપી સ્ત્રીનું સુખ પ્રાપ્ત થાય. આ પ્રમાણે આવશ્યક ક્રિયાને મોક્ષનું કારણ કહ્યું.

સંસારમાં સ્ત્રીનો વિરહ પડે તેમ જ સ્ત્રી પ્રત્યેના રાગનો વિરહ પડે એટલે કે અશુભરાગ ટળી જાય પણ દ્રવ્ય સામાન્યના અવલંબને જે મુક્તદશા-પરિપૂર્ણદશા પ્રગટ થાય તે કદી પણ દ્રવ્યથી જુદી પડે નહિ ને ફરી અવતાર રહે નહિ. વળી અજ્ઞાની જીવો સ્ત્રીમાં તથા શરીરમાં સુખ માને છે તે તો આકુળતા છે. પોતાના શુદ્ધ આત્માના અવલંબને પોતાના જ્ઞાન, આનંદ, વીર્ય, ચારિત્ર, દર્શન વગેરે ગુણોની પર્યાય પ્રગટી તેને સ્ત્રી કહે છે. તેમાં અનંત સુખ છે, ને તેનો સ્વામી દ્રવ્ય છે. આવી

અશરીરી પરિણતિ પ્રગટ થઈને અનંત સુખ પ્રગટ થાય તેનું કારણ વીતરાગી ક્રિયા અથવા પરમ આવશ્યક ક્રિયા છે.

અહીં આવશ્યક ક્રિયાને મોક્ષનું કારણ કહ્યું છે તે પણ વ્યવહારથી છે. કારણ કે આવશ્યક ક્રિયા તે મોક્ષમાર્ગ છે અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અધૂરી નિર્મળ પર્યાય છે ને અધૂરી નિર્મળ પર્યાયથી પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટતી નથી. શુદ્ધ આત્માના અવલંબને જ પૂર્ણ નિર્મળ પર્યાય-મોક્ષની પર્યાય પ્રગટ થાય છે. છતાં પણ આવશ્યક ક્રિયાને મોક્ષનું કારણ કહેવાનો હેતુ એ છે કે વ્યવહારરત્નત્રય અથવા રાગના પરિણામથી મુક્તિ થતી નથી. વ્યવહાર છે તે રાગ છે, તે પરના લક્ષે થાય છે ને તે બંધનું કારણ છે. નિશ્ચય છે તે વીતરાગતા છે, તે સ્વભાવના લક્ષે થાય છે ને તે અબંધનું કારણ છે. આમ બન્નેના ફળ ને ક્રિયા જુદે જુદા છે. માટે વ્યવહારથી મોક્ષ થતો નથી -એમ બતાવવા વ્યવહારરત્નત્રયથી વિલક્ષણ ભાવ વિરુદ્ધ ભાવ એટલે કે આવશ્યક ક્રિયા-નિર્મળ પર્યાયને મોક્ષનું કારણ ઉપચારથી કહ્યું છે. ખરેખર કારણ તો દ્રવ્યસ્વભાવ છે ને દ્રવ્યસ્વભાવના અવલંબને નિર્મળતા પ્રગટે છે ને અધૂરી પર્યાયનો અભાવ થઈ પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટે છે. આ પ્રમાણે શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટતી નિશ્ચય આવશ્યક ક્રિયાને અપુનર્ભવરૂપી મોક્ષના સુખનું કારણ કહ્યું. આમ ક્રિયા બતાવી.

પણ આવી આવશ્યક ક્રિયા કરીને ફળ શું આવ્યું ? અથવા અનંતા જીવો મોક્ષે ગયા તે કઈ ક્રિયા કરીને ગયા ?

''તેને કરીને - સર્વ પુરાણ પુરુષો કે જેમાંથી તીર્થંકર પરમદેવ વગેરે સ્વયંબુદ્ધ થયા અને કેટલાક બોધિતબુદ્ધ થયા તેઓ - અપ્રમત્તથી માંડીને સયોગીભટ્ટારક સુધીના ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા પરમાવશ્યકરૂપ આત્મારાધનાના પ્રસાદથી કેવળ-સકળપ્રત્યક્ષજ્ઞાનધારી થયા.''

જુઓ, આમાં મોક્ષનો માર્ગ એક જ છે એમ બતાવે છે. ''એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'' - એક જ માર્ગ છે. કોઈ નિશ્ચયથી, કોઈ નિમિત્તથી ને કોઈ વ્યવહારથી મોક્ષે જાય એવું સ્વરૂપ જ નથી. અનાદિથી અત્યાર સુધી જે કેવળી થયા ને વર્તમાનમાં મહાવિદેહમાં જે કોઈ કેવળજ્ઞાન પામે છે ને ભવિષ્યમાં પામશે તે દ્રવ્યના અવલંબનથી પામે છે, તે સિવાય બીજી રીતે નહિ. લૌકિક કેળવણીથી કે એકલા શાસ્ત્રથી ધર્મ પામે તેવું નથી, સત્ સમાગમે જીવ પોતાની લાયકાતથી ધર્મ પામે છે. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા તિર્યંચ સમ્યગ્દષ્ટિ ને શ્રાવક છે. સમવસરણમાં ઢોર પણ ધર્મ પામે છે. તે બધા આત્માના આશ્રયે ધર્મ પામે છે.

<u>તેને કરીને</u> પામ્યા છે. 'તેને કરીને' એટલે આવશ્યક ક્રિયા કરીને. શુદ્ધ ચૈતન્યના અવલંબને જે નિર્મળતા પ્રગટ કરે છે તે નિર્મળતાથી બધા જીવો મોક્ષ દશા પામે છે. બધા પુરાણ પુરુષો-એટલે જૂના એટલે ભૂતકાળના પુરુષો એ જ રીતે પામ્યા છે, જૂના માટે ને નવા માટે જુદી રીત નથી. તેમાંથી તીર્થંકરો સ્વયંબુદ્ધ થયા એટલે પોતે પોતાની મેળે મોક્ષદશાને પામ્યા. સ્વયંબુદ્ધનો અર્થ એમ



કે પૂર્વ પર્યાયમાં દેશનાલબ્ધિ પામેલા પણ વર્તમાનમાં ગુરુનું નિમિત્ત નથી. પૂર્વે સાચા ગુરુ પાસે વાત સાંભળી હોય પણ ત્યારે ધર્મ ન પામ્યા હોય પરંતુ પાછળની પર્યાયમાં ગુરુના નિમિત્ત વગર પૂર્વના સંસ્કાર યાદ લાવી ધર્મ પામે તે નિસર્ગજ સમ્યગ્દર્શન કહેવાય ને ગુરુની હાજરીમાં ધર્મ પામે તે અધિગમજ સમ્યગ્દર્શન કહેવાય. આમાં તીર્થંકરો તો સ્વયંબુદ્ધ છે, તે તો પોતાથી મોક્ષ પામે છે. ને 'આદિ'માં બીજા જીવો પણ સ્વયંબુદ્ધ હોય છે તે લેવા. કોઈ જીવને મનુષ્ય આયુ બંધાયું, પાછળથી ક્ષાયિક સમકિત પામે તો તે જીવ ભોગભૂમિમાં અવતરે, ત્યાંથી દેવ થઈ, મનુષ્ય થઈ પોતાની મેળે ગુરુના નિમિત્ત વગર વીતરાગતા પામી મોક્ષે જાય. સર્વાર્થસિદ્ધિના દેવના ભવમાંથી કોઈ ક્ષાયિક લઈને આવે ને મોક્ષદશા પ્રગટાવે તેવા જીવો પણ સ્વયંબુદ્ધ કહેવાય છે. ને કેટલાક જીવો ગુરુના નિમિત્તે ધર્મ પામે. તે જીવોને ગુરુને સાંભળવાનો શુભરાગ આવે પણ શુભરાગને પણ હેય સમજી, પોતાનો શુદ્ધ આત્મા ઉપાદેય છે એમ ગુરુ કહે છે; એમ પોતે સમજ્યો ને પોતામાં સંપૂર્ણ અવલંબન લઈ મોક્ષે જાય તે બોધિતબુદ્ધ થયો કહેવાય. ગુરુએ કહ્યું કે તારા દ્રવ્યના અવલંબને મોક્ષ થશે, બીજી ક્રિયાથી થતો નથી. એમ ગુરુનો આશય શિષ્ય સમજ્યો. દેહ, મન, વાણી કે શુભરાગને કારણે ધર્મ નથી પણ હું મારા આત્માનો આશ્રય લઉં તો ધર્મ થાય તેમ છે. એવી રીતે પોતાના શુદ્ધ આત્માના આશ્રયે નિશ્ચય ધર્મ પ્રગટ કરે છે. અણારોપ દશા પ્રગટ કરે છે તો ગુરુથી સમજ્યો એમ આરોપ કરવામાં આવે છે. પણ ગુરુને લીધે ધર્મ પામે એવો બોધિતબુદ્ધનો અર્થ નથી. પોતાના કારણે ધર્મ સમજ્યો ત્યારે ગુરુ હાજર હતા તેને બોધિતબુદ્ધ કહે છે ને પૂર્વ પર્યાયમાં ગુરુ હોય પણ કેવળજ્ઞાન થતી વખતે ગુરુ ન હોય ને પોતે કેવળજ્ઞાન પામે તો તેને સ્વયંબુદ્ધ કહે છે.

આમ પુરાણ પુરુષોના ત્રણ પ્રકાર લીધા. (૧) તીર્થંકરો જે સ્વયંબુદ્ધ થયા, (૨) ક્ષાયિક સમકિતી જે સ્વયંબુદ્ધ થયા (૩) ગુરુગમથી પામ્યા -આમ ત્રણે પ્રકારના પુરાણ પુરુષો સાતમા ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાન સુધીના ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થઈને - પરમ આવશ્યકરૂપ આત્માની આરાધનાના પ્રસાદથી કેવળી -સકળપ્રત્યક્ષજ્ઞાનધારી થયા. અહીં મુનિની પ્રધાનતાથી વાત છે તેથી સાતમેથી વાત કરી. બાકી ચોથું-પાંચમું ગુણસ્થાન પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવના અવલંબને જ પ્રગટે છે. સમ્યગ્દર્શન, શ્રાવકપણું, મુનિપણું, શ્રેણીએ ચડવું, વીતરાગતા થવી ને કેવળજ્ઞાન પ્રગટ કરવાનું કારણ શુદ્ધ દ્રવ્ય જ છે. ને શુદ્ધ દ્રવ્યના આલંબને પ્રગટ થતી નિર્વિકારી ક્રિયા-નિશ્ચય આવશ્યક ક્રિયા છે. કોઈ રાગ, કોઈ નિમિત્ત, કોઈ સંહનન તે કેવળજ્ઞાનનું કારણ નથી, પુણ્ય-પાપને વશ ન થવું ને સ્વને વશ થવું એવી નિર્મળ ક્રિયા કરીને વિકલ્પનો અભાવ કરી સાતમી ભૂમિકા પામે છે. અને દ્રવ્યના જ આધારે શ્રેણી માંડીને મુનિ કેવળજ્ઞાન પામે છે. આ પ્રમાણે ૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૨-૧૩ બધા ગુણસ્થાનો આત્માની આરાધનાથી પમાય છે. નિમિત્ત, રાગ કે પર્યાયની આરાધનાથી પમાતા નથી. શુદ્ધ ચૈતન્યસ્વભાવની આરાધના કરવી એ જ મોક્ષનું કારણ છે. એ જ કારણથી સર્વે જીવો મુક્તિ પામ્યા છે, પામે છે અને પામશે; બીજો કોઈ માર્ગ નથી.

અત્યારે વર્તમાનમાં જૈન ધર્મના નામે ફાંટા પડી ગયા છે ને લોકોએ મતિ-કલ્પનાથી સંપ્રદાય ચલાવવા કુશાસ્ત્ર રચ્યા છે. એક મતના શાસ્ત્ર કહે છે કે મેઘકુમારના જીવે હાથીના ભવમાં સસલાની દયા પાળી તેથી સંસાર પરિત થયો. પ્રથમ તો પર જીવની રક્ષા કોઈ કરી શકતું નથી. બીજું દયાનો ભાવ આવે છે તે તો શુભરાગ છે ને શુભરાગથી ધર્મ થાય એમ માનવામાં આવે તો દ્રવ્યના અવલંબને સમકિત થાય ને સંસાર પરિત થાય તે વાત રહેતી નથી. દયાના ભાવથી પર જીવની રક્ષા થઈ શકે છે એમ માનવું તથા દયાનો ભાવ શુભઆસ્રવ છે-બંધનું કારણ છે છતાં શુભઆસ્રવથી ધર્મ માનવો તે જ મિથ્યાત્વ છે. આત્માના ભાન વિના બધું વ્યર્થ છે.

બીજા એક શાસ્ત્રમાં એમ લખાણ આવે છે કે મુનિને આહાર આપવાથી સંસાર તૂટે છે. એવા દસ દ્દષ્ટાંતો છે. મુનિને આહાર આપવાનો ભાવ શુભ છે, શુભ તો બંધનું કારણ છે, શુભથી સંસાર પરિત થાય ? ન જ થાય. શુભથી સંસારનો અભાવ માને તો દ્રવ્યના આશ્રયથી સંસારનો અભાવ થાય તે વાત રહેતી નથી. માટે બન્ને વાત ખોટી છે. મુનિને આહારદાન આપવા જેટલા શુભભાવ ને સસલાને બચાવવા જેટલી દયાનો ભાવ આ જીવે અનંતા ભવોમાં કોઈ વાર નહિ કર્યો હોય? એવા શુભભાવ તો અનંતીવાર કર્યા છે, છતાં સંસાર ચાલુ છે. માટે નક્કી કરવું કે શુભભાવ ધર્મનું કારણ નથી. પર જીવની દયાથી તથા મુનિને આહાર આપવાથી ધર્મ મનાવે છે તે શાસ્ત્ર જ ખોટાં છે.

સમ્યગ્દર્શન, ચારિત્ર, વીતરાગતા ને કેવળજ્ઞાન પામવાનું કારણ શુદ્ધ ચૈતન્યસ્વભાવનું આલંબન જ છે, કોઈ શુભરાગ તેનું કારણ છે જ નહિ.

અનાદિથી બધા જીવો આ રસ્તે જ કેવળજ્ઞાન પામ્યા છે. આત્માની આરાધનારૂપ નિશ્ચય પરમ આવશ્યકથી જ સકલ પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટે છે. જે કેવળજ્ઞાનમાં ત્રણે કાળના-ત્રણે લોકના પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત સ્વ-પરનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, જે જ્ઞાનમાં ભૂત, ભવિષ્ય ને વર્તમાનનું બધું જાણાય છે. આ જીવ ક્યારે સમકિત પામશે ને કેવળજ્ઞાન પામશે તે બધું જાણાય છે.

અહીં કોઈ પૂછે કે કેવળજ્ઞાનમાં એમ જાણાયું કે જે કાળે જેમ બનવાનું હશે તેમ બનશે, તેમાં કોઈ ફેરફાર કરવા સમર્થ નથી ને કોઈ જીવનની મુક્તિ પણ જ્યારે થવાની ત્યારે થવાની એમાં ફેરફાર નથી તો તેમાં પુરુષાર્થ શું આવ્યો ?

**સમાધાન** : તમોને કેવળજ્ઞાનીની પ્રતીતિ થઈ છે ? જો કેવળી અથવા કેવળજ્ઞાન જ નથી એમ તમે પૂછો તો તેના સાબિતી થઈ શકે તેમ છે. પણ તમે કેવળજ્ઞાનીનો સ્વીકાર કરો છો તો તેની પ્રતીતિ તમોને કેવી રીતે થઈ છે ? જો ઓઘે ઓઘે માને તો તે રાગ દ્વારા નક્કી કરેલ છે, તો તે યથાર્થ નિર્ણય નથી. કેવળજ્ઞાનીનું કેવળજ્ઞાન તો ભગવાન પાસે રહ્યું, પણ મારા કેવળજ્ઞાનની પર્યાય મારા આત્મામાંથી થાય છે. મારો આત્મા સર્વજ્ઞ શક્તિવાન છે. તેમાં શરીર, કર્મ આદિ પર પદાર્થનો



અભાવ છે, રાગ-દ્વેષ તે વિકાર છે તે આત્માનું સ્વરૂપ નથી, વર્તમાન જ્ઞાનની ઉઘાડરૂપ પર્યાય તે અંશ છે-અલ્પજ્ઞતા છે તે અંશ છે. અલ્પજ્ઞતા રહે તે મારું સ્વરૂપ જ નથી. હું તો મારા આત્માના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટ કરું તેવો છું. કોઈ નિમિત્ત, રાગ કે પર્યાયના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. એમ જો પોતાના સ્વભાવના આશ્રયે નિર્ણય કરે તો કેવળજ્ઞાનનો નિર્ણય સાચો છે. આમ જેને દ્દષ્ટિ થઈ તેને સમ્યગ્દર્શન થાય છે ને તેને ભવનો અંત આવી જાય છે. કેવળજ્ઞાનના નિર્ણયમાં જ અપૂર્વ પુરુષાર્થ છે. જે પર્યાય નિમિત્તમાં, રાગમાં ને પર્યાયમાં અટકતી તે હવે નિમિત્ત, રાગ ને અધૂરી પર્યાયને હેય સમજી શુદ્ધ આત્માને ઉપાદેય માની શુદ્ધ આત્મા તરફ વળી ને અપૂર્વ ધર્મ પ્રગટ કર્યો તેમાં જ અપૂર્વ પુરુષાર્થ છે ને તે જીવ કેવળજ્ઞાન પામે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આ બધી વાત મુનિઓ માટે લાગે છે પણ અમારે શ્રાવકે શું કરવું ? દેવપૂજા, દાન વગેરે જે શ્રાવકના ષટ્કર્મ છે તેની વાત કરો ને ?

ભાઈ, મુનિ તો સમ્યગ્દર્શન પામીને છઠ્ઠું ગુણસ્થાન પામ્યા છે. ને તે તો કેવળ પામવાના છે, પણ જે નથી સમજ્યા તેને કહેવાય છે. આત્મા વસ્તુ છે, તેના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખ. રાગ, નિમિત્ત વગેરે હોય છે, છતાં દ્રવ્યના આશ્રયે ધર્મ થાય છે. પણ રાગથી ધર્મ થતો નથી. શ્રાવકદશામાં આવા પ્રકારનો પૂજા, દાન વગેરેનો શુભરાગ આવે છે એમ જ્ઞાન કરાવ્યું છે. પણ તેથી કરીને રાગ કર્તવ્ય છે ને રાગથી ધર્મ થાય એમ છે જ નહિ. ધર્મ દ્રવ્યાશ્રિત છે એમ નિશ્ચય પ્રગટ કર્યા વિના રાગને વ્યવહારનો આરોપ પણ આવતો નથી. દ્રવ્યાનુયોગ ને ચરણાનુયોગના માર્ગ જુદા નથી, કથનપદ્ધતિ ફેર છે, સિદ્ધાંતમાં ફેર નથી. સ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટે તે નિશ્ચય છે ને સાધકદશામાં જે રાગ ઊઠે છે તેને બાધક જાણવો તે વ્યવહાર છે. બન્ને થઈને પ્રમાણજ્ઞાન છે.

અહીં મુનિની પ્રધાનતાથી વાત કરી છે, પેટામાં બધાની વાત આવી જાય છે.

આ પ્રમાણે સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન પામવાનો ઉપાય શુદ્ધ ચૈતન્ય સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા એટલે આત્માની આરાધના છે.

**ફાગણ સુદ ૧૩, રવિવાર, ૯-૩-૫૨.**

આ નિશ્ચય પરમ આવશ્યક અધિકાર છે. આત્માના સ્વરૂપનું ભાન કરી જ્ઞાનાનંદ સ્વભાવને તાબે થવું ને પુણ્ય-પાપને તાબે ન થવું તે આવશ્યક સંવરની ક્રિયા છે. આવશ્યક અધિકારની આ છેલ્લી ગાથા છે. તેની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે.

### શ્લોક ૨૭૦

(शार्दूलविक्रीडित)

**स्वात्माराधनया पुराणपुरुषाः सर्वे पुरा योगिनः**
**प्रध्वस्ताखिलकर्मराक्षसगणा ये विष्णवो जिष्णवः।**
**तान्नित्यं प्रणमत्यनन्यमनसा मुक्तिस्पृहो निस्पृहः**
**स स्यात् सर्वजनार्चितांघ्रिकमलः पापाटवीपावकः॥ २७०॥**

**શ્લોકાર્થ** : પૂર્વે જે સર્વ પુરાણ પુરુષો-યોગીઓ-નિજ આત્માની આરાધનાથી સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને વિષ્ણુ અને જયવંત થયા (અર્થાત્ સર્વવ્યાપી જ્ઞાનવાળા જિન થયા), તેમને જે મુક્તિની સ્પૃહાવાળો નિઃસ્પૃહ જીવ અનન્ય મનથી નિત્ય પ્રણમે છે, તે જીવ પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન છે અને તેના ચરણકમળને સર્વ જનો પૂજે છે. ॥ ૨૭૦ ॥

જે મુનિઓ થયા તેમણે પોતાનો આત્મા દેહ, મન, વાણીથી જુદો છે એમ ગુરુગમે જ્ઞાન મેળવી, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી આત્માના આશ્રયે નિર્વિકારી આવશ્યક ક્રિયા કરી. મુનિ થતાં પહેલાં સમ્યગ્દર્શન હોવું જોઈએ. પ્રથમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની વિકલ્પ સહિત શ્રદ્ધા હોય છે પણ રાગરહિત આત્માની શ્રદ્ધા કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શન થયા પછી મુનિપણું પ્રગટે છે, ને નિજ આત્માની આરાધનાથી કેવળજ્ઞાન થાય છે. તીર્થંકરોની આરાધના કરવી તે શુભરાગ છે, જેને સર્વજ્ઞપણું પ્રગટ્યું છે તે સર્વજ્ઞદેવ છે. જે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે તે મુનિ છે ને યથાર્થ સ્વરૂપ બતાવનારા શાસ્ત્ર છે. તે પ્રત્યેનો રાગ મુનિને પણ હોય છે. વળી સામાયિક, વંદન આદિ કરું એવો રાગ મુનિને હોય છે પણ તે આવશ્યક ક્રિયા નથી. સમ્યગ્દષ્ટિ જીવ તે શુભરાગને હેય માને છે છતાં આવ્યા વિના રહેતો નથી.

આમ દૃષ્ટિ હોવા છતાં રાગ આવે ને નિમિત્ત ઉપર લક્ષ જાય વગેરે પ્રકારે સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ. પોતાની મતિ-કલ્પનાએ શાસ્ત્ર વાંચે તેનો કાંઈ અર્થ નથી. ‘‘નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો માત્ર મનનો આમળો’’ માટે ગુરુગમે સાચું શું ને ખોટું શું છે તેનો વિવેક કરીને રાગથી ભિન્ન ચૈતન્ય સ્વભાવનું જ્ઞાન થાય છે, પછી વધીને મુનિપણું થાય છે. ભાવલિંગી મુનિઓ અંતરમાં રાગ વિનાના ને બાહ્યમાં વસ્ત્ર વિનાના હોય છે. તેવા મહામુનિઓને પોતાના સ્વરૂપમાં ઠરતાં રાગની ઉત્પત્તિ થતી નથી. આ આત્માની આરાધના છે. પૂર્વે સર્વે પુરાણ પુરુષો-યોગીઓ નિજ આત્માની આરાધનાથી કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને વિષ્ણુ અને જયવંત થયા (અર્થાત્ સર્વવ્યાપી જ્ઞાનવાળા જિન થયા).

પૂર્વે જેટલાં જ્ઞાની થયા તે આત્માની આરાધનાથી થયા. વળી નિજ આત્મા કહ્યો. નિજ કહેતાં



પોતાનો. પોતે છે ને પર અનંતા આત્મા પણ છે. પણ તેમનાથી પોતે જુદો છે. વળી જ્ઞાન-દર્શનાદિ ગુણો અને તેની સમય સમયની પર્યાયોથી તે ભરેલો છે. વળી નિજ આત્માની આરાધના કહેતાં જ પર તરફનો વિકલ્પ છૂટી ગયો છે.

હવે નિજ આત્માની આરાધનાથી શું ફળ આવ્યું ? ‘સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને’.... અહીં ભાવકર્મને રાક્ષસની ઉપમા આપી છે. કેટલાક લોકો કહે છે કે ભક્તની ભીડ ભાંગવા ને અધર્મી રાક્ષસનો નાશ કરવા ભગવાન અવતાર ધારણ કરે છે. પણ તે વાત ખોટી છે. પોતાના શુદ્ધ આત્માનો આશ્રય કરી જે વીતરાગતા ને કેવળજ્ઞાન પામ્યા તે ફરી સંસારમાં આવતા નથી. ટીકાકારે રાક્ષસનો અર્થ બીજી રીતે ઘટાવી ઉતાર્યો છે. દરેક આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવથી ભરેલા ભગવાન છે. શરીરાદિની ક્રિયા રહિત, વિકાર રહિત શુદ્ધ આત્માનું ભાન થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નવી નવી પર્યાય ઉત્પન્ન થવી તે આરાધનારૂપી અવતાર છે. એવા વીતરાગી પર્યાયના અવતારવાળા ભગવાન આત્માએ મિથ્યાત્વ, અજ્ઞાન ને રાગદ્વેષરૂપી ભાવકર્મના રાક્ષસનો વ્યય કર્યો, નાશ કર્યો. આ પ્રમાણે સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કર્યો.

દરેક આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્ છે. એક સમયમાં ત્રણ અંશો રહેલા છે. અનાદિથી અજ્ઞાની જીવ શરીરની ક્રિયા અને પુણ્યની ક્રિયાને પોતાની માની મિથ્યાત્વાદિ વિકારને ઉત્પન્ન કરતો, પૂર્વના મિથ્યાત્વાદિનો નાશ કરતો ને ધ્રુવપણે ટકતો તે સંસારદશામાં થતું, તેની વાત નથી. પણ ગુરુગમે સમજણ કરી કે જડની પર્યાય જડથી થાય મારાથી નહિ ને ઈચ્છા થાય છે તે અપરાધ છે. હું તો અપરાધરહિત જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કરી તેથી નિર્મળતા પ્રગટ થઈ. આ અવતાર ધારણ કર્યો. વીતરાગતા ઉત્પન્ન થતાં રાગ ઉત્પન્ન થતો જ નથી એને ભાવકર્મનો નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ને રાગનો અભાવ થતાં કર્મોનો પણ સ્વયં અભાવ થયો એટલે જડ કર્મોનો પણ નાશ કર્યો એમ નિમિત્તથી બોલાય છે.

આત્મા પ્રભુત્વશક્તિથી ભરેલો છે, તેના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રભુતા પ્રગટી, ત્રિકાળી પ્રભુએ પ્રભુતાની નવી પર્યાય પ્રગટાવી તે નિજ આત્માની આરાધના છે.

પૂર્વે જે કોઈ કેવળી થયા ને વર્તમાનમાં થાય છે તે બધા નિજ આત્માની આરાધનાથી થયા છે. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન તીર્થંકરો બિરાજે છે, ત્યાં લાખો કેવળીઓ છે, પછી સિદ્ધ-અશરીરી દશા પ્રાપ્ત કરે છે તે આ એક જ ઉપાયથી થાય છે.

તે કેવળી ભગવંતોને વિષ્ણુ અને જયવંત કહેવામાં આવે છે. વિષ્ણુ એટલે વ્યાપક. કેવળી ભગવાનનું જ્ઞાન સર્વને જાણતું હોવાથી તે અપેક્ષાએ તેમને સર્વવ્યાપક કહેવામાં આવે છે. લોકાલોકના બધા પદાર્થોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવથી જાણે છે. ક્ષેત્રે વ્યાપક નહિ, પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં રહીને સર્વ પદાર્થોને જાણવા તેને વ્યાપક કહે છે, જ્ઞાને વ્યાપક છે.

વળી કેવળી ભગવાનને જયવંત કહ્યા એટલે કે વીતરાગી વિજ્ઞાની થયા. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થોને જાણવાવાળું જ્ઞાન પ્રગટ્યું તે હવે પાછું પડવાનું નથી. સિદ્ધ તથા અર્હંતને જે કેવળજ્ઞાનાદિની પર્યાયો પ્રગટી તે નવી નવી એવી ને એવી સાદિ અનંતકાળ સુધી પ્રગટ્યા કરશે, પાછી ફરવાની નથી, સંસાર થવાનો નથી. પૂર્ણ પરમાત્મા થઈ ગયા માટે તેમને જયવંત કહ્યા છે.

કેટલા જીવો ભવી છે, ક્યારે કોને સમકિત થશે, કેટલા તુરત મોક્ષ જશે તેનો કાળ, ક્ષેત્ર વગેરે બધું કેવળી ભગવાનના કેવળજ્ઞાનમાં આવી ગયું છે. જેમ ચોપડામાં નોંધ કરે છે તેમ કેવળજ્ઞાનીના કેવળજ્ઞાનરૂપી ચોપડામાં બધા પદાર્થોની નોંધ આવી ગઈ છે. કોને કેટલા ભવ, ક્યારે મુક્તિ વગેરે તમામ વાત આવી જાય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે સર્વજ્ઞ જગતમાં કોઈ હોઈ શકે નહિ. તો તેને પૂછવામાં આવે છે કે સર્વજ્ઞ આ ક્ષેત્રે ને આ કાળે નથી એમ કહે તો તો બરાબર છે. પણ ત્રણ કાળ ને ત્રણ લોકમાં કોઈ સર્વજ્ઞ નથી એમ જો કહેવામાં આવે તો તને પૂછીએ છીએ કે બધી જગ્યાએ તું જોઈને આવ્યો? તું બધા ક્ષેત્રે ને બધા કાળે જોઈને એમ કહેતો હો તો તને કહીએ છીએ કે બધા ક્ષેત્ર ને બધા કાળને જાણવાવાળો તું જ થયો માટે તું જ સર્વજ્ઞ થઈ ગયો ! જ્ઞાન જ જેનો સ્વભાવ છે તે કોને ન જાણે ? સ્વભાવ હોય તેને મર્યાદા ન હોય. માટે સર્વજ્ઞપણું છે. આત્માનો આશ્રય લેવાથી જીવ તે પ્રગટ કરી શકે એમ છે.

વળી કોઈ કહે કે અમો સર્વજ્ઞને શાસ્ત્ર દ્વારા રાગની મંદતા કરીને કબૂલ કરીએ છીએ તો તે નિર્ણય પણ સાચો નથી, કારણ કે તે પરના લક્ષે થયેલો નિર્ણય છે, સ્વલક્ષે થયેલો નથી. વર્તમાન છદ્મસ્થ જીવને અલ્પજ્ઞતા છે. શુભરાગના આશ્રયે સર્વજ્ઞનો નિર્ણય થઈ શકે નહિ. અલ્પજ્ઞતાના આશ્રયે અલ્પજ્ઞતાનો નિર્ણય થાય છે પણ અલ્પજ્ઞતાના આધારે સર્વજ્ઞતાનો નિર્ણય ન થાય. સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે થાય ? દેહ, મન, વાણીની ક્રિયા આત્મા કરી શકતો નથી, વિકાર તે આત્માનું ખરું સ્વરૂપ નથી, વર્તમાન પર્યાયમાં ઉઘાડ તેઅંશ છે, તે અંશ જેટલો આત્મા નથી - આમ નિમિત્તની, વિકારની ને અંશની રુચિ છોડી હું તો સર્વજ્ઞ શક્તિવાન દ્રવ્ય છું, શુદ્ધ છું, પરિપૂર્ણ છું એમ પોતાના દ્રવ્યની અંતર્‌શક્તિના શ્રદ્ધા-જ્ઞાન કરી સમ્યગ્દર્શન પ્રગટ કરે તેણે પોતાનો સર્વજ્ઞ સ્વભાવ સ્વીકાર્યો ને વ્યવહારથી સર્વજ્ઞને જાણ્યા કહેવાય. સાધકજીવ નિર્ણય કરે છે. અલ્પજ્ઞતાની પર્યાયમાં પણ તે અલ્પજ્ઞ પર્યાયના આશ્રયે નિર્ણય કરતો નથી. અલ્પજ્ઞ પર્યાયે ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો આશ્રય લીધો છે તો તેને સમ્યગ્દર્શન થાય છે તે વધીને કેવળદશા પામે છે ને તેણે કેવળજ્ઞાનીનો યથાર્થ નિર્ણય કર્યો કહેવાય છે.

વળી કોઈ પૂછે કે ક્રમબદ્ધ થવાનું હોય તેમ થાય છે ને તેમ કેવળીએ જોયું છે તો તેમાં પુરુષાર્થ શો આવ્યો ? ભાઈ, એમાં જ પુરુષાર્થ છે. દરેક પદાર્થ ક્રમબદ્ધ પરિણમી રહ્યા છે ક્રમ ફરે નહિ. માટે પર ઉપરથી દૃષ્ટિ ઊઠી ગઈ ને પોતામાં ક્રમબદ્ધ થયા કરે છે તેથી રાગ ને અંશ ઉપરથી દૃષ્ટિ



ઊઠી ગઈ. પર્યાય જ્યાંથી આવે છે એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થયું. અક્રમ સ્વભાવના નિર્ણય વિના ક્રમબદ્ધનો નિર્ણય થતો નથી. દેહની ક્રિયાના આધારે, પુણ્ય-પાપના આધારે, ક્ષાયોપશમિક જ્ઞાનના આધારે સર્વજ્ઞનો અથવા ક્રમબદ્ધના નિયમનો નિર્ણય થતો નથી, ત્રિકાળી શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરવાથી સર્વજ્ઞનો નિર્ણય યથાર્થ થાય છે. તેવા જીવને ભવનો અંત આવી જાય છે. ભગવાને તેવા જીવના ભવ જોયા જ નથી એ જ પુરુષાર્થ ને મોક્ષમાર્ગ છે. આવા પુરુષાર્થી જીવોને ભવ હોતા નથી એમ કેવળજ્ઞાનીના ચોપડામાં નોંધ લખાઈ ગઈ છે.

આ પ્રમાણે ત્રિકાળ ધ્રુવસ્વભાવના અંતર આશ્રયે જે જ્ઞાનીઓએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું તે સર્વે લોકાલોકને જાણે છે. માટે વિષ્ણુ કહ્યા ને તે કેવળજ્ઞાન પાછું પડે નહિ ને અધૂરું થાય નહિ પણ એવું ને એવું સદા રહે માટે જયવંત કહ્યા.

હવે કેવળજ્ઞાનની આરાધના કરવાવાળો જીવ કેવો છે ? તે બતાવે છે. ''તેમને જે મુક્તિની સ્પૃહાવાળો નિઃસ્પૃહ જીવ અનન્ય મનથી નિત્ય પ્રણમે છે.'' અહીં આરાધના કરવાવાળાની જવાબદારી બતાવી છે. તેને મુક્તિની સ્પૃહાવાળો કહ્યો છે. જેને સંયોગોની સ્પૃહા છે તે તો મુક્તિની સ્પૃહાવાળો નથી જ પણ જેને પુણ્યની તથા એક સમયના પર્યાયની સ્પૃહા છે તે પણ મુક્તિની સ્પૃહાવાળો નથી. પુણ્ય બાંધું ને પછી સ્વર્ગે જાઉં તેવી ભાવના નથી. વ્યવહાર, રાગ, નિમિત્ત વગેરે સાધકદશામાં હોય છે. પણ ધર્મી જીવને તેની સ્પૃહા નથી. પણ ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થઈ મુક્તદશા પ્રગટ કરું એ જ સ્પૃહા છે. વળી નિઃસ્પૃહ કેમ કહ્યો ? નિમિત્ત ને રાગ હોવા છતાં તે તરફની સુખબુદ્ધિ ઊડી ગઈ છે ને સ્વભાવ તરફ એકાગ્રતા થઈ છે માટે નિઃસ્પૃહ કહ્યો. ને સાધકપણું સિદ્ધ કર્યું. અલ્પજ્ઞતા હોવા છતાં અલ્પજ્ઞતાની સ્પૃહા નથી કારણ કે અલ્પજ્ઞતામાંથી સર્વજ્ઞતા આવતી નથી પણ ધ્રુવ સ્વભાવના અવલંબને તે પ્રગટે છે.

તેમને = કેવળી ભગવંતોને, જે = જેને મુક્તિ કરવી છે તે નિઃસ્પૃહ જીવ, કેવળી ભગવંતોને અનન્ય મનથી નિત્ય પ્રણમે છે. આમાં બે અર્થ ઘટાવી શકાય છે. રાગની સ્પૃહા નહિ હોવા છતાં છઠ્ઠે ગુણસ્થાને રાગની વૃત્તિ થાય છે ત્યારે વિકલ્પ દ્વારા સર્વજ્ઞનો જ આદર છે, બીજાનો આદર નથી; ભગવાનને જ વંદે છે-નિત્ય પ્રણમે છે. છતાં તે વિકલ્પનો આદર નથી એટલે અંદરમાં નિઃસ્પૃહ છે.

બીજો નિશ્ચય અર્થ એ છે કે ''હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવી શ્રદ્ધા તો છે જ પણ છઠ્ઠી ભૂમિકામાં જે શુભરાગ ઊઠતો તેનો સ્વભાવના ઉગ્ર પુરુષાર્થ દ્વારા નાશ કરી ચૈતન્યજ્ઞાતા સાથે અભેદ થઈ ગયો કે જેમાં દ્રવ્ય ને નિર્મળ પર્યાયનો પણ ભેદ પડે નહિ માટે અનન્ય કહ્યા છે. તે નિત્ય આત્મામાં વંદે છે, નિત્ય એકધારા પ્રણમે છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવની અભેદતાનો એક સમય પણ વિરહ પડતો નથી, અભેદ થતો જાય છે. કોઈ વખતે પણ વ્યવહાર, નિમિત્ત કે વિકલ્પની મુખ્યતા થતી નથી, અભેદ જ્ઞાયકસ્વભાવ તરફ એકાકાર થાય છે. આ પ્રમાણે નિશ્ચયથી પોતાને વંદે છે ને

વિકલ્પથી સર્વજ્ઞને વંદે છે.

આ પ્રમાણે જે જીવ પોતામાં નિત્ય પ્રણમે છે તે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તે કેવળજ્ઞાન શેમાંથી પ્રગટ થાય છે ? પોતાના શુદ્ધ આત્મામાંથી પ્રગટ થાય છે. દરેક આત્મામાં સર્વજ્ઞશક્તિ ભરેલી છે. તેની વ્યક્તતા શરીર, કર્મ, વાણીમાંથી થતી નથી, પુણ્યમાંથી થતી નથી કે અલ્પજ્ઞ પર્યાયમાંથી થતી નથી પણ અંદર ભંડાર ભરેલો છે, તેમાં એકાગ્ર થવાથી વ્યક્ત થાય છે.

કેટલાક જીવો એમ કહે છે કે બધાએ અમુક વખતે ભેગા થઈને સારા વિચારો કરવા ને તેના આંદોલન બહારમાં ફેલાવાથી વિચાર સારા થાય. આવી રીતે બધા મંડળો ધ્યાનના આંદોલન લગાવે તો કેવળજ્ઞાન થતું હશે ? એક સ્પૃહા કરે એટલે બીજાને મદદ પહોંચે એમ માનવું તે જ અજ્ઞાન છે. દરેક જીવપદાર્થ ને જડપદાર્થ સ્વતંત્ર છે, સ્પૃહાવાળો એક જીવ બીજા જીવથી અભાવરૂપ છે. જો એક બીજાને મદદ કરે અથવા સ્પૃહા કરાવે એમ માનીએ તો બે વચ્ચે અભાવ રહેતો નથી. ભાવ થઈ જતાં બધાં થઈને એક થતાં વસ્તુનો નાશ થાય છે. બધાએ આંદોલન કરવું એ વાક્યમાં બધા કહેતાં જ એકમાં બીજાનો અભાવ સાબિત થાય છે. માટે એક મુક્તિની સ્પૃહાવાળો બીજાને મદદ કરે એ માન્યતા જ અજ્ઞાન છે. દરેક જીવ ને પુદ્‌ગલ સ્વતંત્ર છે એવા ભાન વિના નિઃસ્પૃહ થઈ શકે નહિ.

માટે જે મુનિ શુદ્ધ આત્માના ભાનપૂર્વક નિત્ય પોતામાં પ્રણમે છે તે કેવળજ્ઞાન પામે છે ને લોકાલોકને જાણે છે. વ્યાપક એટલે પરમાં પેસી જતું નથી. લોકાલોકના પદાર્થના અભાવરૂપ રહીને જ્ઞાન કરે છે.

'તે જીવ પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન છે અને તેના ચરણકમળને સર્વજનો પૂજે છે'. અહીં પાપ એટલે વ્યવહારરત્નત્રય વગેરેના શુભભાવને તથા અશુભભાવને પાપ કહેલ છે. જે જીવ શુદ્ધ સ્વભાવમાં નિત્ય રમે છે તેને પુણ્ય-પાપના ભાવ નાશ થાય છે. જેમ અગ્નિ મોટા જંગલને બાળી નાખે છે તેમ અભેદ દૃષ્ટિ ને સ્થિરતા થતાં પુણ્ય-પાપનો નાશ થાય છે. પુણ્ય-પાપ વિદ્યમાન હોય ને તેને નાશ કરે એવું હોતું નથી પણ સ્વભાવમાં એકાગ્ર થતાં પુણ્ય-પાપરૂપી ઉદયભાવ ઉત્પન્ન થતો નથી તેણે પુણ્ય-પાપને નાશ કર્યા એમ કહેવામાં આવે છે. વળી વનમાં ઝાડોનો વિસ્તાર હોય છે તેમ અનાદિથી વિકારીભાવ વિસ્તાર પામતા હતા તેથી તેને અટવી કહી છે ને જેમ અગ્નિ પાસે ઉધઈ આવતી નથી તેમ ચિદાનંદની અભેદ દૃષ્ટિ અને સ્થિરતા પાસે વિકારનો રાફડો ફાટતો નથી.

આ પ્રમાણે કેવળજ્ઞાનનો આરાધક નિશ્ચયથી પોતાના સ્વભાવમાં નિત્ય નમે છે, વ્યવહારથી સર્વજ્ઞને નમે છે તે આરાધકને સર્વે જનો પૂજે છે એમ કહ્યું.



**ફાગણ સુદ ૧૪, સોમવાર, ૧૦-૩-૫૨.**

આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરી રમણતા કરવી તે મોક્ષ માટે આવશ્યક ક્રિયા છે. આ ક્રિયા કરીને બધા પુરાણ પુરુષો મોક્ષ પામ્યા છે. વર્તમાન મોક્ષની સ્પૃહાવાળો જીવ પણ એ જ ક્રિયાથી મોક્ષને પામે છે ને સંસારનો નાશ કરે છે. પૂર્વે આ પ્રમાણે પામ્યા, વર્તમાન પણ એમ જ પામે છે ને તું પણ એમ જ પામીશ.

**શ્લોક ૨૭૧**

(मन्दाक्रान्ता)

**मुक्त्वा मोहं कनकरमणीगोचरं हेयरूपं**
**नित्यानन्दं निरुपमगुणालंकृतं दिव्यबोधम्।**
**चेतः शीघ्रं प्रविश परमात्मानमव्यग्ररूपं**
**लब्ध्वा धर्मं परमगुरुतः शर्मणे निर्मलाय॥ २७१॥**

**શ્લોકાર્થ** : હેયરૂપ એવો જે કનક અને કામિની સંબંધી મોહ તેને છોડીને, હે ચિત્ ! નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને તું અવ્યગ્રરૂપ (શાંતસ્વરૂપી) પરમાત્મામાં -કે જે (પરમાત્મા) નિત્ય આનંદવાળો છે, નિરુપમ ગુણોથી અલંકૃત છે અને દિવ્ય જ્ઞાનવાળો છે તેમાં શીઘ્ર પ્રવેશ કર. ॥ ૨૭૧ ॥

'હેયરૂપ એવો જે કનક અને કામિની સંબંધી મોહ તેને છોડીને' સોનુ અને સ્ત્રી તો પરપદાર્થો છે તેને આત્મા ગ્રહી શકતો નથી તેમ જ છોડી શકતો નથી, તે તો છૂટાં જ પડ્યાં છે, તે આત્મામાં અભાવરૂપ છે ને તેના પ્રત્યેનો મોહ એ પણ આત્માનું સ્વરૂપ નથી. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે એવી પ્રથમ દૃષ્ટિ તો હતી જ પણ વિશેષ ઉગ્રતા કરતાં તે પ્રત્યેનો રાગ ઉત્પન્ન થતો નથી એણે મોહ છોડ્યો એમ કહેવામાં આવે છે. આ મોહ છે ને તેને છોડું એવી મોહ છોડવાની રીત નથી. સ્વભાવમાં એકાગ્રતા થતાં મોહનો અભાવ થઈ જાય છે.

'હે ચિત્ ! નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને' હે જ્ઞાનસ્વરૂપ આત્મા ! નિર્મળ સુખને અર્થે તું તારા આત્મામાં પ્રવેશ કર એમ કહેશે. શેનો અર્થી છે ? અનાકુળ શાંતિનો અર્થી છે, કોઈ પુણ્યનો કે સંયોગનો અર્થી નથી. સંસારના અશુભભાવનો અર્થી તો નથી. પણ વ્યવહારરત્નત્રયના પરિણામ કે સારા નિમિત્તનો અર્થી નથી. જે જીવ નિમિત્તની, પુણ્યની કે રાગની રુચિવાળો છે તે તો મિથ્યાત્વને પાત્ર છે. પુણ્ય-પાપ વિનાના નિર્વિકારી આત્મામાં સુખ છે તેના આશ્રયે વીતરાગતાની પર્યાય પ્રગટાવવાનો કામી છે એમ શિષ્યના ઉપાદાનની લાયકાત બતાવી.

તેવા લાયક જીવને નિમિત્તરૂપે ગુરુ કેવા હોય તે બતાવે છે. ''પરમ ગુરુ દ્વારા'' ગુરુ સમ્યગ્દર્શન

સહિત ચારિત્રવાન છે. માટે 'પરમ' શબ્દ કહેલ છે. કોઈ મિથ્યાદષ્ટિ નિમિત્તરૂપે હોય ને જીવ ધર્મ પામે એમ ત્રણ કાળમાં બનતું નથી.

આવા પરમ ગુરુ પાસે ચોથા-પાંચમા ગુણસ્થાનવાળો શિષ્ય જાય છે, તેને દીક્ષાનો વિકલ્પ ઊઠે છે ત્યારે ગુરુને કહે છે કે હે ગુરુ ! મને ચારિત્ર આપો, કારણ કે સમ્યગ્દર્શન તો ધર્મનું મૂળ છે, તે સાક્ષાત્ ધર્મ નથી. સાક્ષાત્ ધર્મ તો ચારિત્ર છે. ચિદાનંદના આશ્રયે વીતરાગતા પ્રગટે તે ચારિત્ર છે. એવું ચારિત્ર મને અંગીકાર કરાવો એમ શિષ્ય કહે છે.

પરમ ગુરુએ શું કહ્યું ? હે શિષ્ય ! તારું ચારિત્ર તો તારા સ્વભાવના અવલંબને પ્રગટ થાય છે. અમારા સામે જોવાથી કે શુભરાગ કરવાથી તને ચારિત્ર થશે નહિ માટે તારા સ્વભાવનું અવલંબન લે. જે શુભરાગ ઊઠે છે તે ચારિત્ર નથી, તે તો શાંતિને લૂંટનારો ભાવ છે. આમ ગુરુએ કહ્યું, એવું શિષ્ય પણ યથાર્થ સમજ્યો ને પોતાના શુદ્ધ ચૈતન્યનો આશ્રય લઈ ચારિત્ર પ્રગટ કર્યું. આમ પોતે પોતાથી ચારિત્ર ધર્મ પામ્યો ત્યારે પરમ ગુરુ દ્વારા પામ્યો એમ કથન કરવામાં આવે છે. જુઓ, અહીં બધી સંધિ બતાવી, પ્રથમ સમ્યગ્દર્શન હોવું જોઈએ, સમ્યગ્દર્શન વિના પડિમા કે દીક્ષા ન હોય. સમ્યગ્દર્શન થયા પછી દીક્ષાનો વિકલ્પ ઊઠે છે. ગુરુ પાસે જાય, ગુરુ પણ 'આત્માનો આશ્રય લે' એમ કહે છે, શિષ્ય એમ સમજે છે. તે રાગનો કામી નથી પણ વીતરાગતાનો કામી છે. આમ ઉપાદાન-નિમિત્તની સંધિ બતાવે છે.

વળી ગુરુએ શું કહ્યું ? ''તું અવ્યગ્રરૂપ (શાંતસ્વરૂપી) પરમાત્મામાં - કે જે (પરમાત્મા) નિત્ય આનંદવાળો છે, નિરુપમ ગુણોથી અલંકૃત છે અને દિવ્ય જ્ઞાનવાળો છે તેમાં શીઘ્ર પ્રવેશ કર.'' અહીં ટીકાકાર મુનિરાજ પોતે પોતાને સંબોધે છે. તું તારા આત્મામાં શીઘ્ર પ્રવેશ કર. કેવો છે આત્મા ? પોતાના આત્મા જ પરમ આત્મા છે-અવ્યગ્ર છે. શરીર આદિ અજીવ છે, પર છે, પુણ્ય-પાપના ભાવો વ્યગ્રતાવાળા છે. સંવર, નિર્જરા ને મોક્ષ એક સમયની પર્યાય છે તે પરમ આત્મા નથી. પુણ્ય-પાપ વિનાનો ને એક સમયની પર્યાય જેટલો નહિ એવા ત્રિકાળી ધ્રુવ આત્માને પરમાત્મા કહ્યો છે. તેમાં પુણ્ય-પાપની વ્યગ્રતા નથી. દયા-દાનાદિના ભાવો, પાંચ મહાવ્રતના ભાવો વ્યગ્રતાવાળા છે, આત્માની શાંતિને લૂંટનારા છે. ત્રિકાળી સ્વભાવ તે વિનાનો છે એમ નાસ્તિથી કહ્યું. હવે અસ્તિથી કેવો છે ? નિત્ય આનંદવાળો છે, સત્, ચિત્ ને આનંદની મૂર્તિ છે, શાંત સ્વભાવવાળો છે, એકરૂપ-સદશ સ્વભાવવાળો છે. આવા આત્માના આશ્રયે સમ્યગ્દર્શન ને વીતરાગતા પ્રગટે છે.

વળી કેવો છે તે પરમાત્મા ? તેના અનુપમ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોથી સુશોભિત છે. દેહ, મન, વાણી ને પુણ્યની શોભા નથી. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તેનાથી શોભિત નથી પણ પોતાના ગુણોથી શોભિત છે. દ્રવ્ય ત્રિકાળ છે ને તેના ગુણો પણ ત્રિકાળ એકરૂપ છે. વળી દિવ્યજ્ઞાનવાળો છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન તો અધૂરાં જ્ઞાન છે ને પર્યાય છે. કેવળજ્ઞાન



પૂર્ણ હોવા છતાં પર્યાય છે, એક સમય પૂરતી છે. કેવળજ્ઞાન ગુણ નથી. અહીં દિવ્યજ્ઞાનવાળો છે એટલે ત્રિકાળી એકરૂપ રહેતા જ્ઞાનવાળો છે એમ કહેવું છે. આ પ્રમાણે પરમાત્મા એટલે પોતાના ત્રિકાળી આત્માને ચાર વિશેષણો આત્મા અવ્યગ્રરૂપવાળો, નિત્ય આનંદવાળો, ઉપમારહિત ગુણોથી સુશોભિત ને દિવ્યજ્ઞાનવાળો - આવા આત્માની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, વિશેષ સ્થિરતા કરવાથી ચારિત્ર, શુક્લધ્યાન ને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

અહીં ટીકાકાર મુનિરાજ કહે છે કે અનંતા જીવો શુદ્ધ આત્માને આશ્રયે કેવળજ્ઞાન પામ્યા માટે તુ પણ તેમ કર. શીઘ્ર પ્રવેશ કર. અહીં શીઘ્ર શબ્દ મુનિઓ માટે છે. સમ્યગ્દષ્ટિ જીવ શીઘ્ર પ્રવેશ કરતો નથી કારણ કે તેને કેવળજ્ઞાનના પુરુષાર્થની વાર છે. અહીં મુનિઓ જે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે, જે કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા છે તેને ઉદ્દેશીને શીઘ્ર શબ્દ વાપરેલ છે. હે મુનિ ! પુણ્ય-પાપથી પાર ને એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય આવી જતું નથી એવી અખંડ ધ્રુવ વસ્તુમાં પુરુષાર્થ ઉગ્ર કરીને પ્રવેશ કર ને શુક્લધ્યાન દ્વારા કેવળજ્ઞાન પ્રગટ કર.

અહીં શીઘ્ર પ્રવેશ કરવાનું કહ્યું તો શું ક્રમબદ્ધ પર્યાય ફરી જતી હશે ? ના, શુક્લધ્યાન પ્રગટ કરીને કેવળજ્ઞાન પ્રગટ થશે તે તો તેના ક્રમ મુજબ તેના કાળે જ પ્રગટ થશે. મોડું પ્રગટ થવાનું હોય ને વહેલું પ્રગટ થઈ જાય એવો એનો અર્થ નથી. પણ ચૈતન્યસ્વભાવનું ઉગ્ર અવલંબન લ્યે તો અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય એવો ઉગ્ર પુરુષાર્થ બતાવવા શીઘ્ર કહેલ છે. દૃષ્ટિ તો સાચી થઈ છે, પણ દ્રવ્યને ઝડપથી પકડી સ્થિર થવાનો કામી છે તે બતાવવા શીઘ્ર શબ્દ વાપરેલ છે. ને જેણે આવો શીઘ્ર પુરુષાર્થ કરીને દ્રવ્યનું અવલંબન લીધું તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય જ એવો ક્રમબદ્ધપર્યાયનો સ્વભાવ છે, એમાં પણ ફેરફાર નથી.

શબ્દો તો પુદ્ગલ છે, તેની પાછળનો અભિપ્રાય જાણવો જોઈએ. શુદ્ધ દ્રવ્યના અવલંબને શીઘ્ર એકાગ્રતા કરવી તે ધર્મની આવશ્યક ક્રિયા છે.

ટીકાકાર મુનિરાજ સુકવિ છે, તેમનામાં આવા ધાર્મિક કળશો રચવાની કળા છે. જે કવિ શરીરના શણગારની કવિતા રચે, શરીરના અવયવોને પ્રશંસે, પુણ્યને-વિકારને પ્રશંસે તે સુકવિ નથી, ધાર્મિક રચના કરે તે સુકવિ છે. એવા સુકવિજનરૂપી કમળોને માટે જેઓ - એટલે ટીકાકાર મુનિ પોતે સૂર્ય સમાન છે. સુકવિ પોતાના કારણે ખીલે છે તેમાં ટીકાકાર નિમિત્ત છે. વળી ટીકાકાર મુનિરાજ કેવા છે ? 'પાંચ ઈંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો.' પાંચ ઈંદ્રિયો તો જડ છે, તેનો ફેલાવ તેનામાં એટલે કે જડમાં છે. પણ ભાવ ઈંદ્રિયો એટલે ખંડખંડ જ્ઞાન તરફની વૃત્તિ તૂટી ગઈ છે, તેથી ખંડખંડ જ્ઞાનનો વિસ્તાર થતો નથી પણ અતીંદ્રિય સ્વભાવના આશ્રયે અખંડતા થાય છે. જ્ઞાનપર્યાય સ્વભાવ સાથે અભેદતા પામતી જાય છે. વળી જેમને શરીરમાત્રનો પરિગ્રહ છે. (મોરપીંછ ને કમંડળ તો અપવાદ છે.) વસ્ત્ર-પાત્રની મમતા કરે ને તેને પરિગ્રહ તરીકે રાખે તે તો મુનિ નથી

પણ મિથ્યાદૃષ્ટિ છે. પણ રાગની વૃત્તિ ઊઠે છે ત્યારે દેહના નિમિત્તે નિર્દોષ આહાર લેવાની વૃત્તિ ઊઠે છે એટલે શરીરને પરિગ્રહ કહ્યો છે. એવી દશાવાળાને બાહ્ય-અભ્યંતર મુનિ કહે છે. એવા મુનિ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર નામનો અગીયારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

ટીકા તો પુદ્‌ગલની રચના છે, તે પુદ્‌ગલના કારણે થાય છે. પણ મુનિનો વિકલ્પ નિમિત્ત હતો તેથી તેમના વડે રચાયેલી -એમ કહ્યું છે. તેમના ચારિત્રની તેમ જ જ્ઞાનદશાની પણ સાથે વાત કરી છે.

❖❖❖



# ૧૨. શુદ્ધોપયોગ અધિકાર

હવે આ શુદ્ધોપયોગ અધિકાર શરૂ થાય છે. શુદ્ધ ઉપયોગ એટલે કેવળદર્શન ને કેવળજ્ઞાનનો અધિકાર છે. પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત વગેરે ઘણા ઘણા અધિકાર બતાવીને તેના ફળરૂપે કેવળદર્શન ને કેવળજ્ઞાન પ્રગટે છે એમ બતાવે છે ને છેવટમાં સિદ્ધદશા પણ વર્ણવશે.

કેટલાક જીવો એમ માને છે કે કેવળી ભગવાનને દર્શન ઉપયોગ એક સમયે હોય છે ને બીજે સમયે જ્ઞાન ઉપયોગ હોય એમ ક્રમ ઉપયોગ માને છે તે જીવો અજ્ઞાની છે. તેઓ કેવળજ્ઞાની ભગવાનના સ્વરૂપને જાણતા નથી. આત્મા શુદ્ધ છે એવા ભાનસહિત રમણતા કરી, વીતરાગતા, કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટ કર્યાં. પર્યાયમાં અધૂરાશ નથી તેમ જ નિમિત્તરૂપે આવરણ-કર્મ પણ ટળી ગયા છે એટલે જ્ઞાન-દર્શનની પરિપૂર્ણ પર્યાય એક સાથે ઉપયોગરૂપ પ્રગટ હોય છે તેવા અર્હંત ને સિદ્ધનું સ્વરૂપ કેવું છે તે આમાં બતાવશે.

વળી ધવલમાં એમ પાઠ આવે છે કે દર્શન સ્વને દેખે છે પણ પરને દેખતું નથી ને જ્ઞાન પરને જાણે છે પણ સ્વને જાણતું નથી. જયધવલામાં પણ આ વાત છે. આ ગ્રંથો વ્યવહારના છે. ત્યાં ગુણભેદની વાત ચાલે છે. દરેક ગુણનું શું કામ છે તે બતાવવું છે. પણ તેથી એકાંત કોઈ એમ લઈ જાય કે અભેદ દૃષ્ટિએ પણ જ્ઞાન પરને જાણે છે ને દર્શન સ્વને દેખે છે તો તે વાત બરાબર નથી. અભેદ દૃષ્ટિએ જ્ઞાન સ્વ-પરને જાણે છે ને દર્શન પણ સ્વ-પરને દેખે છે. એ વાત આ અધિકારમાં બતાવશે.

‘હવે સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.’

આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરવાથી જે કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટ થાય છે તેને શુદ્ધોપયોગ કહે છે. તે પ્રગટતા ચાર ઘાતિકર્મોનો નાશ થાય છે પણ કેવળી ભગવાનને હજી વિભાવ, પ્રતિજીવી ગુણો, યોગ વગેરેમાં અશુદ્ધતા છે. તે અઘાતિકર્મને લીધે નથી પણ પોતાના કારણે છે. કેવળી ભગવાન જ્યારે તે અશુદ્ધતાનો નાશ કરશે ત્યારે નિમિત્તરૂપે ચાર અઘાતિકર્મોનો પણ નાશ થશે. માટે શુદ્ધોપયોગને સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત કહેલ છે.

**ગાથા ૧૫૯**

**जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं।**
**केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं ॥ १५९ ॥**

**जानाति पश्यति सर्वं व्यवहारनयेन केवली भगवान्।**
**केवलज्ञानी जानाति पश्यति नियमेन आत्मानम्॥ १५९॥**

**જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.**

**અન્વયાર્થ** : **(व्यवहारनयेन)** વ્યવહારનયથી **(केवली भगवान्)** કેવળી ભગવાન **(सर्वं)** બધું **(जानाति पश्यति)** જાણે છે અને દેખે છે; **(नियमेन)** નિશ્ચયથી **(केवलज्ञानी)** કેવળજ્ઞાની **(आत्मानम्)** આત્માને (પોતાને) **(जानाति पश्यति)** જાણે છે અને દેખે છે.

પ્રથમ વાત આવી હતી કે આત્માના આશ્રયે પ્રગટતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય તે નિયમ છે ને વ્યવહારના પરિહાર અર્થે સાર શબ્દ જોડેલ છે તેથી નિયમસાર નામ રાખેલ છે. હવે નિયમસારનું ફળ કેવળજ્ઞાન ને મોક્ષ છે એમ કહે છે.

વળી કોઈ કહે કે અમારે કેવળીને જાણવાનું શું કામ છે ? ભાઈ, તારે બધું જ્ઞાન કરવું જોઈએ. સાચા દેવનું યથાર્થ જ્ઞાન કર. અત્યારે તો દેવના સ્વરૂપમાં વાંધા ચાલી રહ્યા છે. તું દેવનું સ્વરૂપ યથાર્થ જાણ તો તારે માટે કેવળી સાચા કહેવાય.

વ્યવહારનયથી કેવળી ભગવાન લોકાલોકના બધા પદાર્થોને જાણે છે ને દેખે છે. લોકાલોકના પદાર્થોને તેમાં તન્મય થયા વિના જાણે છે માટે તેને વ્યવહાર કહ્યો છે. ને કેવળજ્ઞાની નિશ્ચયથી પોતાના આત્માને જાણે છે ને દેખે છે. પોતાના આત્મામાં તન્મય થઈને જાણે છે અને દેખે છે માટે તેને નિશ્ચય કહેલ છે.

કેવળી ભગવાન નરક ને સ્વર્ગના દુઃખો ને સુખોને જાણે છે પણ તેનું જાણપણું થતાં તે સુખદુઃખને અનુભવતા નથી. લીંબુ ખાટું છે એમ જ્ઞાન થતાં જ્ઞાન ખાટારૂપ થતું નથી, જ્ઞાનમાં ખટાશ આવી જાય તો જ્ઞાન જડ થઈ જાય. લીંબુમાં એકમેક થયા વિના જ્ઞાન ખટાશને જાણી લ્યે છે. સ્વાદ મૂર્ત અજીવ છે. અજીવનો સ્વાદ આત્મામાં આવતો નથી. આમ પરમાં એકરૂપ થયા વિના જાણવું તે વ્યવહાર છે તેથી જ્ઞાન સ્વાદને વ્યવહારે જાણે છે.

તેવી જ રીતે કેવળી ભગવાન ચૌદ બ્રહ્માંડને અથવા લોકાલોકના પદાર્થોને જાણી લ્યે છે પણ તેમાં પ્રવેશ કરતા નથી. નરકના પ્રાણીઓ બૂમો પાડે, ઘણાં વીંછીઓ કરડે તેવી વેદના હોય છે, તેને કેવળજ્ઞાની જાણી લ્યે છે પણ તે વેદનાનો અનુભવ કેવળી ભગવાનને હોતો નથી, કારણ કે તેમાં તન્મય થયા વિના જાણે છે. માટે તેને વ્યવહારથી જાણે છે એમ કહ્યું.

કોઈ કેવળી ભગવાન સમુદ્ઘાત કરે ત્યારે આત્માના પ્રદેશો ચૌદ બ્રહ્માંડમાં ફેલાઈ જાય છે. લોકાલોકના



અસંખ્ય પ્રદેશમાં એક એક પ્રદેશ આવી જાય છે તેથી તે સમયે કેવળી ભગવાનના અમુક પ્રદેશો સાતમી નરકમાં પણ હોય છે ને જ્યાં કસાઈખાનું હોય ત્યાં પણ હોય છે. એક જ ક્ષેત્રમાં હોવા છતાં તેમને નરકનું દુઃખ નથી તેમ જ કસાઈખાનામાં કપાતા પ્રાણીનું પણ તેમને દુઃખ નથી; પણ તેનામાં તન્મય થયા વિના તે બધાનું જ્ઞાન કરી લ્યે છે. ને પોતે પોતાના જ્ઞાન-દર્શન-વીર્ય-આનંદના અનુભવમાં છે. નિગોદના જીવો સાતમી નરકના જીવો કરતાં ઘણાં જ વધારે દુઃખી છે, નારકીને પાંચ ઈંદ્રિયોનો ઉઘાડ છે ને નિગોદના જીવને એકેંદ્રિયનો ઉઘાડ છે. વિભાવનું ઉગ્ર વિપરીત પરિણમન નિગોદમાં રહેલું છે તેથી નિગોદનું દુઃખ અનંતુ છે. આખા લોકમાં સૂક્ષ્મ નિગોદના જીવો રહેલા છે ને કેવળી સમુદ્ઘાત વખતે કેવળીના પ્રદેશો આખા લોકપ્રમાણ થાય છે છતાં નિગોદના જીવની વેદના તેમને થતી નથી; તેમાં તન્મય થયા વિના નિગોદના જીવનું જ્ઞાન કરી લ્યે છે તેથી કેવળી ભગવાન લોકાલોકને વ્યવહારથી જાણે છે એમ કહેવાય છે.

**ફાગણ સુદ ૧૫, મંગળવાર, ૧૧-૩-૫૨.**

આજ રોજ શ્રી પ્રવચનસારજીની સ્વાધ્યાય થઈ હતી.

**ફાગણ વદ ૧, બુધવાર, ૧૨-૩-૫૨.**

આ બારમો શુદ્ધોપયોગ અધિકાર છે. અખંડ શુદ્ધ ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો તેનું ફળ કેવળજ્ઞાન ને કેવળદર્શન છે. તે કેવળજ્ઞાન ને કેવળદર્શનને અહીં શુદ્ધોપયોગ કહેલ છે. ચારિત્રની શુદ્ધતાને શુદ્ધોપયોગ કહે છે પણ તે વાત અહીં નથી.

કેટલાક જીવો કેવળજ્ઞાન અને કેવળદર્શનને ક્રમસર માને છે, ખંડખંડ માને છે. -તે વાત ખોટી છે. શુદ્ધ અભેદ જીવના આશ્રયે અખંડતાની આરાધનાના ફળમાં દર્શન-જ્ઞાન અખંડરૂપે પ્રગટે, ખંડખંડરૂપે પ્રગટે તેમ બને નહિ. વળી નિમિત્તરૂપે દર્શનાવરણીય ને જ્ઞાનાવરણીયનો નાશ થયો ને દર્શન-જ્ઞાન ખંડખંડ રહે તેમ બને નહિ. માટે કેવળદર્શન ને કેવળજ્ઞાન બન્ને એક સમયે પરિપૂર્ણ ઉપયોગરૂપ છે એમ બતાવે છે.

વળી વ્યવહારના ગ્રંથોમાં કહે છે કે જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને દેખે તે ગુણભેદનું કાર્ય બતાવવા માટેનું કથન છે. અભેદ દૃષ્ટિએ જ્ઞાન સ્વ-પરને જાણે છે ને દર્શન સ્વ-પરને દેખે છે.

**ટીકા** : અહીં કેવળી ભગવાનને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.

જ્ઞાન તે સ્વ છે ને શ્રદ્ધા, ચારિત્ર આદિ ગુણ તે પર છે, તે પોતામાં નિશ્ચય સ્વ-પર છે, જ્ઞાનાદિ અનંત ગુણોનો પિંડ તે સ્વ છે ને લોકાલોક તે પર છે એમ વ્યવહાર સ્વ-પર છે.

આત્મા પોતાના જ્ઞાનને તથા પર એવા બીજા ગુણોને જાણે છે તે સ્વ-પરપ્રકાશકપણું પોતામાં

છે તથા પોતાને જાણે છે ને વ્યવહારથી લોકાલોકને જાણે છે એમ પણ સ્વ-પરપ્રકાશકપણું છે.

'વ્યવહાર પરાશ્રિત છે' એટલે કે સિદ્ધ ભગવાન લોકાલોકને વ્યવહારથી જાણે છે છતાં તેમાં તન્મય થઈને જાણતા નથી. નરકાદિના દુઃખોને જાણવા છતાં પરરૂપ થઈને જાણતા નથી, તન્મય થઈને જાણતા નથી માટે વ્યવહાર કહ્યો. પોતાનામાં તન્મય થઈને પોતાને જાણે છે માટે નિશ્ચય કહ્યો.

''વ્યવહાર પરાશ્રિત છે એવું શાસ્ત્ર વચન હોવાથી, વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમ ભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારા ઘાતિકર્મોના નાશ વડે પ્રાપ્ત સકળવિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે ત્રિલોકવર્તી તથા ત્રિકાળવર્તી સચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણે છે અને દેખે છે.''

કેવળી ભગવાન કેવા છે ? ભગવાનને બધી શક્તિઓ પ્રગટ થઈ છે તથા ઈંદ્રાદિ દેવોથી પૂજ્ય છે. વળી તેમણે ગુણોનો ઘાત કરનાર ઘાતિકર્મોનો નાશ કર્યો છે. આત્માના ગુણોનો ઘાત થતો નથી પણ પર્યાયમાં ઘાત થાય છે. વળી કર્મો જ્ઞાનાદિ પર્યાયનો ઘાત કરતા નથી પણ જીવ પોતે જ્ઞાનાદિ પર્યાયની હીણી અવસ્થા કરે અથવા રાગ-દ્વેષાદિ કરે તો કર્મો ઘાત કરે છે એમ કથન કરવામાં આવે છે.

વળી તે ઘાતિકર્મોનો ભગવાને નાશ કર્યો એમ કહેવું તે પણ વ્યવહાર છે. ઘાતિકર્મો જડ છે તેનો ભગવાન નાશ કરી શકતા નથી, પણ અહીં ભગવાન કેવળજ્ઞાનાદિ વિકાસની સંપૂર્ણ દશારૂપ થતાં કર્મો પોતે બીજા પરમાણુરૂપે પલટી જાય છે. તેને કેવળી ભગવાને કર્મોનો નાશ કર્યો એમ કહેવાય છે. ઘાતિકર્મના નાશથી સકળવિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થયું છે. તે કેવળજ્ઞાન પૂર્ણ નિર્મળ છે. તે કેવળજ્ઞાન ને કેવળદર્શન વડે ત્રણ લોકમાં રહેલા પદાર્થો જેમાં લોક ને અલોક આવી જાય છે; તેને તથા ત્રણ કાળમાં વર્તનારા બધાં દ્રવ્યો, ગુણો ને પર્યાયોને એક સમયે જાણે છે ને દેખે છે. કેવળદર્શન બધા પદાર્થોને દેખે છે ત્યાં દર્શન ભેદ પાડતું નથી પણ બધાને અભેદરૂપે દેખે છે. પરને જાણે છે ને દેખે છે તે પરમાં તન્મય થયા વિના જાણે છે ને દેખે છે માટે તેને વ્યવહાર કહ્યો.

'શુદ્ધ નિશ્ચયથી પરમેશ્વર મહાદેવાધિદેવ સર્વજ્ઞ વીતરાગને પરદ્રવ્યના ગ્રાહકત્વ, દર્શકત્વ, જ્ઞાયકત્વ વગેરેના વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ મૂળ ધ્યાનમાં અભાવરૂપ હોવાથી' ખરેખર સ્વરૂપથી જોવામાં આવે તો ભગવાન વીતરાગને પરદ્રવ્યનું ગ્રાહકપણું, પરદ્રવ્યનું દર્શકપણું, પરદ્રવ્યનું જ્ઞાયકપણું એવા ભેદનો અભાવ છે. સ્વને જાણવું તે તેનું સ્વરૂપ છે. પરને જાણવું તે વ્યવહાર છે, કેમ કે પરમાં પેસીને જાણતા નથી.

'તે ભગવાન ત્રિકાળ નિરુપાધિ, નિરવધિ (અમર્યાદિત), નિત્ય શુદ્ધ એવા સહજ જ્ઞાન અને સહજ દર્શન વડે નિજ કારણપરમાત્માને પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ જાણે છે અને દેખે



છે' કેવળી ભગવાનને કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટી ગયા છે. તે અમર્યાદિત ને ત્રિકાળ ઉપાધિ વિનાના રહેવાના છે. હવે તેમાં ઉપાધિ આવવાની નથી. વળી નિત્ય શુદ્ધ છે. આવા કેવળજ્ઞાન ને કેવળદર્શન વડે પોતે કાર્યપરમાત્મા હોવા છતાં નિશ્ચયથી કારણપરમાત્માને જાણે છે ને દેખે છે. પરને જાણવું ને દેખવું તે શુદ્ધ નિશ્ચયમાં નથી તો પછી પરને કરું ને ભોગવું એ વાત તો વસ્તુમાં હોઈ શકે જ નહિ.

''કઈ રીતે ? આ જ્ઞાનનો ધર્મ તો દીવાની માફક સ્વ-પરપ્રકાશકપણું છે. ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં સ્વયં પ્રકાશ સ્વરૂપ હોવાથી સ્વ અને પરને પ્રકાશે છે.''

જ્ઞાનનો ધર્મ દીવાની જેમ સ્વ-પરપ્રકાશક છે. દીવો પોતે પોતાને પ્રકાશે છે તેમ જ બીજા પદાર્થોને પણ જણાવે છે. દીવાનો સ્વ-પરપ્રકાશક ભાવ ને ઘટ વગેરે પદાર્થોને પ્રકાશવાની પ્રમિતિરૂપ ક્રિયા -એ બન્ને એક સમયે હોવા છતાં ભાવભેદ છે.

અહીં હવે સૂક્ષ્મ વાત આવે છે. જેવી રીતે છ કારકો એક સમયે એક જ પદાર્થમાં છે. છતાં દરેકમાં ભાવભેદ રહેલો છે. જેમ કે આત્મા પોતાના કાર્યનો કર્તા છે, પોતે જ કાર્યરૂપે પરિણમે તે કર્મ, પોતે જ સાધન છે, પોતાને દાન આપે માટે સંપ્રદાન છે, પોતામાંથી કાર્ય થાય માટે અપાદાન ને પોતાના આધારે કાર્ય થાય માટે પોતે અધિકરણ -એમ છ બોલ એક સમયમાં હોવા છતાં ભાવભેદ છે. તેવી રીતે પરમાણુમાં છ કારકો વિદ્યમાનપણે વર્તે છે, કાળભેદ નથી. છતાં ભાવભેદ છે. તેમ અહીં પ્રથમ દૃષ્ટાંતમાં કહ્યું કે દીવો પોતે પોતાને પ્રકાશે છે ને આ બીજા પદાર્થો છે એમ પરને પણ પ્રકાશે છે. આમ દીવાનો સ્વ-પરને પ્રકાશવાનો ભાવ ને તેને પ્રકાશવારૂપની ક્રિયા એમાં પ્રદેશભેદ નથી. જ્યાં પ્રકાશનું ક્ષેત્ર છે ત્યાં જ પ્રકાશવાની ક્રિયા છે. જે વખતે પ્રકાશવાનો ભાવ છે તે જ વખતે પ્રકાશવાની ક્રિયા છે. પ્રદેશભેદ નથી, કાળભેદ નથી. એક જ પર્યાયમાં ભાવ ને ક્રિયા છે છતાં બન્નેના ભાવમાં ભેદ છે. આમ ભાવ ને ક્રિયામાં કથંચિત્ ભેદ છે. તે દૃષ્ટાંતે આત્માનું કેવળજ્ઞાન પણ એવું જ છે તે બતાવે છે.

''આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.''

દીવાના દૃષ્ટાંત મુજબ આત્મા સ્વ-પરપ્રકાશક છે. પોતે જ્યોતિસ્વરૂપ છે. વ્યવહારથી ત્રણ કાળના ને ત્રણ લોકના પદાર્થોને પ્રકાશે છે ને નિશ્ચયથી પોતાને પ્રકાશે છે. તેમાં કેવળજ્ઞાન પર્યાયનો સ્વ-પરપ્રકાશક ભાવ ને તેની જ્ઞપ્તિક્રિયા-જાણવાની ક્રિયા એ બે એક જ પર્યાયમાં એક ક્ષેત્રે એક સમયે હોવા છતાં જ્ઞાનભાવ ને જ્ઞપ્તિક્રિયામાં ભાવભેદે ભેદ છે. એક સમયની પર્યાયમાં બે ભેદ પડે છે. કેવળજ્ઞાન ને કેવળદર્શન પર્યાયમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ એવા છ કારકો એક સમયમાં હોવા છતાં ભાવભેદ છે.

ઘણાં જીવોને નવાઈ લાગે છે કે કેવળજ્ઞાન થયા પછી આ શું ? અત્યાર સુધી અભેદના ગાણાં ગાયા ને અભેદના આશ્રયે વીતરાગતા પ્રગટે છે તો તેનું ફળ કેવળજ્ઞાન આવ્યું ને તેમાં ભેદ ? વળી કોઈ નિર્ગુણ પરમાત્મા માને, કોઈ જ્યોતિમાં જ્યોતિ ભળી જાય એમ માને, એકમાં અનેક ભળી જાય એમ માને, વળી અભેદ થયા પછી આ ભેદ શેના ? એમ જેને કેવળજ્ઞાનના સ્વરૂપની ખબર નથી તેને અહીં કેવળીના સ્વરૂપની વાત કરે છે.

૧) કોઈ આત્મા પરમાત્માદશા પામે એટલે ગુણ વગરનો થઈ જાય એમ બનતું નથી, ત્યાં પણ અનંત ગુણો સહિત છે.

૨) દરેક જીવ ત્યાં સ્વતંત્ર રહે છે. કોઈમાં કોઈ ભળી જતો નથી. વળી બધા થઈને એક આત્મા નથી.

૩) મોક્ષમાર્ગમાં જે શુદ્ધોપયોગ અભેદ આત્માના આશ્રયે પ્રગટ્યો હતો તે અધૂરી નિર્મળ પર્યાયમાં પણ કર્તા, કર્મ, કરણ આદિ છ કારકોના ભેદ પડતા હતા, તે પર્યાયનો સ્વભાવ છે. તેમ કેવળજ્ઞાનમાં પણ છ કારકોના ભેદ પડે છે.

૪) કેવળજ્ઞાન થયા પછી બધું અભેદ થઈ જતું નથી. લોકો કહે કે અભેદ જ સર્વથા રહે તો તે વસ્તુસ્વરૂપ સમજ્યા નથી. ભેદાભેદ તે વસ્તુનું સ્વરૂપ છે. રાગી જીવને ભેદનો આશ્રય લેવાથી રાગની ઉત્પત્તિ થાય છે. તેથી નિર્વિકલ્પ અનુભવ કરાવવા માટે અભેદનો આશ્રય લેવો એમ વારંવાર કહેવામાં આવતું પણ તેથી કરીને વસ્તુનો કથંચિત્ ભેદસ્વભાવ છે તેનો નાશ થઈ જાય છે, એમ નથી.

૫) કેવળજ્ઞાન પ્રગટ્યા પછી દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેને કથંચિત્ ભેદ છે ને એક ગુણ બીજા ગુણરૂપે થતો નથી એવો ભેદ ત્યાં પણ રહેલો છે. તે તેનો ભેદ સ્વભાવ છે.

૬) કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં પર્યાયનો સ્વ-પરપ્રકાશકભાવ ને તેની જ્ઞપ્તિક્રિયા એમ ભાવ ને ક્રિયાને કથંચિત્ ભેદ છે.

૭) એક સમયની કેવળજ્ઞાનની પર્યાય સ્વપણે છે ને પૂર્વની કે પછીની પર્યાયરૂપે નથી. એક વ્યક્ત પર્યાય અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે માટે અનંતા અવિભાગ પ્રતિચ્છેદ એક પર્યાયમાં પડે છે. આમ કથંચિત્ ભેદસ્વભાવ રહેલો છે તે જાણવો જોઈએ.

લોકો સમજ્યા વગર અભેદ અભેદ કહીને નિર્વિકલ્પ થવાનો પ્રયત્ન કરે તો તે બધું વ્યર્થ છે. અભેદ ને અખંડ કેવળજ્ઞાન પ્રગટ્યું એનો અર્થ એટલો છે કે તેમાં રાગ નથી. તેમ જ અપૂર્ણતા નથી પણ તેથી કરીને પૂર્ણતાનો એક જ પ્રકાર છે એમ નથી. એક સમયની પૂર્ણ પર્યાયમાં પણ ભાવ, ક્રિયા વગેરેના ભેદ પડે છે. તે ભેદ કેવળજ્ઞાનપર્યાયનો ધર્મ છે.



અહો ! સર્વજ્ઞ ભગવાન એક સમયની પર્યાયમાં લોકાલોકને જાણે છે છતાં તેમાં તન્મય થતાં નથી ને સ્વ-પરપ્રકાશકભાવ ને જ્ઞપ્તિક્રિયા -એ બેમાં કાળભેદ નહિ હોવા છતાં ભાવભેદ છે.

અહો ! અભેદ એકરૂપ સ્વભાવના ગાણાં ગાયા તે દ્રવ્યસ્વભાવના અવલંબને પૂર્ણ પર્યાય પ્રગટી તેમાં દીવાની જેમ સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. જડ જ્યોતિમાં સામર્થ્ય ને ક્રિયા એક સમયે હોવા છતાં ભાવભેદ છે. તેમ અભેદ આત્માના આશ્રયે સર્વજ્ઞદશારૂપે થવા છતાં ને રાગરૂપી ભેદ નહિ હોવા છતાં કેવળજ્ઞાની ભગવાનના દ્રવ્યમાં પણ અનંત ગુણો ને અનંત પર્યાયો છે એમ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ છે. એક પર્યાયમાં અનંત ભેદો પડે છે. એક સમયે ઉત્પાદ થાય છે, તે ઉત્પાદ પર્યાયમાં પણ સ્વ-પરપ્રકાશકભાવ ને તેની જાણવાની ક્રિયા -એમ ભાવભેદ છે.

કોઈ પ્રશ્ન પૂછે કે ક્રિયા તો રાગમાં હોય, કેવળજ્ઞાનમાં કેવી ક્રિયા હશે ? ભાઈ, ત્યાં રાગરૂપ ક્રિયા નથી પણ સમયે સમયે કેવળજ્ઞાન ને કેવળદર્શનરૂપ પરિણમવાની ક્રિયા ત્યાં પણ રહેલી છે. કેવળી ભગવાનમાં પણ એકાંત અભેદ સ્વભાવ નથી ત્યાં પણ ભેદાભેદ સ્વભાવ રહેલો છે. દ્રવ્ય ને પર્યાય એવો ભેદ તો છે જ પણ એક પર્યાયમાં સ્વ-પરપ્રકાશકભાવ ને જાણવાની ક્રિયા એવો ભાવભેદ પણ છે.

અજ્ઞાનીને લાગે કે કેવળજ્ઞાન થયા પછી શું ક્રિયા કરવાની બાકી હશે ? ભાઈ, કેવળજ્ઞાન પૂર્ણ પર્યાય હોવા છતાં સમયે સમયે ક્રિયા ચાલુ છે. સ્વ-પરપ્રકાશક સ્વભાવ સાથે જ્ઞપ્તિક્રિયા ચાલુ છે. તે ક્રિયા બંધ પડી જાય તો કેવળી જડ થઈ જાય. આમ વસ્તુનું સ્વરૂપ સમજવું જોઈએ. એકાંત અભેદ માનીને નિર્વિકલ્પ સમાધિમાં બેસી જાય તો કાંઈ વળે તેમ નથી. ભેદ અને અભેદ બન્નેનું જ્ઞાન કરવું જોઈએ.

૬૯ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ શ્લોક દ્વારા કહ્યું છે કે :

(अनुष्टुभ)

**यथावद्वस्तुनिर्णीतिः सम्यग्ज्ञानं प्रदीपवत्।**
**तत्स्वार्थव्यवसायात्म कथंचित् प्रमितेः पृथक्॥**

**શ્લોકાર્થ** : વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે. તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર)પદાર્થોના નિર્ણયાત્મક છે તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.

વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે. અહીં કેવળજ્ઞાનીની વાત છે. તે કેવળજ્ઞાન દીવાની માફક સ્વના અને લોકાલોકના પદાર્થો માટે નિર્ણયાત્મક છે. પરને જાણવું તે વ્યવહાર છે. ને વ્યવહારને સમયસારમાં અભૂતાર્થ કહ્યો છે તો શું પરને જાણવું તે અભૂતાર્થ હશે ? શંકાશીલ હશે ? અહીં વ્યવહારનો

અર્થ અભૂતાર્થ નથી. એટલે અહીં નિર્ણયાત્મક શબ્દ વાપરેલ છે. લોકાલોકનું જ્ઞાન કેવળી ભગવાનને નિશ્ચયાત્મક છે, જરા પણ સંદેહવાળું નથી. ગોળને જાણતા, નીમકને જાણતા જ્ઞાન મીઠું કે ખારું થઈ જતું નથી, તેના અભાવરૂપ રહીને જ્ઞાન તે પદાર્થોને જાણે છે. ભગવાન લોકાલોકને જાણે છે તે લોકાલોકના પ્રદેશમાં તન્મય થયા વિના પૂરેપૂરું જાણે છે માટે વ્યવહાર કહ્યો છે. પણ તેથી કરીને લોકાલોક સંબંધીનું ભગવાનનું જ્ઞાન અભૂતાર્થ છે અથવા સંદેહાત્મક છે એવો એનો અર્થ નથી. વળી કોઈ કહે કે ભગવાનનો મહિમા બતાવવા માટે લોકાલોકને જાણે છે એમ કહ્યું છે તો તે પણ ખોટું છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયનો સ્વભાવ બતાવે છે કે પરમાં તન્મય થયા વિના બધા પદાર્થોને યથાર્થ રીતે જાણે છે. તથા તે કેવળજ્ઞાન અને પ્રમિતિ કથંચિત્ ભિન્ન છે. એક સમયની પર્યાયનો સ્વ-પર જાણવાનો ભાવ અથવા કર્મ તે ક્રિયાથી કથંચિત્ ભેદ છે, કાળભેદ નથી પણ ભાવભેદ છે.

**करता परिनामी दरव, करम रूप परिनाम।**
**किरिया परजयकी फिरनि, वस्तु एक त्रय नाम॥**

એક સમયમાં ત્રણે છે. વસ્તુ એક છે છતાં ભાવભેદ છે. છ કારકો પણ ઉતારી શકાય છે. છ કારકના વાચકમાં ફેર છે તો વાચ્યમાં પણ ફેર છે, તેના ભાવમાં પણ ફેર છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયનું સ્વરૂપ છે. જો પર્યાયને ન જાણે તો તે દ્રવ્યને પણ જાણી શકે નહિ. માટે કેવળજ્ઞાનના સ્વરૂપને યથાર્થ જાણવું જોઈએ.

### ફાગણ વદ ૨, ગુરુવાર, ૧૩-૩-૫૨.

આ શુદ્ધ ઉપયોગનો અધિકાર છે. શુદ્ધ ઉપયોગ એટલે શું ? તે કહે છે. આત્મામાં સ્વના અવલંબને મોક્ષમાર્ગ પ્રગટ્યો, તે નિયમ છે અને સાર શબ્દ વ્યવહારના પરિહાર અર્થે વાપર્યો છે. ત્રિકાળ ધ્રુવ સ્વભાવના અવલંબને સહજ શાંતિ પ્રગટી, તેનું ફળ તે મોક્ષ. કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ શુદ્ધ ઉપયોગની અહીં વાત છે, આચરણરૂપી શુદ્ધ ઉપયોગની અહીં વાત નથી.

તે કેવળજ્ઞાન અને કેવળદર્શનઉપયોગ એક સમયમાં પ્રકાશે છે. કોઈ એમ માને છે કે પહેલા સમયે દર્શન ઉપયોગ હોય અને બીજા સમયે જ્ઞાન ઉપયોગ હોય છે અને બીજી એવી પણ વાત શાસ્ત્રમાં આવે છે કે દર્શન ઉપયોગ સ્વને દેખે અને જ્ઞાન ઉપયોગ પરને જાણે છે. એ બન્નેના નિરાકરણના અર્થે અહીં શુદ્ધ ઉપયોગનું આચાર્ય ભગવાન વર્ણન કરે છે.

અહીં અભેદ કથનમાં જ્ઞાન અને દર્શન ઉપયોગ બન્ને સ્વ-પરપ્રકાશક છે. બન્ને ગુણોનું પૃથક્ પૃથક્ કાર્ય બતાવવું હોય ત્યાં દર્શન સ્વને દેખે છે અને જ્ઞાન પરને જાણે છે એમ ગુણભેદનું કથન આવે છે. આત્મા સ્વ-પરપ્રકાશક છે તેથી દર્શન તથા જ્ઞાન પણ સ્વ-પરપ્રકાશક છે. આમ ન માને તેનો નિશ્ચય તો ખોટો છે અને વ્યવહાર પણ ખોટો છે.



કેવળજ્ઞાન પરને વ્યવહારે જાણે છે એનો અર્થ પરનું નિર્ણયાત્મક જ્ઞાન નથી એમ નથી. પરનું જ્ઞાન પણ નિશ્ચયાત્મક છે પરંતુ પરમાં તન્મય થઈને પરને જાણતું નથી માટે વ્યવહારથી જાણે છે એમ કહેલ છે.

મોક્ષમાર્ગના ફળરૂપે શુદ્ધ ઉપયોગ છે તે ભેદરૂપ છે કે અભેદરૂપ છે ? અને નિશ્ચયાત્મક છે કે અનિશ્ચયાત્મક છે ? તે બતાવવા આ અધિકાર છે. સમ્યગ્જ્ઞાન-કેવળજ્ઞાન સ્વ-પરપ્રકાશક નિશ્ચયાત્મક છે અને જ્ઞાનમાં સ્વ-પરનું કાર્ય આવ્યું તે વખતે ક્રિયા નથી એમ પણ નથી, તે વખતે ક્રિયા છે. તે બતાવે છે. પૂર્ણ જ્ઞાન થયું તે કાર્યપરમાત્મા થયા, કાર્ય એટલે કર્તાનું કર્મ થયું. કર્તા પરિણમીને કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપ કાર્ય પ્રગટ થયું. તો તે વખતે પણ ક્રિયા છે. એક સમયમાં ક્રિયા અને કાર્ય બન્ને છે. માટે જ્ઞપ્તિ ક્રિયાથી કાર્ય કથંચિત્ ભિન્ન છે.

અહીં કર્મ અને ક્રિયાને કથંચિત્ ભેદ છે તે જણાવે છે. મૂળ પાઠમાં કુંદકુંદાચાર્ય ભગવાને **जाणदि पस्सदि** કહેલ છે તે જાણવા-દેખવારૂપ ક્રિયા છે. અને કેવળજ્ઞાન-દર્શન તે કાર્ય છે. એ રીતે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણાદિ ભેદ કેવળજ્ઞાનમાં પણ છે છતાં કાળભેદ નથી. રાગ અને વિકલ્પનો અભાવ હોવા છતાં ક્રિયા અને કાર્ય વગેરેનો ભેદ છે પણ ભાવભેદ નથી. જેને તત્ત્વદૃષ્ટિ થઈ છે તે કેવળજ્ઞાનને કેવું જાણે છે તે કહેલ છે.

મોક્ષમાર્ગની પર્યાય ત્રિકાળના આશ્રયે પ્રગટે છે, કેવળજ્ઞાનની પર્યાય પણ ત્રિકાળના આશ્રયે પ્રગટે છે. તે મોક્ષમાર્ગના આશ્રયે પ્રગટ થતી નથી કેમ કે અભાવમાંથી ભાવ થાય નહિ. કેવળજ્ઞાનમાં ક્રિયા થાય છે. પૂર્વ પર્યાયનો અભાવ થઈને નવી પર્યાય થાય છે તે ક્રિયા છે. તે કર્મથી કથંચિત્ ભેદરૂપ છે.

પરને જાણવું તે વ્યવહાર છે. પણ તે નિશ્ચયાત્મક છે એમ સિદ્ધ કરેલ છે. વ્યવહાર છે માટે અનિર્ણયાત્મક છે એમ નથી. જ્ઞાન તો જ્ઞાનથી થાય છે. પરને જાણતા પરમાં તન્મય થતું નથી માટે વ્યવહાર કહેલ છે. આ રીતે વ્યવહારની વાત કરી. હવે નિશ્ચયની વાત કરે છે.

**સ્વાશ્રિતો નિશ્ચયઃ** નિશ્ચય સ્વાશ્રિત છે એવું શાસ્ત્રનું વચન હોવાથી જ્ઞાન સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વ-પરપ્રકાશક છે જ. કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ સતત એટલે નિરંતર હોય છે, સમયનો પણ વિરહ હોતો નથી. પહેલા સમયે દર્શન અને બીજા સમયે જ્ઞાન થાય તો નિરંતરપણું રહેતું નથી. વળી તે શુદ્ધ ઉપયોગ રાગરહિત છે. પરમાત્માને પૂર્ણ જ્ઞાન-દર્શન વર્તે છે, તેઓ પરમ આનંદનો અનુભવ કરી રહ્યા છે, સ્વમાં લીન છે. પરને જાણતાં પરમાં લીન થતાં નથી પણ સ્વમાં લીન છે તેથી નિશ્ચયપક્ષે પણ સ્વ-પરપ્રકાશકપણું છે. સ્વના લીનપણામાં પર એવા અન્ય ગુણોનું પણ જ્ઞાન વર્તે છે. તે નિશ્ચયપક્ષે સ્વ-પરપ્રકાશકપણું છે. અહીં પરપ્રકાશક એટલે લોકાલોકની વાત નિશ્ચયપક્ષે નથી પણ જ્ઞાન-દર્શનથી પર એવા અનંતા ગુણો છે તેનું જાણવું-દેખવું તે પરપ્રકાશકપણું છે તે નિશ્ચય છે.

આ પ્રમાણે સહજ જ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ, ભિન્ન લક્ષણ અને ભિન્ન પ્રયોજનથી ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ ભિન્ન નથી. જ્ઞાન અને આત્માને સંજ્ઞા, લક્ષણ આદિથી ભિન્નતા હોવા છતાં અખંડ વસ્તુની અપેક્ષાએ ભિન્નતા નથી એમ કહે છે. દ્રવ્ય અપેક્ષાએ કેવળજ્ઞાન આત્માથી જુદું નથી. આત્મા જુદો રહે અને પર્યાય જુદી રહે એમ નથી. જેમ લોકાલોક આત્માથી સર્વથા ભિન્ન છે તેમ કેવળજ્ઞાનાદિ આત્માથી ભિન્ન નથી. કેવળજ્ઞાન, કેવળદર્શનાદિનો આકાર આત્મા પ્રમાણે છે. તે વસ્તુથી ભિન્ન નથી. કેવળજ્ઞાનનો આકાર જુદો અને આત્માનો આકાર જુદો એમ નથી. કેમ કે તેમને પ્રદેશભેદ નથી. અઘાતિકર્મોના પ્રદેશો આત્માથી બહાર છે કેમ કે તે પરપ્રદેશો છે. પણ કેવળજ્ઞાનના પ્રદેશો આત્માથી જુદા નથી માટે જ્ઞાનને અને આત્માને સંજ્ઞા, લક્ષણાદિથી ભિન્નતા હોવા છતાં વસ્તુદૃષ્ટિએ ભિન્નતા નથી.

આ કારણે આ સહજ જ્ઞાન આત્મગત-આત્મામાં રહેલા દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે અને સ્વાત્માને - કારણપરમાત્માના સ્વરૂપને પણ જાણે છે. જ્ઞાન આત્માને જાણે છે તે સ્વ-પ્રકાશકપણું છે અને જ્ઞાન સિવાયના બીજા ગુણોને જાણે છે તે પરપ્રકાશકપણું છે. આમ નિશ્ચયથી સ્વ-પરપ્રકાશકપણું કેવળજ્ઞાનને છે. આત્મામાં અનંતગુણો છે, એક ગુણ બીજારૂપે થાય નહિ છતાં અખંડ વસ્તુની અપેક્ષાએ તે ગુણો જુદા નથી. એ નિશ્ચય છે, તે બધાને પૂર્ણ કેવળજ્ઞાનની પર્યાય જાણે છે. ભગવાન દેવાધિદેવને આવું જ્ઞાન હોય છે એમ નક્કી કરે તો દેવનું સાચું જ્ઞાન થયું કહેવાય. અનંત ગુણોને જાણતાં જ્ઞાનમાં ભેદ પડતો નથી તેથી રાગ હોતો નથી. સ્વ આલંબનથી પ્રગટેલું જ્ઞાન સ્વ-પરને જાણે છે છતાં પરરૂપ થતું નથી. જ્ઞાન સિવાયના ગુણોને પોતાની પણ ખબર નથી તેમ જ બીજા ગુણની પણ ખબર નથી. જ્ઞાન સ્વને જાણે છે અને બીજા ગુણોને પણ જાણે છે. જેને આવું જ્ઞાન નથી તેને સમ્યગ્જ્ઞાન નથી. આ રીતે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે.

સહજ જ્ઞાન સ્વાત્માને તો સ્વાશ્રિત નિશ્ચયનયથી જાણે છે અને એ રીતે સ્વાત્માને જાણતાં તેના બધા ગુણો પણ જણાઈ જાય છે. સહજ જાણવાનો આત્માનો સ્વભાવ છે. કોઈ કહે કે જાણવું તે ઉપાધિ છે. તો એ વાત ખોટી છે. આત્મા સ્વને જાણતા પરને જાણે છે તે નિશ્ચયાત્મક છે. રાગરહિતપણે પરને જાણે છે -એવો જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે.

હવે સહજ જ્ઞાને જે આ જાણ્યું તેમાં ભેદ-અપેક્ષાએ જોઈએ તો સહજ જ્ઞાનને માટે જ્ઞાન જ સ્વ છે અને તે સિવાયનું બીજું બધું -દર્શન, સુખ વગેરે- પર છે. તેથી આ અપેક્ષાએ એમ સિદ્ધ થયું કે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમ જ પરને જાણે છે. જ્ઞાનને માટે જ્ઞાન સ્વ છે અને બીજા ગુણો પર છે. લક્ષણાદિથી ભિન્ન છે પણ પ્રદેશે ભિન્ન નથી તેથી નિશ્ચયથી સ્વ-પરને જ્ઞાન જાણે છે એમ નક્કી થયું.

એવી રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૯૨મા



શ્લોક દ્વારા કહ્યું છે કે :

(मन्दाक्रान्ता)

**बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम् ।**
**एकाकारस्वरसभरतोत्यन्तगंभीरधीरं**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि ॥**

**શ્લોકાર્થ** : કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, એકાંતશુદ્ધ(-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઊઠ્યું (-સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું), પોતાના અચળ મહિમામાં લીન થયું.

કર્મબંધના છેદથી અતુલ અક્ષય-અવિનાશી મોક્ષને અનુભવતું જ્ઞાન છે. ભગવાન આત્માનું જ્ઞાનાનંદરૂપે પરિણમન થયું એટલે કર્મનો છેદ એના કારણે થઈ જાય છે. આત્મા એનો છેદ કરે છે તે નિમિત્તનું કથન છે. કેવળજ્ઞાન અતુલ છે. તે જ્ઞાનને કોઈ પરની ઉપમા નથી. પોતે નિરુપમ ચીજ છે. પૂર્ણ પરમાત્મદશા ખીલી તે અસ્તિની વાત છે અને કર્મનું બંધન નથી તે નાસ્તિથી વાત છે. તે જ્ઞાન નિત્ય ઉદ્યોતવાળું છે, હવે અધૂરી કે વિકારી દશા થતી નથી. વળી તે અવિનાશી છે, સમયે સમયે નવો નવો ઉત્પાદ થાય છે. પણ એવો ને એવો થાય છે માટે અવિનાશી છે. જેનો પ્રકાશ નિત્ય છે એવી સહજ અવસ્થા જેની ખીલી છે. જેમ કમળ ખીલી ઊઠે તેમ જ્ઞાનકળા સહજ ખીલી છે. તે કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન તે ગુણ નથી પણ સહજ અવસ્થા છે. શક્તિરૂપે હતું તે પ્રગટ અવસ્થામાં ખીલી નીકળેલ છે.

વળી તે જ્ઞાન એકાંત શુદ્ધ છે. કર્મનો મેલ નહિ રહેવાથી તે અત્યંત શુદ્ધ થયું છે. આત્મામાં કર્મના નિમિત્તે રાગ-દ્વેષના પરિણામ થતાં તે રહ્યા નથી. વીતરાગી વિજ્ઞાન થયું છે. એક જ્ઞાનમાત્ર આકારે પરિણમીને નિજરસની અતિશયતાને લીધે જે અત્યંત ગંભીર અને ધીર છે. કેવળજ્ઞાનમાં નિજશક્તિની વિશેષતા છે. એક સમયમાં લોકાલોકને જાણે એવી વિશેષતા કેવળજ્ઞાનમાં છે, તે ગંભીર અને ઊંડું છે. એક સમયનો પર્યાય અત્યંત ગંભીર છે, ધીર અને શાશ્વત છે કેમ કે તે હવે પાછું પડવાનું નથી.

આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઊઠ્યું, સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું અને પોતાના અચળ મહિમામાં લીન થયું. તે કેવળજ્ઞાન છે. એક સમયમાં સ્વને અને પરને પરિપૂર્ણ જાણે તે કેવળજ્ઞાનને પ્રથમ જાણે નહિ અને નિર્ણય કરે નહિ તેને સાચા દેવની પણ ખબર નથી. જે કેવળજ્ઞાનની ખોટી

રીતે પ્રરૂપણા કરે છે તે ગાઢ મિથ્યાત્વને સેવે છે. જ્ઞાન સમ્યક્ પૂર્ણ પરિણમે તે જ્ઞાન દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તેને પ્રથમ જાણે. જેને દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી તેને સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવની પણ ખબર નથી. તે જ્ઞાન મિથ્યા છે. એને ધર્મ થતો નથી પણ મિથ્યાત્વની દ્રઢતા થાય છે.

**ફાગણ વદ ૩, શુક્રવાર, ૧૪-૩-૫૨.**

કેવળજ્ઞાન સ્વ-પરપ્રકાશક છે તે નિર્ણયાત્મક છે તેની વાત ચાલે છે. (૧) શુદ્ધ ઉપયોગ જે કેવળજ્ઞાન છે તે વ્યવહારથી લોકાલોકને જાણે છે. પરને જાણતાં પરરૂપ જ્ઞાન થતું નથી માટે પરને વ્યવહારથી જાણે છે અને નિશ્ચયથી પોતાના આત્માને જાણે છે. (૨) વળી જ્ઞાન પોતાને જાણે છે તે સ્વ છે અને જ્ઞાન સિવાય બીજા ગુણો કે જે પર છે તેને જાણે છે માટે નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક છે.

અર્હંતના જ્ઞાન-દર્શનનો પર્યાય કેવો હોય છે, તે જાણ્યા વિના અર્હંતનું સાચું જ્ઞાન થતું નથી. માટે નીચલી દશામાં કેવળજ્ઞાનની પર્યાય કેવી હોય તે જાણવાની જરૂર છે. અહીં કેવળજ્ઞાનમાં સ્વ-પરપ્રકાશકપણું કહ્યું છે, દર્શનની વાત કરી નથી. પણ જ્ઞાનના કાર્ય સાથે દર્શનનું પણ સ્વ-પરપ્રકાશકપણું આવી ગયું. જ્ઞાન ભેદ પાડીને જાણે છે, દર્શનમાં ભેદ પડતો નથી પણ દર્શનનું કાર્ય છે. જ્ઞાન અને દર્શન બન્ને એક જ સમયે પરને પરમાં તન્મય થયા વગર જાણે અને દેખે છે માટે વ્યવહાર કહેવાય છે.

હવે ગાથા ૧૫૯ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.

**શ્લોક ૨૭૨**

((स्रग्धरा)

**आत्मा जानाति विश्वं ह्यनवरतमयं केवलज्ञानमूर्तिः**
**मुक्तिश्रीकामिनीकोमलमुखकमले कामपीडां तनोति।**
**शोभां सौभाग्यचिह्नां व्यवहरणनयाद्देवदेवो जिनेशः**
**तेनोच्चैर्निश्चयेन प्रहतमलकलिः स्वस्वरूपं स वेत्ति॥ २७२॥**

**શ્લોકાર્થ** : વ્યવહારનયથી આ કેવળજ્ઞાનમૂર્તિ આત્મા નિરંતર વિશ્વને ખરેખર જાણે છે અને મુક્તિલક્ષ્મીરૂપી કામિનીના કોમળ મુખકમળ પર કામપીડાને અને સૌભાગ્યચિહ્નવાળી શોભાને ફેલાવે છે. નિશ્ચયથી તો, જેમણે મળ અને કલેશને નષ્ટ કરેલ છે એવા તે દેવાધિદેવ જિનેશ નિજ સ્વરૂપને અત્યંત જાણે છે. ॥ ૨૭૨ ॥



**વ્યવહારનયથી કેવળજ્ઞાનમૂર્તિ આત્મા નિરંતર વિશ્વને ખરેખર જાણે છે.**

કેવળજ્ઞાન વ્યવહારથી લોકાલોકને જાણે છે એમ કહ્યું છે. પરમાં તન્મય થયા વગર જાણે છે માટે વ્યવહાર કહેલ છે. અને નિરંતર વિરહ પડ્યા વગર ખરેખર જાણે છે. કેવળજ્ઞાનનો નિર્ણય જોણે કર્યો તેને તે પ્રમાણે લોકાલોકની પર્યાય થઈ રહી છે એવો નિર્ણય હોય છે. સર્વજ્ઞનો નિર્ણય અલ્પજ્ઞના આધારે થતો નથી પણ અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞના આધારે સર્વજ્ઞનો નિર્ણય થાય છે. પોતાનો પણ સર્વજ્ઞ સ્વભાવ છે તેના આશ્રયે સર્વજ્ઞનો નિર્ણય થાય છે, તે વિના થતો નથી.

આમ સ્વના આલંબનથી સ્વતંત્રતાનો ખ્યાલ આવે છે. અજ્ઞાની સ્થૂલ વાતમાં અટકે છે અને પર્યાયની પરાધીનતા માને છે અને કહે છે કે આંખો બંધ કરી દેવામાં આવે તો પરને દેખવાનું થતું નથી માટે નિમિત્તનું જોર છે, એમ કહીને જ્યાં ત્યાં પરાધીનતા બતાવે છે પણ તે સમયે જ્ઞાનની પર્યાયનો ક્ષયોપશમ જ એવો છે. નિમિત્તના કારણે તે નથી એ વાત એને બેસતી નથી. આંખ બંધ થવાથી જ્ઞાનનો ઉપયોગ બંધ થઈ જાય છે -એમ નથી.

આત્મા અનંત ગુણનો પિંડ સ્વતંત્ર વસ્તુ છે તેના આશ્રયયે કેવળજ્ઞાનનો પર્યાય થાય છે. તે શુદ્ધ ઉપયોગનું કાર્ય ઈંદ્રિયના અવલંબન વગર થાય છે અને નીચલી દશામાં પણ ઈંદ્રિયના અવલંબન વગર જ જ્ઞાનનું કાર્ય થાય છે. આમ હોવા છતાં અજ્ઞાની, દેહથી ભિન્ન સ્વતંત્ર આત્મા છે તેની શ્રદ્ધા કરતો નથી માટે આવો ભ્રમ થાય છે. કર્મ અને ઈંદ્રિય તો જડ છે. એના અવલંબને આત્માનું કાર્ય થાય નહિ.

અહીં તો કહે છે કે આત્મા કેવળજ્ઞાનમૂર્તિ ચૈતન્યનો ગાંગડો પ્રભુ છે. પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું છે. એવા ભગવાનને જે શક્તિરૂપે જ્ઞાન હતું તે પ્રગટરૂપે થયું છે. આમ કહીને ભગવાનની ઓળખાણ કરાવે છે. વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ કેવું છે તે જણાવે છે. એ જાણે અને આત્માની મુક્તિ ન થાય એમ બને નહિ. એક કેવળીથી બીજા કેવળી જુદા છે, એક સિદ્ધથી બીજા સિદ્ધ જુદા છે તેને કેવળજ્ઞાન જાણે છે પણ તે-મય જ્ઞાન થતું નથી માટે વ્યવહાર કહ્યો છે. વ્યવહારનયથી કહ્યું છે માટે પરને જાણતા નથી એમ નથી. પણ ખરેખર પરને જાણે છે એમ કહેલ છે.

આત્માનું જ્ઞાન મન, વાણીની પાર થયું છે અને એમાં લીન થતાં પૂર્ણદશા પ્રગટી તે જ્ઞાન નિરંતર આંતરો પડ્યા વગર લોકાલોકને જાણે છે. એક જ સમયમાં જ્ઞાન અને દર્શન બન્ને ઉપયોગને જે માનતા નથી તે આત્માની અભેદતાને અને કેવળજ્ઞાન-દર્શનના સ્વભાવને પણ જાણતા નથી. અરિહંત અને સિદ્ધના શુદ્ધ ઉપયોગમાં ફેર નથી. અરિહંતને અઘાતિકર્મ છે એટલો વિકાર છે પણ એમના કેવળજ્ઞાન-દર્શનમાં કાંઈ ફેર નથી.

હવે કહે છે કે કેવળજ્ઞાન પરને જાણે છે તો તે કેવળજ્ઞાનની શોભા પરમાં હશે કે નહિ ? તે

કહે છે. મુક્તિરૂપી કામિનીના કોમળ મુખકમળ પર કામપીડાને અને સૌભાગ્ય ચિહ્નવાળી શોભાને ફેલાવે છે. કેવળજ્ઞાનની પર્યાયમાં આનંદરૂપી લક્ષ્મી અને અમૃતના અનુભવરૂપી પરિણતિ તે ભગવાનની કામિની છે. બીજી હાડ-ચામ-માંસની પત્ની આત્માની નથી. એને પત્ની કહેવી તે વ્યવહારનું કથનમાત્ર છે. ખરેખર તે પત્ની નથી. આત્મભગવાનની તો પૂર્ણાનંદરૂપી સ્ત્રી તે શોભાવાળી છે, તે કોમળ છે. પર્યાયમાં આનંદરૂપી કમળનો વિકાસ થયો છે તે શાંતિને શોભાવે છે.

ભગવાન મુક્તિલક્ષ્મીરૂપી કામિનીથી શોભી રહ્યા છે. પૂર્ણ જ્ઞાન થયું એમાં આનંદ અને શાંતિરૂપી પરિણતિને અનુભવી રહ્યા છે. તે ખરેખર ભગવાનથી કદી જુદી ન પડે એવી પરિણતિરૂપી સ્ત્રી છે. તે સ્ત્રી સૌભાગ્યવાળી છે. સંસારમાં જેમ જે સ્ત્રી રાંડે નહિ તે સૌભાગ્યવંતી કહેવાય છે. તેમ આત્માની પરિણતિ જે પૂર્ણદશારૂપે થઈ તે સૌભાગ્યવંતી છે. કેમ કે તેનો વિરહ પડતો નથી. પર્યાય પ્રગટી તેનો નાશ થતો નથી, એવી ને એવી રહે છે.

નીચલી દશામાં તો પડી જવાનો સંભવ છે એટલે પરિણતિમાં વિરહ પડે પણ કેવળજ્ઞાન ને કેવળદર્શન અનંતકાળ રહે છે તે સૌભાગ્ય ટળે નહિ. આવું કેવળજ્ઞાનનું સ્વરૂપ છે. તે વાસ્તવિક રીતે અનંતકાળ થયા જાણ્યું નથી. માત્ર સ્થૂળ દૃષ્ટિથી ભગવાને રાગ-દ્વેષને અને કર્મને જીત્યા છે એમ ભગવાનના સ્વરૂપને માને પણ આ પૂર્ણ પર્યાય અરિહંતને હોય છે એમ જાણ્યા વિના દેવના સ્વરૂપને તે યથાર્થ જાણતો નથી.

**નિશ્ચયથી દેવાધિદેવ જિનેશ નિજસ્વરૂપને અત્યંત જાણે છે.**

ખરેખર તો જેમણે મળ અને કલેશને નષ્ટ કરેલ છે એવા તે દેવાધિદેવ જિનેશ પોતાના સ્વરૂપને જાણે છે. ભગવાને રાગ-દ્વેષનો નાશ કર્યો છે. બારમા ગુણસ્થાને રાગ-દ્વેષનો નાશ થવા છતાં કેવળજ્ઞાન અને કેવળદર્શન ત્યાં પ્રગટેલ નથી તેનું કારણ કર્મ નથી પણ જ્ઞાન-દર્શનની હીણી પર્યાય પોતાના કારણે છે. અહીં તો કહે છે કે તું ભગવાન છો, સાચી સમજણ કર ને તારી સ્વતંત્રતાને જાણ. કર્મે તને રોક્યો નથી. કોઈ દસ વર્ષનો છોકરો એની મા પાસે ફરિયાદ લાવે કે છ વર્ષના છોકરાએ મને માર્યો તો તે મૂર્ખો કહેવાય. તેમ આત્મા ચૈતન્યમૂર્તિ છે અને કર્મ રોકે છે એમ કહેનારને ભગવાન કહે છે કે એમ કહેતા તને શરમ નથી આવતી ? જડ કર્મ તને રોકે એમ બને નહિ. શાસ્ત્ર કે દેવ-ગુરુ એમ કહેતા નથી. તે તો કહે છે કે તારો આત્મા જેટલો પુરુષાર્થ ઓછો કરે એટલો હીણો અને વિપરીત પરિણમે છે. અહીં તો ભગવાને પૂર્ણ પુરુષાર્થથી રાગ અને કલેશનો સર્વથા નાશ કર્યો છે. એવા ભગવાન પોતાના આત્માને અત્યંતપણે જાણે છે.



હવે ૧૬૦મી ગાથામાં જ્ઞાન અને દર્શન ઉપયોગ એક સાથે હોય છે તે દૃષ્ટાંતપૂર્વક કહે છે.

**ગાથા ૧૬૦**

**जुगवं वट्टइ णाणं केवलणाणिस्स दंसणं च तहा।**
**दिणयरपयासतावं जह वट्टइ तह मुणेयव्वं॥ १६०॥**

**युगपद् वर्तते ज्ञानं केवलज्ञानिनो दर्शनं च तथा।**
**दिनकरप्रकाशतापौ यथा वर्तेते तथा ज्ञातव्यम्॥ १६०॥**

**જે રીત તાપ-પ્રકાશ વર્તે યુગપદે આદિત્યને,**
**તે રીત દર્શન-જ્ઞાન યુગપદ હોય કેવળજ્ઞાનીને. ૧૬૦**

**અન્વયાર્થ :** (**केवलज्ञानिनः**) કેવળજ્ઞાનીને (**ज्ञानं**) જ્ઞાન (**तथा च**) તેમ જ (**दर्शनं**) દર્શન (**युगपद्**) યુગપદ્ (**वर्तते**) વર્તે છે. (**दिनकरप्रकाशतापौ**) સૂર્યના પ્રકાશ અને તાપ (**यथा**) જેવી રીતે (**वर्तेते**) (યુગપદ્) વર્તે છે (**तथा ज्ञातव्यम्**) તેવી રીતે જાણવું.

દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગ કેવળીને એક સમયે સાથે હોય છે. આ પ્રમાણે જે શાસ્ત્રો ન કહે તે શાસ્ત્રો નથી. એવા ખોટા શાસ્ત્રને માનનાર દેવના સ્વરૂપને સમજ્યા નથી. મહાવીર ભગવાન પછી છસો વર્ષે જૈનમાં પણ ફાંટા પડ્યા અને હજારો બોલોનો ફેરફાર કરી નાખ્યો. સનાતન દિગંબર જૈન ધર્મથી વિરુદ્ધ દેવ-ગુરુ-શાસ્ત્ર, દ્રવ્ય-ગુણ-પર્યાય, નિશ્ચય-વ્યવહાર આદિ ઘણાં બોલોનો ફેર પડી ગયો છે. કેવળી ભગવાનને દર્શન અને જ્ઞાનનો ઉપયોગ યુગપદ્ છે એમ જે માનતા નથી તે કેવળજ્ઞાનને આવરણવાળું માને છે. પણ પૂર્ણ જ્ઞાન ખીલી ગયું તે અટકીને કામ કરે નહિ. સૂર્યમાં જેમ પ્રકાશ અને તાપ એક સાથે છે તેમ કેવળીને બન્ને ઉપયોગ એક સાથે હોય છે. આઘો પાછો કે પહેલાં-પછી હોતો નથી.

**ટીકા :** અહીં ખરેખર કેવળજ્ઞાન અને કેવળદર્શનનું યુગપદ્ વર્તવાપણું દૃષ્ટાંત દ્વારા કહ્યું છે. આ ગાથામાં દર્શન-જ્ઞાનની પરિણતિનું કાર્ય એક સાથે છે -એમ કહે છે. વર્તવાપણું કહીને કેવળજ્ઞાન પર્યાય છે પણ ગુણ નથી એમ સિદ્ધ કરે છે.

અહીં દૃષ્ટાંતપક્ષે કોઈ વખતે વાદળાંની ખલેલ ન હોય ત્યારે આકાશના મધ્યમાં રહેલા સૂર્યના પ્રકાશ અને તાપ યુગપદ્ વર્તે છે. 'કોઈ વખતે' કહ્યું છે એટલે વાદળાંના પડળ હોય ત્યારે બન્ને સાથે દેખાતા નથી તેમ ક્ષાયોપશમિક જ્ઞાન હોય ત્યારે બન્ને ઉપયોગ એક સાથે હોતા નથી એમ કહેવા માગે છે. પણ વાદળાંની ખલેલ ન હોય ત્યારે બન્ને એક સાથે હોય છે, આંતરો પડતો નથી. તેમ

આત્મામાં ક્ષાયિક જ્ઞાન-દર્શન હોય ત્યારે એક સાથે ઉપયોગ હોય છે. વળી આકાશની મધ્યમાં સૂર્ય ઊગે છે એટલે આકાશ મોટું અને સૂર્ય નાનો હોય છે. તેવી રીતે આત્મા લોકાલોકની મધ્યમાં છે. લોકના અગ્રે સિદ્ધ હોય છે, પણ લોક તો અલોકની મધ્યમાં છે માટે સિદ્ધ ભગવાન પણ આકાશની મધ્યમાં જ છે.

જેવી રીતે સૂર્યના તાપ અને પ્રકાશ એક સાથે છે તેવી રીતે ભગવાન પરમેશ્વર તીર્થાધિનાથને ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી સ્થાવર-જંગમ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક જ્ઞેયોમાં સકળ વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન યુગપદ્ વર્તે છે.

ભગવાન ચાર તીર્થના અધિનાથ છે. તે ત્રણ કાળના ત્રણ લોકમાં વર્તતા બધા પદાર્થોને યુગપદ્ જાણે છે અને દેખે છે. ત્રણ કાળના એટલે ત્રણે કાળે વર્તતા પદાર્થોને જાણે છે. સ્થાવર અને જંગમ પદાર્થો છે તે સ્થિર અને ચાલતા પદાર્થો છે. જીવો કેટલાક સ્થિર છે અને કેટલાક અસ્થિર છે. અને જડમાં પણ બે પ્રકાર છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તો સ્થિર છે અને પુદ્ગલમાં કેટલાક સ્થિર અને કેટલાક ચાલતા છે. તે બધા પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયને ભગવાન જાણે છે અને દેખે છે.

ભગવાનને સર્વથા નિર્મળપણું છે. ને કેવળજ્ઞાન-દર્શન છે તે સમસ્ત પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ જ્ઞેયોમાં વર્તે છે. એટલે તે જ્ઞેયોને જાણે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન પહેલા-પછી નથી. વસ્તુસ્થિતિ પલટીને પહેલાં-પછી થતી નથી, તે પલટાવા માગે તો પલટતી નથી. કેવળજ્ઞાન અને દર્શન બન્ને એકી સાથે જ્ઞેયોમાં વર્તે છે. આ બન્ને શુદ્ધ ઉપયોગ અભેદતા અને એકતા બતાવે છે. આ રીતે પૂર્ણદશા છે. તેને સમજે નહિ તો તે કેવળીની દશાને પણ જાણતા નથી. એક સમયમાં એક જ ઉપયોગ માને તો તેણે ગુણને ઉડાડી દીધો અને બન્ને ગુણોનો ભેગો ઉપયોગ એક સમયે એક જ થાય છે એમ માને તો બે ગુણોના બે કાર્ય થાય છે તે રહેતા નથી. માટે તે વાત પણ ખોટી છે. એક જ સમયમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનનું ઉપયોગરૂપી કાર્ય બન્નેનું સાથે થઈ રહ્યું છે, પહેલા-પછી થતું નથી એ વાત સિદ્ધ કરી. હવે અલ્પજ્ઞનો ઉપયોગ કેવો હોય છે તે કહેશે.

## ફાગણ વદ ૪, શનિવાર, ૧૫-૩-૫૨.

આ અધિકાર કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપ શુદ્ધ ઉપયોગનો ચાલે છે. જેને આત્માનું સાચું ભાન થઈને મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેનું ફળ જે મોક્ષપદ છે તે કેવું હોય છે ? તે જણાવે છે. આત્મા પરિપૂર્ણ જ્ઞાન, શ્રદ્ધા આદિ અનંત ગુણોનો પિંડ છે. તેના અવલંબને કેવળજ્ઞાન-દર્શન થયાં તે પૂર્ણ હોય, તેમાં અપૂર્ણતા હોય નહિ. અપૂર્ણતા માને તે કેવળજ્ઞાન-દર્શનને સમજ્યા નથી.

આ ગાથામાં કેવળી ભગવાનના ઉપયોગની વાત ચાલે છે. સિદ્ધની વાત આગળ કરશે. પૂર્ણદશા પ્રગટી તેના જ્ઞાન-દર્શનના ઉપયોગનું કાર્ય એક સમયમાં હોય છે, સમયભેદ હોતો નથી. પહેલે સમયે



દર્શન અને બીજે સમયે જ્ઞાન એમ પૂર્ણદશામાં હોતું નથી. વ્યવહાર અને વિપરીતતાનો નિષેધ આ શુદ્ધ ઉપયોગ કરે છે. અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ બતાવતાં આ અધિકાર વ્યવહાર અને વિપરીતતાને ટાળે છે. અહીં પૂર્ણ જ્ઞાનમાં વિપરીતતા હોતી નથી તે કહે છે. વ્યવહારનો નિષેધ આગળ કરશે. એકલા વ્યવહારને માનનાર જડ છે એમ આગળ કહેશે.

કેવળજ્ઞાની કેવા હોય ? એની ઓળખાણ પ્રથમ કરવી જોઈએ. તેને ઓળખ્યા વિના આત્માની તથા પર્યાયની પરિપૂર્ણતા સમજાય નહિ. જેમ સૂર્યનો પ્રકાશ અને તાપ એક સમયમાં હોય છે તેમ ભગવાનને જ્ઞાન-દર્શનનો ઉપયોગ એક સમયમાં હોય છે. દર્શન ઉપયોગ વખતે જ્ઞાનનો ઉપયોગ ન હોય અને જ્ઞાનના ઉપયોગ વખતે દર્શનનો ઉપયોગ કેવળીને ન હોય એમ માનવામાં આવે તો કેવળીને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મની હયાતી સાબિત થાય છે, પણ કેવળીને એમ હોતું નથી.

એક સમયે જાણે તે સમયે દેખે નહિ અને જે સમયે દેખે તે સમયે જાણે નહિ એ વાત ખોટી છે. ભગવાનના નામે શાસ્ત્રમાં ખોટા લખાણો કરીને ભગવાનની પૂર્ણદશાના સ્વરૂપને વિરોધવાળું કલ્પ્યું છે. તેને દેવના સ્વરૂપની ખબર નથી. આવો વિરોધ જેમાં હોય તે શાસ્ત્રો નથી. એક લખાણ વિરોધવાળું આવ્યું તેનું બધું લખાણ વિરોધવાળું જ હોય છે. સર્વજ્ઞના શાસ્ત્રમાં વિરોધ હોય નહિ -એમ અહીં આચાર્ય ભગવાન કહેવા માગે છે.

કેવળજ્ઞાનીને બન્ને ઉપયોગ એકી સાથે હોય છે. પણ તેમાં વિશેષ એટલું સમજવું કે સંસારીઓને દર્શનપૂર્વક જ જ્ઞાન હોય છે અર્થાત્ પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે, યુગપદ્ થતા નથી. અહીં સંસારી એટલે અલ્પજ્ઞ સમજવા. કેવળજ્ઞાની પણ સંસારી કહેવાય છે એ વાત અહીં નથી. અલ્પજ્ઞને એક સાથે બન્ને ઉપયોગ હોતા નથી. તેથી એમ સિદ્ધ થયું કે પહેલા દર્શન ઉપયોગ અને પછી જ્ઞાન ઉપયોગ કેવળીને માને તો કેવળીને સર્વજ્ઞપણું રહ્યું નહિ પણ અલ્પજ્ઞપણું સિદ્ધ થયું.

આ વાત શાંતિથી વિચારવા જેવી છે. ભગવાનના નામે ઘણી ઊંધી વાતો શાસ્ત્રમાં નાખી છે પણ સર્વજ્ઞના માર્ગમાં એ વાત માન્ય નથી. અનંતકાળથી જીવે સત્ય વસ્તુ શું છે, તેની પરીક્ષા કરી નથી. પરમાત્મા કેવા હોય ? તેમના ગુણ-પર્યાય કેવા હોય ? અને અલ્પજ્ઞતા તથા પરિપૂર્ણતા કેવી હોય ? તેની પરીક્ષા જીવે કરી નથી. જો તેનું યથાર્થ જ્ઞાન કરે તો તેને સંસાર રહે નહિ. જે શાસ્ત્રોમાં મૂળ વાત-પ્રયોજનભૂત વાત જૂઠી હોય તેની સાધારણ વાતમાં પણ વિશ્વાસ આવે નહિ. જેમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ ખોટું છે તેનું બધું ખોટું છે. માટે પરીક્ષા કરી વસ્તુસ્થિતિ જેમ છે તેમ સમજવી જોઈએ.

એવી રીતે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પ્રવચનસારમાં ૬૧મી ગાથા દ્વારા કહ્યું છે કે :

**णाणं अत्थंतगयं लोयालोएसु वित्थडा दिट्ठी।**
**णट्ठमणिट्ठं सव्वं इट्ठं पुण जं तु तं लद्धं॥**

**ગાથાર્થ** : જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે; સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે અને જે ઈષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે.

કેવળજ્ઞાન ગુણ નથી પણ પર્યાય છે, તે જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય છે, અને દર્શન પણ લોકાલોકમાં રહેલા બધા પદાર્થોને દેખે છે. ભગવાનને અલ્પજ્ઞતા તથા વિકાર કે જે અનિષ્ટ છે તે નાશ પામ્યા છે, લોકમાં પણ રાગરહિતતા ને જ્ઞાન ઈષ્ટ ગણાય છે. તેની મહત્તા છે. ભગવાનને જ્ઞાન, દર્શન, વીર્ય, સુખાદિ બધા ગુણો શક્તિરૂપે હતા તેની પરિપૂર્ણતા થઈ ગઈ છે, અપૂર્ણતા રહી નથી તેથી તેમને પર્યાયમાં ક્રમ પડતો નથી, અપૂર્ણ પર્યાયમાં ક્રમ પડે છે. પણ પૂર્ણ પર્યાયમાં ક્રમ પડતો નથી તે વાત સિદ્ધ કરી છે.

અહીં નિયમસારમાં મોક્ષમાર્ગનું વર્ણન કરતાં દ્રવ્યની અભેદતા જણાવી છે. મોક્ષમાર્ગ અભેદ છે તો તેનું ફળ જે કેવળજ્ઞાન એમાં ભેદતા હોય નહિ, એટલે કે કેવળજ્ઞાન-કેવળદર્શનનો ઉપયોગ કેવળીને એક સમયમાં સાથે હોય છે, ક્રમ હોતો નથી. આવો વસ્તુનો સ્વભાવ છે તે મિથ્યાદષ્ટિને ખ્યાલમાં આવતો નથી. તેથી એના માટે વસ્તુ જ નથી. નિયમસાર પૃ. ૨૧૭માં કહ્યું છે કે મિથ્યાદષ્ટિ અભવીને પરમ પારિણામિકભાવ વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન છે.

ચૈતન્યસૂર્ય જ્ઞાનાદિ અનંતગુણોથી પરિપૂર્ણ છે, તેની એક સમયની પર્યાયમાં અલ્પજ્ઞતા અને રાગાદિ છે. પણ ત્રિકાળી સ્વભાવ શુદ્ધ અને પૂર્ણ છે એની જેને ખબર નથી તેના માટે આત્મવસ્તુ હોવા છતાં અવસ્તુ જ છે. જેમ કોઈ છોકરાનો બાપ લાખો રૂપિયાની મૂડી મૂકીને મરી ગયો હોય પણ તેની છોકરાને ખબર ન હોય તો તે મૂડી હોવા છતાં એને કાંઈ લાભ નથી એટલે કે તેને માટે તે અમૂડી સમાન છે.

આત્માની અશુદ્ધ પર્યાય અનાદિથી છે, તેના કરતાં સિદ્ધની શુદ્ધ પર્યાય અનંતગુણી છે. અશુદ્ધ પર્યાય અનાદિથી હોવા છતાં એનો અંત આવી જાય છે પણ સિદ્ધપર્યાયનો અંત આવતો નથી. જે કોઈ ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યકાળની પર્યાયને એક સમય અધિક માને છે તેણે આત્મદ્રવ્યને અનંતમે ભાગે માન્યું એટલે તેને દ્રવ્યનું સાચું જ્ઞાન રહ્યું નહિ. એક દ્રવ્યને પરિપૂર્ણ ન માન્યું તેણે અનંત દ્રવ્યોને પરિપૂર્ણ ન માન્યાં. તેથી તેણે આત્માને રાગવાળો અને અલ્પજ્ઞ માન્યો, તેને સર્વજ્ઞ અને વીતરાગની શ્રદ્ધા નથી. આ બે કથનો યથાર્થ પરીક્ષા કરીને સત્ય વસ્તુસ્વરૂપને અંગીકાર કરવું જોઈએ.

આત્માના અવલબંને જે પૂર્ણ શુદ્ધતા પ્રગટી તેનો અંત આવતો નથી કેમ કે દ્રવ્યનો અંત નથી. વળી જેમ ભવિષ્યકાળમાંથી ભૂતમાં અનંતો કાળ ગયો છતાં ભવિષ્યકાળનો અંત આવ્યો નથી અને



હજુ અનંતો કાળ ભૂતકાળમાં ભળશે છતાં ભવિષ્યકાળનો અંત આવશે નહિ માટે ભૂતકાળથી ભવિષ્યકાળ અનંતગુણો છે. ભૂતકાળનો તો અંત આવી ગયો એટલે કે ભૂતકાળના અશુદ્ધ પર્યાય અનાદિની હતી તેનો અભાવ થઈ ગયો પણ શુદ્ધ પર્યાય થઈ તેનો અંત આવશે નહિ. આ વાત ખ્યાલમાં ન આવે ત્યાં સુધી દ્રવ્યનો સ્વભાવ અનંતો છે તે શ્રદ્ધામાં આવશે નહિ. દ્રવ્યની પરિપૂર્ણતા, અખંડતા, અભેદતા અને અનંતતાનો જેને ખ્યાલ નથી તેને સ્વભાવના આશ્રયે જે શુદ્ધતા પ્રગટ થાય છે તે શુદ્ધતાનો અને દ્રવ્યનો ખ્યાલ આવતો નથી. નિગોદના એક એક જીવમાં ભૂતકાળ કરતાં ભવિષ્યકાળની શુદ્ધતા અનંતી ભરેલી છે. જે શુદ્ધતા પ્રગટે તેને અનંતો કાળ ટકાવી રાખે એવી શક્તિ દરેક જીવમાં પડી છે. માટે સમજવું જોઈએ કે સંસાર કરતાં સિદ્ધની પર્યાય અનંતગુણી છે.

આ રીતે વસ્તુસ્થિતિ છે તે અજ્ઞાનીને અંતરમાં બેસતી નથી. જેમ ભરવાડના હાથમાં હીરો આવે તો તેને કાંકરો માની ફેંકી દે તો લાભનું કારણ થતું નથી તેમ અજ્ઞાનીને અત્યારે આ સત્ય ઉપદેશ મળ્યો છે તેની કીંમત આવતી નથી. જેમ બાવળને બાયડી હોય નહિ તેમ મિથ્યાદષ્ટિને આત્મા હોય નહિ. પરમાત્માએ જેવો આત્મા છે તેવો કહ્યો છે તે અખંડ પરિપૂર્ણ આત્મા જેને ખ્યાલમાં ન આવે તેને મિથ્યાત્વ અને વિકારનું જોર આવે છે પણ સ્વભાવનું જોર આવતું નથી. સત્ય વસ્તુ સાંભળવા મળી અને નકાર કરે છે તેને વસ્તુ હોવા છતાં તેની પ્રાપ્તિ થતી નથી. જેમ મેરુ પર્વતની નીચે સોનુ છે તે ઉપયોગમાં આવતું નથી તેમ મિથ્યાદષ્ટિને આત્મા પરિપૂર્ણ સિદ્ધ સમાન હોવા છતાં એના માટે કાંઈ લાભ નથી. એવા મિથ્યાદષ્ટિ જીવો અનાદિના છે, કોઈએ કર્યા નથી. પોતે સ્વભાવને સમજ્યા વગર ભ્રમણા ઉત્પન્ન કરી છે. અહીં તો કેવળી ભગવાનને અનિષ્ટ જે પુણ્ય-પાપાદિ તેનો નાશ થયો છે અને ઈષ્ટ જે પરમાનંદ સ્વભાવ તે પ્રગટ થયો છે એમ પ્રવચનસારની ગાથામાં કહ્યું છે.

વળી શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ વિરચિત બૃહદ્દ્રવ્યસંગ્રહમાં ૪૪મી ગાથા દ્વારા કહ્યું છે કે :

**दंसणपुव्वं णाणं छदमत्थाणं ण दोण्णि उवओग्गा।**
**जुगवं जह्मा केवलिणाहे जुगवं तु ते दोवि॥**

**ગાથાર્થ** : છદ્મસ્થોને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે (અર્થાત્ પહેલાં દર્શન અને પછી જ્ઞાન થાય છે), કારણ કે તેમને બન્ને ઉપયોગો યુગપદ્ હોતા નથી; કેવળીનાથને તે બન્ને યુગપદ્ હોય છે.

છદ્મસ્થોને એટલે ગણધર હો કે મુનિરાજો વગેરેને હજુ અપૂર્ણતા છે, તેમને પુરુષાર્થ પૂરો નથી, તેમને પહેલાં દર્શન ઉપયોગ અને પછી જ્ઞાન ઉપયોગ હોય છે. શુદ્ધ ઉપયોગની વાત ઘણી સ્પષ્ટ કરી છે. આચાર્યોએ પરંપરાએ ધર્મને બરાબર થંભાવી રાખ્યો છે પણ જીવ પોતે પોતાની પાત્રતાથી ન સમજે ત્યાં શું થાય ? જ્ઞાનની ક્રિયા પોતાથી થાય છે, તેમાં પર ઈંદ્રિયાદિ નિમિત્ત હોય છે પણ નિમિત્તના કારણે પોતાનો ઉપયોગ થતો નથી. અજ્ઞાનીને લાગે છે કે નિમિત્તને મેળવવું જોઈએ. ખરેખર

આત્મા પરદ્રવ્યને મેળવી શકતો નથી એની તેને ખબર નથી અને આત્માનું વર્તમાન, નિમિત્ત આવ્યું તો થયું એમ માનવામાં આવે તો આત્માનું વર્તમાન પોતાને આધીન રહ્યું નહિ. અને વર્તમાન ન રહેતા વસ્તુ પણ રહી નહિ. જેની સંયોગ ઉપર દૃષ્ટિ છે તેને સ્વભાવ બેસતો નથી.

હીરા કીંમતી હોવા છતાં હીરાના અજાણને એની કીંમત આવતી નથી. એમ ચૈતન્ય અખંડાનંદ હીરો છે તેની અજ્ઞાનીને કીંમત નથી. જેણે આત્માની રુચિ કરીને સાચી સમજણ કરી છે તેના માટે તે હીરો છે. આત્માના અવલંબને મુનિપણું પ્રગટ કર્યું હોય એવા ગણધરાદિના જ્ઞાન-દર્શનનો ઉપયોગ એક સાથે હોતો નથી પણ કેવળીનાથને એટલે કે કેવળજ્ઞાનના રક્ષણ કરનારા ભગવાનને એક સાથે બન્ને ઉપયોગ હોય છે. આ ગાથાના રચયિતા શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી હતા. એમણે અંતરના જ્ઞાન વડે ષટ્ખંડાગમને સિદ્ધ કર્યા હતા. જેમ ચક્રવર્તી ચક્ર વડે છ ખંડને સાધે છે તેમ આ સિદ્ધાંતના ચક્રવર્તી હતા. તેઓ કહે છે કે કેવળીને દર્શન-જ્ઞાનનો ઉપયોગ એક સમયે સાથે હોય છે. ધવલાદિ શાસ્ત્રો છે તેનો અભ્યાસ સાધારણ પ્રાણીઓ કરી શકે નહિ. તે શાસ્ત્રો આ સંત-મુનિને કંઠાગ્રે હતા. તે કહે છે કે કેવળી ભગવાનને એક સમયમાં બન્ને ઉપયોગ ન હોય તો કેવળજ્ઞાન પૂર્ણ છે એમ કહેવાય નહિ. માટે કેવળીનાથને બન્ને ઉપયોગ એકી સાથે હોય છે.

વળી આ ૧૬૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે.

### શ્લોક ૨૭૩

(स्रग्धरा)

**वर्तेते ज्ञानदृष्टी भगवति सततं धर्मतीर्थाधिनाथे**
**सर्वज्ञेऽस्मिन् समंतात् युगपदसदृशे विश्वलोकैकनाथे।**
**एतावुष्णप्रकाशौ पुनरपि जगतां लोचनं जायतेऽस्मिन्**
**तेजोराशौ दिनेशे हतनिखिलतमस्तोमके ते तथैवम्॥ २७३॥**

**શ્લોકાર્થ** : જે ધર્મતીર્થના અધિનાથ (નાયક) છે, જે અસદૃશ છે (અર્થાત્ જેના સમાન અન્ય કોઈ નથી) અને જે સકળ લોકના એક નાથ છે એવા આ સર્વજ્ઞ ભગવાનમાં નિરંતર સર્વતઃ જ્ઞાન અને દર્શન યુગપદ્ વર્તે છે. જેણે સમસ્ત તિમિરસમૂહનો નાશ કર્યો છે એવા આ તેજરાશિરૂપ સૂર્યમાં જેવી રીતે આ ઉષ્ણતા અને પ્રકાશ (યુગપદ્) વર્તે છે અને વળી જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે (અર્થાત્ સૂર્યના નિમિત્તે જીવોના નેત્ર દેખવા લાગે છે), તેવી જ રીતે જ્ઞાન અને દર્શન (યુગપદ્) હોય છે (અર્થાત્ તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનને જ્ઞાન અને દર્શન એકી સાથે હોય છે અને વળી સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે જગતના જીવોને જ્ઞાન-દર્શન પ્રગટ થાય છે). ॥ ૨૭૩ ॥

જે ધર્મતીર્થના અધિનાથ છે, ખરેખર તો આત્મા પોતે પોતાના ધર્મતીર્થનો કરનારો છે પણ



તેમાં તીર્થંકર ભગવાન નિમિત્ત છે માટે નિમિત્તથી કહેલ છે કે તે તીર્થના નાયક છે, વળી જેના સમાન અન્ય કોઈ નથી. ગણધર પણ કેવળીનાથ જેવા નથી તો પછી અન્ય મિથ્યાદૃષ્ટિની તો વાત જ શું કરવી ? એટલે બીજા કોઈ તીર્થંકર જેવા નથી. ભગવાન સકળલોકના એક નાથ છે, એટલે સકળલોકને કરનારા નથી પણ જાણનારા છે. એવા આ સર્વજ્ઞ ભગવાનમાં નિરંતર સર્વતઃ જ્ઞાન અને દર્શન યુગપદ્ વર્તે છે. એક સમયનો વિરહ પડતો નથી. આત્માના અસંખ્ય પ્રદેશમાં એકી સાથે વર્તી રહ્યું છે. જેમ સૂર્ય તેજનો ગંજ છે તેમ આત્મા જ્ઞાનનો ગંજ છે. તેમાં જ્ઞાન-દર્શન ઉપયોગ એકી સાથે હોય છે.

### ફાગણ વદ ૫, રવિવાર, ૧૬-૩-૫૨.

અહીં અધિકાર શુદ્ધ ઉપયોગનો ચાલે છે. એમાં કેવળી ભગવાન તથા સિદ્ધ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય છે. આ સ્વરૂપને જે જાણતો નથી તેને ધર્મ થતો નથી. સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું ભગવાનને પ્રગટ થયું તે ક્યાંથી આવ્યું ? પૂર્ણાનંદ અને પૂર્ણ વીર્ય પ્રગટ થયું છે તે ભગવાન ક્યાંથી લાવ્યા? તે કહે છે.

કેવળજ્ઞાન-દર્શન, આનંદ આદિ બહારથી આવતાં નથી પણ આત્મામાં શક્તિરૂપે છે તેમાંથી પ્રગટ થાય છે. શરીર, વાણી કે પુણ્ય-પાપમાંથી તે આવતાં નથી કેમ કે શરીર-વાણી તો પર છે. અને શુભાશુભભાવ તો વિકાર છે, વળી તે પૂર્ણતા, અધૂરી દશામાંથી પણ થતી નથી એટલે કે અલ્પજ્ઞતામાંથી સર્વજ્ઞતા થતી નથી. આત્મા ધ્રુવ શક્તિરૂપે છે એની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે. એ સિવાય બીજા કોઈ ઉપાયથી થતી નથી. તે દૃષ્ટાંતથી કહે છે.

જેમ કે કોઈ પ્રથમ નિર્ધન હોય અને પછી સધન થાય તો તે સધનતા ક્યાંથી થઈ ? પહેલાં મૂડી ન હતી અને પછી ક્યાંથી થઈ ? તો તેનો વિચાર કરે છે. બ્રહ્મદેશાદિ દેશાવરમાં મોટો વેપાર કર્યો હતો તેમાંથી કરોડો રૂપિયા થયા છે. નાના ગામડામાં કરોડો રૂપિયાની મૂડી થતી નથી. તેમ આત્મા અનાદિકાળથી પર્યાયમાં નિર્ધન હતો એટલે કે સંસારદશામાં અલ્પજ્ઞ હતો. તેને કેવળજ્ઞાનરૂપી ધનની પ્રાપ્તિ થઈ તે ક્યાંથી થઈ ? તો કહે છે કે આત્મા બ્રહ્મદેશ છે, તે દેશમાં અનંત આનંદ અને કેવળજ્ઞાનની પેદાશ થાય છે. આત્માનો અંતર દેશ ધ્રુવ છે તેના અવલંબને કેવળજ્ઞાન પમાય છે, એ સિવાય બહારથી પ્રાપ્ત થતું નથી. પરપદાર્થ કે શુભાશુભ ભાવમાંથી કેવળજ્ઞાનરૂપી ધનની પ્રાપ્તિ થતી નથી અને અધૂરી પર્યાયમાંથી પણ પૂર્ણ પર્યાય થતી નથી પણ આત્મદ્રવ્ય દેશ છે એની ઓળખાણ કરે તો એમાંથી પ્રગટ થાય એમ છે. આ દ્રવ્યસ્વભાવનો સ્વીકાર કર્યા વગર સર્વજ્ઞાદિનો સાચો સ્વીકાર નથી. માટે પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાયની ઓળખાણ કરવી જોઈએ.

પંચાધ્યાયીમાં આત્માને દેશ કહેલ છે, એ દેશમાં કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી ભરી છે. તેમાં એકાગ્ર થાય તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આત્મા કાયમની ચીજ છે, કેવળજ્ઞાન પર્યાય છે, તે કાયમની

ચીજ નથી. કાયમની ચીજ શક્તિવાન છે. એના અવલંબને શક્તિની વ્યક્તિ થાય છે. માટે શક્તિ અને શક્તિવાનનો નિર્ણય કર્યા વગર કેવળજ્ઞાનનો નિર્ણય થાય નહિ. અહીં તીર્થંકરની ઓળખાણ કરાવી છે. ભગવાન તીર્થના અધિનાથ છે. આત્માનું સાચું જ્ઞાન કરીને તેમાં લીન થયા તે સાચા મુનિ છે. ભગવાન તેમના નાયક છે. ધર્મી જીવો સ્વભાવનું અવલંબન કરીને સંસારના નાશના રસ્તે પડ્યા છે. તેના પણ સર્વજ્ઞ પરમાત્મા નાયક છે. ભગવાનને રસ્તો પૂરો થયો છે. એમના સમાન અન્ય કોઈ નથી. સંતોના ટોળાના નાયક એવા ગણધર પણ કેવળજ્ઞાની જેવા નથી.

જે સકળલોકના નાથ છે એવા આ સર્વજ્ઞ ભગવાનમાં નિરંતર સર્વતઃ જ્ઞાન અને દર્શન યુગપદ્ વર્તે છે. કેવળી ભગવાન આદર્શ સમાન છે. જેમ અરીસામાં પદાર્થ જણાય છે તેમ ભગવાન પોતાના આત્માને જાણવા માટે અરીસા સમાન છે-નિમિત્ત છે. તેની બરાબર ઓળખાણ કરે તો પોતાના આત્માને જાણે, એનું રક્ષાણ થયા વગર રહે નહિ. અત્યારે મહાવિદેહમાં તીર્થંકરો અને કેવળીઓ બિરાજે છે અને અનંતા સિદ્ધો સિદ્ધક્ષેત્રમાં બિરાજે છે, માટે આ સર્વજ્ઞ ભગવાન છે એમ વિદ્યમાનતા બતાવે છે. તેમને જ્ઞાન અને દર્શન ઉપયોગ એક સાથે હોય છે, આઘો-પાછો (પહેલા-પછી) હોતો નથી. આઘો-પાછો થાય તો સર્વજ્ઞ કહેવાય નહિ. કેવળીને પૂર્ણતા કહેવી અને ઉપયોગ આઘો-પાછો કહેવો તે કેવળીની નિંદા છે અને કેવળીની નિંદા તે આત્માની નિંદા છે. વળી જેવી મુનિની દશા છે તેનાથી વિરુદ્ધ કહેનારા મુનિની નિંદા કરવાવાળા છે. એમ સત્‌શાસ્ત્રથી વિરુદ્ધ માનનાર તે શાસ્ત્રની નિંદા કરનારા છે. શાસ્ત્રમાં વિરુદ્ધ લખ્યું હોય તો તે શાસ્ત્ર પણ ખોટા છે. કેવળીને નિરંતર શુદ્ધ ઉપયોગ વર્તે છે. પરિપૂર્ણતામાં અપૂર્ણતા કહેવી તે પૂર્ણતાનો અનાદર છે એટલે ખરેખર તો પોતાનો અનાદર છે.

જેણે સમસ્ત તિમિરસમૂહનો નાશ કર્યો છે એવા આ તેજરાશિરૂપ સૂર્યમાં જેવી રીતે આ ઉષ્ણતા અને પ્રકાશ યુગપદ્ વર્તે છે અને જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે, અર્થાત્ સૂર્યના નિમિત્તે જીવોના નેત્ર દેખવા લાગે છે. તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનને જ્ઞાન અને દર્શન એકી સાથે હોય છે, અને સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે.

કેવળી ભગવાનને કેવળજ્ઞાનરૂપી ચૈતન્યસૂર્ય પ્રગટ થયો છે. જેમ સૂર્યમાં પ્રકાશ અને તાપ સાથે હોય છે તેમ ચૈતન્યસૂર્યમાં જ્ઞાન-દર્શન ઉપયોગ એક સાથે હોય છે. વળી જેમ નેત્રવાનને દેખવામાં સૂર્ય નિમિત્ત થાય છે તેમ જે જીવ જ્ઞાન પ્રગટ કરે છે તેને સર્વજ્ઞ ભગવાન નિમિત્ત કહેવાય છે. ભગવાનના નિમિત્તે જ્ઞાન થાય છે એમ વ્યવહારથી કહેવાય છે. જો સૂર્યના કારણે દેખાતું હોય તો આંધળાને દેખાવું જોઈએ. અને ભગવાનના કારણે જ્ઞાન થતું હોય તો બધાને થવું જોઈએ. પણ એમ બનતું નથી.

સર્વજ્ઞ ભગવાનને એકી સાથે બન્ને ઉપયોગ હોય છે એવો જ મારા આત્માનો સ્વભાવ છે એમ



નિર્ણય કરવો જોઈએ. દેવાધિદેવ તીર્થંકર ભગવાનને પૂર્ણ જ્ઞાનદશા પ્રગટી તે અંતરશક્તિરૂપે હતી તેમાંથી પ્રગટી છે. દરેક આત્મામાં સહજ શક્તિ છે, તેનું અવલંબન કરે તો પ્રગટ થાય એમ છે. તે શક્તિ પોતામાં કામ કરે છે, પરમાં કામ કરતી નથી. જેમ કોઈ ગરીબ દશાશ્રીમાળી વાણિયો હોય ને કોઈ શ્રીમંત હોય તો પણ નાતની અપેક્ષાએ બધા સરખા છે. એમ ભગવાનની જાતનો આત્મા છે. આંખ તો ઉઘાડ કે તારી જાતના અનંતા આત્માઓ કેવળી થઈ ગયા હવે જાગીને જો તો ખરો ! હું સર્વજ્ઞ સમાન છું એવો વિશ્વાસ કર તો આત્માની શાંતિ પ્રગટે તેમ છે.

## શ્લોક ૨૭૪

(वसंततिलका)

**सद्बोधपोतमधिरुह्य भवाम्बुराशि-**
**मुल्लंघ्य शाश्वतपुरी सहसा त्वयाप्ता।**
**तामेव तेन जिननाथपथाधुनाहं**
**याम्यन्यदस्ति शरणं किमिहोत्तमानाम्॥ २७४॥**

**શ્લોકાર્થ** : (હે જિનનાથ !) સદ્‌જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી ભવસાગરને ઓળંગી જઈને, તું ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો. હવે હું જિનનાથના તે માર્ગે (-જે માર્ગે જિનનાથ ગયા તે જ માર્ગે) તે જ શાશ્વતપુરીમાં જાઉં છું; (કારણ કે) આ લોકમાં ઉત્તમ પુરુષોને (તે માર્ગ સિવાય) બીજું શું શરણ છે ? ॥ ૨૭૪ ॥

મુનિ સમ્યગ્દષ્ટિ જ્ઞાની સંત છે. તે મહામુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે, તે કહે છે કે હે જિનનાથ ! સદ્‌જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી ભવસાગરને ઓળંગી જઈને તું ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો. હે ત્રિલોકનાથ કેવળજ્ઞાની પ્રભુ ! તમે ત્રિકાળી જ્ઞાનસ્વભાવથી પ્રગટ થતી સમ્યગ્જ્ઞાનરૂપી નાવને પામીને સિદ્ધદશાને પ્રગટ કરી છે. પુણ્ય-પાપરૂપી નાવથી સંસારસમુદ્રનો પાર પમાતો નથી. અંતરની મૂડી અંતરમાં છે, તેમાંથી સમ્યગ્જ્ઞાન થાય છે. અહીં સમ્યગ્જ્ઞાનમાં મોક્ષમાર્ગને સમાવી દીધો છે, વચમાં વિકલ્પ આવે તે વિકાર છે, સમ્યગ્જ્ઞાન નથી.

અહીં ભગવાન કેવળજ્ઞાન કેવી રીતે પામ્યા ? એ વિધિ પણ સાથે સાથે સમજાવે છે. આત્માના અવલંબને સમ્યગ્જ્ઞાન થાય છે. તેમાં આરોહણ કરે તે વ્યવહારને છોડી દે છે. નિમિત્તના ઘોડે ચડ્યો હતો તે ઘોડો ફેરવી નાખ્યો અને વિકલ્પનો ઘોડો પણ છોડી દીધો. તે સ્વભાવને ઘોડે ચડ્યો છે. સમ્યગ્જ્ઞાનરૂપી નાવમાં ચડીને સંસારને ઓળંગી ગયો છે, સમ્યગ્જ્ઞાનના ઘોડે મોક્ષ થાય છે.

અહીં મુનિરાજ કહે છે કે હે નાથ ! તું તો ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો છે અને અમોને હજુ વિકલ્પ વર્તે છે. અહીં તુંકારો કહે છે, તેમાં પ્રેમના ઉમળકા છે. તમો કેવળજ્ઞાનરૂપી મૂડીને

પામ્યા તે કયા દેશથી લાવ્યા છો ? તે દેશને અમે જાણ્યો છે. તું તેને પહોંચ્યો છે, અમે પહોંચવાના છીએ. આત્માની પૂર્ણ પર્યાય છે તેને અહીં શાશ્વતપુરી કહેલ છે.

હવે હું જિનનાથના માર્ગે છું. ભગવાન જે માર્ગે શાશ્વતપુરીમાં ગયા એ માર્ગે હું ત્યાં જાઉં છું. કારણ કે આ લોકમાં ઉત્તમ પુરુષોને તે માર્ગ સિવાય બીજું શું શરણ છે ? અહીં મુનિ કહે છે કે હું સંસારમાં રહેવાનો નથી, બીજાને પૂછવા જવું પડે નહિ. નિત્ય ધ્રુવ પદાર્થના અવલંબને જે દશા પ્રગટ થઈ તે માર્ગે ભગવાન શાશ્વતપુરીમાં ગયા અને હું આવું છું, અમે પણ એકાદ ભવ કરીને મુક્તિને પામવાના છીએ એમાં સંદેહ નથી. માર્ગ પ્રગટ થયો એટલે પૂર્ણતા થયા વિના રહે નહિ.

ભગવાનના કહેલા માર્ગ સિવાય બીજું કોઈ આત્માને શરણ નથી. આત્મા પરિપૂર્ણ પ્રભુ છે. તેના અવલંબને પૂર્ણદશા થઈ અને સ્વભાવની એકતા થઈ, પછી દુઃખ હોય નહિ. આ સમજ્યા વગર બીજી અનેક પ્રકારની ક્રિયા કરે તો એનાથી ધર્મ થાય નહિ.

હવેના કળશમાં મુનિરાજ જગતની સ્ત્રીનો પ્રેમ તોડાવવા આત્માની પૂર્ણ પર્યાયનો પ્રેમ કરાવે છે.

## શ્લોક ૨૭૫

(मन्दाक्रान्ता)

**एको देवः स जयति जिनः केवलज्ञानभानुः**
**कामं कान्तिं वदनकमले संतनोत्येव कांचित्।**
**मुक्तेस्तस्याः समरसमयानंगसौख्यप्रदायाः**
**को नालं शं दिशतुमनिशं प्रेमभूमेः प्रियायाः ॥ २७५ ॥**

**શ્લોકાર્થ :** કેવળજ્ઞાનભાનુ (-કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધરનારા સૂર્ય) એવા તે એક જિનદેવ જ જયવંત છે. તે જિનદેવ સમરસમય અનંગ (-અશરીરી, અતીંદ્રિય) સૌખ્યની દેનારી એવી તે મુક્તિના મુખકમળ પર ખરેખર કોઈ અવર્ણનીય કાન્તિને ફેલાવે છે; (કારણ કે) કોણ (પોતાની) સ્નેહાળ પ્રિયાને નિરંતર સુખોત્પત્તિનું કારણ થતું નથી ? ॥ ૨૭૫ ॥

કેવળજ્ઞાનભાનુ એટલે કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધરનારા સૂર્ય એવા એક જિનદેવ જ જયવંત છે. આત્માને પરપદાર્થ જયવંત નથી કેમ કે શરીર, સ્ત્રી વગેરે આત્મા સાથે કાયમ રહેનાર નથી અને પુણ્ય-પાપ પણ કાયમી રહેતા નથી માટે તે જયવંત નથી, પણ સર્વજ્ઞદશા પ્રગટ થઈ તે એવી ને એવી રહે છે, તેથી તે જયવંત છે. જિનદેવ સમરસમય અનંગ સૌખ્યની દેનારી એવી તે મુક્તિના મુખકમળ પર ખરેખર કોઈ અવર્ણનીય કાંતિને ફેલાવે છે. કારણ કે કોણ પોતાની સ્નેહાળ પ્રિયાને નિરંતર સુખોત્પત્તિનું કારણ થતું નથી ? અહીં કહે છે કે કેવળજ્ઞાનરૂપી મુક્તિસુંદરી તે આત્માની



અર્ધાંગના છે. સામાન્ય ત્રિકાળ છે અને વિશેષ તેનું અંગ છે, સામાન્ય ને વિશેષ થઈને વસ્તુ છે. તે સામાન્ય-વિશેષ એક સમય પણ જુદા પડે નહિ. શુદ્ધ પર્યાય તે આત્માની પત્ની છે. તે અશરીરી અને અતીંદ્રિય આનંદની દેનારી છે.

આત્મામાં મુક્તિરૂપી દશા પ્રગટ થાય છે તે સમયે સમયે એવી ને એવી થયા કરે છે. તે ગુણ નથી પણ પર્યાય છે. તે પર્યાય જેનું વર્ણન ન થઈ શકે એવા કેવળજ્ઞાન-આનંદની શોભાને વિસ્તારે છે. જે પૂર્ણ પર્યાય પ્રગટ થાય છે તેમાં મુનિરાજ અહીં સ્ત્રીનો અલંકાર કરે છે. કેવળજ્ઞાની ભગવાન પોતાની પર્યાયની શોભા વધારી રહ્યા છે. જગતની સ્ત્રીના રાગી પુરુષો સ્ત્રીની શોભા વધારે છે, પણ તે ખરેખર સ્ત્રીની શોભા માટે કરતા નથી પણ પોતાના રાગ માટે કરે છે. કેવળજ્ઞાની પોતાની પર્યાયની શોભા પોતાના આનંદ માટે વધારે છે. સર્વજ્ઞ ભગવાનને પોતાની પૂર્ણ શુદ્ધ પર્યાયનો પ્રેમ છે, તેનો વિરહ થવા દેતા નથી, નિરંતર વહ્યા કરે છે. એવી દ્રવ્ય અને પર્યાયની એકતા થઈ ગઈ છે.

## શ્લોક ૨૭૬

(अनुष्टुभ्)

**जिनेन्द्रो मुक्तिकामिन्याः मुखपद्मे जगाम सः।**
**अलिलीलां पुनः काममनङ्गसुखमद्वयम् ॥ २७६ ॥**

**શ્લોકાર્થ :** તે જિનેંદ્રદેવે મુક્તિકામિનીના મુખકમળ પ્રત્યે ભ્રમરલીલાને ધારણ કરી (અર્થાત્ તેઓ તેમાં ભ્રમરની જેમ લીન થયા) અને ખરેખર અદ્વિતીય અનંગ (આત્મિક) સુખને પ્રાપ્ત કર્યું. ॥ ૨૭૬॥

જિનેંદ્રદેવે મુક્તિકામિનીના મુખકમળ પ્રત્યે ભ્રમરલીલાને ધારણ કરી, ખરેખર અદ્વિતીય અનંગ સુખને પ્રાપ્ત કર્યું છે. ભગવાને દ્રવ્યસ્વભાવમાં પોતાની પર્યાયને લીન કરી છે. તેઓ કેવળજ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિમાં બિરાજી રહ્યા છે. એમણે અભેદ અદ્વિતીય સુખ પ્રાપ્ત કર્યું છે. સંસારમાં એ સુખ હોતું નથી. અહીં કેવળજ્ઞાન-કેવળદર્શનને ઓળખીને તેના ગાણાં ગાયા છે. જેમ ભમરો કમળમાં લીન થાય તેમ ભગવાન પોતાના સ્વભાવમાં લીન થયા છે. અનંત સુખ-આનંદમાં ડૂબી ગયા છે.

**ફાગણ વદ ૯, સોમવાર, ૧૭-૩-૫૨.**

આ અધિકાર શુદ્ધ ઉપયોગનો છે. તેમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનનો સ્વભાવ કેવો હોય તે જણાવે છે. ધર્મ કરનારે પહેલાં આ જાણવું જોઈએ. જેને જેની રુચિ હોય તે થોડામાં ઘણું બતાવે છે. તેમ અહીં અલ્પજ્ઞ, સર્વજ્ઞપણું કેવું હોય તે બતાવે છે. પહેલાં સમયે જ્ઞાન ઉપયોગ અને બીજા સમયે દર્શન ઉપયોગ પૂર્ણદશામાં માનવામાં આવે તો તે વાત ખોટી છે કેમ કે પૂર્ણતામાં ક્રમ પડતો નથી, ક્રમ પડે તો અખંડતા રહેતી નથી, સ્વાભાવિક વિકાસવાળું જ્ઞાન ઠર્યું નહિ. કેવળજ્ઞાનીને પહેલા-પછી ઉપયોગ માનવામાં આવે તો તે વ્યવહાર પણ નથી. હવે ૧૬૧મી ગાથામાં એકલો વ્યવહારને માને તો તે પણ મિથ્યાદષ્ટિ છે એ કહે છે.

**ગાથા ૧૬૧**

**णाणं परप्पयासं दिट्ठी अप्पप्पयासया चेव।**
**अप्पा सपरपयासो होदि त्ति हि मण्णसे जदि हि॥ १६१॥**

**ज्ञानं परप्रकाशं दृष्टिरात्मप्रकाशिका चैव।**
**आत्मा स्वपरप्रकाशो भवतीति हि मन्यसे यदि खलु॥ १६१॥**

**દર્શન પ્રકાશક આત્મનું, પરનું પ્રકાશક જ્ઞાન છે,**
**નિજપરપ્રકાશક જીવ, –એ તુજ માન્યતા અયથાર્થ છે. ૧૬૧**

**અન્વયાર્થ** : **(ज्ञानं परप्रकाशं)** જ્ઞાન પરપ્રકાશક જ છે **(च)** અને **(दृष्टिः आत्मप्रकाशिका एव)** દર્શન સ્વપ્રકાશક જ છે **(आत्मा स्वपरप्रकाशः भवति)** તથા આત્મા સ્વપરપ્રકાશક છે **(इति हि यदि खलु मन्यसे)** એમ જો તું ખરેખર માનતો હોય તો તેમાં વિરોધ આવે છે.

કેવળજ્ઞાનના સંબંધમાં અનેક જુદા જુદા મત છે. કેટલાક તો એમ માને છે કે જ્ઞાન પરને જ જાણે છે અને દર્શન સ્વને જ દેખે છે. તો તે વાત ખોટી છે. વ્યવહારના શાસ્ત્રો જેવા કે ધવલાદિ ગ્રંથોમાં આવે છે કે જ્ઞાન પરને જાણે છે અને દર્શન સ્વને દેખે છે તો એ તો નિશ્ચય એવો અભેદ સ્વ-પરપ્રકાશક આત્મા છે એ વાત રાખીને જ્ઞાન-દર્શન બે ગુણોને ભેદથી સમજાવે છે. કેમ કે બન્ને ગુણોનું કાર્ય જુદું જુદું છે, તે બતાવવા વ્યવહારથી કહેલ છે પણ નિશ્ચયથી જ્ઞાન અને દર્શન બન્ને સ્વ-પરપ્રકાશક છે.

અત્યારે જૈન સંપ્રદાયોમાં વાસ્તવિક વાત એટલી બધી ફરી ગઈ છે કે સાચાની ગંધ રહેવા દીધી નથી, માટે સત્ય વાતની યથાર્થ પરીક્ષા કરવી જોઈએ. અજ્ઞાની જે સંપ્રદાયમાં જન્મ્યો ત્યાં સર્વસ્વ માની બેઠો છે પણ વસ્તુસ્થિતિને સમજવાની દરકાર કરતો નથી. કોઈ વસ્તુ લેવા જાય ત્યાં તો બે વસ્તુને તપાસી પરીક્ષા કરીને ખરીદ કરે છે એમ અહીં પણ પરીક્ષા કરીને અરિહંત અને સિદ્ધના સ્વરૂપને બરાબર જાણવું જોઈએ, જાણ્યા વગર સર્વજ્ઞ ભગવાનની સાચી શ્રદ્ધા થાય નહિ.



**ટીકા** : આ આત્માના સ્વ-પરપ્રકાશકપણા સંબંધી વિરોધ કથન છે. ભગવાન આત્મા સ્વપરપ્રકાશક છે તો તેનો એક ગુણ સ્વને પ્રકાશે અને બીજો ગુણ પરને પ્રકાશે એમ માનતા તો વિરોધ આવે છે. ગુણીના તે ગુણો ઠર્યા નહિ. આત્માના ગુણો હોય તો આત્માની જેમ તેના ગુણો પણ સ્વપરપ્રકાશક હોય માટે આત્માને સ્વ-પરપ્રકાશક કહેવો અને તેના ગુણોમાં ભેદ કહેવો તે વિરોધ છે.

પ્રથમ તો આત્માને સ્વ-પરપ્રકાશકપણું કઈ રીતે છે ? એ વિચારવામાં આવે છે. આત્મા જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણોનો પિંડ છે, તેની રુચિપૂર્વક તેમાં રમણતા કરવી તે ધર્મ છે. અભેદમાં ભેદ પાડવો તે સંસાર છે, અભેદતા કરવી તે મોક્ષમાર્ગ છે. વસ્તુ અખંડ છે અને તેના ગુણો અટકી અટકીને કામ કરે તો ખંડતા થાય છે, તે અધર્મ છે. માટે પર્યાયનું વલણ પર તરફ ન વાળતા સ્વ તરફ વાળવું તે જ ધર્મ છે. તે ધર્મની પૂર્ણતા થઈ હોય તેનો ઉપયોગ કેવો હોય ? તે સમજાવે છે. પૂર્ણ અભેદતા થઈ તેની એક પર્યાય બહારનું કામ કરે અને એક પર્યાય અંતરનું કામ કરે એમ માનવામાં આવે તો એકતા રહી નહિ, પણ ખંડતા થઈ. માટે જ્ઞાન પરને જ જાણે અને દર્શન સ્વને જ દેખે તે વાત ખોટી છે.

અહીં કોઈ કહે કે વ્યવહારનયના ગ્રંથમાં જ્ઞાનને પરપ્રકાશક અને દર્શનને સ્વપ્રકાશક કેમ કહેલ છે ? તો કહે છે કે આત્મામાં ગુણભેદ છે તેને ન માને તો પણ ખોટું છે. તે બતાવવા ત્યાં વ્યવહારનયથી કહેલ છે. પણ ખરેખર તો જ્ઞાન અને દર્શન બન્ને સ્વ-પરપ્રકાશક છે. બન્ને ગુણો દ્રવ્યથી અભેદ છે. ગુણભેદનું કાર્ય જુદું છે એ વ્યવહાર જણાવે છે. પણ એકલી ભેદતા માને તો મિથ્યાત્વ છે. બન્ને ગુણના વિષય જુદા છે તે અપેક્ષાએ ગુણભેદ કહેવાય છે. પણ ખરેખર તો દ્રવ્યનો વિષય તે ગુણનો વિષય છે. પણ ગુણભેદની અપેક્ષાએ જ્ઞાનનો સ્વભાવ વિશેષ છે તેથી લોકાલોકને જાણે છે. અને દર્શનનો વિષય સામાન્ય છે તે આત્માને દેખે છે એમ વ્યવહારથી કહેલ છે પણ નિશ્ચયથી એમ નથી. પરંપરાએ વીતરાગે કહેલા શાસ્ત્રોની અને સંતોએ કંઠે રાખેલા આગમજ્ઞાનની આ વાત છે. પણ નિશ્ચયને જાણ્યા વગર એકલા વ્યવહારની વાત કરે તો તેનો અહીં નિષેધ કર્યો છે.

**આત્મા જ્ઞાન દર્શનાદિ વિશેષ ગુણોથી સમૃદ્ધ છે.**

ભગવાન આત્મા ગુણોથી ભરેલો છે, વિકાર આત્માની ખાણમાં નથી અને શરીર, સ્ત્રી આદિ તો પર છે. તે તો આત્મામાં છે જ નહિ. પણ ભગવાન આત્મામાં જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય એવો ભાવ પણ નથી. તે તો જ્ઞાનાદિ ગુણોથી સમૃદ્ધિવાન છે. તેનું જ્ઞાન શુદ્ધ આત્માને પ્રકાશવામાં અસમર્થ હોવાથી પરપ્રકાશક જ છે એમ કોઈ કહે તો તે વાત ખોટી છે. આત્માના ગુણો આત્માની જેમ અભેદ કામ ન કરતાં એમાં ભેદ પાડીને જ્ઞાન એકલું પરપ્રકાશક જ છે એમ માને તો એકાંત છે.

એ રીતે નિરંકુશ દર્શન પણ કેવળ અભ્યંતરમાં આત્માને પ્રકાશે છે અર્થાત્ સ્વપ્રકાશક જ છે એમ કહેવું તે પણ ખોટું છે. આત્માને અનંતગુણથી સમૃદ્ધિશાળી કહેવો અને એમાં એક ગુણ માત્ર સ્વને જ દેખે અને એક ગુણ માત્ર પરને જ જાણે એવો ભેદ પાડવો તે એકાંત છે, સાચું નથી. જેમ આત્મા સ્વ-પરપ્રકાશક છે તેમ જ્ઞાન અને દર્શન પણ સ્વ-પરપ્રકાશક છે.

આવા આત્માના અભેદ કથનને જે સમજતો નથી તે વ્યવહારના ગ્રંથમાં ગુણભેદથી સમજાવ્યું હોય તેને એકાંતે પકડીને કહે છે કે : જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે એવું કોઈ આર્ષ વચન છે ? તો તેને કહે છે કે આત્મા વિશેષ ગુણોથી સમૃદ્ધિવાળો કહે અને તેના ગુણો જુદું જુદું કામ કરે-એમ અભેદમાં ભેદ પાડીને આત્મા સ્વ-પરપ્રકાશક તું કહે તો અહીં આચાર્ય ભગવાન કહે છે કે હે જડમતિ પ્રાથમિક શિષ્ય ! જો તું દર્શનશુદ્ધિના અભાવને લીધે એમ માનતો હોય તો તારાથી અન્ય કોઈ પુરુષ જડ નથી. અહીં એકલા વ્યવહારને પકડીને જે કોઈ વાત કરે છે તેને મૂર્ખ-જડમતિ કહ્યો છે. પણ પ્રાથમિક શિષ્ય કહીને જિજ્ઞાસાવાળો શિષ્ય લીધો છે. એવાને આ જ્ઞાન-દર્શન ઉપયોગ કેવળીને કેવો હોય છે તે સમજાવે છે.

ધવલ શાસ્ત્રમાં અંતર્મુખ દેખે તે દર્શન છે અને લોકાલોકને જાણે તે જ્ઞાન છે. આ વાત બન્ને ગુણોના કાર્યો જુદાં જુદાં છે એ બતાવવા વ્યવહારથી કથન કરેલ છે. પણ અહીં તો કહે છે કે આત્મા સ્વ-પરપ્રકાશક છે. તે અનંતગુણથી ભરેલો છે. તેમાં ગુણભેદ પાડે અને અભેદતાને ન માને તે મિથ્યાદૃષ્ટિ છે. જે અપેક્ષાએ ગુણભેદ બતાવ્યો છે તે એકલાને જ જાણે પણ નિશ્ચય એવા અભેદને ન માને તો તને દર્શનમોહ-મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે, તને દર્શનશુદ્ધિનો અભાવ છે. આ વાતને સમજ્યા વગર ભગવાન સાચા છે એમ ઓઘે ઓઘે માને તો ચાલે એમ નથી. બરાબર પરીક્ષા કરીને વસ્તુસ્વરૂપ નક્કી કરવું જોઈએ.

શ્રીમદે્ કહ્યું છે કે **''દિગમ્બરના તીવ્ર વચનોથી રહસ્ય કાંઈક સમજી શકાય છે''** એ વાત બરાબર છે.

અહીં પ્રાથમિક શિષ્યને કહે છે, જે એકલા વ્યવહારને જ ગ્રહણ કરીને બેઠો છે તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. તેને કહે છે કે તું મૂર્ખાઈથી ભરેલો છે. કોઈ કહે કે આ તો ચીભડાંના ચોરને ફાંસીની સજા જેવું થાય છે. તો કહે છે કે આ તો મુદ્દામાલનો ચોર છે. ત્રિલોકનાથ પરમાત્માના ગુણને જેમ છે તેમ ન કબૂલે અને ભેદથી સમજે તો તે બરાબર નથી. ભગવાનને પહેલાં સમયે જ્ઞાન ઉપયોગ અને બીજા સમયે દર્શન ઉપયોગ છે એમ માને એ તો વ્યવહાર પણ નથી. તે તો સ્થૂળ ગૃહિત મિથ્યાત્વમાં જાય છે. પણ અહીં તો સાચા શાસ્ત્રનો આધાર આપી ગુણભેદથી વ્યવહારનું કથન કર્યું હોય તે વાતને એકાંતે પકડી તે વાતને છોડે નહિ તો તે મિથ્યાદૃષ્ટિ છે. ભેદ અને અભેદ બન્ને મુદ્દાની વાત છે. ભેદને બરાબર સમજીને અભેદતા કરી નાખ એમ અહીં કહેવા માગે છે.



આત્મામાં એક દર્શનગુણ સ્વને દેખે છે અને બીજો જ્ઞાનગુણ પરને જાણે છે એવા બે ગુણ છે માટે આત્મા સ્વ-પરપ્રકાશક છે એમ નથી. જો એમ માને તો તેને અહીં કહે છે કે તારા જેવો મૂર્ખ બીજો કોઈ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો હોય, ગુણભેદને પણ માનતો હોય પણ નિશ્ચય એવા અભેદને તે જાણતો નથી માટે મૂઢ છે. ખરેખર આત્મા ચૈતન્યસ્વભાવી છે. એમાં જ્ઞાન-દર્શન બે ગુણો છે તે ચૈતન્ય છે. એ સિવાય બીજા ગુણોને અચેતન પણ કહેવાય છે. તે ગુણો અસ્તિરૂપે છે પણ અમે કોણ છીએ અને પર કોણ છે એમ તે જાણતા નથી. ગુણ અપેક્ષાએ આવા ભેદ પડે છે પણ વસ્તુ અપેક્ષાએ તો એક છે. અહીં તો આત્મા સ્વ-પરપ્રકાશક છે તેની મુખ્યતાએ કથન કરેલ છે માટે તેના ગુણ પણ સ્વ-પરપ્રકાશક છે.

શાસ્ત્રમાં અનેક પ્રકારથી કથન આવે છે. આ જીવને કથંચિત્ બીજા જીવની અપેક્ષાએ અજીવ પણ કહેવાય છે અને કેવળીના જીવને પણ આ જીવની અપેક્ષાએ અજીવ કહેવાય છે. આમ અપેક્ષાથી ન સમજે તો આત્માને પ્રાપ્ત કરવામાં અપાત્ર છે. જેમ કોઈ હીરો લેવા આવે અને હીરાની જેટલી કીંમત છે તેટલી ન આપે અને કીંમત કરતાં ઓછે ભાવે માગે તો વેપારી તેને કાઢી મૂકે છે. તેમ અહીં કેવળીના ગુણોને જેમ છે તેમ બરાબર ન સમજે અને એકલા ભેદને જ માને પણ અભેદને માને નહિ તો તે લાયક નથી. તેને ધર્મ થતો નથી, તે વીતરાગના ધર્મની બહાર છે. તે વસ્તુને સમજી શકતો નથી.

માટે અવિરુદ્ધ એવી સ્યાદ્વાદ વિદ્યારૂપી દેવી સજ્જનો વડે સમ્યક્ પ્રકારે નિરંતર આરાધવા યોગ્ય છે. તું સ્યાદ્વાદનું જ્ઞાન કર અને વિરોધને કાઢી નાખ. અપેક્ષાએ જાણવું જોઈએ. ભેદ પાડીને બે ગુણોનું કાર્ય જુદું છે એમ વ્યવહારનયના શાસ્ત્રોમાં બતાવ્યું છે તેને સમજીને અભેદ અખંડ આત્માની શ્રદ્ધા કર એમ અહીં કહે છે.

જેવું આત્માનું સ્વરૂપ છે તેવું તેના ગુણોનું સ્વરૂપ છે એમ જાણીને વિરોધ ટાળી નાખવો જોઈએ. અનેકાન્ત તે વસ્તુનું સ્વરૂપ છે અને સ્યાદ્વાદ તે કથનની શૈલી છે. સ્યાદ્વાદમાં મુખ્ય-ગૌણ કથનની પદ્ધતિ હોય છે. અનેકાન્ત વસ્તુનું સ્વરૂપ છે એમાં મુખ્ય-ગૌણતા હોતી નથી. ત્યાં સ્યાદ્વાદ મતમાં એકાન્ત જ્ઞાનને પરપ્રકાશકપણું જ નથી અને દર્શન પણ કેવળ શુદ્ધાત્માને જ દેખતું નથી. અર્થાત્ માત્ર સ્વપ્રકાશક જ નથી, એ તો અપેક્ષાએ કથન કર્યું હતું તેને હવે યુક્તિથી સમજાવશે.

## ફાગણ વદ ૭, મંગળવાર, ૧૮-૩-૫૨.

મોક્ષમાર્ગ આત્માના આધારે થાય છે ને તેના જ આધારે કેવળજ્ઞાન દશા થાય છે. એ શુદ્ધોપયોગનું અહીં વર્ણન ચાલે છે. વ્યવહારના ગ્રંથમાં જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે એમ આવે છે એનો અહીં વિરોધ કરે છે. કોઈને એમ લાગે કે આચાર્યોના બે મત જુદા જુદા હશે ? તો એમ નથી. પણ ગુણભેદનું કથન કરતાં જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે એમ કહેલ છે, તે વ્યવહાર

છે. નિશ્ચયથી આત્મા પોતે સ્વ-પરપ્રકાશક છે માટે એનો ગુણ પણ સ્વ-પરપ્રકાશક જ છે. એ ન્યાયથી જ્ઞાન અને દર્શન બન્ને ગુણો સ્વ-પરપ્રકાશક છે.

સ્યાદ્વાદ મતમાં એટલે વીતરાગ સર્વજ્ઞના મતમાં એકાંતે જ્ઞાનને પરપ્રકાશકપણું જ નથી અને દર્શન પણ કેવળ શુદ્ધાત્માને જ દેખતું નથી. આત્મા દર્શન, જ્ઞાન વગેરે અનેક ધર્મોનો આધાર છે. માટે જ્ઞાન અને દર્શન બન્ને ગુણો સ્વ-પરપ્રકાશક છે. એક ગુણ પરપ્રકાશક હોય અને બીજો ગુણ સ્વપ્રકાશક હોય તો આત્મા અને ગુણને આધાર-આધેયની અભેદતા રહેતી નથી. અહીં જ્ઞાન દર્શનાદિ ગુણો છે તેને ધર્મો કહ્યા છે માટે ગુણોને ધર્મો પણ કહેવાય છે.

વળી જો વ્યવહારપક્ષે પણ જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો, સદા બાહ્યસ્થિતપણાને લીધે જ્ઞાનને આત્મા સાથે સંબંધ રહે નહિ અને તેથી આત્મપ્રતિપત્તિ (આત્માનું જ્ઞાન)ના અભાવને લીધે સર્વગતપણું બને નહિ. જ્ઞાનનો સ્વભાવ બધાને જાણવાનો છે તે સિદ્ધ થતો નથી. કેમ કે આખો આત્મા જણાયા વગર રહી ગયો. જ્ઞાન બહારમાં જવાથી સર્વગત રહ્યું નહિ. આ કારણ જ્ઞાનનું અસ્તિત્વ જ ન રહ્યું. મૃગતૃષ્ણાના જળની માફક આભાસમાત્ર જ થયું. અહીં તો નિશ્ચય વગરનો એકલો વ્યવહાર પણ માન્ય નથી એમ કહ્યું. જેમ આત્માને સમજ્યા વગર પૂજા, ભક્તિ, દાન, વ્રત, તપાદિ કરે તો આત્માને લાભનું કારણ થતું નથી તેમ અભેદ આત્માને જાણ્યા વગર એકલા ગુણભેદનો વ્યવહાર કાંઈ કાર્યકારી નથી. જ્ઞાન પોતાને ન જાણે અને બહાર ભટક્યા કરે તે જ્ઞાન જ નથી. ઝાંઝવાના પાણીની માફક આભાસમાત્ર છે. લૌકિક ડહાપણ તે જ્ઞાન જ નથી, પણ જડ છે. વેપારમાં પૈસાનું વ્યાજ ઉપજાવવામાં જે જ્ઞાન કરે તે જ્ઞાન જ નથી એમ કહે છે.

તેવી જ રીતે દર્શન પક્ષે પણ દર્શન કેવળ અભ્યંતર પ્રતિપત્તિનું (અભ્યંતર જ્ઞાનનું) જ કારણ નથી પણ સર્વ પ્રકાશકનું કારણ છે, કેમ કે ચક્ષુ સદૈવ સર્વને દેખે છે. પોતાના અભ્યંતરમાં રહેલી કીકીને દેખતું નથી માટે ચક્ષુની વાતથી એમ સમજાય છે કે દર્શન અભ્યંતર દેખે અને બાહ્યસ્થિત પદાર્થોને ન દેખે એવો કોઈ નિયમ ઘટતો નથી. આથી જ્ઞાન અને દર્શન બન્નેને સ્વ-પરપ્રકાશકપણું અવિરુદ્ધ જ છે. માટે એ રીતે જ્ઞાન-દર્શન લક્ષણવાળો આત્મા સ્વ-પરપ્રકાશક છે. ગુણો સ્વ-પરપ્રકાશક છે તો એનો આધાર ગુણી પણ સ્વ-પરપ્રકાશક છે એમ સિદ્ધ થયું.

એવી રીતે આચાર્યદેવ શ્રી અમૃતચંદ્રસૂરિએ શ્રી પ્રવચનસારની ટીકામાં ચોથા શ્લોકમાં કહ્યું છે કે:

(स्रग्धरा)

**जानन्नप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं**
**मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा ।**
**तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-**
**ज्ञेयाकारां त्रिलोकीं पृथगपृथगथ द्योतयन् ज्ञानमूर्तिः ।।**



**શ્લોકાર્થ** : જેણે કર્મોને છેદી નાખ્યા છે એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે, જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.

જેણે કર્મોને છેદી નાખ્યા છે એવો આ ભગવાન આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને યુગપદ્ જાણે છે છતાં એમને મોહનો અભાવ હોવાથી પરરૂપે પરિણમતો નથી. અહીં આત્માના ભાનસહિત અંતરલીનતા દ્વારા વિકારનો નાશ કર્યો છે તેમને કર્મનું પરિણમન બીજી અવસ્થારૂપે થાય છે માટે કર્મોને છેદી નાખ્યા છે એમ કહેવાય છે. કેવળજ્ઞાની આત્મા સ્વભાવમાં રહીને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન કરે છે પણ એમને રાગ-દ્વેષ થતો નથી. કેમ કે ભગવાનને મોહ નથી. માટે તેઓ પરરૂપે પરિણમતા નથી. એટલે કે રાગ-દ્વેષરૂપે થતા નથી.

તેથી હવે, જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે. જાણવા યોગ્ય બધા પદાર્થોને જાણનાર એવી કેવળજ્ઞાનરૂપી ક્રિયા વડે આત્મા જાણે છે. બધા જ્ઞેયોને જાણે પી ગયો હોય એટલો જ્ઞાનનો વિસ્તાર થઈ ગયો છે તેથી જ્ઞાનમાં બધું જાણી લે છે. એટલે કે જગતના સર્વ પદાર્થો જ્ઞાનની પર્યાયમાં જણાય છે છતાં તે જ્ઞાનમૂર્તિ આત્મા મુક્ત જ છે એવો કેવળજ્ઞાનનો સ્વભાવ છે.

વળી, આ ૧૬૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

### શ્લોક ૨૭૭

(मन्दाक्रान्ता)

**ज्ञानं तावत् सहजपरमात्मानमेकं विदित्वा**
**लोकालोकौ प्रकटयति वा तद्गतं ज्ञेयजालम् ।**
**दृष्टिः साक्षात् स्वपरविषया क्षायिकी नित्यशुद्धा**
**ताभ्यां देवः स्वपरविषयं बोधति ज्ञेयराशिम् ।। २७७ ।।**

**શ્લોકાર્થ** : જ્ઞાન એક સહજપરમાત્માને જાણીને લોકાલોકને અર્થાત્ લોકાલોકસંબંધી (સમસ્ત) જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે (-જાણે છે). નિત્ય શુદ્ધ એવું ક્ષાયિક દર્શન (પણ) સાક્ષાત્ સ્વપરવિષયક છે (અર્થાત્ તે પણ સ્વપરને સાક્ષાત્ પ્રકાશે છે). તે બન્ને (જ્ઞાન તેમ જ દર્શન) વડે આત્મદેવ સ્વપરસંબંધી જ્ઞેયરાશિને જાણે છે (અર્થાત્ આત્મદેવ સ્વપર સમસ્ત પ્રકાશ્ય પદાર્થોને પ્રકાશે છે). ।। ૨૭૭ ।।

જ્ઞાન એક સહજ પરમાત્માને જાણીને લોકાલોકને અર્થાત્ લોકાલોક સંબંધી સમસ્ત જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે એટલે કે જાણે છે. અને નિત્ય શુદ્ધ એવું ક્ષાયિકદર્શન પણ સાક્ષાત્ સ્વ-પર વિષયક છે. અર્થાત્ તે પણ સ્વ-પરને સાક્ષાત્ પ્રકાશે છે. અહીં દર્શનને નિત્ય શુદ્ધ કહેલ છે, કેમ કે જે ક્ષાયિકદર્શન પ્રગટ્યું તે એવું ને એવું રહે છે. દર્શનના વિષયમાં ભેદ નથી માટે દર્શનનો વિષય જ નથી એમ નથી. પણ દર્શન પોતાને અને પરને સામાન્ય અર્થાત્ ભેદ પાડ્યા વિના સાક્ષાત્ પ્રકાશે છે. જ્ઞાન તેમ જ દર્શન વડે આત્મદેવ સ્વ-પર સંબંધી જ્ઞેયરાશિને જાણે છે. અર્થાત્ આત્મા સ્વ-પર સમસ્ત પદાર્થોને પ્રકાશે છે. ભગવાન જાણવાયોગ્ય લોકાલોકના પદાર્થોના ઢગલાને જાણે છે.



### ગાથા ૧૬૨

**णाणं परप्पयासं तइया णाणेण दंसणं भिण्णं।**
**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा॥ १६२॥**

**ज्ञानं परप्रकाशं तदा ज्ञानेन दर्शनं भिन्नम्।**
**न भवति परद्रव्यगतं दर्शनमिति वर्णितं तस्मात्॥ १६२॥**

**પરને જ જાણે જ્ઞાન તો દગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત – એ માન્યતા તુજ હોઈને. ૧૬૨.**

**અન્વયાર્થ** : **(ज्ञानं परप्रकाशं)** જો જ્ઞાન (કેવળ) પરપ્રકાશક હોય **(तदा)** તો **(ज्ञानेन)** જ્ઞાનથી **(दर्शनं)** દર્શન **(भिन्नम्)** ભિન્ન ઠરે, **(दर्शनम् परद्रव्यगतं न भवति इति वर्णितं तस्मात्)** કારણ કે દર્શન પરદ્રવ્યગત (પરપ્રકાશક) નથી એમ (પૂર્વ સૂત્રમાં તારું મન્તવ્ય) વર્ણવવામાં આવ્યું છે.

જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો જ્ઞાનથી દર્શન ભિન્ન ઠરે; કારણ કે દર્શન પરદ્રવ્યગત (પરપ્રકાશક) નથી. એમ (પૂર્વ સૂત્રમાં) વર્ણવવામાં આવ્યું છે. આમ હોય તો અસંખ્ય પ્રદેશમાં બન્ને ગુણો છે તે વાત સિદ્ધ થતી નથી.

**ટીકા** : આ પૂર્વ સૂત્રમાં (૧૬૧મી ગાથામાં) કહેલા પૂર્વ પક્ષના સિદ્ધાંત સંબંધી કથન છે. જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો આ પરપ્રકાશન પ્રધાન (પરપ્રકાશક) જ્ઞાનથી દર્શન ભિન્ન જ ઠરે. એક ગુણ કેવળ સ્વને જ જાણે અને એક ગુણ કેવળ પરને જ જાણે તો બે ગુણ જુદા થઈ જાય. કારણ કે સહ્યાચલ અને વિંધ્યાચલ અથવા ગંગા અને શ્રીપર્વતની માફક પરપ્રકાશક જ્ઞાનને અને આત્મપ્રકાશક દર્શનને સંબંધ કઈ રીતે હોય ? જેમ પર્વત તદ્દન જુદે જુદા છે તેમ ગુણો જુદા ઠરે તો તે વસ્તુમાં વિરોધ આવે. દર્શન પર્વત રહી જાય અને જ્ઞાનગંગા બહાર જાય એમ જ્ઞાન-દર્શન બન્નેનો મેળ રહેતો નથી.

જે આત્મનિષ્ઠ (આત્મામાં રહેલું) છે તે તો દર્શન જ છે અને પેલા જ્ઞાનને તો નિરાધારપણાને લીધે શૂન્યતાની આપત્તિ જ આવે. દર્શનને આત્માનો આધાર થયો પણ જ્ઞાનને આત્માનો આધાર રહ્યો નહિ માટે આત્મા વિનાનું જ્ઞાન શૂન્યતાને પામે. આ રીતે વિરોધ આવે છે. અથવા તો જ્યાં જ્યાં જ્ઞાન પહોંચે એટલે જે જે દ્રવ્યને જ્ઞાન પહોંચે તે તે સર્વ દ્રવ્ય ચેતનપણાને પામે એટલે જડ પણ ચેતન થઈ જાય. આ રીતે ત્રણ લોકમાં કોઈ અચેતન પદાર્થ ન રહે એ મોટો દોષ પ્રાપ્ત થાય.

ઉપર કહેલા દોષના ભયથી હે શિષ્ય ! જ્ઞાન કેવળ પરપ્રકાશક નથી એમ જો તું કહે, તો દર્શન પણ કેવળ આત્મગત નથી એમ પણ તેમાં સાથે આવી ગયું કેમ કે દર્શન સ્વપ્રકાશક જ હોય તો

પરને નહિ દેખતું હોવાથી દર્શન આંધળું થઈ ગયું અને જ્ઞાન એકલું પરને જાણે તો બધા પદાર્થો ચેતન થઈ જાય, અને આત્મા જ્ઞાન વગર અચેતન થઈ જાય તેથી ખરેખર સિદ્ધાંતના હાર્દરૂપ એવું આ સમાધાન છે કે જ્ઞાન અને દર્શનને કથંચિત્ સ્વ-પરપ્રકાશકપણું છે જ. આ શુદ્ધ ઉપયોગ અધિકારની પહેલી ગાથામાં કહ્યું હતું કે જ્ઞાન-દર્શનને કથંચિત્ સ્વ-પરપ્રકાશકપણું છે. તે આ રીતે મર્મરૂપ સમાધાન કરીને સિદ્ધ કર્યું.

એવી રીતે શ્રી મહાસેનપંડિતદેવે શ્લોક દ્વારા કહ્યું છે કે :

**ज्ञानाद्भिन्नो न नाभिन्नो भिन्नाभिन्नः कथंचन।**
**ज्ञानं पूर्वापरीभूतं सोऽयमात्मेति कीर्तितः॥**

**શ્લોકાર્થ** : આત્મા જ્ઞાનથી (સર્વથા) ભિન્ન નથી, (સર્વથા) અભિન્ન નથી, કથંચિત્ ભિન્નાભિન્ન છે; પૂર્વાપરભૂત જે જ્ઞાન તે આ આત્મા છે એમ કહ્યું છે.

આત્મા જ્ઞાનથી સર્વથા ભિન્ન નથી અને સર્વથા અભિન્ન પણ નથી, કથંચિત્ ભિન્નાભિન્ન છે. જો સર્વથા ભિન્ન માનવામાં આવે તો આત્મપદાર્થને અચેતનપણું આવે છે અને સર્વથા અભિન્ન માનવામાં આવે તો સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિની ભિન્નતા રહેતી નથી માટે કથંચિત્ ભિન્નાભિન્ન છે. કોઈ પ્રકારે એક છે અને કોઈ પ્રકારે જુદા છે. પૂર્વાપરભૂત જે જ્ઞાન તે આ આત્મા છે એમ કહ્યું છે. પહેલાનું જ્ઞાન અને પછીનું જ્ઞાન થાય છે તે જ આત્મા છે એટલે જ્ઞાનમાં પહેલો-પછીનો ભેદ પડે છે પણ આત્મા તો પહેલા-પછી એનો એ જ છે, એમાં ભેદ પડતો નથી. જ્ઞાન તે જ આત્મા છે. આ રીતે આત્મા ભેદાભેદ છે.

જુઓ, આ શુદ્ધ ઉપયોગની વાત સૂક્ષ્મ છે. જેને આત્માની રુચિ હોય તેને જ એમાં મીઠાસ આવે એમ છે. અભણ હોય તેને આંકડા અને અક્ષરમાં કાંઈ વિશેષતા લાગે નહિ પણ ભણેલને એની વિશેષતા ભાસે છે. અત્યારે જૈનને નામે ઘણો ફેરફાર થઈ ગયો છે. સાચા મોક્ષમાર્ગથી વિરુદ્ધ પ્રરૂપણા કરે છે, દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપમાં પણ મોટો ફેરફાર પ્રરૂપે છે. મુનિપણાનું સ્વરૂપ વસ્ત્રવાળું ઠરાવ્યું છે. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે એક વસ્ત્રનો તાણોવાણો રાખીને મુનિપણું માને મનાવે તે તો નિગોદમાં જાય તો પછી જે શાસ્ત્રોમાં વસ્ત્રધારીને મુનિ કહ્યા હોય તે શાસ્ત્રો સાચા છે અને એમાં કહેલા મુનિઓ પણ સાચા છે એમ જે માને તેની માન્યતા ખોટી છે. તેણે વસ્ત્રરહિત સાચું મુનિપણું છે એમ પ્રતિપાદન કરનારા શાસ્ત્રોને સાચા માન્યા નહિ. તે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનીને પરંપરાએ નિગોદમાં ન જાય તો ક્યાં જાય ? અવશ્ય નિગોદમાં જાય. જેમ બાપનું માથું કાપનાર વેરી છે તેને મિત્ર માનવો તે બાપનો અનાદર કરવા જેવું છે તેમ વીતરાગમાર્ગથી વિરુદ્ધ કહેનારને અને એવા શાસ્ત્રને સાચા કહેવા તે વીતરાગનું માથું કાપવા જેવું છે. આવી વસ્તુસ્થિતિ છે. કોઈ વ્યક્તિનો વિરોધ કરવા માટે આ વાત નથી પણ પોતે યથાર્થ સમજીને ગ્રહણ કરવું જોઈએ. સત્ય વસ્તુની જાહેરાત



કરતાં અસત્યનો નિષેધ આવે છે. એમાં અસત્યના કહેનારને દુઃખ થાય તો સત્ય કહેનારનો દોષ નથી.

ષટ્ખંડ આગમ તથા સમયસાર, નિયમસાર આદિ શાસ્ત્રો, જે આચાર્યોએ બનાવ્યા છે તે પરમાગમ છે. અજ્ઞાનીને તે શાસ્ત્રોમાં પરસ્પર વિરોધ લાગે પણ વીતરાગની વાણી ઠેઠથી ચાલી આવી છે તે ષટ્ખંડ આગમમાં જ્ઞાન-દર્શનના ઉપયોગનું વર્ણન કરતાં ગુણભેદ બતાવીને જે વ્યવહારથી વર્ણન કર્યું છે તે વાતને અહીં નિયમસારમાં નિષેધે છે. તે વ્યવહાર અને ભેદ છે ખરો પણ ત્રિકાળ અભેદ વસ્તુમાં તે માન્ય નથી એમ કહે છે. તો પછી સાચા વ્યવહારથી વિરુદ્ધ એવો વ્યવહાર તો માન્ય ક્યાંથી હોય ? ન જ હોય. અહીં તો કહે છે કે સાચા વ્યવહારને એટલે કે એકલા ગુણભેદને સ્વીકારીને જે નિશ્ચય એવા અભેદને જાણતો નથી તે પણ મૂઢ છે એમ અહીં સ્પષ્ટ કર્યું છે.

### શ્લોક ૨૭૮

(मन्दाक्रान्ता)

**आत्मा ज्ञानं भवति न हि वा दर्शनं चैव तद्वत्**
**ताभ्यां युक्तः स्वपरविषयं वेत्ति पश्यत्यवश्यम्।**
**संज्ञाभेदादघकुलहरे चात्मनि ज्ञानदृष्टयोः**
**भेदो जातो न खलु परमार्थेन वह्न्युषणवत्सः॥ २७८॥**

**શ્લોકાર્થ** : આત્મા (સર્વથા) જ્ઞાન નથી, તેવી રીતે (સર્વથા) દર્શન પણ નથી જ; તે ઉભયયુક્ત (જ્ઞાનદર્શનયુક્ત) આત્મા સ્વપર વિષયને અવશ્ય જાણે છે અને દેખે છે. અઘસમૂહના (પાપસમૂહના) નાશક આત્મામાં અને જ્ઞાનદર્શનમાં સંજ્ઞાભેદે ભેદ ઉપજે છે (અર્થાત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ તેમનામાં ઉપર કહ્યા પ્રમાણે ભેદ છે), પરમાર્થે અગ્નિ અને ઉષ્ણતાની માફક તેમનામાં (-આત્મામાં અને જ્ઞાનદર્શનમાં) ખરેખર ભેદ નથી (-અભેદતા છે). ॥ ૨૭૮ ॥

આત્મા સર્વથા જ્ઞાન નથી તેવી રીતે સર્વથા દર્શન પણ નથી. એટલે કે આત્મા એકલા જ્ઞાનગુણવાળો કે એકલા દર્શનગુણવાળો નથી પણ અનંતગુણનો પિંડ છે. તે જ્ઞાન-દર્શનયુક્ત આત્મા સ્વ-પર વિષયને અવશ્ય જાણે છે અને દેખે છે. જેણે પાપસમૂહનો નાશ કર્યો છે એવા આત્મામાં અને જ્ઞાન-દર્શનમાં સંજ્ઞાભેદે ભેદ ઊપજે છે અર્થાત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ આત્માને અને જ્ઞાન-દર્શનને ભેદ છે પણ ખરેખર જેમ અગ્નિ અને ઉષ્ણતામાં પ્રદેશભેદ નથી તેમ આત્માને અને જ્ઞાન-દર્શનને ખરેખર ભેદ નથી-અભેદતા છે.

**ફાગણ વદ ૮, બુધવાર, ૧૯-૩-૫૨.**

આજ રોજ સવારે સમયસારજીની સ્વાધ્યાય હતી.

**ફાગણ વદ ૯, ગુરુવાર, ૨૦-૩-૫૨.**

આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે, તે પરિપૂર્ણ છે. એનું ભાન થઈને વીતરાગતા થતાં પરમાત્મદશા પ્રગટે છે. તે પરમાત્માનું કેવળજ્ઞાન કેવળદર્શન કેવું હોય તેની વાત ચાલે છે. ગાથા ૧૫૯માં કહ્યું કે ભગવાન નિશ્ચયથી સ્વને જાણે છે કારણ કે તેમાં તન્મય થઈને જાણે છે ને પરમાં તન્મય થયા વિના જાણે છે માટે પરને વ્યવહારથી જાણે છે. ગાથા ૧૬૦માં કહ્યું કે ભગવાનને એક સમયમાં જ્ઞાન-દર્શન બન્ને ઉપયોગ હોય છે. ગાથા ૧૬૧માં કહ્યું કે જ્ઞાન પરને પ્રકાશે ને દર્શન સ્વને પ્રકાશે એમ આત્મા સ્વ-પરપ્રકાશક કહે તો વિરોધ આવે છે. ગાથા ૧૬૨માં કહ્યું કે જ્ઞાન પરને જ જાણે તો તે દર્શનથી જુદું ઠરે. તે વિરોધ આવે છે.

ગાથા ૧૬૩માં કહે છે કે આત્મા કેવળ પરપ્રકાશક હોય તો આત્માથી દર્શન જુદું ઠરે કારણ કે તારા મંતવ્ય મુજબ દર્શન સ્વને દેખે છે, પરને દેખતું નથી માટે તેમાં વિરોધ આવે છે. ગાથા ૧૬૨માં જ્ઞાનને એકાંત પરપ્રકાશક માનતાં જ્ઞાન અને દર્શન બે જુદાં ઠરે છે. ને આ ગાથા ૧૬૩માં આત્માને પરપ્રકાશક માનતાં આત્મા અને દર્શન બે જુદાં ઠરે. -આમ દરેક ગાથામાં વિષય ફેર છે.

**ગાથા ૧૬૩**

**अप्पा परप्पयासो तइया अप्पेण दंसणं भिण्णं।**
**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा ॥ १६३ ॥**

**आत्मा परप्रकाशस्तदात्मना दर्शनं भिन्नम्।**
**न भवति परद्रव्यगतं दर्शनमिति वर्णितं तस्मात् ॥ १६३ ॥**

**પરને જ જાણે જીવ તો દગ જીવથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત – એ માન્યતા તુજ હોઈને. ૧૬૩.**

**અન્વયાર્થ** : (**आत्मा परप्रकाशः**) જો આત્મા (કેવળ) પરપ્રકાશક હોય (**तदा**) તો (**आत्मना**) આત્માથી (**दर्शनं**) દર્શન (**भिन्नम्**) ભિન્ન ઠરે, (**दर्शनं परद्रव्यगतं न भवति इति वर्णितं तस्मात्**) કારણ કે દર્શન પરદ્રવ્યગત (પરપ્રકાશક) નથી એમ (પૂર્વે તારું મન્તવ્ય) વર્ણવવામાં આવ્યું છે.

**ટીકા** : આ એકાંતે આત્માને પરપ્રકાશકપણું હોવાની વાતનું ખંડન છે.



પૂર્વે ૧૬૨મી ગાથામાં એકાંત જ્ઞાનનું પરપ્રકાશકપણું ખંડિત કરવામાં આવ્યું. વ્યવહારશાસ્ત્રમાં જ્ઞાનનું પરપ્રકાશકપણું ને દર્શનનું સ્વપ્રકાશકપણું કહેવામાં આવ્યું છે તે ગુણભેદ બતાવવા માટેનું કથન છે. પણ તેથી કરીને તેમ જ એકાંત ખેંચે તો ખોટું છે. આત્મા જો કેવળ પરપ્રકાશક માનવામાં આવે તો તે વાત પણ તેવી જ રીતે ખોટી ઠરે છે. કારણ કે જ્ઞાન ભાવ ને આત્મા ભાવવાન એક અસ્તિત્વથી રચાયેલા છે, જુદા નથી. પૂર્વે ૧૬૨મી ગાથામાં એમ જણાવ્યું હતું કે જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો જ્ઞાનથી દર્શન જુદું ઠરે. અહીં આ ગાથામાં એમ સમજવું કે જો આત્મા કેવળ પરપ્રકાશક હોય તો આત્માથી દર્શન જુદું ઠરે. ગુણ ને ગુણીના કાર્યમાં ને સંજ્ઞામાં પૃથક્તા હોવા છતાં પ્રદેશભેદ નથી. જ્યાં આત્મા છે ત્યાં જ કેવળજ્ઞાન-કેવળદર્શન છે. જો આત્માને એકાંત પરપ્રકાશક કહો તો આત્મા બહારમાં દેખે ને દર્શન અંદરમાં દેખે. આમ થવાથી આત્મા ને દર્શનની જુદાઈ થઈ જાય, અભેદતા થતી નથી.

વળી જો આત્મા કેવળ પરપ્રકાશક નથી, સ્વપ્રકાશક પણ છે એમ (હવે)માનવામાં આવે તો આત્માથી દર્શનનું સમ્યક્ પ્રકારે અભિન્નપણું-એકપણું સિદ્ધ થાય છે. દર્શનગુણથી આત્મા એકમેક છે એવી શ્રદ્ધા કર. ભેદ દૃષ્ટિથી ગુણ ને આત્માનું કાર્ય જુદું જુદું બતાવે પણ સર્વથા ભિન્ન બતાવે તો તે માન્ય નથી. જેવી રીતે ૧૬૨મી ગાથામાં નક્કી થયું કે જ્ઞાન સ્વને જાણે તે નિશ્ચય ને પરને જાણે તે વ્યવહાર એમ જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું કથંચિત્ સિદ્ધ થયું હતું તેમ આત્મા સ્વને જાણે છે તે નિશ્ચય છે ને પરને જાણે છે તે વ્યવહાર છે. એમ આત્માનું સ્વ-પરપ્રકાશકપણું નક્કી થયું કારણ કે અગ્નિ ને ઉષ્ણતાની માફક ધર્મી ને ધર્મનું એકસ્વરૂપ હોય છે. અગ્નિ ધર્મી છે ને ઉષ્ણતા તેનો ધર્મ છે. અગ્નિએ ઉષ્ણતારૂપી ધર્મને ધારી રાખ્યો છે તેમ આત્માએ જાણવા-દેખવાના સ્વભાવરૂપી ધર્મને ધારી રાખ્યો છે. માટે આત્મા ધર્મી છે. ધર્મ ને ધર્મી બન્ને એક છે, જુદા નથી. માટે પરની તેમ જ વિકારની રુચિ છોડી ગુણ-ગુણીની એકતા કર -એમ કહેવાનો ભાવ છે.

હવે આ ૧૬૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૭૯**

(मन्दाक्रान्ता)

**आत्मा धर्मी भवति सुतरां ज्ञानदृग्धर्मयुक्तः**
**तस्मिन्नेव स्थितिमविचलां तां परिप्राप्य नित्यम्।**
**सम्यग्दृष्टिर्निखिलकरणग्रामनीहारभास्वान्**
**मुक्तिं याति स्फुटितसहजावस्थया संस्थितां ताम् ॥ २७९ ॥**

**શ્લોકાર્થ** : જ્ઞાનદર્શનધર્મોથી યુક્ત હોવાને લીધે આત્મા ખરેખર ધર્મી છે. સકળ ઇંદ્રિયસમૂહરૂપી

હિમને (નષ્ટ કરવા) માટે સૂર્ય સમાન એવો સમ્યગ્દષ્ટિ જીવ તેમાં જ (જ્ઞાનદર્શનધર્મયુક્ત આત્મામાં જ) સદા અવિચળ સ્થિતિ પ્રાપ્ત કરીને મુક્તિને પામે છે -કે જે મુક્તિ પ્રગટ થયેલી સહજ અવસ્થારૂપે સુસ્થિત છે. ॥ ૨૭૯ ॥

ગાથામાં વાત કેવળદર્શન ને કેવળજ્ઞાનની કરી હતી પણ સરવાળો સમ્યગ્દર્શનમાં ઉતારે છે. સમ્યગ્દષ્ટિ જીવો કેવા આત્માની શ્રદ્ધા કરીને, સ્થિરતા કરીને કેવળજ્ઞાન પામે છે તે વાત કરે છે.

આત્મા જ્ઞાન-દર્શન ધર્મોથી યુક્ત છે. પુણ્ય-પાપના ભાવો આત્માનો ધર્મ નથી. શુદ્ધ આત્માએ તેને ધાર્યા નથી પણ જાણવા-દેખવાના ધર્મોને ધારી રાખ્યા છે. વળી તે ગુણોથી યુક્ત છે. તે ગુણો બહારથી, શાસ્ત્રમાંથી કે પુણ્ય-પાપમાંથી પ્રગટતા નથી પણ અંદર ભરેલા પડ્યા છે, તેની શ્રદ્ધા કરવાથી તે પ્રગટે છે. આવા ધર્મોને ધારણ કરે છે તેથી આત્મા ધર્મી કહેવાય છે.

પ્રથમથી જ એક સમયમાં પરિપૂર્ણ છું એવી દૃષ્ટિ છે, આવી અભેદતા જેની દૃષ્ટિમાં છે તેના ફળમાં કેવળજ્ઞાન પ્રગટતી વખતે કેવળદર્શન ને કેવળજ્ઞાન ક્રમ ઉપયોગે હોય એમ બને નહિ અથવા જ્ઞાન પરને જ જાણે ને દર્શન સ્વને જ દેખે એમ એકાંત હોઈ શકે નહિ. અભેદ રીતે બન્ને ગુણો સ્વ-પરપ્રકાશક છે ને એકી સાથે ઉપયોગરૂપ છે.

તે ચોથા ગુણસ્થાનવાળો ધર્મી જીવ શું કરે છે ને તે કેવો છે ? જેવી રીતે સૂર્ય વિકાસ થતાં હિમના(બરફના) ઢગલાને ઓગાળી નાખે છે તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવ પોતાના શુદ્ધ ચૈતન્યના અવલંબને ખંડખંડ જ્ઞાનનો નાશ કરવા માટે સૂર્ય સમાન છે.

સમ્યગ્દષ્ટિએ પ્રથમ શું કર્યું ? મારો આત્મા જ્ઞાન-દર્શનથી ભરેલો છે ને દર્શન સ્વને દેખે ને જ્ઞાન પરને જાણે એવા ગુણભેદ પણ અભેદ સ્વભાવમાં નથી. હું તો એકરૂપ સ્વ-પરપ્રકાશક આત્મા છું એવી દૃષ્ટિ તો છે જ પણ તેમાં પુરુષાર્થ લાવી સદાય અવિચળ સ્થિતિ પ્રાપ્ત કરે છે. સાધકદશામાં શુભાશુભભાવો આવે છે પણ તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. પરંતુ સ્વભાવમાં અવિચળપણે લીનતા કરવાથી મુક્તિ પામે છે. જે મુક્તિ પ્રગટ થયેલી સહજ અવસ્થારૂપે સુસ્થિત - સારી રીતે સ્થિત છે. જ્ઞાન-દર્શનમય આત્મા અનાદિનો હતો પણ તેના આશ્રયે પ્રગટતી મુક્તિની પર્યાય અનાદિની ન હતી તે નવી પ્રગટે છે. અભેદ સામાન્ય સ્વભાવના આશ્રયે સમ્યગ્દષ્ટિ જીવ મુક્તિને પામે છે.



## ગાથા ૧૬૪

**णाणं परप्पयासं ववहारणयेण दंसणं तम्हा ।**
**अप्पा परप्पयासो ववहारणयेण दसणं तम्हा ॥ १६४ ॥**

**ज्ञानं परप्रकाशं व्यवहारनयेन दर्शनं तस्मात् ।**
**आत्मा परप्रकाशो व्यवहारनयेन दर्शनं तस्मात् ॥ १६४ ॥**

**વ્યવહારથી છે પરપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**વ્યવહારથી છે પરપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૪.**

**અન્વયાર્થ** : (**व्यवहारनयेन**) વ્યવહારનયથી (**ज्ञानं**) જ્ઞાન (**परप्रकाशं**) પરપ્રકાશક છે; (**तस्मात्**) તેથી (**दर्शनम्**) દર્શન પરપ્રકાશક છે. (**व्यवहारनयेन**) વ્યવહારનયથી (**आत्मा**) આત્મા (**परप्रकाशः**) પરપ્રકાશક છે; (**तस्मात्**) તેથી (**दर्शनम्**) દર્શન પરપ્રકાશક છે.

વ્યવહારનયથી જ્ઞાન પરપ્રકાશક છે. પરને જાણતાં જ્ઞાન પરમાં તન્મય થતું નથી. પરમાં તન્મય થયા વિના જાણે છે માટે વ્યવહાર કહ્યો છે. જ્ઞાન ગોળને જાણતાં ગોળરૂપ થતું નથી, ખટાશને જાણતાં ખટાશરૂપ થતું નથી. ગોળનો ગાંગડો જીભે આવ્યો ત્યારે જ ગળપણનું જ્ઞાન થયું તેનું કારણ ? ભાઈ, તે સમયનું જ્ઞાન ગોળને અડ્યા વિના ગળપણને જાણવાની યોગ્યતાવાળું છે તેવી રીતે કેવળજ્ઞાન લોકાલોકને અડ્યા વિના લોકાલોકને જાણી લ્યે છે, તેથી જ્ઞાન વ્યવહારથી પરપ્રકાશક છે ને દર્શન પરને અડ્યા વિના સામાન્ય દેખે છે માટે દર્શન પણ પરપ્રકાશક છે. વ્યવહારનયથી આત્મા પરપ્રકાશક છે તેથી દર્શન પરપ્રકાશક છે. પરમાં તન્મય થયા વિના જાણે છે ને દેખે છે માટે વ્યવહાર કહ્યો છે.

**ટીકા** : ભગવાનને સમસ્ત જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થયો છે એટલે કે પોતાના સ્વભાવની એકાગ્રતાથી કેવળજ્ઞાન પ્રગટ્યું એટલે જ્ઞાનાવરણીયકર્મ રહેતું નથી. શક્તિમાં કેવળજ્ઞાન અનાદિથી છે પણ પર્યાયમાં અનાદિથી નથી, પર્યાયમાં નવું પ્રગટ થાય છે. તે કેવળજ્ઞાન સકળવિમળ છે. તે કેવળજ્ઞાન મૂર્ત પુદ્ગલને અને અમૂર્ત અનંતા આત્મા તથા ધર્માદિ દ્રવ્યોને તેમ જ ચેતન એટલે આત્મા ને બાકીના અચેતન જેમાં મૂર્ત પુદ્ગલદ્રવ્ય ને ધર્માદિ ચાર દ્રવ્યો આવે છે. એમ બધાં દ્રવ્યો, ગુણ, પર્યાયોને પ્રકાશે છે. કાયમ રહેનારી શક્તિવાળું તત્ત્વ તે દ્રવ્ય, વિશેષ શક્તિઓ તે ગુણ છે ને સમય સમયની અવસ્થા તે પર્યાય એમ પરદ્રવ્ય-ગુણ-પર્યાયોને કેવળજ્ઞાન કેવી રીતે પ્રકાશે છે એમ પ્રશ્ન થાય તો તેનો ઉત્તર આમ છે કે :

વ્યવહાર પરાશ્રિત છે. પરને જાણવું તે વ્યવહાર છે. તેથી વ્યવહારનયના બળે કેવળજ્ઞાન પરપ્રકાશક

છે તેથી દર્શન પણ વ્યવહારનયના બળે પરપ્રકાશક છે. કેવા છે તીર્થંકરો ? તીર્થંકરના જન્મકલ્યાણકાદિ પ્રસંગે ત્રણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે. નરકના જીવોને પણ તે વખતે શાતા ઊપજે છે એવો તીર્થંકરની પુણ્યપ્રકૃતિનો અને જીવોની લાયકાતનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વળી તે તીર્થંકરો સો ઈંદ્રોથી સાક્ષાત્ વંદનાને યોગ્ય છે (એટલે સમવસરણમાં બિરાજમાન તીર્થંકરો લીધા). તે તીર્થંકરો કાર્યપરમાત્મા છે. ત્રિકાળી શક્તિને કારણપરમાત્મા કહે છે, તેના અવલંબને કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટ્યાં તેને કાર્યપરમાત્મા કહે છે. તે તીર્થંકરોના આત્માને જ્ઞાનની માફક વ્યવહારનયના બળે પરપ્રકાશકપણું છે એટલે પરમાં પ્રવેશ્યા વિના તેઓ લોકાલોકને જાણે છે, તેથી વ્યવહારનયના બળે ભગવાનનું કેવળદર્શન પણ પરમાં પ્રવેશ્યા વિના લોકાલોકને દેખે છે.

એવી રીતે શ્રુતબિન્દુમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :

(માલિની)

**जयति विजितदोषोऽमर्त्यमर्त्येन्द्रमौलि-**
**प्रविलसदुरुमालाभ्यर्चितांघ्रिर्जिनेन्द्रः।**
**त्रिजगदजगती यस्येदृशौ व्यश्नुवाते**
**सममिव विषयेष्वन्योन्यवृत्तिं निषेद्धुम्।।**

**શ્લોકાર્થ** : જેમણે દોષોને જીત્યા છે, જેમના ચરણો દેવેંદ્રો તેમ જ નરેંદ્રોના મુગટોમાં પ્રકાશતી કીમતી માળાઓથી પૂજાય છે (અર્થાત્ જેમના ચરણોમાં ઈંદ્રો તથા ચક્રવર્તીઓના મણિમાળાયુક્ત મુગટવાળા મસ્તકો અત્યંત ઝૂકે છે), અને (લોકાલોકના સમસ્ત) પદાર્થો એકબીજામાં પ્રવેશ ન પામે એવી રીતે ત્રણ લોક અને અલોક જેમનામાં એકી સાથે જ વ્યાપે છે (અર્થાત્ જે જિનેંદ્રને યુગપદ્ જણાય છે), તે જિનેંદ્ર જયવંત છે.

કેવા છે જિનેંદ્ર ભગવાન ? તેમણે પોતાની પર્યાયમાં નિર્દોષતા પ્રગટ કરી છે, કાંઈ દોષ રહ્યો નથી. સંપૂર્ણ સુખ, જ્ઞાનાદિ પ્રગટ થઈ ગયા છે, તેમના ચરણોમાં દેવેંદ્રો, ચક્રવર્તી, વાસુદેવ આદિના મણિમાળાયુક્ત મુગટવાળા મસ્તકો અત્યંત ઝૂકે છે (તીર્થંકરોની પુણ્યપ્રકૃતિનો ઉદય બતાવે છે ને સામે જીવનો શુભભાવ બતાવે છે). તેમના જ્ઞાનમાં લોક અને અલોકના બધા પદાર્થો એકી સાથે જણાય છે. દરેક આત્માને તથા દરેક પુદ્ગલાદિ દ્રવ્યોને ભિન્ન ભિન્ન જાણે, આત્માના અનંત ગુણો, તેની અનંતી પર્યાયો, તેના અનંતા અવિભાગ પ્રતિચ્છેદો દરેકને એકબીજામાં પ્રવેશ ન પામે એવી રીતે યુગપદ્ જાણે છે. ભગવાનને કાંઈ જાણવાનું બાકી રહેતું નથી. તે જિનેંદ્ર ભગવાન જયવંત છે. અઢી દ્વીપમાં જિનેંદ્ર ન હોય તેમ બને નહિ. ભરતમાં ન હોય તો મહાવિદેહમાં હોય જ માટે જયવંત છે એમ કહ્યું છે.



વળી આ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૮૦**

(માલિની)

**व्यवहरणनयेन ज्ञानपुंजोऽयमात्मा**
**प्रकटतरसुदृष्टिः सर्वलोकप्रदर्शी।**
**विदितसकलमूर्तामूर्ततत्त्वार्थसार्थः**
**स भवति परमश्रीकामिनीकामरूपः।। २८०।।**

**શ્લોકાર્થ** : જ્ઞાનપુંજ એવો આ આત્મા અત્યંત સ્પષ્ટ દર્શન થતાં (અર્થાત્ કેવળદર્શન પ્રગટ થતાં) વ્યવહારનયથી સર્વ લોકોને દેખે છે તથા (સાથે વર્તતા કેવળજ્ઞાનને લીધે) સમસ્ત મૂર્ત-અમૂર્ત પદાર્થસમૂહને જાણે છે. તે (કેવળદર્શન-જ્ઞાનયુક્ત) આત્મા પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિ-સુંદરીનો) વલ્લભ થાય છે. ॥ ૨૮૦ ॥

આત્મા જ્ઞાનનો ઢગલો છે. આ આત્મા પોતાનું ભાન કરી, લીનતા કરી, કેવળદર્શન પ્રગટ કરે ત્યારે વ્યવહારનયથી સર્વ પદાર્થોને દેખે છે તથા સાથે રહેલું કેવળજ્ઞાન સમસ્ત મૂર્ત (પુદ્ગલો) ને બીજા આત્મા ને ધર્માદિ અમૂર્ત દ્રવ્યોને જાણે છે, તે કેવળજ્ઞાન ને કેવળદર્શન સહિતનો આત્મા મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે. તે પર્યાય સાદિ અનંતકાળ સુધી રહે છે, તેનો કદી વિરહ પડતો નથી. જગતના જીવોને લક્ષ્મીનો પ્રેમ છે ને સ્ત્રી વહાલી લાગે છે તેને કહે છે કે તે પ્રેમ જૂઠો છે. કેવળજ્ઞાન તારી લક્ષ્મી છે. તે લક્ષ્મીવાળો મુક્તિ પામે છે.

### ગાથા ૧૬૫

**णाणं अप्पपयासं णिच्छयणयएण दंसणं तम्हा ।**
**अप्पा अप्पपयासो णिच्छयणयएण दंसणं तम्हा ।। १६५ ।।**

**ज्ञानमात्मप्रकाशं निश्चयनयेन दर्शनं तस्मात् ।**
**आत्मा आत्मप्रकाशो निश्चयनयेन दर्शनं तस्मात् ।। १६५ ।।**

**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૫.**

**અન્વયાર્થ** : (**निश्चयनयेन**) નિશ્ચયનયથી (**ज्ञानम्**) જ્ઞાન (**आत्मप्रकाशं**) સ્વપ્રકાશક છે; (**तस्मात्**) તેથી (**दर्शनम्**) દર્શન સ્વપ્રકાશક છે. (**निश्चयनयेन**) નિશ્ચયનયથી (**आत्मा**) આત્મા (**आत्मप्रकाशः**) સ્વપ્રકાશક છે; (**तस्मात्**) તેથી (**दर्शनम्**) દર્શન સ્વપ્રકાશક છે.

ગાથા ૧૬૪માં આત્મા વ્યવહારથી પરપ્રકાશક છે તેથી દર્શન ને જ્ઞાન વ્યવહારથી પરપ્રકાશક છે એમ કહ્યું. આ ગાથામાં નિશ્ચયથી સ્વપ્રકાશક છે એમ કહે છે.

અંતર અભેદ દૃષ્ટિથી જોતાં જ્ઞાન સ્વપ્રકાશક છે તેથી દર્શન સ્વપ્રકાશક છે;

ખરેખર અભેદ દૃષ્ટિથી જોતાં આત્મા સ્વપ્રકાશક છે તેથી દર્શન સ્વપ્રકાશક છે.

**ટીકા** : આ, નિશ્ચયનયથી સ્વરૂપનું કથન છે.

અહીં ખરેખર અભેદ દૃષ્ટિની અપેક્ષાએ કેવળજ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશકપણું કહ્યું છે. બીજા ગ્રંથોમાં જ્ઞાન પરને જાણે છે એમ કહે છે તે વ્યવહારથી કથન છે, તેવી રીતે સર્વ કર્મનું આવરણ ટળી ગયું હોવાથી શુદ્ધ દર્શન એટલે કેવળદર્શન પણ સ્વપ્રકાશક જ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે દર્શન ને જ્ઞાન બન્નેનું કામ સ્વપ્રકાશકપણું કહ્યું તો બે ગુણો એક થઈ ગયા?

ના, બન્ને ગુણો જુદા છે, બન્નેનું કાર્ય જુદું છે, બન્નેના વિષયો જુદા છે, દર્શનનો વિષય સામાન્ય છે ને જ્ઞાનનો વિષય વિશેષ છે, દર્શનનો વિષય અભેદ છે ને જ્ઞાનનો વિષય ભેદ છે. બન્નેને સ્વપ્રકાશકપણું કહ્યું માટે બન્ને એક થઈ જતા નથી તેમ જ તેમની વિશેષતા ટળતી નથી.

હવે કેવળી ભગવાનના આત્માની વાત કરે છે. ભગવાનને જડ ઈંદ્રિયો હોય છે પણ ભાવેંદ્રિય એટલે જ્ઞાનનો ખંડખંડ વ્યાપાર હોતો નથી. તેથી સર્વ ઈંદ્રિયોનો વ્યાપાર છોડ્યો છે માટે સ્વપ્રકાશક સ્વરૂપ લક્ષણથી લક્ષિત છે એટલે કે પોતાને અખંડપણે જાણે છે.



કેવળદર્શને પણ બહારનો વિષય છોડ્યો હોવાથી ને અંતરનો વિષય પકડ્યો હોવાથી, તે સ્વપ્રકાશકત્વ પ્રધાન જ છે.

આ રીતે કેવળી ભગવાનનો આત્મા સ્વરૂપપ્રત્યક્ષ લક્ષણથી લક્ષિત અખંડ સહજ શુદ્ધ જ્ઞાન-દર્શનમય છે એટલે કે કેવળજ્ઞાન ને કેવળદર્શનમય છે. તેથી ત્રિલોકના તેમ જ ત્રણે કાળ વર્તતા સ્થિર તેમ જ ક્રિયામાન સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ વિષયો સંબંધી ભેદો -આ વિષયો જાણવા યોગ્ય છે ને આત્મા જાણનાર છે. એવા ભેદો ભગવાનમાં હોતા નથી. એવા ભેદથી તેઓ દૂર વર્તે છે. ને પોતે અભેદ અખંડ સ્વરૂપે બિરાજે છે. સ્વસ્વરૂપમાં સંચેતવું-પોતાના આનંદના અનુભવમાં રહેવું એવા લક્ષણવાળા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ છે. પોતાના આત્મામાં નિરંતર રહે છે, પરને જાણતા હોવા છતાં પોતાના વેદનથી ખસતા નથી સર્વથા અંતર્મુખ રહે છે, ભેદ પડતો નથી. કેવળી ભગવાનનો આત્મા નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્ય ચમત્કારમૂર્તિ રહે છે.

**ફાગણ વદ ૧૦, શુક્રવાર, ૨૧-૩-૫૨.**

આત્મા આત્માને જાણે-દેખે તે નિશ્ચય છે, પોતાનું વેદન કરીને જાણે છે માટે નિશ્ચય કહ્યો છે. અહીં કેવળજ્ઞાનના યથાર્થ સ્વરૂપની વાત કરે છે.

૧) કેટલાક જીવો એમ કહે છે કે જગતમાં કોઈ સર્વજ્ઞ ન હોઈ શકે પણ વર્તમાન સામાન્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવથી જાણે તે સર્વજ્ઞ છે એમ કેટલાક માને છે તે ભૂલ છે. કારણ કે તે અલ્પજ્ઞદશા બતાવે છે.

૨) વળી કેટલાક કહે છે કે કેવળી ભગવાન લોકાલોકને જાણે છે તે વ્યવહારથી જાણે છે માટે પરને જાણતા જ નથી. એમ જે માને છે તે ભૂલ છે. પરમાં તન્મય થતાં નથી માટે વ્યવહાર કહેલ છે પણ લોકાલોકનું જાણવું તો યથાર્થ છે.

૩) વળી કોઈ કેવળજ્ઞાન ને કેવળદર્શનનો ક્રમ ઉપયોગ માને છે તે પણ ભૂલ છે, બન્ને ઉપયોગ એક સાથે છે.

૪) જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને દેખે એમ વ્યવહારગ્રંથોમાં કથન આવે છે પણ અભેદદૃષ્ટિથી બન્ને ગુણો તથા આત્મા સ્વ-પરપ્રકાશક છે. આમ કેવળજ્ઞાનના સ્વરૂપમાં વિષમતા અજ્ઞાની જીવો ઊભી કરે છે તેની સ્પષ્ટતા માટે આ અધિકાર છે.

આ ગાથામાં નિશ્ચયનયથી સ્વરૂપનું કથન છે.

**ટીકા** : અહીં નિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશક કહ્યું છે. તેવી રીતે સર્વ આવરણથી મુક્ત શુદ્ધ દર્શન પણ સ્વપ્રકાશક જ છે. બન્ને ગુણો નિશ્ચયથી સ્વપ્રકાશક કહ્યા. હવે આત્માની વાત કરે છે. જેમ દર્શન ગુણ બધા આવરણ રહિત થયો તેમ અહીં કહ્યું કે આત્માએ સર્વ ઈંદ્રિયનો વ્યાપાર

છોડ્યો છે તેથી સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને પ્રકાશે છે તેથી સ્વપ્રકાશક સ્વરૂપલક્ષ્મીથી લક્ષિત છે; દર્શનને પણ બહિવિષયોના વ્યવહારનો અભાવ છે તેથી સ્વપ્રકાશત્વ પ્રધાન જ છે. અહીં દર્શનને અભેદ વર્ણવવું છે. આ રીતે આત્મામાં સ્વરૂપપ્રત્યક્ષ લક્ષણથી લક્ષિત અખંડ કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટી ગયા છે.

જુઓ, અહીં કેવળજ્ઞાન ને કેવળદર્શનરૂપ જે પૂર્ણદશા વ્યક્ત થઈ તેને પણ સહજ કહેલ છે. તેમ જ સ્વરૂપપ્રત્યક્ષ લક્ષણવાળા કહેલ છે. પોતાના શુદ્ધ આત્માના ઉગ્ર પુરુષાર્થથી જે સંપૂર્ણ જ્ઞાન-દર્શન પ્રગટી ગયા તેની વાત છે. નિયમસારની ૧૧-૧૨મી ગાથામાં સહજ જ્ઞાન ઉપયોગ અથવા સ્વરૂપપ્રત્યક્ષ ઉપયોગ જે અનાદિઅનંત એકરૂપ રહે છે તેની વાત આવી છે તે વાત અહીં નથી. જ્ઞાનના પાંચ, અજ્ઞાનના ત્રણ ને દર્શનના ચાર એમ બાર ઉપયોગ ઉત્પાદ-વ્યયવાળા છે. આત્મા ત્રિકાળ છે, તેમાં જ્ઞાન-દર્શન ગુણ ત્રિકાળ છે ને તેની સાથે ઉત્પાદ-વ્યય વિનાની સ્વરૂપપ્રત્યક્ષની પર્યાય ત્રિકાળ છે તે સ્વરૂપપ્રત્યક્ષઉપયોગની અહીં વાત નથી.

અહીં ઉત્પાદ-વ્યયવાળા કેવળજ્ઞાન-કેવળદર્શનની વાત છે. તેણે પોતાના સ્વરૂપને પ્રત્યક્ષ કર્યું છે માટે સ્વરૂપ લક્ષિત લક્ષણવાળો કહેવાય છે. આત્મા સ્વરૂપલક્ષિતલક્ષણવાળા કેવળજ્ઞાન ને કેવળદર્શનમય છે. વળી કેવો છે કેવળજ્ઞાનીનો આત્મા ? ત્રણ કાળ ને ત્રણ લોકમાં રહેલા સ્થિર ને ચલાયમાન પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણતો હોવા છતાં હું આત્મા કેવળજ્ઞાન પ્રકાશવાળો છું ને બીજા પદાર્થો પ્રકાશવા યોગ્ય છે. એવો ભેદ અથવા હું કેવળજ્ઞાન વડે જાણું છું ને મારા દ્રવ્ય-ગુણ-પર્યાય મારા જ્ઞાનમાં જાણાવાયોગ્ય છે. તેવો ભેદ પણ સ્વનિશ્ચયમાં નથી. તે નાસ્તિથી વાત કરી. હવે અસ્તિથી કહે છે. ''સ્વ-સ્વરૂપસંચેતન જેનું લક્ષણ છે એવા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ હોવાને લીધે આત્મા નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.'' કેવું છે લક્ષણ? ભગવાનનો આત્મા પોતે પોતાને વેદે-આનંદને ભોગવે એવા લક્ષણ વડે આત્મા ઓળખી શકાય છે. તેવા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ છે. લોકાલોકને જાણવા માટે પોતાના અસંખ્ય પ્રદેશની બહાર ડોકિયું કરવું પડે એમ નથી પણ અસંખ્ય પ્રદેશમાં રહીને અંતર્મુખ વ્યાપાર કરી રહ્યા છે તેવા ભગવાનને કેવળદર્શન ને કેવળજ્ઞાનનો ઉપયોગ આંતરા વિનાનો-નિરંતર છે. જ્ઞાન-દર્શનની બે પર્યાયો હોવા છતાં એકરૂપ અદ્વૈત ચૈતન્યચમત્કાર મૂર્તિ રહે છે.

હવે આ ૧૬૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૮૧**

(मन्दाक्रान्ता)

**आत्मा ज्ञानं भवति नियतं स्वप्रकाशात्मकं या**
**दृष्टिः साक्षात् प्रहतबहिरालंबना सापि चैषः ।**



**एकाकारस्वरसविसरापूर्णपुण्यः पुराणः**
**स्वस्मिन्नित्यं नियतवसतिर्निर्विकल्पे महिम्नि ।। २८१ ।।**

**શ્લોકાર્થ :** નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે; જેણે બાહ્ય આલંબન નષ્ટ કર્યું છે એવું (સ્વપ્રકાશક) જે સાક્ષાત્ દર્શન તે-રૂપ પણ આત્મા છે. એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે જે પવિત્ર છે અને જે પુરાણ (સનાતન) છે એવો આ આત્મા સદા પોતાના નિર્વિકલ્પ મહિમામાં નિશ્ચિતપણે વસે છે. ।। ૨૮૧ ।।

અભેદ કથનથી વાત કરે છે. નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે. તેનું જ્ઞાન પોતામાં છે. વળી જેણે બાહ્ય આલંબન છોડી દીધું છે તેવું સ્વપ્રકાશક જે સાક્ષાત્ દર્શન તે-રૂપ પણ આત્મા છે. બે ગુણમાં ક્ષેત્રભેદ નથી. જ્ઞાનમય આત્મા સ્વને પ્રકાશે છે ને દર્શનમય આત્મા સ્વને પ્રકાશે છે. કેવા છે ભગવાન ? કેવળજ્ઞાન ને કેવળદર્શનાદિ પૂર્ણ પર્યાયથી એકાકાર છે. એમાં વિકાર કે અનેકતા નથી. નિજરસ અંતરમાં હતો તે પર્યાયમાં પ્રગટ થયો તેથી પવિત્ર છે અને જે અનાદિથી આવા સ્વરૂપે છે. અનાદિથી સિદ્ધ થયા તે આવા જ છે. એવો આ આત્મા સદા નિજસ્વરૂપના નિર્વિકલ્પ મહિમામાં સ્થિરપણે વસે છે. ભગવાન પોતાના અસંખ્ય પ્રદેશમાં વિકાસ પામીને અનુભવ કરી રહ્યા છે.

## ગાથા ૧૬૬

**अप्पसरूवं पेच्छदि लोयालोयं ण केवली भगवं।**
**जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ॥ १६६॥**

**आत्मस्वरूपं पश्यति लोकालोकौ न केवली भगवान्।**
**यदि कोपि भणत्येवं तस्य च किं दूषणं भवति॥ १६६॥**

**પ્રભુ કેવળી દેખે નિજાત્મને, ન લોકાલોકને,**
**–જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૬.**

**અન્વયાર્થ** : (**केवली भगवान्**) (નિશ્ચયથી) કેવળી ભગવાન (**आत्मस्वरूपं**) આત્મસ્વરૂપને (**पश्यति**) દેખે છે, (**न लोकालोकौ**) લોકાલોકને નહિ - (**एवं**) એમ (**यदि**) જો (**कः अपि भणति**) કોઈ કહે તો (**तस्य च किं दूषणं भवति**) તેને શો દોષ છે? (અર્થાત્ કાંઈ દોષ નથી.)

અહીં કેવળી ભગવાનનો આત્મા પોતે પોતાને નિશ્ચયથી જાણે છે, લોકાલોકને જાણતો નથી. અહીં નિશ્ચયથી વાત કરી છે. સમજીને વાત કરે તો દોષ આપવા જેવું નથી. શ્રીમદ્ રાજચંદ્રે 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે :

**કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન,**
**કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.**

અહીં પણ કેવળજ્ઞાનની નિશ્ચયથી વ્યાખ્યા છે. એકલા પૂર્ણાનંદ સ્વભાવને જાણવાની વાત આવી, લોકાલોકની વાત લીધી નહિ, પણ તે સમજાણપૂર્વક છે.

અહો! કેવળી ભગવાનનું સ્વરૂપ જીવોએ જાણ્યું નથી. ભગવાન પૂર્ણ થઈ ગયા, તેમને વિકલ્પ હોતો નથી. કેટલાક જીવો માને છે કે ભગવાન પણ ''નમો તીથસ્સ'' સંઘને નમસ્કાર હો એમ કહે છે. પણ તે વાત ખોટી છે. ભગવાન પૂર્ણ થઈ ગયા તેમને વંદ્ય-વંદક ભાવ નથી, હું વંદન કરનાર છું ને બીજા વંદ્ય છે તેવો વિકલ્પ તેમને હોતો નથી. કેવળી ભગવાન સિદ્ધને પણ વંદન ન કરે તો પછી બીજા છદ્મસ્થને વંદન કરે તે વાત જ વિપરીત છે.

અહીં નિશ્ચયથી ભગવાન સ્વને જાણે છે તેથી કરીને લોકાલોકને બિલકુલ જાણતા જ નથી એમ અર્થ લેવો નહિ. કોઈ એમ કહે કે કેવળી ભગવાનનો આત્મા નિશ્ચયથી પોતાના આત્માને દેખે છે ને જાણે છે તેમ જો સમજીને કહે તો દોષ નથી. ભગવાન લોકાલોકને તેમાં તન્મય થયા વિના એટલે કે નરક-સ્વર્ગાદિના સુખ-દુઃખમાં તન્મય થયા વિના જાણે છે માટે વ્યવહારથી લોકાલોકને જાણે છે



તે વ્યવહારને ગૌણ કરી પોતાને જાણે છે એમ કહે તો દોષ નથી.

**ટીકા** : આ ગાથામાં શુદ્ધ નિશ્ચયનયથી કેવળી ભગવાન સ્વને દેખે છે એમ કથન કરી વ્યવહારનું ખંડન કરે છે.

કેવા છે કેવળી ભગવાન? વ્યવહારથી કેવળી ભગવાન ત્રણ કાળ સંબંધી અનંત પુદ્ગલો, બીજા જીવો તથા ધર્માદિ દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા સમર્થ છે. અનંતા સિદ્ધો તથા કેવળીને પણ જાણી લ્યે છે. એવા સમર્થ સકળવિમળ કેવળજ્ઞાન આદિ વિવિધ મહિમાના ધરનાર છે. તેમનો આત્મા ને કેવળજ્ઞાન જુદા નથી, અભેદ થઈ ગયા છે -આમ વ્યવહારથી લોકાલોકને જાણવા છતાં નિશ્ચયથી પોતાના આત્માને દેખે છે તે બતાવે છે.

વળી કેવા છે ભગવાન? ભગવાનને કેવળદર્શનરૂપી ત્રીજું લોચન ઊઘડી ગયું છે. દ્રવ્ય ઈંદ્રિયો તરફનું વલણ તથા ભાવ ઈંદ્રિયોથી થતું ખંડખંડપણું નાશ કરી પોતાના સ્વભાવમાં એકાગ્રતા કરી કેવળદર્શન પ્રગટ કર્યું છે. આને ત્રીજું લોચન કહ્યું. કામક્રોધાદિ વિકારને બાળી નાખ્યો ને કેવળદર્શન પ્રગટ કર્યું માટે પોતે શંકર છે. વળી લોકાલોક છે માટે કેવળદર્શનનું અસ્તિત્વ છે એમ નથી પણ પોતાના સામર્થ્યથી પ્રગટ થયું છે. આમ પરથી નિરપેક્ષ છે માટે પરમ નિરપેક્ષપણું કહ્યું. ભગવાન સર્વથા અંતર્મુખ હોવાથી કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન છે એવા નિર્મળ નિજ સહજ દર્શન વડે પોતાના જ્ઞાન ને આનંદમય આત્માને નિશ્ચયથી દેખે છે પરંતુ લોકાલોકને નિશ્ચયથી દેખતા નથી એમ જે કોઈ પણ શુદ્ધ અંતઃતત્ત્વના જાણનાર પરમ વીતરાગી મુનિ નિશ્ચયનયની વિવક્ષાથી કહે તો તેમાં દોષ નથી. કારણ કે વ્યવહારની અપેક્ષા સમજી વ્યવહારને ગૌણ કરીને કહે છે. આથી લોકાલોકને બિલકુલ જાણતા જ નથી એમ કોઈ અર્થ ઘટાવે તો તે ખોટો છે. પણ વ્યવહારને ગૌણ કરી નિશ્ચયની વિવક્ષાથી કહે તો દોષ નથી.

હવે આ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિ શ્લોક કહે છે :

### શ્લોક ૨૮૨

(मन्दाक्रान्ता)

**पश्यत्यात्मा सहजपरमात्मानमेकं विशुद्धं**
**स्वान्तःशुद्ध्यावसथमहिमाधारमत्यन्तधीरम्।**
**स्वात्मन्युच्चैरविचलतया सर्वदान्तर्निमग्नं**
**तस्मिन्नैव प्रकृतिमहति व्यावहारप्रपंचः॥ २८२॥**

**શ્લોકાર્થ** : (નિશ્ચયથી) આત્મા સહજ પરમાત્માને દેખે છે -કે જે પરમાત્મા એક છે, વિશુદ્ધ છે, નિજ અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી (કેવળજ્ઞાન-દર્શનાદિ) મહિમાનો ધરનાર છે, અત્યંત ધીર

છે અને નિજ આત્મામાં અત્યંત અવિચળ હોવાથી સર્વદા અંતર્મગ્ન છે; સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહારપ્રપંચ નથી જ (અર્થાત્ નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહાર-વિસ્તાર નથી જ). ॥ ૨૮૨ ॥

**નીચેની ફૂટનોટ** : અહીં નિશ્ચય-વ્યવહાર સંબંધી એમ સમજવું કે જેમાં સ્વની જ અપેક્ષા હોય તે નિશ્ચય કથન છે અને જેમાં પરની અપેક્ષા આવે તે વ્યવહાર કથન છે. માટે કેવળી ભગવાન લોકાલોકને-પરને જાણે-દેખે છે એમ કહેવું તે વ્યવહાર કથન છે, કારણ કે લોકાલોક પોતાના આત્માથી જુદા છે. પૃથક્‌ને જાણવું તે વ્યવહાર છે. અને કેવળી ભગવાન સ્વાત્માને જાણે-દેખે એમ કહેવું તે નિશ્ચય કથન છે. અહીં વ્યવહાર કથનનો વાચ્યાર્થ એમ ન સમજવો કે જેમ અલ્પજ્ઞ પ્રાણી લોકાલોકને જાણતો-દેખતો જ નથી તેમ કેવળી ભગવાન લોકાલોકને જાણતા-દેખતા જ નથી. વર્તમાનમાં કેટલાક એમ કહે છે કે ભગવાન લોકાલોકને જાણતા ન હતા પણ તેઓ વિશિષ્ટ તત્ત્વવિચારક હતા. વળી કોઈ દલીલ કરે છે કે એક ઘડામાં હજાર ઘડાનું પાણી ન સમાય, એક ઘડા જેટલું સમાય. તેવી રીતે એક માણસ બધાનું જ્ઞાન કરી ન શકે. આવી દલીલ કરી ભગવાનને અલ્પજ્ઞ ઠરાવે છે પણ તે દાખલો ખોટો છે. કરોડ માણસ વચ્ચે એક માણસ ભાષણ કરે કે ''ભગવાન મહાવીર ૨૫૦૦ વર્ષ પહેલાં થયા'' તો તે વાક્યનો ખ્યાલ કરોડ માણસને આવી જાય છે. આમ કરોડ માણસ તે વાક્ય સમજી ગયા છે એવો ખ્યાલ ભાષણ કરનારના જ્ઞાનમાં આવી જાય છે. એકના જ્ઞાનમાં કરોડ માણસનું જ્ઞાન આવી જાય છે. તેવી રીતે જ્ઞાનસ્વભાવી આત્મા ભૂત, ભવિષ્ય ને વર્તમાનના અનંતા પદાર્થોનું જ્ઞાન એક સમયમાં કરી લ્યે છે, તે જ્ઞાનમાં તોલ થતો નથી, કાળ વધારે લાગતો નથી. છતાં અનંતને જાણ્યા વિના રહેતો નથી માટે કેવળજ્ઞાની ભગવાન લોકાલોકને બરાબર જાણે છે. છદ્મસ્થ જીવ સાથે સરખામણીની અપેક્ષાએ તો કેવળી ભગવાન લોકાલોકને જાણે- દેખે છે તે બરાબર સત્ય છે-યથાર્થ છે, કારણ કે તેઓ ત્રિકાળ સંબંધી સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને યથાસ્થિત બરાબર પરિપૂર્ણપણે ખરેખર જાણે-દેખે છે. ''કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે'' -એમ કહેતા પરની અપેક્ષા આવે છે એટલું જ સૂચવવા તથા કેવળી ભગવાન જેમ સ્વને તદ્રૂપ થઈને નિજ-સુખના સંવેદન સહિત જાણે-દેખે છે તેમ લોકાલોક સાથે તદ્રૂપ થઈને પર સુખ-દુઃખાદિના સંવેદન સહિત જાણતા-દેખતા નથી પરંતુ પરથી તદ્દન ભિન્ન રહીને પરના સુખ-દુઃખાદિનું સંવેદન કર્યા વિના જાણે-દેખે છે એટલું જ સૂચવવા તેને વ્યવહાર કહેલ છે.

**શ્લોકાર્થ** : ખરેખર આત્મા પોતાના આત્માને દેખે છે. પોતાનો આત્મા જ પરમ આત્મા છે. વળી કેવો છે તે પરમ આત્મા ? વિશુદ્ધ છે, નિજ નિર્મળતાનું ધામ છે, અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિનો ધરનાર છે, અત્યંત ધીર ને શાંત છે, ઠરી ગયેલ છે, ત્રણ કાળ ને ત્રણ લોકના પદાર્થોને જોવા છતાં વિષમતા આવતી નથી ને જરા પણ આકુળતા થતી નથી, પોતાના આત્મામાંથી કદી પણ ચળતો નથી માટે સદા અંતર્મગ્ન છે. વળી પોતાના સ્વભાવથી જ મહાન છે. લોકાલોકને દેખે



છે માટે મહાન છે એમ નથી. ભગવાન વ્યવહારથી લોકાલોકને જાણે છે એટલે કે તેરૂપ અથવા તેમાં તન્મય થતા નથી. આત્મામાં ગુણપર્યાય અભેદ છે. કેવળજ્ઞાનની પર્યાય આત્મામાંથી ખસીને બહાર જાય એમ બનતું નથી, કેવળીસમુદ્‌ઘાત વખતે કેવળી ભગવાનના આત્માના અમુક પ્રદેશો સાતમી નરકના ક્ષેત્રે પણ જાય છે છતાં ત્યાં સુખી છે. ક્ષેત્રના કારણે દુઃખ નથી, નારકીઓ અજ્ઞાનના કારણે દુઃખી છે. ત્યાં કોઈ સમ્યગ્દષ્ટિ હોય છે તે અંશે સુખી છે. ભગવાન પૂરેપૂરા સુખી છે. કેવળજ્ઞાનીને નારકીની પીડાનું જ્ઞાન છે પણ તે જ્ઞાન તેમાં તન્મય થઈને જાણતું નથી પણ જ્ઞાનમાં રહીને જાણે છે. પરને જાણે છે માટે વ્યવહાર કહ્યો છતાં તેથી પરને જાણતા નથી એમ પણ નથી.

નિશ્ચયની વ્યાખ્યા કરી હવે નિશ્ચયનું જ્ઞાન કેવું તેનું સ્પષ્ટીકરણ કરે છે :

**ગાથા ૧૬૭**

**मुत्तममुत्तं दव्वं चेयणमियरं सगं च सव्वं च।**
**पेच्छंतस्स दु णाणं पच्चक्खमणिंदियं होइ ॥ १६७ ॥**

**मूर्तममूर्तं द्रव्यं चेतनमितरत् स्वकं च सर्वं च।**
**पश्यतस्तु ज्ञानं प्रत्यक्षमतीन्द्रियं भवति ॥ १६७ ॥**

**મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને,**
**જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭**

**અન્વયાર્થ** : **(मूर्तम् अमूर्तम्)** મૂર્ત-અમૂર્ત **(चेतनम् इतरत्)** ચેતન-અચેતન **(द्रव्यं)** દ્રવ્યોને- **(स्वकं च सर्वं च)** સ્વને તેમ જ સમસ્તને **(पश्यतः तु)** દેખનારનું (જાણનારનું) **(ज्ञानम्)** જ્ઞાન **(अतीन्द्रियं)** અતીંદ્રિય છે, **(प्रत्यक्षम् भवति)** પ્રત્યક્ષ છે.

કેવળજ્ઞાન મૂર્ત એવા પુદ્‌ગલ, અમૂર્ત એવા આત્માને તથા ધર્માદિ દ્રવ્યોને, ચેતન આત્માને તથા અચેતન પુદ્‌ગલાદિ દ્રવ્યોને સ્વને તેમ જ સમસ્તને જાણનારું છે. અતીંદ્રિય છે ને પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન પરપદાર્થને પણ જાણે છે માટે પરોક્ષ હશે એમ કોઈ શંકા કરે તો ખુલાસો કરે છે કે મૂર્તાદિ પદાર્થોમાં પેઠા વિના કેવળજ્ઞાન તેને પ્રત્યક્ષ જાણે છે. અનંતા પુદ્‌ગલો ને ચેતનાદિ પદાર્થોમાં કેવળજ્ઞાન પેસતું નથી માટે તેને પરોક્ષ કહેવું એમ પણ નથી. જે મૂર્ત-અમૂર્તાદિ ત્રણ લોકના પદાર્થોને પ્રત્યક્ષ જાણે નહિ તે કેવળી હોઈ શકે નહિ.

કોઈ કહે કે પરમાણુને કેવળી જાણે છે તો પરમાણુના મધ્યમાં પ્રવેશ કર્યા વિના તેની શક્તિને કેમ જાણે ? સમાધાન : જે પોતામાં રહીને પરને જાણે પણ પરમાં પ્રવેશ ન કરે ને છતાં પ્રત્યક્ષ બધું જાણે તે કેવળી છે.

અહીં સ્વ-પરપ્રકાશક પ્રત્યક્ષ જ્ઞાનસ્વભાવ સિદ્ધ કરે છે. પર ચીજો છે માટે સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે એમ નથી. પોતાના સામર્થ્યને લીધે સ્વ-પરપ્રકાશક સ્વભાવ ખીલ્યો છે. જે પરમાં તન્મય થયા વિના પ્રત્યક્ષ જાણે છે, પરોક્ષ નહિ. આમ સમસ્ત પદાર્થોને અતીંદ્રિયપણે પ્રત્યક્ષ જાણે તે જ કેવળજ્ઞાન છે.

**ફાગણ વદ ૧૧, શનિવાર, ૨૨-૩-૫૨.**

અહીં ગાથા ૧૬૭ની ટીકા ચાલે છે. આ શુદ્ધોપયોગનો અધિકાર છે. આત્મામાં મોક્ષમાર્ગ થતાં



તેના ફળરૂપે શુદ્ધોપયોગ થાય છે તે કેવો હોય છે ? તેનું વર્ણન કરે છે.

ગાથા ૧૬૬માં કહ્યું હતું કે કેવળજ્ઞાની નિશ્ચયથી આત્માને દેખે છે, લોકાલોકને નહિ, તો તે વાત આત્માનું સ્વરૂપ જેમ છે તેમ સમજીને કહે તો બરાબર છે. કેવળજ્ઞાનીની પ્રતીતિ કરે તે જીવનું જ્ઞાન અંતર્મુખ થવું જોઈએ. સર્વજ્ઞ કે જેમને પરિપૂર્ણ દશા પ્રગટ થઈ છે તે શુદ્ધોપયોગવાળા છે. એવો નિર્ણય કરનારને અલ્પજ્ઞતા અને પુણ્ય-પાપની રુચિ છોડ્યા વિના અને અંતર રુચિ કર્યા વિના સર્વજ્ઞની પ્રતીતિ યથાર્થ થાય નહિ. સર્વજ્ઞનો નિર્ણય અલ્પજ્ઞતાના અવલંબને થાય નહિ. સર્વજ્ઞ સ્વભાવ આત્માનો છે એનું અવલંબન લઈ રાગની ને નિમિત્તની રુચિ છોડે તો સર્વજ્ઞની સાચી પ્રતીતિ થઈ કહેવાય. શુભરાગ અને નિમિત્ત હોય છે પણ જ્ઞાનીને તેનું અવલંબન હોતું નથી. માટે નિશ્ચય એવા સ્વાત્માનું અવલંબન લઈને નિશ્ચયથી કેવળી સ્વને જાણે છે પણ પરને જાણતા નથી એમ કહે તો એમાં દોષ નથી. હવે આ ગાથામાં કેવળજ્ઞાનનું સ્વરૂપ કેવું હોય ? તે કહે છે.

**ટીકા** : આ, કેવળજ્ઞાનના સ્વરૂપનું કથન છે.

‘‘છ દ્રવ્યોમાં પુદ્‌ગલને મૂર્તપણું છે.’’ ત્રિલોકનાથ પરમાત્મા પોતાના ત્રિકાળી સ્વભાવને જાણે છે એટલે પરને જાણતા નથી એમ નથી. ભગવાને જગતમાં છ પદાર્થો જોયા છે. તેમાં પુદ્‌ગલ મૂર્ત છે અને બાકીના પાંચ અમૂર્ત છે અને છ દ્રવ્યોમાં જીવને ચેતનપણું છે ને બાકીના પાંચને અચેતનપણું છે. પહેલા રૂપી અને અરૂપીની અપેક્ષાએ બે ભાગલા પાડ્યા અને પછી ચેતન, અચેતનની અપેક્ષાએ બે ભાગલા પાડ્યા. હવે એ છ દ્રવ્યો છે તે ત્રણ લોકમાં રહેલા છે તેને સર્વજ્ઞ ભગવાન નિરંતર જાણે છે.

ત્રિકાળ સંબંધ ચેતન, અચેતન, મૂર્ત, અમૂર્ત અને સ્વ તથા અનંતા પરપદાર્થોને નિરંતર દેખનાર ભગવાન શ્રીમદ્ અર્હંત પરમેશ્વરનું જે ક્રમ ઇંદ્રિય અને વ્યવધાન વિનાનું અતીંદ્રિય સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકળપ્રત્યક્ષ છે. ભગવાનને અંતરની ઉત્કૃષ્ટ મોટપ અંતરમાંથી પ્રગટી છે તે જગતના બધા પદાર્થોને નિરંતર જાણે છે. (૧) ભગવાનનું જ્ઞાન ક્રમ વિનાનું છે, જ્ઞાનમાં ક્રમ નથી. એટલે પહેલા દર્શન અને પછી જ્ઞાન ઉપયોગ એવો ક્રમ ભગવાનને હોતો નથી. પહેલા સામાન્ય જાણે અને પછી વિશેષ જાણે એવો પણ ક્રમ નથી પણ કેવળજ્ઞાન અક્રમે જાણે છે. (૨) ઇંદ્રિયવાળું જ્ઞાન ભગવાનને નથી, કેવળજ્ઞાન ઇંદ્રિયના અવલંબન વિના જાણે છે, તેથી પ્રત્યક્ષ છે. (૩) કેવળજ્ઞાન વિઘ્ન વિનાનું છે, એ જ્ઞાનમાં આડ નથી. ભગવાનના જ્ઞાનને કોઈ અંતરાય નથી. તે અતીંદ્રિય જ્ઞાન સર્વથા નિર્મળ છે, સકળપ્રત્યક્ષ છે, એમાં કાંઈ જાણવાનું બાકી રહ્યું નથી. આમ છ દ્રવ્યોને કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે.

હવે ટીકાકાર મુનિરાજ પ્રવચનસાર ગાથા ૫૪મીનો આધાર આપે છે કે કેવળજ્ઞાન સ્વ-પર બધાને જાણે છે માટે પ્રત્યક્ષ છે.

**जं पेच्छदो अमुत्तं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।**
**सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं ॥**

**ગાથાર્થ** : દેખનારનું જે જ્ઞાન અમૂર્તને, મૂર્ત પદાર્થોમાં પણ અતીંદ્રિયને, અને પ્રચ્છન્નને એ બધાયને-સ્વને તેમ જ પરને-દેખે છે, તે જ્ઞાન પ્રત્યક્ષ છે.

અહીં દેખનાર ભગવાનનું જ્ઞાન કેવું હોય છે ? એ વાત લીધી છે. તે જ્ઞાન મૂર્ત અને અમૂર્ત બધા પદાર્થોને જાણે છે. અને મૂર્તમાં પણ અતીંદ્રિય મૂર્તને જાણે છે એટલે એક એક છૂટા પરમાણુને પણ જાણે છે. શરીરાદિ ઈંદ્રિયગમ્ય છે પણ સૂક્ષ્મ સ્કંધ તથા પરમાણુ ઈંદ્રિયગમ્ય નથી, તેને પણ ભગવાન જાણે છે.

પ્રચ્છન્ન એટલે ઢંકાયેલી ચીજને જાણે છે, ભૂત અને ભવિષ્યની પર્યાય ઢંકાયેલી છે અને આ જીવ આટલા ભવે મોક્ષ જશે, આટલા જીવો મોક્ષે ગયા છે અને આટલા જીવો અમુક કાળે જશે, તત્ત્વનો વિરોધ કરનાર ક્યાં જશે ? અને આરાધના કરનાર ક્યાં જશે ? તે બધી વાત સાધારણ જીવને માટે પડદે પડેલી છે, પણ કેવળજ્ઞાની તે બધું જાણે છે. ભગવાનના જ્ઞાનમાં તે બધું નક્કી થઈ ગયું છે. આ રીતે સર્વજ્ઞ પરમાત્માનું જ્ઞાન પ્રત્યક્ષ છે. તે કુંદકુંદાચાર્યદેવનો આધાર આપીને કહ્યું.

હવે ટીકાકાર મુનિરાજ ગાથા ૧૬૭ની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહે છે :

**શ્લોક ૨૮૩**

(मन्दाक्रान्ता)

**सम्यग्वर्ती त्रिभुवनगुरुः शाश्वतानन्तधामा**
**लोकालोकौ स्वपरमखिलं चेतनाचेतनं च।**
**तार्तीयं यन्नयनमपरं केवलज्ञानसंज्ञं**
**तेनैवायं विदितमहिमा तीर्थनाथो जिनेन्द्रः ॥ २८३ ॥**

**શ્લોકાર્થ** : કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર તેનાથી જ જેમનો પ્રસિદ્ધ મહિમા છે, જેઓ ત્રણ લોકના ગુરુ છે અને શાશ્વત અનંત જેમનું ધામ છે-એવા આ તીર્થનાથ જિનેંદ્ર લોકાલોકને અર્થાત્ સ્વ-પર એવા સમસ્ત ચેતન-અચેતન પદાર્થોને સમ્યક્ પ્રકારે (બરાબર) જાણે છે. ॥૨૮૩॥

કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર તેનાથી જ જેમનો પ્રસિદ્ધ મહિમા છે. પૃષ્ઠ ૭૭૫માં કેવળદર્શનરૂપી ત્રીજું નેત્ર ભગવાનને કહ્યું હતું. અહીં કેવળજ્ઞાનને ત્રીજું નેત્ર કહ્યું છે. બે આંખથી ભગવાન દેખતા નથી પણ કેવળજ્ઞાન નેત્રથી ભગવાન દેખે છે. અને તે વડે ભગવાનનો મહિમા



છે. સમવસરણ, પરમ ઔદારિક શરીર, દિવ્યધ્વનિ આદિથી ભગવાનનો મહિમા નથી. કેમ કે તે તો પુણ્યનો મહિમા છે, તે ભગવાનનો મહિમા નથી. ભગવાનના અતિશયથી પણ તેમનો મહિમા નથી. સિંહ ને બકરી સાથે બેસે તે વડે તેમની પ્રસિદ્ધિ નથી પણ કેવળજ્ઞાનની પ્રસિદ્ધિથી ભગવાનનો મહિમા છે. એનો અર્થ એમ થયો કે ભગવાન પણ પુણ્યનો નિષેધ કરીને અંતરમાં ઠર્યા અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. તે તેમનો મહિમા છે. એ પ્રમાણે નીચલી દશામાં પણ પુણ્યનો કે નિમિત્ત વગેરેનો મહિમા નથી પણ અંતર સ્વભાવ જેટલો પ્રગટ્યો તેનો જ મહિમા છે. ભગવાનના સમવસરણમાં ઈંદ્રો આવે છે, મુનિઓ આવે છે. તે બધો પુણ્યનો મહિમા છે, જડનો મહિમા છે, ચેતનનો મહિમા નથી. બહારની ૠદ્ધિ તો દેવોને પણ હોય છે, અંતરૠદ્ધિ પ્રગટી છે તે જ ભગવાનનો મહિમા છે.

**તીર્થનાથ જિનેંદ્ર ત્રણ લોકના ગુરુ છે અને શાશ્વત એમનું ધામ છે.**

તીર્થનાથ સર્વજ્ઞદેવ છે અને અપરગુરુ ગણધરાદિ મુનિઓ છે. ઈંદ્રો, નરેંદ્રો, વાસુદેવ, બળદેવ આદિ ભગવાનના ચરણોમાં નમી પડે છે માટે ભગવાનથી મોટા કોઈ નથી. ગણધરદેવ ચાર જ્ઞાનના ધણી છે તે ભગવાન પાસે નમી પડે છે. એવા કેવળજ્ઞાની તે પરમગુરુ છે. કેવળજ્ઞાનીની ઉત્કૃષ્ટ લાયકાત છે. એના જેવી ભવ્યતા આ જગતમાં બીજે નથી. શરીરાદિની ભવ્યતા તે ખરેખર ભવ્યતા નથી, કારણ કે શાતાનો ઉદય તે સુખ નથી અને અશાતાનો ઉદય તે દુઃખ નથી પણ અનુકૂળતામાં ને પ્રતિકૂળતામાં પણ સમાધાન વર્તે તે ધર્મ અને સાચું સુખ છે. મારું સુખ તો અંતરના અવલંબને છે. રાગ વિનાનું મારું સ્વરૂપ તો જ્ઞાયક છે એવી દૃષ્ટિ કરવી તે સમાધાન છે. તે દૃષ્ટિપૂર્વક લીનતા થતાં જે કેવળજ્ઞાન પ્રગટ થાય છે તેની ભવ્યતા છે, જગતમાં પ્રકૃતિની ભવ્યતા કહેવાય છે પણ તે મંદ પ્રકૃતિ તો અભવી અનંતવાર કરે છે તેની ભવ્યતા નથી. કેવળજ્ઞાન જે શાશ્વત ધામ છે તે ભગવાનનું શાશ્વત તેજ અને બળ છે.

એવા આ તીર્થનાથ જિનેન્દ્ર લોકાલોક અર્થાત્ સ્વ-પર એવા સમસ્ત ચેતન-અચેતન પદાર્થોને સમ્યક્ પ્રકારે બરાબર જાણે છે. સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા એ ચાર તીર્થ છે. તેના ભગવાન અધિનાથ છે. તે ભગવાન લોકાલોકને જાણે છે એવા કેવળજ્ઞાનનો મહિમા છે.

## ગાથા ૧૬૮

**पुव्वुत्तसयलदव्वं णाणागुणपज्जएण संजुत्तं।**
**जो ण य पेच्छइ सम्मं परोक्खदिट्ठी हवे तस्स॥ १६८॥**

**पूर्वोक्तसकलद्रव्यं नानागुणपर्यायेण संयुक्तम्।**
**यो न च पश्यति सम्यक् परोक्षदृष्टिर्भवेत्तस्य॥ १६८॥**

**વિધવિધ ગુણો ને પર્યયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને,**
**દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દષ્ટિ તેહને. ૧૬૮.**

**અન્વયાર્થ** : (**नानागुणपर्यायेण संयुक्तम्**) વિધવિધ ગુણો અને પર્યાયોથી સંયુક્ત (**पूर्वोक्तसकलद्रव्यं**) પૂર્વોક્ત સમસ્ત દ્રવ્યોને (**यः**) જે (**सम्यक्**) સમ્યક્ પ્રકારે (બરાબર) (**न च पश्यति**) દેખતો નથી, (**तस्य**) તેને (**परोक्षदृष्टिः भवेत्**) પરોક્ષ દર્શન છે.

આ ગાથામાં કેવળજ્ઞાનપૂર્વક કેવળદર્શન જેને છે તે પ્રત્યક્ષ છે અને જે દેખતા નથી તેને પરોક્ષદર્શન છે એમ નાસ્તિથી વાત કરેલ છે. આ પહેલાંની ગાથામાં અસ્તિથી વાત કરેલ હતી. જડના જડ ગુણો અને ચેતનના ચેતન ગુણો, મૂર્તના મૂર્ત ગુણો અને અમૂર્તના અમૂર્ત ગુણો -એમ વિધવિધ ગુણો હોય છે. અને પર્યાયો પણ અનેક પ્રકારની હોય છે. એ બધાને જેમ છે તેમ બરાબર જે દેખતો નથી તેને પ્રત્યક્ષ દર્શન નથી પણ પરોક્ષ છે એમ કહે છે.

**ટીકા** : અહીં કેવળદર્શનના અભાવે અર્થાત્ પ્રત્યક્ષ દર્શનના અભાવમાં સર્વજ્ઞપણું હોતું નથી એમ કહ્યું છે.

સમસ્ત ગુણો અને પર્યાયોથી સંયુક્ત મૂર્ત-અમૂર્ત, ચેતન-અચેતન દ્રવ્યોને જે દેખતો નથી તેને સંસારીઓની માફક પરોક્ષદષ્ટિ છે. કેવળજ્ઞાની સર્વજ્ઞ પરમાત્મા બધા પદાર્થોને દેખે છે. તે પદાર્થો કેવા છે તે કહે છે. મૂર્ત દ્રવ્યોના મૂર્ત ગુણો હોય છે અને અચેતનના અચેતન ગુણો હોય છે. કોઈ કહે કે જડમાં શક્તિ કેમ હોય ? તો તેને કહે છે કે મૂર્ત પદાર્થોમાં મૂર્ત ગુણો હોય છે. અચેતન પદાર્થોમાં અચેતન શક્તિઓ છે, આત્માને લઈને જડનું કાર્ય થતું નથી. એક એક પરમાણુમાં અનંતા ગુણો છે. સમયસાર નાટકમાં કહ્યું છે કે :

**તનતા મનતા વચનતા, જડતા જડસમ્મેલ;**
**લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવકે ખેલ.**

શરીરાદિ જડ પદાર્થો એક ક્ષેત્રેથી બીજે ક્ષેત્રે ગતિ કરે છે તે તેની શક્તિથી કરે છે. શરીરના



કારણે શરીર ચાલે છે, અને આત્માના કારણે આત્મા ચાલે છે -એમ ભગવાન દેખે છે. પણ આત્માના ગુણોના કારણે શરીરના ગુણો થાય છે એમ ભગવાન જોતા નથી. જીવ અને અજીવ બન્ને ભિન્ન પદાર્થો છે. માટે બન્નેના ગુણો પણ ભિન્ન છે. જડની અવસ્થામાં આત્માનો અધિકાર નથી. આત્માને વિકલ્પ થાય પણ વિકલ્પના કારણે શરીરની અવસ્થા થાય એમ નથી.

સર્વજ્ઞ પરમાત્માએ જેવું જોયું એવું વાણી દ્વારા આવ્યું છે અને તેવું શાસ્ત્રમાં લખાયું છે. એમાં ફેર પડે એમ નથી. ભગવાને તો અમૂર્તના અમૂર્ત ગુણો જોયા છે અને અચેતનના અચેતન ગુણો જોયા છે. આ વાત અજ્ઞાનીને કઠણ પડે છે કેમ કે તેને સંસારની રુચિ છે. સંસારમાં કાળ ગાળે પણ સાચી સમજણ કરવા રોકાતો નથી. માટે તેને સમજાતું નથી. આ તો ભગવાને જે જોયું તેની વાત ચાલે છે.

વળી છ પ્રકારની હાની-વૃદ્ધિરૂપ સૂક્ષ્મ પરમાગમના પ્રમાણથી સ્વીકારવા યોગ્ય અર્થપર્યાયો છ દ્રવ્યોને સાધારણ છે તેને જે જાણતો નથી તેનું દર્શન પરોક્ષ છે, પ્રત્યક્ષ નથી. વળી નરનારકાદિ વ્યંજનપર્યાયો પાંચ પ્રકારના સંસાર પ્રપંચવાળા જીવોને હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ સંસારમાં રખડવાવાળા જીવો છે. પુણ્ય-પાપના ભાવો પણ પરાવર્તનવાળા છે. તેને ભગવાન સાક્ષાત્ જાણે છે. અને ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એ ચાર દ્રવ્યોને શુદ્ધ પર્યાયો છે. આ ગુણ-પર્યાયોથી સંયુક્ત એવા તે દ્રવ્યસમૂહને જે ખરેખર દેખતો નથી તે સર્વજ્ઞ નથી પણ અલ્પજ્ઞ છે. ભલે તે સર્વજ્ઞપણાના અભિમાનથી દગ્ધ હોય પણ તે સંસારીઓની જેમ અલ્પજ્ઞ છે.

ભગવાનના સ્વરૂપને અનેક રીતે અજ્ઞાની કલ્પનાથી માને છે. માત્ર મનની વાત જાણે તેટલા માત્રથી સર્વજ્ઞ કહેવાય નહિ. એ તો દેવ પણ જાણે છે. વળી ભગવાન સાધારણ જીવોની માફક પૃથ્વી ઉપર વિચરે અને યક્ષના મંદિરમાં ઊતરે, વળી પાટપાટલા માટે આજ્ઞા લ્યે. ભગવાનને રોગ થાય અને કવળ આહાર હોય એ બધી કલ્પનાથી માનેલી વાત છે, તે સર્વજ્ઞપણાના સ્વભાવને જાણતો નથી. ભગવાનનું શરીર તો પરમ ઔદારિક સ્ફટિક જેવું હોય અને પૃથ્વીથી પાંચ હજાર ધનુષ ઊંચે વિહાર કરે છે. રોગ, તૃષા, આહાર ભગવાનને હોય નહિ, તે તો બહારની વાત છે, અંતરમાં કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ થયું છે. તે અરિહંતનું સ્વરૂપ છે, અલ્પજ્ઞને સર્વજ્ઞ માને તો તે સંસારીની જેમ પરોક્ષ જ્ઞાન છે. તેને સર્વજ્ઞની ખબર નથી. વાદવિવાદે પાર પડે એમ નથી. પોતે સત્યને સમજી અંતરમાં સમાવાની વાત છે. સર્વજ્ઞ ભગવાન સાક્ષાત્ વિચરતાં ત્યારે પણ બધા એક અભિપ્રાયવાળા થયા ન હતા તો અત્યારે બધા આ વાતને માન્ય રાખે એમ બને નહિ.

હવે ૧૬૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

### શ્લોક ૨૮૪

(वसंततिलका)

यो नैव पश्यति जगत्रयमेकदैव
कालत्रयं च तरसा सकलज्ञमानी।
प्रत्यक्षदृष्टिरतुला न हि तस्य नित्यं
सर्वज्ञता कथमिहास्य जडात्मनः स्यात्॥ २८४॥

**શ્લોકાર્થ** : સર્વજ્ઞતાના અભિમાનવાળો જે જીવ શીઘ્ર એક જ કાળે ત્રણ જગતને અને ત્રણ કાળને દેખતો નથી, તેને સદા (અર્થાત્ કદાપિ) અતુલ પ્રત્યક્ષ દર્શન નથી; તે જડ આત્માને સર્વજ્ઞતા કેવી રીતે હોય ? ॥ ૨૮૪ ॥

કેટલાક ગૃહસ્થ અવસ્થામાં પણ સર્વજ્ઞપણું માને છે. પણ કપડાં આદિ હોય તેને મુનિપણું પણ હોતું નથી તો સર્વજ્ઞપણું તો હોઈ શકે જ નહિ. અહીં તો સર્વજ્ઞપણાની વ્યાખ્યા કરતાં ટીકાકાર મુનિરાજ કહે છે કે જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન નથી એવા પુરુષને સર્વજ્ઞપણું માનવું તે મૂઢતા છે, તે જડ જેવો છે. કેમ કે અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતા માનનાર નિગોદમાં પરંપરાએ જાય છે અને ત્યાં જડ જેવો થઈ જાય છે. માટે અહીં તે જડ છે એમ કહેલ છે.



### ફાગણ વદ ૧૩, રવિવાર, ૨૩-૩-૫૨.

ગાથા ૧૬૮માં કહ્યું કે ત્રણ કાળ ત્રણ લોકને જે જાણે નહિ તે સર્વજ્ઞ કહેવાય નહિ. કોઈ એમ કહે કે જગતમાં કાગડા, કીડા, કંથવા આદિ છે એને જાણવાની શી જરૂર છે ? એક આત્માને જાણ્યો એટલે બસ છે. અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે અને શરીરની અવગાહના આટલી છે એ જાણવાની કાંઈ જરૂર નથી. એટલે કે બધું જાણે તો જ સર્વજ્ઞ કહેવાય એમ નથી. તો તે સર્વજ્ઞતાના અભિમાનવાળો છે, જે ત્રણ કાળ ત્રણ લોકને દેખતો નથી તે સર્વજ્ઞ નથી.

એક સમયમાં પૂરું ન જાણે તેને સર્વજ્ઞ માને તો તે જડ છે એમ કહે છે. જેવો સ્વભાવ છે તેવો પરિપૂર્ણ ઊઘડ્યો તેને ન માન્યો તેણે સર્વજ્ઞના સ્વભાવને જાણ્યો નહિ માટે તે જડ જ છે. કેમ કે ક્રમે ક્રમે નિગોદમાં જવાનો અને ત્યાં જડ જેવો થઈ જવાનો. જ્ઞાન-દર્શન સ્વભાવી આત્મા છે તેનું અવલંબન લેતા પૂર્ણદશા થઈ તેને ન કબૂલે તે મિથ્યાદષ્ટિ જડ જ છે. જગતમાં સર્વજ્ઞને નહિ માનનારાની વાતનો અહીં પરિહાર કર્યો છે. આ નિયમસાર છે એટલે જેટલી વિરુદ્ધતા છે તેનો નિષેધ કર્યો છે. અલ્પજ્ઞને સર્વજ્ઞ માનનાર મિથ્યાત્વનું આરાધન કરી રહ્યો છે. ને તે મરીને ક્રમે ક્રમે નિગોદમાં જશે. માટે આચાર્ય ભગવાન કહે છે કે તે જડ છે. સ્વ-પરને જેમ છે તેમ તે નથી જાણતો. વળી આત્મા સ્વ-પરપ્રકાશક છે, એનો સ્વભાવ બધાને જાણવાની તાકાતવાળો છે એમ ન માનતા અલ્પજ્ઞતા જ માને તે મિથ્યાદષ્ટિ-જડ છે.

### ગાથા ૧૬૯

**लोयालोयं जाणइ अप्पाणं णेव केवली भगवं।**
**जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ॥ १६९ ॥**

**लोकालोकौ जानात्यात्मानं नैव केवली भगवान्।**
**यदि कोऽपि भणति एवं तस्य च किं दूषणं भवति॥ १६९ ॥**

**પ્રભુ કેવળી જાણે ત્રિલોક-અલોકને, નહિ આત્મને,**
**-જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે ? ૧૬૯.**

**અન્વયાર્થ** : **(केवली भगवान)** (વ્યવહારથી) કેવળી ભગવાન **(लोकालोकौ)** લોકાલોકને **(जानाति)** જાણે છે, **(न एव आत्मानम्)** આત્માને નહિ- **(एवं)** એમ **(यदि)** જો **(कः अपि भणति)** કોઈ કહે તો **(तस्य च किं दूषणं भवति)** તેને શો દોષ છે ? (અર્થાત્ કાંઈ દોષ નથી.)

અહીં વ્યવહારની પ્રધાનતાથી કથન કરેલ છે કે સર્વજ્ઞ ભગવાન વ્યવહારથી લોકાલોકને જાણે છે, આત્માને નહિ. નિશ્ચયથી આત્માને જાણે છે તેમ વ્યવહારથી પણ આત્મા જાણે છે એમ હોઈ

શકે નહિ. કેમ કે નિશ્ચયથી સ્વને તન્મય થઈને જાણે છે માટે વ્યવહારથી પરને જાણે છે તે વ્યાજબી છે કેમ કે પરને જાણતા પરમાં જ્ઞાન તન્મય થતું નથી, માટે એમ કહે તો તેમાં દોષ નથી.

આત્મા નિશ્ચયથી સ્વને જાણે છે અને લોકાલોકને જાણતો નથી, તો એ વાત વ્યાજબી છે. જો નિશ્ચયથી પરને જાણે તો નર-નારકાદિના સુખ-દુઃખને કેવળી અનુભવે પણ એમ થતું નથી. માટે વ્યવહારથી પરમાં તન્મય થયા વગર પરને જાણે છે અને નિશ્ચયથી સ્વને જાણે છે. કેમ કે સ્વમાં તન્મય થઈને સ્વને જાણે છે. કઈ અપેક્ષા ચાલે છે તે સમજવું જોઈએ.

**ટીકા** : આ વ્યવહારનયની પ્રગટતાથી કથન છે. **પરાશ્રિતો વ્યવહારઃ** વ્યવહારનય પરાશ્રિત છે. એવા શાસ્ત્રના અભિપ્રાયને લીધે વ્યવહારે વ્યવહારનયની પ્રધાનતા દ્વારા ભગવાન લોકાલોકને જાણે છે તે ભગવાન કેવા છે ? કે સકળવિમળ કેવળજ્ઞાન જેમનું ત્રીજું લોચન છે, અપુનર્ભવરૂપી સુંદર કામિનીના જેઓ જીવિતેશ છે. પરમાત્મદશા જે પ્રગટી છે તે મુક્તિરૂપી સુંદરીના ભગવાન પતિ છે અને પર્યાય તે તેમની પત્ની છે, આત્મા તેનો સ્વામી છે કેમ કે વિશેષ સામાન્ય વિના હોય નહિ અને સામાન્ય વિશેષ વિના હોય નહિ માટે મુક્તિસુંદરીના ભગવાન સ્વામી છે.

એવા ભગવાન છ દ્રવ્યોથી વ્યાપ્ત ત્રણ લોકને અને શુદ્ધ આકાશમાત્ર અલોકને જાણે છે પણ નિર્વિકાર શુદ્ધ આત્મસ્વરૂપને જાણતા નથી. અહીં આત્માને છ દ્રવ્યોથી ભિન્ન કહ્યો છે. ''એક બાજુ આત્મા રામ અને બીજી બાજુ ગામ'' પોતાના આત્મા સિવાય અનંતા જીવો અને અનંતાનંત પુદ્‌ગલ દ્રવ્યો તથા ધર્માસ્તિ આદિ છ દ્રવ્યો તે લોક છે. સમયસાર ગાથા ૪૯માં પણ છ દ્રવ્યથી ભિન્ન આત્મા છે એમ કહ્યું છે. લોક તે જ્ઞેય છે અને જીવ અનેરો છે માટે આત્મા અવ્યક્ત છે. ક્ષુલ્લક ધર્મદાસજીએ સમ્યક્‌જ્ઞાન દીપિકામાં પણ આત્માને સપ્તમ દ્રવ્ય કહ્યું છે. આત્મા સ્વદ્રવ્ય છે અને લોકાલોક તથા રાગાદિ પર છે. સમ્યગ્દૃષ્ટિનો વિષય સ્વ છે તેને નિશ્ચયથી જાણે છે અને વ્યવહારથી લોકાલોકને જાણે છે.

અહીં કોઈ કહે કે વ્યવહારની મુખ્યતા આવી ને ? તો કહે છે કે વ્યવહારની મુખ્યતા આવી નથી પણ પરને જાણવું તે વ્યવહારની મુખ્યતાથી કથન કરેલ છે. પરમાં તન્મય થઈને પરને જાણતો નથી એમ વ્યવહારનયની વ્યાખ્યા કરી છે. આ જ્ઞાન કરવા માટે પ્રયોજનભૂત છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પડ્યો છે એને નિશ્ચય કહે છે. સ્વને જાણતા પર જણાઈ જાય છે તે નિશ્ચયમાં જાય છે અને પરને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે, પરનું જ્ઞાન પરોક્ષ નથી પણ પ્રત્યક્ષ છે એવું ચૈતન્યનું સામર્થ્ય છે. લોકાલોકના જ્ઞાનનું વેદન છે પણ લોકાલોકનું વેદન નથી. માટે એટલું જુદું પાડવા માટે વ્યવહારથી લોકાલોકને જાણે છે એમ કહેલ છે. આ વાત અજ્ઞાની કે જે અરિહંતના સ્વરૂપને જાણતો નથી એને કહે છે. એને ભગવાનનું સ્વરૂપ કેવું હોય તે કહે છે.

શ્રુતજ્ઞાનનો અંશ તે નય છે. કેવળીને નય નથી પણ કેવળીની વાત કોઈ જ્ઞાની કરે કે તેઓ પરને



વ્યવહારથી જાણે છે તો એમાં દૂષણ નથી. આત્માનું ભાન થયું છે તે કહે કે નિશ્ચયથી કેવળી પોતાને જ દેખે છે, પરને દેખતા નથી અને વ્યવહારથી પરને જ દેખે છે, પોતાને દેખતા નથી, તો તે બરાબર છે. કેવળીનો આત્મા લોકાલોકને સ્પર્શતો જ નથી. એકમેક થઈને તેને જાણતો નથી પણ એકમેક થયા વિના જાણે છે તો એમાં દોષ નથી આમ કહીને આત્મા સિવાય લોકાલોક છે એ સિદ્ધ કરે છે.

નિરુપરાધ શુદ્ધ આત્મસ્વરૂપને કેવળી નથી જ જાણતા એમ જો વ્યવહારનયની વિવક્ષાથી કોઈ જિનનાથના તત્ત્વ વિચારમાં નિપુણ જીવ કદાચિત્ કહે તો તેને ખરેખર દૂષણ નથી. નિર્વિકાર શુદ્ધાત્માને હું જાણતો નથી, તો તે વ્યવહારથી યથાર્થ છે. પરને નિશ્ચયથી જાણે છે એમ કહે તો જ્ઞાન અને પર એકમેક થઈ જાય છે, એમ છે જ નહિ. કેવળી પરને વ્યવહારથી જાણે છે અને નિશ્ચયથી સ્વને જાણે છે એમ સાધકદશાવાળો જીવ પણ આત્મા જ્ઞાનસ્વભાવી છે તેની મુખ્યતાથી જાણતાં રાગાદિમાં ન અટકતાં રાગાદિને જાણે છે એમ કહેવું તે અસદ્‌ભૂત વ્યવહાર છે.

જ્ઞાન છે તે જ આત્મા છે એમ સ્વસન્મુખ થઈને સ્વને જાણે તે વખતે સાધકદશામાં જે રાગ છે તે રાગના વેદન વિના રાગનું જે જ્ઞાન છે તે નિશ્ચય છે અને રાગને જાણે છે એમ કહેવું તે અસદ્‌ભૂત વ્યવહાર છે. ચારિત્ર ગુણની પર્યાયમાં પૂર્ણતા નથી, માટે રાગના દુઃખનું વેદન છે એમ કહેવાય છે પણ જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનમાં વિકાસ થયો છે તે જ્ઞાનને વેદતો, રાગને નહિ વેદતો જ્ઞાનમાં રાગ જણાય છે તે નિશ્ચય છે. રાગ તે પુણ્ય અને અધર્મ છે. એનું વેદન જ્ઞાનને નથી, એવું સ્વસામર્થ્ય પ્રગટ્યું છે, એમ જ્ઞાનની અસ્તિને જાણતા, રાગની ગૌણતા કરીને, રાગને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે આનું નામ ધર્મ છે. ધર્મ કાંઈ બહારની ચીજ નથી, જેને ધર્મ કરવો હોય તેણે ધર્મ પોતાથી થાય છે પણ પરથી થતો નથી એમ પ્રથમ નક્કી કરવું જોઈએ. આમ સ્વભાવ તરફ વળતાં, પહેલા જે જ્ઞાનનો પર્યાય ન હતો તે પર્યાય પ્રગટ્યો તે વખતે શુભભાવ હોય કે અશુભભાવ હોય તે ભાવને સ્પર્શ્યા વિના જ્ઞાન જાણે છે કેમ કે રાગને અને જ્ઞાનને અત્યંત અભાવ છે. એમ જ્ઞાનની અસ્તિની પ્રધાનતામાં, રાગના અભાવમાં, જ્ઞાનનું વેદન થાય છે. એમાં રાગને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. સ્વભાવ અખંડ છે, તેમાં ખંડ પડ્યો તે સ્વવસ્તુ નથી. પણ અંતરમાં એકાગ્ર થયો તે સ્વવસ્તુ છે. ખંડતા પડી તે રાગ અને ભેદ છે તેથી તે રાગને અને જ્ઞાનને અત્યંત અભાવ છે.

ધર્મ તો સ્વવસ્તુના આશ્રયે થાય છે. રાગ પણ ખરેખર પરવસ્તુ છે, તે દૃષ્ટિના વિષયની અપેક્ષાએ છે. પ્રમાણના વિષયમાં રાગ સ્વપ્રદેશમાં થાય છે પણ પ્રમાણ વખતે સ્વની પ્રધાનતા વર્તે છે તો પ્રમાણ ટકી રહે છે. આમ સામાન્ય વસ્તુના આશ્રય વિના બહાર ક્યાંય ધર્મ નથી. શરીર, વાણી, મન તો પર છે અને સ્વભાવ સન્મુખ થતાં રાગની પર્યાયના અભાવરૂપ જ્ઞાન છે તે જો કે સમય

સમયના રાગને પકડી શકતું નથી. કેમ કે સમય સમયનો ઉપયોગ તો કેવળજ્ઞાન થતાં થાય છે માટે એક સમયમાં જાુદું પડે નહિ, પણ અભાવરૂપ વેદન તો હોય છે. આમ આત્માના સ્વરૂપને યથાર્થ સમજવાનો અભ્યાસ કરવો જોઈએ. જેવો સ્વભાવ છે એવી પ્રતીતિ પ્રથમ થાય ને પછી સ્થિરતા થતા કેવળજ્ઞાન-દર્શન થાય છે. અંતરજ્ઞાનનો અભ્યાસ તે જ ધાર્મિક ક્રિયા છે કેમ કે ધર્મ બહારથી આવતો નથી.

આચાર્ય ભગવાન કહે છે કે જેને સ્વ-પરનો યથાર્થ વિવેક થાય છે તે કહે કે આત્મા વ્યવહારે પરને જાણે છે અને નિશ્ચયે સ્વને જાણે છે તો તેની વાત બરાબર છે. નિશ્ચયથી સમ્યગ્જ્ઞાની કેવળીને જાણતો નથી, નિશ્ચયથી કેવળીને જાણે તો કેવળીનો ને તેનો આત્મા એક થઈ જાય, કેવળીનું જ્ઞાન સ્વ આત્મામાં થાય છે તે નિશ્ચય છે પણ કેવળીને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે, કેમ કે તેઓ પર છે. કોઈ કહે કે કેવળી ભગવાન તો શુદ્ધ છે, એને પર કેમ કહેવાય ? તો અહીં કહે છે કે :

આ આત્માથી કેવળી ભગવાન પર છે, કેમ કે કેવળીને લઈને આત્મામાં જ્ઞાન થતું નથી પણ પોતાને લઈને પરનું જ્ઞાન થાય છે એમ કહેવું તે પણ વ્યવહાર છે.

જાુઓ, શાંત થઈને સાંભળવું જોઈએ. કેવળી લોક અને અલોકને વ્યવહારથી જાણે છે પણ આત્માને વ્યવહારથી જાણતા નથી તે બરાબર છે. આત્મા આત્માને જાણતો નથી પણ આત્મા આત્માને વ્યવહારે જાણતો નથી એ બરાબર છે.

કેવળી ભગવાનના જ્ઞાન-દર્શન, વાણી, એમનો આત્મા, એમનું શરીર, એમનું ક્ષેત્ર એ બધું જાુદી જાતનું હોય છે. સાધારણ મનુષ્ય જેવું હોતું નથી. અજ્ઞાનીએ પોતાની કલ્પનાથી કેવળજ્ઞાનીનું સ્વરૂપ સંસારી જેવું માન્યું છે. પણ ભગવાન જિનનાથ તો અલૌકિક પ્રધાન પુરુષ છે, એને સાધારણ મનુષ્ય જેવી સ્થિતિ હોય નહિ. જેની ભાવમુક્તિ થઈ ગઈ છે એવા ભગવાન લોકાલોકને જાણે છે પણ શુદ્ધાત્માને જાણતા નથી એમ વ્યવહાર કથનની અપેક્ષાએ કોઈ જ્ઞાની જીવ કદાચિત્ કહે તો તેને ખરેખર દોષ નથી.

એવી રીતે આચાર્યવર શ્રી સમંતભદ્ર સ્વામીએ બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં શ્રી મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૪મા શ્લોકમાં કહ્યું છે કે :

(अपरवक्त्र)

**स्थितिजननिरोधलक्षणं**
**चरमचरं च जगत्प्रतिक्षणम्।**
**इति जिन सकलज्ञलांछनं**
**वचनमिदं वदतांवरस्य ते।।**



**શ્લોકાર્થ** : હે જિનેંદ્ર ! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે; 'ચરાચર (જંગમ તથા સ્થાવર) જગત પ્રતિક્ષણ (પ્રત્યેક સમયે) ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણવાળું છે' એવું આ તારું વચન (તારી) સર્વજ્ઞતાનું ચિહ્ન છે.

વાણી કહેવામાં શ્રેષ્ઠ હોય તો એક જિનેંદ્ર ભગવાન તમે છો ! હે નાથ ! તને સર્વજ્ઞપણું છે, એ અમે કેમ પરખ્યું ? તે કહે છે કે જૂની પર્યાયનો વ્યય અને નવીનો ઉત્પાદ, અને વસ્તુ અપેક્ષાએ ધ્રુવપણું એમ ત્રણે થઈને એક સમયમાં પૂરેપૂરું દ્રવ્ય છે. અને એક એક ગુણમાં પણ ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણું છે. આમ આખું જગત ઉત્પાદ, વ્યય અને ધ્રુવના લક્ષણવાળું છે ને એક સમયમાં પૂરું છે. એક સમય તે સૌ સમય છે એનો જોગે પત્તો મેળવ્યો તે સર્વજ્ઞ છે. તારી વાણી ધોધમાર કરતી આવી કે એક સમયમાં વસ્તુ પરિપૂર્ણ છે, અને વસ્તુ ત્રિકાળ સ્વતંત્ર છે, એમ વાણી કહે છે. એવી વાણી પણ બીજે હોય નહિ, તો પછી તારી સર્વજ્ઞતાની વાત જ શું કરવી ? માટે તારા સિવાય સર્વજ્ઞતા બીજે નથી.

**ફાગણ વદ ૧૪, સોમવાર, ૨૪-૩-૫૨.**

હવે ગાથા ૧૬૯ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૮૫**

(वसंततिलका)

**जानाति लोकमखिलं खलु तीर्थनाथः**
**स्वात्मानमेकमनघं  निजसौख्यनिष्ठम्।**
**नो वेत्ति सोऽयमिति तं व्यवहारमार्गाद्**
**वक्तीति कोऽपि मुनिपो न च तस्य दोषः।। २८५।।**

**શ્લોકાર્થ** : તીર્થનાથ ખરેખર આખા લોકને જાણે છે અને તેઓ એક, અનઘ (નિર્દોષ), નિજસૌખ્યનિષ્ઠ (નિજ સુખમાં લીન) સ્વાત્માને જાણતા નથી-એમ કોઈ મુનિવર વ્યવહારમાર્ગથી કહે તો તેને દોષ નથી. ॥ ૨૮૫ ॥

જાુઓ, અહીં શું કહેવા માગે છે ! કે આત્માનો સ્વભાવ જ્ઞાન છે, સ્વભાવ સ્વભાવવાનથી જાુદો નથી. જેને સમ્યગ્જ્ઞાન થયું છે તે સ્વભાવ, સ્વભાવવાનને ન જાણે એમ ન માને અને વ્યવહારથી સ્વભાવ-સ્વભાવવાનને જાણે એમ પણ ન માને કેમ કે સ્વભાવ અને સ્વભાવવાન એક છે.

જ્ઞાન, દર્શન, આનંદાદિ મારો સ્વભાવ છે, તે સ્વભાવવાનથી જાુદો હોય નહિ, એવી સ્વભાવદૃષ્ટિ થઈ છે તે સ્વભાવ, સ્વભાવવાનને વ્યવહારથી જાણે એમ ન માને કેમ કે સ્વભાવ અને સ્વભાવવાન અભેદ એક છે, વ્યવહારે જાણે છે એમ માને તો સ્વભાવ અને સ્વભાવવાનને એક માન્યા નહિ પણ વિભાવ અને સ્વભાવવાનને એક માન્યા તો એ રીતે સમ્યગ્દર્શન થતું નથી. ધર્મ બહારથી આવતો

નથી. આત્મા આદિ અને અંત વગરની વસ્તુ છે તેનું સામર્થ્ય, સામર્થ્યવાનથી જુદું નથી. મુનિરાજ કહે છે કે ત્રિલોકનાથ ભગવાનને જ્ઞાનનો પૂર્ણ વિકાસ થઈ ગયો છે તે વ્યવહારથી આખા લોકને જાણે છે અને નિજ સુખમાં લીન એવા પોતાના આત્માને જાણતા નથી તો તે વાત બરાબર છે કેમ કે ભગવાન લોકાલોકમાં લીન થઈને જાણતા નથી પણ પોતામાં લીન થઈને પરને વ્યવહારે જાણે છે પણ સ્વને વ્યવહારે જાણતા નથી.

કોઈ અજ્ઞાની કહે કે આપણે સમ્યગ્દષ્ટિ છીએ કે મુનિ છીએ તેની આપણને ખબર પડે નહિ, તે તો કેવળીને ખબર પડે. વ્યવહારે મુનિ કહેવાય એમ માનનાર જીવને સમ્યગ્દર્શન કે મુનિપણું છે જ નહિ. તે પોતાના સ્વભાવને સમજ્યો નથી. અહીં તો છઠ્ઠે ગુણસ્થાને મુનિને વિકલ્પ ઊઠ્યો છે તે કહે છે કે જેટલો સ્વભાવમાં ઉપયોગ છે એટલો તો લીન છે અને વિકલ્પ ઊઠ્યો છે તેટલો લીન નથી. તે સ્વભાવદષ્ટિવંત મુનિરાજ કહે છે કે નિર્દોષ ભગવાન વ્યવહારથી આત્માને જાણતા નથી, તો એમાં દોષ નથી.



## ગાથા ૧૭૦

**णाणं जीवसरूवं तम्हा जाणेइ अप्पगं अप्पा।**
**अप्पाणं ण वि जाणदि अप्पादो होदि विदिरित्तं॥ १७०॥**

**ज्ञानं जीवस्वरूपं तस्माज्ज्ञानात्यात्मकं आत्मा।**
**आत्मानं नापि जानात्यात्मनो भवति व्यतिरिक्तम्॥ १७०॥**

**છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;**
**જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.**

**અન્વયાર્થ** : **(ज्ञानं)** જ્ઞાન **(जीवस्वरूपं)** જીવનું સ્વરૂપ છે, **(तस्मात्)** તેથી **(आत्मा)** આત્મા **(आत्मकं)** આત્માને **(जानाति)** જાણે છે; **(आत्मानं न अपि जानाति)** જો જ્ઞાન આત્માને ન જાણે તો **(आत्मनः)** આત્માથી **(व्यतिरिक्तम्)** વ્યતિરિક્ત (જુદું) **(भवति)** ઠરે!

જેમ ગળપણ ગોળનું સ્વરૂપ છે, કડવાશ અફીણનું સ્વરૂપ છે તેમ જ્ઞાન આત્માનું સ્વરૂપ-સ્વભાવ છે. શરીરાદિ તો જડના કારણે છે અને પુણ્ય-પાપ તે આસ્રવતત્ત્વ છે તે જીવતત્ત્વ નથી કેમ કે નવ તત્ત્વ ભિન્ન ભિન્ન છે. જીવતત્ત્વ તો જ્ઞાનસ્વરૂપ છે તે સ્વભાવ, સ્વભાવવાનનું સ્વરૂપ છે. આત્મા જ્ઞાનની જ મૂર્તિ છે. તેથી એમ નક્કી થયું કે જે આત્મા એકલા વિકાર અને શરીરાદિની ક્રિયાને જાણે તેને અહીં આત્મા કહેતા જ નથી. કારણ કે રાગ તે આત્મા નથી. જાણનારને જાણતો નથી તે આત્મા જ નથી. જો જ્ઞાન આત્માને ન જાણે તો સ્વભાવ અને સ્વભાવવાનની એકતા થાય નહિ અને તેથી જ્ઞાનથી આત્મા ભિન્ન ઠરે.

શરીર, વાણી, મનાદિ આત્માને જાણે નહિ કેમ કે તે આત્માથી જુદા છે. એવી રીતે જો જ્ઞાન આત્માને ન જાણે તો જ્ઞાન અને આત્મા જુદા થઈ જાય છે. શરીર તો આત્મામાં નાસ્તિરૂપ છે, આત્માનો વાન તો જ્ઞાન છે. આત્મા જ્ઞાનવાન છે. માટે જ્ઞાન અને આત્માને એક માને નહિ તો તે જ્ઞાન કહેવાતું નથી, ગુણ-ગુણીની એકતા રહેતી નથી. અહીં ગુણ એટલે પર્યાય લેવો. કેવળીનો આત્મા પોતાના આત્માને ન જાણે તો કેવળીનું જ્ઞાન અને આત્મા એક રહેતા નથી. ગાથા ૧૬૯માં કહ્યું હતું કે વ્યવહારથી આત્માને જાણતો નથી અને આ ગાથામાં નિશ્ચયથી આત્માને જાણે છે, માટે કોઈ કહે છે આત્મા આત્માને જાણતો નથી તો અમે તેને આત્મા જ કહેતા નથી.

**ટીકા** : અહીં આ ગાથામાં ''જીવ જ્ઞાનસ્વરૂપ છે'' એમ દલીલથી સિદ્ધ કરેલ છે. જેમ ગોળથી ગળપણ જુદું પડે નહિ, અફીણથી કડવાશ જુદી હોય નહિ અને ખટાશ લીંબુથી જુદી ન હોય. કેમ કે ગળપણ ગોળનું સ્વરૂપ છે, કડવાશ અફીણનું સ્વરૂપ છે અને ખટાશ લીંબુનું સ્વરૂપ છે, એમ

જે સ્વભાવને અને સ્વભાવવાનને અભેદ માનતો નથી તે વિભાવને માનનારો છે તે કહે છે.

પ્રથમ તો જ્ઞાન ખરેખર જીવનું સ્વરૂપ છે. મુદ્દાની વાત તો એ છે કે જાણવા-દેખવાનો સ્વભાવ જીવનો છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તે જીવનો સ્વભાવ નથી. ચશ્મા અને આંખથી જાણવાનો જીવનો સ્વભાવ નથી કેમ કે તે જડ પદાર્થો છે. એનાથી જ્ઞાન થાય નહિ પણ જ્ઞાન સ્વભાવવાન તો આત્મા છે. એની પર્યાયની યોગ્યતાને કારણે જ્ઞાન થાય છે. આત્માનો સ્વભાવ પરને લેવા-મૂકવાનો કે આઘું-પાછું કરવાનો નથી પણ જાણવાનો છે. જ્ઞાન પરને લે-મૂકે એમ માને તે મૂઢ છે. તે વિભાવ અને પરને માને છે પણ આત્માને માનતો નથી. અજ્ઞાની આ મુદ્દાની વાતનો સ્વીકાર કરતો નથી.

જેમ કોઈ કાઠી (આપો) વેપારીને ત્યાં લેવડ-દેવડ કરતો હતો. વેપારી નામુ કરવા બેઠો ત્યારે નાની નાની રકમ આવે ત્યારે કબૂલે અને મોટી રકમ આવે ત્યારે હું જાણતો નથી એમ કહે. હવે આમ કહે તે ચોપડામાંથી ક્યારે બહાર નીકળે ? તેમ અહીં દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિની વાત આવે તો અજ્ઞાની કબૂલે કે એ તો બરાબર છે પણ જ્યાં મુદ્દાની રકમ આવે કે તારો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે પરનું કાંઈ કરે નહિ અને દયા, દાન આદિના ભાવથી ધર્મ થાય નહિ તો તે વાતને તે કબૂલે નહિ. આવો અજ્ઞાની જીવ ચાર ગતિના ચોપડેથી બહાર નીકળતો નથી. સાકરની પૂતળીમાં જેમ એકલી સાકર છે તેમ જ્ઞાનમૂર્તિ આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એમાં રાગાદિ પર નથી, ગુણ-ગુણી અભેદ છે.

તે હેતુથી જે અખંડ, અદ્વૈત સ્વભાવમાં લીન છે અને જે નિરતિશય પરમ ભાવના સહિત છે એવા આત્માને જાણે છે તે સ્વભાવવાદ છે. આત્માની પૂર્ણ દશા અખંડ છે તેમાં પુણ્ય-પાપની દ્વૈતતા નથી, સાધકદશામાં અખંડતા નથી. પરમાત્મા તો જ્ઞાનમાં લીન છે. સર્વજ્ઞ ભગવાન પોતાની પરમ પરિણતિ દશાના રક્ષક છે, અજોડ છે કેમ કે મુક્તિસુંદરીના નાથ છે. મળેલાનું રક્ષણ કરે અને ન મળ્યું હોય તે મેળવી આપે તે નાથ છે. ભગવાન પૂર્ણ પર્યાયને જવા દેતા નથી અને સમયે સમયે નવી નવી પૂર્ણ પર્યાય પ્રગટ કરે છે માટે મુક્તિસુંદરીના નાથ છે.

એવા ભગવાને બહારમાં કૌતૂહલ વ્યાવૃત કર્યું છે. બાહ્ય પદાર્થો સંબંધી કુતૂહલનો ભગવાને અભાવ કર્યો છે. લોકાલોકને એક સમયે જાણે છે માટે કાંઈ જોવાની ઈંતેજારી એમને રહી નથી. ભગવાનને કાંઈ આશ્ચર્ય લાગતું નથી. આવો આત્માનો સ્વભાવ છે. તે નિજ પરમાત્માને કોઈ ભવ્ય જીવ જાણે છે. પૂર્ણ દશા પ્રગટ થઈ છે એવા ભગવાન તો પોતાના આત્માને જાણે છે પણ નીચલી દશાવાળો સમ્યગ્દૃષ્ટિ પણ પોતાના આત્માને બરાબર જાણે છે. તે જ ખરેખર સ્વભાવવાદ છે, રાગમાં અટકી જાય તે સ્વભાવવાદ નથી.

અહો ! જે જ્ઞાન સ્વભાવવાનને જાણે નહિ તે જ્ઞાન કહેવાય નહિ. જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર ન થાય પણ પુણ્ય-પાપમાં એકાગ્ર થાય તો તે સ્વભાવવાદ નથી. પુણ્ય-પાપ એટલે વ્રત-અવ્રતના પરિણામ



તે ઝેર છે. વિભાવને જાણે પણ સ્વભાવને ન જાણે તે જ્ઞાન નથી.

હવે પ્રાથમિક શિષ્યનો આનાથી વિરુદ્ધ અભિપ્રાય છે. તે કહે છે કે જ્ઞાનસ્વરૂપ આત્માને આત્મા જાણતો નથી, સ્વરૂપમાં માત્ર સ્થિત રહે છે. જેવી રીતે ઉષ્ણતારૂપ અગ્નિના સ્વરૂપને અર્થાત્ અગ્નિ અગ્નિને જાણતો નથી તેવી જ રીતે જ્ઞાન-જ્ઞેય સંબંધી વિકલ્પના અભાવથી આ આત્મા આત્મામાં માત્ર સ્થિત રહે છે, પણ આત્માને જાણતો નથી. જ્ઞાન તે આત્મા એ વાત બરાબર છે પણ જ્ઞાન તો રાગાદિ પરમાં ભટક્યા કરે છે. માટે જ્ઞાન આત્માને જાણે છે એ વાત બેસતી નથી. શિષ્યની દલીલ છે કે અગ્નિ અગ્નિને જાણતો નથી એમ આત્મામાં જ્ઞાનની ધારણા રહે પણ જ્ઞાન આત્માને જાણે નહિ. આત્મા જ્ઞાનનું જ્ઞેય છે એવો ભેદ પણ શા માટે જોઈએ ? એ તો ઉપાધિ છે માટે આત્મા આત્માને જાણતો નથી.

**ઉત્તર** : હે પ્રાથમિક શિષ્ય ! અગ્નિની માફક આત્મા શું અચેતન છે કે જેથી તે પોતાને ન જાણે ? આત્મા અગ્નિની માફક અચેતન નથી. માટે આત્મા આત્માને જાણે છે. જો જ્ઞાન આત્માને ન જાણે અને પરને જાણે તો તે અચેતન થાય. વધારે શું કહેવું ? જો જ્ઞાન આત્માને જાણવાની ક્રિયા ન કરે તો જેમ દેવદત્તથી કુહાડી જુદી છે એમ આત્માથી જ્ઞાન જુદું ઠરે, પણ આત્માથી જ્ઞાન જુદું નથી, ગુણ-ગુણીની એકતા છે.

## ફાગણ વદ ૧૫, મંગળવાર, ૨૫-૩-૫૨.

આત્મા છે તેનું જ્ઞાન આત્માને ન જાણે પણ પરને જાણે, જેમ અગ્નિને અગ્નિ જાણતો નથી તેમ, વળી જ્ઞાન અને આત્મા જુદી ચીજ છે માટે જ્ઞાન આત્માને ન જાણે આવો શિષ્યનો પ્રશ્ન છે.

અનાદિ કાળથી અજ્ઞાની શું માની રહ્યો છે ? તે કહે છે કે આત્માને જાણવાની શી જરૂર છે ? દયા, દાન, ભક્તિ, પૂજા, ઉપવાસાદિ કરીએ તો ધર્મ થાય, એમ માનનાર ગુણ અને ગુણી અભેદ છે એમ માનતો નથી. જ્ઞાન તે આત્મા છે એને તે માનતો નથી. તેને વસ્તુના સ્વભાવની ખબર નથી. જ્ઞાન છે તે બહાર ભટક્યા કરે છે. અને અંતર આત્માને જાણતું નથી એવું જ્ઞાન તો અનંતવાર કર્યું છે પણ આત્માનું જ્ઞાન કર્યું નથી. માટે જ્ઞાન આત્માને જાણે એ વાત તેને બેસતી નથી. એને તો પર જ ભાસ્યા કરે છે તે અજ્ઞાનીને અહીં આચાર્ય ભગવાન ઉત્તર આપે છે.

**ઉત્તર** : શું અગ્નિની માફક આત્મા અચેતન છે કે જેથી તે સ્વને ન જાણે ? એનો અર્થ એવો થયો કે જે જ્ઞાન અંતર એકાગ્રતા ન કરે તેને અચેતન કહેવામાં આવે છે. આત્મા વીતરાગી આનંદ અને જ્ઞાન-દર્શનનો પિંડ છે. પુણ્ય-પાપ તો વિકાર છે અને કર્મ શરીરાદિ જડ પદાર્થો તો પર છે. આત્માને જાણે નહિ અને એકલા પરને જાણે તો તે જ્ઞાન નથી. શુભાશુભ ભાવ થાય એને જ જાણે અને આત્માને ન જાણે તો તે જ્ઞાન અચેતન જડ છે, વધારે શું કહેવું ? જો જ્ઞાન આત્માને ન જાણે

તો જ્ઞાન આત્માથી ભિન્ન ઠરે. જેમ દેવદત્તથી કુહાડી જુદી છે તો તે કાપવાની ક્રિયા કરતી નથી, તેમ જ્ઞાન અને આત્મા જુદા હોય તો જાણવાની ક્રિયા થાય નહિ.

જેમ દેવદત્ત વિનાની એકલી કુહાડી કાપવાનું કામ કરે નહિ તેમ અંતર સ્વરૂપ ભગવાન આત્મા છે એનું જ્ઞાન ન કરે તો પોતાને જાણવાના સ્વભાવની ક્રિયારહિતપણું ઠરે છે. રાગ અને પુણ્યને જાણે તો જ્ઞાને પોતાની અર્થક્રિયા ન કરી, આત્મામાં સિદ્ધ ભગવાન જેવી શક્તિ ભરી પડી છે એની ઓળખાણ ન કરે અને શુભભાવની ક્રિયાને જાણે તો તેનું જ્ઞાન અર્થ વિનાનું ઠરે છે. આત્મા જ્ઞાનનો ગાંગડો છે, જ્ઞાનની કાતલી છે અને જ્ઞાનની ગાંઠ છે. એ જ્ઞાન અખંડ આત્માને ન જાણે અને બહારમાં રોકાય તો તે જ્ઞાન જડ છે, એ જ્ઞાનને જ્ઞાન અમે કહેતા નથી. જેમ કુહાડી જુદી રહે ને કામ કરે નહિ તેમ જ્ઞાન આત્માથી ભિન્ન હોય તો જાણવાનું કામ કરે નહિ.

અહીં ગુણ-ગુણીની અભેદતાની વાત છે. આત્મા ચૈતન્યગુણથી ભરેલો છે ને પુણ્ય-પાપ રહિત જ્ઞાનસ્વભાવી છે. જેમ કુહાડી હાથમાં ન લ્યે તો કાપવાની ક્રિયા થતી નથી. તેમ જ્ઞાન આત્માથી જુદું હોય તો જાણવાની ક્રિયા થતી નથી. કુહાડી અને માણસ જુદા છે પણ આત્મા અને જ્ઞાન જુદા નથી એમ અહીં બતાવવું છે. જ્ઞાન આત્માને જાણવાનું કામ ન કરે તો આત્માથી જ્ઞાન જુદું ઠરે છે.

અહીં તો કુહાડીનું દૃષ્ટાંત છે, કુહાડી વડે દેવદત્ત કાપી શકે છે કે નહિ એ અહીં સિદ્ધ કરવું નથી, પણ કુહાડી અને દેવદત્ત જુદા છે તેમ જ્ઞાન અને આત્મા જુદા નથી પણ જેમ મનુષ્ય કુહાડી પકડે તો તેના વડે કાપવાની ક્રિયા થાય છે, જુદી હોય તો થતી નથી. તેમ આત્મા જ્ઞાનનો પિંડ છે, જ્ઞાન આત્માને જાણવાનું કામ ન કરે તો કુહાડીની જેમ આત્મા અને જ્ઞાન જુદા ઠરે છે. એથી ગુણ-ગુણીની એકતા થતી નથી. તો આમ ગુણ-ગુણીની સર્વથા ભિન્નતા તો ખરેખર સ્વભાવવાદીઓને સંમત નથી. માટે નક્કી કર કે જ્ઞાન આત્માને જાણે છે.

પોતાના ઘરમાં રૂપિયા પડ્યા હોય પણ વાપરવાના કામમાં ન આવે તો તે મૂડી હોવા છતાં તે મૂડી વગરનો કહેવાય છે. તેમ આત્માની જ્ઞાન મૂડી છે તે પોતાને ન જાણે તો તે જ્ઞાન મૂડી વગરનો ઠરે છે, અચેતન કહેવાય છે. આત્મા અચેતન થઈ જતો નથી, પણ તેની માન્યતામાં જડપણું થાય છે, એટલે કે તેને ધર્મ થતો નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવને ગુણ-ગુણીની ભેદતા માન્ય નથી પણ અભેદતા માન્ય છે. જ્ઞાન અભેદતાનું કામ કરે તે માન્ય છે. માટે ગુણ-ગુણી તરફના વલણથી નક્કી થાય છે, બહારથી નક્કી થતો નથી. દયા, દાન, ભક્તિથી ધર્મ માને છે તે ગુણ અને ગુણીની એકતાથી ધર્મ થાય એમ માનતા નથી. ખરેખર તો સ્વભાવનો ધરનાર સ્વભાવથી જુદો નથી. તે સ્વભાવ સ્વને જાણવાનું કામ ન કરે તો તે સ્વભાવવાદ નથી પણ વિભાવવાદ છે, તે આત્માને જાણતો નથી.



એવી રીતે આચાર્યવર શ્રી ગુણભદ્રસ્વામીએ આત્માનુશાસનમાં ૧૭૪મા શ્લોક દ્વારા કહ્યું છે કેઃ

(अनुष्टुभ्)

**ज्ञानस्वभावः स्यादात्मा स्वभावावाप्तिरच्युतिः।**
**तस्मादच्युतिमाकांक्षन् भावयेज्ज्ञानभावनाम्॥**

**શ્લોકાર્થ** : આત્મા જ્ઞાનસ્વભાવ છે; સ્વભાવની પ્રાપ્તિ તે અચ્યુતિ (અવિનાશી દશા) છે; માટે અચ્યુતિને (અવિનાશીપણાને, શાશ્વત અવસ્થાને) ઈચ્છાનાર જીવે જ્ઞાનની ભાવના ભાવવી.

જ્ઞાનસ્વભાવી આત્મા છે. સ્વભાવના અવલંબને થયેલો મોક્ષ અવિનાશી છે. પુણ્ય-પાપ નાશવાન છે, તે ચ્યુત અને ભ્રષ્ટ દશા છે. આત્મા અખંડાનંદ સ્વરૂપ છે, તેમાં એકાગ્ર થવું તે ધર્મ છે. એને ઈચ્છનારે અંતરની એકાગ્રતા કરવી અને પુણ્ય-પાપની એકાગ્રતા છોડવી. આ સમ્યગ્દર્શનરૂપ ધર્મની વાત ચાલે છે.

અહીં જ્ઞાનની ભાવના ભાવવી એમ કહ્યું છે એટલે કે શાસ્ત્રની કે પરની ભાવના ભાવવાની વાત નથી. પણ અંતર અખંડ જ્ઞાનસ્વભાવી છું એવા ગુણીમાં એકાગ્ર થવું. કોઈ કહે કે આમાં કરવાનું શું આવે છે ? તો કહે છે કે આત્માની અવિકારી શુદ્ધ ક્રિયા કરવાનું આવે છે, જે ક્રિયા અચ્યુત દશાને પમાડે અને નાશ ન થાય એ ક્રિયા સાચી છે. પુણ્ય-પાપ તે અચ્યુત ક્રિયા નથી, ગુણ-ગુણીની અભેદતા કરવી તે ધર્મની ક્રિયા છે. પરને કરવાનું કે લેવા મૂકવાનું સામર્થ્ય આત્મામાં નથી. પુણ્ય-પાપની ક્રિયાથી પણ ધર્મ નથી, ધર્મ તો અંતરભાવના અવલંબને થાય છે. સ્વભાવમાં એકાગ્રતા કરે તે ધાર્મિક ક્રિયા છે, બાકી બધી ચાર ગતિરૂપ સંસારમાં રખડવાની ક્રિયા છે. હા! પૂર્ણદશા ન હોય ત્યાં સુધી શુભભાવની ક્રિયા હોય ખરી પણ તે ધર્મ નથી, સર્વજ્ઞે કહેલો માર્ગ આ છે.

હવે ગાથા ૧૭૦ની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૮૬**

(मन्दाक्रान्ता)

**ज्ञानं तावद्भवति सुतरां शुद्धजीवस्वरूपं**
**स्वात्मात्मानं नियतमधुना तेन जानाति चैकम्।**
**तच्च ज्ञानं स्फुटितसहजावस्थयात्मानमारात्**
**नो जानाति स्फुटमविचलाद्भिन्नमात्मस्वरूपात्॥ २८६॥**

**શ્લોકાર્થ** : જ્ઞાન તો બરાબર શુદ્ધ જીવનું સ્વરૂપ છે; તેથી (અમારો) નિજ આત્મા હમણાં (સાધક દશામાં) એક (પોતાના) આત્માને નિયમથી (નિશ્ચયથી) જાણે છે. અને, જો તે જ્ઞાન પ્રગટ થયેલી સહજ અવસ્થા વડે સીધું (પ્રત્યક્ષપણે) આત્માને ન જાણે તો તે જ્ઞાન અવિચળ આત્મસ્વરૂપથી

અવશ્ય ભિન્ન ઠરે ! ॥ ૨૮૬ ॥

આત્માનો ધર્મ અંતર અવલંબને થાય છે કેમ કે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. પુણ્ય-પાપ આત્માનું કદ્રુપ છે, તે આત્માનું અસલી રૂપ નથી. તેથી અહીં છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા દિગંબર મુનિ કહે છે કે હમણાં અમને કેવળજ્ઞાનરૂપ પૂર્ણદશા નથી એટલે અમે અમારા આત્માને જાણીએ છીએ. પૂર્ણદશા થશે ત્યારે લોકાલોકને જાણશું એમ નિર્વિકલ્પ સાધકદશાની વાત કરે છે.

સાધકદશામાં પુણ્ય-પાપના વિકલ્પો ઊઠે છે પણ એની મુખ્યતા હોતી નથી પણ અંતર આત્માની મુખ્યતા વર્તે છે. વાણી નીકળે છે, શાસ્ત્ર લખાય છે પણ તેના કર્તા મુનિ નથી કેમ કે તે તો જડની ક્રિયા છે, તે તેના કારણે થાય છે. વાણી બોલવાનો અને શાસ્ત્ર લખવાનો રાગ છે, એની પણ મુનિને મુખ્યતા નથી. તે શુભરાગનું પણ જ્ઞાન કરે છે. એકલા અંતર સ્વભાવની મુખ્યતા વર્તે છે એનું નામ ધર્મ છે. આ રીતે સાધકદશામાં નિશ્ચય-વ્યવહાર બન્ને હોય છે. એકલો નિશ્ચય હોય તો કેવળજ્ઞાન હોય અને એકલો વ્યવહાર હોય તો મિથ્યાદૃષ્ટિપણું થાય છે. આત્માને નિશ્ચયથી જાણે છે ત્યારે વ્યવહાર હોય છે પણ તેની મુખ્યતા હોતી નથી. રાગને અને વ્યવહારને તન્મય થઈને જાણતો નથી, આત્માને તન્મય થઈને જાણે છે.

સમ્યગ્જ્ઞાન સહજ આત્માને ન જાણે તો આત્માનું જ્ઞાન રહે નહિ. મન વડે, રાગ વડે કે વ્યવહાર વડે પણ જ્ઞાન જાણતું નથી પણ સીધું પ્રત્યક્ષપણે આત્માને જાણે તે જ્ઞાન આત્માનું છે, આત્મા અવિચળ છે, નિર્મળ છે, પુણ્ય-પાપ ચળાચળ અને મલિન છે. માટે તેને છોડી અંતર એકાગ્રતા કરવાથી ધર્મ થાય છે. જ્ઞાનીને સ્વભાવનું એકમેકપણું છૂટતું નથી અને પરમાં એકપણું થતું નથી. એ ગુણ-ગુણીની અભેદતા છે. આમ અભેદતા થયા વિના ચારિત્ર થતું નથી અને ચારિત્ર વગર જેટલી બહારની ક્રિયા કરવામાં આવે છે તે રણમાં પોક મૂકવા જેવું છે. એમાં આત્માને લાભનું કારણ થતું નથી.

**ચૈત્ર સુદ ૧, બુધવાર, ૨૬-૩-૫૨.**

આજે સવારે શ્રી નિયમસાર ગાથા ૫૦-૫૫ ઉપરના પ્રવચનોનું રેકોર્ડિંગ રીલ સંભળાવવામાં આવ્યું હતું.

**ચૈત્ર સુદ ૨, ગુરુવાર, ૨૭-૩-૫૨.**

અહીં કોઈ શાસ્ત્રની ગાથાનો આધાર આપી વીતરાગની સત્ય વાતને સિદ્ધ કરે છે.

**णाणं अव्विदिरित्तं जीवादो तेण अप्पगं मुणइ।**
**जदि अप्पगं ण जाणइ भिण्णं तं होदि जीवादो ॥**

**ગાથાર્થ** : જ્ઞાન જીવથી અભિન્ન છે તેથી તે આત્માને જાણે છે; જો જ્ઞાન આત્માને ન જાણે તો તે જીવથી ભિન્ન ઠરે !



જ્ઞાનગુણ અંતરમાં છે માટે અંતર એકાગ્રતા કરે તો ધર્મ થાય એમ છે. બહારથી ધર્મ થાય એમ નથી. જેણે આ વાત સાંભળી નથી એને તો આ વાત સાંભળતા આશ્ચર્ય લાગે છે. એક બાજુથી કહે કે પરનું કરી શકાય નહિ અને બીજી બાજુથી બધું કરતા દેખાય છે. કાંઈ મેળ ખાતો નથી પણ અહીં તો કહે છે કે આત્મા જ્ઞાન સિવાય બીજું કાંઈ કરે નહિ. એવું ભાન હોવા છતાં ધર્મીને ભક્તિ, પૂજા આદિનો શુભભાવ આવ્યા વિના રહેતો નથી. ભગવાન ઉપર અને તેમની પ્રતિમાજી ઉપર પ્રેમ ન આવે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

સમ્યગ્દૃષ્ટિને રાગનો વિકલ્પ ઊઠે છે ત્યારે તે ભગવાનને પ્રાર્થે છે કે હે ભગવાન ! આપ મને વીતરાગપદ આપજો. એવો રાગ હોય છે તે રાગને પણ જ્ઞાની જાણે છે. ઈંદ્ર અને ઈંદ્રાણી સમ્યગ્દૃષ્ટિ છે, તેઓ ભગવાન પાસે નાચી ઊઠે છે, બન્ને એકાવતારી છે. મનુષ્યપણું ધારણ કરીને મોક્ષ જવાના છે, છતાં ભક્તિનો ભાવ ઊપડે છે, અજ્ઞાનીને આ વાત બેસતી નથી. આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયની પણ અજ્ઞાનીને ખબર નથી.

આ આત્મા કર્મ, શરીરાદિથી તો અત્યારે પણ જુદો છે, પુણ્ય-પાપ થાય છે એનાથી ત્રિકાળ સ્વભાવ જુદો છે, પણ જ્ઞાનથી જુદો નથી. તેથી જ્ઞાનથી આત્મા જાણે છે. જ્ઞાનની પર્યાય ક્ષણે ક્ષણે થાય છે. તે આત્માને જાણે તો તે સાચું જ્ઞાન કહેવાય, પણ એકલું પરનું જ્ઞાન કરે તો તે જ્ઞાન નથી. પૂર્ણદશા ન હોય ત્યાં સુધી જ્ઞાની રાગને જાણે પણ એની મુખ્યતા તેને હોતી નથી. ચાર જ્ઞાનના ધણી ગણધરદેવને પણ રાગ હોય છે છતાં એની મુખ્યતા નથી. આ વાત અજ્ઞાનીને સમજાતી નથી. જેને વ્યવહારૂ જ્ઞાન પણ નથી તેને જ્ઞાન આત્માનું છે એની અભેદતા થતી નથી. અને વ્યવહારૂ જ્ઞાન કરે પણ અંતર સન્મુખતા ન કરે તો આત્માથી જ્ઞાન ભિન્ન ઠરે છે, તે આત્માને જાણતો નથી.

આ વાત સમજ્યા વિના સાચી સામાયિક પણ હોતી નથી. સાચી સામાયિક તો મુક્તિને આપે છે. એ સામાયિક કેવી હશે ? આત્મા પરથી જુદો છે, પુણ્ય-પાપ વિકાર છે, એનાથી રહિત જ્ઞાન-સ્વભાવી આત્માનું ભાન કરીને અંતર લીનતા થતાં શાંતિ અને આનંદની લહેર આવે તે સામાયિક છે. આત્મા જ્ઞાન અમૃતનો રસકંદ છે, તેનાથી આત્મા જુદો નથી. પરથી અને રાગથી જુદો છે એવું ભાન થાય તેને સામાયિક અને ધર્મ થાય છે.

ચક્રવર્તી અને તીર્થંકરો જ્ઞાની હતા. ભરત ચક્રવર્તી લડાઈ કરવા જતા ત્યાં પણ આત્માનું ભાન હતું. છન્નુ હજાર તો રાણીઓ હતી છતાં હું જ્ઞાન છું એવું ભાન હતું તો એ જ ભવે મોક્ષ જાય છે. અને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ અઠ્ઠાવીસ મૂળ ગુણ પાળતો હોય, હજારો રાણીઓ અને રાજપાટ છોડીને દીક્ષા લીધી હોય, બાળ બ્રહ્મચારી હોય પણ રાગથી-શુભભાવથી ધર્મ માને તો તે મૂર્ખ સંસાર વધારે છે અને સંસારમાં રખડે છે. અજ્ઞાનીને આ વાતનો પત્તો ખાતો નથી. અહીં તો કહે છે કે પોતાના આત્મામાં એકાગ્રતા ન થાય તો ગુણ-ગુણીની એકતા થતી નથી. માટે જ્ઞાન આત્માને જાણે છે.

હવે ગાથા ૧૭૧માં આ વાતને પૂરી કરે છે.

**ગાથા ૧૭૧**

**अप्पाणं विणु णाणं णाणं विणु अप्पगो ण संदेहो।**
**तम्हा सपरपयासं णाणं तह दंसणं होदि॥ १७१॥**

**आत्मानं विद्धि ज्ञानं ज्ञानं विद्धयात्मको न संदेहः।**
**तस्मात्स्वपरप्रकाशं ज्ञानं तथा दर्शनं भवति॥ १७१॥**

**રે ! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે;**
**તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે. ૧૭૧.**

**અન્વયાર્થ** : (**आत्मानं ज्ञानं विद्धि**) આત્માને જ્ઞાન જાણ, અને (**ज्ञानम् आत्मकः विद्धि**) જ્ઞાન આત્મા છે એમ જાણ; -(**न संदेहः**) આમાં સંદેહ નથી. (**तस्मात्**) તેથી (**ज्ञानं**) જ્ઞાન (**तथा**) તેમ જ (**दर्शनं**) દર્શન (**स्वपरप्रकाशं**) સ્વપરપ્રકાશક (**भवति**) છે.

ભગવાન તીર્થંકરદેવનું કહેલું અંતર કુંદકુંદાચાર્યદેવ કહે છે કે આત્મા ભગવાન ચિદાનંદ દેહ દેવળમાં છે તે જ્ઞાન છે એમ જાણ. ગુણ તે ગુણી છે અને ગુણી તે ગુણ છે. ગળપણને ગોળ જાણ અને ગોળને ગળપણ જાણ. જે શિષ્ય નથી જાણતો તેને કહે છે કે તું જાણ ! આત્મા જ્ઞાન છે. પુણ્ય-પાપ તે આત્મા નથી; કર્મ, શરીરાદિ તો પર છે. પુણ્ય-પાપને અને આત્માને અનિત્ય તાદાત્મ્ય છે. જ્ઞાન અને આત્માને નિત્ય તાદાત્મ્ય છે, શરીર કે કર્મ સાથે તાદાત્મ્ય સંબંધ નથી, એમાં સંદેહ નથી. ભગવાનને આત્મા અને જ્ઞાન એકાકાર છે એમ કહેલ છે એમાં શંકા કરીશ નહિ, જ્ઞાન પરમાં એકાકાર નથી, આત્મા સ્વ-પરને જાણનાર ચિદાનંદ દીવો છે એમાં સંદેહ નથી.

**ટીકા** : આ ગુણ-ગુણીમાં ભેદના અભાવરૂપ સ્વરૂપનું કથન છે.

આત્માનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે તેથી તેના ગુણો પણ સ્વ-પરપ્રકાશક છે. સર્વજ્ઞ પરમાત્માએ આત્મા જ્ઞાનનો ગાંગડો છે એમ જોયું છે. જેમ આત્માથી પરપદાર્થો જુદા છે તેમ આત્માથી જ્ઞાન જુદું નથી તે કહે છે.

હે શિષ્ય ! સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ આત્માને તું નિજસ્વરૂપને જાણવામાં સમર્થ સહજ જ્ઞાન સ્વરૂપને જાણ તથા જ્ઞાન આત્મા છે એમ જાણ. જડ જડના કારણે છે, આત્મા આત્માના કારણે છે. વાણી વાણીના કારણે છે, આત્માના કારણે નથી. આત્માના કારણે પરદ્રવ્યો હોય તો સ્ત્રી, પુત્રાદિને રોગ કેમ થવા દે ? એને મરવા કેમ દે ? પણ તો આત્માને આધીન નથી, આત્મા તેનાથી



ભિન્ન છે. સર્વે સિદ્ધો તથા કેવળીઓથી આ આત્મા જુદો છે. અનંતા નિગોદના જીવો તથા શરીરાદિ પરદ્રવ્યો છે. આત્મા ચિદાનંદ ધ્રુવ પરથી ભિન્ન પદાર્થ છે, એવા આત્માને જાણીને અંતરથી અંતરનું જ્ઞાન પ્રગટ થાય છે એમ વિશ્વાસ કર.

અહીં તો આત્માને જ્ઞાન જાણ અને જ્ઞાનને આત્મા જાણ એમ કહ્યું છે પણ રાગ કે વ્યવહારને જાણ એમ કહ્યું નથી. એક આત્માને જાણવાથી સર્વને જાણે છે. જેટલા જ્ઞાની થયા છે તે બહારથી થયા નથી પણ અંતરમાંથી થયા છે. એવા સહજ જ્ઞાનસ્વરૂપને જાણ. જગતની ચીજો બધી તારાથી જુદી છે અને એનાથી તારી દશા ભિન્ન છે. જે દેખાય છે તે જડ છે અને તું ચૈતન્ય છો, એ રૂપી છે અને તું અરૂપી છો. અંતરમાં એકાગ્ર થવું તે તારું સામર્થ્ય છે. જ્ઞાનશક્તિ તે જ આત્મા છે. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં આઠ વર્ષની બાલિકાને આવું ભાન થાય છે, તે સમજે છે કે અહો ! અમે તો જ્ઞાન છીએ, રાગ અને શરીરાદિ પર છે તે આત્માના નથી એટલે તેને પોતાના માનતા નથી.

આમ હોવાથી તત્ત્વસ્વરૂપ એમ છે કે આત્મા સ્વ-પરપ્રકાશક છે અને તેના જ્ઞાન તથા દર્શન બન્ને ગુણો પણ સ્વ-પરપ્રકાશક છે આમાં સંદેહ નથી. કેટલાક તો જ્ઞાન પરને જ જાણે છે અને દર્શન સ્વને જ દેખે છે એમ એકાંત માને છે તેનું નિરાકરણ કર્યું છે. આત્મા જ્ઞાન-દર્શનથી ભરેલો છે, ને શરીર, કર્મથી ભિન્ન છે. માટે તેની દૃષ્ટિ છોડ અને જ્ઞાન-દર્શન સ્વ-પરપ્રકાશક છે એમ નક્કી કર, તેમાં સંદેહ ન કર.

જ્ઞાન-દર્શન સિવાયના બીજા અનંતા ગુણો અસ્તિત્વમાત્ર છે. પોતે કોણ છે એની તેમને ખબર નથી. જ્ઞાન-દર્શન બે ગુણો ઉપયોગ સ્વરૂપ છે. આ બન્ને ગુણો સ્વ-પરપ્રકાશક છે. આ બે ગુણો સિવાય બીજા ગુણો ઉપયોગરૂપ નથી. બીજા ગુણો સ્વ-પરપ્રકાશક નથી. ધર્મ કરવામાં આ સમજણ કરવી પડે છે. સંસારમાં જેમ પુણ્ય હોય તો પૈસા મળે છે તેમ પુણ્યમાં હશે તો ધર્મ થશે એમ નથી. માટે હે શિષ્ય ! તારા જ્ઞાન-દર્શન ગુણો સ્વ-પરને જાણે છે પણ પરનું કાંઈ કરતા નથી, એમ નક્કી કર.

હવે ગાથા ૧૭૧ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૮૭**

(अनुष्टुभ्)

**आत्मानं ज्ञानदृग्रूपं विद्धि दृग्ज्ञानमात्मकं।**
**स्वं परं चेति यत्तत्त्वमात्मा द्योतयति स्फुटम्॥ २८७॥**

**શ્લોકાર્થ** : આત્માને જ્ઞાન-દર્શનરૂપ જાણ અને જ્ઞાન-દર્શનને આત્મા જાણ; સ્વ અને પર એવા

તત્ત્વને (સમસ્ત પદાર્થોને) આત્મા સ્પષ્ટપણે પ્રકાશે છે. ॥ ૨૮૭ ॥

આત્મા સ્વ-પરને જાણે છે, જડ આત્માને આધીન નથી અને આત્મા જડને આધીન નથી. માટે પરનું લક્ષ છોડ, જેમ કેવળી ભગવાન પોતાને અને પરને જાણે છે, એમાં કાંઈ બાકી રહ્યું નથી. એવો જ તારો સ્વભાવ છે. જેમાં હશે એમાંથી પ્રાપ્ત થશે, ન હોય એમાંથી પ્રાપ્ત થશે નહિ. માટે આત્મામાં સર્વજ્ઞ થવાની શક્તિ છે એમ નક્કી કર અને એમાં જ એકાગ્રતા કર.



હવે, કેવળી ભગવાન ઉપદેશ આપે છે, વિહાર કરે છે તો તેમને ઈચ્છા હશે કે નહિ ? એ વાત ગાથા ૧૭૨માં કહે છે.

**ગાથા ૧૭૨**

**जाणंतो पस्संतो ईहापुव्वं ण होइ केवलिणो।**
**केवलिणाणी तम्हा तेण दु सोऽबंधगो भणिदो ।। १७२ ।।**

**जानन् पश्यन्नीहापूर्वं न भवति केवलिनः।**
**केवलज्ञानी तस्मात् तेन तु सोऽबन्धको भणितः ।। १७२ ।।**

**જાણે અને દેખે છતાં ઇચ્છા ન કેવળીજિનને;**
**ને તેથી 'કેવળજ્ઞાની' તેમ 'અબંધ' ભાખ્યા તેમને. ૧૭૨.**

**અન્વયાર્થ** : **(जानन् पश्यत्)** જાણતા અને દેખતા હોવા છતાં, **(केवलिनः)** કેવળીને **(ईहापूर्वं)** ઈચ્છાપૂર્વક (વર્તન) **(न भवति)** હોતું નથી; **(तस्मात्)** તેથી તેમને **(केवलज्ञानी)** 'કેવળજ્ઞાની' કહ્યા છે; **(तेन तु)** વળી તેથી **(सः अबन्धकः भणितः)** અબંધક કહ્યા છે.

કોઈ પ્રશ્ન પૂછે તે પહેલાં ભગવાન કેવળીને એનું જ્ઞાન વર્તે છે માટે હું આને ઉત્તર આપું એવો વિકલ્પ કે ઈચ્છા તેમને હોતી નથી. કોઈ કહે છે કે કેવળી ભાષા ગ્રહણ કરે અને પછી છોડે, પણ કેવળીને પરના ગ્રહણ-ત્યાગ હોતા નથી. આ કાળે આ વાણી થશે, આવા પ્રશ્ન કરનાર હશે એ બધાનું જ્ઞાન તેમને પહેલેથી જ વર્તે છે.

તીર્થંકર ભગવાનને હજારો ગાઉનો વિહાર હોય છે અને સમવસરણમાં ભગવાનનો દેહ સ્થંભી જાય છે. સવારે, બપોરે, સાંજે છ છ ઘડી વાણી છૂટે છે પણ ભગવાનને ઈચ્છા હોતી નથી. વીતરાગદશા તો બારમા ગુણસ્થાને થઈ ગઈ છે, એટલે ભગવાનને મોક્ષની પણ ઈચ્છા હોતી નથી. ભગવાનને ઈચ્છા હોય એમ જે માને તે વીતરાગના સ્વરૂપને જાણતા નથી. ભગવાનને ભાવમન નથી. છાતીમાં દ્રવ્યમન છે પણ તેમાં ઈચ્છાપૂર્વક જોડાણ નથી. તેઓ બીજાને દીક્ષા, શિક્ષા ઈચ્છાપૂર્વક આપતા નથી. માત્ર જાણવા-દેખવાનો સ્વભાવ હોવાથી તેઓ જાણે અને દેખે છે. ઈચ્છા હોય તો જ જાણે એમ નથી, યોગનું કંપન હોય છે. એક સમયમાં પરમાણુ આવે અને જાય છે એટલે ભગવાનને બંધ કહ્યો નથી. યોગના કંપન વખતે મન નિમિત્ત છે પણ ઈચ્છા ભગવાનને નથી. માટે એમાં મન નિમિત્ત નથી. ભગવાનને બંધ નથી. કોઈ એમ કહે કે ભગવાનને પહેલે સમયે કર્મ આવે, બીજે સમયે બંધાય અને ત્રીજે સમયે વેદે, પછી ચોથા સમયે ખરી જાય, એ વાતનો નિષેધ થાય છે કેમ કે ભગવાનને બંધ નથી. નીચલી દશામાં બંધ હોય છે, ભગવાનને ઈચ્છા વિના વાણી હોય છે.

## ચૈત્ર સુદ ૩, શુક્રવાર, ૨૮-૩-૫૨.

**ટીકા** : સર્વજ્ઞ વીતરાગને વાંછાનો અભાવ હોય છે એમ કહ્યું છે.

ભગવાન અર્હંત પરમેષ્ઠી સાદિ-અનંત, અમૂર્ત, અતીંદ્રિય સ્વભાવવાળો છે. કેવળીને જે શક્તિ પ્રગટી છે તે સાદિ-અનંત રહેવાની છે. તેઓ ઈંદ્રિય દ્વારા જાણતા નથી. ભગવાન શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના આધારભૂત હોવાને લીધે વિશ્વને નિરંતર જાણે અને દેખે છે.

નિશ્ચયનયનો વિષય તો ત્રિકાળી સ્વભાવ છે. તેમાંથી પ્રગટ થયેલી પૂર્ણ કેવળજ્ઞાનરૂપી દશા તે વ્યવહાર છે. તે શુદ્ધ છે અને નવી છે માટે વ્યવહાર છે. શ્રુતજ્ઞાનીને નય હોય છે. કેવળીને સમજવું કે સમજાવવું નથી. માટે એમને નય નથી. સાધકજીવ કેવળજ્ઞાન જે પૂર્ણદશા છે તેને લક્ષમાં લે છે. તે પૂર્ણદશા શુદ્ધ છે અને ભેદ છે માટે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે. નિશ્ચયમાં એકરૂપતા હોય છે. ત્રિકાળી તત્ત્વ અભેદ એકરૂપ છે. માટે નિશ્ચયનયનો વિષય છે. સાધકજીવ સ્વભાવનું અવલંબન લે છે તો શુદ્ધ દશા પ્રગટે છે. તે વ્યવહારનું જ્ઞાન કરે છે પણ આશ્રય તો ત્રિકાળી નિશ્ચય સ્વભાવનો કરે છે. ત્રિકાળના લક્ષે શુદ્ધપર્યાય પ્રગટી તે નિશ્ચયનો વિષય નથી, તે વ્યવહારનો વિષય છે. તેનો આશ્રય જ્ઞાનીને હોતો નથી.

કેવળજ્ઞાનાદિ ગુણો એટલે પર્યાયનો આધાર ત્રિકાળી દ્રવ્ય છે. આધાર-આધેયપણાનો ભેદ પણ નિશ્ચયમાં નથી. ગુણ-ગુણી અભેદ છે. તે નિશ્ચયનો વિષય છે. કેવળજ્ઞાન પણ નિશ્ચયનો વિષય નથી. અજ્ઞાનીની એવી દલીલ છે કે ''આવો નિશ્ચયનો ઉપદેશ આ કાળે ન હોય કેમ કે આવું સાંભળતા જે જીવો વ્યવહાર કરે છે તે પણ કરતાં અટકી જશે. વળી કહે છે કે પંડિત બનારસીદાસજી સમયસાર વાંચીને પાગલ થઈ ગયા હતા માટે સમયસાર વાંચવું ન જોઈએ પણ મહાબંધ અધિકાર વાંચવો જોઈએ.'' તો તે વાત ખોટી છે.

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૨૯૭માં પંડિત ટોડરમલ્લજીએ કહ્યું છે કે ''દ્રવ્યાનુયોગનો ઉપદેશ મુખ્યપણે સભામાં કરવો. ગધેડું સાકર ખાતા મરી જાય તેથી કરીને મનુષ્યે સાકર ખાવી બંધ કરી દેવી એમ નથી. મોક્ષમાર્ગનો મૂળ ઉપદેશ તો સમયસારાદિ દ્રવ્યોનુયોગના ગ્રંથોમાં છે. તો તેનો નિષેધ કરતાં મોક્ષમાર્ગનો નિષેધ થાય છે. જેમ વરસાદ થતાં ઘણાં જીવોનું ભલું થાય છે, કોઈકને નુકસાન થાય તેથી વરસાદનો નિષેધ થાય નહિ. માટે અધ્યાત્મ ઉપદેશનો નિષેધ કરવો યોગ્ય નથી.'' તત્ત્વના ઉપદેશનો અનાદર કરે તે જીવ ક્રિયાકાંડ કરીને મરી જાય, સૂકાઈ જાય તો પણ તેનું કલ્યાણ નથી. તે બધું બાળતપ-અજ્ઞાનતપ છે, તેનાથી આત્માને કિંચિત્‌માત્ર લાભ નથી.

શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયસારની પહેલી ગાથામાં કહે છે કે અહો જીવો ! તમો બધા સિદ્ધ છો, હું પણ સિદ્ધ છું -એમ પોતાના અંતરમાં સ્થાપના કરો. સમયસાર મુખ્ય ચીજ છે. સમયસાર તે



આત્મા છે. તેને જાણવાથી પાગલ થઈ જવાય એવી જેની માન્યતા છે તે તો જૈનદર્શનને વ્યવહારે પણ સમજવાને લાયક નથી. તે વ્યવહારથી વ્રત, પડિમા લઈને બેસી જાય પણ અજ્ઞાનના કારણે તે મૂઢ છે. અજ્ઞાનીને સમયસાર સમજાવવામાં આવે છે. પહેલાના પંડિતો - દોલતરામજી, બનારસીદાસજી વગેરે હતા, તે વસ્તુસ્વરૂપને યથાર્થ સમજતા હતા. પંડિત બનારસીદાસજીએ સમયસાર વાંચ્યુ માટે ભ્રષ્ટ થયા ન હતા પણ તેવી પોતાની યોગ્યતાના કારણે તે સ્થિતિ હતી.

નિયમસાર ગાથા ૧૫૬માં શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે અનેક પ્રકારના જીવો છે, અનેક પ્રકારના કર્મો છે અને અનેક પ્રકારની લબ્ધિ છે. તો તું કોઈની સાથે વિવાદમાં ઉતરીશ નહિ. વાદવિવાદે પાર આવે તેમ નથી. સમજીને સમાઈ જવું યોગ્ય છે. તેમાં દૃષ્ટાંત આપ્યું છે કે જેમ કોઈ નિર્ધન માણસ પુણ્યના યોગે નિધિને પામે અને પોતાના દેશમાં જઈને ગુપ્તપણે ભોગવે છે તેમ જ્ઞાની પુરુષો પુરુષાર્થ વડે પોતાના સહજ જ્ઞાનનિધિને પામીને પરજનોનો સંગ છોડે છે ને પોતાના જ્ઞાનની રક્ષા કરે છે.

અહીં તો કેવળજ્ઞાનને પણ વ્યવહાર કહ્યો છે. પણ તે ક્યારે ? કે આત્મા પોતાના ત્રિકાળી અભેદ સ્વભાવનું ભાન કરે તો કેવળજ્ઞાનને જાણવું તે વ્યવહાર કહેવાય છે. જ્ઞાની તો જ્ઞાતા-દૃષ્ટાપણે રહે છે. શુભાશુભ ભાવનો તે કર્તા નથી. જે સમયે જે શુભાશુભનો પર્યાય થવાનો તે થાય છે. જે કાળે જે થવાનો તે થયા વગર રહે નહિ. તેને આઘો-પાછો કોઈ કરે નહિ. જ્ઞાની તો જાણનાર-દેખનાર રહે છે. આ વાતને સમજ્યા વગર પંચમહાવ્રતાદિ પાળી નવમી ગ્રૈવેયકે જાય એવો શુભભાવ કરે પણ તેને તત્ત્વનો વિરોધ ધારાવાહી છે. તેથી તે અશુભ-તીવ્ર પાપમાં શુભભાવની ગણતરી નથી. તેને એક પણ ભવ ઓછો થતો નથી.

સર્વજ્ઞ ભગવાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે-દેખે છે છતાં મનપ્રવૃત્તિનો અભાવ હોવાથી ઈચ્છાપૂર્વક વર્તન હોતું નથી. તેથી તે ભગવાન કેવળજ્ઞાની તરીકે પ્રસિદ્ધ છે. વળી તે કારણથી તે ભગવાન અબંધક છે. પરમ પૂજ્ય જ્ઞાનસૂર્યકેવળી છે, એમને સંકલ્પ-વિકલ્પ હોતા નથી. ભગવાન પરમાણુને લ્યે કે મૂકે એમ હોતું નથી. નીચલી દશામાં જ્ઞાની હોય કે પછી મિથ્યાદૃષ્ટિ હોય તો પણ કોઈ આત્મા પરમાણુને ગ્રહે કે મૂકે એવો તેનો સ્વભાવ જ નથી. કોઈ કહે કે 'કેવળી વાણીના પરમાણુને ગ્રહે છે અને પછી છોડે છે' તો તે વાત ખોટી છે. ભગવાનને વાણી અને દેહની ક્રિયા થાય છે તે સ્વતંત્ર છે. આત્માના કારણે તે થતી નથી. આ વાતનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ.

ભગવાનને ઈચ્છા હોય તો કેવળજ્ઞાન ન હોય. કોઈ એમ કહે છે કે 'કોઈ રાજાએ ભાવના ભાવી કે ભગવાન અહીં ઉદ્યાનમાં પધારે તો વાંદવા જાઉં.' આવું ભગવાને જાણ્યું, પછી બીજે દિવસે ભગવાને ત્યાં જવા માટે વિહાર કર્યો.' તો તે વાત ખોટી છે. ભગવાનને પહેલા ખબર ન હતી અને પછી ખબર પડી એમ કેવળજ્ઞાનમાં હોતું નથી. ગૌતમ આવ્યા માટે વાણી છૂટી એમ નથી. ભગવાનને

ઈચ્છા નથી કે હું ગૌતમને ઉપદેશ આપું. ભગવાન તો ત્રણ કાળ ત્રણ લોકની વાતને જાણી રહ્યા છે. અજ્ઞાની એમ કહે છે કે ગૌતમ આવ્યા ત્યારે વાણી છૂટી એમ તો શાસ્ત્રમાં આવે છે પણ વાણી વાણીના કારણે છૂટે છે એવું આર્ષવચન ક્યાં છે ? તો કહે છે કે ભગવાનને ઈચ્છાનો અભાવ થયા પછી તો કેવળજ્ઞાન થયું છે. માટે ભગવાનને વાણી નીકળે છે તે ઈચ્છારહિત જ છે. અને દિવ્યધ્વનિ સિવાયના અન્ય કાળે વાણી નીકળે છે તે પણ પ્રશ્નકારના કારણે નીકળે છે એમ નથી. ભગવાનને ઈચ્છા નથી માટે ભગવાન અબંધક છે.

ભગવાન ઉપયોગથી ચાલે છે અને ઉપયોગથી વસ્ત્રાદિ પદાર્થોને લ્યે અને મૂકે એમ અજ્ઞાનીએ માને છે. પણ તે વાત તદ્દન ખોટી છે. કેમ કે એમાં તો ભગવાન ઈચ્છાવાળા-રાગી છે એમ ઠર્યું. અહીં તો કહે છે કે ભગવાનને એવો ઉપયોગ હોતો નથી. સર્વજ્ઞ ભગવાન તો વીતરાગ છે. એમને ઉપયોગ કરવો પડતો નથી. સાધકદશામાં ઈચ્છાપૂર્વક ઉપયોગ હોય છે. કેવળીને રાગ નથી માટે બંધ નથી. પહેલે સમયે કર્મ પરમાણુ આવે, બીજે સમયે બંધાય, ત્રીજે સમયે વેદાય અને પછી ચોથે સમયે ખરી જાય -એ વાત સાચી નથી. એમ આ ઉપરથી સિદ્ધ થાય છે કેમ કે ભગવાનને બંધ નથી.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવે પ્રવચનસાર ગાથા ૫૨માં પણ કહ્યું છે કે :

**ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि णेव तेसु अट्ठेसु।**
**जाणण्णवि ते आदा अबंधगो तेण पण्णत्तो॥**

**ગાથાર્થ** : (કેવળજ્ઞાની) આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે-રૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી તેથી તેને અબંધક કહ્યો છે.

મોક્ષમાર્ગનું ફળ જે કેવળજ્ઞાન તે કેવું હોય ? તેની વાત કરી કે ભગવાન પરવસ્તુને ગ્રહતા નથી, ત્યાગતા નથી કે ઉત્પન્ન કરતા નથી, એટલે એવો ભાવ નથી. પરના ગ્રહણ-ત્યાગની ઈચ્છા નથી માટે એમને બંધ નથી.

હવે ગાથા ૧૭૨ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૮૮**

(मन्दाक्रान्ता)

**जानन् सर्वं भुवनभवनाभ्यन्तरस्थं पदार्थं**
**पश्यन् तद्वत् सहजमहिमा देवदेवो जिनेशः।**
**मोहाभावादपरमखिलं नैव गृह्णाति नित्यं**
**ज्ञानज्योतिर्हतमलकलिः सर्वलोकैकसाक्षी॥ २८८॥**



**શ્લોકાર્થ** : સહજમહિમાવંત દેવાધિદેવ જિનેશ લોકરૂપી ભવનની અંદર રહેલા સર્વ પદાર્થોને જાણતા હોવા છતાં, તેમ જ દેખતા હોવા છતાં, મોહના અભાવને લીધે સમસ્ત પરને (-કોઈ પણ પર પદાર્થને) નિત્ય (-કદાપિ) ગ્રહતા નથી જ; (પરંતુ) જેમણે જ્ઞાનજ્યોતિ વડે મળરૂપ કલેશનો નાશ કર્યો છે એવા તે જિનેશ સર્વ લોકના એક સાક્ષી (-કેવળ જ્ઞાતાદષ્ટા) છે. ।।૨૮૮।।

સહજ મહિમાવંત દેવાધિદેવ જિનેશ લોકરૂપી ભવનની અંદર રહેલા સર્વ પદાર્થોને જાણે છે અને દેખે છે. ત્રિલોકનાથ ભગવાનનો સહજ મહિમા છે. બારમા ગુણસ્થાને રહેલા ગણધરના પણ તેઓ ઈશ્વર છે. એમને દર્શનમોહ તથા ચારિત્રમોહ નાશ પામ્યો છે. માટે સમસ્ત પરને નિત્ય ગ્રહતા નથી જ. એટલે કોઈ પણ પરપદાર્થને કદાપિ ગ્રહણ કરતાં જ નથી. જો કે અજ્ઞાની આત્મા પણ પરપદાર્થનું ગ્રહણ કરતો નથી પણ અહીં તો ભગવાનને રાગ નથી એટલું બતાવવા માટે ગ્રહતા જ નથી એમ કહેલ છે.

પરંતુ જેમણે જ્ઞાનજ્યોતિ વડે મળરૂપ કલેશનો નાશ કર્યો છે એવા તે જિનેશ સર્વ લોકના એક સાક્ષી-કેવળ જ્ઞાતાદષ્ટા છે. જેટલા જગતના પદાર્થો છે તે બધાને ભગવાન જાણે છે, જ્ઞાન અટકતું નથી કેમ કે રાગ નથી. ભગવાને જ્ઞાન વડે દોષનો નાશ કર્યો છે, કોઈ બહારની ક્રિયા કરીને કે નિમિત્તનું અવલંબન લઈને મોહનો નાશ કર્યો છે એમ નથી. અહીં કેવળજ્ઞાન કેમ પ્રગટ થાય એનો ઉપાય પણ સાથે સાથે કહે છે. રાગ-દ્વેષરૂપી મેલનો નાશ ભગવાને જ્ઞાનજ્યોતિ વડે કર્યો છે. અત્યારે તો માર્ગ એટલો બધો ફરી ગયો છે કે મિથ્યાદષ્ટિ મુનિ નામ ધરાવીને ક્રિયાકાંડથી ધર્મ મનાવી રહ્યા છે પણ ખરેખર જ્ઞાન સિવાય મોહનો નાશ થતો નથી એમ અહીં આચાર્ય ભગવાન કહેવા માગે છે.

**ચૈત્ર સુદ ૪, શનિવાર, ૨૯-૩-૫૨.**

હવે કેવળી ભગવાનને ઇચ્છા વગર વાણી હોય છે માટે બંધ નથી એમ કહે છે :

**ગાથા ૧૭૩-૧૭૪**

**परिणामपुव्ववयणं जीवस्स य बंधकारणं होइ।**
**परिणामरहियवयणं तम्हा णाणिस्स ण हि बंधो ॥ १७३ ॥**

**ईहापुव्वं वयणं जीवस्स य बंधकारणं होइ।**
**ईहारहियं वयणं तम्हा णाणिस्स ण हि बंधो ॥ १७४ ॥**

परिणामपूर्ववचनं जीवस्य च बंधकारणं भवति ।
परिणामरहितवचनं तस्माज्ज्ञानिनो न हि बंधः ॥ १७३ ॥

ईहापूर्वं वचनं जीवस्य च बंधकारणं भवति ।
ईहारहितं वचनं तस्माज्ज्ञानिनो न हि बंधः ॥ १७४ ॥

**પરિણામપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**પરિણામ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૩**
**અભિલાષપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**અભિલાષ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૪.**

**અન્વયાર્થ** : **(परिणामपूर्ववचनं)** પરિણામપૂર્વક (મનપરિણામપૂર્વક) વચન **(जीवस्य च)** જીવને **(बंधकारणं)** બંધનું કારણ **(भवति)** છે; **(परिणामरहितवचनं)** (જ્ઞાનીને) પરિણામરહિત વચન હોય છે **(तस्मात्)** તેથી **(ज्ञानिनः)** જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) **(हि)** ખરેખર **(बंधः न)** બંધ નથી.

**(ईहापूर्वं)** ઇચ્છાપૂર્વક **(वचनं)** વચન **(जीवस्य च)** જીવને **(बंधकारणं)** બંધનું કારણ **(भवति)** છે; **(ईहारहितं वचनं)** (જ્ઞાનીને) ઇચ્છારહિત વચન હોય છે **(तस्मात्)** તેથી **(ज्ञानिनः)** જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) **(हि)** ખરેખર **(बंधः न)** બંધ નથી.

પરિણામપૂર્વક વચન જીવને બંધનું કારણ છે. જ્ઞાનીને પરિણામરહિત વચન હોય છે તેથી જ્ઞાનીને ખરેખર બંધ નથી. જેના આત્મામાં મનનો સંબંધ થાય છે તેને બંધના કાર્યનો આરોપ આવે છે પણ વચન બંધનું કારણ નથી. શ્રાવક, મુનિ આદિને નીચલી દશામાં મન સાથે જોડાણ છે કેમ કે રાગ છે. તે જ બંધનું કારણ છે. મહાવ્રત પાળું, અસત્ય ન બોલું, તે શુભરાગ પણ બંધનું કારણ છે.



કેવળી ભગવાનને મનનું જોડાણ નથી. ભાષા નીકળે છે તે પરમાણુનો સ્કંધ છે એમાંથી નીકળે છે. ભગવાન બોલતા નથી. ઇચ્છા વગર વાણી નીકળે છે. કોઈ મૂક કેવળી હોય તો એમને વાણી ન પણ હોય. તીર્થંકર કે કેવળી જેમને વાણી હોય તેને ઇચ્છા વગર નીકળે છે. શુભ કે અશુભ રાગ એમને નથી, માટે બંધ નથી. પુણ્ય-પાપરહિત ચિદાનંદ મારો સ્વભાવ છે તેની શ્રદ્ધા કરવી તે અબંધનું કારણ છે. શુભાશુભ ભાવ બન્ને બંધનું કારણ છે.

ઇચ્છાપૂર્વક વચન જીવને બંધનું કારણ છે. જ્ઞાનીને ઇચ્છારહિત વચન હોય છે તેથી જ્ઞાનીને ખરેખર બંધ નથી. જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું કથન કરું તે ભાવ પણ રાગ છે, માટે બંધન છે. ભાષા તો ભાષાના કારણે થાય છે. પણ શુભાશુભ ભાવ તે ધર્મ નથી, પણ બંધનું કારણ છે. છઠ્ઠે ગુણસ્થાને વાણી હોય છે, સાતમે ગુણસ્થાને વાણીનો યોગ હોતો નથી. ભાવલિંગી મુનિ એમ જાણે છે કે મારું સ્વરૂપ જ્ઞાન છે, સિદ્ધ સમાન મારું પદ છે. પંડિત બનારસીદાસજીએ પણ સમયસાર નાટકમાં કહ્યું છે કે :

**ચેતનરૂપ અનૂપ અમૂરતિ, સિદ્ધ સમાન સદા પદ મેરો,**
**મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહાતમ ઘેરો.**
**જ્ઞાન કલા ઉપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમ કેરો,**
**જા સુ પ્રસાદ સધૈ શિવ મારગ, વેગિ મિટે ભવવાસ વસેરો.**

મારો સ્વભાવ સિદ્ધ સમાન છે એમ જ્ઞાની માને છે. આવી દૃષ્ટિ થઈ હોય તેને જૈન કહે છે. સમયસારની પહેલી ગાથામાં આચાર્ય ભગવાને કહ્યું છે કે હું અને તું સિદ્ધ છીએ એટલે કે જેને સિદ્ધનો આદર થયો તેને અલ્પજ્ઞતા, પુણ્ય, વ્યવહાર અને નિમિત્તનો આદર રહેતો નથી. તે બધાનું જ્ઞાન હોય છે પણ તેને તે ઉપાદેય માનતો નથી. આ મૂળ ચીજની જેને ખબર નથી તેના ત્યાગ-વૈરાગ્ય આદિ એકડા વિનાના શૂન્ય જેવા છે.

સાધકદશામાં શ્રવણ, ઉપદેશ આદિનો રાગ હોય છે તેથી ત્યાં બંધ છે. કેવળી ભગવાનને એવો રાગ નથી માટે બંધન નથી. ઇચ્છા બંધનું કારણ છે. વાણી બંધનું કારણ નથી. ભગવાનને ઇચ્છા નથી પણ દિવ્યધ્વનિ હોય છે. કોઈ એમ કહે કે કેવળીને શુભભાવ હોય છે તો કેવળીને ઇચ્છા જ નથી, મનનું જોડાણ જ નથી. માટે બંધ નથી.

**ટીકા** : અહીં ખરેખર કેવળજ્ઞાનીને બંધના અભાવનું સ્વરૂપ કહ્યું છે. સમ્યગ્જ્ઞાની, કેવળી ક્યાંય, ક્યારેય સ્વબુદ્ધિપૂર્વક અર્થાત્ સ્વમનપરિણામપૂર્વક વચન બોલતા નથી. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથને કોઈ પણ ક્ષેત્રે અને કોઈ પણ કાળે દિવ્યધ્વનિ નીકળે છે ત્યારે એમને ઇચ્છા હોતી નથી કેમ કે **अमनस्काः केवलिनः** કેવળીઓ મનરહિત છે -એવું શાસ્ત્રનું વચન છે. તત્ત્વાર્થસૂત્રમાં શ્રી ઉમાસ્વામીએ

'કેવળીઓ મનરહિત છે' એમ કહ્યું છે. આ કારણથી એમ સમજવું કે જીવને મનપરિણતિપૂર્વક વચન બંધનું કારણ છે એવો અર્થ છે. અને મનપરિણતિપૂર્વક વચન તો કેવળીને હોતું નથી.

કેવળી ભગવાનને મનનું જોડાણ નથી. અલ્પજ્ઞ પ્રાણીને રાગ અને ઇચ્છા છે માટે મનનો સંબંધ છે. છતાં તે વાણીનો કર્તા તો નથી. માટે તેને પણ વાણી (વચન) બંધનું કારણ નથી પણ રાગ બંધનું કારણ છે. વળી ઇચ્છાપૂર્વક વચન જ સાભિલાષ સ્વરૂપ જીવને બંધનું કારણ છે અને કેવળીના મુખારવિંદમાંથી નીકળતો સમસ્ત જનોના હૃદયને આહ્લાદના કારણભૂત દિવ્યધ્વનિ તો અનિચ્છાત્મક હોય છે. જુઓ, અહીં કેવળીને દિવ્યધ્વનિ કેવો હોય ? એની વાત કરે છે.

દિવ્યધ્વનિ કેવળીના મુખકમળમાંથી નીકળે છે એમ કહેલ છે પણ ખરેખર તો આખા શરીરથી ધ્વનિ છૂટે છે. ભગવાનને હોઠ હલતા નથી પણ ઇચ્છા વગર આખા શરીરેથી વાણી છૂટે છે. આ દિવ્યધ્વનિ બધા જીવોને આહ્લાદ ઉપજાવનારો છે એમ કહેલ છે. ખરેખર તો જે જીવ પોતે પોતાની પર્યાયમાં ભેદજ્ઞાન કરે તેને વાણી નિમિત્ત કહેવાય છે. મિથ્યાદૃષ્ટિ જીવને ભેદજ્ઞાન થતું નથી માટે તેને નિમિત્ત નથી, છતાં સમસ્ત જીવને આહ્લાદનું કારણ છે એમ કહેલ છે.

સમવસરણમાં મિથ્યાદૃષ્ટિ પણ હોય છે અને તે વાણી સાંભળે છે પણ અંતરપટમાં ભેદવિજ્ઞાન તેને થતું નથી. નિમિત્તથી જુદો અને પુણ્ય-પાપથી પણ ત્રિકાળી સ્વભાવ જુદો છે એવું ભાન તેને થતું નથી પણ દિવ્યધ્વનિ સમજનારને આહ્લાદનું કારણ છે એટલે કે જેને વાણી સાંભળીને આહ્લાદ ન આવે તે મિથ્યાદૃષ્ટિ છે. ભગવાનના સમવસરણમાં જઈને અનંતવાર મણિરત્નના દીવે તથા કલ્પવૃક્ષના ફૂલે પૂજા કરી પણ શુભભાવ પરંપરાએ ધર્મનું કારણ છે એવી દૃષ્ટિ અંતરમાં મિથ્યાદૃષ્ટિને હોય છે. માટે ભેદજ્ઞાન થતું નથી. આત્માના કારણે શરીર ચાલે, કર્મને કારણે મોહ થાય છે અને શુભભાવ પરંપરાએ મોક્ષનું કારણ થાય છે એવી અજ્ઞાનબુદ્ધિથી શાસ્ત્રનો અભ્યાસ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

ભગવાન તીર્થંકરદેવ ત્રણ લોકને પૂજનીક છે એમ કહેવાય છે. તો તેમને મિથ્યાદૃષ્ટિ વગેરે તો પૂજતા નથી છતાં ગણધરદેવ, ચક્રવર્તી, ઈંદ્રો વગેરે મોટા પૂજે છે એટલે એમના પેટામાં બધા આવી જાય છે. એમ અહીં ભગવાનની વાણી જે સમજે છે તેમને આહ્લાદ આવે છે, બધાને આવતો નથી. છતાં ભગવાનની વાણીને આહ્લાદનું કારણ કહેલ છે.

ભગવાનને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે. એટલે કોઈ પ્રશ્ન કરે તેનું જ્ઞાન પહેલેથી જ હોય છે એટલે ભગવાનને ઉપદેશ આપવાની ઇચ્છા હોતી નથી. ઇચ્છા વગર ધ્વનિ નીકળે છે. ગણધર, ચક્રવર્તી જેવા મહાન પુરુષોને શંકા થાય તો ભગવાનને પ્રશ્ન કરે છે અને વાણી નીકળે છે. પણ ભગવાનને ઇચ્છા નથી. સાધારણ પ્રાણી ભગવાનને પ્રશ્ન કરી શકે નહિ. કુંદકુંદ આચાર્યદેવ અહીંથી મહાવિદેહક્ષેત્રમાં ભગવાન પાસે ગયા હતા ત્યારે આચાર્ય ભગવાનનો નાનો દેહ જોઈને ચક્રવર્તીએ પ્રશ્ન કર્યો હતો, તેનું સમાધાન થયું હતું. એવી જ રીતે ભરતક્ષેત્રમાંથી સીમંધર



ભગવાનના સમવસરણમાં નારદજી ગયા હતા, એમને જોઈને પણ ચક્રવર્તીએ પ્રશ્ન કર્યો હતો અને અકાળે વાણી નીકળી હતી. પણ ભગવાનને ઇચ્છા હોતી નથી. વાણી વાણીના કારણે નીકળે છે તે સ્વતંત્રતાની જાહેરાત છે. નીચલી દશામાં પણ ઇચ્છા થાય છે માટે વાણી નીકળે છે એમ નથી કેમ કે વાણી આત્માની નથી, પણ પુદ્‌ગલની છે. જે કોઈ આત્માને કારણે વાણી નીકળે છે એમ માને છે તે અજીવને જીવ માને છે માટે મિથ્યાદૃષ્ટિ છે. તે કદાચ દયા, દાન, ભક્તિ, વ્રતાદિના શુભભાવ કરતો હોય પણ પાપાનુબંધી પુણ્યકર્મ તેને બંધાય છે.

બાહ્ય ક્રિયા બંધનું કારણ નથી પણ જે શુભાશુભ ભાવ છે તે બંધનું કારણ છે. જડની ક્રિયા જ્ઞાની કે અજ્ઞાની કોઈ કરતો નથી, પણ મિથ્યાત્વાદિ પરિણામોનો અજ્ઞાની કર્તા થાય છે. પરની ક્રિયા હું કરી શકું છું એવા ભાવના કારણે તેને બંધ થાય છે.

અહીં કહ્યું છે કે મનપરિણતિ કેવળીને નથી માટે બંધ નથી. મનસંબંધી ઇચ્છા નથી માટે બંધ નથી, એવો તેનો અર્થ છે. 'મન ન હોય તો બંધ ન હોય' એમ જો હોય તો મન તો એકેન્દ્રિયને પણ નથી માટે તેને બંધ ન થવો જોઈએ, પણ એમ નથી. ત્યાં ભાવ પરિણતિ તો છે, ક્ષયોપશમ પર્યાય છે. એમાં શરીરાદિની એકત્વબુદ્ધિના પરિણામો છે માટે ત્યાં બંધ છે. ચિદાનંદનું ભાન કરીને સ્વરૂપ પરિણતિ કરી, પૂર્ણદશા જેને પ્રગટ થઈ છે તેને રાગ નથી માટે બંધ નથી.

હવે ગાથા ૧૭૩-૧૭૪ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :

**શ્લોક ૨૮૯**

(मन्दाक्रान्ता)

**ईहापूर्वं वचनरचनारूपमत्रास्ति नैव**
**तस्मादेषः प्रकटमहिमा विश्वलोकैकभर्ता।**
**अस्मिन् बंधः कथमिव भवेद्द्रव्यभावात्मकोऽयं**
**मोहाभावान्न खलु निखिलं रागरोषादिजालम्॥ २८९॥**

**શ્લોકાર્થ** : આમનામાં (કેવળી ભગવાનમાં) ઇચ્છાપૂર્વક વચનરચનાનું સ્વરૂપ નથી જ; તેથી તેઓ પ્રગટ મહિમાવંત છે અને સમસ્ત લોકના એક (અનન્ય) નાથ છે. તેમને દ્રવ્યભાવસ્વરૂપ એવો આ બંધ કઈ રીતે થાય ? (કારણ કે) મોહના અભાવને લીધે તેમને ખરેખર સમસ્ત રાગ-દ્વેષાદિ સમૂહ તો છે નહિ. ॥ ૨૮૯ ॥

કેવળી ભગવાનને ઇચ્છા નથી માટે મહિમાવંત છે. ઇચ્છા હોય ત્યાં સુધી પૂર્ણ મહિમાવાળા નથી. વીતરાગી વિજ્ઞાન છે તે પૂર્ણ મહિમા છે. ભગવાન લોકના નાથ છે. જે જીવ સમ્યગ્જ્ઞાનનો પુરુષાર્થ કરે છે તેને ભગવાન નિમિત્ત છે માટે એમના નાથ કહેવાય છે. અને જે સ્વભાવ પ્રાપ્ત કરીને

સ્વભાવમાં વૃદ્ધિ કરે છે એમાં પણ નિમિત્ત છે માટે એના પણ ભગવાન નાથ છે. મિથ્યાદષ્ટિના નાથ નથી પણ ઉપચારથી બધાના નાથ કહેવાય છે એવા કેવળીને મોહનો નાશ થયો હોવાથી દ્રવ્યબંધ તથા ભાવબંધ નથી.

### ચૈત્ર સુદ ૫, રવિવાર, ૩૦-૩-૫૨.

અહીં સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાન-દર્શનની વ્યાખ્યા ચાલે છે. ભગવાનને મોક્ષમાર્ગના ફળરૂપે પૂર્ણદશા થઈ છે તેથી તેમને ઈચ્છા નથી અને ઈચ્છા નહિ હોવાથી બંધ પણ નથી. સ્વભાવનું અંતર્મુખ વલણ થયું એટલે બહિર્મુખપણે થતો રાગ નથી. પૂર્ણદશા ન હોય ત્યાં સુધી બહિર્મુખપણાની લાગણી હોય છે. પૂર્ણદશામાં બહિર્મુખપણું નથી એટલે અંતર્મુખ વળવાનું રહ્યું નથી. માટે રાગપણું નથી. બારમા ગુણસ્થાને અંતર્મુખતા છે પણ રાગ નથી. નીચલી સાધકદશામાં અંતર્મુખતા છે અને રાગ પણ છે તે કહે છે.

(૧) તીર્થંકર કેવળી ભગવાનને બંધ કે મોક્ષ નથી કેમ કે ઈચ્છા નથી. બંધ નથી એટલે બંધથી છૂટવાનું રહેતું નથી. પૂર્ણદશા થઈ ગઈ છે એટલે હવે અંતર એકાગ્રતા કરવાની બાકી રહી નથી. ભગવાનને ઈચ્છા નથી અને બંધન પણ નથી.

(૨) બારમા ગુણસ્થાને પૂર્ણદશા થઈ નથી, અપૂર્ણદશા હોવા છતાં ઈચ્છા નથી, અંતર્મુખતા છે પણ રાગ નથી.

(૩) ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા ગુણસ્થાનાદિમાં સર્વથા રમણતા થઈ નથી, માટે રાગ છે. પૂર્ણ અંતર્મુખતા નથી, એટલું બહિર્મુખપણું પણ છે માટે રાગ છે તેથી બંધન પણ છે.

અહીં ૨૯૦મો શ્લોક કહે છે. તેમાં કેવળીને ઈચ્છા નથી માટે બંધન નથી તે કહે છે :

### શ્લોક ૨૯૦

(मन्दाक्रान्ता)

**एको देवस्त्रिभुवनगुरुर्नष्टकर्माष्टकार्धः**
**सद्बोधस्थं भुवनमखिलं तद्गतं वस्तुजालम्।**
**आरातीये भगवति जिने नैव बंधो न मोक्षः**
**तस्मिन् काचिन्न भवति पुनर्मूर्च्छना चेतना च ॥ २९० ॥**

**શ્લોકાર્થ** : ત્રણ લોકના જેઓ ગુરુ છે, ચાર કર્મનો જેમણે નાશ કર્યો છે અને આખો લોક તથા તેમાં રહેલો પદાર્થસમૂહ જેમના સદ્જ્ઞાનમાં સ્થિત છે, તે (જિન ભગવાન) એક જ દેવ છે. તે નિકટ (સાક્ષાત્) જિન ભગવાનને વિષે નથી બંધ કે નથી મોક્ષ, તેમ જ તેમનામાં નથી કોઈ



મૂર્છા કે નથી કોઈ ચેતના (કારણ કે દ્રવ્યસામાન્યનો પૂર્ણ આશ્રય છે.) ॥ ૨૯૦ ॥

(૧) <u>ત્રણ લોકના જિન ભગવાન ગુરુ છે</u> : ત્રણ લોકમાં તો સિદ્ધ, જ્ઞાની અને મિથ્યાદષ્ટિ બધા આવી ગયા. ભગવાનથી તો સિદ્ધ મોટા છે. માટે એમના ગુરુ નથી અને મિથ્યાદષ્ટિના પણ ગુરુ નથી, અભવીના પણ ગુરુ નથી. સમંતભદ્રાચાર્યે સ્વયંભૂસ્તોત્ર બનાવ્યું છે. એમાં કહ્યું છે કે જોણે આત્માના જ્ઞાન-દર્શનાદિની નિર્મળ પર્યાય પ્રગટ કરી છે એના તમો ગુરુ છો, અભવીના ગુરુ નથી. જેને સાધકદશા પ્રગટી છે તેના તો તમો સાધ્ય છો. મિથ્યાદષ્ટિ, અભવીના તમો સાધ્ય નથી માટે તમે સમ્યગ્જ્ઞાનીના ગુરુ છો. એનો આરોપ કરીને ત્રણ લોકના ગુરુ ભગવાન છે એમ કહેલ છે.

(૨) <u>કેવળી ભગવાને ચાર કર્મનો નાશ કર્યો છે</u> : એનો અર્થ એવો છે કે આત્મા જ્ઞાનાનંદ છે તેની રુચિ અને રમણતા કરીને પૂર્ણ સ્વભાવ પ્રગટ કર્યો છે એટલે વિકાર થતો નથી. તેને ભાવબંધનો નાશ થાય છે ત્યારે દ્રવ્યકર્મનો બંધ થતો નથી તેથી કર્મનો નાશ કર્યો એમ કહેવાય છે. જડકર્મ તો એના કારણે બંધાતા નથી. કર્મનો નાશ કરવો પડતો નથી.

(૩) <u>લોક આખો જ્ઞાનમાં સ્થિત છે</u> : અહીં લોક કહેલ છે પણ ખરેખર તો લોક અને અલોક બન્નેને ભગવાન એક સમયમાં જાણે છે માટે જ્ઞાનમાં સ્થિત છે એમ કહેલ છે. લોકાલોક જ્ઞાનમાં પેસી જતાં નથી પણ કેવળજ્ઞાન બધાને જાણે છે, જાણવાનું કાંઈ બાકી રહ્યું નથી. જ્ઞાનનું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય ખીલ્યું છે તેમાં આખો લોક જાણે કોતરાઈ ગયો હોય છે-તે જ્ઞાનમાં આવી ગયેલ છે માટે સ્થિત છે એમ કહેલ છે.

(૪) <u>જિન ભગવાન એક જ દેવ છે</u> : એટલે બીજા કુદેવાદિ તે દેવ નથી, પણ આ એક જ છે. બધા તીર્થંકરો અને કેવળીઓ મળીને એક જ છે -એમ તેનો અર્થ નથી. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં વીસ તીર્થંકર અને લાખો કેવળીઓ બિરાજે છે. એ અપેક્ષાએ અનેક છે પણ સામાન્ય પ્રકારે એક જ જાત છે માટે જિન ભગવાન એક જ દેવ છે એમ કહેલ છે. આત્મામાં શક્તિરૂપે સ્વભાવ પડ્યો છે તેમાં એકાગ્રતા કરી એટલે કેવળજ્ઞાનરૂપી ફૂવારો ફાટ્યો છે. એવા અનેક કેવળીઓ છે પણ જાતની અપેક્ષાએ એક છે. એક એવા અનેક છે. બહારમાં પુણ્યની ૠદ્ધિની અપેક્ષા નથી પણ અંતર કેવળજ્ઞાનની અપેક્ષાએ એક જ પ્રકાર છે.

આવા સાક્ષાત્ જિન ભગવાનને વિષે બંધ કે મોક્ષ નથી તેમ જ તેમનામાં કોઈ મૂર્છા કે કોઈ ચેતના પણ નથી. કારણ કે દ્રવ્યસામાન્યનો પૂર્ણ આશ્રય તેમને છે, ભગવાનને રાગ કે ઈચ્છા નથી માટે બંધ નથી અને બંધ નથી તો બંધથી મુક્ત થવાનું તેમને રહેતું નથી એ અપેક્ષાએ મોક્ષ પણ નથી. આ ઉપરથી નક્કી થાય છે કે પહેલે સમયે કર્મ આવે, બીજે સમયે બંધાય, ત્રીજે સમયે ઉદયમાં આવે અને ચોથે સમયે ખરી જાય તે વાત ખોટી છે. કેવળીને યોગનું કંપન છે એટલે પરમાણુ આવે છે પણ તે અટકતા નથી માટે કર્મથી છૂટવાનું રહેતું નથી. અટકે તો છૂટે. જુઓ, આ ''નમો અરિંહતાણં''ની વાત ચાલે

છે. સર્વજ્ઞનું જેવું સ્વરૂપ છે એવું જાણે નહિ અને બીજી રીતે કલ્પે તો તે મિથ્યાદષ્ટિ છે.

અહીં કહે છે કે ભગવાનને મૂર્છા નથી એટલે અજ્ઞાનદશા નથી અને ચેતના નથી એટલે હવે તેમને જ્ઞાન તરફ એકાગ્રતા કરવાની રહી નથી. આત્મામાં એકાગ્રતા કરીને પૂર્ણતા કરવી છે એવી ચેતના એમને નથી કેમ કે જ્ઞાનનો પૂર્ણ અનુભવ છે. દ્રવ્યનો પૂર્ણ આશ્રય થઈ ગયો છે. હવે આશ્રય લેવાનો રહ્યો નથી. જ્ઞાનનો ઉપયોગ મૂકવાનો બાકી રહ્યો નથી માટે ચેતના પણ નથી એમ કહ્યું છે.

ભગવાનને વાણી હોય છે અને ઉપદેશ થાય છે માટે કાંઈક કચાશ રહી ગઈ હશે ? ના, એમ નથી. ભગવાન મુનિને દીક્ષા આપે ત્યારે બહારમાં વલણ થતું હશે ? ના, એમ પણ નથી. ભાષા એકાક્ષરી હોય છે. તે સાંભળનાર પોતપોતાની ભાષામાં સમજી જાય છે, ભગવાન વ્યક્તિ માટે ભાષા કાઢતા નથી. ભગવાનને દિવ્યધ્વનિ હોય છે પણ ઇચ્છા નથી માટે બંધ નથી.

**શ્લોક ૨૯૧**

(मन्दाक्रान्ता)

**न ह्येतस्मिन् भगवति जिने धर्मकर्मप्रपंचो**
**रागाभावादतुलमहिमा राजते वीतरागः।**
**एषः श्रीमान् स्वसुखनिरतः सिद्धिसीमन्तिनीशो**
**ज्ञानज्योतिश्छुरितभुवनाभोगभागः समन्तात्।। २९१।।**

**શ્લોકાર્થ :** આ જિન ભગવાનમાં ખરેખર ધર્મ અને કર્મનો પ્રપંચ નથી (અર્થાત્ સાધકદશામાં જે શુદ્ધિ અને અશુદ્ધિના ભેદપ્રભેદો વર્તતા હોય છે તે જિન ભગવાનમાં નથી); રાગના અભાવને લીધે અતુલ મહિમાવંત એવા તે (ભગવાન) વીતરાગપણે વિરાજે છે. તે શ્રીમાન (શોભાવંત ભગવાન) નિજસુખમાં લીન છે, મુક્તિરૂપી સ્ત્રીના નાથ છે અને જ્ઞાનજ્યોતિ વડે તેમણે લોકના વિસ્તારને સર્વતઃ છાઈ દીધો છે. ॥ ૨૯૧ ॥

તેરમે ગુણસ્થાને બિરાજતા કેવળીને હું ધર્મ કરું એવી સાધકદશા નથી, પૂર્ણદશા થઈ ગઈ છે માટે હવે ઓછપ નથી કે વૃદ્ધિ કરવી પડે એવો ધર્મનો પ્રપંચ એટલે વિસ્તાર નથી. અને કર્મનો વિસ્તાર પણ નથી. નીચલી દશામાં ધર્મ અને અધર્મનો વિસ્તાર હોય છે. એવા ભેદો સાધકમાં હોય છે, કેવળીને હોતા નથી. સાધકદશામાં ચારિત્ર પૂર્ણ નથી એટલે ધર્મની પર્યાયમાં તારતમ્યતા હોય છે, એના અંશો વધતા જાય છે; તેવી અનેકતા કેવળીને નથી. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ચારિત્રના અંશો વધીને બારમે પૂર્ણ થાય છે. એવો વિસ્તાર તેરમે ગુણસ્થાને કેવળીને નથી.

ભગવાનને રાગનો નાશ થયો છે માટે અતુલ મહિમાવંત છે. ભગવાન વીતરાગ છે. કોઈ સાધુ



ભ્રષ્ટ થઈને ચાલ્યો જાય તો આ મારો શિષ્ય છે માટે એને સમજાવું એવા રાગ કેવળીને હોતો નથી કેમ કે તેઓ વીતરાગ જ્ઞાનમૂર્તિ છે. શાસનનું ફળ થયું કે ન થયું એની દરકાર અર્હંતને ભગવાન નથી.

ઈંદ્રો, ચક્રવર્તીઓ વગેરે જેમના ચરણ સેવે છે એવા ભગવાનનો અતુલ મહિમા છે. સંસારમાં નિર્ધન સધનનો મહિમા કરે છે પણ ખરેખર તો બન્ને ભિખારી છે. અહીં તો કહે છે કે પહેલાં તીર્થંકરને ઘણા સાધુઓ અને શ્રાવકાદિ હોય છે અને છેલ્લા તીર્થંકર વખતે સાધુ શ્રાવકાદિ થોડા હોય છે તેથી છેલ્લા તીર્થંકરને એમ થતું નથી કે મારું શાસન નાનું છે. તેઓ તો વીતરાગપણે બિરાજે છે.

અર્હંત ભગવાન સ્વરૂપની લક્ષ્મીથી શોભાયમાન છે. ''શ્રી'' એટલે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રગટી છે માટે ભગવાન શોભાવંત છે. લોકાલોકને જાણે છે માટે સુખી છે એમ નથી. ભગવાન લોકાલોકને જાણવા માટે ઉપયોગ મૂકતા નથી પણ સ્વને જાણે છે એમાં લોકાલોક જણાઈ જાય છે. માટે નિજસુખમાં લીન છે. તેઓ મુક્તિરૂપી સ્ત્રીના નાથ છે, કેવળજ્ઞાનરૂપી પૂર્ણ પર્યાય થઈ તેના નાથ છે કેમ કે સામાન્ય જે દ્રવ્ય છે તેમાંથી પ્રગટ થયેલી પર્યાય જે વિશેષ છે તે કદી જુદી પડતી નથી. માટે ભગવાન તેના નાથ છે. ચૈતન્ય જ્ઞાનજ્યોતિથી લોકાલોકને ઢાંકી દીધો છે એટલે કે જ્ઞાનમાં તે જણાઈ ગયો છે.

### ગાથા ૧૭૫

**ठाणणिसेज्जविहारा ईहापुव्वं ण होइ केवलिणो।**
**तम्हा ण होइ बंधो साक्खट्ठं मोहणीयस्स॥ १७५॥**

**स्थाननिषण्णविहारा ईहापूर्वं न भवन्ति केवलिनः।**
**तस्मान्न भवति बंधः साक्षार्थं मोहनीयस्य॥ १७५॥**

**અભિલાષપૂર્વ વિહાર, આસન, સ્થાન નહિ જિનદેવને,**
**તેથી નથી ત્યાં બંધ; બંધન મોહવશ સાક્ષાર્થને. ૧૭૫.**

**અન્વયાર્થ** : (**केवलिनः**) કેવળીને (**स्थाननिषण्णविहाराः**) ઊભા રહેવું, બેસવું અને વિહાર (**ईहापूर्वं**) ઇચ્છાપૂર્વક (**न भवन्ति**) હોતાં નથી, (**तस्मात्**) તેથી (**बंधः न भवति**) તેમને બંધ નથી; (**मोहनीयस्य**) મોહનીયવશ જીવને (**साक्षार्थम्**) ઇંદ્રિયવિષયસહિતપણે બંધ થાય છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવને ઊભા રહેવાનો વિકલ્પ હોતો નથી. દેહ જે જગ્યાએ ઊભો રહેવાનો હોય તે જગ્યાએ થંભી જાય છે. ભગવાનને ઇચ્છા નથી, સહજ થંભી જાય છે. જગતના લોકોને શ્રવણનું પુણ્ય હોય ત્યાં દેહ થંભી જાય છે. ઇંદ્ર ત્યાં સમવસરણ રચે છે. પદ્માસન થઈ જાય છે. અહીંના લોકો પાત્ર છે માટે હું અહીં થંભી જાઉં એવો રાગ ભગવાનને નથી. વળી ભગવાન જમીનથી પાંચ હજાર ધનુષ ઊંચા વિહાર કરે છે. બાગ-બગીચામાં કે યક્ષના દેવળમાં ભગવાન ઊતરતા નથી. ઊંચે વિહાર કરે છે પણ એમને ઇચ્છા નથી માટે બંધ નથી. ઇંદ્રિયનો વિષય હોય એને રાગ હોય છે, તેથી બંધ પણ હોય છે. ભગવાન ઇંદ્રિય દ્વારા જોતા નથી. નીચલી દશામાં શ્રવણ, મનન, દર્શન આદિ ઇંદ્રિયનો વિષય છે તો તેને રાગ હોવાથી બંધ છે, કેવળીને તે નથી માટે બંધ પણ નથી.

**ચૈત્ર સુદ ૬, સોમવાર, ૩૧-૩-૫૨.**

અરિહંત કેવળજ્ઞાનીને પૂર્ણદશા થઈ તેનું સ્વરૂપ કેવું હોય ? તે વાત ચાલે છે.

**ટીકા** : આ કેવળી ભટ્ટારકને મનરહિતપણાનું પ્રકાશન છે. અર્થાત્ અહીં કેવળી ભગવાનનું મનરહિતપણું દર્શાવ્યું છે. સાધકદશામાં રાગ હોય છે ત્યાં ભાવમન હોય છે, કેવળજ્ઞાનરૂપી સૂર્યને ઇચ્છા નથી માટે ભાવમન પણ નથી.

અર્હંત યોગ્ય પરમ લક્ષ્મીથી બિરાજમાન, પરમ વીતરાગ, સર્વજ્ઞ, કેવળી ભગવાનને ઇચ્છાપૂર્વક કાંઈ પણ વર્તન હોતું નથી. તીર્થંકર કેવળીને અંતરમાં કેવળજ્ઞાન હોય છે અને બહારમાં સમવસરણાદિ હોય છે. તે ભગવાનની લક્ષ્મી છે, એનાથી તેઓ શોભાયમાન છે. કેવળ-એકલું જ્ઞાન થઈ ગયું છે.



તેમને ઉપદેશ, વિહારાદિમાં ઇચ્છા હોતી નથી. વાણીનો ધોધ ઇચ્છા વગર નીકળે છે. અર્હંત ભગવાન ઉપયોગપૂર્વક બોલતા-ચાલતા નથી. ભગવાનને નિદ્રા હોતી નથી અને એમનું શરીર પથારીમાં આળોટતું નથી. આહાર પણ હોતો નથી. અત્યારે અર્હંત ભગવાનના સ્વરૂપને અજ્ઞાની લોકોએ વિકૃત બનાવી દીધું છે. ક્ષુધા, તૃષા, નિદ્રા, આહાર આદિ ભગવાનને હોય છે એમ અજ્ઞાનીઓ માને છે, પણ તે વાત સાચી નથી.

ભગવાન વીતરાગ છે તેથી તેઓ કાંઈ ઇચ્છતા નથી કારણ કે મનપ્રવૃત્તિનો અભાવ છે અથવા તેઓ ઇચ્છાપૂર્વક ઊભા રહેતા નથી, બેસતા નથી કે શ્રીવિહારાદિક પણ કરતા નથી કારણ કે **अमनस्काः केवलिनः** એવું શાસ્ત્રનું વચન છે. ભગવાને યજ્ઞ બંધ કરાવ્યા, સ્ત્રીઓને હક અપાવ્યા તેમ લોકો કહે છે તે વાત ખોટી છે. કેમ કે ભગવાનને તો કોઈ પણ પ્રકારની ઇચ્છા નથી. સાધકદશામાં રાગ છે એટલે ઇચ્છા હોય છે. ભગવાનને ભાવમન જ નથી તેથી ઇચ્છા નથી. આ ક્ષેત્રના લોકો પાત્ર છે માટે અહીં ચોમાસું કરું એવી ઇચ્છા ભગવાનને નથી. ઇચ્છા વગર દેહ એના કારણે થંભી જાય છે.

અર્હંત પરમાત્માને 'સર્વ જીવ કરું શાસન રસી' એવી ઇચ્છા નથી. અગાઉના ભવમાં છદ્મસ્થ દશામાં પોતાની નબળાઈને કારણે વિકલ્પ આવેલો એથી તીર્થંકર નામકર્મના પરમાણુ બંધાઈ ગયા હતા. બધા ધર્મ પામી જાય તો સારું એવો વિકલ્પ તો ખરેખર 'હું ખરેખર પૂર્ણ થઈ જાઉં ' એને કહેવાય છે. રાગના અભાવમાં મોક્ષ થાય એમ જ્ઞાની માને છે. રાગને ઉપાદેય માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિને રાગ હોય છે પણ તેને તે ઉપાદેય માનતો નથી, એનો આદર કરતો નથી.

ચાર તીર્થ સ્થાપું એવો વિકલ્પ પણ અર્હંતને હોતો નથી અને સમવસરણમાં બેસીને તીર્થને નમસ્કાર કરે છે એ વાત પણ ખોટી છે. સિદ્ધને પણ નમસ્કાર કરતા નથી, કેમ કે ભગવાનને ઇચ્છા નથી. તીર્થંકર દીક્ષા લે ત્યારે સિદ્ધને નમસ્કાર કરે છે, એ સિવાય છદ્મસ્થદશામાં પણ તીર્થંકર કોઈને નમસ્કાર કરતા નથી.

સમવસરણમાં ભગવાન પદ્માસને બિરાજે છે. તે વખતે ભગવાનને બેસવાની ઇચ્છા હોતી નથી. શરીરની પર્યાય તો જડ છે, તે તેના કારણે થાય છે. સમ્યગ્દૃષ્ટિ હોય કે અજ્ઞાની હોય પણ કોઈ જીવ શરીરની ક્રિયા કરી શકતો નથી. પણ અહીં તો કહેવું છે કે બેસવાની ક્રિયા વખતે કેવળીને ઇચ્છા હોતી નથી, નીચલી દશાવાળાને ઇચ્છા હોય છે.

તીર્થંકર ભગવાનને સેંકડો ગાઉનો વિહાર હોય છે પણ તે ઇચ્છાપૂર્વક નથી. જમીનથી પાંચ હજાર ધનુષ ભગવાન ઊંચા વિહાર કરે છે, ઇચ્છા વિના ડગ ભરે છે, દેવો તે ડગની નીચે સોનાના કમળો બનાવે છે. આવી વિહારની ક્રિયા હોય છે. પણ તે ઇચ્છા વિના હોય છે. અજ્ઞાનીઓ કહે છે કે ભગવાન કોઈકને પ્રતિબોધવા ગયા, તો તે વાત ખોટી છે. ભગવાનને એક સમયમાં ત્રણ

કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે. તેથી હું પ્રતિબોધવા જાઉં એવો વિકલ્પ તેમને હોતો નથી. ભગવાનને રોગ થતો નથી અને દવા પણ લેતા નથી કેમ કે એમને એ પ્રકારની અશાતાનો ઉદય નથી. અજ્ઞાની માને છે કે મહાવીર ભગવાનને રોગ થયો અને પછી દવા લેતા રોગ મટી ગયો, આ બધી કલ્પિત વાતો છે.

સીમંધર ભગવાન પાસે શ્રી કુંદકુંદાચાર્યદેવ ગયા હતા અને ત્યાં આઠ દિવસ દિવ્યધ્વનિ સાંભળીને અહીં આવીને આ શાસ્ત્રો રચ્યા છે. માટે આ શાસ્ત્રો ઉપર કેવળીની મહોર છે. તેમાં કહે છે કે ભગવાનને સંકલ્પ-વિકલ્પ હોય નહિ કેમ કે ભગવાનને મન નથી. માટે તે તીર્થંકર પરમદેવને દ્રવ્યભાવસ્વરૂપ ચતુર્વિધ બંધ થતો નથી. ૧) જ્ઞાનાવરણાદિનો સ્વભાવ તે પ્રકૃતિબંધ છે, ૨) આત્માના એકક્ષેત્રે કર્મનું આવવું તે પ્રદેશબંધ છે, ૩) કર્મની સ્થિતિ થવી તે સ્થિતિબંધ છે, ૪) કર્મમાં ફળદાનની શક્તિ છે તે અનુભાગબંધ છે. આ ચારે પ્રકારના બંધ કેવળીને નથી.

હવે તે બંધ ૧) ક્યા કારણે થાય છે ? અને ૨) કોને થાય છે ? તે કહે છે.

૧) બંધ મોહનીય કર્મના વિલાસથી ઉત્પન્ન થાય છે. ૨) અક્ષાર્થ એટલે ઈંદ્રિયાર્થ-ઈંદ્રિયોનો વિષય; તે સહિત હોય તે સાક્ષાર્થ છે. મોહનીયને વશ થયેલાને ઈંદ્રિય વિષયરૂપ પ્રયોજનવાળા સંસારીઓ છે, તેમને જ બંધ થાય છે. મોહના અભાવના કારણે ભગવાનને બંધ નથી અને ભગવાનને ઈંદ્રિયનો વિષય નથી તેથી પણ ભગવાનને બંધ નથી. ગણધરાદિ મુનિઓને હજુ રાગ છે એટલે ઈંદ્રિયો ઉપર લક્ષ જાય છે માટે એમને બંધ છે.

એવી રીતે શ્રીમદ્ કુંદકુંદાચાર્યપ્રણીત પ્રવચનસાર ગાથા ૪૪માં કહ્યું છે કે :

**ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य णियदयो तेसि।**
**अरहंताणं काले मायाचारो व्व इत्थीणं॥**

**ગાથાર્થ** : તે અર્હંત ભગવંતોને તે કાળે ઊભા રહેવું, બેસવું, વિહાર અને ધર્મોપદેશ, સ્ત્રીઓને માયાચારની માફક, સ્વાભાવિક જ-પ્રયત્ન વિના જ- હોય છે.

દેહના પરમાણુ ઊભા રહેવાના કાળે જ્યાં ઊભા રહેવાના હોય ત્યાં રહે છે. બધા જીવોની દેહની આવી સ્થિતિ હોય છે પણ અહીં તો કેવળી, અર્હંતદેવને ઇચ્છા વિના દેહ થંભી જાય છે એ વાત કરવી છે. અને બેસવાના કાળે દેહના પરમાણુની એવી સ્થિતિ હોય છે. વિહારાદિની ક્રિયા પણ પરમાણુના સ્વકાળે થાય છે. હું શરીરને ચલાવું કે ઊભું રાખું એવી ઇચ્છા ભગવાનને હોતી નથી.

ભગવાનને વિહાર થવાના કાળે વિહાર થાય છે. ધર્મોપદેશ-વાણી એના પરમાણુના કાળે થાય છે પણ કેવળીને ઇચ્છા હોતી નથી તે વાત અહીં કરવી છે. કેવળીને બહારની ક્રિયા સહજ હોય છે. એમાં કુંદકુંદાચાર્યદેવ સ્ત્રીનું દૃષ્ટાંત આપે છે.



સ્ત્રીનો ભવ જે મળ્યો છે તે પૂર્વે માયાના ભાવ કર્યા હતા તેનું ફળ છે. કુટિલતાના ભાવ કરવાથી સ્ત્રીવેદ બંધાય છે. જ્યાં સુધી એ ભાવને ટાળે નહિ ત્યાં સુધી શરીરાદિની ચેષ્ટા માયાચારને લઈને સ્ત્રીને સહજ હોય છે. જો કે બધી સ્ત્રીઓને માયાચાર હોય છે એમ નથી પણ અહીં તો મુખ્યપણે સ્ત્રીઓનો સ્વભાવ માયાચારવાળો હોય છે એટલે એની શરીર વગેરેની ચેષ્ટા સહજ માયાચારવાળી હોય છે એમ અહીં કહેવું છે. સ્ત્રીઓને પાંચમા ગુણસ્થાનથી ઊંચી દશા હોતી નથી. સ્ત્રીના સહજ સ્વભાવની એટલે કે વિભાવની વાત છે. તેમને મનમાં કાંઈ, વાણીમાં કાંઈ ને શરીરની ચેષ્ટામાં કાંઈ હોય છે, તે પ્રયત્ન વિના હોય છે, સહજ હોય છે.

સ્ત્રીના ખ્યાલમાં પણ ઘણી વખત ન હોય એવી શરીર, વાણીની ચેષ્ટા તેને થાય છે. એ રીતે કેવળીને ઇચ્છા વિના વિહાર, ઉપદેશાદિ હોય છે. આકાશમાં વાદળાં હોય છે, તે ગમન કરે છે, તેમાં ગાજવીજ થાય છે તે સ્વાભાવિક છે, એને કોઈ ઇચ્છાપૂર્વક કરતું નથી. એમ ભગવાનને ઇચ્છાપૂર્વક વર્તન નથી એથી બંધ પણ નથી.

આવું અર્હંત પરમાત્માનું સ્વરૂપ છે. ''**णमो अरिहंताणं**'' કહેનારે આ સ્વરૂપને જાણીને પ્રથમ નિર્ણય કરવો પડશે. નિર્ણય કર્યા વિના ધર્મ થાય એમ નથી. ઘર માટે બજારમાંથી કાંઈ ચીજ લેવા જાય તો ત્યાં પરીક્ષા બરાબર કરીને પછી ખરીદ કરે છે. તો આત્મા માટે પરીક્ષા કરીને નિર્ણય કરવો જોઈએ. આત્માને સમજ્યા વિના અનંતકાળમાં અનંત વખત સાધુપણું લીધું પણ એક ભવ ઓછો થયો નહિ. માટે કેવળીનું સ્વરૂપ પ્રથમ જાણીને નિર્ણય કરવો.

હવે ગાથા ૧૭૫ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૯૨**

(शार्दूलविक्रीडित)

**देवेन्द्रासनकंपकारणमहत्कैवल्यबोधोदये**
**मुक्तिश्रीललनामुखाम्बुजरवेः सद्धर्मरक्षामणेः।**
**सर्वं वर्तनमस्ति चेन्न च मनः सर्वं पुराणस्य तत्**
**सोऽयं नन्वपरिप्रमेयमहिमा पापाटवीपावकः॥ २९२॥**

**શ્લોકાર્થ** : દેવેંદ્રોના આસન કંપાયમાન થવાના કારણભૂત મહા કેવળજ્ઞાનનો ઉદય થતાં, જે મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે અને સદ્ધર્મના રક્ષામણિ છે એવા પુરાણ પુરુષને બધું વર્તન ભલે હોય તો પણ મન સઘળું ય હોતું નથી; તેથી તેઓ (કેવળજ્ઞાની પુરાણપુરુષ) ખરેખર અગમ્ય મહિમાવંત છે અને પાપરૂપી વનને બાળનાર અગ્નિ સમાન છે. ॥ ૨૯૨ ॥

અર્હંત ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થાય છે એટલે દેવોને ખબર પડી જાય, એટલે ઈંદ્ર સિંહાસનથી

નીચે ઊતરી જાય અને પછી મહોત્સવ કરવા સ્વર્ગમાંથી મનુષ્યલોકમાં આવે છે. ભગવાન આત્માની આનંદરૂપ પરિણતિને ખીલવવામાં સૂર્ય સમાન છે અને સત્‌ધર્મના રક્ષામણિ છે.

આપત્તિઓથી અથવા પિશાચો વગેરેથી પોતાની જાતને બચાવવા માટે જે મણિ પહેરવામાં આવે છે તેને રક્ષામણિ કહેવાય છે. પુણ્ય હોય તો તે નિમિત્ત થાય છે પણ તેથી આત્માને કાંઈ લાભ નથી. આ તો દૃષ્ટાંત છે એમ ભગવાન સદ્ધર્મના રક્ષણ માટે અને અસદ્ધર્મથી બચવા માટે રક્ષામણિ છે. આત્મા પોતે ધર્મ સમજે તો નિમિત્તરૂપે ભગવાનને રક્ષામણિ કહેવાય છે. કુદેવાદિથી કેવી રીતે બચવું તે માટે ભગવાન રક્ષામણિ છે, કદાચ ઉપરથી દેવ આવે તો પણ વીતરાગને માનનારો તેને ઈચ્છે નહિ તો અત્યારના પત્થરાઓને તો એ માને જ શાનો ? માને નહિ જ.

## ચૈત્ર સુદ ૭, મંગળવાર, ૧-૪-૫૨.

અર્હંત ભગવાનનું વર્ણન કરે છે. શ્લોક ૨૯૨મો ચાલે છે.

આ આત્માનો સ્વભાવ જ્ઞાન છે, શરીર તો પર છે અને પુણ્ય-પાપના ભાવ તો કાઢી નાખવા જેવા છે. જેમ પાંચ આંગળી સાથે એક લટકતી વધારાની છઠ્ઠી આંગળી કોઈને હોય છે તે શરીરનો મૂળ અવયવ નથી તેમ **ज्ञानविग्रहं** જ્ઞાન આત્માનું શરીર છે અને પુણ્ય-પાપ થાય છે તે આત્માનું મૂળ અંગ નથી, તે છઠ્ઠી આંગળીની જેમ કાઢી નાખવા જેવા છે. આત્મા તો જ્ઞાન અને આનંદની પૂતળી છે. જે જ્ઞાન સંકોચરૂપે હતું તે પૂર્ણ વિકાસરૂપે કેવળી ભગવાનને થઈ ગયું છે. તે કેવળજ્ઞાન બહારથી પ્રાપ્ત થાય એમ નથી. જેમ છઠ્ઠી આંગળી કાઢી નાખવાથી હાથ સરખો થાય છે તેમ રાગ-દ્વેષાદિ વિકાર કાઢી નાખવાથી જ્ઞાનશરીર સરખું થઈ કેવળજ્ઞાનદશા થઈ જાય છે. તે કેવળી પરમાત્મા કેવા હોય ? તે કહે છે.

કેવળજ્ઞાન થાય છે ત્યારે ઈંદ્રોને ખબર પડે છે કે ભરત અથવા તો મહાવિદેહક્ષેત્રમાં ભગવાનને કેવળજ્ઞાન થયું છે. કેવળજ્ઞાન પર્યાય છે, તેથી તેનો ઉદય થાય છે એમ કહ્યું છે. અસંખ્ય પ્રદેશોમાં તે ખીલી જાય છે. વેપારમાં પૈસા કમાય ત્યારે હરખથી રોમાંચ ખડા થાય છે અને કોઈ વખત ભગવાનની ભક્તિ કરતાં રોમાંચ ખડા થાય છે, તે બન્ને શુભાશુભ ભાવ છે. પણ શુભાશુભ ભાવથી રહિત શુદ્ધ આત્મામાં લીન થતાં આનંદથી અસંખ્યાત પ્રદેશ ખીલી ઊઠે છે.

અર્હંત પરમાત્મા મુક્તિરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે. લક્ષ્મી અને જગતની સ્ત્રી તે આત્માની નથી, અંતરદશામાં કેવળજ્ઞાન પ્રગટે છે તે આત્માની ખરી લક્ષ્મી છે. તે પર્યાય સમયે સમયે એવી ને એવી નવી નવી થયા જ કરે છે. જેમ પતિને જોઈને પત્નીનું મોઢું ખીલે છે તેમ આત્માનું અવલંબન લેતા પર્યાય ખીલે છે. કેવળજ્ઞાન પર્યાય ખીલવામાં આત્મા સૂર્ય સમાન છે. જેમ દરિયામાં મોજાં નવાં નવાં થાય છે અને કાંઠે આવીને સમાઈ જાય છે તેમ આત્મામાં કેવળજ્ઞાનરૂપી પર્યાય નવી નવી



થાય છે અને અંદર સમાઈ જાય છે.

ભગવાન સદ્ધર્મના રક્ષામણિ છે. જે જીવ ધર્મ સમજે છે, તેને ભગવાન નિમિત્ત છે. ભગવાન કોઈને તારી દેતા નથી. લોઢામાં ખેંચાવાની યોગ્યતા છે તો લોહચૂંબકને નિમિત્ત કહેવાય છે, લોહચૂંબકને કારણે લોઢું ખેંચાતું નથી. તેમ જે જીવ પોતાની લાયકાતથી ધર્મ પામે તેને ભગવાન નિમિત્ત છે. અભવ્ય જીવોને ભગવાન નિમિત્ત કહેવાતા નથી. ભગવાન કોઈનો ધર્મ રાખતા નથી પણ ધર્મમાં ભગવાન નિમિત્ત છે, માટે રક્ષામણિ છે. એવા પુરાણ પુરુષને બધું વર્તન ભલે હોય તો પણ મન સઘળું ય હોતું નથી. આ આત્મા અનાદિનો પુરાણ પુરુષ છે. તેનો જેવો સ્વભાવ છે તેવો પ્રગટ થઈ ગયો છે તે પુરુષને જેટલું વર્તન હોય છે તે બધું ઈચ્છાપૂર્વક હોતું નથી તેથી તે કેવળજ્ઞાની ખરેખર અગમ્ય મહિમાવંત છે.

કેવળી ભગવાનનો મહિમા સાધારણ જીવને ગમ્ય નથી. પ્રભુ અચિંત્ય મહિમાના ધારી છે. તે ભગવાન શરીર, મન, વાણી કે રાગથી જાણાય એવા નથી પણ સ્વસંવેદનથી જાણાય છે. વળી ભગવાન પાપરૂપી વનને બાળનાર અગ્નિ સમાન છે. આવા ભગવાનને જાણવા માટે બરાબર પરીક્ષા કરવી જોઈએ. કોઈ કહે કે આપણે તો નાના કહેવાઈએ અને ભગવાન તો મોટા છે, એમની પરીક્ષા કેમ થાય ? તો કહે છે કે ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થયું છે એવો તારો સ્વભાવ છે. એ જાણવા માટે પ્રથમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, તો જ સમ્યગ્દર્શનરૂપી ધર્મ થાય છે. ભગવાનને જાણ્યા વિના આત્માની પણ સાચી શ્રદ્ધા થતી નથી.

કોઈ કહે કે આ શાસ્ત્રો રચનાર શ્રી કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહમાં ગયા હતા તેની શી ખાતરી છે? તો કહે છે કે 'દર્શનસાર'માં લખ્યું છે કે ''મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી પાસે જઈને મેળવેલા દિવ્યજ્ઞાન વડે શ્રી કુંદકુંદાચાર્યદેવે અમોને બોધ ન આપ્યો હોત તો મુનિજનો મોક્ષમાર્ગને કેમ જાણત?'' અને આ સિવાય 'પંચાસ્તિકાય'માં જયસેનાચાર્યે સંસ્કૃત ટીકા શરૂ કરતાં પણ કુંદકુંદ આચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં ગયા હતા એમ લખ્યું છે. સીમંધર ભગવાન પાસે દિવ્યધ્વનિ સાંભળી પાછા આવીને આ ગ્રંથો શ્રી કુંદકુંદાચાર્યદેવે બનાવ્યા છે.

આ રીતે અર્હંત કેવળીની વ્યાખ્યા થઈ. હવેની ગાથામાં સિદ્ધ પરમાત્મા કેવા હોય છે તે કહે છે.

## ગાથા ૧૭૬

**आउस्स खयेण पुणो णिण्णासो होइ सेसपयडीणं।**
**पच्छा पावइ सिग्घं लोयग्गं समयमेत्तेण ॥ १७६ ॥**

**आयुषः क्षयेण पुनः निर्नाशो भवति शेषप्रकृतीनाम्।**
**पश्चात्प्राप्नोति शीघ्रं लोकाग्रं समयमात्रेण ॥ १७६ ॥**

**આયુક્ષયે ત્યાં શેષ સર્વે કર્મનો ક્ષય થાય છે;**
**પછી સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે. ૧૭૬.**

**અન્વયાર્થ** : **(पुनः)** વળી (કેવળીને) **(आयुषः क्षयेण)** આયુના ક્ષયથી **(शेषप्रकृतीनाम्)** શેષ પ્રકૃતિઓનો **(निर्नाशः)** સંપૂર્ણ નાશ **(भवति)** થાય છે; **(पश्चात्)** પછી તે **(शीघ्रं)** શીઘ્ર **(समयमात्रेण)** સમયમાત્રમાં **(लोकाग्रं)** લોકાગ્રે **(प्राप्नोति)** પહોંચે છે.

સિદ્ધદશા થવા પહેલાં કેવળીને ચાર કર્મો બાકી હોય છે. વેદનીય, નામ, ગોત્ર અને આયુ - એ ચારે કર્મો નાશ થાય છે ત્યારે સિદ્ધદશા પ્રગટે છે. આયુકર્મના નાશ થવાથી બાકીના ત્રણે કર્મોનો નાશ થાય છે. અને પછી એક સમયમાં લોકના અગ્રભાગે ભગવાન બિરાજે છે.

**ટીકા** : આ શુદ્ધ જીવને સ્વભાવગતિની પ્રાપ્તિ થવાના ઉપાયનું કથન છે. ચાર ગતિ તે સ્વભાવગતિ નથી પણ વિભાવગતિ છે. દારૂ-માંસાદિ ખાય છે તે નરકમાં જાય છે, માયા-કપટના ભાવ કરે છે તે ઢોર થાય છે, શુભભાવથી સ્વર્ગગતિ મળે છે ને મધ્યમ શુભ પરિણામથી મનુષ્ય થાય છે. આ ચારે ગતિ વિભાવનું ફળ છે અને મોક્ષગતિ તે સ્વભાવનું ફળ છે.

સિદ્ધ ભગવાન સ્વભાવગતિ ક્રિયારૂપે પરિણત છે. વિકાર કે કર્મના નિમિત્ત વિનાની સિદ્ધની ક્રિયા હોય છે. જડની ક્રિયાનો સંબંધ કે રાગની ક્રિયા એમને નથી. વળી તેઓ છ કાયના ક્રમથી રહિત છે. છ કાયના જીવો છ દિશાઓમાં ગમન કરે છે, તેઓ આડાઅવળા જાય છે. સિદ્ધ ભગવાન સમશ્રેણીમાં સીધા લોકાગ્રે જાય છે એ સ્વભાવગતિનું પરિણમન છે.

સિદ્ધક્ષેત્ર સન્મુખ ભગવાનને પરમ શુક્લધ્યાન વડે કર્મોનો સંપૂર્ણ નાશ થાય છે. ભગવાન નિજસ્વરૂપમાં લીન થયા. એ શુક્લધ્યાન કેવું હોય છે ? તે કહે છે કે હું ધ્યાન કરું, આ મારું ધ્યેય છે અને હું ધ્યાતા છું એવા ભેદો જેમાં રહ્યા નથી એટલે કે શુક્લધ્યાનના ફળ સંબંધી અને એના પ્રયોજન સંબંધી વિકલ્પો જેમાં નથી એવા શુક્લધ્યાનથી કેવળજ્ઞાન પમાય છે. તે શુક્લધ્યાન નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ છે. એ વડે આયુકર્મનો ક્ષય થાય છે, અને આયુકર્મનો ક્ષય થતાં



વેદનીય, નામ ને ગોત્ર નામની શેષ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ થાય છે. કર્મનો નાશ થવાનું કારણ અંતરમાં સ્થિર થવું તે કહ્યું છે.

કેવળી ભગવાનને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો નાશ થયા છે, તે અવિચલ શુક્લધ્યાન વડે થયા છે અને બાકીના ચાર કર્મોનો નાશ થઈને સિદ્ધદશા પ્રગટે છે તે પણ નિજસ્વરૂપમાં સ્થિર થવાથી થાય છે. શુક્લધ્યાન વડે કેવળજ્ઞાન પમાય છે અને શુક્લધ્યાન તે તપ છે. અજ્ઞાની બહારમાં વરસીતપ આદિ કરી માથે ઊજમણું કરે છે અને કળશ ચડાવ્યો માને છે. પણ આત્માની સમજણ વિના બહારની તપશ્ચર્યામાં અને ઊજમણામાં અભિમાનનો કળશ ચડે છે. બહારના તપમાં મંદકષાય કરે તો પુણ્ય થાય છે. પણ એનાથી ધર્મ માને છે એટલે મિથ્યાત્વનું પાપ સાથે લાગે છે માટે પ્રથમ આત્માની ઓળખાણ કરવી જોઈએ.

ભગવાનને શુક્લધ્યાન વડે આયુકર્મનો ક્ષય થતાં બાકીના ત્રણ કર્મોનો પણ ક્ષય થાય છે અને સિદ્ધક્ષેત્ર તરફ સ્વભાવગતિક્રિયા થાય છે. શુદ્ધ નિશ્ચયનયથી સહજ મહિમાવાળા નિજસ્વરૂપમાં હોવા છતાં વ્યવહારે તે ભગવાન અર્ધક્ષણમાં (સમયમાત્રમાં) લોકાગ્રે પહોંચે છે. સિદ્ધ ભગવાન લોકાગ્રે રહે છે એ વ્યવહાર છે, ખરેખર તો પોતાના અસંખ્યાત પ્રદેશમાં સ્થિત છે. ચૈતન્ય અસંખ્ય પ્રદેશી એનું ક્ષેત્ર છે, તેમાં જ્ઞાન-દર્શન વગેરે અનંતગુણો છે, તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાનાદિ ખીલી નીકળે છે. સિદ્ધ ભગવાન લોકાગ્રે રહે છે એમ કહેવું તે વ્યવહાર છે. ખરેખર તો પોતાના જ્ઞાન-આનંદમાં રહે છે. અહીંથી દેહ છૂટ્યો એટલે સમયમાત્રમાં લોકાગ્રે સ્થિત થાય છે તે વ્યવહાર છે.

## શ્લોક ૨૯૩

(अनुष्टुभ)

**षट्कापक्रमयुक्तानां भविनां लक्षणात् पृथक्।**
**सिद्धानां लक्षणं यस्मादूर्ध्वगास्ते सदा शिवाः ॥ २९३ ॥**

**શ્લોકાર્થ** : જેઓ છ અપક્રમ સહિત છે એવા ભવવાળા જીવોના (-સંસારીઓના) લક્ષણથી સિદ્ધોનું લક્ષણ ભિન્ન છે, તેથી તે સિદ્ધો ઊર્ધ્વગામી છે અને સદા શિવ (નિરંતર સુખી) છે. ॥૨૯૩॥

કોઈ પૃથ્વી, કોઈ પાણી, કોઈ અગ્નિ, કોઈ વાયરો અને કોઈ વનસ્પતિ નિગોદ અને ત્રસાદિ છ કાયમાં આડા-અવળા સંસારી જીવો ઉત્પન્ન થાય છે. આત્માના ભાન વિના છ કાયમાં રખડપટી કર્યા કરે છે, એનું જ્ઞાન કરાવે છે. કોઈ જીવને કોઈ જીવ બચાવી શકે છે કે મારી શકે છે એ વાત નથી પણ આત્મા પોતે જેવા ભાવ કરે છે એવા ભવનું પરિભ્રમણ કરે છે, સિદ્ધ ભગવાન તો ઊર્ધ્વગતિએ જાય છે પણ સંસારી પ્રાણી ચાર ગતિમાં રખડે છે.

સંસારીની ગતિ કરતાં સિદ્ધની ગતિ વિરુદ્ધ છે. સિદ્ધ ભગવાન બિરાજે છે તે ક્ષેત્રે નિગોદના

જીવો પણ હોય છે. પણ તે તેમની સહજ સ્વાભાવિકગતિ નથી. ભગવાનને તો આઠ કર્મોનો ક્ષય થયો છે એટલે એક સમયમાં લોકાગ્રે જાય છે. તે સ્વાભાવિક ઊર્ધ્વગમન ક્રિયા છે, ભગવાન સદા પોતાના આનંદમાં લીન છે. ત્યાં લાડી, વાડી, ગાડી એવું કાંઈ હોતું નથી. એકલો ચિદ્‌બિંબ છે. જ્ઞાન અને આનંદની મૂર્તિ છે, તેમાં ભગવાન લીન છે. હવે ભગવાનને અવતાર હોય નહિ. જેમ ચણો શેકાયા પછી ફરીને ઊગે નહિ તેમ આત્મા સિદ્ધ થયો તે પાછો અવતાર લે નહિ.

**ચૈત્ર સુદ ૮, બુધવાર, ૨-૪-૫૨.**

સિદ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ કેવું હોય ? તેનો અધિકાર ચાલે છે. શ્લોક ૨૯૩મો થયો છે. ધર્મનું ફળ સિદ્ધપણું છે. સિદ્ધદશામાં જે ન હોય તેનાથી ધર્મ થાય નહિ. મોક્ષ અવસ્થામાં શરીર, વાણી, મનાદિ પરવસ્તુનો સંબંધ તો નથી પણ ત્યાં દયા, દાન, ભક્તિ, વ્રતાદિનો શુભભાવ પણ નથી. માટે પરવસ્તુ અને શુભભાવથી ધર્મ થાય નહિ. ધર્મ કરનારે પરવસ્તુને અને પુણ્ય-પાપની રુચિ છોડવી જોઈએ.

સિદ્ધદશારૂપ જે ફળ આવ્યું તે પુણ્ય-પાપથી થયું હોય તો ત્યાં પુણ્ય-પાપાદિ ભાવ હોવા જોઈએ, મોક્ષમાર્ગનું ફળ તે મોક્ષ છે. મોક્ષમાં બંધન નથી. પુણ્ય-પાપાદિ ભાવો બંધનું કારણ છે. ''**णमो सिद्धाणं**'' કહેવાવાળાએ આવું સિદ્ધનું સ્વરૂપ છે તે પ્રથમ જાણવું પડશે અને જેને સિદ્ધપદ પ્રાપ્ત કરવું હોય તેણે બંધભાવથી રહિત અબંધભાવની રુચિ કરવી પડશે, અને બંધભાવની રુચિ છોડવી પડશે. સિદ્ધ ભગવાનને બંધ નથી કેમ કે તે બંધનો છેદ કરીને સિદ્ધ થયા છે, તે હવેના શ્લોકમાં કહે છે.

**શ્લોક ૨૯૪**

(मन्दाक्रान्ता)

**बन्धच्छेदादतुलमहिमा देवविद्याधराणां**
**प्रत्यक्षोऽद्य स्तवनविषयो नैव सिद्धः प्रसिद्धः।**
**लोकस्याग्रे व्यवहरणतः संस्थितो देवदेवः**
**स्वात्मन्युच्चैरविचलतया निश्चयेनैवमास्ते॥ २९४॥**

**શ્લોકાર્થ** : બંધનો છેદ થવાથી જેમનો અતુલ મહિમા છે એવા (અશરીરી અને લોકાગ્રસ્થિત) સિદ્ધભગવાન હવે દેવો અને વિદ્યાધરોના પ્રત્યક્ષ સ્તવનનો વિષય નથી જ એમ પ્રસિદ્ધ છે. તે દેવાધિદેવ વ્યવહારથી લોકના અગ્રે સુસ્થિત છે અને નિશ્ચયથી નિજ આત્મામાં એમ ને એમ અત્યંત અવિચળપણે રહે છે. ॥ ૨૯૪ ॥



તે સિદ્ધ ભગવાન સંપૂર્ણ સુખી છે. કેવળી ભગવાનને તો હજી અમુક ગુણોની અશુદ્ધતા છે પણ સિદ્ધ ભગવાનને બધા ગુણો શુદ્ધ થઈ ગયા છે. ભગવાને જ્ઞાનાનંદ સ્વભાવના અવલંબનથી પુણ્ય-પાપાદિ ભાવનો છેદ કર્યો છે. એટલે કે જે ભાવથી બંધ થાય તે ભાવનો છેદ કર્યો છે. તો જેને સિદ્ધપદ પ્રાપ્ત કરવું હોય તેણે પણ પુણ્ય-પાપાદિ જે બંધના કારણ છે તેની રુચિ છોડવી પડશે અને અબંધ આત્માની રુચિ કરવી પડશે. ભગવાને બંધનો છેદ કર્યો છે એનો અર્થ એ છે કે પહેલા એમને પણ ભાવબંધ હતો. પહેલેથી પર્યાયમાં અબંધ હતા એમ નથી, અંતર્‌સ્વભાવના અવલંબનથી બંધનો છેદ કર્યો છે.

દયા, દાન, ભક્તિ, વ્રતાદિના શુભભાવ અપૂર્ણદશામાં હોય છે પણ જ્ઞાનીને તેની રુચિ હોતી નથી. ભાવબંધનો સંપૂર્ણ છેદ તે જ સિદ્ધદશા છે. આથી નક્કી થયું કે જેને પુણ્ય-પાપ કે જે ભાવબંધનું કારણ છે તેની રુચિ છે તેને બંધની રુચિ છે અને બંધની રુચિવાળાને ચાર ગતિરૂપ સંસારમાં રખડવાની રુચિ છે. તો જેને ભાવબંધનો છેદ કરવો હોય તેણે અબંધ સ્વભાવની રુચિ કરવી. ભગવાને ભાવબંધનો છેદ કર્યો છે તે એમનો મહિમા છે.

અર્હંત પરમાત્મા સમવસરણમાં બિરાજે છે ત્યારે તો દેવો અને વિદ્યાધરો તેમનું પ્રત્યક્ષ સ્તવન-પૂજન આદિ કરે છે. પણ સિદ્ધદશાને પામે એટલે શરીરરહિત થાય છે તેથી દેવો અને વિદ્યાધરોને પ્રત્યક્ષ સ્તુતિ કરવાનો વિષય રહેતો નથી એટલે સિદ્ધ ભગવાન પરોક્ષ સ્તુતિ-વંદન આદિ કરવા યોગ્ય છે.

તે સિદ્ધ ભગવાનનો આત્મા વ્યવહારે લોકાગ્રે સ્થિત થાય છે એમ કહેલ છે. ખરેખર તો પોતાના અસંખ્યાત પ્રદેશમાં સ્વઆનંદમાં સ્થિત છે. પર ક્ષેત્રે સ્થિત છે એમ કહેવું તે વ્યવહાર છે. આ વાતની પ્રથમ શ્રદ્ધા કરવી જોઈએ. જેને મોક્ષ જોઈતો હોય એટલે કે સુખી થવું હોય તેણે સુખી થયેલા જીવોનું જ્ઞાન કરવું જોઈએ.

**શ્લોક ૨૯૫**

(अनुष्टुभ्)

**पंचसंसारनिर्मुक्तान् पंचसंसारमुक्तये।**
**पंचसिद्धानहं वंदे पंचमोक्षफलप्रदान्॥ २९५॥**

**શ્લોકાર્થ** : (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ -એવા પાંચ પરાવર્તનરૂપ) પાંચ પ્રકારના સંસારથી મુક્ત, પાંચ પ્રકારના મોક્ષરૂપી ફળને દેનારા (અર્થાત્ દ્રવ્યપરાવર્તન, ક્ષેત્રપરાવર્તન, કાળપરાવર્તન, ભવપરાવર્તન અને ભાવપરાવર્તનથી મુક્ત કરનારા), પંચપ્રકાર સિદ્ધોને (અર્થાત્ પાંચ પ્રકારની મુક્તિને-સિદ્ધિને-પ્રાપ્ત સિદ્ધભગવંતોને) હું પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે વંદું છું. ॥૨૯૫॥

પાંચ પ્રકારના સંસારથી મુક્ત, પાંચ પ્રકારના મોક્ષરૂપી ફળને દેનારા, પંચ પ્રકાર સિદ્ધોને હું પાંચ પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે વંદું છું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એ પાંચ પ્રકારના સંસારથી સિદ્ધ ભગવાન મુક્ત થયા છે. શરીરાદિ જડ પુદ્ગલો છે એના સંબંધથી ભગવાન મુક્ત થયા છે. ભરત-મહાવિદેહ, સ્વર્ગ-નરકાદિ જે ક્ષેત્ર છે એમાં ભગવાનને રખડવાનું રહ્યું નથી. કાળ એટલે અવસ્થા-સંસારની કોઈ પણ પ્રકારની અવસ્થા ભગવાનને નથી. નર-નારકાદિ ભવમાં રખડવાનું હોતું નથી. શુભાશુભ ભાવો તે સંસારનું કારણ છે, તે ભગવાનને નથી. આ પાંચ પ્રકારના પરાવર્તનથી સિદ્ધ મુક્ત થયા છે. જેને આ પાંચ પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારની રુચિ હોય તેને સંસારની રુચિ છે. જેને મુક્તિ જોઈતી હોય તેણે તેની રુચિ છોડવી જોઈએ.

નવમી ગ્રૈવેયકે જવાનો ભાવ પણ સંસાર પરિભ્રમણનું કારણ છે. અને તીર્થંકર નામકર્મ જે ભાવથી બંધાય તે પણ સંસાર છે. માટે જેને પંચપરાવર્તનથી છૂટવું હોય તેણે શરીરાદિ પરવસ્તુ, શુભાશુભ ભાવ, સ્વર્ગ આદિના ભવો અને પર ક્ષેત્રની રુચિ છોડવી જોઈએ. જેને પાંચ પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારની ચાહ છે તેને આત્માની ચાહ નથી. પ્રથમ રુચિ છૂટે છે, સંયોગો છૂટી જતા નથી. સ્વભાવની રુચિ થાય તેને સંસારની રુચિ રહેતી નથી. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી પાંચ પ્રકારના ભાવો હોય છે પણ એની રુચિ હોતી નથી. સાધકદશામાં અશુભથી બચવા શુભભાવ વંદન આદિનો હોય છે પણ જ્ઞાની એ રાગ રાખવાનો કામી નથી. માટે પ્રથમ સિદ્ધના સ્વરૂપને જાણવું જોઈએ. તેથી હવે ગાથા ૧૭૭માં વિશેષ વર્ણન કરે છે.



## ગાથા ૧૭૭

**जाइजरमरणरहियं परमं कम्मट्ठवज्जियं सुद्धं।**
**णाणाइचउसहावं अक्खयमविणासमच्छेयं ॥ १७७॥**

**जातिजरामरणरहितं परमं कर्माष्टवर्जितं शुद्धम्।**
**ज्ञानादिचतुःस्वभावं अक्षयमविनाशमच्छेद्यम् ॥ १७७॥**

**કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,**
**જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે. ૧૭૭.**

**અન્વયાર્થ** : (પરમાત્મતત્ત્વ) (**जातिजरामरणरहितम्**) જન્મ-જરા-મરણ રહિત, (**परमम्**) પરમ, (**कर्माष्टवर्जितम्**) આઠ કર્મ વિનાનું, (**शुद्धम्**) શુદ્ધ (**ज्ञानादिचतुःस्वभावम्**) જ્ઞાનાદિક ચાર સ્વભાવવાળું, (**अक्षयम्**) અક્ષય, (**अविनाशम्**) અવિનાશી અને (**अच्छेद्यम्**) અચ્છેદ્ય છે.

સિદ્ધ પરમાત્મા કેવા છે ? તદ્દન શુદ્ધ પરમાનંદની મૂર્તિ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ જેમને પ્રગટ થયા છે, તે અનંતચતુષ્ટય અક્ષય છે. તેનો નાશ થતો નથી. એને કોઈ છેદી કે ભેદી શકતું નથી. એના ભંગ કે કટકા થતા નથી.

**ટીકા** : જેનો સંપૂર્ણ આશ્રય કરવાથી સિદ્ધ થવાય છે એવા કારણપરમતત્ત્વના સ્વરૂપનું આ કથન છે. આ ગાથા તો કાર્યપરમાત્મા જે સિદ્ધ ભગવાન ને તેના સ્વરૂપની છે પણ તે ભગવાન કેવી રીતે થયા તે બતાવતા કારણતત્ત્વને પણ અહીં કહે છે.

સિદ્ધ પરમાત્મા સુખી કેમ થયા ? તે કહે છે. આત્મા અનાદિ અનંત છે. તેને કોઈએ બનાવ્યો નથી. તેના ત્રિકાળ ધ્રુવસ્વભાવમાં સંસાર નથી, પર્યાયમાં એક સમયનો સંસાર છે. જો વસ્તુમાં સંસાર હોય તો સંસારનો કદી નાશ થાય નહિ. કારણતત્ત્વ કેવું છે તે કહે છે. કેમ કે કારણતત્ત્વના અવલંબને સિદ્ધ પૂર્ણદશાને પામ્યા છે. અહીં સિદ્ધનું વર્ણન કરતાં સિદ્ધ જેના આશ્રયે થયા એ કારણતત્ત્વની વ્યાખ્યા કરે છે. કેમ કે જેવો સ્વભાવ છે એવી પૂર્ણ દશા સિદ્ધ ભગવાનને પ્રગટ થઈ ગઈ છે.

કારણતત્ત્વ નિસર્ગ એટલે સ્વભાવથી જ જેમાં સંસારનો અભાવ છે તેથી જન્મ, જરા, મરણ રહિત છે. સિદ્ધને જન્મ-જરા-મરણ નથી, કેમ કે વસ્તુસ્વભાવ ત્રણે કાળે જન્મ-જરા-મરણ રહિત છે અને પરમ પારિણામિક ભાવ વડે પરમ સ્વભાવભાવવાળું હોવાને લીધે પરમ છે. સિદ્ધને પરમ પારિણામિકભાવ પ્રગટ થઈ ગયો છે. તે ભાવ શક્તિરૂપે ત્રિકાળ દરેક આત્મામાં ભરેલો છે. સંસારમાં રહેલો જ્ઞાની જૈન એમ માને છે કે મારું સ્વરૂપ તો સિદ્ધ જેવું છે, પુણ્ય-પાપ તે મારો સ્વભાવ નથી. ત્રિકાળસ્વરૂપ જન્મ, જરા, મરણ રહિત પરમ પારિણામિકભાવવાળું છે. તેનું અવલંબન લેવાથી

પારિણામિકભાવ પ્રગટ થાય છે.

વળી કારણતત્ત્વ કેવું છે ? કે ત્રણે કાળે નિરુપાધિ સ્વરૂપવાળું હોવાને લીધે આઠ કર્મ વિનાનું છે. આત્મવસ્તુમાં ત્રણે કાળે કર્મ નથી. સંસારપર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ સિદ્ધપર્યાયમાં આઠ કર્મનું નિમિત્ત પણ નથી. આત્મા ત્રણે કાળે કર્મની ઉપાધિથી રહિત છે એવી ઓળખાણ કરે તો કર્મરહિત થવાય છે. જુઓ, અહીં કારણપરમાત્માની વાત કરી હોય એવી વ્યાખ્યા છે. પણ ખરેખર ગાથામાં તો કાર્યપરમાત્માની વાત છે. અર્હંત અને સિદ્ધ બન્ને કાર્યપરમાત્મા છે. પણ અહીં તો સિદ્ધપરમાત્માની વાત છે.

કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા, દ્રવ્યકર્મ અને ભાવકર્મ રહિત હોવાને લીધે શુદ્ધ છે. સિદ્ધ ભગવાન તો પૂર્ણ શુદ્ધ છે કેમ કે તેમને અશુદ્ધતા નથી અને જડકર્મ પણ નથી. એવી રીતે આત્મા પણ જડકર્મ અને અને પુણ્ય-પાપદિ ભાવકર્મ રહિત હોવાને લીધે ત્રણે કાળ શુદ્ધ છે. આત્મા પોતે પરમાત્મા છે એનું ભાન કરવાથી પરમાત્મા થવાય છે.

સિદ્ધ પરમાત્મા સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર અને સહજ ચિત્શક્તિમય છે તેથી તે જ્ઞાનદર્શનાદિ ચાર સ્વભાવવાળા છે. આત્મા પણ ચાર સ્વભાવવાળો છે, તે ત્રિકાળ છે. પર્યાયમાં અપૂર્ણતા દેખાય છે, તે ત્રિકાળી સ્વભાવનો આશ્રય કર્યો નથી માટે દેખાય છે. સ્વભાવનો આશ્રય કરવાથી પર્યાયમાં સહજ જ્ઞાનાદિ પૂર્ણદશા થાય છે. તે સિદ્ધનું સ્વરૂપ છે.

સાદિ-સાંત, મૂર્ત, ઈંદ્રિયાત્મક, વિજાતીય, વિભાવ વ્યંજનપર્યાય રહિત હોવાને લીધે પરમાત્મતત્ત્વ અક્ષય છે. જુઓ, અહીં સિદ્ધ ભગવાનની સીધી વાત કરે છે. શરીર, ઈંદ્રિયાદિ સાદિ-સાંત હોવાને કારણે નાશવાન છે, તે જડ રૂપી છે. આત્માથી જુદી જાતનું છે, તે ઘણા પરમાણુનો પિંડ છે માટે વિકારી વ્યંજનપર્યાય છે. ભગવાન શરીરથી રહિત છે. આત્મા ત્રણે કાળે શરીર રહિત છે એવું ભાન કરે તો ધર્મ થાય એમ છે. શરીરથી ધર્મ કરી લો એમ માનનાર અજ્ઞાની છે. શરીર સાથે પચીશ-પચાશ વર્ષનો સંબંધ છે તેમાં આખો અર્પાઈ જાય છે. છતાં તે શરીર સાથે આવતું નથી કેમ કે તે નાશવાન છે, આત્મા અક્ષય છે.

**ચૈત્ર સુદ ૧૦, શુક્રવાર, ૪-૪-૫૨.**

સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ તથા આત્માનું સ્વરૂપ કેવું છે ? તે કહે છે. જેવા સિદ્ધ છે તેવો જ આત્માનો સ્વભાવ છે. એક સમયની પર્યાયમાં પુણ્ય-પાપરૂપ મલિનતા છે પણ ત્રિકાળી સ્વભાવ તો શુદ્ધ છે, તેના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે. અને મોક્ષમાર્ગનું ફળ તે સિદ્ધપણું છે.

પ્રશસ્ત-અપ્રશસ્ત ગતિના હેતુભૂત પુણ્ય-પાપકર્મરૂપ દ્વંદ્વનો અભાવ હોવાને લીધે સિદ્ધ અવિનાશી છે. પુણ્ય-પાપ સ્વર્ગ-નરકાદિ ગતિનું કારણ છે તે સિદ્ધ ભગવાનને નથી કેમ કે પુણ્ય-પાપનો નાશ



કરીને તેઓ સિદ્ધ થયા છે અને આત્માના ત્રિકાળી સ્વભાવમાં પણ પુણ્ય-પાપનો અભાવ છે. એવા આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવાથી મોક્ષમાર્ગ થાય છે અને તેનું ફળ તે મોક્ષ છે.

સિદ્ધ પરમાત્મા વધ, બંધ અને છેદને યોગ્ય મૂર્તિથી રહિત હોવાને લીધે અચ્છેદ્ય છે. ભગવાનને શરીર જ નથી તેથી તેઓ છેદ, વધાદિને યોગ્ય છે જ નહિ અને આત્મા પણ શરીર રહિત છે તેથી તેને પણ છેદ, વધ કે બંધ નથી. પર્યાયમાં એક સમયનો સંસાર છે, એ સિવાયનું આત્માનું ત્રિકાળી સ્વરૂપ બંધ, છેદ અને વધ વગરનું છે એની શ્રદ્ધા કરવી -તેનું નામ ધર્મ છે.

હવે ગાથા ૧૭૭ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૨૯૬**

(मालिनी)

**अविचलितमखंडज्ञानमद्वन्द्वनिष्ठं**
**निखिलदुरितदुर्गव्रातदावाग्निरूपम्।**
**भज भजसि निजोत्थं दिव्यशर्मामृतं त्वं**
**सकलविमलबोधस्ते भवत्येव तस्मात्॥ २९६॥**

**શ્લોકાર્થ** : અવિચળ, અખંડજ્ઞાનરૂપ, અદ્વંદ્વનિષ્ઠ (રાગદ્વેષાદિ દ્વંદ્વમાં નહિ રહેલ) અને સમસ્ત પાપના દુસ્તર સમૂહને બાળવામાં દાવાનળ સમાન -એવા સ્વોત્પન્ન (પોતાથી ઉત્પન્ન થતાં) દિવ્યસુખામૃતને (-દિવ્યસુખામૃતસ્વભાવી આત્મતત્ત્વને) -કે જેને તું ભજી રહ્યો છે તેને-ભજ; તેથી તને સકળવિમળ જ્ઞાન (કેવળજ્ઞાન) થશે જ. ॥ ૨૯૬ ॥

તે પરમાત્મા અવિચળ, અખંડ જ્ઞાનરૂપ, અદ્વંદ્વનિષ્ઠ અને સમસ્ત પાપના દુસ્તર સમૂહને બાળવામાં દાવાનળ સમાન છે. એવા પોતાથી ઉત્પન્ન થતા દિવ્ય સુખામૃતને કે જેને તું ભજી રહ્યો છે તેને ભજ. તેથી તને સકળવિમળ જ્ઞાન થશે જ. આ વાત પાછી કારણપરમાત્માની લીધી છે. આ શ્લોકમાં મુનિ પોતાના આત્માને સંબોધે છે કે અંતર આત્માને ભજ ! તે આત્મા કેવો છે ? અવિચળ, અખંડાનંદ, નિત્યાનંદ, ચળે નહિ એવો છે. અલ્પ જ્ઞાન ખંડખંડ છે પણ સ્વભાવ તો અખંડ અભેદ એકરૂપ છે. તેનું અવલંબન કરવાથી અખંડ જ્ઞાન પ્રગટે છે. તે અખંડ જ્ઞાનમાં રાગ-દ્વેષાદિનું દ્વંદ્વપણું નથી તેથી રાગાદિ રહિત અને શરીર, વાણી, મન રહિત આત્માને માને તે સાચો જૈન છે.

ભગવાન ચિદાનંદમૂર્તિ છે, તેની પર્યાયમાં રાગદ્વેષનું દ્વૈતપણું છે. તે એનું ત્રિકાળી સ્વરૂપ નથી. અહો ! આત્મામાં પુણ્ય-પાપનું દ્વંદ્વ જ નથી કેમ કે તે વિકાર છે. એ વિકાર જ્ઞાયકતત્ત્વમાં નથી, જ્ઞાયકતત્ત્વ તો ત્રિકાળ એકરૂપ છે. મુશ્કેલીથી નાશ થઈ શકે એવા પુણ્ય-પાપને બાળવામાં આત્મા અગ્નિ સમાન છે. શુભાશુભ ભાવો દુઃખદાયક છે અને આત્માના અવલંબને થતો ભાવ તે દિવ્ય

સુખામૃતમય છે. કેમ કે આત્મા દિવ્ય સુખામૃત સ્વભાવી આત્મા છે. આત્મા ઉત્કૃષ્ટ સુખની ખાણ છે. જેવો સિદ્ધ ભગવાનનો આનંદ છે તેવો આત્મામાં ત્રિકાળ આનંદ ભર્યો છે. પુણ્ય-પાપમાં આનંદ નથી તો પછી શરીર, વાણી, મન આદિ પરપદાર્થમાં તો આત્માનો આનંદ ક્યાંથી હોય? ન જ હોય.

અમૃતાનંદ આત્માથી ઉત્પન્ન થયેલો છે. તેને લઈને સિદ્ધ થવાનો છું પણ પુણ્ય-પાપ કે દેહની ક્રિયાથી સિદ્ધ થવાનો નથી. આત્મા સુખની ખાણ છે. જેમ ગોળનો રવો હોય તો તેમાંથી ગોળ જ નીકળે છે તેમ આત્મામાંથી સુખામૃત નીકળે છે. પુણ્ય-પાપ આકુળતા છે માટે તેની દૃષ્ટિ છોડ અને સુખામૃત આત્માની દૃષ્ટિ કર.

મુનિ પોતાના આત્માને કહે છે કે તું જેને ભજી રહ્યો છે તેને ભજ ! એટલે કે આત્મા આનંદામૃતની ગાંઠ છે. એમાં એકાગ્ર થઈ રહ્યો છે તેમાં વિશેષ એકાગ્ર થા તો એમાંથી કેવળજ્ઞાનરૂપી પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે. મુનિ પોતે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા સંત દિગંબર દશાવાળા હતા. વસ્ત્ર-પાત્ર રાખે એ મુનિનું સ્વરૂપ જ નથી. અત્યારે તો મુનિના સ્વરૂપમાં કૃત્રિમતા થઈ ગઈ છે. અહીં તો કહે છે કે મુનિદશામાં જે જ્ઞાન અને આનંદ પ્રગટ્યો છે તે પોતામાંથી પ્રગટ્યો છે. તેની પૂર્ણતા પણ પોતામાં વિશેષ લીનતા કરવાથી થાય છે, બીજી રીતે થાય એમ નથી. અખંડ અવિચળ જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ છે, એના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કર અને એમાં જ વિશેષ લીનતા કરવાથી કેવળજ્ઞાન થશે, બીજો ઉપાય નથી.



હવે ગાથા ૧૭૮માં સિદ્ધ ભગવાનનું તથા આત્માનું સ્વરૂપ કેવું છે ? તેનું વિશેષ વર્ણન કરે છે. જેવા સિદ્ધો છે એવો જ આત્મા છે. જેમ પાણીનો સ્વભાવ તો શીતળ જ છે, તેની પર્યાયમાં ઉષ્ણતા દેખાય છે તે તેનો ત્રિકાળી સ્વભાવ નથી તેમ આત્માનો સ્વભાવ શુદ્ધ છે, પર્યાયમાં આકુળતા એક સમય પૂરતી છે તે ત્રિકાળી સ્વભાવ નથી, તે કહે છે.

**ગાથા ૧૭૮**

**अव्वाबाहमणिंदियमणोवमं पुण्णपावणिम्मुक्कं।**
**पुणरागमणविरहियं णिच्चं अचलं अणालंबं॥ १७८॥**

**अव्याबाधमतीन्द्रियमनुपमं पुण्यपापनिर्मुक्तम्।**
**पुनरागमनविरहितं नित्यमचलमनालंबम्॥ १७८॥**

**અનુપમ, અતીંદ્રિય, પુણ્યપાપવિમુક્ત, અવ્યાબાધ છે,**
**પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે. ૧૭૮.**

**અન્વયાર્થ** : (પરમાત્મતત્ત્વ) (**अव्याबाधम्**) અવ્યાબાધ, (**अतीन्द्रियम्**) અતીંદ્રિય, (**अनुपमम्**) અનુપમ, (**पुण्यपापनिर्मुक्तम्**) પુણ્યપાપ વિનાનું, (**पुनरागमनविरहितम्**) પુનરાગમન રહિત, (**नित्यम्**) નિત્ય, (**अचलम्**) અચળ અને (**अनालंबम्**) નિરાલંબ છે.

પરમતત્ત્વ કેવું છે ? બાધારહિત છે, ઈંદ્રિયોથી જણાય એવું નથી, ખંડખંડ જ્ઞાન વડે પણ આત્મતત્ત્વ જણાય તેવું નથી કેમ કે આત્મા અતીંદ્રિય છે. ભગવાન ઉપમા રહિત છે. સંસારમાં તો ઉપમા આપી શકાય છે પણ આત્માના અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનના અનંત દીવડા ખીલી ગયા એને શું ઉપમા હોય ? એટલે કે અનુપમ છે. અને આત્માનો ત્રિકાળી સ્વભાવ પણ સિદ્ધ જેવો છે માટે એ પણ અનુપમ છે. આત્મા ત્રિકાળ શુદ્ધ છે, તેમાં પુણ્ય-પાપ પેસી ગયા નથી. આત્મા ત્રિકાળ શુદ્ધ છે તે કારણ છે અને સિદ્ધદશા એનું કાર્ય છે એ કારણ-કાર્ય બન્નેની વાત કરે છે.

જેમ સિદ્ધ ભગવાનને ફરીને જન્મવું નથી તેમ આત્માને પણ અવતાર નથી. આત્મા નિત્ય છે. તેમ એની પર્યાય પૂર્ણ થઈ ગઈ તે પણ નિત્ય છે, કેમ કે એવી ને એવી કાયમ રહે છે. આત્માનો સ્વભાવ અચળ છે એમ સિદ્ધપર્યાય પણ અચળ છે. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી સ્વભાવ છે, તે અચળ અને નિરાલંબ છે. ''દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ'' આ વીતરાગદેવનો મુદ્રાલેખ છે. ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

**ટીકા** : અહીં પણ નિરુપાધિ સ્વરૂપ જેનું લક્ષણ છે એવું પરમાત્મતત્ત્વ કહ્યું છે. ગાથા ૧૭૭માં કહ્યું હતું તેમ અહીં પણ આત્માના ત્રિકાળી સ્વભાવમાં ઉપાધિ નથી એમ કહે છે.

(પરમાત્મતત્ત્વ આવું છે :-) સમસ્ત દુષ્ટ અઘરૂપી વીર શત્રુઓની સેનાના ધાંધલને અગોચર એવા સહજ જ્ઞાનરૂપી કિલ્લામાં રહેઠાણ હોવાને લીધે અવ્યાબાધ છે-નિર્વિઘ્ન છે. સિદ્ધ ભગવાન અને આત્મા કેવો છે ? કે પુણ્ય-પાપની બાધારહિત છે. પુણ્ય અને પાપ બન્ને પાપ છે. અજ્ઞાનીઓ હિંસા, ચોરી, કામ, ક્રોધાદિના ભાવને પાપ કહે છે પણ જ્ઞાનીઓ તો દયા, દાન, ભક્તિ, વ્રતાદિના ભાવોને પણ પાપ કહે છે, કેમ કે પુણ્ય-પાપ બન્ને આત્માની શાંતિને લૂંટનારા છે. પુણ્ય પણ વીર શત્રુ છે. આત્મા જ્ઞાયકમૂર્તિ છે. એમાં પુણ્ય-પાપની વૃત્તિ થાય છે તે શત્રુની સેના છે-ધાંધલ છે, માટે એનાથી આત્મા ગમ્ય નથી. પુણ્ય-પાપ ગડબડ અને તોફાન કરનારા છે, અશાંતિના કરનારા છે તેથી તે પુણ્ય-પાપની લાગણીથી આત્મા સમજાય એવો નથી.

અહીં બે વાત કરે છે. ૧) પુણ્ય-પાપ આત્માની શાંતિને લૂંટનારા હોવાથી શત્રુ છે. ૨) પુણ્ય-પાપની લાગણીથી આત્માનું સ્વરૂપ જણાતું નથી. પુણ્ય-પાપ બન્ને સ્વર્ગ-નરકાદિ ચારગતિનું કારણ છે, એના વડે આત્મા જણાશે નહિ. માટે પુણ્ય-પાપની રુચિ છોડ. જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ આત્માના શત્રુની સેના છે, ધાંધલનો ભાવ છે. તીર્થંકર નામકર્મ જે ભાવે બંધાય તે ભાવ પણ આદરણીય નથી એમ કહેવામાં આવે તો અજ્ઞાનીને તે વાત રુચતી નથી. અહીં તો કહે છે કે તે આત્માનો વીરશત્રુ છે. ૧૪૮ કર્મપ્રકૃતિ જે ભાવે બંધાય તે બધો ભાવ ધાંધલિયો અને કોલાહલવાળો છે, તે શાંતિને લૂંટનાર છે, તેનાથી આત્મા અગમ્ય છે.

પુણ્ય-પાપમાં અટકી ગયો તો પત્તો ખાય એમ નથી માટે ધીરો થઈને શાંતિથી આત્માનું જ્ઞાન કર કે આત્મા પુણ્ય-પાપથી જણાય એમ નથી. અહીં જૂના પુણ્ય-પાપની વાત નથી પણ નવો પુણ્ય-પાપનો ભાવ કરે તેનાથી આત્મા અગમ્ય છે. આત્મા સહજ સ્વભાવરૂપી કિલ્લામાં રહેલો છે. અને સિદ્ધ પણ પોતાના સ્વભાવમાં રહેલા છે. તેમાં પુણ્ય-પાપનો પ્રવેશ નથી માટે અવ્યાબાધ છે, નિર્વિઘ્ન છે.

આત્મા સર્વ આત્મપ્રદેશે ભરેલા ચિદાનંદમયપણાને લીધે અતીંદ્રિય છે. આત્માના અસંખ્યાત પ્રદેશ છે. એમાં જ્ઞાન અને આનંદ ભરેલા છે. આત્મા જ્ઞાનની ગાંઠ અને આનંદનો ગાંગડો છે. જેમ સાકરની પૂતળીમાં ધોળપ અને ગળપણ છે તેમ આત્મા જ્ઞાનાનંદની પૂતળી છે. તે ઈંદ્રિયથી જણાય એવો નથી માટે અતીંદ્રિય છે.

આત્મા ત્રણે તત્ત્વમાં વિશિષ્ટ હોવાને લીધે અનુપમ છે. બહિરાત્મતત્ત્વ, અંતરાત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ -એ ત્રણેમાં ઉત્તમ હોવાને લીધે અનુપમ છે. શરીરની ક્રિયા હું કરી શકું છું, હું છું તો પરની ક્રિયા થાય છે. તેમ માનનાર બહિરાત્મા મિથ્યાદષ્ટિ છે. અંતર્‌સ્વભાવને ચૂકીને પુણ્ય-પાપની રુચિ કરનાર પણ બહિરાત્મા છે, તેનાથી પાર પરમાત્મતત્ત્વ છે. તેનું ભાન કરવું તે અંતરાત્મતત્ત્વ છે અને પરમાત્મતત્ત્વ તે આત્માની પૂર્ણદશા છે. બહિરાત્મતત્ત્વ તે પર્યાય છે, અંતરાત્મતત્ત્વ તે પર્યાય



છે અને પરમાત્મતત્ત્વ પણ પર્યાય છે. તેનાથી વિશિષ્ટ-ખાસ પ્રકારનું ત્રિકાળી સામાન્ય તત્ત્વ તે અનુપમ છે. કોઈની ઉપમા આપી શકાય એવું આત્મતત્ત્વ નથી.

સંસારરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતાં સુખ-દુઃખનો અભાવ હોવાને લીધે પુણ્ય-પાપ વિનાનું છે. પુણ્ય-પાપ આત્માની વિકારી પરિણતિરૂપ સ્ત્રી છે. એના સંવેદનથી સુખ-દુઃખ થાય છે તેનો આત્મામાં અભાવ છે. અજ્ઞાની પુણ્ય-પાપરૂપી સ્ત્રીને પોતાની માને છે તેથી તેને સુખ-દુઃખ છે, સિદ્ધમાં તેનો અભાવ છે. પૂર્ણ શુદ્ધ પરિણતિરૂપી સ્ત્રી સિદ્ધમાં છે, પણ પુણ્ય-પાપરૂપ સ્ત્રીનો મોક્ષમાં અભાવ છે.

પુનરાગમનના હેતુભૂત પ્રશસ્ત-અપ્રશસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાને લીધે પુનરાગમન રહિત છે. આત્માના ત્રિકાળી સ્વભાવમાં મોહ-રાગ-દ્વેષાદિ છે જ નહિ તેથી એમાં અવતાર નથી. સિદ્ધ ભગવાનને પણ મોહાદિનો અભાવ થયો હોવાને કારણે સંસારમાં પાછા જન્મતા નથી. આત્મા તો જ્ઞાન, જ્ઞાન ને જ્ઞાન જ છે. પર્યાયમાં વિકાર છે, તે આત્માનો સ્વભાવ નથી. તેથી આત્મા પુનરાગમન રહિત છે.

આ આત્મા અને સિદ્ધ પરમાત્મા નિત્ય મરણના અને તે ભવ સંબંધી મરણના કારણભૂત શરીરના સંબંધનો અભાવ હોવાને લીધે નિત્ય છે; નિજ ગુણો અને પર્યાયોથી ચ્યુત નહિ હોવાને લીધે અચળ છે; પરદ્રવ્યના આલંબનનો અભાવ હોવાને લીધે નિરાલંબ છે. ક્ષણે ક્ષણે આયુષ્યકર્મનો ક્ષય થતો જાય છે. સિદ્ધમાં આયુકર્મ નથી તેથી ત્યાં મરણ નથી અને આત્મામાં પણ કર્મ નથી માટે આત્માનું પણ મરણ થતું નથી. સંસારીને પર્યાયમાં ક્ષણે ક્ષણે ભાવમરણ થઈ રહ્યું છે. ક્ષણિક વિકાર છે તેને પોતાનો માને તેથી આત્માની શાંતિનો વ્યય થાય છે માટે તે ભાવમરણ છે. એ ભાવમરણ ત્રિકાળી સ્વભાવમાં નથી. આત્મામાં ભવ જ નથી તો મરણ કોનું થાય ? આત્માનું મરણ નથી માટે નિત્ય છે. વળી આત્મા પોતાના ત્રિકાળી ગુણો અને કારણશુદ્ધપર્યાયથી કદી ચ્યુત થતો નથી માટે અચળ છે, પરનું આલંબન નથી માટે નિરાલંબ છે. એવા આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરીને એમાં સ્થિરતા કરે તો સિદ્ધદશાનું કારણ એવો મોક્ષમાર્ગ થાય છે. અને મોક્ષમાર્ગનું ફળ તે સિદ્ધપદ છે. તે સિદ્ધપદ પણ નિરાલંબ છે.

**ચૈત્ર સુદ ૧૦, શનિવાર, ૫-૪-૫૨.**

ગાથા ૧૭૮ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ આધાર આપે છે.

એવી રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં શ્લોક ૧૩૮ દ્વારા કહ્યું છે કે :

(मन्दाक्रान्ता)

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमंधाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति॥

**શ્લોકાર્થ** : (શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે :) હે અંધ પ્રાણીઓ ! અનાદિ સંસારથી માંડીને પર્યાયે પર્યાયે આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે-ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે-અપદ છે, (તમારું સ્થાન નથી,) એમ તમે સમજો. (બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે.) આ તરફ આવો-આ તરફ આવો, (અહીં નિવાસ કરો,) તમારું પદ આ છે-આ છે જ્યાં શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ નિજ રસની અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે-અવિનાશી છે. (અહીં 'શુદ્ધ' શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે. સર્વ અન્ય દ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે.)

જુઓ, અહીં શું કહે છે ? કે હે ભાઈ ! આ ચિદાનંદ સ્વરૂપ છે, તેની રુચિ કર, ઓળખાણ કર અને એમાં લીન થા. આ પ્રમાણે ઉપદેશ આપનારને કાંઈ લાભ થતો હશે ? તો કહે છે કે ના, તેને લાભ મળતો નથી. બીજાને ઉપદેશ આપે છે એ તો નિમિત્તનું કથન છે. નીચલી દશામાં પોતાની નબળાઈના કારણે આવો વિકલ્પ હોય છે, તેથી આચાર્ય ભગવાન કહે છે કે જોણે અંતર આંખો ખોલી નથી તે અંધ પ્રાણીઓ છે કેમ કે સૂઝવા લાયક પોતે છે તે એને સૂઝતો નથી અને જે પરપદાર્થો સૂઝતા નથી તેને સૂઝાડવાનો પ્રયત્ન કરે છે એટલે કે ચિદાનંદ છે તેને તે દેખતો નથી. તેને કહે છે કે તારા આત્માને દેખ !

આત્મા અનાદિકાળથી પોતાની વિકારી પર્યાયરૂપ સંસારને કરે છે. સ્ત્રી, કુટુંબ આદિ આત્માનો સંસાર નથી, ઉદયભાવરૂપ આત્માની અરૂપી પર્યાય તે સંસાર છે. અનાદિકાળથી જે જે શરીર મળ્યું તેને રાગી જીવ ક્ષણે ક્ષણે પોતાનું સ્વરૂપ માની રહ્યો છે. અહીં જે જીવ ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવનો પ્રેમ કરતો નથી પણ વિકારનો તથા પરનો પ્રેમ કરે છે તેવા મિથ્યાદૃષ્ટિને રાગી પુરુષ કહેલ છે. ચિદાનંદની રુચિ નહિ કરતા અવસ્થાએ અવસ્થાએ પરમાં પ્રેમ કરી રહ્યો છે.

શરીર, વાણી, પુણ્ય-પાપના ભાવો છે તે જંગલ છે. તેમાં અજ્ઞાની વસ્તી માની બેઠો છે અને આત્મામાં અનંત ગુણોની વસ્તી છે તેને તે જંગલ માને છે. અજ્ઞાની જ્ઞાયકસ્વભાવી આત્માનું જ્ઞાન કરતો નથી. પણ પરમાં મસ્ત રહે છે-પરમાં પ્રેમ કરે છે.



જુઓ, અહીં અજ્ઞાની પોતે સદા મત્ત પ્રવર્તે છે એમ કહ્યું છે. પણ કર્મના કારણે મત્ત (ગાંડો) થયો નથી. દર્શનમોહનીયનો ઉદય આવ્યો માટે મિથ્યાત્વ-ભ્રાંતિમાં મસ્ત છે એમ નથી. પણ જ્ઞાનાનંદ સિદ્ધસ્વરૂપી આત્મા છે એવી ઓળખાણ કરતો નથી તેથી તે અજ્ઞાનમાં ઊંઘે છે-સૂતેલો છે, જાગ્રત નથી. ચૈતન્યનું ભાન ભૂલીને રાગદ્વેષમાં સૂતો છે પણ અજ્ઞાનપદ તે તારું પદ નથી, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તે આત્માનું પદ નથી. જેમ કોઈ રાજા દારૂ પીને જાજરૂમાં પડ્યો હોય તો તે તેનું સ્થાન નથી, તેનું સ્થાન તો રાજમહેલમાં સિંહાસન ઉપર છે. તેમ હું દુકાનનું કરી દઉં, સ્ત્રી-કુટુંબનું કરી દઉં તે અશુભભાવ છે. તે આત્માનું પદ નથી અને કદાચ દયા, દાન, વ્રતાદિના શુભભાવ કરે તો તે પણ આત્માનું પદ નથી -એમ તમે સમજો. જુઓ, અહીં અનાદિનો મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની છે તેને કહે છે કે આમ પહેલા સમજો. મુનિને કહેતા નથી. વ્યવહાર પહેલા કરો એમ કહેલ નથી.

અહીં ''અપદ છે-અપદ છે'' એમ બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે. હે પ્રાણીઓ ! અંતરસ્થાન છોડીને પરમાં રોકાયા છો તે તમારું સ્થાન નથી-સ્થાન નથી. જેમ બાપ છોકરાને ભલામણ કરે કે રૂપિયા ખિસ્સામાં નાખ્યા છે એનો ખ્યાલ રાખજે-ખ્યાલ રાખજે, અસાવધાની પાલવશે નહિ. તેમ અહીં કરુણા કરીને આચાર્ય ભગવાને સંબોધન કર્યું છે કે તું તારી સાવધાની ચૂકીશ નહિ અને પરમાં સાવધાન થઈશ નહિ. તું જ્ઞાનાનંદ છો તે બાજુ આવો, આ બાજુ આવો અને અહીં નિવાસ કરો. તમારું પદ આ છે-આ છે.

ચિદાનંદ જ્ઞાન છું એની ઓળખાણ કરો, શ્રદ્ધા કરો અને અંતર એકાગ્રતા કરો. વચમાં દયા, દાન, ભક્તિ-વ્રતાદિનો ભાવ આવે એનું વલણ છોડો અને અંતર્મુખ વલણ કરો. પુણ્ય-પાપની પર્યાયને પોતાની માનવી અને એક સમયની પર્યાયમાં સર્વસ્વ માનવું તે પર્યાયબુદ્ધિ છે. તે પર્યાયબુદ્ધિ છોડ અને દ્રવ્યબુદ્ધિ કર. આ તરફ આવો-આ તરફ આવો. અંતરમાં તારું નિધાન છે, પુણ્ય-પાપ તે તારું નિધાન નથી. કોઈ શિકારીએ હરણને મારવા જાળ નાખી હોય ત્યારે તેને બચાવનાર કોઈ દયાળુ માણસ તે હરણને બીજી તરફ લઈ જવા માગે છે ત્યારે તે હરણ બચાવનારને મારનાર માને છે અને મારનાર શિકારીને બચાવનાર માને છે, તેમ કોઈ જ્ઞાની આત્માના સ્વરૂપની રુચિ કરાવીને વ્યવહારની અને પરની રુચિ છોડાવે છે. તો અજ્ઞાનીને એ વાત રુચતી નથી. આનંદકંદ તારું પદ છે; સ્ત્રી, કુટુંબ, મકાન આદિ તો પર છે. એમાં તો તારું પદ નથી પણ તેનું વલણ છોડીને ધર્મના નામે ક્રિયાકાંડ કરે તો એ પણ તારું પદ નથી, અંતર જ્ઞાનાનંદ સ્વરૂપ તે તારું પદ છે. તેની રુચિ કર અને પરની રુચિ છોડ.

તમારું પદ આ છે કે જ્યાં શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ નિજરસની અતિશયતાને લીધે સ્થાયી ભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર-અવિનાશી છે. આત્મા ચૈતન્યધાતુ છે, તે ધાતુ બહારથી આવતી નથી. જ્ઞાતા-દૃષ્ટા તે જ ધાતુ છે. ત્રિકાળ ધ્રુવશક્તિ તે એની વિશેષતા છે. આત્મામાં જડ અને વિકારની વિશેષતા

નથી, એનાથી ભિન્ન ચૈતન્યધાતુ છે, તે સ્થિર છે. પુણ્ય-પાપના ભાવો અસ્થિર છે, તે આત્માનું સ્થાયી સ્વરૂપ નથી. પુણ્ય-પાપ અસ્થિર હોવાને કારણે પલટાઈ જાય છે. માટે આત્મા કે જે સ્થિર છે તેની દૃષ્ટિ કર.

અહીં શુદ્ધ શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે. સર્વ અન્ય દ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે. કર્મ, શરીર, વાણી આદિ તો પર છે, એનાથી તો આત્મા ત્રણે કાળે ભિન્ન છે માટે શુદ્ધ છે અને પોતાના વિકારી ભાવો કે જે કર્મના નિમિત્તે થાય છે એટલે પરના આશ્રયે થાય છે માટે ઉપાધિભાવ છે. તેનાથી પણ આત્મા ખરેખર ભિન્ન છે. એવા આત્માની શ્રદ્ધા કર. આવા આત્માને ન સમજે તે બધા અજ્ઞાની છે. જેને આત્માનું ભાન નથી તે ભલે સંસારનો ડાહ્યો હોય કે ધર્મનો ગુરુ કહેવાતો હોય કે વૃદ્ધ હોય તો પણ તે અજ્ઞાની છે. બહારથી ધર્મ મનાવે, વ્યવહારથી ધર્મ મનાવે તે બધા પાગલ છે. કોઈ કહે કે આત્માને સમજ્યા પછી તો વ્યવહાર કરવો પડે છે ને ? તો તેને કહે છે કે જ્ઞાની વ્યવહારનો કર્તા નથી. વ્યવહાર આવે ખરો પણ વ્યવહારને કરવા જેવો માનતો નથી. માટે પ્રથમ આત્માને ઓળખો અને એની શ્રદ્ધા કરો.

હવે આ ગાથા ૧૭૮ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે. તેમાં પંચભાવનું વર્ણન કરે છે. આ શ્લોકમાં મુખ્યપણે મુનિની વાત છે પણ ગૌણપણે શ્રાવક અને સમ્યગ્દષ્ટિને પણ તે લાગુ પડે છે. સમ્યગ્દર્શનને આશ્રય કોનો હોય તે કહે છે.

### શ્લોક ૨૯૭

(शार्दूलविक्रीडित)

**भावाः पंच भवन्ति येषु सततं भावः परः पंचमः**
**स्थायी संसृतिनाशकारणमयं सम्यग्दृशां गोचरः।**
**तं मुक्त्वाखिलरागरोषनिकरं बुद्ध्वा पुनर्बुद्धिमान्**
**एको भाति कलौ युगे मुनिपतिः पापाटवीपावकः ॥ २९७॥**

**શ્લોકાર્થ** : ભાવો પાંચ છે, જેમાં આ પરમ પંચમ ભાવ(પરમ પારિણામિકભાવ) નિરંતર સ્થાયી છે, સંસારના નાશનું કારણ છે અને સમ્યગ્દષ્ટિઓને ગોચર છે. બુદ્ધિમાન પુરુષ સમસ્ત રાગદ્વેષના સમૂહને છોડીને તેમ જ તે પરમ પંચમ ભાવને જાણીને, એકલો, કળિયુગમાં પાપવનના અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે (અર્થાત્ જે બુદ્ધિમાન પુરુષ પરમ પારિણામિકભાવનો ઉગ્રપણે આશ્રય કરે છે, તે જ એક પુરુષ પાપવનને બાળવામાં અગ્નિ સમાન મુનિવર છે). ॥ ૨૯૭ ॥

ભાવો પાંચ છે. આ પાંચ ભાવોમાં ઔપશમિકભાવના બે, ક્ષાયિકભાવના નવ, ક્ષાયોપશમિક-ભાવના અઢાર, ઔદયિકભાવના એકવીસ અને પારિણામિકભાવના ત્રણ ભેદ છે. એમ કુલે ૫૩



ભેદ છે.

આ પાંચ ભાવોમાં પરમ પંચમભાવ-પરમ પારિણામિક ભાવ નિરંતર સ્થાયી છે. ઔદયિકાદિ ચાર ભાવો સ્થાયી નથી કેમ કે તે પર્યાયો છે. શ્રાવક થવા પહેલા ચોથું ગુણસ્થાન હોય છે. તે સમ્યગ્દષ્ટિને આ પરમ પંચમભાવનું અવલંબન હોય છે કેમ કે તે પારિણામિકભાવ સદા રહેવાવાળો છે. અહીં પંચમભાવનું જ જોર આપવા માગે છે કેમ કે સિદ્ધદશા પણ એના જ આશ્રયે થાય છે.

આ પરમ પારિણામિક ભાવ જ સંસારનાશનું કારણ છે. બાકીના ચાર ભાવો સંસારનાશનું કારણ નથી કેમ કે તે ભાવો અસ્થાયી છે અને પર્યાય છે. આ એક જ ભાવ ત્રિકાળી ધ્રુવ છે. આ દ્રવ્યસ્વભાવની વાત અત્યારે મોંઘી થઈ પડી છે. માત્ર ક્રિયાકાંડની વાતો કરે છે. આત્માને શુભભાવ પણ શરણભૂત નથી. એક ત્રિકાળી પરમ પંચમભાવ જ શરણરૂપ છે, તેનું અવલંબન લેવાથી સંસારનો નાશ થાય છે. બીજી કોઈ રીતે સંસારનો નાશ થતો નથી.

વળી આ પંચમભાવ સમ્યગ્દષ્ટિને ગોચર છે. આત્માનો ત્રિકાળ ચિદાનંદ એકરૂપ પારિણામિક ભાવ છે. એનો પત્તો સમ્યગ્દષ્ટિએ મેળવ્યો છે. માટે જ્ઞાનીને તે ગમ્ય છે, અજ્ઞાનીને ગમ્ય નથી. આ પંચમભાવ એક જ સંસારનાશનું કારણ છે અને તે સમ્યગ્દષ્ટિને ગોચર છે. એટલે કે તે સમ્યગ્દર્શન વડે જાણી શકાય છે. માત્ર શાસ્ત્રપાઠી પંડિતાઈ કરવાથી તે જાણાતો નથી. આવા આત્માને સમજ્યા વગર પંડિતાઈ ઉપર પાણી ફરી વળે છે. એટલે કે પંડિતાઈ નકામી જાય છે.

હે બુદ્ધિમાન પુરુષ ! સમસ્ત રાગદ્વેષના સમૂહને છોડીને તે પરમ પંચમભાવને જાણ. આ ભાવને જાણીને પછી મુનિપણું ધારણ કરે તે સાચું મુનિપણું છે એમ હવે કહેશે.

### ચૈત્ર સુદ ૧૧, રવિવાર, ૬-૪-૫૨.

૨૯૭મો કળશ ચાલે છે. ભાવો પાંચ છે તેમાં એક દ્રવ્યરૂપ ભાવ છે અને ચાર પર્યાયરૂપ ભાવ છે, એક ત્રિકાળી સ્વભાવભાવ છે અને ચાર ભાવો સમય પૂરતા છે, પંચમ પારિણામિકભાવ નિરંતર સ્થાયી છે. આ ભાવ સમ્યગ્દર્શન, મોક્ષમાર્ગ અને સિદ્ધદશાનું કારણ છે.

જેમ મેરુ પર્વતની નીચેના ભાગમાં સોનુ છે તે કેવળજ્ઞાની જાણે છે પણ તે સોનુ કામમાં આવતું નથી તેમ આત્મસ્વભાવ ચિદાનંદ ત્રિકાળ ધ્રુવ છે એની અજ્ઞાનીને ખબર નથી તેથી તેને ધર્મ થતો નથી. ત્રિકાળી ધ્રુવસ્વભાવ છે તેનું ભાન ન કરે તો સમ્યગ્દર્શન થતું નથી એટલે કે અજ્ઞાની પર્યાયમાં ત્રિકાળી સ્વભાવને ભૂલી રહ્યો છે. તે પરમ પારિણામિકભાવનો આશ્રય લ્યે તો સમ્યગ્દર્શન થાય છે અને મોક્ષમાર્ગ થઈને પૂર્ણદશા-કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રણ અંશો છે. તેમાંના ધ્રુવ અંશની અહીં વાત ચાલે છે. તેના અવલંબને સમ્યગ્દર્શન થાય છે તેથી જે દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે કે ધ્રુવસ્વભાવના અવલંબને ધર્મ થાય પણ

નિમિત્ત કે રાગના અવલંબને ન થાય તો તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે. પણ ક્રિયાકાંડથી કે નિમિત્તથી ધર્મ થાય એમ કહે તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી પણ ખોટા છે. પર્યાય પર્યાયમાં રોકાઈ જાય તો પર્યાયબુદ્ધિ થાય છે અને પર્યાય દ્રવ્યનું અવલંબન લ્યે તો સમ્યગ્દર્શન થાય છે. જે દુકાનના ધંધામાં કે સંસારના કાર્યમાં રોકાઈ જાય છે તેને તો આ વાત સાંભળવાની કે સમજવાની દરકાર નથી એને તો શુભભાવ પણ નથી. વળી જે પર્યાય ક્રિયાકાંડમાં જ રોકાય છે તેને પણ શાસ્ત્ર અભ્યાસ કરી વસ્તુસ્વભાવને જાણવાની દરકાર નથી. માટે તે બન્ને શુભાશુભ ભાવમાં રોકાઈ ગયા છે. દ્રવ્યસ્વભાવનું આલંબન કરતા નથી તે મિથ્યાદૃષ્ટિ છે.

પરમ પારિણામિકભાવ સંસારના નાશનું કારણ છે. તે જ્ઞાયક એકરૂપ સ્વભાવ સમ્યગ્દૃષ્ટિને ગોચર છે. આત્મા જ્ઞાયકમૂર્તિ છે એમ જે માને છે તે બુદ્ધિમાન છે. પુણ્ય-પાપનો આશ્રય લ્યે અને તેને ધર્મ માને તે બુદ્ધિમાન નથી. બુદ્ધિમાન પુરુષ સમસ્ત રાગદ્વેષના સમૂહને છોડીને તેમ જ પરમ પંચમ ભાવને જાણીને એકલો કળિયુગમાં પાપવનના અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે.

જે બુદ્ધિમાન પુરુષ પરમ પારિણામિકભાવનો ઉગ્રપણે આશ્રય કરે છે તે જ એક પુરુષ પાપવનને બાળવાને અગ્નિ સમાન મુનિવર છે. જુઓ, અહીં ભાવલિંગી મુનિની વાત કરે છે. તે મુનિ જંગલમાં રહે છે, તેમને વસ્ત્ર કે પાત્ર હોય નહિ, મોરપીંછી ને કમંડળ હોય છે. તે જૈનના સાચા સાધુ છે. તે પુરુષ પંચમભાવનો આશ્રય લે છે. માટે પાપવનને બાળવાને અગ્નિ સમાન છે. અહીં મુનિનો ઉગ્ર પુરુષાર્થ છે માટે અગ્નિ સમાન કહ્યા છે. સમ્યગ્દૃષ્ટિનો ઉગ્ર પુરુષાર્થ નથી માટે તે અગ્નિ સમાન નથી. મુનિ તો આત્મસ્વરૂપમાં વિશેષ લીન છે, એટલે પુણ્ય-પાપની વૃત્તિ ઉત્પન્ન થતી જ નથી. પંચમહાવ્રત તથા અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પો, અચેલપણું, એક વાર ભોજન આદિના વિકલ્પો પણ પરમાર્થે પાપ જ છે. તે વિકલ્પોને બાળવાને માટે મુનિ સમર્થ છે. માટે અગ્નિ સમાન છે. જેમ વનમાં સિંહ એકલો છે તેમ મુનિ સિંહ સમાન છે, તેઓ એકલા શોભે છે.

પુણ્ય-પાપનું આલંબન છોડીને જે અંતરમાં લીન થયા છે તે શોભાયમાન મુનિ છે. પુણ્ય-પાપ બંધન છે, તે મુનિની શોભા નથી. અંતરમાં લીનતાપૂર્વક પુણ્ય-પાપના વિકલ્પોને છોડી દીધા છે, તેને વસ્ત્ર-પાત્ર હોતા નથી. વસ્ત્ર-પાત્રવાળા મુનિ હોય એવું જે માને અને મનાવે તે વીતરાગના વિરોધી છે, કેમ કે વીતરાગમાર્ગમાં એને મુનિ માન્યા નથી. તે સમ્યગ્દૃષ્ટિ કે શ્રાવક હોઈ શકે પણ મુનિ હોય નહિ. મુનિ તો નગ્નદશાવાળા હોય છે. તેવા ભાવમુનિને ગણધરદેવ પણ ''**णमो लोए सव्व साहूणं**'' કહીને નમસ્કાર કરે છે.



હવે સિદ્ધ પરમાત્મા કેવા હોય ? એનું વર્ણન કરે છે.

### ગાથા ૧૭૯

**णवि दुक्खं णवि सुक्खं णवि पीडा णेव विज्जदे बाहा ।**
**णवि मरणं णवि जणणं तत्थेव य होइ णिव्वाणं ।। १७९ ।।**

**नापि दुःखं नापि सौख्यं नापि पीडा नैव विद्यते बाधा।**
**नापि मरणं नापि जननं तत्रैव च भवति निर्वाणम् ।। १७९ ।।**

**જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,**
**જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૭૯.**

**અન્વયાર્થ** : (**न अपि दुःखं**) જ્યાં દુઃખ નથી, (**न अपि सौख्यं**) સુખ નથી, (**न अपि पीडा**) પીડા નથી, (**न एव बाधा विद्यते**) બાધા નથી, (**न अपि मरणं**) મરણ નથી, (**न अपि जननं**) જન્મ નથી, (**तत्र एव च निर्वाणम् भवति**) ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ દુઃખાદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે.)

સિદ્ધપદ પરમ પારિણામિકભાવના આશ્રયે પ્રાપ્ત કર્યું છે એની વાત ચાલે છે. એમાં દુઃખ નથી, એનું કારણ જે મોક્ષમાર્ગ તેમાં પણ દુઃખ નથી, મોક્ષમાર્ગમાં દુઃખ હોય તો એના ફળમાં પણ દુઃખ જ હોય. પણ સિદ્ધમાં દુઃખ નથી. ચારિત્ર તો સુખદાયક છે, એને દુઃખદાયક માનવું તે ભ્રાંતિ છે. અજ્ઞાની લોકો કહે છે કે મેરુને ત્રાજવે તોળવો રહેલો છે પણ ચારિત્ર પાળવું કઠિન છે. એણે મુનિપણાને દુઃખદાયક માન્યું તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. ચારિત્ર તે ધર્મ છે. તે ચારિત્રને ખાંડાની ધાર જેવું અને મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવું માને તે તો ધર્મને દુઃખદાયક માને છે. અને એનું ફળ જે મોક્ષ છે તેને પણ તેણે દુઃખદાયક માન્યું તે ચારિત્ર અને મોક્ષને સમજતો નથી. અહીં તો કહે છે કે સિદ્ધમાં દુઃખ નથી. જે કોઈ દુઃખ માને તે મિથ્યાદૃષ્ટિ છે. સિદ્ધને દુઃખ નથી તેમ સાધકને પણ દુઃખ નથી. એનાથી વિપરીત માન્યતા તે મિથ્યાત્વ છે.

સિદ્ધને સુખ નથી. સાંસારિક સુખ સિદ્ધમાં કે મોક્ષમાર્ગમાં નથી અને આત્માના સ્વભાવમાં પણ તે સુખ નથી. સિદ્ધને અતીંદ્રિય સુખ હોય છે, લૌકિક સુખ નથી. સિદ્ધને પીડા નથી તેમ જ જેને જેટલો મોક્ષમાર્ગ પ્રગટ્યો છે એમાં પણ પીડા નથી, રાગ રહ્યો છે એટલી પીડા છે. ભાવલિંગી મુનિ ધ્યાનસ્થ હોય છે ત્યારે શરીરને કોઈ ખાઈ જાય કે અગ્નિ મૂકે તો એમને પીડા હોતી નથી કેમ કે શરીરની પીડા તે પીડા નથી. આત્મામાં આકુળતા થાય છે તે પીડા છે. મુનિને આકુળતા નથી માટે પીડા નથી અને ત્રિકાળી સ્વભાવમાં પણ પીડા નથી.

આત્મામાં બાધા નથી અને સિદ્ધને પણ બાધા નથી એટલે કોઈ વિઘ્ન નથી. અને જેને મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેને પણ વિઘ્ન નથી. આત્મા, સિદ્ધ અને મોક્ષમાર્ગ એ ત્રણેને બાધા નથી. ત્રણેની વાત સાથે આવે છે. આત્મામાં મરણ નથી અને સિદ્ધને પણ મરણ નથી. વળી મોક્ષમાર્ગ પણ જીવતો ઊભો છે, તે મરતો નથી. સાધકને સ્વભાવદૃષ્ટિ હોવાથી તે આત્માનો જન્મ માનતો નથી. અને મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તે પણ જન્મનું કારણ નથી. સિદ્ધને તો જન્મ જ નથી અને ત્રિકાળી સ્વભાવમાં પણ જન્મ નથી. સુખ-દુઃખાદિ જે કહ્યા તેનાથી રહિત થવું તે નિર્વાણ છે કેમ કે મુક્તિ તો આત્માની પર્યાયમાં થાય છે, બીજે થતી નથી.

**ટીકા** : અહીં પરમતત્ત્વને ખરેખર સાંસારિક વિકારસમૂહના અભાવને લીધે નિર્વાણ છે એમ કહ્યું છે. પરમતત્ત્વ વિકાર રહિત હોવાથી દ્રવ્ય અપેક્ષાએ સદા મુક્ત જ છે. માટે મુમુક્ષુઓએ એમ સમજવું કે વિકાર રહિત પરમતત્ત્વના સંપૂર્ણ આશ્રયથી જ તે પરમતત્ત્વ પોતાના સ્વાભાવિક મુક્તપર્યાયે પરિણમે છે એટલે કે આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને આચરણથી જ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

સતત અંતર્મુખાકાર પરમ અધ્યાત્મસ્વરૂપમાં લીન એવા તે નિરુપરાગ રત્નત્રયાત્મક પરમાત્માને અશુભ પરિણતિના અભાવને લીધે અશુભ કર્મ નથી અને અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ પણ નથી. આત્મા નિરંતર અંતર્મુખાકાર છે. પુણ્ય-પાપાદિ બહિર્મુખપણું છે. ભગવાન આત્મા અધ્યાત્મરસમાં લીન છે એનું અવલંબન તે અંતર્મુખપણું છે. આત્મા સદા દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણમનરૂપ છે અને સિદ્ધ પરમાત્મા પણ આનંદકંદ તત્ત્વ છે. અને દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણતિવાળા છે માટે આત્મામાં અને સિદ્ધમાં કર્મ નથી તેથી એમને દુઃખ નથી. અંતરમાં દુઃખ નથી, દુઃખ તો વિકૃતિમાં છે. અંતર્મુખપણું વર્તે છે તેને દુઃખ નથી.

શુભ પરિણતિના અભાવને લીધે સિદ્ધને શુભ કર્મ નથી અને શુભ કર્મના અભાવને લીધે ખરેખર તેમને સંસારસુખ નથી. ત્રિકાળી આત્મા પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયરૂપ પરિણત છે તેથી દયા, દાન, ભક્તિ વગેરેનો શુભભાવ એમાં નથી. એ કારણે આત્મામાં પણ સંસારસુખ નથી. પર્યાયમાં શુભભાવ છે તે ત્રિકાળમાં નથી. ધર્મીને પણ સંસારસુખ નથી. અજ્ઞાની રાગ-દ્વેષ, પુણ્ય-પાપને પોતાના માની આત્માને અપરાધી ઠરાવે છે. આત્માએ કદી ગુનો કર્યો જ નથી. બીનગુનેગારને ગુનેગાર ઠરાવે તે મિથ્યાદૃષ્ટિ છે. લૌકિકમાં પણ ન્યાયાધીશ બીનગુનેગારને ગુનેગાર ઠરાવે નહિ. અહીં તો કહે છે કે શુભભાવરૂપી ગુનો એક સમયની પર્યાયમાં છે, તે ત્રિકાળમાં નથી. મફતનો ગુનો વળગાડી દીધો છે. પણ ન્યાયથી જુએ તો ખોટું માનેલું છે, તે છૂટ્યા વગર રહે નહિ. પુણ્ય-પાપમાં અને બાહ્યની ક્રિયામાં ધર્મ મનાવ્યો છે તે જૂઠું છે એમ લાગ્યા વગર રહે નહિ. ઘણાને આ વાત સાચી તો લાગે છે પણ શેઠાઈ અને મોટાઈ મૂકવી પડે તેથી જે સત્ય સ્વરૂપ સાંભળવા મળ્યું છે તેની રુચિ કરતો નથી. અનંતકાળ આમ ને આમ ગુમાવ્યો છે અને વર્તમાન પણ જિંદગી હારી જાય છે.

પરમતત્ત્વને પીડાયોગ્ય યાતના શરીરના અભાવને લીધે પીડા નથી. શરીર વેદનાની મૂર્તિ છે, આત્મા આનંદની મૂર્તિ છે, શરીરમાં રોગ થાય, ઊલટી-ઝાડા થાય, ગોટલા ચડે, ભૂખ-તરસ લાગે, ગરમી લાગે, ઠંડી લાગે એવી વેદનાની મૂર્તિ છે, શરીર રોગથી ઘેરાયેલું છે પણ આત્મા ચિદાનંદ છે. સમયની પર્યાયમાં વિકાર થાય છે એનું લક્ષ છોડીને સ્વભાવનું લક્ષ કરે તો સ્વરૂપમાં પીડા નથી. અશાતાવેદનીય કર્મના અભાવને લીધે પરમતત્ત્વને બાધા નથી. આત્મામાં અશાતાવેદનીય કર્મ નથી માટે ત્રિકાળી દ્રવ્યમાં વિઘ્ન નથી. આ પ્રમાણે આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરે તો મુક્તિ થાય.



## ચૈત્ર સુદ ૧૨, સોમવાર, ૭-૪-૫૨.

જુઓ, અહીં પરમતત્ત્વનું વર્ણન છે. જેને હિત કરવું હોય અને શાંતિ તથા સ્વતંત્રતા જોઈતી હોય તેણે શું કરવું ? તે કહે છે. જગતમાં અનંતા પદાર્થો છે તેને કોઈએ ઉત્પન્ન કર્યા નથી અને તેનો નાશ પણ થતો નથી. આત્મા કે જે જ્ઞાનસ્વરૂપી છે તે પણ નવો થતો નથી અને તેનો નાશ પણ થતો નથી. તેની પર્યાયમાં કામ, ક્રોધ, દયા, દાન આદિ પુણ્ય-પાપના ભાવો થાય છે તે કાયમની ચીજ નથી. કાયમની ચીજ તો જ્ઞાન છે તેમ નિર્ણય કરે તો વિકારથી ભિન્ન પોતાનું સ્વરૂપ સમજાય. તે શાંતિ અને સુખનો ઉપાય છે.

આત્મા પરમતત્ત્વ છે. શરીર, વાણી, મન તે આત્મતત્ત્વ નથી, પુણ્ય-પાપના ભાવો કૃત્રિમ છે, તે આત્મામાંથી નીકળી જાય છે. માટે પુણ્ય-પાપ તે હું નહિ, હું તો વિકાર રહિત ચૈતન્યમૂર્તિ છું એનું ભાન કરવું તે શાંતિનો પ્રથમ ઉપાય છે. હવે પરમતત્ત્વની વાત કરે છે.

પરમતત્ત્વને પાંચ પ્રકારના નોકર્મના અભાવને લીધે મરણ નથી. આત્મા પરમતત્ત્વ છે. તેનો જ્ઞાનસ્વભાવ છે. તેમાં શરીર નથી અને શરીરમાં જ્ઞાન નથી. શરીરના પાંચ પ્રકાર છે. ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ -એ પાંચ પ્રકારના શરીર આત્મામાં નથી. આત્મા તો ચિદાનંદ જ્ઞાનની જ્યોતિ છે. જ્ઞાનનો ગાંગડો છે એમાં શરીર જ નથી તો મરણ કેમ હોય ? આત્માનું મરણ થતું નથી. જેમ ચંદ્ર-સૂર્ય કદી મરે નહિ અને તેનું કોઈ સ્નાન કાઢે નહિ તેમ આત્મા પણ મરે નહિ. શરીરના વિયોગને મરણ કહે છે, શરીરના સંયોગને જન્મ કહે છે. તે આત્માને નથી. સિદ્ધને પણ મરણ નથી. જગતમાં જે વસ્તુ હોય તે જાય નહિ અને ન હોય તે થાય નહિ.

પરમતત્ત્વને પાંચ પ્રકારના નોકર્મના હેતુભૂત કર્મપુદ્ગલના સ્વીકારના અભાવને લીધે જન્મ નથી. શરીરનું નિમિત્ત કર્મ છે અને તેનું કારણ વિકાર છે. પણ કર્મનો જ સ્વીકાર નહિ હોવાથી આત્મામાં જન્મ નથી. આત્મા જ્ઞાનાનંદ છે. તેનો સ્વીકાર નહિ કરતાં પુણ્ય-પાપ અને કર્મનો સ્વીકાર કરવો તે જ સંસારમાં રખડવાનું કારણ છે. જેમ ગોળને ગળપણ સાથે સંબંધ છે પણ જે વાસણમાં ગોળ છે તે વાસણ સાથે સંબંધ નથી તેમ આત્માને જ્ઞાન સાથે સંબંધ છે પણ શરીર સાથે સંબંધ નથી. આત્મા ચાલ્યો જાય છે અને શરીર પડ્યું રહે છે. આત્માને કર્મનો સ્વીકાર નહિ હોવાથી આત્માને

જન્મ નથી. પર્યાયમાં પુણ્ય-પાપ અને કર્મનો સ્વીકાર કરે છે માટે જન્મવું થાય છે. પણ ત્રિકાળી દ્રવ્યનો સ્વીકાર કરે તો તેમાં જન્મ-મરણ નથી. અમારી દુકાન, અમારું શરીર, અમારું કુટુંબ એમ પરનો સ્વીકાર કરવો એ જ જન્મવાનું કારણ છે. જે આત્માથી જુદું છે તે જુદું પડી જાય છે. આત્મામાં એનો સ્વીકાર નથી માટે જન્મ નથી.

ઉપર કહેલા લક્ષણોથી લક્ષિત, અખંડ, વિક્ષેપ રહિત પરમતત્ત્વને સદા નિર્વાણ છે. આત્મા જ્ઞાનલક્ષણથી ઓળખાય એવો છે. જેમ મીઠાનો ગાંગડો ખારથી ભરેલો છે તેમ ભગવાન આત્મા જ્ઞાનથી ભરેલો છે. ઇંદ્રિયનો વિષય ખંડખંડ છે, તે સિવાયનો આત્મા અખંડ છે. ચિદાનંદમાં પુણ્ય-પાપનો વિક્ષેપ નથી. તે સદા મુક્ત જ છે. જો વસ્તુ મુક્ત ન હોય તો મુક્તિ થાય નહિ. વસ્તુ મુક્ત છે તેનો સ્વીકાર કરતો નથી માટે મુક્તિ થતી નથી, એનો સ્વીકાર કરે તો મુક્તિ થયા વિના રહે નહિ.

જેમ એક વાંસ હોય, તેનો થોડો ભાગ ચિત્રામણવાળો છે અને બાકીનો ભાગ સુંવાળો-ચિત્રામણ વગરનો છે. ચિત્રામણવાળો ભાગ ઢાંકી દેવામાં આવે તો આખો વાંસ ચિત્રામણ વગરનો સુંવાળો છે. તેવી રીતે આત્માની એક સમયની પર્યાયમાં વિકાર છે તેની દૃષ્ટિ છોડી દેવામાં આવે તો જાણનાર-દેખનાર જ છે. નિર્વિકારની ઊલટી દશા તે વિકાર છે. નિર્વિકારની દૃષ્ટિ કરે તો વિકાર રહે નહિ. જ્ઞાનમૂર્તિ આત્માને સદા નિર્વાણ જ છે. એટલે કે તે મુક્તસ્વરૂપ જ છે. એની દૃષ્ટિ કરવાથી મુક્તિ થાય છે. પણ ક્રિયાકાંડથી મુક્તિ થતી નથી. લોકો સ્વતંત્રતાનો પોકાર કરે છે પણ સ્વતંત્રતા કહેવી કોને ? એની ખબર નથી. જ્ઞાનાનંદ આત્મા ત્રિકાળ સ્વતંત્ર છે એની ઓળખાણ કરે તો સ્વતંત્ર થાય અને એ જ સ્વતંત્રતાનો ઉપાય છે. આત્મા પર્યાયમાં બંધાય છે. આખો આત્મા બંધાતો નથી. આખો આત્મા બંધાય તો વસ્તુનો જ નાશ થઈ જાય. આખી વસ્તુ બંધાતી નથી, એક અંશ બંધાય છે. તે ભાવબંધ સમય પૂરતો છે, ત્રિકાળી તત્ત્વ તો મુક્ત જ છે. તેની દૃષ્ટિ કરે તો મુક્તિ થાય.

હવે ગાથા ૧૭૯ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :

**શ્લોક ૨૯૮**

(मालिनी)

**भवभवसुखदुःखं विद्यते नैव बाधा**
**जननमरणपीडा नास्ति यस्येह नित्यम्।**
**तमहमभिनमामि स्तौमि संभावयामि**
**स्मरसुखविमुखस्सन् मुक्तिसौख्याय नित्यम्॥ २९८॥**

**શ્લોકાર્થ** : આ લોકમાં જેને સદા ભવભવના સુખદુઃખ નથી, બાધા નથી, જન્મ, મરણ અને



પીડા નથી, તેને (-તે પરમાત્માને) હું, મુક્તિસુખની પ્રાપ્તિ અર્થે, કામદેવના સુખથી વિમુખ વર્તતો થકો નિત્ય નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું. ॥ ૨૯૮ ॥

'આ લોક' એમ કહેલ છે તે જગતની વિદ્યમાનતા બતાવે છે, આકાશના ફૂલ જેવું નથી. જડ અને ચૈતન્ય પદાર્થોના સમૂહને જગત કહે છે, તે અભાવસ્વરૂપ નથી. આ લોકમાં પરમાત્માને ભવ ભવના સુખ-દુઃખ નથી. રાજ્યમાં કે શેઠાઈમાં સુખની કલ્પના કરે છે તે આત્માના ત્રિકાળી તત્ત્વમાં નથી. અને સંસારમાં દુઃખની કલ્પના કરે છે તે પણ આત્માના ત્રિકાળી તત્ત્વમાં નથી. પર્યાયમાં તે નવી નવી ઉત્પન્ન કરે છે. સ્વર્ગના સુખ અને નરકના દુઃખો આત્મામાં નથી.

આત્માને બાધા નથી, દુનિયાની કોઈ પણ વસ્તુનો આત્મામાં પ્રવેશ નથી તેથી કોઈ વિઘ્ન કરતું નથી. વેપારમાં લાભ થાય તો સુખ માને છે અને નુકસાન થાય તો દુઃખ માને છે. એમ પરથી સુખ-દુઃખ માને છે તે પરથી જુદો થવા માગતો નથી. તે પરને વિઘ્ન કરનાર માને છે પણ આત્માને કોઈ વિઘ્ન કરનાર છે જ નહિ. ચૈતન્યસ્વભાવમાં પરવસ્તુના નિમિત્તે થતી કલ્પનાનો અભાવ છે માટે ચૈતન્યને વિઘ્ન કરનાર કોઈ નથી. છોકરાઓ ભણતરમાં નાપાસ થાય તો કલ્પના કરીને દુઃખી થાય છે. કદાચ પાસ થાય તો કમાવાની આકુળતા કરે છે. પણ આત્મામાં દુઃખ જ નથી. જે ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરે તેની કલ્પનાનો નાશ થાય ને તે સુખી થાય.

આત્મામાં જન્મ, મરણ અને પીડા નથી. ત્રિકાળી તત્ત્વમાં પીડા નથી. શરીરમાં રોગ થાય તો અજ્ઞાની આત્માને પીડા થઈ એમ માને છે પણ તે માન્યતા પર્યાયમાં ઊભી કરેલી છે, ત્રિકાળમાં તે નથી. સિદ્ધ પરમાત્મા પણ જન્મ-મરણ રહિત છે તેમને શરીરનો અભાવ હોવાના કારણે પીડા નથી. એવા પરમાત્માને હું મુક્તિની પ્રાપ્તિ માટે વંદું છું, મુક્તિ એટલે આત્માની સંપૂર્ણ શાંતિ. સહજાનંદ ત્રિકાળી તત્ત્વમાં તે શક્તિરૂપે પડી છે તેને પ્રગટ કરવા માટે હું વંદું છું, સ્તવું છું, નમું છું. અજ્ઞાની વિષયવાસનામાં, મકાનમાં, પરમાં સુખ માને છે. પણ તે બંગલો આત્માનો નથી. શરીર સુંદર હોય, તો એમાં અજ્ઞાની સુખ માને છે પણ એ કલ્પના છે. એ કલ્પનાથી વિમુખ થઈને સ્વભાવમાં સુખ છે એમ જાણતો થકો આત્મામાં એકાગ્ર થઈને અંતરમાં લીન થાઉં છું. સ્વરૂપમાં વર્તતો થકો તેને નિત્ય ધ્યાવું છું. તેમાં પુરુષાર્થપૂર્વક લીન થાઉં છું. આમ મુનિ કહે છે. એવા પરમતત્ત્વમાં મારું વલણ રહ્યા કરે, પુણ્ય-પાપના વલણમાં સંમત નથી એમ અંતરમાં એકાગ્ર થવું, તેમાં નમવું, તેનું સ્તવન કરવું તેને ભાવના કહે છે.

### શ્લોક ૨૯૯

(अनुष्टुभ्)

आत्माराधनया हीनः सापराध इति स्मृतः।
अहमात्मानमानन्दमंदिरं नौमि नित्यशः॥ २९९॥

**શ્લોકાર્થ** : આત્માની આરાધના રહિત જીવને સાપરાધ (-અપરાધી) ગણવામાં આવ્યો છે. (તેથી) હું આનંદમંદિર આત્માને (આનંદના ઘરરૂપ નિજાત્માને) નિત્ય નમું છું. ॥ ૨૯૯ ॥

ચિદાનંદ જ્ઞાયકતત્ત્વ છે, તે પુણ્ય-પાપ રહિત છે. જે જીવ તેનો આદર કરતો નથી પણ પુણ્ય-પાપનો આદર કરે છે તે ગુનેગાર છે, ચોર છે, અપરાધી છે. તે સત્‌ને ગોપવે છે અને અસત્‌ને આદરે છે માટે ચોર છે. આત્મા ચૈતન્યજ્યોત છે-જ્ઞાનમૂર્તિ છે. જે પરને પોતાનું માને છે અને ચૈતન્યને ચૂકે છે તે મોટો અપરાધી છે. આત્માથી જુદું હોય તે આત્માનું હોય નહિ છતાં તેને પોતાનું માનવું તે ચૈતન્યનો ચોર છે. આત્મા ત્રિકાળ જ્ઞાનાનંદની ખાણ છે. એનો અનાદર કરે છે અને પુણ્ય-પાપનો આદર કરે છે તેને આત્માનો અપરાધી ગણવામાં આવ્યો છે. આત્માનું ભાન થયા પછી તરત જ બધા પુણ્ય-પાપ છૂટી જતાં નથી પણ અંતરનું આરાધન હોવાથી તે ગુણી છે અને નિરપરાધી છે.

આત્મા તો આનંદનું મંદિર છે. જેટલો ચૈતન્યમાં એકાગ્ર થાય છે તેટલો આનંદ ખીલે છે. મકાનમાં વાસ્તુ કરે છે તે મકાન તો આત્માનું નથી અને એમાં સુખ કે આનંદ નથી પણ આત્મા આનંદનું મંદિર છે, એમાં વાસ્તુ કર ! આત્માની શ્રદ્ધા અને ઓળખાણ કરવી તે આનંદમંદિરનું વાસ્તુ છે. ધૂળના મકાનમાં વાસ્તુ લઈને સુખ માનવું તે તો દુઃખનું વાસ્તુ છે. અહીં તો મુનિરાજ ખુમારીમાં આવી ગયા છે અને કહે છે કે હું તો આનંદમંદિર છું. ખારવાળી જમીનમાંથી ખાર ઊડી જાય છે અને જમીન રહી જાય છે. તેમ પુણ્ય-પાપ તો ખાર છે તે ઊડી જાય છે અને ત્રિકાળી તત્ત્વ આનંદમંદિર છે તે રહી જાય છે.

તે આનંદમંદિરને હું નમું છું એટલે મારી દૃષ્ટિ ચિદાનંદ તત્ત્વ ઉપર નિત્ય પડી છે. શાસ્ત્ર લખવાની ક્રિયા થાય છે તે તો જડની છે અને વિકલ્પ ઊઠ્યો તે મારા તત્ત્વમાં નથી. હું તો નિત્ય ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ છું એવા સ્વભાવનું અવલંબન છૂટતું નથી એનું નામ નિત્ય નમું છું. સંસાર તો દુઃખરૂપ છે. પૃષ્ઠ ૧૯૬માં કહેલ છે કે માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રી, પુત્રાદિક ધુતારાઓની ટોળી તને મળી છે. તે સુખ-દુઃખમાં તને બિલકુલ સહાયભૂત થતા નથી. માટે તું ત્રિકાળી તત્ત્વનું શરણ લે. આત્મા તો આનંદનું મંદિર છે. એના શ્રદ્ધા, જ્ઞાન કરીને તેમાં નિત્ય લીન થા, તો મુક્તિ થશે.



**ચૈત્ર સુદ ૧૩, મંગળવાર, ૮-૪-૫૨.**

## શ્રી મહાવીર જન્મકલ્યાણક દિવસ

## સુર્વણપુરી સમાચાર

પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવે સુર્વણપુરીમાં વીર સં. ૨૪૬૧ના ચૈત્ર સુદ ૧૩ મંગળવારે બપોરે ૧.૧૫ વાગ્યે પરિવર્તન કર્યું હતું. બરાબર તે જ તિથિએ, તે જ વારે ને તે જ સમયે સુર્વણપુરીમાં આવેલ સમવસરણની સામેના ભાગમાં જે ભવ્ય માનસ્થંભનું નિર્માણ થવાનું છે તે માટેના પાયાના ખોદકામની આજે બપોરે ૧.૧૫ વાગ્યે શરૂઆત થઈ છે. અનેક મુમુક્ષુ ભાઈબેનોની હાજરીમાં પૂજ્ય ભગવતી બેનશ્રીએ પોતાના વરદ હસ્તે ત્રિકમ ઉપાડીને પ્રથમ પાયો ખોદવાની જ્યારે શરૂઆત કરી ત્યારે અનેક જયજયકાર નાદો ગાજી રહ્યા હતા. આમ સર્વ મુમુક્ષુ ભાઈબેનોએ અતિ ઉત્સાહપૂર્વક માનસ્તંભની વધાઈને આવકારી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીના પરિવર્તનને આજે સત્તર વર્ષ પૂરા થયાં. તે દરમ્યાન અહીં અનેક પુદ્‌ગલસ્કંધોના અને ચૈતન્યહૈયાના પરિવર્તનો થયાં છે. પૂજ્ય ગુરુદેવશ્રી તો કહે છે કે એ બધું ક્રમબદ્ધપર્યાયના નિયમાનુસાર તે તે દ્રવ્યની લાયકાત અનુસાર થયું છે. છતાં એ બધામાં તેઓશ્રીનો જ પુનિત પ્રતાપ છે. આવો તેમનો પ્રભાવનાઉદય જગતમાં ત્રિકાળ જયવંત વર્તો એમ અમો પ્રાર્થીએ છીએ.

**'સ્ટાર ઓફ ઇન્ડિયા' નામના મકાનમાં પૂ. ગુરુદેવશ્રીનું મંગલ પ્રવચન**

આજે શ્રી મહાવીર ભગવાનનો જન્મ કલ્યાણકદિન છે. જે આત્મા પોતાના સ્વરૂપનો વિકાસ કરતો કરતો પૂર્ણ વિકાસરૂપે થાય છે તે ભગવાન કહેવાય છે. આત્મા ચિદાનંદ છે, એની અવસ્થામાં વિકાર છે તે ક્ષણિક કૃત્રિમ ઉપાધિ છે તે ત્રિકાળી તત્ત્વમાં નથી એવું ભાન કરીને અંતરની એકાગ્રતામાં વીર્યનો ફોરવી જે પૂર્ણદશા પ્રગટ કરે છે તેને ભગવાન કેવળી કહેવાય છે. જે ભવમાં ભગવાનનો આત્મા જીવન્મુક્ત થાય છે તે ભવમાં ભગવાન આત્માનું ભાન લઈને અવતર્યા હતા પણ ભગવાન થઈને અવતર્યા ન હતા. આત્માની શ્રદ્ધા તથા જ્ઞાનના બીજડાં લઈને ભગવાન આવેલ પછી તેમણે સ્વરૂપ સ્થિરતા દ્વારા પૂર્ણ વિકાસ કરીને કેવળજ્ઞાનરૂપી દશા પ્રગટ કરી એ ભગવાનનો આજે જન્મકલ્યાણક દિન છે.

જગતના મહાન પુરુષો રાત્રિના પાછલા ભાગમાં જન્મે છે. આજે મહાવીર ભગવાનનો જન્મ કલ્યાણક દિવસ છે. એમણે જન્મીને કલ્યાણ કર્યું હતું માટે કલ્યાણક દિવસ છે. એમનો જન્મ થયો ત્યારે દેવોએ આવીને મહોત્સવ કર્યો હતો. ત્રિશલાદેવીની કૂખે ભગવાનનો જન્મ થયો ત્યારે ઈંદ્રોએ જન્મ કલ્યાણક મહોત્સવ કર્યો. જે સાધના ભગવાન કરે છે તે સંપદા દેવો કે ઈંદ્રો પાસે નથી માટે એને સાધવા માટે તેઓ મહોત્સવ કરે છે.

આજે ઘણી જગ્યાએ ભાષણો થશે કે ભગવાને હિંસા અટકાવી, સ્ત્રીઓને હક અપાવ્યા વગેરે, પણ ભગવાને તો આત્માનું કર્યું હતું. ભગવાને બીજા કોઈનું કાંઈ કર્યું નથી. ભગવાનના દિવ્યધ્વનિમાં આવ્યું હતું કે તમે તમારા ચૈતન્યસ્વભાવનો વિશ્વાસ કરો તો શાંતિ પામશો, જે કરે તે પામે; ભગવાન કોઈને આપતા નથી. કોઈ ભગવાને કોઈનું કાંઈ કર્યું નથી. કેમ કે દરેક આત્મા સ્વતંત્ર છે. ભગવાને બીજાનું કાંઈ કરી દીધું એમ માનનાર બધાને નમાલા અને પરતંત્ર ઠરાવે છે પણ એમ નથી. ભગવાન તો કહે છે કે અમારે લઈને તમારું કલ્યાણ નથી. તમારે કલ્યાણ કરવું હોય તો આત્માની ઓળખાણ કરો. આત્મા જ્ઞાનાનંદ છે એનું અવલંબન લઈને પૂર્ણદશા પ્રગટ થાય છે તે કેવી હોય છે તે ગાથા દ્વારા કહે છે.

### ગાથા ૧૮૦

**णवि इंदिय उवसग्गा णवि मोहो विम्हिओ ण णिद्दा य।**
**ण य तिण्हा णेव छुहा तत्थेव य होइ णिव्वाणं ।। १८० ।।**

**नापि इन्द्रियाः उपसर्गाः नापि मोहो विस्मयो न निद्रा च।**
**न च तृष्णा नैव क्षुधा तत्रैव च भवति निर्वाणम् ।। १८० ।।**

**નહિ ઈંદ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,**
**નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૦.**

**અન્વયાર્થ** : (**न अपि इन्द्रियाः उपसर्गाः**) જ્યાં ઈંદ્રિયો નથી, ઉપસર્ગો નથી, (**न अपि मोहः विस्मयः**) મોહ નથી, વિસ્મય નથી, (**न निद्रा च**) નિદ્રા નથી, (**न च तृष्णा**) તૃષા નથી, (**न एव क्षुधा**) ક્ષુધા નથી, (**तत्र एव च निर्वाणम् भवति**) ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ ઈંદ્રિયાદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે).

નિર્વાણની વ્યાખ્યા ચાલે છે એમાં આત્મા કેવો છે ? તે કહે છે. આત્મા શીતળીભૂત છે. રાગ, પુણ્ય-પાપથી પર્યાયમાં સળગી રહ્યો છે. પણ સ્વભાવદૃષ્ટિ કરતાં અંતરમાંથી શાંતિના ફૂવારા છૂટે છે. તે દ્વારા પુણ્ય-પાપરૂપ અગ્નિ શાંત થઈ જાય છે તેને નિર્વાણ કહે છે. શાંતદશા દ્વારા આકુળતાનો



અભાવ કરવો તે નિર્વાણદશા છે.

પ્રાપ્તની પ્રાપ્તિ હોય છે, અપ્રાપ્તની પ્રાપ્તિ ન હોય. અંદરમાં હોય તે બહારમાં આવે છે. કુવામાં હોય તો અવાડામાં આવે, મોરના ઈંડામાં પંચવર્ણો મોર થવાની તાકાત છે તો એમાંથી મોર થાય છે તેમ આત્મામાં સિદ્ધ થવાની શક્તિ છે તો એમાંથી પૂર્ણ દશા થાય છે. તે જ નિર્વાણ છે. દયા, દાન, ભક્તિ આદિના શુભભાવથી આત્માનો વિકાસ થતો નથી. તો જેને વિકાસ કરવો હોય તેણે મારામાં જ વિકાસની શક્તિ પડી છે એમ પ્રથમ વિશ્વાસ કરવો જોઈએ. હીરામાં ચમક હોય છે તેથી તેને સરાણે ચડાવવાથી બહાર દેખાય છે. કોલસાને ઘસવાથી ચમક આવે નહિ. તેમ આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલો છે, તેનો વિશ્વાસ કરે તો બહાર પ્રગટ અવસ્થામાં આવે એમ છે.

સિદ્ધ ભગવાનને ઈંદ્રિયોનો વ્યાપાર નથી. ઈંદ્રિય તરફના વલણવાળું ખંડખંડ જ્ઞાન નથી અને ત્રિકાળ પરમતત્ત્વમાં પણ ઈંદ્રિયો કે ખંડખંડ જ્ઞાન નથી, માટે આત્મા ઈંદ્રિયોથી પ્રાપ્ત થાય એવો નથી. આત્મામાં ઈંદ્રિયો નથી તેથી ઈંદ્રિયોનો વેપાર અંતરમાં કામ કરી શકે નહિ, પર તરફનું વલણ કરવામાં ઈંદ્રિયોનું નિમિત્ત હોય છે. પણ આત્મા ઈંદ્રિયો દ્વારા જાણાય એવો નથી. ઈંદ્રિયો દ્વારા સાંભળે પણ સમજે નહિ અને ઈંદ્રિયો તે મારું સ્વરૂપ નથી, હું અતીંદ્રિય છું એમ જ્ઞાનથી નિર્ણય કરે તો આત્મા સમજાય એમ છે. અહીં તો એમ કહે છે કે આત્મામાં સ્ત્રી, કુટુંબ, પૈસા, મકાનાદિ તો નથી પણ ઈંદ્રિયો તથા એના નિમિત્તે જે ખંડખંડરૂપે જ્ઞાન થાય છે તે આત્મામાં નથી. મુક્તદશા થાય છે ત્યાં ઈંદ્રિયો નથી. મુક્તદશા આત્મામાંથી થાય છે પણ ઈંદ્રિયોથી થતી નથી.

પરમતત્ત્વને ઈંદ્રિયો અને ઉપસર્ગો નથી, સિદ્ધદશામાં પ્રતિકૂળતાનો સંયોગ જ નથી. ત્રિકાળી ચૈતન્ય તત્ત્વમાં અને મુક્તદશામાં પ્રતિકૂળતાનો સ્પર્શ નથી. આત્મા ચિદાનંદ મૂર્તિ છે. એક સમયની પર્યાયમાં અનાદિથી અજ્ઞાની પ્રતિકૂળતા માની બેઠો છે પણ ત્રિકાળમાં તે નથી. માટે આત્માને દુષ્કાળ પણ નડતો નથી. દુષ્કાળના કારણે આત્મામાં દુઃખ નથી, પણ દુષ્કાળના કારણે આત્મામાં દુઃખ થાય છે એવી કલ્પના તે દુઃખદાયક છે. મારું સ્વરૂપ તો તેનાથી રહિત છે એમ જાણે તો દુઃખ જ નથી. આમ નિર્ણય કરી સ્વરૂપમાં એકાગ્ર થઈને ભગવાન પોતાનું કલ્યાણ કરી ગયા છે અને જગતને એમ બતાવી ગયા છે. તે પ્રમાણે માને તો ભગવાનનો કલ્યાણક મહોત્સવ ઊજવ્યો કહેવાય.

દેવ, મનુષ્ય, ઢોરાદિના ઉપસર્ગો પરમતત્ત્વમાં નથી. ચિદાનંદ તો જ્ઞાનશક્તિથી ભરેલો છે. દુશ્મનનું હથિયાર એમાં કામ કરતું નથી કેમ કે આત્મામાં ઉપસર્ગ નથી. પ્રતિકૂળતાના ગંજો ઊભા થાય તો પણ આત્મા જાણનાર-દેખનાર છે. અજ્ઞાનીને બહારમાં પ્રતિકૂળતા થાય તો તેને કાળજામાં તેલ રેડાય છે અને ચિંતાના ચરખે લોઢાઈ જાય છે. પણ અહીં તો કહે છે કે શાંત થા. આત્માના અંતરમાં તો ચિદાનંદ પરમતત્ત્વ છે, તેમાં ચિંતાનો સ્પર્શ જ નથી. ચિંતા તારું કાયમનું સ્વરૂપ નથી, ચિદાનંદ તે કાયમનું રૂપ છે. ઘણા લોકો કહે છે કે મહાવીર ભગવાનને ઘણા ઉપસર્ગો પડ્યા પણ અહીં

તો કહે છે કે આત્મામાં ઉપસર્ગ જ નથી. એમ જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી શાંતિ થાય એમ નથી. ત્રિકાળી સ્વભાવમાં ઉપસર્ગ અને પ્રતિકૂળતા નથી એવું ભાન કરી એમાં લીનતા થતાં પૂર્ણદશા થાય છે એમાં પણ ઉપસર્ગ નથી.

આત્માને કે મુક્તજીવને મોહ નથી, વર્તમાન દશામાં સંસારીને મોહ છે, તે કૃત્રિમતા છે, તે અકૃત્રિમ સ્વભાવમાં નથી. એમાં હોય તો તેને કદી ટાળી શકાય નહિ. જેમ સોનામાં તાંબુ હોય છે તે સોના સાથે તન્મય નથી, તન્મય હોય તો સોનાથી તાંબુ જુદું પડે નહિ. તેમ મોહ આત્માના ત્રિકાળી ધ્રુવસ્વભાવમાં તન્મય થઈ જાય તો મોહરહિત કદી થવાય નહિ. જેમ આત્મામાં અને મુક્તદશામાં મોહ નથી તેમ મોક્ષમાર્ગમાં પણ મોહ નથી. જેટલો મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તે તો મોહરહિત છે તેથી એનું ફળ જે નિર્વાણ તેમાં પણ મોહ નથી.

સિદ્ધને વિસ્મયતા નથી. આ આત્મામાં પણ મશ્કરી કે કુતૂહલતા નથી. કરોડપતિ ભિખારી અને ભિખારી કરોડપતિ થાય છે છતાં વિસ્મયતા આત્મામાં નથી. દેવ થાય, વળી દેવ મરીને બોકડો થાય. આત્માનું ભાન કર્યું ન હોય અને ક્રિયાકાંડમાં મંદ કષાય કરે તો સ્વર્ગમાં જાય છે પણ ત્યાંથી મરીને પાછો બોકડો થાય છે. આત્માના ભાન વિના જે શુભાશુભ ભાવ કરવામાં આવે તે ચાર ગતિમાં રખડવામાં કામ આવે. દિવાસળીના ટોપકામાં ભડકો થવાની તાકાત છે તેમ આત્મામાં જ્ઞાન-આનંદની તાકાત છે, એમાં વિસ્મય નથી -એમ ભરોસો કરે તો નિર્વાણ થાય છે.

આત્મામાં નિદ્રા નથી. ચિદાનંદ જ્ઞાનકંદ છું એના ભાન વિના આત્મા અનંતકાળથી ઊંઘ્યો છે. રાગદ્વેષની નિદ્રામાં સૂતો છે. તે કૃત્રિમતા પોતે ઊભી કરે છે પણ આત્મા તો જ્ઞાનજ્યોતિ છે એમા નિદ્રા નથી. મુક્તદશામાં પણ નિદ્રા નથી.

આત્મામાં ક્ષુધા નથી, પેટમાં ક્ષુધાની અવસ્થા થાય છે તેનું લક્ષ ન કરતાં અંતર ચિદાનંદનું લક્ષ કરે તો ક્ષુધા દેખાતી નથી. કેમ કે આત્મામાં ક્ષુધા નથી અને સિદ્ધમાં પણ ક્ષુધા નથી.

પરમતત્ત્વમાં જ નિર્વાણ છે. આત્મા પરમતત્ત્વ છે. એનું ભાન કરીને જે દશા પ્રગટી તેમાં ઈંદ્રિયાદિ નથી. મુક્તિ તો આત્માની આનંદદશામાં છે, બહાર ક્ષેત્રમાં મુક્તિ નથી.

**ટીકા** : આ પરમ નિર્વાણને યોગ્ય પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે. ત્રિકાળી તત્ત્વ તો મોક્ષને લાયક છે. અશાંતિ અને દુઃખ જોઈતું ન હોય પણ શાંતિ અને સુખ જોઈતું હોય તો અંતર આત્મતત્ત્વમાં શક્તિરૂપે પડ્યું છે એનો ભરોસો કરે તો આત્મા સંસારને લાયક છે જ નહિ. ત્રિકાળી પરમતત્ત્વ મોક્ષને લાયક છે. ભગવાનમાં અને આત્મામાં શક્તિ અપેક્ષાએ ફેર નથી. ભગવાને પર્યાયમાં મોક્ષ વ્યક્ત કર્યો છે એ અપેક્ષાએ ફેર છે.

દેહદેવળમાં ચૈતન્ય હીરો છે, તેની પરીક્ષા અને ઓળખાણ કરે તો આત્માની કીંમત થાય. આત્માની



કીંમત કરવી અનંતકાળથી મોંઘી થઈ પડી છે. જગતમાં હીરાની કીંમત આપે છે પણ હીરાને ખબર નથી કે લોકો અમારી કીંમત આપે છે. ચૈતન્ય હીરો નિત્ય ધ્રુવ કઠણ છે, તેના કટકા કદી થતા નથી. બાકી જડ હીરાના તો કટકા પણ થઈ જાય છે. પુણ્યવંત પ્રાણી એની ભૂકી કરીને ખાય છે. હીરાની પણ કીંમત કરનાર ચૈતન્ય હીરો છે એની ઓળખાણ કરવી.

ચૈતન્ય હીરો પરખી પરખીને અનંત કેવળી થઈ ગયા છે. નિત્યાનંદ પ્રભુ કદી નાશ ન થાય એવો છે. એનું જ્ઞાન થવું મહા દુર્લભ છે. પથ્થરના હીરાને પરખનારને પણ આત્મા પરખવો મોંઘો છે માટે જડ હીરા કરતાં આત્માની કીંમત વધારે છે. આત્મા નિર્વાણને યોગ્ય છે એની વાત કરે છે. પણ અજ્ઞાનીને એની કીંમત નથી. જેમ ભરવાડના હાથમાં હીરો આવે તો તેની તેને કીંમત નથી તેમ ચૈતન્યતત્ત્વની વાત સાંભળવા મળી પણ અજ્ઞાનીને તેની કીંમત આવતી નથી. જેને આત્માની કીંમત આવી તેને શુભાશુભ ભાવની કીંમત રહેતી નથી. તો પછી શુભાશુભના ફળની કીંમત તો એને હોય જ નહિ.

પરમતત્ત્વ અખંડ એક પ્રદેશી જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે તેને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઈંદ્રિયોનો વ્યાપાર નથી. આત્મા અસંખ્ય પ્રદેશી છે એ ભેદ પણ કાઢી નાખીને અખંડ એક પ્રદેશી છે એમ કહે છે. અસંખ્ય પ્રદેશી આત્મા હોવા છતાં અખંડ છે માટે એક પ્રદેશી કહેલ છે. તેનો અંશ જુદો પડતો નથી, આત્મા જ્ઞાનસ્વરૂપી છે. હાથની જગ્યાએ જે પ્રદેશો છે તે પગની જગ્યાએ નથી એ અપેક્ષાએ પ્રદેશો જુદા જુદા કહેવાય પણ અખંડની અપેક્ષાએ જુદા નથી, અભેદ પ્રદેશી છે. એમાં ઈંદ્રિયો નથી માટે ભગવાન આત્માને ઈંદ્રિયોનો વ્યાપાર નથી, ઈંદ્રિયો ઈંદ્રિયોમાં છે પણ આત્મામાં નથી. આત્મામાં ઈંદ્રિયોનો અભાવ ન હોય તો અતીન્દ્રિય થાય નહિ. માટે આત્મા ઈંદ્રિયો રહિત છે.

પરમતત્ત્વને દેવ, માનવ, તિર્યંચ ને અચેતનકૃત ઉપસર્ગો નથી. આત્માને કોઈ દેવ, મનુષ્ય, ઢોરાદિ દુઃખ આપી શકે નહિ એમ કહે છે. અજ્ઞાની મૂઢ લોકો કહે છે કે અમુક દેવ દુઃખ આપે છે. તેથી સુરધન, મેલડી વગેરેને પૂજે છે. ત્રીજી પેઢીએ એની મા મરી ગઈ હોય એને બેસાડે છે અને સુરધનને બેસાડે પણ જે વિઘ્ન કરે તેને મારવું જોઈએ કે પૂજવું જોઈએ ? સુરધન, મેલડી આદિ દુઃખ આપે છે તે માન્યતા ભ્રમ છે. આત્માને કોઈ દેવ દુઃખ આપતો જ નથી કેમ કે આત્મામાં ઉપસર્ગો નથી. એવા ઉપસર્ગો રહિત આત્માની શ્રદ્ધા કરે તો પરમાત્મદશા પ્રગટ થાય અને એને પર્યાયમાં ઉપસર્ગ રહે નહિ. સિદ્ધ ભગવાન પૂર્ણ થઈ ગયા છે એમને ઉપસર્ગ નથી.

**ચૈત્ર સુદ ૧૪, બુધવાર, ૯-૪-૫૨.**

આ આત્મા છે તે શરીર, કર્મ અને વિકાર રહિત સિદ્ધ પરમાત્મા થયા તેના જેવો છે. જેટલી સંયોગી ચીજો છે તે બધી આત્માથી પૃથક્ છે માટે પૃથક્ થઈ શકે છે. ગળપણ ગોળથી જુદું નથી

તો જુદું પડી શકે નહિ. પણ જેમાં ગોળ રહેલો છે એ ડબો અને ગોળમાં જે મેલ છે એનાથી ગોળ પૃથક્ છે માટે પૃથક્ થઈ શકે છે. તેમ આત્મા શરીર અને કર્મથી તો પૃથક્ છે માટે એનાથી પૃથક્ થઈ શકે છે અને એક સમયની અવસ્થામાં વિકાર છે તે સર્વથા પૃથક્ નથી. પણ ત્રિકાળી સ્વભાવમાં નથી માટે તે પણ પૃથક્ થઈ શકે છે.

અરીસો આદર્શ છે. સામે જેવો પદાર્થ છે તેવો તે જણાવે છે. તેમ સિદ્ધ ભગવાન સહજ સુખના અનુભવ કરનારા છે, તે આદર્શરૂપ છે. તે એમ બતાવે છે કે દરેક આત્મા અમારા જેવા છે. જેમ દુનિયામાં કોઈ સારો માણસ હોય તો તેનું અનુકરણ કરવામાં આવે છે. તેમ સિદ્ધ ભગવાન અનુકરણ કરવા યોગ્ય છે એમ પ્રથમ નિર્ણય કરે તો ક્રમે ક્રમે રાગનો નાશ થાય અને સુખી થવાય. પણ પૈસો હોય તો સુખી રહી શકાય એમ નથી. જે ચીજ આત્માથી પૃથક્ છે તેનાથી સુખ થાય એમ માનવું તે ભ્રમણા છે. આત્મા અને શરીરાદિ જુદા છે અને જુદા રહીને કામ કરે છે. પૈસા આત્માના સુખમાં મદદ કરે નહિ. અનાદિથી અજ્ઞાની અનુકૂળતા અને પ્રતિકૂળતાની કલ્પના કરે છે. તે સિદ્ધમાં નથી. સિદ્ધ જ્યારે સંસારદશામાં હતા ત્યારે તેમને કલ્પના હતી પણ હું તે કલ્પનાથી રહિત છું એવો નિર્ણય કરીને લીનતા કરી ત્યારે મુક્તિ પામ્યા. તેમ આ જીવ પણ શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા કરે તો મુક્તિને પામે.

કોઈ કહે કે શરીર, પૈસા, કુટુંબાદિ વ્યવહારે સુખનું કારણ કહેવાય કે નહિ ? તો કહે છે કે વ્યવહારે ઘીનો ઘડો કહેવાય છે પણ ઘડો ઘીનો થતો નથી. ઘીના સંયોગે ઉપચારથી કહેવાય છે પણ ઘડાના આધારે ઘી નથી. ઘી ઘીમાં છે અને ઘડો ઘડામાં છે. ઘડો ઘીરૂપે થતો નથી. દરેક વસ્તુમાં છ કારકો પોતાને લઈને છે, પરને લઈને નથી. દરેક રજકણ પોતાના આધારે રહેલું છે. ઘીના લોચામાં જે અનંત પરમાણુ છે તે દરેક પૃથક્ પૃથક્ છે. નીચલા પરમાણુના આધારે ઉપરના પરમાણુ રહેલા નથી. કેમ કે દરેક પરમાણુ એકબીજાના અભાવથી રહેલો છે. પરમાણુ ઉપર નીચે છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો જ્યાં છે ત્યાં પોતાના આધારે છે, એકબીજાના આધારે માને તે વસ્તુના સ્વભાવને સમજતો નથી.

માથાનો એક વાળ લ્યો તો એ વાળના સૌથી ઝીણા ટુકડા કરવામાં અનંતા પરમાણુ છે. તેમાંનો એક પરમાણુ બીજા પરમાણુના આધારે નથી એવી સ્વતંત્ર ચીજ છે છતાં અજ્ઞાની સંયોગીદૃષ્ટિથી જુએ છે તે એની ભ્રમણા છે. આત્મામાં વિકાર થાય છે તે પરના આધારે નથી. પરના આધારે હોય તો બે પદાર્થ એક થઈ જાય અને જે વિકાર છે તેના આધારે ત્રિકાળી સ્વભાવ નથી. વિકારના આધારે ત્રિકાળી વસ્તુ હોય તો વિકારનો નાશ થતાં વસ્તુનો નાશ થઈ જાય. વસ્તુ છે તે પરના આધારે નથી એમ જાણ્યા વિના સ્વતંત્રતાનો ખ્યાલ આવે નહિ.

આત્મા છે તે પરના આધારે નથી માટે તેનો વિકાર પણ પરને લઈને નથી અને આત્માને લઈને



પર નથી, પણ મારે લઈને દુકાન બરાબર ચાલે છે, હું હતો તો આ કાર્ય થયું એમ અજ્ઞાની માને છે, પણ આત્મા પરનો ધણી નથી. આત્માનો ત્રિકાળી ધ્રુવસ્વભાવ તો સિદ્ધ પરમાત્મા જેવો છે તે વાત કરે છે.

ગાથા ૧૮૦ની ટીકામાં પરમતત્ત્વને ઈંદ્રિયોનો વેપાર અને ઉપસર્ગો નથી તે વાત આવી ગઈ છે. હવે કહે છે કે ક્ષાયિક જ્ઞાનમય અને યથાખ્યાત ચારિત્રમય હોવાને લીધે પરમતત્ત્વને દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એવા ભેદવાળું બે પ્રકારનું મોહનીય નથી. આત્મામાં જ્ઞાનની હીણી દશા છે તેમાં કર્મ નિમિત્ત છે અને સ્વભાવના આશ્રયે પૂર્ણદશા થાય એટલે હીણીદશાનો નાશ થાય ને કર્મનો નાશ એના કારણે થાય છે. એ દશાને ક્ષાયિકજ્ઞાન કહેવાય છે. સ્વભાવનો આશ્રય કરે તો ક્ષાયિકજ્ઞાન પ્રગટ કરે એવો આત્માનો સ્વભાવ છે. સિદ્ધ ક્ષાયિકજ્ઞાનમય અને યથાખ્યાત ચારિત્રમય છે માટે એમને મોહ નથી. વળી જેવો આત્મા ત્રિકાળ શુદ્ધ સ્વભાવી પ્રસિદ્ધ છે એવી પ્રસિદ્ધ અવસ્થા થઈ ગઈ છે. તે સિદ્ધ ભગવાન તારી નાત અને જાતના છે. દરેક આત્મા સ્વભાવની અપેક્ષાએ સિદ્ધ સમાન છે તેમ માને તો સિદ્ધને માન્યા કહેવાય. સિદ્ધને કર્મ નથી તેમ વર્તમાન અવસ્થાની ગૌણતા કરે તો ત્રિકાળી આત્મામાં પણ કર્મ નથી.

પરમતત્ત્વ બાહ્ય પ્રપંચથી વિમુખ હોવાને લીધે તેને વિસ્મય નથી. કોઈ માણસ રૂપમાં ફેરફાર કરીને આવે તો જોનારને વિસ્મય થાય છે પણ એ તો જડની અવસ્થા છે. સિદ્ધ ભગવાનને વિસ્મય નથી, નાટક જોવા જાય ત્યાં સારું દશ્ય આવે તો વિસ્મય થાય છે અને 'વન્સમોર' કરે છે. પણ અહીં તો કહે છે કે ચૈતન્યની અદ્‌ભૂતતાના આનંદમાં ભગવાને વિસ્મયને ઉડાડી દીધો છે. જો તારે વિસ્મય ઉડાડવો હોય તો તું સિદ્ધ જેવો છો એમ માન ! ચૈતન્યસ્વભાવ ખરેખર પરની અવસ્થારૂપે થાય નહિ અને હીણી અવસ્થારૂપે પણ રહી શકે નહિ. વર્તમાન પોતાની નબળાઈના કારણે હીણી અવસ્થા છે તે અંતર્‌દૃષ્ટિના અવલંબનથી નાશ થતાં મુક્તદશાની પ્રાપ્તિ થાય છે.

શરીર, કર્મ, સ્ત્રી કુટુંબાદિ પરપદાર્થોમાં જ્ઞેયબુદ્ધિ, શુભાશુભ ભાવમાં હેયબુદ્ધિ અને ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વભાવની ઉપાદેયબુદ્ધિ તે ધર્મ છે. કોઈ કહે કે દયા, દાન, ભક્તિ, વ્રતાદિનો તો ઉપદેશ આપતા નથી અને એકલી નિશ્ચયની જ વાતો કરો છો. તો તેને કહે છે કે શરીરાદિ પરપદાર્થો છે તેનાથી ધર્મ થતો નથી અને મંદકષાય તે શુભભાવ છે એ પણ ધર્મ નથી. ત્રિકાળ ધ્રુવસ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. એ સ્વભાવની વાત ચાલે છે કે એમાં વિસ્મય નથી.

અજ્ઞાની લોકો વેપારમાં મંદી આવે તો દુઃખી દુઃખી થાય છે અને તેજી થાય તો સુખી છીએ એમ માને છે. એ સુખદુઃખ બન્ને કલ્પના છે અને એમાં આકુળ-વ્યાકુળ થયા કરે છે પણ પરમાં એકત્વબુદ્ધિ કરીને ડૂબી ગયો છે તે આત્માની મંદી છે. અને આત્મા પરથી અને વિકારથી જુદો સિદ્ધ સમાન છે તેનું લક્ષ કરે તો અનંતકાળથી આત્મામાં નહિ આવેલી એવી ખરેખર સાચી તેજી આવે

છે. બાકી બીજા બધા ભાવો કરે તે મંદી છે અને દુઃખનું કારણ છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ તો જે છે તે છે. એની પર્યાયમાં તેજી-મંદીની કલ્પના કરે તો દુઃખી થાય અને સ્વભાવનો આશ્રય કરી વીતરાગતા પ્રગટ કરે તો સુખી થાય. આમ પર્યાયમાં તેજી-મંદી થાય છે પણ સ્વભાવમાં તે વિસ્મય નથી.

નિત્ય પ્રકટિત શુદ્ધ જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે પરમતત્ત્વને નિદ્રા નથી. નિદ્રા કોને હોય ? જેની જ્ઞાનદશા હીણી થઈને મૂર્છા થઈ જાય તેને નિદ્રા હોય છે. પર્યાય જાગતી રહેતી નથી તેને નિદ્રા કહે છે. એ નિદ્રા ત્રિકાળી ધ્રુવસ્વભાવમાં નથી. અને સિદ્ધને પણ નિદ્રા નથી કેમ કે એમને પૂર્ણ સ્વભાવ પ્રગટ થઈ ગયો છે અને જેટલો સ્વભાવ જાગ્રત થયો છે એમાં પણ નિદ્રા નથી. વીતરાગ ભગવાન બ્યુગલ વગાડે છે અને કહે છે કે અહો ! અનાદિકાળથી તું નિદ્રા લઈ રહ્યો છે. હવે જાગ રે જાગ ! તું તો સિદ્ધ સમાન છો, તારામાં નિદ્રા નથી. એમ જાણીને શ્રદ્ધા કરે છે તે જ્ઞાનની કળા છે. તે જ્ઞાનથી આત્માની પૂર્ણ કળા ખીલે એમ છે. તે પૂર્ણ કળા સિદ્ધ ભગવાનને ખીલી છે માટે એમને અજાગ્રતપણું નથી.

અશાતાવેદનીય કર્મને નિર્મૂળ કર્યું હોવાથી પરમતત્ત્વને ક્ષુધા અને તૃષા નથી. સિદ્ધ ભગવાનને તો ક્ષુધા અને તૃષા નથી પણ અર્હંત ભગવાન લાખો કરોડો વર્ષ સુધી શરીરમાં રહે છતાં એમને પણ ક્ષુધા અને તૃષા હોતી નથી. અહીં ભરતક્ષેત્રમાં વીસમા શ્રી મુનિસુવ્રતસ્વામી તીર્થંકર થયા ત્યારના મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી તીર્થંકરપદે બિરાજે છે અને હજુ અહીં આવતી ચોવીસીના સાતમા-આઠમા તીર્થંકર થશે ત્યારે તેઓ સિદ્ધ થશે. એમને શરીર છે પણ આહાર હોતો નથી. એમને ક્ષુધા અને તૃષા નથી. ત્રિકાળી સ્વભાવમાં પણ ભૂખ અને તરસ નથી. આવી પરમાત્મ સિદ્ધદશા છે તેને નિર્વાણ કહે છે. તે નિર્વાણદશા આત્મામાં છે, પરક્ષેત્રમાં હોતી નથી.

એવી રીતે યોગીંદ્રદેવકૃત અમૃતાશીતિમાં ૫૮મા શ્લોક દ્વારા કહ્યું છે કે :

(मालिनी)

**ज्वरजननजराणां वेदना यत्र नास्ति**
**परिभवति न मृत्युर्नागतिर्नो गतिर्वा।**
**तदतिविशदचित्तैर्लभ्यतेऽङ्गेऽपि तत्त्वं**
**गुणगुरुगुरुपादाम्भोजसेवाप्रसादात्॥**

**શ્લોકાર્થ** : જ્યાં (જે તત્ત્વમાં) જ્વર, જન્મ અને જરાની વેદના નથી, મૃત્યુ નથી, ગતિ કે આગતિ નથી, તે તત્ત્વને અતિ નિર્મળ ચિત્તવાળા પુરુષો, શરીરમાં રહ્યા છતાં પણ, ગુણમાં મોટા એવા ગુરુના ચરણકમળની સેવાના પ્રસાદથી અનુભવે છે.



આત્મતત્ત્વ કેવું છે ? તો કહે છે કે એની પર્યાયને ગૌણ કરીને ધ્રુવસ્વભાવ જુએ તો એમાં તાવ નથી, જન્મ નથી, વૃદ્ધાવસ્થા નથી. તાવની અવસ્થા તો શરીરની છે, અને બાળ, યુવાન અને વૃદ્ધાવસ્થા તે પણ શરીરની છે. આત્મામાં તે અવસ્થા નથી. આત્માને મરણ નથી. જેમ ચંદ્ર અને સૂર્ય કદી મરતા નથી તેમ આત્મા પણ કદી મરતો નથી. તેને ગમન-આગમન નથી. આત્મા ક્યાંય જતો નથી અને ક્યાંયથી આવતો પણ નથી. એવા આત્માને જ્ઞાનીઓ અનુભવે છે. એવા ગુરુઓના નિમિત્તે જ્યારે જીવ ધર્મ પામે છે ત્યારે ગુણમાં મોટા ગુરુના ચરણકમળની સેવાથી ધર્મ પામ્યો એમ કહેવાય છે. જેમ સિંહણનું દૂધ સોનાના પાત્રમાં રહે એમ ધર્મ સમજનારને નિમિત્ત જ્ઞાની જ હોય છે, અજ્ઞાનીના નિમિત્તે ધર્મ પમાતો નથી. ગુરુનું બહુમાન કરતા શુભભાવનો વિકલ્પ છે અને ગુણોનો સ્વીકાર છે. એવી પાત્રતા થયા વિના અને સાચા ગુરુનું નિમિત્ત મળ્યા વિના કામ થાય એમ નથી. એમ સમજી સ્વભાવનો આશ્રય કરે તો અંતર અનુભવ થાય છે.

**ચૈત્ર સુદ ૧૫, ગુરુવાર, ૧૦-૪-૫૨.**

શ્રી પ્રવચનસારની સ્વાધ્યાય થઈ હતી.

**ચૈત્ર વદ ૧, શુક્રવાર, ૧૧-૪-૫૨.**

સિદ્ધના સ્વરૂપનું વર્ણન ચાલે છે. તે ભગવાન મોક્ષ વિષે બિરાજમાન છે, મોક્ષમાર્ગના ફળરૂપ આ દશા થાય છે. સિદ્ધને અનંતા ગુણો પ્રગટ્યા છે અને તેમને સંસારના ભાવો રહ્યા નથી કેમ કે તેમણે મોક્ષમાર્ગમાં સંસારના ભાવોનો આદર કર્યો ન હતો.

મુક્તદશામાં સંપૂર્ણ આનંદ છે અને ત્યાં સંસારી દોષો બિલકુલ નથી. જ્યારે એમને મોક્ષમાર્ગ હતો ત્યારે રાગાદિ દોષોનો આદર ન હતો અને ગુણનો આદર હતો તેથી દોષ રહિત થયા હતા. જો કોઈ જીવ ગુણોનો આદર ન કરે અને દોષોનો આદર કરે તો તેને મોક્ષમાર્ગ પ્રગટ થતો નથી.

કોઈ માણસને સિદ્ધપુર પાટણ જવું હોય અને રાતના આઠ વાગ્યે ત્યાં લગ્ન હોય તેમાં પહોંચવું હોય તો માર્ગમાં સગાં મળે કે વિઘ્ન કરનાર આવે તો ત્યાં રોકાય નહિ કેમ કે એને જલ્દી સિદ્ધપુર પહોંચવું છે તેથી રસ્તામાં રોકાવું એને પાલવે નહિ. તેમ જે આત્માને સિદ્ધ થવું હોય તે મોક્ષમાર્ગમાં જે વિઘ્નરૂપ હોય તેમાં રોકાય નહિ.

જેણે સિદ્ધપુર પહોંચવાનો આદર કર્યો અને દોષોને ટાળ્યા તે આત્માની પૂર્ણદશારૂપ સિદ્ધપુર છે, તે સિદ્ધપુર જવાવાળો રસ્તામાં વિઘ્ન આવે તેને ઓળંગી જાય છે પણ રોકાતો નથી. અંતરમાં પરમાત્મા થવાની શક્તિ પડી છે તેનો આદર જેને વર્તે છે તેને દોષનો આદર નથી. તે સિદ્ધપુર પાટણ પહોંચે છે પણ જે દોષનો આદર કરે છે અને સ્વભાવનો આદર કરતો નથી તે સિદ્ધપુર પહોંચતો નથી.

ગાથા ૧૮૦ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૩૦૦**

(मन्दाक्रान्ता)

**यस्मिन् ब्रह्मण्यनुपमगुणालंकृते निर्विकल्पे-**
**ऽक्षानामुच्चैर्विविधविषमं वर्तनं नैव किंचित् ।**
**नैवान्ये वा भविगुणगणाः संसृतेर्मूलभूताः**
**तस्मिन्नित्यं निजसुखमयं भाति निर्वाणमेकम् ।। ३०० ।।**

**શ્લોકાર્થ** : અનુપમ ગુણોથી અલંકૃત અને નિર્વિકલ્પ એવા જે બ્રહ્મમાં (આત્મતત્ત્વમાં) ઇંદ્રિયોનું અતિ વિવિધ અને વિષમ વર્તન જરા પણ નથી જ, તથા સંસારના મૂળભૂત અન્ય (મોહ-વિસ્મયાદિ) સંસારીગુણસમૂહો નથી જ, તે બ્રહ્મમાં સદા નિજસુખમય એક નિર્વાણ પ્રકાશમાન છે. ।। ૩૦૦ ।।

અનુપમ ગુણોથી અલંકૃત અને નિર્વિકલ્પ એવા જે બ્રહ્મમાં-આત્મતત્ત્વમાં ઇંદ્રિયોનું અતિ વિવિધ અને વિષમ વર્તન જરા પણ નથી જ. કેવો છે આત્મા ? અનુપમ ગુણોથી શોભિત છે. આત્માના ગુણોનો આદર છે તે દોષોનો આદર કરતો નથી. દોષ થાય છે તેને જાણે છે. જો દોષનો આદર કરે તો સંસારના પૂરમાં તણાય છે. એટલે કે તેને રખડવાનું થાય છે. ધર્મીને ધર્મનો આદર હોય છે અધર્મનો આદર હોતો નથી. દોષનો આદર કરનાર નિગોદમાં જાય છે કેમ કે નિશ્ચયથી બે ગતિ છે. સ્વભાવનો આદર કરે તો મુક્તિ થાય છે અને વિભાવનો આદર કરે તો નિગોદમાં જાય છે. તત્ત્વનું આરાધન મોક્ષમાં લઈ જાય છે અને વિરાધન નિગોદમાં લઈ જાય છે. જે સ્વભાવને સાધ્ય કરે છે તે સિદ્ધપુરના રસ્તે છે અને જે વિભાવને સાધે છે તે નિગોદના રસ્તે છે.

લગ્નમાં સારા કપડાં, દાગીના, મુગટાદિ પહેરે છે અને શોભા કરે છે પણ તે તો સંસારમાં રખડવાની શોભા છે. આત્મા તો જ્ઞાન, દર્શન, આનંદાદિ અનંત ગુણથી શોભી રહ્યો છે. તેની શોભા માટે બહારના ટીલા-ટપકાંની જરૂર પડતી નથી. આત્માના ગુણો અનુપમ છે-ઉપમારહિત છે. જ્ઞાયકસ્વરૂપ આત્મા છે તેમાં પાંચ ઇંદ્રિયોનો વેપાર નથી. વળી તે રાગ-દ્વેષના વેપારથી રહિત છે કેમ કે આત્મા અતીંદ્રિય પદાર્થ છે. તેનો આદર કરી, સંસારદોષ ટાળી, પરમાત્મદશા જેણે પ્રગટ કરી છે તેને ઇંદ્રિયોની વિવિધતા અને વિષમતા નથી. ઇંદ્રિયો આત્માને અડતી જ નથી.

દરિયામાં મોટો દ્વીપ હોય, તો એના ઉપર દરિયાના પાણી ચડે નહિ. વળી દરિયાના પ્રાણીઓ તેના ઉપર જઈ શકે નહિ તેથી તે દ્વીપમાં પ્રાણીઓનો ઉપદ્રવ હોતો નથી. તેવી રીતે આત્મા ચૈતન્ય દ્વીપ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે, એને ઇંદ્રિયોનો ઉપદ્રવ નથી. તેમ જ રાગ-દ્વેષાદિનો પણ ઉપદ્રવ



નથી. આ ચૌદ બ્રહ્માંડમાં ચૈતન્યસ્વરૂપી આત્મા બેટ છે. એમાં ઇંદ્રિયોનો વેપાર જરાયે નથી. એવા આત્માની ઓળખાણ, રુચિ અને રમણતા તે મોક્ષમાર્ગ છે અને તેનાથી મોક્ષ પમાય છે. સમ્યગ્દષ્ટિ સ્વભાવમાં રોકાય છે, તેને રાગાદિનો આદર હોતો નથી. જેમ બાળક ઝડપથી દોડ્યો જતો હોય તેને વચમાં કોઈ રોકે તો રોકાય નહિ તેમ મોક્ષમાર્ગી રસ્તામાં વિઘ્નને ગણતો નથી અને રોકાતો નથી.

આત્મતત્ત્વમાં સંસારના મૂળભૂત અન્ય મોહ-વિસ્મયાદિ સંસારી ગુણસમૂહો નથી જ, શુભાશુભ ભાવો તે સંસારના ગુણો છે કેમ કે તે દોષ છે. જેમ અફીણ ઘણું કડવું હોય તો તે ગુણવાળું-સારું કહેવાય છે. તેમ સંસારમાં રખડવાનો ભાવ સારો હોય તો તે સંસારનો ગુણ છે. સ્વભાવનો અનાદર કરે છે અને પુણ્ય-પાપનો આદર કરે છે તે સંસારમાં રખડવાનો કામી છે. શુભાશુભ ભાવો સંસારના દોષો છે, તે ચિદાનંદ ધ્રુવ સ્વભાવમાં નથી. તેને ટાળીને જે મુક્તિને પામ્યા છે તેમાં પણ સંસારના ગુણો નથી.

આત્મતત્ત્વમાં સદા નિજ સુખમય એક નિર્વાણ પ્રકાશમાન છે. નિર્વાણ એ ચિદાનંદ આત્માનું એક જ સ્વરૂપ છે, તેમાં સદા આનંદ છે. પર્યાયમાં જેટલું પરદ્રવ્યનું અવલંબન લ્યે તેટલું દુઃખ છે અને જેટલું સ્વનું અવલંબન લ્યે તેટલું સુખ છે. સાધક સુખી ઘણો છે અને દુઃખી થોડો છે, અજ્ઞાની પૂર્ણ દુઃખી છે ને સિદ્ધ પૂર્ણ સુખી છે.

આત્માના ચિદાનંદ સ્વરૂપને ભૂલીને, સંસારનું જ્ઞાન કરી અભિમાન કરે કે અમે ડાહ્યા છીએ પણ તે અભિમાન કરવા જેવું નથી કેમ કે સંસારનું જ્ઞાન તો પૂર્વથી ઉઘાડ લઈને આવ્યો હોય એટલું થાય છે. છતાં તે જ્ઞાનની ડીગ્રી મેળવીને અજ્ઞાની હરખાય છે. તેને કહે છે કે એ ડીગ્રી તો મર્યા પછી ચાલી જવાની, પણ સિદ્ધની ડીગ્રી મળી તે પાછી ચાલી જતી નથી. તે મુક્તદશા સંસારના દોષો ટાળવાથી થાય છે. ચિદાનંદ આત્મામાં નિર્વાણ પ્રકાશમાન છે. આ શક્તિની વાત ચાલે છે. તો તે શક્તિની પ્રતીત કરે તો પર્યાયમાં નિર્વાણ થાય છે.

### ગાથા ૧૮૧

**णवि कम्मं णोकम्मं णवि चिंता णेव अट्टरुद्दाणि।**
**णवि धम्मसुक्कझाणे तत्थेव य होइ णिव्वाणं॥ १८१॥**

**नापि कर्म नोकर्म नापि चिन्ता नैवार्तरौद्रे।**
**नापि धर्मशुक्लध्याने तत्रैव च भवति निर्वाणम्॥ १८१॥**

**જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરૌદ્રોભય નહીં,**
**જ્યાં ધર્મશુકલધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૧.**

**અન્વયાર્થ** : (**न अपि कर्म नोकर्म**) જ્યાં કર્મ ને નોકર્મ નથી, (**न अपि चिन्ता**) ચિંતા નથી, (**न एव आर्तरौद्रे**) આર્ત ને રૌદ્રધ્યાન નથી, (**न अपि धर्मशुक्लध्याने**) ધર્મ ને શુક્લધ્યાન નથી, (**तत्र एव च निर्वाणम् भवति**) ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ કર્માદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે).

સિદ્ધ ભગવાનમાં શરીર, વાણી, કર્મ નથી કેમ કે જે મૂળ તત્ત્વમાં નથી તે તેમાંથી નીકળી ગયું છે. સંસાર પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે સિદ્ધપર્યાયમાં નથી. વળી આત્મામાં ચિંતા પણ નથી તેથી સિદ્ધદશા થતાં તે નીકળી જાય છે. અને ચિંતા મોક્ષમાર્ગમાં પણ નથી. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન -આ બે ભૂંડા ધ્યાન છે. તે આત્માના સ્વભાવમાં નથી, અને જેટલો મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેમાં પણ તે નથી અને સિદ્ધ પરમાત્માને પર્યાયમાં સર્વથા નથી. ભગવાન તે વિકારી પર્યાયને ઓળંગીને મુક્તદશાને પામ્યા છે તે નિર્વાણ છે. સિદ્ધશિલા ઉપર જવું તે નિર્વાણ નથી કેમ કે ત્યાં તો નિગોદના જીવો પણ છે માટે ક્ષેત્રને લઈને મોક્ષ નથી. પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થયો છે તે મોક્ષ છે. ધર્મધ્યાન નીચલી દશામાં હોય છે અને શુક્લધ્યાન ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે. પણ સિદ્ધમાં ધ્યાન હોતું નથી.

**ટીકા** : આ સર્વ કર્મોથી વિમુક્ત તેમ જ શુભ, અશુભ ને શુદ્ધ ધ્યાન તથા ધ્યેયના વિકલ્પોથી વિમુક્ત પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે. પરમતત્ત્વ એટલે સિદ્ધ, પરમાત્મતત્ત્વ તથા ત્રિકાળી આત્મતત્ત્વ બન્નેની વાત કરે છે.

પરમતત્ત્વ સદા નિરંજન હોવાને લીધે તેને આઠ દ્રવ્યકર્મ નથી. આઠ કર્મો જડ છે, તે આત્મામાં નથી. તે નિમિત્તરૂપે સંસારી જીવોને હોય છે, સિદ્ધને નિમિત્તરૂપે પણ હોતા નથી. ત્રણે કાળે નિરુપાધિ સ્વરૂપવાળું હોવાને લીધે પરમતત્ત્વને પાંચ પ્રકારના શરીર નથી. જેટલા સિદ્ધ થયા, થાય છે અને થશે -એ બધાને પાંચેય શરીર નથી.



વળી, આત્મા મનરહિત હોવાને લીધે તેને ચિંતા નથી. એક સમયની પર્યાયમાં-સંસારદશામાં મન વિકલ્પમાં નિમિત્ત હોય છે. પણ ત્રિકાળી તત્ત્વને મનનો સંબંધ નથી. એમ સિદ્ધને મન નથી તેથી ચિંતા નથી. ઔદયિક આદિ ચાર વિભાવભાવો આત્મામાં નથી તેથી આર્ત અને રૌદ્રધ્યાન નથી. સિદ્ધમાં ક્ષાયિકભાવ હોય છે પણ ત્રિકાળમાં ક્ષાયિકભાવ પણ નથી. સિદ્ધને ઔદયિક, ઉપશમ અને ક્ષયોપશમભાવ નથી માટે ભૂંડા ધ્યાન નથી. ધર્મધ્યાન ને શુક્લધ્યાનને યોગ્ય ચરમ શરીરનો અભાવ હોવાને લીધે તે બે ધ્યાન પણ સિદ્ધને નથી. ત્યાં જ મહા આનંદ છે. ચારેય પ્રકારના ધ્યાન સિદ્ધને નથી, શુક્લધ્યાન તે ઉત્કૃષ્ટ ધ્યાન છે, એને યોગ્ય ચરમ શરીર હોય છે. સિદ્ધને તે શરીર નથી, માટે ધ્યાન નથી. ત્રિકાળી તત્ત્વમાં જ આનંદ છે. સિદ્ધની પર્યાયમાં આનંદ છે પણ પરમાં આનંદ નથી.

હવે ગાથા ૧૮૧ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

### શ્લોક ૩૦૧

(मन्दाक्रान्ता)

**निर्वाणस्थे प्रहतदुरितध्वान्तसंघे विशुद्धे**
**कर्माशेषं न च न च पुनर्ध्यानकं तच्चतुष्कम्।**
**तस्मिन्सिद्धे भगवति परब्रह्मणि ज्ञानपुंजे**
**काचिन्मुक्तिर्भवति वचसां मानसानां च दूरम्॥ ३०१॥**

**શ્લોકાર્થ** : જે નિર્વાણમાં સ્થિત છે, જેણે પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કર્યો છે અને જે વિશુદ્ધ છે, તેમાં (-તે પરમબ્રહ્મમાં) અશેષ (સમસ્ત) કર્મ નથી તેમ જ પેલાં ચાર ધ્યાનો નથી. તે સિદ્ધરૂપ ભગવાન જ્ઞાનપુંજ પરમબ્રહ્મમાં કોઈ એવી મુક્તિ છે કે જે વચન ને મનથી દૂર છે. ॥ ૩૦૧ ॥

સિદ્ધ ભગવાન અંતર નિર્વિકલ્પ ક્રિયા દ્વારા મુક્તિને પામ્યા, તે શાંત થઈ ગયા છે. આખું જગત વિરોધ કરે તો પણ તેમને વિકલ્પ ઊઠતો નથી. શાસનનું શું થશે એનો વિકલ્પ પણ સિદ્ધને આવતો નથી. પુણ્ય-પાપ અંધકાર છે, તેનો સ્વભાવપ્રકાશ દ્વારા નાશ કર્યો છે. સ્વભાવનો વિશ્વાસ કર્યો છે અને અંધકારનો વિશ્વાસ છોડી દીધો છે એવું પરમતત્ત્વ વિશુદ્ધ છે. એટલે કે શુદ્ધ છે. વિશુદ્ધ એટલે શુભભાવ એવો અર્થ અહીં નથી. સિદ્ધ ભગવાન જ્ઞાનના ઢગલા છે. જે જ્ઞાન પુણ્ય-પાપને પણ પોતાના માને નહિ તે જ્ઞાન મન, વચનને પોતાના માને એમ બને નહિ. માટે મન, વચનથી પરમતત્ત્વ દૂર છે. માટે સંયોગબુદ્ધિ છોડ અને સ્વભાવબુદ્ધિ કર તો મુક્તદશા થશે.

**ચૈત્ર વદ ૨, શનિવાર, ૧૨-૪-૫૨.**

આ શુદ્ધભાવ અધિકારમાં સિદ્ધનું સ્વરૂપ કેવું હોય ? અને તે દશા કયા ઉપાયથી થાય ? તે કહે છે. એકલો પરમાનંદનો અનુભવવાળો આત્મા થઈ ગયો એનું નામ સિદ્ધ છે. તે સિદ્ધ જે ઉપાયે થયા તે ઉપાયને જાણે અને તેની શ્રદ્ધા કરે તો સિદ્ધની પ્રતીત કરી કહેવાય. અનાદિનો જે કરતો આવે છે તે ઉપાયે સિદ્ધદશા થાય નહિ, પણ સિદ્ધ જેવો મારો સ્વભાવ છે એમ નિર્ણય કરી તેમાં લીન થાય તો તે વડે સિદ્ધ થવાય છે. માટે સિદ્ધ કેવા હોય તેનું સ્વરૂપ કહે છે.

**ગાથા ૧૮૨**

**विज्जदि केवलणाणं केवलसोक्खं च केवलं विरियं।**
**केवलदिट्ठि अमुत्तं अत्थित्तं सप्पदेसत्तं॥ १८२॥**

**विद्यते केवलज्ञानं केवलसौख्यं च केवलं वीर्यम् ।**
**केवलदृष्टिरमूर्तत्वमस्तित्वं सप्रदेशत्वम् ॥ १८२ ॥**

**દગ-જ્ઞાન કેવળ, સૌખ્ય કેવળ, વીર્ય કેવળ હોય છે,**
**અસ્તિત્વ, મૂર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે. ૧૮૨.**

**અન્વયાર્થ** : (**केवलज्ञानं**) (સિદ્ધભગવાનને) કેવળજ્ઞાન, (**केवलदृष्टिः**) કેવળદર્શન, (**केवलसौख्यं च**) કેવળસુખ, (**केवल वीर्यम्**) કેવળવીર્ય, (**अमूर्तत्वम्**) અમૂર્તત્વ, (**अस्तित्वं**) અસ્તિત્વ અને (**सप्रदेशत्वम्**) સપ્રદેશત્વ (**विद्यते**) હોય છે.

સિદ્ધ ભગવાન ઇંદ્રિયરહિત થઈ ગયા છે માટે જ્ઞાનરહિત છે એમ નથી, પણ ભગવાનને કેવળજ્ઞાન હોય છે અને કેવળદર્શન હોય છે. ''**णमो सिद्धाणं**'' કહે પણ સિદ્ધના સ્વરૂપને જાણે નહિ, અને તે કયા ઉપાયે થાય તેને જાણે નહિ તો તે સિદ્ધને જાણતો નથી. માટે ક્યા કારણોનો અભાવ કર્યો અને કયા કારણે ભગવાન થયા તે પ્રથમ જાણવું જોઈએ.

ભગવાનને એકલો આનંદ છે. અનંત આત્મિક બળ છે વળી તેઓ અમૂર્ત છે. એટલે કે એમને મૂર્તનો સંબંધ પણ નથી. સંસારી આત્મા પણ અમૂર્ત છે, સંસારમાં મૂર્તનો સંબંધ છે, સિદ્ધમાં તે નથી, માટે અમૂર્ત છે એમ કહેલ છે. આત્મા પોતાના અમૂર્ત સ્વભાવમાં જ રહે છે. વળી મુક્તદશા થઈ એટલે પોતાનું હોવાપણું રહેતું નથી એમ નથી, સંસારમાં જુદાં જુદાં રહે અને સિદ્ધમાં બધા મળીને એક થઈ જાય એમ બનતું નથી. મુક્ત થાય ત્યારે જુદા ન રહેતા એક થઈ જાય તો પોતાનું અસ્તિત્વ રહેતું નથી. એમ થતા પોતાનો નાશ થઈ જાય, એમ પણ નથી. વળી તે સપ્રદેશી છે.



આત્મા અસંખ્યાતપ્રદેશી છે. પ્રદેશ અવયવ છે અને પ્રદેશી આત્મા અવયવી છે, તે સિદ્ધમાં પણ રહે છે. સંસારમાં હતો એવો અસંખ્યાતપ્રદેશી શુદ્ધ થઈને ત્યાં પણ રહે છે.

**ટીકા** : આ ભગવાન સિદ્ધના સ્વભાવ ગુણોના સ્વરૂપનું કથન છે. સિદ્ધનું વર્ણન કરતાં તે સિદ્ધ ભગવાન નિર્વાણ કેવી રીતે પામ્યા એ વાત પણ સાથે કહે છે. ભગવાન કૃતકૃત્ય થઈ ગયા છે. એમને હવે અવતાર કે દુઃખ નથી.

નિરવશેષ અંતર્મુખાકાર સ્વાત્માશ્રિત નિશ્ચય પરમ શુક્લધ્યાનના બળથી જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મોનો વિલય થતાં ભગવાન સિદ્ધ પરમેષ્ઠીને કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળસુખ, અમૂર્તત્વ, અસ્તિત્વ, સ્વપ્રદેશત્વ વગેરે સ્વભાવ ગુણો હોય છે.

ચિદાનંદ જ્ઞાનમૂર્તિ આત્મામાં કાંઈ પણ બાકી રાખ્યા વિના એટલે કે સર્વથા અંતર્મુખાકાર શ્રદ્ધા કરીને પછી સ્વાત્માશ્રિત શુક્લધ્યાન વડે નિર્વાણ પામ્યા, એવા સિદ્ધોની વાત કરે છે. નિરવશેષ અંતર્મુખાકાર એટલે સર્વથા પરનું લક્ષ છોડીને અંતર્મુખ પોતાના આત્માના આશ્રયરૂપ પરમ શુક્લધ્યાન વડે જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનો ભગવાને ક્ષય કર્યો છે. આત્મા ચૈતન્ય જ્ઞાયક નિર્વિકલ્પ સ્વરૂપ છે તેની એક સમયની પર્યાયમાં પુણ્ય-પાપાદિનો વિકાર છે તેના સામે જોવું તે બહિર્મુખપણું છે. અનાદિ અજ્ઞાની અંતર્મુખ તત્ત્વની રુચિ ન કરતાં શરીરાદિમાં રુચિ કરીને ચોરાસીના અવતાર કરે છે. બહિર્મુખપણું તે સંસાર છે અને અંતર્મુખપણું તે મોક્ષમાર્ગ છે

શરીરાદિ પરદ્રવ્યોને લાભદાયક માનનાર જીવ પરની રુચિ છોડતો નથી કેમ કે જેનાથી લાભ માને તેની રુચિ જીવ છોડે નહિ. શરીર વગેરે ધર્મનું સાધન નથી, કેમ કે તે આત્માની ચીજ નથી. મારું સાધન તો અંતર્મુખ વલણ કરવું તે છે -એમ સમજી પરની રુચિ છોડી, અંતર્મુખ રુચિ પ્રથમ કરે ને પછી સર્વથા અંતર્મુખ વલણ કરી કેવળજ્ઞાન પ્રગટ કરે તે નિર્વાણદશા છે.

સમ્યગ્દૃષ્ટિ અંતર્મુખાકાર તો થયો છે તે દૃષ્ટિ અપેક્ષાએ છે. સર્વથા અંતર્મુખપણે થવું તે ચારિત્ર છે. તેના વડે કર્મનો નાશ થાય છે.

આત્મામાં બે પ્રકારની દશા છે. પુણ્ય-પાપ અને શરીરાદિના સાધનથી ધર્મ થશે એવી રુચિ તે બહિર્મુખદશા છે. અને હું ચિદાનંદ છું એની રુચિ કરવી તે અંતર્મુખદશા છે. અહીંથી પૂર્વમાં ભાવનગર છે ત્યાં જેને જવું હોય તે જીવ તે દિશામાં ચાલે તો તેની દિશા સાચી છે પણ અહીંથી પશ્ચિમ દિશામાં ઢસા છે તે તરફ તે ચાલે તો તેની દિશા ખોટી છે. તેમ શરીર, વાણી, પુણ્ય-પાપ છે તે દિશાનું લક્ષ અને રુચિ કરે તો તે બહિર્મુખદશા છે, અવળી દશા છે અને આત્મા ચિદાનંદ ધ્રુવ પદાર્થ છે એની રુચિ કરી અંતરમાં વળે તો તે અંતર્મુખદશા છે, તે સાચી દશા છે. રુચિએ દશા બદલી એટલે જે અંતર્મુખદશા થઈ તેનાથી નિર્મળતા થાય છે.

અહીં તો શુક્લધ્યાન વડે આઠેય કર્મોનો નાશ થાય છે એમ કહેલ છે. જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોનો તો શુક્લધ્યાન જે સર્વથા અંતર્મુખપણે વર્તે છે તેના વડે નાશ થાય છે અને બાકીના ચાર અઘાતિકર્મોનો પણ તે જ શુક્લધ્યાન વડે નાશ થાય છે. એટલે એમ કહે છે કે તું એક વખત અંતર્મુખ થા ! એક વખત ઊંચું મોઢું તો કર ! જેમ છોકરાને એનો બાપ ઠપકો આપતો હોય તો કહે કે એકવાર ઊંચું મોઢું તો કર ! અમારા સામે નજર તો માંડ ! એમ અહીં કહે છે કે એક વાર અંતર્મુખ થઈને જો ! અનાદિથી તું બહિર્મુખપણું કરી રહ્યો છો પણ એમાં કાંઈ વળે તેમ નથી. અંતરમાં શક્તિ છે તેના સામો જો ! અમે જે કહીએ છીએ તેના સામે એકવાર મીટ તો માંડ ! અંતર આત્મા ચિદાનંદ સુખથી ભરેલો છે તેનો વિશ્વાસ કર ! અનાદિકાળથી સાચી રુચિ કરીને આત્માને સાંભળ્યો નથી. અગીયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો પણ આત્મતત્ત્વનો વિશ્વાસ કર્યો નહિ. માટે હવે અંતર સ્વભાવનો વિશ્વાસ કર અને પરનો વિશ્વાસ છોડ !

પહેલાં સંસારમાં હતા ત્યારે સિદ્ધ ભગવાનના આત્માએ અંતર્મુખ દૃષ્ટિ કરી હતી. પછી સ્વરૂપમાં એકાગ્રતા કરી હતી. એમ ચારિત્રથી સર્વથા અંતર્મુખ ભગવાન થયા ત્યારે જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોનો ક્ષય થયો અને કેવળજ્ઞાનાદિ પ્રગટ થયા. શુક્લધ્યાનનું સ્વરૂપ અંતર્મુખપણું છે. એ શુક્લધ્યાનના બળ વડે ભગવાન થવાય છે. પણ બહારથી આહાર છૂટ્યો કે આહાર છોડવાનો વિકલ્પ થાય એનાથી સિદ્ધદશા થતી નથી. આ સિદ્ધ થવાનો ઉપાય છે. તેને પ્રથમ બરાબર જાણવો જોઈએ. જેમ કોઈ ઝવેરીએ કરોડો રૂપિયા પેદા કર્યા તે હીરા-માણેકના વેપારથી કર્યા છે પણ તેને બદલે વિષ્ટાના ટોપલા ઉઠાવીને રૂપિયા ભેગા કર્યા છે એમ કોઈ માને તો તે મૂર્ખો છે, તે કરોડપતિને સમજ્યો નથી. તેમ શુક્લધ્યાન વડે ભગવાન થયા છે એને બદલે ક્રિયાકાંડરૂપ વિષ્ટાના ટોપલાંથી સિદ્ધ ભગવાન થયા એમ કોઈ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે.

સિદ્ધ ભગવાને આઠ કર્મોનો નાશ કેવી રીતે કર્યો ? તો કહે છે કે આઠેય કર્મોનો નાશ કરવાનો ઉપાય એક શુક્લધ્યાન જ છે. તે વડે તે નાશ પામે છે અને કેવળીને ચાર કર્મો બાકી રહ્યા છે તેનો નાશ પણ શુક્લધ્યાન વડે જ થાય છે. તે સિવાય બીજા કોઈ કારણે કર્મોનો નાશ માને તો તે કેવળીને કે સિદ્ધને માનતો નથી. જેટલા સિદ્ધો ભૂતકાળમાં થયા, વર્તમાનકાળમાં મહાવિદેહ-ક્ષેત્રમાંથી છ મહિના ને આઠ સમયમાં છસો આઠ સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં અનંતા સિદ્ધો થશે તે બધા આ એક જ શુક્લધ્યાનના ઉપાય વડે થાય છે એમ સમજવું. મૂળ પાઠમાં કાર્યપરમાત્માની વાત કરી છે પણ ટીકામાં કારણપરમાત્માની વાત પણ સાથે સમજાવે છે, એ ટીકાકારની શૈલી છે. ઘણા લોકો એમ માને છે કે ભગવાન કેવળી કર્મ ખેરવવા માટે ઉપદેશ અને વિહાર કરે છે તો તે વાત ખોટી છે પણ ખરેખર તો ક્ષણે ક્ષણે નિશ્ચય શુક્લધ્યાન વડે આત્મામાં એકાગ્ર થતાં કર્મો સ્વયં ખરી જાય છે.



સિદ્ધને પરમ શુક્લધ્યાન વડે કર્મોનો ક્ષય થયો હોવાથી કેવળજ્ઞાન આદિ પ્રગટ થયેલ છે, તેથી ભગવાન અમૃતના ભોજન કરી રહ્યા છે. અમૃત આનંદમાં પોઢતા કેવળજ્ઞાન થયું છે. કષ્ટો સહન કર્યા માટે કેવળજ્ઞાન થયું એમ નથી. પણ શાંતિના બળ વડે પૂર્ણદશા થઈ છે. શુક્લધ્યાનના બળ વડે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય અને એકલું સુખ પ્રગટ થયેલ છે. વળી ભગવાનને મૂર્તનો સંબંધ રહ્યો નથી તેથી અમૂર્તપણું છે. સિદ્ધમાં જાય ત્યાં જ્યોતમાં જ્યોત મળી જાય એમ નથી. દરેક પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે અને અસંખ્યાત પ્રદેશીપણું ત્યાં પણ એવું ને એવું રહેલ છે કેમ કે આકાર વગર કોઈ દ્રવ્ય હોતું નથી. આ રીતે આ બધા સ્વભાવગુણો સિદ્ધમાં હોય છે. મોક્ષમાર્ગ અને મોક્ષ બન્નેની વ્યાખ્યા આ ગાથામાં કહી.

હવે ગાથા ૧૮૨ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-

**શ્લોક ૩૦૨**

(मन्दाक्रान्ता)

**बन्धच्छेदाद्भगवति पुनर्नित्यशुद्धे प्रसिद्धे**
**तस्मिन्सिद्धे भवति नितरां केवलज्ञानमेतत्।**
**दृष्टिः साक्षादखिलविषया सौख्यमात्यंतिकं च**
**शक्त्याद्यन्यद्गुणमणिगणं शुद्धशुद्धश्च नित्यम्॥ ३०२॥**

**શ્લોકાર્થ :** બંધના છેદને લીધે, ભગવાન તેમ જ નિત્યશુદ્ધ એવા તે પ્રસિદ્ધ સિદ્ધમાં(-સિદ્ધ-પરમેષ્ઠીમાં) સદા અત્યંતપણે આ કેવળજ્ઞાન હોય છે, સમગ્ર જેનો વિષય છે એવું સાક્ષાત્ દર્શન હોય છે, આત્યંતિક સૌખ્ય હોય છે તથા શુદ્ધશુદ્ધ એવો વીર્યાદિક અન્ય ગુણરૂપી મણિઓનો સમૂહ હોય છે. ॥ ૩૦૨ ॥

ભગવાને બંધનનો છેદ કર્યો એનો અર્થ એ થયો કે અનાદિથી એ જીવને ભાવબંધ હતો તેનો છેદ કર્યો અને પરમાત્મદશા પહેલાં ન હતી તે દશા પ્રગટ કરી. કોઈ કહે કે જેલમાંથી માણસ છૂટ્યો તો તે પહેલાં જેલમાં હતો તેમ સમજવું. એટલે ખરેખર ભાવબંધનનો ભગવાને છેદ કર્યો છે તેથી ભગવાન જ્યારથી સિદ્ધ થયા ત્યારથી શુદ્ધ શુદ્ધ છે તે પ્રસિદ્ધ છે. જેમ કરોડપતિ પ્રસિદ્ધ છે તેમ ભગવાન પ્રસિદ્ધ છે અને લોકાલોકને પ્રત્યક્ષ દેખે છે એવું દર્શન તેમને છે. જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ આદિ અનંત ગુણો ભગવાનને પ્રગટ થયેલા છે, એનાથી સિદ્ધને ઓળખી શકાય છે એવા સિદ્ધો છે તેની શ્રદ્ધા કરવી.

**ચૈત્ર વદ ૧૪, બુધવાર, ૨૩-૪-૫૨.**

(નોંધ : આ અધિકારની ગાથા ૧૮૨ સુધીના પ્રવચનનો અંક ૧૭૧માં આવી ગયા છે. તે વખતે પાંચ ગાથાઓ બાકી રાખી હતી, તે આજે શરૂ કરવામાં આવી છે.)

પરમાત્માને કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી શુદ્ધ ઉપયોગ હોય છે એની અહીં વાત ચાલે છે. નિયમસાર શરૂ કરતાં ગાથા ૪થીમાં કહ્યું હતું કે અમે મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગનું ફળ કહીશું. તો આ મોક્ષમાર્ગનું ફળ એવી પૂર્ણદશામાં શુદ્ધ ઉપયોગ કેવો હોય છે એની વાત છે.

**ગાથા ૧૮૩**

**णिव्वाणमेव सिद्धा सिद्धा णिव्वाणमिदि समुद्दिट्ठा।**
**कम्मविमुक्को अप्पा गच्छइ लोयग्गपज्जंतं॥ १८३॥**

**निर्वाणमेव सिद्धाः सिद्धा निर्वाणमिति समुद्दिष्टाः।**
**कर्मविमुक्त आत्मा गच्छति लोकाग्रपर्यन्तम्॥ १८३॥**

**નિર્વાણ છે તે સિદ્ધ છે ને સિદ્ધ તે નિર્વાણ છે;**
**સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા લોક-અગ્રે જાય છે. ૧૮૩.**

**અન્વયાર્થ** : **(निर्वाणम् एव सिद्धाः)** નિર્વાણ તે જ સિદ્ધો છે અને **(सिद्धाः निर्वाणम्)** સિદ્ધો તે નિર્વાણ છે **(इति समुद्दिष्टाः)** એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. **(कर्मविमुक्तः आत्मा)** કર્મથી વિમુક્ત આત્મા **(लोकाग्रपर्यन्तम्)** લોકાગ્ર પર્યંત **(गच्छति)** જાય છે.

આ મોક્ષમાર્ગના ફળની વાત કરતાં કહે છે કે મોક્ષ કોઈ ક્ષેત્રમાં નથી પણ સિદ્ધનો આત્મા પોતાની મુક્ત પર્યાયપણે પરિણમ્યો છે એ જ મુક્તિ છે. આત્માની પર્યાય પૂર્ણાનંદ રૂપે થાય છે, તે પોતાના અસંખ્ય પ્રદેશ પ્રમાણે પહોળી છે. તે પર્યાય ઉત્પન્ન થયા પછી કદી વિરહને પામતી નથી, કેમ કે મુક્ત અને મુક્તિનું અભેદપણું છે, તે પર્યાયને બીજા આત્મા સાથે કે આકાશના પ્રદેશ સાથે કાંઈ સંબંધ નથી. પણ મુક્તરૂપે પરિણમેલો આત્મા છે તેને પોતાના અસંખ્ય પ્રદેશમાં મુક્તિ થાય છે તે આત્મા લોકાગ્રે જાય છે.

**ટીકા** : આ સિદ્ધિ અને સિદ્ધના એકત્વના પ્રતિપાદન વિષે છે. નિર્વાણ શબ્દના અહીં બે અર્થ છે, કઈ રીતે ? નિર્વાણ તે જ સિદ્ધો છે એવું શાસ્ત્રનું વચન હોવાથી સિદ્ધો સિદ્ધક્ષેત્રે રહે છે એમ વ્યવહાર છે, નિશ્ચયથી તો ભગવંતો નિજસ્વરૂપે રહે છે. તે કારણે 'નિર્વાણ તે જ સિદ્ધો છે અને સિદ્ધો તે નિર્વાણ છે' એવા આ પ્રકાર વડે નિર્વાણ શબ્દનું અને સિદ્ધ શબ્દનું એકત્વ સફળ થયું.



સિદ્ધદશામાં ખરેખર આત્મા પોતાની પર્યાયમાં જ રહે છે અને વ્યવહારથી લોકાગ્રે રહે છે એમ કહેવાય છે. અહીં સંસારદશામાં પણ આત્મા માત્ર પોતાની પર્યાયમાં ઘાલમેલ કરી શકે છે પણ પરમાં કાંઈ કરી શકતો નથી અને પરમાં આત્મા રહેતો નથી. સંસારપર્યાય આત્મા જેટલી પહોળી છે અને સિદ્ધપર્યાય પણ આત્મા જેટલી પહોળી છે. માટે સિદ્ધ તે જ નિર્વાણ છે.

વળી જે કોઈ આસન્નભવ્ય જીવ પરમગુરુના પ્રસાદ વડે પ્રાપ્ત પરમભાવની ભાવના વડે સકળ કર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત થાય છે તે પરમાત્મા થઈને લોકાગ્ર પર્યંત જાય છે. અહીં તો કહે છે કે જેની ભવ્યતા નજીક છે એટલે કે જેની મુક્તિપર્યાય નજીક છે તે અલ્પકાળમાં પરમાનંદમય પૂર્ણદશાને પામે છે. એવા જીવો પોતાની લાયકાતથી ધર્મ પામે છે ત્યારે નિમિત્ત સાચા ગુરુ જ હોય છે. તેથી ગુરુના પ્રસાદ વડે ધર્મ પામ્યો એમ કહેવાય છે. પણ ખરેખર કોઈ ગુરુના કારણે ધર્મ પામે છે એમ નથી. આસન્નભવ્યની વાત પહેલા કરી છે અને પછી ગુરુના પ્રસાદ વડે એમ કહેલ છે. દરેક આત્માની પર્યાય પોતાની સ્વતંત્રતાથી થાય છે એમ પ્રથમ જે જાણે છે તે ભવ્ય જીવને પર્યાયમાં વિકાર થાય છે તે ગોઠતો નથી. પરમ ભાવની ભાવના વડે તે મુક્તિને પામે છે.

ગુરુ એમ કહે છે કે તારો જે કારણપરમાત્મા છે એની ભાવના કર અને પરનું લક્ષ છોડ. દેવ અને શાસ્ત્ર પણ એમ કહે છે અને શ્રોતા પણ એ જ સાંભળે છે. પરમભાવની ભાવના વડે જ મુક્તિ થાય છે. આથી વિરુદ્ધ જે પુણ્ય-પાપ, દયા-દાનાદિના શુભભાવ તેનાથી મુક્તિ થશે એમ ગુરુએ કહ્યું જ નથી અને શ્રોતાએ એમ સાંભળ્યું જ નથી. એનું નામ ગુરુપ્રસાદથી મેળવ્યું કહેવાય છે. આનાથી વિરુદ્ધ કોઈ કહે તો જ્ઞાનીનું વચન નથી. પોતે પોતાની લાયકાતથી નિજ આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરે તો ગુરુની મહેરબાની થઈ કહેવાય છે. વર્તમાનમાં પણ પરમભાવની ભાવના વડે કર્મકલંકથી વિમુક્ત થાય છે અને ભવિષ્યમાં પણ એ જ કારણે મુક્ત થશે, બીજા કોઈ ઉપાય વડે મુક્તિ થતી નથી. તે મુક્ત થઈને લોકાગ્રે જાય છે.

હવે આ ગાથા ૧૮૩ની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૩૦૩**

(मालिनी)

**अथ जिनमतमुक्तेर्मुक्तजीवस्य भेदं**
**क्वचिदपि न च विद्मो युक्तितश्चागमाच्च।**
**यदि पुनरिह भव्यः कर्म निर्मूल्य सर्वं**
**स भवति परमश्रीकामिनीकामरूपः॥ ३०३॥**

**શ્લોકાર્થ** : જિનસંમત મુક્તિમાં અને મુક્ત જીવમાં અમે ક્યાંય પણ યુક્તિથી કે આગમથી ભેદ

જાણતા નથી. વળી, આ લોકમાં જો કોઈ ભવ્ય જીવ સર્વ કર્મને નિર્મૂળ કરે છે, તો તે પરમશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) કામિનીનો વલ્લભ થાય છે. ॥ ૩૦૩ ॥

અહીં દ્રવ્ય અને પર્યાય અભેદ છે એમ કહે છે. આત્માની પૂર્ણદશા તે જ મોક્ષ છે. વીતરાગના માર્ગમાં મુક્તિ આત્માની પર્યાયમાં થાય છે એમ કહેલ છે. સિદ્ધ શિલા ઉપર મુક્તિ નથી. સ્વભાવના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા દ્વારા સકળ કર્મના મૂળિયાં જોગે ઊખેડી નાખ્યા છે તે મુક્તિરૂપી સ્ત્રી (પરિણતિ)નો ધણી થાય છે. પર્યાય, પર્યાયવાનથી જુદી રહેતી નથી અને મુક્તિરૂપી પર્યાયથી આત્મા જુદો પડતો નથી.

**ચૈત્ર વદ ૧૫, ગુરુવાર, ૨૪-૪-૫૨.**

આજ રોજ રેકોર્ડિંગ રીલ વગાડવામાં આવ્યું હતું.



**વૈશાખ સુદ ૧, શુક્રવાર, ૨૫-૪-૫૨.**

**ગાથા ૧૮૪**

**जीवाण पुग्गलाणं गमणं जाणेहि जाव धम्मत्थी ।**
**धम्मत्थिकायभावे तत्तो परदो ण गच्छंति ॥ १८४ ॥**

**जीवानां पुद्गलानां गमनं जानीहि यावद्धर्मास्तिकः ।**
**धर्मास्तिकायाभावे तस्मात्परतो न गच्छंति ॥ १८४ ॥**

**ધર્માસ્તિ જ્યાં લગી, ત્યાં લગી જીવ-પુદ્ગલોનું ગમન છે;**
**ધર્માસ્તિકાય-અભાવમાં આગળ ગમન નહિ થાય છે. ૧૮૪.**

**અન્વયાર્થ** : **(यावत् धर्मास्तिकः)** જ્યાં સુધી ધર્માસ્તિકાય છે ત્યાં સુધી **(जीवानां पुद्गलानां)** જીવોનું અને પુદ્ગલોનું **(गमनं)** ગમન **(जानीहि)** જાણ; **(धर्मास्तिकायाभावे)** ધર્માસ્તિકાયના અભાવે **(तस्मात् परतः)** તેથી આગળ **(न गच्छंति)** તેઓ જતા નથી.

જીવ અને પુદ્ગલો પોતાની સ્વશક્તિના કારણે લોકથી આગળ જતાં નથી અને આગળ ધર્માસ્તિકાયનું નિમિત્ત પણ નથી એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**ટીકા** : અહીં, સિદ્ધક્ષેત્રથી ઉપર જીવ-પુદ્ગલોના ગમનનો નિષેધ કર્યો છે.

જીવોની સ્વભાવક્રિયા સિદ્ધિગમન છે એટલે કે સિદ્ધક્ષેત્રમાં ગમન છે અને વિભાવક્રિયા (અન્ય ભવમાં જતાં) છ દિશાઓમાં ગમન છે. જીવની સ્વભાવક્રિયામાં ધર્માસ્તિકાય નિમિત્ત છે અને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે તેમાં પણ ધર્માસ્તિકાય નિમિત્ત છે.

આ નિયમસાર શાસ્ત્ર છે. નિયમ એટલે મોક્ષનો માર્ગ. આ નિયમસારમાં મોક્ષના માર્ગનું અને તેના ફળનું પણ વર્ણન કર્યું છે. નિયમ એટલે મોક્ષમાર્ગ, અને તેનાથી વિરુદ્ધ એવા વ્યવહારનો-રાગનો નિષેધ કરવા માટે 'નિયમ' સાથે 'સાર' શબ્દ લગાડ્યો છે. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે એમ કોઈ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. આત્માના શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવની પ્રતીત-જ્ઞાન અને નિર્વિકલ્પ વેદન તે જ મોક્ષમાર્ગનો નિયમ છે; તેનાથી વિરુદ્ધ ભાવને મોક્ષમાર્ગ માને તો તે મિથ્યાત્વ છે. શુદ્ધ ચિદાનંદ આત્માની પ્રતીત, જ્ઞાન અને અનુભવ તે જ મુક્તિનો માર્ગ છે. વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વગેરે વ્યવહાર હોય ખરો પણ તે શુભરાગ ખરેખર મોક્ષમાર્ગ નથી. શુદ્ધ આત્માના આશ્રયે જ મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગનું અને તેના કારણનું ઘણું વર્ણન કર્યું. હવે તો આ મોક્ષનું વર્ણન ચાલે છે. જીવની સિદ્ધદશા થતાં તે એક સમયમાં જ સ્વભાવઊર્ધ્વગમન કરીને લોકના શિખરે

જાય છે. ત્યાંથી ભગવાન કદી પાછા આવતા નથી. સિદ્ધ ભગવાન કોઈને દર્શન દેવા આવતા નથી, પોતે પોતાના આત્માનું ભાન કરીને તેમાં રમણતા કરીને સિદ્ધ થયા, તે સદા લોકાગ્રે બિરાજમાન રહે છે. ગમે તેટલી ભક્તિ કરે તો પણ તે દર્શન દેવા આવતા નથી. પણ જેવો સિદ્ધનો આત્મા, તેવો જ મારો આત્મા છે -એમ તે સિદ્ધ ભગવંતો આ આત્માના આદર્શરૂપ છે. જે પુણ્ય-પાપના ભાવો સિદ્ધમાંથી નીકળી ગયા તે કોઈ ભાવો મારા આત્માનું સ્વરૂપ નથી. એમ પોતાના આત્માને ઓળખીને તેમાં એકાગ્રતા તે મોક્ષનું કારણ છે. સિદ્ધ ભગવંતોને વ્યવહારનો રાગ કરતાં કરતાં મુક્તિ થઈ નથી. જો તે રાગથી મુક્તિ થઈ હોત તો તે સિદ્ધદશામાં પણ તે રાગ સાથે રહેત ! પણ તે રાગને-વ્યવહારને છોડીને, અંતર્મુખ સ્વભાવમાં એકાગ્રતાથી જ તેઓ મુક્તિ પામ્યા છે. માટે હે જીવ ! તું પણ અંતર્મુખ થઈને સ્વભાવની પ્રતીત કર, અંતર્મુખ થઈને તેનું જ્ઞાન કર અને અંતર્મુખ થઈને તેનું વેદન કર, તે જ મુક્તિનો માર્ગ છે.

સિદ્ધ થનાર જીવને તો એક સમયમાં લોકાગ્રે જાય એવી સ્વભાવક્રિયા હોય છે, અને બીજા જીવોને છ યે દિશામાં ગમન થાય છે. તે વિભાવક્રિયા છે. અહો ! વીસ-પચીસ વર્ષની જુવાન વયમાં શરીરમાં ક્ષય થાય. કોઈ ક્યાંય શરણ નથી. બંગલા હોય ને પૈસા હોય પણ ચૈતન્યને કોઈ શરણ નથી. ચિદાનંદ ચૈતન્ય જ એક શરણ છે, તેને ઓળખે તો તે જ એક શરણ છે. તેના ભાન વિના જીવો નિરાધાર છે. બહારમાં દેહ ઉપર નજર કરે છે, પણ નજર કરનારો 'હું' કોણ છું? એમ પોતાના ઉપર નજર કરતો નથી. દેહની દશાને ફેરવવા કોઈ ઈંદ્ર, નરેંદ્ર કે જિનેંદ્ર પણ સમર્થ નથી. માટે તે દેહથી પાર જ્ઞાનસ્વરૂપ આત્માનું ભાન કરીને તેમાં જે રમણતા કરે તેને ફરીને દેહ ધારણ કરવો પડે નહિ. ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરતો નથી ને દેહ-બંગલા વગેરે છોડવા ગમતા નથી તેને ચાર ગતિમાં - છ દિશામાં ગમન થાય છે.

છદ્મસ્થને જ્ઞાન અને જ્ઞેયનો સંબંધ ક્ષણિક છે; તેનો સંબંધ અનાદિ-અનંત એકરૂપ રહેતો નથી; ક્ષણે ક્ષણે જ્ઞાન અને જ્ઞેય બન્ને પલટે છે. સર્વજ્ઞતા થતાં આખું જ્ઞાન અને આખું જ્ઞેય એકસાથે જણાય છે. તેમાં સાદિઅનંત લોકાલોક જણાયા કરે છે, એટલે એકરૂપ જ્ઞાન-જ્ઞેય રહે છે. જ્ઞાન અને જ્ઞેય પલટે છે ખરા, પણ પૂરું જ્ઞાન અને પૂરું જ્ઞેય જ રહ્યા કરે છે. પણ ક્ષયોપશમજ્ઞાનમાં તો ઘડી ઘડીમાં જ્ઞાનની લાયકાત ફરે છે ને જ્ઞેયો પણ ફરે છે. જેમ સિદ્ધને એક જ દિશામાં ગમન છે, ને સંસારીને છ યે દિશામાં ગમન છે તેમ કેવળજ્ઞાન એક જ પ્રકારે સર્વ જ્ઞેયને જાણે છે, એટલે તે જ્ઞાન ધારાવાહી એક જ પ્રકારે રહે છે. અને ક્ષયોપશમજ્ઞાનમાં નવી નવી યોગ્યતા થાય છે. અવધિજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું, ત્યાં જ્ઞાનનો તેવો પ્રત્યક્ષ જાણવાનો સ્વભાવ છે. સામો પદાર્થ કાંઈ જ્ઞાનમાં નથી આવતો. જ્ઞાનમાં કાંઈ પદાર્થો નથી આવતા. પ્રત્યક્ષપણું કે પરોક્ષપણું તો જ્ઞાનમાં છે, કાંઈ પદાર્થમાં નથી. બધા પદાર્થોને સદા જ્ઞેય-જ્ઞાયક સંબંધે રાખવા હોય તો કેવળજ્ઞાન પ્રગટ કર. અધૂરા જ્ઞાનમાં જ્ઞેય-જ્ઞાયક સંબંધ કાયમ એકરૂપ નહિ રહે.



જ્ઞાન પોતાના સ્વભાવથી જાણે છે; પરના લીધે જાણતું નથી ને પરને જાણતું નથી પણ પોતાના જ્ઞાનની જ તેવી લાયકાત છે. કેવળજ્ઞાન થતાં જ્ઞાન અને જ્ઞેયમાં હીનાધિકતા થતી નથી, ક્ષયોપશમજ્ઞાન એક સરખું રહેતું નથી, ને જ્ઞેયોનો સંબંધ પણ સદા એક સરખો રહેતો નથી.

અહો ! સિદ્ધ ભગવંતોની દિશા અને દશા બન્ને સદા એકરૂપ છે. પરજ્ઞેયો તો હેય છે અને તેને જાણનારું ક્ષયોપશમજ્ઞાન પણ ફેરફારવાળું છે; તેથી તે પણ હેય છે; કેવળજ્ઞાન જ પરિપૂર્ણ એકરૂપ રહેનારું છે. સિદ્ધમાં જેમ એકરૂપ દશા રહે છે, ને એકરૂપ જ્ઞેય-જ્ઞાયકપણું રહે છે, તેમ નીચેથી સાધકને એકરૂપ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ છે. અહો ! સિદ્ધ ભગવંતોની જેમ મારો જ્ઞાનસ્વભાવ એકરૂપ જાણવાનો છે, આવો સ્વભાવ જ મારે આદરણીય છે. આ ક્ષણે ક્ષણે પલટતું ક્ષાયોપશમિકજ્ઞાન આદરણીય નથી. જ્ઞાન-જ્ઞેયનો ખરો સંબંધ રાખવો હોય તો કેવળજ્ઞાન પ્રગટ કર; તે કેવળજ્ઞાન વગર જ્ઞાન-જ્ઞેયોનો સંબંધ એક સરખો નહિ રહે. એટલે સ્વભાવનું અવલંબન લઈને ક્ષયોપશમભાવ તોડ ને ક્ષાયિકભાવ કર !

જ્ઞેય-જ્ઞાયકનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ધારાવાહી તો કેવળજ્ઞાનમાં છે; માટે અખંડ કેવળજ્ઞાન પ્રગટ કરવાની આ વાત છે. આખું જ્ઞાન ને આખું જ્ઞેય કેવળજ્ઞાન વિના ન હોય. સિદ્ધને ગમનની દિશા પણ એક જ ઊર્ધ્વગમનની છે. તેમ કેવળજ્ઞાનમાં દશા પણ અખંડ જ્ઞેય-જ્ઞાયકરૂપે રહે છે. ને સંસારીને છ એ દિશામાં વિભાવગતિ થાય છે, તેમ છદ્મસ્થને જ્ઞેય-જ્ઞાયક સંબંધ ક્ષણે ક્ષણે પલટી જાય છે. પુદ્‌ગલના પરમાણુની ગતિ તે સ્વભાવક્રિયા છે ને સ્કંધની ગતિ તે વિભાવક્રિયા છે. જ્યાં સિદ્ધ બિરાજે છે ત્યાં જ નિગોદનો જીવ પણ ગતિ કરીને જાય, છતાં તે નિગોદને વિભાવક્રિયા છે.

જ્યાં સિદ્ધ બિરાજે છે ત્યાં જ નિગોદ બિરાજે છે, છતાં ત્યાં સિદ્ધ ભગવંતો આત્માના પરમ આનંદમાં બિરાજે છે, ને નિગોદને અનંતુ દુઃખ છે. સંયોગનું દુઃખ નથી પણ તેને જ્ઞાનાદિ પર્યાયનું પરિણમન ઘણું હીણું થઈ ગયું છે તેનું જ દુઃખ છે.

લોકો બહારમાં પ્રતિકૂળ સંયોગને દુઃખ ગણે છે પણ તે સંયોગીદૃષ્ટિ મિથ્યા છે. જમશેદપુરની લોખંડની ભઠ્ઠીમાં જીવતા રાજકુમારને સળગાવી દેતાં તેને જે દુઃખ થાય તેના કરતાં અનંતગણું દુઃખ નિગોદને છે. બહારના પ્રતિકૂળ સંયોગો હોય તેનું દુઃખ નથી પણ અંદરમાં ચૈતન્યની સાવધાની ચૂકીને સંયોગની રુચિમાં અને રાગના વેદનમાં ઠરી ગયો છે તેનું જ અનંતુ દુઃખ છે.

સિદ્ધ ભગવાનને એક સમયમાં ઊર્ધ્વગમન થયું તે લોકના છેડા સુધી જ થાય છે, તેમ જ પુદ્‌ગલો પણ ત્યાં સુધી જ જાય છે. લોકના શિખરથી આગળ ધર્માસ્તિકાય નથી, અને જીવ-પુદ્‌ગલોનું ગમન ત્યાં સુધી જ થાય છે. જેમ પાણી વિના માછલાંનું ગમન હોતું નથી તેમ લોકના શિખરથી આગળ ધર્માસ્તિકાયના અભાવમાં જીવ-પુદ્‌ગલોનું ગમન હોતું નથી, પદાર્થોનો તેવો જ સ્વભાવ સર્વજ્ઞદેવોએ જોયો છે.

**શ્લોક ૩૦૪**

(अनुष्टुभ्)

**त्रिलोकशिखरादूर्ध्वं जीवपुद्गलयोर्द्वयोः।**
**नैवास्ति गमनं नित्यं गतिहेतोरभवतः॥ ३०४॥**

**શ્લોકાર્થ** : ગતિહેતુના અભાવને લીધે, સદા (અર્થાત્ કદાપિ) ત્રિલોકના શિખરથી ઊંચે જીવ અને પુદ્ગલ બન્નેનું ગમન હોતુ નથી જ. ॥ ૩૦૪ ॥



હવે આચાર્યદેવ આ નિયમસારનો ઉપસંહાર કરે છે.

**ગાથા ૧૮૫**

**णियमं णियमस्स फलं णिद्दिट्ठं पवयणस्स भत्तीए।**
**पुव्वावरविरोधो जदि अवणीय पूरयंतु समयण्हा॥ १८५॥**

**नियमो नियमस्य फलं निर्दिष्टं प्रवचनस्य भक्त्या।**
**पूर्वापरविरोधो यद्यपनीय पूरयंतु समयज्ञाः॥ १८५॥**

**પ્રવચન-સુભક્તિ થકી કહ્યાં મેં નિયમ ને તત્ફળ અહો !**
**યદિ પૂર્વ-અપર વિરોધ હો, સમયજ્ઞ તેહ સુધારજો. ૧૮૫.**

**અન્વયાર્થ** : **(नियमः)** નિયમ અને **(नियमस्य फलं)** નિયમનું ફળ **(प्रवचनस्य भक्त्या)** પ્રવચનની ભક્તિથી **(निर्दिष्टम्)** દર્શાવવામાં આવ્યા. **(यदि)** જો (તેમાં કાંઈ) **(पूर्वापरविरोधः)** પૂર્વાપર (આગળ-પાછળ) વિરોધ હોય તો **(समयज्ञाः)** સમયજ્ઞો (આગમના જ્ઞાતાઓ) **(अपनीय)** તેને દૂર કરી **(पूरयंतु)** પૂર્તિ કરજો.

અહો ! આચાર્યદેવ કહે છે કે મોક્ષમાર્ગ અને તેના ફળરૂપ મોક્ષ તેનું વર્ણન આ શાસ્ત્રમાં મેં કર્યું છે. અત્યારે જગતમાં મોક્ષમાર્ગની અનેક પ્રકારે વિપરીત પ્રરૂપણા થઈ રહી છે. વ્યવહાર અને બહારની ક્રિયાથી મોક્ષ થઈ જશે -એવી વિપરીત પ્રરૂપણા ચાલી રહી છે. તેથી મેં પ્રવચન પ્રત્યેની સુભક્તિથી આ શાસ્ત્રમાં મોક્ષ અને મોક્ષમાર્ગનું વર્ણન કર્યું છે. આ અનુભવપ્રધાન ગ્રંથ છે. તેમાં તત્ત્વના વિષયમાં તો ભૂલ નહિ આવે, પણ ક્યાંય શબ્દોની રચનામાં ફેર હોય તો સમયના જાણનારાઓએ તે સુધારી લેવો.

શુદ્ધ રત્નત્રય તે નિયમ છે, ને તે મોક્ષમાર્ગ છે. આત્માના સ્વભાવની નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ જે શુદ્ધરત્નત્રય તે જ નિયમથી મોક્ષમાર્ગ છે. તે સિવાય વચ્ચે શુભ રાગ-વ્યવહાર આવે તે મોક્ષમાર્ગ નથી. નિયમ એટલે શુદ્ધ રત્નત્રય; વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ વગેરે હોય પણ તે મોક્ષનો માર્ગ નથી. મોક્ષમાર્ગ તો શુદ્ધ રત્નત્રય છે ને તેનું ફળ પરમ નિર્વાણ એટલે કે મોક્ષ છે. આવા મોક્ષમાર્ગનું અને મોક્ષનું વર્ણન શ્રી જિનેંદ્રદેવની વાણીમાં આવ્યું અને ગણધરદેવોએ તે કહ્યું છે, તે પ્રવચન પ્રત્યેની ભક્તિથી મેં આ શાસ્ત્રમાં મોક્ષમાર્ગ અને મોક્ષનું વર્ણન કર્યું છે. અહો ! જીવો ! મોક્ષનો માર્ગ તો આવો શુદ્ધરત્નત્રયસ્વરૂપ જ છે. આચાર્યદેવે કાંઈ કવિપણાના અભિમાનથી આ રચના કરી નથી પણ પ્રવચન પ્રત્યેની ભક્તિથી જ રચના કરી છે. તેમાં ક્યાંય વ્યાકરણાદિની ભૂલ હોય તો તે સુધારજો. મૂળભૂત તત્ત્વમાં તો ભૂલ નહિ જ હોય.

હવે આ ૧૮૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૩૦૫**

(मालिनी)

**जयति नियमसारस्तत्फलं चोत्तमानां**
**हृदयसरसिजाते निर्वृतेः कारणत्वात्।**
**प्रवचनकृतभक्त्या सूत्रकृद्भिः कृतो यः**
**स खलु निखिलभव्यश्रेणिनिर्वाणमार्गः॥ ३०५॥**

**શ્લોકાર્થ :** મુક્તિનું કારણ હોવાથી નિયમસાર તેમ જ તેનું ફળ ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં જયવંત છે. પ્રવચનની ભક્તિથી સૂત્રકારે જે કરેલ છે (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે જે આ નિયમસાર રચેલ છે), તે ખરેખર સમસ્ત ભવ્યસમૂહને નિર્વાણનો માર્ગ છે. ॥ ૩૦૫ ॥

નિયમ એટલે મોક્ષમાર્ગ; શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્વિકલ્પદશા તે મોક્ષમાર્ગ છે; તે ક્યાં રહે છે ? ધર્માત્મા સાધકની પર્યાયમાં મોક્ષમાર્ગ છે. એ સિવાય બહારમાં કોઈ ક્ષેત્રે મોક્ષમાર્ગ નથી, શાસ્ત્રના શબ્દોમાં મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો આત્માની શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયમાં છે. સમેદશિખર કે શત્રુંજય ઉપર મોક્ષમાર્ગ નથી. ધર્મીને જાત્રાનો શુભભાવ આવે, પણ તેને તે મોક્ષનું કારણ માને નહિ. મોક્ષમાર્ગ અને તેનું ફળ તો ઉત્તમ પુરુષોના હૃદયમાં વસે છે. સિદ્ધદશા કેવી હોય તેનું જ્ઞાન ઉત્તમ પુરુષોને એટલે કે ધર્મી જીવોને વર્તે છે, માટે કહ્યું કે ધર્મીના હૃદયમાં મોક્ષ વસે છે.

રત્નકરંડ શ્રાવકાચારમાં કહે છે કે **''न धर्मौ धार्मिकैर्विना''** ધર્મી એવો આત્મા તેના વિના ધર્મ રહેતો નથી. એવા ધર્મી પ્રત્યે જેને પ્રેમ નથી તેને ધર્મનો જ પ્રેમ નથી. આત્માનો ધર્મ તો આત્માના આધારે થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ તો ધર્મી જીવની પર્યાયમાં છે. ધર્માત્માના હૃદયમાં સિદ્ધો વસે છે. અહો ! અમે જે મોક્ષમાર્ગ કહ્યો તે મોક્ષમાર્ગ અને તેનું ફળ જગતમાં જયવંત વર્તો ! એટલે આચાર્યદેવ કહે છે કે અહો ! અમને જે સ્વભાવના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ્યો તે જયવંત વર્તો ! જે મોક્ષમાર્ગ પ્રગટ્યો તે મોક્ષમાર્ગ વચ્ચે વિઘ્ન વગર-વચ્ચે પ્રતિહતપણા વગર જયવંત વર્તો ! અને તેના ફળરૂપ મોક્ષ પણ જયવંત વર્તો ! અમારા આત્મામાં મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તે જયવંત વર્તો અને જગતમાં તેવો મોક્ષમાર્ગ પણ ઉત્તમ પુરુષોના આત્મામાં જયવંત વર્તો! આ રીતે મોક્ષમાર્ગ અને મોક્ષ જયવંત વર્તો ! પ્રવચન પ્રત્યે સુભક્તિથી આચાર્ય ભગવાને જે મોક્ષમાર્ગ અને મોક્ષનું વર્ણન કર્યું છે તે ખરેખર ભવ્યો જીવોના સમૂહને નિર્વાણનો માર્ગ છે એટલે ભવ્ય જીવોને આવો જ માર્ગ આદરણીય છે.



હવે ભવ્ય જીવને શિખામણ આપે છે.

**ગાથા ૧૮૬**

**ईसाभावेण पुणो केई णिंदंति सुंदरं मग्गं।**
**तेसिं वयणं सोच्चाऽभत्तिं मा कुणह जिणमग्गे॥ १८६॥**

**ईर्षाभावेन पुनः केचिन्निन्दन्ति सुन्दरं मार्गम्।**
**तेषां वचनं श्रुत्वा अभक्तिं मा कुरुध्वं जिनमार्गे॥ १८६॥**

**પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,**
**તેના સૂણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬.**

**અન્વયાર્થ :** (**पुनः**) પરંતુ (**ईर्षाभावेन**) ઈર્ષાભાવથી (**केचित्**) કોઈ લોકો (**सुन्दरं मार्गम्**) સુંદર માર્ગને (**निन्दन्ति**) નિંદે છે (**तेषां वचनं**) તેમના વચન (**श्रुत्वा**) સાંભળીને (**जिनमार्गे**) જિનમાર્ગ પ્રત્યે (**अभक्तिं**) અભક્તિ (**मा कुरुध्वम्**) ન કરજો.

અહો ! અમે મોક્ષનો જે માર્ગ વર્ણવ્યો તે જ માર્ગ આદરણીય છે. આનંદકંદ આત્મામાં ઝૂલતાં, મુનિદશામાં આ મોક્ષમાર્ગનું વર્ણન કર્યું છે. જગતમાં કોઈ તેની નિંદા કરે તો હે ભવ્ય ! તું આ માર્ગ પ્રત્યે અભક્તિ કરીશ નહિ.

એકલા આત્માથી મોક્ષમાર્ગ થાય ને વ્યવહારથી-રાગથી મોક્ષમાર્ગ ન થાય, મોક્ષમાર્ગી મુનિઓને સદા નગ્ન દિગંબર દશા હોય છે -આવી વાત સાંભળીને જગતમાં કોઈ નિંદા કરે તો તેની સામું જોઈશ નહિ.

સર્વજ્ઞ તીર્થંકરદેવના પુત્રો ! વીતરાગી મોક્ષમાર્ગના સાધનાર સંતોએ સનાતન મોક્ષમાર્ગને ટકાવી રાખ્યો છે.

અહો ! અલૌકિક-ઓપતો-શોભતો નિર્ગ્રંથ માર્ગ છે; તેને ઈર્ષાથી કોઈ નિંદે તો તું તેની સામું જોઈશ નહિ. વીતરાગમાર્ગ પ્રત્યેની તારી ભક્તિ તું જાળવી રાખજે. અહો ! જેમ દીકરાને શિખામણ આપે, તેમ કુંદકુંદ ભગવાન શિખામણ આપે છે કે હે ભવ્ય ! તું ધ્યાન રાખજે, જે આ મોક્ષમાર્ગ કહ્યો તે સિવાય બીજો કોઈ મોક્ષનો માર્ગ જગતમાં નથી. અહો ! આવો સ્પષ્ટ મોક્ષમાર્ગ ! છતાં જગતના જીવો તેને કેમ નથી માનતા ? અને ઈર્ષાથી તેની નિંદા કેમ કરે છે ? -એમ જગતના જીવોને નિર્ગ્રંથ મોક્ષમાર્ગની નિંદા કરતાં દેખીને તું તેની સામે જોઈને અટકીશ નહિ, પણ તારા આત્મામાં નિર્ગ્રંથ મોક્ષમાર્ગની ભક્તિ ટકાવીને તું મોક્ષમાર્ગને સાધજે. -આમ આચાર્ય ભગવાને ભવ્ય જીવોને

શિખામણ આપી છે.

**વૈશાખ સુદ ૨, શનિવાર, ૨૬-૪-૫૨.**

**પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીનો ૬૩મો મંગલ જન્મોત્સવ**

આ નિયમસારમાં આચાર્યદેવે મોક્ષમાર્ગનું અને મોક્ષનું ઘણું અલૌકિક વર્ણન કર્યું છે. હવે ભવ્ય જીવને શિખામણ આપે છે કે અહો ! શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે. આવા વીતરાગી મોક્ષમાર્ગને ન સમજનારા જીવો ઈર્ષાથી તેની નિંદા કરે તો તે સાંભળીને ધર્માત્માઓએ જિનમાર્ગ વિષે અભક્તિ ન કરવી પણ ભક્તિ જ કર્તવ્ય છે. એટલે કે જિનમાર્ગની શ્રદ્ધા કર્તવ્ય છે.

ત્રિકાળ નિરાવરણ જ્ઞાનમૂર્તિ આત્મા છે; તેની એક સમયની પર્યાયમાં આવરણ છે, તે આવરણ અને તેનું નિમિત્ત ત્રિકાળી સ્વભાવમાં નથી માટે આત્મા નિત્ય નિરાવરણ છે. આવો નિર્વિકલ્પ નિજ કારણપરમાત્મા છે. તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.

ત્રિકાળી વસ્તુ તો આનંદમૂર્તિ નિરાવરણ છે; તેનામાં આવરણ નથી. ત્રિકાળીમાં આવરણ હોય તો તેનો અભાવ થાય. આત્માનો ત્રિકાળી સ્વભાવ તો સદા નિરાવરણ છે. તેની ક્ષણિક પર્યાયમાં રાગાદિ ભાવો થાય છે તે ભાવઆવરણ છે, ને તેનાં નિમિત્તરૂપ દ્રવ્યકર્મનું આવરણ છે. તે ક્ષણિક પર્યાયની બુદ્ધિ છોડીને ત્રિકાળી નિરાવરણ સ્વભાવની રુચિ કરવી તે જૈનદર્શનનું રહસ્ય છે.

દરેક આત્મા પોતે પોતાનો કારણપરમાત્મા છે; તે નિર્વિકલ્પ છે. તેમાં ભેદ નથી. નિમિત્ત તો ભિન્ન છે, પણ પર્યાય જેટલો પણ નથી. આવા નિર્વિકલ્પ કારણપરમાત્માનું ધ્યાન તે મોક્ષમાર્ગ છે. એ સિવાય સર્વજ્ઞ વગેરે પરનું ધ્યાન તે તો શુભભાવ છે. નિજ કારણપરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા તે મોક્ષમાર્ગનું સમ્યગ્દર્શન છે, તેનું અંતર સ્વસંવેદનજ્ઞાન તે મોક્ષમાર્ગનું સમ્યગ્જ્ઞાન છે અને તે નિજ કારણપરમાત્માનું આચરણ તે મોક્ષમાર્ગનું સમ્યક્ચારિત્ર છે. આવા શુદ્ધ રત્નત્રય તે મોક્ષમાર્ગ છે.

આ સિવાય પૂજા-ભક્તિ-વ્રતાદિના ભાવથી મોક્ષમાર્ગમાં આગળ વધાય એમ નથી. શુદ્ધ રત્નત્રય એટલે ચિદાનંદ મૂર્તિ-સ્વભાવનો સાગર એવો જે કારણપરમાત્મા તેના શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ તે જ મોક્ષમાર્ગ છે. આવા મોક્ષમાર્ગનું વર્ણન પહેલાં ઘણા અધિકારોમાં કર્યું છે. પ્રતિક્રમણ ને પ્રાયશ્ચિત્ત, પ્રત્યાખ્યાન ને આલોચના, સમાધિ ને ભક્તિ, સ્તુતિ અને સામાયિક, વંદના અને કાયોત્સર્ગ -એ બધાયમાં નિશ્ચયથી એક કારણપરમાત્માનું જ અવલંબન છે. પોતાના શુદ્ધ કારણપરમાત્માને જાણીને તેના અવલંબને જે લીનતા થવી તે જ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન વગેરે છે.

આત્મા જ્ઞાનસ્વરૂપનું ભાન કરીને તેમાં ઠરવું તે જ તીર્થંકરોની ભક્તિ છે, તે જ યોગ છે, તે ભક્તિ અને આલોચના છે. આવાં શુદ્ધ રત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે. આવો મોક્ષમાર્ગ સાંભળીને



કોઈ મૂઢ જીવો તેની નિંદા કરે તો તે સાંભળીને હે ભવ્ય ! તું તેની શ્રદ્ધા કરીશ નહિ અને આવા મોક્ષમાર્ગની શ્રદ્ધા છોડીશ નહિ. જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ આત્માનો મોક્ષમાર્ગ જેને રુચતો નથી એવા અભવ્ય જેવાને અમે શિખામણ નથી આપતા, પણ ભવ્ય જીવોને શિખામણ આપી છે.

જુઓ, મોક્ષમાર્ગ કહો, સ્વભાવનું અવલંબન કહો, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કહો, ક્રમબદ્ધ કહો, શુદ્ધ રત્નત્રય કહો, જૈનમાર્ગ કહો, તેનું આ રહસ્ય છે કે પોતાના ત્રિકાળી કારણપરમાત્માનો આશ્રય કરીને તેના શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ તે જ મોક્ષમાર્ગ છે.

આત્માના જ્ઞાનસ્વભાવને ભૂલીને અજ્ઞાનના બળ વડે જે અજ્ઞાની જીવો આવા પવિત્ર મોક્ષમાર્ગની નિંદા કરે અને પુણ્ય વગેરેથી ધર્મ મનાવે તો તેની રુચિ તું કરીશ નહિ, ને આવા મોક્ષમાર્ગની શ્રદ્ધાને તું છોડીશ નહિ. ચૈતન્યસ્વભાવમાં માર્ગ થતાં વાર લાગે તો પણ તેનાથી વિરુદ્ધ માર્ગની શ્રદ્ધા કરીશ નહિ અને જિનમાર્ગની શ્રદ્ધા છોડીશ નહિ. સર્વજ્ઞ તીર્થંકરોથી પરંપરાએ આવેલો આ એક જ મોક્ષમાર્ગ છે.

**એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.**

સત્‌ને સંખ્યાની જરૂર નથી. જે મોક્ષમાર્ગ મહાવીર પ્રભુએ કહ્યો, સંતોએ ઝીલ્યો તે જ આ મોક્ષમાર્ગ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે મહાવિદેહમાં જઈને સીમંધર ભગવાન પાસેથી આવો મોક્ષમાર્ગ સાંભળ્યો અને તે જ માર્ગ શાસ્ત્રોમાં કહ્યો છે, તે જ માર્ગ અહીં કહેવાય છે.

મૂઢ જીવો આવો મોક્ષમાર્ગ સાંભળતા ઈર્ષાથી તેની નિંદા કરે છે કે શું એકલા આત્માથી ધર્મ થાય ? બહારનું આત્મા કાંઈ ન કરે ! એમ કહીને તેની નિંદા કરે છે. જુઓ ! આત્મા પરમાં કિંચિત્ કરી શકે નહિ, આત્મા હાથ ઊંચો કરી શકે નહિ, -જડ પદાર્થો જડની ક્રિયા સ્વતંત્રપણે કરી રહ્યા છે, અને આત્માને પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ થાય તે ધર્મ નથી, ધર્મ તો આત્માના આશ્રયે જે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર થાય તે જ છે. આવો મોક્ષમાર્ગ છે. આ મહા સુંદર અંતરનો મોક્ષમાર્ગ છે. આનાથી વિરુદ્ધ કહેનારાની રુચિ કરીશ નહિ. આ જ માર્ગે અનંતા જીવો મુક્તિ પામ્યા છે, પામે છે અને પામશે.

વીતરાગે કહેલો મોક્ષમાર્ગ સુંદર છે, પાપક્રિયાથી નિવૃત્તિ તેનું લક્ષણ છે, એટલે અંતરસ્વરૂપમાં લીનતા કરતાં પાપક્રિયાની નિવૃત્તિ થઈ જાય છે. આવું મોક્ષમાર્ગનું લક્ષણ છે. આવા પવિત્ર મોક્ષમાર્ગને મિથ્યાદષ્ટિ મૂઢ જીવો દ્વેષથી નિંદે છે, તેવા જીવોની વાત સાંભળીને હે ભવ્ય ! તું જિનમાર્ગની શ્રદ્ધાને છોડીશ નહિ. લોકો બહારથી ને શુભથી ધર્મ મનાવે, તેની વાત સાંભળીને તું તેની રુચિ કરીશ નહિ.

અહો ! વીતરાગી મોક્ષમાર્ગ મહા દુર્ઘટ છે. આ ધોખમાર્ગ અનાદિથી ચાલી રહ્યો છે. નગ્ન દિગંબર સંતો આવા મોક્ષમાર્ગમાં ઝૂલતા હતા, તેમને વસ્ત્રનો તાણો પણ હોય નહિ. વીતરાગી સંતોએ અંદરમાં

આવો મોક્ષમાર્ગ સાધ્યો છે. આવા દિગંબર સંતની અજ્ઞાની જીવો નિંદા કરે, મોક્ષમાર્ગની નિંદા કરે, તે જીવો અનંત સંસારને વધારનારા છે, તેવા મૂઢ જીવોની વાત સાંભળીને તું આ જિનમાર્ગની શ્રદ્ધા છોડીશ નહિ. જેઓ અપ્રતિહત વીતરાગમાર્ગને સાધી રહ્યા છે, જેણે જૈનધર્મને થંભાવી રાખ્યો છે -એવા ભગવાન કુંદકુંદાચાર્યદેવ અહીં ભવ્ય જીવને શિખામણ આપે છે.

મુનિને વસ્ત્ર હોય નહિ, વસ્ત્ર રાખીને સાધુ નામ ધરાવે તો કુંદકુંદ ભગવાન કહે છે કે તે નિગોદમાં જવાનો છે. મોક્ષમાર્ગ તો અંતરના સ્વભાવના અવલંબને છે ને જેને મુનિદશા પ્રગટે તેને બહારમાં વસ્ત્રાદિ હોય જ નહિ. નિયમસારમાં આચાર્યદેવે બધી ધર્મની ક્રિયાનું અંતરસ્વરૂપના અવલંબને વર્ણન કર્યું છે. લોકો બહારની ક્રિયાકાંડમાં ધર્મ માની રહ્યા છે. તેને બદલે આચાર્યદેવે બધી ધર્મની ક્રિયાનું અંતરસ્વરૂપના અવલંબને વર્ણન કર્યું છે. લોકો બહારની ક્રિયાકાંડમાં ધર્મ માની રહ્યા છે. તેને બદલે આચાર્યદેવે મોક્ષમાર્ગની ક્રિયાનું વર્ણન કર્યું છે. સામાયિક-પ્રતિક્રમણ-ભક્તિ-સમાધિ-પ્રત્યાખ્યાન વગેરે બધી ક્રિયાઓ ત્રિકાળી શુદ્ધ આત્માના અવલંબને જ છે. એ સિવાય પરના અવલંબને તો રાગ થાય છે. પહેલાં ઓળખો-શ્રદ્ધા કરો-મહિમા કરો-વિચાર કરો-આદર કરો. આનાથી વિરુદ્ધ માર્ગને આદર ન આપો -આવો સર્વજ્ઞનો ઢંઢેરો છે. સત્‌ને સંખ્યાની જરૂર નથી. લાખો બકરાના ટોળામાં એક સિંહ હોય તો બસ છે ! તેમ જગતમાં ઊંધી શ્રદ્ધા કરનારા જીવો ઘણા હોય તેથી કાંઈ તેનો મહિમા નથી. સત્યની શ્રદ્ધા તું છોડીશ નહિ. સમજવા માટે વખત લાગે, પણ આ માર્ગની રુચિ છોડીશ નહિ.

દરેક આત્મા પ્રભુત્વથી પૂર્ણ છે, અનંતા આત્મા પરમેશ્વર છે. દરેક પોતપોતાનો પરમેશ્વર છે. એકેક જડ પરમાણુ પણ પરમેશ્વર છે-જડેશ્વર છે; તેનામાં જ્ઞાન નથી પણ તેની અનંતી જડ શક્તિઓનો તે પ્રભુ છે. અને હું રાગી-દ્વેષી એમ માનીને વિભાવનો કર્તા થાય તે જીવ વિભાવનો પ્રભુ છે એટલે કે વિભાવેશ્વર છે.

જગતમાં ત્રણ પ્રકારના પ્રભુ છે.

૧) સ્વભાવથી દરેક આત્મા પરમેશ્વર શક્તિથી પરિપૂર્ણ પ્રભુ છે.

૨) સ્વભાવને ચૂકીને અજ્ઞાની જીવ વિભાવનો ઈશ્વર થાય છે.

૩) જડ શરીરાદિની ક્રિયા તેનાથી સ્વયં થાય છે. તેમાં જડની પ્રભુતા છે.

આત્માના સ્વભાવની પ્રભુતાના ભાન વિના નગ્ન દિગંબર દ્રવ્યલિંગ પણ અનંતવાર ધારણ કર્યા, પણ આત્માના ભાન વિના મોક્ષમાર્ગ થયો નહિ. ધર્મની પ્રભાવનાનો પ્રેમ, વગેરે શુભરાગ હોય પણ તે ધર્મ નથી. છતાં ધર્મીને ઉત્સાહપૂર્વક ધર્મપ્રેમની જાહેરાત થયા વિના રહે નહિ. ભગવાનનો જન્મ થતાં ઈંદ્રો ભક્તિથી નાચી ઊઠે છે-તાંડવ નૃત્ય કરે છે. ઈંદ્રો એકાવતારી છે-પોતાની પ્રભુતાનું



ભાન છે. તે ભગવાન પાસે ભક્તિથી થનગનાટ કરતાં નાચી ઊઠે, અસંખ્ય દેવનો સ્વામી પણ પ્રભુ પાસે બાળકની માફક નાચી ઊઠે છે કે હે નાથ ! અમે તો તમારા બાળક છીએ ! જ્ઞાયક ચૈતન્યમૂર્તિ આત્માના અવલંબને જ લાભ છે એવું અંતરભાન પણ વર્તે છે, ને આવો શુભરાગ પણ આવે છે પણ તે રાગને મોક્ષમાર્ગ નથી માનતા.

અહો ! સર્વજ્ઞથી સિદ્ધ થયેલો ત્રણ કાળ ત્રણ લોકમાં ન ફરે એવો અફર આ માર્ગ છે. મહાવિદેહમાં સીમંધર ભગવાન આવો જ માર્ગ કહી રહ્યા છે, ગણધરો ઝીલી રહ્યા છે, સંતો તેને આદરી રહ્યા છે, સમકિતી અંતર્દૃષ્ટિ કરીને આવા માર્ગની ભાવના કરી રહ્યા છે. આવા સુંદર માર્ગની મિથ્યાદૃષ્ટિ જીવો નિંદા કરે તો હે ભવ્ય જીવો ! તમે આ માર્ગની રુચિ છોડશો નહિ. ભેદોપચાર રત્નત્રય એટલે શુભરાગ; તે વચ્ચે આવ્યા વિના રહેતો નથી. ગણધરો પણ દિવ્યધ્વનિ સાંભળે છે, તેમને પણ તેવો રાગ આવે છે, પણ અંતરમાં ભાન છે કે અહો ! સિદ્ધ સમાન આનંદનો દરિયો તો અંતરમાં છે. તેમાં લીનતા કરું તે જ મને લાભનું કારણ છે.

વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રરૂપ જે ભેદરત્નત્રય છે તેવો શુભરાગ ગુણસ્થાન અનુસાર આવ્યા વિના રહેતો નથી. મુનિદશામાં વસ્ત્રાદિનો ભાવ હોય નહિ. આવી દશાને ઓળખજે. આનાથી વિપરીતપણે વસ્ત્રાદિ સહિત મુનિદશા માનીશ નહિ. તું આવા વીતરાગમાર્ગની પ્રતીત કરજે.

‘‘રણે ચડ્યો રજપૂત છૂપે નહિ’’. એક વાર એક જાનને લૂંટવા માટે લૂંટારા આવ્યા, ત્યાં એક ગરાસિયો સાથે હતો. તે કહે, અરે ! હું રજપૂત ! મારી હાજરીમાં જાન લૂંટાય નહિ. તેમ અહીં વીતરાગમાર્ગમાં નિજ કારણપરમાત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાથી ભવ્ય જીવો મોક્ષમાર્ગે ચાલી રહ્યા છે. વચ્ચે કોઈ રાગથી ધર્મ મનાવનારા આવે તો તે ધર્મના ડાકૂઓ છે. ધર્મી જીવ તેને માને નહિ. એવા જીવની વાત સાંભળીને હે જીવ ! તું આવા વીતરાગમાર્ગની અભક્તિ કરીશ નહિ. ધર્મી કહે છે કે અરે ! મારો મોક્ષમાર્ગ મારા સ્વભાવને આશ્રયે છે.

હે જીવ ! તું આ મોક્ષમાર્ગની શ્રદ્ધા છોડીશ નહિ. આવા ટાણાં ફરીને નહિ આવે. ‘‘આવો ધર્મ માનીએ તો દીકરા દીકરીનું શું થશે’’ એમ કોઈ કહે તો આચાર્યદેવ કહે છે કે અરે નમાલા! તું તો મોક્ષમાર્ગે ચડવા આવ્યો છો, તો તેની દરકાર છોડ. મોક્ષમાર્ગ તો અંતરમાં છે.

સર્વજ્ઞ વીતરાગે કહેલો ભેદરત્નત્રય અને અભેદરત્નત્રયરૂપ જે માર્ગ છે તેની નિંદા કરનાર સ્વરૂપવિકળ-ભાન વિનાના જીવોના કુતર્ક સાંભળીને પણ હે ભવ્ય જીવો ! તમે જિનેશ્વરદેવે કહેલા આ શુદ્ધ રત્નત્રયરૂપ માર્ગની શ્રદ્ધા છોડશો નહિ. ધર્મની બધી ક્રિયા આત્મસ્વભાવના અવલંબને થાય છે. કોઈ બહારના આશ્રયે કે વિકારના આશ્રયે ધર્મક્રિયા થતી નથી.

એક વાર કોઈએ કહ્યું કે આત્મા શરીરાદિની ક્રિયા કરી શકતો નથી.

ત્યાં સામો જીવ કહે કે ''લ્યો ! અમે આ હાથ ઊંચો કર્યો.''

પણ અરે ભાઈ ! હાથ આત્માના કારણે ઊંચો થયો નથી. તું કહે કે ''આંખથી દેખાય છે ને !'' તો તે તારી દૃષ્ટિ જૂઠી છે. જેમ કોઈ કહે કે '' માંસ ખાધું ને ભૂખ મટી માટે માંસ ખાવાથી શાંતિ થઈ'' તો તે મૂઢ છે. ભાઈ ! અંદરના પરિણામનો તું વિચાર કર ! માંસ ખાનારો જીવ મહા મૂઢતાથી ક્રૂર પરિણામની આકુળતા ભોગવી રહ્યો છે. પૂર્વની શાતાના ઉદયથી ભૂખ મટી, પણ વર્તમાન પરિણામમાં ક્રૂરતા છે; ત્યાં ન્યાયથી વિચારવું જોઈએ, બહારથી જોયે ન પાલવે. ભાઈ! તારા મોક્ષનું સાધન તો અંતરસ્વભાવના અવલંબને જે શુદ્ધ રત્નત્રય પ્રગટ્યો તે જ છે, ત્યાં વચ્ચે શુભરાગ આવે છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. પણ ખરેખર રાગ તે મોક્ષમાર્ગ નથી. શાસ્ત્રમાં વ્યવહારના લખાણ આવે, પણ તેનો મર્મ જુદો છે. જેમ હાથીના દાંત બહારના જુદા ને અંદરના જુદા; તેમ શાસ્ત્રમાં બહારના લખાણ જુદા હોય છે. ને મોક્ષમાર્ગ તો અંતર્સ્વભાવના આશ્રયે છે. ચિદાનંદ આત્માને સમજીને તેનો આશ્રય કર્યા વિના બીજી કોઈ રીતે ધર્મ થતો નથી. અજ્ઞાનીઓ કુહેતુ અને દૃષ્ટાંત આપીને વિપરીત પ્રરૂપણા કરે તેને સાંભળીને હે ભવ્ય ! તું આ જિનમાર્ગમાં અભક્તિ ન કરજે, પણ ભક્તિ જ કર્તવ્ય છે.

અહો ! આ ચૈતન્યનો વીતરાગીમાર્ગ, તેની શ્રદ્ધા તું છોડીશ નહિ. અંતરના માર્ગે જ પત્તો મળે, વ્યવહારના કે નિમિત્તના અવલંબને જેનો પત્તો ન મળે -એવો આ પરમ સુંદર મોક્ષમાર્ગ છે. તે માર્ગની શ્રદ્ધાને છોડીશ નહિ, કુતર્કીના કુતર્કને લક્ષમાં લઈશ નહિ. આવા જિનમાર્ગની શ્રદ્ધા કરજે, તેની રુચિ કરજે -તો તરવાના અવસર આવશે. માટે હે ભવ્ય ! તું આવા વીતરાગીમાર્ગની શ્રદ્ધા અને ભક્તિ છોડીશ નહિ. આમ આચાર્યદેવે ભવ્ય જીવોને શિખામણ દીધી છે.

**વૈશાખ સુદ ૩, રવિવાર, ૨૭-૪-૫૨.**

**અક્ષય તૃતિયા**

નિયમસારની ગાથા ૧૮૬ની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

**શ્લોક ૩૦૬**

(शार्दूलविक्रीडित)

**देहव्यूहमहीजराजिभयदे दुःखावलीश्वापदे**
**विश्वाशातिकरालकालदहने शुष्यन्मनीयावने।**
**नानादुर्णयमार्गदुर्गमतमे दृङ्मोहिनां देहिनां**
**जैनं दर्शनमेकमेव शरणं जन्माटवीसंकटे॥ ३०६॥**

**શ્લોકાર્થ** : દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે, જેમાં દુઃખ પરંપરારૂપી જંગલી પશુઓ



(વસે) છે, અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે, જેમાં બુદ્ધિરૂપી જળ (?) સુકાય છે અને જે દર્શનમોહયુક્ત જીવોને અનેક કુનયરૂપી માર્ગોને લીધે અત્યંત દુર્ગમ છે, તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં જૈન દર્શન એક જ શરણ છે. ॥ ૩૦૬ ॥

આચાર્યદેવ કહે છે કે આ સત્ય માર્ગ સાંભળવો ને સમજવો જીવોને અનંતકાળમાં દુર્લભ છે. આવો દુર્લભ મોક્ષમાર્ગ છે તેની કોઈ નિંદા કરતું હોય તો તે સાંભળીને તું તે માર્ગ પ્રત્યે અભક્તિ ન કરજે, પણ ભક્તિ જ કર્તવ્ય છે.

આજે શ્રેયાંસકુમારે ઋષભદેવ ભગવાનને આહારદાન કરાવ્યું તેનો દિવસ છે. આ ચોવીસીમાં આહારદાનનો પહેલો પ્રસંગ આજના દિવસે બન્યો. ભગવાન મુનિદશા પ્રગટ કરીને આત્માના આનંદમાં ઝૂલતાં ઝૂલતાં મોક્ષમાર્ગને સાધતા હતા; આનંદમાં લીનતા વધતાં આહારની ઈચ્છા જ ન થઈ એટલે છ મહિનાના ઉપવાસ થયા, ત્યાર પછી આહારનો વિકલ્પ ઊઠતાં આહાર માટે ગામમાં જતા, પણ છ મહિના સુધી આહારનો યોગ ન બન્યો. એટલે આહારનો વિકલ્પ તોડીને પાછા સ્વરૂપમાં લીન થતા હતા. કોઈ કુતર્ક કરે કે છ છ મહિના સુધી આહાર માટે ગયા ને પાછા આવ્યા, તો અવધિજ્ઞાનથી કેમ ન જોયું ! તો તેને કહે છે કે અરે ભાઈ ! મુનિઓને તો સ્વરૂપના સાધનમાં જ સાવધાની અને પ્રયત્ન છે; આહાર ક્યારે મળશે ને ક્યાં મળશે એવું જોવામાં તે રોકાય નહિ. સ્વરૂપમાં લીન થતાં અંતરમાં ચિદાનંદ આત્મામાંથી શાંતિના ઝરણાં ફૂટતાં હતા -એવી ભગવાનની તપસ્યા હતી અને તપથી ક્ષણે ક્ષણે શુદ્ધતા વધતી તેનું નામ નિર્જરા છે. પછી આજના દિવસે શ્રેયાંસકુમારના હાથે પારણું થયું. આજે લોકો અક્કલ વિનાની નકલ કરે છે. ભગવાનને તો અંદરમાં ચિદાનંદના ભાનપૂર્વક આનંદમાં લીનતાથી ઉપવાસ થયા હતા, હજી અંદરમાં આત્માનું ભાન પણ ન હોય ને બહારમાં આહારનું ત્યાગ-ગ્રહણ હું કરું એમ માને છે તેને તો સાચો તપ હોતો નથી.

શાસ્ત્ર તો કહે છે કે ''હું આહારાદિને ગ્રહણ કરું કે છોડું'' એવી જેની માન્યતા છે તેને નય જ નથી, તે તો મિથ્યાનય છે, તેને સાચા વ્રત-તપ હોય નહિ.

ભગવાન ઋષભદેવ પ્રભુ મુનિદશામાં આત્માના આનંદમાં ઝૂલતા હતા. બાર મહિના સુધી ઉપવાસ થયા છે, આહાર છોડ્યો તે તપસ્યા નથી પણ ચિદાનંદમાં લીનતા તે જ તપસ્યા છે. આજના દિવસે શ્રી શ્રેયાંસકુમારને શુભ સ્વપ્ન આવ્યાં તેમાં સુવર્ણમય મેરુ પર્વત દેખ્યો, શોભાવાળું કલ્પવૃક્ષ દેખ્યું, તેમ જ સિંહ, વૃષભ, ચંદ્ર, સૂર્ય તથા સમુદ્ર દેખ્યા અને અષ્ટ મંગલ દ્રવ્યો સહિત દેવોને દેખ્યા. આવા શુભ સ્વપ્નો દેખ્યા અને તેનું ફળ પૂછતાં જાણ્યું કે મેરુ પર્વત ઉપર જેમનો અભિષેક થયો છે એવા કોઈ મહાપુરુષ આજે આંગણે પધારશે. તે જાણીને શ્રેયાંસકુમાર ઘણાં પ્રસન્ન થયા. શ્રેયાંસકુમારને હજી આહારદાનની વિધિની ખબર ન હતી, પણ જ્યાં ભગવાનને દૂરથી દેખ્યા ત્યાં તેમને જોતાં જ જાતિસ્મરણજ્ઞાન થયું, અને પૂર્વના આઠમા ભવે ભગવાન રાજા હતા અને પોતે તેમની રાણી

હતા, તે વખતે પતિ-પત્ની તરીકે મુનિઓને આહારદાન દીધેલું તે યાદ આવી ગયું. અને તે વખતે ઘેર નિર્દોષ શેરડીનો રસ તૈયાર હતો, તે રસથી ભગવાનને નવધાભક્તિપૂર્વક વિધિથી પારણું કરાવ્યું. આ ઉત્તમ પાત્ર અને ઉત્તમ દાતારનો યોગ અઢાર ક્રોડાક્રોડી સાગરોપમના આંતરે આ ભરતક્ષેત્રમાં થયો ને આકાશમાં દેવોએ પણ **''अहो दानम् महा दानम्''** એવો જયઘોષ કર્યો, પુષ્પવૃષ્ટિ વગેરે પંચાશ્ચર્ય કર્યા.

આહાર દેનાર શ્રેયાંસકુમારને અંદરમાં ચિદાનંદ આત્માનું માહાત્મ્ય હતું. તેના પ્રતાપે તેઓ પણ તે જ ભવે મોક્ષ પામ્યા છે. આહારદાનનો ભાવ તો શુભરાગ છે, પણ તે વખતે અંતરમાં ચિદાનંદ સ્વરૂપનું ભાન હતું ને આહાર લેનાર પ્રભુને પણ અંદર ભાન હતું. લાખો-કરોડો વર્ષ પહેલાંના પ્રસંગને આજે યાદ કરીને જાણે કે તે પ્રસંગ પોતાની સમક્ષ જ બનતો હોય એમ ભાવના કરીને પોતે પોતાના પુરુષાર્થને ચૈતન્ય તરફ વાળે છે.

અને આવતા કાળે જે પ્રસંગ બનવાનો હોય, તે જાણે કે વર્તમાનમાં થતો હોય -એમ વર્તમાનમાં યાદ કરીને ધર્માત્મા પોતાના પુરુષાર્થને ચૈતન્ય તરફ વાળે છે. ચૈતન્યસ્વભાવનું અવલંબન કરવું તે જ જગતમાં શરણ છે.

અહીં પણ ટીકાકાર કહે છે કે આ ભયંકર સંસારરૂપી વનમાં એક જૈનદર્શન જ શરણ છે. આ સંસારરૂપી જે જંગલ છે તે કેવું છે ? નવા નવા શરીરોની પંક્તિરૂપી વૃક્ષોથી તે ભયંકર છે; દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ તેમાં વસે છે. સંસારમાં રાજા અને રંક બધા દુઃખી છે, સ્વર્ગના દેવો પણ આકુળતાથી દુઃખી છે, નિર્ધન દીનતાથી દુઃખી છે ને સધન અભિમાનથી દુઃખી છે. આખી દુનિયા આકુળતાથી દુઃખી છે. સુખી તો આત્માનું ભાન કરીને તેમાં લીન થનારા સંતો છે. ભયંકર ભવભ્રમણમાં ચારે ગતિમાં દુઃખની જ પરંપરા છે. પૈસાની મમતાવાળા પૈસાના સેવક છે તે પણ દુઃખી છે. વળી આ સંસારવનમાં અતિ વિકરાળ એવો કાળ સર્વેનું ભક્ષણ કરે છે. ચક્રવર્તી કે ઈંદ્ર કોઈને તે છોડતો નથી. આયુષ્ય પૂરું થતાં ક્ષણમાં દેહ છૂટી જાય છે. ઈંદ્રને ચારે બાજુ ૮૪૦૦૦ દેવો ખમા ખમા કરતા ઊભા હોય, પણ જ્યાં સ્થિતિ પૂરી થઈ ત્યાં ક્ષણમાં દેહ છોડીને ચાલ્યા જાય છે. મોટા માંધાતા મોઢામાં પાન ચાવીને મોઠા લાલ રાખતા તે અગ્નિને અંગારે સળગ્યા ! ઈંદ્રના ઈંદ્રાસન છૂટી ગયા, ચક્રવર્તીના રાજ ગયાં, ભરતક્ષેત્રમાં તીર્થંકરોના સમવસરણ હતાં, એ સમવસરણો વીંખાઈ ગયા, તીર્થંકરના દેહના પરમાણુઓ વીંખાઈ ગયા. આ ભરતક્ષેત્રે સમવસરણમાં મહાવીર પરમાત્મા બિરાજતા હતા ત્યારે ધર્મનો ધોધ ચાલતો, ગણધરો હતા, ઈંદ્રો આવીને ભગવાનના ચરણની પૂજા કરતા. એવા સમવસરણ પણ આજે અહીં દેખાતા નથી. એ સમવસરણ વીંખાઈ ગયા, એ રીતે કાળ બધાનો કોળિયો કરી જાય છે. એવા આ સંસારવનમાં એક જૈનદર્શન જ શરણ છે. એટલે કે આત્માના સ્વભાવનું શરણ છે.



વળી સંસારરૂપી વનમાં બુદ્ધિરૂપી જળ સુકાય છે. બુદ્ધિના બળિયા લાગતા હોય, અનેક કુતર્ક કરતાં હોય-તેની બુદ્ધિનો ઉઘાડ ક્ષણમાં બિડાઈ જાય છે. વળી મિથ્યાદષ્ટિ જીવોને અનેક કુનયરૂપી માર્ગને લીધે આ સંસારવન અત્યંત દુર્ગમ છે. આત્મા શરીરાદિનો કર્તા છે -એવી માન્યતાને કુનય કહ્યો છે. અમે પરનું કરી શકીએ એવી માન્યતા તે નય નથી પણ કુનય છે. નિમિત્તની મુખ્યતાથી કાર્ય થાય -એમ માનવું તે કુનય છે. સંસાર અટવીમાં અનેક કુનયરૂપી માર્ગમાંથી સત્ય માર્ગ શોધી કાઢવો મિથ્યાદષ્ટિઓને માટે અત્યંત કઠિન છે. તેથી તેને સંસારરૂપી અટવી અત્યંત દુસ્તર છે. અહો! અનેક પડખાંમાંથી ચિદાનંદ આત્માને શોધવો તે જીવોને કઠણ થઈ પડ્યું છે. જેમ વડોદરામાં ભૂલભૂલામણી કરાવે તેવો બગીચો છે, અજાણ્યાને તેમાં માર્ગ ન મળે; તેમ આ ઘોર સંસારમાં અનેક કુનયરૂપી માર્ગ છે, તેમાં મોક્ષનો માર્ગ શોધવો અજ્ઞાની જીવોને અત્યંત દુર્ગમ છે.

શરીર ધર્મનું સાધન છે, ને વ્યવહાર સાધન છે -એમ અજ્ઞાનીઓ માને છે તે બધાય કુનય છે. ચિદાનંદ આત્મા સિવાય બીજું કોઈ ધર્મનું સાધન નથી. આવો પરમ સત્યમાર્ગ જાણવો જ જીવોને કઠણ થઈ પડ્યો છે.

પંચાધ્યાયીમાં ચાર પ્રકારના કુનયો વર્ણવ્યા છે.

આત્મા શરીરને કરે, આત્મા જડ કર્મને કરે, આત્મા મકાન વગેરેને કરે વગેરે પ્રકારે માને તે બધાયને ત્યાં કુનય કહ્યા છે. આવા કુનયોમાં જીવો સલવાઈ ગયા છે, તેથી તેને સંસારરૂપી વનનો પાર પામવો બહુ દુષ્કર છે. આવા દુસ્તર સંસારરૂપી વનમાં જૈનદર્શન એક જ શરણ છે. જૈનદર્શન એટલે આત્માના સ્વભાવના આશ્રયે થતો વીતરાગમાર્ગ; જૈનદર્શન ક્યાંય બહારમાં નથી, આત્માનો વીતરાગમાર્ગ તે જ જૈનદર્શન છે, જૈનદર્શન તે સનાતન તીર્થંકરોએ કહેલો, કુંદકુંદાચાર્ય આદિ સંતોએ આચરેલો એવો સનાતનમાર્ગ છે. તે એક જ આ જગતમાં શરણ છે. જેટલી ધર્મની ક્રિયા છે તે બધીયે આત્મામાં સમાય છે. આવા મોક્ષમાર્ગનો પત્તો મેળવવો તે જગતને દુષ્કર છે, જગતમાં જીવોને એક જૈન ધર્મ જ શરણ છે.

જુઓ, શ્રીમદ્ રાજચંદ્ર નાની ઉંમરમાં કહે છે કે :

**સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,**
**આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;**
**અનાથ એકાંત સનાથ થાશે,**
**એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.**

અહો ! સર્વજ્ઞનો ધર્મ એટલે આત્માનો સ્વભાવ, તે એક જ આ જગતના પ્રાણીઓને સંસાર-સમુદ્રથી ઊગારવાને અને ઉદ્ધારવાને સમર્થ છે, બીજું કોઈ શરણ નથી.

હિત કરવા માગે છે, તો હિત કરનારને પહેલાં અહિત છે, તે અહિત પલટીને હિત થઈ શકે છે, તેના હિતનો પંથ સાધનારા અને બતાવનારા ગુરુ છે, પૂરું હિત પામેલા દેવ છે, જગતમાં બીજા જીવો હિત સાધનાર છે, અહિતમાં નિમિત્તરૂપ કર્મ છે, નોકર્મ છે -એમ બધું ય સ્વીકાર્યા વિના હિતનો યથાર્થ માર્ગ પ્રગટે નહિ.

આત્માના સ્વભાવનું ભાન કરીને જેટલે અંશે શુદ્ધતા પ્રગટે તેટલે અંશે રાગ અને રાગના નિમિત્તોનો સંગ છૂટતો જાય છે. આવી સનાતન ધારા વીતરાગમાર્ગ સિવાય બીજે હોય નહિ. માટે મુનિરાજ કહે છે કે અરે જીવ ! જો તારે વિકટ સંસારમાંથી પાર ઉતરવું હોય તો એક જૈનદર્શનનું શરણ કર. જૈનદર્શનને સમજનારા સંતોનું શરણ સમજ ! માટે સત્સમાગમે પોતાની પાત્રતાથી આત્મસ્વભાવ સમજીને તેનું શરણ કરવું તે જ સંસારસાગરથી તરવાનો ઉપાય છે.

પદ્મપ્રભમલધારિદેવ મુનિરાજ પોતે મહા બ્રહ્મચારી હતા તેથી બ્રહ્મચારી ભગવાન નેમિનાથ પ્રભુનું નામ લઈને સ્તુતિ કરે છે.

**શ્લોક ૩૦૭**

(शार्दूलविक्रीडित)

**लोकालोकनिकेतनं वपुरदो ज्ञानं च यस्य प्रभो-**
**स्तं शंखध्वनिकंपिताखिलभुवं श्रीनेमीतीर्थेश्वरम्।**
**स्तोतुं के भुवनत्रयेऽपि मनुजाः शक्ताः सुरा वा पुनः**
**जाने तत्स्तवनैककारणमहं भक्तिर्जिनेऽत्युत्सुका।। ३०७।।**

**શ્લોકાર્થ** : જે પ્રભુનું જ્ઞાનશરીર સદા લોકાલોકનું નિકેતન છે (અર્થાત્ જે નેમિનાથ પ્રભુના જ્ઞાનમાં લોકાલોક સદા સમાય છે-જાણાય છે), તે શ્રી નેમિનાથ તીર્થેશ્વરને -કે જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી તેમને- સ્તવવાને ત્રણે લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે ? (તો પણ) તેમને સ્તવવાનું એકમાત્ર કારણ જિન પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે એમ હું જાણું છું. ।। ૩૦૭ ।।

મુનિરાજ કહે છે કે હે નાથ ! અમને આત્માનું ભાન થયું છે, ને તારી ઓળખાણ થઈ છે તેથી તારા પ્રત્યે ભક્તિનો પ્રમોદ અને ઉત્સાહ આવ્યા વિના રહેતો નથી. ભગવાનના જ્ઞાનશરીરમાં લોકાલોક વસે છે એટલે કે ભગવાન સદા લોકાલોકને જાણનારા છે. આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત છે, તેને જે ન માને તેને જૈનદર્શનનું ભાન નથી. જેણે સર્વજ્ઞને ઓળખ્યા તેને સર્વજ્ઞથી વિપરીત કહેનારાની માન્યતા રહેતી નથી. જેમણે ગૃહસ્થપણામાં શંખના ધ્વનિથી આખી પૃથ્વી ધ્રુજાવી હતી અને પછી જેઓ સર્વજ્ઞ થયા એવી શ્રી નેમિનાથ ભગવાનને સ્તવવામાં આ જગતમાં મનુષ્યો કે દેવો કોણ



સમર્થ છે ? એટલે કે હે નાથ ! સ્તુતિના વિકલ્પથી પૂરું પડે તેમ નથી, આ વિકલ્પ તોડીને અંદરમાં નિર્વિકલ્પ સ્વરૂપે ઠરશું ત્યારે કેવળજ્ઞાન થશે.

ભગવાન નેમિનાથપ્રભુ શ્રીકૃષ્ણના ભાઈ હતા, એક વાર નેમિનાથ ભગવાને શ્રીકૃષ્ણની રાણીને વસ્ત્ર ધોઈ નાખવાનું કહ્યું. ત્યારે તે રાણીએ કહ્યું કે શ્રીકૃષ્ણ જેવો અમારો ધણી ! અને અમને વસ્ત્ર ધોવાનું કહો છો ? તમારામાં શ્રીકૃષ્ણ જેવું બળ ક્યાં છે ? ત્યારે શ્રી નેમિનાથ ભગવાન શ્રીકૃષ્ણની નાગશય્યામાં જઈને સૂતા અને તેમનો શંખ લઈને ધ્વનિ કર્યો. તે શંખનો ધ્વનિ સાંભળતા જ ધરણી ધ્રૂજી ઊઠી હતી. ગૃહસ્થપણામાં પણ એવું અચિંત્ય બળ હતું. પછી તો લગ્નપ્રસંગે વૈરાગ્ય પામીને મુનિ થયા અને કેવળજ્ઞાન પામ્યા. અહો ! આવા સર્વજ્ઞનાથ ભગવાનની સ્તુતિ ત્રણ લોકમાં કોણ કરી શકે ? છતાં હે નાથ ! અમને વિકલ્પ ઊઠતાં તારા પ્રત્યે ભક્તિની ઉત્સુકતા આવે છે. પણ હે નાથ ! એ વિકલ્પ તોડીને સ્વરૂપમાં ઠરશું ત્યારે આપના જેવું કેવળજ્ઞાન પામશું. અહો! કેવળીપ્રભુની દશા અચિંત્ય છે. ચૈતન્ય જિનમૂર્તિ આત્મા છે, ચૈતન્ય જિનપ્રતિમા આત્મા છે. હે નાથ ! તારી વીતરાગી ચૈતન્ય જિનપ્રતિમા દેખતાં અમને પ્રમોદ આવે છે, ને આપના અનુયાયીઓ પણ આપના જેવા થવાના છે. તેથી હે નાથ ! આપના પ્રત્યે ભક્તિનો ઉલ્લાસ આવે છે. હે નાથ! તારા ગુણો પ્રત્યેનું બહુમાન તે જ તારી સ્તુતિનું કારણ છે. તેમાં ખરેખર તો પોતાના આત્મસ્વભાવનું બહુમાન છે અને એ જ એક શરણ છે.

**વૈશાખ સુદ ૪, સોમવાર, ૨૮-૪-૫૨.**

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ આ નિયમસારને પૂરું કરતાં છેલ્લી ગાથામાં પોતાનો ભાવ જણાવે છે અને આ શાસ્ત્ર કોની પાસેથી જાણીને રચ્યું છે તે પણ કહે છે.

**ગાથા ૧૮૭**

**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।**
**णच्चा जिणोवदेसं पुव्वावरदोसणिम्मुक्कं॥ १८७॥**

**निजभावनानिमित्तं मया कृतं नियमसारनामश्रुतम्।**
**ज्ञात्वा जिनोपदेशं पूर्वापरदोषनिर्मुक्तम्॥ १८७॥**

**નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,**
**સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૭.**

**અન્વયાર્થ :** (**पूर्वापरदोषनिर्मुक्तम्**) પૂર્વાપર દોષ રહિત (**जिनोपदेशं**) જિનોપદેશને (**ज्ञात्वा**) જાણીને (**मया**) મેં (**निजभावनानिमित्तं**) નિજભાવના નિમિત્તે (**नियमसारनामश्रुतम्**) નિયમસાર નામનું શાસ્ત્ર (**कृतम्**) કર્યું છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહા મુનિ નિર્ગ્રંથ સંત હતા. આત્માના આનંદમાં છઠ્ઠી સાતમી ભૂમિકામાં રમતા હતા, તેઓ સીમંધર પરમાત્મા પાસે ગયા હતા અને તેમનો ઉપદેશ સાંભળ્યો હતો; પછી આ શાસ્ત્રની રચના કરી છે; તેથી આ શાસ્ત્રમાં વીતરાગી અને પરસ્પર અવિરુદ્ધ કથની છે. આ શાસ્ત્રમાં આત્મસ્વભાવના અવલંબને થતી ધર્મક્રિયાઓનું વર્ણન કર્યું છે. વ્યવહાર ચારિત્ર વગેરેનું વર્ણન કર્યું પણ તે વખતે અંદરના સ્વભાવના આશ્રયે જ ધર્મ થાય છે તે વાત સાથે બતાવી છે. અને નિશ્ચય સ્વભાવનું વર્ણન કર્યું ત્યારે પણ જે વ્યવહાર છે તેને ભૂલ્યા નથી. એ રીતે આ શાસ્ત્રનું કથન અવિરુદ્ધ છે.

ટીકાકાર કહે છે કે આ શાસ્ત્ર ભાગવતશાસ્ત્ર છે, દૈવી શાસ્ત્ર છે, પરમેશ્વર શાસ્ત્ર છે, ભગવાનનું કરેલું ભાગવત છે. આવું આ શાસ્ત્ર મેં મારા આત્માની નિજભાવના અર્થે રચ્યું છે. બીજા જીવોને સમજાવવાની મુખ્યતાથી મેં આ શાસ્ત્ર નથી રચ્યું. મેં મારા આત્મામાં ચૈતન્યસ્વભાવના અવલંબને વ્યવહારનો નિષેધ કર્યો છે ને મારી ભાવના અર્થે જ મેં આ શાસ્ત્ર રચ્યું છે. પાત્ર જીવો સમજે તો સમજો. પણ મેં તો મારી ભાવના માટે આ શાસ્ત્ર રચ્યું છે. જગતને આવી વાણી મળી તે જગતના પુણ્ય છે, તેમાં પાત્ર જીવો પોતાની પાત્રતાથી સમજશે.



''અહીં આચાર્યશ્રી (શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પહોંચવાથી અત્યંત કૃતાર્થતાને પામીને કહે છે કે સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં નિજભાવના નિમિત્તે -અશુભભાવવંચનાર્થે નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે.''

આચાર્યદેવને પોતાની નિજભાવના અર્થે આ નિયમસાર શાસ્ત્રની રચનાનો વિકલ્પ ઊઠ્યો, તેની પૂર્ણતા થતાં આચાર્યદેવ કૃતાર્થતાને પામે છે. અહો ! અમારો આત્મા મોક્ષમાર્ગને સાધીને કૃતાર્થ થયો છે. અખંડાનંદ દ્રવ્યની ભાવનાપૂર્વક આ શાસ્ત્રની રચના કરી છે. પોતે કેવા છે તે કહે છે.

સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રમાં કુશળ એવા મેં મારા આત્મસ્વભાવની ભાવના માટે, અને તે ક્ષણે અશુભ વંચનાર્થે મેં આ શાસ્ત્રની રચના કરી છે. આમ કહીને ટીકાકારે કુંદકુંદાચાર્યદેવની ઓળખાણ આપી છે. અહીં પોતાને શાસ્ત્રનો વિકલ્પ હતો તેથી નિમિત્ત તરીકે મેં શાસ્ત્ર રચના કરી એમ કહેવાય છે. બાકી એક પરમાણુમાત્રની ક્રિયાનો પણ હું કર્તા, કરાવનાર કે અનુમોદનાર નથી -એમ પહેલાં ઘણી ભાવના વર્ણવી છે.

વળી અહીં કહે છે કે અવંચક એટલે કે વીતરાગી ગુરુના પ્રસાદથી જિનેંદ્રદેવના ઉપદેશને જાણીને મેં આ શાસ્ત્ર બનાવ્યું છે. અવંચક એટલે આત્માને છેતરે નહિ તેવા, વીતરાગી નિર્ગ્રંથ સંત, તેવા વીતરાગી સંત-ગુરુઓની કૃપાથી મને સર્વજ્ઞદેવનો ઉપદેશ પ્રાપ્ત થયો, તે ઉપદેશ જાણીને મેં આ રચના કરી છે. આમ કહીને આચાર્યદેવ ઠેઠ સર્વજ્ઞદેવ સાથેની પરંપરા સાંધે છે. વચ્ચે ભ્રષ્ટ થઈને અજ્ઞાનીઓએ જે શાસ્ત્રો રચ્યાં તે યથાર્થ નથી. વીતરાગી અવંચક ગુરુની અમારા ઉપર મહેરબાની થઈ એટલે ખરેખર તો પોતાની પાત્રતાથી પોતે પ્રસન્નતા પ્રગટ કરી. તેમાં શ્રી ગુરુની કૃપા થઈ એમ કહેવાય છે. મેં મારા આત્માના અનુભવથી તેમ જ પરમ ગુરુઓની કૃપાથી પ્રાપ્ત થયેલા જિન ઉપદેશને જાણીને, નિજભાવના અર્થે આ શાસ્ત્રની રચના કરી છે

વીતરાગ સર્વજ્ઞદેવના મુખારવિંદથી નીકળેલા ઉપદેશને જાણીને આ શાસ્ત્ર રચ્યું છે, ''ભગવાનના મુખારવિંદમાંથી નીકળેલો ઉપદેશ'' એમ કહેવાય, પણ ભગવાન કાંઈ સામાન્ય માણસની જેમ મુખ વડે બોલતા નથી. તેમને તો સર્વાંગથી દિવ્યધ્વનિ છૂટે છે, હોઠ બંધ હોય છે. ભગવાનની વાણી પણ જુદા પ્રકારની, ને ભગવાનના માતા-પિતા પણ જુદી જાતના, ભગવાનને તો આખી જિંદગી નિહાર ન હોય, પણ ભગવાનના માતા-પિતાને ય આહાર હોય પણ આખી જિંદગીમાં નિહાર ન હોય. આવા સર્વજ્ઞ વીતરાગદેવના દિવ્યધ્વનિનો પૂર્વાપર અવિરુદ્ધ ઉપદેશ જાણીને આ શાસ્ત્ર રચ્યું છે. એક વાર કહે કે આત્માના સ્વભાવના આશ્રયથી ધર્મ થાય અને વળી કહે કે રાગથી પણ ધર્મ થાય, તો તે પરસ્પર વિરુદ્ધ ઉપદેશ છે. એવો ભગવાનનો ઉપદેશ હોય નહિ. સ્વભાવના આશ્રયથી ધર્મ થાય ને રાગથી ધર્મ ન થાય.

એક વાર કહે કે આત્મા વાણી બોલી શકે નહિ ને બીજે ઠેકાણે કહે કે ''વિચારીને બોલવું'',

એક વાર કહે કે આત્મા શરીરને ચલાવી શકે નહિ બીજી વાર કહે કે ''જોઈને ચાલવું'' છતાં તેમાં પરસ્પર વિરુદ્ધતા નથી. વિચારીને બોલવું ને જોઈને ચાલવું એમ કહ્યું છે તેનો આશય તો એમ છે કે હિંસાદિનો પ્રમાદભાવ ન થવા દેવો. આમ સમજવું જોઈએ.

પૂર્વાપર દોષનું કારણ તો મોહ-રાગ-દ્વેષ છે.

સર્વજ્ઞ વીતરાગદેવને મોહ-રાગ-દ્વેષનો અભાવ છે, તેથી તે આપ્ત છે, તેમનો ઉપદેશ પૂર્વાપર દોષ રહિત-નિર્દોષ છે. તેથી આ શાસ્ત્રની રચના પૂર્વાપર દોષરહિત નિર્દોષ છે.

આ શાસ્ત્રનું તાત્પર્ય શું છે ? તે બતાવે છે. પહેલાં તો આ શાસ્ત્ર કેવું છે તે ઓળખાવે છે. અંતર્મુખ સ્વભાવની અલૌકિક વાત આ શાસ્ત્રમાં વર્ણવી છે, ખરેખર સમસ્ત આગમના અર્થસમૂહનું પ્રતિપાદન કરવામાં આ શાસ્ત્ર સમર્થ છે. ચારે અનુયોગના હજારો શાસ્ત્રોનો સાર આ શાસ્ત્રમાં સમાવી દીધો છે કે નિર્વિકલ્પ ચિદાનંદ તત્ત્વનો આશ્રય કરવો તે જ મોક્ષમાર્ગ છે. આ નિયમસારે વિશુદ્ધ મોક્ષમાર્ગ દર્શાવ્યો છે. શાસ્ત્રોમાં જેટલી ધર્મક્રિયાનું વર્ણન છે તે બધી ક્રિયાઓને પરમાર્થ સ્વભાવના આશ્રયમાં સમાવી દીધો છે.

આ શાસ્ત્ર સમસ્ત શાસ્ત્રોના અર્થસમૂહને બતાવવામાં સમર્થ છે તેમ જ વિશુદ્ધ મોક્ષમાર્ગને બતાવ્યો છે -એમ બે વાત કરી.

વળી પંચાસ્તિકાયનું વર્ણન પણ તેમાં આવી ગયું છે. અજીવ અધિકારમાં પાંચ અસ્તિકાયનું વર્ણન આવી જાય છે.

વળી દર્શનાચાર વગેરે પાંચ આચારોનું વર્ણન પણ નિશ્ચય અને વ્યવહાર બન્ને પ્રકારે આમાં આવી જાય છે; સ્વભાવના અવલંબને જે વીતરાગભાવ પ્રગટ્યો તેમાં નિશ્ચય પંચાચાર છે, ને વચ્ચે શુભરાગ રહ્યો તે વ્યવહાર પંચાચાર છે.

છ દ્રવ્યોનું વીતરાગી વર્ણન કર્યું છે અને સાત તત્ત્વો તથા નવ પદાર્થોનું વર્ણન પણ આમાં સમાઈ જાય છે.

વળી પાંચ ભાવોનું વિસ્તારથી આમાં વર્ણન કર્યું છે. પરમ પારિણામિકભાવનું તો અલૌકિક વર્ણન કર્યું છે. જેના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષદશા પ્રગટે છે એવા પંચમ પારિણામિકભાવનું વર્ણન આ શાસ્ત્રમાં છે તેવું બીજે નથી. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો તેમ જ પારિણામિકભાવ એ પાંચે ભાવોનું વર્ણન કર્યું છે. તેથી પાંચ ભાવોના વર્ણનમાં આ શાસ્ત્ર પરાયણ છે-કુશળ છે.

નિશ્ચય પ્રતિક્રમણ એટલે પુણ્ય-પાપથી પાછું ફરીને સ્વરૂપમાં ઠરવું તે; વર્તમાન પર્યાયમાં સ્વભાવના અવલંબને વીતરાગીદશા થવી તે જ નિશ્ચયપ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને પ્રાયશ્ચિત્ત છે. તથા ચિદાનંદ



સ્વરૂપમાં અંતર્મુખ થઈને તેનું અવલોકન કરવું તે આલોચના છે તે જ સંવર છે. લોકોએ બહારમાં સંવર મનાવ્યો છે તે કલ્પિત વાત છે, એક સમયનો સંવર મોક્ષને આપે. તે ક્યો સંવર ? સ્વરૂપમાં લીન થઈને તેની આલોચના કરવી તે સંવર છે.

નિયમ અને કાયોત્સર્ગ પણ ચિદાનંદ સ્વરૂપમાં એકાગ્રતા કરવી ને દેહાદિનું લક્ષ છૂટી જવું તે જ છે. તેમ જ પરમ ભક્તિ-સમાધિ વગેરેનું પણ વર્ણન કર્યું છે. આવા ધર્મના ક્રિયાકાંડનો સમૂહ આ શાસ્ત્રમાં ભર્યો છે. પરમાર્થ ક્રિયાકાંડનો આડંબર એટલે કે પરમાર્થ ક્રિયાઓના વર્ણનથી આ શાસ્ત્ર ભરેલું છે. આ પરમાર્થ ક્રિયાકાંડ તે મોક્ષની ક્રિયા છે. જુઓ, આ સનાતન જૈનધર્મનો ક્રિયાકાંડ ! અંદરના ચિદાનંદ સ્વરૂપનું અવલંબન લઈને તેમાં ઠરવું તે જ વીતરાગી જૈનમાર્ગનો ક્રિયાકાંડ છે. આ જ માર્ગ સમજ્યે જીવોનું કલ્યાણ છે. લોકો બહારના ક્રિયાકાંડમાં અને રાગના ક્રિયાકાંડમાં ધર્મ મનાવે છે તે વાત મિથ્યા છે. અહીં તો પરમાર્થ આત્માના માર્ગ સિવાય જો વ્યવહારથી ને બહારથી ધર્મ માનતો હોય તો તેને ધર્મનો માલ નહિ મળે. ક્રિયાકાંડ એટલે ક્રિયાઓનો સમૂહ; શરીરાદિની ક્રિયા થાય તે જડનો ક્રિયાકાંડ છે. તે આત્માને ધર્મનું કે પુણ્ય-પાપનું કારણ નથી; આત્મામાં પુણ્ય-પાપના ભાવો થાય તે વિકારી ક્રિયાકાંડ છે. તેનાથી ધર્મ થતો નથી, પણ તે બંધનું કારણ છે. આત્માના પરમ સ્વભાવના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિશ્ચય પ્રત્યાખ્યાન વગેરે વીતરાગી ક્રિયા પ્રગટે તે ધર્મનો ક્રિયાકાંડ છે, તે મોક્ષનું કારણ છે. આવા પરમાર્થ ક્રિયાકાંડનું આ શાસ્ત્રમાં ઘણું વર્ણન કર્યું છે. વળી શુભ, અશુભ ને શુદ્ધ એવા ત્રણ પ્રકારના ઉપયોગનું વર્ણન પણ આમાં આવી જાય છે. તેમાં શુદ્ધોપયોગ તે જ આત્માને કેવળજ્ઞાનનું કારણ છે.

આવું આ પરમેશ્વરશાસ્ત્ર છે. તેનામાં પરમ મોટપ છે. પરમ અધિકતા છે-તેથી તે પરમેશ્વરશાસ્ત્ર છે; પરમેશ્વરનું કહેલું છે. એવા આ શાસ્ત્રમાં બે પ્રકારનું તાત્પર્ય છે. ૧) સૂત્ર તાત્પર્ય અને ૨) શાસ્ત્ર તાત્પર્ય. સૂત્ર તાત્પર્ય તો દરેક સૂત્ર દીઠ જે કહેવાનો આશય હોય તે છે, અને તે તો દરેક ગાથાની ટીકામાં પદ્ય દ્વારા કહેવામાં આવ્યું છે. આખા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એટલે કે મોક્ષ તે તાત્પર્ય છે. તેનું વર્ણન હવે કરે છે. જુઓ, આ ભાગવતશાસ્ત્ર છે. આપણે ભાદરવા સુદ ૧૪થી આ ભાગવત બેસાડ્યું હતું. ભાગવતની પારાયણ શરૂ કરી હતી. તે ભાગવત હવે પૂરું થાય છે.

દરેક આત્મા પોતે ચૈતન્યનિધિથી ભરેલો ભગવાન છે. સમજણ કરીને તે નિધાન ખોલે તો પોતે ભગવાન થાય છે. એકેક આત્મા ચૈતન્યનો વિકાસ કરીને દેહ અને કર્મનો ડાબલો ફોડીને પોતે પરમેશ્વર થઈ શકે છે. ઊંધી સમજણને લીધે ચૈતન્ય નિધાનના ડાબલા બંધ છે. પણ ચિદાનંદ સ્વરૂપનું ભાન કરીને તેમાં સ્થિરતારૂપ ચાવી વડે તે ડાબલા ખોલતાં અનંતચતુષ્ટય વગેરે નિધાન સાથે લઈને ભગવાન પ્રગટશે.

આવી મોક્ષદશાનો ઉપાય આ શાસ્ત્ર બતાવે છે. તેથી નિમિત્ત તરીકે આ શાસ્ત્ર પરમાનંદનું દેનારું

છે. તે પરમાનંદ નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થયેલો છે. પરમ વીતરાગ છે, નિરાબાધ છે, ને નીરંગ છે તથા અતીંદ્રિય છે. અહો ! પરમાનંદનો દેનાર જે કારણપરમાત્મા, તેની ભાવનાનું વર્ણન આ શાસ્ત્રમાં કર્યું છે.

આ શાસ્ત્ર નિરતિશય સદા શુદ્ધ નિરંજન એવા નિજ કારણપરમાત્માની ભાવનાનું કારણ છે. નિમિત્ત, રાગ કે પર્યાય વગેરેનું જ્ઞાન કરાવ્યું. પણ તેની ભાવના કરવાનું ન કહ્યું. એક સમયની પર્યાયને ધ્રુવ કારણપરમાત્મામાં વાળીને તેની જ ભાવના કર -એમ આ શાસ્ત્રનો ઉપદેશ છે. એટલે નિજ કારણપરમાત્માની ભાવનાનું આ કારણ છે. અહો ! નિયમસારનો સાર કહો-બાર અંગનો સાર કહો કે આખા જૈનદર્શનનો સાર કહો તે આ જ છે કે અંદરમાં પોતાની સ્વભાવશક્તિનું ભાન કરીને, તેમાં અંતર્મુખ થઈને એકાગ્ર થા ! પર્યાયબુદ્ધિ છોડીને ધ્રુવસ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કર ! તે જ મોક્ષમાર્ગ છે. એવા સ્વભાવની ભાવના કરવાનું જ શાસ્ત્ર કારણ છે; પુણ્યનું કે સ્વર્ગનું કારણ ન કહ્યું.

વળી આ શાસ્ત્ર સમસ્ત નયોના સમૂહથી શોભિત છે. નિશ્ચયનય તેમ જ વ્યવહારનયના અનેક પડખાંથી બધું વર્ણન કર્યું છે.

૧૮૭ ગાથાઓમાં ઘણું ઘણું રહસ્ય સમાવી દીધું છે. ૧+૮+૭ નો સરવાળો ૧૬ છે તેમ આ શાસ્ત્રમાં સોળે સોળ આના-પરિપૂર્ણ વાત આવી ગઈ છે.

જેમને દેહ ઉપર કોઈ પરિગ્રહ ન હતો, વસ્ત્ર ને પાત્રનો કણિયો ન હતો, જેમને ત્રણ કષાયનો નાશ થયો હતો એવી વીતરાગી દશા હતી ને પંચમહાવ્રતના પાળનારા હતા -એવા કુંદકુંદ ભગવાને આ શાસ્ત્રની રચના કરી છે. ને ટીકાકાર પદ્મપ્રભમુનિ પણ તેવા નિર્ગ્રંથ દિગંબર સંત હતા. એવા આ શાસ્ત્રમાં શંકા કરશો નહિ. આવા આ શાસ્ત્રને જે જીવ નિશ્ચય-વ્યવહારનો વિરોધ ટાળીને જાણે છે તે મહાપુરુષો સમસ્ત અધ્યાત્મ શાસ્ત્રોના રહસ્યોના જ્ઞાતા છે.

તે મહાપુરુષો-સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હૃદયને જાણનારાઓ અને પરમાનંદરૂપ વીતરાગ સુખના અભિલાષીઓ, બાહ્ય-અભ્યંતર ચોવીસ પરિષહોના પ્રપંચને પરિત્યાગીને, ત્રિકાળી નિરુપાધિ સ્વરૂપમાં લીન નિજ કારણપરમાત્માના સ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણાત્મક ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ એવા સ્વસ્થ રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા, શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખના ભોક્તા થાય છે.

ભેદોપચાર કલ્પનાથી નિરપેક્ષ એવા સ્વસ્થ રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા શાશ્વત સુખને પામે છે તે આ શબ્દબ્રહ્મનું ફળ છે. અહો ! અહીં તો ''ભેદોપચાર કલ્પનાથી નિરપેક્ષ'' એમ કહીને વ્યવહારરત્નત્રયની અપેક્ષા પણ કાઢી નાખી. સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં નિર્વિકલ્પપણે ઠર્યો તે અભેદ રત્નત્રય જ મોક્ષનું કારણ છે. એ રીતે આ શાસ્ત્રનો મર્મ જાણીને અભેદ રત્નત્રયમાં પરાયણ વર્તતા જીવને વીતરાગતા પ્રગટીને પરમાનંદમય પરમાત્મદશા પ્રગટે છે. આવું આ શાસ્ત્રનું ફળ છે.



**વૈશાખ સુદ ૫, મંગળવાર, ૨૯-૪-૫૨.**

નિયમસારની બધી ગાથા પૂરી થઈ. હવે છેલ્લી ગાથા ઉપર ટીકાકાર ચાર શ્લોકો કહીને ટીકા પૂરી કરે છે. નિયમ એટલે મોક્ષમાર્ગ; શુદ્ધ આત્માના જ આશ્રયે મોક્ષમાર્ગ થાય છે. અને તેનું ફળ મોક્ષ છે - તે બન્નેનું વર્ણન આચાર્યદેવે કર્યું. આ શાસ્ત્રનું ફળ પરમાનંદમય મોક્ષદશાની પ્રાપ્તિ થવી તે છે.

**શ્લોક ૩૦૮**

(मालिनी)

**सुकविजनपयोजानन्दिमित्रेण शस्तं**
**ललितपदनिकायैर्निर्मित्तं शास्त्रमेतत्।**
**निजमनसि विधत्ते यो विशुद्धात्मकांक्षी**
**स भवति परमश्रीकामिनीकामरूपः॥ ३०८॥**

**શ્લોકાર્થ** : સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા (-વિકસાવનારા) સૂર્યે લલિત પદસમૂહો વડે રચેલા આ ઉત્તમ શાસ્ત્રને જે વિશુદ્ધ આત્માનો આકાંક્ષી જીવ નિજ મનમાં ધારણ કરે છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે. ॥ ૩૦૮ ॥

કુંદકુંદ ભગવાન મુનિ હતા, જંગલમાં વિચરનારા સંત હતા, અધ્યાત્મમાં મસ્ત હતા, તેમણે શ્લોકો રચ્યા તેથી કવિ પણ કહેવાય છે. એવા આચાર્યદેવે આ શાસ્ત્ર રચ્યું છે. સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા સૂર્યે રચેલા આ, ઉત્તમ શાસ્ત્રને જે શુદ્ધાત્માનો અભિલાષી જીવ મનમાં ધારણ કરે છે તે જીવ મુક્તિ પામે છે. ઉત્તમ શાસ્ત્રને એટલે કે શાસ્ત્રમાં કહેલા ઉત્તમ ભાવોને જે જીવ ચિત્તમાં ધારણ કરે છે, તે મુક્તિ પામે છે. જેને શુદ્ધ આત્માની જ રુચિ છે, પુણ્ય-પાપની કે દેહાદિની રુચિ જેને ભાવના નથી એવા શુદ્ધાત્માના અભિલાષી સમ્યગ્દૃષ્ટિ જીવો આ શાસ્ત્રમાં કહેલા શુદ્ધ આત્માને જ્ઞાનમાં ધારણ કરે છે, તે મુક્તિ પામે છે.

અહો ! હું તો જ્ઞાનાનંદ આત્મા છું, મારું સુખ તો અંતરના અવલંબને છે, બહારના અવલંબને મારું સુખ નથી, એમ જાણીને જે જીવ શુદ્ધ આત્માનો જ આકાંક્ષી થયો છે, હું સિદ્ધ સમાન એકરૂપ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ છું -એવી જેને રુચિ થઈ છે તે જ જીવ આ શાસ્ત્રમાં કહેલા ભાવોને હૃદયમાં ધારે છે. એ સિવાય જેને વિકારની રુચિ છે તે જીવે આ શાસ્ત્રના ઉત્તમ ભાવોને હૃદયમાં ધાર્યા નથી. ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રમાં અંતરના જ્ઞાયકસ્વભાવને વર્ણવ્યો છે, તેવા શુદ્ધ આત્માને સમજીને જે જીવ હૃદયમાં ધારે છે એટલે કે તેની રુચિ કરીને તેમાં લીન થાય છે તે જીવ પોતાની મોક્ષપરિણતિનો વલ્લભ થાય છે. તેની મોક્ષપરિણતિનો તેને કદી વિરહ થતો નથી. સંસારની સ્ત્રી તો નાશવાન છે,

તેનો અનંતવાર વિરહ થઈ ગયો પણ આ જે પોતાની મોક્ષરૂપી સ્ત્રી છે તેનો કદી વિરહ થતો નથી. દ્રવ્યને પોતાની શુદ્ધ પર્યાયનો કદી વિયોગ થતો નથી. આવી મોક્ષદશાની પ્રાપ્તિ તે આ શાસ્ત્રનું ફળ છે.

હવે ૩૦૯મા શ્લોકમાં ટીકાકાર પોતાની વાત પણ સાથે કરે છે.

**શ્લોક ૩૦૯**

(अनुष्टुभ)

**पद्मप्रभाभिधानोद्धसिन्धुनाथसमुद्भवा।**
**उपन्यासोर्मिमालेयं स्थेयाच्चेतसि सा सताम्॥ ३०९॥**

**શ્લોકાર્થ** : પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રથી ઉત્પન્ન થતી જે આ ઊર્મિમાળા-કથની (ટીકા), તે સત્પુરુષોના ચિત્તમાં સ્થિત રહો. ॥ ૩૦૯ ॥

અહો ! ચિદાનંદ ભગવાનનો આવો મોક્ષમાર્ગ આચાર્યદેવે વર્ણવ્યો તે જોઈને આહ્લાદ આવી જતાં પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રમાંથી કલ્લોલ ઊઠ્યા-આનંદની ઊર્મિ ઊઠી; એવા પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રમાંથી નીકળેલી આ ઊર્મિમાળા એટલે કે ટીકા સત્પુરુષોના હૃદયમાં સ્થિત રહો. ધર્મી જીવો આ ટીકામાં કહેલા શુદ્ધ ભાવોને પોતાના અંતરમાં સ્થિર રાખો -એમ ટીકાકારે ભલામણ કરી આશીર્વાદ આપ્યો છે. અજ્ઞાનીના હૃદયમાં આવા શુદ્ધ ભાવોની રુચિ થતી નથી. જ્ઞાયક ચિદાનંદની રુચિ વગરની જે ધર્મક્રિયા માની છે તે બધી મિથ્યા કલ્પના છે. પુણ્ય-પાપ વિનાનું ત્રિકાળી આનંદધામ એવું જે આત્મસ્વરૂપ છે તેની રુચિ કરીને તેમાં સ્થિરતા કરવી એમ ટીકાકાર કહે છે.

ટીકાકાર કહે છે કે અહો ! કુંદકુંદ ભગવાને નિયમસારમાં જે શુદ્ધાત્માનું અલૌકિક વર્ણન કર્યું તે જોઈને અમારા હૃદયસમુદ્રમાં ઊર્મિઓની માળા ઊઠી છે, તેથી આ ટીકા રચાઈ છે. આ ટીકામાં કહેલા શુદ્ધ આત્માના ભાવો જેને અંતરમાં શુદ્ધાત્માની રુચિ હશે તે સત્પુરુષોના હૃદયમાં સ્થિર થશે અને તેઓ પરમાનંદમય મોક્ષદશા પામશે. માટે ટીકાકાર મુનિરાજ કહે છે કે સત્પુરુષોના હૃદયમાં આ ઊર્મિમાળા સ્થિર રહો !

હવે ટીકાકાર પોતાની નિર્માનતાપૂર્વક કહે છે કે :

**શ્લોક ૩૧૦**

(अनुष्टुभ)

**अस्मिन् लक्षणशास्त्रस्य विरुद्धं पदमस्ति चेत्।**
**लुप्त्वा तत्कवयो भद्राः कुर्वन्तु पदमुत्तमम्॥ ३१०॥**



**શ્લોકાર્થ** : આમાં જો કોઈ પદ લક્ષણશાસ્ત્રથી વિરુદ્ધ હોય તો ભદ્ર કવિઓ તેનો લોપ કરીને ઉત્તમ પદ કરજો. ॥ ૩૧૦ ॥

આ શાસ્ત્રમાં અનુભવપ્રધાન વર્ણન છે, તેથી કદાચ શબ્દમાં ક્યાંક લક્ષ ન રહ્યું હોય તો ભદ્ર કવિઓ તે સુધારજો.

આત્મકલ્યાણ માટે આત્માનો અનુભવ થવાને અર્થે આ શાસ્ત્રની રચના છે. તેથી તેમાં તો ફેરફાર છે જ નહિ.

હવે છેલ્લા શ્લોકમાં ટીકાકાર કહે છે કે આ ટીકામાં કહેલા ભાવો સાધક ધર્માત્માઓના ચિત્તમાં શાશ્વત સ્થિર રહો. આ ટીકા કાયમ રહો એનો અર્થ એવો છે કે ટીકામાં કહેલા ભાવો ધારણ કરનાર જીવો જગતમાં કાયમ રહો ને અમારા આત્મામાં જે સાધકભાવ પ્રગટ્યો છે તે જયવંત વર્તો.

**શ્લોક ૩૧૧**

(वसंततिलका)

**यावत्सदागतिपथे रुचिरे विरेजे**
**तारागणैः परिवृतं सकलेन्दुबिंबम्।**
**तात्पर्यवृत्तिरपहस्तितहेयवृत्तिः**
**स्थेयात्सतां विपुलचेतसि तावदेव॥ ३११॥**

**શ્લોકાર્થ** : જ્યાં સુધી તારાગણોથી વિંટળાયેલું પૂર્ણચંદ્રબિંબ ઉજ્જવળ ગગનમાં વિરાજે (શોભે), બરાબર ત્યાં સુધી તાત્પર્યવૃત્તિ (નામની આ ટીકા) -કે જેણે હેય વૃત્તિઓને નિરસ્ત કરી છે (અર્થાત્ જેણે છોડવાયોગ્ય સમસ્ત વિભાવવૃત્તિઓને દૂર ફેંકી દીધી છે) તે-સત્પુરુષોના વિશાળ હૃદયમાં સ્થિત રહો. ॥ ૩૧૧ ॥

એકેક ચંદ્રની સાથે ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારાઓ વિંટળાયેલા છે. આવું પૂર્ણ ચંદ્રબિંબ જગતમાં શાશ્વત બિરાજમાન છે, ત્યાં સુધી આ તાત્પર્યવૃત્તિ ટીકામાં કહેલા શુદ્ધ ભાવો સત્પુરુષોના અંતરમાં સ્થિર રહો.

કેવી છે ટીકા ? કે જેણે સમસ્ત હેયવૃત્તિઓને દૂર કરી છે, પુણ્ય અને પાપની વૃત્તિઓને છોડીને શુદ્ધભાવ જ આદરણીય છે એમ કહીને ટીકાકારે મોક્ષમાર્ગની વાત પણ બતાવી દીધી છે. આ રીતે પુણ્ય-પાપરૂપ હેયભાવોને છોડીને, શુદ્ધ ચિદાનંદ કારણપરમાત્માનો જ આદર કરવો તે આ ટીકાનું તાત્પર્ય છે. આવી આ તાત્પર્યવૃત્તિ ટીકા સત્પુરુષોના હૃદયમાં સદા સ્થિત રહો.

અનંત તીર્થંકરો, સંત મુનિઓ અને સમ્યગ્દષ્ટિઓએ પુણ્ય-પાપની સમસ્ત વૃત્તિઓને હેય કરી

છે, ને શુદ્ધ ચિદાનંદ આત્માને જ ઉપાદેય કર્યો છે -એવું બતાવનારી આ ટીકા સત્પુરુષોના વિશાળ હૃદયમાં સ્થિર રહો.

આમ કહીને ટીકાકારે સાધક સ્વભાવને આશીર્વાદ આપ્યો છે. અમને સાધકદશા પ્રગટી છે, તે આગળ વધીને વીતરાગતા થઈને કેવળજ્ઞાન થાઓ -એમ ભાવના છે. આમ આશીર્વાદપૂર્વક મંગળ કર્યું છે.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઈંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધોપયોગ અધિકાર નામનો બારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

અનાદિ સનાતન વીતરાગમાર્ગમાં મુનિવરોને દેહ સિવાય વસ્ત્રાદિ ઉપકરણ હોતા નથી, અંતરમાં ચિદાનંદમાં ઝૂલે છે; ને ઈંદ્રિયોનો ફેલાવ અટકી ગયો છે. આવા શ્રી પદ્મપ્રભમલધારિ મુનિરાજે આ ટીકા રચી છે -તે ટીકા પૂરી થઈ.

આમ (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત) તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહકૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

જુઓ ! બે હજાર વર્ષમાં આ નિયમસારનું અક્ષરશઃ ગુજરાતી પહેલવહેલું થયું. ભગવાન કુંદકુંદાચાર્યદેવે રચેલો સમયસાર-નિયમસાર-પ્રવચનસાર ને પંચાસ્તિકાય - એ ચાર શાસ્ત્રો તો ધર્મના મહાન થાંભલા છે. વર્તમાન મહાવિદેહમાં ધર્મનો જે ધોધ સીમંધર પરમાત્મા સર્વજ્ઞદેવના શ્રીમુખેથી નીકળી રહ્યો છે તેનો સાર આ ચાર શાસ્ત્રમાં આચાર્યદેવે ભરી દીધો છે. એમાંથી શ્રી નિયમસાર પરમાગમનું પ્રવચન આજે પૂરું થાય છે. ક

❖❖❖